3910329

# આપણા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન

...રીરના કોઇ પણ એક ભાગને લાગુ થયેલો વ્યાધિ આખા ... ઉપર અસર કરે છે. આપણા પાડોશીના ઘરમાં લાગેલી ... આપણા પોતાના ઘર માટે પણ એટલી જ ભયાનક છે. ... રીતે માનવ જીવનના બે અંગ સ્ત્રી અને પુરૂષ, એમાંથી ...ણ શીથીલ થતાં જીવનની પ્રગતી રોકાય છે. આપણા સમા... ...ત્યાર સુધી પુરૂષ સ્ત્રી ઉપર આધિપત્ય ભોગવતો આવ્યો ... પોતાના ઉપયોગનું સાધન ગણી તેની કશી પ્રગતી ... નથી. પરિણામે આજે પુરૂષ પોતે પણ અપંગ બન્યો ...સ્થિતિનો ઉકેલ આણવા માટે આપણે અત્યારની આપણી ...મનોદશાને નુતન વિચારસરણી અનુસાર બદલવી પડશે.

...ની કન્યા એ આવતી કાલની માતા અને ગૃહિણી છે. ...પિતા કરતાં માતા પાસેથી વધારે સંસ્કારો મેળવે છે. ...સદ્‌ગુણ કે દુર્ગુણ જેટલા બાળક ઉપર નથી ઉતરતા ...બાળપણમાં માતાના ઉતરે છે. અને બાલ્યાવસ્થામાં જ જે ...ન, સંસ્કાર કે કેળવણી બાળક મેળવે છે તેથી અરધા ...ણુંમાં તેને મળતા નથી. કિશોરાવસ્થામાં વવાયેલાં બીજ ...માત્રા ઉપર વૃક્ષ થઇને પ્રગટ થાય છે. માટે જો આપણે ...ઓને ભવિષ્યની જીંદગી માટે સારા સંસ્કારોનો અને ...ડો વારસો આપવો હોય તો જેની પાસેથી બાળક તે ...તે માતાને આપણે પુરતી સાધન સામગ્રી આપવી ...આમ કરવાનું પહેલું પગથીયું કન્યા કેળવણી છે.

...વણીની વિરૂદ્ધ આપણા માબાપોને ખુબ જ ભાવ... ...છે. કન્યા કેળવણીના ઉંચા ફાયદાઓ ઉપર સંપૂર્ણ ...માંથી ઉપજતા કોઇ નાના સરખા કલ્પિત ભયને ઘણું ...અપાયું છે. જબ્બર પ્રચારકાર્ય કરવાની પુરૂષની શક્તિ ...પણે દાબી દીધી છે. અને તે એટલી હદ સુધી સફળ ...સ્ત્રીઓ પોતે જ એમ માનવા લાગી ગઇ છે કે

...સુખમાંથી રોટલાનો છેલ્લો ટુકડો ઝુંટવાઇ ...અમારા રોમે રોમ આગ લાગે છે. ગુલામીની ...રીથી જકડાઇ ગયેલી અમારી કોમની બુરી ...આમાં આંસુ આવે છે. એ દશાને મીટાવ... ...ધર્મ જ અમારી પાસે આ કામ કરાવે છે. એ ...મે તેટલા સંકટો આવે તેની અમને પરવા ...માટે ગમે તેવડો મોટો ભોગ પણ ... ...વાંછના છે: 'અમે ભલે ખપી જઇએ, અમારી કોમ સ્વતંત્ર થાય!'

...જલ્સાનીતીથી કોમની પ્રગતિ અટકાવી ...ગુણોને કોમમાં દાખલ થવાનું કારણ ...આમાં સંપ જેવી કોઇ ચીજ રહી નથી. ...ંસ કરવામાં આવ્યો છે, અને જ્યાં ...તેના બીહામણા સ્વરૂપમાં ખડો છે. ...ી આજે કોમમાં હસ્તીમાં આવવા ... પુરવા ઉપરાંત આ જગતમાં બીજું ...કરવાનું છે એ વાતનો કોઇને ખ્યાલ ...વના નાબુદ થઇ છે. આ બધા ...ખોજા કોમે લડવાનું છે. "ખોજા ...પોતાથી બનતા ફાળો જરૂર

કન્યાઓને કેળવણી આપવાની મુદ્દલ જરૂર નથી, બલકે તેવી કેળવણી આપવી એક આફત વહોરી લેવા સમાન છે. આપણે એ ભુલવું જોઇતું નથી કે આપણી પુત્રી અથવા બહેન ભવિષ્યમાં પત્નિ કે માતા થવાની જ છે અને તે દરજ્જે તેના ઉપર ઘણી ગંભીર જવાબદારીઓ આવી પડવાની છે. માતા પિતાનું ઘર છોડી સદાને માટે પારકા આશ્રયે જતી આપણી પુત્રી નવા ઘરમાં પોતાનો સમાસ એવી રીતે કરી શકે કે જેથી જે સુખ અને શાંતિ તે માતાપિતાના ઘરે અનુભવતી હોય તેથી પણ વધુ તેને ત્યાં મળે, તે માટે આપણે તેને કેળવણીનું ભાથું બંધાવવું જ જોઇએ. આપણી કન્યાઓ જો બચપણમાં જ સારી કેળવણી મેળવી શકતી હોત તો અત્યારના આપણા દરેક કુટુંબમાં જે ગૃહકંકાસનો જબરો સડો પેસી ગયો છે તે કદી પણ હસ્તીમાં આવત નહિ, અને આપણા યુવાનોની શક્તિઓનો મોટો ભાગ ફોગટ ખાતે નહિ. પરણેલી સ્ત્રીઓ બીનકેળવાયેલી હોવાથી પોતાના પતિ તરફની પોતાની ફરજ ઘણા પ્રસંગોમાં સમજતી હોતી નથી. પતિ જો કેળવાયેલો હોય અને આ દરરોજ આગળ વધતા જમાનામાં ઉચ્ચ ભાવનાઓ ધરાવતો હોય અને પત્નિ તેના આદર્શ કે ભાવનાઓને અનુરૂપ થવાનું તો શું પણ તે સમજવાનું પણ જો જાણતી ન હોય તો તેમનો સંસાર કદી પણ સુખી નીવડતો નથી. આપણે આપણી કન્યાઓને એટલી કેળવણી આપવી જોઇએ કે ગમે તેવા કેળવાયેલા કે આગળ વધેલા સ્વામીના હૃદયને તે સંતોષી શકે. જરૂર આપણે એમ તો નથી જ ઇચ્છતા કે આપણી પુત્રીઓને બીન કેળવાયેલ અને અભણ સ્વામી મળે. જો આપણી પુત્રી માટે આપણે સારા ભરથારની ખાહેશ ધરાવતા હોઇએ તો જરૂર આપણે આપણી પુત્રીઓને નિશાળે જતી કરી દેવી જોઇએ. તેમજ અભ્યાસમાં તે દીન પર દીન આગળ વધે તે માટે અમુક ધ્યાન રાખવું જોઇએ. ઘણી માતાઓ ઘર કામમાં મદદ મેળવવાના લોભને વશ બની પોતાની પુત્રીને એક કે બે ગુજરાતી ચોપડીઓનો અભ્યાસ કરવા દઇ શાળાએ જતી બંધ કરે છે. આવી માતાઓએ સમજવું જોઇએ કે તે પોતાના હાથેથી જ પોતાની વહાલી પુત્રીના જીવનમાં ઝેર રેડે છે.

કન્યા કેળવણીના માર્ગમાં પાણો મુકવામાં ધર્માચાર્યોએ કે ધર્મોપદેશકોએ પણ સારો ભાગ ભજવ્યો છે. એ તો ખુલ્લું છે કે અભણ અને બીનકેળવાયેલા માણસના હૃદયમાં અંધ શ્રદ્ધાનું કાતીલ ઝેર ઘણી જ સહેલાઇથી ઉતરી જાય છે. આ અંધ શ્રદ્ધા ઉપર જ અત્યારે કેટલાય ધર્મો નભી રહ્યા છે. માણસની બુદ્ધિ જેમ જેમ વિકાસ પામે તેમ તેમ તેની જુની માન્યતાઓ ઓસરતી જાય, હૃદય વિશાળ બનતું જાય અને છેવટે આ ધર્મના વાડાઓમાં પુરાઇ રહેવાનું તે પસંદ કરે નહિ. આવી સ્થિતિ આવવાની કલ્પના ધર્મના ધુરંધરોએ ઘણા સમય પહેલાં જ કરી મુકી છે અને તેથી જ તેઓએ ઘણા જ બુદ્ધિપૂર્વકના પગલાં ભર્યાં છે. જ્યારે પણ કેળવણીનો પ્રશ્ન ઉભો થાય છે ત્યારે એ કેળવણી શબ્દની આગળ 'ધાર્મીક' કે 'દીની' શબ્દ લગાવી તે જનસમાજને ઘણી જ ચાલાકીથી ઉંધે રસ્તે દોરવી જાય છે. ધાર્મીક કે દીની કેળવણીના બાના નીચે સાચી કેળવણીની જરૂરીઅાત ભુલાવી દેવાય છે અને એ રીતે અંધશ્રદ્ધાના કાતીલ ઝેર એવડા વેગથી કુમળાં મગજમાં દાખલ કરવામાં આવે છે. ખરી રીતે ધાર્મીક કેળવણી એ પહેલું પગથીયું નથી. તત્વજ્ઞાનના ઉંડાણમાં ઉતરનારે

...માં ...
...ન થવું જોઇ...
...ક આ બધું નકામું છે, આવા ખોટા ... તેમ ... કરવાનું કહે પણ આપણે ... દિશામાં તે કરવા મંડી જવું જોઇશે.

તો સૌથી પહેલાં વ્યવહારીક અને આર્થિક કેળવણી મેળવી લેવી જોઇએ. સમાજના સામાન્ય પ્રશ્નો પણ જે બુદ્ધિ સમજી શકે તેટલી પકવ ન થઇ હોય તે ધર્મજ્ઞાન કે તત્ત્વજ્ઞાનનું રહસ્ય કદી સમજી શકે નહિ. અને જો આ કેળવણી લીધા પહેલાં જ ધાર્મીક કે દીની કેળવણીની તાલીમ આપવામાં આવે તો તેનું પરીણામ જરૂર બુદ્ધિના નાશમાં જ નીપજે. બુદ્ધિ પરીપકવ થયે આપમેળે તત્ત્વજ્ઞાન માગી લ્યે છે. તે પહેલાં તેને એ જ્ઞાન આપવાનો પ્રયત્ન કરવો તે સમાજનો મોટામાં મોટો ગુન્હો છે.

પુરૂષની સ્ત્રી ઉપરની સરમુખત્યારીએ બીજું અનિષ્ટ પરીણામ એ આણ્યું છે કે આજે સ્ત્રી માત્ર પુરૂષના ભોગવિલાસનું સાધન બની છે કે તેના કુટુંબને રાંધી આપનાર ભઠીઆરી બની છે. સાંસારીક કે વ્યવહારીક કોઇ પણ કામમાં આજે સ્ત્રીને મત આપવાનો અધીકાર નથી. કોઇ પુરૂષો કદાચ સ્ત્રીઓનો મત લેતા હશે તો પણ તે મતને કશું વજન અપાતું નથી. ડાહ્યા કે મૂર્ખ પણ પુરૂષ જ બધા કામો પતાવે છે. અને સ્ત્રીને વ્યવહારીક તાલીમથી સદાને માટે દુર રાખે છે. આપણે જો આગળ વધવા માગતા હોઇએ તો આપણી પહેલી ફરજ એ છે કે આપણે સ્ત્રીઓને ગુલામ ગણતાં બંધ થવું, સ્ત્રી એ આપણા મોજશોખનું સાધન નથી પણ આપણું એક ઘણું જ અગત્યનું અંગ છે તેમ ગણતા થવું. આપણે પુરૂષોને સ્ત્રી ઉપર સ્વામીત્વ ભોગવવાનો કોઇ ખુદાઇ પરવાનો છે એમ ગણવું ભુલભરેલું છે. કુદરતની દૃષ્ટિએ સ્ત્રીપુરૂષ બન્ને સરખાં છે, બલકે કેટલાક ગુણોમાં તો સ્ત્રી પુરૂષ કરતાં પણ ચડીઆતી છે. જેની પાસેથી આપણે વધુમાં વધુ સગવડતા મેળવીએ છીએ તેને ઓછામાં ઓછી સગવડતા આપવી એ સ્વાર્થબુદ્ધિ આપણને શરમાવનારી છે.

જેમ આપણી સ્ત્રીઓને કોઇ કાર્યમાં મત નથી તેમ આપણી મીલ્કત માથે તેની અંશ માત્ર પણ માલીકી આપણે રહેવા દીધી નથી. એક જ દિવસ પહેલાં ઘરની ધણીઆણી ગણાતી સ્ત્રી ઘરનો માલીક પુરૂષ સ્વર્ગે સીધાવતાં લાચાર અને પરવશ બને છે. મરનારના સગાવહાલાં, પછી નજીકના કે દુરના, તુરત જ આવી ઘરની મીલ્કતનો કબજો લ્યે છે અને સ્ત્રી પોતાના જ ઘરમાં ઓશીયાળી બની રહે છે. જો સ્ત્રીને કાંઇ સંતાન હોય તો તેના નામે સ્ત્રી ઉપર મેનેજમેન્ટ બેસે છે અને ન હોય તો તેની મીલ્કત કુટુંબના મોટેરાઓ ખાલસા કરે છે. આ મેનેજમેન્ટ કે વહીવટ સ્ત્રી કે તેના સંતાનના હિતને અનુલક્ષીને ભાગ્યે જ ચલાવવામાં આવે છે. ખરેખર આ એક કુદરતનો ભયંકર ગુન્હો છે. અત્યારનો કાયદો ભલે તેને ન ગણકારે પણ કીરતારની દૃષ્ટિમાં તો એક ચોકખી ધાડ કે લુંટ જ છે. આપણે જો માણસ હોઇએ તો આ ત્રાસનીતીને જેમ બને તેમ વહેલી દફનાવી દઇ સ્ત્રીને વારસાહક્ક આપવો જોઇએ. સ્ત્રીઓને કેળવણી નહિ આપી આર્થિક દૃષ્ટિએ આપણે તેને પુરૂષની ઓશીઆળી બનાવી છે એ પાપ કરતાં પણ આ પાપ ઘણું મોટું છે.

સ્ત્રી માથે જુલ્મની જડી વરસાવવામાં પુરૂષે કાંઇ બાકી રાખ્યું નથી. બચપણમાં જ તેને કેળવણી ન આપી દુનિયાના અગાધ જ્ઞાન સાથેનો તેનો સંબંધ આપણે તોડી નાંખ્યો. માત્ર પેટ પુરતું ખાવાનું અને અંગ ઢાંકવા પુરતાં કપડાં આપી આપણે તેને ગુલામ ગણી. તેના જીવનના ભોગે આપણે મોજશોખ માણ્યા. આ બધી આપણી સ્વાર્થલીલા કાયમ નભાવવા આપણાથી બનતા બધા ઉપાય આપણે કર્યા. છતાં બાકી હોય તેમ આપણે તેને કાયમની ગુન્હેગાર ગણી ઘુંઘટાના કેદખાનામાં પુરી દીધી છે. લાજ કે ઘુંઘટો કઢાવીને સ્ત્રીના ચારિત્ર્યને આપણે સાચવીએ છીએ એવું કાંઇ નથી. એમ તો પુરૂષો જ સ્ત્રીના ચારિત્ર્યનો ભંગ કરે છે, એકલી સ્ત્રી જ તેના માટે કાંઇ જવાબદાર નથી. ખરી રીતે તેમાં તો આપણી સત્તાની લાલસા તૃપ્ત કરવાની એક યુક્તિ છે. આપણને દેખતાંજ સ્ત્રી વીજળીની ઝડપથી પોતાનું મોઢું ઢાંકી દે એ ઘટનામાં આપણને કાંઇ ગૌર[illegible] રહેલો છે. આપણી નામર્દાઇનો આ ખુલ્લેખુલ્લો પુરાવો છે. [illegible]સના જીવનને અત્યંત જરૂરી જે ચોકખી ખુલ્લી હવા [illegible] તે ઘુંઘટાની કેદી સ્ત્રી મેળવી શકતી નથી અને તેટલે [illegible] સુખાકારી બગડે છે. અને સ્ત્રીની સુખાકારી જેટલા [illegible] નબળી તેટલી તેની પ્રજા પણ શરીરે નબળી અને મંદ [illegible] દરેક દૃષ્ટિએ વિચારતાં આ ચાલ બનતી ઝડપે બંધ કરવો [illegible]

---

## કેટલાક સીધા પ્રશ્નો

૧. તમારા રળેલા પૈસા તમારા ખીસામાં [illegible] પસંદ છે કે પરબારા બીજાના ખીસામાં જાય તે ત[illegible]

૨. તમારા ઉપર કોઇ બળ જબરી ચલાવે અને [illegible] યાર બતાવી તમારૂં બધું લુંટી જાય એમાં તમને [illegible] તમારી રાજીખુશીથી તમારે આપવું હોય તો આપો અ[illegible] હોય તો ન આપો એ સ્થિતિમાં રહેવામાં તમને [illegible]

૩. એક રૂષ્ટપુષ્ટ ભીખારી આવીને તમને "દય [illegible] પૈસો આપે છે કે નહિ?" અને તમે તેને એક પૈ[illegible] તેમાં તમારી મરદાઇ છે કે તમને આપવું વાજ[illegible] બીજા ભીખારીને એક રૂપીઓ આપવામાં?

૪. એક તો ભીખારી ગણીને તમે પૈસા [illegible] જાતાં જો તે ભીખારી તમને એમ દબાવે કે "મા[illegible] તારે અહીંથી ખસવું નહિ" તો તમને એ ભીખા[illegible] પણ આપવા બદલ પસ્તાવો થશે કે નહિ?

૫. તમે તમારા ઘરમાં રહેતા હો અને [illegible] તમારા ઘરમાં ઘુસીને તમારા ઉપર હુકમ બજાવવા[illegible] આમ કરો ને તેમ કરો તો તમારૂં સ્વમાન ઘવાય નહિ[illegible]

૬. તમે કોઇ વસ્તુના ગુલામ બન્યા હો[illegible] બાળકો પણ તમારૂં જોઇ તેજ વસ્તુના ગુલામ[illegible] બાળકોનો ગુન્હો નથી કરતા?

૭. તમારાં બાળકો ભુખે ટળવળતા હોય [illegible] સોદા કરી ભવિષ્યનું સુખ મેળવવા માટે તમાર[illegible] પુરતું પણ રહેવા ન દઇને બધું ફના કરી નાંખે [illegible] પેટા અને સ્વાર્થી કહી શકાય કે નહિ?

૮. કોઇ જાણી બુજીને ભર્યા કુવામાં [illegible] પણ પછવાડે પડવાના કે?

૯. તમારા ભાઇઓ જ ઝેરને મીઠા[illegible] તમે એ ઝેર હોવાનું જાણતા હો, છતાં [illegible] વાકેફ ન કરો તો ખુદાના તમે મોટા ગુ[illegible]

૧૦. તમારા ઘરમાં સાપ નીકળે [illegible] જવાનું પસંદ કરશો કે એ સાપને સાપ[illegible]સામાં ફેંકી આવવાનું?

---

## નોંધી લેજો

ખોજા સુધારક સંઘનો પત્રવ્યવહાર જે શીરનામે થતો તેને બદલે હવે નીચેને શીર[illegible] કૃપા કરવી.

**કાળીદાસ ખીમજી સુમાણી**
મંત્રી, ખોજા સુધારક [illegible]
[illegible]

ખોજા સુધારક સંઘ
કાર્યાલય : રાજકોટ
તા. ૧૫-૧-૩૩

(સહી) કાળી[illegible]
[illegible]
ખોજા સુ[illegible]

# કાઉન્સીલનો નવો હુકમ

## કરકસરની શીખામણ પછવાડે રહેલો સ્વાર્થ

સાંભળો મણાં હમણાં કાઉન્સીલના સરક્યુલરો ગામેગામ
ાચાય છે. તે દલાલો, અઢીસો ત્રણસોના પગાર ખાનારાઓ,
જમાતખાનાનરાડા પાડી રહ્યા છે, અને કાઉન્સીલના વાજીંત્રો
ામી છાપાઓણ તેને ખુબ જાહેરાત આપે છે તે સાંભળો!
'હાલમાં વખહુ બારીક હોવાવી કરકસર કરો. સાલગ્રેહને દિવસે
એકજ વખતાણું કરો. ધામધુમ બે દિવસ જ કરો. કરકસર
...ઉન્સીલને! છેવટે કોમનું હીત તેને હૈડે વસ્યું
ખરૂં. વબારીક છે. શા માટે ન હોય! આજ વર્ષો
થયાં ગકોમના પેટ ઉપર પાટુ મારી કાઉન્સીલે લુંટ
ચલાવીાવે તેમ વર્તે છે. એવા તો કાયદા ઘડયા છે
કે કોમીક વખતમાં, આવી જ જાય. કોમમાં જરા
પણ ચેનથી. આમ છતાં એજ કાઉન્સીલ જ્યારે
કરકસરનેદેવા નીકળે ત્યારે જરૂર તેમાં કાંઇ રહસ્ય
હોવું જો

આ...એ છીએ કે દુનીયાભરમાં નાણાંની તંગી
પુષ્કળ વતો પછી આપણી કોમ ઉપર તેની અસર
થાય તેમ નથી. તેમાંય વર્ષો થયાં આપણું અઢળક
ધન લુંટાત્યાં આપણી સ્થિતિનું પુછવું જ શું? આ
વસ્તુનું ભઆપખુદ માલેકોને ન હોય તે બનવા જોગ
નથી. એ સાચી છે કે આપણે આપણા ખરચા
બહુ વધ છે, અને તે દરેકમાં ઘટતી કરકસર
કરવી જરૂનામદાર કાઉન્સીલ આપણને જે શીખામણ
દેવા નીકળતેને આપણા માટે બહુ લાગણી છે તેમ
માનવાની નથી. કાઉન્સીલ એ બરાબર સમજે છે કે
"કુવામાં હવેડામાં આવશે." આપણાં ખીસાં ખાલી
તેર થવાનાં જ. અને આપણાં ખીસાં દરરોજ
તે જુએ છે તેથી જ રખેને પોતાના ખીસાં
ી ખત આવે એ બીકથી તેણે આ કકળાટ

આહતું ... કોમની સાચી દાઝ છે તો પોતાના ભારે
છીએ ...ી દર વરસે તે લાખો રૂપીયા આપણા
... છે તેમાં એક પાઇ પણ તેણે ઓછી
...ાઓને મરજીઆત કરવાનું તેને સુઝ્યું?
...તાં એ બરાબર દેખાઇ આવશે કે
...ગણી છે કે આપણા ખીસા ઉપર!
...વસ્તુમાં કરકસર ન કરે અને નાણાં
...આપવાનું બાકી શું રહે? માટે જ
...ાં પોતાની આવક કાયમ રાખવાની
... આ હુકમમાં કાઉન્સીલે જે વસ્તુ
...ણે પુરી કરીએ કે "વખત બહુ બારીક
...પુરા ભરવા માટે કરકસર કરો."
...આપવાની રીત પણ કાઉન્સીલે નવીજ
...દિવસે એક જ ખાણું કરવું." અરે!
...રકસર કરવાનું કહેવા આવ્યા છો
...કરકસર કરવી હોય તો શા માટે
...ખાણું કરવું જોઇએ? આવા જમણ
...રેકે દરેક કોમે પોતાનો અભિપ્રાય
...કે આ બધું નકામું છે, આવા ખોટા

ખરચને તાત્કાલીક તીલાંજલી આપવી જોઇએ, કારણ કે એ આપણી મૂર્ખાઇનું પ્રદર્શન છે. કોમ આખીના માણસો ભેગા થઇને એક ટંક મેશુબ કે લાડુ ઉડાવી જાય તેથી આપણી કોમનો શું શુક્રવાર વળવાનો હતો? અને ધામધુમો તો વળી બેજ દિવસ કરવાનું કાઉન્સીલ ફરમાવે છે. કેમ આમાં કાંઇ નાણાં બરબાદ નહિ થતા હોય? ધામધુમ શું મફત થાય છે? અત્યારના જમાનામાં મફત તો કોઇ ડામ પણ દેતું નથી, તો પછી ધામધુમ મફત કેમ થાય? ઉપરથી કરકસર કરવાનું કહેવાનો દેખાવ અને અંદરથી ઉડાઉગીરીને ટેકો. આજ કાલની લુચ્ચાઇનો આ એક ઉંચો નમુનો છે.

હવે કાઉન્સીલના કાયદા જુવો. કાયદામાં પણ નામદાર કાઉન્સીલે આપણા હીતની અખંડ ચિંતાથી ઠરાવ્યું છે કે "સગાઇ પ્રસગે રૂા. ૨૫) ની કીંમતથી વધુ કપડાં કોઇએ લઇ જવા નહિ. સમુરતા વખતે એક કે બે માણસે જ જવું. જાનમાં ૩૦ કરતાં વધુ માણસો ન લઇ જવા, વિગેરે." હવે એજ નામદાર કાઉન્સીલે પોતાના ખીસાનાં હીતની અખંડ ચિંતાથી બીજી કલમોમાં ઠરાવ્યું છે તે જુવો. "સગાઇ વખતે રૂા. ૮) લેવામાં આવશે. સમુરતા વખતે રૂા. ૧ા લેવામાં આવશે અને લગ્ન વખતે રૂા. ૧૦) લેવામાં આવશે. વિગેરે" હવે આ બન્ને કાયદાઓનો અમલ પણ કેટલો નિષ્પક્ષપાતપણે કરવામાં આવે છે તે જુવો. એક માણસે કરકસર કરવાના કાયદાનો અર્થ સાચો લીધો કે કાઉન્સીલ જરૂર આપણને ઓછામાં ઓછું ખર્ચ થાય તેમ ઇચ્છે છે, અને તેથી તેણે કાઉન્સીલે કાયદામાં નક્કી કર્યા મુજબ જ બધા પ્રસંગો પતાવ્યા અને તેથી પણ વધુ કરકસર કરવાના ઇરાદાથી ઉપરના ફરજીઆત લાગાઓ કાઉન્સીલને ન ચુકવ્યા. કાઉન્સીલ આવા માણસને બરાબર સજા કરવાની કે અમારૂં 'લેણું' તેં કાં ન ચુકવ્યું. બીજા માણસને લાગ્યું કે કાઉન્સીલ કરકસરની વાતો કરે છે તે આપણા ભલા માટે નહિ પણ પોતાના ભલા માટે; અને તેથી તેણે કાઉન્સીલના લાગાઓ બરાબર ચુકવી દીધા પણ બીજા કાયદાની રજ પણ પરવા કરી નહિ. કાઉન્સીલે આવા તેનું 'લેણું' ચુકવી દીધેલા માણસને આ કાયદાના ભંગ માટે કદિ પણ સજા કરી હોય તેમ સાંભળ્યું નથી. આ બધાનો અર્થ એટલો જ નીકળે છે કે કાઉન્સીલ આજે કરકસરના જે કાંઇ બોધપાઠ આપી રહી છે તે આપવામાં તેનો મુખ્ય ઇરાદો પોતાનું જ હિત સાધવાનો છે. આપણે થોડાઘણા પણ એકઠા કરેલા પૈસા ઉડાવી નાંખીએ તો કાઉન્સીલને પોતાનું 'લેણું' વસુલ કરવામાં હરકત આવે ને!

આ બધા વિવેચનનો કોઇ એ અર્થ ન કરે કે કરકસર કરવાની જરૂર નથી. સૌના કરતાં આપણી કોમને કરકસરની વધુ જરૂર છે. કારણ કે આપણાં ખીસાંને સૌથી વધુ સહેવું પડયું છે. આપણે તો બે ભૂતની બથમાં આવી ગયા છીએ, એક કાઉન્સીલના અને બીજા ફેશનના. આપણી હાલત દીન પર દીન તંગ થતી જતી હોવા છતાં આપણે ખરચા કરવામાં પાછું વાળી જોતાં નથી. દેખાદેખીએ કે ફુલણજી બનીને આપણે આપણો થોડોઘણો પણ ધનસંચય વગર વિચાર્યે વેડફયે જઇએ છીએ. આપણે જો આપણી કોમની ગણતરી કંગાલોની સંખ્યામાં ન થવા દેવી હોય તો આ બધાં લફરાંથી આપણે છુટા થવું જોઇશે. કાઉન્સીલ ભલે એક જ દિશામાં કરકસર કરવાનું કહે પણ આપણે તો બન્ને દિશામાં તે કરવા મંડી જવું જોઇશે.

## નિર્દોષનો ભોગ

તાજેતરમાં બનેલા નીચેના કીસ્સાની નોંધ અમે ભારે હૈયે લઇએ છીએ.

અમદાવાદના એક વણીક યુવક ભાઇ શાંતિલાલ મગનલાલે પોતાને એક ૨૨ વર્ષની જુવાન પત્નિ હૈયાત હોવા છતાં બીજી વાર લગ્ન કર્યાં છે. ભાઇ શાંતિલાલની પોતાની ઉમર પણ ૨૨ વર્ષની છે અને તેઓ કોલેજમાં અભ્યાસ કરે છે. તેમની આગલી પત્નિ બ્હેન કળાવતી ત્રીકમલાલ સાથે તેમનું સગપણ બાળવયમાં થયેલું. આ બીજીવારનાં લગ્ન અટકાવવા માટે કળાવતીએ ન્યાયની અદાલતનો આશ્રય લઇ જોયો, પણ લગ્ન કાયમ અટકાવવાના મનાઇ હુકમને બદલે તેને માત્ર ન્યાયાધીશની સહાનુભુતી જ મળી. આ લગ્નનું કારણ શાંતિલાલ એમ બતાવે છે કે કળાવતી મૂર્ખ અને ગાંડી છે.

આ આખો પ્રસંગ કરૂણાથી ભરેલો છે, અને તેની બધી જવાબદારી નાનપણમાં સગપણ કરનાર માબાપોની જ છે. ભાઇ શાંતિલાલે 'સંતતિ નથી થતી' એવી અર્થહીન દલીલથી આ લગ્ન કર્યું નથી; પણ કળાવતી મુર્ખ છે એ દલીલ તેણે આગળ ધરી છે. કેળવણીના કજોડાંની વેદના જ્યારે તેને અસહ્ય થઇ પડી હશે ત્યારે જ તેણે આ પગલું ભર્યું હશે. આમ હોવા છતાં બ્હેન કળાવતીનો દોષ તો આપણે રજ માત્ર પણ જોઇ શકતા નથી. તેને તો શાંતિલાલના વાજબી કે ગેરવાજબી ગમે તેવા પગલાંથી જીંદગીભર સહન કરવાનું છે. આનો ઉકેલ અમને તો એક જ દેખાય છે કે જો ભાઇ શાંતિલાલે માબાપે બાંધેલા બંધન તોડવાની હીંમત કરી છે તો બ્હેન કળાવતીને પણ છુટી કરી તેને ફાવે ત્યાં બીજાં લગ્ન કરી લેવાની છુટ આપવાની હીંમત બતાવે. કોલેજમાં અભ્યાસ કરતા એક જુવાન પાસેથી સમાજ આટલી આશા રાખવા જરૂર હકદાર છે.

...અને માબાપોને શું કહેવું? તેમને મન તો પોતાના સંતાન રમકડાં છે અને તેમના સગપણ કે લગ્ન એ તેમને મન મોજમજાહ અને શોખ છે. માબાપોને અમે વિનંતિ કરીએ છીએ કે મહેરબાની કરીને આપ આંધળુકીયા કરીને નાનપણમાં સગપણ ન કરી નાંખો. ભવિષ્યમાં છોકરા કે છોકરી કોઇનો દુકાળ પડવાનો નથી. લાંબા વખતથી સગપણ કરવાનો ઇજારો તમે હાથમાં રાખ્યો છે, છતાં તે કામની લાયકાત તમે મેળવી શક્યા નથી તેવી છાપ યુવાન મગજ ઉપર હવે વધુ ને વધુ ગાઢ થતી જાય છે. કૃપા કરીને આંખો ઉઘાડો, નહિતર તમારા કામનું રાજીનામું આપો.

### ખબરપત્રીઓને

૧. જે કાંઇ સમાચાર મોકલવાના હોય તે સત્ય હકીકતથી જરા પણ વેગળા હોવા જોઇએ નહિ.

૨. લખાણ ટુંકું અને મુદ્દાસરનું હોવું જોઇએ.

૩. હાંસીઓ રાખીને કાગળની એક બાજુ જ લખાણ લખવું.

૪. ખબર મોકલનારે પોતાનું પૂરૂં નામઠામ અવસ્ય જણાવવું.

૫. ખબરપત્રીઓના નામ કોઇ પણ ભોગે બહાર લાવવામાં આવશે નહિ.

તંત્રી

### ઘણું જ અગત્યનું

"ખોજા જાગૃતિ"ને લગતો બધો પત્રવ્યવહાર નીચેને શીરનામે જ કરવો.

તંત્રી, "ખોજા જાગૃતિ"
બોટાદ (કાઠિયાવાડ.)

## W હિતચિંતકોને

ખોજા કોમમાં આજે એવો વર્ગ જરૂર ધરાવે છે, કે જે સુધારાની તરફેણમાં હોય. આ વર્ગની સહાનુભુતી અને ટેકા માથે વિશ્વાસ રાખીને જ "ખોજા જાગૃતિ" પ્રગટ થાય છે. "ખોજા જાગૃતિ"ના સંચાલકો ઘી આશા જરૂર રાખે છે કે જેમ બને તેમ આ પત્રનો બહોળો ફેલાવો કરવામાં સહુ ભાઇઓ પોતાનો સાથ આપશે. "ખોજા જાગૃતિ" જેટલા વધુ ભાઇઓના હાથમાં પહોંચશે તેટલી એ વધુ બજાવી ગણાશે. સર્વ હિતચિંતકો અને મિત્રોને અમારી નમ્ર વિનંતિ છે કે આ પત્રના ગ્રાહકો બને અને પોતાના મંડળમાં ... ગ્રાહકો બનાવે. આપણા કેટલાક ભાઇઓ ... ગ્રાહક ન બની શકતા હોય તેવાઓના જાગૃતિ નો સંદેશ મુકવાનું કામ આપણા શ્રીમંતો તો સુધારાની પ્રવૃત્તિને તેઓ સારો વેગ આપી ઉત્તમ લાભ ઉઠાવી શકશે.

જગતના આર્થીક સંજોગોને ધ્યાનમાં લવાજમ તેમજ છુટક નકલની કિંમત નામની કે જેથી કરીને શ્રીમંતથી ગરીબ સહુ ભાઇઓ તેનો ... શકે. અત્યારની ગણતરી સાચી નીવડે તો પણ આ પાઇનો પણ નફો મેળવી શકે તેમ નથી, અને નફો એકઠો કરવાની તેની ખાહેશ પણ નથી. સહુ ભાઇઓ અને ભવિષ્યમાં આ પત્રનો ઉઠાવ વધતાં ખર્ચ કાઢતાં મેળવી શકશે તો તેનો ઉપયોગ પત્રનું કદ અને સારવામાંજ થશે. દરેક સમજુ ભાઇ પાંચ પાંચ નકલો માથે લ્યે તો માત્ર ૨૦૦ જ ભાઇઓના પ્રયત્ન નકલ ખુશીથી ખપાવી શકાય. જ્યારે ૨૦૦ કરતાં એ સંખ્યામાં આપણા ભાઇઓ સુધારાની પ્રવૃત્તિને ચાહે છે.

અમને વિશ્વાસ છે કે અમારા ... સહુ ભાઇઓ વધાવી લેશે, અને આ પત્રને પોતાનું ... તેને ... અને આગળ ધપાવવા બનતું બધું ક...

તંત્રી

### લેખકોને

ખોજા કોમના પ્રશ્નોમાં રસ લેની ઉન્નતિ... સહુ લેખક બિરાદરોને આથી અમે આપીએ... તેઓ "ખોજા જાગૃતિ"ને પોતાનું જુદા ... ઉપર પોતાના લેખો મોકલવા શરૂ ક... યુવાનોનું છે અને તેથી તે ... ખુલ્લું છે. કૃપા કરીને લેખ... લેખો મોકલવા. જે ભ... તેઓએ પણ અમારી ... જરૂર લખવું.

"ખોજા જાગૃતિ" ... તા. ૨૪-૧-૩૩ ના ... હતી, અને તેના માટે પણ ... અમદાવાદના મે. કલેક્ટરે ... ધાર્યા મુજબ મળી શક ... હવે પછીના બધા અંક ... આવશે.

—તં...

તાજી ... તોલને ... ઢવા ... રી છે. ... ર આ... કાગા ... કસણ ... ઢી ... હને ... ચસે ... જો ... આજે ... છે

ધી લેને ... ના પત્રવ્યવહાર જે ... હવે નીચેને શીર...

...સામાં ...

...ીમજી સુમાણી
તંત્રી, ખોજા સુધારક
કોળ
(સહી) કાળી...
સ...
ખોજા સુ...

# સપ્તાહનો સાર

**ગાંધીજી છુટશે ?** વિલાયતના કામદાર પક્ષના આગેવાન
પાર્લામેન્ટના સભ્ય મી. લેન્સબરીએ હિન્દની પ્રજાજોગ એક સંદેશો
મોકલાવ્યો છે તે તા થી મહાત્મા ગાંધીજીના છુટકારા સંબંધે
અવનવી કલ્પનાઓ સિ રહી છે. મી. લેન્સબરીના જણાવવા મુજબ
મા ગાંધીજીને સરકાર છોડી મુકશે અને
સાથે સમાધાન થશે. બધા ઓર્ડીનાન્સ
પાછા ખેંચી લેવામાં આવશે. દેશમાં
ાર હિંસક વર્ગનો પણ અંત આવશે.
મેવો મત ધરાવે છે કે હિન્દના રાષ્ટ્રીય
લમાં પુરી રાખવાથી જે નવું બંધારણ
તેઓ કાયમના વિરોધીઓ થઇ બેસશે
મુશ્કેલી નડશે. ત્રીજી ગોળમેજી પરિષદનું
ખબર સરકાર એક 'વ્હાઇટ પેપર'
તે પ્રજાને જણાવશે, જે લગભગ
આવશે. ઇંગ્લંડમાં ભયંકર ઇન્ફ્લુએન્ઝાનો

**ારની વિગતો :** ગઇ તા. ૨૬ના રોજ
ીવીઝનના બદામગંજ ગામે થયેલ ગોળી-
તરફથી પ્રગટ કરવામાં આવી છે. એમ
દીન'ની ઉજવણી પ્રસંગે મનાઇ હુકમ
રઘસ કાઢયું હતું અને ગામલોકોનું મોટું
હતું. આ લોકોએ પોલીસ થાણા ઉપર
ીશ કરી હતી જેથી તેમાંના ત્રણ આગે-
હતા. આ ગીરફતાર થયેલાઓને પોલીસ
ખસેડતી વખતે પણ લોકોનું મોટું ટોળું
હતું. ચેતવણી છતાં લોકો નહિ વીખરાયાથી
હતો જેને પરિણામે કેટલાક પોલીસના
ી. ટોળું ગંભીર તોફાન તરફ વળતું જતું
ાર કર્યો હતો. ૧૬ ગોળીઓ છોડવામાં
ને તેથી ઇજા થઇ હતી, જેને તાત્કાળિક
આવી હતી.

**શા પોલીસના હાથમાં :** પીર કરમશા
મુંબઇની છુપી પોલીસે પકડયો છે, અને તે
આવેલા કર્નલ લૉરેન્સ હોવાનું બોલાય છે.
માં ૧૦૦ રૂપીયાના મોટર ટાયરો ખરીદી
ાના કહેવાતા ગુન્હા સંબંધે પંજાબની
આ ધરપકડ કરવામાં આવી છે. મુંબઇની
તેને ખડો કરવામાં આવ્યો ત્યારે મુંબઇની
. એમ. કાસમના વકીલ તરફથી ના.
આવી હતી કે સદરહુ પીર કરમશા તેની
ફરનીચર લઇ ગયો છે અને એક ખોટો
ાચર તેણે તેને પાછું સોંપવું. પણ ના.
વચમાં પડવાની ના કહી હતી. આરોપીને
પર છોડવામાં આવ્યો છે. તપાસ માટે
મુદત લીધી છે.

**શ્રી. સુભાષચંદ્ર બોઝ યુરોપ તરફ :** ૧૮૧૮ના રેગ્યુલેશન પ્રમાણે જેમને અત્યારે કલકત્તાની જેલમાં નજરકેદ રાખવામાં આવ્યા છે તે શ્રીયુત સુભાષચંદ્ર બોઝને ક્ષયરોગની બીમારી થોડા મહીનાથી લાગુ થઇ છે. સારવાર માટે યુરોપ જવાની સરકાર તરફથી શરતી પરવાનગી મળતાં તેમણે એ શરતો નહિ સ્વીકારવાથી અને શ્રી. બોઝની તબીયત ગંભીર હોવાથી સરકારે પોતાની શરતો ઉઠાવી લઇ બીન શરતે તેમને યુરોપ જવા દેવાની મંજુરી આપી છે. શ્રી બોઝના વૃદ્ધ માતા પિતા ગંભીરપણે બીમાર હોવાથી તેઓ પહેલાં તેમને મળશે અને ત્યારબાદ તેઓ ઇટાલી અને ઝેકોસ્લોવેકીઆ થઇ વીએના જશે, જ્યાં ઉંચી સારવાર મળવાનો સંભવ છે. બનતાં સુધી તેઓ આ માસની ૨૩ મી તારીખે મુંબઇથી રવાના થશે. તેમનું એકંદર ૫૫ રતલ વજન ઘટયું છે, તાવ દરરોજ આવે છે.

**લાહોરમાં બોમ્બ :** ગઇ તા. ૧લીના રોજ લાહોરમાં રણજીતસિંહની સમાધી આગળ બોમ્બ ફુટવાથી એક જબ્બર ધડાકો થયો હતો, જેને પરીણામે એક માણસનું તાત્કાલીક મોત નીપજ્યું હતું જ્યારે બે માણસોને ગંભીર ઇજા થઇ હતી. એમ કહેવાય છે કે ચાર માણસો જમવા બેઠા હતા તે વખતે આ બોમ્બનો ધડાકો થયો હતો. આ ચારે શખ્સો ધાડપાડુઓ તરીકે ઓળખાયાનું કહેવાય છે. ચોથો માણસ બોમ્બ અચાનક ફુટી જવાથી ભાગ્યો હતો જેની પછવાડે લોકોનું ટોળું થયું હતું પણ તેણે પોતાની પાસેનો બીજો બોમ્બ બતાવી તે ટોળાં ઉપર નાંખવાની ધમકી આપવાથી લોકો નાસી ગયા હતા. પોલીસ તુરત જ આ માણસની પછવાડે પડી હતી. ભાગતાં ભાગતાં તે એક ઝુંપડીમાં સંતાણો. પોલીસ ઘોડા ઉપરથી નીચે ઉતરી તેને પકડવા ગઇ એટલે પેલો માણસ પોલીસના જ ઘોડા ઉપર બેસીને પલાયન કરી ગયો. પણ છેવટે ૨૮ કલાકની પોલીસની ચાંપતી તપાસને પરીણામે તે પકડાયો છે. આ ચારે શખ્સો જાગુની ટોળી નામથી પ્રખ્યાત થએલી એક ધાડપાડુ ટોળી માંહેના હોવાનું કહેવાય છે.

**ના. વાયસરૉયનું ભાષણ :** વડી ધારાસભાની બેઠક ચાલુ થતી વખતે તા. ૧ના રોજ ના. વાયસરોયે એક લાંબુ ભાષણ આપ્યું હતું. તેમાં જણાવવામાં આવ્યું હતું કે સરકારે કોંગ્રેસની કાયદાભંગની ચળવળને દાબી દેવા જે પગલાં ભર્યાં છે તેને પ્રજાએ ટેકો આપ્યો છે. તથા તેના પરીણામે પ્રજામાં વિશ્વાસ ઉત્પન્ન થયો છે. ના. શહેનશાહની સરકારની એવી જરાપણ ઇચ્છા નથી કે નવા બંધારણમાં હિંદને કશીપણ મધ્યસ્થ જવાબદારી સીવાય માત્ર પ્રાંતીક સ્વરાજ આપવું.

**જગતની આર્થીક પરિષદ :** જગતની આર્થીક પરિષદની યોજના ઘડનારી કમીટીએ આપેલા આમંત્રણના જવાબમાં બ્રીટનના વડા પ્રધાન રામ્સે મેકડોનલ્ડે વચન આપ્યું છે કે જો પરિષદ લંડનમાં ભરવામાં આવશે તો તેઓ તેનું પ્રમુખસ્થાન સ્વીકારશે.

---

**કરાંચીના અમારા સોલ એજન્ટ**
**તન્ના ન્યુસપેપર એજન્સી,**
નાનકવાડા, **કરાંચી**

# "ઇસ્માઇલી"ના અખાડા

## ચેલેન્જ કાં ન સ્વીકારી? બોટાદ પ્રકરણ ઉપર વધુ પ્રકાશ.

[ કાઠીયાવાડમાં બોટાદ જમાત પાસે પરાપૂર્વથી કેટલીક જમાતી મીલ્કત ચાલી આવે છે. આ મીલ્કત કાઠીયાવાડ સુપ્રીમ કાઉન્સીલે પોતાને હસ્તગત કરવાનો ઇરાદો કર્યો. અને તે ઉપરથી બોટાદ જમાત અને સુપ્રીમ કાઉન્સીલ વચ્ચે જબરો કલહ ઉત્પન્ન થયો. બોટાદ જમાતના કેટલાક આગેવાનોને નાતબહાર કરવાની ધમકીઓ પણ અપાણી પણ બોટાદ જમાતે તેની કશી ગણના નહિ કરવાથી છેવટે વઢવાણ કેમ્પમાં સુપ્રીમ કાઉન્સીલ અને બોટાદ વચ્ચે સમાધાન થયું કે જે મીલ્કત બોટાદ જમાત પાસે અત્યારે હોય તે જેમની તેમ તેની પાસે રહેવા દેવી. આ બધા વિગતવાર ખબર ખોજા સુધારક સંઘની પત્રિકા નાં. ૧૧માં પ્રગટ થયા. તે બાદ મુંબઇથી પ્રગટ થ[illegible] "ઇસ્માઇલી" ના તા. ૩૦ અક્ટોબર ૧૯૩૨ના અંકમાં બોટાદ જમાતના નામે "એક ખુલાસો"વાળું લખાણ પ્ર[illegible]દ્ધ થયું. તેનો વળતો જવાબ ખોજા સુધારક સંઘના પ્રચાર મંત્રીએ "ઇસ્માઇલી" ઉપર રજીસ્ટરથી મોકલાવ્યો [illegible]જાગૃ[illegible] સદરહુ જવાબ "ઇસ્માઇલી"માં પ્રગટ થવા પામ્યો નથી તે અમે આ નીચે પ્રગટ કરીએ છીએ[illegible] મુસલમાનોનો સ્વતંત્ર અવાજ" રજુ કરવાનો દાવો હાંકતુ "ઇસ્માઇલી" પોતાની જ કોમના ચર્ચાઓ[illegible] [illegible]ચારતાના દરવાજા બંધ કરે એ શોભાસ્પદ નથી. [illegible] [illegible]તંત્રી ]

રાજકોટ તા. ૨-૧૧-૩૨

"ઇસમાઇલી"ના મે. તંત્રી સાહેબ, મુંબઇ.

આપના તા. ૩૦ અક્ટોબર ૧૯૩૨ના અંકના પાના ૨૩ના ત્રીજા કોલમના મથાળે "એક ખુલાસો"ના નામથી જે લેખ પ્રકટ થયો છે તે સંબંધેનો મારો નીચલો ખુલાસો પ્રકટ કરવા કૃપા કરશો.

ઉપર લખ્યા "એક ખુલાસા"માં બોટાદ જમાતના નામે ખોજા સુધારક સંઘની પત્રિકા નાં, ૧૧ સંબંધે નીચેના આક્ષેપો કરવામાં આવ્યા છે:—

૧. ખોજા સુધારક સંઘ એ એક કહેવાતી સંસ્થા છે.

૨. પત્રિકા નાં. ૧૧ નું લખાણ અતિશય અતિશયોક્તિ ભરેલું છે.

૩. બોટાદ જમાત અને બીજી જમાતો તથા કાઉન્સીલ વચ્ચે વાંધો ઉત્પન્ન કરાવવાના હેતુથી એ લખાણ પ્રગટ કર્યું છે.

૪. પોતાનો પક્ષ પ્રબળ કરાવવાના હેતુથી એ લખાણ પ્રગટ કર્યું છે.

૫. પત્રિકા નં. ૧૧ વાળું લખાણ પ્રકટ કરવાની બોટાદ જમાતે ખોજા સુધારક સંઘને સત્તા આપી નથી, અને બોટાદ જમાત એ લખાણ સાથે મળતી થતી નથી.

ઉપરના આક્ષેપોના મારા જવાબ નીચે મુજબ છે :-

૧. ખોજા સુધારક સંઘ એ એક કહેવાતી સંસ્થા નથી. પણ ખુબજ જાહેરાત પછી અને આખી કોમના એકે એક સભ્યને પોતાનો મત આપવાનો પુરો અવકાશ મળ્યા પછી શ્રી કાઠીયાવાડ ખોજા યુવક સંમેલને સ્થાપેલી એ સંસ્થા છે, અને એ રીતે કાયદાની દૃષ્ટિમાં અત્યારે આપણી કોમમાં ચાલતી કોઇપણ સંસ્થા કરતાં એ વધુ કાયદેસર અને કોમના પ્રતિનિધી રૂપ છે. ચૌદ મહિનાની જીંદગીમાં તેણે કોમમાં સારી જાગૃતિ આણી છે એટલુંજ નહિ, પણ કોમે ન ચુંટેલી એવી ખુલ્લી ગેરકાયદેસરની સંસ્થા જે કાઉન્સીલ તેની સત્તાની અવગણના કરી ચાર સુધારક લગ્નો પણ આ સંસ્થાના આશ્રય તળે થયાં છે. માટે ખોજા સુધારક સંઘને કહેવાતી સંસ્થા કહેનાર ખુદ પોતાની આંખે જ પાટા બાંધે છે.

૨. પત્રિકા નાં. ૧૧ નું લખાણ અતિશય શું જરાપણ અતિશયોક્તિ ભરેલું નથી. મારો પ્રશ્ન સીધો છે. જો એ લખાણ અતિશયોક્તિ ભરેલું છે તો અતિશયોક્તિ વગરના ખરા ખબર શું છે? પત્રિકા નં. ૧૧નું લખાણ જરા પણ ખોટું સાબીત કરી

દેવાની હું આથી ચેલેન્જ કરૂં છું. એ[illegible] [illegible]કીકત જાત માહેતી અને પુરી ખાત્રી પછી જ લખ[illegible]વાજ

૩. એક બોટાદ જમાત કે તેની અ[illegible] કરી [illegible] શું પણ જ્યાં જ્યાં આપણા ભાઇઓ વસતા [illegible]ત્યાર[illegible] અત્યારની કાઉન્સીલ સામે માત્ર વાંધો જ નહિ [illegible] પ[illegible] ઉઠાવે એ અમારો ખુલ્લો હેતુ છે, અને આ સં[illegible]કરવા[illegible]થી જ તે બાપોકાર છડેચોક જાહેર કરવામાં આ[illegible]વિષ્યમ[illegible]તે સ્થિતિ લાવવાના અમારા દરેક પ્રયત્ન પ્રામાણીક[illegible] શકશે

૪. અમારો પક્ષ પ્રબળ કરવાનો હે[illegible] થશે [illegible] હોઇએ એ તો નાનું બચ્ચું પણ સમજી શકે [illegible] તે[illegible] પણ એ પ્રબળ કરવા માટે અમે કઇ હકીકત [illegible]પુરુષાર્થ[illegible] કે કયો અપ્રામાણીક રસ્તો લીધો એ કોઇ કેમ બતાપણ[illegible]

૫. બોટાદ જમાતે પત્રિકા નં. ૧[illegible] [illegible]ણ પ્રકટ કરવાની અમને સત્તા આપી નથી એ [illegible]ઇઓ[illegible]. અમને આવી કોઇ સત્તાની જરૂર જ નથી. જાત [illegible]વલ[illegible] જે કોઇ માહેતી અમને મળે છે અને તે સાચ[illegible] કોમને ઉપયોગી હોવાની અમને ખાત્રી થાય છે તે[illegible] અમને અમારી જવાબદારી ઉપર બધી સત્તા છે[illegible] હરેક પરીણામ માટે અમે તૈયાર જ છીએ. જે[illegible] મારી લખેલી હકીકત સાથે મળતી થતી નથી[illegible] હોય તેનો અહેવાલ પોતે પ્રગટ કરતી [illegible]ગી[illegible] પેઠું છે" એવું કંઇ તો નથી ને?

[illegible]ખ[illegible] [illegible]લીમાં [illegible]. કરસ[illegible] [illegible]ગસને

તાકીદ રાખો [illegible]ી કરો

ખોજા કોમના જીવનમરણ્ચર્ચા સાથે હિંદુસ્તાન તેમજ દેશાવરના [illegible] આ પત્રના ગ્રાહક તરીકે તમા[illegible] લ્યો.

વાર્ષિક લવાજમ :

રૂા. ૨) એ.

[illegible]માં [illegible]પીયા[illegible] [illegible]તે ફર [illegible]આવાડ [illegible]સ્સામ[illegible] [illegible]જનમીન

સ્વાધીન મુદ્રણાલય રાણપુરમાં રાસુ પરમાનંદ ઠક્કરે છાપ્યું, અને ઇસમાઇલ કાનજી હીરાણીએ [illegible] પોલી[illegible]

કર દેવા બંધ કરો.

ખોજા કોમનું મુખ પત્ર.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૨ : ફેબ્રુઆરી ૨૮ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ના ફાલ્ગુન સુદ ૪ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

### આજના અંકની સામગ્રી.

કર દેવા બંધ કરો.

કાઉન્સીલના કાળા કાયદાઃ રક્ષક કે ભક્ષક ?

અંધ પરંપરા.

લોહીના [illegible]

ગઢડાની મીજલસ.

બોટાદ જમાતને ન શોભે !

સપ્તાહનો સાર.

સાલગ્રેહઃ [illegible]ક વિચારણા.

### એજન્ટોને

આ અંકથીજ "ખોજા જાગૃતી" ની છુટક નકલ બે નહિ પણ ત્રણ પૈસે વેચવા અમારા બધા એજન્ટોને જણાવવા રજા લઇએ છીએ. કમીશન પણ આ હીસાબેજ મળશે.

તંત્રી.

## સ્વમાનની કિંમત.

સ્વમાન વગરનો મનુષ્ય એ મનુષ્ય નહિ પણ પશુ છે. આજના યુવાન, પશુ કરતાં પણ બદતર હાલત તું ભોગવી રહ્યો છે તેનું તને ભાન છે ?

ખોજા કોમમાં જુવાનોની હસ્તી હોવા છતાં આજે નાશકારક રૂઢીઓનું રાજ્ય ચાલે છે. કોમના વહીવટનો બોજો ધણીજ સહેલાઇથી ઉઠાવી શકે એવા યુવકો હોવા છતાં આજે એ આખા વહીવટના બારણાં એકહથ્થુ સત્તાએ તેની સામે બંધ કર્યા છે. આજનો યુવક દરેક વિષયમાં પરાધીન છે. જુના જમાનાના રૂઢી પુજક વડિલોનો હુકમ હજી પણ તેનાથી ન ઓળંગી શકાય એવું એક પવિત્ર ફરમાન ગણાય છે. લોહી તરસ્યા કાળા કાયદાઓનો અમલ હજી તેટલોજ આકરો છે. સર્વભક્ષી કાઉન્સીલની આંખ રાતી થાય કે તુરતજ તેને પગે પડવું જોઇએ એ હીચકારી માન્યતા હજી પણ તેટલીજ દ્રઢ છે, અને પોતાનો મત સ્વતંત્રપણે જાહેર ન કરવાની ભીરૂતા જરાપણ ઓછી થઇ નથી.

આ બધી વસ્તુ સ્થિતિ, જુવાન, તારા સ્વમાનને પડકાર છે. તું જો જુવાન હો, તારી કમરના મંકોડા ભાંગી ગયા ન હોય કે તારા કાંડા બાવડાં હજી સાબુત હોય તો હવે કોની રાહ જુએ છે ? ઝપાટાબંધ કામે લાગી જા. જુવાનોને સ્વમાનની કિંમત પ્રાણથી પણ અધિક પ્યારી છે તે બતાવી દે.

નહિ તો........તારી જુવાની ભયમાં છે. તારી હસ્તી ભયમાં છે. ખોજા કોમના બધા જુવાનો મરી ફીટયા છે કે બધા અકાળે વૃદ્ધ થયા છે એ શરમજનક અપમાન સહન કરવું પડે તે પહેલાં ચેત!

7689

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૮-૨-૩૩.


## કર દેવા બંધ કરો.

આ જગતમાં ઘણી કોમો હસ્તી ધરાવે છે આપણી કોમ કે જે છેલ્લા ૪૦૦ વરસથીજ હસ્તીમાં આવ્યાનું ગણાય છે તેના કરતાં ઘણી મોટી અને ઘણી પ્રાચીન કોમો આપણા પાડોશમાંજ વસે છે. તે બધાના કરતાં આપણી કોમ કોઇ ખાસ રીતે જુદી નથી; છતાં તે કોમોના બંધારણ, તેનો વહીવટ અને તેની વ્યવસ્થા અને આપણી કોમના બંધારણ અને વહીવટ વચ્ચે અત્યારે જમીન આસમાનનો ફરક પડી ગયો છે.

કોઇપણ કોમ લો અને તેનું બંધારણ તપાસો. પહેલીજ નજરે તમને ખાત્રી થશે કે એ બંધારણ તે આખી કોમે સાથે મળીનેજ ઘડયું છે. તેમાં કોમના અમુક માણસોએ કે કોમ બહારના કોઇ માણસે ઘરને એક ખુણે બેસીને ઠોકી બેસારેલા કાયદા તમને નહિ મળે. વળી એ બંધારણ તે કોમને પાલવે તેવી રીતેજ ઘડાયેલું, કોમને પોતાનેજ જવાબદાર અને કોમ ધારે ત્યારે તેજ ઘડીએ તેને બદલી શકે તેવું હશે. કોમની આર્થીક સ્થિતિ ધ્યાનમાં લઇનેજ કોમે પોતે અમુક પ્રસંગોના અમુક લાગાઓ નક્કી કર્યાં હોય તેની આવક એકલી તે કોમના હિતાર્થેજ વપરાતી હશે, કોમ બહાર તેનો એક પણ પૈસો વેડફાઇ જતો નહિ હોય.

આપણી કોમના બંધારણ સાથે આ બંધારણ સરખાવશું તો આપણને જબરો આઘાત થશે. દબાયેલીમાં દબાયેલી ગણાતી કોમ પણ જે અપમાન સહન ન કરે તે આપણે કરવું પડે છે. આપણી કોમનું બંધારણ કયારે ઘડાણું અને કોણે ઘડયું તેની આપણને ખબર પણ નથી. આપણી કોમનો વહીવટ કરનારાની ચુંટણી આપણે કરી શકતા નથી. આપણે પાળવાના કાયદા બીજાઓ ઘડે છે અને જે ભયંકર લાગાઓ આપણી ગરીબ હાલતને કદી પણ પરવડે નહિ તે આપણે ફરજીઆત બળજબરીથી આપવા પડે છે. આટલું છતાં પણ આ લાગાઓમાંથી એકઠી થયેલી દૌલત આપણી કોમના ભલા માટે વપરાવાને બદલે સ્ટીમરમાં ચડીને પરદેશ ચાલી જાય છે અને આપણે મોઢું વકાસીને બેસી રહેવું પડે છે. આ અંધેર સામે અવાજ ઉઠાવનારને એ કાળા કાયદાના એકજ ફટકે જમીનદોસ્ત કરવામાં આવે છે અને એ રીતે આખી કોમમાં ભયંકર શાંતિ ફેલાઇ રહી છે. આપણે આજે સ્વતંત્ર મટીને ગુલામોની કોમ બની રહ્યા છીએ. દિવસે દિવસે આપણી સંખ્યા ઓછી થતી જાય છે અને આપણે વિનાશને પંથે વંટોળની ઝડપથી ખેંચાઇ જઇએ છીએ. આ પ્રમાણે જો થોડા વધુ વરસ ચાલુ રહેશે તો આપણું નામ નીશાન નાબુદ થશે. આપણે જો આ સ્થિતિમાંથી બચવું હોય તો તેનો તાત્કાલીક માર્ગ લીધા શીવાય છુટકો નથી.

બીજી કોમોની માફક આપણો વહીવટ આપણા હાથમાં ન રહેવા દેતાં બીજાઓએ તે શા માટે પોતાના હાથમાં રાખવાની તકલીફ લીધી એનો ઉંડો વિચાર આપણે શાંતિથી કરશું તો તેનું ખરૂં કારણ બહાર તરી આવશે. તમને ખાત્રી થશે કે આ પ્રમાણે આપણો વહીવટ આપણા હાથમાંથી ઝુંટવી લેનાર ધનનો લોભ છે. એક કહેવત છે કે જે રસ્તે ખોયું હોય [illegible] રસ્તેજ પાછું મળે. ધનની લાલચે આપણા માલીક [illegible]થી બેઠેલાઓ પોતાની મુરાદ બર નહિ આવતાં આપો[illegible] આપણા માલીક પદનો ત્યાગ કરશે. માટે આ સ્થિ[illegible] મીટાવવાનો સારામાં સારો ઉપાય એ છે કે કાઉન્સીલ[illegible] તેના એક પણ કરવેરા કે લાગા દેવાની આપણે ઘસી[illegible]ને ના પાડી દેવી.

જન્મથી માંડીને તે ઠેઠ મરણ સુધી[illegible] અને મરણ બાદ પણ કાઉન્સીલ જુદા જુદા કરવેરાથી, [illegible] કરી દીધેલી પ્રથાઓથી કે કાયદાના દંડાના ભયથી [illegible] આપણી પાસેથી મોટી રકમે નાણાં ઓકાવે છે. આપણે[illegible] ઘડીએ આ લાગાઓ આપવાનું બંધ કરશું તેજ ઘડીએ[illegible] સ્વતંત્ર થશું. આમ કરવામાં આપણે કાંઇ પણ ગુમાવતા [illegible]નથી પણ એક દવાથી બે દરદ મટાડીએ છીએ. એક તો આપ[illegible] આપણો જન્મસિદ્ધ હક્ક, આપણો વહીવટ આપણે પોતેજ ચલાવવાનો અને આપણા પ્રતિનિધીઓ આપણે પોતેજ ચુંટવાનો, પાછો મળશે. જે ઘડીએ નાણાં આવતાં બંધ થયાં તેજ ઘડીએ કાઉન્સીલ સામે ચાલીને કેણુ મોકલાવશે કે ભાઇઓ અમે હવે તમારા વહીવટ ઉપરથી હાથ ઉઠાવી લઇએ છીએ. એ રીતે આપણને કરવામાં આવતો મોટામાં મોટો અન્યાય બંધ થશે અને બીજું આ મંદીના જમાનામાં આપણે સારી એવી રકમની બચત કરી શકશું.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાન પુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. **તંત્રી.** ]

આના માટે કોઇ ભારે તૈયારીઓની જરૂર નથી. કાઉન્સીલે જુદી જુદી જાતના એટલા બધા કરવેરા વધારી દીધા છે કે કોઇ ખાસ પ્રસંગની રાહ આપણે જોવાની રહેતી નથી. ડગલેને પગલે આપણે અનેક લાગાઓ ચુકવવાના હોય છે અને તેથી આપણા નિશ્ચયની સાથે તેજ ઘડીએ આપણે કાઉન્સીલના કાયદાનો ભંગ કરી શકીએ છીએ.

સૌથી વધુ અપમાનકારક અને જુલ્મી ચંદ્રાકીને નામે લેવાતો માથાવેરો છે. જે ભાઇઓ બીજા લાગાઓ આપવાનું બંધ ન કરી શકતા હોય તેઓએ પણ આ વેરો આપવો તાત્કાલીક બંધ કરવો જોઇએ. દુનીયા ભરની કોઇ પણ કોમમાં આ પ્રમાણે દર માસે માથાવેરો લેવાતો નથી. બીજા વેરા તો એવા છે કે જે અમુક પ્રસંગ માણસને ત્યાં આવે તોજ તે તેને દેવા પડે. પણ આ ઘાતકી લાગા માટે કોઇપણ પ્રસંગની જરૂર નથી. આપણે માત્ર જીવતા હોઇએ અને શ્વાસોશ્વાસ લેતા હોઇએ તે કારણજ આ લાગા માટે પુરતું ગણાણું છે. આપણી સ્થિતિ કે આપણા જીવનના કોઇપણ પ્રસંગ સાથે તેને નીસ્બત નથી. ગરીબ કે તવંગર, કુંવારા કે પરણેલાં, અરે ! નિરાધાર થઇ બેઠેલી વિધવાઓ પણ આ લાગામાંથી બચી શકતી નથી. એવો આ કર વ્યાપક છે, અને તેથીજ તેનો નાશ સૌથી પહેલો કરવાની જરૂર છે.

આ શીવાય પણ બીજા અનેક ત્રાસદાયક લાગાઓ આપણે માથે ધરબાયેલા છે. દીકરીને આપવામાં આવતાં આણા કે દેજ ઉપર જે ૧૨॥ ટકાનો લાગો લેવામાં આવે છે તે કન્યાવિક્રયનું બીજું રૂપજ છે. સગપણ અને લગ્ન વખતે લેવાતા ભારે લાગાઓ પણ આપણને કચડી મારનારા છે. બાળકના જન્મ વખતે લેવાતો વેરો પણ પહેલીજ દ્રષ્ટીએ ધુતકારી કાઢવા જેવો છે. કાઉન્સીલની સાન ઠેકાણે લાવવા માટે આ બધા લાગાઓ દેવા બંધ કરી ના કરની જોરાવર લડત ઉપાડી લ્યો.

### મણકો પહેલો.

"કાઠીયાવાડની શીયા ઇમામી ઇસમાઇલીયા કાઉન્સીલના કાયદા" એ નામની ચોપડી હાથમાં લેતાંની સાથેજ તમને એક પ્રશ્ન સહેજે થશે કે આ કાયદા કોણે ઘડયા ? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા તમે એ આખી ચોપડી ઉથલાવી જશો તો પણ તમને તેનો પત્તો મળવાનો નથી. છેવટ સુધી કોઇ એમ નથી લખતું કે આ કાયદા મેં ઘડયા છે. એ ચોપડી પ્રસિદ્ધ કરનાર મહાશયને એ કાયદા આસમાનમાંથી ઉતર્યા હોય અને પછી કોમના હીત (?) ની ખાતર તેમણે તે પ્રગટ કર્યા હોય એવોજ ખ્યાલ તમને આવશે. એક સાધારણ ચોપડી પ્રગટ થાય છે તેમાં પણ લેખક કોણ અને પ્રકાશક કોણ તે સ્પષ્ટ રીતે લખાયેલું હોય છે. પણ જે ચોપડી વડે આખી કોમ ઉપર સત્તા ચલાવવાની છે તેનો લેખક પોતે બહાર ન આવે તો જરૂર એમ માનવાનું કારણ રહે કે આ ચોપડીના પ્રકાશન પછવાડે કોઇ જબરૂં કાવતરૂં રહેલું છે.

હવે પ્રસ્તાવના જોઇએ. "કાઠીયાવાડની જુદે જુદે સ્થળે આવેલી શીયા ઇમામી ઇસમાઇલી જમાતોના કામકાજ મજકુર જમાતના હિતાર્થે નિયમિત અને વ્યવસ્થિત રીતે ચાલે અને એ પ્રાંતના સરકાર સાહેબી આમદાની યોગ્ય રીતે વસુલ કરવામાં આવે એટલા માટે આવી સર્વે અગત્યની બાબતો અને કાર્યો કાઉન્સીલ સમક્ષ આ પુસ્તકમાં લખેલા કાયદા અનુસાર એમની ધોરણસર અને યોગ્ય રીતે ભરાયેલી મીટીંગમાં રજુ થવા જોઇએ કે જેનો નીકાલ તે સંસ્થા લાવે." પ્રસ્તાવનાના આ મુખ્ય ભાગમાંથી બે ઉદ્દેશો તરી આવે છે. એક તો કાઠીયાવાડની જમાતોના હિતની ચિંતા છે, અને બીજું 'સરકાર સાહેબી આમદાની યોગ્ય રીતે વસુલ કરવા' ની તેમાં વેતરણ છે. આ બેમાંથી જમાતોના હિત પરત્વે શું કરવાના કાયદા આ ચોપડીની અંદર સમાયેલા છે એ આપણે આગળ ઉપર જોઇશું ત્યારે આપણને ખાત્રી થશે કે પ્રસ્તાવનામાં જે જમાતના હીતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે નરી ઠગ વિદ્યા છે. જમાતોના હિતમાં પુળો મુકવાનીજ નેમથી આ બધા કાયદા રચાયા છે. બીજો ઉદ્દેશ બર લાવવા માટે આ પુસ્તકની અંદર જોઇએ તે કરતાં પણ ઘણી વધારે કલમો રહેલી છે. બલકે જમાતોના હિતના બાના નીચે આ કાયદાઓ ખરેખર લુંટ ચલાવનારા છે. પણ તે બધું આ કાયદાની કલમવાર ચર્ચામાં આવી જશે. આ પ્રસ્તાવનામાં અમુક કામ અમુક રીતે થવું જોઇએ એવી આજ્ઞા છે. છતાં આ આજ્ઞા કરનાર કોણ કે આ પ્રસ્તાવના લખનાર કોણ તેનો કાંઇ ઉલ્લેખ તેની નીચે કરવામાં આવ્યો નથી. કેમ જાણે આ પ્રસ્તાવના આ ચોપડીના છાપનારેજ છાપી નાંખી હોય તેવો ભ્રમ પેદા થાય છે. પ્રસ્તાવનાનો બીજો ભાગ આ કાઉન્સીલના મેમ્બરોની નીમણુક સંબંધેનો છે. તેજ ભાગ કાયદાની પહેલી કલમમાં આવી જાય છે એટલે તેની ચર્ચા તે વખતે થશે.

**કલમ ૧.**

"આ કાઉન્સીલો 'શીયા ઇમામી ઇસ્માઇલીયા કાઉન્સીલો' એ નામથી ઓળખાશે, જેના મેમ્બરો નામદાર હીઝ હાયનેસ

સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ સર સુલતાન મહમદશાહ આગાખાન, જી. સી. આઇ. ઇ.. જી. સી. એસ. આઇ., જી સી. વી. ઓ., એલ. એલ. ડી., ઇત્યાદિ તરફથી નીમવામાં આવે છે, અને એવી કાઉન્સીલો કાઠીયાવાડની શીયા ઇમામી ઇસમાઇલીયા જમાતોના પ્રતિનિધી મંડળ તરીકે છે. અને એ દરજ્જે આ કાયદામાં ફરમાવેલા ધારા ધોરણો અનુસાર સદરહુ જમાતોનાં તમામ કામકાજ ચલાવવા તેઓને અખત્યાર આપવામાં આવે છે."

આ પહેલીજ કલમ આપણા જન્મ સિધ્ધ હકને કચડનારી છે. જો આ કાયદા મુજબ આપણી કોમનું બધું કામકાજ ચાલવાનું હોય તો આ કાયદા આપણી કોમે પોતેજ ઘડવા જોઇએ અને તેના મેમ્બરોની ચુંટણી પણ કોમ આખીએજ કરવી જોઇએ. કોમના કોઇ પણ અમુક માણસોને કે કોમ બહારના કોઇ પણ શખ્સને આપણા જીવન મરણના આ પ્રશ્નમાં માથું મારવા દઇ શકાયજ નહિ. આખી કોમનો આ પ્રશ્ન છે, આખી કોમ માથે તેની અસર થવાની છે અને તેથી આખી કોમેજ ભેળા મળીને આનો નીકાલ કરવો જોઇએ: ના. આગાખાન આ મેમ્બરોની નિમણુંક કરે છે એમ તેઓ નામદારે સત્તાવાર રીતે કયારેય પણ જાહેર કર્યું નથી અને કરે તો પણ તેઓ નામદારને કોમી વહીવટમાં માથું મારવાનો કશો પણ હક નથી. ખોજા કોમના ધાર્મીક પ્રશ્નોમાં તેઓ દોરવણી કરવા માંગતા હોય તો ભલે તેમ કરે, પણ કોમી વહીવટ કે જેનો અમલ આખી કોમે ફરજીઆત કરવાનો છે તેની સાથે તેઓ નામદારને કશું લેવા દેવા નથી.

કાઠીયાવાડની બીજી કોમોમાં પણ જ્ઞાતિ બંધારણો છે. પણ તે બધા જ્ઞાતિ સમસ્તને એકઠી કરી બહુમતીએ પસાર કરેલાં હોય છે. આપણી કોમને પણ બંધારણ જોઇએજ. અને તે માટે એક જાહેર વિજ્ઞપ્તિથી આખી કોમને આ કામ માટેજ એકઠી કરવી જોઇએ. આવી રીતે બહોળી જાહેરાત પછી ભેગા થયેલા માણસો બહુમતિથી જે કાંઇ બંધારણ ઘડી કાઢે તેને પણ અમલમાં મુકતાં પહેલાં ખુબ જાહેરાત આપવી જોઇએ અને હાજર ન થઇ શકયા હોય એવા બધાઓના મત માગવા જોઇએ. આટલું થયા પછીજ જે કાંઇ બંધારણ મુકરર થાય તેનો અમલ કોમ કરે. આ બંધારણનો અમલ કરવા કોમ આખીએ જે ભાઇઓની બહુમતીથી ચુંટણી કરી હોય તેજ કોમના સાચા પ્રતિનિધિઓ ગણાય અને તેનેજ કોમના વતી કામકાજ કરવાનો અખત્યાર હોય. ચુંટણી વગર અમુક માણસના હાથથીજ થતી નીમણુક એ ખુલ્લી આપખુદીજ છે અને અત્યારના સ્વતંત્રતાના જમાનામાં આવી આપખુદી ચલાવી લઇ શકાય નહિ.

**"ખોજા જાગૃતિ" કેટલું સસ્તું છે?**

બાર મહીનાના ૨ રૂપીયા.

છ મહીનાનો ૧ રૂપીયો.

ત્રણ મહીનાનો ૦ાા રૂપીયો.

૯૦ દિવસની ૯૬ પાઇ.

દરરોજ એક પાઇના જેટલો ખર્ચ પણ તમે કોમની ઉન્નતિના માર્ગમાં નહિ કરી શકો?

## "અંધ પરંપરા"

લેખક : **શ્રી. ભગવાનજી લાલજી પંજવાણી.**

પ્રિય વાંચક, પ્રગતિના જમાનામાં ગાડરીયા પ્રવાહની માફક બેં-બેં અને મેં-મેં કરનાર મેંઢા જેવા મનુષ્યો આ મોંઘા માનવજીવનની પૂર્ણાહુતિ કરી દઇને છળીયા, બળીયા, કળીયા, સ્વાર્થી અને ભુખ્યાં ડાંસ જેવાના ભોગ થઇ પડે છે એ કાંઇ ઓછું શોચનીય નથી.

આખી આલમમાં જાતિ અને ધર્મના બંધારણની બાબતોને જુદીજ રાખવામાં આવી છે. જાતિ એ વહેવારીક સંકળનાનો પ્રશ્ન છે. પરંતુ આપણી ખોજા કોમમાં આ બન્ને બાબતોને તાણા અને વાણાની માફક ઓતપ્રોત કરીને ચાલુ જમાનામાં ખોજા કોમને જે ગુલામીની જંજીરથી જકડીને સખત રીતે બાંધી લેવામાં આવી છે તેનો ખ્યાલ હજી પણ પ્રગતિનાં નગારાં ગડગડી રહ્યાં છે છતાં કુંભકરણ જેવી ઉંઘમાં ઉંઘતી આપણી કોમને કેમ જાગૃત કરતો નથી? આનું કારણ તપાસીએ તો જણાય છે કે (૧) કોમનો મોટો ભાગ એક કચ્છી કહેવતને વળગી રહ્યો છે કે "ઇજે પાંજે કુઇ" એટલે ગરીબડી અને રાંક આલમ રીબાય તેમાં મારે શું? એમ માની તે સ્વાર્થી બન્યો છે. જ્યાંસુધી પોતાની જાત ઉપર દુઃખનું વાદળ આવ્યું નથી ત્યાંસુધી 'પગ પાંખોને પકડી તોડે, રાજી થઇ જોવાને દોડે.' એ સૂત્ર મુજબ ટગર ટગર તમાસા જોઇને 'હાજી લબ્બેક! હાજી લબ્બેક!' કરી રહ્યો છે.

(૨) રૂઢીબંધન, કોમીબંધન અને ધર્મગુરૂઓનાં બંધનો એટલા બધાં સખત થઇ ગયાં છે કે તેને તોડવાં એ તાકાત બહારની વાત છે એવી કલ્પના કરવામાં આવે છે, અગર સ્થૂળ બુદ્ધિના રૂઢીચુસ્તો તેમ કરતાં યુવકોને અટકાવે છે ત્યારે યુવકો રૂઢીચુસ્તોનું માન જાળવીને મૌન ગ્રહણ કરે છે અને ઠોકર ખાય છે. અગર જો કોઇ વ્યકિત સત્યનો પ્રકાશ પાડવા પ્રયત્ન કરે તો નીચે મુજબની અખા ભગતની વાણીનો અનુભવ થાય છેઃ–

જ્યાં જોઇએ ત્યાં કુડે કુડ, સામે સામાં બેઠાં ધુડ;
કોઇ આવીને વાત સૂરજની કરે, તેની આગળ જઇ ચાંચજ ધરે;
× × × × × ×
અમારે ઘણાં વરસ અંધારે ગયાં, તમે આવા ડાયાં કયાંથી થયાં.

આવી રીતની ખોજા કોમની હાલત છે. સેંકડે ૭૫ ટકા જેટલા મહેનત મજુરી કરીને માંડમાંડ પોતાનું પેટ ભરનારા હોવા છતાં તેઓ પોતાની હાલતને સુધારવામાં અને પોતાના ધનતી-ચોડના પ્રશ્નને ઉકેલવામાં એટલા બધા મંદ છે કે એ અધોગતિના ખાડામાંથી કેવી રીતે બહાર નીકળવું તે તેમનાથી સમજી શકાતું નથી.

જ્યાંસુધી ધર્મને બહાને ઉઘરાવાતા લાગાઓના લોટને તીલાંજલી નહિ આપવામાં આવે ત્યાંસુધી કોમની આર્થિક સ્થિતિ–ગરીબી હાલત–કદી સુધરવાની નથી. આ લાગાઓ કેવા અને કેટલા તે "ખોજા વૃતાંત" નામના પુસ્તક ઉપરથી જાણી [illegible] તેમાંના ઘણાખરા તો ચાલુ લેવાય છે, તદ ઉપરાંત મ[illegible] પાછળ લુગડાં આપવાની અંધપરંપરામાં તો પુષ્કળ ધ[illegible] થાય છે. આવી રીતની ચુસ્ત રૂઢીઓમાં સુધારો થઈ કોમ [illegible] દોરાય એ આ લેખનો હેતુ પાર પાડવા પ્રત્યેક જ્ઞાતિબંધુને સદ્‌બુદ્ધિ આપો!

# લોહીના લાડુ.

કોઇ માણસના મરણ પછી તેનો દાડો કે કારજ કરી લાડવા ખાવાનો રીવાજ આપણામાં ઘણા વખતથી ચાલ્યો આવે છે. ખાસ કરીને ઘરડાના મરણ પાછળ આ ક્રિયા થતી હોવાનું કહેવામાં આવે છે. પણ હાલમાં તેવું કાંઇ નથી. ભરયુવાનીમાં મરણ પામેલાંની પાછળ પણ ધોળી દાઢીયોવાળાને એ હાથે લાડુ ઉડાવતા મેં મારી નજરે જોયેલા છે. એટલુંજ નહિ પણ આ ઘરડાઓ આવા પ્રસંગે આગળ ચાલી કામ કરી દે છે. આ રીવાજનું ખાસ કારણ તો મરનારને મોક્ષ અપાવવાનું કહેવાય છે. તેટલા માટેજ પોતાના વહાલા જુવાન છોરૂને મોક્ષ અપાવવાની લાલચથી મરણ પાછળ લોકો જમણ કરે છે. આ એક અજ્ઞાન-તાનો નમુનો છે.

આ રીવાજ કોણે દાખલ કર્યો અને શા માટે કર્યો? આ સવાલ પુછતાં કોઇ ભાંગ્યો તુટ્યો જવાબ આપે છે કે "મરેલાંની પાછળ જમણ કરવાથી મરનારનાં પાપ ધોવાય છે અને તે મોક્ષનો અધિકારી બને છે. આટલા માટે આપણાં વડાંઓએ આ પ્રથા દાખલ કરી છે.'

આ કારણ શીવાય બીજું એકે કારણ કોઇ બતાવી શકતું નથી. અને આ કારણ અર્થ વગરનું છે. મરનારની પાછળ જમાતના પેટમાં ઠાંસી ઠાંસીને ભરવાથી નર્કમાંથી સ્વર્ગમાં તેનો ચડાવો થઇ જવાનો નથીજ. મરી ગયા પછી તેની કેવી સ્થિતિ થાય છે તે કોઇ કહી શકતું નથી. મરનારની પાછળ એકથી પચાસ કે તેથી વધારે નાતો જમાડનારને પુછશો અથવા એક પણ નહિ જમાડનારને પુછશો તો બન્ને આનો જવાબ નકાર-માંજ આપશે. કારણ કે કોઇને મરનારનો તાર અથવા ટપાલ અથવા ખુદ પરવરદીગારનો કાંઇ સંદેશો આવ્યો નથી કે તેની શું સ્થિતિ છે કે (સી) વર્ગમાંથી (એ) વર્ગમાં ચડાવો થયો છે કે નહિ.

જો મરણ પાછળ જમણ કરવાથી મોક્ષના અધિકારી થવાતું હોય તો એમ ચોક્કસ થાય છે કે પૈસાદારોને માટેજ મોક્ષ છે અને ગરીબોને માટે મોક્ષને બારણે તાળાં છે. પરવરદીગારને લોકો ન્યાયી અને સર્વ જીવો પ્રત્યે નિષ્પક્ષપાતી ગણે છે તે આથી ખોટું ઠરે છે. જો સાચેજ ખુદા આવો હોય તો તેને આપણી કાઉન્સીલ કરતાં પણ વધારે ક્રુર અને અન્યાયી કહી શકાય, અને પ્રથમ તેની સામેજ બળવો કરી તેને પદભ્રષ્ટ કરવો જોઇએ. પણ આવું કાંઇજ નથી. પરવરદીગાર બહુજ અદલ ઇન્સાફી છે. તે તો સર્વ જીવ સરખાંજ છેઃ ફક્ત આપણી માન્યતાજ ખોટી છે.

ખુદાનો દરબાર એ કાંઇ સરકારી જેલ નથી કે દંડ ભરી દેવાથી જનાર છુટી જાય. ત્યાં કોઇની લાગવગ ચાલતી નથી. જેલની માફક ત્યાં કોઇની મુલાકાત પણ થતી નથી. તમે દંડરૂપી દાડો કરશો તોપણ તેથી તે બચી શકવાનો નથી. ગમે તેટલો ખરચો કરશો તો પણ તમે તેને સ્વર્ગમાં ગયેલો જોવાનાજ નથી. પછી અંધશ્રદ્ધાથી નકામા ખોટા ખરચા શા માટે કરવા? તો આપણે ચોક્કસ સમજવું જોઇએ કે મરનારે જે કર્મો હશે તેની લાયકાત પ્રમાણે તેને વર્ગ મળશે.

શાસ્ત્રો કહે છે કે કર્મ સ્વતંત્ર છે અને પ્રારબ્ધ પરતંત્ર છે. કરતી વખતે માણસ સ્વતંત્ર છે કે કેવું કરવું; પણ કરી લીધા પછી તેના ફળ માટે તે પરતંત્ર છે. અનિચ્છાએ પણ તેને તે ભોગવવું પડે છે. આને પ્રારબ્ધ કહે છે. આ ઉપરથી ચોક્કસ થાય છે કે મરી ગયા પછી તેની પાછળ જમણનાં ખરચા કરો કે ન કરો, ગમે તે કરો પણ તેના કર્મ પ્રમાણે તેને ફળ તો ભોગવવુંજ પડશે. પોતે કરેલા કર્મમાંથી તે પોતે નથી ઉગરી શકતો તો તમે તેને દાડો કરીને કઈ રીતે ઉગારી શકવાના હતા? આવા ખોટા ખરચા કરવા કરતાં એવી કેળવણી આપવામાં ખર્ચ કરો કે સારાં કર્મો કરી તે મરણ પછી મોક્ષનો અધિકારી થાય. આમાં તમારાં નાણાંનો સારામાં સારો ઉપયોગ થશે.

મરણ પાછળ જમણ કરવાં કે ખુશાલીના પ્રસંગે નાતવરાની ઉજાણી કરવી તે ખુદાના ઘરનો મોટો ગુન્હો છે. જ્યારે હજારો માણસો ભુખ્યે મરતાં હોય, પહેરવાને કપડું પણ મળતું નહોય તેને રોટી કે વસ્ત્ર આપવાનું પડતું મુકી આવા ખોટા ખરચા કરી પૈસા વેડફી નાંખવા એ પાપ છે.

આપણા વડવાઓએ આમાં મોક્ષ જોયો હોય કે ન જોયો હોય, પણ આપણે તો જરૂર નથી જોતા. બાપદાદાએ કર્યું છે માટે એ વ્યાજબી છે તેવી ધારણાથી આપણે આ રીવાજને ચાલુ રાખવો એ મૂર્ખાઈ છે. માટે આ કઢંગા રીવાજને તાત્કાલીક તીલાંજલી આપવી જોઇએ. આવા કઢંગા રીવાજથી સમાજમાં ઘણા અનિષ્ટ પરિણામો જોવામાં આવે છે. ગરીબોને પણ લોક લજ્જાને લઇ દેણું કરીને પણ ખર્ચ કરી નાતના પેટના ખાડા પુરવા પડે છે. પરિણામે વ્યાજખાઉ વેપારીના તેને ગુલામ બનવું પડે છે અને છેવટે કોર્ટના બારણાં એ બીચારા નિર્દોષને જોવા પડે છે. ઘણી જગ્યાએ તો એમ પણ જોવામાં આવે છે કે વિધવા બાઈ પોતાની થોડી ઘણી મિલ્કત મરેલાંને મોક્ષમાં પહોં-ચાડવાની અંધશ્રદ્ધાથી અથવા લોક લજ્જાથી પણ ખર્ચી નાંખી ખલાસ કરે છે. છતાં નાતના કહેવાતા મોટેરાઓ અટકાવવાનું મુકી દઇ હસતાં હસતાં પેટ ઉપર હાથ ફેરવતા ફેરવતા સુખેથી ખાય છે.

## અમારી મુશ્કેલી.

"ખોજા જાગૃતિ" ના જન્મની સાથેજ તેને વિધ વિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. રાણપુરના સ્વાધીન મુદ્રણા-લયમાં પહેલો અંક છપાવ્યો બીજાજ અંકથી તેના માલીકોને "ખોજા જાગૃતિ" નું છાપકામ કરવું અનુકુળ ન થયું અને તેમના તરફથી ચોકખી 'ના' મળી. એટલે ફરીથી નવું છાપખાનું શોધવાનું અને નવું ડેકલેરેશન મેળવવાનું રહ્યું. આ તપાસ અને સગવડતા ગોતવામાં બે અઠવાડીયાં બરબાદ થયાં અને પહેલા અંક પછી ત્રીજા અઠવાડીયે આ બીજો અંક પ્રગટ કરવાનું બને છે. અણધારી ઉભી થયેલી આ મુશ્કેલીને અંગે ઉપજેલ ઢીલ માટે અમે સૌ વાંચકોની માફી ચાહીએ છીએ.   **તંત્રી.**

## ઘણુંજ અગત્યનું.

"ખોજા જાગૃતિ" ને લગતો તમામ પત્રવ્યવહાર નીચેના સીરનામેજ કરવોઃ—

તંત્રી, "ખોજા જાગૃતિ",
દાણાપીઠ—રાજકોટ.

# ગઢડાની મીજલસ

## ( અમારા પ્રતિનીધી તરફથી )

ગઢડા, તા. ૧૧-૨-૩૩

ગઢડા જેવા નાના ગામના અતિ નાનકડા એવા રેલ્વે સ્ટેશનમાં થોડા માણસે જાજો દેખાવ થઇ રહ્યો હતો. ટ્રેઇનના થર્ડક્લાસના ડબ્બામાં ખુબજ સંકડાશ ભોગવી ગીચોગીચ બેઠેલા આપણા ભાઇ બહેનો હાંફળા ફાંફળા પોતાનો સરસમાન નીચે ઉતારતા હતા. બીજી બાજુ આપણા આજ ગરીબ ભાંડુઓએ પરસેવાથી રળેલા પૈસા ઉપર એશઆરામ કરતા આપણા મીશનરી સાહેબ સેકન્ડ ક્લાસના ડબ્બામાંથી ગૌરવભેર, જેમ આસમાનના દેવતા મૃત્યુ લોકને પાવન કરે તેમ, નીચે ઉતર્યા. લોકોના મોટાં ટોળાં તરફ જોવાનું કોઇને ભાન નહોતું. સૌ મીશનરી સાહેબનેજ આવકારવા લાગ્યા.

પોતાના ઘરે માંડીને લગ્ન કરવાથી કાઉન્સીલના અનહદ લાગાનો માર તથા બીજો લગ્ન ખર્ચ–આ બન્ને સહન નહિ કરી શકવાથી જે એક માર ખાધા વગર ચાલતું નથી તે એકલો, કાઉન્સીલના લાગાનો મારજ, ખાનારો મોટો વર્ગ આ મીજલસમાં હતો. મીજલસમાં જવાથી મોક્ષના અધીકારી થવાય છે એવી આંધળી શ્રદ્ધાથી સારાસારનું ભાન ભુલેલા પણ કેટલાક ભાઇ બહેનો, ખાસ કરીને બ્હેનોજ, પણ નજરે પડતા હતા. છેલ્લો એક વર્ગ એવો પણ હતો કે જેને ઉપરના બેમાંથી એક પણ કારણ આ મીજલસમાં આવવાનું નહોતું. આ અર્થ વગરના ખર્ચાળ રીવાજને નહિ માનતાં છતાં 'મજા આવશે, ચાલોને યાર!' એ માનસવાળા પણ કેટલાક ભાઇઓ દેખાઇ આવતા.

મીજલસમાં લગ્ન કરવાથી ઓછો ખર્ચ થાય છે? આ પ્રશ્ન વિચારવા જેવો છે. અત્યારે સાધારણ રીતે તો એમ બને છે કે વર તથા કન્યા પક્ષ બન્ને પોતાનાં ઘરનાં બધા માણસોને તેડીનેજ મીજલસમાં લગ્ન કરવા આવે છે. ઘરે માંડીને લગ્ન થાય તો વરપક્ષને પોતાના માણસો જાનમાં તેડી જાય અને જેટલો ખર્ચ થાય તેટલો તો આ પ્રમાણે મીજલસમાં પણ આવતાં થાય છે. જો કોઇ એમ દલીલ કરે કે મીજલસમાં થોડા માણસો હોય તો પણ ચાલે તો તેનો જવાબ એ છે કે જેટલા માણસો મીજલસમાં લઇ જઇ શકાય તેટલાજ કન્યાને ઘરે પણ લઇ જઇ શકાય. જો ઓછા માણસો એ પ્રતિષ્ઠાની હાની છે તો મીજલસમાં ઓછા લઇ જવા તે પણ તેમજ છે. મીજલસમાં લગ્ન કરવાથી કન્યા પક્ષને પણ મુસાફરીનો ખર્ચ ભોગવવો પડે છે. કાઉન્સીલના લાગા તો બન્ને ઠેકાણે સરખાજ ભરવાના હોય છે. ઉલટું જો ઘરે લગ્ન થતાં હોય તો એ લાગાઓને તાત્કાળીક ભરવામાંથી થોડી ઘણી પણ રાહત મેળવી શકાય છે; જ્યારે મીજલસમાં તો આ સંબંધે આકરી તકેદારી રખાય છે. ફરક માત્ર એટલો પડે છે કે મીજલસમાં મફત ખાવાનું મળે છે. જો મીષ્ટાનનો મૂર્ખાઇ ભરેલો મોહ છોડી દેવામાં આવે તો વરપક્ષને જમાડવામાં કાંઇ લાંબો ખર્ચ ન થાય, સાદાં ભોજન તો તંદુરસ્તીને સુધારનારાં છે. અને જો કન્યાપક્ષ મુસાફરીમાં થતાં ખર્ચને વરપક્ષને જમાડવામાં થતાં ખર્ચ સાથે સરખાવે તો પણ તેમાં કાંઇ લાંબો ફરક નજ પડે. અને મુસાફરીમાં ભોગવવી પડતી હાલાકી અને મીજલસમાં ઘણી વખત બને છે તેમ અરધા કાચા અરધા પાકા ખોરાકથી જે તંદુરસ્તી બગડે તે બચી જાય.

કાઉન્સીલ જે મીજલસમાં લગ્ન કરવાની હીમાયત કરે છે તેનું મુળ કારણ તો પોતાની જાતી દેખરેખ નીચે બધા કરવેરા વસુલ થાય તેજ છે. બલ્કે આવી મીજલસો ઉભી કરવામાં પણ પોતાની આવક વધારવાનોજ હેતુ રહેલો છે.

આ વખતે દરસાલ કરતાં ઓછા માણસો હતા. ૨૫૦ થી ૩૦૦ આશરે હશે.

વીસમી સદીમાં જીવતા છતાં યુવાન વરરાજાઓ હાથમાં દાતરડા રાખી જીંદગીભરના કાઉન્સીલના ગુલામી ખત ઉપર સહી કરવામાં આનંદ માનતા હશે? અને આડે દિવસે સ્વદેશી કાપડ પહેરનારાઓ આ વખતે પરદેશી કપડાંનો ખર્ચાળ મોહ કાં જાળવી રહ્યા હશે!

### આપણું કલંક.

"બાઇ સાંભળ્યું?
વળી શું?
ખોજાઓનો મેળો છે. ચાર છોકરાંને પકડી ગયા.
અરર! હાય હાય!"

ખોજા કોમના તારણહારો! આ હડહડતા જુઠા આરોપમાંથી કોમને બચાવવા તમારા ધનલોલુપ હૃદયમાં કયારેય કાંઇ લાગણી નહિજ પ્રગટે?

---

# બોટાદ જમાતને ન શોભે

તાજેતરમાં બનેલા નીચેના બનાવ ઉપર અમે સહુનું લક્ષ ખેંચીએ છીએ.

બોટાદના રહીશ ભાઇ અલીભાઇ ધારશીએ પોતાની પુત્રીનું સગપણ થોડા વખત પહેલાં મુંબઇ કર્યું હતું. તેના લગ્ન ગઇ તા. ૧૦–૧૧–૧૨ ના રોજ ગઢડામાં ભરાયેલ મીજલસમાં થયાં. આ ભાઇની પાસે કાઉન્સીલનું કાંઇ લેણું નીકળતું હોવાથી બોટાદ જમાતે એ ભરપાઇ ન થાય ત્યાંસુધી આ લગ્ન અટકાવવા ખુબ પ્રયત્નો કર્યા. મીજલસના કાર્યકર્તાઓને બોટાદ જમાતની ચીઠી શીવાય આ લગ્ન નહિ કરી આપવા ચાર ચાર તાર કરવામાં આવ્યા. ઉપરાંત જમાતે પોતા તરફથી એક ખાસ માણસ પણ આ લગ્ન અટકાવવા મોકલ્યું. પરીણામે ભાઇ અલીભાઇ ધારશીને રૂા. ૫૦) રોકડા અને એક જામીન આપવો પડયો અને ત્યારબાદજ નીકાહ પડાવાયા.

બોટાદ જમાત કે જે કાઠીયાવાડની સુધરેલી જમાત ગણાય છે તેના તરફથી ભરાયેલ આ પગલું આપણને બીજા ગામની જમાતોનો ઠીક ખ્યાલ આપશે. કાઉન્સીલના લાગાઓ કેટલી ક્રુરતાથી વસુલ કરવામાં આવે છે તેનું આ એક ઉદાહરણ છે.

બોટાદ જમાતને અમારે એટલું જરૂર કહેવું છે કે તમને આ નથી શોભતું. જે જમાત પોતાના હકરક્ષણ માટે કાઉન્સીલ સામે બળવો ઉઠાવે અને તેમાં વિજયી થાય તે જમાત કાઉન્સીલના ગેરવ્યાજબી લાગાઓ વસુલ કરવા તેનાજ કારકુનસમા હૃદયહીન પગલાં ભરે એ તેને નીચું જોવરાવનારૂં છે.

જુવાનો! આ સ્થિતિ તમારા શીવાય બીજું નહિ મીટાવી શકે.

# સપ્તાહનો સાર

**સુભાષ બાબુની વિદાયઃ** ૧૮૧૮ ના રેગ્યુલેશન નીચે નજર કેદ ભોગવતાં પોતાને લાગુ થયેલ ક્ષયની બીમારીની સારવાર માટે શ્રીયુત સુભાષચંદ્ર બોઝ ગઇ તા. ૨૩ ના રોજ મુંબઇથી સ્ટીમર ગેન્જી મારફતે યુરોપ તરફ ઉપડી ગયા છે. તેમનું એકંદર ૬૪ રતલ વજન ઘટયું છે અને દરરોજ ૧૦૦ ડીગ્રી તાવ આવે છે. વિદાય થતાં પહેલાં તેઓ તેમના વૃદ્ધ બીમાર માતા પિતાને કે મિત્રોને મળી શકયા નથી. છાપાંજોગાં મોકલાવેલ નિવેદનમાં તેઓ જણાવે છે કે "મારા દેશ બાન્ધવોની પ્રીતી અને ભલી દુઆજ મારા માટે સારામાં સારી દવા નીવડશે. મારો આ પ્રવાસ મારા મિત્રો તથા શુભેચ્છકોની ચળવળનેજ આભારી છે. હું તેઓ સહુનો ઉપકાર માનું છું" સ્ટીમર ગેન્જી ઉપરથી તેમના છેલ્લા સંદેશામાં જણાવવામાં આવ્યું છે કે "એક સ્વતંત્ર માણસ તરીકે હું મારા દેશ બાન્ધવોને અભિનંદન પાઠવું છું. હીંદની કાળરાત્રિ પુરી થઇ છે અને સ્વતંત્રતાનો સૂર્ય ઉગવાની તૈયારીમાં છે."

**ચીન જાપાનની લડાઇ:** ૧૯ રાજ્યોની કમીટીએ પોતાનો અહેવાલ પ્રગટ કર્યો છે તેમાં મંચુરીયા ઉપર ચીનની સર્વ સત્તા સ્વીકારવામાં આવી છે અને જાપાને તેનો ભંગ કર્યાનું સાબીત માનવામાં આવ્યું છે. પ્રજા સંઘ આ અહેવાલ બહાલ રાખશે તો જાપાન પ્રજા સંઘમાંથી ખસી જશે તેવી ધમકી જાપાન તરફથી અપાય છે. જ્યારે બીજી બાજુ ચીન અને જાપાન વચ્ચે ખુનખાર લડાઇ ચાલુ થઇ છે. એક ચીનો સરદાર ૧૫૦૦૦ ના લશ્કર સાથે જાપાન સાથે મળી ગયો છે. જેહોલ કબજે કરવા થયેલ લડાઇમાં ૩૦૦ ચીનના તથા ૩૦૦ જાપાનના માણસો માર્યા ગયા છે. ચીને આ લડાઇ લડી કાઢવા માટે ૨ કરોડની લોન ઉભી કરવાનું નક્કી કર્યું છે.

**ખોજા ભાઇઓનું ખુન?** ગઇ તા. ૨૦ ના રોજ કરાંચીમાં જોડીયા બજારમાં ધંધો કરતા બે ખોજા ભાઇઓ નામે રજબઅલી અને લાલજી પોતાની દુકાનો બંધ કરી ગયા પછી તેમનો કશો પતો નહિ મળવાથી સ્થાનીક જમાતના ભાઇઓએ તેમના માટે ખુબ તપાસ કરી હતી. પણ તેમનો પત્તો નહિ મળવાથી પોલીસને ખબર આપવામાં આવી હતી. પોલીસની ચાંપતી દેખરેખને પરીણામે તેઓની લાશો જેલ પાછળના ભાગમાં ગીધોથી ખવાયેલી મળી આવી હતી. આ કરપીણ બનાવનું કારણ જણાયું નથી. પોલીસ તપાસ ચાલુ છે.

**સર સપ્રુનો ઉકળાટ:** લંડનના એક ખબરપત્રીને લખતાં તેજબહાદુર સપ્રુએ એમ જણાવ્યાનું કહેવાય છે કે "મહાત્મા ગાંધી તથા રાજયદ્વારી કેદીઓને જેલમાં રાખવાથી હિંદમાં તીવ્ર અસંતોષ વ્યાપી રહ્યો છે. દેશનો ક્રોધ નુકશાનકારક છે. ના. વાયસરોય શું કરવા માગે છે તે હું જાણતો નથી. પણ જો સરકાર પોતાની નીતી બદલવા તૈયાર નહિ હોય તો સરકારના ે તેવા સારા ઇરાદાઓ પણ જરૂર નિષ્ફળ જશે."

**સાસુને ફાંસીઃ** વડોદરા રાજ્યના ન્યાયાધિકારીએ હંસા ની એક ૫૦ વર્ષની ઓરતને પોતાની પુત્રવધુ ભાનુમતીને ણુ ખવરાવી મારી નાખવાના આરોપસર ફાંસીની સજા કરી ાનુમતીના પતિ બાબુરાવ જાધવને પણ આજ આરોપસર તેની ઉમર ધ્યાનમાં લેતાં જન્મભરની ટીપ આપી છે. ભાનુમતીનો બાપ પુનાનો પૈસાદાર માણસ હતો. તેની પાસેથી બાબુરાવ અવાર નવાર મદદ મેળવતો. છેલ્લે છેલ્લે તેણે મદદ આપવાનું બંધ કરવાથી બાબુરાવે તથા હંસાએ સાથે મળી ભાનુમતી ઉપર જુલમ ગુજારવો શરૂ કર્યો. જેને પરીણામે ભાનુમતી ખાટલાવશ બની હતી. તેના બાપને આ હકીકતની ખબર મળતાં તેણે ન્યાયની અદાલત મારફત ભાનુમતીનો કબજો મેળવવા પ્રયત્ન કર્યો હતો. વળતેજ દિવસે ભાનુમતીને અફીણ આપી મારી નાંખવામાં આવી હતી.

**ગાંધીજી ઉપર કેસઃ** હરકોરે નામના એક માણસે મહાત્મા ગાંધી, શ્રી. રંગાઆયર તથા બીજાઓ સામે પુનાની સબજજ કોર્ટમાં એક ફરીયાદ નોંધાવી મંદીર પ્રવેશ સંબંધેની સઘળી હીલચાલો ઉપર અંકુશ મુકવાનો હુકમ મેળવ્યો છે. શ્રી. રંગા આયંગરને પુનાના સબજજે આ સંબંધેનું બીલ જે વડી ધારા સભાની ચાલુ બેઠકમાં રજુ થનારૂં છે તે માટે કાંઇપણ હીલચાલ નહિ કરવા હુકમ પહોંચાડયો છે. મજકુર હરકોરે એ આ પહેલાં સરકાર સામે તથા સરકારી અમલદારો સામે આવીજ જાતની ઘણી ફરીયાદો નોંધાવી હતી, જે સઘળી રદ ગઈ હતી.

**મહાસભાની બેઠકઃ** અખીલ હિંદ રાષ્ટ્રિય મહાસભાની આ સાલની બેઠક કલકત્તા ખાતે તા. ૩૧ માર્ચ અને ૧ લી એપ્રીલના રોજ ભરવાનું નક્કી થયું છે.

**પાર્લામેન્ટમાં હિંદઃ** વિલાયતની પાર્લામેન્ટમાં મી. ક્રોફટે એવી દરખાસ્ત રજુ કરી હતી કે હિંદુસ્થાનને પ્રાંતીક સ્વરાજથી એક તસુ પણ વધુ સુધારા આપવા નહિ અને મધ્યસ્થ સત્તા બ્રીટને પોતાના હસ્તક રાખવી. આ દરખાસ્ત ૪૨ વિરૂદ્ધ ૨૯૯ મતે ઉડી ગઇ હતી.

હિંદી વજીર સર સેમ્યુઅલ હોરે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે ૧૯૩૧ ના ડીસેમ્બરની સરકારની નીતીને મજબુતપણે વળગી રહેવામાં આવશે.

**અલવરમાં અશાંતિઃ** અલવર રાજ્યમાં હજી કોઇ કોઇ લુંટના બનાવો બને છે. ખુબ આનાકાની પછી અલવર નરેશે એક ગોરા અમલદારને વડા પ્રધાનનો તથા બીજાને મહેસુલ ખાતાની સર્વ સત્તા સાથેનો અધિકાર આપ્યો છે. નરેન્દ્ર મંડળની બેઠક પછી અલવર દરબાર વિલાયતની મુસાફરીએ જશે તેમ બોલાય છે.

**રાજકુમાર સામે કામ ચાલશેઃ** ઇરાનના પાટનગર તહેરાનની રાષ્ટ્રિય બેન્કમાં ૨૦ હજાર પાઉંડનો ગોટાળો કરવા માટે ઇરાનના સર્વ સત્તાધીશ રીઝાશાહ પહેલવીના જમણા હાથ સમા પ્રીન્સ તૈમુરની ખાનગી મીલ્કત જપ્ત કરવામાં આવી છે. તેની સામે કાયદેસર કામ ચલાવવામાં આવશે.

**કરાંચીના અમારા સોલ એજન્ટ**
**તાજા ન્યુસપેપર એજન્સી,**
નાનકવાડા, **કરાંચી**
**રંગુનના અમારા સોલ એજંટ**
**ભારત બુક સ્ટોલ.**
પો. બો. નાં. ૫૯૩, **રંગુન.**

# સાલગ્રેહ-એક વિચારણા.

[ ના. આગાખાનની જન્મતીથી ગઇ તા. ૨૧ ના રોજ ઉજવાણી. તે પ્રસંગને લગતા બે પત્રોના મહત્વના ભાગને અહીં પ્રસિદ્ધ કરીએ છીએ. તંત્રી. ]

૧

"...હવે તો સાલગ્રેહને વખતે થતા જમણવારો તથા ધામધુમો સદંતર બંધ થવા જોઇએ. ઓછામાં ઓછું 'ખીલાત'—જન્મ દિવસની ભેટ—ને નામે મોકલાતી નાણાની મોટી રકમ જે સુપ્રીમ કાઉન્સીલ મારફત પ્રતિવર્ષ મોકલાય છે તે પણ હવેથી ઉઘરાવવાનું બંધ થવા ખાસ જરૂર છે. હજુએ એ હેતના કટકાઓ એટલું કરે તો સમય વહ્યો નથી ગયો.

અત્યારની જગદ્‌વ્યાપી આર્થિક સંકડામણના સમયમાં 'મારાં બાળ પરોઢીએ જાગીને માગશે ભાત' એ વિચાર જ્યાં પ્રત્યેક માતા પિતાને મુંઝવી રહ્યો છે ત્યારે એવી 'ખીલાત' ને એ જલસા આપણી ગુલામીની સાંકળના મંકોડા છે, એ વસ્તુ કાઉન્સીલ કરતાં આપણા ભોળા ભાઇઓએ જલદી સમજવાની જરૂર છે.

આપણા ભાઇઓના ભોળપણ વિષે કહેવાનું સાંપડયું ત્યારે કહ્યા વિના રહી શકાતું નથી કે આપણા નિકટના સ્વજનના જન્મ દિવસ તો શું પણ જન્મ-વરસ સંબંધે પણ જેને જ્ઞાન હોતું નથી એવા આપણે ના. આગાખાન અને તેના નબીરાનો જન્મ દિવસ-જે ઉંડા મર્મ-હેતુ-પૂર્વક સાથે ઉજવવામાં આવે છે તે-ઉજવવામાં આપણે હદ કુદાવી જઇએ છીએ.

આપણા ભોળપણ ભેળી એક વાત મૂર્ખાઇમાં ગણાય એવી જે ઘણા લાંબા સમયથી ચાલી આવે છે તેનો પણ આ તકે ઉલ્લેખ કરી લઉં.

આપણા પુત્ર પુત્રીઓના સંબંધ આવા ફાળાઓમાં મોટામાં મોટી રકમો મંડાવ્યાથી, વધુમાં વધુ ચંદ્રાકી આપ્યાથી અને હંમેશાં બે ચાર નાંદી લઇને 'શાહપીરની મેમાની' કરી નાંખવાથીજ થાય છે અને આપણી નાત જમાતમાં ઘણી આબરૂ વધે છે એ ખ્યાલે આપણું વધારેમાં વધારે ખરાબ કર્યું છે. શક્તિમાન અને શક્તિહીન સર્વેને ઉપરોકત ખ્યાલ-જે હવે તો આપણામાં એક પ્રથા થઇ ગઇ છે-એમજ કરવું પડે છે. આવી માન્યતાથીજ કેટલીક મરજીઆત બાબતોએ ફરજીઆત લાગાનું સ્વરૂપ લીધું છે. દાખલા તરીકે 'ખીલાત' નીજ બાબત લઇએ. આખી દુનીયામાં કોઇના જન્મ દિવસ પ્રસંગે ભેટ આપવી હોય તો તે આપનારનીજ ખુશીની બાબત છે એ સૌ કોઇ જાણે છે. ત્યારે તેને માટે કોઇ જમાત વખતસર ન મોકલી શકી હોય કે ન મોકલવાની હોય તો લોકલ કાઉન્સીલના ત્રણ ઉઘરાણીપત્રો આવ્યાનું મારી જાણમાં છે.

આપણા ભાઇઓમાંનો મોટો ભાગ ગરીબ હોઇને બકાલું વેચવાનો કે ગામડાં ફરવાનો વ્યવસાય કરે છે એ જાણીતી વાત છે. એવા લોહીને ટીપે કામી ખાતા આપણા અભણ ગામડીઆ બંધુજનને આવા લાગાઓ અને બીજી અનેક તરકીબો વાટે નીચોવાતું ધન વિલાયતમાં વિલાસો પાછળ ખરચતી વખતે એ આપણા પરલોકના તારણહાર કાંઇક એના રળનારાઓનો ઇતિહાસ તપાસશે તો આપણે એમજ માની લેશું કે અત્યારે તો આપણો બેડો બુડતો તાર્યો છે."

૨

"...મને તો એ સમજણજ પડતી નથી કે આપણે આવા પ્રસંગો કયે મોઢે ઉજવીએ છીએ. ઘણાં વરસથી ના. આગાખાનના હાથમાં આપણું ધાર્મીક નેતૃત્વ રહ્યું છે. એ દરજ્જે તેમણે આપણું કેટલું હીત કે અહીત કર્યું, એ પ્રશ્નને બાજુ ઉપર રાખીએ તોપણ અત્યારે કંગાલીઅતને કાંઠે ઉભેલા આપણે શા માટે આવા પ્રસંગો ઉજવવા જોઇએ? એવી તે કઇ કમાણી ફાટી જાય છે કે આપણે આવી રીતે પાવળામાંથી પળી ઢોળી નાંખીએ છીએ? આ તો ગરીબ ધનવાનને દાન દયે તેવી મૂર્ખાઇ ભરેલી વાત છે. ખરી રીતે તો ના. આગાખાન કે જેઓ જગતના મહાન ધનાઢ્યોમાંના એક ગણાય છે તેણેજ આવા પ્રસંગોએ આપણી કોમના હિતાર્થે ભેટ આપવી જોઇએ. છતાં આ મંદીના જમાનામાં જ્યારે તેઓ પણ આપણને માત્ર દુઆ આશીશ ફરમાવીને અને દિવસ રાત આપણી ચિંતા કરીનેજ સંતોષ માને છે, તો પછી તેમનો દાખલો લઇને આપણે પણ આ પ્રસંગે માત્ર તેમના તરફની આપણી પ્રીતિ જાહેર કરવી અને બીજું કાંઇ ખરચ કરવું જોઈએ નહિ.

નામદારના દીકરાની સાલગ્રેહ પણ સાથેજ ઉજવવાની છે. પ્રીન્સ અલીનો જન્મ આ તારીખે નથીજ થયો. છતાંપણ બન્નેની સાલગ્રેહ ભેગી શું કરવા ઉજવવી? મને તો લાગે છે કે આપણી મૂર્ખાઇ ઉપર કયાં સુધી મદાર બાંધવો તેનું માપ કાઢવા ખાતરજ કાઉન્સીલ આવા હુકમો કરે છે. વળી પ્રીન્સ અલીની સાલગ્રેહ આપણે કયા હીસાબે ઉજવવી? જો આપણે સાચોસાચ મૂર્ખાજ બનવા માગતા હોઇએ તો પછી તેમના આખા કુટુંબની અને નોકર ચાકરની પણ ઉજવવામાં શું વાંધો છે?"

## છુટક નકલ ૯ પાઈ

બની શકે તેટલું સસ્તું કરી દેવાની ધુનમાં એક વાત વીસરાઇ ગઈ છે. આ પત્રના આખા વરસના ગ્રાહક થનારને ૫૦ અંકના રૂા. ૨) દેવાના છે, તેની પાછળ માત્ર પોસ્ટેજનું ખર્ચ. જ્યારે છુટક નકલ ખરીદનાર ૫૦ અંક રૂા. ૧ાા~ માં મેળવી શકે; તેની પાછળ પોસ્ટેજ તથા એજન્ટનું કમીશન બન્નેનું ખર્ચ. આ રીતે ગ્રાહક થનારને છુટક નકલ લેનાર કરતાં ০ાꞌ વધુ દેવા પડે. આ અન્યાય છે. બની શકે તેટલી ઓછી કીંમત રાખવાની દીલની ઇચ્છા છતાં અમારે ન છુટકે છુટક નકલની કીંમત બે પૈસાને બદલે ત્રણ પૈસા કરવા પડે છે. ગ્રાહક થ[illegible] કાંઇ વધુ નહિ દેવું પડે. વાંચક વર્ગ આ યોજનાની કદર [illegible] એવી આશા રાખીએ છીએ.

તં[illegible]

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું

જમાતી મકાનોનો માલીકી હક.

છુટક નકલ ત્રણ પૈસા.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨
દેશાવર રૂ. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૩ : માર્ચ ૭ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ના ફાલ્ગુન સુદ ૧૧ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

દર મંગળવારે પ્રગટ થતું

ખોજા કોમનું મુખપત્ર.

### આજના અંકની સામગ્રી.

જમાતી મકાનોનો માલીકી-હક.

અશલાલીમાં લગ્ન.

કાઉન્સીલના મેમ્બરોને.

ચૂસણ નીતીનું ચક્ર.

સપ્તાહનો સાર.

મરણ પાછળ ખર્ચાળ ક્રિયાઓ.

કાઉન્સીલના કાયદાઃ રક્ષક કે ભક્ષક ?

## સંગઠન કરો.

કેટલીયે લાકડીઓ છુટી છુટી પડી હતી.

એક માણસ આવ્યો અને બધી તેણે ભાંગીને ભુકો કરી નાંખી.

કેટલીયે લાકડીઓનો બાંધેલો એક ભારો પડયો હતો.

એક માણસ આવ્યો. ભારાને ભાંગવા તેણે ખુબ મહેનત કરી જોઇ. ભારો તો શું પણ એક લાકડીયે ન ભાંગી.

બીજાને તેડી આવ્યો. ત્રીજાને તેડી આવ્યો. એમ ઘણા માણસો તેણે એકઠા કર્યા.

બધાએ એક પછી એક તે ભારો ભાંગવા કાંડા મરડી જોયાં. પણ ભારો કોઇથી ન ભાંગ્યો.

પછી બધાએ સાથે મળીને ભારો ભાંગવા પ્રયત્ન કર્યો. પણ ભારાએ મચક નજ આપી.

એકતાનો આ ગુણ છે. સંગઠીત થયેલાઓને કોઇ ભાંગી શકતું નથી કે મારી શકતું નથી.

આપણી કોમમાં અત્યારે એકતા નથી. સહુ સહુનો પ્રતિસ્પર્ધી છે. સાથે રહીને આગળ વધવાની ભાવના નાબુદ થઇ છે.

એટલેજ આજે કોમ ગુલામીની જંજીરોથી જકડાયેલી છે. કાઉન્સીલ દરેકને ચુંટી ચુંટીને મારે છે. વહેલો મોડો સૌને એ સ્વાદ ચાખવો પડે છે. આપણી આ ખામી ઓળખી તેને પોષી કાઉન્સીલ નિષ્કંટક રાજ્ય ચલાવે છે.

આનો ઉપાય સંગઠન છે. એકતા શીવાય આપણી ઉપર ગુજરતો જુલ્મ દુર નહિ થઇ શકે.

માટે જુદા જુદા રાગ કાઢવા મુકી દઇ સૌ એકજ વાજીંત્રના સૂર બનો. એકત્ર થાવ. સંગઠન કરો. પછી તમારી સામે નજર નાંખવાની પણ કોઇની હિંમત નહિ ચાલે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૭-૩-૩૩.


## જમાતી મકાનોનો માલીકી-હક.

જમાતખાનું, કબ્રસ્થાન અને બીજી જગ્યાએ કે જે કોમના વપરાશ માટે ઉભી કરવામાં આવેલી હોય અને જેનો ઉપયોગ કોમના વપરાશ માટેજ થતો હોય તેની માલેકી એકલી કોમનીજ હોવી જોઇએ. છતાં આપણે ત્યાં તેમ નથી ગણાતું. કાઉન્સીલના કાયદામાં પણ આ જરૂરીઆતને અવગણવામાં આવી છે અને અત્યારે ઘણે ઠેકાણે જમાતની ઘણીખરી મીલ્કતો ના. આગાખાનના નામ ઉપર ચડાવી દેવામાં આવી છે. આ હકીકત એટલી બધી મહત્વની છે કે તેના તરફ દુર્લક્ષ કર્યું પાલવે તેમ નથી.

બીજી કોમોમાં આ પ્રમાણે બનતું નથી. આપણા ઇસ્લામી બીરાદરોમાં જમાતના વપરાશના જે કાંઇ મકાન હોય તે જમાતના નામ ઉપરજ રજીસ્ટર કરાવવામાં આવેલાં હોય છે. જમાત પોતાના ટ્રસ્ટીઓ-વહીવટકર્તા-નીમે છે અને એ ભાઇઓ જમાતના નામે જમાતી મીલ્કતનો વહીવટ કરે છે. નીમાઝ પડવાનું, બંદગી કરવાનું સ્થળ મસ્જીદ તેતો કોઇ પણ માણસના નામ માથે કદીપણ નજ હોવી જોઇએ તેવી મજબુત માન્યતા આ ભાઇઓ ધરાવે છે. હિંદુ ભાઇઓમાં પણ આજ રીતે બને છે. દરેક જ્ઞાતિ પોતાના મકાન જ્ઞાતિના નામ માથેજ, ઉપરની ટ્રસ્ટીઓની રીતથી, રાખે છે. માત્ર આપણી એક કોમમાંજ એવું છે કે આપણી મીલ્કતનો માલીકી હક આપણે નથી ભોગવતા.

કાયદાની દ્રષ્ટિએ જોતાં આપણી જમાતી મીલ્કતો ના. આગાખાનના નામ ઉપર ચડાવી દેવાયાથી તે મીલ્કતો કાંઇ નામદારની થઇ જતી નથી. આવી રીતે જમાતને પુછયા શીવાય અને તેની રીતસરની સભા બોલાવી તેનો હુકમ લીધા શીવાય જે કોઇ જગ્યાએ જમાતખાનું કે કબ્રસ્થાન ના. આગાખાનના નામ ઉપર જે કોઇ માણસે ચડાવી દીધેલ હોય તે વિશ્વાસઘાતના ગુન્હાને પાત્ર ઠરે છે. અમુક ગણ્યા ગાંઠયા માણસો કે કાઉન્સીલના અમુક મેમ્બરો પોતાને ઠીક લાગે ત્યારે જમાતી મીલ્કતનું રજીસ્ટર જમાતના નામ ઉપરથી બદલી બીજા કોઇના નામ ઉપર કરી નાંખે તેથી કરીને જમાતનો પોતાનો હક ઉડી જતો નથી. એટલે જે કોઇ ભાઇ એમ માનતા હોય કે આપણે તો આપણો હક હવે ગુમાવી બેઠા છીએ તેઓ આ હકીકતને પોતાના દીલમાં નોંધી લ્યે. કોમનો એકે એક સભ્ય આ માલીકી-હકનો જ્યારે તેને ઠીક લાગે ત્યારે જરૂર ઉપયોગ કરી શકે છે.

આવી રીતે આપણી માલીકીના મકાનો બીજાના નામ ઉપર ચડાવી દેવામાં આવે તે આપણો હક છીનવી લેવા ઉપરાંત આપણું ઘણું મોટું અપમાન છે. જે મકાન આપણે અને આપણા પૂર્વજોએ જાતમહેનતથી દુઃખ વેઠી અને પૈસા ખરચી ઉભા કર્યાં હોય તે ના. આગાખાનના નામ ઉપર ચડાવી દેવાનું એક પણ કારણ નથી.

કબ્રસ્થાન અમુક કોમ નહિ પણ અમુક માણસના નામ માથે હોવાનો દાખલો તો આપણી કોમ શીવાય બીજી કોઇપણ કોમમાં નહિજ મળે. મરણ પામેલાં માણસોને દફન કરવાની જગ્યા માટે પણ આપણે બીજાના મહોતાજ રહેવું પડે એ આપણું નાનું સુનું અપમાન નથી.

કાઉન્સીલના કાયદાની કલમ ૧૬૨ મુજબ જેટલા રૂપીયા જમાત તરફથી એકઠા કરવામાં આવે તેટલાજ સામા ના. આગાખાન તરફથી આપવામાં આવે; અને એ રીતે ઉભા થયેલા મકાનની સુવાંગ માલીકી ના. આગાખાનની ગણાય. આ બેહુદું છે. જે ઉદારતા, રહેમદીલી, સખાવત વિગેરે મહાન ગુણોથી આ અરધી રકમ આપવાનું કાઉન્સીલના કાયદામાં લખવામાં આવ્યું છે તેનો છાંટો પણ આવી રીતે અરધું આપી આખું લઇ લેવામાં નથી. વળી ના. આગાખાન જો કાંઇ રકમ આવા બાંધકામમાં કે જમાતના ઉપયોગના બીજા કોઇ કાર્યમાં આખું પોતાના નામ માથે લખાવ્યા વીના આપે તો પણ જમાત ઉપર તેથી કાંઇ ઉપકાર થઇ જતો નથી. કારણ કે જ્યારે આપણી જમાતમાં જે ત્રણ લાગા (૧) જમાતનો (૨) ગરીબ ગુરબાંનો અને (૩) ના. આગાખાનનો સરખે ભાગે લેવાતા અને તે ત્રણે જ્યારે ના. આગાખાને પોતાના હાથમાં લીધા ત્યારે જમાતને જે કાંઇ નાણાની જરૂર પડે તે પોતે આપવાની જવાબદારી તેમણે સ્વીકારી હતી, અને ત્યાર પછીજ જમાતના નામે લેવાતા લાગાના પૈસા તેમની તેજુરીમાં પડવા લાગ્યા હતા. એટલે ખરૂં જોતાં જમાત પોતાના મકાન બાંધવા માટે જે કાંઇ રકમ માંગે તે ના. આગાખાન શરત મુજબ આપવા બંધાયેલા છે. આ હકીકત જમાતી મકાનોની માલીકી ખુદ જમાત પોતાનીજ છે તે નક્કી કરે છે.

# અશલાલીમાં લગ્ન.

ગઇ તા. ૧૨-૨-૩૩ ને રવિવારના રોજ અમદાવાદથી ચારેક ગાઉના અંતરે આવેલા અશલાલી ગામમાં એક લગ્ન ઉજવાઇ ગયાં. ચાલુ પ્રથા મુજબ તો સેંકડો લગ્નો થાય છે. તેની નોંધ લેવાની કાંઇ જરૂર ન હોય. પણ આ લગ્ન તો કોઇ જુદીજ રીતથી ઉજવાયેલા હોઇને તેના વર્તમાન અહીં પ્રગટ કરીએ છીએ.

વરરાજા વીંછીયાના ભાઇ મગનલાલ ભાણજી હતા. વીંછીયા ખોજા યુવક મંડળના પ્રમુખ તરીકે તેઓને કાઉન્સીલે નાત બહાર મુક્યા હતા. તેમના આગલા પત્નિ ગુજરી ગયા તે સાથેજ આજુબાજુના સગાવહાલાંઓ તેમને ઘેરી વળ્યાં. નાત બહારને કોઇ કન્યા નહિજ આપે એવાં ભવિષ્ય ભંખાણાં, અને ભાઇ મગનલાલે પોતે નાતમાં આવવાની કાઉન્સીલને અરજી કરી.

કન્યા મુળ ચંદરવાના રહીશ અને અત્યારે અશલાલીમાં વસતા ભાઇ મોહનલાલ કાસમ પરબતાણીનાં પુત્રી થાય. ભાઇ પરબતાણીએ શ્રી રાજકોટ ખોજા યુવક મંડળની પત્રિકામાં ભાલ ઝાલાવાડના ભાઇઓને તે મંડળ સાથે જોડાવા પડકાર કર્યો હતો. અંદરના ગમે તે દોરીસંચાલન હો, પણ બહારથી ભાઇ પરબતાણીએ જ્યારે તેમનો કેસ સુપ્રીમ કાઉન્સીલમાં આવ્યો ત્યારે "ઇસમાઇલી" માં જાહેર કર્યું કે પોતે એ મંડળ સાથે મળતા થતા નથી અને બીજાઓને તે સાથે ન ભળવાની ભલામણ કરે છે. આ જાહેરાતને લઇને નાતબહારીનો ચાંદ ભાઈ પરબતાણી પહેરતા પહેરતા રહી ગયા.

આ બન્ને પક્ષનો આગલો ટુંક ઇતિહાસ છે. બન્ને પક્ષ કાઉન્સીલ સામે બળવો કરનારા છે. તેમજ સુધારકોથી પણ જુદા પડનારા છે.

---

આજ રીતે કાઉન્સીલના નાતબહારીના કે ખાનું પંજો બંધના હુકમથી જેના માટે તે હુકમ કરવામાં આવ્યો હોય તેની માલીકીનો હક ઉડી જતો નથી. જે કોઇને નાત બહાર કરવામાં આવેલો હોય છે તેને જમાતે નહિ પણ કાઉન્સીલે નાત બહાર કરેલો છે અને કાઉન્સીલને આવી રીતે નાત બહાર કરવાનો કાંઇ હક્ક નથી, કારણ કે જમાત કે કોમે કદી તેની ચુંટણી કરી નથી. એટલે આ રીતે નાતબહારી ગેરકાયદેસર ઠરે છે, અને નાત બહાર થયેલ કે ન થયેલ દરેક માણસનો જમાતી જે મિલ્કત હોય, જમાતખાના, કબ્રસ્થાન કે બીજી કોઇ પણ, તે બધી ઉપર કોમના સભ્ય તરીકે એક સરખોજ હક છે. કાયદેસર તેને કોઇ અટકાવી શકતું નથી.

ખરી રીતે આ પ્રશ્નની ચોખવટ માટે નાત બહાર થયેલાઓએ જમાતખાનામાં દાખલ થવાની શરૂઆત કરવી જોઇએ. આ કાર્ય પુરૂં કરતાં જે કાંઇ મુશ્કેલી આવે તે કાંતો સત્યાગ્રહની દ્રષ્ટિથી શાંત રીતે સહી લેવી જોઇએ અથવા બની શકે તો ન્યાયની અદાલતમાં આ પ્રશ્નનો ફેંસલો લાવવો જોઇએ. ગમેતેમ પણ આનો નીકાલ હવે વધુ વખત માટે મુલતવી રાખીશકાય તેમ નથી.

જ્યારે આ લગ્ન થયું ત્યારે ભાઇ મગનલાલને નાતમાં લઇ લીધાના કાંઇ સમાચાર કાઉન્સીલ તરફથી અપાયા નહોતા, અને હજી પણ તેમને નાતમાં લેવામાં આવ્યા છે તેવી કોઇ જાહેરાત કાઉન્સીલ તરફથી બહાર પડી નથી. એટલે કાયદાની નજરે ભાઇ મગનલાલ હજી નાત બહાર છે; અને એ હીસાબે એક નાત બહાર થયેલાને કન્યા આપવા બદલ ભાઇ પરબતાણી પણ કાઉન્સીલની નજરે નાતબહારીની શિક્ષાને પાત્ર છે. નીકાહ પડાઇ ગયા પછી બીજેજ દિવસે ભાઇ પરબતાણીને અમદાવાદ લોકલ કાઉન્સીલ તરફથી આ લગ્ન નહિ કરી દેવા માટે ચેતવણી મળી હતી. કાઉન્સીલના લાગા કોઇ તરફથી હજી ચુકવવામાં આવ્યા નથી.

આ લગ્નને અભિનંદવું કે કેમ તે અમારા માટે તો એક મુશ્કેલ પ્રશ્ન છે. અલબત્ત નવ વરવહુને તો અમે તેમની સંસાર યાત્રા જરૂર સફળ ઇચ્છીએ છીએ.

ભાઇ મગનલાલને અમે થોડો ઘણો પણ મીઠો ઠપકો આપવા માગીએ છીએ. જ્યાંસુધી ભાઇ પરબતાણી જેવા સમજદાર ભાઇઓ આપણી કોમમાં છે ત્યાંસુધી તેમણે નાતબહારીના પ્રશ્નને મહત્વ નહોતું આપવું જોઇતું. વરને વરની લાયકાત ઉપર કન્યા મળે છે, નહિ કે તે નાતમાં છે કે નાત બહાર તે ઉપર.

ભાઇ પરબતાણીને અમે ખરા હૃદયથી શાબાશી આપીએ છીએ. તેમણે પોતાની પુત્રીના હીત આડે નાતબહારી કે બીજી કોઇ નકામી વસ્તુને આવવા દીધી નથી. માબાપોનો અધિકાર પુત્રીના ભલા શીવાય બીજું કાંઇપણ જોવાનો નથી. ભાઇ પરબતાણીએ આ ફરજનું કડક રીતે પાલન કર્યું છે. તેમની એ હિંમત બદલ તેમને જરૂર ધન્યવાદ ઘટે છે. સાથે સાથે એટલી વિનંતિ કરીએ છીએ કે તમે જે વસ્તુને નિર્દોષ ગણી છે તેને કાઉન્સીલ જરૂર દોષીત ગણવાનીજ; તે પ્રસંગે રજમાત્ર પણ નમતું તોળશો નહિ. બલકે ભાઇ મગનલાલે કરેલ ભુલને સુધારવાની તક જે હવે તમારા હાથમાં છે તે સુધારી લેવા પ્રયત્ન કરજો.

આ લગ્નમાં જે જે ભાઇઓએ ભાગ લીધો તે સહુને કાઉન્સીલ શું કરવાની એ વળી ત્રીજોજ પ્રશ્ન ઉભો થાય છે. ખોજા સુધારક સંઘના આશ્રય તળે ઉજવાયેલા છેલ્લા ત્રણ લગ્નોમાં જેમ કાઉન્સીલ નીરાંતે આ ઘટનાને ગળી ગઇ તેમ આ વખતે પણ બને તો ના નહિ. ઉંડા અભ્યાસીઓ તો એમજ કહે છે કે કાઉન્સીલમાં હવે એવી ત્રેવડ નથી રહી કે હાલતાં ને ચાલતાં તે નાતબહારીના હુકમો છોડે.

આ બધાની વચ્ચે એક ઘટના અમને સાલ્યા કરે છે. ભાઇ મગનલાલનાં આગલાં પત્નિ ગુજરી ગયાને એક માસ પણ ભાગ્યેજ થયો હશે ત્યાં તેમના આ ફરી લગ્ન ઉજવાયાં છે. સમાજને આ ઘટના રૂઢ થઇ ગઇ હોવાથી કાંઇ ખરાબ નહિ લાગતું હોય, પણ ખરેજ આ રીવાજ ઘણો ખરાબ છે. આટલી ટુંકી મુદતમાં નવાં લગ્ન ઉજવવામાં સ્ત્રી જાતિ તરફની આપણી દુર્લક્ષતાનો પડઘો છે, અને સમાજ ઉપર તેની બહુજ ઉંડી અને અનિષ્ટ છાપ પડે છે.

# કાઉન્સીલના મેમ્બરોને

કાઉન્સીલની સ્થાપના ગમે તે રીતે થઇ હોય. તેના કાયદા ગમે તેટલી આપખુદીથી રચાણા હોય. છતાં એ વાત તો ખુલ્લી છે કે આ બધા કાયદા અને આખી કાઉન્સીલનો આધાર તેના મેમ્બર બનનાર માણસો ઉપર છે. જો કોઇ તેનો મેમ્બર ન થાય કે તેના કાયદાનો અમલ ન કરે તો ચોપડીમાં લખાયેલા એ હુકમોથી કોમનું કશું નુકશાન થવાનું નથી. માટેજ આજે કાઉન્સીલના મેમ્બરો બનનારને બે શબ્દો કહેવા જરૂરના છે.

પહેલો પ્રશ્ન તો આપણે તેમને એજ કરીશું કે ભાઇ, તમે જેના માથે આ બધા કાયદાનો અમલ કરવા બેઠા છો તે આપણી કોમના તમે સાચા પ્રતિનિધી છો એમ તમારો અંતર આત્મા કદી પણ કબુલ કરે છે? તમે કયારેય પ્રામાણિકપણે સાચા દીલથી એમ કહી શકશો કે તમારો અમલ કોમને ગમે છે કે કોમ તેને ઇચ્છે છે?

તમે જે કાયદાનો અમલ કરવા કાઉન્સીલના મેમ્બર બન્યા છો તે કાયદા તો તમે જરૂર વાંચી ગયા હશો. તમને એમ કયારેય નથી લાગતું કે આ કાયદા કોમને ચૂસી લેનારા છે? કોમ પાસેથી ફરજીઆત લાગા ઉઘરાવતી વખતે તમને કદીએ એ ખ્યાલ નથી આવતો કે એ લાગાઓ ભરનારને તે કેટલા વસમા થઇ પડતા હશે?

કોમનો વહીવટ ચલાવવા તમને જ્યારે તક મળી છે ત્યારે એમ જરૂર માની લઇ શકાય કે તમે જરૂર પુરતી કેળવણી તો અવશ્ય લીધી હશે. એ હીસાબે તમે અન્ય કોમોના બંધારણ પણ જોયાં જાણ્યાં હશે. આપણી કોમમાં જે રીતે ફરજીઆત લાગાઓ લેવાય છે તેવા તમને બીજી કોઇ કોમમાં દેખાણા? કે કોઇ કોમમાં તમને એવું માલમ પડયું કે તેના વહીવટ કરનારાઓને તે ન ચુંટતી હોય?

તમારા અંતર આત્માને પુછીને આ બધા પ્રશ્નોના જવાબ મેળવજો.

જો તમે શાંતીથી વિચાર કરશો તો તમને એમ ચોક્કસ લાગ્યા વીના નહિ રહે કે તમે એક બહુજ ખરાબ કામના ભાગીદાર બની રહ્યા છો.

તમે બધા જો એમ માનતા હો કે 'હું નહિ કરૂં તો બીજો કોઇ કરશે' તો એ તમારી ભુલ છે. જે હકીકત એક વખત આપણને સમજાઇ ગઇ અને આપણને તે નક્કી થયું કે આ કામ કરવું ગુન્હાહીત છે તે બીજાઓ કરશે એમ માનીને આપણે કરવું તે હૃદયને છેતરવા બરોબર છે. જે કોઇને સાચી વસ્તુસ્થિતિનું ભાન થાય તેણે તો પોતાના આત્માના અવાજને માન આપી તુરતજ આવા કાર્યમાંથી ખસી જવું જોઇએ.

કાઉન્સીલનો બધો આધાર તેના મેમ્બરો ઉપર છે. મેમ્બરો પોતેજ જો સમજીને કોમને કંગાળ બનાવનારા આ યંત્રને ચલાવવું બંધ કરી દે તો એ યંત્ર એની મેળે ચાલવાનું નથીજ. એટલે ખરી રીતે કોમ માથે અત્યારે જે ત્રાસનીતી ચાલી રહી છે તેનું બધું પાપ તમારા માથે છે.

કાઉન્સીલના તમે તમારા અંગત સ્વાર્થ ખાતર મેમ્બર બનો છો એમ કહવું વાજબી નહિ થાય. ઉલટું તમારે તો અવાર નવાર કામધંધો છોડી ગાંઠના પૈસા ખરચી ધક્કા ખાવા પડે છે અને તમારા ખાવાની સગવડ પણ તમારા ખીસ્સાએજ કરવાની હોય છે. તમે જેમ આટલો ખર્ચ કરો છો તેમ જો તેને માટે શાંતિથી વિચાર કરશો તો તમને લાગશે કે આવી રીતે એક પાપના ભાગીદાર બનવામાં પૈસા વેડફી નાખવા કરતાં જો તેને બીજા કાર્ય સદ્‌માર્ગે વાપર્યા હોય તો સારૂં.

હવે એક પ્રશ્ન રહે છે અને તે મોટાઇનો. તમે જો મોટાઇના શોખના માર્યા કાઉન્સીલના મેમ્બર બનતા હો તો કૃપા કરીને એ શોખ છોડી દયો. તમારા એ શોખથી આપણા સેંકડો ભાઇઓને રાત દિવસ કાળી મજુરી કરી એકઠું કરેલું ધન લાચારીએ લુંટાવી દેવું પડે છે. તમારા અમુક માણસોના એક ખ્યાલી શોખથી આપણા અનેક ભાઇઓને ફરજીઆત લાગાઓ ઉઘરાવવામાં વપરાતી દમનનીતીનો ભોગ થવું પડે છે. તમારો એ શોખ કોઇ નિર્દોષ ઘટના માથે નથી રચાતો પણ તેની પછવાડે ભયંકર કાળાં કૃત્યો થાય છે. તમારે જો સાચી મોટપ જોઇતી હોય તો તેના અનેક રસ્તા છે. કોમ અત્યારે અનેક દુઃખોથી રીબાય છે. કેળવણીના અભાવે બીજી ભાઈબંધ કોમો સાથેની સરખામણીમાં હરહંમેશ નીચી ઉતરતી જાય છે. લોકોના કામધંધા ભાંગી ગયા છે અને બેકારી દિવસે દિવસે વધતી જાય છે. આમ છતાં દેખાદેખી અને લોકલાજમાં તણાઇ ખોટા ખરચાઓ થવામાં પણ કાંઇ બાકી રહેતું નથી. સૌથી વધુ શરમજનક અને દુઃસહ્ય એવું જે આપણી કોમ ઉપરનું બાળહરણનું હડહડતું જુઠું કલંક આપણને દરેકને નીચું જોવરાવનારૂં છે આ અને આવા બીજા અનેક પ્રશ્નો છે કે જેના ઉકેલમાં તમે સાચી મોટાઈ મેળવી શકશો. તમને જો મોટાઇ વીના નજ ચાલે તેમ હોય તો આવાં કાર્યો કરીને તે મેળવો. પણ ખુદાની ખાતર કોમના ભોગે તે મેળવવાનું છોડી દો.

એક મશીનગન હજારો માણસોને વીંધી નાંખી શકે છે. છતાં તે મશીનગન માણસોને મારી નાંખવા માટે જવાબદાર નથી. તે રાક્ષસી યંત્રને ચલાવનારજ ખરી રીતે હજારો માણસોનો વધ કરે છે. તેવી રીતે કાઉન્સીલ અને તેના કાયદા, મશીનગન અને તેની ગોળીઓ, નહિ પણ તે ચલાવનાર કાઉન્સીલના મેમ્બરોજ ખરી રીતે જવાબદાર છે. તમારે જો આ મશીનગનથી લેવાતા ભોગના ભાગીદાર ન બનવું હોય તો કાઉન્સીલના મેમ્બર તરીકેનું રાજીનામું આ પળેજ મોકલાવી આપો.

---

## એજંટો જોઇએ છે.

નીચેના ગામોમાં આ પત્રની છુટક નકલો વેચવા ઉત્સાહી અને પ્રામાણિક એજન્ટો જોઇએ છે. પત્રવ્યવહાર વ્યવસ્થાપક, "ખોજા જાગૃતિ", દાણા પીઠ, રાજકોટ, એ સીરનામે કરવો.

મહુવા, અમરેલી, વઢવાણ જંકશન, અમદાવાદ, ભાવનગર.

# સપ્તાહનો સાર

**જર્મનીમાં તોફાન :** નાઝી નેત્તા હેર હીટલર જર્મનીમાં ચાન્સેલર પદે આવ્યા પછી જર્મનીમાં તોફાન ચાલુ થયા છે, નાઝીઓ અને કોમ્યુનીસ્ટો વચ્ચે અનેકવાર મારામારી થઇ છે. ગઇ તા. ૨૮ ના રોજ જર્મન રાજસભાને ભયંકર આગ લગાવી તારાજ કરવામાં આવ્યું છે. પ્રમુખ હીન્ડનબર્ગની સહીથી એક હુકમ બહાર પાડવામા આવ્યો છે તેથી લગભગ માર્શલ લો જાહેર થવા જેવું છે. ફરી ચુંટણી આવતા રવિવારે થશે

**૧૨૫ વર્ષની કેદ ?** ચીકાગોની મહાન વેપારી પેઢીના સંચાલકો માર્ટીન ઇન્સલ, સેમ્યુઅલ ઇન્સલ અને બીજા ૧૫ માણસો જે અત્યારે ફડચામાં ગયેલા છે તેના ઉપર ચીકાગોની કોર્ટમાં જે કામ ચાલે છે તે સઘળા આરોપસર જો કોર્ટ તેને ગુન્હેગાર ઠરાવે તો દરેકને ૧૨૫ વર્ષની કેદ અને ૨॥ લાખ ડોલરનો દંડ થાય તેમ છે.

**ચીન જાપાનની લડાઇ:** ચીન અને જાપાન વચ્ચે લડાઇ ચાલુ છે. જાપાને ટેકેન્જુ અને સીસોહોપેલ નામના શહેર કબજે કર્યાં છે, અને શેફંગ ઉપર વીમાનમાંથી બોમ્બનો મારો ચાલુ છે. ૨૦૦૦૦ ચીનાઓ શેફેંગનો બચાવ કરી રહ્યા છે. જાપાનના ૬૦૦૦૦ તથા ચીનના ૭૦૦૦૦ માણસો આ લડાઇમાં ભાગ લઇ રહ્યા છે. કેન્ટન સરકારે ચીનને સાથ આપવાનું વચન આપ્યું છે.

૧૯ રાજ્યોની કમીટીનો અહેવાલ પ્રજાસંઘે માન્ય રાખ્યો છે. પરીણામ જાહેર થયું ત્યારે જાપાની પ્રતિનીધી વોક આઉટ કરીને ચાલી ગયો હતો. આનો અર્થ એવો થાય છે કે જાપાન પ્રજાસંઘમાંથી ખસી ગયું છે. પ્રજાસંઘના એક જાપાની સેક્રેટરીએ રાજીનામું આપ્યું છે. અમેરીકા પ્રજાસંઘના ઠરાવ સાથે મળતું થયું છે.

**પં. માલવીયા ઉપર પત્થરો :** બનારસમાં ગઇ શીવરાત્રીના પ્રસંગે મળેલ કથામાં ૫૦ જેટલા ચૂસ્ત સનાતનીઓએ લાઠીથી લોકો ઉપર હુમલો કર્યો હતો. જેને પરીણામે ૧ જણને ગંભીર અને બીજા ઘણાને સાધારણ ઇજા થઇ છે. પં માલવીયા જે આ સભામાં હાજર હતા તેમના ઉપર પણ પત્થરો ફેંકવામાં આવ્યા હતા.

**વીઠલભાઇ હીંદ તરફ ?** શ્રીયુત વીઠલભાઇ ઝવેરભાઇ પટેલ જેઓ અત્યારે અમેરીકામાં પ્રવાસ કરી રહ્યા છે તેઓ આ માસમાં હિંદ તરફ પાછા ફરશે તેમ સંભળાય છે.

**મહાસભા નહિ ભરાય ?** વડી ધારાસભામાં જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે જ્યાંસુધી મહાસભા સવિનય આનાદરની ચળવળને વળગી રહેતી હોય ત્યાંસુધી કલકત્તા ખાતે તેની ભરાનારી બેઠકને મળવા દેવાનો સરકારનો ઇરાદો નથી.

મહાસભાના કામ ચલાઉ પ્રમુખ શ્રી. આણેએ એક નિવેદન મારફત જાહેર કર્યું છે કે હિંદી રાષ્ટ્રીય મહાસભા કાંઇ એક ગેરકાયદેસર ઠરેલુ મંડળ નથી. તેમજ આ વખતે તેમાં હાજરી આપવા આવનાર ગૃહસ્થો ગેરકાયદેસર સંસ્થાઓના પ્રતિનીધી તરીકે નહિ આવે.

સરકાર તરફથી પ્રગટ થનાર "વ્હાઇટ પેપર" આ માસની આખરમાં પ્રગટ થશે તેમ મનાય છે.

**અફઘાન સરકાર સામે ચળવળ :** સરદાર ગુલામ નબીખાનને ફાંસી આપવા પછી ગયા નવેમ્બરમાં ઉભા થયેલા દારેખેલ ઝારાન ખાતેના ગંભીર મામલાને અફઘાન સરકાર કાબુમાં લઇ શકી હતી. હાલમાં ફરીથી લાવાના ઇઝાદરાન નામનો એક ફકીર એક ટોળી ઉભી કરી સરકાર સામે ચળવળ ચલાવી રહ્યો છે. તેની સાથે માજી રાજા અમાનુલ્લાહનો પુત્ર છે અને ટુંક વખતમાં રાજા અમાનુલ્લાહ પણ અફઘનીસ્તાનમાં આવનાર છે, તેવી ખબરો ફેલાણી છે. ફકીરની ચળવળને પહોંચી વળવા વધારાનું લશ્કર ઉભું કરવામાં આવ્યું છે.

**ના. ગાયકવાડનો નવો સુધારો:** જ્ઞાતિના તડો, ગોળ તથા એકડાની બહાર લગ્ન કરનાર સામે જ્ઞાતિ જે બહિષ્કાર અને દંડનો ઉપયોગ કરે છે તેને અટકાવવા ના. ગાયકવાડે એક એકડા સમીતિની નીમણુક કરી હતી. તેનો અહેવાલ પ્રગટ થયો છે. સમીતીએ એવી ભલામણ કરી છે કે કોઇ પણ જ્ઞાતિ જો આવી રીતે લગ્ન કરનારનો બહિષ્કાર કરે કે તેના વ્યવહારમાં ડખલ કરે તો તેવા કાર્યમાં ભાગ લેનાર દરેકને છ માસની કેદ અને રૂા. ૧૦૦૦ સુધીનો દંડ કરવાનો કાયદો કરવો.

**મગદળ ફેરવવાનો રેકર્ડ:** મુંબઇના પારસી જુવાન શાવકસા દારૂવાળાએ વગર અટકયે ૫૧ કલાક સુધી મગદળ ફેરવવાનો પોતાનો રેકર્ડ ફરી વખત ૫૬ કલાક સુધી સતત મગદળ ફેરવીને તોડયો છે. ૫૬ કલાક પછી તેઓ તુરત બેભાન થઇ ગયા હતા.

**મૌ. શૌકતઅલીની પ્રવૃત્તિ :** અમેરીકાથી 'ખીલાફત' પત્ર ઉપર પત્ર લખતાં મૌ. શૌકતઅલી જણાવે છે કે "અમેરીકા વાસીઓ આપણા તરફ ખુબ સહાનુભુતી રાખે છે. મારી અંગ્રેજી ઝબાનથી તેઓ મુગ્ધ થયા છે. અમેરીકાની આર્થીક સ્થિતિ ખરાબ ન હત તો મને એક ભાષણના દોઢ હજાર રૂપીયા જરૂર મળત. અહીં લોકો સાથે મળવું, વાતો કરવી, હસ્તાક્ષર લેવા, ફોટોગ્રાફના પોઝ આપવા અને ખાવું એટલા કામોમાંથી ફુરસદ મળતી નથી."

**વઢવાણ યુવક સંઘના મંત્રીને નોટીસ:** થોડુંક પહેલાં સુરજ નામની એક સગીર બાળાના એક કહેવાતા અર્ધગંડા સાથે થનારા લગ્ન સામે વઢવાણ યુવક સંઘના મંત્રી શ્રી. ગિરધરલાલે અમદાવાદ ડીસ્ટ્રીકટ જજનો મનાઇ હુકમ મેળવ્યો હતે. હવે તે લગ્ન ભાવનગરની હદમાં થઇ ગયાં છે અને વર તથા કન્યા બન્ને પક્ષના વાલીઓએ શ્રી. ગીરધરલાલ ઉપર તેમની બદનક્ષી કર્યાનું જણાવી નોટીસો આપી છે. તેમજ શરૂઆતમાં લગ્ન મટે કરી રાખેલ તૈયારીઓનો સરસામાન બગાડાવી નુકશાન પહોંચડવા બદલ તેમજ બીજા કારણોસર રૂા. ૨૦૦૦૦ ની માગણી કરી છે. આથી યુવાનોમાં ખળભળાટ મચી રહ્યો છે.

**કમળાદેવી છુટયા:** બેલગામ જેલમાંથી શ્રીમતી કમળદેવી ચટ્ટોપાધ્યાયનો નાદુરસ્ત તબીયતને કારણે છુટકારો થયો છે. તેઓએ પુના આવી મહાત્મા ગાંધીની મુલાકાત લીધી હતી.

# ચૂસણ નીતિનું ચક્ર.

( આ પ્રસંગના પાત્રો કલ્પીત છે. બંધબેસતી પાઘડી કોઇએ ન પહેરી લેવી )

## દ્રષ્ય પહેલું.

રાતના આઠનો વખત છે. જમાતખાનામાં ઇલેકટ્રીકનો પ્રકાશ આપતી બતીઓ, હાંડી, ઝુમ્મર, તકતાઓ ઝગઝગી રહ્યા છે. ભાઇઓ અને બ્હેનો મોક્ષના અધિકારી થવાની લાલચે પોતાનાં ખીસાં ખાલી કરવા મંડી ગયા છે. કાઉન્સીલના ઓનરરી કારકુનો પાટ ઉપર પખતો પલાંઠો વાળી કેડ ઉપર ભેટ બાંધી તેઓને રમાડી રહ્યા છે. ધર્મનું સ્થાન કહેવરાવતા છતાં મારકેટની માફક જુદો જુદો માલ, ખીચડી, રોટલા, શાક, પાટ ઉપર હરરાજી કરવા માટે વ્યવસ્થિત ગોઠવાયેલો દેખાય છે. આવનાર ભાઇઓ પાઇ પૈસો નાખી મુખી સાહેબ સાથે હાથ મીલાવે છે. એક બાજુ ચોપડાનો ખડકલો કરી, કાન ઉપર કલમ ચડાવી કામડીયા સાહેબ ચોપડામાં માથું નાખી હાથની આંગળીઓ ઉપર હીસાબ કરી રહ્યા છે. એક ખુણામાં નાણાં નાંખવાની તેજુરી દેખાવ આપી રહી છે. ત્યાગનો બોધ આપનારા ઇસ્માઇલી ધર્મના ઉપદેશક મીશનરીઓ કોટ, પાટલુન, નેકટાઇ ચડાવી પાટ ઉપર મોં મલકાવતા બેઠા છે, અને મોટા સત્તાધીશનો દેખાવ આપી રહ્યા છે.

માણેકમા—નાનજીભાઇ, ફાતમાબાઇને છોરૂ આવ્યું છે. તેની નોંધ કરાવવી છે.

માણેકમા એક સાઠેક વર્ષના વૃદ્ધ ડોશી છે. જમાતખાનામાં પુરૂષ વર્ગના સંદેશા સ્ત્રી વર્ગમાં અને સ્ત્રી વર્ગના સંદેશા પુરૂષ વર્ગમાં પહોંચાડવામાં તેઓ પોતાના જીવનની કૃતકૃત્યતા માને છે. ભોળી શ્રદ્ધાળુ સ્ત્રીઓ પાસેથી 'પૈસા ઉઘરાવી પાટ ઉપર ઢગલો કરવામાં તેમને ઓર આનંદ આવે છે.

જમાત આખીમાં શાંતિ પ્રસરી ગઇ. સર્વનું ધ્યાન માણેકમા તરફ ગયું. નાનજીભાઈ જમાતના મુખી છે અને અત્યારે કઉન્સીલના તાબેદાર બની વફાદારી પૂર્વક સેવા બજાવી રહ્યા છે.

નાનજીભાઇ—ભલે. કાસમભાઇ, ચોપડો કાઢો.

કાસમભાઇ કામડીયા છે, અને જમાતખાનાની રોકડ આવકનો તથા જમાતના ભાઇઓના ખાતામાં રકમો લેણી કાઢવાનો, ચુક્તે હિસાબ રાખે છે. તેમણે ચોપડો કાઢ્યો. માણેકમા સામે માથું ઉંચકયું અને પ્રશ્નોની પરંપરા ચલાવી.—

દીકરી છે કે દીકરો ? કેંદી જનમ થયો ? બાપનું નામ શું ? માનું નામ શું ? ઠીક લાવો આઠ આના.

માણેકમાએ વિગતવાર હકીકત નોંધાવી ફાતમાબાઇ ને કયે દિવસે દીકરો અવતર્યો તે પણ લખાવ્યું. આ બધું તેમણે એક ઘરડા પીઢ માણસને શોભે તેવી છટાથી કહી દીધું, અને ફાતમાબાઇ તરફ હાથ લાંબો કર્યો. ફાતમાબાઇએ અરધો રૂપીયો માણેકમાના હાથમાં મુકયો અને માણેકમાએ ગૌરવભેર તે કાસમભાઇને આપ્યો.

વીધી પૂરી થઇ રહી. કાસમભાઇએ ફરી ચોપડામાં માથું નાંખ્યું. જમાતમાં ક્ષણભર પ્રસરેલી શાંતિ ફાતમાબાઇની ફીદાઇ ગીરીની ચર્ચામાં ગુંગળાઇ ગઇ, અને લહેરી લાલા જેવા લાગતા મીશનરી સાહેબે ફરી ત્યાગનો બોધ આપવો શરૂ કર્યો.

નવા અવતરેલા બાળક માથે 'ગુલામ' ની છાપ મરાઇ ગઇ. પૈસાની ભુખમાં ભમતા ભાડુતીઓના હાથમાં ઊગતાંજ તે સપડાઇ ગયો. પણ આની કોઇને ખબર નહોતી.'

---


## જાહેર ખબર આપનારાઓને જબરો લાભ.

સરખામણીમાં ઘણાજ ઓછા ભાવથી બહોળા ફેલાવાનું આ અઠવાડીક તમારા ધંધાને ખુબ મદદરૂપ થશે.

હમણાંજ લખોઃ—વ્યવસ્થાપક,
" ખોજા જાગૃતિ "
દાણાપીઠ-રાજકોટ.

## " ખોજા જાગૃતિ " આપે વાંચ્યું ?

તો તેના ગ્રાહક તરીકે આપનું નામ તુરતજ નોંધાવો. માત્ર બે રૂપીયામાં તમને એ ખોજા કોમના જીવન મરણના પ્રશ્નોની નીડર ચર્ચા સાથે જગતના છેલ્લા સમાચાર એક વરસ સુધી તમારા ઘર બેઠાં પહોંચાડશે.

લખોઃ— વ્યવસ્થાપક,
" ખોજા જાગૃતિ "
દાણાપીઠ-રાજકોટ.


( પાના ૨૩ થી ચાલુ. )

ખુદાનો દરબાર એવો છે કે નથી ત્યાં કપડાં પહેરવાની જરૂર પડતી, નથી માણી શકાતો ખુરશી ટેબલનો મોજ શોખ કે નથી જરૂર પડતી બુટ મોજાંની.

ખુદાનો દરબાર એવો છે કે ત્યાં નથી લઇ જઇ શકાતું સુવા માટે ગાદલું, ખાટલો, ગોદડું કે નથી લઇ જઇ શકાતી દુનીયાની કોઇપણ વસ્તુ.

ખુદાના દરબારમાં એકલાં પાપ પુન્યજ સાથે લઇ જવાનાં છે. આપણે જે જે વિધિઓ મરનારને નામે કરીયે છીએ તે નકામી છે. માટે ખુદાએ આપેલી બુદ્ધિનો થોડો ઘણો પણ ઉપયોગ કરી આ રીવાજો બંધ કરીએ તો સારૂં.

---

## ઘણુંજ અગત્યનું.

" ખોજા જાગૃતિ " ને લગતો તમામ પત્રવ્યવહાર નીચેના શીરનામેજ કરવોઃ—

તંત્રી " ખોજા જાગૃતિ "
દાણાપીઠ-રાજકોટ.

# મરણ પાછળ ખર્ચાળ ક્રિયાઓ.

જેવી અંધશ્રદ્ધાથી મરણ પાછળ જમણ કરવામાં આવે છે તેવીજ રીતે મરણ પછી અનેક જુદો જુદો ખર્ચ કરવામાં આવે છે. દાડો કરવાથી મરનાર મોક્ષનો અધિકારી થાય છે એમ મનાય છે તેવી રીતે ઘણાકની માન્યતા છે કે ખુદાના દરબારમાં બીજી ઘરગથ્થુ વસ્તુઓની પણ જરૂર પડે છે અને તે તેની પછવાડે જમાતખાનામાં આપવાથી તેને ત્યાં પહોંચી જાય છે. આ કલ્પનાને સાચી હકીકત તરીકે બેસારી દેવાનું માન નામદાર કાઉન્સીલના ફળદ્રુપ ભેજાંનેજ ઘટે છે. કારણ કે વખત આવ્યે જાણી બુજીને ઉભા કરેલા આવા મરજીઆત રીવાજને ફરજીઆત લાગાનું રૂપ આપી ખુબ નાણાં ભેગાં કરી શકાય.

મરનારની પાછળ કપડાં, ખાટલો, ગોદડું, ગાદલું, થાળી, લોટો, પ્યાલો, આરીસો, દાંતીઓ, સોયરો, ખુરશી, ટેબલ, કોલર, ટાય, મોજાં અને છેવટે બુટ જોડા વિગેરે આપવામાં બહુજ મોટા ખર્ચા અત્યારે કરવામાં આવે છે.

આ બધી વસ્તુઓ જમાતખાનામાં લાવવામાં આવે છે. ત્યાં કાઉન્સીલના ઓનરરી કારકુનો–મુખી, કામડીયા–ધર્મના સ્થાનમાં જાહેર લીલામનો ભવાડો કરી પૈસા કાઉન્સીલના ચરણોમાં રજુ કરે છે. જાણે કે કેમ ખુદાએ વેપાર માંડયો હોય અને કાઉન્સીલને દલાલ રાખી હોય તેવી રીતે આપણે તેની મારફત આ બધી વસ્તુઓ તેના દરબારમાં પહોંચાડવા મથીએ છીએ.

મરનારની પાછળ જે વસ્તુઓ અપાય છે તે ત્યાં પહોંચે છે કે નહિ? પહોંચતી હોય તો તેનો ઉપયોગ તે કરી શકે છે કે નહિ? અથવા ત્યાં ઉપયોગ કરવાની જરૂર પડે છે કે નહિ? અને તેમ બનતું હોય તો તેવો બોધ આપનાર અથવા કોઇને અનુભવ થયો છે કે નહિ? અથવા મોકલનારને મરનારની અથવા કોઇની પહોંચ અથવા ખબર આવ્યા છે કે નહિ? આ બધા પ્રશ્નોને કોઇ મહાશયે તપાસવાની કાંઇ તકલીફ લીધી હોય એમ લાગતું નથી. જો આવી તકલીફ લેવામાં આવતી હોત તો આવી કઢંગી રીત કદીપણ ચાલુ રહી શકત નહિ.

આપણે કોઇને કાગળ લખીએ છીએ તેનો જવાબ વહેલો મોડો પણ આવે છે. પણ આ વસ્તુઓ એવી છે કે તેને ત્યાં મળે છે કે નહિ તેનો કશો પત્તો આપણને લાગતો નથી. અહીં આપણે પોતે એટલું જોઇએ છીએ કે આપણી આપેલ વસ્તુઓ કોઇ વેપારી બજારરૂપી જમાતખાનામાં જાહેર લીલામથી લઇ ગયો અને તે વસ્તુઓ અહીં વપરાઇ ગઇ. ત્યારે આપણે કેમ માનીએ કે મરનારને તે મળી ગઇ? અને જો મળી ગઇ હોય તો તે કાંઇ એવો નિષ્ઠુર હૃદયનો ન હોય કે તેની પાછળ આટલી તકલીફ લેનાર પોતાના વાલીને તે પહોંચ પણ ન લખે. આપણને ટપાલમાં મોકલાવેલ કોઇ ચીજની પહોંચ નથી મળતી ત્યારે ટપાલના અમલદારોની આપણે હાજરી લઇએ છીએ. તેવીજ રીતે આપણે દરેકે કાઉન્સીલ કે જે ખુદાના દલાલ હોવાનું ડહાપણ ડોળે છે તેની પાસેથી પહોંચ માંગવી જોઇએ. અને તેમાં જો તે આનાકાની કરે તો આપણે ખરી હકીકત સમજી જઇ અકકલના બારદાન બનવું બંધ કરવું જોઇએ, અને જાણવું જોઇએ કે કાઉન્સીલ તે હોઇઆં કરી ગઇ છે.

મને એમ ધ્યાન છે કે કાઉન્સીલના મોટા મોટા પગાર ખાનાર દલાલો જમાતખાનામાં મોટા અવાજે બોલે છે કે "મરી ગયા પછી સોનાની ઇંટો, રૂપાના થાંભલા, સોનાના હિંડોળા, વિગેરે સગવડતાવાળા મકાન મળે છે." આ બીચારા ભોળા (?) ભાઇઓ અનુભવ સિદ્ધજ વાત કરતા હોય તો તેને પુછી જોવામાં આપણું શું જાય? અને સાથે સાથે એમ પણ પુછવું કે બોજા શીવાય કાઉન્સીલ માબાપને કોઇ દોઢીયાં પરખાવતું નથી તો તે શીવાયના બધા નર્કમાંજ સબડે છે ને? જો નામદાર કાઉન્સીલે પોતાના ઘરાકો માટે સ્વર્ગનો ઇજારો લીધો હોય તો તે ઘણું ખુશી થવા જેવું છે. પણ કાઉન્સીલને પુછવા જતાં પહેલાં નાત બહારીનો સખત ફટકો ખાવાની તૈયારી કરીને જવા મારી નમ્ર ભલામણ છે.

મરણ પાછળ આપવાનો રીવાજ ઘણા વખતથી ચાલ્યો આવે છે. તો હવે મરનારને સમજવાની જરૂર છે કે પાછળથી કોઇને તકલીફ નહિ આપતાં જોઇતી વસ્તુઓ સાથેજ લઇ જવી. બહાર ગામ જતી વખતે કેમ આપણે જોઇતી ચીજો ભેગી લઇ જઇએ છીએ! મરનાર સાથે ન લઈ જાય તો પાછળનાએ સમજવું કે તેને જરૂર નહિ હોય; અને કદાચ જરૂર પડશે તો મંગાવી લેશે. પણ આપણે તો કહીએ છીએ કે મરનારની સાથે પાપ અને પુન્ય શીવાય બીજું કાંઇ નથી જતું, બલકે નથી લઇ જઇ શકાતું. આ ઉપરથી આપણે આટલું સમજવું જોઇએ કે જો તે પોતે ન લઇ જઈ શકયો તો આપણે કાઉન્સીલ તો શું પણ તેથી મોટાની લાગવગથી પણ નથીજ પહોંચાડી શકવાના. કાઉન્સીલના દલાલો બરાડા નાખે, પણ તે માત્ર સ્વાર્થની ખાતરજ. તેઓના આટલા અનુભવથી તમે તેમને પુછશો તો તે જરૂર નકારમાંજ જવાબ આપશે. કદાચ જવાબ આપવાની તકલીફ પણ નહિ લે.

આવીજ રીતે મરનાર ભુખ્યો હોય તેવી રીતે પકાવેલું અનાજ જમાતખાનામાં મોકલવામાં આવે છે તથા વારે પરબે મીષ્ટાનનું ભાણું પણ મોકલાય છે. જો તે ભુખ્યો હશે એમ ધારી તમને દયા આવતી હોય તો તમારે તે દરરોજ મોકલવું જોઇએ. કારણ કે વરસના અમુક દિવસોજ તેને ખાવાનું મળે અને બાકીના દિવસો ભુખ્યાં કાઢવા પડે તો મૃત્યુમાંથી પણ તેનું મૃત્યુ થાય. આ શીવાય મરતી વખતે અને પછી પણ માણસને 'સમર છાંટો' નામથી ઓળખાતા રીવાજ પાછળ પણ આપણા ખુબ પૈસા વેડફાઇ જાય છે. આ બધી કલ્પના અને અંધશ્રદ્ધાને છોડી નકકર હકીકતને બુદ્ધિની કસોટીએ આપણે ચડાવવી જોઇએ.

ખુદાનો દરબાર એવો છે કે ત્યા નથી શીયાળામાં ટાઢ પડતી, નથી ઉનાળામાં ગરમી પડતી અને નથી ચોમાસામાં વરસાદ વરસતો.

ખુદાનો દરબાર એવો છે કે ત્યાં નથી કોઇની ચીજ પહોંચતી, નથી તાર થતો, કે નથી ટપાલ આવતી જતી, નથી કોઇની મુલાકાત થતી, નથી પહોંચી શકતું ત્યાં ખીચડીનું ભાણું કે મિષ્ટાનનું.

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૨).

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૨.**

"કાયદાની આ ચોપડીમાં જે જે ધારા ધોરણોનો સમાવેશ કરવામાં આવેલો છે તે સબંધેના કાર્યો માટે જુદી જુદી ઇસ્માઇલીયા લોકલ કાઉન્સીલોની હદની અંદર આવેલા નીચે જણાવેલ તાબાના ગામો કાઠીયાવાડની સદરહુ જુદી જુદી લોકલ કાઉન્સીલોની હકુમતની હદ તરીકે ગણાશે, અથવા એ તાબાના ગામો શીવાય બીજાં જે કોઇ સ્થળો મજકુર પ્રત્યેક કાઉન્સીલોની હદમાં હવે પછી હસ્તીમાં આવે તે તે સ્થળોનો પણ કાઠીઆવાડની મજકુર કાઉન્સીલોની હકુમતમાં સમાવેશ થાય છે એમ સમજવું. ( નીચે ૭૮૫ ગામની ૧૯ લોકલ કાઉન્સીલો વચ્ચે ફાળવણી કરવામાં આવી છે. )"

ઉપરના ૭૮૫ ગામનો આંકડો ઘણા વરસ પહેલાં તૈયાર થયો છે. ત્યારપછી તેમાં ઘણો ફેરફાર થઇ ગયો હશે. કારણ કે જ્યાં આપણા ભાઇનું એક ઘર પણ હોય તે ગામને પણ ગણવું તે રીતે આ સંખ્યા ઉભી થઇ છે. આવી રીતની અમુક ગામોની વહેંચણી અમુક લોકલ કાઉન્સીલને કરી આપવાથી આપણા ગામડાના ભાઇઓને પુષ્કળ હાલાકી વેઠવી પડે છે. વઢવાણ કેમ્પ કાઉન્સીલ નીચે ૧૧૫ ગામો છે. આ બધા અડી અડીને બબે ચાર ચાર ગાઉને છેટે નજ હોય તે સમજાય એવું છે. રાજકોટ કાઉન્સીલ નીચે ૭ ગામ કચ્છ વાગડનાં છે. આ ગામના ભાઈઓને ઘણીજ હાડમારી સહેવી પડે. ખરી રીતે તો જે ગામ જે કાઉન્સીલ નીચે જવા ખુશી હોય તેનીજ નીચે મુકવું જોઇએ. આમ કરવાથી કદાચ વધુ લોકલ કાઉન્સીલો હસ્તીમાં આવે, પણ તેથી કશું નુકશાન થવાનું નથી. જો રીતસરની ચુંટણીથી ચુંટાયેલી લોકલ કાઉન્સીલો અને સ્થાનીક જમાતોને પોતાનું કામકાજ સંભાળી લેવાની છુટ ઉદારતાથી અપાયેલી હોય તો ગામડાંના આપણા ભાઇઓને જે ત્રાસ અત્યારની લોકલ કાઉન્સીલોના હુકમો પછવાડે ઢસડાવામાં થાય છે તે બંધ થાય. અમદાવાદ કે જે ગુજરાતનું પાટનગર ગણાય છે તેને કાઠીયાવાડ નીચે મુકવામાં આવ્યું છે એથી આ કાયદા ઘડનારાઓનું કાઠીયાવાડની ભુગોળનું અજ્ઞાન ખુલ્લું થાય છે.

**કલમ ૩.**

કાઉન્સીલની મીટીંગો ક્યારે અને ક્યાં ભરવી અને ક્યારે તેનું કામકાજ ખલાસ કરવું સબંધેની છે.

આ માટે કાંઇ ખાસ કહેવાપણું નથી. દર મહીને બે વખત મળવાને બદલે એક વખત મળવાનું હોય તો પણ ચાલે.

**કલમ ૪.**

"કાઉન્સીલની મીટીંગો ફક્ત જમાતખાનામાંજ ભરવામાં આવશે, પરંતુ જો કોઈ માણસ પોતાને ત્યાં અગર બીજી જગ્યાએ મીટીંગ ભરશે તો તેવી મીટીંગનો ઠરાવ કાઉન્સીલ સ્વીકારશે નહિ."

આ કલમ તદન નીરૂપયોગી છે. કલમ ૩ માં કાઉન્સીલની મીટીંગ ક્યાં ભરેલી તે આવી જાય છે; પછી 'ક્યાં ન ભરવી' તેનો ઉલ્લેખ કરવો નકામો છે. જો કોઈ માણસ પોતાને ત્યાં અગર બીજે ઠેકાણે મીટીંગ ભરે અને તે મીટીંગ ભરાય તો પછી તેના ઠરાવનો અસ્વીકાર કરનાર બાકી રહે કોણ? જેણે તે મીટીંગમાં ન જવું જોઇએ તે તેમાં ગયા હોય ત્યારેજ તે મીટીંગ ભરાણી હોય. આ કલમથી કાઉન્સીલની પોતાનામાંજ અશ્રદ્ધા દેખાઇ આવે છે.

**કલમ ૫.**

"કાઉન્સીલમાં ઓછામાં ઓછા ત્રણ મેમ્બરો હાજર હશે તો કોરમ બનશે, અને તેવું કોરમ કામકાજ ચલાવી શકશે અને પોતાના ઠરાવ આપી શકશે અને એવા ઠરાવો બધા મેમ્બરો બહાલ રાખશે."

આ કલમ પહેલાં લોકલ કાઉન્સીલ કેટલા મેમ્બરોની બનશે તે સબંધેની કોઇ કલમ હોવી જોઇએ, અને ત્યારબાદજ તેનાં કોરમનો સવાલ ઉભો થાય. કાયદાની આખી ચોપડી ઉથલાવી જોતાં આ વસ્તુ ક્યાંય જડતી નથી; અને તે આ કાઉન્સીલના મેમ્બરોની આપખુદીથી થતી નીમણુકને આભારી છે. જો આપણી કોમ આ કાઉન્સીલોના મેમ્બરોની ચુંટણી કરતી હોય તો તેમાં ચોકખે ચોકખી રીતે લખવું જોઇએ કે અમુક લોકલ કાઉન્સીલના અમુક મેમ્બરો ચુંટવા. પણ તેમ નથી. લોકલ કાઉન્સીલની ચુંટણી સુપ્રીમ કાઉન્સીલના હાથમાં છે કે જેના મેમ્બરોની ચુંટણી કરવાનો આપણને હક નથી. સુપ્રીમ કાઉન્સીલે આવી રીતે પોતાને ગમે તેટલા મેમ્બરો ચુંટવાની પદ્ધતિ શા માટે રાખી હશે એ પણ એક પ્રશ્ન છે. કઇ કાઉન્સીલ નીચે કયું ગામ છે એ નક્કી તેણે કર્યું છે. છતાં તેના કરતાં વધુ મહત્વનો આ સવાલ તેણે પોતાની મરજી ઉપર છોડી દીધો છે.

કોમે ચુંટેલી કાઉન્સીલમાં આવી અંધાધુંધી નજ હોય. દરેક લોકલ કાઉન્સીલના મેમ્બરોની સંખ્યા નકી થાય. તેની ચુંટણી તે કાઉન્સીલ નીચેના ગામોની જમાતો અમુક સંખ્યા દીઠ એક મેમ્બર કે તેવી કોઇ ઉંચી પદ્ધતિથી કરે; અને ત્યારબાદ તેનું કોરમ સંખ્યાથી લગભગ $\frac{1}{4}$ ભાગ જેટલું તે કાઉન્સીલના ચુંટાયેલા મેમ્બરોજ નક્કી કરે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

ભાઇચારો ક્યાં છે ?

છુટક નકલ ત્રણ પૈસા.

# જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૪ : માર્ચ ૧૪ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ના ફાલ્ગુન વદ ૩ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## કેમ ગમે !

જગ દૃગ વિષે નવ નૂર રમે;
નવજીવન જ્યોત જલે સઘળે;
અંધાર તણા પડળો વીરમે;
જગ જાગી ગયું નવ નૂર વિષે, રગ રગ વિષે નવ રક્ત ફરે;
ત્યારે કોમ તણા ઓ યુવાન, તને અતિ ઉંઘવું આજ તે કેમ ગમે?
નવ ચેતન ઉર વિષે ઉછળે;
પગલે પગલે પ્રગતિ પ્રસરે;
નવ સર્જન સર્જી રહ્યાં સઘળે;
નવ યુગ તણા ઘડનાર યુવાન, નિજ કર્મ પ્રતી અતિ દેહ દમે;
ત્યારે કોમ તણા ઓ યુવાન, તને આજે સુખની સેજ તે કેમ ગમે ?
જો, કાઉન્સીલ કોરડો ક્રુર દમે;
નિજ કોમ મહીં અતિ ભેદ ભરે;
કરભાર વતી કૌવત હરે;
નવ જાળ તણાં સરંજામ સજી, ડગલે ડગલે દીલ દાવ રમે;
ત્યારે કોમ તણા ઓ યુવાન, તને એવા કાળા તે કાયદા કેમ ગમે ?
નિજ કોમ તણી એ કાર્ય વહી,
નવ ન્યાય અને સિદ્ધાંત ભરી;
અતિ ભેદ ભરી ઇન્દ્રજાળ સમી;
અગમ્ય અતિ રહી ઉર નીતી, વીતી તે જાણે વ્યવહાર વિષે;
અતિ કેર કરે નીજ કોમ પરે, તને તેની ગુલામી તે કેમ ગમે ?
ઉઠ ઉઠ, છોડ બંધન સઘળાં;
જો, જાગૃતિ કેરાં પૂર ચડયાં;
નવ યુગ તણાં નવ નૂર ઢળ્યાં;
પ્રકાશ તણાં કિરણો પ્રસર્યાં, નવ કાળ અને નવ યુગ સમે;
ત્યારે કોમ તણા ઓ યુવાન, તને અંધકાર વિષે અતિ કેમ ગમે ?

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૪-૩-૩૩.

## ભાઈચારો કયાં છે ?

ભ્રાતૃભાવ-બંધુપ્રેમ-ભાઇચારો, આ મહાન ગુણ લગભગ સર્વવ્યાપી છે. કોઇ પણ દેશ, સમાજ, જ્ઞાતિ કે કુટુંબ લ્યો. એ બધાની ઉત્પત્તિ, સ્થિરતા અને ઉન્નતિ ભાઇચારાનેજ આભારી હશે.

જ્ઞાતિસંસ્થા કઇ રીતે હસ્તીમાં આવી તે તપાસશું તો આ સામાન્ય લાગતા ગુણની મહાનતા આપણને દેખાઇ આવશે. જગતની ઉત્પત્તિ જેમ બે મનુષ્યો-માંથીજ ગણાય છે તેવુંજ કાંઇ જ્ઞાતિ-કોમ-ગોળ કે વાડા સંબંધે છે. એક માણસને બીજા માણસ સાથે સ્નેહ બંધાણો, તે બન્ને સાથે રહેવા લાગ્યા. એક કુટુંબને બીજા કુટુંબ વચ્ચે પ્રેમ દેખાણો, અને તે બન્ને કુટુંબ ભેગા રહેવા લાગ્યા. આવીજ રીતે એકથી વધુ કુટુંબો--સમુહો-પોતાની અનુકુળતા પ્રમાણે ભેગા રહેવા અને રાચવા લાગ્યા. આવા સ્નેહિઓની સંખ્યા કાંઇક મોટી થઇ એટલે એનો વાડો બંધાણો અત્યારની દરેક જ્ઞાતિ પછવાડે આ ઇતીહાસ ઉભેલો છે. દરેક જ્ઞાતિનું ઉત્પત્તિ કારણ બંધુપ્રેમ-ભાઇચારો છે.

આજે આ ભાઇચારો કયાં છે ? જે આપણી કોમનું મુળ ઉત્પત્તિકારણ છે, જેને લઇને તો આપણે એક કોમ કહેવાઇએ છીએ, તે બંધુપ્રેમ આજે કયાં છે ! આપણે દુઃખ અને શરમ સાથે તે સ્વીકારવું પડશે કે ભાઇચારાની લાગણી આપણી કોમમાંથી ભુંસાઇ ગઇ છે. આપણી આ કોમની ઉત્પત્તિનું જે મુળ કારણ તે આજે પોતેજ નષ્ટ થતું જાય છે.

બંધુપ્રેમનું સ્થાન આજે દુશ્મનીએ લીધું છે. પોતાના ભાઇને આગળ વધવામાં સહાય કરવાને બદલે તેનો ભાઇ પોતેજ તેને પછાડવા પ્રયત્ન કરે છે. બુધ્ધિવિભ્રમને લઇને કોઇને આ સુજતું પણ નથી. અંધકારના એટલા બધા પડળ આપણી આંખો ઉપર ચડી ગયાં છે કે સારા-સારનું પણ આપણને ભાન રહ્યું નથી. સ્વાર્થની જાળમાં આજે આપણે બરાબર સપડાઇ ગયા છીએ. એક માત્ર પૈસા ભેગા કરવાનાજ ઉદ્દેશથી રચાયેલા કાઉન્સીલના કાળા કાયદાનો ક્રુર અમલ આજે એક ભાઇના હાથે બીજા ભાઇ ઉપર થઇ રહ્યો છે. એ કાયદાના લાગા વસુલ કરવા માટે આપણા સગા ભાઇના લગ્ન કે મૈયત અટ-કાવતાં આપણે શરમાતા નથી. સ્વાર્થી લાલસાથી થતા અમાનુષિ હુકમોનો અમલ આપણે આપણા સગા હાથેજ આપણા સ્નેહિઓ ઉપર કરીએ છીએ, અને તે પણ પુરેપુરી લાગણીશુન્યતાથી. આપણે આજે સ્નેહ, મહોબ્બત, પ્રેમ, એ બધી લાગણીઓને આપણા હૃદયમાંથી દેશ-નીકાલ કરી છે.

આપણું આટલું અધઃપતન થયું શાથી ? આપણાજ ભાઇઓનાં ગળાં આપણે રેંસવાનું શીખ્યા કયાંથી ? એવું તે કયું અનિષ્ટ આપણામાં પેસી ગયું કે આપણે આવી રીતે ભાન ભુલ્યા ? આ બધાનો એકજ જવાબ છે-કાઉન્સીલ. કાઉન્સીલ ન હત તો આ કાંઇ ન હત. Divide and Rule-ભાગલા પાડો અને રાજ કરો-આ જુની છતાં ભયંકર રાજનીતીના આપણે ભોગ થઇ પડયા છીએ. આપણી અંદર અંદર કલહ કરાવી તથા એકને મોટપ આપી બીજાને તરછોડી કાઉન્સીલ આપણા ઉપર રાજ્ય કરે છે. એક ભાઇને પોતાના પક્ષમાં લઇ, કાઉન્સીલનો તેને મેમ્બર બનાવી તેના હાથેજ કાઉન્સીલ બીજા ભાઇ ઉપર જુલમ ગુજરાવે છે. માનચાંદના જુદા જુદા ખીતાબો કે જેની કિંમત એક કોડીની પણ નથી તે એક ભાઇને આપી, બીજાને તેથી વંચીત રાખી આ મોટો અને આ નાનો, એવા કૃત્તિમ ભેદ તેણે ઉભા કર્યા છે. પૈસાદારો પછી ભલે ગધેડા કરતાં પણ વધુ મૂર્ખા હોય તેવાઓને મોટું માન આપી ગરીબની ઉપેક્ષા તે કરાવે છે. આ રીતે આપણામાં જે નહોતા તે ભેદ કાઉન્સીલે ઉભા કર્યા છે અને તેને તે પોષે છે. પરીણામે આપણે અધોગતિના ખાડા તરફ વધુ ઝડપથી દોડી રહ્યા છીએ. આજે કોઇ કોઇનું સગું નથી. કોઇ કોઇનો ભાઇ નથી. સર્વ સગપણ અને સંબંધ આજે કાઉન્સીલ સાથે છે. પરસ્પર પ્રેમ અને ભ્રાત્રુભાવના એકે એક સંબંધ આજે તુટી ગયા છે.

આમ કયાં સુધી ચાલશે ? એક બીજાને ઉવેખીને અને અવગણીને આપણે કયાં સુધી જીવી શકીશું ? કારણ નષ્ટ થતાં કાર્ય પણ નષ્ટ થાય છે. આપણી કોમની ઉત્પત્તિનું કારણ જે બંધુભાવ, ભાઇચારો તે નાબુદ થાય તો એ કારણના પરીણામરૂપ જે કાર્ય, આપણું કોમ તરીકે હોવું તે પણ નાબુદ થવાનું. માટે જો આપણે સવેળા ચેતી આ કારણને નષ્ટ થતું નહિ

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૯ )

# " ખુલ્લે ખુલ્લું કહો " સુ. કાઉન્સીલને પત્ર

[ કાઉન્સીલના કાયદા ફરજીઆત છે. તેના લાગાઓ બળજબરીથી વસુલ કરવામાં આવે છે. આ હકીકત દીવા જેટલી સ્પષ્ટ છે છતાં કાઉન્સીલના કાયદાની ચોપડીમાં ' આપખુશીથી આપવામાં આવતા નઝરાણા, બક્ષિસો, વિગેરેને લગતા કાયદા ' લખવાની ધૃષ્ટતા કરવામાં આવી છે. આ નીચે પંદર મહીના પહેલાં કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલને આ સંબંધેના ખુલાસા માટે લખાયેલ પત્ર પ્રગટ કરીએ છીએ. એ પત્રના લખનાર ભાઇ મોહન નજરઅલી નાતબહાર થયેલ નથી. એટલે તેઓ કાઉન્સીલ પક્ષનાજ માણસ છે છતાં તેમને પણ આટલી લાંબી મુદત જવા છતાં, તમારા ઘરે બેઠાં તમને જવાબ પહોંચાડશું એવા વારંવારની ઉઘરાણી પછીના જવાબ છતાં, કાંઈ ઉત્તર મળ્યો નથી. એટલે એમ માનવાનું રહે છે કે કાંતો કાઉન્સીલને પોતાને પોતાના કાયદાનું ભાન નથી અને તેનો અર્થ તેને આવડતો નથી, અને કાંતો કાઉન્સીલ પોતાનાજ પક્ષના માણસોને પણ કશી ગતાગમ પડવા દેવા માગતી નથી.

તંત્રી. ]

કાઠીયાવાડની ના. શી. ઇ. ઇ. સુપ્રીમ કાઉન્સીલના મે. પ્રેસીડેન્ટ સાહેબ,

રાજકોટ સદર.

રાજકોટ શહેરથી લી. ખોજા મોહન નજરઅલીના યાઅલી મદદ વાંચશોજી. વિનંતિ સાથ લખવાનું કે:—

કા.શી.ઇ. ઇ. કાઉન્સીલના કાયદાના પ્રકરણ ૨ જાના વિષય પહેલાના મથાળા ઉપર " આપખુશીથી આપવામાં આવતા નઝરાણાં, બક્ષિસો, વિગેરેને લગતા કાયદાઓ " તેમ લખેલું છે. જ્યારે તેજ પ્રકરણના તેજ વિષયની નીચેની કલમોમાં નીચે પ્રમાણે લખવામાં આવ્યું છે:—

કલમ ૨૦૦. " કોઇ શખ્સ પાસે ' ચંદ્રાકી ', ચડત, ફાળા અને એવી એવી સરકાર સાહેબી રકમ લેણી રહેલી હોય તો કાઉન્સીલે અગર તે વખતના ત્યાંના મુખી અગર કામડીયાએ તે તેની પાસેથી શાદી અગર એવા બીજા કોઇ ખુશાલીના પ્રસંગે કાઉન્સીલને યોગ્ય લાગે તેવા વ્યાજબી અને યોગ્ય ઉપાયોથી વસુલ કરવી."

કલમ ૨૦૮. " જો કોઇ માણસને શાદીના કામ સારૂ કાઠીયાવાડમાં એક જગ્યોએથી બીજી જગ્યોએ જવાનું હોય તો આ કાયદાની બુકના પ્રકરણ બીજા ( ત્રીજા જોઇએ ) ની કલમ ૨૦૧ ( ૨૧૦ જોઇએ ) માં કહેવામાં આવે છે તે પ્રમાણે એવા શાદીના પ્રસંગે લેવાતા સરકાર સાહેબી લેણાં તેણે આપવા અને તે મતલબની ચીઠી પોતે જે જગ્યાએ જવાના હોય ત્યાંની જમાત પાસે રજુ કરવા માટે, મુખી અને કામડીયા પાસેથી મેળવવી. જો એવી ચીઠી મેળવવામાં તે કસુર કરશે તો તેના " નીકા " અટકાવવામાં આવશે. પરંતુ પંદર દિવસની અંદર મજકુર ચીઠી રજુ કરવાના તે જામીન આપે તો નીકાની છુટ આપવી."

કલમ ૨૦૯. " સરકાર સાહેબી " સાર " વર, કન્યા તથા વરના પક્ષ પાસેથી નીચેની બાબતો ઉપર લેવામાં આવશે.

(એ) વરને તથા તેના પક્ષને તેના " નીકા " વખતે આપવામાં આવતા પોશાક, ઘરેણાં વિગેરે ઉપર.

(બી) " આણા " અથવા " દેજ " વખતે કન્યાને પોશાક, ઘરેણાં વિગેરે આપવામાં આવે તે ઉપર.

(સી) પુનર્લગ્ન પ્રસંગે વર તથા કન્યાને પોશાક, ઘરેણાં વિગેરે આપવામાં આવે તે ઉપર.

ઉપર કહેલી ચીજોની નોંધ સરકાર સાહેબી રજીસ્ટરમાં કરવામાં આવશે અને તે ઉપર સરકાર સાહેબી " સાર " ના લેવાતાં લેણાં વર પાસેથી તે વસ્તુની કિંમત ઉપર દર રૂપીયે બે આના મુજબ વસુલ કરવામાં આવશે."

આ પ્રકરણના મથાળા ઉપરથી એમ ચોકખું જણાય કે કલમ ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩, તથા ૨૧૪ માં દર્શાવવામાં આવેલા સગપણ, સમુરતા, માંડવા, લગ્ન, પુનર્લગ્ન, નીકાહ, આણાં અથવા દેજ, જમાતી ખાણા, ચંદ્રાકી તથા લેખાં વિગેરેને લગતા લાગાઓ ફરજીઆત નથી. જ્યારે કલમ ૨૦૦ તથા ૨૦૮ ઉપરથી એવો અર્થ નીકળે છે કે ઉપરના લાગાઓ મરજીઆત નહિ પણ ફરજીઆત છે, અને તેજ રીતે લગ્ન વિગેરે પ્રસંગો અટકાવીને તે વસુલ કરવાની પદ્ધતિ છે. ઉપરના પ્રકરણનું મથાળું કે જે આ બધી કલમોનો સાર છે તે તથા આ કલમો એક બીજાથી તદ્દન વિરૂદ્ધ દેખાય છે; અને તેથી કરીને સહેજેજ એ સવાલ ઉભો થાય છે કે ઉપરના લાગાઓ ફરજીઆત છે કે મરજીઆત ? કાયદા જેવા ગહન વિષયમાં કોઇ પણ જાતની અચોકકસતા અથવા પરસ્પર વિરૂદ્ધતા ન હોવી જોઇએ; અને કદાચ આ કિસ્સામાં હશે પણ નહિ. છતાં જ્યારે આ હકીકત ચોકખી રીતે સમજાતી નથી ત્યારે આ સેવકને એ ચોખવટ મેળવવાની ફરજ પડે છે. હું આશા રાખું છું કે આપ ઉપરના લાગાઓ ફરજીઆત છે કે મરજીઆત જે હોય તે આ સેવકને લખી જણાવવા મહેરબાની કરશો.

કલમ ૭૫ મુજબ આ અરજી " જમાત અગર સરકાર સાહેબી બાબતોને લગતા કાંઇ સુધારા અગર ઉન્નતિને લગતી " હોવાથી અરજી ફીના લેવાતા આઠ આના મોકલાવ્યા નથી.

એજ. તા. ૮-૧૨-૩૧ મંગળ.

લી. સેવક,

**મોહન નજરઅલી.**

---

**કરાંચીના અમારા સોલ એજંટ**
**તન્ના ન્યુસપેપર એજન્સી,**
નાનકવાડા, **કરાંચી.**

**રંગુનના અમારા સોલ એજંટ**
**ભારત બુક સ્ટોલ,**
પો. બો. નાં. ૫૯૩, **રંગુન.**

# ચૂસણ નીતીનું ચક્ર

( આ પ્રસંગના પાત્રો કલ્પીત છે. બંધબેસતી પાઘડી કોઇએ પહેરી ન લેવી. )

## દૃષ્ય બીજું.

ફાતમાબાઇનો પતિ વલીમામદ ખાટલામાં પડયો છે. તેને અંગે અંગ ધાણી ફુટે તેવો તાવ ધગી રહ્યો છે. ટાઇફોઇડના જીવલેણ દરદના હુમલાથી તેનું શરીર પીળું પડી ગયું છે. આંખો ઉંડી ઉતરી જવાથી ચહેરો પણ બદલી ગયો છે.

કોઇ કાળ ચોઘડીએ તેણે જમાતખાનામાંથી પુલાબનું ભાણું લીધું; પુલાબ એક બે દિવસના વાશી હોવા છતાં પૈસા ખરચ્યા છે તો નાંખી ન દેવા એ હીસાબથી તેણે ખાધા અને ત્યારપછી બીજેજ દિવસે તે તાવમા પટકાઇ પડયો. શરૂઆતના એક બે દિવસ તો તેણે કાંઇ ન ગણકાર્યું. ' સેજ હાડકચર આવ્યું તેથી કયાં મરી જવાના છીએ ' એમ ગણી તેણે વૈદ્ય ડૉકટરને પણ પોતાનું શરીર બતાવ્યું નહિ. પણ દિવસે દિવસે તેના તાવે ગંભીર સ્વરૂપ પકડવા માંડયું, અને શરીર પણ ઘસાતું હોય તેમ લાગ્યું. છેવટે પોતાને બહાર જવાની શકિત નહોતી રહી એટલે ડૉકટરને ઘરે બોલાવવો પડયો. ડૉકટરે જાહેર કર્યું કે ખોરાકની વિકૃતિને લઇને ટાઇફોઇડ લાગુ થયો છે.

ફાતમાબાઈ આ અણધારી આફતથી ગભરાઇ ગઇ હતી. પણ બદરૂદીન હવે તો મોટો થઇ રહ્યો હતો એટલે પિતાની માંદગીમાં તે માતાને ઉપયોગી થઇ પડયો. દિવસમાં બે વાર ડૉકટરની દવા લાવવી અને વલીમામદની તબીયતના ખબર પહોંચાડવાનું કામ બદરૂદીને ઉપાડી લીધું હતું. મા દીકરો બન્ને વલીમામદની સારવાર કરવામાં કશી કચાશ રાખતા નહિ. છતાં વલીમામદની માંદગી દિવસે દિવસે વધતી જતી હતી.

આજે વલીમામદની સ્થિતિ વધુ ખરાબ હતી. અત્યારસુધી તે તાવના ઘેનમાં પડયો રહેતો, પણ આજે થોડી થોડી વારે તે ઉભો થઇ ભાગવા કરતો, અને અર્થહીન અસંબદ્ધ બકવાટ પણ કર્યા કરતો. ફાતમાબાઇ તથા બદરૂદીન તેને મહા મહેનતે પકડી રાખતા. જીવન અને મૃત્યુ વચ્ચે તુમુલ યુદ્ધ ચાલતું હોય તેમ વલીમામદ ઘડીક ભાનમાં પત્નિ તથા દીકરા સામે કોઇ ઉંડી દર્દ ભરી લાગણીથી જોઇ રહેતો તો વળી બીજીજ ઘડીએ બેભાન અવસ્થામાં ગમે તેમ લવવા માંડતો.

હીરજીભાઇ તથા કાસમભાઇને વલીમામદની બીમારીના ખબર મળ્યા હતા, પણ હજીસુધી મુખી કામડીઆમાંથી એકેય તેની તબીયત જોવા નહોતા ગયા. વલીમામદના જીવનવારી છેલ્લે કયારે છે એ વાત જ્યારે તેમના જાણવામાં આવી ત્યારે તે બન્ને જમાલભાઇ પાસે ગયા. જમાલભાઇ સ્થાનીક કાઉન્સીલના પ્રેસીડેન્ટ હતા અને મુખી કામડીયા તેમને પુછયાડેકાણું ગણતા. છેવટે ત્રણે જણ વલીમામદના ઘર તરફ જવા નીકળ્યા.

હીરજીભાઇ, કાસમભાઇ અને જમાલભાઇ જ્યારે વલીમામદ પાસે પહોંચ્યા ત્યારે વલીમામદ છેલ્લા શ્વાસ લઇ રહ્યો હતો. ફાતમાબાઇ તથા બદરૂદીન, મૃત્યુના પડછાયા જેવા, તેના ખાટલા આગળ નિઃશબ્દ બની બેઠા હતા.

ત્રણે આવનારે વલીમામદના સમાચાર પુછયા. " મૌલા કાલ આરામ કરી દેશે " કહી થોડું નિર્જીવ આશ્વાસન આપ્યું. થોડી વારે જમાલભાઇએ વાત ઉચ્ચારી

" જુઓને, વલીભાઇ, દેહનો કાંઇ ભરોસો છે! સુવાણ કરવી ન કરવી એ મૌલાના હાથમાં છે; પણ આ કાસમભાઇ જ્યારે લે મેલ જેવી સ્થિતિમાં હતા અને તે બચશે તેવો જ્યારે કોઇને ભરોસો નહોતો ત્યારે તેમણે પોતાની બધી મીલ્કત આપણી કાઉન્સીલને બોલાવી સરકાર સાહેબને અર્પી દીધી અને ત્યારપછી ત્રીજેજ દિવસે તેમને વગતભાવ થયો."

જમાલભાઇની નજર મરવા સુતેલા વલીમામદની ૫૦૦-૭૦૦ ની મુડી ઉપર હતી. તેમનું આગમન પણ આજ કારણસર હતું.

વલીમામદે કાંઇ જવાબ આપ્યો નહિ.

કાસમભાઇએ ટેકો આપ્યો. " હા, ભાઇ, મને પોતાને પણ મનમાં ન્હોતું કે હું બચીશ. પણ મૌલાની મહેરબાની થઇ તે આજે જીવતો છું. શરીર સાજું હોય તો ફરી માયા કયાં ભેગી નથી કરાતી!"

વલીમામદની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. તે ચુપજ હતો.

જમાલભાઇ ફાતમાબાઇ તરફ વળ્યા. " બ્હેન, વલીમામદ અત્યારે એટલા બધા નબળા થઇ ગયા છે કે તેમનાથી આ બાબતનો જવાબ પણ આપી શકાતો નથી. તમારી ફરજ અત્યારે તમારે સમજવાની છે. વલીમામદનું પંડ હશે તો તમારે લાખોની માયા છે. જેવી તમારી મરજી "

ફાતમાબાઇ પોતાના મરતા પતિ તરફ જોઇ રહ્યા. ' કાંઈ કરૂંને તે બચે ' એ ઝંખના તેના દીલમાં ચાલ્યા કરતી હતી. જમાલભાઇ જમાતના આગેવાન માણસ હતા. તે કાંઇ ખોટું નહિજ કહેતા હોય એ વિચારે તેને કાંઇક આશા આપી. બીજીજ પળે તેની નજર અકથ્ય વેદના અનુભવતા બદરૂદીન ઉપર પડી. ઘડીભર બદરૂદીનની ભાવી નીરાધારીના ખ્યાલે તેના નિશ્ચયને ડગમગાવ્યો. પણ ' અમે છીએને! બદરૂને શું વાંધો છે!' એવા આશ્વાસન સાથે તેણે જમાલભાઇને વલીમામદની બધી માલમત્તા તેના કહેવા પ્રમાણે લખી દેવા હા કહી.

જમાલભાઇ બધી સામગ્રી સાથે લઇનેજ આવ્યા હતા. સ્ટેમ્પના કાગળ ઉપર તેમણે ટુંકમાં બધી મિલ્કતનું વર્ણન લખ્યું અને ફાતમાબાઇની મદદથી તેમણે વલીમામદના હાથના અગુંઠાની છાપ તેના ઉપર મારી. છાપ મારવાનં પેડ પણ તેઓ સાથેજ લાવ્યા હતા.

" મૌલા કરશે તો કાલ આરામ થઇ જશે, બ્હેન!" કહી ત્રણે આગેવાનોએ ચાલતી પકડી.

બદરૂદીન બાઘા જેવો ખાટલાની ઇંસ પાસે ઉભો હતો. તેને આ બધાની કાંઇ સમજણ પડી નહિ. ભવિષ્યમાં તેના માટે જે સંસારનો વિકટ પથ કાંટા કાંકરાની બીછામણીથી તૈયાર થઇ રહ્યો હતો તેની તેને ખબર નહોતી.

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૯. )

( અનુસંધાન પાના ૨૬ થી. )

અટકાવીએ તો ખોજા કોમની હસ્તી જરૂર ભયમાં છે તેમ માનજો. ગરીબ અને તવંગર, મોટો અને નાનો, આ સહુ ભેદો બનાવટી છે. આપણે સહુ એકજ માબાપના ભાઇઓ છીએ. એકજ કુટુંબના આપણે કુટુંબીઓ છીએ. આપણામાંના કોઇનું જરાપણ બુરૂં થાય તે આપણું પોતાનુંજ બુરૂં થયું માનો. એક બીજાની અદેખાઇ અને દુશ્મની છોડી સહુ સ્નેહની સાંકળે સંકળાવ. આપણને જુદા પાડી આપણું મનુષ્યત્વ છેદવા આવનારથી ચેતી તેની જાળમાંથી બચો. ખોજા કોમને નાબુદ થતી અટકાવવી હોય તો આ હકીકત સમજી લ્યો.

## " ખોજા જાગૃતિ "

### એટલે

ખોજા કોમના પ્રશ્નોની સ્વતંત્ર નીડર ચર્ચા.
ધરાર પટેલોના ત્રાસ સામે બેધડક જેહાદ.
સામાજીક કુરૂઢીઓનું કટ્ટર દુશ્મન.
કચડાતાઓનું બાન્ધવ.
ટુંકમાં
ખોજા કોમનું એકજ સ્વતંત્ર વાજીંત્ર
છતાં
એક વરસના ફકત રૂા. ૨) માં તમારા ઘરે પહોંચે.
આજેજ ગ્રાહક થાવ.

વ્યવસ્થાપક,
" ખોજા જાગૃતિ "
રાજકોટ.

( અનુસંધાન પાના ૨૮ થી. )

ફાતમાબાઇ પતિના મોં સામું એકીટશે જોઇ રહી હતી. હમણાં વળતાં પાણી થશે એવી વાટ તે હૃદયમાં રાખી રહી હતી. પણ વલીમામદની સ્થિતિમાં રજમાત્ર પણ સુધારો થયો નહિ.

જમાલભાઇ, હીરજીભાઇ તથા કાસમભાઇ જ્યારે કાઉન્સીલના મકાનના દરવાજા આગળ પહોંચવા આવ્યા ત્યારે રસ્તામાં આવતા કોઇ માણસે તેમને વલીમામદના અવસાનની વાત કરી.

### એજંટો જોઇએ છે

નીચેના ગામોમાં આ પત્રની છુટક નકલો વેચવા ઉત્સાહી અને પ્રામાણિક એજન્ટો જોઇએ છે. પત્રવ્યવહાર વ્યવસ્થાપક, " ખોજા જાગૃતિ ", દાણા પીઠ, રાજકોટ, એ સીરનામે કરવો.

મહુવા, અમરેલી, વઢવાણ જંકશન, અમદાવાદ, ભાવનગર.

( અનુસંધાન પાના ૩૨ થી. )

કલમ ૧૫.

" કાઉન્સીલનો કોઈ મેમ્બર અગત્યના કારણસર કાઉન્સીલની કોઇ મીટીંગમાં હાજર થવા અશકત હોય તો પોતાની ગેરહાજરીનું કારણ દર્શાવનારી લેખીત ચીઠીથી તેજ મીટીંગમાં તેણે કાઉન્સીલને ખબર આપવા એવી ચીઠીઓની કાઉન્સીલમાં નોંધ રાખવામાં આવશે અને તેનો છ માસીક રીપોર્ટ સુપ્રીમ કાઉન્સીલને મોકલવામાં આવશે. "

ગેરહાજર રહેવાનું કારણ લખી મોકલવું તે બરાબર છે પણ આવી નોંધનો રીપોર્ટ સુપ્રીમ કાઉન્સીલને મોકલાવવાનું કોઇ કારણ નથી. લોકલ કાઉન્સીલની આવી નાની નાની આંતરીક બાબતોમાં સુપ્રીમ કાઉન્સીલે ડખલગીરી કરવાની જરૂર નથી.

( અપૂર્ણ. )

### એક સુધારો.

" ખોજા જાગૃતિ " ના તા. ૨૮–૨–૩૩ ના બીજા અંકમાં " બોટાદ જમાતને ન શોભે " એ મથાળા હેઠળ જે ખબર પ્રગટ થયા છે તેમાં ભાઇ અલીભાઇ ધારશીને બદલે ભાઇ પીરભાઇ ધારશી હોવું જોઇએ તેવો સુધારો અમને બોટાદથી એક ભાઇ લખી મોકલે છે. વાંચકો આ પ્રમાણે સુધારીને વાંચે તેવી વિનંતિ છે.

તંત્રી.



### જાહેર ખબર આપનારાઓને જબરો લાભ.

સરખામણીમાં ઘણાજ ઓછા ભાવથી બહોળા ફેલાવાનું આ અઠવાડીક તમારા ધંધાને ખુબ મદદરૂપ થશે.

મુંબઇના અમારા એડવરટાઇઝીંગ એજન્ટ:
પાયોનીઅર એડવરટાઇઝીંગ બ્યુરો.
લહેરી બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ.
મુંબાઇ.

હમણાંજ લખો:—

વ્યવસ્થાપક,
" ખોજા જાગૃતિ "
દાણાપીઠ–રાજકોટ.


### ખબરપત્રીઓને.

૧. જે કાંઇ સમાચાર મોકલાવવાના હોય તે સત્ય હકીકતથી જરાપણ વેગળા હોવા જોઇએ નહિ.
૨. લખાણ ટુંકું અને મુદ્દાસરનું હોવું જોઇએ.
૩. હાંસીઓ રાખીને કાગળની એક બાજુજ લખાણ લખવું.
૪. ખબર મોકલનારે પોતાનું પુરૂં નામ ઠામ અવશ્ય જણાવવું.
૫. ખબરપત્રીઓના નામ કોઇપણ ભોગે બહાર લાવવામાં આવશે નહિ.

તંત્રી.

# સપ્તાહનો સાર

**વડા મુલ્લાંજી સામે દાવો :** દાઉદી વહોરા કોમના વડા મુલ્લાંજી સરદાર સૈયદના તાહેર સૈફુદીન સામે તાહેરભાઇ વિગેરેએ કબ્રસ્થાનના હક–રક્ષણ માટે સુરતની કોર્ટમાં કરેલ દાવાનો ચુકાદો વાદીઓની તરફેણમાં આવ્યો છે. કોર્ટે એવો વચગાળાનો હુકમ કર્યો છે કે વાદીઓને ૫૦ ચોરસવાર જેટલો ટુકડો વડા મુલ્લાંજીએ કાઢી આપવો, તથા તે માટે જુદો દરવાજો રાખવો. વાદીઓ ત્યાં જરૂરી બાંધકામ કરી શકે. પ્રતિવાદી જો ૧ માસમાં આ પ્રમાણે ન કરે તો વાદીએ કોર્ટની મદદ લેવી અને કોર્ટ તે માટે જરૂરી હુકમ આપશે.

**જાપાનમાં ધરતીકંપ :** જાપાનમાં ભયંકર ધરતીકંપ થવાથી ઘણું મોટું નુકશાન થયું છે. ઇવેક વિસ્તારમાં ૧૩૦૦ માણસો મરણ પામ્યા છે, ૬૯૬ ગુમ થયાં છે, ૨૭૩ ને ઇજા થઇ છે. એ ગામડાં તારાજ થયાં છે. બધાં મળીને ૫૦૦૦ ઘરો નાશ પામ્યાં છે. ૩૦૦ માઇલનો વિસ્તાર ઉજડ વેરાન બની ગયો છે.

**હીટલર સરમુખત્યાર :** જર્મનીમાં છેલ્લી ચુંટણીએ નાઝીનેતા હેર હીટલરને બહુ મોટી ફતેહ આપી છે. આખા જર્મનીમાં પ્રજાકીય વાવટાઓને બાળી નાઝીઓના વાવટાઓ ચડાવવામાં આવે છે. કેટલાક ઠેકાણે બળનો પણ ઉપયોગ કરવામાં આવે છે. માજી કૈસર હીટલરની જીતથી ખુશી થયો છે. કમ્યુનીસ્ટોની ધરપકડમાં શ્રીમતી સરોજીની નાયડુના પુત્ર મી. જયશીલ નાયડુ પણ પકડાઇ ગયા છે.

**સ્ટવ સામે જેહાદ :** મુંબઇના કોરોનર રા. બ. આથેવાલાએ એક બીજું નીવેદન પ્રગટ કરી સ્ટવના અકસ્માતથી જુવાન હિંદુ સ્ત્રીઓના મરણ થતાં અટકાવવા અપીલ કરી છે. અકસ્માતના ખાસ કારણોમાં તેમણે હિંદુ સ્ત્રીઓમાં ઘુંઘટાનો ચાલ, પાતળી સાડીઓ, ચુલા ઉપરની અભરાઇ માથે વસ્તુઓ રાખવી, સ્પીરીટનો ઉપયોગ ન કરવો, વિગેરે કારણો દર્શાવ્યાં છે.

**બેકારીથી કંટાળી લડાઇ તરફ :** યુદ્ધ વિરૂદ્ધની બ્રીટીશ કાઉન્સીલમાં એવી વાત જાહેર કરવામાં આવી હતી કે કેટલાક ખલાસીઓ બેકારીના કારણે ચીન જાપાન વચ્ચેની લડાઇમાં ભાગ લેવા જાપાન જતા હતા. પણ તેઓને આર્થીક મદદ કરી ત્યાં જતા અટકાવવામાં આવ્યા છે.

**અફઘાન સરહદ પર બ્રીટીશ લશ્કર :** ફકીરની ચળવળ સાથે તાયફાવાળાઓ ભળવાથી અફઘાનીસ્તાનની સરહદ ઉપર તોફાનો ચાલુ થયા છે. બ્રીટીશ લશ્કર અફઘાનીસ્તાનની સરહદ ઉપર મુકવામાં આવ્યું છે.

**કાયદાભંગની લડત ખેંચી લ્યો !** શ્રી. જમનાદાસ દ્વારકાદાસના રાજકીય વિચારોમાં ફેરફાર થવાથી સરકારે તેમને જેલમાંથી મુકત કર્યા છે. મહાત્મા ગાંધીને એક લાંબો પત્ર લખી તેમણે સવિનય અનાદરની ચળવળ પાછી ખેંચી લેવા આગ્રહ કર્યો છે. સર ચીમનલાલ સેતલવડ ( લીબરલ ) તરફથી પણ એક નિવેદન પ્રગટ થયું છે. તેમાં કાયદાભંગની ચળવળને સમેટી લેવા વિનંતિ કરવામાં આવી છે.

**વ્હાઇટ પેપર :** સરકાર તરફથી પ્રગટ થનાર વ્હાઇટ પેપર આવતી તા. ૧૭ ના રોજ બહાર પડશે. લંડન તથા હિંદના કેટલાક રાજ્યદ્વારી પુરૂષો વચ્ચે ચાલેલા અગત્યના પત્ર વ્યવહાર ઉપરથી એમ મનાય છે કે વ્હાઇટ પેપર પ્રગટ થતાંની સાથેજ સરકાર મ. ગાંધીજીને બંધનમુકત કરશે. વ્હાઇટ પેપર સંબંધે વિચાર ચલાવવા ના. વાયસરોયે સર સપ્રુને બોલાવ્યા છે.

**ડી'વેલેરાની ફતેહ :** આયરીશ ડેઇલમાં ડી'વેલેરાએ રજુ કરેલું બ્રીટીશ તાજ તરફ વફાદાર રહેવાના સોગન વિધી રદ કરવાનું બીલ ૭૫ વિ. ૪૯ મતે પસાર થયું છે. ઉપલી સભા સેનેટમાં તે રજુ કરવામાં આવશે. સેનેટ તેને પાસ નહિ કરે તો પણ ૬૦ દિવસમાં તે કાયદાનું રૂપ લેશે.

**ચીન જાપાનની લડાઈ :** જાપાનીસોએ શેફેંગ તથા જેહોલ સર કર્યાં છે. બોમ્બના મારાથી ચીનાઓ વેર વીખેર થયા છે. ચીનાઇ સેનાપતિ જનરલ હંગઉલીન નાસી ગયો છે તેને પકડવાનો ચીનની લશ્કરી કાઉન્સીલે હુકમ કર્યો છે. બીજા ચીના વડામાર્શલ ચેટીસ્યુહલીઆંગે પોતાના ઓદ્ધાનું રાજીનામું આપ્યું છે.

**સુભાષ બાબુની તબીયત :** શ્રીયુત સુભાષચંદ્ર બોઝની તબીયત હિંદુસ્તાન છોડયા પછી થોડી થોડી સુધરતી જાય છે. વેનીસ પહોંચી તેઓ વીએના તરફ ઉપડી ગયા છે. બ્રીન્ડીસી ખાતે તેમને હિંદુસ્તાન એસોસીએશન તરફથી આવકારનો સંદેશો મળ્યો હતો. વેનીસ ખાતે તેઓએ ઇટાલીઅન પત્રકારોને મુલાકાત આપી હતી.

**૬૦ હજાર ડોલર લીધા :** જાણીતા અમેરીકન વીમાની કર્નલ લીન્ડનબર્ગના મિત્ર મી. ચાર્લસ બોચેર હેનવરનો ૬૦ હજાર ડોલર લીધા બાદ બદમાશોએ છુટકારો કર્યો છે.

**મ્યુ. પ્રમુખ પકડાયા :** અમદાવાદ મ્યુનીસીપાલીટીના લોકપ્રિય પ્રમુખ શ્રી. ગણેશ વી. માવલંકરની સ્પેશીયલ પાવર્સ ઓર્ડીનાન્સની કલમ ૪ (૧) મુજબ ધરપકડ કરવામાં આવી છે. તેમને નજર કેદી તરીકે સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યા છે.

**સર ઇ. રહેમતુલ્લાનું રાજીનામું :** વડી ધારાસભાના પ્રમુખ સર ઇબ્રાહીમ રહેમતુલ્લાની તબીયત સારી નહી રહેતી હોવાથી તેમને મળેલ તબીબો સલાહ મુજબ તેમણે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે.

**મજુરોની જીત :** ઇંદોરના મીલ માલેકોએ મજુરોના પગારમાં ૨૦ થી ૩૦ ટકા ઘટાડો કરવાથી મજુર મહાજન મંડળે પગારમાં કાપ સ્વીકારવા ના પાડી હતી તેથી મીલ માલેકોએ નોટીસ પાછી ખેંચી લીધી છે.

**પંડીત જવાહરલાલના બ્હેન :** મ. ગાંધીજીની આજ્ઞાને અનુસરીને અસ્પૃશ્યતા નિવારણ માટે નીકળેલાં શ્રીમતી વિજ્યાલક્ષ્મી પંડીતે રાજકોટથી અમરેલીનું આમંત્રણ સ્વીકાર્યું હતું. ત્યાં તેઓનું સારૂં સ્વાગત કરવામાં આવ્યું હતું. હરીજન નિવાસમાં સભા ભરવામાં આવી હતી. " લેડીઝ ઍટ હોમ " મેળાવડામાં બ્હેનોએ સારી હાજરી આપી હતી.

# જ્ઞાતિપટેલોનો ત્રાસ અટકાવવા ના. વડોદરા નરેશનું સ્તુત્ય પગલું

[ વડોદરાના ના. ગાયકવાડે જ્ઞાતિની ઉત્પતિ તથા વૃદ્ધિ, ગોળ બાંધવાનો ઉદ્દેશ, ગોળથી થતા ગેરલાભ, જ્ઞાતિના ગેરવાજબી બંધન તોડવા અત્યારસુધી થયેલ તજવીજ અને તેનું પરીણામ, વિગેરે બાબતોનો અભ્યાસ કરી રીપોર્ટ કરવા નિવૃત્ત થયેલા નાયબ દિવાન રા. બ. ગોવિંદભાઇ દેસાઇના પ્રમુખપદે એક સમિતિ નીમી હતી. આ સમિતિએ રજુ કરેલા અહેવાલનો મુખ્ય ભાગ અમે આ નીચે પ્રગટ કરીએ છીએ સમાજ સુધારણાના પ્રશ્નમાં ના. ગાયકવાડ જે અનેરો ઉત્સાહ ધરાવે છે તે જોતાં આ અહેવાલ ટુંક વખતમાંજ કાયદાનું સ્વરૂપ પકડશે તેમ લાગે છે. આ અહેવાલમાં જ્ઞાતિપટેલોનો જે જુલમ વર્ણવવામાં આવ્યો છે તે લગભગ બધો આપણી કોમને લાગુ પડે છે. વડોદરા રાજ્યમાં વસતા આપણા ભાઇઓને અમારી ખાસ ભલામણ છે કે રાજ્ય તરફથી અપાતી આ મદદનો, જરૂર પડયે પુરો લાભ લેવો.

તંત્રી. ]

"ગોળ તોડવાની તરફેણમાં તેમજ વિરૂદ્ધમાં જે એકંદર અભિપ્રાયો આવ્યા છે તે વિચારમાં લેતાં અમારો અભિપ્રાય એવો થાય છે કે ગોળ તોડવાની તરફેણમાં જે અભિપ્રાય થયા છે તે સબળ, સંયુકિતક અને વજનદાર છે. એ વિરૂદ્ધ જે થોડા અભિપ્રાયો છે તે નીરર્થક અને બીનવજનદાર છે, તેથી આખી ન્યાત કે પેટા ન્યાતમાંજ કન્યાના લગ્ન ન થવા દેતાં અમુક સ્થળ સીમામાંજ રહેનાર તે ન્યાત કે પેટા ન્યાતના લોકોની અંદરજ કરવા જોઇએ અને તે વિરૂદ્ધ વર્તન કરનાર તે ન્યાતનો કે પેટા ન્યાતનો ગુન્હેગાર થાય, એવી એકડાની રૂઢી શ્રીમંત સરકારે ગેરવ્યાજબી અને રાજનીતી વિરૂદ્ધ છે એમ દીવાની નીબંધની કલમ ૧૬ તથા ન્યાયમંત્રી કચેરીના જાહેરનામા નાં. ૭/૧૯૨૫ માં સ્પષ્ટ ઉલ્લેખ કરી ઘણા વર્ષથી જ્ઞાપન કરેલું છે. એટલે હવે તે વિરૂદ્ધ ચાલતા ગોળ એકડાનો જે બચાવ કરવામાં આવે છે તે નીરર્થક છે. ખરૂં જોતાં હાલ જોવાની વાત તો માત્ર એટલીજ છે કે, જ્યારે ગોળ એકડાની પદ્ધતિ રાજનીતી વિરૂદ્ધ ગણાઇ ચુકી છે ત્યારે તેવી પદ્ધતિ જ્યાં ચાલતી હોય ત્યાં તે બંધ કરવાને બદલે હજી ચલાવ્યા કરે છે, અને પોતાની ન્યાતના લોકો ગોળ બહાર કન્યા આપવામાં કંઇ શાસ્ત્ર વિરૂદ્ધ કૃત્ય કરતા નથી એમ છતાં તેમને રૂઢીના ગુલામ બનાવી શિક્ષાઓ કરે છે, અને લાયક વર મળે કે ન મળે તો પણ અમુક સ્થળ સીમામાંના વર સાથેજ કન્યાઓનાં લગ્ન કરવાની ગેરકાયદેસર ફરજ પાડે છે તેમને માટે શું કરવું? અમને લાગે છે કે એવા લોકોનું કૃત્ય ગુન્હાઇત ઠરાવી તેમને દાખલારૂપ શિક્ષા કર્યા વગર ગોળ એકડાની બદી બંધ થવાની નથી. દીવાની નિબંધની કલમ ૧૬ માં સરકારે જે સ્તુત્ય જ્ઞાપન કર્યું છે તે પ્રમાણે ગોળ એકડા વિરૂદ્ધ પોતાની સ્વેચ્છા પ્રમાણે ન્યાતમાં ને ન્યાતમાં ગમે ત્યાં કોઇ પોતાની કન્યા પરણાવે તેથી તે ન્યાતનો કંઇ ગુન્હો કરતો નથી અને તેથી એ પ્રમાણે વરતવા તેનો ન્યાત તરફથી બહિષ્કાર કરવામાં આવે તો તે ગેરકાયદે અને નીરર્થક છે એમ ઠરાવવાનો દાવો તે કરી શકે છે. પરંતુ ન્યાતમાં રહીને દાવા કરવાનું પરીણામ ન્યાતના આગેવાનો તરફથી અનેક પ્રકારની હાડમારી અને ત્રાસ થવામાં થશે એવી બીકથી ગમે તેટલો જુલ્મ થાય તો પણ ન્યાતના આગેવાનો વિરૂદ્ધ દાવો કરવાની કોઇ હીંમત ધરતું નથી અને મુંગે મોઢે દંડ આપી દે છે એમ સમજાય છે. ન્યાતનું અને ન્યાત પંચાયતનું બંધન અને ધોરણ અસ્તીત્વમાં છે ત્યાં સુધી તેની સામે દાવો કરી દાદ લેવાની નૈતીક હીંમત ન્યાયમાં રહેનાર લોકોમાં આવશે એમ લાગતું નથી. કારણ કે અત્યાર સુધી દંડ અને બહિષ્કારના જુલમ થતાં સુધી દાવો કરવાને બદલે દંડ ભરી દઇ તે સહન કરવામાં આવે છે. જે સારા અને સ્તુત્ય ઉદ્દેશથી સરકારે અત્યાર સુધીમાં દીવાની નિબંધની કલમ ૧૬ તથા જાહેરનામું નાં. ૭/૧૯૨૫ કર્યાં છે તેનો ઉદ્દેશ પાર પાડવાને માટે ખાસ જરૂરની વાત એ છે કે ગોળ એકડા બાંધી ગોળ એકડાના પ્રતિબંધ પ્રમાણે ચાલવાની જેઓ બીજાઓને ફરજ પાડે છે તેવા ગોળ એકડાનો અમલ કરાવનારને શિક્ષા કરવી જોઇએ એમ અમને લાગે છે. એટલા માટે અમારી ભલામણ એવી છે કે સરકારે નીચે પ્રમાણે એક જાહેરનામું કાઢવું અથવા કોઇ ચાલુ કાયદામાં કલમ વધારવી.

## જાહેરનામું.

સંવત ૧૯૭૯ (૧૯૨૩) ના દીવાની નિબંધની કલમ ૧૬ થી શ્રીમંત સરકારે જ્ઞાપન કરેલું છે કે તેજ ન્યાતમાં પણ અમુક સ્થળ સીમામાંજ લગ્ન થઇ શકે અને તે વિરૂદ્ધ વર્તનાર દંડને કે વ્યવહાર બહાર રહેવાને પાત્ર થાય એવો પ્રતિબંધ નાંખનાર ન્યાતી સબંધી રીતરીવાજ કે ઠરાવ બંધનકારક ગણાશે નહિ. એમ છતાં એવાં બંધન "ગોળ એકડા" કરાવી દંડ વિગેરેની શિક્ષાઓ રાજ્યમાં ઘણે ઠેકાણે કેટલીક ન્યાતો તરફથી થાય છે એમ જણાવાથી એ ગેરકાયદે વર્તન બંધ કરવા માટે આ જાહેરનામાથી એવો હુકમ કરવામાં આવે છે કે જ્ઞાતિ સંબંધી કોઇ રીત, રીવાજ, નિયમ, ઠરાવ અગર વહીવટ

ક (૧) ન્યાતમાં ને ન્યાતમાં જેની સાથે તે કરવામાં પ્રતીબંધ રાખનારો હોય અથવા

(૨) અમુક સ્થળ સીમામાંજ લગ્ન થઇ શકે એવો પ્રતિબંધ નાંખનારો હોય તો તે રીત, રીવાજ, નિયમ, ઠરાવ અગર વહીવટનું ઉલ્લંઘન કરનાર શખ્સને કોઇપણ જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, ગોળ અગર એકડાથી દંડ, ન્યાતબહાર, વ્યવહાર બહાર કે બીજી કોઇ સજા ન્યાત કે ન્યાત પંચાયત કે શેઠ તરફથી થઈ શકે નહિ.

ખ ઉપર જણાવેલી મનાઇ વિરૂદ્ધ જો કોઇ શખ્સને જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, ગોળ અગર એકડા તરફથી શિક્ષા કરનાર અને તે કરવામાં આવશે તો તે શખ્સની ફરીયાદ ઉપરથી એવી શીક્ષા કરનાર અને તે કરવામાં સંમતિ આપનાર દરેક શખ્સ ૭ માસ સુધીની આસન કેદની અગર રૂા. ૧૦૦૦) સુધીના દંડની અગર તે બન્ને પ્રકારની શિક્ષાને પાત્ર થશે, અને તે ઉપરાંત દંડ લીધો હશે તો જેની પાસેથી લીધો હશે તેને પાછો આપવો પડશે.

ઉપર પ્રમાણેના અમારા અભિપ્રાય સાથે અમારી સમિતિના એક સભાસદ વડોદરાના નગરશેઠ રા. રા. ડાહ્યાભાઇ મગનલાલ મળતા થતા નથી."

**( હિંદુસ્તાન-પ્રજામિત્ર તા. ૨૮-૨-૩૩ )**

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

કલમ ૬

" જ્યારે કાઉન્સીલનું કામ ચાલતું હોય ત્યારે યોગ્ય કારણ બતાવીને કોઇ મેમ્બર ચાલ્યો જાય તો પણ કામકાજ ચાલુ રહેશે. જો ઓછામાં ઓછા ફકત ત્રણ મેમ્બરોજ બાકી રહે તો પણ તેઓને પોતાનો ઠરાવ આપવા અધિકાર છે."

આટલી બધી આપખુદી લોકલ કાઉન્સીલ માથે લાદવાનું કાંઇ કારણ નથી. જે મેમ્બર કારણ બતાવીને ચાલ્યો જાય–Walk Out કરે–તેનું કારણ કાઉન્સીલને ગેરવાજબી દેખાય તો કાઉન્સીલ પોતાનું કામ જરૂર ચાલુ રાખે. પણ તે કારણ કાઉન્સીલને વાજબી દેખાય તો પણ કામ તો તેણે ચાલુજ રાખવું એવો આ કલમનો અર્થ છે. ખરી રીતે તો આવા પ્રસંગોએ કાઉન્સીલ તેના ચાલી જવાના કારણ સબંધે વિચાર કરે અને તેને ઠીક લાગે તો કામ ચાલુ રાખે અને તેને ઠીક લાગે તો બંધ કરે તેમ હોવું જોઇએ. જો "યોગ્ય" શબ્દનો અર્થ મેમ્બરના પોતાના અંગત ખાનગી કારણ કે કામ સાથે સંબંધ ધરાવતો હોય તો તેમ પણ ચોકખી રીતે લખવું જોઇએ.

કલમ ૭

બન્ને તરફ સરખા મત પડે ત્યારે કાઉન્સીલના પ્રેસીડેન્ટને વધારાનો મત આપવાના હક સબંધેની છે.

કલમ ૮

કાઉન્સીલનું કામ બહુમતીના ધોરણે ચલાવવા સંબંધની છે.

આ કલમો માટે કાંઇ કહેવાનું નથી.

કલમ ૯

કાઉન્સીલના પ્રેસીડેન્ટની ગેરહાજરી વખતે અથવા પ્રેસીડેન્ટ તરીકે કામ કરવાની તેની નામરજી વખતે હાજર રહેલા મેમ્બરોમાંથી એકની તે બેઠક માટે પ્રમુખ તરીકે નીમણુક કરવા સંબંધેની છે.

અહીં 'નીમણુક' ને બદલે 'ચુંટણી' લખાવું જોઇએ. નીમણુક એક માણસ કરે. ચુંટણી બહુમતીના ધોરણે થાય.

કલમ ૧૦

કાઉન્સીલની ખાસ મીટીંગ કયારે કોણ કઇ રીતે બોલાવી શકે તે સંબંધેની છે.

આ કલમ માટે કશું લખવાપણું નથી.

કલમ ૧૧

ખાનગી કામ વખતે કાઉન્સીલહૉલના બારણાં બંધ રાખવા સબંધેની છે

આ કલમ માટે પણ કાંઇ લખવાનું નથી.

કલમ ૧૨

" કાઉન્સીલમાં ચાલેલ કામકાજના પ્રોસીડીંગની નોંધ નીચે કાઉન્સીલના બધા મેમ્બરોએ સહી કરવી, અને ઠરાવમાં કાઉન્સીલના પ્રેસીડેન્ટે એકલાએ સહી કરવી "

આવું ધોરણ કોઇપણ બંધારણવાળી સંસ્થામાં જોવામાં આવતું નથી. પ્રોસીડીંગ નીચે જમણી બાજુએ પ્રમુખની અને ડાબીએ મંત્રીની સહી દરેક ઠેકાણે થાય છે. બધા મેમ્બરોને આવી રીતે સહી કરાવવાની કાંઇ જરૂર નથી.

કલમ ૧૩

મા, બાપ, ભાઇ, દીકરો, બેન, દીકરી અને સ્ત્રીના કેસમાં કોઇ મેમ્બરને મેમ્બર તરીકે બોલાવાનો કે મત આપવાનો હક ન હોવા સંબંધેની છે.

આ કલમ બરાબર છે.

કલમ ૧૪

" કાઉન્સીલનો કોઇ મેમ્બર કેસનું પ્રોસીડીંગ ખતમ થયા પછી અને સદરહુ કેસનો ઠરાવ અપાયા પહેલાં કાંઇ ભાષણ કરે તો તેના તેવા ભાષણની અંદર કોઇ બીજો મેમ્બર તેને અટકાવશે નહિ અગર તેમાં દખલગીરી કરશે નહિ."

આ કલમનો આશય બરાબર છે પણ તે મુકતાં નથી આવડયું. કોઇ મેમ્બરે કોઇ મેમ્બરના ભાષણમાં ડખલગીરી ન કરવી એ બરાબર છે. પણ આ કલમનો અર્થ એવો પણ નીકળી શકે કે નકકી કરેલા વખત પહેલાં કે પછી જો કોઇ મેમ્બર ભાષણ કરે તો બીજો મેમ્બર તેને તેમ કરતાં અટકાવી શકે. જ્યારે ખરી રીત એ છે કે આવી રીતે નક્કી કરેલા સમયની બહાર જ્યારે કોઇ મેમ્બર ભાષણ કરતો હોય ત્યારે એક પ્રેસીડેન્ટજ તેને તેમ કરતો અટકાવી શકે. બીજા મેમ્બર તો માત્ર પ્રેસીડેન્ટનું ધ્યાનજ ખેંચી શકાય કે તેને બહુ તો અટકાવવા વિનંતિ કરી શકાય. કોઇ મેમ્બર સીધો બીજાને અટકાવી શકે નહિ. ( અનુસંધાન માટે જુઓ પાનું ૨૯. )

## મી. ચુનારા સામેનો કેસ,

અત્રેના મે. ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોર્ટમાં મુંબઇથી પ્રગટ થતા "ઇસમાઇલી" ના તંત્રી મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર હીંદી ફોજદારી કાયદાની કલમ ૫૦૦ નીચે ચાલતા કેસની મુદત આવતી તા. ૧૭–૩–૩૩ ની નક્કી થઇ છે; જે વખતે બન્ને પક્ષના વકીલો તરફથી દલીલો કરવામાં આવશે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સમાજ-સુધારણા અને રાજસત્તા. છુટક નકલ ત્રણ પૈસા.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૫: માર્ચ ૨૧ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ફાલ્ગુન વદ ૧૦: મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## શા માટે ?

કોમની આ કંગાલીઅત શા માટે ? દીન પર દીન વધતી જતી આ બેહાલી, ગરીબી શા માટે ?

આ વેર ઝેર, આ ઇર્ષા અને અદેખાઇ શા માટે ?

કોમને ભારે મારતા આ કર વેરા શા માટે ?

ધીક્કારવા લાયક ફરજીઆત લાગાઓ ઉઘરાવવામાં વપરાતી ત્રાસનીતી શા માટે ?

દિવસ ઉગ્યે રોજ નવી નવી શરમજનક યુક્તિ પ્રયુક્તિઓથી કોમમાં પાડવામાં આવતી ફાટફુટ શા માટે ?

યુવાન ! આ " શા માટે ? " ની ફીલસુફીનો અભ્યાસ તેં ક્યારેય કર્યો છે ? એ " શા માટે ? " ના જવાબ તેં ક્યારેય તારા દીલ પાસેથી મેળવ્યા છે ?

કોમમાં પ્રવર્તતી આ કંગાલીઅત, આ વેર ઝેર અને આ ઇર્ષા કાઉન્સીલના અમલનેજ આભારી છે. જન્મથી તે મરણ સુધી ' લાવ, લાવ ને લાવ ' કરનારા લાગાઓ કોમના ભલા માટે નહિ પણ કાઉન્સીલના હીતની ખાતરજ છે. બંધારણના ઓઠા પાછળ કુટીલ સ્વાર્થજ રહેલો છે. કોમહીતના બાના નીચે કોમનુંજ હીત ચૂસી લેનારૂં ભયંકર યંત્ર છુપાયેલું છે.

જુવાન , આ સ્થિતિ તું બરાબર સમજી લે. ડગલે ને પગલે નાની અને મોટી બાબતમાં તારા મનને " શા માટે ? " નો પ્રશ્ન કરી જો, આ " શા માટે ? " ની ફીલસુફીજ તારામાં સ્વાર્પણના પવિત્ર અગ્નિની જવાળાઓ પ્રગટાવશે. એ જવાળાઓમાંજ કાઉન્સીલ અને તેની કુટીલનીતી બળીને ભસ્મીભુત થશે, કઠીન અગ્નિ પરિક્ષાજ કાઉન્સીલને નવો દેહ ધારણ કરાવશે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૧-૩-૩૩.


## સમાજ-સુધારણા અને રાજસત્તા.

સામાજીક કુરીવાજો, હાનીકારક રૂઢીઓ અને બીજી કેટલીયે બદીઓ અત્યારે લગભગ એકેએક કોમમાં જોવામાં આવે છે. આ બદીઓ નાબુદ કરી સમાજને સુધારવાના પ્રયત્નો પણ વધતા ઓછા પ્રમાણમાં અત્યારે લગભગ બધી કોમોમાં શરૂ થઇ ગયા છે. સેંકડો જુવાનો અત્યારે સમાજ-સુધારણા પાછળ પોતાની શકિત ખર્ચી રહ્યા છે. તેમના આ પ્રયાસોને ઘણીજ ત્વરાથી અને સંપૂર્ણ ફત્તેહ સાથે મૂર્ત સ્વરૂપ આપવા માટે રાજસત્તાએ આ પ્રશ્ન હાથ ધરવાની ઘણી જરૂર છે.

સમાજ-સુધારકોની વર્ષોની સતત મહેનત છતાં, કેટલાયે નવજુવાનોના અથાગ પરિશ્રમ પછી પણ જે કાર્ય સંપૂર્ણપણે કયારે ફળીભુત થશે તે કહેવું મુશ્કેલ છે તે જો રાજસત્તા પોતાના ધ્યાન ઉપર લ્યે તો જોતજોતામાં સમાજ-સુધારણાના પ્રશ્નનો ઉકેલ થઇ જાય. સેંકડો જુવાનોના વિરોધ કે પીકેટીંગથી જે બદીઓ ઘણી ઓછી સફળતાથી અટકાવી શકાય તે રાજસત્તાના માત્ર એક કાનુન કે જાહેરનામાથી તુરતજ નાબુદ કરી શકાય તેમ છે. સુધારકોના પ્રયત્નોને રૂઢીચુસ્તો અવગણી શકશે કે તેઓને ગાળો ભાંડી શકશે પણ રાજ્યના હુકમની વિરૂદ્ધ જવાની ગમે તેવા રૂઢીપુજકની હીંમત ચાલશે નહિ. સમાજ-સુધારણા માટે વડોદરા રાજ્ય ખાસ કાળજી ધરાવે છે અને તેને લઇને તે રાજ્યમાં એવા ઘણા કાનુનો કરવામાં આવ્યા છે. કાઠીયાવાડના બીજાં દેશી રાજસ્થાનો પણ જો આ હકીકતને લક્ષમાં લ્યે અને ના. ગાયકવાડ સાથે સમાજ સુધારણાના પ્રશ્નના ઉકેલ માટે સહકાર કરે તો ઘણીજ સહેલાઇથી કાઠીયાવાડમાં જે અનેક સામાજીક અનિષ્ટો ઘર ઘાલી બેઠાં છે તે દુર કરી શકાય.

દેશના સેંકડો નવજુવાન પુત્રો અત્યારે સમાજ-સુધારણા પાછળ પોતાનું હીર નીચોવે છે. રાજસત્તા જો આ માટે કાયદા કાનુન ઘડે તો એ તમામની શકિતઓ ખર્ચાતી બચાવી લઇ દેશહીતના કોઇ વધુ મહત્વના કાર્ય માટે દેશની આ મોંઘી મુડીનો ઉપયોગ કરી શકાય. એ દરજ્જે પણ સમાજ-સુધારણાના પ્રશ્નનો ઉકેલ જલદી થઇ જવો જોઇએ છે અને તેના માટે વધુમાં વધુ અસરકારક પગલું રાજસત્તાની દરમ્યાનગીરીથી ભરી શકાય તેમ છે.

ઘણા માણસો એ પ્રશ્ન કરે છે કે આવી સામાજીક બાબતોમાં રાજસત્તાને વચમાં આવવાનું કહેવું એ પ્રજાના હક ઉપર કાપ મુકવા બરાબર છે કે નહિ? આ પ્રશ્ન ઘડીભર માણસને મુંઝવે તેવો છે. 'પ્રજાના હક' એટલે દારૂ પીને ગાંડા થવાનો હક નહિ કે ગમે તેવા દુર્ગુણો તરફ ઘસડાવાનો હક નહિ. પ્રજા પોતાને એવો હક માગતી નથી કે બીજાઓ ઉપર કે પોતાના અંગ ઉપર તે જુલમ કરવામાં સફળ થાય. "પ્રજાનો હક" એટલે પ્રજાને પોતાના ઉત્કર્ષ તરફ વગર અટકાવે આગળ વધવાનો હક; પ્રજા શરીરના એકેએક અંગને સપુર્ણપણે વિકસાવવાનો હક; દુનીયા આખીના એકેએક સદ્‌ગુણને પોતાનો કરી લેવાનો હક; નહિ કે સડી ગયેલા દુર્ગુણોમાં દાખલ થવાનો હક. આ દ્રષ્ટિથી જોતાં રાજસત્તા સામાજીક-સુધારણા અર્થે દરમ્યાનગીરી કરે તે પ્રજાના હક ઉપર રજ માત્ર પણ કાપ મુકવા બરાબર નથી. વળી આવી હક-રક્ષણની માગણી કયો સમાજ કરી શકે? જે સમાજમાં પૈસાની લાલચે દીકરીઓનાં વેચાણ થતાં હોય કે વરવિક્રય થતો હોય, જે સમાજ પોતાના સભ્યોને અમુક સ્થળ સીમામાંજ પોતાના પુત્ર માટે પત્નિ કે પુત્રી માટે પતિ ગોતી લેવાની ફરજ પાડતો હોય, જે સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ગુલામ કરતાં પણ નીચું હોય, જે સમાજ વ્યકિતસ્વાતંત્ર્ય ઉપર ત્રાપ મારી અમુક માણસો સાથે ભોજન વ્યવહાર કે હળવા મળવાનો પણ નિષેધ કરતો હોય અને જે સમાજ એકત્ર થવાને બદલે દિનપ્રતિદીન જુદા જુદા અનેક નાના નાના ગંધાતા ખાબોચીઆમાં વ્હેંચાઇ જતો હોય તેને વળી પ્રજાહક અને વ્યકિત-સ્વાતંત્ર્યની વાતો કરવાનો શું હક છે? 'તમે અમારા હક કાયમ રાખો, અમે ભલે બીજાના ઝુંટવી લઇએ. તમે અમારી બાબતમાં ડખલગીરી કરશો નહિ, અમે ભલે કોણે કયાં પરણવું એવી અંગત બાબતોમાં પણ અમારો ધોકો પછાડયા કરીએ. ટુંકમાં તમારે અમને કાંઇ ન કહેવું, અમે અમને ઠીક લાગશે તેના માથે ઠીક લાગશે તેવો જુલમ કર્યા કરશું.' આવી મનોદશા આજે પ્રજાહકને નામે બરાડા પાડનાર રૂઢીચુસ્તોની છે.

## આપખુદીના ખપ્પરમાં.

ભડલી ( ભાણુ )થી એક ભાઇ લખી જણાવે છે કેઃ—

(૧) અહીંના ભાઇ મામદ ભીમજી તથા ભાઇ રૂપજી ભીમજી તથા ભાઇ ચત્રભુજ માધવજીની દીકરીઓના લગ્ન ગઇ ગઢડા મીજલસમાં થયા. આ વખતે ભડલી જમાત તરફથી કાઉન્સીલના ધારા મુજબ બધું ' લેણું ' ચુકતે ભરપાઇ કરી દીધાના કાગળો લઇ જવામાં આવ્યા હતા. છતાં નીકાહ વખતે આ કાગળોને જુઠા ઠરાવી નીકાહ અટકાવવામાં આવ્યા, અને ત્રણે પાસેથી જામીન લીધા બાદજ નીકાહ પઢાવવાની પરવાનગી મળી. કોમ ઉપર ત્રાસ ચલાવનારાઓ જરા પાછું વાળી જુએ તો સારૂં. ભડલી જમાતનું પણ આવા કાર્યથી અપમાન કરવામાં આવ્યું છે.

(૨) ભડલીના એક જાણીતા ભાઇ જેમણે રાજકોટ ખોજા યુવક મંડળ વિરૂદ્ધ પ્રચારકાર્ય કરવામાં પોતાનું હીર નીચોવી નાખ્યું હતું તેઓ ગઢડા મીજલસ પુરી થયા પછી બોટાદ બોર્ડીંગના કહેવાતા પ્રી-સીપાલ મીશનરી અલાદીના મામુ તથા વીંછીયાના ભાઇ નુરમામદ મેઘજી અને છગન જીવાને ખાસ પોતાના તરફથી આમંત્રણ આપી ગઢડાથી વાહન કરી ભડલી તેડી આવ્યા. એ દિવસ રોકી ત્રણે ભાઇઓને વીંછીયા જવા વાહન મોકલ્યું. તેના બન્ને વખતના વાહનના ભાડાના રૂા. ૩ા સાડા ત્રણ જમાતખાનાની પરચુરણ કારસાજીમાંથી જમાતનું દીલ દુઃખાવા છતાં વસુલ લીધા. જમાતખાનાના પૈસાનો ગેર ઉપયોગ કરી જાહેરમાં માન મેળવવાનો પરવાનો આ ભાઇએ કયાંથી મેળવ્યો હશે?

## ખોજા સુધારક સંઘ

### એક અપીલ.

**ભાઇઓ,**

આપ સારી રીતે જાણો છો કે છેલ્લા દોઢ વરસથી ખોજા સુધારક સંઘ આપણી કોમની સેવા બજાવે છે. કોમની મુકિતની લડતમાં તેણે પોતાથી બનતો ફાળો આપ્યો છે અને હજી પણ આપે છે.

કોઇ પણ સંસ્થા આર્થીક મદદના ટેકા શીવાય જીવી શકે નહિ. કોમના ઉત્સાહથીજ આ સંસ્થા ઉભી થઇ છે, કોમની ખાતરજ તે જીવે છે અને કોમેજ તેને નીભાવી રાખવી જાઇએ.

ખોજા સુધારક સંઘનું પ્રચાર કાર્ય ઘણી દીશામાં કરવાનું છે. સેવાનું વિશાળ ક્ષેત્ર તેની સમક્ષ પડયું છે. આ બધાને પહોંચી વળવા માટે નાણાની જરૂર રહેજ એ સ્વભાવીક છે. કોમના ઉદાર ગૃહસ્થો જો આ સંસ્થાને સેવા કરવાની પુરતી તક આપશે તો પોતાના કોડ પુરા કરવા તે પોતાથી બનતું બધું કરવા તૈયાર છે.

આશા છે કે આ વિનંતિ વ્યર્થ નહિ જાય અને કોમી બીરાદરો પોતાથી જેટલો બને તેટલો ફાળો કોમના મુકિત-યજ્ઞમાં આપી સંસ્થાને આભારી કરશે.

ખો. સુ. સંઘ કાર્યાલય.
ધ્રોળ.
તા. ૧૫-૩-૩૩.

લી. સેવક
**કાળીદાસ સુસાણી,**
મંત્રી,
ખોજા સુધારક સંઘ.

નોંધ. ખોજા સુધારક સંઘની આ અપીલને યોગ્ય જવાબ વાળવા અમે સહુ ભાઇઓને આગ્રહભરી વિનંતિ કરીએ છીએ. કોમની સેવા કરતી સંસ્થાઓ કોમની સખાવતની હકદાર છે એ તરફ કોમના શ્રીમંતોનું અમે ધ્યાન ખેંચીએ છીએ.

તંત્રી.

## મોટાઈના મૃગજળ પાછળ.

ભાલના અમારા ખબરપત્રી લખી જણાવે છે કેઃ—

(૧) ઉતેલીયા ગામના ભાઇ ચતુર જીણાભાઇએ પોતાના પુત્રની રાખેલ માનતા બદલ મીજલસ કરી રૂા. ૨૦૦) બસોહ આશરેનું ખર્ચ કર્યું. "ખર્ચે તેનું ખોરૂં" એ કહેવત પ્રમાણે રસોઇ કાચી પાકીની વાતો ઠીક પ્રસરી. ભાઇ ચતુરભાઇ, આટલી રકમ ભાલની કેળવણીના કાર્યમાં ખરચી હોત તો ગરીબ ભાલ આપનો આભાર માનત. બીજા ભાઇઓ હવે પોતાના વાપરવાનો રસ્તો કેળવણી તરફ વાળશે તો ઘણોજ ફાયદો થશે.

(૨) ફેદરા ગામમાં ભાઇ નીમજી માધવજીએ પોતાની પુત્રીને રૂા. ૪૪૮) નું આણું કર્યું. "સાર" ના રૂા. ૫૬) થયા. નીમજીભાઇએ પોતાનું સારૂં દેખાડવા ખાતર આ રકમની નોંધ કરાવવાની હઠ લીધી તેમની મકકમતાથી દીકરીના સાસરાવાળાઓ છેવટે ન છુટકે રૂા. ૩૦) આપી છુટા થયા. દીકરીના ઘરમાં ત્રીશ રૂપીયાનો ઘોડો ફેરવતાં નીમજીભાઇએ વિચાર કરવો જોતો હતો.

### લખનારાઓને જવાબ.

ભાઇ ચોગઠવાસી.

આપની હકીકત જાણી પુરા ખબર વિગતથી નામ ઠામ અને તારીખ સહીત લખી મોકલાવો એટલે ઘટતું કરવામાં આવશે. તમારી સ્વતંત્રતા માટે તો તમારે થોડો ઘણો ભોગ જરૂર આપવો જોઇએ. મુખી કામડીયા અને કાઉન્સીલનો ડર છોડો એટલે બધું બરાબર થઇ જશે.

તંત્રી.

સમાજ-સુધારકોએ પોતાના કાર્યની સાથોસાથ આ પ્રશ્ન ઉપાડી લઇ જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં રાજસત્તાનો સહકાર મેળવવો જોઇએ. બાળલગ્ન, વૃધ્ધ લગ્ન, અમુક સ્થળ સીમામાંજ લગ્ન વ્યવહાર, વીના કારણે કે નજીવા પ્રસંગે નાતના પટેલોની નાતબહાર મુકવાની જોહકી, આ અને આવા બીજા અનેક કુરીવાજો સામે રાજ્ય તરફથી કાનુન કરાવવા જોઇએ અને વ્યકિત-સ્વાતંત્ર્યનું કાયદાથી રક્ષણ થવાની જરૂરીઆત રાજસત્તા આગળ સ્પષ્ટ કરવી જોઇએ. જ્યાં જ્યાં આવા કાનુનો રાજ્ય તરફથી અમલમાં હોય ત્યાં ત્યાં વગર સંકોચે ન્યાયની અદાલતનો આશ્રય લઇ દાખલા બેસારવા જોઇએ. તેમજ એવા કાનુનોની સમાજમાં બહોળી જાહેરાત કરવી જોઇએ.

# સપ્તાહનો સાર

**મહાસભાની બેઠક :** મહાસભાની સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીયે એક નીવેદન મારફત જણાવ્યું છે કે "મહાસભાની બેઠકની તારીખો ૩૧ મી માર્ચ તથા ૧ લી એપ્રીલ ચોક્કસ છે. છતાં એવી જાતની અટકળ કરવામાં આવે છે કે "વ્હાઇટ પેપર પ્રગટ થયા પછી મહાત્માજીને પાર્લામેન્ટની જોઇન્ટ સીલેક્ટ કમીટી પર બેસવા આમંત્રણ મળે જેથી મહાસભાની તારીખો લંબાય" આ અસંભવિત છે. સરકારે પોતાની નિતી સ્પષ્ટ કરી છે. તેથી અમે અરજ કરીએ છીએ કે લોકોના મનમાં ખોટી આશાઓ ઉત્પન્ન કરવી નહિ. તેને લઇને દેશને ઘણું નુકશાન થાય છે. ડોક્ટર સૈયદ અહમદ પ્રેસને મુલાકાત આપતાં જણાવે છે કે "મહાસભાવાદીયો જે વર્ણવી કે માની ન શકાય તેવા સંકટો ૧ વર્ષથી ખમી રહ્યા છે તે માત્ર જેલમાંથી છુટવા માટે નહિ. આ હકીકત વડી ધારાસભાના સભ્યો જે રાજદ્વારી કેદીયોના છુટકારાની માગણી કરી રહ્યા છે તેમણે જાણવી જોઇએ. માનભરી સુલેહ માટે મહાસભા તૈયાર છે. પણ તેને કોઇની દયાની જરૂર નથી.

**ભાવી બંધારણમાં દેશી રાજ્યો :** વ્હાઇટ પેપર ઉપર ચર્ચા ચલાવવા રાજ્યવંશીયોના પ્રતિનિધીઓ સાથે ના. વાઇસરોયે તા. ૧૪ મીએ કોન્ફરન્સ ભરી મસલત ચલાવી હતી. સમુહ તંત્રની નીચલી તથા ઉપલી સભામાં રાજસ્થાનોને ⅓ જેટલી બેઠકો મળશે. જો દેશી રાજ્યો ના. વાઇસરોયની આ સુચના નહિ કબુલે તો સાર્વભૌમ સત્તા પોતાનો નિર્ણય જાહેર કરશે તેમ સંભળાય છે.

**જર્મનીનો મામલો :** હીટલરના સરમુખત્યાર પદે નાઝીઓ પોતાનું જોર જર્મનીમાં જમાવતા જાય છે. બાવેરીયા, સેક્સની તથા બીજા ફેડરેશનના રાજ્યોની સરકારને નાઝીઓની તરફેણમાં રાજીનામાં આપવા પડયાં છે. કાળો, લાલ અને સોનેરી રંગનો પ્રજાકીય વાવટો રદ કરી તેની જગાએ જુનો કાળો, સફેદ અને લાલ રંગનો શાહી વાવટો સ્થાપવામાં આવ્યો છે. યાહુદીઓ તથા કોમ્યુનીસ્ટો ઉપર જુલ્મ ગુજારવામાં આવે છે.

સીપીયર અને કોલોન શહેરમાં નાઝીઓની છાવણી નખાયાથી ફ્રાન્સ તથા ઇંગ્લેંડમાં ચીંતાની લાગણી ફેલાણી છે. આ પગલું વરસેલ્સના કરારનો ભંગ કરનારૂં ગણવામાં આવે છે. ટુંક વખતમાં માજી કૈસર જર્મનીમાં પાછા ફરવાની માગણી કરશે તેમ સંભળાય છે.

**અમેરીકામાં ધરતીકંપ :** અમેરીકામાં ધરતીકંપ થવાથી જબરૂં નુકશાન થયું છે. લગભગ ૬૦,૦૦૦ મકાનોનો નાશ થયો છે. ચૌદ ગામમાં ૧૨૦ મરણ અને ૪૧૫૦ ને ઇજા થઇ છે.

અમેરીકાની આર્થીક સ્થિતિને વધુ નબળી થતી અટકાવવા દેશ આખાંની બેંકો દશ દિવસ સુધી બંધ રખાયા પછી બેંકીંગને લગતું તમામ કામકાજ રાબેતા મુજબ ચાલુ કરવામાં આવ્યું છે. નાણું ખેંચતી વેળાએ ગ્રાહકોને એવા પ્રમાણપત્ર ઉપર સહી કરવી પડે છે કે "હું નાણું સંગ્રહીશ નહિ." સોનામાં નાણાં પગાર કરવા પરનો અંકુશ જેમનો તેમ છે.

**સુભાષચંદ્ર બોઝ :** શ્રી. સુભાષચંદ્ર બોઝની તબીયતમાં સુધારો નથી. તેમણે સ્વદેશ ખાતાના મંત્રી ઉપર એક પત્ર લખી જાણવા માંગ્યું છે કે તેઓને શા માટે ગ્રેટ બ્રીટન જવા દેવામાં આવતા નથી. પોતાના છુટકારાનો હુકમ પણ તેમને તુરત પહોંચાડવા તેઓએ અરજ કરી છે.

**ચીન જાપાનની લડાઇ :** ચીન સરદાર હયુલીઆંગનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું નથી. ચીઆંગ–કૈ–શેકે જાપાન સામેના કુલ લશ્કરની સરદારી લીધી છે. ચીનની મહાન દીવાલની ઉત્તર વિભાગમાં મોટી ફતેહ મેળવ્યાનો દાવો ચીનનું એલચી ખાતું કરે છે. જાપાનની બે લશ્કરી ટુકડીઓ તેમણે નસાડી મુકી છે. મંચુરીયા અને જાપાન વચ્ચે થયેલા છુપા કોલકરારની નકલ ચીનની રાષ્ટ્રીય રક્ષણ સભાના હાથમાં આવી છે. તેમાં જાપાનનો ચીન આખું સર કરવાનો ઇરાદો જણાય છે.

**પાર્લામેન્ટની જોઇન્ટ સીલેક્ટ કમીટી :** હિંદનું ભાવી બંધારણ નક્કી કરનાર ઇંડીયા બીલ પરની પાર્લામેન્ટની જોઇન્ટ સીલેક્ટ કમીટીના સભ્યો તરીકે હિંદથી ૧૮ ડેલીગેટો જશે. બ્રીટીશ હિંદમાંથી ૯, દેશી રાજ્યોમાંથી ૬, અને એસેમ્બલી તથા કાઉન્સીલમાંથી ૩ સભાસદની નીમણુક થશે તેમ બોલાય છે.

**વડી ધારાસભાના પ્રમુખ :** વડી ધારાસભાના પ્રમુખ તરીકે ડેપ્યુટી પ્રમુખ શ્રી. આર. કે. સનમુખ ચેટીની સર્વાનુમતે ચુંટણી થઇ છે.

**ના. વાઇસરોયની નામંજુરી :** દાઉદી વહોરા કોમ ઉપર લાગુ કરવામાં આવેલ વકફ એક્ટ રદ કરવાના બીલને વડી ધારાસભામાં રજુ કરવાની ના. વાઇસરોયે મંજુરી આપી નથી.

**બ્રીટન હથીયાર પુરાં પાડશે :** ચીન અને જાપાનની લડાઇમાં હથીયાર પુરા પાડવા ઉપર પ્રતિબંધ મુકવા માટે દરેક રાષ્ટ્રો એકમતી ઉપર આવવાનો સંભવ નહિ દેખાવાથી બ્રીટને પોતે મુકેલ પ્રતિબંધ ઉઠાવી લેવાનું નક્કી કર્યું છે.

**હિંદની સોનાની નિકાશ :** ૧૧ મી માર્ચે પુરાં થયેલા એક અઠવાડીયા દરમીયાન મુંબઇથી પરદેશ ખાતે રૂા. ૮૧,૪૪,૩૫૦ નું સોનું ચડયું છે. ઇંગ્લાંડે સોનાનું ધોરણ છોડયું ત્યારથી તે અત્યાર સુધીમાં મુંબઇથી પરદેશ રૂા. ૧,૧૫,૬૩,૪૯૦૨૩ નું સોનું ચડયું છે.

**મીરત કાવત્રા કેસ :** મુંબઇમાં મંગળવારે સાંજે મારવાડી વિદ્યાલય હૉલમાં શ્રી. જમનાદાસ મહેતાના પ્રમુખપણા હેઠળ એક જાહેરસભા મળી હતી. જેમાં મીરત કાવત્રા કેસમાં સજા પામેલાઓની અપીલ નોંધાવવા માટે બચાવ ફંડમાં મદદ કરવા માટે પ્રમુખે જણાવ્યું હતું. તથા આરોપીઓને થયેલી સખ્ત સજા સામે નાપસંદગી જાહેર કરી હતી. વિલાયતમાં પણ આ પ્રકારની ચળવળ ચાલી રહી છે. હાઇકોર્ટમાં અપીલ દાખલ કરી દેવામાં આવી છે.

# ચકચાર ભર્યો બદનક્ષી કેશ.

## દલીલો થઈ; જજમેન્ટ મુલતવી.

( અમારા પ્રતિનિધી તરફથી. )

રાજકોટ તા. ૧૭ માર્ચ.

ચકચાર ભર્યા બદનક્ષી કેસની એક વધુ સુનાવણી આજરોજ અત્રેના મે. ફ. ક. મેજીસ્ટ્રેટની કોર્ટમાં નીકળી હતી. જે વખતે ફરીયાદ તથા બચાવ પક્ષના ધારાશાસ્ત્રીઓએ દલીલ કરી હતી. જજમેન્ટ તા. ૩૧-૩-૩૩ ઉપર મુલતવી રહ્યું છે.

મુકદ્દમાની વિગત ટુંકમાં એવી છે કે અત્રેના જાણીતા શહેરી અને ખોજા સુધારક સંઘના પ્રમુખ શ્રી. કાનજી ગુલાભાઇએ મુંબઇથી પ્રગટ થતા "ઇસમાઇલી" અઠવાડીકના અધિપતિ મી. ચુનારા ઉપર હિં. ફો. કા. કલમ ૫૦૦ નીચે પોતાની બદનક્ષી કર્યાની ફરીયાદ કરી હતી જે ઉપરથી ગઇ તા. ૮-૪-૩૨ ના રોજ મી. ચુનારાની રાજકોટમાં ધરપકડ કરવામાં આવી હતી અને રૂ. ૩૦૦) ના જામીન ઉપર તેમનો છુટકારો થયો હતો.

શરૂઆતમાં બચાવ પક્ષના ધારાશાસ્ત્રી મી. ચીનાઇ બાર-એટ-લૉએ જણાવ્યું કે "ઇસમાઇલી" ના તા. ૩-૧-૩૧ ના અંકમાં "કાનજી ગુલા કેદ થયા" એ મથાળા નીચે પ્રગટ થયેલ લખાણ સામે ફરીયાદીને વાંધો છે. ફરીયાદી એમ કહે છે કે તેમાં લખવામાં આવ્યા મુજબ તેને રાજકોટ સ્ટેટ તરફથી કેદ કરવામાં આવ્યો હતો નહિ. જો કે તે આખા લખાણ સામે તેને વાંધો હોવાનું તે જણાવે છે છતાં તેમાં લખવામાં આવેલી લગભગ બધી હકીકતો તે કબુલ કરે છે. માત્ર તેને કેદ કરવામાં આવેલ તેજ તે કબુલ કરતો નથી તેને નાતબહાર કરવામાં આવ્યો હતો તે વાતને તે કબુલે છે. કાઉન્સીલ તેને નાતબહાર કરવામાં વાજબી હતી કે નહિ તે જુદોજ પ્રશ્ન છે. તા. ૩-૧-૩૨ નું લખાણ પ્રગટ થયું છે તેમાં ફરીયાદીને કોઇ ફોઝદારી ગુન્હા માટે કેદ કરવામાં આવ્યો હતો તેમ લખેલ નથી. પણ રાજ્ય સાથેની લેણદેણના કારણે તેને કેદ કરવામાં આવ્યો હતો એટલે કે દીવાની કારણ તેમાં જણાવવામાં આવ્યું છે. હું એમ કહેવા નથી માગતો કે આથી જો ગુન્હો બન્યો હોય તો તે મટી જાય છે. પણ તેની ગંભીરતા કેટલી તે બતાવવા ખાતર હું આ બીના રજુ કરૂં છું. વળી તેમાં "સાંભળવા મુજબ" લખવામાં આવ્યું છે જેથી તે બદનક્ષી ભરેલું ગણી શકાય નહિ. આરોપી એક ઓનરરી (વગર પૈસે કામ કરનાર) અધિપતિ છે જેથી આ લખાણ પ્રગટ કરવામાં તેને કાંઇ અંગત હેતુ રહેલો નથી. "ઇસમાઇલી" છાપું રાજકોટ શહેરની હદમાં આવે છે એ કબુલ કરવામાં આવ્યું છે. શરૂઆતમાંજ મેં આપ નામદારને એક અરજી કરેલ છે. તે મુજબ જે લખાણ બદનક્ષી ભરેલું હોવાનું કહેવાય છે તે તા. ૩-૧-૩૨ ના પ્રગટ થયું અને ફરયાદીએ તા. ૮-૪-૩૨ ના રોજ ફરીયાદ દાખલ કરી. આ ત્રણ મહીનાના વખત દરમ્યાન ફરીયાદીએ કયારેય આરોપીને તેનું લખાણ ખોટું હોવાનું જણાવી માફી માંગવાનું લખ્યું નથી, તેમજ આરોપીને કોઇપણ જાતની નોટીસ પણ આપવામાં આવી નથી, જો કે આવી નોટીસ આપવાનું ફરીયાદી માથે કોઇ જાતનું કાયદાનું બંધન નથી છતાં સ્વાભાવિક રીતેજ પહેલો પ્રશ્ન એ કરવામાં આવે કે ફરીયાદીએ આરોપીને કાં માફી માંગવા માટે લખ્યું નહિ.

હું ફરી વખત આપ નામદારને જણાવીશ કે આરોપી એક ઓનરરી અધીપતી છે. જે લખાણ પ્રગટ થયું છે તે સ્ટાફના બીજા માણસો કરે છે એ હકીકત બચાવ પક્ષના પહેલા સાહેદ હાજીમામદની જુબાની ઉપરથી દેખાઇ આવે છે. સ્વાભાવીક રીતેજ એમ માની લેવાનું આપણને કારણ છે કે વગર પૈસે કામ કરનારો અને પોતાનો સ્વતંત્ર ધંધો કરનારો માણસ છાપાંની નાની નાની હકીકતો લખતો ન હોય. વળી આ પ્રમાણેનું લખાણ પ્રગટ કરવામાં તેનું માનસ શું હતું તે પણ આપણે જોવું જોઇએ. ફરીયાદી કબુલ કરે છે કે તેને આરોપી સાથે કાંઇ અંગત વેર નથી, પણ તેની વિરૂદ્ધ ઘણાં લખાણો પ્રગટ કરીને તહોમતદારે ખુબ વેર કર્યું છે. આ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે આરોપીએ અંગત વેરને કારણે આ લખાણ પ્રગટ કર્યું હતું નહિ. માત્ર જુદા જુદા વિચારોવાળાઓની આ મારામારી છે. એક બાજુ જુના વિચારના માણસો-Orthodox-છે; બીજી બાજુ સુધારકો છે. આરોપી પહેલા વર્ગનો માણસ છે. ફરીયાદી બીજા વર્ગનો છે.

આપ નામદારની આગળ બે પ્રશ્નો પડયા છે. કાંતો આરોપીને બીનતકસીરવાર ઠરાવી છોડી મુકવો; અગર જો આપ નામદારને એમ લાગે કે આરોપી માથે ગુન્હો સાબીત થાય છે અને તેને શિક્ષા કરવી જોઇએ તો તે કયા પ્રકારની ? આ માટે જે હકીકતો રજુ થઇ છે તે આપ નામદારે તોલવાની છે.

ફરીયાદીએ મારા અસીલ ઉપર ફોઝદારી પ્રકારના ગંભીર ગુન્હાનો આરોપ મુકી આપ નામદારના મગજ ઉપર અવળી અસર કરવા પ્રયત્ન કર્યો છે. જે જાસાચીઠીઓ ફરીયાદીએ રજુ કરી છે તે આરોપીના હાથથી લખાયેલી છે એવું જરાપણ સાબીત કરવામાં આવ્યું નથી. ફરીયાદીની ઉલટ તપાસમાં તે કબુલ કરે છે કે સદરહુ જાસાચીઠીઓ આરોપીએ લખી છે તેમ કહીને તેણે અત્યાર સુધીમાં કોઈ પણ ઠેકાણે કાંઇ પણ ફરીયાદ કરી નથી. આપ નામદારે આમાંની કાંઇપણ હકીકત લક્ષમાં લેવાની નથી.

( અપૂર્ણ. )

( બાકીનો વધુ મહત્વનો ભાગ આવતા અંકમાં. )

# સ્વર્ગના આશાતુરને નર્કનો શીરપાવ.

( એક કાલ્પનીક ચિત્ર. )

**યમરાજ**–દુતો, બાંધો આ બદમાશને અને લઇ ચાલો ખુદાના દરબારમાં.

દુતો સલામ કરી દોડી જાય છે. એક મજબુત રસી લાવી તે વડે લાલજીભાઇને સખત રીતે બાંધે છે.

લાલજીભાઇ આ બધું જોઇ સ્તબ્ધ બની ગયા. દુતો યમ-રાજના હુકમને માથે ઉઠાવી તેમ્ને ખેંચવા લાગ્યા અને પાછ-ળથી ફટકાનો મારો શરૂ કર્યો. ફટકાની સાથોસાથ લાલજીભાઇનું રૂદન અને બબડાટ શરૂ થયાં; પણ તે કોઇને સાંભળવાની ફુરસત ન હતી. દુતો પોતાનું કામ બરાબર વફાદારીપૂર્વક બજાવ્યે જતા હતા. છેવટે લાલજીભાઇને ખુદાન દરબારમાં યમરાજે ખડા કર્યા.

**યમરાજ**–પરવરદીગાર, આપના હુકમ મુજબ અમે આપની સમક્ષ આ શખ્સને હાજર કરીએ છીએ. તે......

યમરાજ હજી વાત પુરી કરે ત્યાં તો જાણે કેમ ખુદા સાથે જુની ઓળખાણ હોય તેમ ડુસકાં ખાતાં ખાતાં લાલજીભાઇ બોલ્યા.

"ખુદાવીંદ, હું વારસ છું. મેં ૧૨૦૦ રૂપીયા ખરચી મોટું કામ કર્યું છે. કાઉન્સીલનો હું પ્રેસીડેન્ટ હતો. મને સ્વર્ગ મળવું જોઇએ. યમરાજ તો મારા ઉપર જુલમ કરે છે. મને ચોથે આસમાન મારા મહેલમાં પહોંચાડવા હુકમ કરો. ફટકાનો માર મારાથી સહન થતો નથી. શું, માબાપ, તમે મને ભુલી ગયા ?"

લાલજીભાઇના શબ્દો સાંભળી દરબારમાં હાજર રહેલાઓ આશ્ચર્ય પામી એક બીજા સામું જોવા લાગ્યા.

**યમરાજ**–પરવરદીગાર, આ શું બોલે છે ? શું આપને આ માનવી મળ્યો હતો ? રૂપીયા શું ? પ્રેસીડેન્ટ શું ? મોટું કામ શું ? હું કાંઇ નથી સમજી શકતો !

**પરવરદીગાર**–અય નાચીઝ ઇનસાન ! તું પ્રેસીડેન્ટ હતો પણ કાઉન્સીલમાં તેં કેટલાને વીના કારણે ઘર ભાંગી રખડતા કર્યા એ શું તારાથી અજાણ્યું છે ? કેટલા નિર્દોષોને તેં નાતબહાર કરી તેઓની આંતરડી દુખાવી પાપનો પોટલો બાંધ્યો છે એ તને ખબર છે ? તેં કેટલા ગરીબોને રોટલા વીનાના કર્યા એ શું તું વીસરી ગયો ? તારી કોમના કેટલા કિશોર વયના બાળકોને ઉંધી કેળવણી આપી અધોગતિએ પહોંચાડયા એ તને યાદ છે ? તારી કોમના કેટલા નાણાં તેં વેડી નાંખ્યા તે શું તું ભુલી ગયો ? આટ આટલાં તેં પાપ કર્યાં છે છતાં તું સ્વર્ગની વાટ રાખી રહ્યો છો ? અહીં પૈસાથી સ્વર્ગ મળે છે એમ તું માને છે ? મૂર્ખ માનવી, મારા દરબારમાં પૈસાથી સ્વર્ગ કે સુખ નથી મેળ-વાતું. સ્વર્ગ જોઇતું હતું તે સારાં કામ કરવાં હતા. યમરાજ, લઇ જાઓ આને નર્કમાં.

પરવરદીગારનો હુકમ છુટતાંની સાથેજ લાલજીભાઇ થરથરી ઉઠયા. મોટું કામ કરી સ્વર્ગનો હક તો મેળવી લીધો હતો એટલે પાપ પુન્યનો વિચાર કર્યા વગર તેણે જે બેધડકપણે પોતાની કોમ ઉપર જુલમ ગુજાર્યો હતો તે તેને યાદ આવ્યું. માફી માગવા તે પરવરદીગાર આગળ હાથ જોડવા જાય તે પહેલાં તો યમરા-જના દુતોએ તેમને ખેંચ્યા. દુતોના જોર આગળ લાલજીભાઇની કાંઇ લાચારી ચાલી નહિ. રકઝકના બદલામાં યમદુતોના ફટકા તેમને સહેવા પડયા. છેવટે તેમણે નર્કાગાર તરફ ચાલવા માંડયું.

નર્કખાના આગળ લાલજીભાઇને લઇ સૌ આવી પહોંચ્યા. યમરાજને જોઇ એક ચોકીદારે બારણું ઉઘાડયું અને લાલજીભાઇને ડોકીએ ઝાલી અંદર ફેંકયા. લાલજીભાઇ નર્કાગારમાં નીચે પટ-કાઇ પડયા, બારણું બંધ થયું. યમરાજ પાછા વળ્યા.

થોડીવાર તો લાલજીભાઇ ખુબ રોયા. પછી ઉભા થઇ ચારે તરફ જોયું. દરેક દીશામાં નર્કની યાતના ભોગવતા તેમને કેટલાયે જીવો દેખાયા. ઉંડી વેદના અનુભવતાં તેમણે આગળ ચાલવા માંડયું. થોડે દુર ગયા પછી એક વીંછીયોના ડંખની યાતના ભોગવતી આકૃતિને જોઇ તેઓ થંભી ગયા.

"અરે ! અલીભાઇ, તમે પણ શું અહીંયા છો ? તમે તો ૫૦૦૦ રૂપીયાનું મોટું કામ કરાવ્યું હતું ને ? મેં તો જાણ્યું કે તમે તો સાતમે આસમાન મોજ કરતા હશો ! આલીજહાં સાહે-બની શું આ દશા !"

અલીભાઇ કાંઇપણ જવાબ આપ્યા શીવાય નીચું જોઇ રડવા લાગ્યા; તેની સાથે લાલજીભાઇએ પણ સાદ પુરાવ્યો. નર્કની દારૂણ વેદના સાથે પસ્તાવાના કીડાથી તેમનું હૃદય કોલાવા લાગ્યું.

---

( અનુસંધાન પાનું ૩૯ થી. )

આપવો જોઇએ અને ગમે તે વખતે જેને રજમાત્ર પણ શંકા ઉભી થાય તેને તેજ વખતે ખુશીથી આપણા જમાતખાનામાં લઇ જઇ બધી વસ્તુઓ બતાવી સમજાવવી જોઇએ. કોર્ટના ફેંસલા કરતાં લોકહૃદયનો વિશ્વાસ અને ભલી લાગણી આપણા ઉપરના આ હડહડતા જુઠાણાને ખસેડવામાં વધુ ઉપયોગી થશે.

બંદગીનો વખત બદલવો, જમાતખાનું જાહેર માટે જોવાને ખુલ્લું મુકવું અને જાહેર સમાજ સાથે હળીમળી જઇ તેના મગજમાં પેસેલો વ્હેમ સાચી હકીકતો બતાવી દુર કરવો—આ ત્રણે મુખ્ય કામો આપણી ખોજા કોમેજ કરવાના છે અને તેના માટે પોતા શીવાય તેણે બીજા કોઇ ઉપર મદાર બાંધવાની જરૂર નથી ધર્મના ઉપદેશકો આપણા ઉદ્ધાર માટે પગલાં ભરશે એમ લાંબો હોઠ કરીને બેસવાની નીતી ભય ભરેલી છે. આપણા ઉપર વીતાવવામાં આવતા જુલ્મ ધર્મના ઉપદેશકોને સહન કર-વાના નથી હોતા, તેથીજ આપણા ઉદ્ધાર માટે આપણે પોતેજ કમર કસવી જોઇએ. આ પ્રમાણે વર્ષોથી ચાલ્યો આવતો વ્હેમ જો આપણે જોસભેર સામનો નહિ કરીએ તો હજી વર્ષો સુધી ચાલ્યા કરશે અને આપણા કેટલાયે નિર્દોષ ભાઇ બ્હેનોનો ભોગ લેશે.

# અસત્ય આરોપ.

ખોજાઓ છોકરાં ઉપાડી જાય છે અને પોતાની ધાર્મીક ક્રિયાઓ ખાતર તેને મારી નાંખવામાં આવે છે, આ વ્હેમ ઘણા વરસથી હિંદુ સમાજમાં ચાલ્યો આવે છે. સને ૧૯૦૭-૦૮ માં જસદણમાં આ વ્હેમના આપણા કેટલાય નિર્દોષ ભાઇ બ્હેનો ઘણીજ ક્રુર રીતે ભોગ થઇ પડયા તે પહેલાં પણ રાજકોટમાં આવો એક કિસ્સો બન્યો હતો. જસદણ પછી સને ૧૯૨૫ માં પાટડીમાં આપણે ઘાતકી જુલ્મમાંથી પસાર થવું પડયું અને ત્યારપછી પણ મોરબીમાં આવા એક અજ્ઞાન વ્હેમને કારણે આપણા ભાઇઓને ભારે સંકટ ભોગવવાં પડયાં. કપોળ કલ્પીત આ વ્હેમ કેટલા વરસથી ચાલ્યો આવે છે તે તો ખુદા જાણે. પણ હજી સુધી હિંદુ સમાજના ભેજામાંથી એ ભુત ખસ્યું નથી. બલ્કે કેટલાક કેળવાયેલા અને આગળ વધેલા હિંદુઓ પણ આ હડહડતાં જુઠાણાને સાવ સાચી વાત માને છે.

એ તો નિર્વીવાદ વાત છે કે આ વ્હેમ સત્યના એક અંશ ઉપર પણ બંધાયો નથી. ખોજાઓનો ધર્મ આવી કોઇ ક્રિયાનો ઇસારો પણ તેના શાસ્ત્રોમાં કરતો નથી. મુળે ખોજાઓ હિંદુ હતા અને તે પછી તેમને ઇસ્લામ તરફ વાળવા પ્રયત્નો થયા. જો કે કેટલાકનું હજી પણ એમ માનવું છે કે ખોજા હિંદુ મટી ગયા છે અને મુસલમાન થયા નથી. પણ આ પ્રશ્નની છણાવટ અહીં અસ્થાને છે. અહીં તો એટલુંજ જોવાનું છે કે ખોજાઓ હિંદુ હો કે મુસલમાન તો પણ તે બેમાંથી એક પણ ધર્મ ધર્માર્થે મનુષ્યવધને સ્વીકારતો નથી. હિંદુઓના કોઇ શાસ્ત્રમાં એ હુકમ નથી કે મુસલમાનોની કોઈ કીતાબોમાં એવું ફરમાન નથી. હિંદુ મુસલમાન શું પણ દુનીયાનો કોઇ પણ ધર્મ બાળ હત્યા કે મનુષ્યવધમાં ધાર્મીકતા માનતો હોય તેવું જોવામાં આવતું નથી. જ્યાં જ્યાં ખોજાઓ ઉપર આવા ખોટાં તહોમત મુકી કેસ ચલાવવામાં આવ્યા છે તે સઘળા કિસ્સાઓમાં ખોજાઓ સંપૂર્ણ નિર્દોષ થઇ છુટી ગયા છે.

લોકોમાં આ વ્હેમ ત્યારે કઇ રીતે ઉત્પન્ન થયો એ પ્રશ્ન મહત્વનો છે. આપણી અજ્ઞાનતા અને હિંદુ સમાજની મૂર્ખતા આમાં કારણભુત લાગે છે. આપણી કેટલીક ક્રિયાઓ જે હજી પણ આપણે જાળવી રહ્યા છીએ તેનો યોગ્ય ખુલાસો હિંદુ મગજને ન મળ્યો ત્યારે કુતુહલતાથી દોરવાઇ જઇ તેણે અનેક કલ્પનાઓ કરી. એ કલ્પના આ જુઠા વ્હેમનું કારણ દેખાય છે.

આપણી બંદગીનો સમય લગભગ હિંદુ તથા મુસલમાન બન્ને સમાજથી જુદો છે. સૂર્યાસ્ત પછી બે ત્રણ કલાકે અને સૂર્યોદય પહેલાં વહેલી સવારે આપણે બંદગી કરવા જમાતખાને જઇએ છીએ. કોઇપણ ધર્મમાં આવો વખત જોવામાં આવતો નથી. બલ્કે સૂર્યાસ્ત પછી કોઇ દેવમંદીરો કે બીજા કોઇ ધાર્મીક સ્થળો ભાગ્યેજ પ્રાર્થના માટે ખુલ્લાં હોય છે. આપણી કોમના મોટા ભાગને પોતાના ખેડ કે તેવા બીજા રોજગારને લઇને સાંજ પછી અને સવાર પહેલાંનો આ સમય અનુકુળ આવવાથી કદાચ આ પ્રમાણે બીજાના કરતાં બંદગી કરવાનો આપણો સમય જુદો રાખવામાં આવ્યો હશે. પણ જ્યારે આપણને એમ લાગે કે આ સમય ઉલટું આપણી ઉપર બીજાઓને ખોટા શકનું કારણ આપે છે ત્યારે વહેલામાં વહેલી તકે આપણે તેમાં ફેરફાર કરી નાંખવો જોઇએ.

બીજું, આપણા જમાતખાનામાં આપણે આપણા શીવાય કોઇપણ માણસને ગમે તેવા જરૂરી કારણોસર પણ આવવા દેતા નથી અને જમાતખાનાના મકાન ઉપર તેવી મતલબનું ખુલ્લું પાટીયું પણ ટીંગાડવામાં આવે છે. મૂર્ખ માણસોને મનગમતી કલ્પના કરવા માટે આ એક ઘણુંજ સબળ સાધન છે. હિંદુ દેવળોમાં મુસલમાન ભાઇઓને જવા દેવામાં આવતા નથી, કારણ કે તેમ કરવાથી હિંદુઓના મંદીરો અભડાઇ જાય તેવી બાલીશ માન્યતા તેઓ ધરાવે છે. તેમ છતાં હિંદુ ધર્મનો એક સંપ્રદાય તે ધર્મના બીજા સંપ્રદાયના માણસોને પોતાના દેવ મંદીરોમાં દાખલ કરવા માટે કશી પણ આનાકાની કરતો નથી. મુસલમાન ભાઇઓની મસ્જીદોમાં પણ ગમે તે હિંદુ અગર બીજા કોઇ મઝહબનો માણસ વિના સંકોચે જઇ શકે છે. આપણે તો અભડાવાનું કોઇ કારણ નથી કારણ કે આપણે આભડછેટમાં માનતા નથી. ઉલટું હિંદુ ધર્મમાંથી આપણી ઉત્પત્તિ છે અને તેથી આપણી માફક બીજા હિંદુઓને પણ આપણા ધર્મમાં ભેળવવામાં આપણને કશો વાંધો ન હોય. છતાં આપણે આપણી અજ્ઞાનતા અને જડતાને લઇને આ પ્રમાણે કરી રહ્યા છીએ. ગમે તેવા જરૂરના કામ છતાં આપણા ઓળખીતા માણસને પણ આપણે જમાતખાનામાં દાખલ થવા દેતા નથી. હિંદુ અને મુસલમાન બન્ને માટે આપણે આ નિયમ મજબુતપણે જાળવી રહ્યા છીએ. પકાવેલ અનાજ અને માંસ વિ. ખોરાક આપણે જમાતખાનામાં વેચીએ છીએ તે શરમથી કદાચ આપણે હિદુઓને દાખલ કરતા નહિં હોઇએ, અને હિંદુ શાસ્ત્રના અવતારને આપણે મજબુતપણે માનતા હોવાથી તથા આપણી બંદગીમાં પણ તેવા સુત્રો આવતા હોવાથી આપણે આપણા ઇસ્લામી બીરાદરોને આપણા જમાતખાનામાં લઇ જતાં સંકોચાતા હોઇએ. આમ છતાં જ્યારે આ શરમ અને સંકોચ આપણને મોટા ભય તરીકે સબીત થયાં છે તો પછી જુની માન્યતાને ખસેડી આપણે બુદ્ધિપૂર્વક જમાતખાનું સર્વને માટે ખુલ્લું હોવાનું જાહેર કરવું જોઇએ.

આ બે ક્રિયાઓ ઉપરાંત આપણા એકલપણાનો સ્વભાવ પણ આપણા માથે આ ખોટો વ્હેમ ઉભો થવામાં કારણભુત છે. નથી આપણે હિંદુ સમાજ સાથે ભળતા અને નથી આપણે મુસલમાન સમાજ સાથે મળતા. એટલે વખત આવ્યે આ બન્ને સમાજ આપણા ઉપર સ્વાર થઇ જાય તે બનવાજોગ છે. ન્યાયની અદાલત સુધી આવા કોઇ કીસ્સા પહોંચે છે તેમાં જ્યારે આપણે નિર્દોષ થઇને છુટી જઈએ છીએ ત્યારે જાહેર સમાજ એમ માને છે કે ખોજાઓ પૈસાના જોરે છુટી ગયા, અને આપણા ઉપરનું જુઠું કલંક તેવું ને તેવું ઉભું રહે છે. આ ભયંકર વ્હેમના ભોગ થતા અટકવા માટે આપણે જાહેર સમાજ સાથે છુટથી હળીમળી જવું જોઇએ. તેમને આપણા ધર્મનો પુરો ખ્યાલ

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૮ )

# કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૧૬.**

"કોઇ લોકલ કાઉન્સીલનો કોઇ મેમ્બર વ્યાજબી કારણ વગર, લાગલાગટ ચાર મહીના સુધી કાઉન્સીલની મીટીંગમાં હાજર ન થાય અને લોકલ કાઉન્સીલ તે બાબતનો સુપ્રીમ કાઉન્સીલને રીપોર્ટ કરે તો સુપ્રીમ કાઉન્સીલ પોતાની સત્તાનુસાર સદરહુ મેમ્બરને બદલે નવો મેમ્બર નીમશે, અને તે બાબતના લેખીત ખબર નામદાર સરકાર મૌલાના હાજર ઇમામને આપશે."

જે ઉદ્દેશથી આ કલમ ઘડવામાં આવી છે તે ઉદ્દેસજ આ કલમથી માર્યો જાય છે. પ્રથમ તો વાજબી કારણ કોને કહેવું અને ગેરવાજબી કોને કહેવું એજ મોટો પ્રશ્ન. બીજું જો લોકલ કાઉન્સીલ સુપ્રીમ કાઉન્સીલને રીપોર્ટ કરે તોજ તે મેમ્બરને સુપ્રીમ કાઉન્સીલ બદલાવે. લોકલ કાઉન્સીલ તેવો રીપોર્ટ ન કરે તો ? આટલી બધી અસ્પષ્ટતા કાયદામાં કદીપણ ન હોય. ચોકખા શબ્દોમાં એમ લખાવું જોઇએ કે કોઇ મેમ્બર લાગલાગટ અમુક મુદત સુધી ગેરહાજર રહેશે તો તેને મેમ્બર તરીકે કમી કરવામાં આવશે.

કોમે ચુંટેલી લોકલ કાઉન્સીલમાં આવા પ્રસંગે સુપ્રીમ કાઉન્સીલ કે બીજા કોઇની પરવાનગીની જરૂરજ ન હોય જે વિભાગમાંથી તે મેમ્બર પ્રતિનીધી તરીકે આવ્યો હોય તે વિભાગ આવા કીસ્સામાં ફરીથી પોતાનો નવો પ્રતિનીધી મોકલાવે. આવી રીતે ફેરબદલી થઇ ગયા પછી ઉપરની કાઉન્સીલને માત્ર ખબર મોકલાવવાનુંજ રહે. બંધારણમાંજ આ બધી વસ્તુઓ સ્પષ્ટ થઇ જાય.

**કલમ ૧૭.**

"જો કોઇ મેમ્બર હિંદુસ્તાનના કોઇપણ ભાગમાં ગયેલ હોય તો તેની જગ્યા ચાર મહીના સુધી ખાલી રાખવામાં આવશે, અને આફ્રીકા અગર એવા કોઇ દુરના સ્થળે ગયેલ હોય તો છ મહીના સુધી ખાલી રાખવામાં આવશે."

આ કાયદા ઘડનારને અસ્પષ્ટતાનો કાંઇ શોખ લાગે છે. કાઠીયાવાડનો કોઇ મેમ્બર મુંબઇ, ગુજરાત, કે ખુદ કાઠીયાવાડના બીજા ગામોમાં જાય તો પણ તે હિંદુસ્તાનના કોઇ ભાગમાંજ છે. માટે કાઠીયાવાડથી કેટલા અંતરે તે ગયો હોય તો તેની જગ્યા ખાલી રાખી શકાય તે સ્પષ્ટ લખવું જોઇએ. વળી કલમ ૧૬ માં આ ભાગ આવી જાય છે અને તેથી નાહક એ કલમ બેવડાઇ જાય છે. આફ્રીકા અગર એવા કોઇ દુરના સ્થળ લખવાને બદલે 'હિંદુસ્તાન બહાર' લખવામાં આવે તો બધા દેશનો સમાવેશ થઇ જાય.

**કલમ ૧૮**

અસભ્ય વર્તન કરનાર મેમ્બરનું શું કરવું તે માટેની છે.

પ્રેસીડેન્ટ ચુપકીદીથી જાળવવાનું કહે છતાં અસભ્ય વર્તન કરનાર મેમ્બર ચુપકીદી ન જાળવે એટલે સુપ્રીમ કાઉન્સીલને રીપોર્ટ કરવો એ રીત એક બચ્ચાંની છે કે જે બીજાઓ તરફથી કનડગત થાય ત્યારે 'મારી બાને કહી દઇશ' કહી સંતોષ પકડે છે. ચુપકીદી જાળવવાનું પ્રેસીડેન્ટનું ફરમાન કોઇ સભ્ય ન માને ત્યારે સભા બરખાસ્ત કરી ચાલી જવાનો નિયમ દરેક બંધારણવાળી સંસ્થામાં છે. આ નિયમથી જુદું પડવાનું લોકલ કાઉન્સીલને કાંઇ કારણ નથી. સુપ્રીમ કાઉન્સીલને રીપોર્ટ કરવાથી કાંઇ બનાવવાળા દિવસે શાંતિ સ્થપાતી નથી.

**કલમ ૧૯.**

"કોઇ મેમ્બર કાઉન્સીલને લગતા કોઇ ખાનગી કાર્યોની હકીકત પબ્લીકમાં બહાર પાડે છે એમ ખબર મળે તો તે સંબંધે સુપ્રીમ કાઉન્સીલ તે બાબત સંપૂર્ણ તપાસ કરી તેવા મેમ્બરને યોગ્ય નસીયત કરશે."

આ કલમ પણ અસ્પષ્ટ છે. યોગ્ય નસીયત એટલે કેટલી અને શું નસીયત તે ચોકખે ચોકખું લખવું જોઇએ. વળી ગુન્હો લોકલ કાઉન્સીલનો અને શિક્ષા કરે સુપ્રીમ કાઉન્સીલ ? જો નાનાથી મોટી બધી સત્તા સુપ્રીમ કાઉન્સીલ પોતાના હાથમાં રાખવા માંગતી હોય તો લોકલ કાઉન્સીલની જરૂરજ ક્યાં છે ? અત્યારે તો લોકલ કાઉન્સીલો સુપ્રીમ કાઉન્સીલના વેઠીયા જેવી છે.

( અપૂર્ણ. )

**ધંધાદારીઓને અપૂર્વ લાભ.**

"ખોજા જાગૃતિ" માં તમારી જાહેર ખબર આપી ધંધામાં સફળતા મેળવો.

ભાવ માટે લખો:— વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ" રાજકોટ.

મુંબઇના અમારા એડવરટાઇઝીંગ એજન્ટ:

પાયોનીઅર એડવરટાઇઝીંગ બ્યુરો.
લહેરી બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ,
મુંબાઇ.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સ્વાશ્રયી બનો. | છુટક નકલ ત્રણ પૈસા.

# ખોજા જાગૃતિ

B.H.Joshi

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૬ : માર્ચ ૨૮ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ચૈત્ર શુદ ૨: મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## ખોજા વિદ્યાર્થીઓને સગવડ.

નીચેની વિજ્ઞપ્તિ પ્રગટ કરતાં અમને આનંદ થાય છેઃ—

આવતી મેટ્રીકની પરીક્ષા આપવા આવતા તમામ ખોજા વિદ્યાર્થી ભાઇઓને રાજકોટમાં જ્યાં સુધી તેઓ રહે ત્યાં સુધી રહેવાની, ખાવા પીવાની તથા સુવાની તમામ સગવડ વાંચવા માટે જોઇતા એકાંતવાસ સહીત આ સંઘ તરફથી પુરી પાડવામાં આવશે. આવનાર ભાઇઓએ કોઇપણ જાતની સગવડતા સાથે લાવવાની જરૂર નથી. નીચેને ઠેકાણે લખવાથી સ્ટેશન ઉપર સંઘના એક સભ્ય સામે લેવા જશે.

પત્ર વ્યવહાર અથવા જાતે
મળવાનું ઠેકાણું:—
ખોજા કાનજી ગુલાભાઇ
દાણાપીઠ ઓઇલ મીલ-રાજકોટ.

ખો. સુ. સંઘ
કાર્યાલય-ધ્રોળ.
તા. ૨૨-૩-૩૩.

લી. સેવક,
કાળીદાસ સુમાણી
મંત્રી,
ખોજા સુધારક સંઘ.

## ડર છોડો.

ડરો છો શા માટે, ઓ ભાઇઓ, તમારા હૃદયની વાતને બહાર લાવતાં ?

તમને ખુદાએ પેદા કર્યા છે, બીજાઓને પણ ખુદાએજ પેદા કર્યા છે. તમે સહુ સરખા છો. તમારા કરતાં ખુદા શીવાય બીજો કોઇ મહાન નથી. તો પછી શા માટે એક માણસે બીજા માણસથી ડરવું ?

કાઉન્સીલના સીતમ સામે તમારા હૃદયમાં બળી રહેલા એ પવિત્ર અગ્નિની જ્વાળાને શા માટે હવે અંદરને અંદર છુપાવો છો ?

કાઉન્સીલથી ડરો છો ? કાળા કાયદાથી ડરો છો ? સત્ય હકીકત જાહેર કરતાં પણ તમને આવી નાશવંત દુન્યવી વસ્તુઓ આડી આવે છે ?

તો પછી તમે નાસ્તીક છો. ખુદાની હસ્તીમાં તમે માનતા નથી.

ખુદાની જગ્યા અત્યારે કાઉન્સીલે લીધી છે તેમ તમારૂં કહેવું છે ? સાચી વાતોમાં તો ખુદાનો ડર પણ અત્યાર સુધી કોઇએ નથી ખાધો. કાઉન્સીલને ખુદા માનવા જેટલા ભીરૂ તમે બન્યા હો તો પણ સાચી વાત કહેતાં તમારો એ બનાવટી ખુદા તમને અટકાવશે ?

આ બધી ભ્રમણા છોડો. ખુદા શીવાય કોઇથી ડરો નહિ. વિના સંકોચે તમારી હૃદય જ્વાલાઓને વાણી વાટે માર્ગ આપો. એજ સાચો રાહ છે. એમાંજ તમારો અને તમારાંઓનો ઉદ્ધાર છે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૮–૩–૩૩.


## સ્વાશ્રયી બનો.

એ કહેવાની હવે ભાગ્યેજ જરૂર હશે કે આપણી પાસેથી ઘણા ભારે લાગાઓ ફરજીઆત વસુલ કરવામાં આવે છે. આ લાગાઓના ફરજીઆત ઉઘરાણાને નાબુદ કરવાની ફરજનું ભાન કોઇ સ્વમાનવાળા યુવાન કે વૃદ્ધને કરાવવાની અત્યારે જરૂર નથી. અત્યારે તો એકજ સવાલ મુખ્ય છે કે વધારેમાં વધારે સહેલાઇથી કઇ રીતે આ ફરજીઆત લાગાઓના મારમાંથી બચી શકાય?

જેઓમાં જાહેર હિંમત છે તેને માટે તો કાંઇ કહેવાનું નથી. તેઓ તો બેધડક કાઉન્સીલના જુલમ સામે પોકાર ઉઠાવશે અને ફરજીઆત કે મરજીઆત એક પણ લાગાને નામે તે એક પાઇ પણ કાઉન્સીલને પરખાવશે નહિ.

મુખ્ય સવાલ જેનામાં આવી જાહેર હિંમત નથી તેઓ માટે છે; અને એ વાત સાવ સાચી છે કે જેટલો જુલમ આપણી કોમ માથે થાય છે તેટલો બીજી કોઇ કોમ માથે થતો હોય તો જેટલી જાહેર હિંમત તે કોમ બતાવે તેથી ઘણી ઓછી પણ આપણી કોમ બતાવી શકતી નથી; કારણ કે આપણે કેળવણીમાં ઘણા પછાત છીએ; અત્યારે આપણી આગળ એ પ્રશ્ન છે કે જેની સંખ્યા ઘણી મોટી છે એ આવા જાહેર હિંમત વગરના ભાઇઓએ કાઉન્સીલની આ ફરજીઆત લાગાની જાળમાંથી કેવી રીતે છુટવું?

આપણા ભાઇઓનો ઘણો મોટો ભાગ આજે એમ માનીને કાઉન્સીલના લાગાઓ ભર્યે જાય છે કે જો તેઓ નહિ ભરે તો લગ્ન કે મરણ પ્રસંગે અટકાવીને કાઉન્સીલ તે વસુલ કરશે. આમાં સત્ય શું છે અને ખરેખર કેટલી વસ્તુઓ તેમાં નડતરરૂપ છે તેનો શાંતિથી વિચાર કરવાની જરૂર છે.

કાઉન્સીલના કાયદામાં મૈયત અટકાવીને કોઇ લાગાઓ વસુલ કરવાની કોઇ કલમ નથી. કોઇ એમ કહેતું હોય કે આવી કલમ નથી છતાં ખરેખર તે પ્રમાણે કાઉન્સીલ મૈયત અટકાવીને પોતાના પૈસા વસુલ કરે છે તો તેને માટે એકજ દલીલ હોય કે કાઉન્સીલ તેના પોતાના કાયદાથી પણ ગેરકાયદેસર રીતે આમ કરે તો તે તથા તેના જેવા બીજા અનેક જુલમ તે કરી શકે છે; એવા જુલમથી તેનો નાશ જલદી થશે; પણ આપણે ગણતરીમાં આ હકીકત ગણી શકીએ નહિ. વળી મૈયત અટકાવવા કાઉન્સીલ તૈયાર થાય તો ગામમાં બીજા મુસલમાન કે હિંદુ ભાઇઓ રહેતા હોય તેમની સહાયથી વગર મુશ્કેલીએ મૈયતને જરૂર અવલ મંજલ પહોંચાડી શકાય. આ ઉપરથી એમ દેખાઇ આવશે કે મૈયત વખતે કાઉન્સીલ તેના લાગાઓ કોઇ રીતે વસુલ કરી શકે તેમ નથી.

હવે રહ્યો લગ્ન પ્રસંગ. લગ્ન વખતે નીકાહ પડાવવાનું કામ કાઉન્સીલ અને તેની નોકરશાહીના હાથમાં હોય છે. આ વખતે આગલું પાછલું બધું 'લેણું' કાઉન્સીલ વસુલ કરે છે, અને જો કોઇ તે ભરવામાં આનાકાની કરે તો નીકાહ પડાવવાની તે ના કહે છે. આનો સીધો અને સરળ ઉપાય એ કે આપણે જાતે નીકાહ પડાવતાં શીખી જવું. નીકાહની ચોપડીઓ છપાએલી બહાર પડી છે અને તેવી બીજી અનેક બહાર પાડી શકાય. આપણી કોમમાં કોમ બહારના કોઇ માણસને હાથે નીકાહ પડાવવાની જરૂર નથી. એટલે ચાલુ રીવાજને જરાપણ આંચ ન આવવા દેવા છતાં પણ આપણે કાઉન્સીલના લાગાઓના મારમાંથી બચી નીકાહનું કામ ઉકેલી શકીએ છીએ. એટલે લગ્ન પ્રસંગે પણ કાઉન્સીલ આપણા ભાઇઓ પાસેથી કાંઇ રકમ વસુલ કરી શકે તેમ નથી.

કાઉન્સીલના હાથમાં આ શીવાય બીજો કોઇ ઉપાય લાગા વસુલ કરવા માટે નથી. કોર્ટે ચડીને તો તે આપણી પાસેથી એક પાઇ પણ ન લઇ શકે તે તો નાનું બચ્ચું પણ સમજે તેવી વાત છે. નાતબહારીનું હથીયાર તેની પાસે છે. પણ તેથી તો લાગા વસુલ થવાને બદલે ભવિષ્યની આવક માથે પણ જબરો કાપ મુકાય એટલે એ હથીયાર લાગા વસુલ કરવા માટેનું નથી. છતાં પણ જો કાઉન્સીલ તેનો ઉપયોગ લાગાઓ વસુલ કરવા માટે કરે તો તે પોતાના હાથે પોતાના પગમાં કુહાડો માર્યા બરાબર છે.

લગ્ન અને મરણ પ્રસંગ આપણે કાઉન્સીલની રજ માત્ર પણ ગરજ શીવાય ઉકેલી શકીએ તેમ છીએ. આ બે શીવાય બીજો કોઇ મહત્વનો પ્રસંગ આપણા માટે હોતો નથી, શીવાય કે આપણે જીવતા હોઇએ તે. આના માટે કાઉન્સીલના આપણે જરાયે મહોતાજ નથી.

# ઘણું જીવો " ખોજા જાગૃતિ. "

લેખક : શ્રી. કાસમ જમાલ ધનાણી.

દેશ પરદેશનો ઇતીહાસ કહી રહ્યો છે કે પરાધીનતા એ પાપ છે. માણસ જાતનું હડહડતું અપમાન છે, માનવ-પ્રગતિને રોકનાર લોખંડી દીવાલ છે, મનુષ્યના સામાજીક, આર્થીક અને નૈતિક વિકાસને રૂંધનાર ઝેરી ગેસ છે; માટેજ પરાધીન પ્રજાઓએ એ પાપને વહેલામાં વહેલી તકે ફેંકી દેવા સારૂ આકરામાં આકરાં બલિદાન આપ્યાં છે. પરાધીન પ્રજાએ સ્વાધીનતા માટે જે કારમાં કષ્ટો સહન કર્યાં છે તે વાંચતાં અને વિચારતાં આજે પણ આપણાં રૂવાં ખડાં થાય છે અને એ સ્વતંત્રતાના શહીદો પ્રત્યે કોઇ અલૌકિક માન પેદા થતાં આપણાં અંતર ઝુકીઝુકીને તેમને સન્માને છે.

આપણો ઇસમાઇલી સમુહ એ પરાધીનતાના પાપમાં ગળકાં ખાઇ રહ્યો છે-ડુબવાની અણી ઉપર જઇ પહોંચ્યો છે, છતાં એ પાપને ફેંકી દેવાનો વિચાર સરખો પણ તેને નથી આવતો તેનું કારણ શું ? આતે આશ્ચર્યની વાત કહેવાય કે દુઃખની વાત કહેવાય ? અફસોસની વાત છે કે પરાધીનતા જેવી વસ્તુને અડકવામાંયે જગત જ્યારે પાપ માને છે, ત્યારે તેજ પરાધીનતાને આપણે સુખની, આનંદની, અભિમાનની વસ્તુ ગણીએ, તેને આપણે નાણે પોષીએ, પંપાળીએ અને આપણી ભાવિ ઓલાદના મોંઘા વારસા તરીકે આપી જઇએ. આતે કઇ જાતની બુદ્ધિ ! કઇ જાતની માણસાઇ ! કઇ જાતનું જ્ઞાન ! શું આપણે અનાજ ખાઇએ છીએ અને આખું જગત ધુળ ફાકી રહ્યું છે ? કે આપણે ધુળ ફાકી રહ્યા છીએ અને જગત સમસ્ત અનાજ આરોગી રહ્યું છે ? આનો નિર્ણય કોણ આપે ? આપણને એ નિર્ણયની જરૂર પણ કયાં છે ?

આપણી કોમમાં ધનવાનો છે, વેપારીઓ છે, ઉદ્યોગપતિઓ છે અને વિદ્યાના સાથીદારો પણ છે; તેમનામાં બુદ્ધિ છે, જ્ઞાન છે, સારાસાર સમજવા જેટલો વિવેક પણ છે, છતાં અંધારી ઘોર રાત્રિને દિવસ માની રહ્યા છે તેનું કારણ શું ? ગાંડી વિનાશને પંથે આગળ વધી રહી છે એમ જાણવા છતાં બુદ્ધિપૂર્વક બાળગોપાળ સાથે તેમાં ચઢી બેસવું, અને પછી " હાંક સુલેમાન ગાડી " એતો હાથે કરીને પોતાના પગમાં કુહાડો મારવા જેવું છે. ગાડી કયાં જવાની છે, આપણે કયાં જવું છે, આપણે ધારેલે સ્થળે પહોંચાડશે કે નહિ ? આટલો વિચાર આપણે કાં કરતા નથી ? અથવા કરીએ છીએ તો વર્તનમાં કાં ઉતારી શકતા નથી ? જે ગાડીમાં આંધળીઆં કરીને આપણે ચઢી બેઠા છીએ તે આપણને સુખરૂપ અથવા આશીર્વાદ રૂપ નીવડી છે એટલું પુરવાર કરી આપનાર કોઇ વ્યકિત બહાર આવશે કે ?

ગુલામી દશા માણસ જાત માટે મોટામાં મોટી શરમ ગણાય એ આપણો શિક્ષીત વર્ગ કાંઇ જાણતો નથી એમ કાંઇ નથી. ગુલામી દશામાં ઉંચું મુખ રાખીને ચાલવાને પણ આપણને અધિકાર નથી એમ જાણવા છતાં ગુલામી એમને જરાએ ડંખતી નથી તેનું કારણ શું ? કાંતો આપણને નફટાઇનો અસાધ્ય રોગ લાગુ પડી ગયો છે અથવા તો આપણે નિરૂપાય થઇ ગયા છીએ. આ શીવાય બીજું કારણ શું હોઇ શકે ?

આ કાતીલ દરદોના નિવારણ માટે " ખોજા જાગૃતિ " એ જન્મ લીધો છે, એ આપણા સદ્ભાગ્ય ! આપણે તેને દીર્ઘાયુ ( લાંબી જીંદગી ) ઇચ્છીએ, ઉત્સાહ રેડીએ, શુભેચ્છા દર્શાવીએ, બની શકતું હોય તો આર્થીક સહાય પણ આપીએ અથવા ગ્રાહક તરીકે તો અવશ્ય ઉત્તજીએ. એ આપણું કર્તવ્ય પાલન ! એ આપણી કોમના વિચારવંત સભ્ય તરીકેની કુદરતી ફરજની ભરપાઇ !

" ખોજા જાગૃતિ ", તેં તારા કામની દુર્ઘટતાનો વિચાર તો પૂર્ણપણે કર્યો હશેજ. તેં જે મહાન કાર્યક્ષેત્રમાં ઝંપલાવ્યું છે તેમાં વિજયવંત થવાને તારે અખુટ ધીરજ, અડગ શ્રદ્ધા અને અવિરત શ્રમની જરૂર પડશે, એટલા નમ્ર સૂચન સાથે હું ખરા જીગરથી ઇચ્છું છું કે તારો જયજયકાર થાઓ !

મારા અંતરના ઉંડાણમાં કોઇ ઝીણો, સુરીલો, મધુર ધ્વનિ ગુંજી રહ્યો છે : " ઘણું જીવો ખોજા જાગૃતિ ".

---

**આપણે જીવતા હોઇએ તેટલાથીજ કાઉન્સીલ આપણી પાસેથી એક દમડી પણ મેળવી શકે તેમ નથી.**

**ભોળા મનના ભાઇઓ, આ હકીકત વિચારો તમે કાઉન્સીલના કોઇપણ રીતે મહોતાજ નથી. બધા પ્રસંગો તમે તમારે હાથેજ પતાવી શકો તેમ છો. તો પછી શા માટે આ ભારે ફરજીઆત લાગાઓનો બોજો તમારે સહેવો જોઇએ ? તમારી દ્રઢતા સાથેજ આ લાગાઓનો નાશ અને તમારી મુકિત છે એટલું સમજી જાઓ.**

---

## આપખુદીના ખપ્પરમાં.

ગઢડા મીજલસમાં કેવી ક્રુરતાથી કાઉન્સીલના લાગા લગ્ન કરવા આવનારાઓ પાસેથી વસુલ કરવામાં આવ્યા હતા તેના ત્રણ દાખલા અમે ગયા અંકમાં પ્રગટ કર્યા છે. આ નીચે પ્રગટ થતો ચોથો કિસ્સો અમારા એ કથનની સત્યતાની વધારે ખાત્રી કરાવશે.

ભડલી પાસે આંબરડીના રહીશ ભાઇ નીમજી જગન કેશવજીના પુત્ર ભાઇ સબુરના લગ્ન ગઢડા મીજલસમાં થયા, ત્યારે તેઓ પણ કાઉન્સીલના લાગાઓ ચુકવી દીધાનો કાગળ આંબરડી જમાત પાસેથી લઇ ગયા હતા. છતાં એ કાગળને ખોટો ઠરાવી તેમની પાસેથી રૂા. ૩૧। વસુલ કર્યા પછીજ નીકાહ પડાવવામાં આવ્યા.

આંબરડીથી ગઢડા આવતાં જતાંનો કુલ્લે ખર્ચ તેમને રૂા. ૫) થી ૭) આશરે થયો. જ્યારે એક માત્ર કાઉન્સીલના લાગાઓ પાછળજ ભાઇ નીમજીને રૂા. ૩૧) ભરવા પડયા.

**કાઉન્સીલના લાગાઓ ફરજીઆત નથી, કાઉન્સીલના લાગાઓ ભારે નથી, એવી અંધારામાં બાંગ પોકારનારાઓ જરા આંખો ઉઘાડીને જુએ કે કાઉન્સીલના કાયદા અને તેનો કારોબાર કોમ પાસે કેટલી ' ત્રાહ ! ત્રાહ ! ' પોકરાવનારો છે.**

# ચકચાર ભર્યો બદનક્ષી કેશ.

## ફરીયાદીના વકીલની જોરદાર દલીલ.

( ગતાંકથી ચાલુ )

બન્ને પક્ષ તરફથી પુષ્કળ ઓચરીયાં રજુ કરવામાં આવ્યા છે. આપ નામદારને તે વાંચતાં જણાશે કે તે એવા મહત્વના નથી. જુદા જુદા વિચારનું તેમાં પ્રતિબીમ્બ છે.

આરોપી એક આબરૂદાર ગૃહસ્થ છે. મુંબઇથી તેને વારંવાર અહીં આવવામાં ખુબ તકલીફ વેઠવી પડી છે. જેથી તેને કલમ ૫૬૨ નો લાભ આપી છોડી મુકવા હું આપ નામદારને વિનંતી કરૂં છું.

વધુમાં હું આપ નામદારનું ધ્યાન ખેંચું છું કે ફરીયાદીએ આપ નામદારના હુકમ છતાં એ વખત મારા સવાલના જવાબ આપ્યા નથી. હીં. ફો. કા. કલમ ૧૭૯ નીચે આ એક ગંભીર ગુન્હો છે. અને તે મુજબ આપે ફરીયાદી ઉપર કામ ચલાવવું કે કેમ તે આપે જોવાનું છે. જો કે હું તો કાંઇપણ સખત પગલાં લેવાના મતનો નથી અને આરોપીના સંબંધમાં પણ આપ નામદાર તેવુંજ વલણ અખત્યાર કરી તેને છોડી મુકવાને હુકમ ફરમાવશો તેવી વિનંતિ કરૂં છું."

ફરીયાદ પક્ષ તરફથી મી. એલ. કે. મહેતા એડવોકેટે પોતાના ભાષણમાં જણાવ્યું કે "આરોપી તરફથી એ સ્વીકારવામાં આવ્યું છે કે જે લખાણ પ્રગટ થયું છે તે બદનક્ષી ભરેલું છે. છતાં તેને બીન તકસીરવાર ઠરાવી છોડી મુકવાની માગણી કઇ રીતે કરવામાં આવે છે તે સમજી શકાતું નથી. "કાનજી ગુલ્લા કેદ થયા" એટલીજ હકીકત સામે મારો વાંધો નથી પણ તે આખા લેખ સામે મારો વિરોધ છે. તે આખો લેખ દુશ્મનાવટ અને દ્વેશ ભાવથી જાણી બુજીને વિચાર પૂર્વક લખવામાં આવ્યો છે, તેમાં કોઇ જાતનું આકસ્મીકપણું નથા કે પ્રામાણીક ઉદ્દેશ નથી. એ લખાણનો શબ્દે શબ્દ અને લીટીએ લીટી બદનક્ષીથી ભરપુર છે જે બારીકીથી વાંચી જવા હું આપને વિનંતિ કરૂં છુ.

ફરીયાદ પક્ષ તરફથી એ સાબીત કરવામાં આવ્યું છે કે તહોમતદાર વાંધા ભરેલા લખાણનો પ્રગટ કર્તા છે. દુનીયાભરના ગમે તેવા શક્તિશાળી માણસને પણ કોઇની બદનક્ષી કરવાનો હક નથી.

ફરીયાદી ના. આગાખાનને માનતો નથી. તે દરજ્જે તેણે ના. આગાખાનની જુલમનીતી સામે વાંધો ઉઠાવ્યો. "ઇસમાઇલી" છાપું તે નામદારનું મુખપત્ર છે.

મારા વિદ્વાન મિત્ર જણાવે છે કે જે લખાણ પ્રગટ કરવામાં આવ્યું છે તે કોઇ ફોઝદારી ગુન્હા માટે લખાયેલું નથી. પણ કાયદાની દ્રષ્ટિમાં આવો કોઇ ભેદ નથી. આપણે તો માત્ર એટલુંજ જોવાનું છે કે તે બદનક્ષી ભરેલું છે કે નહિ. આ લખાણની અંદર પાચ છ વાકયો લખવામાં આવ્યા છે એ એક એક વાકય એક એક પ્રસંગ વર્ણવે છે, જે સંપુર્ણ બદનક્ષી ભરેલું છે. આપ નામદારે આ સઘળી હકીકત લક્ષમાં લેવાની છે.

મારા વિદ્વાન મિત્રનો બીજો બચાવ એ છે કે તહોમતદાર ઓનરરી અધીપતિ છે. આથી કાયદાની દ્રષ્ટિએ કાંઇ ફરક પડતો નથી. એમ પણ કેમ ન બને કે ના. આગાખાનનું આવું કામ કરવાથી તહોમતદારને બીજો આડકતરો લાભ મળતો હોય! પણ આપણે તે કશું જોવાનું નથી. ઓનરરી કે પગાર લેનારો ગમે તેવો પણ તે પ્રગટકર્તા છે અને તે દરજ્જે તે પુરો જવાબદાર છે. ઓનરરી અધીપતિ તરીકે તેને કોઇની પણ બદનક્ષી કરવાનો કશો પણ હક નથી.

બચાવ પક્ષ તરફથી એમ કહેવામાં આવે છે કે સદરહુ લખાણ છાપાના સ્ટાફના બીજા માણસોએ લખ્યું છે. પણ તેથી કરીને તેના તંત્રીની જવાબદારી ઘટી જતી નથી. આના પુરાવા માટે બચાવ પક્ષ તરફથી હાજીમામદ નામના સાહેદને રજુ કરવામાં આવ્યો છે. આ સાહેદ ઉભો કરેલો છે. ના. આગાખાન તરફથી તેને પગાર આપવામાં આવે છે. કોર્ટનો સાક્ષી સમન્સ તેને મળ્યો નથી. વકીલ રોકવા પણ તે આરોપીની સાથે ગયો હતો. આ કેસની દરેક સુનાવણી વખતે તે કોર્ટમાં હાજર રહ્યો છે. આવા સાક્ષી ઉપર કશો વજન મુકી શકાય નહિ. ખરી રીત તો બચાવ પક્ષ માટે એ હતી કે તેણે જે બે માણસો આ લખાણ લખતા હોવાનું કહેવામાં આવે છે તેને સાક્ષીના પીંજરામાં રજુ કરવા જોઇતા હતા. પણ તેમ કરવામાં આવ્યું નથી. સાહેદ હાજીમામદ એમ કહે છે કે આ લખાણ પ્રગટ થયું ત્યારે તહોમતદાર મુંબઇમાં હાજર હતો નહિ. પણ તહોમતદાર પોતે આવું કંઇ કહેતો નથી.

મારા વિદ્વાન મિત્ર "સાંભળવા મુજબ" શબ્દો ઉપર ભાર મુકે છે અને બચાવ કરે છે કે ફરીયાદીને કેદ કરવામાં આવ્યો હતો તેવી અફવા ગામમાં ચાલતી હતી. હું કહું છું કે આવી સાંભળવા મુજબની અફવાઓ પ્રગટ કરવાનો પરવાનો તંત્રીને મળતો નથી. જો તેવો પરવાનો તંત્રીઓને મળતો હોય તો મારે કહેવું જોઇએ કે કોઇપણ માણસની આબરૂ સલામત નથી. આવી અફવા હતી કહેવાથી આરોપીની જવાબદારી ઘટી જતી નથી.

મારા વિદ્વાન મિત્ર આપ નામદાર તથા બીજાઓના અનુભવની વાતો કરે છે. શું તેઓ માટે આ એકજ રસ્તો બચાવ માટે બાકી રહ્યો છે? આપણે કોઇના કાંઇ અનુભવ જોવાના નથી. કાયદો શું કહે છે તેજ માત્ર જોવાનું છે.

બચાવ પક્ષ તરફથી બીજી દલીલ એ કરવામાં આવે છે કે આરોપીને ફરીયાદીએ જો નોટીસ આપી હોત અગર માફી માગવા લખ્યું હોત તો આરોપી તે પ્રમાણે કરત. આવી નોટીસ આપવાનું કાયદા મુજબ કાંઇ બંધન નથી. વળી આરોપી જ્યાં આ કોર્ટની હકુમતથી ૬૦૦ માઇલ દુર રહેતો હોય ત્યાં આવી નોટીસથી એ માફી માંગે અથવા તો આ કોર્ટની હકુમત નીચે આવી હાજર થાય તે માનવું ભુલ ભરેલું છે. જો સાચેજ તહોમતદાર પોતાની ભુલ કબુલ કરવા કે માફી માગવા તૈયાર હતો

તો આ કેસ દાખલ થયા પછી પણ તે પોતાની મેળેજ ફરીયાદી તરફની કાંઇપણ નોટીસ શિવાય પણ તેમ કરી શકતો હતો. છતાં તેણે તેમ કર્યું નથી.

મારા વિદ્વાન મિત્રની બીજી દલીલ એ છે કે તહોમતદારને ફરીયાદી સાથે કાંઇ ખાનગી વેર નહોતું. આ બચાવ અર્થ વગરનો છે. "ટાઇમ્સ ઓફ ઇંડિયા" કે "બોમ્બે ક્રોનીકલ" નો તંત્રી મને ઓળખતો ન હોય કે મારી સાથે તેને ખાનગી વેર ન હોય છતાં તે મારી બદનક્ષી કરે તો કાયદાના સકંજામાંથી તે છટકી શકે નહિ.

હું આપ નામદારને ભારપૂર્વક જણાવું છું કે સ્વસ્થાન રાજકોટના નામદાર ઠાકોર સાહેબના એક પ્રજાજન ઉપર સતત રીતે જુલમ ગુજારવામાં આવ્યો છે અને તેને ત્રાસ આપવામાં આવ્યો છે તેથી આરોપીને સખતમાં સખત સજા આપ નામદારે કરવી.

આરોપીએ ખોટા સાક્ષીઓ રજુ કરીને પોતે કરેલ ગુન્હામાં વધારો કર્યો છે તે તરફ હું આપ નામદારનું ધ્યાન ખેંચું છું. બચાવ પક્ષના સાહેદ નાં. ૨ તથા નાં. ૩ નુરમામદ તથા હુસેન બન્ને ખોટા અને ઉભા કરેલા સાક્ષીઓ છે.

નુરમામદે ફરીયાદીને કેદ કરવામાં આવ્યો હતો તેવી અફવા દાણા બજારમાં સાંભળી તેમ તે કહે છે. પણ આ અફવા તેણે કયારે સાંભળી અને કોની પાસેથી સાંભળી તે કાંઇ તે કહેતો નથી. તે માત્ર એટલુંજ કહે છે કે આ કેસ દાખલ થયા પછી તેણે એ અફવા સાંભળ્યાની વાત કાસમ દેવજીને કહી. તેને આ કોર્ટનો સાક્ષી સમન્સ પણ મળ્યો નથી. આ સાહેદ હડાહડ જુઠો છે અને કાસમ દેવજીએ તેને ઉભો કર્યો છે.

હુસેનની સાક્ષી ઉપર પણ કાંઇ આધાર બાંધી શકાય તેમ નથી. તે કહે છે કે તેણે આ અફવા સાંધણવા ચોકમાં હિંદુ હોટલમાં બે કડીયાઓ પાસેથી સાંભળી. હુસેન મુસલમાન છે અને પહેલી નજરેજ તેને ચા પીવા હિંદુ હોટલમાં જવા કાંઇ કારણ નથી. વળી કુદરતી રીતે કડીયાઓની વાત સાંભળવા અને તેને યાદ રાખવાની તેને કાંઇ જરૂર ન્હોતી. તેણે જે વાત સાંભળી તેની નોંધ તેણે રાખી નથી. પણ ૧૨ થી ૧૫ મહીના પહેલાં સાંભળેલી વાત તે કહે છે અને તે પણ આ કોર્ટમાં તે સાક્ષી દેવા આવ્યો તે પહેલાં બેજ દિવસે તેણે કાસમ દેવજીને કરી. આ સાક્ષી પણ ખોટો છે. કાસમ દેવજીએ તેને ઉભો કર્યો છે. તેના માથે કાંઇ પણ વજન મુકી શકાય તેમ નથી.

તહોમતદારની આવા ખોટા સાક્ષીઓ ઉભા કરવાની વર્તણુકથી તે કોઇપણ રીતે દયાને પાત્ર નથી. કલમ ૫૬૨ નો લાભ તેને જરા પણ મળવો જોઇએ નહિ.

તા. ૩-૧-૩૨ વાળું લખાણ પ્રગટ થયું તે પહેલાં તહોમતદારની ફરીયાદી તરફ કેવી વર્તણુક હતી તથા શું સ્થિતિ પ્રવર્તતી હતી તેનો ખ્યાલ હું આપ નામદારને આપીશ.

જ્યારથી મારા અસીલે ઓગસ્ટ ૧૯૩૧ માં સુપ્રીમ કાઉન્સીલ સામેની પ્રવૃત્તિમાં અગ્ર ભાગ લઇ કાઠીયાવાડ ખોજા યુવક સંમેલનનું પ્રમુખ સ્થાન લીધું ત્યારથી તે છેલ્લે છેલ્લે તહોમતદાર ઉપર આ કેસ દાખલ કરવામાં આવ્યો ત્યાં સુધી આરોપી ફરીયાદીની બદનક્ષી કરતો આવ્યો છે. એમ કહીએ તો ચાલે કે તેની સામે રીતસર લડી રહ્યો હતો. આપ નામદાર સમક્ષ મેં તહોમતદારના "ઇસમાઇલી" પત્રના ઘણા પ્રકાશનો રજુ કર્યાં છે જે આપ નામદાર પુરેપુરા ધ્યાનપુર્વક વાંચી જશો તેવી મારી વિનંતી છે. એ એક એક લખાણ પોતેજ ફરીયાદીની બદનક્ષી કરનારૂં છે. તહોમતદારે તા. ૩-૧-૩૨ વાળું લખાણ જાણી બુઝીને અને દ્વેશભાવથી લખ્યું છે તે તેના આ લખાણો ઉપરથી સાબીત થાય છે. આ લખાણોમાંના ઘણા તંત્રી સ્થાનેથીજ લખાયેલા છે. આ બધા સંજોગો જોતાં આપને ખાત્રી થશે કે તહોમતદારે તા. ૩-૧-૩૨ નું લખાણ કોઇપણ જાતની ભુલથી કે પ્રમાણિકપણે પ્રગટ કર્યું નથી.

ફરીયાદી તરફથી બહાર પાડવામાં આવેલી પત્રિકાઓ રજુ કરવામાં આવી છે. તેમાં ખોજા કોમની આબાદી અને સુધારણા માટેજ લખાણ લખવામાં આવ્યું છે. તહોમતદાર કે બીજા કોઇની વિરૂદ્ધ કાંઇ પણ લખાણ તેમાં નથી.

તહોમતદારનું છાપું એક કોમી પત્ર છે. હિંદુસ્તાન તથા આફ્રીકા તેમજ બીજા દેશોમાં પણ તેનો ફેલાવો છે. બધા વાંચનારાઓ કાંઇ લખાણનું વજુદ તપાસવા જતા નથી. તેથી સ્વાભાવીક રીતેજ તેઓ મારા અસીલ માટે ખોટો ખ્યાલ બાંધી લ્યે. એ જોતાં પણ તહોમતદારને સખત સજા થવાની જરૂર છે.

મારા વિદ્વાન મિત્રે જાસાચીઠીઓ માટે લંબાણપુર્વક વિવેચન કર્યું છે. એ લખવામાં તહોમતદારનો હાથ હતો તેમ પુરતા પુરાવા વગર મારો અસીલ પ્રતિજ્ઞા ઉપર કહી શકે નહિ. પણ પોતાને લાગતી ધાસ્તીને કારણે સ્ટેટ કાઉન્સીલને અરજી કરી હતી તેમાં આ જાસાચીઠી સાથે તહોમતદારનું નામ પણ તેણે રજુ કર્યું છે. મારો કહેવાનો આશય એટલોજ છે કે તહોમતદાર ફરીયાદી સામે જે દ્વેશબુદ્ધિ ભરેલી લડત ચલાવતો હતો તે એટલી હદ સુધી ગઇ હતી કે ફરીયાદીને જાન ગુમાવવાની પણ ધમકીઓ મળતી હતી.

ફરીયાદીએ સાક્ષી તરીકે એ વખત કોર્ટના હુકમ છતાં જવાબ આપ્યો નથી તેથી ક્રીં. પ્રો. કા. કલમ ૧૭૯ મુજબ તેના ઉપર કામ ચલાવવું જોઇએ એમ બચાવ પક્ષ તરફથી કહેવામાં આવ્યું છે. હું આપ નામદારને કહીશ કે આવા જવાબ આપવાનું કાંઇ બંધન સાક્ષી માથે નથી તે એવીડન્સ એકટ વાંચી જોવાથી આપ નામદારને ખાત્રી થશે.

છેવટે તહોમતદારે ઘણીજ ગંભીર રીતે ફરીયાદીની બદનક્ષી કરી છે. માટે આપ નામદારે તેને સખતમાં સખત સજા કરવી તેવી હું વિનંતી કરૂં છું"

જજમેન્ટ તા. ૩૧-૩-૩૩ ઉપર મુલતવી રહ્યું છે.

---


## ધંધાદારીઓને અપૂર્વ લાભ.

"ઓજા જાગૃતિ" માં તમારી જાહેર ખબર આપી ધંધામાં સફળતા મેળવો.

ભાવ માટે લખો:— વ્યવસ્થાપક,

"ઓજા જાગૃતિ" રાજકોટ.

મુંબઇના અમારા એડવરટાઇઝીંગ એજન્ટ:

**પાયોનીઅર એડવરટાઇઝીંગ બ્યુરો.**

લહેરી બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ,

મુંબાઇ.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૨૦.**

"કાઉન્સીલ પાસે જે કેસો આવે તેના ચુકાદા જેમ બને તેમ જલદી કરવા અને કાંઇ જરૂરી કારણ વગર કેસો લંબાવવા નહિ."

કાઉન્સીલને ઉંડો ઉંડો પણ અવિશ્વાસ છે કે જલદી ચુકાદા આપતાં તેને આવડતું નથી. એ કારણેજ આ કલમને કાયદાની ચોપડીમાં સ્થાન મળ્યું લાગે છે. ખરેખર કાઉન્સીલનો આ અવિશ્વાસ સાવ સાચો છે. કારણકે નાની નાની અરજીઓનો નીકાલ કરવામાં પણ તે ૬ થી ૧૨ મહીના કાઢી નાખે છે.

**કલમ ૨૧**

કાઉન્સીલના પ્રેસીડેન્ટ સાથે હીત ધરાવતા કોઇ કેસમાં તે પ્રેસીડેન્ટની જગ્યાએ નવા પ્રેસીડેન્ટને બેસારવા સંબંધેની છે.

આ કલમ બરાબર છે.

**કલમ ૨૨.**

"ધાર્મિક કાર્યની ઐકયતામાં કોઇ શખ્સ અડચણ ઉભી કરે અગર ઉશ્કેરણી કરે અગર વિક્ષેપ ઉત્પન્ન કરે અગર કોઇ જુદું મંડળ ઉભું કરવાની ખટપટ કરે અગર તેવા કાર્યની હીમાયત કરે અને તે મુજબની ફરીયાદ કોઇ શખ્સ તરફથી અગર કાઉન્સીલનાં કોઈ મેમ્બર તરફથી પણ કાઉન્સીલ પાસે રજુ થાય તો એવો ગુન્હો કરનારને ન્યાત બહાર સુધીની પણ શિક્ષા કાઉન્સીલ કરી શકશે."

જે કેટલીક કલમો માથે કાઉન્સીલની આપખુદીનો આધાર છે તેમાં આ કલમ મુખ્ય છે. કાઉન્સીલ કોમનો વહીવટ ચલાવનાર મંડળ છે. નહિ કે ધર્મની બાબતમાં કાયદા કાનુન ઘડનાર. ધર્મ એ દરેક માણસનો અંગત વિષય છે. તેને સામાજીક વ્યવહાર સાથે કાંઇ લેવા દેવા નથી. જ્યારે કોમ એ સામાજીક વાડો છે. એક માણસના ધાર્મીક વિચારોમાં ગમે તેવું પરીવર્તન થાય તેથી તેની અસર સમાજ માથે કાંઇ પણ થતી નથી. પણ કોમના કાયદા કાનુન આખી કોમ માથે અસર કરનારા હોય છે. ધર્મ અને કોમ એ બે જુદા જુદા સ્વતંત્ર વિષયોને કોઇપણ ઠેકાણે ભેળવી દેવામાં આવ્યા નથી. અને ખોજા કોમમાં તે ભેળવી દેવાનું કાંઇ કારણ નથી. આ કાયદાની ચોપડીની પ્રસ્તાવનામાં બતાવવામાં આવેલા કારણથી પણ આ કલમ એક ડગલું આગળ જાય છે. પ્રસ્તાવનામાં 'જમાતોના કામકાજ નિયમિત અને વ્યવસ્થિત રીતે ચાલે અને સરકાર સાહેબી આમદાની યોગ્ય રીતે વસુલ કરવામાં આવે' એ એજ ઉદ્દેશ જણાવવામાં આવ્યા છે. આ કલમ જમાતોના કામકાજ ચલાવવા માટેની નથી અને 'સરકાર સાહેબી આમદાની' વસુલ કરવા સંબંધેની પણ નથી. છતાં કાયદાની ચોપડીમાં તેને સ્થાન આપવામાં આવ્યું છે.

કોઇ માણસની ધાર્મિક માન્યતા ઉપર અંકુશ મુકી શકાય નહિ. પોતાનો આધ્યાત્મિક ઉદ્ધાર કોણે કયે રસ્તે કરવો તે માટે દરેક માણસ સ્વતંત્ર છે. આ કલમથી આ હકનું ખંડન થાય છે. બલકે કાઉન્સીલની માન્યતા મુજબનો ધર્મ તેને માથે પરાણે ઠોકી બેસારવાની તેની મતલબ છે. એ ધર્મને ઘણીજ મજબુતીથી તેમાં રક્ષવામાં આવ્યો છે. કાંઇપણ સક્રિય પગલું ભરવાથી માંડીને તે વિચાર—હિમાયત— કરવા સુધીની પણ તેમાં મનાઇ છે. કેમ જાણે કાઉન્સીલનો એ ધર્મ એટલો બધો નબળો હોય કે તેને આટલી હદ સુધીના રક્ષણની જરૂર હોય અને એ રક્ષણના અભાવે તે ધર્મ નાબુદ થઇ જવાનો ભય હોય.

વળી કાઉન્સીલ આપણને 'ભાઇ' કહી સંબોધવાને બદલે 'શખ્સ' કહી સંબોધે છે. એ તો ખુલ્લું છે કે કાઉન્સીલની રજમાત્ર પણ સત્તા આપણા ભાઇઓ શીવાય બીજા કોઇ ઉપર ચાલતી નથી. તો પછી 'ભાઇ' લખવામાં કાઉન્સીલને શું વાંધો ? આવા શબ્દપ્રયોગથી કાઉન્સીલ પોતે સત્તાધારી અને કોમ તેના હાથ નીચે જીવતી પ્રજા એવો ભાવ સ્પષ્ટ તરી આવે છે.

કાયદાની ચોપડીમાં જે અનેક જુલમી કલમો છે તેમાંની એક પણ ન હોય અને માત્ર આ એકજ કલમ હોય તો પણ કાયદાની ચોપડીને લાંછન લગાડવા માટે તે પુરતી છે. આ કલમ કાયદાનું મોટામાં મોટું કલંક છે. કોમ ઉપર તે એક જબરજસ્તમાં જબરજસ્ત ખોફ છે અને કોમી તથા વ્યકિતગત સ્વતંત્રતાના રક્ષણ માટે વહેલી અને પહેલી તકે તે નાબુદ કરવાની ખાસ જરૂર છે.

**કલમ ૨૩.**

"જો કાઉન્સીલ આ કાયદાની બુકમાં ફરમાવેલા ધારાથી વિરૂદ્ધ વર્તન કરે તો દરેક ઇસમાઇલી મુરીદને સુપ્રીમ કાઉન્સીલ પાસે તે મુજબની ફરીયાદ કરવાનો અખત્યાર છે."

સુપ્રીમ કાઉન્સીલ પાસે ફરીયાદ કરવાના ધોરણ સામે કાંઇ ખાસ કહેવાપણું નથી. પણ "ઇસમાઇલી મુરીદ" એ શબ્દો સામે ઘણું કહેવાનું છે. કાયદાની આખી ચોપડીમાં "ખોજા" શબ્દ એક પણ ઠેકાણે આવતો નથી, જે આપણી કોમનો સૂચક છે. "ઇસમાઇલી મુરીદ" એ ધર્મનો સૂચક શબ્દ છે, અને આ કાયદાને ધર્મની સાથે કાંઇ લાગતું વળગતું નથી પણ કોમની સાથે લાગે વળગે છે. કોમી બંધારણ અને વહીવટમાં આવી છુપી રીતે ધર્મનું તત્વ ઘુસાડી દેવામાં આવ્યું છે. આપણે "ખોજા" છીએ અને "ખોજા" તરીકેજ આપણે સંબોધાવાં જોઇએ.

# સપ્તાહનો સાર

**વ્હાઇટ પેપર સ્વીકારાશે ?** લાંબા વખતથી વાટ જોવાતી હતી તે વ્હાઇટ પેપર ગઇ તા. ૧૭ ના પ્રગટ થઇ ગયો છે. તે મુજબ ના. વાઇસરૅાયને બહોળી સત્તા આપવામાં આવી છે. રક્ષણ, પરદેશ નીતી, ધાર્મીક વસ્તુએ, ફીડરેશનની સલામતી, દેશી રાજ્યોના હકક, આર્થીક સલામતી અને ફીડરેશનની પ્રતિષ્ઠા, લઘુમતીનું હીત, સનંદી નોકરોના હક–આટલા વિષયોમાં વાઇસરૅાયને સ્વતંત્ર અંગત સત્તા આપવામાં આવી છે. વસ્તીના ૧૦ ટકા જેટલા માણસને મતનો અધિકાર મળશે. ધારાસભાની જગ્યાઓની વહેંચણ વડા પ્રધાનના કોમી ચુકાદા પ્રમાણે પુના કરારના ફેરફારો સહીત કરવામાં આવશે. અત્યારના ધોરણથી આગળ વધીને પ્રાંતોના ગવર્નરોને પણ વાઇસરૅાય જેવી સત્તા આપવામાં આવી છે. દેશી રાજ્યો માટે મુકરર થયેલી બેઠકોમાંથી ૫૦ ટકા ભરાય અને રીઝર્વ બેન્કની સ્થાપના થાય—આ બેમાંથી એક શરત ન સંતોષાય તો ફરીથી મંત્રણા ચલાવી બંધારણનો નિર્ણય કરવાનું ઠરાવવામાં આવ્યું છે. બ્રીટીશ પાર્લામેન્ટની વધુ પરવાનગી વીના પ્રાંતીક બંધારણ અમલમાં મુકવાનું જણાવવામાં આવ્યું છે. મધ્યસ્થ બંધારણ મોડામાં મોડું કયારે અમલમાં મુકવામાં આવશે તે નકકી કરવામાં આવ્યું નથી. વાઇસરૅાયને ધારાસભા ગમે ત્યારે બોલાવવાની, રદ કરવાની કે મુલતવી રાખવાની સત્તા આપવામાં આવી છે. આ ખરડો બર્માને લાગુ કરવામાં આવશે નહિ.

હિંદભરના દરેક પક્ષોએ આ ખરડા સામે તીવ્ર વિરોધ જાહેર કર્યો છે. મુસ્લીમો, વિનીતો અને રાષ્ટ્રીય આગેવાનોએ અસંતોષ બતાવ્યો છે. પાર્લામેન્ટની જોઇન્ટ સીલેક્ટ કમીટીનો બહિષ્કાર કરવા દેશમાં ચળવળ ચાલુ કરવામાં આવશે. સર સપ્રુને પોતાને અસંતોષ થયો હોવા છતાં તેઓ આ કમીટીમાં જવા આગ્રહ રાખે છે.

**નીકલંકી અવતારની ધરપકડ :** ગોધરાના અંબાલી ગામે પોતાને નીકલંકી અવતાર તરીકે ઓળખાવતા અને વ્યસની ચેલાઓની સાથે ૭ માંસથી અડો જમાવી બેઠેલા એક મહંતની ધરપકડ કરવામાં આવી છે. ૩ યુવાનોને આ કહેવાતા અવતાર સાથે વાત કરતાં ભેદ લાગવાથી તેમણે લોકોને આવી રીતે નહિ ઠગવા મહંતને જણાવ્યું હતું. જે ઉપરથી મહંતના હુકમથી તેના ચેલાઓએ લાઠીવતી જુવાનો ઉપર હુમલો કર્યો હતો. પરીણામે બે યુવાનોને સખત ઇજા થઇ અને ગોધરાની કોર્ટમાં આ ફરીયાદ નોંધાવવામાં આવતાં બનાવટી અવતાર તથા તેના આઠ ચેલાઓની ધરપકડ કરવામાં આવી. કેસની સુનાવણી તા. ૩૧ ના રોજ નીકળશે.

**સ્વાગત પ્રમુખ પકડાયા :** કલકત્તા ખાતે તા. ૩૧ માર્ચ તથા ૧ લી એપ્રીલના રોજ મળનારી મહાસભાની આગામી વાર્ષિક બેઠકની સ્વાગત સમિતિના પ્રમુખ ડો. પ્રફુલ્લ ઘોશ તથા સામાન્ય મંત્રી શ્રી. પંચાનન બોઝની તા. ૨૨ ના રોજ ધરપકડ કરીને દરેકને ત્રણ ત્રણ માસની કેદની સજા કરવામાં આવી છે. સ્વાગત સમિતિ ગેરકાયદેસર ઠરાવવામાં આવી છે.

**"બેકાર હૈય, રોટી લાવ" :** મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની સભામાં ગઇ તા. ૧૩ ના રોજ પચ્ચીશેક મુસ્લીમ કામદારો મીલ બંધ થવાથી પોતાને બેકાર તરીકે ઓળખાવતા "હમ બેકાર હૈ, ભુખ લગી હૈ, રોટી લાવ." ની બુમ મારતા હૅાલમાં ધસી આવ્યા હતા. પ્રમુખ તથા મજુરનેતા મી. રજબ તથા મી. ડીમટીકરે તેમને રીતસર અરજી કરવાનું સમજાવ્યા બાદ તેઓ હૅાલ છોડી ગયા હતા.

**મજુરો હડતાળ ઉપર :** માલવણના મીલ માલેકોએ સ્ત્રી કામદારોના પગારમાં ઘટાડો કરવાથી બધી સ્ત્રી મજુરો હડતાળ ઉપર ગઇ છે. કામદાર યુનીઅનના પ્રમુખ તથા સામાન્ય મંત્રી અને બીજા બેની ધરપકડ કરી જામીન ઉપર છોડવામાં આવ્યા છે. મજુરો દરરોજ સભા ભરે છે અને સરઘસ કાઢે છે. તેની સામે મીલ માલેકો સતાવાળાઓ પાસે મનાઇ હુકમ કઢાવવા મથે છે. હડતાળને ૫૪ દિવસ થયા છે મજુરો મકકમ છે.

**ના. ગાયકવાડનું બહુમાન :** વડોદરા નરેશની ૭૧ મી જન્મગાંઠ પ્રસંગે મુંબઇની પ્રજા તરફથી તા. ૧૮ ના રોજ તેમનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. અભિનંદનના સંદેશાઓમાં મ. ગાંધીજી તથા પં. માલવીયાના પણ હતા.

**અત્યંજો માટે ખુલ્લાં મુકાયાં :** સ્વસ્થાન ભાવનગરની દરેક શાળા તથા દવાખાનાં અત્યંજો માટે ખુલ્લાં મુકાયાનો હુકમ રાજ્ય તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે.

**જર્મનીનો મામલો :** નાઝીનેતા હેર હીટલરની સત્તા લગભગ સર્વમાન્ય થઇ ચુકી છે. પ્રમુખ હીન્ડનબર્ગે નવી પાર્લામેન્ટ ખુલ્લી મુકી છે. રાષ્ટ્રિય હેતુઓથી રાજ્યદ્વારી ગુન્હા કરનારને સામાન્ય માફી આપવાનું તથા દેશના હીતને નુકશાન કરનાર, રાષ્ટ્રિય સરકાર ઉપર દ્વેષભાવથી હુમલા કરનાર, રીશ અને ફેડરલ રાજ્યોના સ્વમાનને નુકશાન પહોંચાડનાર અને અફવા ફેલાવનાર ગુન્હેગારોને કેદથી માંડીને દેહાંત દંડ સુધીની સજા કરવાનું એમ બે ફરમાન પ્રમુખની સહીથી ટુંક વખતમાં બહાર પડશે તેમ દેખાય છે.

**શ્રી. સુભાષ બોઝ :** શ્રી. સુભાષચંદ્ર બોઝ એક માસ માટે વીએના રહેશે. આંતરડાના દરદને અંગે તેઓના ઉપર ઓપરેશન કરવામાં આવશે. તબીયત જેમની તેમ છે.

**મો. શૌકતઅલીની બદનક્ષીનો કેસ : મુંબઇના કોમી રમખાણો વખતે પોતાની બદનક્ષી કર્યાનું કહી** મુંબઇના 'ફ્રી પ્રેસ જર્નલ' પત્રના તંત્રી શ્રી. એસ. સદાનંદ સામે **મો. શૌકતઅલીએ** માંડેલ બદનક્ષી કેસની સુનાવણી ગઇ તા. ૨૨ ના રોજ નીકળી હતી. મૌલાનાના ધારાશાસ્ત્રી તરફથી મુદતની માગણી કરવામાં આવતાં કેસ તા. ૨૪ ઉપર મુલતવી રહ્યો હતો.

**અમેરીકાની સહાનુભુતી :** હિંદની સ્વરાજ્યની લડત તરફ સહાનુભુતી બતાવવા માટે અમેરીકામાં એક સંસ્થા ઉભી કરવામાં આવી છે.

# ચૂસણ નીતીનું ચક્ર

( આ પ્રસંગના પાત્રો કલ્પીત છે. બંધબેસતી પાઘડી કોઇએ પહેરી ન લેવી. )

## દ્રષ્ય ત્રીજું.

વલીમામદ ગુજરી જવાથી ફાતમાબાઇ માથે આફતનું વાદળ તુટી પડયું. જેને સાજો કરવા તેણે સર્વસ્વ હોમી દીધું હતું તે સાજો થયો નહિ અને પોતાનો તથા પોતાના વહાલા પુત્ર બદરૂદીનનો નીભાવ કરવાનું મુસ્કેલ કામ અકાળે તેને માથે આવી પડયું. વલીમામદની હયાતીમાં ગમે તેવા આકરા સંજોગોમાંથી પસાર થતી વખતે પણ ફાતમાબાઇને કાંઇ ચિંતા અનુભવવી પડી નહોતી. દુઃખ સામેની એ ઢાલ આજે ખસી જતાં તેના હૃદય ઉપર સીધા ઘા થવા લાગ્યા. ભાવી ચિંતા અને નિરાધારીએ ફાતમાબાઇના ઘવાએલા હૃદયને વધુ વ્યાકુળ બનાવી મુકયું.

વલીમામદની હયાતીમાં તેની છેલ્લી ઘડીઓ વખતે તેણે જમાલભાઇને જે બધી માલમત્તા લખી આપી હતી તેનું તો ફાતમાબાઇને અત્યારે ભાન પણ નહોતું. મોટા દુઃખે નાના દુઃખને વીસરાવી દીધું હતું. ઉંડે ઉંડે પણ તેને એ આશ્વાસન રહ્યા કરતું હતું કે વલીમામદની થોડે થોડે ભેગી થયેલી પુંજી બદરૂદીનને કામધંધે લાગવામાં ઉપયોગી થશે અને બદરૂદીન એક વખત કાંઇ ધંધે ચડી ગયો એટલે તેની ચિંતા અરધી થઇ જશે. પણ ફાતમાબાઇને હજી ખબર નહોતી કે જે જગતમાં દાખલ થવા માટે દરવાજાના ઉંબરમાં તે આજે ઉભી હતી તેની અંદર દુષ્ટ લોભ અને કુટીલ સ્વાર્થના કીડાજ ખદબદતા હતા.

બરાબર વલીમામદ ગુજરી ગયા પછી આઠમે દિવસે જમાલભાઇ ફાતમાબાઇ પાસે આવ્યા. ફાતમાબાઇને લાગ્યું કે જોઇતી કારવતી કોઇ ચીજ વસ્તુ ખુશીથી લઇ જવાનું આમંત્રણ આપવા અને કોઇ વાતે નહિ મુંઝાવાનું આશ્વાસન દેવા જમાતના આગેવાન જમાલભાઇ તેની પાસે આવ્યા હશે.

પણ જમાલભાઇના દીલમાં આવી કોઇ વાત હતી નહિ. આજે તેઓ કાઉન્સીલના પ્રેસીડેન્ટ તરીકે પોતાની ફરજ બજાવવા આવ્યા હતા.

" આવો, જમાલભાઇ, " ફાતમાબાઇએ સ્વાભાવિક વિનયથી તેને આવકાર આપ્યો. " બદરૂ, બેટા, બાપાને શેતરંજી પાથરી દે'તો. " પાંચ સાત વરસની જીંદગી ભોગવી વૃદ્ધ થયેલી શેતરંજી ઉપર જમાલભાઇએ આસન લીધું.

" જુઓ, ફાતમાબાઇ, " જમાલભાઇનો વાણી પ્રવાહ છુટયો. "હું આજે એક ઘણાજ અગત્યના કામ માટે તમારી પાસે આવ્યો છુ. વલીમામદની મિલ્કત તમે મને કયારે સોંપી દેશો ?"

વીજળી પડી હત તો પણ ફાતમાબાઇ આટલી ચમકત નહિ. કાતીલ ખંજર કોઇએ ભોંકી દીધું હત તોપણ તેનું હૃદય આટલું ઘવાત નહિ. આ અણધારેલા પ્રશ્નનો શું જવાબ આપવો તેની તેને સુજ પડી નહિ.

" ભાઈ, તમે જાણો છો કે અત્યારે મારૂં કોઇ નથી. મેં સુખ દુઃખ કોઇ દિવસ દેખ્યું નથી બદરૂ હજી દુનીયાથી સાવ અજાણ્યો છે. એને કાંઇક કામધંધે ચડાવો. બદરૂનો બાપ જીવ્યા હોત તો મારે કાંઇ નહોતું. હું મારે હાથે આગળ ચાલીને તમને એ બધું સોંપી દેત. પણ એ ગુજરી ગયા અને અમારા માથે આ દુઃખના ડુંગર આવી પડયા. "

" ફાતમાબાઇ, એ કાંઇ નહિ ચાલે. તમે સ્ટામ્પના કાગળ ઉપર બધી મિલ્કત લખી આપી છે તે તમારે ભુલવું જોઇએ નહિ. હું કાંઇ ન કરી શકું, મારે તો મારી ફરજ બજાવવાની છે. આપણા પવિત્ર કાયદાની કલમ ૨૦૪ મુજબ જેમ બને તેમ જલદી મારે આ મીલ્કત કબજે કરવી જોઇએ હું તેમાં ગફલત કરૂં તો મૌલાનો ગુન્હેગાર થાઉં. " જમાલભાઇએ બગલમાંથી કાયદાની ચોપડી કાઢી કલમ ૨૦૪ ફાતમાબાઇને બતાવતાં નફ્ટાઇ સાથે આ શબ્દો ઉચ્ચાર્યા.

" અરે ! જમાલભાઇ, તમે તો મારા ભાઇ કહેવાવ. અમારા આ દુઃખના વખતમાં તમારે તો અમને મદદ કરવી જોઇએ. તેને બદલે અમારૂં છે તે કાં લઇ જાવ ? સાહેબને ઘરે કયાં તુટો છે ? " ફાતમાબાઇને આવડી તેટલી લાચારી તેણે કરી જોઇ.

" એ નહિ બને. તમે જો સીધી રીતે બધી મિલ્કત વીલ મુજબ મને નહિ સોંપી દ્યો તો મારે ન છુટકે કાયદેસર પગલાં ભરવાં પડશે. તેમાં તમારી શોભા નહિ. ફજેત થઇને દેશો તેના કરતાં છાનામાના દઇ દેવું ઠીક છે" જમાલભાઇએ પોતાનું હૃદય ગીરો મુકયું હતું. શરીરમાં લોહીને ફરતું રાખવા શીવાય તે માંસનો લોચો બીજી બધી વાતે જડ બન્યો હતો.

ફાતમાબાઇ ' કાયદેસર પગલાં ' ની ધમકીથી વધુ ગભરાણી. કોર્ટ તેણે કોઇ દિવસ જોઇ નહોતી. પણ તેને એટલી ખબર હતી કે કોર્ટમાં જવાથી પૈસા અને આબરૂ બન્ને જાય છે. એટલે છેવટે તેણે જમાલભાઇને તાબે થવાનો નિશ્ચય કર્યો.

વગતે દિવસે જમાલભાઇ બે ગાડાં અને એક માણસ લઇને વલીમામદને ઘરે આવ્યા. નાની મોટી દરેક વસ્તુ તે ગાડાંવાળાને બતાવતા ગયા અને ગાડાવાળા તે પોતાના ગાડામાં ભરતા ગયા. ફાતમાબાઇને જીવથી વ્હાલો નાનકડો સુંદર કબાટ પણ ગાડામાં ગોઠવાયો. વલીમામદને પ્રાણથી પ્યારૂં ઘડીઆળ પણ જમાલભાઇના હાથમાં લટકવા લાગ્યું. બદરૂદીનની નાનકડી રંગીન ઢોલણી જ્યારે ગાડાંવાળાઓએ ઉપાડી ત્યારે તો બદરૂદીન અને ફાતમાબાઇ પોક મુકીને રોયા.

જમાલભાઇ ગયા પછી બે ચાર માટીના ઠામ, એક થાળી અને એકાદો ભાંગેલો ટુટેલો કળશો અને બેચાર ગોદડાંના ગાભા અને એક તુટલ ફુટલ કાથીનો ખાટલો– આટલી ચીજો ઘરમાં રહી. ધુંધવતા સંસાર સાગરને કાંઠે ઉભેલા બદરૂદીન માટે જમાલભાઈ આટલું ભાતું રાખવાની મહેરબાની કરી ગયા હતા.

આ અઠવાડીક રાજકોટમાં ''લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ'' માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

વાતોડીયાઓને

છુટક નકલ ત્રણ પૈસા.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨
દેશાવર રૂ. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૭ : એપ્રીલ ૪ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ના ચૈત્ર શુદ ૯: મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## દેખાદેખી તજો.

**દેખાદેખી** એટલે વિચારનો અભાવ, બુદ્ધિનું દેવાળું. પરીણામે કર્તવ્યની વિમુખતા, ભ્રષ્ટતા.

આપણી કોમમાં આજે આ દેખાદેખીનું અનિષ્ટ પુરેપુરૂં પેસી ગયું છે. નથી કોઇ વિચાર કરતું કે હું શામાટે આમ કરૂં છું. કેમ જાણે બુદ્ધિવાદ સામે મજબુત મોરચા મંડાણા હોય અને વિચાર શકિતને દેશવટો દેવાણો હોય તેમ સૌ આંખો મીંચીને બસ એક બીજાનું આંધળું અનુકરણ કરી રહ્યા છે.

આજે આ દેખાદેખીથીજ કાઉન્સીલનું મલીન તંત્ર ટકી રહ્યું છે. સામાજીક બદીઓનું અસ્તીત્વ પણ આજ દેખાદેખીને આભારી છે. ખોટા ખરચા, ઉપલકીયો ડોળ અને મોંઘી ફેશન પણ આ દેખાદેખીની કુટેવથી ટકી રહ્યાં છે.

દેખાદેખીની બુરી આદતથી આપણે ઘણું સહન કરવું પડે છે. વિચાર કરવાની શકિત, જે શકિતવડેજ માણસ અને જાનવર વચ્ચે ભેદ પડે છે, તે મહામુલી શકિત આપણે ગુમાવતા જઇએ છીએ. આપણે આપણા મટી પારકા બનીએ છીએ. આપણે શું કરવું જોઇએ એ પ્રશ્નનો ઉત્તર પોતાના મગજ, દીલમાંથી મેળવવાને બદલે આપણે તે બીજાઓની કામગીરીમાંથી શોધવો પડે છે. પરીણામે આપણે આજે આપણું કર્તવ્ય ચુકયા છીએ. કર્તવ્યનું જ્ઞાન પણ આપણને રહ્યું નથી. માટે દેખાદેખી છોડો. ફલાણો કરે છે માટે મારે કરવું એ સિદ્ધાંતને પાણેચું આપો. તમારા પોતાના હૃદયને પુછો. બુધ્ધિનો ઉપયોગ કરો, અને તે પછીજ જે કરવું હોય તે કરો. દેખા-દેખીનો રસ્તો તો અધઃપતન તરફ ધસડી જનારો છે.

આજના અંકની સામગ્રી.

વાતોડીયાઓને.
૩૨ × ૧॥ = ૪૮ + ૨ = ૫૦.
મી. ચુનારા સામેનો કેસ.
પાટડી ફંડનો હીસાબ આપો.
સપ્તાહનો સાર.
નીકાહ તમારા હાથે પડાવો.
કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

દર મંગળવારે પ્રગટ થતું ખોજા કોમનું મુખપત્ર.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૪-૪-૩૩.

# વાતોડીયાઓને

આ દુનિયા ઉપર એક એવો વર્ગ હસ્તી ધરાવે છે કે જે પોતે કાંઇ કરે નહિ અને બીજાઓનાં કરેલામાં ભુલો કાઢ્યા કરે. આ વર્ગના માણસોને ગમે તે માણસ કે સંસ્થાની ગમે તેવી વાજબી કે ગેરવાજબી ટીકાઓ કરવાનો સદર પરવાનો મળ્યો હોય છે. ખોબા જેવડા પોતાના વિશાળ અનુભવના સેંકડે ૯૯ ટકાના વિચારોનું જ્યારે તેઓ પોતાની તેજસ્વી વાણીવડે પ્રતિબિમ્બ પાડે છે ત્યારે તેઓના મનમાં એમ જરૂર નકકી થઈ જાય છે કે પોતાના મહાન અનુભવથી ગમે તેવાઓને શીખામણ આપવા તે બરાબર લાયક બન્યા છે; એટલુંજ નહિ પણ આવી શીખામણ આપવી એ એક બહુ મોટી સેવા છે અને તેથી બીજું કાંઇ કરવાનું તેમના માટે બાકી રહેતું નથી.

આ વર્ગના કેટલાક માણસો હમણાં હમણાં એવું પ્રચાર કાર્ય કરી રહ્યા છે કે ખોજા સુધારક સંઘે કોમની મુકિત માટે લીધેલ માર્ગ અવળો છે અને અંદર રહીને તથા કાઉન્સીલને અરજીઓ કરીને અત્યારના કાઉન્સીલના કાયદાઓમાં ફેરફાર કરાવી શકાય તેમ છે; કોમના સેંકડે ૯૯ ટકા માણસો આ પ્રમાણે માને છે; માટે ખોજા સુધારક સંઘે પણ તે મુજબ કરવું જોઇએ.

ખોજા સુધારક સંઘને આ મહાશયોની મોંઘી સલાહની શું અસર થઇ તે તો તે જાણે; પણ જ્યાંસુધી તેણે પોતાની નીતીમાં ફેરફાર કર્યાનું જાહેર કર્યું નથી ત્યાંસુધી તો આપણે સહુએ એમજ માની લેવું જોઇએ કે તે નીતીમાં કાંઇ ફેરફાર થયો નથી.

આ નીતીના બચાવનું કામ ખોજા સુધારક સંઘનું છે; પણ ઇન્સાફની ખાતર આપણે એટલું કબુલ કરવું જોઇએ કે ખોજા સુધારક સંઘની પ્રવૃત્તિ કાંઈ નાતમાંથી બહાર થવા માટેની નહોતી અને નથી. જે કામ તે કરવા માગે છે તે અંદર રહીને કરી શકાય ત્યાંસુધીજ કરવું અને નાત બહાર થવાનો પ્રસંગ આવે ત્યારે પડતું મુકવું, એવી તેની માન્યતા નથી; જેનું ધ્યાન પોતે નકકી કરેલા ધ્યેય તરફજ છે તે પડતું મુકી દેવાની સલાહ કોઇપણ સમજશકિતવાળો માણસ આપી શકે નહિ; તેથી આવી કોઇપણ જાતની સલાહ ખોજા સુધારક સંઘને અમે આપી શકતા નથી.

પણ આવી સલાહ અને શીખામણ આપનાર ગૃહસ્થોને અમારે જરૂર કહેવાનું છે. આવી વાતો કરનાર માણસો એમ કહે છે કે તેઓનો અનુભવ ઘણો મોટો છે અને સેંકડે ૯૯ ટકા માણસો તેમના આ મત સાથે મળતા થયા છે; મતલબ કે લગભગ આખી કોમના સહવાસમાં તેઓ આવ્યા છે અને લગભગ આખી કોમ એમ માને છે કે કાઉન્સીલમાં અરજીઓ કરવાથી કાયદાઓમાં ફેરફાર કરાવી શકાય તેમ છે. આવા માણસોને અમારો પહેલોજ પ્રશ્ન એ છે કે જ્યારે તમારા મત સાથે આખી કોમ મળતી છે, તમે જે રસ્તે કામ કરવા માગો છો તે રસ્તો આખી કોમને અનુકુળ છે, તો પછી તમારામાંના કેટલા માણસોએ આ દિશામાં શું સક્રિય પગલાં ભર્યાં ? તમારે હૈડે કોમની દાઝ છે અને તમને કોમનો સહકાર છે એ જોતાં તો એક નાના સરખા પ્રયત્નથી પણ તમે કોમની સારી સેવા બજાવી શકો; તમે આવી સેવા કેટલી બજાવી ? સેંકડાની અને ૯૯ ટકાની વાતો કરનારાઓમાંથી થોડા સેંકડા પણ એવા ન નીકળ્યા કે જેણે પોતાને વાજબી લાગેલી રીતે કોમનો ઉધ્ધાર કરવા કાઉન્સીલને અરજી કરી હોય કે તે માટે સંગઠ્ન કર્યું હોય ?

આ પ્રશ્નોના જવાબ કદી મળે તેમ નથી; કારણકે આવી વાતો કરનારા માણસોએ જેને ‘ કામ ’ કહી શકાય તેવું કાંઇજ કર્યું નથી. આ ઉપરથી બે અનુમાન તારવી શકાય તેમ છે. પહેલું:-આવી વાતો કરનારાઓ માત્ર વાતો કરનારાજ હોય છે, તેમને કાંઇ કામ કરવું નથી, કોમના ઉધ્ધારની તમને રજમાત્ર પણ પડી નથી, તે માટે તલ્લમાત્ર પણ ભોગ આપવા તેઓ તૈયાર નથી, વાણીના તેઓ વિલાસી છે, અઠ્ઠાતઠ્ઠા ગમે તેમ બોલ્યા કરવું છે; નથી તેમને સિધ્ધાંત કે નથી તેમને કાંઇ ધ્યેય. તેઓના માટે સારામાંસારૂં વિશેષણ ‘ વાતોડીયા ’ વાપરી શકાય. બીજું:-કોમ આવી અરજીઓ મારફત પોતાની મુકિત મેળવવામાં માનતી નથી અને તેથી તે રસ્તે કામ કરવાની વાતો કરનારાઓ પ્રત્યે તેની જરા પણ સહાનુભૂતિ નથી, બલ્કે આવી વાતો કરનારાઓ તરફ તે સંપૂર્ણ દુર્લક્ષ ધરાવે છે. આ બેમાંથી પહેલું ખોટું ઠરે તો બીજું અને બીજું ખોટું ઠરે તો પહેલું અનુમાન સાચું ઠરે છે.

આવા વાતોડીયા ભાઇઓને અમારી વિનંતિ છે કે-તમે જે પદ્ધતિની હિમાયત કરી રહ્યા છો તેને જરા બુદ્ધિની કસોટીએ ચડાવજો; એ કસોટીમાંથી એ પદ્ધતિ પસાર થઇ જાય તોપણ તમે જ્યાંસુધી એ પદ્ધતિ મુજબ કાંઇ ‘ કામ ’ કરી બતાવી શકો તેમ ન હો ત્યાંસુધી કૃપા કરી ચુપ રહેજો. કોમના મુકિતયતમાં તમે કાંઇ ભોગ ન આપી શકતા હો તો ભલે, પણ નાહક તેની સામે બખાળા કાઢી કોમના ગુન્હેગાર શામાટે બનોછો!

## એક ખુલાસો.

એક ભાઇ તરફથી અમારા ગયા અંકના અગ્રલેખ તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે કે:-“કાઉન્સીલના કાયદામાં મૈયત અટકાવીને લાગા વસુલ કરવાની એકપણ કલમ નથી તે બરાબર નથી. કલમ ૧૧૬ માં ગમીના પ્રસંગે ગુસલની, લાસ ઉપર નીમાજ પડવાની, વિગેરે ક્રિયાઓ કાઉન્સીલના નીમેલા માણસો શીવાય બીજા કોઇએ ન કરવાનો ખાસ તાકીદ છે; તેનું કારણ આ પ્રસંગે પોતાના ચુકતે લાગા વસુલ કરવા શીવાય બીજું કાંઇ નથી.”

અમારા લખવાનો અર્થ એવો હતો કે આવી કોઇ સીધી અટકાયત કરનારી કલમ કાયદામાં નથી; તેથી કરીને ઉપર દર્શાવેલી ઘાતકી કલમનો સ્વાર્થી આશય અમે છુપાવવા માગતા નથી. ધ્યાન ખેંચવા બદલ ઉપકાર. તંત્રી.

# ૩૨ x ૧॥ = ૪૮ + ૨ = ૫૦.

**લેખક : શ્રી. હુસેન વાલજી સવાણી.**

( ખુશાલ અને દામોદર બન્ને મિત્રો છે. બન્ને હંમેશાં સાથેજ ફરવા જાય છે. ખુશાલ એક ખોજા ગૃહસ્થ છે અને દામોદર એક ભાટીયા ગૃહસ્થ છે. એક સાંજનો આ પ્રસંગ છે.)

**દામોદર**—ભાઇ ખુશાલ, આજે તું બહુ ખુશી દેખાય છે તેનું કારણ શું ?

**ખુશાલ**—દોસ્ત આજે હું અમારી સુપ્રિમ કાઉન્સીલનો મેમ્બર થયો છું એટલે બહુ આનંદમાં છું.

**દામોદર**—સુપ્રિમ કાઉન્સીલ તે શું કોઇ સંસ્થા છે?

**ખુશાલ**—હા. કાઠીયાવાડમાં અમારી ન્યાત ૭૮૫ ગામમાં વસે છે. તેની આપસ આપસની તકરાર પતાવવા ૧૯ લોકલ કાઉન્સીલો છે. લોકલ કાઉન્સીલના ઠરાવથી કોઇ નારાજ થાય તો અપીલ કરવા માટે સુપ્રિમ કાઉન્સીલ છે. એટલે અમારી તે અપીલ કોર્ટ છે. ભાઇ દામોદર, આ અપીલ કોર્ટનો હું એક મેમ્બર થયો એ શું કાંઇ ઓછી ખુશાલીની વાત છે ?

**દામોદર**-ત્યારે તો ત્યાં બહુમતીથી કામ થતું હશે ?

**ખુશાલ**—નાજી. અમારા છાપેલ કાયદા છે. તેમાં કુલ્લે ૨૧૫ કલમો છે. તે કાયદા પ્રમાણેજ કામ કરી શકાય.

**દામોદર**—તમારી તે કાઉન્સીલના મેમ્બરો કેટલા છે ?

**ખુશાલ**—૩૨.

**દામોદર**—ભલા કાયદા પ્રમાણે કામ ચલાવવા માટે ૩૨ મેમ્બરોની શી જરૂર ?

**ખુશાલ**—૩૨ મેમ્બરોની શી જરૂર તે કાંઇ હું જાણતો નથી. હું તો એટલું સમજું કે હું તેનો મેમ્બર થયો તે મારૂં અહોભાગ્ય છે. સુપ્રિમ કાઉન્સીલના મેમ્બરની ન્યાતમાં બહુ મોટાઇ ગણાય. દીકરા દીકરી સારે ઠેકાણે વરે પરણે. મારે તો આથી બીજું રૂડું શું ?

**દામોદર**—તમારી કાઉન્સીલ એવું તે ન્યાતનું શું ભલું કરે છે કે ન્યાતમાં તેના મેમ્બરોની મોટાઇ ગણાય ?

**ખુશાલ**—જો ભાઇ, અમારી ન્યાતની કોઇ જમાત પૈસા બરાબર વખતસર ન મોકલાવી આપે તો અમે તેના ઉપર ફરજ પાડી શકીએ. અમારો હુકમ થયો એટલે તુરતજ પૈસા આવી જાય. વળી કોઇ વર વહુને વાંધો પડે અને અમારી પાસે ફરિયાદીએ આવે તો અમે બન્નેનો દંડ લઇને તેના છુટાછેડા કરી [illegible]આનો તુરતજ નીકાલ કરી નાંખીએ. ઉપરાંત જો અમારા છાપેલા કાયદા છે તેમાં સુધારો વધારો કરવાનું કે ફરજીઆત લાગાઓ છે તેને મરજીઆત કરવાનું કોઇ બોલે તો અમે તેને તુરતજ ન્યાતબહાર કરીએ. અમારી સામે કોઇ હરફ ન કાઢી શકે હરફ ! અમારી સત્તા ઘણી છે.

**દામોદર**—તમારી ઘણી સત્તાની વ્યાખ્યા તારા કહેવા મુજબ એ થાય છે કે તમે ફરજીઆત લાગાઓ બરાબર વસુલ કરો, છુટાછેડા કરો અને કોઇ કાંઇ બોલે તો તેને ન્યાતબહાર કરો. આ ત્રણમાંથી એક પણ વાત મને તો સારી નથી લાગતી. આ ત્રણેય બાબત જુલમી છે, અને આ જુલમ કરવામાં હવેથી તું પણ ભાગીદાર બનીશ એમાં તું આનંદમાં આવી ગયો છો. ન્યાતમાં તારી મોટાઇ ગણાય તેટલા માટે તું તારી કોમનો શત્રુ બન એ તો મારી નજરે અધમતા છે. મારૂં માન તો આ સંસ્થામાંથી તું નીકળી જા.

**ખુશાલ**—ભાઇ, તું આ શું કહે છે ? આવો સારો મોક્કો હાથે કરીને જતો કરૂં ? એવી મૂર્ખાઇ હું નહિ કરૂં.

**દામોદર**:—ભાઇ ખુશાલ, તું સારો મોક્કો કહે છે તેની વ્યાખ્યા સાંભળ. તમારી આ સુપ્રિમ કાઉન્સીલ કાયદા પ્રમાણે કામ કરે છે તેમ તું કહે છે. હવે એક બી. એ; એલએલ. બી. ને પચાસ રૂપિયાનું રોજ આપી દર મહિને એક દિવસ માટે કે દર બે મહિને બે દિવસ માટે રોકો તો તમારા કરતાં બહુ સારૂં કામ કાયદા પ્રમાણે તે કરી શકે, અને માસીક રૂપિયા ૫૦)નું ખર્ચ આવે. ૩૨ મેમ્બરની કાંઇ જરૂર નથી. આમાં તો મારી નજરે તમારી કિમ્મત દર મહિને દોઢ રૂપિયા જેટલી ગણાય. બત્રીશ દોઢે અડતાલીશ અને બે રૂપિયા પ્રમુખના ખાસ વધુ ગણીએ એટલે પચાસ. માસિક રૂપિયા ૧॥ ની કિમ્મત તે કાંઇ સારો મોકો કહેવાય નહિ.

**ખુશાલ**—પણ દીકરા દીકરી સારે ઠેકાણે વરે પરણે એ લાભ પણ મારે જતો કરવો એમને ?

**દામોદર**—અરે, ભાઇ! દીકરા દીકરી સારે ઠેકાણે વરાવવા પરણાવવા ખાતર કાંઇ પાપનું ભાગીદાર થવાય ? જ્યાં જેનું નિર્માણ હશે ત્યાં થશે.

**ખુશાલ**—જ્યારે તું આટલી બધી ટીકા કરે છે ત્યારે શું ૩૨ માણસોમાં કોઇ હિત અહિત નહિ સમજી શકતો હોય ?

**દામોદર**—જરૂર નહિ સમજતો હોય. કદાચ કોઇ સમજતો હોય તો તારી માફક મોટાઇ ચાહતો હોય એટલે તે પોતાની ખુરશી છોડે નહિ, તેમ બીજા ન સમજતા હોય તેને સમજાવે પણ નહિ. તું કહે છે કે ફરજીઆત કરવેરા ન આપે તેને તમે ન્યાતબહાર કરોછો. જો ફરજીઆત લાગા નથી આપતા તે લેતા તો કાંઇ નથી. જ્યારે તમારામાં જે મીશનરીઓ છે તે તો ઉલટું લ્યે છે, તો તેને કેમ ન્યાતબહાર કરતા નથી ? ફરજીઆત લાગા ન આપનારા તમારી નજરે ઠીક ન હોય તો મીશનરીઓ તમારા હીસાબે સેંકડો ગણા ખરાબ ગણાય.

**ખુશાલ**—મીશનરીઓ પગાર ન લ્યે તો પોતાનો વ્યવહાર કેમ ચલાવે ? અને જો મીશનરીઓ ન હોય તો અમારા કાયદા પ્રમાણે ચાલવાનું અને બની શકે તેટલા વધુ પૈસા અમને દઇ પુન્ય મેળવવાનું અમારી ન્યાતને શીખડાવે કોણ ?

# પાટડી ફંડનો હીસાબ આપો.

સને ૧૯૨૫ માં પાટડીમાં મચેલા હત્યાકાંડથી કોઇ અજાણ્યું નથી. આપણા નિર્દોષ ભાઇઓને એક કપોળ કલ્પિત ભ્રમણાનો ભોગ થવામાં જે ત્રાસ અને સીતમ સહેવા પડયાં તેની યાદ અત્યારે પણ આપણા રૂવાં ખડાં કરી દયે છે.

જ્યારે આ કિસ્સો બનવા પામ્યો ત્યારે આપણા ભાઇઓને ન્યાયની અદાલતમાં કાયદાનું રક્ષણ અપાવવા તથા બીજી સહાય કરવા એક ફંડ કાઠીયાવાડની સુપ્રિમ કાઉન્સીલ તરફથી ઉભું કરવામાં આવ્યું હતું. આ ફંડમાં નાણાં ભરવા માટે ખુબ પ્રચાર કાર્ય કરવામાં આવ્યું હતું અને દેશ પરદેશ પણ આ ફંડ માટે મદદની માગણી કરવામાં આવી હતી; પરિણામે એક ઘણુંજ મોટું ફંડ ઉભું થયું અને તે વડે વ્હેમનો ભોગ થઇ પડેલા આપણા નિર્દોષ ભાઇઓનો કાયદેસર બચાવ કરવામાં આવ્યો અને તેમનો છુટકારો થયો; આ કેસમાં બચાવ કરવા માટે મુંબઇથી મશહુર બેરીસ્ટર મી. મહમદઅલી ઝીણાને રોકવામાં આવ્યા હતા, જેમાં હજારો રૂપિયાનો ખર્ચ થયાનું તે વખતે અને ત્યાર પછી પણ ખુલ્લે ખુલ્લું બોલાતું હતું. મારા ખ્યાલ મુજબ આ ફંડની રકમ લગભગ એક લાખ રૂપિયા જેટલી થઇ હતી. આપણા તવંગર અને ગરીબ બધા ભાઇઓએ યથાશકિત આ ફંડમાં મદદ કરી હતી.

આ કેસ પતી ગયા પછી "પાટડી મર્ડર કેસ" એ નામની એક નાનકડી પુસ્તિકા કાઠીયાવાડની સુપ્રિમ કાઉન્સીલના તે વખતના પ્રેસિડેન્ટ ભાઇ અલીભાઇ કુંવરજી તરફથી સને ૧૯૨૬ માં પ્રગટ કરવામાં આવી હતી. આ ચોપડીમાં ફરિયાદ તથા બચાવ પક્ષના ધારાશાસ્ત્રીઓનાં ભાષણ તથા સેશન્સ જજનું જજમેન્ટ આપવામાં આવ્યું છે; પણ પાટડી કેસ માટે ઉભા થયેલા ફંડના હીસાબનો એક આંકડો પણ તેમાં આપવામાં આવેલો નથી.

મોટા ફંડનો મોટો હીસાબ તુરતજ પ્રગટ કરવાનું કદાચ ન બને એમ આપણે માની લઇએ તોપણ આજ આઠ આઠ વરસનાં વ્હાણાં વાયાં છતાં કાઉન્સીલ શા માટે આ ફંડનો હીસાબ પ્રગટ કરતી નથી ?

એક તો મુળે આપણી કોમ ગરીબ. તેમાંયે કાઉન્સીલના માસીક વેરાથી માંડીને વાર્ષિક વેરાઓનો કોરડો તો ચાલુ ફરતોજ હોય; તેમાં વળી આવા પાટડીના જેવા કિસ્સાઓ બને અને આપણા ભાઇઓને બચાવવા ન છુટકે આપણી કોમે તેમાં નાણાં ખર્ચવાં પડે; એટલે ગરીબીમાં મુફલીસી ભળે. દર વર્ષે જે લાખો રૂપિયા આપણી પાસેથી ઢસડાઇને પરદેશ ચાલ્યા જાય છે તે જો ન જતા હોય તો આવા અણધાર્યા સંકટ સમયે આપણી કોમને નવો બોજો સહેવાનો રહે નહિ; અત્યારે તો એવી સ્થિતિ છે કે આપણી કોમ પાસે એક પણ સ્થાયી ફંડ નથી, ભવિષ્યની કોઇપણ વિપત્તિને પહોંચી વળવા આપણી પાસે કાંઇ સાધન નથી, છતાં આંખો મીંચીને આપણે દર વર્ષે અઢળક ધન લુંટાવી દઇએ છીએ. જે પૈસા અત્યાર સુધીમાં પરદેશ ચડી ગયા છે તે જો અહીં હિંદુસ્તાનમાંજ આપણી કોમના હિતાર્થે વપરાવા રહ્યા હોત તો આજે કોમમાં એક કરતાં એક માણસ પણ દુઃખી, બેહાલ, બેકાર કે કંગાલ હોત નહિ. ખરી રીતે આવા પાટડીના જેવા કિસ્સાઓ વખતે આપણી કોમ માથે ભોગ થઈ પડેલાઓને મદદ કરવાનો જે બોજો આવી પડે છે તે કોમ માથે નહિ પણ કોમના નેતા કહેવરાવનાર ઉપરજ આવવો જોઇએ. નામદાર આગાખાન તરફથી આપણી કોમને નાનો મોટો કાંઇપણ નિઃસ્વાર્થ લાભ મળતો નથી. આવા પ્રસંગોજ એક એવા હોય છે કે જેમાં તેઓ નામદાર નૈતિક ફરજ અદા કરવાનો પ્રસંગ મેળવી શકે.

જે ઉત્સાહ, ઉલટ અને ઝડપથી આ ફંડ ઉભું કરવામાં આવ્યું હતું તે જોતાં તેનો હીસાબ પણ તેટલીજ ઝડપથી કાઉન્સીલે પ્રગટ કરવો જોઇતો હતો. આ ફંડમાં એક પૈસો પણ આપનારને એ જાણવાનો હક્ક છે કે તેની શું વ્યવસ્થા કરવામાં આવી અને અત્યારે તેમાંથી કેટલી સીલીક વધી છે. આ ફંડમાંથી કોઇ મોટી રકમ કોઇને ધીરવામાં આવી હોય તોપણ કાઉન્સીલે તે મુજબનો અહેવાલ રજુ કરતાં અચકાવું જોઇએ નહિ.

પાટડી ફંડનો હીસાબ પ્રગટ ન થવાથી તેની પ્રામાણિક વ્યવસ્થા અને ઉપયોગ સંબંધે કોમમાં અનેક કુશંકાઓ ઉત્પન્ન થવા પામી છે. તે દુર કરવા માટે હજી પણ કાઉન્સીલે આ હીસાબ પ્રગટ કરવાની ખાસ જરૂર છે. ખુદા ન ખાસ્ત અને ભવિષ્યમાં પણ જો ફરીથી આવો કોઇ કિસ્સો બને તો કોમ એ માટે ફંડમાં નાણાં આપતાં જરૂર ડરે અને પરિણામે કચડાયેલાઓને મદદ ન મળવાથી નિર્દોષ હોવા છતાં તેઓ માર્યા જાય.

કાઉન્સીલ પાસેથી આ હીસાબ મેળવવા માટે કોમમાં જબરી ચળવળ ઉભી કરવી જોઇએ. સીધી રીતે કાઉન્સીલ દાદ ન આપે તો કાયદેસર પગલાં ભરીને પણ આ ફંડનો હીસાબ મેળવવા અત્યંત જરૂર છે.

---

દામોદર—હું માનું છું ત્યાંસુધી તમારી ન્યાતને તમે જે ઉપદેશ અપાવો છો તેમાંનું કશું આ મીશનરીઓ નહિ માનતા હોય. જો માનતા હોય તો કાંઇપણ પગાર લીધા શીવાય સામેથી આપીને તેમણે પણ પુન્ય મેળવવું જોઇએ અને પોતાનો દાખલો આપી બીજાને સમજાવવું જોઇએ. પણ મને તો લાગે છે કે મીશનરીઓ જે પગાર ખાય છે તે જો પોતાનો સ્વતંત્ર ધંધો કરે તો પગારનો આઠમો ભાગ પણ રળી ન શકે તેમ હોવાથીજ તેઓ આ ફાયદાપડતો ધંધો લઇ બેઠા હશે. વળી પૈસા આપ્યે પુન્ય થાય તે તો આજ સાંભળ્યું. જેવાં જેનાં કર્મ—કામા—તેવું તેને પાપ પુન્ય.

ખુશાલ—ભાઇ, તું ગમે તેમ કહે. અમારી કાઉન્સીલને ભલે જુલમી કહે; તેના મેમ્બર થવું એ ભલે પાપ માન; પણ મારે ગળે એ વાત કોઇ રીતે નથી ઉતરતી કે મારે તેના મેમ્બર થવું નહિ. હું તો તેનો મેમ્બર બરાબર રહેવાનોજ.

**દામોદર—મોટાઇ અને સ્વાર્થનો તું ભોગ થઇ પડયો છે એટલે મારી વાત તને કયાંથી ગળે ઉતરે !**

# દંડ ભરતાં છુટકારો અને ફરી ધરપકડ.

## કોર્ટમાં સનસનાટી ભરેલા દેખાવો.

( અમારા પ્રતિનીધી તરફથી )

રાજકોટ, તા. ૩૧ માર્ચ.

એક વરસથી ચાલતા ચકચારભર્યા બદનક્ષી કેસનો ફેંસલો આજે અત્રેના મહેરબાન ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટે આપી દીધો છે. મુંબઇથી પ્રગટ થતા "ઇસમાઇલી" અઠવાડીકના અધિપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર અત્રેના શ્રી. કાનજી ગુલાભાઇએ હિંદી ફોજદારી કાયદાની કલમ ૫૦૦ મુજબ માંડેલ કેસની ટુંક વિગત આ અગાઉ પ્રગટ થઈ ગઇ છે. ના. કોર્ટે ફેંસલો સંભળાવતાં આરોપીને રૂા. ૧૦૦)ના દંડની અને દંડ ન ભરે તો બે માસની આસાન કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો, મી. ચુનારાએ જે તેજ વખતે કોર્ટમાં રોકડો ભરી દીધો હતો.

જજમેન્ટ સંભળાવી દીધું કે તુરતજ શ્રી. કાનજી ગુલાભાઇની એક બીજી ફરીયાદ ઉપરથી મી. ચુનારાની કોર્ટમાંજ ધરપકડ કરવામાં આવી હતી; તુરતજ રૂા. ૩૦૦)ના તેમણે જામીન આપવાથી તેમનો છુટકારો થયો હતો. આ બનાવથી કોર્ટમાં હાજર રહેલાઓમાં તીવ્ર સનસનાટી ફેલાણી હતી. આ ફરીયાદ "ઇસમાઇલી"ના તા. ૩૦ ઓગસ્ટ ૧૯૩૧ ના અગ્રલેખ 'કાનજી ગુલાની ગુલાંટ' ઉપરથી હીં. ફો. કા. કલમ ૫૦૦ મુજબ કરવામાં આવી છે.

ના કોર્ટ તરફથી આપવામાં આવેલ જજમેન્ટ નીચે મુજબ છેઃ—

આ તહોમતદાર વિરૂધ્ધ આ ફરીયાદીએ એવી મતલબે ફરીયાદ કરી છે કે તેણે તેને માટે ફરીયાદવાળો ex. 1/22નો 'કાનજી ગુલા કેદ થયા' તે હેડીંગવાળો આર્ટીકલ તે જે પેપર 'ધી ઇસમાઇલી' મુંબઇમાં ચલાવે છે અને જેનો તે એડીટર પબ્લીશર છે, તેના તા. ૩–૧–૩૨ ના અંકમાં પાને ૨૨ મે છાપ્યો અને તે પ્રસિધ્ધ એવા હેતુથી કર્યો કે તેની આબરૂને હાનિ પહોંચે, તે કોમમાં હલકો પડે અને તેને મન દુઃખ થાય. તે આર્ટીકલમાં તહોમતદારે તેના માટે કરેલા આક્ષેપો ખોટા છે; તેથી તેને મન દુઃખ થયું છે, નુકશાન થયું છે અને તેથી તહોમતદારે ઇ. પી. કો. ક. ૫૦૦ પ્રમાણેનો ગુન્હો કર્યો છે વિગેરે.

આ કેસમાં જે પોઇન્ટસ ઉપર નિર્ણય કરવાનો છે તે એ છે કેઃ—

૧. તહોમતદારે ફરીયાદવાળો આર્ટીકલ ફરીયાદીને સંબોધીને તેના ઉપર જણાવ્યા પેપરમાં છપાવી પ્રસિધ્ધ કર્યાનું સાબીત છે?

૨. તહોમતદારે કંઇ ગુન્હો કર્યો છે? કર્યો હોય તો શું?

પહેલું પોઇન્ટ હું હકારમાં ચુકવું છું. તેમાં લખી હકીકત સાબીત કરવા ફરીયાદીએ પોતાની તથા ધનજી વીકમચંદની જુબાની લેવરાવી છે. ફરીયાદી તેની ફરીયાદમાં તથા જુબાનીમાં જણાવે છે કે ફરીયાદવાળો તેના વિરૂધ્ધમાં લખ્યો આર્ટીકલ જે 'ધી ઇસમાઇલી' પેપરમાં છે તે કોમી પેપર છે. તેમની જ્ઞાતિની કહેવાતી સદરમાં આવેલી સુપ્રીમ કાઉન્સીલ તથા શાખાઓનું તે ઑરગન (મુખપત્ર) છે, અને તે કાઉન્સીલ વિરૂધ્ધમાં તે ચળવળ કરતો હોવાથી તે છાપામાં તેના વિષે તે આર્ટીકલ છપાવી તેના વિષે ખોટા આક્ષેપો અગાઉ તે કરતું આવેલ છે તેમ આ વખતે કરેલ છે. તે કેદ પકડાયેલ નથી. તે આર્ટીકલમાં તે હકીકત લખી ખોટી છે. તે છાપું મુંબઇમાં છપાય છે. રાજકોટ અને અન્ય સ્થળે દેશદેશાવર મોકલે છે, અને પ્રસિધ્ધ થાય છે તે પેપર તહોમતદાર ચલાવે છે. તેનો તે એડીટર અને પબ્લીશર છે. તેથી તે ફરીયાદવાળી આર્ટીકલ તેણે તેના વિષે ખોટી લખી, છપાવી અને પ્રસિધ્ધ કરી છે. તહોમતદારેજ તેના સ્ટેઇટમેન્ટમાં અને લેખીત જવાબમાં કબુલ કરેલ છે કે તે તે પેપર ચલાવે છે, તે તેનો ઓનરરી એડીટર અને પબ્લીશર છે અને તે છાપું આંહીં રાજકોટમાં પણ બીજાં સ્થળોની માફક મોકલવામાં આવે છે. પણ તેણે ફરીયાદવાળા આર્ટીકલના સંબંધમાં એવો ખુલાસો કર્યો છે કે તે ફકત ઓનરરી કામ કરે છે. તેને પોતાનું બીઝનેસ છે તેને અંગે તેને બહાર, મુંબઇ બહાર જવાનું થાય છે. એટલે જ્યારે તે મુંબઇમાં હોય ત્યારેજ આ છાપાના સંબંધમાં ધ્યાન આપી શકે છે અને ત્યારે તે એડીટોરીઅલ લખે છે. તે શીવાયનું કામ તે પેપરના એસ્ટાબ્લીશમેન્ટનો પેઇડ સ્ટાફ કરે છે. એટલે ફરીયાદવાળો આર્ટીકલ તેણે છાપ્યો નથી. તેની જાણ બહારની તે વાત છે. તે બીજા સેક્રેટરી યા સ્ટાફે છાપ્યો લાગે છે. બન્ને પક્ષ તરફથી આના સંબંધમાં ક. ૫૦૦ ની ટીકા મી. રતનલાલની માં "Publication of a dafamatory matter in a newspaper"ના હેડ નીચે જે લખ્યું છે અને ૫૦ અલ્હાબાદ ૮૦૬ તથા ૯ મદ્રાસ ૩૮૭ ના કેસનો તેમાં જે હવાલો આપ્યો છે તે કેસો ઉપર ધ્યાન ખેંચ્યું છે. તે જોતાં તહોમતદાર ઉપર પ્રાઇમેફેસીએ જવાબદારી ફરીયાદવાળા આર્ટીકલ માટે આવે છે એમ હું ધારૂં છું. ઉપરની ટીકા તથા કેસો તેમ કહે છે. પક્ષકારોના વિદ્વાન કાઉન્સેલ તથા વકીલનું પણ જુદું કહેવું આ બાબતમાં નથી. આ હકીકતે તે કેસોમાં જણાવ્યા પ્રમાણે પોતે બહારગામ હતો તે દરમ્યાન છાપાનું મેનેજમેન્ટ હુશીયાર અને બાહોશ હાથમાં સોંપ્યું હતું, અને તેના બહારગામ જવામાં ખરાબ દાનત નહોતી, અને ફરીયાદવાળો આર્ટીકલ અમુક માણસે છાપી પ્રસિધ્ધ કરેલ છે તે તેની જાણ બહાર છપાયો પ્રસિધ્ધ થયો છે, તે સાબીત કરવાનો બોજો તે તહોમતદાર ઉપર આવી પડે છે એમ હું ધારૂં છું. તે તેણે અદા કર્યો છે કે નહિ તે હવે જોવાનું રહે છે. તેણે બચાવમાં હાજીમહમદ સાહેદને આ બાબતમાં તપાસ્યો છે, અને ફરીયાદી કેદ પકડાયા એમ જે આર્ટીકલમાં લખ્યું છે તે બાબતની અફવા તો હતી એટલે તે લખાણ સાંભળ્યા ઉપરથી લખ્યાનું લખેલ છે તે ખોટું નથી એમ જણાવવા બીજા બે સાહેદોને તપાસ્યા છે. પણ હું તેમને કાંઇ વજન આપી શકતો નથી. અફવાની વાત ઉપજાવી કાઢી જણાય છે, એમ તેમની એકંદર જુબાની લક્ષમાં લેતાં મને લાગે છે. (અપૂર્ણ.)

# સપ્તાહનો સાર.

**મુંબઇમાં બોમ્બ :** ગઇ તા. ૨૬ ની રાત્રે મુંબઇના એમ્પાયર સનેમામાં પ્રેક્ષકો બહાર નીકળતી વખતે કોઇ અજાણ્યા શખ્સે બીજે માળેથી બોમ્બ ફેંકવાથી વોલ્ટર ડેન નામના સ્ટીમરના યુરોપીઅન મીઠાઇવાળાને સાધારણ ઇજા થઇ છે. આ બનાવમાં બળવાખોરોનો હાથ છે કે નહિ તેની તપાસ પોલીસ ચલાવી રહી છે. કોઇની ધરપકડ કરવામાં આવી નથી.

**વ્હાઇટ પેપરનો વિરોધ:** દેશ આખામાં સરકાર તરફથી હિંદના ભવિષ્યના બંધારણના ખરડારૂપી વ્હાઇટ પેપર સામે વિરોધ અને અસંતોષ બતાવવામાં આવે છે. લંડનમાં રૂટરને મુલાકાત આપતાં શ્રી. વીઠ્ઠલભાઇ પટેલે જણાવ્યું હતું કે "વ્હાઇટ પેપર વાયસરોયને સ્વરાજ આપે છે, હિંદની પ્રજાને નહિ." તેમણે બ્રિટનના મજુર પક્ષને પાર્લામેન્ટની જોઇન્ટ સીલેક્ટ કમીટીમાં ભાગ ન લેવાનું સુચવ્યું હતું. શ્રી. સુભાષચંદ્રે પેપરને વખોડી કાઢ્યો છે.

**જાપાનનું જોર:** ચીન જાપાન વિગ્રહને અંગે આખા યુરોપના રાજ્યોના બનેલા પ્રજાસંઘની સાથે જાપાનને મતભેદ થવાથી તે પ્રજાસંઘના સભ્ય તરીકે નીકળી ગયું છે. સત્તાવાર રીતે આ હકીકત પ્રગટ કરવામાં આવી છે. આનું પહેલું પરીણામ એ આવવા સંભવ છે કે પ્રજાસંઘે છેલ્લી મહાન યુરોપીય લડાઇ પછી મિત્રરાજ્યોએ જીતેલા સંસ્થાનોમાંનાં કેટલાકનો વહીવટ ચલાવવા જાપાનને સોંપેલ તે તેની પાસેથી પાછા લઇ લેવાની માગણી કરવામાં આવશે. જર્મનીના પેસીફીક મધ્યેના કેટલાક ટાપુઓ અત્યારે જાપાનના હાથમાં છે તે પાછા જર્મનીને મળવાની હેર હીટલરની માગણીના જવાબમાં જાપાને તે ટાપુઓ કાયમ માટે પોતાના કબજામાં રાખવાનો ઇરાદો જાહેર કર્યો છે.

ચીન સામે જાપાન હજી લડી રહ્યું છે. ટુંક વખતમાં ચીનના મુખ્ય શહેર તરફ ધસારો કરવામાં આવશે તેમ લાગે છે.

**દેશી રાજ્યો અને ફેડરેશન:** ભાવિ હિંદી રાજ્યબંધારણમાં દેશી રાજ્યોએ કઇ રીતે ભાગીદાર બનવું તે માટે નરન્દ્રોમાં ખુબ ચર્ચા ચાલી રહી છે. નરેન્દ્રમંડળના ચેન્સેલર નવાનગરના જામસાહેબનો હોદ્દો પુરો થતાં તે જગ્યા ઉપર પતીઆળા નરેશ સર ભુપેન્દ્રની ચુંટણી કરવામાં આવી છે. નાના રાજ્યો ફેડરેશનમાં જોડાવા નાખુશ છે, જ્યારે મોટા રાજ્યો કબુલ થશે તેમ સંભળાય છે.

**જર્મનીનો મામલો:** નાઝી નેત્તા હેર હીટલર અને તેના પ્રધાન મંડળને સર્વ સત્તા સાથેની સરમુખત્યારી આપી જર્મન પાર્લામેન્ટ બરખાસ્ત થઇ છે. પ્રેસીડેન્ટ હીન્ડનબર્ગે પણ આ ઉપર સહી કરી છે. આ સત્તા એટલી બધી વિશાળ છે કે ખુદ જર્મન રાજ્યબંધારણમાં પણ હીટલર ફેરફાર કરી શકશે.

**શ્રી. સુભાષ બોઝ:** શ્રી. સુભાષચંદ્ર બોઝની તબીયત જરા સુધરતી છે; તેમના છુટાપણાનો હુકમ પટણામાં તેમના સ્નેહીઓને પહોંચાડવામાં આવ્યો છે. તેમની વીએના તરફની મુસાફરી દરમ્યાન એક ઇટાલીઅન સૈનિકે તેમને અદબ ભરેલી રીતે સલામ કરી હતી. ઓસ્ટ્રીઅન તથા ઇટાલીઅન તેમજ બીજા દેશના પત્રકારોએ હિંદ સંબંધે તેમને કેટલાએ સવાલો કર્યા હતા.

**હિંદી ગવર્નર:** સંયુક્ત પ્રાંતના ગવર્નર સર માલકમ હેલી હિંદી સુધારાના કામ અર્થે ઇંગ્લંડ જતાં તેમની જગ્યાએ છત્રીના નવાબની નીમણુક થઇ છે. વિલાયતના એક વર્તમાનપત્રે આ જગ્યા ઉપર શ્રી. વીઠ્ઠલભાઇ પટેલ કે પંડીત જવાહરલાલની નીમણુક થઇ હત તો વધારે સારૂં ગણાત એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે.

**નામદાર આગાખાનનો મત:** હિંદી બંધારણ ઉપર ભલામણો કરવા બ્રિટનની પાર્લામેન્ટની જોઇન્ટ સીલેકટ કમીટીમાં મુસલમાનો ભાગ લેશે એવી ખાત્રી નામદાર આગાખાને રૂટર સાથેની એક મુલાકાતમાં આપી છે; એ ભુલવું જોઇતું નથી કે હિંદના લગભગ બધા પક્ષના મુસલમાનોએ વ્હાઇટ પેપર તરફ અસંતોષ બતાવ્યો છે.

**સાધુઓ સામે આક્ષેપ:** વડોદરામાં સાધુઓ નાનાં બાળકોનું હરણ કરી રહ્યા છે એવી અફવાથી ખુબ ઉશ્કેરણી ફેલાણી છે. પોલીસ તપાસ કરી રહી છે.

**રાજકોટમાં આગ:** ગઇ તા. ૨૯ ની રાત્રે રાજકોટ શહેરના વોરાવાડના લત્તામાં ભયંકર આગ લાગવાથી એક દુકાન સંપુર્ણ તારાજ થઇ છે અને બીજી એકને થોડું નુકશાન પહોંચ્યું છે, એકંદરે રૂા. ૧૨૦૦૦) આશરે નુકશાન અટકળાય છે. આગ બુઝાવવા માટે પાણીના બમ્બા આવી પુગ્યા હતા; આગનું કારણ હજી જણાણું નથી.

**ચિત્તાનો ત્રાસ:** વિંધ્યાચળ પર્વતના જંગલમાં આવેલા પાલખંડા ગામમાં ગઇ તા. ૨૬ ની રાત્રિએ માતાની સોડમાં સુતેલા બે વરસના બાળકને એક ચિત્તો ઉપાડી ગયો છે બાળકને બચાવવા માતાએ ચિત્તા સાથે બાથમબાથી કરવાથી તેણીને ગંભીર ઇજા થઇ છે.

**પાંચ વરસની સજા:** સુરત પાસે વેડછી આશ્રમના સંચાલક શ્રી. જુગતરામ દવેને બારડોલીના મેજીસ્ટ્રેટે મુંબઇના પોલીસ કમીશ્નરના હુકમનો ભંગ કરવા બદલ ૨॥ વરસ અને બારડોલી તાલુકા પરિષદના પ્રમુખ થવા બદલ ૨॥ વરસ એમ કુલ્લે ૫ વરસની સજા કરી છે. આખા ગુજરાતમાં વધુમાં વધુ સજા મેળવનાર શ્રી. દવે છે.


**ધંધાદારીઓને અપૂર્વ લાભ.**

"ઓજા જાગૃતિ" માં તમારી જાહેર ખબર આપી ધંધામાં સફળતા મેળવો.

ભાવ માટે લખો:— વ્યવસ્થાપક,

"ઓજા જાગૃતિ" રાજકોટ.

મુંબઇના અમારા એડવરટાઇઝીંગ એજન્ટ:

પાયોનીઅર એડવરટાઇઝીંગ બ્યુરો.
લહેરી બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ,
મુંબઇ.

# નીકાહ તમારા હાથે પડાવો.

[ આ જગતમાં સ્ત્રી અને પુરૂષે પોતાની જીંદગીનો એક કાયમનો સાથીદાર ગોતી લેવાનો-લગ્ન કરવાનો-શીરસ્તો ઘણાં વરસથી ચાલ્યો આવે છે; આ કાર્ય માટે જુદીજુદી ઘણી પદ્ધતિઓ અમલમાં આવી છે. આપણી કોમમાં વપરાતી રીત-નીકાહ-નું વર્ણન આ નીચે આપવામાં આવે છે. કાઉન્સીલની મહેતાજી શીવાય પોતાના હાથેજ લગ્નનું કામ પતાવવા માટે સહુ કોઇએ આ શીખી લેવાની જરૂર છે.　તંત્રી. ]

નીકાહ પડાય તે પહેલાં વર અને કન્યાને પુછવામાં આવે કે તેમને આ થતાં લગ્ન કબુલ છે કે નહિ. બન્ને તરફથી હા આવ્યા બાદ ' મ્હેર ' નકકી કરવાનો રીવાજ છે. ' મ્હેર ' એટલે લગ્ન-ભગ સ્ત્રીધન. આ મ્હેરની જે રકમ નક્કી થઇ હોય તે માથે સ્ત્રીનો કાયમનો સુવાંગ માલેકી-હક્ક રહે અને ભવિષ્યમાં છુટા છેડા કે તલાકનો પ્રસંગ આવે તો તે વખતે પણ પુરૂષે નીકાહ વખતે નક્કી કરેલ મ્હેરની રકમ સ્ત્રીને આપવીજ જોઇએ.

મ્હેર નક્કી થયા પછી એક માણસને વરનો અને બીજાને કન્યાનો વકીલ-નાવતી બોલનાર-નીમવામાં આવે. નીકાહ પડાવનાર બોલતો જાય તે પ્રમાણે વારા મુજબ વર અને કન્યાના વકીલો બોલતા જાય; ખરી રીતે વર અને કન્યાએ પોતેજ એ બોલવું જોઇએ.

પહેલાં કન્યાનો વકીલ ત્રણ વખત નીચે મુજબ બોલે: —

**અનકહતો મોવકકેલતિ લેમોવકકેલકે અલલ મહેરીલ મઆલુમ.**

**અર્થ**:-આ વરને મેં આ કન્યા સાથે પરણાવ્યો છે અને તેની મ્હેરની મને ખબર છે.

પછી વરનો વકીલ ત્રણ વખત નીચે મુજબ બોલે:—

**કબીલતુન નીકાહા લેમોવકકેલી અલલ મહેરીલ મઆલુમ.**

**અર્થ**:-આ નીકાહ હું કબુલ કરૂંછું અને તેની મ્હેરની મને ખબર છે.

પછી કન્યાનો વકીલ ત્રણ વખત નીચે મુજબ બોલે:—

**ઝઉ વજતો મોવકકીલતિ લેમોવકકેલકે અલલ મહેરીલ મઆલુમ.**

**અર્થ**:-આ કન્યા અને આ વરને મેં પરણાવ્યા અને તેની મ્હેરની મને ખબર છે.

પછી વરનો વકીલ ત્રણ વખત નીચે મુજબ બોલે:—

**કબીલતો તઝવીજા લેમોવકકીલી અલલ મહેરીલ મઆલુમ.**

**અર્થ**:-આ નીકાહ મેં કબુલ કર્યા છે અને તેની મ્હેરની મને ખબર છે.

પછી કન્યાનો વકીલ ત્રણ વખત નીચે મુજબ બોલે:—

**અનકહતો વ ઝઉ વજતો મોવકકેલતિ લેમોવકકેલ અલલ મહેરીલ મઆલુમ.**

**અર્થ**:-નીકાહ પઢીને મેં આ વર કન્યાને પરણાવ્યા છે અને તેની મ્હેરની મને ખબર છે.

પછી વરનો વકીલ ત્રણ વખત નીચે મુજબ બોલે:—

**કબીલતુન નીકાહા વ તઝવીજ લેમોવકકેલી અલલ મહેરીલ મઆલુમ.**

**અર્થ**:-આ ( વરનું તથા તેના બાપનું નામ બોલવું ) ના નીકાહ આ ( કન્યા તથા તેના બાપનું નામ બોલવું ) સાથે કર્યા છે અને તેની મ્હેરની મને ખબર છે.

આટલું બોલાયું એટલે રીતસર નીકાહ પડાઇ ગયા. હવે પછી જે નીચે વર્ણન આવે છે તે વરકન્યાને સુખ ઇચ્છવાનું છે, જે નીકાહ પડાવનાર માણસે બોલવું જોઇએ.

**અલ્લાહુમા અલ્લેફ બયનહોમા કમા અલ્લફતા બયના હઝરત આદમ વ હવ્વા.**

**અર્થ**:-પાક પરવરદીગારે જે પ્રમાણે હઝરત આદમ તથા હવાનું જોડું બનાવ્યું અને તેમાં જેવી મીઠાશનો વાસ પુર્યો તેમ આ જોડાંમાં કરજો.

**અલ્લાહુમા અલ્લેફ બયનહોમા કમા અલ્લફતા બયના હઝરત યુસુફ વ ઝુલેખા.**

**અર્થ**:-પાક પરવરદીગારે જે પ્રમાણે હઝરત યુસુફ તથા ઝુલેખાનું જોડું બનાવ્યું અને તેમાં મીઠાશ મુકી તે પ્રમાણે આ જોડાંમાં કરજો.

**અલ્લાહુમા અલ્લેફ બયનહોમા કમા અલ્લફતા બયના હઝરત ઇબ્રાહીમા વ સારા.**

**અર્થ**:-પાક પરવરદીગારે જે પ્રમાણે હઝરત ઇબ્રાહીમ તથા સારાનું જોડું બનાવ્યું અને તેમાં જે મીઠાશ પુરી તે પ્રમાણે આ જોડાંમાં કરજો.

**અલ્લાહુમા અલ્લેફ બયનહોમા કમા અલ્લફતા બયના હઝરત મુસા વ સફુરા.**

**અર્થ**:-પાક પરવરદીગારે જે પ્રમાણે હઝરત મુસા તથા સફુરાનું જોડું બનાવ્યું અને તેમાં જે મીઠાશ મુકી તે પ્રમાણે આ જોડાંમાં કરજો.

**અલ્લાહુમા અલ્લેફ બયનહોમા કમા અલ્લફતા બયના હઝરત મોહમ્મદ (સ૦) વ ખદીજતુલ કુબરા (ર૦)**

**અર્થ**:-પાક પરવરદીગારે જે પ્રમાણે હઝરત મોહમ્મદ મુસ્તફા ( જેના ઉપર ખુદાના સલામ હોજો ) તથા ખદીજતુલ કૂબરાનું જોડું બનાવ્યું અને તેમાં મીઠાશ ઉત્પન્ન કરી તે પ્રમાણે આ જોડામાં કરજો.

**અલ્લાહુમ્મા અલ્લેફ બયનહોમા કમા અલ્લફતા બયના હઝરત અલી મુરતઝા વ ફાતેમા તુઝ ઝોહરા સલવાતુલ્લાહે અલયહીમ અજમઇન.**

**અર્થ**:-પાક પરવરદીગારે જે પ્રમાણે હઝરત અલી મુરતઝા તથા ફાતેમાતુઝ ઝોહરા ( જેના ઉપર ખુદાના સલામ હોજો )નું જોડું બનાવ્યું અને તેમાં મીઠાશ પેદા કરી તે પ્રમાણે આ જોડાંમાં કરજો.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો ઓછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૨૪.**

" ફરમાવેલા કાયદાને બદલે બીજા નાંખવાની અગર નવા ધારા કરવાની અગર તેમાં કાંઇ ફેરફારો દાખલ કરવાની લોકલ કાઉન્સીલોને સત્તા નથી. પરંતુ ફરમાવેલા ધારામાં કાંઇ ફેરફાર કરવાની અગર નવા ધારાધોરણો કરવાની તેઓને જરૂરીઆત જણાય, તો કાઉન્સીલે ઘડેલા તેવા પેટા કાનુનો તથા ધારાઓ પ્રથમ સુપ્રીમ કાઉન્સીલ પાસે પસંદગી માટે રજુ કરવા. સુપ્રીમ કાઉન્સીલ તે પેટા કાનુનો તથા ધારાઓ પસંદ કર્યા પછી નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને મોકલી આપશે અને તેઓ નામદાર સદરહુ નવા ધારાધોરણ પોતાને યોગ્ય લાગે તો મંજુર કરે અગર ન કરે. એ તેઓ સાહેબની મુખત્યારી ઉપર છે."

કાયદામાં ફેરફાર કરવાની આ આખી પદ્ધતિજ ખોટી છે. લોકલ કાઉન્સીલ, સુપ્રીમ કાઉન્સીલ કે નામદાર આગાખાન-કોઇને પણ કોમે પાળવાના ધારાધોરણમાં રજ માત્ર પણ ફેરફાર કરવાનો અધિકાર નથી. એ હક્ક કોમનો પોતાનોજ છે અને એક માત્ર કોમજ તેમાં પોતાને ઠીક લાગે તેવા ફેરફાર કરવા હક્કદાર છે.

આ માટે જે પદ્ધતિ કાયદા ઘડતી વખતે વાપરવામાં આવી હોય તેજ પદ્ધતિ ઉપયોગમાં લેવી જોઇએ. આખી કોમમાં પૂરતી જાહેરાત પછી આખી કોમના એકેએક સભ્યને તેને માથે પોતાનો મત આપવાનો પૂરતો અવકાશ મળ્યા પછી કોમની બહુમતી મુજબજ કોમના ધારાધોરણમાં સુધારાવધારા કે ફેરફાર કરી શકાય.

**કલમ ૨૫**

કાઉન્સીલ તરફ મોકલવાના લખાણ પ્રમુખને સીરનામે મોકલવા સંબંધેની છે.

આ કલમ માટે કાંઇ કહેવાપણું નથી

**કલમ ૨૬.**

" સરકાર સાહેબી કામકાજની બાબતમાં કાંઇ તકરાર ઉપસ્થિત થાય તો નામદાર સરકાર સાહેબના ફરમાન મુજબ રૂ.૧૦૦ ( એકસો )થી વધુ ન હોય તેટલું ખર્ચ કરી તે બાબત લોકલ કાઉન્સીલે જરૂર જોઇતાં પગલાં લેવાં અને જો કોઇ બાબત ઉપર જણાવેલી રૂ. ૧૦૦) ની રકમ કરતાં વધારે ખર્ચ કરવાની જરૂર હોય તો તે લોકલ કાઉન્સીલે નામદાર સરકાર સાહેબના ફરમાન અનુસાર તે માટે સુપ્રીમ કાઉન્સીલની રીતસર મંજુરી મેળવવી."

કોમના પૈસા વડેજ કોમ સામે બંદુક તાકવાની બેવફાઇ અને સ્વાર્થાંધતા આ કલમની રચના પાછળ રહેલ છે. ભલે આ કલમના શબ્દોમાં ખુલ્લેખુલ્લું ન જણાવાયું હોય છતાં એ વાત નિર્વીવાદ છે કે કાઉન્સીલના જુલમ સામે કે તેની આપખુદ અમર્યાદ સત્તા સામે કોઈ ન્યાયની અદાલતનો આશ્રય લ્યે તો તેને દાબી દેવાના એકજ ઉદ્દેશથી આ કલમ ઘડવામાં આવી છે. 'સરકાર સાહેબી' કામકાજની બાબતમાં પરકોમના માણસ સાથે તકરાર ઉભી થવાનો સંભવ કદિપણ હોઇ શકે નહિ. કોમ માથેજ એ 'કામકાજ'નો બોજો છે અને તેથી કોમ સાથેજ એ તકરાર ઉપસ્થિત થવાનો ભય છે.

કોમને ગુલામ રાખવી, બની શકે તેટલાં નાણાં નીચોવવાં, ઉપર જાતાં સંગીનની અણી જેવી આવી કલમો રચવી. ખરેખર, કાઉન્સીલ! તારી બુદ્ધિની તો બલિહારી છે; એ બુદ્ધિના સપાટામાંથી ખુદા બચાવે!

**કલમ ૨૭**

લોકલ કાઉન્સીલને કારકુનની જરૂર પડે તો સુપ્રીમ કાઉન્સીલ મંજુર કરે તેટલા પગારનો કારકુન રાખવા સંબંધેની છે.

લોકલ કાઉન્સીલ માત્ર ઓડારૂપ છે અને નાનાં બચ્ચાંથી પણ તેને સુપ્રીમ કાઉન્સીલ બેદ ગણે છે તેનો આ કલમ એક વધુ પુરાવો છે. લોકલ કાઉન્સીલે બે આનાના ઘાવાળા કાગળ વાપરવા કે ત્રણ આનાવાળા અથવા પૈસાવાળી પેનસીલ વાપરવી કે બે પૈસાવાળી તે પણ સુપ્રીમ કાઉન્સીલે નક્કી કરી દેવું જોઇએ છે!

**કલમ ૨૮.**

" કાઉન્સીલ બરખાસ્ત કરતી વખતે તેના મેમ્બરોએ ખરા જીગરથી એકબીજા સાથે હાથ મીલાવવા અને પોતાના અંતઃકરણમાં કાંઇપણ દ્વેષભાવ ન રાખવો અને શાંતિથી તથા હસ્તે મોઢે વિદાય થવું."

આ કલમ એ કોઇપણ જાતનો કાયદો નથી કે બંધારણને તે ઉપયોગી નથી. કાંતો કોઇ ખોટા જીગરથી કામ કરતા હોય, અંતઃકરણમાં દ્વેષભાવ રાખતા હોય અને છુટા પડતી વખતે તોફાની અને સોગીઆળ મોઢાવાળા હોય તેવા માણસોને ઉપદેશ કરવા જેવી અને કાંતો થોડાં નાનાં બચ્ચાંઓને શીખામણ આપનારી આ કલમ છે. કોમને કે કોમી બંધારણને આ કલમ સાથે કાંઇ લાગતું વળગતું નથી.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

પત્રકારની જવાબદારી.

છુટક નકલ ત્રણ પૈસા.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૮ : એપ્રીલ ૧૧: ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ચૈત્ર વદ ૧: મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

અજબ આ કાઉન્સીલ કારોબાર,
ગજબ બસ ધનની ધંધાદાર.

મરતાં માગે, જીવતાં માગે, માગે પળ પળ વાર;
શ્વાસે શ્વાસે માગે એ તો, હોય કોઇ દેનાર—અજબ.
વેરા માગે માસ માસના, ગણીત વરસ એક વાર;
બાકીનું બીજું પણ માગે, અગણીત રૂપ આકાર—અજબ.
કલમે કલમે સખ્ત સજા ને, ગુન્હાની ગણનાર;
ન્યાય તણું સમજે નહિ નામે, લાવો બસ કલદાર—અજબ.
ઝગડા ભાંગે નાત જાત, નહિ વાત તણો વિચાર;
રીત ભાત ના જુએ ઝગડે, જુએ બસ ઝરદાર—અજબ.
છઠી, સગપણ, મરણ, પરણ, સહુ કલમ કલમ ક્રમવાર;
લેણા, લાગા, સખ્ત સજા, બસ ધારા ધોમધોકાર—અજબ.
કાંડા કાપે કલમ મહીં, વર કન્યાને વ્યવહાર;
હુકમતથી નીસ્બત તુટે તો, છુટે ગૃહસંસાર—-અજબ.
માંડયા પહેલાં રાંડયા કેરાં, હુકમતને હથીયાર;
કર્મ કાયદે ધર્મ ધુસાડી, વિપરીત કરે વ્યાપાર—અજબ.
લેણા, લાગા, જુલમ, ઝગડા, વાણીના વ્યભિચાર,
ભેદો પાડે ભાઇ ભાઇમાં, એક માત પરિવાર—અજબ.
મર્મ ના જાણે કોમ ધર્મના, આપ–ઉર અંધકાર;
તંત્ર મંહી બસ મંત્ર એક એ, વસુ થકી વ્યાપાર—અજબ.
સત્યપંથના સેવક કહેતાં, લાજે નહિ લગાર;
શામ, દામ, દંડ, ભેદ સંગમાં, નાતબહાર હથીયાર—અજબ.
'ભર દે જોલક, ભર દે જોલક,' એકજ લોભ લગામ;
જાગો ! જાગો ! ખોજા જ્ઞાતિ, ખુટાડયાં ધન ધાન.

અજબ આ કાઉન્સીલ કારોબાર,
ગજબ બસ ધનનીં ધંધાદાર.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૧-૪-૩૩.

## પત્રકારની જવાબદારી.

પત્રકારનું સ્થાન સમાજમાં ઘણું નીરાળું અને ઉંચું છે. સાચા પત્રકારો દેશની મુડી છે. સમાજના એ ઘડનાર છે, રાજકારણમાં એ દેશને દોરનાર છે, લોક હૃદયના એ પ્રતિબીમ્બ છે અને જ્યાં જ્યાં સડો, દુર્ગંધ કે અશ્લીલતા હોય ત્યાં તેના ઉપર કાતીલ બતી (Search Light) નો તીવ્ર પ્રકાશ ફેંકનાર સુધારક પણ છે.

પત્રકારના આ વીષિષ્ઠ સ્થાન સાથે ગંભીર જવાબદારીઓ અને મુશ્કેલીઓ પણ સંકળાએલી છે. લોકોપયોગી વિવિધ વિષયોની વાનગી જનસમુહ આગળ ધરતાં ધરતાં પણ તેણે લોકરૂચીમાં તણાઇ ન જવા માટે સાવધાન રહેવું પડે છે. કેટલીક વખતે લોકરૂચીને પણ સુધારવી પડે છે અને એમ કરવા જતાં લોકોની અરૂચીનો ભય પણ તેને વેઠવો પડે છે. સમાજના ઘડતરમાં કે રાજકારણના પ્રશ્નોમાં તેના હાથની થોડી ગફલત પણ અનેક અનર્થો કરી નાંખે છે. સેવા અને નિર્વાહ બન્ને સાધવાના આ કિંમતી સાધનના ઉપયોગમાં પણ સેવાનું સ્થાન પહેલું અને સર્વોચ્ચ જાળવી રાખવામાં પત્રકારે અનેક લાલચો કે મમતાને ઠોકરે મારવી પડે છે. પત્રકાર એટલે રાત્રિ દિવસ ખડે પગે પહેરો ભરતો સાવધ અને ચકોર સરદાર-સૈનિક; સરદારની માફક તે બીજાઓને દોરનારો છે અને સૈનિકની પેઠે તે પોતાના હાથે જાત મહેનતથી કામ કરનારો છે. આમાં તે જરાપણ ચુકયો તો તેનું સ્થાન ભ્રષ્ટ થવાનું, તેનું નાવ ડુબી જવાનું.

આટ આટલી સાવધતા અને કાર્યપરાયણતા છતાં પત્રકાર નિર્ભય નથી હોતો. ફોજદારી અને દીવાની કાયદાની કલમો તેને પોતાની ચુંગાલમાં લેવા માટે કાયમ તલસતીજ હોય છે. જરાક પણ તે ચુકયો, થોડો પણ ગાફલ બન્યો એટલે આ સકંજામાં તે સપડાઇ જવાનોજ.

ભાઇબંધ "ઇસમાઇલી" ના તંત્રી ભાઇ અલીમામદ જાનમામદ ચુનારાને રાજકોટની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટે ગઇ તા. ૩૧ ના રોજ જે સજા ફરમાવી તે પત્રકારની નાજુક સ્થિતિનો તાજોજ પુરાવો છે. આ સજાના વિગતવાર સમાચાર અમારા ગયા અંકમાં તથા આ અંકમાં પ્રગટ થયા છે. ભાઇ ચુનારા તરફ આ માટે અમે અમારી સહાનુભુતી પાઠવીએ છીએ. છતાં એટલું કહ્યા સીવાય અમારે ચાલતું નથી કે ભાઇબંધ "ઇસમાઇલી" ની છેલ્લા થોડાએક માસની નીતી બાદ કરીએ તો અત્યાર સુધીની તેની નીતી પત્રકારીત્વને જરાએ બંધબેસતી નથી. કોઇપણ સંસ્થા સાથે કે તેના મંતવ્ય સાથે ગમે તેટલો મતભેદ હોવા છતાં તેના કાર્યકર્તાઓ ઉપર અંગત ટીકાઓ કે આક્ષેપો કરવા એ વાજબી નથી. ખોજા સુધારક સંઘની પ્રવૃત્તિ "ઇસમાઇલી" ને ભયભરેલી લાગતી હોય તો તેની સામે ગમે તેટલું જબરૂં પ્રચારકાર્ય કરવાની કોઇ તેને ના પાડતું નથી, પણ એ પ્રચારકાર્યની અંદર મજબુત દલીલો અને સચોટ કારણો હોવા જોઇએ; અંગત ટીકા કે આક્ષેપોને તેમાં જરાપણ સ્થાન આપી શકાય નહિ. જ્યારે આ કેસમાં ફરીયાદ પક્ષ તરફથી "ઇસમાઇલી" ના જે જુદા જુદા લખાણો એકઝીબીટ તરીકે કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા તેમાં એટલા તો જુદા જુદા આક્રમણક લેખો હતા કે ખુદ કોર્ટને પણ જજમેન્ટમાં એવી ટીકા કરવી પડી કે મજકુર લખાણો "આ ગુન્હામાં જોઇતો બદઇરાદો પુરો પાડે છે." આ નીતી કોઇપણ રીતે અનુસરવા યોગ્ય નથી. આવાં લખાણોથી જે મૂળ હકીકત કહેવાની હોય છે તેજ વીસરાઇ જાય છે અને લોકો ઉપર તેની જરા પણ અસર નીપજાવી શકાતી નથી. છેલ્લા થોડાએક મહીનાની "ઇસમાઇલી" ની નીતી જો તેની કાયમની નીતી બની રહેશે તો એક પત્રમિત્ર તરીકે અમે તેને સૌથી પહેલાં અભિનંદશું.

ભાઇ ચુનારા સામેનો કેસ અને તેમાં થયેલ સજા એ દરેક પત્રકાર માટે, ખાસ કરીને કોમી ક્ષેત્રો ખેડતા પત્રકાર માટે એક લાલ બતીની ગરજ સારશે. પત્રકારની પવિત્ર ફરજોનું બરાબર પાલન થાય એ દરજ્જે અને કાયદાની ચુંગાલમાં પણ ન ફસી જવાય એ માટે દરેક પત્રકારે પોતાની નીતીને અંગત હુમલાઓ કે આક્ષેપોથી પર રાખવી ખાસ જરૂરની છે.

# ચૂસણ નીતીનું ચક્ર.

( આ પ્રસંગના પાત્રો કલ્પીત છે. બંધબેસતી પાઘડી કોઇએ પહેરી ન લેવી )

## દ્રષ્ય ચોથું.

સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. સંધ્યાના આછા ઓળા ધરતી ઉપર ઉતરતા હતા. બહુરૂપી એ સંધ્યાના કિરણો હાથ પગ ન હલાવવા છતાં એશઆરામ ભોગવવાના સદર પરવાનાવાળા શ્રીમંતોને સુનેરી અને દેદિપ્યમાન લાગતા, તો કાયા નીચોવી નાખવા છતાં પેટપુરતી રોટી પણ ન મેળવી શકતા શ્રમજીવીઓને તેમાં પોતાના જીવનમાં વ્યાપી રહેલા ઘોર અંધકારની પ્રતિછાયા દેખાતી. જુદા જુદા માનવીઓને જુદી જુદી ભાસતી સંધ્યા દરેકને પોતાની સોડમાં સંતાડતી આગળ આવતી હતી. જેટલી સફળતાથી તે પીડીતોના દુઃખને થોડીવાર માટે વીસરાવતી તેટલીજ કુનેહથી તે પોતાના અંધકારમાં માલેતુજાર ધનાઢ્યોના પાપ ઉપર પડદો નાખતી.

આવા સમયે ફાતમાબાઇ એક નીચી નમેલી ડેલીમાં ઉભી ઉભી ગામની ભાગોળ તરફ અનિમેષ મીટ માંડી રહી હતી. એ દ્રષ્ટિમાં દુઃખ, શોક, ચિંતા અને વાત્સલ્ય તરવરતાં હતાં. આજે સાંજ પડી જવા છતાં બદરૂદીન ઘરે પાછો ફર્યો ન્હોતો. આથીજ પુત્રવત્સલ માતાનો જીવ તલપી રહ્યો હતો, અને બદરૂદીનના માર્ગની તે પ્રતિક્ષા કરી રહી હતી.

જમાલભાઇ જ્યારે તેના પવિત્ર કાયદાનું પાલન કરી ફાતમાબાઇની બધી માલમત્તા ઉપાડી ગયા ત્યારે તેની સ્થિતિ ઘણીજ કફોડી થઇ ગઇ. જે મુડી માથે તેણે બદરૂદીનને ધંધે લગાડવાનો મદાર બાંધ્યો હતો તે ઉપડી જતાં ફાતમાબાઇની સર્વ આશાઓ નષ્ટ થઇ. છેવટે તેને શહેર છોડવું પડયું અને બદરૂદીનને લઇ તે એક નાના ગામડામાં આવી વસી બહુજ ટુંકી મુડીથી જે ધંધો થઇ શકે તે કરવા માટે પણ જોઇતી રકમ તેની પાસે રહી ન હતી. ગામના એક સાથી–ગરીબ પણ સહૃદય વેપારી પાસેથી તેણે રૂા. ૧૦) ઉછીના લીધા. પાંચ સાત રૂપીયાનો માલ, ડાળીયા, મમરા, મીઠું, મરચું, વિગેરે લઇ તે રહેવાના ઘરને એક નાનકડી હાટડી બનાવી ચલાવવા લાગી, અને બે પાંચ રૂપીયાનું વાડીઓમાંથી બકાલું લાવી બાજુના નાના ગામડાઓમાં ફરવાનું કામ બદરૂદીને ઉપાડી લીધું. આજે હંમેશના વખત વહી જવા છતાં બદરૂદીન ઘરે પાછો નહિ ફરવાથી ફાતમાબાઇની ચિંતાનો પાર રહ્યો હતો નહિ.

કેટલીકવાર સુધી તે આમને આમ જોઇ રહી. ગામના ઝાંપા તરફથી આવતા દરેક માણસને તે બદરૂદીન ચાલ્યો આવે છે કે નહિ તેના સમાચાર પુછતી. અરધોક કલાક આમ રાહ જોયા પછી ખંભે ફાંટ નાંખી એક હાથમાં કાંટો ત્રાજવાં લઈ ચાલ્યો આવતો બદરૂદીન તેને દેખાણો અને ત્યારેજ તેનો જીવ હેઠો બેઠો.

"બેટા બદરૂ, આજ તો બહુ મોડું કર્યું ! મારો જીવ તો કાંઇ કાંઈ ઘોડા ઘડતો હતો. ગમે તેમ કરીને પણ તારે સાંજ પહેલાં તો ઘરે આવતું રહેવું." બદરૂદીનના ખભા ઉપરથી ઉતાવળે ફાંટ ઉતારી લેતાં ફાતમાબાઇ બોલી.

"શું કરૂં, મા ? નવાગામમાં તો આજે મુદ્દલ બકાલું ખપ્યુંજ નહિ. હું તો વાટ જોઇનેજ બેઠો હતો કે કોઇ ઘરાક આવે તો પૈસે ઓછે અદકે પણ પાછું ન જવા દેવું. પણ છેવટ સુધી કોઇ આવ્યુંજ નહિ. એટલે મનમાં થયું કે ચાલ મોડવદર પણ થાતો જાઉં. ગાઉનો ફેર પડયો, પણ અરધાનું વેચી આવ્યો. આ વધ્યું એને પાણી છાંટી મુકશું એટલે કાલ બે ગામ ફરીને પણ હું બધું વેચી આવીશ."

મા દીકરો સામસામું આશ્વાસન અને હિમ્મત આપતાં વાળુ કરવા બેઠા. જે સ્નેહ હજારોના બંગલાઓમાં ભાગ્યેજ દેખાય છે તે ગરીબોની અંધારી ઝુંપડીઓને ઘણી વખત અજવાળે છે. ફાતમાબાઇ અને બદરૂદીન ઘડીભર પોતાનું બધું દુઃખ વીસરી ગયા.

જમી કરીને તે વાતો કરતા બેઠા હતા ત્યાં ગામનો વેપારી જેની પાસેથી દસ રૂપીયા ઉછીના લઇ ફાતમાબાઇએ આ બધું કર્યું હતું તે આવ્યો.

"કાં બદરૂ શું કરી આવ્યો ? ફાતમાબાઇ, મુંઝાશોમાં હો. એ તો શરૂઆત છે તે એમજ થાય. બદરૂ બે દિ' ફરશે એટલે બધે ઓળખીતો થઇ જાશે અને ઘરાકી પણ બંધાઇ જાશે. મારે રૂપીયાની ખેંચ તો છે પણ તમારે કાંઈ ઉતાવળું થવું નહિ. હું વળી બીજેથી ઉછીના પાછીના લઇ લઇશ."

"ભાઇ, તમારી તો ઘડી થાય એમ નથી ! અમને આવે વખતે જે ટેકો આપ્યો છે તે તમારા ચાકર થઇને રહીએ તોય તેનો બદલો ન વળે." ફાતમાબાઇએ ઉપકારવશતા બતાવી.

"અરે ! એમાં તે શું કરી નાંખ્યું છે ? માણસ માણસનું કામ કરતુંજ આવ્યું છે. તમારે બદરૂ બરાબર કામ કરતો થઇ જાય તો મારા મનને પણ નીરાંત."

આમ વાતો થાય છે ત્યાં કોઇએ ખડકીનું કમાડ ખખડાવ્યું. બદરૂદીન ઉઘાડવા ગયો અને એક ઘોડો તથા બે માણસને દાખલ કરી તે પાછો આવ્યો.

આવનાર પ્રગણા કામદીયો નુરમામદ હતો. સાથેનો માણસ તેના ઘોડાની અને તેની ચાકરી કરવા માટે રહેલો નોકર હતો. નુરમામદને જોતાંજ ફાતમાબાઇને ફાળ પડી. કાઉન્સીલના માણસોને જોતાંજ તે હવે ગભરાઇ જતી. ફરી વખત રોટલા કરી તેણે બન્નેને જમાડયા.

ખીસામાંથી સુડી કાઢી સોપારી વેતરતાં વેતરતાં નુરમામદે ખડીયામાંથી ચોપડો કાઢવા નોકરને કહ્યું. ચોપડો આવ્યો ત્યાં તેણે બે ફાકડા સોપારીના ચુરાના મોંમાં મારી લીધા. ખીસામાંથી ચશ્મા કાઢી તેણે વલીમામદનું ખાતું ગોતી કાઢયું. આમ તેમ થોડાક આંકડાઓ મુકી તેણે ફાતમાબાઇ પાસે રૂા. ૭ા ની ઉઘરાણી કરી. છ રૂપીયા વલીમામદ ગુજરી ગયો તે પહેલાંના એક વરસની ચંદ્રાકીના ભરવા બાકી હતા તે, સવા રૂપીયો લેખાંનો અને વલીમામદ ગુજરી ગયા પછીના બે મહીનાના ફાતમાબાઇની પા પાઘડી લેખે

# આપખુદીના ખપ્પરમાં.

## ચોગઠથી એક ભાઇ લખી જણાવે છે કેઃ—

અહીં ભાઇ ન્યાલ પ્રધાન તથા તેમના ભાઇઓ ઘણાં વરસથી રહે છે તેમજ કાઉન્સીલના બધા લાગાઓ પણ બરાબર ચુકવે છે. છતાં ચોગઠ અને વળા ( ચોગઠથી બે ગાઉ ) જમાતના માણસો તેમને ખુબ કનડે છે અને અપમાન પણ કરે છે. તેમના ઉપર ભાવનગર કાઉન્સીલમાં કેસ ચલાવી તેમનો રૂા.૨૫) દંડ કરવામાં આવ્યો હતો, જેના ઉપર તેમણે સુપ્રીમ કાઉન્સીલમાં અપીલ કરવાથી તે દંડ પાછો આપવાનો ભાવનગર કાઉન્સીલને હુકમ થયો હતો. વળામાં જે ભાઇ મુખી છે તેજ ભાવનગર કાઉન્સીલમાં પ્રેસીડેન્ટ છે. આ દંડ પાછો આપતી વખતે તેમાંથી 'ચંદ્રાકીના લેણા છે' કહી રૂા. ૧પાા વાળી બાકીના રૂપીયા તેમને આપવામાં આવ્યા. આવી રીતે કનડગત કરવાનું કારણ શું ? ચંદ્રાકી ચડી હતી તો તેની ઉઘરાણી જુદી કરવી હતી. પણ રૂા. ૨૫ તો પુરા તેમને પાછા આપવા જોઇતા હતા. આ પહેલાં પણ એક વખત, ભાઈ મોહનલાલ વેલશીના પત્નિ વળાથી એક ગાઉ દુર કલ્યાણપુરમાં ગુજરી ગયાં ત્યારે, 'ઇસમાઇલી છો એવો પાસ લાવો' કહી વળા જમાતે મૈયતને દફનાવવા જનાજો આપવાની પણ ના પાડી હતી

---

એક મહીને બે આના મુજબના ચાર આના, એમ રૂા. ૭ાા નો તેણે મેળ કરી દીધો. બદરૂદીનનું સગપણ નહોતું થયું એટલે તેની ચંદ્રાકી નથી ગણી કહી ઉદારતાની અવધિ બતાવી.

ફાતમાબાઇએ પોતાની આખી સ્થિતિ તેને સમજાવી અને હમણાં કાંઇ આપી શકાય તેમ નથી કહી ખોભરી જવા જણાવ્યું. પણ નુરમામદને તેનો એક પણ શબ્દ સ્પર્શી શકયો નહિ.

" તે તમે લોકો શું એમ સમજો છો કે અમે તમારા નોકર છીએ તે ઘડીએ ઘડીએ અહીં ધકકા ખાવા આવીએ ? હું તો ચુકતે કરીનેજ જવાનો છું. બીજી વખત અહીં આવવાની મને ફુરસત નથી "

નુરમામદની આ તુમાખી જોઇ ગામનો વેપારી આભોજ થઇ ગયો. ફાતમાબાઇ સાથેની આ તોછડાઇથી બદરૂદીન પણ રાતો પીળો થઇ ગયો. પણ ફાતમાબાઇએ તેને સાનમાં સમજાવી ટાઢો પાડયો.

" ભાઇ, આ અમારા ગામના વેપારી બેઠા છે તેને પુછી જુઓ કે અમે અત્યારે કાંઇ દઇ શકીએ તેમ છીએ ! તેની પાસેથી રૂા. ૧૦) ઉછીના લીધા છે તે પણ હજી તો પાછા નથી આપી શકયા. ત્યારે તમારૂં તો અમે કાંઇ લીધું નથી. છતાં હું ના નથી પાડતી. પણ હમણાં મારાથી આપી શકાય તેમ નથી." ફાતમાબાઇએ સરળ હૃદયથી ફામડીયાને સમજાવ્યો.

" ઠીક. મારે ઉપર લખાણ કરવું પડશે. કાઉન્સીલમાં ધકકા ખાશો અને સારે માઠે પ્રસંગે અટકીને ઉભા થઈ રહેવું પડશે ત્યારે આપશો." નુરમામદને મન કાઉન્સીલ એટલે સર્વ શકિતમાન કોઇ દૈવી શકિત હતી. 'ઉપર લખાણ' કરવાની ધમકી આપી રાતની રાત તે ત્યાં સુઇ રહ્યો અને સવારે ઘોડે બેસી બાજુના ગામડામાં ચાલ્યો ગયો.

# ચકચાર ભર્યો બદનક્ષી કેસ.

( ગતાંકથી ચાલુ. )

તે સાહેદો કાંઇ ચોકકસ કહી શકયા નથી. હાજીમહમદની જુબાની પણ તહોમતદારને કંઇ મદદ કરતી નથી એમ મને લાગે છે. તે કહેતો નથી કે ફરીયાદવાળી આર્ટીકલ છાપી તે તારીખે તહોમતદાર મુંબઇ બહાર હતો, શુધ્ધ દાનતે ગયો હતો, તેણે છાપાખાતું ફલાણાને આપ્યું હતું, તે હુશીયાર બાહોશ હતો, અને તેણે ફરીયાદવાળી આર્ટીકલ છાપી છે. આ તહોમતદારે સાબીત કરવું જોઇએ એમ હું ઉપર કહી ગયો. તે સાબીત કરવા તેણે આ સાક્ષીને તપાસ્યો છે. પણ તે કાંઇ કહેતો નથી. એટલે તહોમતદારે તે સાબીત કરેલ નથી એમ હું માનું છું. સાહેદ જનરલ હકીકત કહે છે. તે કાંઇ કામની નથી. તેની જુબાનીમાંથી સ્પષ્ટ રીતે નીકળ્યું છે કે તે તહોમતદારનો સંબંધી છે અને આ કેસમાં અવાર નવાર હાજરી આપી રસ લે છે. એટલે તે હીત વગરનો અને ત્રાહેત સ્વતંત્ર નહિ હોઇ હું તેના ઉપર વજન રાખી શકતો નથી. ૫૦ અલ્હાબાદના કેસમાં તો છાપી પ્રસિધ્ધ કરનારે જુબાની આપી જણાવ્યું હતું કે તહોમતદારે તે છાપેલ નથી પણ તેણે તે છાપેલ છે. આ કિસ્સામાં તેમ થવું જોઇએ. પણ તહોમતદાર તે કરી શકેલ નથી. ગેરહાજરી હતી, ફરીયાદવાળા જેવાં લખાણ છાપવાનું કામ બીજો સ્ટાફ કરે છે, એમ કહ્યા છતાં તે છાપનાર જુબાની દેવા આવતો નથી. તે તહોમતદારની વર્તણુક તથા ફરીયાદીએ ઓગસ્ટ ૩૧ પછીના એકઝીબીટો રજુ કર્યાં છે તે તહોમતદાર વિરૂધ્ધ અનુમાન કરાવે છે. આ બધાં કારણોથી હું ઠરાવું છું કે તહોમતદારે ફરીયાદવાળો આર્ટીકલ ફરીયાદીને સંબોધીને તેના ઉપર જણાવ્યા પેપરમાં છપાવી પ્રસિધ્ધ કર્યાનું સાબીત છે.

પહેલા પોઇન્ટમાં જણાવ્યું તહોમતદારનું કૃત્ય ઇ. પી. કો. ક. ૪૯૯ ના ગુન્હાની વ્યાખ્યામાં સ્પષ્ટ રીતે આવે છે. તે ગુન્હાના જોઇતાં તત્વો સાબીત થયાં છે એમ હું માનું છું. ફરીયાદવાળા આર્ટીકલમાં કર્યા આક્ષેપથી ફરીયાદીને નુકશાન આબરૂમાં તથા બીજી રીતે થાય તે તહોમતદાર જાણે, તેને માનસીક વ્યાધિ થાય તે તે જાણે તે સ્વાભાવિક છે. ફરીયાદવાળી આર્ટીકલ પહેલાંના જે લખાણો ફરીયાદીએ તહોમતદારના પેપરમંથી રજુ કર્યાં છે તે આ ગુન્હામાં જોઇતો બદ ઇરાદો પુરો પાડે છે એમ હું માનું છું. આ બધાં કારણોસર આ બીજું પોઇન્ટ પણ હું હકારમાં ચુકવી ઠરાવું છું કે તહોમતદારે ઇ. પી. કો. ક. ૫૦૦ પ્રમાણે શિક્ષ થઇ શકે તેવો ગુન્હો કર્યો છે એ સાબીત છે.

જાસાની બાબતમાં કંઇ ફરીયાદ નથી. દલીલમાં તેમ કહ્યું છે. એટલે તે સંબંધી કંઇ જોવાપણું નથી.

તહોમતદારે શિક્ષાના સંબંધમાં ક્રી. પ્રો. કો. ક. ૫૬૨ ઉપર ધ્યાન ખેંચ્યું છે. પણ તેનો લાભ તેને મળી શકતો નથી એમ હું ગણું છું. કેસની હકીકત તેમાં વર્ણવેલી બીના નથી એમ સૂચવે છે. પણ તહોમતદાર આબરૂદાર વેપારી છે એમ કહેવામાં આવે છે તેમ મને લાગે છે. તે તથા તેણે કેસની શરૂઆતમાં અરજીથી અને સ્ટેઇટમેન્ટમાં જે જાહેર કર્યું છે તે તેની વર્તણુક ધ્યાનમાં લઇ ઉપરના ગુન્હા માટે હું તેને એવી સજા કરૂં છું કે તેણે રૂા. એકસો દંડ દેવો. તે આપવામાં કસુર કરે તો તેણે બે માસની આસાન કેદ ભોગવવી. તા. ૩૧-૩-૩૩.

(Sd). **Tarachand B.**

# બેકારી અને સંતતિ નિયમન.

બેકારી, દીન પર દીન વધતી જતી કારમી બેકારી એ કાંઇ આપણી એક કોમનોજ પ્રશ્ન નથી, આપણા એક દેશનોજ નથી, પણ સમસ્ત જગતનો આ એક અત્યારે મોટામાં મોટો અને મુત્સદ્દીઓને પણ મુંઝવતો પ્રશ્ન છે. દિવસ ઉગ્યે અસંખ્ય માનવીઓ આ ધરતી ઉપર વધે છે. એ બધાને ખાવા જેટલું અન્ન, પહેરવા જેટલું કાપડ અને જીવવા પુરતી બીજી સામગ્રીઓ વધારવાની જ્યાં જરૂર છે ત્યાં આજે જેને છે તે પણ ગુમાવે છે. આજે મજુરી કરીને પેટ ભરતો માણસ આવતી કાલે કારખાનું, મીલ કે ઉદ્યોગ–સ્થળ બંધ પડતાં મજુરી ગુમાવી બેસી બેકાર બને છે. દુનિયા અત્યારે બેવડો માર સહન કરી રહી છે. જે છે તેને નીભાવવાની તેની તાકાત રહી નથી, છતાં નવો વધારો હંમેશાં થયા કરે છે. આજે જગતનો આ મહાપ્રશ્ન છે કે કઇ રીતે આ ધરતીની સપાટી ઉપર પોતાના પગ ટકાવી રાખવા.

બેકારીના કારણો ઘણા છે. તે નીવારવા ઉપાયો પણ ઘણા સૂચવાયા છે. આ બધાની ચર્ચા આ નાનકડા સાપ્તાહિકમાં સ્થાન મેળવવા માટે ઘણી મોટી છે. અહીં તો હું એકજ મુદ્દા સામે આંગળી ચીંધવા માગું છું, અને તે સંતતિ નિયમન.

સંતતિ નિયમન એટલે બાળકો ઉત્પન્ન કરવામાં નિયમિતતા; બીજા શબ્દોમાં બાળકો ઉત્પન્ન કરવા માથે અંકુશ, પ્રજાવૃદ્ધિ સામે અટકાવ.

બેકારી અને સંતતિને ઘાટો સંબંધ છે. એક માણસ અમુક રોજગાર કરે છે. એ રોજગારમાંથી તે પોતાનું તથા પોતાની સ્ત્રીનું ભરણપોષણ કરે છે. પછી તેને સંતતિ થાય છે. જે રકમમાંથી બે માણસોનો નિર્વાહ થતો તેમાંથી હવે તેને પાંચ કે છનો નીભાવ કરવો પડે છે. સાધારણ રીતે ત્રણ ચાર બાળકો તો આપણા કુટુંબોમાં ઘણી નાની ઉમરના જુવાનોને હોય છે કે જે વખતે એ બાળકોનું તો શું પણ પોતાનું પણ પુરૂં કરવા જેટલું તે માંડમાંડ રળી શકતા હોય. આવી સ્થિતિમાં નવાં બાળકો ગરીબીનું કારણ છે. તેમને પાળીપોષીને મોટા કરવા એ કેટલાક ઘરમાં મુખ્ય રળનાર માણસને માથે નકામો વધુ બોજો છે, જ્યારે તેને સમયોચિત કેળવણી આપી સુસંસ્કૃત બનાવવાં એ લગભગ બધા કુટુંબોમાં એક ઘણો મુશ્કેલ પ્રશ્ન છે. આ નવાં આવેલાંઓને માટે જે જે સુખ, સગવડ કે જરૂરીઆત જોઇએ તે ઉત્પન્ન કરવાને માટે તેના પ્રમાણમાં વધુ કામ પણ થવું જોઇએ. પણ કામ તો દિવસે દિવસે વધવાને બદલે ઘટતું જાય છે. વિજ્ઞાનની રોજ નવી નવી શોધખોળથી ૫૦ માણસો જ્યાં કામ કરતાં હોય ત્યાં ૨ કે ૫ માણસથી ચલાવી શકાય છે. આવી સ્થિતિમાં વધુ કામ મેળવવું કઇ રીતે? અને કામ ન મળે એટલે બેકારી; અને બેકારી એટલે ગરીબી, ભૂખમરો, અનીતી, અત્યાચાર, વિગેરે. અત્યારે નવાં બાળકો એ આ રીતે દુઃખદ સ્થિતિ ઉભી થવાનું કારણ છે.

સંતતિ નિયમન માટે સારામાં સારો ઉપાય સંપૂર્ણ બ્રહ્મચર્ય છે. જેનાથી બની શકે તે સહુએ આ રસ્તેજ સંતતિ નિયમન સાધવું જોઇએ. પણ આ જગતમાં સહુ આવા સંયમી હોઇ શકે અથવા થઇ શકે એ માનવું ભૂલ ભરેલું છે. અખંડ બ્રહ્મચર્ય પાળવા જેટલો જેનામાં સંયમ છે તે તો આ પ્રશ્નને કયારનોયે વટાવી ગયો હોય છે. મુખ્ય સવાલજ સામાન્ય જનસમૂહનો છે. આપણા સમાજનો મોટો ભાગ અખંડ બ્રહ્મચર્ય પાળી શકે તેમ નથી, અને એ પાળવા તરફ તેને લઇ જવો એ શકિતનો વ્યય છતાં સોએ સો ટકા નિષ્ફળતા મેળવવા જેવું કાર્ય છે. વળી સંપૂર્ણ અખંડીત બ્રહ્મચર્યથીજ સંતતિ નિયમન થઇ શકે છે. ૫ કે ૧૦ વરસ સુધી બ્રહ્મચર્ય પાળ્યા છતાં એકજ વખત તે ખંડીત કરવામાં સંતતિ નિયમનના બધા પ્રયાસો નિષ્ફળ જવાનો પુરો ભય છે આ બધાં કારણોસર સામાન્ય જનસમૂહ માટે આ રસ્તો બંધબેસતો અને વ્યવહારૂ નથી. છતાં બેકારીનો પ્રશ્ન એ સામાન્ય જનસમૂહની સાથેજ વધુ નીસ્બત ધરાવતો હોવાથી બ્રહ્મચર્ય શીવાય પણ બીજા ઉપાયો શોધી કાઢવાની ખાસ જરૂર છે, અને આ ઉપાયો શોધાયા છે પણ ખરા. જુદી જુદી જાતની રબ્બરની પેસરીયો ઉપરાંત સંતતિ નિયમન માટે ઘણી દવાઓ પણ ઉંચામાં ઉંચી શાસ્ત્રીય કસોટીમાંથી પસાર થયેલી અત્યારે આપણા બજારોમાં મળી શકે છે.

કેટલાક જુના વિચારના માણસો એમ માને છે કે આવા કૃત્રિમ ઉપાયોથી પ્રજોત્પતિ અટકાવવી તે પાપ છે. પાપ શું અને પુન્ય શું એ જો કે બહુ ગહન પ્રશ્નો છે, છતાં અત્યારે કરવામાં આવતી પાપની વ્યાખ્યા આપણે સ્વીકારી લઇએ તો પણ આ પ્રકારે સંતતિ નિયમન કરવામાં કાંઇ પાપ રહેલું નથી. એક માણસ દર માસે ૧૦૦ રૂપીયા ખર્ચ કરતો હોય; સ્થિતિ સંજોગો બદલાતાં તે પોતાનું ખર્ચ ઘટાડીને રૂા. ૭૫ કે ૫૦ કરે તો શું એ પાપ કરે છે? એક માણસનું શરીર એવું મજબુત હોય કે તે પાંચ મણનો બોજો સહેલાઇથી ઉપાડી જઇ શકતો હોય; શરીર નબળું પડે અને તે પાંચને બદલે બે કે એક મણનો ભારજ ઉપાડવા તૈયાર થાય તો શું એ ગુન્હો કરે છે? તેવીજ રીતે આપણા સમાજનાં સ્થિતિ સંજોગો અત્યારે બદલાતા અને સમાજ શરીર નબળું પડતાં આપણો સમાજ સંતતિ નિયમન કરી કોઇપણ ભોગે નવી સંતતિ થતી અટકાવે એ પાપ પણ નથી અને ગુન્હો પણ નથી. જો પાપ કે ગુન્હો થતો હોય તો આજના બેકારીના વખતમાં આંખો મીંચીને સંતતિ ઉત્પન્ન કરવામાંજ થાય છે.

સંતતિ નિયમન એ એક વાતોનો વિષય કે સાધારણ પ્રશ્ન ગણીને કોઇએ કાઢી નાંખવો જોઇએ નહિ. આ એક ઘણોજ મહત્વનો પ્રશ્ન છે અને તેની અવગણના કરવામાં ભયંકર ભુખમરો અને શારીરીક દુર્બળતા ડોકીયું કરી રહ્યાં છે.

"ખોજા જાગૃતિ" કેટલું સસ્તું છે?

બાર મહીનાના ૨ રૂપીયા.

છ મહીનાનો ૧ રૂપીયો.

ત્રણ મહીનાનો ०॥ રૂપીયો.

૯૦ દિવસની ૯૬ પાઇ.

દરરોજ એક પાઇના જેટલો ખર્ચ પણ તમે કોમની ઉન્નતિના માર્ગમાં નહિ કરી શકો!

# સપ્તાહનો સાર.

**મહાસભાની બેઠકઃ** કલકત્તા ખાતે ગઈ તા. ૩૧ માર્ચ તથા ૧ એપ્રીલના રોજ મહાસભાની વાર્ષિક બેઠક ભરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ચુંટાયેલા પ્રમુખ પં. માલવીયાને તા. ૩૧ ના સવારેજ ગીરફતાર કરવામાં આવવાથી બંગાળી નેતા શ્રીયુત જે. એમ. સેનગુપ્તાના પત્નિ શ્રીમતી નીલી સેનગુપ્તાએ પ્રમુખ સ્થાન લીધું હતું. ભાષણ વાંચતાંજ તેમની ધરપકડ કરવામાં આવી હતી. કોંગ્રેસના કામ ચલાઉ પ્રમુખશ્રી આણે, પં. જવાહરના માતુશ્રી શ્રીમતી સ્વરૂપરાણી નહેરૂ, શ્રી. રફીઉદીન કીદવાઇ ડો. આલમ તથા બીજા કેટલાયે આગેવાનોને આ અંગે પકડવામાં આવ્યા હતા. તા. ૧ ના રોજ ડેલીગેટોએ રાષ્ટ્રિય પોકારો કરવાથી પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. આ બેઠકને અંગે કુલ્લે કલકત્તામાં ૧૩૫૦ પ્રતિનીધીઓની ધરપકડ કરવામાં આવી હતી. પંડીત માલવીયા, શ્રી. આણે. વિગેરેને ત્રણ દિવસ અટકમાં રાખી છોડી મુકવામાં આવ્યા છે. બંગાળાની ધારાસભામાં જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે કોંગ્રેસની વાર્ષિક બેઠક ઉપર અંકુશ મુકવામાં આવ્યો નથી કે તેને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી નથી. કોંગ્રેસની ભવિષ્યની નીતી નકકી કરવા ટુંક વખતમાં નેતાઓની એક પરિષદ શ્રી. આણે બોલાવશે તેમ તેમણે છાપા જોગાં નિવેદનમાં જણાવ્યું છે.

**ના. જામસાહેબનું અવસાનઃ** સ્વસ્થાન નવાનગરના રાજવી ના. જામસાહેબનું ગઇ તા. ૨ જીના રોજ ૬૦ વરસની વયે જામનગરમાં હૃદય બંધ પડી જવાથી અવસાન થયું છે. નવા જામસાહેબ તરીકે સ્વર્ગસ્થના એક ભત્રીજા કુમારશ્રી દીગ્વીજયસિંહજીને જાહેર કરવામાં આવ્યા છે. જામસાહેબના ઓચીંતા અવસાનથી ઠેકઠેકાણે શોક પ્રદર્શીત કરવામાં આવ્યો છે. હિંદી વઝીર સર સેમ્યુઅલહોર તથા દુનીયાના બીજા ઘણા નામાંકીત માણસો તરફથી દીલગીરીના સંદેશા મોકલાવવામાં આવ્યા છે. જામનગરમાં ૭ દિવસની અને રાજકોટમાં બે દિવસની હડતાળ પાડવામાં આવી હતી.

**પાર્લામેન્ટમાં હિંદઃ** હિંદના નવા બંધારણને લગતી યોજના તપાસી પાર્લામેન્ટને રીપોર્ટ કરવા હિંદી વઝીર સર સેમ્યુઅલહોરે એક જોઇન્ટ સીલેકટ કમીટી નીમવાની દરખાસ્ત પાર્લામેન્ટમાં રજુ કરી હતી જે ૪૪૯ વિ. ૪૩ મતે પસાર કરવામાં આવી છે. આ દરખાસ્તને અંગે હિંદના મિત્રો અને વિરોધીઓ તરફથી લાંબા લાંબા ભાષણો કરવામાં આવ્યા હતા. મજુર પક્ષે હિંદને સાંસ્થાનીક દરજ્જો તુરત આપવાનું અને મ. ગાંધીજી સાથે બધા રાજ્યદ્વારી કેદીઓને છોડી મુકી કોંગ્રેસ સાથે સહકાર કરવાનું સૂચવ્યું હતું. જ્યારે ચર્ચીલે સાયમન કમીશનના રીપોર્ટ કરતાં હિંદને કાંઈ પણ વધુ નહિ આપવાની ભલામણ કરી હતી. એમ લાગે છે કે જો. સી. કમીટી ૩૭ સભ્યોની બનશે.

**ચીની નેતાનો હિંદને સંદેશઃ** ચીનના માજી પરદેશ મંત્રી મી. યુજીનમેને છાપા જોગું એક નીવેદન પ્રગટ કરી જાપાની માલનો બહિષ્કાર કરવા હિંદને ખાસ આગ્રહ કર્યો છે. તેઓ જણાવે છે કે "હિંદમાંથી બ્રીટન અમલ દુર થવામાં હવે વધુ વખત જશે નહિ, અને તે બાદ હિંદને જાપાનીસ કાફલાની દયા ઉપર જીવવાનો વખત આવશે. જાપાનના ઉદ્યોગોનો મુખ્ય આધાર અત્યારે હિંદ બનતું જાય છે. માટે હિંદે ગમે તે ભોગે જાપાની માલનો બહિષ્કાર કરવો જોઇએ.

**બ્રીટીશરોની રશીયામાં ધરપકડઃ** સોવીએટ રશીયામાં ૭ બ્રીટીશ માણસોની ધરપકડ કરવામાં આવવાથી બ્રીટનમાં ખુબ સનસનાટી ફેલાણી છે. આમાંના એ ઉપર આર્થીક જાસુસી કરવાનો, પ્રયત્નો તોડી પાડવાનો તથા લાંચ લેવાનો આરોપ મુકવામાં આવ્યો છે. મોસકો ખાતેનો બ્રીટીશ એલચી આ માટે મંત્રણા ચલાવવા ઇંગ્લેંડ ગયો છે. આ એકજ પ્રસંગથી કદાચ ઇંગ્લેંડ અને રશીયા વચ્ચેના વેપારી કોલકરારો તુટી પડવાનો ભય ઉભો થયો છે.

**આયર્લેન્ડની જમીન મહેસુલઃ** આયરીશ ફ્રી સ્ટેટની સીનેટમાં બ્રીટનને ભરવાની જમીન મહેસુલની ખંડણીની રકમ સામાન્ય ખર્ચ ખાતે વાપરી નાંખવાની નાણા મંત્રીને સત્તા આપવાનો ઠરાવ પસાર થયો છે. વરસોથી ભરાતી આ ખંડણી સામે ડીવ્લેરાએ વાંધો લીધો હતો અને આંતર રાષ્ટ્રિય લવાદી ઉપર આ પ્રશ્ન સોંપવાની તેની માગણીનો બ્રીટને અસ્વીકાર કરવાથી છેવટે આ પગલું ભરવામાં આવ્યું છે.

**ધોબીઓની હડતાળઃ** મુંબઇના ધંધાદારી ધોબીઓની મંડળીના જાહેર કરવા મુજબ મુંબઇના ધોબીઓએ વોશીંગ કંપનીઓ સાથેની હડતાળ ગઇ તા. ૧ લીથી શરૂ કરી છે. આથી શહેરમાં ભારે ચકચાર ઉભી થઇ છે. ઘણાખરા શહેરીઓની આ હડતાળ તરફ સહાનુભૂતિ છે અને તેઓ ધોબીઓને કપડાં સીધાં ધોવા આપવા ખુશી છે. આ હડતાળને અંગે કેટલીયે વોશીંગ કંપનીઓ બંધ થઇ છે

**મુંબઇમાં બોમ્બ અંગે ધરપકડઃ** ગઇ તા. ૨૫ ની રાત્રે મુંબઇના એમ્પાયર સીનેમામાં થયેલા બોમ્બના ધડાકાને અંગે પોલીસે તપાસ ચલાવીને ત્રણ શખ્સને મુંબઇમાંથી અને એકને કલકત્તામાંથી પકડયા છે બોમ્બ બનાવવાનું પ્રીસ્ક્રીપ્શન અને બળવાખોર સાહિત્ય પણ પોલીસને મળી આવ્યું છે.

**રૉયની બીમારીઃ** સંયુકત પ્રાંતની ધારાસભામાં જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે રાજ્યદ્વારી કેદી એમ. એન. રૉય હૃદયની બીમારીથી પીડાય છે અને તેમને ક્ષય રોગ થવાનો પણ સંભવ છે. ડોકટરો માને છે કે તેમને ગળાની ગાંઠ પણ વધતી જાય છે. શ્રી. રૉય એક આગેવાન કોમ્યુનીસ્ટ હોવાનું સરકાર માને છે. અલ્હાબાદ હાઇ કોર્ટમાં તેમને દેશપારની થયેલ સજા સામે તેમણે અપીલ નોંધાવી છે.

**બ્રીટીશ અમલદારોનું અપહરણઃ** નાનચીંગ ખાતે નંગરાએલી બ્રીટીશ સ્ટીમર બટરફીલ્ડ ઉપર ગોળીબાર કરી ચાંચીઆઓ ચાર બ્રીટીશ અમલદારોને ઉપાડી ગયા છે. દશ લાખ ડોલરના બદલાની માગણી કરવામાં આવી છે. વાટાઘાટ ચાલે છે.

# વડીલશાહીને ઉથલાવી નાંખો.

આપણે ત્યાં રાજ્યદ્વારી હક્કો મેળવવા માટે ઘણી કોનફરન્સો અને પરિષદો બોલાવાય છે. એક નાના કરવેરાને નાબુદ કરવાથી માંડી સંપૂર્ણ સ્વતંત્રતા સુધીની માગણી કરવામાં આવે છે. મુડીવાદ સામે મજુરોનું રક્ષણ કરવા અનેક સંસ્થાઓ રચાય છે અને વ્યવહારૂ અને અવ્યવહારૂ ઘણા ઠરાવો પસાર થાય છે. ધર્મગુરૂઓની પ્રપંચલીલાઓ સામે, જ્ઞાતિ પટેલોના જુલમ વિરૂદ્ધ, કેટલીયે સામાજીક બદીઓ નાબુદ કરવા, એમ અનેકવિધ ચળવળ આપણે ત્યાં અત્યારે ચાલી રહી છે. પણ વડીલશાહી સામે વિરોધ કરવા એકેય 'વડીલશાહી વિરોધક મંડળ' કે તેવી કોઇ સંસ્થા હજી સુધી હસ્તીમાં આવી નથી એ મારે મન બહુજ અફસોસની વાત છે. જુદી જુદી કોમના, જુદા જુદા પ્રાંતના, જુદા જુદા મતના, એમ અનેક યુવાનોની કોનફરન્સો અત્યાર સુધીમાં મળી ગઇ. પણ એક પણ માઇનો બચ્ચો તેમાંથી એવો ન નીકળ્યો કે જેણે વડીલશાહીના જુલમ સામે એક હરફ પણ ઉચ્ચાર્યો હોય કે એક પણ ઠરાવ રજુ કર્યો હોય.

માબાપો પોતાના શોખમાંથી બાળકો ઉત્પન્ન કરે છે, પોતાના શોખની ખાતર તેને પાળી પોષી મોટા કરે છે અને પોતાનાજ શોખને સંતોષવા તેઓ તેમને પરણાવે છે. બાળકો મોટા અને ઉમર લાયક થયા પછી, નાના કીકલા મટીને તેઓ સમજદાર મનુષ્યો થયા પછી પણ માબાપો અને વડિલો તેમને પોતાના શોખ અને ઉપયોગનું સાધન ગણે છે, તે રીતેજ તેમની પાસેથી કામ લ્યે છે અને તેજ જાતનું તેમની સાથે વર્તન ચલાવે છે. બાળકોની ઉત્પતિથી તે ઠેઠ માબાપો કે બાળકોના નાશ સુધી માબાપો અને વડિલો પોતાના સંતાનો તરફ એકજ દ્રષ્ટિથી દોરવાયેલા જોવામાં આવે છે. બાળકો મોટા થાય, પોતાની ફરજ અને સિદ્ધાંતો સમજવા લાગે અને પોતાનામાં પણ એક વ્યકિતત્વ છે એ ભાન થતાં એ વ્યકિતત્વને કેળવવા પ્રયાસો કરે અને એ પ્રયાસો જો વડિલોને પ્રતિકુળ દેખાય તો તેને નિર્મૂળ કરવા માબાપો અને વડિલો પહેલેજ ધડાકે એ દલીલ આગળ કરે કે 'અમે તમને પાળી પોષીને મોટા કર્યા, ભણાવ્યા પરણાવ્યા અને તમે હવે અમને આ બદલો આપો છો.' કેમ જાણ્યે એ પાળી પોષીને મોટા કરવામાં કોઇ મહાન ઉપકાર સમાયેલો હોય! ખરી રીતે એ આખું Procedure, એ આખી ગતીજ શોખ અને સ્વાર્થ ઉપર રચાયેલી છે. અંગત લાલસા અને મોહને પરીણામેજ આ બધી ક્રિયાઓ થતી હોય છે. સ્નેહ, પ્રેમ કે વાત્સલ્ય તેમાં હોતું નથી. બહુ બહુ તો એ ક્રિયાઓના ફળરૂપ ગૌણ સ્વરૂપમાંજ અને ઝાકળના પાણીની માફક જોતજોતામાં કે સૂર્યના થોડા પ્રકાશમાંજ ઓગળી જનારૂં તે હોય છે.

વડીલશાહીના દોરે આપણા સમાજને તથા દેશને ઘણું નુકશાન કર્યું છે. એવા સેંકડો કિસ્સાઓ આપણને મળી આવશે કે સામાજીક સુધારાઓ માટે થનગનતા અને દેશસેવા માટે તલસતા કેટલાયે યુવાનોને એક અથવા બીજી રીતે દબાણ લાવીને વડિલોએ અટકાવ્યા હોય કે રોકયા હોય. કોઇ એમ કહેતું હોય કે આ દલીલ અર્થ વગરની છે; કારણકે જેનામાં સાચું જોમ હોય તે કદી કોઇનો અટકાવ્યો અટકે નહિ. તો એનો ઉત્તર એટલોજ છે કે એવા સાચા સ્વયં જોમવાળા યુવાનોની સંખ્યા બહુ થોડી હોય છે અને તેઓ વડિલોના હુકમો કે વટહુકમોને જરાયે ગણકાર્યા વીના જરૂર પોતાના સિધ્ધાંતની ભકિત કરે છે. પણ બીજા અનેક કે જેનામાં આ જાતની શકિત નથી અથવા તો ઓછી છે તેને ઉગતાંજ વડીલો દાબી દયે છે અને તેમની ઉચ્ચ અભિલાષાઓનું ઝરણું કાંતો સુકાય જાય છે અને કાંતો ધન કમાવવામાં કે પ્રજા વધારવામાં વળી જાય છે. વડીલોનું દબાણ ન હોય તો જેટલા યુવાનો સેવાના ક્ષેત્રમાં ઝંપલાવે અને એ દબાણને અંગે જેટલા જુવાનો એ ક્ષેત્રમાં પડતાં અટકે તેના જો કોઇ આંકડા ભેગા કરી શકે તો જરૂર ખાત્રી કરાવી શકાય કે દેશને અને સમાજને વધુમાં વધુ નુકશાન પહોંચાડનાર આ વડીલોજ છે.

એક દલીલ એવી પણ કરવામાં આવે છે કે જુવાનો કમાવા શીખે એટલે સ્વાભાવિક રીતે વડીલોના હુકમો છુટતા બંધ થાય અને બધો કારભાર તેમના હાથમાં આવે. આ સાચું છે કારણકે જગત સ્વાર્થનુંજ પુજારી છે. એટલે 'કમાઉ પુત્ર સહુને વ્હાલા' એ જુની અને સ્વાર્થી કહેવત મુજબ હજુ પણ બનતું આવે છે અને તે હીસાબે વડીલો કમાતા પુત્રના હાથમાં બધી સત્તા સોંપી દયે એ બનવા જોગ છે. પણ આનો કાંઇજ અર્થ રહેતો નથી. એ તો સર્વમાન્ય છે કે સમાજ કે દેશની મુકિતનો આધાર એકલા યુવાનો ઉપરજ રહેલો છે અને ધોળી દાઢીઓવાળાથી કાંઇ થતું નથી. હવે જ્યારે યૌવનનું જોમ અને બલિદાનની ભાવના ઓસરી ગઇ હોય કે નાબુદ થઇ હોય ત્યારે યુવાનોના હાથમાં સત્તા આવે કે વડીલશાહીના દોરથી તે છુટા થાય તેમાં સમાજ કે દેશનું કાંઇ ભલું થઇ શકતું નથી. આવે વખતે કાંતો એ યુવાનમાં યૌવન રહ્યું હોતું નથી અને કાંતો તે પણ એક 'વડીલ' થઇ બેઠો હોય છે. Too late–ઘણું મોડું–થાય ત્યારે વડીલશાહીની નાબુદીનો કાંઇજ અર્થ નથી. યુવાન જ્યારે યુવાન હોય ત્યારેજ તેના ઉપરનું આ બંધન ખસી જવું જોઇએ

વડીલશાહીને નાબુદ કરવા યુવાનોએ હવે એકત્ર થવું જોઇએ. વાજબી અને ગેરવાજબી બધા હુકમો ઉઠાવવાનું કામ ગુલામોનું છે. ગુલામોની પ્રથા જગતમાંથી નાબુદ થઇ છે અને આપણે તેને ફરીથી સજીવ કરવાની કાંઇ જરૂર નથી. દરેક યુવાને પોતાનો સિધ્ધાંત નકકી કરી લેવો જોઇએ; પોતાની ફરજ, કર્તવ્યનું ચિત્ર તેની નજર આગળ કાયમ સ્પષ્ટ રહેવું જોઇએ. પોતાની ફરજ બરાબર સમજી લીધા પછી અને પોતાનો સિધ્ધાંત બરાબર મજબુત કરી લીધા પછી એ ફરજ કે સિદ્ધાંતમાંથી તેને ચુકવે એવું એક પણ ફરમાન યુવાનોએ ઉપાડયું નહિ; પછી તે ફરમાન ફરમાવનાર ભલે ગમે તે હો. આમ કરવા જતાં વડીલશાહીના ફટકા, મુડીવાદીઓના ફટકા શ્રમજીવીઓને સહેવા પડે છે તેજ જાતના સહેવા પડે તે ખુશીથી સહી લેવા સેવા એ જીવનનું ધ્યેય બનાવવું અને સિધ્ધાંત–ભકિતને જીવનનું લક્ષબીંદુ બનાવવું. આજ સારામાં સારો ઉપાય છે.

# કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ **ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]**

**કલમ ૨૯.**

"લોકલ કાઉન્સીલના મેમ્બરો પોતાનો હોદ્દો બે વરસ સુધી ધરાવશે અને તે સમય પુરો થતાં તમામ મેમ્બરોયે નિયમીત રીતે, તે મુદત પહેલાં એ મહીને પોતપોતાની કાઉન્સીલો મારફત સુપ્રીમ કાઉન્સીલને પોતાના રાજીનામા મોકલવાં. લોકલ કાઉન્સીલે સદરહુ રાજીનામાં મળતાં તેટલાજ બીજા યોગ્ય ગૃહસ્થોને પસંદ કરી તેમનાં નામ સુપ્રીમ કાઉન્સીલને જાહેર કરવાં. એ પ્રમાણે જેટલા મેમ્બરોનાં નામ રજુ કરવામાં આવે તે પૈકી વધુમાં વધુ અરધ મેમ્બરો સુપ્રીમ કાઉન્સીલ ચુંટશે અને બાકીના મેમ્બરો સદરહુ રજુ થયેલા નામો શીવાયના ગૃહસ્થોમાંથી પસંદ કરશે."

લોકલ કાઉન્સીલના મેમ્બરો નીમવાની આ પધ્ધતિ કાયદામાં ફેરફાર કરવાની પધ્ધતિ જેટલીજ ખોટી અને કોમના જન્મસિદ્ધ હક્ક ઉપર ત્રાપ મારનારી છે. કોમનો વહીવટ જે સંસ્થા વાટે ચલાવવાનો હોય તે સંસ્થાના મેમ્બરો કોમમાં રીતસર ચુંટણીથીજ ચુંટાવા જોઇએ. સુપ્રીમ કાઉન્સીલને આવી નીમણુક કે ચુંટણી કરવાનો કોઇ અખત્યાર નથી. આ ચુંટણી કઇ રીતે કરવી જોઇએ તેનો ઉલ્લેખ કલમ ૫ ની ટીકામાં થઇ ગયો છે એટલે અહીં ફરીથી કરવાની જરૂર નથી.

વળી લોકલ કાઉન્સીલના મેમ્બરો નીમવાની આ પદ્ધતિ હાસ્યાસ્પદ છે. બે વરસ પુરાં થાય તે પહેલાં એ મહીને રાજીનામા મોકલાવી દેવાની કાંઇ જરૂર નથી. બંધારણથી કામ કરતી બીજી સંસ્થાઓમાં પોતાની મુદત પુરી થાય ત્યારે પોતાની મેળેજ બરખાસ્ત–Dissolve–થવાની પ્રથા છે. લોકલ કાઉન્સીલ એટલે અમુક સંસ્થાના મેમ્બરો; આ બધા મેમ્બરોએ રાજીનામાં આપવાં અને તે લોકલ કાઉન્સીલને; પણ જ્યારે બધા મેમ્બરોએ રાજીનામાં આપી દીધાં હોય ત્યારે લોકલ કાઉન્સીલની હસ્તી રહીજ ક્યાં ? આ રીત તો એવી છે કે 'હું રાજીનામું આપું છું અને મારા ઉપર તે મોકલાવી દઉં છું.' વધુ હસવા જેવું તો એ છે કે જે માણસો પોતે રાજીનામાં આપી દયે છે તેજ પાછા એ જગ્યા માટે કોણ કોણ લાયક છે તેનું લીસ્ટ સુપ્રીમ કાઉન્સીલને મોકલાવે છે. આવું લીસ્ટ મોકલાવવાની રીતથી મોટે ભાગે એમ બને કે જેણે રાજીનામાં આપ્યાં હોય તેનાજ નામ આ લીસ્ટમાં રજુ થાય. મૂર્ખતાની અવધિ તો ત્યાં છે કે આ લીસ્ટમાંથી અરધો અરધ નામ સુપ્રીમ કાઉન્સીલે પસંદ કરવાનાં હોય છે. સુપ્રીમ કાઉન્સીલ 'ચુંટી શકશે' એ શબ્દો નથી વપરાણા પણ સુપ્રીમ કાઉન્સીલ 'ચુંટશે' એમ લખવામાં આવ્યું છે. તેનો ખુલ્લો અર્થ એટલોજ થાય છે કે સુપ્રીમ કાઉન્સીલે આ લીસ્ટમાંથી ફરજીઆત અરધો અરધ નામો પસંદ કરવાના છે. પરીણામે એકના એક માણસો કાઉન્સીલના મેમ્બરો બન્યા કરે છે. કાયમનો મેમ્બર છેવટે આપખુદ અને શીરજોર બને છે અને તેના માઠાં ફળ કોમને ભોગવવાં પડે છે.

**કલમ ૩૦**

"લોકલ કાઉન્સીલના પ્રેસીડેન્ટની ચુંટણી દર સાલ પહેલી જાન્યુઆરીએ કરવી. તે કાર્યને માટે મેમ્બરોએ અંદર અંદર નવી ચુંટણી કરી પોતાની અંદરથી એક નવો પ્રેસીડેન્ટ નીમવો. બીજા કોઇ મેમ્બરે દરમ્યાન એક વરસ સુધી તે હોદ્દો ભોગવેલ ન હોય તો, આગલા પ્રેસીડેન્ટની તરતજ ફરી ચુંટણી ન કરવી. પરંતુ આગલા પ્રેસીડેન્ટે કાંઇ પ્રસંશનિય સેવાઓ બજાવી હોય અને લોકલ કાઉન્સીલ સુપ્રીમ કાઉન્સીલને તે પ્રમાણે ભલામણ કરે તો સુપ્રીમ કાઉન્સીલ આગલા પ્રેસીડેન્ટને બીજા એક વરસ સુધી તે હોદ્દો ચાલુ રાખવા મંજુરી આપશે."

સુપ્રીમ કાઉન્સીલની બીનજરૂરી ડખલગીરી શીવાય આ કલમ માટે કાંઇ ખાસ કહેવાપણું નથી. લોકલ કાઉન્સીલના પ્રેસીડેન્ટની ચુંટણી એ લોકલ કાઉન્સીલનો આંતરીક વિષય છે અને તેમાં સુપ્રીમ કાઉન્સીલની મંજુરી મેળવવાની કાંઇ જરૂર નથી.

**કલમ ૩૧**

"લોકલ કાઉન્સીલના મેમ્બરો પૈકી કોઇને બદલવાની અગર કોઇ જગ્યા ખાલી પડે તો નવા મેમ્બરની નીમણુક કરવાની સુપ્રીમ કાઉન્સીલને છુટ છે, અને તેમ કર્યાના ખબર સુપ્રીમ કાઉન્સીલ નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને મોકલશે."

આ કલમથી લોકલ કાઉન્સીલ ઉપર સુપ્રીમ કાઉન્સીલની સંપૂર્ણ સર્વોપરીતા બેસાડી દેવામાં આવે છે. સુપ્રીમ કાઉન્સીલને ઠીક લાગે ત્યારે તે લોકલ કાઉન્સીલના કોઇપણ મેમ્બરને કારણ પણ બતાવ્યા વીના રૂખસત આપી શકે છે, જે ઘણું ભયંકર છે. લોકલ કાઉન્સીલના મેમ્બર બનનારની આબરૂની આમાં જરાપણ સલામતી નથી; અને જો સ્વમાનના ભોગે પણ મોટાઇનો શોખ ન હોય તો જ્યાંસુધી આ કલમ હસ્તી ધરાવે છે ત્યાંસુધી કોઇએ પણ લોકલ કાઉન્સીલના મેમ્બર બનવા સાફ ના પાડવી જોઇએ.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

"પાંજે કુરે."

છુટક નકલ ત્રણ પૈસા.

# ખોજા જાગૃતિ

E. M. Joshi.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૯ : એપ્રીલ ૧૮: ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ચૈત્ર વદ ૮: મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## "આગેસે ચલી આતી હે!"

"આગેસે ચલી આતી હે!", જુના વખતથી ચાલ્યું આવે છે,–આ દલીલ કરવાની મનોદશા પ્રગતિને રોકનારી છે, એટલુંજ નહિ પણ તેથી બુદ્ધિનો સ્વતંત્ર વિકાસ રૂંધાય છે. આપણે જો દુનીયાની સાથે આગળ વધી શકતા ન હોઇએ તો તેનું આ એક મુખ્ય કારણ છે.

"આગેસે ચલી આતી હે!" એ કોઇ દલીલ નથી. આગળથી ચાલ્યું આવે છે માટે તે સારૂં છે એમ માની લેવાનું કાંઇ કારણ નથી. માણસ જાતની ઉત્પત્તિના કાળમાં માણસ કપડાં પહેરતું નહિ, છતાં આપણે અત્યારે પહેરીએ છીએ. તે પછીના કાળમાં માણસ ઝાડની છાલો અને પાંદડાઓથી પોતાનું શરીર ઢાંકતું, છતાં આપણે અત્યારે કપાસમાંથી રૂ બનાવી તેનું સુતર કાંતી, વણી, કપડાં બનાવી આપણું શરીર ઢાંકીએ છીએ.

દુનીયા આગળ વધે છે; આપણે પણ આગળ વધવું છે. તે માટે પાછળના દાખલાઓ લેવા એ ભૂલ ભરેલું છે. "આગેસે ચલી આતી હે" એ મનોદશા તો આપણે કેમ જાણે પાછળના જમાનામાં જવું હોય અને જીવવું હોય તેમ સુચવે છે. વીસમી સદી પછી એકવીશમી સદી આવનારી છે, ઓગણીશમી નહિ.

"બાપના કુવાનું પાણી ખારૂં હોય તોય પીવું" એ મૂર્ખાઇ છે. જુના જમાનામાં આપણા બાપદાદા થઇ ગયા છે માટે એ જુના જમાનાથી જે ચાલ્યું આવતું હોય તેને બાપદાદાનું એક સંબંધી ગણી તેના તરફ આપણે પુજ્યભાવ રાખવો કે તેને ટકાવી રાખવું એમાં બુદ્ધિનો સંપૂર્ણ અભાવ છે. બાપદાદા ગયા તેમ તેણે પણ જવુંજ જોઇએ.

"આગેસે ચલી આતી હે" એ મનોદશાને બદલે હવે આપણે 'આગે વ્હો આયંગે,' આગળ ઉપર આ થવાનું, એ દ્રષ્ટિથી કામ કરવું જોઇએ. તેમાંજ આપણો ઉદ્ધાર છે અને તેમાંજ આપણી પ્રગતિ છે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૮-૪-૩૩.

# " પાંજે કુરે ? "

"પાંજે કુરે ?" આપણે શું ?—આ મનોદશાએ આપણો કચ્ચરઘાણ વાળ્યો છે. એ કચ્ચરઘાણ જેટલો દીલ પીગળાવનારો છે તેટલોજ કરૂણ તેનો આગલો ઇતિહાસ છે. અજ્ઞાન, વ્હેમ અને અંધશ્રદ્ધાનાં કાતીલ ઝેર જ્યારે આપણી કોમની રગે રગે ઇરાદાપૂર્વક ઉતારાતા હતા ત્યારે કોમનો એક વર્ગ કે જે કેળવાયેલો અને સમજદાર હતો, અને જે આ વિષપ્રયોગ અને તેનાં ભવિષ્યના માઠાં ફળથી જાણીતો હતો તે ખળભળી ઉઠયો. આ ભયંકર અખતરાને આગળ વધતો અટકાવવા તેણે તનતોડ કોશીશ આદરી. મુંબાઇને આરે અજ્ઞાન અને જ્ઞાન, અધોગતિ અને પ્રગતિ, કેળવણી અને નિરક્ષરતાના દ્વંદયુધ્ધ મંડાણા. એ યુદ્ધમાં જ્ઞાન, પ્રગતિ, કેળવણી હાર્યાં; અજ્ઞાન, અંધશ્રધ્ધા અને અધોગતિનો તેમાં વિજય થયો અને એ રીતે એ વિષપ્રયોગ માટે કાંટા કાંકરા વગરનું નિર્ભય ક્ષેત્ર ખુલ્લું થયું. હારેલા કેળવાયેલા હિંમત પણ હાર્યા અને "પાંજે કુરે ?" કહી છુટા પડયા. અજ્ઞાન અને અંધશ્રધ્ધાના પુજારી સાથેનો તમામ સંબંધ તેમણે તોડી નાંખ્યો. નીરાશાએ તેમને ખોટે રસ્તે દોરવ્યા. વગર જરૂરે કોમના કાયમ માટે ભાગલા પાડવાના અજાણ્યે પણ તેઓ કારણ બન્યા. બીજી તરફ કોમને સ્વાર્થીઓના હાથમાં સોંપી દઇ તેમણે મહા અપરાધ કર્યો. વર્ષો પહેલાંની આ વાત છે. "પાંજે કુરે ?" નો આ હ્રદયદ્રાવક ઇતિહાસ છે.

"પાંજે કુરે ?' કહેનારા ગયા, પણ એ મનોદશા ન ગઇ. ધીરે ધીરે એણે કોમ આખીમાં પગ પેસારો કર્યો. અન્યાય સામે લડવાની, જુલમ સામે ઝગડવાની એ ઉમદા શકિત અને હિંમત આ "પાંજે કુરે ?" માં ઓગળી ગઇ. બદલામાં એકલપેટાપણું, સ્વાર્થપરાયણતા અને બેદરકારી કોમમાં દાખલ થયાં. આ દુર્ગુણો અત્યારે એટલી હદ સુધી ફાલ્યા ફુલ્યા છે કે પોતાના સગા ભાઇ કે પ્રાણપ્રિય મિત્રનું ગળું રેંસાતું નજરે જોવા છતાં લાગણીશુન્ય હ્રદયે એ જોઇ રહેવામાં કોઇને લાજ શરમ રહી નથી.

આ "પાંજે કુરે ?" નું અનિષ્ટ જેમ મુંબાઇમાંથી ઉત્પન્ન થયું છે તેમ મુંબાઇમાંજ તે પોષાયું છે. આજે કેળવાયેલા અને સમજદાર તથા અત્યારે ચાલી રહેલા ભાતભાતના ધતીંગ અને વિધવિધ જુલમને આરપાર જાણનારની વધુ સંખ્યા મુંબાઇમાં છે છતાં કોમને માટે વધુમાં વધુ બેદરકાર મુંબાઇમાંજ વસે છે. એક મુંબાઇજ જો ધારે તો જોતજોતામાં આ બધાને તે ઉથલાવી નાંખી શકે તેમ છે. તેના માટે જોઇતાં સાધન અને સામગ્રી પણ મુંબાઇ વિપુલ પ્રમાણમાં ધરાવે છે. પણ આ "પાંજે કુરે ?" ની સડેલી મનોદશાજ તેની આડે ઉભી છે.

જ્યાંસુધી આ "પાંજે કુરે ?" નું ભુત આપણા દીલમાંથી ખસશે નહિ ત્યાં સુધી કોમના ઉદ્ધારની કશી પણ વાટ નથી રાખવાની. અન્યાય અટકાવવા ખપી જવાની ભાવના જ્યાંસુધી આપણે નહિ કેળવી શકીએ ત્યાંસુધી એ અન્યાય એની મેળે કદી પણ દુર નથી થવાનો. ઉગતાંજ ડાંભી દેવા જોઇતા આ ગજબનાક સીતમને આપણે હાથેજ આપણે આગળ વધવા દીધો છે. આપણે જો એ ત્રાસને નાબુદ કરવા માગતા હોઇએ, એ ત્રાસમાંથી કોમને મુકત કરી કોમનું રૂધીર ચૂસતા એ રાક્ષસી યંત્રને અટકાવવા માગતા હોઇએ તો આપણે તેના પ્રમાણમાં જોઇતો ભોગ પણ દેવો પડશે. એ ભોગ દેવાની ભાવના આપણામાં જાગૃત થાય, એ માટે જોઇતી શકિત અને હ્રદયબળ આપણે મેળવવાં હોય તો આ "પાંજે કુરે ?" શબ્દોને શબ્દકોષમાંથી ભુંસી નાંખો. કાયમને માટે એની યાદ પણ ભુલી જાવ. તમારા માથે કાંઇ જુલમ થતો હોય કે ન થતો હોય, આફતના વાદળાં તમારા ઉપર તુટી પડતાં હોય કે ન તુટી પડતાં હોય, એ દારૂણ અગ્નિ તમને ભરખી જતો હોય કે ન ભરખી જતો હોય, તોપણ એ જુલમ સામે લડવા, એ વાદળોને વીખેરવા અને એ અગ્નિને ઠારવા તમે દોડી જાવ. પછી ભલે એ ગમે ત્યાં થતું હોય, ગમે તેના ઉપર થતું હોય. ઇનસાનને ઘડતી વખતે ખુદાના કોઇ નાના સરખા ગુણનો ઝાંખો પ્રકાશ પણ એના બદનમાં ઉતર્યો હોય તો ઇનસાન કહેવરાવતા દરેક પ્રાણીની આ તાત્કાલીક અને અગત્યની ફરજ છે.

# કફનનો વેપાર.

માણસ મરી જાય ત્યારે કાંતો તેના મૃતદેહને બાળી નાંખવામાં આવે છે અથવા તો તેને જમીનમાં ઉંડો ખાડો ખોદી દફન કરવામાં, દાટવામાં આવે છે. આપણી કોમમાં મૈયતને દફનાવવાનો રીવાજ છે એ સૌ કોઇ જાણે છે.

માણસ જીવતો હોય ત્યાંસુધી તો તેની પાસેથી અનેક રસ્તા વાટે નાણા કઢાવવાની કાઉન્સીલે તરકીબ કરી રાખી છે અને ચૂસણ નીતીનાં એ ચક્ર કાયમ ગતીમાં રહી કાઉન્સીલને સારી આવક જમા કરાવી આપે છે. પણ એ ચક્રોની વિશેષ સફગતા અને એ ચલાવનાર કાઉન્સીલની અસાધારણ બુદ્ધિમતા તો માણસ મરી જાય પછી પણ તેના નામને બાને પૈસા ઓકાવવામાં સમાયેલી છે. માણસના મૃત્યુ પછી સમર, છાંટો, ભાતું, પાછળ લુગડાં દેવાં, આવી આવી અનેક નહેરો વાટે કાઉન્સીલ કોમના ધન-પ્રવાહને પોતાનો કરી લ્યે છે આ બધામાં વધુમાં વધુ સ્વાર્થી, વધુમાં વધુ હલકટ અને સૌથી વધુ ઘાતકી ઉપાય મૈયત ઉપર નાંખેલ કફનનું લુગડું મૈયતને દફન કરતી વખતે મૈયત ઉપરથી ખેંચી લેવામાં કાઉન્સીલ વાપરે છે. આ કફનને જમાતખાનામાં લાવી તેની હરરાજી કરવામાં આવે છે અને વધુમાં વધુ પૈસા આપનારને તે વેચવામાં આવે છે.

આવી રીતે કફન ખેંચી લેવાનું કાઉન્સીલે કાયદામાં લખેલું નથી. છતાં તેનાજ નીમેલા મુખી અને કામડીયા તેનીજ નક્કી કરેલી સ્વાર્થનીતીને અનુસરી આ પ્રમાણે કરે છે. એ હકીકતથી પુરેપુરી વાકેફ છતાં કાઉન્સીલ આ કફનનો વેપાર અટકાવતી નથી. આ બીના આપણને કદીપણ એમ માનવા દે તેમ નથી કે કાઉન્સીલ આ ઘટનામાં સંડોવાયેલી નથી.

જે માણસની લાગણી જેટલા પ્રમાણમાં દુ:ખાય તેટલા પ્રમાણમાં કોઇ કાર્ય ગુન્હાહીત થતું હોય તો આ કફન ખેંચવાની ક્રિયાને રાક્ષસી કહી શકાય; એ ક્રિયા કરનારને ભારેમાં ભારે ગુન્હાનો ગુન્હેગાર ગણી શકાય સાધારણ રીતે મરણ પ્રસંગ એ એક દુ:ખ અને કરૂણાનો પ્રસંગ ગણાય છે. મરનારના સગાં વહાલાંની લાગણી આ વખતે એટલી તો આળી થઇ ગઇ હોય છે કે નાનકડા અને નજીવા પ્રસંગો પણ તેને દુભવે છે. એવી સ્થિતિમાં જ્યારે મૈયત ઉપરથી કફન ખેંચી લેવામાં આવે અને એ પણ એક માત્ર તેના પૈસા ઉપજાવવાના નર્યા સ્વાર્થને કારણે ત્યારે મરનારના સ્નેહિઓને કેવો જબરો આઘાત થાય એ કલ્પવું મુશ્કેલ નથી. આ કરૂણાજનક પ્રસંગનું વર્ણન કે ચિત્રાલેખન સમર્થ કલમ કે પીંછીજ કરી શકે.

જે બુદ્ધિથી આ કફનનો વેપાર ચલાવવામાં આવે છે તે બુદ્ધિ ગમે તેવા નફ્ટ માણસને પણ શરમાવનારી છે. ત્રણ ચાર વારના લુગડાના એક કટકાના મુઠી પણ ન ભરાય એટલા પૈસા ઉપજાવવા મૈયત ઉપરથી કફન ખેંચી લેવાની આ ક્રિયા જેટલું દુ:ખ પેદા કરે છે તેટલોજ તીવ્ર રોષ એ જોનારના હૃદયમાં ભભુકી ઉઠે છે. ઘણા પ્રાચીન કાળમાં મધ્ય એશીયામાં મનુષ્યના માંસાહારની પ્રથા ચાલતી. કોઇ માણસ માંદો પડે એટલે તે જીવતો હોવા છતાં તેને મારી નાંખવામાં આવતો. આ ઘાતકી કૃત્ય માટે એ વખતના માણસો એવો ખુલાસો કરતા કે માંદો પડે અને મરી જાય ત્યારે તેનું માંસ બગડી ગયેલું હોય અને તેથી તેનો કાંઇ ઉપયોગ થઇ શકે નહિ. માટેજ દીર્ઘ દ્રષ્ટિથી આ પ્રમાણે માણસને મારી નાખવામાં આવે છે કે જેથી કરીને એ માંસને બગડતું અટકાવી તેનો ઉપયોગ ( Utilization ) સાધી શકાય. માણસ માંદો પડે એટલે તે કદીપણ સાજો થાય નહિ અને મરીજ જાય એવી તે વખતના લોકોની માન્યતા હતી. આ કફનનો વેપાર આપણને આ સૈકાજુના જંગલીપણાની યાદ આપે છે. અતિ પ્રાચીન એ ‘ દીર્ઘદ્રષ્ટિ ’ એ પ્રાચીન કાળમાંજ સમાઇ જવી જોઇતી હતી. આપણી પાડોશી કોમોમાં એનું ચીન્હ જરૂર નથી દેખાતું. છતાં આપણા દુર્ભાગ્યે એની નસલ હજીપણ આપણી કોમમાં જળવાઇ રહી છે.

વૈદ્યકિય દ્રષ્ટિએ આ કફનના વેપારની સમાલોચના કરતાં પણ આપણને જબરો આઘાત થશે મોટો ભાગ મરનાર માણસો અમુક રોગથી પીડાઇનેજ મૃત્યુ પામેલા હોય છે. આ રોગોમાં ઘણાએ ચેપી હોય છે. કોઇ કીસ્સામાં રોગથી મૃત્યુ ન થયું હોય તો પણ માણસના મૃત્યુ બાદ તેના મૃતદેહમાં અનેક જાતના જંતુઓ પેદા થાય છે. આવા મૈયત ઉપર ઓઢાડવામાં આવેલા કપડામાં એ જંતુઓ જરૂર પ્રવેશેલાં હોય છે, અને આ જંતુઓ એવા સુક્ષ્મ હોય છે કે નરી આંખે તે કદી પણ જોઇ શકાતા નથી. હવે આવા જંતુઆથી ખદબદતા કપડાંને મૈયતની સાથે જમીનમાં દાટી દેવાને બદલે તેને ઉંચકી લઈ તેનું લીલામ કરી બીજાઓને તેનો ઉપયોગ કરવાનું કારણ આપવું એ લોક તંદુરસ્તીને મોટામાં મોટો ધકકો પહોંચાડવા બરાબર છે. આટલો ભય પેદા કરવાનું અને લોક તંદુરસ્તીને આટલું નુકશાન પહોંચાડવાનું કારણ માત્ર પચીસ પચાસ પૈસાજ.

કફનનો આ વેપાર મોટા શહેરો કે જ્યાં કાઉન્સીલના થાણાં મજબુત બનેલાં હોય છે ત્યાં વગર સંકોચે બેધડકપણે ચાલ્યા કરે છે, અને ગામડામાં પણ હવે તેનો પગ પેસારો થવા લાગ્યો છે. જો આ અનિષ્ટને દાબી દેવા માટે સાવચેતી ભર્યાં પગલાં તુરત નહિ લેવામાં આવે તો તે અત્યારે છે તેના કરતાં પણ બહોળો ફેલાવો પામશે, અને ‘ કફનના ચોર ’ નો કાળો ડાઘ આપણા કપાળમાં બેસી જશે.

---

“ ખોજા જાગૃત ”
એટલે
ખોજા કોમના પ્રશ્નોની સ્વતંત્ર નીડર ચર્ચા.
ઘરાર પટેલોના ત્રાસ સામે બેધડક જેહાદ.
સામાજીક કુરૂઢીઓનું કટ્ટર દુશ્મન.
કચડાતાઓનું બાન્ધવ.
ટુંકમાં
ખોજા કોમનું એકજ સ્વતંત્ર વાજીંત્ર.
છતાં
એક વરસના ફકત રૂા. ૨) માં તમારા ઘરે પહોંચે.
આજેજ ગ્રાહક થાવ.
વ્યવસ્થાપક,
“ ખોજા જાગૃત ”
રાજકોટ.

# પરલોકની ફીલસુફી.

( મશહુર અમેરીકન લેખક અપ્ટન સીન્કલેરના ‘ પ્રીન્સ હેગન ’ નામના એક પુસ્તકમાંથી ‘ ફુલછાબ ’ના તા. ૮–૪–૩૩ ના અંકમાં એક ઉતારો પ્રગટ થયો છે. એ ઉતારામાંથી ઉતારો આ નીચે અમે આપીએ છીએ. પ્રીન્સ હેગન પાતાળમાં આવેલા એક જંગલી પ્રદેશનો રાજા છે અને આ ‘સુધરેલી’ દુનીયાની મુલાકાતે આવતાં પરલોકની ફીલસુફીથી તે બહુજ ખુશ થઇ જાય છે. તંત્રી.)

**રાજા હેગન:** બહુજ સુંદર ખ્યાલ છે. એવો ખ્યાલ કરનાર માણસ કોઇ સાધારણ આદમી નજ હોઇ શકે. એ તો કોઇ મહા કાબેલ વિચારકજ હોવો જોઇએ. ખરેખર એ સમર્થ શોધકજ હોવો જોઇએ. × × × × હું તો વિચાર કરૂં છું આ આત્માની અમરતાના ખ્યાલનો. × × × × એ મહા સુત્ર આંહી કેવું કામ કરે છે એ જ્યારે મેં જોયું ત્યારે પહેલાં તો મારા માન્યામાં પણ એ ન આવ્યું હજીયે મને એમ લાગે છે કે એ વાત બહુ લાંબી ટકી નહિ રહે. × × × × ધર્મ! ધર્મ પણ, યાર, એક અજબ નુસખો છે. × × × × અરે, એકવાર જો તમે માણસની આંખ પરલોક ઉપર ચોટાડી દયો ને આ લોક કરતાં પરલોક વધારે સારો છે એમ એના મન ઉપર ઠસાવી દયો, પછી આ લોકમાં તમે એનું ગમે એ કરોને, એની એને ગતાગમ નથી રહેતી. આ દુનીયાની એની તમામ મિલ્કત તમે લઇ લ્યો, એને લુંટી લ્યો, એનાં ખિસ્સાં કાતરો, અરે, તમારી મરજી હોય તો તમે એની ખાલ પણ ઉતારી નાંખો, ને એ બધુંય સહન કરી લેશે. અરે, મને હમણાં હમણાં તો રાત્રે ઉંઘ પણ નથી આવતી. મારા દેશના જંગલી લોકો આત્માની અમરતા અને પરલોકમાં શ્રધ્ધા રાખતા થાય તો એમાંથી મને કેટલું હાંસલ થાય એનો હું સતત વિચારજ કર્યા કરૂં છું. એના તો મને સ્વપ્નાં આવે છે. અલબત, મારા દેશના જંગલી લોકો આ લોકની દોલતને તરછોડીને પરલોકની દોલત ઉપર નજર નાખતા થાય એવી મને આશા તો નથી. પરંતુ તોય એ પ્રવૃત્તિ કરવા જેવી તો ખરી.

---

# મી. ચુનારા સામેના કેસ.

મુંબઇથી પ્રગટ થતા ‘ઇસમાઇલી’ના તંત્રી મી. ચુનારા સામે તા. ૮–૪-૩૨ ના રોજ મંડાયેલ કેસનો ફેંસલો સ્વ. રાજકોટની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટે ગઇ તા. ૩૧–૩–૩૩ ના રોજ આપ્યો છે તેથી નારાજ થઇ ફરીયાદી શ્રી. કાનજી ગુલાભાઇએ તેના ઉપર ના. હજુર કોર્ટમાં ગઇ તા. ૭ ના રોજ અપીલ નોંધાવી છે.

મી. ચુનારા સામેના બીજા કેસની મુદત આવતા માસની તારીખ બારની નકકી થઇ છે.

# સ્વદેશી.

**નીચેની પત્રિકા પ્રગટ કરવાની અમને વિનંતિ થઇ છેઃ—**

તમે હિન્દી છો ?
આ હિન્દની શુદ્ધ હવા ઉપર તમે જીવો છો ?
તમે હિન્દી છો ?
આ હિન્દનાં ખેતરોનાં અનાજ તમે ખાઓ છો ?
તમે હિન્દી છો ?
આ હિન્દની ધરતીનાં પાણીથી તમે તરસ છીપાવો છો ?
તમે હિન્દી છો ?
આ હિન્દની ધરતી તમે રાત દિવસ ખુંદો છો ?

તો

હિન્દીઓએ બનાવેલી ખાદી વાપરો.

ભુલશો નહિ

કે તમારાં હાડચામ હિન્દની માટીથી ઘડાએલાં છે.
કે હિન્દીઓના પરસેવાનો રોટલો તમે રોજ ખાઇ રહ્યા છો

તેથી

હિન્દનો પરદેશ તણાઇ જતો પૈસો હિન્દમાંજ રાખો.
હિન્દના ભાઇ બ્હેનોએ બનાવેલ સ્વદેશી વસ્તુઓ વાપરો.

સ્વદેશી એટલે

હિન્દીની મજુરીથી, હિન્દીની મુડીથી અને હિન્દીના વહીવટ નીચે બનેલી વસ્તુઓ.

હરકોઇ નાની મોટી વસ્તુ ખરીદતાં પહેલાં આટલી ખાત્રી કરો.

હિન્દીઓનો કામ ધંધો ઝુંટવી લઇ તેમને ભુખે મરતા કરી પરદેશી વસ્તુઓમાં પૈસા નાખવા એ પાપ છે.

**સેવા સંઘ–રાજકોટ.**

---

## ધંધાદારીઓને અપૂર્વ લાભ.

“ ખોજા જાગૃતિ ” માં તમારી જાહેર ખબર આપી ધંધામાં સફળતા મેળવો.

ભાવ માટે લખોઃ—

વ્યવસ્થાપક,
“ ખોજા જાગૃતિ ” રાજકોટ.

મુંબઇના અમારા એડવરટાઇઝીંગ એજન્ટ:

પાયોનીઅર એડવરટાઇઝીંગ બ્યુરો.
લહેરી બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ,
મુંબાઇ.

**કરાંચીના અમારા સોલ એજંટ**

તાજા ન્યુસપેપર એજન્સી,
નાનકવાડા, **કરાંચી.**

**રંગુનના અમારા સોલ એજંટ**

ભારત બુક સ્ટોલ,
પો. બો. નાં. ૫૯૩, **રંગુન.**

# નાંદીનું નિવેદન.

લેખક: શ્રી. એ. એ. ઇસમાઇલ (આફ્રીકા.)

આપણી કોમના પેપરમાં, ચોપાનીયામાં સુધારાના બરાડા પડાય છે. સારા સારા લેખો કાવ્યની દ્રષ્ટિએ રૂપાળા ચીતરાય છે. છતાં આપણા ધર્મના* ભીતર પ્રદેશમાં કોઇ નજર કરતું હોય, તેમાં સુધારા કરવાનું કોઇ વિચારતું હોય એવું જોવામાં આવતું જ નથી. કહેવાય છે કે એવા વિષય ચર્ચવાજ ન ખપે. 'ચાલતું આવે છે તેમ ચલાવ્યે રાખવું.' એવા વ્હેમથી દીલાસો આપી યુવાનોના મોઢાંમાં ડુચો મરાય છે પણ હવે દીલાસો ન નભાવી લેવાય એવો જમાનો ચાલે છે. આજનાં ઘોડીયામાં હીંચકતા બાળકો પોતાના પુર્વજોને શ્રાપ ન આપે એની સાવચેતી રાખવાની જરૂર છે. આ કારણસર આપણે આપણા ધર્મ પ્રદેશમાં* નજર ફેંકવી જોઇએ, અને તેને માટે પહેલાં આપણે નાંદીના નિવેદનમાં ઉતરવાનું પગથીયું માંડીએ.

ધર્મ જેવી વસ્તુમાં ઇરાદાપૂર્વક બુદ્ધિનું દેવાળું ફુંકાવવાની ફરજ ન પડતી હોય તો આ નાંદીના વિષયને જરૂર આપણે વિચારવો ખપે છે, શાસ્ત્રિય અને આધ્યાત્મિક વિજ્ઞાનની તુલનાથી નીચોવવો ખપે છે. સામાન્ય નાંદીની વસ્તુને ખાનામાં એ અર્થે લઇ આવવામાં આવે છે કે 'મુવેલા આગાખાનીઓની રૂહાનીનો તે ખોરાક છે.' અને આ ખોરાક એવાઓનેજ મોકલવામાં આવે છે કે જેઓ પોતાની હયાતીમાં ધર્મની દાલના નામે નામદાર આગાખાનને હજારો રૂપીયા એકના સવા લાખના સોદાથી આપી ગયેલા હોય. પણ આપણે હાલ આ લેખમાં એકના સવા લાખના સોદાવાળા વિષયને નહિ ચર્ચીએ. શું આ એક આપણી બેવકુફીનું પ્રદર્શન નથી? આપણને શરમાવનાર નથી? રૂહાની જેવી વસ્તુને કોઇ દિવસ ખોરાકની જરૂર હોય કે? અફસોસ!! રૂહાની કે જે ચૈતન્યમય તેને સ્થુળ પ્રાણની પણ જરૂર નથી, તો પછી ખોરાકની તો જરૂર કયાંથીજ હોય! ખોરાક તો શરીરને ટકાવવા, જીવાડવા માટે હોય છે. પણ જે શરીર ભૂમિમાં સડતું મુકાઇ ગયેલું છે અને જેની રૂહાની કુદરતના વિશાળ દરબારમાં રમે છે તેને વળી જડ ખોરાકની જરૂર કયાંથીજ હોય! છતાં દીલગીરીની વાત તો એ છે કે આ પ્રગતિમય જમાનામાં આપણા જ્ઞાતિભાઇઓ વિજ્ઞાનના વિષયમાં કેમ પછાત છે? અને જેઓ વિજ્ઞાનમાં ઉતરેલા છે તે કેમ ચુપ છે?

રૂહાનીનો ખોરાક, 'નાંદી,' કેવી રીતે પુગાડવામાં આવે છે તે પણ ચર્ચી જઇએ. ઘરે ઇંધણ આપ્યાની પહેલાં 'રૂહાનીને આજે ભાણું (પીરસામણ) મોકલાવવું છે' એવો ભાવ રખાવાય છે. રંધાઇ રહ્યા પછી ઠામમાં પીરસી જમાતખાનામાં લઇ જવાય છે. આ ચીજને 'ભાણું કહેવાય છે. ભાણું એટલે કે રૂહાનીનું પીરસામણ. આ પીરસામણને ખાનામાં લઇ ગયા પછી તે રૂહાનીને પુગાડવા માટે પૈસો બે પૈસા જમાતખાનાના મુખી કામડીયા હોય તેઓને આપી તે બક્ષાવાય છે. એટલે જે રૂહાનીને મોકલવામાં આવે તેનું નામ લેવાય છે, અને તેના નામને અર્પણ થયાનું સંભળાય તેવું ઉચ્ચારણ કરવામાં આવે છે. આ ક્રિયાનો અર્થ એમ પણ થઇ શકે કે મોકલાવેલો ખોરાક (ભાણું) બીજી રૂહાની ન પડાવી લ્યે તે ખાતર જમાતના મુખી અને કામડીયાને પૈસા આપી કબુલત લેવાય છે કે 'ખબરદાર! આ ખોરાક ફલાણા નામની રૂહાનીનેજ પુગવો જોઇએ.' અને આંધળી શ્રદ્ધાથી બાપડા તેવી કબુલત પણ આપે છે. કદાચ તેનું તેજ પીરસામણ બીજી કોઇ રૂહાનીને પીરસવાની ઇચ્છા થાય તો નાણાં આપી તેના તેજ પીરસામણને બક્ષાવી લેવાય છે. અટલે કે જમાતના મુખી અને કામડીયાને પૈસા આપી કબુલત લેવાય છે કે આ પીરસામણ બીજા રૂહને પણ અર્પણ કરાવવાનું છે; અને પૈસા લઇ જમાતના મુખી કામડીયા તેવી કબુલત અને ખાત્રી આપે છે કે 'ઠીક છે. તેમને પણ પુગાડવામાં આવશે.' હવે આવી રીતે એકજ પીરસામણ બે, પાંચ, સાત રૂહાનીને પુગાડવાનું હોય તો પણ પૈસા આપી બની શકે છે. પછી ભલે તે પીરસામણમાં એક માણસને પણ પુરૂં ન થાય એટલું હોય. બાપડા તેઓ વહી મરશે, તેવી ચિંતા કરવામાં આવતી હોય એવું નથી જોવાતું. વળી બને છે એમ કે તે પીરસામણની 'નાંદી' (ખુલ્લા શબ્દોમાં લીલામ) ખાનામાં થાય છે, અને ખાઇ જાય છે તો લખનાર અને વાંચનાર જેવા માણસો. એટલે તે રૂહાનીને કઇ રીતે પુગ્યું તે માટે મુંઝારો ઉપજે છે. આ બાબતમાં શરૂઆતથી તે છેવટ સુધી જે કાંઇ પૈસાની આવક થઇ તે બધી કહેવાતા સરકાર સાહેબ ના. આગાખાનને પુગાડવામાં આવે છે, અને તેઓની માલીકી ઠરાવાય છે. ખરેખર! આંધળી શ્રદ્ધાથી જે કાંઇ આપણી ખોજા કોમમાં બની રહ્યું છે તે માટે જેઓએ બુદ્ધિનું દેવાળું નહિ ફુંકેલું હોય તેઓના હૃદય રડી ઉઠવાં જોઇએ. કયા શાસ્ત્રથી આવું કરવામાં આવે છે એ મને તો નથીજ સમજાતું. આનાં માટે જેટલું વિવરણ કરીએ તેટલું થોડું છે. અફસોસ અને શરમ શીવાય આ માટે બીજી કોઇ દલીલ કે દીલાસો નથી. કુદરત કયાં સુધી આવો અંધાપો આપણામાં ચલાવશે તે નથી સમજાતું. બુધ્ધિ પરના કાળા પડદા કુદરત કયારે દુર કરશે તે તો તેજ જાણે. પણ તેમાં કુદરત પણ આપણોજ વાંક કાઢતી હશે.

(અપૂર્ણ.)

*લેખક નાંદીના રીવાજને ધર્મનું એક અંગ ગણી કાઢે છે તે બરાબર નથી. આ પણ જુદી જુદી જાતના અનેક રીતરીવાજો માંહેનો એક રીવાજ છે અને તે ધર્મ નથી. ધર્મમાં તો તત્વજ્ઞાન હોય, ફીલસુફી હોય. પછી ભલે જુદા જુદા ધર્મમાં જુદું જુદું તત્વજ્ઞાન રહેલું હોય. તો પણ જેમાં તત્વજ્ઞાનનો અંશ પણ ન હોય તેને ધર્મ કહી શકાય નહિ. એ દ્રષ્ટિએ નાંદીનો વિષય ધર્મનો વિષય નથી.

તંત્રી.

(આ જાણવા જોગ ચર્ચાનો વધુ ભાગ હવે પછી.)

# સમાચારનો સાર.

**મહાસભાની બેઠક:** કલકત્તા ખાતે ગઇ તા. ૧લીના રોજ મળેલી હિન્દી રાષ્ટ્રિય મહાસભાની બેઠક વખતે સંયુકત પ્રાન્તના પ્રતિનીધીઓની ત્રણ ટુકડીઓ ઉપર કલકત્તામાં ત્રણ જુદી જુદી જગ્યાએ થયેલા કહેવાતા હુમલા સંબંધે પં. માલવીયાએ કરેલા નિવેદન ઉપર વડી ધારાસભાના ૨૪ સભ્યોએ સહી કરી એ નિવેદન ગૃહમંત્રીને તપાસ અર્થે મોકલાવી આપ્યું છે. વડી ધારાસભાના માજી સભ્ય મી. જયકરે મી બી. દાસ ઉપર લખેલા એક પત્રમાંથી એવી હકીકત પ્રગટ થઇ છે કે મહાસભાના કામ ચલાઉ પ્રમુખ શ્રી. આણેને મીદનાપુર સેન્ટ્રલ જેલમાં 'ક' વર્ગના કેદી તરીકે રાખવામાં આવ્યા હતા. ૬૦ માણસો સમાઇ શકે તેવી કોટડીમાં ૧૨૫ માણસોને પુરવામાં આવ્યા હતા, જેમાં શ્રી. આણે પણ હતા. જેલ સુપ્રીન્ટેન્ડન્ટની તપાસ વખતે તેમને બે પગ ઉપર બેસીને અને પછીથી ઉભા થઇને 'હુઝુર સરકાર' કહેવાનો હુકમ કરવામાં આવ્યો હતો, જે અપમાન ભરેલો લાગવાથી શ્રી. આણેએ તે માન્ય નહિ રાખતાં બે ત્રણ વોર્ડરોની મદદથી જબરજસ્તીથી તેમને તેમ બેસાડવામાં અને ઉભા કરવામાં આવ્યા હતા. આ સંબંધે મી. દાસે વડી ધારાસભામાં પ્રશ્નો કર્યા હતા.

**પાર્લામેન્ટની કમીટી:** હિંદને લગતા શ્વેતપત્રને આધારે ભાવિ રાજ્યબંધારણ માટે ભલામણો કરવા બ્રીટનની પાર્લામેન્ટની એક જોઇન્ટ સીલેક્ટ કમીટી ચુંટવામાં આવી છે. આમની સભાના ૧૬ તથા ઉમરાવોની સભાના ૧૬ મળી ૩૨ સભ્યો ચુંટાયા છે. હિન્દી વઝીર સર સેમ્યુઅલ હોરે જાહેર કર્યું હતું કે "હિંદીઓ સલાહકાર તરીકે કમીટી સમક્ષ હાજર થશે. તેઓ સભ્ય તરીકે કામ કરશે નહિ, મત આપી શકશે નહિ અને રીપોર્ટ ઘડવામાં ભાગ લેશે નહિ." સર હેનરી પેજક્રોફ્ટ, લોર્ડ લોઇડ તથા ચર્ચીલે આ કમીટીમાં પોતે ભાગ લેવાની ના પાડી છે.

**હિંદ-જાપાન વેપારી સંબંધ:** બ્રીટનના પરદેશ ખાતાના પ્રધાન સર જ્હોન સાયમને હિંદ-જાપાન વચ્ચેના વેપારી કરારનો અંત લાવવાની છ માસની નોટીસ જાપાનના પરદેશ ખાતાને આપી છે. આ નોટીસનું કારણ જાપાની માલની હિન્દમાં ચાલતી તીવ્ર હરીફાઇ છે.

**મીરતના કેદીઓ:** મીરત કાવત્રા કેસમાં સજા પામેલાઓએ અલ્હાબાદ હાઇ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. સર તેજ બહાદુર સપ્રુ તેમના વતી દલીલો કરશે. આઠ માણસોને જામીન ઉપર છોડવામાં આવ્યા છે.

**શ્રીમતિ નાયડુનો છુટકારો:** શ્રીમતિ સરોજીની નાયડુને ગઇ તા. ૧૨ ના રોજ યરોડા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે તેઓ મ. ગાંધીજીને મળશે.

**મુંબઇમાં ફરી બોમ્બ:** જે જગ્યાએ થોડા દિવસો પહેલાં બોમ્બ ફોડવામાં આવ્યો હતો તેજ એમ્પાયર થીએટરમાં ગઇ તા. ૭ ના રોજ ફરીથી એક બોમ્બ ફુટયો હતો. કોઇને ઇજા થઇ નથી. તેમજ કોઇને પકડવામાં આવ્યા નથી.

**મુંબઇમાં બકરી ઇદ:** મુંબઇમાં બકરી ઇદની નીમાઝ વખતે મૌલવી ઇસ્ફાનીએ એક ટુંક વાયેઝ કરતાં જણાવ્યું હતું કે 'રાજ્યદ્વારી હકકો મેળવવા માટે વ્હાઇટ પેપર ઉપર આધાર રાખવાની જરૂર નથી. પરંતુ પોતાના પગ ઉપર ઉભા રહેવાની તાકાત મેળવવાની જરૂર છે.'

**કાઠીયાવાડમાં કાળો વેપાર:** વઢવાણ યુવક સંઘના મંત્રીએ છાપા જોગું એક નિવેદન પ્રગટ કરી કાઠીયાવાડમાં ધમધોકાર ચાલતા ઓરતોના વેપારને અટકાવવા તથા સમાજના સીતમો સામે લડવામાં મદદ કરવા કાઠીયાવાડને અપીલ કરી છે.

**શ્રી. પટેલની માંદગી:** શ્રીયુત વીઠ્ઠલભાઇ ઝવેરભાઇ પટેલ હૃદયની બીમારીથી પટકાઇ પડયા છે. અત્યંત કામકાજના બોજાથી તેમની તબીયત લથડી ગઇ છે ડોકટરો આરામની સલાહ આપે છે. લંડનના એકાદ સારા નરસીંગ હોમમાં તેમને તુરત ખસેડવામાં આવશે.

**ગરીબોના આપઘાત:** મદ્રાસ બાજુના તીરૂવનમાળીની ટેકરીની તળેટી આગળથી ૧૯ અને ૧૫ વરસના બે છોકરા, ૧૫ અને ૧૨ વરસની બે છોકરી, એક ૧૮ મહીનાનું બાળક, એક પ્રૌઢ સ્ત્રી તથા એક પુખ્ત વયના પુરૂષની લાશો મળી આવી છે. પહેલા છના આંતરડા કપાઇ ગયેલાં હતાં જ્યારે છેલ્લો એક ઝાડ ઉપર લટકતો હતો. અત્યંત ગરીબીને કારણે આ આખા કુટુંબે આપઘાત કર્યાનું તેમના ખીસામાંથી નીકળેલા પત્રો ઉપરથી જણાયું હતું. આ કરૂણ કીસ્સાથી હાહાકાર થઇ રહ્યો છે.

**૭ વર્ષની બાળાને બાળક:** 'નરસીંગ જર્નલ' નામના એક પત્રમાં દીલ્હીના વીકટોરીયા ઝનાનાની નરસીંગ સુપ્રીન્ટેન્ડેન્ટ મીસીસ એ. કેરોલે એવી હકીકત પ્રગટ કરી છે કે સાત વરસની એક બાળાએ પુરેપુરા નવ મહીનાના એક બાળકને જન્મ આપ્યો હતો, જેનું વજન જન્મ વખતે ૪ રતલ હતું. દીલ્હીના હેલ્થ ઓફીસરની અને તે બાળાના બાપની તપાસમાં તેણીની ઉમર સાત વરસની હોવાનું નકકી કરવામાં આવ્યું હતું.

**પં. જવાહરના બ્હેન પકડાયા:** પંડીત જવાહરલાલ ન્હેરૂના બ્હેન શ્રીમતિ વિજ્યાલક્ષ્મિ પંડીતની કોંગ્રેસની ચળવળમાં ભાગ લેવા માટે ગઇ તા. ૪ ના રોજ મુંબઇની પોલીસે ધરપકડ કરી હતી. તેમને ૯ માસની સખત કેદની સજા કરવામાં આવી છે.

**ઇંદોરમાં બેકારી:** ઇંદોરની પાંચ મીલો બંધ થવાથી ૧૨૦૦૦ અને ઉજ્જનની એક મીલ બંધ થવાથી ૨૦૫૦ કામદારો બેકાર થયા છે. મીલ બંધ થવાનું કારણ કામદારોએ પગારમાં માલીકો તરફથી સુચવાયેલો ઘટાડો નહિ સ્વીકારવાનું છે.

**ચીન જાપાનની લડાઇ:** જાપાની અહેવાલ મુજબ સાત કલાકની સખત ઝપાઝપી પછી જાપાની લશ્કરે મહાન ચીની દીવાલનો ચેનચાઇ દરવાજો કબજે કર્યો છે.

**દુનીયાનું સૌથી મોટું વીમાન:** અમેરીકાના નૌકાખાતાનું હવાઇ વીમાન "એક્રોન" જે દુનિયામાં સૌથી મોટું છે તે દરીયામાં તુટી પડવાથી ૭૭ માંથી ૭૪ માણસો મરણ પામ્યા છે.

**પોલીસખાતામાં સ્ત્રીઓ:** સ્ત્રી પોલીસો વધારે કાર્યદક્ષતાથી કામ કરશે એ હેતુથી ચીનના દરેક મોટા શહેરોમાં પોલીસખાતામાં સ્ત્રીઓને દાખલ કરવા પ્રયત્ન ચાલી રહ્યા છે.

# કોમનું કલ્પાંત.

લેખકઃ શ્રી. એન. એન. પ્રેમાણી.

એક મોટા શહેરમાં વસતા નથુભાઇએ પોતાના મોટા દીકરાના લગ્ન કર્યે આજે છ માસ વીતી ગયા છે. શાંતિથી દિવસો પસાર કરે છે; તેવામાં વ્હેવાઇનો પત્ર આવ્યો કે "અમારે હવે અમારી દીકરીને આણું વળાવવું છે. માટે તમે તુરત આવશો."

નથુભાઇ એક ગરીબ ખોજા છે. શહેરના એક પરામાં એક નાનકડી દુકાન ચલાવી પોતાનું ગુજરાન કરે છે. દીકરાને પરણાવ્યો તેની કળ હજુ ઉતરી ન હતી ત્યાં આણાંનો આ પત્ર વાંચી નથુભાઇ વિચારમાં પડી ગયા. પણ સંસારી કામો એક પછી એક ઓળંગ્યા શીવાય છુટકો નથી એમ વિચારી નથુભાઇ પોતાની પુત્રવધુને આણું તેડવા રવાના થયા. ખર્ચ માટે રૂા. ૨૦) ભેગા લીધા. રસ્તામાં નથુભાઇ વિચાર કરે છે કે 'રૂપીયા વીશમાં દસ રૂપીયા આપણી કાઉન્સીલના લાગાના દેવા પડશે. પાંચેક રૂપીયા ગાડી ભાડું થાશે અને રૂપીયા પાંચ પરચુરણ વાપરવામાં થઇ રહેશે. વાંધો નહિ આવે.' આમ વિચાર કરતા નથુભાઇ વ્હેવાઇને ગામ આવ્યા. સર્વેને મળ્યા અને યાઅલી કર્યા.

એક બે દિવસ રોકાઇ નથુભાઇએ વ્હેવાઇ નાનજીભાઇ પાસે રજા માંગી. નાનજીભાઇ રજા આપવા કબુલ્યા.

પોતાની સ્થિતિ પ્રમાણે નાનજીભાઇએ દીકરીને આણાંમાં દેવા સર્વે ચીજો તૈયાર કરી રાખી હતી. નાનજીભાઇના પત્નિના આમંત્રણથી તે જોવા માટે ગામ હલકયું હતું. આ બાજુ નાનજીભાઇ કાઉન્સીલના મેમ્બર અને જમાતના મુખી અલીમામદને બોલાવવા ગયા.

જમાતના માણસો આવી ગયા છે. આણું પથરાઇ ગયું છે. મુખી સાહેબની વાટ જોવાય છે. ત્યાં અલીમામદભાઇ કેમ જાણે કોઇ દેણદાર પાસેથી લેણું વસુલ કરવું હોય તેમ બગલમાં ચોપડા નાંખી આવી પુગ્યા. જેમ હાથી તાવને દેખી બેબાકળો બની જાય છે તેમ સોપારીનો ચુરો કરતા નથુભાઇ મુખી સાહેબને દેખી સુડી સોપારી પડતાં મુકી એકદમ ઉભા થયા અને બે હાથે મુખી સાહેબને સલામ કરી આવકાર આપ્યો. અલીમામદે નથુભાઇની સામે જોયું. સલામ સામે સલામ તો ન કરી પણ સેજ આંખો ઢાળી. પણ એ આંખમાં સત્તાનું ગુમાન અને મોટાઇનો ઘમંડ સ્પષ્ટ દેખાઇ આવતાં હતાં.

મુખી સાહેબ આવીને બેઠા. બેવડા પાનની એક પટી અને બેકાદ સોપારીના જેટલો ચુરો મ્હોંમાં ચડાવ્યાં. જમાતની સ્ત્રીઓ આણું જોવામાં અને અંદર અંદર વખાણ કરવામાં કે ખોડખાંપણ કાઢવામાં મશગુલ હતી. પુરૂષો નાનજીભાઇના વખાણ કરવાના મહત્વના કામમાં લાગી ગયા હતા. નાનજીભાઈ સૌને જવાબમાં કહેતા કે 'આ બધું મૌલાની મહેરથી બનેલું છે.' અલીમામદ મુખી ચોપડા ઉખેળી નામું ગોતી આંકડા હીસાબ કરતા હતા. નથુભાઇની સુડી ચાલુજ હતી.

થોડો વખત આમ ગયા પછી નાનજીભાઇએ મુખીને આણાંનો સરસામાન જોઇ નોંધી લેવા વિનંતિ કરી એટલે અલીમામદ કાગળ પેનસીલ લઇને ઉઠયો. ઝીણી મોટી બધી વસ્તુઓ લખી લીધી. દરેક સામે કિંમતનો આંકડો ચડાવ્યો. સરવાળો કર્યો એટલે રૂા. ૨૫૦) થયા.

આંકડો મુકી તેણે નથુભાઇ તરફ જોયું. "કરીયાવર તો ઝાઝો છે પણ મેં ૨૫૦)નો આંકડોજ મુકયો છે. 'સાર'ના રૂા. ૩૧ થયા તે આપો એટલે જમે કરી નાંખું."

નથુભાઇને આટલું કહી તે નાનજીભાઇ તરફ વળ્યો. "રૂા.૧૦) તમે આપો. પાંચ મહીનાની ચંદ્રાકી ચડી છે. આવો મળતો મેળ ફરી કયે દિવસ આવવાનો!"

મુખીના મોઢામાંથી રૂા. ૩૧ ની વાત સાંભળી નથુભાઇ તો ગાભરાજ બની ગયા. વિચાર કરે છે કે "હું તો બધું મળી રૂા. ૨૦)નું ખર્ચ ગણતો અને આ તો એક મુખીજ રૂા. ૩૧ કાઢીને ઉભો રહ્યો! આનું શું થાય? રૂા. ૨૦) લઇને હું ઘરેથી નીકળ્યો તેમાંથી પણ રેલભાડાના ઓછા થયા છે તો આને રૂા.૩૧ કયાંથી આપવા?" આમ નથુભાઇ મનમાં વિચાર કરે છે તેટલામાં મુખીએ ફરી ઉઘરાણી કરી.

"મુખી સાહેબ, આ પૈસા હું ઘરે જઇને મોકલી આપીશ." બે હાથ જોડીને નથુભાઇએ દીનતા બતાવી. જમાતના પુરૂષો તથા સ્ત્રીઓ પણ હવે ધુસપુસ કરતાં બંધ પડયાં હતાં.

"એ ન ચાલે. કાયદાથી એ વિરૂધ્ધ છે. 'સાર'ના રૂપીયા તો રોકડાજ ભરવા જોશે." અલીમામદના અવાજમાં ગરમીનું પ્રમાણ વધતું જતું હતું.

"પણ મુખી સાહેબ, અહીં ન હોય તે કયાંથી લાવવા?"

"તે ગમે તેમ કરો. ઘરેણું વેચો. તમારે કયાંથી લાવવા તે મને શું ખબર?" મુખી જેમ જેમ ઉતાવળો થતો ગયો તેમ તેમ જમાત અવાક્ થતી ગઇ.

"લ્યો ત્યારે ગામમાં જઇ ઉછીના મળે તો લઇ આવું" કહી નથુભાઇ ઉઠયા. બીકણ બીચારા એ માનવીની આંખમાંથી દડદડ આંસુ પડતાં હતાં. અલીમામદ મુખીએ આજે તેની આબરૂ લીધી હતી, તેના ધોળામાં ધુળ નાંખી હતી. કયાંયથી રૂપીયા મળે તો એની છાતીમાં ચોડવા એ અપમાને જાગૃત થયેલું સ્વમાન તેને ઉશ્કેરતું હતું. ગામમાં તે અહીંતહીં રખડયો. પણ અજાણ્યા માણસને એક પાઇ પણ ઉછીની આપવાની કોઇએ હા ન કહી. છેવટે હાથની આંગળીએ પહેરેલી સોનાની વીંટી તરફ તેનું ધ્યાન ગયું. એક શરાફની દુકાન ગોતી કાઢી તેણે એ વીંટી તેને વેચાતી રાખવા કહ્યું. શરાફે અજાણ્યો માણસ જોઇ શકરા જેવી આંખો તેની સામે તાકી. 'ચોરાઉ નથી. ભીડનો માર્યો વેચું છું.' આ શબ્દો નથુભાઇના મોઢામાંથી નીકળ્યા એટલે ગરજનો લાભ લેવા તેણે વીશની કિંમત છતાં અઢાર રૂપીયા નથુભાઇને આપ્યા. નથુભાઇ તે લઇ ચાલતો થયો. સવાતેર રૂપીયા તેણે તેમાં ભેળવી મુખીને રૂા. ૩૧ ચુકવી દીધા અને ત્યાર પછીજ મુખીએ કરીયાવરનો માલ નથુભાઇને ઉપાડવા દેવાની રજા આપી.

આ બધી ધમાલ જોઇ નાનજીભાઇએ ચું કે ચાં કર્યા વગર રૂા. ૧૦) અલીમામદ મુખીને ભરી દીધા.

રૂા. ૪૧ નો તડાકો કરી કાયદાની ચોપડી અને નામાના ચોપડા બગલમાં મારી ફુલાતો ફુલાતો એ દૈત્યાકુટયો આદમી મુખી અલીમામદ તેનાજ કોમભાઇઓને હેરાન કરી નાનજીભાઇને ઘરેથી ઉઠયો એટલે સહુ જમાત પણ ઉઠી. સાંજનીજ ગાડીમાં નથુભાઇ પુત્રવધુને તેડી પોતાને ગામ રવાના થઇ ગયો.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]**

**કલમ ૩૨.**

"દરેક લોકલ કાઉન્સીલને પોતાની નીસ્બતના તાબાના ગામોના મુખી તથા કામડીયાની દર ચાર વરસે ચુંટણી કરવાની સત્તા છે, અને તે કાર્ય માટે સદરહુ મુખી તથા કામડીયાઓએ સદરહુ કાઉન્સીલને પોતાનાં રાજીનામાં મોકલી આપવાં."

જો રીતસરની ચુંટણીથી ચુંટાયેલી લોકલ કાઉન્સીલ આવી રીતે મુખી કામડીયાની ચુંટણી કરે તો તે ખાસ વાંધા ભરેલું ન ગણાય. પણ જ્યાં લોકલ કાઉન્સીલ આવી રીતે ચુંટાતી ન હોય અને કોમનું તેમાં પ્રતિનીધીત્વ ન હોય ત્યાં મુખી કામડીયાની ચુંટણી કાઉન્સીલના હાથમાં રાખી શકાય નહિ. દરેક ગામની જમાતેજ તે ચુંટણી કરવી જોઇએ. વળી જે કાઉન્સીલે આ ચુંટણી કરવાની વાત આ કલમમાં છે તે કાઉન્સીલની પોતાની મુદત પણ બે વરસની છે, તો મુખી કામડીયાની મુદત ચાર વરસ રાખવી એ ભુલ ભરેલું છે. વધારેમાં વધારે કાઉન્સીલની મુદત જેટલી તેઓની મુદત હોવી જોઇએ. વળી આ કલમનો અર્થ એવો થાય છે કે લોકલ કાઉન્સીલને ઠીક લાગે તો તે આ પ્રમાણેની ચુંટણી કરે અને ઠીક ન લાગે તો ન પણ કરે. લોકલ કાઉન્સીલને 'સત્તા છે' એનો અર્થ એવો નથી થતો કે લોકલ કાઉન્સીલે આવી ચુંટણી કરવીજ. રાજીનામાં મોકલાવી દેવાની પ્રથા અર્થ વગરની છે, શીવાય કે આવા રાજીનામાં લખાવી લેવામાં તે લખી આપનારની પરોક્ષ રીતે કબુલત લખાવી લેવાનો ગુપ્ત હેતુ રહ્યો હોય.

**કલમ ૩૩**

સુપ્રીમ કાઉન્સીલ મારફત પત્રવ્યવહાર કરવા સંબંધેની છે.

આ માટે કાંઇ ખાસ કહેવાપણું નથી.

**કલમ ૩૪.**

'લોકલ કાઉન્સીલમાં સ્થાનિક વતનીઓમાંથી અરધ કરતાં વધુ સંખ્યા ન થાય તેટલા મેમ્બરો રાખવા, અને બાકીના મેમ્બરો નીસ્બત ધરાવતા તાબાના ગામોના વતનીઓમાંથી ચુંટવા."

જે ગામમાં કાઉન્સીલ હોય તે ગામને આવો ખાસ હક્ક આપવાની કાંઇ જરૂર નથી, બલ્કે તે ગેરવ્યાજબી છે. રીતસરની ચુંટણીમાં અમુક સંખ્યાના માણસો દીઠ એક મેમ્બર કે તેને લગતી પ્રથાથી મેમ્બરો ચુંટાતા હોય એટલે કોઇને પણ અન્યાય થવાનો ભય ન રહે. આ પ્રથાથી બાકીના ગામના માણસોના હક્ક ઉપર કાપ મુકાય છે. ચુંટણીની પદ્ધતિનો ખાસ ફાયદોજ એ છે કે કોઇનો હકક માર્યો જાય નહિ.

**કલમ ૩૫.**

"સગપણ બાબતનો કેસ કાઉન્સીલ પાસે આવે ત્યારે કાઉન્સીલે નીસ્બત ધરાવનાર પક્ષને સગપણ કાયમ રાખવા સમજાવવા. તેમ કરવા છતાં તેમના પ્રયત્નો નિષ્ફળ જાય તો તે સગપણ રદ કરવાનો કાઉન્સીલ હુકમ કરશે અને કસુરવાન પક્ષ ઉપર સરકાર, સાહેબી ગુન્હેગારી મુકશે."

એક વખત સગપણ કરી ફાવે ત્યારે તે રદ કરવા કોઇ તૈયાર થાય તો તેના ઉપર અંકુશ મુકવાની જરૂર ખરીજ. આ પ્રસંગે જે પક્ષની ભુલ હોય તે સમજાવ્યા છતાં ન સમજે તો તેને માટે કાંઇ અસરકારક ઉપાય પણ જોઇએજ. આ ઉપાય તરીકે આ કલમમાં 'સરકાર સાહેબી ગુન્હેગારી'ના વાત છે. આવી ગુન્હેગારીથી આવા પ્રસંગો બનતાં અટકે છે કે નહિ એ જુદી વાત છે. તો પણ કોઇ પણ હીસાબે એ ગુન્હેગારી 'સરકાર સાહેબી' ન હોવી જોઇએ. 'સરકાર સાહેબ'નો આમાં કાંઇ ગુન્હો નથી. ગુન્હો જમાતનો, કોમનો છે અને તે એટલા પુરતો કે આવી રીતે અવાર નવાર બનવા પામે તો સગપણ કરવાનો કાંઇ અર્થ રહે નહિ અને એક પ્રકારની અવ્યવસ્થા કે ચિંતા કોમમાં ઉભી થાય. જો 'ગુન્હેગારી' એ આ રોગનું ઔષધ છે એમ માની લઇએ તો પણ એ ગુન્હેગારીની રકમ જમાતનીજ ગણાવી જોઇએ અને જમાતના ઉપયોગ માટેજ વાપરવા તેને પરદેશ નહિ ચડાવી દેતાં જે જમાતનો કીસ્સો હોય તે જમાતને હસ્તક રાખવી જોઇએ.

ઘણા વરસની આ 'ગુન્હેગારી' લેવાની પ્રથા છતાં એ બદી કોમમાંથી નાબુદ થઇ નથી, બલ્કે ઘટી પણ નથી. કાઉન્સીલના દફતરે તપાસતાં દેખાઇ આવે તેમ છે કે તેની પાસે છુટાછેડા અને સગપણ રદ કરવાના કિસ્સાઓજ સૌથી વધુ અને બહોળી સંખ્યામાં આવે છે. આટલા અનુભવ પછી જો આવા પ્રસંગો ન બને તેમ કરવું હોય તો તેને માટે કોઇ જુદાજ રસ્તા વિચારવા જોઇએ. અત્યારે તો થોડા રૂપીયા કાઉન્સીલને આવ્યા ( કે જે લેવાના ઉદ્દેશથીજ આ કાઉન્સીલ અને આ કલમની રચના થઇ છે ) એટલે ગમે તેવા સંજોગો છતાં ગમે તે માણસ મરજી મુજબ સગપણ રદ કરી શકે છે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આપણા હાથની વાત. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૧૦ : એપ્રીલ ૨૫: ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ચૈત્ર વદ ૦)): મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

### આજના અંકની સામગ્રી.

આપણા હાથની વાત.
અણસમજુ માનવી.
નાંદીનું નિવેદન.
મંત્રદિક્ષા કે સ્વાર્થરક્ષા ?
સપ્તાહનો સાર.
જ્ઞાન પુષ્પો.
કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક ?

## ઘુંઘટ ખોલ !

કોઇ નવવધુની માફક હૃદય અને હૃદયના ભાવ પ્રદર્શીત કરતા મુખમંડળને તું શામાટે ઘુંઘટના ઘેરમાં છુપાવી દે છે, ઓ નવયુવાન ? હૃદયની ઉર્મીઓને વાણી અને કર્તવ્ય વાટે બહાર લાવવાને બદલે તેને છુપાવવા કાળા પરદા તું શા માટે પાથરે છે, ઓ ચેતનવંતા માનવી ?

શકિતનો તું ફુવારો છે, જાગૃતિની કાયમ પ્રકાશતી તું અખંડ જ્યોત છે. એ ફુવારાને ડુચા ન માર, એ જ્યોતને પેટીમાં ન ગુંગળાવ. મનમાં મુંઝાઇને બેસી રહેવાનો આ જમાનો નથી. સમજવા છતાં હા એ હા કહેવાનો આ યુગ નથી. કર્તવ્ય સામે આળસ ન ધર. હિંમત આગળ સીતમનો ભય ઓસરી જશે. દ્રઢ નિશ્ચય આગળ ગમે તેવા વિઘ્નો નાબુદ થઇ જશે.

અબળા કહેવાતી સ્ત્રી આજના યુગમાં પ્રબળા બની ઘુંઘટ તજતી થઇ છે. જગતની આગે કદમ કુચ ભવ્ય અને દિવ્ય એ સામાજીક ક્રાન્તિની નજીક પહોંચતી જાય છે. ત્યારે તું પરદામાંજ સંતાઇ રહીશ ? મનમાં સમજી રહેવાથીજ કોમનો ઉદ્ધાર કદી નહિ થઇ શકે. માટે ઓ યુવાન, ઘુંઘટ ખોલ. તારા એ જવલંત અને તેજસ્વી હૃદયના પ્રકાશથી અંધકારમાં અથડાતી તારી કોમને મુકિતનો માર્ગ બતાવ.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૫-૪-૩૩.


## આપણા હાથની વાત.

કાઉન્સીલ આપણી પાસેથી ફરજીઆત લાગાઓ ઉઘરાવે છે; આપણી કોમનું ધન રૂધીર ચૂસવા તેણે વિધવિધ યંત્રો અને ઉપાયો યોજ્યા છે; જાત જાત અને ભાત ભાતની યુકિત પ્રયુકિતથી તેણે આપણી કોમને પોતાના સકંજામાં પકડી રાખી છે. આ હકીકત જેટલી સાચી છે તેટલીજ સાચી આ બીના પણ છે કે આપણે આ સકંજામાંથી છુટવા કાંઇ પ્રયત્નો કરતા નથી; ચૂસણ નીતીનાં ચક્ર તોડી પાડવા આપણે જરા પણ શ્રમ લેતા નથી; કે ફરજીઆત ધનનીચોડને નાબુદ કરવા આપણે રજમાત્ર પણ ભોગ આપતા નથી.

મહેનત કર્યા શીવાય આ જગતમાં કાંઇપણ મેળવી શકાતું નથી. ભોગ આપ્યા શીવાય કોઇ પણ કાર્ય સાધી શકાતું નથી. આપણે જો કાઉન્સીલની આ કર-જાળમાંથી છુટવું હોય તો અવશ્ય આપણે હાથપગ હલાવવા જોઇએ. થોડો ઘણો વખત, થોડા ઘણાં નાણાં અને થોડી ઘણી જાત મહેનતનો ભોગ આપણે જરૂર આપવો જોઇએ.

આ પ્રમાણે પ્રયત્નો થાય તે પહેલાં માણસને પોતાની કંગાલ સ્થિતિનું તીવ્ર અને સ્પષ્ટ ભાન થવું જોઇએ. જ્યાં સુધી ગુલામને ગુલામી સાલતી ન હોય, એ ગુલામીથી મૃત્યુ તેને હજારોવાર બહેતર ન લાગતું હોય ત્યાં સુધી તેના ગુલામીમાંથી છુટવાના બધા પ્રયત્નો નિષ્ફળજ જવાના. કાઉન્સીલના મજબુત પકડમાંથી છુટવા પ્રયત્નો કરતાં કહેલાં આપણને આપણી સ્થિતિનું ચોકખે ચોકખું ભાન થઇ જાય, એ દુઃખ આપણું કાળજું કોરી સોંસરવું નીકળી જાય તોજ આપણી મહેનતનું પરિણામ આવે.

કાઉન્સીલ બે રસ્તે આપણને નીચોવે છે; એક ફરજીઆત લાગાઓથી, બીજું મરજીઆત રૂઢીઓને ફરજીઆત જેટલીજ મજબુત બનાવીને. ફરજીઆત લાગાઓ ઉપર તેના તંત્રનો આધાર છે. કોમના સ્વમાનને આ વાટે એ હણીને કદીપણ કોમ જાગૃત ન થઇ શકે, વરસોના વરસો સુધી કોમ તેની સામે માથું ન ઉંચકી શકે, તેના માટે જોઇતી કાયરતા અને કુસંપ તે કોમમાં પેદા કરે છે; જ્યારે મરજીઆત રૂઢીઓને ફરજીઆત લાગાઓનું રૂપ આપીને અને લોક લજ્જા અને ખોટી મોટાઇનો ભ્રમ ઉભો કરીને તે કોમનું અનગળ ધન ઉપાડી જાય છે. જન્મ, સગપણ, શાદી, ચંદ્રાકી, વિગેરે ફરજીઆત લાગાઓ છે. પકાવેલ અનાજનું ભાણું લઇ જવું, ખાનામાંથી નાંદી-હરરાજીનો માલ લેવો, મરેલાંની પછવાડે માલ આપવો અને પાછો પૈસા આપીને તે લેવો, મૈયત ઉપરનું કફન લીલામમાં ખરીદવું, વિગેરે મરજીઆત રૂઢીઓ છે. ફરજીઆત લાગાઓને નાબુદ કરવાની જેટલી જરૂર છે તેટલીજ જરૂર આ મરજીઆત રૂઢીઓમાંથી છુટા થવાની છે. આપણે જો જમાતખાનામાં રાંધેલ ધાન નહિ લઇ જઇએ તો કાઉન્સીલના કારકુનો વેચશેજ શું ? તેવીજ રીતે આપણે જો એ હરરાજીમાં બીટ ન મુકીએ, એ માલજ ન ખરીદીએ તો કાઉન્સીલ આપણા ખીસામાં હાથ નાંખીને આપણા પૈસા નહિ લઇ જઇ શકે. મૈયત ઉપરનું કફન આપણે નહિ ખરીદીએ તો કાઉન્સીલ પોતે પહેરવા માટે તે કદી નહિ રાખી મુકે. આ અને આવા બીજા મરજીઆત રીવાજોમાંથી આપણે પહેલી તકે અને વગર તકલીફે છુટી શકીએ તેમ છીએ. તેમાં નથી કોઇ મહાન ભોગ આપવાનો કે નથી કોઇ મહાન લડત ચલાવવાની. આપણા કબજાનીજ અને આપણી રાજીખુશીનીજ એ વાત છે. ફકત આ હકીકત આપણને સમજાવી જોઇએ, અને કોમને પીડતી આ અમાનુષિ સંસ્થાને નાબુદ કરવાની એક શુધ્ધ દાનત જોઇએ. જે જે ભાઇઓ આ હકીકત સમજી ગયા હોય અને જેનામાં કાઉન્સીલના ફરજીઆત લાગાઓનો ભંગ કરવાની હીંમત ન હોય તે સહુએ આ ફરજીઆત થઇ પડેલી મરજીઆત રૂઢીઓને ઝડપથી બંધ કરવી જોઇએ.

સ્વતંત્રતાના યુદ્ધમાં તો જેણે જેટલી બને તેટલી સેવા બજાવવાની હોય છે. જે મયદાનમાં જઇ શકતો હોય તે મયદાનમાં જાય. જેનામાં તેવી શકિત ન હોય તે મયદાનમાં જનારાઓ માટે ઘરે બેસી દારૂગોળો બનાવે અને મોકલે. દારૂગોળો મોકલવાનું જેનાથી ન બની શકતું હોય તે તેના માટે ખોરાક મોકલે, કપડાં મોકલે કે બીજી ત્રીજી રીતે તેને સહાયભુત થાય. તેમ પણ જે ન કરી શકતો હોય તે દુશ્મનને મળતો ખોરાક તો જરૂર બંધ કરેજ. એ રીતે આપણી કોમની આ આઝાદીની લડતમાં જેનાથી જેટલું બને તેટલું તેણે કરી છુટયા શીવાય આરો નથી. આખી કોમમાં એકજ ભાવના સળંગ મજબુત થવી જોઇએ કે આપણને ગુલામ બનાવનારના પંજામાંથી આપણે કોઇપણ ભોગે છુટવુંજ છે.

# અણસમજુ માનવી.

[ આફ્રીકાના માડાગાસ્કર પ્રદેશના માજુંગા શહેરમાં સાત વરસ સુધી એક શ્રીમંત ખોજા કુટુંબમાં નોકરી કરી જીબાબા નામનો એક આફ્રીકન પોતાના મુળ વતન મોરમ્બેમાં પાછો આવે છે. શેઠની નાતના રીતરીવાજ અને ધાર્મીક માન્યતાઓની તેના દીલ ઉપર એવી ઉંડી છાપ પડે છે કે તેવાજ રીતરીવાજો પોતાની કોમમાં દાખલ કરવા તે પોતાના સાથીદારોને સમજાવે છે. ]

**જીબાબાઃ** તું વિચાર કર, લાસી, કે નહુદા* કેટલો પૈસા-વાળો છે. મેં તેને ઘણી વખત જુદી જુદી જાતનાં લુગડાં પહેરતાં જોયો છે. ઝગઝગારા મારતી ધાતુના વાસણમાં તે ખાય છે. અને તેને રહેવાનું મકાન, ઓહ! કેટલું મોટું અને વળી પત્થરનું. આપણે પણ જો નહુદા કરે છે તેમ કરીએ તો તેના જેવુંજ આપણને સુખ થાય.

**લાસીઃ** મને તો એના જેવું થવાનું બહુ મન થાય છે. પણ એ કરે છે એમ આપણે કરીએ તોય તેના જેટલા પૈસાવાળા આપણે થઇ શકીએ એમ મને માન્યામાં આવતું નથી.

**જીબાબાઃ** અરે, કેમ ન થઇ શકીએ? નહુદા કેમ કરે છે એ હું શીખી ગયો છું. હું તમને બધાને એ સમજાવીશ એટલે એના જેવા આપણે જરૂર થઇ શકીશું.

**લાસીઃ** સમજાવ જોઇએ.

**જીબાબાઃ** નહુદાના ધર્મમાં એક ખાસ મજા તો એ છે કે તું ગમે તેટલું પાપ કર તોય તને તે લાગે નહિ.

**આરમાઃ** એ બનેજ કેમ? ખુદા તો બધું જુએ છે, અને આપણા પાપનો બદલો તે આપણને જરૂર આપેજ.

**જીબાબાઃ** એજ ખુબી છે ને! જો, નહુદા ઘણી વખત ખાનામાં જતો, પાંચ પૈસા તેના પીરને દેતો અને તેના પીરના માણસો તેના માથે પાણીનો છાંટો નાંખીને કહેતા કે 'તારા પાપ માફ કરવામાં આવે છે.' નહુદા પાપ કરે તો પણ તેમાંથી છુટી જવાનો તેને આ સરસ રસ્તો હતો. એટલે પાપ કર્યાની ચિંતા તેને કોઇ દિવસ થતીજ નહિ. તેથી શરીરમાં પણ તે મસ્તાન રહેતો. વળી તેના પાપ માફ થઇ જાય એટલે તેના પુન્યજ બાકી રહે. હવે જેને નકરાં પુન્યજ છે તેને ખુબ પૈસો મળે એ તો તું સમજી શકીશ. નહુદા આ રીતેજ પૈસાદાર થયો છે. અને આપણે પણ જો તેમ કરીએ તો યાર, ભારે મઝા થાય.

**લાસીઃ** જીબાબા, અમને તો આ વાત જરાયે ગમતી નથી. આવું તો અમે કોઇ દિવસ સાંભળ્યું નથી. તારી કાંઇક ભુલ થતી લાગે છે.

**જીબાબાઃ** ભુલ તે કેમ થાય! મેં આ બધું બરાબર મારી નજરે જોયું છે. સાત વરસ સુધી હું તેની સાથે રહ્યો છું. નહુદાના ધર્મની તો મેં આ એકજ ખુબી તને હજી કહી છે. આવી તો ઘણી ખુબીઓ છે. આપણો ભાઇ કે કોઇ સગું મરી ગયું હોય તો મરી ગયા પછી પણ તેને આપણે જે મોકલાવવું હોય તે મોકલાવી શકીએ છીએ.

**આરમાઃ** લાસી, જીબાબા ગાંડો થઇ ગયો છે. હું તને કહેતો ન્હોતો કે શહેરમાં જાય છે એ બધાંનાં ભેજાં ચસકી જાય છે? ચાલ, હું તો જાઉં છું.

**જીબાબાઃ** આરમા, બેસ તો ખરો. આ વાતજ એવી છે કે માણસને જલદી ન સમજાય. હું કાંઇ ગાંડો થઇ ગયો નથી. મારી નજરે જોયેલી તને વાત કરૂં છું. નહુદાનો બાપ મરી ગયો ત્યારે નહુદાએ તે જે જે વાપરતો તે બધું તેના પીરને આપ્યું અને પીરે તે બધું તેના બાપને મોકલાવ્યું. અત્યારે નહુદાનો બાપ તેના મઝાના પલંગ માથે સુતો હશે. નહુદા આ રીત જાણે છે તો તેના બાપને સુખ થયું. નહિ તો મરી ગયા પછી કોને સારૂં ખાવા પીવાનું કે સુવાનું મળે છે?

**લાસીઃ** એ બનેજ નહિ. નહુદાનો બાપ અત્યારે પલંગમાં સુતો હશે તેની શું ખાત્રી?

**આરમાઃ** ધતીંગ, સાવ ધતીંગ. નહુદાનો બાપ મરી ગયા પછી નહુદાએ કોઇ દિવસ તેના બાપને પલંગમાં સુતો ભાળ્યો?

**જીબાબાઃ** નહુદા ન ભાળી શકે. એ તો જે પીર હોય તેનેજ દેખાય.

**લાસીઃ** પણ પીરને આપણે પગે લાગીને સમજાવીએ તો આપણને એ દેખાડી શકે નહિ? પાપ માફ કરે, મરેલાંને માલ મિલ્કત પહોંચાડે તો તેનો ઉપયોગ થતો હોય તે પણ પીર દેખાડી શકે.

**આરમાઃ** જીબાબા, તારો નહુદા જ્યારે તેના મરી ગયેલા બાપને ખાતો પીતો અને પલંગ માથે સુતો નજરે જોતો નથી છતાં માની લ્યે છે તો એ કોઇ શીંગડા પુંછડા વગરનો ઢોર હશે ઢોર. આપણે માણસ જાતમાં આવાં ગપ ન હોય.

**જીબાબાઃ** તમે કોઇ મારી વાત સમજતાજ નથી. હું તમને કહું છું કે નહુદા જેવું પૈસાદાર થાવું હોય તો નહુદા કરતો તેમ કરો. મને પીર બનાવો. હું બધું શીખી આવ્યો છું. પછી તમને બધું બરાબર સમજાશે. તમે પૈસાદાર થશો ત્યારે તમને મારી વાત માન્યામાં આવશે.

**લાસીઃ** મને તો આમાં કાંઇ સમજાતું નથી. મહેનત કર્યા વગર પૈસાદાર કયાંથી થવાય?

**આરમાઃ** એ જીબાબા, તારે પીર થવું હોય તો તારા નહુદા જેવા માણસો જ્યાં રહેતા હોય ત્યાં જા. એ બધાં તારી વાત સમજશે. બાકી અહીં જો કાંઇ અટકચાળું કર્યું છે તો માર્યા વીના નહિ મુકું.

**જીબાબાઃ** મૂર્ખાઓ. ઉઘાડી વાત પણ નથી સમજી શકતા. નહુદા અત્યારે હોત તો કેવું સમજાવી શકત!

*શેઠ.


## ધંધાદારીઓને અપૂર્વ લાભ.

"ખોજા જાગૃતિ" માં તમારી જાહેર ખબર આપી ધંધામાં સફળતા મેળવો.

ભાવ માટે લખોઃ— વ્યવસ્થાપક,

"ખોજા જાગૃતિ" રાજકોટ.

## જ્ઞાન પુષ્પો.

લોકો તમારા વિષે ગમે તે ધારે તો પણ જેને તમે સત્ય કાર્ય ધારતા હો તે કાર્ય તમે કરજો. નીંદાની સ્પૃહા રાખશો નહિ અને સ્તુતિની પણ સ્પૃહા કરશો નહિ.

—પાઇથેગોરાસ.

પવન વાતો અટકે ત્યાં સુધી જે હાથ જોડીને બેસીજ રહે છે અને જે કદી પણ ચપળતાથી વાવેતર કરતો નથી તથા જે આકાશ સામે જોઇને વાદળોને તપાસ્યાજ કરે છે તેને કદી પણ લણવાનો સમય પ્રાપ્ત થતો નથી.

—હેલન હંટ જેકસન.

ભય એ માણસને બીજાનો ગુલામ બનાવે છે. ભય એ જુલ્મી રાજાની બેડી છે. ચિન્તા એ એક પ્રકારની કાયરતા છે અને તે જીવનને વિષમય બનાવે છે.

—ચૅનિંગ.

ઇચ્છા શકિતનો વિકાસ કરવો એ આપણા જીવનનો ઉદ્દેશ છે. દ્રઢ ઇચ્છા અને નિશ્ચય ધરાવનાર માણસને માટે આ જગતમાં સમય અને તક છે, છે અને છેજ.

—ઇમર્સન.

ઝળકતી કાર્કિર્દીવાળા તરૂણના શબ્દકોષમાં નિષ્ફળતા જેવો કોઇ શબ્દજ હોતો નથી.

—બલ્વર.

તે મનુષ્યને ધન્ય છે અને તેજ મનુષ્ય ખરો સુખી છે કે જેનું જીવન એક સતત આત્મસમર્પણ રૂપ છે–બલિદાન રૂપ છે

—સ્વામિ રામતીર્થ.

શ્રદ્ધા એ એક અમુલ્ય વસ્તુ છે એ વાત ખરી છે; પણ શ્રદ્ધા એટલે અંધ વિશ્વાસ નહિ એ પણ લક્ષમાં રાખવું જોઇએ.

—ટોલસ્ટોય.

એક પામર કીડાની માફક ચગદાઇ મરવા કરતાં વીરની માફક કર્મ કરતાં કરતાં મરવાનું કેમ પસંદ કરતા નથી ?

—સ્વામિ વિવેકાનંદ.

થોડું વાંચો, પણ જે વાંચો તે વિચારો; અને તેનું રહસ્ય સમજી તે પ્રમાણે કરવા તૈયાર રહો.

—મ. ગાંધીજી.

દરેક દિવસ એ નવી શરૂઆત છે અને દરેક પ્રભાત એ નવી દુનિયા છે. જેઓ પાપ અને અશાંતિથી કંટાળ્યા છે એમના માટે અહીં આશા છે. સૌ કોઇને માટે અહીં આશા છે.

--સાધુ એલન.

કોઇ પણ પરોપકારી કાર્ય ખરી લાગણી અને સહાનુભુતિ દર્શાવનારા સેંકડો દાતાઓની નાની નાની બક્ષિસો પરજ બહુધા અવલંબી રહે છે.

-- બુકર ટી વૉશિંગ્ટન.

અતિ ઉચ્ચ સાધ્ય સિદ્ધ કરવા માટે કષ્ટ સહન કરવા ઉપરાંત લોકોનો ઉપહાસ પણ સહન કરવો પડે તો એનાથી અધિક શ્રેષ્ઠ બીજું કાંઇ નથી.

--માર્કસ ઑરેલિયસ.

## એક ખુલાસો.

**" ખોજા જાગૃતિ " ના તંત્રીશ્રી,**

નીચેની વિગત " જાગૃતિ " માં પ્રસિદ્ધ કરી આભારી કરશો:—

અત્યારે ઠેકઠેકાણે સંભળાય છે કે નીમજી નઝરઅલી કાઉન્સીલમાં માફી માંગી નાતમાં આવે છે. આ પ્રચાર કરનાર કહેવાતી કાઉન્સીલ અને તેના પાળેલા શ્વાનો છે, કે જેનું આખું તંત્ર જુઠાણા ઉપર નભી રહેલ છે. પણ તેના પ્રચારથી આપણા ભાઇઓમાં ગેરસમજુતી થાય તે પહેલાં આ ખુલાસો બહાર પાડી જનતાને જણાવું છું કે આ બીના તદ્દન સત્યથી વેગળી છે અને તે વાતો કરનાર તદ્દન જુઠા છે. માફી મંગાવી નાતમાં લાવવાની ઇચ્છા રાખનાર કાઉન્સીલ તથા બીજા અન્યની ઇચ્છા ઝાંઝવાના જળ સમાન છે.

રાજકોટ. લી. સેવક,

તા. ૧૯–૪–૩૩. ( સહી ) **નીમજી નઝરઅલી પ્રેમાણી.**

---

અનુસંધાન પાને ૮૦ થી.

હોય તો આવા સંમત થયેલા ધણી ધણીઆણી 'કસુરવાન' ગણી શકાય. પણ કાઉન્સીલના મત સાથે ધણી ધણીઆણીએ પોતાના અંગત અને ખાનગી વિષયમાં પણ મળતા થવું જોઇએ એવું કોઇ બંધન નથી. આમ છતાં કોઇને પણ 'કસુરવાન' ઠરાવવાજ એ હઠનું કારણ માત્ર પૈસા પેદા કરવાનુંજ છે. એવા ઘણા દાખલાઓ બહાર આવ્યા છે કે ધણી ધણીઆણીએ પોતાની જાતે અરસ્પરસ સમજુતીથી છુટાછેડા કરી લીધા હોય અને તે માટે કાઉન્સીલે તેઓ માથે કેસ કરી ઘરમેળે એ કામ કરવા માટે તેઓના દંડ કર્યા હોય. 'સરકાર સાહેબી ગુન્હેગારી' એ કોઇ સર્વભક્ષી વસ્તુ લાગે છે, કે જે કોમના સામાજીક વિષયમાં કે જેની સાથે 'સરકાર સાહેબ' ને સાત ભવમાં પણ નીસ્બત ન હોય તેમાં પણ પોતાનો લકડો લગાવી શકે.

છુટાછેડા આપતી વખતે અત્યાર સુધી કાઉન્સીલની મુખ્ય નીતી ધણી અને ધણીઆણી બન્ને પાસેથી સારી રકમ ઓકાવવાનીજ રહી છે. કાઉન્સીલના રેકર્ડ જો કોમ માટે ખુલ્લાં હોય અને તેના કામકાજનો અહેવાલ જો કોમ તેની પાસેથી લઇ શકતી હોય તો આ વસ્તુ દીવા જેવી સ્પષ્ટ દેખાઇ આવે તેમ છે.

---

## સસ્તું અને સારૂં વાંચન

**વાંચવું હોય તો બે રૂપીયા મોકલાવી " ખોજા જાગૃતી " ના ગ્રાહક બનો.**

# મંત્રદિક્ષા કે સ્વાર્થરક્ષા ?

લેખક : શ્રી. "ભગત".

એક રાજાને ગુરૂમંત્ર જોઇતો હતો. તેણે એક રૂષિ પાસે જઇ મસ્તક નમાવી ગુરૂમંત્ર આપવા વિનંતી કરી. રૂષિએ એ વસ્તુ અત્યંત કષ્ટસાધ્ય હોઇને રાજ્યમાં જઇ પ્રજા–કલ્યાણમાં ચીત્ત પરોવવા રાજાને સમજાવ્યો. પણ રાજાએ માન્યું નહિ. આ ઉપરથી રૂષિએ રાજાની દ્રઢ શ્રદ્ધા જોઇ તેને આશ્રમમાં રાખ્યો. બીજા દિવસથી રાજાને સવાર સાંજ એક એક કાષ્ટ (લાકડાં) નો ભારો વીણી લાવવાનું કામ સોંપ્યું. નવરાશના વખતમાં રાજા શાસ્ત્ર શ્રવણ કરતો. આમ બાર વરસ સુધી ચાલ્યું. એક દિવસે રૂષિએ એક બીજા શિષ્યને રાજાના માથેથી ભારો પછાડી નાખવા આજ્ઞા કરી. શિષ્યે તેમ કરતાં રાજાને ક્રોધ ચડ્યો. રૂષિએ જાણ્યું કે રાજા હજી અધિકારી થયો નથી. ફરી પાછાં આશ્રમની સેવા કરતાં રાજાને બીજાં બાર વરસ થયાં. ફરી એની એ કસોટી થઇ. રાજાએ શિષ્યની સામે જોયું પણ કાંઇ બોલ્યો નહિ રૂષિને લાગ્યું કે હજી રાજા સિધ્ધ નથી થયો. ત્રીજાં બાર વરસ ગયાં ત્યારે કસોટી કરવામાં આવી. ભારો પડી ગયા છતાં રાજાને ખબર પડી નહિ. તે સીધો આગળ ચાલતોજ રહ્યો. તેનું ચિત્ત તો પોતાની ઇષ્ટ વસ્તુમાં એકાગ્ર થઇ ગયું હતું. ગુરૂદેવ પ્રસન્ન થયા, અને તેને મંત્રદિક્ષા આપી. રાજા ગુરૂદેવના જેવોજ મહાજ્ઞાની થઇ પોતાના આત્માનું અને લોકોનું કલ્યાણ કરી ગયો.

ભૌતિક અને આધ્યાત્મિક જ્ઞાનના સંબંધમાં એવો એક ખાસ નિયમ છે કે તેનું અધિકારીનેજ દાન થઇ શકે. એક વસ્તુ મેળવવા ઇચ્છનારે તે વસ્તુનો દુરૂપયોગ કે અપવ્યય નહિ થવા દેવાની પોતાની લાયકાત સિધ્ધ કરવી જોઇએ. આપણે જાણીએ છીએ તેમ ગોપીચંદ, ભર્તુહરી, આદિ રાજ્યોગીઓને દિક્ષા લેતાં પહેલાં તેમના રણવાસમાં ભિક્ષા લેવા જવું પડ્યું હતું. અત્યારની વાત કરીએ તો આપણે કોઇ લશ્કરના સેનાપતિની કે હાઇકોર્ટના જજની, કોઈ દેશના વડા પ્રધાનની, અરે ! એક સામાન્ય સીપાહીની પણ જગ્યા જોતી હોય તો તે સંબંધેની આપણી લાયકાત આપણે સિદ્ધ કરવી પડે છે. આપણે બાળકને નિશાળે બેસારીયે ત્યારેજ માસ્તર તેને એકડો ઘુંટાવવાને બદલે અમેરીકાની સેનેટના બંધારણ સંબંધે લેકચર આપે તો બાળક તેમાંનું કાંઇ સમજે નહિ. તે જ્ઞાન અનધિકારીને આપ્યું ગણાય. એવી રીતે અનધિકારીને આવી મજેલું ઐશ્વર્ય અફળ થાય છે અથવા તો તેના ધારણ કરનારનેજ વિઘાતક નીવડે છે.

આમ છતાં મંત્રદિક્ષાની દુકાન માંડી બેઠેલા ના. આગાખાન આપણા ભોળા ભાઇઓ પાસેથી પોણોસોથી પાંચ હજાર રૂપીયા સુધીની રકમ પડાવી "મોટાં કામ" નો મહા મંત્ર બાળક, વૃધ્ધ, સ્ત્રી કે પુરૂષ, જીવંત કે મૃત્યુવશ થયેલ, સર્વને પાત્ર કે અપાત્ર જોયા વિનાજ એક સરખો આપ્યા કરે છે. આ મંત્રને વિષે આપણા એક મીશનરી સાહેબને એવું કહેતાં સાંભળ્યા છે કે "એક વખતે આ મહા મંત્ર માત્ર શ્રી શંકર ભગવાન એકલાજ જાણતા હતા અને એમની સર્વ સિધ્ધિઓ આ મંત્રના પ્રતાપેજ હતી. શ્રી પાર્વતિજીએ એ મંત્ર પોતાને કહેવાને મહાદેવને વિનંતી અને છેવટે હઠ કરવાથી શ્રી શંકર ભગવાને કોઇ પણ જીવંત પ્રાણિનો સર્વથા અભાવ હોય એવા એકાંત સ્થળમાં લઇ જઇ એ મંત્ર કહ્યો. ભાગ્યયોગે ત્યાં એક પોપટના ફુટી ગયેલ ઇંડાનું એક ફુટી ગયેલ કોટલું પડ્યું હતું. તે પોપટ રૂપે સજીવન થઇ એ મંત્રના જ્ઞાન સહીત ઉડી નીકળ્યું, જે પાછળથી ગર્ભજ્ઞાની એવા શુકદેવજી રૂપે પ્રખ્યાત થયું. આવો આ મંત્રનો પ્રભાવ છે. તે કાળે દેવતાઓને પણ દુર્લભ એવા આ "મોટાં કામ" નો મહા મંત્ર પાર્થિવ અને ક્ષુલ્લક એવા થોડા ધનના બદલામાં મારો નાથજી આપણને નવાજે છે."

હવે પ્રશ્ન એ થાય છે કે દેવોને પણ દુર્લભ અને સામાન્ય માનવીઓને સર્વથા અલભ્ય એવો આ મહા મંત્ર આપણા ભોળા ભાઇઓ પૈસા વડે પ્રાપ્ત કરે છે તેમાં કાંઇ તથ્ય છે કે નહિ ? અને જો છે તો જે રીતે એનો મહીમા ગાવામાં આવે છે તેવી કોઇ સિધ્ધિ આપણ તેના ખરીદનારાઓને કેમ પ્રાપ્ત થતી નથી ? કે પછી આપણે તે મેળવ્યા વીનાજ ખરીદતા ચાલીએ છીએ ? વળી એ ખરીદનારાના પોતાના એકાકિ ઉપભોગ માટેજ ખરીદવાનું ધોરણ છે. શા માટે બીજા કોઇ યોગ્ય અધિકારીને એનું દાન કે વેચાણ ન થઇ શકે ? શું એ ખોટો સીક્કો છે ?

ઉપરના વિધાન પરત્વે એક બીજી પણ વિચારણા ફલિત થાય છે કે જેમ ઘટપાટની ધુવામાં લખ્યું છે કે પાંચ કરોડી રાજા પેલાદ (પ્રલ્હાદ), સાત કરોડી રાજા હરિચંદ (હરિશ્ચંદ્ર), નવ કરોડી રાજા જુજેસઠણ (યુધિષ્ઠિર), બાર કરોડી પીર સદરદીન, એ સૌ ઘટપાટ થાપતા તેમ કોઇ ઠેકાણે આપણા શાસ્ત્રના કોઇ પુસ્તકમાં અગાઉના નવ અવતારોએ દશોંદ લીધી હોવાનું કે "મોટું કામ" કરાવતા હોવાનું ક્યાંય લખ્યું નથી. ખુદ ના. આગાખાનના બાપદાદાઓ ઇરાનમાંથી આ દેશમાં આવ્યા ત્યાર પહેલાંના તેમના વડવાઓ પણ "મોટું કામ" કરાવતા હોવાનું કોઇની જાણમાં નથી.

આ બધા ઉપરથી, પુત્રને પરણાવતી વખતે બીજા દિવસનું અનાજ પણ તેના ઘરમાં રહે છે કે નહિ એ વાતનો વિચાર કર્યાં વિના "કન્યાને 'મોટું કામ' કરાવવું પડશે." એવી કબુલતો કરાવતા આપણા ભાઇઓને કહેવાનું સાંપડે છે કે એક હજાર "મોટું કામ" કરનારાઓમાંથી એકને પણ આ લોકમાં રૂપીયે એક પાઇ જેટલુંયે પણ વળતર મળે છે કે નહિ તેનો પૂર્ણ શાંતિથી વિચાર કરી વિલાયતમાં વિચરતો કોમનો પૈસો વિદ્યાકળાની ઉત્તેજનના પાછળ ખર્ચી, આપણી કોમનો દિવસાનુદિવસ થઇ રહેલો હ્રાસ અટકાવવામાં દરેક સમજુ ભાઇએ પોતાનો ફાળો આપવો જોઇએ.

માત્ર મોટાઇ કે મુવા પછી પચાસ ડુરાં મેળવવાની ખોટી લાલસા જ્યાં સુધી નહિ તજી શકીએ ત્યાં સુધી આપણી કોમના ગરીબ ભાઇ બ્હેનોને કપાળેથી દાળીયા ભુંજવાનું કે ગામડામાં ફરી બકાલું વેચવાનું નિવારી શકાય એમ નથી. બીજી ભાઇબંધ કોમોની હરોલમાં આપણી કોમને સુખી સમૃદ્ધ જોવા ઇચ્છનારે આવા અનેક રસ્તે નીચોવાતું ધન બચાવી લેવું જોઇએ.

# સપ્તાહનો સાર.

**ઇતિહાસીક કેસનો ચુકાદો:** મેટ્રોપોલીટન વીકાર્સ લી. નામની દારૂગોળો અને ઇલેકટ્રીક સ્ટેશનો ઉભી કરનારી દુનીયાની પ્રખ્યાત બ્રીટીશ પેઢીના ૬ નોકરો તથા ૧૨ રશીયનો ઉપર રશીયાની રાજધાની મોસ્કોમાં ઇલેકટ્રીક પાવર હાઉસને નકામા કરવાના, લશ્કરી હીલચાલ ઉપર જાસુસી કરવાના, લડાઇના સમયમાં લશ્કરને જરૂરી વીજળીક બળ ન મળે તેવી યોજના કરવાના તથા ખામી ભરેલા યંત્રોને સારા તરીકે ઠસાવવાના આરોપો સર ચાલતા ઇતિહાસીક મુકદમાનો ચુકાદો ગઇ તા. ૧૮ ના રોજ આવી ગયો છે. ૬ બ્રીટીશરોમાંથી એકને છોડી મુકવામાં આવ્યો છે, ૩ ને હદપાર કરવામાં આવ્યા છે તથા એકને ત્રણ વરસની અને એકને બે વરસની સજા કરવામાં આવી છે. ૧૨ રશીયનોમાંથી ૧ ને છોડી મુકવામાં આવ્યો છે અને બાકીના ૧૧ ને ૧૦ થી ૫ વરસ સુધીની સજા કરવામાં આવી છે.

**લડાઈની અણી ઉપર યુરોપ :** યુરોપના રાજકારણના અભ્યાસીઓ એમ માને છે કે ટુંક વખતમાં યુરોપમાં જબરી લડાઇ ફાટી નીકળશે. ઇટાલી, જર્મની અને ઓસ્ટ્રીયા વચ્ચે ખાનગી કરારો થયાનું મનાય છે; જ્યારે ફ્રાન્સ અને બીજાં ચાર નાનાં રાજ્યો એક થઇ ગયાનું બોલાય છે. ઇંગ્લેંડ હજી એકેય પક્ષમાં ભળ્યું દેખાતું નથી. બીજી તરફ ચીન અને જાપાન વચ્ચે ચાલતી લડાઇ ગંભીર સ્વરૂપ પકડતી જાય છે. રશીયા કે જેણે સર્વ ધર્મ અને મુડીવાદનો નાશ કર્યો છે તેની સામે આખું યુરોપ દાંત કચકચાવી રહ્યું છે અને ચીનની સરહદ ઉપરથીજ કદાચ ભયંકર લડાઇ ફાટી નીકળે તો બનવા જોગ છે. જાપાનની કેટલીક વર્તણુકનો તાત્કાલીક ખુલાસો રશીયાએ માંગ્યો છે.

**પરદેશમાં હિન્દ :** જીનીવા ખાતે હિન્દની પરીસ્થિતિ ઉપર વિચાર ચલાવવા મળેલ આંતરરાષ્ટ્રિય પરિષદમાં વ્હાઇટ પેપરને નીરાશા ભરેલો વર્ણવવામાં આવ્યો હતો. વીએના ખાતે સારવાર ભોગવતા શ્રીયુત સુભાષચંદ્ર બોઝે પરિષદ ઉપર એક સંદેશો મોકલાવતાં હિન્દના નવયુવાનોની સંપૂર્ણ સ્વતંત્રતા માટેની માગણી ઉપર ભાર મુકયો હતો.

**વણિક વિધવા વિવાહ :** ગઇ તા. ૧૭ ના રોજ રાજકોટમાં મોરબીની બાળવિધવા બ્હેન ઝબક માણેકચંદના પુનર્લગ્ન રાજકોટના શ્રી. ત્રિભોવનદાસ ટોકરશી સાથે જાણીતા બેરીસ્ટર શ્રી. પોપટલાલ ચુડગરના પ્રમુખપદે ૧૦૦૦ માણસોની હાજરીમાં રાજકોટ જૈન યુવક સંઘના આશરા તળે ઉજવવામાં આવ્યા હતા. વિધવા વિવાહ તરફ કાઠીયાવાડમાં આ એક પહેલુંજ હિંમત ભરેલું પગલું ગણવામાં આવે છે.

**નવા જામસાહેબની જાહેરાત:** નવા જામસાહેબ ના. દિગ્વિજયસિંહજીએ તા. ૧૪ મીએ રાજ્યાભિષેકની ધાર્મિક ક્રિયા કરવા મળેલ દરબારમાં ૨૫ કેદીઓને માફીની અને ખેડુતોને ૧૯૩૨ ની સાલની મહેસુલમાં બે આના અને ચાલુ સાલની મહેસુલમાં બે આના મળી ચાર આનાની રાહતની જાહેરાત કરી હતી. પોતાના ભાષણ દરમ્યાન તેઓએ સ્વર્ગસ્થ સર રણજીતસિંહજીને પગલે ચાલવાની પોતાની ખાસ ઇચ્છા માથે ભાર મુકયો હતો. છુટેલા કેદીઓમાં કેટલાક રાજ્યદ્વારી કેદીઓ હતા કે જે લાંબા વખતથી કેદ ભોગવતા હતા.

**શ્રી. મેઘાણીના પત્નિનો આપઘાત:** સૌરાષ્ટ્રના મશહુર શાયર શ્રીયુત ઝવેરચંદ કાળીદાસ મેઘાણીના પત્નિ શ્રીમતિ દમયંતી બ્હેને જાતે શરીર ઉપર ગ્યાસલેટ છાંટીને આપઘાત કર્યો છે. આપઘાતનું કારણ હજી જણાયું નથી

**વ્હાઇટ પેપર સામે વિરોધ:** ફેડરેશન ઓફ ઇન્ડીઅન ચેમ્બર્સ ( અખીલ હિન્દ વેપારી મંડળ ) ના તા. ૧૫ મીએ દીલ્હીમાં મળેલા છઠ્ઠા વાર્ષિક અધિવેશન વખતે પ્રમુખ શેઠ વાલચંદ હીરાચંદે વ્હાઇટ પેપરને સખત શબ્દોમાં વખોડી કાઢયો હતો. મંડળે મ. ગાંધીજીની મુકિતની માગણીનો ઠરાવ પસાર કર્યો છે.

નેશનલ લીબરલ ફેડરેશન ( રાષ્ટ્રિય વિનિત મંડળ ) ની ૧૯ મી બેઠક ગઇ તા. ૧૫ ના રોજ કલકત્તામાં મળી હતી. ચુંટાયેલા પ્રમુખ દી. બ. રામચંદ્રરાવે એક જોરદાર ભાષણમાં સરકારની દમનનીતી સામે તીવ્ર વિરોધ જાહેર કર્યો હતો. મહાત્મા ગાંધીજી તથા બીજા રાજ્યદ્વારી કેદીઓને છોડી મુકવાની તથા મહાસભાને સવિનય ભંગની ચળવળ પાછી ખેંચી લેવા અપીલ કરવામાં આવી હતી.

**શ્રી. વીઠલભાઇની માંદગી:** શ્રીયુત વીઠલભાઇ ઝવેરભાઇ પટેલની માંદગીને કારણે તેઓ વીએના તરફ સારવાર માટે ઉપડી ગયા છે. ત્યાં તેઓ શ્રી. બોઝને મળશે. તેમની તબીયત માટે ચિંતા નહિ કરવાનો સંદેશો તેમણે હિન્દને મોકલાવ્યો છે.

**અલ્વરમાં તોફાનનો ભય:** અલ્વર રાજ્યમાં મીયો વીસ્તાર ખાતે ફરીથી તોફાન જાગે તેવી ધાસ્તીને સબબે દીલ્હીથી હથીયાર બંધ લશ્કરની ગાડીઓ સાવચેતીના પગલાં તરીકે મોકલવામાં આવી છે.

**મજુર નેત્તાનો ધ્રુજારો :** બ્રીટનની પાર્લામેન્ટના માજી સભ્ય અને સ્વતંત્ર મજુર પક્ષના આગેવાન મી. ફ્રેનર બ્રોકવેએ જાહેર કર્યું છે કે જો ઇગ્લેંડ રશીયા સાથે લડાઇમાં ઉતરશે તો મજુર પક્ષ રશીયાની સાથે ઉભો રહેશે, અને કામદારોની સામાન્ય હડતાળ પાડવા લડત ઉપાડવામાં આવશે.

**શ્રી. આબીદઅલીનો છુટકારો:** શ્રીયુત આબીદઅલી જાફરભાઇને સવિનય ભંગની લડતમાં ભાગ લેવા માટે થયેલ સજા પુરી થતાં ગઇ તા. ૧૭ ના રોજ બેલગામ જેલમાંથી તેમનો છુટકારો થયો છે.

**મૌ. સૈયદ ઇમામનું અવસાન :** મૌ. સૈયદ હસન ઇમામ ગઇ તા. ૧૯ ના રોજ રાંચીમાં ૬૨ વરસની વયે અવસાન પામ્યા છે. મર્હુમે તેમની હૈયાતીમાં હિન્દી રાષ્ટ્રિય મહાસભાનો તેમજ બીજા જાણીતા હોદ્દાઓ ભોગવ્યા હતા. તેમના અવસાનથી એક મહાન હિન્દીની ખોટ પડી છે.

# નાંદીનું નિવેદન.

લેખક: શ્રી. એ. એ. ઇસમાઇલ (આફ્રીકા.)

( ગયા અંકથી ચાલુ. )

હું આપણા જ્ઞાતિ ભાઇઓનેજ પૃછું છું કે આ ભાણાંની આખી ધમાલમાં–રૂહાનીને ખોરાકની જરૂર નથી છતાં તેને પુગાડવાનું કરાવાય છે તેમાં–તેને ખોરાક પુગે છે તેવું શેમાં જોવાનું મળ્યું ? કઇ રીતે તે પુગે છે ? શું પુરાવો ? ખરો પુરાવો તો તેજ દેખીતો છે કે તેનું લીલામ થાય છે, પૈસા આગાખાન સાહેબને જાય છે અને એ પીરસામણને ખાઇ તો આપણેજ જાઇએ છીએ. આ શું આપણો અંધાપો નથી ? આપણને શરમાવનાર નથી ? એટલુંજ નહિ પણ આપણી હવેની પ્રજા આપણને ધિક્કારશે, આપણા જીવનને શ્રાપ આપશે અને આપણી બુધ્ધિપરના અંધાપા પ્રત્યે હસશે. જો આવું આપણે ન ઇચ્છતા હોઇએ તો આપણે હવે ચેતવું ઘટે છે. પસ્તાવો કરવો જોઇએ છે.

ભોળા ભગતો આ ભાણાંની બાબતમાં એવો પણ દીલાસો આપે છે કે "રૂહાની તો વાસનાનીજ ભુખી હોય છે, તેથી ખાનામાં લઇ જવામાં આવતું ભાણું–પીરસામણ–દેખીતી રીતે રૂહાની ન ખાતી હોય છતાં રૂહાનીને તે સુક્ષ્મ રૂપે પુગી વળે છે; અને જમાતખાનામાં લઇ જઇ જે નાંદી–લીલામ–થઇ પૈસા મેળવાય છે તે એટલા ખાતર કે તે પૈસા આગાખાન સાહેબને જાય કે જે એમ થવાથી ગુરૂ તરીકેનો તે બદલો છે, અથવા તો કહો કે ખુદ આગાખાન સાહેબજ તે પીરસામણ–ભાણું–રૂહાનીને પુગાડી દેવા માટે જવાબદારી લ્યે છે." આવા દીલાસામાં કોઇ પણ પ્રકારની દલીલજ નથી, અને આ આખો વિષયજ આપણને શરમાવનારો છે. આ ચર્ચામાંજ કાંઇ તથ્ય નથી. રૂહાની જેવી વસ્તુનેજ પહેલાં પ્રથમ ખોરાકની જરૂર નથી. વાસનાનો તે ભુખ્યો હોય છે એ પણ પુરવાર થઇ શકતું નથી. વાસના–કામના–તૃષ્ણા એ બધું પ્રાણમાંથી ઉદ્ભવે છે કે જે પ્રાણ શરીર જેમ પૃથ્વિમાં વિલય પામે છે તેમ સ્થૂળ પ્રાણ પણ સ્થૂળ પ્રાણના સુક્ષ્મ સમુદ્રમાં વિલય પામે છે; અને રૂહાની સાથે તો "ચિત્શકિત" બાકી રહે છે. પણ આ વિષય વળી ફીલસુફીનો છે કે જે સામાન્ય માણસને ન સમજાય. તેમ આ લેખ ફીલસુફીની ચર્ચા અર્થે પણ નથી.

હવે આ ભાણાં સંબંધે એકજ સવાલ બાકી રહે છે અને તે એ કે આ ધતીંગ આપણા ધર્મમાં ઘુસ્યું કેવી રીતે ? આપણા પૂર્વજો શું બેવકુફ હતા ? અજ્ઞાન હતા ?

આવો સવાલ ઉઠે એ સ્વાભાવિકજ છે. સતપંથના ખરા પુત્રને આવો સવાલ ઉદ્ભવે એ ખરી રીતે સુફી ધર્મનું ખમીર કહેવાય. હું કે જે આ ચર્ચા રહ્યો છું તે કોઇ પણ રીતે ખરા ભગતથી ઉતરતો હોઉં એમ હું મને માનતો નથી. હું મને ખરો સતપંથી ઇસમાઇલી માનું છું, અને છું. પણ આંધળી શ્રદ્ધાથી ઘેરાયેલો સતપંથી નથી. મારા અભ્યાસમાં ગફલત ન થતી હોય તો મારે હિંમતપૂર્વક કહેવું જોઇએ કે ઇસમાઇલી સતપંથી ધર્મ એ સુફી ધર્મનો એક ફાંટો છે; અને જો એ ખરૂં હોય તો બુદ્ધિ જેવી વસ્તુને કે જે કુદરત તરફથી ઉત્તમમાં ઉત્તમ મનુષ્ય જાતિને છેલ્લી બક્ષિસ છે તેને બોદાવી નાંખવી એ મુનાસબ ન કહેવાય. **ધર્મ એ મનુષ્ય માટે છે, મનુષ્ય ધર્મનો ગુલામ નથી**. આ સૂત્ર પરજ આખું સુફી ધર્મનું ફીલસુફીપણું રચાયેલું છે. તો પછી આવા ધર્મમાં આ ભાણાંનો–રૂહાનીને પીરસામણનો–ધંધો કેમ ઘુસ્યો એજ હવે ચર્ચવું બાકી રહે છે.

હિંદુસ્થાનમાં પહેલાં તો કોઇ મુસલમાન જેવી વસ્તુજ નહતી. ઇરાન અને અફ્ઘાનીસ્તાનથી જ્યારે હિંદુસ્થાન ઉપર ચડાઇઓ થવા માંડી અને હિંદુસ્થાન જ્યારે મુસલમાનોના હાથમાં ગયો ત્યારથીજ હિંદુસ્થાનના હિન્દી લોકો મુસલમાન થવા માંડયા. કેટલાક રાજીખુશીથી થયા હશે અને કેટલાક જોરજુલમથી પણ થયા હશે. પણ આવા ઇતિહાસીક બનાવમાં આપણે હાલ ઉંડા નહિ ઉતરીયે. ફક્ત સતપંથી ઇસમાઇલી ધર્મનેજ પ્રથમ ઇતિહાસમાંથી શોધી કાઢી આપણે ચર્ચાતા વિષયનો ખુલાસો મેળવશું. "ખોજા" શબ્દ શું સૂચક છે તેમાં પણ આપણે હાલ નહિ ઉતરીયે. "ઇસમાઇલી" ની મૂળ આયાત કયાંથી થઇ છે તેમાંજ કાંઇક રહસ્ય રહેલું છે.

આપણે આગાખાનીઓનો ધર્મ "સતપંથી ઇસમાઇલી" ના નામથી ઓળખાય છે અને એ અર્થસૂચક પણ છે. "સતપંથી ઇસમાઇલી" માં બે શબ્દો છે, એક "સતપંથી" અને બીજો "ઇસમાઇલી". "સતપંથી" મૂળે સંસ્કૃત શબ્દ છે. "ઇસમાઇલી" એ પર્શીઅન, ફારસી શબ્દ છે. "સતપંથી" ના વિવરણમાં આપણે હાલ નહિ ઉતરીયે. "ઇસમાઇલી" શબ્દનોજ ઉલ્લેખ કરીશું કે જે આપણી ચર્ચામાં સંબંધ ધરાવે છે.

ઇસમાઇલી ધર્મ એ હિંદુસ્થાનમાં આયાત થયેલ છે એ આપણે જોઇ ગયા; "ઇસમાઇલી" શબ્દ પણ પર્શીયન શબ્દ છે તે પણ આપણે સમજી લીધું. એટલે કે તે ધર્મ ઇરાનમાંથી હિંદુસ્થાનમાં આવ્યો. ખોજાઓ માટે તે ચીજની પીર સદરદીનેજ પહેલ વહેલી લહાણી કરી. કહો કે પીર સદરદીનેજ "હિન્દુ" માંથી "ખોજા" નામની જ્ઞાતિ બનાવી. પીર સદરદીનનો બોધ માણસોને ઠીક ઠીક પચ્યો. બ્રાહ્મણોથી કંટાળેલા હિન્દુ મુસલમાન થવા લાગ્યા. આ વાત આજથી છ સો વરસ પહેલાંની છે. તે વખતે હિંદુસ્થાનમાં મુસલમાન રાજ્ય હતું. ઇરાનમાંથી માણસ નિર્ભય રીતે હિંદુસ્થાનમાં આવી શકતું. રાજ્ય મુસલમાની તેથી મુસલમાનને માન પણ ઠીક મળતું. સંજોગો અનુસાર માણસ દિવસે દિવસે તેમાં ઉમેરાતું ગયું અને મુસલમાનોની સંખ્યા આજે આઠ કરોડની બની બેઠી. પણ તેમાં "ઇસમાઇલી" ખોજાઓની સંખ્યા ઘણીજ નજીવી છે. આ સંખ્યાને ટકાવી રાખવા માટે, ફરી તેઓ હિન્દુ ન થઇ બેસે તે ખાતર પીર સદરદીનની હૈયાતીમાં અને તેની પછી પણ ઇરાનમાંથી એક પછી એક સૈયદો ખોજાઓને બોધ દેવાના બાના હેઠળ આવ્યે જતા હતા. કેટલાક બોધ દેવાને આવતા હતા ત્યારે બીજાઓ ઇરાનમાં ભુખમરો વેઠતા હશે તેથી પોતાનું જીવન નીભાવવાને પણ આવતા હતા. ( અપૂર્ણ. )

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૩૬.**

"દરેક લોકલ કાઉન્સીલે પોતાના તાબાના ગામોની ઇસમાઇલી પ્રજાનું લીસ્ટ પોતાના રેકર્ડ ઉપર રાખવું. દર પાંચ વરસે એ લીસ્ટો પરગણા કામડીયા મારફત અગર સગવડ પડે તેની મારફત રીવાઇઝ કરાવવાં. (સુધરાવવાં.)"

કાઉન્સીલ એટલે કોઇ જબરી રાજસત્તા. તેને તાબાના ગામો, તાબાની પ્રજા. આ કાયદા ઘડનારનું માનસજ એવું છે કે આ કાઉન્સીલ ખોજા કોમની સર્વસત્તાધીશ માલીક છે. એકે એક ખોજો તેનો ગુલામ છે. આવી સંસ્થા જ્યાં કોમની દાસાનુદાસ ગણાવી જોઇએ ત્યાં એ કોમને વધારેમાં વધારે અપમાન પહોંચાડનારી છે. ખોજા કોમનું સ્વમાન જો જડમુળથી ઉખડી ન ગયું હોય તો આવા સત્તાવાહી અને કોમનો તિરસ્કાર કરતાં લખાણ લખનારને તુરતાતુરત રૂખસત આપવી જોઇએ. કોમની જનસંખ્યાની ગણતરી સામે કાંઇ વાંધો ન હોઇ શકે.

**કલમ ૩૭.**

"લોકલ કાઉન્સીલનો કોઇ મેમ્બર સદરહુ કાઉન્સીલમાં વિક્ષેપ અગર તકલીફના કારણરૂપ નીવડે અને તેવો રીપોર્ટ સુપ્રીમ કાઉન્સીલ પાસે આવે તો સુપ્રીમ કાઉન્સીલે તે બાબતમાં સંપૂર્ણ તપાસ કરવી અને જો જરૂરીઆત જણાય તો તેવા મેમ્બરની જગ્યાએ નવો મેમ્બર દાખલ કરવો, અને તે બાબતના ખબર નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાઝર ઇમામને મોકલવા."

કોઇ મેમ્બર આવી રીતે સભાને હરકતકર્તા થતો હોય ત્યારે તેના ઉપર ઠબકાની દરખાસ્ત લાવવાનું ધોરણ દરેક સંસ્થામાં હોય છે, અને આવી ઠબકાની દરખાસ્ત પસાર થાય એટલે સ્વમાનવાળો કોઇ મેમ્બર પોતાનું સભ્યપદ પકડી રાખી બેસે નહિ અને સભ્ય તરીકેનું રાજીનામું આપી રૂખસત પકડે. લોકલ કાઉન્સીલે પણ આજ ધોરણ અનુસરવું જોઇએ. સુપ્રીમ કાઉન્સીલને રીપોર્ટ કરવાની કાંઇ જરૂર નથી. આ પ્રમાણે કરવાથી ખાલી પડેલી જગ્યા જે વિભાગમાંથી એ મેમ્બરની ચુંટણી કરવામાં આવી હોય તે વિભાગમાંથી ફરી ચુંટણી કરી પુરવી જોઇએ.

**કલમ ૩૮.**

"લોકલ કાઉન્સીલ અગર સુપ્રીમ કાઉન્સીલના કોઇ મેમ્બરે કોઇ કેસમાં કોઇ પક્ષકાર પાસેથી લાંચ લીધાનું માલુમ પડે તો તે મેમ્બરને નાત બહાર સુધીની પણ સખત નસીયત કરવામાં આવશે."

આ કલમ બરાબર છે. આથી પણ આગળ વધીને જેણે લાંચ લીધાનું સાબીત થયું હોય તેને ન્યાયની અદાલતમાં રીતસર ઢસડવો જોઇએ.

**કલમ ૩૯.**

"અગત્યના કામો માટે જ્યારે જ્યારે સબકમીટીઓ નીમવાની જરૂર જણાય ત્યારે સુપ્રીમ કાઉન્સીલ તથા લોકલ કાઉન્સીલને પોતાના મેમ્બરોમાંથી અગર આપણી સમગ્ર ઇસમાઇલી જમાતોમાંથી પોતપોતાની સબ-કમીટીઓ નીમવા દેવામાં આવશે."

આવી કલમ ઘડવાની કશી જરૂર ન હોય. સબ-કમીટીઓ નીમવી એ લોકલ કાઉન્સીલના આંતરીક વહીવટનો વિષય છે અને તેને એવી કમીટીઓ નીમવાની સત્તા તેનો ઉલ્લેખ ન કરવામાં આવ્યો હોય તોપણ રહેજ. વળી "નીમવા દેવામાં આવશે" એનો ગર્ભીત અર્થ એવો થાય છે કે લોકલ કાઉન્સીલે આવી જરૂરીઆત વખતે સુપ્રીમ કાઉન્સીલ પાસે માંગણી કરવી જોઇએ અને સુપ્રીમ કાઉન્સીલ તે પ્રમાણે તેની કમીટીઓ નીમવા દે. જો આ કલમના આ ગર્ભીત અર્થના અમલની ખાતરજ આ કલમ ઘડવામાં આવી હોય તો તે સંપૂર્ણ ધુતકારી કાઢવા જેવી છે. કારણ કે લોકલ કાઉન્સીલના આંતરીક વહીવટમાં સુપ્રીમ કાઉન્સીલે ડખલ કરવાની કાંઇ જરૂર નથી.

**કલમ ૪૦.**

"ધણી ધણીઆણી વચ્ચેની કાંઇ ગંભીર તકરાર ઉપસ્થિત થાય અને તે બાબતનો કેસ કાઉન્સીલ પાસે આવે અને બન્ને પક્ષ અરસપરસ છુટાછેડા કરવા કબુલ થાય ત્યારે તેમ નહિ કરવા કાઉન્સીલે તેઓને સમજાવવા. તે છતાં તેઓ છુટાછેડા મળવા આગ્રહ કરે તો કસુરવાન પક્ષકારો ઉપર સરકાર સાહેબી ગુન્હેગારી રાખીને કાઉન્સીલે છુટાછેડા આપવા."

આ કલમ ઘડવાનું કારણ એકજ છે અને તે પૈસા પેદા કરવાનું. કોઇ દંપતિ વચ્ચે કંકાસ ઉભો થાય ત્યારે તેમને સમજાવીને શાંત કરવા એ વ્યાજબી છે. પણ જ્યાં ધણી અને ધણીઆણી બન્ને એમ કહેતા હોય કે અમારે છુટુંજ થઇ જવું છે ત્યાં ગમે તેવી સહૃદય કાઉન્સીલ માટે પણ એકજ રસ્તો છે અને તે છુટાછેડા કરી આપવાનો. બન્ને પક્ષ જે કાર્ય માટે કબુલ થયા હોય ત્યાં કોઇ 'કસુરવાન' નથી. કાઉન્સીલ કહે કે છુટાછેડા નથી કરવા છતાં તે ધણી અને ધણીઆણી તેમ ન કરતાં છુટાછેડાનો આગ્રહ રાખે એ ઘટનાને જો ગુન્હો ગણાતો

અનુસંધાન માટે જુઓ પાનું ૭૬.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આમ વર્ગનું બળ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૧૧ : મે ૨ઃ ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના વૈશાખ શુદ ૭ઃ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## ‘તટસ્થ’

એ ભીરૂ વાણી કોણ ઉચ્ચારે છે? ‘અમે તટસ્થ છીએ, અમે નિષ્પક્ષ છીએ, અમે પ્રેક્ષક છીએ, અમે એકકે છાવણીમાં નથી’–એ કાયરનાં વચનો કોણ બોલે છે?

‘તટસ્થ’ એ ફીકકો શબ્દ દુર્બળની જીહ્વા ઉપર વસે છે, અને એ સ્થાને એ શોભે છે. પરંતુ જે પુરૂષો તેમની બુદ્ધિના નિરધારો મુજબ નિજના શોણિતનો ધોધ વહાવી શકે છે, જે નરસિંહના વિચારો અને ઉર્મિઓનો એક પ્રવાહ બંધાય છે, જે માનવવીરોનાં બુદ્ધિ અને હૃદય વચ્ચે એકાત્મભાવ વર્તે છે, તેઓ કદિ ‘તટસ્થ’ હોઇ શકેજ નહિ. કદિ નહિ, કદિ નહિ, મર્દ કદિ ‘તટસ્થ’ હોઇ શકેજ નહિ!

‘તટસ્થ’ એ શબ્દ અર્થહીન છે, વાણીની દુનિયામાં એ નપુંસક છે. જ્યારે આ સ્તબ્ધ જગત સન્મુખ મહા કોયડાઓ ઉભા છે, ત્યારે કોઇ વીર્યવાન નર ‘નિષ્પક્ષ’ રહી શકે જ નહિ. એવા પુરૂષને એના સિદ્ધાંતો હોય છે; એ અણનમ એ સિદ્ધાંતોની રક્ષા કરતો ઉભો હોય છે; એ ગર્જે છે; એ એની વિચારણાના આન્દોલનો ઉભાં કરે છે; એ નિર્ભીકપણે જગતની સમસ્યાઓના ઉકેલમાં પોતાનો ફાળો આપે છે; ‘રાહ ભુલો છો’ એવી દુન્યવી ડહાપણની વાણી એને ચળાવતી નથી.

× × × આજે ‘તટસ્થ’ કેમ રહી શકાય? આજે જ્યારે જખ્મી જગત આશાયેશ માંગે છે, જ્યારે પીડિત માનવજાત પીડનમુક્તિના માર્ગો શોધે છે, ત્યારે કોણ પોતાના સ્થાપિત જીવનસુત્રો વિનાનો રહી શકે? ‘તટસ્થ’ રહેવું, અભિપ્રાયવિહીન ઉભવું, સિદ્ધાન્તવિહોણા જીવવું, એ કાયરનું કામ છે.

[‘ફુલછાબ’ તા. ૧૫–૪–૩૩, ‘Poems of Optimism’–‘આશાવાદનાં કાવ્યો’ નામક કાવ્ય સંગ્રહમાંના એક કાવ્યનો ભાવાનુવાદ.]

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨-૫-૩૩.

## આમ વર્ગનું બળ.

માણસ જાતનો ઇતિહાસ સાક્ષી પુરેછે કે 'નાના' કહેવાતા લોકોએજ જગતની પ્રગતિને આગળ ધપાવી છે. દેશદેશની તવારીખોમાં આ ઘટના મોટા અક્ષરોથી લખાયેલી છે કે 'તુચ્છ' ગણાતા જન સમુદાયેજ માનવ જાતને પીડનમુક્ત કરી છે. ધનવાનનું ધન કે જ્ઞાનવાનનું જ્ઞાન જે નથી કરી શક્યું તે આમ વર્ગની એક માત્ર પ્રબળ ઇચ્છાથીજ સધાયું છે. મોટા ખોટા નીકળ્યા છે અને જ્ઞાની ગુમાની નીવડયા છે. આમ છતાં કુદરતની એ અજબ કરામત છે કે જુગ જુના આ સત્યને દુનીયા કાયમ વીસરતી આવી છે. એકધારા એ ઇતિહાસ-ક્રમ તરફ દુર્લક્ષ થયું છે, અને જેનાથી કશું નથી થઇ શક્યું અને નથી થઇ શકવાનું એ 'મોટા' કહેવાતા નાના વર્ગ ઉપર સહુ કોઇ પોતાની મુક્તિનો મદાર બાંધે છે. માણસ જાતને નુકશાન પહોંચાડનાર આ ભ્રમણા અનેક વખત ખુલ્લી થઇ જવા છતાં ફરી ફરીને મનુષ્યને ભરમાવવામાં તે ફળીભુત નીવડી છે.

આપણી કોમની મુક્તિ આડે પણ આજે આજ ભ્રમણા આવી ઉભી છે. કોમનો આમ વર્ગ આજે પોતાની આઝાદીની આશા ધનવાન અને કેળવણી લીધેલ વર્ગ પાસેથી રાખી રહ્યો છે. સહુ કોઇના મગજમાં એમજ વસી ગયું છે કે કોમને ચૂસાતી અટકાવવાનો ઉપાય એક માત્ર મોટા કહેવાતા આગેવાનો અને શ્રીમંતોનાજ હાથમાં રહેલો છે. આ ભ્રમને નાબુદ નહિ કરવામાં આવે ત્યાં સુધી કોમ આઝાદીના રાહ ઉપર એક ડગલું પણ આગળ વધી શકશે નહિ.

જે ચૂસણ નીતીનો ભોગ કોમનો આમ વર્ગ થઇ રહ્યો છે તે ભોગવવાનું કોમના શ્રીમંત વર્ગને નથી. જે કરભારના કોરડા આપણી કોમના સામાન્ય માણસોને સહેવા પડે છે તેનો અંશ માત્ર સ્વાદ પણ કોમના ધનાઢય આગેવાનોને નથી ચાખવો પડતો. પૈસાદારોને જેમ આ મલીન તંત્રના વાહકો નથી સતાવતા તેમ કેળવાયેલા અને બધું બરાબર સમજનાર આદમીઓને પણ તે છંછેડતા નથી અને બદલામાં તેમની ઝબાન ઉપર તાળું મારે છે. જેને સાચેજ પીડા નથી ભોગવવી પડતી તેની પાસેથી જેને પીડા ભોગવવી પડે છે એવાઓની મુક્તિના પ્રયાસની આશા રાખવી નકામી છે. સૌએ પોતાની મુક્તિ પોતાના બાવડાંના બળેજ મેળવવાની છે. આપણી આફત સામે આપણેજ લડી લેવાનું છે.

શ્રીમંતોને શ્રીમંતાઇ જાળવી રાખવાનો મોહ છે. આગેવાનોને મોટાઇ જતી રહેવાનો ભય છે. કેળવાયેલાઓને બદનામી કે ટીકાખોરીની બીક છે. આ લોકોથી કશું નથી થઇ શકવાનું. આમ વર્ગને, સામાન્ય જન સમુહને આમાંનો એક પણ ભય નથી. શ્રીમંતાઇ નથી કે તેને સાંચવી રાખવા નિર્ધન જેટલી ચિંતા વહોરવી પડે. આગેવાની નથી કે મોટપનું ગુલામ થવું પડે. અને અપ્રસિદ્ધ માણસોને વળી ખોટી બદનામી કે ટીકાખોરીની શું દરકાર! કોઇ પણ પ્રકારની લાલસા કે મોહનું જેને બંધન નથી તેજ ખરી સેવા કરી શકે તેમ છે. તેના હાથેજ કોમના બંધન છુટવાના, તેનાથીજ કોમનો ઉદ્ધાર થવાનો.

અને સેંકડો માણસો મુઠીભર આદમીઓ મારફત પોતાની સ્વતંત્રતા મેળવવાની વાટ રાખે એ કેટલું વિચિત્ર! બહુમતી લઘુમતી પાસે રક્ષણ શોધવા જાય એ કેટલું શરમાવનારૂં! કોમમાં શ્રીમંતો કેટલા અને સામાન્ય માણસો કેટલા? આમ વર્ગની સંખ્યા વધે કે મુડીદારો અને તેના ગોઠીયા જેવા કેળવાયેલાઓની? "ઝાઝા હાથ રળીઆમણા." ની કહેવત શું તદ્દન ખોટીછે?

આમ વર્ગના આદમીઓ! તમારી ભ્રમણા ત્યાગો. જાગીને જુઓ કે તમે ઘણા છો. જે દયાને પાત્ર છે તેની દયા યાચવી છોડો. જેને તમે મદદ કરી શકો તેમ છો તે તમને મદદરૂપ નહિ નિવડી શકે. જગતને દોરવવાનો મોંઘો વારસો તમને મળ્યો છે. બધી બાજી તમારાજ હાથમાં છે. જે ઘડીએ તમે નિશ્ચય કરો કે આ જુલમી સત્તાની ધુંસરી નહિ જોઇએ તેજ ઘડીએ એ ધુંસરીનો નાંખનાર તમારા પગમાં પડશે. કોમની મુક્તિનો આધાર તમારા ઉપર-એકલા તમારા ઉપરજ રહેલો છે. કોમને છીન્નભીન્ન કરતા આ તોફાની ઝંઝાવાત વખતે કોમનું સુકાન તમારા હાથમાંજ સલામત છે. એ સુકાન હાથમાં લ્યો નહિતર કોમની નૌકા એ તોફાનમાં જરૂર ગરકાવ થઇ જશે.

# નાંદીનું નિવેદન.

લેખક: શ્રી. એ. એ. ઇસમાઇલ (આફ્રીકા.)

( ગયા અંકથી ચાલુ )

કહેવાય છે કે એ લોકો "સૈયદ" ને નામે ઓળખાતા. પહેલાં તેઓનું જુથ જે ગામમાં પધારતું તે ગામના ખોજાઓનો જે મુખી-મુખ્ય-હોય તેને ત્યાં ઉતારો લેતું. પાછળથી તેઓ બહુજ વધારે પડતા આવવા લાગ્યા. મુખીને ત્યાં તેમનો સમાસ થવામાં મુશ્કેલી પડી. તેથી જ્યાં જમાતખાનું હોય ત્યાંજ તેમને ઉતારો દેવાવા લાગ્યો. મુખી એકલો તેઓને જમણ પુરૂં ન પાડી શકતો તેથી તેણે પોતાની જમાત ઉપર ફરજ નાંખી કે "જ્યારે સૈયદો આવે ત્યારે વારાફરતું તેઓને જમણનું ભાણું મોકલાવતા આવવું.' પણ આ ભાઇ સાહેબો કયારે આવી પુગશે તેનો નિયમજ ન હતો. માણસો પોતાનાં કામકાજ મુકી તેઓની ચોકી પણ ક્યાંથીજ રાખી શકે! અતીથિ ધર્મમાં હિન્દીઓ પ્રથમથીજ પંકાયેલા છે એટલે સૈયદ જમાતખાને આવેલ હોય કે ન આવેલ હોય, પણ મુઠીખણ ચોખા વધારે રાંધી તેઓ જમાતખાને આવે. જેનો વારો હોય તે હંમેશાં તેમજ કર્યા કરે, ને ખાને ભાણું લઇ જાય. કાંતો સૈયદ ભેટી આવે છે, નહિ તો તે ભાણું ગરીબ ગુરબાંઓને આપી દેવામાં આવતું. આમ દરરોજ ચાલ્યા કરતું.

સ્વભાવથીજ જેઓ બ્રાહ્મણોને જમાડવામાં પુણ્ય માનતા હતા તેઓને આ "મુસલમાની બ્રાહ્મણો" ને જમાડવામાં કંટાળો ન આવ્યો. બલકે તેઓ પુણ્ય માનવા લાગ્યા. પુણ્યનો લાભ મેળવવામાં એક બીજાઓને એક બીજાની અદેખાઇ થવા લાગી. પછી તો પુછવુંજ શું? જેનો વારો ન હોય તેઓ પણ સારાં સારાં ભોજન બનાવી લાવવા લાગ્યા. પત્થરના દેવોને ભોજન પીરસવામાં જેને ધર્મ લાગતો હતો તેઓને જીવતા દેવોને જમણ, ભોજન આપવામાં કેટલો આનંદ અને ધર્મ લાગતો હશે તે સ્હેજે સમજી શકાય તેવું છે. અને આ ગાડરીઓ પ્રવાહ ચાલ્યો તે ચાલ્યોજ. પછી તો એ જીવતા દેવો માટે એટલું બધું આવવા લાગ્યું કે બાપડા તેઓનાં જુથનાં જુથ આવતાં હતાં છતાં ખલાસ ન થતું. એટલે જે વધતું તે ગરીબોને આપી દેવાતું. વધેલું ગરીબોને આપી દેવાતું એ વાત પુરાણી છે. પણ હવે તેનો કેમ પલટો થયો, અને તે "બ્રાહ્મણી" ભોજનનું જમાતખાનામાં કેમ લીલામ, નાંદી થવા લાગી તેના ખુલાસા પ્રત્યે વળશું.

અતીથિ ધર્મમાં જેઓ વફાદાર છે, જમાડવામાં જેઓ ઉદાર છે, ધર્મના નામને પણ જેઓ વધાવી લેનાર છે તેઓને આ પ્રથા ભેટી. પછી તો શુંજ બાકી રહે? ખેતીવાડીવાળા આ મુલકને તે પ્રથા મોંઘી ન પડી. અનાજના જ્યાં કોઠાર ભર્યા પડયા હોય ત્યાં તે પ્રથાને વધાવી લેવામાં આવી. પણ જો આ પ્રથાને અરબસ્તાનમાં પુગાડી હતે તો જરૂર દેશવટો મળ્યો હતે.

આ સમયમાં રાજ મુસલમાની હતું તે આપણે ભુલવું નથી જોઇતું. જેમ રજપુતના રાજ્યમાં બ્રાહ્મણો દેવો હતા તેમ મુસલમાની રાજ્યમાં સૈયદોનો દરજ્જો ઘણો ઉંચો હતો. મુસલમાની ધર્મમાં નાનાં છોકરાંઓને જમાડવાની પ્રથા છે. તેઓ "માસુમ" નામથી સંબોધતા. માસુમને જમાડવામાં પુણ્ય પણ મનાતું અને હજીયે મનાય છે. કદાચ માસુમને જમાડવાની ક્રિયા ઠીક પણ હશે. હિન્દુઓ બ્રાહ્મણો જમાડવામાં પુણ્ય માનતા અને હજીયે માને છે. ફકત બ્રાહ્મણો નિરૂદ્યમી રહેતા અને બાળકોને ભણાવતા, માણસોને બોધ આપતા તે ખાતર તેઓને બદલામાં જમણ અપાતું. પણ તે પ્રથાનોયે પલટો થયો, અને આજ હિંદુસ્થાનના હિન્દુઓના 'દેવો' કેટલો ત્રાસ વર્તાવી રહ્યા છે તે દેખાઇ રહ્યું છે. હિન્દુઓ કંટાળેલા હોવાથી તેમાં સુધારો થઇ રહ્યો છે. પણ આજ દોઢ સો વરસથી હિંદુસ્થાનમાં અંગ્રેજોની સત્તા પ્રવર્તે છે. મુસલમાની રાજ્યના વખતમાં સૈયદો સર્વ પ્રકારની સ્વતંત્રતા ભોગવતા. પણ જ્યારે અંગ્રેજો સત્તા ભોગવવા લાગ્યા ત્યારે મુસલમાનોની સત્તામાં ત્રુટી આવવા લાગી. કુદરતી રીતેજ તેઓની સ્વતંત્રતામાં તડ પડી. તેથી ટોળાનાં ટોળાં "સૈયદો" ઇરાનમાંથી હિંદુસ્થાનમાં આવતા તે બંધ થયા. પણ પેલી ભાણાંની ધમાલ તો ચાલુજ રહી.

સૈયદો આવતા ઓછા થયાથી જમાતખાનામાં આવતા ભાણાંની ધમાલને તેઓ પુરા ન પડી શકયા. સૈયદો જમતાં વધતું તે ગરીબોને દેવાતું. પણ તેમાં સવાલ ઉઠયો કે "ગરીબો કાંઇ સૈયદો નથી. સૈયદોના મુખમાં જાય તોજ પુણ્ય થાય. "**ભોળા મનથી સેવનારાઓ**" ને આ પ્રશ્ન મુંઝવવા લાગ્યો. પણ સૈયદો ક્યાંથી કાઢવા કે જ્યાં તેઓની સ્વતંત્રતા ઝુંટવાઇ ગઇ અને આવવા અચકાવા લાગ્યા? પરીણામે એવું ઠર્યું કે "વધતા ભાણાંઓની નાંદી કરવી-વેચાણ કરવું-અને તેનો પૈસો આપણા પીર સાહેબને મોકલવો, કે જેથી તેઓ પોતાના ખોરાકી ખર્ચમાં વાપરે અને આપણે જે રૂહાનીને નામે મોકલીએ છીએ તેમને વાસલ થાય. કારણ કે આપણા પીર સાહેબ એક તો સૈયદ કહેવાય છે અને વળી આપણા પીર પણ છે, એથી ઔર બેવડો સવાબ થવાનો." આમને આમ ચાલ્યું તે હજી સુધી ચાલે છે.

આ ધમાલને જો કોઇ ટકાવી રાખનાર હોય તો તે બૈરાંઓજ છે. બૈરાંઓ હંમેશાં લાગણીવશ હોય છે. તેઓના કાર્યમાં બુદ્ધિને નજીવીજ વાપરવામાં આવે છે. તેમાં વળી ધર્મના કામમાં તો બૈરાંઓજ અગ્રેસર ભાગ ભજવે છે. કારણ ધર્મમાં રખાતી શ્રદ્ધા હૃદયમાંથીજ સ્ફુરે છે. 'ભાવ' નું મુખ્ય કેન્દ્ર હૃદયમાંજ રહેલું છે. એટલે બુદ્ધિ જેની તર્કથી અને દલીલથી આનાકાની કરે છે તેને હૃદયના ભાવથી દીલાસો (દલીલ નહિ) આપી ટકાવી રાખે છે. આજ જમાતખાનામાં સૈયદો ન આવતા હોવાથી હવે જમાતખાનામાં ભાણું લઇ જવું બીનજરૂરી છે એમ બુદ્ધિથી સમજાવતાં છતાં બૈરાંઓની અનુમતી નથી મળતી.

પણ હવે હિંદુસ્થાનના જુવાનોને આંખો આવવા લાગી છે. બુદ્ધિને સરાણે ચડાવી તેઓએ સજવા માંડી છે. તેથી ઉપલી ભાણાંની અને નાંદીની ધમાલમાં તેઓને શરમીંદગી લાગે છે. **એ બધું નિરર્થક છે** એવું તેમને સમજાઇ ગયું છે. તેથી

તેઓ હવે સુધારો કરવા બહાર પડયા છે. પણ જ્યાં સુધી "ભોળા મનથી ભજો" એવું સમજાવનારા ના. આગાખાન સાહેબના વફાદાર આડતીયાઓ પડયા છે ત્યાં સુધી એ પ્રથામાં સુધારો થાય એ સંભવિત નથી દેખાતું બાપડા વફાદાર આડતીયાઓ ઘણા દેખી રહ્યા છે કે આ ભાણાંની ધમાલ અર્થ વગરની છે, છતાં પોતાની વફાદારી ખાતર તેઓ કાંઇ પણ બોલી શકતા નથી. કદાચ કોઇ કોમળ લાગણીના મીશનરી સાહેબ પેટ બળતરા ખાતર નાંદીની નિરર્થકતાનું બોલી દે છે તો તેને કહેવાતી વફાદાર મંડળીમાંથી બાતલ થવું પડે છે. અને અત્યારે મીશનરીઓનાં જીવન જોતાં બાતલ થવું કોઇને પરવડે તેમ નથી. કારણ કે મીશનરીપણું ભોગવનારને ભાગ્યેજ બીજો ધંધો સુઝે છે; કહો કે મીશનરીપણામાં ભોગવાતા અમન ચમન બીજા ધંધામાં તે ભાગ્યેજ ભોગવી શકે છે. તેથી પોતાના હૃદયમાં ઉઠતા અવાજને તે બહાર કાઢી શકતો નથી.

ભાઇઓ ! લેખકનો આશય નાંદીની નિંદા કરવાનો નથીજ. પણ આ એનું નિવેદન છે. તેના આત્માને વેદના થયાનું આ સુચન છે. રડતા હૃદયનો આ અવાજ છે. વ્હાલા વીરો ! બુદ્ધિને સરાણે ચડાવી સજ કરજો. સોડાનો ઉભરો ન હલવજો. આખો લેખ વાંચી પુરૂં વિચારી જોશો તો તેનું રહસ્ય આપને પચ્યા વગર નહિજ રહે

---

## ભાલના વર્તમાન.

ભાલના અમારા ખબરપત્રી લખીજણાવે છે કે :—

(૧) ભોળાદ ( ભાલ ) ના ભાઇ ઝવેર મુળજીના યુવાન પુત્ર ભાઇ ઇસ્માઇલ ટુંક મુદત પર ગુજરી ગયા. મર્હુમે મરણની છેલ્લી ઘડીએ પોતાની પાછળ કોઇએ ન રોવાની કે રોવરાવવાની પિતા પાસે પ્રતિજ્ઞા કરાવી, તે પ્રતિજ્ઞા તેમના કુટુંબીઓએ પાળી રડવા કુટવાનું સદંતર બંધ રાખ્યું હતું. આ દાખલાથી બીજા ભાઇ બ્હેનો પણ રડવાના રીવાજને તિલાંજલી આપશે ?

(૨) સરગવાળા ( ભાલ ) ના ભાઇ મદતઅલી તેજાભાઇના માતુશ્રી બાઇ જાનબાઇ ગુજરી ગયાં. સારૂં કારજ કરવામાંજ માતૃભકિત જોતા ભાઇએ અમુક મુદત જારથ બંધ રાખી છે. તો તે સંબંધે એટલું કહેવાની ફરજ પડે છે કે ભાઇ મદતઅલી સારૂં કારજ કરી મિષ્ટાન ભોજન જમાડે કે લ્હાણું કરે તે કરતાં ભાલના વિદ્યાર્થીના હિત માટે સારી રકમ કાઢે તે વધારે પુનિત તેમજ નામનાવાળું છે. આવી પહેલ કરવાની ભાલમાં ખાસ જરૂર છે. તો આ યશ સાથે પરમાર્થ કરવાનું નહિજ ચુકે એવી આશા રાખું છું.

---


## ધંધાદારીઓને અપૂર્વ લાભ.

"ખોજા જાગૃતિ" માં તમારી જાહેર ખબર આપી ધંધામાં સફળતા મેળવો.

ભાવ માટે લખો :—

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ" રાજકોટ.


## જ્ઞાન પુષ્પો.

"લીલા વનમાં ભુખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચનના સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શું તફાવત ?"

("ગ્રંથચર્ચા" માંથી).

"સુખનીજ વાત કરો. જગત એટલું શોકાતુર છે કે તેને તમારા દુઃખની જરૂર નથી."

("સુખ સામર્થ્ય અને સમૃધ્ધિ" માંથી).

ધર્મ આર્યોની નીમણુંક ધર્મશોધન માટે નથી પણ જુનું ટકાવી રાખવા માટે છે — ટોલસ્ટોય.

એક ખરાબ માણસ હંમેશાં રહેવાનો નથી. પણ તેના નામ ઉપરનો ફીટકાર તો હંમેશાં રહેશે. —શેખ સાદી.

નિયમો અને સંસ્થાઓ મનુષ્ય માટે છે. મનુષ્યો નિયમો અને સંસ્થા માટે નથી.

—સ્વામિ રામતીર્થ.

અડગ નિશ્ચય અને સત્ય માર્ગનું અવલંબન એ જગતને હલાવી નાંખનાર શકિતઓ છે — પ્રેસીડેન્ટ પોર્ટર.

નાની શરૂઆત થાય તો તેથી બીઓ નહિ. કારણ કે મહાન વસ્તુઓ પછીથી આવે છે.

— સ્વામિ વિવેકાનંદ.

વિશ્વમાં પ્રત્યેક સ્ત્રીને સન્માન આપવાને ભુલશો નહિ. સ્ત્રીનો અનાદર એ આપણી જાતના વિનાશનો આદર છે.

—ડા. હરનાથ.

આપણી શંકાઓ એજ આપણા વિશ્વાસઘાતી મિત્રો છે. જે સંયોગોનો આપણે ભય રાખીએ છીએ તે સંયોગોને આપણે આપણી તરફ આકર્ષીએ છીએ. —સી. ટ્રાઇન.

હું શત્રુની સામો થઇને મરીશ. જે મને જીતશે તેને પણ હું હઠીલો દુશ્મન તો લાગીશજ. —આયરન.

ઘણા સુપ્રસિદ્ધ અને મહાન પુરૂષોએ દુઃખની સાથે વાતચીત કરીને અને દુઃખની શાળામાં અભ્યાસ કરીને તેને પવિત્ર બનાવી દીધું છે. માટે તમારા માર્ગને કઠીન બનાવનાર વિઘ્નને પણ અભિવંદન આપો. બેસવા કે ઉભા રહેવા નહિ દેનાર પરંતુ ચાલવાની ફરજ પાડનાર પ્રત્યેક ડંખનો આદર કરો.

—બ્રાઉનીંગ.

ભોંયમાં દાટવાને માટે નહિ; સેવકોની પલટણ ઉભી કરવા માટે નહિ; પરંતુ સ્વતંત્ર થવાનો ઉજ્જવલ હક મેળવવાને માટે માણસને કરકસરની જરૂર છે. —બર્ન્સ.

પ્રત્યેક મનુષ્ય અને પ્રત્યેક પ્રજાના જીવનમાં એક વાર સત્યાસત્ય વચ્ચેના યુદ્ધમાં, સત્પક્ષમાં જવું કે અસત્ પક્ષમાં જવું, તેનો નિર્ણય કરવાની તક—પળ આવે છેજ. —લૉવેલ.

જો દરરોજ આપણા દુર્ગુણોની તપાસ લેવામાં આવે તો તે એની મેળેજ નાશ પામશે —સેનેકા.

મારે એકજ સલાહ આપવાની છે કેતમેતમારા સ્વામી બનો. —નેપોલિયન.

"પાણીનો ઉપયોગ છુટથી કરજો, કસરતનો ઉપયોગ નિયમિત રીતે કરજો અને ખોરાકનો ઉપયોગ સાધારણ રીતે કરજો."

("ભાગ્યના સૃષ્ટાઓ" માંથી).

# અડતાલીશ પેઢીઓ વાટ જોતાં વીતી.

લેખક : શ્રી. " ભગત ".

કુદરતની કરામતનો પાર પામવાને જ્યારે માનવીની બુદ્ધિ કાર ન કરી શકી ત્યારે તેણે પોતાની પામરતાની પ્રતિમૂર્તિ સમા પ્રભુની કલ્પના કરી, અને તેજ ઘડીથી જાતેજ ગુંથેલી એ જાળમાં માનવી જાતેજ અટવાતો ચાલ્યો. એ પ્રભુને નામે માનવીએ માનવીનાં ગળાં રેંસ્યાં, એજ પ્રભુને નામે અનેક પાપાત્માઓની પાપ લીલા પર પડદો પડતો ચાલ્યો. એજ પ્રભુની એક માનવ મૂર્તિરૂપે અવતરેલા, દશમા નકલંકી અવતાર, ના. આગાખાને આપણી ભોળી કોમને અવળે રવાડે ચડાવી. આપણી ભાઇબંધ કોમોથી આપણને અતડા રાખી, સમાજમાં આપણને નિંદનિય, તિરસ્કરણિય દશામાં રાખી, ભવિષ્યમાં કોઇપણ જાતના અંતરાય વગર સ્વર્ગના સોદા ચાલુ રહે તે માટે અનેક પ્રપંચી પોથાં દ્વારા એ સંખ્યાબંધ ગપાષ્ટકો ચાલી રહ્યાં છે. તેમાંના એકનો આંહી નીચે વિચાર કરવામાં આવે છે.

**પિતા પછી પુત્ર.**

હિન્દુ શાસ્ત્રોમાં ઇશ્વરના અવતાર વિષે ઘણું લખવામાં આવ્યું છે, અને તેમાં જ્યારે જ્યારે પૃથ્વી દાનવોના ત્રાસથી અત્યંત ત્રાસી જઇ તોબા પોકારી જતી ત્યારે ત્યારે શ્રી ભગવાનને આ લોકનો ઉદ્ધાર કરવા આ અવની પર અવતાર લેવો પડતો. આપણે જાણીએ છીએ તેમ હિરણ્યકશીપુ ( હરણાકંસ ), બલી, આદી જેને પુરાણકારોએ દાનવો તરીકે ઓળખાવ્યા છે તેઓ હંમેશાં શ્રી ભગવાનનો અવતાર થયા પહેલાં આ પૃથ્વી પર રાજ્ય કરતા હોઇને ત્યારપછી છેકજ તેના અંતકાળે શ્રી પ્રભુને તેની આગળ ઉપસ્થીત થવાની આવશ્યકતા જણાય છે. ત્યારે આપણા શ્રી ખોજા લોકના ખુદાની અડતાલીશ પેઢીએ કાળીંગા નામના એક કાલ્પનિક દૈત્યની પાછળ જીવન ખપાવી નાંખ્યા છે, અને હજુએ કોણ જાણે આપણી એ કઠણાઇ કેટલો કાળ પહોંચશે ! કાળીંગો મળતો નથી કે પછી ઉદ્‌ભવતો નથી. પણ આપણા ના. નકલંક ભગવાનને આજે આશરે સાડા તેર સો વરસથી " આઝાદીનો જંગ એક વાર શરૂ થવા દ્યો, પછી પિતા ઘવાતાં પુત્ર લડવા માંડશે. " એ કથનાનુસાર પિતાનું જીવન પુરૂં થયે પુત્રરૂપે રાહ જોતાં અડતાલીશ પેઢી થઇ છે.

**ઘર આગળની બીલાડી.**

આપણા દેશમાં કહેવત છે કે " કોઇ મેલી વિદ્યાનું જાણકાર જો એ વિદ્યા બીજા પર ન અજમાવે તો એ વિદ્યાના અનિષ્ટ બળો એના સાધનારનોજ ગ્રાસ કરે છે. " તેમ આપણે પણ એક કાલ્પનિક કાળીંગાના નામ માત્રથી ડરી જઇને આપણા આ ઉદ્ધારક ભગવાનનું શરણ શોધ્યું; અને જેમ ઘણા દાખલામાં ચોરી કરતાં ફરીયાદી મોંઘી પડી જાય છે તેમ આપણને આ શરણ શોધતાં મરણ ભેટયું છે. હજુએ જંગલમાં રહેતા સિંહ કરતાં ઘર આગળની બીલાડી વધુ ભયંકર હોવાના ન્યાયે, આપણા ના. નકલંક ભગવાને, કાળીંગો દૈત્ય કે જેણે આજ સુધીમાં આપણને કદીએ કાંઇ દુઃખ દીધું નથી, તેના કરતાં આપણું ઘણુંજ વધારે ખરાબ કર્યું છે. અને આપણે સ્વર્ગના શોખીનોએ, દૈત્ય અને દોઝકના દુઃખોથી બચવા ગતાનુગતિક-મેષ વૃત્તિથી-' પાર ' ભરવામાં પાછું વાળીને ન જોયું તે નજ જોયું. ઘડીભર દેવ અને દાનવોના અસ્તિત્વનો અને સંગ્રામોનો સંભવ માની લઇએ તો પણ નીચેની વિગતે તેનો વિચાર કરતાં આપણે અત્યારે જે રીતે તેને નામે ચાલતી ચૂસણનીતિના ભોગ બન્યા છીએ તે એક પળ પણ બરદાસ્ત કરવા યોગ્ય નથી.

**જન્મોજન્મનું વેર.**

શાસ્ત્રોમાં લખ્યું છે કે શ્રી પ્રભુ અને દૈત્ય કાળીંગાને ભવોભવથી વેર ચાલ્યું આવે છે. જો તેમ હોય તો તેઓ પોતાના અંગત સ્વાર્થને ખાતર લડતા હોવા જોઇએ, ( સીતાને ઉપાડી જવા બદલ રામે રાવણને માર્યો એ દેખીતું છે; કૃષ્ણના જન્મ પહેલાંજ કૃષ્ણના માતપિતાને કૃષ્ણને કારણે સહન કરવું પડેલું, અને ત્યાર પછી પોતાને, અને તે કારણે કૃષ્ણે કંસને માર્યો; બીજા દાખલાઓમાં એકને સત્તા અને બીજાને મહત્તા મેળવવી હોઇને તેઓ લડયા. ) અને દુનીયાએ હંમેશાં વિજેતાનાજ ગુણગાન ગાયાં છે—જે જીતે તેને પ્રભુ કરી માનવો. તેમ છતાં કાળીંગો એક પ્રભુનો ઐતિહાસીક પ્રતિનીધી છે. તેણે કદી બહારવટીઆની કે એ રાજાની રીતે પણ રૈયતને રંજાડવાનું કયારેય પસંદ કર્યું નથી. ઉલટું રાવણને તો પ્રજાને સુખના સર્વોચ્ચ શિખરે બેસાડવાની અનેક મહેચ્છાઓ હતી. બલીરાજાને પોતાના રાજ્ય અને દેહથી પણ વચનની કિંમત વધારે હતી અને છેવટે પોતે પોતાનું પણ દાન કરી દીધું એવો એ ધર્મિષ્ટ હતો. એ જોતાં આપણા શાસ્ત્રકારોએ જેની હંમેશાં નિંદાજ કરી છે એવા એ દૈત્યો બહુ મહાન છે, અતિ મહાન છે. તેનાથી ભય રાખવાને આપણને કાંઇ કારણ ન હોય. તેમ છતાં આપણ ખોજાઓને કાળીંગાના ભયથી મુકત કરવા ના. આગાખાન ૪૮ પેઢીથી દશમા નકલંક અવતાર રૂપે એ દૈત્યની રાહ જોઇ રહ્યા છે, પણ એ ભાઇબંધ ગોત્યો જડતો નથી: કે પછી ' રે ભાઇ ! મૃત્યુ ભલાનું વહેલું ને શુષ્કને સળગવું બહુ કાળ લાંબો. ' એ ન્યાયે બીચારો એ પરમાત્માનો પરગજુ પ્રતિનીધી વખતે સ્વયં પોતાના અમરને આધીન થયો હોશે, અને આપણા ના. નકલંક ભગવાન આપણી પાસેથી ' પાર ' તો લીધા કરે છે અને કરવાનાજ હોય તેમ ના. પ્રીન્સ અલીશાહની વારંવારની પધરામણીઓ ઉપરથી દેખાય છે. હવે જોવાનું છે આપણી આ ભીતિ કે ભકિત કયાં સુધી હજુ ટકે છે તે.


## " ખોજા જાગૃતિ " આપે વાંચ્યું ?

તો તેના ગ્રાહક તરીકે આપનું નામ તુરતજ નોંધાવો. માત્ર બે રૂપીયામાં તમને એ ખોજા કોમના જીવન મરણના પ્રશ્નોની નીડર ચર્ચા સાથે જગતના છેલ્લા સમાચાર એક વરસ સુધી તમારા ઘર બેઠાં પહોંચાડશે.

લખો :-　　　વ્યવસ્થાપક,<br>" ખોજા જાગૃતિ "<br>દાણાપીઠ–રાજકોટ.

# સપ્તાહનો સાર.

**ખોજા ભાઇઓનાં ખુન:** ગઇ તા. ૨૦-૨-૩૩ના રોજ કરાંચીમાં બે ખોજા ભાઇઓનાં ખુન થયા હતાં, જેમની લાશ દસ દિવસ પછી જેલ પછવાડેથી મળી આવી હતી. આ સંબંધે ૭ આસામીઓ સામે કેસ ચાલે છે, જેમાં ૧ પૈસાદાર હિન્દુ છે અને બીજા ખોજાઓ છે. ખુનનું કારણ અંગત શત્રુવટ અને વેપારી હરીફાઇનું હોવાનું બોલાય છે.

**અમેરીકાએ સોનાનું ધોરણ છોડયું :** અમેરીકાના યુનાઇટેડ સ્ટેટસના પ્રમુખ મી. રૂઝવેલ્ટે એક ખાસ હુકમ બહાર પાડી સોનાના ધોરણનો ત્યાગ કર્યો છે. આ હુકમના પરીણામે અમેરીકાની સ્થાનીક પેદાશની માગણી બહાર દેશાવરમાંથી વધશે તેવી ધારણા રાખવામાં આવે છે. ઇંગ્લેન્ડ અને ફ્રાન્સના પ્રતીનીધીઓ અને મી. રૂઝવેલ્ટ વચ્ચે લડાઇને લગતા દેવાના ભરણા સંબંધે તેમજ ડોલર, પાઉન્ડ તથા ફ્રાન્કના ભાવો નકકી કરવા સંબંધે મસલત ચાલે છે તે ફળીભુત થશે તો દુનીયાના વેપાર ઉપર સારી અસર થવા વકી રહે છે.

**બ્રીટન અને રશીયા :** બ્રીટનની પાર્લામેન્ટે ઇંગ્લેંડમાં આયાત થતા રશીયન માલ ઉપર અંકુશ મુકનારો ખરડો પસાર કર્યો છે. આથી રશીયાથી આવતા માલના ૮૦ ટકા ભાગને અસર થશે. આ પગલાંની સામે રશીયાએ પણ ગ્રેટબ્રીટનથી આવતા તમામ માલ સામે પ્રતિબંધ મુકયો છે. બ્રીટીશ વાવટા હેઠળની આગબોટોનો ઉપયોગ કરવાની પણ મનાઇ કરવામાં આવી છે તેમજ બ્રીટીશ બંદરોનો પણ બહિષ્કાર કરવામાં આવશે.

મેટ્રોપોલીટન વીકાર્સ લી. ના બે સજા પામેલા નોકરો માટે કેદની સજા ઘટાડી હદપારીનો હુકમ ફરમાવવા અપીલ કરવામાં આવી છે.

**વ્હાઇટ પેપરનો વિરોધ :** રાજસ્થાન પ્રજા પરિષદના મંત્રી શ્રી. મણિશંકર ત્રિવેદીએ છાપા જોગું એક નિવેદન પ્રગટ કરી વ્હાઇટ પેપર સામે તીવ્ર વિરોધ જાહેર કર્યો છે. દેશી રાજ્યોની પ્રજાની અવગણના કરવા સામે તેમણે મજબુત વાંધો ઉઠાવ્યો છે.

**સર પટણીની બીમારી :** પાર્લામેન્ટની જોઇન્ટ સીલેકટ કમીટીમાં ભાગ લેવા ઇંગ્લેંડ જતાં સર પ્રભાશંકર પટણી રસ્તામાંજ બીમાર પડી ગયા છે. એડન ખાતે તેઓને ઉતરી જવું પડયું છે અને તેમના પત્નિ તથા પુત્ર વિમાન રસ્તે એડન પહોંચી ગયા છે. છેલ્લા સમાચાર મુજબ તેમની તબીયત સુધારા ઉપર છે.

**ગુજરાતમાં પણ ક્રાન્તિકારો ?** ક્રાન્તિકારી પક્ષના કહેવાતા બે સભ્યો કાંતીલાલ અને ગુલાબચંદને પુર ઝડપથી દોડતી એક મોટરમાંથી અમદાવાદની પોલીસે ગીરફતાર કર્યા છે. તેમની ઝડતી લેતાં છ બારની બે રીવોલ્વરો તથા સળગી ઉઠે તેવો પદાર્થ મળી આવ્યો હતો. મુંબઇના એમ્પાયર થીએટરમાં થોડા થોડા દિવસોને અંતરે ફુટેલાં બે બોમ્બ સાથે આ પ્રસંગને સંબંધ હોવાનું ગણવામાં આવે છે.

**ઇરાનમાં અંગ્રેજોની ધરપકડ :** બે અંગ્રેજોને પકડી જેલમાં પુરવામાં આવ્યા છે. તેમની સામેના આરોપો હજી જણાયા નથી.

**મૌ. શૌકતઅલીનું આગમન :** અમેરીકાની લાંબી મુસાફરી પુરી કરી મૌલાના શૌકતઅલી ગઇ તા. ૨૬ ના રોજ હિંદ પાછા ફર્યા છે. જાણીતા મુસ્લીમ આગેવાનો તથા શ્રી. દેવીદાસ ગાંધી મૌલાનાને આવકાર આપવા બંદર ઉપર ગયા હતા. છાપાંના પ્રતિનીધીઓને મુલાકાત આપતાં તેમણે જણાવ્યું હતું કે તેઓ ના. વાઇસરોયની સંમતિ મળે તો મ. ગાંધીજી તથા પં. જવાહરલાલની જેલમાં મુલાકાત લેવા માંગે છે. હિંદુ મુસ્લીમ ઐકય સ્થાપવા તેઓ પ્રયાસ કરવાની ઇચ્છા રાખે છે.

**મહાસભાના આગેવાનોની મસલત :** દેશની હાલની રાજ્યદ્વારી સ્થિતિ ઉપર વીચાર ચલાવવા મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી. આણેના પ્રયાસથી મહાસભાના લગભગ બહાર રહેલા બધા આગેવાનોની એક ખાસ બેઠક આવતી તા. ૧૩ ના રોજ મળશે એમ જણાય છે.

**વડોદરામાં મજુર ચળવળ :** વડોદરાની મીલોમાં હડતાળ પડી છે. મજુરનેતા શ્રી. પાંગારકરને મનાઇ હુકમ છતાં ભાષણ કરવા બદલ પકડવામાં આવ્યા છે.

**રૉયની અપીલ :** મી. એમ. એન. રૉય કે જેમને ના. શહેનશાહની સરકારને હિંસાત્મક બળવાથી ઉથલાવી નાંખવાના આરોપસર કાનપુર કોર્ટે બાર વરસની દેશનીકાલની સજા કરી છે તેમણે અલ્હાબાદ હાઇકોર્ટમાં દાખલ કરેલ અપીલની સુનાવણી ગઇ તા. ૨૫ ના રોજ નીકળી ત્યારે તેમના વતી તેમના ધારાશાસ્ત્રીઓએ દલીલો કરી હતી કે ગુન્હો પુરવાર ન થયા છતાં મી. રૉયને ભારે સજા કરવામાં આવી છે. મી. રૉય કોર્ટમાં આ વખતે હાજર હતા.

**પરદા સામે વિરોધ :** જૈન મહિલા પરિષદની અજમેર ખાતે મળેલી બેઠકમાં સ્વાગત પ્રમુખ શ્રીમતિ કેસરદેવીએ તથા પ્રમુખ મીસીસ અચલસિંહે પરદાના રીવાજને બધા અનિષ્ટોના મુળ તરીકે વર્ણવી તેને બનતી તાકીદે નાબુદ કરવા ભાર મુકયો હતો.

**૩૨ લાખને ખર્ચે :** ભાવનગર રાજ્યે ભાવનગર બંદરથી ૬ માઇલ દુર આવેલા રૂવાબંદરને સુધારીને આદર્શ બનાવવા માટે ૩૨ લાખ રૂપીયા મંજુર કર્યા છે. એક વરસની અંદર બંદર તૈયાર થઇ જવા ધારણા છે.

**દુનીયાની આર્થીક પરિષદ :** પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટ અને બ્રીટનના વડા પ્રધાન રામસે મેકડોનાલ્ડે આખા જગતની આર્થીક પરિષદની બેઠકની તારીખ ૧૨ જુનની નકકી કરી છે. વડા. પ્રધાન પ્રમુખપદ લેશે.

**દ્વારકામાં ઉશ્કેરણી :** ગઇ તા. ૧૮ ના રોજ દ્વારકામાં રણછોડરાયના મંદીરના પૂર્વ દરવાજા આગળ કેટલાક મુસ્લીમોએ એક બકરાનો વધ કરી તેને ત્યાંજ પકાવવાથી હિંદુઓમાં ભારે ખળભળાટ અને ઉશ્કેરણી પેદા થઇ હતી. મંદીરના દરવાજા દેવદર્શન માટે બંધ કરવામાં આવ્યા હતા અને ગામમાં હડતાળ પડી હતી. છેવટે સુબાસાહેબે આવી સમાધાન કરાવ્યું હતું. મુસ્લીમોએ ફરીથી આવું કાર્ય નહિ કરવાની ખાત્રી આપી છે.

# ચૂસણ નીતિનું ચક્ર.

( આ પ્રસંગના પાત્રો કલ્પીત છે. બંધબેસતી પાઘડી કોઇએ પહેરી ન લેવી )

## દ્રષ્ય પાંચમું.

ફાતમાબાઈ પાસેથી ખાલી હાથે પાછા ફરવું પડયું એ નુરમામદ કામડીયાને માથાનો ઘા થઇ પડયો. આ એકજ પ્રસંગથી તે બદરૂદીન તથા ફાતમાબાઇનો પાકો દુશ્મન બની બેઠો. કઇ રીતે તે બન્નેને હેરાન કરી શકે, નુરમામદ કામડીયાને ખાલી હાથે અને વગર જમણે પાછો કાઢવો એ કેટલું જોખમ ભરેલું છે એ તેને બતાવી આપી શકે એ માટે તે મનમાંને મનમાં અનેક ઘાટ ઘડવા લાગ્યો. રાજકોટ આવતાં રસ્તાના નાના મોટા બધા ગામમાં તેણે ફાતમાબાઇની બેઇમાનીની જોરદાર ઝાટકણી કાઢી. કામડીયાને એક ટંક સારૂં જમણ પણ ન જમાડે તેને મૌલા કયાંથી રોઝી આપે કહી તેણે ફાતમાબાઇને ત્યાં પોતાને કેવી રીતે રોટલો ખાઇને રાત કાઢવી પડી તેનું હુબહુ વર્ણન કર્યું. છેવટે તે રાજકોટ આવ્યો.

જમાલભાઇની જગ્યાએ અત્યારે અબ્દુલ્લાભાઇ કાઉન્સીલના પ્રેસીડેન્ટ હતા. માણસ બદલાણો હતો પણ જગ્યા ન્હોતી બદલાણી. મદાંધતા અને ક્રુરતાનો પારો જરાયે નીચો ન્હોતો ઉતર્યો. નુરમામદ રાજકોટમાં પગ મુકતાંની સાથેજ અબ્દુલ્લાને મળ્યો. બદરૂદીન તથા ફાતમાબાઇએ ચંદ્રાકીની ચડેલ રકમ ન આપતાં તેનું અપમાન કર્યું એ વાત અબ્દુલ્લાને ગળે તેણે ઘણીજ સહેલાઇથી ઉતારી દીધી. પ્રેસીડેન્ટની સંમતિથી નુરમામદે બદરૂદીન ઉપર કાઉન્સીલમાં ફરીયાદ દાખલ કરી.

x x . x x

કાંઇક અંશે ગામના વેપારીની સહાયથી અને કાંઇક અંશે બદરૂદીનના મહેનતુપણાથી ફાતમાબાઇ તથા બદરૂદીનનું ગાડું ઠીક ઠીક ગબડયે જતું હતું. ફાતમાબાઇના મળતાવડા સ્વભાવથી ગામના છોકરાંઓ પણ નાની હાટડીની મુલાકાત લેતાં થયાં હતાં. બદરૂદીન પણ હવે કયારેક કયારેક થોડું ભાડું ખરચી એક બળદની નાની રેંકડી લઇને ગામડામાં બકાલું વેચવા જતો. ઘરાકી બંધાતી જતી હતી. કામ કરવાની આવડક પણ વધતી જતી હતી.

આગલે દિવસ સાંજે બદરૂદીન વાડીઓમાંથી બકાલું પોતાને ઘરે લઇ આવ્યો હતો અને વહેલી સવારે તેને ગામડે જવું હતું. પણ ફાતમાબાઇ રોજના કરતાં સેજ મોડી ઉઠી એટલે રોટલાને સેજ મોડું થયું. બદરૂદીન જમી કરીને ઉભો થયો અને બહાર નીકળવા જાય છે ત્યાં ટપાલના હલકારાએ આવી એક પરબીડીયું તેના હાથમાં મુકયું. બદરૂદીને તે ફોડયું. વાંચી જુવે છે તો કાઉન્સીલનો સમન્સ. વળતેજ દિવસે કાઉન્સીલમાં હાજર થવાનો હુકમ. બદરૂદીન આભોજ બની ગયો. ફાતમાબાઇને તેણે વાત કરી.

મા દીકરાની ચિંતાનો પાર રહ્યો નહિ. રાજકોટ પહોંચવા માટે એકજ દિવસ બાકી હતો. તુરતાતુરતજ જો બદરૂદીન નીકળી જાય તોજ તે વખતસર કાઉન્સીલમાં પહોંચી શકે તેમ હતું. બીજી તરફ જામતી ઘરાકી તુટી જવાનો અને ખરીદેલ બકાલું તાજું મટી વાસી થાય એટલે ચુકતે નાણા જવાનો ભય હતો. બદરૂદીનને આ વાત કોઇ રીતે ગળે ઉતરતી ન્હોતી. એક દિવસ જાતાં, એક દિવસ વળતાં અને ઓછામાં ઓછું એક દિવસ રાજકોટ રોકાવાનું, એમ ત્રણ દિવસ ધંધા વગરના બગાડવા તેને પોસાય તેમ ન હતું ઉપરાંત રાજકોટ જવા આવવાનું ખર્ચ પણ ભારે પડતું હતું.

"માંડમાંડ ઘરાકી જામી છે એ મારે નથી તોડવી. કાઉન્સીલ ભલે ઠીક લાગે તેમ કરે. હું નથી જવાનો" બદરૂદીન ઉકળી ઉઠયો.

"બધુંય સાચું, બદરૂ. પણ નહિ જા તો વળી કાંઇ નવી કનડગત થશે." ફાતમાબાઇને કાઉન્સીલની ક્રુરતાનો ઠીક પરીચય થઇ ગયો હતો.

"ભલે થાય. કામધંધો છોડી તેના મનમાન્યા હુકમો ઉઠાવવા આપણે કયાં નવરા છીએ? હતું તેટલું લઇ ગયા તોય નિરાંત કરીને રોટલો ખાવા દેતા નથી!"

"બદરૂ, એમ ન કર. આપણે વળી બે દિવસ વધારે મહેનત કરશું. પણ તું જઇ આવ, અને કાઉન્સીલને બધી વાત સમજાવ. તું જાણે છે કે આપણું કોઇ સગું વહાલું નથી એટલે આપણે કોઇની સાથે બગાડયું ન પાલવે. વળી કાઉન્સીલ નાત બહાર મુકે તો આપણું નાક કપાઇ જાય."

"આપણને વળી કાઉન્સીલ સાથે સારાસારી રાખવાથી શું ફાયદો થઇ જવાનો હતો? આંહી પણ આપણને નાતનો કયો માણસ ઉપયોગી થઇ પડે છે?"

"બેટા, તું હજી બાળક છો. મારૂં કહ્યું માન. હજી આપણે કેટલા પ્રસંગ વટાવવાના છે?"

ફાતમાબાઇના આગ્રહ આગળ બદરૂદીન કાંઇ વધુ બોલી શકયો નહી. એકામાં નાંખેલ બકાલું તેણે કાઢી નાખ્યું, અને રાજકોટ જવા તે રવાના થયો.

રસ્તામાં તેને અનેક વિચારો થયા. કાઉન્સીલના આ જુલમ સામે કાયમને માટે લડી લેવાની તેને ઇચ્છા થઇ જતી તો બીજીજ પળે તેને માતાના શબ્દો યાદ આવતા. આ બધી હાલાકી ઉભી કરનાર પેલો નુરમામદ કામડીયોજ હોવો જોઇએ એમ તેને લાગ્યા કરતું હતું, અને જો તેનો ભેટો થાય તો તેને જરા સીધો કરવાને પણ તેના હાથ ઉંચા નીચા થઇ જતા હતા. આખા દિવસની કંટાળા ભરેલી બેલગાડીની ત્રાસજનક મુસાફરી પછી છેક સાંજે બદરૂદીન રાજકોટ પહોંચ્યો.

---

## એજંટો જોઇએ છે

નીચેના ગામોમાં આ પત્રની છુટક નકલો વેચવા ઉત્સાહી અને પ્રામાણિક એજન્ટો જોઇએ છે. પત્રવ્યવહાર વ્યવસ્થાપક, "ખોજા જાગૃતિ", દાણા પીઠ, રાજકોટ, એ સીરનામે કરવો.

મહુવા, વઢવાણ જંકશન, અમદાવાદ, ભાવનગર.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપરે એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૪૧.**

"જુદા જુદા શખ્સો તરફથી લોકલ કાઉન્સીલો પાસે પૈસાની જે જે કાંઇ રકમો ડીપોઝીટ રાખવામાં આવે તે તે રકમો સદરહુ કાઉન્સીલોએ કાંઇ પણ ઢીલ વગર એકદમ સુપ્રિમ કાઉન્સીલ તરફ રાજકોટ મોકલી આપવી."

આ કલમનું કારણ લોકલ કાઉન્સીલોમાં અવિશ્વાસ ન હોય તો તેની સામે કાંઇ ખાસ કહેવા જેવું નથી.

**કલમ ૪૨.**

"કાઉન્સીલમાં દાખલ થતા દરેક કેસ માટે આઠ આના દાખલ ફી લેવામાં આવશે, અને ફરીયાદી તેટલી ફી ન આપી શકે તેવો ગરીબ હોય અને પ્રેસીડેન્ટને તેમ ખાત્રી થાય તો કાંઇ ફી લેવી નહિ. પણ જો કોઇ શખ્સ જમાત સંબંધમાં તથા સરકાર સાહેબી કામકાજો સંબંધે સુધારા અને ઉન્નતિની સુચનાઓવાળી અરજી કરે તો તેની પાસેથી એવી આઠ આના દાખલ ફી લેવામાં આવશે નહિ. એ રીતે એવા સુધારા તથા ઉન્નતિ સંબંધેની નકલ અગર અપીલ માટે પણ એવી ફી લેવામાં આવશે નહિ."

રાજસત્તા કહેવરાવવાની ઘેલછા અને ધનનો લોભ આ કલમનાં ઉત્પતિ કારણ છે. નાતને નામે કામ કરતી કોઇપણ સંસ્થા કે પંચાયતમાં આવું ધોરણ નથી. કાઉન્સીલ જો કોમની સગવડ માટે હોય અને કોમ કાઉન્સીલની સગવડ ખાતર ન હોય તો આવી દાખલ ફીની કલમ કદી પણ કાયદાની ચોપડીમાં સ્થાન મેળવી શકે નહિ. આ કલમના પાછલા અરધા ભાગનો ગર્ભીત અર્થ એવો છે કે કોમ પાસેથી વધુ સફળતાપૂર્વક પૈસા નીચોવી શકાય કે કોમને વધુ મજબુત રીતે જકડી શકાય એવા રસ્તા જો કોઇ બતાવશે તો તેની પાસેથી આવી ફી લેવામાં નહિ આવે. આવી લાલચ આપવાનું માનસ એજ કોમને વધુમાં વધુ નુકશાનકારક છે.

**કલમ ૪૩.**

"સુપ્રીમ કાઉન્સીલ શીવાય બીજા કોઇ શખ્સ તરફથી કાંઇ પત્રવ્યવહાર મળે તેને લોકલ કાઉન્સીલના કામકાજને અટકાયત કર્તા ગણી શકાશે નહિ."

સુપ્રીમ કાઉન્સીલની ગુલામીનો આ એક વધુ પુરાવો છે. આવા ઉલ્લેખની કંઇજ જરૂર નથી.

**કલમ ૪૪.**

"બધી લોકલ કાઉન્સીલો સુપ્રીમ કાઉન્સીલને દર ૭ મહીને પોતાની કાઉન્સીલમાં દાખલ થયેલા, નિકાલ કરેલા અને પડતર કેસોની સંખ્યા દર્શાવનારા રીપોર્ટ મોકલશે અને રીપોર્ટવાળા સમય દરમ્યાન સરકાર સાહેબી ગુન્હેગારી વસુલ થયા વગરની રહેલ રકમોની વિગત સહીત તે રકમો દર્શાવવી."

આ કલમનો પાછલો ભાગ ખાસ ધ્યાન ખેંચનારો છે. કાઉન્સીલને 'સરકાર સાહેબી' ગુન્હેગારીની વસુલાતની એટલી બધી ચીવટ અને ચિંતા છે કે 'રીપોર્ટ મોકલાવવો' એટલામાં બધી હકીકતનો સમાવેશ થઇ જવા છતાં કાયદામાં આ વસુલાતનો ઉલ્લેખ કરવો પડયો છે. આ કાયદાના બારીક અભ્યાસ કરનારને એમ લાગ્યા વીના રહેશે નહિ કે આ કાઉન્સીલ અને તેના કાયદા–એ બધું એકજ વસ્તુની આસપાસ ગુંથાયેલું છે, અને તે 'સરકાર સાહેબી ગુન્હેગારી કે આમદાની' ની આસપાસ.

**કલમ ૪૫.**

"સુપ્રીમ કાઉન્સીલની સંમતિથી લોકલ કાઉન્સીલે કોઇ શખ્સને નાત બહાર કરેલ હોય અને એવો શખ્સ આપણી કોમમાં ફરી દાખલ થવા ઇચ્છા બતાવે તો તેણે નિસ્બતવાળી લોકલ કાઉન્સીલને તે માટે અરજી કરવી. લોકલ કાઉન્સીલે જરૂર જણાય તો સરકાર સાહેબી ગુન્હેગારી લઇને સદરહુ શખ્સને ફરી નાતમાં લેવો. પરંતુ કોઇ શખ્સે દીકરીના પૈસા લીધા હોય તે માટે તેને નાત બહાર કરવામાં આવેલ હોય તો તે શખ્સ અગર બાઇને સુપ્રીમ કઉન્સીલની સંમતિ લીધા શીવાય ફરી નાતમાં લેવામાં આવશે નહિ."

કાઉન્સીલની આગળ આવતી એક કલમ ૭૨ માં એમ ચોકખું ઠરાવવામાં આવ્યું છે કે કોઇ પણ કારણસર નાતબહાર મુકવાની સત્તા લોકલ કાઉન્સીલને નથી. એ જોતાં આ કલમ વિચિત્ર લાગે છે. નાત બહાર મુકવાની જેને સત્તા ન હોય તેને નાતમાં લઇ લેવાની સત્તા હોવી જોઇએ કે કેમ એ પ્રશ્ન વિચારણીય છે. જો કે કોમને તો એ દ્રષ્ટિએ આ ધોરણ અનુકુળ થઇ પડે એમ છે કે તેને લોકલ અને સુપ્રીમ બન્ને કાઉન્સીલોમાં ધક્કા ખાવાને બદલે એક લોકલમાંજ ખાવાના રહે. 'સરકાર સાહેબી ગુન્હેગારી' લેવાની જરૂર નથી. કોઇપણ જાતનો દંડ લેવાનું વાજબી હોય તો પણ તે કોમના નામથીજ લેવાવો જોઇએ કે જેથી કરીને કોમના હીતમાં તેનો ઉપયોગ થઇ શકે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

પ્રલયાગ્નિ. | છુટક નકલ ત્રણ પૈસા. | Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૧૨ : મે ૯ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના વૈશાખ શુદ ૧૪: મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી

## આજના અંકની સામગ્રી.

પ્રલયાગ્નિ.
આ સારૂં કે તે ?
કુંભકરણની સગી બ્હેન.
રસ્તો કાઢો.
કલ્યાણી.
સપ્તાહનો સાર.
બેવફા વફાદારી.
કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક ?

## યુવાનને !

યુવાન, પ્રમાદ તજી દે, તજી દે;
બાજી હાથ મંહી હજી છે, હજી છે,
પળ મુકિત તણી, સજી લે, સજી લે.
અમૃત ઘડી,
દીસે ઢળતી.

પ્રકાશ તણી પળ હાથ હજી,
મળે ના ફરી વીતી પળ કદી;
રડશે પછી ખુબ પરતાઇ અતિ,
વરમાળ ધરી ઉભી આજ સીદ્ધિ.
આઝાદ ઘડી,
જો જાય વીતી.

દીસે ફરતી જો કાળ ગતી,
ભીતર ભય ભાર રહ્યાં ભરખી;
ગાજે નોબત જ્યાં નાશ તણી,
સમશાન સમી જલતી સગડી;
ભૂત-પીશાચ તણાં અગ્નિ,
અંધાર ભરી આગે અટવી;
ભેંકાર અતિ દુઃખ દાહ ભરી.
તણખા તણખા,
ભડકા ભડકા.

ખુન ખાખ કરે પ્રજળી પ્રજળી,
નવ માર્ગ મળે રખડી રખડી;
ઉપયોગ કરી લે આજ ઘડી,
હજુ છે પળ એક પ્રકાશ તણી.
ઉઠ ઉઠ હવે,
પળવ્યર્થ બને.
જો આવે જોર ભરી રજની.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૯-૫-૩૩.


## પ્રલયાગ્નિ.

જબ્બર ધડાકા સાથે કોઇ ભયંકર જ્વાળામુખી ફાટે છે. ધગધગતો અગ્નિરસ ઘોડાપુરના વેગથી સર્વ સ્થળે ફરી વળે છે. પશુ, પ્રાણિ, મનુષ્ય, ચેતન અને જડ સર્વ વસ્તુને તે ભરખી જાય છે. ધુમાડાના ગોટેગોટ માણસને આંધળો કરે છે. ઉછળતા પત્થરોની વૃષ્ટિથી તે પટકાય છે. આ મહામારીમાંથી ઉગરવા તે ભાગે છે, પણ નથી બચી શકતો. કોઇ કમર પકડીને હલબલાવતું હોય તેમ ધરતી ધ્રુજે છે. મહાસાગર માઝા મુકી ઉછળી રહે છે. સુસવતા પવનના ઝેરી સપાટા માણસને મુંઝવી મારે છે. સર્વત્ર પ્રલયાગ્નિ નિરંકુશ ફેલાઇ રહ્યો છે. એકેએક વસ્તુની તેમાં આહુતી અપાઇ રહી છે.

આવા પ્રલયાગ્નિની કોઇ જલતી જ્વાળા આજે આપણી કોમને બાળી રહી છે. નાનું, મોટું, બાળક, યુવાન કે વૃદ્ધ; સ્ત્રી, પુરૂષ, સૌની તેમાં આહુતી અપાઇ રહી છે. સ્નેહબંધન, લગ્નબંધન, ભ્રાતૃભાવ એ બધાનો ભક્ષ થઇ રહ્યો છે. મહા મહેનતે પાણી પાઇને લીલી કરેલી વાડીઓ આ અગ્નિરસથી બળીને ખાક થઇ જાય છે. થોડું થોડું કરી એકઠું કરેલું ધન-જીવનની જરૂરીઆત અને સુખની સામગ્રી–એ પવનના એકજ સપાટાથી ઉપડી જાય છે. ભયંકર અગ્નિ આજે આપણી કોમનો પ્રલય કરી રહ્યો છે.

મોતના જડબામાં એક પછી એક ડગલું આમ આગળ વધવા છતાં આપણને તેની ખબર પણ નથી. કેમ જાણે કોઇ સુંદર બગીચામાં હવા ખાવા જતા હોઇએ તેમ આપણે આ જલતી જ્વાલાને ભેટી રહ્યા છીએ. કુદરતનો પ્રલયાગ્નિ આ માણસના જ્વાળામુખી કરતાં એટલે દરજ્જે સારો છે કે એ ખુલ્લે ખુલ્લો બાળે છે, બળનાર તે જોઇ શકે છે અને ભાગવું હોય તો પ્રયત્ન કરવાનું તેને કારણ રહે છે. જ્યારે અત્યારે આપણી કોમનું સત્યાનાશ વાળતો આ પ્રલયાગ્નિ એ અગ્નિ છે તેનું ભાન પણ આપણને નથી થવા દેતો.

છતાં કુદરત એ કુદરત છે. તેની સામે બાથ ભીડવામાં છેવટે માણસને હારવાનુંજ છે. ગમે તેટલા સાવચેતી ભર્યાં પગલાં છતાં, આ અગ્નિ છે એવી કોઇને જાણ પણ ન થાય એ માટે રાત દિવસ છાતીતુટ મહેનત કરવા છતાં, એ વાત હવે છાની નથી રહી. ધીરે ધીરે પણ મકકમતાથી આ ભેદ હવે ખુલતો જાય છે. કોમને ભરખી જતા આ અગ્નિમાંથી બચવા, બચાવવા પ્રયત્નો પણ થઇ રહ્યા છે.

જો કોઇ એમ માનતું હોય કે આ અગ્નિને ઠારી શકાય તેમ નથી તો એ ભુલ છે. અકુદરતી આ જ્વાલામુખીને મોઢે આપણે કાયમ માટે જરૂર ડુચો મારી શકીએ તેમ છીએ. એ જ્વાળામુખીના અગ્નિરસ અને ધુમાડાના ગોટાથી કોમને બળતી અને આંધળી બનતી આપણે જરૂર બચાવી શકીએ છીએ. માત્ર થોડાક જુવાનો, એ અગ્નિના જેટલીજ ધગશ જેના હૃદયમાં કોમ માટે સળગી રહી હોય એવા થોડાકજ સાહસિક જુવાનોએ એ જ્વાળામુખીને ડાટો દેવા બળતા અગ્નિમાં કુદી પડવું જોઇએ. સાથોસાથ કોમના બધા માણસોએ જેને જે હાથ આવ્યું તે સાધનથી આ અગ્નિને ઓલવવા પ્રયત્ન કરવો જોઇએ.

આજે કોમના નાશની નોબતો ગગડી રહી છે. દરરોજ આ અગ્નિમાં જાણ્યે અજાણ્યે અનેક માણસો બળીને ખાક થઇ રહ્યા છે. કોમની જન સંખ્યાનો આંકડો દિવસે દિવસે ઘટતો જાય છે. ચારે દીશાથી વીંટળાઇ વળેલો આ કાલાગ્નિ કોમને સર્વનાશ તરફ જોસથી ઘસડી રહ્યો છે. એ અગ્નિમાં અપાતી આહુતી જે જોઇ શકતો હોય, એના ભોગ થનારની દુ:ખભરી ચીસો જે સાંભળી શકતો હોય, જેને આ પ્રલયાગ્નિની ભયંકરતાનું ભાન હોય અને જેને નિરાધારોને બચાવવા રજ પણ લાગણી પોતાને હૈડે હોય એવા સહુ માણસોને અમારી હાકલ છે કે બીરાદરો, ચાલો આપણે આ જ્વાળામુખીને મોઢે ડાટો દઇએ; આ અગ્નિને ઓલવવા હિંમતભેર ધસી જઇએ; આપણી આહુતી આપી કોમનો ઉધ્ધાર કરીએ. પત્થર જેવા હૃદયના અને નાહિંમત સ્વાર્થી બાયલાઓને અમારે કાંઇ નથી કહેવું.

# આ સારૂં કે તે?

**લેખક : શ્રી. હાશમ વાલજી સવાણી**

હેમરાજ એક ગરીબ કુટુંબનો ઓછું ભણેલો ને ગામડાનો રહીશ હતો. મરચી મસાલાની દુકાન હતી. ઇસમાઇલી ધર્મ જાણવા આતુર હતો. તેમાં તેને મોક્ષની લાલચ હતી. તેની પત્નિનું નામ મોંઘી હતું. બન્ને એકજ મતના હતા. જુના રીવાજમાં રૂઢ હતા. ખાનદાન પણ અતિ શ્રદ્ધાળુ હતા. ગામ બહાર કયાંય કોઇ નીકળેલ નહિ કે દુનીયા કેમ ચાલે છે તેનું એકેયને ભાન નહિ. તેનો એકજ નિયમ કે કમાઇએ તેટલું બધું આપણા જીવ સારૂ ખાનાની તેજુરીમાં ભરી દેવું.

એજ ગામમાં રહી મોટો થયેલો અને હેમરાજ સાથે નિશાળે ભણેલો અને તેની સાથે દીનની કેળવણી પામેલો તેનો મિત્ર મેરાલી આજે હેમરાજનો મહેમાન થયો હતો. તે મુંબઇ વિગેરે જુદે જુદે સ્થળે ફરી કેળવાઇ દુનીયામાં સ્વાર્થસાધુઓ શું શું ગુપ્તમાં ગુપ્ત ચળવળ કરી રહ્યા છે તે જાણી ચુકેલો હતો. તેને વીસમી સદીનો વા વાઇ ગયો હતો. વળી તે શિક્ષીત હતો, કમાઉ હતો તેટલોજ ઉદાર હતો. પણ તેના પૈસાનો ઉપયોગ પોતાના ભાંઇઓની ગરીબ સ્થિતિ, ભુખ્યાં, મોટા કુટુંબ કે બેકાર તરફ વાપરવામાં કરતો હતો.

અગાઉના મિત્રો આજે ઘણે વરસે ભેગા થયા. એક બીજાને ઘણોજ પ્યાર. એક સતરમી સદીનો, બીજો વીસમી સદીનો. મેરાલી પોતાની સ્ત્રી શીરીંને સાથે તેડી આવ્યો હતો. શીરીં ઘણીજ સમજુ, પતિની મિત્ર થઇને રહેલી અને પોતાના ઉમદા સ્વભાવથી પતિના પૂર્ણ વિશ્વાસને પામેલી ગુણીયલ અને કેળવાયેલી સ્ત્રી હતી. પરણ્યા પછી ગામડામાં આવવાનું આ પહેલુંજ બનેલું હતું.

મેરાલી એક પથારી પર બેઠો બેઠો પુસ્તક વાંચતો હતો. સામે એક ખાટલાની ઇંસ થોભી શીરીં ઉભી હતી.

"હેમરાજભાઇથી હું ઘુંઘટો ન કાઢું તો તેઓ બહુ ચીડાય છે એમ મોંઘી ભાભી કહેતાં હતાં. તેને લાજનો બહુ શોખ લાગે છે." શીરીં બોલી.

'તેને શું શોખ છે તે તો હજી હવે ખબર પડશે.' મેરાલીએ આટલો જવાબ આપ્યો ત્યાં હેમરાજ અંદર દાખલ થયો. શીરીં તો જેમ ઉભી હતી તેમ ઉભી રહી. ભાઇ ઝંખવાણા તો પડી ગયા.

"કાં મેરાલીભાઇ, ચાલો; જમાતખાનાનો વખત થઇ ગયો. હજી શું કરો છો?" હેમરાજે આગ્રહ કર્યો.

મેરાલી : હમણાં તો ફરવા જવું છે.

હેમરાજ : અત્યારે ફરવા કોની સાથે?

મેરાલી : તમે અને ભાભી આવો તો ઠીક, નહિ તો હું અને શીરીં.

હેમરાજ : અરે, સ્ત્રીને બહાર કઢાય?

મેરાલી : એકલી જતી નથી એટલે મારે જવુંજ જોઇએ ને!

હેમરાજ હેબતાયો. "અરે મેરાલીભાઇ, ધુવા (દુવા) પડવાનો વખત થયો છે. પાપ માફ થવાનો રસ્તો હાથ આવ્યો છે તેને ઠોકરે શીદ મારો છો?"

મેરાલી : મેં કયા કાંઇ પાપ કર્યું છે?

હેમરાજ : અરે, મીશનરી સાહેબ શું શું કહી ગયા છે કે સવાર સાંજ ખાને જાવ, મોટું કામ કરાવો. દસોંદ સુક્રીત દ્યો. પંજેભાઇ બનો. મીજલસ કરો. ભાણાં લઇ આવો. બીજ નોમ મેળાવડા કરો. એજ તમને સાથે આવશે.

મેરાલી : એ બધું પૈસા ભેગા કરવાનું સાધન છે. એ તે ધર્મ સ્થાન છે કે વેપારીની પેઢી? મીશનરી સાહેબ પગાર સારૂ ગમે તેમ બોલે, તેમાં સાચું હોય નહિ.

આમ વાતો થાય છે ત્યાં મોંઘીબાઇએ બૂમ મારી. "અરે, સાંભળો છો? સુઇ જાવ, ઉંઘ આવતી હશે. ધુવા પડવા વખત કાંઇ બેઠો નહિ રહે." એટલું કહીને તો બાઇ રસ્તે પડયાં.

મેરાલીએ મજાકને ખાતર હાંક મારી. "ભાભી, આવે છે. એમ ભાઇને પડતા મુકી એકલાં સ્વર્ગમાં કયાં ચાલ્યા જશો?"

મોંઘી : તમારા ભાઇ કહેતા જાવ, મારા કાંઇ નહિ. પણ તમે કેમ હજી વરઘોડીયું સામ સામું જોઇને ઉભા છો?

મેરાલી : અમે પણ હમણાં જઇએ છીએ.

મોંઘી : કયાં?

મેરાલી : ફરવા.

મોંઘી : હાય! હાય! ખાનાનો વખત મુકી ફરવા જશો? શીરીંબાઇ તું તો ચાલ. મોડું થાય છે. વખત વહી જાય પછી પેલા જેવું ફળ ન મળે.

શીરીં : પહેલાં કેવું ફળ મળે?

મોંઘી : સ્વર્ગ મળે. બંદગીની શી વાત?

શીરીં : ખુદાનું તો કયાંય નામ આવતું નથી અને બંદગી શું? વળી બંદગીથી ખુદા રાજી થાય તેના કરતાં ખુદાના બનાવેલ પ્રાણીઓની સેવા કરવામાં વધુ રાજી થાય બંદગીની પછવાડે પૈસાને એકદમ ભેળવી દીધો છે.

હેમરાજને માથે જાણે વીજળી પડી. મોંઘીને જાણે મૂર્છા આવી પણ માંડ ધીરજ ધરી કકળી ઉઠી તે બોલી. "અરેરે! તમારા જીવનું સાહેબ ધણી શું કરશે! પછી પસ્તાવો થયે કાંઇ ઉપાય નથી. છેલ્લી વખતનો મનખા દેહનો ફેરો છે. સાહેબ ધણી કોઇને છોડનાર નથી. ગરભમાં હતા ત્યારે કેટલી આજીજી કરી કોલ દીધો હતો ત્યારે તમને છોડયા. આપણને તો સતપંથ મળ્યો છે તો દુનીયાની પેઠે શીદ ગાફલ થાવ છો. આપણા જેવું તો કોઇને ધર્મનું સુખજ નથી. હમણાં મીશનરી સાહેબ પધાર્યા હતા તેણે સરબંધીનો છાંટો રૂા. ૧૧ માં તથા પાપ માફનો છાંટો રૂા. ૧૧ માં તથા સોના રૂપાના ઘરનો છાંટો રૂા. ૧૧ માં નાખી દીધો છે. છે આવું કયાંય બીજે? મને બતાવો તો ખરા તો હું જોઉં તો ખરી? મને ખબર તો પડે?" કાપડાની

(અનુસંધાન માટે જુઓ પાનું ૯૫)

# "કુંભકરણની સગી બ્હેન!"

**લેખક : શ્રી. ભગવાનજી લાલજી પંજવાણી.**

૧.

આ સંસારમાં પતિ પત્નિ વચ્ચેનો સંબંધ ઘણોજ ઉમદા છે. જો પરસ્પર વિશુદ્ધ પ્રેમ હોય તો સારસ પક્ષીનાં જોડલાંની માફક વિયોગમાં પ્રાણ ત્યાગ શીવાય બીજાં પરીણામ દેખાઇ શકે નહિ. પરંતુ આપણી કોમમાં રૂઢીવાદથી લાકડે માંકડાં વળગાડી દીધેલાં, દંપતિ પ્રેમ જે સ્વર્ગીય હોવો જોઇએ એવા સંસ્કારી યુગલોને બદલે, અસંસ્કારી યુગલો દ્રષ્ટિગોચર થાય છે. તેને બદલે ભવિષ્યમાં સંસ્કારી યુગલો જોડવાની પ્રવૃત્તિ શરૂ કરવાને માટે ખોજા કોમની અંદર "જાગૃતિ" આવશે ત્યારેજ તે ખરૂં સુખ માણશે.

૨.

કેળવણીના અભાવથી પોતાનું અધઃપતન કે અપદશાનું અવલોકન કરી તેમાં સુધારો કરવાની "જાગૃતિ" આવશે ત્યારેજ આપણી કોમ ખરૂં સુખ માણશે.

૩.

પોતે ખરા પરસેવાથી મેળવેલાં નાણાંને ધર્મને નામે ધૂતારાઓ ધૂતીને તાગડ ધીન્ના કરે તેનાથી સાવધાન ન રહે અને "પાડોશીને આટો આપો, ઘરના ચટે ઘંટી; છોકરડાં તો છાશ પીએ, ને બાવો માગે બંટી." એ કહેવત મુજબ તમારી કફોડી સ્થિતિમાં, ગરીબીમાં જબરદસ્તીથી તમારૂં સર્વસ્વ લુંટાય છે તેમાં "જાગૃતિ" આવશે ત્યારેજ કોમ ખરૂં સુખ માણશે.

૪.

કોમના ઉધ્ધાર માટે, કોમની સેવા કરીને "ખોજા જાગૃતિ" ના સંચાલકો જે પોતાનો કીંમતી ભોગ આપી રહ્યા છે અગર તેને માટેજ જેમના અંતરાત્માએ ભેખ લીધો છે તેની જોળીમાં કોમની સેવા માટે–જબરદસ્તીથી, જુલ્મથી કે ટેક્સ રૂપે નહિ–પણ પરોપકારી દૂધ ભિક્ષા દેવામાં આપણી કોમની અંદર "જાગૃતિ" આવશે ત્યારેજ તે ખરૂં સુખ માણશે.

૫.

"ખોજા જાગૃતિ" ના લેખો એટલા બધા સજ્જડ અને સત્ય હકીકતને બહાર લાવનારા છે કે તેણે કોમને જગાડી તો દીધી છે. પરંતુ પથારીમાંથી ઉઠવાની આળસે કેટલાક જેમ જાગતા મુતરે છે તેની માફક પોતાની કોમની ખરાબી શાથી થાય છે તે જાણવા છતાં પડયા પડયા દાળદરથી સડયા કરે છે એવી વ્યક્તિઓની સંખ્યામાં "જાગૃતિ" આવશે ત્યારેજ કોમ ખરૂં સુખ માણશે.

૬.

દુઃખ, દારિદ્રય અને કુટુંબ કલહથી છુટવાને, સ્વર્ગીય સુખ માણવાને, કુંભકરણની સગી બ્હેન! અરે ખોજા આલમ! તને છે કંઇ માલમ! કે "જાગૃતિ" ની કયે કયે સ્થળે જરૂર છે?

# રસ્તો કાઢો.

**લેખક : શ્રી. હાશમ વાલજી સવાણી.**

બુટ લુછવાને પણ લાયક ન હોવા છતાં પતિદેવ જો પોતાને ખરો દેવ સમજી પત્નિને રીબાવતો કે ઝુરાવતો હોય ત્યાં રસ્તો કાઢો.

ઢોર વસાવતાં પહેલાં તેની ઘાસ, પાણી, જગ્યા, વિગેરેની સગવડનો વિચાર કરીએ તેટલોય વિચાર બચ્ચાં રૂપે વસાવવામાં આવતાં માણસ જન્માવતાં ન કરતા હોઇએ, તેની કેળવણી, ખોરાક, પોશાક, સુસંસ્કાર અને જીંદગી સુખી પસાર કરી શકે તેવાં સાધનો આપી ન શકતા હોઇએ ત્યાં નવા માણસો ન વસાવવા રસ્તો કાઢો.

ધર્મની વાત કરવાને પણ લાયક ન હોય છતાં ધર્મગુરૂ થઇ બેસી સ્વર્ગના સોદા કરતા સ્વાર્થસાધુ શરીફ બદમાશોની દમદાટી અને જુલમ અટકાવવા રસ્તો કાઢો.

સંયુક્ત કુટુંબ (મજીઆરો) કે જ્યાં પ્રેમને દેશવટો દેવાયો હોય, કલેશનો ઇજારો લેવાયો હોય, જ્યાં અવિશ્વાસ, ઇર્ષા ઘર કરી બેઠાં હોય, સુખ ન લેવાની જાણે પ્રતિજ્ઞા લીધી હોય, ઘરનાં દરેક માણસ ખાબોચીયાના કીડાની માફક સબડતાં હોય અને ઘરમાં જાણે તાજું મરણ થયું હોય તેમ સોગીયું જીવન ગળાતું હોય ત્યાં મજીઆરામાં દીવાસળી મુકી રસ્તો કાઢો.

સાપ કે વીંછી હાથમાં આપવાને બદલે પોતાની દીકરી આપી એ જાણે ગુન્હો હોય તેમ સાસરા પક્ષને દમ ભરાવતા જમાઇ માટે રસ્તો કાઢો.

સ્ત્રી પુત્રને પરણાવવામાં આવી છે એ વાત ભુલી જઇ માતા જો તેને પોતા માટે પરણેલી ગણી સાસુપણું ભોગવવા નિર્દોષ અબળાને ત્રાસ દઇ આંસુ સરાવતી હોય ત્યાં ભીરૂ કે મૂર્ખ ભકત નહિ બનતાં અર્ધાંગનાનો ઉદ્ધાર કરવા રસ્તો કાઢો.

સેવા કરવાને રજમાત્ર પણ લાયક ન હોય છતાં નાતના ધણી થઇ બેઠેલા પટેલોની મૂર્ખાઇ અને જોહાકી અટકાવવા રસ્તો કાઢો.

તમારૂં હોજરૂં ભરવા જેટલુંય કમાવા ન શીખ્યા હો તો વરરાજા બનવાની લાલચને ઠોકરે મારી કુટુંબભારને માથે આવતો બંધ કરવા સંયમી બની રસ્તો કાઢો.

પોતાને સાચેજ તીર્થરૂપ ગણતા માતાપિતા પુત્રપુત્રિની આંધળી ભક્તિની લાલસા રાખી તે તૃપ્ત કરવા દુષ્ટતા બતાવે તો રસ્તો કાઢો.

ચાકરી કરવા પણ કોઇ ન રાખે એવી આવડતવાળા છતાં ભાગ્યને બળે ધનવાન બની ગયેલા શેઠ નોકર ઉપર ગુલામ જેટલો બોજો લાદી લોહી ચૂસવા તૈયાર થાય તો એ મૂર્ખ શીરોમણિની સાન ઠેકાણે લાવવા સંગઠન કરી રસ્તો કાઢો.

## કલ્યાણી!

લેખક : શ્રી. " ભગત. "

હે, દેવી! હે, અધમોદ્ધારિણી! આ દિપોત્સવીને પણ દુર્લભ એવો પુજન થાળ હું તમારે ચરણે ધરૂં છું એનો અંગિકાર કરો. હું સદાનો ઋણી થઇને રહીશ. તમે મૂર્ખજન પ્રિય છો. હે, ભદ્રે! હુ તમને પ્રણિપાત કરૂં છું.

તમેજ અમારા પ્રતિ અનુગ્રહ કરી તમારી નજરે વિપથ ગામિ એવા અમારા બંધુઓની સાથે વહેવાર રાખવા ન દઇને અમારી માયા જાળ કાપી નાંખી છે. અમને આત્મબળવાળા બનાવ્યા છે. તમે શુભાશ્રયિ છો. હે, અંબે! હું તમને પ્રણામ કરૂં છું.

તમારીજ આજ્ઞાથી કાબડીયા નામના કવિઓ રોજ રાત્રે અમારા કાનમાં નાના રસ રેડી રહે છે. અમને મંત્ર-મુગ્ધ થયેલા જોઇ તમે રાચી રહો છો. તમે સંગીતોત્તેજક છો. હે, અનેકાંગિ, હું તમને લીલા સમેટી લેવા કહું છું.

તમેજ અમારા ખીસાનો ભાર હળવો કરવાના અનેક રસ્તા શોધી કહાડયા છે. તમે અમારી કોમના આંધળાં, પાંગળાં અને અનાથ વિધવાઓને ભોગે અમારો સઘળો પૈસો પરદેશ પરવરતો કરો છો. તમે કવલિ મારીને કુતરાં ધરવો છો. હે, અનિષ્ટકારિણી! હું તમારાથી ત્રાસી ગયો છું.

તમેજ દર પંદર દિવસે એક વાર અમારા સુખની ચિંતા કરવાનો નિયમ રાખ્યો છે. તે દિવસે બધું યથાસ્થિત હોવાનું ચોસઠ ચક્ષુ વડે નિહાળી લઇ પાછાં અંતર્ધ્યાન થઇ જાવ છો. તમે બહુજન્માં છો. હે, ક્ષણજીવિ! તમે હવે મોક્ષ વાંચ્છી લ્યો.

તમેજ અમારાં પ્રાર્થના મંદિરોને લીલામખાનામાં ફેરવી નાખ્યાં છે. તમે અમને એ કરતાં સુખે સુવા ઘો. તમે અમે પૈસા આપેલ માલ પાછો આપી દઇએ ત્યારે બહુ સંતુષ્ટ દિસો છો. તમે અમને ઉદાર થવાનું શીખવો છો. તમે ખપ્પર યોગીની છો. હે, ચાણક્યે! હું તમારી તૃપ્તિ ઇચ્છું છું.

તમેજ અમારી લગ્નગ્રંથિઓને અનિત્ય બનાવી છે. તમે અમારા ગૃહ કલહનું મુળ છો. અમારામાં વધતા જતા છુટાછેડા તમને આભારી છે. તમે બંધ વિમોચક છો. હે. દરભંજણ! તમને મારાં કોટી વંદન હો!

તમેજ આ સઘળાં શોષણ યંત્રનું આધિપત્ય શોભાવ્યું છે. તમે અમારા ધનરૂપી રૂધીરના પાન પરજ નિર્ભર રહો છો. તમે અમને ત્યાગ પ્રબોધ્યો છે. તમે જળો જેવાં છો. હે, અદિત્યે! તમે અમારો કેડો છોડી દયો.

તમેજ સુધારાવાળાઓની સામે શસ્ત્રો સજ્યાં છે. વળી તમે પશ્ચાદગામિ છો. તમે અમને અંધારામાં રાખવા તમારાથી બનતું કરો છો. તમે પ્રગતિ વિરોધક છો. હે, મહાકાયિ! અમને પ્રકાશ દેખાવા દયો.

તમેજ ધર્મ અને સમાજ વ્યવસ્થાને એક સાંકળે સાંકળી લઇ અમારા સર્વ સુખનું સત્યાનાશ વાળ્યું છે. તમે અમને સામાજિક કારણે ધર્મ આચરતાં અટકાવો છો. તમે પતિત પાવની છો. હે, કલ્યાણી! હું તમને દંડવત્ કરૂં છું.

તમેજ દુર્જય એવા સેતાન નામના દૈત્યને શરમાવીને મારી નાખ્યો છે. તમે તમારા દેહનો સુમોહક વર્ણ કાર્યોમાં ઉતાર્યો છે. તમે સર્વ ગુણ સમ્પન્ન છો. તમે સર્વથી સુંદર છો. હે, ધનિજન પ્રિય:! તમને મારા નવ ગજના નમસ્કાર હો!

## સાચી સહાનુભૂતિ.

### " ખોજા જાગૃતિ " ના તંત્રી શ્રી, રાજકોટ.

" ખોજા જાગૃતિ " વાંચી ભાઇઓમાં વંચાવવા જે કોઇ આપણા ભાઇઓ ઇચ્છતા હોય તેઓને જુદા જુદા પાંચ સ્થળોએ ત્રણ મહીના સુધી મારા તરફથી મફત મોકલાવવા મહેરબાની કરશો. લવાજમના પૈસા આ સાથે મોકલાવ્યા છે.

૩-૫-૩૩ લી. સેવક,

રાજકોટ. જીવા છગન.

**નોંધઃ**

ઉપર મુજબ જે ભાઇઓ અમને લખી જણાવશે તેમને ત્રણ મહીના સુધી " ખોજા જાગૃતિ " નિયમિત મોકલાવવામાં આવશે. આ યોજનાનો લાભ " ખોજા જાગૃતિ " મંગાવવા અશક્ત હોય તેવા ભાઇઓજ લેશે તેવી આશા છે. ત્રણ મહીનાનું લવાજમ સ્વીકારવાનું ધોરણ આ યોજનાને અંગેજ ખાસ રાખવામા આવ્યું છે.

તંત્રી.

આ ટુંકા જીવનમાં એક બીજાને ધન્યવાદ આપવામાં વખત ગાળવા જેવું નથી. આપણું યુદ્ધ પૂરૂં થાય ત્યારપછી આપણે એક બીજાના કામની નોંધો તપાસી એક બીજાને જે ધન્યવાદ ઘટતા હશે તે પેટ ભરીને આપીશું; પણ હમણાં તો મિથ્યાલાપ કરવાનો સમય નથી. કાર્ય કરો, બસ કાર્યજ કર્યા કરો.

—સ્વામિ વિવેકાનંદ.

( અનુસંધાન પાના ૯૬ થી )

નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર લેખીત જાહેર કરશે અને તે નવી નીમણુક સંબંધમાં તેઓ નામદારના હુકમનો તુરતજ અમલ કરવામાં આવશે."

લોકલ કાઉન્સીલના મેમ્બરોની નીમણુકના ધોરણ જેવુંજ આ ધોરણ છે. ફકત એટલો ફરક છે કે લોકલ કાઉન્સીલના મેમ્બરોની નીમણુક સુપ્રીમ કાઉન્સીલ કરે ત્યારે અહીં સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરોની નીમણુક ના. આગાખાન કરે. આ વાત આ પહેલાં પણ લખાઇ ગઇ છે કે ના. આગાખાનને આવી નીમણુક કરવાનો કોઇ અધિકાર નથી. કોમના વહીવટ સાથે તેઓ નામદારને કશું લાગતું વળગતું નથી અને પોતાનો વહીવટ કેવી રીતે ચલાવવો અને કોણે ચલાવવો તે નક્કી કરવાનો કોમને જન્મસિદ્ધ હક છે. આખી કોમની ગુલામીનું મુળ આ કલમમાંજ રહેલું છે. કોમ જો પોતાનો વહીવટ પોતાના હાથમાં લેશે તો ના. આગાખાન આ પરાયા હકને પોતાનો ગણી વળગી રહેશે નહિ, બલકે વળગી રહી શકશે નહિ.

નવા મેમ્બરોના નામ મોકલાવવાની પદ્ધતિ પણ મૂર્ખાઇ ભરેલી છે.

# સપ્તાહનો સાર.

**મ. ગાંધીજી ફરી ઉપવાસ પર :** યરવડા જેલમાં બંદીવાન બનેલા મહાત્મા ગાંધીજીએ તા. ૮ મી મેથી ૨૧ દિવસ સુધી ઉપવાસ કરવાનો નિશ્ચય જાહેર કર્યો છે. ઉપવાસનું કારણ હરીજન પ્રવૃતિ અંગેનું જણાવવામાં આવ્યું છે. ગાંધીજીને આ નિર્ણયમાંથી ફેરવવાનું કોઇથી બની શકે તેમ નથી. એમ માનવામાં આવે છે કે ઉપવાસની શરૂઆત થતાંજ મહાત્માજીને સરકાર બંધન મુક્ત કરશે. ઇંગ્લેંડ તથા બીજા દેશોમાં આ જાહેરાતથી ચિંતાની લાગણી ફેલાણી છે.

**રૉયની સજામાં ઘટાડો :** હિંદમાંથી ના. શહેનશાહની સાર્વભૌમ સત્તાને ઉથલાવી પાડવાના કહેવાતા કાવત્રા માટે કાનપુરના સેશન્સ જજે બાર વરસની દેશ નીકાલની સજા કરેલા મા. એમ. એન. રૉયે અલ્હાબાદ હાઇકોર્ટમાં અપીલ કરવાથી તેમની સજા ઘટાડીને છ વરસની દેશની અંદરજ સખત કેદની કરવામાં આવી છે.

**મે દીનની ઉજવણી :** દુનીયા ભરના મજુરો જેને પોતાની આઝાદીનું નિશાન ગણે છે એ મે દીન, મે મહીનાની પહેલી તારીખ, આખી દુનીયામાં એકી સાથે ઉજવવામાં આવી છે. રશીયા–મે દીનનું ઉત્પાદક–જર્મની, ઇંગ્લેંડ, બીજા યુરોપના રાજ્યો તથા હિંદમાં આ દિવસ મજુરોએ ખુબ ધામધુમથી ઉજવ્યો હતો.

**ખોજા બાનુનો આપઘાત :** મુંબઇમાં પાલખા મહોલ્લામાં પોતાના ધણી સાથે રહેતી નુરબાનુ શેરઅલી નામની અઢાર વર્ષની ઉમરની એક ખોજા બાઇએ શરીર ઉપર જાતે ગ્યાસતેલ છાંટી આપઘાત કર્યો છે. મરતી વખતના નિવેદનમાં તેણે પોલીસ આગળ જાહેર કર્યું હતું કે તેણીના ધણીના તથા ફોઇસાસુના જુલમથી કંટાળી તેણે આપઘાત કર્યો છે. જ્યુરીએ પણ આવોજ અભિપ્રાય બતાવ્યો છે.

**રશીયા જાપાન વચ્ચે કડવાશ :** થોડું થયા રશીયા અને જાપાન વચ્ચે કડવાશની લાગણી ફેલાતી જાય છે. જાપાને ઉભું કરેલું અસલ ચીનની સત્તા નીચેનું નવું મંચુરીયન રાજ્ય રશીયા સામે એવા આક્ષેપો મુકે છે કે રશીયા ચીન અને રશીયાની સૈયારી રેલ્વેના અમુક એન્જીનો તથા વેગનો પોતાની હદમાં ઉપાડી ગયું છે. આ કારણે જાપાને મિત્ર રાજ્ય તરીકે મંચુરીયાની પડખે ઉભા રહેવાનું જણાવી સરહદ ઉપર લશ્કરી ટુકડીઓ તથા દારૂગોળો મોકલાવ્યા છે. જવાબમાં રશીયાએ બાર ટુકડીઓ અને ૩૦૦ લશ્કરી વિમાનો પોતાની સરહદ ઉપર તૈયાર રાખ્યા છે. લડાઇ કયારે ફાટી નીકળશે તે કહી શકાય તેમ નથી.

**પ્રમુખને ઠાર કર્યા :** દક્ષિણ અમેરીકાના પ્રજાસત્તાક રાજ્ય પેરૂના પ્રમુખ ૨૦૦૦૦ જુવાનોની કવાયત જોઇને પાછા ફરતાં તેના ઉપર રીવોલ્વરથી ગોળી છોડી ઠાર કરવામાં આવ્યા છે.

**ગુજરાત મુસ્લીમ રાજકીય પરીષદ :** ગઇ તા. ૧ લીના રોજ મૌ. શૌકતઅલીના પ્રમુખ સ્થાને ગુજરાત મુસ્લીમ રાજકીય પરીષદની પહેલી બેઠક અમદાવાદમાં મળી હતી. મૌલાનાએ હિંદુ મુસ્લીમ એકતા કરવાની પોતાના ભાષણમાં ખાસ જરૂર જણાવી હતી. જુદા જુદા ઠરાવો કરવામાં આવ્યા હતા, જેમાં વ્હાઇટ પેપરને અસંતોષકારક જણાવતો પણ એક ઠરાવ છે.

**હિંદભરમાં તોફાન :** ગયા અઠવાડીયામાં આખા હિંદુસ્તાનમાં જુદે જુદે સ્થળે વરસાદના સખત ઝાપટા પવનના તોફાન સહીત પડયાં હતાં, જેને અંગે કેટલાય મકાનોનો નાશ થવા પામ્યો છે અને સેંકડો માણસો ઘરબાર વગરનાં થઇ પડયાં છે. કેરીના પાકને ઘણું નુકશાન થયું છે.

**ઇંગ્લેંડ અને હિંદ વચ્ચે ટેલીફોન :** ઇંગ્લેંડ અને હિંદ વચ્ચે ટેલીફોનની શરૂઆત થઇ ગઇ છે. મુંબઇના ના. ગવર્નરે તે ખુલ્લી મુકતી વખતે તેની ઉપયોગીતા માટે ભાષણ કર્યું હતું. જાહેર માટે ૩ મીનીટના રૂ. ૮૦) ફી રાખવામાં આવી છે.

**શ્રી. સુભાષ બોઝનો સંદેશો :** વીએના ખાતે સારવાર ભોગવતા હિંદના જુવાનોના નેત્તા શ્રી. સુભાષચંદ્ર બોઝ એક પત્ર પ્રકાશન અર્થે "હિંદુસ્થાન પ્રજામિત્ર" ઉપર મોકલતાં જણાવે છે કે "પહેલાંના કરતાં એકંદર અત્યારે મારી તબીયત સારી છે. બ્રીટીશ પ્રધાન મંડળ કે બ્રીટીશ પાર્લામેન્ટ હિન્દની રાષ્ટ્રીય માગણીઓને નજીકના ભવિષ્યમાં આધીન થાય એવો કાંઇ સંભવ નથી. હિન્દની સ્વતંત્રતાના પ્રશ્ન માટે હજી વધુ ભોગ આપવા આપણે તૈયાર રહેવું જોઇએ. વડિલોને એમ લાગતું હોય કે તેઓ થાકી ગયા છે તો યુવાનો માટે જગ્યા કરી આપવી એજ ઉત્તમ રસ્તો છે. આ પળે કાંઇપણ સમાધાનથી કાંઇપણ લાભ થવાને બદલે નુકશાન થશે."

**કાવત્રાં કેસનો ચુકાદો :** દીલ્હી કાવત્રાં કેસના બે આરોપીઓને ખાસ મેજીસ્ટ્રેટે સજા કરી છે. એકને ૭ વરસની અને બીજાને ૩ વરસની સખત મજુરીની કેદ આપવામાં આવી છે.

**મી. ચુનારા સામેની અપીલ :** મુંબઇના "ઇસમાઇલી" પત્રના અધિપતિ મી. ચુનારાને થયેલ સજા સામે ફરીયાદી શ્રી. કાનજી ગુલાભાઇએ કરેલ અપીલની સુનાવણીની મુદત આવતી તા. ૧૦–૫–૩૩ ની નક્કી થઇ છે.

---

"ખોજા જાગૃતિ" આપે વાંચ્યું ?

તો તેના ગ્રાહક તરીકે આપનું નામ તુરતજ નોંધાવો. માત્ર બે રૂપીયામાં તમને એ ખોજા કોમના જીવન મરણના પ્રશ્નોની નીડર ચર્ચા સાથે જગતના છેલ્લા સમાચાર એક વરસ સુધી તમારા ઘર બેઠાં પહોંચાડશે.

લખો :—

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"
દાણાપીઠ–રાજકોટ.

( પાના ૯૧ થી ચાલુ. )

બાંય અને હાથ વચ્ચેની ચીપટીમાં આંગળી નાખતા નાખતા મોંઘીબાઇ બોલ્યાં.

શીરીંથી હસી જવાયું. તેણે સાચી કેળવણી લીધી હતી. તેને આ લોકોની હદ ઉપરાંતની અંધશ્રદ્ધા અને ઘેલાઇગીરી ઉપર દયા આવી.

"તમને આ ધર્મના ઉંડાણુની ખબર નથી. તમે પરદેશ જતાં શીખ્યા એટલે ગાંડપણ આવ્યું. સાહેબે શા સારૂ અવતાર ધર્યો છે? તમને પણ કવાં જીવનીએ પડી છે? ચોરાશી લાખ અવતાર ફરી ફરીને અવતર્યા છો." ચોરણા ઉપર ભેટી બાંધતા બાંધતા હેમરાજ બોલ્યો.

હેમરાજની ફસાઇ ગયેલી સ્થિતિનું વર્ણન મેરાલીએ રસ વગર સાંભળ્યું હતું. કાંડે બાંધેલી ઘડીઆળમાં જોતો જોતો તે બોલ્યો.

"વહાલા ભાઇ અને ભાભીશ્રી, મારા જીવની વ્યાધિ કરી અત્યારની જીંદગી હું બગાડતો નથી. હું ભલે મૂર્ખ હેઉં અને તમે ખરાં જ્ઞાની હો. એક પાઇમાં ૧૦ શેર ધર્મ એવી લાલચોથીજ તમે ઝપાટામાં આવો. પછી કાંઇ જોવાનું રહે નહિ. થોડા થોડા દિવસે પગાર ખાતા મીશનરીઓની ઉંઘની દવા અને ઝેર પીતા રહો. સાહેબને મારૂં કાંઇ કરવા સત્તા નથી. મારે ગર્ભમાંજ રહેવું હતું. મેં આજીજી કરી નથી. ખોજા ભાઇઓ શીવાયના માણસોનું જેમ થાય છે તેમ મારૂં પણ કુદરતના ધોરણ મુજબ થયું છે. છાંટા નાખ્યે મોઢું બીજું થાય, પછી કોણ જોવા જાય છે? બાકી અગાઉ નવ અવતાર ઇશ્વરના થઇ ગયા અને દશમો થવાનો છે--એ મૂર્ખ માન્યતામાં જેને ફાવ્યું તેણે તે સ્થાન લઇ લીધું. એમ કાંઇ દસમો અવતાર થઇ જવાય નહિ. મને કેટલા ફેરા થયા અને કેટલા થશે તેની વ્યાધિ મારે કરવી નથી."

આમ વાત થતી હતી ત્યાં હેમરાજનો ભાઇ મુળજી ખોંખારો ખાઇ ખડકીમાં આવ્યો. મોંઘીબાઇ ઘુંઘટો તાણી છાનામાના જમાતખાના ભેગાં થઇ ગયાં.

મુળજી ગરીબ હતો. ત્રણ ચાર છોકરાંઓનો બાપ હતો. મુસ્કેલી વેઠવા છતાં પણ માંડ ગુજરાન ચલાવી શકતો. અત્યારે તે હેમરાજની મદદ માગવા આવ્યો હતો.

"ભાઇ, આ વખતે જો મને તું થોડી ઘણી મદદ કર તોજ હું મારો ધંધો નીભાવી શકું તેમ છું. તને ખુદાએ આપ્યું છે. તો થોડી ઘણી મારી પણ નજર રાખ."

"તને આપું? તું તારા નશીબે દુઃખી થતો હઇશ. તને આપું એ કરતાં હાજર ઇમામને નામે તેજુરીમાં નાખું નહિ કે એકના સવા લાખ ગણા મને સ્વર્ગમાં મળે અને મારા જીવની ગત થાય? મહેનત કરો, ભાઇ. ખાને કોઇ દિવસ વખતસર હાજર થયો છો? સ્વર્ગમાં હુરીઓ છે તે તને કયાં મળવાની હતી?" હેમરાજ તાડુકી ઉઠયો.

શીરીંની આંખમાંથી આંસુની ધાર ચાલી. તેણે પોતાના ખીસામાંથી પાકીટ કાઢી રૂા. ૨૫) ની નોટ હેમરાજના કરગરતા ભાઇના હાથમાં મુકી. હેમરાજ ગુસ્સામાં ત્યાંથી ખાને ચાલ્યો ગયો.

# બેવફા વફાદારી

લગભગ રાતના સાડા નવનો વખત હતો. જમાતના માણસો સૌ સૌને ઘેરે જતા રહ્યા હતા. હરરાજીમાં ખપેલ માલનો એંઠવાડ, તરબુચની છાલ વિગેરે, જમાતખાનાને ગંદકીમાં ખદબદાવતા હતા ઘરડી ડોશીયો તથા ડોસાઓ પથારીઓ પાથરી એક બીજાથી વાતો કરી રહ્યા હતા.

"લ્યો પ્રેમજીભાઇ, રૂા. ૫૨૫) થયા."

જમાતના મુખી દેવજીભાઇ જમાતના બીજા ૪–૫ માણસો સાથે તેજુરીમાંથી રૂપીયા કાઢી ખડકલો કરી ગણતા હતા. છેલ્લી પચીશની થોકડી ગણી ઉંચું માથું કરી તે પ્રેમજીભાઇને આપતાં તેમણે છેવટનો આંકડો જણાવ્યો. પ્રેમજીભાઇએ તે ગણી થેલીમાં નાંખ્યા અને કોથળીનું મોઢું કકડાવીને બાંધી લીધું.

એ પ્રેમજીભાઇ કોણ હતો? લોકોમાં લુંટ ચલાવી, કોમમાં અંધશ્રદ્ધા ફેલાવી, કોમને અવળે રસ્તે ચડાવી, નાશની સાથે ભેટો કરાવનાર એ પ્રગણા કામડીયો, ના. આગાખાનનો વફાદાર દલાલ હતો.

એ માણુસ એ હતો કે જેણે અનેક વખત કોમના માણસો ઉપર અનહદ જુલમ વર્તાવી, ત્રાસ ફેલાવી, ગરીબો પાસેથી પૈસા પડાવી પોતાના શેઠ આગળ રજુ કર્યા હતા.

એ માણુસ એ હતો કે જેણે ગરીબોને વગર કારણે આપખુદ કાઉન્સીલમાં ખડા કરી નાત બહારીની સજા કરાવી હતી.

એ પૈસો શાનો હતો? ભોળા લોકોને ભોળવી, ખોટા વહેમથી ભરમાવી, કોમના ખીસામાથે ભયંકર લુંટ ચલાવી, કોમની સામે જોહુકમીનો ક્રુર કોરડો ફેરવી એકઠો કરેલો એ પૈસો હતો અને આજે તેને દરીયા પાર કરવા સારૂ કોથળીમાં પુરવામાં આવ્યો હતો.

કોમની દયામણી સ્થિતિ ઉપર તીરસ્કારની નજર ફેરવતા, કોમના પેટ ઉપર આનંદથી પાટુ મારી ઉમંગકા ભેર ચાલવામાં મજા માનતા, કોમના શ્રાપ વહોરી જતા કામડીયા સાહેબ બગલમાં થેલીને દબાવી મલકાતા મલકાતા દરવાજા બહાર નીકળ્યા.

કોમના ભલા માટે વપરાવો જોઇતો પૈસો વિલાયતના મોજશોખ પાછળ વાપરવા માટે કુહાડાના હાથા બની કામડીયાએ દરીયા પાર કરી દીધો. દયામણા મોંએ એ થેલી ઉપર કોમે એ આંસુડા પાડયાં.

---

શીરીં તથા મેરાલી નદીની રેતીમાં થોડી વાર આંટા મારી આવ્યા. રસ્તામાં શીરીંએ પતિને પુછયું.

"આ લોકોને હુરીયું જોઇએ છે, તો વ્હાલા તમને નથી જોઇતી? તમે પણ ખીસાં ખાલી કરો ને!"

મેરાલીએ શીરીંની આંગળી જરા દબાવી. પછી ધીરેથી કહ્યું. "પુરૂષો તો હુરીયો માટે મરે છે. પણ સ્ત્રીઓ?"

આ અણધાર્યા જવાબથી શીરીં શરમાઇ ગઇ. તમાચો મારવા હાથ ઉગામ્યો પણ મેરાલીએ તે પકડી લેતાં પતિ પત્નિ હસી પડયાં.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૪૬.**

"લોકલ કાઉન્સીલને પોતાના તાબાના ગામો પૈકી કોઇ ગામમાં પોતાની મીટીંગ ભરવાનું કાંઇ કારણસર જરૂરી જણાય તો તેમ કરવા તેને અખત્યાર છે."

લોકલ કાઉન્સીલના આંતરીક વહીવટનો આ એક પેટા વિષય હોવાથી તેના ઉલ્લેખની જરૂર નથી. તે દ્રષ્ટિએ આ કલમ બીનજરૂરી છે.

**કલમ ૪૭.**

"લોકલ તેમજ સુપ્રીમ કાઉન્સીલની કોઇ બેઠક વખતે, કામકાજ શરૂ કરતી વખતે જો પ્રેસીડેન્ટ ગેરહાજર હોય તો હાજર થયેલા મેમ્બરોએ તેની જગ્યોએ પોતામાંથી કોઇને એકટીંગ પ્રેસીડેન્ટ નીમવો અને એ દરજ્જે તેણે કામ ચલાવવું. કામ શરૂ થઇ ગયા પછી પ્રેસીડેન્ટ આવે તો તેનો વોટ બાકીના મેમ્બરોના વોટ જેવો ગણવો."

આ કલમનો પહેલો અરધો ભાગ આગળ આવી ગયેલ કલમ ૯ સાથે પુરેપુરો મળતો છે, અને તેને ફરીથી આ કલમમાં દાખલ કરવાથી એકની એક વાત ફરીથી કહેવામાં આવે છે, જે બીનજરૂરી હોવા ઉપરાંત ખુદ કાયદાનુંજ કાઉન્સીલનું અજ્ઞાન બતાવે છે. પાછળનો અરધો ભાગ બરાબર છે.

**કલમ ૪૮.**

"લોકલ કાઉન્સીલે પોતાની સાધારણ અથવા સ્પેશીયલ મીટીંગ પોતાના તાબાના કોઇપણ ગામે તેમજ કોઇપણ સગવડ પડતા વખતે પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે ભરવી."

આ પહેલાંનીજ એક નહિ ને બીજી કલમ ૪૬ માં આ હકીકત આવી જાય છે. કાયદાનું આટલું બધું અજ્ઞાન મૂર્ખતાની હદ સુધી પહોંચી જાય છે.

કલમ ૪૮ પુરી થતાં પ્રકરણ પહેલાંનો વિષય પહેલો પુરો થાય છે. આ વિષયને મથાળે "લોકલ કાઉન્સીલોએ કેવી રીતે કામ ચલાવવું તેને લગતા ધારા" એમ લખવામાં આવ્યું છે. છતાં સુપ્રીમ કાઉન્સીલને પણ લાગુ પડતી હોય કે તેને ઉદ્દેશીને લખાયેલી હોય તેવી ૩ કલમો આ વિષયમાં ઘુસી ગઇ છે : કલમ ૩૮, ૩૯ તથા ૪૭. ઉપરાંત "કામ ચલાવવાના" આ ધારાઓમાં "કામ ચલાવવા" સાથે જેને જરા પણ નીસ્બત નથી એવી કલમ ૨૨ ઇરાદાપૂર્વકની લુચ્ચાઇથી ઘુસાડી દેવામાં આવી છે.

**કલમ ૪૯.**

"કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલનું હેડ કવાર્ટર રાજકોટ કેમ્પમાં રહેશે. ત્યાં સુપ્રીમ કાઉન્સીલ દર બબ્બે મહીને અંગ્રેજી મહીનાની સાતમી તારીખે સ્ટાન્ડર્ડ ટાઇમ ૧૧ વાગે પોતાની મીટીંગો ભરશે. પરંતુ કાઉન્સીલને પોતાની મીટીંગો કાઠીયાવાડના સ્થળો પૈકી કોઇ જગ્યોએ ભરવાની જરૂરીઆત જણાય તો તેની મીટીંગો જે જે વખતે અનુકુળ જણાય તે તે વખતે ભરી શકશે."

સુપ્રીમ કાઉન્સીલ જે મનસ્વીપણું માણે છે તેની આ કલમથી શરૂઆત થાય છે. 'લોકલ', 'સુપ્રીમ', 'કાઉન્સીલ', 'હેડકવાર્ટર', 'કેમ્પ', 'સ્ટાન્ડર્ડ', 'ટાઇમ', 'મીટીંગ', 'પ્રેસીડેન્ટ', 'લીસ્ટ', 'જી. સી. આઇ. ઇ.', 'જી. સી. વી. ઓ.', 'જી. સી. એસ. આઇ.', 'એલ. એલ. ડી.', 'સ્પેશીયલ', 'કાસ્ટીંગ', 'વોટ', 'મેમ્બર', 'જનરલ', 'હૉલ', 'પ્રોસીડીંગ', 'રીપોર્ટ', 'પબ્લીક', 'રેકર્ડ', 'ડીપોઝીટ', વિગેરે, વિગેરે થોક બંધ અંગ્રેજી શબ્દોનો ઉપયોગ ભોળી અને અજ્ઞાન ખોજા કોમના મગજમાં એવો ભ્રમ પેદા કરવા માટે થતો લાગે છે કે તેને દુનીયાનું કોઇ અજોડ અને કેળવાયેલ બંધારણ મળી ગયું છે. આ બંધારણના ઘડનારને જો ગુજરાતી ભાષાના શબ્દોનું જ્ઞાન ન્હોતું તો તેણે કોઇ નિષ્ણાતની સલાહ લેવી જોઇતી હતી. આ શબ્દો એવા નથી કે તેના પુરેપુરા અર્થવાહક શબ્દો ગુજરાતી ભાષામાં ન મળી શકે.

**કલમ ૫૦**

કાઉન્સીલની ખાસ બેઠક કયારે કોણ કઈ રીતે બોલાવી શકે તે સંબંધેની છે.

આ કલમ માટે કશું લખવાપણું નથી.

**કલમ ૫૧.**

"સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરો પહેલી જાનેવારીથી ચાર વરસ સુધી પોતાનો મેમ્બર તરીકે હોદ્દો ધરાવશે. તેટલો સમય ખલાસ થતાં, મુદત ખલાસ થવા અગાઉ બે મહીના પહેલાં બધા મેમ્બરો પોતાનાં લેખીત રાજીનામાં સુપ્રીમ કાઉન્સીલ મારફત નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને મોકલી આપશે. તેજ વખતે તેટલાજ બીજા લાયક ગૃહસ્થો સદરહુ કાઉન્સીલ પસંદ કરશે અને તેઓનાં નામ

( અનુસંધાન માટે જુઓ પાનું ૯૩ )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શું જોઇને ?          છુટક નકલ ત્રણ પૈસા.          Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

B. H. Joshi.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૧૩ : મે ૧૬ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના વૈશાખ વદ ૬ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## એ દોલત !

"…………આમ વેડફાઇ જતી લક્ષ્મિનો અટકાવ કેમ થઇ શકે ? જે દ્રવ્યસંચય એકઠો થયો છે તેનો સદુપયોગ કેમ થઇ શકે ? પ્રજાની ગરીબી ટાળવા આ ધર્મને નામે લુંટેલી લક્ષ્મિ હસ્તગત કરવા શા ઉપાયો લેવા ? વિગેરે પ્રશ્નો ગંભીરપણે પણ ત્વરાથી વિચારવાના રહે છે. વિમાનની ગતિએ જગત આગળ ધપ્પે જાય છે તેમાં કીડી વેગે પ્રગતિ કરનાર હિંદ કચરાઇ મરવાનુંજ છે. વડીલોની શરમ, નારકી યાતનાઓનો ભય, રૂઢિબંધનો, ધાર્મિક વ્હેમો, વિગેરેને તિલાંજલિ આપીને હિંદના યુવકોએ જીવન પલટો કરી નાખ્યેજ છુટકો છે. કાપુરૂષોસમા રૂઢિરક્ષકોના મંતવ્યોને મારી નાખવા, કૂપમંડુકોને બહાર કાઢી વિશાળ સરોવરનું ભાન કરાવવા, ધર્માચાર્યોના ધતિંગો ખુલ્લાં પાડવા ને તેમની સત્તાના ચૂરેચૂરા કરી નાખવા, તેમને ગરીબ પ્રજાનાં લોહીથી ખરડાયલાં નાણાંનો સ્વચ્છંદ ને વિષય તૃપ્તિમાં ઉપયોગ કરતા અટકાવવા અને એમણે એકઠા કરેલા દ્રવ્યને પ્રજાના ઉદ્ધાર કાર્યમાં યોજવાનો પ્રબંધ કરવા યુવકોએ કમર કસવી જોઇશે. ધાર્મિક સંસ્થાઓની સુધારણા માટે જબ્બર પાયા ઉપર ચળવળ ચલાવવી જોઇએ. સ્વરાજ્યની જેમ આ પ્રશ્ન પણ સર્વદેશી બની જવો જોઇએ. ધાર્મિક અને સામાજિક સડો સાફ કરવા યુવકોએ યાહોમ ઝુકાવવું જોઇએ. આઝાદીના દરેક અંગને નિષ્પ્રાણ કરતી આ પુરાણી પ્રથાઓને કોઇ પણ ભોગે પોષાતી અટકાવવી જોઇએ, તેના પાયા હચમચાવી મૂકવા જોઇએ. "

( " શુભ સંગ્રહ " ભાગ ૬ માંથી. )

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૬-૫-૩૩.

## શું જોઇને ?

આપણી સામે એક ઘણોજ ગંભીર અને અગત્યનો પ્રશ્ન ઉભો છે. શું જોઇને આપણે કાઉન્સીલના આ તંત્રને ટકાવી રહ્યા છીએ? એવું તે આપણે એમાં શું ભાળી ગયા છીએ કે મડાગાંઠની મજબુતીથી આપણે તેને વળગી રહ્યા છીએ? આ પ્રશ્ન ઘણીજ શાંતિથી અને કોઇ પણ જાતના ઉશ્કેરાટ શિવાય સહુ કોઇએ વિચારી જોવાનો છે.

કાઉન્સીલ આપણી પાસેથી ફરજીઆત લાગાઓ જબરજસ્તીથી લ્યે છે એ વાત નાનું બચ્ચું પણ અત્યારે જાણે છે. આ લાગાઓનો ભાર આપણે કોઇ રીતે સહન કરી શકીએ તેમ નથી એ વાત આપણું હળવું થએલું ખીસું સાફ સાફ જણાવે છે. છતાં આપણે કાઉન્સીલને વશ થઇને વર્તીએ તો શું દુનિયા કરતાં આપણી ફીલસુફી જુદી છે કે આપણું બુરૂં કરનારનેજ આપણે આપણું ભલું કરનાર માની લઇએ ?

ફરજીઆત લાગાઓની સાથે ધર્મને નામે, નાતના રિવાજને નામે, એક અથવા બીજી રીતે કાઉન્સીલે એવા મરજીઆત લાગાઓ જોડી દીધા છે કે ફરજીઆત લાગાઓના જેટલાજ તે આપણને ભારે પડે છે. છતાં કાઉન્સીલની આ ઉભી કરેલી જાળમાં શા માટે આપણે હાથેજ આપણે અટવાઇ રહ્યા છીએ ?

કાઉન્સીલ એટલે નાતના પટેલોનું મંડળ. નાતના પટેલો એટલે નાતના સેવકો. દરેક નાતની આ વ્યાખ્યા. આ વ્યાખ્યાને પડતી મુકી કાઉન્સીલે તેથી સાવ ઉલટી વ્યાખ્યા બાંધી કે નાતના પટેલ એટલે નાતના ધણી. કાઉન્સીલ આપણી કોમ ઉપર ધણીપણું ભોગવવા માગે છે અને ભોગવે છે. આપણને તે 'ભાઇ' કહેતાં લખતાં શરમાય એટલે 'શખ્સ' કે 'ઇસમ' કહે. આપણે તેની 'પ્રજા' છીએ એમ તેના કાયદામાં તે સ્પષ્ટ લખે. આપણે તેના 'તાબા'ના છીએ એમ તે છાતી ઠોકીને બોલે; અને "આમ કરનારને શિક્ષા કરવામાં આવશે; આથી વિરૂદ્ધ વર્તનારને સખ્ત શિક્ષા કરવામાં આવશે." એમ તો તેની કલમે કલમે તે ઉચ્ચારે. આપણા દાસ જે હોવા જોઇએ તે આપણી સાથે આટલી અપમાન ભરેલી રીતે વર્તે એ શું તેને વળગી રહેવાના આપણા મોહનું કારણ છે ?

આપણને કોઇ જાતની સંસ્થા કાઉન્સીલ પોતાની પરવાનગી વગર ન ખોલવા દે. બોર્ડીંગ કે લાયબ્રેરી જેવી કોમની કેળવણીના ખાસ અંગભૂત જેવી નિર્દોષ અને નાનકડી સંસ્થાઓ આપણે ખોલવા જઇએ તેમાં પણ કાઉન્સીલ આડી પડે. એ સંસ્થાના નિભાવ માટે આપણે પરસેવો ઉતારીને ફંડ એકઠું કરીએ એટલે કાઉન્સીલ તે તુરત આપણી પાસેથી ઝુંટવી લ્યે. આપણી પ્રગતિ અને કેળવણી સામે કાઉન્સીલ દરવાજા બંધ કરે છે તેથી ખુશી થઇને આપણે તેના ગુલામ બની રહ્યા છીએ ?

આપણે બહાર દેશાવર જઇએ તો આપણે કાઉન્સીલની રજા ચીઠી જોઇએ. આપણા દીકરા દીકરી પરણતા હોય તો નીકા થતાં પહેલાં આપણે કાઉન્સીલની મંજુરી મેળવવી જોઇએ. આપણે ઘરે કોઇ ગુજરી જાય તો તેના મૈયતને નવરાવતા કે દફન કરતાં પહેલાં આપણે કાઉન્સીલની પરવાનગી મેળવવી જોઇએ. આપણા સામાજીક વ્યવહારના સર્વ સૂત્ર આવી રીતે પોતાના અંકુશમાં લઇ લેવાની કાઉન્સીલની ધૃષ્ટતાથી આપણે તેને વળગી રહ્યા છીએ ?

જુદી જુદી અનેક રીતે આપણી પજવણી કરવા છતાં પણ કાઉન્સીલને ફાવે ત્યારે ફાવે તેટલો જુલમ આપણા ઉપર ગુજારવાની તેના કાયદામાં અનામત કલમો રહે. આપણી સર્વસ્વ માલીકી તે તેના હાથમાંજ રાખે. આથી આપણે તેના ઉપર મુગ્ધ થઇ ગયા છીએ ?

શાંતિથી વિચારનારને એક પણ કારણ કાઉન્સીલને વળગી રહેવાનું મળશે નહિ. કાઉન્સીલે આપણું ધન લુંટયું છે. આપણું સ્વમાન હણ્યું છે. આપણને ગુલામ બનાવ્યા છે. આપણા સામાજીક વ્યવહારમાં તેણે અનેક આડખીલીઓ ઉભી કરી છે. આપણને કેળવણીથી વિમુખ રાખ્યા છે. આપણામાંથી પ્રેમનું તત્ત્વ તે ચૂસી ગઇ છે. આપણા સંપનો તેણે નાશ કર્યો છે. આટઆટલાં કારણો છતાં, આપણી પાયમાલીના તે પેગમ્બરે આપણું સર્વસ્વ ફના કરવા છતાં, આ નક્કર હકીકતો સમજવા અને નજરે જોવા છતાં આપણે શું જોઇને આ કાઉન્સીલને વળગી રહ્યા છીએ ?

# નામર્દાઈનો નમુનો.

લેખકઃ **શ્રી. હાશમ વાલજી સવાણી.**

રૂપશીનો જુવાન દીકરો આજે મરણ પામ્યો છે. દવા કરવામાં તેણે કાંઇ બાકી રાખેલ નહિ. પણ જ્યાં આયુષ્ય ખુટયું ત્યાં ઉપાય શું ? રૂપશી ઘણોજ ગરીબ અને રોજે રોજનું લાવી ખાનારો. છતાં દીકરા માટે સર્વસ્વ ફના કરવામાં તેણે પાછું વાળી જોયું ન્હોતું. મોંઘી મુડી તરીકે સાચવી રાખેલો રૂપાનો થોડો ખરીચો અને સારી ચીજ, છેવટે લુગડું પણ વેચી દીકરાની દવા માટે તેણે બધું ખલાસ કર્યું હતું. આજ સાજો થઇ જશે કાલ થઇ જશે એમ લાલચમાં દહાડા કાઢયા, પણ અંતે નિષ્ફળતા મળી. રૂપશીનું કાળજું વલોવાઇ ગયું. તેને હદથી વધારે આઘાત થયો. પાસે ઉભનાર જોઇ શકે નહિ એવું તેનું આક્રંદ હતું.

ઘરમાં પણ રૂદન અને રડાકુટનું રાજ્ય ચાલ્યું. પાડોશીઓને ખબર પડતાં રૂપશી પાસે તેઓ દોડી આવ્યા અને આશ્વાસન આપવા લાગ્યા. જમાતને ખબર કહાવી. મુખી કામડીયા તથા જમાત ભારે ખમ થઇને રૂપશીને ઘરે હાજર થયા. મુખીના ધોતીયાંની અંદર એક નાની એવી ચોપડી છુપાએલી હતી.

રૂપશી આ મુખી કામડીયાની, આગાખાની તંત્રના થાંભલાઓની, સગવડતા માટે ટટ્ટાર થયો. જે દુઃખ રૂપશીને હતું તે બીજાઓને ન હતું.

રૂપશીના હૃદયમાં ભારનો પાર ન હતો. તેનાથી બોલી પણ શકાતું ન હતું. તો પણ ગળું ખંખારી આવતાં ધ્રુસકાંને રોકી, તેણે મુખી કામડીયાની પાસે અરજ કરી કે મૈયતને હવે નવરાવવાનો હુકમ આપો. મુખીએ પવિત્ર કાયદાની પવિત્ર ચોપડી કાઢી થોડાં ઘણાં પાના ફેરવી કલમ ૧૧૬ શોધી કાઢી. તેમાં નીચે મુજબ લખેલ હતું:—

" નિકા ( એટલે શાદીના કરાર ) અને ગમીની ક્રિયા જેવી કે ગુસલ ( લાશને ધોવા ) ની ક્રિયા, લાશ ઉપર નીમાજ પડવાની, વિગેરે કાર્યોને લગતી ક્રિયાઓ મુખી અને કામડીયા તરફથી નિમાયેલા માણસો તરફથી કરાવવામાં આવશે. સદરહુ નિમાયેલા ખાસ શખ્સો હાજર ન હોય તો પછી વારસ અથવા મુખી અથવા કામડીયાની સલાહ લેવી, અને તેમની સૂચના મુજબ વર્તવું. કોઇ શખ્સ એથી વિરૂદ્ધ વર્તશે તેને કાઉન્સીલ તરફથી શિક્ષા થશે. "

પોતાની સત્તાની પાકી ખાત્રી કરી લીધા પછી તેણે રૂપશીને જવાબ આપ્યો.

" જુઓ રૂપશીભાઇ, તમારે માથે બહુ અનર્થ થયો. પણ જેવી હાજર ઇમામની મરજી. મૌલા જેમ રાખે તેમ રહેવું. અમે કાંઇ રજા આપવા ના નથી કહેતા. પણ અમારે પણ જવાબ આપવાનો હોય છે તે તમે જાણો છો. તમારી પાસે ફાળાના રૂા. ૭) તથા ચંદ્રાકીના રૂા. ૮) એમ રૂા. ૧૫) લેણા રહે છે. તે આપી દો એટલે મૈયતને નવરાવવાનું ચાલુ કરીએ. કેમ કામડીયા, એમજને ? "

**કામડીયોઃ** હા, બીજું શું ?

**મુખીઃ** કેમ અમલદારીઓ, આપણી ફરજ આપણે બજાવવી જોઇએ.

અમલદારીઓએ પણ દાઢી ખજવાળતાં કચવાતે હૃદયે હામાં હા ભેળવી. પછી મુખી જમાત તરફ ફરીને કોયલની પેઠે ટહુકયા.

" કાં ભાઇઓ, આપણુને પણ કાઉન્સીલ પુછનાર છે. વળી આપણા સ્વાર્થ માટે આપણે કયાં કાંઇ કરીએ છીએ ! મરી ગયા પછી એનેજ સવાલાખ ગણા મળવાના છે. આપણે તો મુખી તરીકે પવિત્ર કાયદા પ્રમાણે જમાત ચાલે તે જોવું ને તેમાં લખેલ આમદાની આવે વખતે અગર લગ્ન વખતે પતાવવી અને અપજશના ધણી થવું. જમાતના પાપમાં મુખી કામડીયાને માથે ભાગ ચડે છે. એટલે અમારે બીજું શું કરવું ? હાજર ઇમામના ચડેલ પૈસા લઇને પછી તુરત મૈયતની ક્રિયા કરાવવી જોઇએ. કેમ શરીફભાઇ ? " શરીફભાઈ કે જે મુખી કરતાં પણ ક્રુર હતા તેને મુખીએ પુછયું.

" હા, હા. તેને ચડયે ચડયું આપી દેવાની ટેવજ નથી. " શરીફ કેડીયામાંથી જુ પકડતાં પકડતાં બોલ્યો.

રૂપશીના હૃદયમાં વેદના હતી. આ વાર્તાલાપથી તે હવે બમણી થઈ. આકાશ જાણે તુટી પડયું. કોઈ માણસ રૂપશીની તરફેણમાં નજ બોલ્યું.

અત્યારે શોકાગારને સટાની બજાર બનાવવામાં આવી. કોઇને દયા ન પેદા થઈ. થઈ તો કોઈ બોલી ન શકયું. કોઈ કહે ' આપણે શું કામ કાઉન્સીલની કે જમાતની આંખે ચડવું જોઇએ ! '

રૂપશી હાથ જોડી ગળગળો થઈ ગયો. " મારી પાસે કાંઈ નથી, અને હું શું આપું ? મારી સ્થિતિ તમે બધા સારી રીતે જાણો છો. દવા કરાવવા પણ મારી પાસે પૈસા ન હતા. મારી પાસે થશે એટલે આપી દઇશ. હમણાં તો મારા ઉપર દયા કરી મારા દુઃખ સામે જરા નજર કરો. નાતીલાના હાથ મોટા છે, ને મારૂં કામ ઉકેલો. ખુદા તમારૂં ભલું કરશે. "

**મુખીઃ** ખુદા શું ભલું કરે ! અમારે શા સારૂ ગુન્હામાં આવવું જોઇએ ! કયાં અમારે ઘરે લઇ જવા છે ? આપણી મુકિત માટે આપણે સરકાર સાહેબને દેવા છે, જેણે મારી ને તમારી બધી ખોજા આલમની મુકિત માટે અવતાર લીધો છે.

મુખી આમ બોલતાં બોલતાં ઉઠયા અને બીજાઓ પણ ઉઠયા. બધા નામર્દો ઉઠીને ચાલ્યા ગયા. ન કોઇને થયું કે એક ગરીબ જ્ઞાતિભાઈની આંતરડી કકળી રહી છે તેમાં મદદ કરવાને બદલે જુલમ શા માટે કરીએ છીએ.

ન કોઇને સુજયું કે એક ગરીબ ડોસાના આવા દુઃખના પૈસા શા માટે પરદેશ એક પરનાતીલા ઉપર ચડાવવા કે જે આપણી નજરે એક દિવસમાં હજારો રૂપીયા ઉડાડી મુકે છે.

ન કોઇને થયું કે કાઉન્સીલ કે પટેલો ન હોય તો પણ લાશને નવરાવાય કે દફન કરાવાય. નાત વગર ગત નહિ એ ક્ષુલ્લક વિચાર ન કોઈ તોડી શકયું.

દયા આવી તે ગરીબ હતા, બીકણ હતા. હામાં હા કરનારા તથા થયું તે જોયું અને થાય તે જોવું એવા વિચારના હતા. ઘણા ખરા મુખીથી દબાઈ ગયેલા હતા.

( અનુસંધાન જુઓ પાનું ૧૦૩. )

# "અજબ આ કાઉન્સીલ કારોબાર!"

## નીચેની હકીકતો જાણવા જેવી છે :—

૧

કાઠીયાવાડમાં આકરાપણા માટે નામ કાઢનાર વઢવાણ કેમ્પ લોકલ કાઉન્સીલની આ વાત છે. ગઇ સાલગ્રેહ વખતે કાઉન્સીલના કરકસર (?) ના ફરમાન અનુસાર વઢવાણ કેમ્પમાં ખુશાલીનું જમણ કરવા એક ફાળો થયો હતો. વઢવાણ કેમ્પમાંજ વસતા અને ભાડાથી ઘોડાગાડીઓ ચલાવવાનો ધંધો કરતા એક ભાઇ નામે રહીમ નાનજીના ભાગમાં રૂ. ૧) ફાળો નોંધાવવાનું આવ્યું હતું. જ્યારે ફાળાની રકમની ઉઘરાણી થઇ ત્યારે ભાઇ રહીમે પોતાના દીકરા સાથે રૂ. ૧) મોકલાવી આપ્યો. પણ ફાળો કરનારાઓએ તે લીધો નહિ અને રહીમભાઇને જાતે આવી આપી જવા કહ્યું. ભાઇ રહીમને આ અપમાનજનક લાગ્યું હોય કે ગમે તેમ પણ તેઓ પોતે ગયા નહિ. ફાળાની રકમ ન્હોતી પહોંચી એટલે જમાતના જમણમાં તેઓએ ભાગ લીધો નહિ અને જમવા ગયા નહિ. આ ઉપરથી વઢવાણ કેમ્પ લોકલ કાઉન્સીલમાં ભાઇ રહીમ ઉપર એક ફરીયાદ દાખલ થઇ, અને તેમના રૂ. ૫૧) દંડ કરવામાં આવ્યો. રહીમભાઇએ માફી માગતી એક અરજી કરી પણ કાઉન્સીલે પોતાનો નિર્ણય બદલાવ્યો નહિ. આ ઉપરથી ભાઇ રહીમે જો દંડ માફ ન થતો હોય તો પોતે કરેલી અરજી પાછી આપવા માગણી કરી. કાઉન્સીલે તે અરજી પાછી આપવા સાફ ના કહી. કહેવાય છે કે આ ઉપરથી બોલાચાલી થઇ અને મારામારી પણ થઇ. છેવટે બન્ને પક્ષ તરફથી વઢવાણ કેમ્પમાં સામસામી ફોઝદારીઓ કરવામાં આવી. આ પછી આ બધો ખટલો સુપ્રીમ કાઉન્સીલ આગળ આવ્યો. ગઇ તા. ૭-૮-૯ ના રોજ મળેલ તેની બેઠકમાં એવું ઠરાવવામાં આવ્યું કે બન્ને પક્ષે ફોઝદારીઓ પાછી ખેંચી લેવી અને ભાઇ રહીમે રૂ. ૫) 'ગુન્હેગારી' ના કાઉન્સીલને આપવા. વાહ, ઇન્સાફ! જાતે કરેલી અવળચંડાઇના બદલામાં રૂ. ૫૧) દંડ કરવો અને પછી સમાધાન કરીને રૂ. ૫) કરવા. "હું તારી આંખમાં આંગળી નાખું અને તારે મારા મોઢામાં આંગળી નાખવી" ની કહેવત મુજબ કાઉન્સીલ આબાદ વર્તી શકે છે

૨.

થોડા દિવસો પહેલાંજ રાજકોટ લોકલ કાઉન્સીલની એક ખાસ બેઠક 'તાબા' ના ગામ આણંદપુરમાં મળી ગઇ. હકીકત એવી છે કે લગભગ ૭ સાત વરસ પહેલાં આપણા એક ભાઇ નામે વલી ઇસ્માઇલ આણંદપુરમાં ગુજરી ગયા. પોતાની હૈયાતી દરમ્યાન તેમણે બહુજ કરકસર અને ઓછો ખર્ચ રાખી રૂ. ૫૦૦) ભેગા કર્યા હતા. છેલ્લી ઘડીએ તેમણે આણંદપુરનાજ રહીશ ભાઇ વેલશી ધરમશીને બોલાવી ભેગા કરેલા રૂ. ૫૦૦) તેમને આપ્યા અને તેમની મરણ તીથીએ દર વરસે આણંદપુર જમાતને જમાડવાની તેમણે વસીઅત કરી. આ જમણનું ખર્ચ રૂ. ૫૦૦) ના વ્યાજમાંથી કરવાનું. આણંદપુરની જમાત રૂ. ૫૦૦) ના વ્યાજમાંથી ખુશીથી જમાડી શકાય તેવડી છે. આ મુજબ થોડાક વરસો સુધી ભાઇ વેલશી ધરમશીએ નાતને જમાડી. પણ સંજોગવશાત છેલ્લા એક વરસથી તેઓ ન્હોતા જમાડી શકતા. આ ઉપરથી આણંદપુરના કેટલાક જમણ ભક્તોએ રાજકોટ લોકલ કાઉન્સીલને ફરીયાદ કરી. વેલશીભાઇ ઉપર સમન્સ નીકળ્યા અને એ ત્રણ ધક્કા તેમને રાજકોટના થયા. ખુબ ધોળાધોળ પછી રાજકોટ લોકલ કાઉન્સીલની એક ખાસ બેઠક આણંદપુર મળી, અને ગમે તે રીતે પણ ભાઇ વેલશી ધરમશી પાસેથી એ રકમ કાઉન્સીલે પોતાના હસ્તક લઇ લીધી અને તેમની પાસેથી દસ્તાવેજ કરાવી તે ના. આગાખાનના નામ ઉપર ચડાવી દીધી. રાજકોટ લોકલ કાઉન્સીલના મેમ્બરો તો ઠીક પણ સુપ્રીમ કાઉન્સીલનો એક નામીચો મેમ્બર આણંદપુર શા માટે ગયો હતો? કહેવાય છે કે રાજકોટ લોકલ કાઉન્સીલની નાની મોટી બધી બાબતોમાં તે ડખલ કરે છે. રાજકોટ કાઉન્સીલને ઘરની બુદ્ધિ નથી કે તેને આવી રીતે પારકી બુદ્ધિ અને સલાહ સ્વીકારવી પડે છે?

ભાઇ વેલશી ધરમશી પાસેથી આવી રીતે રૂ. ૫૦૦) નો દસ્તાવેજ કરાવી લેવાની કાઉન્સીલને શું સત્તા હતી? જો ગુજરનાર ભાઇએ તે કાઉન્સીલના નામ માથે ચડાવી દેવા વેલશીભાઇને આપ્યા હોત તો જુદી વાત હતી. પણ તેમ નથી. એકલા વેલશી ભાઇએ તેની વ્યવસ્થા કરવાની હતી. કાઉન્સીલ લેણી દેણી દરેક રકમમાં વેલશીભાઇના હામી થવા તૈયાર છે?

૩.

સુપ્રીમ કાઉન્સીલની એક બેઠકમાં ૭ મેમ્બરોની સહીવાળી એક દરખાસ્ત રજુ થઇ કે આપણે બરાબર વખતસર કામકાજ કરવું. સત્તર મહાશયો આથી ખુલ્લા વિરૂદ્ધ પડયા કે વખતસર કામ કરવાની કાંઇ જરૂર નથી. પાંચ મહાનુભવોએ મુંગો વિરોધ બતાવ્યો. એ રીતે ૬ વિ. ૨૨ મતે આ દરખાસ્ત ઉડી ગઇ. શાબાશ છે! જો વખતસર કામ કરવાનું નક્કી થાય તો વળી સુપ્રીમ કાઉન્સીલની સંપૂર્ણ આપખુદીમાં થોડી આંચ આવે ને?

---

## "ખોજા જાગૃતિ" આપે વાંચ્યું?

તો તેના ગ્રાહક તરીકે આપનું નામ તુરતજ નોંધાવો. માત્ર બે રૂપીયામાં તમને એ ખોજા કોમના જીવન મરણના પ્રશ્નોની નીડર ચર્ચા સાથે જગતના છેલ્લા સમાચાર એક વરસ સુધી તમારા ઘર બેઠાં પહોંચાડશે.

લખો :— વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"
દાણાપીઠ-રાજકોટ.

# અપ્રસિદ્ધ આલીજહાં

દેખાવમાં શેવરોલેટને આંટી દે એવી પણ દાદા આદમના વખતની, પોલીશ કરેલ એક મોટર ૪૦ માઇલની ઝડપથી દોડતી આવે છે. વ્યવહારનું નિયમન કરવા રસ્તામાં ઉભેલો પોલીસ તેને અટકાવે છે.

પોલીસ : (સીટી વગાડી.) ખડી રખો.

આલીજહાં વીરજીભાઇની એ મોટર છે. ખુદ આલીજહાં સાહેબ પોતે એ હાંકે છે. દુનિયાના મહાન એવા પોતાને ટકાનો પોલીસ મોટર ઉભી રાખવાનું કહે એ તેમને અપમાનજનક લાગે છે. એ પાંચ ચોડી દેવાનું મન પણ થઇ જાય છે. છતાં માફી આપવાનું ઠરાવી પુર ઝડપથી મોટર હાંકવાનું ચાલુજ રાખે છે.

પોલીસ : (ઉપરા ઉપરી સીટી વગાડતાં) પકડો એ બદમાસને.

પોતે ઉભી રાખવાનું કહેવા છતાં મોટર ઉભી નહિ રહેવાથી પોલીસ ઉપરા ઉપરી સીટીઓ વગાડી બીજા પોલીસોનું ધ્યાન ખેંચે છે અને મોટરને અટકાવવાનું બોલતો જાય છે. પરિણામે અમલદાર સહીત પોલીસની એક ટુકડીએ મોટરને અટકાવી.

અમલદાર : તારૂં નામ શું ? કયાં રહે છે ? તારૂં લાયસેન્સ (પરવાનો) કયાં છે ? દશ માઇલને બદલે ૪૦ માઇલની ઝડપે શા માટે હાંકે છે ? પોલીસો, લઇ ચાલો આ માણસને પોલીસ ચોકીએ.

જોતજોતામાં આલીજહાં મોટર સાથે ગીરફતાર થયા.

આલીજહાં : ઓ, મૂર્ખાઓ ! શું તમે મને નથી ઓળખતા ? હું કોણ ? આલીજહાં*, દુનિયાનો મહાનમાં મહાન પુરૂષ. મને તમે તુંકારે બોલાવો ? મને તમે પકડી શકો ? મારી પાસે લાયસેન્સ માંગો ? તમને ખબર છે તમે આ કોને પુછો છો ?

અમલદાર : ગરબડ નહિ કર. અમે તને ઓળખતા નથી. તું આલીજહાં હો કે ગમે તે હો. અહીં તો સરકારી કાયદા બરાબર પાળવા પડશે. તને ખબર છે, લાયસેન્સ વિના મોટર નથી હાંકી શકાતી ? અને આ પાટીયામાં શું લખ્યું છે ? "દશ માઇલથી વધારે ઝડપથી હાંકો નહિ."

આલીજહાં : તમારા અજ્ઞાન માટે મને દયા આવે છે. દુનિયાના મહાનમાં મહાન પુરૂષને પણ તમે ઓળખતા નથી. તમારા એ કાયદા બીજાઓ માટે હશે, પણ આલીજહાં માટે નહિ. આલીજહાંને તો સર્વસત્તા હોય. તમે આલીજહાંને રોકનાર કોણ છો ? હું તો આ ચાલ્યો.

આમ કહી આલીજહાં બેધડકપણે ચાલવા માંડયા.

અમલદાર : ખબરદાર છે, જો એક ડગલું પણ ભર્યું તો. પોલીસો, નાખો આના હાથમાં કડી.

આલીજહાં સ્તબ્ધ બની ઉભા રહ્યા. પોલીસોએ હાથમાં હાથકડી નાખી.

ભરબજારમાં આ બનાવ બનવાથી અને પોલીસોની સારી એવી સંખ્યા નજરે પડવાથી લોકો પણ ટોળે વળ્યા હતા. આલીજહાંના આવા વર્તનથી લોકો હસતા હતા અને 'ગાંડો છે ગાંડો' એવી અંદર અંદર વાત થતી હતી.

*'આલીજહાં' એ ફારસી શબ્દ છે. બે શબ્દ, 'આલી' અને 'જહાં' નો તે બનેલો છે. 'આલી' એટલે મોટામાં મોટો, 'જહાં' એટલે દુનિયા. 'આલીજહાં' એટલે દુનિયામાં મોટામાં મોટો.

આલીજહાં : (લોકો તરફ ફરી) અરે, મૂર્ખ ઓ ! આ માણસને તો ખબર નથી કે હું કોણ છું, પણ તમનેય ખબર નથી કે હું આલીજહાં છું, દુનિયાનો મહાન પુરૂષ છું ? તમે જુઓ છો કે આ લોકો મને પકડીને લઇ જાય છે. તમારી ફરજ છે કે તમારા મહાન પુરૂષને તમારે છોડાવવો જોઇએ. ચાલો, કોણ મારો જામીન થાય છે ?

લોકોમાંથી કોઇ કાંઇ બોલતું નથી. દુનિયાના આ મહાનમાં મહાન પુરૂષને ઓળખનાર એક પણ માણસ મળતો નથી.

આલીજહાં : તમે બધા પણ બદમાસો લાગો છો.

આલીજહાં સાહેબના બકવાદથી પોલીસ અમલદાર ગુસ્સે થયો. જરા પણ વધુ ગડબડ કરે તો ફટકાવવા હુકમ આપી તે ચાલ્યો ગયો. પોલીસ ટુકડીના પહેરા હેઠળ આલીજહાં 'લોક અપ' (કાચી જેલ) ના કાળા સળીયા પછવાડે કેદ પુરાયા.

**બીજે દિવસે.**

હાથમાં હાથકડી પહેરી બે આગળ અને બે પાછળ બંદુકવાળા ભાઇબંધો સાથે બીજે દિવસે આલીજહાં સાહેબ કોર્ટમાં પધાર્યા. પોલીસો એક બાજુ ઉભા રહ્યા અને વીરજીભાઇને પાંજરામાં ખસેડી પાંજરાનું બારણું બંધ કર્યું.

ન્યાયાધીશને જોતાંજ વીરજીભાઇએ જુનું ભાષણ શરૂ કર્યું. "ઠીક થયું, સાહેબ, કે આપની મુલાકાત થઇ. આ મૂર્ખાઓ મને ઓળખતા નથી અને આલીજહાંને કેદ પકડવાનું સાહસ ખેડે છે. આપ તેને સમજાવો અને મને જલ્દી છુટો કરવા હુકમ કરો."

ન્યાયાધીશ : કાંઇ હરકત નહિ. થોડીવાર ખમો. પછી તમારે જે કહેવું હોય તે કહેજો. તમે જો ગુન્હો નહિ કર્યો હોય તો જવા દઇશ.

આમ કહી ન્યાયાધીશ પોતાને કામે વળગ્યા. આલીજહાં સાહેબ ફરી બોલવા જતા હતા, પણ બંદુકવાળા ભાઇબંધની ફાટેલી આંખે તેમને તેમ કરતા અટકાવ્યા. એક રાતના સહવાસથી ભાઇબંધનો સ્વભાવ વીરજીભાઇ ઠીક ઠીક જાણી શકયા હતા.

ન્યાયાધીશ નવરા થયા. પોલીસે કેસ રજુ કર્યો. બચાવમાં કાંઇ કહેવું હોય તો કહેવા ન્યાયાધીશ વીરજીભાઇ તરફ ફર્યા. "તમારે કાંઇ કહેવું છે ?"

આલીજહાં : આલીજહાંને પુછવાનો કોઇને અધિકાર નથી. આલીજહાં ગુન્હો કરતોજ નથી.

ન્યાયાધીશે ચુકાદો સંભળાવ્યો.

"વગર લાયસન્સે મોટર હાંકવા બદલ એક માસ અને દસ માઇલની ઝડપથી હાંકવાનો હુકમ છતાં ચાલીસ માઇલની ઝડપથી હાંકવા બદલ એક માસ મળી બે માસની સખત કેદની હું તહોમતદારને સજા ફરમાવું છું."

આલીજહાં : અરર ! મારી નાંખ્યા. મેં ન્હોતું જાણ્યું કે મારા ખીતાબની એક કોડી જેટલી પણ કિંમત નહિ હોય. ખરચેલ નાણાં.............

પોલીસના માણસોના અંતરાયથી વીરજીભાઇનો કકળાટ અધુરો રહ્યો. જેલ આવી. દરવાજો ઉઘડયો. આલીજહાં સાહેબને અંદર ધકેલી દેવામાં આવ્યા.

# સપ્તાહનો સાર.

**મ. ગાંધીજીનો છુટકારો :** મહાત્મા ગાંધીજીએ હરીજન પ્રવૃતિને અંગે ગઇ તા. ૮ સોમવાર બપોરથી ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા છે. આ કારણે હિંદી સરકારે એક યાદી બહાર પાડી તેમને બીન શરતે છોડી મુકયા છે. સોમવારે રાતના નવ વાગ્યે તેમને યરવડા જેલમાંથી બંધન મુક્ત કરવામાં આવ્યા છે અને અત્યારે તેઓ પુનામાં લેડી ઠાકરશીના બંગલામાં રહ્યા છે. ઉપવાસ ચાલુ છે. તબીયત ચીંતા ઉપજાવે તેવી નથી.

**સવિનય કાનુન ભંગની મોકુફી :** મ. ગાંધીજીએ બહાર આવતાની સાથેજ હિંદી રાષ્ટ્રિય મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી. આણે તથા બીજા દેશનેતાઓ સાથે મસલત કરી એક નિવેદન પ્રગટ કર્યું છે. આ નિવેદનમાં તેઓ જણાવે છે કે "સત્યાગ્રહની ચળવળમાં ગુપ્તતાનો જે ભાગ પેસી ગયો છે તેણે આ લડતને મરણતોલ ફટકો લગાવ્યો છે. ગુપ્તતા ન રાખવા જતાં એક પણ સત્યાગ્રહી ન મળે તો તેની દરકાર કરવાની નથી. મહાસભાના અત્યારના પ્રમુખ શ્રી. આણે જો મારી સલાહ સ્વીકારે તો સવિનય ભંગની લડત ચારથી છ અઠવાડીયા સુધી મોકુફ રાખવાની હું તેમને વિનંતી કરૂં છું. સવિનય ભંગની ચળવળ સદંતર બંધ કરવાનું જ્યાં સુધી પં. જવાહરલાલ, ખાન અબ્દુલ ગફુરખાન અને બીજા દેશનેતાઓ જેલમાં સડતા હોય ત્યાં સુધી બની શકે નહિ. વળી તેવી સત્તા માત્ર પહેલી કાર્યવાહક સમીતીના હાથમાંજ છે. સરકારને પણ હું વિનંતી કરૂં છું કે લંડનથી પાછા ફર્યા પછી મારૂં અધુરૂં રહેલું કાર્ય હું ફરી શરૂ કરી શકું તે ખાતર અત્યારના બધા ઓર્ડીનાન્સ સરકારે પાછા ખેંચી લેવા અને બધા રાજ્યદ્વારી કેદીઓને મુક્ત કરવા. સત્યાગ્રહની મોકુફી દરમ્યાન જો મહાસભા અને સરકાર વચ્ચે સમાધાન કરવામાં હું નિષ્ફળ નીવડું અને મહાસભા ફરીથી કાયદાભંગની લડત ઉપાડે તો ફરીથી ઓર્ડીનાન્સ ચાલુ કરવાની સરકારને સત્તા છેજ." મહાત્માજીની આ સલાહ મુજબ શ્રી. આણેએ એક નિવેદન પ્રગટ કરી મહાસભાના પ્રમુખની સત્તાની રૂએ સવિનય કાનુન ભંગની લડત તા. ૯ મી મે મંગળવારથી બરાબર છ અઠવાડીયા સુધી મુલતવી રાખવાનું જાહેર કર્યું છે.

મહાસભાના આ પગલાના મિત્રાચારી ભર્યા જવાબ તરીકે સહુ કોઇ એવી આશા રાખતું હતું કે મહાત્માજીની સૂચનાઓ સરકાર સ્વીકારશે. પણ સરકારે એક યાદી પ્રગટ કરી જાહેર કર્યું છે કે જ્યાં સુધી સવિનય કાયદા ભંગની ચળવળને કાયમને માટે પાછી ખેંચી લેવામાં ન આવે અને મહાસભાનું વલણ સરકારને સંપૂર્ણ સંતોષકારક ન જણાય ત્યાં સુધી સરકાર રાજ્યદ્વારી કેદીઓની મુક્તિના પ્રશ્ન ઉપર વિચાર ચલાવવા તૈયાર નથી. જો કે સરકારનું વલણ અત્યારે મહાસભા પાસે સંપૂર્ણ તાબેદારી કબુલ કરાવવા તરફ હોય તો પણ બનવા જોગ છે કે મહાત્માજીના ઉપવાસ પુરા થાય તે દરમ્યાન કદાચ ઓર્ડીનાન્સો પાછા ખેંચી લઇ રાજ્યદ્વારી કેદીઓને છોડી મુકવામાં આવે. વિલાયતના વર્તમાનપત્રો હિન્દ સાથે સમાધાન કરવાની આ તકને જતી ન કરવા ઉપર ભાર મુકે છે.

**બોઝ પટેલનો વિરોધ :** વીએનામાં સારવાર ભોગવતા શ્રીયુત સુભાષચંદ્ર બોઝ તથા શ્રીયુત વીઠલભાઇ પટેલે સાથે મળી સવિનય ભંગની મોકુફી ઉપર એક નિવેદન પ્રગટ કરતાં જણાવ્યું છે કે "ગાંધીજીની રાજનીતી હિન્દ માટે નિષ્ફળ નીવડી છે અને હવે ફરીથી નવોજ કાર્યક્રમ દેશ આગળ રજુ કરવાની ઘણીજ જરૂર ઉભી થઇ છે. આ માટે મહાસભામાં રહીનેજ એક નવો પક્ષ રચવો જોઇએ. મહાત્માજી પાસેથી હવે હિન્દુસ્થાને કાંઇ આશા રાખવી નહિ." મહાત્માજીની મુક્તિથી જો કે દેશમાં આનંદ ફેલાણો છે તો પણ સવિનયભંગની આ જાતની મોકુફીના સારાપણા વિષે મતભેદ છે.

**બેંગલોર નજીક કોમી રમખાણ :** બેંગલોર પાસે આવેલા શીમાગો ગામમાં રવિવારે રાતે એક ગંભીર કોમી રમખાણ થયું હતું. મહોરમ્મના દિવસોમાં હિંદુઓના કહેવાતા બેદરકાર સહકાર ઉપરથી કેટલાક મુસ્લીમો ઉશ્કેરાઇ ગયા હતા અને કેટલીયે હિંદુ દુકાનોને આગ લગાડવામાં આવી હતી. રમખાણ દરમ્યાન એક મુસ્લીમ મરણ પામ્યો છે અને બેને ઇજા થઇ છે. પાંચ હિંદુઓને ગંભીર ઇજા થતાં હોસ્પીટલમાં તેને ખસેડવામાં આવ્યા છે. એક કોન્સ્ટેબલને પણ સખત ઇજા થઇ છે. ચાર મોટી દુકાનો અને આઠ ગોડાઉનો સદંતર ભસ્મીભુત થયા છે. પોલીસ અને લશ્કરનો પહેરો ચાલુ છે.

**૨૦૦ માણસો તણાઇ ગયા :** ગોંડલ રાજ્યના ગામ ઉપલેટા અને સમઢીઆળા વચ્ચે મોજ નદી ઉપર બંધાતા જબ્બર પુલના બાંધકામમાં કામ કરતાં ૨૦૦ માણસો મોજ નદીમાં મોટું પુર આવવાથી તણાઇ ગયા છે. આમાંથી કેટલા બચ્યા તેના કાંઇ ખબર હજી સુધી મળ્યા નથી.

**માંગરોળ રાજ્યનો હુકમ :** તા. ૨૦-૪-૩૩ ના રોજ ગામમાં ઢોલ પીટીને રાજ્ય તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે "અત્યાર સુધી હિંદુઓની અરજી ઉપર વિચાર કર્યા પછી ૧૯૨૭ ના મુળ હુકમ પ્રમાણે મુસલમાનોને ગૌવધ કરવાની અને હિંદુઓને મસ્જીદ આગળ વાજાં વગાડવાની છુટ આપવામાં આવે છે."

**એક વરસમાં ૧૨,૦૦૦ ખુન :** અમેરીકામાં ખુનનું પ્રમાણ દર સાલ વધતું જાય છે. ૧૯૩૨ ની સાલમાં ૧૮૦ શહેરોમાં ૧૨,૦૦૦ ખુન થયાં છે.

**શબના મોઢામાંથી સાપ :** મહુવા નજીક સાલારી ગામમાં એક કણબીના મુડદાને બાળવામાં આવતું હતું ત્યારે શબના મોઢામાંથી એક જીવતો સાપ નીકળ્યો હતો, અને ચીતામાં અદ્રશ્ય થઇ ગયો હતો.

**કસ્તુરબાનો છુટકારો :** શ્રીમતિ કસ્તુરબાઇ ગાંધીને સજાની મુદત પુરી થતાં પહેલાં છોડી મુકવામાં આવ્યા છે.

# " કે મારી ભુલ થાય છે ? "

પુછનાર: **શ્રી. " ભગત "**

છેલ્લો કોઈ ધોળી દાઢીવાળો આપણને નજરે જોયેલી વાત કહી શકે એટલા વખત પર આજના કરતાં આપણે વધારે સુખી હતા; આપણામાં સંપ હતો, ધાર્મિક કે બીજા કશા મતભેદોનો સર્વથા અભાવ હતો. આપણે માત્ર 'ખોજા' એટલે 'ખોજા' જ હતા. કારણ કે ત્યારે આપણામાં ધર્મભેદ રૂપી ઝેર રેડનારૂં કોઇ ન્હોતું.

× × × ×

ઈ. સ. ૧૮૪૫ માં હાલના ના. આગાખાનના પિતામહ આ દેશમાં પહેલ વહેલા આવ્યા. આપણે તેમને આપણું ધાર્મિક વડપણ આપ્યું. રફતે રફતે તેમણે આપણી સામાજિક બાબતોમાંએ માથું મારવા માંડયું. તે આપણા ઘરના, આપણા સુખના સ્વામિ થઈ બેઠા અને આપણામાં કલહની શરૂઆત થઈ. આપણે એના હાથમાં રમવા માંડયાં. પછી તો આપણામાં 'બાર ભાયા' થયાં ને 'ઈશનાઅશરી' થયા. ખુનો થયા અને કેસો થયા; અને આપણે એની ફૂટ નીતિના છેવટ સુધી ભોગ થઇ પડયા. એના કહેવાથી આપણે ભાઈ ભાઈની સાથેના વહેવાર બંધ કર્યા.

× × × ×

ના. આગાખાનને એનું પરિબળ જમાવવું હતું. તેણે આપણને કેસોમાં સાક્ષી આપવા બોલાવ્યા. આપણે કહ્યું કે એ અમારા ધર્મગુરૂ છે, એ અમારા હાજર ઈમામ છે. એ અમારા અલ્લાહ છે. આપણને જેમ આવડયું એમ આપણે આપણી આસપાસ મજબુત જાળ ગુંથી. જેમ જેમ કેસો થતા ગયા તેમ તેમ ત્રુટીઓ સંધાવાતી ગઈ. આપણે માન્યું કે આપણને જીવતાં જીવનજી અને મુવા પછી મોક્ષ મળે છે!

× × × ×

આપણા ભાઈ ભાઈમાં કંકાસનું જોર જામ્યું. આપણી બ્હેનો દીકરીઓના સગપણ સંબંધો ત્રુટી ગયા. પરણેલી કન્યાઓ સાસરે તે સાસરે ને મહીઅર તે મહીઅરમાં રહી ગઈ. આપણે સગાં સંબંધીઓ અને ભાઇઓનાં આંગણાં તજી દીધાં. એવો કોઇ સગો કે ભાઇ સામો મળે તો આપણે રસ્તો ચાતરી દેવાની હદ સુધીની અધમતા આદરી બેઠા. આપણે વિચાર સરખો પણ ન કર્યો કે આ કોના માટે અને શો અનર્થ આચરી રહ્યા છીએ. આપણે પાછું વાળીને ન જોયું તે નજ જોયું.

× × × ×

છેલ્લી ઘડીએ કાંઇક ભુલ સુધારી લેવાના મતના આપણે જાણે થતા હોઇએ એવું લાગ્યું. પણ અંતર જુદાં થઇ ગયાં હોઇને આપણા એ સંબંધીઓથી છેકજ હળી મળી નથી શકયા હજુએ. અને આટલેથી એ વાતનો અંત નથી આવતો. આપણને બીજી ભાઇબંધ કોમોથી પણ આપણી ધર્મનીતિએ આપણને લગભગ અસ્પર્શ્ય બનાવી દીધા છે.

× × × ×

ધન શોષણજ જેનો એક માત્ર ઉદ્દેશ છે એવો આપણો આ 'સતપંથ' છતાં 'ગુપ્ત' ધર્મ આપણા અધઃપાતનું કારણ છે. (અને તે પહેલાંનાથી જુદું નથી એવું.) કારણ કે આપણા ધર્મને પોતાના મુળ સિદ્ધાંતોનો સર્વથા અભાવ હોઇને હિન્દુ તથા મુસલમાન ધર્મના સિદ્ધાંતોનો સેળભેળ ખીચડો કરી 'સતપંથ' નામનું આ ષડયંત્ર ઉભું કરવામાં આવ્યું છે. એ કારણે આપણી ધર્મ ક્રિયાઓ છાને ખુણે કરવામાં આવે છે. નહિ તો આ પાયા વગરના ધર્મનું રહસ્ય જગત જાણી જાય અને ધતીંગ લાંબો વખત નભે નહિ.

× × × ×

આપણા પ્રાર્થના સ્થળો પર અન્ય ધર્મીઓને આવવાની મનાઇ કરતાં પાટીયાં લટકાવ્યાં. જગતે જાણ્યું કે ખોજાના ધર્મમાં કાંઇક ભેદ છે. પછી તો તર્ક વિતર્ક થવા માંડયા. માણસોએ કહ્યું કે 'ખોજા માણસ મારે છે.' આપણે કહ્યું કે 'માણસો દુષ્ટ છે, આપણી નિંદા કરે છે.' આપણા પીરે કહ્યું કે 'ભલે કરે; એ તો તમારાં પાપ ધુવે છે.' અને એ એકજ વાકયે આપણે આખી આલમથી અળગા ને અતડા થઇ રહ્યા; અને એકજ વાકયની સફળતા પર એની પોલનું ભાવિ નિર્ભર હતું.

× × × ×

આજે આપણે જોઇએ છીએ કે આપણે ને જનસમાજને જોઇએ એટલું અંતર પડી ગયું છે. હિન્દુ કે મુસલમાન આપણને કોઇ 'પોતામાંના એક' લેખી શકે એમ નથી, કે આપણે આપણને કોઇમાંના એક લેખી શકીએ એમ નથી. આખી આલમમાં અત્યારે આપણે એકજ એવી કોમ છીએ કે આપણું નામ પડે ને બાળક બીએ, મોટાંને ક્ષોભ થાય; અને... અને આપણને સંતાપ થાય છે. કે મારી ભુલ થાય છે?

---

(અનુસંધાન પાને ૯૯ થી.)

ગરીબ બીચારા રૂપશીને કોઇએ મદદ કરી નહિ. બીજા દિવસનું સવાર થયું. રૂપશી મુખીને ઘરે ગયો. કંઈક રીતે કરગર્યો. પણ મુખી માન્યો નહિ કામડીયાને ઘરે ગયો. ત્યાં પણ કાલાવાલા કર્યા. છેવટે કામડીયાને દયા આવી.

"તારો ઘોડો મારે ત્યાં બાંધી જા. અને હું તારા બધા રૂપીયા કબુલું છુ.'

રૂપશીને જીવ આવ્યો. તુરત ઘોડો કામડીયાને ઘરે બાંધી દીધો. વળી જમાત ભેગી થઇ. કામડીયાએ રૂપીયા કબુલ્યા એટલે ગુસલ, દફન, વિગેરે ક્રિયા થઈ.

× × × ×

આજ રૂપશી પથારીવશ છે. જુવાન દીકરાનો ઘા અને ઘોડો ગયા પછી ઘડપણમાં ખભે ઉપાડીને બકાલું વેચવાથી તે સાવ ઘસાઈ ગયો છે અને આજે તે મરવા સુતો છે.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

કલમ પર

"પહેલી જાનેવારીથી દર બે વરસે સુપ્રીમ કાઉન્સીલના પ્રેસીડેન્ટની ચુંટણી કરવામાં આવશે. તે કાર્ય માટે મેમ્બરોએ પોતાની અદર અંદરથી નવો પ્રેસીડેન્ટ નીમવા માટે નવી ચુંટણી કરવી. બીજ કોઇ મેમ્બરે દરમ્યાન બે વરસ સુધી તે હોદ્દો ભોગવેલ ન હોય તો આગલા પ્રેસીડેન્ટની ફરી ચુંટણી ન કરવી. પરંતુ આગલા પ્રેસીડેન્ટે પોતાના હોદ્દાના સમય દરમ્યાન કાંઇ પ્રસંશનિય સેવાઓ બજાવેલી હોય તેની કદર તરીકે બીજા બે વરસની મુદ્દત સુધી તે પ્રેસીડેન્ટને તુરતજ ફરી ચુંટવાની જરૂરીઆત જણાય તો કાઉન્સીલ તેને ફરી ચુંટી શકશે, અને તે માટે નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર તે બાબત ભલામણ કરશે અને તે માગણી બહાલ રાખવી કે નહિ તે તેઓ નામદારની મુનસફી ઉપર રહેશે."

ના. ચાગાખાનની મુનસફી ઉપર છોડવાની વાત શીવાય બીજું કાંઇ ખાસ વાંધા ભરેલું નથી. આ રીતે લોકલ અને સુપ્રીમ કાઉન્સીલ વાટે ના. આગાખાનના હાથમાં કોમનું આધિપત્ય ચાલ્યુ જાય છે. કોમ કોઇ પણ એક માણસ કે માણસોની મુડી નથી કે ગુલામ નથી. ના. આગાખાનને કોમી વહીવટ સાથે કાંઇ લેવા દેવા નથી એ હિસાબે ના. આગાખાનને કોમના વહીવટના કાંઇપણ પ્રસંગ કે કાર્ય વખતે કાંઇપણ પુછાવવાની કે તેમની મુનસફી ઉપર છોડવાની જરૂર નથી.

કલમ પ૩

સુપ્રીમ કાઉન્સીલના સેક્રેટરીની ચુંટણી કરવા સંબંધેની છે.

'ના. આગાખાનને ખબર મોકલવા' ને બદલે 'ન મોકલવા' એવો સુધારો કરવો જરૂરનો છે.

કલમ પ૪

સુપ્રીમ કાઉન્સીલના ખજાનચીની ચુંટણી કરવા સંબંધેની છે. ટીકા ઉપર મુજબ.

કલમ પપ.

"કાઉન્સીલમાં ઓછામાં ઓછા આઠ મેમ્બર હાજર હશે ત્યારે કોરમ બનશે અને તેઓ કામ ચલાવી ઠરાવ આપશે, અને એવો ઠરાવ બધા મેમ્બરો બહાલ રાખશે."

આ કલમ પહેલાં સુપ્રીમ કાઉન્સીલ કેટલા મેમ્બરોની બનશે તે સંબંધી કોઇ કલમ હોવી જોઇએ, અને ત્યારબાદજ તેના કોરમનો સવાલ ઉભો થાય આખા કાયદાની ચોપડી ઉથલાવી જોતાં આવી કોઇ કલમ જોવામાં આવતી નથી. ૧૯૨૮ ની સાલમાં પ્રગટ થયેલ આ કાયદાની ચોપડીના શરૂઆતના પાનાઓમાંના એક ઉપર મેમ્બરોના નામની યાદી આપવામાં આવી છે. પણ તે તેજ વખતની કાઉન્સીલ માટેની છે. તેથી કરીને એવું કાંઇ નક્કી થતું નથી કે કાઉન્સીલના મેમ્બરોની સંખ્યા અમુકની રહેશે; અને આ સ્થિતિ આ કાઉન્સીલના મેમ્બરોની કોમને જરા પણ જવાબદાર રહ્યા વગર આપખુદીથી થતી નીમણુકને આભારી છે. કોમે ચુંટેલી કાઉન્સીલમાં આવી અમર્યાદ સત્તા કોઇને પણ હોઇ શકે નહિ.

કલમ પ૬.

"જ્યારે કાઉન્સીલનું કામ ચાલતું હોય ત્યારે કોઇ મેમ્બર વ્યાજબી કારણ દર્શાવીને કાઉન્સીલ છોડીને જાય તો કાઉન્સીલનું કામકાજ ચાલુ રાખવામાં આવશે. ઓછામાં ઓછા ફક્ત આઠજ મેમ્બરો રહે તો પણ તેઓને કેસમાં ઠરાવ આપવા અધિકાર છે."

કલમ ૬ ઉપરની ટીકા આ સંબંધે જોઇ લેવી. વ્યાજબી રોષ પ્રદર્શીત કરી પોતાનો વિરોધ બતાવી કાઉન્સીલ માથે દબાણ લાવવાનો આ એક ચાલુ સમયનો રસ્તો પણ જાણી બુજીને બંધ કરવામાં આવ્યો છે.

---

## આફ્રીકાના ગ્રાહકોને

આફ્રીકાના ગ્રાહકોને એક વિનંતિ કરવાની છે. કેટલાક ભાઇઓ તરફથી લવાજમ ફ્રાન્કના ચેક કે નોટોમાં આવે છે. આવા ફ્રાન્કનાં નાણા અહીં મેળવતાં તકલીફ થાય છે એટલુંજ નહિ પણ બેન્કમાં મોકલાવતાં વિના કારણે બેન્કના કમીશનનો બોજો વેઠવો પડે છે. કેટલાક ભાઇઓ પોસ્ટલ ઓર્ડરથી મોકલાવે છે, પણ તે પોસ્ટલ ઓર્ડર ચેકની માફક ક્રોસ કરીને મોકલાવે છે. એટલે પોસ્ટના ધારા મુજબ બેન્ક મારફત શીવાય તેના નાણા મળતા નથી; અને બેન્કમાં મોકલાવતાં કમીશનનો સવાલ આવીને ઉભોજ રહે છે. અમારી વિનંતિ છે કે કૃપા કરીને કોઇ પોતાનું લવાજમ ફ્રાન્કની નોટ કે ચેક અથવા ક્રોસ કરેલ પોસ્ટલ ઓર્ડરથી ન મોકલાવે. લવાજમ મોકલાવવાનો સારામાં સારો રસ્તો ક્રોસ કર્યા વગરના બ્રીટીશ પોસ્ટલ ઓર્ડર ( પાઉન્ડ, શીલીંગ, પેન્સ ) મોકલવાનો છે. આના નાણા પોસ્ટ ઓફીસમાં દેખાડતાંની સાથેજ મળી જાય છે અને કાંઇ પણ કમીશન દેવું પડતું નથી.

તંત્રી.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

ન દેવાના રસ્તા. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૧૪ : મે ૨૩ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના વૈશાખ વદ ૧૩ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## આજના અંકની સામગ્રી.

ન દેવાના રસ્તા.
કેળવણીની ઉણપ.
ચૂસણ નીતિનું ચક્ર.
સપ્તાહનો સાર.
દુઃખના માર્યા.
કાઉન્સીલના કાયદાઃ રક્ષક કે ભક્ષક ?

## મોંઘો અવસર.

" પરાક્રમ કરવાનો સમય તમારામાં જુવાનીનું જોર ઉછાળા મારી રહ્યું હોય તેજ છે; નહિ કે તમે ઘરડા અને આખી જીંદગીભરના કામના બોજાથી ઘસાઇ જાઓ ત્યારે. અત્યારે તમારામાં ઉત્સાહ છે, વીર્ય છે, ચેતન છે, કામ કરવાનો આજ અવસર છે. પ્રભુને ચરણે સુંઘાયલાં, કરમાયલાં અને કચરાયલાં પુષ્પો અર્પણ ન થાય; પણ તાજાં, ખીલેલાં, સુગંધવાળાં અને કોઇએ પણ સ્પર્શ ન કર્યો હોય એવાં પુષ્પોજ અર્પણ કરવા યોગ્ય છે. આખી જીંદગી સુધી નોકરી ધંધો કરી કરીને ઘસાઇ ગયેલા નિર્વીર્ય પુરૂષો નહિ પણ યુવાન, બુદ્ધિવાન અને સશક્ત પુરૂષોજ હિંદ માતાની સેવામાં અર્પણ થઇ શકે અને તેમનોજ તે સ્વિકાર કરશે. × × × ×

ઉઠો, જાગૃત થાઓ; આયુષ્ય ઘણું ટુંકું છે. વકીલાત કરવા કરતાં, નકામા કલહ કરવા કરતાં વધારે મહત્વના કામ કરવાનાં પડયાં છે. તમારી સ્વજાતિના ભલાને માટે, આખી માનવ જાતિની સેવા માટે, તમારી જીંદગીનું બળિદાન આપવું એજ ઉદ્યમ સર્વથી શ્રેષ્ઠ છે. જીંદગીમાં શું છે ? "

સ્વામિ વિવેકનંદ.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૩-૫-૩૩.

## ન દેવાના રસ્તા.

દેવાના રસ્તા ઘણા મોંઘા છે; છતાં તે બતાવનારા આજે આપણી કોમમાં ઘણા નીકળી પડયા છે. ન દેવાના રસ્તા ઘણા સસ્તા અને સારા છે; તો પણ એ તરફ આંગળી ચીંધનાર અત્યારે કોઇ જડતું નથી. માટેજ અમારે ન દેવાના રસ્તા આજે કોમને બતાવવાના રહે છે.

આપી દયો, દઇ દયો, સરબંધી થઇ જાવ, ફના થઇ જાવ, ફલાણે રસ્તે મોકલાવો, ફલાણાના શીરનામે મોકલાવો–આવી કોમને ઉંધે રસ્તે દોરનારી વાણી જ્યાં જુવો ત્યાં સંભળાઇ રહી છે. બની શકે તેટલા મોટા અવાજે અને વધુમાં વધુ માણસો તે સાંભળી શકે તે રીતે આજે એ ઉચ્ચારાઇ રહી છે. કેટલાય માણસો આના માટે રોકવામાં આવ્યા છે. કેટલાય છાપખાના આજે આ અવળી વાણીના ઉંધા બીબાં ગોઠવવા માટેજ ઉભા કરવામાં આવ્યા છે. કોમને ભુખમરાની ટોચે પહોંચાડવા આજે એક ઘણોજ મહાન છતાં દુષ્ટ પ્રયાસ થઇ રહ્યો છે.

જ્યારે કોમને આમ ઉંધે રસ્તે ચડાવવામાં આવી છે ત્યારે તેના નિવારણ માટે સારામાં સારો રસ્તો કાંઇ પણ ન દેવા શિવાયનો બીજો શું હોઇ શકે? સ્વાર્થીઓ તો પોતાના સ્વાર્થ માટે ગમે તેમ બોલે અને સમજાવે, પણ આપણે શા આધારે આપણા પોતાના પગમાંજ કુહાડો મારવો? પગાર ખાનારાઓ આપણને બધું આપી દેવાનું સમજાવી પોતાની ફરજ બજાવે, આપણે કાંઇ પણ ન આપીને આપણી ફરજ બજાવવી.

ન દેવાનો પહેલો રસ્તો એ છે કે જુદી જુદી જાતના કાઉન્સીલના અનેક ફરજીઆત અને મરજીઆત લાગાઓને નામે એક પાઇ પણ તેને પરખાવવાની ઘસીને સાફ ના પાડવી. “ખાળે ડુચા અને દરવાજા મોકળા” જેવું ન થાય એ માટે દ્રઢ નિશ્ચય કરવો કે સારા કે માઠા પ્રસંગે સગાની શરમથી કે કાઉન્સીલના દબાણથી, કોઇ અંગત લાલચથી કે બહારની કોઇ બીકથી, કોઇ પણ રીતે ખીસામાંથી પૈસો બહાર નીકળી કાઉન્સીલની તેજુરીમાં નહિ પડે.

ન દેવાનો આ નિર્ભયમાં નિર્ભય રસ્તો જે ન અનુસરી શકે તેના માટે બીજો એ રસ્તો છે કે તેણે મરજીઆત એવા એક પણ લાગાને નામે એક પાઇ પણ પોતાના ખીસામાંથી કાઢવી નહિ. ફરજીઆત લાગાઓમાં જે માસીક અને વાર્ષિક વેરાઓ છે તે દર મહીને કે દર વરસે ચુકાવવા નહિ. બલકે જ્યાં સુધી કાઉન્સીલની ખાસ જરૂર જ્યાં માની લેવામાં આવી હોય તેવા પ્રસંગો ઉપસ્થિત થાય નહિ ત્યાં સુધી તો આ લાગાઓની વાત પણ તદન ભુલી જવી. દાખલા તરીકે લગ્ન અને મરણ પ્રસંગો એવા ગણવામાં આવે છે કે જે વખતે કાઉન્સીલ વિના ન ચાલે. આ ગણતરી સાવ ભુલ ભરેલી છે. મરણ પ્રસંગે તો કાઉન્સીલની કે તેના નીમેલા મુખી કામડીયાની પરવાનગીની રાહ જોયા શિવાયજ બધી ક્રિયાઓ ઝપાટાબંધ ચાલુ કરી દઇ મૈયતને અવલ મંજલ પહોંચાડી દેવું. ગમીનો પ્રસંગજ એવો હોય છે કે બનતાં સુધી બહુ રાક્ષસી સ્વભાવનો ન હોય એવો માણસ ભાગ્યેજ તેમાં ડખલગીરી કરવા જીભ ઉપાડી શકે છે. છતાં એવો કોઇ નીકળે તો મૈયતને દફનાવ્યા પછીજ બધી વાત કરવાના નિશ્ચયને વળગી રહેવું. મૈયત અવલ મંજલ પહોંચી જાય પછી એની મેળેજ વાત વિસારે પડી જવાની. લગ્ન પ્રસંગે જો સામો પક્ષ તૈયાર હોય તો બહુ સાદાઇથી લગ્ન કરી હાથેજ નિકાહ પડાવી દેવા. નિકાહ પડાઇ ગયા અને વર કન્યા પરણી ચુકયા એટલે કાઉન્સીલનું જોર અધમુઉં થઇ જવાનું. આવા પ્રસંગોએ માત્ર હિંમતથી કામ લેવાની જરૂર રહે છે. સામો પક્ષ તૈયાર ન હોય તથા કાઉન્સીલ વિના તે ચલાવવા ન માગતો હોય અને કાઉન્સીલ ચડેલ કરવેરા વસુલ કર્યા શિવાય નિકાહ પડાવવા ના પાડે તો પુરા પૈસા નહિ આપતાં સવા આનામાં ‘છાંટો’ નખાવી ચુકતે કરવું. જો સામો પક્ષ સમજાવી જોવા છતાં કાઉન્સીલ વિના નિકાહનું કામ ઉકેલવા નજ માગે તો આ ‘છાંટો’ નખાવવાની ક્રિયા લગ્નની તારીખ પહેલાં થોડા દિવસેજ જમાતખાનામાં જઇ પતાવી લેવી. આટલી પણ નિર્બળતા જેનાથી બતાવ્યા શિવાય ચાલે તેમ ન હોય તેણે એ વાત તો મનમાં નક્કીજ કરી તેનો અમલ કરવો ચાલુ કરી દેવો જોઇએ કે મરજીઆત લાગાઓમાં તો એક પાઇ પણ આપવાની નથી.

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૧૧ )

# દુઃખના માર્યા.

સુંદર અને નાનકડી નદીને કાંઠે એક સાધારણ શહેર વસેલું છે. પાંચેક હજારની વસ્તીવાળા એ ગામમાં ૧૦–૧૨ પરચુરણ માલની દુકાનો છે. વેપાર સાધારણ છે. ગામનો મુખ્ય આધાર ખેતી ઉપર રહેલો છે.

આ ગામમાં આશરે ૧૮–૨૦ ઘર ઇસ્માઇલી ખોજા ભાઇઓનાં છે. બધાની સ્થિતિ લગભગ કફોડી છે. કોઇ બકાલું વેચીને તો કોઇ ડાળીયા શેકીને તો વળી કોઇ ખેતી કરીને નિર્વાહ ચલાવે છે.

માવજીભાઈ ખોજાને એક પરચુરણ માલની દુકાન છે. પાંચ છોકરાં, સ્ત્રી, ઘરડી મા અને પોતે એમ આઠ માણસોમાં રળનાર માવજીભાઇ એકજ છે. કુટુંબનો નિર્વાહ દુકાનમાંથી માંડમાંડ નીકળે છે.

માવજીભાઇની એક દીકરી અને એક દીકરો મોટા થયા છે. તેમના ગામથી થોડે થોડે છેટે આવેલા બે નાનકડા ગામમાં આ બન્નેના સગપણ થયાં છે. દીકરાના સાસરા પોતાની દીકરી ઉમર લાયક થવાથી લગ્નની ઉતાવળ કરે છે. માવજીભાઇની દીકરી પણ ઉમર લાયક થઈ હોવાથી તેના લગ્ન પણ કર્યા વીના ચાલે તેમ નથી. આ બન્ને લગ્નના ખર્ચને પહોંચી વળવા માવજીભાઇ અત્યારે ચિંતામાં પડયા છે.

દિવસ રાત મુંઝવણ અને વ્યથા અનુભવવા છતાં માવજીભાઇ કાંઇ રસ્તો ગોતી શકતા નથી. મદદ માટે કોઇ પાસે હાથ લાંબો કરવો એ તેમના સ્વભાવથી વિરૂદ્ધ હતું; અને દીકરા દીકરીના લગ્નના ખર્ચને પહોંચી વળે તેટલી તેમની પાસે મુડી ન હતી.

ખુબ વિચારને અંતે માવજીભાઇ કાંઇક નિર્ણય ઉપર આવ્યા. "થોડાજ ખર્ચમાં લગ્ન કરી નાખીશું. ત્રણ ચાર માણસ જાનમાં લઇ જશું. દીકરીના લગ્નમાં પણ ત્રણ ચાર માણસ આવી નીકાહ પડાવી જાય. વહુ માટે અત્યારે બે જોડ લુગડાંથીજ ચલાવશું."

ટુંકા ખર્ચમાં પતાવવા માટે માવજીભાઇએ ઠરાવ તો કર્યો, પણ એ ટુંકા ખર્ચને પણ પહોંચી વળાય તેટલા પૈસા કયાંથી કાઢવા ? છેવટે તેમની નજર દુકાનમાં પરચુરણ વેચવા માટે ખરીદેલ થોડા જથાબંધ માલ ઉપર ગઈ. બેચાર દાણાના કોથળા, એકાદો ઘીનો ડબો અને બીજો માલ તેમણે મુદ્દલ થયા ત્યાં મુદ્દલભાવે અને ખોટ ગઇ ત્યાં ખોટ ખાઇ લઇને વેચી નાખી રૂા. ૫૦) ઉભા કર્યા.

આટલું કરીને માવજીભાઇએ બન્ને વેવાઇને ખબર લખી નાખ્યા. લગ્નની તીથીઓ નક્કી થઈ. દીકરીના સાસરાને માવજીભાઇએ ખુલ્લે ખુલ્લું જણાવી દીધું હતું કે મારી સ્થિતિ ઘણી કફોડી છે; માટે પાંચ માણસથી વધારે જાનમાં લાવશો નહિ. વેવાઈ સારો તે સમજીને માવજીભાઇના લખવાથી એક માણસ ઓછું લઇને આવ્યો. નીકાહ પડાવવાનો સમય થયો ત્યારે ગામની જમાત આવી. મુખી કામડીયા હતા તો માવજીભાઇના જેટલાજ ગરીબ અને આવા વખતમાં રૂપીયા નથી મેળવી શકાતા એ પોતાના દાખલાથી સમજતા હતા; છતાં અંધશ્રદ્ધાના જોરે નીકાહ પડાવતાં પહેલાં માવજીભાઈ પાસે રૂા. ૧૦) ચંદ્રાકીના ચડયા હતા તેની માગણી કરી. માવજીભાઇએ તેને ઘણા સમજાવ્યા છતાં તેણે લીધેલ હઠ મુકી નહિ છેવટે જમાતમાંથી એક સંબંધીને ગોતી કાઢી માવજીભાઈએ તેને મોઢાનો જામીન આપ્યો. આ રીતે દીકરીના લગ્ન મુશ્કેલીથી પણ માવજીભાઇ ઉકેલી શકયા.

દીકરાના લગ્ન માટેજ માવજીભાઇને વધુ ધાસ્તી હતી. તો પણ હિંમત કરી બે ચાર માણસને લઈ જાન જોડી તે ઉપડયા. નીકાહની તારીખની સાંજે તે વેવાઈને ગામ પહોંચી ગયા.

ગામની જમાત માંડવા નીચે બેઠી છે. સામી બાજુ વરરાજા અને અણવર બીછાનું નાખી પગ નીચે તરવાર દબાવી બેઠા છે. સામી ઓશરીએ જાનની તથા માંડવાની સ્ત્રીઓનો નાનકડો સમુદાય ગીત ગાઈ રહ્યો છે. નીકાહ પડાવવાની વાત નીકળી એટલે ગીત ગવાતાં બંધ થયાં.

જમાતનો મુખી કરીમ કાયદાની ચોપડી ઉથલાવી રહ્યો છે. જુદા જુદા આંકડા મુકી તેણે માવજીભાઈ પાસે રૂા. ૨૨) માગ્યા.

જે બોક માવજીભાઈના જીવને મુંઝવી રહી હતી તે આજે બરાબર સામી મળી. રૂા. ૨૨) આપવા જેટલી તેની શકિત ન્હોતી, તેમજ અત્યારે તેની પાસે રસ્તાના ખર્ચ કરતાં કાંઈ વધુ રૂપીયા હતા પણ નહિ એટલે કરીમને તેણે વીનવવા માંડયો. "કરીમભાઈ, હું ગરીબ માણસ છું. અહીંથી જાતાનું ખર્ચ પણ મારી પાસે માંડ થાય તેમ છે. મરતાં પડતાં મેં આ લગ્ન કરવા જોઈએ એટલે કર્યા છે. તમે જાળવી જાવ. નીકાહ અત્યારે પડાવી દ્યો. હું વળી મારે ગામ જઈ બનશે તેમ મોકલતો જઈશ."

કરીમને ગળે આ વાત ઉતરી નહિ. "ના, ભાઈ; એમાં કાંઈ ન ચાલે. અમારે પણ જવાબ દેવો પડે છે. કાઉન્સીલ કોઈની સગી નથી થતી. પુછો હસનભાઈને કે તે દી' લવજીભાઈના રૂપીયા ઉધાર રાખેલ, ગરીબ માણસ તેથી મોડા દેવાણા, અને અમારે માથે કાઉન્સીલના જોડા પડયા. અમારાથી આ સહન ન થાય માટે રૂા. ૨૨) જલદી ભરી દ્યો."

"પણ હું ગરીબ માણસ કાઢું કયાંથી ? તમારી આગળ પાઘડી ઉતારૂં છું. એક છ મહીના ખમી જાવ." માવજીભાઈ પાઘડી ઉતારી કરગરવા લાગ્યા.

"એ કામ ન લાગે. વેંત નોતો તો લગ્ન શા માટે કર્યા ? દેવા હોય તો દ્યો; નહિતર જો આ ચાલ્યા." આટલું બોલીને કરીમ ઉભો થઈ ગયો. એક મેંઢાની પછવાડે બીજું ચાલી નીકળે તેમ કરીમની પછવાડે આખી જમાત ઉઠી ગઈ. માવજીભાઈનો જીવ ઉડી ગયો. દોડીને તેણે કરીમને પાછો બેસાર્યો. જમાત પણ પાછી આવી બેઠી.

માવજીભાઈની ખુબ લાચારી પછી ભુખરા પાણાએ થોડું પાણી પીધું. રૂા ૫) રોકડા આપવા અને બાકીની રકમનો જામીન આપવો એમ નક્કી થયું. માવજીભાઈએ રૂા. ૫) આપ્યા અને સુંદરજી નામના એક જુના ઓળખીતાને પગે લાગી તેને જામીન આપ્યો. આ બધું પતી ગયું ત્યાર પછીજ નીકાહ પડાવાયા.

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૧૧ )

# કેળવણીની ઉણપ.

લેખક : શ્રી. હુસેન વાલજી સવાણી

આપણા ભાઇઓ કેળવણીમાં કેટલા પછાત છે કે ગુજરાતી શબ્દોના અર્થ પણ કરી શકતા નથી! દાખલા તરીકે ના. આગાખાન સાહેબને આપણા ભાઇઓ 'ધણી સલામત દાતાર' કહે છે તેનો અર્થ શું થાય છે? ધણી એટલે જે ધણીપણું કરતા હોય. જે લોકોના તે ધણી હોય તે લોકો બેકાર હોય તો તેને ધંધો આપે; કોઇ જાતનું દરદ થાય તો દવા અને માવજત કરે; વ્યવહારીક શિક્ષણ આપે; લગ્ન અને મરણના પ્રસંગોમાં કોઇ નાણાની મુંઝવણમાં હોય તો નાણા આપે; એમ બધી જાતની જવાબદારી રાખે તેનેજ ધણી કહેવાય. ઉપર લખેલમાંનું કાંઇ ન કરે તેને ધણી ન કહેવાય એમ કેળવણી લીધી હત તો જરૂર આપણા ભાઇઓ સમજત.

બીજું 'સલામત'; એટલે કે જે ચીરંજીવી હોય. કદી પણ મરે નહિ તેનેજ સલામત કહી શકાય. સલામત શબ્દ ના. આગાખાન સાહેબ માટે મુદલજ બંધબેસતો નથી. કારણ કે આપણા બધા ભાઇઓ જાણે છે કે ના. આગાખાનના પૂર્વજો એક પછી એક એમ સુડતાલીશ પેઢી શ્રી સાહેબજીની રહેમતે પહોંચ્યા છે. આ દીવા જેવું ખુલ્લું છે. માનવાને સબળ કારણ છે કે હાલના ના. આગાખાન સાહેબનું શરીર બીજા માનવ શરીરના જેવુંજ નાશવંત શરીર છે એટલે કાળે કરીને તે સાહેબ પણ શ્રી સાહેબજીની રહેમતે પહોંચશે. મતલબ કે ના. આગાખાન સાહેબ 'સલામત'–ચીરંજીવી–નથી. જ્યારે સલામત નથી તો સલામત કહી શકાય નહિ. ખુદ ના. આગાખાન પોતે પણ પોતાને સલામત માનતા નથી અને તેજ કારણે પ્રીન્સ અલીને તેમણે પોતાના વારસ તરીકે જાહેર કરેલ છે.

ત્રીજું 'દાતાર'. આ શબ્દ તો ભણેલ અભણ બધા સમજી શકે તેવો છે. દે તે દાતાર એ એનો ખુલ્લો અર્થ છે. છતાં આપણા બીન કેળવાયેલ ભાઇઓ ના. આગાખાન સાહેબને દાતાર કહે છે. આ નવાઇની વાત છે. લ્યે તે દાતાર કેવી રીતે થઇ શકે? જે બીજાને દે તેનેજ દાતાર કહી શકાય.

આ ત્રણ શબ્દો જે ખોટી રીતે આપણા ભાઇઓ વાપરે છે તે ઉપરથી મને લાગે છે કે આપણા અજ્ઞાન બંધુઓને વ્યવહારીક કેળવણી આપવાની પુરી જરૂર છે. કેળવણી મળ્યા બાદ કોઇ કદી પણ ના. આગાખાન સાહેબને 'ધણી સલામત દાતાર' નહિજ કહે.

આ શબ્દોનો આવી રીતે વપરાશ કેવી રીતે થયો હશે તે વિચારવા જેવું છે. એમ માની શકાય કે ભાડુતી મીશનરીઓ રોકવાની પ્રથા થઇ ત્યારથી તેમના ફળદ્રુપ ભેજામાંથી આ શબ્દો નીકળ્યા હશે, અને અજ્ઞાન ભાઇઓએ તે કબુલ રાખ્યા હશે. જે કોઇ ભાઇ સમજતા હશે તેણે ધર્મના દેખાવ નીચે આ શબ્દો વપરાતા હોવાથી મૌનનું સેવન કર્યું હશે, એમ માનીને કે 'આપણે શા માટે બહાર આવવું જોઇએ?' આમ આ શબ્દો મજબુતપણે પ્રચાર પામી ગયા છે.

આ અને બીજાં જે જે અજ્ઞાન કોમમાં ફેલાયાં હોય તે બધાનો દોષ મારી નજરે સમજુ ભાઇઓ ઉપર જરૂર જાય છે. સમજતા ભાઇઓની પુરી ફરજ છે કે કોઇ અજ્ઞાન ભાઇ અવળે રસ્તે દોરવાતો હોય તો તેને તે સમજાવે. પણ આપણી કોમમાં તેમ બન્યું નથી તેથીજ અજ્ઞાનતાની અવધી થઇ છે.

મીશનરી જમાતખાનામાં વાયેઝ કરવા માંડે છે ત્યારે 'પાકી દસોંદ દો; ફલાણાએ પાકી દસોંદ દીધી તેનું આમ સારૂં થયું. મોટું કામ કરાવો; ફલાણાએ અગાઉના વખતમાં મોટું કામ કરાવ્યું હતું તેને ફાયદો થયો હતો. ના. આગાખાન સાક્ષાત ખુદા છે.' આ ત્રણ મુદાઓ ઉપરજ તે વાયેઝ કરે છે. સમજુ ભાઇઓ સમજે છે કે આ હળાહળ છે; પણ સમજુ બોલતા નથી અને અજ્ઞાન તે ખરૂં માની લ્યે છે. આમ ખરૂં માની લેવાથી કેટલાય અજ્ઞાન ભાઇઓ બધું આપી દઇ પાછલી જીંદગીમાં બહુ મુશ્કેલીમાં મુકાય છે. વાયેઝ આપી દેવાની નહિ પણ ધાર્મિક જીવન કોને કહે છે, ઘરનાં માણસો સાથે કેમ વર્તવું, પાડોશી સાથે કેમ વર્તવું, વ્યવહારમાં કેમ વર્તન કરવું, વિગેરે, ચાલુ જીવનમાં ઉપયોગી થાય તેવા વિષયો ઉપર થવી જોઇએ. પણ આમ એક પણ મીશનરી કરતો નથી. જો મીશનરી પોતે કાંઇક જ્ઞાની હોય તો આપણા ભાઇઓને તેણે સમજાવવું જોઇએ કે આ પત્થર બેન્કમાં નાણા નાખી દો છો ત્યાંથી તે કોઇ કાળે પાછા આવે તેમ નથી; માટે ત્યાં નાણા નહિ ભરતાં વિમા કંપનીમાં ભરો.

એક કુટુંબવાળો માણસ પોતાની જીંદગી સુધી કરો ભરે, દીકરા દીકરીના લગ્નના કરો આપે, મોટું કામ કરાવે, વિગેરે, ૫૬ જાતની જાળમાં ફસાય. તેટલાજ પૈસા જો તે વિમા કંપનીમાં ભરે તો તેની હૈયાતીમાં લગભગ દસ હજાર રૂપીયાની પોલીસી થાય, જે તેના મરવા પછી તેની વિધવા અને બાળકોને કામમાં આવે. પત્થર બેન્કમાં નાણા ભરવા કરતાં વિમા કંપનીમાં ભરવા સારા છે એ દીવા જેવું ખુલ્લું છે. પણ આપણા અજ્ઞાન ભાઇઓ તે પણ સમજી શકતા નથી.

આટલાથીજ અજ્ઞાનતા પુરી થતી નથી. અજ્ઞાન ભાઇઓ પોતે આપી દઇ બાવા બને છે, પોતાના કુટુંબને ગેરવ્યાજબી રીતે દુ:ખી કરે છે, ઉપરાંત આ અજ્ઞાન ભાઇઓ બીજાઓ આપી દઇ પોતાનાજ જેવા દુ:ખી બને તે જોવા હંમેશાં ઇન્તેજાર રહે છે. આનું ખરૂં કારણ એ છે કે તે લોકોયે ભાડુતી મીશનરીના સમજાવવાથી માની લીધું હોય છે કે મરી ગયા પછી એકના સવા લાખ મળશે, ૭૦ હુરાં સ્વર્ગમાં મળશે અને સોનાનાં ઘર મળશે. એટલે કંચન અને કામીનીના લોભી અજ્ઞાન ભાઇઓ પોતાની લોલુપતા માટેજ આપી દયે છે અને ઉધારનું કલ્પનાનું સુખ ઇચ્છે છે. પણ જો તેમને શિક્ષણ મળ્યું હત તો કદી પણ કંચન અને કામીનીના લોભી થઇ સવા લાખને વાયદે નાણા ધીરત નહિ અને સમજત કે મનુષ્ય સેવા તેજ ઇશ્વર સેવા. આવું સમજવા પછી તેમનું સેવાભાવી જીવન કેટલું સુખી જીવન થાય! આપણે બીજાનું કાંઇ પણ ભલું કરીએ છીએ ત્યારે જે આત્મસંતોષનું સુખ ભોગવીએ છીએ તેવું બીજા કોઇ પણ પદાર્થથી નથીજ ભોગવી શકાતું. મુખ્ય જરૂર કેળવણીની છે.

# ચૂસણ નીતિનું ચક્ર.

( આ પ્રસંગના પાત્રો કલ્પીત છે. બંધબેસતી પાઘડી કોઇએ પહેરી ન લેવી )

## દ્રષ્ય છઠ્ઠું.

બદરૂદીન રાજકોટ તો પહોંચ્યો, પણ કયાં ઉતરવું તેની ભારે વિમાસણમાં તે પડી ગયો. રાજકોટમાં તેનું કોઇ ઓળખીતું હતું નહિ અને અજાણ્યા માણસને ત્યાં જવામાં કદાચ અપમાન થાય એ ભય તેને રહ્યા કરતો હતો. છેવટે રાતની રાત જમાતખાનામાં પડી રહેવા તેણે નિશ્ચય કર્યો. રાહદારીઓને પુછી તેણે ખોજા જમાતખાનાનો રસ્તો ગોતી લીધો. અંધારામાં અથડાતો અથડાતો તે છેવટે જમાતખાનામાં પહોંચી ગયો.

લગભગ ત્રીશેક માણસ જમાતખાનામાં બેઠું હતું. સૌએ તેને આવતો જોયો, પણ કોઇએ તેને પુછ્યું નહિ કે કયાં રહે છે. દાખલ થતી વખતે જમાતભાઇએ ' તમે ઇસમાઇલી છો ? ' એ સવાલ કર્યો હતો તેમાંજ બધો વિવેક સમાઇ જશે એમ તેણે માન્યું ન હતું. બદરૂદીનને ઘણું માઠું લાગ્યું. 'કયાંથી આવો છો' એમ પણ જ્યાં કોઇ પુછનાર ન હોય ત્યાં રાત્રે ખાવા તેડી જવાનું કહેનાર તો કોણ નીકળે ! નાંદીમાંથી પાંચ પૈસાની ખીચડી અને ત્રણ પૈસાનું શાક બદરૂદીને વેચાતું લીધું. જમાત ઉઠી એટલે તે પણ જમાતખાનાના એક ખુણામાં ભુખ ભાંગવા બેઠો. ખીચડી કાચી હતી અને શાક ઉતરી ગયેલું હતું. બે આનાના પૈસા અહીં ભાંગ્યા તેના કરતાં બજારમાં જઇ ગોળ ગાંઠીયા ખાઇ લીધા હોત તોપણ કાંઇક પેટ ભરાત અને વળી બે આના પુરા બેસત પણ નહિ. બજારના કરતાં જમાતખાનામાં વસ્તુઓ મોંઘી મળે છે અને હલકી મળે છે એવી બદરૂદીનને ખબર હત તો તે આવી રીતે હેરાન થાત નહિ. તેને આ અનુભવજ્ઞાન જરા આકરૂં પડી ગયું. છતાં ગમે તેમ કરી મન મનાવી તે ખીચડી અને શાક ખાઇ જમાતખાનાની સાદડી ઉપર રાતની રાત સુઇ રહ્યો.

સવારમાં ઉઠી તેણે કાઉન્સીલની બેઠક કયારે છે તેની તપાસ કરી. દસ વાગ્યે મળનાર છે એમ નક્કી થતાં તે ગામમાં આંટો મારી આવ્યો, અને પાછો બરાબર વખતસર કાઉન્સીલ આગળ હાજર થવા જમાતખાને પહોંચી ગયો.

જમાતખાનાના એક ઓરડામાં કાઉન્સીલની બેઠક ભરાતી હતી. સામાન્ય ઓરડાઓ કરતાં તેમાં કાંઇ ખાસ વિશેષ હતું નહિ, છતાં એ ઓરડો ' કાઉન્સીલ હૉલ ' જેવું ભભકાદાર નામ મેળવવા ભાગ્યશાળી થયો હતો. બે હારમાં થઇને આઠ દસ ખુરશીઓ અને તે બન્નેની વચ્ચે એક છેડા ઉપર એક ટેબલ અને ખુરશી ગોઠવાઇને પડેલાં હતાં. દીવાલ ઉપર રાખેલી ઘડીયાળમાં દસના ટકોરા થયા પણ ખુરશીઓ તો હજી ખાલીજ પડી હતી. ધીરે ધીરે મેમ્બર સાહેબો આવવા લાગ્યા અને અગીઆર વાગ્યા ત્યાં તો પ્રેસીડેન્ટ સાહેબ પણ આવી પહોંચ્યા. અબ્દુલ્લાભાઇની પધરામણી પછી ઇધર તીધર વાતો બાદ કાઉન્સીલનું કામ ચાલુ થયું.

' યા અલી મદદ ' કહેતોક બદરૂદીન કાઉન્સીલની બેઠકમાં હાજર થયો. પ્રેસીડેન્ટ સાહેબે લાગલોજ સવાલ કર્યો કે તમે કોણ છો ? બદરૂદીને પોતાના ઉપર આવેલ સમન્સની વાત કહી દેખાડી. "વગર બોલાવ્યે કેમ દાખલ થયા ? જાવ, બહાર બેસો. બોલાવીએ ત્યારે આવજો." આવો તોછડાઇ ભરેલો જવાબ સાંભળી બદરૂદીન ઢીલો પડી ગયો અને બહાર આવી બેઠો.

કાઉન્સીલે એક પછી એક કામ હાથમાં લીધું. બે એક માણસોના દંડ કર્યા ! એકાદ ધણી ધણીઆણીના છુટાછેડા કરી બન્ને પાસેથી 'ગુન્હેગારી' લીધી; અને એક માણસને નાત બહાર મુકવા પરવાનગી માગી. ત્યાં બાર વાગ્યા. મેમ્બર સાહેબો સહીત પ્રેસીડેન્ટ સાહેબ ખાણું લેવા ઉઠયા. ઉઠતાં પહેલાં બદરૂદીનને બોલાવી ખબર આપ્યા કે બપોર પછી ચાર વાગ્યે તેનો કેસ ચાલશે. જમાતની સેવા કરવાની ડંફાસ મારતા એ ધમંડીઓમાંથી એક પણ માણસે બદરૂદીનને સાચો ખોટો વિવેક પણ જમવા આવવાનો કર્યો નહિ.

બદરૂદીન બજારમાં જઇ આનો બે આના ખર્ચી સસ્તો ખોરાક ખાઇ આવ્યો. ચાર વાગ્યે ફરી કાઉન્સીલની બેઠક મળી ત્યારે પણ તેને બોલાવવામાં આવ્યો નહિ અને પોતે બહારગામથી આવે છે માટે પોતાનો નીકાલ જલદી કરવા જ્યારે તેણે પ્રેસીડેન્ટ સાહેબને અરજ કરી ત્યારે જવાબમાં રાતના નવ વાગ્યે તમારો કેસ ચલાવવામાં આવશે તેવો જવાબ મળ્યો. રાતે નવ વાગ્યે પણ તેનો કેસ ચાલ્યો નહિ અને ફરીથી બીજા દિવસની સવારના દસ વાગ્યાની મુદત પડી.

બદરૂદીન આથી ખુબ અકળાયો. તેણે રાજકોટમાં એકજ દિવસ થશે એવી ગણતરી કરી હતી, અને અહીં તો તેનો કોઇ ભાવ પણ પુછતું ન હતું અને મુદત ઉપર મુદત પડયે જતી હતી. ધંધાની તેને ઘણીજ ચિંતા હતી અને ફાતમાબાઇ ઘરે એકલી હતી એ વાતથી પણ તેનું હૃદય મુંઝાયા કરતું હતું. રાજકોટ સુધીનો ધક્કો ખાધો, બે ત્રણ દિવસ બગાડયા અને ખર્ચમાં ઉતર્યો તો હવે એક દિવસ વધુ રોકાઇ નીકાલ કરીનેજ જવું એમ ગણીને બદરૂદીને બીજી રાત પણ રાજકોટમાં ગાળી નાંખી.

બીજે દિવસે સવારે દસ વાગ્યે બદરૂદીનનો કેસ હાથ ધરવામાં આવ્યો.

આઠ દસ ખુરશીઓમાંની બેચાર તો ખાલી પડી હતી. પ્રેસીડેન્ટ સાહેબ અને બીજા બે ત્રણ મેમ્બરોજ હાજર હતા. એક ખુરશી ઉપર નુરમામદ કામડીયો ખુરશી કરતાં મોટા શરીરને સંકોડીને બેઠો હતો. પ્રેસીડેન્ટ સાહેબની ફરમાશથી બદરૂદીને કેવી રીતે ચંદ્રાકીના પૈસા તેને નહિ આપતાં તેનું અપમાન કર્યું તે તેણે કહી બતાવ્યું. અપમાન કરવાના મુદ્દામાં ચંદ્રાકી ન આપી તે શિવાય બીજી કાંઇ દલીલ ન હતી.

"દર ચાંદરાતે તમારે જાતે આવી ચંદ્રાકી ભરી જવી જોઇએ. તે એકતો તમે ભરી નહિ ગુન્હો કર્યો છે. વધુમાં સામે ચાલીને કામડીયા તમારે ઘરે આવે કે તમને ઉપાધી નહિ. તો તમે તેને પણ આપતા નથી અને તેનું અપમાન કરો છો તે તમારા મનમા

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૧૧ )

યાય ગોતી તે રસ્તા

# સપ્તાહનો સાર.

**મ. ગાંધીજીના ઉપવાસ :** મહાત્મા ગાંધીજીના ઉપવાસ ચાલુ છે. તેઓની તબીયત ધારવા કરતાં ઘણી સારી રહી છે. ૮ દિવસમાં તેઓનું વજન ૧૦ રતલ ઘટયું છે. સારવારમાં ડૉ. દેશમુખ તથા બીજા ડૉકટરો અને શ્રીમતી સરોજીની નાયડુ ખાસ ધ્યાન આપી રહ્યા છે. શ્રીમતી કસ્તુરબાઇ ગાંધી તથા તેમના મોટા પુત્ર કે જેઓ ૧૨ વરસથી પિતાને મળ્યા ન હતા તેઓ મ. ગાંધીજીને મળવા આવ્યા છે. છેલ્લું અઠવાડીયું કદાચ મહાત્માજીને ભારે થઇ પડશે તેમ ડૉકટરોનું માનવું છે.

**જેલમાં સત્યાગ્રહીનું મરણ :** પટ્ણા જેલમાં સત્યાગ્રહની ચળવળ સંબંધમાં સજા ભોગવતા બાબુ ચક્કનસીંગનું ન્યુમોનીયાથી અવસાન થયું છે.

**શૉની મુસાફરી :** ૧૪૭ દિવસમાં ૨૫ દેશો અને ૮૩ બંદરોનો પ્રવાસ કરી પોતાના વતન પાછા ફરેલા ઇંગ્લેંડના જગત મશહુર નાટયકાર જ્યોર્જ બર્નાડ શૉ પોતાના અનુભવનું વર્ણન કરતાં જણાવે છે કે "મને અમેરીકા ગમ્યું નથી. રશીયામાં મજુરો છે અને મજુરો પાસેજ તેની તપાસ થઇ રહી છે. બીજે કોઇ પણ સ્થળે મળે તેના કરતાં તેઓને વધારે ન્યાયી તપાસ ત્યાંજ મળશે. રશીયાની વિરૂદ્ધ લખનારા અને રશીયા સાથે વિગ્રહ કરવાની ઉશ્કેરણી કરનારા સર્વને પોતાનાજ સ્વદેશને બેવફા થવા માટે ફાંસીને માંચડે ચડાવવા જોઇએ. આપણે રશીયા અને ચીનને ઉત્તેજન આપવું જોઇએ."

**કોંગ્રેસમેનોનો છુટકારો :** ગઇ કાયદા ભંગની લડતમાં સજા પામેલા લગભગ બધા કેદીઓને આ અઠવાડીયામાં આકોલાની જેલમાંથી છોડી મુકવામાં આવ્યા છે.

**હિંદમાંથી સોનાની નીકાસ :** ગઇ તા. ૧૩ મીએ પુરા થતા અઠવાડીયામાં મુંબઇથી કુલ્લે રૂ. ૧,૧૮,૧૪,૪૬૬ ની કિંમતના સોનાની નીકાસ થઇ હતી. ગ્રેટ બ્રીટને સોનાનું ધોરણ છોડયું ત્યારથી તે અત્યાર સુધીમાં લગભગ સવા અબજની કિંમત જેટલું સોનું હિંદમાંથી પરદેશ ગયું છે.

**વર્ષા રૂતુ :** આ સાલ વર્ષા રૂતુ વહેલી બેસી ગઇ છે. લગભગ આખા હિંદમાં એક અઠવાડીયાથી સારો વરસાદ ચાલુ છે.

**દામોદરલાલજીને મનાઇ હુકમ :** વૈશ્ણવ સંપ્રદાયના ધર્મગુરૂ શ્રી દામોદરલાલજી મહારાજ જેઓએ થોડા સમય પહેલાં શ્રી નાથદ્વારા ખાતે જઇ ત્યાંના વૈશ્ણવજનો સમક્ષ પોતે કરેલી ભુલોનો એકરાર કરી હંસા સાથેના પ્રેમનું નવું તત્ત્વજ્ઞાન રજુ કરતું ભાષણ કર્યું હતું તેઓને મદ્રાસના કેટલાક વૈશ્ણવ આગેવાનોની અરજ ધ્યાનમાં લઇ ઉદેપુર રાજ્ય તરફથી મેવાડની હદમાં પ્રવેશ ન કરવાનું ફરમાન પહોંચાડવામાં આવ્યું છે.

**ચીન જાપાનની લડાઇ :** ચીન અને જાપાન વચ્ચે લડાઇ ચાલુ છે. મહાન દિવાલ આગળ જાપાનીઓએ વિમાનમાંથી બોમ્બનો મારો ચલાવીને જોસભેર આગળ ધપવા માંડયું છે. ૩ દિવસમાં ૩૦૦૦ ચીનાઓ માર્યા ગયાનું ચીનાઓ કબુલ કરે છે. ચીનાઇ લશ્કરને પાછું હઠવાની ફરજ પડી છે.

**કાઠીયાવાડમાં હરિજન સેવા :** સૌરાષ્ટ્ર અસ્પર્શ્યતા નિવારણ સંઘ તરફથી બે પરિવ્રાજક સંઘો ગઇ તા. ૧૮ ના રોજ હરિજનોની સેવા અર્થે નીકળ્યા છે. ભાવનગરથી જુનાગઢ પગે ચાલીને જતા સંઘની સરદારી શ્રી. બ. ગો. મહેતા અને વઢવાણથી જામનગર જતા સંઘની સરદારી શ્રી. મણિશંકર ત્રિવેદીએ લીધી છે.

**પાંચ બાળકો સાથે જનમ્યા :** ૩૦ વરસની વયની ઇટાલીની એક સ્ત્રીએ એકી સાથે પાંચ બાળકોને જન્મ આપ્યો છે, જેમાં ૩ છોકરા અને બે છોકરી છે. દરેકનું વજન ૧ રતલથી ઓછું છે. બાળકો અને માતા સહીસલામત છે. આ સ્ત્રીને ઇટાલીના સરમુખત્યાર મુસોલીની તરફથી ખાસ ઇનામ મળશે.

**આર્થીક પરિષદ :** આવતી તા. ૧૨ જુનના રોજ લંડનમાં બ્રીટનના વડા પ્રધાન રામ્સે મેકડોનલ્ડના પ્રમુખપણા હેઠળ મળનારી આખી દુનિયાની આર્થીક પરિષદ ફતેહમંદ થશે એવું સર્વ ઠેકાણે માનવામાં આવે છે. આ ધારણાને લઇને પરદેશ સાથે સંબંધ ધરાવતા હિંદના વેપારોમાં તેજી આવી છે. પરિષદ ચાલતી હોય ત્યાં સુધી અસાધારણ સંજોગો ઉત્પન્ન થાય તો પણ કોઇ દેશે પોતાની જગાતો વધારવી નહિ કે નવી ઉભી કરવી નહિ એવો ઠરાવ પરિષદની વ્યવસ્થાપક સમિતિએ પસાર કર્યો છે.

**શસ્ત્રબંધી પરિષદ :** આખી દુનીયામાં લડાયક સાધનો ઓછા કરવા કે નાબુદ કરવા એક પરિષદ મી. હેન્ડરસનના પ્રમુખપણા નીચે મહેનત કરી રહી છે. હજુ સુધી તેને નિષ્ફળતા શિવાય બીજું કાંઇ મળ્યું નથી. ખાસ વાંધો જર્મનીએ ઉભો કર્યો છે કે તેને બીજા દેશોના જેટલાજ લડાયક સાધનો રાખવાનો હક છે. આ હક સામે મુખ્યત્વે ફ્રાન્સને વાંધો છે.

દુનિયાની આર્થીક પરિષદ પડી ભાંગે અને શસ્ત્રબંધી પરિષદ કાંઇ તોડ ન લાવી શકે તો. આખી દુનિયામાં ભયંકર લડાઇ ફાટી નીકળવાનો ભય છે.

---

## આ પાનમાં "જાગૃતિ"

કોમ માટે લડતા વર્તમાનપત્રને કોમેજ ઉત્તેજન આપી આગળ ધપાવવું જોઇએ. "ઓજા જાગૃતિ" કાંઇ તમારી પાસેથી એવો મહાન ભોગ માગતું નથી કે જે તમે ન આપી શકો. અઠવાડીયે એક કપ ચાનો ઓછો પીઓ કે બે ચાર પાન ઓછાં ખાવ, કે ૫-૨૫ બીડી ઓછી ફુંકો તેટલામાંજ તમે "ઓજા જાગૃતિ" ને ટેકો આપવા ઉપરાંત એક વરસ સુધી ઉપયોગી અને રસમય વાંચન ઘરબેઠાં મેળવી શકશો. એક પંથને દો કાજ થશે. તમે ખોટા ખરચમાંથી બચી વ્યસનમુક્ત થશો; સાથેસાથ કોમસેવામાં પણ તમારો ફાળો નોંધાશે.

આજેજ ગ્રાહક થવા લખો :—

વ્યવસ્થાપક,
"ઓજા જાગૃતિ"
રાજકોટ.

( અનુસંધાન પાના ૧૦૯ થી )

તમે શું સમજો છો ? " અબ્દુલ્લાએ દમ ભરાવ્યો.

"અમારી સ્થિતિ ઘણી ગરીબ છે તેથીજ અમે કામડીયા સાહેબને કાંઈ આપી શકયા નહિ. બાકી અમે આપવાની ના નથી કહી. થશે તેમ આપતા જશું " બદરૂદીને નરમાશથી જવાબ વાળ્યો.

" એ નહિ ચાલે. તમારે અત્યારેને અત્યારે રૂા. ૭ા ભરી દેવા પડશે. શું અહીં પોપાભાઇનું રાજ સમજો છો ? હું છું ત્યાં સુધી તો રાજકોટમાં કાંઇ પોલ નહિજ ચાલવા દઉં. તમને ખબર છે આ હાથે વીશ વીશ જણને નાત બહાર મુકવાના ફારમ ઉપર સહી થઇ છે ? " અબદુલ્લાને ખુરશીનું સત ચડવા માંડયું.

" અત્યારે તો મારાથી ભરી શકાય તેમ નથી. ન હોય તે હું કયાંથી લાવું ? " અબ્દુલ્લાની કડકાઇનું પ્રતિબીમ્બ બદરૂદીનના સ્વરમાં પણ હવે પડતું હતું.

" એમ છે ? નથી ભરવા ? મેમ્બર સાહેબો, તમારો મત લઉં છું. ઇસમ મજકુરે કામડીયાનું તથા કાઉન્સીલનું અપમાન કર્યું છે, તેથી તેના રૂા. ૫) દંડ કરવા જોઇએ. " અબદુલ્લા જાત ઉપર જવા તૈયાર થયો.

" પણ મેં આમાં અપમાન શું કર્યું તે મારો દંડ કરો છો ? " બદરૂદીન આ નવા મારથી ગભરાયો.

" વચમાં નહિ બોલો. કાઉન્સીલ કહે છતાં પૈસા ન આપો તે અપમાનજ છે. "

પ્રેસીડેન્ટે મત લીધા. પોપટભાઇ નામના એક સભ્ય પ્રાણિ અત્યાર સુધી ખુરશીમાં ઉંઘતા હતા; તેમનો વારો મત દેવાનો આવ્યો ત્યારે તે જાગી ગયા. તેમને થયેલ કામકાજની કાંઈ ખબર ન હતી.

" શેના મત લેવાય છે ? "

" રૂા. ૫) દંડ કરવાના. "

" કરો. હું તરફેણમાં છું. "

અને ફરીથી પોપટભાઇ ઝોલે ગયા. સર્વાનુમતે બદરૂદીનનો રૂા. ૫) દંડ કરવામાં આવ્યો.

" રૂા. ૧૨ાા પહેલીજ તકે નહિ આપી દ્યો તો હવે સખત સજા કરવામાં આવશે. જાવ." અબદુલ્લાભાઇએ ફેંસલો સંભળાવ્યો.

બહાર નીકળીને બદરૂદીને બીજાઓને પુછયું ત્યારેજ તેને ખબર પડી કે ' સખત સજા ' એટલે ' નાત બહારી. '

દિવસ આખો આમતેમ રખડી બદરૂદીને મહા મુશ્કેલીથી ત્રીજી રાત રાજકોટમાં પસાર કરી. વગતે દિવસે તે સવારમાં વહેલો ઉઠીને પોતાના ગામ ભણી રવાના થઇ ગયો.

---

( અનુસંધાન પાના ૧૦૬ થી )

**ન દેવાનો ત્રીજો રસ્તો જે ઉપરના બે રસ્તા ન અનુસરી શકતા હોય તેઓને માટે છે. આવા ભાઇઓએ મરજીઆત લાગાઓની વિધવિધતાનો પુરો અભ્યાસ કરી બહુજ ઝીણવટથી તેમાંના એકને નામે પણ એક દમડીયે પોતાના ખીસામાંથી કાઢવી નહિ.**

**દેવાના રસ્તા બીજાઓ બતાવતા ગયા તેમ આપણે અનુસરતા ગયા. પરિણામે કાળી ગરીબી આજે આપણે વેઠી રહ્યા છીએ. આટલાથી આપણામાં જો સાન આવતી હોય તો હવે ન દેવાના રસ્તા હાથે ગોતી તે રસ્તાએ ચાલવું જોઇએ.**

( અનુસંધાન પાના ૧૦૭ થી )

વગતે દિવસે માવજીભાઈ દીકરાની વહુને તેડી જાન સહીત પોતાને ઘરે પાછા આવતા રહ્યા.

× × × × × ×

આજે લગનને ૭ માસ વીતી ગયા છે. દિવસે દિવસે માવજીભાઈની સ્થિતિ કાંઈક નબળી પડતી જાય છે. દીકરીને તેડવા જવામાં તથા આણું કરવામાં તેમજ દીકરાની વહુને લુગડાં લેવામાં અને બીજા ખર્ચમાં ઉતરવાથી તેને માથે દેણું પણ થઈ ગયું છે. દીકરા દીકરીના લગ્ન પ્રસંગે બાકી રખાવેલ કાઉન્સીલના ' લેણા ' ના રૂા. ૨૭) તેઓ ભરી શકયા નથી. આથી કાઉન્સીલની એક બે નોટીસો અને તક મળ્યા પછી આવતી પહેલી તારીખે કાઉન્સીલની બેઠકમાં હાજર થવા હુકમ થયો છે. માવજીભાઈ બરાબર સમજે છે કે કાઉન્સીલ એક પાઈ પણ જતી કરશે નહિ, અને પોતે આપી શકે તેવી તો સ્થિતિ નથી. એટલે કાઉન્સીલ જરૂર તેને નાત બહાર મુકવાનીજ. આ મુંઝવણ ટાળવા તેમના દુઃખી હૃદયે જુદોજ રસ્તો શોધી કાઢયો. કાઉન્સીલના હાથ નીચે રહે તેનેજ કાઉન્સીલ હેરાન કરી શકે છે; તેનાથી છુટા થનારની સામે તે જોઈ પણ શકતી નથી. આ ઘટના માવજીભાઈને વધુને વધુ આકર્ષવા લાગી. છેવટે આ કાળા કેદખાનામાંથી છુટવા તેઓ ઈશિનાઅશરી થઈ ગયા.

કેળવણી લીધા વગરના અને કુટુંબ નિર્વાહના બોજા નીચે કાયમ ચગદાતા દુઃખી માણસને એ કયાંથી સુઝે કે આ સાચો માર્ગ નથી ?

---

( અનુસંધાન પાના ૧૧૨ થી )

( જો કે આવી રીતે અટકાવવાનું કાંઇ સાધન કે શક્તિ કાઉન્સીલ પાસે નથી. ) આ કલમમાં બધી એટલે ભવિષ્યની બેઠકોમાં પણ તેને હાજર થતો અટકાવવાની વાત છે તે ગેરવ્યાજબી છે. જો બેઠકની એ વાત હોય તે બેઠક પુરતુંજ તે પગલું હોવું જોઇએ. જો આખી કાઉન્સીલ એવાજ નિર્ણય ઉપર આવે કે તે મેમ્બર આ એકજ પ્રસંગથી નહિ પણ બીજા કારણોસર પણ કાઉન્સીલમાંથી બાતલ કરવાને પાત્ર છે તો ઠપકાની દરખાસ્ત લાવી તે તેમ કરી શકે. પ્રમુખને આટલી બધી વિશાળ સત્તા હોઇ શકે નહિ. આવી રીતે ખાલી પડેલી જગ્યા જે વિભાગમાંથી એ સભ્યની ચુંટણી થઇ હોય એ વિભાગમાંથી ફરી ચુંટણી કરવી જોઇએ. ના. આગાખાનને ખબર મોકલવા અને તેમના તરફથી જે કાંઇ ફરમાન થાય તે મુજબ વર્તવું તે મૂર્ખાઇ ભરેલું છે. કાઉન્સીલ કોમને જવાબદાર રહેવી જોઇએ, નહિ કે ના. આગાખાનને.

## લખનારાઓને જવાબ.

૧. " ઉન્નતિના ઇચ્છનાર "—ભડલી. આપનો લેખ મળ્યો. બીજાને પ્રકાશમાં આવવાનો પડકાર કરનાર પોતે અંધારામાં રહી શકે નહિ. આવા લેખો ઉપનામથી પ્રગટ નહિ કરવા બદલ દીલગીર છીએ.

૨. " યુવક "—બોટાદ. લેખ મળ્યો. સરસ છે. પણ પડકારના લેખો ઉપનામથી પ્રગટ ન થઇ શકે. જરા વધુ હિંમત કેળવી બુરખો ફેંકી દ્યો.

૩. " લ્હેરી દીનભાઈ "—ગઢડા. અંગત આક્ષેપોથી પર રહી મુદ્દા સહીત બનેલ પ્રસંગો લખી મોકલો એટલે યોગ્ય થશે.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૫૭.**

"કાઉન્સીલની દરેક મીટીંગમાં કામ શરૂ કરતી વખતે જો પ્રેસીડેન્ટ ગેરહાજર હોય, અગર હાજર હોવા છતાં પ્રેસીડેન્ટ તરીકે પોતાનું કાર્ય બજાવવા તેની ઇચ્છા ન હોય તો હાજર રહેલા મેમ્બરો પૈકી એકને વધુ મતે તે મીટીંગના પ્રેસીડેન્ટ તરીકે ચુંટવામાં આવશે."

આ કલમનો પાછલો અરધો ભાગ કલમ ૪૭ ના અરધા ભાગ સાથે મળતો છે, એ દરજ્જે ફરીથી એકની એક વાત કહ્યા જેવું થાય છે. કોઇ પણ સભામાં તેનો પ્રેસીડેન્ટ હાજર હોય અને છતાં તે પ્રેસીડેન્ટ તરીકે કામ કરવા ખુશી ન હોય તો તેની જગ્યાએ બીજો પ્રેસીડેન્ટ ચુંટવામાં આવે તે બરાબર છે. પણ પછી તો હાજર હોવા છતાં વિના કારણે કામ કરવાની ના કહેનાર પ્રમુખને કાયમને માટે રૂખસત આપવી એજ વાજબી છે. કોઇ કારણસર તે ના કહેતો હોય તે જુદી વાત છે.

**કલમ ૫૮**

ખાનગી કામ વખતે કાઉન્સીલ હૉલના બારણા બંધ રાખવા સંબંધેની છે.

આ કલમ માટે કાંઇ ખાસ કહેવાપણું નથી.

**કલમ ૫૯**

બન્ને બાજુ સરખા મત પડે ત્યારે પ્રેસીડેન્ટને વધારાનો મત આપવા સંબંધેની છે.

આ કલમ માટે કાંઇ કહેવાનું નથી.

**કલમ ૬૦**

મા, બાપ, ભાઇ, દીકરો, બ્હેન, દીકરી અને સ્ત્રીના કેસમાં કાઉન્સીલના મેમ્બરને મેમ્બર તરીકે બોલવાનો કે મત આપવાનો હક ન હોવા સંબંધેની છે.

આ કલમ બરાબર છે.

**કલમ ૬૧.**

"કાઉન્સીલનો કોઇ મેમ્બર કેસના પ્રોસીડીંગ બંધ થયા પછી અને તેનો ઠરાવ થયા પહેલાં કાંઇ ભાષણ કરે તો તેના તેવા ભાષણની અંદર કોઇ બીજો મેમ્બર તેને અટકાવશે નહિ અગર તેમાં ડખલગીરી કરશે નહિ."

કલમ ૧૪ ઉપરની ટીકા જોઇ લેવી.

**કલમ ૬૨.**

"કાઉન્સીલનો કોઇ મેમ્બર લાગલાગટ ૭ મહીના સુધી કાઉન્સીલની મીટીંગમાં હાજર રહેવામાં નિષ્ફળ જાય તો મેમ્બરપણાનો પોતાનો હક તેણે છોડી દેવો પડશે અને તેની ખાલી જગ્યાએ કાઉન્સીલ બીજો મેમ્બર નીમશે અને તે બાબતના ખબર નામદાર સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને આપશે, અને તે નિમણુક બહાલ રાખવી કે નહિ તે તેઓ નામદારની મુનસફી ઉપર રહેશે."

લાગલાગટ ૭ મહીના સુધી ગેરહાજર રહેલ મેમ્બરની ખાલી પડેલ જગ્યાએ કાઉન્સીલે નવી નીમણુક નહિ પણ ચુંટણી કરવી જોઇએ. ખાસ કરીને ના. આગાખાનની મુનસફી ઉપર છોડવામાં આવતી આ ઘટના ખુબજ વાંધા ભરેલી છે.

**કલમ ૬૩**

આફ્રીકા અગર દૂર દેશાવર જનાર મેમ્બરની જગ્યા આઠ મહીના સુધી ખાલી રાખવા સંબંધેની છે.

આ કલમ બરાબર છે.

**કલમ ૬૪.**

"સુપ્રીમ કાઉન્સીલ પોતાની ઓરડીનરી (સાધારણ) અગર સ્પેશીયલ (અસાધારણ) મીટીંગ કાઠીયાવાડના જે જે જુદા જુદા સ્થળોમાં પોતાને યોગ્ય લાગે તે સ્થળે અને સમયે ભરશે."

આ કલમ વિરૂદ્ધ કાંઇ ખાસ કહેવાપણું નથી.

**કલમ ૬૫.**

"કાઉન્સીલમાં કામકાજ ચાલતું હોય ત્યારે કોઇ મેમ્બર સભ્યતાના નિયમો પાળવામાં કસુર કરે અગર કોઇનું અપમાન કરે તો પ્રેસીડેન્ટ તેને મર્યાદા જાળવવા હુકમ કરશે. તેમ છતાં જો તે ફરમાન ન માને તો કાઉન્સીલ તેવા મેમ્બરને મીટીંગમાં હાજરી આપતાં અટકાવશે અને તે બાબતનો રીપોર્ટ નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને મોકલશે અને તેઓ નામદાર હજુરથી જે ફરમાન થાય તે પ્રમાણે અમલ કરવામાં આવશે."

અસભ્ય થનાર મેમ્બરને સભ્ય થવા પ્રેસીડેન્ટ સૂચવે એ બરાબર છે. તેથી પણ આગળ વધીને તેવા મેમ્બરને તે વખતની બેઠકમાં હાજર થતો અટકાવવામાં આવે તે પણ બરાબર છે.

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૧૧ )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સાચો રાહ. | છુટક નકલ ત્રણ પૈસા. | Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૧૫ : મે ૩૦ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના જેઠ સુદ ૫ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## 'મનુષ્ય' જોઇએ છે!

"હાલની યોગ્ય અને ડાહી કહેવાતી સમાજ વ્યવસ્થા જોઇતી નથી,

સખ્ત બાહ્યાચાર પળાવનારા ધર્મો જોઇતા નથી,
કુબેરના ભંડાર જોઇતા નથી,
મહાન સત્તા જોઇતી નથી,
પ્રબલ લેખિની પણ જોઇતી નથી;
પરંતુ ખરો મનુષ્ય જોઇએ છે.

સમગ્ર જગત બૂમ પાડી રહ્યું છે કે, અમારો ઉદ્ધારક મનુષ્ય કયાં છે? અમને એક ખરા મનુષ્યની જરૂર છે; પરંતુ આવા પુરૂષને માટે તમે દૂર દૂર શોધશો નહિ. તેવો પુરૂષ તમારી નિકટજ છે અને તે બીજો કોઇ નહિ પણ તમે પોતે છો; હું પણ છું અને આપણામાંનો પ્રત્યેક માણસ પણ છે. ........... એક માણસને ખરો મનુષ્ય કેમ બનાવવો? જો તે પોતેજ તેવો બનવાની ઇચ્છા ધારણ કરી શકતો ન હોય તો તો તેવો બનવા જેટલું કોઇ પણ કામ તેને માટે કઠીન નથી; અને જો તે તેવી ઇચ્છા ધારણ કરી શકતો હોય તો તેને માટે સાચો મનુષ્ય બનવા જેટલું સહેલું પણ બીજું કાંઇ નથી."

("ભાગ્યના સ્રષ્ટાઓ" માંથી)

### આજના અંકની સામગ્રી.

સાચો રાહ.
મુડદાંનો વેરી
ચલતીકા નામ ગાડી.
મરદાનગી.
સપ્તાહનો સાર.
કાઉન્સીલને એક વધુ ફટકો.
કાઉન્સીલના કાયદાઃ રક્ષક કે ભક્ષક?

દર મંગળવારે પ્રગટ થતું ખોજા કોમનું મુખપત્ર.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૩૦–૫–૩૩.


## સાચો રાહ.

ગઈ તા. ૨૫ના રોજ રાજકોટમાં ઉજવાયેલા એક લગ્નના વિગતવાર સમાચાર અમારા આજના અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે. ખોજા સુધારક સંઘના આશ્રય તળે ઉજવાયેલા એ પાંચમા લગ્નના આ પ્રસંગે તેની પાછળ રહેલા ઇતિહાસ ઉપર દ્રષ્ટિપાત કરવો અસ્થાને નહિ ગણાય.

એમ કહેવું એ અનુચિત નહિ ગણાય કે ખોજા સુધારક સંઘની સ્થાપના પહેલાં કાઉન્સીલની સંપૂર્ણ અવગણના કરી તેના ફરજીઆત કે મરજીઆત એક પણ લાગાને નામે એક પાઇ પણ આપ્યા શીવાય લગ્ન કરવાની પ્રથા ન હતી. એટલુંજ નહિ પણ છુટું છવાયું કોઇ એવું લગ્ન થતુંજ નહિ. ખોજા સુધારક સંઘની સ્થાપના થયે આજે લગભગ પોણા બે વરસ થવા આવ્યાં. એટલા વખતમાં આવી રીતના પાંચ લગ્નો તેના હાથ નીચે ઉજવવામાં આવે એ સામાજીક સુધારાઓની દુર્ઘટતા જોતાં નીરાશાજનક ન કહેવાય. બલકે અમે તો તેને ઉત્સાહનું કારણ ગણીએ છીએ.

છેલ્લામાં છેલ્લી તારીખનું ભેજું છેલ્લામાં છેલ્લી જે તરકીબ ગોતી કાઢે તેનો પુરેપુરી કુશળતાથી ઉપયોગ કરી આપણી કોમનું ધન ચૂસવામાં આવે છે અને આપણને ગુલામ ગણી દાબી રાખવામાં આવે છે. આ ભયંકર અખતરાને અટકાવવા માટે સારામાં સારો ઉપાય કાઉન્સીલની સત્તાની સંપૂર્ણ અવગણના અને તેના લાગાઓ આપવાનો સાફ ઇનકાર છે. આ ઉપાય યોજવાનું વધુમાં વધુ અનુકુળ ક્ષેત્ર લગ્ન અને મરણ પ્રસંગ, ખાસ કરીને લગ્ન પ્રસંગજ છે. આપણામાં એવી માન્યતા રૂઢ કરી દેવામાં આવી છે કે લગ્ન પ્રસંગ વખતે કાઉન્સીલ વિના ચાલે નહિ અને આડે દિવસે કાઉન્સીલની ચૂસણ નીતિની વિરૂધ્ધ ઉભરા કાઢનારે પણ તે વખતે તો ગમે તેમ કરીને કાઉન્સીલને બોલાવી તેના હસ્તક નીકાહનું કામ પતાવવું જોઇએ. આમ લગ્ન પ્રસંગો વખતેજ કાઉન્સીલની ગુલામીના મુળ ઉંડા જાય છે. આ સ્થિતિનો અભ્યાસ કરી ખોજા સુધારક સંઘે જે લગ્ન પ્રસંગેજ કાઉન્સીલની સત્તાની અવગણના કરી કાંઇ પણ કરવેરા નહિ આપવાનો માર્ગ કોમને બતાવ્યો છે તે અમને વ્યાજબી લાગે છે. ખોજા સુધારક સંઘની એ દીશામાં થતી પ્રગતિ જરૂર અભિનંદનિય છે.

બુધ્ધિવાદના આ જમાનામાં આપણે દરેક ઘટનાને બુધ્ધિની કસોટીએ ચડાવવી જોઇએ. લગ્નની ક્રિયાઓ જે કરવા માગે છે એ આપણી કોમ સમક્ષ અત્યારે બે માર્ગ પડેલા છે. એક ચાલુ માર્ગ કાઉન્સીલની તાબેદારી સ્વીકારીને લગ્ન ઉજવવાનો છે. એ રસ્તે જનારે કાઉન્સીલના ભારે મારતા લાગાઓ ચુકવવાના છે. કાઉન્સીલની અને તેની નોકરશાહીની અપમાનકારક વર્તણુક સહેવાની છે. આગલા પાછલા ભુલાઇ ગયેલા કે ન દેવાના લાગાઓ આપવાના છે. વર કન્યાએ પરણતાં પહેલાંજ છુટા છેડાની વાતો કરતા ઘાતકી દસ્તાવેજો ઉપર સહી કરવાની છે. અને આ બધું કરતાં કરતાં ગુલામી સહન કરવાની છે. આ એક રસ્તો છે. બીજો માર્ગ ખોજા સુધારક સંઘે ખુલ્લો કર્યો તે છે. લગ્નને નામે એક પાઇ પણ કરની આપવાની નહિ. આગલા પાછલા લેણાંની ત્યાં વાતજ નહિ. સત્તાધારીઓના બદલે સેવકોનું વર્તન. ઘાતકી દસ્તાવેજો નહિ કે તે ઉપર વર કન્યાએ સહીઓ કરવાનું નહિ. ગુલામીને બદલે સ્વતંત્રતાનું વાતાવરણ. આ બીજો માર્ગ છે. કોમે આ બન્ને રસ્તાને બુધ્ધિની કસોટીએ ચડાવી તેની કિંમત આંકવાની છે. લગ્નના કરો ન આપવામાં આવે કે દસ્તાવેજો લખી ન આપવામાં આવે તો વર કન્યાનો ગૃહસંસાર ચાલવામાં શું હરકત આવી પડે તેનો આપણે ખ્યાલ કરવાનો છે. કાઉન્સીલની નીતિ આપણને જુલમી લાગતી હોય તો એ જુલમ સામે કાંઇ પણ અવાજ ન ઉઠાવતાં ચુપ રહી આપણા હૃદયને આપણે કયાં સુધી છેતરવા માગીએ છીએ તે આપણે નકકી કરવાનું છે. આપણે ગુલામ નથી અને સ્વતંત્ર માણસ છીએ અને સ્વતંત્ર માણસ તરીકે આપણે જીવવું કે નહિ તેનો ઠરાવ કરી લેવાની ઘડી હવે આવી પહોંચી છે.

---


### સસ્તું અને સારૂં વાંચન

વાંચવું હોય તો બે રૂપીયા મોકલાવી "ખોજા જાગૃતી" ના ગ્રાહક બનો.

# મુડદાંના વેરી.

( આ પ્રસંગ કલ્પીત છે. )

આજે અજાણતાં રાજકોટ લોકલ કાઉન્સીલની બેઠક મળી છે. માત્ર ચારજ સભ્યો હાજર છે. વચ્ચે એક ખોજા બન્ધુ લાચારી પૂર્વક અરજ કરતો ઉભો છે.

એનું નામ દેવરાજ. કચ્છ વાગડમાં વાંઢીયા ગામનો તે રહીશ. મૂળ રહેવાશી કાઠીયાવાડનો, ધંધા અર્થે કચ્છમાં આવી રહ્યો. સાત આઠ વરસના રોજગાર પછી પણ કાંઇ ખાસ કમાણી કરી શક્યો નહિ.

દેવરાજના કાકાનો દીકરો મામદ કાઠીયાવાડમાં પોતાના ગામમાં ખાવા પુરતી કમાણી નહિ થવાથી મુંઝાણો. મોટાભાઇને કાગળ લખી પોતાને કચ્છમાં તેડાવવા માગણી કરી. દેવરાજે હા લખી, આશ્વાસન આપ્યું અને કાંઈપણ ધંધો ગોતી આપવાની હિંમત આપી. મામદ વાંઢીયા આવી દેવરાજ સાથે રહ્યો.

મામદની આર્થીક સ્થિતિ ખરાબ હતી એટલે ચાર વરસની દસોંદ તે ભરી શક્યો ન્હોતો. રાજકોટ લોકલ કાઉન્સીલે એ તુરત ભરી દેવા તેના માથે દબાણ કરેલું. મામદની અશકિતના પરિણામે કાઉન્સીલે પોતાનો સીક્કો બેસારવા તેને તાબડતોબ નાત બહાર મુકી દઇ બધા ગામે કાગળીયા ફેરવી દીધા હતા.

કચ્છમાં આવી મહીનો માસ તેણે ધંધો ગોતવામાં ગાળ્યો. રોજી માટે તફડતાના ત્યાંતો રોજી ખુટી. મામદ ભયંકર તાવમાં સપડાયો. દેવરાજે તેને ઉગારવા ઘણા પ્રયત્નો કર્યા, પણ બધા નિષ્ફળ ગયા. દેવરાજને હૃદયદ્રાવક દુઃખના દાવાનળમાં સળગતો મુકી મામદનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું. દેવરાજ છાતીફાટ રોયો. જુવાન જોધ ભાઇનું અકાળ મોત પરદેશમાં દેવરાજને કારી ધા થઇ પડયું.

રોઇ રોઇને જ્યારે તે થાક્યો અને મગજને સેજ વિશ્રાંતિ મળી ત્યારે તેને નવી મુશ્કેલીનો સામનો કરવાની જરૂર દેખાણી. મામદ નાતબહાર હતો. કાઉન્સીલના ફરમાનથી જમાતનો કોઇ માણસ મામદના મૈયતને દફનાવવા નહિ આવે એ વાતનો જ્યારે તેને ખ્યાલ આવ્યો ત્યારે તેનું હૃદય ઘડીભર ચાલતું બંધ થયા જેવું થઇ ગયું.

મામદની દફનક્રિયા માટે શું કરવું તેની દેવરાજને ભારે ચિંતા થઇ પડી. કાઉન્સીલની ઉપરવટ થઇ જમાતનું કોઇ માણસ દફનક્રિયામાં આવે નહિ. પોતે એકલાથી દફન થાય નહિ; અને પોતે કરે તો પણ પોતાને નાત બહાર થવું પડે. ઉપરાંત રાજકોટના ધક્કા ખાઇ ઘસાઇ જાવું પડે તે જુદું.

નીરાશ હૃદયે દેવરાજ જમાતના મુખી પાસે ગયો. રાજન મુખી કાંઇ દેવરાજના જેવો પોચા હૃદયનો ન હતો. તેણે મૈયતમાં આવવાની સાફ ના સુણાવી દીધી, અને પવિત્ર કાયદાનું પાલન કરી રાજકોટ કાઉન્સીલની પરવાનગી મેળવવા જવા દેવરાજને તેણે જણાવ્યું.

દેવરાજ મુંઝાયો. પણ એ મુંઝવણનો રસ્તો તેને રાજકોટ ગયા શીવાયનો સુઝ્યો નહિ. ઘરે આવી તેણે રાજકોટ જવાની તૈયારી કરી. આર્થીક સ્થિતિ સદ્ધર તો ન્હોતીજ. છતાં ગયા શીવાય ચાલે તેમ નથીજ ગણી તે ઘરની બહાર નીકળ્યો. મૈયતને ઘરમાં ઢાંકી રાખ્યું.

ચોમાસાનો વખત હતો. આગલે દિવસે ખુબ વરસાદ પડેલો એટલે રસ્તા વિકટ થયેલા. પગ રસ્તે કંડલા જવા દેવરાજ નીકળ્યો. વાંઢીયાથી કંડલા રેલ્વેની સગવડ ન્હોતી. ૪૦ ગાઉ પગ રસ્તાની મુસાફરી કરી, કંડલા આવી તે સ્ટીમર રસ્તે જામનગર અને ત્યાંથી રેલ્વે રસ્તે ચાર દિવસે રાજકોટ પહોંચ્યો. તેણે રસ્તામાં નહિ જેવુંજ ખાધું હતું. ચાર ચાર દિવસના ભુખના કડાકાથી તેનામાં નિર્બળતા આવી ગઇ હતી. ભાઇના મૃત્યુનો શોક અને કાઉન્સીલની આ કનડગતનો ત્રાસ દેવરાજને કાયર કરી મુકતા હતા.

ચાર ચાર દિવસથી મૈયત ઘરમાં પડયું છે તેની શું દશા થઇ હશે એ વિચાર કરતો દેવરાજ રાજકોટ પહોંચ્યો કે તુરતજ તેણે કાઉન્સીલના પ્રમુખનું ઘર સારા રઝળાટ પછી પણ ગોતી કાઢ્યું. પ્રેસીડેન્ટ સાહેબને તે મળ્યો. બધી હકીકત જણાવી મૈયતને દફન કરવાની પરવાનગી માગી. પ્રમુખે જવાબ આપ્યો કે તેના એકલાના હાથની તે વાત નહિ, કાઉન્સીલની બેઠક મળે અને કાઉન્સીલ પરવાનગી આપવાનો ઠરાવ કરે તોજ થાય. ખાસ બેઠક મળતાં ચાર દિવસ થશે

આ જવાબથી દેવરાજના હાંજાજ ગગડી ગયા. ચાર દિવસ મૈયતને ઢાંકીને પોતાને આવ્યે થયા; બીજા ચાર દિવસ પછી કાઉન્સીલની બેઠક મળે; અને ત્યાર પછી જો તે પરવાનગી આપે તો વળતાંના ચાર દિવસ. એમ બાર દિવસ મૈયત રખડે પછી એ મૈયતની શું અવસ્થા થાય એ કલ્પનાથી તેને કંપારી છુટી.

ચાર દિવસ અને ચાર રાત દેવરાજે મરતાં પડતાં રાજકોટમાં ગાળ્યાં. ચાર દિવસ પછી આજે રાજકોટ લોકલ કાઉન્સીલની ખાસ બેઠક ઝવેરભાઇના પ્રમુખ સ્થાને મળી. મૈયતને રખડતું મુક્યાને આજે આઠમો દિવસ છે.

દેવરાજના સદ્‌ભાગ્યે કાઉન્સીલનું કોરમ પુરૂં હતું. દેવરાજે પોતાની હકીકત કાઉન્સીલ આગળ રજુ કરી મૈયતને દફનાવવાની પરવાનગી માગી.

" મરનાર તમારે શું સગો થાય ? " એક મેમ્બરે પુછ્યું.

" મારો કાકાનો દીકરો ભાઇ થાય. " દેવરાજે જવાબ આપ્યો.

" પ્રમુખ સાહેબ, કાકાનો દીકરો ભાઇ એ 'નજીકનો સગો' કહેવાય ? " બીજાએ વાંધો ઉઠાવ્યો.

" ન કહેવાય. " ત્રીજાએ હા ભણી.

" કહેવાય. " ચોથો વિરૂદ્ધ પડ્યો.

પ્રમુખ સાહેબે મત લીધા. ચાર મેમ્બરોમાં બે વિરૂદ્ધ અને બે તરફેણમાં. ઝવેરભાઈએ પોતાનો વધારાનો મત આપી ઠરાવ આપ્યો કે કાકાનો દીકરો ભાઇ એ ' નજીકનો સગો ' કહેવાય.

આજ રીતે દેવરાજ આજીજી ભરેલી રીતે અરજ કરતો હતો કે નહિ અને તે આજીજી ખુબ હતી કે થોડી તેની ચર્ચા થઇ. દેવરાજે આજીજી કરવામાં કાંઇ બાકી રાખ્યું ન્હોતું એટલે એ ચર્ચાનો નીકાલ પણ તેના લાભમાં થયો.

છેવટે કાઉન્સીલે પોતાનો નિર્ણય જાહેર કર્યોઃ--

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૧૯ )

# ચલતીકા નામ ગાડી

લેખક : **શ્રી. " ભગત "**

[ વર્ષો થયાં આપણી કોમની ખાંધ પર નાગચુડ ભેરવીને સ્વાર થઇ પડેલ ધર્મરૂપી રાક્ષસ જેણે આપણી કોમને છીન્નભીન્ન અને બેહાલ બનાવી દીધી છે તેને વિષે તમે આગળ વાંચો અને તેની પોકળતા આપોઆપ જણાઇ રહેશે. લેખક. ]

**ધર્મ કોને કહે છે ?**

સૌ કોઇને જેની પ્રાપ્તિની ઇચ્છા છે તે મેળવવાના સાધનને ધર્મ કહે છે. પણ તે સાધન યથાર્થ સાધન ક્યારે કહેવાય ? મનુષ્ય માત્ર જેનો ( અપવાદ રહીત ) સ્વીકાર કરે, મનુષ્ય માત્રનું જે કર્તવ્ય, જ્ઞાતવ્ય, પ્રાપ્તવ્ય અને સર્વને ટેકા રૂપ સાધન તે ધર્મ સાધન.

**ધૃતિ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ।**
**ધીર્વિદ્યા સત્યમક્રોધો દસકં ધર્મ લક્ષણમ્ ॥**

મનુ સ્મૃ. અ. ૬, શ્લો. ૨૨.

શ્રી મનુ મહારાજે ઉપર કહેલાં દસ લક્ષણો ધરાવનારને ધર્મ આચરનાર કહેલ છે. જ્યારે વર્તમાન સમયમાં સ્વાર્થી ધર્મગુરૂઓએ ધર્મ શબ્દના જુદા જુદા અનેક અર્થ કરીને ઘણોજ ગોટાળો ઉત્પન્ન કર્યો છે.

હિન્દુઓના 'ધર્મ', મુસલમાનોના 'મઝહબ' અને અંગ્રેજોના 'Religion રીલીજીઅન' શબ્દ વડે જેનું જ્ઞાન થાય છે તેનેજ હાલ તો ધર્મ તરીકે ઓળખવામાં આવે છે, અને તેથીજ 'હિન્દુ ધર્મ', 'ઇસ્લામ ધર્મ', 'ખ્રીસ્તી ધર્મ', 'બૌદ્ધ ધર્મ' એમ કહેવાય છે. તેમ છતાં હિન્દુઓમાં જેને 'નીતિ', અંગ્રેજોમાં 'Morality મોરેલીટી', મુસલમાનોમાં 'ઇમાનદારી' જેમાં કાંઇક ધર્મનો અંશ છે તેને કોરાણે મુકીને ઉપર કહેલા ધર્મને આચરનાર અનેક જોઇ શકાય એમ છે. કારણ કે આજે આપણને નાનપણથી શિક્ષણજ એવું મળે છે કે જેને કારણે આપણને એવી દ્રઢ છાપ પડી જાય છે કે ધર્મ અને ધર્મગુરૂઓ હઇનેજ આ સચરાચર નભી રહ્યું છે; એના વિના આપણી દુર્ગતિ થતી કોઇ અટકાવી શકે નહિ, અને એથી ઉલટું આપણે દ્રઢપણે માનતા થઇ જઇએ છીએ કે આ દુનિયા ઉપરનું આપણું જીવન ઝેર થવા દઇને પણ પરલોકમાં સ્વર્ગાદિ સુખો જેના ધર્મગુરૂઓ એકલા વિધાયક છે તે મેળવવાંજ મેળવવાં.

**ધર્મ શબ્દના અર્થો.**

સામાન્યત : " ધર્મથી પુણ્ય અને અધર્મથી પાપ થાય છે " એવું માનવામાં આવે છે. તેમ છતાં ધર્મ શબ્દ ક્યારેક પુણ્યના સાધનરૂપ, ક્યારેક નીતિના અર્થમાં, ક્યારેક 'મત' (રીલીજીઅન) ના, ક્યારેક 'સદ્ગુણ' અને ક્યારેક 'દુર્ગુણ' લેખે વપરાય છે. જેમકે :—

" પ્રજા પાલન કરવું એ રાજાનો ધર્મ છે. " અહિં 'ધર્મ' શબ્દ સદ્ગુણ અર્થે યોજાયો છે.

" વપુ વેચીને વિત્ત હરણ કરવું એ વેસ્યાનો ધર્મ છે. "
" ચાડી ખાવી એ ચુગલ લોકનો ધર્મ છે. "

આ બન્ને ઉદાહરણમાં 'ધર્મ' એ અવગુણ લેખે વપરાયો છે. એ જોતાં વહેવારમાં કર્તવ્યને ધર્મ કહે છે. જેમકેઃ—

બોલવું એ જીભનો, સાંભળવું એ કાનનો, ચાલવું એ પગનો ધર્મ છે; ઇત્યાદિ કામો વડે ધર્મ એટલે કર્તવ્યનોજ બોધ થાય છે.

ત્યારે—

આગાખાની ઉલેમાઓએ ઉપજાવી કહાડેલું આ 'અર્થશોષણ યંત્ર' 'સતપંથ ધર્મ' એવું સુંદર નામ આપવામાં આવ્યું છે કે જે વસ્તુતઃ એક ધતિંગ માત્ર હોઇને જેમાં બુદ્ધિવાદની કેવળ અવજ્ઞાજ કરવામાં આવી છે—તેની ફીલસુફી તો આપણને જુદી જુદી અનેક ભ્રમણાઓમાં નાખી છેવટે સંસારી જીવન ગાળતા થકા નિગ્રંથ શ્રમણ ( સરબંધી ) થવા પ્રબોધે છે. ના. આગાખાનની આપપતમાં ઉમેરો કરવા આજીવન કાળ સાથે પેટે પાટા બાંધી રળતા રહીએ અને તેમાં કદિએ વિઘ્ન ન આવે તે માટે આપણી સામે ભયની અનેક ભુતાવળો ઉભી કરવામાં આવી છે.

સામાન્યત : હિન્દુ ધર્માવલંબીઓ પુનર્જન્મમાં અને ઇસ્લામીઓ કયામતમાં માને છે. ત્યારે આપણા આ આગાખાની અવમાર્ગમાં ઉભયનો ભય બતાવી પરદેશી પરોણાની પરિતૃપ્તિ માટે આપણને જકડી પકડી લેવામાં આવ્યા છે.

અર્થ પ્રાપ્તિ એક માત્ર નેમ છે જેની એવા આ 'સંસાર ધર્મ' માં ઉપર કહી તેવી ( ભળતી ને વગર ભળતી ) અનેક વાતો ઘુસાડી દેવામાં આવી છે. દાખલા તરીકે પીર શમ્સ તબ્રેઝ જેવા પ્રખર સુફીમતવાદી, જેણે ખુદાના હુકમથી સજીવન ન થનાર મરેલા બાળકને પોતાના હુકમથી સજીવન કરેલ હતો, એવા 'અનલહક' નો નારો નાખનાર લોકાતિત પુરૂષને 'એજી માલ ખજીના બોતજ ભરીયા ઉસ મનહીયું છેતરા', 'દશો દશોંદ, દિઆવો સાહેબ નામ...' નહિ તો '...ફોગટ હો ચેશી ફેરા રે ભાઈ ફોગટ હો એશી ફેરા' એવાં જોડકણાં જોડતો ચીતર્યો છે. અને ફેરો અફળ થાય એટલે ફરીફરીને ગર્ભવાસના દુઃખો ભોગવવાનું. ગર્ભાવાસમાં શું દુઃખ છે એ તો કોણ જાણે, પણ તે દુઃખમાંથી છુટવા ( આપણ ખોજાઓએજ ) આપણે ના. આગાખાનને અનેક આજીજીઓ કરી અને છેવટે દશોંદ સુકરીતનો સતગુરને જામીન આપી જન્મ પામ્યા. હવે આપણી સામે મહાદનનો ભય ઉભો છે. 'સવા નેજે ત્યારે સુરજ તપશે ને ધરતી તાંબા વરણી હોશેજી' એવા એ ભયાનક દિવસની યાતના તો આપણો ઈન્સાફ તોળાતો હશે તે દરમીયાનજ ભોગવવાની.

હા, આપણને તેમાં પણ થોડું આશ્વાસન છે. જે દિસે મહાદન મંડાશે ત્યારે આપણે જે સતગુરને જામીન નાખ્યા છે

# મ ર દા ન ગી.

ઢીંગણો બાંધો છે. જબરી એવી ફાંદ છે. વજન ફકત પાંચ મણ હશે. માથે પાંચ શેરની આંટીઆળી પાઘડી ચડાવી છે. સાંકડા પાયચાવાળા ચોરણા ઉપર ભેટ બાંધી છે. બગલમાં ચોપડો ડોકીયું કરી રહ્યો છે. સત્તાધીશ દેખાવાના નિષ્ફળ પ્રાસો હાસ્યાસ્પદ લાગે છે. આ પ્રગણા કામડીયા પુંજાભાઇ.

"યા અલી મદદ, હરખજીભાઇ !"

"મૌલા અલી મદદ. આવો, આવો આ ખુરશી ઉપર."

હરખજીને ત્યાં પુંજાભાઇને આવકાર તો ઠીક મળ્યો.

"હરખજીભાઇ, તમારી પાસે રૂા. ૪૦) લેણા નીકળે છે" પુંજાભાઇએ એક લ્હેણીઆતની ઢબે ઉઘરાણી કરી.

**હરખજીઃ** શેના ? મને નથી યાદ આવતું કે હું તમારે ત્યાંથી મગની કે ચણાની ગુણી તોળી ગયો હોઉં. છતાં લ્યો ચોપડો જોઉં !

**પુંજાભાઇઃ** એમ કેમ બોલો છો, હરખજીભાઇ ! તમે છ વરસની દશોંદ નથી ભરી તેના કહું છું.

**હરખજીઃ** વેપાર પાણી ઠંડા છે, તેથી હમણાં ભરી શકું તેમ નથી. હું મારી સગવડે ભરી જઇશ. ફરી વખત આપે માગવા આવવાની તકલીફ લેવી નહિ.

**પુંજાભાઇઃ** એ કામ ન આવે. છ છ વરસની દસોંદ ચડે છતાં ન ભરો, માગવા આવીએ ત્યારે વેપાર ઠંડાનું બાનું આપો. અમારે કેટલાક આંટા ખાવા ? તમે આપશો તો તમને સવા લાખ મળવાના છે, તમે ભરશો તો તમારાજ ફાયદામાં છે. સ્વર્ગમાં હુરીયો મળનાર છે.

**હરખજીઃ** મેં જેટલા આપ્યા છે તેટલાના સવા લાખ મને મળશેને ? મને એટલા ઘણા છે. હવે વધારે મારે નથી જોતા. વધારે ઉપાધી મારે નથી વ્હોરવી. મને એકલા સવા લાખ મળે ને તો પણ ઘણા છે. સ્વર્ગ અને હુરીયો હું તમને અર્પણ કરૂં છું. તે મારે નથી જોઇતી. તમને હું ચોકખું કહું છું કે મારે પૈસા નથી દેવા.

**પુંજાભાઇઃ** તમે આમ બોલી આપણા પવિત્ર ધર્મનું અપમાન કરો છો. તમારે ચડેલા પૈસા તો દેવાજ પડશે. અમે કાંઇ તમારા નોકર નથી કે વારે ઘડીએ આંટા ખાઇએ ! જો નહિ આપો તો મારે આગળ પગલાં લેવાં પડશે.

**હરખજીઃ** હવે ભાળ્યો તમારો પવિત્ર ધર્મ ! પૈસા આપવાથી પુન્ય થાય છે ? એવું તે કોઇ દિવસ સાંભળ્યું છે ? ભોળા અને ગરીબ ભાઇઓને ફોસલાવી લુંટો છો. ન આપે તો આંખ બતાવી લ્યો છો. એ, પુંજાભાઇ ! આ પાપમાંથી કયે જન્મે છુટશો ? ગરીબનાં લોહીનાં ટીપાંનો પૈસો કોમના દુશ્મન થઇ પરદેશ મોકલો છો ! એક પાપી પેટની ખાતર આટલું બધું પાપ શા માટે કરો છો ? તમારે તો માલ મલીદા ઉડાવવા, ઘોડા ઉપર બેસવું અને ગાડીઓમાં ફરવું. પણ અમારો પૈસો હરામનો નથી કે તમને આપી દઇએ.

**પુંજાભાઇઃ** તેનું તમારે શું કામ છે ? દશોંદ આપો છો કે નહિ ? નહિતર જોઇ લેવાશે.

**હરખજીઃ** તો તમારે ઘરે રાજ હોય તો ફાંસીને માંચડે લટકાવજો. કરી કરીને નાત બહાર કરશો કે વધારે ? જાવ, થાય તે કરી લેજો. એક પાઇ પણ નથી દેવાનો. મહેરબાની કરીને અહીંથી જાવ; નહિતર નવા જુની થઈ બેસશે.

હરખજીનાં આવાં કડવાં વેણ અને જાકારો સાંભળી પુંજાભાઇ ધુંધવાઇ ઉઠયા, અને મોટે અવાજે દમ ભરાવતા, કાઉન્સીલનો ડર બતાવતા ઉભા થઇને ચાલ્યા. આગળ ચાલતા જાય છે અને હરખજી ભણી મોઢું રાખી ધમકાવતા જાય છે. આ બે ક્રિયાઓએ સાથે સાથે ચાલવાની ના પાડી. પુંજાભાઇ પગથીઉં ચુકયા અને ધરતી માતાને નમસ્કાર કરવા કે હરખજીભાઇની જમીનનું માપ કાઢવા પણ નીચે ગબડી પડયા. ગોઠણ છોલાઇ ગયા. આંટીઆળી પાઘડી રીસાઇને દુર જઇ પડી. સ્વર્ગના આ સોદાગર અને તેના ખરીદનાર વચ્ચેનો તમતમતો સંવાદ સાંભળી ભેગા થયેલા છોકરા ખડખડાટ હસી પડયા, પણ મોટેરાઓ તો માત્ર મલકાયાજ.

પુંજાભાઇ છાનામાના ઉભા થઇ પાઘડી લઇ ચાલવા માંડયા. ગયા તે ગયા. ગામમાં ઘણી વખત આવ્યા પણ ભાઈ હરખજી પાસે દસોંદ માગવા ફરી હિંમત ન કરી.

---

તે આપણે માટે આપણા ( દશોંદ શુકરીત સંબંધી ) ગુન્હા માફ કરવા ઉંધે મસ્તકે તપ માંડશે. પણ ઈન્સાફના તખ્ત પર બેઠેલા અલી આરબી તો બરાબરજ ઈન્સાફ કરવાના અને કોઈની સીફારસ નહિ ચાલે એવો પોતાનો નિરધાર જણાવશે. ( જો કે પોતેજ એક પક્ષકાર છે તો પણ. )

ગુરૂજીને તપ છોડાવવા આપણા પુરોગામિ પ્રલ્હાદ, હરિશ્ચંદ્ર, પાંડવો, વિગેરે આવવાના. પણ તેમને સઘળાને પોતે અણીને પ્રસંગે કરેલી મદદના મેણા મારી બોલતા બંધ કરી દેશે. અને છેવટે જેણે દશોંદ શુકરીત નથી આપી એવા પાપિઓ ( ! ) ને સદાકાળ લક્ષ ચોરાશી યોનિમાં ભટકતા રાખી, ઇતર જ્ઞાનિ, ધ્યાની દશોંદ શુકરીતે પુરા હશે તેને સાહેબજી દેશે 'બહીસ્ત દીદાર'.

આ છે આપણો ધર્મ, જેણે આપણી કોમને અધોગતિની ગર્તામાં ધકેલી દીધી છે. જેના પ્રત્યક્ષ પરિણામ રૂપ આપણે, ભાઇ ભાઇનું ભુંડું કરનારા, એક માત્ર ધર્મને ખાતર ગમે તેવા આત્મિય જનથી જુદા પડી જવામાં જરાયે આંચકો ન ખાનારા, ગુલામીના અનેક દુર્ગુણોયુકત, એવા આપણે પોતાને નરી આંખે ન જોઇ શકતા હોઇએ તો 'જાગૃતિ' રૂપી સૂક્ષ્મદર્શક યંત્રની મદદ લેવી—અને આપણે જાણી શકશું.

---

## ધંધાદારીઓને અપૂર્વ લાભ.

"ખોજા જાગૃતિ" માં તમારી જાહેર ખબર આપી ધંધામાં સફળતા મેળવો.

ભાવ માટે લખો :—

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ" રાજકોટ.

# સપ્તાહનો સાર

**ચીન જાપાનની લડાઇ :** ચીન અને જાપાન વચ્ચે ચાલતી લડાઇનું સમાધાન કરવાની મંત્રણા ચાલે છે. કામચલાઉ સુલેહ કરવામાં આવી છે. ચીનના લોકોનો ગભરાટ આથી સેજ ઓછો થયો છે.

**હિંદી વઝીરને પડકાર :** કલકત્તા ખાતે મહાસભાવાદીઓ સાથે ચલાવવામાં આવેલી ગેરવર્તણુકની બાબતમાં ગઇ તા. ૨૨ ના રોજ વિલાયતની આમની સભામાં થયેલ ચર્ચા બાબતમાં પં. માલવીયાજીએ હિંદી વઝીર ઉપર તારનો સંદેશો મોકલતાં જણાવ્યું છે કે "જો સરકાર જાહેર તપાસ ચલાવશે તો જુબાનીઓ રજુ કરીને હું સાબીત કરી આપીશ કે ગેરવર્તણુક ચલાવવામાં આવી છે. જો સરકારને મારી વાત જુઠી લાગતી હોય તો મારે માથે ન્યાયની અદાલતમાં ભલે કાયદેસર કામ ચલાવે."

**જામનગરનો મામલો :** જામનગર રાજ્યમાં ઘણા ફેરફારો થઇ રહ્યાનું કહેવાય છે. એમ માનવામાં આવે છે કે સામાન્ય મંત્રી શ્રી. હીરાભાઇ ફારેગ થાય છે અને પોલીટીકલ સેક્રેટરી મી. જુનારકર પાછા આવવાના નથી. પોલીસ કમીશનર મી. ગ્રીને રાજીનામું આપ્યું છે. મર્હુમ જામ સાહેબના જુના સલાહકાર ખા. બ. મહેરવાનજી વિલાયતમાં છે તેમને પાછા બોલાવી દિવાનપદ સોંપવામાં આવશે તેમ બોલાય છે.

**શ્રી. બોઝનો પત્ર :** શ્રીયુત સુભાષચંદ્ર બોઝ વીએનાથી "હિંદુસ્થાન" પત્રના તંત્રી ઉપર એક પત્ર લખતાં જણાવે છે કે "મહાત્માજીને આમ લડત મોકુફ રાખવાનો શું અધિકાર છે? ગાંધીજી એમજ માને છે કે 'કોંગ્રેસ એટલે હું' આ ચલાવી લઇ શકાય તેમ નથી." તેમની તબીયત સેજ સુધારા ઉપર છે. જર્મનીમાં દવા કરાવવા જવા જરૂર જણાતાં સરકારની પરવાનગી માગવામાં આવી હતી, જે આપવામાં આવી છે.

**અલ્વર નરેશનો ગાદીત્યાગ :** અલ્વરના નામદાર મહારાજાને હિંદી સરકારની સુચનાથી બે વરસ સુધી ગાદીત્યાગ કરવો પડયો છે. રાજની ખાલી થયેલી તેજુરી અને રાજમાં વધતી જતી કોમી ઉશ્કેરણીને અંગે હિંદી સરકાર તરફથી તેમના માથે એવું દબાણ કરવામાં આવ્યું હતું કે કાંતો મહારાજાએ રાજના ગેરવહીવટની જાહેર તપાસ કબુલવી અને કાંતો બે વરસ માટે ગાદી ત્યાગ કરવો. મહારાજાએ પાછલો રસ્તો લીધો છે. તેઓ યુરોપ જશે.

**મી. ચુનારા સામેનો કેસ :** મુંબઇથી પ્રગટ થતા "ઇસ્માઇલી" પત્રના તંત્રી મી. ચુનારા સામે રાજકોટની ફ. ક. ન્યા. કોર્ટમાં દાખલ થયેલ ફરીયાદની મુદત આવતા માસની તા. ૨૯ ની નક્કી થઇ છે. આગલા કેસમાં થયેલ અપીલની સુનાવણી આવતા માસની તા. ૨૬ ના રોજ નીકળશે.

**યુરોપનું રાજકારણ :** યુરોપના રાજ્યોનો પરસ્પર સંબંધ એટલો બધો ગુંચવણ ભરેલો છે કે તે દરરોજ નવું સ્વરૂપ પકડતો જાય છે. જર્મનીના સરમુખત્યાર બની બેઠેલા હેર હીટલરે પાર્લામેન્ટ ખુલ્લી મુકતી વખતે કરેલા ભાષણમાં જર્મની માટે બીજા રાજ્યો જેટલોજ સમાન દરજ્જો અને લડાઇને અંતે થયેલ વર્સેલ્સના કરારનો નાશ કરવાની માગણી કરી છે. આમ કરવામાં ન આવે તો પ્રજાસંઘમાંથી નીકળી જવાની તેણે ધમકી આપી છે. હીટલરના આ ભાષણને અમેરીકાના પ્રમુખ રૂઝવેલ્ટે તથા ઇંગ્લેન્ડે વધાવી લીધું છે, જ્યારે ફ્રાન્સ મુંઝાયું છે. પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટે આખી દુનીયાના દેશોને ભવિષ્યની લડાઇ અટકાવવા લાગણી ભરેલી અપીલ કરી છે. દુનીયાની આર્થીક પરિષદ ભરવાની તૈયારીઓ તડામાર ચાલે છે. શસ્ત્રબંધી પરિષદનું ગાડું પણ જેમનું તેમ ગબડયું જાય છે. અમેરીકાએ જણાવી દીધું છે કે આ વખતે જો લડાઇ થશે તો એ લડાઇની જવાબદારી કોના માથે છે તેની અમેરીકા તપાસ રાખશે અને તે મુજબ તે તેનો સામનો કરશે.

**વડોદરા રાજ્યની બહાલી :** ગોળ એકઠા સમિતિના અહેવાલને રાજ તરફથી મંજુરી મળી ગઇ છે. હવેથી તે વડોદરા રાજ્યમાં કાયદા તરીકે પળાશે.

જૈન ધર્મમાં અજ્ઞાન બાળકોને દિક્ષા આપવાના કિસ્સાઓ પ્રકાશમાં આવવાથી વડોદરા રાજ્યની ધારાસભામાં એક દિક્ષા નિયામક નિબંધ રજુ થયો હતો. તે મોટી બહુમતીથી પસાર થયો છે. જો રાજ્ય તેને બહાલ રાખશે તો તે કાયદા મુજબ અજ્ઞાન માણસને દિક્ષા આપનાર રૂા. ૧,૦૦૦) ના દંડને અથવા એક વરસ સુધીની કેદની સજાને પાત્ર થશે. જૈનોમાં ખળભળાટ છે.

**ગાંધીજીના ઉપવાસ પછી :** મહાત્મા ગાંધીજીના તા. ૨૯ ના રોજ પુરા થતા ઉપવાસ પછી દેશના નેતાઓ રાજ્યદ્વારી સ્થિતિ ઉપર મસલત કરશે. સરકાર આ મસલતના પરિણામની વાટ જોઇ રહી છે. રાજ્યદ્વારી કેદીઓને નહિજ છોડવામાં આવે એવો સરકારે નિર્ણય કર્યાની વાત ખોટી છે.

**ગંભીર વાવાઝોડું :** રામપુર અને તેની નજીક આવેલા પાંચ ગામોમાં ગંભીર વાવાઝોડાને અંગે લગભગ ૧૦૦ ઘર તારાજ થયાં છે. ઝાડો મુળથી ઉખડી પડ્યા હતા. ઘરના છાપરાં ઉડીને અરધો માઇલ દુર જઇ પડયાં હતાં.

**પતિ પત્નિને મારી શકે? :** અશરફુદ્દીન આહમદ નામના એક મુસ્લીમે ઢાકાની કોર્ટમાં પોતાની સ્ત્રી અને સાસુ ઉપર ફરીયાદ નોંધાવી, પોતાની સ્ત્રીના ભોગવટા માટે માગણી કરી હતી. બચાવમાં સ્ત્રીએ જણાવ્યું હતું કે તેનો ધણી તેને માર મારતો હતો એટલે તે જવા માગતી હતી નહિ અને તેથી તે ભોગવટા માટે માગણી કરી શકે નહિ. આ ઉપરથી ઢાકાના મુનસફે ધણીની ફરીયાદ કાઢી નાખી. ધણીએ તે ઉપર અપીલ કરી. અપીલ કોર્ટે ચુકાદો આપ્યો કે મુસ્લીમ ધણી પોતાની સ્ત્રીને મારી શકે, અને નીચલી કોર્ટનો હુકમ ફેરવી ધણીના લાભમાં હુકમ કર્યો. આ ઉપરથી ધણીઆણીએ કલકત્તા હાઇકોર્ટમાં અપીલ કરી. હાઇકોર્ટે ચુકાદો આપ્યો કે તંદુરસ્તીને નુકશાન પહોંચે તેવી રીતે જો પતિ માર મારે તો પત્નિ તેની સાથે રહેવાની ના કહી શકે. ફરીથી ધણીએ અપીલ કરી જે કોર્ટે કાઢી નાખી.

## કાઉન્સીલને એક વધુ ફટકો.

### નવાં સુધારક લગ્ન.

ગઇ તા. ૨૫ ના રોજ રાજકોટમાં ઉજવાયેલા એક લગ્ને કાઉન્સીલની સત્તા ઉપર એક વધુ ફટકો લગાવ્યો છે.

આ લગ્ન ખોજા સુધારક સંઘના આશ્રય નીચે ઉજવવામાં આવ્યા છે. કાઉન્સીલના એક પણ કરવેરાને નામે એક રાતી પાઇ પણ આપવામાં આવી નથી. નીકાહ પડાવવાનું કામ ખોજા સુધારક સંઘના પ્રચાર મંત્રી ભાઇ ઇસ્માઇલ હીરાણીના હાથથી થયું હતું.

વરરાજા બાબરાના રહીશ ભાઇ ઇસમાઇલ વાલજી. સુધારક પ્રવૃત્તિની શરૂઆતમાંજ અમરેલી લોકલ કાઉન્સીલના એક મેમ્બરને મોઢે ચડીને પોતાને તુરત નાતબહાર મુકવાની માગણી કરનાર એ જુવાન પોતાની મનગમતી મુકિત મેળવી ચુકેલ છે.

કન્યા ભાઇ ઝવેર ગીગાની દીકરી બાઇ જેના. ભાઇ ઝવેર ગીગાએ પોતાની પુત્રીના લગ્ન એક નાતબહાર થયેલ સાથે કરી દેવા બદલ તેમને જરૂર ધન્યવાદ ઘટે છે.

ખોજા સુધારક સંઘના આશ્રય તળે ઉજવવામાં આવેલ આ લગ્નનો નંબર પાંચમો છે. નાતબહાર થયેલને નાતબહાર ન થયેલ પોતાની દીકરી પરણાવે એવો આ બીજો કીસ્સો છે.

કાઉન્સીલને કાંઇ પણ કરવેરા ન આપવાની રીતે લગ્ન કરવા ઉપરાંત આ લગ્નમાં જે સાદાઇ ધારણ કરવામાં આવી હતી તે ધ્યાન ખેંચનારી છે. ઢોલ કે વાજાં વગાડવામાં આવ્યા ન હતા. સામૈયાની પદ્ધતિનો ત્યાગ કરવામાં આવ્યો અને છેડા-છેડી બાંધવાની બાહ્ય ઉપાધિ પણ છોડી દેવામાં આવી. જાનમાં પણ પાંચ સાત માણસોથી વધુ નહિ. કાઉન્સીલ મીજલસોમાં લગ્ન કરવાનું કહી જે સાદાઇ અને કરકસરનું વાજું વગાડે છે તે પોકળ છે. ખરી સાદાઇ અને કરકસર તો આવી રીતે કાઉન્સીલ-ના લાગાઓ નહિ આપવામાં અને જુની બીનજરૂરી રૂઢીઓનું છેદન કરવામાં છે. આ માટે વર અને કન્યા પક્ષને અભિનંદન ઘટેછે.

રાજકોટ લોકલ કાઉન્સીલના એક મેમ્બરના મકાનમાંજ આ લગ્ન થયાં. એ હીસાબે કન્યા પક્ષને કાઉન્સીલ તરફથી એવી નોટીસ મળવાની ધારણા હતી કે ભાઇ ઝવેર ગીગાએ આ લગ્ન કરી આપવા નહિ. પણ તેમ બન્યું નહિ. જો કે રાજકોટ લોકલ કાઉન્સીલ આ બાબત જરૂર ભાઇ ઝવેર ગીગાને સતાવશે એ નકકી છે. અને એ પણ એટલુંજ નકકી છે કે જો ભાઇ ઝવેર મકકમ રહેશે તો કાઉન્સીલ પુંછડું પછાડીનેજ બેસી રહેવાની છે.

---

"મારો વાંધો પુરૂષોની વર્તણુક કરતાં પણ તેમની નીચી ભાવનાની સામે છે. પુરૂષો પશુ બળમાં ચઢીઆતા હોવાથી હજારો વરસથી તેમના મનમાં વસીજ ગયું છે કે સ્ત્રીઓ-પછી તે પુત્રી કે માતા, બ્હેન કે સ્ત્રી હોય-તે પુરૂષોથી ઉતરતીજ છે અને તેમની ગુલામી કરવાજ બંધાએલી છે. અને આ વાત ઘણી ખરી ભોળી સ્ત્રીઓ માની લે છે એમાંજ તેમની ખરેખરી ગુલામી સમાયલી છે. સમગ્ર સ્ત્રીજીવન એટલે ગુલામી ; બાળપણથી બુઢાપણ સુધી માત્ર તેના માલીક બદલાયા કરે."

("કુમારનાં સ્ત્રીરત્નો" માંથી)

## ના. આગાખાન પણ વાંચે છે.

અમને વિશ્વાસપાત્ર સાધનો મારફત ખબર મળે છે કે "ખોજા જાગૃતિ" ના દરેક અંકનું અંગ્રેજીમાં ભાષાંતર કરાવી તે ટાઇપ કરાવીને ના. આગાખાનને વિલાયત મોકલવામાં આવે છે. ખરેજ અમારા માટે આ આનંદ અને સંતોષનો વિષય છે. જો કે "ખોજા જાગૃતિ" ના વાંચનથી ના. આગાખાનનો હૃદય પલટો થાય અને ખોજા કોમને તેઓ નામદાર દુન્યવી મુકિત બક્ષે એવું તો અમે નથીજ માનતા. તોપણ ખોજા કોમ અત્યારે જે આંતરિક ઉકળાટ સહી રહી છે તેનો તેઓ નામદારને ખ્યાલ આવે અને તેને દુન્યવી મુકિત બક્ષવાની તેઓ નામદારને જરૂર જણાય તો જરૂર આ પ્રમાણે તેઓને મોકલાવાતા તરજુમાથી લાભ થવાની આશા રાખી શકાય.

---

( અનુસંધાન પાના ૧૧૫ થી )

"મરનાર શખ્સને આ કાઉન્સીલે નાત બહાર કરેલ. તેના મૈયતને દફનાવવા માટે દેવરાજે અરજી કરી છે. ઇસમ મજકુર મરનારનો નજીકનો સગો છે અને ખુબ આજીજીપૂર્વક માગણી કરે છે એટલે રૂા. ૨૫) ગુન્હેગારીના લઇને મૈયતને દફનાવવાની પરવાનગી આપવામાં આવે છે."

દેવરાજનું હૈયું ભાંગી ગયું. "સાહેબ, હું ગરીબ માણસ છું. માંડ રળી રોટલો ખાઉં છું. ૬૫ ગાઉ છેટેથી અહીં આવ-વામાં મને ઘણો ખર્ચ થયો છે. મહેરબાની કરીને દંડ માફ કરો."

"નહિ. ઓછો નહિજ થાય. મરનારે આ કાઉન્સીલનું સખત અપમાન કર્યું હતું એ જોતાં તો ઘણો ઓછો દંડ મુકયો છે." પ્રમુખ સાહેબે મચક ન આપી.

દેવરાજે રૂા. ૨૫) ગણી દીધા. તેજ દિવસે તે પાછો વાંઢીયા જવા ઉપડયો. રસ્તામાં તેને ઘણા વિચારો આવ્યા. આ દશોંદ, આ ઉઘરાણી, આ કાઉન્સીલ, આ નાતબહારી, આ મૈયત રખડાવવાં, આ બધો જુલમ શા માટે ? શું એક પરદેશીને પોષવા ? વિના વાંકે દંડ, વિના ગુન્હે સજા, વિના દેણે લેણું, આ બધું ધર્મને નામે ? આ ધર્મ કે અધર્મ ? દેવરાજ આનો નિર્ણય કરી શકે તેટલું અનુભવ જ્ઞાન તેને હજી મળ્યું ન હતું.

કાઉન્સીલની પરવાનગીનો કાગળ લઇ દેવરાજ પાછો ચાર દિવસે પોતાને ગામ પહોંચ્યો.

મૈયતને દાટવા એક કાગળના ચબરખાને આધારે જમાત ભેગી થઇ.

"ખોજા જાગૃતિ" કેટલું સસ્તું છે ?

બાર મહીનાના ૨ રૂપીયા.
છ મહીનાનો ૧ રૂપીયો.
ત્રણ મહીનાનો ૦॥ રૂપીયો.
૯૦ દિવસની ૯૬ પાઇ.

દરરોજ એક પાઇના જેટલો ખર્ચ પણ તમે કોમની ઉન્નતિના માર્ગમાં નહિ કરી શકો ?

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૬૬.**

"કાઉન્સીલને લગતી કોઇપણ ખાનગી બાબતો કોઇ મેમ્બર પબ્લીકમાં જાહેર કરે છે એવો રીપોર્ટ મળે તો કાઉન્સીલ તે બાબતમાં સંપૂર્ણ તપાસ કરશે અને એવા મેમ્બર સામે કસુર સાબીત થાય તો તેને કાઉન્સીલોમાં હાજરી આપતાં અટકાવવામાં આવશે અને તે બાબતનો રીપોર્ટ નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ હજુર કરવામાં આવશે અને નામદાર સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુરથી જે ફરમાન આવે તે પ્રમાણે અમલ કરવામાં આવશે."

ના. આગાખાનને આવા કિસ્સામાં રીપોર્ટ ફરવાની કાંઇ જરૂર નથી, અને તેમના ફરમાનની અને તે મુજબ અમલ કરવાની તો મુદ્દલે જરૂર નથી; એટલે આ કલમનો પાછલો ભાગ કાઢી નાખવાને પાત્ર છે.

**કલમ ૬૭.**

"જો કાઉન્સીલ ફરમાવેલા ધારાથી વિરૂધ્ધ વર્તન કરે તો દરેક ઇસમાઇલી મુરીદને તે બાબત ઉપર નામદાર સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને અરજ કરવા છુટ છે."

નક્કી થયેલા ધારાથી જો કાઉન્સીલ વિરૂધ્ધ વર્તન કરે તો ના. આગાખાનને તે માટે અરજ કરવાની ન હોય, પણ કોમેજ આ કાયદા ઘડયા હોય અને કોમેજ આ કાઉન્સીલની ચુંટણી કરી હોય એટલે તેવી અરજ કોમ આગળજ થવી જોઇએ; મતલબ કે કાઉન્સીલ સ્થાપિત થયેલા ધારા ધોરણને કોરે મુકી નિરંકુશ વર્તવા માંડે તો એ કાઉન્સીલને બરખાસ્ત કરી ફરી ચુંટણી કરી નવા મેમ્બરો ચુંટવા જોઇએ.

**કલમ ૬૮.**

"ફરમાવેલા કાયદાને બદલે બીજા દાખલ કરવાની અગર નવા ધારા કરવાની અગર તેમાં ફેરફાર દાખલ કરવાની કાઉન્સીલને સત્તા નથી. પણ ફરમાવેલા ધારા ધોરણો કરવાની તેઓને જરૂરીઆત માલમ પડે તો, કાઉન્સીલે ઘડેલા પેટા કાનુનો તથા ધારા નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામની પસંદગી તથા મજુરી માટે મોકલી આપવા અને તેઓ નામદાર સદરહુ પેટા કાનુનો અગર નવા ધારા ધોરણ પોતાને યોગ્ય લાગે તો મંજુર કરે અગર ન કરે એ તેઓ નામદારની મુનસફી ઉપર છે."

કલમ ૨૪ ઉપરની ટીકા જોઇ લેવી. કોઇપણ આખા સમાજની સંપૂર્ણ સરમુખત્યારી કોઇપણ વ્યક્તિના હાથમાં કદી પણ સોંપાય નહિ. ના. આગાખાનને શા હીસાબે આપણા કોમી વહીવટમાં આટલી બધી ડખલ કરવાનો હક હોઇ શકે તે સમજણ શક્તિની બહારની વાત છે.

**કલમ ૬૯**

કાઉન્સીલ ઉપર મોકલવાના લખાણ પ્રેસીડેન્ટનેજ સરનામે મોકલવા સંબંધેની છે.

આ કલમ માટે કાંઇ કહેવાપણું નથી.

**કલમ ૭૦.**

"પ્રેસીડેન્ટ તથા ઓનરરી સેક્રેટરીને અરસપરસ મસલત કરીને કાઉન્સીલના કાર્ય માટે સેક્રેટરી અગર કારકુનો અગર બીજા નોકરો પોતાને યોગ્ય લાગે તે પગારથી નીમવાનો અખત્યાર છે."

સુપ્રીમ કાઉન્સીલના મનસ્વીપણાનો આ એક પુરાવો છે.

**કલમ ૭૧.**

"કાઉન્સીલ બરખાસ્ત કરતી વખતે મેમ્બરોએ ખરા જીગરથી પરસ્પર હાથ મીલાવવા, પોતાના અંતઃકરણમાં કાંઇ દ્વેષભાવ રાખવો નહિ અને શાંતિ અને આનંદથી વિદાય થવું."

કલમ ૨૮ ઉપરની ટીકા જોઇ લેવી. મૂર્ખાઇનું પ્રદર્શન કરતી આવી કલમોને કાયદાની ચોપડીમાં સ્થાન ન હોય.

**કલમ ૭૨.**

"લોકલ કાઉન્સીલે કોઇ શખ્સ ઉપર કામ ચલાવેલ હોય અને તે નાતબહારની સજાને પાત્ર છે એવું માલમ પડે તો સદરહુ કાઉન્સીલે તે શિક્ષાનો અમલ કરવો નહિ. પણ પોતે ચલાવેલા કેસના સઘળા કાગળો સુપ્રીમ કાઉન્સીલ તરફ મોકલવા. સુપ્રીમ કાઉન્સીલ તે કામ હાથ પર લઇ તે બાબતમાં સંપૂર્ણ તપાસ કરશે અને પોતાના ઠરાવના ખબર લોકલ કાઉન્સીલને યોગ્ય સમયે જણાવશે."

નાત બહારની સજા એ કાઉન્સીલની મોટામાં મોટી સત્તા છે એ રૂએ, અને નાતબહારી એ સમાજમાં વસતા, તેમાંય આપણા ગાડરીયા સમાજમાં વસતા (કે જે સમાજને એ સજાની યોગ્યાયોગ્યતાનું જરા પણ ભાન નથી હોતું.) માણસ માટે ઘણીજ આકરી અને દુઃખદાયક છે એ હિસાબે નાતબહાર મુકવાની સજા લોકલ કાઉન્સીલ સુપ્રીમ કાઉન્સીલની સંમતિથીજ અમલમાં મુકે તે વાજબી છે. આ કલમનો આગલો ભાગ એવી રીતે મુકવામાં આવ્યો છે કે તે લોકલ કાઉન્સીલના ધારાઓના પ્રકરણ નીચે જાત તો વાજબી ગણાત. 'શખ્સ' કહી સંબોધવાની તુમાખી આ કલમમાં પણ દેખાય છે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

માથાવેરો. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૧૬ : જુન ૬ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના જેઠ સુદ ૧૩ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## આજના અંકની સામગ્રી.

માથાવેરો.
ગુણસંપન્નાષ્ટક.
બાળઉછેર : એક મહત્વનો પ્રશ્ન.
ચૂસગુ નીતિનું ચક્ર.
સપ્તાહનો સાર.
વીજળી વેગે પલટાતા જમાનાને માન આપો.
કાઉન્સીલના કાયદાઃ રક્ષક કે ભક્ષક ?

## અભિનંદન.

ગઇ મેટ્રીકની પરિક્ષામાં બેઠેલા અમરેલીના ભાઇ અલીભાઇ દેવરાજના જુવાન પુત્ર ભાઇ નઝીરહુસેન તેજાણી એ પરિક્ષામાં ફત્તેહમંદ નીવડયા છે. તેમને અમારા અભિનંદન હો.

તંત્રી.

## "જાગો જાગો ખોજા જ્ઞાતિ."

કુંભાર જાગ્યા, કડીયા જાગ્યા, જાગ્યા કોળી, કણબી;
કોમ તણા ઓ, સુજ્ઞ બંધુઓ ! આવી પળ ઉઠવાની.
વીતી રાત હવે અંધારી;
છોડો છોડો પ્રમાદ પથારી.

સુતાર જાગ્યા, લુવાર જાગ્યા, જાગ્યા રજપુત કાઠી;
કોમ તણા ઓ, સુજ્ઞ બંધુઓ ! આ કેમ ગમે ગુલામી ?
રહ્યા શું રૂઢીમાં રાચી !
હવે દયો નીદ્રા નેણે ત્યાગી.

હજામ જાગ્યા, ખવાસ જાગ્યા, જાગ્યા ઘાંચી, મોચી;
કોમ તણા ઓ, સુજ્ઞ બંધુઓ ! વાટ હવે છે કોની ?
જાગી જાગી જ્ઞાતિ સઘળી,
તમારી નીદ્રા કેટલી લાંબી ?

બ્રાહ્મણ જાગ્યા, વણિક જાગ્યા, જાગ્યા સોની દરજી;
કોમ તણા ઓ, સુજ્ઞ બંધુઓ ! કયાં ગઇ તમ કેળવણી ?
કરવા કોમ તણી આબાદી,
જાગો જાગો ખોજા જ્ઞાતિ.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૬–૬–૩૩.

## માથાવેરો.

"સરકાર સાહેબી "ચંદ્રાકી" ના દર પાઘડી દીઠ દર ચાંદ રાતે ઓછામાં ઓછા આઠ આના લેવામાં આવશે."

કલમ ૨૧૩.

કાઠીયાવાડની કાઉન્સીલના કાયદાની આ એક કલમ છે. કાઠીયાવાડ, કચ્છ, સિંધ, મુંબઇ, આફ્રીકા, દરેક કાઉન્સીલોનું તત્વ અને તંત્ર એકજ છે. આ કલમ એક કાઠીયાવાડમાંજ છે એમ નથી. દરેક સ્થળે લેખીત કે વગર લેખીત તે હસ્તી ધરાવે છેજ.

માથાવેરો પહેલી નજરેજ જેટલો અન્યાયિ લાગે છે, તેટલાજ ઘાતકીપણાથી તેનો અમલ થાય છે. 'પાઘડી' નો અર્થ એવો થાય છે કે એક પરણેલ સ્ત્રી પુરૂષનું યુગલ એટલે એક 'પાઘડી'. પરણ્યા પછી સ્ત્રી મરી જાય તો રાંડેલા પુરૂષની–વિધુરની–પોણી પાઘડી. પરણ્યા પછી પુરૂષ મરી જાય તો રાંડેલી સ્ત્રી–વિધવા–ની પા પાઘડી. સગપણ કરેલ છોકરાની અરધી પાઘડી. આ પ્રમાણે વ્યવહારમાં પાઘડીની વ્યાખ્યા થાય છે અને તે મુજબ દર પાઘડી દીઠ દર મહીને ઓછામાં ઓછા આઠ આના ફરજીઆત વસુલ કરવામાં આવે છે. સ્ત્રી, પુરૂષ, વિધવા, વિધુર, બાળ બચ્ચાં સહુને માથે આ માથાવેરો નાખવામાં આવ્યો છે, અને તે બરાબર વસુલ કરવામાં આવે છે.

આ માથાવેરો શું કોમના નામે લેવામાં આવે છે? નહિ, 'સરકાર સાહેબી' એ 'ચંદ્રાકી' છે. 'સરકાર સાહેબ' એટલે ના. આગાખાન એવો અર્થ કરવામાં આવે છે. જો કે ચાલુ વ્યવહારમાં તો રાજ્યસત્તાનેજ 'સરકાર' કહેવામાં આવે છે. જેમકે, 'અંગ્રેજ સરકાર', 'ગાયકવાડ સરકાર' 'જુનાગઢ સરકાર', વિગેરે. છતાં એ ચાલુ અર્થથી વિરૂદ્ધ જઇ ના. આગાખાન કે જેના હાથ નીચે એક તસુ પણ જમીન નથી કે રાજ્યકર્તાના કોઇ હક નથી, તેમને ગમે તે કારણે 'સરકાર સાહેબ' ઠરાવી દેવામાં આવ્યા છે. તે ગમે તે હો, પણ આ માથાવેરો કોમના નામે કે કોમના લાભ માટે લેવામાં આવતો નથી, પણ ના. આગાખાનના નામે અને તેમનાજ હીત માટે ગરીબડી ખોજા કોમ પાસેથી તે ફરજીઆત ઉઘરાવવામાં આવે છે.

કોમી વાડાઓ જેટલા હિંદુસ્થાનમાં છે તેટલા બીજા કોઇ દેશમાં ભાગ્યેજ હશે. તમે આખા હિંદની કોમોના બંધારણ જુઓ. એક પણ કોમમાં આવો માથા દીઠ દર મહીને લેવાતો વેરો તમને જોવામાં આવશે નહિ. જો અજ્ઞાન અને ભોળા માણસોને ડરથી અને ફોસલાવીને લુંટવા એ એક લાયકાત ગણાતી હોય તો આ પ્રમાણે ખોજા કોમની ડોકમાં ડેરો નાખનાર માનવીને લાયકમાં લાયક કહેવો જોઇએ; દુનીઆ આખીથી નવોજ રસ્તો ગોતી કાઢવા માટે તેને અભિનંદન આપવાં જોઇએ.

આ માથાવેરો કોમના ભલા માટે કે તેના બંધારણ અને વહીવટી ખર્ચને પહોંચી વળવા નથી લેવાતો તેનો બીજો પુરાવો એ છે કે એ લાગામાંથી ઉત્પન્ન થયેલ નાણામાંથી એક પાઇ પણ કોમની મિલ્કત તરીકે કોમ પાસે રહેતી નથી, તેમજ તેના હીત માટે તેનો કાંઇ પણ ઉપયોગ થતોજ નથી. જે જે બીજી કોમોમાં કોમના વહીવટી ખર્ચને પહોંચી વળવા અમુક પ્રસંગોએ કોમના નામે લાગા લેવાય છે તે બધી કોમોમાં એ રીતે ઉત્પન્ન થયેલ નાણું તે તે કોમની પોતાનીજ મિલ્કત તરીકે પોતાનીજ પાસે રહે છે. જ્યારે આપણે બરાબર જાણીએ છીએ કે આ માથાવેરાની બધી આવક એક મહીનામાં બે વખત વિલાયત ચડી જાય છે.

એક વખત જુઠું બોલનારને બીજી અનેક વખત તેને ટકાવી રાખવા જુઠું બોલવું પડે છે. એક વખત થયેલ પાપ તેને ઢાંકવા માટે બીજાં અનેક પાપ કરાવે છે. તેજ મીસાલ આ માથાવેરાને બરાબર વસુલ કરવા અને તેમાંથી કોઇ છટકી ન જઇ શકે તે માટે બીજી અનેક હલકટ યુક્તિ પ્રયુક્તિઓ રચવામાં આવી છે અને બીજી કેટલીયે ત્રાસજનક કલમો ઘડવામાં આવે છે.

આ માથાવેરો જુલ્મીમાં જુલ્મી છે. આપણી કોમને તે ભીંસી મારનારો છે. તેને લઇનેજ આપણે આખી જીંદગી ચાલુ કનડગત સહન કરવી પડે છે. એ માથાવેરામાં આપણું અપમાન છે, આપણા ખીસા ઉપર તે કાતર છે, અને આપણી બધી ગુલામીનું તે મુળ છે. આપણા કપાળમાં આ એક કાળો ડાઘ છે. શા માટે આપણે હીણપત પહોંચાડનાર આ વેરો આપવો જોઇએ?

# ગુણસંપન્નાષ્ટક.

લેખક : **શ્રી. ભગત.**

ન જણાયેલા કોઇ કારણે કોઇનું બાળક ખોવાઇ જાય કે તેનું મૃત્યુ નીપજે તો બીજી નિત્યની ખુની ગણાતી એવી અનેક કોમોને મુકીને લોકો અને પોલીસની નજર આપણા ઉપર ઠરે છે; કહો કે કૃપા ઉતરે છે. પોતાને બીનતકસીરવાન સાબીત કરવાની આપણા ઉપર જવાબદારી આવે છે. આપણે મોટાં મોટાં ફંડો કરીએ છીએ. મોટા મોટા વકીલો ને બેરીસ્ટરો રોકીએ છીએ. છેવટે સોએ સો દાખલામાં આપણે નિર્દોષ ઠરી છુટીએ છીએ. દરમીયાન આપણામાંના કેટલાકના તો પોલીસ દાદાના દંડા પ્રહારના અતિરેકથી હાથ, પગ વિગેરે અવયવો સદાના નીરૂપયોગી થઇ ગયા હોય છે. તત્પશ્ચાદ (ત્યાર બાદ) વગર કારણે હેરાન કરવા બદલ લાગતા વળગતાઓ ઉપર કામ ચલાવવા –પગલાં લેવા–નો વખત આવે છે. આપણા અગ્રણિઓ કહે છે કે "આપણો ખમીઆનો ધરમ છે; એનો બદલો હાજર ઇમામ લેશે." **क्षमा विरस्य भूषणम्.** આપણે વીર છીએ !

× × × ×

આપણે મુખી કે કામડીયા હોઇએ. ઘરમાં એક ટંક પુરતું ખાવાનું પણ ન હોય એવો કોઇ આપણો જ્ઞાતિબન્ધુ હોય તે આપણો જ્ઞાતિબન્ધુ હોવાના કારણેજ આપણે તેની પાસેથી વધુમાં વધુ ધન લુંટવાના પ્રયાસ કરીએ છીએ. શકિતહીન હોવાને કારણે કોઇ સરળપણે ન આપે તો શામ, દામ, ભેદ, દંડાદિ નીતિનો ઉપયોગ કરીને પણ આપણે ધન જેવી ક્ષુદ્ર ને નર્કમાં નાખનારી વસ્તુનો મોહ છોડી દેવાનો આપણા એ જ્ઞાતિબન્ધુને બોધપાઠ આપીએ છીએ. ગરીબ એવા ના. આગાખાનની ઉપજ ઓસરવા ન દેવાની આપણે અહોરાત્ર ચિન્તા કરીએ છીએ. **कोवा दरिद्रो विषाभा त्रष्णा.** આપણે તત્વદર્શિ છીએ ! !

× × × ×

આપણે હોદા ઉપર હોઇએ ત્યારે આપણો એકજ મુદ્રાલેખ હોય છે, અને તે ગરિબ. તવંગર, વિધવા, સધવા, કોઇને પણ જો હાજર ઇમામનો હક ડુબાવતાં જણાય તો બીલકુલ જતાં ન કરવાનો. ચાહે કોઇ દળણા દળીને કે દાગીયા વેચીને ગુજરો કરતી અનાથ વિધવા હોય, છોને અરધી દેહલતા વસ્ત્રના અભાવે ઉઘાડી હોય, બાળકો રોટીના ટુકડા માટે ટળવળતાં હોય. એ ક્ષુધા–પીડિતોની ગમે તેવી કરૂણાજનક સ્થિતિની અવલેહના કરીને પણ આપણે આપણા નિશ્ચયમાં અચળ રહીએ છીએ. **बुभूक्षित किं न करोति पापम्.** આપણે વજ્ર (કે પાષાણ ?) હૃદયિ છીએ !

× × × ×

ઘણી વખત તો આપણે આ ધર્મની આખીએ ઇમારત પાયા વિનાની હોવાનું જાણતા હોઇએ છીએ. પરંતુ આપણને આપણા હોદ્દાપર ચિટકી રહેવામાં કીર્તિ–મોહ કે પછી બીજો લોભ હોય છે. સામાન્ય માણસો પણ આ પોકળતાથી અજ્ઞાત હોય છે એવું કાંઇ નથી. તથાપિ પુત્ર પૌત્રાદિક વરાવવા પરણાવવા હોય છે એ કારણે વધુ ને વધુ ઇમાનદાર, દીનદાર, મેંઢેભાઈ હોવાનો સ્વાંગ સજીએ છીએ. **यद्यपि शुद्धं लोक विरुद्धं नाकरणीयं नाचरणीयम्.** આપણે વણિકબુદ્ધિ છીએ !

× × × ×

આપણી આખી કોમને હમેશાની ગુલામીની શૃંખલામાં જકડી રાખવાની નીતિ, અન્યાયિ ફરમાનો, ગેરવ્યાજબી કરભાર અને આપણી સામાજિક મિલ્કતોની ઉઠાવગીરી સામે જુવાનોએ જંગ જમાવવાની જરૂર ઉભી થાય છે. આપણે કહીએ છીએ, "મ્હારાથી તો બહાર પડાય નહિ. મ્હારે તો હજી આ છોકરાં વરાવવાં છે; ને મ્હારાં અન્ય સ્વજનો આ લડતમાં ન ભળે ને હું તેમનાથી એકલો પડી રહું. મ્હને તેમના વિના ચાલે નહિ." વિગેરે. Youth is a state of mind, not a time of life. (જુવાની એ મગજની સ્થિતિ છે, જીંદગીનો અમુક કાળ નહિ.) આપણે બન્ધુપ્રેમી છીએ !

× × × ×

જેમનું બ્હાનું બતાવી આપણે કર્તવ્ય વિમુખ થઇએ છીએ, એજ સ્વજન જંગમાં ઝુકાવે છે. એને ન્યાત બહાર મુકવામાં આવે છે પછી તો આપણને જેના વિના ચાલતું ન્હોતું તેની સાથેના આપણા પ્રેમમાં એકાએક પલટો આવે છે. આપણે તેની સાથેનો સર્વ વહેવાર કાપી નાખીએ છીએ. તેની સાથે વાત કરવાનો વખત આવે તો આપણને તાવ ચડે છે. કાચના કુંપાની મજબુતીને ધરાવતો એવો આપણો ધર્મ રસાતાળ જતો અટકાવવા આપણે સ્વજન, મિત્રો, ઇત્યાદિ ત્યજીને ધર્મની વ્હારે ધાઇએ છીએ. **आत्मार्थे सर्वानि त्यजेत्.** આપણે ત્યાગમુર્તિ છીએ !

× × × ×

કેટલીક વખત આપણને આ અન્યાયિ કરભાર વધારે સમય ન ચલાવી લેવાનું મન થઇ આવે છે. આપણને લાગતું હોય છે કે આપણા સ્ત્રી બાળકો ખાને જાય તેમાં લાભથી નુકશાન વધારે છે. જેમ આપણે આ કરભાર આપ્યા કરવામાં આપણા આત્માને ઠગીએ છીએ એ જાણતા હોવા છતાં આપ્યા કરીએ છીએ તેમ 'ખાનામાં આપણા સ્ત્રી બાળકોની શ્રદ્ધા દૃઢ તેટલાં એ ઇશ્વર અને કુદરતથી વધારે વેગળાં.' એ પણ જાણતા હોઇએ છીએ. કિંતુ આપણી અર્ધાંગનાને એ મંજુર નથી હોતું. આપણે એની ઇચ્છાની અવગણના કરતા નથી, કરી શકતા નથી. **यत्र नार्यस्तु पुजयंते रमंते तत्र देवता.** આપણે સ્ત્રી–સન્માનના હીમાયતિ છીએ !

× × × ×

અન્ય બાબતોમાં સ્ત્રીઓને પોતાની જંગમ મિલ્કત ગણનારા, તેમના પર પાશવી અત્યાચારો કરનારા એવા આપણે જે ગૃહની તેઓ સ્વામિનીઓ છે તેમને તેજ ગૃહમાં નજર કેદ રાખીએ છીએ. માતા કે ભગિનિની ભંભેરણીને વશ થઇ દિવસમાં ત્રણ વખત તેનું તાડન કરીએ છીએ. આપણે એને એકલી ખરચુ (સંડાસ–ઝાડે) પણ ન જવા દઇએ એટલી હદ સુધીના કાળજીવાળા પણ હોઇ શકીએ છીએ. **न स्त्री स्वातंत्र्यमर्हति.** આપણે શાસ્ત્રવિદ્ છીએ !

# બાળઉછેર : એક મહત્વનો પ્રશ્ન.

લેખક : શ્રી. કામેશ્વર જીવાભાઈ શુકલ.

આપણે ઘણીવાર અચંબો પામીએ છીએ ને કહીએ છીએ કે આ બાળકો એકજ માબાપનાં છોકરાં, એકજ ઘરમાં ઉછરેલાં, સરખી પરિસ્થિતિ, સરખી સગવડ અગવડ; છતાં તેઓ સ્વભાવમાં ને શકિતમાં એટલાં બધાં જુદા કેમ ?

એનો જવાબ મેળવવો એક રીતે સહેલો છે. એક માબાપનાં એકજ ઘરમાં રહેતાં બાળકોની પરિસ્થિતિ જરા ઝીણવટથી તપાસીએ તો તેમનામાં સ્વભાવફેર ને શકિતફેરનાં કારણો તુરત જડી આવે તેમ છે.

બાળકો એકજ માબાપનાં હોય છે એ વાત ખરી. છતાં માબાપો હંમેશ એકજ પ્રકારના રહેતા નથી. દરેક બાળકના ગર્ભાધાન વખતે તેઓ જુદી જુદી માનસિક ને શારીરિક સ્થિતિમાં હોય છે. તેનો લાભાલાભ તે તે બાળકને મળ્યા વગર રહેતો નથી. માબાપોનો વિકાસ આગળ ને આગળ થતોજ હોય, અનુભવ અને જ્ઞાનમાં જો તેઓ આગળ ને આગળ વધતાંજ હોય, તો બાળકો પણ એક કરતાં એક ચડીઆતાં નીપજે એ સંભવનીય છે. પરંતુ વસ્તુસ્થિતિ મોટે ભાગે એવી છે કે માબાપોનો જુવાનીનો ઉત્સાહ, જોસ, તાઝગી મહત્વાકાંક્ષીપણું ને મુખ્યત્વે જીંદગીનો ઉલ્લાસ ઠેઠ સુધી ટકતાં નથી. શરીર સંપત્તિ પણ તેઓ ઠેઠ સુધી જાળવી શકતા નથી. જીવનનું આશાવાદીપણું પણ ઘણું ઘટી જાય છે. તેથી પહેલાં કરતાં છેલ્લાં છેલ્લાં બાળકો શરીર સંપત્તિમાં અને માનસિક સંપત્તિમાં ઘણીવાર મોળાં જન્મેલાં જોવામાં આવે છે.

બીજું, એકજ ઘરમાં બાળકો જન્મે છે છતાં ઘર તદ્દન એક સરખું રહેતું નથી. માણસના જીવનમાં ચડતી પડતી આવે છે. તે પ્રમાણે ઘર બદલાય છે. ઘરની પરિસ્થિતિ બદલાય છે, તેમ માબાપોની જીવન પ્રત્યેની વૃત્તિ પણ બદલાય છે. અર્થાત પરિસ્થિતિ કે સગવડ અગવડ બધાં બાળકોને એક સરખાં મળતાંજ નથી. એવાં થોડાંજ ભાગ્યશાળી કુટુંબો હોય છે કે જ્યાં પહેલાથી છેલ્લા બાળક સુધી સરખી ને સારી સગવડ અને વિકાસને અનુકુળજ પરિસ્થિતિ મળતી હશે.

આ પરત્વે માબાપો જો પોતાથી બનતું કરી છુટે તો બાળકોને તેમને વિષે ફરીયાદ કરવાપણું ન રહે. માબાપોએ પોતાની શારીરિક અને માનસિક સ્થિતિ સતત સારી ને સારી રાખવી તે જરૂર તેમના હાથમાં છે. જીવનનો ઉલ્લાસ જાળવવો, આશાવાદી રહેવું, તાઝગી રાખવી એ બાળકોની અભિલાષા રાખવાવાળાં માબાપો માટે આવસ્યક છે. પરંતુ આમ કહેવું જેટલું સહેલું છે તેટલું આચરવું સહેલું નથી એમ તો કહેવુંજ પડે; કારણ મનુષ્યના જીવનમાં એવા એવા પ્રસંગો આવે ને તેથી માણસનું મન એવી રીતે ખાટું, નિરૂત્સાહી ને દુઃખી બની જાય છે કે તેમાંથી તુરત ને તુરત તેઓ નીકળી પણ ન શકે. સંસાર એક મહાન યોગ સાધના છે. સંસારમાં સારા માઠા પ્રસંગો આવ્યા કરે છે. તે બધાને નીસરણી બનાવી તેમાંથી જીવનને ઉપયોગી સાર ખેંચી લઇ જે આગળ ચાલે છે તેજ જીવન જીતે છે. તેની નીચે જે દબાઇ જાય છે તે જીંદગી ખોઇ બેસે છે. પોતાનાં બાળકો ખાતર માબાપોએ જીંદગી હારી બેસવાનો રસ્તો છોડી દેવો જોઇએ. તેમ ન બને ત્યાં સુધી તેમનાં બાળકોને તેમનાથી ગેરલાભ મળ્યાજ કરવાનો.

માબાપો પોતે અને તેમની બદલાતી પરિસ્થિતિ, એ વસ્તુઓ જેમ બાળકોના વિકાસને પોષક કે વિઘાતક બન્યા કરે છે તેમ એક બીજું બહુજ મહત્વનું તત્વ તેમના વિકાસમાં પોષક અથવા વિઘાતક તરીકે કામ કરે છે. તે તરફ આપણું બહુજ થોડું ધ્યાન ગયું છે. પણ તે અતિશય મહત્વનું છે. એકજ ઘરમાં સરખી સગવડ અગવડે ઉછેરાતાં છતાં પોતાનાં બધાં બાળકો સાથે માબાપો કેવું વર્તન રાખે છે તે ઉપર ભાંડરડાના વિકાસનો આધાર હોય છે. તાત્વિક દ્રષ્ટિએ કહીએ તો માબાપોને બધાં બાળકો સરખાં હોવાં જોઇએ. પરંતુ વ્યવહારમાં જોઇએ તો માબાપોને અમુક તરફ પક્ષપાત, અમુક એક વધારે વહાલું, અમુક ઓછું વહાલું, અમુકને ઘરમાં બધી સગવડો મળે, અમુકને માટે જાણે ઘરમાં સ્થાનજ ન હોય, એવા બાળક પરત્વે વર્તનમાં ફેરફાર ને પક્ષપાતીપણું સ્પષ્ટ દેખાઇ આવે છે. બાળકો પોતે પોતાનું ઘરમાં શું સ્થાન છે તે બરાબર સમજે છે. માબાપનું વહાલું બાળક ઘરમાં શ્રેષ્ઠ ગણાય ને અણમાનીતાનું સ્થાન નીચું ગણાય તે બાળકો સમજે છે. આથી શ્રેષ્ઠ ગણાતાં બાળકને પણ તેટલુંજ નુકશાન પહોંચે છે કે જેટલું હલકા ગણાતાં બાળકને પહોંચે છે.

માબાપોના પક્ષપાત માટે ઘણાં કારણો હોય છે. કોઇ વધારે બુદ્ધિશાળી હોય છે ; કોઇ વધારે રૂપાળું હોય ; શિવાય, કોઇ વાર પહેલા બાળક તરફ પક્ષપાત બંધાઇ જાયછે, તો વળી કોઇ વાર છેલ્લા બાળકના વિશેષ લાડ થાય. બીજું, આપણા સમાજમાં છોકરો અને છોકરી એ તો કાયમી શ્રેષ્ઠ હલકાનો ભેદભાવ ઉત્પન્ન કરવાનું સાધન છે. છોકરો શ્રેષ્ઠ; તેને દુધ ઘી મળે, તેને ભણવા રમવાની સગવડ મળે. ને છોકરી તો ઘરકામમાં કેમ વહેલામાં વહેલી આપે તેનીજ રાહ જોવાની હોય. ખાવાપીવામાં પણ છોકરા છોકરી વચ્ચે ભેદભાવ હોય.

આવા પક્ષપાતનાં બે જાતનાં પરિણામો આવે. કાં તો હલકું ગણાતું બાળક પોતે હલકા દરજ્જાનું છે એમ સ્વીકારી લે છે. બધાની સાથે શ્રેષ્ઠ ગણાતાં બાળકની શ્રેષ્ઠતા તે પણ કબુલે છે, અને તેની સેવા ચાકરી કરવામાં, તેને સગવડ આપવામાં સામેલ થાય છે. આપણે ત્યાં છોકરીઓની સ્થિતિ મોટે ભાગે આવીજ હોય છે. ભાઇનેજ પાટલો હોય, ભાઈની ગાડીજ સૌથી મોઢા આગળ ચાલવી જોઇએ, એમ તે પોતે પણ માનવા લાગે છે.

( બાળઉછેરની આ અભ્યાસપુર્ણ સમાલોચનાનો
બાકીનો ભાગ હવે પછી )

# ચૂસણ નીતિનું ચક્ર.

( આ પ્રસંગના પાત્રો કલ્પીત છે. બંધબેસતી પાઘડી કોઇએ પહેરી ન લેવી )

## દ્રષ્ય સાતમું.

" જરૂર કાંઇ નવાજુની થઇ હશે, નહિતર બદરૂ આવ્યા વિના રહે નહિ. આજ તો એને નીકળ્યે ચાર દિવસ થયા. વગર કારણે બદરૂ રોકાય નહિ. કાંઇ બોલાચાલી થઇ હશે ? બદરૂ આકરા સ્વભાવનો છે. નુરમામદ સાથે તો કાંઇ કજીઓ નહિ કરી બેઠો હોય ને ! નુરમામદ રાક્ષસ જેવો છે. બદરૂનું ત્યાં કોણ ? માર પડયો હશે ? ઇસ્પીતાલમાં હશે ? મેં આજ સવાર-સાંજ રાજકોટ માણસ ન મોકલ્યું એ ભારે ભુલ કરી. " ગઈ કાલે સાંજે આવી જવો જોઇતો હતો તે બદરૂના આજ સાંજ સુધીમાં કાંઈ સમાચાર નહિ મળવાથી ફાતમાબાઈનો જીવ ચક-ડોળે ચડયો હતો. પુત્રવત્સલ માતાનું હૃદય કાંઈ કાંઈ અનિષ્ટ કલ્પી રહ્યું હતું.

સાંજ પડી ગઈ, પણ બદરૂદીન આવ્યો ન હતો. દીવા બતી થયા, પણ ફાતમાબાઈના ટળવળતાં ચક્ષુને બદરૂદીનનું દર્શન થયું નહિ. બદરૂની વાટ જોઈ જોઈને છેવટે ફાતમાબાઈને એકલાંજ વાળુ કરી લેવું પડયું. રાત વધતી હતી તેમ શાંતિ પણ વધતી જતી હતી. પથારીમાં પડી પડી ફાતમાબાઈ સારી માઠી અનેક કલ્પનાઓથી પીડાઈ રહી હતી. થોડી વારે તેને કોઈના પગલાંનો અવાજ સંભળાયો. ધીમે ધીમે પણ એ અવાજ નજીક આવતો ગયો તેમ તેમ ફાતમાબાઈને તેમાં પરીચિતતા દેખાઈ. ' બદરૂ આવ્યો ! ' કહેતી તે પથારીમાંથી ઉભી થઈ ગઈ. ત્યાંતો બદરૂદીને કમાડ ખખડાવ્યું. " આવ્યો, બેટા ! " કહી ફાતમા-બાઈએ કમાડ ઉઘાડી બદરૂદીનને અંદર દાખલ કર્યો.

ફાતમાબાઈએ ફરીથી તાવડી મુકી ગરમ રોટલી ઉતારી બદરૂદીનને જમાડયો. બદરૂદીન વાળુ કરી રહ્યો એટલે ફાતમા-બાઈએ તેને રાજકોટના સમાચાર પુછ્યા.

" બધા હરામખોર છે. કોઈને કાંઈ ભાન નથી. મારી વાત સાંભળીજ નહિ. ચંદ્રાકીના રૂપીયા ઉપરાંત બીજા પાંચ રૂપીઆ દંડ કર્યો. " બદરૂદીનથી થયેલ અન્યાય સહ્યો જાતો ન્હોતો. ક્રોધના આવેશમાં તેનાથી બે આકરા શબ્દો બોલાઈ ગયા.

" પાંચ રૂપીયા દંડ કર્યો ? શા માટે ? આપણા વડવા
વાંકમાં નથી આવ્યા ! " ફાતમાબાઈ બોલી ઉઠ ને જમીનદોસ્ત
કરવા દાવો કરનાર ;
" શા માટે ? આપણે ખોજા છીએ. અધમણની પાઘડી
કીધું કે " મારૂં અપમાન કર્યું છે " તાવીએ છીએ ? માટે
' સાચી વાત '. અબદલાએ ચંદ્રાકીનક્રમ માનવું ભુલ ભરેલું છે.
કહ્યું ત્યારે મેં જવાબ આપ્યો કે એ જમાનાનો પવન હજુ
સ્થિતિ નથી. આ આપણો વાંક; મોડે તે લાગવાનો તો જરૂર.
ખડીઓ ફેરવીને પેટ ભરવું પડતું તેને ભેટવા તલપાપડ થશે અને
કે રૂપીયા કેમ થાય છે ! રૂા. ૧૨ ઇસતું બંધારણ તોડી પાડશે.
હુકમ કર્યો છે. નહિ ભરાય તો
બદરૂદીને બધી વાત ફાતમાબાઇ સ્વતંત્ર રીતે ખેતરોમાં, વાડીઓ-
ખાય છે. મોટો થાતાં જબરજસ્ત
" સખત સજા એટલે શું કેરી રાતી રાણ જેવો લાગે છે.
મુંઝવણ ભાંગવા અર્થ પુછ્યો.

" ના, સખત સજા એટલે નાતબહારી. જો આપણે રૂા. ૧૨ાા તુરતમાં ન ભરી દઇએ તો કાઉન્સીલ આપણને નાતબહાર મુકે. " બદરૂદીને ' સખત સજા ' નો અર્થ સ્પષ્ટ કર્યો.

" ત્યારે હવે આપણે શું કરશું, બદરૂ ? "

" કાંઇ નહિ. આપણે રૂપીયા ભરવાજ નથી. અત્યારે આપણું ઘર કહ્યું કરે તેમ નથી. અને કાંઇ કાઉન્સીલ ખાતર પારકાં દેણાં કરાય નહિ. "

" પણ નાતબહાર મુકશે તો ? "

" તો આ કાયમની ડખલગીરી અને લોહી-ઉકાળો મટશે. આપણને નાત બહાર કરવાની તો કાઉન્સીલ ધમકીજ આપે. નાત બહાર મુકયા પછી આપણી પાસેથી કાંઇ એ થોડુંજ લઇ જઇ શકે ? એટલે એને તો નાત બહાર ન મુકવામાંજ લાભ છે. આપણે હમણાં કાંઇ કાઉન્સીલની જરૂર નથી. જરૂર પડશે ત્યારે વળી કાંઈ રસ્તો કાઢશું. "

મા દીકરાની મસલત પુરી થઇ રહી. ફાતમાબાઇને આમાં કાંઇ લાંબી સુઝ પડી નહિ. પણ દીકરાના કહેવા માથે ભરોસો રાખવાનું તેના સાફ દીલે કબુલ કર્યું.

બદરૂદીનની ચાર દિવસની ગેરહાજરીમાં તેના ધંધામાં હરકત આવી હતી. પણ તેણે નવા ઉત્સાહથી પાછું પોતાનું કામ ઉપાડી લીધું. ધીમે ધીમે તે બધાનો પ્રીતિપાત્ર બનતો ગયો. ગામડાઓમાં તેની સારી આબરૂ બંધાઇ ગઇ. ફાતમાબાઇની હાટડી પણ હવે ઠીક આગળ વધી. થોડે થોડે કરીને તેણે અનાજ, તેલ, ઘી, કપાશીયા, વિગેરે દુકાનમાં વસાવ્યું. ઘરાકી વધી એટલે દુકાન ઉપર મરદની જરૂર દેખાવા લાગી. બદરૂદીને ગામડાઓમાં ફરવું મુકી દીધું અને દુકાન ઉપર બેઠો. ગામડાના માણસો ઓળખીતા થઇ ગયા હતા એટલે બદરૂદીનની દુકાનેથીજ પરચુરણ સામાન ખરીદતા. બે ચાર મહીનામાં બદરૂદીને ખર્ચ કાઢતાં રૂા. ૭૫) આશરે બચાવ્યા. દુકાન હવે બરાબર ચાલુ થઇ ગઇ.

સત્તા [illegible] પ્રયત્નો કરે. ભલે ભાડુતી મીશનરીઓ રાખી ભોળા લોકોને લાંબા લાંબા હાથ કરી, મહાન સત્યવાદી અને મહાત્માનો ડોળ ઘાલી ભરમાવે. ભલે બે પાંચ આવડતા અંગ્રેજી કે અરબ્બી, સીંધી કે સંસ્કૃત શબ્દો બોલી પોતે વિદ્વાન હોવાનો ફાંકો રાખે. પણ જે જમાનો પલટાણો છે તેના પવન સામે હાથ દેનાર કોઇ થયું નથી અને કોઇ થનાર પણ નથી. પ્રાણિ માત્રની શકિતની બહારની તે વાત છે.

પોતાની સત્તા કાઉન્સીલ ગઇ દીઠે. હજી આટલી આટલી નાદીરશાહી ભોગવ્યા છતાં તે પોતાની ભુખ છીપાવી શકી નથી અને આજના જમાનાના વાતા આઝાદીના પવનને હાથ દઇ તે ખાળવા યત્ન કરે છે. પરિણામે તેને પછડાયા શિવાય આરો નથી. કાઉન્સીલ સમજશે કે બીજાને ગુલામીમાં રાખી આનંદ ભોગવવાનો જમાનો કયારનોયે ચાલ્યો ગયો છે ?

## સુધારો.

ગયા અંકમાં " મુડદાંના વેરી " એ લેખમાં પાને ૧૧૯ મે " ૬૫ ગાઉ છેટેથી " ભુલથી છપાયું છે તે " ૯૫ ગાઉ છેટેથી " વાંચવું.

# સપ્તાહનો સાર.

**ગાંધીજીએ ઉપવાસ છોડયા :** હરિજનોના હિત માટે કરેલા ૨૧ દિવસના ઉપવાસ મહાત્મા ગાંધીજીએ ગઇ તા. ૨૯ બપોરના પુ. કસ્તુરબાઇના હાથના નારંગીના રસના અરધા પ્યાલાથી છોડયા છે. ઉપવાસ દરમ્યાન તેમનું વજન ૨૧ રતલ ઘટયું છે. ઉપવાસ છોડતી વખતે મહાત્માજીને દીર્ઘાયુ ઇચ્છતા દુનિયાના જુદા જુદા દેશોમાંથી ૫૦૦ સંદેશાઓ આવ્યા હતા. મહાસભાની ભાવિ નીતિ નકકી કરવા મહાસભાના મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓની પુનામાં મળેલ સભાએ મહાત્માજીની તબીયત તદ્દન સારી થઇ જાય ત્યાર પછી નિર્ણય કરવાનું ઠરાવ્યું છે.

**આંદામાનમાં કેદીઓનાં મરણ :** આંદામાનમાં દેશ-નીકાલની સજા ભોગવતા ૩૧ કેદીઓએ અધિકારીયો તરફથી અસંતોષકારક વર્તનના કારણે ઉપવાસ શરૂ કર્યા છે. આમાંથી ૩ કેદીઓ ઉપવાસને કારણે મરણ પામ્યાના સમાચાર હિંદી સરકારે પ્રગટ કર્યા છે. ૨૮ કેદીઓના ઉપવાસ હજુ ચાલુ છે.

**નાઝીઓનું જોર :** જર્મનીમાં હેર હીટલર સત્તા ઉપર આવ્યા પછી યુરોપના બીજા દેશોમાં પણ નાઝીઓનું જોર વધતું જાય છે, અને યાહુદીઓને બહુ સતાવવામાં આવે છે. વીએના ( ઓસ્ટ્રીયા ) યુનીવર્સીટીના નાઝી વિદ્યાર્થીઓએ યાહુદી અને પરદેશી વિદ્યાર્થીઓને જે હાથમાં આવે તે લઇને માર્યા છે. આ હુમલામાં ૭૦૦ નાઝી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પોલીસે હુલ્લડખોરોની ધરપકડ કરી છે. થોડા વખત માટે યુનીવર્સીટી બંધ કરવામાં આવી છે.

**બળવાખોરોને દાબી દેવા :** યુરોપીઅનો અને એંગ્લો ઇંડીયનો જ્યાં મળે ત્યાં સ્ત્રી, પુરૂષ કે બાળકના ભેદ શીવાય મારી નાખવાના 'ઇંડીયન રીપબ્લીકન આર્મી, ચીત્તાગોંગ શાખા' નામ ધારણ કરતી છુપી સંસ્થાના પ્રયત્નો ઉપરથી ચીત્તાગોંગ ( બંગાળ ) ના જીલ્લા મેજીસ્ટ્રેટે એવો હુકમ બહાર પાડયો છે કે "૨૨ થી ૨૫ વરસના દરેક હિંદુ મરદે પોતાની

છે. તે પ્રમાણે ... તરફથી આપવામાં આવે ... છે, તેમ માબાપોની જીવન પ્રત્યેના ... છે. અર્થાત પરિસ્થિતિ કે સગવડ અગવડ બધાં બાળકોને એક સરખાં મળતાંજ નથી. એવાં થોડાંજ ભાગ્યશાળી કુટુંબો હોય છે કે જ્યાં પહેલાથી છેલ્લા બાળક સુધી સરખી ને સારી સગવડ અને વિકાસને અનુકુળજ પરિસ્થિતિ મળતી હશે.

આ પરત્વે માબાપો જો પોતાથી બનતું કરી છુટે તો બાળકોને તેમને વિષે ફરીયાદ કરવાપણું ન રહે. માબાપોએ પોતાની શારીરિક અને માનસિક સ્થિતિ સતત સારી ને સારી રાખવી તે જરૂર તેમના હાથમાં છે. જીવનનો ઉલ્લાસ જાળવવો, આશાવાદી રહેવું, તાઝગી રાખવી એ બાળકોની અભિલાષા રાખવાવાળાં માબાપો માટે આવશ્યક છે. પરંતુ આમ કહેવું જેટલું સહેલું છે તેટલું આચરવું સહેલું નથી એમ તો કહેવુંજ પડે; કારણ મનુષ્યના જીવનમાં એવા એવા પ્રસંગો આવે ને તેથી માણસનું મન એવી રીતે ખાટું, નિરૂત્સાહી ને દુઃખી બની જાય છે કે તેમાંથી તુરત ને તુરત તેઓ નીકળી પણ ન શકે. સંસાર એક મહાન યોગ સાધના છે. સંસારમાં સારા માઠા પ્રસંગો આવ્યા કરે છે. તે બધાને નીસરણી બનાવી તેમાંથી

સરકારના વહીવટમાં હું ઠેકઠેકાણે ગંભીર ભુલો દેખાડી આપી શકું. મારોજ દાખલો આપું તો ખીલાફત ફંડનો રીપોર્ટ મેં કયાં બહાર પાડયો છે ?" અલ્વરના મહારાજા પોતાને શ્રીકૃષ્ણનો અવતાર કહેવરાવે છે અને તેથી તેમના રાજ્યની પ્રજા તેમને 'પ્રભુજી' કહે છે. મહારાજા શ્રી કૃષ્ણના જેવો મુગટ પહેરે છે.

**લંડનમાં હિંદી પરિષદ :** આ માસની અધવચમાં લંડનમાં એક હિંદને લગતી રાજકીય પરિષદ મળનાર છે. વીએનામાં સારવાર ભોગવતા શ્રીયુત સુભાષચંદ્ર બોઝે તે પરિષદનું પ્રમુખસ્થાન સ્વીકારવા હા કહી છે. નાદુરસ્ત તબીયતને કારણે જ્યારે શ્રી. બોઝને બંગાળની જેલમાંથી હિંદી સરકારે બંધનમુકત કરી વીએના જવાની પરવાનગી આપી ત્યારે તેમને પહોંચાડવામાં આવેલા હુકમમાં જણાવવામાં આવ્યું હતું કે શ્રી. બોઝે ગ્રેટ બ્રીટન જવાનું નથી. આથી લંડનમાં વસતા હિંદમિત્રો શ્રી. બોઝને લંડન આવવા દેવાની પરવાનગી મેળવવા પ્રયત્નો કરી રહ્યા છે.

**મેટ્રીકની પરિક્ષાનું પરિણામ :** મુંબઇ ઇલાકાની મેટ્રીકયુલેશનની પરિક્ષાનું પરિણામ ગઇ તા. ૩૧ ના રોજ મુંબઇમાં પ્રગટ કરવામાં આવ્યું છે. આખા ઇલાકામાં થઇ કુલ્લે ૧૭૨૮૧ વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેઠા હતા તેમાંથી ૭૭૬૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે, એટલે કે લગભગ ૪૫ ટકા વિદ્યાર્થીઓ ફતેહમંદ થયા છે.

**ઇટાલી અને રશીયા વચ્ચે કોલકરાર :** રશીયામાં માલ નહિ મોકલવાના બ્રીટનના ઠરાવનો ઇટાલીએ તાત્કાલીક લાભ લઇ સોવીએટ સરકાર સાથે વેપારી કરારો કરી લીધા છે. રશીયાએ જોઇતી વસ્તુઓના ઓર્ડર પણ આપી દીધા છે. ઇટાલીનો સરમુખત્યાર મુસોલીની આથી ઘણો ખુશી થયો છે.

**સપ્રુની ચેતવણી :** મ. ગાંધીજી તેમની અગ્નિ પરિક્ષા-માંથી પસાર થઇ ગયા એ પ્રસંગ ઉજવવા લંડનમાં દીનબંધુ એન્ડ્રુઝના પ્રમુખ સ્થાને મળેલ એક સભામાં બોલતાં સર તેજ બહાદુર સપ્રુએ જણાવ્યું હતું કે "મહાસભા મરી ગઇ છે એમ બ્રીટન માનતું હોય તો તે મૂર્ખાઓના સ્વર્ગમાં વસે છે."

**દરીયામાં તોફાન :** સખ્ત પવન અને વરસાદને અંગે જમો નજીકના દરીયામાં તોફાન થવાથી માલ ભરેલી ચાર ભાવ ઉંધી ગઇ છે અને એ ખુંચી ગઇ છે. એક પણ જાનની તેને ભણવાણી.

વહેલામાં વહેલો **ચોરી :** મુબઇમાં કોલાબા ખાતે મણી પણ છોકરા છોકરે ગોરાનું ઘર ફાડી રૂ. ૫૦૦૦)ની કિંમતની ગયા છે. આ સંબંધે ૩ માણસોને

આવા પક્ષપાતના

ગણાતું બાળક પોતે હલ

**વર્ષનો વર :** અબડાસા તાલુ-

બધાની સાથે શ્રેષ્ઠ ગણાતા ટે પોતાની ૪ વરસની બાળકીનું

અને તેની સેવા ચાકરી કર્યું છે.

સામેલ થાય છે. આપણે ત્યાં

આવીજ હોય છે. ભાઇનેજ પ વડોદરામાં ઘડીઆળી પોળના

મોઢા આગળ ચાલવી જોઇએ, એટેલ તથા પોતાની સ્ત્રી બાઇ

એક મરી જાયતો પાછળ

( બાળઉછેરની આ અભીતનો સવા લાખ રૂપીયાનો

બાકીનો ભાગ ભાગ્યેજ છ માસ થયા ત્યાં

# વીજળી વેગે પલટાતા જમાનાને માન આપો.

રૂઢીચુસ્ત અને જુના વિચારના મનુષ્યના સ્વભાવમાં જમાનો બદલાતાં અનેક ફેરફાર થઇ જાય છે. આપણે બરાબર જોઇ શકીએ છીએ તેમ જેમ જેમ જમાનો બદલાતો જાય છે તેમ તેમ દરેક માણસમાં જમાનાને અનુસરતા સંસ્કારો આવતા જાય છે. માણસનો સ્વભાવ કયારે ફરી બેસે છે તે કહી શકાતું નથી.

આપણી કોમ અનેક વર્ષોથી ધર્મગુરૂ અને તેના ભાડુતીઓથી રીબાઇ રહી છે, કચડાઇ રહી છે. આ વસ્તુ જમાનાને અનુસરી ઘણા વર્ષો સુધી ચાલી અને તે તે જમાનાને અનુસરતા માણસોને પણ વ્યાજબી લાગતું. આજે જમાનો વીજળી વેગે પલટાઇ ગયો છે.

ધર્મગુરૂનું અને તેની કાઉન્સીલનું જુલ્મી બંધારણ આજના જમાનાને માફક ન આવે એ સ્વાભાવિક છે. માણસને જો કપડું બરાબર માપસર ન હોય તો પહેરવાની મજા નથી આવતી; તેમ બંધારણ પણ બંધબેસતું નથી હોતું ત્યારે તેને મજા આવતી નથી. અને જ્યારે મજા આવતી નથી ત્યારે ગુલામી દેખાય છે; અને જ્યારે ગુલામી દેખાય છે ત્યારે તેની સામે તે બધી રીતે ઠેઠ સુધી લડે છે. આમ જમાનાનો પવન કોઇને વ્હેલો લાગે છે તો કોઇને મોડો લાગે છે. જે માણસ ધર્મગુરૂના વધારે ગુલામ હોય છે તેને મોડો લાગે છે, પણ લાગે તો છેજ અને મોડે મોડે પણ તે સત્યને તારવી શકે છે.

અત્યારની કાઉન્સીલનું બંધારણ પહેલાં જુલ્મી ન્હોતું અને અત્યારે છે એમ કાંઇ નથી. અત્યારનું બંધારણ પણ ત્યારે હતું. આપણા વડવાઓને તે ગમ્યું હોય કે ન ગમ્યું હોય, તેઓને તે બંધબેસતું લાગ્યું હોય કે ન લાગ્યું હોય, પણ આપણને તે આપણા માટે જરા પણ બંધબેસતું નથી લાગતું એ વાત તો હાથની હથેળી જેવી સ્પષ્ટ છે.

આપણા વડવાઓએ કાઉન્સીલને અને ધર્મગુરૂને ઇચ્છાએ કે અનિચ્છાએ પોષ્યા. તેથી કેટલાક અભણ અને ભોળા ભાઇઓએ "વડવા કરી ગયા છે તે વ્યાજબી કરી ગયા છે" એમ માન્યું. આપખુદોએ પોતાની સત્તા જમાવવા તેને ટેકો આપ્યો. આથી તેઓના મનમાં આ વાત સાચી ગણાઇને ઠસી ગઇ. આમ બોલનારાએ જરા વિચારવું ઘટે છે કે આપણા વડવા તાકાતમાં એવા હતા કે એક ઠોંસા ભેગા દીવાલને જમીનદોસ્ત કરી દેતા. વડવા રહેતા તે પ્રમાણે આપણે રહેવા દાવો કરનાર; કયાં આપણી તાકાત? આપણા વડવા અધમણની પાઘડી પહેરતા; આપણે શા માટે ટોપીથી પતાવીએ છીએ? માટે વડવા કરી ગયા છે તે પ્રમાણેજ કરવું એમ માનવું ભુલ ભરેલું છે.

આવા વર્ગને ઉપર કહ્યા પ્રમાણે જમાનાનો પવન હજુ લાગ્યો નથી. પણ તેને વહેલે કે મોડે તે લાગવાનો તો જરૂર. અને જ્યારે તે સત્ય જોશે ત્યારે તેને ભેટવા તલપાપડ થશે અને બનતા બધા પ્રયાસોથી ન બંધબેસતું બંધારણ તોડી પાડશે.

જન્મની સાથેજ એક ખુંટ સ્વતંત્ર રીતે ખેતરોમાં, વાડીઓમાં, જંગલોમાં લીલા છમ મોલ ખાય છે. મોટો થતાં જબ્બરજસ્ત હાથી જેવો દીસે છે. ખૂબ ચરી ચરી રાતી રાણ જેવો લાગે છે. તેનું બળ કયાંય સમાતું નથી. કોઇ બળદને દેખે છે ત્યારે તે મણીધર નાગની માફક ફુંફાડા મારતો શીંગડા ભરાવતો મારવા દોડે છે. આટલાથી તેના બળને કળ વળતી નથી. ગામના માણસોને દેખે છે તેને શીંગડે ચડાવી જમીન ઉપર પછાડે છે. નબળાં ઘરોની દીવાલોને શીંગડે ખોતરી જમીનદોસ્ત કરે છે. સાંઢ આવ્યાની ખબર પડતાં ગામના તમામ માણસો રફુચક થઇ જાય છે. પોતાને કોઇ કહેનાર નથી જાણી સાંઢ વધારે ને વધારે જોરદાર બને છે. છેવટે ઘરમાં ગરી રહી સાંઢના જુલ્મો સહેવાનું ગામ લોકથી બની શકતું નથી. એક વાડામાં સરસ લીલું છમ ઘાસ નાખે છે. સાંઢને બહુ વ્હાલો એવો ખોરાક તેમાં પીરસે છે. ફુંફાડા મારતો સાંઢ પોતાનો વ્હાલો ખોરાક દેખી દોડે છે. લાગ જોઇ એકજ વિચાર ઉપર આવેલા લોકો તેને જાડા નાડા વડે જકડી એક ઝાડ સાથે કકડાવીને બાંધે છે. સાથે સાથે ૪-૫ ઉગતા દાઝ ભરેલા જુવાનો તોતીંગ ડાંગો વતી સાંઢને સખ્ત માર મારે છે. સાંઢીયો હવે ઢીલો ઢફ થયો છે જાણી લોકો સાંઢને છુટો કરે છે. કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર નીચી મુંડીએ એક વખતનો મદમસ્ત સાંઢ ગામ બહારનો રસ્તો પકડે છે. ત્યારથી ગામમાં તેનાં દર્શન દુર્લભ થઇ પડયાં છે.

આપણા વડવાઓએ કાઉન્સીલને ઇચ્છાએ કે અનિચ્છાએ પોષી. કોઇએ પણ તેની સામે આંગળી વટીક ચીંધી નહિ. કોઇ એકાદ હિંમતવાન સામો થવા જતો તેને શીંગડે ચડાવી તે ભોંય ચાટતો કરી દેતી. પરિણામે તે એક માતેલા જેવી સત્તાધીશ થઇ બેઠી.

કોમ ઉપર ક્રુર અમલ ચલાવતી આ માતેલી કાઉન્સીલથી ડરી જઇ ઘરમાં બેસી રહેવાથી તે કદી પણ આપણો છેડો પડતો મુકશે નહિ. તેને હાંકી કાઢવા માટે આપણે નિશ્ચય કરવો જોઇએ. એ માટે સારામાં સારો રસ્તો તેની સામે થઇ તેના કાયદા કાનુનોને તોડી ફોડી નાખી તેને મળતો ધનનો ખોરાક બંધ કરવો એ છે.

આજે ઇસ્માઇલી ધર્મના વડાઓ અને કાઉન્સીલ પોતાની સત્તા કાયમ ટકાવી રાખવા ભલે અથાક પ્રયત્નો કરે. ભલે ભાડુતી મીશનરીઓ રાખી ભોળા લોકોને લાંબા લાંબા હાથ કરી, મહાન સત્યવાદી અને મહાત્માનો ડોળ ઘાલી ભરમાવે. ભલે બે પાંચ આવડતા અંગ્રેજી કે અરબ્બી, સીંધી કે સંસ્કૃત શબ્દો બોલી પોતે વિદ્વાન હોવાનો ફાંકો રાખે. પણ જે જમાનો પલટાયો છે તેના પવન સામે હાથ દેનાર કોઇ થયું નથી અને કોઇ થનાર પણ નથી. પ્રાણિ માત્રની શકિતની બહારની તે વાત છે.

પોતાની સત્તા કાઉન્સીલ ગઇ દીઠે. હજી આટલી આટલી નાદીરશાહી ભોગવ્યા છતાં તે પોતાની ભુખ છીપાવી શકી નથી અને આજના જમાનાના વાતા આઝાદીના પવનને હાથ દઇ તે ખાળવા યત્ન કરે છે. પરિણામે તેને પછડાયા શિવાય આરો નથી. કાઉન્સીલ સમજશે કે બીજાને ગુલામીમાં રાખી આનંદ ભોગવવાનો જમાનો કયારનોયે ચાલ્યો ગયો છે?

---

## સુધારો.

ગયા અંકમાં "મુડદાંના વેરી" એ લેખમાં પાને ૧૧૯ મે "૬૫ ગાઉ છેટેથી" ભુલથી છપાયું છે તે "૯૫ ગાઉ છેટેથી" વાંચવું.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલન કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીઆવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૭૩.**

"હરકોઇ કારણસર, હરકોઇ વખતે સુપ્રીમ કાઉન્સીલના કોઇ મેમ્બરને બદલવાની નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામનેજ સત્તા છે."

ના. આગાખાનના હાથમાં સોંપવામાં આવતી આ સરમુખત્યારી અતિ ભયંકર છે અને સર્વ અનર્થોનું મુળ છે. કોઇ પણ વખતે વાજબી કે ગેરવાજબી કોઇ પણ કારણસર રૂખસત મેળવવાની આવી લટકતી તલવાર માથે રાખીને શું જોઇને આપણા ભાઇઓ સુપ્રીમ કાઉન્સીલની ખુરશી ઉપર ચઢી બેસતા હશે? આ કલમથી એકે એક મેમ્બરના સ્વમાનનો વસીને ઇનકાર કરવામાં આવે છે. જો કાઉન્સીલના મેમ્બરો રીતસરની ચુંટણીથી ચુંટાતા હોય તો આવી અમર્યાદ અને આપખુદ સત્તા પાસે તેમણે નામોશીમાં પોતાનું શીર કદી પણ ઝુકાવવું ન પડે.

**કલમ ૭૪.**

"કાઠીયાવાડની જુદી જુદી લોકલ કાઉન્સીલોના કામકાજનું ઇન્સ્પેકશન કરવા તથા સદરહુ કાઉન્સીલોના હીસાબ ઓડીટ કરવા તથા વધુ પડતા સમય સુધી પડતર રહેલા કેસોનો જલદી નિકાલ કરાવવા અને સદરહુ કાઉન્સીલને યોગ્ય સલાહ તથા સુચનાઓ આપવા તેમજ કાઉન્સીલના ધારાધોરણ પ્રમાણે પોતાની ફરજો સંતોષકારક રીતે અદા કરવા તેમને શકિતવાન બનાવવા માટે સુપ્રિમ કાઉન્સીલ વખતો વખત પોતાના મેમ્બરોમાંથી એક સબ કમીટી નીમીને તેમને તે બાબત સત્તા આપશે. સબ કમીટી પોતાની તે મુસાફરી પુરી કરીને સુપ્રીમ કાઉન્સીલને વખતસર પોતાનો રીપોર્ટ મોકલશે અને સુપ્રીમ કાઉન્સીલ તે બાબતમાં યોગ્ય અમલ કરશે."

સબ કમીટી નીમવાની આ વાત કલમ ૩૯ માં આવી ગઇ છે. તેને જરા વીસ્તારીને અહીં ફરીથી મુકવામાં આવી છે. આ કલમમાં જે જાતની તપાસ કરવાની આવી કમીટીને સત્તા આપવામાં આવે છે તે લોકલ કાઉન્સીલ ઉપર સંપૂર્ણ સરમુખત્યારી સ્થાપે છે. આવી કમીટીનો પ્રવાસ કોમ માથે એક વધારાના બોજા શિવાય કાંઇ વધુ ઉપયોગનો સાબીત થયો નથી. લોકલ કાઉન્સીલો પોતાની ફરજ બજાવવા અશકત છે, તે વિશ્વાસને પાત્ર નથી, તેને કામ કરતાં આવડતું નથી, આવી છાપ આ કલમમાં સમાયેલી છે. વગર જરૂરે આવી રીતે નાહક નાણાં અને શકિતનો વ્યય કરવો એ ડહાપણભરેલું નથી. અમુક લોકલ કાઉન્સીલ માટે તપસ કરવાની જરૂર ઉભી થાય અને તે કાઉન્સીલ માટે આવી કમીટી નીમવામાં આવે ત્યાંસુધી સમજાય તેવી વાત છે. બાકી ॥ આવી તપાસના બ્હાના નીચે મોજમજાહ કરવાનુંજ રહે છે.

**કલમ ૭૫.**

"સુપ્રીમ કાઉન્સીલને કરવામાં આવતી દરેક અરજી ઉપર આઠ આના ફી લેવામાં આવશે. પરંતુ જમાત અગર સરકાર સાહેબી બાબતોને લગતા કાંઇ સુધારા અગર ઉન્નતિને લગતી કોઇ અરજી હોય તો તેના ઉપર કાંઇ ફી લેવામાં આવશે નહિ."

કલમ ૪૨ ઉપરની ટીકા જોઇ લેવી. ધન લોલુપતા આ કલમની રચનાનો મુખ્ય ઉદ્દેશ છે. સાધારણ રીતે કોઇ રાજ્યમાં હજુર કોર્ટને અરજી કરતાં બે આના અને નીચલી કોર્ટોને અરજી કરતાં એક આનો ફી દેવી પડે છે; પણ આપણી સેવક હોવી જોઇએ એવી આ કાઉન્સીલ માત્ર એક અરજી ઉપર આપણી પાસેથી આઠ આના ફી લ્યે છે!

**કલમ ૭૬.**

"નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ શીવાય બીજા કોઇ શખ્સ તરફથી કાંઇ પત્રવ્યવહાર આવે તે સુપ્રીમ કાઉન્સીલના કામકાજને અટકાયત કર્તા ગણી શકાશે નહિ."

ના. આગાખાન તરફથી કાંઇ પત્રવ્યવહાર આવે તો પણ તે કાઉન્સીલના કામકાજને શા માટે અટકાયત કર્તા હોઇ શકે? કાઉન્સીલ એ કાંઇ નામદાર આગાખાનના હુકમ ઉપર નાચતું પુતળું નથી. કોમે ચુંટેલી કાઉન્સીલને કોઇનો પણ પત્રવ્યવહાર તેના કામકાજને અટકાયત કર્તા નજ હોય.

## આડકતરો રસ્તો.

ભાઇ ઝવેર ગીગાએ રાજકોટમાં પોતાની પુત્રિના લગ્ન ખોજા સુધારક સંઘના આશ્રય તળે ઉજવ્યા તેના ખબર ગયા અંકમાં પ્રગટ થયા છે. એવા ખબર મળે છે કે ભાઈ ઝવેર ગીગા રાજકોટ લોકલ કાઉન્સીલના એક મેમ્બર ભાઇ મોહન દેવજીની સાથેજ તેમના રહેવાના મકાનમાં એક ફળીએ રહે છે, તે મકાન તેમને આ કારણસર કદાચ ખાલી કરવું પડશે. જો કે રાજકોટમાં મકાનો ઘણા છે અને ઘણા નવા બંધાય છે; એટલે ભાઈ ઝવેર ગીગાને એ મકાન ખાલી દેવું પડશે તો મુશ્કેલી નહિ આવે. તો પણ કાઉન્સીલની સામે થનારને સીધી અને આડકતરી કેટલી રીતે મુશ્કેલીમાં મુકવના પ્રયત્નો થાય છે તેનું આ એક ઉદાહરણ થઇ પડશે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ હિન્દ પ્રી. પ્રેસ" માં છાપી ધરમશી કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

યુવાનોનું સ્થાન. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૧૭ : જુન ૧૩ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના જેઠ વદ ૫ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## આજના અંકની સામગ્રી.

યુવાનોનું સ્થાન.
દાન કે દંડ?
બાળઉછેર : એક મહત્વનો પ્રશ્ન.
ઈંદ્રજાળ.
સપ્તાહનો સાર.
એક ખુલાસો.
ગેરકાયદે હુકમઃ હજી ઉભો છે.
કાઉન્સીલના કાયદાઃ રક્ષક કે ભક્ષક?

# મિથ્યા પ્રયત્ન.

બહાદુર છો માટે હથિયાર રાખ્યાં છે?

ના, હું બહુ બીકણ છું માટે.

શકિત છે માટે રોફબંધ ચાલો છો?

ના, અશકિત ઢાંકવા માટે.

સત્તાધારી છો માટે મોટેથી બરાડો છો?

ના, સત્તાને કોઇ સાંભળતું નથી માટે.

બળ છે માટે શિક્ષા કરો છો?

ના, બીજી રીતે વશ કરવા નિર્બળ છું માટે.

ઉદાર છો માટે દરવાજા ખુલ્લા છે?

ના, સાચવવાની શકિત નથી માટે.

વ્યવસ્થામાં માનતા નથી માટે આવું પડયું છે?

ના, વ્યવસ્થાશકિતની ખામી છે માટે.

("શિક્ષણ પત્રિકા", વ. ૬, અં. ૧.)

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૩-૬-૩૩.

## યુવાનોનું સ્થાન.

યુવાન એટલે શકિતનો ફુવારો, આશા અને ઉલ્લાસનો અખંડ વહેતો ઝરો, આઝાદીનો પયગમ્બર, પીડીતોનો તારણહાર. આ વ્યાખ્યા સામે આજે ભાગ્યેજ કોઇને વાંધો હશે. દેશેદેશનો, કોમે-કોમનો, જાતેજાતનો ઇતિહાસ આજે આ સત્યને પોકારી પોકારીને ટેકો આપી રહ્યો છે. કોઇ પણ દેશ તેની મનવાંચ્છીત સ્વતંત્રતા યુવાનોના ટેકા શીવાય મેળવી શકયો નથી. રાજકીય કે સામાજીક કોઇ પણ જાતના કાંઇ પણ સુધારા યુવાનોના પ્રયાસ અને ઉત્સાહ-થીજ આગળ ધપાવી શકાયા છે.

આપણી કોમમાં યુવાન જેવો કોઇ વર્ગ નથી અને બધા બાળક અને બુઢ્ઢા એ બેજ ભાગમાં વહેંચાઇ ગયા છે એમ સાબીત ન થાય ત્યાં સુધી આપણા યુવા-નોની ફરજ અને તેનું આજના કર્તવ્ય-યુગમાં શું સ્થાન છે તેની ચર્ચા અને નિર્ણય આપણે કર્યા વીના ચાલે તેમ નથી.

સહુ કોઇ અત્યારે જાણે છે કે આપણી કોમનો વહી-વટ આપણે જેના મેમ્બરો નથી ચુંટી શકતા એ કાઉ-ન્સીલ નામની સંસ્થાના હાથમાં રહેલો છે. સહુ કોઇ સમજે છે કે કાઉન્સીલનો કારોબાર એક માત્ર આપણી પાસેથી વધુમાં વધુ પૈસા કઢાવવાના ઉદ્દેશથીજ ચલા-વવામાં આવે છે. એવો અજ્ઞાન માણસ કોઇ ભાગ્યેજ જડશે કે કાઉન્સીલની આ અન્યાયિ સર્વોપરિતા અને ચૂસણનીતિ સામે બંડ ઉઠાવવામાં આવ્યું છે તેથી અજાણ હોય. આમ છતાં આજે જે નિષ્કીયતા અને પ્રેક્ષક-વૃત્તિ જોવામાં આવે છે એ ધ્યાન ખેંચનારી છે.

જેના માથા ઉપર પાઘડી છે અને જેના વાળ સફેદ થઇ ગયા છે એ વૃદ્ધો માટે અમને બહુ નથી લાગી આવતું. જુના જમાનાના એ માણસો નુતન યુગનો સંદેશ કદાચ ન ઝીલી શકે તો તેમાં અફસોસ કરવા જેવું નથી. પોતે જુના છે એટલે 'જુનું એટલું સારૂં' અને 'આગળથી ચાલ્યું આવતું હોય તેમ ચાલવા દેવું' એ મતના તેઓ થઇ જાય તો તેમાં ખાસ નવાઇ જેવું નથી. વળી તેમનું લોહી ઠંડુ પડી ગયું હોય છે. કામ કરવાની શકિત તેમનામાં રહી હોતી નથી. તેઓ મૃત્યુથી મળનારી અખંડ શાંતિના આગળથીજ ઉપાસક બની જાય એ સ્વાભાવિક છે.

પણ યુવાનોનું શું ? તેઓને માથે પાઘડી નથી; તેઓના વાળ ધોળાય નથી. યુવાનો શું હિસાબે નિષ્કીય પ્રેક્ષકનો પાઠ ભજવી શકે ? તેઓએ તો પોતાના કર્તવ્ય-નું જ્ઞાન મેળવવાનું રહેજ છે. યુવાનોએ અત્યારે પોતાનું સ્થાન નક્કી કરી લેવાનું છે. અમે એમ માનવા મુદ્દલ તૈયાર નથી કે આજના જમાનાનો યુવાન કાઉન્સીલ અને તેના કારોબારનો પક્ષપાતી હોય કે તેનો પ્રસંશક હોય. અમારા જાત-અનુભવ સાથે બીજા કેટલાયના અનુભવ એકમત થાય છે કે લગભગ એકે એક યુવાન આજે એ સમજતો થઇ ગયો છે કે આ કાઉન્સીલ આપણી કોમ ઉપર એક શ્રાપ છે. સવાલ એજ છે કે શા માટે આ યુવાનો બહાર આવી કાઉન્સીલને પડકારતા નથી.

ઘણા માણસો આ પ્રશ્નનો જવાબ એવો આપે છે કે યુવાનોને તેમની લાગણી પ્રદર્શીત કરવામાં જો કોઇ હરકત કર્તા હોય તો એ તેમના વડિલો છે. આ વાત મોટે ભાગે સાચી છે. એવા કેટલાયે યુવાનો આજે આ-પણી કોમમાં છે કે જેને કાઉન્સીલની બીક નથી કે તેની નાતબહારીનો ડર નથી, પણ વડિલોનોજ ભય છે. માબાપો જો તેમના મોઢાં ઉપર મારેલાં તાળાં ખોલી નાખે તો આ પળેજ યુવાનો પોતાના હૃદયની સાફ વાત સુણાવવા તૈયાર છે. પછી તેને કોઇનો કશો પણ ભય નથી.

આ સ્થિતિ ઉકેલ માગે છે. વડિલો અને માબાપો કદી પણ પોતાના હાથે એ તાળાં ખોલવાના નથી. પોતાના પુત્રોને અને યુવાનોને તે પોતાના દીલની વાત બહાર લાવવા જેટલી વાણીની સ્વતંત્રતા આપવા માગતા નથી. ત્યારે યુવાનોએ શું કરવું ? શું વડીલો અને મુરબ્બીઓ કે જેઓ પોતે ભજવતા નામર્દાઇનો પાઠ પોતાના પુત્રો પાસે પણ ભજવાવવા માગે છે તેમની પરવાનગી ન મળે ત્યાં સુધી યુવાનોએ જોયાજ કરવું? નહિ, એ નામર્દાઇનું નાટક હવે ભજવવું બંધ કરવું જોઇએ છે. રાત્રિ વીતી ગઇ છે અને દિવસ ઉગ્યો છે.

# દાન કે દંડ ?

**લેખક : શ્રી. " ભગત ".**

જેની પાસે કાંઇક છે તે યથાશકિત બીજાને. જેને જરૂર છે તેને, આપીને કૃતકૃત્ય થાય છે તેને 'દાન' કહેવામાં આવે છે. "જેને છે તે આપે અને જરૂર હોય તે લે" આ દાનનો સામાન્ય નિયમ કહી શકાય. બદલાની લાલસા વગર કેવળ 'આપવું એજ કર્તવ્ય છે' એમ માનીને, તેમ છતાં પાત્રાપાત્રનો વિચાર કરીને, જે દાન આપવામાં આવે તે બહુધા યથાર્થ–સાત્વિક–દાન હોય છે એથી ઉલટું બદલા કે ફળની આશાથી અથવા અપ્રસન્ન થઇને આપવામાં આવે તે રાજસી દાન દાતાની અધોગતિ કરનારૂં છે. જેવું કે :—

" એક કણ નામ સાહેબજીકે દીજીએ,
તો પલત્ર સવા લક્ષ લીજીએ."

એવી લાલસા સહીત જે દાન આપવામાં આવે તે સર્વથા નિરર્થક ને તે દાતાને નર્કમાં નાખનારૂં નીવડે છે. એકના સવા લાખ, અમરાપુરની અપ્સરાઓના અધર રસનો આસ્વાદ, ઇત્યાદિ કામ્ય વસ્તુઓના અગાઉથી આપવાના મુલ્ય તરીકે આપવામાં આવે તે વાસ્તવિક રીતે 'દાન' નહિ પણ જેના બદલામાં કદી પણ કશુંએ મળવાનું નથી એવા ફોકટ કરેલા વિનીમયને 'નાશ' જ કહેવાનું વધારે ઉચિત છે.

વળી કહ્યું છે કે :—

" સમુદ્રમાં વૃષ્ટિ, અણભુખ્યાને ભોજન અને ધનવાનને દાન આપવું એ દિવસે દીવાની પેઠે વ્યર્થ છે."

જ્યાં જ્યાં ધનવાનને દાન અપાય છે ત્યાં ત્યાં દંભનું સામ્રાજ્ય સ્થપાય છે. ખરી રીતે દાન દયાના કોમળ ભાવ સાથે અપાવું જોઇએ. ખરેખરી દયાની લાગણીથી જે દાન અપાય છે તે દાન ઘણુંખરૂં પાત્રનેજ અપાયું હોય છે.

જેમ કોઇ તદ્દન નિરોગી માણસને દવાનું દાન અનુપયોગી ને નિરર્થક છે તેમ ધનવાન આગાખાનને આપેલું દાન–જે બહુધા દંડની રીતે આપણી પાસેથી લેવામાં આવે છે તે–તદ્દન નિરર્થક છે એટલુંજ નહિ પણ આપણી કોમની કંગાલીયત, નિરક્ષરતા અને કુટુંબ કલેશોનું મુળ, પ્રબળ અને એકલું કારણ છે.

અનુચિત દાનની પદ્ધતિથી જે મનુષ્યો સત્કર્મપરાયણ રહી પવિત્રપણે જીવન ગાળી શકે એમ હોય તે પણ ભિક્ષુકનો વેષ ધારણ કરે છે, અને જો તેનામાં થોડી વધારે પ્રપંચક વૃત્તિ હોય તો મોટો મહામહોપાધ્યાય થઇ પરસેવાનું એક ટીપુંએ પાડયા વીના સુખે રોટલો રળી ખાય છે. ત્યારે આપણા ના. આગાખાન જેને પચાસ હજારનો 'મેષ સમુહ' ગતાનુગતિક અનુસરવાને આમરણાંત આજ્ઞાધીન થઇ રહ્યો હોય તે પોતાના વિલાસ વૈભવો સદોદિત ટકાવી રાખવા માટે આપણામાં લોહીનું છેલ્લું ટીપું એ હોય ત્યાં સુધી આપણને પાશબદ્ધ કરી રાખે તો તેમાં નવાઇ શું ?

આપણે ખાનામાંથી ખીચડી, શાક, ઇત્યાદિ ખરીદ કરીએ છીએ. આપણને કહેવામાં આવે છે કે 'માલ મફત છે ને પૈસાનું પુણ્ય થાય છે.' ત્યારે એ બમણા ત્રમણા પૈસા આપીને માલ ખરીદવાની એક મૂર્ખાઇ કર્યા પછી આપણે 'પૈસાનું દાન કર્યું છે' એમ માનવાની બીજી ભુલ કરીએ છીએ. આપણે 'પાકી દશોંદ' કે 'પાપ મોચન' નો છાંટો નખાવીએ છીએ. દર સાંજરે કે દર ચાંદરાતે આપણે માયડો ભરીએ છીએ. અને બીજા એવા અનેક પ્રસંગોએ મને કે કમને દાગીયા વેચીને મેળવેલ દળણાંની જોગવાઇ આપણે પરવારી બેસીએ છીએ; ત્યારે આપણા એ કરેલા 'દંડ' ને 'દાન' નું પવિત્ર નામ આપી એ ભાડુતી ગળકટ્ટાઓ આપણા એ જખમ પર મીઠું ભભરાવે છે. તેમ છતાં આપણે દેણું છુટયાના સંતોષે અને દંડને દાન માનવાની આપણી અણસમજે આપણે રાચી રહીએ છીએ. આપણે જ્યારે ખાલી ખીસે ઘેર જઇએ છીએ ત્યારે આપણા કોઇ એકાદ સમદુઃખી બન્ધુ કે ભગિનીને સહાય કરવામાં આપણા એ પરસેવાના પરિપાકનો સદ્વ્યય થયો હોવાના સંતોષે આપણું મન પ્રફુલ્લીત થઇ શકે એમ હોય છે કે? ના, એ થયેલા દુર્વ્યય ઉપર આપણે નથી રાચી શકતા, નથી આંસુ સારી શકતા. આપણે ખીસામાં હાથ નાખી તેમાં આપણા આંગળા વારંવાર ફેરવી રહીએ છીએ. તેમ છતાં આપણે એક લુખા આશ્વાસનનો આશ્રય લઇ મન વાળીએ છીએ કે 'આપણો એ ધરમ છે. આપણા શાસ્ત્રમાં દશોંદ, શુકરીત, વિગેરે આપવાનું લખ્યું છે.' વિગેરે.

પણ :—

" માત્ર શાસ્ત્રના આધારેજ કર્તવ્યનો નિર્ણય કરવો યોગ્ય નથી. યુકિતહીન, વિચાર શુન્ય બનીને કર્તવ્ય કરવાથી ધર્મહાનિજ થાય છે."

આપણાં એ શાસ્ત્રના પોથાં (જેની અગ્નિદેવને આલીંગન આપવાની યોગ્યતા વિષે કોઇને કશી શંકા નથી) અનુસરવાથી અભિમુખ થવું; એટલુંજ નહિ પણ **નિःस्नेहान् बान्धवान् त्यजेत्.** સ્નેહ વિનાના બન્ધુઓનો ત્યાગ કરવો, કે જેમણે સદસદ્ વિવેક બુદ્ધિનું દેવાળું કાઢયું હોય છે, દાન લેખે ગણવામાં આવતું આપણું રકત નીચોવવામાં જેઓ માનવતાની માઝા મુકી દઇને મરાઠાઓની ચોથ ઉઘરાવવાની રીતને પણ પાછળ પાડી દીએ એવો ત્રાસ વરતાવવામાં કુહાડાના હાથા બને છે.

---

**નાટકો ભજવાતાં અને જોવાતાં બંધ કરી હવે કર્તવ્ય-ક્ષેત્રમાં ઝુકાવવાનું છે. વાણી સ્વાતંત્ર્યની ના સુણાવતા વડલો સ્વર્ગે સીધાવે તે બાદ કર્તવ્ય કરવા ઇચ્છતા યુવાનોએ પણ એ વાત ભુલવી જોઇતી નથી કે આ પણ મિથ્યા ભ્રમ છે. ગયો અવસર ફરી આવતો નથી. લડાઈ-ના મેદાનમાં તો બધી ટુકડીઓએ સાથેજ મળી હલ્લો કરવાનો હોય. એક પછી એક ઉતરવા ઇચ્છતી બધી ટુકડીઓ ખલાસ થઇ જવા છતાં કદી પણ વિજય મેળવી શકાતો નથી. યુવાન યુવાન મટી વૃદ્ધ થાય તે પહેલાં પોતાનું સ્થાન અને કર્તવ્ય નક્કી કરી લ્યે. માબાપો અને મુરબ્બીઓની 'ના' થી કર્તવ્ય ભ્રષ્ટ થવું એ શરમાવનારૂં છે.**

# બાળઉછેર : એક મહત્વનો પ્રશ્ન.

**લેખક : શ્રી. કામેશ્વર જીવાભાઈ શુકલ.**

( ગતાંકથી ચાલુ )

આથી દેખીતી રીતે તેને ઓછું નુકશાન પહોંચે છે. કારણ, તેનામાં અસંતોષનું બીજ રોપાતું નથી, તેને આ ભેદભાવમાં અન્યાય લાગતો નથી ત્યાંસુધી ઘરનું, કામકાજ વિના મુશ્કેલીએ ચાલ્યા કરે છે. એનો ગેરલાભ લાંબી મુદતે દેખાય છે, અને તે એક ગુલામ જાત ઉભી થાય છે. તેમાં બાલિકાઓ કે હલકાં ગણાતાં બાળકો બંડ નથી કરતાં તેથી તેમનો વિકાસ અટકે છે, અને ગુલામી માનસ ઉત્પન્ન થાય છે. બીજા ઉપર આધાર રાખવાની ને બીજાનીજ સામે જોવાની વૃત્તિ વધે છે. પણ જેઓ ભેદભાવ સ્વીકારતા નથી તે મનમાં અસંતોષને પોષે છે. અદેખાઇ, ઇર્ષા ને દ્વેષભાવ તેમના મનમાં આગ ઉત્પન્ન કરે છે. બંડ કરીનેજ દરેક વખતે તેમને પોતાના હક્કો મેળવવા પડે છે.

આ બન્ને જાતનાં બાળકોની પરિસ્થિતિ બહુજ કરૂણ હોય છે. પોતાના ઘરમાંજ જેમને જીવવા સારૂ બંડ કરવું પડે, જીવનના હક્કો માટે લડવું પડે અથવા અન્યાયો મુંગે મોઢે સહન કરી લેવા પડે, એ બન્ને વસ્તુ બાળ જીવનમાં અત્યંત ધૃણાપાત્ર કહેવાય. માબાપોએ આ બાબતમાં પોતાની જાતને તપાસવી જોઇએ અને આ રીતે પોતે જેમને જન્મ આપ્યો છે, અને તેથી જેમને પોતાથી બનતી સગવડ આપવા પોતાની જાતને બંધાયેલ તેમણે ગણવી જોઇએ તેને બદલે પોતે ભેદભાવ રાખી પોતાનાં બાળકોને ઓછી વત્તી સગવડ આપે તે પોતાના બાળકનું સૂક્ષ્મ રીતે નુકશાન કરવા બરાબર ગણવું જોઇએ.

ઘણીવાર માબાપોમાં પક્ષપાત નથી હોતો છતાં અજ્ઞાનથી બાળકોને પક્ષપાત કરતાં પણ વધારે નુકશાન પહોંચે છે. એક બાળક નાનું ને એક મોટું તો હોયજ. તેમાં માબાપો સ્વાભાવિકપણે નાનાને વધારે રક્ષણ આપે છે. એના કજીઆમાં નાનાને જરા સંભાળી લે છે. તેથી મોટાના મનમાં ઘણીવાર અન્યાય થયાની લાગણી ઉત્પન્ન થાય છે આથી ઉલટું કેટલીક વાર નાનાના મનમાં અન્યાય થયાનું શલ્ય રહી જાય છે. તેને લાગે છે કે બધી સગવડો મોટાને મળે છે ને તે જ્યારે માગવા જાય છે ત્યારે "તું નાનો છે" એમ કહેવામાં આવે છે. તેથી તેનું મન ખુબ દુઃખાય છે. માટે આવા નાના મોટા કજીઆ પતાવવામાં ખુબ સંભાળ રાખવાની છે. બન્નેમાંથી કોઇને પણ અન્યાય થયો ન લાગે પણ આપેલો નિર્ણય બન્નેને સરખો લાગુ પડે એવા કાયદા અનુસાર મળ્યો છે એમ લાગવું જોઇએ.

તેમજ નવા જન્મેલા બાળકની સારવારમાં મોટા તરફ દુર્લક્ષ ન થવું જોઇએ. મોટાના મનમાં અદેખાઇનું બીજ નાની ઉમરે ભાંડરડાના જન્મ વખતેજ ઘણીવાર રોપાય છે. મા નાનાની સારવારમાં રોકાઇ હોય તે વખતે બાપે મોટા તરફ ધ્યાન આપી તેને નીરાધાર થઇ જવાની સ્થિતિમાંથી બચાવવું જોઇએ. તેમજ માતાએ પણ તેને સાવ વિસારી ન મૂકવું જોઇએ.

નાના મોટાની અદેખાઇ ઘણી વાર અમુક પ્રકારના વિનોદથી પોષાય છે. આજુબાજુના માણસો મોટા બાળકને કહે છે, "હવે આ તારી નથી. હવે તું તેને ગમતો નથી." વિગેરે કહીને તેના મનમાં નિષ્કારણ ઇર્ષા જગાવે છે. બાળકોને વાણી હોત તો તેઓ વાર્તાનાં પેલાં દેડકાંઓએ પથરા ફેંકનારા છોકરાઓને કહ્યું તેમ કહેત કે, "તમારે રમત થાય છે, પણ અમારો જીવ જાય છે."

જેમ નાના પ્રત્યે વધારે ધ્યાન રાખવું પડે છે તેમ ઘણીવાર માંદલા, અશકત કે વ્યંગવાળા બાળક પ્રત્યે માબાપો થોડો પક્ષપાત સ્વાભાવિકપણે રાખે છે. તેમાં જો બરાબર યોગ્ય સંભાળ ન લેવાય તો બીજાં બાળકોને કારણ વગર અન્યાય લાગે છે. આથી ઉલટું અશકત કે વ્યંગવાળા બાળકો પણ નાનાની જેમ દુઃખી થાય છે. માટે બન્ને બાજુ સંભાળપૂર્વક ચાલવાની જરૂર હોય છે.

અસંતોષની લાગણી ઉત્પન્ન થવાનું એક બીજું કારણ હોય છે. બાળકોને બધી સરખી સગવડ આપ્યા છતાં બધાં બાળકો સરખાંજ રૂપવાળાં કે સરખી પ્રકૃતિવાળાં થવાનાં નથી.

વ્યકિતગત આત્માની પૂર્વ ભવની મૂડી અનુસાર કહો કે હજુ સુધી માનવ જાતી જેનું કારણ શોધી શકી નથી એવા કોઇ કારણસર કહો, પણ બાળકો જુદીજુદી શકિતવાળા થાય છે. માબાપોના મનમાં એક પ્રત્યે પ્રેમ કે બીજા પ્રત્યે ઓછો પ્રેમ હોય છે એવું કશું ન હોવા છતાં તેઓ એકની પ્રસંશા કરે, શકિતવાળા બાળકને વખાણે, ચાર માણસમાં તેનીજ વાહવાહ થાય. તેથી બીજાં બાળકો જો પાછળ રહી જાય તો તેમને કાંતો અદેખાઇ આવે છે ને કાંતો આત્મ-વિશ્વાસ ઓછો થઇ જાય છે. તેથી તે હંમેશ પછાતજ રહે છે. ઘણીવાર મોટાંઓ કશો ભાગ ન ભજવતાં હોય તો પણ બાળકોજ એક બીજાને ઢાંકી દેવાનું કરે છે. બીજાને હલકો પાડી પોતે વિશેષ હોશીયાર છે તેનું પ્રદર્શન કરવાની ટેવ ઘણાં બાળકોને હોય છે. તેમ ઘણાં બાળકો જુલમગાર વર્ગનાં હોય છે. ઘણાં બીજાંની ઉપર બૌદ્ધિક સત્તા ભોગવવા જાય છે. માટે એવા બાળકોથી તેમનાં ભાંડરડાંને બચાવવાની જરૂર છે. આથી એમ નથી કે મોટાંજ હંમેશાં નાનાંને દબાવે છે. ઘણીવાર નાનાંની શકિતથી મોટાંઓ અંજાઇ જાય છે ને નાનાં તેમને આંજી નાખવાનો પ્રયત્ન કરે છે. જ્યારે આથી ઉલટા દાખલા પણ જડી આવે છે.

**સાર એ કે શકિત અને રૂપગુણમાં ફેર હોય તો પણ બીજાના કહેવાથી એકને શ્રેષ્ઠતા ન લાગી જાય ને બીજાને ઉતારી પાડવાનું ન બને, પણ દરેકને પોતાની રીતે પોતાની શકિતઓ ખીલવવાની પુર્ણ સગવડ અને જરૂર હોય ત્યાં ઉત્સાહ પણ મળે તે આવશ્યક છે.**

---

**સસ્તું અને સારૂં વાંચન**

વાંચવું હોય તો બે રૂપીયા મોકલાવી "ખોજા જાગૃતી" ના ગ્રાહક બનો.

# ઈન્દ્રજાળ.

જબરજસ્ત એક બંગલો છે. આસપાસ ફુલ તથા સુવાસીત ઝાડોનો બગીચો સુગંધ આપી રહ્યો છે. પરસાળની ફરતાં નાના નાના કયારામાં નાના છોડો ઉગેલા છે. છ માળનું આ ભવ્ય અને રોનકદાર મકાન છે. દેખાવ ઉપરથી લાગે કે આમાં કોઇ મહાન સત્તાધીશ રહેતો હોવો જોઇએ.

આ બંગલામાં નીચેના માળે એક મોટું જબરૂં દીવાનખાનું છે. તેના મધ્ય ભાગમાં એક ટેબલ અને બે ખુરશી ગોઠવેલાં છે. સુંદર ટેબલ ઉપર પાથરવામાં આવેલું મખમલ ચળકાટ મારી રહ્યું છે. બેમાંની એક ખુરશી સોનાની બનાવેલી છે, બીજી પણ મનમોહક છે. ટેબલની બીજી બાજુ પણ પાંચ સાત સારી ખુરશીઓ દેખાય છે. એ મનમોહક ખુરશી ઉપર એક ખુબસુરત યુવાન બેઠેલ છે. સામી ખુરશીઓ ઉપર બેઠેલા માનવીઓ તેનાથી અંજાઇ જાય છે. ખુલ્લી તરવારે બન્ને બાજુ પોલીસ પહેરો ભરી રહ્યા છે.

થોડીવારે આકાશમાં એક મોટો અવાજ સંભળાયો. સહુની નજર તેના તરફ ગઇ. સૌ આતુરતાથી જોવા લાગ્યા.

"યા અલી મદદ, ખુદાવીંદ." વીમાનમાંથી ઉતરી આલીજહાં રમજાનઅલી ખુદાવીંદને મળ્યા.

**ખુદાવીંદઃ** પધારો આલીજહાં. તમારીજ વાટ જોઇને હું બેઠો છું. તમે સ્વર્ગના અધિકારી થયા છો. માટે આવો મારી જમણી બાજુ આ સોનાના આસન ઉપર.

ખુદાવીંદે આમ આલીજહાંને બેસાર્યા.

**રમજાનઅલીઃ** ખુદાવીંદ, મારે આજે આપની આ બીજી મુલાકાત છે. પ્રથમ મુલાકાત મુંબઇમાં થઇ હતી, જ્યારે બીજી આજે થઇ. મારા માટે આટલી બધી તસ્દી શા માટે લો છો? હું તો આપનો સેવક છું. મારે તો આપની સેવા કરવીજ ઘટે. આવું સરસ આસન મારે બેસવા ન હોય. મને તેડવા માટે આપે બહુ તકલીફ વેઠી છે. મારા માટે આપે વીમાન પણ મોકલ્યું. ખુદાવીંદ, મારે વાસ્તે આપે આટલી તકલીફ લીધી છે તેથી હું આપનો રૂણી છું. પણ ખુદાવીંદ, આવું તો મેં કદી ન્હોતું જોયું. આવું મકાન, આવો બગીચો, આવા આપના પોલીસો! આ બધું જોઇ હું નવાઇ પામું છું. મને આંહી બહુ ગમે છે.

**ખુદાવીંદઃ** અરે, મૃત્યુ લોકના માનવી! તેં મારી બહુ સેવા બજાવી છે. તારા માટે આટલુંજ નથી. પણ હજી બાકી છે. આ તો સ્વર્ગમાં આવનારને માટે મુલાકાત લેવાનું ઠેકાણું છે. તેં મારી જેટલી જેટલી સેવા બજાવી છે તેના બદલા તરીકે તને કાયમના હક સોંપું છું. તે લેવા, ચાલ, તૈયાર થા. યમરાજ, દુતોનું લશ્કર તૈયાર કરો, અને કવાયત અને બેન્ડથી રમજાનઅલીને માન આપો.

**યમરાજઃ** જી હજુર, તૈયાર છે.

યમરાજે લશ્કરની કવાયત અને બેન્ડથી રમજાનઅલીને માન આપ્યું.

**રમજાનઅલીઃ** ખુદાવીંદ, આવું લશ્કર તો મેં મારી જીંદગીમાં પણ કયાંય નથી જોયું. હું આવું લશ્કર જોઇ ઘણો ખુશી થઇ ગયો છું. આવું માન સ્વર્ગના હકદાર શીવાય કોઇને મળતું હશે ખરૂં?

**ખુદાવીંદઃ** આ તો કોઇને નહિ બતાવવા જેવુંજ તને બતાવું છું. ફકત તારા જેવા સ્વર્ગના હકદારનેજ આવું લશ્કર જોવા મળેછે.

**યમરાજઃ** ખુદાવીંદ, કવાયત પુરી થઇ. બીજો હુકમ ફરમાવો. યમરાજ સલામ કરી ઉભો રહ્યો.

**ખુદાવીંદઃ** યમરાજ, સ્વારી કાઢવાની તૈયારી કરો. સ્વર્ગમાં જવું છે.

**યમરાજઃ** હજુર, સ્વારીની સામગ્રીઓ તૈયાર છે. રથ પણ આવી પહોંચ્યો છે. બીરાજો તેટલી વાર છે.

ખુદાવીંદ અને સોનાના આસન ઉપર બીરાજેલા રમજાન-અલી ઉઠયા.

**ખુદાવીંદઃ** આવો રમજાનઅલી, રથમાં પધારો.

**રમજાનઅલીઃ** ખુદાવીંદ પ્રથમ આપ બીરાજો.

**ખુદાવીંદઃ** નહિ, મારો કાયદો છે કે પ્રથમ અને ઉંચું સ્થાન તારા જેવા સ્વર્ગના હકદારનેજ આપવું.

ખુદાવીંદ આટલું બોલ્યા ત્યાં આલીજહાં રમજાનઅલી રથમાં ચડી બેઠા. આગળ અને પાછળ ખુલ્લી તરવારવાળું લશ્કર; વચ્ચે રથ; રથની બાજુએ ઘોડા ઉપર ખુલ્લી તરવારે યમરાજ. આમ સ્વારી સ્વર્ગમાં જવા આગળ વધવા માંડી.

**રમજાનઅલીઃ** ખુદાવીંદ, આ તો મેં કદી નહિ જોયેલું એવું જોઉં છું. વાહ, આંહી આવું સુખ છે? આવો ચળકતો સોનાનો રથ તો મેં આજેજ જોયો. વળી આવા પાણીદાર ઘોડા જોઇને તો હું નવાઇ પામું છું. આવા સુંદર રસ્તા! આવા આલીશાન મકાન! સારૂં થયું કે મેં ઇસ્માઇલી ધર્મ પાળ્યો. ખુદાવીંદ, આવી વસ્તુઓ મને આંહી મળશે કે નહિ?

**ખુદાવીંદઃ** મારા દરબાર શીવાય આવી વસ્તુઓ કયાંય પણ મળતી નથી. આ તો ફકત તનેજ આપું છું, જે તારી પાસે કાયમ રહેશે. તેં પાંચ હજારનું મોટું કામ કર્યું છે, તેથી તને સાતમા આસમાને લઇ જાઉં છું. ત્યાં તો વળી આના કરતાં પણ વધારે સુંદર સગવડ છે.

**રમજાનઅલીઃ** એ કયારે આવશે? હું તે જોવા બહુ ઉત્સુક છું. મહેરબાની કરી મને જલદી ત્યાં પહોંચાડો.

આલીજહાંની અધીરાઇ ઝાલી રહેતી ન્હોતી.

**ખુદાવીંદઃ** જો સામે દેખાય તે. હવે બહુ નજીકજ છે.

**યમરાજઃ** હજુર, મુકામ આવી પહોંચ્યો.

ખુદાવીંદ અને રમજાનઅલી રથમાંથી નીચે ઉતર્યા, અને સાતમા આસમાનના સ્વર્ગમાં દાખલ થયા.

**રમજાનઅલીઃ** ખુદાવીંદ, આ તો બહુ સુંદર છે. આ મને મળશે ને?

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૩૫ )

# સપ્તાહનો સાર.

**ચીન જાપાન વચ્ચે સુલેહ :** એક પખવાડીયાની મસલત પછી ચીન અને જાપાન વચ્ચે સંધી થઇ છે અને લડાઇ બંધ કરવામાં આવી છે. થયેલ કરારો મુજબ જાપાનનું લશ્કર મહાન ચીની દીવાલની બહાર નીકળી જશે, અને ચીનનું લશ્કર પણ અમુક વિસ્તાર સુધી પાછું ખેંચી લેવામાં આવશે. બન્ને લશ્કર વચ્ચેનો વિસ્તાર બીન લશ્કરી વિભાગ ગણાશે અને તેના ઉપર ચીનની પોલીસનો કાબુ રહેશે.

**આંદામાનના કેદીઓ :** રાજકીય ગુન્હાસર આંદામાનમાં દેશનીકાલ થયેલા કેદીઓમાંથી ૩ ના મૃત્યુ પછી મુંબઇમાં સરદાર જમીયતસિંહના પ્રમુખપણા નીચે એક સભા મળી હતી તેણે આંદામાનમાં મોકલાવવામાં આવેલા કેદીઓને પાછા હિંદ લાવવા અને આ સબંધે ખુલ્લી તપાસ કરવા સરકાર પાસે માગણી કરતો ઠરાવ કર્યો છે. કલકત્તામાં પણ શહેરના મેયરના પ્રમુખસ્થાને મળેલ સભાએ આવા ઠરાવો કર્યા છે. પુનામાં પણ તે મુજબના ઠરાવ પસાર થયા છે.

**મજાકનું માઠું ફળ :** મુંબઇમાં તારદેવ ખાતે રહેતા એક ૨૨ વરસના નસરવાનજી અરદેશર નામના ભાટીયા વિદ્યાર્થીને તેના મિત્રોએ મજાકમાં તે મેટ્રીકની પરિક્ષામાં નાપાસ થયો છે એવા ખબર આપવાથી તેણે ફૉસફરસનું ઝેર પી જઇ આપઘાત કર્યો છે. નસરવાનજી મેટ્રીકની પરિક્ષામાં પાસ થયો હતો.

**દેશનેત્તાઓનો છુટકારો :** ૧૯૩૨ ના જાન્યુઆરીની ૨૦ મી તારીખે યુરોપથી પાછા ફરતા સ્ટીમર ઉપરજ ગીરફ્તાર થયેલા બંગાળના આગેવાન દેશભકત શ્રીયુત જે. એન. સેન-ગુપ્તાને ગઇ તા. ૨ જીના રોજ નાદુરસ્ત તબીયતના કારણે સરકારે બંધનમુક્ત કર્યા છે. તેઓને ૧૮૧૮ ના કાયદા નીચે નજર કેદ રાખવામાં આવ્યા હતા. છુટા થયા છતાં તેમના માથે હજી આકરા અંકુશો ઉભા રહ્યા છે. ઘરમાં અથવા ઘરબહાર તેમના કુટુંબીજનો શીવાય બીજા કોઇ સાથે તેઓ કાંઈ પણ વાતચીત કરી શકશે નહિ. ટપાલ અને હરવા ફરવા ઉપર પણ અંકુશ મુકવામાં આવ્યો છે.

અખીલ હિંદ રાષ્ટ્રિય મહાસભાના એક વખતના કામચલાઉ પ્રમુખ સરદાર શાર્દુલસીંગની ૧૮ માસની સજાની મુદત પુરી થતાં તેમને લાહોર જેલમાંથી છોડી મુકવામાં આવ્યા છે.

**શ્રી. બોઝનો સંદેશ :** વીએનામાં સારવાર ભોગવતા શ્રીયુત સુભાષચંદ્ર બોઝ એક પત્રમાં લખે છે કે "આપણા માટે એકજ માર્ગ રહ્યો છે અને તે એ છે કે દેશના બધા ઉદ્દામ તત્વોને એકત્ર કરી એક પક્ષ ઉભો કરવો અને તે માટે એક ચોક્કસ કાર્યક્રમ નક્કી કરવો."

**૯૨ વર્ષની જેલ :** સરકારના ૫૨૦૦૦ રૂપીયાનો ગોટાળો કરનાર અબ્દુલ કરીમ નામના એક સરકારી નોકર કે જેના માથે જુદા જુદા ૧૮ આરોપો માટે ૯૨ વર્ષની જેલ અને રૂા. ૫૪૦૦૦) દંડ થયો હતો તેણે લાહોરની હાઇકોર્ટમાં અપીલ કરવાથી તેની સજામાં ઘટાડો કરવામાં આવ્યો છે.

**સોલજરને શીખવવા પારસી :** હિંદુસ્થાનના પ્રખ્યાત કુસ્તીબાજ પારસી જવાન મી. બીલીમોરીયાની શીયાલકોટમાં બ્રીટીશ સોલજરોને કુસ્તી શીખવવા સરકાર તરફથી નીમણુક કરવામાં આવી છે.

**મહાસભાવાદીઓ સાથે ગેરવર્તન :** પહેલી એપ્રીલને દિવસે કલકત્તા ખાતે મહાસભાની મળેલ બેઠક પ્રસંગે કેટલાક આગેવાન મહાસભાવાદીઓ સાથે કલકત્તાની પોલીસે ગેરવર્તણુક ચલાવ્યાનું એક નિવેદન પં. માલવીયા તરફથી બહાર પડયું હતું. આ સંબંધે હિંદી વઝીરે ઇનકાર કર્યો હતો કે એવું કાંઇ બનેલજ ન્હોતું. હમણાં એક અમેરીકન શહેરીએ બંગાળના ગવર્નરને આ સંબંધમાં લખેલ પત્ર પ્રગટ થયો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે "જો ખરી વિગતો બહાર ન પડે તો પં. માલવીયા જેવા એક જગમશહુર અગ્રેસરની કીર્તિ ઉપર ઝાંખ બેસે એટલા માટેજ આ પત્ર લખવામાં આવે છે. કોંગ્રેસની બેઠક વખતે હું કલકત્તામાંજ હતો. મેં મારી નજરે કોંગ્રેસના પકડાયેલા માણસો ઉપર લાઠીમાર થતો જોયો છે. કેટલીક બાનુઓને ખભા, પીઠ અને ગરદન ઉપર ઝનુની માર મારવામાં આવ્યો હતો."

**બાળકની બહાદુરી :** નાગપુરમાં સાજુ નમનો એક ઝાડુ વાળનાર પોતાના બે માળાના મકાનમાં પોતાના ત્રણ બાળકોને મુકી સ્ત્રી સાથે બહાર ગયો ત્યારબાદ તેના ઘરમાં અચાનક આગ લાગી. આ વખતે ૧૩ વરસના એક કુંભારના છોકરાએ બળતા ઘરમાં દોડી જઇ બે ધક્કા ખાઇ બે બાળકોને આગમાંથી બચાવી લીધા હતા. સરકાર તરફથી આ બાળકની કદર કરવામાં આવશે.

**રા. કેદીઓના છુટકારાની માગણી :** ડો. રવિન્દ્રનાથ ટાગોર અને દેશના બીજા ૭૪ ગૃહસ્થોએ એક યાદી વડા પ્રધાન, હિંદી વઝીર તથા વાયસરોય ઉપર મોકલાવીને ભાવિ બંધારણને અનુકુળ વાતાવરણ પેદા કરવા માટે બધા રાજ્યદ્વારી કેદીઓને છોડી મુકવાની માગણી કરી છે.

**ગાંધીજીની તબીયત :** મહાત્મા ગાંધીજીની તબીયત જો કે ખરાબ નથી છતાં ધાર્યા મુજબનો ત્વરીત સુધારો પણ થતો નથી. કોઇ પણ જાતની રાજકીય વાટાઘાટમાં તેઓ હજી ભાગ લઇ શકે તેમ નથી. સવિનય ભંગની મોકુફીની મુદત પુરી થાય તે પહેલાં મહાસભા પોતાનો નીર્ણય કરી લેશે તેમ લાગે છે. સવિનય ભંગ ફરી ચાલુ કરવાના, ધારાસભાઓ સર કરવાના અને દેશને રચનાત્મક કાર્યક્રમ તરફ વાળવાના એમ ત્રણ મત અત્યારના આગેવાનોમાં જોવામાં આવે છે.

**ખોજા ગૃહસ્થને માન :** કરાંચીના જાણીતા ખોજા ગૃહસ્થ શ્રી. ગુલામઅલી ચાગલાના પ્રમુખપદે દુનીયાની મુસ્લીમ પરિષદની એક શાખા કરાંચીમાં સ્થાપવામાં આવી છે.

**ભારે જગાત :** હિંદના મીલ ઉદ્યોગને રક્ષણ આપવા અને જાપાનીસ હરીફાઇને પહોંચી વળવા હિંદી સરકારે બીન બ્રીટીશ કાપડ ઉપર ૭૫ ટકા જગાત નાખ્યાનું જાહેર કર્યું છે.

( અનુસંધાન પાને ૧૩૩ થી )

**ખુદાવીંદઃ** હા, આ તને મળવાનું. જો આ સાતમો આસમાન તે તારા માટેજ છે. તેં પાંચ હજારનું મોટું કામ કરાવ્યું છે તેને બદલે તું આનો હકદાર બને છે. સ્વર્ગમાં ઉંચામાં ઉંચું સ્થાન તને આપું છું.

**રમજાનઅલીઃ** વાહ ખુદાવીંદ વાહ. સારૂં થયું કે મૃત્યુલોકમાં આપની મુલાકાત થઇ. અને સ્વર્ગ લેવાનો આવો ઉત્તમ રસ્તો આપે અમને બતાવ્યો, અને હું આ સ્હેલે રસ્તે સ્વર્ગ પામ્યો. નહિતર મારે કેટલી જહેમત લેવી પડત! અને વળી મારી અધોગતિ થાત તો પણ કોને ખબર? ખુદાવીંદ. આને તો સોનાની ઇંટો છે, અને વળી, જુઓ તો ખરા, થાંભલા તો રૂપાના છે. અને આ જમીનમાંથી તો કસ્તુરી બ્હેકી રહી છે. ખુદાવીંદ, મારે માટે આપે કયાં ઓછી તકલીફ લીધી છે? નળીયાં પણ સોનાનાં છે. હું આપનો ઘણો રૂણી છું. આ બધી સગવડ માત્ર પાંચ હજારમાં. આ કાંઇ ઓછું સસ્તું ન કહેવાય. બસ, હવે તો આંહી મજાથી રહીશ.

**ખુદાવીંદઃ** તારા માટે આટલુંજ નથી. જો, તું દર ચાંદરાતે બસો બસો આપતો અને તું કમાતો તેમાંથી આઠમો ભાગ આપતો તેના લે તને આ સવા લાખ ગણા કરીને આપું છું.

ખુદાવીંદે સામે જરા દુર પડેલ ઢગલા તરફ આંગળી ચીંધી. આલીજહાં તે જોઇ ગાંડાની માફક દોડયા.

**રમજાનઅલીઃ** અહાહાહાહા!! ખુદાવીંદ, હવે તો મારે કોઇ દિવસ કમાવુંજ નહિ પડે. સોનાની ઇંટોવાળા મકાનમાં રહીશ, અને બે હાથે પૈસા વાપરી લ્હેર ઉડાવીશ. બસ, હવે તો મારે કાંઇ દુઃખજ નહિ.

**ખુદાવીંદઃ** અરે ચાલ. હજી તો તારા માટે એક વસ્તુ બાકી છે. લઇ લે આમાંથી તને ગમે તેવી પીંચોતેર હુરીઓ. હું તને એ ઇનામ આપું છું. તેં ઘણાં નાણાં આપ્યાં છે. વળી તું આલીજહાં છે, એટલુંજ નહિ પણ તું સુપ્રીમ કાઉન્સીલનો પ્રમુખ છે. તેથી તારી કદર કરીને તારા હકની ૭૦ હુરીઓ ઉપરાંત બીજી ૫ વધારે આપું છું.

**રમજાનઅલીઃ** યા, ખુદાવીંદ. મારી જીંદગીમાં નહિ જોયેલી એવી આ ખુબસુરત સ્ત્રીઓ! હવે તો મજામાં ખુબ વધારો થયો. ભારે મજા આવવાની. આનંદદાયક સોના રૂપાથી જડીત બંગલો, લાખો રૂપીયા, એકને બદલે પીંચોતેર સુંદર સ્ત્રીઓ. વાહ ખુદાવીંદ વાહ. હવે તો હું મોજ ઉડાવવાનો. મારે આ પીંચોતેર હુરીઓ જોઇએ છે.

આલીજહાંએ સારી જોઇને પીંચોતેર સ્ત્રીઓ તરફ આંગળી ચીંધી તેની માગણી કરી.

**ખુદાવીંદઃ** જા, એ તને આપું છું. તને તારી ભકિતનો પુરતો બદલો અપાઇ ગયો. હવે હું મારે દ્વારે જાઉં છું.

ખુદાવીંદ અંતર્ધ્યાન થઇ ગયા. આલીજહાં ખુશી ખુશી થઇ હુરીયો સાથે ઇશ્કબાજી ઉડાવવા લાગ્યા. અને ..........

અને મારી આંખ ઉઘડી ગઇ.

કોમ આવાં સ્વપ્નાં સેવીનેજ ભુખ ભેગી થાય છે ને!

# એક ખુલાસો.

"ખોજા જાગૃતિ" માં આવતા દરેક સંવાદો અને વાર્તાઓ કાઉન્સીલના અમુક ચોક્કસ જુલમી ધારાધોરણ કે રીવાજોના ચિત્રરૂપ હોઇને તે તે પ્રસંગોમાં આલેખવામાં આવેલા પાત્રો અમુક ચોક્કસ હયાત માણસોને સંબોધીને લખવામાં આવતા નથી. એ તો માત્ર તેનું રસમય ચિત્રજ હોય છે. એટલે કોઇએ એમ માની લેવું નહિ કે અમુક પાત્રો અમુક ભળતા નામના માણસોની સાચી બનેલી ઘટનાના છે. જ્યાં સુધી એમ સ્પષ્ટ લખવામાં આવે નહિ કે આ કિસ્સો સાચો બનેલો છે ત્યાં સુધી તેને એક શબ્દચિત્રજ સહુએ ગણવું. આ ખુલાસો કરવાનું ખાસ કારણ એટલુંજ છે કે આવા ભળતા નામના આપણા ભાઇઓ સાથે "ખોજા જાગૃતિ" માં આવતા અમુક પ્રસંગો આકસ્મીક રીતે મળતા થઇ ગયા તરફ અમારૂં ધ્યાન ખેંચવામાં આવ્યું છે. "ખોજા જાગૃતિ" ના ૧૩ માં અંકમાં "અપ્રસિદ્ધ આલીજહાં" નામક જે પ્રસંગ આલેખવામાં આવ્યો છે તે ઘણે મોટે ભાગે રાજકોટનાજ આપણા એક ભાઇને વેઠવો પડેલો એમ એ લેખના પ્રકાશન પછી અમારી જાણમાં આવ્યું છે. આવી રીતે પાઘડી બંધ બેસતી થઇ જાય તો પણ તે કોઇએ કૃપા કરીને પહેરી લેવી નહિ. જે હકીકતો સત્ય ઘટનાઓ હશે ત્યાં અમે જરૂર તે પ્રમાણે સ્પષ્ટ લખીશું.

તંત્રી.

---

# ગેરકાયદે હુકમ.

## હજી ઉભો છે.

આજથી લગભગ ૯ માસ પહેલાં રાજકોટના ભાઇ છગન દેવજી તથા ભડલીના ભાઇ અબદુલ્લ મામદ જામનગર પંથકના ગામ ભાટીયા ગયા હતા ત્યારે જામનગર લોકલ કાઉન્સીલના પ્રેસીન્ડેન્ટ ભાઇ જાદવજી વાલજીએ એ બન્ને ભાઇઓ પાસે ઇસમાઇલી હોવાનો પાસ માગી તે તેઓની પાસે નહિ હોવાથી તેઓ બન્નેનું ખાનું પંજો બંધ કરી, તેમની સાથે વ્યવહાર નહિ કરવાને હુકમ કર્યો હતો. આ ઉપરથી આ બન્ને ભાઇઓએ તા. ૧૧–૧૦–૩૨ ના રોજ સુપ્રીમ કાઉન્સીલને અરજી કરી હતી કે કાયદામાં પાસ માગવાની હકીકત નહિ હોવા છતાં પ્રેસીડેન્ટે આવું પગલું ભરી અન્યાય કર્યો છે. આ અરજીનો જવાબ તેઓને સુપ્રીમ કાઉન્સીલ તરફથી એવો મળ્યો હતો કે તે બાબતમાં તપાસ કરી ઘટતું કરવામાં આવશે. આજે આઠ માસ જેટલો લાંબો સમય વીતી જવા છતાં સુપ્રીમ કાઉન્સીલ તરફથી કાંઇ ઘટતું કરવામાં આવ્યું નથી અને અમને મળેલ ખબર મુજબ જામનગર કાઉન્સીલના પ્રેસીડેન્ટનો તે ગેરકાયદેસર હુકમ હજી પણ ઉભોજ છે. થોડા દિવસો પહેલાં ભાઇ છગન દેવજીને ફરીથી ભાટીયા જવાનું બનતાં તેમને એ હુકમ હજી ઉભો હોવાની પ્રતીતિ થઇ છે. આનું નામ કાઉન્સીલની તપાસ! અને આનું નામ આપણી ગુલામી!

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા હરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૭૭.**

"આપણા શીયા ઇમામી ઇસ્માઇલી ભાઇઓને પુરતો લાભ મળે તે માટે કાઠીયાવાડના કોઇ મથકમાં નવી લોકલ કાઉન્સીલ સ્થાપવાની જરૂરીયાત જણાય તો નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ તરફથી સુપ્રીમ કાઉન્સીલને તેમ કરવાની છુટ છે. એવી કાઉન્સીલ સ્થાપવામાં આવે તો તેઓ તેના ખબર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને મોકલશે. અને તેઓ નામદારે સુપ્રીમ કાઉન્સીલને ત્રીશ કરતાં વધુ નહિ તેટલી તેવી લોકલ કાઉન્સીલો સ્થાપવાનો અધિકાર આપેલ છે."

લોકલ કાઉન્સીલોની સંખ્યા વધારે તેમ કોમને કનડગત અને હેરાનગતી ઓછી એ સાચી વાત છે. પણ આવી કાઉન્સીલો સુપ્રીમ કાઉન્સીલ પોતાની મરજીમાં આવે તેવી રીતે સ્થાપે તે વાંધા ભરેલું છે. જે પંથકમાં નવી લોકલ કાઉન્સીલ ઉભી કરવાનું નક્કી થાય તે પંથકમાં વસતા આપણા ભાઇઓના હાથથીજ તે કાઉન્સીલના મેમ્બરોની ચુંટણી થવી જોઇએ. નહિ કે સુપ્રીમ કાઉન્સીલના હાથથી. આ કલમથી સુપ્રીમ કાઉન્સીલના હાથમાં કોરો ચેક મુકી દેવામાં આવે છે. ના. આગાખાનના ફરમાનની તો રજમાત્ર પણ આવશ્યકતા આમાંયે નથી, કે તેમને ખબર મોકલવાની જરૂર નથી.

**કલમ ૭૮.**

"વિશેષ ફાયદા અર્થે એક લોકલ કાઉન્સીલના તાબાના અમુક ગામોની હકુમત બીજી લોકલ કાઉન્સીલને સોંપવા સુપ્રીમ કાઉન્સીલને અખત્યાર છે, અને એ બાબતના ખબર નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને મોકલવામાં આવશે."

લોકલ કાઉન્સીલો ઉપર સુપ્રીમ કાઉન્સીલની સરમુખત્યારીનું આ એક વધુ સુત્ર છે. આવી રીતે એક કાઉન્સીલ સાથેના ગામોને બીજી કાઉન્સીલ સાથે મુકી દેવાનું કામ સુપ્રીમ કાઉન્સીલનું નથી પણ તે તે ગામના આપણા ભાઇઓનું છે. લોકલ કાઉન્સીલ ઉપર સુપ્રીમ કાઉન્સીલે સંપૂર્ણ સત્તા ભોગવવા જતાં કોમને અનહદ હાલાકી ભોગવવી પડે છે. ના. આગાખાનને ખબર મોકલવાની કાંઇ જરૂર નથી.

**કલમ ૭૯.**

"કોઇ લોકલ કાઉન્સીલનો મેમ્બર સદરહુ કાઉન્સીલમાં કાંઇ વિક્ષેપ અગર તકલીફના કારણરૂપ નીવડે અને તેવો રીપોર્ટ સુપ્રીમ કાઉન્સીલ પાસે આવે તો સુપ્રીમ કાઉન્સીલ તે બાબતમાં સપૂર્ણ તપાસ કરશે અને જો જરૂર જણાય તો તેવા મેમ્બરની જગ્યાએ નવો મેમ્બર દાખલ કરશે અને તે બાબતના ખબર નમદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને મેકલશે."

કલમ ૩૭ સાથે આ કલમ અક્ષરે અક્ષર મળતી આવે છે. તે ઉપરની ટીકા જોઇ લેવી. લોકલ કાઉન્સીલનો ગુન્હો કરનાર મેમ્બર માટે લોકલ કાઉન્સીલજ પગલાં લઇ શકે. ખાલી થાય એ જગ્યા ચુંટણીથીજ પુરાવી જોઇએ. ના. આગાખાનને ખબર મેકલાવવા નિરર્થક છે.

**કલમ ૮૦**

રૂશ્વત લેનાર મેમ્બરને શિક્ષા કરવા સંબંધેની છે.

કલમ ૩૮ સાથે આ કલમ બરાબર મળતી આવે છે. તે ઉપરની ટીકા જોઇ લેવી.

**કલમ ૮૧.**

"સુપ્રીમ કાઉન્સીલ પોતાના મેમ્બરોમાંથી સુપ્રીમ કાઉન્સીલના હીસાબ ઓડીટ કરવા માટે દર સાલ ઓડીટરો ચુંટશે."

સામાન્ય રીતે ધોરણ એવું હોય છે કે આવક જાવકનો હીસાબ ઓડીટ કરનાર ( તપાસનાર ) ઓડીટરો જે સંસ્થાનો એ હીસાબ હોય તે સંસ્થાના નહિ તેવા હોવા જોઇએ. ઓડીટર એટલે પાઇએ પાઇનો હીસાબ બરાબર સાચો છે કે નહિ તે તપાસનાર. જો આવો તપાસનાર જેનો હીસાબ તપાસવાનો હોય તે પોતેજ હોય તો તેનો કાંઈ અર્થજ નથી. એ રીતે સુપ્રીમ કઉન્સીલના મેમ્બરોમાંથી ઓડીટરો પસંદ કરવામાં આવે કે હીસાબ મુદ્દલજ ઓડીટ ન થાય એ બન્ને વસ્તુ સરખી છે. વળી આવો ઓડીટ કરાવેલો હીસાબ પણ પ્રગટ કરવાની કોઈ વાત કઉન્સીલના કાયદામાં નથી કે જે મુખ્ય ઉદ્દેશ છે. આ બન્ને મુદ્દાઓ જોતાં એમ માનવાનું આપણને સ્પષ્ટ કારણ છે કે હીસાબ ઓડીટ કરાવવાની આ કલમને કાયદાની ચોપડીમાં સ્થાન આપવું એ એક જાતનો છળ છે. કોમ જો કાઉન્સીલની ચુંટણી કરતી હોય તો કાઉન્સીલ કોમને બરાબર જવાબદાર રહે અને તેણે પોતાનો રીતસરનો ઓડીટ કરાવેલો હીસાબ કોમ સમક્ષ જરૂર પ્રગટ કરવો પડે. પણ તેમ નથી; કોમ કાઉન્સીલની ચુંટણી કરી શકતી નથી; અને તેથીજ આવો દંભ ખુલ્લી રીતે કઉન્સીલ આચરી શકે છે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

ધર્મનાં ઝેર. | છુટક નકલ ત્રણ પૈસા. | Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૧૮ : જુન ૨૦ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના જેઠ વદ ૧૨ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.


## આજના અંકની સામગ્રી.


ધર્મનાં ઝેર.
અધઃ પાત.
૧૬ વરસ પહેલાં.
મારી મુસાફરી.
સપ્તાહનો સાર.
"બીન જગાતી" લગ્ન.
કાઉન્સીલના કાયદાઃ રક્ષક કે ભક્ષક ?
ખાનામાં "જાગૃત"
ખોજા યુવક મંડળ, બોટાદ.


## એક દિવસ !

મનુષ્યની જાગૃતિ ભલે સહજ સહેલી વાત ન હોય, એનાં મૂલ્ય ચાહે તેટલાં મોંઘા હોય અને એ જાગૃતિને માટે યુગોના યુગો સુધી ભલે વાટ જોવી પડે; પરંતુ જે દિવસે મનુષ્ય જાગશે, તે દિવસે પંખીના ગાનથીયે એનું જ્ઞાન વધુ મીઠું હશે ને ફૂલોના કરતાં એની શોભા વધુ મુલ્યવતી હશે. આજે ભલે ઇન્સાફ ઝેરવેર કે વિદ્રોહમાં ડુબ્યો હોય, પરંતુ વાવાઝોડાનાં ભીષણ વાદળાં જેમ શ્રાવણની એક સંધ્યાએ પીગળી પડે, એના વજ્રને કે વિજળીને પણ પીગાળી ભોંય પર દીનભાવે પ્રવાહીરૂપે વર્ષાવે, ઝરી પડે, તેમજ આ તોફાની મનુષ્ય જાત પણ રડીને ગળી પડશે, તે દિવસે રણવગડામાં પણ ફુલો ઉઘડવાનાં. આજ તો વર્ષેવર્ષના ઉત્સવ વ્યર્થ જાય છે. દિવસે દિવસનાં અજવાળાં અપમાન પામીને પાછાં વળે છે. અંધકારના તારાઓ રાત પછી રાત એકજ સાદ પાડીને રાહ જોતા ખડા છે. ભલે એ ખડા ! એ નહિ થાકે, કારણ એને આશા છે કે એક દિવસ ઇન્સાફ એનો સાદ સાંભળશે.

—રવીન્દ્રનાથ ઠાકુર.

( " ઝાલરી " માંથી. )

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૦-૬-૩૩.

# ધર્મનાં ઝેર.

કોઇ કમનશીબ ઘડીએ આપણી આ પાક અને સુખી ધરતી ઉપર ‘ ધર્મ ’ શબ્દની રચના થઇ, અને ત્યારથી આપણી પવિત્રતા અને આપણું સુખ ઓસરતું ચાલ્યું છે. એ શબ્દને ઉત્પન્ન કરનાર હતભાગી માનવી આજે જો આ પૃથ્વિ ઉપર જીવતો હત તો જાણ્યે અજાણ્યે તેના હાથથી થયેલ આ મહા અપરાધથી તેને જેટલું દુઃખ થાત તેટલોજ તેને એ ‘ધર્મ’ થી દુનિયાની થયેલી ખરાબી જોઇ આઘાત થાત.

‘ ધર્મ ’ નો મુળ અર્થ ફરજ, કર્તવ્ય થાય છે. પણ તે હજારો કે લાખો વર્ષ પહેલાંની વાત છે. અત્યારે તો એ અર્થ માત્ર શબ્દકોષમાં રહ્યો છે કે વિદ્વાનોના વિતંડાવાદમાં તે જોવાય છે. આપણે અત્યારે જે જીવન જીવી રહ્યા છીએ એમાં ધર્મ એટલે સંપ્રદાય, વાડો; આ સંકુચીત અર્થથી જરા પણ આગળ આપણે વધી શકતા નથી.

જગતનો ઇતિહાસ સાક્ષી પુરે છે કે ડાહી કહેવાતી માનવ જાતે અત્યાર સુધી ધર્મને નામે લડાઇઓજ લડી છે. મધ્યયુગમાં ઇસ્લામીઓ અને ખ્રીસ્તીઓ ધર્મને નામે લડયા, અને યુરોપની ભુમીને લોહીવર્ણી બનાવી. ઇંગ્લેંડના રાજાઓ અને રાણીઓએ પોતાના સાચા માની લીધેલા ધર્મની ખાતર પ્રજાના સંતાનોનાં જીવનની આહુતી લીધી. એજ ધર્મને આગળ કરીને રોમના પોપે રાજ્યસત્તા ધારણ કરી ખ્રીસ્તીમાત્રની જીંદગી ઉપર સરમુખત્યારી મેળવી. ધર્મના નામે દીલ્હીના તખ્ત ઉપર અનેક રાજવીઓ તલવારના બળે બેઠા અને ઉઠયા. એજ ધર્મને કારણે ગુજરાતની ઉગતી બાદશાહી જમીનદોસ્ત થઇ. ધર્મના આશ્રય તળે રહીને ધર્મગુરૂઓએ અનેક શરમ ભરેલા કાવાદાવા કર્યા. અનેક નિર્દોષોના પોતાના સ્વાર્થની ખાતર ભોગ લીધા. અનેક મહારાજ્યોને પાયમાલ કર્યાં. એજ ધર્મના ઓઠા હેઠળ "પાપ કરો અને મોક્ષ મળશે" નો અધમ સિદ્ધાંત રશીયા જેવા વિશાળ દેશમાં રાસ્પુટીન જેવો એક નીચ ગામડીઓ ફેલાવી જઇ શકયો. અને આજે આપણે જોઇ રહ્યા છીએ કે એજ ધર્મના કારણે, હિંદુ અને મુસલમાનના વિસંવાદને લીધેજ હિન્દુસ્તાન જેવો જુગજુની સંસ્કૃતિ ધરાવતો મહાન દેશ પરતંત્રતાની શૃંખલાઓમાંથી છુટો થઇ શકતો નથી.

આપણી કોમના ભાગલા પડી ગયા હોય તો તે પણ ધર્મને નામે. આપણી કોમના માણસોના ખુનો થયાં હોય તો તે પણ એ ધર્મની ખાતર. આપણે દિવસ રાત ચૂસાતા હોઇએ તો એ પણ આ ધર્મના ઓઠા હેઠળજ.

ધર્મ એ એક એવી વસ્તુ છે કે તેનો સ્વપ્નામાં સંસર્ગ પણ આપણને નુકશાનકારક છે. તેની સાથેનો સહજ સહવાસ પણ આપણી પાયમાલી માટે પુરતો છે. જે ધર્મને નામે દુનિયામાં લોહીની નદીઓ ચાલી, જે ધર્મને આગળ કરીને માણસે માણસની ગરદન ઉપર છુરી ફેરવવામાં આંચકો ન ખાધો અને જે ધર્મના આશ્રય તળે રહી સ્વાર્થીઓએ અસત્યને સત્ય કહેવરાવ્યું, પાપને પુણ્ય મનાવ્યું, મોજ શોખ, એશ આરામને ત્યાગ ઠરાવ્યો અને માણસ જાતના હીતમાં વપરાવી જોઇતી લક્ષ્મિનો ભોગવિલાસ અને દુષ્કૃત્યની પાછળ દુર્વ્યય કર્યો એ ‘ધર્મ’ જ બધા અધર્મોનું મુળ કારણ છે. જેનાથી દુનિયાની શાંતિ ભયમાં આવી પડી અને જેનાથી પાપ અને અત્યાચારની નવી પ્રવૃત્તિઓ શરૂ થઇ એ ‘ધર્મ’ માણસ જાતનું વધારેમાં વધારે બુરૂં કરનારો છે.

જે આચરવાથી રજ પણ નુકશાન થવાનો ભય રહે તે આચરવુંજ નહિ. અખંડ જાગૃત રહ્યા છતાં પણ જેના અનુસરણમાં વિપથગામી થઇ જવાનું જોખમ છે એ ધર્મ આપણે નથી જોઇતો. આપણે શાંતિ ઇચ્છીએ છીએ, આપણે સલામતી ચાહીએ છીએ. જે રસ્તે જવાથી આકરી તકેદારી અને મજબુત સામના પછીજ આપણું રક્ષણ થઇ શકે તે રસ્તેજ આપણે નથી જવું. માણસ જાત ‘ધર્મ’ થી કંટાળી ગઇ છે ‘ધર્મ’ સાથેનો અત્યાર સુધીનો સહવાસ તેને નુકશાન કર્તા સાબીત થયો છે. હવે એક પણ વધુ વખત ‘ધર્મ’ ને તક આપવા તે ખુશી નથી. ‘ધર્મે’ હવે પોતાનું સ્થાન પાતાળમાં લીધેજ છુટકો છે. ‘ધર્મ’ ના આશ્રીતોએ હવે સ્મશાનમાંજ પોતાનો વાસો કરવાનો છે. ધર્મનાં ઝેરથી દુનિયા હવે વધુ વખત રીબાવા માગતી નથી.

# અધ : પાત.

લેખક : શ્રી. હુસેન વાલજી સવાણી.

સંધ્યાના ઓછાયા જ્યારે અવનિ ઉપર ઉતરતા હતા ત્યારે એક દુર્બળ માનવી ચિંતાતુર ચહેરે ગામના પાદર (ભાગોળ) માં વિચારોના વમળમાં અટવાઇ ગયો હતો.

“મારે તે શું કરવું? મારા બાપ તો ધીરધારનો ધંધો કરતા, પણ વરસ ખરાબ થવાથી અને લોક પાસે પૈસા ન હોવાથી જરાયે ઉઘરાણી પતતી નથી. બીજી તરફ બાપા કરી ગયેલ દેણું મારે ચુકવવું પડશે. દીલ થાય છે કે કોઇ ચીજનો વેપાર કરૂં, પણ તે માટે પૈસા તો જોઇએજ. પિતાશ્રીની કૃપાથી હું આજે ભુખ ભેગો થયો છું. શું માણસો થાય છે! બાપાએ સ્વર્ગ સુખની લાલચે રૂા. ૧૨૦૦) બગાડી મોટું કામ કરાવ્યું. દર મહીને રૂા. ૧૦) ખાનામાં માયડાના ભર્યા. ઉપરાંત ઝીણા ઝીણા બીજા અનેક માર ખાધા. મૂર્ખ માન્યતામાં ખેંચાઇ જઇ સ્વર્ગસુખની લાલચ અને હુરીઓની લાલસા પાછળ તેમણે બધું ફના કરી નાખ્યું. પરિણામે આજે મારે શેર બાજરી મેળવવા પણ ઉપાધિ કરવી પડે છે. બાપા! તમે તો સ્વર્ગમાં મજા કરતા હશો, પણ આ મૃત્યુ લોકમાં વસતા તમારા પુત્રનું બધું ટાળી ન દીધું હત તો સારૂં હતું. બાપાએ આમ સેંકડો રૂપીયા ખાનામાં વેડફ્યા તેના કરતાં કોઇ વીમા કંપનીમાં ભર્યા હત તો આજે હું ખુશીથી રૂા. ૧૦૦૦૦) નો માલીક હત. સુખેથી ઘરનો વેપાર કરી શકત અને દેણું પણ ચુકવી શકત. પણ લાલચુ અને લોભી માણસને એ કયાંથી સુઝે! પણ હું તો કોને દોષ દઉં ને કોને ન દઉં! પિતાશ્રીના ગયા પછી માતુશ્રીએ પણ કયાં ઓછી કરી છે! અરે, હું પણ અજ્ઞાન છું. નહિતર માના કહેવાથી બાપની પાછળ કાંઇ સમરના રૂા. ૧૦૯) હું આપી દઉં, કે ઘરની ચીજ વસ્તુઓ, ગાદલાં, ગોદડાં, ઢોલીઓ, કપડાં વિગેરે વેડરી મારૂં? બાપાએ બારસોનું કામ કરાવ્યું એટલે તેમની પાછળ મારે સાધારણ રીતના કરતાં વધુ લુંટાવાનું! ખરેખર, હળાહળ કળજુગ ચાલે છે. નહિ તો મા અને બાપ ઉઠીને કાંઇ દીકરાને પાયમાલ કરવાના રસ્તા લ્યે!”

વિચારોની પરંપરાએ હાશમને આમ મુંઝવી દીધો. કયો ધંધો કરીને રળી ખાવું એ અત્યારે તેના માટે ગહન પ્રશ્ન થઇ પડયો હતો. એક પછી એક એમ અનેક ધંધા તરફ તેણે નજર દોડાવી જોઇ, પણ બધામાં તેને પૈસાની જરૂર દેખાણી, અને પૈસા તો હતા નહિ. ત્યારે કરવું શું? ઓચીંતી તેને એક વાત યાદ આવી.

“ધર્મનો મેં ઠીક અભ્યાસ કર્યો છે. મીશનરી બનું તો સારૂં કામ બજાવી શકું. પણ ... .....”

વળી તેની વિચારમાળા અટકી.

“પણ આ ધર્મમાં તો ધર્મનું સૂત્રજ નથી; માત્ર કળથી પૈસા ઓકાવવા શીવાય બીજું તેમાં કાંઇ નથી. ભોળા અને અજ્ઞાન માણસોને ખોટું સમજાવવું અને તેના કુટુંબને તારાજ કરવું એ મીશનરીનું કાર્ય. મારી નજરે તો હરકોઇ કાર્ય કરતાં ખોજાના મીશનરીનું કાર્ય બદતર છે. મેં ધર્મનું વાંચન ઠીક ઠીક કર્યું છે અને હું સમજું છું કે: મનુષ્ય સેવા તેજ ઇશ્વર સેવા; નીતિ એજ ધર્મ; દયા, દીનતા અને ઉદારતા તેજ જીવનનાં સૂત્ર હોઇ શકે; તેને બદલે હું મીશનરી થાઉં તો? તો મારે ભાઇ ભાઇમાં શત્રુતા રાખવાનો ઉપદેશ કરવો; જેમાં ધર્મ કહી શકાય તેવું કાંઇ નથી તેને ધર્મ કહેવો; ગરીબ માણસ પૈસાવાળાને દાન આપે તેમ સમજાવવું. આ બધું તો મને નર્કયાતના સમું થઇ પડે.”

તેના વિચારની દીશા પાછી ફરી.

“પણ બીજા બધા મીશનરીઓ મારા જેટલું જરૂર સમજે છે છતાં પેટને ખાતર આ અધમ કામ કરે છે, તો હું પણ કરૂં. આ જીવતા જીવે તો સારૂં સારૂં ખાવાનું ખોજાને ત્યાં ખાશું, મોટામાં ખપશું અને મરી ગયા પછી નર્ક મળે તો ભલે મળે પણ અત્યારે તો દોઢસો રૂપીયાનો પગાર ચાલુ થશે અને ચાલુ જીવન સુધરી જશે. મરી ગયા પછી નર્કમાં જઇશ તો ત્યાં બધા મીશનરીઓની હાજરીથી કાંઇક દર્દ ઓછું થાશે, અથવા જે થવું હશે તે થાશે. મીશનરી થાઉં તો દોઢસો રૂપીયાની માસીક આવક થાય છે, અને જો બીજી સ્વતંત્ર નોકરી હું ગોતું તો ભાગ્યેજ રૂા. ૧૫) ની માસીક નોકરી મળે. ઓછા પગારની નોકરી હોય એટલે કામ વધારે હોય. એટલે તે કામ પણ મારાથી બનવું અશકય છે; ત્યારે આ નીરાંતનો પગાર છે. જરૂર લોકોને ખોટે રસ્તે દોરીને તેની ગરીબીમાં વધારો કરવાનો છે, અને એ પાપકર્મ છે. પણ હું જેની નોકરી કરૂં તેનાં વખાણ કરૂં, એમાં મારો શું દોષ?”

ચારે દીશાએથી ઘેરાયેલા માણસે ગમે તેમ કરી મનને મનાવી લીધું, અને મીશનરી થવાનો નિર્ણય કરી લીધો. ઘરે આવી મુંબઇ અરજી લખી નાખી. સારે નસીબે તે અરજી પાસ થઇ. પગાર પણ ધાર્યા મુજબ રૂા. ૧૫૦) નો શરૂ થયો.

હાશમ ગામોગામ જઇ વાયેઝ કરવા લાગ્યો. પહેલા થોડા દિવસ તો તેને ખરાબ લાગ્યું કે ‘બીજા મીશનરીઓના સમજાવવાથી મારો બાપ પોતે તારાજ થયો છે અને પોતાના કુટુંબને પાયમાલીમાં મુકી ગયો છે, તેવીજ રીતે મારા હાથથી પણ અનેક કુટુંબ પાયમાલીમાં મુકાશે.’ આવા વિચારો થોડા દિવસ આવ્યા કર્યા. પણ પછી તેનું હૃદય પુરા પાપથી એટલું કાળું થઇ ગયું કે તે કહેવા લાગ્યો કે ‘એક નાટકમાં પાઠ કરનારો સાધારણ બ્રાહ્મણ હોય છે અને મહારાણીનો પાઠ પહેરી મહારાણીને છાજતાં વચનો બોલે છે; તેમ મારા મનમાં ગમે તે હોય પણ પાઠ પહેર્યો છે એટલે સમયાનુકુળ બોલું છું અને મારી ફરજ બજાવું છું.’ આમ આત્માના અવાજને અવગણી તે ખોજાઓમાં વાયેઝ કરતો ફરવા લાગ્યો.

(અનુસંધાન માટે જુઓ પાનું ૧૪૩.)

# ૧૬ વરસ પહેલાં.

[ આજથી સોળ વરસ પહેલાં, કાઉન્સીલની સ્થાપના થઇ તે પછી ચાર વરસે, સને ૧૯૧૭ ની સાલમાં અમરેલીના જાણીતા કોમી સેવક શ્રી. અલીભાઇ દેવરાજ તરફથી અમરેલી કાઉન્સીલના તે વખતના પ્રમુખ વારસ મહમદભાઇ જીવાભાઇને સંબોધીને એક ખુલ્લો પત્ર પ્રગટ કરવામાં આવ્યો હતો. કોમને ખાનાખરાબીના પંથે દોરનાર જાપ્તાનીતિ અને ગેરવહીવટ સામે થોડા થોડા કાળને અંતરે નાના અથવા મોટા સ્વરૂપમાં પણ વિરોધ ઉઠતો આવ્યો છે અને તે બધાની એક અતુટ સાંકળ બાંધી શકાય તેમ છે. ભવિષ્યમાં આપણી કોમનો કોઇ ઇતિહાસકાર પેદા થશે તે આ વસ્તુને સાંધશે. હાલ તો ‘ ખુલ્લા પત્ર ’ ના કેટલાક મહત્વના ફકરા આ નીચે પ્રગટ કરવામાં આવે છે—તંત્રી. ]

ખોજા કોમની આત્મિક ઉન્નતિ સાથે સાથે બીજી દરેક પ્રકારની ચ્હડીઆતી સ્થિતિ થાય તે અર્થે અત્યારે કોઇ ખરેખરો રાહબર–દોરનાર–કોમને માથે નથી.

આવો રાહબર નથી એટલુંજ નહિ પણ નામદાર મોટા આગા હસનઅલીશાહના હિન્દમાં આવવા પછી દિનપરદિન કોમની પડતી થતી જાય છે. તેઓ સાહેબે દસોંદને નામે એક કર લેવાનું શરૂ કર્યું, અને બીજા કેટલાક લાગા જન્મ અને મરણ પ્રસંગે, તેમજ સગપણ અને લગ્ન પ્રસંગે લેવા શરૂ કર્યા; અને આવા કરો ઉપરાંત પણ બીજી કેટલીક બાબતોમાં નાણાં આપી પાપમુકત થવાનું અને પુણ્ય હાંસલ કરવાનું ધોરણ દાખલ કર્યું. આ અને આવા અનેક કરો વસુલ કરવાની સત્તા જુનાગઢના રહીશ ખોજા ઇસમાએલ ગાંગજીને સાંભળવા પ્રમાણે અમુક ઉધડી રકમ આપવાના કરારથી અને અમુક વર્ષોની બંધણીથી સોંપાણી ! સાથે કાઠીયાવાડમાંની ખોજા જમાયતના વારસ ( માલેક ) પણ શેઠ ઇસમાએલને ઠેરાવ્યા અને તેથી અમુક અમુક બીજી સત્તાઓ પણ તેઓના હાથમાં આવી. આ સત્તાની રૂએ ખોજા કોમમાં ચાલ્યા આવતા રીતરીવાજો અને ધારા-ધોરણોમાં તેઓએ ફેરફાર કર્યા અને જમાયતમાં પડતા વરવાંધામાં ઇન્સાફ આપવાનું લગભગ તમામ કામ પોતાને હસ્તક લીધું. જમાયતની તે વખતની હાલત એવી તો હતી કે આ બધી ગોઠવણ સામે કોઇએ એક શબ્દ વટીક ઉચ્ચારવાની હિંમત ન કરી.

× × × ×

અધુરૂં રહેલું કામ પરિપૂર્ણ પાયમાલીવાળું કરવાને ચાર વર્ષ પહેલાં તેઓએ આપ વારસ સાહેબોની સંમતીથી ખોજા કોમમાં અમુક જાતનાંજ ધારાધોરણ ચલાવવા અને કરો વસુલ કરવા મજબુત હાથે કામે લઇ શકાય અને કોઇપણ માણસ એક શબ્દ વટીક સામો ઉચ્ચારી ન શકે તે અર્થે એક કાયદાનું પુસ્તક બહાર પાડી હદ વાળી દીધી છે. આમ શ્રી કૃષ્ણ માફક શિષ્યને સન્માર્ગે ચ્હડાવવાને બદલે હાલના આપણા શ્રી કૃષ્ણનાજ મનાતા ૧૦ મા નિકલંકીએ આપણા હાથ પગ બાંધી લીધા છે; અને આપણાં જીવન જે કુદરતી નિયમે ધીમે પગલે આગળ વધતાં તે અટકાવ્યાં છે, તેમાં વિરોધ ઉભો કર્યો છે. તેઓ સાહેબ આપણને પોતાના આડત્યાઓ–મીશનરીઓ વિગેરે–હમણાં હમણાં ફરતા કરી એમ મનાવે છે કે, સત્યુગમાં સગાળશા શેઠે પ્રભુ ખાતર પુત્રનો ભોગ આપ્યો ! શ્રી હરિશ્ચંદ્રે પોતાના રાજ્યનો, સ્ત્રી અને પુત્રનો અને છેવટ પોતાની જાતનો ભોગ આપ્યો ! હાલ કળીયુગમાં નાણાં એ સૌથી કિંમતી વસ્તુ મનાય છે; માટે પાપમાંથી મુકત થવા અને સ્વર્ગની પ્રાપ્તી કરવા એ વ્હાલામાં વ્હાલા નાણાંનો ભોગ આપો ! ! !

વારસ સાહેબ, પૈસા લઇ કરેલા ગુન્હાની માફી બક્ષવી એ શું થોડું અનીતિ ભર્યું છે ? આમ કરવાથી તો અંધશ્રદ્ધાળુ ભકત ફરી વખત પાપ કરવા પ્રેરાય છે. કારણ કૅાશ ચોરી લાવવાના પાપમાંથી સોયનું દાન કર્યે પાપમુકત થવાય છે ! આવા આવા બોધથી સ્ત્રીઓ પોતાના પતિથી છુપી રીતે ઘરમાંની વસ્તુઓ જેવી કે, અનાજ, ઘી, ગોળ, ખાંડ, વિગેરે આપી પોતાના આત્માનું કલ્યાણ થયું, બીચારી ભોળી બાઇઓ માને છે. બાઇઓની શી વાત કરવી કે જ્યારે મુંછાળા મર્દની પણ એવીજ કે એથી બદતર હાલત છે !

× × × ×

આગા હસનઅલીશાહ હિન્દ આવી વસ્યા ત્યારે તેઓને મદદરૂપ થાય માટે ઉપલા કરોમાં કામચલાઉ થોડોક વધારો આગા સાહેબના નામથીજ કરી લેવાનું શરૂ થયું. પણ આજે આ બધી આવક હાલના નામદાર આગા ઉપાડી જાય છે અને પોતાને ફાવે તેમ તેનો ઉપયોગ પણ કરે છે. આગળ દરેક જમાયતખાનાના ચોપડામાં આવી આવક બદલ આગાસાહેબના નામે જુદું ખાતું રહેતું. મને લાગે છે કે દરેક ઠેકાણેથી જુના ચોપડા ઉપાડી જવામાં આગાસાહેબની મતલબ એ હોઇ શકે કે, જો ભવિષ્યમાં કોઇ કોર્ટમાં ફરીયાદ કરે તો પુરાવો ફરીયાદ કરનારને તેઓ સાહેબ વિરૂદ્ધ ન મળે. આવી રીતે ચોપડા લઇ જવા દેવામાં આપ વારસ સાહેબોની મદદ હોય એમ હું માનું છું. અલબત્ત, વખતે તેમ કરવાનો ઉદ્દેશ આપના લક્ષ બહાર હોય; પણ આપ સૌ વારસોએ આમ દરેક બાબતમાં નીચા કાન રાખવાનું પરિણામ કુલ્લે જમાયત માટે શું આવ્યું ? એક ફાનસ કે ઘડીયાળ જેવી વસ્તુ કે હંમેશાં વપરાશમાં આવતો તેલનો ડબો ખરીદવાને આપણી પાસે નાણાં નથી. જમાયતને જોઇતી આવી દરેક ચીજ માટે હરવખત પૈસા બબે પૈસાનું ઉઘરાણું કરવું પડે છે ! આ શું ઓછા અફસોસની વાત છે ? × × × × વારસ સાહેબ, શું શું કહું અને શું શું લખું ? કોમની આવી કરી મુકેલી હાલત માટે હૃદય રડે છે અને ખુદાજ તેનો સાક્ષી હોઇ શકે !

× × × ×

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૪૩ )

# મારી મુસાફરી.

લેખક : શ્રી “ મુસાફર. ”

મારી મુસાફરીનો વૃતાંત હું તમારી આગળ રજુ કરૂં તે પહેલાં મારી ઓળખાણ આપું.

હું મુળ રહીશ કાઠીયાવાડનો. મારા પિતાશ્રી પોતાની યુવાવસ્થામાં આફ્રીકામાં આવેલ માડાગાસ્કર દેશમાં જુજ પગારથી નોકરી કરવા ગયેલા. થોડા વરસો પછી તેઓ ઘરની દુકાન કરી સારી પાયરી ઉપર ચડી ગયા. એટલે હું પણ આફ્રીકામાં રહ્યો. કયારેક દેશમાં આવી જતો. આજે હું ચૌદ વર્ષે દેશમાં આવ્યો છું.

૧૯૩૧ ની સાલમાં રાજકોટમાં યુવક મંડળ સ્થપાયું. ચારે તરફથી ગંભીર વાતાવરણ પેદા થયું. ફીદાઇઓ, કોમી પત્રો અને કાઉન્સીલ તરફથી આને દાબી દેવા અથાક પ્રયત્નો શરૂ થયા. રાજકોટથી નીકળતી પત્રિકાઓ તેમજ તેની વિરૂદ્ધમાં નીકળતું સાહિત્ય મને મારા મિત્ર તરફથી મળતું. આ બન્નેનો મેં અભ્યાસ કર્યો હતો. એટલે મુંબઇ આવ્યા પછી મને થયું કે કાઠીયાવાડની મુસાફરી કરી જોઉં તો ખરો કે કાઠીયાવાડના ખોજાઓના મત કેવા છે.

કાઉન્સીલ અને યુવક મંડળ વચ્ચેના યુદ્ધનું મેદાન રાજકોટ. ત્યાં પ્રથમ જવા મને ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. તેથી હું મુંબઇથી નીકળી સીધો રાજકોટ આવ્યો.

પ્રથમ તો મારે દીલગીરી સાથે જણાવી દેવું જોઇએ કે રાજકોટ કાઠીયાવાડનું મુખ્ય મથક ગણાય છે, ત્યાં ખોજા બન્ધુઓ માટે ઉતરવાની કાંઈ પણ સગવડ નથી. એટલે હું તો લૉજમાં ઉતર્યો. રાત્રે જમાતખાનામાં ગયો. મારે દરેકના વિચારો જાણવા હતા તે જુદી જુદી રીતે જાણવા શરૂ કર્યા.

રાજકોટમાં આપણા લગભગ ૯૦ ઘરોની વસ્તી છે. મેં તપાસ કરી તો ઘણો મોટો ભાગ કાઉન્સીલના તેમજ ઇસમાઇલી ધર્મના આવા ‘હમ્બગ’ થી વિરૂદ્ધ છે. જમાતખાને પુરૂષોની હાજરી વસ્તીના પ્રમાણમાં ઘણી ઓછી દેખાણી, પણ સ્ત્રીઓની સંખ્યા સારી હતી. સ્ત્રીઓ લગભગ બધી અંધશ્રદ્ધાળુ હોય છે, પણ પૈસા નાખવામાં તેઓ ભારે હોશીયાર હોય છે. પુરૂષોની આટલી હાજરી થાય છે તેનું પણ એક નવાઈ ઉપજાવે તેવું કારણ છે. ભક્ત સ્ત્રીઓ ઘરે તાળાં મારી ખાને ગઇ હોય તેથી ધંધા ઉપરથી આવતા પુરૂષોને ન છુટકે ખાને જવુંજ પડે.

મારે બધાના ખાનગી વિચાર જાણવા હતા. તેથી સારા જોઇને ત્રણ યુવાનોનો સહવાસ મેં સાધ્યો. વાતચીતમાં છેવટે મેં તેમનો યુવક મંડળ વિષેનો મત પુછ્યો. મારી ઓળખાણ તો અગાઉથી મેં આપી હતી. તેમણે પોતાનો વિચાર ખુલ્લા દીલથી મને જણાવી કહ્યું કે, “આવી કોઇ સંસ્થાની જરૂર છે. કાઉન્સીલનો ત્રાસ ઘણો છે. અને આ મંડળથી કાઉન્સીલ મુંઝવણમાં પણ પડી ગઇ છે. આંહીના ખોજા ૯૦ ટકા આ બધું જાણે છે. ફક્ત સ્ત્રીઓજ ભક્ત છે અને ના. આગાખાનને તેનીજ કમાણી છે.” મેં પુછ્યું કે, “આમ હોવા છતાં શા માટે કોઇ ઉભા નથી થતા અને નીચી મુંડીએ સહન કરે છે!”

“ એનો ખરો જવાબ તો ‘નબળાઇ’ જ છે. બીજા જે કાંઇ બાના આપે તે નકામાજ સમજવા. ઘણાને દીકરા દીકરી વરાવવા પરણાવવાનો વિચાર આડે આવે છે. ઘણા કુટુંબનો પ્રેમ છોડી શકતા નથી. ઘણા પોતાની આર્થીક સ્થિતિને અંગે ભકત પૈસાદારોની નીચે દબાયેલા છે. યુવાનો તો ખાસ કરીને પોતાના માવતરોથી દબાયેલા છે. મારા પોતા માટે કહું તો મારી સ્થિતિ પણ એવીજ છે. પણ હું આ બધી હકીકતોને બાનાંજ ગણું છું. ખરૂં કારણ તો નબળાઇજ છે. બાકી તો આડકતરી સહાય બની શકે તેટલી યુવક મંડળને બીતાં બીતાં આપીએ છીએ.” એક સહૃદય યુવાને સાફ દીલથી બધી સ્થિતિનું વર્ણન કરી દેખાડયું.

જેમ સુધારક પ્રવૃત્તિનું મુખ્ય થાણું રાજકોટ તેમ કાઉન્સીલનું પણ રાજકોટજ. લોકલ કાઉન્સીલના મેમ્બરોને મળવા દીલ થયું. એક બે સાથે વાત કરવાનું બન્યું. જેના હાથમાં ૬૫ ગામના ખોજાઓનું ભવિષ્ય મુકી દેવામાં આવ્યું છે એમાં મેં એક પણ માણસ એવો ન જોયો કે જેને કેળવણી પામેલો કહી શકાય. કોઈ પણ જાતના સંસ્કાર વીનાના અને જાડી બુદ્ધિના માણસોજ મને દેખાણા. ઉંડા ઉતરીને મેં વધુ તપાસ કરી તો મારી ભારે અજાયબી વચ્ચે મને માલુમ પડયું કે કાઉન્સીલનો એક મેમ્બર તો વડોદરાના કોઇ શ્રેયસાધક કરીને છે તેનો પુજારી છે. છતાં અંગત કારણો અને મોટાઇને લઇને તે પણ ખોજાઓનો ઉપરી બની બેઠો છે.

આ બધા ઉપરાંત રાજકોટમાં એક વિચિત્ર માણસની વાત મેં સાંભળી. કાઉન્સીલ પક્ષના માણસોને ધમકાવે, યુવક મંડળના યુવાનોને કહે કે તમે સારૂં કરો છો, પણ કોઇ પ્રસંગ આવે એટલે ‘યા, હાજર ઇમામ!’ કરી નમતે છાબડે બેસી જાય. બોલે ઘણું પણ કરે કાંઈ નહિ; જો કે તેનું તો એમ કહેવું છે કે યુવક મંડળના સભ્યો જીવતા હોય તો એના પરતાપે. ખુદા માલુમ, આમાં કેટલું સાચું હશે! પણ મેં એમ તો વાત સાંભળી કે યુવક મંડળના સભ્યોને શારીરીક વ્યથા પહોંચાડવા કેટલાએક ફીદાઇઓ મહેનત તો કરતા.

રાજકોટમાં આઠ દિવસ રોકાઇ મેં બોટાદ જવા નિર્ણય કર્યો. બોટાદનું સ્થાન કાઠીયાવાડમાં કાંઇક જુદીજ જાતનું ગણાય છે. એટલે રાજકોટ પછી તુરતજ બોટાદ જવા હું રવાના થયો.

( ચાલુ )

---

## રાજકોટમાં મૈયત.

ગઇ તા. ૯ ને શુક્રવારના રોજ રાજકોટના ખોજા સુધારક આગેવાન શ્રી. કાનજી ગુલાભાઇના એક મર્હુમ ભાઇની વિધવા બાઇ ગલ્લાલનું અવસાન થયું છે. શ્રી. કાનજી ગુલાભાઇ સાથે સુધારક પ્રવૃત્તિને અંગે આઝાદ થયેલા ૮ ભાઇઓ તથા બીજા ૧૯ નાત બહાર ન થયેલા ભાઇઓએ મૈયતમાં ભાગ લીધો હતો. ઉપરાંત ૩ ઇશનાઅશરી ભાઇઓ અને ૩ મુસલમાન ભાઇઓ પણ મૈયતમાં હાજર રહ્યા હતા. કાઉન્સીલની નાતબહારી આથી દફનાઈ જતી હોવાથી નાતબહાર ન થયેલા ભાઇઓ સામે કાઉન્સીલ ડોળા કકડાવી રહી છે.

# સપ્તાહનો સાર.

**વડી ધારાસભામાં ઠરાવ :** વડી ધારાસભાના સ્વરાજ પક્ષના આગેવાન શ્રી. એસ. જી. જોગે વડી ધારાસભાની આગામી બેઠકમાં એવો ઠરાવ રજુ કરવાની નોટીસ આપી છે કે "મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી. આણેએ મહાત્મા ગાંધીજીની સલાહથી કાયદાના સવિનય ભંગની લડત મોકુફ જાહેર કરી છે. એ પ્રસંગનો લાભ લઇ સરકારે મહાસભાની કાર્યવાહક સમિતિના સભ્યોને જેલમાંથી મુકત કરી દેશમાં સુલેહ સ્થાપવાની પોતાની ઇચ્છા સાબીત કરવી."

**આંદામાન પ્રકરણની તપાસ!** પંજાબની જેલોના ઇન્સ્પેકટર જનરલ લેફ. કર્નલ બાર્કર કે જેઓને ઉપવાસ આદરતા કેદીઓનો ખાસ અનુભવ છે તેઓ હિંદી સરકારના હુકમથી આંદામાનમાં ઉપવાસ કરતા કેદીઓની ફરીયાદની તપાસ કરવા આંદામાન ઉપડી ગયા છે. કવિવર ટાગોરે એક તાર કરી આંદામાનના કેદીઓને ઉપવાસ છોડવા વિનતિ કરી છે

**શ્રી. બોઝનુ ભાષણ :** ગઇ તા. ૧૦ ના રોજ લંડનમાં મળેલ હિંદીઓની રાજકીય પરિષદમાં ચુંટાયેલા પ્રમુખ શ્રીયુત સુભાષચંદ્ર બોઝનું ભાષણ વાંચવામાં આવ્યું હતું. શ્રી. બોઝ વીએનામાં સારવાર ભોગવે છે, અને લંડન જવાનો પાસપોર્ટ આપવાની સરકાર તરફથી ના આવવાથી તેઓ પોતે હાજર થઇ શકયા ન હતા. ભાષણમાં તેમણે જણાવ્યું હતું કે "જો સને ૧૯૩૧ ના દીલ્હી કરારો મહાન રાજ્યદ્વારી ભુલ સમાન હતા તો સને ૧૯૩૩ ના મે માસમાં જાહેર થયેલી નીતિ ભયંકર પ્રકારની રાજ્યદ્વારી આફત સમાન છે. હિંદીઓએ અત્યારે અહિંસક રીતે વધુ હક્કો મળે એ પ્રકારની રાજકીય વ્યુહરચના કરવાની જરૂર છે. રાજાઓ કે જેઓ ધારાસભાઓમાંના સરકારી પક્ષના સાથીદારો જેવા છે તેઓનો જ્યાં સુધી યોજનામાં સમાવેશ હોય ત્યાં સુધી ફેડરેશનની યોજના અસ્વીકાર્યજ છે."

**વિનીત આગેવાન ગુસ્સે થયા :** દુનિયાની આર્થીક પરિષદના હિંદી પ્રતિનીધી મંડળને મદદ કરવા માટેની 'સલાહકારક સમિતિ' ના સભ્ય બનવાનું હિંદી વઝીર સર સેમ્યુઅલ હોર તરફથી મુંબઇના જાણીતા વિનીત વેપારી આગેવાન સર પુરૂષોતમદાસ ઠાકોરદાસને મળેલ આમંત્રણ સર પુરૂષોતમદાસે એમ કહીને પાછું કાઢ્યું છે કે, "આંતરરાષ્ટ્રિય પરિષદો માટેના હિંદી પ્રતિનીધી મંડળોમાં બ્રિટીશરોની જે બહુમતી હોય છે તે સામે છેલ્લા એક દાયકાથી હિંદી પ્રજામતે પોકાર ઉઠાવ્યો છે. અમને હિંદીઓને લાગે છે કે આથી ભુતકાળમાં જગતની દ્રષ્ટિએ હિંદને હેઠું પાડવામાં આવ્યું છે."

**અલ્વરમાં ધરપકડ :** અલ્વરના મહારાજાએ ગાદી છોડયા પછી પહેલો મહત્વનો બનાવ એ બન્યો છે કે હિંદુ મહાસભા તરફથી તપાસ અર્થે અલ્વર આવેલા બે પ્રતિનીધીઓને રાજ્ય તરફથી પકડવામાં આવ્યા છે.

**જાપાનમાં બહિષ્કાર :** હિંદના મીલ ઉદ્યોગને રક્ષણ આપવા હિંદી સરકારે જે ભારે જગાત ખાસ કરીને જાપાનને અનુલક્ષીનેજ પરદેશી માલ ઉપર નાખી છે, તેનો સામો જવાબ વાળવા માટે જાપાને હિંદી રૂનો બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો છે. બહિષ્કાર તા. ૧૯ જુનથી અમલમાં આવશે. મુંબઇના જાણીતા મીલ માલેક સર કરીમભાઇ ઇબ્રાહીમે એક યાદીમાં ભારપુર્વક જણાવ્યું છે કે જાપાનને હિંદી રૂનો બહિષ્કાર કરવો કોઇ રીતે પોસાય તેમ નથી.

**ઓસ્ટ્રીઆમાં રમખાણ :** જર્મનીમાં સત્તા ઉપર આવેલા નાઝીઓ હવે પોતાની સત્તા ઓસ્ટ્રીઆમાં પણ બેસારવા માગે છે. ગઇ તા. ૧૧ ની રાત્રે હેમવ્હેર પક્ષના એક આગેવાનનું ખુન કરવાનો પ્રયાસ થયો હતો. આ અંગે ૨૨ નાઝીઓને પકડવામાં આવ્યા છે. હીટલરનો છુપો જાસુસ પણ પકડાઇ ગયો છે. કોઇ પણ પળે મામલો કાબુમાં રાખવા માટે ૭૦૦૦ સીપાહીઓ તૈયાર રાખવામાં આવ્યા છે અને મશીનગનો પણ ગોઠવી દેવામાં આવી છે. વીએના અત્યારે ખુબ ઉશ્કેરાટ સહી રહ્યું છે.

**ગાંધીજીની તબીયત :** મહાત્મા ગાંધીજીની તબીયતમાં થોડો થોડો સુધારો થતો જાય છે. કોઇની પણ મદદ શીવાય હવે તેઓ ટટાર બેસી શકે છે. રાજ્યદ્વારી વાટાઘાટમાં તેઓ ભાગ લઇ શકે તેવી હજી તેમની સ્થિતિ નહિ હોવાથી તા. ૧૫ના રોજ પુનામાં મળનારી મહાસભાના આગેવાનોની સભા મળી નથી. આવતી તા. ૨૧ ના રોજ મહાસભાની લડતની મોકુફીની મુદત પુરી થાય છે. મહાત્માજીની તબીયત ત્યાં સુધી મસલતમાં ભાગ લઇ શકે તેવી થવાની વકી ઓછી છે. એટલે એમ લાગે છે કે મોકુફીની મુદતમાં વધારો કરવામાં આવશે.

**દુનિયાની આર્થીક પરિષદ :** દુનિયાની આર્થીક પરિષદ ગઇ તા. ૧૨ થી લંડનમાં રામ્સે મેકડોનલ્ડના પ્રમુખપણા નીચે બેસે છે. ના. શહેનશાહના હાથથી પરિષદ ખુલ્લી મુકવામાં આવી હતી. તેઓએ બધા દેશના પ્રતિનીધીઓને આવકાર આપી શુભાષા પ્રગટ કરી હતી. પ્રમુખ રામ્સે મેકડોનલ્ડે પણ દુનિયામાં વધતી જતી બેકારીના પ્રશ્ન ઉપર ભાર મુકી સાફ દીલથી અને મસલતથી કામ લેવા જણાવ્યું હતું. તેમના ભાષણ દરમ્યાન તેમણે લડાઇના દેવાં તરફ ઇસારો કર્યો હતો કે આર્થીક મંદીનું મુખ્ય કારણ એ છે. આ ઉપરથી બીજા દિવસની બેઠકમાં અમેરીકાના પ્રતિનીધીઓએ પરિષદમાં હાજરી આપી નહોતી અને તેઓએ એવી માગણી કરી છે કે, "જ્યાં સુધી બ્રીટનનો ખજાનચી આ બાબતમાં સત્તાવાર ખુલાસો બહાર પાડે નહિ ત્યાં સુધી તેઓ પરિષદમાં ભાગ લેશે નહિ. લડાઇના દેવાનો પ્રશ્ન આર્થીક પરિષદના કાર્યક્રમની બહાર છે." બીજી બાજુ ૧૫ મી જુને ભરપાઇ કરવાનો હપ્તો બ્રીટન હજુ અમેરીકાને ભરી શકયું નથી. બનવાજોગ છે કે એ હપ્તા પેટે અમુક રકમ બ્રીટન ભરશે. આ પરિષદમાં ૬૭ દેશના પ્રતિનીધીઓ ભાગ લે છે.

**પીર કરમશાને સજા :** થોડા માસ પહેલાં મુંબઇની પોલીસે ધરપકડ કરી જબલપુર મોકલી આપેલા પીર કરમશા સામે ચાલતા ઠગાઇના કેસનો ચુકાદો આવી ગયો છે. આરોપીને ૧ વરસની સખત કેદ અને રૂા. ૨૦૦) દંડ તથા દંડ ન ભરે તો ચાર માસ વધુની સજા કરવામાં આવી છે. અફઘાનીસ્તાનમાં પ્રખ્યાત થયેલ ભેદી કર્નલ લૉરેન્સ પીર કરમશા તરીકે એ વિસ્તારમાં જાણીતો થયો હતો. તે પુરૂષ આજ કે બીજો કોઇ તે શંકાસ્પદ છે.

( અનુસંધાન પાના ૧૩૯ થી )

પાછળથી તેની બદલી આફ્રીકા થઇ એટલે હિંદુસ્થાન છોડી તે આફ્રીકા ગયો અને ત્યાં વાયેઝ કરવાનું શરૂ કર્યું. ફરતો ફરતો તે જંગબારમાં ગયો. ત્યાંની હવા તેને માફક આવી નહિ પ્રથમ થોડા દિવસ તેને તાવ આવ્યો અને તે પથારીવશ રહ્યો. પથારીવશજ હતો ત્યાં તેને વાંસામાં અદીઠ ગુમડું થયું. ગુમડાની પીડા તેને અસહ્ય થઇ પડી અને તેને ખુબજ વેદના થવા લાગી, ત્યારે તેણે માંદગીમાં ધર્મનાં પુસ્તકો વાંચવા માંડયાં. એ વાંચનમાં તેને આત્માની ફીલસુફી અને કરેલાં કર્મોનાં ફળ કેવી રીતે ભોગવવાંજ પડે છે તેનું જ્ઞાન થયું.

જ્યારે તેની સ્થિતિ ઘણી ભયાનક થઇ પડી ત્યારે તેનાથી ખુલ્લે ખુલ્લો એકરાર કર્યા શીવાય ચાલ્યું નહિ. આજુબાજુ બેઠેલા ખોજા ભાઇઓ આગળ તેણે બધી વાત કહી દીધી.

"મેં પેટને માટે જે આ અધમ નોકરી સ્વીકારી તે બહુ પાપ કર્યું છે. મેં ગરીબ ન્યાતીલાની ગરીબીમાં ઘણો વધારો કર્યો છે. અને ખોજાઓ પણ કેટલા અજ્ઞાન છે કે તેમને હું કહું કે 'તમે મોટું કામ કરાવો ; પાકી દશોંદ દીયો ; સરબંધી થાવ.' એટલે તેઓ માની લેતા! પણ કોઇ મને પુછતું નહિ કે 'ખાનામાં આપી દેવાથી પુણ્ય થાય છે એમ તમે માનો છો ત્યારે તમે કેમ આપી દેતા નથી અને ઉલટું લીયો છો ?' આવું પુછનાર કોઇ પણ મળ્યોજ નહિ. મારી મરતી વખતની એટલી માગણી છે કે આપણા ભાઇઓને કેળવણીની જરૂર છે. તેમાં ખાસ એટલું તો સમજાવવું કે દાન દેનારથી લેનાર ગરીબ હોવો જોઇએ. ગરીબ માણસ પૈસાવાળાને દાન આપે તે જરૂર પાપ છે. હું એકરાર કરૂં છું કે મોટું કામ કરાવવું તે એક જાતની ઠગાઇ છે. જે શરીર બીજા મનુષ્યના જેવુંજ હોય અને જેને એક વાર ભાળતાં આખું જીવન પવિત્ર ન થઇ જાય તે શરીર ખુદાનું ન હોઇ શકે. ખુદાનો તેમાં અવતાર ન જ થઇ શકે. દશોંદ દેવી તે ઢોંગ છે. પણ આપણી પાસે ખુબ પૈસા હોય તો જેને પુરી જરૂર હોય તેને મદદ કરવી. ધર્મને નામે ફરજીઆત પૈસા નીચોવે અને આપનાર આપે તો આપનાર મનુષ્ય ગુણથી વંચીત સમજવો. આ બધું જાણવા છતાં પાપી પેટને ખાતર મેં મીશનરી થઇ ઘણાં કુટુંબોને દુઃખી કર્યા છે. જરૂર મારૂં સ્થાન દોઝખમાંજ હોવું જોઇએ."

સાફ એકરારથી હાશમના દીલને થોડી શાંતિ વળી. ધીરે ધીરે તેનું દરદ શમાતું ગયું અને થોડી વારે તેનો આત્મા જડ દેહથી છુટો થઇ ગયો.

---

( અનુસંધાન પાને ૧૪૦ થી )

સત્ય જ્ઞાનની, સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તી, આમ પોતાની જાત મહેનત શીવાય થઇ શકવાની નથીજ. અને સદ્ગુરૂ તો માત્ર માર્ગદર્શક થઇ શકે. ખંભાપર બેસાડીને જન્નતમાં લઇ જઈ શકાય નહિ, અને એમ જન્નતમાં જવાની હોંશવાળા જે ભાડું આપે તે નકામુંજ જાય. શું હઝરત મહમદ સાહેબે કોઇની પાસેથી જ્ઞાન આપ્યા બદલ ફી લીધી? વશિષ્ટ મુનીએ રામચંદ્રજી પાસેથી અને શ્રી કૃષ્ણે અર્જુન પાસેથી ફીની રકમનો ઢગલો કરાવી કહ્યું હતું કે, "જાઓ, વસ્તુ અને તેનાં રહસ્યો તમોને હવે સમજાઇ જશે?" પરંતુ શિષ્યોને આમ માત્ર માર્ગદર્શક રહેવામાં સદ્ગુરૂઓ પોતાનો ધર્મ સમજતા, અને તે પણ કોઇ પણ પ્રકારના બદલાની લાલચ શીવાય. હાલ મામલો કેવો થઇ પડયો છે તે આપણે સૌ જાણીએ છીએ અને પરિણામે મુરીદોની શું દશા થઇ છે તેની પણ ખબર છે!

# "બીન જગાતી" લગ્ન.

ગઇ તા. ૨૫ ના રોજ રાજકોટમાં ખોજા સુધારક સંઘના આશ્રય તળે ઉજવાયેલા લગ્ન સંબંધે કાઉન્સીલ ઉંચી નીચી થવા લાગી છે. વરપક્ષને તો કાંઇ કહેવા કે કરવાની સત્તા કાઉન્સીલ પાસે રહી નથી. પણ કન્યાપક્ષે ભાઇ ઝવેર ગીગાભાઇને ગઇ તા. ૧૬ ની રાજકોટ લોકલ કાઉન્સીલની બેઠકમાં બોલાવવામાં આવ્યા હતા. કોઇપણ જાતના કાઇપણ લેખીત ખબર આવ્યા શીવાય માત્ર મોઢેથી "ખાનગી" કામ માટે કાઉન્સીલ બોલાવે છે એવો સંદેશો મળવાથી પણ ભાઇ ઝવેર ગીગા ગયા શુક્રવારે બપોરના ત્રણ વાગ્યે કાઉન્સીલમાં ગયા લેખીત માફી માગવાની કાઉન્સીલની માગણી તેમણે નકારવાથી હમણાજ ગેરહાજરીને અંગે કમી થયેલા માજી મેમ્બર ભાઇ મોહન દેવજીને બોલાવવા કાઉન્સીલે તેડાં મોકલ્યાં. પણ ભાઇ મોહન દેવજી એ વખતે હાજર નહિ થઇ શકવાથી ભાઇ ઝવેર ગીગાભાઇનો કેસ રાતના દસ વાગ્યા ઉપર મુલતવી રાખવામાં આવ્યો. રાતે ભાઇ મોહન દેવજી ગયા. લેખીત માફી માગવા ભાઇ ઝવેરને સમજાવવામાં આવ્યા. આ વખતે ભાઇ ઝવેરે જણાવ્યું કે, "મેં તમોને અગાઉ આ સંબંધમાં અરજી કરી હતી તેનો તમે જવાબ પણ ન આપ્યો." ત્યારે કાઉન્સીલના એક મેમ્બર ભાઈ ગુલામહુસેન હાશમ સાલેએ જવાબ આપ્યો કે "અમે જવાબ આપવા બંધાણા નથી. આ લેખીત કાગળ ઉપર સહી કરો." આના ઉત્તરમાં ભાઇ ઝવેરે કહ્યું કે "જો તમે બંધાણા નથી તો જમાત પણ તમને કોઇ રીતે બંધાણી નથી." આટલી ટપાટપીને અંતે "તમને ઠીક લાગે તેમ કરજો" કહી ભાઇ ઝવેર ગીગાભાઇ કાઉન્સીલમાંથી ચાલ્યા આવ્યા છે. અમને ભરોસાપાત્ર સાધનોથી ખબર મળી છે કે ભાઇ ઝવેર પાસેથી દંડ મેળવવાના કે માફી મંગાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ જવાના છે. ખરેખર. ભાઇ ઝવેર ગીગા તેમની આ મક્કમતા માટે ધન્યવાદને પાત્ર છે.

ઉપર લખી ઉપરાંત બીજી ટપાટપી કાઉન્સીલના એક બીજા મેમ્બર ભાઇ નાગજી ગુલામહુસેન અને ભાઇ ઝવેરના ભાઇ ભાઈ કાનજી ગીગાભાઇ વચ્ચે થવા પામી હતી. ભાઇ નાગજીએ કકળાટ કર્યો કે "બે ત્રણ વરસથી ખાતું બગડી ગયું છે" તેનો જવાબ તેમને એવો મળ્યો કે "ખાતું બગાડી નાખવામાં આવ્યું છે."

સુપ્રીમ કાઉન્સીલના એક મેમ્બર ભાઇ કાસમ દેવજી પણ લોકલ કાઉન્સીલની આ બેઠકમાં બન્ને વખત હાજર હતા. "અપીલ કોર્ટ" નો સભ્ય "નીચેની કોર્ટ" ના કામકાજમાં ભાગ લ્યે તો પછી તેની પાસે નીચલી કોર્ટ વિરૂદ્ધ અપીલ આવે ત્યારે એ ઇન્સાફ આપી શકે ખરો ?

---

## રાજસ્થાન પ્રજા પરિષદ.

રાજસ્થાન પ્રજા પરિષદની કારોબારી સમિતિએ પરિષદનું ચોથું અધિવેશન મુંબઇમાં શ્રી. કેલકરના પ્રમુખપણા નીચે ભરવાનું નક્કી કર્યું છે.

# કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૮૨.**

"સુપ્રીમ કાઉન્સીલ નીચેના વિષયોની હકીકત નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ હજુર મોકલશે :—

(એ) બે મહીનાની અંદર થયેલ કામકાજના બે માસીક રીપોર્ટો.

(બી) છ માસીક હીસાબનું સરવૈયું.

(સી) દર બાર મહીનાના સમય દરમીયાન થયેલ કામકાજનો વાર્ષિક રીપોર્ટ."

આવી રીતે બે મહીને, છ મહીને કે બાર મહીને થયેલ કામકાજનો અહેવાલ કે હીસાબ ના. આગાખાનને મોકલવાની કશી જરૂર નથી અને તેનો કાંઈ અર્થ પણ નથી. કાઉન્સીલના વહીવટ સાથે કોમને નીસ્બત છે. બાર મહીનામાં તેણે શું ઉકાળ્યું તે કોમે જાણવાનું છે. એટલે આવી જાતના અહેવાલ તેણે કોમનેજ આપવા જોઇએ અને કોમે તેની પાસેથી તે લેવા જોઇએ. અત્યારે તો કોમ જાણતી પણ નથી કે કાઉન્સીલનો વહીવટ કેમ ચાલે છે.

**કલમ ૮૩.**

"ઇસ્માઇલી ધાર્મીક મત અને સિદ્ધાંતોને નુકશાન કર્તા થાય તેવી કોઇ પણ મીટીંગ કરવાની સદંતર મનાઇ કરવામાં આવે છે. આ કાયદાથી કોઇ પણ શખ્સ વિરૂદ્ધ વર્તન કરશે તો તેને સુપ્રીમ કાઉન્સીલ તરફથી સજા કરવામાં આવશે."

કલમ ૨૨ ની માશીઆઇ બ્હેન આ કલમ અત્યંત તીરસ્કરણિય અને ધુતકારી કાઢવા જેવી છે. કાઉન્સીલની ઉત્પત્તિ અને હસ્તિ કોમનો વહીવટ ચલાવવા માટે કહેવામાં આવે છે. આ કલમને કોમના વહીવટ સાથે લેવા દેવા નથી. પ્રસ્તાવનામાં બીજું કારણ 'સરકાર સાહેબી આમદાની' વસુલ કરવાનું છે. શું 'ઇસ્માઇલી ધર્મ' એ 'સરકાર સાહેબ' માટે આમદાનીનું સાધન ગણી એ હિસાબે આ કલમને કાયદાની ચોપડીમાં સ્થાન આપવામાં આવ્યું છે ?

ઇસ્માઇલી ધર્મની રક્ષા કરવાની આ અખંડ ચિંતા શા માટે ? એ રક્ષા અને ચિંતા વીના શું એ ધર્મ નાબુદ થઇ જવાનો ભય છે ? શું કાઉન્સીલ તેને નાબુદ થતો અટકાવવા માટેજ હસ્તિમાં આવી છે ? ખરી રીતે તો ઇસ્માઇલી ધર્મ નાબુદ થાય કે ન થાય તેની સાથે કાઉન્સીલને કાંઇ લાગતું વળગતું નથી. દુનિયા ઉપર જેમ બીજા ધર્મો આપબળે ઉભા છે તેમ ઇસ્માઇલી ધર્મમાં પણ તેવું બળ હશે તો તે ઉભશે, નહિ હોય તો પડી જશે. ધાર્મીક માન્યતા એ દરેક વ્યકિતની સ્વતંત્ર અંગત વાત છે. તેના માથે આ કલમથી જબરો કાપ મુકવામાં આવે છે, બલ્કે એ વ્યકિતગત સ્વતંત્રતાનો ધસીને ઇનકાર કરવામાં આવે છે. ઉપરાંત 'ઇસ્માઇલી મત કે સિદ્ધાંત' કોને કહેવો એ પણ એક મોટો પ્રશ્ન છે. આંગળી ચીંધીને બતાવી શકાય એવી એ વસ્તુ નથી, એ અસ્પષ્ટ છે, વિવાદગ્રસ્ત છે. તો પછી આવી અસ્પષ્ટતા કાયદામાં કદી નજ હોઇ શકે. એવી અસ્પષ્ટતાવાળી કલમોનો અમલ પણ એ કારણે કાઉન્સીલની મુનસફી પ્રમાણે આપખુદીથી થાય. જેનો ખુલ્લે ખુલ્લો અને ચોકખો સ્પષ્ટ અર્થ નીકળી શકતો ન હોય તે વસ્તુને માથે આધાર રાખવો એ કોમને અત્યંત હાલાકી, કનડગત અને ત્રાસનું કારણ છે. કોમની ગ્રીભાન ઉપર તાળું મારતી આ કલમ કાયદાની પોથીમાંથી ભુંસી નાખવી જોઇએ.

---

## ખાનામાં "જાગૃતિ".

અમને જણાવતાં હર્ષ થાય છે કે ગયા અઠવાડીયામાં રાજકોટના જમાતખાનામાં ખુલ્લી રીતે "ખોજા જાગૃતિ" વંચાવવામાં આવ્યું હતું. અમે ઇચ્છીએ છીએ કે નાના મોટા દરેક ગામમાં, આપણા દરેક ભાઇના હાથમાં અમે અમારો સંદેશ "ખોજા જાગૃતિ" વાટે મુકી શકીએ. "ખોજા જાગૃતિ" નો ફેલાવો હજી અમને સંતોષ ઉપજે તેટલો નથી. અમે સહુ હિતચિંતકોનું ફરીથી ધ્યાન ખેંચીએ છીએ કે "ખોજા જાગૃતિ" ને ઘરેઘર પહોંચતું કરવા સક્રિય સાથ આપો.

**તંત્રી.**

---

## ખોજા યુવક મંડળ, બોટાદ.

ઉપરના નામની સંસ્થા તરફથી "ઇસ્માઇલી ધર્મનું અજવાળું" નામક એક જોરદાર પત્રિકા પ્રગટ કરવામાં આવી છે. સ્થળ સંકોચને લઇને અમે તે આ અંકમાં પ્રસિદ્ધ કરી શકયા નથી. આવતા અંકે તે પ્રગટ કરવામાં આવશે. દરમ્યાન બોટાદ યુવક મંડળના જુવાન બીરાદરોને તેમના આ પ્રસંશનીય પગલાં માટે અમે અભિનંદન આપીએ છીએ.

**તંત્રી.**

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

એક હતા ને એક થાવ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨
દેશાવર રૂ. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૧૯ : જુન ૨૭ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના અષાડ શુદ ૪ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.


## આજના અંકની સામગ્રી.

એક હતા ને એક થાવ.

મારી મુસાફરી.

ઇસ્માઇલી ધર્મનું અજવાળું.

ચૂસણ નીતિનું ચક્ર.

સપ્તાહનો સાર.

વેપાર સમાચાર.

કાઉન્સીલના કાયદાઃ રક્ષક કે ભક્ષક ?


## એ શૂરવીરતા ક્યાં છે?

"સેવા કરવી એ કાંઇ રમત વાત નથી. તારા શુદ્ધ હેતુઓને લોકો મલિન માનશે. તું જે સત્ય વાત બોલીશ, તેને મારી મચડીને લોકો જુઠાણું ઠરાવશે. તને શાબાસી તો નહિ મળે પણ ઉલટો તિરસ્કાર મળશે. આ બધું સ્હેવાશે ? તું જેને ચાહતો હોઇશ તે બધા તને કાયમ નહિ ચાહતા રહે. કદી કદી, રે ! અનેક વાર, ત્હારૂં નામ સાંભળતાં તે હાંસી કરશે. ગાળો વરસાવશે–આ સહેવાશે ? અસત્યના પ્રેમીઓ જે વેળા તારા ઉપર ગાળો વરસાવતા હશે, લોકોનાં ટોળાં જ્યારે તારી સામે ચીસો પાડતાં હશે, ત્યારે પણ સત્ય વચન ઉચ્ચારવાની તારી હિંમત ચાલશે ?

એથી પણ આગળ. એક વાર પડયા પછી તું પાછો ઉભો થઇ શકશે ? રસ્તો ભૂલ્યો હોઇશ, આડે પંથે ઉતરી ગયો હોઇશ, ત્યારે પછી પાછો વળીને સાચે રસ્તે ચડવાનું હૈયું કબૂલ કરશે ? તારી ભૂલો થાય, નિષ્ફળતા મળે, મહેનત ધૂળમાં મળે, ત્યાર પછી પણ પાછું કામે લાગવા જેટલી અડગ ધીરજ તારામાં છે ? આવા બળની અમને જરૂર છે. લોકો તાળીઓના ગગડાટ કરતા હોય તે વેળા એકાદ ભભકેદાર ભાષણ આપી દેવામાં કાંઇ શૂરાતન નથી જોઇતું; પરંતુ સાચા શૂરાતનની જરૂર તો છે અડગ સેવા કરવામાં. એ શૂરાતનને ક્યાં શોધવું ?"

[ 'વતનનો સાદ' માંથી. ]

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૭-૬-૩૩.


## એક હતા ને એક થાવ.

ખોજા કોમનો ઇતિહાસ એ ખરેખર છલોછલ કરૂણાથી ભરેલો ઇતિહાસ છે. વિક્રમ સંવત ૧૪૭૯ ની આસપાસ આપણો જન્મ થયો તેને આજે ૫૦૦ ની ઉપર થોડાંજ વર્ષો થયાં છે, છતાં એ ટુંકા ગાળામાં આપણે ખુબ લડયા છીએ અને આપણી નાની સંખ્યાના પણ આપણે નાના નાના ટુકડા કરી નાખ્યા છે.

સને ૧૮૬૬ ના અરસામાં આપણામાંથી બારભાયા નામની એક મંડળી જુદી પડી. ત્યારપછી ટુંક વખતમાંજ ઇશનાઅશરી નામે બીજું તડ ઉભું થયું અને ધીરેધીરે વધતું ચાલ્યું. આ રીતે આજે આપણે જુદાજુદા ત્રણ ટોળામાં વહેંચાઇ ગયેલા છીએ. બારભાયા પક્ષ દિવસે દિવસે ઘસાતો ચાલ્યો છે જ્યારે ઇશનાઅશરી પક્ષ રોજબરોજ વધતો જાય છે. પરસ્પર દુશ્મનાવટ અને વેરઝેર જોકે અત્યારે થોડાં વરસો પહેલાંના જેટલાં આકરા નથી તો પણ તે હસ્તી તો ધરાવે છેજ.

બારભાયા પક્ષ જુદો થયો એ ધર્મની ખાતર; શીયા કરતાં તેમને સુન્ની મઝહબ વધારે મીઠો લાગ્યો. ઇશનાઅશરી પક્ષ જુદો થયો એ પણ ધર્મની ખાતર; ઇમામનો દીકરો ઇમામ અને ખુદાનો દીકરો ખુદા એ સિધ્ધાંતના કરતાં તેમને ફકત બારજ ઇમામોને માનવું વધારે ગમ્યું.

અમે પુછીએ છીએ કે આ બધું શા માટે? એક માત્ર ધાર્મીક માન્યતાને ખાતર આખા સમાજના ટુકડે ટુકડા કરી નાખવા? આપણે એ સૂત્ર કે'દી શીખીશું કે ધાર્મીક માન્યતા એ દરેક માણસની વ્યકિતગત વાત છે અને સમાજ સાથે તેને કશું લેવા દેવા નથી? આખી કોમે અમુક એકજ ધર્મને માનવો એવો આગ્રહ આપણે શા માટે રાખવો જોઇએ?

આપણે એક કોમના રૂપમાં જીવીએ છીએ; કારણ કે આપણને સાંસારિક વ્યવહારમાં પરસ્પરના ટેકાની અપેક્ષા છે. જો આપણે એટલા શકિતશાળી હત કે કોઇના પણ ટેકા શીવાય આપણો સામાજિક વ્યવહાર આપણે ખુશીથી ચલાવી શકત તો કદી પણ આપણે કોમ જેવી કોઇ સંસ્થા ઉભીજ થવા ન દીધી હત. અને જે દિવસે માણસ જાતમાં પરસ્પર ભ્રાતૃભાવ અને ઉદારતાના સદ્‌ગુણો ઉંચામાં ઉંચી કક્ષાએ પહોંચશે તે દિવસે એકે એક કોમી વાડાઓ તુટી જશે અને જગત આખું એક કુટુંબ તરીકેજ જીવશે. પણ અત્યારે તો એમ નથી. આપણે પરસ્પરની સહાય ચાહીએ છીએ. દિવસે દિવસે એ સહાયનું ક્ષેત્ર વિશાળ કરતા જવું એ આપણા માટે લાભદાયી છે. છતાં આપણે અત્યારે આપણીજ કોમના થયેલા ટુકડાઓને નીભાવ્યે જઇએ છીએ.

ઇસ્માઇલીઓને ઇશનાઅશરીઓ માટે ખાસ તીરસ્કાર છે, બલકે કહો કે એવો તીરસ્કાર રાખવાની તેમને માથે ફરજ નાખવામાં આવી છે. ઇસ્માઇલીઓની કાઉન્સીલોના કાયદાઓમાં આ હકીકત ઘણીજ સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવી છે. ઇશનાઅશરીઓ સાથે ઇસ્માઇલીઓને રોટી બેટી વ્યવહાર કરવાની ખાસ મનાઇ છે. એટલુંજ નહિ પણ કોઇ ઇશનાઅશરી સગો કે સંબંધી ગુજરી જાય તો તેની પાછળ રોવાની પણ મનાઇ કરવામાં આવી છે. આ રીતે આ સામાજિક બહિષ્કારને ઘણો મજબુત બનાવવામાં આવ્યો છે. જોકે કાઉન્સીલના કાયદાઓ સામે માથું ઉંચકનાર સુધારકોને કાઉન્સીલે નાત બહાર કર્યા પછી એ તીરસ્કારનો પ્રવાહ ઇશનાઅશરીઓ તરફથી વાળી તેમના તરફ ફેરવવામાં આવ્યોછે. તોપણ એ નાબુદ તો થયો નથીજ. તેવીજ રીતે ઇશનાઅશરીઓએ પણ સને ૧૯૧૭ ની સાલમાં "હાલારની ઇશનાઅશરી જમાતના કાયદા" એ નામના પ્રગટ થયેલા પુસ્તકમાં ઇસ્માઇલીઓનો પણ તેવોજ સખ્ત બહિષ્કાર જાહેર કર્યો છે. પણ તેનો અમલ કડક રીતે થતો દેખાતો નથી. તેમજ એ કાયદાઓને ફેરવીને સુધારા વધારા કરવા માટે જામનગરમાં અત્યારે પ્રયત્નો થઇ રહ્યા દેખાય છે.

અમે આ ધાર્મીક મત મતાંતર માટે ખોજા કોમને ભાગલા પાડી નાખવામાં માનતા નથી. ખોજા કોમ એક હતી અને એકજ રહેવી જોઇએ. ઇશનાઅશરીઓ ભલે પોતાના ધાર્મીક મતને વળગી રહે; ઇસ્માઇલીઓ ભલે પોતાના જીવતા ખુદા અને બોલતા કુરાનને પકડી રાખે. તોપણ તેથી કરીને પરસ્પર રોટી બેટી વ્યવહાર કરવામાં શું હરકત તેજ અમે સમજી શકતા નથી. બન્ને પક્ષ પોતાની સંખ્યા વધારવા આતુરછે. તો પછી

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૫૨. )

# મારી મુસાફરી.

લેખક : શ્રી. " મુસાફર. "

( ગતાંકથી ચાલુ )

રાજકોટથી રાતની ગાડીમાં રવાના થઇ હું વહેલી સવારે બોટાદ પહોંચ્યો. રાજકોટની માફક બોટાદ પણ વેપારનું સારૂં મથક છે. ભાલનું એ નાકું છે અને પાંચાળ તેમજ બાજુના ઘણા ગામોનો વેપાર બોટાદ સાથે સંકળાયેલો છે

બોટાદમાં ઇસ્માઇલીની વસ્તી ૬૦ ઘરની. આજુબાજુના ખોજા ભાઈઓની આવજા પણ સારી. છતાં ત્યાં પણ મુસાફરખાના જેવું કોઇ વિશ્રામ સ્થળ નથી. સારે નશીબે ગાડીવાળો મને સ્ટેશનથી સીધેસીધો એક હોટલમાં લઇ ગયો. આ હોટલ એક ઇસ્માઇલી ખોજાભાઇની હતી અને તેના ધારવા મુજબ મારો ત્યાં સત્કાર થયો. સૂર્યોદય થતાં સુધીના બે ત્રણ કલાકમાં મેં એક ઉંઘ ખેંચી કાઢી.

સવારમાં ઉઠી મેં મારૂં કામ ચાલુ કર્યું. મારે તો બધાના મત જાણવા હતા. મેં તપાસ કરી તો મને માલુમ પડયું કે ૬૦ ઘરની આ જમાતમાં માત્ર બેજ ઘર ચૂસ્ત ભગત છે અને બાકીના ૫૮ સુધારક અને છુટા વિચારના છે. મને આ વાત ગળે ઉતરતી ન હતી; પણ જ્યારે બોટાદના જુદાજુદા વર્ગના મોવડીઓને હું મળ્યો ત્યારે એ વાતને મારે સાચી માનવીજ પડી.

સૌથી પહેલાં મેં યુવાનોને પકડયા. ખોજા કોમના યુવાનો એટલે બહુ બહુ તો બે ચાર અલંકારિક શબ્દો વાપરવામાં પોતાના કર્તવ્યની પૂર્ણાહુતી માનનારા : આથી મારી કલ્પના આગળ ન્હોતી જઇ શકતી બોટાદના યુવાનોએ મારી એ કલ્પનાને થંભાવી. મને એવા યુવાનો મળ્યા કે જેના દીલમાં સાચેજ કોમસેવાની ધગશ ધગી રહી હતી; જેઓ જરૂર કાંઇ કરવા, કરી બતાવવા, તલપાપડ થઇ રહ્યા હતા. વાતચીત દરમ્યાન મેં એક યુવાનને કહ્યું કે, " આપણા યુવાનો માત્ર વાતો કરનારા. વાતો શીવાય બીજું કાંઇ તેમનાથી ન બને. વાતોમાં શકિત વેડફી નાખે એટલે કાર્ય કરવાની શકિત રહે નહિ." તેણે તુરતજ જવાબ આપ્યો, " તમે અમને આડકતરા રસ્તે મેણું મારો છો. એમ ન માનજો કે અમે આ ઉત્સાહ બતાવીએ છીએ તે ક્ષણજીવી છે. અમે ઘણું કર્યું છે અને કરશું. તમને અજાણ્યા માણસને કયાંથી ખબર હોય કે વઢવાણ કાઉન્સીલ વખતે અમારા જોરે બોટાદનું નાક રહ્યું છે ! "

આ સંબંધે હું કાંઇ જાણતો ન હતો. તે યુવાને મને બધી બાબત પહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવી. પ્રગણા કામડીયો કારસાજી લેવા બોટાદ આવેલો, અને જમાતના ચોપડા, તેજુરીની કુંચીઓ, જમાતખાતાના મકાનનાં દસ્તાવેજ, વિગેરેની માગણી કરેલી અને જમાતના એક આગેવાનનું અપમાન પણ કરેલું. આમાંથી મોટો ભડકો થયેલો અને બોટાદ જમાતના ચાર આગેવાન ભાઇઓ ઉપર કાઉન્સીલે સમન્સ પણ કાઢેલા. બોટાદે સંગઠન કરી કાઉન્સીલના હુકમની અવગણના કરી અને તેથી છેવટે કાઉન્સીલને બોટાદ સાથે સમાધાન કરવું પડેલું. આ બધો ઇતિહાસ તેણે મને લડાયક ઢબથી કહી દેખાડયો.

મેં કહ્યું, " તમે બધા આટલા બળવાન છો તો ખુલ્લી રીતે બહાર પડીને શા માટે કાઉન્સીલ સામે જેહાદ પોકારતા નથી ? "

તેણે જવાબ આપ્યો, " તમે સાચું કહો છો, પણ અમારી સ્થિતિ જુદી છે. આંહી આપણી એક બોર્ડીંગ છે. અસલથીજ એ બોર્ડીંગ ઉપર કાઉન્સીલની કરડી નજર છે. અમે કામધંધા છોડી જાત મહેનતથી આ બોર્ડીંગ ઉભી કરી છે. કાઉન્સીલને તે લઇ જવી છે પણ અમારે આપવી નથી. આટલા ખાતર અમે ઢીલી દોરીએ કામ ચલાવીએ છીએ. ફંડની રકમ તો જો કે કાઉન્સીલ લઇ ગઇ છે, પણ વ્યવસ્થા હજી અમારા હાથમાં છે. એ વ્યવસ્થાને કાયમ અમારા હાથમાં રાખવા અમે મથીએ છીએ અને તે લોભે લોભેજ છાનામાના બેઠા છીએ. છતાં અમો જુવાનોનો મત તો એવો છે કે હવે આમ પડદા પાછળ રહીને રમત રમ્યા કરવી અને કાઉન્સીલ સાથે નાની નાની બાબતોમાં ઝગડી શકિતનો વ્યય કરવો તેના કરતાં ખુલ્લું બહાર આવવું સારૂં."

" પણ તમે શા માટે બોર્ડીંગની વ્યવસ્થાનો મોહ રાખીને બેઠા છો ? કાઉન્સીલના હાથમાં બોર્ડીંગ હોય કે તમારા હાથમાં હોય તેમાં શું ફેર ? " મારો રસ વધતો જતો હતો.

" એમ કેમ ? કાઉન્સીલના હાથમાં બોર્ડીંગ જાય એટલે વિદ્યાર્થીઓનાં જીવન બગડી જાય. અમે અત્યારે બોર્ડીંગના છોકરાઓને એવું શિક્ષણ આપીએ છીએ કે ભવિષ્યમાં તેમાંનો એકે એક ખોજા કોમનો સાચો સેવક નીવડે. કાઉન્સીલના હાથમાં વ્યવસ્થા ગઇ એટલે અંધશ્રદ્ધાનાં ઝેર કુમળાં હૃદયમાં રેડી દેવામાં આવે. "

" પણ તમારા એ ઉદ્દેશની ખાતરજ તમારે બહાર પડવું જોઇએ. તમે છોકરાઓને બધુંય સમજાવો, પણ તેનો અમલ કરવા જેટલી હિંમત ન આપો તો તમારા શિક્ષણથી શું ફાયદો ? કાંઇ એકલા સારા વિચારો કરવાથીજ કે બધું સમજવાથી કોમનું દાળદર નથી ફીટી જવાનું. તમારૂં વર્તન છોકરાઓ જોશે કે તમે કોઇ સમજવા છતાં બહાર નથી પડતા તો તેઓ પણ કોઇ સમજવા છતાં બહાર પડવાની હિંમત નહિ કરી શકે. "

મારા આ સવાલનો જવાબ તે યુવાન ન દઇ શકયો.

બોટાદમાં બોર્ડીંગ છે. તેની વ્યવસ્થા અત્યારે ઘણી સરસ છે; પણ આ બધું માત્ર બેજ માણસોને આભારી છે. સૌથી વધુ કાળજી એ બેમાંજ મને દેખાણી. એ બન્નેને હું મળ્યો. તેઓ સમજે છે, પણ બોર્ડીંગનો મોહ છોડી શકતા નથી. મને એક માણસ એવી પણ ખાનગી વાત કહી ગયો કે હાથી મરે નહિ અને દરવાજો તુટે એટલા માટે ઉંટનો ભોગ આપવામાં આવશે, અને ઉંટ જતાં હાથી પોતે જોખમમાં આવી પડશે. આમ થાય તો તો બોટાદની જે વાતો મેં સાંભળી અને મને તેના માટે જે લાગણી થઇ તેના ટકામાં મારે ઘટાડો કરવો પડે.

જેમ બીજે ઠેકાણે હોય છે તેમ બોટાદમાં પણ મેં જોયું કે સ્ત્રીઓની ભકિત આંહી પણ ઉભરાઇ જાય છે. જેના પુરૂષો કાઉન્સીલ સામે બળવો કરવામાં અગ્રભાગ ભજવે તે સ્ત્રીઓ દિવસની કે રાતની ખાનામાં જઇ તેજુરીમાં પૈસા નાખી આવે.

મેં મારો બીસ્તરો જેને ત્યાં મુકયો હતો એ હોટલવાળા ભાઇનો સ્વભાવ તો વળી જુદીજ જાતનો હતો. બહાર ગામના

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૫૧. )

# " ઇસ્માઇલી ધર્મનું અજવાળું. "

[ કાઠીયાવાડને જાગૃત કરવામાં બોટાદે ફાળો આપ્યો છે એમ કહેવું જો વધારે પડતું હોય તો એટલું તો ચોક્કસ કહી શકાય તેમ છે કે કાઉન્સીલની સ્થાપના પૂર્વેની આપણી સ્વતંત્ર અને ગૌરવશાળી જમાતોનું માનસ જાળવવામાં અને તેની પ્રતિભા પાડવામાં બોટાદ ફત્તેહમંદ થયું છે; અને એ પણ એટલુંજ ચોક્કસ છે કે બોટાદનો પ્રશ્ન એ કાઉન્સીલ માટે એક અખંડ ચિંતાનો પ્રશ્ન છે. બોટાદ યુવક મંડળને નામે તાજેતરમાં પ્રગટ થયેલી પત્રિકા અમે આ નીચે અક્ષરે અક્ષર પ્રસિદ્ધ કરીએ છીએ. આપણે આશા રાખીએ કે એ મંડળની જવાબદાર વ્યક્તિઓ નજીકના ભવિષ્યમાંજ બહાર આવશે. તંત્રી. ]

બીસમીલ્લાહ.

" ઇસ્માઈલી ધર્મનું અજવાળું. "

શીયા ઇમામી ઇસ્માઇલી ખોજાઓ, એટલે ઇસ્માઇલી ખોજા માટેજ ઇસ્માઇલી મઝહબ અમોને પ્રાપ્ત થયેલ છે. અમારો જન્મ ઇસ્માઇલી કોમમાં થયો તો અમો ખુદાવીંદ તાલાના ઘેર શું દેવું કરીને જન્મ લીધો હશે કે અમારી પાસેથી અમારા ઇસ્માઇલીના નકલંક નારાયણે લેણું વસુલ કરવાનાંજ રીત રીવાજો ઘડયા હશે કે " જન્મથી જ તે મરતાં સુધી પૈસા આપવા પડે છે? " અહોભાગ્ય અમારાં કે અમારા પીર સદરદીને અમોને બોધ કરીને અને પીર ઇમામશા બાવાએ મોઅજીઝા બતાવીને અમોને હીંદુ લુવાણામાંથી ખોજા બનાવ્યા, તે વખતમાં તો અમોને ભેસ્તમાં સોના રૂપાનાં ઘર આપવાનું કહેવામાં આવેલ. અને કેટલીક હુરાઓ તહેનાતમાં રાખવામાં આવશે એવી એવી લાલચો બતાવીને અમોને ઇસ્માઇલી બનાવવામાં આવેલ. હાલમાં તેને વખત જતાં ઇસ્માઇલીની પેદાશ વધતી ગઇ તેમ ઇસ્માઇલી ધર્મની કિંમત પણ વધતી ગઈ એટલે અમરાપુરીનાં મકાનો પણ એકદમ મોંઘાં થવા લાગ્યા અને ઇસ્માઇલીમાંથી સુમન મટીને મસ્જીદીયા થયા અને હવે ઇસ્માઇલી યુવક મંડળ થઇ જુદા પડવા લાગ્યા તો અમારા ઇસ્માઇલી ભાઇઓને અમરાપુરીનાં ઘર પસંદ ન પડયા કે મોંઘા પડવા લાગ્યા. આજ કાલ કળજુગના વખતમાં ધર્મને નામે ધમાલ મચી રહી છે. ધર્મનાં પોટલા બાંધી ખજાનામાં ખડકવા લાગ્યા છે તેમાં અમારા ઇસ્માઇલી ધર્મે તો હદ વાળી દીધી છે.

ઉત્તમ ધર્મ ઇસ્માઇલીનો પૈસા થકી તે થાય છે,
બંદગીનો સવાબ પણ પૈસાથીજ વેચાય છે.
એકગણું દાન આપી સહસ્ત્ર ગણું લેવાય છે,
પૈસા હોય પાસ તો ગુરૂ ચરણમાં જવાય છે.
પોણોસો પાંચસોને બારસો રૂપીયાનું મોટું કામ થાયછે,
ગુરૂ મંત્રના સવાલની ત્યાં આટલી બધી કિંમત થાય છે.
ઇસ્માઇલી ધર્મનો સવાબ પૈસાવાળા ખાટી જાય છે,
ગરીબો રહે છે હાથ ઘસતાં પૈસાવાળા વૈકુંઠમાં જાયછે.
શું ખોટ આવીછે ખુદાના દરબારમાં તેથી પૈસા લેવાયછે?
પૈસા માટે શાક રોટલી ને ખીચડી ખાનામાં વેચાય છે.

અમારા માનવંતા ભાઇઓ! ઇસ્માઇલી ધર્મ પૈસા લેવા માટે જ છે. આપણા પાક રસુલીલ્લાહ અને પ્રથમ આપણા હજરતઅલી અ. સ. વીગેરે થઇ ગયા તેમણે શું પૈસા લઇને જ સવાબ અને બંદગી કબુલ કરી હતી? જેમ આજે આપણા ઇસ્માઇલીના અડતાલીશમા ઇમામ, દસમા નકલંકી અવતાર નુર મૌલાના આગા સુલતાન મહમદશા દાતાર પૈસા લઇને જ પૂન્ય પ્રાપ્ત કરે છે અને પૈસાથી જ સવાબ અને ખુદા મળે છે. તો પછી એક લાખ અને ચોવીસ હજાર પેગમ્બર થઈ ગયા તેઓ ખુદાવીંદ તાલાને કેવી રીતે મેળવી શકયા? આપણા પાક રસુલીલ્લાહ પાસે ઇલમ પ્રાપ્ત કરવા જતાં તેઓને ઇસ્લામનું શીક્ષણ અને ઇલમ આપતા તે શું પૈસા લઇને જ તેઓને આપતા? એવો એકબી દાખલો શું કીતાબમાં મળી શકશે? હાલના ચાલુ સમયમાં આપણા હાજર ઇમામ પાસે ઇલમ પ્રાપ્ત કરવા જતાં રૂપીઆ પોણોસો, પાંચસો અથવા બારસો આપીએ ત્યારે એક ઇલમનો સવાલ મળે છે. પૈસાદાર લોકો પૈસા આપી દસમા નકલંકી અવતારને મળી ઇલમ પ્રાપ્ત કરે છે પણ ગરીબ લોકો પાસે પૈસા નથી તેઓએ કેવી રીતે દસમા નકલંકી અવતારને મળીને ઇલમનો સવાબ લેવો? કાંગવા ભરવા હોય તો પૈસા હોય તોજ કાંગવા ભરાય. મહેમાની કરવી હોય તો પૈસા હોય તોજ મહેમાની કરાય. બચ્ચાનું નામ પડાવવું હોય તો પૈસા હોય તોજ નામ પડાવાય. આવા આવા સવાબ ખાટવાના કામો પૈસા આપીને જ થાય છે.

જમાતખાનું તે ખુદાની બંદગી કરવાનું મકાન ગણાયજ ત્યાં બંદગી થાય છે અને ખુદાવીંદ તાલાને જમાડવા માટે શાક, રોટલી, ખીચડી, મેવો, મીઠાઈ વીગેરે લાવવામાં આવે છે. તે આવેલ ચીજની નાંદી (લીલામ) કરી પૈસા આપણા નકલંકી અવતારને મોકલી આપવામાં આવે છે. તો શું નકલંકી અવતારને ખોટ આવી પડી છે કે આવી ચીજો વેચીને પૈસા મોકલાવવા પડે છે?

અગાઉના વખતમાં ઇમામો આ પ્રમાણે ચીજો વેચીને પૈસા લેતા હશે કે હાલમાં લેવાય છે? જમાતખાનામાં દુઆ પડાય છે તે દુઆ કાયમ સવારના એક વખત અને સાંજના બે વખત પડવાની આપણા માથે ફરજ છે. તે દુઆ આપણાથી ન પડી શકાણી હોય તો મુખી સાહેબ પાસે જઇને કહે કે હું કાલે દુઆ પડી શકયો નથી. મને દુઆનો સવાબ બક્ષો. ત્યારે મુખી સાહેબ એક પૈસો લઇ દુઆનો સવાબ બક્ષી આપે છે.

તો શું દુઆ પડવાના સવાબની કિંમત માત્ર એકજ પૈસો હશે!

એક પૈસો આપનારની વતી યા અલીની તસબીહ આખી જમાત પાસે પડાવી મુખી સાહેબ દુઆ ગુજારે છે કે પૈસો આપનારની કુલ ઉમેદ પુરી કર.............યાઆન...........

નીયાજ (અમીરસ) પીવામાં પૈસા આપવા. દર ચાંદરાતે દરેકને દસોંદની ચડતના પૈસા આપવા. ગુજરેલાની રૂહાનીની ચીજ મોકલવા માટે દુઆ કરવામ પણ પૈસા આપવા. આ સીવાય ખાસ હુકમથી જ લેવાતા પૈસા વસુલ કરવા માટે કાયદા

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૫૧. )

# ચૂસણ નીતિનું ચક્ર.

## દ્રષ્ય આઠમું.

નવ ઉત્સાહથી ભરપુર હૃદયે બદરૂદીન આકોલા પહોંચ્યો. વેપારની ધમાલ અને લોકોના ઉદ્યમી જીવન જોઇ તેને સુખ અને વિજયની ચાવી હાથમાં દેખાણી. ગામલોકથી તો એ સાવ અજાણ્યો હતો ; તેને ઓળખે એવું એક પણ માણસ આકોલામાં મળવું મુસ્કેલ હતું. લાંબો વિચાર નહિ કરતાં પોતે ધંધે વળગે ત્યાં સુધી જમાતખાનામાં સુઇ રહેવા તેણે નિશ્ચય કર્યો.

સાંજ મટીને રાત થઇ ત્યારે બદરૂદીન જમાતખાને ગયો. રાજકોટના અનુભવે તેને શીખવ્યું હતું કે જમાતખાનામાંથી કાંઇ પણ માલ ખરીદવો એ તંદુરસ્તી અને ખીસાંને નુકશાન પહોંચાડવા બરાબર હતું. આથી તે ગામમાં નાસ્તો પાણી કરીનેજ જમાતખાને આવ્યો હતો. નિયમ મુજબ "તમે ઇસ્માઇલી છો ?" એ સવાલ થયો અને નિયમ મુજબ એ અપમાન ગળી જઇને બદરૂદીને "હા" નો જવાબ આપ્યો.

પાછલી ધુવામાં તે ભળ્યો હતો. આખા દિવસની રખડપટ્ટીથી તે થાકી ગયો હતો છતાં 'કબુલ કર મૌલાના આગા સુલતાન' શબ્દો આવતી વખતે તે માથું નમાવી સોજીદો દીધે જતો હતો. થાકના જોરને લઇને આવતી ઉંઘ આ મસ્તક નમાવવાની ક્રિયા વખતે તેને ત્યાંને ત્યાં સુઇ જવા લલચાવતી પણ બદરૂદીન તેના ઉપર કાબુ મેળવી તેની સ્થિતિ બહાર ન દેખાઇ આવે તેની કાળજી રાખતો. છેવટે ધુવા પુરી થઇ રહી, થોડા કલાકોની ઝાઝી કમાણી તેજુરીમાં પુરી દેવાણી અને જમાત ઉઠી. બે ચાર માણસોનું ધ્યાન તેના તરફ ગયું. "કયાંથી આવો છો ?" "કાઠીયાવાડમાંથી." એટલો પ્રશ્નોતર થયો અને સૌ પોતપોતાને ઘરે ચાલ્યા ગયા. બદરૂદીનને ખુબજ ઉંઘ આવતી હતી એટલે એ ત્યાંને ત્યાં તુરતાતુરત સાદડી ઉપર સુઇ ગયો.

બીજે દિવસે તેણે ધંધો ગોતવાનું શરૂ કર્યું. તપાસ કરતાં તેને માલુમ પડયું કે આકોલનો મુખ્ય રોજગાર કપાસનો છે. કાલાં કપાસની આવક ઘણી મોટી અને તેથી કપાશીયાની ઉત્પતી પણ બહોળી. આથી માલધારીઓના પોસાણને લઇને ઘીનો ધંધો પણ ઠીક ચાલે. જ્યાં જુઓ ત્યાં કાલાં, કપાસ, કપાશીયા અને રૂજ મોટે ભાગે દેખાય. ગામમાં બે ચાર જીન પણ ખરાં. બદરૂદીનને થયું કે કપાસનો વેપાર કરવો ઠીક થઇ પડશે. થોડો થોડો માલ લેવો અને થોડે નફે તુરત વેચી નાખવો. સ્વતંત્ર ધંધો થાય અને બે પૈસા પેદા થાય. પણ આમ આવો નાનકડો રોજગાર ખેલવા માટે પણ પૈસા જોઇએ અને તે તેની પાસે ન હતા. ગામના બે ચાર જ્ઞાતીલાઓને તેણે મદદ કરવા કહી જોયું પણ કોઇએ તેને મદદ કરી નહિ. છતાં હિંમત રાખી બે દિવસ વધુ પ્રયત્ન કરી જોવા તે આકોલામાં રોકાણો.

બીજા દિવસની રાત્રિ પણ તેણે જમાતખાનામાં ગાળવા નક્કી કર્યું હતું ; એટલે એક હોટલમાં ખાઇ લઇ તે રાતે જમાતખાને ગયો. ગઇકાલના કરતાં તે આજે જરા મોડો હતો. તો પણ જમાત ઉઠી ગઈ હતી નહિ ; કેમ જાણે તેનીજ વાટ જોઇને બેઠી હોય !

દિવસે બદરૂદીન માટે જમાતના મોવડીઓમાં ખુબ ચર્ચા થઈ હતી કે બદરૂદીન ઇસ્માઇલી છે તેવી જમાતને ખાત્રી ન થાય ત્યાં સુધી તેને જમાતખાનામાં સુવા કેમ દઈ શકાય ? આ પ્રશ્નનું આજે નીરાકરણ થવાનું હતું.

કાઉન્સીલનો પ્રેસીડેન્ટ પોતેજ જમાતનો મુખી હતો. તેણે વાત છેડી.

"તમે કાઠીયાવાડમાંથી આવો છો ?"

"જી, હા." બદરૂદીને પુછે એટલાનોજ ઉત્તર દેવાનું નક્કી કર્યું હતું.

"તમે ઇસ્માઇલી છો તેની ખાત્રી શું ? કાઉન્સીલનું સર્ટીફીકેટ છે ?"

"મારી પાસે સર્ટીફીકેટ તો નથી, પણ હું ઇસ્માઇલીજ છું."

"એ કેમ મનાય ? કાઉન્સીલના પવિત્ર કાયદાની ૧૪૩ મી કલમમાં આવું સર્ટીફીકેટ લીધા પછીજ કાઠીયાવાડ છોડવાનુ સ્પષ્ટ લખ્યું છે. છતાં તમારી પાસે એ નથી. એટલે અમારે એમજ માનવાનું રહે છે કે તમે ઇસ્માઇલી નથી."

"મને ખબર નહિ કે આવું સર્ટીફીકેટ જોતું હશે ! હું ઇસ્માઇલી છું એ પુરવાર કરવા એટલું બસ છે કે હું આંહી આવ્યો છું. બીજા કોઇ શું કરવા આવે ? વળી હું ઇસ્માઇલી ન હોઉં છતાં ઇસ્માઇલી છું એમ કહીને મારે શું ફાયદો કાઢી જવાનો હોય ? હું ઇસ્માઇલીજ છું."

"સર્ટીફીકેટ વગર બધું નકામું. પવિત્ર કાયદાના ફરમાન અનુસાર અમે તમને ઇસ્માઇલી ગણતા નથી. તમને આંહી સુવા દેવામા કે દાખલ થવા દેવામાં આવશે નહિ. અત્યારેને અત્યારે ચાલ્યા જાવ. સર્ટીફીકેટ વીના ઇસ્માઇલી છું એમ કહેવા નીકળ્યા છો તે શરમાતા નથી ?"

"પણ સર્ટીફીકેટ ન હોય એટલે હું જે છું એ થોડો મટી જાઉં છું ? હું કહું છું કે હું ઇસ્માઇલી છું. ખોજાના દીકરાને ચોર ડાકુઓની કોમ માફક પરવાના ભેગા લઇને બહાર નીકળવું પડતું હશે એમ મેં નહોતું ધાર્યું."

"ગરબડ સાંભળવા અમે માગતા નથી. આને આ પળે બહાર નીકળો છો કે ધક્કા મરાવીને બહાર કાઢું ?"

બદરૂદીનનું પુરતું અપમાન થઇ ચુકયું હતું. તેનું હૃદય સહી શકે તેથી વધુ ઘવાયું હતું. પારકા ગામને પાદર વધુ બોલાચાલી કરવામાં માલ નહિ ધારી તે ઉભો થયો. જે જમાતખાનાઓ ખોજાઓના દીકરાઓએ લોહીનું પાણી કરી કમાયેલ પૈસો ખર્ચી બાંધ્યા છે તેના દરવાજા તેનાજ પુત્રો સામે એક માત્ર અંધશ્રદ્ધા અને ધર્મ ઝનુનને લઇને બંધ કરવામાં આવે એ અફસોસકારક ઘટના ઉપર હૃદયનાં આંસુ સારતો બદરૂદીન રાત્રિના અંધકારમાં આકોલાની શેરીઓમાં નીકળી પડયો.

# સપ્તાહનો સાર.

**દુનિયાની આર્થીક પરિષદ :** બ્રીટનના વડા પ્રધાન રામ્સે મેકડોનલ્ડના પ્રમુખપણા નીચે લંડનમાં કામ ચલાવતી દુનિયાની આર્થીક પરિષદનું નાવ સફળતા અને નીષ્ફળતા વચ્ચે ઝોલાં ખાઇ રહ્યું છે. અમેરીકાની દમદાટીથી બ્રીટને પાકતા હપ્તા પેટે ૧૦ ટકા મુજબ એક કરોડ ડોલર હિંદની ચાંદી આપીને અમેરીકાને ભર્યા છે. ફ્રાન્સ અને બીજાં બે રાજ્યો કાંઇ પણ દેણું ભરી શકયા નથી. પરિષદની પ્રાથમીક બેઠક ત્રણ દિવસમાંજ સમેટી લઇને જુદા જુદા પ્રશ્નો માટે જુદી જુદી સમિતિઓ નીમી દેવામાં આવી છે. ખાસ કરીને ચલણ સ્થિર કરવાનો અને માલની ઉત્પત્તી ઘટાડવાનો કે કિંમત વધારવાનો એમ બે પ્રશ્ન માથે ખુબ ચર્ચા થઇ રહી છે. આ પરિષદમાં અત્યારે મુખ્ય ભાગ અમેરીકા ભજવે છે.

**સવિનય ભંગની વધુ મોકુફી :** અખીલ હિંદ રાષ્ટ્રિય મહાસભાના કામ ચલાઉ પ્રમુખ શ્રી. આણેએ એક નિવેદન પ્રગટ કરી કાયદાના સવિનય ભંગની ચળવળ વધુ છ અઠવાડીયા સુધી મુલતવી રાખ્યાનું જાહેર કર્યું છે. મ. ગાંધીજીની તબીયત હજી રાજકીય વાટાઘાટમાં ભાગ લઇ શકે તેવી નહિ હોવાથી આ પગલું ભરવામાં આવ્યું છે.

**ભાવલપુરમાં તોફાન :** ભાવલપુર રાજ્યમાં હિંદુ મહાસભાની શાખાને રાજ્યે ગેરકાયદેસર ઠરાવવાથી તે સામે વિરોધ બતાવવા ભાવલપુર શહેરના હિંદુઓની એક સભા મળી હતી. આ અંગે ૫૦ ઉપરાંત હિંદુઓની ધરપકડ કરવામાં આવી છે. હિંદુ ગૃહસ્થોની પત્નીઓ તથા પુત્રીઓના સરઘસને લાઠીથી વીખેરી નાખવામાં આવ્યું છે. ઘણી સ્ત્રીઓને ચોટલા ઝાલીને રગદોળવામાં આવ્યાનું અને બાળકોને નિર્દય માર મારવાનું જણાવવામાં આવે છે. આ સંબંધી શાહી સરકારને વચમાં પડવા આગ્રહ કરવામાં આવ્યો છે. ભાવલપુરનું રાજ્ય નવાબ સાહેબના હાથમાં છે.

**ભીલોમાં ભુખમરો :** પંચમહાલ જીલ્લામાં વસતા ભીલોની સ્થિતિ ઘણીજ ખરાબ થઈ ગઈ છે અને ભયંકર ભુખમરો ચાલી રહ્યો છે. દાહોદમાં ૪ કીસ્સાઓ એવા બનવા પામ્યા છે કે ભીલ સ્ત્રીઓ અને બાળકોને ભુખમરાને કારણે કુવામાં પડીને આપઘાત કરવો પડયો છે. મદદ આપવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

**પં. જવાહર નાદુરસ્ત :** પંડીત જવાહરલાલ ન્હેરૂની તબીયત બરાબર નથી અને હજી પણ તેમને તાવ આવે છે એવા ખબર તેમની દહેરાદુનની જેલમાં મુલાકાત લેનાર શ્રીમતિ વિજયાલક્ષ્મિ પંડીત (જવાહરના બ્હેન) અને કુમારી ઇન્દુ ન્હેરૂ (જવાહરના પુત્રી) તરફથી બહાર આવ્યા છે.

**શ્રી. પટેલની ચિંતાજનક હાલત :** વીએનામાં સારવાર ભોગવતા હિંદના પ્રખ્યાત આગેવાન શ્રીયુત વીઠલભાઈ પટેલની તબીયત ભારે ચિંતાજનક થઈ પડી છે. તેમને ખાંસી તથા ઝીણો તાવ આવે છે અને તેઓ પથારીવશ છે. ડોકટરોએ ઓછામાં ઓછા છ મહીના સુધી સંપૂર્ણ આરામ લેવાની શ્રી. પટેલને સલાહ આપી છે.

**શ્રી. બોઝના ભાષણ સામે પ્રતિબંધ :** ગઈ તા. ૧૦ મી જુને લંડનમાં ભરાયેલ હિંદી રાજકીય પરિષદના ચુંટાયેલા પ્રમુખ શ્રીયુત સુભાષચંદ્ર બોઝના ભાષણનો તરજુમો અથવા ઉતારો બ્રીટીશ હિંદમાં લાવવા સામે ના. વાયસરોયે પ્રતિબંધ મુકયો છે.

**આંદામાનના કેદીઓ :** મહાવીરસીંહ નામનો પોતાનો પુત્ર આંદામાનમાં દેશનીકાલની સજા ભોગવતો તેનું ઉપવાસને અંગે બળજબરીથી ખોરાક આપવાના પરિણામે મૃત્યુ નીપજવાથી દેવીસીંહ નામના માણસે ના. વાયસરોયને એ સંબંધમા સ્વતંત્ર તપાસ કરવાનો હુકમ કરવા વિનંતિ કરતો એક પત્ર લખ્યો છે. ઉપવાસ કરતા કેદીઓની સ્થિતિ ભયાવહ દેખાય ત્યારે તેમના સગાંવહાલાંને તારથી ખબર આપવા સરકાર કબુલ થઇ છે.

**શ્રી. મેઘાણી સીનેમામાં :** સૌરાષ્ટ્રના જાણીતા શાયેર શ્રીયુત ઝવેરચંદ મેઘાણી રણજીત મુવીટોન નામની સીનેમા કંપનીના વાર્તાનવેશ શ્રી. ચત્રભુજ દોશીને સહાયરૂપ થવા તે કંપનીમા રોકાઇ ગયા છે તેવી હકીકત બહાર આવી છે.

**પાસપોર્ટની ના. :** મુંબઇના જાણીતા હરીજન કાર્યકર્તા શ્રી. દેવરૂખકરે પાર્લામેન્ટની સંયુક્ત સમીતી સમક્ષ હરીજનના લાભો જાળવવા માટે અરજ કરવા ઈંગ્લેંડ જવાનો પાસપોર્ટ માગ્યો હતો તે આપવામાં આવ્યો નથી.

**છોકરાની છોકરી બનાવી :** ખામગામમાં બાપુ નામના એક કણબી પાસેથી તેના લગ્ન માટે એક છોકરી પરણાવવાના બદલામાં તાત્યા નામના એક કણબીએ રૂા. ૧૦૦) લીધા. છોકરીની જગ્યાએ સાડી પહેરાવીને એક છોકરાને બેસારી દેવામાં આવ્યો હતો. આ ઠગાઇ માટે બાપુ કણબીએ તાત્યા સામે ઠગાઇની ફરીયાદ કરી છે.

**પ્રેમ કરનારને સજા :** ડોરોથી જોન્સ નામની એક જુવાન એન્ગ્લો ઇંડીયન છોકરીને લસ્કરી સીપાહીઓ પાસે ખુલ્લા સ્નેહની માગણી કરવાના ગુન્હા માટે મુંબઇના ત્રીજા મેજીસ્ટ્રેટે ૩ માસની સખ્ત સજા ફરમાવી છે. આ પહેલાં મજકુર છોકરીને આવું કામ નહિ કરવા માટે બે વખત ચેતવવામાં આવી હતી.

**દેવના હુકમથી આપઘાત :** મુંબઇમાં શંકર ગણેશ નામના એક ૨૫ વર્ષના હિંદુ એડવોકેટે અફીણ ખાઇ આપઘાત કર્યો છે. આપઘાતનું કારણ પાછળ મુકેલા પત્રોમાં એવું જણાવવામાં આવ્યું છે કે મહાદેવે તેને સ્વપ્નામાં આવી આ દુનીયાનો ત્યાગ કરવા ફરમાવ્યું હતું.

**કાન કાપ્યો :** મદ્રાસ ઇલાકાના ચીત્તોર જીલ્લાની અસ્પૃશ્યતા નિવારણ સમિતિના મંત્રી શ્રી. ચેટીયર રાત્રે નિદ્રાધીન હતા તે વખતે કોઇ અજાણ્યા માણસે તેમના ઉપર છરી વતી હુમલો કરી તેમનો જમણો કાન કાપી નાખ્યો છે.

**ગાંધી ટોપી સામે સુગ :** જગધરીની સરકારી હાઇસ્કુલના વિદ્યાર્થીઓને જો તેઓ શાળામાં ગાંધીટોપી પહેરીને આવે તો શિક્ષકો તરફથી નેતરની સોટીનો માર મારવામાં આવે છે. આ સામે માબાપોએ પોકાર ઉઠાવ્યો છે.

( અનુસંધાન પાના ૧૪૭ થી. )

ખોજાઓ માલ ખરીદવા બોટાદ આવે તે બનતા સુધી ચા કે સોડા પીવા આ ભાઇની હોટલની મુલાકાત લ્યેજ. અજાણ્યા માણસને પહેલો કપ મફત પાવો એ તેમનો શીરસ્તો. ચા સોડા પી લ્યે એટલે પાનારનો પહેલો સવાલ આવીને ઉભો રહે. 'ના. આગાખાનને તમે ખુદા માનો છો?' જો "હા" કહે તો જવાબમાં "કાફર" નો શીરપાવ મળે. "ના" કહે તો પણ એજ ભેટ. ઘડીભરતો આવનાર માણસ મુંઝાઇ જાય. પછી તે ભાઇનું વ્યાખ્યાન શરૂ થાય. આમ છતાં આ ભાઇ પણ બહાર નથી પડી શકતા, કુટુંબીઓના દબાણને લઇને. એક વાત એ પણ છે કે આવી રીતે છડે ચોક કાઉન્સીલની વિરૂદ્ધ હિમાયત કરનાર બહાર પડયો કેમ ન ગણાય! પણ કાઉન્સીલની નીતિ અત્યારે બહુજ ઢીલી દોરીએ કામ લેવાની છે, એટલે જ્યાંસુધી કોઇ તેની સામે આવીને "તમે ખોટા છો" એમ ન કહે ત્યાંસુધી કાઉન્સીલ કાંઇ ઉંચી નીચી થતીજ નથી.

બોટાદના ઇતિહાસના કેટલાંક પ્રકરણો ગૌરવ ભરેલાં છે. ખોજાઓ સાથે ઢેડને ભેળવવાની પ્રવૃત્તિ થઇ ત્યારે લગભગ ૭૫ ગામની જમાતોને એક કરી કાઉન્સીલ સામે લડનાર બોટાદ. એક વખત તો જમાતે ખાનામાં પકાવેલ અનાજ કે શાકભાજી વેચવાની બંધી કરેલી. બોર્ડીંગ સંબંધે પણ અનેક વખત તેણે કાઉન્સીલ સાથે ઝગડા કરેલા અને કેટલાક કીસ્સાઓમાં તે ફળીભુત પણ થયેલ.

બોટાદની જમાતમાં સંપ છે. પણ એ મોંઘો સંપ છે. કોઇ પણ કાર્ય સર્વાનુમતે થાય છે, પણ એ સર્વાનુમતે કરતાં પહેલાં કાર્યકર્તાઓ વચ્ચેનું અંતર છેદવામાં મુખ્ય કાર્યકર્તાને ખુબ મહેનત કરવી પડે છે. બોટાદ બહાર ન આવતું હોય તો તેનું આ પણ એક કારણ ગણાય

પાંચેક દિવસ બોટાદ રહી હું ત્યાંથી ભડલી જવા નીકળ્યો.

---

( અનુસંધાન પાના ૧૪૮ થી. )

બુક કાઢવામાં આવી છે. તે બુકમાં સુધારો કરવા માટે રાજકોટ યુવક મંડળ તનતોડ મહેનત કરે છે. તે સામે ઇસ્માઇલી અગ્રેસરો ઇસ્માઇલી ધર્મ વીરૂદ્ધનું બાનું બતાવી યુવક મંડળને દાબી દેવા માંગે છે. યુવક મંડળ તરફથી વાંધો લેવામાં આવેલ આ કાયદા બુક કે જેને ઇસ્માઇલી અગ્રેસરો ધર્મની બથ ભરી બેઠા છે તો ઇસ્માઇલી ભાઇઓ ધ્યાન આપશો કે આપણે આપણી હુબથી કે ખરા હૃદયથી આપવું યા વર્તવું એજ ધર્મ અને દાન આપેલું ગણાય. પણ જબરજસ્તીથી આપવું કે લેવું તેનું નામ લક્કડ દાન કહેવાય કે નહિં? કાઉન્સીલે બાંધેલ કાયદાની બુકને ધર્મની બુક ગણી બેઠા છે તે બુકમાં મુરતમાં યા અલી કે બીસ્મીલ્લહાનું નામ પણ કોઇ ઠેકાણે શરૂઆતમાં કે પછવાડે આપવામાં આવ્યું નથી તો આ બુક કોમને બંધનકારક અને કોમને જકડી રાખવા માટે જ ખાસ બનાવવામાં આવી છે. આ કાઠીયાવાડની કાયદા બુક શીયા ઇમામી ઈસ્માઇલી પ્રસીદ્ધ કરનાર અલીજહા ઇસ્માઇલી વીરજી માઘાણી જે. પી. પ્રેસીડન્ટ, શીયા ઇમામી ઇસ્માઇલી સુપ્રીમ કાઉન્સીલ, રાજકોટ સદર.

આ કાયદા બુકની અંદરના કાયદા કોણે બનાવ્યા છે, ઇસ્માઇલી કોમ માટે આ કાયદા ઘડવામાં આવ્યા છે, તે ઇસ્માઇલી કોમને અનુકુળ છે કે નહિ તે ઇસ્માઇલી કોમને જાણ કરવામાં આવી નથી. ઉપર લખેલ કાયદા બુકની અંદરના કાયદાની થોડી કલમ આની સાથે પ્રગટ કરીયે છીએ તો સર્વે ભાઇઓ તેનો તોલ કરી અમોને શાન્તવન આપશો.

(આંહી કલમ ૮૩, ૧૧૬, ૧૨૮, ૧૨૪, ૨૦૦ તથા ૨૦૯ નો ઉતારો આપવામાં આવ્યો છે.)

લી૦

ખોજા યુવક મંડળ, બોટાદ.

---

# વેપાર સમાચાર.

(તા. ૨૪-૬-૩૩.)

**ઉન :** લીવરપુલનો સેલ જોડીયા તથા વીકાનેરી સફેદમા ૩૦ ટકા અને મધ્યમ તથા હલકા માલમાં ૨૦ થી ૨૫ ટકા તેજ જવાથી સ્થાનિક બજાર એક મણના રૂા. ૯) થી રૂા. ૧૪) સુધી ઉંચો ગયો છે. આવતો સેલ તા. ૨૫-૭-૩૩ નો છે તે ટકી રહેવા ધારણા છે.

**રૂ :** ભરૂચ ૨૧૦.

**અનાજ કરીયાણું :** ૧ાાા= ૨) ઘઉં. ૧ાાા- ૨)બાજરો. ૧ા= ૧ાા- જુવાર. ૧ાા= ૧ાાા ચણા. ૧ા≡ા ૧ાા ચોખા નાની મીલ. ૧ાાા ૧ાાા- ચોખા સુગંધી. ૧ા= ૧ા≡ કમોદ ઝીણી. ૧) ૧)= કમોદ જાડી. ૧ાા= ૧ાાા- મેથી. ૨ાા≡ ૨ાાા- તલ. ૧ાા= એરડી. ૧ાા≡ એરડા. ૧ાાા= ૨)= ગોળ દેશી. ૨) ૨)= મગ. ૧ાાા ૧ાાા= અડદ. ૧ાા≡ મગફળી ઝીણી. ૧ાા મગફળી જાડી. ૭ ૮ા કપાશીયા (૬ મણના). ૮ાા ૯) વેસણ (૪ા મણના). ૧ાાા= રાઇ. ૪ાા= ખાંડ. ૫ાાા સાકર.

**ઘી :** ૨૨) મુંબઈ પરખ. ૧૭) તાજો રસ.

**તેલ :** ૬) ૬)= તલનું. ૪ાાા શીંગનું.

---


## "ખોજા જાગૃતિ"

### એટલે

**ખોજા કોમના પ્રશ્નોની સ્વતંત્ર નીડર ચર્ચા.**

**ઘરાર પટેલોના ત્રાસ સામે બેધડક જેહાદ.**

**સામાજીક કુરૂઢીઓનું કટ્ટર દુશ્મન.**

**કચડાતાઓનું બાન્ધવ.**

**ટુંકમાં**

**ખોજા કોમનું એકજ સ્વતંત્ર વાજીંત્ર.**

**છતાં**

**એક વરસના ફકત રૂા. ૨) માં તમારા ઘરે પહોંચે.**

**આજેજ ગ્રાહક થાવ.**

વ્યવસ્થાપક,

"ખોજા જાગૃતિ"

રાજકોટ.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

કલમ ૮૪.

"કાઠીયાવાડના મુંબઇમાં વસતા ઇસ્માઇલી મુરીદોમાંથી બે ત્રણ કેળવાયેલા બુદ્ધિમાન ગૃહસ્થોને પણ ચાર વરસ સુધી સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરો તરીકે નીમી શકાશે."

સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરો નીમવાની પદ્ધતિ અન્યાયિ છે એમ કલમ ૫૧ ની ચર્ચામાં આવી ગયું છે. મુંબઇના ભાઇઓ કાઉન્સીલમાં આવે તે ખાસ વાંધા ભરેલું નથી; પણ તેઓ જે રીતે આવે છે તે રીત વાંધા ભરેલી છે. જો કાઉન્સીલમાં તેમને કામ કરવું હોય તો બીજાઓની માફક રીતસરની ચુંટણી વખતે તેમણે ઉમેદવારી કરવી જોઇએ. વળી 'કેળવાયેલ અને બુદ્ધિમાન ગૃહસ્થ' કોને કહેવો એ પણ એક પ્રશ્ન ઉભો થાય છે. બુદ્ધિનું માપ કાઢવાનું સાધન—તાવનું માપ કાઢવાના 'થરમોમીટર' જેવું કાંઇ—હજી સુધી મૂર્ખ માનવી શોધી શકયો નથી ત્યાં સુધી નામદાર કાઉન્સીલના નામદાર કાયદામાં આવી અસ્પષ્ટતા ન હોય એજ ઇચ્છવા યોગ્ય છે. રીતસરની ચુંટણીથી કાઉન્સીલના મેમ્બરો ચુંટાતા હોય તો આવી અસ્પષ્ટતાની જરૂર ન રહે. ચુંટાઇને આવે એ કેળવાયેલ અને એ બુદ્ધિમાન.

આંહી 'સુપ્રીમ કાઉન્સીલનું કામ ચલાવવાની પદ્ધતિને લગતા ધારા' એ પહેલા પ્રકરણનો બીજો વિષય ખતમ થાય છે. જેમ લોકલ કાઉન્સીલે કામ ચલાવવાના ધારામાં ૨૨ મી કલમ ઘુસાડી દેવામાં આવી છે તેવીજ આ વિષયમાં ૮૩ મી કલમ ઘુસાડી દેવામાં આવી છે કે જેને 'સુપ્રીમ કાઉન્સીલનું કામ ચલાવવા' સાથે જરાયે સંબંધ નથી.

**કલમ ૮૫.**

"સાધારણ ટંટો અગર કોઇ સામાન્ય તકરારને લગતી કાંઇ ફરીયાદ કાઉન્સીલ પાસે રજુ થાય તો કાઉન્સીલે તેનું કામ ચલાવી ઠરાવ આપવો. પણ જો સદરહુ કેસ કાયદાની કોર્ટમાં દાખલ કરવામાં આવે અને પ્રતિવાદી તે કેસ કાઉન્સીલ પાસે ચલાવવા અરજ કરે તો કાઉન્સીલે વાદીને સમજાવવો, અને જો વાદી કબુલ થાય તો કાઉન્સીલે તે કેસનું કામ ચલાવવું."

આ કલમ બે ભાગમાં વહેંચાઈ જાય છે. પહેલો ભાગ એમ કહે છે કે કોઇ પણ જાતની તકરાર, દીવાની કે ફોજદારી, કોઇ પણ એક પક્ષ તરફથી કાઉન્સીલ આગળ રજુ થાય તો કાઉન્સીલે ઇન્સાફ તોળી નાખવો. આ ધોરણ ગેરવાજબી છે. જ્યાં સુધી બીજો પક્ષ ન્યાયની માગણી ન કરે ત્યાં સુધી એક પક્ષના કહેવાથી કાઉન્સીલ ડખલગીરી કરી શકે નહિ. એક પક્ષના ફરીયાદ કરવાથી બીજા પક્ષ ઉપર કોઇ જાતનું બંધન આવી જતું નથી. બીજો ભાગ એમ સુચવે છે કે જો આવું કોઇ કામ રીતસરની સ્થાપીત થયેલી ન્યાયની અદાલત આગળ ચાલતું હોય તો બન્ને પક્ષની સંમતિ પછીજ કાઉન્સીલે તે કામ હાથમાં લેવું. આ કલમની શરૂઆતમાં જે કડકાઇ છે તે ન્યાયની અદાલતના પ્રતાપથી ભયમાં ફેરવાઇ ગઇ દેખાય છે. એનો અર્થ એવો છે કે જો આવું કોઇ કામ કોર્ટમાં ચાલતું હોય તોજ બન્ને પક્ષની સંમતિની જરૂર છે, નહિતર નહિ. ખરી રીતે તો કોઇ પણ સંજોગોમાં પણ બન્ને પક્ષની સંમતિ શીવાય ન્યાય તોળવા કાઉન્સીલને અધિકાર નથી.

ઉપરાંત એક બીજો પ્રશ્ન રહે છે. ફોઝદારી ગુન્હાઓની પતાવટ કરવાનો હક રાજસત્તા શીવાય બીજા કોઇને હોઇ શકે ખરો ? ગમે તેવી તો પણ કાઉન્સીલ અમુક જ્ઞાતિના માત્ર વહીવટ સાથે નીસ્બત ધરાવતી સંસ્થા છે. તેણે શા સારૂ ફોઝદારી ગુન્હાઓના કેસમાં માથું મારવું જોઇએ ? ઘર મેળે સમાધાન કરી શકિત, સમય અને ખર્ચનો બચાવ કરવાની દલીલ આના જવાબમાં કરવામાં આવતી હોય તો એ ખોટી છે. કોર્ટના કરતાં કાઉન્સીલમા જવું વધારે ખર્ચાળ છે, વધારે હેરાન કરનારૂં છે, અને વધારે વખત બરબાદ કરનારૂં છે. કારણ કે કાઉન્સીલ એ ઘર મેળે સમાધાન કરી આપવાની વૃતિથી ઉત્પન્ન થયેલું કોઇ પંચ નથી, પણ ખોજા કોમ ચાહે કે ન ચાહે તો પણ તેના ઉપર 'સત્તા' ચલાવવા ઉભું કરવામાં આવેલું એક પડયંત્ર છે.

**કલમ ૮૬.**

"કાઉન્સીલ પાસે જે કેસો આવે તેનો જેમ બને તેમ જલ્દી નીકાલ કરવો અને કાંઇ જરૂરી કારણ શીવાય તેમાં લંબાણ કરવું નહિ."

કલમ ૨૦ સાથે આ કલમ અક્ષરે અક્ષર મળતી આવે છે. આ કાયદાનું આ એક માહાત્મ છે કે તેમાં મુકવાની એક વાત બબ્બે વખત આવી જવી જોઇએ.

---

( અનુસંધાન પાના ૧૪૬ થી. )

સામાજિક બહિષ્કારને અળગો કરીને સૌએ એમ માનવું કે 'અમારી સંખ્યા વધી ગઇ છે.' જેમ જેમ બેટી વ્યવહારનું ક્ષેત્ર વિશાળ થતું જશે તેમ તેમ ખોજા કોમમાં આદર્શ દંપતિઓની સંખ્યા વધશે. તેટલા પ્રમાણમાં ભવિષ્યની ખોજા કોમ વધુ સંસ્કારી થશે. એકંદરે સારીયે કોમ સાથે રહીને પ્રગતિ અને ઉન્નતિ તરફ સહેલાઇથી આગળ વધી શકશે. ધર્મગુરૂઓ પોતાના સ્વાર્થની ખાતર ગમે તેટલા ફાંટા પડાવે પણ કોમે તો પોતાનું હિત શામાં છે તે જાણી લઇ તે તરફ અચુક લક્ષ રાખી આગળ ધપવું જોઇએ. "ખોજા કોમ એક હતી, એક છે અને એક રહેશે" એ સૂત્રની પાછળ પણ ભેખ લેનારાઓ અત્યારે જોઇએ છે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

છેલ્લા શ્વાસ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૨૦: જુલાઇ ૪ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના અષાડ શુદ ૧૧ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## નવ જ્યોત.

નવ જ્યોત ચડી, નવ જ્યોત ચડી;
જાગો જાગો, નવ જ્યોત ચડી;
નવ જ્યોત ચડી.

૧

ભેંકાર અતિ સમશાન સમી;
અંધાર ભરી વીતી રજની;
પ્રકાશ તણી પાંખો પ્રસરી.
—નવ જ્યોત૦

૨

શશીગણ સુરખી દીપમાળ સમી;
અભેદ વીષે વળી ભેદ વતી;
જુઓ ઇન્દ્રજાળ ચીરાઇ ગઇ.
—નવ જ્યોત૦

૩

માયા જ્યોતી એ જાળ મહીં;
કંગાલ થયા કંઇ કેદ પડી;
આવો આવો અજવાસ મહીં.
—નવ જ્યોત૦

૪

અતિ ભાન ભુલી અજ્ઞાન થકી;
બહુ દીન સુતા પ્રમાદ ગ્રહી;
ઉઠો ઉઠો ઉર ઉંઘ તજી.
—નવ જ્યોત૦

૫

કેસર વર્ણા નવ રંગ ધરી;
આવી ઉષા ઉજાસ ભરી;
નીરખો નયને નવનુર ગ્રહી.

નવ જ્યોત ચડી, નવ જ્યોત ચડી;
જાગો જુવાનો, જ્યોત ચડી;
નવ જ્યોત ચડી.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૪-૭-૩૩.

## છેલ્લા શ્વાસ.

સને ૧૯૩૧ના જુનની આઠમી તારીખે શ્રી રાજકોટ ખોજા યુવક મંડળથી શરૂ થયેલી અને અદ્યાપી પર્યંત ખોજા સુધારક સંઘના હાથ નીચે ચલાવાતી આપણી કોમમાં સુધારા દાખલ કરવાની પ્રવૃત્તિને આજે બે વરસને ૨૬ દિવસ થયા છે. જેના મેમ્બરો આપણે કદી પણ ચુંટયા નથી એ કાઉન્સીલ, અને જેને આપણે સ્વપ્નામાં પણ સ્વીકાર્યા નથી એ કાયદા સામે આ બે વરસના સતત અને નીડર પ્રચાર કામે કોમની જાગૃતિમાં સારો ફાળો આપ્યો છે, અને આજે અમે એમ કહેવા તૈયાર છીએ કે કાઉન્સીલની સત્તા હવે છેલ્લા શ્વાસ લઇ રહી છે, અને જોતજોતામાં એ નિર્જીવ શબ થઇને જમીન ઉપર પટકાઇ પડશે.

ગમે તેની સામે અને ગમે તેવા ગંભીર અને જોખમી પ્રસંગોએ પણ વાપરવા માટે કાઉન્સીલ પાસે ઉંચામાં ઉંચું હથીયાર નાતબહારીનું છે. એ શીવાય એની પાસે બીજું કાંઇ સાધન નથી. એ નાતબહારીનું હથીયાર તુટી ગયું કે બુઠું બન્યું એટલે તેની બધી સત્તા સૂર્યના પ્રકાશમાં ઝાકળનાં પાણી અદ્રષ્ય થઇ જાય તેમ ઓગળી જશે. અમારો એ દાવો છે કે સુધારકોની સામે વાપરેલા આ શસ્ત્રને કોમના ઘણા મોટા ભાગે નિષ્ફળ કર્યું છે. નાતબહારી એટલે કડકમાં કડક બહિષ્કાર-સામાજિક અને આર્થીક. સુધારકો સામે યોજાયેલો આ બહિષ્કાર અત્યારે ગોત્યો જડતો નથી એમ કહેવું એ વધારે પડતું નથી.

સુધારાની પ્રવૃત્તિમાં સામેલ થવા માટે નાતબહાર મુકાયેલા સુધારકોનો સામાન્ય રોજીંદો ખાવા પીવા વિગેરેનો વ્યવહાર કોમે કદી પણ અટકાવ્યો નથી. આ વસ્તુ એટલી સ્પષ્ટ છે કે તે માટે વધુ પીષ્ટપેષણ કરવાની જરૂર નથી. પણ સારા માઠા પ્રસંગોમાં પણ કાઉન્સીલના હુકમની સંપૂર્ણ અવગણના કરનારાઓની જે ટીપ અમે નીચે આપીએ છીએ તે એમ જરૂર બતાવી આપે તેમ છે કે કાઉન્સીલે યોજેલો બહિષ્કાર નપુંસક નિવડયો છે.

૧. શ્રી કાઠીયાવાડ ખોજા યુવક સંમેલનમાં આવનારાઓ પૈકી ૮ ભાઇઓને કાઉન્સીલ નાતબહાર મુકી શકી નથી. તા. ૨૯–૩૦ ઑગસ્ટ ૧૯૩૧.

૨. રાજકોટ મુકામે ભાઇ ઇસ્માઇલ હીરાણીના દીકરાના મૈયતમાં નાતબહાર થયેલાઓ સાથે ભાગ લેનાર ૪ ભાઇઓએ કાઉન્સીલે કરેલ દંડ નહિ આપી તેની સત્તા ઉવેખવા છતાં કાઉન્સીલ તેમને કાંઇ કરી શકી નથી. તા. ૨૨–૧૨–૩૧.

૩. ખસ મુકામે ખોજા સુધારક સંઘના હાથે લગ્ન ઉકેલવા માટે પરણનાર ભાઇ કે તેમના પિતા અને જાનમાં અને માંડવે આવેલા બીજા ૪ ભાઇઓને કાઉન્સીલ નાતબહાર કરી શકી નથી. તા. ૨૪-૫-૩૨.

૪. બાબરા મુકામે ભાઇ હુસેન વાલજીની બે પુત્રીઓના ખોજા સુધારક સંઘના આશ્રય તળે ઉજવાયેલા લગ્નમાં પરણનાર એક ભાઇ તથા જાનમાં અને માંડવે આવેલા બીજા ૫ ભાઇઓને કાઉન્સીલ બોલાવી શકી નથી. તા. ૭–૬–૩૨.

૫. અશલાલી મુકામે સુધારક પ્રવૃત્તિને અંગે નાતબહાર થયેલા વીંછીયાના ભાઇ મગન ભાણજી સાથે પોતાની પુત્રી પરણાવનાર ભાઇને તથા પરણનાર ભાઇના પિતાને પાંચ પાંચ મહીના થયા છતાં કાઉન્સીલ કાંઇ કરી શકી નથી. તા. ૧૩–૨–૩૩.

૬. રાજકોટ મુકામે સુધારક પ્રવૃત્તિને અંગે નાતબહાર થયેલ બાબરાના ભાઇ ઇસમાઇલ વાલજી સાથે ખોજા સુધારક સંઘના આશ્રય તળે પોતાની પુત્રી પરણાવનાર ભાઇને તથા જાનમાં અને માંડવે આવનાર બીજા ૨ ભાઇઓને આજે તે પછી કાઉન્સીલની ત્રણ ત્રણ મીટીંગો મળી જવા છતાં કાંઇ કરવામાં આવ્યું નથી. તા. ૨૫ –૫–૩૩.

૭. રાજકોટ મુકામે ભાઇ કાનજી ગુલાભાઇના એક મર્હુમ ભાઇની વિધવા બાઇ ગલાલના મૈયતમાં સુધારક પ્રવૃત્તિને અંગે નાતબહાર થયેલાઓ સાથે ભાગ લેનાર ૧૯ ભાઇઓને તે પછી કાઉન્સીલની બે બેઠકો જવા છતાં કાઉન્સીલ બોલાવી પણ શકી નથી. તા. ૯–૬–૩૩.

એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય કે ઉપર લખ્યા આંકડાઓ સત્તાવાર છે.

અત્યારે પ્રવર્તી રહેલી સ્થિતિ અને સંજોગોનો બારીક અભ્યાસ કરનારને ખાત્રી થશે કે કાઉન્સીલની સત્તા અત્યારે તુટું તુટું થઇ રહી છે. સુધારાની આ પ્રવૃત્તિને જો સામુદાયક વેગ આપવામાં આવશે તો કાઉન્સીલનો નાશ જે અત્યારે ક્ષીતિજમાં દેખાય છે તે ખોજા કોમ બહુજ નજીક જોઇ શકશે. હિંમતથી હાથોહાથ પ્રયત્ન કરવામાંજ ત્વરીત વિજયની ચાવી રહેલી છે.

# STOP PLEASE! કૃપા કરી અટકો !!

**વ્હાલા ભાઈઓ,**

આકરા હૃદયમંથનથી ઉપજેલી સાચી સહાનુભૂતિ અને હમદર્દીથી પ્રેરાઈનેજ આ પત્ર લખવા કલમ ઉપડે છે, અને અંતરની જ્વાલાઓને શબ્દો વાટે માર્ગ આપું છું. આશા છે કે આપ જે લાગણીથી હું આ લખું છું તેજ લાગણીથી તેનો વિચાર કરશો.

મારે આપને એકજ વાત કહેવાની છે.

મોટા ના. આગાખાન હસનઅલીશાહ ઇરાનમાંથી આશ્રય શોધતા હિંદમાં આવ્યા અને આપણે તેમનો સત્કાર કર્યો એ જુના ઇતિહાસ તરફ તમને લઇ જવા હું નથી માગતો. જગતના ઇતિહાસનું એ કાંઇ વૈચિત્ર્ય છે કે તેમાં આશ્રય આપનાર ઉપરજ આક્રમણ થયાના ઘણા પ્રસંગો બનવા પામ્યા છે. આપણા કિસ્સામાં પણ તેમ થાય અને એજ આગા હસનઅલીશાહ આપણા ઉપરજ વિધવિધ જાતના કરવેરાનું ચોગઠું બેસારતા જાય એમાં ઇતિહાસ-ક્રમથી કાંઇ જુદું તરી આવતું નથી.

પણ હું તો તમારૂં ધ્યાન અત્યારના ના. આગાખાન અને તેમના મોટા પુત્ર અલી સલમાન ખાન તરફ ખેંચવા માગું છું.

અત્યાર સુધી તમે ના. આગાખાનને ખુબ ખુબ માન્યા છે અને પુજ્યા છે. ઇસ્લામના અનુસરણ રૂપે તમે તેમને હાઝર ઇમામ ગણ્યા છે અને હિંદુ ધર્મનું પણ અવલંબન કરીને તમે તેમને દશમા નકલંકી અવતાર ગણો છો. એથી પણ આગળ વધીને તમે તેમને ખુદ ખુદા કહો છો અને તે રીતનો તમે તેમનો મરતબો કરો છો. તમારી કલ્પનામાં આવી શકે તેવા વિશેષણો તમે તેમના માટે વાપર્યા છે અને તે મુજબ સાચા દિલથી તમે તેમની ભક્તિ કરી છે. તમારી નજરે એ સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વવ્યાપી છે. તમારા એ આરાધ્ય દેવ છે, તમારૂં એ બોલતું કુરાન છે, દીન અને દુનિયાના તે તમારે મન માલીક છે અને મન્ને પંથમાં તમને એ નિર્ભયપણે દોરનાર તમારા રાહબર છે. તમારા એ ગુરૂ છે, તમારા એ પીર છે, તમારા એ ઇશ્વર છે. તમારાથી બની શકે તેટલી રીતે અને કલ્પી શકાય તે તે રૂપમાં તમે તેમનું પુજન કરો છો.

ના. આગાખાન એક મહાન કુનેહબાજ રાજ્યદ્વારી પુરૂષ ઉપરાંત વિશેષ કાંઇ નથી એ સમજાવવા હું અત્યારે તમારી આગળ શબ્દો નહિ બગાડું. અત્યારે એ માટે કાંઇ વર્ણન કે સ્પષ્ટપણ કરવું એ નિરર્થક છે. કારણ કે 'બોત ગઇ અને થોડી રહી' ની કહેવત મુજબ ના. આગાખાનનું શાસન ચાલ્યું તેટલું ચાલવાનું સાધન હવે રહ્યું નથી.

ના. આગાખાન વયોવૃદ્ધ થયા છે, અને એ કારણે અત્યારે તેમના મોટા પુત્ર અલી સલમાન ખાનને તેમનાજ જેવા અને તેમનાજ જેટલા ઉંચા સ્થાને બેસારી દેવા માટે જે યુકિતપૂર્વકની ખટપટ ચાલે છે એ ભય તરફ લાલ બત્તી ધરવા હું ઇચ્છું છું.

આ પત્ર હું ઉપર કહી ગયો તેવા ના. આગાખાનને સાક્ષાત ઇશ્વરનો અવતાર માનનારા ચૂસ્ત ભકતોને ઉદ્દેશીનેજ લખું છું. જેઓના મનમાં એમ હોય કે ના. આગાખાન ખુદા હોવાની હકીકત બનાવટી છે તેમના માટે હું આ નથી લખતો. આવા ચૂસ્ત ભકતોને હું પુછું છું કે તમારા હૃદય ઉપર હાથ રાખીને મને જવાબ આપો કે ના. આગાખાનને તમે ખુદા ગણો છો તો તેવાજ ખુદા તમે તેમના પુત્રને કેવી રીતે ગણી શકશો ? એક મીનીટ પહેલાં તમે જેમને સર્વશકિતમાન અને સર્વશ્રેષ્ઠ ગણતા તેને બીજીજ મીનીટે તમે એક સાધારણ માનવી ગણી બીજા સાધારણ માણસને સર્વશકિતમાન કહેવા તૈયાર છો ? ના. આગાખાનને તમે ખુદા કહ્યા; દશમા નકલંકી અવતાર તરીકે તમે તેમને જાહેર કર્યા. તો પછી અલી સલમાન ખાનને તમે ખુદાની ઉપરનો ખુદા અને અગીઆરમો અવતાર કેવી રીતે માની શકો ? જો સાચેજ તમે એટલા બધા ભોળા હો કે આવી સીધી અને સ્પષ્ટ વાત પણ ન સમજી શકો તો તમારી ભકિતમાં જરૂર ખામી માનજો. તમે દંભ કરો છો અને તમે જેને સાચું કહો છો તેને ખરેખર સાચું માનતા નથી એવો અર્થ જો તમે અલી સલમાન ખાનને હાજર ઇમામ કે દશમા નકલંકી તરીકે સ્વીકારો તો જરૂર નીકળે. મારી બુદ્ધિ અને સમજણ શકિત અનુસાર હું આ તમને નથી કહેતો, પણ તમારીજ સમજણ શકિતનો આધાર બતાવીને હું તમને પુછું છું.

વ્હાલા ભાઇઓ, તમને ચેતાવ્યા વીના મારાથી રહી શકાતું નથી કે એક જાળમાંથી કુદરતના બળે તમે છુટા થવા આવ્યા છો તે વખતે તમને નવી જાળમાં જકડવાના નીચ પ્રયત્નો અત્યારે થઇ રહ્યા છે. "ખોજા જાગૃતિ" શીવાયના બીજા બધા આપણા કોમી પત્રો તમે બારીકીથી જોઇ જજો અને તમને આ વસ્તુ દેખાઇ આવશે. કોઇ અલી સલમાન ખાનને પ્રતિનીધી કહે છે તો કોઇ વળી 'વલી અહદ' જેવું ભભકાદાર નામ આપે છે. અલી સલમાન ખાનના હિંદના પ્રવાસના વર્ણનો બહુજ ભકિતપૂર્વક આલેખવામાં આવે છે, અને એક અથવા બીજી રીતે તેમને અણઘટતું વધારે પડતું માન આપવામાં આવે છે. મુબારકીના સંદેશાઓ મોકલાય છે અને જવાબમાં દુઆ આશીષ ફરમાવાય છે. જન્મદિવસ ન હોય તેવા દિવસે ના. આગાખાનની સાથેજ તેમની સાલગ્રેહ મોટા ભભકાથી ઉજવવામાં આવે છે અને ઠેક ઠેકાણે તેમના જુદી જુદી જાતના ફોટાઓનો પ્રચાર કરવામાં આવે છે. ના. આગાખાનને બદલે છેલ્લા થોડાંક વરસોથી સલમાન ખાનજ હિંદની મુલાકાતે પધારે છે, અને તેમના પિતાને અપાય તેટલુંજ માન તેમને આપવામાં આવે છે. આ વસ્તુ-સ્થિતિ એમ સ્પષ્ટ બતાવે છે કે ના. આગાખાનની જગ્યાએ અલી સલમાન ખાનને ગોઠવી દેવાની તરકીબો થઇ રહી છે. એ તરકીબો ઘણી ઉંડી છે અને તેની પછવાડે જગતનું એક સારામાં સારૂં બુદ્ધિમાન ભેજું કામ કરી રહ્યું છે.

પ્રિય બીરાદરો, તમારી મુકિતનો કાળ નજીક આવ્યો છે ત્યારે નવા બંધનથી બંધાશો ના. બુદ્ધિને સચેત કરજો અને હૃદયને જાગૃત રાખજો. રખે, તમને કોઇ બનાવી ન જાય !

ખુદા તમને સદ્દબુદ્ધિ આપે !

લી. તમારોજ સેવક,
**"એક જ્ઞાતિભાઇ."**

# ઇશ્વર અને અવતાર.

લેખક : શ્રી. " વિજ્ઞાની. "

ઇશ્વર અવતાર લે કે કેમ ? એ પ્રશ્ન બહુજ ગુંચવડ ભરેલો છે. ઇશ્વર શબ્દને પૃથકપણે નિહાળીશું તો તેમાં **ઈશ્** ધાતુ રહેલો દેખાશે. **ઈશ્** એટલે to govern–રાજ્ય કરવું. હવે રાજ્ય કરનાર તે ઇશ્વર. અને અવતાર ને છુટા પાડતાં– **અવ** એટલે નીચે અને **તૃ** એટલે to move– ચાલવું. અવતાર એટલે નીચે આવવું તે. એટલે ઉંચી જગ્યાએથી નીચે આવવું.

ઇશ્વર ખરી રીતે એક મોટા રાજાને કહી શકાય. પણ સમય વીતતાં ઇશ્વર શબ્દ પ્રભૂ અને ખુદા તરીકે વપરાય છે. હવે ઇશ્વરને એક મહાન વ્યક્તિ ગણીએ કે જેણે આ બધું બનાવ્યું છે; કે જેને સૃષ્ટા–સૃષ્ટિનો સરજનહાર–કહીએ તો ચાલે. આપણે તો આપણી એકજ સૃષ્ટિથી પરિચિત છીએ. આપણા એક સૂર્યમંડળની પણ આપણને પુરેપુરી માહીતી નથી. આપણા સૂર્યમંડળમાં દશ ગ્રહો અને કેટલાયે ઉપગ્રહો છે. આ સૂર્યમંડળનું ચક્ર નિયમિત રીતે ચાલ્યા કરે છે. પૃથ્વિ પોતાની ધરી પર ૨૪ કલાકમાં એક આંટો ફરી રહે છે, અને સૂર્યની આસપાસ ફરતાં એક વર્ષમાં એ ઋતુઓ (ભૌગોલિક દ્રષ્ટિએ) નિયમિત રીતે કરે છે. આ ગતિમાં જરાયે ફેર નથી પડતો. આ તો એક સૂર્યમંડળની વાત, પણ વિજ્ઞાન શાસ્ત્રીઓએ એવા કેટલાએ સૂર્યમંડળો છે એવું ગણિતથી શોધી કાઢ્યું છે; અને એ બધા સૂર્યમંડળોનું યંત્ર એટલુંજ નિયમિત છે.

જે મહાન વ્યકિતએ આવું અલૌકિક વિશ્વ રચ્યું છે અને એ વિશ્વનું યંત્ર નિયમિત રીતે ચાલે તે માટે નૈસર્ગિક નિયમો ઘડયા છે, તેને પણ આપણી પૃથ્વિ માટે અને તેમાં સંચરતા એ પગાં પ્રાણિઓ–મનુષ્યો–માટે અવતાર લેવાની જરૂર પડે એ વાત સોળ આના વિચિત્ર છે. સૂર્યની ગતિ કે પૃથ્વિની ગતિ કોઇ દિવસ અટકાઇ ન જાય તે માટે ઇશ્વર તપાસવા નીકળતા હોય તો જાણે ઠીક. પણ આ તો ખાસ કરીને હિંદુસ્તાનના માણસોની ધાર્મિક ગતિ ન અટકાય તે માટે ઇશ્વર અવતાર લીએ છે, ઉંચેથી નીચે પડે છે; અને એ પણ જે મનુષ્યોની ધાર્મિક ગતિને ચીલે ચડાવવા માગે છે તેનેજ પેટે અવતાર લે છે!! આ કલિયુગમાં ખોજા કોમે શાએ પુન્યો કર્યા હશે કે ભકતોએ કહેલ થનાર નકલંક દેવે ખાસ ખોજા કોમ માટેજ અવતાર લીધો છે અને નામદાર આગાખાન શ્રી નકલંક દેવ બીજી કોઇ કોમ માટે કંઇ ન કરતાં ખોજા માટે ખાસ મહેનત લઇને ફરમાનો કાઢે છે અને કહેવડાવે છે કે રામાવતાર અને કૃષ્ણાવતાર મ્હેંજ લીધો હતો.

હવે લવ અને કુશ પોતાની પત્નીઓ સાથે ઇરાનની મુસાફરીએ ગયા હતા તેની સાક્ષી ઇતિહાસમાંથી મળતી નથી. અથવા શ્રી કૃષ્ણના પુત્ર અનિરૂદ્ધ ઓખા હરણ કરતાં ઓખાના રાક્ષસ પિતાની બ્હીકથી કયારે ઇરાન તરફ નાસી ગયા હતા તેનું કાંઇ પણ વર્ણન મહાભારતમાંથી મળતું નથી. આવી સચ્ચોટ માહીતી કયાંથી પણ મળતી ન હોવા છતાં એ ધાર્મિક નાઇટ સ્કુલો (ખાનામાં ચાલતી રાત્રિશાળાઓ) માં બાળકોને શીખવવામાં આવે છે કે ના. આગાખાન રામ અને કૃષ્ણથી સીધા ઉતરી આવેલા છે માટે દશોંદ આપો, કાંગવા ભરો, મોટું કામ કરાવો; નહિ તો નર્કે જશો. પીર સદરદીનની "બાવન ઘાટી" ની યાદગીરી આપે છે. બાળકો થરથરે છે. સ્વપ્નામાંએ ના. આગાખાન પાસે તોબાહ માંગતા હોય છે, અને બાપાના ખીસામાંથી ચોરી કરીને પૈસા ખાનામાં નાખે છે કે– ગઇ કાલે દુઆ એક ધ્યાનથી [illegible] ન હતી. પણ પીર સદરદીન સાહેબ જયારે દુઆ એરણ પર મુકીને ઘડતા હતા ત્યારે એ પણ કયાં એક ધ્યાનમાં હતા કે તે દુઆ પડનાર પાસે એક ચિત્તની આશા રાખી શકે? " દુઆ પડો અલ્લાહ મહેરીઆ હક નામ ગીનો " એ કચ્છી ભાષાથી શરૂઆત કરીને તેઓ Poetic mood ( કવિ-અવસ્થા ) માં આવી જાય છે અને પોતાના અસલ વતનની ભાષા યાદ આવતાં current of imagination ( કલ્પના–પ્રવાહ ) બદલે છે. "સચ્ચો વચન સુબહાન અલ્લાહ" થી એરેબીક મીશ્રીત પર્શીઅન ભાષાને સ્થાન આપે છે અને "બીસમીલ્લાહ રહેમાનીર રહીમ" માં તેવણની Imagination is at its Zenith ( કલ્પના સર્વોચ્ચ શીખરે પહોંચે છે.) અને આ શીખતાં બાળકને એક માસ લાગે છે. છતાંએ આ બધું ધર્મના નામે ચલાવી લેવામાં આવે છે. દુઆમાં પણ પૈસા આપવાની વાત કયાં નથી? દુઆ પુરી થતાં પહેલાં-- "દીઓ ખટે પીટાનજી, સાર, સંભાર, ઉછીનું પાછીનું, સારી ધ્રામ સારે સરકારમેં દીજા." ન હોય તો ઉછીનું લઇને આપવું. અને પાછીનું– ગમે તેમ કરીને પણ 'સરકાર' ના. આગાખાનને આપવું.

આપણે ખોજા મુસલમાનમાં ગણાયે છીએ, પણ આપણે કુરાનમાં માનતા નથી. કુરાનમાં ચોકખું કહેલું છે કે ખુદા કોઇ વખત અવતાર નહિ લીએ. મહમદ સાહેબને પણ પયગમ્બર કહ્યા છે. આપણે હઝરત અલીને ખુદાના અવતાર તરીકે માનીએ છીએ તે ભૂલ ભરેલું છે. હઝરત અલીએ 'હું ખુદા છુ" એમ કહ્યું ન હતું કે કહેવડાવ્યું પણ ન હતું. પણ જો આપણે હઝરત અલીને ખુદા માનીને કાફરમાં ગણાતા હોઇએ તો એ બધું પીર સદરદીનના ફળદ્રુપ ભેજાને આભારી છે.

શ્રદ્ધાવાળા ક્રીશ્ચીઅન ઇસુને ઇશ્વરના પુત્ર તરીકે માને છે, પણ ઇશ્વર તરીકે તો નહિજ. અને જ્યારે પોપની સત્તા યુરોપમાં [illegible] પડી અને પોપે મુકિત માર્ગના શેરો કાઢયા ત્યારે જર્મનીના એક ખેડુતના છોકરાથી ન રહેવાયું. એ જ્યારે પોપની સત્તા સામે થયો ત્યારે પોપ કાર્ડીનલ લીગેટને ઑસબર્ગમાં લ્યુથરને સમજાવવા માટે મોકલે છે. કાર્ડીનલે શામ, દામ, દંડ અને ભેદની બધી યુકિતઓ વાપરી જોઇ. પણ–To the amazement of the proud Italian, a poor peasant's son–a miserable frior of the country-town–was prepared to defy the power and resist the prayers of the Sovereign of Christendom.

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૫૯ )

# ચકચારભર્યો બદનક્ષી કેસ.

## અપીલમાં થયેલી દલીલો.

( અમારા પ્રતિનીધી તરફથી. )

રાજકોટ, તા. ૩૦ જુન.

ચકચારભર્યા બદનક્ષી કેસમાં ફરીયાદી તરફથી દાખલ કરવા-માં આવેલ રીવીઝન અપીલની સુનાવણી ગઈ કાલે અત્રેની નામદાર હજુર કોર્ટમાં નીકળી હતી તે આજે પુરી થઇ છે.

મુકદ્દમાની વિગત ટુંકમાં એવી છે કે મુંબઇથી પ્રસિદ્ધ થતા "ઇસમાઇલી" અઠવાડીકના અધીપતિ મી અલીમામદ જાનમામદ ચુનારા ઉપર અત્રેના શ્રી. કાનજી ગુલાભાઇએ ઈં. ફો. કા. ક. ૫૦૦ મુજબ પોતાની બદનક્ષી કર્યાની ફરીયાદ કરી હતી. જે ઉપરથી અત્રેના મે. ફ. ક. મેજીસ્ટ્રેટે મી. ચુનારાનો રૂા. ૧૦૦) દંડ કર્યો હતો. આથી અસંતોષ થવાથી શ્રી. કાનજી ગુલાભાઇએ સજા વધારવા માટે રીવીઝન અપીલ કરી છે.

અરજદારના ધારાશાસ્ત્રી મી. એલ. કે. મહેતા, એડવોકેટ હાજર નહિ થઇ શકવાથી તેમના વતી એજન્સીના જાણીતા વકીલ મી. ચીમનલાલ નાગરદાસ શાહ, બી. એ.; એલ. એલ. બી. હાજર થયા હતા જ્યારે સામાવાળા તરફથી મી. ચીનાઇ બાર-એટ-લૉ હાજર રહ્યા હતા.

શરૂઆતમાં મી. ચીનાઇએ પોતાના ભાષણ દરમ્યાન જ-ણાવ્યું કે "સુધારેલા કાયદા મુજબ આવી રીવીઝન અપીલ સજા વધારવા માટે કરવામાં આવે ત્યારે બચાવ પક્ષ પોતાને નિર્દોષ ગણી સંપૂર્ણ જતા કરવાની માગણી કરી શકે છે. તે મુજબ હું પણ એવી માગણી કરવા ઇચ્છું છું કે મારા અસીલનો થયેલ દંડ માફ કરી તેને જતો કરવો.

આ કેસ એક તંત્રી. સામે છે કે જે ઓનરરી-કાંઇ પણ પૈસા લીધા વગર– કામ કરે છે. એક ધંધા તરીકે કે પૈસા પેદા કરવાના ઉદ્દેશથી તે આ કામ કરતો નથી.

તા. ૩–૧–૩૨ વાળું વાંધાભરેલું લખાણ કહેવામાં આવે છે તેમાં લખેલ એ હકીકત સાચી છે કે અરજદારને નાતબહાર મુકવામાં આવેલ હતા.

કેસની શરૂઆતથી તે અત્યાર સુધી મારા અસીલે જે વલણ અખત્યાર કરી છે તે ના. કોર્ટે લક્ષમાં લેવી જોઇએ છે. પ્રથમજ મારા અસીલે એક અરજી દાખલ કરી હતી તેમાં દીલગીરી બ-તાવી માફી માગવાની તૈયારી દેખાડવામાં આવી હતી. પણ ફરી-યાદીએ તે કબુલ કરી હતી નહિ. ત્યાર પછી પણ મારા અસીલે પોતાના સ્ટેટમેન્ટમાં પણ એ અરજીને પકડી રાખી સુજનતા બતાવી હતી.

ફરીયાદી કેદ થયા એ હકીકત સાચી છે એમ કહી અમે કેસમાં લડાયક વૃત્તિ ધારણ કરી નથી. આ સંબંધમાં માત્ર એજ સાક્ષીઓ તપાસવામાં આવ્યા છે કે જેઓ માત્ર અહીં તહીં-ની અફવાની વાત કહી ગયા છે.

વાંધાભરેલા લેખમાં જે હકીકત પ્રગટ કરવામાં આવી છે તે કોઇ ફોઝદારી બાબતને લગતી નથી, પણ દીવાની હકીકત સંબંધેની છે.

મારા અસીલનું આવું વર્તન છતાં ફરીયાદીએ મારા અસીલ ઉપર ગંભીર પ્રકારના ફોઝદારી ગુન્હાઓનો આક્ષેપ મુકયો છે કે પી. ૧/૨૩ અને પી. ૧/૨૪ વાળી જાસા ચીઠ્ઠીઓમાં ફરીયાદીનો જાન લેવાની ધમકી આપવામાં આવી છે તેમાં મારા અસીલનો હાથ હતો. આ હકીકત પુરવાર થઇ શકી નથી અને એ ખોટી છે એમ જાણવા છતાં ફરીયાદીએ તે સાચી હોવાનું કહી ના. કોર્ટ આગળ રજુ કરેલ છે. ફરીયાદીએ ના. કોર્ટના હુકમ છતાં મારા કેટલાક સવાલોના જવાબ નહિ આપીને કાયદેસર ગુન્હો કર્યો છે.

રીવીઝન અપીલમાં કહેવામાં આવ્યું છે કે મારો અસીલ ઓનરરી એડીટર છે તેમ સાબીત થયું નથી. આ સંબંધમાં હાજીમામદ સાહેદને તપાસવામાં આવ્યો છે અને તે કહે છે કે તે ઓનરરી કામ કરે છે.

બીજી વાત એ કહેવામાં આવી છે કે મારો અસીલ આબરૂ-દાર વેપારી છે તેમ સાબીત થયું નથી. આ સંબંધમાં પણ હાજીમામદ સાહેદ કહે છે કે તે આબરૂદાર વેપારી છે તે એ પોતે જાણે છે

ત્રીજી વાત એ કહેવામાં આવી છે કે મારા અસીલની વર્તણુક સારી છે તેમ પુરવાર થયું નથી. આ બાબતમાં હું આપ નામદારને મેં શરૂઆતમાં કરેલ અરજી અને મારા અસીલનું સ્ટેટમેન્ટ તપાસી જોવા અરજ કરૂં છું. એ બન્ને ઉપરથી આપને ખાત્રી થશે કે મારા અસીલની વર્તણુક પહેલેથીજ સારી હતી. વળી જે હકીકત પ્રગટ થઇ ગઇ છે તે સાચીજ છે એમ પુરવાર કરવાનો અમે પ્રયત્ન કર્યોજ નથી.

ફરીયાદી તરફથી એવો એક પણ સાક્ષી રજુ કરવામાં આવ્યો નથી કે જેણે એમ કહ્યું હોય કે વાંધાભરેલું લખાણ વાંચીને તેને ફરીયાદી તરફના માનમાં ઘટાડો થયો હોય કે તેને તેણે હલકો ગણ્યો હોય.

મારા અસીલને અવારનવાર આ કેસ લડવા માટે મુંબઇથી આવવા જવામાં જે તકલીફ અને ખર્ચ થયેલ છે એ પણ એક જાતની શિક્ષાજ ગણી શકાય. આ હકીકત પણ આપ નામદારે લક્ષમાં રાખવાની છે.

મારો અસીલ આવા વિધવિધ વર્તમાન છાપવાનું કામ કરતો નથી અને જે બે માણસો તે કામ કરે છે તેના નામ પણ તેણે આપ્યા છે. ફરીયાદ પક્ષ તરફથી એમ કહેવામાં આવે છે કે શા માટે એ બે માણસોને સાક્ષી તરીકે રજુ કરવામાં આવ્યા નહિ ?

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૫૯ )

# સપ્તાહનો સાર.

**શ્રી. બોઝનું ભાષણ :** વીએનાના અંગ્રેજી જાણતા શહેરીઓની કલબમાં ભાષણ કરતાં હિંદના જુવાન નેતા શ્રીયુત સુભાષચંદ્ર બોઝે જણાવ્યું હતું કે, "હિંદ સાથે સુલેહ કરવાની આ તક ગુમાવવા માટે વહેલે મોડે બ્રીટીશ મુત્સદીઓને જરૂર દીલગીરી થશે. સ્વતંત્રતા જીતાય નહિ ત્યાં સુધી લડત ચાલુ રાખવાને આજના હિંદીઓ મક્કમ છે. જ્યાં સુધી હિંદ અને બીજા દેશો સ્વતંત્ર નહિ થાય ત્યાં સુધી દુનિયામાં શાંતિ સ્થપાશે નહિ." હિંદ સ્વતંત્રતા માટે લાયક નથી એમ કહેનારાઓનો તેમણે સખત વિરોધ કર્યો હતો.

**પં. જવાહરની મુલાકાત :** પં. મદનમોહન માલવીયાએ પં. જવાહરલાલ નહેરૂની દહેરાદુન જેલમાં મુલાકાત લઇ દોઢ કલાક સુધી વાતચીત કરી હતી.

**બ્રીટનનું જાસુસી ખર્ચ :** મહાન યુરોપીય યુદ્ધને ચૌદ વર્ષ થઇ જવા છતાં ગ્રેટ બ્રીટન હજુ પણ એક ગંજાવર જાસુસીખાતું નીભાવે છે. એ ખાતાં પાછળ દર વરસે ૧૮૦,૦૦૦ પાઉંડ ખર્ચવામાં આવે છે. યુરોપ અને એશીઆમાં આ ખાતાંના હજારો પુરૂષો અને સ્ત્રીઓ જીવને જોખમે કામ કરે છે. દરેક બ્રીટીશ એલચીની પાસે પરરાજ્યની છુપી બાબતો પડાવી લાવનાર એક સ્ત્રી જાસુસ હોય છે.

**જામનગરમાં આકરાં પગલાં :** નવા જામસાહેબ શ્રી દિગવિજયસિંહજી ગાદી ઉપર આવ્યા પછી જામનગરમાં અનેક અવનવા ફેરફારો થઇ રહ્યા છે. દીવાસળી અને ખાંડ ઉપરની ભારે જગાતો કાઢી નાખવામાં આવી છે. એક વખતના બહોળી સત્તા ધરાવનારા શેઠ પેસ્તનજી સામે રાજ્યે વીરમગામની લાઇનદોરીની જગાતના રૂા. ૪૫) લાખ હિંદી સરકારને ભરવાના હતા તે બીજાં ખાતાંઓમાં અયોગ્ય રીતે ખર્ચી નાખવાનો આરોપ મુકી તેમને ગીરફતાર કર્યા છે. શેઠ પેસ્તનજીએ આ પેટે રૂા. ૧૫) લાખ ભરી દીધા છે. ન્યાયની અદાલતમાં ખુલ્લી તપાસ ચલાવવામાં આવશે તેમ કહેવાય છે.

**"સત્ય મિત્ર" ના અધિપતિ સામે ફરીયાદ :** મુંબઇના અઠવાડીક ગુજરાતી પત્ર "સત્ય મિત્ર" ના અધિપતિ મી. શાવક દલાલ સામે મુંબઇના કટલરીના વેપારી સુલેમાન તારમહમદે પોતાની બદનક્ષી કર્યાની ફરીયાદ નોંધાવી છે.

**દરગા સાચવનારને કાઢી મુક્યા :** નીઝામ સરકારે એક ખાસ ગેઝેટ પ્રસિદ્ધ કરી પ્રખ્યાત ઓલીયા બંદા નવાઝની ગુલબર્ગા ખાતેની દરગા સાચવનાર સઝ્ઝાદને તેની ચાલચલગત સુધારી પ્રજાને જવાબદાર રહેવાની ચેતવણી આપ્યા છતાં તેમ નહિ કરવાથી દરગા ઉપરથી ફારેગ કરી તેના મોટા દીકરાને તે હક આપ્યો છે. છોકરો સગીર હોવાથી રાજ્ય તરફથી મેનેજર નીમવામાં આવ્યો છે.

**દરીયામાં સાપ સાથે જંગ :** ગઇ તા. ૨૫ મી ના રોજ મુંબઇના ચોપાટીના દરીયામાં એક હૃદય ધડકાવનારો બનાવ બનવા પામ્યો છે. દરીયો તોફાને ચડયો હતો. એક ખારવો એક નાનકડી હોડીમાં એ તોફાનમાં સપડાઇ ગયો. પાણી હોડીમાં ભરાઇ ગયું તે સાથે એક ૩ ફુટ લાંબો સાપ તેની હોડીમાં ચડી બેઠો. જીવ બચાવવા ખારવાએ દરીયામાં ઝંપલાવ્યું. સાપ પણ તેની પાછળ દરીયામાં પડયો. ખુબ દોડાદોડી અને લડાઇ થઇ. ખારવો મહા મહેનતે કીનારે આવ્યો. સાપ પણ પાછળ દોડતો કીનારે આવ્યો. ફરીથી ખારવો દરીયામાં પડયો. સાપે તેનો કેડો મુકયો નહિ. ફરી ખારવો સાપને ચુકવી કીનારે પહોંચ્યો. સાપ પણ પાછો આવ્યો. છેવટે એક ડાંગ મળી જવાથી ખારવાએ તે સાપને ફટકાવ્યો અને સાપ ત્યાંને ત્યાં મરી ગયો.

**મી. સીંહાનો ફુન્જારો :** પાર્લામેન્ટની સંયુકત સમિતિ સમક્ષ જુબાની આપતા મી. સચ્ચીદાનંદ સીંહાએ જણાવ્યું હતું કે "વ્હાઇટ પેપરમાં સૂચવાયેલ કરતાં વધુ સુધારા જો હિંદને નહિ આપવામાં આવે તો બંધારણવાદીઓ કોંગ્રેસવાદીઓમાં અને કોંગ્રેસવાદીઓ બળવાખોરોમાં પલટાઇ જવાનો ભય છે."

**હિંદના હિતશત્રુઓ :** હિંદુસ્તાનને રાજ્યદ્વારી સુધારાઓ આપવા માટે બ્રીટનની સરકારે વ્હાઇટ પેપર પ્રગટ કરેલ છે, એ સંપુર્ણ અસ્વિકાર્ય છે અને અધુરો તથા અસંતોષકારક છે એમ હિંદના દરેક પક્ષે જણાવી દીધું છે. આમ છતાં પણ ઇંગ્લેંડનો એક જુના વિચારનો નેતા વીન્સેન્ટ ચર્ચીલ બરાડા પાડે છે કે વ્હાઇટ પેપરમાં બતાવવામાં આવેલા સુધારાઓથી પણ હિંદને ઘણું ઓછું આપવું. કોનઝરવેટીવ પક્ષનો એક બીજો નેતા બોલ્ડવીન છે તે વ્હાઇટ પેપરની તરફેણમાં છે. આ બે વચ્ચે ફેંસલો લાવવા માટે ગઇ તા. ૨૮ ના રોજ લંડનમાં આખા ઇંગ્લેંડના કોનઝરવેટીવોની એક ગંજાવર સભા મળી હતી. બન્ને પક્ષે જોરદાર ભાષણો કર્યાં હતા. ચર્ચીલની હાર થઇ છે. આ બનાવથી હિંદના રાજ્યદ્વારી કેદીઓના છુટકારાના પ્રશ્નને સારી અસર થવાની વકી રહે છે.

**યુરોપનો મામલો :** જર્મની અને ઓસ્ટ્રીયા વચ્ચેના સંબંધો બહુજ કડવા થઇ પડયા છે. બીજી તરફ ઓસ્ટ્રીયા અને હંગરી જુની રાજસત્તા નીચે જોડાઇ જવાની વાતો જોર પકડે છે. જર્મની ઉપર એ પરદેશી વીમાનોએ ઉડી સરકાર વિરૂદ્ધના ચોપાનીયા વ્હેંચવાથી જર્મની છેડાઇ પડયું છે. આર્થીક પરિષદના જર્મન પ્રતિનીધીના ઠરાવમાં રશીયા સામે લડવાને એકત્ર થવાનો ઇસારો છે એમ સોવીએટના પ્રતિનીધીઓ વાંધો લ્યે છે. આર્થીક પરિષદ નિષ્ફળ નીવડશે તેવો ભય વધતો જાય છે. પરિણામે ફરી વખત ખુનખાર યુદ્ધ થાય તો બનવાજોગ છે.

**મૌ. શૌકતઅલીની બદનક્ષી :** મૌ. શૌકતઅલીએ મુંબઇના જાણીતા અંગ્રેજી દૈનીક "ફ્રી પ્રેસ જર્નલ" સામે માંડેલ બદનક્ષીની ફરીયાદની સુનાવણી આવતી તા. ૧૨ મી જુલાઇ ઉપર મુલતવી રહી છે.

**૭૫ રતલ ઘટયા :** સરહદના ગાંધી ખાન અબદુલ ગફુરખાનના ભત્રીજા ખાન અબદુલ્લાને મુલતાન જેલમાંથી શીયાલકોટ જેલમાં ખસેડવામાં આવ્યા છે. છેલ્લા છ મહીનાથી તેમને દરરોજ તાવ આવે છે અને તેમનું વજન જે ૧૮૫ રતલ હતું તે ઘટીને ૧૧૦ રહ્યું છે.

( અનુસંધાન પાના ૧૫૭ થી )

પણ કોઇપણ માણસ આંહી આવી સપડાવા તૈયાર નજ હોય. એટલે મારા અસીલના પ્રયત્નો છતાં તે લોકો સાક્ષી દેવા આવેજ નહિ એ સમજી શકાય તેવું છે.

મારા અસીલને દંડની શિક્ષા થયા છતાં ફરીયાદીને સંતોષ થતો નથી અને તે એને કેદમાં ગયેલો જોવા માગે છે. ફરીયાદીની આ વલણ ઉત્તેજનને પાત્ર નથી.

આ બધી હકીકત ધ્યાનમાં લઇ કલમ ૫૬૨ ને। મારા અસીલને લાભ આપી તેને શીખામણ આપી આપ થયેલ દંડ માફ કરી તેને જતો કરશો તેવી હું આપને અરજ કરૂં છું."

બાદ મી. ચીમનલાલ શાહે પોતાનું ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે "આપ નામદારને હું પ્રથમ એ જણાવીશ કે બચાવ-પક્ષના ધારાશાસ્ત્રીએ પોતાના અસીલને નિર્દોષ ગણીને છોડી મુકવા સંબંધમાં કાંઇ ખાસ ભાર મુક્યો નથી.

તહોમતદાર વાંધાભરેલું લખાણ પ્રગટ થયું ત્યારે મુંબઇ-માંથી ગેરહાજર હતો એ વાતને એક પણ સાક્ષી ટેકો આપતો નથી. માત્ર પ્રતિજ્ઞા વગરના તેના સ્ટેટમેન્ટમાંજ તે એ વાત કહે છે.

હાજીમામદ સને ૧૯૨૭ થી આ છાપાખાનામાંથી છુટો થયો છે એટલે એ જે વાત કહે છે તેના ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

જે બે માણસોએ વાંધાભરેલું લખાણ છાપ્યાનું કહેવામાં આવે છે તેને સાક્ષી તરીકે રજુ કરવામાં આવ્યા નથી જો તે લોકો પકડાઇ જવાની બીકથી ન આવતા હોય તોપણ મુંબઇના બીજા સ્વતંત્ર સાક્ષીઓ જરૂર રજુ કરી શકાય કે જે એમ કહે કે વિધવિધ વર્તમાન વિગેરે કામ તહોમતદાર કરતો નથી એ અમે જાણીએ છીએ. પણ આવા પણ કોઇ સાક્ષી રજુ કરવામાં આવ્યા નથી.

આ કેસમાં ગુન્હાનું પ્રમાણ અને શિક્ષાની યોગ્યતા એ બે મુદ્દાઓ ઉપર આપે વિચાર ચલાવવાનો છે.

આ માટે આપ નામદારે વાંધાભરેલું લખાણ પ્રગટ થયું તે પહેલાં શું સ્થિતિ પ્રવર્તતી હતી તે લક્ષમાં લેવું જોઇએ. ખોજાઓની કાઉન્સીલ સામે રાજકોટ ખોજા યુવક મંડળે સુ-ધારાની માગણી કરી પોકાર ઉઠાવ્યો ત્યારથી તે છેવટે વાંધા-ભરેલો લેખ પ્રગટ થયો ત્યાંસુધી તહોમતદાર તેની વિરૂદ્ધ લખતો આવ્યો છે. મારા અસીલે સુધારાની આ પ્રવૃત્તિમાં કાઠીયાવાડ ખોજા યુવક સંમેલનનું પ્રમુખસ્થાન સ્વીકારી અગ્રભાગ લીધો ત્યારથી તે તેની સામે બની શકે તેટલું લખે છે. ( આંહી મી. શાહે ફરીયાદી તરફથી રજુ થયેલા "ઇસમાઇલી" ના લેખોના એકઝીબીટો એક પછી એક બધા ના. કોર્ટ સમક્ષ વાંચી સંભળાવ્યા હતા. ) આ બધા લખાણો મારા અસીલની ગંભીરમાં ગંભીર બદનક્ષી કરનારા છે. વાંધાભરેલો લેખ કાંઇ અકસ્માતથી પ્રગટ થયો નથી. પણ જાણી બુઝીને આગળથી તૈયાર કરેલી અને અમલમાં મુકાયેલી યોજનાનો એ એક ભાગ છે. મેં જે આ બધા એકઝીબીટો આપ નામદાર સમક્ષ વાંચી સંભળાવ્યા તે શું બધા અકસ્માતથીજ પ્રગટ થયા છે? નહિ, એ જાણી બુઝીનેજ લખવામાં આવ્યા છે, અને મારા અસીલની ચાલુ ગંભીર બદનક્ષી કરવાનોજ તેમાં હેતુ સમાયેલો છે.

( ચાલુ ).

( અનુસંધાન પાના ૧૫૬ થી )

પણ આશ્ચર્યચકિત થઇને એ મદાંધ ઇટાલીઅને જોયું કે એક ગરીબ ગામડીઆનો છોકરો–ગામડાનો એક કંગાલ પાદરી–ક્રીસ્ટેનડમના શહેનશાહની સત્તા અને અરજી નાકબુલ કરવાને તૈયાર થયો હતો.

"What!", said the Cardinal at last to him, "Do you think the Pope cares for the opinion of a German boor? The Pope's little finger is stronger than all Germany. Do you expect your princes to take up arms to defend **you–you**, a wretched worm like you? I tell you 'no'! And where will you be then? Where will you be then?"

છેવટે કાર્ડીનલે તેને કહ્યું. "શું તું એમ માને છે કે તારા જેવા એક જર્મન રેંચાના અભિપ્રાયની પોપને કાંઇ દરકાર છે? પોપની એક નાનકડી આંગળી આખા જર્મની કરતાં વધુ બળવાન છે. તું શું એવી આશા રાખે છે કે તારો રાજા તારૂં રક્ષણ કરવા હથીઆર ઉપાડશે? તારૂં–એક અધમ મગતરાંનું–રક્ષણ કરવા? હું તને કહું છું કે 'નહિ'! ત્યારે તું કયાં જઇશ? ત્યારે તું કયાં જઇશ?"

"Then as now", replied Luther, "then as now, in the hands of Almighty God."

"જેમ અત્યારે છું તેમ," લ્યુથરે જવાબ આપ્યો, "જેમ અત્યારે છું તેમ, સર્વ શક્તિમાન ઇશ્વરના હાથમાં."

અને એજ ગામડીઆએ પોપની સત્તાના ટુકડે ટુકડા કરી નાખ્યા.

પોપની સત્તા તોડવા માટે એકજ માર્ટીન લ્યુથર બસ હતો. પણ આગાખાની સત્તા તોડવા માટે દરેકે દરેક ખોજા યુવકે માર્ટીન લ્યુથર થવું જોઇશે. એ વિના એ સત્તા તુટવાની નથી.

---

## વેપાર સમાચાર.

( ૧–૭–૩૩ )

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૩૫૬ ગાંસડીઓ વેચાણી છે. બજાર મજબુત છે. અત્યારે સ્થાનિક બજાર રૂા. ૧૫) જેવો થઇ ગયો છે. લંડનમાં ચાલતી દુનિયાની આર્થીક પરિષદ-નો નીવેડો ન આવે ત્યાં સુધી બજાર ટકી રહેવા ધારણા છે.

**રૂત :** ભરૂચ ૨૧૪, ફીચર ૨ મંદા.

**અનાજ કરીયાણું :** ૧ાાક્ષા ૨)ના ઘઉં. ૧ા≈ ૧ાા જુવાર. ૧ાાક્ષ ૨) બાજરો. ૨) ૨)‒ મગ. ૧ાા≈ા ૧ાાક્ષા ચણા દેશી. ૧ાાક્ષ ૧ાા ચણા પરદેશી. ૧ા≈ કમોદ ઝીણી. ૧)≈ કમોદ જાડી. ૨ાા ૨ાા≈ તલ. ૨ાા તલી. ૧ાા≈ એરડી ૧ાા≈ા એરડા. ૨) ૨)≈ ગોળ દેશી. ૨) ચણાની દાળ. ૧ાા‒ ૧ાાક્ષ મેથી. ૧ાા ૧ાા≈ મગફળી. ૧ાાક્ષ ૨)‒ અડદ. ૧ાા≈ રાઇ. ૧ાા મઠ. ૧) ૧)‒ કળથી. ૪ાા≈ ખાંડ. ૭) ૮ા કપાશીયા.

**ઘી :** ૨૨) મુંબઇ પરખ. ૧૫ાા ૧૬ તાજોરસ.

**તેલ** ૬) તલનું, ૪ાા શીંગનું.

# કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતિ" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૮૭.**

"સુપ્રીમ કાઉન્સીલ પાસે કેસ ચાલતો હોય અને તેમાં તે વખતના કાઉન્સીલના પ્રેસીડેન્ટનું હીત હોય તો કાઉન્સીલ પોતા પૈકી એકને પ્રેસીડેન્ટ નીમશે અને તે દરજ્જે તેને કામ કરવા દેશે."

આ કલમ બરાબર છે. એટલું સ્પષ્ટ કરવું જરૂરનું છે કે હિતવાળો પ્રેસીડેન્ટ તે વખતે પ્રેસીડેન્ટ તરીકે કામ કરી શકશે નહિ.

**કલમ ૮૮.**

"કોઇ નીરાધાર બાઇ અગર સગીર કોઇ દીવાની દાવામાં વાદી હોય અને તે વાદીનો સામાવાળો કાઉન્સીલ પાસેથી ઠરાવ લેવા નારાજ હોય તો પ્રતિવાદીને કાઉન્સીલ પાસેથી ઠરાવ લેવા સમજાવવામાં આવશે. પ્રતિવાદી પાસે કાંઇ પૈસા લેણા હોવાનું સાબીત થાય તો કાઉન્સીલ પોતાને યોગ્ય લાગે તેવી રીતે સદરહુ પ્રતિવાદી પાસેથી સદરહુ રકમ વસુલ કરશે અને તે સદરહુ નીરાધાર વાદીને આપશે."

કલમ ૮૫ ઉપરની ટીકામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે તે મુજબ આવા દીવાની અને ફોઝદારી મુકદ્દમામાં ડખલ કરવાનું કામ કાઉન્સીલનું નથી. કાઉન્સીલ પોતાના કર્તવ્યનું ક્ષેત્ર બરાબર સંભાળીને રાખે તો પણ ઘણું છે. નીરાધાર બાઇ કે સગીરની ચિંતાનો ડોળ કરી સત્તાનો શોખ પુરો કરવાની કાંઇ જરૂર નથી. જો કાઉન્સીલને આવા નીરાધારો કે સગીરોને માટે સાચેજ લાગણી હોત તો પોતાના કરવેરામાંથી તેમને તે મુકત રાખત. પણ તેમ નથી. નીરાધારોની તેને કાંઇ પડી નથી. વળી આ કલમમાં એમ સ્વીકારીજ લેવામાં આવ્યું છે કે કાઉન્સીલ પ્રતિવાદીને પોતાની પાસેથી ઠરાવ લેવા સમજાવે એટલે પ્રતિવાદી સમજીજ જાય. જો પ્રતિવાદી તે પ્રમાણે કબુલ થાય તો જુદી વાત છે, પણ જો તે કબુલ ન થાય તો કાઉન્સીલે કામ ચલાવવું નહિ એમ શા માટે સ્પષ્ટ લખવામાં આવ્યું નથી ? ઉપરાંત કોઇ રકમ લેણી હોવાનું કાઉન્સીલ સાબીત માને તો કાઉન્સીલને યોગ્ય લાગે તે રીતે તે વસુલ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. કાઉન્સીલ પાસે જપ્તીદાર કે નાજર કે પોલીસ કે એવી કોઇ રાજ્યની કારોબારી સત્તા નથી. એટલે આ 'યોગ્ય લાગે તે રીત' નો અર્થ એટલોજ થાય છે કે કોમી વહીવટ માટે યોજાયેલી રીતો આવા દીવાની કેસોમાં પણ કાઉન્સીલ વાપરે અને તેના હુકમને ન માનનારના શાદી અગર ગમીના પ્રસંગો અટકાવી, લગ્ન અથવા મૈયત રોકીને તે રકમ વસુલ કરે. આ તદ્દન અઘટીત અને અન્યાયિ છે. લેવડ દેવડના સંબંધમાં પણ કાઉન્સીલ વચમાં પડે અને પોતાના નાતબહારીના કે બીજા સામાજિક બહિષ્કારના હથીયારનો ઉપયોગ કરે એ ન ચલાવી લઇ શકાય તેવો જુલ્મ છે. દીવાની અને ફોઝદારી કેસોમાં વચમાં પડવાની જે જે કલમો હોય તે બધીને કાઉન્સીલના કાયદાની ચોપડીમાંથી ભુંસી નાખવી જોઇએ.

**કલમ ૮૯.**

"આપણા ઇમામી ઇસ્માઇલી ભાઇઓમાં કાંઇ લેણદેણ સંબંધે કાંઇ તકરાર ઉપસ્થિત થાય અને કોઇ પક્ષકાર તે બાબતનો કેસ કાઉન્સીલ પાસે લાવે તો કાઉન્સીલે સામા પક્ષની સંમતિ લઇ તે કેસ હાથ પર લેવો અને કેસ લેતી વખતે બન્ને પક્ષે રીતસર લખીતવાર પંચનામું કાઉન્સીલને આપવું. પણ જો કોઇ પક્ષ કાઉન્સીલ પાસે પોતાનો કેસ ચલાવવા નાખુશ હોય તો કાઉન્સીલે તે કેસ દાખલ કરવો નહિ"

આ ડહાપણ કલમ ૮૫ અને ૮૮ ના સંબંધમાં પણ વાપરવું જોઇએ છે. આથી પણ આગળ વધીને કાઉન્સીલ આવા લેણદેણના પ્રશ્નો હાથજ ન ધરે એ વધુ ઇચ્છવા યોગ્ય છે. જો એવા કોઇ બન્ને પક્ષકારો નીકળે કે જે પંચ મારફત પોતાના વાંધાનો ફેંસલો લાવવા ઇચ્છતા હોય તો તેવાઓએ પણ કાઉન્સીલને નહિ પણ અમુક વ્યકિતઓને પંચ તરીકે પોતાનું કામ સોંપવું જોઇએ. કાઉન્સીલની બધી શકિતઓ માત્ર કોમી ઉન્નતિ, સુધારણા અને વ્યવસ્થા પાછળજ ખર્ચાવી જોઇએ.

**કલમ ૯૦.**

'જો ફરીયાદી કાઉન્સીલ પાસે વખતસર હાજર ન થાય અગર તે/ તેણી તે બાબતના કાઉન્સીલને ખબર ન આપે તો તેનો/ તેણીનો કેસ મુલ્તવી રાખવામાં આવશે, અને તે પછી પણ જો તે/ તેણી કાઉન્સીલમાં હાજર ન થાય તો કાઉન્સીલે કેસ કાઢી નાખવો."

આ કલમ બરાબર છે.

**કલમ ૯૧.**

"જો પ્રતિવાદી પોતાને બોલાવવામાં આવેલ હોય તે વખતે કાઉન્સીલ પાસે હાજર ન થાય અગર પોતાની ગેરહાજરી સંબંધે ખબર ન આપે તો કાઉન્સીલ તે કેસ મુલ્તવી રાખશે, અગર તે આગળ ચલાવશે અને કાઉન્સીલ જે ઠરાવ આપશે તે બન્ને પક્ષને બંધન કર્તા થશે."

આ પહેલાંની કલમ ૯૦ માં વાદીને એક વખત હાજર ન થાય તો તક આપવામાં આવી છે, તેવીજ તક ઓછામાં ઓછી પ્રતિવાદીને પણ મળવી જોઇએ. પણ આ કલમ તો એમ સૂચવે છે કે કાઉન્સીલને ઠીક લાગે તો તક આપે અને ઠીક ન લાગે તો ન પણ આપે. ન્યાયના સિદ્ધાંતો એમ કહે છે કે વાદી કરતાં પ્રતિવાદીને વધારે તક અને રહેમ મળવી જોઇએ જ્યારે આંહી એથી ઉલટુંજ છે. ખરી રીતે તો કાઉન્સીલનું આવો ઇન્સાફ તોળવાનું કામજ નથી.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

પાકું કામ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨ દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯ | પુસ્તક ૧, અંક ૨૧: જુલાઇ ૧૧ : ૧૯૩૩ સંવત ૧૯૮૯ ના અષાડ વદ ૪ : મંગળવાર | મુદ્રક અને પ્રકાશક : ઇસ્માઇલ કાનજી હીરાણી.

## ધર્મ ઘેલછા.

### આજના અંકની સામગ્રી.

પાકું કામ

આત્મભાન

ચકચારભર્યો બદનક્ષી કેસ

"બોલો હું કોણ છું ?"

સપ્તાહનો સાર

લાગણીનાં દાન

વેપાર સમાચાર

કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

"લોકોની ધર્મઘેલછા પણ હદ વટાવી ગઇ છે, તેથી બુદ્ધિમાં નહિ ઉતરે તેવી તેમજ પ્રત્યક્ષ પ્રમાણથી પર એવી બાબતોને સાચી માની લે છે; અને સૌથી નુકશાનકારક તો ધર્માચાર્યોને અંતર્યામી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન માનવાની ભાવના છે. આવી સજ્જડ માન્યતાને લીધે ગુરૂઓ પણ માણસ છે એ શિષ્યો સદંતર ભૂલી જાય છે ને તેમને સંપૂર્ણ માનીને તેમની ગમે તેવી હલકટ વાસનાઓને પોષવામાં ધર્મ અને ફરજ સમજે છે! તમામ દુન્યવી મનુષ્યો પોતાનાં કર્મોનાં ફળ ભોગવવા જન્મેલા છે અને ડગલે ને પગલે પાપ કરતા હોય છે. તેવા ગુરૂઓના સ્વાર્થી બોધને લીધે અણઘડ મનુષ્યો પોતાને પાપી સમજી લે છે અને તે પાપમાંથી છૂટવા ગુરૂના ચરણમાં સર્વસ્વ હોમવા તૈયાર થાય છે. આ કારણે કમાણીના પ્રમાણમાં સૌ શિષ્યો ગુરૂચરણમાં નાણાં ધરીને પાપમુક્ત થયા માની લે છે. બાળકો ભૂખે ટળવળતાં હોય, પત્નીના શરીરપર પહેરવા પૂરાં કપડાં ન હોય કે ઘરમાં ખાવાના સાંસા હોય, છતાંય આ લહેર ઉડાવતા પાપાત્માઓનાં ચરણમાં કંઇને કંઇ ધરવું પડે છે."

("મુંબઇ સમાચાર" માંથી.)

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૧-૭-૩૩.


## પાકું કામ.

આપણે જેટલી વાતો કરીએ છીએ તેથી ચોથા ભાગનું પણ જો આપણે કામ કરતા હત તો આપણો ઉદ્ધાર કે'દીનો થઇ ગયો હત. વાતો એ કામ કરવા માટેની પ્રાથમિક જરૂરીઆત છે, તો પણ એકલી વાતોથીજ કાંઇ વળતું નથી. જો પાકું કામ કરવામાં એ વાતો મદદરૂપ ન થતી હોય તો એ વાતો મિથ્યા પ્રલાપ શિવાય બીજું કાંઇ નથી.

આપણું લક્ષ, આપણું ધ્યેય કાઉન્સીલના પંજામાંથી છુટવાનું છે. એક અથવા બીજે રસ્તે પણ આપણે આપણી સ્વતંત્રતા મેળવવી છે. માણસ તરીકે આપણે જીવવું છે અને આપણી કમાઇનો પૈસો આપણાં બાલબચ્ચાંની રોટલીને બદલે બીજાના મોજશોખ અને વિલાસ વૈભવ માટે ખરચાય તે સ્થિતિ મીટાવવી છે. આ ધ્યેયને પહોંચી વળવા માટે આપણે હવે વાતોના ક્ષેત્રમાંથી નીકળી કામ કરવાના પ્રદેશમાં દાખલ થવું જોઇએ.

આ માટે સૌથી સરસ રચનાત્મક કાર્ય ગામડાઓમાં અને શહેરોમાં યુવાનોના સંગઠનથી થઇ શકે તેમ છે. જ્યાં આપણી વસ્તી હોય ત્યાં દરેક ગામમાં યુવાનોએ પોતાનું એક મંડળ એક અથવા બીજા રૂપમાં ઉભું કરવું. આ મંડળનું પહેલું કામ બહોળું પ્રચાર કાર્ય; જ્યારે જ્યારે તક મળે ત્યારે મંડળે સંસ્થા તરીકે અને વ્યકિતગત પણ સાચી વસ્તુસ્થિતિ લોકોને સમજાવવી અને અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાનાં પડળ ઉતરાવવાં. તક ન મળતી હોય તો પોતે ઉભી કરવી. કાઉન્સીલના મરજીઆત લાગાઓ તો એક પણ યુવાને કોઇ પણ પ્રસંગે નજ આપવા, અને મંડળે ફરજીઆત લાગાઓ સામે જબ્બર પોકાર ઉઠાવવો. મંડળને પોતામાં પુરતું જોર લાગે ત્યારે તેણે ખુલ્લી રીતે કાઉન્સીલની સત્તાની અવગણના કરવી. અસંતોષની આગ ઠેક ઠેકાણે ફેલાવવી. કોઇ પણ જુલ્મી સત્તાના નાશનું તીવ્ર અસંતોષ એ પહેલું પગથીયું છે. ઉપરાંત દંભના પરદા ચીરી નાખવા. કાઉન્સીલનું તંત્ર ટકાવી રાખવામાં આ દંભ પણ એક અગત્યનો ભાગ ભજવે છે, કારણ કે કાઉન્સીલ એ પોતેજ એક જાતનો દંભ છે. આ બધું કામ યુવાનોથીજ થઇ શકે તેવું છે, તેઓએજ એ કરવાનું છે. એ માટે સંગઠનની ખાસ જરૂર છે. જો ગામેગામ યુવાનોના મંડળો સ્થપાઇ જાય અને તે કામ કરતા થઇ જાય તો ઘણાજ થોડા વખતમાં કાઉન્સીલના જુલ્મનો અંત લાવી શકાય. સામાજીક બદીઓ અને કુરૂઢીઓનો નાશ અને કેળવણીનો ફેલાવો, એ કાર્યો પણ જો આવા યુવક મંડળો હસ્તી ધરાવતા હોય તો ઘણીજ સહેલાઇથી આગળ ધપાવી શકાય તેમ છે.

માબાપો, વડિલો, યુવાન શિવાય બાકીના બધાઓને એકજ ખાનામાં મુકી શકાય તેમ છે. તેઓને એટલુંજ કહેવાનું કે તમારાથી કાંઇ ન બને તો કાંઇ નહિ. પણ એક અથવા બીજી રીતે તમારા હાથ નીચે હોય તે યુવાનો જે કાંઇ કામ કરવા તૈયાર હોય તેમને રોકશો મા કે દબાવશો ના. તમે આટલું કરશો તો પણ ઘણું છે.

આપણી કોમને અત્યારે વાતો નથી જોઇતી; ઉપરછલું, ભભકાદાર લાગે પણ વસ્તુતઃ કાંઇ ન હોય તેવું કામ પણ નથી જોઇતું. અત્યારે આપણને ખરી જરૂર સાચા કામની છે, પાકા કામની છે. પાંચ પચીશ કે સો બસો માણસો સહાનુભૂતિ બતાવે અને બીજું કાંઇ ન કરે તેના કરતાં એકજ માણસ કે જે 'કામ' કરતો હોય તે વધારે કિંમતી અને ઉપયોગી છે. આપણે પુષ્કળ વાતો કરી લીધી છે. હવે કામ કરવાની ઘડી આવી છે. હાથોહાથની મદદ શિવાય આપણે કદી પણ આ શોષણ ક્રિયામાંથી છટકી શકશું નહિ. આજે તો સૌએ પોતાને એ પ્રશ્ન પુછી જોવાનો છે કે "હું શું કરી શકું તેમ છું?" દરેક માણસ જો વાતોને પડતી મુકી પોતાથી બનતું બધું કામ કરવા લાગી જાય તો આપણી મુક્તિ દુર નથી.

---


### સસ્તું અને સારૂં વાંચન

વાંચવું હોય તો બે રૂપીઆ મોકલાવી "ખોજા જાગૃતી" ના ગ્રાહક બનો.

# આત્મભાન.

## ( એકાંકિ નાટિકા. )

રચનાર: શ્રી. " ભગત. "

### પ્રવેશ પહેલો.

**સ્થળ**—આચાર્ય અમિતોદરનું મંત્રણા ગૃહ.

**સમય**—સાંજના ચાર વાગ્યાનો.

### પાત્રો.

**આચાર્ય અમિતોદર**—ગતાનુગતિક સંપ્રદાયના મહાપ્રભુ.

**દિર્ઘનખ**—
**બૃહદ્દંત**—　} ધર્મશાસનના કર્માચારિઓ.
**પ્રકાન્ડમુણ્ડ**—

**[ આચાર્ય અમિતોદર મહાપ્રભુ દશ વર્ષને અંતે સ્વદેશ આવીને પોતાના અનુયાયિઓમાં સંકિર્ણ થયેલી અશાન્તિ અને અસંતોષનું હાર્દ સમજવા પ્રયત્ન કરે છે. ]**

**આચાર્ય અમિતોદર**—મંત્રીવરો ! કહો, કહો, મ્હારી ગેર-હાજરી દરમ્યાન જેમના રકત શોષણ પર આપણા આ સર્વ વૈભવ-વિલાસો નિર્ભર છે તેમનામાં અશાન્તિનો ઉદ્ભવ કયાંથી થવા પામ્યો ? કોણ છે એ દુષ્ટ માનવી જેણે આ ચિરઃકાળ ચૂસાવા સરજાયેલા મેષ-સમુહમાં ધાર્મિક અસ્મિતા પ્રગટાવી ? કોણ તેમને સ્વર્ગના સ્વપ્નાઓથી ભરેલી સુખ-નિદ્રામાંથી જગાડવાને ચેતવણીનો શંખનાદ સંભળાવે છે ? ( જરા મુંઝાય છે, ને વળી ક્રોધે ભરાતા જણાય છે. ) આપણી આ સોહામણી શબ્દજાળ છીન્નભીન્ન થતી હું નહિ સાંખી શકું.

**પ્રકાન્ડમુણ્ડ**—( ગંભિર વદને ) પ્રભો ! એ પણ અમારાજ બન્ધુઓ આપણા સુખોચ્છેદને માટે સદોદિત ચાલતા આ શોષણ કાર્યમાં ધર્મધ્વંસકો બની વિક્ષેપ નાખી રહ્યા છે. અમે તેમને આખા મેષ-સમુહમાંથી દુર કરવાને સર્વ પ્રયત્નો કરી જોયા છે, પણ આ મેષ-સમુહની જે મૂર્ખતા આપણા સાથે તેમને સ્વર્ગના સોદા કરવા લલચાવે-પ્રેરે-છે, તેજ મૂર્ખતા વર્ષોથી ત્રણ ત્રણ દિવસની આખરે અનાજ પામવા છતાં તેમને ભુખ્યા રહેવા-ચલાવી લેવા-ની આદતજ પડવા નથી દેતી. અને એટલેજ વરસોથી વસ્ત્રો ન પામવા છતાં વસ્ત્રમોહ ન છુટવાને કારણે શરિરે ચીંથરાં વીંટીને ફરતા એ મૂર્ખ મેંઢાઓને એ ધર્મધ્વંસકોનું કહેવું સત્વર ગળે ઉતરી જાય છે.

**દિર્ઘનખ**—અને તેથીજ તો આપણા એમને દુર રાખવાના સર્વ પ્રયાસો નિષ્ફળ થાય છે. એકેક વિમાર્ગીને વીણી વીણીને દુર હડસેલીએ છીએ, ત્યાં દશ દશ મૂર્ખાઓ ( ! ) તેમનું અનુ-ગમન કરવા આગળ આવે છે. મહારાજ ! આખો નિંભાડો બગડવા બેઠો છે ત્યાં આપણું સુખ શ્યે ટકશે ? કાંઇક ઉપાય કરવો જોઇએ. ( મોઢું શીઆં વીઆં થાય છે. )

**અમિતોદર**—( સભય ) અરે, એમના મરણપરણાદિ વહેવારો પરનો આપણો કાબુ તો જેવોને તેવો અચળ છે કે નહિ ? શું તેઓને બાળ બચ્ચાંજ નથી કે કેમ છે ?

**બૃહદ્દંત**—એજ મોટા દુઃખની વાત છે ને મહારાજ ! એ લોકો તો એવા પ્રસંગો અમને પુછયા વિનાજ અને એક રાતી પાઇનાએ ખરચ વિનાજ પોતાની મેળે પાર પાડી લીએ છે; અને કહે છે કે વર અમારો, કન્યા અમારી; તો તમને એમાંથી ભક્ષ શાનો આપીએ ? અને મરણ પાછળ તો અમે કાંઇ પણ ખરચ કરવાનાજ નથી.

**અમિતોદર**—એ તો તમે મને લખી નથી જણાવ્યું !

**પ્રકાન્ડમુણ્ડ**—પ્રભો ! આપની શાન્તિમાં ભંગ પાડવા અમારો જીવ.................

**અમિતોદર**—( વચમાંજ, દાંત કચકચાવીને ) અરે, પણ અત્યારે આ કયાં ઓછા ઉદ્વેગની વાત છે ? પણ થયું તે થયું. હવે આપણા સર્વ અનુયાયિઓમાં પડો વજડાવીને મારી આ ધર્મ-આજ્ઞા સંભળાવી દીઓ કે એવા ધર્મધ્વંસકોનો સંગ તેમને સ્વર્ગના સુખોથી વંચિત બનાવશે. જો તેઓ એવા પાપગામિઓનો પરિત્યાગ નહિ કરે તો તેમને હુરીઓ કયાંથી હિંચોળવાની હતી ? એ દુર્જનો જેઓ અમારો તેજોદય સાંખી શકતા નથી તેમના તરફ જરા સરખીએ સહાનુભૂતિ બતાવનાર 'યાવત્ચંદ્ર દિવા કરૌ' રૌરવ નર્કનો અધિકારી થશે.

**બૃહદ્દંત**—પ્રભો ! એ લોકો તો સ્વર્ગ નર્કના જુઠા ખ્યાલોને સાંભળવા વિચારવાનેજ ઇન્કાર કરે છે.

**અમિતોદર**—( વિસ્મિત થઇને ) અરે, આતો સઘળો પાર પામી ગયા જણાય છે !

**પ્રકાન્ડમુણ્ડ**—અમે થોડાને જ્યાં વાડા બહાર હાંકી કહાડવા જઇએ છીએ ત્યાં તો અનેક મેંઢાઓ વાડો કુદાવી જવા આતુર દેખાય છે. તે એટલે સુધી કે અમારા જેવા થોડા સ્વબન્ધુ-દ્રોહીઓ વિના બીજા કોઇ આપશ્રીને ચરણે સેવા ધરવા તૈયાર હોય એમ અમે નથી માનતા, મહાપ્રભુ !

**અમિતોદર**—( ઢીલા થઇ જઇને ) તમારી શ્રદ્ધા, ભકિતમાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. એ તો સ્વયંસિદ્ધ વાત છે કે આપણા સૌના નિરંકુશ વિલાસ વૈભવો એ લોકોની આંધળી ભકિતનેજ આભારી છે. યેન કેન પ્રકારેણ તેમના પરનું આપણું વર્ચસ્વ સ્થપાયેલું જારી રહેવું જોઇએ. તમે સઘળા કુશાગ્ર બુદ્ધિ છો. અત્યાર સુધી આ કાગળનો બંગલો તમારાજ બુદ્ધિ પ્રભાવને લઇને બગડવા પામ્યો નથી. હજુ પણ થોડો વધુ વખત ટકાવી રાખવા સૌ યથામતિ પ્રયત્ન કરશો.

( બહાર રસ્તા પર જયઘોષ કરતું સરઘસ પસાર થાય છે. આચાર્ય અમિતોદર સરઘસને ધારી રહે છે ને મુખ્ય મંત્રી દિર્ઘનખને તેનો યોગ્ય પ્રબંધ કરવાની આજ્ઞા કરી સૌને રજા આપે છે. )

( આ રસભરપુર નાટિકાનો વધુ ભાગ આવતા અંકમાં. )

# ચકચારભર્યો બદનક્ષી કેસ.

## અપીલમાં થયેલી દલીલો.

( અમારા પ્રતિનીધી તરફથી. )

( ગતાંકથી ચાલુ. )

મારા અસીલને કેદ કરવામાં આવ્યા તેમ છાપવામાં આવ્યું છે, જેમાં સત્યનો અંશ પણ નથી. વળી એ લખાણ માત્ર લોકોને ખબર આપવાનાજ ઉદ્દેશથી લખવામાં આવ્યું હત તો બચાવ પક્ષનું એમ કહેવું હજીયે કાંઇ અર્થવાળું ગણી શકાત કે એ લેખ તહોમતદારની ભુલથી તેના જ્ઞાન વગર છપાએલો છે. પણ તેમ નથી. જે હકીકત એ પ્રગટ કરવા માગે છે તે ઉપરાંત બીજા અનેક વિશેષણો મારા અસીલ માટે વાપરવામાં આવ્યા છે જે બધા બદનક્ષી કરનારા છે. આ પુરવાર કરે છે કે વાંધાભરેલું લખાણ પ્રગટ કરવામાં તહોમતદારનો શુભ હેતુ હતો નહિ.

તહોમતદાર એક પરદેશી છે. બ્રીટીશ હિંદમાં તે રહે છે. બદનક્ષીનો કાયદો extratradable નહિ હોવાથી તેનો પુરો લાભ લઇ તેણે મારા અસીલની ગંભીરમાં ગંભીર બદનક્ષી કરી તેને હેરાન કરેલ છે.

આ બધી હકીકત જોતાં તહોમતદાર જરા પણ દયાને પાત્ર નથી.

બચાવ પક્ષ તરફથી બે સાક્ષીઓ તપાસવામાં આવ્યા છે કે ફરીયાદીને કેદ કરવામાં આવ્યા એવી અફવા તેઓએ સાંભળી હતી. આવા સાક્ષીઓ રજુ કરવાનું તહોમતદારનું કૃત્ય ઇજા પહોંચાડીને અપમાન કરવા બરાબર છે.

એમ કહેવામાં આવે છે કે વાંધા ભરેલું લખાણ તહોમતદારનું પોતાનું લખેલું ન હતું, પણ ખબરપત્રી તરફથી તે મળ્યું હતું. આ ખબરપત્રી કોણ હતો તેનું નામ આપવામાં આવ્યું નથી.

બચાવ પક્ષ બીજી એક એવી દલીલ કરે છે કે ફરીયાદીએ તહોમતદારને કોઇ પણ જાતની આ ફરીયાદ કરતાં પહેલાં નોટીસ આપી નથી. જ્યાં જાણી બુઝીને ઇરાદા પૂર્વક હુમલો કરવામાં આવતો હોય ત્યાં કોઇ પણ માણસ કદી પણ તેવો હુમલો કરનારને નોટીસ આપવા પ્રેરાયજ નહિ.

તહોમતદાર તરફ રહેમ બતાવવાની જરૂરીઆત માટે એમ કહેવામાં આવે છે કે તે એક ઓનરરી એડીટર છે. હું કહું છું કે આ હકીકતજ તહોમતદાર સાથે સખ્તાઇથી કામ લેવા સૂચવે છે. આરોપી કાંઇ પણ પગાર લીધા વિના સ્વેચ્છાથી બહાર આવે છે અને સુધારકોને દાબી દેવા માટે પોતાની સેવાઓ અર્પણ કરે છે. જો તે એક પગારદાર નોકર હોત તો હજીએ એમ માની શકાત કે તેના શેઠના હુકમને તાબે થઇને તેણે આ કામ કર્યું છે અને તે પોતે તો એક માત્ર હથીયાર બન્યો છે. પણ તેમ નથી. ફરીયાદીની સામેની ઝુંબેશ તેણે આપમેળે રાજી ખુશીથી સ્વીકારી લીધી છે.

મારા વિદ્વાન મિત્ર બીજી એવી દલીલ કરે છે કે આરોપી એક આબરૂદાર ગૃહસ્થ છે. આ દલીલ પોતેજ આરોપીની વિરૂદ્ધ જાય છે. જેમ બદનક્ષી કરનારનો દરજ્જો મોટો તેમ જેની બદનક્ષી કરવામાં આવતી હોય તેની વિરૂદ્ધ વધારે લાગણી ફેલાય. તહોમતદાર જો એક રસ્તામાં રખડતો માણસ હોત તો ફરીયાદીની વિરૂદ્ધ જેટલી અસર લોકોમાં ઉપજાવવા તે માગત તેટલી ઉપજાવી શકત નહિ. રીક્રીએશન કલબ એક વ્યવસ્થિત ધારા ધોરણ વાળી સંસ્થા છે. ના. આગાખાન તરફથી એને ગ્રાન્ટ મળે છે. એવી સંસ્થાનો તહોમતદાર એક સેક્રેટરી છે અને તે દરજ્જે તેણે મારા અસીલની જે બદનક્ષી કરી છે તે વધુ ગંભીર છે.

આરોપીની વર્તણુક ધ્યાનમાં લેવા માટે બચાવપક્ષ તરફથી માગણી કરવામાં આવી છે. આરોપીએ કેસની શરૂઆતમાં એક અરજીથી દીલગીરી બતાવી માફી માગવાની તૈયારી બતાવી છે. આ વર્તણુકને સારી કહેવામાં આવે છે. આપ નામદારનું હું ધ્યાન ખેંચું છું કે આ તૈયારી ગુન્હો થઇ ગયા પછી બનાવવામાં આવી છે. આરોપીએ પેટ ભરીને મારા અસીલની બદનક્ષી કરી લીધી અને જ્યારે તે કાયદાના સકંજામાં આવી ગયો ત્યારે એ કહે છે કે મને માફ કરો, મારી ભુલ થઇ. આ કદી પણ સારી વર્તણુક કહી શકાય નહિ. ઉલટું બદઇરાદાવાળા ખબરપત્રીને ઉત્તેજન આપીને, તથા અફવા હતી એવા બે ખોટા સાક્ષીઓ રજુ કરીને તેણે સારી વર્તણુક બતાવી નથી.

ફરીયાદીની વર્તણુક જોતાં પણ તહોમતદારને રહેમનો લાભ આપવો જોઇએ એમ બચાવપક્ષનું કહેવું છે. ફરીયાદીએ જાસાચીઠીઓ રજુ કરી અને કોર્ટના હુકમ છતાં અમુક સવાલોના જવાબ ન આપ્યા એ હકીકત માથે આ દલીલનો આધાર છે. જાસાચીઠીઓ તહોમતદારે લખી છે એમ મારા અસીલે કહ્યુંજ નથી. પણ તહોમતદાર તેની વિરૂદ્ધ ખુબ ચળવળ કરતો હતો એટલે એ લખવામાં તેનો હાથ હોવો જોઇએ એવો શક તેને હોવાનું ફરીયાદીએ જણાવ્યું છે. તહોમતદાર જે જોરદાર ચળવળ કરતો એ ઉપરથી મારા અસીલને એવો શક જાય એ સ્વાભાવિક હતું. વળી પોતાની પ્રામાણિકતા બતાવીને તેણે એ વાત કબુલ કરી છે કે એ જાસાચીઠીના કવર માથે આફ્રીકાની છાપ હતી. આ કવર રજુ કરવામાં આવ્યું નથી અને જો ફરીયાદી ધારત તો એમ ખુશીથી કહી શકત કે એ કવર માથે મુંબઇની છાપ હતી. પણ તેમ કરવું તેણે પસંદ કર્યું નથી એ તેનું સારૂં વર્તન બતાવે છે. અમુક સવાલનો જવાબ ફરીયાદીએ ન આપ્યો. કદાચ આપ્યો હોત તો પણ તેથી કરીને બદનક્ષીના આ કેસને શું અસર થવાની હતી ? કંઇજ નહી. એટલે એ હકીકત આ કેસ સાથે નીસ્બત ધરાવતી નથી.

બચાવપક્ષ એવી દલીલ કરે છે કે તહોમતદારને આ કેસને અંગે અવારનવાર આવવા જવા વિગેરે ખર્ચમાં એક જાતની શિક્ષાજ સમાયેલી છે માટે તેના તરફ રહેમ બતાવવી. એ તેનો પોતાનોજ વાંક છે અને તેટલાથી તે દયાને પાત્ર ઠરતો નથી.

ઉપરના બધાં કારણો જોતાં આપ નામદારને ખાત્રી થશે કે તહોમતદાર તરફ કોઇપણ જાતની રહેમ બતાવી શકાય તેમ નથી.

જાણી બુઝીને બદઇરાદાથી જ્યાં આવી ગંભીર બદનક્ષી કરવામાં આવી હોય ત્યાં તહોમતદારનો માત્ર એકસો રૂપીયા દંડ કરવો એ હાસ્યાસ્પદ છે. જો પરદેશીઓને આવી રીતે એકસો રૂપીયામાં બદનક્ષી કરવાની સગવડતા આપવામાં આવે તો ગમે તેની ગમે તેટલી બદનક્ષી કરવાની વ્યવસ્થા તેઓ સહેલાઇથી કરી શકે. ન્યાયનો સિદ્ધાંત એ છે કે ગુન્હેગારને એવી શિક્ષા કરવામાં આવે કે જેની તેના ઉપર અસર થાય અને ભવિષ્યમાં તે એવા ગુન્હા કરતો અટકે. એ જોતાં તહોમતદારે ફરીયાદીની જે ગંભીર બદનક્ષી કરી છે એ ગુન્હાસર તેને આપ નામદારે કેદની સજા કરવી જોઇએ. આવા ગુન્હાઓ અટકાવવા માટે ગુન્હેગારોના ખીસાને નહિ પણ તેની જાતને પકડવી જોઇએ. અલ્હાબાદ હાઇ કોર્ટે આવાજ એક ગુન્હાસર તહોમતદારને બે વર્ષના કેદખાનાની સજા કરી હતી તેનો હું આપ નામદારને આંહી હવાલો આપું છું. ફરીયાદી એક આબરૂદાર શહેરી અને વેપારી છે. સ્વસ્થાન રાજકોટની પ્રજાપ્રતિનીધી સભા તથા ધારાસભાના એ સભ્ય છે એ જોતાં પણ આપ નામદારે આરોપીને કેદની સજા કરવી જોઇએ. તો પણ આપને તેમ કરવું વ્યાજબી ન લાગે તો ઓછામાં ઓછું આપે તેને થયેલ દંડની રકમ રૂા. ૧૦૦) થી વધારીને રૂા. ૧૦૦૦) ની કરવી."

મી. શાહની દલીલો પુરી થઇ રહેતાં મી ચીનાઇએ તેમને વળતો જવાબ આપતાં જણાવ્યું કે "તહોમતદાર જો ઓનરરી કામ કરે તો એમ કહેવું કે એ જાણી બુઝીને કરે છે, જો પૈસા લઇ નોકરી કરે તો એમ કહેવું કે એ પૈસા જેવી નિર્માલ્ય વસ્તુના લોભથી કરે છે. એ હિસાબે તહોમતદારની બેમાંથી એક પણ સ્થિતિ હોય તોપણ તે ગુન્હેગાર ઠરે છે. આ ઢંગધડા વગરની દલીલ છે.

આરોપીની દાનત જો સાફ ન હત તો જે રૂા. ૩૦૦) ના જામીન તેણે આપ્યા છે તે જતા કરી તે આ કેસ લડવા આવત નહિ. આમ છતાં પણ તે આ કેસ લડવા આવે છે એ હકીકત તેના લાભમાં જાય છે.

ફરીયાદી તરફથી નીકળતી પત્રિકાઓ મેં રજુ કરી છે તે વાંચી જોતાં આપને ખાત્રી થશે કે તેના તરફથી પણ ગલીચ ભાષામાં લખવામાં આવતું હતું. (આંહી મી. ચીનાઇએ રા. ખો. યુવક મંડળ તથા ખો. સુધારક સંઘ તરફથી પ્રગટ થયેલ પત્રિકાઓમાંથી વાંચી બતાવ્યું હતું.) આપ નામદારે બન્ને પક્ષનું વલણ જોઇ ઇન્સાફ કરવાનો છે. ફરીયાદીએ પોતેજ સુધારાની ચળવળ ઉભી કરીને વિરોધને આમંત્રણ કર્યું છે.

આ સંજોગો જોઇને આપ નામદાર આરોપીને છુટો કરશો તેવી અરજ ગુજારૂં છું."

મી. ચીનાઇની દલીલના જવાબમાં મી. શાહે જણાવ્યું કે "રાજકોટ ખોજા યુવક મંડળ કે ખોજા સુધારક સંઘની પત્રિકાઓને આ કેસ સાથે કાંઇ લાગતું વળગતું નથી. એમાં ફરીયાદીએ તહોમતદાર વિરૂદ્ધ કાંઇજ લખ્યું નથી.

આ એક ગંભીર કેસ છે અને આપ નામદાર તેમાં ઘટતો ઇન્સાફ આપશો તેવી હું આશા રાખું છું."

જજમેન્ટની મુદત હજી નક્કી થઇ નથી.

# "બોલો હું કોણ છું ?"

દુનિયામાંથી ડોળી ડોળી,
ખોજાઓને ખોળી ખોળી,
ધોકે ન્યાય તોળી તોળી,
ધારા કલમો ઠોકી ઠોકી,
લેણા લાગા રોકી રોકી,

પૈસા બહુ પડાવું છું.
સ્વાર્થ મારો સાધું છું.
ધર્મમાં ધ્રુજાવું છું.
પરાણે પળાવું છું.
ધર્તીંગો ચલાવું છું.
ભાઇએ ભેદ પાડું છું.
વૈરને વધારૂં છું.
હુકમો હલાવું છું.
ધરાર પટેલ છું.
નામ મારૂં રૂડું છે.
કામ મારૂં કુડું છે.
જાતે હું દેશી છું.
નામે વિદેશી છું.
દીલડામાં દ્વેશી છું.
પેટમાં પ્રપંચી છું.
બહુ બહુ વેશી છું.
ધન તણી રાગી છું.
સત્યમાં વિરાગી છું.
ન્યાય મહીં ત્યાગી છું.
રંગે બહુ રૂપાળી છું.
હૈડામાં કાળી છું.
સ્વાર્થીઓને સારી છું.
સુધારકોને ખારી છું.
બોલો હું કોણ છું ?

# સપ્તાહનો સાર.

**ખોજા કુમારીકાનું મરણ :** મુંબઇમાં પાયધુની ઉપર પોતાના માબાપ સાથે રહેતી ૨૫ વરસની જેનાબાઇ નામની એક ખોજા કુમારીકા ગઇ તા. ૧ ના રોજ મરણ પામી છે. મરણ પછી ઘર આગળના ફુટપાથ નીચેથી એક તરતના જન્મેલા બાળકની લાશ મળી આવી હતી. આ સંજોગો ઉપરથી વ્હેમાઇ પોલીસે તપાસ ચલાવી હતી અને મરનાર બાઇના માતા પિતા તથા એક ભાઇની ધરપકડ કરી હતી. પોલીસને એવો શક છે કે મરનાર બાઇ અપરિણીત હતી અને તેને બાળક જન્મવાથી તેનું મરણ કુદરતી રીતે થયું હતું નહિ. બાઇને દફન કર્યા પછી તેનું મૈયત કબરમાંથી બહાર કાઢવામાં આવ્યું હતું અને હોજરીનો ભાગ કેમીકલ એનેલાઇઝર ઉપર તપાસ અર્થે મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે ઘરની જડતી લેતાં લોહીવાળાં કપડાં મળી આવ્યાનું કહેવાય છે મરણ પામેલું બાળક કોનું છે. તેની તપાસ પોલીસ કરી રહી છે. કોરોનરે એવો અભિપ્રાય આપ્યો છે કે "બાઇનું મૃત્યુ ખોપરી તુટી જવાથી અને બાળકનું મૃત્યુ ઉંચાઇએથી ફેંકી દેવાયાથી થયું છે." આ પ્રસંગને લઇને મુબઇની ખોજા આલમમાં જબરી ચકચાર પેદા થઇ છે.

**આર્થીક પરિષદ અને શ્રી. બોઝ :** લંડનમાં ચાલતી દુનિયાની આર્થીક પરિષદ માટે શ્રી. સુભાષચંદ્ર બોઝે જણાવ્યું હતું કે "તેનાથી દુનિયાને લાભ થાય કે ન થાય પણ હિંદને તો નથીજ થવાનો, કારણ કે હિંદી પ્રતિનીધી મંડળમાં હિંદી પ્રજાના સાચા વિચારો ધરાવતા પ્રજાકીય સભ્યોની સરકારે પસંદગી કરી નથી. આર્થીક પ્રશ્નો વિષે હિંદી પ્રજાના વિચારો દર્શાવતું નિવેદન પરિષદના બધા સભ્યોમાં વહેંચી તેનો પ્રચાર કરવો જોઇએ." વધુમાં શ્રી. બોઝ જણાવે છે કે હિંદી રાષ્ટ્રિય મહાસભાએ વીદેશખાતું ખોલી જુદા જુદા પ્રશ્નોની ચર્ચા કરવા મળતી આંતર રાષ્ટ્રિય પરિષદોમાં હિંદીઓનું પ્રતિનિધીત્વ જળવાઇ રહે તે માટે પ્રયત્નો કરવા જોઇએ. શ્રી. બોઝ વીમાન મારફત પ્રેગ ગયા છે.

**સર્વ રાજસ્થાન પ્રજા પરિષદ :** સર્વ રાજસ્થાન પ્રજા પરિષદનું ચોથું અધિવેશન મુંબઇ ખાતે ભરવા માટે તૈયારીઓ થઇ રહી છે. સારી સંખ્યામાં પ્રતિનીધીઓ હાજરી આપવાની વકી રહે છે. સત્યાગ્રહની લડતને અંગે બ્રીટીશ હિંદમાંથી હદપાર થયેલા દેશી રાજ્યોના પ્રતિનીધીઓ મુંબઇ નહિ આવી શકે એ પ્રશ્ન પરિષદની સ્વાગત સમિતિને મુંઝવી રહ્યો છે.

**ગ્રીન કેસ :** અમદાવાદની સીટી પોલીસ લેનમાં ગોળીબાર કરી ગોરા પોલીસ ઇન્સ્પેકટર ગ્રીનનું ખુન કરવાના આરોપ સર ગોરા સારજન્ટ હાઉસ્ટનને મુંબઇ હાઇ કોર્ટે ફાંસીની સજા કરી હતી તે હિંદી સરકારે તેની લશ્કરી સેવા ધ્યાનમાં લઇ ઘટાડીને જન્મ ટીપનો કરી છે.

**સરદારગઢના નવાબ :** કાઠીયાવાડના એક નાનકડા તાલુકા સરદારગઢના નવાબ સામે મુકાયેલા બે આક્ષેપોની તપાસ એક કમીશન ચલાવી રહ્યું છે. હવે એમ સાંભળવામાં આવે છે કે નવાબ સાહેબે કાઠીયાવાડના ના. એ. જી. જી. ને એવી અરજી કરી છે કે તેઓ નામદાર જે હુકમ કરે તે મુજબ વર્તવા તેઓ બંધાય છે અને વિલાયત જવાનું કહેવામાં આવે તો પણ પોતે તૈયાર છે.

**લોકમાન્ય તીલકનું બાવલું :** સ્વર્ગસ્થ લોકમાન્ય બાલ ગંગાધર તીલકની યાદગીરી જાળવી રાખવા માટે મુંબઇની ચોપાટીની રેતીમાં કે જ્યાં તેમને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો ત્યાં તેઓનું એક બાવલું ઉભું કરવામાં આવનાર છે. આવતી તા. ૧ લી એ તે ખુલ્લું મુકાશે. આ વખતે પ્રમુખસ્થાન લેવાનું સમજાવવા આગેવાનોએ મ. ગાંધીજીની મુલાકાત લીધી છે.

**ઉપવાસ કરનારને સજા :** લુધીઆના કાવત્રા કેસના એક કેદી વીસરઅલી દીલ્હીની જેલમાં ૭ વરસની સજા ભોગવે છે તેને ઉપવાસ કરવા માટે મેજીસ્ટ્રેટે ૭ માસની સજા કરી છે.

**જર્મનીનો મામલો :** નાઝીનેત્તા હેર હીટલર જર્મનીનો સંપૂર્ણ સરમુખત્યાર બનવા માગે છે. નાઝી શીવાયના બધા પક્ષોને તે એક પછી એક કચડતો જાય છે અને બરખાસ્ત કરતો જાય છે. જેના ટેકાથી તે સત્તા ઉપર આવ્યો તે સેન્ટર પાર્ટી અને કેથોલીકોને પણ તેણે મુકયા નથી. બીજી તરફ યાહુદીઓની સતત પજવણી તે કરી રહ્યો છે. આ સંબંધમાં ઇંગ્લેન્ડના મશહુર નાટયકાર બર્નાડ શૉએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે "હેર હીટલર ગાંડો થયો છે. તેની સાથે કોઇ પણ જાતની દલીલ કરવી એ મુર્ખાઇ ભરેલું છે. યાહુદીઓના મુડદાંઓને પણ તે કબરમાંથી ખોદી કાઢવા માગે છે."

**જાપાનની તૈયારી :** જાપાનીઝ પ્રધાનમંડળ ગઇ સાલ કરતાં આ સાલ માટે લગભગ ૪ કરોડ પાઉન્ડ જેટલી રકમની વધુ માગણી યુદ્ધની સામગ્રીઓ વધારવા માટે કરનાર છે જે ગઇ સાલ કરતાં લગભગ બમણી છે.

**રશીયા અને ઇંગ્લેન્ડ વચ્ચે દોસ્તી:** મોસ્કોના ઇતિહાસીક કેસમાં જાસુસી કરવાના આરોપ માટે સજા પામેલા બે બ્રીટીશ ઇજનેરોને છોડી મુકવામાં આવ્યા છે. અને બ્રીટને રશીયાના માલ ઉપર મુકેલો અંકુશ ઉઠાવી લીધો છે.

**શ્વેતપત્ર માટે તાલુકદારો :** રાજકોટમાં વીઠલગઢ તાલુકદારના ઉતારામાં કાઠીયાવાડના તાલુકદારોની એક સભા મળી હતી. તેણે શ્વેતપત્ર સંબંધે એવો જવાબ સરકારને મોકલાવ્યો છે કે એ બાબતમાં મોટાં રાજ્યોએ હજી કાંઇ નક્કી કર્યું નથી એટલે તેઓ પણ કાંઇ ચોક્કસ જવાબ આપી શકતા નથી. જ્યારે સરકારી પાકી દરખાસ્તો રજુ થશે ત્યારે તેઓ જવાબ આપશે.

**સપ્રુ નીરાશ થયા :** પાર્લામેન્ટની જોઇન્ટ સીલેકટ કમીટી સમક્ષ જુબાની આપવા ગયેલા સર તેજબહાદુર સપ્રુએ હિંદી વઝીરને જણાવ્યું છે કે વ્હાઇટ પેપરમાં હિંદીઓને સંતોષ થાય તેવા ફેરફારો કરાવવાની આશા સ્વપ્નવત થઇ છે, અને કમીટીમાં જે રીતે કામ થાય છે તેથી તેમને સંતોષ થયો નથી.

**આંદામાનમાં ઉપવાસ છુટયા :** આંદામાનમાં દેશનીકાલની સજા ભોગવતા રાજ્યદ્વારી કેદીઓએ આદરેલા ઉપવાસ પડતા મુકવામાં આવ્યા છે તેમ સરકારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# લાગણીનાં દાન.

( નીચેનો પત્ર પ્રગટ કરવાની અમને વિનંતિ કરવામાં આવી છે. **તંત્રી.** )

**“ ખોજા જાગૃતિ ” ના મે. તંત્રી સાહેબ.**

નીચલી બીના આપના પત્રમાં પ્રગટ કરશો, અને સાથે સાથે તેમાં લખેલી હકીકતને અમલમાં મુકશોજી

આપણી કોમ પરાધીનતાની અસહ્ય અને અપમાનકારક વેદના સહી રહી છે, અને તેના કારણનો જો વિચાર કરીએ તો “હાથની આળસે મૂછ મોઢામાં આવે” એના કરતાં વિશેષ મહત્વવાળું કારણ મળી આવશે નહિ. આપણી આળસેજ આપણને ગુલામીમાં બાંધી રાખ્યા છે. આપણે ગફલતીની ઘોર નિદ્રામાં પડી રહ્યા છીએ તેનું કારણ જોવા જઇશું તો આપણામાં માત્ર લાગણીના અભાવ શિવાય બીજું કાંઇ કારણ જડી શકશે નહિ. લાગણી–મમતા–પ્રેમ કાંઇ બજારમાંથી ખરીદ થઇ શકતાં નથી. સત્સંગ, સદ્દગુરૂનો પરિચય અથવા સારૂં વાંચન લાગણી જન્માવી શકે. લાગણી એક એવી શકિત છે કે તેની હાજરી જોતાં આળસ આપોઆપ અદ્રષ્ય થઇ જાય. ખોજા કોમને ખરી જરૂર લાગણીની છે. જો લાગણી જન્મે તો આળસનો એની મેળે અંત આવે, અને કોમ સ્વાધીનતાની સિદ્ધિ માટે કામ કરતી થઇ જાય. જ્યારે કોમને સ્વતંત્રતાનો વિચાર આવશે ત્યારે ઘડીને ચોથે ભાગે તે પોતાનું કામ સિદ્ધ કરી લેશે.

લાગણી–શુન્ય આત્મા મનુષ્ય–આત્મા કહી શકાયજ નહિ. મુંબઇ જેવા શહેરમાં લાખો કરોડોનો વેપાર ખેડનારા બુદ્ધિશાળી વેપારીઓ છે, મહાન રાજ્યદ્વારીઓ છે, કાબેલ કાયદાશાસ્ત્રીઓ છે, વખણાએલા વૈદ્યો ( ડાકતરો ) છે. તેઓમાં લાગણીનો અભાવ છે એમ તો ન કહેવાય. પણ લાગણીનો પ્રવાહ અવળી દિશાએ વહી રહ્યો છે, વેડફાઇ રહ્યો છે એમ તો મારે સખેદ કહેવુંજ પડશે. આ પ્રવાહની દિશા કઇ રીતે બદલી શકાય એને માટે હું સતત ચિંતાતુર રહ્યા કરૂં છું; નિરાશાના વમળમાં ગુંચવાયા કરૂં છું. અંતે આશાનું એકજ કિરણ મારી દ્રષ્ટિએ પડયું છે. એ કિરણ તે “ ખોજા જાગૃતિ ”.

મને એમ લાગે છે કે “ ખોજા જાગૃતિ ” ના ચાલુ વાંચનને પ્રતાપે લાગણીનો પ્રવાહ સન્માર્ગે વહેવા માંડે ખરો. મારા વિચારને અમલમાં મુકવાની મને એકાએક પ્રેરણા થતાં મેં કેટલાંક નામો નક્કી કરી લીધાં છે, અને ત્યાં છ મહીના સુધી “ખોજા જાગૃતિ” મારે ખરચે મોકલવાને હું આપને અરજ કરૂં છું.

૧. સર ફાઝલભાઇ કરીમભાઇ—પેડર રોડ, મુંબઇ.
૨. સર ઇબ્રાહીમ રહેમતુલ્લા— ,, ,,
૩. શેઠ કાસમઅલી જેરાજભાઇ પીરભાઇ— ,, ,,
૪. શેઠ હુસેનભાઇ અબદુલ્લાભાઇ લાલજી—વૉર્ડન રોડ, મુંબઇ.
૫. શેઠ ફાઝલ ડી. અલાના— ,, ,,
૬. ખા. સા. કરમાલી ઇબ્રાહીમ—ખોજા મહોલ્લો, મુંબઇ-૩.
૭. શેઠ આહમદભાઈ હબીબ ઇસ્માઇલ કંસારા—ત્રાંબાકાંટા, પાયધુની, મુંબઇ.
૮. શેઠ કાસમ મામદ મીઠા એન્ડ સન્સ—કંસારા ચાલ, પાયધુની, મુંબઇ.
૯. શેઠ માહમદભાઇ ઇબ્રાહીમ રવજી—ખોજા મહોલ્લો, મુંબઇ-૩.
૧૦. શેઠ મહમદઅલી ચાહવાલા સોલીસીટર—મીલીટરી સ્કવેર લેન, ફોર્ટ, મુંબઇ.

ઉપરોકત ગૃહસ્થો પૈકી કોઇ રાજીખુશીથી લવાજમ મોકલે તો સ્વિકારવાને મને જરાએ વાંધો નથી. નહિ તો છ મહીના સુધી તો મારે ખરચે ચાલુ મોકલતા રહેશોજી.

નાગરદાસ શાળા,
ગાયવાડી, મુંબઇ–૨.　　　લી. સેવક,
**કાસમ જમાલ ધનાણી.**

---

## વેપાર સમાચાર.

( તા. ૮–૭–૩૩ )

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૬૯ ગાંસડી વેચાણી છે. સારો ઉંચો જોડીયો રૂા. ૧૫)ના ના ભાવથી આંહી વેચાણો છે. બજારનું વલણ હજી તેજી તરફ છે. ખરીદનારાઓ જોરમાં છે પણ માલ વેચાવ નથી

**રૂત :** ભરૂચ ૨૦૭.

**અનાજ કરીયાણું :** ૧॥≈ ૨)≈ ઘઉં. ૧॥≈ ૧॥~ જુવાર. ૧॥~ ૧॥। ચણા. ૧॥≈ ચણાની દાળ. ૧॥। ૨)≈ મગ. ૧!≈ ૧॥ કમોદ ઝીણી. ૧)≈ ૧)≈ કમોદ જાડી. ૧॥~ ૨) બાજરો. ૨॥≈ ૨॥~ તલ. ૨॥≈ તલી. ૧॥~ એરડી. ૧॥≈ એરડા. ૧॥ ૧॥। ચોખા. ૧॥ ૨) ૨)≈ ગોળ દેશી. ૧॥~ ૧॥≈ અડદ. ૧॥≈ ૧॥। મેથી. ૧॥~ ૧॥≈ મગફળી જીણી. ૧॥≈ ૧॥≈ મગફળી જાડી. ૮॥ ૯ વેસણ (મણ ૪.) ૭॥ કપાશીયા (મણ ૬.) ૧॥~ રાઇ. ૧॥ મઠ. ૧) કળથી. ૪॥≈ ખાંડ. ૫॥। સાકર.

**ઘી :** ૨૦) મુંબઇ પરખ, ૧૬) તાજેરસ.

**તેલ :** ૬) તલનું, ૪॥≈ ૪॥। શીંગનું. ૩)≈ ૩॥≈ ૩॥ ગ્યાસલેટ.

---


## “ ખોજા જાગૃતિ ”

**એટલે**

**ખોજા કોમના પ્રશ્નોની સ્વતંત્ર નીડર ચર્ચા.**
**ધરાર પટેલોના ત્રાસ સામે બેધડક જેહાદ.**
**સામાજીક કુરૂઢીઓનું કટ્ટર દુશ્મન.**
**કચડાતાઓનું બાન્ધવ.**
**ટુંકમાં**
**ખોજા કોમનું એકજ સ્વતંત્ર વાજીંત્ર.**
**છતાં**
**એક વરસના ફકત રૂા. ૨) માં તમારા ઘરે પહોંચે.**
**આજેજ ગ્રાહક થાવ.**

**વ્યવસ્થાપક,**
**“ ખોજા જાગૃતિ ”**
**રાજકોટ.**

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. " ખોજા જાગૃતિ " ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]**

કલમ ૯૨.

" જો કોઇ બાઇ માણસને કાઉન્સીલમાં બોલાવવામાં આવે તો તેણીને યોગ્ય માનસર બોલાવવી અને તેની સાથે સભ્યતાથી ભાષણ કરવું; અને જો તેણી કાઉન્સીલ પાસે આવવામાં કસુર કરે તો કાઉન્સીલને યોગ્ય લાગે તેવી શિક્ષા તેણીને ફરમાવે "

આ કલમનો પહેલો ભાગ ઠીક છે. પણ પાછલા ભાગમાં કાઉન્સીલને યોગ્ય લાગે તેવી શિક્ષા કરવાની જે વાત છે તે અસહ્ય છે. કાઉન્સીલના કાયદાની કલમોમાં આવી આપખુદ સત્તા જ્યાંને ત્યાં ધારણ કરવામાં આવી છે. 'યોગ્ય' શબ્દનો અર્થ સ્પષ્ટ કરવોજ જોઇએ.

**કલમ ૯૩.**

" કોઇ કેસની સુનાવણી વખતે વાદી તથા પ્રતિવાદી બન્ને પક્ષ કાંઇ પણ વ્યાજબી કારણ વગર ગેરહાજર હોય તો કેસ કાઢી નાખવામાં આવશે; અને જો પક્ષકારો કેસ ફરીને સુનાવણી પર લેવા માગે તો તેઓએ તે બાબતનાં કારણ દર્શાવવાં અંને જો કાઉન્સીલને તે કારણો વ્યાજબી લાગે તો એ પ્રમાણે કેસ ફરી સુનાવણી પર લેવા ઇચ્છનાર પક્ષ પાસેથી રૂા. ૧ ફી લઇ તે કેસ સુનાવણી પર લેશે. "

આ કલમના પહેલા ભાગ સામે વાંધો ન હોય કે બેમાંથી એક પણ પક્ષ હાજર ન હોય તો કેસ કાઢી નાખવો. પણ 'પક્ષકારો કેસ ફરીને સુનાવણી પર લેવા માગે' એમ લખ્યું છે તેનો અર્થ એવો થાય છે કે બન્ને બક્ષકારો તે કેસ ફરીને ચલાવવા કબુલ થાય તો. પણ આમ કદી પણ બને નહિ. પ્રતિવાદીને જે તક મળી હોય તેનો લાભ તે જતો કરેજ નહિ. એટલે બન્ને પક્ષકારોની સંમતિથી કેસ ફરી સુનાવણી પર લેવાનું અવ્યવહારૂ ઠરે છે. જે પક્ષકાર ફરી સુનાવણીની માગણી કરે તે વાદીજ હોય એટલે એ રીતે સ્પષ્ટ લખવું વધારે સારૂં. બાકી જેની નેમ માત્ર પૈસા એકઠા કરવાની છે તે કાયદામાં પૈસા લીધા વિના તો કોઇ કામ કેમજ થઇ શકે ?

**કલમ ૯૪.**

" જે સાક્ષીઓને સમન્સ કરવામાં આવે તેઓ મુકરર વખતે કાઉન્સીલ પાસે હાજર થવા બંધાયેલ છે. જો સાક્ષી મુકરર વખતે હાજર રહેવા અશકત હોય તો તેણે તેનું કારણ કાઉન્સીલ તરફ લખીતવાર બતાવવું, અને જો તે કારણ કાઉન્સીલને વગર જરૂરી માલુમ પડે તો તેઓ પોતાને યોગ્ય લાગે તે શિક્ષા કરશે."

ઉભરાઇ જતી આપખુદી આ કલમમાં ખુલ્લી રીતે જોઇ શકાય તેમ છે. કલમ ૮૯ માં એમ ચોકખી રીતે લખ્યું છે કે બન્ને પક્ષકારો કાઉન્સીલને પંચ તરીકે નીમીને ઇન્સાફ માગે તોજ કાઉન્સીલે તે ઇન્સાફ આપવાનો છે, નહિતર નહિ. જેમ વાદી પ્રતિવાદી કાઉન્સીલ પાસે પોતાની ઇચ્છા હોય તોજ હાજર થાય અને ન હોય તો બંધાયેલા નથી, તેમજ સાક્ષીઓ માટે હોવું જોઇએ. અમુક બે માણસો બાઝે અને તે અમુક ટોળીને એમ કહે કે તમે અમારો ન્યાય કરો તેથી કરીને તે ટોળી એમ કદી પણ દાવો કરી શકે નહિ કે એ બે બાઝનારા શીવાય બીજાઓએ પણ તેની સમક્ષ હાજર થવુંજ પડશે. ન્યાયની અદાલતોમાં સાક્ષીઓને ફરજીઆત બોલાવવામાં આવે છે તેનું કારણ તો એવું છે કે ન્યાયના કામમાં મદદ કરવા સૌ શહેરીઓ બંધાયેલા છે. પણ કાઉન્સીલ એ ન્યાયની અદાલત નથી એમ તેની પોતાનીજ કલમ ૧૮૯ ઉપરથી કહી શકાય છે. બીજી કેટલીક કલમોની માફક આ કલમમાં પણ રાજસત્તા થવાની કે તેનું અનુકરણ કરવાની આંધળી વાસના સમાયેલી છે. કોઇ પણ માણસ તેની ઇચ્છા ન હોય તો સાક્ષી તરીકે કાઉન્સીલ આગળ હાજર થવા બંધાયેલ નથી અને તે પ્રમાણે જો તે હાજર ન થાય તો કાઉન્સીલ પોતાને યોગ્ય લાગે તેવી તો શું પણ કોઇ પણ જાતની કાંઇ પણ શિક્ષા કરવા હકદાર નથી.

**કલમ ૯૫.**

" વાદી તથા પ્રતિવાદી પોતપોતાના સાક્ષીઓ પોતાની મેળે લાવે તો તે વધુ સારી વાત છે. પણ જો સાક્ષીઓને કાઉન્સીલ મારફત સમન કરાવવા તેઓની ઇચ્છા હોય તો કાઉન્સીલ પોતાને યોગ્ય લાગે તે મુજબ સંબંધ ધરાવનાર પક્ષ પાસેથી " મુસાફરી ખરચ " અને " ભથ્થા " ની રકમ વસુલ કરશે અને તે રકમ સંબંધ ધરાવતા પક્ષ આપવા બંધાયેલ રહેશે."

" ભથ્થા " ના દર મુકરર કરી રાખવા જોઇએ. કાઉન્સીલની મુનસફી ઉપર તે શા માટે છોડવા જોઇએ ? "મુસાફરી ખરચ" તો જેટલું થયું હોય તેટલુંજ આપવું જોઇએ.

**કલમ ૯૬.**

" કોઇ કેસની અંદર જુબાની લેતી વખતે પક્ષકારો તથા સાક્ષીઓ વિગેરેને નીચે મુજબ પ્રતિજ્ઞા લેવા ફરમાવવામાં આવશેઃ—

**પ્રતિજ્ઞા.**

'હું શુદ્ધ ઇમાનથી અને ખુદાને હાજર જાણી સાચું બોલીશ, જુઠું બોલીશ નહિ, અને સત્ય શિવાય બીજું કાંઇ બોલીશ નહિ.'

આવી રીતે પ્રતિજ્ઞા આપવાનું કામ રાજ્ય તરફથી સ્થપાયેલી ન્યાયની અદાલતોનુંજ છે. અન્ય માણસો કે સંસ્થા તે પ્રમાણે કરી શકે નહિ.

આ અઠવાડીક રાજકોટમાં " લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ " માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

જુનો ચીલો. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૨૨: જુલાઇ ૧૮ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના અષાડ વદ ૧૧ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## આજના અંકની સામગ્રી.

જુનો ચીલો.

મારી મુસાફરી.

આત્મભાન.

નર્કના ડર નીચે.

સપ્તાહનો સાર.

એક સૂચના.

કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

વેપાર સમાચાર.

## દ્રષ્ટિદોષ.

તમારે તમારી સ્વતંત્રતા જોઇએ છીએ? જો જોતી હોય તો જરૂર જાણજો કે તે તમારી આગળ આસમાનમાંથી ઉતરી આવવાની નથી કે કોઇ બહારથી આવી તે તમોને આપી જવાનું કે અપાવવાનું નથી. ખરૂં કહીએ તો તે તમારી પાસેજ છે. તમારા પોતાનાજ અંતઃકરણ પર અવલંબીને ઉભેલી છે. વિચારીને જોશો તો જણાશે કે તમેજ માત્ર તેને રોકી રહ્યા છો. ગુલામી તમોને વળગી રહી નથી પણ તમેજ પોતે ગુલામીને વળગી રહ્યા છો તેમ કહેવામાં કશું ખોટું નથી. સ્વાધીનતા કોઇ એવી વસ્તુ નથી કે તાળા બંધ કરેલી તીજોરીમાં પુરાયેલી પડી હોય કે જ્યાંથી તે કેવી રીતે મેળવવી તેની મુશીબતમાં મુંઝાવું જોઇએ. એનો સંબંધ તો તમારી સમજણ સાથે રહેલો છે. તમારા હૃદયમાં સાચૂં ભાન થતાં સ્વાધીનતા તમારી સાથેજ રહેલી છે. તમે સમજો એટલે સ્વતંત્રજ છો. માત્ર ગેરસમજણથીજ, નબળાઇથી વ્હોરી લીધેલી આધીનતા, ગુલામી દુર કરો એટલે જેમ અંધકાર દુર થતાં પ્રકાશ પોતાની મેળે પાસે આવે છે તેમ સ્વતંત્રતા તમારી પાસે પોતાની મેળેજ આવવાની એ ચોક્કસ અને નિઃસંશય છે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૮-૭-૩૩.


## જુનો ચીલો.

આ મારા આજના અંકમાં ૭૬ ઇસમાઇલીઓ ઇશનાઅશરી થયાના સમાચાર અન્યત્ર પ્રગટ થયા છે. આ પ્રસંગ આપણી પાસેથી થોડી વિચારણા માગી લે છે.

આ બહાર પડનાર ભાઇઓ જણાવે છે કે અમારા બાપદાદાથી માનતા આવ્યા છીએ તે મઝહબ અમે અખત્યાર કર્યો છે. ઇશનાઅશરી ભાઇઓ અને ઇસમાઇલી ભાઇઓમાં આ એક વિવાદ પ્રથમથીજ ચાલ્યો આવે છે, અને સૌ કોઇ પોતાના ધર્મને ‘ બાપદાદાનો ધર્મ ’ ગણાવે છે. આમાં સત્ય શું છે તેની સાથે આપણે અત્યારે કાંઇ સંબંધ નથી.

અમારો પ્રશ્ન તો એકજ છે કે ‘ બાપદાદાનો ધર્મ ’ પાળવો હોય તો અમુક ટોળું છોડી અમુક ટોળાંમાં ભળવાની જરૂર કયાં ઉપસ્થિત થાય છે ? કયો ધર્મ પાળવો એ દરેકની મુનસફીની વાત છે અને પ્રત્યેક વ્યક્તિ તે માટે સ્વતંત્ર છે. આના બચાવમાં એમ કહેવામાં આવતું હોય કે તે ખુલ્લી રીતે પાળવામાં અથડામણ થવાનો ભય રહેલો છે અને કાઉન્સીલની તે માટે મનાઇ છે, તો અમારો જવાબ એ છે કે કાઉન્સીલની મનાઇ એ ખુદાની મનાઇ નથી અને તે મનાઇને આધાર ગણી તેના ઉપર મદાર બાંધી કાંઇ પગલાં ભરવાં એ ભુલ ભરેલું છે; અને અથડામણ થવાથી શા માટે ડરવું જોઇએ ? આપણને જે વાત સાચી લાગે તે આપણે નિર્ભયપણે કહી શકીએ છીએ; તેમ કહેવાનો આપણને પુરેપુરો હક્ક છે. અથડામણથી ડરી જઇ ચાલ્યા જવું એ ઉલટું ભયભીતપણું બતાવ્યા બરાબર છે.

ખોજા સુધારક સંઘે જ્યારથી કોમની ઉન્નતિ અર્થે કાઉન્સીલ સામે ઝુંબેશ ઉઠાવી ત્યારથી કાઉન્સીલ પક્ષના બધા વાજીંત્રો અને ગોઠીયાઓ બરાડા પાડી રહ્યા છે કે “તમે ઇશનાઅશરી થઇ જાવ, હિંદુ થઇ જાવ, મુસલમાન થઇ જાવ, ગમે તે થઇ જાવ, પણ અમને નીરાંતે ચલાવ્યે રાખવા દ્યો. ” આમ છતાં ખોજા સુધારક સંઘે આ બુમરાણ તરફ જરા સરખું પણ લક્ષ આપ્યું નથી, કે એ જુના ચીલા તરફ આકર્ષાઇ જવાનું પસંદ કર્યું નથી. અમારી દ્રાષ્ટએ આ રીતજ અખત્યાર કરવા જેવી છે.

કાતરી ખાનાર કાતરી ન ખાવાનું કહેનારને કહે કે તમે આંહીથી ચાલ્યા જાવ અને જો તે ચાલ્યા જાય તો તો કાતરી ખાનાર તરફ ચાલ્યા જનારે સંપૂર્ણ સહાનુભૂતિ બતાવી કહેવાય, બલકે તેને સારામાં સારી મદદ આપી ગણી શકાય. કારણકે તે જાણનારાઓના ચાલ્યા જવાથી કાતરી ખાનારને તેની ક્રિયા બંધ કરવાનું કહેનાર કોઇ રહેતું નથી, તેનો માર્ગ નિષ્કંટક બને છે અને કાતરને ન જાણનાર અજ્ઞાન સમુહ ઉપર તે પોતાનું આધિપત્ય ઘણીજ સહેલાઇથી નીભાવ્યે જઇ શકે છે.

ઇસ્માઇલી ધર્મ ઉંચો કે ઇશનાઅશરી ધર્મ તેના વાદવિવાદ કે માથાકુટમાં ઉતરવા અમે માગતા નથી. ૭૬ ભાઇઓ જરૂર ધર્મને નામે લેવાતા ભારે ફરજીઆત લાગાઓમાંથી બચવા પામ્યા છે અને વ્યવસ્થિત ગુલામીમાંથી મુક્ત થયા છે. પણ આવી રીતે નાસી જઇને મુક્તિ મેળવવાની રીતને અમે વખોડી કાઢીએ છીએ. આપણામાં સામનો કરવાનું જોર હોવું જોઇએ. જે વાતને આપણે સાચી માનતા હોઇએ તેને જે જગ્યાએ આપણે ઉભા હોઇએ તેજ જગ્યાએ અને તેજ મીનીટે સાચી કહેવાની આપણામાં હીંમત હોવી જોઇએ. સાચી વાત કહેવાને માટે આપણે કોઇ પણ જાતના ટોળાંના કોટ કિલ્લાનાં રક્ષણની જરૂર નથી. એવું રક્ષણ શોધવું એમાં બહાદુરી પણ નથી.

આ બધા ઉપરાંત એક પ્રશ્ન એ ઉભો રહે છે કે આવી રીતે પોતાની જાતને શોષણ ક્રિયામાંથી બચાવવાનો પ્રયત્ન કરનાર પાછળ રહેતા શોષિતો તરફ ફરજની કઇ દ્રષ્ટિથી નિહાળે છે ? આ ૭૬ ભાઇઓ ઇશનાઅશરી થઇ ગયા તેના કરતાં તેમણે જો મુંબઇમાં રહીને ખુલ્લી રીતે વિરોધ બતાવ્યો હત અને જેની સામે તેમને અણગમો છે તેની સામે મજબુત પ્રચાર કાર્ય કર્યું હત તો આજે મુંબઇની શું સ્થિતિ હત ? મુંબઇ શહેર આખું હલકયું હત, કાઉન્સીલના કોટ કિલ્લાઓ જોત જોતામાં જમીનદોસ્ત કરી શકાત અને સેંકડો, હજારો માણસોની મુક્તિ ઘણી સહેલી બની જાત.

આપણે આપણા અંગત લાભની દ્રષ્ટિમર્યાદા વટાવી જુનો ચીલો હવે જતો કરવો જોઇએ છે. એકલા પોતાનું કરવાની વૃત્તિ તજી દઇ આપણે પરાર્થે ઝુઝવાની મહત્વાકાંક્ષા કેળવવી એમાંજ સાચી દીલેરી અને મર્દાનગી છે.

# મારી મુસાફરી.

લેખક : શ્રી. " મુસાફર. "

( અંક ૧૯ થી ચાલુ. )

બોટાદથી રવાના થઇ હું ભડલીને માર્ગે ચડયો ભડલી અને બોટાદ વચ્ચે લગભગ ૨૦ માઇલનું અંતર છે. વીકટ રસ્તો અને ડુંગરા કાપતો કાપતો હું છેક સૂર્યાસ્તે ભડલી પહોંચ્યો.

ભડલીમાં મારો કોઇ ખાસ સ્નેહિ તો હતો નહિ, એટલે એક જુની ઓળખાણને તાજી કરવા મેં નિશ્ચય કર્યો. મારા સદ્‌ભાગ્યે ગામના ઝાંપામાંજ મારા એ જુના સ્નેહિ સામા મળ્યા. ગામડાના માણસો શહેરીઓ કરતાં વધુ સ્નેહાળ અને આદર સત્કાર કરનારા હોય છે. અમને એને મળ્યે ઘણા વરસો થઇ ગયા હતા તો પણ એક ખાસ મિત્ર જેટલો મને આવકાર આપી તે મને પોતાને ઘરે તેડી ગયા.

થોડો આરામ લઇ પાણી પી અમે બન્ને વાતો કરતા કરતા જમાતખાને જવા નીકળ્યા. રસ્તામાં મેં તેમને આ ગામમાં ઇસમાઇલી ખોજાઓની કેટલી વસ્તી, વિગેરે પુછપરછ કરી. મારા મિત્રે બે આના ને પાંચ તેના એમ ગણી ગણીને ચાળીશ સુધી આંકડો પહોંચાડયો. ત્યાં જમાતખાનાનો દરવાજો આવ્યો અને અમે બન્ને જમાતખાનામાં દાખલ થયા.

ધુવા પડાઇ રહ્યા બાદ મેં ચારે ખુણે નજર ફેરવી જોઇ. મારા મિત્રે હમણાંજ બતાવેલ આંકડા મુજબ પુરૂષ વર્ગમાં ૨૦ ટકા અને દેવી ( સ્ત્રી ) વર્ગમાં ૪૦ ટકા જેટલી હાજરી હતી. આ ઉપરથી મને અનુમાન કરવાનું કારણ મળ્યું કે બીજા સ્થળોની માફક આંહી પણ ખાસ ભકિત ઉભરાઇ જતી ન્હોતી.

પણ મારે એકલી હાજરી જોઇનેજ કાંઇ મત બાંધી લેવો ન હતો. રાત્રિ મારા મિત્રને ઘરે ગાળી સવારે હું તેમને સાથે લઇને ગામમાં ફરવા નીકળ્યો. તેમનો પોતાનો મત મેં જાણી લીધો હતો. તેઓ ગાડરીયા પ્રવાહમાં તણાતા છતાં તેમાં માનતા હતાનહિ.

મારા મિત્રના જુવાન સાથીદારોને અમે પ્રથમ મળ્યા. રાજકોટ ખોજા યુવક મંડળની પ્રવૃત્તિ જ્યારે પુર જોશમાં હતી ત્યારે આ ગામના યુવાનોએ પણ એક યુવક મંડળ સ્થાપી પત્રિકા પ્રગટ કરી હતી. પ્રમુખ અને મંત્રી બેના નામ બહાર આવેલાં, પણ વડિલોના દબાણું અને એક કિસ્સામાં તો જુલમને લઇને આ યુવક મંડળ પડી ભાંગ્યું હતું અને પ્રમુખ મંત્રીએ બહાદુરીપૂર્વક ( ! ) પાછા પગલાં ભર્યાં હતાં. આમ છતાં એ યુવાનોનો ઉત્સાહ મરી ગયો ન હતો એમ તેઓ સાથેની વાતચીત ઉપરથી મને સ્પષ્ટ દેખાણું.

મેં તેમને પુછયું કે " તમે બધા આટલા ઉત્સાહી છો અને કાઉન્સીલ અને તેના પીરથી થાકી ગયા છો તો પછી શા માટે બહાર પડી તમારી વાતને જગજાહેર કરતા નથી ? "

જુવાનોએ જવાબ વાળ્યો કે " ભાઇ, શું કરીએ ? આઝાદીના મંદીરમાં પ્રવેશ કરવા માટે અમારૂં લોહી ઉછાળા મારી રહ્યું છે, પણ આઝાદ મંદીરના દરવાજામાં વડીલશાહીની થપી એવી તો આડી ખડકાઇ ગઇ છે કે આઝાદ મંદીરના દરવાજામાં કયાંય પણ પ્રવેશ કરી શકીએ તેવો રસ્તો રહેવા દીધો નથી. અમારૂં મંડળ ન ટકી શકયું તેનું કારણ પણ આ વડિલશાહી. ભલે વડિલો અત્યારે સત્તા ચલાવી લ્યે, પણ અમારા લોહીમાં વધતી ગરમી અમારી પાસે વહેલે મોડે પણ સર્વ બન્ધનો ફેંકાવી દેશે. વડિલો માનતા હશે કે અમે જુવાનીયા ટાઢા થઇ ગયા છીએ ; પણ તેમને કયાંથી ખબર હોય કે અમે વડિલશાહીને ફગાવી દેવા જરૂર પુરતું જોર એકઠું કરી રહ્યા છીએ ? પણ અત્યારે તો વડિલશાહીના શ્વાસે જીવીને " ગમે તો પરણાવો અને ગમે તો ઘરઘાવો " તેવી સ્થિતિ છે. " આ શબ્દો બોલનારના સ્વરમાં અસહ્ય કંટાળો તરી આવતો હતો.

યુવાનોની મુલાકાત લીધા બાદ હું મોટેરાઓને પણ મળ્યો. ઘણા ખરા આખી વસ્તુસ્થિતિ બરાબર સમજે છે. કાઉન્સીલથી કંટાળી પણ ગયા છે. પણ કોઇનામાં એવી તાકાત નથી કે તે પોતાની જાતને પ્રામાણિક બની શકે. માત્ર બેજ પાઘડીવાળાઓના હાથમાં લગભગ આખા ગામનું સુત્ર છે. તેઓ હિંમત ધારણ કરે તો બીજાઓ સહેલાઇથી તેમને પડખે ઉભા રહે તેમ છે. પણ અત્યારે તો પ્રગતિના પ્રવાહ આડે તેઓ પોતાની પહોળી છાતીને ધરીને ઉભા છે, અને કાળબળ તેમને એ પ્રવાહમાં ખેંચી જાય તેની વાટ જોઇ રહ્યા છે. ' સહુનું થાય તે વહુનું થાય " એવુંજ તેમનું માનસ છે, અને તેથીજ તેઓ પોતે બહાર પડતા નથી અને બીજાઓને આવવા દેતા નથી.

રાજકોટ ખોજા યુવક મંડળની વિરૂદ્ધ પોતાની ચાલુ નોકરી છતાં ગામોગામ ફરીને અને દિવસ રાત રખડીને પ્રચાર કામ કરી " ભડવીર " નો માનવંતો ( ! ) ઇલ્કાબ મેળવનાર ભાઇને પણ હું મળવા ચુકયો નહિ. આ ભાઇ હાલમાં તો કાંઇ ઠંડા થઇ ગયા દેખાય છે. મારી સાથેની વાતચીતમાં તેમણે પોતાનો આ પ્રવૃત્તિ સામે મજબુત વિરોધ બતાવ્યો તો પણ મને એમ લાગ્યા વિના રહ્યું નહિ કે જેટલી ભકિત તેઓ ઉપરથી બતાવે છે તેટલી તેમના દીલમાં નહિ હોય. મને એક બે જણા એમ કહેતા હતા કે આ ભાઇ બહારગામ જાય છે ત્યારે ઇશનાઅશરી ભાઇઓ બલકે કેટલીક વખત તો જ્ઞાતિબહાર થયેલા સુધારકો સાથે પણ જમી લ્યે છે. મુખ્ય વાત એ છે કે એ વાત બહાર આવી બીજાઓને જણાવી ન જોઇએ. ખરેખર ! કાઉન્સીલનુ તંત્ર ટકી રહેવામાં ઉપલકીયો ડોળ પણ સારો ભાવ ભજવે છે.

૪૦ ઘરની વસ્તીમા મને ખાત્રી થઇ કે કુલ્લે ૪ાા ઘર ચૂસ્ત ભકત છે. ચાર ઘર આખા અને એક ઘરમાં માત્ર સ્ત્રીઓજ ; એટલે એમ ૪ાા. ૨૫ ટકા જેટલો ભાગ ખાસ ઇશનાઅશરી ધર્મ ખુલ્લી રીતે પાળે છે, અને બાકીના યુવક મંડળના મતને મળતા છે.

બે એક દિવસ રોકાઇ હું બાબરા જવા રવાના થયો.

---

( અનુસંધાન પાના ૧૭૨ થી )

**એક બાળક** - અમારે નથી ગરવું.

**એક છોકરી** - એને તો જલાવી દેવો છે.

(મંત્રી દિર્ઘનખ આચાર્યને બંગલે જાય છે. શ્રી. અશરણશરણ અને બીજા સભાજનો વાડા તરફ કૂચ કરતા જાય છે.

(આ રસભરપુર નાટિકાનો વધુ ભાગ આવતા અંકમાં.)

# આત્મભાન.

## ( એકાંકિ નાટિકા. )

રચનારઃ શ્રી. " ભગત. "

(ગયા અંકથી ચાલુ.)

### પ્રવેશ બીજો.

**સ્થળ**—વાડાની બહારનું ચોગાન.
**સમય**—સાંજના પાંચ વાગ્યાનો.

### પાત્રો.

**શ્રી. અશરણશરણ**—'મેષ મિત્રમંડળ' નો પ્રમુખ.
**વિશ્રામભાઈ**—"મેષ મુક્તિ" પત્રનો અધિપતિ.

અને

બીજા સભ્યો, બાળકો, સ્ત્રીઓ, વિગેરે.

પાછળથી

**દિર્ઘનખ.**

( આચાર્યના બંગલા આગળથી પસાર થયેલું સરઘસ અત્રે આવી લાગતાંજ વાડામાંથી સોએક જેટલાં મેંઢા જર્જરિત થઇ ગયેલી વાડ કુદાવીને બહાર આવતાં રહે છે. સૌ સભાના આકારમાં ગોઠવાઇને બેસી જાય છે. )

**વિશ્રામભાઇ**—ભાઇઓ, આટલી મોટી સંખ્યામાં બહાર નીકળી આવી આજના કાર્યક્રમમાં તમે સામેલ થયા છો તે જોઇ હું ઘણો ખુશી થાઉં છું. આપણી હાલની લડત કદી પણ ન ચૂસાવાના આપણા હકની લડત છે. આપણે કહીએ છીએ કે હવેથી અમે અમારૂં અર્થ–શોષણ થવા દઇશું નહિ. અમે હવે અમારી મેળે જીવવા માગીએ છીએ. અમને હવે મરણ પછીની ગતિની દરકાર નથી. અમને એવો મિથ્યા ભ્રમ હવે ભમાવી શકે એમ નથી. વર્ષો સુધી આંખ અને કાન બંધ રાખી અમારાજ વાડામાં તમારા બનાવ્યા કેદ થઇ રહ્યા. અમારી અજ્ઞાનતાનો લાભ લઇ તમે અમારો નિરંકુશ ભક્ષ કરતા રહ્યા છો. હવે એક પળ પણ અમારો ને તમારો મેળ સંભવે એમ નથી. હવે અમારો મેષ-સમુહ 'મેષ-સમુહ' નથી પણ 'માનવી સમુદાય' છે. અમે ત્રિકાળ મૂંઢ નથી, પણ આ દુષ્ટ વાડાએની સંકુચિતતાએ અમને 'ભક્ષ' થવા શિવાય અન્ય કંઇ જ્ઞાન થવા દીધુંજ નથી. હવે અમારાં ચક્ષુ ખુલ્લી ગયાં છે. અમારાં આ લોક કે પરલોકના સુખ દુઃખોમાં અમારે કોઇની દરમ્યાનગીરીની જરાએ જરૂર નથી. બોલો, જેને આ વાત કબુલ હોય તે આમ આગળ આવે, અને કોઇને ઇપ્સિત મેળવવાનો કાંઇ ત્વરિત માર્ગ સુઝતો હોય તો તે કહે. ( બેસી જાય છે. )

( કેટલાક આગળ આવે છે. )

**રમજુ તાળાકુંચીવાળો**— હું તો કહું છું કે ચાલો, હું એ વાડાનું તાળું ઉઘાડી દઉં ; પછી સઘળા અંદરના અને બહારના મુક્તપણે ફરીએ. આપણે કોઇના બન્ધનમાં રહેવું નથી. બીજાઓ બતાવે તેના કરતાં આપણું શ્રેય શામાં છે એ આપણને પોતાને વધુ ખબર છે.

**અબદલ ઘાસવાળો**—પછી એ વાડો ખાલી કરીને તેમાં પુંજો મુકી દઇએ.

**વીરજી વાડીવાળો**— એટલે પછી એ નિંદામણ એની મેળે નીકળી જશે.

**દામજી દાળીઆવાળો**—હવે આપણામાં કદી એનો શુક્વાર પાકે એમ નથી.

( સામેથી દિર્ઘનખ આવે છે, કેટલાક ગાભરા ને કેટલાક ઉત્સાહિત થતા દેખાય છે. )

**દિર્ઘનખ**—(સમુહને જોઇને, ચમકીને) અરે, તમે લોકો આમાં કયાં સામેલ થયા ! તમને એ નહિ પાલવે. તમારા માતાપિતા અને બીજાં સ્વજનો સૌ વાડામાંજ છે. તમે એકલા આમની વાદે દુઃખી થશો. અમે તમારી કેવી કાળજી કરીએ છીએ! અન્ય રૂધિર પિપાસુઓથી બચાવવા તમારી આસપાસ કેવો કારમો કોટ રચ્યો છે! તમારી પરલોકની ગતિ વિષે પણ આપણા અમિતોદર મહાપ્રભુજી અહરનીશ ચિન્તા કરે છે.

**રમજુ**—મહાપ્રભુજીને કહો કે અમારી ચિન્તા ન કરે, અમે અમારૂં ફોડી લેવા સારી રીતે શક્તિમાન છીએ. એ મહાપ્રભુજીનો અમિતાહારજ અમારા સર્વનાશનું કારણ છે. કદીએ ઓછી ન થતી રક્ત પિપાસા અને નિત્યપ્રતિ વૃદ્ધિંગત થતી એમની ધનલિપ્સા અસહ્ય થતાં અમે અમારો માર્ગ શોધી લીધો છે.

**દિર્ઘનખ**—એમ નહિ, આપણે સાથે મળીને કાંઇક તોડ કાઢીએ. તમારામાંના બે ડાહ્યા અગ્રણિઓને મારી સાથે મોકલો. આપણે પ્રભુજીના ઉદર અને આહાર 'મિત' બનાવીએ.

**એક અવાજ**—હું પણ એમજ કહું છું.

**કાનજી કાંદાવાળો**— અને હું પણ.

**દામજી દાળીઆવાળો**—ના, રે, ના એમાં કાંઇ વળે એવું નથી. આપણે તો એમનો સંગ છોડયો તે છોડયોજ.

**એક છોકરો**—નથી જવું, નથી જવું.

**એક બાઇ**—હાંકી કાઢો એ ધુતારાને.

**શ્રી. અશરણશરણ**— (આટલો વખત સઘળું સાંભળી રહીને) મંત્રીરાજ દિર્ઘનખ ! તમારી શુભેચ્છાઓની હું કદર કરૂં છું, પણ અમારો નિરધાર અફર છે. અમે હવે એક પળવાર પણ ચૂસાવા, કોઇનો ભક્ષ થવા, તૈયાર નથી. અમારે હવે એ સ્વર્ગનાં સોહામણાં સ્વપ્ન સેવવાં નથી. આ દુનિયા પરનાં સર્વ માનવીઓના જેવાજ અમે પણ માનવી છીએ. તમે ધારો છો એવા હવે અમે મેંઢા નથી અત્યારે અને આ સ્થળેજ હું અમારા માનવી અધિકારોની ઉદ્દઘોષણા કરૂં છું કે–અમે માનવી છીએ ને માનવીજ રહેવાના. આપણા વાડામાંના ભાઇ બ્હેનો સર્વ માનવી છે. તેમના માનવી અધિકારોની રક્ષા કરવાની આપણી ફરજ છે અને હું તે મારે માથે લઉં છું. ( તાળીઓ )

**દિર્ઘનખ**— ( ખીજાઇને ) ચાલો, બધા વાડામાં પુરાઇ જાવ, નહિતો કયામત સુધી નહિ ગરવા દઉં.

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૭૧ )

# નર્કના ડર નીચે.

લેખક : શ્રી. એચ. વી. સવાણી.

અબ્દલા અને ઇસ્માઇલ બન્ને દોસ્ત. ખતીજા તથા ગુલબાનુ તેમની સહધર્મીણીઓ; બન્ને જાણે બ્હેનો. અબ્દલા અને ખતીજા, ઇસ્માઇલ અને ગુલબાનુ એ બે જોડાં. બે જોડાંનું એક જોડું. કુદરતે જાણે અજબ આનંદ પુરેલો. નહિ કોઇ જાતની ચિંતા કે બીક. ચારે ખુશમીજાજી. ચારે જણાઓનો એકજ જીવ.

કોઇ દિવસ નહિ ને આજે ગુલબાનુને ખાને જવાનું દીલ થયું. પતિ પાસે દરખાસ્ત મુકી. ચારમાંથી એક જણ દરખાસ્ત મુકે તો બનતા સુધી કોઇ વાંધો લ્યે નહિ. ઇસ્માઇલને નવાઇ લાગી અને ગુલબાનુની મશ્કરી કરવા લાગ્યો. ત્યાં અબ્દલાની ગાડી આવી બહાર ઉભી રહી. ખતીજા ગાડીમાંજ બેઠી રહી અને અબ્દલા ગુલબાનુ તથા ઇસ્માઇલને તેડીને પાછો ગાડીમાં આવી બેઠો.

ગુલબાનુએ ગાડી ખાના તરફ હાંકવા સૂચના કરી અને ગાડી ચાલવા લાગી. અંતે એક મકાન આવ્યું. ઉપર લખ્યું હતું કે "શા. ઇ. ઇ. ખોજા જમાત શિવાય કોઇએ અંદર દાખલ થવું નહિ." આ પાટીયા નીચે ગાડી ઉભી રહી અને સહુ ખચકાયા.

ગુલબાનુએ છાતી ઠોકી. "ચાલો, મીશનરી આવ્યા છે તે બહુ જોવા જેવું થશે." પણ કોઇ નીચે ઉતરે નહિ.

ઇસ્માઇલે કહ્યું, "રોજ કરતાં આજ કાંઇક નવીન છે. ચાલો જઇ આવીએ. મઝા આવશે."

"વશીકરણ વિદ્યાનો ઉપયોગ થયો લાગે છે!" ગુલબાનુ તરફ જોતાં જોતાં હસતાં હસતાં અબ્દુલા તથા ખતીજા બોલ્યા. "ગુલનું ધારવું હશે કે ના. આગાખાન ખુદા છે ને ત્યાં આંટા ખાનારને તથા ખીસાં ખાલી કરનારને મોક્ષ અપાવશે!"

"ના." ઇસ્માઇલે જવાબ આપ્યો.

ગુલ બોલી. "મારે તો જોવું છે કે બૈરી કરગરીને મરે છતાં ઘાઘરી ન લાવી આપનાર મૂર્ખ લોભીઆઓના પાસેથી પણ મીશનરી કઇ રીતે પૈસા કઢાવે છે!"

આમ વાતો કરતા આ ચાર જણા ખાનામાં દાખલ થયા. સ્ત્રી અને પુરૂષ બે ભાગમાં થઇ ગયા. પાટ ઉપર પૈસો મુકયા વગર અબ્દલા અને ઇસ્માઇલે પાટની સામે જગા લીધી. 'બંદો ગુન્હેગાર' કહીને કાંઇ ધર્યું નહિ. આથી બીજા આ મિત્રોની સામે જોવા લાગ્યા. પણ આણે કોઇએ દરકાર કરી નહિ. પાટ સામે નજર કરી તો ત્યાં તરેહ તરેહની ખાદ્ય ચીજો હરરાજી માટે ગોઠવાયલી જોઇ. નાનાં બચ્ચાંઓ આ ખાવાની ચીજો તરફ નજર કરતાં જાય અને રોતાં જાય. અબ્દલાએ તો અંદરથી થોડી થોડી ચીજ લઇ લઇને છોકરાંને આપવા માંડી. મુખીની આંખો ચડી ગઇ. તેણે જુદું વલણ અખત્યાર કર્યું.

"તમારે ખાતે ઘણી ચડત થઇ છે, માટે જમે કરાવો તો સારૂં."

અબ્દલાએ જરા રૂઆબમાં જવાબ આપ્યો. "મુખી સાહેબ, છાના બેઠા રહો. હું કાંઇ ઉધાર લાવતો નથી. લેણું શાનું? અમારે પાર ઉતરવું હશે ત્યારે આંહી આવી બધું મુકી જશું. કદી પણ ઉઘરાણી કરવાની તસ્દી લેશો નહિ."

પચ્ચુરણ લેતી દેતી થઇ રહી. આડા અવળાં ખાતાં તપાસાયાં. પછી મીશનરીએ માયના શરૂ કરી. ધીરે ધીરે વધ્યો અને જુસ્સામાં આવી ગયો.

"આ મનખા દેહ મળ્યો છે, મારા બાપા કરૂં, તે ફરી ફરી આવવાનો નથી. ચોરાશી લાખ અવતાર ફરી ફરીને આ દેહ મળ્યો છે. આપણા સાહેબે, સલવાત પડો, આપણા પર રહેમ કરી આપણને મનુષ્ય દેહ અને સતપંથ ધર્મ આપ્યો છે. જો ભુલશો તો આરો નથી. સાત સાત સમુદ્ર જેટલું ધાવણ ધાવીને આ દેહ મળ્યો છે. આ સતપંથ ધરમનો પાર કોઇ પામી શકનાર નથી. ભોળે મને બ્રેવો. જ્યારે ઉંધે મસ્તકે માના ઉદરમાં લટકતા હતા ત્યારે કેટલું કરગરતા? સાહેબ જામીન થયા ત્યારે તમારો છુટકો થયો. વ્હાલી વસ્તુ સાહેબને આપો. વ્હાલી વસ્તુ પૈસા આપો. ચુકયા તો નરક. અરેરે! નરકની શું વાત કરૂં! તોબા, તોબા!"

આમ મીશનરી વિસ્તારથી હાંકયે જતો હતો અને ખોજા બજાર શાંત થઇ ગળતી જતી હતી. સ્ત્રી અને પુરૂષ ગળગળા થઇ ગયા, અને કેટલીક સ્ત્રીઓ તો રોવા જેવી થઇ ગઇ. બધાનાં મન નર્કની બીકથી ત્રાસી રહ્યાં હતાં. જ્યારે ગુલબાનુ એકલી ગંભીર બેઠી હતી. તે પામી ગઇ કે બધાનું મુળ આ નર્ક ખડું કરવું તે છે. જો પૈસા નહિ આપીએ તો સાહેબ નર્ક અપાવશે એ બીક તે બરાબર સમજી ગઇ, અને તેને ખાત્રી થઇ કે આ એકજ રસ્તાથી પૈસાનું આ મોટું વહન ચાલુ છે ખતીજા પણ આ ગળગળા થઇ જતાઓનાં મોઢાં તપાસવામાં રોકાઇ ગઇ હતી.

ઝાડી કાંધવાળો મીશનરી અંદરથી તો બધું સમજતો પણ બહારથી રોવરાવતો, પોતાના પગારની કાળજી કરતો, ખોજા પ્રજાને ચિંતામાં હિંચકાતી જોઇ તેમના ઉપર જાણે દયા કરતો હોય તેમ તેમને માટે રસ્તો બતાવતો આગળ વધ્યે જતો હતો. "તમારે બધા દુઃખમાંથી બચવું હોય અને તમારે સ્વર્ગનાં સુખ મેળવવાં હોય તો એકજ રસ્તો છે. અને તે એ કે તમારાથી જેટલા બને તેટલા પૈસા આ તેજુરીમાં ભરવા માંડો. જીવો ત્યાં સુધી ભરો, પછી તમારાં બચ્ચાંને ભલામણ કરતા જાઓ."

તુરતજ મીશનરી બેન્કમેનમાં બદલાઇ ગયો. ચારે બાજુથી પૈસાનો ખણખણાટ થવા માંડયો, અને સવાબ બક્ષાવા લાગ્યો. અનેક કાવાદાવાથી જુસ્સામાં આવેલા ગરાબ ભોળા ખોજાઓનાં ખીસામાં પાઇ પણ રહેવા પામી નહિ. પાછા જતી વખતે એજ ખોજાઓ ખાવાના સાંસા બાબત નીસાસો નાખતા ઘેર ગયા.

આપણી બે જોડીઓ પણ કેમ જાણે ફરવા ગયા હોય તેમ એક પાઇ પણ ઓછી કર્યા વગર પાછી ઘેર ગઇ.

# સપ્તાહનો સાર.

**પુનામાં મસલત :** ગઇ તા. ૧૨ મીથી પુનામાં એક અતિ મહત્વની પરિષદ બેઠી છે. મ. ગાંધીજીએ જેલમાંથી શરૂ કરેલી હરીજન પ્રવૃત્તિ, તે અંગેના તેમના ૨૧ દિવસના ઉપવાસ, મહાસભાના કામચલાઉ પ્રમુખની સત્યાગ્રહની મોકુફી અને ફરી મોકુફી, આ બધા સંજોગો અને સ્થિતિ ઉપર વિચાર ચલાવી તોડ કાઢવા માટે મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી આણેએ પુનામાં એક પરિષદ બોલાવી દેશના જુદા જુદા ૩૫૦ આગેવાનોને આમંત્રણ કર્યાં છે. તેમાંથી પહેલે દિવસે ૧૫૦ પ્રતિનીધીઓ હાજર રહ્યા હતા જેમાં હિંદના દરેક પ્રાંતના પ્રતિનીધીઓ આવી ગયાનું કહેવામાં આવે છે. પરિષદની શરૂઆતમાં મહાત્મા ગાંધીજી કે જેમની તબીયત હવે ઘણી સારી છે તેમણે પ્રાથમીક ભાષણ કર્યું હતું. પાંચ કલાક સુધી મસલત ચાલી હતી પણ કાંઇ નિર્ણય થઇ શક્યો હતો નહિ. પરિષદ સમક્ષ ખાસ કાર્ય તરીકે સત્યાગ્રહની લડત ચલાવવી કે પાછી ખેંચી લેવી અને તે કેવી રીતે એ પ્રશ્ન પડેલો છે. છાપાંઓના પ્રતિનીધીને દાખલ કરવામાં આવ્યા નથી. પરિષદમાં ભાગ લેનાર જાણીતા આગેવાનોમાં શ્રીમતી નાયડુ, પં. માલવીયા, મૌ. આઝાદ, ડૉ. આલમ, બેરીસ્ટર અસફઅલી, શ્રી. રાજગોપાલાચાર્ય અને બીજાઓ છે. આવેલા પ્રતિનીધીઓમાં કેટલાક સત્યાગ્રહ બીનશરતે પાછો ખેંચી લેવાના મતના તો કેટલાક તેને ફરીથી વ્યવસ્થિત ચાલુ કરવાના મતના છે. મ. ગાંધીજી ના. વાયસરોયની મુલાકાત કદાચ માગે તો પણ બનવા જોગ છે. અત્યારે હિંદનું ભાવી પુનામાં ઘડાઇ રહ્યું છે.

**શ્રી પટેલનું ભાષણ :** અમેરીકાની પ્રજાજોગ એક ભાષણ રેડીઓ મારફત બ્રોડકાસ્ટ કરતાં હિંદના જાણીતા સુપુત શ્રી. વીઠલભાઇ પટેલે હિંદની અત્યારની આખી સ્થિતિની બારીક સમાલોચના કરી હતી અને હિંદની મદદે આવવા અમેરીકાને આગ્રહ કર્યો હતો. ખાસ કરીને જો હિંદુસ્તાન સ્વતંત્ર હોય તો અમેરીકાને તેની સાથેના વેપારથી કેટલો મોટો લાભ થાય તેમ છે તે તેમણે જણાવ્યું હતું.

**શ્રી. બોઝનો ખુલાસો :** મ. ગાંધીજીની નીતિ નિષ્ફળ નીવડી છે એવા પોતાના નિવેદન ઉપર કેટલાક મિત્રો તરફથી થયેલ ટીકાનો જવાબ આપતાં પરદેશવાસી થયેલા હિંદના યુવાન નેતા શ્રી. સુભાષચંદ્ર બોઝ જણાવે છે કે "સવીનય કાયદા ભંગની ચળવળ પુરેપુરી જોશમાં ચાલતી હતી તે વખતે હાલની ચળવળને અસ્પૃશ્યતા નિવારણની ચળવળ તરફ ખેંચી જવામાં આવી ત્યાંથી ભુલની શરૂઆત થઇ છે. આને લીધે દેશનું માનસ રાજકીય પ્રવૃત્તિમાંથી બીનરાજકીય પ્રવૃત્તિ તરફ દોરાઇ ગયું."

**મૌ. શૌકતઅલીની બદનક્ષી :** મૌલાના શૌકતઅલીએ મુંબઇના જાણીતા દૈનીક "ફ્રી પ્રેસ જર્નલ" સામે માંડેલી બદનક્ષીની ફરીયાદની સુનાવણી ગઇ તા. ૧૨ ના રોજ મુંબઇમાં નીકળી હતી. મૌલાનાએ એક લંબાણ જુબાની આપી છે અને હજી તે ચાલે છે. ફરી સુનાવણી તા. ૧૪ ઉપર મુલતવી રહી હતી.

**બ્રીટીશ કાપડને પસંદગી :** મુંબઇના જાણીતા મીલ માલેક મી. એચ. પી. મોદીએ વિલાયતના એક વર્તમાનપત્રને મુલાકાત આપતાં એમ જણાવ્યું હતું કે "જાપાન હિંદના બજારોમાં સસ્તો માલ ઠલવે છે તેની સામે અમારો વાંધો છે. અમે લેંકેશાયરના બ્રીટીશ માલને ૫૦ ટકા જેટલી પસંદગી આપવા તૈયાર છીએ. હિંદમાં લેંકેશાયર સામે વિરોધની લાગણી હોવાની વાત ખોટી છે."

**ખોજા કુમારીકાનું મરણ :** મુંબઇમાં થયેલ એક ખોજા કુમારીકાનું કહેવાતું ભેદભરેલું મૃત્યુ સૌનું ધ્યાન ખેંચી રહ્યું છે. આ અંગે મરનાર બાઇના માતા પિતા તથા ભાઇની ધરપકડ થઇ હતી, તેમાં પિતાને રૂા. ૧૦૦૦૦) ના રોકડ જામીન તથા રૂા. ૧૦૦૦૦) ના મુચરકા ઉપર અને ભાઇને રૂા. ૧૦૦૦) ના રોકડ જામીન અને રૂા. ૧૦૦૦) ના મુચરકા ઉપર છોડવામાં આવ્યા છે. મરનારની માતાને જામીન ઉપર છોડવાની અરજ રદ કરવામાં આવી છે.

**પં. માલવીયાની મક્કમતા :** કલકત્તા ખાતેની છેલ્લી મહાસભાની બેઠક વખતે અમુક પ્રતિનીધીઓ ઉપર થયેલા પોલીસ અત્યાચાર સંબંધમાં પંડીત મદનમોહન માલવીયા ત્રીજી વખત જાહેર નિવેદન કરી પોતાની વાતને વળગી રહ્યા છે અને હિંદી વઝીરને કાંતો પોતાના ઉપર કામ ચલાવવા અથવા જાહેર તપાસ કરવા આમંત્રણ કર્યું છે.

**શ્રી. ભુલાભાઇનો છુટકારો :** મુંબઇના જાણીતા એડવોકેટ શ્રી. ભુલાભાઇ દેશાઇનો નાશીક જેલમાંથી ગઇ તા. ૪ ના રોજ સજાની મુદત પુરી થતાં પહેલાં એક માસ અગાઉ છુટકારો થયો છે. તેમની તબીયત ખરાબ રહેતી હોવાથી તેમને બીનશરતે છોડી મુકવામાં આવ્યા છે.

**બ્રીટીશરોનો છુટકારો :** ગયા માર્ચ માસમાં ચીનાઇ ચાંચીયાઓના હાથમાં સપડાઇ ગયેલા ૩ બ્રીટીશ દરીયાઇ અમલદારોમાંથી ૨ નાસી છુટવા પામ્યા છે.

**૧૬૮ ઉતારૂઓ ડુબી ગયા :** "ચોરકન મારૂ" અને "હુસેન" નામની બે સ્ટીમરો અથડાઇ જવાથી સ્ટીમર "હુસેન" ડુબી ગઇ છે અને તે પરના ૧૬૮ ઉતારૂઓ ડુબી ગયા છે. "ચોરકન મારૂ" જાપાની અને "હુસેન" ચીનાઇ સ્ટીમર હતી.

---

**ઇશનાઅશરી યુવક મંડળ :** ગઇ તા. ૧૨ ના રોજ રાજકોટમાં ઇશનાઅશરી ખોજા યુવક મંડળને ખુલ્લું મુકવાની ક્રિયા કરવામાં આવી ત્યારે જામનગર, જોડીયા અને રાજકોટના થઇ ૨૦ જેટલા ભાઇઓએ હાજરી આપી હતી. આપણે ઇચ્છીએ કે ઇશનાઅશરી યુવાનો જુવાનોને છાજતું માનસ બતાવી જુની ઘરેડ અને નાપસંદ રીત રીવાજોમાંથી કોમને ઉગારી ખોજા કોમની એક્તા તરફ આગળ વધે.

**ઇસમાઇલી ઇશનાઅશરી થયા :** "મુંબઇ સમાચર" ના તા. ૨૯ જુનના અંકમા એક જાહેર ખબર પ્રગટ થઇ છે તે મુજબ ૭૬ ઇસમાઇલી ધર્મ પાળનારાઓએ ઇશનાઅશરી ધર્મ ખુલ્લી રીતે અંગીકાર કર્યો છે.

---

## લખનારાઓને

શેઠ ફાઝલ ડી. અલાના, મુંબઇ.

આપનું પોસ્ટકાર્ડ મળ્યું છે. શ્રી. કા. જ. ધનાણીને તે મોકલી આપવામાં આવ્યું છે.

# એક સૂચના.

નીચેનો પત્ર પ્રગટ કરવાની અમને વિનંતિ કરવામાં આવી છે.

*To*

The Editor,
The "Khoja Jagriti",
RAJKOT.

Sir,

As one of your subscribers allow me to congratulate you on the change that I am finding in the columns of your esteemed weekly. I pray to God that He may grant you success in your laudable efforts.

I feel, I must here mention a word or two as to what our Khoja community badly needs. Believe me, Mr. Editor, I am very glad to see from your columns that at long last our bretheren have seen through the game that has been played upon our poor community by the Aga Khan. The only desire that I am now cherishing is that our young men may take up courage and openly protest against the Aga Khan when he comes to India, and tell him that he can fool some for all time, all for some time, but he may be sure he can't fool all for all time.

With my best wishes,

Yours faithfully,
"A Khoja"

ઉપરનો પત્ર અમને જેમ અંગ્રેજીમાં મળ્યો તેમજ મુક્યો છે. તેનું ગુજરાતી ભાષાંતર નીચે મુજબ છે:—

"ખોજા જાગૃતિ" ના તંત્રીશ્રી,
રાજકોટ.

સાહેબ,

આપના કિંમતી અઠવાડીકના લખાણોમાં જે ફેરફાર હું જોઇ શકું છું તે બદલ આપના એક ગ્રાહક તરીકે આપને અભિનંદન આપવાની મને છુટ આપશો. આપના પ્રસંશનિય પ્રયત્નોમાં આપને ફત્તેહ મળો એવી હું ખુદા પાસે દુવા ગુજારૂં છું.

મને લાગે છે કે આપણી ખોજા કોમને અત્યારે વધારેમાં વધારે શાની જરૂર છે એ માટે મારે આંહી એક બે શબ્દો કહેવા જોઇએ. તંત્રીશ્રી, મને માનજો કે આપના લખાણો ઉપરથી જોઇ હું ઘણો ખુશી થયો છું કે લાંબે લાંબે પણ છેવટે આપણા ભાઇઓ આપણી ગરીબ કોમ ઉપર ના. આગાખાનથી જે રમત રમાઇ રહી છે તે જોઇ શકયા છે. હું હવે એકજ ઇચ્છા મારા હૃદયમાં સેવી રહ્યો છું કે આપણા જુવાનોએ હીંમત ધારણ કરીને ના: આગાખાન જ્યારે હિંદુસ્તાન આવે ત્યારે તેમની સામે ખુલ્લો વિરોધ બતાવવો, અને તેમને કહી દેવું કે થોડાઓને કાયમને માટે મૂર્ખા બનાવી શકાશે, બધાઓને થોડા વખત માટે મૂર્ખા બનાવી શકાશે, પણ તેઓ ખાત્રીપૂર્વક માને કે બધાઓને કાયમને માટે મૂર્ખા બનાવી શકાશે નહિ.

મારી શુભેચ્છાઓ સહીત,

આપનો વિશ્વાસુ,
"A Khoja"

---

## મંથન.

દારિદ્રતા એટલે ગરીબી. ગુલામી એટલે સ્વમાનહીણ પરાધીનતા.

ગુલામીનાં મૂળ દારિદ્રતા કરતાં અજ્ઞાનતામાં વિશેષ રહેલાં જણાય છે.

અધર્મને નહિ ઓળખનાર ધર્મ જાણતો નથી તેમ કહેવામાં કાંઇ ખોટું નથી.

અસત્યને નહિ ઓળખનાર સત્યને શી રીતે જાણી શકશે?

જ્ઞાતિના વાડાઓને નામે ઓળખાતો ધર્મ તે ધર્મ નથી પણ એકાંતિક આચાર્ય આગ્રહોજ છે. સંપૂર્ણ ધર્મ સર્વ વિધવિધતાઓથી પર છે, અભેદ છે, એકજ છે.

આજના વિધવિધ વાડાઓ ઝેર અને વેરનાં કારણભૂત છે.

જો આપણે સત્યપંથને ચાહતા હોઇએ તો અંધપંથને તુરતજ તજવો જોઇએ.

નામ માત્રથી ધર્મ કંઇ ધર્મ થઇ જતો નથી.

સત્ય અને અહિંસાથી વિરૂદ્ધ મનાતો ગમે તેવો ધર્મ હોય તો પણ તે ધર્મ નથી. ધર્મનું મૂળ સ્વરૂપ સત્યજ છે. સત્ય એજ સર્વ ધર્મની કુંચી છે. તેનાથી જે તાળાં નથી ઉઘડતાં તે બનાવટી અગર જુઠાં છે.

સાચો ધર્મ કદી સત્ય અને અહિંસાનો વીરોધી હોઇ શકેજ નહિ.

તમે જો ધર્મને ચાહતા હો તો કદી પણ હિંસા કે અસત્યને ચાહી શકોજ નહિ.

ગયા કાળના પશ્ચાતાપનું નિવારણ આવતો કાળ છે.

પાખંડતા ને ઇશ્વરને નામે ચલાવવામાં રહેલી દુષ્ટતા જેવું બીજું એકે પાપ નથી.

ધર્મનું સ્વરૂપ ધારણ કરનાર અધર્મી વિશેષ વિશ્વાસઘાતી છે. કારણ સાકરથી ભળેલું વિષ પીનારાઓથી તુરતજ પરખી શકાતું નથી.

જે ધર્મ રહીત છે તે ધર્મઢોંગી કરતાં સારો છે.

નાસ્તીક તેજ છે જે સત્યને સમજવા છતાં હૃદયમાં સંઘરતો નથી.

આત્માને છેતરવા જેવી એકે અધમતા નથી.

જે પાપ કરતો નથી તે ધર્મીજ છે.

જે બીજાને લુંટતો નથી તે પરમાર્થીજ છે.

જે કોઇનો પણ દ્વેષ કરતો નથી તે પ્રેમીજ છે.

અક્રોધી સદાય ક્ષમાવાન છે.

સંખ્યાબળને છાબડે સત્યને તોળનાર સત્યાગ્રહી સત્યને સમજ્યો નથી તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

ઇશ્વર—અલ્લાહ—એકજ છે તો માનવજાત પણ એકજ અને અભેદ છે.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમમાં કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. " ખોજા જાગૃતે " ના વાંચકોને આ લેખમાળાનુ લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૯૭.**

" કાઉન્સીલના કાઇ મેમ્બર કાઉન્સીલના મેમ્બર શીવાય બીજા કોઇને કોઇ કેસની હકીકતથી વાકેફ કરશે નહિ અગર તે બાબતની સલાહ આશે નહિ. જો તે ફરમાનથી કોઇ વિરૂદ્ધ વર્તન કરશે તો સદરહુ કેસમાં બોલવાનો અગર પોતાનો મત આપવાનો તેને કાંઇ હક રહેશે નહિ "

આ કલમ ગેરવ્યાજબી અને અવ્યવહારૂ છે. કેસની હકીકતથી બીજાઓને વાકેફ કરામાં કાંઇ ગુન્હો સમાયેલો નથી. એ તો કાઉન્સીલમાં કેસ ચાલતો હોય તે વખતે પ્રેક્ષક તરીકે સાંભળવા આવનાર ગમે તે માણુસ જાણી શકે તેવી વાત છે. અને તેવી રીતે જાણનાર ઉપર તેણે કેસની હકીકત બીજા કોઇને ન કહેવી તેવું કાંઇ બંધન નથી. જો આ કલમ ખાનગી કામ-કાજને ઉદ્દેશીને રચાયેલી હોય તો તેને માટે અગાઉ કલમ ૬૬ આવી જાય છે. કેસની હકીકત એટલે કેસમાં જે બીના, વસ્તુ રજુ થઇ હોય તે. તે માટે સલાહ આપવી એ પણ કોઇ રીતે ગુન્હો નથી. કાઉન્સીલે નક્કી કરેલો નિર્ણય અગાઉથી જાહેર કરી દેવો એ ગુન્હો ગણાય; પણ કોઇ માણસને સાચે રસ્તે જવા, ન્યાયના કામમાં મદદ કરવા સલાહ આપવી તે કોઇપણ રીતે ગુન્હો નથીજ.

કાઉન્સીલના મેમ્બરો માટે આ કલમ છે. તેમાં આ 'ફરમાન' થી વિરૂદ્ધ વર્તન કરનર-એમ લખવામાં આવ્યું છે. કાઉન્સીલના એકેએક મેમ્બરને આ કલમ લાગુ પડે છે; તો પછી 'ફરમાન' કરનાર બાકી રહ્યું કોણ ? ગુજરાતી ભાષાનું અજ્ઞાન અને સાથો-સાથ પરદા પાછળથી દોરી સંચાલન કરનાર કોઇ ત્રીજી વ્યકિત હોવાનું માનસ-આ બે કારણોથી આવા ઘણા છબરડા થયેલા જોઇ શકાય છે.

**કલમ ૯૮.**

" કાઉન્સીલનો કોઇ મેમ્બર કોઇનો કેસ ખાનગી રીતે સાંભળશે નહિ અગર પોતાની વગવાળા કોઇ માણસ પાસે તે સંભળાવશે નહિ. તેમ છતાં જો તે પોતે કેસ સાંભળે અને પોતાનો અભિપ્રાય અપે અને એજ કેસ કાઉન્સીલ પાસે આવે તો સદરહુ મેમ્બરને તે કેસ ચાલતાં દરમ્યાન બોલવાનો કાંઇ હક રહેશે નહિ. પરંતુ જો તે પોતે કેસ સાંભળ્યાનું ઇનકાર કરે અને ખુદાના નામ પર તે બાબત પ્રતિજ્ઞા કરે તો મેમ્બર તરીકેના તમામ હકો તેને ભોગાવા દેવામાં આવશે."

કાઉન્સીલ પાસે આવે તે પહેલાં કોઇ કેસ કોઇ મેમ્બરે સાંભળવાની આ કલમથી મનાઇ કરવામાં આવે છે. આનો અર્થ એવો કે કાઉન્સીલના મેમ્બર થનારે પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ પણ ગુમાવી દેવું જોઇએ. જ્યાંસુધી કોઇપણ કેસ કાઉન્સીલમાં ગયો નથી ત્યાંસુધી તે કેસ કાઉન્સીલનો નથી; અને કાઉન્સીલનો ન હોય તેવો કેસ કોઇ માણસ જે કાઉન્સીલનો મેમ્બર બનવા પામ્યો હોય તે ઘરમેળે પતાવટ કરવા માટે ( કેસ લાવનાર પક્ષની ઇચ્છાથીજ ) પોતાનો અભિપ્રાય આપે તો તેમાં શું ગુન્હો રહ્યો છે તે સમજી શકાય તેવું નથી. કાઉન્સીલનો મેમ્બર મેમ્બર શીવાય એક સ્વતંત્ર માણુસ પણ છે તે વસ્તુ ભુલવી જોઇએ નહિ. આ કલમનો ગર્ભમાં રહેલો હેતુ એવો છે કે કોઇ પણ માણસે ઘરમેળે કોઇ કેસની પતાવટ કરવી નહિ અને બધા કેસો કાઉન્સીલ પાસેજ લાવવા. આવી જાતની ઇચ્છા રાખવી એ કાઉન્સીલ માટે દોઢ ડહાપણ વાપર્યા બરાબર છે.

આ કલમનો પાછલો ભાગ અસ્થાને અને વ્યર્થ છે. 'કેસ સાંભળે ' એ શબ્દોનો એવો અર્થ થાય છે કે તેણે સાચોસાચ કેસ સાંભળેલ હોય. જો તેણે ખરેખર નજ સાંભળ્યો હોય તો તેણે તે કેસ સાંભળ્યો છે એમ સાબીત ગણી શકાયજ નહિ અને તેથી પ્રતિજ્ઞાની જરૂર રહે નહિ. જ્યારે એક વખત એમ કાઉન્સીલ સાબીત માને કે તેણે તે કેસ સાંભળ્યો છે ત્યારે તે સાંભળનાર ખુદાના નામ ઉપર પ્રતિજ્ઞા કરે તો પણ તે ખોટી ગણાવી જોઇએ. જો એ મુજબની પ્રતિજ્ઞાને સાચીજ ગણવામાં આવે તો કાઉન્સીલે તે સાંભળ્યાનું સાબીત માનવું એ ખોટું ગણાવું જોઇએ. આમ આ બન્ને પરસ્પર તોડનાર અને વિરોધી છે.

---

## વેપાર સમાચાર.

( તા. ૧૫-૭-૩૩ )

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૬૮ ગાંસડી વેચાણી છે અને બજાર ઘણો મજબુત છે. સ્થાનિક બજારમા કાંઇ ફેરફાર નથી, અને માલના અભાવે તૈયારના કાંઇ સોદા પડતા નથી. ભરવાડી માલના ખરીદનારાઓ રૂા. ૧૫) થી ૧૬) સુધી ખરીદે છે. બજારનું વલણ આવેલ તેજી ટકી રહેવા તરફ દેખાય છે.

**રૂત :** ભરૂચ ૨૧૯.

**અનાજ કરીયાણું :** ૧ાાા ૨)≈ ઘઉં. ૧ાા ૨) બાજરો. ૧ા ૧ાા જુવાર. ૧ાા≈ ૧ાાા ચણા દેશી. ૨)- ચણાની દાળ. ૧ાા ૧ાાા- ચોખા. ૧ા- ૧ાા કમોદ ઝીણી. ૧)- ૧)= કમોદ જાડી. ૧ાા- ૧ાા≈ મેથી. ૨ાા= ૨ાાા તલ. ૧ાા= એરડી ઝીણી. ૧ાા≈ એરડા જાડા. ૧ાા ૨) ગોળ દેશી. ૧ાાા ૨ા= મગ. ૧ાાા- અડદ. ૨ા- ૨ા= શીંગદાણા. ૧ાા= ૧ાા=ાા મગફળી ઝીણી. ૧ા=ાા ૧ા≈ મગફળી જાડી. ૭ાા ૮) કપાશીયા. ૮ાા ૯) વેસણ. ૧ાાા- રાઇ. ૧ા ૧ાા મઠ. ૦ાાા= કળથી. ૪ાા= ખાંડ. ૫ાા= સાકર.

**ઘી :** ૨૧) મુંબઇ પરખ, ૧૩) ૧૫) તાજોરસ.

**તેલ :** ૬) તલનું, ૪ાા≈ શીંગનું. ૩ાા- ૩ાા=ાા ગ્યાસલેટ સફેદ. ૩ા- ગ્યાસલેટ પીળું.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

આ અઠવાડીક રજકોટમાં " લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ " માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

એ શાળાઓને તાળાં મારો. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૨૩ : જુલાઇ ૨૫ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના શ્રાવણ શુદ ૩ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી

### આજના અંકની સામગ્રી.

એ શાળાઓને તાળાં મારો.

“ કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું. ”

ચૂસણ નીતિનું ચક્ર.

નાંદીનું નિવેદન.

સપ્તાહનો સાર.

આત્મભાન

કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

# ભ્રમણા.

અંધકારમય કાળરાત્રિની ઇન્દ્રજાળમાં અટવાયેલા એ આત્મજનો ! ચક્ષુઓને સુંદર લાગતા એ સૂવર્ણ રંગો ઉષાના અંબાર નથી. પરંતુ પ્રફુલ્લ જણાતા એ પચરંગી પાનેતર મૃત્યૂ સમયે ત્રુટતી નાડીઓનાં નવચેતનથી ઉભરાતા ઘડીભરના જીવન દીપકની દીવેટ સમા આદિત્યના ઓસરતા અજવાસનાં એ અવશેષ કિરણો પલટાતા પ્રકાશના માત્ર પડછાયા છે.

અંતરને અંધાપે ભ્રમણામાં ભાન ભુલી ભ્રમીત થયેલા એ ભાંડુઓ ! મન રંજન કરનારા એ રૂપાળા રંગો ઉષાના ઉલ્લાસ અને અજવાસ નથી, પરંતુ અંધકારમય કાળરાત્રિના એ અલ્પજીવી ઓળા સંધ્યાના માત્ર ક્ષણજીવી સૌંદર્ય છે. રંગભરી રૂંઝ્યુંના એ વિધવિધ રંગો સોનેરી ચાદરને બુરખે મઢેલી અંધકારમય કાળરાત્રિની ઇન્દ્રજાળના એ અલ્પજીવી ઉલ્લાસ અને ઉજાસ છે.

નવજીવનના નવ નૂરને નિરખવા આતુર બનેલા એ બંધુઓ ! એ સૌંદર્ય નથી પણ સંહાર છે. ક્ષણજીવી એ સૌંદર્યને છેડે ઘનઘોર તીમીરતા પોતાની પરીતૃપ્તિ અર્થે પસેજ ઉભી છે. એ જીવન નથી, પણ મૃત્યૂ છે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૫-૭-૩૩.


## એ શાળાઓને તાળાં મારો.

વીંછીયાથી એક ભાઇ લખી જણાવે છે કે "મીશનરી સાહેબ આવ્યા હતા. બે દિવસ રોકાઇ ખાનામાં ધાર્મીક શિક્ષણ આપવા માટે રાત્રિશાળા ખોલતા ગયા છે. એક માસ્તરને પણ મુકંતા ગયા છે."

પ્રથમ દ્રષ્ટિએ કેટલાકને કદાચ આ ઘટના સામાન્ય લાગશે. કેટલાક એવા પણ નીકળશે કે જેમના મન આથી સંતોષાયા હોય. પણ બારીક અવલોકન કરનારને આ ઘટના ભયંકર, અતિ ભયંકર લાગ્યા શિવાય રહેશે નહિ.

હવે તો એ નિર્વીવાદ સત્ય તરીકે સાબીત થઇ ગયું છે કે બાળકોને નાનપણથી જે સંસ્કાર પડે છે તે બીજનું કામ કરી મોટપણમાં વૃક્ષ થઇ ઉગી નીકળે છે. આપણા બની બેઠેલા માલિકોએ આ નવા જમાનાના સત્યને બરાબર પીછાની લીધું છે અને જેમ વીસમી સદીની બીજી શોધખોળ અને પ્રચારકાર્યની નવીન પધ્ધતિઓનો તેમણે પુરો લાભ લીધો છે, તેમ આવી રાત્રિશાળાઓ સ્થાપવામાં અને તે ચલાવવામાં પણ તેઓ આપણને જન્મથીજ આંધળા રાખવાની આબાદ રમત ખેલી રહ્યા છે.

વીંછીયાની જમાત સુધરેલી કહેવાય છે. બીજી જમાતોના કરતાં તેને કાઠીયાવાડમાં સમજદારની પંકિતમાં મુકવામાં આવે છે. અને એ કબુલ કર્યા શિવાય પણ કોઇથી ચાલે તેમ નથી કે બીજા ગામોની સાથે સરખાવતાં વીંછીયાની જમાતમાં આંધળી ભકિતના ટકા ઘણા ઓછા છે. પણ દીલગીરીપૂર્વક અત્યારે કહેવું પડે છે કે આ સમજદાર જમાતે પોતાને આંગણે નાશને નોતર્યો છે. દુનિયાના સામાન્ય નિયમ મુજબ માણસમાં જેમ જેમ સમજણ વધતી જાય તેમ તેમ તેનામાં બળનું પ્રમાણ પણ વધતું જાય, આત્મભાન અને આત્મ-વિશ્વાસ પણ વધતાં જાય. પણ આ કિસ્સામાં તો બરાબર તેથી ઉલટું બનવા પામ્યું છે. સમજણ શકિતના પારાની સાથે હિંમતનો પારો ઉંચો ચડવો જોઇએ, તેને બદલે ભયનો પારો ઉંચો ચડયો છે. કચવાતે દીલે પણ એમ કહ્યા વિના ચાલે તેમ નથી કે આવી નપુંસક સમજણ શકિત કરતાં અજ્ઞાનતા હજારોવાર બહેતર છે. એક સમજદાર પણ નાહિંમત નામર્દ કરતાં અજ્ઞાન પણ બહાદુરીપૂર્વક પોતાના મનનું ધાર્યું કરનાર ભાભડભુતો પ્રશંસાને પાત્ર છે.

ખાનામાં ચાલતી ધાર્મીક રાત્રિશાળાઓમાં કઇ જાતનું શિક્ષણ અપાય છે તે અત્યારે કોઇથી અજાણ્યું નથી. વીંછીયાનો આ પ્રસંગ તાજો છે એટલુંજ. બાકી તો સેંકડો ગામોમાં બુધ્ધિપૂર્વક રચાયેલું આ કાવતરૂં પાથરી દેવામાં આવ્યું છે. ભાગ્યેજ એવું કોઇ ગામ ખાલી હશે જ્યાં ખાનામાં આવી રાત્રિશાળા ન હોય. આ રાત્રિશાળાની અંદર મુખ્યત્વે ધાર્મીક કેળવણીના બ્હાના નીચે અંધશ્રદ્ધાના કાતીલ ઝેરજ કુમળા મગજોમાં રેડવામાં આવે છે. ના. આગાખાનને ખુદ ખુદાથી શરૂ કરી, દશમો નકલંકી અવતાર, હાઝર ઇમામ, પીર, એમ અનેક સ્વરૂપો ગણી ભજવાનું કહેવામાં આવે છે, અને એથી પણ ભયંકર પૈસા આપવાથી પુન્ય થવાની માન્યતા બાળક હ્રદયમાં મજબુત કરવામાં આવે છે. હસન બીન સબ્બા જેવા ઇતિહાસીક ખુનીને મહાન ફીદાઇ અને વિજેતા તરીકે ચીતરવામાં આવે છે અને પ્રસંગ આવ્યે તેની માફકજ ખરૂં ફીદાઇપણું બતાવી કહેવાતા ધર્મને નામે ફના થઇ જવાની આંધળી ભકિતના મુળ આ રાત્રિશાળાઓમાંજ નાખવામાં આવે છે. વ્યવહારીક શિક્ષણ તો નહિ જેવુંજ આપવામાં આવે છે. બલકે નથી આપવામાં આવતું એમ કહીએ તો ચાલે.

આપણા બાળકોને આ રાત્રિશાળામાં મોકલવા એના કરતાં વધુ ભયંકર બીજો એક પણ ગુન્હો નથી. જે અવસ્થામાં બાળકોનો આધાર આપણા ઉપરજ રહેલો છે તે વખતે આપણે આંધળુકીયા કરી ગાડરીયા પ્રવાહમાં ખેંચાઇ જવું જોઇતું નથી. એ યાદ રાખવા જેવું છે કે જે ધર્માંધતાનો આપણે અંત લાવવા માગીએ છીએ તેનો અંત આ રાત્રિશાળાજ આવવા દેતી નથી; અને અનેક અંધશ્રદ્ધાળુ, આપણા કેદખાનાના થાંભલા જેવા મરણને શરણ થવા છતાં આપણા કેદખાનાની દિવાલો પડતી નથી તેનું મુખ્ય કારણ પણ આ રાત્રિશાળામાં અપાતું શિક્ષણ છે. કોમને કાયમને માટે ગુલામીમાં સબડતી રાખનારૂં આ એક છુપું યંત્ર છે. આવા અનેક યંત્રો, છુપાં અને પ્રસિધ્ધ, જે હોય તે નાબુદ કર્યા શિવાય આપણે કદીપણ સ્વતંત્રતાની ઝાંખી કરી શકીશું નહિ. તમારા બાળકોને કદાચ પાંચ એકડા કે અરધી

# " કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું. "

હું દરરોજ બે વખત ખાને જાઉં છું. પાટ ઉપર પૈસો મુકી હાથ જોડી ' બંદો ગુન્હેગાર ' કહી માફી માગું છું. મુખી સાહેબ મને છાંટો નાખે છે, અને મારા બધા ગુન્હા ધોવાઇ જાય છે. મને પાપના બાપની પણ દહેશત નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

ભલેને મારા સગા ભાઇને ઘેરે લગ્ન હોય, પણ જો તેને ખાતે દશોંદ ચડત કે ફાગાના કે બીજા કાંઇ પણ પૈસા સાહેબને ચોપડે લેણા રહેતા હોય તો હું પોતેજ સામે ચાલીને કાઉન્સીલમાં તેની સામે અરજી કરૂં છું, મુખી કામડીયાને ચડાવું છું, અને ગમે તેમ કરીને પણ સાહેબી પૈસા વસુલ થયા પછીજ નિકાહનું કામ ઉકેલવા દઉં છું. બન્ધુપ્રેમ મને અડકતોજ નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

હું હંમેશાં ખાનામાંથી હરરાજીનો માલ લઉં છું. કોઇની પછ-વાડે લુગડાં, ઠામ, ફરનીચર, ગમે તે આપવામાં આવ્યું હોય તે હું ખરીદું છું. ભલેને પછી તે ગામના કરતાં મોંઘું હોય. મારા ખીસામાંથી પૈસા ચાલ્યા જાય તેની મને કાંઇ દરકાર નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

હું જો કાઉન્સીલનો મેમ્બર હોઉં તો કોઇનો પણ દંડ કર-વાની વાતમાં હું સૌથી પહેલો મત આપું છું. દશોંદ ન દેનારને હું કાયમ નાત બહાર કરવાની તરફેણમાં છું. મને ન્યાય અન્યાયની કાંઇ પરવા નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

મૈયત વખતે હું અવશ્ય કબ્રસ્તાનમાં જાઉં છું. ભલેને ત્રણ બદામનું કપડું હોય, પણ હું તે કફનના ટુકડાને મૈયત ઉપરથી ઉંચકી લઇ હરરાજી કરવા ખાનામાં લઇ જાઉં છું. લોકોની તંદુ-રસ્તી બગડે કે લાગણી દુઃખાય તેની મને કાંઇ દરકાર નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

મારા દીકરા દીકરી વરાવતી વખતે હું ઘર, વર, કન્યા કાંઇ જોતો નથી. તે જોવાની મારે જરૂર નથી. વર, કન્યાને મોટું કામ કરાવવામાં આવ્યું છે કે નહિ એજ મારે મુખ્ય જોવાનું હોય છે. હું પરસ્પર અનુકુળ સ્વભાવ કે ગુણ જોવામાં માનતો નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

પેટે પાટા બાંધીને પણ હું દરરોજ ખાને ભાણું લઇ જાઉં છું, દર મહીને ચંદ્રાકી ભરૂં છું, દર વરસે લેખાં આપું છું. દીકરો દીકરી જન્મે તો છઠ્ઠી પહેલાં તેમની જન્મવાની ગુન્હેગા-રીના પૈસા ખાને દઇ આવું છું. ભુખમરાથી હું ડરતો નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

ના. આગાખાન જીવતા જાગતા મનુષ્ય હોવા છતાં હું તેમને ખુદા કહું છું. તેમના પછી તેમના દીકરાને પણ હું ખુદાજ કહે-વાનો. દુનિયાના જ્ઞાનની મને જરૂર નથી. બુદ્ધિને મેં ઘરેણે મુકી છે; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

મૂર્ખ માણસો મને પુછે છે કે તમે હિંદુ કે મુસલમાન? હું કહું છું કે એકેય નહિ. તમે કુરાનને માનો કે ગીતાને? હું કહું છું કે એકેયને નહિં છતાં જરૂર પડયે હિંદુ પણ થઇ જાઉં છું અને મુસલમાન પણ બની શકું છું. ગીતાને પણ માની લઉં છું અને કુરાનને પણ માથે ચડાવી લઉં છું. હું આ માટે સ્વતંત્ર છું. મારો પંથ સગવડીયો છે; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

મારા ધર્મની વિરૂદ્ધ વાત થતી હોય કે ચર્ચા ચાલતી હોય ત્યાં હું કદી પણ બેસતો નથી. મને કોઇ એ બાબત સવાલ કરે તો હું જવાબ પણ આપતો નથી. હું મારા ચાર દિવાલોમાંજ ભરાઇ રહેવાનું પસંદ કરૂં છું. હું કાનમાં આંગળી નાખીને અને આંખે પાટા બાંધીનેજ ફરૂં છું. અવાજ કે પ્રકાશ મને ગમતો નથી; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

કોઉ પણ વકતનું મોટું કામ કરાવવા જેટલા પૈસા મારી પાસે એકઠા થાય કે હું તુરતજ તેના વતી મારે માટે એકાદું સ્વર્ગ ખરીદી લઉં છું. આંહી બાયડી છોકરાં દુઃખી થાય તેની મને કાંઇ ચિંતા નથી. હું બેફીકર છું; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

સ્વતંત્રતામાં હું માનતો નથી. પરાધીનતા મને મીઠી લાગે છે. ઘરની અક્કલ હું વાપરવા માગતો નથી. મારે માટે માર્ગ નક્કી કરનારા પડયા છે. હું નીરાંતમાં રહેનાર માણસ છું; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

× × × ×

હું સૌથી ડરૂં છું. મારી જાતની પણ મને બીક લાગે છે. હું કોઇની સામે કાંઇ પણ બોલતોજ નથી. ડરવાનો મારો જન્મ સિદ્ધ હક છે; કારણ કે હું શુદ્ધ ઇસમાઇલી છું.

---

બારાક્ષરી આ ધાર્મીક રાત્રિશાળામાંથી શીખવા મળતી હોય તો પણ એ લોભ જતો કરજો. તમારા બાળકો તોફાન કરે, રખડે, કજીઆ કરે એ બધું મંજુર કરજો. પણ કદીએ ખાનામાં ચાલતી રાત્રિશાળાનો દરવાજો તેમને દેખવા દેશો મા. તમારા બાળકોને અજ્ઞાન રહેવા દેજો, મૂર્ખ બનવા દેજો, ગમે તે બનવા દેજો; પણ સ્વપ્નામાંએ તે 'ફીદાઇ' બને તેમાંથી તેમને બચાવજો.

ખાનામાં ચાલતી રાત્રિશાળાઓ પહેલી તકે બંધ કરી તેના દરવાજા ઉપર તાળાં લગાવવાની જરૂર છે. તમારાથી એ માટે સામુદાયીક પ્રચાર ન થઇ શકતો હોય તો ઓછામાં ઓછું તમારાં પોતાનાં બાળકોને ત્યાં મોકલાવવાનું તો જરૂર બંધ કરજો, એ શાળા નામને લજવતી સંસ્થાનો બહિષ્કાર કરજો.

# ચૂસણ નીતિનું ચક્ર.

## દ્રષ્ય નવમું.

આકોલા જેવા મોટા અજાણ્યા શહેરમાં મોડી રાતે કોઇ ધર્મશાળા કે મુસાફરખાનું ગોતી કાઢવું એ બદરૂદીન માટે ઘણું મુશ્કેલ કાર્ય હતું. કેટલી વાર સુધી તેણે અપરીચિત શેરીઓમાં રખડયા કર્યું, પણ રાતની રાત ગાળવા જેવું કોઇ ઠેકાણું તેને મળ્યું નહિ. રાત્રિ ઝપાટાબંધ પસાર થતી હતી, બદરૂદીનના પગ પણ ઝપાટાબંધ ચાલતા હતા. એવામાં શહેરનું રક્ષણ કરવા ફરતી પોલીસના એક સીપાઇની નજર તેના ઉપર પડી. તુરતજ સીપાઇએ તેને પડકાર્યો. બદરૂદીન સામેથી આપવો જોઇતો જવાબ આપી શકયો નહિ એટલે સીપાઇએ તેને અટકાવી પુછપરછ કરવા માંડી.

સાધારણ રીતે પોલીસના માણસોને રૈયતના રક્ષણની પડી હોય તેના કરતાં પોતાના ઉપરી અમલદારના વાંકમાં ન આવી જવાય તેની વધારે ચીવટ હોય છે. આથી તેમજ બદરૂદીનની નીખાલસ વાતચીત અને વર્તન ઉપરથી સીપાઇએ તેને ચોર ગણવાનું માંડી વાળ્યું, અને જતો કર્યો બદરૂદીન ભટકવાથી થાકી ગયો હતો એટલે છેવટે એક રસ્તાની ફુટપાયરી ઉપર તેણે નિદ્રાનું શરણ શોધ્યું.

વહેલી સવારે ઉઠીને તેણે ફરીથી વીખરાઇ ગયેલો ઉત્સાહ એકઠો કરી ધંધો ગોતવા માંડયો. એક બે જગ્યાએ પુછતાં તેને શેઠ કુંવરજી હકીમજીનું નામ બતાવવામાં આવ્યું.

કુંવરજી શેઠ ચૂસ્ત ઇસ્માઇલી હતા. રૂ કપાસનો વેપાર કરતા અને બે પૈસે સુખી હતા. હાલમાં તેમને માણસની જરૂર હતી. તેમનો એ રીવાજ હતો કે બની શકે ત્યાંસુધી ઇસ્માઇલી ખોજાનેજ નોકર રાખવો. આથી તેમને બેવડો લાભ હતો. બહારથી તેમની વાહવાહ થતી કે ખોજાના દીકરાને કુંવરજી શેઠ ધંધે વળગાડે છે; નોકરના પગારમાંથી તે આઠમો ભાગ દશોંદનો કહીને કાપી લેતા અને અનુકુળતા મુજબ વાજબી લાગે તેટલો ભાગ તેમાંથી ખાનામાં નાખતા. એટલે એ પણ તેમને ફાવતું હતું. બદરૂદીનને રૂા. ૩૦) ના માસીક પગારથી તેમણે દાખલ કર્યો.

બદરૂદીનના ફાળે બહુજ થોડું કામ આવ્યું હતું. સવારે પાંચ વાગ્યે ઉઠીને તે દાતણ પાણીના નિત્ય કર્મથી છુટી શેઠની પેઢીમાંથી ઝાડુ કાઢતો. ગાદી, તકીયા, ખુરશી, ટેબલ બરાબર સાફ કરી વ્યવસ્થિત ગોઠવતો; આટલું કરતાં સૂર્ય ઉગી જતો અને પછી તે પેઢીના માણસોને પીવા જોઇતું પાણી માત્ર એકજ હેલ જરા નજીકના કુવામાંથી ભરી આવતો; ખડીઆ કલમ સાફ કરતો. ત્યાં શેઠના મુનીમની પધરામણી થાય એટલે શેઠાણીએ મંગાવેલી પાંચ દસ જીણી મોટી ચીજો અને શાકભાજી લઇને તે શેઠને ઘરે દેવા જતો. આ ચીજો લાવવામાં બદરૂદીનને ઘણી વખત શહેરની લંબાઇ પહોળાઇ માપવાનો પ્રસંગ આવતો, પણ તે તો તેના લાભની વાત હતી. તેને કેટલું નવું જાણવા જોવાનું મળતું ! લગભગ નવના સુમારે શેઠ પેઢી ઉપર આવતા ત્યારે પોસ્ટ ઑફીસેથી ટપાલ લઇ આપી જઇ તે જીનમાં જતો. ત્યાં તેને કાંઇ ખાસ કામ હતું નહિ. માત્ર કપાશીયા જોખી દેવાના રહેતા. બપોરના દોઢ વાગ્યા સુધી તે વાંકા ઉભા રહી રહી કપાશીયા તોળ્યાજ કરતો. શેઠનો ઓર્ડર હતો કે બે વાગ્યા સુધીમાં ખાઇને બધા માણસોએ કામ ઉપર ચડી જવું. તે મુજબ ચીવટ રાખી બદરૂદીન નજીકની હોટલમાંથી કાચું પાકું, ગરમ ઠંડુ ખાઇ લેતો અને બરાબર બેને ટકોરે પાછો કપાશીયાના ઢગલા ઉપર હાજર થઇ જતો. કપાશીયા તોળવાનું આ કામ સાંજના છ સુધી ચાલતું. પછી બદરૂદીન પેઢી ઉપર જતો. દીવા બતી કરતો. સાંજે જોઇતી વસ્તુઓ ઘરે પહોંચાડી આવતો. શેઠાણીની કૃપા ઉતરે તો પથારીઓ પણ તે કરતો અને મીલમાં જઇ દાણા પણ દળાવી આવતો. ઘરેથી પાછા ફરી તે આખા દિવસના કપાશીયાના વેચાણનો હિસાબ મુનીમને આપતો. શેઠ ભાઇબંધ દોસ્તો સાથે બેઠા બેઠા રાતના દસ વાગ્યા સુધી ગપ્પા મારતા. પેઢી વધાવવાનું કામ બદરૂદીનને સોંપવામાં આવ્યું હતું. એટલે શેઠની પધરામણી પછી રાતના અગીઆરેક વાગ્યાના સુમારે બદરૂદીન બે બાંકડાને સામાસામા ભેગા ગોઠવી એક ગોદડો પાથરી ઘસઘસાટ ઉંઘી જતો. શેઠ બીજાઓને મોઢે કહેતા કે 'ખોજાનો દીકરો છે. માણસની એવી જરૂર નહિ, પણ મનમાં એમ કે ભલે બીચારો કમાય. આપણે ત્યાં કામ તો શું હોય !'

બદરૂદીન નોકરીમાં નવો રહ્યો હતો. તેનો ઉત્સહ પણ તેટલોજ નવો હતો. કોઇપણ રીતે શેઠ તેની આવડકમાં કે કામ-કાજમાં ખામી ન કાઢી શકે તેની એ પુરી ચીવટ રાખતો. માત્ર તે એક ગુન્હો હંમેશાં કર્યે જતો હતો તેની તેને ખબર ન હતી. તે કોઇ દિવસ ખાને જતો નહિ. થોડા દિવસ તો કુંવરજી શેઠને પણ આ વાતની ખબર ન થઇ. પણ બીજાઓના દોષ ખોળી કાઢી બહુજ ચતુરાઇથી શેઠના કાન માથે નાખવાનો ગુણ ઘણા નોકરોમાં હોય છે. એ રસ્તે શેઠને ખબર થઇ ગઇ કે બદરૂદીન ખાને જતો હતો નહિ. એક દિવસ બદરૂદીનને તેમણે ધમકાવ્યો.

" આખો દિવસ આંટા મારે છે તોય સાંજે ધુવામાં હાજર નથી થતો ? રાન્યો જઇશ રાન્યો ! દરરોજ સાંજે ખાને આવતો જજે. મહેતાજી, તમે બરાબર નોંધ રાખજો. આપણા નોકરો-માંથી જે કોઇ ખાને ન જાય તેમના પગારમાંથી દરરોજના એક આના મુજબ દંડ કરવાનો છે." શેઠ પોતે ભાગ્યેજ ખાને જતા. ધુવા ન પડવાના દંડનો એક પૈસો તે હંમેશાં ખાને મોકલવી દેતા.

બદરૂદીન જવાબ આપી શકયો નહિ તેને થયું કે પોતે આખો દિવસ સખત કામ કરી થાકી જાય છે અને તેથી તે ખાને હાજરી આપી શકતો નથી તેમ કહે. પણ કદાચ શેઠ વધુ ગુસ્સે થાય અને નોકરી તુટી જાય, એ બીકે તેણે કાંઇ મુલ્લાસો કર્યો નહિ.

એક મહીનો સુધી બદરૂદીને સખત મજુરીનું કામ કર્યાં કર્યું. ખોરાકની અનિયમિતતા અને કાચા પાકા કાંઇ પણ પુષ્ટિકારક સત્વ વગરના ખોરાકથી તેનું શરીર ઘસાવા લાગ્યું. એક વખતનો રૂષ્ટપુષ્ટ અને ઉત્સાહી બદરૂદીન માયકાંગલો અને નુર વગરનો બની ગયો. મહીનાની આખરે મુનીમે રૂા. ૨૪ા= તેના હાથમાં મુકી રૂા. ૩૦) ના પગારમાં સહી કરવા કહ્યું.

" આમ કેમ ? મારો પગાર તો રૂા. ૩૦) નો ઠરાવ્યો છે અને તમે તો રૂા. ૨૪ા= જ આપો છો ?"

# નાંદીનું નિવેદન.

લેખક : શ્રી. એ. એ. ઇસ્માઇલ ( આફ્રીકા. )

( અંક ૧૧ થી વધુ. )

**બ્હેન:** ભાઇ ! આપે નાંદીના નિવેદનમાં જે કાંઇ જણાવ્યું એ શું બરાબર છે ?

**ભાઇ:** એમાં શંકા રહે છે ?

**બ્હેન:** ફુઇ સ્વપ્નાની વાત કરતા હતા એની આપને યાદી નથી ?

**ભાઇ:** હું ભુલી ગયેલ છું; જરા યાદ દેવરાવ તો !

**બ્હેન:** અવલ ફુઇ કહેતા હતા કે બાપાનું વાર્ષિક ભાણું ખાને મોકલવા ચુકાઇ ગયેલું, તેથી બાપા સ્વપ્નામાં આવીને ફુઇને દેખાડ દઇ ગયા હતા ; અને કહી ગયા કે 'હું ઘણો ભુખ્યો રહું છું.'

**ભાઇ:** ભક્તિ ભાવથી ઉભરાતા આપણા અવલ ફુઇ ખોટું બોલેલા છે એમ હું કહી શકુંજ નહિ. જરૂર તેમને સ્વપ્નામાં બાપા આવેલાજ હશે, અને બાપાએ ભુખની રાવ પણ કરી હશે. છત તેનું ખરૂં કારણ ભાણું ખાને ન્હોતું મોકલાણું એ નથી ; પણ ફુઇને અવાર નવાર ડંખતું હતું કે "બાપાનું વાર્ષિક ભાણું હજી ખાને મોકલાણું નથી." આ ડંખતા હૃદયના કારણને લઇ-નેજ બાપા સ્વપ્નામાં કદાચ દેખાણા હશે. સ્વપ્નામાં દેખાયેલા બાપા એ ખરી રીતે બાપાની ખુદાના દરબારમાં પુગી ગયેલી રૂહાની ન હતી પણ જે છબી–બાપાની પ્રતિમૂર્તિ–ફુઇના હૃદયમાં હયાતી ધરાવે છે તેજ ફુઇના ડંખાતા હૃદયના કારણે સ્વપ્ના રૂપે જોવામાં આવી હશે અને તેણેજ ભુખની રાવ કરી હશે. એ પણ એજ સૂચવે છે કે ફુઇને ભાસતું હશે કે "ભાણું નથી મોકલાણું તેથી તેઓ જરૂર ભુખ્યા રહેતા હશે."

**બ્હેન:** છતાં એવું કાંઇક બને છે, ને દેખાડ દયે છે એ તો આપ માનોજ છો ને ?

**ભાઇ:** હા. પણ તેનું કારણ કુદરતના દરબારમાં પુગી ગયેલી રૂહાની છે એમ નથી માનવાનું.

**બ્હેન:** ડંખાતા હૃદયની પ્રતિમૂર્તિ હશે, અને કુદરતના દરબારમાં પુગી ગયેલી રૂહાની રાવ કરવા નહિ આવી હોય એની શું ખાત્રી ?

**ભાઇ:** પહેલામાં પહેલી ખાત્રી તો એ છે કે રૂહાની જેવી વસ્તુ જો હયાતી ધરાવતી હોય તો તેને માટે ખોરાકની જરૂર હોય એ બુદ્ધિમાંજ ન ઉતરતી વાત છે. ખોરાક એ સ્થુળ શરીરને નિભાવવા માટેની જડ વસ્તુ છે. રૂહાની એ ચૈતન્યની બનેલી આકૃતિ છે. ચૈતન્યથી ઘડાયેલી આકૃતિને ચૈતન્યની જરૂર હોય, નહિ કે ખોરાકની. છતાં આપણે સાદી બુદ્ધિથી માની લઇએ કે રૂહાનીને ખોરાકની જરૂર હશે, તો પણ બાપાની રૂહાનીને ભુખ વેઠવી પડતી હશે એ ખરૂં નથી. બાપાને ગુજરી ગયે આજ પાંચેક વરસ થયાં. બાપાની રૂહાનીના નામે ફક્ત ફુઇનાજ ઘરમાંથી સેંકડો વખત ભાણું ખાને ગયેલું છે જ્યારે આપણું શાસ્ત્ર આપણને સમજાવે છે કે એકનું સવા લાખ કુદરતના દરબારમાં મળે છે. તો પછી એકજ ભાણું સવા લાખ ભાણાંના રૂપે ત્યાં મળે છે. એ જો બરાબર હોય તો એકજ ભાણું બાપાની રૂહાનીને **૩૪૭ વરસ ને ૮૦ દિવસ** પુગવું જોઇએ. અને તેથી પણ સાબીત થાય છે કે કુદરતના દરબારમાં બેઠેલી ( ! ) રૂહાની રાવ કરવા નહિજ આવી હોય. વળી બાપા પોતાની હયાતીમાં પણ ખાનામાં ઓછું આપી ગયા છે ?

**બ્હેન:** કદાચ આપણા ખુદા એકનું સવા લાખ આપતાં કટાળી ગયા હશે, ને તેથી બાપાની રૂહાનીની રાવ આવી હશે તો ? યા તો એમ પણ કાં ન માનો કે આપણા ખુદાના ભંડાર ખુટી પડયા હશે ?

**ભાઇ:** બનવા જોગ છે કે આપણા ખુદાના ભંડાર ખુટી પડયા હોય. તો પછી એવા ખુટેલા ખુદાના દરબારમાં ભાણું મોકલતાં રૂહાનીને બદલે પોતે વેચી ખાઇ કાં ન જાતા હોય ?

**બ્હેન:** એમ તો કાંઇ કરે ?

**ભાઇ:** બીજું બનેજ શું ? ભાણાંને આપણેજ હોઇઆં નથી કરી જતા ?

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૮૪ )

---

" બરાબર છે. રૂ. ૩૦) માંથી રૂ. ૩ાા દશોંદના અને રૂ. ૧ાા= દરરોજ ખાને ન જવાના એક આના મુજબના દંડના મળી રૂ. પા= ગયા. એટલે બાકી રૂ. ૨૪ા= જ રહેને ?"

" પણ મારે એ પરાણે પુન્ય કયાં કરવું છે ? દશોંદ હું મારા ગામમાં બરાબર ભરૂં છું અને ખાને ન જઇ શકયો તેમાં દંડ શાનો ?"

" મને કહેવાથી શું લાભ ? શેઠના હુકમના અમે તાબેદાર. જે કહેવું હોય તે એમને કહો."

બદરૂદીન હીંમત લાવી શેઠ પાસે ગયો.

" શેઠ, દશોંદ હું મારે ગામ ભરૂં છું આંહી આપે આમ વાળી લેવાની જરૂર નથી."

" ત્યાં ભરે છે તે શું થઇ ગયું ? આંહી તો તું રૂ. ૩૦) કમાય છે તો તેમાંથી આઠમો ભાગ તો આપવોજ જોઇએ ને ! ધર્મના કામમાં આમ ખટખટ કરીશ તો તારૂં કોઇ દી' સારૂં કયાંથી થાશે ?"

" પણ મને તે ભારે પડે એમ છે. આપે ખાવાનું ખર્ચ મારે માથે રાખ્યું છે અને આપ આવી રીતે દશોંદ અને દંડ કાપી લ્યો, પછી મારે ઘરે શું મોકલાવવું ?"

" તે તો તારે જોવાનું છે. દશોંદ અને ખાને નહિ જા તો દં. પણ બરાબર કાપી લેવામાં આવશે. તારે સાત વખત ગરજ હોય તો નોકરી કર, નહિ તો ચાલતો થા." શેઠ તાડુકયા.

બદરૂદીને રૂ. ૨૪ા= લઇ રૂ ૩૦) મળ્યાની સહી કરી આપી. પણ તે વિચારમાં પડી ગયો કે હવે શું કરવું ?

# સમાહનો સાર.

**પુનાનું પરિણામઃ** હિંદી રાષ્ટ્રિય મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી. આણેના પ્રયત્નથી હિંદના હાલના રાજદ્વારી મામલા પર વિચાર ચલાવી નિર્ણય કરવા ગઇ તા. ૧૨ ના રોજ પુનામાં મળેલી પરિષદ પુરી થઇ છે. પરિષદનું કામકાજ ખાનગી રાખવામાં આવ્યું હતું અને કાર્યવાહકો તરફથી કાંઇ સત્તાવાર નિવેદન પ્રગટ થયું નથી. પણ વર્તમાનપત્રો તરફથી એવા ખબર પ્રગટ થયા છે કે જો સરકાર માનભરેલું સમાધાન કરવા તૈયાર ન થાય તો આવતી તા. ૩૧ થી કાયદાના સવિનય ભંગની લડત પાછી ચાલુ કરવી. આ માનભર્યા સમાધાનની શોધમાં મહાત્મા ગાંધીજીએ બે વખત તાર કરી હિંદના વાયસરોય લોર્ડ વીલીંગ્ડનની મુલાકાતની માગણી કરી. પણ બન્ને વખત તે એમ કહીને અવગણવામાં આવી છે કે જ્યાં સુધી કોંગ્રેસ સત્યાગ્રહની લડત બીનશરતે પાછી ખેંચી ન લ્યે ત્યાં સુધી તેના કોઇ પ્રતિનીધી સાથે સરકાર વાતચીત કરવાનો કાંઇ અર્થ જોતી નથી. આ સંજોગોમાં સત્યાગ્રહ ફરીથી ચાલુ થાય અને મ. ગાંધીજી પણ ફરીથી યરોડા ભેળા થઇ જાય તો બનવા જોગ છે.

**ખોજા કુમારીકાનું મરણઃ** જેનાબાઇ નામની એક ૨૫ વર્ષની ખોજા કુમારીકાના કહેવાતા ભેદ ભરેલા મૃત્યુ સંબંધેના કેસની જુરી સમક્ષ ચાલતી તપાસ ગઇ તા. ૧૮ ના રોજ નીકળી હતી. મરનારનું ખોદી કઢાયેલું શબ તપાસીને પોલીસ સરજને કરેલી તપાસમાં જણાવવામાં આવ્યું છે કે "મરનારનો ગર્ભાશય મોટો થયેલો હતો. છાતીમાં દુધ ભરેલું હતું. હોજરીમાંથી કાંઇ પણ ઝેરી પદાર્થ મળી આવ્યો નથી. પ્રસવ વેળા લોહી વહી જવાથી હૃદય બંધ પડી જવાથી મૃત્યુ નીપજ્યું હોવું જોઇએ." પાયધુની પોલીસ સ્ટેશનવાળા સારજંટ મી. પ્રીસ્ટે આખી હકીકત સમજાવતી જુબાની આપી હતી. મરનારની એક બ્હેન કુલસુમે ત્યારબાદ જુબાની આપી હતી. જેમાં તેણીએ મરનારના ત્રણ જોડી કપડાં લોહીથી ખરડાયેલા પોતાની માના કહેવાથી ધોયા હતા તે પણ જણાવ્યું હતું. વધુમાં સાક્ષીએ જણાવ્યું હતું કે "મારી બ્હેનના મરણ પછી મારી માએ એક નાનો લુગડાનો ટુકડો બારીએથી ફેંકી દીધો હતો. મેં મરનારની રૂમમાં કોઇ બાળક જોયું ન્હોતું." બાદ વધુ તપાસ તા. ૨૦ ઉપર મુલતવી રહી હતી.

**દુનિયાની આર્થીક પરિષદઃ** લંડનમાં વડા પ્રધાન રામ્સે મેકડોનલ્ડના પ્રમુખપણા નીચે મળેલ દુનિયાની આર્થીક પરિષદ કોઇ પણ જાતના ઠરાવ ઉપર આવી શકી નથી. પરિષદ પોતાની નિષ્ફળતા પોતાને મોઢે સ્વીકારતી નથી. પરિષદની બીજી બેઠક કદાચ અમેરીકામાં ભરવામાં આવશે.

**જ્ઞાતિ પટેલો સામે પગલાંઃ** વડોદરા રાજ્યની ધારાસભામાં "ન્યાતોથી ઉત્પન્ન થતી મુશ્કેલી" નું બીલ ટુંક વખતમાં સરકાર તરફથી રજુ કરવામાં આવશે. તે મુજબ "કોઇ પણ ન્યાતના કોઇ પણ શખ્સને જો તે ન્યાતના કાયદાઓ તેને નુકશાનકારક જણાશે તો તે શખ્સ તેનો વિના સંકોચે ભંગ કરશે. આમ થતાં ન્યાતના આગેવાનો અથવા પંચ પટેલ તે શખ્સનો દંડ કરી શકે નહિ અથવા તો તેનો સામાજીક બહિષ્કાર પણ કરી શકે નહિ. આ નિયમનો ભંગ કરી જો તે શખ્સને ગુન્હેગાર ઠરાવવામાં આવે તો તેને ગુન્હેગાર ઠરાવનારા માણસો રાજ્યની દ્રષ્ટિએ ગુન્હાને પાત્ર થશે અને તેમને છ માસની સાદી સજા અથવા તો એક હજાર રૂપીયા સુધીનો દંડ કરવામાં આવશે."

**પેસ્તનજી શેઠનો છુટકારોઃ** નવાનગરના જામ સાહેબ શ્રી. દિગ્વિજયસિંહજીએ જાણીતા પારસી વેપારી અને રાજ્યના એક અમલદાર શેઠ પેસ્તનજી મહેરવાનજી કરંજીઆને ગીરફતાર કર્યા હતા તેમને ગઇ તા. ૧૬ ના રોજ મુક્ત કરવામાં આવ્યા છે. રાજ્ય સાથે ચોકકસ પ્રકારની સમાધાની થયાનું કહેવાય છે.

**મુંબઇમાં બદમાસોનો ત્રાસઃ** મુંબઇ શહેરમાં બદમાસોનો ત્રાસ દરરોજ વધતો જાય છે. છેલ્લા ૪ ખુન તથા ખુનની ધમકીના બનાવોની પાછળ રહેલાઓની પોલીસ શોધ કરી શકી નથી ત્યાં એક બીજા શ્રીમંત વેપારીની લાશ ચોપાટીના દરીયામાંથી મળી આવી છે. મરનાર વેપારીની લાશ ગયા સોમવારે મળી તે પહેલાંના શનીવારથી તે ગુમ થઇ ગયો હતો અને તેના મહેતાને એવી ચીઠી મળી હતી કે જો રૂા. ૫૦૦૦) અમુક વખતે અમુક જગ્યાએ નહિ પહોંચાડવામાં આવે તો શેઠને મારી નાખવામાં આવશે. અમેરીકામાં મનુષ્ય-હરણના ગુન્હેગારોની સંખ્યા ઝપાટાબંધ વધતી જાય છે. તેવીજ કોઇ મંડળી મુંબઇમાં કામ કરી રહેલી હોવાનું માનવામાં આવે છે.

**અમેરીકાના પ્રયત્નોઃ** કપાસનું વાવેતર ઘટાડી રૂના ભાવ ઉંચા લાવવા માટે અમેરીકાનો પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટ ભારે પ્રયત્નો કરી રહ્યો છે. આ સાલ તેવું લાખ એકર જમીન ઓછી વવાશે. એક એકર જમીન ન ખેડવા બદલ ખેડુતને સાડા નવ ડોલર આપવામાં આવશે. સાડા ત્રણ કરોડ ગાંસડી રૂ ઓછું પેદા થશે તેમ ગણવામાં આવે છે.

**સરકાર સામે દાવો?** અમદાવાદ મ્યુનીસીપાલીટીએ છેલ્લા ત્રણ વરસની કેળવણીની ગ્રાન્ટના રૂા. સાડા પાંચ લાખ સરકાર તરફથી નહિ મળેલ હોવાથી તે રકમનો સરકાર ઉપર દાવો કરવાનો ઠરાવ કર્યો છે.

**પત્નીના મૃત્યુથી આપઘાતઃ** લગ્ન પછી આનંદ સહેલગાહે આફ્રીકાના ડરબન શહેરથી નાઇરોબી વીમાનમાં ઉડનારા મી. રીચર્ડ ઉશરના શબ ઉપર જુરી ભરવામાં આવી ત્યારે તેમનો એક પત્ર તેમની માતા ઉપર લખેલો રજુ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે "વીમાન ભાંગી ગયું. મારી વ્હાલી પત્ની મરણ પામી. દુનીયામાં ખરેખર હુરસ્તાનની તે એક પરી હતી. વાંક મારો હતો, અન નહિ કે મશીનનો." આ ઉપરથી તેમજ મી. ઉશર બેઠેલી હાલતમાંજ મૃત્યુ પામેલા મળી આવ્યા હતા અને તેમના જમણા હાથમાં પીસ્તોલ અને જમણા લમણામાં જખ્મ થયેલ હોવાથી જ્યુરીએ મી. ઉશરે આપઘાત કર્યાનો અભિપ્રાય આપ્યો હતો.

# આત્મ ભાન.

## ( એકાંકિ નાટિકા. )

રચનાર : શ્રી. " ભગત. "

( ગયા અંકથી પુરૂં: )

### પ્રવેશ ત્રીજો.

**સ્થળ**--વાડાનું આંગણું.

**સમય**--સાંજના છ વાગ્યાનો.

### પાત્રો.

પ્રમુખ, અધિપતિ, સભાજનો અને વાડા માંહેના ભાઇ બ્હેનો.

( રમજુ વાડાનું બાર ઉઘાડી નાખે છે. સઘળા અંદરના આંગણામાં દાખલ થાય છે. તેમને દુરથી જોઇ પોતાને મેંઢા માની બેઠેલા એવા પણ કેટલાક માનવીઓ "મેં" "મેં" કરતાં પાસે આવે છે. )

**વિશ્રામભાઇ** – ભાઇઓ અને બ્હેનો ! હવે તમે સૌ આજથી તમને પોતાને અમારા જેવાજ માનવીઓ સમજો. તમારામાંના પણ કોઇ મેંઢા નથી. ભેસ્તની ભુલભુલામણીમાં ભુલીને આપણે આત્મભાન વીસરી જઇ આપણા રકત–માંસનું વરૂઓથી ભક્ષણ થવા દીધું છે. આજથી એ યંત્રણા નાશ પામે છે. આજથી આ વાડાઓ–( બીજા બે વાડા તરફ આંગળી ચીંધીને ) રમજુ ! આ સામે રહ્યા બે વાડાઓ તેમાં પણ આપણાજ પુરોગામિઓ આપણા માનવી અધિકારોની લડત કરતાં કરતાં પુરાઇ ગયા છે. તેમના પણ બન્ધનો છેદી તેમને મુકત કરો. ( બધા તરફ ફરીને ) આપણે સૌ એક અને અભેદ છીએ અને એકજ રહેવાના છીએ. આપણામાં ભાઇઓ ભાઇઓ વચ્ચે વિક્ષેપ નહિ જોઇએ. ભેદની દિવાલો નહિ જોઇએ. આ દુઃખ દાવાનળ નહિ જોઇએ.

( બીજા વાડાના માનવીઓ કલ્લોલ કરતાં આવે છે. સઘળા એક બીજાને ભેટે છે. )

**બધા**--( હર્ષાવેષમાં ) અમે મેંઢા નથી, મેંઢા નથી, માનવી છીએ. અમને હવે કોઇ ચૂસી શકશે નહિ.

( સામે 'મેષાગાર' તરફ દિર્ઘનખ, પ્રકાન્ડમુણ્ડ, વિગેરે માંસભક્ષિઓ જતા જણાય છે. સઘળા તે તરફ જાય છે )

### પ્રવેશ ચોથો.

**સ્થળ** – વાડામા એક ખુણે આવેલું 'મેષાગાર' નામનું મેષ–સમુહનું ધર્મ મંદિર.

**સમય**--સંધ્યાનો.

### પાત્રો.

**અમિતોદર** શિવાયનાં સઘળાં.

**દિર્ઘનખ**--( ક્ષુધાથી વ્યાકુળ થઇને લાગલોજ ) નર્કગામિઓ ! આજે કેમ આમ અખાડા કર્યા છે ? તમારી દુર્ગતિ કયે અટકાવી શકાશે ? આ આહારાસન ખાલી કેમ છે ? કેમ તે પર કાંઇ ધરવામાં આવ્યું નથી ? આચાર્યશ્રી અમિતોદર મહાપ્રભુની સેવાથી વંચિત થઇને પછી કયે ભવે છુટવાના હતા ?

**શ્રી. અશરણશરણ**--એ તો સઘળા આજેજ બન્ધનમુકત થઇ ગયા છે. હવે તેમને કાંઇ છુટવાપણું રહ્યું નથી.

**પ્રકાન્ડમુણ્ડ**--( વિસ્ફારિત નેત્રે ) હેં...એ... એ! એ, તમે આંહી કયાંથી ? ( બધા તરફ ફરીને ) કરો માં, કરો માં, તમે આનો સંગ કરો માં. આ તમારી બુદ્ધિ ફેરવી નાખશે, તમને નર્કમાં લઇ જશે, તમારી દુર્ગતિ થશે.

**સઘળા**--શીકાં ખાંડો માં, મંત્રીરાજ ! હવે અમને સદ્દગતિ દુર્ગતિનું જ્ઞાન બહુ સારી રીતે છે. અમે હવે મેંઢા નથી, માનવીઓ છીએ.

( સઘળા ચાલવા માંડે છે. ભક્ષકો વિમાસી રહે છે. )

**અબ્દલ ઘાસવાળો**--અરે, આ મેષાગાર જલાવી દીઓ. જલાવી દીઓ કે પાછળથી આપણા બાળકોને પણ કદી કયાંય ચૂસાવા સ્થાન ન રહે.

( સઘળા પાછા ફરીને તેમાં આગ લગાવે છે. પેલાઓ મહા-પ્રયાસે નાસી છુટે છે. )

### પ્રવેશ પાંચમો.

**સ્થળ**--કુડદા ઉપર ઉપડવા તૈયાર થઇ ઉભેલી સ્ટીમર " **લા ઇલાજ** " ની ફર્સ્ટ કલાસની એક કેબીન.

**સમય**--બીજા દિવસનું પ્રભાત.

### પાત્રો.

**આચાર્ય અમિતોદર**, તેમના કર્મચારિઓ, પ્રમુખશ્રી, 'મેષ મુકિત' ના અધિપતિ, અને દરિઆ કિનારે જમા થયેલ માનવી સમુદાયમાંના સંભાવિત ગૃહસ્થો.

**અમિતોદર**--( મ્લાન વદને ) તમો સર્વને સદાને માટે છોડી જતાં મને ઘણું દુઃખ થાય છે. તમારૂં પારલૌકિક કલ્યાણ હવે કોણ કરશે ?

**એક ગૃહસ્થ**--પ્રભુ ! આપ હવે એ ચિન્તા ન કરશો. જે કદીએ આવવાનાં નથી એવાં ભાવિના કાલ્પનિક દુઃખોનો ભાર વહન કરવાનું હવે અમે છોડી દીધું છે.

**અમિતોદર**--તમારા સંચિતના ફળરૂપ મળનારી સર્વ સ્વર્ગની સુંદરીઓ હવે કોના સન્માન કરશે ? અને હું પણ હવે આટલો આદર કયાં પામીશ ?

**વિશ્રામભાઇ**--દેવ ! આપની એ ચુડેલોનો ચમકાર ( કર્મ-ચારિઓ તરફ આંગળી ચીંધીને ) આપની પાસે ઉભેલા આ બન્ધુ દ્રોહિઓને દેખાડજો. અમારામાંથી તો કોઇને એનો મોહ હવે નથી રહ્યો; અને આપની સાથે રહીને તેઓ આપનો આદર પણ કર્યા કરશે.

**પ્રકાન્ડમુણ્ડ**--હું તો માનવી જેવો થઇ આ મારાં સર્વ સ્વજનોની સાથે જઇને રહીશ, અને મારા કુકર્મોની તેમનાથી ક્ષમા યાચિશ.

**બૃહદ્દંત**--અને હું પણ એમજ કરીશ.

**દિર્ઘનખ**--દેવાધિદેવ ! આવી સ્થિતિમાં આપને છોડી જતા મને બહુ દુઃખ થાય છે. આપને ઓથે રહીને અમે બહુ ભોગો ભોગવ્યા છે. હવે તે સદાના હાથથી ગયાજ છે, ત્યારે સુકૃત્ય કરી લેવું એજ ઉત્તમ માર્ગ છે. ક્ષમા કરશો, પ્રભુ ! બીજું તો કાંઇ નહિ, પણ આપ આમ હડધુત--

( સ્ટીમર " **લા ઇલાજ** " નું ભુંગળું વાગે છે. સઘળા નીચે ઉતરી જાય છે. )

—પડદો પડે છે.—

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. **"ખોજા જાગૃતે" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી.** ]

**કલમ ૯૯.**

"કાઉન્સીલનું કામકાજ ચાલતું હોય ત્યારે કાઉન્સીલના મેમ્બરો તેમજ સંબંધ ધરાવનાર પક્ષકારો શિવાય બીજા કોઇ શખ્સને કોઇ પક્ષ તરફથી બોલવા કે દલીલ કરવા દેવામાં આવશે નહિ. અગર ઘોંઘાટ કરવા દેવામાં આવશે નહિ. જો કોઇ માણસ તેમ કરે તો પ્રેસીડેન્ટ તેને/ તેણીને તેમ નહિ કરવા ફરમાવશે, અને તે/ તેણી તે ફરમાનને તાબે ન થાય તો પ્રેસીડેન્ટ તેને/ તેણીને કાઉન્સીલના હૉલમાંથી બહાર કાઢશે અગર તેને/ તેણીને કાઉન્સીલ તરફથી શિક્ષા થશે."

આ કલમ અત્યંત અનર્થકારી છે. પક્ષકારની વતી બીજા કોઇને બોલવા દેવાની-કે દલીલ કરવાની મનાઇ ફરમાવવી એ ન્યાયને ગુંગળાવવા બરાબર છે. એક પક્ષકાર વાચાળ, હોશીયાર, પોતાની હકીકત બરાબર રજુ કરીને સમજાવી શકે તેવો હોય; તેની સામેનો પક્ષકાર બોલતાં બીએ એવો, ગભરૂ અને ભોળો હોય. આવે વખતે વાચાળ જુઠો હોય છતાં તે પોતાની વાતને સાચી ગણાવી જઇ શકે; ગભરૂ અને ભોળો પોતાની સાચી હકીકત પણ જણાવી ન શકે. આમાં ન્યાય કયાંથી થઇ શકે? જ્ઞાતિના ઝગડાઓમાં ઘણી વાર સ્ત્રીઓ પક્ષકાર હોય. તેવા પ્રસંગે ઓરત પોતાની વાત છુટથી ન કહી શકે. તેની જીભજ મોટે ભાગે ન ઉપડે. પરીણામે તેની વાત રજુ કરવી અધુરી રહી જાય અને તેને અન્યાય સહન કરવો પડે. કાઉન્સીલ ન્યાયની અદાલતોનું અનુકરણ કરવાનો ફાંકો રાખે છે. પણ ત્યાંયે આમ હોતું નથી. પક્ષકારની વતી બીજાઓ- વકીલો- જરૂર બોલી શકે છે અને દલીલ કરી ન્યાયનો રસ્તો સરળ કરી શકે છે. વળી આવી રીતે બીજાઓને ન બોલવા દેવાનું કાઉન્સીલને કાંઇ કારણ નથી. કલમના પાછલા ભાગમાં ઘોંઘાટની વાતો કરવામાં આવી છે. પણ એતો માત્ર ઉપલા ભાગમાં રહેલી સંકુચિતતાને છુપાવવાને માટેજ છે. આ કાયદાના સામાન્ય નિયમ મુજબ શિક્ષા કરવાની વાત આ કલમમાં પણ રહેલી છે.

**કલમ ૧૦૦.**

"કાઉન્સીલ પાસે દાખલ થયેલ કેસ કાઉન્સીલની પરવાનગી વગર અરજદાર પાછો ખેંચી શકશે નહિ. તેમજ કોઇ મેમ્બર અગર અમલદારી તે બાબત ખાનગી રીતે નિવેડો કરી શકશે નહિ. પરંતુ જો બન્ને પક્ષ સમજણ કરી સમાધાની માટે અરજી આપે તો તે અરજ મંજુર રાખવામાં આવશે."

અનુકરણ મોટે ભાગે આંધળું થઇ જતું હોવાથીજ તે ધિક્કારને પાત્ર છે. રાજ્યે સ્થાપેલી ન્યાયની અદાલતોમાં કેટલાક ફોજદારી કેસો દાખલ થયા પછી પાછા ખેંચી શકાતા નથી. બધા ફોજદારી કેસો નહિ પણ અમુકજ. આ હકીકત કોઇ શુભ ચોઘડીએ કાઉન્સીલના જાણવામાં આવી ગઇ હોય અને તેણે આ કલમ ઘડી કાઢી હોય તો બનવા જોગ છે. પહેલી વાત એ કે કાઉન્સીલ રાજસત્તા નથી; બીજી વાત એ કે કાઉન્સીલને ફોજદારી ગુન્હાઓ તપાસવાનો કશોજ હક નથી તેમજ તેવા ગુન્હાઓ તેની પાસે આવતા પણ નથી. છતાં આમ આંધળું અને તે પણ ખોટું અનુકરણ કરી આ કલમથી કેસ પાછો ખેંચી લેવાની પક્ષકારની સ્વતંત્રતા ખુંચવી લેવામાં આવી છે, અને તે પણ અમુક જાતના કેસો નહિ પણ બધી જાતના.

કાઉન્સીલનો મેમ્બર અગર અમલદારી ( કે જેની વ્યાખ્યા અત્યાર સુધીમાં કોઇ પણ સ્થળે કરવામા આવી નથી. ) આવો કેસ ઘરમેળે ન પતાવી નાખે એમ કાઉન્સીલ ઇચ્છતી હોય તો ભલે ઇચ્છે. પણ પક્ષકારો સમાધાન કરે ત્યાર પછી પણ તેઓએ કાઉન્સીલને શા માટે અરજી કરવી જોઇએ કે અમારો કેસ પાછો ખેંચી લેવાની અમને રજા આપો? બન્ને પક્ષકારો સમાધાન કરે પણ કાઉન્સીલને એવી અરજી ન કરે અને નક્કી કરેલ મુદતે હાજર ન થાય તો કાઉન્સીલથી શું થઇ શકે? બન્ને પક્ષકારોની ગેરહાજરીમાં તો કોઇ કેસ સંભળાયાનું કદી સાંભળ્યું નથી. એટલે જેનું પરીણામ કાઉન્સીલના હાથમાં નથી એવી આ બાબતમાં પણ તે પોતાનો ધોકો પછાડે છે કે જે કરો તે અમને પુછીને કરો. આ આપખુદીનો નાદ છે.

---

( અનુસંધાન પાને ૧૮૧ થી ).

**બ્હેન:** તો પછી રૂહાનીઓ આપણા ખુદાના દરબારમાં ખળભળાટ કાં ન કરી મુકે?

**ભાઇ:** પણ તેઓને ખોરાકની જરૂર હોય તો ને?

**બ્હેન:** તો શું આ ભાણાંની ધમાલમાં આપણો ગાડરીયો પ્રવાહ છે?

**ભાઇ:** **"નાંદીનું નિવેદન"** બ્હેન, આપે બરાબર નહિ વાંચેલ હોય!

**બ્હેન:** લ્યો ત્યારે હું ફરીથી વાંચી જઉં; પણ મારી એક શંકા રહી જાય છે. રૂહાની ખુદાના દરબારમાં કયાં સુધી બેઠી રહેતી હશે?

**ભાઇ:** **"નાંદીનું નિવેદન"** ફરીથી મનન પૂર્વક વાંચી જાઓ. તે પછી આપણી ચાલુ ચર્ચામાંજ રૂહાનીના હાઉનો નીવેડો આવી જશે.

( વધુ વળી પછીથી. )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

મોંઘો બોધપાઠ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૨૪ : ઑગસ્ટ ૧ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના શ્રાવણ શુદ ૧૦ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## જ્ઞાતિને.

છુત અછુતે સ્નેહ સજનતા આર્ય જ્ઞાતિને આરે;
કુટીલ નીતિને અતિ ક્રુરતા કાઉન્સીલ કેરે દ્વારે.

જ્ઞાતિ! જ્ઞાતિ! તારે ક્યારે,
કાઉન્સીલ નફ્ટ થઇ જો નાચે.

માત પિતાને ભગિની સંગે સકળ સંબંધ અટકાવે;
હાકેમ બનતા હુકમો છોડે અંતરને અભિમાને.

તને ના કેમ કશું સુઝે
ક્રુર કાઉન્સીલ કેરે હુકમે?

મરણ પરણ વ્યવહાર વિષે સૌ ધર્મ કર્મને સ્થાને,
આપ સ્વાર્થને કારણ કાઉન્સીલ અગણીત જાળ બીછાવે.

યુવાનો પોકાર અતિ પાડે;
છતાં ના કેમ હજી જાગે?

ઉઠ, ઉઠ, અય કોમ! હવે દે બંધન સઘળાં ત્યાગી;
જાગ, જાગ, તું જાગૃતિ જ્વાળે છોડ હવે ગુલામી.

યુવાનો ઉભા તુજ અભિલાષે;
જ્ઞાતિ–મુક્તિ કેરે કાજે.

નાતબહારીના અનેક હુકમો કાઉન્સીલ છોને કાઢે;
સાચા સૈનિક શુરવીર સિંહો જરી ના દીલડે દાઝે.

શુરા ચાલે પાવક જ્વાળે,
ભરતાં કૂચ કદમ આગે.

### આજના અંકની સામગ્રી.

મોંઘો બોધપાઠ.

જો એકજ દિવસ—

જાગીદારનું થાણું.

મારી મુસાફરી.

સપ્તાહનો સાર.

વેપાર સમાચાર.

કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક!

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧-૮-૩૩.

## મોંઘો બોધપાઠ.

જેનાબાઇ હાશમ નામની એક ૨૫ વર્ષની ખોજા કુમારીકાના મૃત્યુ સંબંધે મુંબઇના કોરોનરની કોર્ટમાં જ્યુરી સમક્ષ ચાલેલ તપાસ અને જ્યુરીએ આપેલ અભિપ્રાય અમારા આજના અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે. એ અભિપ્રાય કે એ કેસ સાથે અમારે કશી નીસ્બત નથી; પણ જે સંજોગો આવા દુઃખદાયક બનાવો બનવાના કારણ રૂપ છે એ માટે આપણે કોઇપણ હવે વધુ વખત બેદરકાર રહી શકીએ તેમ નથી.

જ્યુરી સમક્ષ ચાલેલ તપાસની હકીકત અને તેણે આપેલ અભિપ્રાયનો ટુંક સાર એ છે કે મરનાર જેનાબાઇ કુમારીકા હોવા છતાં ગર્ભવતી થઇ હતી, તેને બાળક અવતર્યું હતું, અને એ બાળકને પોતાની આબરૂ સાચવવા ખાતર મરનારની માતાએ જ્યુરીના અભિપ્રાય મુજબ ફેંકી દીધું હતું અને તેથી બાળકનું મૃત્યુ નીપજ્યું હતું, તથા મરનારના માતાપિતાએ મરનાર ગર્ભવતી હોવાનું જાણવા છતાં તેની યોગ્ય સારવાર નહિ કરીને ફોઝદારી ગુન્હો કર્યો હતો.

જેનાબાઇ કુમારીકા હોવા છતાં ગર્ભવતી થઇ એ તેણીના વર્તનના ગુણદોષમાં ઉતર્યા શિવાય એટલું કહ્યા વિના ચાલે તેમ નથી કે જેનાબાઇની આ સ્થિતિ થવાનો બધો દોષ તેણીના માતાપિતા ઉપર જાય છે. મુંબઇમાં આપણી કોમના ઘણાખરા ભાઇઓ અને ખાસ કરીને શ્રીમંત વર્ગ પોતાના પુત્રપુત્રી વરાવવામાં એક બહુજ કઢંગા સિધ્ધાંતને વળગી રહ્યા છે કે દીકરી એવે ઠેકાણે વરાવવી કે જેને ઘરે અઢળક દૌલત હોય, રહેવાને માટે ઘણું સારૂં મકાન હોય, દીકરીને પગે રજ પણ ન અડે એ માટે નાનાથી મોટું બધું કામ કરનાર નોકરો હોય અને આ બધા ઉપરાંત બની શકે તો દીકરીને સાસુ, સસરો, જેઠ, જેઠાણી, કે નણંદ એમાંનું કોઇપણ ન હોય. આ બધા સંજોગો એકઠા થાય નહિ ત્યાં સુધી આપણા માબાપો અત્યારે પોતાની પુત્રીઓને વરાવવા ઇચ્છતા નથી, અને દીકરીઓને ખુબજ મોટી થવા દયે છે. અમે સ્વપ્ને પણ એ મતના નથી કે આપણે આપણી દીકરીઓને ભાવિ સાથીદાર ગોતી દેવામાં બેદરકાર રહેવું કે તે માટે બેકાળજી બતાવવી અને ગમે તેવે ઠેકાણે લાકડે માંકડું વળગાડી દેવું. અમે તો એથી વિરૂધ્ધ એ સુભગ ઘડી જોવા માટે અત્યંત આતુર છીએ કે જે દિવસે આપણી પુત્રીઓ ખરી કેળવણીના બળે પોતાના ભરથારની યોગ્ય પસંદગી પોતાને હાથેજ કરી લ્યે અને માબાપો તો તેઓના એ કાર્યમાં માત્ર સહાયભૂતજ રહે. પણ તેથી કરીને અત્યારે જે ખરાબ ચાલ આપણામાં ઘર ઘાલતો જાય છે તેનો બચાવ થઇ શકે તેમ નથી. વરની લાયકાત, તેના ગુણાગુણ કે તેની ભવિષ્યમાં કમાવાની શકિત કે આપણી પુત્રીને તે સુખદાતા થશે એની ખાત્રી–એ કોઇપણ પ્રશ્ન કરતાં અત્યારે આપણા માબાપો દૌલત અને નામનાને વધુ વજન આપે છે અને એ બે વસ્તુની પાછળજ દોડી મરે છે. આ વખોડી કાઢવા લાયક કુરૂઢીનો મોટામાં મોટો શ્રાપ એ છે કે તેની પાછળ દોડનાર માબાપો હદ કુદાવીને આગળ ધપ્યે જાય છે અને તેમાં પુત્રીને લાભને બદલે નુકશાન થાય છે એ જોવા તરફ જરાપણ લક્ષ આપતા નથી. પરિણામે આપણે ત્યાં અત્યારે મોટી ઉમરની કુંવારી કન્યાઓનો આંકડો ખુબજ વધી ગયો છે અને હજી પણ વધ્યે જાય છે. આ સ્થિતિ ઘણી ભયંકર છે અને તેમાંથી અત્યંત માઠાં ફળો આવવાનો ભય ઉભો છે. જેનાબાઇનો કરૂણ કેસ એ આ ભયંકરતાનો એક તાજોજ દાખલો છે.

બીજી બાજુ દીકરાઓના માબાપ પણ દીકરીઓના માબાપ જેટલાજ જક્કી થતા જાય છે કે સારામાં સારૂં પૈસાદાર અને આબરૂદાર ઘર હોય અને પુષ્કળ દેજ મળતો હોય તોજ પોતાના પુત્રો તેઓ વરાવે છે. આ બાબતમાં પણ લાયકાતના કરતાં દૌલત અને નામનાને વધુ મહત્વ આપવામાં આવે છે, અને એના પરિણામે પણ કન્યાઓ હદથી વધુ મોટી ઉમરની થઇ જાય છે. જે પિતા વધારેમાં વધારે દેજ–પૈસા–આપનારની પુત્રી સાથે પોતાના પુત્રને પરણાવવાની લાલસા રાખે છે તે ખરેખર પોતાના પુત્રનું એક જરા જુદી જાતનું વેચાણ કરે છે અને પૈસા ખાતર પોતાની પુત્રી વેચી કન્યાવિક્રય કરનાર માબાપના કરતાં રજ માત્ર પણ તે ઓછો ગુન્હેગાર નથી.

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૯૧ )

# જો એકજ દિવસ–

મારા હાથમાં જો એકજ દિવસ, માત્ર એકજ દિવસ રાજ-સત્તા આવે તો હું કોઇને પણ પુછ્યા શિવાય ઝપાટાબંધ નીચેના હુકમો પસાર કરૂં :-

૧.

જે કોઇ માણસ પોતાના મૃત્યુ પામેલા માતા પિતા કે સગાં સ્નેહિઓને કાંઇ ખોરાક કે કપડાં કે બીજી કોઇ વસ્તુ મોકલાવવા ઇચ્છા કરે તેણે તે વસ્તુ તેમને પહોંચાડવા જાતે આ મૃત્યુલોક છોડી પરલોકમાં જવું અને સ્વર્ગ કે નર્ક જ્યાં તેમના એ સ્નેહિઓનો વસવાટ હોય ત્યાં તે વસ્તુ તેમને હાથોહાથ આપવી. જો કોઇ શખ્સ આ ફરમાનથી વિરૂદ્ધ ચાલી મરી ગયેલાં પોતાનાં સગાંને ખોરાક પહોંચાડવાના બ્હાના નીચે આ મૃત્યુલોકમાંજ જ્ઞાતિવરા કરી રાજ્યના અનાજનો દુર્વ્યય કરશે તો તેને કેદ પકડવામાં આવશે અને વેડફી નાખેલા અનાજના વળતર રૂપે તેને જીંદગી પર્યંત ભુખ્યો રાખવામાં આવશે.

૨.

જે કોઇ શખ્સ ફરજીઆત વૈધવ્ય બીજાઓ પાસે પળાવશે અથવા તો તેની હિમાયત કરશે અથવા તો તેવી કોઇને સલાહ કે સૂચના આપશે તેને વધુમાં વધુ ઝેરી ગણી ચીપીયા વતી પકડી રાજ્યની હદમાંથી બહાર ફેંકી દેવામાં આવશે

૩.

જે કોઇ માબાપો પોતાના પુત્ર પુત્રીઓના સગપણ કે લગ્ન સદરહુ પુત્ર પુત્રીઓને પુછી તેમની સંમતિ લીધા શિવાય કરશે તેમને આ સંસાર માટે નાલાયક ગણી તેમના પોતાના છુટ છેડા કરી દેશના એ વિરૂદ્ધ દીશાના મુલ્કમાં સખત મજુરીનું કામ કરવા મોકલાવી દેવામાં આવશે.

૪.

જે કોઇ યુવાન અથવા યુવતિ દેશની આર્થિક સ્થિતિ ધ્યાનમાં લીધા વિના નવા સંતતિ પેદા કરશે તેને રાજ્યની સ્થિતિ કફોડી કરવાના આરોપસર રાજ્યદ્રોહી ઠરાવી પાંચ વરસની સખત સજા કરવામાં આવશે. આવા રાજ્યદ્રોહીઓને क વર્ગમાં મુકવા.

૫.

જે કોઇ માણસ કોઇ પણ જાતના ધર્મના બ્હાના નીચે કોઇ પણ જાતનો સંપ્રદાય ફેલાવી કોઇ પણ જાતના વાડા કે ટોળાં ઉભાં કરશે તેને રાજ્યમાં ફાટફુટ પડાવવાનો મહા અપ-રાધી ગણી જીંદગીભર કેદ રાખવામાં આવશે. આવા અપરાધીઓ પાસે દરરોજના પાંચ કલાક ચકકી પીસાવવી અને જ્યારે જેલ સત્તાવાળાઓનો અહેવાલ આવે કે તેમની સંખ્યા વધી ગઇ છે ત્યારે એક આગબોટમાં તે બધાને બેસારી, ખારવાઓ અને નાખુદા વિગેરેને ઉતારી લઇ તે સ્ટીમરને દરિયામાં ડુબાવી દેવી.

૬.

જે કોઇ માણસ એવી હિમાયત કરશે કે પુરૂષ કરતાં સ્ત્રીનો દરજ્જો નીચો છે અથવા તો તે પ્રમાણે વર્તશે તેને કુદરતના કાનુનોની વિરૂદ્ધ જનારો ગણી નીચે મુજબ સજા કરવામાં આવશેઃ-

૧. કોઇ પણ કાર્યમાં સ્ત્રીનો મત લેવાની ના પાડનાર ગુન્હે-ગારને લડાઇ ચાલતી હોય તે સ્થળે એક સામાન્ય સૈનિક તરીકે મોકલી દેવામાં આવશે.

૨. સ્ત્રીઓ પાસે ફરજીઆત ઘુંઘટો કઢાવનાર અપરાધીને હવા અને ઉજાસ વગરની એકાંત કાળી કોટડીમાં કોઇની પણ સાથે તે વાતચીત ન કરી શકે એવી રીતે ૩ વર્ષ રાખવો.

૩. જે કોઇ પણ માણસ પોતાની સ્ત્રીને મારે તેને જંગલી ગણી તેના શરીર ઉપરથી બધાં કપડાં ઉતરાવી લઇ ગીરની ઝાડીઓમાં તેને રખડતો મુકી દેવો.

૭.

મુડીવાદે આ દેશને અનહદ નુકશાન કર્યું છે. એને લઇને મુડીવાળાઓ કાંઇ કામ નહિ કરતા હોવાથી અને મુડી વગરના ગરીબો ભુખ્યા રહેતા હોવાથી બન્ને વર્ગના માણસોનાં શરીર બગડવા પામ્યા છે. રાજ્યને આથી અનહદ નુકશાન પહોંચે છે. માટે એમ ફરમાવવામાં આવે છે કે જેની પાસે જેટલી મુડી હોય તે બધી તેણે દેશના ભંડારમાં મુકી જવી અને સૌએ શારિરીક મહેનતથી પોતાનો રોટલો રળી ખાવો. આ હુકમનું અપમાન કરનારને ઉંધે મસ્તકે ત્રણ દિવસ અને ત્રણ રાત લટ-કાવી રાખવો અને તેની જે કાંઇ માલમત્તા હોય તે જપ્ત કરવી.

૮.

પરસ્પર ખાવા ખવરાવવાથી ભ્રાતૃભાવ અને એકતા વધે છે. દેશના હીતની ખાતર પ્રજાજનોમાં આવી એકતા હોવાનું અત્યંત જરૂરી છે. માટે દરેક વ્યકિતને પોતાને ઠીક લાગે તેની સાથે ખાવા ખવરાવવાની છુટ આપવામાં આવે છે. રાજ્યે આપેલ આ છુટને ખુંચવી લેવા કોઇ જ્ઞાતિ કે તેના પંચ પટેલ પ્રયત્ન કરશે તો એ જ્ઞાતિને વીખેરી નાખવામાં આવશે અને એ પંચ પટેલોને બીજાઓની મીલ્કત લુંટી લેનારા લુંટારાઓને થતી શિક્ષા કરવામાં આવશે.

૯.

જે કોઇ માણસો લગ્ન પ્રસંગે ઘણા માણસો ભેગા કરી મોટાં વાજાં વગડાવશે અને કાપડ તથા અનાજનો દુર્વ્યય કરશે તેને દેશની મીલ્કતની ઉડાઉગીરી કરવાના ગુન્હા બદલ નીચે મુજબ શિક્ષા કરવામાં આવશે.

૧. વાજાં વગડાવવાના હિમાયતીને--રાજ્યના લશકરી બેન્ડમાં મોકલાવી દેવો અને મોટો ઢોલ તેની છાતી ઉપર લટકાવવો.

૨. ખુબ ઘરેણાં પહેરનારને--શહેરમાં આવતી દરેક નાટક કંપ-નીમાં તેની પાસે સ્ત્રીપાઠ પહેરાવવો.

૩. મોટાં જમણ કરનારને--મરી ગયેલાંઓને ખોરાક પહોંચાડ-વામાં જ્ઞાતિ ભોજન કરનારને થતી શિક્ષાનો કાયદો લાગુ પાડવો.

**મને આવી રાજસત્તા માત્ર એકજ દિવસ મળે તે માટે કોઇ મહેનત કરશે?**

# જપ્તીદારનું થાણું.

**તા. ૧૬-૬-૩૨.**

અચાનક ખબર આવે છે કે બોટાદ જમાતની જમાતી મીલ્કત અને ચોપડા વિગેરે હાથ કરવા કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલની એક કમીટી બોટાદ આવી છે અને દમદાટીથી તે બધું કાઉન્સીલને હાથ કરી લેવા પ્રયત્નો કરે છે.

**તા. ૧૮-૬-૩૨.**

એક સંદેશો કહી જાય છે કે બોટાદ જમાતે એક પાઇ પણ કાઉન્સીલને આપવાની સાફ ના પાડી દીધી છે અને જમાત સાથે ઝગડીને કમીટી પાછી ફરી છે.

**પાછળથી.**

મામલો રંગે ચઢે છે. સુપ્રીમ કાઉન્સીલ બોટાદ જમાતના ચાર આગેવાન ભાઇઓને નાતબહાર મુકવાની ધમકી આપે છે. બોટાદ સંગઠન કરે છે. વીંછીયા અને બરવાળા તેની પડખે ઉભા રહે છે. યુવક મંડળની સ્થાપના સાથેજ પત્રિકાઓ નીકળવા માંડે છે.

**તા. ૨૦-૯-૩૨.**

રાજકોટમાં સુપ્રીમ કાઉન્સીલની બેઠક મળે છે. બોટાદના હાજર ન થયેલા આગેવાનોને નાતબહાર મુકવા કાઉન્સીલ જોરમાં આવી જાય છે. મુંબઇથી મી. મકલાઇ આવે છે. કાઉન્સીલને ટાઢી પાડે છે.

**તા. ૨૨-૯-૩૨.**

બોટાદ સાથે સમાધાન કરવા સુપ્રીમ કાઉન્સીલ વઢવાણ કેમ્પ આવે છે. બોટાદ, વીંછીયા અને બરવાળા જમાતના આગેવાનો સાથે મી. મકલાઇ મસલત ચલાવે છે. પરિણામે કાઉન્સીલ નમતું આપે છે. બોટાદ જમાતની જમાતી મીલ્કત કાઉન્સીલના હાથમાં જતી અટકી જાય છે.

આ ઘટનાની કાઉન્સીલના મન ઉપર બહુ કડવી અસર રહે છે. જે સંજોગોને કાઉન્સીલે વશ થવું પડયું તે સંજોગોનેજ તે થડમુળથી પલટાવી નાખવા પ્રેરાય છે. પરિણામે બોટાદ બોર્ડીંગમાં એક મીશનરીની નીમણુક કરવાની યોજના રચાય છે.

બોટાદમાં બોર્ડીંગની જનરલ કમીટીની બેઠક મળે છે. આ તકે કાઉન્સીલના બે ચાર અગ્રણીઓ બોટાદ પહોંચે છે. મીશનરી અલાદીના મામુને બોર્ડીંગના પ્રીન્સીપાલ તરીકે દાખલ કરવાનો ઠરાવ રજુ કરવામાં આવે છે. યુવાનો વાંધો લ્યે છે, કમીટીનો મેમ્બર નહિ તેવા માણસને ઠરાવ મુકવા દેવાની ના પાડવામાં આવે છે. પત્રિકા નીકળે છે. અઢીસોહ રૂપીયાના પગારદારની નીમણુક સામે મજબુત વિરોધ બતાવવામાં આવે છે. તો પણ ના. આગાખાનના તારને નામે બોર્ડીંગની જનરલ કમીટીના બંધારણને કોરે મુકી બહારનાને ઠરાવ મુકવા દેવાની પ્રમુખ પરવાનગી આપે છે. ઠરાવ પાસ થાય છે. મીશનરી અલાદીના મામુને બોટાદ બોર્ડીંગના પ્રીન્સીપાલ તરીકે જાહેર કરવામાં આવે છે.

બોટાદ સાથેની લડતમાં વઢવાણ કેમ્પમાં ખાધેલી હારનો બદલો કાઉન્સીલ આવી રીતે લ્યે છે અને કાયમને માટે બોટાદમાં ચાલતી છુપી અને ઉઘાડી બધી પ્રવૃત્તિઓ દાબી દેવા માટે જપ્તીદાર બેસારે છે.

આ જપ્તીદારના થાણાને લીધે બોટાદને અનેક આડકતરી અને સીધી રીતે ખમવું પડયું છે; એટલુંજ નહિ પણ એ આખા પંથકને આ થાણાને લઇને નુકશાન પહોંચ્યું છે.

બોટાદ જમાતના આગેવાનો અને કાર્યકર્તાઓ આગળ જેટલા સ્વતંત્ર હતા તેટલા રહ્યા નથી અને ઘણી બાબતોમાં તેમને દબાવું પડે છે. બોર્ડીંગનો વહીવટ પણ તેમના હાથમાંથી ચાલ્યો જાય તેવી સ્થિતિ કરી મુકવામાં આવી છે. બીજી બાજુ બોર્ડીંગમાં ભણુતા વિદ્યાર્થીઓને અભ્યાસનો ગમે તેટલો બોજો માથે હોવા છતાં વહેલી સવારે ધુવા પડવા અને જ્ઞાન બોલવા ઉઠવું પડે છે, અને દરરોજ સાંજે ઇચ્છાએ કે અનીચ્છાએ મીશનરી સાહેબની વાયેઝ સાંભળવી પડે છે. બોર્ડીંગના વિદ્યાર્થીઓમાં ફાટફુટ પાડવાના પ્રયત્નો થયા છે અને કેટલાકને મીશનરી બનાવવાની લાલચો પણ અપાણી છે.

પ્રત્યક્ષ પરિણામ રૂપે બોટાદની બધી પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઇ બોટાદને પોતાનું માની જમાતની અને બોર્ડીંગની બની શકે તેટલી સેવા કરનાર ગૃહપતિ (હાઉસ માસ્તર) ને રાજીનામું આપી છુટા થવું પડયું છે; અને ઉપરથી રાજીખુશીથી રાજીનામું આપ્યાનું કહેવામાં આવે છે. છતાં એ વાત હવે ઢાંકી રહી નથી કે ગૃહપતિની ઇચ્છા હજી પણ બોર્ડીંગની વધુ સેવા કરવાની હોવા છતાં તેની આગળથી એ તક છીનવી લેવામાં આવી છે.

બોર્ડીંગના બે સેક્રેટરીમાંના એક આગેવાન ભાઇએ આ સ્થિતિથી ત્રાસી જઇ રાજીનામું આપ્યું છે. બોર્ડીંગે તે કબુલ કર્યું નથી. તો પણ જાહેરમાં જ્યાં બન્ને સેક્રેટરીની સહીઓ આવતી ત્યાં અત્યારે એકનીજ આવે છે.

જપ્તીદારના આ થાણાને પરિણામેજ વીંછીયામાં ધાર્મીક રાત્રિશાળા જેવી અનીચ્છનીય પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે અને આવતી કાલે બોટાદમાં પણ એવી શાળા સ્થપાયાના ખબર આવે તો કાંઇ નવાઇ જેવું નહિ ગણાય.

પ્રસંગોની ઘટના અને તે વચ્ચેનો સંબંધ જો કોઇ બારીકીથી તપાસશે તો તેને ખાત્રી થશે કે બોટાદમાં કાઉન્સીલે પોતાનું થાણું બેસારી કાઉન્સીલની ધુંસરીમાંથી કોઇ માથું ઉંચું કરી શકે નહિ તે માટે ચાલાક પ્રયત્ન કર્યો છે અને પોતાના કોટકિલ્લા મજબુત કરવા તરફ એક ડગલું તેણે આગળ ભર્યું છે.

આમ છતાં બોટાદ યુવક મંડળને નામે થોડું પહેલાં પ્રગટ થયેલ પત્રિકા આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી; અને જો કે એ મંડળના કાર્યવાહકોના નામ રીતસર બહાર આવ્યા નથી તો પણ એ પત્રિકા આપણને એટલું જરૂર સૂચન કરે છે કે બોટાદનો જુસ્સો મરી ગયો નથી, અને પુષ્કળ આંતરિક ઉકળાટ બોટાદ અત્યારે સહી રહ્યું છે.

આવા સંજોગોમાં જો જપ્તીદારનું થાણું બોટાદમાં ન હોય તો? તો દબાયેલા લાગણીનાં પુર જરૂર વધુ જોરથી વહેવા માંડે અને કદાચ એ પ્રવાહ કાઠીયાવાડની જમાતોની મુક્તિની લડતની સરદારી તરફ બોટાદને ખેંચી પણ ન જાય.

# મારી મુસાફરી.

લેખકઃ શ્રી. "મુસાફર."

( અંક ૨૨ થી ચાલુ. )

ભડલીથી નીકળી હું બાબરા આવ્યો. બાબરા રાજકોટ એજન્સી નીચેનું એક થાણું છે. મુસાફર બંગલો એ નામથી ઓળખાતું એક અચ્છું મુસાફરખાનું પણ ત્યાં છે; પણ એ આપણા જેવા દેશી માણસો માટે નહિ. એજન્સીના અમલદાર અને ટોપાવાળા ગોરા સાહેબોનેજ તેમાં ઉતરવા દેવામાં આવે છે. મારી પ્રબળ ઇચ્છા ત્યાં ઉતરવાની છતાં ન છુટકે મારે જમાતખાને ઉતારો રાખવો પડયો.

બાબરા શહેર પણ નથી અને ગામડું પણ નથી. આજુબાજુના ઘણા ગામના લોકો ત્યાં ધંધા અર્થે માલ ખરીદવા આવે છે અને તેથી ત્યાં વેપાર સારો ચાલે છે.

ઇસ્માઇલી ખોજાઓની વસ્તી ૨૭ ઘરની. રાત્રે ખાને જોઉં છું તો આ સંખ્યાના પ્રમાણમાં સારી હાજરી મારી નજરે પડી. મને લાગ્યું કે સાચેજ બાબરાના બધા રહીશો ચૂસ્ત ભકત હોવા જોઇએ. પણ બાબરામાં પણ ખોજા યુવક મંડળ છે અને જ્ઞાતિ સુધારણા અર્થે આંહી પણ કેટલાક ભાઇ નાતબહાર મુકાયેલા છે એ જ્યારે મને યાદ આવ્યું ત્યારે હાજરી ઉપર ન દોરવાઇ જઇને પાકી તપાસ કરી સાચી હકીકત જાણવાની મને વધુ જરૂર દેખાણી

પ્રથમ તો હું ભકતોનેજ મળ્યો. મેં પુછ્યું કે "ભાઇ, તમારે ત્યાં તો બહુ મઝાનું વાતાવરણ લાગે છે. બધા ભાઇઓ ખાને આવે છે; અને મેં તો એમ સાંભળેલું કે તમારા ગામમાં પણ યુવક મંડળની ચળવળ ચાલે છે. ત્યારે શું એ વાત સાવ ખોટીજ હોવી જોઇએને?"

"ના, ભાઇ, ના. એમ નથી." પેલા ચૂસ્ત ભકતે મને જવાબ આપ્યો. "આંહી પણ યુવક મંડળની ચળવળ પુર જોરથી ઉપડી હતી. આપણા બધા ભાઇઓ લગભગ ફરી બેઠા જેવા થઇ ગયા હતા. પણ મૌલાની મહેરબાની કે અમરેલી કાઉન્સીલને સમત સુઝી અને એક બે વખત યુવક મંડળવાળા સાથે વ્યવહાર કરનારને એવા તો બોલાવીને ધમકાવ્યા કે બરાબર કડપ બેસી ગયો. ત્યાર પછી આ બધા ખાને આવે છે, અને ચું કે ચાં કાંઇ કરી શકતા નથી."

ભકતરાજના વચન ઉપર મને અવિશ્વાસ ન્હોતો તો પણ બીજાઓને મળવાની મારી ઉત્કંઠા ઓછી થઇ નહિ. બાબરામાં યુવક મંડળ છે, મંડળના પ્રમુખ અને મંત્રીને નાતબહાર કરવામાં આવ્યા છે, કાઉન્સીલના બહિષ્કારના અથાગ પ્રયત્નો છતાં આ સુધારકો પોતાને ત્યાં અચ્છી તરેહથી કાઉન્સીલની અવગણના કરીને લગ્ન મરણના પ્રસંગો રજ પણ મુંઝવણ કે ગભરાટ વિના ઉકેલે છે, અને એટલે તો વર્તમાનપત્રોએ તેમને "બાબરાના બ્હારવટીઆ" તરીકે ઓળખાવ્યા છે—આ બધી ઘટના હું વર્તમાનપત્રો નિયમિત વાંચતો હોવાથી જાણતો હતો. છાતીએ જરા જોર રાખીને હું "બ્હારવટીઆ"ને મળવા ઉપડયો.

આ બ્હારવટીઆ પાસે બંદુક કે તલવાર કાંઇ મારા જોવામાં આવ્યું નહિ. હા, તેમની પાસે બંદુક તલવારથી પણ વધુ અસરકારક એક શસ્ત્ર હતું, અને તે આત્મભોગ અને અણનમ સિધ્ધાંત. મંડળના પ્રમુખ તેમના બીજા ચાર ભાઇઓ સહીત સુધારાની લડત લડતાં જ્ઞાતિબહાર થયેલા છે. એ નાતબહારી પછી તેમણે ત્રણ લગ્નો પોતાને આંગણે નિર્વીઘ્ને ઉજવ્યા છે. મંત્રીશ્રીની મેં મુલાકાત લીધી ત્યારે મેં સ્વપ્ને પણ ન્હોતું ધાર્યું કે સાધારણ દેખાતો આ માનવી પોતાના હૃદયમાં અસાધારણ હિંમત અને દ્રઢતા ધરાવતો હશે. આંતર કલહ, આર્થીક મુંઝવણ અને બીજી અનેક વીટંબનાઓને વટાવીને આ જુવાન અત્યારે અણનમ ઉભો છે અને તેનું મસ્તક સદા અણનમજ રહેશે તેવી આગાહી આપી રહ્યો છે. યુવક મંડળના પ્રમુખ મંત્રી સાથેની વાતચીત ઉપરથી બીજા પણ કેટલાક ગૃહસ્થોને મળવા મેં નિર્ણય કર્યો.

બાબરામાં ૨૭ ઘરમાં ચાર વર્ગ છે. ૪ ઘર ચૂસ્ત ભકત; ૪ ઘર અર્ધદગ્ધ જેવા, ઘડીકમાં આમ માનનારા અને ઘડીકમાં તેમ માનનારા; ૧૭ ઘર કાઉન્સીલથી પુરેપુરા ત્રાસી ગયેલા અને રજમાત્ર પણ તેમાં નહિ માનનારા; અને બે ઘર ખુલ્લા સુધારકો. ૧૭ ઘરવાળો જે વર્ગ છે તે અમરેલી કાઉન્સીલની દમદાટીથી પુરો દબાઇ ગયો છે. સુધારકોને ત્યાંના પહેલા લગ્ન પ્રસંગે આમાંના કેટલાકે ખુલ્લો ભાગ લીધો હતો અને તેથી કાઉન્સીલે બધાને અમરેલી બોલાવી ખુબ ધમકાવ્યા હતા. ત્યાર પછી આ લોકો ખુબ ખાને આવજા કરે છે. તો પણ સુધારકો સાથેનો તેમનો બાહ્ય વ્યવહાર તેઓએ ખેંચી લીધો નથી અને પોતાની સહાનુભૂતિનું એક મુંગું નિશાન તેઓ જાળવી રહ્યા છે.

એક અર્ધદગ્ધ ભાઇ સાથે મેં વાર્તાલાપનો પ્રસંગ ખોળી કાઢ્યો. અમે વાતોએ ચડ્યા. આ ભાઇને કાઉન્સીલની મહત્તા કરતાં પોતાનું જોર બતાવવાનો વધારે શોખ, એટલે તેમણે એક પ્રસંગનું મારી આગળ બ્યાન કર્યું. "અરે, શું એ મંડળીયા કરવાના હતા? કાઉન્સીલની વિરૂધ્ધ ગમે તેમ બોલતા હતા. મેં કાઉન્સીલને જણાવ્યું કે આવા માણસો ઉપર કાયદેસર પગલાં ભરવાં જોઇએ, અને વળતીજ ટપાલે કાઉન્સીલે તેમ કરવાની મને છુટ આપી. પછી એક વખત મેં એ મંડળીયાને કહી દીધું કે હવે જો કાંઇ બોલ્યા છો તો તુરતજ તમારે માથે કાયદેસર કરવામાં આવશે. આ ત્યાર પછી બોલે એ બે ખાય. બધાના મોઢાં શીવાઇ ગયાં છે." તેમની પાસેથી ઉઠીને હું બહાર આવ્યો એટલે અમારો આ વાર્તાલાપ સાંભળનારો એક માણસ આવીને મને કહી ગયો કે "ભાઇ, સાવ હાંકયે રાખે છે. તેણે કેસ કરવાનું કીધું એજ વખતે પેલા ભાઇએ ભરબજારમાં ખુલ્લી રીતે કાઉન્સીલની સારી ઝાટકણી કાઢી હતી અને થાય તે કરી લેવા કહ્યું હતું. હું પાસે ઉભો હતો."

એ દિવસ રહી મેં બાબરા છોડયું.

---

તો પછી શા માટે એ થાણું ઉપડી જાય તે માટે બોટાદે મહેનત ન કરવી? આટલા મહીનાના અનુભવથી પણ શું હજુ સાબીત નથી થઇ ગયું કે બોર્ડીંગને પ્રીન્સીપાલની જરૂર નથી? બોટાદ જમાત જરૂર તેને રૂખસત આપી શકે છે.

# સપ્તાહનો સાર.

**મહાત્મા ગાંધીજી :** પુનાની મસલત પુરી કરી મ. ગાંધીજી અમદાવાદ આવ્યા છે. છાપાંના પ્રતિનીધીઓને મુલાકાત આપતાં તેમણે જણાવ્યું હતું કે ૧૮ વર્ષથી ચાલતો તેમનો સાબરમતી આશ્રમ તેઓ બંધ કરવાના નિર્ણય ઉપર આવ્યા છે. આ સંબંધે એમ જણાય છે કે મ. ગાંધીજી નવોજ ધડકાવનારો કાર્યક્રમ અમલમાં મુકવા માગે છે અને તે માટે આશ્રમવાસીઓને પોતાની સાથે લેવાના છે.

તા. ૧ ના રોજ મુંબાઇમાં લોકમાન્ય તીલકનું બાવલું ખુલ્લું મુકવાની મહાત્માજી ક્રિયા કરવાના છે તે પહેલાંજ કદાચ તેમની ધરપકડ થશે તેવી વકી રહે છે.

મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી. આણેએ એક નિવેદન પ્રગટ કરી કોંગ્રેસની બધી સંસ્થાઓને હાલ તુરતને માટે બંધ કરી છે. સામુદાયીક સત્યાગ્રહ પણ બંધ કરવામાં આવ્યો છે અને વ્યક્તિગત સત્યાગ્રહની છુટ આપી દેશના શક્તિશાળી પુરૂષોને તે અમલમાં મુકવા આગ્રહ કરવામાં આવ્યો છે.

**ખોજા કુમારીકાનું મરણ :** મુંબઇમાં જેનાબાઇ નામની એક ૨૫ વર્ષની ખોજા કુમારીકાના કહેવાતા ભેદભરેલા મૃત્યુ સંબંધે કોરોનરની કોર્ટમાં ચાલતી તપાસ પુરી થઇ છે. જ્યુરીએ એવો અભિપ્રાય આપ્યો છે કે "બાળકનું મરણ ઉંચાઇએથી ફેંકી દેવાથી નીપજ્યું હતું, અને બાળકને એવી રીતે મરનાર જેનાબાઇની મા સકીનાબાઇએ ફેંકી દીધું હતું અને તેથી મરનારની મા ખુનને પાત્ર ઠરે છે. તબીબી સલાહ છતાં મરનાર જેનાબાઇના માબાપ તેણીને હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયા હતા નહિ અને તેઓએ બેદરકારી બતાવી હતી. આથી તેઓ બન્ને ફોઝદારી બેદરકારી માટે ગુન્હાને પાત્ર ઠરે છે." મરનારના ભાઇને નિર્દોષ ગણવામાં આવ્યો છે.

**શ્રી સેનગુપ્તાનું અવસાન :** ગઇ તા. ૨૩ ની પાછલી રાતે શ્રીયુત જતીન્દ્ર મોહન સેનગુપ્તા રાંચી ખાતે અવસાન પામ્યા છે. તેઓ રાજ્યદ્વારી કેદી તરીકે રાંચીમાં નજરકેદ હતા, અને તેમની તબીયત દરરોજ લથડતી જતી હતી. બંગાળે એક અગ્રગણ્ય આગેવાન અને હિંદે એક મહાન દેશભક્ત પુત્રને શ્રી. સેનગુપ્તાના અવસાનથી ગુમાવેલ છે. આખા દેશમાં આ માઠા બનાવથી ગમગીની ફેલાઇ ગઇ છે.

**બંગાળના ગવર્નરને ઉડાડવા ?** ગઇ તા. ૨૫ ની રાત્રે બંગાળના ના. ગવર્નર ફરીદપુરથી કલકત્તા ટ્રેઇન રસ્તે જતા હતા ત્યારે કલકત્તાથી ૧૩૫ માઇલ દુર આવેલા એક નાના સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર બોમ્બનો અવાજ થયો હતો. કોઇને ઇજા થઈ નથી. પણ એમ કહેવાય છે કે ના. ગવર્નરની ટ્રેઇન ઉડાવી દેવા આ કાવતરૂં રચવામાં આવ્યું હતું.

**હિંદી પ્રજાનું અપમાન :** પંડીત જવાહરલાલ નહેરૂનાં પત્ની શ્રીમતી કમળા નહેરૂએ એક મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે મ. ગાંધીજીની બીનશરતી મુલાકાતની ના પાડીને વાયસરોયે ૩૩ કરોડની હિંદની પ્રજાનું અપમાન કર્યું છે અને તેમના સ્વમાનને પડકાર કર્યો છે.

**રાજસ્થાન પ્રજા પરિષદ :** ગઇ તા. ૨૪ ના રોજ મુંબઇમાં શ્રી. એન. સી. કેલકરના પ્રમુખપદે રાજસ્થાન પ્રજા પરિષદની ચોથી બેઠક મળી હતી પ્રમુખ તથા સ્વાગત પ્રમુખ શ્રી. જમનાદાસ માધવજી મહેતાએ રાજાઓના જુલ્મ અને પ્રજાએ સંગઠન કરવાની જરૂર વિષે જોરદાર ભાષણો કર્યાં હતા. પરિષદે ઘણા મહત્વના ઠરાવો પસાર કર્યાં છે, તેમાં હિંદના ભાવિ રાજ-બંધારણમાં જ્યાં સુધી રાજાઓને બદલે રાજસ્થાની પ્રજાને સીધું પ્રતિનિધીત્વ મળે નહિ અને રાજસ્થાનો હિંદના મધ્યસ્થ બંધારણની સુપ્રીમ કોર્ટની નીચે ન રહે ત્યાં સુધી એ બંધારણમાં રાજસ્થાની પ્રજા મુદ્દલ ભાગ નહિ લે તેવો પણ ઠરાવ છે

**મગજ વેચાતું આપો :** ઇંગ્લેન્ડના જગવિખ્યાત નાટ્યકાર જ્યોર્જ બર્નાડ શોના મૃત્યુ પછી તેનું ભેજું પાંચ હજાર પાઉન્ડમાં વેચાતું રાખવાની માગણી એક રસાયણ શાસ્ત્રીએ કરી છે. મી. શો હજી જીવતાજ છે.

**ચોમાસું :** દેશભરમાં જોરશોરથી ચોમાસું બેઠું છે. વરસાદ મોડો થવાથી લોકોના ઉંચા થયેલા મન નીચા થયા છે. સીંધમાં પુષ્કળ વરસાદથી એક લાખ રૂપીયાનું નુકશાન થયું છે. બીજા પ્રાન્તોમાં પણ ઘણે સ્થળે વધતું ઓછું નુકશાન થયું છે. કાઠીયાવાડમાં દરેક સ્થળે વરસાદ ચાલુ છે.

**બદમાસોનું જોર :** મુંબઇમાં હજી બદમાસોનો ત્રાસ ચાલુ છે. રૂ બજારના કેટલાક જાણીતા દલાલોને ટેલીફોન ઉપર એવી ધમકી મળી છે કે "રૂા. ૧૦૦૦ તૈયાર રાખો નહિતર તમારો જાન જોખમમાં છે." એક ઝવેરીને પણ આવી ધમકી મળ્યાનું કહેવાય છે.

**પતીઆળા પદભ્રષ્ટ થશે ?** એવી અફવા ફેલાવા પામી છે કે પતીઆળા નરેશ સર ભુપેન્દ્રસિંહ અને હિંદી સરકાર વચ્ચે ગંભીર મતભેદ ઉભો થયો છે અને તેને પરીણામે કદાચ પતીઆળા નરેશને ગાદી ત્યાગ કરવો પડે તો નવાઇ નહિ.

**આગાખાનની સલાહ :** ના. આગાખાનના માનમાં સીલેકટ કમીટી આગળ જુબાની આપનારાઓએ કરેલ મેલાવડા વખતે ના. આગાખાને એવી મતલબતનું ભાષણ કર્યું હતું કે બ્રીટીશ પ્રજાએ હિંદી વઝીર સર એમ્યુઅલ હોરના કહેવા પ્રમાણે ચાલવું જોઇએ. હિંદના રાજ્યદ્વારી હક્કોને લાંબા વખત સુધી દબાવી દેવાના મતના સર એમ્યુઅલના કહેવા પ્રમાણે હિંદે ચાલવું કે ન ચાલવું તે બાબત ના. આગાખાન કાંઇ બોલ્યા નથી.

**સરહદ પર અશાંતિ :** હિંદ–અફઘાન સરહદ ઉપર હજી અશાંતિ ચાલુ છે. લેવાનાઇ ફકીરનો પત્તો હજી સરકાર મેળવી શકી નથી. અવારનવાર તાયફાવાળાઓ વચ્ચે અરસપરસ અને સત્તા વચ્ચે અથડામણ થયા કરે છે. લેવાનાઇ ફકીરનો એક અનુયાયી પણ સરહદ ઉપર ભારે ભયંકર ગણાવા લાગ્યો છે અને સરકારે તેને કોઇ પણ ભોગે દબાવી દેવાનો નિશ્ચય કર્યો છે.

---

**ના. આગાખાન આવે છે?** ના. આગાખાનના એક તાર ઉપરથી જણાય છે કે તેઓ આવતા નવેમ્બરમાં હિંદ આવશે. તેમના અગાઉના વાયદાઓ માફક આ વાયદો પણ ખોટો તો નહિ પડેને ?

(અનુસંધાન પાના ૧૮૬ થી)

જેનાબાઇનું કુટુંબ ઇશનાઅશરી છે. અમે ઇસ્માઇલી ઇશનાઅશરીના ભેદભાવમાં માનતા નથી. એ કૃત્રિમ વાડાઓ ઉભા કરવા છતાં ખાસ કરીને મુંબઇમાં એ બન્ને જમાતો વચ્ચે ઘણું સામ્ય રહેલું છે અને એક સમાજને એક વસ્તુ જેટલી લાગતી વળગતી હોય છે તેટલીજ તે બીજા સમાજને લાગે વળગે છે. ઇશના-અશરી અને ઇસ્માઇલી બન્ને જમાતોમાં અત્યારે અમે ઉપર કહ્યું તે અનિષ્ટ પેસી ગયું છે અને જો આ અતિ મોંઘા સાવચેતીના સુર છતાં એ સમાજો પોતાની જીદ નહિ મુકે તો હજી પણ વધુ ખરાબ પરિણામો સહન કરવા તેણે તૈયાર રહેવું પડશે.

---

(અનુસંધાન પાના ૧૯૨ થી.)

છે, જેના હાથમાં ન્યાયની વડામાં વડી અદાલતની ધર્મતુલા સોં-પવામાં આવે છે એ ના. આગાખાનને શું એટલી પણ ફુરસત કે દરકાર નથી કે અરજ કરનારને એવણ નામદાર 'તારી અરજ કાઢી નાખું છું' એટલા બે શબ્દો પણ કહી શકે ? અમુક બાંધી મુદત સુધીમાં અપીલનો ચુકાદો ન મળે તો એ અપીલ અપીલ કરનારના ગેરલાભમાં ચુકવવામાં આવી છે એમ ગણવાનો શી-રસ્તો ન્યાયનું કામ કરતી કોઇ પણ રાજ્યની અદાલતમાં હજી સુધી જોવામાં આવ્યો નથી. એ શીરસ્તો ખોટો છે, ન્યાયનું ખુન કરનારો છે અને અરજદારનું ભયંકરમાં ભયંકર અપમાન કરનારો છે

વળી આ અપીલ કરવાની પદ્ધતિ–Procedure–પણ અજબ તરેહની છે. અપીલ કરનારે અપીલ લોકલ કાઉન્સીલમાં કરવી ; લોકલ કાઉન્સીલ તે સુપ્રીમ કાઉન્સીલ ઉપર મોકલાવી આપે ; અને સુપ્રીમ કાઉન્સીલ પછી તે ના. આગાખાનને મોકલાવે. ન્યાયની અદાલતોનું ધોરણ આથી સાવ વિરૂદ્ધ છે. જે અદાલતમાં અપીલ કરવાની હોય તેજ અદાલતમાં સીધી અપીલ અરજદારે કરવાની હોય છે, કોઇની મારફત મોકલવાની તે હોતી નથી. આ અપીલ માટે આખા કેસના બધા કાગળોનું અંગ્રેજીમાં ભા-ષાંતર કરાવી તેની બે નકલો કાઉન્સીલને આપવી તે પણ એટ-લુંજ જુલ્મી છે ; પક્ષકાર માથે એ અસહ્ય બોજો છે. ન્યાયની અદાલતોમાં માત્ર નીચલી અદાલતના ઠરાવનીજ નકલ રજુ કરવા-ની હોય છે. વળી ખોજા કોમની વડામાં વડી અદાલત જે ભાષા ખોજા કોમની નથી એ ભાષા અંગ્રેજીમાં બધા કાગળો રજુ કરવાનું માગે છે. કોમની ભાષા કે લીપી પણ ન જાણે તેવો ન્યાયાધીશ કોમને જોઇતો નથી. આટલા આટલા પૈસા ખર્ચી આટલી આટલી કનડગત સહેવામાં આપણને પુષ્કળ ત્રાસ સ-માયેલો છે. અપીલ ઉપર સુપ્રીમ કાઉન્સીલે પોતાનો અભિપ્રાય રૂપે જવાબ આપવો એ પણ બંધારણસર નથી. તેનો ચુકાદો એજ તેનો અભિપ્રાય અને એજ તેનો જવાબ છે. સીધી અપીલ અને સીધો જવાબ એ પદ્ધતિ ન સ્વીકારવામાં બીજું જોખમ એ સમાયેલું છે કે કદાચ ના. આગાખાન તરફથી અપીલનો અમુક જવાબ આવ્યો હોય અને તે કદાચ સુપ્રીમ કાઉન્સીલ દાબી રાખે તો અપીલ કરનારને કોઇ દિવસ કોઇ રીતે પણ ખબર પડે નહિ કે તેના કેસમાં અમુક ફેંસલો આપવામાં આવ્યો છે.

# વેપાર સમાચાર.

( તા. ૨૯–૭–૩૩ )

**ઉન :** ગઇ તા. ૨૫–૨૬–૨૭ અને ૨૮ ના રોજ લીવર-પુલમા ઉનનો સેલ હતો. તેમાં ગાં. ૧૭૫૦૦ મુકાણી હતી જેમાંથી ગાં. ૩૧૬૦ વેચાણા વગરની પડતર બાકી રહી છે. ગયા સેલના વેચાણ સાથે સરખાવતાં ઉંચા સફેદ માલમાં ૫ થી ૧૦ ટકા બજાર નરમ ગયો છે અને જે સફેદ ૧૧ પેનીમાં વેચાણો હતો તે આ સેલમાં ૧૦ા થી ૧૦ાા સુધી વેચાણો છે. બાકીના મધ્યમ માલમાં બજાર ગયા સેલના ભાવે ટકી રહયો છે. આ સેલ તેજ ન જાય તોપણ રજમાત્ર પણ નરમ જવાની ધારણા ન હતી. છતાં અમેરીકાની ગેરહાજરીને કારણે સફેદમાં બજાર દબાણો છે. સ્થાનિક ઉનના ભાવ હજી નીકળ્યા નથી પણ શુધ્ધ જોડીયાના લગભગ રૂા. ૧૪) ની આસપાસ બજાર રહેશે તેવી ધારણા છે.

**રૂ્ત :** ભરૂચ ૨૧૦.

**અનાજ કરીયાણું :** ૨) ૨)≈ ઘઉં. ૧ાા ૧ાા≈ બાજરો. ૧ા ૧ાા જુવાર. ૧ાા≈ ૧ાા ચણા દેશી. ૧ા ૧ાા ચણા ડંકી. ૨) ૨)ૅ ચણાની દાળ. ૧ાા ૧ાાૅ ચોખા. ૧ા ૧ા≈ કમોદ ઝીણી. ૧)ૅ ૧)≈ કમોદ જાડી. ૧ાાૅ ૧ાા≈ મેથી. ૨ાા≈ ૨ાા≈ તલ શ્રીકાર. ૨ાા ૨ાાૅ તલ ચલણી. ૨ાા ૨ાા≈ તલી સફેદ. ૧ાાૅ એરડી જીણી. ૧ાાૅાા એરડા જાડા. ૧ાા ૨)≈ ગોળ દેશી ૧ાા ૧ાા ગોળ પરદેશી. ૧ાાૅ ૨)≈ મગ. ૧ાા≈ અડદ. ૨ાૅ ૨ા≈ શીંગદાણા. ૧ાાૅ ૧ાાૅાા મગફળી જીણી. ૧ા≈ ૧ા≈ મગફળી જાડી. ૭ાા ૮ાા કપાશીયા. ૮ાા ૯ા વેસણ. ૧ાા ૧ાાૅ રાઇ. ૧)≈ ૧ા મઠ ૦ાાૅ ૦ાા≈ કળથી. ૪ા≈ ખાંડ. ૫ા≈ સાકર.

**ઘી :** ૨૦)૨૧) મુંબઇ પરખ, ૧૫) ૧૫ાા તાજોરસ.

**તેલ :** ૬) તલનું, ૪ા≈ ૪ાા શીંગનું. ૩) ગ્યાસલેટ પીળું, ૩ા ૩ાાૅ ગ્યાસલેટ સફેદ.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---


## " ખોજા જાગૃતિ "

એટલે

ખોજા કોમના પ્રશ્નોની સ્વતંત્ર નીડર ચર્ચા.

વરાર પડેલોના ત્રાસ સામે બેધડક જેહાદ.

સામાજીક રૂઢીઓનું કટ્ટર દુશ્મન.

કચડાતાઓનું બાન્ધવ.

ટુંકમાં

ખોજા કોમનું એકજ સ્વતંત્ર વાજીંત્ર.

છતાં

એક વરસના ફકત રૂા. ૨) માં તમારા ઘરે પહોંચે.

આજેજ ગ્રાહક થાવ.

વ્યવસ્થાપક,
" ખોજા જાગૃતિ "
રાજકોટ.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. " ખોજા જાગૃતિ " ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૧૦૧.**

"લોકલ કાઉન્સીલે ચલાવેલા કેસની નકલ માટે અરજ કરવામાં આવે તો સદરહુ ફેંસલો મળ્યાની તારીખથી એક માસની અંદર તેમ કરવામાં આવશે. તેવી નકલ માટેની અરજી મળ્યાની તારીખથી એક અઠવાડીયાની અંદર તેની નકલ માત્ર એક રૂપીઓ ફી લઇને આપવામાં આવશે. સુપ્રીમ કાઉન્સીલ પાસે અપીલ કરવાની મુદત સદરહુ કેસનો ઠરાવ મળ્યાની તારીખથી સાઠ દિવસની ગણાશે."

નકલ મળવાની અને અપીલ કરવાની મુદતના દિવસો માટે કાંઇ ખાસ કહેવા જેવું નથી. પણ માત્ર એક રૂપીઓ ફી લેવાનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે તે જુલ્મી છે. "પૈસા! પૈસા!" એ કાઉન્સીલનું રટણ છે. કોમની સેવા કરનારૂં આ મંડળ જો નકલ પણ એક રૂપીઓ લીધા શિવાય ન આપે તો એ અત્યંત શરમ ભરેલું છે.

**કલમ ૧૦૨.**

"લોકલ કાઉન્સીલના ઠરાવથી કોઇ શખ્સ નારાજ થાય તો તે સુપ્રીમ કાઉન્સીલ પાસે અપીલ કરી શકશે, અને સુપ્રીમ કાઉન્સીલના ઠરાવથી તેને સંતોષ ન થાય તો તે સામે તે ઠરાવ મળ્યાની તારીખથી બે માસની અંદર સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર અપીલ કરવાની તેને છુટ રહેશે ; અને કેસના તમામ પ્રકરણની નકલ માટે તેની પાસેથી રૂા. ૧૦ ચાર્જ કરવામાં આવશે અને તે રકમની પહોંચ સાથે અરજીની તારીખથી એક મહીનાની અંદર તેને તે નકલ આપવામાં આવશે."

આ પહેલાં અનેક વખત કહેવાઇ ગયું છે કે કોમનો વહીવટ ચલાવનારી સંસ્થાની ચુંટણી કોમે પોતેજ કરવી જોઇએ અને તે મુજબ સુપ્રીમ અને લોકલ કાઉન્સીલના મેમ્બરોની જે રીતે અત્યારે નીમણુક થાય છે તે ખુબજ વાંધા ભરેલી અને કોમના જન્મસિદ્ધ હક્ક ઉપર ત્રાપ મારનારી છે. આ બન્ને કાઉન્સીલ અગર તેની જગ્યાએ કામ કરનાર કોઇ પણ સંસ્થા કોમે પોતેજ ઉભી કરી તેના મેમ્બરોની રીતસરની ચુંટણીની પદ્ધતિથી ચુંટણી કરવી જોઇએ. એ દરજ્જે જો લોકલ અને સુપ્રીમ કાઉન્સીલ કોમે ચુંટેલી હોય તો લોકલ કાઉન્સીલના ઠરાવ ઉપર સુપ્રીમ કાઉન્સીલમાં અપીલ કરવાની પદ્ધતિ બરાબર છે. સુપ્રીમ કાઉન્સીલના ઠરાવ ઉપર ના. આગાખાનને અપીલ કરવાની પદ્ધતિ આ કલમમાં બતાવવામાં આવી છે. પણ તે સીદ્ધાંત મુળથીજ ખોટો છે. ના. આગાખાનને આપણી કોમના સામાજિક વહીવટમાં કાંઇ પણ માથું મારવાનો અધિકાર નથી ; અને તેમાંય તેમના હાથમાં આવું સર્વોચ્ચ સ્થાન સોંપી દેવું એ તો અતિશય ભયભરેલું અને ભુલભરેલું છે. સુપ્રીમ કાઉન્સીલના ઠરાવથી જો કોમ વિરૂદ્ધ જાય તો ફરીથી નવી ચુંટણી કરવી જોઇએ એ કલમ ૬૭ ઉપરની ટીકામાં બતાવાઇ ગયું છે. નાની મોટી દરેક બાબતના આપણા બધા સૂત્રોના છેડા છેવટે ના. આગાખાનના હાથમાં અત્યારે ગયા છે, અને પરીણામે આપણી સ્થિતિ દોરી સંચાથી ચાલતાં પુતળાંના કરતાં વધુ સારી રહી નથી.

અપીલની મુદતની સામે ખાસ કહેવાપણું નથી ; પણ રૂા. ૧૦) ઓકાવવાની વાત ધુતકારી કાઢવા જેવી છે. ન્યાયની કોઇ પણ અદાલતોમાં આવી રીતે પક્ષકાર માથે કેસનું કામકાજ રજુ કરવાનો બોજો હોતો નથી, અને અપીલના કેસોમાં નીચલી અદાલત આખા કેસનું દફતર ઉપલી અદાલતમાં મોકલાવી આપે છે. ભોળી ખોજા કોમને બધી દીશાએથી ચૂસવાનાજ ઉદ્દેશથી આ બધું યંત્ર હસ્તીમાં આવ્યું છે એ માન્યતા આવી એક પછી એક આવતી કલમો દ્રઢ કરે છે.

**કલમ ૧૦૩.**

"સુપ્રીમ કાઉન્સીલે કરેલા ઠરાવ સામે નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ' હજુર અપીલ કરવામાં આવે ત્યારે અરજદારે કેસના તમામ કાગળોના અંગ્રેજીમાં તરજુમા કરાવી ડબલ કોપીઓ રજુ કરવી ; તેમાંથી એક કાઉન્સીલ ઑફીસમાં જરૂરીઆતના રેકર્ડ તરીકે રાખવામાં આવશે અને બીજી નકલ યોગ્ય થવા માટે સુપ્રીમ કાઉન્સીલ તરફ મોકલવામાં આવશે. સુપ્રીમ કાઉન્સીલ તેમની પહેલીજ બેઠકમાં દરેક મુદ્દાના પોઇન્ટો ઉપર પોતાનો લેખીત જવાબ આપશે અને પોતાની સહી તથા સીલ સમેત તે તમામ કાગળો યોગ્ય ફરમાન થવા માટે નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર રવાના કરશે. સદરહુ કાગળો મોકલાયાની તારીખથી ૭ માસની અંદર નામદાર સરકાર સાહેબ હજુરથી રીતસર નીકાલ થઇ તે કાગળો પાછા ન આવે તો અપીલ રદ કરવામાં આવેલ છે એમ ગણવું."

આંધળાની પણ આંખ ખોલી નાખે અને ભાળતાની આંખ ફાડી નાખે એવી આ એક પક્ષે બેલગામ આપખુદી, સીતમગીરી અને ક્રુર અપમાન-વૃત્તિ અને બીજે પક્ષે સંપૂર્ણ, એકસોને એક ટકા પરાધીનતા, ગુલામી અને નામોશીનો આબાદ ચીતાર રજુ કરતી આ કલમ દુનિયા આખીની કાયદેસર કામ કરતી બંધારણવાળી એકે એક સંસ્થાથી અજોડ અને અજાણી છે. જેના હાથમાં આખી ખોજા કોમનું ભવિષ્ય છોડી દેવામાં આવે

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૯૧. )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

"નાશ વિના ઉત્પત્તિ નહિ." છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૨૫ : ઑગસ્ટ ૮ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના શ્રાવણ વદ ૩ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## આજના અંકની સામગ્રી.

" નાશ વિના ઉત્પત્તિ નહિ. "
" ઝટ જાવો ઝુંટી લુંટી લાવો.... "
જાગતા રહેજો.
એક નવું તુત.
સપ્તાહનો સાર.
પરદેશી રમકડાં.
વેપાર સમાચાર.
કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

## આવતો અંક બંધ.

અમારો આવતો અંક જન્માષ્ટમીના તહેવારોને કારણે બંધ રહેશે.

તંત્રી.

## બીકણ ન બન!

" સમાજની તો હસ્તીજ તને ચોકઠામાં જકડી રાખવા માટે છે, ચીલાઓમાં તને સારોય ભવ ચલાવ્યા કરવા માટે છે. તેના કાયદાઓ તારી માનવતા રૂંધવા માટે છે. તેના નિયમો તને કહ્યાગરો દીકરો બનાવવા માટે છે. તેના રિવાજો તને રમકડું કરીને કબાટમાં માંડી રાખવા માટે છે. એ પ્રત્યેક તારો વિકાસ સાધવાને બ્હાને તારો હ્રાસ સાધશે. તે કાયદાઓને, નિયમોને, રિવાજોને જો તું આંધળાઇથી ને અવિચારીપણે અનુસર્યાં કરીશ તો તારો આત્મ-વિકાસ અટકશે અને ખુદ સમાજમાંય જડતા જામશે.

તેથી, તારાજ નહિ પણ સમાજનાય કલ્યાણ ખાતર તને લાજમ છે કે તારે સમાજ સામે બંડ ઉઠાવવું-શુદ્ધ સ્વાતંત્ર્યના પ્રકાશે કરીને પ્રફુલ્લિત જીવન જીવવાનો માનવ માત્રનો અણમૂલો અધિકાર જગતમાં પુનઃ પ્રસ્થાપિત કરી તેનો જયજયકાર બોલાવવો.

એ વિજય-સિદ્ધિ સ્હેજમાં નહિં, કઠોર તપ તપ્યા પછીજ મળવાની. તપશ્ચર્યા આત્મ-શક્તિને કુંદન પેરે કસીને સંશુદ્ધ કરે છે એ તો જગજૂનું સત્ય છે ને? તો ઉઠ, ઓ બંધુ..... પીછાની લે આ સનાતન સત્ય પણ કે આત્મ-શકિતને નમાવનારો વિજેતા નથી વિશ્વમાં પાક્યો અને નથી કદી પાકવાનો."

(" કૌમુદી " માંથી)

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ
મંગળવાર : તા. ૮-૮-૩૩.

## "નાશ વિના ઉત્પત્તિ નહિ."

"નાશ વિના ઉત્પત્તિ નહિ" એ એક જુની કહેવત છે, અને દુનિયાના લાંબા અનુભવે એ કહેવતને સાચી ઠરાવી છે. જગતે આજદિન સુધી જે વારાફેરા જોયા છે તેમાં આ સત્ય તરી આવે છે. જ્યાં જ્યાં મહાન પુરૂષો પાકયા છે, જ્યાં જ્યાં મહાન કાર્યો સધાયાં છે તે સર્વ સ્થળે માનવીના સુખ અને શાંતિ માટે સૌથી પહેલાંજ જુની-ચાલુ-રાજ્યપ્રથા કે સમાજ બંધારણનો નાશ કરીનેજ આગળ વધી શકાયું છે. પહેલાં નાશ-Destruction-અને પછી ઉત્પતિ-construction-એ ક્રમ દુનિયાએ સ્વીકારી લીધો છે.

એક મકાન અમુક જગ્યા રોકીને ઉભું છે. તેજ જગ્યાએ બીજું નવું મકાન ઉભું કરવું હોય તો એ જુનું-ચાલુ-મકાન જ્યાંસુધી ઉભું હશે ત્યસુધી બીજું નવું કદી ઉભું નહિ થઇ શકે. તેમજ એ જુના મકાનની એક એક ઇંટ કાઢતાં જવું અને તેની જાયાએ બીજી નવી ઇંટ મુકતા જવું એમ પણ એ મકાન નથી ચણાવાનું. એના માટે તો એકજ રસ્તો છે. જુના મકાનનો નાશ કરવો; તેને જમીનદોસ્ત કરવું; અને પછીજ સાફ થયેલી એ જગ્યા ઉપર નવું ચણતર શરૂ કરવું. "નાશ વિના ઉત્પત્તિ નહિ." એ સિદ્ધાન્ત વ્યવહારૂ જીવનમાં પણ આપણે દરરોજ આચરીએ છીએ.

આપણી કોમ માટે દુનિયાથી નિરાળો ક્રમ હોઇ શકે નહિ. આપણે સમૃધ્ધ થવું છે; આપણે આગળ વધવું છે; આપણે આબાદ બનવું છે; આપણે કેળવણી મેળવવી છે; આપણે જ્ઞાન મેળવવું છે; અને દુનીયામાં જે જે સારૂં અને સુંદર હોય તે બધું આપણે આપણું કરી લેવું છે. પણ આપણી આબાદી અને પ્રગતિ સામે અત્યારે એક મોટામાં મોટો અંતરાય ઉભો છે. એ અંતરાય તે જુની-ચાલુ-વ્યવસ્થા, કાઉન્સીલ. કાઉન્સીલ આપણી ઉન્નતિમાં આડખીલી છે. આપણી પાસેથી એટલા બધા પૈસા તે ઉપાડી જાય છે કે શુભ કાર્યોમાં વાપરવા માટે આપણી પાસે કંઇ રહેતું નથી; રહેતું હોય તો ભારે નુકશાનીથી આપણા મન સંકુચિત બની જાય છે, અને આપણે કાંઇ કરી શકતા નથી. આપણી પ્રગતિ અને વિકાસને તેણે રૂંધ્યાં છે અને એ સદાના રૂંધાયેલા રહે તે માટે આપણામાં તેણે ગુલામી માનસ પેદા કર્યું છે. આપણી કેળવણીના દરવાજા તેણે બંધ કર્યા છે અને ઉલટા અંધશ્રધ્ધાનાં કાતીલ ઝેર આપણી રગે રગે તેણે પાયાં છે. પ્રગતિ તરફ આપણે જરા પણ પ્રવૃત્તિ ન કરી શકીએ, તે માટે આપણા હાથ પગ તેણે બરાબર જકડી લીધા છે, અને એ જકડાટ સામે આપણે પોકાર પણ ન કરી શકીએ તે માટે આપણા મોઢાં પણ તેણે શીવી લીધાં છે.

આવી રીતે દરેકે દરેક દીશાએ કાઉન્સીલે પ્રગતિ અને વિકાસ સામે મજબુત દિવાલ ઉભી કરી છે. એ દિવાલને નીભાવી રાખીને ઉન્નતિના જેટલાં સ્વપ્નાં આપણે સેવશું તે બધાં નિષ્ફળજ થવાના છે. જ્યાંસુધી એ દિવાલ હૈયાત છે ત્યાંસુધી આપણે ઘાંચીના બેલની પેઠે એકને એક જગ્યા ઉપર ભ્રમણ કર્યા કરશું. એક તસુ પણ નવી જમીન આપણે જોઇ જાણી શકવાના નથી.

અને માટેજ "નાશ વિના ઉત્પત્તિ નહિ" એ ક્રમે આપણે આગળ વધવું જરૂરનું છે. અત્યારની વ્યવસ્થાને સંપૂર્ણ તોડી પાડી નાખ્યા પછીજ આપણે સાચી વ્યવસ્થા અને શાંતિ અનુભવી શકીશું.

ખોજા સુધારક સંઘ આ માટે લડે છે. કેટલાક કહે છે કે કોમમાં બીજું અનેક રચનાત્મક કાર્ય પડયું છે તેના તરફ લક્ષ આપવું જોઇએ. કબુલ. એ બધાં કામ આપણી સેવા માગી રહ્યાં છે. દિવસે દિવસે નાબુદ થતો જતો લોકોનો રોઝગાર અને દરરોજ વધતી જતી કારમી બેકારી, કેળવણીનો ફેલાવો, અને અનેક સામાજિક કુરૂઢીઓનું દફન, સ્ત્રી સુધારણા અને આવા બીજા અનેક પ્રશ્નો અત્યારે આપણી સમક્ષ પડયા છે. પણ જ્યાંસુધી મુખ્ય હરકતને દુર કરવામાં નહિ આવે ત્યાંસુધી એ બધામાં વાપરેલી શકિત સાવ નિષ્ફળ જવાની, અને નિષ્ફળ નહિ જાય તો પ્રમાણમાં બહુજ ઓછી અસરકારક અને ઉપયોગી નિવડવાની. કોમના મુખ્ય દુશ્મન સાથે આપણે એક વખત લડી લઇએ; એટલે આપણો આખો રસ્તો સરળ અને સાફ થઇ જશે.

# "ઝટ જાવો ઝુંટી લુંટી લાવો......."

## ( કાઉન્સીલનો ઉપદેશ. )

ઝટ જાવો ઝુંટી લુંટી લાવો, કામડીઆ ને મુખીજી.
મને લાગ્યો છે ધનનો નેડલો, મોટપ આપું મોટીજી.

સાખીઃ

મોટા થાપું મેમ્બરો અને આપું મોટા માન;
મારી મોટપ કારણે તમે આપો મોટા આખ્યાન,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

ઇચ્છો તો આપું વળી મોટું મીશ્નરી માન;
પગાર પુરો પાડજો તમે કરી પ્હેલાં મારૂં કામ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

વાણીના વ્યભિચારથી કરજો વાદ વિવેક;
લુંટાય તેટલું લુંટજો તમે ધરીને ધર્મનો ભેખ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

મેંઢા માની મુંડજો, મેં કીધા કલમે કેદ;
દયા દીલે ધરશો નહિ, તમે ધરજો ના જરીએ ખેદ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

અંધશ્રદ્ધા ઉપદેશ ને વળી લેજો સેવા નામ;
પરમારથ કહી પાડજો, તમે દોઢા ને બમણા દામ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

અક્ષર ઉણી કોમ ને વળી બુદ્ધિમાં બળ હીણ;
ધર્મ નામે ધુતજો તમે મુકી બાજુએ બધી બીક,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

પુછે કો પરખાવજો અમ સતપંથ એવી રીત;
ગુપ્ત ધરમની ગોઠડી એની અન્ય ના જાણે પ્રીત,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

ઉપરથી છું ઉજળી, પણ પડદે ખોટા ખેલ;
જોજ્યો જગ જાણે નહિ બધા મારા અંતરના આ મેલ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

ધાગા લાગા ધોકલા, શામ, દામ, દંડ, ભેદ;
શાસ્ત્ર કહી સમજાવજો તમે આપણા ધર્મનો આ વેદ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

કાળા મારા કાયદા અને કાળું મારૂં અંગ;
સમજે તો સમજાવજો, નકર રોકીને લેજો પ્રસંગ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

માલીક થઇને માલજો, હું જ્ઞાતિ સરકાર;
ઉપયોગે ક્પાડજો તમે કલમ તણાં હથીયાર,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

લેણાં લગા લાકડે, કરજો કલમે કેદ;
ડગલે ડગલે ડાંભજો તમે મુંડકી વેરાની મેખ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

કુટીલ નીતિને કારણે કરજો કુડ ક્લેશ;
છેવટ સુધી ચૂસજો તમે રાખજો ના લવલેશ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

પૈસાથી પુણ્ય આપજો અને દેજો મુકિત દાન;
ધન કેરો ઢગલો હરી તમે દેજો સકળ સુજાણ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

સમજ્યાથી છેટા રહી કરજો સઘળાં કામ;
યુવક અદર્શ ઉલટા એ તો નાખે વચ્ચે વીઘ્નાન,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

સમજુથી મારે સદા પૂર્વ જનમનાં વેર;
ઇન્દ્રજાળ અળગી કરી ખુબ ખુલ્લા કરે મારા ખેલ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

વ્યાપાર વસુને કારણે મેં લીધો જગમાં જન્મ;
નાત બ્હાર હથીયારથી તમે દેજો સઘળાંને દમ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

થોડે જાજું જાણજો, જગ જાણે ન મારો વેશ;
પૈસે મારી પ્રીતડી, મારા અંતરનો એજ ઉદ્દેશ,
રે કામડીઆ ને મુખીજી–ઝટ.

અલ્પ કહું છું આટલું માત્ર આ તલને માપ;
ગણીત કરીને ગુણજો તમે, ઉંડું આ ઉર અમાપ,
રે કામડીઆ ને મુખીજી-ઝટ.

છેલ્લી મારી વાતડી છેલ્લો એજ સંદેશ;
ભુખ મારી ભાંગવા તમે ભજવજો ભડ થઇ ભેખ,
રે કામડીઆ ને મુખીજી.

ઝટ જાવે ઝુંટી લુંટી લાવો, કામડીઆ ને મુખીજી;
મને લાગો છે ધનનો નેડલો, મોટપ આપું મોટીજી.

---

# જાગતા રહેજો!

“ખોજા જાગૃતિ” ના ૧૮ મા અંકમાં રાજકોટમાં શ્રી. કાનજી ગુલાભાઇના એક મર્હુમ ભાઇની વિધવા બાઇ ગલાલના મૃત્યુના ખબર પ્રગટ થયા છે. તે સંબંધમાં નીચેની વધુ જાણવા-જોગ હકીકત મળી આવી છેઃ—

ભાઈ કાનજી ગુલાભાઈ કાઉન્સીલ સામેની સુધારક પ્રવૃત્તિના આગેવાન છે અને ખોજા સુધારક સંઘના પ્રમુખ છે તે સૌ કોઇ જાણે છે. મર્હુમ બાઇ ગલાલ ઇસ્માઇલી ધર્મના એક ચૂસ્ત અનુયાયિ હતા અને પૈસા આપવાથી પુન્ય થાય છે અને મોક્ષ મળે છે એ સિદ્ધાન્ત તેમના હૃદયમાં બરાબર ઉતરી ગયો હતો. ભાઈ કાનજી ગુલાભાઈ, તેમના એક પુત્ર તથા તેમના મોટાભાઈના એક પુત્ર, એમ એક ઘરમાં કાઉન્સીલની ચૂસણ નીતિનો વિરોધ કરવા માટે ત્રણ ભાઇઓ નાત બહાર થયેલા છે; આજ ઘરમાં તેમનીજ સાથે મર્હુમ બાઈ ગલાલ રહેતા હતા. આમ છતાં વગર અટકાવે કાઉન્સીલની ચૂસણ નીતિનાં ચક્ર અન્ય દાખલાઓમાં ફરે તેજ પ્રમાણે આ દાખલામાં પણ વગર અટકાવે ફર્યાં છે.

બાઈ ગલાલના અવસાન પહેલાં એક અઠવાડીયે તેમનું ‘સમર’ નક્કી કરવામાં આવ્યું હતું, અને તેના રૂા. ૧૦) તેમનાજ જેવા એક બીજા ચૂસ્ત અનુયાયિ બાઇ સંતોકે ખાનામાં નાખવાનું માથે લીધું હતું. બાઈ ગલાલના અવસાન પહેલાં થોડીજ પળે, એજ બાઈ સંતોકે બાઇ ગલાલની ઇચ્છાથી તેમને ‘છાંટો’ નાખ્યો અને તેના રૂા. પા પણ ખાનામાં નાખ-વાનું વચન આપ્યું, અને બાઇ ગલાલનાં કહેવાતાં પાપ આ રીતે તેમણે ધોઇ નાખ્યા. ‘ન્યાઝ’ નામથી ઓળખાતી માટીનું પાણી પણ બાઇ ગલાલના અવસાન પહેલાં થોડી વારે તેમને પાવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગામની આવેલી સ્ત્રીઓમાંથી ભાઇ મોહન દેવજીની પત્નીએ એક ‘સુકરીત’ અને સવા પાંચ આના સમરના, અને ભાઇ છગન દેવજી, ભાઇ કરમાલી દેવજી તથા ભાઇ ઝવેર ગીગાની પત્નીઓએ સવા પાંચ આના દરેક સમરના ખાનામાં નાખવાનું વચન આપ્યું તેમજ બાઇ સંતોકે સવા પાંચ આના સમરના તથા આઠ દિવસ સુધી ‘રોટલો પાણી’ આપવાનું સ્વીકાર્યું. આ ‘રોટલો પાણી’ એટલે એક રોટલાની જે કિંમત મુખી અગર કામડીયા ઠરાવે તે ખાનામા આપી દેવી તે. આ રીતે પૈસા આપવાથી પુન્ય મેળવવાનો અને તેજ જાતનું પુન્ય બીજાઓને પણ અપાવવાનો ઝેરી સિદ્ધાન્ત બરાબર અમલમાં મુકાયો છે.

બાઇ સંતોકની ઓળખાણ પણ આપવી જરૂરી છે. તેમના ત્રણ પુત્ર-ભાઇ હરખજી, ભાઇ નીમજી તથા ભાઇ રૂપજી નઝરઅલી—આજ ચૂસણ નીતિનો વિરોધ કરતાં કાઉન્સીલને હાથે નાત બહાર થયેલા છે.

ચૂસણ નીતિના પાકા વિરોધીઓના ઘરમાં તેજ ચૂસણ નીતિને પોષણ મળે, અને તેવાજ બીજા વિરોધીઓના સૌથી નજીકના સગા તરફથી એ પોષણને ટેકો અને સહાય મળે—આ વસ્તુ આપણા સમાજ માટે અત્યંત ભયંકર છે. આ ઘટના આપણને એમ સ્પષ્ટ સૂચવે છે કે “પૈસા આપવાથી પુન્ય થાય છે અને મોક્ષ પણ મળે છે” એ નાશકારક અંધ માન્યતા આપણામાં-ખાસ કરીને સ્ત્રી વર્ગમાં—બહુજ ઉંડી ઉતારી દેવામાં આવી છે, અને એનો નશો ઠેઠ આપણા મગજ સુધી પહોંચી ગયો છે અને આપણી બુધ્ધિનો તેણે કબજો લીધો છે. એટલુંજ નહિ પણ આપણા ઘર પણ આપણા રહ્યા નથી, અને રાજ ખટપટ પેઠે આપણા પોતાનાજ ઘરમાં આવી ક્રિયાઓ છુપી રીતે કરવામાં આવે છે; અને તેથીજ આપણા ઉપર વધુમાં વધુ જાગૃત રહેવાની, વધુમાં વધુ સાવચેત અને ચકોર બનવાની જરૂર ઉભી થાય છે.

જ્યાં જ્યાં ધતીંગ ચાલતાં હોય, ત્યાં ત્યાં સ્ત્રીઓની અંધશ્રદ્ધા અને ભોળપણ ઉપરજ તે નભી રહેલાં જોવામાં આવે છે; એજ રીતે આ પૈસા આપીને મોક્ષ મેળવવાનો સિદ્ધાન્ત પણ આપણી બ્હેન, દીકરીઓ અને સ્ત્રીઓના ભોળપણ અને આંધળી શ્રદ્ધા ઉપરજ અત્યાર સુધી ટકી રહ્યો છે. એના ટકી રહેવાથી આપણને બે નુકશાન થાય છેઃ પૈસા છૂપી રીતે ખેંચાઇ જાય છે અને બીજું માનસીક અધઃપતન થાય છે. આ બન્ને બહુ મોટા ગેર-લાભ થતા અટકાવવા આપણે—જે સમજે છે તેણે-અખંડ જાગૃત રહી ખૂબજ સાવચેતી બતાવવી પડશે.

સાધારણ રીતે એવી માન્યતા હોય છે કે જમાતનો મુખી અગર કામડીઓ કે જેણે પાપ માફ કરવાનો છાંટો નાખવાનો ઇજારો રાખ્યો હોય તેજ આવો છાંટો નાખી શકે અને તેજ પાપ માફ (!) થઇ શકે; પણ એ અજબ થવા જેવું છે કે અંધ અનુયાયિઓ એટલી હદ સુધી જરૂર પડયે આગળ વધી શકે છે કે ગમે તે માણસ એવો છાંટો નાખી પૈસાનું વહન થતું અટકવા દયે નહિ.

આ પ્રસંગે એક બીજી વાત યાદ આવે છે. વીમા કંપનીઓ અને બીજી સહાયકારી મંડળીઓ જેમ પોતાનું કામકાજ આગળ ધપાવવા સહાયકારી અને બીજી કેટલીય જાતની યોજનાઓ રચે છે તેમજ આપણને વધુ અને વધુ અંધશ્રદ્ધાળુ બનાવવા આપણને એક યોજના બતાવવામાં આવી છે. તે આમ છે. કોઈપણ પુરૂષ અગર સ્ત્રી દર મહીને ‘પંજેભાઇ મંડળી’ કે એવુંજ બીજું કોઇ નામ ધારણ કરતી ટોળીને એક આનો આપે અને તેની જીંદગી સુધી જો તે પ્રમાણે દર મહીને એક આનો ભરવાનું ચાલુ રાખે તો તેના મરણ બાદ સદરહુ ટોળી તેની પાછળ મીજલસ કરે. આ મીજલસનો અર્થ એવો થાય છે કે તે ટોળીએ નક્કી કર્યા મુજબ રૂા. ૫), ૧૦) કે ૧૫) ની કિંમતનો માલ બજાર-માંથી લાવી તેને ખાનામાં જાહેર હરરાજી માટે આપી દેવો અને આ રીતે જે કાંઇ કિંમત એ માલની લીલામમાં ઉપજે તે બધાનો ‘સવાબ’ જેના માટે એ મીજલસ કરવામાં આવી હોય તે મર-નારને મળે. આ રીતે લલચાઇને પણ કેટલીય સ્ત્રીઓ છૂપી કે ઉઘાડી રીતે પૈસા વેડફે છે.

એ ખાસ જરૂરનું છે કે દરેકે દરેક માણસ આ ઘટનાને બરાબર ધ્યાનમાં રાખી બહુજ સાવચેત રહે અને એ ગંદો પ્રવાહ જે જે રસ્તે આપણા ઘરમાં પેસી બદલો ફેલાવતો હોય તે બધા ઉપર પાકો ચોકી પહેરો મુકી તેને ઘરમાં દાખલ થઇ નુકશાન કરતો અટકાવે.

# એક નવું તુત.

"અરે, જુઓ તો ખરા! ચાંદામાં સાહેબનો ફોટો દેખાય!"

"અલ્યા, હા! આવો તો ખરા, મામદ. સાચી વાત છે."

"વાહ! મારા વાલાની કુદરત તો જુઓ! આજે ચાંદામાં બધાંને દર્શન દીધાં. લા ઇલ્લા ઇલ્લ અલ્લાહ, મહમદ રસુલ ઇલ્લાહ."

બધા મોઢા ઉપર હાથ ફેરવી, ચંદ્રમા સામું જોઇ કલ્મો પડ્યા, અને "ચૌદ ભુવનના નાથ" ના વખાણ કરવા લાગ્યા.

અમદાવ.દમાં એક વિચિત્ર બીના બની. એક માણસે ચંદ્રમામાં શું જોયું તેની કોઇને ખબર નથી, પણ આખા ગામમાં ખોજાને ઘરે ઘરે આવી વાત ચાલી કે ના. આગાખાનનો ફોટો ચંદ્રમામાં દેખાણો અને સાહેબે સૌને દીદાર દીધા! કેટલાયે બહાર આવી ચંદ્રમા તરફ જોયું અને એકેએક જોનારે હાએહા ભરી.

અજ્જડ માણસની બુદ્ધિમાં પણ ન સમાય એવી આ વાત છે. ગમે તેવો મૂર્ખ માણસ પણ આ વાતને ખરી કેમ માની શકે?

ચંદ્રમામાં ના. આગાખાનનો ફોટો દેખાણો એ ગપ કેમ ઉડી તે વિચારવા જેવું છે. આ ઘટનામાં ભેદ રહેલો છે અને તેની પાછળ ભયંકર કાવતરૂં ઉભું છે.

આપણે જાણીએ છીએ કે દર મહીને મોટો પગાર ખાનારા મીશનરીઓ અત્યારે એવો પ્રચાર કરી રહ્યા છે કે ના. આગાખાન એ ખુદ ખુદા છે અને દશમો નકલંકી અવતાર છે. આ ખોટી હકીકતને સાચી ઠસાવવા માટે અત્યારે આકાશ પાતાળ એક થઇ રહ્યાં છે. આવી ગપ ઉડવી એ પણ આ અથાક ઝહેમતના એક પ્રયત્નનું પ્રતિબીમ્બ છે.

આપણી ભોળી અને અજ્ઞાન કોમ ના. આગાખાનને ખુદા ગણતાં પહેલાં તેમની પાસેથી કોઇ મોજીઝો—પરચો—મેળવવાની ઇચ્છા કેળવે તે પહેલાં આપણા અતિ ચકોર માલીકોની અતિ તીક્ષ્ણ બુદ્ધિએ આ યોજના શોધી કાઢી છે, અને તે મુજબ "ચંદ્રમામાં સાહેબનો ફોટો દેખાણો અને સાહેબે દર્શન દીધાં, એ પણ એક જાતનો મોજીઝોજ છે" એમ ભોળા હૃદયોમાં ઠસાવી શકાય તે હેતુથીજ આ ગપ જાણી બુઝીને ઉડાડવામાં આવી છે.

આ પ્રમાણે આવા પ્રચારથી કોમને આબાદ ઊંધે રસ્તે દોરવી શકાશે એ ગણતરી ઉપર ખુબજ મદાર બાંધીને આ તોફાન જગાવવામાં આવ્યું છે. અમુક આંખે પાટા બાંધીને ફરતા આંધળા ભકતોને આ કાવતરામાં હથીયાર તરીકે વાપરવામાં આવે છે. અને પછી તો... ..ગાડરીયો પ્રવાહ. 'ફલાણા ભાઇ જેવો મોટો માણસ કહે તે શું ખોટું?' આમ હાએહા ચાલે છે. આમાંથીજ આંધળી શ્રધ્ધા જન્મે છે અને એથીજ તે પોષાય છે.

ચંદ્રમામાં ના. આગાખાન દેખાય એ તુત પહેલાં આફ્રીકામાં ચાલ્યું હતું; ત્યાર પછી તે અમદાવાદમાં આવ્યું, અને હવે ગાડરીયા બુદ્ધિને ટેકે ટેકે તે દરેક ગામમાં આવવાનું. પણ જેમ આફ્રીકામાં તે ખુલ્લું પડી ગયું, તેમ અમદાવાદમાં અને બીજે સ્થળે પણ તે જરૂર ખુલ્લું પડી જવાનું. જુઠની આવરદા બહુ ટુંકી હોય છે

આપણી મૂર્ખતા અને અજ્ઞાનતા આપણને આત્મ—નિરક્ષક (!) બનાવે છે. સાધારણ રીતે જે વસ્તુ સાચેજ નથી તે ન દેખાવાથી આંપણા ભોળા ભાઈઓ એવી માન્યતા ઉપર દોરવાઇ જાય છે કે "ફલાણાને સાહેબનાં દર્શન ચાંદામાં થયાં અને મને નથી થતાં તો જરૂર મેં કાંઇક પાપ કર્યાં હોવાં જોઇએ કે જે મને આડે આવે છે." આ માન્યતાને લઇને એ કલ્પેલાં પાપ માફ કરાવવા તે પ્રેરાય છે, અને પરિણામે તે પોતાનું ખીસું ખાને જઈને ઠલવે છે. આવી માન્યતાઓને લઇનેજ કેટલીક મરજીઆત વસ્તુઓએ ફરજીઆતનું સ્વરૂપ પકડ્યું છે.

હું કોમને એટલુંજ કહેવા માગું છું કે ના. આગાખાન એક નાશવંત શરીર છે. નાશવંત શરીર કોઇ દિવસ પણ ખુદા નજ હોઇ શકે. ખુદા નિરંજન નિરાકાર છે. તેને શરીર ધારણ કરવું પડતું નથી અને નાશ થવું પડતું નથી. નાશવંત શરીર ધારણ કરનારો ગમે તેટલો મોટો હોઇ શકે, પણ તે ખુદા તો કદીજ ન હોઇ શકે.

હું ચોક્કસ કહી શકું છું કે ના. આગાખાનને ચંદ્રમામાં કોઈએ જોયા નથીજ. પણ "મુખમેં રામ, બગલમેં છુરી" આવા સિદ્ધાન્તવાળાની જીભે બધાને શરમાવી ભરમાવી હા કહેવરાવી છે. ચંદ્રમામાં ના. આગાખાન દેખાય એ અશકય બીના છે; બલ્કે મૂર્ખ બનવા જેવી એ વાત છે.

કોમને હું વિનંતી કરૂં છું કે કોઇપણ જાતની મેંઢાગીરી બતાવી હાએ હા કરવા કરતાં તમે તમારી બુદ્ધિથી વિચાર કરો કે આ બીના બનવી શકય છે ખરી ? તમારી અંદર રહેલો તમારો અંતર આત્મા તુરત તમને સાચો જવાબ આપશે. બીજાની બુદ્ધિ પ્રમાણે ચાલવા કરતાં તમારા અંતરાત્માના અવાજ ઉપર ભરોસો રાખો. તે તમને સાચે રસ્તે લઇ જશે.

---

( અનુસંધાન પાના ૨૦૦ થી )

જમાતખાનામાં એક માણસને આવવાની મનાઇ કરવામાં આવે એ વસ્તુને બહુજ, હદથી ઘણું વધુ મહત્વ આપી દેવામાં આવ્યું છે. મનાઇ હુકમ દરમ્યાન કોઇ જમાતખાને ન જઇ શકે તો તેનું કાંઇ ઉંધું વળી જવાનો ભય હોતો નથી. વળી આવા મનાઇ હુકમ ઉપર અપીલ કરવામાં આવે ત્યારે જે મોટી રકમ ડીપોઝીટ લેવાનું ઠરાવવામાં આવ્યું છે તે તદ્દન બીનજરૂરી છે. જમાતખાનામાંથી મનાઇ ફરમાવેલો માણસ જો તેની પાસેથી ડીપોઝીટ લેવામાં ન આવી હોય તો કાંઇપણ ઉપાડી જવાની બીક નથી, કારણ કે જમાતખાનું એ કાંઇ સોના ચાંદીની દુકાન નથી. આમ છતાં પણ જો કોઇ ઉપાડી જાય તો તે માટે ન્યાયની અદાલતોના દરવાજા કાયમ ખુલ્લાજ રહેલા છે.

# સપ્તાહનો સાર.

**મ. ગાંધીજીની ધરપકડઃ** મહાત્મા ગાંધીજીની ગઇ તા. ૧ લી સવારે ૧ વાગ્યે મુંબઇ સરકારના સ્પેશીઅલ પાવર્સ ઓર્ડીનન્સની કલમ ૩ મુજબ ધરપકડ કરવામાં આવી છે, અને તેમને એક દીવસ સાબરમતી જેલમાં રાખી યરોડા જેલમાં લઇ જવામાં આવ્યા છે. મ. ગાંધીજી સાથે શ્રીમતી કસ્તુરબાઇ ગાંધી, શ્રી. મહાદેવ દેસાઇ તથા બીજા ૩૩ માણસોને પણ પકડવામાં આવ્યા છે. તે સૌને જુદી જુદી જેલોમાં મોકલી દેવામાં આવશે.

ગાંધીજીએ પોતાનો ૧૮ વર્ષનો જુનો સાબરમતી આશ્રમ બંધ કર્યો છે. તેમની ધરપકડ થઇ તે પહેલાં તેમણે સરકારને એક પત્ર લખી એવા ખબર આપ્યા હતા કે પહેલી તારીખે તેઓ આશ્રમવાસીઓ અને બીજા સાથીદારો સાથે ખેડા તાલુકાના રાસ ગામ તરફ કૂચ કરી જશે અને લોકોને વ્યકિતગત સત્યાગ્રહ કરવા સમજાવશે. આથી તેઓ કૂચ કરી શકે તે પહેલાંજ તેમને પકડી લેવામાં આવ્યા છે. વ્યકિતગત સત્યાગ્રહની આથી શરૂઆત થઇ છે.

**સરહદ ઉપર બોમ્બનો મારોઃ** હિંદ-અફઘાન સરહદ ઉપર અશાંતિ વધતી જાય છે. બ્રીટીશ વિરોધી ચળવળ તાયફાવાળાઓ ચલાવી રહ્યા છે તેને દાબી દેવા બ્રીટીશ લશ્કર મોકલવામાં આવ્યું છે. બે દિવસની નોટીસ પછી બ્રીટીશ વીમાનોએ કોટકર નામના એક ગામડા ઉપર બોમ્બનો મારો ચલાવ્યો હતો. લશ્કર હજી આગળ વધ્યે જાય છે, કોઇના તરફથી હજી સામનો થયાના ખબર મળ્યા નથી. ઇંગ્લેન્ડના બે પ્રસિદ્ધ વર્તમાનપત્રોએ આ બોમ્બના મારાને વખોડી કાઢ્યો છે.

**"ના. આગાખાન જવાબદાર છે.":** કલકત્તાથી પ્રગટ થતું "લીબર્ટી" પત્ર જણાવે છે કે "ના. આગાખાનના મેળાવડા પ્રસંગે તેઓ નામદારે હિંદમાં કોમી એકતાની ખાસ જરૂર ઉપર ભાર મુકયો હતો, પણ તેમની રાજકીય પ્રવૃત્તિઓ એમણે દર્શાવેલી નવી શ્રદ્ધાને ખોટી પાડે છે. હિંદમાં તો હંમેશાં જાતિઓ અને કોમો પરસ્પર લડયા કરે છે એવી આખી દુનિયામાં અસર પાડવા માટે સૌથી વધારેમાં વધારે ના. આગાખાન જવાબદાર છે."

**સામાજીક સુધારા :** વડોદરા રાજ્યની ધારાસભાના બીનસરકારી સભાસદોની કમીટીએ "હિંદુ લૉ" માં અગત્યના સુધારા સૂચવતો અહેવાલ રજુ કર્યો છે, જે ધારાસભા પાસ કરશે તેવી વકી છે એ મુજબ "કોઇ પણ સ્ત્રીને વારસામાંથી બાતલ ન કરવાનો સિદ્ધાન્ત સ્વીકારવામાં આવ્યો છે. વિધવાને પણ પોતાના પુત્રો સાથે પતિની મીલ્કતનો વારસો મેળવવાનો હક રહેશે. વિધવા પુત્રવધુને પોતાના સસરાનો વારસો મેળવવાનો હક રહેશે. મરી ગયેલા છોકરાઓ, ભાઇઓ અને બ્હેનોના છોકરાઓને તેમની મા અથવા બાપ જીવતા જે વારસાનો હક ભોગવતા હોય તેટલોજ હક તેમને રહેશે. કુંવારી છોકરીઓ પોતાનો હિસ્સો તેમને ફાવે ત્યારે મેળવી શકશે." આ ઉપરાંત પર કોમમાં લગ્ન કરવાની પરવાનગી આપવામાં આવી છે અને તેવી સ્ત્રીનો મીલ્કતમાં હક પહોંચે છે. દત્તક લેવાનો કાયદો તથા હિંદુ વિધવાના પુનર્લગ્નનો કાયદો તેમજ બીજા કાયદામાં પણ સુધારા કરવામાં આવ્યા છે.

**લોકમાન્યનું બાવલુંઃ** સ્વર્ગસ્થ લોકમાન્ય બાલ ગંગાધર તીલકનું બાવલું ગઇ તા. ૧ ના રોજ મુંબઇની ચોપાટીની રેતીમાં કોંગ્રેસના કામચલાઉ પ્રમુખ શ્રી. આણેના હાથથી ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ પ્રસંગે "સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક્ક છે અને હું તે મેળવીશ" એ મંત્ર આપનાર હિંદના મહાન પુત્રના વખાણ કરનારા ભાષણો થયા હતા.

**જામ સાહેબને માન:** ગાદીપતિ થયા પછી પહેલીજ વખતે નવાનગરના નવા જામ સાહેબ શ્રી દિગ્વીજયસિંહજી ગયા બુધવારે મુંબઇ ગયા ત્યારે મુંબઇમાં વસતા જામનગરીઓએ તેઓનું સ્ટેશન ઉપર સુંદર સ્વાગત કર્યું હતું. તેમને કદાચ માનપત્ર પણ આપવામાં આવશે.

**સપ્રુની નીરાશાઃ** વિલાયતની પાર્લામેન્ટની જોઇન્ટ સીલેકટ કમીટી સમક્ષ જુબાની આપવા ગયેલા હિંદના વિનીત આગેવાન સર તેજબહાદુર સપ્રુ લંડનની પરિષદોથી થાકી ગયા છે અને ભવિષ્યમાં તેઓ હવે તેવી કોઇ પરિષદમાં ભાગ નહિ લ્યે તેમ જણાવે છે.

**સેનગુપ્તા દીન:** મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી. આણેએ તા. ૬-૮-૩૩ નો દિવસ 'સેનગુપ્તા દીન' તરીકે આખા હિંદમાં પાળવાની પ્રજાને વિનંતી કરી છે.

**"નાગા ન ફરો":** દક્ષિણ હૈદ્રાબાદમાં એક દીગંબર જૈન મુની જયસાગર આવ્યા ત્યારે તેમણે એક પણ વસ્ત્ર ધારણ નહિ કરેલ હોવાથી રાજ્ય તરફથી તેને એવો હુકમ પહોંચાડવામા આવ્યો હતો કે શહેરમાં જો તેણે ફરવું હોય તો એક કપડું તેમણે પહેરવું. આ હુકમ મુની મહારાજે માન્યો નથી અને તે પોતાના ધર્મની વિરૂદ્ધ હોવાનું જણાવી પોતે ૨૧ દિવસના ઉપવાસ કરવાનું જાહેર કર્યું છે. જૈનોએ સભાઓ ભરી રાજ્યના હુકમ સામે વિરોધ ઉઠાવ્યો છે.

**મુર્તી તોડીઃ** રામચંદ્ર લક્ષ્મણ નામના એક મુંબઇમાં વસતા શખ્સની વીઠોબાની મુર્તી તોડવા માટે પોલીસે ધરપકડ કરી છે. રામચંદ્રે વીઠોબા તથા બીજા કેટલાક દેવ પાસે પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરવાની માગણી કરી હતી, પરંતુ તે ફળીભુત થઇ હતી નહિ. આથી એક બે વખત તેણે દેવની મુર્તીઓને લાતો મારી હતી. એટલાથી પણ તેને સંતોષ નહિ થવાથી તેણે છેવટે વીઠોબાની મુર્તીને તોડીને બે કટકા કરી નાખ્યા હતા.

**૩ા ફુટ લાંબી મુછઃ** વાંકાનેરના દેશુર નામના એક ભાઇને તેમની મુછોનું પ્રદર્શન કરવા ચીકાગો (અમેરીકા) મોકલવામાં આવ્યા છે. તેમની એક બાજુની મુછ ૩૮ ઇંચ અને બીજી બાજુની ૪૨ ઇંચ લાંબી છે.

**થોરની વાડમાં બાળકઃ** ગઇ તા. ૨૮ના રોજ લાઠીમાં એક થોરની વાડમાંથી એક જીવતું બાળક મળી આવ્યું હતું. આ સંબંધમાં લાઠીથી બે ગાઉ દુર આવેલા એક ગામડામાંથી પોલીસે એક યુવાન વિધવા બાઇની ધરપકડ શક ઉપરથી કરી છે. બાળક જીવતું છે. શરીરમાં પેઠેલા કાંટા કાઢી નાખી તેની સારવાર કરવામાં આવે છે.

# પરદેશી રમકડાં.

( નીચેનું પ્રગટ કરવાની અમને વિનંતિ કરવામાં આવી છે —તંત્રી. )

**" ખોજા જાગૃતિ " ના તંત્રીશ્રી,**

નીચેનું ચર્ચાપત્ર આપના પત્રમાં લઈ આભારી કરશો.

શ્રાવણ મહીનાનો મેળો નજીકમાં છે. લાખો રૂપીયાનાં પરદેશી રમકડાં આંહીની દુકનોમાં ખડકાઇ ગયાં છે. ગામનાં અને ગામડાનાં, નાનાં અને મોટાં, સ્ત્રીઓ અને પુરૂષો હઝારો રૂપીયાનાં રમકડાં ખરીદી રહ્યાં છે.

" બાળકો બીચારાં સ્વદેશી અને પરદેશીમાં શું સમજે ? " એવી લોકોની દલીલો હોય છે.

" બાળકોને રમકડાં આપવામાં ન આવે તો તેઓ બહુ કોચવાય, અને બાળકોને કોચવવાં એ સારૂં નહિ." આવી ખોટી દલીલો મુકવામાં આવે છે; અને ખોટી લાગણીને વશ થઇને લોકો રમકડાં ખરીદવા દોડે છે.

આપણને હિન્દના લોકોને કોઇ પરબ ઉજવતાંજ આવડતાં નથી. આવા ઉત્સવ વખતે કરોડો રૂપીયા પરદેશ મોકલીને આપણે આનંદ મેળવવો જોઇએ કે માથે ઓટીને રોવું જોઇએ ?

આપણા મેળા વખતે ખરાં પરબ આપણને નહિ પણ જાપાન જર્મની જેવા દેશોને હોય છે. આપણા પરબ આવવાના હોય એ અગાઉ ત્રણ ચાર માસથી જર્મની કે જાપાનમાં નાનાં નાનાં બાળકોથી માંડીને બધાં સ્ત્રી પુરૂષો રાત દિવસ મજુરી કરી રમકડાં બનાવે છે અને થોડા વખતમાં લાખો રૂપીયા કમાઇ લે છે.

હુન્નર ઉદ્યોગથી પૈસા કમાઇ દેશની ગરીબી ટાળવી એ ખરૂં પરબ ? કે ધર્મના તહેવારોના ખોટા અભિમાનમાં તણાઇ લાખો રૂપીયાની પરદેશી વસ્તુઓ ખરીદ કરી દેશને વધારે ગરીબ બનાવવો એ ખરૂં પરબ ?

પરદેશી રમકડાં ખરીદનારાઓને પુછી જોઇએ કે જાપાન જર્મનીના તહેવારોમાં તમે આંહીથી પરદેશ કેટલાં રમકડાં અથવા બીજી વસ્તુઓ આજ સુધીમાં મોકલી ?

આ હિન્દુસ્થાનને ક્ષય સમાન છે.

રાજકોટ,  
તા. ૩-૮-૩૩.

લી. સેવક,  
**જેઠાલાલ હ. જોષી,**  
મંત્રી, સેવા સંઘ.

---

" જે ઘરમાં એક વાર છોકરાઓ માવડીયા હોય છે તેજ છોકરાઓ આઘાત-પ્રત્યાઘાતના નિયમથી અથવા પોતાની સ્ત્રી અને સંતતિ ભણીના સ્વાર્થમાં વધારે સુખ શાંતિના આસ્વાદનના આવિર્ભાવથી ઉત્તરાવસ્થામાં સ્ત્રીવશ થાય છે, અને જે વહુરોની જુવાની દુષ્ટ સાસુઓ પોતાની જુવાનીને કાળે બગાડે છે તે વહુરો સત્તાવાળી થતાં સાસુઓનું ઘડપણ નીચોવી નીચોવીને બગાડે છે ! લોક ભલે આમાં જુલમ અને પાપ લેખો, પણ હું તો આ ચિત્રમાં અન્યાયનો બદલો અન્યાય-ઇશ્વરનોજ નિર્મેલો-જોઉં છું."  ( " સરસ્વતિચંદ્ર " માંથી. )

# વેપાર સમાચાર.

( તા. ૫-૮-૩૩ )

**ઉન :** સેલ બંધ થયા પછી ગયા અઠવાડીઆમાં લીવરપુલમાં ૧૪૦ ગાંસડીઓ વેચાણી છે. બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૧૨-૯-૩૩ નો છે. તેમાં ગાં. ૨૭૦૦૦ મુકાશે તેમ ગણતરી છે. આ જથ્થો કાંઇક મોટો હોવાથી જુલાઇના સેલ કરતાં પણ સપ્ટેમ્બરનો સેલ વધુ મંદો જાય તેવી સૌને બીક રહે છે. આ કારણે સ્થાનિક ખરીદનારાઓએ ખુબ પાછી મારી છે, અને બજારને ઘણો નીચો લઇ જવા તેઓ ધારણા રાખે છે. સેલ પછી તૈયાર માલના કોઇ સોદા થયા નથી. બજારની તેજીનો આધાર અમેરીકા ઉપર રહ્યો છે. પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટ લોકોની ખરીદ શક્તિ વધારવા જે મહેનત કરી રહ્યો છે તે સપ્ટેમ્બર સુધીમાં પુરી થઇ જવા ધારણા છે, જો તેમાં તેને ફત્તેહ મળી તો સપ્ટેમ્બર પછી કદાચ ફરીથી બજારમાં તેજી આવે એ બનવા જોગ છે.

**રૂત :** ભરૂચ ૨૦૭.

**અનાજ કરીયાણું :** ૧॥≡ ૨)≡ ઘઉં. ૧॥= ૧॥~ બાજરો. ૧॥~ ૧॥ જુવાર. ૧॥≡ ૧॥ ચણા દેશી. ૧॥ ૧॥~ ચણા ડંકી. ૨)= ૨)≡ ચણાની દાળ. ૧॥ ૧॥ ચોખા. ૧। ૧।= કમોદ ઝીણી. ૧)~ ૧)= કમોદ જાડી. ૧॥ ૧॥= મેથી. ૨॥~ ૨॥= તલ શ્રીકાર. ૨॥ ૨॥~ તલ ચલણી ૨॥ ૨॥= તલી સફેદ. ૧॥~ એરડી જીણી. ૧॥~॥ એરડા જાડા. ૨) ૨॥ ગોળ દેશી. ૧॥ ૧॥ ગોળ પરદેશી. ૧॥ ૨। મગ. ૧॥= ૧॥ અડદ. ૨।~ ૨।= શીંગદાણા. ૧॥~ ૧॥~॥ મગફળી જીણી. ૧।~ ૧।= મગફળી જાડી. ૬॥ ૭॥ કપાશીયા. ૯) ૯॥ વેસણ. ૧॥ રાઇ. ૧। ૧।= મઠ ૦॥~ કળથી ૪॥= ખાંડ. ૫॥= સાકર.

**ઘી :** ૨૦) ૨૧) મુંબઇ પરખ, ૧૬) ૧૭) તાજોરસ.

**તેલ :** ૬) તલનું, ૪)~ ૪)= શીંગનું. ૩) ગ્યાસલેટ પીળું, ૩। ૩॥~ ગ્યાસલેટ સફેદ.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---


## " ખોજા જાગૃતિ "

**એટલે**

**ખોજા કોમના પ્રશ્નોની સ્વતંત્ર નીડર ચર્ચા.**

**ધરાર પટેલોના ત્રાસ સામે બેધડક જેહાદ.**

**સામાજીક કુરૂઢીઓનું કટ્ટર દુશ્મન.**

**કચડાતાઓનું બાન્ધવ.**

**ટુંકમાં**

**ખોજા કોમનું એકજ સ્વતંત્ર વાજીંત્ર.**

**છતાં**

**એક વરસના ફકત રૂા. ૨) માં તમારા ઘરે પહોંચે.**

**આજેજ ગ્રાહક થાવ.**

**વ્યવસ્થાપક,**  
**" ખોજા જાગૃતિ "**  
**રાજકોટ.**

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીઆવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. " ખોજા જાગૃતે " ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૧૦૪.**

" દાખલ ફીનો રૂ. ૧-૪-૦ લઇ અપીલ સુપ્રીમ કાઉન્સીલમાં દાખલ કરવા દેવામાં આવશે અને અરજીની તારીખથી એક મહીનાની અંદર રૂ. ૧) ફી લઇને માત્ર ઠરાવની નકલ આપવામાં આવશે. "

ન્યાયની અદાલતોમાં અપીલ કરવા માટે માત્ર બે આના ફી બેસે, ત્યારે આપણા સેવકો આપણી પાસેથી ફકત સવા રૂપીયો એટલે કે દસ ગણા પૈસા પડાવે; જે ખરી રીતે તેમણે એક પાઇ પણ લેવા જોઇએ નહિ. ઠરાવની નકલ માટે પણ રૂ. ૧) ફી લેવાનું ધોરણ ગેરવ્યાજબી છે. કાઉન્સીલમાં ૩૩ મેમ્બરો ઉપરાંત પગારદાર કારકુનો પણ રાખવામાં આવે છે. આ બધા એકેક લીટી લખે તો પણ ઠરાવની નકલ ઉતરાઇ જાય. નાતના પટેલ થનારને એકલી આપખુદ અમર્યાદ સત્તાજ જોઇએ છે. જરા સરખીએ સેવા તેઓથી થઇ શકે તેમ નથી. કાંઇ પણ લીધા શીવાય ઠરાવની નકલ આપવી જોઇએ.

**કલમ ૧૦૫.**

" કાઉન્સીલ તરફથી નાત બહાર થયેલ કોઇ શખ્સ પોતાનો કેસ સુપ્રીમ કાઉન્સીલે ફરી તપાસમાં લેવા ઇચ્છા દર્શાવશે તો રૂ. ૧-૪-૦ ફી લઇ તેમ કરવા દેવામાં આવશે. "

કેસના ગુણદોષ ઉપરથી ફરી તપાસમાં કોઇ કેસ લેવો કે નહિ તેનો નિર્ણય થવો જોઇએ, નહિ કે રૂ. ૧ા આપનારની માગણી ઉપરથી; અને જો ગુણદોષ ઉપરથી કેસ ફરી તપાસવાનું વ્યાજબી ઠરે તો પણ કાંઇ પણ ફી લેવી જોઇએ નહિ.

**કલમ ૧૦૬.**

" પોતાનાં ગરીબ માવતર, બ્હેન અગર ભાઇનું ગુજરાન ચલાવવાની જેની ફરજ હોય એવો કોઇ ઇસ્માઇલી મુરીદ પોતાની તે ફરજ અદા કરતો ન હોય તો, તે બાબતની કાઉન્સીલ પાસે અરજી થતાં કાઉન્સીલ સદરહુ ગુજરાન પુરૂં પાડવાની બાબતમાં યોગ્ય બંદોબસ્ત કરાવશે. "

અત્યાર સુધીની કલમોમાં જેમાં ધન લાલસા કે અમર્યાદ સત્તાનો શોખ ન સમાયેલો હોય એવી કોઇ કલમ હોય તો તે આ કલમ છે. કાયદાની દ્રષ્ટિએ જોતાં કોમના બંધારણ સાથે આ કલમને કાંઇ લેવા દેવા નથી. આ એક ખાનગી હકીકત છે અને કાઉન્સીલની તેમાં કાંઇ સત્તા ચાલે નહિ. એટલે જો કાઉન્સીલને આ બાબત ખરેખર હૃદય ઉપર અસર કરતી હોય તો તેણે જે લાખો રૂપીયા તે ગરીબ ખોજા કોમ પાસેથી ઢસડી જાય છે તેમાંથી વળતર રૂપે પણ થોડી રકમ આવા કિસ્સાઓ પાછળ ખર્ચી ગુજરાનનો બંદોબસ્ત કરવો જોઇએ. છતાં કાઉન્સીલ આ કલમમાં 'બંદોબસ્ત કરશે' એમ નથી લખતી, પણ 'બંદોબસ્ત કરાવશે' તેમ લખે છે. આનો અર્થ એવો થાય છે કે તે બીજા ઉપર ફરજ પાડશે, પણ પોતે કાંઇ નહિ કરે. આ દ્રષ્ટિએ જોતાં સત્તાનો થોડો ઘણો શોખ તો આ કલમમાં પણ દેખાઇ આવે છે.

**કલમ ૧૦૭.**

" જો કાઉન્સીલ કોઇને જમાતખાનામાં એક અઠવાડીઆ સુધીની આવવાની મનાઇ કરે તો તે ઠરાવ સામે કાંઇ અપીલ થઇ શકશે નહિ; પરંતુ જો એક અઠવાડીઆ કરતાં વધુ વખત સુધીની અટકાયત કરે તો, કાઉન્સીલને યોગ્ય લાગ્યા મુજબની પૈસાની રકમ ડીપોઝીટ રાખીને અગર જાત મુચરકો આપીને અગર બન્ને કરીને ઉપરી અધિકારીને અપીલ કરી શકશે. એ રીતે ફરમાવવામાં આવેલી શિક્ષાનો અમલ સદરહુ અપીલનો નિર્ણય થતાં સુધી કરવામાં આવશે નહિ. "

આ કલમમાં અનેક હકીકતો વાંધા ભરેલી છે. પ્રથમ તો કાઉન્સીલને કોઇ માણસને જમાતખાનામાં આવવાની મનાઇ કરવાનો હકજ નથી. જમાતખાનું એ જમાતની મીલ્કત છે. કાઉન્સીલને જમાત ચુંટે નહિ અને તે પછી પણ જમાત પોતાની મીલ્કતનો વહીવટ કાઉન્સીલને સોંપે નહિ ત્યાં સુધી જમાતખાનાના વહીવટમાં ડખલ કરવાની કાઉન્સીલને કંઇજ સત્તા નથી. અત્યારે એ યાદ રાખવું જરૂરનું છે કે કાઉન્સીલ અને જમાત એ બન્ને એક નથી. કાઉન્સીલની દ્રષ્ટિએ જમાત કાઉન્સીલની પ્રજા છે અને કાઉન્સીલ તેની સરકાર છે.

આઠ દિવસના મનાઇ હુકમ ઉપર અપીલ ન થઇ શકે એ ધોરણ જુલ્મી છે. ન્યાયનું આમાં ભારેમાં ભારે અપમાન સમાયેલું છે. એક પાઇના પણ દંડ કે એક મીનીટના પણ મનાઇ હુકમ સામે અપીલ કરવાનો સહુ કોઇને હક છે. આ શીરસ્તાથી નિર્દોષ માણસોને સહન કરવું પડે છે, અને જે શીરસ્તો નિર્દોષોને ગેરઇન્સાફ આપવાને કારણભૂત થતો હોય તે ન્યાયના સિદ્ધાંતો મુજબ ધિક્કારને પાત્ર છે.

ત્રીજી વાત આઠ દિવસ ઉપરના સમય માટેના મનાઇ હુકમ સંબંધેની છે. આ માટે કાઉન્સીલને 'યોગ્ય લાગે તેટલી પૈસાની રકમ' ડીપોઝીટ મુકવાની વાત છે. સત્તાનો ઉન્માદ આમાં સ્પષ્ટ તરી આવે છે. કાઉન્સીલના મનસ્વીપણા ઉપર આ રકમનો આંકડો છોડી દેવો એ અત્યંત ભયભરેલું છે. 'યોગ્ય' લાગવાનો અર્થ તો કોઇપણ રકમ ૧ થી ૧,૦૦,૦૦૦ કે તેથી પણ વધુ મોટી થાય. આ ન સહન થઇ શકે તેવી વાત છે. જાત મુચરકો લેવાનું પણ આટલુંજ તીરસ્કારને પાત્ર છે.

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૯૭ )

આ અઠવાડીક રાજકોટમાં " લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ " માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

માસને અંતે. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
પરદેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૨૬ : ઑગસ્ટ ૨૨ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ભાદરવા શુદ ૧ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.


## આજના અંકની સામગ્રી.

છ માસને અંતે.
બોટાદ બોર્ડીંગનો વહીવટ.
હાજર ઇમામ !!!
ચૂસણ નીતિનું ચક્ર.
સપ્તાહનો સાર.
મીશનરી મસ્જીદમાં.
વેપાર સમાચાર.
કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?


## અવિભકત ભારત!

"ભારતવર્ષમાંના અસંખ્ય પંથો એજ રીતે ઉત્પન્ન થઇને આજે ભારતવાસીઓમાં પરસ્પરમાં ઇર્ષ્યા–કલેશ–કંકાસ કરાવી રહ્યા છે અને સમસ્ત ભારતવર્ષને સંમિલિત કરવામાં અંતરાયરૂપ થઇ પડયા છે. એ પ્રત્યેક ધર્મનિમિત્તે ઉદ્દભવેલા પર્વત સરખા અંતરાયો દૂર કરવા માટે પ્રત્યેક વિચારશીલ ભારત–સંતાને બની શકે તેટલો સમયનો તથા શકિતનો ભોગ આપવો જોઇએ. જ્યાંસુધી એવા પ્રબળ પ્રયત્નો કરવામાં નહિ આવે, ત્યાંસુધી ભારતની ભિન્ન ભિન્ન પેટા જાતિઓ સંમિલિત થઇ શકશે નહિ; અને જ્યાંસુધી એવું સંમેલન નહિ થાય, ત્યાંસુધી ભારત વર્ષિય જાતિ જગતમાં એક પ્રબળ પ્રજા તરીકે પોતાનું માથું ઉંચું કરી શકશે નહિ. મારા જીવનનો માત્ર એકજ ઉદ્દેશ છે અને તે એજ કે ભારતવર્ષને અવિભકત–અખંડ પ્રજાકીય પ્રદેશ બનાવવો અને જનસમાજનું શ્રેય સાધવું. મને બીજું કાંઇજ જોઇતું નથી. આ હતભાગ્ય ભારતની મહા ઉન્નતિ હું પ્રત્યક્ષ જોઇ શકું, એજ એક માત્ર મારી વાંચ્છના છે. તે વાંચ્છના ફલીભૂત કરવા, ભૂતકાળમાં જે જ્ઞાન અને જે યુકિતના પ્રતાપે ધર્મની ઉત્પતિ થઇ હતી, તેજ જ્ઞાન અને તેજ યુકિતનો આધાર લઇ, ભારતની વર્તમાન શોચનીય સ્થિતિ સુધારવાનો કિંવા ભિન્ન ભિન્ન જાતિઓને સંમિલિત કરવાનો અને વિવિધ ધર્મોની એકવાકયતા સાધવાનો પ્રયત્ન કરૂં તો તેમાં શું અયોગ્ય છે?"

**સમ્રાટ અકબર.**

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૨-૮-૩૩.


## છ માસને અંતે.

" ખોજા જાગૃતિ " આજે તેના પહેલા વર્ષનો પૂર્વાર્ધ પસાર કરી ઉત્તરાર્ધમાં પ્રવેશ કરે છે. એ પ્રસંગે તેના મિત્રો અને સ્નેહિઓ તરફથી ' સફળ સફર ' ને આશીર્વાદ મેળવવા જેટલું તે અધિકારી થયું હોય તેમ તે જરૂર ઇચ્છેજ.

કેવા સંજોગોમાં " ખોજા જાગૃતિ " હસ્તીમાં આવ્યું, ચાલ્યું અને છ મહીના પસાર કરી ગયું એ આખો ઇતિહાસ રોમાંચક છે. જન્મથી તે અત્યાર સુધી તેણે ડગલે ડગલે મુશ્કેલીઓ વેઠી છે, મુંઝવણો અનુભવી છે, અને કોઇ ભયંકર પળોએ તેના કાર્યકર્તાઓમાં ક્રુર નીરાશા પણ પેદા થઇ છે. અને એટલેજ આજે તે પોતાની હૈયાતી માટે આનંદ અનુભવે છે. આર્થિક સંકડામણનો રાહુ દુર થયો છે અને "ખોજા જાગૃતિ" તેમાંથી મુકત થયું છે એવું તો આજેય નથી; પણ હવે તેનામાં વિશ્વાસ આવ્યો છે, તેની આત્મશ્રધ્ધા વધારે અને વધારે મજબુત બની છે અને સંકટોની સામે લડી લેવા, પોતાની હૈયાતી ટકાવવા, તેનામાં અત્યારે હિંમત છે.

" ખોજા જાગૃતિ " એ શું કર્યું એ પ્રશ્નનો નીકાલ લાવવાનું કામ જેની વચ્ચે તે કામ કરે છે તે જાહેર જનતાનું છે. પણ તે પોતે પાછળ નજર નાખે છે તો તેને કાંઇ ખરાબ દેખાતું નથી. જન્મ વખતેજ તેણે ખોજા કોમની થતી દુર્દશાનું ચિત્ર અહર્નીશ દ્રષ્ટિ સમક્ષ રાખી તેના અટકાવ અને ઉપચાર માટે રસ્તાઓ યોજવાની અને એ દુર્દશાનો બની શકે તેટલી ઝડપથી અંત લાવવા નીડરતાથી તેનો સામનો કરવાની જે પ્રબળ ઇચ્છા પ્રદર્શીત કરી છે તેને અનુરૂપ કામ " ખોજા જાગૃતિ " એ પહેલા છ માસમાં કર્યા કર્યું છે. એનું પરિણામ શું આવ્યું એ બતાવવા આજે અમારી પાસે કોઇ આંકડા નથી; અને અત્યાર સુધીનો સામાજિક સેવાનો ઇતિહાસ તપાસતાં એમ ખાત્રી થાય છે કે હાથમાં લઇને બતાવી શકાય એવા પરિણામો ભાગ્યેજ પ્રાપ્ત થાય એવું આ ક્ષેત્ર છે. તો પણ "ખોજા જાગૃતિ" ના પ્રયત્નો નિષ્ફળ નથી ગયા અને તેનું પ્રકાશન નિરર્થક નથી ઠર્યું એ ચોકકસ છે. પોતાને જકડી પકડી લઇ વિવિધ દીશાએ વિવિધ યુકિત પ્રયુકિતથી પોતાનું ધન-રૂધીર ચૂસનાર અને ગુલામી લાવનાર આજના તંત્ર સામે કોમમાં અવશ્ય અસંતોષ ફેલાઇ રહ્યો છે. એ અસંતોષ ભલે અત્યારે ઉપરથી ન દેખાતો હોય કે તેની ગતી મંદ લાગતી હોય તો પણ એ દિવસે દિવસે દ્રઢતાથી વધારે ને વધારે ફેલાતો જાય છે અને શાંત દેખાતી એ સપાટી નીચે સર્વભક્ષી આગ વધારે ને વધારે જોરથી ભભુકે છે. અમને વિશ્વાસ છે કે એ આગે ઉત્પન્ન કરેલી ગરમી એ સપાટીનું પડ તોડી નાખશે અને જગત ચોંકીને જોશે કે કાયમને માટે ગુલામીમાં રાચવા સરજાયેલી દેખાતી ખોજા કોમ પોતાની મુકિત મેળવે છે અને જુલ્મગારોને હાંકી કાઢે છે. એ શુભ ઘડીની રાહ જોવી અને તેને બની શકે તેટલી વહેલી લાવવા બધા પ્રયત્નો કરવા એ અમારૂં મુખ્ય કર્તવ્ય છે, અમારી એ પવિત્ર ફરજ છે.

અને આજે ફરીથી અમે એ જાહેર કરવા ચાહીએ છીએ કે "ખોજા જાગૃતિ" જુલ્મ સામે લડવા સરજાયું છે અને તેના છેલ્લા શ્વાસ સુધી એ સામે તે લડશે.

છ માસના ગાળામાં " ખોજા જાગૃતિ " ને સાંપડેલ ગ્રાહકોની સંખ્યા અમને જરૂર સંતોષ નથી આપતી. આજે તેની નોંધપોથીમાં છેલ્લો આંકડો ૨૯૨ નો છે. " ખોજા જાગૃતિ " ની સ્થિરતા સુદ્રઢ કરવા ઓછામાં ઓછા એક હજાર ગ્રાહકો તેને મળવા જોઇએ. એ વિના તે આર્થિક રાહુના પંજામાંથી છટકી શકે નહિ. ઘરના છાપખાનાની ગેરહાજરીમાં એક હજાર નકલો છપાવવી કે એક નકલ છપાવવી એમાં એક પાઇનો પણ ફરક થઇ શકતો નથી. અમારા સર્વ ગ્રાહક બન્ધુઓને, મિત્રોને તેમજ શુભેચ્છકોને અમે આગ્રહભરી વિનંતિ કરીએ છીએ કે " ખોજા જાગૃતિ " ને ઓછામાં ઓછા એક હજાર ગ્રાહકો મળી રહે તે માટે બનતી બધી કોશીષ કરશો. બીજી દ્રષ્ટિએ પણ ધારેલ ક્રાન્તિ લાવવા માટે " ખોજા જાગૃતિ " એકે એક ઘરે અને હાથે પહોંચી જવું જોઇએ.

અંતમાં અમે સહુનો સહકાર યાચીએ છીએ.

# બોટાદ બોર્ડીંગનો વહીવટ.

## મારીને અપાતું ધાર્મિક શિક્ષણ?

બોટાદમાં આપણા વિદ્યાર્થીઓને રહેવા તથા ભણવા માટે એક બોર્ડીંગ છેલ્લા ૭-૮ વર્ષથી ચલાવવામાં આવે છે. એ સંસ્થાના નિભાવ અર્થે તેના કાર્યકર્તાઓએ બાવડાંના બળે (ખડી રખડીને રૂા. ૧૦૦૦૦) નું ફંડ એકઠું કર્યું હતું તે કાઉન્સીલે પોતાને હસ્તક લઇ લીધું. ત્યાર પછી ધાર્મિક અંધતાનાં ઝેર ઉગતી પ્રજાના હૃદયમાં સારી રીતે ઉતારી શકાય એ હેતુથી એક મીશનરીની બોર્ડીંગના પ્રીન્સીપાલ તરીકે નીમણુંક કરી બોર્ડીંગના બંધારણ ઉપર કાપ મુકી વહીવટમાં ડખલગીરી કરવી શરૂ કરી. એના પહેલાજ પુરાવા તરીકે લોકપ્રિય ગૃહપતિને ખસત લેવી પડી અને અત્યારે એ ડખલગીરીની ચોંકાવનારી હકીકતો બહાર આવવા લાગી છે. આ સંબંધમાં અમને એક ભાઇએ લખી જણાવતાં તેમના લખાણના સત્યની વધુ ચોક્કસાઇ કરવા અમોએ એક ભરોસાપાત્ર સજ્જનને એ બધી હકીકત પુછાવી જોઇ અને તેમના તરફથી નીચે મુજબ જવાબ અમને મળ્યો છે.

"નવા માસ્તર કામથી અજાણ્યા છે એ વસ્તુ સાચી છે. આ કારણે મીશનરીની ખુશામત થઇ રહી છે."

"મીશનરીના હુકમથી માસ્તર ધાર્મિક શિક્ષણ મારીને શીખવે છે. કોઇ ન શીખે તો કાઢી મુકવાની ધમકી આપે છે. પણ તે કારણે હજુ કોઇને કાઢ્યા નથી. નાનાં બાળકોને મારે છે એ વાત પણ સાચી છે. હમણાંજ એક દીનમામદ ચતુરને એવે કારણે સખત રીતે મારેલો. દાદરેથી ધક્કો માર્યાનું કહેવાય છે. પણ ગંભીર ઇજા થઇ નથી. માસ્તરને વિશાળ જ્ઞાન નથી. ઇંગ્લીશ જ્ઞાન પણ બીલકુલ નથી; અને એ માને છે કે મારથી છોકરા સુધરે છે. માસ્તર આ યુગની બોર્ડીંગોને છાજે તેવા ગૃહપતિ ન કહેવાય."

"બોર્ડીંગના સાહિત્યનો ઉપયોગ છોકરાઓ કરી શકતા નથી."

"લખતરનો અલીભાઇ નામનો છોકરો અને મીશનરી હાજીમામદનો દીકરો બીજા છોકરાઓને પજવે છે. કોઇ છોકરો ધર્મમાં ઘટતા સુધારાની વાત કરે તો ઉશ્કેરાઇ જાય છે. હસનભાઇ (સેક્રેટરી)ને તેણે કહ્યું હતું કે 'કોઈ ધર્મનું બોલશે તો હું મારીશ.' હસનભાઇએ સમજાવી, ધમકાવી, પટાવી તેને શાંત કર્યો હતો. આ છોકરાઓ ત્રાસરૂપ છે."

"છોકરાઓ માસ્તરથી ત્રાસી ગયા છે એ વસ્તુ સાચી છે. પણ બેકારી અને ગરીબી ચાલ્યા જવાની વિચારણા મોકુફ રખાવે છે."

"જે છોકરાને માસ્તરે કાઢી મુકેલ તે ધ્રાંગધ્રાનો છે."

"બોર્ડીંગમાં અત્યારે અંધાધુંધી ચાલે છે."

ઉપરના સમાચાર આપણને ગેરવહીવટ, આપખુદી અને વિદ્યાર્થીઓમાં પ્રસરેલા અસંતોષનો સચોટ ખ્યાલ આપે છે. આ તરફ બોર્ડીંગના કાર્યવાહકો અને જનરલ કમીટીનું ધ્યાન ખેંચાવું જોઇએ છે.

બોર્ડીંગમાં જે છોકરાઓ આવે છે તે જાહેર નિશાળોમાં ભણવા માટે જોઇતી ખાવાની તથા રહેવાની સગવડતા ખાતરજ આવે છે. તેના ઉપર બોર્ડીંગના સંચાલકોએ માત્ર તેમના અભ્યાસ પુરતું અને નિરંકુશ જીવન ચારિત્ર્યમાં ખોડખાંપણ ન આવવા દયે એ પુરતુંજ જોવાનું હોય છે. ધાર્મિક શિક્ષણ ફરજીઆત આપવું અને તેમાં જો કોઇ આનાકાની કરે તો "ધોકે છોકરૂં છાનું રહે" એ કોઇ અણઘડ કુંભારે ઉભી કરેલી કહેવતનો પ્રયોગ અજમાવવો એ બોર્ડીંગના સંચાલકોના કાર્યક્ષેત્રની બહાર છે એટલુંજ નહિ પણ તેમાં ભારોભાર દુષ્ટતા સમાયેલી છે. જે માબાપો પોતાના વ્હાલાં બચ્ચાંઓને બોર્ડીંગમાં મુકે છે તે એવી આશાથી નહિજ કે તેમના બાળકને આવી રીતે મારી મચડીને ધર્માન્ધ બનાવવાની કનિષ્ટ પદ્ધતિઓ અમલમાં આવશે.

ખરૂં કહીએ તો આ બધા ઉપદ્રવનું કારણ મીશનરીની નીમણુંક છે, અને ધર્માન્ધતાના વિષ રેડવાના હલકટ આગ્રહને પરિણામેજ અત્યારની અંધાધુંધી પ્રવર્તવા પામી છે. આ અગાઉ, જુના ગૃહપતિના વખતમાં અને મીશનરીની નીમણુંક પહેલાં, ભાવનગર રાજ્યના કેળવણી અધિકારીઓએ વિદ્યાર્થીઓની રખાતી સંભાળ અને રેડાતા ઉચ્ચ સંસ્કાર માટે સારો અભિપ્રાય આપ્યાનું અમારી જાણમાં છે. પણ મીશનરીની નીમણુંકે અને બોટાદ બોર્ડીંગને ખાનામાં ચલાવાતી ધાર્મિક રાત્રિ શાળામાં ફેરવી નાખવાના કોડે બોટાદ બોર્ડીંગ માટે ઉપરની સ્થિતિ પલટાવી દોહ્યલા દહાડા આણ્યા છે.

આના ઉપચાર માટે બોર્ડીંગની જનરલ કમીટીની તાત્કાલીક બેઠક બોલાવી મીશનરીની નીમણુંક રદ કરવી જોઇએ. અને જો એમ કરવામાં કોઇ આપખુદ તત્વ આડે આવતું હોય તો ધારાશાસ્ત્રના હિમાયતીઓની સલાહ લઇ કાયદેસર પગલાં પણ ભરી શકાય છે.

બોર્ડીંગની મેનેજીંગ કમીટીના સભ્યો અને સેક્રેટરીઓને અમે એટલું કહીએ છીએ કે આવા સમયમાં તમારે નાસીપાસ થઇ હાથ ખંખેરી નાખવા જોઇતા નથી. દરરોજ આગળ વધતા એ ગેરવહીવટમાંથી બોર્ડીંગને બચાવી લેવાની તમારી નૈતિક ફરજ છે, અને તે તમારે વિશ્વાસે સોંપાયેલા બાળકોના હિતની ખાતર તમારે બજાવવી જોઇએ. નિષ્ક્રીય બની લમણે હાથ દઇ બેસી રહેવાથી કાંઇ બનવાનું નથી. પારકી દયા ઉપર જીવવાની આશા પણ એટલીજ વ્યર્થ જવા નીર્માયેલી છે. નાના બચ્ચાંઓ પેઠે બીજાઓ પાસે ફરીયાદ કરવાથી કશો અર્થ સરવાનો નથી, અને નણંદ ભોજાઇ વચ્ચે પડેલ વાંધાનો ઇન્સાફ સાસુ નણંદની તરફેણમાંજ આપવાની. માટે આ સહુ નિર્બળતાને ખંખેરી નાખી ફરી વખત બોટાદ બોર્ડીંગની વ્યવસ્થા બેનમુન બનાવો.

# હાજર ઇમામ !!!

લેખક : શ્રી. " ભગત "

આપણે, આ પૃથ્વી પરના સઘળા મનુષ્યો, હાલતા, ચાલતા, સાંભળતા, દેખતા અને જીવતા હોઇએ છીએ; પરંતુ કોઇને વિષે કાંઇ કહેવાનું પ્રાપ્ત થાય છે ત્યારે તેને વિષે બોલતો, દેખતો કે જીવતો ફલાણો એવું ક્યારેય પણ કહેતા નથી–શિવાય કે કોઇનામાં તે તે શક્તિની ખામી હોય. જેમ કે કોઇ માણસ મુંગો, બ્હેરો કે આંધળો હોય તો તેને તેવો કહીએ છીએ, અને તે એટલા માટે કે સામાન્ય રીતે સઘળા મનુષ્યો, બોલે, ચાલે, સાંભળે ને દેખે, પણ બધિરત્વાદિ દોષો તો અપવાદ રૂપે હોય છે. એટલે તેવા દોષયુક્ત મનુષ્યોને તે વડે ઓળખાવી શકાય. પણ જેનામાં જે દોષ ન હોય તેને ' તે દોષ રહીત છે ' એમ કહેવું તદ્દન અયુક્ત છે.

તેમ કોઇ મરી ગયેલ માણસને વિષે કાંઇ કહેવું હોય ત્યારે તેને વિષે ' મર્હુમ ' ( Late ) શબ્દ વાપરી શકાય, તે એટલા માટે કે સામો માણસ એવા બીજા કોઇ જીવતા માણસને સમજી લઇ ભુલાવામાં ન પડે. કારણ કે અમુક વસ્તુ કે પ્રાણિનું–તેને વિષે બોલવાના કારણ પુરતું–અસ્તીત્વ ( existence ) એટલું સહજ છે કે જો ખુલાસો કરવામાં ન આવે તો સામાને તે વિષે કાંઇ શંકા નજ હોય. જેમ કોઇ એક હોદ્દેદાર એક કાગળ ઉપર સહી કરે ત્યારે " હું ફલાણો ' અત્યારે આ હોદ્દા ઉપર છું તે ' " એમ લખતો નથી, પણ જો કોઇ ખરેખરો હોદ્દેદાર ન હોય તો તેણે ' વતી ' કે ' for ' લખવું પડે છે; જ્યારે ખરેખરા હોદ્દેદારને પોતાના હોદ્દા પાસે ' જીવતો ' કે ' ખરેખરો ' એવું કંઇ લખવા જરૂર પડતી નથી. એવીજ રીતે આપણા દેશમાં દરેક માણસને બહુધા એકજ પત્ની હોય છે, અને ત્યાં-સુધી તેને ' નવી ' કે ' જુની ' એવું વિશેષણ લગાડવાની જરૂર પડતી નથી.

આ સઘળા ઉદાહરણો વડે પ્રતિત થાય છે કે જે વસ્તુ સામાન્યજ–સ્વભાવેજ સિદ્ધ હોય તેનું સામાન્યત્વ સિદ્ધ કરવા માટે કશોએ પ્રયત્ન કરવો–ઢંઢેરો પીટાવવો–પડતો નથી.

આટલી પ્રસ્તાવનાને અંતે મારે જે કહેવાનું છે તે આપણા ના. આગાખાન પોતાને ' હાજર ઇમામ ' કહેવડાવે છે તે સંબંધે છે. અને તે એ કે :—

તેઓ સાહેબનો નશ્વર દેહ પંચ ભૂતમાં મળી નથી ગયો ત્યાંસુધી તેમનું અસ્તિત્વ કોઇથી ઇન્કારી શકાય તેમ છે નહિ, ( અને તેમાંએ ખાસ કરીને આપણ ખોજાઓથી તો કદી પણ નહિ, કારણકે " પાકનો પુરાવો તેનો પ્રસાદ લેવામાં છે. " ) તો પછી ' હાજર ' શબ્દ શા માટે લખવામાં આવે છે એ સમજી શકાતું નથી.

કોઇ એમ કહેશે કે તેમના સુડતાલીશ પેઢીના વડવાઓ સઘળા ઇમામ હતા, અને તે સઘળાઓ શ્રી પ્રભુની સાનિધ્યમાં સીધાવી ગયા છે તે અનવયે ના. આગાખાન અત્યારે વિદ્યમાન હોઇને તેઓ પોતાને હાજર ઇમામ કહેવડાવે છે. પણ હાજર ઇમામ કહેવડાવવા માટે તે કારણ જો પુરતું હોત તો સઘળા વર્તમાન રાજાઓ, વહોરાઓના વડા મુલ્લાંજી અને શ્રી શંકરાચાર્ય વિગેરે જે બધાના બાપદાદા અને પુરોગામિઓ તે તે હોદ્દો ભોગવીને મરી ગયા છે, તે બધા પોતાના નામ આગળ ' હાજર રાજા ' કે એવું બીજું કાંઇ લખત કે લખાવત. પણ તેમ તો કાંઇ થતું નથી. એટલે તે કારણ તેને માટે અયુક્ત છે એ સિદ્ધ થાય છે.

વળી ઇમામત જ્યારથી શરૂ થઇ ત્યારથી તેનો ધારણ કરનાર ગત્ પ્રાણ થાય તો તે પણ તેની સાથે સિધાવી ગઇ એવું ક્યારેય બન્યું નથી, એ આપણો અડતાલીશ પેઢીનો અનુભવ છે, કે જેથી કરીને નવા ઇમામ વેરે નવી ઇમામત હોવાને કારણે પણ તેને ' હાજર ઇમામ ' કહી શકાય.

વસ્તુસ્થિતિ આવી છે ત્યારે ' હાજર ' શબ્દનું હાર્દ સમજવા માટે જરા વધારે ઉંડા ઉતરી વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે.

આ હાજર શબ્દના એક બીજાથી જરાએ ભિન્ન નહિ એવા–અન્યો અન્યાશ્રિત–પણ બે કારણ હોઇ શકે

(૧) નિયમ એવો છે કે એકી વખતે એકજ ઇમામનું અસ્તિત્વ હોય, વધુનું નહિ. જો એકથી વધુ ઇમામો એક સાથે થઇ શકતા હોત તો ના. આગાખાનની પણ અનેક આવૃતિઓ-

આ અવસર આ અવનિમાં, વધ્યો વૈદ્યનો સાથ;
પત્થરો લેવા જ્યાં નમું, વૈદ્યજ આવે હાથ.

એ કવિ દલપતરામની કવિતામાં પોતાના પર ગાવાની આજના કવિઓને ફરજ પાડયા વિના રહેત નહિ, પણ તેમ થતું નથી. એ ઉપરથી ઉપરોકત એકી વખતે એકજ ઇમામ હોવાના વિધાનને પુષ્ટિ મળે છે. તો પછી એવા એકજ ઇમામને ( ભલે પછી તેને ઇસ્લામીઓનો અમુકજ ભાગ માનતો હોય તો પણ) પોતાના નામ આગળ ' હાજર ' શબ્દ મુકવો પડે ત્યારે માનવાને કારણ છે કે તેની ઇમામતમાં કાંઇક ખામી છે. કારણ કે જે વાત સામાન્ય રીતે માની શકાય એવી હોય તે જો કોઇ સોગન ખાઇને કહેવા માંડે તો માનવું કે તે જુઠ્ઠું બોલે છે એ આપણો અનુભવ નિયમ છે. જો ના. આગાખાન હાજર–પ્રત્યક્ષ ઇમામ છે તો બીજો કોઇ ઇમામ ગેરહાજર પરોક્ષ–પણ હોવો જોઇએ, અને તેવું કાંઇક હશે માટે ના. આગાખાન પોતાને હાજર ઇમામ કહેવડાવતા હોવા જોઇએ.

(૨) જ્યારે બીજા કોઇ ઇમામની વાત આવે ત્યારે આપણી સ્મૃતિએ સર્વથી પ્રથમ ઇશનાઅશરીઓના ' ગેબ ઇમામ ' ચડે છે. આપણે ઉપર કહ્યું તેમ જેનું અસ્તિત્વ અપ્રત્યક્ષ હોય તેને વિષે તે વાત સ્પષ્ટ કરી શકાય, એ ન્યાયે જો એવા કોઇ ઇમામ ગેબ થઇ ગયા હોય તો તેને વિષે એવું કહેવું અનુચિત નથી ત્યારે હવે ફલિત એ થાય છે કે ઇમામ એકજ હોય એ હિસાબે ના. આગાખાન કે તેમના વડવાઓએ ઇમામ કહેવડાવવાનું શરૂ કર્યું ત્યારે એવુંજ કંઇક એમના સ્મરણમાં હોવું જોઇએ અને તેજ કારણે એ ' હાજર ' શબ્દ યોજવામાં આવ્યો હોય એ સર્વથા સંભવિત છે.

અને કદાચ એવુંજ કાંઇક બીજુંએ કારણ હોય, તો પણ એટલું તો અવસ્ય સિદ્ધ થાય છે કે ' હાજર ' શબ્દ વાપરવાની જરાએ જરૂર વિના વાપરવામાં આવે છે તે અગાઉથી યોજના પૂર્વક, પણ જેમ ' ચોરને મન ચાંદરડું ' હોય એમ, વાપરવામાં આવ્યો છે; જેથી માનવાને કારણ છે કે આ આખાએ ઇમામ પ્રકરણની પોકળતા નકલંકના તુરખાથી જરાએ ઉતરે એવી નથી.

# ચૂસણ નીતિનું ચક્ર.

### દ્રષ્ય દસમું.

કુંવરજી શેઠના કૃત્યથી બદરૂદીનની મુંઝવણ ઘણી વધી પડી. ધર્મ અને મુડીવાદના ઝેર પી પીને પોષાયેલા વૃક્ષનાં વિષફળ બદરૂદીનને ઘણાં કડવાં લાગ્યાં. ઘડીમાં તેનો ક્રોધ ભભુકી ઉઠતો અને શેઠ સાથે ઝગડીને લડીને પણ તેણે કાપી લીધેલા પૈસા પાછા લેવાનું તેને મન થઇ જતું. પણ બીજીજ પળે પોતાની નિરાધારી યાદ આવતી અને તેની હિંમત ઓસરી જતી.

આવી રીતે આંતરીક ઉકળાટ સહેતાં સહેતાં બદરૂદીને તેની નોકરીનો બીજો મહીનો પુરો કર્યો. તેનું એક વખતનું સુદ્રઢ શરીર દિવસે દિવસે કૃશ થતું જતું હતું અને શારીરિક ઝહેમત અને માનસીક ઉપાધી તેમાં સારો ભાગ ભજવી રહ્યાં હતાં.

શેઠ કુંવરજી હકીમજીને અત્યાર સુધી એ ખબર ન્હોતી કે બદરૂદીન પાસે પોતે ઇસ્માઇલી હોવાનો પાસ હતો નહિ. પણ દરરોજનો એક આનો દંડ કરવા છતાં જ્યારે તેમણે બદરૂદીનને ખાને જતો જોયો નહિ ત્યારે તેમને એ બાબતમાં શક આવ્યો. વળતેજ દિવસે જમાતના મુખી કામડીયા કુંવરજી શેઠને ઘેર આવ્યા અને એક ઇસ્માઇલી હોવાની સાબીતી નથી એવા માણસને પોતામાં નોકર રાખવાથી પહાડ જેવા ઇમાનને પહોંચતા ભારે નુકશાનનો તેમને ખ્યાલ આપ્યો, અને સ્વર્ગની અપ્સરાઓને હાથમાંથી સરી જતી અટકાવવા માટે બદરૂદીનને કાઢી મુકવા તેમણે આગ્રહ કર્યો.

ધર્માંધતાનું વિષ જેની રગેરગે વ્યાપી ગયું હોય એ માણસ ભાગ્યેજ સારાસારનો વિવેક કરવા જેટલી બુદ્ધિ ધરાવતો હોય છે. કુંવરજી શેઠને અને આ વિવેક બુદ્ધિને સો ગાઉનું છેટું હતું. તેમણે બદરૂદીનને કાઢી મુકવા નિશ્ચય કર્યો.

સવારમાં પેઢીએ આવી તેમણે મુનીમને બોલાવ્યો અને બદરૂદીનનું ખાતું તપાસ્યું. બે મહીનાની નોકરીમાં એકજ મહીનાનો પગાર તેણે ઉપાડયો હતો, અને બીજા મહીનાનો પગાર બાકી હતો તે આજેજ સૌની સાથે તેને પણ ચુકાવવાનો હતો. શેઠે બદરૂદીનનો પગાર પોતાની રજા શિવાય નહિ ચુકવવાનું ફરમાન કરી મુનીમને તેને કામે વળગવા જણાવ્યું.

આખા દિવસનું કામકાજ આટોપી, કપાશીયાના વેચાણનો હિસાબ મુનીમને આપી જ્યારે તે નવરો થયો ત્યારે શેઠે બદરૂદીનને પોતાની પાસે બોલાવ્યો.

"તું કહેતો હતોને કે તું ઇસ્માઇલી છો ?"

"જી, હા. હું ઇસ્માઇલીજ છું" શેઠનું જુદું દેખાતું વલણ અને વાત કરવાની તેમની ઢબ જોઇ બદરૂદીનને લાગ્યું કે જરૂર કાંઇ અસાધારણ ઘટના ઘટવાની

"તારો પાસ કયાં છે ?"

"શાનો પાસ ?"

"તું ઇસ્માઇલી છો તેનો નામદાર કાઉન્સીલનો. તને ખબર નથી કે પવિત્ર કાયદા મુજબ કાઠીયાવાડ છોડતાં પહેલાં તારે તું ઇસ્માઇલી છો, તેવો કાઉન્સીલનો પાસ લઇનેજ બહાર નીકળવું જોઇએ ?"

"ના, જી, મને આંહી આવ્યા પછીજ એ વાતની ખબર પડી."

"ખાનામાં તારી પાસે પાસ માગવામાં આવ્યો હતો ?"

"હા."

"તો પછી મને તેં કેમ કહ્યું નહિ ? મારી સાથે તું વિશ્વાસઘાત કરવાની હિંમત કરે છે એમ ? નોકરી રહેતાં પહેલાં તું કેમ મોઢામાંથી ફાટયો નહિ કે તું ઇસ્માઇલી નથી મુવો ?"

"કારણ કે હું ઇસ્માઇલી છું. શેઠ, જરા મોઢું સંભાળીને બોલતા જાવ. તમારી નોકરી ગાળ ખાવા માટે નથી કરતા !"

"ચુપ કર, હરામખોર ! એક તો દગલબાજી કરી અને પાછો સામું બોલે છે ? તારા વિના મારૂં શું ઉંધું વળી જવાનું હતું ? ચાલ્યો જા. મહેતાજી, આ માણસને ચડેલો પગાર આપશો નહિ. નોકરીમાંથી છુટા થતાં પહેલાં તેણે એક મહીનાની નોટીસ આપવી જોઇએ તે આપી નથી ; એટલે તેનો એક મહીનાનો પગાર કાપી લેવાનો છે."

"એ નહિ બને, મારો પગાર આપવોજ પડશે. નોકરીમાંથી હું નીકળતો નથી, તમે મને કાઢી મુકો છો. મને એક મહીનાનો પગાર વધુ આપવાને બદલે મેં કરેલ નોકરીનો પગાર તમે કઇ રીતે રોકો છો ?"

"તારાથી થાય તે કરી લેજે. કોર્ટના બારણાં ખુલ્લાં પડયાં છે. ભૈયા, ઉસકું બહાર નીકાલો."

કુંવરજી શેઠ બરાબર સમજતા હતા કે અજાણ્યો અને નિર્ધન બદરૂદીન તેની સામે કોર્ટમાં ફરીયાદ કરવા જઇ શકવાનો નથી. બદરૂદીનને પણ આ આહ્વાહન ઉપાડી લેવાનું દીલ થઇ ગયું ; પણ જે નિરાધારીએ કુંવરજી શેઠને રાક્ષસ બનવા દીધા હતા તેજ નિરાધારીએ બદરૂદીનને ચુપચુપ ચાલ્યો જવાની સલાહ આપી. ઉભો થયેલો ભૈયો તેને ધક્કો મારી બહાર કાઢે તે પહેલાં બદરૂદીન પેઢીનો દાદર ઉતરી ગયો, અને ફરી એક વખત અકોલાની અંધારી ગલીઓએ તેને સમાવી લીધો.

## જવાબ મળ્યો નથી.

રાજકોટના રહીશ ભાઇ મોહન નજરઅલી જેઓ નાતબહાર નથી એટલે એક કાઉન્સીલ પક્ષનાજ માણસ છે. તેમણે કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલને એક કાગળ લખ્યો હતો જેમાં જણાવ્યું હતું કે "કાયદાની ચોપડીમાં એક વખત લખવામાં આવે છે કે આપખુશીથી અપાતા નજરાણાં. ત્યારે કલમ ૨૦૦ ઉપરથી જણાય છે કે કાઉન્સીલના લાગા ફરજીયાત છે. કાયદા જેવા ગહન વિષયમાં અરસપરસ વિરોદ્ધ કે અચોક્કસતા હોવી ન જોઇએ. અને કદાચ આમાં હશે પણ નહિ છતાં જ્યારે હકીકત ચોકખી રીતે સમજાતી નથી ત્યારે સેવકને એ ચોખવટ મેળવવાની ફરજ પડે છે. જવાબ ઘેર બેઠા પહોંચાડશું એમ વારંવાર ઉઘરાણીના જવાબ, છતાં પંદર મહીના સુધી કાંઇ ઉત્તર મળ્યે ન હતો. ત્યારપછી તે પત્ર "ખોજા જાગૃતિ" માં તા. ૧૪ મી માર્ચના અંક ૪ થામાં પ્રગટ થયો હતો. તપાસ કરતાં જણાય છે કે આટલો લાંબો વખત વહી જવા છતાં કાઉન્સીલ તરફથી હજી કાંઇ જવાબ મળેલ નથી.

# સપ્તાહનો સાર.

**મ. ગાંધીજીને એક વરસ**: મ. ગાંધીજીની ધરપકડ પછી તેઓને યરવડા જેલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તેઓને છોડી મુકી સ્પેશીયલ ઇમરજન્સી પાવર્સ ઓર્ડિનન્સ એકટની કલમ ૪ મુજબ નોટીસ બજાવી હતી. તેમાં તેઓને પુનાની હદ નહિ છોડી જવાનો હુકમ હતો. આ હુકમનો ભંગ મહાત્માજીએ કરવાથી તેઓની ફરી ધરપકડ કરવામાં આવી હતી. અને તેઓને એક વરસની આસન કેદની સજા કરવામાં આવી છે. તેઓની સાથેના સૈનિકોને અમદાવાદ જેલમાં રાખવામાં આવ્યા હતા અને દરેકને છ છ માસની સખ્ત કેદની સજા કરવામાં આવી છે. પુજ્ય કસ્તુરબાને છ માસની આસન સજા થઇ છે.

મહાત્માજીને અગાઉ રાજકેદી તરીકે હરિજન પ્રવૃતિ કરવાની જે સગવડતાઓ આપવામાં આવી હતી, તેવી સગવડતાની માંગણી કરતાં સરકારે ના કબુલ રાખી છે. આને અંગે મહાત્માજીએ અપવાસ શરૂ કર્યાં છે.

**શ્રી અણેને સજાઃ** મહાસભાનાં કામ ચલાઉ પ્રમુખ શ્રીયુત અણેએ આકોલા નજીક જંગલ ખાતાના કાયદાનો ભંગ કરવાથી આકોલાની કોર્ટે છ માસની આસન કેદની સજા તથા રૂા. ૨૫૦) નો દંડ કર્યો છે. તેમના તેર સાથીઓમાંથી એને છોડી મુકી અગીયારને છ માસની સખ્ત સજા કરી છે. શ્રીઅણેએ સરકારને અગાઉથી નોટીસ આપી હતી.

**વ્યક્તિગત સત્યાગ્રહઃ** તા. ૧ લી ઓગષ્ટથી શરૂ થયેલ વ્યક્તિગત સત્યાગ્રહને અંગે મુંબઈ, ગુજરાત, પંજાબ, સીંધ વગેરે સ્થળોએ સંખ્યાબંધ ધરપકડો થાય છે.

મહાસભાના જનરલ સેક્રેટરી શ્રી જયરામદાસને હૈદરાબાદ નહિ છોડવાની નોટીસનો ભંગ કરવા માટે ૧ વરસની આસન સજા થઇ છે.

મહાત્મા ગાંધીજીના પુત્ર શ્રી દેવીદાસ ગાંધીને દિલ્હી પ્રાંત છોડી જવાના હુકમનો ભંગ કરવા માટે છ માસની આસન કેદની સજા થઇ છે.

**મીરત કાવત્રા કેસઃ** મીરત કાવત્રા કેસમાં ભારે સજા પામેલા કેદીઓની અપીલનો ચુકાદો અલ્હાબાદ હાઇ કોર્ટે તા. ૩ જીના રોજ આપ્યો છે. ૧૪ કામદાર નેતાઓને છોડી મુકયા છે. બાકીનાને વર્ષ ૩-૨-૧ અને સાત માસની જુદી જુદી સજાઓ કરેલ છે. સજા પામેલ કેદીઓની અપીલ પ્રીવી કાઉન્સીલમાં થનારછે.

**દેશ નેતાઓ યુરોપની મુસાફરીએ**: કોંગ્રેસ નેતા ડૉ. અન્સારી અને શ્રી ભુલાભાઇ દેશાઇ એડવોકેટ નાદુરસ્ત તબીયતને અંગે યુરોપની મુસાફરીએ ઉપડી ગયા છે.

**ગાંધીજીને છોડોઃ** શેઠ લીલાધર ચઉધરી મહાત્મા ગાંધીજીને તથા તેના અનુયાયીઓને છોડી મુકવાનો અને મહાસભા સાથે સુલેહ કરવાનો ઠરાવ આવતી વડી ધારા સભાની બેઠકમાં લાવનારછે.

**ઇસ્નાઅશરી થઇ ગયાઃ** મુંબઇમાં બીજા ૮૩ ઘરો ઇસમાઇલીમાંથી ઇસ્નાઅશરી થઇ ગયા છે.

**હિંદ ભરમાં પુષ્કળ વરસાદ**: આખા હિંદુસ્તાનમાં પુષ્કળ વરસાદ થયો છે. તેને લીધે ઘણું નુકશાન થવા પામ્યું છે. મધ્ય પ્રાંતમાં કપાસના પાકને નુકશાન થયું છે. વડોદરા શહેરમાં પાણી ભરાઇ જવાથી ઘણી હાની થઇ છે. તથા અમદાવાદ નજીક અને વિરમગામ વઢવાણ વચ્ચે રેલ્વે લાઇન તુટી ગઇ હતી. સિંધ પંજાબ વગેરે સ્થળોએ પુષ્કળ નુકશાન થયું છે.

**સરહદ ઉપર બોમ્બનો મારોઃ** સરહદ ઉપર હજુ બોમ્બનો મારો ચાલુ છે. વધારે બીજા બે વિમાનો મોકલવામાં આવ્યા છે.

નિર્દોષો ઉપર ગોળીબાર ચલાવવાની સરકારની વર્તણુંક માટે વિરોધ બતાવવા મુંબઇમાં એક જાહેર સભા મળી હતી.

**ખોજા કુમારીકા કેસઃ** ખોજા કુમારીકા જેનાબાઇવાળા કેસમાં પકડાયેલા બાપ હાશમ ફાજલ તથા મા શકીનાબાઇની સુનાવણી ગઇ તા. ૧૬ ના રોજ મઝગામ પોલીસ કોર્ટમાં પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ મી. ઠક્કર સમક્ષ નીકળી હતી. તેમાં ડૉ. એરચશા કે જેની સારવાર હેઠળ જેનાબાઇ હતી તેની જુબાનો લેવાઇ હતી.

**ના. જામસાહેબને માનઃ** જામનગરના નવા જામસાહેબને મુંબઇમાં જામનગરી પ્રજાએ મેલાવડો ભરી તા. ૮ ના રોજ મોટું માન આપ્યુ હતું. મેલાવડા વખતે જામસાહેબનાં મિત્રોએ તથા પ્રજાએ સારી હાજરી આપી હતી. સ્વાગત પ્રમુખ શેઠ મથુરાદાસ વસનજી ખીમજીએ ના. જામસાહેબને આવકાર આપતાં જણાવ્યું કે "આપ નામદાર ગાદીએ આવ્યા પછી ટુંક વખતમાં રાજકારોબારમાં જે શ્રેષ્ઠ શરૂઆત કરી છે તથા કળા, વેપાર, ઉદ્યોગ, ખેતર, વાડી અને કારોબારને લગતી બાબતોમાં તમો નામદારની પ્રજાનાં કલ્યાણને આગળ વધારવા માટે જે પગલાં લીધા છે તેથી આપ નામદારે પ્રજાનાં હૃદય જીતી લીધા છે." છેવટે આમંત્રણ સ્વીકારવા માટે આભાર માની માનપત્ર વાંચી સંભળાવવામાં આવ્યું હતું. છેવટે ના. જામસાહેબે ભાષણ કરતાં જણાવ્યું કે તમે આજે મારી પ્રજાને મળવાની જે તક આપી છે તે માટે તમારો ઉપકાર માનું છું. વિખુટા પડેલાં બાળકોને મળતાં જે આનંદ માવતરોને થાય તેવો આનંદ આજે મને થાય છે. મુંબઇ કે બીજા સ્થળોએ વેપારની જે સગવડો મળે છે તેવી સગવડો આપવા હું કોશિષ કરીશ. અને તમે ત્યાં આવી વેપાર કરશો તો હું ઘણો ખુશી થઇશ તમોને જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવે ત્યારે જરૂર મારી પાસે આવજો.

છેવટે ના. જામસાહેબને હારતોરા અર્પણ કરી મેલાવડો વિસરજન થયો હતો.

**ના. જામસાહેબ સાથે ઠગાઇઃ** નવાનગરના જામસાહેબ જ્યારે મુંબઇ ગયા હતા ત્યારે તેમના ઉપર ના. વાયસરોયના પ્રાઇવેટ સેક્રેટરીના નામે કોઇએ ટેલીફોન કરી જણાવ્યું કે "હું એક સખ્સને તમારી પાસે મોકલું છે તેને રૂા. ૨૦૦ ની મદદ કરજો. તે પછી એક માણસ તેમની પાસે આવ્યો અને રૂા. ૨૦૦ લઇ ગયો. તે માણસની વિદાય પછી મહારાજાએ ના. વાયસરોયના પ્રાઇવેટ સેક્રેટરીને ટેલીફોનથી આ બાબતના ખબર આપ્યા. ત્યારે તેઓએ આ વાતનો ઇન્કાર કર્યો હતો. આને અંગે મુંબઇમાં પાંચ સખ્સની ધરપકડ થઇ છે.

**શ્રી. પટેલની તબીયતમાં સુધારોઃ** હિંદનાં નેતા શ્રીયુત વિઠલભાઇ પટેલ જેઓ નાદુરસ્ત તબીયતને અંગે વિએનામાં સારવાર ભોગવતા હતા તેઓ પોતાની તબીયત હાલમાં સારી હોવાનું સ્વીઝરલેન્ડથી પોતાના મિત્રોને જણાવે છે.

## મીશનરી મસ્જીદમાં !

એક ભાઇ લખી જણાવે છે કે :—

" મીશનરી ઇબ્રાહીમ જુસબ વરતેજી બે માસ થયાં વરતેજ આવ્યા છે. ત્યાં તેમના કુટુંબીઓ વિગેરે ઇશ્નાઅશરી છે. તેમની સાથે ખાવું પીવું તેમજ મસ્જીદમાં મીજ્લસ વગેરે પ્રસંગોમાં સારો ભાગ લેતા. પણ એકાએક 'ઇશ્નાઅશરી શિવાય કોઇએ આવવું નહિ' એવું પાટીયું ઇસ્નાઅશરી મસ્જીદના મકાન ઉપર લટકાવવામાં આવવાથી અવનવી ચર્ચા થઇ રહી છે."

મીશનરી વરતેજી આવી રીતે તેમના ઇસ્નાઅશરી સગાંઓ સાથે ભેળાય કે મસ્જીદમાં જાય તે અમને વાંધા ભરેલ દેખાતું નથી. બલ્કે એ ખુશી થવા જેવું છે. એથી પણ વધુ ખુશી થવા જેવું ત્યારે ગણાય જ્યારે ભાઇ વરતેજી પોતાની નોકરી દરમ્યાન પણ આવી સલાહ સહુને આપે અને જે છુટનો પોતે લાભ ઉઠાવે છે તે લાભ બીજાઓ માટે પણ સુલભ બનાવે.

મસ્જીદના મકાન ઉપર મનાઇ હુકમનું પાટીયું લગાવવાના કૃત્યને અમે અભીનંદી શક્તા નથી. જ્યાં જગતનો પ્રવાહ દિવસે દિવસે એકતા અને બંધુત્વ તરફ વળતો હોય ત્યાં આવાં સામાં શસ્ત્રો ઉપાડવાની જરૂર નથી. મીશનરી વરતેજીને દાખલ થતા અટકાવવાનો આમાં ઉદ્દેશ હોય તો પણ એ આડકતરો રસ્તો લેવાને બદલે સ્પષ્ટ શબ્દોની હિંમત બતાવવામાં આવે એ વધારે ઉચીત છે.

---

### પરવા નથી.

કરી પિયુષની વૃષ્ટિ સુધાંશુ વિશ્વને પોષે,
જગત નિદ્રા ત્યજી એને જુએ કે ના જુએ તોએ.
સદા સ્રોતસ્વતી સ્વાદુ વહે ઉરથી વિમળ વારિ,
પિપાસુ પાન્થ એ પાણી પીએ કે ના પીએ તોએ.

અમૂલા પ્રાણુ અર્પીને જલદ સૌ પ્રાણીને પાળે,
કદર એ કાર્યની કોઇ કરે કે ના કરે તોએ.
સહીને આકાશે અંશુ કરે શીળી તરૂ છાયા,
શ્રમિત પન્થી તળે આવી વસે કે ના વસે તોએ.

હૃદયનાં આંસુડા રેડી ભીંજવશું વિશ્વને ભાવે,
કઠિન હૈયા મૃદુલ એથી બને કે ના બને તોએ.
પ્રબળ પડદા બધા ચીરી હૃદય ખુલ્લા કરી દેશું,
સુભાગી સત્ય જોનારા જડે કે ના જડે તોએ.
પુનિત કર્તવ્યને પંથે વિચરશું ધર્મ્ય ધારીને,
અમારા બંધુ એ ચીલે ચડે કે ના ચડે તોએ.

કવિ બોટાદકર.

## વેપાર સમાચાર.

( તા. ૧૯–૮–૩૩ )

**ઉન :** લીવરપુલમાં છેલ્લા બે અઠવાડીયામાં ગાંસડી અનુક્રમે ૧૦૯ તથા ૨૪૩ વેચાણી છે. બજાર ફેરફાર વગરનો છે. સ્ટીમર "સીટી ઓફ ફ્લોરેન્સ" ગાંસડી ૧૦૦૦૦) લઇને નીકળીછે. તે ભળશે તો ગાંસડી ૨૭૦૦૦) થશે અને બજાર ઘટશે એવી ધારણા હતી. પરંતુ, સદરહુ સ્ટીમર ભળવા સંભવ નથી. રીયલ જોરીયાના ૭ા થી ૭ાા ના વેલ્યુ નીકળ્યા છે. કોઈ નવા સોદા પડયા નથી. પરંતુ રીયલ જોરીયાના ભાવ રૂા. ૧૧) ની આસપાસ ગણાય લીવરપુલમાં ઉંચો સફેદ પેની ૯) નો વેચાણો છે.

**રૂત :** ભરૂચ ૨૦૩ સાત ફ્રિચર મંદા.

**અનાજ કરીયાણુ :** ૧ાા≈ ૨) ઘઉં. ૧ા≋ ૧ાા~ બાજરો. ૧)≈ ૧ા≈ જુવાર. ૧ા≈ ૧ાા ચણા શ્રીકાર. ૧)~ ૧)≈ કમોદ જાડી. ૧ા~ ૧ા≋ મેથી. ૨ા≋ ૨ાા તલ શ્રીકાર. ૨ાા ૨ા≈ તલી સફેદ. ૧ા~ એરડી ઝીણી. ૧ા≈ એરડા જાડા. ૧ાા ૨)≈ મગ. ૧ાા≈ ૨) અડદ. ૧ા≈ મગફળી ઝીણી. ૧ા મગફળી જાડી. ૧ાા રાઇ. ૧) મઠ. ૦ાા કળથી. ૧ાા≈ ચણાની દાળ. ૧ાા ૨ાા ગોળ દેશી. ૨) શીંગદાણા. ૭)≈ કપાશીયા માળવો. ૯) વેસણ જાડો ૯ાા જીણો. ૧૧ા મેંદો. ૧૩) રવો. ૪)≈ ખાંડ. ૫ાા સાકર જાપાન. ૫ાા સાકર રાજકોટ શહેર. ૧ા~ ચોખા માડલો. ૧ા≋ ૧ાા મીલ સુગંધી. ૧ા≋ા ૧ા નાની મીલ. ૨ાા ૩ાા ભીમડી. ૨ા ૨ા≈ તુવેર દાળ. ૧૬ા≈ સાબુ ફુલ છાપ ૨૦ાા ફ્રાન્સ જોટો. ૨ાા ખારેક નવી. ૭) તજ. ૨૨) લવીંગ. ૫૦) ૫૫) એલચી. ૧૨) જાયફળ. ૭) ગુંદ. ૨ાા ખસખસ. ૨ા≈ ૨ાા ધાણા. ૮ાા જીરૂં શ્રીકાર. ૨ાા રાજગરો. ૪ા≈ ૪ાા હળદર. ૫) સુંઠ. ૬) ૬ાા ખોપરાં. ૫) શ્રીફળ પાણેચાં. ૧૦ા સોપારી. ૨ા અરીઠાં ૨૫) પસ્તી. ૦ા૦ા ૦ા~ ચા. ૭)≈ સોડા ગુણુ ૧. ૨ા≈ અજમા. ૨ાા સુવાદાણા. ૬) કોપરેલ તેલ પીપ. ૧૯) બુંદદાણા. ૦ા≋ ૦ાા~ માચીસ. ૮) દ્રાખ કાળી. ૩૩) બદામ મગજ. ૩ા વરીયાળી.

**ઘી :** ૨૦) મુંબઇ પરખ, ૧૬) તાજોરસ.

**તેલ :** ૫ાા તેલ તલનું. ૪) તેલ શીંગનું. ૩ા~ ગ્યાસલેટ ચાંદાગરા.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---

## મી. ચુનારા સામેના કેસ.

મુંબઇથી પ્રગટ થતા "ધી ઇસમાઇલી" ના અધિપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર અત્રેના શ્રીયુત કાનજી ગુલાભાઇએ હીં. ફો. કા. કલમ ૫૦૦) મુજબ પોતાની બદનક્ષી કર્યાની ફરીયાદ કરી હતી. જે ઉપરથી અત્રેના મે. ફ. ક. મે. સાહેબે મી. ચુનારાનો રૂા. ૧૦૦) દંડ કર્યો હતો. આથી નારાજ થઇ શ્રીયુત કાનજીભાઇએ સજા વધારવા માટે ના. હજુર કોર્ટમાં રીવીઝન અપીલ કરી છે. જેમાં બન્ને પક્ષના વકીલો તરફથી દલીલો થઈ ગઈ છે. ઠરાવ હજી આવ્યો નથી.

બીજા બદનક્ષી કેસની સુનાવણી આવતી તા. ૧૩-૯-૩૩ ના રોજ નીકળશે.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા હરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. " ખોજા જાગૃતે " ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

**કલમ ૧૦૮**

" કોઇ શખ્સ આ કાયદાની ચોપડીમાં ફરમાવેલા ધારા ધોરણથી વિરૂદ્ધ વર્તન કરે અગર કાઉન્સીલના હુકમનું અપમાન કરે અને નાતના રીવાજનો અનાદર કરે તો કાઉન્સીલ તેનો/ તેણીનો નોટીસથી ખુલાસો માગશે અને જો તે/ તેણી કાઉન્સીલ પાસે હાજર થઇ ખુલાસો કરવામાં કસુર કરશે તો કાઉન્સીલને યોગ્ય લાગે તે પ્રમાણે તેને/ તેણીને શિક્ષા કરવાનો કાઉન્સીલને અધિકાર છે. "

આ કલમમાં કોમની બહોળી હાડમારી સમાયેલી છે. ધારા ધોરણોથી વિરૂદ્ધ વર્તન, કાઉન્સીલના હુકમનું અપમાન અને નાતના રીવાજનો અનાદર એમ ત્રણ પ્રસંગોએ ખુલાસો માગવાનું ધોરણ રાખવામાં આવ્યું છે. ધારા ધોરણથી વિરૂદ્ધ વર્તન અને કાઉન્સીલના હુકમનું અપમાન એ બન્ને વસ્તુ એકજ છે; કારણ કે કાઉન્સીલના હુકમો એ ધારાધોરણને અનુસારજ હોવા જોઇએ છે. ધારા ધોરણથી વિરૂદ્ધ કાઉન્સીલને ફાવે તેવા હુકમો કરવાનું આ કાયદામાં કયાંય લખવામાં આવ્યું નથી; જ્યારે આ એ વસ્તુઓને જુદી જુદી ગણાવવાથી એવો અર્થ નીકળે છે કે કાઉન્સીલના હુકમ ધારા ધોરણથી વિરૂદ્ધ પણ હોય. નાતના રીવાજનો અનાદર એ મુદ્દો ઘણોજ ગંભીર છે અને વ્યવહારીક જીવનના એકે એક પગલાંનો તેમાં સમાવેશ થઇ જાય છે. અત્યાર સુધીમાં તેમજ પાછળ પણ નાતના રીવાજ કોને કહેવા એ સંબંધે એક પણ વ્યાખ્યા કે ખુલાસો કરવામાં આવેલ નથી. એટલે આ મુદ્દાની નીચે ગમે તેને ગમે તે કારણે કાઉન્સીલમાં હાજર થઇ ખુલાસો કરવાની ફરજ કાઉન્સીલ પાડી શકે છે. દાખલા તરીકે નાતના રીવાજમાં ખાને જવું, નાંદી લેવી દેવી, ધુવા પડવી, પંજો લેવો, મોટું કામ કરાવવું;

આ અને આવી બીજી અનેક ક્રિયાઓનો સમાવેશ થઇ જાય છે કે જે માણસની મુનસફી ઉપર છોડવામાં આવેલ હોવાથી તે ફરજીયાત નથી. પણ આ કલમથી આવી મરજીઆત વ્યવહારીક ક્રિયાઓનો પણ બધો કાબુ કાઉન્સીલના હાથ નીચે જાય છે. આવો મોટો ગંભીર પ્રશ્ન મભમ રીતે કાઉન્સીલના હાથમાં જવા દેવો એ અત્યંત જોખમ ભરેલું છે. રીતસરની ચુંટણીથી ચુંટાયેલી કાઉન્સીલને પણ જે સત્તા ન સોંપી શકાય તે આ ધરાર ધણી થઇ બેઠેલી ગેરકાયદેસરની કાઉન્સીલે પોતાને હસ્તક લીધા છે. હાલતાં ને ચાલતાં ખુલાસો કરવાનું ધોરણ ત્રાસદાયક છે.

**કલમ ૧૦૯.**

" લોકલ અગર સુપ્રીમ કાઉન્સીલ કોઇ શખ્સ ઉપર સરકાર સાહેબી ગુન્હેગારી નાખે અગર સદરહુ શખ્સને જમાતખાનું બંધ કરે, અને તે શખ્સ સદરહુ કાઉન્સીલ પાસે ખરા જીગરથી માફી માગવા માટે અરજી કરે તો તે શખ્સને માફી આપવા અગર તેની શિક્ષામાં ઘટાડો કરવા અગર જો તેના ઉપર સરકાર સાહેબી ગુન્હેગારી નાખેલ હોય તો તે પણ માફ કરવાનો કાઉન્સીલને અખત્યાર છે."

ખરા જીગરથી માફી માગવી કોનું નામ, એ જ્યાં સુધી સ્પષ્ટ ન થતું હોય ત્યાં સુધી આવી મભમ વાતને કાયદાની ચોપડીમાં સ્થાન આપવું વ્યાજબી ગણાય નહિ. બાકી ઠીક છે.

**કલમ ૧૧૦.**

" જો કોઇ ઓરતને તેણીનો ધરમાંઇલી ધણી ગેરવ્યાજબી ત્રાસ આપતો હોય અને તે મીસાલની ફરીયાદ કાઉન્સીલ પાસે કરવામાં આવે તો તે બાબત યોગ્ય ગોઠવણ કરવામાં આવશે અને તેણીના ધણીએ તે મુજબ વર્તવું પડશે."

આ કલમની પછવાડે રહેલો હેતુ પ્રશંસાને પાત્ર છે. તો પણ જે સંસ્થા રીતસરની ચુંટણીની પધ્ધતિથી ચુંટાયેલી ન હોય તેને ન્યાય તોળવાનો કાંઇ અધિકાર નથી. આ કલમ કોમે ચુંટેલી કાઉન્સીલના કોમે ઘડેલા કાયદાની ચોપડીમાં શોભે એવી છે–શબ્દાર્થે નહિ પણ ભાવાર્થે.

" ગેરવ્યાજબી ત્રાસ " એ શબ્દો બરાબર નથી. કોઇ સ્ત્રીને ' વ્યાજબી ત્રાસ ' પણ આપવાનો કોઇ પુરૂષને હક્ક નથીજ.

**કલમ ૧૧૧.**

" લોકલ કાઉન્સીલ પાસે ચાલેલ કેસના પ્રકરણની ખરી નકલ જ્યારે આપવાની હોય ત્યારે પ્રેસીડેન્ટે તેમાં સહી કરવી, અને સુપ્રીમ કાઉન્સીલે ખરી નકલ આપવાની હોય તેમાં ઓનરરી સેક્રેટરીએ સહી કરવી."

આ સંબંધે કાંઇ કહેવાપણું નથી.

---


## સસ્તું અને સારૂં વાંચન

વાંચવું હોય તો બે રૂપીયા મોકલાવી " ખોજા જાગૃતી " ના ગ્રાહક બનો.


આ અઠવાડીક રાજકોટમાં " લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ " માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

કયાં સુધી ?

છુટક નકલ ત્રણ પૈસા.

Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨
દેશાવર રૂ. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૨૭ : ઑગસ્ટ ૨૯ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ભાદરવા શુદ ૯ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## મૃત્યુ ન હોત તો ?

"મૃત્યુ ન હોત તો આપણે જીવન કેમ કરીને સહન કરત ? મરણ પછીની સ્થિતિ અજ્ઞાત છે એ વાત સાચી છે, પણ અજ્ઞાત પ્રતિ બીકજ શા માટે રાખીએ ? અજ્ઞાત પ્રતિ બીક પણ સંભવે અને આશાભરી કુતુહલ વૃત્તિ પણ સંભવે. અજ્ઞાત એટલું બીહામણું એમ માનવા બેસીએ તો આખો ભવિષ્ય કાળ આપણે માટે અસહ્ય થવો જોઇએ, અને રોજ રાત્રે સુતી વખતે હાહાકાર કરી મુકવો જોઇએ. પ્રામાણિક માણસ આખો દિવસ શ્રમ કર્યા પછી જે વિશ્વાસથી અને સમાધાનથી નિદ્રા માતાના ખોળાનું શરણ લે છે એજ વિશ્વાસ અને સમાધાનથી આપણે મૃત્યુને કાં ન વધાવી લઇએ ? સુતા પછી નવો દિવસ ઉગવાનો છે અને આપણેને આપણેજ એમાં ફરી પ્રગટ થવાના છીએ, એ વિશ્વાસને કારણે સુતાં બીક નથી લાગતી, એવી દલીલ બાળકોના જીવનને લાગુ પાડી શકાય. બાળકો જેટલો વિશ્વાસ આપણે કેમ ન કેળવીએ ?

ખાલી થયેલા સ્તન પરથી બાળકને ખેંચી વાત્સલ્યથી બીજા સ્તન તરફ માતા ( બાળકને ) લઇ જાય છે, તેવી રીતે વિશ્વજનની એક જીવનમાંથી આપણને બીજા જીવનનો લ્હાવો લેવા લઇ જાય છે, અને અશ્રદ્ધાળુ બાળકની પેઠે આપણે એ ક્ષણિક વિરહને કારણે દુઃખી થઇએ છીએ."

—કાકા કાલેલકર.

### આજના અંકની સામગ્રી.

કયાં સુધી ?
"ખાટો મારા બાપા"
જય જાગૃતિ !
પહેલાં, હમણાં અને પછી.
સપ્તાહનો સાર.
વેપાર સમાચાર.
કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૯-૮-૩૩.

## ક્યાં સુધી?

આ દુનિયામાં ઘણી કોમો; કોઇ મોટી તો કોઇ નાની. આપણે પણ તે મુજબ એક કોમ; બીજી મોટી કોમોની સરખામણીમાં ભલે નાની. દુનિયા આખીમાં સૌ સૌનો વહીવટ ચલાવે; પોતે પોતાનું ફોડી લ્યે; વાજબી કે ગેરવાજબી, સારી કે નરસી ગમે તે રીતે પણ પોતાનું પોતાના હાથેજ પતાવે. આ બધાથી જુદા પડવાનું દુર્ભાગ્ય એક આપણ-નેજ. આપણો વહીવટ આપણે ન ચલાવી શકીયે; આપણને આપણું ફોડી લેવાની છુટ નહિ; આપણા ઉપર બીજા સત્તા ચલાવે; આપણો ઇન્સાફ બીજા તોલે; આપણો વ્યવહાર બીજા નક્કી કરે.

કાઉન્સીલના અત્યારે આપણે ગુલામ છીએ. કાયદાના અત્યારે આપણે શીકાર છીએ. કાઉન્સીલ આપણો વહી-વટ ચલાવે. કે'દિ આપણે કાઉન્સીલ સ્થાપી? કયરે આપણે તેના સભ્યોની ચુંટણી કરી? આપણું પ્રતિ-નીધીત્વ આપણે તેને ક્યારે સોંપી દીધું? કદી નહિ. છતાં આપણો એ વહીવટ ચલાવે છે, હાથે બનાવેલી ખુરશીઓ ઉપર હાથેજ ચડી બેસે છે અને પછી આપણા તે પ્રતિનીધી હોવાનો દાવો કરે છે. એ દાવો કરતાં નથી ધરાતા, આપણો વહીવટ અન્યાયના બળે આપણા હાથમાંથી ઝુંટવી લઇને પણ એ નથી સંતોષાતા. પણ આપણા ગેરવહીવટમાં તેને મઝા આવે છે, આપ-ણને ચૂસવામાં તે આનંદ અનુભવે છે અને આપણને ગુલામ બનેલા જોવા એની આંખો તલસે છે. આપણી ગુલામીમાં તે રાચે છે. અને કાયદા—કદીએ આપણે તેના ઉપર આપણા સ્વીકારની મ્હોર નથી મારી. એની એક પણ કલમ ઘડતી વખતે આપણને પુછવામાં નથી આવ્યું. જે આપણે પાળવાના છે તે બીજાએ ઘડયા છે. આપણા હકની અવહેલના, આપણા અવાજની અવગણના, આપણો મૂક પણ મજબુત તીરસ્કાર અત્યારે એ કાયદા કરી રહ્યા છે. એ કાયદાથી આપણે પાયમાલ થયા છીએ; એની એક એક કલમે આપણા શરીરનો એક એક ભાગ નીચોવી લીધો છે. શેરડીવાળાનો સાક્ષી ગંડેરીવાળો અને ગંડેરીવાળાનો શેરડીવાળો. કાઉન્સીલને કાયદાનો ટેકો, કાયદાને કાઉન્સીલનું પીઠબળ. પરસ્પરના આશ્રયે ચાલતું આ યંત્ર આપણને ચૂસીને ખોખું બનાવવા શિવાય બીજું કાંઇ કામ કરતું નથી.

કોણ એવો દુર્ભાગી હશે કે જે આ વસ્તુસ્થિતિથી પરિચિત ન હોય? આજે કોની આંખો પુટી ગઇ છે કે જે આ ચૂસણયંત્ર જોઇ શકતો ન હોય? કોના કાન આજે બ્હેરા થઇ ગયા છે કે જે કોમની કારમી યાત-નાની ચીસો સાંભળી શકતો ન હોય? કોઇ દુર્ભાગી નથી, કોઇ આંધળો નથી કે કોઇ બ્હેરો નથી. સૌ આ સ્થિતિ જાણે છે, નથી જાણતો એમ કહેનાર પણ તે જાણે છે, ભલે પછી તેની આંધળી શ્રદ્ધા તેને તે સ્વીકા-રવા ના કહેતી હોય. કોમમાં આજે આ પરીસ્થિતિથી કોઇ અજ્ઞાત નથી.

આ સ્થિતિ મીટાવવાનો ઉપાય શું? આ દોહ્યલા દહાડાનો અંત કઇ રીતે લાવવો? એવો તે કયો રસ્તો છે કે જે સૌ અનુસરી શકે? આનો જવાબ એકજ છે. ખોરાક બંધ કરો. પૈસા આપવા બંધ કરો. ફરજીઆત લાગાઓ ઉઘરાવવા આવનારને સાફ નકાર સુણાવી દ્યો. મરજીઆત લાગાઓ કદી પણ નહિ આપવાની પ્રતિજ્ઞા લ્યો. આ એક એવું હથીઆર છે કે જે બધા સંકટો સામે લડી લેશે અને સર્વને વશ કરી વિજયને વરશે. કારણ કે આ બધા ઉપદ્રવનું કારણ ધનનો લોભ છે. પૈસા નહિ આપવાથી તમે એના મૂળને અડકો છો. મૂળ ખવાતાં વૃક્ષ આપોઆપ પડી જશે. કોઇ તમારો મફત પટેલ કે પીર નહિ થાય. તમારી પડી છે, તમારી ઉપરની સત્તાની પડી છે કે બીજી કોઇ ચીજની પડી છે તેના કરતાં તમારા બની બેઠેલા સ્વામિને પૈસાની વધુ પડી છે.

જો ઉપચાર કરવામાં ન આવે તો આ વ્યાધિ ક્યાં સુધી ચાલશે તેનો કોઇએ વિચાર કરી જોયો? જોઇતું ઔષધ ન મળવાથી કેટલા લાંબા કાળથી આ ઉપદ્રવ ચાલ્યો આવે છે તેનો કોઇને ખ્યાલ છે? ક્યાં સુધી, ક્યાં સુધી આપણે આ ત્રેવડો માર સહન કરી શકીશું? આપણાં હાડ ચામ નીચોવીને આપણે ક્યાં સુધી તેને પોષી શકીશું? વહેલે મોડે પણ આપણે આ બંધન ફગાવી દેવાનું બળ પ્રાપ્ત કરવું પડશે. તો પછી શા માટે આજે અને અત્યારેજ એ એકઠું કરી બાકીનો કાળ સુખ અને મુકત અવસ્થામાં ગાળવા જોગવાઇ ન કરવી?

# "ખાટો મારા બાપા"

"ખાટો મારા બાપા. ગરમાગરમ ખીચડી. એક પૈસો; એક પૈસો. મુખીના ઘરની ખીચડી એક પૈસો ..."

"એક ને પાઇ", એક અવાજ.

"પૈસો ને પાઇ. ખાટો મારા બાપા, એક પૈસો ને પાઇ. તાંસળી આખી છે. એક ને પાઇ; એક ને પાઇ ..."

"દોઢ પૈસો", બીજો અવાજ.

"દોઢ પૈસો; દોઢ પૈસો. ખાટો મારા બાપા, દોઢ પૈસો. ઘી ઘણું છે."

"થોડું કાઢી લ્યો", એક વધુ અવાજ.

"દોઢ પૈસો એક વાર, દોઢ પૈસો બે વાર, દોઢ પૈસો. .."

"બે પૈસા", પહેલો અવાજ.

"બે પૈસા. ખાટો મારા બાપા, બે પૈસા એક વાર, બે પૈસા બે વાર, બે પૈસા ત્રણ ..."

"અઢી પૈસા", બીજો અવાજ.

"ત્રણ", પહેલો અવાજ.

"એક આનો", ત્રીજોજ અવાજ.

"એક આનો એક વાર, એક આનો બે વાર, એક આનો ત્રણ વાર."

દોઢ પૈસાની કિંમતની ખીચડી ચાર પૈસામાં વેચાઇ ગઇ.

'ખામોશ કરો, બાપા. નાંદી થાય છે. વાતચીત બંધ કરો; છોકરાં છાનાં રાખો.' આવા બે હાથ પાછળ રાખી દિવાલને અઢેલી ઉભેલા જમાતભાઇના ચેતવણીના સૂરની શરૂઆતથી, પાટ પાસે ઉભા રહી હાથનાં આંગળાં ઉપર નાની રકાબીથી મોટા થાળાઓને નચાવી, ખીચડીથી માંડી આંબાના રસનું જોરશોરથી લીલામ કરનાર કામડીઆની કલ્પના આપણને ઘણીજ સહેલાઇથી આવી શકે તેમ છે.

કાંખમાં છોકરૂં અને હાથમાં ભાણું લઇ સંધ્યા વીત્યે ઉતાવળી ઉતાવળી હાંફલી ફાંફલી થઇ સંચરતી ધર્મઘેલડી શ્રદ્ધાળુ સ્ત્રીઓને જોવી એ પણ આપણો દરરોજનો અનુભવ છે.

આંપણે આ બધું દરરોજ જોઇએ છીએ. આપણે હાથેજ કે બીજાઓથી એ પ્રતિદિન અમલમાં મુકાય છે. આમ છતાં આપણે કદી તેને માટે વિચાર કરતા નથી. આ વસ્તુ વિચારણા માગે છે એમ કદી આપણને સુઝતુંજ નથી. જમાતભાઇની સૂચના, કામડીઆનો ઘાટો અને ખરીદનારાઓની બીટ—આમાંનું કશું આપણને નવું લાગતુંજ નથી. કેમ જાણે એ સહજ હોવ, સ્વભાવેજ યોગ્ય હોય તેમ આપણે મૂઢવૃત્તિથી આ બધું જોઇએ છીએ.

પણ તેમ નથી. આ ક્રિયા સ્વભાવેજ યોગ્ય કે સહજ નથી. દરરોજના પરિચયથી તેમાં રહેલી વિચિત્રતા આપણી આંખ જોઇ શક્તી નથી એટલુંજ. જેની આંખને આવો દરરોજનો પરિચય નથી એ અવસ્ય આ ક્રિયામાં અનેક અનર્થો જોઇ શકશે.

જો જમાતખાનાને એક બંદગીસ્થાન તરીકે સ્વીકારવામાં આવતું હોય તો આ પકાવેલ અનાજની કે તેની હરરાજીની કશીએ ત્યાં જરૂર નથી. બંદગી એટલે ચિત્તની સ્થિરતા. ખીચડીનું ભાણું કે દુધનો પ્યાલો એ ચિત્તને સ્થિર કરવાનું કારણ નથી એ સહુ કોઇ કબુલ કરશે. તેમજ આપણે ચિત્તને આવી વસ્તુઓમાં સ્થિર કરવાની જરૂર પણ નથી. મતલબ કે આ રીતે આવી વસ્તુઓ ખાનામાં લાવવી એજ અનાવશ્યક છે. પરિણામે તેનું વેચાણ કે લીલામ એ પણ અકારણ છે.

જમાતખાનામાં લાવવામાં આવતી આ બધી વસ્તુઓ મૃત્યુ પામેલાના રૂહને ખોરાક પહોંચાડવા માટે છે એ સિધ્ધાંત કેટલો ભૂલભરેલો છે એ "ખોજા જાગૃતિ" ના અંક ૯–૧૦–૧૧ તથા ૨૩ માં સ્પષ્ટ રીતે સમજાવવામાં આવેલો હોઇને તે વિષે હું આંહી કશું પીષ્ટપેષણ નહિ કરૂં.

આ બધી વસ્તુઓ મુસાફર કે બચ્ચાંઓને આપી દેવામાં આવતી નથી એ તો એની થતી હરરાજી અને વધારેમાં વધારે પૈસા આપનારને તે આપી દેવામાં આવે છે તે ઉપરથી આપણને સિદ્ધ થાય છે.

જમાતખાનામાં આવી વસ્તુઓ લાવવાની નિરર્થકતા પછી પણ એક ખાસ વસ્તુ તરફ આપણું લક્ષ ખેંચાવું જોઇએ. જે વસ્તુઓનું લીલામ કરવામાં આવે છે તે તંદુરસ્તીની દ્રષ્ટિએ યોગ્ય છે કે અયોગ્ય? મોટો ભાગ જમાતખાનામાં પકાવેલ અનાજ લાવવામાં આવે છે અને એ અનાજ રંધાયા પછી લગભગ ત્રણ કલાક તે ખુલ્લેખુલ્લું, રાત્રિના વખતમાં અને બતીના જીવજંતુઓ પડવાના પુરા સંભવ તળે પડયું રહે છે. સામાન્ય રીતે ઉઘાડી રહેલી કોઇ ખોરાકની વસ્તુ આપણે ખાતા નથી, અને વૈદ્યકિય દ્રષ્ટિએ તે ખાવી જોઇતી પણ નથી. જ્યારે આંહી તો આપણે દોઢા દામ આપીને તે જાણી બુઝીને ખરીદીએ છીએ. મારા એક મિત્રે બપોરે કાઢેલો આંબાનો રસ નજ ખાઇ શકાય તેટલો ખાટો સાબીત થવાથી તેણે રાત્રે તે જમાતખાને મોકલાવ્યાનું મારી જાણમાં છે. આ પ્રમાણે જમાતખાને જે પકાવેલ અનાજ આવે છે તે કયારે રાંધવામાં આવ્યું હશે તે પણ એક શક પડતીજ વાત રહે છે. આ બધું વિચારનારને એમ લાગ્યા વિના રહેશે નહિ કે જમાતખાને ભાણું લઇ જવું અથવા તો ત્યાંથી તે ખરીદવું એ બીજાઓની તેમજ પોતાની તંદુરસ્તીને ભારે જોખમમાં મુકવા બરાબર છે.

કોઇપણ ધર્મસ્થાનમાં આવી રીતે પકાવેલ અનાજ હરરાજીથી વેચવામાં આવ્યાનું સાંભળ્યું નથી. અને આપણે આ ઉભી કરેલી અનોખી ક્રિયાથી 'રાંધેલ ધાનના વેચનાર' નું બીરદ આપણી આબરૂને હલકી પાડે છે.

આટલું તો આપણી પોતાની સાથે નીસ્બત ધરાવતું. પણ જે લીલામ કરનાર છે અને એ લીલામની ઉપજ જે ખાનાર છે એ સંબંધે પણ આપણે વિચાર કરવો ઘટે. લાંબા કે પહોળા ગમે તેટલા વિચારને અંતે પણ એ વાત કબુલ કર્યા શિવાય ચાલે તેમ નથી કે આ બધી ગડમથલ માત્ર સહેલાઇથી ધન એકઠું કરવા માટે છે. એ માટે બીજી કોઇ દલીલ નથી કે બીજો કોઇ બચાવ નથી.

આપણે જો સાચેજ ગાડરીયા પ્રવાહમાં ખેંચાતા ન હોઇએ તો જે વસ્તુ બીજાને આપણા ઘસારાથી સ્વાર્થ સાધવાના કારણરૂપ છે અને આપણને પોતાને આર્થિક અને શારીરિક નુકશાન પહોંચાડનારી છે તેને ઘડીના છઠ્ઠા ભાગમાં તજી દેવી જોઇએ.

# જય જાગૃતિ !

લેખક : શ્રી. દેવાણી.

## આદેશનાં અપમાન.

સરજનહારે નિજ અંશમાંથી પોતાની સરજનકલાના કલ્યાણકારી નમુના સમા સર્વોત્કૃષ્ટ માનવ જીવો સરજ્યા. એની અંદર અદ્દ્ભૂત શક્તિઓ ભરી, ઉત્તમોત્તમ ઇન્દ્રીઓ બક્ષી. અને પછી પોતાના સ્વર્ગથીએ સુંદરતર અલૌકિક સૃષ્ટિમાં પ્રભુતા પાથરવા, જીવન કલાના વિકાસ, ઉપભોગ ને અનુભવ અર્થે છૂટા મુકયા. પરંતુ કોઇ અમંગલ ઘડીએ માનવ જંતુઓએ આ દિવ્ય આદેશમાં દીવાસળી મુકી પોતાની શયતાનયતનાં સિંહાસનો જમાવ્યા. સંયોગો અને શક્તિઓના લાભ ઉઠાવી, સૃષ્ટિમાં સ્વર્ગ રચવાને બદલે એણે નર્ક ઉતાર્યાં. પોતાનાજ જાતભાઇઓને-માનવ બંધુઓને-ગુલામીની અને કંગાલીઅતની જંજીરો પહેરાવી, સૃષ્ટિની સત્-ચિત્-આનંદ સ્વરૂપ અનંત ને ઇન્દ્રીયાતીત શક્તિની મહત્તા તથા વિજય ભૂલાવી પોતાના પતિત દેહની પૂજા-અર્ચના-આરતીથી ઇશ્વરત્વનાં પાખંડ ફેલાવ્યાં. પોતાના સાડા ત્રણ હાથના ક્ષણભંગુર દેહના લાલન પાલન ને ઉન્માદ અર્થે એણે અનેક આત્માઓને ભ્રષ્ટ કર્યા, કચડી નાખ્યા, કંગાલ બનાવ્યા અને આજના પ્રકાશ યુગમાં પણ ભીષણ અંધકારની ભેદી દિવાલો પાછળ કેદ રાખ્યા. પોતાના એક વેંતના આસુરી ઉદરનો ખાડો પુરવા એણે પોતાના લાખો ભોળા ભાંડુઓનો ટુકડો છીનવી લીધો. લાખોના જીવનને ગુંગળાવી મારી એણે લાખોની ફનાગીરી આદરી, પોતાના એકહથ્થુ અધિકાર ને અમર્યાદ વાસનાઓ તૃપ્ત કરવા જગતમાં અનેક જુધ્ધો ને સંહાર ખેલાવ્યા. લોહીની નદીઓ વહેવડાવી.

## જાગૃતિનાં વધામણાં.

કાયદા-કાનુનો, રીત-રીવાજો, બંધારણો, શિરસ્તાઓ, સંપ્રદાયો, ફરમાનો ને રૂઢીઓની બિહામણી અટવીના અંધકારમાં પોતાનું સ્વરૂપ ભુલી, જગત એ જાલીમોના ભાર નીચે ચગદાઇ ગયું. રાજ્યનાં, ધર્મનાં, ન્યાયનાં, નીતિનાં ઉજ્જવલ આસનો કાદવથી અને ખુનથી ખરડાઇ ગયાં. એવી વિહ્વલ ઘડીએ, મૃત્યુ ઘડીએ પૂર્વના આકાશમાંથી યુવાનીના આતશ સમાં, જીવનની આશા સરખાં, જાગૃતિનાં કુંકુમવરણાં કિરણો ફુટયાં. સરજનહારના વિસરાયેલા કલ્યાણ સંદેશની, શાંતિની, સેવાભાવની, સમાનતાની, સ્નેહની, બિરાદરીની એણે બાંગ પોકારી. રાજકીય, ધાર્મિક, સામાજિક, કૌટુંબિક અને જીવનના પ્રત્યેક ક્ષેત્રના કલ્યાણભાવી દેવતાઓ એ જાગૃતિ તથા ક્રાંતિની અમૃત ચીનગારીથી ચેતી ઉઠયા. જગતની દરેક જીવતી પ્રજાએ, સમાજે, જ્ઞાતિએ, વ્યક્તિએ અને કુદરતની જડતાએ પણ એનાં વધામણાં કર્યાં. ત્યારે ઓ બડભાગી ખોજા કોમ ! તું કયાં ઉભેલી છે ? આજના પ્રકાશ ને પરિવર્તન ત્હારે મંજુર છે કે નામંજુર ? જ્યોતિ ને જાગૃતિ ત્હારે કબુલ છે કે નાકબુલ છે ? ત્હારા રૂંધાયેલા આત્માના અવાજને પ્રકટ કરવા, પ્રકાશનાં ગીત ગાવા ત્હારી આગળ કયા સાધનો છે ? ત્હારો આફતાબ ને ત્હારી જાગૃતિ આજ કઇ દિશામાં ઉગે છે ?

## "જાગૃતિ" કયાંથી નીકળે છે ?

સ્વાર્થ, સંકુચીતતા, આડંબર ને પ્રતિષ્ઠાની ઉજળી કબર નીચે પોઢેલો ત્હારો પામર આત્મા અજાણ બનીને હજુ પ્રશ્ન પુછવાની ધૃષ્ટતા કરે છે કે "જાગૃતિ" કોણ કાઢે છે ને કયાંથી નીકળે છે ? એવા ઉદાર ને સુજ્ઞ કહેવાતા આત્માઓના મુક્ત હૃદયમાં જો પોતાના સેવાભાવી સુશિક્ષિત બિરાદરો પ્રત્યે લેશ માત્ર પણ લાગણી કે સહાનુભૂતિની સ્નિગ્ધતા રહી હોય, તો એનો સ્પષ્ટ ઉત્તર છે કે-દ્રષ્ટિ હોય તો "જાગૃતિ" કેવળ રાજકોટમાંથી નહિ પરંતુ તમારી ચોપાસ, તમારા આત્માના શુદ્ધ અવાજમાંથી નીકળે છે. તમારા ઘરના છાપરામાંથી, તમારાજ વારસદારોના અંતરમાંથી નીતરે છે. અને તમારી ભાવના હશે તો તમારા ન્હાનકડા આફતાબના પૃષ્ટ ઉપર પણ એનાં કિરણો પ્રકટશે. અને "જાગૃતિ" કોણ કાઢે છે ? નવયુગનાં આંદોલનો, નવયુગનો પ્રકાશ એ "જાગૃતિ" બ્હાર પાડે છે. નવયુગનો સાહસિક ને સ્વતંત્ર વિચારક દરેક યુવાન એનો એડીટર છે. વાતાવરણના વિશાલ પાના ઉપર એ નિરંતર છપાય છે એની ગતિને એની હસ્તિને કોઇ અટકાવી શકે તેમ નથી. તમે તમારા આત્માને રૂંધીને, તમારી દ્રષ્ટિને ત્રાંસી કરીને, આદા હાથ દઇને મિથ્યા આત્મવંચનાની વાણી ઉચ્ચારો છો કે "જાગૃતિ" કયાંથી નીકળે છે ?

## આપઘાત આદરશો મા.

અને તમે એ વાંચતા શું કરવા નથી ? એનું તેજ સહન થતું નથી ? કે તમારી કાલ્પનિક ઇમાનદારી ને પ્રતિષ્ઠા સાંચવવા, તમારા સ્વાર્થ, પરિસ્થિતિ ને વ્યવહાર રક્ષવા ? તમારી મુસદ્દીગીરી, શાણપણ અને તટસ્થતા જાળવવા ? કે કાઉન્સીલના કોપથી દબાઇ જઇને કેવળ લોકનિંદાના અને નજીવા ખર્ચના ભયથી આવી આત્મહત્યા કરો છે ?

એથી તમે તમારા ધર્મને બચાવી લેવા માગતા હો તો એ નરી મૂર્ખતા છે. કારણ કે ધર્મમાં પોતાનું, તમારૂં ને આખા સંસારનું રક્ષણ કરવાનું બળ હોવું જોઇએ. એ સ્વયં આપો આપ બધાં વાદળાં વિખેરી નાખશે. એ માટે તમારે કશા ધમપછાડા કે બહાદુરી હાંકવાની જરૂર નથી.

ઇમાનદારીને આંચ આવી જવાનો ભય હોય તો તો એમાં ઇમાનદારીનીજ મશ્કરી છે. એવી અસ્થિર તથા કાચી ઇમાનદારીને છૂપાવીને કયાં સુધી જીવાડશો ? ઇમાનદારી તો ખડગની ધાર અને અગ્નિની શિખા ઉપર પણ ખુલ્લંખુલ્લાં ઉભવા તૈયાર હોવી જોઇએ. તમારી ઇષ્ટ ને ઉપાસ્ય વસ્તુના રક્ષણ, વિકાસ અને વિજય માટે તમારી ચોતરફ કઇ જાતના વાયરા વાય છે, તમારા પગ નીચેની ભૂમિ નક્કર છે કે પોલી થતી જાય છે, તમારી આસપાસની સ્થિતિ કેવું સ્વરૂપ પકડતી જાય છે, તમારા ધર્મ ઉપર, ઇમાનદારી ઉપર કઇ જાતનાં વાદળી ઘેરાય છે એ તમારે દરેક સ્થળેથી અને સાધનોથી જાણવુંજ જોઇએ. નહિ તો તમે તમારા ધર્મના, માનવ જાતના, ઇમાનદારીના અને ખુદ રાહબરના પણ દ્રોહી છો. એ સંબંધમાં ફેલાતી

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૧૫ )

# પહેલાં, હમણાં અને પછી- લેખકઃ શ્રી. " ભગત."

## પહેલાં—

—જ્યારે આપણા ગૃહજીવનમાં આજના ધર્મ અને તજ્જન્ય સંતાપોનો સર્વથા અભાવ હતો–એને સૂવર્ણયુગ કહી શકાય–ત્યારે આપણે સુખ, શાંતિ અને સંપમાં આપણો કાળ નિર્ગમન કરતા હતા; અને ત્યારે આપણને પુત્ર હતા, પુત્રિઓ પણ હતી, તેમના સગપણ અને સંબંધો પણ થતા હતા અને જે સંબંધો થતા તે માત્ર બન્ને પક્ષના કુળગૌરવને લક્ષમાં રાખીને થતા હતા. ત્યારે ધુવા અને જ્ઞાનની આવડત કે પ્રતિદિન ખાનાની હાજરી સંબંધે કોઇ કાંઇ વિચાર કરતું નહિ. તે વખતે મોટા કામનું તો કોઇએ નામ પણ સાંભળેલું નહિ.

એવા એ સુભગ કાળે આપણામાં પરસ્પર પ્રેમ, જીવનમાં ઉલ્લાસ અને સુંદરતા હતાં–સારૂં એવું સર્વ કાંઇ હતું. ન્હોતા માત્ર કંકાસ, આજની ગડમથલ અને મથામણ. ધાર્મિક શોષણ ચક્કી કે આજની વિવિધ ગુલામી, એમાંનું કશુંએ ન્હોતું.

પણ વસ્તુ માત્રને વિષે નિયમ છે એમ આપણા એ સુખ-શાંતિના કાળનો ગ્રાસ થવા વખત આવ્યો. " જુના થાતાં મધુર સુખડાં, ચિત્ત શોધે નવાંને" એ સ્વર્ગસ્થ કવિ કલાપીના કથનાનુસાર, જેમ સૂવર્ણ મૃગનો સર્વથા અસંભવ જાણ્યા છતાં શ્રી. રામચંદ્ર જેવાને એની પાછળ જવાની દુર્મતિ સુઝી એમ, આપણને આંહી સુખે રહેતાં સંતોષ ન થયો, અને આપણે સ્વર્ગની સુંદરીઓની સાથે મોજ માણવા પાછળ આપણું ચિત્ત દોડાવ્યું. આપણને જીન્નતની જાળમાં ફસાવનાર ના. આગાખાનના પિતામહ જેની સલામતી અને સુખવૈભવો માદર વતન ઇરાનમાં અશક્ય થઇ પડવાથી આ દેશમાં આવ્યા. આપણે તેમને પોતાના કરી માન્યા, અને ત્યારથી આપણો અધઃપાત શરૂ થયો. આપણા ધનદૌલત અને મનબુદ્ધિ તેમને ચરણે ધરવાની તકને એ સમય સાધકોએ વિના વિલંબે ઝડપી લીધી, જેનું પરિણામ

## હમણાં—

—આપણે ભોગવી રહ્યા છીએ. આપણે એને હૃદયના સ્વામિ તરીકે સ્વીકાર્યા. આપણું સર્વસ્વ, આપણા સામાજિક સર્વાધિકારો તેના ચરણે ધર્યા, અથવા એણે સીફતથી પોતાને સ્વાધીન કરી લીધા. અત્યારે આપણે એ વિષવૃક્ષના હજુ અપક્વ પણ કટુ ફળોનો આસ્વાદ અનિચ્છાએ પણ લઇ રહ્યા છીએ. "આંગળી આપતાં પોંચો કરડે." એ સૂત્રાનુસાર આપણા એ તારણહારોએ આપણને ભેસ્તની ભૂલભૂલામણીમાં નાખી આપણા ગૃહજીવન અને સામાજિક અધિકારોમાં પણ આધિપત્ય જમાવ્યું છે. તેમણે કહ્યું કે 'તમને આ દુનિયાથી અપ્રતિમ સુખનો સ્વાદ ચખાડીશ, તમને સ્વર્ગમાં લઇ જઇશ, તમે તે પૈસા આપીને મારી પાસેથી ખરીદો.' તે કાળે આપણને આપણા નિત્ય જીવનમાં નિર્ભેળ સુખજ સુખનો કંટાળો નહિ તો અસંતોષ તો જરૂર ઉપજેલો. એકધારા ઉપભોગથી વસ્તુ નિરસ થઇ જવાનો જે સામાન્ય નિયમ છે તેમ આપણને પણ કાંઇ નવીનતા જોઇતી હતી. આપણે એ પારલૌકિક પ્રપંચજાળમાં ફસીને અત્યારે સર્વસ્વ ગુમાવી બેઠા પછી હવે એ સોદામાં છેતરાણા હોવાનું, આપણા સંપ, સંપત્તિ અને શાંતિનો ભોગ આપ્યા પછી એ વસ્તુ મિથ્યા હોવાનું, ભાન થયું છે. આજે આપણને એ વસ્તુ અત્યંત મોંઘી પુરવાર થઇ ચુકી છે. ત્યારે પણ આપણે 'લીંબડે આપણને બથ ભરી છે.' એમ માનવાની એક બીજી ભૂલ પણ કરી રહ્યા છીએ.

આપણે આ પોતેજ રચેલી જાળને દુર્ભેદ માની લઇ તેને વિદારવાનો જરા સરખોએ પ્રયત્ન કર્યા વિના નિત્યપ્રતિ વધારે અને વધારે ચૂસાતા ચાલીએ છીએ. આ સ્થિતિ અટકાવવા આ જનાજો અને જાન અટકાવી પૈસા કઢાવતા ધર્મથી મુક્ત થવા–ભોગો આપીને પણ–પ્રયાસ નહિ કરીએ તો

## પછી—

—આજે જે પૈસા મરણ કે પરણવાના પ્રસંગેજ અટકાવીને લેવાય છે તે આવતી કાલે જપ્તી કરીને કે જેલમાં મોકલીને લેવામાં આવશે, એમ માનવાને પુરતાં કારણો છે.

હજુ આપણે ધારીએ તો એ લીંબડો જેને આપણે પોતે બથ ભરી છે, તે છોડી દેવી સહજ સુલભ છે. આવતી કાલે એવો દિવસ આવશે કે આ 'લીમડો' છે તે 'ખથો[1]' થઇને આપણી ગરદન પકડશે.

દાખલા તરીકે અત્યારે આપણી કહેવાતી ધાર્મિક ફરજો અદા કરવામાં કસુર થાય તો તેને સામાજિક ગુન્હો ગણી આપણને સમાજથી બહિષ્કૃત માત્ર કરાય છે. આવતી કાલે એ દિવાની અખત્યારે ધરાવશે અને તેમાંથી પછી ફોઝદારી ગુન્હાનું સ્વરૂપ પકડે તો આ જોતાં નવાઇ નહિ.

સાધારણ રીતે જે માને, જે પાળે તેનો ધર્મ હોય. તેમાં બળજબરી કે જબરજસ્તીને સ્થાન ન હોય. તેમ છતાં આપણો અનુભવ આપણને જુદુંજ કહે છે. ના. આગાખાનની અત્યારની લાગવગ, આપણો તેની સાથે લગભગ ગુલામ અને માલીકના જેવો સંબંધ ઉપરની અટકળ કરવા આપણને પ્રેરે છે. આજની આ અટકળ આવતી કાલે ખરી હકીકત બનશે.

અત્યારે આપણે આ અનિષ્ટને આપણાથી અળગું કરવા હજુ આપણી મેળે સ્વતંત્ર છીએ ત્યારે 'લીંબડે બથ ભરી છે' એમ માની ગુલામી બરદાસ્ત કર્યા કરશું, તો આવતી કાલે આપણને " ખથો છોડશે નહિ."

વાત એમ છે કે એક ભરપુર નદીના વ્હેનમાં એક રીંછ તણાતું જતું હતું, તેવે કિનારા ઉપર બે માણસો આવ્યા; તેમાંના એકે રીંછને ખથો ધારીને તેને કાઢવા નદીમાં પડતું નાખ્યું. રીંછ પાસે તે પહોંચ્યો. 'ડુબતું તણખલાંને પણ પકડે' નો સર્વ સામાન્ય નિયમ રીંછ વેરે પણ નિયમ તે નિયમજ રહ્યો. તેણે–રીંછે–પેલા માણસને પકડયો. કાંઠે ઉભેલો માણસ જે તેનો બાપ થતો હતો તેણે માન્યું કે અસાધારણ વજનવાળો ખથો છોકરો ખેંચી શકતો નથી, તેથી તેણે બુમ મારી. "એ, એ, ખથો છડી દે, ખમીસા! ખથો છડી દે" "એ, પે![2] આં ઉં[3] તો છડાંતો, પણ ખથો મુકે નાંહિ છડનો."

અને ખરેખર ખથો એ ગરીબ બીચારાને ખેંચી ગયો.

સંભવ છે કે આપણે માટે પણ એ પ્રસંગ આવે કે આજે છોડી દેવાતી લીંબડાની બથ આવતી કાલે કાયદાથી ખથાનું સ્વરૂપ લે અને આપણે લલાટે સદાની ગુલામીનો લેખ લખાઇ જાય.

---

૧. જાડો મોટો ડગલો. ૨. બાપ. ૩. હું.

# સપ્તાહનો સાર.

**મ. ગાંધીજીનો છુટકારો :** અગાઉ રાજકેદી તરીકે હરીજન પ્રવૃત્તિ માટે મળેલી સગવડો આ વખતે નહિ મળવાથી મહાત્મા ગાંધીજીએ યરવડા જેલમાં જીંદગી પર્યંતના ઉપવાસ આદરવાથી આઠમા દિવસે સરકારે તેમને સગવડ આપવાને બદલે જેલમાંથી મુકત કર્યા છે. તેમનું વજન ઘટયું છે, અશકિત આવી છે, પણ કાંઇ જોખમ નથી.

મહાત્માજીના છુટકારા પહેલાં દેશભરમાં સરકારી નીતિનો વિરોધ કરવા સભાઓ મળી હતી. રાજપુતાનાના એક આગેવાને વાયસરોયને કરેલ તાર કે "ગાંધીજી જીવે છે તો હિંદુસ્તાન જીવે છે, અને હિંદુસ્તાન મરશે તો ઇંગ્લેંડ જીવી શકશે નહિ." તથા કલકત્તાના મેયરની સરકારને ચેતવણી કે "ગાંધીજી પહેલાંની માફક આજે પણ હિંદના તાજ વગરના રાજા છે" એ જાણવાજોગ હતાં.

**પંડીત જવાહરલાલ :** હિંદી રાષ્ટ્રિય મહાસભાની લાહોરની બેઠકના પ્રમુખ અને ભારતના જુવાનોના પ્રાણ સમા પંડીત જવાહરલાલ નહેરૂ આવતી તા. ૧૨ ના રોજ છુટશે.

**વ્યકિતગત સત્યાગૃહ :** મહાત્મા ગાંધીજીથી શરૂ થયેલો વ્યકિતગત સત્યાગૃહ આખા દેશમાં વધુ ઓછા જોરથી ચાલુ છે. મહાસભાના કામચલાઉ પ્રમુખ સરદાર શાર્દુલસીંગની પરદેશી કાપડ ઉપર પીકેટીંગ કરવા બદલ ધરપકડ થઇ છે અને તેમને સાત માસની સજા કરવામાં આવી છે. તેમની પછી કોઇ કામચલાઉ પ્રમુખ નહિ આવે એમ જાહેર કરી તેમણે એ હોદ્દો બંધ કર્યો છે અને કરાંચી કોંગ્રેસના પ્રમુખ સરદાર વલ્લભભાઇ પટેલના હાથમાં તે સત્તા સોંપી દીધી છે. સરદાર પટેલ અત્યારે જેલમાં છે. પ્રાંતિક સમિતિના પ્રમુખોના હોદ્દા પણ બંધ કરવામાં આવ્યા છે.

**મીરાં બ્હેનનો છુટકારો :** મહાત્મા ગાંધીજીના યુરોપીઅન શીષ્યા મીસ સ્લેડ કે જેઓ મીરાં બ્હેનના નામથી દેશમાં પ્રખ્યાત છે તેમનો સજાની મુદત પુરી થતાં છુટકારો થયો છે.

**કાવત્રા કેસ :** ચીત્તાગોંગ (બંગાલ) ના સરકારી દારૂગોળાના મથક ઉપર અમલદારોનો પહેરવેશ પહેરી હથીયારબંધ ધાડ પાડનારી ટુકડીના આગેવાન સૂર્યસેન અને તારકેશ્વરને ફાંસીની સઝા ફરમાવવામાં આવી છે તેની એક જોડીદાર કુમારી કલ્પના દત્ત એક સ્ત્રી હોવાથી તેને જન્મ દેશનીકાલની સજા કરવામાં આવી છે. આ સામે ત્રણેએ હાઇકોર્ટમાં અપીલ દાખલ કરી દીધી છે. સૂર્યસેનને પકડી આપનાર કે તેનો પત્તો દેનારને રૂા. ૫૦,૦૦૦) નું ઇનામ સરકારે જાહેર કર્યું હતું.

દીલ્હી કાવત્રા કેસના બે આરોપીઓને પાંચ પાંચ વરસની સખત કેદની સજા થઇ છે, જ્યારે ત્રણને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યા છે.

**બાળાઓનો વિરોધ :** ના. વાયસરોયની મુંબઇ ઇલાકાની મુલાકાતના માનમાં અમદાવાદની બધી શાળાઓ બંધ રહી હતી. પણ મ્યુ. ગર્લ્સ હાઇ સ્કુલની બાળાઓએ આ તહેવાર પાળવા સામે વિરોધ બતાવી શાળાના ચોગાનમાં સભા ભરી હતી. આ પગલાં માટે એવું કારણ બતાવવામાં આવ્યું હતું કે મ. ગાંધીજીને મુલાકાત આપવાની ના. વાયસરોયે ના પાડીને હિંદી મતની અવગણના કરી હતી.

**આવકમાં ઘટાડો :** જગાતની આવકના છેલ્લા સરકારી આંકડા ઉપરથી માલમ પડે છે કે છેલ્લા ચાર માસ દરમ્યાન છેલ્લા વર્ષ સાથે સરખાવતાં રૂા. ૧।। કરોડની ઘટ પડી છે અને ચાલુ વર્ષના અંદાજ કરતાં ૬૦ લાખની વધારે ખાધ પડી છે.

**નર્મદ શતાબ્દી :** ગુજરાતના અત્યાર સુધી વીસરાયેલા પણ જીંદગી પર્યંત જેણે દેશસેવાના દરેક ક્ષેત્રમાં પોતાનો ઉત્તમ ફાળો આપ્યો હતો એ કવિ નર્મદની એકસોમી જન્મતીથી આખા ગુજરાત તથા મુંબઇમાં ખુબ ઉત્સાહથી ઉજવવામાં આવી છે.

**મૌ. શૌકતઅલીની ફરીયાદ :** મૌ. શૌકતઅલીએ મુંબઇથી પ્રગટ થતા અંગ્રેજી દૈનીક પત્ર ફ્રી પ્રેસ જર્નલના તંત્રી એસ. સદાનંદ તથા મુદ્રક પ્રકાશક શ્રી. નાડકરણી ઉપર પોતાની બદનક્ષી કર્યાની કરેલી ફરીયાદનો કેસ ચાલે છે તેમાં નીચલી કોર્ટે જવાબદારો સામે હીં. ફો. કા. કલમ ૫૦૦ તથા ૧૧૪ મુજબ આરોપો ઘડી કાઢ્યા છે. આ આરોપ ફ્રી પ્રેસના (૧) ખીલાફત વાનમાંથી મળી આવેલી લોહીથી ખરડાયેલી છરીયો, (૨) શ્રી. અબ્દુલ રહેમાન મીઠાનો પત્ર, તથા (૩) સુલેહ સમિતિમાં મૌલાનાના ભાષણને લગતો અહેવાલ—આ ત્રણ લખાણો ઉપરથી ઘડવામાં આવ્યા છે. જવાબદારોએ ગુન્હાનો ઇન્કાર કર્યો છે.

**જર્મનીનું જોર :** નાઝીનેત્તા હેર હીટલર સત્તા ઉપર આવ્યા પછી જર્મની દરરોજ અવનવા તોફાન કરતું રહ્યું છે. યાહુદીઓ અને કોમ્યુનીસ્ટોનો શીકાર જોરશોરથી ચાલુ રહ્યો છે. ઓસ્ટ્રીઆ અને જર્મનીની સરહદ ઉપર પહેરો ભરતા એક ઓસ્ટ્રીઅન સીપાહીને ગોળીથી ઠાર કરવામાં આવ્યો છે. એજ મુજબ બીનજર્મની પ્રદેશમાં નાઝીઓ ઘુસી જાય છે અને તોફાન મચાવી મુકે છે. બ્રીટીશ, ફ્રેન્ચ તથા ઇટાલીઅન સરકારોની યાદીઓને હીટલરે કાંઇ વજન આપ્યું નથી. ઓસ્ટ્રીઆ અને જર્મની વચ્ચેના રાજકીય સંબંધો જોતજોતામાં તુટી જવાનો ભય ઉભો થયો છે.

**સરહદનો મામલો :** સરહદના વિગતવાર સમાચાર મળતા નથી. પણ મળતા સમાચારો ઉપરથી માલુમ પડે છે કે ત્યાં રોકવામાં આવેલું બ્રીટીશ લશ્કર હજી પાછું ખેંચી લેવામાં આવ્યું નથી અને હવામાં વીમાનો ઉડે છે.

---

**સસ્તું અને સારૂં વાંચન**

**વાંચવું હોય તો બે રૂપીયા મોકલાવી "ઓજા જાગૃતી" ના ગ્રાહક બનો.**

( અનુસંધાન પાના ૨૧૨ થી. )

દરેકે દરેક ગેરસમજ, એક ધર્મપ્રિય, સાચા ઇમાનદાર ને નીતિવાન માનવીને છાજે તેવી સાફ રીતે હીંસક કુટિલતા કે ઝેર વગર, દૂર કરવા તૈયાર રહેવું જોઇએ. દિશાશૂન્ય નાદાન સસલાની માફક આંખો મીંચી અંધકારમાં બેસી જવામાં ધર્મ નથી, ઇમાન નથી, મુક્તિ નથી, પણ ધોળા દી'નો આપઘાત છે.

## तमसोमा जयोतिर्गमय.

કહેવાતી પ્રતિષ્ટા, આડંબર, વ્યવહાર ને તટસ્થતા સાચવવા તમે એને અડકતા ન હો તો એ બરાબર છે. તમે ભીરૂતાથી એ કહી ન શકો. કારણ કે એણેજ દુનિયા ઉપર બધા અનર્થો, અનાચારો ને પાપો ઉતાર્યાં છે. એણેજ, ધર્મની વિશાલ ને ઉજ્જવલ અટારીઓમાં એ તટસ્થ એટલે આપમતલબી પ્રાણીઓ-એજ ગટરની ગંદકી ને પ્લેગનો કીચ્ચડ ભરી મુકયો છે. એ પ્રતિષ્ટાનું ભૂત બહુ ભયંકર છે. અનાચારી આચાર્યો કે કુટીલમાં કુટીલ કાઉન્સીલ જેટલો કેર વર્તાવી શકે એથીએ અનંતગણા કેર અને ઝેર છુપી રીતે એ વ્યવહારમાર્ગી વાણીઆઓએ સમાજ ઉપર વરસાવ્યો છે. એક અમિતોદર આચાર્ય કે આપખુદ કાઉન્સીલ જોહુકમી ચલાવે તો એ સમજી શકાય તેવું છે, સુધારી શકાય તેવું છે. દુનિયા એથી છેતરાતી નથી. પરંતુ ધર્મની દીવા-દાંડી જેવા પેલા બહુરૂપી પ્રાણીઓથી દુનિયા છેતરાઇ જાય છે, વિભ્રમમાં પડે છે. એ ભેદી દીવાદાંડીને ભરોસે અનેક જીવનનાં વ્હાણો અધર્મને ખાડે ખાબકીને ડુબી જાય છે. એક માણસ વિદ્વાન થઇને, મુત્સદ્દી થઇને, વકીલ, બેરીસ્ટર કે ડૉકટર થઇને, બાહોશ થઇને, નવા જમાનાનો પ્રકાશ પામીને, સંયોગોસંપન્ન થઇને પણ અધર્મ તથા અન્યાયો સામે કેમ તટસ્થ વૃત્તિ ધારણ કરે છે, કેમ ચલાવી લે છે, કેમ ઇસારાથી પણ ચેતવણી આપતો કે દોરતો નથી—એ વસ્તુથીજ દુનિયા છેતરાઇ જાય છે. એથીજ બધી સુધારક પ્રવૃત્તિઓ હણાઇ જાય છે. જ્યાં સુધી આપણા સમજુ ને સુશિક્ષિત વર્ગની આવી એકલપેટી, દંભી, હૃદયહીન મવાળ મનોદશા રહેશે ત્યાં સુધી આપણી રાજવ્યવસ્થા, ધર્મ-વ્યવસ્થા, કે સમાજવ્યવસ્થામાં કદી નિર્મળતા કે પ્રકાશ આવવાનાં નથી. જગત્વ્યાપી જાગૃતિનાં કિરણો એના બિડાયેલા હૃદયને ઉઘાડો! એમાં સહાનુભૂતિ ને સ્નિગ્ધતાના રસ પુરો!

"Lead, Kindly Light, amid the encircling gloom."*

---

## સુધારો.

ગયા અંકના પાના ૨૦૭ ના પહેલા કોલમમાં 'પરવા નથી' એ મથાળાવાળા કાવ્યની સાતમી લીટીમાં ભૂલથી "આકાશ" છપાયું છે તે "આકરા" વાંચવું.

---

## લખનારાઓને જવાબ.

"ખરો ઇસ્માઇલી"– કરાંચી : નનામા લખાણોને "ખોજા જાગૃતિ" માં નહિ પણ કચરાની ટોપલીમાં સ્થાન મળે છે. ચર્ચા શરૂ કરતાં પહેલાં લાયકાત મેળવો. નોટપેડ કાગળોની વ્યવસ્થા પોસ્ટ ખાતાને સોંપવામાં આવી છે.

*"પ્રેમલ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ."

## વેપાર સમાચાર.

( તા. ૨૬–૮–૩૩ )

**ઉન :** લીવરપુલમાં ગયા અઠવાડીયામાં ૧૬૨ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહયો છે. 'સીટી ઓફ ફલોરેન્સ' ભળશે કે કેમ તે હજી નક્કી થયું નથી. સ્થાનીક બજારમાં કાંઇ ફેરફાર નથી, અને આવતા સેલ સુધી કાંઇ ફેરફાર થાય તેવા સંજોગો નથી.

**રૂત :** ભરૂચ ૨૦૬.

**અનાજ કરીયાણું :** ૧ાા~ ૨) ઘઉં. ૧ા~ ૧ાા~ બાજરો. ૧) ૧ા~ જુવાર. ૧ા≈ ૧ાા૦ાા ચણા. ૧) ૧)≈ કમોદ જાડી. ૧ા ૧ા≈ કમોદ ઝીણી. ૧ા~ ૧ાા મેથી. ૨≈ ૨ા તલ. ૨ા≈ ૨ા~ તલી. ૧ા~ એરડી ઝીણી. ૧ા૦ાા એરડી જાડી. ૧ાા ૨)≈ મગ. ૧ા≈ ૧ાા અડદ. ૧ા૦ા ૧ા~ મગફળી ઝીણી. ૧)≈ મગફળી જાડી. ૧ાા રાઇ. ૧ા મઠ. ૦ાા≈ કળથી. ૧ાા~ ચણાની દાળ. ૧ાા ૨) ગોળ દેશી. ૨) ૨)~ા શીંગદાણા હાથફોલ. ૭ા કપા-શીયા માળવો. ૮ાા૦ વેસણ જાડો. ૯ા૦ વેસણ ઝીણો. ૧૧ા૦ાા મેંદો. ૧૨ા રવો કરાંચી. ૪ા≈ ખાંડ રાજકોટ શહેર. ૪)~ ખાંડ સદર. ૧ા~ા ચોખા માંડલો, ૧ાા મીલ સુગંધી,૧ા~ નાની મીલ, ૨ાા ૩ા ભીમડી. ૨ા≈ તુવેર દાળ. ૨ા≈ ૨ાા ખારેક નવી. ૬ાા તજ. ૨૧)૨૨) લવીંગ. ૫૦)૫૫) એલચી. ૧૨) જાયફળ. ૬)૮) ગુંદ. ૩)ખસખસ.૨ા ૨ાા ધાણા.૮ાા ૯)જીરૂં શ્રીકાર.૨ાા રાજગરો. ૪ાા ૪ા≈ હળદર ૫)સુંઠ.૭) ખોપરાં શ્રીકાર. ૬)શ્રીફળ પાણેચાં નંગ ૧૨૫. ૧૦) ૧૦ા સોપારી. ૨ાા અરીઠાં. ૨૪ા) પસ્તી. ૦ા~ ૦ા~ા ચા. ૭)≈ સોડા ગુણી ૧. ૨ા અજમા. ૨ા સુવાદાણા. પાા ખોપરેલ પીપનું. ૬ા ખોપરેલ ડબા. ૧૯) બુંદદાણા. ૦ાા~ દીવાસળી. ૮) દ્રાક્ષ કાળી. ૩૩) બદામ મગજ. ૩)૩ા વરીયાળી. ૧૭) લોબાન કોડીઓ ના. ૨, ૧૫) ના. ૩. ૧) જાવત્રી ૧ રતલ. ૩) ૩ા મગ ચીનાઇ. ૧૩) કાથો ફુલ. ૩ાા તપખીર. ૪ાા–૫ સોપારી ફાડયા. ૭) કાથો લાલ. ૩ા–૩ાા સાબુચોખા.

**ઘી :** ૨૧) ૨૧ાા મુંબઇ પરખ, ૧૫) ૧૬) તાજેરસ.

**તેલ :** પાા તલનું, ૪)≈ શીંગનું. ૨ાા ગ્યાસલેટ પીળું. ૩ા ગ્યાસલેટ સફેદ હાથી.

**સાબુ હૈદરી :** ૪ાા નવા ગોટા ૨૦૦ આઠ ભાર. ૪ાા નવા ગોટા ૪૦૦ ચાર ભાર. પાા નાના ગોટા ૨૦૦ દશ ભાર. પાા ચોરસા ૨૦૦ દસ ભાર. પાા ચકી સનલાઇટ જેવા ૧૦૦ વીશ ભાર. પાા મોટા ગોળા ૧૦૦ વીશ ભાર. ૬) સુગંધી ચકી ૧૦૦ વીશ ભાર.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

**"ખોજા જાગૃતિ" કેટલું સસ્તું છે ?**

બાર મહીનાના ૨ રૂપીયા.
છ મહીનાનો ૧ રૂપીયો.
ત્રણ મહીનાનો ૦ાા રૂપીયો.
૯૦ દિવસની ૯૬ પાઇ.

દરરોજ એક પાઇના જેટલો ખર્ચ પણ તમે કોમની ઉન્નતિના માર્ગમાં નહિ કરી શકો !

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા હરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. "ખોજા જાગૃતે" ના વાંચકોને આ લેખમાળાનું લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]

કલમ ૧૧૨.

"લોકલ કાઉન્સીલે તથા સુપ્રીમ કાઉન્સીલે વસુલ કરવાની દાખલ ફી, નકલ ફી, અપીલ ફી તથા ગુન્હેગારી અને એવાં બીજાં સરકાર સાહેબી લેણાં સદરહુ કાન્ઉસીલોની સરકાર સાહેબી તેજુરીઓમાં રાખવાં અને તેની નોંધ કાઉન્સીલમાં રાખવામાં આવતા સરકાર સાહેબી દફતરમાં કરવી. એ રીતે લોકલ કાઉન્સીલે એકઠા કરેલા પૈસા સુપ્રીમ કાઉન્સીલ તરફ મોકલવા અને સુપ્રીમ કાઉન્સીલે તે રકમો પોતે સદરહુ ખાતાની વસુલ કરેલી રકમો સાથે ઇત્માદિ કુલ કામડીયાને મોકલવી. કારકુનો તથા નોકરોના પગાર, પોસ્ટ ખર્ચ, સ્ટેશનરી, તાર, વિગેરે જે જે ખરચો થાય તે નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાઝર ઇમામે સખાવત, મહેરબાની તથા અનુગ્રહથી મંજુર કરેલી ગ્રાન્ટોમાંથી કરવાં."

ગજબ ચિંતા! અજબ કાળજી!! પૈસાની આટલી ફીકર કોઇ ભાગ્યેજ કરતું હશે. જેટલા પૈસા આવે તેટલા બધા તેજુરીમાં રાખવા કે જેથી કરીને કોઇ ઉપાડી જાય નહિ. એ તેજુરી 'સરકાર સાહેબ'ની રાખવી કે જેથી કરી કોઇ બીજો તેનો ધણી થઈ બેસે નહિ. પાછી એ નાખેલા પૈસાની નોંધ રાખવી કે નાખવા જનાર એક પાઇ ઓછી નાખે તોપણ ખબર પડી જાય, અને એ દફતર પણ 'સરકાર સાહેબી,' શી બુદ્ધિ લડાવી છે! 'બહુ તાંતણે બળીયું' એ કહેતીનું આબાદ અનુસરણ!

"ઇત્માદિ કુલ કામડીયા" (એ શું ચીજ છે તેની વ્યાખ્યા અત્યાર સુધી કોઇ પણ ઠેકાણે આવી નથી, અને તેને આ બધો ઢસડેલો પૈસો શા માટે સોંપી દેવો એનું કાંઇ કારણ પણ બતાવવામાં નથી આવ્યું.) મારફત આ બધો ધનનો ઢગલો જેને પહોંચાડવામાં આવે છે અને જેના નામ માથે અને જેના 'લેણા' તરીકે એ બધું લેવામાં અને વસુલ કરવામાં આવે છે તે 'સરકાર સાહેબ' માટે છે, તેનેંજ એ આપવાનું છે અને તેજ તેના ધણી છે એવો ભાવ સ્પષ્ટ તરી આવે છે. છતાં એ ઉઘરાણા સંબંધે જે કાંઇ ખર્ચ—એ ઉઘરાણા કરતાં-થાય તે એ 'સરકાર સાહેબ' આપે એમાં 'સખાવત, મહેરબાની અને અનુગ્રહ' દેખાડવામાં આવે છે. જો જેના ઉપર મુદ્દલ હક્ક નથી એનો પૈસો ગેરવાજબી અને ગેરકાયદેસર રીતે એક અથવા બીજા પ્રકારના ભયથી પડાવી લેવાની ક્રિયામાં, પોતાના સ્વાર્થની ખાતર થતી એ ક્રિયામાં, 'સખાવત, મહેરબાની અને અનુગ્રહ' રહેલાં છે તો શું નિઃસ્વાર્થ બુદ્ધિથી દાન દેવામાં, દયા બતાવવામા અને ઉપકાર કરવામાંજ કંજુસાઇ ક્રુરતા અને હલકટપણું સમાઈ જાય છે! જ્યાં નર્યો સ્વાર્થ છે ત્યાં ઉપકારનો દંભ કરવો અને એ દંભને બીજાની પાસે પોતાની દૈવી કે આસુરી કોઇ પણ જાતની શકિતઓવડે ઉપકાર તરીકે કબુલાવવો—આ બે ક્રિયાઓ જો કોઇ પણ ઠેકાણે નભી શકી હોય તો એ આપણા સમાજમાંજ. એક નાનકડો વેપારી પણ સાધારણ બુદ્ધિથી સમજી શકે એવી આ વાત છે કે વેપાર કરવામાં જે ખર્ચ થાય—નફો ખાવાના ઉદ્દેશથી—એ ખર્ચ એ જ્યાં કરવામાં આવ્યું હોય ત્યાં કોઇના માથે ઉપકાર નથી, પણ વેપાર કરવાની ક્રિયાનો એ એક મૂળભૂત ભાગ છે. 'સરકાર સાહેબી' આમદાની ઉઘરાવતાં જે ખર્ચ થાય એ ખર્ચ પણ 'સરકાર સાહેબી' હોય એમાં સખાવતની ગંધ સરખી પણ કયાં રહેલી છે ?

આથી પણ મોટો વાંધો આ બધા પૈસા 'સરકાર સાહેબ'ને આપી દેવામાં રહેલો છે. કયા અધિકારની રૂએ 'સરકાર સાહેબ' એટલે આગળ આવતી વ્યાખ્યા મુજબ ના. આગાખાન આ બધી રકમ લઇ જવા હક્કદાર છે? અને કયા કરાર અનુસાર આપણે એ બધું તેમને સોંપી દેવા બંધાયેલા છીએ? કાઉન્સીલ એ કાં તો જમાતનો વહીવટ ચલાવનાર મંડળ એટલે નાતના પટેલ છે, અને કાં તો એ ના. આગાખાને પોતાના ધર્મનો ફેલાવો કરવા સ્થાપેલી પ્રચારક ટોળી છે. નાતના પટેલ તરીકે જો એ કામ કરે તો એ કામકાજ દરમ્યાન જે કાંઇ રોકડ રકમની તેને પ્રાપ્તિ થાય તે સર્વ નાતના હીત અને ઉપયોગ માટેજ તે વાપરવા બંધાયેલ છે. આપણી કોમ શિવાયની ઇતર કોમોમાં જ્યાં જ્યાં નાતના નામે કંઇ પૈસો પેદા કરવામાં આવે છે ત્યાં ત્યાં તે બધો નાતના ભંડોળ તરીકેજ રહે છે અને નાતને યોગ્ય લાગે ત્યારે તે તેનો ઉપયોગ કરવા સ્વતંત્ર હોય છે. એ દ્રષ્ટિએ આ બધી રકમ 'સરકાર સાહેબ'ની નહિ પણ જમાતનીજ છે અને તેથી ના. આગાખાન કે તેના કોઇ પ્રતિનીધીને તે આપી દેવી જોઇતી નથી. જો કાઉન્સીલ એ ધર્મનો પ્રચાર કરનાર ટોળી છે તો તેને તે શિવાય બીજું કાંઇ કરવાનું હોતું નથી, અને ધર્મમાં કયાંય બળજબરી સંભવતી નથી અને હોઈ શકેજ નહિ. આ બન્ને દ્રષ્ટિએ જોતાં એક રાતી પાઇ પણ ના. આગાખાનને આપવાની રહેતી નથી.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

મવાળ માનસ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨
દેશાવર રૂ. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૨૮ : સપ્ટેમ્બર ૫ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ભાદરવા વદ ૧ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## આજના અંકની સામગ્રી.

મવાળ માનસ.
શાંત સપાટી નીચે જલતી જ્વાલા.
લક્કડકા લાડુ ?
મતિવિભ્રમ.
સપ્તાહનો સાર.
કુહાડાના હાથા.
મ ગાંધીજીની જયંતિ.
વેપાર સમાચાર.
કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

## અનુરોધ

(તોટક વૃત)

કર તું કંઇએ, કર તું કંઇએ,
તુજ જ્ઞાતિ રિબાય ખરે જ, સખે !
પડી તેની નથી શું તને જરિએ ?
નવ એવું બને કદિએ કદિએ. ૧

દિલ દાઝ હશે તવ કોમ તણી,
હસતી ભરતી નિત જે ખંડણી;
ભુલી ભાન ગઇ તુજ એ રમણી,
દમને દહતી, જુલમો સહિણી. ૨

નવ જો તદપિ કંઇ કાળ ચડે–
તુજને, નિરખી દુઃખ આ સઘળે,
ગણવો પછી માનવ કે પશુ કે';
ભવ વ્યર્થ જશે, કર સાર્થ, સખે ! ૩

ડગલે ડગલે યદપિ દુઃખ છે,
તદપિ ડર ના ! દુઃખ એ સુખ છે;
દુઃખ વિણ કદિ સુખ નાજ મળે,
દુઃખ એ સુખનો છડીદાર ખરે. ૪

દુઃખ વ્હોરી લીએ શૂર જે નર તે–
નિજ હામ પુરે વરીને ફળને.
દુઃખ જે સહ તું પરને અરથે,
ગણજે 'ખમું છું નિજને અરથે.' ૫

મળશે તુજને કદિ સાથ નહિ,
કરશે બનતી સહુ આડખીલી;
સ્વજનો તુજને તજશે સહુએ,
તદપિ ડરજે દિલ ના જરિએ. ૬

વિરમે કદિ તું વચમાં અટકી,
ડગલું ભરજે ફરી હિંમતથી;
ઘડીએ ઘડીએ ચડતાં ચડતાં,
પડિઓ ચડિઓ જયમ તાર પરે. ૭

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૫-૯-૩૩.

## મવાળ માનસ.

કોઇ પણ સુધારક પ્રવૃત્તિ, ચળવળ કે લડત—આર્થિક, સામાજિક, ધાર્મિક કે રાજકીય—સંબંધે હંમેશાં જુદા જુદા ત્રણ જાતના માનસ ધરાવનારા પક્ષો હોય છેજ. એક પક્ષ વિરોધ કરનારો; આનું કામ આંખો મીંચીને બસ વિરોધ અને વિરોધજ કરવાનું. કોનો વિરોધ, શું કરવા—આ બધા પ્રશ્નોને તેમના મગજમાં આવવાનો ખાસ મનાઇ હુકમ હોય છે. તેમની સ્થિતિ દયાને પાત્ર છે તેના કરતાં ઉપેક્ષાને પાત્ર વધુ છે. બીજો પક્ષ વિનિતો–moderates–નો. આ પક્ષના અનુયાયિઓનું માનસ મવાળ હોય છે. કર્તવ્ય અને નિષ્ક્રીયતા તેઓમાં ગુંચવાઇ ગયેલી હોય છે. તેઓને એક સિદ્ધાંત નથી હોતો, પણ સિદ્ધાંતોનો શંભુમેળો હોય છે. તેમની કાર્યનીતિ એકજ નથી હોતી, તડકા છાંયડા પેઠે મુશ્કેલી અને આસાની તેમનું સુકાન ગમે તેમ ફેરવ્યા કરે છે. આ પક્ષનો દાવો એવો હોય છે કે કોઇપણ જાતનો ભોગ આપવાની જરૂર નથી; માત્ર વાતોથી, જરૂર પડે ત્યારે ખુશામતથી, રમત રમીને કે દાવપેચ ખેલીને—ગમે તેમ કરીને પણ પોતાની જાતને કોઇપણ જાતના ભોગ આપવાથી અળગી અને અળગીજ રાખીને બધું કામ થઇ શકે છે, બધા સુધારા મેળવી શકાય છે; જો કે અત્યાર સુધીમાં આવો કોઇ દાખલો જગતના ઇતિહાસમાં જડતો નથી. ત્રીજો પક્ષ છે ઉદ્દામમતવાદીઓનો. જીવનનો એકજ સિધ્ધાંત; એ સિધ્ધાંતની સાધના અર્થે ગમે તેટલા સંકટોનો સામનો કરવો, મુસીબતનું મોજું જગસાગરને તળીયે ખેંચી જાય તો ખુશીથી ખેંચાઇ જવું, પણ એથી ડરીને સિધ્ધાંત બદલાવવો નહિ. એ પક્ષનો પહેલો મંત્ર છે આત્મભોગ; જે પોતાનું કહેવાય એ સર્વનો ધ્યેયની સાધના અર્થે ભોગ દેવો. એનો સિધ્ધાંત અફર હોય છે, એનો રાહ મુકરર કરેલો અને સ્પષ્ટ હોય છે. આ જમાતના સભાસદો ઘણા ઓછા હોય છે, છતાં તેમણેજ હરએક કાર્ય સાધ્યાં છે,

આપણી કોમમાં સુધારાના પ્રશ્ન સંબંધે પણ આવાજ ત્રણ પક્ષો અત્યારે છે. સુધારાના વિરોધીઓ ઉપેક્ષાને પાત્ર છે; તેમને માટે તો મૌનજ ઉત્તમ છે. ઉદ્દામમતવાદીઓને સુચના કે સલાહ દેવાની ધૃષ્ટતા અમે કરવા ઇચ્છતા નથી. અમે તો જે બે શબ્દો કહેવા માગીએ છીએ તે વચલા વર્ગને, વિનિતોનેજ કહેવા ઇચ્છીએ છીએ.

કાઠીયાવાડના જુદા જુદા શહેરોમાં આ પક્ષના, અને આ પક્ષમાં દાખલ ન થયેલા હોય પણ તેની સરહદ ઉપર ઉભેલા હોય એવા, ભાઇઓ જોઇ શકાય છે. એ બધાની નામાવલી આંહી આપવાની જરૂર નથી. એ બધાઓમાં આપણી સૌથી પહેલી નજર બોટાદ ઉપર પડેછે.

જે વિચારો ખોજા સુધારક સંઘ ધરાવે છે, જે કામ તે કરવા માગે છે અને જે કરવા "ખોજા જાગૃતિ" આગ્રહ કરે છે તેજ વિચારો આજે બોટાદના મોવડીઓ ધરાવે છે અને તેજ કામ તે કરવા ચાહે છે. આમ છતાં બન્નેના રાહ ન્યારા છે. બોટાદ એમ માને છે કે ફોસલામણથી, છાપ પાડીને કે રમત રમીને કોમને જોઇતા સુધારા તેઓ લાવી આપશે. અમે આ તકે એમ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માગીએ છીએ કે એ પ્રયત્ન મિથ્યા છે. તેમાંથી કશું વળવાનું નથી; કોમને તેનાથી રજ માત્ર પણ ફાયદો થવાનો નથી. ફોસલામણ આદરતાં પહેલાં બન્ને પક્ષની બુદ્ધિમતાનો તોલ કરવો જોઇએ. રમત રમવા નીકળતાં પહેલાં સામાની શકિતનું માપ કાઢવું જોઇએ. એક પળવાર પણ કોઇથી એમ કહી શકાય તેમ છે કે બોટાદના મોવડીઓની બુધ્ધિમતા તેના પ્રતિપક્ષી કરતાં ચડી જાય તેમ છે? કે રમત રમવાની તેમની શકિત આખા યુરોપને રમાડનારની શકિત કરતાં વધી જાય તેવી છે? તેની બુદ્ધિમતા મહાન છે, તેનું ખેલાડીપણું જબ્બર છે એનો જીવતો જાગતો પુરાવો આપણે પોતેજ છીએ કે અનેક ફાંફાં મારવા છતાં આપણે એ જાળમાંથી છટકી શકતા નથી. અને આજ આઠ આઠ વર્ષોના સતત શ્રમ પછી પણ બોટાદ શું પ્રાપ્ત કરી શકયું છે? નાનું બચ્ચું પણ સમજી શકે એવી આ ઘટના છે કે રમત રમવામાં બોટાદનો સંપૂર્ણ પરાજય થયો છે.

અને માટેજ અમે કહીએ છીએ કે એ માનસ તજો. એ રાહ છોડો. જે રસ્તે લશ્કર આગળ ન વધી શકે તે રસ્તો મુકી દેવો, જે વ્યુહથી દુશ્મનને પાછો ન હટાવી શકાય એ વ્યુહ તજી નવો વ્યુહ રચવો અને નવો માર્ગ લેવો એ કુશળ લડવૈયાનું કર્તવ્ય છે. એજ રીતે જ્યારે આપણી કોમને આપણે એ દાવપેચની રમતથી મુકત નજ કરાવી શકતા હોઇએ ત્યારે આપણે એ

# શાંત સપાટી નીચે જલતી જવાલા.

[ એક કરતાં વધુ વખત "ખોજા જાગૃતિ"એ દાવો કર્યો છે કે કાઉન્સીલના જુલમ અને સીતમ વર્ષાવતા કાયદા કાનુનોથી અને તેના બેલગામ અને બીનજવાબદાર કારભારથી ખોજા કોમ ત્રાસી ઉઠી છે, લોકો સળગી રહ્યા છે, પણ એક અથવા બીજી નબળાઇ કે ભયના કારણે તે બહાર આવી શક્તા નથી. દિવસે દિવસે કોમમાં અસંતોષ વધતોજ જાય છે એમ પણ અમે ભાર મુકીને જણાવ્યું છે. આજે આ અસંતોષનો એક પુરાવો કોમ સમક્ષ રજુ કરતાં અમને આનંદ થાય છે. જોકે નીચે પ્રગટ થતો લેખ તેની ઉપર સહી કરનારાઓએ અમને એ પ્રગટ કરવા આપ્યો નથી, કારણકે એ ઉપર વધુ સહીઓ લેવાનું ચાલુ છે, તો પણ અમારા ખબરપત્રીને મળેલી ખાસ અને ભરોસાપાત્ર બાતમી ઉપરથી અમે આજે એ સત્તાવાર રીતે જાહેર કરવા શક્તિમાન થયા છીએ. સ્વાધીનતા શોધવાનો આ ભાઇઓનો પ્રયાસ જરૂર આદરને પાત્ર છે, અને આપણે ઇચ્છીએ કે તેઓ મુક્ત થઇ બીજાઓને દાખલારૂપ થાય. કાઉન્સીલ આંખો ખોલીને જુએ અને વિચારે કે શાંત અને નિર્જીવ દેખાતો એ ડુંગર સામાન્ય પહાડ નથી, પણ જેના અંતરમાં ધગધગતો અગ્નિરસ ભરેલો છે એવો એ જવાળામુખી છે, અને એના ઉપર બેસી તેના મુખમાં ડુચો મારવાના પ્રયત્નમાં કે વમંડમાં ખેંચાઇ જવામાં કેટલું જોખમ સમાયેલું છે તેનો નિર્ણય કરે. ]

અમો નીચે સહી કરનારા શીયા ઇમામી ઇસ્માઇલી સુપ્રીમ અને લોકલ કાઉન્સીલો ધર્મના બ્હાના નીચે પૈસા કઢાવે છે અને કાઉન્સીલના મેમ્બરો કોમના ધણી ધરાર પટેલો થઇ જે હુકમ ચલાવે છે તેથી ત્રાસી જઇ જાહેર કરીએ છીએ કે અમે તે ટોળાથી જુદા થઇએ છીએ. પણ તેથી કરી ઇસ્માઇલી ધર્મ પડતો મુકતા નથી.

અમારા ટોળામાં ધર્મને નામે એક પાઇ પણ ફરજીઆત લેવામાં આવશે નહિ. અમે કોમને વિનંતિ કરીએ છીએ કે અમારા ટોળામાં સૌએ ભળવું. વાર્ષિક લવાજમ માત્ર ચાર આના ભરવા પડશે.

પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો :-

ખોજા કરમાલી દેવજી
હાથીખાના પાસે, ઉનની કંદોરી
રાજકોટ.

( સહીઓ )

૧. ભાઇ કરમાલી દેવજી.
૨. ,, છગન દેવજી.
૩. ,, હસનઅલી છગન.
૪. ,, રૂપજી દેવજી.
૫. ,, મામદ ભીમજી.
૬. ,, નજરઅલી મોતી.
૭. ,, પોપટ માધવજી.
૮. ,, નાનજી નથુ.
૯. ,, માધવજી પોપટ.
૧૦. ભાઇ ઝવેર ગીગા.
૧૧. ,, મોહન નજરઅલી.
૧૨. ,, પોપટ નથુ.
૧૩. ,, કાનજી ગીગા.
૧૪. ,, કરીમ ઝવેર.
૧૫. ,, પ્યારઅલી રૂપજી.
૧૬. ,, મગન ચત્રભજ.
૧૭. ,, નાનજી સુંદરજી.
૧૮. ,, રહેમતુલ્લા નથુ
૧૯. ,, કરમાલી દેવજી માધવજી.
૨૦. ,, ચતુર જમાલ

**રમત રમવી બંધ કરી ખુલ્લા મેદાનમાં આવવું જોઇએ. આપણે આપણો બુરખો તજી દઇએ, અને તેને તેનો બુરખો તજાવીએ. શરૂઆતમાં કદાચ એ બુરખો તજતાં આપણને પ્રકાશ આકરો થઇ પડશે તો પણ એ પ્રકાશ અને સામા પક્ષનો બુરખો ખસી જતાં તેનું નગ્ન સત્ય સ્વરૂપ-આ બે વસ્તુઓજ કોમને સ્વાધીન બનાવશે.**

## શુભ નિષ્ટા.

કમ્પાલા ( આફ્રીકા ) થી એક ભાઇ લખી જણાવે છે કે:-

'આપનું માન પામેલ તથા ખોજા કોમમાં સ્વમાનનું ભાન કરાવતું, અને એક ઇન્સાનને ઇન્સાન તરિકેના જીવન જીવવા શીખવતું પત્ર "ખોજા જાગૃતિ" પહેલીજ વખત મારા વાંચવામાં આવ્યું, અને હું માનું છું ત્યાં સુધી આફ્રીકાવાસી કોમનો મોટો ભાગ આ પત્રથી અજાણ છે, તેથી તેનો લાભ ન લઇ શકે તે તો સ્વભાવિક છે. પરંતુ કોઇ સખી ગૃહસ્થ પોતાની ઉદારતાથી જો તેની પચાસથી સો નકલો આફ્રીકા માટે એક વર્ષ માટે વકફ કરે તો તેનું ભવિષ્યમાં બહુજ સારૂં ફળ આવે.

અમોને અમારા સરનામે આપના ગ્રાહકલીસ્ટમાં નામ લખ્યી પેપર મોકલવું શરૂ કરશો, અને અમારા એક મિત્રનું સરનામું નીચે આપેલ છે તેને પણ પેપર મોકલવું શરૂ કરશોજી.'

ઉપરોક્ત સુચનામાં શુભ નિષ્ટા સમાયેલી છે, અને તેમાં "ખોજા જાગૃતિ" ને વધુમાં વધુ ભાઇઓનાં હાથમાં પહોંચાડવાનો એક સરસ રસ્તો છે. "ખોજા જાગૃતિ" ને જીવતું રાખવા, તેને પોતાનાજ પગ ઉપર ઉભતું જોવા ઇચ્છનારા સૌ કોઇ ભાઇનું આ તરફ લક્ષ ખેંચીએ છીએ.

તંત્રી.

# લક્કડકા લાડુ?

લેખક: શ્રી. "વિજ્ઞાની."

સત્પંથ કે સગવડીઓ પંથ સાચો કે ખોટો એ વિષે ઘણાંના શંકા ભરેલા માનસ છે. ખોજા પંથ અસ્તિત્વમાં આવ્યો ત્યારે પીર સદરદીન સાહેબે તેને ગુપ્તપંથ કે સત્પંથ નામ આપેલું; એ પોલપંથને કોઇ ઓળખી ન જાય એ માટે જમાત પણ કોઇ ગુપ્ત સ્થળે મળતી હશે અને તેને અંગેજ ગુપ્તપંથનું ઉપનામ ધારણ કર્યું હશે.

ગીનાનમાં કહેલું છે કે પીર સદરદીન સાહેબે બાર કરોડ જીવને તાર્યા છે. ત્યારે શું બાર કરોડ માણસો આ ગુપ્તપંથમાં ભળ્યા હશે? તેહોય આ ગુપ્ત પંથને ખુલ્લો પંથ શા માટે નહિ કહ્યો હોય? પીર સદરદીન સાહેબે આ બાર કરોડને કેવી રીતે તાર્યા તેનું કોઇ કાંઇ કહી શકતું નથી; અને આ બાર કરોડ માટે કોઇ પ્રશ્ન પણ કરતું નથી. પીર સદરદીને બાર કરોડ તાર્યા કે ઓછા વત્તા તાર્યા તે માટે કોઇ જમે ઉધારના ટાંટીયા મેળવતું નથા. ત્યારે ખોજાની વસ્તી બાર કરોડ તો શું પણ બાર હજાર પણ હશે કે કેમ એ પ્રશ્ન થઇ પડે છે. આખા હિંદુસ્તાનમાં અત્યારે ૩૫ કરોડ માણસ વસે છે અને તે પણ ખદબદતું ખદબદતું; ત્યારે એક અટક નદીનેજ કાંઠે પીર સદરદીને ૩૬ કરોડ માણસ ભેગું કરી તેમાંથી ૧૨ કરોડ તાર્યા એ વાત બુદ્ધિને ગળે ઉતરે તેવી નથી; છતાં એ 'ગુરૂ વાકયમ્ બ્રહ્મ વાકયમ્' એ કહેવતાનુસાર ગીનાનમાં કહેલું છે એટલે પછી પાંચ શેર લાકડાંને બાળીએ તો સાત શેર રાખ થાય તો પણ હા કહે છે; એ માટે આપણી શ્રદ્ધા અચળ છે. મેરૂ ડગે, સમુદ્ર મર્યાદા મુકે, પણ આપણી શ્રદ્ધા નહિજ ચળે!

× × × ×

ઘણાએ આપણા પંથની પોકળતા પુરેપુરી જાણે છે. ખાનામાં પૈસો નાખવો તેને પાપ ગણે છે; છતાંએ લગ્ન પ્રસંગે, મરણ પ્રસંગે અને જન્મ પ્રસંગે શ્રી. 'સરકાર'ની તેજુરીમાં પૈસા પધરાવે છે, પછી તે કદાચ કાઉન્સીલની બ્હીકથી કે નાતબહારીની બ્હીકથી કે આબરૂની બ્હીકથી કે ઘરડા કરતા આવ્યા છે તે અનુસાર કરવાની વૃત્તિથી.

રાજકોટનાજ રહીશ પોતે આ પંથની પોકળતા જાણે છે, કોઇની પાસે પણ ધર્મ વિરૂદ્ધ વાત કરવામાં પાછી પાની નથી કરતા; તેમણે પણ જ્યારે પોતાને ત્યાં એક બચ્ચાનું મરણ થયું ત્યારે 'સમર'ના સવા અગીઆર રૂપીઆ આપ્યા. તેમણે એક દિવસ કહેલું કે "સાળું, આ પંથ લક્કડના લાડુ જેવો છે. —ખાઇંગે વ્હોબી પસ્તાઇંગે, ઓર નહિં ખાઇંગે વ્હોબી પસ્તાઇંગે"

શ્રીયુત ભાઇને સીકંદર બાદશાહના લશ્કરની વાત યાદ આવી હશે. એક વખત સીકંદર બાદશાહ અને તેનું લશ્કર અમાવાસ્યાની અંધારી રાત્રિએ ઘીચ ઝાડીવાળા એક ઘોર અરણ્યમાંથી પસાર થતું હતું; એ વખતે ઘોડાની ખરીઓમાં અને પાયદળના પગોમાં કાંઇક રણકો કરે તેવી વસ્તુ અથડાઇ. આખું લશ્કર વિચાર કરે છે કે આ શું હશે? તુરતજ આકાશવાણી થાય છે કે "લેઇંગે વ્હોબી પસ્તાઇંગે, ઓર નહિં લેઇંગે વ્હોબી પસ્તાઇંગે." કેટલાક માણસોએ એ વસ્તુ લીધી અને કેટલાકે એ ન લીધી. સવારે જોયું ત્યારે એ વસ્તુ બહુજ કિંમતી હીરા માણેક હતા. જેઓએ એ વસ્તુ લીધી હતી તેમને એમ લાગ્યું કે જથ્થાબંધ લીધી હોત તો કેવું સારૂં? જેમણે ન્હોતી લીધી તેમને એમ લાગ્યું કે થોડીક લીધી હોત તો પણ કેવું સારૂં?

આપણા મીશનરી સાહેબો આવી રીતે સત્પંથ બોધે છે.

જો આ વસ્તુ બહુજ કિંમતી હતે તો સીકંદર ફરીથી તે જંગલમાં જતે અને એ વસ્તુને ગમે તેમ કરીને મેળવતે; કારણ કે ઝવેરાતનો શોખીન સીકંદર આવો અમુલ્ય ખજાનો જતો કરે તેવો મૂર્ખ ન્હોતો; આમ છતાં ભગતોનાં ભેજાં કાંઇ કમાલ કામ કરે છે.

આવી વાતોથી અજ્ઞાન લોકોને ફોસલાવી શકાય છે અને સત્પંથની વિચિત્રતા સમજાવી પૈસા પડાવી શકાય છે. ના. આગાખાનને ખુદા કહી શકાય છે. સદરદીનને પીરનો હોદ્દો પ્રાપ્ત થાય છે, પીર સદરદીનના દીકરા હસન કબીરદીન પણ પીર થયા, અને હવે "અણતમાંથી* અડતાલીશ કરોડ જીવને તારશે." એમ ગીનાન કહે છે!! અને ગીનાન એ દુનિયાના સઘળાં ધર્મ શાસ્ત્રો અને કુરાન સહિતને ખોટાં ઠરાવી સત્યતાનો દાવો કરી શકે છે!!! એ આપણી અજ્ઞાનતાને લીધેજ ને?

× × × ×

રાજકોટના એક શ્રીયુત અદા પીર સદરદીને કહેલ વાત યાદ આવતાં કહે છે કે "શ્રી નકલંક અવતાર જાહેર થશે અને દૈત્ય કાલીંગા સાથે લડાઇ કરશે; એ નકલંક અવતાર અત્યારના ના. આગાખાન અને દૈત્ય કાલીંગો એજ ગાંધીજી." કારણ કે ગાંધીજી હિંદુસ્તાનને રાજકીય સુધારા મળે એ માટે પ્રયત્નો કરે છે અને સરકાર સામે ચળવળ ચલાવે છે; પણ સરકાર અને ના. આગાખાનને એકજ પક્ષના ગણી આ અદા ગાંધીજીને પણ ના. આગાખાનની વિરૂદ્ધ ગણે છે અને ગાંધીજી મહા પુરૂષ છે એ માટેજ દૈત્ય કાલીંગાના ઈલ્કાબની તેમને નવાજેશ કરે છે; એ શેઠ સાહેબ મહાત્મા ગાંધીજી જેવી દિવ્ય જ્યોતિને પણ દૈત્ય કાલીગાનું ઉપનામ આપવાની ધૃષ્ટતા કરી શકે છે.

એ શિવાય આજ અદાજી એરોપ્લેન, વીજળી, મોટોર, આગગાડી એ સઘળાંને શેતાન ચરખા કહે છે; એ શેતાન દૈત્ય કાલીંગો અને એજ ગાંધીજી!! ખરેખર નવાઇ પામવા જેવું! શું પાંચ હજારના મોટાં કામવાળાનાં ભેજાં આવાંજ હશે! કે આવાં થઇ જતાં હશે?

સ્વાનુભવથી જ્ઞાન પ્રાપ્ત કરનાર અખા! તું સાવ સાચું કહે છે કે—

"ગુરૂ કીધા મેં ગોકુળનાથ,
ઘરડા બળદને ઘાલી નાથ;
ધન હરે, પણ ધોકા નવ હરે,
અખા એ ગુરૂ કલ્યાણજ શું કરે?"

* અનંત.

# મતિવિભ્રમ

લેખક : શ્રી. " ભગત "

### પ્રાણિશ્રેષ્ટ.

કુદરતે માણુસ જાતને બુદ્ધિની જે બક્ષિસ આપી છે તેના વડે માનવ જાત પ્રાણિશ્રેષ્ટ મનાઇ છે, અને જો ખરેખર માનવી પોતાની બુદ્ધિનો યથોચિત ઉપયોગ કરી જાણે તો તે ખચિત પ્રાણિશ્રેષ્ટ છે. પરંતુ તે જ્યારે બુદ્ધિનું દેવાળું કહાડે છે, સેંકડો વર્ષો સુધી, માનવ જાતને જ લભ્ય એવી, કુદરતની એ અનેરી અને અપ્રતિમ બક્ષિસનો ઉપયોગ ન કરે ત્યારે તે કરતાં દેવી ખોડીઆરનું વાહન કોઇ રીતે ઉતરતી પંક્તિમાં મુકી શકાય તેમ નથી, કે વારંવાર આપણે જેની કોઇને વ્યંગમાં ઉપમા આપીએ છીએ.

### હુરોની હાય !

હેમ–કંકણ મેળવવાનો લોભી બ્રાહ્મણ સાવઝનો શિકાર બન્યો. વધુ વ્યાજનો લોભી વેપારી સમુળગા ગુમાવે તેમ, સ્વર્ગાદિની શબ્દ-જાળમાં ફસી, અપ્સરાની આકાંક્ષાએ આપણે અકલ્પનિય જુઠાણાને સત્ય માની લઇ, સુગંધ લોભી ભમરો કમળબધ્ધ થાય છે તેમ, સ્વર્ગની હુરોની-હાયમાં આપણે ધૂર્તોના ધનલોભનો ભોગ બન્યા છીએ. જેને પરિણામે ભાયબંધ કોમોની નજરે શંકાથી જોવાતા આપણે ઘૃણિત, નિંદનિય અને નિષ્કૃષ્ટ જીવન ગુજારી રહ્યા છીએ.

### અપવાદરૂપ કોમ.

'ગરજને અક્કલ હોતી નથી.' એ કહેવત ખરી હોવાનો આપણી કોમે આખોએ પુરાવો પુરો પાડયો છે. આપણને કહેવામાં આવ્યું કે "તેરસો વરસ પહેલાં અરબસ્તાનમાં નકલંક અવતાર થયો છે, તે તમારો ઉદ્ધાર કરશે, તમને સ્વર્ગમાં લઇ જશે. પૈસા લાવો, અને તમને હુરાંઓ મળશે." આપણી કોમ પણ સર્વના જેવા માનવ પ્રાણિની જ બનેલી છે એ સત્ય આપણે ભાગે ન ચડયું તે ન જ ચડયું. આપણે કહ્યું, "બરાબર છે. લ્યો પૈસા, અમને સ્વર્ગ આપો, હુરાંઓ આપો." ત્યાર પછી કહે, "તેના વંશ વારસ તેની જગ્યાએ આવનાર સૌ 'નકલંક અવતાર' છે, ઇમામ છે, પીર છે, બક્ષણહાર છે. તેનેજ પૈસા આપો. એ એકજ તમારૂં સર્વ કલ્યાણ કરશે." આપણે કહ્યું, "તે પણ બરાબર. આમીન, લ્યો ધન, અમને તે સઘળું કબુલ છે. અમને તમારી સેવાથી વંચિત બનાવશો માં, નહિ તો હુરો રિસાય જશે." એ રીતે અપ્સરાની આતસમાં ભાન ભુલીને આપણે બુદ્ધિના બાર વગાડયા, દિવસે ને દિવસે સામાજિક જુલ્મ અને ગુલામીના ભોગ થતા ચાલ્યા, અને એ શૃંખલા મજબુત કરવા માટે, એક બીજાના પગમાં પહેરાવવા માટે, આપણાથી થયા તે સઘળા પ્રયત્ન કર્યા અને કરીએ છીએ. અને એ બધું પરલોકના પોકળ વચનોની પાછળ.

### ન ભૂતો ન ભવિષ્યતિ.

અડતાલીશ પેઢી સુધી નકલંક અવતાર તે નકલંક જ રહ્યો, કાંઇ પણ શ્રેય સાધ્યું નહિ એ વાત બાજુએ રાખીએ અને માની લઇએ કે વિષ્ણુના બ્રાહ્મણ, ક્ષત્રિય, વામનાદિ અવતાર થયાં હોય તો તેમ યવન પણ થાય અને તેને માતા પિતા પણ હોય શકે. અને તેમના નામ પણ હોય; તથાપિ મત્સ્ય, કુર્મ, વરાહ અને નૃસિંહ એ માનવેતર પ્રાણીઓના પણ માતાપિતા અને તેમના કેશવરૂખ, પ્રેમરૂખ, વિગેરે નામો આપણે 'વિશ્નાપુરી' અને 'દશ-અવતાર'માં વાંચીએ છીએ. અને એ સઘળું સત્ય માની લઇએ છીએ, કારણ કે આપણે જીન્નતમાં હુરીઓથી હીંચોળા ખાતાં, આભ ઉંચા હર્મ્યોમાં બુદ્ધિને ગીરો મુકી મેળવેલ એ એકના સવા લક્ષની સાહેબી ભોગવવી છે.

### દીવો લઇને કુવામાં.

કોઇ માણસ દેખતો હોવા છતાં આંધળો થવા, સદાને માટે ચક્ષુ બંધ રાખી રહે, બોલેજ નહિ. માને કે 'હું આંધળો છું, દેખું છું છતાં મારે કાંઇ જોવું નથી.' તો આપણે તેને શું કહેશું ? ભલે આપણે તેની દયા ખાઇએ, તો પણ તેને બુદ્ધિહીન મૂર્ખની ઉપમા તો જરૂર આપીએ જ. એવી જ રીતે આપણી આખી કોમ અવતારો અને તેના માબાપોના પાત્રોની અર્થશૂન્ય વાતોને સત્ય માની, સ્વર્ગના સોદાઓમાં રત્ત બની રહી છે. તે કાં તો કાંઇ જાણતી ન હોય અથવા જાણે છે છતાં જાણવાની પરવાહ નથી. એવી છતી આંખે દીવો લઇ કુવામાં પડતી કોમને–આપણે તો પોતાનો દોષ ન જોઇ શકીએ પણ–બીજાઓ શું કહેશે, કહે છે ?

### ગુલામીના દુર્ગુણ.

આવા સોદાઓમાં આપણી બુદ્ધિનું લિલામ અને ધનનું શોષણ થાય છે એટલેથી જ અંત નથી; પણ આપણી આખી કોમને ધર્મને નામે સામાજિક ગુલામીની લોહ શૃંખલામાં એટલી હદ સુધી બદ્ધ બનાવી દીધી છે કે જેને પરિણામે હવે તો આપણે સારાસારનો વિવેક સુદ્ધાં વિસરી ગયા છીએ. એ હુરો અને હર્મ્યો પાછળ આપણે ગાંડા બન્યા છીએ. આપણા આત્મજનો, સ્નેહી–સંબંધીઓ, સર્વનું ધર્મને નામે નખોદ વાળવામાં આપણે કદી આંચકો અનુભવ્યો કે અનુભવતા નથી.

### બેવડો દ્રોહ.

આપણા કેટલાક ભાઇઓ આ બધું સમજે છે. તથાપિ તેઓ મિથ્યા ભ્રમમાં પડી અવળું આશ્વાસન લઇ રહ્યા છે. તેઓ પોતાના મનને " આપણે કયાં કાંઇ આપીએ છીએ ? આપણને કાઉન્સીલ કે ધર્મનું શું દુઃખ છે ? આપણે આપણું સંભાળીએ છીએ." વિગેરે વચનોથી મનાવી તેઓ એમ સમજે છે કે 'જેઓ કરતા હોય તેમને કરવા દ્યો ને પડતા હોય તેમને પડવા દ્યો.' પણ એવાઓ પોતાના આત્માનો અને કોમનો એમ બેવડો દ્રોહ કરવાનો દોષ પોતાને માથે વહોરે છે. જ્યારે પાપનો છેલ્લો ઘડો ભરાય રહેશે ત્યારે ઘણાંકો જેઓ બીલકુલ બેફામ છે તેમના કરતાં અનેક ગણો અધિક પરિતાપ કરવાનું એવા સમજુ દ્રોહીઓને ભાગે આવશે એ નિઃસંશય છે.

# સપ્તાહનો સાર.

**પંડીત જવાહરલાલનો છુટકારો:** હિંદી રાષ્ટ્રીય મહાસભાની લાહોરની બેઠકના પ્રમુખ અને ભારતના જુવાનોના પ્રાણ સમા પંડીત જવાહરલાલ નહેરૂને તેઓની માતાની સખ્ત માંદગીને કારણે ગઇ તા. ૩૦ મી ઑગસ્ટના રોજ સરકારે જેલ મુકત કર્યા છે; તેઓની સજાની મુદત આવતી તા. ૧૨ મી સપ્ટેમ્બરના પુરી થતી હતી.

**શ્રી. સુભાષચંદ્ર બોઝ:** બંગાળના યુવક નેતા શ્રી. સુભાષચંદ્ર બોઝ જેઓ નાદુરસ્ત તબીયતને કારણે વિએનામાં સારવાર ભોગવતા હતા, તેઓ બર્લીન (જર્મની) ગયા છે; ત્યાં સ્થાનિક પત્રોએ તેઓની મુલાકાત લીધી હતી અને હિંદી મામલા વિષે બે સભાઓમાં ભાષણ કર્યું હતું.

શ્રી. બોઝને હજી જઠરમાં દરદ ચાલુ છે, તેઓ થોડોક સમય બ્લેક ફોરેસ્ટમાં સારવારને અંગે ગાળશે.

**મ. ગાંધીજીની તબીયત:** મ. ગાંધીજીની ઉપવાસને કારણે નબળી પડી ગયેલી તબીયતમાં લગભગ તદ્દન આરામ થઇ ગયો છે, તેઓ હવે ડૉકટરી તપાસ નીચે રહેશે નહિ.

હિંદમાં સુલેહશાંતિ સ્થાપવા મટે હજી વધુ એક વખત હિંદી સરકારને થોડા દિવસમાં મહાત્માજી પત્ર લખનાર છે.

**સ્વદેશી બજાર:** અમદાવાદમાં ગાંધી રોડ ઉપર એક સ્વદેશી બજાર ગઇ તા. ૨૬ ના રોજ જાણીતા કાર્યકર્તા શ્રી. જીવણલાલ દીવાનના હાથે ખુલ્લું મુકવામાં આવ્યું છે.

**વ્યકિતગત સત્યાગ્રહ:** વ્યકિતગત સત્યાગ્રહની ચળવળને અંગે દેશભરમાં ધરપકડો થઇ રહી છે.

સાયમપુરથી સાબરમતિ આશ્રમ જવા નીકળેલી થોડા વખત પહેલાં એક ટુકડી લાહોર આવતાં પકડવામાં આવી છે.

ઢાંકા, કલકત્તા, મદ્રાસ, મુંબઇ, પટણા, વિગેરે સ્થળોએ ધરપકડો થઇ છે.

**ચીન જાપાન ઝપાઝપી:** ઝુપાસી ખાતે જાપાનીઝ લશ્કર અને ચીનાઓ વચ્ચે ઝપાઝપી થવા પામી હતી; તેમાં ૧૫૦ મંચુરયનો મરણ પામ્યા છે. ચીનનાં કુચાઉના જાપાનીઝ વતનીઓ પર સામ્યવાદીઓનો ભય હોવાથી તેઓનાં રક્ષણ માટે ફોરમોસાથી ત્રણ લડાયક બાર્કસો કુચાઉ તરફ રવાના કરવામાં આવશે.

**આયર્લેંડનો મામલો:** ડી'વેલેરાની સરકારને ઉથલાવી પાડવા માટે બ્લુશર્ટ પાર્ટીના આગેવાન ઓ'ડફી હેઠળ બધા વિરોધી પક્ષો એક થશે એમ ધારવામાં આવે છે. કોસગ્રેવ પાર્ટી પણ તેમાં જોડાશે એમ જણાય છે.

**બ્રિટન આયર્લેંડ વચ્ચે વેપાર:** આયર્લેંડે બ્રિટન સાથેના વેપાર સંબંધ તોડી નાખ્યા પછી ૧૯૩૩ ના પહેલા છ માસ દરમ્યાનનો બ્રિટન સાથેનો વેપાર ૧૯૩૨ સાથે સરખાવતાં પાઉન્ડ ૬૫ લાખથી વધુ ઘટો હતો; જ્યારે ઉત્તર આયર્લેંડ સાથેનો વેપાર ૧૫ લાખ જેટલે ઘટયો હતો, બીજા દેશો સાથેનો વેપાર પાઉન્ડ ૨૮૦૦૦૦ જેટલો વધ્યો હતો.

**ચીનાઓને સજા:** ત્રણ ચીનાઓને વગર પરવાને ચાર ઓટોમેટીક પીસ્તોલો, એક રીવોલ્વર અને પાંચસો કારતુસો રાખવા માટે કલકત્તાના ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટે બંગાળના અત્યાચારો દબાવી દેવાન કાયદા હેઠળ દરેકને છ વરસની સખ્ત સજા કરી છે.

**પત્નિના લોહીનો તરસ્યો પતિ:** ક્રીગલ્લા (સીલોન) પોલીસ કોર્ટમાં ચાલતા એક કેસમાં સ્ત્રીએ પોતાના પતિ સામે ત્રાસ ઉપજાવનારી જુબાની આપી હતી; તેણે તેના પતિ ઉપર લોહી પીનારાનો આરોપ મુકયો હતો. જુબાની આપતાં જણાવ્યું હતું કે "મારો પતિ જ્યારે મીનારીયાથી પાછો ફર્યો તે વખતે તેણે મારા કોઇ અજાણ ગુન્હા માટે મારૂં લોહી પીવાની માગણી કરી અને જો હું લોહી ન આપું તો મને અને મારા છોકરાને મારી નાખવાની ધમકી આપી; મેં મારા પગ અને હાથ ઉપર ઘા કર્યા અને તેને ત્રણ અર્ધા કપ લોહી પીવાને માટે આપ્યું; તેણે આ લોહી પીધું અને વધારે લોહીની માગણી કરી."

**બાળાની લાજ લૂંટનાર શિક્ષક:** મુંબઇમાં નાદીરશાહ સોરાબજી મરચન્ટ નામના ૫૦ વરસની ઉમરના એક પારસી શિક્ષકને ધનબાઇ ફરામરોજ વાચ્છા નામની સગીર વયની છોકરી ઉપર બળાત્કાર ગુજારવાનો અને તે મતલબથકી બળ વાપરવાનો એમ બન્ને ગુન્હા માટે સેશન્સ જજે ૧૮ મહિનાના સખ્ત કેદખાનાની સજા કરી છે.

**વાણંદ ગ્રેજ્યુએટ:** કપડવંજના રહીશ વાણંદ શ્રી. મોહનલાલ મુળજીભાઇ જેઓ બી. એ. ની પરિક્ષામાં બીજા વર્ગમાં ઓનર્સ સાથે પાસ થયા છે તેઓને મુંબઇમાં વાણંદ યુવક મંડળ તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું.

**ખોજા વેપારીની ધરપકડ:** મુંબઇના કાપડના વેપારી મેસર્સ દાઉદભાઇ એન્ડ કું. ના ભાગીદાર અબ્દુલઅલી દાઉદભાઇ કે જેઓ છેલ્લા ૧૫ વરસથી માન્ચેસ્ટરમાં એ. ચીનોય એન્ડ કું. ના નામે વેપાર કરે છે તેઓની મુંબઇમાં ધરપકડ થઇ છે, શ્રી. ચીનાઇ જાતે ખોજા છે; તેઓ ગઇ તા ૨૪ ના રોજ વિલાયતથી મુંબઇ આવેલ છે.

હિંદુસ્તાનમાં મોકલેલા કહેવાતા માલના ઇનવોઇસ બેંકમાં જામીનગીરી તરીકે મુકીને નાણાં મેળવતા હતા; આ રીતે તેમણે મેસર્સ લોઇડઝ બેંક લીમીટેડ સાથે રૂા. ૨૦૦૦) ની ઠગાઇ કરેલી હોવાનું જણાય છે. તેઓને રૂા. દશ હજારના રોકડ અને બીજી તેવીજ જામીનગીરી ઉપર છુટા કરવામાં આવ્યા છે. વિલાયતની પોલીસ પણ તપાસ ચલાવી રહી હતી.

**ખોજા કુંવારીકા કેસ:** મુંબઇમાં ખોજા કુંવારીકા જેનાબાઇ કેસ સંબંધમાં પકડાયેલા મા સકીનાબાઇ તથા બાપ હાશમ ફાજલની વધુ સુનાવણીમાં બન્ને ઉપરનો સુવાવડમાં સારવાર કરવાની બેદરકારી રાખવાનો મુકાયેલો આરોપ મેજીસ્ટ્રેટે કાઢી નાખ્યો હતો; તેથી બાપને નિર્દોષ ઠરાવી છોડી મુકયો છે. મા સકીનાબાઇનો કેસ જન્મેલ બાળકનું ખુન કરવાના આરોપ બદલ સેશન્સ કમીટ કરવામાં આવ્યો છે.

**શેઠ શુરજી વલ્લભદાસનો છુટકારો:** મુંબઇના જાણીતા વેપારી અને સ્વદેશી મારકેટના માલીક શેઠ શુરજી વલ્લભદાસને સત્યાગ્રહની ચળવળને અંગે એક વરસની થયેલ સજા પુરી થતાં તેમને નાસીક જેલમાંથી છોડી મુકવામાં આવ્યા છે. મુંબઇમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામા આવ્યું હતું.

## કુહાડાના હાથા

કુહાડાના કાતીલ પ્રહારોથી વન ધ્રુજી ઉઠયું. ઝુલી રહેલા ઝાડ પાન ડાળીએ ડાળીએ કરૂણ રૂદન કરવાં લાગ્યાં. પોતાના અંગોનું છેદન ભેદન થતાં વેદનાથી પીડાતા, દુઃખ અને દર્દથી કરગરતા વૃક્ષો કુહાડા પ્રત્યે કહેવા લાગ્યા : "અય, નિર્દય કુહાડા ! તું અમને શા માટે હણે છે ? અમે જગત પર કેટલા ઉપકારી અને ઉપયોગી છીએ એ તો તું જો ! અમારી નીચે તડકામાંથી આવતા મુસાફરો છાંયડો મેળવી સુખ પામે છે. પક્ષીઓ પાંદડે પાંદડે કિલ્લોલ કરતા ફળ ફુલ આરોગી આનંદ અને તૃપ્તિ મેળવે છે; અને વળી અમને અમારૂં આમ બીજાને ઉપયોગી જીવન જીવતાં જીવવાની અતિ અભિલાષા છે. ત્યાં, ભુંડા, આટલી નિર્દયતા વાપરવી તને કેમ ગમે છે ?"

આટલું સાંભળી દર્દથી પીડાતા વૃક્ષો પ્રત્યે કુહાડો કહેવા લાગ્યો : "અય, ભલા પરોપકારી વૃક્ષો ! તમારી વાત સાચી છે. હું તો નિમિત માત્ર દોષિત છું. તમારૂં નીકંદન કાઢનારા તો આ કડીયારો અને તેના હાથમાં હાથારૂપે રહેલા તમારા પોતાનાં જ ભાઇ ભાંડુઓ છો. તેનાથી પરાધીન બનેલો હું નિમિત માત્ર છું. મારામાં તમને હણવાની એટલી શક્તિ નથી. હાથા વગર મારા એકલા લોઢાના ટુકડાથી કડીયારો પણ તમને હણવા અસમર્થ છે, તો પછી મારી એકલાની તો વાત જ શી કરવી ? મારે તમને નુકશાન કરવાની જરા પણ ઇચ્છા નથી અને મારામાં શક્તિ પણ નથી"

આટલું સાંભળી વૃક્ષો સ્તબ્ધ થઇ ગયા, અને માંહોમાંહે કહેવા લાગ્યા કે ખરેજ આપણું નીકંદન કાઢનાર આપણા પોતાનાંજ આપ્તજનોજ છે.

એક જુની કહેવતમાં બરાબર લખ્યું છે કે "ઘર ફુટયે ઘર જાય."

ઉપર પ્રમાણે અક્ષરે અક્ષર ખોજા કોમની પણ એવી જ દીન દશા છે. જ્ઞાતિની લીલીછમ વાડીનો નાશ કરી રહેલા કુહાડાના હાથાઓ આટલેથી અટકશે ? ધ૦

## મ. ગાંધીજીની જયંતિ

અમરેલીથી અખિલ ભારત ચરખા સંઘના કાઠિયાવાડ વિભાગના એજન્ટ શ્રીયુત રામજી હંસરાજ એક પત્રિકા મોકલાવી સૂચવે છે કે "દર વરસે મહાત્મા ગાંધીજીની જયંતી નિમિ-તે ભાદરવા માસમાં 'ખાદી સપ્તાહ' ઉજવવામાં આવે છે. કાઠિયાવાડમાં દરેક શહેરે તે એકી સાથે ઉજવવામાં અને ખાદી પ્રચાર તથા વેચાણમાં બહુ મુશ્કેલી પડતી હોવી જોઇએ. માટે ભાદરવા શુદ ૧૫ થી કારતક શુદ ૧૫ સુધી બે માસ જો આ ખાદી વેચાણ માટે રાખવામાં આવે તો અનુકુળતા થાય." ઉપરાંત તેમના તરફથી વસ્ત્રસ્વાવલંબનની કળા શીખવા માટે અમરેલીના ઉદ્યોગ મંદિરનો લાભ લેવા આમંત્રણ કરવામાં આવ્યું છે. ખાધાખોરાકીના માસીક રૂા. ૧૨) શિવાય બીજી કાંઇ પણ ફી લેવામાં આવતી નથી.

## વેપાર સમાચાર

( તા ૨-૯-૩૩ )

**રૂન :** ગયા અઠવાડીઆમાં લીવરપુલમાં ૧૦ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૧૧ નો છે તેમાં ગાં. ૨૬૫૦૦ મુકાશે તેમ લીવરપુલના એસોસીએશન તરફથી સત્તાવાર જાહેર કરવમાં આવ્યું છે. સ્ટીમર 'સીટી ઓફ ફલોરેન્સ' ભળી ગઇ છે. છેલ્લા સેલ પછી સ્થાનીક બજારમાં પહેલ વહેલાજ સોદા જીણા માલના રૂા. ૧૨ાા ના ભાવથી અને જાડા માલના રૂા ૧૦) ના ભાવથી થયા છે.

**રૂત :** ભરૂચ ૨૦૩.

**અનાજ કરીયાણું :** ૧ાા≈ ૨) ઘઉં. ૧ાા≈ ૧ાા બાજરો. ૧ા ૧ા૦ાા જુવાર રંગુની. ૧ાા≈ ૧ાા ચણા. ૧ા~ ાા≈ કમોદ જાડી. ૧)~ ૧)≈ કમોદ જીણી. ૧ા≈ ૧ાા~ મેથી. ૨ા≈ ૨ાા તલ. ૨ા≈ ૨ાા તલી. ૧ાા૦ાા ૧ાા~ એરંડી ઝીણી. ૧ાા૦ાા ૧ાા~ એરંડી જાડી. ૧ાાા≈ ૨) મગ. ૧ાા ૧ાાા≈ અડદ. ૧ા≈ મગફળી ઝીણી. ૧ા મગફળીજાડી. ૧ાાા રાઇ. ૧, મઠ. ૦ાા કળથી. ૧ાાા≈ ચણાની દાળ. ૧ાા≈ ૨) ગોળ દેશી. ૨) શીંગદાણા હાથફોલ. ૭) ૭)≈ કપાશીયા માળવો. ૮ાા વેસણ જાડો. ૯ા વેસણ જીણો. ૧૦ાા મેંદો. ૧૨ા રવો કરાંચી. ૪ા≈ ખાંડ રાજકોટ શહેર. ૪)≈ ખાંડ સદર. ૧ાા ચોખા માંડલો, ૫ા≈ મીલ સુગંધી, ૧ાા નાની મીલ, ૨ાા ૩ા ભીમડી. ૨ા≈ તુવેર દાળ. ૨ાા≈ ૨ાા ખારેક નવી. ૭) તજ. ૨૧) લવીંગ. ૪૫) એલચી. ૧૧) જાયફળ. ૭) ગુંદ. ૩) ખસખસ. ૨ાા ધાણા. ૮) જીરૂં શ્રીકાર. ૨ાા રાજગરો. ૪ાા હળદર ૫) સુંઠ. ૭) ખોપરાંશ્રીકાર. ૬ાા શ્રીફળ પાણેચાં નંગ ૧૨૫. ૧૦) સોપારી. ૨) અરીઠાં. ૨૪ાા પસ્તી. ૦ા~ ચા ભુકી. ૭)~ સોડા ગુણી ૧ ૩) આમલા. ૨ા≈ સુવાદાણા. ૬) ખોપરેલ પીપનું. ૬ા ખોપરેલ ડબાનું. ૨૧) ખુંદદાણા. ૦ાા~ દીવાસળી. ૭) દ્રાક્ષ કાળી. ૩૩) બદામ મગજ. ૩ા વરીયાળી. ૧૮) લોબાન કોડીયો નાં. ૨, ૧૬) નાં. ૩ ૧ા≈ જાવત્રી ૧ રતલ ૧૪) કાથો ફુલ. ૪) તપખીર. ૪) સાબુ ચોખા.

**ઘી :** ૨૧ાા મુંબઇ પરબ, ૧૫ાા તાજોરસ.

**તેલ :** ૫ાા ૫ાા≈ તલનું, ૪) શીંગનું. ૨ાા ગ્યાસલેટ પીળું. ૩ા≈ ગ્યાસલેટ સફેદ હાથી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

## Stop Press

જુનાગઢથી એક ભાઇ લખી જણાવે છે કે:—

"ઇસ્માઇલી ખોજા બોર્ડીંગના છોકરાઓને આંહી 'કાલવો' નદી છે ત્યાં ન્હાવા બોર્ડીંગના માસ્તર લઇ ગયા હતા. તેમાંથી એક છોકરો નદીમાં ડુબી જવાથી મરણ પામ્યો છે."

આ દુઃખદાયક ઘટના સબંધે વિગતવાર અહેવાલ આવતા અંકમાં. તંત્રી.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**[ અત્યારે આપણી કોમનો વહીવટ કાઉન્સીલ નામની સંસ્થા ચલાવી રહી છે. આ કાઉન્સીલ અને તેના કાયદા કોમને કેટલા ભીંસી મારનારા છે તેનો આછો ખ્યાલ તો અત્યારે આપણા દરેક ભાઇ ધરાવે છે. કટકે કટકે છુટી છુટી ટીકાઓ પણ આ ઉપર થઇ ચુકી છે. પણ કાઉન્સીલના કાયદા ઉપર એક સળંગ ટીકાની ખાસ જરૂર હોવાથી આ લેખમાળા શરૂ થાય છે. હાલ તુરત તો કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાનેજ ચર્ચવામાં આવશે. " ખોજા જાગૃતિ " ના વાંચકોને આ લેખમાળાનુ લખાણ બહુજ ધ્યાનપુર્વક વાંચી પચાવવા વિનંતિ છે. તંત્રી. ]**

**કલમ ૧૧૩.**

"કોઇ બાઇ પોતાના ધણીથી છુટાછેડા મેળવે અગર તેણીનો ધણી ગુજરી જાય તો તેણીને વખતો વખત તેણીના માબાપ પાસેથી જે ઘરેણાં મળેલ હોય અને જેની નોંધ જમાતખાનાના રજીસ્ટરમાં કરવામાં આવેલી હોય તેની માલીકી હક ધરાવવા કોણ હકદાર છે તે નક્કી કરવાનું કામ કાઉન્સીલનું છે. એવો ઠરાવ પક્ષકારોને બંધનકારક થશે."

આ કલમથી સ્ત્રી વર્ગને ભારેમાં ભારે અન્યાય કરવામાં આવે છે. પોતાના માતાપિતા તરફથી જે કાંઇ ઘરેણું સ્ત્રીને મળે તે તેનું પોતાનું જ સુવાંગ માલીકીનું છે. આ વસ્તુને એકે એક રાજ્યે અને ન્યાયનું કામ કરતી દરેક સંસ્થાએ સ્વીકારેલી છે અને સ્ત્રીધન તરીકે પતિના કોઇ કરજ પેટે તેને હાથ પણ લગાડી શકાતો નથી. જ્યારે આ કાનુનથી કાઉન્સીલ એ સ્ત્રીધનના સ્ત્રીઓના પવિત્ર હક ઉપર ત્રાપ મારે છે, અને તેના ઉપર કોનો હક છે એનો નિર્ણય કરવાનું પોતાના હાથમાં લે છે. હકીકતે તો એ હકનો નિર્ણય થઇજ ચુકેલ છે અને માબાપે એ ઘરેણાં આપ્યા ત્યારથી જ એ સ્ત્રીની પોતાની અંગત માલીકીના ઠરી ચુકયા છે. જ્યારે આમ નિર્ણય થઈ ગયેલાનો ફરીથી નિર્ણય કરવાની કાઉન્સીલ માગણી કરે ત્યારે અસહાય થઇ પડેલી નિર્દોષ અબળાને સતાવવાની તેમાં સખ્ત ગંધ આવે છે.

**કલમ ૧૧૪.**

"કોઇ કેસનો પ્રતિવાદી તેજ કાઉન્સીલની હકુમતમાં ન રહેતો હોય તો કાઉન્સીલ પાસે રજુ કરવામાં આવેલ કેસ દાખલ થઇ શકશે નહિ. પણ તે કેસનો પ્રતિવાદી સદરહુ કાઉન્સીલની હકુમત બહાર દેશાવરની દૂરની જગ્યામાં રહેતો હોય તો સદરહુ પ્રતિવાદી સામે તે કેસ દાખલ થઇ શકશે."

ફરી એકવાર ભાષાનું અજ્ઞાન આ કલમમાં પરસ્પર વિરોધતા અને ગુંચવણ ઉભી કરે છે. જે બન્ને સ્થિતિ બતાવવામાં આવી છે તે એકજ છે કે જે કાઉન્સીલમાં કેસ દાખલ કરવામાં આવે તેજ કાઉન્સીલની 'હકુમત' તળે પ્રતિવાદી રહેતો હોવો જોઇએ. બહાર દેશાવરની દૂરની જગ્યા' એમ લખવાથી કોઇ વસ્તુ સ્પષ્ટ થતી નથી. કાં તો હિંદુસ્તાનની કે કાઠીઆવાડની બહાર અને કાં તો એ કાઉન્સીલની હદની બહાર એમ ચોકખું લખવું જોઇએ. આ કલમનો હેતુ એ દેખાય છે કે જો પ્રતિવાદી હિન્દુસ્તાનની બહાર હોય તો કેસ દાખલ થઇ શકે. પણ એ સ્પષ્ટ કરવા જેટલી ભાષા કે શબ્દો આ કલમમાં વાપરવામાં આવેલ નથી અથવા તો એનો રચનાર એ ભાષાના સાધારણ જ્ઞાનથી પણ વંચિત છે.

કાઉન્સીલની 'હકુમત'ની ભાવનાને તુચ્છ ગણી બાજુ ઉપર રાખીએ તો જે સિદ્ધાંત કેસ દાખલ કરવાની શરતો સંબંધે સ્થાપવામાં આવ્યો છે તે બરાબર નથી. સામાન્ય રીતે ન્યાયની અદાલતેનો શીરસ્તો એવો છે કે કાં તો પ્રતિવાદી એની હકુમત તળે રહેતો હોય અથવા તો વાંધાનું કારણ એની હકુમત તળે ઉત્પન્ન થયું હોય. આ કલમમાં પ્રતિવાદીની સગવડ જોવામાં આવી છે, પણ વાદીનું શું ? તે જો તેની કાઉન્સીલને ફરીયાદ ન કરે તો કોને કરે ?

આંહી 'કેસો ચલાવવાને લગતા કાયદાઓ' એ પહેલા પ્રકરણનો ત્રીજો વિષય પુરો થાય છે. 'કેસો ચલાવવાને લગતા' આ કાયદાઓમાં કલમ ૧૦૮, ૧૧૨ તથા ૧૧૩ ઘુસાડી દેવામાં આવી છે જે કોઇ પણ જાતના કેસો ચલાવવા સંબંધે નથી.

**કલમ ૧૧૫.**

"લગ્ન, જન્મ અને મરણને લગતા જે કાયદા કાઉન્સીલે ઘડેલા છે તે પ્રમાણે અમલ કરવો. જો કોઇ શખ્સ તે કાયદાથી વિરૂદ્ધ ચાલશે તો તેને/તેણીને કાઉન્સીલ તરફથી શિક્ષા કરવામાં આવશે."

આપણા શિવાય જે બીજી કોમો છે તે બધી સામાન્ય રીતે લગ્ન સંબંધે જ પોતાના કાયદા કાનુન બાંધે છે. જન્મ અને મરણ સંબંધે પણ કાનુનો રચાયેલા તો માત્ર એક આપણી કોમમાં જ છે. જન્મ થાય ત્યારે કાંઇ કરવાનું ન હોય, અને મરણ થાય ત્યારે ભૂમિદાહ કે અગ્નિદાહ દેવાનો હોય; આ શિવાય આ બે પ્રસંગે કાંઇ કરવાનું ન હોય એ દુનિયાનો સર્વ સામાન્ય અનુભવ છે. આ જોતાં આ કાયદા રચનારનું ભેજું શોધખોળમાં ઘણું આગળ વધેલું ગણાવું જોઇએ.

અને સાવચેતીની તો શું વાત કરવી ! જે કાયદાઓ હજી આવ્યા નથી અને હવે પછી આવનારા છે તેના ભંગ માટે અગાઉથી શિક્ષા કરવાનું નક્કી કરી રાખવામાં આવ્યું છે અને આ શિક્ષા પણ કેવી અને કેટલી કરવી તેનો સર્વ આધાર કાઉન્સીલ ઉપર છોડવામાં આવ્યો છે.

આ કલમમાં એક વસ્તુ ખાસ નવી છે. આમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે આ લગ્ન, જન્મ અને મરણને લગતા કાયદા કાઉન્સીલે ઘડયા છે. ત્યારે બાકીના કાયદા કોણે ઘડયા છે એ મહત્વનો પ્રશ્ન ઉભો થાય છે. અને આ કાઉન્સીલને આ કાયદા ઘડવાની સત્તા કોણે આપી ? કોને પુછીને, કોના કહેવાથી તેણે આ કાયદા ઘડયા ? આ બધા પ્રશ્નોના ઉત્તર આપણને કયાંયથી મળતા નથી. કેમ જાણે આ આખું પ્રકરણ–કાઉન્સીલની સ્થાપના, તેના મેમ્બરોની નીમણુક અને કાયદાઓનું ઘડતર એ બધાની પાછવાડે કોઇ જબરો ભેદ હોય તેમ લાગ્યા કરે છે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આંતરદ્રષ્ટિ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨
દેશાવર રૂ. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૨૯ : સપ્ટેમ્બર ૧૨ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના ભાદરવા વદ ૮ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## ક્યાં સુધી ?

અય, બીરાદરો ! મૈયતનાં કફ્ન અને દફ્નમાં આ દાસત્વ ક્યાં સુધી ?

અય, બન્ધુઓ ! પરદેશ જતાં આવતાં પાસ પત્રની આ પરાધીનતા ક્યાં સુધી ?

અય, ભ્રાતાઓ ! લગ્ન વ્યવહારમાં ખત અને ખાતાઓની આ ખાતાવહી ક્યાં સુધી ?

અય, ભાંડુઓ ! આપણાજ પૂર્વજોના પરિવાર સાથે ઐક્યમાં આંતર પાડનારા આ ગુમાનીઓની ગુલામી ક્યાં સુધી ?

અય, આપ્તજનો ! ક્યાં સુધી ? ક્યાં સુધી ? એ દાસત્વની દીલેરી ક્યાં સુધી ? એ પરાધીનતાની પુજા ક્યાં સુધી ? એ ખાતાવહીની ખુશામત ક્યાં સુધી ? એ ગુલામીનાં ગુમાન ક્યાં સુધી ? સોહામણી શબ્દજાળની સુંદરતાની ઓથે સ્વમાનને હણતા એ ષડયંત્રનાં અળખામણાં અપમાન અને અમાનુષી વર્તનની બીરાદરી ક્યાં સુધી ?

## વિજયની ચાવી.

જુલ્મોને તાબે નહિ થવામાંજ જાલીમોની પરાજયતા છે. દોષનું કારણ પદાર્થ નથી પણ સ્વભાવ છે. વસ્તુ તો અનિવાર્ય છે, એટલેજ વસ્તુઓનો નાશ નહિ થવા છતાં એ વસ્તુદોષના નાશમાંજ ખરો વિજય સમાયેલો છે. જીત જીતવામાં નહિ પરંતુ નહિ જીતાવામાંજ છે. વિજય હરાવવામાં નથી પરંતુ નહિ હારવામાં રહેલો છે. જેમ પક્ષીઓનો વિજય પારાધીની જાળમાં નહિ સપડાવામાં સમાયેલો છે તેમજ પીડીતોનો વિજય જાલીમોની જુલ્મનીતિને તાબે નહિ થવામાં રહેલો છે.

આટલી નાની અને સાદી વાત જે ઘડીએ આપણા જ્ઞાતિબન્ધુઓનાં અંતરમાં ઉતરશે તેજ ઘડીએ વિજય આપણોજ છે. કાઉન્સીલને એક પણ કરવેરો નહિ આપવામાં કાઉન્સીલના જુલ્મી અને પ્રપંચી કારોબારનો એકજ ક્ષણમાં નાશ નિર્માયેલો છે. આક્રમણોની સામે અણનમ રહેવામાંજ વિજયની પૂર્ણતા છે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૨-૯-૩૩.


## આંતરદ્રષ્ટિ.

સૂર્ય ઉગે છે અને આપણને આપણી પરાધીનતાનું ભાન કરાવે છે. જેમ જેમ એ તપતો જાય છે તેમ તેમ આપણા રકતમાંસનું શોષણ થતું જાય છે. આપણે દિવસ આખો ચૂસાયા કરીએ છીએ. સૂર્યના અસ્ત થવા સાથે પણ આપણને ચૂસતા ચક્રો અટકતા નથી અને એ તાપથી તપ્ત થયેલા આપણે એ તાપ અસ્ત થતાં શાંતિ અને શીતળતાની આશા રાખીએ છીએ. પણ એય વ્યર્થ જાય છે અને ઘનઘોર કાળી રાત્રિ એના મૃત્યુ શા ઠંડા પંજામાં આપણને પકડે છે. આપણી બુદ્ધિ ખવાઇ જાય છે, આપણી અકકલ ઓગળી જાય છે અને એ બેભાન અવસ્થામાં આપણી ચૂસાવાની ક્રિયા બમણા વેગથી ચાલે છે. પણ આપણને તેની જાણ હોતી નથી. દિવસ અને રાત આપણે આમ ચૂસાતા ચાલીએ છીએ, અને વધુ ને વધુ નિર્બળ અને પરાધીન બનતા જઇએ છીએ. આજે આપણું ધન જવાથી આપણે કંગાલ બન્યા છીએ; કદી પણ તૃપ્ત ન થતી એ ધનની ભૂખે આપણી માણસાઇ આપણને વીસરાવીછે, ગુલામીની જંજીરો આપણા સર્વાંગે પહેરાવી આપણને નાચીઝ પરાધીન કેદી બનાવ્યા છે.

એ ખરૂં છે કે આપણને આવી દીન, હીન અને દયાજનક હાલતમાં મુકી દેવા માટે કાઉન્સીલ જવાબદાર છે. એ પણ એટલુંજ ખરૂં છે કે એ કાઉન્સીલને ના. આગાખાને પોતાનું મુરબ્બીપણું બક્ષ્યું છે. આપણી ધાર્મિક રાહબરી કરવાથી આગળ વધીને આપણા સામાજિક જીવનને પણ તેઓએ પોતાની ધાર્મિક રાહબરી નીચે ચગદી નાખ્યું છે કે એ જીવન એ રાહબરી નીચે ચગદાઇ ગયું છે. ગમે તેમ પણ આપણી આજની અધોગતિની જવાબદારીમાંથી ના. આગાખાન છુટી શકે તેમ નથી, કારણ કે કાંતો કાઉન્સીલના ઓઠા હેઠળ તેમણે આપણા પતનને ટેકો આપ્યો છે, અથવા તો એ અટકાવવાનું તેમના હાથમાં હોવા છતાં તેમણે તે અટકાવેલ નથી.

પણ આપણે માટે એ જેટલું મહત્વનું છે તેના કરતાં આપણો દરરોજનો થતો હ્રાસ કેમ અટકાવવો એ વધુ મહત્વનું છે. જે વાત આપણા હાથમાં હોય તેનો ઉપયોગ કરવો એ બીજાના દોષો—ભલે તે સકારણ અને સાચા હોય તોપણ—કાઢવા કરતાં વધુ જરૂરનું અને કાર્ય સાધક છે. એ વાત સાવ સાચી છે કે આપણેજ જો જાગ્રત થયેલાજ હોઇએ તો કોઇની પણ તાકાત આપણને ઉંધે રસ્તે દોરવાની નથીજ. તેમજ આપણેજ જો આ ગુલામીના બંધન છેદવા દ્રઢનિશ્ચયી હોઇએ તો એ બંધ આપણે માથે ટકાવી રાખવા કોઇની મગદુર નથી. અને આ બધું આપણા હાથમાં છે. આપણે તેનો ઉપયોગ બરાબર કરી શકીએ છીએ.

ધર્મને નામે, કોમના બંધારણના ઓઠા હેઠળ, ફરજીઆત અને મરજીઆત લાગાઓથી આપણે પ્રતિદિન ચુસાઇએ છીએ અને આપણા સામાજિક વ્યવહારોમાં આપણે સંપૂર્ણ પરાધીનતા સેવવી પડે છે. આનો ઉપાય સ્પષ્ટ છે અને તે આપણા હાથમાં છે. આપણે જો એ લાગાઓ ન ભરીએ તો આપણી પાસેથી બીજી કોઇ રીતે તે કોઇથી લઇ શકાય તેમ નથી. આપણે સાચેજ કાંઇ 'દેણું' કરી દસ્તાવેજ લખી આપ્યા નથી કે આપણાં લોહીમાંસ ગીરો મુકયા નથી કે જેથી કાયદાની અદાલત આપણા ઉપર તેનું હુકમનામું કરી આપી શકે. જ્યાં સુધી આપણે તે આપીએ, મને કે કમને, ત્યાં સુધીજ તે આપણી પાસેથી લઇ શકે છે અને ત્યાં સુધીજ પૈસા આપણા ખીસાની બહાર જઇ શકે છે. પણ જે ઘડીએ આપણે એ આપતા બંધ થઇએ, આપણા ખીસાને બટનવાળાં બનાવીએ તે ઘડીએ આપણને આજ દિન સુધી ચુસનારના હાથમાં આપણને એક મીનીટ પણ વધુ ચુસવાનું કાંઇ સાધન રહેતું નથી. ગુલામી અને મુકિત આપણા હાથમાંજ છે, દિનપ્રતિદિન શોષાવું કે ન શોષાવું એ આપણી મુખત્યારીની વાત છે. અને જ્યારે આપણું ધન-શોષણ અટકી જશે ત્યારે તે સાથેજ સામાજિક વ્યવહારોમાં આપણે વેઠવી પડતી ગુલામી બંધ પડશે. જે કોઇ આપણને ચુસે છે કે આપણને ગુલામ બનાવે છે તે તેનામાં એવી શકિત છે માટે નહિ પણ આપણે અશકત છીએ માટેજ. આપણી અશકિતનો બીજા ગેરલાભ ઉઠાવે એ જેટલા જવાબદાર છે તેના કરતાં આપણી જાત વધુ જવાબદાર છે. આટલી આંતરદ્રષ્ટિ જો આપણે કેળવશું તો આપણી સ્વતંત્રતાને રૂંધનાર આ અવનિમાં કોઇ નહિ રહે.

# ભૂતકાળના ભણકારા.

"તમને અમારા દુઃખનો ખ્યાલ નહિ આવે. અમારી રોજી તુટી, અમારો માન મરતબો ગયો, અમારો હક્ક ડુબ્યો–આ અમને કેટલું વસમું લાગે છે એ તમે શી રીતે જાણી શકવાના હતા ? પણ છેવટે સત્યનો જય છે. અમારૂં સાચ હશે તો તમે બધાય અમને પાછા પકડવાનાજ."

દુઃખ અને શ્રધાથી ઉભરાતે સ્વરે તેણે મને કહ્યું.

એનું નામ સફરઅલી નાનુમીંયા, જાતના સૈયદ, રહેઠાણ પીરાણા. આજે ઘર છોડયે તેને બરાબર ત્રીશ દિવસ થયા છે. એક મહીનામાં વીશ વીશ ગામની પગે ચાલીને મુસાફરી કરી આજે તે રાજકોટ આવેલ છે. પીરાણાથી નીકળી ભાલને રસ્તે થઇ બોટાદ, ત્યાંથી ગઢડા અને પછી બાબરા. બાબરાથી નીકળી એ કોટડા ( સાંધાણી ) જાય છે. મોવૈયા અને ગોંડળ રસ્તામાં લઇ એ રાજકોટ આવે છે. પીરાણાથી જ્યાં જ્યાં ફર્યો ત્યાં બધે રેલ્વેના સાધન છે, મોટરોની સરવીસ ચાલે છે; પણ એ ટ્રેઇન કે મોટરમાં નથી બેસતો અને પગે ચાલીનેજ મુસાફરી કરે છે. એ મુસાફરીની એંધાણી સમા તેના પગ ઉપર પડેલા ડંક અને ફોલ્લા હું જોઇ શકયો છું.

પીરાણા મેં જોયું છે. અમદાવાદથી મોટરનો ૦ા-૦ાા કલાકનો રસ્તો માંડ હશે. બહુજ નાનકડું એ ગામડું છે. ત્યાં પીર ઇમામશા બાવાનો રોઝો છે. એ રોઝાથીજ આ ગામ ત્યાં વસ્યું છે અને તેથીજ તેનું નામ પીરાણા પડ્યું છે.

સૌથી પહેલાં હિંદુઓને વટલાવી ખોજા બનાવનાર પીર સદરદીન હતા. પણ તેમના વખતમાં તેમના મુરીદોની જે સંખ્યા હતી તે ખાસ કરીને સીંધ અને કચ્છ તરફજ. ત્યાર પછી તેમના દીકરા હસન કબીરદીન, અને હસન કબીરદીનનાં દીકરા ઇમામશાહ. ઇમામશાહ અઢાર ભાઇઓ હતા. એટલે સૌએ જુદા જુદા ક્ષેત્ર ગોતવા માંડયા અને ઇમામશાહ ગુજરાત આવ્યા. પીરાણા જ્યાં અત્યારે છે તે આજુબાજુના મુલકમાં તેમણે મુરીદો બનાવવાનું ચાલુ કર્યું, અને તેમનું વ્યકિતત્વ, વકતૃત્વ, ઇમાનદારી અને સચ્ચાઇ એ પ્રદેશમાં ચમત્કાર થઇ પડયાં. ઘણા હિંદુઓ વટલીને ખોજા થયા. મુરીદોના ભકિતભાવે તેમને પીર અને બાવાના માનવંતા લકબ આપ્યા.

પોતાના એ પીર તરફ ભકતોનો ભકિતભાવ ઇમામશાહ મૃત્યુ પામ્યા પછી પણ ઘણો વખત ચાલ્યો. પીરાણાના ભકતો જુદી જુદી અનેક જાતના છે. તેમાં હિંદુ મુસલમાન સૌનો સમાવેશ થાય છે. દર મહીનાની અમાસનો ત્યાં હંમેશાં એક મોટો મેળો થાય છે. આમ બારે મહીના પીરાણાના જુદા જુદા ભકતોએ પોતાને માટે મુકરર કરી લીધા છે. આપણુ ખોજા ભાઇઓ માટે આસો વદ અમાસ ( દીવાળી )નો દિવસ નકકી થયો છે. પહેલાં દર વરસે આપણી કોમના માણસો હજારોની સંખ્યામાં ત્યાં જતા, અને આજે પણ ખાસ કરીને ભાલ અને ઝાલાવાડ તરફના ભાઇઓ એ નિયમ જાળવી રહ્યા છે. પણુ હવે તે સંખ્યા હજારોથી ઘટીને માત્ર બસો ચારસો બની છે. પીરાણામાં જેને સદાવૃત કહી શકાય તે, કોઇ પણ માણુસ, કોઈ પણ જાતનો, આવે તેને એક પાઇ પણુ લીધા વિના જમાડવાનું, આજ દિન સુધી ચાલે છે. જમતી વખતે કે બીજે કોઇ પ્રસંગે ત્યાં હિંદુ મુસલમાનનો કશો ભેદ હોતો નથી. સૌ ભાઇઓ તરીકેજ ત્યાં હોય તાં સુધી રહે છે. આવનાર મુસાફર કે અન્નના ક્ષુધાતુંને ત્યાં ભોજન ઉપરાંત સુવા રહેવાની બધી સગવડ પીરાણાની જગ્યા તરફથીજ કરી આપવામાં આવે છે. કોઇ પણ માણસને પોતા તરફ આકર્ષે, તેનામાં માનબુધિ ઉત્પન્ન કરે તેવા આ પીરાણાના મહાન ગુણો છે.

સંવત ૧૯૬૯ સુધી તો આપણે પીરાણાને માનતા. પીરાણાના સૈય્દો અને વેલડામાં બેસી તેમની બીબીઓ આપણે આંગણે અવતી. ખાનામાં ઉતારા થતા. સૌ યથાશકિત એ સૈયદોને પૈસા આપતા. જબરજસ્તી આ સૈયદોએ કદી પણ વાપરી નથી. માત્ર જુનો મીઠો સંબંધ એ આપણને બતાવતા અને એ સંબંધના સંબંધી બની આપણે તેને નારાજ ન્હોતા કરતા.

પણ પછી તંત્ર બદલાણું, માનસ બદલાણાં અને આપણને સુચના, સલાહ અને હુકમ થયા કે આપણે પીરાણાને માનવાનું નથી કે સૈય્દોને કાંઇ આપવાનું નથી. આપણે એ હુકમ માથે ચડાવ્યા. સૈયદોનું અને બીબીઓનું અપમાન કરી તેને જમાતખાનામાંથી કાઢી મુકવા જેટલી બહાદુરી આપણે મેળવી. પરિણામે સૈયદો આવતા બંધ થયા. માત્ર પીરાણા આવીનેજ જે કોઇ આપી જાય તે સ્વીકારવાનું તેમણે રાખ્યું. આજે સૈયદો આવતા બંધ થયા છે અને એમનું આવવાનું સ્વપ્નવત્ બની ગયું છે.

આવે વખતે એક સૈયદપુત્રને મારે આંગણે આવેલો જોઇ મેં અનેક લાગણીઓ અનુભવી. ભૂતકાળનો ઇતિહાસ મારી નજર સમક્ષ ખડો થયો, અને કાળની કુચ તળે કેવા ભલભલા ચગદાઇ જાય છે એનો પ્રત્યક્ષ બોધપાઠ મને મળ્યો. એક વખત જે પીરાણા તરફ સૌનો સ્નેહભાવ હતો, માન હતું, ભકિત હતી તેજ પીરાણા આજે કયાં વસેલું છે તેની આપણને ખબર પણ નથી. અને આજના વિષમ દુઃખદ દિવસો પણ એ કાળની કુચમાં જરૂર આથરી જશે અને નવાં પ્રભાત, નવા દિવસ આપણે જરૂર દેખશું એવી મારી શ્રદ્ધા આથી મજબુત બની. ધર્મને ટેકે ટેકે ચાલતી દરેક વ્યકિત કે સંસ્થાનો અંજામ આવોજ હોય છે.

આ સૈયદપુત્રની શ્રદ્ધા આપણને તાજુબ કરે તેવી છે. પીર ઇમામશા બાવાજ બધાઓને છેવટે સન્મતિ સુઝાડનારા છે, રોઝે કયામત પણ પીરાણાની ભુમિ ઉપર થવાનો છે—આ બાબે એને સોએસો ટકા ખાત્રી છે, રજ માત્ર પણ શંકા નથી.

ઇમામશા બાવા સંબંધે અનેક જુદી જુદી જાતના ચમત્કારો બનતા હોવાનું કહેવાય છે. તેમાં ખાસ કરીને બાવાના રોઝાના પગથીયાં ચડતી વખતે સાચા માણસોની પગમાં પહેરેલી લોઢાની બેડી તુટી જાય છે અને ખોટાની નથી તુટતી એ માન્યતા મજબુત થએલી છે. આ બધા ચમત્કારો આપણે માની શકીએ એ આજના બુદ્ધિવાદના યુગમાં અસંભવિત છે.

એક દિવસ મેં સફરઅલી મીંયાને મારે ઘરે રાખ્યા, અને વળતે દિવસે તેમણે ખંભે ખડીઓ ભરાવી ફરીથી તેમની પગપાળા મુસાફરી ચાલુ કરી.

# ધર્મ વિ. ચમત્કાર

લેખક : "જય જાગૃતિ."

## નાદારીના નમુના.

હરકોઇ ધર્મ કે ધર્માચાર્યની અંદરથી જ્યારે તેજનાં તત્વો ઓસરવા માંડે છે; શક્તિ, સામર્થ્ય ને પ્રતિભાનાં અમૃત ખૂટી જાય છે; એની અંદર મલિનતા અને પોકળતા પેસી જાય છે; ધર્મના કાળ–જીર્ણ કલેવરમાં કોહવાટ વ્યાપી એનાં કલ્યાણકારી ચૈતન્ય અસ્ત પામવાની તૈયારી કરે છે; અને એ નિષ્ફલતા તથા નાદારીને કાંઠે આવી ઉભે છે ત્યારે એના જ્વર–ઘેરાયેલા જીર્ણ દેહમાં ચમત્કારનો ચાળો ઉપડે છે. પાખંડ અને પરચાઓના કેફી નીશાથી એ પોતાનાં જીવન અને સત્તા ટકાવી રાખવા મિથ્યા પ્રયત્ન કરે છે. આવો સડી ગયેલો ને વિકૃતિ પામેલો ધર્મ માનવ કલ્યાણનો મહામત્ર ભૂલી જઇ માનવ સંહારને માર્ગે જગતમાં ખુનામરકી ફેલાવે છે. એના અનુયાયીની આંધળી શ્રદ્ધાની ઓથે એનાં જ લોહી પીને એ માતબર બને છે. પોતાના આશ્રિતોનાં રક્ષણને બદલે ભક્ષણ આદરી એના ધનની એ લુંટ ચલાવે છે. વ્યાપારની અને છળકપટની એ વસ્તુ બની જાય છે. જગતના શુષ્ક ને સ્વાર્થી વ્યવહારમાં ડુબી ગયેલી માનવીની મૂઢ-બુદ્ધિ ધર્મના સર્વસામાન્ય, દિવ્ય ને ઉજ્જવલ સ્વરૂપને બદલે એના કપોલ–કલ્પિત ચમત્કારોના ભેદી સ્વરૂપની પાછળ વિહ્વલ ને ભ્રમિત બની ન કરવાના ધંધા કરી બેસે છે. સૂર્ય સરખા ભવ્ય ને જગજાહેર એવા ધર્મના સરલ, નિખાલસ સ્વરૂપને ધર્મના ઉદરભરી ઇજારદારો કેવળ ચમત્કાર, જાદુગરી, પાખંડ ને પર-ચાઓના વિષય સરખું બનાવી મુકે છે. માનવીની શયતાન બુદ્ધિ આકાશ જેવા નિર્મલ અને કુદરત જેવા વિશાળ ને મનોહારી ધર્મના સર્વસુલભ પવિત્ર સ્વરૂપને ગંદું, ગોઝારું ને નાપાક કરી નાખે છે; વ્યાપાર, વિક્રય ને ચમત્કારની વસ્તુ બનાવી દીયે છે.

## સાચા ચમત્કારો.

આશ્ચર્યની વાત એ છે કે માનવીને જો ચમત્કારની જ ભૂખ હોય તો એ આવા માનવ–બુદ્ધિને હસનારા, બેવકુફ બનાવનારા, આંખે પાટા બાંધનારા અને છળથી ભરેલા નાચીઝ ચમત્કા-રોની પાછળ દોડી શું કામ ખુવાર થતા હશે ? જગત્કર્તાએ સૃષ્ટિની અંદર પોતાની મહત્તા ને કલ્યાણકારી પ્રભુતા સમજા-વનારા ક્યાં ઓછા ચમત્કારો વેર્યા છે ? હૃદયને શાંતિ, આનંદ ને પ્રેમની નિખાલસ ભાવનાઓથી ભરી દેનાર, સૌંદર્ય ને કલાના ખજાના શી કુદરત; કાળનો જગત્જુનો ઇતિહાસ ગાતો, માન-વીની શયતાનીયતને ડારતો, અગાધ સમુદ્ર; માનવીની દિવ્યતા ને પશુતા, ન્યાય ને અન્યાય, નીતિ–અનીતિની સદા ખડી ચોકી કરતા, સાક્ષી સ્વરૂપ સૂર્ય–ચંદ્ર–તારાગણો અને વિશાળ આકાશ; એવા એવા સૃષ્ટિના અનેક ચમત્કારો માનવીને શું ઓછા પડે છે ? હૃદયની હેવાનીયત, મોહવૃત્તિ, આસક્તિ, ભોગવિલાસ, આદિ છોડી, જગતના કલ્યાણ ખાતર, પોતાના માનવ ભાંડુ-ઓની સેવા પાછળ, સ્વદેશની રક્ષા માટે સર્વસ્વની કુરબાની કરી મરી ફીટનાર વીર પુરૂષોની અપાર આત્મશક્તિ ને ત્યાગવૃત્તિથી કયા ચમત્કારો ઉંચે ચડી શકે છે ? શુદ્ધ સેવાપરાયણ ને મહો-બતથી ઉભરાતું માનવી હૃદય એજ કિરતારની ખરેખરી અમૂલ્ય ને ચમત્કારી ભેટ છે. છતાં પામર માનવી એ સર્વ તરફ પોતાનાં આંખ–બુદ્ધિ મીંચી, બાજીગરની ઇંદ્રજાળથીયે નપાવટ, મૂર્ખાઇના પ્રદર્શન સમા ચમત્કારોના મિથ્યા પ્રલાપોને સાંભળવા તથા માનવા તૈયાર થઇ જાય છે.

## જગતને હસાવો માં.

"ચન્દ્રમાની અંદર સાહેબના ફોટા"ની વાત જ્યારે અભોળ ભાંડુઓને મુખે સાંભળીએ છીએ ત્યારે દરેક સમજદાર આદમીને ખરેખર હસવું આવે છે. એને એટલુંજ કહીએ કે ચન્દ્રની અંદર ફોટો દેખાય ન દેખાય એ જુદી વાત છે, પરંતુ અકલના સાફ અરિસાની અંદર તમે તમારો ફોટો તો ઘડીક નિહાળો; અને અવા મૂર્ખાઇના ડાઘા તો ભૂંસતાં શિખો ! ચન્દ્રની અંદર સાહેબને ફોટો દેખાય કે તમારો પોતાનો દેખાય એથી તમારો કે દુનિયાનો ઉદ્ધાર થઇ જવાનો નથી. માનવ જાતિનું કશુંયે કલ્યાણ થવાનું નથી માનવીની મહત્તા ચન્દ્રમામાં ફોટો દેખાય એમાં નથી, એના લાંબા લાંબા ખિતાબોમાં નથી, એના વૈભવવિલાસમાં નથી, અનુયાયીની સંખ્યામાં નથી, એના જાદુકપટ કે ધનભંડારમાં નથી, પરંતુ જગતને ચરણે ધરેલા એના આપભોગ અને હૃદયની વિશુદ્ધિમં છે. જગતની વિરાટ આરસિની અંદર ખોજા જ્ઞાતિની આઝાદીને આબાદીનો ફોટો જ્યારે તમને દેખાય ત્યારેજ તમે આનંદો ને વિશેષતાની વાતો કરજો. ત્યાં સુધી આવી બાલિશ વાતો કરી જગતને હસાવો નહિ ધર્મને અને એવા કુડા ચમત્કારોને કશા લેવ દેવા નથી કે સંબંધ નથી. ધર્મની મહત્તા ગાવાના, રક્ષા કરાના કે ખિલાવટ કરવાના એ માર્ગ નથી.

## છલદર્શનોથી બચાવો !

માનવ જાતિના દુઃખ દર્દના ભાર પોતાના કુસુમથીયે કોમળ હૃદય માથે ઉપાડી એના ઉદ્ધાર તથા કલ્યાણ અર્થે તપશ્ચર્યામાં જીંદગી તાવનારા; ન્યાય ને નીતિની રક્ષા અર્થે રાજપાટ છોડ-નારા; સત્યની ટેક સાંચવવા ફના થઇ જનારા કર્મવીરો ને જગત્-સેવકોના ફોટા ભલે ચન્દ્રમાની અંદર ન દેખાય તોયે કરોડો માનવીન હૃદયની અંદર એની મૂર્તિ વિરાજતી હશે અને નિરં-તર ત્યાગની ને જગત્સેવાની પ્રેરણા પાતી હશે. એવા તારણહા-રોના નમોનૃં સ્મરણ કરી અનેક દુઃખી જીવો દિલાસો પામતાં હશે. એ જ્યોતિર્ધરોને અજવાળે અનેક આંધળાઓ દેખતા થયા હશે. એ સાચા ને જીવતા જાગતા પ્રત્યક્ષ ચમત્કારો છે. એ શિવાયના ચમત્કારો ફક્ત માનવ સમાજની કંગાલીઅત ને ગુલા-મગીરી ધારી એની ક્રુર મશ્કરી કરનારા છે. ચન્દ્રમાં, આકા-શમાં, વદળાઓમાં અનેક તરેહની પશુઓની અને માનવીની બિહામણી આકૃતિઓ નિરંતર રચાયા જ કરે છે. એની કોણ કીર્તિ ગવા બેઠું છે ? જગતની મહાન પ્રજાઓની તુલનામાં ખોજા જ્ઞાતિએ કયો વિજય કર્યો છે ? કે એ વિજયના ઉન્મા-દમાં એ એના તારણહારનાં દર્શન ચન્દ્રમાં કરે છે ? કયે મોઢે એ આવ બાલિશ બકવાદો કરવા હિંમત કરે છે ? ઇશ્વર જગ-તને આવા ચમત્કારોથી ને છળદર્શનોથી બચાવો !

# "ખમૈયાનો ધર્મ !"

## ( એક સત્ય ઘટના. )

[ "ખોજા માણસ મારે છે" એ સમાજના વ્હેમે આપણા કેટલાયે ભોગ લીધા છે. સળંગ મૂખાઇ ઉપર રચાયેલી એ માન્યતા નીચે આપણને કારાગરવાસી બનાવવામાં આવ્યા છે, આપણને પશુને પણ કોઇ ન મારે તેમ ઝુડવામાં આવ્યા છે, આપણા મકાનોને ગ્યાસલેટ છાંટી તેને ભસ્મીભૂત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે, અને અકથનીય અને અકલ્પનીય એવા અનેક જુલમાટ આપણે બરદાસ કરવા પડયા છે. આ સીતમગીરીનું ઉદ્દભવસ્થાન સમાજની અજોડ મૂર્ખતા અને વ્હેમ હોવા છતાં આપણી નિર્બલતા, અને આપણા રક્ષણહારો અને ભક્ષણહારોની ઉદાસીનતાએ ઓછો ભાગ ભજવ્યો નથી. જસદણ, પાટડી, મોરબી કે રાજકોટ, જ્યાં જ્યાં આપણા ભાઇઓને રંજાડવામાં આવ્યા છે તે રઘળાં સ્થળોએ એ રંજાડાયેલા આપણા ભાઇઓ કોઇ મોટા તવંગર કે લાગવગ ધરાવનારા ન્હોતાજ. મતલબ કે એ જુલમનો ભોગ થઇ પડેલા બધા આમ વર્ગના સામાન્ય માણસોજ હતા. અને દરેક સ્થળે ગરીબોને સહન કરવાનું હોય છે અને મુડીદારો એજ નાત અને જાતના હોય તો પણ તેમને પોતાના ગરીબ ભાંડુઓની કાંઇ પડી હોતી નથી. આ નીચે પ્રગટ થતી બીના એક સત્ય ઘટના છે એ ઘટનાનો કાળ કાઉન્સીલની સ્થાપના પૂર્વેનો જ્યારે આપણા ધનશોષણના ઇજારા અપાતા એ વખતનો છે. "]

"બ્હેન! ઓ, બ્હેન!"

રાત્રિના અગીઆરેક વાગ્યા હશે, તેવે ઉપરોક્ત સંબોધન સાથે જમાતખાનાનું બાર ઠોકવાનો અવાજ રાત્રિની આજ ત્રણ દિવસથી અસામાન્ય બનેલી નિરવતાને ભેદી રહ્યો. અંદરથીજ અવાજ ઓળખીને એક પ્રૌઢ વયની બાઇએ બારણું ઉઘાડી એક પંદરેક વરસના છોકરાને અંદર લીધો, અને બોલી :

"નાનજી! અત્યારે આવા વખતે જ્યારે કુડાં આળે સદાના કલંકિત એવા આપણે માથે આમ અણકલ્પી આફત તોળાઇ રહી છે, આજ ત્રણ દિવસથી આપણા ઘરોની આસપાસ પોલીસ કેટલી સખ્ત તકેદારી રાખી રહી છે એવા વખતે પણ તું આમ અગીઆર વાગ્યા સુધી રઝળે એ સારૂં નહિ. તારે વ્હેલું ગમે ત્યાં સુઇ જવું જોઇએ. હવે આ દેવચંદ ભેગો સુઇ જ."

"બ્હેન! આ દુર્ગંધ આટલી બધી કયાંથી આવે છે? કોઇ છોડીને તો મારીને આંહી નાખી નથી ગયું ને?"

"ના, રે, ના. આંહી છોડી કેવી?" અને શામબાઇએ ઉમેર્યું, "એ તો આ ઘોડે લાદ કરી હશે તે ગંધાય છે."

"ના, બ્હેન! આ ગંધ લાદની નથી." નાનજીએ કહ્યું. "આપણે આ અગાશી તરફ ગંધ આવે છે ત્યાં જોવું જોઇએ."

"દેવચંદ, એ, દેવચંદ! ઉઠ, ઉઠ." નાનજીએ દેવચંદને ઢંઢોળીને જગાડયો અને વસ્તુસ્થિતિ જણાવી.

આ સાંભળી દેવચંદ રોમે રોમે કંપી ઉઠયો. તે ધ્રુજતે પગે ઘોડી થયો. નાનજીએ તેના ઉપર ચડીને ચંદ્રમાને અજવાળે ઘોળી પીંડા જેવી છોડીની સુજેલી અને વાશ મારી ગએલી લાશ જોઇ, એને તમ્મર આવ્યાં. તે ઠેકડો મારીને નીચે ઉતરી ગયો કે પડી ગયો, પણ તે થોડી વાર લમણો ઝાલી બેસી રહ્યો આખરે તેણે શામબાઇને લથડતી જીભે લાશ પડી હોવાની ખબર આપી.

"ત્યારે તો આંહી રહેવા આવ્યા છીએ તે પહેલાં તે અમેજ મુઆં ને?" શામબાઇએ પોતાનો ભય બતાવ્યો.

આ સાંભળી નાનજીને કશાકમાં વીંટાળીને લાશ જેમ આંહી આવી તેમ બીજે કયાંક નાખી આવવાનું મન થયું. પણ પોલીસનો બંદોબસ્ત યાદ આવતાં તેણે તે વિચાર માંડી વાળ્યો.

"આ લાશ આંહી આવી કયાંથી? હું સુતો ત્યાં સુધી તો કાંઇ ગંધ આવતી ન્હોતી."

"તું કયારે સુતો?"

"એક કલાક થઇ હશે." દેવચંદે જવાબ આપ્યો.

"ત્યારે તો કોઇ હમણાંજ તમારા સુતા પછી નાખી ગયું હોવું જોઇએ. વારૂ. પણ મારા બનેવી કયાં સુતા છે? બ્હેન!"

"ખીમજીભાઇને ઘરે."

"તેમને હું બોલાવી લાવું."

એમ કહીને તે ઉઠયો ને ખીમજીભાઇને ઘરેથી પોતાના બનેવી લાલજી ઠકરને બોલાવી લાવ્યો અને સઘળી હકીકત કહી સમજાવી.

૨.

"સજણની વહુ! ઇતે અસાંજી સારબાઇ આવી આઇ?"

"ના, ના, હાંસીબાઇ! હીતે તો નાહી આવઇ. ઇ તો હીન ઘડીજો ખોજા ખાને વટા વાંદરો નારેલાય મીંડે છોકરેં ભેડી વનની હુઇ." કમાડની આડશે ઉભે ઉભે એક બાઇએ અંદરથી જવાબ આપ્યો. તેણે મોઢું બહાર રાખ્યું હતું પણ તેના હાથ અંદર કામમાં હતા એમ ચાલાક જોનારને લાગ્યા વિના રહે એવું ન્હોતું.

હાંસીબાઇ ધ્રોળ શહેરના મુખ્ય કોટવાળ મીઆણા જુમાની દીકરી થતી હતી. તેના દીકરા અલુની દીકરી સારબાઇને સજણની વહુનો જવાબ સાંભળી આડોશ પાડોશમાં બધે શોધી વળી, પણ તે મળી નહિ. કલાક બે કલાક થઇ ગઇ ને સાંજ પડી, પણ સારબાઇનો પતો લાગ્યો નહિ.

દરમ્યાન સજણની વહુ બે ત્રણ વખત હાંસીબાઇ પાસે સારબાઇના ખબર કઢાવવા આવેલી ત્યારે—

"બાઇ! મકે તો ઇં લગેતો કે ખીમજી ખોજેજો જમાઇ મુંબીથી આવ્યો હુવો ને! ઇ અજ બુપોરજો ત્રે વગે વીઓ. ઇનજે ભેડી વડી વડી પેટીઉં હુઇ. સે ઇનમેં વીઝીને પાંજી સારબાઇ કે મારીને ઇનજે પીરકે ચોખા ખરાયલાય ખણી વીઓ." એવું એવું કહી જતી.

આ અને ખોજા કોમ ઉપરના ચિરઃપરિચિત વ્હેમ તથા માવિત્રની સ્વભાવોચિત વ્યગ્રતા--આ બધા ઉપરથી તેઓએ આ વાત ખરી માની, પોલીસમાં તેવી ખબર આપી.

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૩૧. )

# સમાહનો સાર.

**યુરોપીઅન મેજીસ્ટ્રેટનું ખુન :** મીદનાપુર મેજીસ્ટ્રેટ મી. બર્ગ ગઇ તા. ૨ જીના રોજ પોલીસ લાઇન્સમાં જતા હતા ત્યારે ત્રણ બંગાળી યુવકોએ તેમના ઉપર હુમલો કરી ગોળીયો છોડી હતી, જેના પરિણામે મી. બર્ગ મરણ પામ્યા છે.

મી. બર્ગના પોલીસ ગાર્ડોએ તુરત એક ખુનીને ઠાર કર્યો હતો. બીજાને પકડવામાં આવ્યો છે. ઘાયલ થયેલ એક ખુનીને પકડી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તે મરણ પામ્યો છે. આ ખુન સંબંધમાં આજ સુધીમાં પોલીસે ૬૦ ધરપકડો કરી છે.

**બ્રિટનમાં બેકારી :** ઓગસ્ટ માસમાં ૩૧૦૦૦ થી વધુ બેકારોને ઉદ્યોગમાં ફરી લગાડી દેવામાં આવ્યા છે અને તે રીતે વરસ દરમિયાન લગભગ ૫ લાખ માણસો કામે લાગ્યા છે.

રજીસ્ટર થયેલા બેકારોની સંખ્યા ૨૪૧૧૦૦૦ છે જેમાં ૧૮૪૩૦૦૦ કામ ધંધા વગરના છે.

**શ્રી. દેવીદાસ ગાંધી :** મહાત્મા ગાંધીજીના નાના પુત્રની દિલ્હી જેલમાંથી ફેરબદલી કરી મુલતાન જેલમાં ખસેડવામાં આવ્યા છે.

**મગદળ ફેરવવામાં રેકર્ડ તોડયો :** મુંબઇમાં મી. અલીહુસેન શીકારી જેમણે સતત મગદળ ફેરવનાર હીન્દી તરીકે સર્વોપરીપણું મેળવ્યું છે તેઓએ બુધવાર સવારથી મગદળ ફેરવવાનું શરૂ કર્યું હતું તે શનિવારે પાછલા પહોરના ૪ વાગ્યા સુધી ચાલુ રાખ્યું હતું. એટલે કે તેમણે ૭૭ કલાક સુધી મગદળ ફેરવવાનું ચાલુ રાખ્યું હતું. અને દુનિયાનો રેકર્ડ જે ૭૬ કલાક ૨૫ મીનીટનો હતો તે ૩૫ મીનીટે તોડયો હતો.

**કયુબામાં વાવાઝોડું :** થોડા દિવસ પહેલાં કયુબામાં ભયંકર વાવાઝોડું થયું હતું તેને અંગે મોટી સંખ્યામાં નુકશાન થવા પામ્યું છે. ખાંડની ૪ લાખ ગુણીને નુકશાન થયું છે તથા ૧૬ લાખ ખાંડની ગુણનો નાશ થયો છે. ૩૦૦) જણ માર્યા ગયા છે.

કયુબાથી વાવાઝોડું ન્યુયોર્ક તરફ વળ્યું હતું અને ઘણા શહેરો ઉપર દરિયાનાં મોજાં ફરી વળ્યાં હતાં. લગભગ ૨ લાખ પાઉન્ડનું નુકશાન થયું છે.

**ચીનમાં લડાઇ :** જાપાનીઝ લશ્કર અને ચીના સ્વયંસેવકો વચ્ચે સખ્ત લડાઇ થવા પામી હતી. જેને પરિણામે ૬૦૦ ચીનાઓ માર્યા ગયા છે. આ લડાઇ શીમે ન્યાઇ પર ચીની સ્વયંસેવકોએ કરેલા હુમલાને પરિણામે થઇ હતી એમ કહેવાય છે.

**વિમાન તુટી પડયું:** મોસ્કો અને લેનીનગ્રેડ વચ્ચે કસોટી તરીકે મુસાફરી કરતું સોવિયેટનું "ડબલ્યુ—૫" વિમાન તુટી પડવાથી તેની અંદરના સઘળા માણસો મરણ પામ્યા છે. થોડા વખત ઉપર સોવિયેટનું એક વિમાન 'ડબલ્યુ-૩' પણ તુટી પડયું હતું.

**ફ્રી પ્રેસ ઉપર ધાડ :** 'ફ્રી પ્રેસ જર્નલ' પાસેથી ગયા નવેમ્બર માસમાં રૂા. ૨૦૦૦૦ ના જામીન લીધા હતા તેમાંથી રૂા. ૧૦૦૦૦ ના જામીન સરકારે જપ્ત કર્યા છે. જપ્ત કરવાનું કારણ એવું જણાવવામાં આવ્યું છે કે ન્યુયોર્ક ખાતે શ્રી. વિઠ્ઠલભાઇ પટેલે કરેલ ભાષણ જે તા. ૯મી જુલાઇ ૧૯૩૩ના 'જર્નલ'માં પ્રસિદ્ધ થયું હતું તેના અમુક ફકરા તથા ૫ મી ઓગસ્ટ ૧૯૩૩ ના 'જર્નલ'માં 'ટાવરમાંથી' નામના મથાળા હેઠળ લખાયેલા લેખમાંના કેટલા ફકરા સરકારને વાંધા ભરેલા લાગ્યા હતા.

મુંબઇમાંથી પ્રગટ થતું 'જૈન પ્રબોધ'ને રાજદ્વારી ચર્ચા કરનારી એક વાંધાભરી વાર્તાના કારણે રૂા. ૩૦૦૦)ના જામીન આપવાનો હુકમ પહોંચાડવામાં આવ્યો છે.

**ઇટાલી અને સોવિયેટ:** ઇટાલી અને રશિયા વચ્ચે પાંચ વરસ માટેના તટસ્થ રહેવાના અને આક્રમણ ન કરવા માટેના કરારો થયા છે.

**ચીતાગોંગ ધાડ કેસ:** ચીતાગોંગ ધાડ કેસમાં સૂર્યસેનને ફાંસીની સજા કરવામાં આવી છે. સૂર્યસેનને આશ્રય આપવાના ગુન્હા બદલ શ્રી. રોહા પ્રભા વિશ્વાસ નામની એક વિધવાને અને બ્રજેન્દ્રસેન નામના એક માણસને સ્પેશીયલ મેજીસ્ટ્રેટે ૪ વરસની સખ્ત સજા ફરમાવી છે.

---

## જુનાગઢનો કમનશીબ બનાવ.

જુનાગઢની ઇસ્માઇલી ખોજા બોર્ડિંગનો એક વિદ્યાર્થી નદીમાં ડુબી ગયો છે, એ કમનશીબ બનાવના વિગતવાર સમાચાર નીચે મુજબ મળ્યા છે.

ગઇ તા. ૨૫–૮–૩૩ ને શુક્રવારને રોજ સવારના સાડાદસ વાગ્યે બોર્ડિંગના ૩૦ છોકરાઓ બોર્ડિંગના હાઉસ માસ્તર સાથે 'કાલવો' નદીએ ન્હાવા ગયા. બધા છોકરાઓ નદીમાં પડીને તરતા તરતા ન્હાતા હતા. એમાં એક નાની ઉમરનો બાળક (ઉ. વ. ૧૦, રહેવાશી મુંબઇ) સદરૂદીન ગાંગજી તરતાં તરતાં જરા આગળ ગયો અને પછી ગળકાં ખાવા લાગ્યો. આ તરફ માસ્તરનું ધ્યાન ગયું અને તેણે છોકરાને બચાવવા રાડારાડ કરવા માંડી. દરમીયાન જુમા નામનો એક સંધી નદી કાંઠે ચડી આવ્યો. રૂા. ૨) આપવાનું નકકી કરી માસ્તરે છોકરાને બચાવવા તેને નદીમાં નાખ્યો. તે પડયો, અને છોકરાને લઇને પાછો નીકળ્યો—પણ એ વખતે તો એ બાળક મૃત્યુને વશ થઇ ગયો હતો. આ દુઃખદાયક ઘટના અકસ્માતથી ઘટવા પામી છે.

આ અકસ્માત પછી બોર્ડીંગના સંચાલકોએ એટલો પ્રબંધ જરૂર કરવો ઘટે છે કે બાળકો ન્હાતા હોય એ વખતે આવા કોઇ અણીના વખતને પહોંચી વળવા માટે કાંતો હાઉસ માસ્તર તરવાની કળા જાણતો હોવો જોઇએ અથવા તો કાયમ કોઇ કુશળ તારો તેની સાથે રહેવો જોઇએ.

---

**સસ્તું અને સારૂં વાંચન**
વાંચવું હોય તો બે રૂપીયા
**મોકલાવી "ખોજા જાગૃતી" ના ગ્રાહક બનો.**

## વેપાર સમાચાર

( તા. ૯–૯–૩૩ )

**ઊન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૩૦૬ ગાંસડી વેચાણી છે. આવતો સેલ તા. ૧૧ નો છે તેમાં જો અમેરીકાની ખરીદી હશે તો બજાર ટકી રહેશે, નહિ તો કદાચ ૫ થી ૧૦ ટકા ઘટશે તેવી ધારણા છે. સ્થાનીક બજારમાં કાંઇ ફેરફાર નથી.

**રૂત :** ભરૂચ ૧૯૩.

**અનાજ કરીયાણું :** ૧ાા ૧ાા= ઘઉં. ૧ાા=૧ાા બાજરો. ૧)≡ ૧ા જુવાર. ૧ાા ચણા. ૧ )= કમોદ જાડી. ૧ા= કમોદ ઝીણી. ૧ાા ૧ાા= મેથી. ૨ા= ૨ા≡ તલ. ૧ાા=ા એરંડી ઝીણી. ૧ાા એરંડી જાડી. ૧ાા= ૨) મગ. ૧ાા= ૨) અડદ. ૧ા મગફળી ઝીણી. ૧)=ા મગફળીજાડી. ૧ાાા– રાઇ. ૦ાા= ૧) મઠ ૦ાા= ૦ાા કળથી. ૧ાાા– ચણાની દાળ. ૧ાા ૨) ૨ાા ગોળ દેશી. ૧ાાા– શીંગદાણા હાથફોલ. ૭) ૭ા કપાશીયા માળવો. ૮ાા વેસણ જાડો. ૯) વેસણ ઝીણો. ૧૦ાા મેંદો. ૧૧ાાા રવો કરાંચી. ૪ાા= ખાંડ રાજકોટ શહેર. ૪) ખાંડ સદર. ૧ાા– ચોખા માંડલો, ૧ાાા મીલ સુગંધી, ૧ા≡ નાની મીલ, ૩) ૩ાા ભીમડી. ૨ા= તુવેર દાળ. ૯) ૧૦) ગુંદ કણી. ૩) ખસખસ ૨) ૨ાા ધાણા. ૮ાા ૯) જીરૂં શ્રીકાર. ૪ાા= હળદર. ૪ાા ૫) સુંઠ. ૬) ખોપરાં શ્રીકાર. ૫ાા= શ્રીફળ પાણેચાં નંગ ૧૨૫. ૧૦) સોપારી. ૨ાા અરીઠાં. ૨૪ાા પસ્તી. ૦–ાા ચા ભુકી. ૭)– સોડા ગુણી ૧ ૨ાા) અજમા. ૨ાા સુવાદાણા. ૬) ખોપરેલ પીપનું. ૬)= ખોપરેલ ડબાનું. ૨૦) સુંદદાણા. ૦ાાા–ા દીવાસળી. ૭) દ્રાક્ષ કાળી. ૩૨ાા બદામ મગજ. ૩) વરીયાળી. ૨૧) લોબાન કોડીયો નાં. ૨. ૧૪) કાથો ફુલ. ૩ાા તપખીર. ૩ાા= સાબુ ચોખા.

**ઘી :** ૨૦) ૨૦ાા મુંબઇ પરખ, ૧૬) તાજોરસ.

**તેલ :** ૫ા ૫ા= તલનું, ૩ાા= શીંગનું. ૩) ગ્યાસલેટ પીળું. ૩= ગ્યાસલેટ સફેદ હાથી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---

( અનુસંધાન પાના ૨૩૨ થી. )

આ કલમના પાછલા ભાગમાં રોષ અને હાસ્ય બન્ને સાથે લાગાં ઉત્પન્ન કરે તેવી અર્થહીનતા સમાયેલી છે. ઇસ્માઇલી ધર્મ છોડી બીજો ધર્મ અખત્યાર કરનારની સ્ત્રી જો ઇસ્માઇલી ધર્મ પાળતી હોય તો તેણીને બીજા કોઇ ઇસ્માઇલીએ પરણવાની છુટ એમાં રહેલી છે. કશા પણ આધાર કે સંભવ શિવાય એમ સ્વમેળે સ્વીકારી લેવામાં આવ્યું છે કે એવા ધર્મ બદલનારના તેની સ્ત્રી સાથે છુટાછેડા થઇજ જાય–કેમ જાણે એ સાબીત થઇ ચુકેલી વાત હોય એ માફક. આવું કંગાળ માનસ અને એવા ધર્મ બદલનાર સાથે છુટાછેડા કરીજ નાખવા જોઇએ એવી સ્ત્રીને ગુપ્ત સૂચના અત્યંત ભયંકર છે. અને "અલબત પરણી શકશે" એ શબ્દો તો એવા છે કે જે એમ સૂચવે છે કે આ કલમની રચના વખતે એના રચનારના મોઢામાં પાણી આવી જતું હશે! "અલબત પરણી શકશે." પણ એક ધણીની ધણીઆણી હોવા છતાં? કોમના બંધારણમાં આવા કનિષ્ટ તત્વોને કદિ પણ પેસવા દઇ શકાય નહિજ.

( અનુસંધાન પાના ૨૨૯ થી )

૩.

"ધ્રોળના ખોજા શેઠ અત્રે રાત છે, તે સ્ટેશન જવા નીકળે તો રોકીને મને ખબર આપજો."

"તેઓ આ જાય ગામમાં, સાહેબ!" પોલીસે ફોઝદાર ડાહ્યાભાઇ સંધારના ઉપરોકત હુકમના જવાબમાં જણાવ્યું અને બે માણસો પાદર જંગલ થઇને આવતા હતા તેને બતાવ્યા અને બોલાવ્યા.

પ્હો ફાટવાની વેળા હતી. ખીમજીભાઇ અને તેનો જમાઇ જમાલ તેજા મીસ્ત્રી સવારના આઠની ગાડીમાં મુંબઇ જવાનું હોવાથી પડધરી રાત રહેલા. તેઓને એકાએક પોલીસના બોલાવવાથી નવાઇ લાગી. તેઓ ફોઝદાર પાસે ગયા.

" તમારૂં નામ ખીમજી જીવણ ? "

" હા. "

" આ ભાઇ કોણ છે ? "

" મારા જમાઇ છે. તેઓ મુંબઇ રહે છે. કેમ પુછવું પડયું ?"

"ધ્રોળમાં આ ભાઇના સગાંમાંથી એક દીકરી ગઇ કાલ બપોર પછી ખોવાઈ છે." ફોઝદાર ડાહ્યાભાઇએ આ વાતચીત થતી સાંભળી દરવાજામાં સુતો'તો ત્યાંથી બેઠો થયેલો જુમા કોટવાળના ભાઇ મામદને બતાવ્યો. " તેનું ખુન થયું હોવાનું માનવામાં આવે છે. અને તેનો તમારા લોકો પર શક હોવાથી તે સંબંધે તમારી આંહી તપાસ કરવામાં આ ભાઇને મદદ કરવા મને ધ્રોળથી લખાણ છે."

" એમ હોય તો જોઇ શકો છો." જમાલ મીસ્ત્રીએ કહ્યું.

ખીમજીભાઇને ઘરે, જ્યાં તેઓ ઉતર્યા હતા ત્યાં, ફોઝદાર પેલા મીઆણા સાથે પંચ લઇને ગયા. ટ્રંકો પેટીઓ મીસ્ત્રીની અને ઘરવાળાંની ખોલી ખોલીને જોઇ. જ્યાં જ્યાં શક પડતું લાગે ત્યાં સઘળે વસ્તુમાત્ર જોઇ વળ્યા. પણ કાંઇ નીકળ્યું નહિ. મીઆણો હતાશ થઇને પાછો વળ્યો. ગામ બહાર નીકળતાં તેને ગઇ કાલે ખીમજીભાઇ, વિગેરેને લઇ આવેલ તે ગાડીવાન મળ્યો. મામદના પુછવાથી તેણે કહ્યું:

" ના. તેમની સાથે એવું કાંઇ હતું નહિ. ખીમજીભાઇની દીકરી નુરબાઇએ તેઓ ગામમાં ગયા ત્યારે કપડાં પહેરવા ટ્રંક ખોલી હતી, પણ તેમાં એવું કાંઇ ન્હોતું, મારો બરાબર ખ્યાલ છે."

એટલી વધુ ખાત્રી કરી લઇ મીઆણો માર્ગે પડયો. પણ રસ્તે જતાં વિચાર આવ્યો કે 'ખીમજી શેઠની ફઇને ઘેર ચુલા નવા–તાજા–નાખેલા હતા તે, તેમજ છાણાનું મોઢવું જોયું નહિ, વિસરી જવાયું. તે કદાચ એમાંજ છોડીને મારીને દાટી રાખી ન હોય ?' ( ચાલુ )

---

### કાઉન્સીલ ઉપરનો કેસ.

મુંબઇની શી. ઇ. જે. ખોજા કાઉન્સીલ ઉપર મુંબઇના શ્રી. ઇસ્માઇલ કાસમ ધનાણીએ પોતાને નાત બહાર મુકવા બદલ મુંબઇની હાઇકોર્ટમાં રૂ. ૫૦૦૦) ની નુકશાનીનો દાવો કર્યો હતો. કાઉન્સીલના બધા મેમ્બરોને પ્રતિવાદી તરીકે દાખલ કરવા જોઇએ તેને બદલે પ્રેસીડેન્ટ અને સેક્રેટરીઓનેજ પ્રતિવાદી ગણેલ હોવાથી કાયદાનો વાંધો ઉઠતાં હાઇકોર્ટે તે કેસ ખર્ચ સહીત કાઢી નાખ્યો છે અને ફરીથી સુધારીને કેસ દાખલ કરવાની પરવાનગી આપી છે.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

કલમ ૧૧૬.

"નિકા (એટલે શાદીના કરાર) અને ગમીની ક્રિયા જેવી કે ગુસલ ( એટલે લાશને ધોવા ) ની ક્રિયા, લાશ ઉપર નીમાજ પડવાની, વિગેરે કાર્યોને લગતી ક્રિયાઓ મુખી અને કામડીઆ તરફથી નીમાયેલા માણસો તરફથી કરાવવામાં આવશે. સદરહુ નીમાયેલ ખાસ શખ્સો હાજર ન હોય તો પછી વારસ અથવા મુખી અથવા કામડીઆની સલાહ લેવી અને તેમની સૂચના મુજબ વર્તવું. કોઇ શખ્સ એથી વિરૂદ્ધ વર્તશે તેને કાઉન્સીલ તરફથી શિક્ષા થશે."

શાદી અને ગમીના પ્રસંગોએ થતી ક્રિયાઓનો સંપૂર્ણ કાબુ પોતાના હાથમાં રાખવામાં કાઉન્સીલનો ખાસ ઉદ્દેશ 'સરકાર સાહેબી લેણા'ને નામે ઉઘરાવાતા ફરજીઆત લાગાઓનું ચડતર તે તે ક્રિયાઓ થતી અટકાવીને વસુલ કરવાનો છે. ઉપરાંત આવા પ્રસંગો એ બીજા ફરજીઆત કે મરજીઆત 'લેણા' લેવાનું કાઉન્સીલનું એક સબળ સાધન છે. આમ આ કાબુ તેને બેવડો લાભદાયી છે.

પણ કોમનું આ ભયંકરમાં ભયંકર અપમાન છે. આપણા સામાજિક હક્કોનો આમાં ધસીને ઇન્કાર કરવામાં આવે છે અને એક માલીક પોતાના ગુલામ ઉપર સંપૂર્ણ અમર્યાદ સત્તા અને મુખત્યારીનો દાવો કરે તેમ આપણા બધા વ્યવહારોનું નિયમન કાઉન્સીલે આપણા હાથમાંથી ઝુંટવી લઇ પોતાના હાથમાં લીધું છે. કોમે ચુંટેલી કાઉન્સીલ હોય તો પણ તેના હાથમાં આવી બહોળી સરમુખત્યારી કદિ પણ આપી શકાય નહિ. નાતના પટેલ તરીકે વધારેમાં વધારે તેઓ ઇચ્છે તો નિકાહ વખતે પોતાની માત્ર હાજરી આપી શકે. પણ તેથી કરીને એનાથી એવો દાવો કદી પણ થઇ શકે નહિ કે અમારી પરવાનગી શિવાય તમારે લગ્ન કરવા નહિ. ગમીના પ્રસંગે થતી ક્રિયાઓ ઉપરનો કાબુ પોતાને હસ્તગત કરવામાં તો ભારોભાર નિષ્ઠુરતા સમાયેલી છે. અને એ ક્રિયાઓ જેના હાથથી કરાવવાનું આ કલમમાં ઠરાવવામાં આવ્યું છે એની પરંપરા તો કઠોરમાં કઠોર દીલમાંથી પણ ન નીકળે તેવી છે. કાઉન્સીલ મુખી કામડીઆ નીમે, એ મુખી કામડીઆ આ ક્રિયાઓ કરાવવા અમુક શખ્સો નીમે અને એ શખ્સો પાછા પોતે બીજા શખ્સો નીમે એવું આ ક્રુર ધોરણ છે. મરણ પ્રસંગે નાતના પટેલોનો જો કાંઇ ઉપયોગ હોય તો જેને ત્યાં મરણ થયું હોય તેને આશ્વાસન અને મદદ આપવામાં છે, નહિ કે તેને જુદી જુદી ગુંટબનાઓમાંથી પસાર કરી ત્રાસ આપવામાં. અને આ ક્રિયાઓની અંદર લાશને ગુસલ કરાવવાની, નવરાવવાની ક્રિયાનો પણ સમાવેશ થઇ જાય છે, અને તે માટે પણ કાઉન્સીલના માણસોની રાહ જોઇ બેસી રહેવાનું રહે છે. સર્વાંગ ગુલામી, પગથી તે માથા સુધી આ કલમથી કાઉન્સીલ આપણે માથે લાદે છે. જો કોમ પોતાનો વહીવટ ચલાવવા પોતેજ પોતાના હાથે કોઇ મંડળ ચુંટતી હોત તો તેને કદી પણ આવી અપમાનકારક ગુલામી સહન કરવી પડત નહિ. 'નુકશાન કરીને અપમાન કરવુ" એ માફક આટલો ત્રાસ આપવા છતાં જો કોઇ એ ત્રાસને તાબે થવામાં જરા પણ ચુકે તો કાઉન્સીલને ઠીક લાગે તેવી તેને શિક્ષા કરવાની ધમકી આંહી પણં ઉભીજ છે.

કલમ ૧૧૭.

"ઇસ્માઇલીયા કોમમાં જન્મેલો કોઇ પણ શખ્સ પોતાનો અસલ ધર્મ છોડી પરાયો ધર્મ ગ્રહણ કરશે તો તેને દીકરી પરણાવવામાં આવશે નહિ, અગર તેની દીકરી શાદીમાં લેવામાં આવશે નહિ. એજ રીતે તેની સાથે કાંઇ પણ નાત વહેવાર અગર ખાવા ખવરાવવાનો વ્યવહાર રાખવામા આવશે નહિ. આ ધારાથી વિરૂદ્ધ વર્તનારને કાઉન્સીલ તરફથી શિક્ષા થશે. પરંતુ જો કોઇ બાઇ ઇસ્માઇલી ધર્મ પાળનારી હોય અને તે સદરહુ ધર્મ બદલનારના ઘરમાં હશે તો આપણો કોઇ પણ ઇસ્માઇલી અલબત તેને પરણી શકશે."

આ આખી કલમની રચના ઇસ્માઇલી ધર્મની સાથે સંબંધ ધરાવે છે. આ અગાઉ આવી ગયેલી કલમ ૨૨ ઉપરની ટીકામા ધર્મના પ્રશ્નોને કોમના બંધારણ સાથે કશી નીસ્બત નથી અને એ બે સાવ જુદા જુદા વિષયોને સેળભેળ કરી દેવાની અયોગ્યતા માટે લખાઇ ગયું છે. એટલે પ્રથમ દૃષ્ટિએજ આ કલમને કોમના બંધારણમાંથી રદ કરવી જોઇએ.

ઇસ્માઇલી ધર્મના રક્ષણ અર્થે કોમના જે સામાજિક જન્મસિદ્ધ અધિકારો છે તેના ઉપર કાપ મુકવો એ તિરસ્કારને પાત્ર છે. ધર્મ એ દરેક માણસની વ્યક્તિગત સ્વતંત્ર વાત છે અને તેમાં કોઇને પણ ડખલ કરવાનો અધિકાર નથી. જેને પોતાનો આધ્યાત્મિક ઉદ્ધાર કરવો હશે અને એ માટે જેને ઇસ્માઇલી ધર્મનું અનુસરણ અનિવાર્ય લાગતું હશે તે જરૂર એ ધર્મને પોતાની મેળેજ મજબુતીથી પકડી રાખવાનો. પણ જે એમ માનતા ન હોય, અથવા તો જેની માન્યતા એવી હોય કે પેલી દુનિયાના લાભ કરતાં આ દુનિયાનો લાભ જ મેળવવા જેવું છે અને જ્યાં અત્યારે પોતાનું સ્થાન છે ત્યાંજ વધારેમાં વધારે કુશળ થવું તેઓને માથે આમ તીવ્ર સામાજિક બહિષ્કારની ધમકીથી ઇસ્માઇલી ધર્મ ઠોકી બેસારવામાં એ ધર્મનીજ ન્હાનમછે. ઇસ્માઇલી ધર્મની સત્યતા અને સામેથી માણસને પોતાનો આધ્યાત્મિક ઉદ્ધાર કરવાની ઇચ્છા—આ બે વસ્તુઓ હશે તો ઇસ્માઇલી ધર્મ આપમેળે આગળ વધશે. પણ તેના અભાવે તેને ટકાવી રાખવા આવા અકુદરતી પગલાં ભરવા, અને કોમને—એક વ્યક્તિ નહિ પણ એક સમુહને—જેની સાથે નીસ્બત નથી એ વાતને કોમના બંધારણમાં ઠોકી બેસારવી અને તેને, પોતાને પસંદ ન આવવાથી કે બીજા કોઇ કારણથી ઇસ્માઇલી ધર્મ છોડી બીજો ધર્મ અખત્યાર કરનાર સાથે ખાવા ખવરાવવાથી માંડી લગ્ન, વિગેરે વ્યવહાર ન કરવાનો હુકમ કરવો એ કોમની અજ્ઞાન દશાનો હલકટ ગેરલાભ ઉઠાવવા બરાબર છે.

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૩૧ )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

ધર્મ અને સમાજ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨ | પુસ્તક ૧, અંક ૩૦ : સપ્ટેમ્બર ૧૯ : ૧૯૩૩ | મુદ્રક અને પ્રકાશક : |
| દેશાવર રૂા.૪-૦-૦ : છુટક ૦-૦-૯ | સંવત ૧૯૮૯ ના ભાદરવા વદ ૦)। : મંગળવાર | ઇસ્માઇલ કાનજી હીરાણી |


## ધાર્મિક સ્વતંત્રતા.

"મ્હેં અમેરીકામાં પહેલી આશ્ચર્યની બાબત એ જોઇ કે એક ઠેકાણે ઘરનો માલિક પ્રોટેસ્ટંટ ધર્મનો હતો, અને તેની સ્ત્રી રોમન કૅથોલીક પંથની હતી. એ જોઇને મારા મનમાં એવો વિચાર આવ્યો કે આપણા હિંદુસ્તાનમાં ભિન્ન ભિન્ન ધર્મના લોકો એક મહોલ્લામાં પણ ભાગ્યેજ રહી શકે છે, તો આ જોડું સાથે તે શી રીતે રહેતું હશે? તપાસ કરતાં માલુમ પડયું કે તે જોડુ બહુજ આનંદથી રહેતું હતું. દર રવિવારે પતિ પ્રથમ પોતાની પત્નિને તેના રોમન કૅથોલીક દેવળ સુધી મુકી આવે, અને પછી પોતે પોતાના જુદા દેવળમાં પ્રાર્થના કરવા જાય. તે ગૃહસ્થની સાથે 'રામ' ને વાતચીત થઇ ત્યારે તે બોલ્યો કે, "મ્હારી પત્નીના ધર્મ સંબંધી સવાલ તેની અને ઇશ્વરની વચ્ચે છે; તેમાં વચ્ચે પડનારો હું કોણ? મ્હારી સાથે તેનું શુદ્ધ વર્તન છે. ઇશ્વર સાથેનો તેનો વ્યવહાર તે જાણે અને ઇશ્વર જાણે." અહાહા! કેવો ઉદાર વિચાર!

અમેરીકામાં પ્રજાની ઐકયતા આગળ ધર્મભેદનું વિશેષ મહત્વ નથી. હિન્દુસ્તાનના આર્યસમાજી, શીખ, મુસલમાન, ખ્રિસ્તી, વિગેરે સૌ ત્યાં હિન્દુ તરીકેજ એળખાય છે. તેમનામાં પ્રજાની ઐકયતા એટલી બધી છે કે આપણા આંહીના ધર્મ-ભેદો કરતાં મોટા ધર્મભેદો તરફ પણ દુર્લક્ષ કરવામાં તેમને બીલકુલ સંકોચ થતો નથી."

— સ્વામી રામતીર્થ.


### ગ્રાહક = કોમસેવક.

કોમની ઉન્નત્તિ અને સુધારણા અર્થે જે છાપું પુષ્કળ ઝહેમત ઉઠાવી રહ્યું હોય, જે કોઇ પણ જાતના ડર કે ભય વિના કોમની આબાદી તરફ અચૂક માર્ગદર્શન કરાવતું હોય અને જેનો જન્મજ કોમની સેવા કરવા માટે થયો હોય તેને ઉત્તેજન આપવું, નિભાવવું અને આગળ ધપાવવું એ કોમના દરેક સમજુ સભ્યની ફરજ છે. "ખોજા જાગૃતિ" નો ગ્રાહક બનનાર એ રીતે એક ગ્રાહક નહિ પણ એક કોમસેવક છે. "ખોજા જાગૃતિ" ને પુરતા ગ્રાહકો મળી રહે, બહારની કોઇ પણ જાતની મદદના ટેકા શિવાય તે પોતાના પગ ઉપરજ ઉભે તોજ તે આગળ વધી શકે. અમે દરેક ભાઇને વિનંતિ કરીએ છીએ કે "ખોજા જાગૃતિ" ને બની શકે તેટલા વધુ ગ્રાહકો મેળવી આપો. અમે ખાત્રી આપીએ છીએ કે બાર મહીના પોતે પૈસા ખર્ચ્યાં તેટલું લખાણ ન મળ્યું એવો પસ્તાવો કરવાનો કોઇને વખત નહિ આવે.

| દેશમાં : | છુટક નનલ : | પરદેશમાં : |
|---|---|---|
| રૂા. ૨) | ૩ પૈસા. | રૂા. ૪) |

આજેજ ગ્રાહક બનો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૯–૯–૩૩.

## ધર્મ અને સમાજ.

પહેલાં ધર્મસંસ્થા ઉભી થઇ કે સમાજ સંસ્થા? પહેલાં મનુષ્ય ઉત્પન્ન થયો કે તેના એક અંગ મસ્તકમાં વિચાર? સહેલાઇથી સમજી શકાય તેવી વાત છે કે પહેલાં માણસ અને પછી વિચાર, પહેલાં સમાજ અને પછી ધર્મ પેદા થયેલ છે.

ધર્મ ( અનિષ્ટ પુરવાર થયેલ આ વસ્તુની નાબુદીને બાજુ ઉપર રાખી તેના બધા મલીન તત્વો બાદ કરતાં બાકી રહે તે શુધ્ધ નિર્મળ તત્વને ગણીએ તો પણ ) એટલે સામાન્ય રીતે માણસના રોજીંદા વ્યવહારમાં નિયમન કરનાર; નીતિ શું અને અનીતિ શું, શું ગ્રાહ્ય અને શું ત્યાજ્ય, સ્વજન, પરજન, રાજા, પ્રજા, દેશ અને સૃષ્ટિના ઇતર તમામ તત્વો પરત્વે તેણે કઇ જાતનું વર્તન રાખવું—આ બધા માટે સ્પષ્ટ રેખાંકન. ઉપરાંત તેની પોતાની જાત માટે, તેના આત્મા માટે વિકાસના નિયમો અને સાધનો. વર્તમાન કાળમાં તો ધર્મ થોડો ઘણો પણ કારગત રહ્યો હોય તો તે આ પાછલા ભાગ માટે, માણસની જાત અને તેના આધ્યાત્મિક ઉદ્ધાર માટે; બલ્કે એ વિષયમાં એ કારગત નિવડયો છે એમ તેના અનુયાયીઓનું કહેવું છે. પહેલા ભાગ માટે, નીતિ અનીતિ, વિગેરે પ્રશ્નોમાં તો તેનું કાંઇ કામ આવ્યું નથી, અને તેમાં તેના નિયમો પ્રમાણે સમાજ ચાલે છે એવો દાવો તો અત્યારે કોઇ કરતું પણ નથી. અને આ બધું માણસ જાતના ઉપયોગ માટે, નહિ કે તેના ઉપયોગ અને અમલ માટે માણસ જાત. ધર્મ એ સાધ્ય નથી, સાધન છે.

સમાજ એટલે વ્યકિતઓનો સમુહ. એની મુખ્ય ક્રિયા જીવવું. એ જીવનમાં પરસ્પર અથડામણ ન થાય, એકના હક્ક બીજો ડુબાવી ન જાય, પોતાના લાભ ખાતર કોઇ કોઇનું ભક્ષણ કરી ન જાય અને 'બળીયાના બે ભાગ' જેવી સ્થિતિ થઇ ન પડે એ ખાતર સૌએ સાથે મળીને અમુક નિયમો મુજબ વર્તવાનું ઠરાવ્યું. એ નિયમો એટલા વિશાળ રખાયા કે નાના મોટા સૌને તે એક સરખા લાગુ પડે. એને ધર્મ કહો કે નીતિ કહો કે વ્યવહાર નિયમન કહો—જે કહો તે, પણ એ સમાજના નિર્વિક્ષેપ જીવન માટે સમાજે પોતે પોતાના માટે રચેલું સાધન. સમાજ ધર્મને માટે નથી, પણ ધર્મ સમાજ માટે છે. સમાજ સાધન નથી પણ સાધક છે, અને સાધન કરતાં સાધકનું મહત્વ વિશેષ છે. એક સાધન જતું રહેશે તો સાધક બીજું મેળવશે, પણ મૂળે સાધક હૈયાત હશે તો. સાધનનો નાશ થાય એ પોસાય, સાધન નિષ્ફળ થાય કે ઘસાઇ ભુસાઇ જાય ત્યારે તેને ફેંકી દઇ કે બદલાવી શકાય; પણ સાધનને બચાવવા ખાતર સાધકનું મૃત્યુ નીપજાવવું એ ઉંધે પગે ચાલવા બરાબર છે.

ધર્મ અને સમાજ એ બે ભીન્ન ભીન્ન તત્વો છે અને તે બન્નેમાં ધર્મના કરતાં સમાજનું મહત્વ વિશેષ છે. મુળ જે ઉદ્દેશથી સાધક સમાજને માટે સાધન ધર્મ યોજવામાં આવ્યો તે ઉદ્દેશ અત્યારે જરાપણ બર આવ્યા વગર માર્યો ગયો છે અને સમાજ–સમુહ ને ઉપયોગી એવા તત્વોને ગુમાવી બેસી એ અત્યારે આધ્યાત્મિક ઉદ્ધાર કે જે વ્યકિતગત છે અને સમાજના વ્યવહાર નિયમનમાં લાભકારક કે અંતરાયરૂપ નહિ હોવાથી જેને સમાજ સાથે કાંઇ સંબંધ રહ્યો નથી તે જાળવી રહ્યો છે, અને તેમાં પણ સ્થિરતા, સુદ્રઢતાથી નહિ, પણ પડતાં પડતાં. આવા એકદેશીય અને એકપક્ષીય ધર્મને જ્યારે સમાજ રચનાના એક મહત્વના અંગ તરીકે સ્થાપવામાં આવે ત્યારે તેમાંથી સમાજ અને ધર્મ બન્નેનું મૃત્યુજ નીપજે.

આપણી કોમમાં આ બન્ને જુદા તત્વોને સેળભેળ કરી દેવામાં આવ્યા છે એટલુંજ નહિ પણ જેની ખાતર ધર્મની હૈયાતી હોવી જોઇએ એ સમાજને ધર્મની ખાતર જીવવાનું કહેવામાં આવે છે. પરિણામે આપણે સમાજ છીન્ન ભીન્ન થયો છે અને આવા દુષ્કૃત્યથી તે નાબુદ થઇ જાય અને સાથોસાથ એ ધર્મને પણ મૃત્યુના મુખમાં ઢસડી જાય તો નવાઇ નહિ. સમાજનું એક અંગ સમાજના બીજા અંગના અમુક હકકો ડુબાવી દે, તેને ફાળે આવતા હક્કોથી વધુ હક્કો મેળવવા તે જાસ્તી ગુજારે તો તેની આખા સમાજ ઉપર અસર થાય અને સમાજની સંકલના અને વ્યવસ્થાને ધકકો પહોંચે. પણ સમાજનું એક અંગ બીજા અંગને જેની સાથે કશી નિસ્બત નથી એવા તેના પોતાનાજ આધ્યાત્મિક ઉદ્ધાર માટે અમુક માન્યતા ધારણ કરે કે એ માન્યતા મુજબ પોતાની જાતથી વધુ આગળ નહિ એવા કાર્યક્ષેત્ર સુધી પહોંચે તો તેથી કરી સમાજની સંકલના કે વ્યવસ્થાને

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૩૯ )

# "ખમૈયાનો ધર્મ !"

## એક સત્ય ઘટના.

( ગતાંકથી ચાલુ )

૪.

બીજા દિવસનું સવાર થયું. ખીમજીભાઇ અને જમાલ મીસ્ત્રી થોડી વાર પછી ટ્રેઇનમાં જવાની ઉતાવળમાં યજમાનની દુકાનના ઓટલા પર બેસી દાતણ કરતા હતા, તેવામાં તેણે ગઇકાલવાલા સીઆણાને દુરથી આવતો જોયો. તેઓ પુરા વિસ્મય પામે ત્યાર પહેલાં દુકાનના ફળીમાં પડતી પાછલી બારીએથી ખાખી સુટ, માથે કાળી ટોપી ને હાથમાં પાતળી સોટી વડે સજ્જ થયેલો ધ્રોળનો ફોઝદાર મગનલાલ દાખલ થયો. જમાલ મીસ્ત્રીએ તેને અણધારી રીતે જોયો, ને જોતાંજ પાસે પડેલી છત્રી તેના લમણા પર વળગાડી.

"હં, હં, શેઠ! ધીરા થાઓ" કહીને પડધરીવાળા ડાહ્યાભાઇ ફોઝદારે શાન્ત થવા કહી એકાએક આકળા થવાનું કારણ પુછ્યું.

"આ લોકો અમારા ઉપર ખુન જેવું ગંભીર તહોમત મુકે છે, ને વગર ખબર આપ્યે અમારા મકાનમાં દાખલ થઇ જાય છે." જમાલ મીસ્ત્રીએ સમજાવ્યું. "તે દાગીનો કે એવો કાંઇ બીજો મુદ્દો આંહી નાખી દે તો અમારા શા હાલ થાય એ સમજાય એવું છે."

ડાહ્યાભાઇને આ વાત વ્યાજબી લાગી. બહાર નીકળીને ઉભેલ મગનલાલ ફોઝદારને ખીમજીભાઇએ એક પંચિયું આપ્યું તે તેણે પહેરી લીધું. પંચે પહેલાં તેની જડતી લીધી.

આખરે ચુલા ખોદાવી, મોટલું ઉખેડાવ્યું પણ કાંઇ નિકળ્યું તો નહિ, ને તેઓ ગયા. પણ ફરી પાછા 'એ રામ એના એ.' આજે પણ ટ્રેઇન ઉપડી ગઇ અને તેઓ રોકાણા.

૫.

રાત્રિના સાડા અગીઆર વાગ્યા હતા. દરબારગઢ પાસે આવેલ માંડવીના ઓટલા ઉપર બે ચાર વેપારીઓ ગામમાં થઇ ગયેલા ખુન સંબંધી અટકળો કરવા અને અભિપ્રાયો આપવામાં મશગુલ બની બેઠા હતા. તેમને લાલજીભાઇએ આવીને 'દેવશીભાઇ ફોઝદાર કયાં રહે છે?' એ પુછ્યું.

"કેમ, શું કામ છે અત્યારે?" એક વેપારીએ પ્રતિપ્રશ્ન કર્યો.

"અમારા ખાનામાં કોઇ મીઆણાની છોડીને મારીને નાખી ગયું છે તે જાહેર કરવું છે."

વેપારીમાંના એક બેએ લાલજીભાઇની પ્રાથમિક તપાસ કરી, 'શું બન્યું? કેવી રીતે બન્યું? કોણ નાખી ગયું? કયારે નાખી ગયું?' વિગેરે. પછી ફોઝદારના ઘરનો રસ્તો બતાવ્યો.

"જો, સાળા, છોડીને મારી નાખી ને હવે કહે છે કે કોઇ નાખી ગયું." લાલજીભાઇના જવા પછી તેઓએ આખરી અભિપ્રાય ઉચ્ચાર્યો.

લાલજીભાઇ ફોઝદારને ઘરે પહોંચે ત્યાર પહેલાં તો માંડવી પાસેથીજ કોઇ હેતના કટકાએ પહેલો પહોંચીજઇ યશ ખાટી લીધો.

ફોઝદાર પોતે 'ગઇ પરમે દરેક ખોજાના ઘરની અને જમાતખાનાની જડતી લીધેલી ત્યારે કાંઇ નિકળેલ નહિ અને અત્યારે આ લાશ આંહી કયાંથી આવી' એ વિચાર કરતા એક પોલીસ ટુકડી સાથે જમાતખાને આવ્યા.

તેઓ ત્યાં પહોંચ્યાં ત્યાર પહેલાં તો સો બસો માણસ પોતાના કુતુહલને પોષવાનો અરધી રાત્રે આમ અચાનક યોગ સાંપડવાથી ત્યાં જમા થઇ ગયેલું. તેમાંથી પંચ કરી લઇ પોલીસે લાશનો કબ્જો લીધો અને દરેક ખોજાને ઘરે તથા જમાતખાને બબ્બે પોલીસનો પહેરો બેસાડી; કોઇને બહાર જવા આવવા ન દેવાની તેમને તાકીદ આપવામાં આવી; અને હાજર હોય એટલા ખોજાઓને બાંધી લઇ જેલે લઇ જવા હુકમ કરવામાં આવ્યો. પોલીસો બધાને બાંધવા માંડયા. જીઆ ડોસલ નામનો માણસ નાનજીને બાંધી રહ્યો હતો.

"અરે, આટલો બધો તાણીને મને શા માટે બાંધો છો? શું અમે છોડીને મારી છે? મારી હશે તો તમેજ, અને અમારો શું વાંક છે? નાનજીએ આર્ત સ્વરે બરાડો પાડયો.

ફોઝદારે આ સાંભળ્યું અને પુછ્યું:

"આ પછવાડાં કોનાં છે?"

"આ જીઆ ડોસલનાં."

"જાઓ, ત્યાં બે પોલીસ બેસી જાઓ."

વધુ તપાસ બીજા દિવસની સવાર ઉપર મુલતવી રાખી સૌ વિખરાયા.

૬.

પડધરીની નદીને સામે કાંઠે ધ્રોળનું વણથરી નામનું ગામ આવેલું છે. ત્યાં મગનલાલ ફોઝદાર રાત રોકાણા હતા. તેમને પરોઢીઆમાં એક કાસદે જગાડીને ખાનામાંથી લાશ નીકળી હોવાની ખબર અને ખીમજીભાઈ તથા તેમના જમાઇને ધ્રોળ પકડી લાવવાનું વૉરંટ આપ્યું. ફોઝદાર પડધરી આવવા નિકળ્યો. દરવાજાથી થોડે દૂર રહ્યો ત્યાં જમાલ મીસ્ત્રી અને ખીમજીભાઇ જે બહારથી આવતા હતા તેમણે દીઠો.

"મામા, વળી પાછો આ દુષ્ટ કેમ આવ્યો! આજે વળી કાંઇ નવાજુની હશે?" જમાલ મીસ્ત્રીએ પુછ્યું.

"હોય તે ખરૂં."

એમ વાત કરતાં દરવાજે આવ્યા ત્યાં ધ્રોળના ફોઝદારે ડાહ્યાભાઇને વૉરંટ બતાવ્યું, અને પોલીસે તેમને બોલાવ્યા.

તેઓ પાસે આવ્યા. ફોઝદારે પોલીસને પેરેડ કરાવતા હોય એવી ઢબે 'હૉલ્ટ હોમ' કર્યું. તે સાંભળી બે પોલીસ આગળ અને બે પાછળ સંગીનો ચડાવીને ઉભા રહી ગયા.

"શેઠ, ગઇ રાત્રે તમારા ખાનામાંથી લાશ નીકળી છે. તેથી હું આજે તમને પકડવા આવ્યો છું." મગનલાલ ફોઝદારે કહ્યું.

આ વાત અત્યંત આશ્ચર્ય સાથે બન્ને જણાં અવાક્ બની સાંભળી રહ્યા. તેઓ વિમાસણમાં પડી ગયા. ડાહ્યાભાઇ ફોઝદારે જોડીઆથી પોતાના ઉપરી અમલદારનો હુકમ ન આવે ત્યાંસુધી તહોમતદારને હવાલે સોંપવા ના પાડી. તેમને સામેની પરસાળમાં પહેરા નીચે બેસવા કહ્યું.

૭.

**સવાર થયું. દિવાન સાહેબ, મેજીસ્ટ્રેટ, દેવશીભાઇ ફોઝદાર, પંચ, વિગેરે બાકી રહેલી તપાસ પુરી કરવા જમાતખાને આવ્યા.**

**( અનુસંધાન માટે જુઓ પાનું ૨૩૯. )**

# આખરે આવેલો ચુકાદો

## "નીચલી કોર્ટનો ઠરાવ બહાલ રાખી અપીલ રદ કરૂં છું." } ના. હઝુર કોર્ટે આપેલો ફેંસલો.

( અમારા પ્રતિનિધી તરફથી )

મુંબઇથી પ્રગટ થતા "ઇસ્માઇલી" અઠવાડીકના તંત્રી મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર અત્રેના શ્રી. કાનજી ગુલાભાઇએ હી. ફો. કા. ક. ૫૦૦ મુજબ પોતાની બદનક્ષી કર્યાની કરેલ ફરીયાદમાં થયેલ અપીલનો લંબાણ ચુકાદો આવી ગયો છે.

મુકદમાની ટુંક વિગત એવી છે કે તા. ૩–૧–૩૨ ના "ઇસ્માઇલી" માં "કાનજી ગુલા કેદ થયા" એ મથાળે એક લખાણ પ્રગટ થયું હતું. તે ઉપરથી શ્રી. કાનજી ગુલાભાઇએ તા. ૮–૪–૩૨ ના રોજ મી. ચુનારા ઉપર બદનક્ષીની ફરીયાદ નોંધાવી હતી. એ કેસમાં નીચલી કોર્ટે મી. ચુનારાને ગુન્હેગાર ગણી તેનો રૂા. ૧૦૦) દંડ કર્યો હતો. આ ઉપરથી શ્રી. કાનજી ગુલાભાઇએ નારાજ થઇ ના. હઝુર કોર્ટને સજા વધારવા તા. ૭–૪–૩૩ ના રોજ અપીલ કરી હતી. આ સંબંધે બન્ને પક્ષના વકીલોએ તા. ૩૦–૬–૩૩ ના રોજ દલીલો કરી હતી. જજમેન્ટ તુરતજ આપવાનું હોઇને મી. ચુનારા ત્રણેક અઠવાડીયા રાજકોટમાં રોકાણા હતા, અને તે બાદ રૂા. ૫૦૦) ના ના. હઝુર કોર્ટે જામીન લઇને તા. ૧૭–૭–૩૩ના રોજ તેમને જવા દીધા હતા. છેવટે ગઇ તા. ૧૩-૯-૩૩ ના રોજ અપીલનો ચુકાદો આવી ગયો છે. જજમેન્ટ નીચે મુજબ છે :—

"પહેલા વર્ગના આ. ન્યાયાધીશ સાહેબેતેમની કોર્ટના ગુન્હા રજીસ્ટર નાં. ૧૮ શાં. ૧૯૮૮ના કામમાં હાલના સામાવાળાને ઇન્ડીઅન પીનલ કોડની કલમ ૫૦૦ અનુસાર તકસીરવાર ઠરાવી તેને રૂા. ૧૦૦) એકસો દંડ આપવાની અને તે આપવામાં કસુર કરે તો તે બદલ બે માસ સુધી આસાન કેદ ભોગવવાની સજા કરી છે, જે વિરૂદ્ધ અરજદારે આ રીવીઝન અરજી ગુજારી છે. તેમાં સામાવાળાને સજા કરવામાં આવી છે તે વધારી તે ઉપરાંત તેને કેદની સજા કરવાની તેણે માગણી કરી છે."

આગળ ચાલતાં જજમેન્ટમાં ફરીયાદીના ફરાયાદ–નામાનો તેમજ "ઇસ્માઇલી" માં પ્રગટ થયેલા વાંધાવાળા લખાણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને તહોમતદારની તા. ૫–૫–૩૨ ની અરજીની મતલબ આપી આગળ જણાવવામાં આવ્યું છે કે "નીચેની કોર્ટ સમક્ષ તેની તા. ૨૩--૯--૩૨ ની હકીકતમાં તહોમતદાર કહે છે કે "ઇસ્માઇલી" પત્રનો તે પબ્લીશર છે. તકરારવાળું લખાણ "ઇસ્માઇલી" ના તા. ૩--૧--૩૨ ના અંકમાં છપાયું છે. પરંતુ તે ઓનરરી કામ કરતો હોઇ તેની જાતમાહેતી નહોતી. એડીટોરીયલ તે છાપે છે. બીજું કામ બીજા કરે છે. ઉપરાંત તહોમતદાર કહે છે કે "ઇસ્માઇલી" છાપું રાજકોટમાં મોકલવામાં આવે છે તે ખરૂં છે.

પક્ષકારો તરફથી રજુ થયેલો પુરાવો લક્ષમાં લઇ ન્યાયાધીશ કોર્ટે તહોમતદારને ઇન્ડીઅન પીનલ કોડની કલમ ૫૦૦ અનુસાર તકસીરવાર ઠરાવી તેને ઉપર દર્શાવ્યા પ્રમાણે સજા કરી છે.

ન્યાયાધીશ કોર્ટના ઠરાવ વિરૂદ્ધ આ રીવીઝન અરજી કરી તહોમતદારને જે સજા કરવામાં આવી છે તે ઉપરાંત તેને કેદની સજા કરવાની માગણી ફરીયાદી અરજદારે કરી છે. આવા પ્રકારની રીવીઝન અરજીની દલીલ વખતે નીચેની કોર્ટે ગુન્હાની સાબીતીનો ઠરાવ (conviction) કર્યો હોય તે વિરૂદ્ધ પણ દલીલ તહોમતદાર ક્રી પ્રો. કો. ક. ૪૩૯ અનુસાર કરી શકે છે તે અનુસાર નીચેની કોર્ટનો ગુન્હાની સાબીતીનો ઠરાવ બરાબર નથી એ મતલબે દલીલ સામાવાળા તરફથી તેના કાઉન્સેલ મી. છગનલાલ ચીનાઇએ કરી છે.

ફરીયાદીને પકડીને કેદ કરવામાં આવ્યો હતો એવી હકીકત તકરારવાળા લખાણમાં ( આંક પી ૬/૨ ) લખવામાં આવી છે તે ખોટી છે એમ ફરીયાદી તેની જુબાનીમાં કહે છે. તેની ઇન્કારીયત તહોમતદાર તરફથી કરવામાં આવી નથી.

"ઇસ્માઇલી" પત્રમાં એડીટોરીયલનું કામ પોતાની દેખરેખ નીચે થાય છે અને વિવિધ વર્તમાન, વિગેરે છાપવાનું કામ બીજા સેક્રેટરી તથા સ્ટાફ કરે છે એવું પોતાનું કથન સાબીત કરવા માટે તહોમતદાર તરફથી હાજીમહમદ ફાજલભાઇને સાહેદ તરીકે તપાસવામાં આવ્યો છે. તે આ બાબતમાં તહોમતદારના કહેવા પ્રમાણે હકીકત કહે છે. પરંતુ વિશેષમાં તે કહે છે કે ૧૯૨૭ માં તેણે "ઇસ્માઇલી"ના પ્રીન્ટર તરીકે કામ કર્યું હતું. તે પત્ર સાથે તેને હાલ કાંઇ સંબંધ નથી. કાઉન્સેલ રાખવા તહોમતદાર સાથે પોતે ગયો હતો એમ તે કહે છે તેથી તહોમતદારનો તે સંબંધી છે એમ સ્પષ્ટ થાય છે. તેમ હોવાથી તેને હું સ્વતંત્ર સાહેદ ગણતો નથી. તેથી હાજીમહમદની જુબાનીથી તહોમતદારના બચાવને કાંઇ મદદ મળતી નથી. મતલબ તકરારવાળું લખાણ પોતાની જાણ તથા જ્ઞાન વગર છપાએલ છે એવું કથન તહોમતદાર કહે છે તે સાબીત થયું નથી એમ હું ધારૂં છું.

તકરારવાળું લખાણ તહોમતદારે પ્રસિદ્ધ કર્યું છે એ નિર્વિવાદ છે. ફરીયાદીને પકડી કેદ કરવામાં આવ્યો હતો એવી ખોટી હકીકત પ્રસિદ્ધ કરવામાં આવી તેને પરિણામે ફરીયાદી જે વેપારી છે તેની આબરૂને ધકકો પહોંચે એ સહજ સમજી શકાય એવી બાબત છે. એવી ખોટી હકીકત પ્રસિદ્ધ થવાથી ફરીયાદીની આબરૂને ધકકો પહોંચે એમ તહોમતદાર જાણતો હોવો જોઇએ એમ ઠરાવવું એ કામની તમામ હકીકત લક્ષમાં લેતાં મને વાસ્તવિક જણાય છે.

ઉપરના કારણોથી ઇન્ડીઅન પીનલ કોડની કલમ ૫૦૦ અનુસારનો ગુન્હો તહોમતદાર સામાવાળાએ કર્યાનું સાબીત થયું છે એમ હું ઠરાવું છું.

તેમ હોવાથી સામાવાળા વિરૂદ્ધનો નીચેની કોર્ટનો ગુન્હાની સાબીતીનો ઠરાવ બહાલ કરૂં છું.

સજાના સંબંધમાં બન્ને પક્ષકારો તરફથી જે દલીલ કરવામાં આવી છે તે વિષે હવે વિચાર કરવાનો રહે છે.

સામાવાળા તરફથી મી. ચીનાઇએ એવી દલીલ કરી છે કે સામાવાળા વિરૂદ્ધ નીચેની કોર્ટે ગુન્હાની સાબીતીનો ઠરાવ કર્યો છે તે બહાલ રાખવામાં આવે તો ક્રી. પ્રો. કો. ક. ૫૬૨ નો તેને લાભ આપવો જોઇએ. કામની તમામ હકીકત લક્ષમાં લેતાં આ દલીલ હું સ્વીકારી શકતો નથી. ક્રી. પ્રો. કો. ક. ૫૬૨ લાગુ પાડવાને માટે આ યોગ્ય કેસ નથી એમ હું ધારૂં છું.

તકરારવાળા લખાણની તારીખ પહેલાં "ઇસ્માઇલી" પત્રમાં પ્રસિદ્ધ થયેલ કેટલાક લખાણો અને ખોજા સુધારક સંઘ અને શ્રી રાજકોટ ખોજા યુવક મંડળનું કેટલુંક સાહિત્ય કામમાં પુરાવામાં દાખલ કરવામાં આવ્યું છે. તે પરથી જણાય છે કે 'ઇસ્માઇલી' પત્રમાં ફરીયાદી અને તેના અનુયાયીઓ પર શીયા ઇમામી ઇસમાઇલી કાઉન્સીલોનો અનાદર કરવા માટે, હુમલા કરવામાં આવ્યા છે; અને ખોજા યુવક મંડળ રાજકોટ અને ખોજા સુધારક સંઘના કાર્યકર્તાઓ એટલે કે ફરીયાદી અને તેના અનુયાયીઓએ તેમના કામમાં રજુ થયેલ સાહિત્યમાં ઉપર દર્શાવેલી કાઉન્સીલો પર હુમલા કર્યા છે.

ફરીયાદી જે વેપારી છે તેને પકડીને કેદ કરવામાં આવ્યો હતો એવી ખોટી હકીકત પ્રસિદ્ધ કરવામાં આવવાથી તેની આબરૂને હાની પહોંચે એમ હું ઉપર કહી ગયો છું, અને તેમ મેં ઠરાવ્યું છે."

આગળ ચાલતાં રાજકોટ સ્ટેટ બેન્કના લેણા સંબંધે પુછાએલા સવાલોના જવાબો ફરીયાદીએ ન આપેલા એ સંબંધમાં ટીકા કરતાં જજમેન્ટમાં જણાવવામાં આવ્યું છે કે ફરીયાદીએ એ જવાબો આપવા જોઇતા હતા.

"આંક પી ૬૧/૨ વાળા લખાણથી પોતાની આબરૂને ગંભીર પ્રકારનું નુકશાન થયું છે અને તેથી તહોમતદારને આ કામમાં દંડ ઉપરાંત કેદની સજા કરવા જરૂર છે એવી દલીલ અરજદાર તરફથી કરવામાં આવી છે. તો તેવી હકીકત તેણે સાબીત કરવી જોઇતી હતી. તેણે તેમ કર્યું નથી. એટલુંજ નહિ પરંતુ સ્ટેટ બેન્ક પરત્વેના તેના વ્યવહારના સંબંધમાં તેને સવાલો પુછવામાં આવ્યા, તો તેના જવાબ આપવાથી તેની આબરૂ અને બજારમાં તેના વ્યવહારને ધક્કો પહોંચે એમ કહી તેના જવાબ આપવાની હિંમત તે કરી શક્યો નથી.

ફરીયાદ અરજીમાં ફરીયાદી કહે છે કે તકરારવાળા લખાણથી તેના જ્ઞાતિભાઇઓ જેને તેણે રોષનું કાંઇ કારણ આપ્યું નથી તેઓએ તેની સાથે વ્યવહાર ઓછો કરેલ છે. આ સંબંધી કાંઇ સ્વતંત્ર પુરાવો તેના તરફથી રજુ કરવામાં આવ્યો નથી. તા. ૧૮--૮--૩૧ ના રોજ ફરીયાદીને નાત બહાર કરવામાં આવ્યો હતો, અને તકરારવાળું લખાણ ત્યાર બાદ એટલે તા. ૩-૧-૩૨ ના રોજ પ્રસિદ્ધ થયું હતું. ફરીયાદીને નાત બહાર મુકવામાં આવ્યો તેજ દિવસથી તેની નાતનો તેની સાથેનો વ્યવહાર બંધ થયો હતો. એવા સંજોગોમાં તકરારવાળા લખાણને પરિણામે ફરીયાદીના કોઇ જ્ઞાતિભાઈ તેની સાથેનો વ્યવહાર ઓછો કરે એ વાત મારા અભિપ્રાય પ્રમાણે રહેતીજ નથી. તે વાત અલગ રાખતાં આ સંબંધે ફરીયાદી તરફથી કાંઇ સ્વતંત્ર પુરાવો રજુ કરવામાં આવ્યો નથી. તેથી તેનું આ કથન સાબીત થયું નથી એમ હું ધારૂં છું.

અરજદારે તેની અરજીની પુષ્ટિમાં જે કારણો રજુ કર્યા છે તે વિષે હવે હું વિચાર કરીશ.

**કારણ ૧** : તકરારવાળા લખાણ પહેલાં જે લખાણો "ઇસ્માઇલી"માં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતાં તેમાં મુકવામાં આવેલા આક્ષેપો ખરા છે કે કેમ ? તે કાંઇ સ્વતંત્ર પુરાવો રજુ કરવામાં આવ્યો નથી તેથી તેમાં કરવામાં આવેલા આક્ષેપો ખોટા છે એમ સાબીત થયું છે એમ કહેવું એ વાસ્તવિક નથી.

**કારણ ૨** : સામાવાળો "ઇસમાઇલી" પત્રનો ઓનરરી તંત્રી હતો કે પગારદાર તંત્રી હતો એ ભેદ કાયદાની દૃષ્ટિએ હસ્તી ધરાવતો નથી એમ હું ધારૂં છું. ઓનરરી તંત્રી અને પગારદાર તંત્રી એ બન્નેની જવાબદારી કાયદાની નજરમાં એક સરખી છે.

**કારણ ૩-૪** : બચાવનો સાહેદ નુરમામદ તારભાઇ (સાહેદ નાં. ૨) કહે છે કે સ્ટેટ બેન્કનું જેની જેની પાસે લેણું છે તેને આ રાજ્યની ઓફીસે બોલાવ્યા હતા તેમાં ફરીયાદીને પણ બોલાવ્યો હતો એવી અફવા તેણે સાંભળી હતી." બચાવનો સાહેદ હુસેન કાસમ ( સાહેદ નાં. ૩ ) કહે છે કે ગોપાળજી નામના શખ્સને, જીવરાજ વૈદ્યને અને ફરીયાદીને સ્ટેટના કરજ માટે હજુર કોર્ટે એટલે ઓફીસે બોલાવ્યા હતા અને બેસાર્યા હતા એવી અફવા તેણે સાંભળી હતી. આ પુરાવાના સંબંધમાં નીચેની કોર્ટ તેના ઠરાવમાં કહે છે કે અફવાની વાત ઉપજાવી કાઢી હોય એમ સાહેદોની એકંદર જુબાની લક્ષમાં લેતાં તેને જણાય છે, તે સાહેદો કાંઇ ચોકકસ કહી શકયા નથી. આ ટીકાના સંબંધમાં અરજીની પુષ્ટિના આ કારણો રજુ થયાં હોય એમ જણાય છે. સાહેદો ચોકકસ કાંઇ કહી શકે નહિ તેથી તેમનો પુરાવો ઉપજાવી કાઢેલો છે એમ માનવું એ વાસ્તવિક કહેવાય નહિ. નુરમામદ કહે છે તેમ સ્ટેટ બેન્કનું જેમની પાસે લેણું છે તેમને અને તેમાં ફરીયાદીને બોલાવવામાં આવ્યા હોય તો તેમાં મને કાંઇ અસંભવિત જણાતું નથી. હુસેન કહે છે કે અમુક માણસોને ઉપર મુજબ વાત કરતા તેણે સાંભળ્યા હતા. તે પુરાવો ખોટો છે એમ માનવા કાંઇ વાસ્તવિક કારણ મને જણાતું નથી.

**કારણ ૫** : સામાવાળો આબરૂદાર વેપારી છે કે કેમ ? તે પ્રશ્ન આ કામમાં મને ગેરલાગતો જણાય છે. સજા કરવામાં વિચાર કરવાનો પ્રશ્ન એ છે કે અરજદારની આબરૂને તકરારવાળા લખાણથી એવી ગંભીર પ્રકારની હાની થઇ છે કે જેથી સામાવાળાને કેદની સજા કરવાનું ન્યાયપુરઃસર ગણાય? આ સંબંધે હું ઉપર કહી ગયો છું તેથી વિશેષ કહેવાની આવશ્યકતા જણાતી નથી.

**કારણ ૬** : સામાવાળાની વર્તણુકનો ઇસારો નીચેની કોર્ટે તેના ઠરાવમાં કર્યો છે તે તેની તા. ૫--૫--૩૨ની અરજી અને તેના સ્ટેટમેન્ટ સંબંધે કર્યો છે એમ ઠરાવ પરથી સ્પષ્ટ જણાય છે. તે અરજી અને સ્ટેટમેન્ટ સંબંધે મેં વિવેચન કર્યું છે.

ઉપરના કારણોથી તહોમતદારને જે સજા કરવામાં આવી છે તે વધારવાને માટે આ યોગ્ય કેસ છે એમ હું ધારતો નથી.

પરિણામે તહોમતદાર સામાવાળા વિરૂદ્ધનો નીચેની કોર્ટનો ગુન્હાની સાબીતીનો ઠરાવ અને તેણે તેને કરેલી સજા બહાલ રાખી આ રીવીઝન અરજી હું રદ કરૂં છું."

(સહી) **Abhechand G. Desai,**
જ્યુડીશ્યલ સેક્રેટરી, સ્ટ. રાજકોટ.

Countersigned

(સહી) **Viravala,**
પોલીટીકલ સેક્રેટરી, સ્ટ. રાજકોટ.

# સપ્તાહનો સાર.

**ગાંધી-જવાહર મંત્રણા :** પંડીત જવાહરલાલ ન્હેરૂ જેલમાંથી છુટયા પછી રાજકીય આગેવાનો સાથે ચર્ચા ચલાવી પુના ખાતે મ. ગાંધીજીને મળ્યા છે. દેશના આ બે મહાન પુરૂષો વચ્ચે અત્યારે દેશના ભાવી રાજકીય કાર્યક્રમ માટે અગત્યની મંત્રણા ચાલી રહી છે. જવાહરલાલને સાંભળવા મુજબ હરિજન પ્રવૃત્તિમાં ખાસ રસ નથી. અને મ. ગાંધીજી એ પ્રવૃત્તિ શિવાય જીવી શકે તેમ નથી. એક તરફથી એવી સૂચના પણ ગાંધીજીને કરવામાં આવી છે કે તેમણે એક વરસ સુધી રાજ્યદ્વારી ક્ષેત્રમાંથી નિવૃત્ત થઇ હરિજન પ્રવૃત્તિજ કરવી. પણ ગાંધીજી હજી સંમત થયા નથી. પંડીતજી અને મહાત્માજી વચ્ચે એકમતી નહિ થાય તો જવાહરલાલ નવો રાજકીય પક્ષ ઉભો કરી સંપૂર્ણ સ્વતંત્રતા માટે લડત આગળ ચલાવે તો પણ બનવા જોગ છે

**દેશી રાજયોના રક્ષણ અર્થે :** દેશી રજવાડાઓને હજી વધુ રક્ષણ આપવા માટે વડી ધારાસભામાં સરકાર તરફથી એક બીલ દાખલ કરવામાં આવ્યું છે તે મુજબ બ્રીટીશ હિંદના પત્રકારો દેશી રાજવંશીઓ ઉપર કોઇ પણ જાતના હુમલા કરે તો ગુન્હેગાર ઠરશે તથા દેશી રાજ્યની હદની અંદર તેનીજ પ્રજાએ જો કાંઇ ગુન્હો કર્યો હશે તો તેને પણ બ્રીટીશ હિંદની કોર્ટ શિક્ષા કરી શકશે તેવી કલમો છે. લોકમત જાણવા માટે હાલ તુરત આ બીલને પ્રજામાં તા. ૭ જાન્યુઆરી સુધી ફેરવવાનું નકકી થયું છે.

**"ગાંધીજીને ફટકાવો":** કરાંચીના એક એંગ્લો ઇન્ડીઅન વર્તમાન પત્ર "ડેલી ગેઝેટે" મ. ગાંધીજી જ્યારે છેલ્લી વખતે જેલમાં ઉપવાસ ઉપર હતા ત્યારે સરકારને એવી ભલામણ કરી હતી કે "ગાંધીજીને ફટકા મારીને સીધા કરવા જોઇએ." આ સંબંધમાં વડી ધારાસભામાં જવાબ આપતાં સરકારે વચ્ચે પડવાની ના પાડી હતી અને તે સંબંધેનો બધો બોજો મુંબઇ સરકારને માથે નાખ્યો હતો.

**આયર્લેન્ડનો મામલો :** આયર્લેન્ડમાં ડી'વેલેરા સત્તા ઉપર છે તેને ઉથલાવી નાખવા માટે કોસગ્રેવ પક્ષ, સેન્ટર પાર્ટી અને નેશનલ ગાર્ડ એમ ત્રણે વિરૂદ્ધ પક્ષોએ એકત્રીત થઇ 'એકત્ર આયર્લેન્ડ પક્ષ'ની સ્થાપના કરી છે. આ પક્ષ ઇંગ્લેન્ડ સાથે વેપારી લડાઇનો અંત લાવવા માગે છે. ડી'વેલેરાનું સ્થાન હજી સલામત દેખાય છે. પાર્લામેન્ટમાં તે પોતાની બહુમતી મજુર પક્ષના ટેકાથી જાળવી શકશે.

**જર્મન પ્રોફેસર :** વિશ્વ વિખ્યાત જર્મન વિજ્ઞાનશાસ્ત્રી પ્રો. ઇન્સ્ટીને જર્મનીમાં નાંઝીરાજની સ્થાપના પછી પોતાના જર્મન શહેરી તરીકેના હક જતા કર્યા છે, અને ફ્રાંસની સરકારે તેમને રોકી લીધા છે. નાઝીઓએ પ્રોફેસરનું માથું કાપી લાવનારને ઇનામ આપવાનું જાહેર કર્યાની અફવા ઉડવાથી પ્રોફેસર ઇંગ્લેન્ડ જઇ રહ્યા છે. જ્યારે આ સંબંધે ફ્રાન્સે પોતાનો પ્રબળ રોષ જાહેર કરી ચેતવણી આપી છે કે પ્રો. ઇન્સ્ટીનનો વાળ પણ વાંકો થશે તો અનેક જર્મનોને તેનો જવાબ મૃત્યુથી આપવો પડશે.

**દામોદરલાલજી પ્રકરણ :** વૈષ્ણવોના દેવ શ્રી નાથજીના પુજારી મહારાજ દામોદરલાલજીને ઉદેપુર રાજ્ય તરફથી રાજ્યની હદમાં અને તેથી શ્રીનાથદ્વારાની હદમાં પ્રવેશ ન કરવાનો હુકમ પહોંચાડવામાં આવ્યો છે. આ હુકમ દામોદારલાલજીએ હંસા નામની એક વેશ્યા સાથે કરેલ લગ્ન ઉપરથી કરવામાં આવ્યો છે અને તે રદ કરાવવા માટે મહારાજ દામોદરલાલ અને તેમના પિતા વાયસરોયની મુલાકાત લેનારા છે.

**સરહદનો મામલો :** સરહદનો મામલો હજી જેવોને તેવો અશાંત છે. વિમાનોમાંથી બોમ્બ ફેંકવામાં આવતા નથી પણ જમીન ઉપરથી ગોળીઓ છોડવામાં આવે છે. જ્યારે હવામાં ઉડતા વીમાનો ઉપર તાયફાવાળાઓ તરફથી ગોળીઓ છોડવામાં આવે છે.

**રાજેન્દ્રબાબુ બીમાર :** જાણીતા દેશનેતા બાબુ રાજેન્દ્રપ્રસાદને બીમારીને કારણે હઝારીબાગ જેલમાંથી ખસેડી પટણાની જનરલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

**બાળકનું અપહરણ :** અમેરીકાના બદમાસોનો ચેપ મુંબઇથી આગળ વધી લાહોર સુધી પહોંચ્યો છે. લાહોરના એક જાણીતા ધનવાન કોન્ટ્રાકટર મી. માલહોત્રાના એક ૧૩ માસના બાળકને આયાના હાથમાંથી ખુંચવી મોટરમાં નાખી બદમાસો ઉપાડી ગયા છે. બાળકને શરીરે ઘરેણાં હતાં નહિ, કોઇની ધરપકડ થઇ નથી.

**વાંદરે માથું ફોડયું :** મુંબઇમાં વીઠલવાડી પાસેથી એક હિન્દુ પસાર થતો હતો તે વખતે એક મકાનના ચોથા મજલેથી એક વાંદરાએ તેના માથામાં નળીયું માર્યું હતું જેથી તે માણસની ખોપરી તુટી ગઇ છે અને હોસ્પીટલમાં તે અત્યારે ગંભીર હાલતમાં પડયો છે.

**રાજા ફૈઇઝલનું અવસાન :** ઇરાકના રાજા ફૈઇઝલ મૃત્યુ પામ્યા છે. તેઓ એક આગળ વધેલા રાજવી હતા અને તેથી લોકપ્રિય થયા હતા. આરબો તેમના માનમાં રાજમહેલ ફરતા ફર્યા ત્યારે ઘણા રડી પડયા હતા.

**હાજરી ન પુરાવનારને દોઢ વરસ :** અલીપોરના એક તારપડા બેનરજી નામના આગલા નજરકેદીને સરકાર તરફથી એવો હુકમ પહોંચાડવામાં આવ્યો હતો કે તેણે અઠવાડીઆમાં એક વખત પોલીસ સ્ટેશને હાજરી પુરાવી જવી. આ હુકમનો તેના હાથે ભંગ થવાથી મેજીસ્ટ્રેટે તેને દોઢ વરસની સખત કેદની સજા કરી છે.

**ભાઇ બ્હેન પરણ્યાં :** નાનપણમાં માબાપ મરી જવાથી વીખુટા પડી ગયેલા ભાઇ અને બ્હેન એક બીજાને ન પીછાની શકવાથી આસામમાં પરણી ગયાં છે, અને બ્હેન ગર્ભવતી થઇ છે. આ પરણનાર જોડું ભાઇ બ્હેન થાય છે એ શોધ તેઓની એક વૃદ્ધ કાકીના હાથે બહાર આવી છે.

( અનુસંધાન પાના ૨૩૫ થી )

ખોજાઓના ઘરની ફરી એક વખત ઝડતી લીધી, પણ ત્યાંથી કાંઇ વાંધા ભરેલું નિકળ્યું નહિ. ફોઝદારે લાશ પડી હતી તે અગાશી પર ચડી આસપાસ જોયું.

જીઆ ડોસલના ફળીમાંથી એક નવેળું ખાનાની અગાશી સુધી આવતું હતું. તે નવેળામાંથી કશાંક ઝાંખા એવાં ટીપાં અગાશી સુધી પડતાં આવ્યાં હોય એમ તેને લાગ્યું. વળી ત્યાં અગાશી ભેર નીસરણી કે ખાટલો કાંઇ ઉભું કર્યું હોય એવા નિશાન પણ જમીન પર સ્પષ્ટ જણાઇ આવતાં હતાં.

આ સઘળું તેણે જોયું. પછી નીચે ઉતરી સઘળા જીઆ ડોસલના ફળીમાં ગયા.

૮.

" સુમાર આરબી, કાંઇ ગંધ આવે છે તમને આંહી ?" જીઆ ડોસલનો ભાઇ સજણ રહેતો હતો ત્યાં આવીને ફોઝદારે પંચમાના એક મેમણ ગ્રહસ્થને પુછ્યું.

" સાહેબ, એ તો મીઆણાનું ઘર છે તે માછલાં વિગેરેની ગંધ તો આવેજને !" સુમાર આરબીએ જવાબ આપ્યો.

" જસરાજ ઠક્કર, તમને ગંધ આવે છે ?"

" હા, સાહેબ. "

" કેવી આવે છે ? "

" માછલાંની ગંધ કેવી હોય અને બીજી કેવી હોય, એ તો અમને કાંઇ ખબર નથી પડતી; પણ ત્યાં અગાશી પરથી આવતી હતી એવીજ ગંધ આંહી પણ આવે છે. "

" ના, ના. એવું કાંઇ નથી. આંહી તો માછલાંનીજ ગંધ છે. ચાલો, આંહી કાંઇ નથી. " કહી ફોઝદારે ચાલવા માંડયું. સઘળા બહાર નીકળી ગયા પછી ફોઝદારે કોઇને અંદર દાખલ થવા ન દેવાની પોલીસને તાકીદ આપી પાછા ફરીને સજણની વહુને કહ્યું.

" બાઇ, આ છોડીને તેં જ મારી છે. ખરૂં કહી દે. સાચું કહી દે તો તને હમણાં છોડી મુકું. અને તેના દાગીના વિગેરે જે છે તે બતાવી દે, એટલે હમણાં ખોજાને ઘરે જડતી લેવા જવું છે તે છાનામાના ત્યાં નાખી દઇશ, અને તું છુટી જઇશ. જલદી કહી દે એટલે તારે માથેથી ઘાત ઉતારી દઉં. તું મ્હારી બ્હેન છો. છતાં હું કહું છું, ને ખરૂં નહિ કહે તો જેલમાં સડી સડીને મરી જઇશ. બાકી હું તને આંચ આવવા નહિ દઉં એની ખાત્રી આપું છું."

" ના, ના, ભાઇ ! હું તો કાંઇ જાણતી નથી."

" એમ, તું નથી જાણતી ? હમણાં વીજળી ચડાવું છું. પછી માને છે કે નહિ !" ફોઝદારે દમ ભરાવ્યો.

"હેં, ભાઇ, મને વાંધો તો નહિ આવે ને ?" તેણી ગભરાઇને બોલી.

" ના, ના. મારા દીકરાના સમ. " પોતાને દીકરોજ નહોતો એવા તે ફોઝદારે સોગન ખાઇને ખાત્રી આપી. "દાગીના કયાં રાખ્યા છે ? બતાવ. "

" આ ભીંતના પેલા બાંકોરામાં."

" ખરૂં કહે છ કે ? " " હા. "

ફોઝદારે દિવાન સાહેબ, મેજીસ્ટ્રેટ અને પંચોને અંદર બોલાવ્યા, અને બાઇને દાગીના બતાવવા કહ્યું. બાઇએ આંગળી ચીંધી. ફોઝદારે સુમાર આરબીને બાઇએ બતાવ્યા ત્યાંથી કહાડી લેવાનું કહેવાથી તેણે કહાડી લીધા. એટલે—

"સુમાર આરબી, આ માછલાંની ગંધ હતી કે ?" તેણે તાણો માર્યો."

( અપૂર્ણ. )

# વેપાર સમાચાર

( તા. ૧૬-૯-૩૩ )

**ઊન :** લીવરપુલમાં ગઇ તા. ૧૧ થી ૧૫ નો સેલ હતો તેમાં કુલ્લે ગાં. ૨૫૯૯૮ મુકાણી હતી તેમાંથી ગાં. ૩૭૪૭ વેચાણી વગરની બાકી રહી છે. સેલ ભાવનાભાવ ગયો છે. ઘણા ઉંચા જોડીયા સફેદના વેચાણ ૧૦ પેની સુધીના આવ્યા છે, જ્યારે સરેરાશ સારા માલના વેચાણ ૮ થી ૮॥ પેની સુધીના રહ્યા છે. સ્થાનીક બજારમાં કાંઇ સોદા થયા નથી, પણ ઉંચા સારા જોડીયાનો ભાવ રૂા. ૧૩) આસપાસનો ગણાય.

**રૂ :** ભરૂચ ૨૦૧.

**અનાજ કરીયાણું :** ૨॥ ૨) ઘઉં. ૧॥= ૧॥ા–ા બાજરો જુનો. ૧)= ૧૦॥ જુવાર. ૧॥ ૧॥૦॥ ચણા. ૧)= ૧)≡ કમોદ જાડી. ૧। ૧॥ કમોદ જીણી. ૧॥ ૧॥– મેથી ૨। ૨।= તલ. ૧॥ ૧॥– એરડી જીણી. ૧॥≡ ૧॥≡ એરડી જાડી. ૧॥ ૨)= મગ. ૧॥= ૨) અડદ. ૧। ૧।૦॥ મગફળી જીણી. ૧)= ૧। મગફળી જાડી. ૧॥= રાઇ. ૦॥= મઠ. ૦॥= કળથી. ૧॥– ચણાની દાળ. ૨।= ગોળ દેશી. ૧॥= ૧॥≡ શીંગદાણા હાથફોલ. ૭) કપાશીયા માળવો. ૮। વેસણ જાડો. ૮॥ વેસણ જીણો. ૧૦॥ મેંદો. ૧૧) રવો કરાંચી. ૪)≡ ૪॥= ખાંડ રાજકોટ શહેર. ૪)– ખાંડ સદર. ૧॥ ચોખા માંડલો. ૧॥≡ ચોખા સુગંધી મીલ. ૧।≡॥ ચોખા નાની મીલ. ૨॥ ૩॥ ચોખા ભીમડી. ૨।= તુવેર દાળ. ૮) ૧૦) ગુંદ કણી. ૩) ખસખસ. ૨।= ધાણા. ૮॥ ૯) જીરૂં શ્રીકાર. ૪॥ હળદર. ૬) સુંઠ. ૬॥ ૭) ખોપરાં શ્રીકાર. ૫॥= ૫॥ શ્રીફળ પાણેચાં નં. ૧૨૫. ૧૦) ૧૧) સોપારી. ૨॥ ૩) અરીઠાં. ૨૫) પસ્તી. ૦। ૦।– ચા ભુકી. ૭)= સોડા ગુ. ૧. ૧૫) ૧૬) લોબાન કોડીઓ નં. ૨. ૫) ૬) તપખીર. ૮) ૯) ગદબનું બી. ૨॥ ૩) અજમા. ૨॥ સુવાદાણા. ૫॥ ખોપરેલ પીપનું. ૬) ખોપરેલ ડબાનું ૨૦) બુંદદાણા. ૦॥– દીવાસળી. ૬॥ ૭॥ દ્રાક્ષ કાળી. ૩૨) બદામ મગજ. ૨॥ વરીયાળી. ૧૩) ૧૪) કાથો ફુલ. ૩॥ ૪) સાબુ ચોખા.

**ઘી :** ૧૯) ૨૦) મુંબઇ પરખ, ૧૫) ૧૫॥ તાજોરસ.

**તેલ :** ૫। ૫।= તલનું, ૩॥= શીંગનું, ૨॥≡ ગ્યાસલેટ પીળું, ૩।–॥ ગ્યાસલેટ સફેદ, હાથી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

( અનુસંધાન પાના ૨૩૪ થી )

**ઉની આંચ પણ આવે નહિ. આ દ્રષ્ટિએ સમાજનું એકે એક અંગ, એકેએક વ્યક્તિ પોતાને અનુકુળ અને ફાવતું દેખાય એ સાધન પોતાના આધ્યાત્મિક ઉદ્ધાર માટે યોજી શકે છે અને સમાજને તેમાં પ્રતિબંધ મુકવાની કશી જરૂર નથી અને તેથી તેમ કરવાનો તેને કાંઇ હકક નથી. ધાર્મિક સ્વતંત્રતા એ વ્યક્તિ સ્વાતંત્ર્યનો એક અંશ છે.**

**' ખોજા કોમ ' એ એક સમાજ છે, 'ઇસ્માઇલી ' ' ઇશનાઅશરી ' કે બીજા કોઇ પણ સંપ્રદાય કે મત એ સમાજે આજદીન સુધીમાં ગોતેલા સાધનો છે. આ સાધનો એ ખોજા કોમને માટે છે અને ખોજા કોમ એ સાધનો માટે નથી એટલું સમજી આપણે તેને વ્યવહારમાં ઉતારીશું તોજ આપણો નાશ આપણે અટકાવી શકવાની આશા રહેશે.**

# ખોજા સોશીઅલ કોન્ફરન્સ.

## મુંબઇના માલેતુજારો જાગશે કે?

[ આ નીચે પ્રગટ થતા લેખ ઉપરથી જોઇ શકાશે કે મુંબઇમાં "ખોજા સોશીઅલ કોન્ફરન્સ" બોલાવવાનું મુંબઇના કેટલાક આગેવાન કોમી બીરાદરોએ સને ૧૯૨૯ ના ડીસેમ્બરની પંદરમી તારીખે નક્કી કર્યું હતું, અને તે માટે એક વર્કીંગ કમીટી (કાર્યવાહક સમિતિ) પણ ચુંટી કાઢવામાં આવી હતી. પણ આજે ચાર ચાર વર્ષના વહાણાં વીતવા છતાં કોમ એ સુભગ ઘડી જોઇ શકી નથી. જેનું ભવિષ્ય ઘણું આશાસ્પદ હતું અને જેના તરફ કોમ આતુર નયને મીટ માંડી પોતાની ઉન્નતિની વાટ જોઇ રહી હતી એ સંસ્થા ઉગતાંજ ડંભાઇ જાય એ અતિ દુઃખદાયક છે. હજી પણ વર્કીંગ કમીટીના સભ્યો ધારે તો કોન્ફરન્સ બોલાવવાનું કાંઇ હાથમાંથી વહી ગયું નથી. બલકે એવી કોન્ફરન્સ અત્યારે વધુ જરૂરની છે અને તે ફળીભુત થવાના વધુ સારા સંજોગો છે. મુંબઇના પ્રગતિમય વાતાવરણમાં વિહરતા બન્ધુઓ પોતાના અજ્ઞાન ભાંડુઓની વહારે ધાશે ?]

### ખોજા સોશીઅલ કોન્ફરન્સ.

#### મંત્રીઓની વિજ્ઞપ્તિ.

મહેરબાન સાહેબ, / બાઇ,

ખોજા સોશીઅલ કોન્ફરન્સ આ શહેરમાં ટુંક વખતમાં મળવાની છે, એ તમો જાણતા હશો. **મી. મહમદઅલી** જીણા અને બીજા કેટલાક આગેવાન ખોજા ગૃહસ્થોએ કોન્ફરન્સને કિંમતી મદદ આપવાનું વચન આપ્યું છે. આ સંબંધમાં ત્રણે જમાતના આગેવાન ખોજા ગૃહસ્થોની એક પ્રાથમિક સભા મુસ્લીમ સ્ટુડન્ટ યુનીઅનના હૉલમાં રવીવાર તા. ૧૫ ડીસેમ્બર ૧૯૨૯ના રોજ મળી હતી. આ મીટીંગમાં હાજર રહેલાઓએ એકમતે અભિપ્રાય આપ્યો હતો કે ખોજાઓમાં આવી કોન્ફરન્સની ઘણી જરૂર છે. કોન્ફરન્સના સૂચવાયેલા ઉદ્દેશ અને હેતુઓની વાટાઘાટ પછી આ મીટીંગ કોન્ફરન્સની રીસેપ્શન કમીટી (સ્વાગત સમિતિ)માં ફેરવાઇ ગઇ હતી, અને નીચે મુજબ કામકાજ કર્યું હતું.

૧. નીચે મુજબ વર્કીંગ કમીટીની નીમણુક કરી હતી.

મી. એમ. સી. ચાગલા, પ્રમુખ.
મીસીસ સકીનાબાઇ સોમજી } જોડીઆ
મી. આમદ એમ. મર્ચન્ટ } માનદ મંત્રીઓ.
મી. ગુલામઅલી ફાજલભાઇ કરીમભાઇ, માનદ ખજાનચી.
મીસીસ એ. વીશરામ
મી. બંદાલીભાઇ હાજીભાઇ લાલજી
,, સુલતાન એમ. ચીનાઇ
ખાનસાહેબ-કરમાલી ઇબ્રાહીમ
મી. ફાજલ સુરાજ
,, મહમદઅલી ચાહેવાલા
,, રમજાનઅલી ઇબ્રાહીમ છત્રીવાલા
,, કાસમઅલી દાઉદ
ડૉ. જાનમામદ ઇ. સાયાણી
મી. સલીમ એમ. મરચન્ટ
મી. એમ. કે. નાથાણી
,, ગુલામહુસેન સોનાવાલા

૨. રીસેપ્શન કમીટીમાં મેમ્બર થવા માટે ઓછામાં ઓછી રૂા. ૧૦) ફી ઠરાવવામાં આવી હતી.

૩. કોન્ફરન્સના ઉદ્દેશ અને હેતુઓ નકકી કરવામાં આવ્યા હતા, જેની નકલ આ સાથે છે.

રીસેપ્શન કમીટીના મેમ્બર થઇ, કોન્ફરન્સના શુભ કાર્યને સફળ બનાવવામાં સહાય કરશો એવી અમો અરજ ગુજારીએ છીએ. અમોને શ્રદ્ધા છે કે આવા શુભ કાર્ય માટેની અમારી અપીલ વ્યર્થ જશે નહિ.

મરીના મેનશન, ચોપાટી.

તમારા વિશ્વાસુ,
**મીસીસ સકીનાબાઇ સોમજી,**
**આમદ મહેરઅલી,**
જોડીઆ માનદ મંત્રીઓ.

### ખોજા સોશીઅલ કોન્ફરન્સ.

#### ઉદ્દેશ અને હેતુઓ.

આ કોન્ફરન્સનો ઉદ્દેશ જુદા જુદા ફીરકાઓના ખોજાઓ વચ્ચે સારી સમજ અને ભાઇચારો ફેલાવવાનો, અને તેઓની સામાન્ય ઉન્નતિ સાધવાનો છે.

આ કોન્ફરન્સના હેતુઓ નીચે મુજબ છેઃ—

(૧) કેળવણી, ખાસ કરી ઉદ્યોગીક અને ધંધા વિષયક કેળવણીનો વિકાસ કરવાના પગલા લેવા, સ્ત્રીઓની કેળવણી માટે ખાસ પ્રયાસ કરવો.
(૨) સ્ત્રીઓને હોમ નર્સીંગ (ઘર–માવજત) અને ફર્સ્ટ એડ (અકસ્માત વખતે પ્રાથમિક ઉપચાર)નું શિક્ષણ આપવા વર્ગો ખોલવા.
(૩) ખોજાઓ માટે એક મધ્યસ્થ ઉદ્યોગીક ખાતાની સ્થાપના કરવી.
(૪) બેકારીના વધતા જતા ભય સામે લડત ચલાવવા યોજના ઘડવી.
(૫) કસરત શાળાઓને ઉત્તેજન આપવું.
(૬) વાંચનાલયો અને એવી બીજી સંસ્થાઓના વિકાસને સહાય કરવી.
(૭) ખોજાઓમાં સહકારી મંડળો સ્થાપવામાં સહાયભુત થવું અને સહકારી ચળવળને ટેકો આપવો.
(૮) હાનીકારક સામાજિક રીવાજો સામે લડત ચલાવવી.
(૯) ખોજા કોમના સામાન્ય હીતને અર્થે ફાયદાકારક બીજા જરૂરી પગલાં લેવાં.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સ્વાતંત્ર્ય-પ્રેમ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા.૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૩૧ : સપ્ટેમ્બર ૨૬ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના આસો શુદ ૭ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી

# આપણી શરમ !

ઈર્ષા, સ્પર્ધા અને કીર્તિ એ ભયંકરમાં ભયંકર આપણને લાગુ પડેલો આજનો આપણો મહાન રોગ છે. એ ત્રિદોષનાં સન્નીપાતમાં દિવાના બની આપણે આપણું અને આપણાઓનું ભારે ભુંડુ કરવામાં જરાએ બાકી રાખી નથી. એ ત્રિવેણી-સંગમજ આપણી આજની ગુલામીનું મુળ કારણ છે એમ કહેવામાં જરાએ અતિશયોકિત નથીજ. એ કાળ ત્રિપુટીનાં દર્દમાં બેભાન બની આપણે જરાએ ભુલ કરતાં પાછું વાળી જોયુંજ નથી અને હજુ પણ જોવાની જરૂર માનતા હોઇએ તેમ જણાતું નથી; અને તેથીજ બંધનમુકત થવાની વાતો કરતા આપણે આપણા આત્માને છેતરીએ છીએ અને પરાધીનતામાં વધુ ને વધુ પગલાં માંડતા જઇએ છીએ, જેનું પરિણામ જાણતા અજાણતા પણ આજે ભોગવીએ છીએ અને ભવિષ્યમાં પણ આપણે ભોગવવું પડશેજ.

ખુદાને ખાતર એ ઇર્ષા, એ સ્પર્ધા અને એ કીર્તિને જવા દો અને આપણી આજની પરાધીનતા સામે નજર કરો અને તેમાંથી મુકત થવા માટે બંધુભાવથી બીરાદરી બજાવો. ઘણા દિવસ આપણે આપણાઓનું ભુંડુ કરવામાં ભાગ ભજવ્યો છે. હવે સારૂં કરવામાં સાથ આપો. દેખાદેખીમાં આપણે એક-બીજાના હરીફ બની આપણાજ પગ પર કુહાડા મારવામાં જરાએ બાકી રાખી નથી. વળી મોટાઇ-કીર્તિ-ના મોહમાં વિષને અમૃત માની પીવામાં અને જાણતા છતાં બીજાને પાવામાં જરાએ પાછી પાની કરી નથી. અને એમજ ઇર્ષાની આગમાં કાયદા અને કલમોને પોષણ આપી આપણેજ કાઉન્સીલને પાવરધી બનાવવામાં અગ્રભાગ ભજવ્યો છે. સારા પ્રસંગે કે માઠા પ્રસંગે આપણને જેમના પ્રત્યે વેર હોય તેમની સાથે બીજી કોઇ પણ રીતે વેરની વસુલાત કરવામાં નિષ્ફળ નિવડીએ છીએ ત્યારે કાઉન્સીલની ઓથ લઇ લેણા અને લાગા કઢાવી પંચને પાટલે બેસી મોટી રકમોના આંકડા મુકી આપણાજ પરીવાર પાસેથી નાણાં કઢાવી પંચને પાટલે પરમેશ્વરના નામને ન્હાનપ લગાડી આપણાજ બંધુઓનું રકતશોષણ કરીએ છીએ.

અય, બન્ધુઓ ! અય, બીરાદરો ! અય, આપ્તજનો ! જલાવી દો, સળગાવી દો, આગ લગાડી દો એ કીર્તિ, સ્પર્ધા અને ઇર્ષાને.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૬-૯-૩૩.

## સ્વાતંત્ર્ય-પ્રેમ.

સ્વાધીનતા એ એક એવી અણમોલ વસ્તુ છે કે જગતના દરેકે દરેક પ્રાણીને તે ગમે છે, સૌ કોઇ તેને ચાહે છે અને એકેએક તેને પોતની કરવા ઇચ્છે છે. એવો કોઇ નહિ નીકળે કે જે સ્વાધીનતા ન માગતો હોય અને જેને પરાધીનતામાંજ મીઠાશ હોય. એ સર્વથા અશકય છે. સૌ કોઇને તે જોઇએ છે. પણ આટલાથીજ તેવા કોઇ માણસને સ્વાતંત્ર્ય-પ્રેમી કહી શકાય નહિ. સ્વાધીનતાનો પ્રેમ માત્ર હ્રદયથી તેને ઇચ્છવામાંજ નથી સમાઇ જતો. પોતાના બંધન તોડવા એ કેટલો પ્રયત્નશીલ છે, ગુલામીના કલંક ધોવા એ કેટલો ભોગ આપવા તૈયાર છે અને સ્વાતંત્ર્યની વેદી ઉપર એ સર્વસ્વ કુરબાન કરી દેવા તલસે છે કે નહિ—આ ઉપરથીજ સ્વાધીનતાના પ્રેમના માપ નીકળે છે. એ ઘાસોટીએજ એ પ્રેમની કસોટી કરી શકાય. હ્રદયમાં ભાવ હોય, જીવ્હા માથે પ્રેમની વાણી હોય, પણ હાથ પગ તો પોતાની જગ્યાએ જરાએ હલ્યા ચલ્યા વિના સ્થિર હોય તો સમજી લેવું કે એ ભાવ અને એ વાણી બન્ને જુઠાં છે. એ સ્વાધીનતાનો પ્રેમ નથી, પણ પ્રેમનો માત્ર દેખાવ છે.

આપણી કોમ પરાધીન છે. ગુલામોની પણ તે ગુલામ છે. એક નહિ પણ અનેક માણસો આજે તેને પીખી રહ્યા છે. એમાં દેશીઓ છે અને પરદેશીઓ પણ છે. કોમના પોતાનાજ સંતાનો પણ આજે ભાન ભુલી બેશરમ બની તેને રંજાડી રહ્યા છે, તો એને નીચોવી નીચોવીને એકઠું કરાયેલું ધન પરકોમના પરદેશીના હાથે પણ પરાયા મુલકમાં વગર અટકાવે વેડફાઇ રહ્યું છે. આપણી કોમ અત્યારે તેના બધા કપુતો માટે ચૂસાવા અને શોષાવા ખુલ્લી બની ગઇ છે. કોઇ પણ સ્વાર્થી પોતાનો સ્વાર્થ આજના મલીન તંત્રમાં સામેલ થઇને કે તેને ટેકો આપીને ખુશીથી સાધી લઇ શકે છે. મોટપનો ભૂખ્યો કોઇ પણ ભીખારી આજે એજ રસ્તે મોટાઇની અને પટેલાઇની ભૂખ સંતોષી શકે છે.

આ દુઃખદ, અસહ્ય અને કાળજું વલોવતી સ્થિતિનો અંત લાવી કોમને સ્વાધીનતાનો સ્વાદ ચખાડવા અને પોતાનો વહીવટ પોતાના હાથમાં લઇ એ રીતે બધા મલીન તત્વોને પ્રસરતા અટકાવવા ખોજા સુધારક સંઘની સ્થાપના થઇ છે અને તે ધ્યેયને પહોંચી વળવા તે તેનાથી બનતું કરે છે. પણ જોઇએ તેટલી આર્થિક મદદના અભાવે તેનું પ્રચારકાર્ય જેટલું ઉગ્ર અને વિશાળ હોવું જોઇએ તેટલું તે નથી.

ખોજા સુધારક સંઘને ખુલ્લી રીતે ટેકો આપી બહાર આવવાના પ્રશ્ન સંબંધે ઘણા માણસોને એવી દલીલ કરતા જોવામાં આવે છે કે "ભાઇ, વાત સાચી. પણ હું એકલો બહાર પડું તેથી થોડું આ બધું કાંઇ નાબુદ થઇ જવાનું છે ? હું એકલો શું કરૂં ?"

આવી માયકાંગલી દલીલ જ્યારે જ્યારે અમારા સાંભળવામાં આવે છે ત્યારે અમારૂં અંતર ચીરાઇ જાય છે. ખરૂં જોતાં તો એ દલીલજ નથી. એ એક પાંગળો બચાવ છે. આવા જવાબોમાં સ્વાધીનતા તરફના પ્રેમનો પડછાયો પણ નથી, અને એના દેનારના હ્રદયમાં અંશ માત્ર પણ પોતાની કોમ માટે લાગણી નથી કે એની દુઃખી પરાધીન હાલત તરફ અનુકંપા નથી.

"હું એકલો શું કરી શકું?" એ શબ્દોમાં એના બોલનારની ચોકખી નિર્બળતા છુપાએલી છે. પોતાની જાતને વફાદાર થવાને બદલે બીજાઓના વર્તનના દોષ જોવાનો એમાં દુર્ગુણ સમાયેલો છે. બીજાઓ શું કરે છે કે શું નથી કરતા તે જોવાનું સાચા સમજદારને કદી હોતું નથી. જેને એમ લાગે છે કે સાચેજ અત્યારે કોમમાં ગંભીર ગેરવહીવટ ચાલી રહ્યો છે અને કોમના જન્મસિદ્ધ હક્કોને કચડી નાખી તેને ગુલામ બનાવવામાં આવી છે તેની એ સ્પષ્ટ ફરજ છે કે તેણે એ સ્થિતિ મીટાવવામાં પોતાનો ફાળો આપવો. એ ફાળો આપવા એ બીજા બધાના કરતાં પોતાની જાતને વધુ બંધાયેલો છે. હું એકલો છું કે બીજા બધાની સાથે એવો વિચાર પણ તેણે કરવો જોઇએ નહિ. એ પ્રમાણે પારકા વર્તન ઉપર પોતાના વર્તનનો આધાર બાંધવામાં તો સોળેસોળ આના નમાલાપણું રહેલું છે.

ઉપરાંત એક માણસ કહે કે 'હું એકલો શું કરી શકું ?' અને પછી બેસી રહે તેમ બધા માણસ એમજ વિચારે અને વર્તે તો આ ધરતી ઉપર કોઇ પણ કામ

# "ખમૈયાનો ધર્મ"

## એક સત્ય ઘટના.

( ગતાંકથી ચાલુ )

૯.

લગભગ પાંત્રીશ વરસની વાત પર એક દિવસ જીઆ ડોસલની ચોમાઇ ( ચાર માસનો પગાર ) ચુકેલ, તે પોતાની ઘરવાળીને કોઠામાં રાખવા તેણે આપેલો. સજણની વહુએ તે જાણ્યું અને રૂપીયા કોઠામાંથી ચોરી લઇ તે હાંસીબાઇને ત્યાં મુકી આવી. ( એવું સજણની વહુનું કહેવું થયું.) જીઆ ડોસલને જ્યારે જરૂર પડી ત્યારે કોઠામાં રૂપીયા ન મળે. સજણની વહુને સમજાવીને પુછતાં પોતે હાંસીબાઇને આપી આવી હોવાનું જણાવ્યું, અને લેવા ગઈ; પણ હાંસીબાઇએ તે વાતમાં પોતે કાંઇ જાણતી ન હોવાનું કહી સજણની વહુને ગાળો દઇ કાઢી મુકી.

જીઆ ડોસલે તે રૂપીયા સંબંધી છેવટનું સ્નાન કરી નાખ્યું. તે વાતને બેએક મહીના થયા હશે. એક દિવસે પડોશમાં વાંદરો આવ્યો. સઘળાં છોકરાંની સાથે ચાર પાંચ વરસની સારબાઇ પણ દોડી જતી હતી. સજણની વહુએ તેને બોલાવીઃ "હલી, હલી, સારબાઇ! તોકે પેડા ડીઆં."

જેવી ગઇ કે તુરતજ કમાડ આડે લઇ તેણીએ પોતાના રાકોડી હાથો વડે સારબાઇનું ગળું દાબી દીધું. દરમીયાન હાંસીબાઇ ગોતવા આવી તેને તેણીએ જવાબ આપ્યો તે આપણે વાંચી ગયા છીએ. સારબાઇએ પહેરેલ રૂપાની હાંસડી અને તોડા તેણીએ કાઢી લઇ તેને ચુલાની આગમણમાં બળતી રાખમાં દાટી દીધી. તે દાગીના દ્વારા પોતાની ઓળવેલી થાપણ પાછી મેળવવાના ઉદ્દેશ વડે તેણીએ આ અપકૃત્ય કર્યું.

દશ રૂપીયાના દાગીના માટે માણસ મારનાર મીઆણાને પણ આપણા બગવા લોહીનો લાભ ઉઠાવવાની લાલચ થઇ. તેણીએ હાંસીબાઇને અને તેના ઘરનાઓને તેવું સમજાવ્યું. પછી તેને ત્રણ દિવસ થયાં ત્યાં તો ખાત્રી થઇ ગઇ કે ખોજા વિના બીજા કોઇનું નામ લેવાતું નથી અને બધાની જડતીઓ લેવાણી; તેમજ પડધરીમાં બન્ને જણાને પકડવામાં આવ્યા છે. ત્યારે તેણે રાત્રે લાશને ત્યાંથી કાઢી ખાનાની અગાશીમાં પોતાના નવેળામાં થઇ તે નાખી દેવાનું ઉચિત ધાર્યું અને તેણે તેમ કર્યું.

૧૦

પડધરીના દરવાજા સામે પરસાળમાં બન્ને કેદીઓ વિચારમગ્ન બની બેઠા છે. બન્ને ફોઝદારો ધ્રોળના ફોજદારે 'પડધરીવાળા ગુન્હેગાર સોંપતા નથી.' એવો ધ્રોળ તાર કરેલો તેનો જવાબ આવવાની રાહ જોતા દરવાજા ઉપર મેડીમાં બેઠા હતા.

"શેઠ, મારી વધામણી છે." એમ તારનો પટાવાળો પરસાળમાં બેઠેલાઓને ઉદ્દેશી કહેતો ફોઝદારને તાર આપવા ચાલ્યો ગયો. બન્નેને કાંઇક આશા આવી. ફોઝદારે તાર વાંચ્યો. "ખરા ગુન્હેગારનો પત્તો લાગ્યો છે, તેમને છોડી મુકો." આ વાંચી બન્નેને "છુટા છો હવે તમે" કહી રજા આપી.

૧૧.

આજે ત્રીજે દિવસે પણ જમાલ મીસ્ત્રીની દયા કે તેની સંકડામણનો ખ્યાલ સરખો એ કર્યા વિના હૃદયહીન ટ્રેઇન તો ઉપડીજ ગઇ. પણ આજે હવે તેઓ કંટાળી ગયા હતા. ત્રણ દિવસમાં તેમણે જે પોલીસની પરંપરા અનુભવી હતી તેનો જો પોતે રોકાય તો કદાચ આજે પણ અંત આવશે નહિ એવી તેમને ભીતિ પેસી ગયેલી એટલે રાજકોટ સુધીની બળદગાડી બાંધી ત્યાંથી ટ્રેઇન પકડવાનું ઉચિત માની તેઓ એવી રીતે રવાના થઇ ગયા.

ખીમજીભાઇ જેમને પહેલાં રાજકોટ સુધી મુકવા જવું હતું તે પણ હવે તો ઘરની ચિંતાથી ગ્રસ્ત થયેલા હોઇ ઘર તરફ પાછા વળી ગયા.

જમાલ મીસ્ત્રીએ મુંબઇ જઇને મુંબઇની જમાતને ફરીયાદ કરી. મુંબઇની જમાતે આ બાબત ઉપર વિચાર ચલાવવા તારીખ નીમી. જે દિવસે તેની તારીખ હતી તેજ દિવસે હસનાબાગ ઉપર વીજળી પડી અને આ વાત સદાને ખોળંભે પડી ગઇ.

ખીમજીભાઇએ ધ્રોળ આવી જુનાગઢ વારસને બધી હકીકત સમજાવતો એક કાગળ લખ્યો. તો ત્યાંથી જવાબ આવ્યો કે 'તે બાઇને સજા થઇ જવા દો; ત્યાર પહેલાં આપણાથી કાંઇ પગલાં લેવાનું બની શકે નહિ.' થોડા દિવસે તે બાઇને આજન્મ કેદની શિક્ષા ફરમાવાઇ* એટલે ફરી લખ્યું. તો જવાબ આવ્યો કે "પાપીને આપણા મૌલાના હાઝર ઇમામે તેના કરતુકનો બદલો આપી દીધો છે (!) ને આપણો તો '**ખમૈયાનો ધર્મ**' છે."

(સંપૂર્ણ.)

*પાછળથી તેણીને નજરકેદ રાખેલી અને સરપદડ કોઠારમાં તેણી દળણાં દળતી.

---

**થઇ શકે ખરૂં ? સૌ એમ માનીને બેસી રહે કે 'હું એકલો છું.' કારણ કે હકીકતે તો દરેક માણસ એકલોજ હોય છે. કુદરતે બે કે વધુ શરીરને ચામડીની સાંકળથી સાથે બાંધેલા નથીજ. કોઇ પણ કાર્યની માફક સુધારાની લડતમાં પણ એકેએક માણસે પોતાની જાતને વફાદાર બની પોતાની ફરજ બજાવી છુટવું જોઇએ અને એ પ્રમાણેજ એક 'એકલા'માંથી ઝાઝા 'એકલા' થાય.**

**સ્વાધીનતા તરફ આપણે જો સાચો પ્રેમ ધરાવતા હોઇએ અને કોમની બેહાલી આપણે જો નજરે દેખતા હોઇએ તો આ બધી નિર્બળતા આપણે તુરતજ ખંખેરી નાખવી જોઇએ.**

# આ જન્ઝીરો કયાં સુધી ?

લેખક: **શ્રી. દામજી પદમશી પરબતાણી, મુઆન્ઝા.** (આફ્રીકા)

ઇસ્માઇલી ખોજા કોમને માટે ઇસ્ટ (પૂર્વ) આફ્રીકામાં મુખ્ય મથક જંગબાર શહેર છે, અને કોમની સામાજિક અને ધાર્મિક વ્યવસ્થા બધી જાતની જંગબારમાંની સુપ્રીમ કાઉન્સીલની આપ-ખુદ સત્તાના બળે બની બેઠેલા ધરાર પટેલો કરે, કે જેઓએ ગુજરાતી બારાક્ષરીના ચૌદમા અક્ષર સુધીનું જ્ઞાન પ્રાપ્ત કરેલ હોય. તેના ધારાધોરણ અને ખાનગી થયેલ ઠરાવો બધા પ્રાંતિક કાઉન્સીલોમાં મોકલવામાં આવે. તેજ પ્રમાણે કેન્યા, યુગન્ડા, ટાંગાનીકા, માડાગાસ્કર, ટ્રાન્સવાલ, કોન્ગો, વિગેરેમાં વસતા ઇસ્માઇલી ખોજાઓને ફરજીઆત માનવાજ પડે અને જો માન-વામાં સેજે આનાકાની કરે તો તેને નાતબહારનીજ સજા.

જંગબારની સુપ્રીમ કાઉન્સીલની સ્થાપના થઇ ત્યારે ત્યાં વસતી ઇસ્માઇલી ખોજા કોમને પુછયું હતું ? અથવા કોમની એક 'માસ મીટીંગ' (સમુહ સભા—જેમાં બધાને બોલવાનો હક હોય) બોલાવીને કોમનો મત લેવા માટે તસ્દી લીધી હતી ? સુપ્રીમ કાઉન્સીલના ન્યાયાસન ઉપર જે જે ન્યાયાધીશો બેસી ગયા અને મનઘડીત હુકમ ચલાવવા લાગ્યા, તેને માટે પણ એક જનરલ મીટીંગ બોલાવી કોમને જાણ કરવામાં આવ્યું હતું ? આખા આફ્રીકામાં વસતા ઇસ્માઇલી ખોજાઓ માટે સામાજિક કે ધાર્મિક વ્યવસ્થા ચલાવવા માટે ધારા ધોરણ ઘડયા, તેના માટે કોઇ વખતે ઇસ્માઇલી ખોજા આલમને પુછયું હતું ? કે જમાતને બોલાવી મત લીધો હતો ? આ બધી બાબતના જવાબ નકારમાં આવે છે. તેવીજ રીતે લોકલ કાઉન્સીલની સ્થાપના થઇ ત્યારે પણ લોકલ (સ્થાનીક) જમાતના ભાઇઓને પુછવામાં આવ્યું ન હતું. ઉપરાંત લોકલ કાઉન્સીલના ન્યાયાસન ઉપર ન્યાય છણનારા ન્યાયાધીશો કયા કયા બેસાડવા તેના માટે પણ કોમને પુછવામાં આવ્યું ન હતું.

આજથી પચાસ સાઠ વર્ષ ઉપર કચ્છ અને કાઠીયાવાડમાંથી અનેક ખોજા ભાઇઓ પોતાના દેશમાં ગુજરાન તો થતું હતું છતાં વધારે પૈસા મેળવી માલદાર થવાની લાલચમાં પોતાનો દેશ મુકી સાથે એક ગોદડું લઇ વહાણોમાં બેસીને આફ્રીકામાં આવ્યા. તે વખતે આફ્રીકાનો વ્યાપાર જંગબારથીજ થતો હતો; એટલે આપણા ખોજા ભાઇઓ જગબારનાજ બંદરે ઉતરવા લાગ્યા, અને ત્યાં તે વખતે એટલી બધી હિંદી ભાઇઓની વસ્તી ન હોવાથી તેમ દેશ પણ અંધારામાં હોવાથી થોડે વ્યાપારે વધારે નફો મેળવી શકતા હતા અને ઘણા થોડા વખ-તમાં માલદાર બની પાછા પોતાના દેશમાં આવતા. જે લોકોએ ત્યાંજ રહેવાનું રાખ્યું, અને મોટા પ્રમાણમાં વ્યાપાર કરતા હતા, તે લોક ઠરી ઠામ થઇ કંઇક મુડીદારોમા ગણાવા લાગ્યા. તે વખતે ખોજાઓમાં બે તડાં ન હતાં. પણ પાછળથી થોડાક વર્ષો પછી જમાતમાં બે તડાં થયાં, જેમાં એક ઇસ્માઇલી અને બીજું ઇશનાઅશરી. ત્યાર બાદ જંગબારમાં આગાખાન સાહેબની પધરામણી થઇ, અને તે વખતના ઇસ્માઇલી મુડીવાદીઓએ આગાખાન સાહેબની મુલાકાત લીધી અને કેટલાક ભાઇઓએ ઇશનાઅશરી ધર્મનો સ્વીકાર કર્યાના તેમને ખબર આપ્યા. ત્યારે સ્વાભાવિક છે કે આગાખાન સાહેબે પોતાને મળતી રકમ બંધ ન થાય તેવા ઉદ્દેશથી તે વખતના ઇસ્માઇલી મુડીવાદીઓને ખાનગી ભલામણ કરી હોય કે 'તમે ધનવાન થોડાક છો, અને ગરીબો ઘણા છે; તેનું ધ્યાન રાખવું તે તમારી ફરજ છે.' ઉપર મુજબની ભલામણ કરી હોય તેમાં કંઇએ નવાઇ નથી; કારણ કે વગર મુડીએ અને વગર વેપારે કમાણી બધાને વહાલી લાગે છે. એક નાદાન પણ સમજી શકે તેવી વાત છે.

આ ઉપરથી સાફ સાફ જણાઇ આવે છે કે ત્યાર પછીથી ઇસ્માઇલી મુડીવાદીઓએ પોતાનો પ્રભાવ દેખાડી મોટાઇનો સ્વાર્થ સાધવાના હેતુથી કોમને દબાવવાનું કામ ચાલુ રાખેલ; અને તેવા વિચારો તે મુડીવાદીઓને પણ કોઇક બીજાના ફળદ્રુપ ભેજામાંથી મળ્યા હશે, કારણ કે તેને પણ તેઓમાંથી દેખીતો સ્વાર્થ સાધવાનો હશે. આ હેતુને અમલમાં મુકવા પોતાના મતને મળતા થતા એટલે કે પોતાના લાગતા વળગતાઓનું એક ટોળું ઉભું કરી સુપ્રીમ કાઉ-ન્સીલ નામની એક સંસ્થા જંગબારમાં નામદાર આગાખાનના નામે તેઓએ ઉભી કરી, અને તેની શાખાઓ પણ પ્રાન્તવાર ઉભી કરતા આવ્યા, અને પ્રાન્તવારની કાઉન્સીલના ન્યાયાધીશો તરીકે પોતાના કહ્યામાં રહીને બરાબર અમલ કરે તેવા માખણુદાસોને બેસાડી કોમને બરાબર ગુલામી સાંકળમાં જકડી રાખવા માટે ગોઠવણ કરતા આવ્યા. આ હીસાબે ઇસ્માઇલી આલમના માટે પ્રાન્તવાર કોર્ટો (!) ઉભી કરવામાં આવી અને ઇસ્માઇલી આલમને બરાબર ધાર્મિક અને સામાજિક ગુલામીની સાંકળમાં બાંધી રાખવાને કોમને પુછયા વગર મનઘડીત કાયદા કાનુન ઘડતા આવ્યા (કે જેને આજની સુધરેલી દુનિયા એક ઘડી માટે પણ કબુલ ન રાખી શકે. અને ખરેખર આજના ચાલુ બંધારણોને આફ્રીકામાં વસતી ઇસ્માઇલી આલમ બીલકુલ ગણકારતીજ નથી અને તે જોઇને સુપ્રીમ અને લોકલ કાઉન્સીલના ન્યાયાધીશો ચાલુ ધારા ધોરણને ફેરવી નવા ધારા ધોરણ ઘડવાની તનતોડ મહેનતમાં પડી ગયા છે; કારણ કે તેઓ પણ સમજી ગયા છે કે નવી પ્રજા હાથ રહે તેમ નથી.) અને પુસ્તક રૂપે છપાવીને દરેક દરેક ઇસ્માઇલીને તે પ્રમાણે ચલા-વવા માટે બહાર પાડયા. તે વખતની ગરીબ, કેળવણીહીણ ઇસ્માઇલી આલમ સમાજમાં એકાએક આવા કાયદા કાનુન બહાર આવ્યા તેની સામે થવાની હિંમત કરી શકી નહિ. આનું કારણ ફક્ત એટલું સમજી શકાય એમ છે કે તે વખતની ગરીબ કોમ કમાઇ ખાવાના ભયથી ડરી ગઇ હોય; કારણ કે તે વખતે મુડીદારો થોડાક હતા અને બાકીનાઓ તેઓના દબાણમાં હતા.

રફતે રફતે કોમ ઉપર ઝારશાહીનો જુલમ ચાલુ થઇ ગયો. તે સમયમાં કાઉન્સીલની સામે સહેજ પણ શબ્દ કોઇ પણ ભાઇ બોલ્યો હોય તો તુરતાતુરત કાઉન્સીલ અપમાનનો કેસ ઘડી કાઢી ન જેવા ગુન્હા બદલ નાતબહારની સજા કરતી. આવી રીતે કરવાનું કારણ ફક્ત એટલુંજ હતું કે કોઇ પણ રીતે પછી તે ન્યાય હોય કે અન્યાય હોય પણ કોમને સકંજામાં જકડી રાખ-વાની તેઓની ધારણા હતી. આવી સજા ગરીબોનાજ માટે હતી, નહિ કે ધનવાનો માટે. ઉપરાઉપરી માણસોને નાની મોટી સજા થતી તે ગરીબ અજ્ઞાન ઇસ્માઇલી ભાઇઓ કે જે આખા

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૪૭.)

# જાગો ! ભાઇઓ, જાગો !!

લેખક : શ્રી. ભગવાનજી લાલજી પંજવાણી.

પ્રિય સજ્જન !

કોમ એટલે સહકારી મંડળ, અને ધર્મ એટલે ફરજ. આ મૂળ વસ્તુસ્થિતિ. તેને ભૂલી જવા ઉપરાંત પૂર જોશમાં કલેશ અને સ્વાર્થી વિરોધનું સ્વરૂપ આપણી કોમે પકડ્યું છે. જો પરમાત્માએ આપેલી સૂક્ષ્મ બુદ્ધિથી–તત્વ બુદ્ધિથી-અવલોકન કરવામાં આવે તો જરૂર ખાત્રી થશે કે કોમ અને ધર્મ એ બન્ને તદ્દન નીરાળાં છે. એક દ્રષ્ટાંતરૂપે કહું છું કેઃ—

કાઠીયાવાડના માનવીને મુંબઇ પહોંચવા માટે કયે રસ્તે જવું તેને માટે કોઇના તરફથી ફરજીઆત દબાણ ન હોવું જોઇએ; બલ્કે મરજીઆત, એટલે પ્રત્યેક વ્યક્તિ સ્વતંત્ર હોવી જોઇએ. પગે ચાલીને, ઘોડે બેસીને, ઉંટ ઉપર બેસીને, હાથી ઉપર બેસીને, બેલગાડીમાં બેસીને, રેલગાડીમાં બેસીને, આગબોટમાં બેસીને કે એરોપ્લેનમાં ઉડીને જેને જેમ ફાવે તેમ મુંબઇ જઇ શકાય છે અને તેમાં કોઇથી અટકાવી શકાતું નથી. તેમ ધર્મના રાહમાં પણ હોવું જોઇએ. છતાં આગાખાની ખોજા કોમની કાઉન્સીલના કાયદા અને તે ઘડનારાનાં માનસ તેમજ તેને અમલમાં મૂકનારાનાં માનસ એવાં સંકુચિત, મર્યાદિત જણાય છે કે કોથળામાં પૂરાઇનેજ બધાને મુંબઇ જઇ શકાય છે. એટલે કે કોમને ફરજીઆત ધર્મની બાબતમાં તાબે થવું, અને તેમ નહિ વર્તનારને ગુન્હેગાર ઠરાવવામાં આવશે, સજાને પાત્ર થશે, દંડ ભરવાને લાયક ગણાશે, નાત બહારની શિક્ષાને પાત્ર થશે, વિગેરે, વિગેરે હુકમનામાં બહાર પાડવામાં આવે છે. આવી જોહુકમીને તાબે થવાની અંધપરંપરા આપણીજ કોમમાં જોઇ શકાય છે. અકબર બાદશાહ જેવી મહાન વ્યક્તિએ પણ ધર્મની બાબતમાં પોતાની પ્રજાને મરજીઆત છુટ આપી હતી; અને ચાલુ જાગૃતિના જમાનામાં પણ સાર્વભૌમ સત્તાધારી ચક્રવર્તી બ્રિટિશ સામ્રાજ્યમાં પણ અંગ્રેજ સરકાર તરફથી ધર્મની બાબતમાં મરજીઆત ધોરણ સ્વીકારવામાં આવ્યું છે અને તે વ્યાજબી છે એ સાદી અને સરળ વાત છે.

છતાં જાગ્રતિના જમાનામાં ''ખોજા જાગૃતિ'' મોટામાં મોટી બાંગ પોકારીને કહે છે કે જ્ઞાતિબંધુઓ, જાગો ! યુવાનો, જાગો ! બાળી ભોળી અંધશ્રદ્ધાળુ બ્હેનો, જાગો ! પોતાના હાથેજ અધોગતિ રૂપી પોતાનાજ પગ ઉપર કુહાડા મારવાના હાથા બનેલા, જાગો ! એ, રાંધ્યા ધાનના વેચનારા, જાગો ! એ, મૈયત ઉપરના ખાપણના લીલામ કરનારા, જાગો ! અને તેના ખરીદીઆ તેથી પણ વધારે જાગો ! તમારાજ કુટુંબીઓનાં મૈયત રખડાવનારા, જાગો ! તમારાજ ભાઇઓને ભુખ ભેગા કરનારા, જાગો ! તમારા ગામડીઆ ભાઇઓની કંગાલીઅત નહિ જોનારા, જાગો ! ગરીબ કુટુંબોમાં લગ્ન જેવા આનંદના પ્રસંગમાં વિઘ્ન કરનારા, જાગો ! જ્ઞાતિ–ભોજન કે સંમેલનની સગવડ માટેની વાડી, મકાન કે ધર્મશાળાને જુદુંજ નામ આપી રાંધી ખાવાના ઠામ, વાસણો, વિગેરે મીલ્કત કે જેને ગામવાસીઓએ ફાળા કરીને ખરીદ્યાં હોય તેના ઉપરથી ગામનાં મંડળનો હક ઉઠાવી પરદેશીને નામે ચડાવતાં જાગો ! અત્યારે અમુક પ્રકારનાં ઉપનામોના નીશાથી ભાન ભૂલી ગરીબોના હક ઉપર તરાપ મારનારા, જાગો ! આ અમલ ઉતરતાં જેમ રાંડ્યા પછીનું ડહાપણ નકામું છે તેમ પાછળથી પસ્તાવો થાય તે નકામો સમજીને અત્યારેજ જાગો ! ભાઇઓ, જાગો ! લાખો કરોડોનો દરોડો પરદેશીના મોજશોખમાં હડસેલતાં જાગો ! તમારી સખાવતો–આંધળાનો આધાર, પાંગળાંની પોષક, દરદીની દવા, ભૂખ્યાંને ભોજન, નિરૂદ્યમીને ઉદ્યમ, તરસ્યાંને પાણી, આબરૂદાર પણ ન માગી શકે એવાં નિરાધાર કુટુંબોને ગુપ્તદાન અને વિદ્યાદાનમાં કરવાને જાગો ! ભાઇઓ, જાગો !

# વહોરા આગેવાન ભુલ્યા.

હાલમાં વહોરાઓના વડા મુલ્લાંજી અને સરદાર સુલેમાન કાસમ મીઠા વચ્ચેનો સંબંધ ખેંચાઇ ગયા જેવું થયું છે. પેલેસ્ટાઇનના ગરીબ મુસલમાનો માટે ઉભા કરવામાં આવેલા ફંડમાં વડા મુલ્લાંજીએ રૂા. ૫૦૦૦૦) પોતા તરફથી અને રૂા. ૨૫૦૦૦) વહોરા કોમ પાસેથી ઉઘરાવી આપવા વચન આપેલ અને તે પ્રમાણે રૂપીયા આપવામાં આવતા નથી એમ સરદાર સુલેમાનનો પક્ષ કહે છે. જ્યારે મુલ્લાંજીના સેક્રેટરીઓ અને એજન્ટોનું કહેવું એવું છે કે આવું કોઇ વચન આપવામા આવેલું ન્હોતું; બલ્કે વકફ એકટમાંથી વહોરા કોમને બાતલ રખાવવા મદદ કરવાનું સરદાર સુલેમાન કાસમ મીઠાએ વડા મુલ્લાંજીને વચન આપ્યું હતું અને તેવું વચન આપ્યા પછી ધારાસભામાં વહોરાઓને વકફ એકટમાંથી બાકાત રાખવાનું બીલ રજુ કરવામાં આવ્યું હતું, અને સરદારે મદદ ન કરવાથીજ તે બીલ ધારાસભામાં ઉડી ગયું. આ સંબંધે સરદારનો પક્ષ સાચો છે અને રૂા. ૭૫૦૦૦)ની મદદ કરવાનું વચન વડા મુલ્લાંજીએ આપ્યું હતું એમ બતાવવા પેલેસ્ટાઇન કમીટીના એક સભ્ય મી. એમ. ટી. કાદરભાઇએ એક નિવેદન 'મુંબઇ સમાચાર'ના તા. ૨૦-૯-૩૩ ના અંકમાં કર્યું છે. પોતાના નિવેદનમાં બીજી કેટલીક વાતો સાથે તેમણે વકફ એકટમાંથી વડા મુલ્લાંજીએ બાકાત રહેવાની જરૂર નથી એમ બતાવી બીજા દાખલાઓ સાથે લખ્યું છે કે ''હીઝ હાયનેસ સર સુલતાન મહમદ આગાખાન જેવી વ્યક્તિ પણ વકફ એકટને માન આપે છે.''

આ સંબંધમાં મી. કાદરભાઇની ભૂલ સુધાર્યા શિવાય રહેવા દઇ શકાય તેમ નથી. ના. આગાખાન વકફ એકટને માન આપે છે એનો સીધો અર્થ એટલોજ થાય છે કે અત્યારે તેઓ નામદારને મળતી ખોજા કોમ તરફથી ભેટ સોગાદોનો તેઓ રીતસરનો અહેવાલ પ્રગટ કરે છે અને સરકારી ઑડીટરોના તે અંકુશ નીચે છે. આ હકીકત સત્યથી સાવ વેગળી છે. એટલુંજ નહિ પણ પરિસ્થિતિ આથી બરાબર ઉલટીજ દીશાની છે. ખોજા કોમ પાસેથી મળતી દૌલતની એક પાઇનો પણ ના. આગાખાન અહેવાલ પ્રગટ કરતા નથી અને સરકારી દેખરેખ ખાતાનો તેના ઉપર જરા પણ અંકુશ નથી. આ બધી દૌલત તેઓ નામદારના અંગત ઉપભોગ પાછળજ ખરચાય છે. ખોજા કોમને હજી વકફ એકટ નીચે મુકવામાં આવી નથી, અને કોમના ઉદાસીન શ્રીમંતો અને લાગવગ ધરાવનારાઓની ઠંડી બેદરકારી જોતાં એ કયારે બનશે તે કહેવું પણ અશક્ય છે.

મી. કાદરભાઇ, ખોજા કોમ અને વહોરા કોમની સરમુખત્યારી ભોગવતા ના. આગાખાન કે વડા મુલ્લાંજી વચ્ચે જરાએ તફાવત સમજશો નહિ. એ સહુ એક જમાતના જ છે.

તંત્રી.

# સપ્તાહનો સાર.

**મહાત્મા ગાંધીજી:** મ. ગાંધીજીએ એક નિવેદન પ્રગટ કરી જાહેર કર્યું છે કે "મને થયેલ એક વરસની સજાની મુદત એટલે તા. ૩ જી ઑગસ્ટ સને ૧૯૩૪ સુધી હું આક્રમણક સત્યાગ્રહ કરી તુરંગમાં જવાનું પસંદ કરીશ નહિ, શિવાય કે અસાધારણ સંજોગો મને તેમ કરવાની ફરજ પાડે. આ ઠરાવ મારા પોતા માટેજ છે. હવે પછી બીજા કોઇ સંજોગોમાં હું ફરી પકડાઉં અને સરકાર મને હરીજન કાર્ય કરવા દેવાની ના પાડે તો હું છેવટ સુધીના ઉપવાસ આદરૂં અને પછી સરકાર મને છોડે તો પણ હું એ ઉપવાસ પડતા મુકું નહિ. સરકાર ઉંદર બીલાડીના જેવી રમત રમવા માગતી હોય તો રાજીખુશીથી હું તેનો ભાગીદાર થવા માગતો નથી." ઓર્ડીનાન્સ નીચે પોતાને એક વરસની સજા થયેલ છતાં તે પહેલાં તેમના ઉપવાસના કારણે સરકારે મહાત્માજીને છોડી મુકયા તેથી પોતે આમ કરવા નૈતિક રીતે બંધાયેલા છે એમ માની ગાંધીજીએ આ ઠરાવ કર્યો છે. આ સમય દરમ્યાન તેઓ હરીજન કાર્ય ખાસ કરીને કરશે અને હિન્દમાં માન ભરેલી સુલેહ સ્થાપવા માટે પણ બનતું બધું કરશે. તેમની તબીયત સારી છે.

**પંડીત જવાહરલાલ નહેરૂ:** પંડીત જવાહરલાલ નહેરૂએ પણ એક નિવેદન પ્રગટ કરી મહાસભાવાદીઓએ પુના ખાતે ભેગા મળી કરેલ નિશ્ચયને વળગી રહેવાનું વાજબી જણાવ્યું છે. તેઓ આર્થિક કાર્યક્રમ ઉપર ખાસ ભાર મુકે છે કે જેથી કરીને લોકોને પોતાના ધ્યેયની વધુ સ્પષ્ટતા થાય અને મહાસભા અવળે રસ્તે દોરવાઇ ગઇ છે એવી ભ્રમણામાં પડેલાઓનો ભ્રમ ભાંગે. હિન્દનો આ યુવાન નેત્તા મ. ગાંધીજી સાથે તે શિવાય દરેક બાબતમાં મળતો થયો છે. પોતાના નિવેદનમાં જવાહરલાલજી મહાત્માજીને એક ધાર્મિક પુરૂષ તરીકે ઓળખાવે છે; છતાં રાજકીય લડતમાં પોતે કોઇ પણ જાતનું બીજું તત્વ દાખલ થાય તેમ ઇચ્છતા નથી એમ પણ કહે છે. અત્યારની હિન્દની લડત રાષ્ટ્રવાદ અને શાહીવાદ વચ્ચેની હોવાનું જણાવી તેઓ કહે છે કે જ્યાંસુધી શાહીવાદ ઉપર રાષ્ટ્રવાદનો વિજય થશે નહિ ત્યાંસુધી દેશમાં શાંતિ સ્થપાશે નહિ.

મ. ગાંધીજીની ૬૫મી જન્મગાંઠ પ્રસંગે ગોઠવાયેલા ખાદી સપ્તાહમાં મુંબઇના અ. ભા. ચ. સંઘના ભંડારમાં જઇ પંડીત જવાહરલાલે ૪૫ મીનીટમાં રૂા. ૧૬૭૭ ની ખાદીનું પોતાને હાથે વેચાણ કર્યું હતું. તેમના માતુશ્રીની તબીયતમાં ખાસ સુધારો નથી.

**મૌ. શૌકતઅલીની બદનક્ષીનો કેસ:** મૌ. શૌકતઅલીએ મુંબઇના દૈનિક ઇંગ્રેજી પત્ર "ફ્રી પ્રેસ જર્નલ" ઉપર માંડેલ બદનક્ષીની ફરીયાદની તપાસ ચાલે છે તેમાં બચાવ પક્ષ તરફથી "ખીલાફત" પત્રના કેટલાક અંકો રજુ કરી એવું કહેવામાં આવે છે કે "મુંબઇમાં હુલ્લડ થયું તે પહેલાં બે ત્રણ મહીનાથી મૌલાનાએ "ખીલાફત" જેવા છાપામાં અવાર નવાર આર્ટીકલો લખી મુસલમાનોને હિંદુઓ વિરૂદ્ધ ઉશ્કેરવાનું ચાલુ કર્યું હતું." તા. ૨૪–૪–૩૨ નો "ખીલાફત"નો અંક બચાવપક્ષે પુરાવામાં રજુ કર્યો છે જેમાં મૌ. શૌકતઅલીની સહીથી એક લેખ એવી મતલબનો પ્રગટ કરવામાં આવ્યો છે કે "હિંદુઓ હિંદમાં હિંદુરાજ સ્થાપવા માગે છે અને બ્રીટીશોને પાંચ છ વરસમાં દેશમાંથી કહાડી મુકયા બાદ મુસ્લીમોને અને બીજી લઘુમતી કોમેને પણ ગુલામીમાં રાખવા પ્રયત્ન કરશે. એટલા માટે મુસ્લીમોએ તૈયારી કરી હિન્દુઓ સામે લડાઇ જગાડવી." ઉપરાંત દશ હજાર વોલંટીઅરો ઉભા કરવાની મૌલાનાની હાકલને પણ બચાવપક્ષ ખુબ અગત્ય આપે છે.

**દામોદરલાલજી પ્રકરણ:** વૈષ્ણવોના દેવ શ્રીનથજીના પુજારી મહારાજ દામોદરલાલને ઉદેપુર રાજ્યની હદમાં અને તેથી કરી શ્રીનાથજીનું ધામ શ્રીનાથદ્વારામાં પ્રવેશ ન કરવાનો હુકમ ઉદેપુર રાજ્ય તરફથી કરવામાં આવ્યો છે તે રદ કરાવવા દામોદરલાલજીના પિતા અથાક મહેનત ઉઠાવી રહ્યા છે અને આ સંબંધમાં તેમણે વાયસરૉયની મુલાકાત પણ લીધી છે પણ હજી કાંઇ પરિણામ આવ્યું જણાતું નથી. દામોદરલાલજી અત્યારે દેલ્હીમાં મજા કરી રહ્યા છે અને ત્યાંના વેપારીઓ, કારીગરો અને ઝવેરીઓને સારો ધંધો ઉઘડયો છે. સાંભળવા મુજબ દામોદરલાલજી વૈષ્ણવોના ધર્મગુરૂ રહેવા માગતા નથી, પણ તેને શ્રીનાથદ્વારાની રાજગાદીનો હક્ક જતો કરવો નથી. દામોદરલાલજીને થયેલ હુકમ રદ નજ થાય તો તેના પુત્રને શ્રીનાથદ્વારા લઇ જવાની પેરવી ચાલી રહી છે. બીજી તરફ વૈષ્ણવ સમાજ પણ ખળભળી ઉઠયો છે અને ઘણે ઠેકાણે મહારાજોના આ કૃત્ય સામે વિરોધ બતાવવા સભાઓ ભરવામાં આવે છે. મુંબઇની સભાએ શ્રીનાથજીને ધરાતી ભેટોની સુવ્યવસ્થા રાખવા વૈષ્ણવોમાંથી એક સમિતિ નીમવાનો મહારાજોને અને ઉદેપુર રાજ્યને આગ્રહ કર્યો છે અને ત્રણ મહીનામાં તેમ ન થાય તો વૈષ્ણવ સમાજ તરફથી એવી સમિતિ નીમી શ્રીનાથજીને મળતી ભેટો સ્વીકારવાનું ચાલુ કરવામાં આવશે તેવું આખરનામું સંભળાવ્યું છે.

**સ્વ. સેનગુપ્તાનો જાન બચત?** કલકત્તા કોર્પોરેશને બંગાળ સરકારને એવી ભલામણ કરનારો ઠરાવ પસાર કર્યો છે કે ખરાબ તન્દુરસ્તીવાળા કેદીઓને છોડી મુકવા અને જો સ્વ. સેનગુપ્તાને તબીયત બગડતાં છોડી મુકવામાં આવ્યા હોત તો તેમનો જાન બચી ગયો હોત. આ બાબત સરકારે કોરપોરેશનને આવો અભિપ્રાય આપવાનો હક્ક ન હોવાનું જણાવ્યું છે.

**મીદનાપુરમાં જાપ્તાનીતિ:** બંગાળ સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલા હુકમ મુજબ મીદનાપુરના જીલ્લા મેજીસ્ટ્રેટને એક સત્તા એવી પણ આપવામાં આવી છે કે કોઇ પણ માણસને એક મહીના સુધી પોતાના ઘરની બહાર ન નીકળવાનું તે ફરમાવી શકશે, તેમજ કોઇ પણ પુરૂષ કે સ્ત્રીને પોતાની કોમના સામાન્ય પોશાક શિવાય બીજો કોઇ પોશાક પહેરવો નહિ એવો હુકમ પણ તે કરી શકશે. આ હુકમનો ભંગ કરનારને છ માસની કેદની અને દંડની સજા થઇ શકશે.

**"ખાદીની સાડી લેશો?"** સીમલાના ખાદી ભંડારના વ્યવસ્થાપક શ્રી. રામલાલે ગાંધીજીની જન્મતીથી પ્રસંગે ગોઠવાયેલા ખાદી સપ્તાહ દરમ્યાન એક ખાદીની સાડી ખરીદવા હિંદના વાયસરોય લોર્ડ વીલીંગડનની પત્નિને એક પત્ર લખી આમંત્રણ કર્યું હતું અને જો તેઓ ઇચ્છે તો નમુના લઇ તેમને મુકામે પોતે આવવાની ઇચ્છા બતાવી હતી. પણ લેડી વીલીંગડનને હમણાં **મુદલ ફુરસત નથી અને તેથી તેઓ તેમની વિનંતિનો સ્વીકાર કરી શકશે નહિ એવો જવાબ શ્રી. રામલાલને મળ્યો છે.**

# વેપાર સમાચાર

( તા. ૨૩-૯-૩૩ )

**ઊન :** સેલ પછીના ગયા પહેલા અઠવાડીઆમાં લીવરપુલમાં ૧૯૦ ગાંસડી વેચાણી છે. આવતો સેલ તા. ૩૧-૧૦-૩૩ નો છે. સામાન્ય રીતે અત્યારે એમ માનવામાં આવે છે કે તેમાં ૧૫૦૦૦ ગાંસડી મુકાશે અને બજાર મજબુતીથી ટકી રહેશે. સ્થાનીક બજારમાં ઉંચા જોડીઆના સોદા રૂા. ૧૪ાાના ના ભાવથી થયા છે. બજારનું વલણ આશાજનક દેખાય છે.

**રૂત :** ભરૂચ ૨૦૧ાા.

**અનાજ કરીયાણું :** ૧ાા= ૨)− ઘઉં. ૧ાા− ૨) બાજરો જુનો.૧ાા.−બાજરોનવો.૧)≡ ૧ાા૦ાા જુવાર. ૧ાા≡ ૧ાા ચણા. ૧)− કમોદજાડી. ૧ા ૧ા= કમોદઝીણી. ૧ા= મેથી. રાા રાા= તલ. ૧ાા= એરડી ઝીણી. ૧ાા૦ાા એરડી જાડી. ૧ાા ૧ાા≡ ૨) ૩)= મગ. ૧ાા= રા અડદ. ૧)≡ાા મગફળી ઝીણી. ૧) મગફળી જાડી. ૧ાા રાઇ. ૦ાા= ૧) મઠ. ૦ાા ૦ાા= કળથી. ૧ાા= ચણાની દાળ. ૨) રા ૨ાા ૩) ૩ાા ગોળ દેશી. ૨)= શીંગદાણા હાથફોલ. ૭) કપાશીયા માળવો. ૮)૦ વેસણ જાડો. ૮ાા૦ વેસણ ઝીણો. ૧૦ાા મેંદો. ૧૧ાા રવો કરાંચી. ૪)≡ ૪ાા= ખાંડ રાજકોટ શહેર. ૪)− ખાંડ સદર. ૧ા≡ાા ચોખા માંડલો. ૧ાા≡ાા ચોખા સુગંધી મીલ. ૧ા≡ ચોખા નાની મીલ. રાાા ૩) ૩ા ૩ાા ચોખા ભીમડી. ૨)≡ રા≡ તુવેરદાળ. ૫) ૭) ગુંદ કરી રાા ખસખસ. રા ધાણા. ૮ાા જીરૂં શ્રીકાર. ૪ાા હળદર. ૪ાા સુંઠ. ૭ાા ખોપરાં શ્રીકાર. ૫) શ્રીફળ પાણેચાં નં. ૧૨૫. ૧૦ાા સોપારી. રા અરીઠાં. ૨૫) પસ્તી. ૦ા−ા ચા ભુકી રતલ ૧. ૭)− સોડા ગુ. ૧. ૪) સાબુ ચોખા. ૧૪) લોબાન કોડીઓ નં.૨. ૩ાા તપખીર. રાા અજમા. રા સુવાદાણા. ૫ાા= ખોપરેલ પીપનું. ૬) ખોપરેલ ડબાનું. ૨૦) સુંદદાણા. ૦ાા− દીવાસળી. ૭) દ્રાક્ષ કળી. ૩ાા વરીયાળી. ૧૨ાા કાથો ફુલ. ૯) ૧૦) ગદબનું બી. ૩) બકરાના વાળ.

**ઘી :** ૨૦) મુંબઇ પરખ, ૧૫) ૧૫ાા તાન્જોરસ.

**તેલ :** ૫ાા ૫ાા= તલનું, ૩ાા શીંગનું, રાા≡ ગ્યાસલેટ પીળું. ૩ા−ા ગ્યાસલેટ સફેદ, હાથી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---

## આટલું તો જાણજો—

=કે તમારી કોમનું છાપું તમારેજ નીભાવવું જોઇએ.

=કે "ખોજા જાગૃતિ"ના ગ્રાહક થવાનું પારસીને કહેવા નહિ જવાય.

=કે છાપાની હૈયાતી પુરતા ગ્રાહકોની સંખ્યા ઉપર આધાર રાખે છે.

=કે આડ ખરચમાં વપરાઇ જતા સેંકડો રૂપીયામાંથી બાર મહીને બે રૂપીયા કોમસેવા ખાતર બચાવવાની તમારી ફરજ છે.

=કે ૧૦૦૦ ગ્રાહકની માગણી છતાં હજી પુરા ૫૦૦ ગ્રાહકો પણ તમે નથી આપ્યા.

આજેજ ગ્રાહક થાવ.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ".

(અનુસંધાન પાના ૨૪૪થી )

આફ્રીકામાં વસી રહ્યા છે તેઓને સરક્યુલર મારફત જમાતમાં વાંચી સંભળાવવામાં આવતી, અને તેવું સાંભળીને જમાતના ભાઇઓ થરથરી જતા, આપખુદ સત્તાના બળે બની બેઠેલા ધરાર પટેલોના ગુલામ બની રહેતા. આ પ્રમાણે મુડીવાદીઓની ધારણા સફળ થઇ અને દિવસે દિવસે વધારે કાળા કાયદા જંગબારની સુપ્રીમ કાઉન્સીલના ઓથે તેઓ ઘડતા ગયા. આવી રીતે આસ્તે આસ્તે ગરીબ કોમ ઉપર ગુલામીની જન્ઝીરો ખડકાઇ ગઇ.

અફસોસ ! હૃદય કહી રહ્યું છે કે અય, ઇસ્માઇલીઓ ! આ જન્ઝીરો ક્યાં સુધી ?

---

(અનુસંધાન પાના ૨૪૮થી.)

સંસારની આ અનિશ્ચીતતા ? આપણાં આવાં ઘોર અપમાન ?

કાઉન્સીલના મેમ્બરોના ભેજામાંથી નીકળેલી આ વાત નથી. કોઇ પણ ખોજો બચ્ચો ગમે તેવો લાગણીશૂન્ય અને હૃદયહીન હોય તો પણ તેના હાથે આવા બંધન રચી શકેજ નહિ, તેનું દીલ કદી પણ પોતાની કોમનાંજ આવાં કારમાં અપમાન કરવાની તેને છુટ આપે નહિ. આ તો કોઇ બીનખોજાના હાથેજ ગુંથાઇ શકે એવી જાળ છે કે જેને એ જાળમાં સપડાયેલાં માછલાંને તરફડતાં જોવામાં જરાએ દુઃખ નથી, કારણ કે એ માછલાંઓમાંનો પોતે એક નથી.

છુટાછેડા થવા માટે પતિ પત્નિની સંમતિ કે રાજીખુશીનો આમાં ઉલ્લેખ સરખો પણ નથી; ઇસ્માઇલી ધર્મ બદલાવ્યો એ એકજ શરત છુટાછેડા થવા માટે પુરતી ગણવામાં આવી છે. પતિએ ધર્મ બદલાવ્યો હોય અને પત્નીને તેથી નાખુશીનું કારણ ન હોય અને તેણી છુટાછેડા કરવા માગતી ન હોય તો પણ તેણીનું કાંઇ પણ ચાલે નહિ અને પોતાના ધણીથી તેણીએ છુટા થવુંજ જોઇએ અને તેણીને છુટી થયેલીજ ગણવામાં આવે એવી આ કલમની ઘાતકી મતલબ છે. તેજ મુજબ પત્ની ઇસ્માઇલી ધર્મ બદલાવે અને પતિ તેથી નાખુશ ન હોય અને છુટાછેડા કરવા માગતો ન હોય તો પણ તેનું કાંઇ ચાલે નહિ અને તેણીથી તેણે છુટું થવુંજ જોઇએ અને તેને છુટો થયેલોજ ગણવામાં આવે.

આ કલમના ચારે પેટા વિભાગોમાં એકજ વાત મુખ્યત્વે જોવામાં આવે છે. એકજ સિદ્ધાંત તેમાં રહેલો છે કે વર કન્યામાંથી જે એક ઇસ્માઇલી ધર્મ બદલાવે તે બીજા ઉપરના પોતાના બધા હકો ગુમાવે અને સામાને એજ મુજબ તેના ન હોય તેવા હકો આપે. પોતાનો વાજબી હક ગુમાવવો અને બીજાનો ગેરવાજબી હક પોતાના ઉપર વહોરી લેવો—એમ બેવડી નુકશાની ઇસ્માઇલી ધર્મની છાયામાંથી ખસનારને માથે આવી પડે.

આવી રીતે ગેરવાજબી હકો આપવામાં એક ભેદનીતિ એ પણ રહેલી છે કે પોતાને મળતા વધુ પડતા લાભથી લલચાઇને એક બીજાથી તુરત છુટાછેડા કરવા ઇચ્છે.

જો કોઇ પુરૂષ અથવા સ્ત્રી ઉપર લખ્યા એગ્રીમેન્ટમાં સહી કરી ન આપે તો તેના નીકાહ પડાવવાની કાઉન્સીલ મનાઇ કરે છે અને આ રીતે જરા જુદી જાતની ધાક ધમકીથી કાઉન્સીલ પરણનાર જોડાની સહીઓ લે છે. આમ છતાં આગળ આવતી કલમ ૧૨૧માં આ કબુલતને 'એક કાયદેસર કબુલત' ગણવામાં આવી છે અને તે મુજબ વર કન્યાની સહીઓ ઉપરાંત બે સાક્ષીઓની પણ એ એગ્રીમેન્ટમાં શાખ કરાવવામાં આવે છે.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૧૮.**

"સગાઇ, લગ્ન તથા પુનર્લગ્ન પ્રસંગે આપવામાં આવેલાં લુગડાં તથા ઘરેણાંની વિગત જમાતખાનામાં રાખવામાં આવતા સ્પેશીઅલ (ખાસ) રજીસ્ટરમાં નોંધવામાં આવશે."

જો આવા પ્રસંગોએ કોણે કોને શું આપ્યું છે તેની નોંધ ભવિષ્યમાં ઉપયોગી થઇ પડે એટલાજ હેતુસર આ કલમની રચના હત તો ઘણું સારૂં ગણાત. પણ તેમ નથી, અને આવી નોંધ કરી તે ઉપર સેંકડે સાડા બાર ટકા મુજબ કર લેવાનો સ્વાર્થી હેતુ તેમાં સમાયેલો છે એમ આગળ આવતી કલમ ૨૦૯ થી ૨૫૪ થાય છે.

**કલમ ૧૧૯.**

"સગાઇ, લગ્ન તથા પુનર્લગ્ન કરતી વખતે કાઉન્સીલ વર તથા કન્યા જો લાયક ઉમરનાં હશે તો તેઓની કબુલત ઉપર સહીઓ લેશે, અગર જો સગીર હોય તો તેઓનાં માવતર અગર વાલીઓની તે કબુલત ઉપર સહી લેશે. અને તે કબુલત મુજબ વર તથા કન્યા કોઇ વખત ઇમામી ઇસ્માઇલી ધર્મ બદલાવી શકશે નહિ. જે ગામમાં કાઉન્સીલ ન હોય ત્યાં તે સ્થળના મુખી તથા કામડીઆ મજકુર સહીઓ લેશે. જો તેઓમાંથી કોઇ તે ધર્મ બદલશે તો તે/તેણી નીચેની શરતો મુજબ વર્તવા બંધાયેલ ગણાશેઃ—

(એ) જો વર સગાઇ પછી અને લગ્ન પહેલાં પોતાનો ધર્મ બદલાવે તો, ઇસ્માઇલી રીવાજ મુજબ સ્ત્રીધન તરીકે કન્યાને તેણે જે કપડાં ઘરેણાં આપેલાં હોય અને જેની નોંધ જમાતખાનાના રજીસ્ટરમાં થયેલી હોય તે તેને પાછા આપ્યા વગર રદ બાતલ ગણવામાં આવશે.

(બી) લગ્ન અગર પુનર્લગ્ન પછી જો ધણી ધર્મ બદલે તો, ઇસ્માઇલી રીવાજ મુજબ વખતોવખત તેણીના ધણીએ તે સ્ત્રીને જે લુગડાં ઘરેણાં આપેલ હોય અને જેની જમાતખાનાના રજીસ્ટરમાં નોંધ થયેલી હોય તે તમામ લુગડાં ઘરેણાં તે સ્ત્રી પોતાને કબજે લેવા હકદાર થશે, અને તે ઓરતથી તેના છુટાછેડા થયેલા ગણાશે.

(સી) સગાઇ પછી અને લગ્ન પહેલાં જો કન્યા પોતાનો ધર્મ બદલે તો જે લુગડાં ઘરેણાં વરે ઇસ્માઇલી રીવાજ મુજબ સ્ત્રીધન તરીકે તેણીને આપેલાં હોય અને જેની નોંધ જમાતખાનાના રજીસ્ટરમાં થયેલી હોય તે સઘળાં લુગડાં ઘરેણાં પાછાં લેવા વર હકદાર થશે, અને સગાઇ પ્રસંગે જે જે ખર્ચો વરે કરેલ હોય, તે તમામ ખરચો પાછાં મગવાં વર હકદાર થશે અને સગાઈનો કરાર રદ ગણાશે અગર રદ ગણવો હોય તો ગણી શકાશે.

(ડી) લગ્ન અગર પુનર્લગ્ન પછી સ્ત્રી પોતાનો ધર્મ બદલે તો ઇસ્માઇલી રીવાજ મુજબ સ્ત્રીધન તરીકે જે જે લુગડાં ઘરેણાં લગ્ન અગર પુનર્લગ્ન પછી વખતોવખત તેણીને તેણીના ધણીએ આપેલાં હોય અગર જેની નોંધ જમાતખાનાના રજીસ્ટરમાં થયેલી હોય તે તમામ લુગડાં ઘરેણાં પાછાં મેળવવા તેણીનો ધણી હકદાર થશે, તેમજ સગાઇ તથા લગ્ન અગર પુનર્લગ્ન પ્રસંગોએ જે જે ખરચો કરેલાં હોય તે પાછાં મેળવવા તેણીનો ધણી હકદાર થશે. બાઇ જમાતના રીવાજ મુજબ "મોહોર" (એટલે લગ્નના કરારમાં મુકરર થયેલી અમુક રકમ) મેળવવા હકદાર થશે અને તેણીના છુટાછેડા થયેલા ગણાશે."

સગાઇ અને લગ્ન વખતે જે કબુલત ઉપર વર કન્યાની સહીઓ લેવાનું આ કલમમાં છે તે કબુલત—એગ્રીમેન્ટ—આ પુસ્તકમાં કયાંય આપવામાં આવેલ નથી; પણ નીચે મુજબના છાપેલા ફોર્મમાં વર કન્યાની સહીઓ લેવામાં આવે છેઃ—

**શાદી (અગર સગપણ) એગ્રીમેન્ટ.**

નંબર

શ્રી ______________ તારીખ ______________

અમો બંને શાદી કરનારાંઓ આ નીચે સહીઓ કરીએ છીએ જે કાઠીયાવાડની શીયા ઇમામી ઇસ્માઇલી કાઉન્સીલના સને ૧૯૨૮ની સાલના કાયદાની બુકના પ્રકરણ પહેલાના વિષય ચોથાની કલમ ૧૧૯ તથા ૧૨૦માં લખેલી શરતો પ્રમાણે વર્તવાને બરાબર બંધાએલા છીએ. તારીખ સદર.

**સાક્ષીઓની સહીઃ-** **વરની સહીઃ-**

______________ ______________

**કન્યાની સહીઃ-**

______________ ______________

આ આખી કલમ ઇસ્માઇલી ધર્મના નિભાવ અને રક્ષણ માટેજ ઘડવામાં આવી છે. કોમી બંધારણમાં ધર્મના બંધનો નાખી શકાય નહિ એ આ પહેલાં કહેવાઇ ગયું છે તે મુજબ આ કલમને કોમની સાથે કશી નીસ્બત હોવી જોઇએ નહિ અને તેથી તે રદ કરવાને પાત્ર છે.

હવે આ કલમની વિગતો ઉપર ઉતરીએ.

એક વાર નહિ, લાખ લાખ વાર ધિક્કાર અને ફીટકાર હજો આ ઇસ્માઇલી ધર્મ ઉપર કે જે આપણાં સગપણ અને લગ્ન વખતે આપણાં કાંડા કાપી આપણી પાસેથી લખાવી લ્યે છે કે અમો વર કન્યાની ઇચ્છા હોય કે ન હોય તોપણ અમારામાંનું કોઇ આ દાનવી ધર્મ બદલશે તો અમારા આપોઆપ છુટાછેડા થઇ જશે, અમારૂં લગ્ન તુટી જશે, અમારો પતિ પત્નીનો સંબંધ કપાઇ જશે. શું હક છે એ ઇસ્માઇલી ધર્મને કે એ આપણું સંસારનું નાવડું પોતાના પત્થર સાથે અથડાવી ચુરેચુરા કરવાની સત્તા આપણા હાથેજ લખાવી લઇ પોતાને હસ્તક રાખે છે? જો તે શિવાય તેનો નિભાવ ન થઇ શકતો હોય, આપણાં ગૃહજીવનની સાંકળો તોડી નાખવા આવા તીક્ષ્ણ કુહાડા વિના જો તેની હૈયાતી ભયમાં આવી પડતી હોય, તેનું જીવન અને અસ્તિત્વ નાબુદ થઇ જતાં હોય, તો ભલે કાલને બદલે તે આજ થાય. સામાન્ય સંજોગોમાં, પોતાના જેટલા હોય તેટલા અને જેવા હોય તેવા તત્વજ્ઞાનના ટેકાથી એ ઇસ્માઇલી ધર્મ ન ટકી રહી શકતો હોય તો ભલે તે ઉંડા ખાડામાં પડે; પણ તેથી કરીને આપણા માથે આ બંધન? આ ગુલામી? અને

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૪૭.)

આ અઠવાડીક રાજકોટમાં "ત્રિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

વાતો નહિ પણ કામ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨
દેશાવર રૂ.૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૩૨ : ઓકટોબર ૩ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના આસો વદ ૫ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી

## મૃત્યુદેવને

"દૂર દૂરથી જોતાં તું કેટલો નિર્દય, કેટલો દુર્જય દેખાતો હતો ? તારા શાસનથી સમસ્ત પૃથ્વી થરથર કાંપતી હતી. બિભિષિકા પોતેજ તારામાં જાણે મૂર્તિમંત બની હતી.

તોફાની વંટોળીયા પાસેથી ઝુંટાવી લીધેલું બાણ તેં જ્યારે મારી છાતી સામે તાકયું, ત્યારે મારી છાતીની પાંસળીએ પાંસળી તૂટી જતી હોય એમ મને લાગ્યું.

તારી વાંકી ભ્રકૂટિમાં વિનાશકારી ઉત્પાત ભર્યો હતો એ જોતાં જ હું ધ્રૂજી ઉઠયો. મારૂં ધડકતું હૃદય હમણાં જ બંધ પડી જશે એમ મને થયું.

મેં પૂછયું: "બસ, હવે છેલ્લો વજ્રપાત કરવો જ બાકી છે ને ?"

એટલામાં તો તારૂં તીર છુટયું.

બસ, જેનાથી અત્યાર સુધી હું કંપતો હતો તે જ આ તીર ? મારો બધો ભય ઉડી ગયો. તારી શસ્ત્રસજ્જ તૈયારી જોઇને તો તું કોણ જાણે કેટલો યે મહાન, કેટલો યે ભયાનક હશે એમ લાગેલું. પણ હવે સમજાય છે કે તું જ્યારે સામે આવીને ઉભો રહે છે ત્યારે તો અમારા કરતાં પણ નાનો બની જાય છે.

હવે હું નિર્ભય છું. તું ગમે તેટલો મહાન હોય, તો પણ હું તારા કરતાં યે મોટો છું. અને હવે તો દુનિયા આખીને એ વાત કહેતો કહેતો હું ભમ્યા કરીશ."

—રવીન્દ્રનાથ ઠાકુર.
("પુલછાબ"માંથી.)

## સ્વમાન-ભકિત.

સહીશ સંકટો સકળ સુખથી ભવ્ય ભાવે,
રડું ના દર્દે કે વદું કદીએ સીતમ કાજે;
પરંતુ ના સાંખી શકું, ના સહી શકું એ,
હણાતું સ્વમાન હૃદયથી રહ્યું જે.

તમારી કૃતઘ્નતા કે ક્રૂરતા બધી એ
ખરે દુ:ખદ, પણ ગણું સર્વ ક્ષંતવ્ય એ;
પરંતુ નવ ક્ષમી શકું સ્વમાન-હાની કદી હું,
સ્વમાન અભીમાન ના પણ આત્મ-હેતુ.

ગુમાની હજો ના! હું કદી મુજ આ હૃદયથી,
ઇચ્છું હૃદયથી ને સદા એજ ઇશથી;
પરંતુ ના ઇચ્છું આત્મ અધોગામિ કદી જો,
હૃદયની એજ ઇચ્છા ને યાચું પ્રભુ, હો !

ઇચ્છું બંધુતા પણ ગુલામી નહિ નહિ;
ગુલામી એજ આત્મઘાતી હૃદયની.
ઇચ્છેલી આધીનતા સર્વદા સ્વર્ગ સુખ,
પરાણે પામરતા દારિદ્રતા સર્વ દુ:ખ.

સ્વમાન ગુમાન ના પણ આત્મભાન;
આત્મભાન ધ્યાન એજ ધર્મ ધૃતિ.
ના હણું હણનાર ને ના ધરૂં દ્વેષ દીલથી;
પરંતુ ના વીસરૂં કદી હું સ્વમાન-ભકિત.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૩-૧૦-૩૩.

## વાતો નહિ પણ કામ.

"ખોજા જાગૃતિ" ના એક ગ્રાહક બન્ધુના એક પત્રમાંથી કેટલાક ફકરાઓ આંહી ઉતારી લઇએ છીએ.

'...આપણા શુભ ધ્યેયને પહોંચી વળવા આપણે કયે કયે રસ્તે કામ લેવાનું છે તેનો વિચાર તો સૌને સ્હેજે કરવાનોજ છે.

× × ×

આપણું કાર્ય જરાય સહેલું નથી. વ્યવસ્થાપૂર્ણ અને સબળ પ્રયાસોની જરૂરીઆત છે. ફક્ત એકજ જગ્યાએથી નહિ પણ દરેક ઠેકાણેથી જુદા જુદા પ્રયાસો કરી શકાય, અને દરેક વ્યસ્થાપૂર્ણ હોય તો કામ કરવું સુગમ પડશે. નીચેની યોજના તરફ આપનું ધ્યાન ખેંચું છું. આપને યોગ્ય લાગે તો એ યોજના અમલમાં મુકવાથી આપણે બધાય સાથે કામ કરી શકશું.

(૧) આપણા વિચારના દરેક ભાઇઓ જેઓ નાતબહારીની વ્યાધિ વ્હોરી લેવા તૈયાર હોય તે બધાય **ખોજા યુવક મંડળના સભ્ય** બને, ને તેઓ જ્યાં જ્યાં હોય ત્યાંથી ખુલ્લો પ્રચાર કરવાનું માથે લ્યે.

(૨) બીજા ભાઇઓ જેઓ ખુલ્લી રીતે ચળવળ ન કરી શકે અથવા જેઓ અંદર રહી સુધારાઓને માટે લોકમત કેળવવામાં માનતા હોય તેઓ **ખોજા યુવક મંડળના Sympathisers** – સહાનુભૂતો – બને. Sympathisersના નામ મંડળ પાસે ખાનગી રહે. તેઓ અંદરજ રહી કાઉન્સીલમાં ને દરેક અંદરની પ્રવૃત્તિમાં ભાગ લઇ એમાંજ સુધારાના પ્રયાસ કરે.

(૩) દરેક શહેરમાં ને ગામડામાં **ખોજા યુવક મંડળના** સભ્યો કે Sympathisers બેમાંથી એક પક્ષમાં આપણા વિચારને મળનારાઓ ભળે તેવી ગોઠવણ કરવી. સભ્યો પોતાની પ્રવૃત્તિનો અહેવાલ મંડળને મોકલાવ્યા કરે. Sympathisersને એવી જરૂર નથી. પણ તેઓ અંદર રહી જેમ બને તેમ વધારે Sympathisers બનાવી તેઓના નામ મંડળમાં જોડાવે.

.. ...... ...ઉપરની યોજના માટે આપનો મત મોકલશો.'

ઉપરોક્ત ભાઇની આ યોજનામાં કોમના દરેક ભાઇ રસ લઇ શકે તેવું હોવાથી તે આંહી પ્રગટ કરવાનું યોગ્ય ધાર્યું છે.

આ યોજના અમને ખરેજ પસંદ પડે છે.

પણ તેથીએ વધુ એ યોજના પાછળનું માનસ અમને આનંદદાયક લાગે છે. કોમની હાલત ખરાબ થઇ પડી છે, એ સુધારવા કોમના સૌ ભાઇઓએ પ્રયત્ન કરવો જોઇએ અને એ માટે સૌએ સાચેજ પોતાથી બનતું બધું કરી છુટવું જોઇએ–આ સ્પષ્ટ ભાન કોમના એકેએક માણસને થવું જોઇએ.

**All Roads Lead to Rome**, બધા રસ્તા રોમ પહોંચાડે છે—આ એક અંગ્રેજી કહેવત છે. અમુક રસ્તે કોમમાં સુધારા દાખલ કરાવી શકાય એવી માન્યતા એક વ્યક્તિ પોતાને માટે રાખે ત્યાંસુધી ઠીક છે; પણ બીજા રસ્તાએ કામ કરનારને માથે પોતાનેજ રસ્તે ચાલવાની તે ફરજ પાડી શકે નહિ. મુખ્ય વાત એજ છે કે કોઇ પણ રસ્તે તે 'રોમ' જતો હોવો જોઇએ. ઘરમાં બેઠાં બેઠાં 'તમે ચાલો છો એ રસ્તો ખોટો છે' એમ કહેવાનો કોઇને અધિકાર નથી કે પરહિતની લાગણી ઉભરાઇ જવાથી બીજો નવો રસ્તો બતાવવાને તે લાયક નથી.

કોમ જાગૃત થઇ છે, સુધારાઓ તેને જોઇએ છે—એ બધું ખરૂં; પણ એ સુધારાઓ મેળવવા માટે કોઇ પણ જાતની સક્રિયતા તેણે હજી સુધી સાબીત કરી નથી, અને ત્યાંસુધી તેને પોતાની જવાબદારીનું સ્પષ્ટ ભાન, જેટલું થવું જોઇએ તેટલું, થયું નથી એમ કહેવામાં જરાએ ખોટું નથી.

જ્યાંસુધી કોમની કંગાળ હાલત આપણને ખુંચે નહિ, કોમની મુક્તિ એ આપણા જીવનનો મુખ્ય રસ અને પ્રશ્ન થઇ પડે નહિ, ત્યાંસુધી બધી યોજનાઓ ગમે તેવી સારી હોય તો પણ નકામી છે. એક વખત આપણે કોમની દુઃખી હાલત આંખો ફાડીને બરાબર જોઇ લઇએ, એક વખત એ બેહાલી ફેડવા દુનિયા આખીનો અસંતોષ અને લાગણીની તીવ્રતા આપણા હૃદયમાં સંઘરી લઇએ, અને પછી આપણે કોઇ યોજનાઓ ગોતવા નહિ જવું પડે; યોજનાઓ પોતેજ આપણને આવીને ભેટશે

આ યોજના અમલમાં મુકવા માટે કોઇ મહાત્યાગ કે મહાભોગની જરૂર નથી પડવાની. જુવાનો ધારે તો ઘણીજ સ્હેલાઇથી ઠેકઠેકાણે આવા મંડળો, સભ્યો અને Sympathisers ઉભા કરી શકે. એ માટે કોઇ મોટું

ખર્ચ પણ નથી થવાનું. સામાન્ય રીતે પત્ર વ્યવહારથી બધું બની શકે, જરૂર પડે ત્યાં કોઇ કોઇ વખત મુસાફરીનું ખર્ચ પણ વેઠવું પડે. આ માટે તીવ્ર લાગણી, દ્રઢ નિશ્ચય, અને બનતો ભોગ આપવાની શુદ્ધ પ્રામાણિક ભાવના, ઉપરાંત શાંતિ અને વ્યવસ્થા–આથી વધુ કાંઇ ન જોઇએ.

આ યોજનામાં કોઇ છળભેદ નથી, બાજીગરી ખેલવાના કોઇ ભાવ નથી. એ સ્પષ્ટ છે, સીધી છે. જેનાથી જેટલું બને તેટલું કરી નાખવાની એની પાછળ ભાવના છે; અને માટેજ તે આદરણીય છે. એ યોજના કોઇ દાવ કે રમત નથી; એ કોઇ વ્યુહ પણ નથી. એ તો સ્થિતિ સંજોગોને અનુરૂપ કામ કરવાનો માત્ર એક રસ્તો છે.

યુવાનો આ યોજનાને પોતાની કરી લ્યે તો કોમની મુક્તિના માર્ગમાં એક મજબુત ડગલું ભર્યાનું કહી શકાય.

---

## "પાઇના ચાર થાળ."

ભડલી (ભાણ)થી એક '**અનુભવી**' લખી જણાવે છે કેઃ—

'જમાતખાને ઉતારો કર્યો. પાણી પીને જરા વાર બેઠા, ત્યાં તો ધુવાનો વખત થયો. જમાત પણ થોડી જાજી મેડી ઉપર ભેળી થઇ. મુખી તથા કામડીઆ ઉપલી સીટમાં ગોઠવાઇ ગયા. અમે પણ મેડી ઉપર ધુવા રહવા ગયા અને જમાત સાથે ધુવા પડયા. ધુવા પડાઇ રહયા બાદ એકાદ નાનકડું 'જ્ઞાન' બોલાણું. 'જ્ઞાન' પુરૂં થતાં ખાનાવાદાન બોલાવીને મુખી બાપાએ જમાતને ખટાવવા માંડી કે ખાટો બાપા, પાઇના ચાર થાળ. તુરતજ જમાતભાઇ હાથમાં રોટલાની થાળી લઇને દરેક ભાઇઓના મોં આગળ ધરવા માંડયા. બેઠેલા ભાઇઓમાંથી કોઇએ શરમે તો કોઇએ ભરમે હાથ અડાડીને પાઇ પાઇ નાખી. ત્યારબાદ જમાતભાઇ દેવી વર્ગ તરફ ચાલ્યા અને દેવી વર્ગને થાળ પીરસાવી જે કાંઇ નીકળ્યું તે કઢાવ્યું અને થાળ પાછો પાટ ઉપર મુકયો.

આ જગ્યાએ જરા મુખી બાપાને ભલામણ કરીએ કે હે, મુખી બાપા! પાઇના ચાર થાળને બદલે ગમે તેટલા થાળ કહો, તેને માટે અમારી ના નથી; કારણ તમે આપણા નકલંક બાવાના એજન્ટ કહેવાઓ. પણ જે થાળ હાથમાં લઇને દરેક માણસના મોં આગગ ધરવામાં આવે છે તે રીવાજ અણઘટતો છે. માટે તે રીવાજને સદંતર દૂર કરો. આ થાળ છે તે મરજીઆત છે, ફરજીઆત નથી. તો મરજીઆતને ફરજીઆતનું રૂપ આપવું બંધ કરો. કારણ, જેને પૈસા આપીને સ્વર્ગ વેચાતું લેવું છે તેવા અંધશ્રધ્ધાળુ જો થાળ મોં આગળ નહિ ધરો તો પણ પાટ ઉપર પૈસા પછાડશેજ; અને કોઇ છાનુંમાનું ખાનગી રીતે સ્વર્ગ ખરીદ કરતું હશે તે પરબારા તેજુરીમાં પૈસા હોમી દેશે

થાળનું કામ ખલાસ થતાં જમાતખાનામાં આવેલાં રાંધેલ ધાન, કઢી, ખીચડી, રોટલા, રોટલી, શાક, દહીં, દુધ, વિગેરેનું લીલામ શરૂ થયું. ઉપલી સીટે બેઠેલા કામડીઆ સાહેબ પડકાર કરતા હતા કે બાપા, નાંદીના પૈસા નાખજો, મીઠાનું ખાતર છે, સહુ સહુને માથે ફરજ છે; વિગેરે. શાક, રોટલા, ખીચડીની હરરાજી ખલાસ થઇ તેના નાણાં લગભગ બધાં પતી ગયાં, રડયું ખડયું કોઇ રહયું હોય તો. પછી દુધ દહીંના દોણાંનો વારો આવ્યો. પણ દહીં દુધના પૈસા પાટ ઉપર પડતાં અમે જોયા નહિ. બદલે ખાતાવહીનો ચોપડો પહોળો થયો અને દહીં દુધ લેનારને ખાતે પૈસા મંડાણા. માત્ર દહીં દુધના પૈસાનીજ આ ખાતામાં મોટી રકમ ઉભી છે.

મુખી બાપા! એકજ માણસને આવી સગવડ આપો છો અને રોકડા પૈસા નહિ મળતાં ખાતે માંડો છો, તો આખી જમાત સાથે આ પ્રમાણેજ કેમ નથી વર્તતા? તમારે તો સૌ સરખા. ભલા, ગરીબ માણસોને થોડી રાહત થશે. હું તો કહું છું કે બધુંય ઉધાર આપો; અરે, મફત આપો; અને બધાયને આપો. કે પછી તમેય ધરાર પટલાઇના શીકાર બન્યા છો?'

---

## મી. ચુનારા સામેનો કેસ.

મુંબઇથી પ્રગટ થતા "ઇસ્માઇલી"ના અધીપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર રાજકોટના શ્રી. કાનજી ગુલાભાઇએ હીંદી ફોઝદારી કાયદા કલમ ૫૦૦ મુજબ માંડેલ બદનક્ષીની ફરીયાદની સુનાવણી અત્રેની ફ. ક. મે. કોર્ટમાં આવતી તા. ૭—૧૦—૩૩ના રોજ નીકળશે.

---

## ના. આગાખાન આવે છે.

યુરોપથી પાછા ફરેલા મી. મકલાઇ એવા સમાચાર લઇ આવ્યા છે કે ના. આગાખાને હિંદ આવવા પોતાની ટીકીટ કઢાવી લીધી છે અને ડીસેમ્બરની ૧લી તારીખે તેઓ વિલાયતથી નીકળી ૧૩મી તારીખે મુંબઇ ઉતરશે.

"ખોજા જાગૃતિ"ના ગ્રાહક થાવ,
પછી
કોમની બુરી હાલતનો ખરો ખ્યાલ–
એ હાલત સુધારવાના સાચા રસ્તા–
એ માટે યોગ્ય દિશાસૂચન–
આ બધું તમને સહેલાઇથી સમજાઇ જશે.
ઉપરાંત
હિન્દુસ્તાનના રાજકારણના સમાચાર,
દેશ પરદેશના મહત્વના વર્તમાન,
તમને ઉપરીઆમણમાં મળશે.
**આજેજ ગ્રાહક બનો અને બનાવો.**
દેશમાં રૂા. ૨.]　　[પરદેશમાં રૂા. ૪.
વ્યવસ્થાપક, "ખોજા જાગૃતિ."

# આ જન્ઝીરો કયાં સુધી ?

લેખાંક ૨ જો.

લેખક : **શ્રી. દામજી પદમશી, મુઆન્ઝા. (આફ્રીકા)**

જંગબારના ઇસ્માઇલી ધનવાનોએ પોતાના ધનના બળ ઉપર પોતાના લાગતા વળગતાઓને પોતાને કબજે કરી તે વખતની કેળવણી રહીત કોમ ઉપર દાબી દબાવીને મનઘડીત ધારા ધોરણ મારી ઠોકીને કાયમ કરી દીધા અને આસ્તે આસ્તે તેવા આપખુદીથી ઘડેલા ધારા ધોરણ આખા પૂર્વ આફ્રીકામાં વસવાટ કરી રહેલ ઇસ્માઇલીઓ ઉપર હુકમ ચલાવવાને અમલમાં મુકી દીધા.

આમ કરીને તે વખતની કેળવણી રહીત કોમને એમ ઉંધું સમજાવવામાં આવ્યું કે જેમ કોઈ એક સરકારની ઇન્સાફના માટે કોર્ટો હોય તેમ આપણી કોમની પણ આ કોર્ટો કહેવાય, અને આપણી કોમના કજીઆ સરકારી કોર્ટોમાં જાય તેના બદલે વગર ખર્ચે અને વગર્ વકીલે આપણી 'સરકાર'ની કોર્ટોમાં પતાવાય; આથી કરી આપણા ઘરમાં લાભ થવાનો અને કોમમાં પણ સંપ રહેવાનો. આવી રીતે સમજાવીને ગરીબ બીચારી કોમને ગુલામીની સખ્ત સાંકળમાં જકડવાનો રસ્તો કર્યો; અને તે વખતની અજ્ઞાન કોમ પણ તેવા મતલબીયા ધનવાનોના સાંડસામાં સપડાઇ ગઈ.

આમ પોતાની મતલબી નેમમાં તેઓ ફાવ્યા, અને રફતે રફતે જેમ એક સરકાર પોતાનું જાસુસી ખાતું ઉઘાડે તેમ તેઓએ ગરીબ બીચારી કોમ ઉપર પોતાનો રૂઆબ બેસાડવા અને પોતાનો ડંકો વગડાવી પ્રભાવ પાડવા પોતાના ખાનગી માણસોના ઠેકઠેકાણે ટોળાં ઉભાં કર્યાં. આ માણસો પાસેથી સાચા અથવા ખોટા રીપોર્ટ તે લોકો મેળવતા ગયા, અને ગમે તેવા લુલા રીપોર્ટથી ધારા ધોરણ અમલમાં લઇ આવવા માટે અજમાયશ ખાતર કેસ [illegible] કરવા મંડી પડયા. ગુન્હેગાર કે બીનગુન્હેગાર, પણ મુડીવાદીઓના મનઘડીત ધારા ધોરણના લોકો ભોગ થવા લાગ્યા. આમ કરીને જબરજસ્તીથી સિંહાસને ચડી બેઠેલ ન્યાયાધીશોએ પોતાનો ડંકો વગડાવ્યો.

તે વખતે બધા અભણ અને અજ્ઞાન ન્હોતા. ભણેલા અને હુશીયાર માણસો પણ કોમમાં હતા. તે લોકો સુપ્રીમ અને પ્રાંતિક કાઉન્સીલોના જબરજસ્તીથી થઈ પડેલા ન્યાયાધીશોના અન્યાય અને પક્ષપાત જોઇ શકતા. તે સામે પોકાર કરવાને બદલે કેટલાક મોઢું શીવીને બેસી ગયા તો કેટલાકે બીજા ધર્મના વાડાનો લાભ લીધો. આમ કરવાને બદલે જો તે વખતના જુદા પડેલ ભાઇઓએ જે ભાઇઓ ચુપકીદી પકડી બેસેલા હતા તેને સાથે લઇને પડકાર કર્યો હત તો બાકીના અજ્ઞાન ભાઇઓને પણ જાગૃતિમાં લાવી દીધા હત અને આપખુદોને આગળ વધતા અટકાવ્યા હત; અને આજે કોમ જે ઉંડા નીસાસા ગરમાગરમ કાઢી રહી છે તે હાયકારો કાઢવાનો સમય આવ્યો ન હત, અને આજે કોમ જે કફોડી દશામાં આવી ગઇ છે તે જોવાનો વખત પણ આવ્યો ન હત.

હજી પણ 'જાગ્યા ત્યારથી સવાર' ગણી લઇએ. અત્યારે પણ આજના યુવાનો જાગે અને સંગઠન કરે તો ઘડીના છઠ્ઠા ભાગમાં કહેવાતી સુપ્રીમ અને પ્રાંતિક કાઉન્સીલના ભુકકેભુકકા કાઢી મેલે તેમ છે. આજે કોમમાં જાગૃતિ આવતી જાય છે, કોમ સમજતી થઇ ગઇ છે, અને ઠેકાણે ઠેકાણે કોમમાં યુવાનો પાકયા છે. તેઓના ઉદ્દગારો ચારે બાજુએ સંભળાઇ રહ્યા છે. સુપ્રીમ અને પ્રાંતિક કાઉન્સીલની પરવા તેઓ કરતા નથી અને જબરજસ્તીથી ન્યાયાધીશ બની બેઠેલાના સિંહાસનો પણ ડોલવા લાગ્યા છે. આવા સમયમાં લાભ લેવાનો મોકો છે. માટે યુવાનો, યા હોમ કરીને ઝંપલાવો, અને કોમને પડકાર કરો કે આ જન્ઝીરો કયાં સુધી ?

---

# ખોટા અહેવાલો.

---

## તેથી થતું ભારે નુકશાન.

ગઇ તા. ૨૧-૯-૩૩ ના "હિંદુસ્તાન-પ્રજામિત્ર" દૈનિકમાં તથા તા. ૨૩-૯-૩૩ ના "ગુજરાત સમાચાર" માં "ખોજાની જાળમાં સપડાએલા બે યુવકો" એ મથાળા નીચે એવા અહેવાલો પ્રગટ થયા હતા કે બાબરાના અમુક બે યુવાન છોકરાઓ અમુક ખોજાની જાળમાં ફસી ગયા છે. આ સંબંધે આથી અમે સાચા ખબર મેળવવા તજવીજ ચલાવી અને એ આખો અહેવાલ વજુદ વગરનો હોવાની અમને ખાત્રી થઇ છે. જેના ઉપર પુરો વિશ્વાસ રાખી શકાય એવા એક ભાઇ તરફથી અમને મળેલ પત્ર આખો અમે આ નીચે પ્રગટ કરીએ છીએ. આવા ઉતાવળા અહેવાલો અત્યંત નુકશાનકર્તા છે, એથી દરેક પત્રકારોને અમારી વિનંતિ છે કે તેઓ તેને પ્રગટ કરતા પહેલા પુરી તપાસ ચલાવે, અને આવા કોઇ પ્રસંગે આંખો મીચીને ખોજા કોમ માથે જે આરોપ ઓઢાડી દેવામાં આવે છે તેમાંથી ખોજા કોમને બચાવવામાં સાથ આપે.

**બાબરા**, તા. ૨૫-૯-૩૩.

**' ભાઇશ્રી,**

તા. ૨૧-૯-૩૩ ના 'હિંદુસ્તાન'માં 'ખોજાની જાળમાં સપડાયેલા બે યુવકો' નામે પ્રસિદ્ધ થયેલ લેખ કેવળ જુઠો છે. તે બે છોકરા મુળ વતની બાબરાના છે. હાલ એના બાપ પાસે વડોદરા રહે છે. એમના બાપનું નામ વલભજી પરશોતમ. નાતે લોહાણા. તે વલભજી શ્રી. નાનાલાલ નારણદાસનો કાકાનો દીકરો ભાઇ થાય છે તે રમણ તથા વનમાળી બન્ને રખડુ છોકરા છે. તેઓ ભાગીને ભરૂચ ગયેલ. ત્યાં ગાંડા જેવા ગમે તેવું બોલેલા, ખોજાનું ખોટું નામ આપેલ. તેથી ભરૂચના મેજીસ્ટ્રેટે આંહી બાબરા થાણામાં પુછાવેલ. ત્યારે તે છોકરાના નજીકના સગા તરીકે શ્રી. નાનાલાલે ફોઝદારને કહેલ કે 'તેઓ રખડુ છે, હકીકત ખોટી છે. તેના બાપ પાસેથી ભાગી ગયા હતા અને તેઓ છોકરા અત્યારે આંહી છે ને મારે ત્યાં રહે છે. એમને કોઇએ પકડેલા નથી.' આવો જવાબ આહીંના ફોઝદારે ભરૂચના મેજીસ્ટ્રેટને છોકરા રખડુ હોવાનો લખી નાખેલ છે, અને હજુ છોકરા આહીંજ છે. આ 'જાગૃતિ'માં પ્રસિધ કરશો ને 'હિંદુસ્તાન'ને પણ મોકલાવશો.'

લી...

# Aga Khan Go Back–આગાખાન પાછા જાવ !

## કાળા વાવટાથી વિરોધ બતાવો.

બીરાદરો,

આજે આપણી કોમ એવી સત્તાથી પીડાઇ રહી છે કે જે માત્ર પોતાના સ્વાર્થની ખાતર, પોતાની સત્તાની વાસના તૃપ્ત કરવાની ખાતર ત્રાસ વર્તાવવામાં પાછું વાળી નથી જોતી. આપણા ખીસા ઉપર ચાલતી ભયંકર લૂંટ દિનપ્રતિદિન આપણને વધુ ને વધુ બેહાલ અને કંગાળ બનાવે છે. દિવસ રાત કાળી મજુરી કરવા છતાં શેર બાજરી પણ માંડ રળી શકાય એવા આજના બેકારી અને બેહાલીના કાળમાં પણ આપણી થોડી કમાણીનો મોટો ભાગ એ સત્તા ઉપાડી જાય છે. ઉપરાંત એ નિર્દય સત્તાએ પ્રવર્તાવેલા ઘાતકી જુલ્મે કોમને બાયલી, નિર્વીર્ય, કંગાળ અને નમાલી બનાવી છે. ત્રીજા માણસના સહવાસથી આપણે રખેને સુધરી જઇએ એ દ્રષ્ટીથી પોતાનો સ્વાર્થ માર્યો જતો અટકાવવા તેણે આપણને દુનિયાના વાતાવરણથી દૂર રાખી ઉંદા ભણાવ્યા છે. સદાને માટે કેળવણીથી વિમુખ રાખી કોમના કલેવરમાં વ્હેમ અને અંધશ્રદ્ધા તેણે દાખલ કર્યાં છે.

આ આગાખાની સત્તા વર્ષો થયાં આપણી ઉપર સતત ત્રાસ અને લૂંટ ચલાવી રહી છે. એણેજ કાઉન્સીલ નામની સંસ્થા ઉભી કરી છે કે જેમાં આપણું એક ટકો પણ પ્રતિનીધીત્વ નથી; છતાં આ કાઉન્સીલ તેના કાયદાઓનું આપણી પાસે ફરજીઆત પાલન કરાવે છે. ઘેર ઘેર ફરી દબાવીને પૈસા કઢાવતા કામડીઆ એણેજ રાખ્યા છે. જીવતા જાગતા મનુષ્ય છતાં પોતાને દશમો નકલંકી અવતાર કહેવરાવી, "વ્હાલાં રૂહાની બચ્ચાં !" કહી કહી એણે મીઠી ઝબાનથી કડવાં ઝેર પાયાં છે. એના ધનલોલુપ હૃદયે કોમની હાલત માટે જરા પણ દરકાર રાખ્યા વગર આપણા જન્મસિદ્ધ હકકોને કચડવા શિવાય કાંઇ કર્યું નથી. પરિણામે કોમની આજે બેહાલ સ્થિતિ થઇ ગઇ છે. આ બધા માટે ના. આગાખાન જવાબદાર છે.

સતત જુલમની બરદાસ આકરી થઇ પડવાથી આપણે અનેકવાર આજીજી કરી કે કંઇ નહિ તો ફકત કાયદા ફરજીઆતને બદલે મરજીઆત કરો; કંઇ નહિ તો કાઉન્સીલની કાયદેસર ચુંટણી કરો; તેમ નહિ તો બે ચાર આકરા એવા કાયદા રદ કરો. પણ આપણું કોણ સાંભળે? આપણી જીભના કુચા વળી ગયા. કાઉન્સીલમાં અરજીઓ કરવા જઇ જઇ આપણાં પગનાં તળીયાં ઘસાઇ ગયાં. હાથ જોડી જોડીને હાથ દુઃખવા આવ્યા. પણ આપણું ગરીબોનું કોણ? ગરીબનું સાંભળવાની કોને ફુરસત? ન તો કાઉન્સીલે કંઇ કર્યું કે ન તો ના. આગાખાને કંઇ દાદ દીધી. જો તેઓ ધારે તો જરૂર આ અધોગતિમાંથી ઉગારી શકે. પણ જ્યાં સુધી તેમના હૃદયમાં કોમને માટે કાંઇ લાગણી નથી પણ સ્વાર્થ છે ત્યાં સુધી તેઓની પાસેથી એવી આશા રાખવી એ હવાઇ કિલ્લા રચવા જેવું છે.

ત્યારે કરવું શું? આપણે આમને આમજ સહનજ કર્યા કરવું? આપણી મુકિત માટે શું કોઇ રસ્તોજ નથી? ના, તેવું કાંઇ નથી. પીડિતો કાંઇ સદાને માટે પીડિતોજ રહેવા નથી સર્જાયા .આપણે આપણા રસ્તા યોજી શકીએ છીએ.

કાઉન્સીલ અને તેના વાજીંત્રોના પ્રચારથી સમજાય છે કે ના. આગાખાન ડીસેમ્બરની પહેલી તારીખે વિલાયતથી રવાના થઇ તેરમી તારીખે મુંબઇ ઉતરશે.

આપણા માટે આપણો વિરોધ બતાવવાની આ એક સરસ તક છે. બધી જાતના પીડિતોએ હંમેશાં આજ માર્ગ અખત્યાર કરેલ છે. "આગાખાન પાછા જાવ"ના અવાજથી અને કાળા વાવટાના સરઘસથી આપણે જગતના ચોક સમા મુંબઇ શહેરમાં આપણા પોકારનો પડઘો પાડી શકીએ છીએ. આપણે ત્રાસી ગયા છીએ, આપણી આર્થીક હાલત હવે છેલ્લે પાટલે જઇ બેઠી છે અને જરાપણ વધુ વખત ચૂસાવા આપણામાં શકિત રહી નથી અને આપણે ચૂસાવા તૈયાર નથી એવી ઘોષણા આપણે આથી કરી શકીશું. ના. આગાખાનને પોતાની સામે પ્રચંડ રોષ સળગી રહ્યો છે એ નજરોનજર જોવાની તક મળે એ ઘણું અગત્યનું છે.

મારા યુવાન બંધુઓ, હવે આપણે તૈયાર થયા વગર છુટકોજ નથી. આપણા માટે હવે આજ રસ્તો છે. માટે તૈયાર થાવ. સંગઠન કરો. ચાલો આપણે સ્વતંત્રતા લેવાને પહોંચી જઇએ. હિંમત હશે તો આપણે જરૂર પાર ઉતરશું.

આ સબંધમાં જે કોઇ ભાઇ કાંઇ સક્રિય કામ કરવા ઇચ્છા રાખતા હોય તે કૃપા કરી મને મારે સરનામે પત્ર લખે. મારા તરફથી હું એટલી ચોકક્સ ખાત્રી આપું છું કે થોડા ભાઇઓ પણ જો આ યોજનામાં જોડાવા તૈયાર થશે તો હું તનમનથી બધું કરી છુટીશ.

**રૂપજી નઝરઅલી પ્રેમાણી,**
હાથીખાના રોડ, રાજકોટ.

---

## ઉથલો માર્યો.

રાજકોટના ભાઇ ઝવેર ગીગાભાઇએ પોતાની પુત્રીના લગ્ન ખોજા સુધારક સંઘના આશ્રય તળે તા. ૨૫–૫–૩૩ ના રોજ ઉજવ્યા હતા તે સંબંધમાં તેમને તા. ૧૬–૬–૩૩ ની રાજકોટ લોકલ કાઉન્સીલની બેઠકમાં બોલાવવામાં આવ્યા હતા. એ વખતે થયેલ કામકાજનો અહેવાલ આ અગાઉ પ્રગટ થઇ ગયો છે. હવે ખબર મળે છે કે કાઉન્સીલે ફરીને ઉથલો માર્યો છે અને ભાઇ ઝવેર ગીગાભાઇને રાજકોટ લોકલ કાઉન્સીલ સમક્ષ હાજર થવા હુકમ થયો છે. જે કેસની એક વખત ચોખવટ થઇ ગઇ અને જે માટે એક વખત કાઉન્સીલે ભાઇ ઝવેર ગીગાને બોલાવી જેટલું કહેવું જોઇતું હતું અને કરવું જોઇતું હતું એટલું કહી કરી લીધું તે પછી ફરીથી આ જાતના હુકમો છોડવામાં આવે એ પણ એક ઉંચા પ્રકારની આપખુદીજ છે. અમે ભાઇ ઝવેર ગીગાભાઇને આગ્રહ કરીએ છીએ કે તમારા વાજબી કાર્યને છેવટ સુધી વાજબીજ ગણાવવાની શકિત અને હિંમત કેળવી કાઉન્સીલને રોકડું પરખાવી દેજો કે ઘડીએ ઘડીએ આવા ઉથલા એ મારે નહિ.

# સપ્તાહનો સાર.

**શ્રી. પટેલની ગંભીર માંદગી:** જીનીવા ( યુરોપ ) ખાતે હિંદના જાણીતા આગેવાન નેતા શ્રી.વિઠ્ઠલભાઇ પટેલ ગંભીર માંદગીને બીછાને સુતા છે, અને તેમની તબીયત ઘણીજ ચિંતા નીપજાવનારી થઇ પડી છે. શ્રી. સુભાષચંદ્ર બોઝ આથી તેમની પાસે રહ્યા છે અને દરરોજ હિંદ ખાતે સમાચાર મોકલાવે છે. શ્રી.પટેલ સાજા થાય કે તુરત હિંદ ખાતે પાછા ફરનાર છે. તેમને હૃદયનો રોગ છે.

**ગાંધીજીને કામદારોની વિનંતિ:** અમદાવાદના મીલ માલેકોએ કામદારોના પગારમાં ૨૫ ટકાનો કાપ મુકવાનો ઠરાવ કર્યો છે તે સામે કામદારોએ એવું પગલું ભરવામાં આવે તો સામાન્ય હડતાલ પાડવાનું નક્કી કર્યું છે. મજુરોની સભાએ એક બીજો ઠરાવ કરીને મ. ગાંધીજીને વિનંતિ કરી છે કે દર વખતે તેઓ મીલમાલેકોના બંગલામાં ઉતારો કરે છે તેને બદલે આ વખતે તેમણે મજુરોના રહેઠાણમાં રહેવું. મ. ગાંધીજી શેઠ રણછોડલાલના મહેમાન થયા છે.

**ડૉ. એની બીસેન્ટનું અવસાન:** ડૉ. મીસીસ એની બીસેન્ટ ગઇ તા. ૨૦ ના રોજ ૮૬ વરસની વયે મદ્રાસ ખાતે અવસાન પામ્યા છે. આખા દેશે તેમને અંજલી અર્પી છે. મર્હુમ અંગ્રેજ હોવા છતાં ~~પોતાને હિંદી તરીકે~~ ઓળખાવતા અને હિંદીઓના રાજ્યદ્વારી હક્કો માટે ખુબ લડયા હતા.

થીઓસોફીકલ સોસાયટી નામક નવા ધર્મના એ સ્થાપક અને પ્રમુખ હતા. તેમના મૃતદેહને અગ્નિદાહ આપવામાં આવ્યો ત્યારે ચિતાની આસપાસ ૫૪ દેશના વાવટાઓ ફરકતા રાખવામાં આવ્યા હતા

**વૈષ્ણવ મહારાજનું મૃત્યુ:** વૈષ્ણવોના ટીલ્કાયત મહારાજ ગોવર્ધનલાલજી ગઇ તા. ૨૧ ના રોજ સીમલા ખાતે અચાનક મરણ પામ્યા છે. તેમના પુત્ર શ્રી. દામોદરલાલજીને રાજ્યની હદમાં પ્રવેશવાનો મનાઇ હુકમ છે. આ સંજોગોમાં શ્રીનાથદ્વારાની ગાદી કોને સોંપવી એ એક ગુંચ ઉભી થઇ છે; છતાં છેલ્લા સમાચારો મુજબ દામોદરલાલજી સામેનો મનાઇ હુકમ પાછો ખેંચી લેવામાં આવશે અને તેમને ગાદી મળશે, જ્યારે શ્રીમતી હંસાદેવી કે જેમને પણ મનાઇ કરવામાં આવી છે તેઓ દિલ્હી ખાતેજ રહેશે.

**રાજસભાને આગ લગાડી:** જર્મનીમાં હેર હીટલર અને તેના નાઝી ગોઠીઆઓ સત્તા ઉપર આવ્યા તે પહેલાં જર્મન રાજસભા, આગલો શાહી મહેલ અને લડાઈ ખાતાની ઓફીસને એક જબ્બર આગ લગાડવામાં આવી હતી, જેને પરિણામે અસંખ્ય અતિ મહત્વના દસ્તાવેજો, વિગેરેનો નાશ થયો હતો. આ સંબંધમાં પાંચ માણસો ઉપર અત્યારે જર્મનીમાં કામ ચાલી રહ્યું છે. આ કેસનો અહેવાલ લેવા ૧૨૩ પત્રકારો આવે છે તેમાં ૮૧ જર્મની શિવાયના, પરદેશના છે. જુબાનીના અગત્યના ભાગો કોર્ટમાં ગ્રામોફોન રેકર્ડમાં ઉતારી રેડીઓથી આખી દુનિયામાં બ્રોડકાસ્ટ કરવામાં આવે છે. આ ગુન્હા સંબંધમાંજ આખી દુનિયાના પ્રખ્યાત ધારાશાસ્ત્રીઓના એક કમીશને અત્યાર પહેલાં તપાસ કરી ૫ માંના ૪ આરોપીઓને નિર્દોષ જણાવ્યા છે અને આ આગ લગાડવામાં ખુદ નાઝીઓનો હાથ હોવા વિષે તેમને શક છે.

**ગવર્નરને માનપત્ર ન આપો:** મુંબઇના ગવર્નર સર ફ્રેડરીક સાઇકસ પોતાના હોદ્દાની મુદત પૂરી થતાં સ્વદેશ સીધાવે છે એ પ્રસંગે મુંબઇની મ્યુનીસીપાલીટી તરફથી તેમને એક માનપત્ર આપવાનો ઠરાવ કોરપોરેશનમાં આવ્યો હતો. આ માનપત્ર આપવા સામે ઘણા સભ્યોએ તીવ્ર વિરોધ બતાવી ગવર્નરના વહીવટની ખબર લીધી હતી. સભામાં પુષ્કળ ગરબડ થઇ હતી. છેવટે ઠરાવ પસાર થયો છે.

**વડા મુલ્લાંજી સામે કેસ:** મુંબઇની એક વકફ થયેલી મીલ્કતની વિગત વકફ એકટ પ્રમાણે ૭ માસની અંદર મુંબઇની સ્મોલ કોઝ કોર્ટમાં નહિ નોંધાવી જવાના ગુન્હા બદલ વહોરાઓના વડા મુલ્લાંજી ઉપર એક કેસ મુંબઇમાં ચાલે છે. ફરીયાદ સરકાર તરફથી કરવામાં આવી છે.

**પોસ્ટ ઓફીસને આગ લગાવી:** અમદાવાદમાં રાયપુર ચકલામાં આવેલી પોસ્ટ ઓફીસને કોઇએ આગ લગાવવાથી તેના કમાડ બળી ગયા છે. બીજું કાંઇ નુકશાન થયું નથી. કોઇની ધરપકડ થઇ નથી.

**સરહદની સ્થિતિ:** સરહદની લડાઇ બંધ પડી છે. બ્રીટીશ લશ્કર તાયફાવાળાઓના લશ્કરને વીખેરી શકયું નથી, પણ તાયફાવાળાઓ પોતેજ આગામી તાવની ઋતુની પ્રતિકુળતા ટાળવા વીખરાઇ ગયા છે. બ્રીટીશ લશ્કર પાછું ખેંચી લેવામાં આવ્યું છે.

**હિંદની વસ્તીમાં વધારો:** હિંદુસ્તાનની વસ્તી વધીને ૩૫૦૩૬૦૦૦૦ ની થઇ છે. ૧૯૨૧ ની ગણતરી કરતાં ૩ કરોડ ૪૦ લાખનો વધારો થયો છે, આ વધારો ફ્રાન્સ કે ઇટાલી (યુરોપના બે મોટા દેશો)ની આખી વસ્તી જેટલો છે. દુનિયાના બધા દેશોથી અત્યારે હિંદની વસ્તી સૌથી વધુ છે. વસ્તી ગણતરીના કમીશનરે આ વધારો મોટા ભયરૂપ ગણી લોકોને સંતતી નિયમનનું જ્ઞાન આપવાની ભલામણ કરી છે.

**દેશી રાજ્યનો દગો:** દીલ્હીના એક જાણીતા એડવોકેટ સરદાર રાઘવીરસિંહને પતીઆળા રાજ્યની પોલીસે લલચાવીને રાજ્યની હદમાં દાખલ કર્યા પછી તુરતજ જવાબદાર અમલદારને તેની ફરજમાંથી રોકવાનો તેમના માથે આરોપ મુકી તેમની ધરપકડ કરી છે. સરદાર રાઘવીરસિંહ પતીઆળા રાજ્ય વિરૂદ્ધની ચળવળમાં એક વખત સારો રસ લેતા. આથી આવો દગો રમવામાં આવ્યો છે.

**આયર્લેન્ડનો મામલો :** આયર્લેન્ડ અત્યારે ખુબ આંતરિક ઉકળાટ સહન કરી રહ્યું છે. ડી'વેલેરાને ઉથલાવી નાખવા તેની વિરૂદ્ધના ત્રણ પક્ષો એકત્ર આયરીશ પક્ષના નામે એક થઇ ગયા છે. આ પછી આયરીશ પાર્લામેન્ટની પહેલી બેઠક મળી ત્યારે ડી'વેલેરાની સરકાર સામે ઠબકાની દરખાસ્ત રજુ થઇ હતી, પણ મજુર પક્ષના ટેકાથી ૮૦ વિ. ૬૫ મતે એ ઉડી ગઇ. પાર્લામેન્ટનું કામકાજ લશ્કરના પાકા બંદોબસ્ત નીચે ચાલ્યું હતું.

**તરવાનો રેકર્ડ :** કલકત્તાના કોર્નવાલીસ સ્કવેર ખાતેના તળાવમાં એક બંગાળી યુવાન શ્રી. પ્રફુલ્લકુમાર ઘોષે ૭૨ કલાક અને ૧૮ મીનીટ સુધી સતત તરીને બ્રીટીશ શહેનશાહતનો રેકર્ડ તોડયો છે.

## વેપાર સમાચાર

( તા. ૩૦-૯-૩૩ )

**ઊન** : ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૭૦૨ ગાંસડી વેચાણી છે અને બજાર મજબુત છે ઉંચા જોડીઆના સોદા સ્થાનીક બજારમાં કાંઇ થયા નથી. પણ ઉંચા માલના રૂા. ૧૫) આસ-પાસ ગણાય. અમેરીકાની સ્થિતિ દિવસે દિવસે સુધરતી જાય છે એની સારી અસર બજાર ઉપર થઇ રહી છે.

**રૂત** : ભરૂચ ૨૦ાા.

**બકરાના વાળ** : ૩ાા.

**અનાજ, વિ.** : ૧ાા≈ ૨)~ ઘઉં. ૨) બાજરો જુનો. ૧ા~ ૧ાા≈ બાજરો નવો. ૧)≈ ૧ા જુવાર. ૧ાાા ચણા દેશી. ૧) કમોદ જાડી. ૧ા ૧ા≈ કમોદ જીણી. ૧ાા ૧ાાા મેથી. ૨ા≈ ૨ા~ તલ. ૨ા~ તલી. ૧ા~ એરડી જીણી. ૧ા≈ એરડી જાડી. ૧ા≈ ૨) મગ. ૧ા≈ અડદ. ૧ા~ મગફળી જીણી. ૧! મગફળી જાડી. ૧ાા≈ રાઇ. ૨)≈ શીંગદાણા હાથફોલ. ૧ા~ ચણા પરદેશી.

**પરચુરણ** : ૧ાા ૨ાા ગોળ દેશી. ૭) કપાશીયા માળવો. ૪)≈ ખાંડ વછીઆત પરહદનાને ૪ાા≈ ખાંડ રાજકોટ શહેર. ૪)~ ખાંડ સદર. ૯ાા≈ સોપારી. ૮) ૧૦) ગદબનું બી.

**ઘી** : ૧૮) ૧૯) મુંબઇ પરખ, ૧૪) ૧૫) તાજેરસ.

**તેલ** : ૫ા≈ તલનું, ૩ાા શીંગનું. ૫ા≈ ૫ાા ઓપરેલ પીપનું, ૫ાા≈ ડબાનું. ૩)ાા ગ્યાસલેટ સફેદ, હાથી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---

(અનુસંધાન પાના ૨૫૬ થી)

બીજાથી છુટા થવા ઇચ્છતા ધણી ધણીઆણીને સમજાવી શાંત કરવા અથવા તેઓ વચ્ચેની સમજુતના સાક્ષી બનવાથી આગળ વધી તેઓના ગુણદોષના બ્હાના નીચે આ ગુન્હેગારી કઢાવવાનાજ ઉદ્દેશથી આ આખી ધુલગુંથણી કરવામાં આવી છે એમ કહીએ તો વધારે પડતું નહિ ગણાય. જ્યાં એક બીજા છુટાજ થવા ઇચ્છે છે ત્યાં દોષ કોનો છે એ જોવાને સ્થાનજ રહેતું નથી. એ તો એક હા કહે અને બીજું ના કહે ત્યારની વાત છે. આમ છતાં આ કલમમાં પણ 'ગુન્હેગારી' ઉભીજ છે.

ઉંધાઇ તો એ છે કે વધુમાં વધુ કેટલી રકમ હોવી જોઇએ એજ જ્યાં ગુન્હેગારી લેવાનું વ્યાજબી ઠરતું હોય ત્યાં નક્કી કરવાનું હોય. પણ આ તો ઓછામાં ઓછી કેટલી રકમ કઢાવવી એ માટે નિયમ ઘડે છે. જ્યાં વધુમાં વધુ કેટલી રકમ હોવી જોઇએ એનો આંક બાંધવામાં ન આવ્યો હોય ત્યાં એ હજારો અને લાખો સુધીની પણ કલ્પી શકાય, એટલુંજ નહિ પણ તે પ્રમાણે કાઉન્સીલ અમલ કરી શકે. આ વસ્તુ અત્યંત હાનીકારક છે.

આ કાયદાની ચોપડીમાં જે કાંઇ 'ગુન્હેગારી' હોય છે તે બધી 'સરકાર સાહેબી'જ ઠરાવવામાં આવી છે. 'સરકાર સાહેબ'ને ધણી ધણીઆણી છુટા થાય તેની સાથે કશી નીસ્બત નથી અને એ દરેક દ્રષ્ટિએ 'સરકાર સાહેબ'ના ક્ષેત્રની બહારની જ વાત છે.

## *મં * થ * ન*

પ્રાણિ માત્રમા માનવ જાતની મહત્તા અને વિશેષતા બુદ્ધિથી રહેલી જણાય છે.

ગુણ ધર્મથી પ્રાપ્ત થયેલો સ્વધર્મ શ્રેયસ્કર છે; અંધકારમય, આત્માને ગુંગળાવનાર ગુલામી નહિ.

મૂર્ખાઓનું સ્વર્ગ ડાહ્યાઓને દોઝક સમાન છે.

પાખંડીઓને પણ પોતાનો પાખંડ ધર્મ હોય છે; તેથી કરી ધર્મ શબ્દમાં પવિત્રતા સમાઇ જતી નથી

જે જ્ઞાન હૃદયનાં આન્તર કલેશો સમાવવા અસમર્થ છે તે માત્ર પોપટીયું, ગોખણીયું જ્ઞાન છે.

સાચી ભકિત વાણીમાં નહિ પણ હૃદયમાં રહેલી છે.

જ્ઞાનની કિંમત ધન નહિ પણ જીજ્ઞાસા છે.

જે કોઇનો દુશ્મન નથી તે સૌ કોઇનો મિત્રજ છે.

જે ભુંડાઈ કરતો નથી તે ભલોજ છે.

જે દયાળુ છે તે દેવ છે; જે દયાહીણુ છે તે દૈત્ય છે.

દયા કરતાં અહીંસા શ્રેષ્ટ છે.

અનુભવ જ્ઞાન એજ અંતઃકરણનો આરીસો છે.

જો પૈસાથી આત્મ ઉન્નતિ (મોક્ષ) પ્રાપ્ત થતી હોય, તો એ મહાન સિદ્ધિની પ્રાપ્તિ અર્થે સંયમ ગ્રહણ કરનારા સન્યાસી સાધુઓ કે તપ ધારણ કરનારા તપસ્વી યોગીઓ મૂર્ખાઓજ ઠરે.

કુદરતે પ્રાણિ માત્રનાં વર્ગીકરણ કરેલાં છે. તેથી વિશેષ ભેદ પાડવાનો મનુષ્યને અધિકાર નથી.

જેનાથી આત્મા અભડાય છે, ગુંગળાય છે એ અસ્પર્શ્ય છે.

આપણે કોઇને હલકા ગણીએ તો ઇશ્વર આપણને હલકા ગણે એમાં નવાઇ નથી.

બીજાઓ માટે ધર્મ આગ્રહી બનવા કરતાં પહેલાં પોતેજ પોતાનાં પાપથી મુકત બનો.

કુદરતને કબજે કરનાર કારીગર સાચો કલાકાર છે.

મહાન વિજયી તે છે જેણે મૃત્યુને જીત્યું છે.

જીવનની જરૂરીઆતો ઘટાડનાર કંજુસ નથી, પરંતુ બીજાને ધુતીને ધન ભેગું કરવાની પાપી વૃત્તિમાં કંજુસાઇ રહેલી છે.

વિનાશક વિજ્ઞાન કળા કહેવાય નહિ.

બુદ્ધિ અને હૃદયની એકતાના મધ્ય બીન્દુમાંથી જન્મતું વિજ્ઞાન એજ સાચી કળા છે. બુદ્ધિ વગરનું એકલું હૃદય આંધળું છે, અને હૃદય વગરની એકલી બુદ્ધિ પાંગળી છે.

ગળ્યું એટલે અમૃત અને કડવું એટલે વિષ એ માન્યતા બહુ ભુલ ભરેલી છે. અમૃત અને વિષ પરિણામ ગુણથીજ પારખી શકાય.

સત્ય કદી નાશ પામતું નથી. જે નાશ પામે છે તે સત્ય નથી.

ભોજનની અરૂચી અથવા ભુખમરાનાં કારણોએ ભુખ્યા રહેનાર ઉપવાસીને કદી ઉપવાસનું આધ્યાત્મીક ફળ મળતું નથી.

જગતના મહાન પદાર્થો મોક્ષ સુખ આગળ તૃણવત્ ગણાય છે. એવું જે મોક્ષ સુખ તે ધનથી કેમ મેળવી શકાય?

આધ્યાત્મીક સૃષ્ટિનાં સૌંદર્ય નિહાળવા માટે ચર્મ ચક્ષુઓ નકામાં છે.

મોક્ષ અને બંધ મનમાંજ છે. જ્ઞાતા અને જ્ઞાન હૃદયમાંજ છે.

શરીર જતાં છતાં સંસ્કારો જતા નથી.

ધ.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૨૦.**

"ધણી ધણીઆણી વચ્ચે કાંઇ ગંભીર તકરાર ઉત્પન્ન થાય અને જો તેઓ એક બીજાથી છુટાછેડા કરવા ઇચ્છે તો કાઉન્સીલની પ્રથમ ફરજ તેઓને સમજાવટ કરવાની છે. જો છુટા છેડા ન થાય એવું બની શકે તો બહુ સારી વાત છે અને તે માટે તેઓને સમાધાની ઉપર લાવવા લોકલ કાઉન્સીલે પોતાથી જેટલો બને તેટલો પ્રયાસ કરવો. લોકલ કાઉન્સીલની આ બાબતમાં ખંતપૂર્વકની કોશીશો વ્યર્થ જાય તો સદરહુ કાઉન્સીલ તે કેસમાં છુટાછેડા આપશે. અને તે જોડું છુટાછેડા કબુલ ન રાખે તો લોકલ કાઉન્સીલે તે કેસનું તમામ પ્રકરણ સુપ્રીમ કાઉન્સીલ તરફ મોકલવું અને સુપ્રીમ કાઉન્સીલ પણ તે જોડાંને સમાધાની ઉપર લાવવા પોતાથી બનતી કોશીશ કરશે. અને આ બાબતમાં સુપ્રીમ કાઉન્સીલની કોશીશો પણ નિષ્ફળ જાય અને જો સુપ્રીમ કાઉન્સીલની ખાત્રી થાય કે આ જોડું સુલેહ સંપથી સાથે રહી શકે તેવો સંભવ નથી, અને જો ધણી પોતાની ઓરતને છુટાછેડા આપવા ઇચ્છતો હોય તો કાઉન્સીલે તેણીને આપવાની રકમ મુકરર કરવી અને જો ધણી સદરહુ રકમ આપવા ના પાડે તો કાઉન્સીલ તે ધણીને સજા કરીને તે રકમ ઓરતને અપાવશે. અને જો ઓરત સદરહુ રકમ લેવાની ના પાડે તો તે રકમ ધણી પાસેથી વસુલ કરીને કાઉન્સીલમાં અનામત તરીકે રાખવી અને ધણીને છુટો કરવો. તેજ માફક જો ઓરત છુટાછેડા કરવા માગતી હોય અને તેણીએ બતાવેલાં કારણો કાઉન્સીલને વ્યાજબી લાગે તો તેણીને પગાર અગર અનામત રકમ અપાવ્યા વગર અથવા કાઉન્સીલને યોગ્ય લાગે તે બીજી કોઇ પણ રીતે કાઉન્સીલ તેણીને છુટી કરશે. એ કેસનું જે પરિણામ આવે તેના ખબર સુપ્રીમ કાઉન્સીલ લોકલ કાઉન્સીલને વખતસર આપશે. છુટાછેડા આપવા માટે વધુમાં વધુ બે વરસ કરતાં વધારે સમય પસાર થવા દેવો નહિ. જો ધણી તથા ધણીઆણી બન્નેને સમાધાની ઉપર લાવી શકાય નહિ તો તેઓને છુટાછેડા આપી દેવા. જો હરકોઇ એક પક્ષ તકસીરવાન છે એવું કાઉન્સીલને માલુમ પડે તો સદરહુ પક્ષ પાસેથી રૂા. ૨૫) કરતાં ઓછી નહિ તેટલી સરકાર સાહેબી ગુનેગારી લઇ શકાશે."

આ એક કલમમાં અનેક જુદા જુદા મુદ્દાઓનો ખીચડો છે.

સૌથી પહેલાં આ કલમમાં કોઇ પણ ધણી ધણીઆણી છુટાછેડા ન કરે અને સલાહ સંપથી રહે એ માટે કાઉન્સીલની ખાસ ઇન્તેજારી દેખાઇ આવે છે. કેમ જાણે છુટાછેડા થાય એ ખ્યાલજ કાઉન્સીલને નાખુશ કરી દેતો હોય. આની પહેલાંજ આવી ગયેલી કલમ ૧૧૯માં જે ક્રુરતાથી અને જબરજસ્તીથી પતિ પત્નીની ઇચ્છાનીએ અવગણના કરીને તેઓની જાત સાથે જરાએ નીસ્બત ન ધરાવતા એવા ઇસ્માઇલી ધર્મની ખાતર તાત્કાલીક છુટાછેડા થઇ ગયેલા જાહેર કરવાનું કાઉન્સીલે પસંદ કર્યું છે એ પછી કાઉન્સીલની આ સુલેહ સંપની ઇન્તેજારી આપણી એક વધુ ક્રુર મશ્કરીજ ઠરે છે.

આ કલમની શરૂઆતમાંજ એમ ઠરાવવામાં આવ્યું છે કે ધણી ધણીઆણી બન્ને એક બીજાથી છુટાછેડા કરવા ઇચ્છે તોજ કાઉન્સીલે પોતાની વિધવિધ ફરજ વિધવિધ રીતે બજાવવાની રહે છે. આ મુખ્ય મુદ્દાનેજ આ કલમના પાછલા ભાગમાં વીસરી જઇ અનેક શીરસ્તાઓ નકકી કરી ભુલ ઉપર ભુલ કરવામાં આવી છે. "લોકલ કાઉન્સીલની આ બાબતમાં ખંતપૂર્વકની કોશીશો વ્યર્થ જાય તો સદરહુ કાઉન્સીલ તે કેસમાં છુટાછેડા આપશે." આંહી સુધી મુખ્ય મુદ્દો જળવાઇ રહ્યો છે અને બધું બરાબર છે. પણ આગળ ચાલતાં તુરતજ લખવામાં આવ્યું છે કે 'અને તે જોડું છુટાછેડા કબુલ ન રાખે તો' આ પરસ્પર વિરૂદ્ધ છે. ધણી ધણીઆણી બન્ને છુટાછેડા કરવા ઇચ્છે ત્યાર પછીનીજ આ બધી વાત છે; એટલે છુટાછેડા કબુલ ન રાખવાનું તેઓને કોઇ કારણજ નથી. આ અને આ પછીનાં બધાં અનુમાનો ખોટા પાયા ઉપર રચાયાં છે.

આ પછી આવે છે કાઉન્સીલની સંપૂર્ણ સરમુખત્યારી, કાઉન્સીલના હુકમને સર નમાવીને તાબે થવાની ધણી ધણીઆણી ઉપર ફરજ. "શાદીના કરારો"ના નામથી ઓળખાતા ઘાતકી દસ્તાવેજોથી વર કન્યાના કાંડા કાપતી વખતે કલમ ૧૧૯ની સાથે કલમ ૧૨૦નું બંધન લખાવી લેવામાં આવે છે. તેનું કારણ આ કે કાઉન્સીલ છુટાછેડા માટેની પણ બધી સત્તા પોતાને હાથ રાખવા ચાહે છે, અને એ સંબંધમાં તેનો ફેંસલો બન્ને પક્ષને કાયદેસર બંધનકારક બને છે.

એક બીજાથી છુટા થવા ઇચ્છતા દંપતી કઇ શરતે છુટા થવા માગે એ તેઓ પોતેજ નકકી કરે અને કાઉન્સીલ તો માત્ર એ બન્ને વચ્ચે થયેલ શરતોની સાક્ષીરૂપ રહે એજ ઉચિત છે. પણ આ કલમમાં આવી કોઇ પરસ્પરની સમજુતીને માટે સ્થાનજ નથી રાખવામાં આવ્યું. બધું કાઉન્સીલની મુનસફી ઉપરજ છોડવામાં આવ્યું છે અને તે જે હુકમ કરે તેને બન્નેએ ચું કે ચાં કર્યા વગર તાબે થવાનુંજ કહેવામાં આવ્યું છે.

'ધણી પોતાની ઓરતને છુટાછેડા આપતો હોય તો' અને 'જો ઓરત છુટાછેડા કરવા માગતી હોય તો' આ શબ્દ પ્રયોગથી આ કલમનો મુખ્ય મુદ્દો માર્યો જાય છે. કેમકે એ બન્ને એક બીજાથી છુટા થવા ઇચ્છે ત્યાર પછીનીજ આ વાત છે.

'ધણી સદરહુ રકમ આપવા ના પાડે તો કાઉન્સીલ તે ધણીને સજા કરીને તે રકમ ઓરતને અપાવશે.'—આ લખીને કાઉન્સીલ પોતાની શક્તિનું પણ ભાન ભુલી જાય છે. કાઉન્સીલની સત્તા વધુમાં વધુ કોઇને નાત બહાર કરવાની છે, કોઇના ઘર ઉપર જપ્તી લઇ જવાની નહિજ. તો પછી કઇ બીજી 'સજા' કરીને કાઉન્સીલ એ 'રકમ' ઓરતને અપાવી શકવાની હતી?

આ પછી આવે છે અન્યાયની અવધી. ધણીઆણીએ બતાવેલા કારણો (છુટા થવાના) કાઉન્સીલને વ્યાજબી લાગે તો પણ કાઉન્સીલ તેણીને કાંઇ પગાર કે અનામત રકમ અપાવ્યા વગર છુટાછેડા કરે. આનો અર્થ તો એટલોજ કે જાણી બુઝીને સ્ત્રીને અન્યાય કરવામાં આવે છે.

આ કલમનું બધું તારતમ્ય તો તેના છેલ્લા ભાગમાં સમાયેલું છે, રૂા. ૨૫) કરતાં ઓછી નહિ તેવી ગુન્હેગારી લેવામાં. એક

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૫૫.)

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

પનોતા પગલાં !

છુટક નકલ ત્રણ પૈસા.

Regd. No. B. 3114.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા.૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૩૩ : ઓકટોબર ૧૦ : ૧૯૩૩
સંવત ૧૯૮૯ ના આસો વદ ૭ : મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી

## આજના અંકની સામગ્રી.

પનોતા પગલાં !

બહુરૂપી બઝાર.

મૈલાઘેલા મોંઘીબાઇ.

ઇશનાઅશરી યુવકોને અપીલ.

સપ્તાહનો સાર.

વેપાર સમાચાર.

ફાઝલભાઇ મીલ્સ

કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક ?

# ધર્મ અધર્મ !

પ્રધાનપદના લોભથી તો શું પણ સંસારમાં કોઇપણ પદાર્થના લોભથી અથવા રાજા કે માતાપિતા કે દેશ કે કોઇને પણ પ્રસન્ન કરવાના લોભથી જે માતાપિતા પુત્રીનું વિવાહમાં દાન કરે છે તેમનો અપત્યસ્નેહ શૂન્ય ગણવો અને તેમણે પુત્રી પ્રતિના પોતાના ધર્મમાં ધુળ ભેળવી સમજવી! પુત્રીનું દાન કરતાં પુત્રીના સ્વાર્થ વિના બીજો સ્વાર્થ કે બીજો લોભ રાખે છે તે માતાપિતા રૂપે શત્રુ જ સમજવાં ! તેવા પિતાને માથે માલતીના જેવા નિઃશ્વાસ ભમ્યાં કરે છે ને કહે છે કે—'એ પિતા ! તમને અન્યનું આરાધન પ્રિય છે—તમારી પુત્રી પ્રિય નથી.'

* * * * *

"એક જણની પ્રતિ ધર્મ કરવાને માટે બીજાની પ્રતિ અધર્મ કરવો પડે ત્યારે એમ જ સમજવું કે જેને આપણે ધર્મ ગણીએ છીએ તે અધર્મ જ છે! માતા પિતા કે દેશ કે લોક સમસ્ત–સર્વના કલ્યાણ કરતાં પણ એક ન્હાના સરખા આપણા બાળક પ્રતિનો આપણો ધર્મ ન્હાનો છે એવી બુદ્ધિ દુષિત છે. સામા મનુષ્યોની સંખ્યાથી કે તેમના ગૌરવથી તેમના પ્રતિના ધર્મ મપાતા નથી! સર્વ લોકના કલ્યાણને માટે પણ અસત્ય બોલવું પડે કે ચોરી કરવી પડે તો તે કરવું અધર્મ મટી ધર્મરૂપ થતું નથી. ધર્મનું આચરણ કરવામાં અથવા અધર્મથી દૂર રહેવામાં પ્રાણી માત્રનો સંહાર વળી જતો હોય તો તે થવા દેવો એ જ ધર્મ છે."

—સ્વ. ગો. મા. ત્રિપાઠી.

("સરસ્વતીચંદ્ર" માંથી.)

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૦–૧૦–૩૩.


## પનોતા પગલાં !

ના. આગાખાન આવે છે. તેમણે પોતાની પેસેજ–ટીકીટ–કઢાવી લીધી છે. તે પહેલી ડીસેમ્બરે રવાના થશે અને તેરમી ડીસેમ્બરે તેઓ મુંબઇ ઉતરશે.

સારાયે યુરોપખંડમાં વિલાસક્રીડા માટે ખ્યાતિ પામેલા ફ્રાન્સ દેશમાં એવણ નામદારનો હાલ વસવાટ છે, અને મોટે ભાગે તેઓ ત્યાંજ રહે છે. એવા રળીયામણા અને સગવડભર્યા પ્રદેશને થોડા વખત માટે પણ ત્યાગી ના. આગાખાન હિન્દ જેવા કંગાલ અને ગરમ પ્રદેશમાં પધારે છે.

આપણે અજ્ઞાન ખોજાઓ મોઢામાં આંગળી નાખી તાજુબીથી સાંભળી રહીએ એવા ચિત્રવિચિત્ર અને આંટીઘુંટીવાળા નામના કોઇ શહેરથી, કોઇ ગામડાથી ના. આગાખાને કરેલા તાર 'ઇસ્માઇલી' કે 'આફતાબ' માં આપણે ઘણાને વાંચતા જોઇએ છીએ. એ તારોમાં ના. આગાખાનની કૃપાવૃષ્ટિ, પ્રેમવૃષ્ટિ આપણને ભીંજવી દયે છે. "મારાં વ્હાલાં રૂહાની બચ્ચાંઓ! દિવસ રાત હું તમારી ચિંતા કરૂં છું.", "હિન્દના મારા સર્વ બચ્ચાંઓને દુઆ આશીષ ફરમાવું છું.", "મ્હેમાનીથી ઘણો પ્રસન્ન થયો. પિતા તરીકેના મારા ઉત્તમ દુઆ આશીષ ફરમાવું છું.", " સોનબાઇને કહો કે કાળા રૂઠા મારી પાસે છે.", —આવા ભાતભાતના તારો અઠવાડીયું થાય છે ને 'ઇસ્માઇલી' પ્રગટ કરે છે, પખવાડીયું થાય છે ને 'આફતાબ' પ્રગટ કરે છે. આપણી દિવસ રાત ચિંતા કરનારનો આપણા ઉપર પ્રેમ ઉભરાઇ ગયો છે અને હવે એ પ્રેમનાં આપણને સ્નાન કરાવવા તેઓશ્રી ખુદ જાતે પોતાનાં પનોતા પગલાં હિન્દની ભૂમિ ઉપર મુકવા તૈયારી કરી રહયા છે!

હિન્દમાં જન્મવાના અકસ્માતનો લાભ લઇ ના. આગાખાન પોતાને હિન્દી કહેવરાવે છે. પણ તેઓને હિન્દમાં રહેવું ગમતું નથી એટલે કાયમ ખાતે તેઓ યુરોપનેજ પોતાનું ઘર કરી રહ્યા છે. થોડા થોડા વર્ષોને ગાળે થોડા દિવસ એઓ હિન્દમાં વીતાવી જાય છે, 'રૂહાની બચ્ચાંઓને' થાબડી જાય છે અને પાછા યુરોપ ભણી પગલાં માંડે છે.

સત્કારની ભાવના પાછળ ખુવાર થનાર અનેક અટંકીઓ આપણી ભૂમિએ જોયા છે. એ ખુવાર થનારાઓમાં એ ભાવના સૌથી વધુ જ્વલંત હોય છે, નહિ કે બીજી બધી ભાવનાઓ અને શક્તિઓનો તેઓમાં સર્વથા અભાવ હોય છે. ના. આગાખાનના વડવાઓને આપણા વડવાઓએ સત્કાર કર્યો, તેઓની ખાતર એમણે પોતાની પુંજીના ભાગ એમને પાડી દીધા. આમ છતાં સત્કારના જોડીઆ સંસ્કારો આપણામાં ન આવ્યા. આપણે મૂર્ખ રહ્યા, અજ્ઞાન બન્યા, અંધશ્રદ્ધાળુ થયા. પરિણામે કેટકેટલી રાજરમત, કેટકેટલા કાવાદાવા, કેટકેટલી જહાંગીરીના આપણે ભોગ બન્યા. એ બધા ઉપર આપણાજ ભાઇઓના વિશ્વાસઘાત, સ્વાર્થાંધતા અને દુષ્ટતાનાં પાપ આપણે માથે લદાણાં. આ પાયા ઉપર થએલું ચણતર આજે આપણે જોઇ શકીએ છીએ, અનુભવી શકીએ છીએ.

ના. આગાખાન હિન્દ આવે છે. શા માટે? કયું મહત્વનું કાર્ય આજે આંહી તેમના વિના પડયું રહ્યું છે કે એમને એ ખુબસુરત પ્રદેશનો ત્યાગ કરવો પડે છે? હિન્દના રાજકારણને નામદારની કાંઇ જરૂર નથી. ગોળમેજી પરિષદોમાં તેઓએ કેવો ભાગ ભજવ્યો છે તે હિન્દથી અજાણ નથી અને હિન્દ તે કદીપણ ભુલશે નહી. હિન્દની ધાર્મિક કે સામાજિક કોઇ સંસ્થાએ એમને નોતર્યા નથી.

ના. આગાખાન હિન્દ આવે છે. બીજા કોઇ માટે નહી તો આપણા માટે.

આંહી આવી તે આપણું શું ભલું કરવાના છે? પોતાના લોખંડી પકડમાંથી આપણને શું તે મુક્ત કરવાના છે? આપણા ઉપરના ભાતભાતના અને જાતજાતના વેરા અને 'લેણાં' એ શું રદ કરનારા છે? કોમની વધતી જતી કંગાલીઅતને શું એ નામદાર ફેડવા આંહી આવે છે? બેકાર બની ગયેલા આપણા ભાઇઓને તેઓ ધંધો અને રોટી આપવા માગે છે? કે કેળવણીમાં અત્યંત પછાત આપણી કોમને માટે એ કાંઇ રસ્તો કાઢવા ધારે છે?

ના, ના. એવું તો કાંઇ કરવા એ નામદારની ઇચ્છા નથી. આપણા એ સરતાજ છે; આપણા એ રાહબર છે; આપણા એ ઉધ્ધારક ભગવાન છે; એ બધું ખરૂં. છતાં એ નામદાર જે સરના તાજ થવા માગે છે એ સરમાં જરા જેટલીએ બુધ્ધિ મુકવા નથી માગતા; જે કોમના એ રાહબર છે એ કોમને કોઇ ઉન્નતિના રાહ તરફ દોરવાની તેમની ઇચ્છા નથી; અને જેના એ ઉધ્ધારક છે, જેના એ ખુદા છે, દશમો નકલંકી અવતાર છે એ માનવસમુહનો જરા જેટલોય ઉધ્ધાર કરવાની, ખુદાઇ ગુણોમાંથી કોઇ ગુણ એ કોમને બક્ષીને તેને આત્મભાન કરાવવાની એ નામદારને જરૂર નથી જણાતી.

ત્યારે નામદાર આવે છે શા માટે? આપણા માટે આવે છે એ સાવ સાચું છે. પણ આપણા ઉપરની તેમની પ્રીતિ ઉભરાઇ ગઇ છે માટે આવે છે તેમ તો નહિજ. કાં તો એ પોતાની જાગીર બરાબર સલામત છે કે નહિ, પોતે એના માથે કેટલો આધાર રાખવો, એ બધું તપાસવા આવે છે; અને કાં તો અતુલ આસાનીથી ધનનો ઢગલો એકઠો કરવાના કીમીયાએ તેમને લલચાવ્યા છે. આપણી સ્થિતિ જોતાં, ભાંગી ગએલા ધંધા રોજગાર ધ્યાનમાં લેતાં અને બેકારીનું વધતું જતું પ્રમાણ નજરમાં રાખતાં આપણે તો જરૂર એવું અનુમાન કરીએ કે ધનપ્રાપ્તિની આશા નામદારે આ વખતે નહિ રાખી હોય. પણ આપણને આપણી સ્થિતિનું જેટલું ચોકખું ભાન છે અને એ ઉપર આપણે જેટલો મદાર બાંધીએ છીએ તેથી વધુ નામદારને આપણી આંધળી ભક્તિનું જ્ઞાન છે અને તેના ઉપર એ નામદાર મદાર બાંધે એમાં નવાઇ નથી.

નામદાર આંહી આવીને આપણું કોઇ ભલું કરવાના નથી. તેમના આવવાથી આપણને રજ માત્ર લાભ નથી. બલકે તેમનું આગમન આપણી ગરીબીમાં, આપણી અંધશ્રદ્ધામાં અને આપણી પામરતામાં ખુબ વધારો કરનારૂં છે. સેંકડો હજારો ભાવિક ભક્તો અને ભક્તાણીઓ એ નામદારની પાછળ દોડશે. હજારો રૂપીયા એ મુંબઇ જાય તો મુંબઇ, રાજકોટ જાય તો રાજકોટ, અહમદનગર જાય તો ત્યાં અને જામનગર જાય તો ત્યાં તેની પાછળ દોડવામાં, રેલ્વે ભાડામાં, ખાધા ખર્ચમાં અને મુસાફરીના બીજા ખર્ચમાં ફના થઇ જશે. હજારો લાખો રૂપીયા એ કલીયુગના કૃષ્ણને ચરણે ધરવામાં આવશે. મેળાઓ થશે, માણસો ઉમટશે; અને આપણા ઉપરનું બાળકો ઉપાડી જવાનું જુઠું આળ ફરીને યાદ કરવાનું લોકોને મન થશે. અને એ નામદાર જ્યારે થોડાં અઠવાડીયાં રહી વિદાય લેશે ત્યારે આ બધાના પ્રત્યાઘાત રૂપે આપણે વધુ કંગાલ બન્યા હશું, વધુ મૂર્ખ અને વધુ પામર ઠર્યા હશું.

અમે અમારો ચોકખો વિરોધ જાહેર કરીએ છીએ. નામદાર આગાખાનની પધરામણીની આંહી કાંઇ જરૂર નથી, એ પધરામણી કોમને વધુ કંગાલ બનાવ્યા શિવાય કાંઇ સારૂં કરવાની નથી. નામદાર આગાખાન યુરોપની ભૂમિ ઉપર ભલે રમણ કર્યા કરે; તેઓએ આંહી આવવાની જરાયે તકલીફ લેવી નહિ.

આ વિરોધને મૂર્ત સ્વરૂપ આપવું જોઇએ, એ માટે બની શકે તેટલું બધું પ્રચારકાર્ય કરવું જોઇએ, અને નામદાર હિન્દ આવવા સ્ટીમર ઉપર પગ મુકે તે પહેલાં આપણો વિરોધ આપણે તેમને જણાવી દેવો જોઇએ.

# બહુરૂપી બઝાર.

**દીકરો:** બાપા ! આપણે દેશી રાજ્યમાં રહીએ છીએ અને દરબારી વસ્તીને વળી સરકારી દાદ શેની હશે ? કાસમભાઇ કુરજીભાઇને કહેતા હતા કે સરકારી દાદ દીધા વિના કામ ઉકલશે નહિ.

**બાપ** (મુખી): છોકરા, હળવો બોલ્ય ! દુનિયા સાંભળે એમાં આપણી ને નાતની અપકીર્તિ થાય. ઇ તો નાતના ધારા ને કાઉન્સીલના કાયદાજ એવા છે. સરકારી દાદ નહિ પણ સરકાર સાહેબી દાદ.

**દીકરો:** ત્યારે એમ ચોકખુંજ કહોને કે દાદ નહિ પણ **લકકડદાન.**

*　　　*　　　*

**પુત્ર:** બાપા ! તમે કાલે બચ્ચી બ્હેન બહુજ રડતી હતી તો પણ પૈસો આપ્યો નહિ; ને રાતે તો ઝડપ લઇ પાંચ પૈસા એક છાંટાના નાખી દીધા. અમે તો માગીએ ત્યારે રોવરાવીને એક પૈસો પણ આપતા નથી. ઇ છાંટાથી શું થાય ?

**પિતા:** છાંટામાં તું સમજ નહિ. ઇ તો આખા ઘરનો છાંટો હતો. પાપ ધોવાઇ જાય. માળો મૂર્ખો-બયમાન !

**પુત્ર:** પણ ઇ પાણી તો આપણા ઘરનું હતું ! બચ્ચી બ્હેનજ સાંજે પાણીનું બેડું નાખી આવી હતી. જો પાણીના છાંટાથીજ પાપ ધોવાતા હોય તો બીચારી બચ્ચી બ્હેનને એ પૈસા આપી એ બેડાં પાણી મંગાવી આપણે આખું ઘર ધરેજ નાહી લેતા હોઇએ તો શું ખોટું? તમેજ કહેતા હતાને કે કરેલ પાપો તો ભોગવ્યેજ છુટકો ?

*　　　*　　　*

**મીશનરી:** આત્મ કલ્યાણ સાધવા જેવી એક પણ ઉત્તમ વસ્તુ દુનિયામાં નથી.

**શ્રોતામાંહેનો એક:** ત્યારે સાહેબ, આપ કેમ દરરોજ માલ મલીદા ઉડાવી શરીરનું કલ્યાણ સાધો છો ?

"ગુપ્ત."

# મૌલાઘેલા મોંઘીબાઈ.

લેખિકા : **શ્રીમતિ ખતીજા હાશમ સવાણી.**

કોઇ પણ પોલ પંથની પોકળતા હંમેશાં તેની આંધળી ભક્તિ કરનાર અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ સ્ત્રીઓજ ટકાવી રાખે છે. આપણી માતાઓએ, બ્હેનોએ અને પુત્રીઓએ આ ધર્માન્ધતાનાં ઝેર ખોબે ખોબે પીધાં છે. એ વિષના નશા ઉપરજ આજે આ આખોય પંથ નભી રહ્યો છે. એવા આ સંજોગો વચ્ચે એક બ્હેનની એક નાનકડી વાર્તા આંહી પ્રસિદ્ધ કરતાં અમને અતિ આનંદ થાય છે.

એ વાર્તા કોઇ સાક્ષરની નવલિકા નથી; લેખિકાનો કે અમારો એ દાવો નથી. આમ છતાં આ વાર્તામાં કોઇ અસ્વાભાવિકતા નથી. એ બ્હેનનો આ પહેલોજ પ્રયત્ન છતાં રસની જમાવટ સરસ થઇ છે, અને સ્ત્રી જાતીને સહજ સુલભ એવા પ્રસંગોનો એમાં તાદ્રષ્ય ચિતાર છે.

એકે એક વાંચકને અમારી વિનંતિ છે કે સ્ત્રીઓમાં જડ ઘાલી બેઠેલી ધર્માન્ધતાને દૂર કરવા આવી નાની નાની વાર્તાઓ ઘરના સ્ત્રી વર્ગને સંભળાવો. આ વાર્તા પ્રગટ કરવામાં આ પણ એક મુખ્ય ઉદ્દેશ છે.

કોઇ કોઇ સ્થળે ચિન્હો સુધારવા અને પેરેગ્રાફ પાડવા શિવાય અસલ સ્વરૂપમાંજ આ વાર્તાને આંહી મુકવામાં આવી છે.

---

નુરમામદ ને મોંઘીબાઇ તે બન્ને પતિ પત્ની હતાં. નુરમામદભાઇને ઘરે જાજા વર્ષે એક પુત્ર થયો. તેનું નામ જાનમામદ પાડયું.

નુરમામદભાઇ ગરીબ હતા, ને જેમ તેમ કરી ગુજરાન ચલાવતા. મોંઘીબાઇ બહુ ખાનાત[1] હતા. સાંજ પડે કે ખાને દોડે. જાનમામદ બાર તેર વરસનો થયો ને બાપને મદદ કરવા મંડયો. બાપ દિકરો આખો દિવસ ડાળીયા શેકે ને ઘરનું ગુજરાન ચલાવે મોંઘીબાઇને તો ભલું ખાનું ને ભલા પોતે. સાંજ પડે કે રાંધ્યું નો રાંધ્યું, ખીચડી ઓરી નો ઓરી કે સુખરત લઇ એકદમ ખાને જાય. કારણ કે મોડું કામ કરાવેલ હતું; જો મોડું થાય તો બંદગીમાં ખામી આવે.

રાતના નવ વાગ્યે નુરમામદભાઇ ને તેનો પુત્ર જાનમામદ થાકયા પાકયા ઘરે આવ્યા. ડેલી સામું જુવે ત્યાં તો ડેલીએ તાળું. બીચારા થાકયા પાકયા કયાં જાય ? ડેલીએ બેઠા.

"જાનમામદ, દસ વાગ્યા તોય તારી બા નો આવી. હવે તો ઉંઘ આવે છે."

ત્યાં તો મોંઘીબાઇ મલપતા મલપતા આવતા દેખાયા.

"બા, હવે તો તાળું ઉઘાડ. આજ તો બહુ મોડું થયું, ઉંઘ આવે છે; જ્યાંત્યાંથી જમીને સુઇ જઇએ."

"હજી તો સાડા દસ થયા છે ત્યાં બહુ મોડું થયું છે ? કાં કે તું પણ તારા બાપની જેમ બોલતાં શીખતો જા'છ ! એક તો તારે ખાને જાવું નહિ ને બીજાને જાવા દેવા નહિ ; કાંઇક ખાને જાઇએ ને કાંઇ બંદગી કરીએ તો પાપમાંથી છુટીએ તો અમરાપુરી તો મળે ! મારી ભુખ તમારી જેમ વ્યાધિ કરે! ખાને જાઇએ ને માબાપ સુલતાનનું નામ લઇને સુખે તરી નો જાઇએ ?"

એમ પપડતાં પપડતાં મોંઘીબાઇએ વાળુ[2] કાઢયું. વાળુમાં બળી ગયેલી ખીચડી ને દુણાઇ ગયેલું શાક. તેમાં બીચારા શું ખાય ? અરધા ભુખ્યા ને અરધા તરસ્યા ઉઠી ગયા.

નુરમામદભાઇ કહેઃ "હવે તો દીકરાને પરણાવીએ ને વહુ સારી આવે તો ધરાઇને ખાઇએ."

ત્યાં મોંઘીબાઇ બોલ્યા : "હા, હા. જાવ, રસ્તામાં પડી છે તે લઇ આવો."

નુરમામદભાઇ બોલ્યા : "નશીબમાં હશે તો લઇ આવશું."

મોંઘીબાઇ બોલ્યા : ન જોયા હોય તો તમારા નશીબ! ન કોઇ દિવસ ખાને જાવું કે ન કોઇ દિવસ તશબી કાઢવી."

"તું ખાને જા'છ તે બસ મારે કાંઇ તશબી કાઢવાની જરૂર નથી."

"હું તો જાઉંને ! હું શું કામ પાપમાં પડી રહું ?"

આમ રોજ ચાલ્યા કરતું હતું.

નુરમામદભાઇ ઉમરલાયક હતા. એ દિવસ તાવ આવ્યો ને નુરમામદભાઇ મરી ગયા. પિતાને મરી ગયે બે માસ થયા ત્યાં પુત્ર જાનમામદનું હાર્ટફેલ[3] થયું ને તે પણ મરી ગયો.

હવે મોંઘીબાઇ એકલા રહ્યા. કાંઇક પતિ ને પુત્ર જીવતાં મોંઘીબાઇએ ખાનામાં આપી દીધું હતું ; પછી પતિ ને પુત્ર મરી ગયા પછી મોંઘીબાઇ સરબંધી[4] થઇ ગયા. 'હવે તે મારે શું કરવું છે ? ' કહી બે ગોદડાં ને બે ત્રણ ઠામડાં રાખ્યાં ને બીજું બધું ખાનામાં દઇ દીધું. કયારેક રાંધે ને કયારેક ખાનેથી નાંદી લ્યે. ખાઇને કાં ખાનામાં કાં ઘરે સુઇ રહે.

તેમાં મોંઘીબાઇ માંદા પડયા. દિવસે દિવસે મંદવાડ વધ્યો. કાંઇક પાંચ રૂપીયા હતા તે નાંદી લઇને ખલાસ થઇ ગયા. હવે શું ખાવું ને શું પીવું ? ખાને ધીમે ધીમે જાય; કયારેક નો જાય.

એક વાર મોંઘીબાઇ ધીમે ધીમે ખાને પુગ્યા. ભુખ્યા ને તરસ્યા 'મૌલા !'. કરીને બેઠા. ધુવા પડાઇ રહી. નાંયાજ પીવાઇ રહ્યું. ખોજા બધા ઉઠી સહુ સહુને માર્ગે ચાલ્યા ગયા. પણ મોંઘીબાઇ નો ઉઠયા.

ત્યાં જમાતભાઇ કહે : "કેમ મોંઘીબાઇ હજી નથી ઉઠતા?"

"અભરામભાઇ, આજ તો હું થાકી ગઇ છું, ને જુલાબ થઇ ગયા છે. એટલે આંહી સુઇ રહીશ."

---

૧. ખાનામાં શ્રદ્ધા રાખનારા. ૨. રાત્રિ ભોજન. ૩. હૃદય બંધ પડી જવું. ૪. ચુકતે માલ મીલ્કત ખાનામાં આપી દઇ પહેરેલ લુગડાં શિવાય કાંઇ ન રાખવું તે.

# ઇશનાઅશરી યુવકોને અપીલ.

લેખક : **શ્રી. અકબરઅલી અલીભાઇ જામનગરી.**

[ ઇશનાઅશરી ભાઇનો આ લેખ અમે સહર્ષ પ્રગટ કરીએ છીએ. અત્યારે એકે એક સમાજ કાર્યસાધક સુધારા માગી રહ્યો છે. ઇશનાઅશરી ભાઇઓએ પણ કેટલાય સુધારા કરવાના છે. તેમાંના ઘણા તરફ લેખકે આ લેખમાં ધ્યાન ખેંચ્યું છે. પણ એક બે અગત્યની વાત તેમાં રહી ગઇ છે. ખાસ કરીને ખોજા કોમના થયેલ ભાગલા નાબુદ કરી ફરી એકતા સ્થાપવાની અત્યંત જરૂર છે. એક બાપના બે દીકરાઓ વચ્ચે વિના કારણ સામાજિક અલગાપણું રાખવું ભૂલભરેલું છે. બીજી વાતઃ ઇશનાઅશરી બ્હેનોમાં જે પાકા પરદાનો રીવાજ છે તે હવે તાત્કાલિક સુધારો માગે છે. સ્ત્રી જાતીને પ્રકાશ અને દુનિયાની હવાથી વંચિત રાખી આપણું અર્ધું અંગ આપણે ખોટું કરી નાખીએ છીએ. એ કુરૂઢીને હવે દફનજ કરી દેવી જોઇએ.]

પ્રિય યુવક બન્ધુ,

તું કયાં સુધી નિદ્રાવશ સ્થિતિ સેવીશ ? તારૂં મોડું જાગવું પસ્તાવારૂપ થશે; માટે ઉતાવળે ઉંઘ ઉડાડીને જો કે જગત સમસ્તના યુવકો કયારનાએ જાગૃત થઇ પોતાની સમાજનો ઉદ્ધાર કરવા અનેક સંકટો સહીને અગ્રપદે ઉભા છે

આજના સુધારા તરફ આગળ વધ્યે જતા જગતમાંનો તું પણ યુવક છે, અને તારી ફરજ તારી પડોશના યુવકોથી કંઇ ઓછી નથી તે શું તું ભુલી ગયો છે ? તું જોઇ શકીશ કે ભાઇબંધ સમાજનો યુવક વર્ગ સમાજ અને રાષ્ટ્ર સેવામાં જમીન આસમાન એક કરવા વ્યવહારૂ તનતોડ કોશીશો કરી રહ્યો છે. એવા પ્રવૃત્તિમય પાડોશી વાતાવરણમાં તારી ઉછરણ છતાં તારા જુવાનીના ઉછળતા લોહીમાં સમાજને તારી સેવાની અણીને સમયે વ્યાપેલી શિથીલતા શરમભરેલી નથી ?

વ્હાલા યુવક, જનસમૂહમાં આધૂનિક વિકસેલી કેળવણીની સરખામણીએ તારો સમાજ કેટલો પછાત છે ? તારા સમાજમાં આજ કેટલા અહવાડીકો અને માસીકો નીકળે છે ? તારી સમાજમાં આજ કેટલી બેકારી પ્રવર્તી રહી છે ? આજે તારી સમાજના બની બેઠેલા સરમુખત્યારો ગરીબોને કેટલા દબાવી રહ્યા છે ? આ બધા સળગતા પ્રશ્નો ઉપર તેં કદી વિચાર કર્યો છે ?

પ્રિય બન્ધુ, તું ઘણું ઉંઘ્યો, હવે જાગ; અને ભાઇબંધ સમાજના યુવકોની પેઠે તું પણ તારી સમાજની સેવા કરવા તૈયાર થા. તુંને પણ લાજીમ છે કે તારી કોમમાંથી સામાજિક સડાઓ અને હાનીકારક રૂઢીઓને રૂસખત દેવા, ઠેરઠેર વ્યાપેલા કુસંપથી છીન્ન ભીન્ન થઇ રીબાતી સમાજને ઉગારવા, સામાજિક બંધારણો ઘડી સંપ અને સંગઠન કેળવી કેળવણીનો પ્રચાર કરી કેળવણીની પછાત સ્થિતિ સુધારવા, કન્યાવિક્રયના પ્રસરતા જતા ચેપને દૂર કરવા, મોટપ અને માનના ઘેલા આગેવાનોની આપ-ખુદીની જંઝીરો તોડી તારા કાર્ય માટે તત્પર બન. જો તું અત્યારે નિર્માલ્યતાથી આળસાઇમાં તારી ફરજોને ભુલીશ તો યાદ રાખજે કે તારા સમયના યુવકોના ઇતિહાસમાં તારૂં નામ કાળા અક્ષરે લખાશે.

હજુ મોડું થવા પહેલાં તારી ફરજ બજાવવા મેદાનમાં પડ અને તારા શૌર્યને બતાવ. તારી પ્રવૃત્તિની વચ્ચે આવનારને નીડરતાપૂર્વક સંભળાવી આપ કે "અમો યુવકો પૂર્ણપણે નિર્ભયતાથી, પૂર્ણ સ્વતંત્રતાથી બધી વાતોને વિચારીએ, ચર્ચીએ અને ફેંસલા પણ કરીએ; આ અમારા હક્ક છે."

ઇલાહી ! મારા યુવક બન્ધુઓને તેની ફરજોનું પુરેપુરૂં ભાન કરાવ ! આમીન.

---

અભરામભાઇ કહેઃ "તમારે ઘરે જાવ. આંહી તમારી ચાકરી કોણ કરતું' તું ? જાવ છો કે નહિ ? કે માવજીભાઇ મુખીને કહું ?"

"બાપુ, હું તો અત્યારે નહિ જાઉં. સવારે જઇશ."

"લ્યો ત્યારે માવજીભાઇ મુખીને બોલાવું. એ, માવજીભાઇ ! આંહી આવો. જુઓ આ મોંઘીબાઇ આ ખાનું અપવિત્ર કરે છે. એનું શરીર ગંધાય છે, ને જુલાબ થઇ ગયા છે."

ત્યાં માવજીભાઇ મુખી બોલ્યા : "મોંઘીબાઇ, બહાર નીકળો. ધરમનું ઠેકાણું અપવિત્ર કરો છો ને બીજાને માંદા પાડો છો. નીકળ જટ, નીકળ જટ."

"ના, બાપુ. અત્યારે આંહી સુઇ રહેવા દયો."

"બાપુવાળી થા મા ને !" એમ કહી તેને હાથ જાલી બહાર કાઢી.

"એ ભાઇ ! ખુદા વાસ્તે સુઇ રહેવા દયોને !" એમ કહી તે અંદર આવવા માંડી.

"ખુદાવાળી થા મા ને" તેમ કહી માવજીભાઇ મુખીએ ધક્કો માર્યો. તે જમીન ઉપર પડી ગઇ. બેશુદ્ધિમાં એક બે કલાક ત્યાં ને ત્યાં પડી રહી. શુદ્ધ આવી એટલે બેઠી થઇ. "એ, કોઇ મારે ઘરે લઇ જાવ ! એ, કોઇ મારે ઘરે લઇ જાવ !" તેમ રાડયું નાખવા માંડી. કોઇ વટેમાર્ગુ નીકળ્યો તે મોંઘીબાઇને ઘરે મુકી આવ્યો.

હવે મોંઘીબાઇ ઘડી બે ઘડી થઇ રહ્યા હતા. ખાટલામાં સન્ડાસ ને ખાટલામાં પેશાબ, એવી હાલતમાં પડયા'તા. કોઇ પાસે આવે કે જાય નહિ. ન પાસે આવ્યા આગાખાન કે ન પાસે આવ્યો ધરમ કે ન સાથે આવ્યું ખાનું. પછી મોંઘીબાઇને પસ્તાવો થયો કે 'અરે, અલ્લા ! કોક દિ' પતિને કે પુત્રને સારૂં રાંધીને નો ખવરાવ્યું ! આટલા માટે થઇને કે કોઇ મને બોલાવતુંય નથી ?'

ભુખની વેદનાએ ને પીડાની વેદનાએ મોંઘીબાઇ મરી ગયા. જેમ તેમ મોંઘીબાઇને દફનાવ્યા.

મોંઘીબાઇએ ધરમ કરેલું કેવું આડું આવ્યું !

# સપ્તાહનો સાર.

**શ્રી. પટેલની માંદગી:** શ્રીયુત વિઠ્ઠલભાઇ પટેલ હજી પથારી-વશ છે. ડૉકટરોના અભિપ્રાય મુજબ તેઓ મરણ સામે લડી રહ્યા છે. તેમનું જીવન અત્યારે ભયમાં છે. થોડો સુધારો થઇને ફરી દર્દ ઉથલો મારે છે અને તબીયતને વધુ બગાડે છે. તેમની સારવાર કરતા હિંદના બીજા સપુત શ્રી. સુભાષચંદ્ર બોઝ પણ ફરી માંદગીમાં પટકાઇ પડયા છે અને તેઓ પણ ડૉકટરોની સારવાર નીચે છે. એક જાતની દેશનીકાલી ભોગવતા આ બે મહામુલા રત્નોના જાન અત્યારે જોખમમાં છે.

**દામોદરલાલજી:** વૈષ્ણવોના મહારાજ દામોદરલાલજી તેના પિતા ગોવર્ધનલાલજીના અચાનક મૃત્યુ પછી ગાદી ઉપર આવશે કે કેમ તે હજી ચોક્કસ થયું નથી. ઉદેપુર રાજ્ય તેની સાથે વાટા-ઘાટ કરે છે તેવા ખબર બહાર આવ્યા છે. બીજી તરફ ઘણાં ગામોનાં વૈષ્ણવોએ દામોદરલાલજીને ગાદી ન સોંપવાનો ઠરાવ કર્યો છે. મુંબઇના એક વૈષ્ણવ આગેવાનની અરજી ઉપરથી મુંબઇની હાઇકોર્ટે મુંબઇ ખાતેની શ્રીનાથદ્વારાની મીલ્કત ઉપર સીલ લગાવી તે કબજે કરી હતી પણ પાછળથી તે સીલ ઉઠાવી લેવામાં આવ્યાં છે આજ રીતે શ્રીનાથદ્વારાની મીલ્કત ઉપર ઉદેપુર રાજ્યના સીલ લગાવવામાં આવ્યાં હતા. આમ છતાં દામોદરલાલ શ્રીનાથ-દ્વારાના ગાદીપતિ થાય એ બનવા જોગ છે. તેની નવપરણિત ગાયીકા ઓરત હંસાએ પુરૂષ વેશમાં પડાવેલો ફોટો 'પોલ પત્રિકા' માં પ્રગટ થયો છે.

**પાટીદાર સ્ત્રીની બહાદુરી:** વડોદરામાં દશેરાની સ્વારી વખતે લોકોની મેદની જામી હતી ત્યારે રાજ્યની મીલીટરીના કેટલાક લશ્કરીઓએ સ્ત્રીઓની છેડતી કરી હતી. આમાં એક પાટીદાર સ્ત્રીની છેડતી કરવામાં આવી ત્યારે તેણીએ પોતાના પગમાંથી ચંપલ કાઢી એક ગુંડાને ખુબ ફટકાવ્યો. લશ્કરીઓ ત્યાંથી નાઠા અને આગળ ચાલતાં એક ભોયણ બાઇની છેડતી કરી. તેણીએ પણ એ ગુંડાઓમાના કેટલાકને મેથીપાક ચખાડયો. છેવટે આ તોફાની-ઓને પકડીને પરેહઝ કરવામાં આવ્યા છે.

**મુંબઇના માજી ગવર્નર:** મુંબઇ શહેરની મ્યુનીસીપાલી-ટીની એક સભામાં મુંબઇના આગલા ગવર્નર લોર્ડ લોઇડની ખુબ ઝાટકણી કાઢવામાં આવી હતી. કોરપોરેશનના એક સભ્ય શ્રી જમનાદાસ મહેતાએ જણાવ્યું હતું કે 'હું તો એવી દરખાસ્ત ઇચ્છું છું કે તેને અપાયેલું માનપત્ર આપણા રેકર્ડમાંથી કાઢી નાખવું, જો કે આપણે તેને આપેલ કાસ્કેટ તે પાછું વાળે તેવો નથી. પોતે આંહી કરોડોનો ધુમાડો કર્યા પછી તે હવે આપણને વગોવવા નીકળ્યો છે.'

**મૌ. શૌકતઅલી સામે ફરીયાદ:** લુધીઆણાના એક પત્રકાર મી. એમ. હસન લતીફે "ખીલાફત" પત્રના તંત્રી મૌ. શૌકતઅલીને તારથી એવી નોટીસ મોકલી છે કે "ખીલાફત"માં મી. લતીફના એક પુસ્તક સંબંધમાં બદનક્ષી ભરી ટીકા કરવા માટે તેમણે માફી માગવી અને રૂા. ૫૦૦) નુકશાનીના આપવા. તેમ કરવામાં નિષ્ફળ જશે તો દિવાની અને ફોઝદારી રાહે કાયદેસર પગલાં ભરવામાં આવશે.

**હરિજનો માટે આશ્રમ:** મ. ગાંધીજીનો વિખ્યાત સાબર-મતી આશ્રમ તેના ટ્રસ્ટીઓની સંમતિથી મહાત્માજીએ અખીલ હિંદ હરીજન સંસ્થાને ભેટ કરી દીધો છે. ગાંધીજીએ આ આશ્ર-મનો કબજો લેવા સરકારને કહ્યું હતું, પણ સરકારે તે સંભાળેલ નહિ હોવાથી આમ કરવામાં આવ્યું છે.

**ઓસ્ટ્રીઆના પ્રમુખ ઉપર ગોળીબાર:** ઓસ્ટ્રીઆનો પ્રમુખ ડોક્લ્સ જ્યારે પાર્લામેન્ટના મકાનમાં એક પ્રધાન સાથે વાત કરતો હતો ત્યારે એક જુવાને આવી તેને એક કાગળ આપ્યો અને આપતાંની સાથેજ ગોળીબાર શરૂ કર્યો. બે ગોળી છોડી; પ્રમુખને ખાસ ઇજા થઇ નથી. ખુનીને પકડી લેવામાં આવ્યો છે. હુમલો કરનાર જર્મની તરફ સહાનુભૂતિ ધરાવનાર નાઝી પક્ષનો હોવાનું જણાય છે.

**કયુબાનો બળવો:** અમેરીકાની નજીક આવેલો કયુબા નામનો બેટ અત્યારે આંતર વિગ્રહમાં સપડાઇ ગયો છે. કયુબામાં પહેલાં અમેરીકાની રાજસત્તા હતી; પછી તે પ્રજાસત્તાક થયું; અને તુરતજ તેનો રૂઢીવાદી પ્રમુખ મેસેડો સરમુખત્યાર થઇ બેઠો. તેના જુલમથી બેટમાં બળવો થયો. મેસેડો ભાગ્યો અને બીજાને પ્રમુખ બેસારવામાં આવ્યો. અત્યારે દેશમાં એક એક મુડીદાર અને કારખાનાદાર જોખમમાં આવી પડયો છે. અમલદારો અને સીપાહીઓ વચ્ચે પણ ઝપાઝપી થાય છે. અમેરીકાનો પ્રમુખ રૂઝવેલ્ટ આ બળવામાં તટસ્થ રહ્યો છે.

**મહારાણીનું બાવલું ખસેડયું:** આયર્લેન્ડના પ્રમુખ ડી' વેલેરાએ આયરીશ પાર્લામેન્ટના મકાન સામેનું મહારાણી વીકટો-રીયાનું બાવલું ત્યાંથી ખસેડી નાખવાનો હુકમ કર્યો છે.

**૧૧ાા માઇલ ઉંચે:** રશીઆની સોવીએટ સરકારનું એક વિમાન 'યુ. એસ. એસ આર.' જે દુનિયામાં મોટામાં મોટું છે તે ૧૧ાા માઇલ સુધી હવામાં ઉંચે ઉડયું હતું. આટલી ઉંચાઇએ અગાઉ દુનિયાનું કોઇ વિમાન ગયું નથી.

**ફીલ્મ લાવતા વિમાન:** ગઇ તા. ૨૯ ના રોજ વિલાયતનો હવાઇ મેલ કરાંચી ઉતર્યો કે તરતજ મુંબઇનું એક વિમાન એ મેલમાં આવેલી એક ફીલ્મને લઇને મુંબઇ ઉપડી ગયું. ફીલ્મ માટે વિમાન રોકવાનો હિંદમાં આ પહેલોજ દાખલો છે. આ ફીલ્મ કૃષ્ણ સીનેમાની 'સૈરંધ્રી 'ની હતી. કરાંચીથી મુંબઇ જતાં રસ્તામાં ગોંડળ આગળ આ વિમાનને અકસ્માત નડયો અને વિમાન તુટી ગયું. માણસો કે ફીલ્મને કંઇ ઇજા થઇ નથી. જુહુથી બીજું વિમાન ગોંડળ તરફ રવાના કરવામાં આવ્યું છે.

**હિંદમાં કેટલાં શહેર?** હિંદની વસ્તી ગણતરી મુજબ હિંદમાં એક લાખ અને તેથી વધુ વસ્તીવાળા મોટાં શહેર ૩૮ છે. પચાસ હજારથી એક લાખ સુધીની વસ્તીવાળા ૬૫ શહેર છે. વીસ હજારથી પચાસ હજારની વસ્તીવાળા ૨૬૮ શહેર છે. કુલ્લે વસ્તીનો અગીઆર ટકા જેટલો ભાગજ શહેરોમાં વસે છે. અને બાકીના ૮૯ ટકા ગામડાઓમાં વસે છે.

**ભેંસનું પરાક્રમ:** દીલ્હી પાસે દીસરીગાહ નામના ગામમાં એક ભેંસ તોફાનેચડી હતી અને તેણે રસ્તામાં આવતાં ૧ ભેંસ, ૨ ગાય, ૨ ગધેડ, ૬ કુતરાં અને ૨ બકરાં એમ ૧૩ પ્રાણી-ઓને મારી નાખ્યાં હતાં. મુશ્કેલીથી ભેંસ પકડાઇ અને મેજીસ્ટ્રેટના હુકમથી તેને ઠાર કરવામાં આવી.

# વેપાર સમાચાર

( તા. ૭-૧૦-૩૩ )

**ઊન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૩૧૦ ગાંસડી વેચાણી છે. બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનીક બજારમાં કાંઇ સોદા થયા નથી. પણ ઉંચા જોડીયાનો ભાવ રૂા. ૧૪ાા આસપાસનો ગણાય.

**ભરૂચ :** ૧૯૦).

**બકરાના વાળ :** ૪).

**અનાજ, વિ. :** ૧ાા= ૨)– ઘઉં. ૨)= બાજરો જુનો. ૧ા=૧ાા બાજરો નવો. ૧)=૧ા જુવાર ૧ા=૧ા≡ ચણા દેશી. ૦ાા≡ કમોદ જાડી. ૧)= કમોદ જીણી. ૧ા= મેથી નવી ૨ા= ૨ા તલ. ૨ા તલી. ૧ાા= એરડી જીણી. ૧ા એરડી જાડી. ૧ાા= મગ. ૧ા= અડદ. ૧ા– મગફળી જીણી. ૧)= મગફળી જાડી. ૧ાા રાઇ. ૨)– ૨)= શીંગદાણા હાથફોલ. ૧ા– ચણા પરદેશી. ૧ા= મેથી જુની.

**પરચુરણ :** ૨) ૨ા ગોળ દેશી. ૭) કપાશીયા માળવો. ૪)≡ ખાંડ પરહદનાને. ૪ાા= ખાંડ રાજકોટ શહેર. ૪) ખાંડ સદર. ૯ાા ૧૦) સોપારી. ૮) ૯) ગદબનું બ.

**ઘી :** ૧૯) ૧૯ાા મુંબઇ પરખ, ૧૪ાા ૧૫) તાજોરસ.

**તેલ :** ૫ાા તલનું, ૩ા= શીંગનું. ૫ા= ખોપરેલ પીપનું, ૫ાા ડબાનું. ૩)= ગ્યાસલેટ સફેદ હાથી, ૨ા≡ સફેદ પીપમાંથી રશીયન.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---

( અનુસંધાન પાના ૨૬૪થી )

સગપણ કરી લેવાની છુટ આપવી જોઇએ. પણ આંહી તેમ નથી. આ કલમ તો એમ કહે છે કે જો કન્યા પરણાવવાનાં બ્હાનાં ગેરવ્યાજબી હોય તો કાઉન્સીલ એ કન્યાને ગમે તેમ કરીને એજ વરને પરણાવવા માટે પોતાથી બનતું બધું કરશે. વર જો પરણવાની ના પાડે તો કાઉન્સીલ આવા પગલાં લેવાની તરફેણમાં નથી, પણ માત્ર સગપણ તોડી નાખવાનુંજ તે સૂચવે છે. જ્યારે કન્યા જો પરણવાની ના પાડે તો તેને માથે આમ જબરજસ્તી કરવામાં આવે છે. આવી જાતના ધોરણમાં સ્ત્રી જાતને ઉંડો પણ મોટો અન્યાય કરવામાં આવે છે, તેની ઉપેક્ષા થાય છે.

સ્ત્રી પુરૂષના આવા સમાન હકકો સામે કોઇ એવી દલીલ રજુ કરતું હોય કે આમ થવાથી સગપણ સંબંધ અનિત્ય અને ક્ષણજીવી થઇ જવાથી સમાજમાં અવ્યવસ્થા થઇ જવાનો ભય ઉપજે તો એને એટલોજ જવાબ બસ છે કે અમુકરૂઢી કે બંધનના જોરે લગ્ન સંબંધ બંધાય અને પોષાય એ નિર્વીર્ય અને હતાશ પ્રજા ઉત્પન્ન થવાનું કારણ છે. સ્ત્રી પુરૂષના સમાન હકક સ્થપાય તે પછીના સગપણો વધુ સારા, વધુ વિચારશીલ અને એક બીજાને વધુ અનુકુળ હશે. આથી પરિણામે સમાજને લાભજ છે.

## સર ફાઝલભાઇની મીલો.

ખોજા કોમના જાણીતા નબીરા સર ફાઝલભાઇ કરીમભાઇની મુંબઇમાં ઘણી મીલો છે, અને હજારો કામદારો તેમાં કામ કરે છે. અત્યારે આર્થિક મંદીના સપાટામાં ફાઝલભાઇની મીલો સપડાઇ ગઇ છે. માલનો જથ્થો ખુબ વધી ગયો છે અને વેચાણ બહુ કંગાલ છે. નીઝામ સરકારે આ મીલો માથે નાણાં ધીર્યાં છે. તેમના વતી મીલોનો વહીવટ તપાસવા એક કમીટી નીમવામાં આવી છે. એ કમીટી અત્યારે બધા હીસાબ તપાસી રહી છે. બીજી બાજુ કરીમભાઇ ઇબ્રાહીમની ઑફીસના બધા નોકરોને રજા દેવાની નોટીસ આપી દેવામાં આવી છે અને નાણાં ચુકવવા બંધ કરવામાં આવ્યા છે. મુંબઇના શેર બજાર ઉપર આની ઘણી ખરાબ અસર નીપજી છે અને તેથી બજાર દસ દિવસ બંધ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

---

## મી. ચુનારા સામેનો કેસ.

મુંબઇથી પ્રગટ થતા ''ઇસ્માઇલી'' ના અધીપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર આંહીના શ્રી. કાનજી ગુલાભાઇએ હિં. ફો. કા. ક. ૫૦૦ મુજબ માંડેલ બદનક્ષીની ફરીયાદની સુનાવણી ફરીયાદીના વકીલ મી. મહેતાને બહારગામ જવાનું થવાથી ગઇ તા. ૭–૧૦–૩૩ના રોજ નીકળી નથી.

---

## ચા પાનમાં "જાગૃતિ"

કોમ માટે લડતા વર્તમાનપત્રને કોમેજ ઉત્તેજન આપી આગળ ધપાવવું જોઇએ. "ખોજા જાગૃતિ" કાંઇ તમારી પાસેથી એવો મહાન ભોગ માગતું નથી કે જે તમે ન આપી શકો. અઠવાડીયે એક કપ ચાનો ઓછો પીઓ કે બે ચાર પાન ઓછાં ખાવ, કે ૫–૨૫ બીડી ઓછી ફુંકો તેટલામાંજ તમે "ખોજા જાગૃતિ" ને ટેકો આપવા ઉપરાંત એક વરસ સુધી ઉપયોગી અને રસમય વાંચન ઘરબેઠાં મેળવી શકશો. એક પંથને દો કાજ થશે. તમે ખોટા ખરચમાંથી બચી વ્યસનમુક્ત થશો; સાથોસાથ કોમસેવામાં પણ તમારો ફાળો નોંધાશે.

આજેજ ગ્રાહક થવા લખો:—

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"
રાજકોટ.

" ખોજા જાગૃતિ" કેટલું સસ્તું છે?

બાર મહીનાના ૨ રૂપીયા.
છ મહીનાનો ૧ રૂપીયો.
ત્રણ મહીનાનો ૦ાા રૂપીયો.
૯૦ દિવસની ૯૬ પાઇ.

દરરોજ એક પાઇના જેટલો ખર્ચ પણ તમે કોમની ઉન્નતિના માર્ગમાં નહિ કરી શકો!

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૨૧.**

" સગાઇ, લગ્ન અને પુનર્લગ્ન વખતે કાઉન્સીલ અગર મુખી તથા કામડીઆ ભાવી ધણી ધણીઆણી પુખ્ત ઉમરના હોય તો તેઓની અગર જો સગીર હોય તો તેઓના માવિત્ર અગર વાલીઓની 'લગ્ન કરાર'ના ફારમ ઉપર એક કાયદેસર કબુલત તરીકે મહીઓ લેશે અને એ સાક્ષીઓની સાખ નખાવશે, અને તે કરારની રૂઇએ ધણી ધણીઆણી બન્ને આ કાયદાની બુકની કલમ ૧૧૯ તથા ૧૨૦ માં ફરમાવેલા ફરમાન મુજબ વર્તવા બંધાયેલ ગણાશે. સદરહુ 'લગ્નના કરાર'ના છાપેલાં ફારમો આખા ડીસ્ટ્રીકટના તમામ સ્થળોનાં તમામ જમાતખાનાઓના ઉપયોગ માટે રાખવામાં આવશે. પરંતુ સદરહુ ફારમો તાત્કાલિક હાજર ન હોય તો જમાતખાનામાં આવી બાબત માટે રાખવામાં આવતા સ્પેશીઅલ રજીસ્ટરમાં સદરહુ સહીઓ લેવામાં આવશે."

કલમ ૧૧૯ માં આ કલમનો સમાવેશ થઇ જાય છે અને એ દ્રષ્ટીએ આ કલમની ચર્ચા તેમાં આવી જાય છે. 'ભાવી ધણી ધણીઆણી'–આ શબ્દોથી એ વધારે સ્પષ્ટ થાય છે કે નીકાહ પડાવતાં પહેલાંજ આ દસ્તાવેજો લખાવી લેવામાં આવે છે. ભલે આ રીતસરના દસ્તાવેજો લખાવી તેમાં શાખ નખાવી તેને પ્રથમ દ્રષ્ટીએ કાયદેસર બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે, પણ તેથી કરી તે કોઇ પણ ન્યાયની અદાલતમાં કાયદેસર તરીકે ટકી શકે નહિ; કારણ કે એ સામાજિક બહિષ્કારના ભયથી લખાવી લેવામાં આવેલ હોઇ સાચા ઠરતા નથી. ઉપરાંત સગીર ઉમરના કિસ્સાઓમાં વડિલ કે વાલીની સહીઓ પણ એટલીજ નકામી છે. સગીર અવસ્થામાં કરી દીધેલા કોઇ પણ દસ્તાવેજો ઉમરે પહોંચતા તેને બંધનકારક થતા નથી. આમ છતાં પણ વડિલો પાસે સહી કરાવી લેવાનું કાર્ય ખૂબજ વખોડી કાઢવા જેવું છે.

**કલમ ૧૨૨.**

" આ કાયદાની બુકના પહેલા પ્રકરણની કલમ ૨ માં દર્શાવેલાં સ્થળો પૈકી કોઇ સ્થળમાં આપણા સ્વધર્મી ભાઇઓ પૈકી કોઇની સગાઇ થયેલ હોય અને કન્યા વયમાં આવેલ હોય તો તેણીના માબાપ અને સગાંઓની અરજ ઉપરથી કાઉન્સીલે સદરહુ શખ્સને નોટીસ કરીને છ મહીનાની મુદતની અંદર લગ્ન નક્કી કરવા જણાવવું તેમ છતાં લગ્ન નક્કી કરવામાં ન આવે અગર તે શખ્સનો પત્તો ન મળતો હોય તો કાઉન્સીલ પોતાને યોગ્ય લાગે તો સદરહુ સગપણ તોડી શકશે અને સદરહુ કન્યાનું કોઇ બીજા ઇસ્માઇલી સાથે લગ્ન કરવા તેણીના માબાપને પરવાનગી આપશે."

આ કલમ બરાબર છે. આવા કિસ્સાઓમાં બાપ સાથે મા અને બીજાં સગાંઓએ પણ અરજ કરવાની જરૂર નથી; બાપ એકલોજ અરજ કરે તે ઘણું છે. આંહી પણ 'ઇસ્માઇલી' શબ્દનો પ્રયોગ કરવાનું નથી ભૂલાયું. રખેને ઇસ્માઇલી શિવાય બીજા કોઇને પરણાવી દયે તો? પાકો બંદોબસ્ત સારો ! 'ઇસ્માઇલીઝમ'ને તો નાના બાળક કરતાં પણ વધુ રક્ષણ આપવામાં આવે છે.

એક વસ્તુ ઉપર આંહી ધ્યાન ખેંચી લેવું જોઇએ. આ આખા પુસ્તકમાં સળંગ એક ભાવ દેખાઇ આવે છે. કાઉન્સીલને કાગળ લખવો, કોઇ જાતની માગણી કરવી, કોઇ જાતનો કાંઇ વ્યવહાર કરવો એ બધાને માટે એકજ શબ્દ યોજવામાં આવે છે–'અરજી કરવી.' કેમ જાણે કાઉન્સીલને અરજ શિવાય બીજું કાંઇ થઇજ શકતું ન હોય ! કાઉન્સીલને કાગળ લખાય, ખબર પણ અપાય, સાવચેતીયે દેવાય અને બધું થાય; કારણ કે એ કાંઇ કોમથી કોઇ ત્રાહીત સત્તા નથી કે તેની ઉપરનું કોઇ માલીક નથી.

**કલમ ૧૨૩.**

" જે શખ્સની "સરકાર સાહેબીમાં કોરી" ( એટલે જમાતખાનાના કાર્ય માટે રાખવામાં આવતા રેકર્ડમાં સગાઇની નોંધ તરીકે સરકાર સાહેબીને આપવામાં આવતી રૂપાની "કોરી" ) જમાતખાનાના રજીસ્ટરમાં નોંધાયેલી હોય તેવા કોઇ શખ્સ તરફથી કાઉન્સીલને એવી અરજી થાય કે કન્યાના માબાપ તરફથી તેણીના લગ્ન કરી આપવામાં વગર જરૂરી ઢીલ કરવામાં આવે છે, તો કાઉન્સીલ તે બાબતમાં તપાસ કરશે અને જો કન્યા ઉમરલાયક હોય અને તેણીના માબાપ તરફથી તેના લગ્ન માટે આપવામાં આવતાં બ્હાનાં ગેરવ્યાજબી હોય તો યોગ્ય સમયની અંદર લગ્ન કરાવવા માટે કાઉન્સીલ પોતાને યોગ્ય જણાય તેવાં પગલાં લઇ શકશે."

આ 'કોરી'ની પાછળ લાંબો ઇતિહાસ છે, પણ તે આંહી ચર્ચતાં વિષયાંતર થતો હોવાથી તેની ચર્ચા પકડી રાખવી પડે છે. ફકત એટલોજ ઉલ્લેખ અસ્થાને નહિ થઇ પડે કે આ 'કોરી' 'સરકાર સાહેબો' કદી ન હતી; જમાતના નામથી તે લેવામાં આવતી અને જમાત એકલીજ તેની માલીક હતી. પણ વખત જતાં કાવાદાવાથી એ 'કોરી' ઉપરનો હકક 'સરકાર સાહેબ'નો ઠરાવી દેવામાં આવ્યો છે.

આ 'કોરી' એ કચ્છનો ચાંદીનો સીકકો છે અને હજી પણ કચ્છમાં તેનું ચલણ છે. તેની અત્યારની કિંમત રૂા. ૦–૪–૦ છે. આમ છતાં આપણા માટે એ 'કોરી' સાધારણ ચાલુ કિંમતની નથી રહી. આપણા માટે તો એની કિંમત વધીને માત્ર રૂા. ૯) થાય છે અને એ પણ આપણ 'પ્રજા' માટે નહિ પણ 'સરકાર સાહેબ' માટે તેની તેજુરીમાં પડે છે.

સ્ત્રી અને પુરૂષના સમાન હક્ક જો આ કાયદાના રચનારે સ્વીકાર્યા હત તો આ કલમનો પાછલો ભાગ સુધરી ગયો હત. આગળજ આવેલી કલમ ૧૨૨ માં એમ ઠરાવવામાં આવ્યું છે કે વર જો અમુક બાંધી મુદત સુધીમાં કન્યાને ન પરણી જાય અથવા પરણવાનું નક્કી કરી જાય તો તે કન્યાને બીજે વરાવી દેવામાં વાંધો નહિ. આંહી પણ એવાજ સંજોગોની વાત છે. આગલી કલમમાં વર પરણવા ન માગતો હોય અને કન્યા પરણવા માગતી હોય ત્યારે શું કરવું એ પ્રશ્ન છે તો આ કલમમાં કન્યા ન પરણવા માગતી હોય અને વર પરણવા માગતો હોય તો શું કરવું એ પ્રશ્ન છે. પહેલા પ્રશ્નનો નીકાલ જો સગપણ તોડી બીજા સાથે બાંધવાની પરવાનગી આપવાથી કરવામાં આવતો હોય તો બીજા પ્રશ્નનો નીકાલ પણ તેજ રીતે થવો જોઇએ, અને જો કન્યા (અગર કન્યાનો બાપ) લગ્ન ન જ કરવા માગતી હોય તો તે સગપણ પણ તોડી નાખી વરને બીજે કોઇ ઠેકાણે પોતાનું

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૬૩.)

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

ઝઝુમી રહેલી આફત. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# જાગૃતિ

તંત્રીઃ ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમઃ દેશમાં રૂા. ૨ દેશાવર રૂા. ૪-૦-૦: છુટક ૦-૧-૯ | પુસ્તક ૧, અંક ૩૪: ઓકટોબર ૧૭: ૧૯૩૩ સંવત ૧૯૮૯ના આસો વદ ૧૩ મંગળવાર | મુદ્રક અને પ્રકાશકઃ ઇસ્માઇલ કાનજી હીરાણી.

## માનવજંતુઓ!

હું તમને પુછું છું કે તમે કઇ દુનિયામાં જીવો છે? તમારી ચોપાસ કયા યુગના આંદોલનો ધૂમે છે?

મને તો આજે સંદેહ છે. તમે જીવો છો કે મરણને શરણ થયા છો? તમે જાગો છો કે ઉંઘો છો? અરે! તમે માણસ છો કે કોઇ બેપગું પ્રાણી છો? મને આજે પુરો સંદેહ છે.

દુનિયા આજે દોડે છે; દોડે છે નહિ, વંટોળથીએ વધુ ઝડપે આજે એ ઉડે છે. આજે સારૂંએ જગત્ કૂચ કદમ કરી રહ્યું છે. આજના પ્રગતિ અને પ્રકાશના યુગનો એકેએક યોગી બાંગ પોકારે છે વિશ્વબંધુત્વની, બીરાદરી અને બાંધવતાની. જુવાનો હાથમાં મશાલો લઇને ભટકે છે, અંધકારનું નામો-નિશાન નાબુદ કરવા. સારીએ સૃષ્ટીના આજે ફરીથી મંડાણ મંડાઇ રહ્યા છે.

પણ તમે? તમારી હાલત સામું જોતાં હું કંઇ કંઇ અનુભવું છું. આજે તમારે મોઢે તાળું છે, પણ હાથમાં ચાવી છતાં તમારે એ ખોલવું નથી. આજે તમારા હાથ પગ કાચા સુતરને તાંતણે બાંધી દીધેલા છે, પણ તમારે એ તોડવા જેટલી મહેનત પણ કરવી નથી. આજે તમારૂં ધન છડે ચોક લુંટાય છે. આજે તમારી સ્વતંત્રતાને પકડીને કોઇ સાતમા પાતાળે કેદ કરવામાં આવી છે. આજે તમને ખાવા રોટી નથી, પણ પરલોકના સોદા કરવામાંથી તમે પાછા હઠતા નથી. આજે તમારામાં કેળવણી નથી, આજે તમારામાં જ્ઞાન નથી. જગત્થી પર એવા કોઇ દૂર દૂરના ખુણે ભરાઇ બેઠેલા જાણે તમે માનવ-જંતુઓ છો. તમે આ બધું જુઓ છો, જાણો છો; છતાં એ સુધારવા તમારે કાંઇ પ્રયત્ન કરવો નથી. આજે તમારામાં સ્વમાન નથી, આજે તમારામાં પ્રેમ નથી, આજે તમારામાં કંઇ નથી.

તમારે જીવવું છે કે મરી જવું છે? જીવવું હોય તો આમ નહિ જીવી શકાય. પ્રગતિ અને વિકાસના યુગમાં તમે અધોગતિ અને અવનતીમાં નહિજ રહી શકો. તમે રહેવા માગશો તો પણ દુનિયા તમને નહિ રહેવા દયે. સૃષ્ટી શરીરનું એક પણ અંગ આજે એવું નાતવાન કે રોગીષ્ટ નહિ જોઇએ કે જે એની કૂચમાં આડે આવે કે નડતરરૂપ થાય. "સુધરો, નહિ તો મરો." એ આજના યુગનો મુદ્રાલેખ છે. કાં તો તમારે સુધરવું પડશે, નહિ તો મોતને ભેટવા તૈયાર રહેવું પડશે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૭-૧૦-૩૩.


## ઝઝુમી રહેલી આફત.

દૈનિક વર્તમાનપત્રો વાંચનારા સૌ કોઇ અત્યારે મુંબઇમાં કરીમભાઇ મીલોના ચકડોળે ચડેલા મામલાથી માહીતગાર હશે. આવતી કાલે કરીમભાઇ મીલોની કે કરીમભાઇ ઇબ્રાહીમની પેઢીની શું હાલત હશે એ બાબત આજે સૌ કોઇના મન ઉદ્વેગભર્યાં છે.

અઠવાડીયાંઓ થયાં કરીમભાઇ મીલોનો મામલો કથળી પડયો છે, અને કંપની તરફથી કાંઇ સત્તાવાર જાહેરાતની ગેરહાજરીમાં વર્તમાનપત્રોમાં અનેક ભય ભરેલા અહેવાલો પ્રગટ થતા રહે છે. આથી લોકોના મન ઉંચા થઇ ગયા છે. કરીમભાઇ મીલો સાથે અમુક બેન્કને નાણાંની લેવડદેવડ છે એવી એકજ અફવાથી લોકો એ બેન્ક ઉપર દરોડા પાડી લાખો કરોડોની રકમો ઉપાડી જાય છે, અને એ પ્રત્યાઘાતનાં મોજાં અમદાવાદ સુધી પહોંચે છે. કરીમભાઇ મીલોના શેરોના ભાવની અસ્થીરતાએ શેર બજારનું કામકાજ અટકી પડયું છે. આમ ચારે કોર ભય અને આશંકા પ્રસરી રહ્યાં છે.

જે કાંઇ સમાચારો વર્તમાનપત્રોમાંથી એકઠા કરી શકાય છે તે એ છે કે કરીમભાઇ મીલોમાં કાપડ અને રૂનો જથ્થો વધી ગયો છે અને વેચાણ મુદલ નથી અથવા તો નહિ જેવું છે. આ સ્થિતિ લંબાય તો બધી મીલોને પોતાનું કામકાજ સદંતર બંધ કરવું પડે, જમા થઇ ગયેલો માલ પાણીને મુલે વેચી નાખવો પડે અને પરિણામે બહુ જબરી ખાધ આવી પડે. જે બીનસત્તાવાર આંકડાઓ વર્તમાનપત્રોમાં પ્રગટ થયા છે તે જોતાં મુંબઇ ખાતેની કરીમભાઇની સાત જુદી જુદી મીલો ઉપર બધું થઇને ચાર કરોડ અગીઆર લાખનું દેણું છે, જ્યારે એ બધી મીલોની મીલ્કત અને લેણું ત્રણ કરોડ બાવન લાખ જેટલું છે. ઇંદોર ખાતેની ઇંદોર માલવા મીલ ઉપર ૬૬ લાખનું દેણું છે, જ્યારે એ મીલની મીલ્કત કેટલી છે તે જણાતું નથી. આમ આશરે કરોડ સવા કરોડની અત્યારે ખાધ દેખાય છે, જે કરીમભાઇ ઇબ્રાહીમની પેઢી માટે બહુ મોટી રકમ ન ગણી શકાય. પણ અત્યારની આ ખાધ માટેની ચિંતા કરતાં આવીને આવી સ્થિતિ થોડા મહીના વધુ લંબાય તો ભવિષ્ય કેવું બને એ માટે વધુ ચિંતા રહેલી છે. કરીમભાઇ ઇબ્રાહીમની પેઢીના સોલીસીટરોએ મુંબઇની હાઇકોર્ટમાં એવી અરજી કરી છે કે મીલોને ફડચામાં ( નાદારીમાં ) લઇ જવાની કોઇની માગણીનો સ્વીકાર કોર્ટે કરવો નહિ. આમ કરીમભાઇની પેઢી તરફથી પણ આ આફતને પહોંચી વળવા પ્રયત્નો થઇ રહ્યા છે.

જેને માટે ખોજા કોમ વાજબી મગરૂરી લઇ શકે એ મુંબઇના પહેલા બેરોનેટ સર કરીમભાઇ ઇબ્રાહીમ અને સર ફાઝલભાઇ કરીમભાઇના હીત સાથે આજે આપણી કોમના સેંકડો હજારો બીરાદરોના હીત સંકળાયેલા છે. કરીમભાઇ ઇબ્રાહીમની પેઢી તરફથી અનેકને કામધંધે લગાડવામાં આવ્યા છે, અનેકને એક અથવા બીજી રીતે સહાય કરવામાં આવી છે અને સેંકડો હજારો જુવાનીઆઓને ભુખમરો કે ખરાબ ધંધામાંથી ઉગારી લેવામાં આવ્યા છે. અત્યારે આપણી કોમના સેંકડો હજારો ભાઇઓ કરીમભાઇની પેઢીમાં કે મીલોમાં કામ કરી પોતાની રોજી મેળવે છે. મીલોનો મામલો ખરાબ થતો હોવાથી પેઢીના બધા નોકરોને અત્યારે નોકરીમાંથી રજા આપવાની નોટીસો પહોંચાડી દેવામાં આવી છે. એ નોટીસોની મુદત પુરી થાય ત્યાં સુધીમાં જો મામલો પાછો રાહ ઉપર ન આવી જાય તો એ નોટીસોનો જરૂર અમલ કરવામાં આવે અને એકી સાથે હજારો ખોજા ભાઇઓ ધંધા રોજગાર વિનાના બેકાર બની જાય. અને આજના જમાનામાં એક વખત એક માણસ બેકાર થયો, લાઇન ઉપરથી ઉતરી ગયો તો ફરીથી પાછો કોઇ ધંધો મેળવવો તેને માટે અતિ મુશ્કેલ છે. ખુદા ન ખાસ્ત, પણ જો આ નોટીસોનો અમલ કરવાનો વખત આવ્યો તો કોમ માથે એક મોટી આફત તુટી પડયા બરોબર થશે.

આ ઝઝુમી રહેલી આફત સામે અત્યારથીજ સાવચેતીનાં પગલાં લેવાં જોઇએ. મુંબઇ શહેરમાં આપણી કોમના અનેક ધનાઢયો વસે છે; ગરીબોને મદદ કરવા ઇસ્માઇલી ઇશનાઅશરીનો ભેદ રાખ્યા શિવાય નાણાં દેનારી બીજી પણ કેટલીક સંસ્થાઓ અને ફંડો છે. આ ફંડો તેમજ કેળવણીનેજ સહાય કરનારા બીજા ફંડો કે જે મોટો ભાગ સોડ તાણીનેજ સુતાં રહે છે એ બધાએ

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૭૧ )

# "ખીસાં પાકીટ સંભાળો!"

ઘણીએ વખત એવા પ્રસંગો ઉભા થાય છે કે આપણે કોઇ ચોર બજારમાં હોઇએ કે વીશી કે લૉજમાં ભોજન આરોગતા હોઇએ, કોઈ અમદાવાદ કે સેન્ટ્રલ સ્ટેશનની ભીંસમાં દબાઇ ગયા હોઇએ કે કોઈ રાજાના વરઘોડામાં કચડાઇ મરતા હોઇએ ત્યારે આપણાં ખીસાં પાકીટની આપણે બહુજ સંભાળ રાખવી પડે છે. જરા જેટલી ગફલત થતાં આપણા ખીસામાંથી પાકીટ કે ખુદ ખીસું પોતે જ આપણી રજા પણ લીધા શિવાય અલોપ થઇ જાય છે અને હાથની વીંટી કે ખમીસનાં બટન વેચવા જેવી સ્થિતિમાં આપણને મુકી દયે છે.

પણ હું આજે એવા કોઇ પ્રસંગે 'ખીસાં પાકીટ સંભાળો!' ની બુમ નથી મારતો. ચોર બજાર, વીશી, લૉજ, સ્ટેશન કે વરઘોડામાં વધુમાં વધુ આપણા ખીસામાં હોય તેટલા પૈસાજ ચોરાઇ જવાની ધાસ્તી હોય છે; આપણે ઘરે મુકીને આવેલ ચીજોને એ રસ્તાના ચોર નથી ઉપાડી લઇ જઇ શકતા. પણ હું જે અત્યારે આ ચેતવણીની શરણાઇ ફુંકું છું એ એક એવો પ્રસંગ છે કે આપણાં ખીસાં પાકીટ તો શું પણ આપણી આખી તીજોરી કે હડફો ગુલ થવાનો ભય ઉભો થયો છે. અને સૌથી વધુ ભયકારક તો એ છે કે એ ગુલ કરનાર આપણે પોતેજ છીએ, આપણા હાથે જ તે ગુલ કરીએ છીએ, અને છતાં એ બધું ગુલ થઇ ન જાય ત્યાં સુધી આપણને ખબર પણ પડતી નથી.

ના. આગાખાન હિન્દ આવે છે. આજથી બે મહિના પુરા નહિ થયા હોય ત્યાં તેઓ મુંબઇને કિનારે પગ મુકશે. ત્યારથી તે તેઓ પાછા વિલાયત પધારે ત્યાં સુધી આપણા અનેક ભાઇ બ્હેનો અનેક રીતે પોતાનું ધન પોતાને હાથે વેડફશે.

ના. આગાખાનને દશમો નકલંકી અવતાર ગણનાર એક નાનકડો વર્ગ છે; પણ એ વર્ગને દંભી અને દેખાદેખી કરનારો એક બીજો બહુ મોટો વર્ગ ફુગાવીને મોટો કરી દ્યે છે અને પોતે એમાં સમાઇ જાય છે. બહારથી જોનારને એમજ લાગે કે આ આખો મોટો વર્ગ સાચેજ દશમા નકલંકીના અનુયાયીઓનો છે.

ના. આગાખાનમાં ખુદાઇ શકિત હોવા વિષે જેમને જરા પણ શક નથી એ અંધશ્રદ્ધાળુ વર્ગનાં ખીસાં, પાકીટ, ટ્રંક, તીજોરી બધું ગુલ થઇ જવાનો વખત ચાલ્યો આવે છે. કોઇ ચોથું તો કોઇ સાતમું આસમાન ખરીદશે કોઇ સોનાની ઇંટડીઓ અને રૂપાના થંભવાળું મકાન રોકી લેશે તો કોઇ વળી કસ્તુરીની ગારવાળા રહેણાકનો કબજો લખાવી લેશે. તો કોઇ વળી પચાસ મનપસંદ હુરીઓનો ઓર્ડર આપશે. જીવતા જાગતાં જે કદી ન મળે અને મુવા પછી મળશે કે કેમ અને મળશે તો એ વખતે તે કાંઇ ઉપયોગમાં આવશે કે કેમ એની પુરેપુરી શંકા હોય એવા સર્વ સોદાઓ પાછળ અઢળક ધન આમ હાથ તાળી દઇને પરદેશ ચાલ્યું જશે. માટેજ કહું છું કે "ખીસાં પાકીટ સંભાળો!" એ બધો ભ્રમ છે. ના. આગાખાન નકલંકી અવતાર છે ત્યાંથી માંડીને તે સ્વર્ગના નાના મોટા સોદા સુધી બધું પોકળ છે. હાથે કરીને મૂર્ખ ન બનો. મોહું કામ ને નાનું કામ બધું કરવાનું માંડી વાળો. પૈસા અને પુન્યને કાંઇ નિસ્બત નથી; પૈસા અને સ્વર્ગ સુખને કાંઇ નિસ્બત નથી.

દેખાદેખી ખાતર ફના થઇ જનારાઓનો પણ આપણે ત્યાં તોટો નથી. ના. આગાખાન ખુદા હો કે માણસ હો એ સાથે જેને કાંઇ સંબંધ નથી, પણ જેનો બધો સંબંધ ફલાણા ભાઇએ આમ કર્યું અને લોંકડા ભાઇએ તેમ કર્યું માટે મારે પણ એમ કરવુંજ જોઇએ એવી માન્યતા સાથે છે એ વર્ગ બહુ મોટો છે. આ લોકો પણ ઘરમાં વાંસડો ફેરવે તો કાંઇ આડે ન આવે એવી ચોકખાઇ કરી નાખવામાં જરા ય આંચકો ખાય તેવા નથી હોતા, અને અંધશ્રદ્ધાળુઓનું આંધળું અનુસરણ તેઓ કરે છે. આવા માણસો માથે ત્રેવડી જવાબદારી છે: ઘર ખાલી કરવાની, આત્માને છેતરવાની અને બીજાઓને ઉંધે રસ્તે લલચાવવાની.

મને તો ખબર નથી, પણ મારા એક મિત્રે કહેલું મને યાદ છે કે એક વખત ના. આગાખાનની અફ્રીકામાં આવેલા માડાગાસ્કર પ્રદેશમાં પધરામણી થવાની હતી ત્યારે એકાદ બે મુખ્ય શહેરોની બેન્કોએ અને પેઢીઓએ સ્થાનીક સરકારને એવી અરજ કરી હતી કે ના. આગાખાન આંહી આવશે તો બધા ખોજા વેપારીઓ તેમને ચરણે બહુ મોટી રકમો ધરશે, પછી મુડી ખલાસ થાતાં નાદાર થશે અને અમે તેમને ધીરેલા બધા પૈસા જશે; માટે અમને રક્ષણ આપો. કહેવાય છે કે સ્થાનીક સરકાર પોતાના દેશમાં કોઇપણ જાતની આર્થિક અથડામણ ઉભી કરવાથી વિરૂદ્ધ હતી અને તેથી બેન્કો અને મોટી ધીરધાર કરનારી પેઢીઓની અરજી મુજબ તેમને રક્ષણ આપવામાં આવ્યું હતું, અને એ સાલ માડાગાસ્કર જવાનું નામદારે મુલતવી રાખ્યું હતું.

આપણે પણ આંહી કોઇ બેન્કો કે પેઢીઓને મુસ્કેલીમાં ન મુકી દેવા ખાતર "ખીસાં પાકીટ સંભાળવાની જરૂર છે."

સ્વર્ગના સોદાઓ પાછળ ખુવાર થનારાઓને એ ખુવારીને ભેટતાં પહેલાં બીજી નુકશાનીઓમાંથી પણ પસાર થવું પડે છે. 'માબાપ'ની પધરામણી કાંઇ દરેક શહેરમાં થતી નથી. એટલે ઘણી મોટી સંખ્યાના ભકતોને મુસાફરી કરી દર્શનનો લાભ લેવો પડે છે. એ માટે રેલ્વેઓનાં ભાડાં અને બીજાં ખર્ચ તેને સહેવાં પડે છે. ઉપરાંત ધંધો રોજગાર છોડી અઠવાડીયું પખવાડીયું રખડવા જતાં ધંધાને પણ ઘણી અલવલ પહોંચે છે.

'સાહેબ'ની પધરામણી થતાં આપણાં ખીસાં, પાકીટ, ટ્રંક, તીજોરી, હડફા, ગલ્લા, વિગેરેને જાણે કે પગ આવે છે અને આપણે જરાએ બેધ્યાન રહ્યા તો આપણને છોડી એ ચાલવાજ મંડી જાય છે. માટે ધ્યાન રાખો, ખુબ તપાસ રાખો અને ખીસાં પાકીટ ઉપર પાકો ચોકી પહેરો મુકો.

---

**AGA KHAN GO BACK. આગાખાન પાછા જાવ.**

[ ઉપરના મથાળા હેઠળ ૩૨ મા અંકમાં ભાઇ રૂપજી નઝરઅલીની એક અપીલ પ્રગટ થઇ હતી. એ સંબંધમાં કરાંચીથી શ્રી. કરીમ ગુલામઅલીની એક બીજી સૂચના મળી છે, જે આ નીચે પ્રગટ કરીએ છીએ. ના. આગાખાન મુંબઇ ઉતરે ત્યારે કોમની થતી ચૂસણ ક્રિયા સામે વિરોધ બતાવવા દરેક ભાઇએ તેમને તાર કરી પાછા જવાનું કહેવા એ સૂચનામાં ભલામણ કરવામાં આવી છે. ના. આગાખાન હિન્દ આવવા

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૭૧.)

# ચૂસણ નીતિનું ચક્ર.

## દ્રશ્ય અગીઆરમું.

કુંવરજી શેઠે બદરૂદીનને ધક્કો મારી બહાર કાઢવા ભૈયાને ફરમાવ્યું ત્યાર પછી બદરૂદીન કદી પણ શેઠની પેઢીનો દાદર ચડયો નહિ; પણ આકોલામાંજ તે બીજી નોકરીની શોધમાં લાગી ગયો. બદરૂદીનમાં કામ કરવાની આવડત હતી; કામ કરી શકે તેટલું શારીરિક બળ હતું; અને આગળ વધવા માટે અણીશુધ્ધ પ્રામાણિકતા અને ભારે ખંત હતી. ઘર છોડતી વખતે તેણે આ બધા ઉપર ખુબ મદાર બાંધ્યો હતો, અને પોતે જ્યાં જશે ત્યાં સારી નામના મેળવશે એવી તેને આશા હતી. પણ તેની આશાને ધુળ ભેગી કરવા તેને સૌથી પ્રથમજ કુંવરજી જેવો શેઠ મળ્યો. તેણે તેના માથે વધુ પડતા કામનો બોજો લાદયો; એ ઉપાડવા છતાં એની કિંમત એ આંકી શકયો નહિ; અને કદર તો કયાંથી કરીજ શકે ? પરિણામે બદરૂદીનને પોતાનાં સ્વપ્નાં નષ્ટ થતાં લાગ્યાં.

આમ છતાં બદરૂદીન હતાશ થયો નહિ. કુંવરજીએ કરેલ અપમાન અને વિશ્વાસઘાતથી એ સળગી ઉઠયો. ‘ કઇ રીતે હું એ હરામખોર શઠને બતાવી આપું કે મારામાં કામ કરવાની શક્તિ છે ? ’ એ વિચારે એના નાનકડા મગજને ઘેરી લીધું. ગાંડાની માફક એ આકોલાના બધા મુખ્ય રસ્તા અને ગલીએ ગલી ફરી વળ્યો. છેવટે એક પારસી વેપારીને ત્યાં એને નોકરી મળી.

દોરાબજી મંચેરજીની પેઢી આકોલામાં જાણીતી હતી. રૂ કપાસનો એનો મુખ્ય વેપાર હતો. ઉપરાંત અળસી, અનાજ, ખોળ અને બીજી પણ કેટલીક જણસોની લેવાળી દોરાબજી શેઠને થોડી ઘણી કાયમ રહેતી. બદરૂદીનને તેમણે પેઢીમાં એક મહેતાજીના હાથ નીચે ગોઠવી દીધો.

જે ક્ષેત્ર બદરૂદીન શોધતો હતો તે તેને મળી ગયું. આસ્તે આસ્તે તેણે પોતાની શક્તિની ખાત્રી શેઠને કરાવવા માંડી. એકજ મહીનાના કામમાં શેઠને એટલો સંતોષ થયો કે માસીક રૂા. ૩૫)નો પગાર ઠરાવીને તેને રાખ્યો હોવા છતાં તેમણે માસ આખરે બદરૂદીનને રૂ. ૪૦)નો પગાર ચુકવ્યો. પેઢીનું કામ ‘ ઑફીસ ટાઇમ ’થી ચાલતું. બદરૂદીન પોતાની ખુરશી ઉપર બેસવા જતો હોય કે ડગલો ઉતારતો હોય ત્યારે વગર ઘડીઆળે સૌને અગીઆરના ટકોરા થતા સંભળાતા. અગીઆરથી પાંચ બદરૂદીન બરાબર કામ કરતો. એની નિયમિતતાએ સૌને છક્ક કર્યાં અને ઑફીસ ટાઇમમાં એક મીનીટ પણ નકામી ન કાઢવાના તેના આકરા સિદ્ધાંતે સૌને આંજી દીધા.

બીજેજ મહીને બદરૂદીનનો પગાર વધીને ૫૦) થયો. મુનીમનો એ જમણો હાથ હતો; કયારેક સલાહ લેવાનું પણ એ ઠેકાણું હતો. એવામાં મુનીમને શેઠને કામે બહાર ગામ જવાનું થયું. શેઠે આખી ઑફીસ ઉપર નજર દોડાવી મુનીમનું કામ છેવટે બદરૂદીનને સોંપ્યું. બદરૂદીને એ જગ્યા માટેની પોતાની પુરી લાયકાત શેઠના મનમાં વસાવી દીધી.

દોરાબજી શેઠની નોકરી દરમ્યાન તેને કેટલીક વખત કુંવરજી હકીમજીની પેઢી સાથે પણ કામ પડતું. એ વખતે એ એક લાયક શેઠના લાયક પ્રતિનીધીને છાજે તેવી રીતે કુંવરજી સાથે વાતચીત કરતો. દોરાબજી મંચેરજીની પેઢી સાથે કુંવરજીનો લાભ સંકળાયેલો હતો. એટલે કુંવરજી શેઠનો સ્વભાવ પણ ઘણો સુધરી ગયો હતો અને ખુબ વિનયથી એ બદરૂદીન સાથે વાતો કરતા. આવા પ્રસંગે બદરૂદીનના ચહેરા ઉપર પૂર્ણ સંતોષની આછી સુરખી છવાઇ રહેતી.

ઘર છોડયે બદરૂદીનને છએક માસ થયા હતા. એ સમય દરમ્યાન તે કયારેક કયારેક પોતાની માતાને પત્રો લખતો. ફાતમાબાઇના કાગળો પણ આવતા. એક વખત પોતે ઑફીસમાં બેઠો હતો અને ટપાલ આવી. માતાનો કાગળ જોઇ તેને હર્ષ થયો. પણ જ્યારે એ આખો કાગળ એણે પુરો કર્યો ત્યારે એના બદનનો એકેએક રોમ ઉભો થઇ ગયો.

દીકરાને ફીકર ન કરાવવી એમ ગણી ફાતમાબાઇએ ક્યારેય પણ પોતાની સ્થિતિનું બ્યાન બદરૂદીન ઉપરના કાગળોમાં આવવા દીધું ન હતું. એટલે અચાનક એકસામટા અનિચ્છનીય ખબરો વાંચતાં તે ઉકળી ઉઠયો.

> ‘ વેપાર ભાંગી ગયો છે. ઘરાકી તુટી ગઇ છે. કાઉન્સીલની નોટીસો મહીનામાં બે વખત આવે છે. રૂપીયા નહિ ભરીએ તો નાત બહાર કરશે. કામડીયો પણ ગઇ કાલે આવી ખુબ ધમકાવી ગયો. મારી પાસે હવે કાંઇ પૈસા રહ્યા નથી. ખાધા ખોરાકી માટે પણ દેણું થયું છે. મારૂં શરીર પણ હવે બરાબર રહેતું નથી. તું ઘરે આવતો રહે તો સારૂં. ’

આ વાંચતાં બદરૂદીનની આંખોમાં પાણી ભરાઇ આવ્યું. એ પાણી કામડીયા અને કાઉન્સીલ ઉપરના ક્રોધે આંખ ખેંચાઇને રાતી થવાથી આવ્યું હતું કે માતાની અસહાય દશા સાંભરતા વ્યાપેલી ગમગીનીથી તે કોઇથી કળી શકાય તેમ ન હતું. જુની સ્મૃત્તિ બદરૂદીનને ફરી તાજી થઇ. પોતાની નિરંતર ચિંતા કરતી દુઃખી અને દરિદ્ર માતા તેને સાંભરી; સત્તાના મદમાં અંધ બનેલા નુરમામદ કામડીયાની તોછડાઇ તેને પ્રત્યક્ષ થતી દેખાઇ; અને અબદુલ્લાનો ઇન્સાફ તેની નજર સમક્ષ તાંડવ નૃત્ય કરવા લાગ્યો.

“ મારી માતા બીમાર છે, મને તેડાવે છે.” શેઠને તેણે વાત કરી.

બદરૂદીન જતાં અગવડ આવે તેમ હતુ છતાં બીમરીના કારણે રજા લેતા મુખ્ય નોકરને રોકવાનું દોરાબજી શેઠને વ્યાજબી લાગ્યું નહિ.

“ ઑફીસ તમારીજ છે; ભવિષ્યમાં ઇચ્છા થાય ત્યારે ખુશીથી આવજો.” દોરાબજીએ ભલમનસાઇ બતાવી.

“ ઘણો ઉપકાર.” કહી બદરૂદીન ગાડી ભાડે કરી સ્ટેશન ઉપર પહોંચી ગયો.

જ્યારે એ પોતાની દુઃખી માતાના રંક ઝુંપડામાં દાખલ થયો ત્યારે નુરમામદ કામડીયો એ નિરાધાર વિધવા પાસેથી વસુલ કરેલું ‘ સરકાર સાહેબી લેણું ’ ખીસામાં નાખી બહાર નીકળવાની તૈયારી કરતો હતો.

# સાચો ગુરૂ.

"લોકો ફક્ત મ્હારી મૂર્તિને પુજતા હતા; એ ખોટું હતું. દૈવત્વ એ એક જીવંત વસ્તુ છે. મનુષ્ય દિવ્ય છે અને જીવન પણ દિવ્ય છે. અમરતા એજ અગત્યની વસ્તુ છે. હું ફક્ત જીવન જીવું છું. વાયુ જેટલો હું સ્વતંત્ર છુ. હું ફક્ત એક મિત્રને ત્યાંથી બીજાને ત્યાં અને ત્યાંથી કોઇ અન્ય સ્થળે એમ એક ભીખારીની માફક દેશ દેશ ફરૂં છું. મ્હારે કોઇ સ્થાઇ રહેઠાણ નથી. મીલ્કત નથી કે બેન્કોમાં પૈસા નથી પણ તેનું શું ? આથી કંઇ મ્હારે શરમાવા જેવું નથી. વર્ષો સુધી માણસોએ મ્હારા ઉપર પૈસાનો વરસાદ વરસાવ્યો. પાંચ હજાર એકર જેટલા વિસ્તારવાળી સુંદર ભૂમિમાં મ્હને એક ભવ્ય મહેલ મળેલો. હોલીવુડ*માં મ્હને અઠવાડિક બે હજાર પાઉન્ડ મળતા હતા. હું કોઇ સુંદર દેવમંદિરમાં રહી શકત. પરંતુ હું એકજ વસ્તુ માટે જીવું છું અને તે અમરતા માટે" પોતે 'તારણહાર' છે એવું પોતાનું માનવું છે કે નહિ એવા અર્થના પ્રશ્નનો જવાબ આપતાં તેમણે ખભા ચડાવ્યા અને કહ્યું: "થોડાક વખત માટે જ્યારે મ્હારૂં દ્રષ્ટિબીન્દુ પરિપક્વ થતું હતું. તે દરમ્યાન મ્હેં અનુયાયીઓનું માન સ્વીકાર્યું, પણ મ્હને કાંઇ તેવું હતુંજ નહિ. મ્હેં કોઇ દિવસ એ માટે વિચાર સરખો પણ કર્યો નથી; અને અત્યારે તો હું તેનો પ્રતિકાર કે સ્વીકાર, બેમાંથી એકે કરતો નથી."

જેના નામના જગતના ઓગણપચાસ ઓગણપચાસ દેશમાં દેવમંદિરો ઉભાં થયાં છે, જેનામાં જગતના 'તારણહાર'ની પ્રતિષ્ઠા થવાની વાટ જોતાં ઓગણપચાસ ઓગણપચાસ દેશના માનવીઓ દર બુધવારે સભાઓ ભરી અભિનંદન પાઠવતા અને જેને જગતને સંસ્કારી અને શિક્ષિત વર્ગ 'જગતગુરૂ' તરીકે નમી નમીને માન આપતો એ એક વખતના 'જગતગુરૂ' અને 'તારણહાર' શ્રી. કૃષ્ણમૂર્તિના આ વચનો છે. એકજ પખવાડીયા પહેલાં લંડનના પત્રકારોને મુલાકાત આપતાં તેમણે એ ઉચ્ચાર્યાં છે. ભારતવર્ષને માદરવતન તરીકે સ્વીકારનાર એ અદ્ભૂત આંગ્લ નારી મીસીસ એની બીસેન્ટને સૌથી પહેલાં 'જગતગુરૂ'ના આગમનના ભણકારા સંભળાણાં અને જગતને તેમણે જણાવ્યું કે 'જગતગુરૂ આવે છે.' પછી તો દુનિયાભરના એકેએક થીઓસોફીસ્ટે શ્રી. કૃષ્ણમૂર્તિને 'તારણહાર' અને 'જગતગુરૂ' તરીકે ઓળખ્યા. જ્યાં જ્યાં એ જાય ત્યાં ત્યાં 'તારણહાર'ને છાજતું માન લોકો તેમને આપવા લાગ્યા. શ્રી. કૃષ્ણમૂર્તિમાં ઇશ્વરનો અવતાર થવાનો છે, જગત સમસ્તનો તેમના હાથે ઉદ્ધાર થવાનો છે એ માટે કોઇને શંકા ન હતી. આમ હિન્દના એક જુવાન પુત્રનું સારીએ સૃષ્ટીમાં સન્માન થયું.

પણ આજે સ્થિતિ સાવ ઉલટી છે. આજે શ્રી. કૃષ્ણમૂર્તિ પોતેજ આ બધી જાળ તોડે છે. આજે એ પોતેજ 'જગતગુરૂ' કે 'તારણહાર' હોવાનો ઇન્કાર કરે છે. "ઑર્ડર ઑફ ધી સ્ટાર" નામના થીઓસોફીનો પ્રચાર કરતા મંડળોની ચાલીશે ચાલીશ શાખાઓ આજે તેમણે વીસર્જન કરી છે. આજે એ સાફ શબ્દોમાં કહે છે કે હું માણસ છું.

અને શ્રી. કૃષ્ણમૂર્તિનીઆ જાહેરાત પછી, તેમના એ મહાત્યાગ પછી પહેલાના કરતાં જગત આજે તેમનું વધુ બહુમાન કરે છે. થીઓસોફીસ્ટોની વાડ તોડીને આજે એ દુનિયા આખીની મહામુલી મીલ્કત બન્યા છે. 'જગતગુરૂ' અને 'તારણહાર' પદનો ત્યાગ કરતાં તેમને સાચા ગુરૂનું પદ સ્હેજે ભેટી પડ્યું છે.

જગતમાં કોઇપણ મહાન બનાવ બને છે ત્યારે સૌથી પહેલાં મારી નજર આપણી કોમ ઉપર, આપણા ધર્મ ઉપર અને આપણા ધર્મગુરૂ ઉપર પડે છે.

શ્રી. કૃષ્ણમૂર્તિ એક વિશ્વવિખ્યાત વ્યક્તિ છે. તેમનું વ્યક્તિત્વ એટલું મધુર અને આકર્ષક છે કે તેવું બીજા કોઇનું નહિજ હોય એમ કહેવામાં હરકત નહિ. તેમનું જ્ઞાન ઘણું ઉંડું છે, તેમનો અભ્યાસ ઘણો વિશાળ છે. ના. આગાખાન પણ એક જગજાહેર પુરૂષ છે. તેમના વ્યક્તિત્વ વિષે તો કાંઇ એવી અદ્ભૂતતા નથી જાણવામાં આવી, પણ જગત તેમને એક વાત માટે ઓળખે છે; અસ્પષ્ટતા અને ગોળગોળ વાતો એ એમનું પ્રધાન લક્ષણ છે. ના. આગાખાનનું જ્ઞાન પણ ઓછું નથી. દુનિયાના બધા દેશો તેઓ ફરી વળ્યા છે. મને એમ થાય છે કે ના. આગાખાન શ્રી. કૃષ્ણમૂર્તિનું અનુકરણ શા માટે ન કરે ? શ્રી. કૃષ્ણમૂર્તિની માફક, જો કે જરા જુદા સ્વરૂપમાં, ના. આગાખાનને પણ તેમના અનુયાયીઓ 'તારણહાર' ગણે છે. શ્રી. કૃષ્ણમૂર્તિમાં તો ઇશ્વરનો અવતાર ભવિષ્યમાં જાહેર થવાનો હતો; પણ ના. આગાખાનને તો તેમના અનુયાયીઓ જાહેર થઇ ગયેલો અવતાર ગણે છે. ના. આગાખાન એક અથવા બીજા સ્વરૂપમાં તેનો સ્વીકાર કરે છે અને ક્યારેક ક્યારેક તો "કાળા રૂડા મારી પાસે છે" એવા તાર કરીને પોતાનો ખુદાઇ દાવો પણ તેઓ આગળ ધરે છે.

ઇશ્વરી અવતારનો ભ્રમ નાબુદ કરવા શ્રી. કૃષ્ણમૂર્તિને જેટલો ત્યાગ કરવો પડ્યો તેટલો ના. આગાખાનને 'હું માણસ છું' એમ કહેતાં કરવો પડે તેમ નથી. આજે ના. આગાખાન પાસે અબજોની મીલ્કત છે. વર્તમાન આવક ભવિષ્યમાં સદંતર બંધ થઇ જાય તો પણ ચિંતાનું તેમને લવલેશ કારણ નથી. આજે તેમની સાત પેઢી ખુશીથી ચાલી શકે તેટલું તેમની પાસે ધન છે.

મને તો એમ લાગે છે કે ખુદાઇ દાવો જતો કરી આપણી કોમને સદાને માટે રાહત આપવા ના. આગાખાન માટે આ એક સરસ તક છે. શા માટે તેઓ સ્પષ્ટ જાહેરાત ન કરી દીયે કે "ભાઇ, મારો પીછો છોડો, હું તમારો છોડું છુ" ?

અને એક વખત ના. આગાખાન આ અવતારપદનો ત્યાગ કરે પછી તો તેમની સર્વ શક્તિઓ આપણા ઉદ્ધાર માટે આપો આપ લાગી જાય. ખોજા કોમની આખી સીકલ બદલાઇ જાય; અને મૂર્ખ અને અજ્ઞાન માનવજંતુઓના બનાવટી ઇશ્વર મટી તેઓ સાચેજ એક સંસ્કારી અને શિક્ષિત માનવસમુહના સાચા જોડીદાર બની જાય.

નામદાર, જીવન સાર્થક કરો અને કરવા દયો !

---

*ચિત્રપટો પેદા કરનારૂં જગતનું સૌથી મહાન મથક, અમેરીકામાં.

# સપ્તાહનો સાર.

**શ્રી. પટેલની માંદગી:** જીનીવામાં પથારીવશ થયેલા શ્રીયુત વિઠ્ઠલભાઇ પટેલની બીમારીની ગંભીરતા જરાએ ઓછી થઇ નથી. બલ્કે તેમના ફેફસામાં પણ હવે તો સોજો દેખાવા લાગ્યો છે, જે ચિન્હ ઘણું ખરાબ લેખવામાં આવે છે. શ્રી. બોઝની તબીયત ઠીક છે.

**મીદનાપુરનો મામલો:** "મીદનાપુર જીલ્લા મેજીસ્ટ્રેટ શિવાયનુંજ રહેવું જોઇએ." એવી જાતની ચેલેન્જ ફેંકતી લાલ પત્રિકાઓ બળવાખોરો તરફથી મીદનાપુરમાં બહાર પાડવામાં આવી છે. મીદનાપુરના જીલ્લા મેજીસ્ટ્રેટ માથે ખુની હુમલો કરી તેને બળવાખોરોએ મારી નાખ્યા પછી સરકાર પણ કડકમાં કડક પગલાં લઇ રહી છે. સ્થાનીક હિન્દુ યુવાનોને પોતાની સાયકલો વેચી નાખવાની અગર પોલીસને સોંપી દેવાની ફરમાશ કરવામાં આવી છે, અને બીજાં કડક પગલાં પણ લેવાયાં છે.

**મદ્રાસમાં ક્રાન્તીકારો:** ગઇ તા. ૬ ની રાત્રે મદ્રાસની રાયપુરમ કોલેજના સુપ્રીન્ટેન્ડેન્ટની ઓફીસમાં છ બળવાખોરોની એક ટુકડીએ ધાડ પાડી હતી. દરવાનને કલોરોફોર્મવાળો રૂમાલ સુંઘાડી બેભાન કરવામાં આવ્યો હતો. તેજુરી તોડવામાં આવી હતી, પણ તેમાં પડેલા આઠસો રૂપીઆમાંથી એક પાઇ પણ ઉપાડી જવામાં આવી નથી. "સાવધાન! ભગતસિંહના સૈનિકો!" એવા પોસ્ટરો તેજુરી ઉપર ચોંટાડવામાં આવ્યાં હતાં. કોઇની ધરપકડ થઇ નથી.

**ફાંસીની સજા:** અલીપુરની ખાસ ટ્રીબ્યુનલ સમક્ષ ચાલતા કેસનો ચુકાદો આવી ગયો છે. તે મુજબ ચારમાંથી ત્રણને ગુન્હેગાર ઠરાવી સજાઓ કરવામાં આવી છે. મુખ્ય આરોપી દીનેશ મજમુદારને ફાંસીની સજા ફરમાવવામાં આવી છે, જ્યારે બાકીના બેને જન્મ દેશનીકાલની શિક્ષા થઇ છે. આ ત્રણે ઉપર કલકત્તાના પોલીસ કમીશનર ઉપર ખુની હુમલો કરવાના આરોપો હતા અને તે માટે આ પહેલાં તેમને સજાઓ થઇ હતી. પણ જેલમાંથી તેઓ નાસી છુટ્યા હતા. ફરીથી પકડાતાં તેમને ઉપર મુજબ સજાઓ થઇ છે.

**ટ્રેઇન સામે બત્તી ધરનાર ગીરફતાર:** ઓકટોબરની પહેલી તારીખે દીનાજપુરના સ્ટેશનના દરવાજા આગળથી ના વાયસરોયની સ્પેશીઅલ ટ્રેઇન ઉપર વીજળીક ટોર્ચ (બત્તી)માંથી પ્રકાશ ફેંકવા માટે એક યુવકની ધરપકડ કરવામાં આવી છે.

**બેન્કો ઉપર દરોડા:** મુંબઇમાં કરીમભાઇની મીલો સાથે નાણાંની લેવડ દેવડનો સંબંધ છે એવી અફવા ઉડતાં સેન્ટ્રલ બેન્ક અને ઇન્ડીઆ બેન્ક ઉપર લોકોએ દરોડા પાડયા હતા. બેન્કોએ નાણાં પગાર કરવાં ચાલુ રાખ્યાં હતાં. લગભગ સવા કરોડ જેટલી રકમ લોકોએ એક દિવસમાં બન્ને બેન્કોમાંથી ઉપાડી લીધી હતી. આની અસર અમદાવાદની સેન્ટ્રલ બેન્કની શાખા ઉપર પણ થઇ હતી અને ત્યાં પણ સરેરાશ કરતાં લોકોએ ૧૦ ટકા નાણાં વધુ ઉપાડયાં હતાં. બન્ને બેન્કોની સ્થિતિ સદ્ધર છે. સેન્ટ્રલ બેન્કના મેનેજીંગ ડીરેકટરે બેન્કને મીલો સાથે કાંઇ સંબંધ ન હોવાનું જાહેર કર્યું છે.

**રશીયા જાપાન કડવાશ:** જાપાન સરકાર અને મંચુકો વચ્ચે થયેલી છુપી મસલતો અને દસ્તાવેજો રશીયાની સોવીએટ સરકાર તરફથી પ્રગટ કરવામાં આવ્યા છે. તે મુજબ જાપાન રશીયાની માલીકીની રેલ્વેઓનો કબજો લેવાનો અને સોવીએટ અમલદારોને પકડવાનો વિચાર કરી રહ્યાની વાત બહાર આવી છે. જાપાન સરકાર આવા કોઇ દસ્તાવેજો થયા હોવાનો ઇન્કાર કરે છે.

**શસ્ત્રબંધીની વાતો:** યુરોપના રાજ્યો શસ્ત્રબંધી કરવાની વાતો ઘણા વરસથી કરી રહ્યા છે. પણ નિષ્ફળતા શિવાય બીજું કાંઇ તેમને મળ્યું નથી. મુખ્ય મુશ્કેલી જર્મનીની સમાન હક્કની માગણી છે. ફ્રાન્સ જર્મનીને સમાન હક્ક આપવાથી પુરૂં વિરૂદ્ધ છે. જ્યારે જર્મની દરરોજ એ હક્કને વધુને વધુ જોરથી પકડતું જાય છે.

**અભિનંદન આપનારને સજા:** ઓસ્ટ્રીઆના પ્રમુખ ડોલ્ફસ ઉપર થયેલ ખુની હુમલામાંથી બચી જવા માટે તેને અભિનંદન આપવા માટે જર્મનીના એક વર્તમાનપત્રના તંત્રીને ૩ અઠવાડીયાંની કેદ અને દસ હજાર શીલીંગના દંડની સજા જર્મન સરકારે કરી છે.

**આયર્લેન્ડનો મામલો:** આયર્લેન્ડમાં ઉભા થયેલા નવા એકત્ર આયરીશ પક્ષની સભામાં દાખલ થતાં એ પક્ષના વડાઓ, ડફી ઉપર ડબ્લીનના લોકોએ લાકડીઓ અને પથરો વતી હુમલો કર્યો છે.

**નિશાળને બદલે લગ્ન મંડપમાં:** અમદાવાદની બ્રહ્મક્ષત્રિય કોમની એક બાળા ઉર્વશીએ માતા પિતાની ઇચ્છા વિરૂદ્ધ શ્રી. પુષ્પવદન ઠાકોર સાથે છુપાં લગ્ન કર્યાં છે. કુ. ઉર્વશી હાઇસ્કુલમાં મેટ્રીક કલાસમાં ભણતાં હતાં. નિશાળે જવાનું ઘેરથી જણાવી તેમણે લેડી વિદ્યાગૌરીના બંગલાનો રસ્તો લીધો. ત્યાં અગાઉથી નકકી કર્યા મુજબ શ્રી. પુષ્પવદન હાજર હતા. તુરત સાદી રીતે લગ્નવિધિ કરવામાં આવી. પછી નવપરણિત દંપતી અમદાવાદ છોડી બહારગામ ચાલ્યા ગયા. આમ કરવાનું કારણ કુ. ઉર્વશીનો શ્રી. પુષ્પવદન ઉપરનો પ્રેમ અને એ લગ્ન કરવા સામે તેમના માતા પિતાનો વિરોધ છે. લગ્ન બાદ શ્રીમતી ઉર્વશીએ પોતાની માતાને એક લાગણીભર્યો પત્ર લખી બધા ખબર આપ્યા છે.

**ભૈયાને પકડનાર બહાદુર બાળા:** મુંબઇમાં દાદી શેઠ અગીઆરી લેનમાં રહેતી એક વિજ્યા તલપદે નામની ૧૪ વરસની બાળાએ રાત્રિના વખતે પોતાના હાથમાંથી બંગડી કાઢવાની ચોરી કરવા આવેલા એક ભૈયાને નાસી જતો પકડી પોતાના બાપ તથા ભાઇને જગાડી સોંપી દીધો છે.

## આવતો અંક બંધ.

**દિપોત્સવીના તહેવારોને કારણે અમારો આવતો અંક બંધ રહેશે. તંત્રી.**

# વેપાર સમાચાર

( તા. ૭-૧૦-૩૩ )

**ઊન** : ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૧૧૯ ગાંસડી વેચાણી છે અને બજાર ટકેલો રહ્યો છે. જામનગર પંથકની પરહદની ઉન મણ ૫૦) દર રૂ. ૧૪ા લેખે રાજકોટ પહોંચતી વેચાણી છે. બીજો પણ એક ૧૨૫ મણ ઉંચો જોડીયો દર રૂા. ૧૪ાાને લેખે વેચાણો છે. આવતો સેલ તા. ૩૧ નો છે તેમાં ગાં. ૧૪૦૦૦ થી ૧૫૦૦૦ મુકાશે અને સેલ ૫ થી ૧૦ ટકા તેજ ન જાય તો પણ બજાર ઘટવાનો અત્યારે જરા સંભવ નથી એમ વિલાયતના તારોથી દેખાય છે આમ છતાં સ્થાનીક ખરીદનારાઓનું વલણ સેલ પહેલાં લેવાનું નથી.

**રૂત : ભરૂચ** : ૧૯૦. **બકરાના વાળ** : ૪).

**અનાજ, વિ.** : ૧ાા≈ ૨) ઘઉં. ૨) ૨ા બાજરો જુનો. ૧ાા ૧ાા≈ બાજરો નવો. ૧ા~ ૧ા≈ જુવાર. ૧ાા≈ ૧ાા≈ ચણા દેશી. ૧ાા≈ ચણા પરદેશી. ૧) કમોદ જાડી. ૧)≈ ૧ા કમોદ ઝીણી. ૧ા≈ મેથી નવી ૧ા મેથી જુની. ૨ા≈ ૨ા~ તલ. ૨ા તલી. ૧ાા≈ એરડી ઝીણી. ૧ાા~ાા એરડી જાડી. ૧ાા ૧ાા≈ ૨) મગ. ૧ાા ૧ાા≈ અડદ. ૧)≈ ૧ા મગફળી ઝીણી. ાાા ૧)~ મગફળી જાડી. ૧ાા≈ રાઇ. ૨)≈ શીંગદાણા હાથફોલ.

**પરચુરણ** : ૨) ૨ા ગોળ દેશી. ૬ાા~ કપાશીયા માળવો. ૮ા કપાશીયા નવા બારાડી. ૪)≈ ખાંડ પરદેશનાને. ૪ાા≈ ખાંડ રાજકોટ શહેર, ૪) ખાંડ સદર. ૯ાા ૧૦ા સોપારી. ૯) ૧૦) ગદબનું બી.

**ઘી** : ૨૦) ૨૦ાા મુંબઇ પરખ, ૧૫) ૧૫ા તાજો રસ.

**તેલ** : ૫ાા તલનું, ૩ાા~ શીંગનું. ૫ા ઓપરેલ પીપનું. ૫ાા ડબાનું. ૩)≈ ગ્યાસલેટ સફેદ હાથી. ૨ાા≈ સફેદ પીપનું રશીયન.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---

( અનુસંધાન પાના ૨૬૬ થી. )

ભેગા થઇ નજરે દેખાતા આ બેકારીના ભયને પહોંચી વળવા કોઇ સંગીન યોજના ઘડી કાઢવી જોઇએ. આમ કરવામાં ઇશનાઅશરી ઇસ્માઇલીના ભેદોને તીલાંજલી આપવી જોઇએ. આજના યુગમાં શાહુકારો માટે લડનાર શાહુકારોનાં મંડળો છે; મજુરો માટે લડનાર મજુર મંડળો અને ટ્રેડ યુનીઅનો છે; પણ મધ્યમ વર્ગનો જે મરો થઇ રહ્યો છે તેની દાદ ફરીયાદ કરવાનું કોઇ સાધન નથી. સુડીદારોના મંડળોમાં આ વર્ગને કોઇ દાખલ થવા દેતું નથી અને મજુરો, કામદારોના મંડળમાં જોડાવામાં એને સંકોચ અને શરમ આડે આવે છે. જ્યાંસુધી આ વર્ગ સંગઠ્ઠન કરી કામદાર મંડળો સાથે જોડાઇ જશે નહિ ત્યાંસુધી આવી આફતોનો સામનો કરવાનું તેમની પાસે કોઇ સાધન નહિ રહે. પણ ભવિષ્યની આ યોજના ઉપર વિચારણા ચલાવતાં છતાં અત્યારે ઉભા થયેલા કટોકટીના મામલાને પહોંચી વળવા સૌથી પહેલાં કાર્યસાધક પગલાંઓ લેવાની જરૂર છે.

( અનુસંધાન પાના ૨૬૭ થી. )

રવાના થાય તે પહેલાં પણ તેમને સંખ્યાબંધ તારો કરી આપણો વિરોધ આપણે બતાવી શકીએ છીએ. એમનું ઠેકાણું : **H. H. AGA KHAN,** *C/o Coutts, LONDON.*]

**કરાંચી,** ૭ ઓકટોબર, ૧૯૩૩.

## " ખોજા જાગૃતિ " ના તંત્રીશ્રી, રાજકોટ.

**સાહેબ,**

આપના છેલ્લા અંકમાં પ્રસિધ્ધ થયેલ રૂપજીભાઇ નઝરઅલીનો પત્ર વાંચતાં મને આનંદ થાય છે, અને એ કાર્ય માટેનો યશ હું તેમને આપું છું.

હું ખુદા પાસે દુવા કરૂં છું કે જ્યારે ૧૩ મી ડીસેમ્બરેના. આગાખાન બેલાર્ડ પીઅર ( મુંબઇ ) ઉતરે ત્યારે તેની સામે વિરોધ બતાવવા સારી સંખ્યામાં માણસો બહાર પડે. પણ એ શંકાસ્પદ છે તેથી હું એવી સૂચના કરૂં કે જે કોઇને રૂપજી-ભાઇની અપીલની કાંઇ અસર થઇ હોય તે બધાએ **ઓછામાં ઓછું** એક તાર તો ના. આગાખાનને પાછા જવાનો કરવો. તાર કરનારા સૌએ એ પણ ઉમેરવું કે જો ના. આગાખાન એવું વચન આપતા હોય કે આપણી કંગાલ બની ચુકેલી કોમ પાસેથી તેઓ એક પાઇ પણ નહિ લ્યે તો તેમના હિંદ આવવા સામે તેમને વાંધો નથી.

આજના મોંઘવારીના વખતમાં આપણા ભાઇઓ જાતે જાય તેને બદલે મને ખાત્રી છે કે આની અસર એની મેળે થશે*. હું નથી જાણતો કે કેટલા માણસો આ પ્રમાણે કરશે! મારી પોતાની જાત માટે, હું કાંઇ પણ કરી છુટવા તૈયાર છું.

તમારો વિશ્વાસુ,

**કરીમ ગુલામઅલી**

---

( અનુસંધાન પાના ૨૭૨ થી )

કોઇ ઠેકાણે તે રોકી શકાય નહિ. એ મીલ્કત ઉપર કુલમુખત્યારી સ્ત્રીની પોતાની છે અને સ્ત્રીના પોતાનાજ એકલાના નામે એ ઇચ્છે ત્યાં એ રકમ રોકાવી જોઇએ. કોમે ન ચુંટેલી છતાં આપ-મુખત્યારીથી કોમનો વહીવટ પોતાને હસ્તગત કરી લેનાર આજની ગેરકાયદેસર આપખુદ કાઉન્સીલના આજદીનતકના વહીવટે આપણને કડવો અનુભવ કરાવ્યો છે અને આવી મીલ્કતોના વહીવટો ઉપર તેનો રજ માત્ર અંકુશ હોવો જોઇએ નહિ; એટલુંજ નહિ પણ ભવિષ્યમાં કાયદેસરની ચુંટણીથી કાઉન્સીલ ચુંટાય તેને પણ આવી સત્તા કદી પણ ન સોંપવાનો આજની કાઉન્સીલે આપણને ધડો લેવાનું શીખવ્યું છે.

'જમાતના રીવાજ'નો આ કલમમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હકીકતે આજે 'જમાત' નામની કોઇ સંસ્થા રહી નથી. એકેએક જમાતનો કબજો અત્યારે કાઉન્સીલે લઇ લીધો છે અને જમાતના મુખી અને કામડીઆ જે પહેલાં જમાત પોતે ચુંટતી કે નીમતી તે આજે કાઉન્સીલ નીમે છે. છતાં 'જમાતના રીવાજ'ને આગળ ધરવામાં અમર્યાદ લોભની સખ્ત ગંધ આવે છે. આ રીવાજોના બાના નીચે કાઉન્સીલ મરનાર બાઇની પાછળ મીજલસ કે એવી કોઇ પુષ્કળ આમદાની આપનારી ક્રિયા કરીને ધારે તો હજારોનો ધુમાડો કરી શકે. એ ડખલગીરી કરવાની કાઉન્સીલને કાંઇ સત્તા કે જરૂર નથી.

---

*અસલ ઇંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૨૪.**

"કોઇ શખ્સને પોતાની એક ઓરત હયાત હોય છતાં બીજી ઓરત કરવી હોય, અને તે માટે તેણે દર્શાવેલા કારણો કાઉન્સીલને વ્યાજબી જણાય, અને કાઉન્સીલ ફરમાવે તે મુજબ પોતાની આગલી ઓરતના ભરણપોષણ માટે યોગ્ય ગોઠવણ તે શખ્સ કરે તો સદરહુ શખ્સને નીચેની શરતોએ બીજી ઓરત કરવા કાઉન્સીલ પરવાનગી આપશે:—

(એ) બીજી ઓરત પરણનાર માણસે સરકાર સાહેબી ગુનેગારીની રકમ રૂા. ૫૦) થી રૂા. ૧૦૦ સુધીની જે રકમ કાઉન્સીલ તેની હાલત જોઇને મુકરર કરે તે તેણે રોકડી આપવી પડશે.

(બી) બીજી ઓરત પરણનાર માણસે પોતાની પહેલી ઓરતના ભરણપોષણ વાસ્તે કાઉન્સીલ જે રકમ મુકરર કરે તે રકમ કાઉન્સીલમાં અગર કાઉન્સીલ મારફત અનામત મુકવી પડશે. એ રકમમાંથી ઉત્પન્ન થતી આવક જો તે પહેલી ઓરત પોતાના ધણી સાથે રહેતી હોય તો તેણીની ઇચ્છા પ્રમાણે તેણીના ધણીને આપવામાં આવશે, અને જો તેણી જુદી રહેતી હોય તો તેણીને આપવામાં આવશે. જ્યારે તે ઓરત ગુજરી જાય ત્યારે જો તેણીનો ધણી જમાતના રીવાજ મુજબ તેણીની મરણ ક્રિયાઓ ન કરે તો જમાતના રીવાજ મુજબ સદરહુ ક્રિયાઓ કાઉન્સીલ કરશે અને તેનું જે ખર્ચ થાય તે અનામત રકમમાંથી કરવામાં આવશે. અને બાકીની રકમ તેણીના ધણીને પાછી આપવામાં આવશે."

એક ઓરત હૈયાત હોય ત્યારે બીજી ઓરત કરવાનાં જે કાંઇ કારણો બતાવવામાં આવે તે કોઈ દિવસ વ્યાજબી હોઇ શકે નહિ; છતાં જો કોઇ તેને વ્યાજબી કહે કે ગણે તો તે કહેનાર અને ગણનાર બન્ને આજની દુનિયાના પ્રકાશથી વંચિત રહ્યા છે એમ સમજવું. છોકરાં થતાં નથી અને તેમાંએ ખાસ કરીને દીકરો થતો નથી એ મૂર્ખાઇ ભરેલી દલીલને આગલા જમાનામાં એક સબળમાં સબળ કારણ ગણવામાં આવતું, અને હજી પણ મોટે ભાગે એક ઓરત હૈયાત હોવા છતાં બીજી કરવા નીકળનાર બહાદુરો આજ પાંગળી દલીલનો આશરો લ્યે છે. છોકરાં હોવાં જ જોઇએ કે ઓછામાં ઓછો એક છોકરો તો હોવોજ જોઇએ એ લાલસામાં બુરો લોભ સમાયેલો છે એટલું જ નહિ પણ અત્યારે તો આર્થિક દ્રષ્ટિએ જ્યાં સંતતિ નિયમન અનિવાર્ય હોવાનું સાબીત થઇ ચુકયું હોય ત્યાં નવા બાળકો ઉત્પન્ન કરવા એ એક જાતનો અપરાધ જ થઇ પડે છે. કોઇ પણ સમાજના કાનુનોમાંથી આવાં છુપાં પણ અનીષ્ટ તત્વોને બારીકમાં બારીક ચાળણીથી ચાળી કાઢી નાખવાં જોઇએ.

એક સ્ત્રી હૈયાત હોવા છતાં બીજી સ્ત્રી કરવી એટલે પહેલી સ્ત્રી ઉપર શોકય બેસારવી. સ્ત્રીઓ માટે આ શોકય જીવન મરણનો પ્રશ્ન છે. આવા ગંભીરમાં ગંભીર સવાલ વખતે સ્ત્રીની સંમતિ લીધા પછી જ જે કાંઇ કરવું ઘટે તે કરવાનું હોય. આમ છતાં આ કલમમાં તેવી કોઇપણ ગોઠવણ કરવામાં આવી નથી. સ્ત્રી એ તો કેમ જાણે કોઇ ઘેટું મેંઢું હોય અને તેને પોતાને કાંઇ મત જ ન હોય એવી રીત આ કલમમાં અખત્યાર કરવામાં આવી છે. આથી વધુ અવગણના, આથી વધુ અપમાન અને અન્યાય સ્ત્રીઓ માટે બીજાં શું હોય? પુરૂષે બતાવેલાં કારણો વ્યાજબી છે કે ગેરવ્યાજબી એ નક્કી કરવાની બધી સત્તા ચુંટણીથી ચુંટાયેલી કાઉન્સીલના હાથમાં પણ મુકી શકાય નહિ. બચ્ચાં થતાં નથી એ દલીલ જ્યારે આગળ કરવામાં આવે ત્યારે સ્ત્રી પુરૂષની દાક્તરી તપાસ કરાવવાનું અનિવાર્ય ઠરે છે. એ તપાસના પરિણામે જો પુરૂષ જ દોષપાત્ર ઠરે તો તેને બીજી ઓરત કરવાનો કશો પણ હક ન જ રહે. અનેક કિસ્સાઓમાં આવી તપાસની ગેરહાજરીમાં નિર્દોષ અને સંતતિ થવી જ જોઇએ એ પુરૂષના જડ સિદ્ધાંતને સ્વીકારી લેનારી ઘણી સ્ત્રીઓ ઉપર શોકય બેસારી દેવામાં આવે છે. પુરૂષની જેમ સ્ત્રી દાવો કરે કે આ પુરૂષથી મને બચ્ચાં થતાં નથી અને દાકતરી તપાસમાં પુરૂષ સાચે જ દોષપાત્ર ઠરે તો પુરૂષ સ્ત્રીને એક ઉપર બીજો ધણી રીતસર નીકાહ કરીને કરવાની છુટ આપવા તૈયાર છે? એ પહેલાં 'નબળો માટી બૈયર ઉપર શુરો, એવો વર્તાવ ન રાખવો જોઇએ. અને એમાં યે બંધારણમાં તો આવી વસ્તુને દાખલ ન જ કરી શકાય.

પણ કોમને પાળવાના આ કાયદા કાનુન ઘડનારના ભેજામાં કોમની નૈતિક ઉન્નતિ અવનતિની આવી વિચારણા માટે જરાએ સ્થાન નથી. એમાં તો એક જ વસ્તુ છે—સત્તાનો શોખ અને નાણાંનો લોભ.

પેટા કલમ (એ)માં બીજી ઓરત કરનાર પાસેથી 'સરકાર સાહેબી ગુનેગારી' લેવાનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. એક પુરૂષને એક ઓરત હોય કે બે તેની સાથે 'સરકાર સાહેબ'ને જરાએ નીસ્બત નથી. કોમના આંતરીક વહીવટનો આ વિષય છે, અને તેમાં 'સરકાર સાહેબ'નો કાંઇ ગુન્હો થતો નથી. અને આ 'ગુનેગારી' લેવાનું પણ પુરૂષે બતાવેલાં કારણો કાઉન્સીલને વ્યાજબી હોવાની ખાત્રી થાય ત્યાર પછી. જો કાઉન્સીલ એ કારણોને વાજબીજ માને તો પછી એમાં ગુન્હો ક્યાં રહ્યો? આમ છતાં પણ જો ગુન્હો બનતો હોય તો કાઉન્સીલ કે જે એ કારણોને અને કાર્યને વ્યાજબી માને છે તે પણ એટલીજ ગુન્હેગાર છે. રૂા. ૧૦૦) સુધીની હદ આંહી બાંધવામાં આવી છે. હદ બાંધવી જોઇએ એ દ્રષ્ટિએ એ આંકણી ઠીક છે. રૂા. ૫૦)થી ઓછી ગુન્હેગારી ન લેવી એ આંકણી પાછી એટલીજ ખરાબ છે. હકીકતે તો આમાં કાંઇ પણ 'ગુન્હેગારી' લેવાને સ્થાન નથીજ—શિવાય કે એ પ્રધાન હેતુ માટે આ બધી યોજના કરવામાં આવી હોય. આ ગુન્હેગારી ગુન્હાનું પ્રમાણ જોઇને લેવાને બદલે માણસની હાલત જોઇને લેવાનું ઠરાવવામાં આવ્યું છે એ પણ ઉપલી વાતને ટેકો આપે છે.

'ગુન્હેગારી' લેવાથી પણ વધુ મોટો લોભ પેટા કલમ (બી) માં ખુલ્લો થાય છે. એક ઉપર બીજી સ્ત્રી કરવામાં આવતી હોય ત્યારે પહેલી સ્ત્રીના ભરણપોષણનો પાકો બંદોબસ્ત કરવો જોઇએ એ બરાબર છે. પણ એ ભરણપોષણ માટેની અનામત રકમનો આંકડો નક્કી કરવાનું કામ કાઉન્સીલનું નથી. સ્ત્રી પોતેજ એ આંકડો કહે અને તેમાં અતિશયતા સાબિત થાય તો કાઉન્સીલ દરમ્યાનગીરી કરી એ આંકડાને વ્યાજબી બનાવે એટલી મર્યાદા હોવી જોઇએ. આ પ્રમાણે જે રકમ અનામત રાખવાનું ઠરે એ કાઉન્સીલને કદી પણ સોંપવી જોઇએ નહિ કે તેની મારફત બીજે

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૭૧. )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

માતૃભૂમિનો શહીદ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રીઃ ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨ દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯ | પુસ્તક ૧, અંક ૩૫ : ઓકટોબર ૩૧ : ૧૯૩૩ સંવત ૧૯૯૦ ના કારતક શુદ ૧૩ મંગળવાર | મુદ્રક અને પ્રકાશક : ઇસ્માઇલ કાનજી હીરાણી.

## એકજ વાર.

અય, બીરાદરો ! દ્રષ્ટિ ખોલીને જુઓ તો ખરા ! ! !

કાળ આવે છે અને જાય છે; એમાં અમૃત ઘડીઓ તો બહુજ ઓછી હોય છે. આજે અમૃત ચોઘડીએ અમૃત ધારે અમૃત વર્ષાવતો અમૂલ્ય–અવસર કાળ–આપણે આંગણે આપણને પડકાર કરતો ઉભો છે; તેને દ્રષ્ટિ ખોલીને જુઓ તો ખરા !

અય, બાંધવો ! જરાક તો આંખ ઉઘાડો ! ! !

તમારાજ આંગણામાં તમારેજ દ્વારે નવયુગનો આફતાબ નવતેજથી ઝળકતો, અંધકારને ઉલેચતો, નવનુરથી પ્રકાશતો, સોનેરી કિરણોને પાથરતો ઓસરીએ ને ઉંબરીએ આવીને ઉભો છે; તેને જોવા જરાક તો આંખ ઉઘાડો !

અય, પરિજનો ! નયન દ્વારા જરાક તો નિહાળો ! ! !

બ્હેરાઓને સંભળાવવા, ઉંઘતાઓને જગાડવા ઇતિહાસનાં આલેખનો અને કાળની ટીકીયારીઓ ચેતવણીના સૂરો પોકારી પોકારીને છેલ્લો સાદ સંભળાવે છે; જરાક તો સાંભળો, જરાક તો નિહાળો !

અય, ભ્રાતાઓ ! એકજ વાર; પાંપણને પલકારે એકજ વાર. આપણા પાડોશી માનવ બંધુઓ તેમનાં સૂવર્ણમય સ્વપ્નાંને સાચાં ઠરાવવા નવયુગને નવાણે કમર કસી રહ્યા છે; ત્યારે તમે ભલે તમારી જાતની ખાતર નહિ, તો પણ માનવ જાતની ખાતર, તમારી આલ ઓલાદની ખાતર એક વાર તો પાંપણ ઉંચી કરીને પ્રેખો !

અય, આપ્તજનો ! અય, ભાંડુઓ ! અય, કોમીજનો ! ઉઠો, ઉઠો એકજ વાર આજની આ અમૂલ્ય પળે. એકજ વાર જાગો, જાગો અને જુઓ. જુઓ નવપ્રભાતે પક્ષીઓ પણ પાંદડે પાંદડે અને ડાળીએ ડાળીએ કિલ્લોલ કરતાં જાગૃતિને વધાવે છે. અને તમે માનવીઓ યુગ પ્રભાતે શું એક વાર, અરે ! એકજ વાર પોતાની ખાતર, પોતાનાં સ્ત્રી બાળકોની ખાતર, પોતાના પરિવારની ખાતર, પોતાના દીન બાંધવોની ખાતર, અરે ! છેવટ જગત ખાતર એકજ વાર અરે ! એકજ વાર નહિ જાગો ? નહિ જુઓ ?

અય, જ્ઞાતિજનો ! કાળ કૂચ કદમ ભરતો ચાલ્યો જાય છે. અને પછી ?

પછી તો કાળ જશે અને કહાણી રહેશે. અવસર વીત્યે અમૃત વિષ બનશે. અષાઢનાં આભ ઉનાળે તો અઘટીતજ ગણાય છે ને ! રાંડયા પછીનાં ડહાપણ શું કામનાં ?

સમય સમયેજ શોભે છે.

સૃષ્ટિના મોલ સુકાયા પછી મુશળધાર વૃષ્ટિ વરસે તો પણ શા કામની ? રત વગર ફળ હોયજ નહિ અને હોય તે ખાટાં, તુરાં અને કડવાંજ હોય. અને તેથીજ અય, બીરાદરો ! એકજ વાર આજના મંગળ અવસરે, ભાવી પ્રજા આપણને અઘોરી કહે તે પહેલાં એકજ વાર ઉઠો !

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૩૧-૧૦-૩૩.


## માતૃભૂમિનો શહીદ.

કોમ સુધારણાના અતિ સંકૂચિત ક્ષેત્રમાં ઝકડાઇ ગયેલી અમારી કલમ આજે ભારે અને દુઃખી હૃદયે અમારી પાસે એ વાડો તોડાવે છે. માતૃભૂમિ હિન્દની આઝાદીના ઉત્સવ માણવા અમારે આ મર્યાદિત ક્ષેત્રની વાડો તોડવી પડી હત તો અમને રંજ ન થાત. પણ આજે તો એ માતાનો રણઘેલો પુત્ર પોતાની પાછળ પાંત્રીશ કરોડ માનવબંધુઓને રડતા મુકી સ્વર્ગે સંચર્યો છે એ દુઃખી અને કમનશીબ બનાવથી સારાયે દેશમાં જે ગમગીની અને અફસોસની લાગણી ફેલાણી છે તેમાં અમારો ઝીણો એવો સૂર પુરાવતાં અમે અનેક વેદનાઓ અનુભવીએ છીએ.

શ્રીયુત વિઠલભાઇ ઝવેરભાઇ પટેલનું અવસાન થયું છે. સ્વતંત્રતાની લડત લડતાં લડતાં ભારતના એ મહામૂલા રત્ને પરદેશમાં પ્રાણ છાંડયા છે. મહાત્મા ગાંધીજી લંડનની બીજી ગોળમેજી પરિષદમાંથી ખાલી હાથે પાછા ફર્યા અને હિન્દભરમાં ફરી સત્યાગ્રહ અને સવિનય અનાદરની લડાઇ સળગી ઉઠી. વિઠલભાઇ પરદેશ હતા; હિન્દ આવ્યા અને પકડાયા. કારાવાસમાં તબીયત લથડી, એટલે સરકારે તેમને છુટા કર્યા. તબીબી સલાહને માન આપી વિઠલભાઇ ફરી પરદેશ ઉપડયા તબીયત સુધારવાને. થોડો આરામ મેળવ્યો. પણ એ રણઘેલો રણવાટ ન વીસરી શકયો. ભારતની આઝાદી માટે તલસતા એ બીમાર અને વૃધ્ધ માનવીએ યુરોપ અને અમેરિકામાં ભ્રમણ કરી હિન્દુસ્તાનની માગણીઓ અને સ્વતંત્રતાના તેના જન્મસિદ્ધ હક્કોના વ્યાજબીપણા માટે ઠેકઠેકાણે ભાષણો કરવા માંડયા. એ મુસાફરી અને શ્રમે તેમની નાજુક થઇ પડેલી તબીયત ઉપર માઠી અસર કરી. વિઠલભાઇ અમેરિકાનો પ્રવાસ પુરો કરી યુરોપ પાછા ફર્યા. ત્યાં તો તેમનું શરીર લથડયું. દિવસે દિવસે તબીયત ખરાબ થતી ગઇ. અને ગઇ તા. ૨૨ ને રવિવારના બપોરના દોઢ વાગ્યે જીનીવા આગળ આવેલા ગ્લેન ગામે તેમનો જીવન દીપ બુઝાઇ ગયો.

પ્રેસીડેન્ટ પટેલના નામથી મશહુર થયેલા વિઠલભાઇને આજે કોણ નથી ઓળખતું ! ઇંગ્લેન્ડની શાહી સરકારે સુધારાના થોડા ઘણા ટુકડા ભૂખ્યા હિન્દને ફેંકયા અને હિન્દુસ્તાનમાં પ્રાંતિક અને વડી ધારાસભાઓની સ્થાપના થઇ. એ વડી ધારાસભાના પહેલા હિન્દી પ્રમુખ વિઠલભાઇ. ધારાસભાની બબ્બે ચુંટણીઓમાં એ પ્રમુખ ચુંટાયા અને અત્યારસુધી કોઇએ એ પદને નથી શોભાવ્યું એવું એમણે એ પ્રમુખપદ દીપાવ્યું. વિઠલભાઇ એ હોદા ઉપર ચુંટાયા ત્યારથી તે મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે સને ૧૯૩૦ માં હિન્દુસ્તાને સ્વાતંત્ર્ય યુદ્ધ શરૂ કર્યું ત્યાં સુધી પ્રમુખ પટેલની કાર્કિર્દી અનેક અવનવા બનાવોથી ભરપુર છે. પ્રજાપક્ષે અડગ ઉભા રહીને તેમણે દેશના અને ધારાસભાના હક્કો સાચવવા સરકાર સાથે અનેક લડાઇઓ કરી છે, અને એ બધી લડાઇઓમાં તેમણે એક વિજયશાળી યોદ્ધાની માફક ફત્તેહ મેળવી છે. સભા ઉપર સંપૂર્ણ કાબુ રાખવાની એમની અસાધારણ શકિત, કાયદાનો ઝીણવટાઇ ભરેલો ઉંડો અભ્યાસ અને સિદ્ધાંતની વાતમાં રજ માત્ર પણ નમતું નહિ આપવાની તેમની આકરી અડગતાએ તેમના દેશબંધુઓનો અજોડ પ્રેમ સંપાદન કર્યો હતો એટલુંજ નહિ પણ દુનીઆભરના દેશોમાં હિન્દના એ સપુતે પ્રસંશા મેળવી હતી. વિઠલભાઇનો ત્યાગ પણ ઓછો ન હતો. દેશની હાકલ થઇ કે એ ઉંચામાં ઉંચા સ્થાનનો જરાયે લોભ રાખ્યા શિવાય તેમણે રાજીનામું આપી સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું. એ કાળે, તેમના પ્રથમ કારાવાસ પહેલાં તેમણે દેશમાં ઘૂમીને પ્રજાને જે પ્રેરણા પાઇ છે એ કદી પણ નહિ ભુલાય. એક વર્ષ સુધી કાંઇ પણ ન ખરીદવાનો અને બધા પરદેશી માલનો અને ખાસ કરીને બ્રીટીશ માલના બહિષ્કારનો મંત્ર એમણે જ પ્રથમ દેશને આપ્યો હતો.

દેશની મુખ્ય રાજકીય સંસ્થા હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં અત્યારે ભંગાણ પડયું છે એ કડવું સત્ય સ્વીકાર્યા શિવાય હવે ચાલે તેમ નથી. સારાયે દેશમાં આજે હતાશા અને મુંઝવણ પ્રસરી રહ્યાં છે. કયે રસ્તે માતૃભૂમિની આઝાદી માટે આગળ ધપવું એ આજે કોઇને સ્પષ્ટ સુઝતું નથી. બીજી તરફ શાહી સરકાર

સ્વતંત્રતાનો પડછાયો પણ જેમાં નથી એવું બંધારણનું ચોકઠું સુધારાને નામે હિન્દ ઉપર જડી દેવા વેતરણ કરી રહી છે. આવા આજના કટોકટીના વખતે વિઠલભાઇ જેવા એક મુત્સદ્દીની ખોટ હિન્દુસ્તાનને બહુ ભારે પડી જશે. જેના દેહનું એકેએક રજકણ માતૃભૂમિની આઝાદીની ઝંખના કરી રહ્યું હતું એ વીર અને મુત્સદ્દી વિઠલભાઇનો જેટલો લાભ હિન્દ લઇ શકે તેટલો લેવાની અને તેમને આપવાની તક મળ્યા પહેલાં વિઠલભાઇ આમ આપણી આગળથી ઝડપાઇ જાય છે અને આપણા દુઃખમાં ભારે વધારો થઇ પડે છે. મહાત્મા ગાંધીજીને પોતાના પ્રયોગો કરવાની પુરતી તક મળી છે, જે કાંઇ ઉપયોગી તત્વ તેમને દેશ આગળ ધરવાનું હતું તેટલું તેઓ લગભગ ધરી ચુકયા છે. આજે મહાત્માજી પાસે દેશને સુણાવવાનો નવો કોઇ સંદેશો નથી, આજે તેમની નજરે તેમણે અત્યાર સુધી અખત્યાર કરેલ એકજ માર્ગ શિવાય બીજો કોઇ માર્ગ બતાવવાનું નથી. દેશે પણ જેટલો કસ એ મહાત્મામાંથી ખેંચી શકાય તેટલો ખેંચ્યો છે. આવતી કાલે મહાત્માજીની આંખ મીંચાય તો હિન્દને એટલી મહાન ખોટ નહિ જાય જેટલી આજે વિઠલભાઇ જતાં આવી પડી છે. આપણે વિઠલભાઇને કોડભર્યા વળાવ્યા છે. એક પણ વખત દેશનું સુકાન એમના હાથમાં આવ્યું નહિ. એ આવ્યું હત તો દેશે કાંઇ જુદાજ રાહ નીહાળ્યા હત, અને વિઠલભાઇમાં કેટલી શક્તિ છે તેની સાચી પીછાન પણ આપણને ત્યારેજ થાત.

એક પછી એક આપણી આઝાદીના પયગમ્બરો આપણી પાસેથી ચાલ્યા જાય છે. લોકમાન્ય તીલક, લાલા લાજપતરાય, પંડીત મોતીલાલ નહેરૂ, દેશબંધુ દાસ અને છેલ્લે છેલ્લે શ્રી. સેનગુપ્તાના ઘા હજી આપણને નથી રૂઝાણા ત્યાં વિઠલભાઇના અવસાનનો આ ઘા આપણી વેદનાઓમાં વૃદ્ધિ કરે છે.

ભારતના નવજુવાનો વિઠલભાઇને સમજે અને તેમના મનોરથ પુરા કરી બતાવે એજ એમનું સાચું સ્મારક છે.

## સ્ત્રીના અધિકારો.

'આજ કાયદેસરની સ્થિતિ એ છે કે પતિ એ પત્નીના શરીરનો માલેક નથી. એ તો પત્નીની પોતાનીજ મિલ્કત છે. પત્ની પોતાની સ્વેચ્છાથી ચાહે ત્યારે પતિનું મકાન ત્યજી જઇ શકે છે. એ પોતાની સ્વતંત્ર સામાજિક કે રાજકીય પ્રવૃત્તિઓ કરી શકે છે.

'કેટલાં બાળકોને પોતે જન્મ આપવો અને પ્રત્યેક બાળક વચ્ચે કેટલો કેટલો ગાળો રાખવો એ એની પોતાની મુનસફીની વાત છે. એ જોઇએ તેટલું, જોઇએ ત્યારે સંતતિ નિયમન કરી શકે છે. પત્નીના પોતાના આ અધિકારોનો ઉપભોગ કરતાં એનો પતિ રૂકાવટ કરી શકે નહિ.

'લગ્નવિધિના બ્હાના નીચે કોઇ પણ માણસ કોઇપણ સ્ત્રીના શરીર અને મનનો માલેક બનીજ શકે નહિ પરિણીત સ્ત્રીઓ પરણવાથી ગુલામો નથી બનતી. પરિણીત સ્ત્રીઓ પણ નાગરિકોજ છે, અને નાગરિક પત્નીના તમામ અધિકારો એ કાયદાથી ભોગવે છે. એ ગુલામો નથી. એને પોતાના નિર્ણયો કરવાનો અને એને અમલમાં મૂકવાનો અધિકાર છે.'

( જગવિખ્યાત જસ્ટીસ મેકકાર્ડીના એક ફેંસલામાંથી. )

## આટલું તો જરૂર કરજો—

= જો તમે 'જાગૃતિ' ને ચાહતા હો તો તમારા હૃદય દ્વારા તેનો પ્રકાશ તમારી આસપાસ તમારા આંગણામાં પણ જરૂર પાડજો.

= જો તમે 'જાગૃતિ' વાંચતા હો તો તમારી પાડોશમાં તેના તણખા તમારા હૃદય દ્વારા જરૂર ઉડાડજો.

= જો તમે 'જાગૃતિ'ના ગ્રાહક હો તો તમારા મિત્રમંડળને જરૂર તેના ગ્રાહક બનાવજો.

જો તમે આટલું પણ કરશો તો
અવશ્ય કોમસેવાના ફાળામાં તમારો
હીસ્સો ગણાશેજ.

જો તમે આટલું પણ નહિ કરો તો
'જાગૃતિ' ની નિષ્ફળતાનો દોષ તમારે
શીરે રહેશે.

વ્યવસ્થાપક, "ખોજા જાગૃતિ"

# પ....છા....ડા.

આજે ખોજા કોમ બે મુખ્ય બળો વચ્ચે ખેંચાઇ રહી છે. એક બળ કાઉન્સીલ અને તેના તંત્રનું: ખોજા કોમને કાયમને માટે ગુલામીમાં જકડી રાખવા કાઉન્સીલ અત્યારે તેનું બધું બળ એજ દીશામાં ખર્ચી રહી છે. એને એકેએક ખોજાને પોતાનો પડયો બોલ ઝીલનાર તાબેદાર રાખવો છે; એને એકેએક ખોજાના ખીસાની સંપૂર્ણ નિર્બાધીત માલીકી મેળવવી છે; અને આ માટે એ બધા દાવ ફેંકે છે, બધી રમત રમે છે. આ પશુબળ ઉપર આજે કાઉન્સીલ મુસ્તાક છે. ખોજા કોમ ઉપરના બંધનો જરાએ ઢીલા કરવા આજે તે નથી માગતી. આ સામે બીજું બળ છે કોમની આત્મરક્ષાની ભાવનાનું: આજે કોમના કલેવરમાં મુકિતની ભાવના પ્રગટી છે. આજે એ કાઉન્સીલની જુલ્મ જહાંગીરી અને ચૂસણ નીતિથી ત્રાસી ઉઠી છે; આજે એ પીડનમાંથી તે મુકત થવા તલસે છે; અને એ મુકિતની ઝંખના કોઇ લમણે હાથ દઇને કરે છે તો કોઇ કોઇ વખત એ તાલાવેલી થોડા ઘણા પણ પ્રત્યક્ષ કાર્યમાં ડોકીયું કરી જાય છે. મુકિતની આ ભાવનાના બળને રોકનાર જેમ કાઉન્સીલનું પશુબળ છે તેમ એમાં અંતરાય નાખનારા સ્વાર્થ, બીક અને નિર્બળતાના બીજાં પણ નાનાં નાનાં બળો છે. ખોજા કોમ આજે આમ બેવડું દબાણ સહી રહી છે—બહારનું અને અંદરનું.

આ બે વિરૂધ્ધ દિશાના બળોની ખેંચતાણના કેટલાક નમુનાનું પૃથક્કરણ આપણને એ ક્રિયા સતત ચાલ્યા કરતી હોવાની ખાત્રી કરાવે છે.

ખોજા સુધારક સંઘના આશ્રય તળે આજથી પાંચ માસ પહેલાં પોતાની પુત્રીના લગ્ન કરનાર ભાઇ ઝવેર ગીગાભાઇનો દાખલો આને માટે આબાદ નમુનો કહી શકાય. આપણા સમાજમાં અત્યારે ઘણાં સ્થળોએ બને છે એમ એમણે પોતાની પુત્રીનું સગપણ ન્હાનપણથીજ બાબરાવાળા ભાઇ ઇસ્માઇલ વાલજી સાથે કર્યું હતું. કોમની આઝાદીનું રણશીંગું ફૂંકાયું અને સામે ચાલીને ભાઇ ઇસ્માઇલે નાતબહારીને સ્વીકારી. અને તુરતજ આ બન્ને બળોની ખેંચતાણ શરૂ થઇ. બબ્બે વરસ સુધી એ મથામણ ચાલી અને લગ્ન ઠેલાતાં ગયાં છેવટે, છેક છેલ્લી મીનીટે કાઉન્સીલનું પશુબળ હાર્યું, તેના હુકમની અવગણના થઇ અને ખોજા સુધારક સંઘના આશ્રય તળે એ લગ્ન ઉજવાયાં. વ્યકિત સ્વાતંત્ર્યનું આ જોર લગ્ન પછી પણ થોડી વાર ટકયું અને કાઉન્સીલના દાવપેચ છતાં પહેલી વખત કાઉન્સીલ સાથેના મુકાબલામાં ભાઇ ઝવેરે નમતું આપવાની સ્પષ્ટ ના સુણાવી. પણ એ જોર લાંબું ચાલ્યું નહિ. ફરીથી કાઉન્સીલના સમન્સ નીકળ્યા અને આ માસની પહેલી તારીખે ભાઇ ઝવેરે લેખીત માફી માગી.

આ કિસ્સામાં આ બન્ને બળોની ખેંચાખેંચ આપણને સ્પષ્ટ દેખાઇ આવે છે. એ ઉપરાંત એક બીજી પણ તારવણી કરવાની આપણે રહે છે. ભાઇ ઝવેર ગીગાભાઇએ માફી માગી એમાં ખાસ કરીને તેમની નિર્બળતા છે; કદાચ થોડી ઘણી સ્વાર્થની રક્ષા પણ તેમાં હશે. તેમ છતાં કાઉન્સીલના બળનું માપ પણ આપણે ઠીક ઠીક કાઢી શકીએ છીએ. આજથી બે વર્ષ પહેલાં સુધારક પ્રવૃત્તિ તરફ જરા પણ સહાનુભૂતિ બતાવનાર માટે કાઉન્સીલની ઉંચામાં ઉંચી સજા નાતબહારી તૈયાર હતી. જે ભાઇઓને એ પ્રવૃત્તિ માટે નાતબહાર મુકવામાં આવ્યા છે તેમાં કેટલાક તો એવા છે કે જેમણે કાઉન્સીલના કોઇ કાયદાનો કોઇ ભંગ કર્યો નથી, પણ માત્ર એ પ્રવૃત્તિ તરફ પોતાનું વલણ ધરાવવા માટેજ કે તેના તરફ સહાનુભૂતિ દર્શાવવા માટેજ તેમને નાતબહાર કરવામાં આવ્યા છે. બે વરસના ગાળામાં એ ખાઉંખાઉં કરતી સત્તાના હાથપગ ઢીલા પડી ગયા છે અને આજે કાઉન્સીલના હુકમનો વધારેમાં વધારે અનાદર કરનાર માટે 'માફી માગો એટલે બસ' એવી માગણી થાય છે.

આવોજ બીજો દાખલો અશલાલીવાળા ભાઇ મોહનલાલ પરબતાણીનો છે તેમણે પણ પોતાની પુત્રીનું લગ્ન સુધારક પ્રવૃત્તિ માટે નાતબહાર થયેલા વીંછીયાવાળા ભાઇ મગનલાલ ભાણજી સાથે કાઉન્સીલના હુકમની અવગણના કરીને કર્યું છે. કાઉન્સીલે એમના માથે પણ સમન્સ કાઢયા છે, અને અત્યારે એ બન્ને બળો વચ્ચે વિગ્રહ ચાલી રહ્યો છે. હજી સુધી એ ખેંચાખેંચમાં કોઇ વિજયી નીવડયું નથી.

તાજેતરમાં ૨૦ ભાઇઓનું અપ્રગટ નિવેદન જે "ખોજા જાગૃતિ" એ પ્રગટ કર્યું છે એથી પણ કાઉન્સીલના પશુબળને સખ્ત આંચકો લાગ્યો છે. આ વીશે ભાઇઓ ઉપર કાઉન્સીલે સમન્સ કાઢયા છે અને રૂબરૂ અથવા લેખીત ખુલાસાની માગણી કરી છે. એની પહેલી મુદત ગઇ તા. ૧૬ ની હતી પણ તે વખતે તો કોઇ કાઉન્સીલમાં હાજર થયું નથી. બીજી મુદત આવતી પહેલી તારીખની છે અને એ વખતે આ બન્ને બળોમાં કયું પછડાય છે એ દેખાઇ જશે.

જેના માથે પોતે હાથ ઉગામે એને ચોકકસ પોતે પછાડશેજ એવી પોતાને ખાત્રી થાય ત્યાર પછીજ અત્યારે કાઉન્સીલ કાંઇ પગલું ભરે છે. એ અપ્રગટ નિવેદન પ્રગટ થયું ત્યાર પછી બે ચાર અઠવાડીયાં સુધી કાઉન્સીલે કાંઇ હુકમો છોડયા નહિ, પણ છૂપી દોડાદોડી આદરી. એ નિવેદનમાં સહી કરનારા મુખીઓને દબાવવા, શરમાવવા તારના દોરડાં ખટખટયાં અને એક બાજુ બોટાદમાં એ દાબકામ થવા લાગ્યું તો બીજી તરફ ગણોદમાં પણ એની યોજનાઓ રચાણી. પ્રાથમિક કાર્ય પુરૂં થયું એટલે બધા ઉપર સમન્સ નીકળ્યા. આટલી હકીકત જાણ્યા પછી એ નિવેદનમાં સહી કરનારા મોવડીઓ બે હાથ જોડીને કાઉન્સીલ પાસે માફી માગે તો કોઇને નવાઇ નહિ થાય

સામાન્યમાં સામાન્ય માણસમાં જેટલી હિંમત હોય, સાધારણમાં સાધારણ માણસમાં જેટલી સમજશકિત હોય, તેટલી સમજશકિત અને હિંમત આ સહી કરનારાઓમાં હશે તો તેઓ સામાન્ય રીતે સુલભ એવી દલીલનો આશરો લેશે કે 'અમે એ નિવેદન પ્રગટ કર્યું નથી.' આથી કાંઇ ઉંચી ભૂમિકામાં તેમના માનસ વિહરતા હશે તો કાઉન્સીલને એ રોકડું પરખાવી દેશે કે 'તમારાથી

# પ્રપંચ જાળ.

## નીચેની કામચલાઉ ટીપ આપણી ગુલામી અને મૂર્ખતાનો સાચો ખ્યાલ આપશે :—

### ફરજીઆત લાગાઓ.

૧. દર પાઘડી દીઠ દર મહીને જીંદગી પર્યંત 'ચંદ્રાકી' રૂા. ૦–૮–૦ ( કલમ ૨૧૩ )

૨. દર ઘર દીઠ 'લેખાં' દર વરસે રૂ. ૧–૪–૦ ( કલમ ૨૧૪ )

૩. દર છોકરાના જન્મે છઠીના રૂ ૦–૮–૦ ( કલમ ૧૨૮ )

૪. દર છોકરીના જન્મે છઠીના રૂ ૦–૪–૦ ( કલમ ૧૨૮ )

૫. સગાઇના રૂા. ૯–૦–૦ ( કલમ ૨૧૦ )

૬. સમુરતાંના ,, ૧–૪–૦ ( ,, ,, )

૭. માંડવાના ,, ૧–૪–૦ ( ,, ૨૧૧ )

૮. લગ્ન લખવાના ,, ૦–૮–૦ ( ,, ૨૧૦ )

૯. નીકાહના ,, ૧૦–૦ ૦ ( ,, ,, )

૧૦. પુનર્લગ્નના ,, ૧૨–૦–૦ ( ,, ,, )

૧૧. જમાતને ખાણું દેવાના રૂા. ૨–૦–૦ ( કલમ ૨૧૨ )

૧૨ પડેરામણી ઉપર દર રૂપીયે બે આના ( કલમ ૨૦૯ )

૧૩. છાબ ઉપર ,, ,, ( ,, ,, )

૧૪. આણાં અથવા દેજ ઉપર,, ,. ( ,, ,, )

૧૫. લોકલ કા. માં કેસ માટે દાખલ ફી રૂા. ૦-૮-૦( કલમ ૪૨ )

૧૬. સુપ્રીમ કા.ને અરજી કરવાની ફી રૂા. ૦-૮-૦( કલમ ૭૫ )

૧૭. કેસ ફરી સુનાવણી પર લેવાની ફી રૂા. ૧-૦-૦( કલમ ૯૩ )

૧૮. લોકલ કા. ના ઠરાવની નકલ ફી રૂા. ૧-૦-૦( કલમ ૧૦૧ )

૧૯. ના. આગાખાનને અપીલ કરવા માટે કેસની નકલ ફી રૂા. ૧૦–૦–૦ ( કલમ ૧૦૨ )

૨૦. સુપ્રીમ કા. ને અપીલ કરવાની ફી રૂા. ૧-૪-૦( કલમ ૧૦૪ )

૨૧. સુપ્રીમ કા. ના ઠરાવની નકલ ફી રૂા. ૧-૦-૦( ,, ,, )

૨૨. નાતબહાર થયેલાનો કેસ ફરી તપાસવાની ફી. રૂા. ૧–૪–૦ ( કલમ ૧૦૫ )

૨૩. 'સરકાર સાહેબ'ને 'સાર સંભાર' વિ.ભેટો આપવી ( કલમ ૧૯૯ )

### મરજીઆત લાગાઓ.

૨૪. મોટું કામ કરાવવું.

૧. રૂા. ૭૫ નું.<br>
૨. ,, ૫૦૦ નું.<br>
૩. ,, ૧૫૦૦ નું.<br>
૪. ,, ૨૫૦૦ નું.<br>
૫. ,, ૫૦૦૦ નું.

૨૫. ના. આગાખાન પાસે છોકરાંનું નામ પડાવવું રૂા. ૫–૦–૦

૨૬. જમાતખાને ભાણું લઇ જવું.

૨૭. તશબી કઢાવી પૈસો આપવો.

૨૮. સુખરીત આપવું.

૨૯. સતાડો નાખવો.

૧. નાનો.<br>
૨. મોટો.

૩૦. ન્યાઝ પીવું, પાઇ, પૈસો કે તેથી વધુ આપીને.

૩૧. મરનારને સમર આપવું.

૩૨ ,, છાંટો નખાવવાના પૈસા આપવા.

૩૩. પાપ માફ કરાવવાનો છાંટો નખાવવાના પૈસા આપવા.

૩૪. થાળ સુફરાતું બક્ષામણ.

૩૫. મરનાર પાછળ લુગડાં, વિગેરે આપવું.

૩૬. મૈયત ઉપરનું કફન દેવું.

૩૭. નાંદી લેવી.

૩૮. 'સાહેબ ધણીનો માલ' કહી નાંદી પાછી દેવી.

૩૯. સાલગ્રેહ વખતે મામેરૂં ભરવું.

૪૦. ,, ,, ,, વધાવવું.

૪૧. ,, ,, ના. આગાખાનને ખીલાત આપવો.

૪૨. અધરણીના આણાંની 'સાર' દર રૂપીયે બે આના મુજબ દેવી.

૪૩. મરનાર પાછળ ભાણાંનું બક્ષામણ.

૪૪. પંજેભાઇ ટોળીમાં જોડાવું.

૪૫. પંજેભેણું ,, ,,

૪૬. કમાણીનો આઠમો ભાગ દેવો.

૪૭. ના. આગાખાનને " મ્હેમાની " મોકલાવવી.

૪૮. કલમો પડવાનો પૈસો આપવો.

૪૯. ધ્રુવા કરાવવી.

૫૦. કારજ વખતે મુંઢકણા ઉપર દર રૂપીયે બે આના દેવા.

૫૧. ના. આગાખાનની ઘરે પધરામણી કરવી.

૫૨. ભવિષ્યમાં કરવાનાં પાપનો છાંટો નખાવવો.

૫૩. ધ્રુવા ન પડાવ્યા હોય તે માફ કરાવવાનો પૈસો દેવો.

૫૪. પારકે ઘરે જમણ જમ્યા બદલ પૈસો દેવો.

૫૫. ખાને ભાણું ન લઇ જવાણું હોય તેના પૈસા આપવા.

૫૬. ભવિષ્યમાં ખાને ભાણું ન લઈ જવા બદલ પૈસા આપવા.

૫૭. ખાને ન જવાયું હોય તે માફ કરાવવા પૈસા આપવા.

૫૮. રોઝે કયામતને દિવસે કોઇ જાતની કનડગત ન થાય તે માટે 'માહન' નો છાંટો નખાવવા પૈસા આપવા.

૫૯. મૈયતને વધાવવાના પૈસા આપવા.

**કોઇ કહેશો આ પ્રપંચ જાળ શા માટે ?**

---

થાય તે કરી લ્યો.' પણ જો સામાન્યથીએ તેમની મનોવૃત્તિ નીચે સ્થાને ઉતરી પડી હશે કે કોઇ દબાણ કે શરમ કે સ્વાર્થરક્ષાના તેઓ સાચેજ ભોગ થઇ પડયા હશે તો તેઓ અવસ્ય બે હાથ જોડીને માફીની યાચના કરશે.

આજે તો એમ સ્પષ્ટ દેખાય છે કે કાઉન્સીલનું બળ ધીરે ધીરે પણ મકકમતાથી ઘટતું જાય છે. એના ઘટવા સાથેજ જો કોમ પોતાની મુકિતની ભાવનાને વધુને વધુ સતેજ કરતી જશે અને એ ભાવનાની સાથે કાર્યને યોજશે તો ઘણા નજીકના કાળમાં એ આપખુદ સત્તાનું નામોનિશાન નાબુદ થશે.

# સપ્તાહનો સાર.

**શ્રી. વિઠ્ઠલભાઇનું અવસાનઃ** યુરોપમાં જીનીવા પાસે આવેલા ગ્લેન ગામે શ્રી. વિઠ્ઠલભાઇ પટેલનું ગઇ તા. ૨૨ ને રવિવારના રોજ બપોરના અવસાન થયું છે. હિન્દના એ પનોતા પુત્રના પરદેશમાં થયેલા દુઃખદ અવસાનથી દેશ આખો રંડાઇ ગયો હોય તેટલો શોક ફેલાણો છે, અને સારાયે દેશમાં શોક સભાઓ ભરવામાં આવી છે. શ્રી. વિઠ્ઠલભાઇનું વય ૬૧ વર્ષનું હતું અને છેલ્લા થોડાક માસથી તેઓ હૃદય તથા આંતરડાંના રોગથી પીડાતા હતા. તેમનું શબ વિમાન મારફત મુંબઈ લાવવામાં આવશે.

**દેશની સ્થિતિઃ** મ. ગાંધીજીના છુટકારા પછી તેમને થયેલ એક વરસની સજાની મુદત પુરી ન થાય ત્યાંસુધી તેમણે સ્વીકારેલ શાંતિ બાદ દેશનું વાતાવરણ દરરોજ બગડતું જાય છે. મહાસભાના મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓ અત્યારે જેલમાંથી છુટી આવ્યા છે, અને પરસ્પર મસલત ચલાવી રહ્યા છે. વ્યકિતગત સત્યાગ્રહનો પુના કોન્ફરન્સ પછીનો ગાંધીજીનો કાર્યક્રમ અમલમાં આવ્યો નથી અને એ શિવાય બીજો કોઇ સ્પષ્ટ કાર્યક્રમ દેશ આગળ કોઇએ ધર્યો નથી. આ માટે અખીલ હિન્દ મહાસભા સમિતિની બેઠક બોલાવવાની માગણી થઇ રહી છે પણ હજી સુધી તેવી કોઇ જાહેરાત થઇ નથી. પંડીત માલવીયા, પંડીત જવાહરલાલ ન્હેરૂ અને બીજા આગેવાનો પોતાનો કાર્યક્રમ ઘડી રહ્યા હોવાનું મનાય છે. મુંબઇ ખાતે તાજેતરમાં મળનારી મહારાષ્ટ્ર રાજકીય પરિષદ વળી ખેડુતોનો પહેલો ઉધ્ધાર કરવાનો અને નાની મોટી બધી જગ્યાઓ, ધારાસભાની બેઠકો સહીત કબજે કરવાનો કાર્યક્રમ આગળ ધરવાનો ઇરાદો રાખે છે. પંડીત જવાહરલાલ પણ સમાજવાદી ધોરણ ઉપર આગળ વધી શકાય તેવો કાર્યક્રમ ઘડી રહ્યા છે. આમ અત્યારે રાષ્ટ્રનો ઉધ્ધાર કરવાની પ્રવૃત્તિ થંભી ગઇ છે.

**શ્રી. નરીમાનનો છુટકારોઃ** મુંબઇના એક જાણીતા નેતા શ્રી. ખુરશેદ નરીમાનની સજાની મુદત પુરી થતાં ગઇ તા. ૨૪ ના રોજ બીજાપુર જેલમાંથી છુટકારો થયો છે. તેમની તબીયત સારી છે, છતાં મરડાનું દરદ તેઓ ભોગવે છે.

**શાન્તાક્રુઝ આગ કેસઃ** શાન્તાક્રુઝ ખાતે પોતાની પત્ની તથા બે બાળકોને સળગાવી દેવા માટે પોતાના ભાડે રાખેલા રહેવાના મકાનને આગ લગાવી પત્ની તથા બાળકોનું ખુન કરવાના આરોપસર મીશ્ર નામના શખ્સ ઉપર જે કેસ ચાલતો હતો તેમાં કોર્ટે આરોપીને ગુન્હેગાર ગણી ફાંસીની સજા કરી છે.

**કરાંચીનો ખોજા ખુન કેસઃ** કરાંચીમાં બે ખોજા ભાઇઓનું કરપીણ રીતે ખુન કરવાના આરોપસર સાત માણસો ઉપર જે કેસ ચાલતો હતો તેનો ચુકાદો આવી ગયો છે. ૩ માણસોને ફાંસીની અને ૩ ને જન્મ દેશનીકાલની સજા કરવામાં આવી છે જ્યારે છેલ્લા ૧ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકયો છે.

**જર્મનીનો ધડાકોઃ** સત્તાવાર રીતે જાહેર કરીને જર્મની પ્રજા સંઘમાંથી ખસી ગયું છે. શસ્ત્રબંધી પરિષદમાં પણ તે ભાગ લેશે નહિ. જીનીવાના મજુર મંડળમાંથી પણ તે નીકળી ગયું છે. આમ કરવાનું કારણ એવું બતાવવામાં આવે છે કે જર્મની સાથે જ્યાં સુધી બીજા દેશો સમાન ભાવથી વર્તે નહિ ત્યાં સુધી જર્મની અપમાન સહન કરવા કોઇ પણ આંતરરાષ્ટ્રિય મંડળમાં ભાગ લેવા ઇચ્છતું નથી. જર્મન સરકારના આ પગલા માટે સમસ્ત જર્મન પ્રજા પોતાનો અભિપ્રાય ઉચ્ચારી શકે તે ખાતર ચાલુ પાર્લામેન્ટ બરખાસ્ત કરી ૧૨મી નવેમ્બરે ફરી ચુંટણી કરવામાં આવશે.

**ફ્રાન્સની સરકારનું રાજીનામુંઃ** અંદાજ પત્રને અંગે ચાલતી ચર્ચામાં ૮૮ મતે ફ્રાન્સના પ્રધાન મંડળની હાર થઇ છે અને વડા પ્રધાન ડલાડીઅરે રાજીનામું આપ્યું છે. મોં. પોલ ડુમરના મરણ પછી ફ્રાન્સમાં કોઇ પ્રધાન મંડળ લાંબો વખત ટકતું નથી.

**રશીયા અમેરીકા સંબંધ:** છેલ્લા થોડાક વખતથી અમેરીકા અને રશીયા વચ્ચે રાજ્યદ્વારી સંબંધ બાંધવાની વાટાઘાટ ચાલી રહી છે અમેરીકાના પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટના આમંત્રણને માન આપી રશીયાએ પોતાના એક પ્રતિનિધીને વાટાઘાટ કરવા માટે વોશીંગટન મોકલાવવાનું નકકી કર્યું છે. આ સંબંધ બાંધવાનું ખાસ કારણ વધી પડેલા રૂના જથ્થાનો નીકાલ કરવાની પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટની ઇચ્છા છે. શરતો નકકી થયે એક કરોડ પાઉન્ડની ધીરધાર અમેરીકા રશીયાને કરશે આ સંબંધની આંતરરાષ્ટ્રિય અસર થાય તેમ છે.

**વિમાનમાંથી કુદી પડયોઃ** રશીઆના એક સોવીયેટ વીમાનીએ ૨૩૪૦૦ ફીટ ઉંચેથી વિમાનમાંથી કુદી પડી જગતનો રેકર્ડ તોડયો છે.

**દારૂખાનું સળગ્યુંઃ** વીઝાગાપટમ ખાતે દારૂખાનું બનાવવાનું એક કારખાનું અચાનક દારૂ સળગી ઉઠવાથી જમીન દોસ્ત થયું છે અને તેમાં કામ કરતા ૬૬ માણસો માર્યા ગયા છે. ધડાકો એટલો ભયંકર હતો કે શહેર આખું ધ્રુજી ઉઠયું હતું અને ધરતીકંપ જેવા આંચકા મકાનોને લાગ્યા હતા.

---

**કરીમભાઇ કંપની ફડચામાંઃ** મુંબઇની જાણીતી પેઢીઓ મેસર્સ કરીમભાઇ ઇબ્રાહીમ એન્ડ સન્સ લીમીટેડ તથા મેસર્સ કરીમભાઇ એન્ડ કંપની લીમીટેડ બન્ને ફડચામાં (નાદારીમાં) ગઇ છે.

આજથી ૭૦ વરસ પહેલાં મુંબઇના પહેલા બેરોનેટ સર કરીમભાઇ ઇબ્રાહીમના હાથથી આ પેઢી ચાલુ કરવામાં આવી હતી. ધીરે ધીરે આ પેઢીઓનો વેપાર ઘણો વધારવામાં આવ્યો હતો અને મુંબઇમાં અગીઆર મીલો, એક ઇંદોર, એક હૈદ્રાબાદ તથા એક સીલોનમાં મળી ૧૪ મીલોની મેનેજીંગ એજન્સી તેમના હાથમાં હતી.

છેલ્લા કેટલાક માસથી આ પેઢીઓની આર્થિક હાલત ઘણી લથડી ગઇ હતી અને છેવટે ગઇ તા. ૨૬ ના રોજ બન્ને પેઢીની જનરલ સભામાં પેઢીઓને ફડચામાં લઇ જવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મીલોની એજન્સીઓ નિઝામ સરકારના નામ ઉપર ફેરવી દેવાઇ છે.

મીલોના શેર હોલ્ડરોનું એવું માનવું છે કે આ પ્રમાણે વ્યવસ્થા કરવાની સત્તા જનરલ સભાને નથી, પણ શેર હોલ્ડરોનું તેમાં સૌથી વધુ હીત સમાયેલું હોવાથી કોઇ પણ જાતની વ્યવસ્થા કરવાનો હક શેર હોલ્ડરો એકલાનોજ છે. આ મુદ્દો કેવું સ્વરૂપ લેશે તે અત્યારે કહી શકાય તેમ નથી.

મીલોની વ્યવસ્થા નિઝામ સરકારના હાથમાં જતી હોવાથી આ પેઢીઓ ફડચામાં જવા છતાં મીલોની સ્થિતિ ઉપર ખરાબ અસર થશે નહિ તેવું ધારવામાં આવે છે.

# મોંઘી મૂર્ખાઇ ખરીદશો નહિ.

આવે છે, આવે છે, ના. આગાખાન આવે છે. ‘મારો વાલો’ આવે છે, ‘સુલતાન માબાપ’ આવે છે, ‘હાજર ઇમામ’ આવે છે, ‘નકલંક બાવા’ આવે છે. આમ એક માણસમાં અનેક માણસ આવે છે.

એ આવશે અને આપણા માટે સાથે ભૂખમરો લાવશે. આપણે પરસ્પર અદલો બદલો કરશું. આપણું ખીસું ખાલી કરી ચુકતે પૈસા નામદારના ખીસામાં નાખીશું. નામદારના ખીસામાં સંતાઇ રહેલો ભૂખમરો આપણા ખાલી ખીસામાં પોતાની જગ્યા લેશે અને એની જગ્યાએ આપણું ખીસું તજી ગયેલું ધન નામદારના ખીસાને ઉજાળશે. આ વિનિમયની ક્રિયા ઉઘાડે છોગ થશે, પણ આગળથી ઊંઘની દવા પીવરાવાયેલા આપણે તે છતી આંખે જોઇ શકીશું નહિ. એ ઘેન ઉતરશે ત્યારે ‘રાંડયા પછીનું ડહાપણ’ દાખવનારના જેવી આપણી હાલત બની હશે.

જ્યારે જ્યારે ના. આગાખાન આવે છે ત્યારે ત્યારે આપણું ભેજું હડતાળ પાડે છે અને બુધ્ધિ દેવાળું કાઢે છે. આપણી સાનભાન ઉડી જાય છે અને આપણે ગાડરીયા પ્રવાહમાં ખેંચાઇ અકકલના ઓથમીર બની રહીએ છીએ. નહિ તો આપણે શા માટે આંધળુકીયા કરી તેમની પાછળ દર્શનઘેલા બની દોડાદોડી કરી મુકવી જોઇએ ?

ના. આગાખાન હિન્દમાં તેમજ હિન્દ બહાર સખાવતો કરે છે. વાયસરોયનું સ્મારક ઉભું કરવું હોય કે મુસ્લીમ યુનિવર્સીટીનું ફંડ ઉભું થતું હોય તેમાં ના. આગાખાન હજારને આંકડે રકમો ભરે છે. યુરોપના ઘોડાની શરતના મેદાનમાં તેઓ લાખો ખર્ચે છે. બડેખાંઓ સાથેની દોસ્તી અનિચ્છાએ પણ તેમની પાસે કેટલાક ફાળાઓમાં રકમો ભરાવે છે. પણ આપણને અત્યાર સુધીમાં તેમણે શું મદદ કરી ? બીજાઓને આર્થિક સહાયથી સક્રિય મદદ કરતા આપણા એ ‘ધણી’ પાસે આપણા માટે તો માત્ર ‘દુઆ આશીશ’ જ છે. આપણે કાળી મજુરી કરવા છતાં પેટ પુરતું અનાજ ન મેળવી શકતા હોઇએ કે બેકારીના ભોગ થઇ પડયા હોઇએ કે મૂર્ખ અને વ્હેમી સમાજ આપણને ‘માણસમારા’ કહી આપણો શિકાર કરી જતો હોય, આ બધા માટે આપણા એ ‘ધણી સલામત દાતાર’ પાસે એકજ દવા છે--દુઆ આશીશની ગોળીઓ.

આપણામાં સાચેજ વેપારી ભેજું નથી. નહિ તો પૈસા આપીને મૂર્ખ બનવાનો સોદો આપણે શું કરવા કરીએ ? કેમ જાણે જન્નતના દરવાજાની ચાવીઓનો ઝુમખો ના. આગાખાનના હાથમાં હોય તેમ પૈસા આપીને તેમની પાસેથી સ્વર્ગ ખરીદવાના સોદામાં આપણે ભારોભાર મૂર્ખતાનું પ્રદર્શન કરીએ છીએ. જ્યાં અન્નવસ્ત્ર જેવી જીવનની જરૂરીઆતો ખરીદતાં વિચાર કરવો પડે તેવી સ્થિતિ પેદા થઇ છે ત્યાં મોંઘા દામ દઇ કોઇ મૂર્ખાઇ ખરીદશો નહિ.

## લખનારાઓને જવાબ.

### રા. લક્ષ્મિશંકર નારણજી પાંધી—જામનગર.

‘જામનગરમાં ઇશનાઅશરીઓનો મેળાવડો’ નામક આપનો લેખ મળ્યો. “ખોજા જાગૃતિ” આવા નમાલા અને નકામા અહેવાલો પ્રગટ કરવા માટે નથી તેની કૃપા કરીને આપના મગજમાં નોંધ લેશો. ત્રણ લીટીમાં સમાવી શકાય એવી બાબતને ખાસો આખો પેજ રોકે તેટલી પહોળી કર્યા છતાં ‘થોડી લીટીઓમાં ઘણાજ ટુંકાણથી લખ્યું છે’ એમ લખતાં, ભલા માણસ, જરા તો વિચાર કરવો હતો !

—તંત્રી.

## વેપાર સમાચાર

(તા. ૨૮-૧૦-૩૩)

**રૂઇ** : છેલ્લા બે અઠવાડિયામાં લીવરપુરમાં અનુક્રમે ૧૯૦ તથા ૧૬ ગાંસડીઓ વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સેલ તા. ૩૧ થી શરૂ થઇ ચાર દિવસ ચાલશે અને ગાં. ૧૬૭૨૦ મુકાશે. છેલ્લા અઠવાડીયામાં માત્ર ૧૬ જ ગાંસડી વેચાણી છે એથી કાંઇક નીરાશાની લાગણી ફેલાણી છે. અમેરીકાની રાષ્ટ્રિય ઉદ્ધારની યોજના પણ પાછી ખોરંભે પડી ગઇ છે. સ્થાનીક બજારમાં કાંઇ ફેરફાર નથી, તેમજ કોઇ સોદા પડયા નથી.

**રૂત** : ભરૂચ ૧૯૦. **બકરાના વાળ** : ૪॥ ૫).

**અનાજ, વિ.** : ૧॥≈ ૨। ઘઉં. ૨)= ૨। બાજરો જુનો. ૧॥ ૧॥=૨) બાજરો નવો. ૧= ૧≈ જુવાર. ૧॥= ચણા દેશી. ૧≈ ૧॥– ચણા પરદેશી. ૧) કમોદ જાડી. ૧)≈ કમોદ ઝીણી. ૧॥ મેથી. ૨≈ ૨॥– તલ. ૨॥ તલી. ૧॥= એરંડી ઝીણી. ૧॥– એરંડી જાડી. ૧॥ ૩॥ મગ. ૧॥ ૨) અડદ. ૧)≈ મગફળી ઝીણી નવી. ૧)= મગફળી જાડી નવી ૧॥ ૨॥. ૨)= શીંગદાણા હાથફોલ.

**પરચુરણ** : ૩ ૩॥ ૪) ગોળ દેશી નવો. ૧॥ ૨) ગોળ દેશી જુનો. ૬॥= કપાશીયા માળવો. ૭॥– કપાશીયા બારાડી નવા. ૬॥ કપાશીયા બારાડી જુના. ૪)≈ ખાંડ પરદેશી. ૪॥= ખાંડ રાજકોટ શહેર, ૪) ખાંડ સદર. ૧૦) ૧૧) સોપારી જુની. ૯) ૧૦) ગદબનું બી. ૬) કાગળની કોથળીયો.

**ઘી** : ૨૧) મુંબઇ પરખ, ૧૫॥ તાજો રસ.

**તેલ** : ૫॥ તલનું, ૩॥– શીંગનું. ૫॥= ખોપરેલ પીપનું, ૫॥ ડબાનું. ૩)≈॥ ગ્યાસલેટ સફેદ હાથી, ૨॥≈ સફેદ પીપનું રશીયન.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૨૫.**

"બીજી નવી ઓરતના ભરણપોષણ માટે અનામત રાખવામાં આવેલી રોકડ રકમો અગર સગીર છોકરાંઓ વિગેરે માટે અનામત રાખવામાં આવેલી રોકડ રકમો હવે પછી કોઇ સારી બેન્કમાં ડીપોઝીટ મુકવી અગર સુપ્રીમ કાઉન્સીલના તે વખતના પ્રેસીડેન્ટ અને સેક્રેટરી મારફત સદરહુ બાઇ અગર સદરહુ સગીર છોકરાંઓના નામ ઉપર સ્થાવર મીલ્કત ગીરો લઇને તે નાણાં રોકવાં. એવી રકમો જ્યારે જ્યારે લોકલ કાઉન્સીલો પાસે આવે ત્યારે ત્યારે કાંઇ પણ ઢીલ વગર સુપ્રીમ કાઉન્સીલ તરફ મોકલી આપવી, અને સુપ્રીમ કાઉન્સીલ ઉપર જણાવેલી રીતે તે નાણાં રોકવા માટે જેમ બને તેમ જલ્દીથી પગલાં લેશે."

આ કલમની ચર્ચા કલમ ૧૨૪ ની ચર્ચામાં આવી જાય છે એટલે તે સંબંધે વધુ જગ્યા રોકવાની જરૂર નથી.

**કલમ ૧૨૬.**

"પુખ્ત ઉમરની પરણાવેલી બાઇને તેણીના ધણીની પરવાનગી વગર તેણીના માબાપ અગર સગાંઓએ કાંઇ વ્યાજબી કારણ વગર પોતાને ઘેર રાખવી નહિ. જો કોઇ માણસ તેમ કરશે અને તેની ફરીયાદ કાઉન્સીલ પાસે આવશે તો કાઉન્સીલ તે બાબત ઠરાવ કરશે અને તે મુજબ તે બાઇનાં માબાપ અગર સગાંએ વર્તવું પડશે."

આ કલમ બરાબર છે.

**કલમ ૧૨૭.**

"જો કોઇ શખ્સને પોતાની પહેલી ઓરત હયાત છતાં બીજી ઓરત કરવાની ઇચ્છા હોય અને બીજી ઓરત કરવા માટેજ કાઠીયાવાડ છોડી દેશાવરના કોઇ સ્થળે જાય તો તેણે પોતાના રહેણાકના સ્થળની કાઉન્સીલ પાસેથી કલમ ૧૨૪ માં દર્શાવેલી તમામ શરતો પોતે પાળેલી છે એ મુજબ લખીતવાર સર્ટીફીકેટ મેળવી પોતાની સાથે લઇ જવું; અને આવું લગ્ન કરવા સારૂ જે સ્થળે તે ગયો હોય ત્યાંની જમાત અથવા કાઉન્સીલ આવા સર્ટીફીકેટ શિવાય તેના લગ્નનું કામ ઉકેલાવશે નહિ."

બીજી ઓરત કરનાર માટે સર્ટીફીકેટ લઇ જવાની આવી પધ્ધતિ યોગ્ય કહી શકાય. એક ઓરત હયાત છતાં બીજી કરવાનું કેટલું અયોગ્ય છે તે કલમ ૧૨૪ નો ચર્ચા વખતે કહેવાઇ ગયું છે. કાઠીયાવાડની બહારની કોઇ જમાત કે કાઉન્સીલે આ પ્રમાણે વર્તવું કે તે પ્રમાણે વર્તવું એવા વટ હુકમો કાઠીયાવાડની કાઉન્સીલ કરી શકે નહિ.

**કલમ ૧૨૮.**

'આપણી ઇમામી ઇસ્માઇલીઓમાં કોઇને ત્યાં બાળકનો જન્મ થાય ત્યારે તેની "છઠ્ઠી"ની ( એટલે બાળકના જન્મ પછીનો છઠ્ઠો દિવસ ) જમાતખાનામાં રાખવામાં આવતા સરકાર સાહેબી રજીસ્ટરમાં તેના જન્મની તારીખથી દશ દિવસની અંદર નોંધ કરાવવી, અને દીકરો આવેલ હોય ત્યારે સરકાર સાહેબી લેણાં તરીકે આઠ આના લેવા અને દીકરી આવેલ હોય તો ચાર આના લેવા."

સામે ચાલીને પોતાને માટે પ્રબળમાં પ્રબળ ધિક્કારની માગણી કરતી આ કલમ માટે ગમે તેવા આકરા શબ્દો પણ પુરતા નથી. આને જઝીયા વેરો કહેવો એ પણ અધુરૂં છે; એ તો ભૂતકાળની કોઇ જુની કથા છે. પણ આ કલમ તો ચાલુ વર્તમાનમાં પળે પળે આપણું અપમાન કરે છે, એને શબ્દે શબ્દે આપણું ગૌરવ હણાય છે, અને આપણા સ્વમાનનું છડે ચોક લીલામ કરવા, બની શકે તેટલા આકરામાં આકરા અપમાન આપણને પહોંચાડવાનાજ સીધા ઉદ્દેશથી એની રચના કરવામાં આવી છે.

આપણે ત્યાં પુત્ર પુત્રીનો જન્મ થાય તે સાથેજ "સરકાર સાહેબ"નું તેને માથે કયાંથી "લેણું" આવી ચડયું એ સમજાવનાર આ દુનિયામાં કોઇ છે કે નહિ ? આપણી મૂર્ખતાએ આપણે એ "સરકાર સાહેબ"ના ગુલામ રહેવાનું સ્વીકારી લીધું; એ સ્વીકારને કદાચ ગુન્હો ગણી શકાય અને એ ગુન્હાના ગુન્હેગાર આપણને ગમે તેવી રીતે એ "સરકાર સાહેબ" દંડે, લેણાં કાઢે કે સજાઓ ફરમાવે ત્યાં સુધી સમજી શકાય, મૂર્ખ આશ્વાસન લઇ શકાય તેવી વાત છે. પણ આ ધરતી ઉપર અવતર્યે જેને માત્ર દસજ દિવસ થયા હોય એ બાળકો ઉપર 'સરકાર સાહેબ'નું 'લેણું' કયાંથી ચડી બેઠું ? શું ગુલામોને પેટે અવતાર લેવો એ ભવિષ્યની ગુલામીને ભેટવા ઉપરાંત એક જુદો ગુન્હો પણ બને છે ?

આ કલમ આપણી કોમનું મોટામાં મોટું અપમાન છે. એ અપમાન કરનાર ગમે તે હો, એ 'સરકાર સાહેબ' હો કે 'દરબાર સાહેબ' હો, કોઇના પણ હાથે આવું ભયંકર અપમાન આપણે સહી શકીએ નહિ. કાઉન્સીલના મેમ્બરો આપણે ચુંટી શકતા નથી કે તેના કાયદાઓ આપણે ઘડી શકતા નથી તેનું આ સીધું પરિણામ છે. આપણા હાથેજ જો આપણે આપણા કાયદા ઘડતા હત તો કદી પણ કોઇના પણ હાથે નીચું જોવાનો આવો વખત આપણને આવત નહિ.

**કલમ ૧૨૯.**

"નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામની આશીર્વાદ ભરેલી ઇચ્છાઓ અનુસાર શાદી, ગમી, વિગેરેનાં ખરચો જેમ બને તેમ ઓછાં કરવાં."

આપણા 'સરકાર સાહેબ'ની ઇચ્છાઓમાં કેવો આશીર્વાદ ભરેલો છે એ તો કલમે કલમે આવતી 'સરકાર સાહેબી ગુન્હેગારી' અને 'સરકાર સાહેબી લેણાં'થી આપણે બરાબર સમજી શકીએ છીએ. બની શકે તેટલી બધી રીતે લુંટ ચલાવ્યા પછી આપણને કરકસર કરવાની શીખામણ દેવા નીકળવું એ આપણી ક્રુરમાં ક્રુર મશ્કરી છે. કરકસર કરવાથી કે ખર્ચ ઘટાડવાથી કોઇ વિરૂધ્ધ નજ હોઇ શકે. પણ આંહી આપણને જે કરકસર કરવાનું કહેવામાં આવે છે તે તો આપણા શરીરમાં લોહી રહે તોજ ચૂસવા થાય એ દ્રષ્ટિએને ?

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

પામરતાની પુજા. | છુટક નકલ ત્રણ પૈસા. | Regd. No. B. 3114.

# જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૩૬ : નવેમ્બર ૭ : ૧૯૩૩
સંવત ૧૯૯૦ ના કારતક વદ ૫ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## સત્તાનો સંગાથી.

"ઋષિમુનિઓના વેશો, તપસ્વીઓના વેશો, પૂર્વજોના આચાર વિચારો એ હરકોઇ ધર્મના પાયા સમાન છે. હજારો વર્ષ પર લખાયેલી, કહેવાયેલી અથવા તો કહેવાયેલી મનાતી વાતો આજે પણ સાચી છે એ ધર્મ માત્રની આજ્ઞા છે. એટલે કે ગઇ કાલના માનવીઓ આજના માનવીઓ કરતાં શાણા હતા એમ ધર્મ માને છે. એ વાતને સૂક્ષ્મ ભૂમિકા ઉપરથી નીચે લઇને સ્થૂલ ભૂમિકા ઉપર મૂકીએ તો જગત પ્રગતિ નથી કરતું પરંતુ પીછેકદમ ભરે છે. ધર્મની દ્રષ્ટિએ ગઇ કાલની વાતોમાં આજે સુધારાઓ થાય એ અનિચ્છનીય છે—કલિયુગની એ નીશાની છે. વિશ્વબાંધવતામાં શુકમુખ માન્યતા ધરાવતો દરેક ધર્મ હત્યાઓ, વિગ્રહોની કથાઓથી ભરપુર છે. ધર્મ શિક્ષણ એ જગતની શાંતિની સામેનો મોટામાં મોટો ભય છે. હરએક ધર્મનો સાદ આ લોકનો નથી, પરંતુ પરલોકનો છે. આ લોકમાં દુઃખ પામનારાઓને પરલોકમાં સુખ મળશે એમ હરએક ધર્મનો એના અનુયાયીને દિલાસો છે. આ લોકની પ્રત્યક્ષ હાડમારીઓ સહન કરી પરલોકના પરોક્ષ સુખ ઉપર આશા માંડીને દુઃખમાંથી મોતની, કે ચમત્કારની કે અધિકારીઓની દયાની આશા રાખવી એ ધર્મની શિક્ષા છે. એટલેજ ધર્માચાર્યો રાજસત્તાના મોટામાં મોટા ખુશામતખોર હોય છે."

('પુલછાબ વાર્ષિક'માંથી)

### પીડિતોનો ઘણ.

"સૌથી પ્રથમ આજની જુનવાણી દુનિયાના પાયા ખોદી નાંખવા જોઇએ : જે ભૂમિકા ઉપર આજની સમાજરચનાની ઇમારત ઉભી છે તે ભૂમિકા તોડી નાંખવી જોઇએ : એ તોડફોડનું કાર્ય એ આ યુગનું સર્વોપરિ મહત્વનું કાર્ય છે : જેઓના જીવન-અધિકારો અને જીવન-અવસરો સદાને માટે લૂંટાઇ ગયા છે અને જેમને હવે એ સમજણ મળતી જાય છે એવા કરોડો પીડિતોને વર્ષો સુધી આ એકજ વિનાશ-કાર્યમાં પ્રવૃત્ત રહેવું પડશે. એ તોડફોડ પૂરી થયા પછી જ આવતી કાલની નવી દુનિયાના ચણતર કરી શકાશે. આજની જુનવાણી દુનિયાના નાશને યોગ્ય એવાં તમામ જુનવાણી સ્વરૂપોના કેન્દ્રરૂપ, પ્રતિનિધિરૂપ દેવમંદિર છે. એટલે સંહારપ્રવૃત્ત પીડિતોનો ઘણ સૌથી પ્રથમ એવા એ દેવમંદિર ઉપર પડવો જોઇએ."

('પુલછાબ વાર્ષિક'માંથી.)

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૭-૧૧-૩૩.

## પામરતાની પુજા.

એક ભાઇ લખે છે કે : " 'જાગૃતિ' મને મોકલાવજો, પણ રેપર ઉપર ગ્રાહક નંબર લખશો નહિ."

બીજા ભાઇ લખે છે કે : " 'જાગૃતિ' ના ગ્રાહક તરીકે મારૂં નામ નોંધજો, પણ ઉંધા રેપરથી ઉપર "ખોજા જાગૃતિ" ન દેખાય તેવી રીતે મોકલાવજો."

ત્રીજા ભાઇ વળી પોતાના નામને બદલે પોતાના કોઇ પુત્રના નામથી ગ્રાહક થાય છે.

ચોથા વળી કોઇ પરકોમના ભાઇને નામે " ખોજા જાગૃતિ " મગાવે છે.

પાંચમા ભાઇ વળી કોઇ લેખ આપે છે પણ કહે છે કે " જોજો હાં ! તંત્રીમંડળમાં પણ બીજા કોઇને ખબર ન પડવી જોઇએ કે આ લેખ મેં આપ્યો છે."

ખોજા સુધારક સંઘની કોઇ પત્રિકા પ્રગટ થાય છે અને કોઇ ' ઇસ્માઇલી ' માં ખુલાસો પ્રગટ કરે છે કે એ પ્રગટ કરવાની અમે તેમને સત્તા આપી નથી.

" ખોજા જાગૃતિ " માં કોઇ નિવેદન પ્રગટ થાય છે અને ઘડી પહેલાંના 'જાગૃતિ' ના શુભેચ્છકનો તેના ઉપર ખોફ ઉતરી પડે છે, તો કોઇ વળી ' ખુલસા ' પ્રગટ કરવા દોડાદોડી કરી મુકે છે.

આવી આવી વાતો અમે સાંભળીએ છીએ, નજરે જોઇએ છીએ અને અનુભવીએ છીએ ત્યારે અમારૂં કાળજું ચીરાઇ જાય છે; એ ખુલાસા કે ખોફ માટે નહિ. સત્તા કે વગર સત્તા એ તો અમારા માટે ગૌણ પ્રશ્ન છે, અને ખોફ તો એથી પણ વધુ ગૌણપદે છે. અમને લાગે છે એકજ વાંત માટે, આ ઉચ્ચારણો અને કાર્યો પાછળ રહેલા માનસ માટે.

શું આપણે આવી રીતે આજના જુલ્મમારોના જુલ્મમાંથી છુટવા માગીએ છીએ ? શું આવા ભાંગી ગયેલા સીનાથી આપણે આપણી આઝાદીની લડત લડવી છે ! આ પામરતા, આ ભરપૂર નિર્બળતા અને નિર્વીર્યતા એજ આપણી અત્યારની રૂડી રહી છે કે આપણી પાસે માણસને છાજે તેવા બીજા કોઇ ગુણો હજી છે !

સ્વતંત્રતા એ કોઇ રસ્તામાં રખડતી નિર્માલ્ય વસ્તુ નથી કે વગર મહેનતે આપણે તેને ઉંચકી લઇએ. એનાં મૂલ તો બહુ મોંઘા દેવા પડે છે. જેને આઝાદી જોઇતી હોય એણે તો મોંઘામાં મોંઘા બલિદાનો દેવાની તૈયારી અને તત્પરતા દાખવવાં જોઇએ. વસ્તુ-પ્રાપ્તિની એ જરૂરીઆત અને આજના એ માટે થતા પ્રયાસો વચ્ચેનું અંતર આવી નબળાઇથી ઘટવાને બદલે અનેકગણું વધે છે.

કાઉન્સીલનું જોર આજે ધીમે ધીમે પણ મકકમતાથી ઘટતું જાય છે. પેચું ભાળે ત્યાંજ આજે એ આંગળી ખેંચે છે, કઠણતાનો જરા જેટલોએ સામનો કરવો આજે તેને પોસાય તેમ નથી. આવી સ્થિતિમાં પણ શું સબળ બનવની તક જતી કરી આપણે નિર્બળતાજ બતાવ્યા કરશું ?

આ નિર્બળતા અને નમાલાપણું અમને સાલે છે. કાઉન્સીલના દોર દમામ કે જોર જુલમના કરતાં પણ આથી અમારૂં અંતર વધુ ઘવાય છે.

જે નબળાઇ અને મૂર્ખાઇ બીજાઓ બતાવે તો પણ આપણું અંતર ઉકળી ઉઠવું જોઇએ તે આપણે પોતેજ આપણે હાથેજ આજે શા માટે આદરી રહ્યા છીએ ! સબળાઇ અને નબળાઇ, માનવતા અને પામરતા, ડહાપણ અને મૂર્ખાઇ આ બધા વચ્ચેના તીવ્ર ભેદો સમજવા જેટલી શકિત આપણામાં નથી રહી કે એ સમજવા છતાં ગમે તેટલી પામરતા બતાવવામાં વાંધો ઉઠાવવાનું આપણા હૃદયે હવે છોડી દીધું છે? જગતને મન જે ભેદ તીવ્રમાં તીવ્ર છે તે આપણે મન આજે નજીવા છે. જે કાઉન્સીલે આપણા મથે બળજબરીથી પોતે ઘડેલા કાયદા કાનુન ઠોકી બેસાર્યા, જે કાયદાઓએ આપણું ધન રૂધીર ધરાઇ ધરાઇને પીધું અને જે તંત્રે આપણને પશુના કરતાં પણ બદતર હાલતમાં મુકી દીધા, એ કાઉન્સીલ, એ કાયદા અને એ તંત્રને ચરણે પડવામાં, એથી બ્હીવામાં કે એવીજ કોઇ જાતની નમાલી નબળાઇ બતાવવામાં લાંછન છે એવો ખ્યાલ પણ આજે આપણને રહ્યો છે ?

# પોરબંદરના "ક્રાન્તિકારો!"

## વાણીના વિલાસમાં ક્રાન્તિની ઝંખના ?

પોરબંદરમાં આપણા જુવાનોની એક સંસ્થા છે. ઇસ્માઇલીયા સેવા સમાજ એવું એનું નામ છે. નામ પ્રમાણે સેવા કરવાના એના કોડ છે. અમુક અમુક વખતને આંતરે એ સંસ્થા તરફથી પત્રિકાઓ પ્રગટ થાય છે અને કાઠિયાવાડ તેમજ બહાર દેશાવર એ મોકલાય છે. સવા વરસથી આ સંસ્થાની સ્થાપના થઇ છે. તેટલા વખતમાં તેના તરફથી નવ પત્રિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ એનો ગાઢો પરિચય છે.

પોરબંદર સેવા સમાજ તરફથી પ્રગટ થયેલી પત્રિકાઓમાંની કોઇ પણ એક તમે વાંચો; તમને એમા બે વસ્તુઓ સ્પષ્ટ દેખાશેઃ પોરબંદરમાં જુવાનો છે, એમને પોતાની હયાતી સબિત કરવી છે. આ જુવાનો સાધારણ જુવાનો નથી, પણ સામાન્ય જુવાનોથી ઘણે ઉંચે આસને પહોંચી ગયેલા, ત્યાંથી એ આખી કોમની, આખી કોમના જુવાનોની દોરવણી કરતા અને 'ક્રાન્તિ'ને ઝંખતા તમને દેખાશે. આ બે વસ્તુઓ તમને એમાં દેખાયા શિવાય નહિ રહે.

પોરબંદરના જુવાનો ડગલે ડગલે ક્રાન્તિને ઝંખે છે, એમની પત્રિકાઓના શબ્દે શબ્દે એ ઝંખના તરી રહે છે. ગુજરાતી ભાષાના શબ્દો એમના માટે બસ નથી ક્રાન્તિની ઝંખનાને ભાષામાં પકડવા એ જુવાનો અઘરામાં અઘરા, અટપટામાં અટપટા અને સાક્ષરી કે સંસ્કારી કહી શકાય એવા શબ્દોના પ્રયોગ કરે છે, પણ તેમને સંતોષ થતો નથી. એવી તીવ્ર અને જલદ આ જુવાનોની ક્રાન્તિની ભાવના છે

અને એમની ક્રાન્તિનું ક્ષેત્ર સંકૂચિત નથી. પ્રેમલા પ્રેમલીના ટાયલાં સમી ભાષાથી માંડી બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય, રડાકૂટ એ બધામાં એમને ક્રાન્તિ ગણવી છે. એમ તેઓ કહે છે. ક્રાન્તિની સર્વદેશીય આરાધના તેઓ ચાહે છે.

આટલું તો તમને એ પત્રિકાઓના વાંચન પછી પહેલી દ્રષ્ટિએ જણાશે.

પછી જરા શાન્તિથી વિચાર કરજો. આ ક્રાન્તિની આરાધના માટે એ જુવાનોએ શાં શાં કાર્યો અમલમાં મુકયાં, કેટલી કેટલી યોજનાઓ પાર ઉતારી અને એ ધગધગતા શબ્દોને કેટલે દરજ્જે આચારમાં ઉતાર્યા એ તપાસ કરજો. અને તે પછી તમને ગમે તેટલું આશ્ચર્ય થાય તો પણ તમે આશ્ચર્ય પામશો નહિ.

પોરબંદરના એ ક્રાન્તિકારોની ક્રાન્તિ ત્રણ વસ્તુમાં સમાઇ જાય છે. અમુક અમુક વખતે શબ્દલાલિત્ય કે ખડકલાથી ઉભરાતી પત્રિકાઓ પ્રગટ કર્યા કરવી, પુનમના મેળાવડા વખતે કોઇ 'સળગતા' પ્રશ્ન ઉપર જોર શોરથી ભાષણ આપવું કે દરરોજ નિયમિત સાંજે ધુવામાં હાજર રહેનાર બાળકોને મીઠાઇનું ઇનામ વહેંચવું અને જમાતીખાણું થાય તો પીરસનારાની પદવીને શોભાવવી કે ચાહના પ્યાલા ધરવા. આ ત્રણ કામમાં એમની બધી "ક્રાન્તિ"નો સમાવેશ થઇ જાય છે.

ખોજા કોમ માથે કાઉન્સીલ નામની કોઇ ધરાર ધણી થઇ બેઠેલી સંસ્થા પશરી અત્યાચારો ગુજારી રહી છે કે કોમના બાળકોને ભૂખ ભેગા કરવા એના માતાપિતાના ખીસામાંથી છેલ્લી પાઇ ધાક ધમકીથી કે રીફતથી ખુંચવી રહી છે એનું કાંઇ જ્ઞાન પણ આ ક્રાન્તિકારોમાં નથી. એ સંબંધમાં એક શબ્દ પણ તેઓ ઉચ્ચારવા માગતા નથી. કોમની એ મુખ્ય આફત સામે બળવો જગાવવા આ ઉગતા ક્રાન્તિકારો તૈયાર નથી. કેમ જાણે કોમ ઉપર એવી કોઇ આફતજ ન હોય. કેમ જાણે કોમનું સામાજિક બંધારણ સંપૂર્ણતા અને યોગ્યતાની પરાકાષ્ટાએ પહોંચી ગયું હોય તેમ એ પ્રશ્ન જ તેમને અતિ નજીવો અને નાનકડો લાગે છે અને એ શબ્દોના ખડકલામાં અને આઝાદીની અને ક્રાન્તિની બાંગોમાં એક શબ્દ કે એક જીણો એવો સૂર પણ તેઓ ઉચ્ચારવા કે ઉભો કરવા તૈયાર નથી. ક્રાન્તિના એમના કાર્યક્રમમાં કાઉન્સીલ સમા મુખ્ય દુશ્મન સામે લડવા માટે જરા સરખું એ સ્થાન નથી.

અને આવા સાચેજ સળગતા પ્રશ્ન ઉપર મૃત્યુ સમી ચુપકીદી જાળવવાનું કારણ એકજ છે – રખેને કાઉન્સીલને પોતાના દ્રોહની તેમાં ગંધ આવે અને એ અમૂલ્ય સંસ્થાની હસ્તી ભયમાં આવી પડે. ક્રાન્તિના પોકારો કરનારાઓના હ્રદય આમ ભયથી ધ્રુજે છે.

પોતાની સેવાનું ક્ષેત્ર કેટલું સંકૂચિત કે વિશાળ રાખવું એ પોરબંદરના સેવા સમાજનો પોતાનો હક છે. એમાં કોઇથી ડખલગીરી ન જ થઇ શકે. પણ 'ક્રાન્તિ, ક્રાન્તિ'ની બુમો પાડવી અને કાઉન્સીલની સોએ સો ટકા ગુલામી બરદાસ્ત કર્યા કરવી એ બે વાત સાથે ન બની શકે. કાં ક્રાન્તિ અને કાં ગુલામી. ગુલામી કરો તો ક્રાન્તિકારો કહેવરાવવાનો તમને કશો હક નથી. ક્રાન્તિકારોજ થવું હોય તો એકજ ઝટકે તમારી પોતાની ગુલામીના બંધનો તોડી નાખો. આમ ખોટી ક્રાન્તિની બુમો પાડવાથી તો ઉલટું કોમને નુકશાન છે. જે વસ્તુ છે તેને એજ સ્વરૂપમાં દેખાવા દો.

---

**દિવસ રાત આપણા હ્રદયમાં આકરા અસંતોષની ભઠ્ઠી જળતી રહેવી જોઇયે. એક પળ પણ આપણે આપણી દુર્દશા કે ગુલામી કેમ વીસરી શકીએ ? આઝાદીની ઝંખના ધંધા રોજગારમાંથી પુરસત મળે ત્યારે કરવાની ન હોય. એ‌ા એ ઝંખના થઇજ શકતી નથી. આપણો બહાર નીકળતો પ્રત્યેક શ્વાસ એ ઉનો નિશ્વાસ હોવો જોઇએ. આપણે અંદર લેતા વાયુનું પ્રત્યેક રજકણ આપણી આઝાદીની તમન્નાને વધુને વધુ સતેજ કરનાર બનવું જોઇએ. આવી ઠંડી નબળાઇ અને મુડદાલ માનસ તો એ પવિત્ર આતશને બુઝાવી દેશે.**

# વિદ્યાર્થિગૃહ કે સિપાહીઓની બેરેક ?

## લપટતું જતું બોટાદ બોર્ડીંગનું તંત્ર.

બોટાદ બોર્ડીંગનો આંતરિક વહીવટ અત્યારે નિત્ય નવા પલટા લઇ રહ્યો છે. થોડા દિવસો પહેલાં બોર્ડીંગમાં રહેતા વિદ્યાર્થીઓને મારીને ધાર્મિક શિક્ષણ આપવાની વાત બહાર આવી હતી; આજે ફરીથી ધર્માન્ધતા વધારવાના થઇ રહેલા પ્રયત્નોની અમને જાણ કરવામાં આવી છે.

ના. આગાખાન આવે છે. ખોજા કોમની માલ મીલ્કત અને સાનભાન બધું ભયમાં આવી પડયું છે. કોમની આ કમનશીબી વખતે પગારદાર ભકુતીઓ તો શાના પાછા પડે ? એટલે બોટાદ બોર્ડીંગમાં ધામા નાખીને પડેલ એ જપ્તીદાર મીશનરીને પણ પોતાનો પાઠ પુરો ભજવવાના કોડ જાગ્યા છે. એને પોતાની નીમકહલાલી બતાવવી છે.

> " વજ્રની એ કિલ્લેબંદી, તમારૂં નામનીશાન રદ થાઓ !
>
> " ગુલામીના એ કારાગારો, તમે ફના થઇ જાઓ !
>
> " એ જુલમગારો ! તમારી મહેલાતો ભૂતલની ગહનતામાં ગેબ થઇ જાઓ !
>
> " વહેતી નદીઓ ગુલામોનાં અશ્રુ-જલથી છલકાતી બેપૂર વહે છે, તરૂવરોનાં નયનોમાંથી આંસુ ટપકે છે, આકાશના તારાઓ આંસુ પાડે છે. એ ગુલામી, તારા નામ ઉપર લ્યાનત હો ! લ્યાનત હો ! તારૂં અસ્તિત્વ નાબુદ થાઓ ! "
>
> ( " ઝાલરી " માંથી. )

મીશનરી સાહેબનો ઇરાદો ઘણો પાક છે. બોર્ડીંગના વિદ્યાર્થીઓ માટે તેમણે હૅટ આણી છે. એ હૅટ વિદ્યાર્થીઓના મસ્તકને શોભાવશે, એની નીચે ખાખી ડ્રેસ ગૌરવભર્યો દીપશે અને એ પછી તાજા આણેલા બેન્ડના સરોદો વચ્ચે એ વિદ્યાર્થીઓની કવાયત થશે. અને મીશનરીનો ઇરાદો બર આવશે તો એ બધાનો પોતે કેપ્ટન કે મેજર બની પોતાના સરકારને સલામી આપવા ટુકડી સહીત એ મુંબઇ જશે.

હૃદય અને શરીર બન્નેને ધર્માન્ધતાના કીચડથી ખરડાવવાના પ્રયત્નો કરતા આ મીશનરીને કોઇ પુછનાર છે કે નહિ ? બોટાદ જમાત અને બોર્ડીંગની જનરલ અને મેનેજીંગ કમીટીઓ આજે શું કરે છે ? શા માટે આવી નવી નવી ધૂન મચાવનારાઓને ઠેકાણે લાવવામાં આવતા નથી ?

વીરપુર, જુનાગઢ કે બીજી કોઇ ફીદાઇ બોર્ડીંગે આવું પગલું ભર્યું હત તો અમારે કશો વિરોધ કરવાનો ન હતો એ તો ધર્માન્ધતાને પોષનારી અને એ પોષણમાં માનનારી સંસ્થાઓ છે. પણ બોટાદનું તેમ નથી. બોટાદ બોર્ડીંગના મૂળ કાર્યકર્તાઓએ ધર્મઘેલડાઓ ઉભા કરવા માટે એ બોર્ડીંગની સ્થાપના નથી કરી. કાઉન્સીલના સીતમ-ચાબુકથી કોઇપણ જાતનું પ્રત્યક્ષ કાર્ય જ્યારે તેમને અશક્ય થઇ પડયું લાગ્યું ત્યારેજ તેમણે એ ચાબુકને ઝીલનારા અને ઝીલીને એને ભાંગી તોડી નાખનારા જવાંમર્દો પેદા કરવાની ઉંડી ઉંડી છતાં તીવ્ર આશાએ એ બોર્ડીંગની સ્થાપના કરી હતી. એ બોર્ડીંગના ફાળામાં પૈસા ભરનાર કોઇ ધર્મઘેલડા કે અંધશ્રધ્ધાળુ ન્હોતા, તેમજ આ નવી સ્થપાનારી બોર્ડીંગ પણ મેંઢાઓ ઉત્પન્ન કરવાનું કારખાનું થઇ પડશે એમ સમજીને તેમાં કોઇએ પૈસા નથી ભર્યા. પૈસા ભરનારા લગભગ સૌ કોઇ એ વાત બરાબર સમજતા હતા કે બોટાદ બોર્ડીંગ એક એવી સંસ્થા બની રહેશે કે પાંચ પચીશ વરસે પણ એ બોર્ડીંગમાં કેળવણી પામેલો યુવાન કોમની ગુલામી ફેડવા કમર કસીને બહાર પડશે. જ્યારે આજે દિનપ્રતિદિન આ મુળ વસ્તુ અને ભાવના બદલાતી જાય છે અને તેની જગ્યાએ હળાહળ ધર્માન્ધતાનાં ઝેર રેડાઇ રહ્યાં છે. કાઠીયાવાડે અને બોર્ડીંગને મદદ કરનારાઓએ જે આશા રાખી હતી તે આજે જમીનદોસ્ત થતી, કરાતી દેખાય છે.

ના. આગાખાન આવે તેમા શા માટે બોટાદ બોર્ડીંગના વિદ્યાર્થીઓ પાસે આવા પામરતાના પાઠ ભજવાવવા જોઇએ ? ના. આગાખાને એવું તે કયું ખોજા કોમનું કે ખુદ બોટાદ બોર્ડીંગનું ભલું કરી દીધું છે કે આમ સુવર્ણ જંજીરે પહેરાવીને એ કુમળા ઉગતા બાળકોનું પ્રદર્શન કરવામાં આવે ? મુસ્લીમ કોમ કે શાંતના સાથીદારો કે બીજું કોઇપણ ભલે નામદાર આગાખાનના પ્રશંસા ગીતો ગાય કે તેમનામાં અભિમાન લ્યે. આપણે શું જોઇને આજે એમનું સન્માન કરવા દોડવું ? ખોજા કોમ ના. આગાખાનને સદાને માટે સંભારશે; પણ તે કોઇપણ ભલા કાર્યને માટે તો નહિજ. ના. આગાખાન જો અત્યારે કોઇપણ જાતના સન્માનના અધિકારી હોય તો તે એક માત્ર કાળા વાવટાનાજ.

અનેક પ્રપંચજાળોથી જકડાયેલા આપણે ગુલામો છીએ. એજ મીસાલ આપણા બાળકોને અને યુવાનોને આપણે ગુલામ બનાવ્યા છે. આવી બેવડી ગુલામીની કાળી ટીલી કપાળમાં રખાવીને શા માટે એ ઉગતા આશાપુત્રોનાં અપમાન કરવા તેમનું પ્રદર્શન કરવું જોઇએ ? અમારે એ સામે મજબુત વાંધો છે. બોટાદ બોર્ડીંગના વિદ્યાર્થીઓ એ કોઇ રમતના પ્યાદાં કે સોગઠાં નથી કે જેને તેનો જેવો ઉપયોગ કરવો હોય તેવો તે કરી શકે.

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૮૭. )

# ભૂખમરાને ભેટો નહિ!

"એ કાસમભાઇ! માબાપ પધારવાનો તાર આવ્યો છે તે આજ ખાને સાકર વ્હેંચાશે, તો જરૂર આવજો."

"એ દેવજીભાઈ! હાજર ઇમામની પધરામણીની ખુશાલીમાં રતનશીભાઇએ મોટો સતાડો નાખ્યો છે તે ખાને વેળાસર આવજો."

"એ રમજુભાઇ! સાહેબ પધારવાની ખુશાલીમાં આજે ખાને લ્હાણી થશે માટે બાળ બચ્ચાં સહીત જરૂર આવજો."

ના. આગાખાન દેશમાં આવવાના છે એવી એકજ જાહેરાત થવા દો અને પછી તમને દરરોજ કાંઇ નહિ ને કાંઇ ઉપરના અનુભવ થયા કરશે. કોઇ ખાનામાં સાકર વ્હેંચશે તો કોઇ ચાપાણીની મીજલસ કરશે. કોઇ મોટો સતાડો નાખશે તો કોઇ વળી તાનમાં આવી જઇ નાતને જમણ પણ આપશે. આમ વેવલા ભક્તો ભાતભાતની અને જાતજાતની કુદાકુદ કરી મુકશે.

ના. આગાખાન આવે અને આપણાં ખીસાં ખાલી થવા લાગે. દેખાદેખીથી કે અંધશ્રદ્ધાથી કે મોટપને લોભે આપણે આપણા રોજી પરવારી બેસીએ અને એમની પાછળ દોડાદોડ કરી મુકી મેષસમૂહનું આબાદ અનુકરણ કરીએ. બાળબચ્ચાંને પોષવાની, સ્ત્રીને જરા વધારે રાહત અને સુખ મેળવી આપવાની, કંગાળ જીવનને બદલે જરા ઠીકઠીક જીવન જીવવાની અને આબરૂ કે નોક જાળવવાની બધી નેમને વિસરી જઇ આપણે એકજ નેમ તરફ દોડયા જઇએ કે કઇ રીતે હું બીજા અંધભક્તોની સરખામણીમાં વધુ અંધ દેખાઉં, વધુ નાણાં ના. આગાખાન પાછળ ખર્ચું અને વધુમાં વધુ પાયમાલીને ભેટું.

ના. આગાખાન દેશમાં હોય ત્યારેજ આપણને આવો ઉન્માદ લાગુ પડે છે તેમ નહિ માનજો. એકજ સાચી ખોટી જાહેરાત થાય કે ના. આગાખાન આવે છે અને આપણે જુદી જુદી ચેષ્ટાઓ આચરવા મંડી જઇએ છીએ. ના. આગાખાન હજી તો આવ્યા ન હોય તે પહેલાં આપણા ભોળા ભાઇઓ અનેક ખર્ચોના ખાડામાં ઉતરી પડે છે, અને 'સરકાર સાહેબી' તેજુરી ભરાવા માંડે છે. ઉપરત એ મંગળ અવસરે દીપે એ માટે કેટલાય ભાઇ બ્હેનો અત્યારથી જ ગમે તેમ કરીને પણ ઉંચા કિંમતી કપડાં લત્તાં વેરાવવા મંડી જાય છે. કેટલીય અજ્ઞાન બ્હેનો મોટું કામ કરવવાનું નકકી કરવા પતિ કે બાપ સાથે રૂસણાં આદરી બેસે છે તો કેટલાય પૂંછ જેવડી મૂછ વાળા મર્દો રોજીનું સાધન કે ધંધાનું સારૂં રાચ વેચીને ઓછામાં ઓછા પીંચોતેર રૂપીઆ એકઠા કરી પેટીમાં સંઘરી રાખે છે. આમ આ આગળથી જ શરૂ થયેલો ઉન્માદ નામદાર જ્યારે પધારે છે ત્યારે અનેકગણો વધી જઇ તાંડવ નૃત્ય ખેલે છે. એ નૃત્યમાં જેટલી મૂર્ખાઇ દેખાઇ આવે છે એટલી જ એમાં ઉંડી કરૂણાની છાયા હોય છે. પણ આપણને એ જોવા કે જાણવા જેટલી એ વખતે શક્તિ હોતી નથી.

ના. આગાખાન પસે અત્યારે આપણી કેટલીયે પદવીઓ છે. એ આપણા ખુદા છે, હાજર ઇમામ છે, આપણા પીર છે, આપણા ગુર (ગુરૂ) છે અને આપણા ધણી પણ છે. આ બધી પદવીઓ એવણ સાહેબ આપણાથી હજારો જોજન દૂર બેઠાં બેઠાં ભોગવે છે અને ત્યાંથી આપણું બધું દોરી સંચાલન થાય છે. જો શિષ્યો વગર શકે મેષસમૂહના સભાસદો ન હોય તો કોઇ પણ ગુરૂ આટલા હજાર માઇલ છેટે બેસીને કદી પણ ગુરૂપણું કરી શકે નહિ. ના. આગાખાન આપણા ગુરૂ છે એમ કહેવા છતાં આપણી વચ્ચે તેઓ રહેતા નથી. શિષ્યના મનની શંકાઓ ટાળવી અને તેને સદ્દરસ્તે આગળ વધારવો એ ગુરૂનું કામ. આપણા મનમાં કોઇ શંકા ઉભી થઇ અને આપણે તેનો ખુલાસો જોઇતો હોય તો આપણે વિલાયત જવું પડે કે આપણી ભાષા પણ નહિ સમજનાર એ માનવી સાથે પત્રવ્યવહાર કરવા માટે વચ્ચેના કેટલાય આડતીઆઓને પગે ચોખા ધરવા પડે એ આજની સ્થિતિ છે. અને નામદારની દેશમાં પધરામણી થઇ હોય ત્યારે ય પણ આપણે કયાં વગર અટકાવે તેમની પાસે જઇ શકીએ છીએ! ગુરૂને મળવા માટે પણ ફી દેવી પડે છે. છતાં ના. આગાખાન આપણા ગુરૂ છે અને આપણે તેમના બંદા છીએ. એ ગુર ભલે ગુરપણું ન કરે અને આપણે મન એ સદાય કોઇ કોયડા કે જાદુ જેવા રહે તે માટે બનતા બધા પ્રયાસ કરવામાં આવે, અને આપણે ભલે અકકલહીન આંખે તાજુબીથી જોવાનું જ સ્વીકારીએ તો પણ આપણા એ ગુર તરીકે બધી ફરજો બજાવે છે અને આપણે તેમના શિષ્ય તરીકે આબાદ પાઠ ભજવીએ છીએ.

મને તો લાગે છે કે નામદારે હિન્દમાં આપણી વચ્ચે રહેવાને બદલે યુરોપમાં રહેવાનું પસંદ કર્યું છે તે બહુજ અર્થસૂચક છે. નિત્યના સહવાસથી એક બીજાની ત્રુટીઓ જણાઇ આવે છે અને કોઇ દિવ્યતા કે નવીનતા પછી રહેતી નથી. માટે પાણી પહેલાં જ પાળ બાંધવા તેમની ચકોરતાએ તેમને સૂચવ્યું હશે. વળી પાંચ સાત વરસે આમ એક સફર મારી જવામાં પણ ધનની ખુબ પ્રાપ્તિ થતી રહે.

ના. આગાખાન આવે છે. આપણી તેમાં ના છે. છતાં આપણા અણગમાની અવગણના કરી એ આવે તો ભલે આવે. તેમને પાછા વાળી શકવાની તો આપણામાં આજે તાકાત નથી. પણ આપણા ખીસાં પાકીટ સંભાળવા એ તો આપણા હાથની વાત છે. માટે કોઇ હાથે કરીને ભૂખમરાને નહિ ભેટજો.

## જોઇએ છે ૧૦૦૦ ગ્રાહકો.

"જાગૃતિ" તમે વાંચ્યું ? તમને એ ગમ્યું ? ગમ્યું હોય તો તમે એને જીવંત રાખવાનું ચાહ્યા વગર ન રહી શકો તમારે એને સદા તમારી સેવા કરવા જીવતું રાખવું છે ? તો એની માંગણી પુરી પાડો. ૧૦૦૦ ગ્રાહકોની આજે એની માગણી છે. એ યોજનાને આ વર્ષના અંત સુધીમાં તમે મૂર્ત સ્વરૂપ આપો. એ માટે તમે જાતે ગ્રાહક બનો અને બીજાઓને ગ્રાહક બનાવો.

વ્યવસ્થાપક,

"ખોજા જાગૃતિ."

# સપ્તાહનો સાર.

**સ્વ. વિઠલભાઇનો મૃતદેહ :** સ્વ. વિઠલભાઇનો મૃતદેહ પહેલાં વિમાન મારફત મુંબઇ લાવવાનું નકકી થયુ હતું તે યોજના બદલાવીને તેમનું શબ સ્ટી. "નારકુંડા" ઉપર ચડાવવામાં આવ્યું છે અને આવતી તારીખ ૯ના રોજ તેને મુંબઇ ઉતારવામાં આવશે. સ્વ. વિઠલભાઇને આખરી માન આપવા મુંબઇમાં જંગી તૈયારીઓ ચાલી રહી છે અને શહેરના વોર્ડ વાર કમીટીઓ ઉભી કરવામાં આવી છે. વ્યવસ્થા જાળવવા ૧૦૦૦ સ્વયંસેવકોની ભરતી થઇ ગઇ છે અને બીજા ૧૦૦૦ની માગણી કરવામાં આવી છે. સ્વ. વિઠલભાઇના મૃતદેહને નાસીક જેલમાં સજા ભોગવતા સરદાર વલ્લભભાઇ પટેલ અગ્નિદાહ આપે એ માટે તેમને છોડવાનું સરકાર માથે દબાણ લાવવામાં આવે છે, પણ એ બનવું અસંભવીત દેખાય છે.

**મીરતમાં લાલ પોસ્ટરઃ** મીરતની કોલેજમાં હિંદના સામ્યવાદી પક્ષની કલકત્તાની શાખાને નામે એક લાલ પોસ્ટર—દિવાલપત્ર—ચોંટાડવામાં આવ્યુ હતું જેમાં મહાસભા તથા ગાંધીજીને બળવાખોર પ્રવૃત્તિની વિરૂદ્ધ પડી સરકાર પક્ષે ચાલ્યા ગયા હોવાનું જણાવી તેમની ઝાટકણી કાઢવામાં આવી છે અને હિંદમાં સામ્યવાદની સ્થાપનાની જરૂરીઆત જણાવવામાં આવી છે. પોલીસે પોસ્ટર જપ્ત કર્યું છે. કોઇની ધરપકડ થઇ નથી.

**કમળાદેવી પકડાયાઃ** મદ્રાસ પાસે ગુડીવાડા ગામે ગઇ તા. ર૭ના રોજ શ્રીમતી કમળાદેવી ચટોપાધ્યાય સભા સમક્ષ ભાષણ આપતા હતા ત્યાં પોલીસે આવીને તેમની ધરપકડ કરી છે. તેમને જામીન ઉપર છોડવામાં આવ્યા છે.

**દામોદરલાલનો દાવો :** વિષ્ણુઓના પુજારી મહારાજ ગોવર્ધનલાલજીનું અચાનક અવસાન થયા પછી વિષ્ણુઓના શ્રીનાથજીની ગાદી શ્રીનાથદ્વારાનો વહીવટ સંભાળવા ઉદેપુર રાજ્યે રાજયના બે અમલદારો સહીત બાર આગેવાન વિષ્ણુઓની એક સમિતિ નીમી છે અને તે સમિતિએ બધી મીલકતનો કબજો લઇ લીધો છે. આ સામે ગોવર્ધનલાલના પુત્ર દામોદરલાલ જે અત્યારે હંસા સાથે દીલ્હી રહે છે તેણે પોતાનો વાંધો ઉઠાવ્યો છે અને દીલ્હીની કોર્ટમાં તેણે પોતે વારસદાર છે એવી એફીડેવીટ નોંધાવી છે. રજાના દિવસો પુરા થયા બાદ દામોદરલાલ મુંબઇ આવી રીતસર દાવો દાખલ કરશે તેમ સંભળાય છે.

**મીદનાપુરમાં જાપ્તારાજઃ** ક્રાન્તિકારીઓની ચળવળને નાબુદ કરવા મીદનાપુરમાં બહુ આકરા પગલાં લેવાઇ રહ્યાં છે. ગામનો દેખાવ ઉજડ વેરાન સમો થઇ પડયો છે. હિંદુઓના હક્કો ઝુંટવી લેવામાં આવ્યા છે અને મુસ્લીમોને ખાસ હક્કો આપવામાં આવ્યા છે. પણ મુસ્લીમો એ હક્કોનો ઉપભોગ કરતા નથી. રસ્તાઓમાં મીલીટરીના લશ્કરીઓ ફર્યા કરે છે. કેટલાય જાણીતા શહેરીઓને હદપાર કરવામાં આવ્યા છે.

**જર્મનીમાં અંગ્રેજની ધરપકડઃ** લંડનના એક પ્રખ્યાત દૈનીક "ડેલી ટેલીગ્રાફ"ના મ્યુનીચ ખાતેના એક ખબરપત્રીની જર્મન સરકારે ધરપકડ કરી છે. એની સામે રાજ્યના લશ્કરી ખાતાની છુપી બાબતો પરરાજ્યને જણાવી દેવાના રાજદ્રોહના ગુન્હા માટે કામ ચલાવવામાં આવશે. જે કાયદા હેઠળ એની ધરપકડ થઇ છે તે કાયદો વધારેમાં વધારે મૃત્યુ અથવા જીવન પર્યંતની કેદની સજા કરવાની છુટ આપે છે. બ્રીટને આ ધરપકડ સામે વિરોધ બતાવ્યો છે.

**દ્રોહી મીલમાલેકો :** હિંદમાં સ્વદેશીની વધતી જતી ભાવના અને ઉઘાડા કે છુપા બહિષ્કારને પરિણામે વિલાયતના લેન્કેશાયરનો કાપડનો ઉદ્યોગ પડી ભાંગવાથી તેના પ્રતિનિધિઓ હિંદ આવી થોડા વખતથી વાટાઘાટ કરી રહ્યા હતા. એ વાટાઘાટને પરિણામે મુંબઇના મીલમાલેકોના મંડળે એવું વચન લેન્કેશાયરને આપ્યું છે કે તેના આંહી આયાત થતા માલ ઉપરની જગાતમાં ૫ ટકાનો ઘટાડો કરવાનું તેઓ સ્વીકારશે.

**પરદાથી કંટાળી ધર્મ ત્યજ્યો :** કરાંચીની એક મુસ્લીમ બાળાએ પરદાના રીવાજથી કંટાળી જઇ ઇસ્લામ ધર્મનો ત્યાગ કરી શીખ ધર્મનો અંગીકાર કર્યો છે અને એક શીખ યુવક સાથે લગ્ન કર્યાં છે.

**મહારાષ્ટ્ર રાજકીય પરિષદ :** મુંબઇના એક જાણીતા શહેરી શ્રી જમનાદાસ મહેતાની આગેવાની નીચે અખીલ મહારાષ્ટ્ર રાજકીય પરીષદની પહેલી બેઠક ગઇ તા. ૨૮ ના રોજ મુંબઇમાં બેરીસ્ટર દેશમુખના પ્રમુખપદે મળી હતી. પરિષદે મહાસભાની અંદર રહી નવો સ્વરાજ પક્ષ ઉભો કર્યો છે અને પોતાના ખાસ કાર્યક્રમ તરીકે ધારાસભાની બેઠકો મેળવવાનું નક્કી કર્યું છે.

**અમરેલીની પ્રજા પરિષદ :** વડોદરા રાજ્યની પ્રજાના વડોદરા રાજ્ય પ્રજા મંડળની અગીયારમી બેઠક અમરેલી ખાતે ગઇ તા. ૨૪ ના રોજ જાણીતા નેતા શ્રી. અબ્બાસ તૈયબજીના પ્રમુખપદે મળી હતી. તેમાં ખેડુતોનું રક્ષણ કરનારા તેમજ બીજા ઠરાવો પસાર થયા છે. કાઠીયાવાડના દેશી રાજ્યોની પ્રજાનું એક સંમેલન શ્રી. અભ્યંકરના પ્રમુખપદે તા. ૫—૬ નારોજ મળનાર છે.

**પુત્રી સાથે અટકચાળાં કરનાર પિતા :** મુંબઇમાં ધોબી તળાવ ઉપર રહેતી એક વીનુ ફરનાન્ડીઝ નામની ૧૮ વરસની બાળાએ તેના પિતા ઉપર ઉકળતું પાણી નાખી ઇજા પહોંચાડવાથી પોલીસે તેની ધરપકડ કરી છે. બચાવમાં એ છોકરીએ ચોંકાવનારી વાત રજુ કરી હતી કે તેનો પિતા તેને વારંવાર સતાવતો હતો તેથી તેણીએ આમ કર્યું હતું. મેજીસ્ટ્રેટે તેણીના રૂ. ૧૦૦) ના સારી ચાલના જામીન લેવાનો હુકમ કર્યો છે.

**મહાસભાના આગેવાનોના રાજીનામાં :** પંજાબના લોકમાન્ય આગેવાન ડો. મહમદ આલમે હિંદી રાષ્ટ્રીય મહાસભાની મહાસભા સમિતિ તથા તેની કાર્યવાહક સમિતિમાંથી રાજીનામું આપ્યું છે. રાજીનામું આપવાનું કારણ તેઓ એવું જણાવે છે કે "કોઇ પણ જાતના અયોગ્ય સમાધાનથી ગુન્હેગાર બનવામાંથી હું બચવા માગું છું." બીજા જાણીતા આગેવાન શ્રી. જમનાલાલ બજાજે પણ પોતાની માંદગીના કારણે રાજીનામું આપ્યું છે.

**સૌરાષ્ટ્રનો સિંહ છુટે છે :** "સૌરાષ્ટ્ર" ના સ્થાપક અને તંત્રી અને સારાયે સૌરાષ્ટ્રના સ્વીકારાયેલા આગેવાન શ્રીયુત અમૃતલાલ દલપતભાઇ શેઠ પોતાની સજાની મુદત પુરી કરી આવતી તા. ૨ જીના રોજ નાસીક જેલમાંથી છુટશે. "સૌરાષ્ટ્ર" કદાચ ફરીથી સજીવન થશે.

## પેલું અપ્રગટ નિવેદન.

૨૦ ભાઇઓની સહીઓવાળું જે અપ્રગટ નિવેદન "ખોજા જાગૃતિ"માં પ્રગટ થયું હતું અને તે બધા સહી કરનારાઓ ઉપર કાઉન્સીલે સમન્સ કાઢ્યા હતા તેમાંથી ૧૩ ભાઇઓએ કાઉન્સીલને પોતાનો ખુલાસો લખા મોકલાવ્યો છે.

ભાઇ કરમાલી દેવજી, છગન દેવજી, રૂપજી દેવજી, હસનઅલી છગન, પ્યારઅલી રૂપજી, મામદ ભીમજી તથા ભાઇ કરમાલી દેવજી માધવજી આ સાત ભાઇઓએ એકજ કાગળ પર સહી કરી કાઉન્સીલને એવો જવાબ આપ્યો છે કે "અમે તે છપાવ્યું નથી એટલે અમારો કાંઇ દોષ નથી." ભાઇ કરમાલી દેવજી માધવજી તરફથી ભાઇ મામદ ભીમજીએ સહી કરી છે.

ભાઇ મોહન નજરઅલી, નજરઅલી મોતી, પોપટ નથુ, નાનજી નથુ, રહેમતુલ્લા નથુ અને ભાઇ માધવજી પોપટ આ ૭ ભાઇઓએ એક જુદા કાગળ ઉપર સહીઓ કરી એવો જવાબ આપ્યો છે કે "અમે તે પ્રગટ કર્યું નથી, "ખોજા જાગૃત" ને તે પ્રગટ કરવાની સત્તા આપી નથી અને અત્યારે અમારી તેવી લાગણી નથી."

આમ ૨૦ માંથી ૧૩ ભાઇઓએ જુનો ચીલો અખત્યાર કર્યો છે અને બાકીના સાત ભાઇઓ પણ એજ રીત અખત્યાર કરશે અને સરદારની પાછળ સૈનિકો ચાલશે એવી વકી રાખવામાં આવે છે.

---

( અનુસંધાન પાના ૨૮૪ થી. )

આપણે ગુલામ બન્યા છીએ એટલું બસ છે. ઉગતી પ્રજાને, ભવિષ્યની આશાને તો એ કલંકમાંથી ઉગારી લ્યો

એક મૂર્ખ બીજા મૂર્ખને ચાહે છે. એક અંધશ્રધ્ધાળુ બીજા અંધશ્રધ્ધાળુને માન આપે છે. ના. આગાખાનનીજ જમાતના બ્હોરાઓના મોટા મલ્લાં હમણાં બોટાદ આવ્યા ત્યારે શા માટે બોર્ડીંગના વિદ્યાર્થીઓ પાસે ટુકડીબંધ ગોઠવાઇ જઇ સલામો કરાવવામાં આવી ? અને એ મોટા મલ્લાંને તો એવી કાંઇ સલામોની પડીજ ન હોય તેવું તેણે વર્તન રાખ્યું. શું એક સરકારનું લશ્કર બીજા મિત્ર સરકારને લશ્કરી માન આપવા ગયું હતું ? એક સ્થળેથી એવી વાત પણ આવી છે કે આવી મૂર્ખાઇ ભરેલું માખણ લેવાનું એક કારણ એ પણ હતું કે બોર્ડીંગના ફાળામાં મોટા મલ્લાં પાસે કાંઇ રકમ ભરાવવાની અમુક માણસો આશા રાખતા હતા. એ આશા ધુળ મળી અને મોટા મલ્લાંએ એક પાઇ પણ ન પરખાવી. અને પરખાવે તો પણ શું ? ફંડ વધારવા કે બીજા કોઇપણ કારણે બાળકોના માનસ આવા ધર્માન્ધ કે ધર્માચાર્યોના પુજક બનાવવાનો કોઇને અધિકાર નથી.

કહે છે કે બોર્ડીંગની સીલીકમાં હમણાં ૧૦) ૧૫) રૂપીયા રહે છે. આમ છતાં કાઉન્સીલ પોતે પડાવી લીધેલા બોર્ડીંગના રૂ. ૧૦,૦૦૦) માંથી એક પાઇ પણ બોર્ડીંગને સોંપતી નથી. બોર્ડીંગની મેનેજીંગ કમીટીની આંખ કયારે ઉઘડશે ? 'રૂહાની પિતા', 'રૂહાની પિતા' કરવાથી કાંઇ દિ' નથી વળવાનો. એ 'રૂહાની પિતા' એક પાઇ પણ ભુખે મરતાં 'બચ્ચાંઓ, તરફ નથી ફેંકવાના. એ મધલાળના મોહમાં ફરજ ચુકવું ઘટારત નથી.

## વેપાર સમાચાર

( તા. ૪-૧૧-૩૩ )

**ઊન** : લીવરપુરમાં ગઇ તા. ૩૧ થી તા. ૩ સુધી ચાર દિવસનો સેલ હતો. કુલ્લે ગાં ૬૬૭૨૦ મુકાણી હતી તેમાંથી ગાં. ૩૩૫૫ વેચાયા વગરની પડતર રહી છે. પહેલા દિવસે બજારનું વલણ સારૂં હતું અને ૫ ટકા તેજી દેખાતી પણ પાછળથી બંધ થતા સુધી બજાર શાંત રહ્યો હતો. સફેદમાં ૫ ટકા બજાર ઘટયો છે. બાકીના માલમાં ભાવના ભાવ છે. વેચાણ વેલ્યુથી ૦I-૦II પેની વધુ આવ્યા છે. સ્થાનીક બજારમાં કોઇ સોદા થયા નથી કે કાઇ ભાવ નિકળ્યા નથી પણ ઉંચા જોડીયાનો ભાવ રૂ. ૧૨) આસપાસ રહેવા ધારણા છે. સેવાળીમાં જોર નથી.

**રૂત** : ભરૂચ ૧૯૦. **બકરાના વાળ** : ૫).

**અનાજ, વિ.** : ૨) ૨I ઘઉં. ૨)= ૨I બાજરો જુનો. ૧II ૧III બાજરો નવો. ૧II ૧II- જુવાર. ૧II= ચણા દેશી. ૧II- ચણા પરદેશી. ૧) કમોદ જાડી. ૧)= ૧)≡ કમોદ ઝીણી. ૧I= ૧III મેથી. ૨I≡ ૨II= તલ. ૨II તલી. ૧II- એરડી ઝીણી. ૧II- એરડી જાડી. ૧II≡ ૨) મગ. ૧II≡ અડદ. ૧I મગફળી ઝીણી નવી. ૧)= ૧)≡ મગફળી જાડી નવી. ૧III રાઇ. ૨I ૨I= શીંગદાણા હાથફોલ નવા.

**પરચુરણ** : ૩II ૪) ગોળ દેશી નવો. ૧II ૨) ગોળ દેશી જુનો. ૬II કપાશીયા માળવો. ૭I કપાશીયા બારાડી નવા. ૬II= કપાશીયા બારાડી જુના. ૪)≡ ખાંડ પરહદનાને. ૪II= ખાંડ રાજકોટ શહેર, ૪) ખાંડ સદર. ૯) ૧૦) સોપારી જુની. ૧૦) ગદબનું બી.

**ઘી** : ૨૧) ૨૨) મુંબઇ પરખ, ૧૬) ૧૬II તાજો રસ.

**તેલ** : ૫II તલનું, ૩II- શીંગનું. ૫)≡ ખોપરેલ પીપનું, ૫II- ડબાનું. ૩)≡II ગ્યાસલેટ સફેદ હાથી, ૨II= સફેદ રશીયન પીપનું

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

### ચા પાનમાં "જાગૃતિ"

કોમ માટે લડતા વર્તમાનપત્રને કોમેજ ઉત્તેજન આપી આગળ ધપાવવું જોઇએ. "ખોજા જાગૃતિ" કાંઇ તમારી પાસેથી એવો મહાન ભોગ માગતું નથી કે જે તમે ન આપી શકો. અઠવાડીયે એક કપ ચાનો ઓછો પીઓ કે બે ચાર પાન ઓછાં ખાવ, કે ૫-૨૫ બીડી ઓછી ફુંકો તેટલામાંજ તમે "ખોજા જાગૃતિ" ને ટેકો આપવા ઉપરાંત એક વરસ સુધી ઉપયોગી અને રસમય વાંચન ઘરબેઠાં મેળવી શકશો. એક પંથને દો કાજ થશે. તમે ખોટા ખરચમાંથી બચી વ્યસનમુક્ત થશો; સાથેસાથ કોમસેવામાં પણ તમારો ફાળો નોંધાશે.

આજેજ ગ્રાહક થવા લખોઃ—

વ્યવસ્થાપક. "ખોજા જાગૃતિ"
રાજકોટ.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૩૦.**

"આપણા સ્વધર્મીઓના દરેક ઘરમાંથી એક માણસે શાદી તથા ગમીના પ્રસંગે અવશ્ય ભાગ લેવો. જો કોઇ તેમ કરવામાં કસુર કરશે તો મુખી અને કામડીઆ તે શખ્સ ઉપર સરકાર સાહેબી ગુન્હેગારી મુકશે."

આ કલમનાં 'સ્વધર્મી' શબ્દ છે ત્યાં જ્ઞાતિભાઇ અથવા નાતીલા કે તેવો કોઇ શબ્દ મુકવો જોઇએ. આ સામાજિક ક્રિયામાં ધર્મને સંડોવવાની જરૂર નથી.

ગમીને પ્રસંગે સહાયભૂત થવા જવું જરૂરનું ગણીએ તો પણ લગ્ન પ્રસંગે પણ અવશ્ય ભાગ લેવો અનાવશ્યક છે. બલકે તેમાં તો જેને ત્યાં લગ્ન પ્રસંગ હોય તેનું આમંત્રણ હોય તોજ કોઇથી જઇ શકાય. વગર નોતર્યે હાલી મળવું એ તો મૂર્ખાઇ ઠરે.

ગમીના પ્રસંગે સૌએ અવશ્ય જવું જ એમ નકકી કર્યા પછી પણ એ મુજબ જે ન વર્તે તે 'સરકાર સાહેબ'નો કોઇ ગુન્હો કરતો નથી અને તેથી એવાની પાસેથી 'સરકાર સાહેબી' ગુન્હેગારી લેવાનું ધોરણ જુલ્મી છે. આ સામાજિક જરૂરીઆતમાં જે સાથ ન આપે તે વધુમાં વધુ સમાજને રોષનું કારણ આપે છે, બીજાને નહિ. એટલે કોઇ ગુન્હા માટે ગુન્હેગારી લેવાનું વ્યાજબી માનવામાં આવે તો પણ તે જમાતના નામે અને જમાત પાસે તે રહેવા માટેજ લેવાવી જોઇએ.

**કલમ ૧૩૧.**

"આપણા ઇસ્માઇલી સ્વધર્મીઓમાં લગ્ન અગર સગાઇ થાય તે પ્રસંગોએ કપડાં, ઘરેણાં અને વિવાહના રીત રીવાજોની કેટલીએક અગત્યની બાબતો નીચે મુજબ પાળવાનું મુકરર કરવામાં આવે છેઃ—

(એ) સગાઇ પ્રસંગે જોઇતાં કપડાંની કિંમત રૂ. ૨૫) કરતાં વધુ થવી જોઇએ નહિ, અને દશ શેર કરતાં સધુ સાકર વહેંચવી નહિ. આ શિવાયના બીજા રીવાજો જેવા કે "સમુરતાં", "મીઠો મુડો", "ઇદબરાદ," "હારડો", "વાર તહેવાર" અને "લાણ બીડાં" અને "લગ્ન" લખતી વખતે થતી "લાણી" એ સર્વ હવે પછીથી સદંતર બંધ કરવાં.

(બી) જો કોઇ શખ્સ સગાઇ પછી અને લગ્ન અગર પુનર્લગ્ન પહેલાં અગર તે સમયે લુગડાં ઘરેણાં કરવા ઇચ્છા ધરાવતો હોય તો તેને તેમ કરવા દેવું; પણ તેમાં શરત એ કે લુગડાંની કિંમત વધુમાં વધુ રૂ. ૧૫૦) તથા ઘરેણાંની વધુમાં વધુ કિંમત રૂ. ૪૦૦) થી વધારે થવી ન જોઇએ, અને તેની નોંધ જમાતખાનામાં રહેતા રજીસ્ટરમાં કરવામાં આવશે.

(સી) "સમુરતાં" એક અગર બે માણસે લઇ જવાં અને તે વખતે "પહેરામણી" આપવી નહિ. એવી પહેરામણી માત્ર લગ્ન પ્રસંગે કન્યાના માબાપ વરના માબાપ તથા સગાંને કરી શકે અને તેની એકંદર રકમ રૂ. ૨૫) કરતાં વધુ ન થવી જોઇએ.

(ડી) કન્યાને ત્યાં જાન લઇને જવામાં નાનાં મોટાં બધાં મળીને ત્રીશ માણસોથી વધુ હોવાં ન જોઇએ."

સગાઇ, લગ્ન, વિગેરે ક્રિયાઓ પણ સામાજિક છે અને તેમાં ધર્મને વચમાં ઉભો કરવાની કશી જરૂર નથી.

સગપણ, સમુરતાં, લગ્ન, વિગેરે પ્રસંગોએ ખુબ ધમાલ કરી ગજાની ઉપરવટ થઇને કે પછી ઓછામાં ઓછું એ ગજાની મર્યાદા સુધી પહોંચી જઇને પુષ્કળ પૈસા વેડફી નાખવાનો ચાલ બીજી કોમોની માફક આપણી કોમમાં પણ છે, અને હવે દરરોજ પલટાતી દુનિયામાં જીવવાની તક મળ્યા પછી એ બધી ધમાલ બંધ કરી દેવા જેટલી સમજશકિત આપણે કેળવવી જોઇએ.

નાણાંવાળા અને નાણાં વગરના—આ બે વર્ગો વચ્ચે સદાકાળ વિગ્રહ ચાલ્યા કરે છે નાણાંવાળો પોતાની પાસે નાણાં છે એમ બતાવવા મોટી રકમે પૈસા વેડફે છે, અને નાણાંવાળો છે એટલે એ સારો અને હુશીયાર છે એમ માની લેવાની ભૂલ નાણા વગરના આદમીઓ કરી પોતે પણ દેખાદેખીમાં અથવા પોતાનું હલકું ન દેખાય તે ખાતર નાણાંવાળાની માફક જ ખોટા ખર્ચ કરે છે. પરિણામે સમાજમાં અમુક રિવાજ બંધાઇ જાય છે અને અમુક રૂપીયાના લુગડાં ઘરેણાં ન કરનારના દીકરા વરતા નથી. ઉપર મુજબની મૂર્ખાઇને અનુસરવાથી ઉભી થતી પરિસ્થિતિને વિષમ બનતી અટકાવવા આવા થઇ ચુકેલા રિવાજોને જ્યાંસુધી સદંતર નાબુદ ન કરી શકાય ત્યાં સુધી તેને માથે મર્યાદા મુકવી જોઇએ. એ દ્રષ્ટિએ આ કલમ આવકારપાત્ર છે.

(એ) સગાઉ વખતે રૂ. ૨૫) થી વધુ નહિ તેટલી કિંમતના કપડાં આપવાનું ધોરણ ઘટાડીને રૂ. ૫) કે વધુમાં વધુ રૂ. ૧૦) સુધીનું કરવું જોઇએ. બાકી બરાબર છે.

(બી) લગ્ન પહેલાં આપવાનાં કપડાં ઘરેણાંનું ધોરણ પણ આજના વખતને બંધ બેસતું નથી. કપડાંની વધુમાં વધુ કિંમત રૂ. ૧૫૦) ઠરાવવામાં આવી છે તે રૂ. ૨૫) સુધી અને ઘરેણાંની રૂ. ૧૦૦) થી ૧૨૫) સુધી ઘટાડવી જોઇએ. સને ૧૯૨૮ માં આ કાયદા પ્રગટ કરવામાં આવ્યા છે એ વખતે પણ એ બંધબેસતા ન હતા, તો આજે તો ત્યાર પછી વખત ઘણોજ ખરાબ થતો જાય છે, એટલે આ આંકડાએ ઘટાડયા શિવાય છુટકોજ નથી.

(સી) (એ)માં સમુરતું ન લઇ જવું તેમ ઠરાવવામાં આવ્યું છે, જ્યારે ફરીથી આંહી તે આમ કરવું ને તેમ કરવું તેમ કહેવામાં આવે છે. આ રિવાજ બંધ કરવો જરૂરનો છે, પણ તેમ ન થાય ત્યાં સુધી એક કે બે માણસે સમુરતું લઇને જવાનું ધોરણ બરાબર છે. લગ્ન વખતે કરવાની પહેરામણીની કિંમત પણ રૂ. ૨૫)થી રૂ. ૧૦) સુધી ઘટાડી શકાય.

(ડી) ૩૦ માણસોની સંખ્યા ૧૦ થી ૧૫ સુધી ઘટાડવાની જરૂર છે.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શુભ શરૂઆત. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમા રૂ. ૨ દેશાવર રૂ. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૩૭: નવેમ્બર ૧૪: ૧૯૩૩ સંવત ૧૯૯૦ ના કારતક વદ ૧૨ મંગળવાર

મુદ્રક. અને પ્રકાશક : ઇસ્માઇલ કાનજી હીરાણી.

## કબ્રસ્તાનના કારીગરો !

[ અંગ્રેજી સાહિત્યમાં કવિ શેલીનું સ્થાન બહુ ઉંચું છું. તેના એક કાવ્ય, To the Man of England–ઇંગ્લેન્ડના માણસોને–નો આ અનુવાદ છે. મધ્યયુગના એ હૃદયનો મુડીવાદ સામેનો બળવો આજે પણ આકર્ષક લાગે છે. મુડીવાદના સદાના સાથીદારો ધર્મ અને ધર્માચાર્યો માટે પણ એ એટલોજ બંધબેસતો થઇ પડે છે. ]

ઇંગ્લેન્ડના માનવીઓ ! જે ઉમરાવો તમને નીચ પાયરીમાં મૂકે છે તેમના માટે તમે શા માટે ખેતી કરો છો ? શા માટે આટલી ઝહેમત અને કાળજીથી એ કિંમતી જામાઓ વણો છો કે જેના પહેરનાર તમારા જુલ્મગારો છે ?

જે લોકો તમારા બદનનો પરસેવો ઉતરાવે છે, બલ્કે જેઓ તમારૂં લોહી પીએ છે, એ કૃતઘ્ની હરામીઓને જન્મથી તે મૃત્યુ સુધી ખોરાક અને પોશાક આપી તમે કાં જીવાડો છો ?

ઇંગ્લેન્ડની મધુમક્ષિકાઓ ! આ મધવિહોણા મધૂપો તમારી કાળી મજુરીના બળે એકઠા થયેલા સંચયને ઉડાવી મૂકે એ સારૂ આટલા આટલા અસ્ત્રશસ્ત્રો, સાંકળો અને ચાબુકો શા માટે ઉભા કરો છો ?

સુખ, સગવડ કે શાંતિ, રહેઠાણ, ખોરાક કે સ્નેહની મીઠી સુરભી તમે પામો છો ? તો કહો તો ખરા કે આટલાં આટલાં દુઃખ અને ભય સહીને તમે એવી તે કઇ અણમોલ વસ્તુ પ્રાપ્ત કરો છો ?

તમે વાવેલાં બીયાંનો ફાલ બીજા લણી જાય છે; તમે શોધેલી લક્ષ્મિ બીજાઓ ઉપાડી જાય છે; જે જભ્ભા તમે વણો છો તે બીજાઓ પહેરે છે; અને જે હથીયારો તમે ઘડો છો તે બીજા ધારણ કરે છે !

બી વાવો, પણ કોઇ જુલ્મગારને તેનો પાક લણવા ન ઘો; દૌલત મેળવો, પણ તેનો સંઘરો કોઇ ધૂતારાને કરવા ન ઘો; જભ્ભાઓ વણો, પણ કોઇ એદીને તે પહેરવા ન ઘો; હથીયારો ઘડો, પણ આત્મરક્ષા અર્થે તમારા પોતાનાજ શરીર પર ધારણ કરવા.

કોઇ કાતરીયાં, કોઇ ખાડા કે કોઇ અંધાર કોટડીમાં તમે ઠીંગરાઇ જાઓ છો, અને તમે શણગારેલા દિવાનખાનાઓમાં બીજાઓ વસે છે. જે જંજીરો તમે ઘડી છે તેને તમારાજ અંગ પર કાં ખણખણાવો ? જુઓ, તમે પાણી પાયેલું પોલાદ તમારી સામે કતરાઇ રહ્યું છે !

રૂપાળું ઇંગ્લેન્ડ તમારૂં કબ્રસ્તાન બને ત્યાં સુધી આ કોદાળી, આ પાવડો, આ હળ અને આ શાળ વડે તમે તમારી ઘોરની પાછળ પાછળ પગ ભીડાવતા જાઓ છો, તમારા હાથેજ તમારી કબર બાંધો છો અને તમારૂં કફન પણ તમારા હાથેજ વણો છો !

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૪-૧૧-૩૩.


## શુભ શરૂઆત.

કોઇ લાયકાતના બળે નહિ, પણ અમુક ખાનદાનમાં જન્મવાના અકસ્માતના જોરે જેમણે આપણી કોમનું ધાર્મિક વડપણ હાથ કર્યું છે, અને હકીકતે જે આપણા આર્થિક અને સામાજિક તંત્રના સરમુખત્યાર બની બેઠા છે એ નામદાર આગાખાન ચાર અઠવાડીયાં પછી મુંબઇના કિનારે પગ મુકશે તેમ ચોકકસ લાગે છે. કોમને આબાદી અને ઉન્નતિના રાહ તરફ દોરવામાં સંપૂર્ણ નિષ્ફળ નિવડેલા એ પરદેશી આગેવાનના આગમન સામે અમારો ઉગ્ર વિરોધ અમે આ પહેલાં પ્રગટ કરી ચુકયા છીએ.

ખોજા કોમની હાલત આજે કફોડી છે, તેના બાળકો આજે ધંધા વગરના બેકાર રખડે છે. ના. આગાખાનના મુરબ્બીપણા નીચે ચાલતી કાઉન્સીલની નિત્યની ચૂસણ ક્રિયાને પરિણામે ભૂખમરો અને દારિદ્રય સર્વત્ર પ્રસરી રહ્યાં છે. બીજી બાજુ કોમ આર્થિક મંદીના પાશમાં દરરોજ વધુંને વધુ જકડાતી જાય છે; તો ત્રીજી તરફ મુંબઇની જાણીતી ખોજા પેઢીઓ ફડચામાં જવાથી મુંબઇમાં વસતી આપણી કોમની ઘણી મોટી સંખ્યાના ભાઇઓ બેકારી, બેહાલી અને દુઃખમાં સપડાઇ ગયા છે. સર કરીમભાઇના તુટવા સાથે મુંબઇની આખી ખોજા કોમ તુટી ગઇ છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. સેંકડો હજારો જુવાનો તેમનામાં રોજી મેળવતા તે આજે કામ ધંધા વગરના બેકાર બની ગયા છે અને તેમના માટે ફરી રોજી ઉઘડવાનું કોઇ સાધન અત્યારે દેખાતું નથી. તેમજ સર કરીમભાઇ જેવી સધ્ધરમાં સધ્ધર ગણાતી પેઢીમાં પોતાની થાપણ મુકનારા કેટલા ભાઇઓ આજે રાતે પાણીએ રોતા હશે એ કોને ખબર છે ?

કોમની આવી દુઃખદાયક હાલતમાં ના. આગાખાન હિન્દ પધારે છે એ વધુ કમનશીબી ભરેલું છે. ના. આગાખાનનું અત્યાર સુધીનું જીવન અને વર્તન જાણનાર કોઇથી આજે એવી આશા રાખી શકાય તેમ નથી કે એ નામદાર કોમને આ દુઃખના દરિયામાંથી ઉગારી લેવા કાંઇ પ્રયત્ન કરશે. ઉલટું વર્ષોનો આપણો અનુભવ આપણને કહે છે કે ના. આગાખાનની પધરામણી એ આપણી કંગાલીઅતમાં વધારો થવાનું એક મજબુત કારણ છે. પાર્થીવ ઝેર ઉતારવાના રસ્તા કદાચ વિજ્ઞાન-શાસ્ત્રીઓ ગોતી શકયા હશે, પણ ધર્મનાં ઝેર એ પીનારનો ભોગ લીધા શિવાય કદિ પણ ઉતર્યાં સાંભળ્યા નથી. ના. આગાખાનની પાછળ ઘેલા બનવાના, તેમને ચરણે વધુમાં વધુ પૈસા ધરવાના અને એ ક્રિયાથી સ્વર્ગની મહેલાતો મેળવવાના જે અનિષ્ટ સંસ્કારો પધ્ધતિસર આપણી કોમની રગે રગે ઉતારવામાં આવ્યા છે તેના સીધા પરિણામ રૂપે ગમે તેટલી કંગાલીઅત છતાં એ નામદારની સમક્ષ ખીસાં ખાલી કર્યાં શિવાય કોમનો ધર્માંધ વર્ગ રહી શકતો નથી. અને એથીજ નામદારની પધરામણીને અમે એક અતિ કમનશીબ આફત લેખીએ છીએ.

ના. આગાખાનની આ પધરામણીના પરિણામે જે ધનનો મોટો ઢગલો કોમમાંથી ઢસડાઇ જવાનો છે તે સામે મજબુતમાં મજબુત વિરોધ બતાવવાનું અમે આ અગાઉ સૂચવ્યું હતું. એ મુજબ આ અંકમાં અન્યત્ર પ્રગટ થયેલા સમાચાર પ્રમાણે શુભ શરૂઆત થઇ ચુકી છે. ખોજા સુધારક સંઘ તરફથી ના આગાખાનને તાર કરવાનું પગલું અમે સહર્ષ વધાવી લઇએ છીએ. ખોજા સુધારક સંઘ એ એકજ એકલી એવી કાયદેસર સંસ્થા છે કે જે કોમના પ્રતિનિધિ તરીકે બોલી શકે અને તેટલાજ પ્રમાણમાં તેને માથે કોમનું હીત લક્ષમાં રાખવાની જવાબદારી પણ ઉભી છે. કોમના આવા અણીના સમયે તેનાથી કદિ પણ ચુપકીદી સેવી શકાય નહિ, અને તેથી તેણે ઉઠાવેલો વિરોધ સંપૂર્ણતઃ વ્યાજબી છે. એ તાર જેટલો દર્દભર્યો છે તેટલોજ વિનય ભરપૂર છે. તેમાં કરવામાં આવેલી માગણી પણ ન્યાયપુરઃસર અને ઓછામાં ઓછી છે.

પણ ખોજા સુધારક સંઘે તાર કરી પોતાનો વિરોધ બતાવ્યો તેટલાથી કાંઇ વાત પતી જતી નથી. કોમની જે જે સંસ્થાઓ પોતાને કોમના સેવક તરીકે ઓળખાવતી હોય તે સૌની એ ખુલ્લી ફરજ છે કે તેમણે આ પ્રમાણે ના. આગાખાનને તાર કરી કોમની કફોડી હાલતને વધુ કફોડી થતી અટકાવવા વિનંતિ કરવી જોઇએ. એ ઉપરાંત કોમના તમામ સમજુ બીરાદરોએ પણ આ માર્ગ અખત્યાર કરવો જોઇએ અને

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૯૫. )

# બીનજવાબદાર નેત્તાગીરી.

"અમે આપ નામદારને પુછીશું કે આપે કોમમાંથી કરેલા ધનનીચોડના બદલામાં એ કોમનું કલ્યાણ કરવાને માટે શા પગલાં ભર્યાં છે! અમે આપને પુછીએ છીએ કે જે કોમના ખીસામાંથી આ પૈસા આવે છે એ કોમના માટે શિક્ષણ, વૈદ્યકીય મદદ અને દારિદ્રય-નિવારણ માટે કેટલી રકમો ખરચવામાં આવી છે? ખોજા કોમે વસાવેલી એવી કોઇ પણ જગ્યા છે જ્યાં જતાં આપના અનુયાયીઓની શારિરીક, માનસિક અને આધ્યાત્મિક સગવડ વધારવા માટે આપે એકાદ કોલેજ, હાઇસ્કુલ, હોસ્પીટલ, અનાથાશ્રમ, મુસાફરખાનું કે એવી કોઇ સંસ્થા ઉઘાડેલી અમે જોઇ શકીએ છીએ? દુનિયામાં એવી કોઇપણ કેળવણીની સંસ્થા છે કે જ્યાં ઉચ્ચ કે વિશિષ્ટ શિક્ષણ પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર આપના અનુયાયીઓના બાળકોને આપે સ્થાપિત કરેલી સ્કોલરશીપો મારફતે મદદ કરવામાં આવતી હોય? આંહી કરાંચીમાં જે કોમી નિશાળો છે તે માત્ર પ્રાથમિક છે અને તે પણ કોમ પોતેજ ચલાવે છે. પરંતુ આ નિશાળોમાંયે ગરીબ દુર્ભાગી બાળકોના કોમળ મગજ પર આપ નામદારજ સર્વ શકિતમાન અલ્લાહ છો અને પ્રાર્થના તો આપનીજ થઇ શકે અને ભેટ સોગાદ પણ આપનેજ અપાય એવા અધાર્મિક અને ભયંકર શિક્ષણની છાપ પાડવામાં આવે છે.

"ખોજા કોમના રૂહાની સરદારની આપની પદવીથી (એ રૂહાની સરદારીની પદવીને આપના બધા ઇશ્વરી માનના દાવાઓ રદ કરીને સાધારણ મનુષ્ય નેતૃત્વના અર્થમાં લઇએ તો પણ) આપ પર એ પદવીના પ્રમાણની કોમ પ્રત્યેની જોખમદારી આવી પડે છે. આપ તેઓને પોતાના બાળકો તરીકે સંબોધીને તેઓ પ્રત્યેની કાળજી પ્રદર્શીત કરો છો; પરંતુ તેઓની જીંદગીની હાજતો અને જરૂરતો પ્રત્યે લક્ષ આપવાની આપની પિતા તરીકેની ફરજનો આપને કદી વિચાર થયો છે? જ્યારે આપ યુરોપમાં મોજ મજાહ માણતા હો ત્યારે આપે સ્વદેશમાં મૂકેલા આપના બાળકો પાસે જીવનના પુરતા સાધનો છે કે નહિ એ વિષે આપનો અંતરાત્મા આપને ડંખે છે? જ્યારે આપ વર્ષપ્રતિવર્ષ તેઓના ખર્ચે પરદેશી મહેલોમાં નિવાસ કરતા હો ત્યારે સ્વદેશમાંના આપના બાળકો માટે યોગ્ય આશ્રયસ્થાન બાંધવાનો વિચાર આપને કદિ થયો છે? જ્યારે આપ પરદેશી ભૂમિના શરતના મેદાનો પાછળ અને ઘોડાઓના તબેલા અને તેને સાચવનારા માણસો પાછળ લાખો પાઉન્ડ ઉડાવી રહ્યા હો ત્યારે શું આપના બાળકો માટે એ બધું તેઓનાજ ખર્ચે થઇ રહ્યું છે એ જાણીને ફજેત થવાનુંજ રહ્યું? આપે શિક્ષણ અને સંસ્કૃતિના લાભ પ્રાપ્ત કર્યા છે, અને એને પરિણામે આપ સુશિક્ષિત અને બુદ્ધિશાળી સમાજના ઉચ્ચના ઉચ્ચ વર્ગમાં ઝળકી શકો છો એ આપનું સદભાગ્ય છે; પરંતુ એજ લાભો મહાન યુકિતપૂર્વક આપના પોતાનાજ બાળકોને નિરાધાર ગુલામી અજ્ઞાનતામાં રાખવાને ખાતર તેઓને જ્ઞાનથી વંચિત રાખવામાં વપરાય છે એ શું મહા દુર્ભાગ્ય નથી? નામદાર, અમને કહેતાં શરમ આવે છે કે અન્ય હિન્દી કોમોમાં કોલેજમાં જેટલી અંડર ગ્રેજ્યુએટ કન્યાઓ છે એટલા અંગ્રેજી છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ પોતામાં હોવાનું અભિમાન આંહીની અમારી કોમ કરી શકતી નથી! એટલે બીજી કોમોમાં કન્યાઓના અંગ્રેજી કેળવણીના પ્રમાણ કરતાં પણ અમારી કોમના છોકરાઓના અંગ્રેજી શિક્ષણનું પ્રમાણ ઘણુંજ નીચું છે, જો કે આખા હિન્દુસ્થાનમાં સ્ત્રી-શિક્ષણ ઘણીજ પછાત દશામાં છે એ તો જાહેરજ છે. અમને લાગે છે કે આ વાત, શિક્ષણના પ્રચારથી આપના લાભોમાં અડચણ કરશે અને આપની આવક ઘટાડી દેશે એવા ભયથી, કોમની કેળવણી સંબંધીની પ્રગતિ કેવી રીતે અટકાવી દેવામાં આવી છે એનો મજબુત પુરાવો છે. ખરૂં જોતાં, જેઓ કોમના સંજોગો અને આપના એ સાથેના સંબંધથી સારી રીતે માહિતગાર છે તેઓ કોમી ગુલામીની આવી પરિસ્થિતિ ચાલુ રહેલી જોઇને આશ્ચર્યમુગ્ધ થઇ જાય છે. અમે આપ નામદારને વિનંતિ કરીએ છીએ કે આપના અનુયાયીઓની ઉન્નતિ અને ચડતી માટે કંઇક કરીને આપ હજારો ખોજાઓના રૂહાની સરદાર છો એ દાવાનો પુરાવો આપો. એથી વિરૂધ આપ નામદાર આટલા સુશિક્ષિત હોવા છતાં પીરપુજા આશિપનજાત અને બક્ષિસોના એકહથ્થુ લીલાઉં પ્રત્યે આંખ મીચામણાં કરી રહ્યા છો અને એને ઉત્તેજી રહ્યા છો એ વાત ખરેખર દયાજનક છે.

× × × × ×

"...અમારા ગરીબ બંધુઓને પોતાની આવકના ૫૦ ટકા આપની વ્યકિતને અલ્લાહ રૂપે ગણીને આપવાની ફરજ પાડવામાં આવે છે. આ રકમો નાણાં અને માલથી અપાય છે માત્ર કરાંચીમાંથીજ દર માહિને નિયમિત રૂા. ૨૦,૦૦૦) અપાય છે. બીજી જગ્યાએ જ્યાંના આવા કર ઉઘરાવાય છે એની તો વાત જુદી. આનો અર્થ એ થાય છે કે આપના અનુયાયીઓના પરસેવાના પૈસાનો મોટો ભાગ આપના અંગત ખર્ચ માટે નિયમિત અપાય છે, જે પરથી જાણી જોઇને કેવા અંધકારમાં તેમને રાખવામાં આવ્યા છે એ વાતનું ભાન થાય છે. આ નિયમિત રકમો ઉપરાંત આપની દરેક પધરામણી વખતે નાણાં, ઝવેરાત, આભૂષણ અને બીજી કિંમતી વસ્તુઓનો પ્રવાહ ચાલુજ છે. ૧૯૨૦ની સાલમાં આપ નામદારે કરાંચીમાં આપના મુરીદોને દર્શનલાભ આપવાની કૃપા કરી હતી અને આપ ૨૬ દિવસના આપના નિવાસ દરમ્યાન પંદર લાખ રૂપીયા ઉપાડી ગયા હતા. બે વર્ષ પછી આપ નામદાર જ્યારે ૧૯૨૨ના માર્ચમાં નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની મુલાકાત માટે કરાંચી પધાર્યા ત્યારે અમે જાણીએ છીએ ત્યાં સુધી અમારા ધર્મબંધુઓએ આપને ઓછામાં ઓછા એક લાખ અને ચોપન હજાર રૂપીયા આપ્યા હતા, જો કે આપ નામદાર તેઓ સાથે બે કલાક કરતાં વધારે નહોતા રહ્યા."

["ના. આગાખાનને ખુલ્લો પત્ર" (પ્રકાશક શ્રી. કરીમ ગુલામઅલી, કરાંચી)-એમાંથી કેટલાક ફકરાઓ].

# "માબાપ ત્યાંજ સારા છે."

લેખક : **શ્રી હાશમ વાલજી સવાણી.**

"એ અલીભાઇ! ખાને આવજો. માબાપનો દેશમાં પધારવાનો તાર વંચાશે ને સાકર વ્હેંચાશે."

ખાનાનો પગી આવીને અલીભાઇની દુકાને ચોકસી દેતો ગયો. અલીભાઇનો ઘરડીયો થંભી ગયો; સુકાઇ જતા બકાલાં પર નજર ગઇ અને ઘરમાં સ્ત્રી સામી ઉભી ડારા દેતી દેખાઇ.

"અરેરે, માબાપ આવ્યા અને અમારા જેવા ગરીબના ઘરમાંથી ખીચડી ઉપડી" અલીભાઇએ નિસાસો નાખ્યો. "શું દુનિયામાં ગપ ચાલે છે! વાહ માબાપ!!"

× × × ×

ના. આગાખાનની સંસ્થા ખાનું. કોઇ પણ સંસ્થામાં કામ કરનારા પોતાનું કામ વધુ દીપે એમ ઇચ્છનારા હોય. તેમ ખાનાના આગલી પાટ પર બેસનાર કે બેસવાના ઉમેદવાર કોઇને શરમાવી સાકર વહેંચાવી સતાડો નખાયો. મીજલસ જેવું થયું. બૈરાંઓએ ગીત ગાયાં. ધર્મ તો બૈરાંનો. છોકરાં એક બાજુ રોઇને ડુંદવાઇને ઉંઘી જઇ કોઇના પગ નીચે ભલે આવે, પણ આ પ્રસંગ? રોજે રોજે આનંદની વીજળી; શું ખુશાલી! માબાપ દેશમાં પધારે છે.

× × × ×

અલીભાઇ સમજી ગયો કે આગાખાન આવે છે એટલે બૈરી મોટા કામ માટે મોટી ધમાલ કરવાની; વળી પોતે મુખીની છોકરી પરણેલો. પણ ઘરમાં જરા જેટલી રતિ નહિ. દુકાન બંધ કરી રાતે સાડા નવ વાગ્યે ઘરે ગયો ત્યારેજ તેને યાદ આવ્યું કે આજ તો માબાપ પધારવાનો તાર વંચાશે એટલે અગીઆર તો જરૂર વાગવાના. નિસાસો નાખી પત્ની માટે ઉંડા ખેદ સહીત વિચાર કરતો અલીભાઇ ખડકી પાસે બેઠો, ને થાકયો પાકયો ત્યાંજ ઉંઘી ગયો. ખાનું ઘણું દૂર ન હતું, પણ હિંમત થઇ નહિ; કાંઇક શરમ લાગી.

× × × ×

કાંખમાં છોકરો ને ફાતમા ખાસા અગીઆર વાગ્યે ખડકી પાસે કાંઇક પડેલું જોઇ ભડકી. છોકરૂં રોતુંજ હતું. અલીભાઇ જાગ્યો.

"આજે પણ ખાને ન આવ્યાને? તમારો છુટકો કે દિ' થશે! સુલતાન બાપા દેશમાં પધારે છે; ખબર શેની હોય?"

"મફત શા માટે ગાંડાની માફક બકવાદ કરે છે! તારા સુલતાન બાપા પાછળ કંઇકના ઘર ખેદાન મેદાન થઇ જશે. મારો છુટકો તો તુંજ આમજ કરી નાખીશ."

ફાતમા ઘણીજ અર્જુડ. એકજ જ્ઞાન કે ના. આગાખાન ખુદા, તેને દેવાય તેટલું દઇ દેવું ને તેને બની શકે તેટલું પ્રેમથી વફાદાર રહેવું. કોણ જાણે શાથી આવા સંસ્કાર પડી ગયેલા તે કોઇ રીતે અલીભાઇની વાતે ફર્યાં નહિ.

"મારે મોટું કામ કરાવવું છે હો! એ ભુલી જતા નહિ. કેટલા કેટલા માણસો મોટાં કામ પાંચ પાંચ હજારના કરાવે છે; ત્યારે મારે તો પોણોસોનુંજ કરાવવું છે. તમારા જીવનું તમે જાણો. મારે લખચોરાશી ફેરા ફરવા નથી."

બીક સામી મળી ગઇ. અલીભાઇને ધ્રાસકો હતો તેજ ખડો થયો. ફરીથી સુકાઇ જતા દુકાનમાં મુકી આવેલ બકાલાં તરફ તથા ડાળીયા શેકવાના ઘરડીયા તરફ નજર ગઇ ઘરમાં બે ચાર માટીના વાસણ તરફ નજર કરી લીધી, ને નિસાસો નાખી લીધો.

"આપણી પાસે ધન નથી. કયાંથી મોટું કામ કરાવીશ? વાળુ તો કાઢ."

"તે ગમે તેમ કરો. નાનામાં નાનું મોટું કામ પણ ન કરાવું? કર્યેજ છુટકો છે. હજી ઘણો વખત બાકી છે. હા કહો તો રાંધીશ, નહિતર મારે ખાવું હરામ છે."

× × × ×

ભૂખ્યો સુતેલો વ્હેલો ઉઠી અલીભાઇ પોતાને કામે ગયો. બપોર થયા. ઘણી ભૂખ લાગી ત્યારે ઝટ જઇને ખાઇને પાછો ચાલ્યો આવીશ એમ માની ઘરે ગયો.

ઢીંચણીયું લઇ ટપ ખાવા બેસી ગયો; કાંઇ બોલ્યો નહિ. પણ એજ હાલ. ફાતમા પણ બોલે નહિ અને રડે. રાંધેલું કાંઇ નહિ. અલીભાઇ પાસે પૈસા હોત તો ખાસ હરકત હતી નહિ. પણ મૂર્ખ સ્ત્રી જાણતી છતાં આંધળી શ્રદ્ધાને લઇ પતિનું લોહી પીતી. અલીભાઇ ઘર છોડી ચાલ્યો ગયો. ભજીયાં ખાઇ લીધાં. "યા ખુદા! અજ્જડ છોકરી પરણી મારા જેવા કંઇક બેહાલ થતા હશે. આ માબાપ(!)ની દીકરી આગાખાન વાંસે ગાંડી થઇ છે. ધર્મ અને ધર્મગુરૂઓ! તમે હવે હદ કરો માં."

× × × ×

"કેમ ફાતમાબાઇ! કેમ આજે કાંઇક નારાજ લાગો છો? ધણી સલામત દાતાર પધારે છે. તમે કેટલાનું કામ કરાવવાનું ધાર્યું? કયાં સા'બ ધણી રોજ રોજ આવે છે! એક કામ કરાવી લઇએ. પછી બીજું ન બને તો કાંઇ નહિ" હીરબાઇ બેસવા આવી ને નીચે બેસતાં બેસતાં કહ્યું.

વાત કાંઇક પામી ગયેલી. ઝેર આબાદ લાગુ પડી ગયું. હીરબાઇને મન વાત ખાનર વાત હતી; ફાતમાને તો ઉંડો શેરડો ઉતરી ગયો.

"પોણોસોનું તો કરાવવું પડશેને!" ફાતમા બોલી. તેને હીંમત હતી.

નમાલી બીજી બે વાતો કરી હીરબાઇ ચાલી ગઇ. જતાં પહેલાં કેતી ગઇ કે "તમને કાંઇ જરૂર પડે તો દસ પંદર રૂપીયા આપીશ. તમારૂં પેલું ઓઢણું મને દેજો."

અને ફાતમા ઓઢણું તુરત હીરબાઇને ત્યાં મૂકી આવી.

× × × ×

ગામમાં માવતર. ફાતમા માને ઘરે ગઇ. ભીખ માગી. મુશ્કેલીથે પંદર રૂપીયાની હા પડી.

× × × ×

રાત પડી. ઘણું મોડું થયા પછી અલીભાઇ ભૂખ્યો ને કંટાળેલો ઘરે આવ્યો. એકજ વાત : "મારે માટે તમે શું નક્કી કર્યું ?" દુ:ખી દીલને આઘાત પર આઘાત પડતા હતા. કંઇ રસ્તો સુઝતો ન હતો.

"તું કહે તેમ કરૂં. મારી પાસેથી કઇ રીતે પોણોસો રૂપીયા નીકળી શકે ? વળી રાજકોટ જતાં સુધીનું વાટ ખર્ચ પાંચ દસ રૂપીયા જોઇએને !"

"એ તો ચાલીને જશું." ફાતમા તાડુકીને ખીજમાં બોલી. "બીજું ખર્ચ કંઇ કરશું નહિ. આ ઘોડો છે તે વેચી નાખો."

"તેના તો પંદર રૂપીયા આવે."

"દુકાને ઉધાર માલ લાવી રોકડેથી વેચી નાખો."

"તેના પણ પંદર રૂપીયા થાય."

"તો પણ ત્રીશ થાય ને ? ત્રીશ મેં તૈયાર કર્યા છે; પંદર મારા બાપા આપે છે ને પંદર મારી સહીઅર આપે છે. સાઠ થયા. બાકી રહ્યા પંદર, તે કોઇક પાસેથી ઉછીના લઇ લેવાય. એ ત્રણ જણ પાસેથી તમને પાંચ પાંચ રૂપીયા ન મળી શકે ?"

એકવાર તો ગોઠણ નીચેના ઢીંચણીયાનો ઘા કરવાનું મન થયું, પણ શાંત થયો; ને થયું કે આમ તો વધશે; મરશે તો પણ મોટું કામ કરાવશે. વધારે તાવવામાં સાર ન લાગ્યો અને ફાતમાને તાબે થઇ જે થવું હોય તે થાય પણ આ વેતરણ કરવા તૈયાર થયો.

× × ×

એકલાં તો નજ જવાય. સાથે અલીભાઇને પણ લીધો. માથા ઉપર પોટકું, એક છોકરૂં પેટમાં, એક કાંખમાં ને એક છોકરૂં અલીભાઇએ તેડયું. ભૂખ લાગે ત્યાં લોટ ઘડી રોટલો કરી લ્યે. આમ તડકા અને ટાઢમાં મઝલ દડ મઝલ કરતા ચોથે દિવસે રાજકોટની ભાગોળમાં આવ્યા. છેટેથી મોટા મોટા તંબુઓ અને વીજળીની રોશની, માણસોની મેદની અને મહાન ઠાઠ માઠ જોઈ ફાતમાને તો થાક પણ કળાણો નહિ. 'વાહ, મારા વાલાની કળા કેવી છે !'

પણ વાલો હજી રાજકોટ ઉતર્યો ન હતો. આજે સ્પેશીઅલ ટ્રેઈનમાં ઉતરવાના હતા. પંદર દિવસ અગાઉથી ઘરે ઘરે ઉત્સવની હોળીઓ અને માંડવા, તંબુઓ, વિગેરેનો ઠાઠમાઠ, સ્વયંસેવકોની ટુકડીઓ, બેન્ડો, વિગેરે માટે ધામધૂમ થઈ ગઈ હતી.

× × ×

દીદાર કરવા માટે આતુર એવા અનેક સ્ત્રી પુરૂષોનો અદ્દભૂત ઠાઠ જામી ગયો હતો. બેસુમાર મનુષ્યો નજરે પડતાં હતાં. જેવા તેવા તંબુમાં માંડ કરી જગા મેળવી ત્યાં પોતાનો સામાન રાખી બધાં સ્ત્રી પુરૂષો માબાપ પધારવાની જગ્યાએ એકચીત થઈ ગયાં છે. એક ઉંચું રૂપાનું સિંહાસન અને તેની આસપાસ નજર પહોંચે ત્યાં સુધી માનવ મેદની. બધાં આવી ગયાં પછી અરધી કલાકે નામદાર સરકાર સાહેબ મૌલાના હાજર ઈમામ દશમા નકલંકી અવતાર પોતાની મોટર લગભગ સિંહાસન સુધી લાવી સિંહાસન પર ચડી બેઠા. જાડું એવું શરીર અને જાડાં કપડાં. હાથે પણ મોજાં. કયાંય ચામડી કળાય નહિં. આંખે મોટાંમોટા કાચવાળા ચશ્મા. ઘેલા બનેલાં ઘેટાંઓને ઘડી આ દિશાએ ને ઘડીક આ દિશાએ નજર કરી જોઈ લીધાં. ત્યાં તો "આહાહા ! વાહ મારા વાલાજી ! વાહ મારા ખુદા !" વિગેરેનો હાસ્ય સાથે અવાજ થવા લાગ્યો. જરાક શાંતિ થઈ તેવે સિંહાસન ઉપર કોઈ બીજો મોટો માણસ માબાપની વતી બોલ્યોઃ

"હઝરત મૌલાના ધણી સલામત દાતારને પોતાના પ્યારાં બચ્ચાં માટે બહુજ લાગણી છે અને દુવા આશીશ ફરમાવે છે. ફરમાયંતા, ફરમાયંતા ખાનાવાદાન."

ધર્મગુરૂનું કામ ત્યાં પુરૂં થયું. ધીમેથી અવાજ આવ્યો: "જેને હાથ મુકાવવો હોય, મ્હેમાની કરવી હોય, ભેટ આપવી હોય તે આવો."

વોલંટીયરોના ટોળાંના પહેરા નીચે પૈસાવાળા આવી આવી જે મંડયાને ખીસાં ખાલી કરવા કે દસેક મીનીટમાં અરધા લાખ જેટલી રકમ પગમાં ખણણ કરીને હાજર થઇ. પંદર મીનીટમાં તો ખુદા મોટરમાં બેસી અલોપ થઇ ગયા.

"બે વાગ્યે મોટાં કામવાળાએ આવવું." ફાતમાના આતુર કાનમાં જોઇતા શબ્દો પડયા. એક વાગ્યો ત્યાં તો એક બે પેસેન્જર-આગબોટ ખાલી થઇ હોય તેમ પૈસા ભરી ભરી પાસ મેળવી લઇ ગીડદી વચ્ચે સૌ ગોઠવાઇ ગયાં. પોણોસોવાળાને જુદા રૂમમાં, પાંચસોવાળાને જુદા, બારસોવાળાને જુદા ને પાંચ હજાર વાળાને જુદા જુદા રૂમમાં બેસારી દીધા. પોણોસોમાંથી પાછી અનેક ટુકડીઓ થઇ. એક ટુકડી બીજીને જોઇ શકે નહિ તેવી રીતે ગોઠવાઇ. બે વાગ્યા, ને જેણે પાસ મેળવ્યા છે ને પૈસા ભર્યા છે એવા ગાડરોમાં સાહેબ દાખલ થયા. બબ્બે મીનીટ બધા વૉર્ડમાં રોકાઈ કોઇ ટોળાંને 'યા હુ', કોઈને 'યા મુફ્તે', કોઈકને 'યા ઉલ્લાહ' કહી એ શબ્દ બબ્બે કલાક કે એક એક કલાક સવારે ગોખવાનું કહી કલાક દોઢ કલાકમાં બે અઢી લાખનો ઢગલો ઘર ભેળો કરી મોટર દોડાવી મૂકી. થઈ ગયું. ફાતમાબાઈને હવે જીવ આવ્યો.

આવી તો અનેકાનેક ફાતમાઓ આ રૂઆબ ને ભભકામાં ફસાઈ ગઈ. કેટલાંયે ઘર ઉંધા વળી ગયાં. બીજી અનેક રચનાઓ જેવી કે છોકરાંનું નામ પડાવવું, સ્વર્ગ મેળવવું, મરી ગયેલાંને મોક્ષ અપાવવાં, પાપ માફ કરાવવા-આવા બાનાંથી પાંચેક લાખનો સરવાળો કરી માબાપ વિલાયત ઉપડી ગયા. પાછા એના એ ઘોડા, એનો એજ વૈભવ અને મહીને બે મહીને રૂહાની બચ્ચાંને દુવા આશીશ.

ફાતમા અને અલીભાઇ ચાલતાં થયાં. અલીભાઇના પગ સાવ ભાંગી ગયા હતા. અનેક માણસો ધંધા વગરના થઈ ગયા

× × ×

દુકાન છોડી દેવી પડી. અલીભાઈ બીજાની દુકાને ડાળીયા શેકવા જવા લાગ્યો. તે જીવ્યો ત્યાં સુધી દેણું દઈ શકયો નહિ.

છોકરો મોટો થયો ને પુછ્યું: "બાપા, માબાપ કે દિ' આવશે ? હમણાં તો કોણ જાણે મે'ર કરતા નથી."

અલીભાઈએ નિસાસો નાખ્યોઃ "હાય સંસ્કાર ! આને હજી સાહેબનો મોહ છે. ભાઈ, માબાપ ત્યાંજ સારા છે."

# સમાહનો સાર.

**સ્વ. વિઠલભાઇનો મૃતદેહઃ** સ્વ. વિઠલભાઇના મૃતદેહને ચોપાટી ઉપર અગ્નિદાહ દેવાની પરવાનગી મુંબઇ સરકારે આપી નથી અને તેનું એવું કારણ બતાવ્યું છે કે ચોપાટીને હિંદુઓની સ્મશાનભૂમિ બનાવવાની સરકારની ઇચ્છા નથી. આ ઉપરાંત સ્વર્ગસ્થના શબને જાહેરમાં ખુલ્લું મુકવાની પણ સત્તાવાળાઓ તરફથી મનાઇ કરવામાં આવી છે. જીનીવાથી શ્રી. સુભાષચંદ્ર બોઝ એક પત્રમાં જણાવે છે કે સ્વ. વિઠલભાઇના મૃતદેહને ઉતાવળે અગ્નિદાહ દેવાની જરૂર નથી. તેમનું શબ એવી રીતે પેટીમાં ગોઠવવામાં આવ્યું છે કે વર્ષો સુધી તે સાચવી શકાશે. બીજી સૂચના એવી છે કે સરકારની આ 'ના' ના વિરોધ તરીકે સ્વર્ગસ્થનું શબ પાછું જીનીવા લઇ જવું અને પરદેશ વસતા તમામ હિંદીઓ તથા હિન્દના એ કાર્ય માટે ખાસ યોજાએલા પ્રતિનિધિ મંડળની હાજરીમાં શબને અગ્નિદાહ આપવો અને ત્યાંજ સ્મારક ઉભું કરવું. આમ છતાં શબને મુંબઇના સામાન્ય હિન્દુ-સ્મશાનમાં અગ્નિદાહ દેવામાં આવશે તેમ જણાય છે. શ્રીમતિ સરોજીની નાયડુએ સ્ટીમર "નારકુંડા" હિંદી મહાસાગરમાં દાખલ થઇ ત્યારે સ્વ. વિઠલભાઇના શબને માન અને આવકાર આપનારો સંદેશો સ્ટીમર ઉપર મોકલી આપ્યો છે.

**સ્વ. વિઠલભાઇનું સ્મારકઃ** વડી ધારાસભાના એક સભ્ય શ્રી. ચોધરીએ વડી ધારાસભાની આવતી બેઠકમાં રજુ કરવા માટે એવો ઠરાવ મોકલી આપ્યો છે કે "વડી ધારાસભાના પહેલા હિન્દી પ્રમુખ સ્વ. વિઠલભાઇ પટેલ તરફ માનની લાગણીના ચિન્હ તરીકે વડી ધારાસભાના હૉલમાં અગર બીજે સ્થળે તેમનું આરસનું એક પુતળું ઉભું કરવું."

**લૉર્ડ ઇરવીનનો પત્રઃ** વર્તમાનપત્રોમાં સ્વ. વિઠલભાઇ પટેલ અને હિન્દના માજી વાયસરોય લૉર્ડ ઇરવીન વચ્ચે ચાલેલો પત્ર વ્યવહાર પ્રગટ થયો છે. લૉર્ડ ઇરવીને સ્વ. વિઠલભાઇની માંદગીમાં સાહાનુભૂતિ બતાવી તેમની લાગણી ભરેલા શબ્દોમાં તંદુરસ્તી ઇચ્છી હતી.

**સ્વ. વિઠલભાઇના આખરના વિચારોઃ** જીનીવાથી તાજેતરમાં પાછા ફરેલા મી. લોટવાળા કે જેઓ સ્વ. પટેલનું અવસાન થયા પહેલાં તેમની સાથે આઠ દિવસથી રહેતા હતા તેમણે મુંબઇ આવી એવી જાહેરાત કરી છે કે આયર્લેન્ડમાં જેમ ડીવેલરા રાષ્ટ્રની આઝાદીનું કામ આગળ ધપાવી રહ્યો છે તેમ તેજ રીતે હિન્દુસ્તાને પણ કરવું. આ માટે બધી જવાબદાર જગ્યાઓ રોકી લેવી જોઇએ અને બ્રીટીશ સામ્રાજ્યની બહાર સંપૂર્ણ સ્વતંત્રતાના ધ્યેયને વળગી રહેવું જોઇએ.

**કવિ ટાગોર મુંબઇમાંઃ** કવિવર રવિન્દ્રનાથ ટાગોર પોતાના શાંતિ નિકેતનના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સાથે આવતી તા. ૨૪ ના રોજ મુંબઇ આવશે અને પોતાના કેટલાક નાટકો એ વખતે ભજવી બતાવશે.

**મુંબઇની મીલોમાં હડતાળ પડશે ?** મુંબઇની કટલીક મીલોએ કામદારોના પગારમાં કાપ મુકવાથી તે તે મીલોના કામદારોએ હડતાળ પાડી છે, અને કામદારોની સ્થિતિ કફોડી થતી જાય છે. તેથી કામદાર આગેવાનોએ તા. ૧૩ મીથી મુંબઇની બધી મીલોમાં સામાન્ય સામુદાયીક હડતાલ પાડવાનો નિર્ણય કર્યો છે. જો આ ઠરાવને અમલમાં મુકવામાં આવશે તો ૧૯૨૮માં જે ગંભાર પરિસ્થિતિ ઉભી થઇ હતી તેવી ફરીથી ઉભી થશે.

**ડૉ. અનસારી આવ્યાઃ** હિન્દના જાણીતા મહાસભાવાદી મુસ્લીમ નેત્તા ડૉ. અનસારી ગઇ તા. ૭ ના રોજ યુરોપના પ્રવાસેથી હિન્દ પાછા ફર્યા છે.

**શ્રી. કૃષ્ણમૂર્તિની આગાહીઃ** શ્રી. જે. કૃષ્ણમૂર્તિએ એસોસીએટેડ પ્રેસને મુલાકાત આપતાં એવું જણાવ્યું છે કે દરેક દેશમાં આર્થિક અડચણો ઉભી થઇ છે એ જોતાં દુનિયાનું બીજું મહાયુદ્ધ નજીકના ભવિષ્યમાં થવાનો સંભવ છે.

**સોવીએટ તૈયાર છેઃ** રશીયન ક્રાન્તિની ૧૬મી સંવત્સરી ઉજવતી વખતે સોવીએટ સરકારના એક પ્રધાને જાહેર કર્યું હતું કે 'શાંતિની ચાહના છતાં જો સોવીએટ ઉપર કોઇ દેશ હુમલો કરશે તો વિજય સહીત તેનો પ્રતિકાર કરવા જેટલી શકિત સોવીએટ ધરાવે છે.'' જાપાન અને રશીઆ વચ્ચે હાલમાં કેટલીક કડવાશ ઉભી થઇ છે તેને અંગે જાપાન તરફથી કદાચ કોઇ આક્રમણક પગલું ભરવામાં આવશે તેની વકી છે.

**જર્મનીએ છોડી મુકેલો અંગ્રેજઃ** લશ્કર ખાનગી જાસુસી કરવાના આરોપ સર પકડાયેલા 'ડેલી ટેલીગ્રાફ'ના ખબરપત્રીને જર્મન સરકારે છોડી મુકયો છે અને તેને જર્મનીમાંથી હદપાર કરવામાં આવ્યો છે.

**માલ્ટામાં દમનનીતિઃ** ભૂમધ્ય સમુદ્રમાં આવેલા એક ટાપુ માલ્ટામાં ટાપુના બ્રીટીશ ગવર્નર અને પ્રધાનો તથા રૈયત વચ્ચે મતભેદ ઉભો થવાથી ગવર્નરે આખા પ્રધાનમંડળને પદભ્રષ્ટ કર્યું છે. પ્રધાનો તથા રૈયત કે જેનો મુખ્ય ભાગ ઇટાલીઅન છે, તેઓએ બાળકોને ઇટાલીયન ભાષા મારફત કેળવણી આપવાની માગણી કરી હતી. ગવર્નર આથી વિરૂદ્ધ પડ્યો. ઓર્ડીનાન્સ કાઢી સભાબંધી ફરમાવવામાં આવી છે અને બંધારણ મોકુફ જાહેર કરવામાં આવ્યું છે. રૈયત તથા પ્રધાનો મકકમ છે.

**બ્રીટીશ સર્વોપરિતાનો ઇન્કારઃ** આયર્લૅન્ડના પ્રમુખ ડી'વેલેરાએ આયર્લૅન્ડમાં થયેલ ઇન્સાફ ઉપર લંડન પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરવાના કાયદાને ઉડાડી મુકયો છે અને આયરીશ પાર્લામેન્ટે તેનો ખરડો પસાર કર્યો છે; જો કે આવો કાયદો થયા પછી પણ એક પણ અપીલ પ્રીવી કાઉન્સીલને કરવામાં આવી હતી નહિ.

**અફઘાનીસ્તાનના રાજાનું ખુનઃ** અફઘાનીસ્તાનના રાજા નાદીરશાહને ધોળે દિવસે બપોરે ત્રણ વાગ્યે ગોળીથી ઠાર કરવામાં આવ્યો છે. માજી રાજા અમાનુલ્લાહખાનના હાથમાંથી બચ્ચા સાકુ લુંટારાએ કાબુલ પડાવી લીધું હતું ત્યારે અમાનુલ્લાહને મદદ કરવાનું જાહેર કરી નાદીરશાહ લશ્કર એકઠું કરી કાબુલ સર કર્યું હતું; પણ અમાનુલ્લાહને બદલે પોતેજ રાજા થઇ બેઠો હતો. અમાનુલ્લાહ અત્યારે યુરોપમાં છે. કાબુલની ગાદીએ નાદીરશાહના ૧૮ વરસના છોકરાને રાજા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ખુની પકડાયો નથી.

# "ભૂખે મરતી કોમ વધુ માર સહી શકે તેમ નથી."

## ખોજા સુધારક સંઘનો ના. આગાખાનને તાર.

ખોજા સુધારક સંઘના પ્રમુખ શ્રીયુત કાનજી ગુલાભાઇએ ગઇ તા. ૧૦-૧૧-૩૩ના રોજ નીચેનો તાર ના. આગાખાનને લંડન કર્યો છે:—

H. H. Agakhan,
Care Coutts,
London.

Greatly shocked hearing your arrival. Poverty-striken community unable to be more exploited. Earnestly requesting declare refusing receiving any alms or gifts, or cancel your journey.

Kanji Goolabhai,
president,
Khoja Sudharak Sangh.

એચ. એચ. આગાખાન,
c/o કુટસ,
લંડન.

આપના આગમનના ખબર સાંભળી જબ્બર આઘાત પહોંચ્યો છે. ભૂખે મરતી કોમ વધુ માર સહી શકે તેમ નથી. આજીજીપૂર્વક વિનંતિ કરૂં છું કે કોઇ પણ જાતનું દાન અગર ભેટ આપ નહિ સ્વીકારો તેવું જાહેર કરો, નહિતર આપની સફર રદ કરો.

કાનજી ગુલાભાઇ,
પ્રમુખ,
ખોજા સુધારક સંઘ.

## ભણેલાઓને.

તમે ભણેલા છો ? પુસ્તક કે પત્ર વાંચી શકો છો ? તમારી હાલત, તમારી કોમની હાલત, એ સંબંધે તમે કાંઇ જાણો છો ? એ જાણવાની તમને ઇચ્છા છે ? એ માટે તમારે સાચું માર્ગદર્શન જોઇએ છે ? તો "ખોજા જાગૃતિ" વાંચો, તેના ગ્રાહક થાવ, સગાં સ્નેહી અને મિત્રોને ગ્રાહક બનાવો.

કાગળની કિંમત, તેની છપાઇ, ટપાલ અને બીજું ખર્ચ—આ બધું તમે ગણી જોજો. તમને લાગશે કે બેઠી કીંમત કરતાં પણ 'જાગૃત' તમને સસ્તુ આપવામાં આવે છે. અને તેથીજ આજે એ તમારી પાસેથી ૧૦૦૦ ગ્રાહકો માગે છે. આ વર્ષની આખર સુધીમાં તમે એ પુરા કરી આપજો. 'જાગૃતિ'ને તમે ચાહતા હો તો આટલું કરવા તમે બંધાયા છો.

દેશમા રૂ. ૨ ] [ પરદેશમાં રૂ. ૪

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ."

( અનુસંધાન પાના ૨૯૦ થી )

ના. આગાખાનના આગમન સામે જોરશોરથી પોકાર ઉઠાવવો જોઇએ. આજનો જમાનો પ્રચારકાર્યનો છે, તેથી જો ચારે બાજુથી સંખ્યાબંધ તારો એ નામદારને કરવામાં આવે અને કોમની ઉકળતી લાગણીઓનો તેમને ખ્યાલ આપવામાં આવે તો તે બધાની એકત્રિત અસર થયા વગર રહે નહિ. અમે કોમની એકેએક સંસ્થા અને સભ્યને આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ કે તેઓ સૌએ આ માર્ગ અખત્યાર કરી કોમની કંગાલીઅતમાં વધારો થતો અટકાવવા બનતા બધા પ્રયત્નો કરવા.

## વેપાર સમાચાર

( તા. ૧૧-૧૧-૩૩ )

**ઊન :** લીવરપુલમાં ગયા અઠવાડીયામાં ગાં. ૩૬૪ વેચાણી છે, અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનીક બજારમાં કાંઈ સોદા થયા નથી, પણ ઉંચા જોડીયાનો ભાવ રૂ. ૧૨) ની આસપાસનો ગણાય. બજારનું વલણ શાંત છે.

**રૂત :** ભરૂચ ૧૮૫. **બકરાના વાળ :** પા!.

**અનાજ, વિ. :** ૨)≈ ૨ા~ ઘઉં. ૨)≈ બાજરો જુનો. ૧ાા≈૨)≈ બાજરો નવો. ૧ા≈ ૧ાા જુવાર. ૧ાા ચણા દેશી. ૧ાા~ ચણા પરદેશી. ૧)~ કમોદ જાડી. ૧)≈ કમોદ ઝીણી. ૧ા≈ ૧ાા≈ મેથી. ૨ાા~ તલ. ૧ાા≈ એરડી ઝીણી. ૧ાા≈ એરડી જાડી. ૧ાા≈ ૨)≈ મગ. ૧ાા≈ અડદ. ૧ા≈ મગફળી ઝીણી નવી. ૧ા મગફળી જાડી નવી. ૧ાા રાઇ. ૨ા≈ શીંગદાણા નવા હાથફોલ.

**પરચુરણ :** ૩ા ૩ાા ગોળ દેશી નવો. ૧ા ૨) ગોળ દેશી જુનો. ૬) કપાશીયા માળવો. ૬ાા≈ ૬ાા કપાશીયા બારાડી નવા. ૬) કપાશીયા બારાડી જુના. ૪)≈ ખાંડ પરદેશનાને, ૪ાા≈ ખાંડ રાજકોટ શહેર, ૪) ખાંડ સફર. ૧૦) સોપારી જુની. ૧૦) ગદબનું બી.

**ઘી :** ૨૨) મુંબઇ પરખ, ૧૬ાા ૧૭) તાજો રસ.

**તેલ :** પાા તલનું, ૩ાા~ શીંગનું. ૫)≈ ઓપરેલ પીપનું, પાા≈ ડબાનું. ૩) ગ્યાસલેટ સફેદ હાથી, ૨ાા≈ સફેદ રશીયન પીપનું.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૩૨.**

"આખા કાઠિયાવાડમાં આવેલી જુદી જુદી કાઉન્સીલોની હદમાં આવેલા જુદા જુદા તમામ સ્થળોએ 'નિકાહ' જમાતખાનામાં કરી શકાશે, પણ મીજલસ મેળાવડાના પ્રસંગોએ "નિકાહ" દિવસ અગર રાતના મરજી પડે તે સમયે જમાતખાનામાં જ થઇ શકશે. પરંતુ એ રીતે જમાતખાનામાં કરવામાં આવતા નિકાહ દિવસના સમયેજ કરવામાં આવે તો રાત્રિના સમયે થતા નિકાહના કરતાં અલબત વધુ કરકસર અને સગવડતા જળવાય."

આ કલમ સામે કાંઈ ખાસ કહેવાનું નથી.

**કલમ ૧૩૩.**

"દશ વરસની ઉમરે પહોંચ્યા પહેલાં કોઇ ઇસ્માઇલી કન્યાની સગાઇ કરવી નહી. દશ વરસથી ઓછી ઉમરની કોઇ કન્યાનું કરવામાં આવેલ સગપણ કાયદેસર ગણવામાં આવશે નહિ."

ન્હાનપણથી સગપણ કરવાની પદ્ધતિ અનેક રીતે વખોડી કાઢવા જેવી છે. માબાપોના શોખ પુરા કરવા ઉત્પન્ન થયેલી આ પ્રથા નાબુદી માગે છે અને તેથી આ જાતનો અંકુશ આવકારપાત્ર છે. ૧૦ ને બદલે ૧૧ કે ૧૨ ની ઉમર પણ ઠરાવી શકાય. ઉપરાંત ન્હાનપણમાં થતાં લગ્ન પણ એથીએ વધુ નુકશાનકર્તા સાબીત થયાં છે, એટલે એ ઉપર પણ ઘટતો અંકુશ મુકવાની જરૂર છે.

'ઇસ્માઇલી કન્યા' એ શબ્દ–પ્રયોગ ઘૃણા પેદા કરનારો છે. નાના મોટા દરેક સામાજિક પ્રસંગોમાં આ રીતે 'ઇસ્માઇલી ધર્મ'ને ઘુસાડવાનો પ્રયત્ન તિરસ્કારને પાત્ર છે.

અહીં પ્રકરણ પહેલાનો વિષય ચોથો સમાપ્ત થાય છે.

**કલમ ૧૩૪.**

"જો કોઇ શખ્સ જન્મથી ઇસ્માઇલી હોય પણ પાછળથી પોતાનો અસલ ધર્મ છોડીને પરાયો ધર્મ અંગીકાર કર્યો હોય તો તેને આ કાયદાના પુસ્તકના કાર્ય સર "સીસીડર" (એટલે ધર્મ બદલનાર) તરીકે ઉદ્દેશવામાં આવશે."

સૌ કોઈ જાણે છે કે આ 'સીસીડર' જેવો અંગ્રેજી શબ્દ ઇશનાઅશરી ધર્મ પાળનારા આપણા ભાઈઓ માટેજ વાપરવામાં આવ્યો છે. કાયદાની કોઇ ચુંગાલમાં ન સપડાઇ જવાના સીધા હેતુથી આ શબ્દ–પ્રયોગ કરવામાં આવ્યો છે.

ખોજા કોમના માણસોએ કયો ધર્મ પાળવો એ સૌ સૌની મરજીની વાત છે. તેમાં કોઇથી બળજબરી કરી શકાય નહિ; ધર્મ જેવા આ પેટા વિષયને કોમના બંધારણમાં ઘુસાડી શકાય નહિ; તો તેને અગ્રપદ તો કયાંથી આપીજ શકાય? એટલે અમુક ધર્મ બદલનાર કે અમુક ધર્મ પાળનાર માટેની જે જે કલમો બંધારણમાં હોય તે સઘળી રદ કરવી જોઇએ.

જન્મે જે માણસ અમુક કોમ કે જાતનો છે તે માણસ જન્મે પણ અમુક ધર્મનોજ હોવો કે રહેવો જોઇએ એવી ફરજ કોઈના માથે પાડી શકાય નહિ. ધર્મને બુદ્ધિ સાથે નીસ્બત છે અને જેમ જેમ માણસની બુદ્ધિમાં વધારો ઘટાડો થતો જાય તેમ તેમ તેની ધાર્મિક માન્યતાઓમાં પણ ફેરફાર થતો જાય. જન્મ વખતે કે સગીર વયમાં તે જે ધર્મ પાળતો હોય કે તેને જે ધર્મનો ગણવામાં આવતો હોય તેજ ધર્મ તેણે મૃત્યુ પર્યંત પાળ્યા કરવો એવી માગણી કરવી એનો અર્થ એટલોજ કે તેની બુદ્ધિની સંપૂર્ણ અવગણના અને એને પોતાનો વિકાસ સાધવા દેવાની સ્પષ્ટ ના.

ઇશનાઅશરી ભાઇઓના ઉગ્રમાં ઉગ્ર વિરોધી આ કાયદાના રચનારની નજર આ કલમના એક ભાગ ઉપર પડી નથી લાગતી. જન્મે જે માણસ ઇસ્માલી ધર્મ ન પાળતો હોય પણ ઇશનાઅશરી ધર્મ પાળતો હોય તેને, "સીસીડર" કહી શકાય નહિ. એટલે કે જે મુખ્ય માણસોએ પ્રથમ ઇસ્માઇલી ધર્મ છોડી ઇશનાઅશરી ધર્મ અંગીકાર કર્યો હોય તેમની સામે હવે પછીની કલમોમાં દર્શાવાયેલો બહિષ્કાર રાખવાનો છે, અને તેમના ત્યારપછી થયેલા સંતાનો સામે નહિ.

**કલમ ૧૩૫.**

"એવા 'સીસીડર'' (ધર્મ બદલનાર)ની સાથે કોઇ ઇસ્માઇલીએ શાદી અગર ગમીને લગતી બાબતોમાં ભાગ લેવો નહિ, તેમજ શાદી અગર ગમીના પ્રસંગોએ તેઓને પોતાને ઘેર નોતરવા નહિ. તેમ છતાં જો કોઇ એ પ્રમાણે ભાગ લેશે અગર તેવા શખ્સને નોતરશે તો તેને નાત બહાર સુધીની શિક્ષા કરવા કાઉન્સીલને અખત્યાર આપવામાં આવે છે.'

આ અને આગળ આવતી કલમ ૧૩૭ થી ૧૪૦ અને ૧૪૨ તથા ૧૪૬ બધી ધીક્કારી કાઢવા જેવી છે. ધર્મના પ્રશ્નને કોમી બંધારણમાં સંડોવી શકાય નહિ એ વાત ઘડી ઘડી સ્પષ્ટ કરવાની જરૂર રહેતી નથી. શાદી ગમી જેવા સામાજિક અને વ્યવહારિક પ્રસંગો વખતે આટલો કડક બહિષ્કાર રાખવાનું કહેનાર અને એના ભંગ માટે નાત બહારી ફરમાવનાર ગમે તે હો, પણ તેના માટે મોટામાં મોટા જુલમગાર શિવાય બીજો એક પણ શબ્દ બંધ બેસતો નથી. એ ભુલી જવાનું નથી કે આ કાઉન્સીલ કે આ કાયદા ખોજા કોમને પુછ્યા વગરજ તેના માથે બળજબરીથી લાદી દેવામાં આવ્યા છે. એટલે કોમ આ બહિષ્કાર માગતી નથી પણ ઇસ્માઇલી ધર્મના બડેખાંઓજ તે માગે છે. અને એમની ભુખ સંતોષવા આખી કોમ માથે આવી જુલમી કડી પણ લાદી શકાય નહી. કોને ત્યાં જવું અને કોને પોતાને ત્યાં નોતરવો એ દરેક માણસનો વ્યકિતગત અધિકાર છે, અને એ અધિકારની પવિત્રતાને અભડાવવાનો કોઇને કશો હક નથી. અન્ય કોમના કે ધર્મના માણસ સાથે બધો વ્યવહાર રાખી શકાય તેમાં કાંઇ વાંધો નહિ. માત્ર આપણા બાપના દીકરા, આપણીજ નાતના આપણા ભાઇઓ સાથે બધો વ્યવહાર બંધ. આનું કારણ તો માત્ર એટલુંજ ને કે એ લોકોએ વ્યકિતનો સરમુખત્યારી સ્વીકારવાની ના સુણાવી?

**કલમ ૧૩૬.**

"આપણા સ્વધર્મીઓએ ધર્મને લગતી બાબતોમાં એવા ધર્મ બદલનાર સાથે કાઇ ભાગ લેવો નહિ. તેમ છતાં જો કોઇ તેમ કરશે તો તેને તકસીરવાન ગણવામાં આવશે અને તેને નાત બહાર સુધીની પણ શિક્ષા ફરમાવવા કાઉન્સીલને અખત્યાર આપવામાં આવે છે."

ઉપર થઇ ગયેલા વિવેચન અનુસાર આ કલમ ધુતકારી કાઢવા જેવી છે.

આ અઠવાડીક રાજકોટમા "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

"સત્તાનો સંગાથી."　　છુટક નકલ ત્રણ પૈસા.　　Regd. No. B. 3114.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦ : છુટક ૦–૦–૯

પુસ્તક ૧, અંક ૩૮ : નવેમ્બર ૨૧ : ૧૯૩૩
સંવત ૧૯૯૦ ના માગશર શુદ ૪ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

# નવું ચણતર.

"બુઝર્ગો અને જવાંમર્દોની આ મિજલસને હું પુછું છું કે જે સુલ્તાનોએ આપણા આ પ્યારા વતનને અને આખી તુર્ક પ્રજાને આટલાં વર્ષો સુધી રીબાવ્યા કરી છે તે સુલ્તાનોને માટે તમને હજીયે લાગણી શા માટે થાય છે? હું એ જાણવા ચાહું છું કે જે સુલ્તાનોએ આ ખુદાઇ મુલકને સૈકાઓ સુધી ખેદાનમેદાન કરી નાંખ્યો હતો, જેમણે પાયમાલી અને ભૂખમરો, ગુલામી અને કંગાલીઅતને આ ભૂમિમાં કાયમી નિવાસ કરાવ્યો હતો, તે સુલ્તાનોને તમે ફરીવાર તમારા માલીક તરીકે તખ્ત ઉપર બેસાડવા માગો છો?

(મિજલસનો એકેએક આદમી અધીરો બની 'નહિ, કદી નહિ' ના અવાજોથી વિશાળ સભાગૃહ ગજાવી મુકે છે: અને કમાલ આગળ ચાલે છે.)

"..........અને જેઓ પોતાને ખલીફા કહેવરાવે છે અને ખુદાના પડછાયા અને પયગમ્બરના પ્રતિનિધિ તરીકે ઓળખાવે છે, તેમને તમે કયાં સુધી તમારા ઉપર સામ્રાજ્ય ચલાવવા દેવા ચાહો છો? તેમના નાપાક દંભ અને ડોળને મસ્તક ઝુકાવી તમે એ ખલીફાઓને ધર્મ અને સમાજ અને રાજકારણના પ્રદેશોમાં કયાં સુધી આપખુદ દોર ચલાવવા દેવા ચાહો છો?

(બુઝર્ગો અને જવાંમર્દો સૈ અર્ધા ટટ્ટાર થઇ જઇ, કમાલની સામે આંખો ફાડી, પ્રકોપથી ધ્રૂજતે અવાજે કહે છે કે 'એક ક્ષણ વાર પણ નહિ, એક ક્ષણ વાર પણ નહિ.' અને કમાલની વાગ્ધારા ફરી વાર વહેવા માંડે છે.)

"બિરાદરો, ચોમેર બદબો ફેલાવતી જુની ગંદકી સાફ કરવી જ આપણો આરો છે: અને તેને માટે, ત્વરા અને મક્કમતાપૂર્વક દારૂણ પગલાંઓ લીધા વિના–જીવનના પ્રત્યેક ક્ષેત્રનું નવેસર ચણતર આરંભ્યા સિવાય છુટકો જ નથી."

—મુસ્તફા કમાલ પાશા.
("ઝાલરી" માંથી.)

**ધાર્મિક અને સામાજિક ક્ષેત્રોમાં સરમુખત્યારીનો શિકાર બનેલી આપણી કોમના બુઝર્ગો અને જવાંમર્દો આવી ઉજ્વલ ક્રાન્તિની આરાધના કે દિ' કરશે? આપણો કમાલ કયાં છે?

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૧-૧૧-૩૩.

## "સત્તાનો સંગાથી"

ના. આગાખાને હજી તો હિંદમાં પગ મુકયો નથી, અને લંડનની હોટેલોમાં હજી તેઓ વસી રહ્યા છે ત્યાં અત્યારથીજ તેમના નામે મોટી મોટી ધમાલો કરવાની શરૂઆત તેમના પગારદાર માણસો તરફથી થઇ રહી છે. આજના અંકમાં અન્યત્ર પ્રગટ થતા સમાચાર ઉપરથી જાણી શકાય છે કે બે મીશનરીઓએ ના. આગાખાન ભાવનગર આવે તો તેમને બાદશાહી માન આપવાનું વચન લેવા ભાવનગર રાજ્યના ઉંબરા ઘસવાનું શરૂ કરી દીધું છે. ધર્માચાર્યો હંમેશાં રાજસત્તાના ખુશામતખોર હોય છે એ તો સાબીત થઇ ચુકેલું સત્ય છે. ના. આગાખાને કોમની ધર્માન્ધતા વધારવા સ્વર્ગ અને આસમાનની વાતો, હિન્દ બહાર પરદેશનો વસવાટ અને 'વ્હાલાં રૂહાની બચ્ચાં' ની મીઠી મોહીની, વિગેરે જે અનેક રસ્તાઓ અખત્યાર કર્યા છે તેમાં રાજસત્તા તરફથી ખુશામત અગર બીજી કોઇ પણ રીતે માનચાંદ અને મોટપ મેળવવાની યુકિતનો ફાળો પણ ઓછો નથી. સરકારી ખીતાબો, સરકારી અને દરબારી માનપાન અને બાદશાહી સ્વાગત આ બધાંએ કોમ ઉપર એવો રૂઆબ બેસારી દીધો છે કે ના. આગાખાનના ખુદાઇ અને બીજા દાવાઓ માટે અજ્ઞાનતામાં સબડતી કોમને જરા પણ વ્હેમ રહેતો નથી. આજે આ રૂઆબ અને દમામથી આંજી દઇ કોમને વધુ ધર્માન્ધ અને અંધશ્રધ્ધાળુ બનાવવાનો એક વધુ અખતરો ભાવનગરમાં થઇ રહ્યો છે.

કાઠીયાવાડમાં ના. આગાખાનના કદમ મુબારક કરવાની અંશ માત્ર પણ જરૂર નથી. એ તો ખુલ્લી વાત છે કે ના. આગાખાનની હાજરી એ ગરીબ છતાં અજ્ઞાન ખોજા ભાઇઓનાં ખીસાંને નીચોવી નાખવાનું સબળમાં સબળ સાધન છે. સારાયે કાઠીયાવાડની આજે કફોડી હાલત છે અને હિન્દના બીજા કોઇ ભાગ કરતાં તેની કંગાલીઅત ઓછી નથી. તેમાંયે કાઠીયાવાડમાં વસતા ખોજા ભાઇઓ પહેલેથીજ ગરીબ છે અને તેમનો મુખ્ય રોજગાર ખેતી અને ડાળીયા તથા બકાલાનો છે એ દુઃખદ સત્ય સ્વીકાર્યા શિવાય ચાલે તેમ નથી. ખેડુતોની હાલત દીનપ્રતિદીન ખરાબ થતી જાય છે અને પાકના ભાવો અને પેદાશ ઘટતાં જાય છે એ એ પ્રશ્નના કોઇ જાણકારથી અજાણ્યું નથી. મજુરી કરી પેટ ભરતા અને મધ્યમ વર્ગના માણસોની દશા ખેડુતો કરતાં જરા પણ ચડીઆતી નથી. અને સૌથી વધુ કમનશીબીની વાત તો એ છે કે આ ગરીબ વર્ગોજ વધુમાં વધુ અજ્ઞાન અને કેળવણીરહીત હોવાથી ધર્માન્ધતા અને દેખાદેખીના ભોગ તેઓ સૌથી પહેલા થઇ પડે છે. આવા સંજોગોમાં આવા માણસો વચ્ચે ના. આગાખાનની હાજરી તેમને પાયમાલ કરવા માટે પુરતી છે. અને તેથીજ ના. આગાખાનને કાઠીયાવાડમાં તેડી લાવવાના હરકોઇ પ્રયત્નને અમે અત્યંત ભારપૂર્વક વખોડી કાઢીએ છીએ.

ના. આગાખાનને ભાવનગર આવતા અટકાવવાનો કોઇ રસ્તો ખરો? અમને તો એકજ રસ્તો દેખાય છે. ભાવનગર રાજ્યમાં તેની પ્રજા તરીકે વસતા ખોજા ભાઇઓએ રાજ્ય ઉપર એક વિનંતિપત્ર મોકલાવવો જોઇએ. ના. આગાખાન અને ખોજા કોમ વચ્ચે કેવો સંબંધ છે અને તેમના ખુદાઇ દાવાને પ્રતાપે કોમને કેવી રીતે ચૂસી લઇ નિર્ધન અને નિર્માલ્ય કરવામાં આવી છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરી આવા આર્થિક મંદીના જમાનામાં ના. આગાખાનની હાજરી કેટલી વધુ ગરીબી લાવશે તેનો સાચો ખ્યાલ રાજ્યને આપી એ વિનંતિપત્રમાં એવી માગણી કરવી જોઇએ કે ના. આગાખાનને ભાવનગર આવતા અટકાવવાનું પગલું રાજ્ય ન ભરે તો પણ તેમને કોઇ પણ જાતનું માન રાજ્યે આપવું જોઇએ નહિ કે જેથી કરી બાદશાહી માનના એ ભુખ્યા પરોણા ભાવનગરનો પ્રવાસ પોતાની મેળેજ બંધ કરી વાળે. ભાવનગર, બોટાદ, મહુવા અને ભાવનગર રાજ્યના બીજા શહેરોમાં વસતા સમજદાર ભાઇઓએ જેટલી બને તેટલી સહીઓ લઇ રાજ્યને આવો વિનંતિપત્ર તુરત મોકલી આપવો જોઇએ બનવાજોગ છે કે રાજ્ય પોતાની પ્રજાની આબાદી ખાતર આવું રક્ષણ વસ્તીને આપે.

# જન્નતના દલાલો

લેખક : **શ્રી. દામજી પદમશી પરબતાણી, ન્વાન્ઝા** ( આફ્રીકા )

દુનિયા આજે સુધરતી જાય છે ત્યારે ઇસ્માઇલી ખોજાઓ અજ્ઞાનતાના ઉંડા ખાડામાં હાથે કરી શરમાશરમી અને લોકલજ્જાથી ડરીડરીને ઉતરતા જાય છે. દુનિયાની નજરમાં સુધરેલા અને હુશીયાર જણાય છે, પણ એક અજ્ઞાન અને જંગલી વિચાર ધરાવનાર મીશનરી બાપો આવીને ઉભો રહે ત્યાં જંગલી ઘેટાં જેવાજ થઇ જાય છે; તેવું આપણે મીશનરી સાહેબની પધરામણી વેળાએ જોઇ શકીએ છીએ. જો કે આપણે સમજીએ છીએ કે આ ઓઘડભાઇ આપણને આંખોમાં ધુળ અને મોઢામાં કુચા નાખીને બનાવવા માટે પોતાની મરજીમાં આવે તેમ આપણને બેવકુફ બનાવે છે, છતાં આપણે તેની સામે કાંઇ પણ બોલી શકતા નથી. કેટલી શરમની વાત ?

મીશનરી કોઇક હુશીયાર હોય તો ભલે; નહિ તો ઘણા ખરા તો એવા આવે છે કે નાના ગામડાની મારકેટમાં શાક બકાલુંજ વેચતા હોય તેવા જણાય છે. આપણને જ્યારે પોતાનું ભાષણ સંભળાવે છે ત્યારેજ તેના શબ્દોથી આપણે જાણી શકીએ છીએ કે આ "જન્નતના દલાલો" કેટલું ભણ્યા હશે. ભાષા અને શબ્દોનું ઠેકાણુંજ ન મળે અને પોતાની મરજીમાં આવે તેવી રીતે વાત કરવા મંડી જાય.

આપણા આજના સુધરેલા સમયને સમજીને વર્તનાર ઇસ્માઇલીઓ મોટી સંખ્યામાં થઇ ગયા છે; તેમ છતાં પણ આગળ વધીને આવા ઓઘડભાઇના જંગલીજદ જેવા ભાષણને અટકાવવાની હિંમત કોઇનામાં હોતી નથી. તેનું કારણ ફક્ત એટલુંજ સમજાય છે કે આપણા ભાઇઓ કાઉન્સીલની એક હથ્થુ સર્વોપરિ સત્તાથી ડરે છે. પણ ભાઇઓએ સમજવું જોઇએ કે ભલે કાઉન્સીલની સર્વોપરિ સત્તા હોય, પણ જો આપણે બધા એક સામટા એકી અવાજે પડકાર કરશું તો સર્વોપરિ સત્તા પણ જમીનદોસ્ત થઇને ધુળ ચાટતી થશે અને આવા જન્નતના દલાલો પોતાને મનગમતી વાયેજો કરવાનું એકદમ ભુલી જશે. માટે આપણા ઇસ્માઇલી યુવાનોએજ વિચાર કરવાનો છે, ન કે હાથ જોડીને બેસી રહેવાનું છે.

પ્રગતે કરતા આજના જમાનામાં આગળ વધવાની ખાસ જરૂર છે, તેને બદલે આપણને મીશનરીઓ આગળ વધતા અટકાવી પીછેહઠ કરાવવાની તનતોડ મહેનત કરી રહ્યા છે. આનું કારણ સાફસાફ જણાઇ આવે છે: મીશનરીઓની માન્યતા એવી છે કે "જો આ મેંઢાની કામ સુધારાના પ્રવાહમાં જોડાઇ જશે તો અમારા જેવાઓને પેટ ભરી ખાવાનો રસ્તો એકદમ બંધ પડી જશે અને અમારા બાલ ગોપાલ રખડી પડશે; માટે આવા માણસોને આગળ વધતા અટકાવવામાંજ આપણો લાભ સમાયેલો છે."

મીશનરી ઉર્ફે જન્નતના દલાલોની નીતિરીતી એવા પ્રકારની છે કે હંમેશા જમાતખાનામાં આવ્યા પહેલાં તે ગામના મુખી કામડીયાને ગામમાં કોણ કોણ કેવા કેવા સ્વભાવના માણસ છે અને શું ધંધો કરે છે, વિગેરે પુછીને જાણી લ્યે છે. પછી જમાતખાનામા આક્ષેપ મુકીને નહિ પણ કટાક્ષ કરીને એક પછી એકને સંભળાવતો આવે છે. આમ કરીને મીશનરી બાપા જમાતમાં સંપને બદલે કુસંપ કરાવે છે; એટલે કે કુટનીતિ વાપરે છે. પાછળથી સ્વર્ગની મોટી મોટી લાલચો દેખાડીને લુંટનીતિ ઉપર ઉતરે છે. જાણે કેમ પોતે સ્વર્ગ જોઇ આવ્યો હોય !

મીશનરી પોતે જેવું જાણતો હોય તેવું કહી સંભળાવે છે, પણ આજનો આગળ વધતો સમય શું કહી રહ્યો છે તેનું તેને બીલકુલ ભાન હોતું નથી. તેને તો સ્વર્ગના વખાણ કરવા અને તે સ્વર્ગ કેમ મળે તેના રસ્તા જો ધન હોય તો તે દેખાડે છે; બાકી નીર્ધનીયાઓ નર્કમાંજ જવાના છે. માટે સ્વર્ગ મેળવવું હોય તો ગમે ત્યાંથી અને ગમે તેમ કરીને ધન લઇ આવો. આપણે ઇસ્માઇલીઓએ તો સ્વર્ગમાંજ રહેવાનું છે; માટે સ્વર્ગમાં રહેવાને મોટા કામમાં દાખલ થવાની ખાસ જરૂર છે, અને મોટા કામમાં દાખલ થનારજ સ્વર્ગનો હકદાર થવાનો છે. આવા આવા ભાષણો કરી માણસોને બનાવવામાં અને ભીખારી કરવામાંજ તેઓનું બધું કાર્ય સમાપ્ત થાય છે આમ કરીને તેઓ પોતાની વાહવાહ કહેવરાવે છે; પછી ભલેને ના. આગાખાનના મેંઢા જેવા મુરીદો દીવાળું કાઢે. આમ અનેક અંધશ્રદ્ધાળુ ભક્તો વેપારમાં પાછળ પડી ગયા છે. નબળી હાલતમાં આવી ગયા પછી પોતાનો વેપાર એકદમ અસ્તવ્યસ્ત થઇ ગયેલો જ્યારે તેમના જાણવામાં આવે છે ત્યારે કપાળે હાથ દઇને તેઓ પોતાના વહીવટના આગળ પાછળના ચોપડા રાત દિવસ ઉથલાવતા જોવામાં આવે છે અને કયાંય પણ કોઇને ખાતે રકમ રહી જતી હોય તેવી આશામાં જોવા મંડી જાય છે. રકમ તો તેની નજરમાં ધરમાદા ખાતે હજારો અને લાખોની ઉધાર બાજુ જોવામાં આવે છે ત્યારે ઘડીભર મનમાં તે પોતાની બેવકુફીને ધીક્કારે છે અને તેને લાગે છે કે "જો આટલી રકમ હમણાં મારા હાથમાં હોત તો આજે મારી આ દશા ન હોત." આવી રીતે આપણા ઇસ્માઇલી ભાઇઓની હાલત થાય છે; છતાં બીજાઓને તેવી બલામાંથી બચવાને કહેવાની હિંમત તે ધરાવતો નથી.

---

( અનુસંધાન પાના ૩૦૪ થી )

ધાડપાડુ કે ચોર ડાકુના જેવા વ્હેમ અને શંકાથી જોવામાં આવે છે. કોમ ઉપર ગુલામી લાદવામાં આવી છે, એ ગુલામીની સાંકળો અતિશય મજબુત રાખવામાં આવીછે, અને એ સાંકળની એકેએક કડી સંપૂર્ણ સુદ્રઢ બનાવવામાં આવી છે એ આ કલમથી સ્પષ્ટ દેખાઇ આવે છે. કોમના માણસો અમુક બાંધેલી હદની બહાર પણ કાઉન્સીલની પરવાનગી વગર જઇ શકે નહિ એ પરાધીનતાની પરાકાષ્ટા છે. આ કલમ કોમનું ભયંકરમાં ભયંકર અપમાન કરનારી છે અને તેને એકજ ઝટકે બંધારણમાંથી રદ કરવી જોઇએ. કોમનું અપમાન કરવાના ખુલ્લા હેતુ ઉપરાંત આ કલમ એ માટે પણ રચાયેલી હોવી જોઇએ કે આવા સર્ટીફીકેટ આપતી વખતે તે લેવા આવનાર પાસે કાંઇ 'સરકાર સાહેબી લેણું' બાકી રહી જાતું નથીને તે જોઈ શકાય અને હોય તો લઇ શકાય.

# જીવતા ખુદા!

લેખકઃ **શ્રી. એ. એ. ઈસ્માઇલ ( માડાગાસ્કર )**

**ભાઇઃ** આપણો આજકાલ કહેવાતો ધર્મ તે ધર્મના નામને યોગ્યજ ક્યાં રહેલો છે? હાલ તો આપણો ધર્મ ધર્તીંગના ધીંગાણાંજ ધરી બેઠેલ છે.

**બ્હેનઃ** શી બાબતમાં ધર્તીંગના ધીંગાણાં જોયાં?

**ભાઇઃ** એકેએક બાબતમાં.

**બ્હેનઃ** તમે તો ફરી ગયા લાગો છો.

**ભાઇઃ** 'ફરી' ગયાના હાઉએજ આપણને હિંદુસ્થાનમાં હાડ હાડ કરી મુકેલા છે.

**બ્હેનઃ** બીજાઓ કદાચ હાડ હાડ થયા હશે. પણ આપણને તો જીવતા ખુદા છે.

**ભાઇઃ** અને ત્યારેજ તો આપણે કમબખ્તી વ્હોરી લીધી છે ને?

**બ્હેનઃ** કમબખ્તી વળી શા માટે વ્હોરેલી જણાય છે?

**ભાઇઃ** જીવતા ખુદાને જીવરાવવા માટે.

**બ્હેનઃ** પણ એ તો પોતાનો હક લઇને જીવે છે ને? આપણા પર ફરજ પડેલી છે તેથી આપણે આપીએ છીએ. તેમાં વળી આપણી કમબખ્તી કેમ હોઇ શકે?

**ભાઇઃ** ત્યારેજ તો મારૂં હૃદય આપણા સમાજ પ્રત્યે રડે છે. મને નથી સમજાતું કે આપણને હકનો હાઉ ક્યાંથી વળગ્યો ને ફરજના ફંદમાં કેમ ફસાયા!

**બ્હેનઃ** પથરાના પીરની પુજા કરતાં મટાડી જીવતા પીરની પુજા કરતાં શીખડાવ્યું તેથી તે ઉપકારના બદલામાં આપણા પર તેમનો હક ન વળગે?

**ભાઇઃ** 'જીવતા પીરની પુજા કરતાં શીખડાવ્યું' એ વાક્ય બરાબર નથી; પણ 'પોતાની પુજા કરતાં શીખડાવ્યું' એમ કહેવું યોગ્ય છે.

**બ્હેનઃ** તો પણ શું ખોટું? પથરાના પીર કરતાં તો તે ઉત્તમ છે ને?

**ભાઇઃ** દેખાવમાં ઉત્તમ લાગતા હોવા છતાં બ્હેન, આપણને તે મોંઘા પડી ગયેલા છે.

**બ્હેનઃ** મોંઘા હોવાના કારણેજ તેની કિંમત છે; કદાચ કદર પણ હશેજ.

**ભાઇઃ** પણ આપણે નીચોવાઇ ગયા એનું કાંઈ કર્યું?

**બ્હેનઃ** ગણેશીયો લઇને ક્યાં આવેલ? હાથે કરીને આપીએ છીએ ત્યારેજ નીચોવાઇએ છીએને?

**ભાઇઃ** તે તો કબુલજ કરવું પડશે. છતાં દેખાદેખીને કારણે થાય છે તે તારે ન ભુલવું ખપે.

**બ્હેનઃ** પણ તેમાં તે જીવતા પીરનો શું દોષ?

**ભાઇઃ** દોષ એ કે દેખાદેખી કરાવાય તેવી વ્યવસ્થિત ગોઠવણી ગોઠવી છે. મ્હેમાનીનાં લીસ્ટ તો તેં વાંચેલાજ હશે; અરે, જમાતખાનામાં સાંભળેલાજ હશે?

**બ્હેનઃ** હા..........પણ તે તો મોકલનારની પહોંચ રૂપે વંચાય છે. એમાં આપણને દેખાદેખીનો ઉભરો શા માટે આવવો જોઇએ?

**ભાઇઃ** સામાન્ય સાંભળનાર માણસને દેખાદેખીનો ઉભરો આવે તેટલા માટે તો વંચાય છે. મોકલનારને પ્હોંચ શું એવી રીતેજ પ્હોંચાડાતી હશે?

**બ્હેનઃ** જો કે તે ખરી વાત છે. યુવાનો કાંઇક નવું શોધી રહ્યા છે એવું હું સાંભળતી આવી છું. આપણે તે વિષેની ચર્ચા જરૂર કરશું. પણ હાલ તો મને રૂહાનીની હૈયાતીનો ખુલાસો આપો કે જેથી કરી કુદરતના દરબારની મને માહીતી રહે.

**ભાઇઃ** કુદરતને વળી દરબાર હોય? કુદરતને ને દરબાર જેવી વસ્તુને લાગે વળગેજ શું?

**બ્હેનઃ** મરણ પછી આપણે ખુદાના દરબારમાં જવાબ આપવાનો છે તે શું ખોટું છે? "જાગૃતિ" ના ત્રીજા અંકમાં આવેલું કે "ખુદાના દરબારમાં એકલાં પાપ પુન્યજ સાથે લઇ જવાના છે." તો જરૂર એવું કાંઇ પણ હોવું જોઇએ કે જ્યાં આપણી જવાબદારી માટે આપણે ઉભવાનું સ્થાન હોય.

**ભાઇઃ** એવા રાંકા દિલાસાનો ખરેખર બ્હેન, મને તો કાંઇ અર્થજ નથી સમજાતો. ખુદા, ખુદાનો દરબાર, પાપ ને પુન્ય અને એના જેવુંજ બીજું બધું સ્વર્ગ, નર્ક, વિગેરે પુરાણા પુજારીના હાઉજ છે. એનો ખરો અર્થ ખરી રીતે કોઇ સમજતુંજ નથી. ખુદા જો સર્વશક્તિમાન હોય તો શું માણસના મર્યા પછીજ જવાબ માગી શકે છે ને જીવતાં નથી માગી શકતો? તો પછી તે સર્વશક્તિમાનજ ન હોઇ શકે!

**બ્હેનઃ** પણ મુદ્દાની વાતનો તો હજી આપ નિવેડો ન લાવ્યા.

**ભાઇઃ** રૂહાની હૈયાતી ધરાવેજ છે; વળી તેનો નાશજ નથી. તે ચૈતન્યપૂર્ણ આકૃતિ છે તે ચૈતન્યપૂર્ણ સમુદ્રમાં જીવે છે, એટલે કે હૈયાતી ધરાવે છે. પોતાની હૈયાતી માટે તેને ખોરાક જેવી વસ્તુની ગંધની પણ ઇચ્છા નથી થતી, હોતીજ નથી.

**બ્હેનઃ** હૈયાતી ધરાવનાર ચીજને હૈયાતી ટકાવી રાખનારની જરૂર ન પડે એજ મને તો પુરૂં નથી સમજાતું.

**ભાઇઃ** પૃથ્વી પરનો પાણો તેં જોયો છે.

**બ્હેનઃ** હા.

**ભાઇઃ** પૃથ્વીમાંથી પાણો ઉત્પન્ન થયો છે છતાં પૃથ્વી પરજ જુદો રહી હૈયાતી ધરાવે છે કે નહિ?

**બ્હેનઃ** મારાથી ના કેમ પડાય?

**ભાઇઃ** પાણો પૃથ્વી પર શું કાંઈ ખાઈને હૈયાતી ધરાવે છે?

**બ્હેનઃ** પાણો કાંઈ ખાતો હોય એવું જોવામાં નથી આવતું.

**ભાઈઃ** અને કદાચ પાણો ખાવાનું ઇચ્છે તો શું ખાય?

**બ્હેનઃ** પૃથ્વીની ધુળ.

**ભાઇઃ** તો પછી બ્હેન, ચૈતન્યથી ઘડાયેલી આકૃતિ પોતાની હૈયાતી માટે જો કાંઇ ખાવા ઇચ્છે તો તે ચૈતન્યના સમુદ્રમાંથીજ ખાઇ લ્યે. છતાં ખરી વાત એ છે કે જેમ પૃથ્વી પરનો પાણો કાંઇ પણ ખાધા વગર પૃથ્વી પર હૈયાતી ધરાવે છે તેમ શક્તશાળી ચૈતન્ય રૂપી રૂહાનીને કાંઇ પણ ખોરાકની જરૂરી ન હોવા છતાં હૈયાતી ધરાવેજ છે. (વધુ વળી પછીથી)

# મૂર્ખ વિદ્વાન.

"અલી વહુ, કેટલી વાર તને કહ્યું છે કે ખાનાનો ભાગ કાઢ્યા વગર ચખાય નહિ? નભાય! નપીરી! કોણ જાણે કેવી છે તે વારે ઘડીએ અપશુકન કરે. હેં, મેં તને નથી કીધું કે ખાનાનો ભાગ કાઢ્યા વગર ચખાય નહિ?"

"પણ ફૂઇ, હું તો ચાખી જોઉં છું કે ચોખા ચડયા છે કે નહિ."

"નભાય! છપરપગી! તારી સાથે માથાં કુટી કુટીને તે હવે થાકી. આના કરતાં છોકરો વાંઢો શું ખોટો હતો? તારી માયે પણ કોઇ કુવડ લાગે છે. ખાનાનો ભાગ કાઢ્યા વગર ચખાયયે નહિ એમ તને નથી શીખડાવ્યું ને?"

ચોખા રાંધતી વહુએ ચોખા ચાખ્યા ને સાસુ જોઇ ગઇ. ખાનાનો ભાગ કાઢ્યા પહેલાં ચોખા ચાખવાનો મહા અપરાધ કરનાર વહુ ઉપર ગાળોનો વર્ષાદ વર્ષ્યો, ગાલ ઉપર એક ચોંટીયો ભરાણો અને વાંસામાં એક ગડદો પડયો.

"સકીનાબેન કયાં ગયાં? શું કરો છો?"

"જુઓને, આ વહુ સાથે માથાં કુટીએ છીએ. જે દિ'થી આવી છે ત્યારથી કાંઇકને કાંઇક અપશુકન કર્યાંજ કરે છે. આજ ખાનાનો ભાગ કાઢ્યા વગર ચોખા એંઠા કર્યા! ધુઆ પડવામાંય એના બાપને ખોટ બેસે. સવારમાં પહોર દિ' ચડે ત્યાં સુધી સુઇ રહે, સવારે ધુઆ નો પડે. હવે હું તો એનાથી કંટાળી. માર્યે ધમ્યે કોઇ રીતે લાજજ ન મળે."

"હા, બાય! એમ કેમ પોસાય! બધું પરવડે, પણ બાય, ધરમની બાબતમાં આમ ન ચાલે. પણ સકીનાબેન, આજ-કાલની વહુઓ બધી એવી. સાસુને તો ગણકારેજ નહિ. બેન, હું સાચું કહું તો મારી પાસે આમ ન ચાલે. હું તો વહુનેય પુરી પડું એવી છું. તમે ઇ ચલાવી લ્યો." બેસવા આવેલા ખતીજા-બાઇએ ટેકો પુરાવ્યો.

કાઠીયાવાડના એક મોટા શહેરમાં અલાદીનભાઇ કરીને એક ઇસ્માઇલી ખોજા વકીલ રહેતા. ગામ તેમને માત્ર એક વકીલ છે અને ગામમાં રહે છે એટલાજ જ્ઞાનથી ઓળખતું. તેઓ કોઇ જાહેર પ્રવૃત્તિમાં ભાગ લેતા નહિ, તેમજ કોઇ દિવસ કોઇ પણ પ્રશ્ન માટે કાંઇ અભિપ્રાય ઉચ્ચારતા નહિ. આગાખાની ટોળામાં હોવા છતાં તે કદી ખાને જતા નહિ, તેમજ પોતાની અંધશ્રદ્ધાળુ પત્નીની તે વિષે તે કદી આડે આવતા નહિ અને કાંઇ પુછતા નહિ. અલાદીનભાઇ ફકત ઘરેથી કોર્ટમાં અને કોર્ટથી ઘરે જતા આવતા અને સાંજે જરા ફરવા જતા. આ શિવાય તેમને બીજી કોઇ પ્રવૃત્તિ હતી નહિ. તેમને કોઇ મિત્ર ન્હોતા. તેઓ પોતાના વકીલાતના ધંધામાં બાહોશ ગણાતા અને તેને અંગે તેમને એ ધંધામાંથી ખુબ ધનપ્રાપ્તિ થતી.

અલાદીનભાઇને સંતાનમાં બે દીકરા અને એક દીકરી. દીકરી સૌથી મોટી. ચાલુ રૂઢી પ્રમાણે ન્હાનપણથી નિશાળે મોકલવી શરૂ કરી. અલાદીનભાઇ સંતાનોને ભણાવવામાં કે કેળવણી આપવામાં જરા પણ રસ લેતા નહિ, આમ છતાં દીકરી જન્મથીજ કાંઇ પાણીવાળી એટલે બાપની ઉદાસીનતા તેના અભ્યાસ આડે આવી શકી નહિ, અને તે જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ આગળ વધતી ગઇ. પંદર વર્ષની ઉંમરે તેણે સાત ગુજરાતી ધોરણ પુરાં કર્યાં અને કેટલાંય ઇનામો મેળવ્યાં. નિબંધ લખવામાં પણ પહેલું ઇનામ તેને મળ્યું. સારાં સારાં પુસ્તકોના વાંચનની તે રસીયણ બની હતી અને તેથી સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કેળવાયેલી યુવતિઓના સહવાસ અને મૈત્રીથી તે એક સંસ્કારી બાળા બની.

બીજી બધી બાબતોમાં સંપૂર્ણ અજ્ઞાન માતાને એક વાતનું જ્ઞાન જરૂર હતું. પુત્રી પંદર વર્ષની થઇ એટલે તેને પરણાવી દેવાની તે ઉતાવળ કરવા લાગી. વકીલ સાહેબ પુત્રી માટે સારો વર ઘર મેળવવાની વેતરણમા પડયા. કાઠીયાવાડના મૂળ વતની પણ આઠ દશ વર્ષથી મુંબઇ રહેતા એક ધનાઢ્ય વેપારીના પુત્ર સાથે વકીલે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં. અલાદીનભાઇને સારો પૈસાદાર સગો મળવાથી ખુબ સંતોષ થયો.

પ્રથમ આર્થિક સંકડામણને કારણે મુંબઇ આવી નાનો સુનો વેપાર શરૂ કરી છેવટે મોટા પાયા ઉપર વેપાર ખેડતા અભરામભાઇનાં માતાપિતા પુરા અંધશ્રદ્ધાળુ હતા અને તેથી તેમના સંસ્કાર તેના પોતામાં પણ ઉતર્યાં હતા. અભરામભાઇ થોડું કમાતા ત્યારથીજ કમાણીનો આઠમો ભાગ, દશોંદ, વિગેરે પુષ્કળ પૈસા ખાનામાં નાખતા. એટલે આગલા સંસ્કારોની પુરવણીમાં આજે તેને એવી શ્રદ્ધા બેસી ગઇ હતી કે તેના ઉપર નકલંકી અવતારની કૃપા વરસતી હતી અને તેથીજ તે આટલા પૈસાવાળા થયા હતા. અભરામભાઇ એક લાખ રૂપીયાની આસામી ગણાતા અને સુપ્રીમ કાઉન્સીલના મેમ્બર હતા. અલા-દીનભાઇ માટે પૈસા અને પ્રતિષ્ઠા એ બે પોતાની પુત્રી દઇ દેવા માટે પુરતાં આકર્ષણ હતાં.

કેળવાયેલી કન્યા દીકરી મટી વહુ બની અને સાસરે આવી. કેળવણીના સંસ્કારે તેનું હૃદય અંધશ્રદ્ધાની જાળમાં સપડાયું હતું નહિ અને તેથી તેને ખાના ઉપર જરા પણ શ્રદ્ધા નહોતી. ધુવા પડવાની કે ખાને જવાની તેને ટેવ ન્હોતી. આમ છતાં તેના માતાપિતા કે જેનું બીજું નામ નશીબ કહેવામાં આવે છે તે તેને ચુસ્ત અને અંધશ્રદ્ધાળુ આગાખાનીને ત્યાં ઢસડી ગયાં. હંમેશાં સવારમાં ચાર વાગ્યે સાસુ જગાડે ને ખાને ઉપાડી જાય. સાંજે ખાને લઇ જાય તે રાતના નવ દશ વાગ્યે આરો આવે. વહુએ મોટું કામ કરાવેલું નહિ, એટલે સાસરે આવ-તાંની સાથેજ તેના માટે રૂા. ૫૦૦)નું એક મોટું કામ ખરી-દવામાં આવ્યું. રાત્રે ખાનેથી મોડા આવી ખાઇ પી કામકાજ કરી મોડા સુવા પામવું અને સવારે ખાને જવા વહેલું ઉઠવું. અશ્રદ્ધાળુ વહુને આ બહુ વસમું થઇ પડયું.

પહેલે દિવસેજ ધુવા વખતે વહુને ઉંઘ આવી પડી ત્યારથીજ સાસુ પપડવા માંડી હતી. આમ હમેશાં થતું હોવાથી સાસુનો પીત્તો હાથથી જવા લાગ્યો. આમ છતાં વહુની ટેવ બદલાણી નહિ. આ ટેવ સાસુને બહુ અપશુકનવાળી લાગતી અને તેથી

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૦૩ )

# સપ્તાહનો સાર.

**સ્વ વિઠ્ઠલભાઇના મૃતદેહને અગ્નિદાહ :** સ્વ. વિઠ્ઠલભાઇ પટેલના મૃતદેહને ગઈ તા. ૯ના રોજ સ્ટી.''નારકુંડા'' ઉપરથી મુંબઈ ઉતારવામાં આવ્યો હતો. વળતે દિવસે શબપેટીને આખા શહેરમાં સરઘસ રૂપે ફેરવવામાં આવી હતી. મુંબઇ શહેર તથા પરાંઓના માણસો મળી સાત લાખના માનવ મહાસાગરે સ્વર્ગસ્થને માન આપવા સરઘસમાં ભાગ લીધો હતો. વ્યવસ્થા જાળવવા માટે ૪૦૦૦ સ્વયંસેવકો રોકવામાં આવ્યા હતા. શુક્રવાર આખો દિવસ સોનાપુરમાં તેમનું શબ દર્શનાર્થે ખુલ્લું રાખવામાં આવ્યું હતું અને સાંજે અત્યંત માનપૂર્વક શબને અગ્નિદાહ આપવામાં આવ્યો. મુંબઈ શહેરમાં શોકદીન પાળી હડતાળ પાડવામાં આવી હતી. સ્વ. લોકમાન્ય તિલક પછી આટલું માન મેળવનાર સ્વ. વિઠ્ઠલભાઈ પહેલાજ છે.

**સરદાર વલ્લભભાઇની ના :** સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના મૃતદેહને અગ્નિ–સંસ્કાર આપવામાં તેમના ભાઈ સરદાર વલ્લભભાઇ પટેલ ( કોંગ્રેસના પ્રમુખ ) ભાગ લઈ શકે તે માટે તેમને છોડી મુકવા સરકાર ઉપર લાગતા વળગતા તરફથી દબાણ લાવવામાં આવ્યું હતું તેના જવાબમાં સરકારે સરદાર આગળ એવી શરતો રજુ કરી હતી કે જો તેઓ પોતાના છુટકારાના સમય દરમ્યાન રાજ્યદ્વારી ભાષણો ન આપે અને મુદત પુરી થતાં પકડાવા માટે હાજર થાય તો સરકાર તેમને તા. ૯ થી ૧૧ એ દિવસ મુકત કરે. સ્વાભાવિક રીતેજ સરદારે આવી જાતનો શરતી છુટકારો મેળવવાની સાફ ના પાડી છે.

**પં. જવાહરલાલનાં ભાષણો :** પંડીત જવાહરલાલ નહેરૂએ બનારસ ખાતે તાજેતરમાં ચાર ભાષણો આપ્યાં હતાં. તેમાં આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિ અને હિન્દની સ્થિતિ ઉપર વિવેચન કરી તેમણે સમાજવાદી સરકારની સ્થાપનાની તરફેણ કરી હતી. વધુમાં હિન્દુ મહાસભાના પ્રમુખ ભાઈ પરમાનંદના વર્તન ઉપર તથા હિન્દુ મહાસભાના ઠરાવો ઉપર તેમણે કડક ટીકાઓ કરી જણાવ્યું હતું કે કોઈપણ જાતની કોમી પ્રવૃત્તિ હિન્દુસ્તાનને નુકશાનકર્તા છે.

**શ્રી. બોઅને પકડો ?** વિલાયતમાં પાર્લામેન્ટમાં સવાલ જવાબ વખતે એક સભ્યે હિંદી વઝીરને એવો પ્રશ્ન કર્યો હતો કે સુભાષ બોઝ હિંદ પાછા ફરે ત્યારે તેમની ધરપકડ કરવા હિંદી સરકારને સૂચના આપવામાં આવી છે કે નહિ ? જવાબમાં હિંદી વઝીરે એવું જણાવ્યું હતું કે હિન્દી સરકારને એ બાબતમાં પુરતી સત્તા છેજ.

**ડૉ. જીવરાજ મહેતાનો છુટકારો :** મુંબઇના જાણીતા ડૉકટર જીવરાજ મહેતા એ વર્ષની સજાની મુદત પુરી કરી બીજાપુર જેલમાંથી છુટયા છે.

**કાઠીયાવાડ પ્રજા સંમેલન :** ગઇ તા. ૫ તથા ૬ ના રોજ અમરેલી ખાતે કાઠીયાવાડના જાણીતા રાજ્યદ્વારી કાર્યકર્તાઓનું એક સંમેલન પ્રો. અભ્યંકરના પ્રમુખપદે મળ્યું હતું. બીકાનેર કાવત્રાં કેસમાં ઇન્સાફ આપવા, સમુહ તંત્રને વખોડી કાઢવા અને રાજસ્થાન રક્ષણના વડી ધારાસભાવાળા ખરડાને ઉડાવી મુકવા ઘટતા ઠરાવો કરવામાં આવ્યા છે.

**હુંડીઆમણની હોળી :** અઢાર પેનીના હુંડીઆમણથી હિન્દના વેપારને ભારે ખોટ સહન કરવી પડે છે. તેમ છતાં વડી ધારાસભાની સીલેકટ કમીટીએ એ દર બરાબર હોવાનું જાહેર કરી તેને કાયમ કર્યો છે.

**સજા કાયમ રહી :** ચીતાગોંગ ધાડ કેસમાં દેહાંત દંડની સજા પામેલા સૂર્યસેન અને તારકેશ્વર દત્તે કલકત્તા હાઇકોર્ટમાં કરેલ અપીલ રદ કરી થયેલ સજા કાયમ રાખવામાં આવીછે. કુ. કલ્પના દતને જન્મ દેશનીકાલની સજા થઇ હતી તે પણ કાયમ રહી છે.

**પ્રાર્થના નહિ સ્વીકારાતાં આપઘાત ?** મુંબઈમાં દલાલ સ્ટ્રીટ આગળ રહેતા એક મગનલાલ મણીલાલ નામના કલાર્કે અફીણ ખાઈ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આપઘાત કરવાનું કારણ એવું જણાવવામાં આવ્યું હતું કે વારંવાર પ્રભુને પ્રાર્થના કરવા છતાં તેની પ્રાર્થના સ્વીકારવામાં આવી હતી નહિ. તાત્કાલીક ઉપાયો લેવાથી તે બચી ગયો છે અને આપઘાત કરવાનો પ્રયત્ન કરવાના આરોપસર પોલીસે તેની ધરપકડ કરી છે.

**મટુભાઇ કાંટાવાળાનું અવસાન :** જાણીતા સાહિત્ય સેવક અને 'સાહિત્ય'' માસીકના તંત્રી શ્રી. મટુભાઇ કાંટાવાળા ગઇ તા. ૧૫ ના રોજ વડોદરા ખાતે અવસાન પામ્યા છે.

**અફઘાનીસ્તાનનો મામલો :** અફઘાનીસ્તાનના રાજા નાદીરશાહનું ખુન થયા પછી તેના દીકરાને રાજા જાહેર કરવામાં આવ્યો છે અને સંપૂર્ણ વ્યવસ્થા અને શાંતિ પ્રસરેલી હોવાનું જણાવવામાં આવે છે. નાદીરશાહના ખુન પછી માજી રાજા અમાનુલ્લાહે મુલાકાત આપતાં જણાવ્યું હતું કે ''નાદીરશાહના જવાથી હું ખુશી થયો છું. પ્રજાની ઇચ્છા હશે તો હું ફરીથી કાબુલ જઇશ.'' જો કે અત્યારે અમાનુલ્લાહખાન ફરીથી ગાદી ઉપર આવી શકે તેવા સંજોગો દેખાતા નથી.

**જર્મન ચુંટણી :** પ્રજા સંઘમાંથી ખસી જવાની હીટલરની સરકારની નીતિ ઉપર લોકમત મેળવવા જર્મન રાજસભા બરખાસ્ત કરવામાં આવી હતી તેની ફરીથી ચુંટણી થતાં હીટલરને ચાર કરોડ મતની મોટી બહુમતીથી ફતેહ મળી છે અને તેના પગલાંને વધાવી લેવામાં આવ્યું છે.

**શસ્ત્રબંધી પરિષદ :** શસ્ત્રબંધી પરિષદનું કામ જર્મની ખસી જવાથી અટકી પડયું છે અને પ્રમુખ મી. આર્થર હેન્ડરસન રાજીનામું આપવાના વિચાર ઉપર આવ્યા છે.

**રશીયા અમેરીકા કરાર :** રશીયાનો પ્રતિનિધિ મેં. લીટવીનોફ અમેરીકાના આમંત્રણથી ન્યુયોર્ક પહોંચી ગયો છે અને પ્રમુખ રૂઝવેલ્ટ સાથે મંત્રણા ચાલુ કરી છે. જો પરસ્પર કરારો થશે તો રશીયા મોટી કલમે અમેરીકાનું રૂ ખરીદશે.

**કયુબામાં અશાંતિ :** કયુબામાં હજી શાંતિ સ્થપાણી નથી અને અવારનવાર હુલ્લડો અને લડાઇઓ થયા કરે છે.

**માલ્ટામાં દમનનીતિ :** માલ્ટામાં ગવર્નરે સર્વ કારોબાર પોતાના હાથમાં લીધો છે અને ઓર્ડીનાન્સથી રાજ ચલાવવામાં આવે છે. વર્તમાનપત્રો ઉપર અંકુશ મુકવામાં આવ્યો છે.

**મ. ગાંધીજીનો પ્રવાસ :** મ. ગાંધીજી નવ માસના લાંબા પ્રવાસે હિન્દુસ્તાન આખામાં ફરવા નીકળ્યા છે. પ્રવાસ દરમ્યાન તેઓ હરિજન ઉદ્ધારનું કાર્ય કરશે.

( અનુસંધાન પાનાં ૩૦૧ થી )

તેને મનમાં બીક લાગતી હતી કે વહુના આવા વર્તનથી તેના ઘરની બધી રીદ્ધી સીદ્ધી ચાલી જશે. વહુને એકેય ધુવા કે ગ્નાન આવડતું નહિ એનો ખટકો પણ સાસુના મનમાં રહ્યા કરતો. સાસુની ધમકીથી વહુએ ગ્નાન ધુવા શીખવાનું શરૂ કર્યું પણ એ કાળજીથી નહિ પણ બીકથી. પરિણામે સાસુ દરરોજ મેણાં મારતી, પપડતી અને કયારેક તો મારતી પણ ખરી.

આમ દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા અને વહુ ઉપરનો ત્રાસ દરરોજ વધવા લાગ્યો. આખા ઘરમાં નાનાથી મોટું સહુ અંધશ્રદ્ધાળુ; એટલે ધરમની વાતમાં આમ સીધી નહિ ચાલનારી વહુનો કોઇ પક્ષ ખેંચે નહિ.

માગશર મહીનાની અજવાળી બીજ હતી. ખાને ભાણું લઇ જવા મીઠા ચોખા વહુ સાસુના હુકમથી રાંધતી હતી. ચોખા કાચા છે કે પાકયા એ જોવા વહુએ બે દાણા મોઢામાં નાખ્યા અને સાસુ ભાળી ગઇ. ભાળતાંની સાથેજ તેણે ગાળોનો વરસાદ વરસાવ્યો.

પણ આ પ્રસંગ આટલેથી બંધ વળ્યો નહિ. સાસુ દિવસે દિવસે વધુ કોપાયમાન થતી જતી હતી. ધુવા મોડી પડવી, મોડા ઉઠવું, બીજ નોમ વિગેરે પરાણે રખાવે ત્યારે રહેવું —આ બધું સાસુને માથાના ઘા સમાન લાગતું હતું. એમાં આજે વહુએ ખાનાનું ભાણું કાઢયા પહેલાં ચોખા ચાખ્યા એ અપરાધ તેને પોતાના દીકરાના ખુન કરતાં મોટો લાગ્યો અને વહુની અવળ-ચંડાઇ માટે તેણે અભરામભાઇને ફરીયાદ કરી. અભરામ જન્મથીજ આંધળો હતો. તેણે સાસરા તરીકે પોતાને ન છાજે તેવા કડવા શબ્દો વહુને સંભળાવ્યા. વહુનો વર અને સાસુનો છોકરો એ પણ એજ જાનના પણ જરાક નાનકડા બીબામાંથી ઉત્પન્ન થયેલું પ્રાણી હતું. માની ભંભેરણીથી એ સદાનો ભરમા-યેલો રહેતો. "બા કહે છે તેમ કરતી નથી તો બીજું શું થાય ?" એ એના તરફનો ફાળો હતો.

નમાલો અને માવડીયો ભરથાર અને અંધશ્રદ્ધાળુ અને ક્રૂર સાસુ સસરાએ ભેગા મળી આ ઉછરતી સંસ્કારી બાળાના જીવનમાં ઝેર ભેળવી દીધું. તેનાથી આ અંત દેખાતો ન્હોતો એવી યાતનાઓ સહન થઇ શકતી ન્હોતી. ચોખા ચાખ્યા તેને વળતેજ દિવસે તેણે પોતાના શરીરને ગ્યાસલેટ છાંટી સળગાવી મૂકયું.

તેની છેલ્લી એક નિશાની-અલાદીન વકીલ પાસે રહી અને તે તેનો મરતાં પહેલાંનો પત્ર હતો. અથથી ઇતી બધી હકીકત તેમાં તેણે વર્ણવી હતી.

અલાદીન વકીલ પોક મુકીને રોયો. ઘડી પહેલાં જે પોતાની પુત્રી માટે સારૂં ઘર વર મેળવવા માટે પોતાને ભાગ્યશાળી માનતો તેને પોતાની ભયંકર ભૂલ દેખાણી.

"અરે પુત્રી, હું તારો બાપ નહિ પણ દુશ્મન બન્યો. પૈસા અને પ્રતિષ્ઠાના મોહમાં મેં તને ખાટકીને ઘેર બાંધી. હું વિદ્વાન આટલો મૂર્ખ હઇશ એ મને ન્હોતી ખબર. મારી એ વિદ્વતામાં ધૂળ પડી અને તારી અનેક અભિલાષાઓનો મેં અકાળે અંત આણ્યો. અરેરે, એક માણસની થોડી બેપરવાઇથી એક ઉગતું ફુલ કરમાઇ ગયું."

પણ આ આક્રંદનો ઉપાય હવે તેના હાથમાં રહ્યો હતો નહિ.

# નામદાર આગાખાન.

## તેમને ભાવનગર પધરાવવા ભાડુતીઓની દોડાદોડી.

ભાવનગરથી એક મિત્ર લખી જણાવે છે કે :—

"ના. આગાખાન ભાવનગર આવવાના છે એવા ભણકારા સંભળાય છે. મીશનરી વરતેજી આંહી હતા ત્યારે કહેલું કે હું ગમે તેમ કરી સાહેબને ભાવનગર લાવવાનો છું. એટલે વરતેજી તથા અલાદીના મામુ ના. આગાખાનને આંહી લાવવા બહુ મહેનત કરી રહ્યા છે. રાજ્યની મદદની જરૂર છે એ સ્વાભાવિક છે. એટલે થોડા દિવસમાં બોટાદવાળા મીશનરી આંહી તે સગવડ કરવા આવવાના છે. જો રાજ્ય પુરતી સગવડ આપે તો તેમના આવવાનો સંભવ ખરો. 'રાજ્ય તરફથી સત્કાર કરવા તૈયારી થઇ રહી છે" એ ખોટું છે."

**સલમાનખાન પણ સાથે.**

અમને એવા પણ ખબર મળ્યા છે કે ના. આગાખાનની સાથે તેમના મોટા દીકરા અલી સલમાનખાન પણ હિન્દની મુસાફરીએ આવનારા છે. બાપુકા ધંધામાં પુરૂં પારાંગત તો થવુંજ જોઇએને !

# વેપાર સમાચાર

( તા. ૧૮-૧૧-૩૩ )

**ઊન :** લીવરપુલમાં ગયા અઠવાડીયામાં ૪૭૪ ગાંસડી વેચાણી છે, અને જોડીયા સફેદનો બજાર મજબુત રહ્યો છે. સ્થાનીક બજારમાં કાંઈ સોદા થયા નથી. ઉંચા જોડીયાનો ભાવ રૂા. ૧૨) મંદા ગણાય. લેવાળી નથી.

**રૂત :** ભરૂચ ૧૮૨. **બકરાના વાળ :** પાા

**અનાજ, વિ. :** ૨) ૨ા ઘઉં. ૨) ૨)= બાજરો જુનો. ૨ાા= ૨)= બાજરો નવો. ૧ા ૧ાા ૧ાાા જુવાર. ૧ા ૧ાા ચણા દેશી. ૧ાા ૧ાા– ચણા પરદેશી. ૦ાા= ૦ાા≡ કમોદ જાડી. ૧)= ૬ા કમોદ જીણી. ૧ા ૧ાા– મેથી. ૨ા≡ ૨ાા– તલ. ૧ાા– એરંડી જીણી. ૧ાા– એરંડી જાડી. ૧ાા ૧ાાા મગ દેશી. ૨ાા મગ ચીનાઇ. ૧ાા અડદ. ૧ા– ૧ા= મગફળી જીણી નવી. ૧ા ૧ા– મગફળી જાડી નવી. ૧ાાા– ૨ાા. ૨ા= શીંગદાણા હાથફોલ નવા.

**પરચુરણ :** ૩ાા ૪) ગોળ દેશી નવો. ૧ાા ૨ાા ગોળ દેશી જુનો. પાા પાાા≡ કપાશીયા માળવો. ૬ાા= ૬ાાા કપાશીયા વારાડી નવા. ૬) કપાશીયા વારાડી જુના. ૪)≡ ખાંડ પરદેશનાને, ૪ાા= ખાંડ રાજકોટ શહેર, ૪) ખાંડ સદર. ૧૦) ૧૦ા સોપારી જુની. ૯) ૧૧) ગદબનું બી.

**ઘી :** ૨૦ાા ૨૨ાા મુંબઇ પરખ, ૧૬) ૧૭) તાજો રસ.

**તેલ :** પાા તલનું, ૩ાા– શીંગનું. ૫)≡ ખોપરેલ પીપનું, પાા ડબાનું. ૩)=ાા ગ્યાસલેટ સફેદ હાથી, ૨ાા= સફેદ રશીયન પીપનું.

**સાબુ :** હૈદરી નાની સાઇઝ ૪ા મોટી સાઇઝ પા.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૩૭.**

"ધર્મોના મતભેદને લીધે સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા માટે આપણા સ્વધર્મીઓને ફરમાવવામાં આવે છે કે આપણા સ્વધર્મીઓએ ધર્મ બદલનાર તરફથી શાદી તેમજ ગમીના પ્રસંગોએ આમંત્રણ સ્વીકારવાં નહિ. તેમજ તેઓને આમંત્રણ કરવાં નહિ. કોઇ શખ્સ આ ફરમાનથી વિરૂદ્ધ વર્તશે તો તેને કાઉન્સીલ તરફથી શિક્ષા કરવામાં આવશે."

શાદી ગમીના પ્રસંગે એક બીજાએ આમંત્રણ આપવું કે સ્વીકારવું એ પરસ્પર સ્નેહ અને મહોબ્બતની નીશાની છે. જે ક્રિયાનું મૂળ કારણજ સ્નેહ કે મહોબ્બત હોય તે ક્રિયા કરવાથી શાંતિ કે સુલેહનો ભંગ થશે એમ કહેવું એ નરી બેવકુફી છે. શાંતિના બ્હાના નીચે ભાઇભાઇમાં કડવાશ અને વૈર પેદા કરવાનોજ આ કલમનો હેતુ છે. આ અને આગળ બતાવેલા કારણોસર આ કલમને બંધારણમાંથી રદ કરવી જોઇએ.

**કલમ ૧૩૮**

લગ્ન વખતે ધર્મ બદલનાર તરફથી ભેટ સ્વીકારવાની મનાઇ કરનારી છે.

ધિક્કારી કાઢવા જેવી.

**કલમ ૧૩૯**

ધર્મ બદલનારના બહાર ગામ થયેલા મરણ વખતે સાદરી નાખવાની કે રાંધેલો ખોરાક જમાતખાને લઇ જવાની ના ફરમાવનારી છે.

ધુતકારી કાઢવા જેવી.

**કલમ ૧૪૦**

ઇસ્માઇલી અને ધર્મ બદલનાર (ઇશનાઅશરી) એ બે વર્ગની કોઇ સભામાં ભાગ નહિ લેવાનું જણાવનારી છે.

વખોડી કાઢવા જેવી.

**કલમ ૧૪૧**

ઇસ્લામી ધર્મના ન હોય તેવા કોઇ ધર્મના કાર્યાધ્યક્ષો સાથે કોઇ જાતનો સંબંધ રાખવાની તથા મંત્રના દોરા, ધાગા તથા તાવીજ કરાવવાની મનાઇ કરનારી છે.

ધાર્મિક પ્રશ્નને કોમના બંધારણમાં સામેલ કરી શકાય નહિ. એ દરજ્જે આ કલમ રદ થવાને પાત્ર છે.

ઇસ્માઇલી ધર્મની ચાર દિવાલોમાં કોમના પ્રત્યેક સ્ત્રીપુરૂષની બુદ્ધિને કેદ કરવાનો આ કલમના પહેલા ભાગમાં પ્રયાસ કરવામાં આવ્યો છે અને તેથી અન્ય ધર્મના કોઇ અનુયાયી સાથે ધાર્મિક બાબતોમાં કાંઇ પણ સંબંધ રાખવાની ના ફરમાવવામાં આવે છે.

પાછળનો ભાગ દોરા, ધાગા કે તાવીજ અન્ય ધર્મના અનુયાયીઓ પાસે નહિ કરાવવા સૂચવે છે. હકીકતે એવા દોરા, ધાગા કે તાવીજ કરી આપવા એ ખુલ્લી ઠગાઇ છે અને તે કરાવનાર પૈસા આપી બેવકુફ બને છે. આવી બેવકુફી પોતાના ધર્મના કાર્યાધ્યક્ષો પાસે બતાવવી અને બીજા ધર્મના પાસે નહિ એવો ભેદ હોઇ શકે નહિ. જ્યાં જ્યાં એ આચરવામાં આવે ત્યાં ત્યાં એ સીધી અને સ્પષ્ટ બેવકુફી ઠરે છે.

**કલમ ૧૪૨.**

"કોઇ ઇસ્માઇલી અને ઇસ્માઇલી ન હોય તેવાં સગાંઓ એકજ મકાનમાં એક સાથે રહેતા હોય અને તેઓમાંથી ઇસ્માઇલીનું મરણ થાય તો તેની લાશ ઇસ્માઇલીએજ દફનાવવા લઇ જવી, પણ ઇસ્માઇલી ન હોય તેઓએ તે ક્રિયાઓમાં કાંઇ પણ ભાગ લેવામાંથી અલગ રહેવું. સાદરી નાખવા સંબંધમાં જો "જીયારત"ની ક્રિયા સુધી ઇસ્માઇલી ન હોય તેઓ તે ઘર છોડી જાય તોજ તે મકાનમાં સાદરી નાખવી; નહિતર તે ક્રિયા કાઉન્સીલ અગર મુખી અને કામડીયા પસંદ કરે તેવા અન્ય સ્થળે કરવી."

ધર્મની પાછળ ઘેલા થનાર માણસો કેટલી હદ સુધી ભાન ભૂલે છે એનું આ એક સચોટ ઉદાહરણ છે. આ કલમ ધર્મના તૂતને આડું ધરી એક સગાંને બીજા સગાંના મૃત્યુ વખતે પણ પરસ્પર સહાય આપવાની ના પાડે છે. ઇસ્માઇલી ન હોય તેઓએ આ રીતે વર્તવું અને તે રીતે વર્તવું એવું અધિકારી માનસ અને વર્તન બતાવનારને મોટામાં મોટો મૂર્ખ ગણવો કે ઘમંડી? જે ઇસ્માઇલી નથી તેના ઉપર આ કાઉન્સીલની કે તેના સ્થાપનારની કાંઇ સત્તા ચાલતી નથી કે જેથી કોઇ જાતનો હુકમ તેને તે આપી શકે. સાદરી નાખવા સંબંધે પણ કાઉન્સીલની કે તેની નોકરશાહીની પરવાનગી લેવી કે તેના હુકમ મુજબ ચાલવું એ ધોરણ અત્યંત જુલ્મી છે.

**કલમ ૧૪૩.**

"કોઇ ઇસ્માઇલી મુરીદ કાઠીયાવાડ છોડી બીજા શહેર અગર મુલકમાં જાય ત્યારે તેણે પોતાના સ્થળની કાઉન્સીલ પાસેથી પોતે ઇસ્માઇલી હોવાનું સર્ટીફીકેટ પત્ર મેળવવું, અને તે જે જગ્યાએ જાય તે જગ્યાના મુખી તથા કામડીયાએ તે સર્ટીફીકેટ સ્વીકારવું. તેજ પ્રમાણે જો કોઇ મુરીદ બીજા સ્થળેથી કાઠીયાવાડમાં આવે તો તેને પોતે ઇસ્માઇલી હોવાનું પોતાની કાઉન્સીલનું સર્ટીફીકેટ રજુ કરવા કહેવું. એવું સર્ટીફીકેટ જો રજુ કરવામાં ન આવે તો તે શખ્સને ઇસ્માઇલી તરીકે ગણવામાં આવશે નહિ; એટલે શાદી અગર ગમીના પ્રસંગોએ અગર કોઇ ધાર્મિક ક્રિયાઓમાં તેને ભાગ લેવા દેવામાં આવશે નહિ, તેમજ શાદી અગર ગમીના કાર્યો ઉકેલવા માટે તેવા શખ્સને પરવાનગી આપવામાં આવશે નહિ."

કોમ ઉપર બળજબરીથી ઠોકી બેસારવામાં આવેલી આ કાઉન્સીલ અને તેના કાયદાએ કોમના જન્મસિધ્ધ પ્રાથમિક અધિકારો ઉપર પેશકદમી કરી છે, સામાજિક અને ધાર્મિક વિષયોમાં જોહાકી ચલાવી તેને પારકી દયા ઉપર નભતા ગુલામોની કોટીમાં મુકી છે અને તેનું ધન વગર અટકાવે વ્યવસ્થિત ધાડ પાડી લુંટયું છે. એટલુંજ બસ નથી; પણ તેના ઉપર કોઇ

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૯૯ )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

ઉંધા પાટા. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૩૯ : નવેમ્બર ૨૮ : ૧૯૩૩
સંવત ૧૯૯૦ ના માગશર શુદ ૧૨ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## ભીરૂ.

[ ઝુલણાં. ]

‘ ધરા પર માહરે કોઇ શત્રુ નથી ’
કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્ય-સંગ્રામના જંગમાં
લાખ શત્રુને રકતે નિતરતા.

તું રિપુહીન હોવાની શેખી ન કર !
બંધુ, નિર્વીર્ય એ દર્પ ગાવે;
બહાદૂરો સત્યને કાજ નિર્મર્મ બની
મિત્રની શત્રુતા યે વધાવે.

દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી,
તેં નથી મિત્ર, શું ઘાવ દીધા ?
જુઠડી જીભ પરથી અમી-કટોરા
તેં નથી મિત્ર, શું ધૂળ કીધા ?

ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં
બંધુ, શું ખડગ્ લૈ તું ન ધાયો ?
સત્યના સ્વાંગ પે'રી ઉભું જુઠ ત્યાં
લડીને મિત્ર, શું નવ ઘવાયો ?

સૌમ્ય તું ! ભલો તું ! સંત ભદ્રિક તું !
ભાઇ, એ છે બધી તારી ભ્રમણા;
રંક તું, દીન તું, ભીરૂ કંગાલ તું,
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના.

—શ્રી. મેઘાણી.

## કુદરતનો કાનુન કયો ?

“કુદરતનો કાનુન શો છે ?

મારી અને મારા કુટુમ્બ–પરિવારની સલામતી, મારાં સુખવિનોદ અને વિલાસવૈભવ હજારો માણસોનાં દુઃખ-યાતનાઓ અને કંગાલિયતના બદલામાં મને સાંપડે છે.

મારૂં આ બધું સુખ ફાંસીના ભયથી, કારાવાસી હજારો માનવીઓના પીડનથી, કુટુમ્બથી દૂર ફેંકાયેલા અને શિસ્તથી જકડાયેલા એવા લાખ્ખો સિપાહીઓએ ઉપજાવેલા ત્રાસથી, ક્ષુધાર્તો અમારા ચમનમાં અંતરાય ન નાંખે એટલા માટે ભરેલી રીવોલ્વરો લઇને સદા ચોકી કરતા આ સંસ્કૃતિના લાખ્ખો રક્ષપાલોની ચોકીદારીથી, સુરક્ષિત બને છે.

મારી આ બધી વિપુલતા શકય બનાવવાને હજારોને સાધનહીન રહેવું પડે છે, મારા અને મારા પરિવારના મુખમાં હું જે મિષ્ટાન મૂકું છું, તેનો પ્રત્યેક કણ હજારોની લુખ્ખી રોટી ઝુંટાવીને મેળવાય છે.

આ બધું જાણવું, આ બધું સમજવું અને છતાં આ બધું આચરવું એ શું કુદરતનો કાનુન છે ?

—કે હું રોટી આરોગતો હોઉં ત્યારે કોઇ માનવ રોટી વિનાનો નથી રહેતો એ ખાત્રી કરવી, અન્ય કોઇ રોટી વિનાનું ન રહે ત્યારેજ મારા હિસ્સાનો રોટીનો ટુકડો હું સ્વીકારૂં એ નિયમનું પાલન કરવું, એ કુદરતનો કાનુન છે ?”

મહાત્મા ટોલ્સટોય.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૮-૧૧-૩૩.

## ઉંધા પાટા.

હમણાં મિજલસની મોશમ ઉઘડી છે. ગણોદ અને બડોદર ખાતે નિયમ મુજબ વાર્ષિક મેળા ભરાઇ ગયા. વાંચક વર્ગના હાથમાં આ લેખ આવશે ત્યારે અમદાવાદના મેળાની શરૂઆત થઇ ચુકી હશે, અને એની સમાપ્તિ સાથેજ રાજ સીતાપુરની વાર્ષિક મિજલસ ચાલુ થશે. હર સાલ ઠેકઠેકાણે આવી કેટલીયે મિજલસો અને કેટલાય મેળા ભરવામાં આવે છે અને એ બધાની પાછળ વ્યવસ્થિત હેતુ સમાયેલો છે.

મિજલસોની ઉત્પત્તિ અને તેનો ઇતિહાસ ભલે કોઇ આલીજહાં સાહેબ ગર્વભર્યા શબ્દોમાં આલેખે, પણ એટલી વાત તો ચોકકસ છે કે આ મિજલસની પ્રથા ધર્મ-કલહમાંથી ઉત્પન્ન થઇ છે અને આજ દિન સુધી તેનો ધર્માન્ધતા વધારવાના એક સબળ સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે અને હજી કરવામાં આવે છે.

મિજલસ એટલે મીશનરીનું પ્લેટફોર્મ. નામીચા થયેલા મીશનરીઓને દરેક મિજલસ મેળામાં બોલાવવામાં આવે, અને એકઠી થયેલી સ્ત્રીઓ અને પુરૂષો સમક્ષ મિશનરી ભાષણ કરે. મીશનરી એટલે દર મહીને મોટો પગાર લઇને કામ કરનાર ભાડુતી અને તેની મુખ્ય ફરજ લોકોને વધુને વધુ ધર્માન્ધ બનાવવા, ઇસ્માઇલી ધર્મને સર્વ ધર્મથી શ્રેષ્ટ ઠરાવી સાતમે આસમાન ચડાવી દેવો અને એ ભૂમિકા તૈયાર થયા પછી મોક્ષ મેળવવા માટે પોતાના શેઠ ના. આગાખાનને ગુરૂ, પીર, ઇમામ, અવતાર અને ખુદા ગણી તેને બની શકે તેટલે રસ્તે બની શકે તેટલા પૈસા આપવાનું સમજાવવું. મતલબ, મિજલસ એટલે માની લીધેલા ખુદા પાસેથી કલ્પી લીધેલું મોક્ષ સુખ વધુમાં વધુ પૈસા દઇને ખરીદવાનું સમજાવનારી, ઠસાવનારી એક યુકિતપૂર્વક ચલાવવામાં આવતી સંસ્થા. મિજલસનું સત્ય સ્વરૂપ આ છે.

મિજલસો માટે જનતામાં આકર્ષણ ઉત્પન્ન કરવા તેને કેટલાક બાહ્ય રંગે રંગવામાં આવે છે. પહેલા અને મુખ્ય આકર્ષણ તરીકે મિજલસમાં આવનાર તમામ સ્ત્રી પુરૂષોને ખાવાપીવા તથા રહેવાની સગવડ મફત આપવામાં આવે છે. આ વસ્તુ ઉપરથી ભલે નજીવી અને મહત્વ વગરની લાગતી હોય, તો પણ સામાન્ય જનસમૂહ કે જેનો મોટો ભાગ નિરક્ષર છે તેને માથે આની બહુજ ઉંડી અસર થાય છે. આગળના વખતમાં કોઇનું કારજ થતું હોય ત્યારે ઘરડાં બુઢ્ઢાં અને બાલ બચ્ચાં પચીશ પચીશ ને ત્રીશ ત્રીશ ગાઉની ગાડાની મુસાફરીની હાડમારી વેઠીને પણ એ કારજ ખાવા જતાં એ હકીકત સામાન્ય જનતાના આ માનસ ઉપર સારો પ્રકાશ ફેંકે છે. બીજું મુખ્ય આકર્ષણ હમણાં ઉભું કરવામાં આવ્યું છે ઉંડા ભણાવવાનું. દરરોજ લોકોની આર્થિક સ્થિતિ બગડતી જાય છે એટલે ‘ કરકસર ’ શબ્દ સૌને વ્હાલો થઇ પડે એ દેખીતું છે. આપણને આ કરકસરની ફીલસુફી સમજાવી એમ કહેવામાં આવે છે કે ઘરે માંડીને (એટલે માંડવો નાખીને, ચાલુ રીત મુજબ) લગ્ન કરવાથી ખુબ ખર્ચ થાય છે એ બચાવવા મિજલસમાં આવી ત્યાં લગ્ન કરવા કે જેથી કન્યાના બાપને જાનને જમાડવાનું ખર્ચ નહિ. આ પધ્ધતિના સમર્થનમાં જાજા માણસો જાનમાં લઇ જવાની જુની રૂઢીને ઢીલી કરી ‘ મિજલસમાં તો થોડા માણસો હોય તો પણ ચાલે ’ એમ સમજાવવામાં આવે છે. આ મીઠી મીઠી દલીલો પાછળ રહેલો સ્વાર્થી હેતુ કોઇ સમજી શકતું નથી અને તેથી એને અંતઃકરણપૂર્વકની અને આપણાજ લાભની ગણી લેવામાં લગભગ બધા ભૂલ ખાય છે. મિજલસમાં જો જાનમાં થોડા માણસો લઇ જઇ શકાય તો ઘરે લગ્ન કરવામાં શા માટે ન લઇ જવાય ? વરનો બાપ જેટલા માણસ મિજલસમાં તેડી જાય તેટલાજ માણસ તે પોતાના વ્હેવાઇને ઘરે તેડી જાય તેમાં કશોય વાંધો હોઇ શકે નહિ. કરકસરનો મુખ્ય ઉદ્દેશ મિજલસમાં લઇ જઇ શકાય તેટલાજ માણસ વ્હેવાઇને ઘરે લઇ જવાથી બરાબર બર આવે છે. આ બે વચ્ચે કશો તફાવત નથી, તેમજ તેમાં ખર્ચનો જરાયે બચાવ નથી. ઉલટું ઘરે લગ્ન કરવામાં વર અને કન્યા પક્ષ એ બેમાં એક વરપક્ષનેજ મુસાફરીનું ખર્ચ અને હાડમારી વેઠવાની હોય છે; જ્યારે મિજલસમાં બન્ને પક્ષને તે જે ગામ મિજલસ હોય ત્યાં જવા કરવું પડે છે. આમાં કોઇ પણ ઠેકાણે કરકસર થતીજ નથી. છતાં વારંવાર આપણને એમજ ઉંધું સમજાવવામાં આવે છે

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૧૧ ).

# આહ્‌વાહન!

કરનારઃ "ભગત"

[ ખોજા સુધારક સંઘે ના. આગાખાનને તાર કર્યો, અને આપણા જુના વારસ સાહેબના પ્રમુખપદે અમદાવાદમાં એક વિરોધ સભા ભરાણી અને નામદારના આગમનને હર્ષપૂર્વક વધાવી લેવામાં આવ્યું. ખોજા સુધારક સંઘ તો પોતાની વાત મુકે એવા નથી; પણ અમદાવાદની એ સભા પછી 'જાગૃતિ' ના ખાસ લેખક રા. ભગતનો વિચાર-પલટો થયો છે અને ના. આગાખાનનું આગમન ઇચ્છતો આ લેખ તેમણે અમને મોકલાવી દીધો છે. ]

તમે ભલે આવો હે, નાથ! તમે નહિ આવો તો અમારી આ આંધળાને પણ અગમ્ય નથી એવી મૂર્ખાઇઓનું પ્રદર્શન શે થશે? હે, તાત! તમે અમારા પરલોકના તારણહાર છો. એટલા માટે તમે શ્યામળા છો. અમે પણ બાળ-હત્યારા કહેવાતા હોઈને કુડાં કલંકે શામળા છીએ. આપણા એ વિષમ-ઐક્યની પ્રતીતિ થવા દેવા માટે તમે જરૂર આવો હે, શ્યામળ!

× × ×

તમે હિંમત રાખો હે, બળશાળી! સુધારક સંઘના પ્રમુખશ્રીએ આપને અપરિગ્રહ કરવા વિનવ્યા છે; પણ આપશ્રી ભય ધરશો નહિ કદાચ આપને એમજ કરવું પડે તો પણ અમારી પરલોકમાં શું ગતિ થશે એ વિચારે આપના હૃદયને વ્યથિત થવા દેશો નહિ. કારણ કે આપના દર્શન માટે દોડાદોડી કરનારા અમે આપના મેળામાં આવીને તાઢ અને પ્રવાસના થાકથીજ એટલા બધા દુઃખી થઇ જઇએ છીએ કે અમારી એકોતેર આગલી અને પિંચોતેર પાછલી પેઢીઓને વિષે પણ પછી ચિન્તા કરવાને કારણ રહેતું નથી હે, તારકદેવ! તમે ભુતેશ્વર છો, અમે ભુત, ઉંધે પગે ચાલનારા, છીએ. અમારૂં પરિત્રાણ કરવા તમે જરૂર આવો હે, સ્વામીન્!

× × ×

અત્યારેજ આવો હે, ભગવન્! હજુ પ્રાગડ ફુટી નથી. આપની લીલા તો અંધારામાં ઓપે છે. અને હવે તો બુદ્ધિમાન માનવીઓએ આપની સામે "જાગૃતિ" રૂપી પ્રકાશ પાથરવાનું શરૂ કર્યું છે; અને એ કાતિલ બત્તીને અજવાળે આપનો વેપાર ભાંગી જવાનો ભય ઉભો થયો છે. માટે હે, ચાણક્ય વિક્રેતા! તમે મહેશ છો, અમે મહિષ છીએ. આવી તક પછી સાંપડશે નહિ. હે, તારણહાર! સ્થિતિની મજબુતી તુટી નથી ત્યાંજ આવવું અગત્યનું છે.

× × ×

તમે જરૂર આવો હે, કૃપાનાથ! અને દુનિયાને જાણવા દીઓ કે આપણે એકજ મગની બે ફાડ છીએ. આપણી વચ્ચે ભેદ પડાવવો નિરર્થક છે. ભલે તમે મોટરો ને મહેલીઓમાં મ્હાલો છો, કોઇકજ નશીબવંતને પ્રાપ્ય એવાં જીવનનાં અલભ્ય અને સર્વોચ્ચ સુખોના શિખર પર વિરાજમાન છો; અમે પતિતાવસ્થાને છેલ્લે પાટલે બેઠેલા હોઇ અમારાજ રકતમાંસમાંથી જેની નિષ્પત્તિ થઇ છે એવા આપના વૈભવોને દૈવી સમૃદ્ધિ માની અધોગતિની ગર્તામાં વધુને વધુ ગબડતા જઇએ છીએ. તેમ છતાં આપણે એક છીએ. હે, દેવ! જેમ દિવસ અને રાત, તિમિર અને પ્રકાશ, સુખ અને દુઃખ, સજળ અને નિર્જળ તેમાં પ્રમાણના ઓછાવત્તાપણા શિવાય તાત્વિક દ્રષ્ટિએ કશોએ ભેદ નથી તેમ આપણે પણ એવાં અનેક દ્વંદ્વો માંહેનું એક દ્વંદ્વ છીએ-એકના અભાવે બીજું સંભવે નહિ એવું. અને તેને માલીક અને ગુલામ કહી શકાય. અને તેથી કરીને આપણો ચિરઃ વિયોગ કોઇ કાળે થવા યોગ્ય નથી. તમે દેવ છો, અમે દેવકર છીએ. માટે હે, દયાનીધિ! જેટલું લેવાય એટલું લઇ લેવાને તમારે અવશ્ય આવવું ઘટે.

× × ×

આવે આવે આવી જાઓ, હે, દુર્તબુદ્ધિ! જ્યાં સુધી સ્ત્રીઓમાં આપના પ્રત્યે અશ્રદ્ધા થઇ નથી, હજુ બાળકોના કુમળા મગજ પર આપના નામનું ઝેર રેડવાનું ચાલુ છે ત્યાં સુધી તમારી મનમોજોમાં ક્ષતિ થવાને કોઇ કારણ નથી. હે, કરૂણાસાગર! તમે ગાયક છો, અમે ગાયદ* છીએ. એ સુંદર તકનો લાભ જવા દેશો નહિ.

× × ×

તમારો પ્રવાસ સફળ થાઓ હે, વિશારદ! હજી તમને અમારાજ બંધુ-દ્રોહી આગેવાનો કુહાડાના હાથા થવા મળી રહે છે. તમે તેમને માનચાંદ વડે નવાજતા રહેજો; ભલે તેઓ અમારી વચ્ચે મ્હોટા થઇને મ્હાલે. એના વડે તમે ઉજળા છો. એ લોકો આપનું દુતિકાર્ય કરવા એક પગે થઇ રહ્યા છે. આવો આવો હે. દર્શનદુર્લભ! તમે સમર્થ છો, અમે તમારૂં સામર્થ્ય છીએ. એને એળે જવા દેશો નહિ.

× × ×

તમારા પ્રતિ નિરંતર ખેંચાઇ આવતો ધનધોધ અવિરત ચાલુ રહે એ સ્થિતિ મજબુત કરવા પણ તમારો પ્રવાસ અતિ આવશ્યક છે. હે, દુઃખોત્પાદક! તમે અમારી અછત પ્રતિ નિહાળતા ના. નહિ તો એથી આપના કઠોર હૃદયમાં વખતે દયાનો સંચાર થઇ જવાનો સંભવ છે. આજ સુધીમાં થઇ ગયેલા આપના મુડીમંડિત પુરોગામિઓને પગલે ચાલી અમારામાં ભેદ, વિદ્વેષ વધારતા રહેશો. હે, અમારી પતિતાવસ્થાનું પ્રભવ-સ્થાન! તમે દુઃખનો દરિયો છો, અમે સર્વથી દુઃખી છીએ. એ અમારી કોઠે પડી ગયેલી હાલત 'યાવતચંદ્ર દિવાકર' હો!

× × ×

તમે આવોજ આવો હે, પ્રભાવવંતા! હજુ અમારામાંના કેટલાકને આપના આ પાખંડધર્મ પ્રત્યે અણગમો ઉત્પન થયો હોવા છતાં તેઓ કશોએ ભોગ આપ્યા વિના ઉદ્ધાર ઇચ્છે છે,

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૦૯ )

* ગાય-દ=બળદ.

# મીશનરીની માયના.

લેખક : **શ્રી. હાશમ વાલજી સવાણી.**

" અલામેરીયાં ! આ ગામમાં દેગીયા ખોજા કેટલા ?"

મીશનરી ખાને આવ્યો, પણ ખોજાની ઓછી હાજરી જોઇ પોતાની કિંમત હલકી પડતી દેખી નારાજ થઇ ઉપર પ્રમાણે મુખીને પુછ્યું.

" દેગીયા એટલે શું ?" મુખી મીશનરીની બાતરા સમજ્યો નહિ.

" રાંધવા માટે દેગ ચડે અને ખાવા ભેગા થઇ જાય, મતલબ કે ખાવા બધા આવે, એનું નામ દેગીયા ખોજા. ખોજાઓનાં કેવાં ભાગ્ય છે? પણ ખાને આવીને કાંઇ માયના સાંભળે ત્યારે ને !"

પોતાનું ભાષણ કાંઈ થોડા માણસોમાં થાય નહિ, એટલે મુખીની માગણીને માન ન આપતાં 'આવતી કાલે બધા ખોજાઓને બોલાવજો; પછી મારે બધું સમજાવવું હોય તે સમજાવી દઉં' એમ મીશનરી સાહેબ ઉચ્ચાર્યા.

બીજે દિવસે અનેક કારણોથી દરેક ખોજાનાં દીલમાં ડર પેદા થયો અને લગભગ બધા ખોજા અને ખોજણ્યું વેળાસર ખાનામાં દાખલ થઇ ગયાં.

પગાર ઉપરજ કામ કરનાર મીશનરી જાણે પોતે તારણહાર હોય તેમ જરા મોંઘો થયો અને માયના શરૂ કરી.

ગીનાનની એક કડી બોલવા હુકમ થયો. એક ઉત્સાહ-ઘેલો જુવાન નીચે પ્રમાણે કડી બોલ્યો :—

" રોવે રોવે હિંદુડા, દુજા મુસલમાના,
રોવે બામણ જોશીડા, વાંચન પોથ પુરાણાં;
રોવે મુલાં કાઝડાં જીકો પડણ કુરાના,
રોવે કુડાં સુતી સગ, સચે શા ન સીભાણાં;
રોવે જંદા જોગીડા, જાકો મરન મસાણાં,
રોવે રોવે સંસારી, તે સઘળાં રોવે.
એક ન રોવે જીને શાહ પોર પાયા."

ગીનાન બોલાઇ રહ્યું. મીશનરી સાહેબ ગંભીર બન્યા. ખોંખારો ખાધો, ગળું ખંખાર્યું ને ધીરેથી શરૂઆત કરી.

" અલામેરીયાં ! બહુજ સારૂં ગીનાન સમજાવવાની માગણી કરી. યાને, અલામેરીયાં !...............જરા પાણી લાવજો." જરાક ખોંખારો ખાઇ મીશનરી અટકયા. પાણીનું જામ આવ્યું.

" અલામેરીયાં ! માબાપે ગીનાન શરીફમાં કેવું ફરમાવ્યું છે ! યાને આપણે સમજીએ તો એમાં કાંઇ બાકી રાખ્યું નથી.

ઍય, મોમીન ભાઇઓ ! આપણા ખોજા ભાઇઓ શિવાય કોઇ પણ આ દુનિયામાં તરી જાય તેમ નથી, જેના ઉપર હાજર ઇમામ શીરછત્ર છે. (સલવાત પડો, અલામેરાં !) તે શિવાય હિંદુડા કે મુસલમાના કાંઇ હજી સમજયા નથી, અને બધાને માટે લખ ચોરાશીના ફેરા છે. એક આપણનેજ તારવા સારૂ આપણા ખુદાએ જન્મ લીધો છે. માબાપે અનંતમાં ચોકખું ફરમાવ્યું છે કે :—

હજ નીમાજ રોજાં ધરે, કુડી ક્રિયાએ કામ ન સરે."

સ....રે....એમ લાંબા અને ઘાટા રાગે ગાયું.

" હવે યાને મુનીવર ભાઇ, આપણેજ જો ભુલ્યા તો આરો નથી. આપણી કોમના હાજર ઇમામ દશમો નકલંકી અવતાર હાજર જોમેજો ધણી વળી ગીનાનમાં સમજાવે છે કે :—

ત્રણ વેદ ન ધ્યાઇએ મુનીવર ભાઇ,
તમે કાં રે ખુવો પુરવ જનમની કમાઇ !

વળી માબાપ ફરમાવે છે :—

દીન અમારા કાયમ જાણો, બીજાં સરવે થોથાં.

અય, દીનદારો !

જ્યારે તમે માતાના ઓદરમાં ઉંધે મસ્તકે લટકતા હતા ત્યારે તમે કેવા કેવા કાલાવાલા કરતા હતા અને કેવા કેવા કોલ દીધા હતા ? 'એ, સાહેબ ! જો તું મને આમાંથી છોડાવીશ તો હું પાકી દશોંદ દઇશ. વાલી વસ્તુ તને ધરીશ !' આ બધું શું આપણે ભુલી ગયા ?

મારા બાપા કરૂં, જો આપણે ગફલતીમાં રયા તો આપણો આરો નથી.

એ જી વાલી વસ્તુ સાબના નામે દીજેજી" લાંબો ઘાંટો પાડયો.

વળી —

" એજી ગાફલ દુનિયા જાકો ભેદ ન પાયે.

મારા બાપા કરૂં, વાલી વસ્તુ સાબને નામે દ્યો. આપણે બીજા હિદુડા કે મુસલમાનાની પેઠે કે જોગીડાની જેમ કાંઈ ઢોંગ નથી. એકજ ઉપાય છે."

વળી ગીનાન વધ્યું :

" એક ન રોવે જીને શાહ પીર પાયા.

ના. આગાખાન જેવા ખુદા આપણા ઉપર છે એને શું રોવાનું છે ? અલામેરીયાં, કેટલાં કેટલાં દુઃખ ભોગવ્યા પછી આપણને આ મનખા દેહ અને આ સતપંથ ધરમ મળ્યો છે તેનો જરા વશાર કરી લ્યો ! આપણે સાત સાત સમુદર જેટલું ધાવણ ધાવ્યા પછી આપણને આ મનખા દેહ મળ્યો. આખી દુનિયા આંધળાની માફક મોક્ષ માટે ફાંફાં મારે છે, પણ એનું કોણ છે ? કોઇ નહિ. એ બધી દુનિયા ગાફલ છે. એના ધરમ બધા થોથાં છે.

અય, દીનદારો ! એ, મુનાવર ભાઈઓ ! યાને અલામેરીયાં, મારા બાપા કરૂં, હવે વશાર કરી જુવો કે આપણે ભુલ્યા તો આપણે નરકના દુઃખ ખમવાના છે હો ! નહિ ખમાય એ દુઃખ. હજારો વર્ષો સુધી નરકમાં પસ્તાશો તો પણ એવે ટાણે કોઇ તમારૂં સાંભળશે નહિ. ખુદા એકજ છે અને એ ના.આગાખાનજ છે. બે ખુદા હોયજ નહિ. અય, મોમીનો ! સરકારી તારમાં માબાપ આપણને ખુલ્લું 'મારા રૂહાની બચ્ચાં' એમ ફરમાવે છે. સરકારી તારમાં ખુલ્લું લખે પછી શું શંકા રહી ?"

આમ મીશનરી મંડયો ફાસકા મારવા, ને ખોજા તો પાણી જેવા થઇ ગયા; કોઇ ગળગળા થઈ ગયા અને 'તોબા તોબા' મંડયા કરવા. બૈરાં તો જાણે હમણાંજ રોવા મંડશે એમ સાબના ફોટા સામે જોઈ 'રહેમ કર, રહેમ કર,' વિગેરે ઉચ્ચાર કરવા મંડયા.

અને મીશનરીએ 'હેજંદા' કહી ખતમ કર્યું, અને છાંટાનું કામ શરૂ થયું.

# ચૂસણ નીતિનું ચક્ર.

## દ્રશ્ય બારમું.

નુરમામદને જોતાંજ બદરૂદીન ઉશ્કેરાઇ ગયો. 'આ એજ કામડીયો કે જેણે મારી માતાનું અપમાન કર્યું? આ એજ નુરમામદ કે જેના પ્રતાપે મારે રાજકોટના ધક્કા ખાવા પડયા? આ એજ કાળમુખો કે જેણે મારી ગેરહાજરીમાં મારી માતાને પજવી?' તેની રગે રગે ક્રોધ વ્યાપી ગયો. એનું મસ્તક ભમવા લાગ્યું. ઉકળતી લાગણીઓને તે કાબુમાં રાખી શકયો નહિ, અને નુરમામદને તેણે બે તમાચા ચોડી કાઢયા.

નુરમામદ અસાવધ હતો. તેણે ખડકીમાં આવતો એક માણસ જોયો હતો; પણ તે બદરૂદીન હશે તેવી તેને કલ્પના પણ ન્હોતી. બદરૂદીનના સશકત હાથના બીજે તમાચે તે જમીન પર પડી ગયો.

નુરમામદ ઘણા વરસથી કામડીયાપણું કરતો. સેંકડો હજારો ખોજાઓની તેણે મીઠી મહેમાનગીરી ચાખી હતી; કેટલીયે બભોળ અને અંધશ્રદ્ધાળુ સ્ત્રીઓ એને 'બાપા' કહી કહી ખોળા પાથરતી; અને આમ આજ દિન સુધી તેણે નિરંકુશ મોજમજાહ અને માલમલીદા ઉડાવ્યા હતા. નિત્યના મિષ્ટાને તેનું શરીર વધ્યું હતું, પણ હરામના ખાધેલા ખોરાકમાંથી લોહીને બદલે ચરબીજ થઇ હતી અને ખુશામતથી ટેવાયેલો સ્વભાવ બાયલો બન્યો હતો. તેની જીંદગીમાં તેને આ પહેલોજ જુદો અનુભવ થયો અને ગભરાટ અને ગુસ્સાની મીશ્રિત લાગણીએ ઉભા થઇ તેણે શરીર પરની ધુળ ખંખેરવા માંડી.

નુરમામદ સાથે વાત કરવામાં જરા પણ કાળક્ષેપ કર્યા વિના બદરૂદીન સીધો ઘરમાં ગયો. કાથીના એક ભાંગલ તુટલ ખાટલા ઉપર ફાતમાબાઈ બીમાર અવસ્થામાં પડી હતી. બદરૂદીન તેના ઓશીકાં પાસે બેસી ગયો.

છેલ્લા એક માસથી ફાતમાબાઇને અવાર નવાર તાવ આવી જતો, અને બે દિવસ સારૂં તો પાંચ દિવસ નબળું રહેતું. આથી તેની શકિત હરરોજ ઓછી થતી જતી હતી, અને તાવ ન હોય ત્યારે પણ નબળાઈને લીધે તેને પથારીમાં પડયા રહેવું પડતું.

ફાતમાબાઇની આવી બીમાર અને બીસ્માર હાલત છતાં કાઉન્સીલની ઉઘરાણી જરા પણ મોળી પડી ન્હોતી. ઉલટો નુરમામદ કામડીયો જોરમા આવી જઈ અવાર નવાર દબડાવી જતો અને લેણીઆતના જેવી ઉઘરાણી કરતો. ફાતમાબાઈ આ વારંવારના લોહી ઉકાળાથી થાકી ગઇ. એક દિવસ તેને તાવ ચડયો હતો. નુરમામદ આવ્યો અને ફાવે તેમ બોલવા અને ધમકાવવા લાગ્યો. ફાતમાબાઇથી હવે આ કંટાળો સહન થઈ શકે તેમ ન્હોતો. બાજુના પાડોશી પાસેથી કાંગારોળ કરી તેણે પંદર રૂપીયા ઉછીના લીધા અને તેમાંથી સવાતેર નુરમામદને બાળ્યા. બદરૂદીન જ્યારે ખડકીમાં દાખલ થયો ત્યારે નુરમામદ કામડીયો ફાતમાબાઇની કંગાલ હાલત છતાં પોતે તેની પાસેથી પુરા પૈસા વસુલ કરી શકયો અને પોતાની સામે થનાર ઉપર જરા પણ રહેમ રાખ્યા શિવાય તેણે પોતાની શકિતનો પરચો બતાવ્યો એ સંતોષની લાગણીએ હર્ષઘેલો બની બહાર નીકળતો હતો.

ફાતમાબાઇની આંખોમાં પાણી ભરાણું. બદરૂદીન પણ ગળગળો થઇ ગયો. થોડી વારે બન્ને શાંત થયા અને ફાતમાબાઇએ નુરમામદને પૈસા ચુકવી દીધા તે છેલ્લા પ્રસંગની બદરૂદીનને વાત કરી ત્યારેજ તેને ખબર પડી કે નુરમામદ કામડીયો તેનું ઘર લુંટીને જતો હતો. ફાતમાબાઇના વધુ વાત સાંભળવાનું છોડી દઇ તે ઝપાટાબંધ ઉઠયો. તેની ધગતી આંખો નુરમામદને ખોળી રહી હતી. પણ નુરમામદ તો કયારનોયે રસ્તો માપી ગયો હતો.

× × × ×

આકોલાના છ માસના નિવાસ દરમ્યાન બદરૂદીન સો સવાસો રૂપીયા બચાવી શકયો હતો. ઘરે આવતાંની સાથે તેણે ફાતમાબાઇએ કરેલું ચુકતે કરજ ચુકાવી દીધું અને માતાના સારવારમાં તે લાગી ગયો. આઠ દસ દિવસની બદરૂદીનની કાળજીભરી માવજતના પરિણામે ફાતમાબાઇની તબીયત સારી રીતે સુધરતી ચાલી. વળી બદરૂદીન ઘરે આવતાં અને ગમે તેમ પણ નુરમામદ કામડીયાનું મોઢું જોવાની શિક્ષામાંથી ઉગરવાથી તેને માનસિક શાંતિ પણ મળી હતી. બદરૂદીને થોડા વધુ દિવસ ફાતમાબાઇના ખાનપાન અને દવાદારૂમાં સંભાળ રાખી અને ફાતમાબાઇ સાવ સાજી થઇ ગઇ.

કરજ ચુકવતાં બચેલી રકમથી તેણે ભાંગી ગયેલી દુકાન ફરી ઉભી કરવાનો નિશ્ચય કર્યો. પચાસ પંચોતેરનો રોકડેથી અને તેટલો બીજો ઉધાર માલ લાવીને તેણે દુકાન માંડી અને વેપાર ચાલુ કર્યો. જે કામ હાથ ધરવું તેમાં પોતાની બધી શક્તિ એકી સાથે ખર્ચવી એ જીવનમાં સફળતા મેળવવાની આબાદ કુંચી છે એવી બદરૂદીનની માન્યતા હતી. ફરી ચાલુ કરેલા વેપારને ખીલવવા તેણે પોતાની સર્વ શકિત ખરચવા માંડી અને એ ચાર મહીનામાં તો તેની દુકાને ધીકતો વેપાર ચાલુ થઇ ગયો.

---

( અનુસંધાન પાનાં ૩૦૭ થી )

કર્મ કર્યા વિના ફળ વાંચ્છે છે; તેમને મર્યા વિના સ્વર્ગ જોઇએ છે. આપના તો એ અધિકારની વસ્તુ છે. અને ત્યાં સુધી આપના આગમન સામે સર્વ અંતરાયો અકારણ છે. હે, અનિષ્ટકારક! તમે હવન છો, અમે હવિ છીએ. આપના આગમન પુરતું આપણું અદ્વૈત અવશ્ય સિદ્ધ થઇ ચુકયું છે. હવે તમે ભલે આવો, જરૂર આવો!

× × ×

તમે મુકત મને ખાલી થયેલું ખપ્પર ભરવા હે, ભગવાન! સત્વર પધારો. તમારા આગમને અમારા સમાજ જીવનનાં સઘળાં વિકૃત સ્વરૂપો ઉપરનો અંતરપટ ઉઘડી જશે, અને એટલો વખત અમારા અને આપના અનિચ્છનીય સંબંધમાંથી ફલિત થતા દુઃખ દર્દોના જગતને જાણ કરાવવાનું સુધારકોને સહેલું થશે. અને આપના આંહીના નિવાસ દરમ્યાન આ ધનહરણધર્મના સર્વ કદરૂપ અંગો એકાએક ખીલી-વિકાસિત થઇ-રહેશે. એ સઘળું નિરખીને કોઇ ને કોઈ નરપુંગવ આ અર્થ શોષણ અવરોધવાને પોતાનું સર્વ સામર્થ્ય ખર્ચી દેવાનો નિરધાર કરી ઉઠશે. કોઇ ને કોઇ માતાના પુત્રની છાતી આ સઘળું નજરે જોયા પછી જરૂર ચીરાઈ જવાની એવી અમારી આશા એળે નહિ જાય. હે, સુબુધ્ધ! જીવનમાં છેલ્લી વખત અમારૂં આદરાતિથ્ય અનુભવી જાઓ રે મોંઘા, અતિ મોંઘા મહેમાન!

# સપ્તાહનો સાર.

**“પોલ પત્રિકા” ની જડતી :** મુંબઇના વૈષ્ણવોના મહારાજ વલ્લભલાલજીએ મુંબઈના વડા ઇલાકેદારની કોર્ટમાં “પોલ પત્રિકા” ના તંત્રી શ્રી નાગરદાસ ગઢીયા સામે “પોલ પત્રિકા” માં પોતાની બદનક્ષી કરનારા લખાણો પ્રગટ કરવાની ફરીયાદ કરી છે. કોર્ટે જડતીનું વોરંટ આપતાં “પોલ પત્રિકા” ની ઓફીસની ૫ થી ૬ કલાક સુધી સખત જડતી લેવામાં આવી હતી અને કબાટ, મેજ વિગેરે તોડી કાગળો ફેંદવામાં આવ્યા હતા. તેજ મુજબ શ્રી. ગઢીયાના રહેવાના મકાન ઉપર પણ ધાડ લઇ જવામાં આવી હતી અને તેમના પત્નિને રાતના બાર વાગ્યે જગાડી ૩–૪ વાગ્યા સુધી જડતી લેવામાં આવી હતી.

**મીરતના કેદીઓનો છુટકારો :** હિન્દભરમાં મીરત કાવત્રા કેસના નામે પ્રખ્યાત થયેલા કેસના નવ સજા પામેલા કાર્યકર્તાઓનો ગઇ તા. ૧૬ ના રોજ તેમની એક વરસની સજા પુરી થતાં નઇની જેલમાંથી છુટકારો થયો છે.

**સરકાર સામે મનાઇ હુકમ :** થાણાના એક ગૃહસ્થ સર વીસારદાસ કસ્તુરચંદ પાસેથી સરકારે બીન–ખેડુતને લગતો કર ઉઘરાવવાની નોટીસ આપતાં સદરહુ ગૃહસ્થે થાણાના પહેલા વર્ગના સબ જજ સમક્ષ એ વસુલાત નહિ કરવાનો મનાઈ હુકમ કાઢવા અરજી કરી હતી તેમાં સદરહુ જજે સરકારના મજબુત વિરોધ છતાં સરકાર ઉપર એ વસુલાતને લગતા કેસનો અંજામ ન આવે ત્યાંસુધી કાંઇપણ વસુલાત નહિ કરવાનો મનાઇ હુકમ આપ્યો છે.

**અમદાવાદના ક્રાન્તિકારો :** ગયા એપ્રિલ માસમાં મોટરમાં રીવોલ્વર, પેટ્રોલ અને બીજો સળગી ઉઠે તેવો સામાન લઇ જતા અમદાવાદના ૪ જુવાનો સામે ચાલતા કેસમાં જુદી જુદી કલમો પ્રમાણે આરોપો ઘડી કાઢવામાં આવ્યા છે અને કેસ સેશન્સ કમીટ કરવામાં આવ્યો છે. આરોપીઓએ બચાવ કર્યો હતો નહિ; ઉપલી કોર્ટમાં કરવા તેઓનો ઇરાદો છે.

**ખોજા કુમારીકા કેસ :** મુંબઇના એક શ્રીમંત ખોજા ગૃહસ્થની એક જુવાન કુંવારી પુત્રીના એક બાળકને જન્મ આપ્યા પછી થયેલ તાત્કાલીક મૃત્યુ સંબંધમાં મરનારની માતા સામે ખુનના આરોપસર જે કેસ ચાલતો હતો તેમાં કોર્ટે બાઇને નિર્દોષ ઠરાવી છોડી મુકી છે.

**કવિવર ટાગોર મુંબઇમાં :** સમસ્ત જગતમાં પ્રખ્યાતી પામેલા હિન્દના સુપુત કવિવર રવિન્દ્રનાથ ટાગોર ગઇ તા. ૨૩ના રોજ મુંબઇ ઉતર્યા ત્યારે શ્રીમતિ સરોજીની નાયડુ સહીત સેંકડો માણસોએ સ્ટેશન ઉપર તેમનું સ્વાગત કર્યું હતું. કવિવર પોતાની રંગ અને સંગીતની કળાનો મુંબઇને પરીચય આપશે અને તેમની સંસ્થા શાંતિ–નિકેતન માટે આર્થિક અને નૈતિક સહાયની માગણી કરશે.

**સર ફાઝલભાઇ યુરોપ તરફ :** જાણીતા ખોજા ગૃહસ્થ સર ફાઝલભાઈ કરીમભાઇની તબીયત લથડી પડી છે અને ડોકટરોની સલાહ મુજબ તેઓ ટુંક વખતમાં તબીયત સુધારવા યુરોપ તરફ રવાના થશે. તેમની સામે મંડાયેલી ફરીયાદમાં તેઓને કોર્ટમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાની તેમની માગણીનો કોર્ટે સ્વીકાર કર્યો છે.

**સ્વ. પટેલ માટે વડી ધારાસભાનો શોક :** સ્વ. વિઠલભાઇ પટેલના ખેદજનક અવસાન માટે શોકની લાગણી પ્રદર્શીત કરવા વડી ધારાસભાની દીલ્હી ખાતેની ચાલુ બેઠક એક દિવસ મુલતવી રાખવામાં આવી હતી.

**માળી પરિષદ :** કાઠીયાવાડમાં વસતા માળીઓની એક પરિષદ ટુંક વખતમાં શીહોર ખાતે ભરવામાં આવશે.

**મસાણમાંથી પાછી આવી :** કલકત્તાના એક વકીલની ૨૫ વરસની જુવાન પત્ની કેટલાક વખતથી બીમાર હતી તેને મરી ગયેલી માની તેને અગ્નિદાહ દેવા સ્મશાનમાં લઇ જતાં કેટલાકને તેનામાં જીવ હોવાનો શક ગયો. ડોકટરને બોલાવતાં તેણે ઇન્જેકશન આપતાં બાઇ શુદ્ધિમાં આવી. પછી પાછી તેને ઘરે લઇ જવામાં આવી છે.

**અમેરીકા સોવીએટને સ્વીકારે છે :** રશીયા અને અમેરીકા વચ્ચે કરારો થઇ ગયા છે, અને હવે પછી એ બન્ને દેશો એક બીજાના મિત્ર તરીકે વર્તશે. આ કરારથી અમેરીકાનું રૂ રશીયા ઉપાડશે અને અમેરીકાનો વેપાર સુધરશે તેવી વકી રાખવામાં આવે છે. બીજી તરફ જાપાન દરરોજ નવો મુલક સર કરવા આગળ વધતું જાય છે તે સામે આ કરાર થયાનું પણ કહેવાય છે.

**જો. સીલેકટ કમીટીની પૂર્ણાહુતી :** હિન્દને કેવું બંધારણ આપવું એ સંબંધમાં જુબાની લેવા પાર્લામેન્ટે નીમેલી જોઇન્ટ સીલેકટ કમીટીની બેઠકો લંડનમાં ચાલતી હતી તેનું કામકાજ હવે સંપૂર્ણ થયું છે, અને તેનો અહેવાલ પાર્લામેન્ટ સમક્ષ મોકલી દેવામાં આવશે.

**જાપાનની લડાયક તૈયારી :** જાપાને આગામી વરસના બજેટમાં હવાઈ, દરીયાઇ અને જમીનના લશ્કર માટે બે અબજ યેન જેટલી મોટી રકમ અલાયદી રાખી છે.

**વર્ણાન્તર લગ્ન :** વડોદરાના ના. ગાયકવાડે હિંદુઓમાં અરસપરસ વર્ણાન્તર લગ્ન કરવાનો કાયદો મંજુર કર્યો છે.

## કરીમભાઇ મીલ્સના એજન્ટો સામે ફરીયાદ.

મુંબઇના એક રૂના વેપારી રામકુમાર શ્રીનીવાસે કરીમભાઇ મીલ્સના એજન્ટો સર ફાઝલભાઇ કરીમભાઇ, કરીમભાઇ હબીબ કરીમભાઇ, સર કરીમભાઇ ઇબ્રાહીમ, આહમદભાઇ ફાઝલભાઇ, ઇબ્રાહીમ કરીમભાઇ અને ઇસ્માઇલ કરીમભાઇ સામે મુંબઇના વડા ઇલાકેદાર મેજીસ્ટ્રેટ સમક્ષ ફરીયાદ કરી ઇન્દોર માળવા મીલના ચોપડા તપાસવા દેવા હુકમ કરવા વિનંતિ કરી હતી, તેમજ એજન્ટો સામે નાણાં વિષયક છેતરપીંડી કરવાનો તેણે આરોપ મુકયો હતો. કોર્ટે ચોપડા તપાસવા દેવા હુકમ કર્યો છે. સદરહુ વેપારી ઉપરોકત મીલના ૭૦ શેરોના માલીક છે.

## કચ્છ ખોજા ઇશનાઅશરી પરિષદ.

ગઇ તા. ૭–૮–૯ ના રોજ મુદ્રા ખાતે કચ્છમાં વસતા તમામ ઇશનાઅશરી ખોજા ભાઇઓની એક પરિષદ મુંબઇના શેઠ હાજી દાઉદ હાજી નાસર હાજી માવજીના પ્રમુખપદે મળી હતી તેવા સમાચાર વર્તમાનપત્રોમાં પ્રગટ થયા છે. જુદા જુદા ૧૪ ગામોના પ્રતિનીધિઓએ પરિષદમાં ભાગ લીધો હતો. ઠરાવો હજી પ્રગટ થયા નથી.

# સ્ત્રી એટલે શું ?

" સ્ત્રી એટલે ? હું આંહી બેઠેલા સહુ કોઇને એ સવાલ પુછું છું કે સ્ત્રી એટલે શું ? એનો મને જવાબ આપશો ? તમેજ રચેલા કાયદા મુજબ ચાલતા અને તમે આપેલી કેળવણીથી કેળવાયેલા આ સમાજમાંથી તમે ગમે તે કોઇ હજાર પુરૂષ પસંદ કરો. એને તમે પુછો કે સ્ત્રી એટલે શું ? એ હજારમાંથી નવસો નવાણુંને મન એ રાંધનારી છે. એ હજારમાંથી હજારેયને મન એ બાળકો પેદા કરનારી પશુડી છે એ હજારમાંથી અનેકોને મન એ પતિ સેવા કરનારી છે. અનેકોની દ્રષ્ટિએ એ ઘરની ચોકીદાર છે. અનેકોને મન એ ઘર ચોકખું રાખનારી છે. તમે બહારના જગતના સંસ્કારો જુઓ, એમને આપેલી સ્ત્રી–દ્રષ્ટિ જુઓ; એમની દ્રષ્ટિએ સ્ત્રી પટાવાળાની એ જગ્યાએથી બદલી પામીને રસોઇઓ બનેલી વ્યક્તિ છે.

" તમે લગ્નજીવનની વાતો કરો છો, એની પવિત્રતા અખંડ જાળવવાની તમારી નેમ આગળ ધરો છો. પરંતુ લગ્નજીવન એટલે શું એ મને કહેશો ? બહાર જઇને કોઇ પણ એક માણસને તમે પુછો કે લગ્નજીવન એટલે શું ? અનેકોને મન લગ્ન એ રસોઇનો વિષય છે. અનેકોને મન એ વાસનાનું એક અંગ છે. અનેકોને મન આહારવિહારની એ પારાશીશી છે. લગ્નજીવન તમે અખંડ જાળવી રાખવા માગો છો પણ એથી તમે શું જાળવવાના છો ? પતિનો કોઇ પત્નીના શરીર ઉપર વરસે વરસે માટીના ભાર લાદવાનો હક્ક તમારે જાળવવો છે ? તમારા આહારવિહારની પવિત્રતા જાળવવા માગો છો ? શું તમારે જાળવવું છે ? શું જાળવવા માટે તમે અમારી ( સ્ત્રીઓની ) જાતને બંધનમાં મૂકી રહ્યા છો ? "

( " ફુલછાબ " માંથી )

( અનુસંધાન પાના ૩૦૬ થી ).

કે ' મિજલસમાં લગ્ન કરો, એટલે ખર્ચ બચે. ' જ્યારે આવી વ્યર્થ સલાહમાં કરકસરનો ઉદ્દેશજ નથી એમ સમજાય ત્યારેજ આપણને ખાત્રી થાય કે આ ઉપદેશ પાછળનો મુખ્ય હેતુ કાઉન્સીલની પોતાની સીધી દેખરેખ નીચે બની શકે તેટલા વધુ માણસો પાસેથી બની શકે તેટલા વ્હેલા અને બની શકે તેટલી ચોકસાઇથી લગ્નના અને બીજા આગલા પાછલા કરોના પૈસા વસુલ કરવાનો છે.

આમ મિજલસને મોટું, ઉપયોગી અને દેખાવડું સ્વરૂપ આપી આપણને વધુમાં વધુ અંધશ્રધ્ધાળુ બનાવવા યુક્તિઓ કરવામાં આવે છે અને આપણા મગજમાં ધર્મઝનુનનું ઝેર રેડી આપણા ખીસાં ખાલી કરી લેવામાં આવે છે. મિજલસની આ આખી પ્રથાજ આવા હલકટ હેતુ પર રચાયેલી છે. અત્યાર સુધી આપણે તેના ભોગ બન્યા છીએ. હવે તો બુધ્ધિને જાગૃત રાખી આવા બધા ઢોંગ ધતુરાનું યથાર્થ પ્રથકરણ કરી મિજલસોમાં દોડાદોડી કરવાનું આપણે છોડી દેવું જોઇએ.

# વેપાર સમાચાર

( તા. ૨૫-૧૧-૩૩ )

**ઊન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૨૭૪ ગાંસડી વેચાણી છે, અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. લંડનનો ચાલુ આસ્ટ્રેલીયાની ઉનનો સેલ ૧૦ થી ૧૫ ટકા તેજ ગયો છે એથી હિંદની ઉન ઉપર સારી અસર થશે તેમ ગણવામાં આવે છે. લીવરપુલનો આવતો સેલ તા. ૧૨–૧૨–૩૩ નો છે. સ્થાનીક બજારમાં કાંઇ સોદા થયા નથી અને ભાવમાં કાંઇ ફેરફાર નથી.

**રૂત :** ભરૂચ ૧૮૧. **બકરાના વાળ :** ૬)

**અનાજ, વિ. :** ૨)≡ ૨ા≡ ઘઉં. ૨) ૨)≡ બાજરો જુનો. ૧ાા≡ ૨)≡ બાજરો નવો. ૧ા≡ ૧ાા≡ જુવાર. ૧ાા ચણા દેશી. ૧ાા~ ચણા પરદેશી. ૦ાા≡ ૦ાા≋ કમોદ જાડી. ૧)≡ ૧ા કમોદ ઝીણી. ૧ા ૧ા~ મેથી. ૨ા≋ ૨ા~ તલ. ૧ાા≡ એરડા. ૧ાા≡ એરડી. ૧ા ૧ાા≡ મગ દેશી. ૨ાા મગ ચીનાઇ. ૧ાાા≋ અડદ. ૧ા≡ મગફળી ઝીણી નવી. ૧ા મગફળી જાડી નવી ૧ાા~ રાઇ. ૨ા~ શીંગદાણા હાથફોલ નવા.

**પરચુરણ :** ૩ા ૪) ગોળ દેશી નવો. ૧ા ૨) ગોળ દેશી જુનો. ૬ા કપાશીયા વારાડી નવા. ૫ાા ૫ાા≡ કપાશીયા વારાડી જુના. ૪)≋ ખાંડ પરહદનાને, ૪ા≡ ખાંડ રાજકોટ શહેર. ૪) ખાંડ સદર. ૯) ૧૦ા સોપારી જુની. ૧૦) ૧૧) ગદબનું બી. ૭ા ૮) વેસણ.

**ઘી :** ૨૨) ૨૨ા મુંબઇ પરખ, ૧૭) ૧૭ા તાજો રસ.

**તેલ :** ૫ા≡ ૫ા તલનું, ૩ા~ શીંગનું. ૫ા ખોપરેલ પીપનું. ૫ા ડબાનું. ૩)≡ા ગ્યાસલેટ સફેદ હાથી, ૨ા≡ સફેદ રશીયન પીપનું.

**સાબુ :** હૈદરી નાની સાઇઝ ૪ા મોટી સાઇઝ ૫ા.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

# ભણેલાઓને

તમે ભણેલા છો ? પુસ્તક કે પત્ર વાંચી શકો છો ? તમારી હાલત, તમારી કોમની હાલત, એ સંબંધે તમે કાંઇ જાણો છો ? એ જાણવાની તમને ઇચ્છા છે ? એ માટે તમારે સાચું માર્ગદર્શન જોઇએ છે ? તો " ખોજા જાગૃતી " વાંચો. તેના ગ્રાહક થાવ, સગાં સ્નેહી અને મિત્રોને ગ્રાહક બનાવો.

કાગળની કિંમત, તેની છપાઇ, ટપાલ અને બીજું ખર્ચ–આ બધું તમે ગણી જોજો. તમને લાગશે કે એકી કિંમત કરતાં પણ 'જાગૃતિ' તમને સસ્તું આપવામાં આવે છે અને તેથીજ આજે એ તમારી પાસેથી ૧૦૦૦ ગ્રાહકો માગે છે. આ વર્ષની આખર સુધીમાં તમે એ પુરા કરી આપજો. 'જાગૃતિ' ને તમે ચાહતા હો તો આટલું કરવા તમે બંધાયા છો.

દેશમાં રૂા. ૨ ] [ પરદેશમાં રૂા. ૪

વ્યવસ્થાપક,
" ખોજા જાગૃતિ "

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૪૪.**

"કોઇ શખ્સ 'સીસીડર' (ધર્મ બદલનાર) હોય અને તેને ઇસ્માઇલી થવાની ઇચ્છા થાય તો તેને નીચેની શરતે દાખલ કરવા કાઉન્સીલને અખત્યાર આપવામાં આવે છે :—

(એ) જે ધર્મ બદલનારની ઇચ્છા ઇસ્માઇલી થવાની હોય તેની પોતાની રીતભાત, ચાલચલગત વિગેરે કાઉન્સીલને સંતોષ થાય તેવી હોવી જોઇએ.

(બી) જે ધર્મ બદલનારની ઇચ્છા ઇસ્માઇલી થવાની હોય તેણે જો તે ગરીબ વર્ગનો હોય તો રૂ. ૫૦) આપવા પડશે, અને પૈસાદાર વર્ગનો હોય તો રૂ. ૨૦૦) અગર વધુ રકમ આપવી પડશે. કેટલી રકમ આપવી તેનો આધાર કાઉન્સીલના હુકમ ઉપર રહેશે; અને સદરહુ રકમ આપી શકવા કોઇ શખ્સ અશક્ત હોય તો તેણે તે રકમ બાબત વિશ્વાસપાત્ર લાયક જામીન આપવા પડશે અને એ રીતે ઇસ્માઇલી થયેલ શખ્સ પાંચ વરસની અંદર પોતાનો ધર્મ ફરીવાર બદલાવે તો એ અનામતની રકમ ખાલસા કરવામાં આવશે અને તે રકમ ગુનેગારી તરીકે સરકાર સાહેબી ઉપજમાં નાખવામાં આવશે. ઉપર જણાવેલ રકમ અગર હામી પાંચ વરસ સુધી ડીપોઝીટ રાખવામાં આવશે અને તે સમય પછી મજકુર માલીકને પાછી આપવામાં આવશે. અને જો તે પાંચ વરસની અંદર ગુજરી જાય તો મરહુમના વારસો, જો તે ઇસ્માઇલી હોય તો, તેને તે રકમ સોંપી દેવામાં આવશે.

(સી) જે ધર્મ બદલનારની ઇચ્છા ઇસ્માઇલી થવાની હોય તેને આપણી કોમમાં દાખલ કર્યાની તારીખથી બે વરસ સુધી કોઇએ શાદીમાં કન્યા આપવી નહિ."

કોમના સામાજિક ક્ષેત્રને ધર્મ-કલહનો અખાડો બનાવી મુકવાના હરકોઇ પ્રયત્ન ધીકકારી કાઢવા જોઇએ. આ કલમ એ એક વખત ઇસ્માઇલી ધર્મ તજી જનાર સામે પુરેપુરા વૈરભાવનું તર્પણ કરવા રચાયેલી છે. આ વૈરભાવ અને ધિકકાર એને શબ્દે શબ્દે તરી આવે છે. કાઉન્સીલની મરજીમાં આવે તેટલી અમર્યાદ રકમ અનામત માગવાની ધૃષ્ટતા, પાંચ વરસ દરમ્યાન જો ફરી ધર્મ બદલે તો એ બધી રકમ ખાલસા કરવાની સ્વાર્થાંધતા અને એ સમય પુરો થતાં પહેલાં જો એ ગુજરી જાય તો તેના વારસોને તે ઇસ્માઇલી હોય તોજ તે રકમ પાછી આપવાની અને નહિ તો હજમ કરી જવાની દુષ્ટતા—આ બધું સાધારણ નીચ હોય એવો આદમી પણ ન આચરે તેવું આચરણ છે. ફરી ઇસ્માઇલી થનારને બે વરસ સુધી કન્યા નહિ આપવાનું ફરમાન પણ આજ વૈરબુદ્ધિમાંથી ઉદ્‌ભવ્યું છે.

**કલમ ૧૪૫.**

"જુદી નાતના કોઇ શખ્સને આપણા શીયા ઇમામી ઇસ્માઇલી ધર્મમાં દાખલ કરવાનો હોય તો મજકુર શખ્સને કાંઇ પણ ફી લીધા વગર આપણી ઇસ્માઇલી કોમમાં દાખલ કરવાની કાઉન્સીલને સત્તા આપવામાં આવે છે."

ખોજા કોમ અને ઇસ્માઇલી ધર્મ એ બે જુદી જુદી સંસ્થાઓ છે. ખોજા કોમના પ્રત્યેક સભ્યે ઇસ્માઇલી ધર્મ પાળવોજ જોઇએ કે ઇસ્માઇલી ધર્મનો એકેએક અનુયાયી ખોજોજ હોવો જોઇએ એવું કોઇ બંધન નજ હોઇ શકે. એ તો પરસ્પર ખુશીનો સોદો છે. મુમના કોમ આને માટે બરાબર બંધબેસતું ઉદાહરણ છે. મુમના એ ખોજા નથી, છતાં તેઓ ઇસ્માઇલી ધર્મ પાળે છે. જેમ તેઓ ઇસ્માઇલી ધર્મ પાળે છે માટે ખોજા થઇ જતા નથી તેમ ખોજા કોમનો પ્રત્યેક સભ્ય ખોજો હોવાથીજ ઇસ્માઇલી ધર્મનો અનુયાયી ઠરતો નથી કે તેવું તેને માથે કોઇ બંધન નથી. આના માટે બીજું ઉદાહરણ ગુપ્તી લોકોનું છે જે ખોજા શિવાય અન્ય કોમના સભ્ય રહેવા છતાં ઇસ્માઇલી ધર્મના અનુયાયી છે. આમ છતાં ખોજા કોમના સામાજિક બંધારણમાં ઇસ્માઇલી ધર્મને મારી ઠોકીને બેસારી દેવો એ સીધે સીધી બળજબરી અને આપખુદી છે.

આ કલમ ઉપર કહ્યા ઇસ્માઇલી ધર્મની વૃદ્ધિ માટે જરા જુદી જાતનો અખતરો છે અને તેને ઇસ્માઇલી ધર્મ સાથે ગમે તેટલું લેવા દેવા હોય તો પણ કોમ સાથે તો તેને કશી નીસ્બત નથી. ખોજો થવા માગતો માણસ ખોજા કોમમાં દાખલ થઇ શકે, ઇસ્માઇલી ધર્મનો અનુયાયી થવા માગતો માણસ ખોજા કોમ માથે ભારરૂપ થવા તેમાં દાખલ થઇ શકે નહિ.

**કલમ ૧૪૬.**

"કોઇ પણ ઇસ્માઇલીએ ધર્મ બદલનારના ધર્મને લગતી કાંઇ પણ ધાર્મિક ક્રિયાઓ કરવી નહિ, તેમજ ઇસ્માઇલી ધર્મ અગર રિવાજથી વીરૂદ્ધ હોય એવી કોઇ ક્રિયાઓ કરવી નહિ. જો કોઇ શખ્સ આ ધારાનો અનાદર કરશે તો કાઉન્સીલ તેને નાત બહાર સુધીની પણ શિક્ષા કરશે."

ઇસ્માઇલી ધર્મ બદલનારના ધર્મને લગતી કાંઇ ક્રિયાઓ કરવી નહિ એવું ફરમાવનારી આ પહેલાં ઘણી કલમો આવી ગઇ છે. એ બધાના પંજામાંથી પણ જો કાંઇ છટકી જતું હોય તો તેને માટે આ કલમનું પકડ તૈયાર રાખવામાં આવ્યું છે. ધર્મના કોટ કિલ્લા રચવા કે રક્ષવા કોમ માથે ગુલામીની પરંપરા લાદવી એ કોમનો અક્ષમ્ય અપરાધ છે. બંધારણમાંના આવાં બધાં તત્વો રદ થવાં જોઇએ.

**કલમ ૧૪૭**

"જો કોઇ નાત બહાર થયેલ શખ્સ દેશાવરના કોઇ અન્ય સ્થળેથી આપણા ડીવીઝનમાં આવે અને પોતાને નાતમાં દાખલ કરવા કાઉન્સીલને અરજ કરે ત્યારે જે કાઉન્સીલે તેને/તેણીને નાત બહાર કરેલ હોય તેની સાથે પત્ર વ્યવહાર કરી મસલત કરવી અને તેને/તેણીને કોમમાં ફરી દાખલ કરવા સંબંધમાં તેઓના તરફથી જે સૂચના આવે તે સૂચના અનુસાર વર્તવું."

કાઠીયાવાડની આ કાઉન્સીલો દેશાવરની બીજી કોઇ કાઉન્સીલના હાથ નીચે હોવાનું જ્યાંસુધી બંધારણમાં ન હોય ત્યાંસુધી એવી કોઇ કાઉન્સીલની સૂચના મુજબ વર્તવાનું બંધન કાઠીયાવાડની કાઉન્સીલો માથે હોઇ શકે નહિ. આવા કિસ્સામાં વધુમાં વધુ એ કાઉન્સીલની સૂચના ઉપર વિચાર ચલાવી શકાય અને છેવટનો નિર્ણય તો કાઠીયાવાડની કાઉન્સીલોજ કરી શકે. એ ભૂલવું ન જોઇએ કે આ બધા અધિકારો કોમે ચુંટેલી કાઉન્સીલોજ ભોગવી શકે, અત્યારની ગેરકાયદેસર અને આપખુદીથી નિમાયેલી કાઉન્સીલો નહિ.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

હદ બાંધો. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨ — દેશાવર રૂ. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૪૦ : ડીસેમ્બર ૫ : ૧૯૩૩ — સંવત ૧૯૯૦ ના માગશર વદ ૪ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક : ઇસ્માઇલ કાનજી હીરાણી.

## આજના અંકની સામગ્રી.

હદ બાંધો.

" અલબત્ત પરણી શકું. "

મહા મહેનતે મેળવેલી લક્ષ્મી દરીયા પાર ન કરો.

કોના માટે ?

સપ્તાહનો સાર.

બાબરાના સમાચાર.

વેપાર સમાચાર.

કાઉન્સીલના કાયદા રક્ષક કે ભક્ષક ?

# ઉદ્‌બોધન.

( શિખરિણી છંદ. )

અરે, રે, દેખાયે નવ શું તુજને આ અધમતા ?  
પિડીને જ્ઞાતિને ભરખી રહી છે આ વિષમતા;  
ઘણા લાગા લેખાં શરમ-ધરમે આવી નડતાં,  
સમાજે સુધારો તવ નત્ર થશે રોઇ પડતાં. ૧.

રહી છે માંડી આ મીટ તુજ ભણી રાંક જનતા,  
પિડાતી એ કાજે તનુજ કંઇના દેહ ધરતા;  
તને જો લાગે કે ' મમ ફરજ છે કાંઇ કરવા ',  
ઉભો થા તું સામો, જલદી તજીને ઉંઘ, ઉઠવા. ૨.

કદી તારો હોશે પગ ઉપડતો ના ઉથમવા—  
વડિલોની આજ્ઞા, દબવી રહી જે દ્રવ્ય ધરવા;  
તથાપિ તારો તું ધરમ સમજી ઉંઘ તજવા,  
ઉભો થા, ઉભો થૈ, કર ઝપટ તું દુષ્ટ દમવા. ૩.

જશે તારી જ્ઞાતિ નજીક ભવિષે રામ શરણે,  
નહિ જો લેવાશે, વીર ! તમ થકી સખ્ત શ્રમને;  
દઇ હોમી કાયા, સરવ સુખની સાથ, વિરલા !  
ઉગારી લે તારી પિડીત જનતા આ જલનથી. ૪.

કદી તારે માથે દુઃસહ દુઃખનાં ઝાડ ઉગશે,  
તથાપિ તારાથી દરગુજર ના નાજ બનશે;  
ભમાવે એ તારી ભગિની દુહિતા ' ધર્મ ' કહીને,  
તજી દે તું એને, ધરમ નથી એ, પાપ ગણીને. ૫.

પિતા માતા બન્ધુ તુજથી લડશે ને ઝગડશે,  
તથાપિ તું તારૂં બિરદ ચુકશે તો બગડશે;  
ભલે તારાં વ્હાલાં સ્વજન સહુએ સાથ મુકી દે,  
તથાપિ ના ના કૈં ફિકર કરવી લાજીમ તને. ૬.

ભલે વિઘ્નો માઝા બધીય મુકીને આવી નડતાં,  
છતાં ના મુંઝાતો કષ્ટ થકી તું કર્મ કરતાં;  
ભલે અંધારામાં તુજ સુપથનો માર્ગ વિરમે,  
તથાપિ તું દીવો થઇ ભટકજે માન મુકીને. ૭.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૫-૧૨-૩૩.

## હદ બાંધો.

આપણને જો કોઇ વસ્તુ વધુમાં વધુ નુકશાનકારક હોય, આપણી પ્રગતિ અને વિકાસને રૂંધી આપણને ખાબોચીઆંના કીડા બનાવનાર હોય કે જાલીમોને આપણા ઉપર જુલ્મ ગુજારવા લલચાવનાર હોય તો એ આપણી અંધ અનુગમનની વૃત્તિ છે. ગાડરીયો પ્રવાહ એ અત્યારે આપણું પ્રધાન લક્ષણ થઇ પડયું છે. સારા કે નરસા કોઇ કાર્ય માટે આપણે જરા પણ વિચાર કરવા અટકતા નથી અને આંધળુકીયાં કરીને એકની પાછળ બીજો એમ ચાલ્યા કરીએ છીએ.

આપણી આજની ગુલામ હાલત અને કફોડી સ્થિતિ જો પરદેશના કાવાદાવાખોર અને સ્વદેશના સ્વાર્થીઓએ પેદા કરી છે તો એ પણ આપણે કબુલ કરવુંજ પડશે કે એ અવદશાને નિભાવી રાખનાર આપણે પોતેજ છીએ. આજે આપણી બુદ્ધિએ સ્વાર્થીઓની ટોળીની તરફેણમાં રાજીનામું આપ્યું છે અને આપણી સમજશક્તિ આપણે તેમની પાસે ઘરેણે મુકી છે. આપણે જાતે કાંઇ વિચાર કરતા નથી અને મદારી જેમ વાંદરાને નચાવે તેમ આપણે બીજાઓના નચાવ્યા નાચ્યા કરીએ છીએ. આ ગતાનુગતિક વૃત્તિએ આજદિન સુધીમાં આપણને પારાવાર નુકશાન પહોંચાડયું છે અને આપણા ઉત્તમ લાભો એને લઇનેજ હણાયા છે.

આપણે પારકા શ્વાસે જીવનારા બની સારાસારનો વિવેક ગુમાવ્યો છે. આપણા જીવન મરણના પ્રશ્નોમાં પણ આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ કરતા નથી અને બીજાઓના દોરાવ્યા દોરવાઇએ છીએ. પ્રસંગની ગંભીરતા આ મેષવૃત્તિજ આપણને સમજવા દેતી નથી.

આપણે જો આપણી સ્વતંત્રતા પાછી મેળવવી હોય, આજના ભારે મારતા ઘાતકી કરવેરાના મરણ બોજથી આપણે છુટકારો પામવો હોય કે સ્વમાનહિણુ પરવશતાનો અંત લાવી આપણે માનભર્યું સ્વાધીન જીવન જીવવું હોય તો અત્યારે જે આંધળુકીયાં કરવાની બદ આદતના આપણે ભોગ થઇ પડયા છીએ તે આદતને તાત્કાળીક તીલાંજલિ આપવી જોઇએ.

ના. આગાખાન હિન્દ આવે છે. એમનું આગમન આપણને કેટલું નીચોવનારૂં થઇ પડે છે તેનો અચ્છો ખ્યાલ આપણે બરાબર ધરાવીએ છીએ. આપણે જો ભાવિ ભુખમરામાંથી બચવું હોય તો આપણી એ સ્પષ્ટ ફરજ છે કે આપણી મેષવૃત્તિની હદ બાંધી આપણે સાફ સાફ શબ્દોમાં નામદારના આગમન સામે જોરશોરથી મજબુત વિરોધ પોકારવો જોઇએ. હિંદુસ્તાનની ભૂમિ ઉપર હજી તેમણે પગ મુકયો નથી ત્યાંસુધી તેમને આવતા અવરોધવા આપણે આપણા દીલની વાત બાપોકાર જાહેર કરવી જોઇએ.

પ્રસંગની ગંભીરતા ન સમજે તે હાથમાં આવેલી તકનો લાભ ઉઠાવી શકે નહિ. આપણે આ ધનહરણના શ્રાપથી જાત અનુભવે પુરા વાકેફ છીએ અને તેથીજ આપણે આજે ગંભીર બની ના. આગાખાનના આગમન સામે પ્રચંડ વિરોધ જાહેર કરવો જોઇએ.

આજદિન સુધી આપણે નાની મોટી દરેક બાબતમાં બીજાઓનું અનુકરણજ કર્યું છે. જેને જેમ ફાવ્યું તેમ તેણે આપણને નચાવ્યા અને આપણે નાચ્યા. પણ હવે તો એ દેખાદેખી અને ગાડરીયા પ્રવાહથી છુટી આપણે જાતે બધો વિચાર કરવો જોઇએ. અત્યારે આપણી સમક્ષ એવો પ્રશ્ન ઉભો છે કે જો ચાલુ મેષવૃત્તિને અનુસરવાનું આપણે ચાલુ રાખશું તો આજના હાડમારીના વખતમાં આપણે પાયમાલ થઇ જશું. અણીને વખતે માણસે ગંભીર બનવું જોઇએ. આપણે આજે જો આંધળુકીયાં કરીને ઝંપલાવીશું અને બુધ્ધિપૂર્વક વિચાર કરી આપણીજ આફતને આપણે નહિ વખોડી કાઢીએ તો આપણી મુકિત હજી વધુ લાંબા વખત માટે ઠેલાશે અને આપણી ચૂસણક્રિયા ચાલુ રહી નિરંતર આપણું લોહી પીધા કરશે.

આપણે હવે અંધ અનુગમનની વૃત્તિની હદ બાંધવી જોઇએ અને બુધ્ધિપૂર્વક વિચાર ચલાવી હિંમતથી આપણા લાભો તરફ આગળ વધવું જોઇએ. તોજ આપણી મુકિતની આશા છે.

# "અલબત્ત પરણી શકું."

મોહન અને મામદ બન્ને નાનપણથી દોસ્તદારો હતા. એકડીયાથી માંડી નિશાળ છોડી ત્યાં સુધી તે બન્ને એકજ નિશાળમાં સાથે ભણેલા અને મહેતાજીનો માર પણ સાથેજ ખાધેલો. નાનપણની દોસ્તી મોટપણમાં પણ ચાલુ રહી હતી.

મોહન ઉપર તેના માબાપના સંસ્કારો આબાદ ઉતર્યા હતા. તેઓની માફક એ એક શુદ્ધ ઇસ્માઇલી થયો હતો અને ના. આગાખાનને ખુદ ખુદા ગણી તેને બની શકે તેટલા પૈસા આપવામાં અને તેના એકએક હુકમને દીલોજાનથી માથે ચડાવવામાં તે માનતો થયો હતો તેનું કુટુંબ થોડું ઘણું પૈસાદાર ગણાતું એટલે આગાખાની નોકરશાહી પણ તેને કાંઇક કાંઇક માન આપતી અને ખુશામત કરતી આ માન અને ખુશામતના કેફે મોહનની ખીસું ખાલી કરવાની ક્રિયા જરા વધુ જોર પકડતી અને તે મોટા ભામાં ખપવા લાગ્યો હતો.

મામદ મોહનની સાથેજ ભણ્યો હતો અને તેની સાથે એકજ ગામમાં રહેતો હતો. તેના માબાપ પણ ગાડરીયા પ્રવાહમાં ખેંચાનારા હતા, અને તેથી કરી મામદ પણ એ અંધશ્રદ્ધાના ઝેરમાંથી સાવ બચવા ન્હોતો પામ્યો. મોહન અને મામદ વચ્ચે ખાસ ફેર એ હતો કે મોહન જ્યારે થોડો ઘણો પૈસાવાળો હતો ત્યારે મામદ ગરીબ અવસ્થામાં જીવન ગુજારતો. આમ છતા બાપદાદાના સંસ્કારો અને આજુબાજુના વાતાવરણના જોરે તેને પણ સર અવસરે એક અથવા બીજા રૂપમાં સરકાર સાહેબી તેજુરીમાં પૈસા નાખવા પડતા.

ધીરે ધીરે મામદની આર્થિક સ્થિતિ ખરાબ થતી ગઇ અને જે પૈસા તે પહેલાં શરમે ભરમે કે થોડી ઘણી શ્રદ્ધાને કારણે ના. આગાખાનને આપતો હતો તે આપવા જેટલી તેની શક્તિ રહી નહિ અને કાઉન્સીલના ચોપડામા તેને ખાતે ઉધાર બાજુનો આંકડો વધવા લાગ્યો.

કાઉન્સીલ ગરીબો ઉપર પોતાના કાયદાનો પુરેપુરો અમલ કરે છે. મામદ ગરીબ થયો એટલે તેને કાઉન્સીલનું સત્ય સ્વરૂપ ધીરે ધીરે દેખાવા લાગ્યું. ચંદ્રાકીની ચડત ઉઘરાવવા કામડીયાના ઘોડા તેને આંગણે બંધાવા લાગ્યા તેમ તેમ તેને આ મરણ બોજ અસહ્ય થતો જતો લાગ્યો. પોતાની ગરીબ અવસ્થા તરફ જરા પણ સહાનુભૂતિ બતાવ્યા શિવાય કાઉન્સીલ તરફથી થતી આકરી તકેદારી અને કનડગતની અગ્નીમાં તેની સર્વ અંધશ્રદ્ધા ઓગળી ગઈ અને આ બળજબરીથી સ્થાપિત થયેલી સત્તાનો સામનો કરવાની પોતાની અશક્તિને વશ થઇ તે ઇશનાઅશરી થઇ ગયો.

મોહન મામદનો મિત્ર હતો; છતાં તેણે મામદને કદી પણ મદદ ન્હોતી કરી. ઉલટું જ્યારે તે ઇશનાઅશરી થઇ ગયો ત્યારે તેની સ્ત્રીને પરણવાના દુષ્ટ મનસુબા તે કરવા લાગ્યો. મોહનનું સગપણ કરવા આવેલાઓએ મોહનને બદલે મામદને જમાઇ કર્યો હતો એ વાત પણ તેના મેલા દીલમાંથી સાવ નાબુદ થઈ ન્હોતી. સાધારણ મૂર્ખાઈ અને એને પોષતી અસાધારણ દુષ્ટતાએ એણે મામદની સ્ત્રી પોતાની કરવા કાઉન્સીલમાં અરજી કરી.

"નામદાર કાઉન્સીલના મહેરબાન પ્રેસીડેન્ટ સાહેબ સાથ સર્વ મેમ્બર સાહેબોને નુર મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર હાજર ઇમામ સુખી વ સુહાગી રાખે અને કમાણીમાં બરકત આપે. આમીન.

એતાનશ્રી બોધરાવદરથી લીઃ સેવક મોહન ગફુરના યાઅલી-મદદ વાંચશો.

સલામ સાથ વિનંતિ કે—

બોધરાવદરનો ખોજો મામદ શરીફ પહેલાં આપણા પાક ઇસ્માઇલી દીનમાં હતો; પણ શેતાનોની શીખવણીથી તે પોતાનું ઇમાન હારી બેઠો છે અને ઇશનાઅશરીઓ સાથે ભળી મસ્જીદીઓ થઈ ગયો છે. આથી હું તેની ઓરત સાથે મારા નિકાહ કરી દેવા તેને કહેવા ગયો હતો; પણ જેના દીલમાં શેતાનનો વાસ છે તેને સારી બુદ્ધિ ક્યાંથી સુઝે? મારી વાજબી માગણી કબુલ કરવાને બદલે એ ગુમરાહે મને ગાળો દીધી અને મારૂં અપમાન કર્યું. એટલે આ અરજી કરી હું આપ નામદાર પાસે દાદ માગું છું.

મજકુર મામદના નીકાહ થયા ત્યારે તેણે નામદાર કાઉન્સીલના પવિત્ર કાયદા પ્રમાણે શાદીના એગ્રીમેન્ટ ઉપર સહી કરી છે. એ એગ્રીમેન્ટ મુજબ તેનાથી આપણો પાક મઝહબ છોડી શકાય નહિ. અને છોડે તો તેની ઓરત સાથે તેના છુટાછેડા થઇ ગયેલા ગણવા જોઇએ. આપ મહેરબાન સાહેબોના વધુ ખાત્રી માટે હું એ પવિત્ર કાયદાની પવિત્ર કલમ આ નીચે ટાંકું છું:—

"સગાઇ, લગ્ન તથા પુનર્લગ્ન કરતી વખતે કાઉન્સીલ વર તથા કન્યા જો લાયક ઉમરના હશે તો તેઓની કબુલત ઉપર સહીઓ લેશે, અગર જો સગીર હોય તો તેઓના માવતર અગર વાલીઓની તે કબુલત ઉપર સહી લેશે. અને તે કબુલત મુજબ વર તથા કન્યા કોઇ વખત ઇમામી ઇસ્માઇલી ધર્મ બદલાવી શકશે નહિ. જે ગામમાં કાઉન્સીલ ન હોય ત્યાં તે સ્થળના મુખી તથા કામડીયા મજકુર સહીઓ લેશે. જો તેઓમાંથી કોઇ તે ધર્મ બદલશે તો તે નીચેની શરત મુજબ વર્તવા બંધાયેલ ગણાશે :—

લગ્ન અગર પુનર્લગ્ન પછી જો ધણી ધર્મ બદલે તો ઇસ્માઇલી રીવાજ મુજબ વખતો વખત તેણીના ધણીએ તે સ્ત્રીને જે લુગડાં ઘરેણાં આપેલ હોય અને જેની જમાતખાનાના રજીસ્ટરમાં નોંધ થયેલી હોય તે તમામ લુગડાં ઘરેણાં તે સ્ત્રી પોતાને કબજે લેવા હકદાર થશે અને તે ઓરતથી તેના છુટા-છેડા થયેલા ગણાશે."

ઉપરની કલમથી આપ નામદારોને ખાત્રી થશે કે મજકુર ખોજા મામદે પોતાનો અસલ પવિત્ર ધર્મ છોડી દેવાથી તેની ઓરત ઉપર તેનો હવે કશો હક રહેતો નથી અને તેના તેણીથી છુટાછેડા થઇ ગયેલા છે. ઉપરાંત આપણા પવિત્ર કાયદાની એક બીજી કલમ મુજબ દરેક ઇસ્માઇલીને આવા ધર્મ બદલ-નારની ઓરતને પરણવાનો કાયદેસર હક છે. એ કલમ પણ હું આપ નામદારોની જાણ માટે આ નીચે આપું છું :—

"ઇસ્માઇલીયા કોમમાં જન્મેલો કોઈપણ શખ્સ પોતાનો અસલ ધર્મ છોડી પરાયો ધર્મ ગ્રહણ કરશે તો તેને દીકરી પરણાવવામાં આવશે નહિ અગર તેની દીકરી શાદીમાં લેવામાં

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૧૯ )

# " મહા મહેનતે મેળવેલી લક્ષ્મિ દરીયાપાર ન કરો. "

લેખક : શ્રી. હુસેન વાલજી સવાણી.

આપણું ધન હાલ અનેક જાળો વાટે પત્થર બેન્કમાં ધસડાઇ જાય છે; તે ધન કોમ જાગ્રત થયા બાદ ત્યાં જતું અટકી કોમમાંજ વપરાશે ત્યારે ખોજા કોમ કેટલી સુખી હશે !

અત્યારે કોઇ મરણ થાય છે ત્યારે તેની પછવાડે આપવાના નિમિત્તે ખાટલા ગાદલાં, ગોદડાં, ખુરશી, કબાટ, બુટ, મોજાં, બ્રશ, પહેરવાના કપડાં, ખાવાના સામાનો એમ અનેક ચીજો આપી દેવાય છે; અને તે આપેલ વસ્તુ હરરાજીથી વેચાઇ પત્થર બેન્કમાં જાય છે કે જ્યાંથી તે પૈસા કદી પણ પાછા ફરે તેમ નથી આ બધું અજ્ઞાનથી આપી દેવામાં આવે છે, પણ એ દેવું નકામું છે એમ જ્ઞાન થયા બાદ આ બધી ચીજો એક ગરીબ કુટુંબને આપવામાં આવે તો તે કુટુંબનું ઘર ભરેલું લાગે અને વાપરનારના ખરા હૃદયના આશીર્વાદ મળે. લગ્ન વખતે સગાઇ, સમુરતું, માંડવો, નીકાહ અને પહેરામણીની સાર પત્થર બેન્કને આપીએ છીએ; પણ ત્યાં નહિ આપતાં આપણાજ સગાં વ્હાલાંમાં જે કોઇ ગરીબ હોય તેને આપવામાં આવે તો તે લેનાર તેટલાજ પૈસાથી પોતાની આજીવિકાનું સાધન ઉભું કરે અને તેને પુરો ટેકો થાય. આજ રીતે બીજા લાગા ટકામાં ઉડાવી દેવાતા પૈસાની વ્યવસ્થા કરી શકાય.

દાન આપવાનો એક નિયમ તો જરૂર હોવો જોઇએ કે દાન આપનારથી દાન લેનાર ગરીબ હોવો જોઇએ. દાન આપનારથી દાન લેનાર વધુ સુખી હોય છતાં આપનાર આપે તો તેના જેવો ગમાર બીજો કોઇ હોઇ શકે નહિ.

અત્યારે આપણી કોમમાં અંધાધુંધીની પરાકાષ્ટા છે. ના. આગાખાન હરકોઇ ખોજા કરતાં વધુ પૈસાવાળા છે, છતાં તેનેજ દાન આપવામાં આવે છે. આમ આપવાવાળાને કેવા અજ્ઞાન અને વ્હેમી માનવા તે લખવાને શબ્દો પણ ક્યાંથી મળે ?

આગાખાન કુટુંબે આપણી કોમનું ધાર્મિક વડપણ લીધું ત્યારથી આપણી કોમમાં કંકાસ પેદા થયો. સુનત જમાત તરીકે અમુક ભાઇઓ જુદા પડયા; ત્યારપછી ઇશનાઅશરી જમાત તરીકે અમુક ભાઇઓ જુદા પડયા. આ લોકોને થકવવા માટે તેમની સાથે અસહકાર કરવા ભલામણ કરવામાં આવી. આ અસહકાર પુરો ફળીભૂત થયો નહિ અને નીકળનાર ભાઇઓ તો નજ થાકયા. આમ આપણ ભાઇ ભાઇમાં પુષ્કળ કંકાસ પેદા કરવામાં આવ્યો અને જમાતના ભાગલા પડી ગયા. બાકી રહ્યા તે અજ્ઞાનજ હતા. તે લોકોએ ના. આગાખાનનું ધાર્મિક વડપણ કબુલ રાખ્યું.

આમ બાકી રહ્યા તેમાં પણ સમજે તેવા અત્યારે ઘણા છે; પણ તે લોકો તો સત્તા અને માન મેળવવામાં મશગુલ હોવાથી જાણવા છતાં ચુપ રહ્યા છે. તેઓ પોતાની સત્તા અને માન છોડવા તૈયાર થાય તેવા નથી. એટલે હવે આપણે આપણી મેળે સમજી જવું જોઇએ.

ધર્મ એ માનસિક ખોરાક છે. તે જેને જ્યાં ફાવે ત્યાંથી તે મેળવી લ્યે. ધાર્મિક બાબતમાં કોઇ હાથ નાખીજ ન શકે. ધર્માદો તેને કહે કે ન હોય તેને આપવું. આપણા કરતાં વધુ સગવડવાળાને દાન આપવું તે મારી નજરે જરૂર પાપ છે.

આપણી વસ્તી અત્યારે કુલ એક લાખ માણસની પુરી નહિ હોય. તેટલી નાની કોમમાંથી બાર મહીને લગભગ પચાસ લાખ રૂપીયા ધરમાદાના નામે દરીયાપાર જાય છે. તે રકમ જ્યારે આપણી કોમમાં વપરાશે ત્યારે આપણી કોમમાં એક પણ માણસ બેકાર નહિજ મળે. તે રકમ આંહી આપણી કોમમાં વપરાશે ત્યારે એક પણ માણસ અશિક્ષિત નહિજ મળે. અને શિક્ષણ મળ્યા પછી ખરૂં ખોટું સમજવા શીખશે એટલે મીશનરીની વાયેઝો કે જે મૂળમાંજ ખોટી હોય છે તે કોઇ નહિજ માને. શિક્ષણ મળ્યા પછી કોમમાં જે ફાંટા પડી ગયા છે તે ફાંટા મુદલજ નહિ હોય, અને બધા ખોજા એકજ છીએ અને અંદરો અંદર વરી પરણી શકાય તેમ બધા સમજતાં શીખશે. ધર્મ જુદો પાળે એટલે જુદા છે એવી માન્યતા શિક્ષણ મળવા બાદ નહિ હોય.

મૂળ જરૂર એ છે કે કોમનું નાણું કોમમાંજ વપરાય; તે પરદેશ ચડાવી દેવું નહિ જોઇએ. કોઇનું ભલું કરવા શિવાય ધર્મ થઇ શકે નહિ, કોઇનું ખરાબ કરવા શિવાય પાપ થઇ શકે નહિ; મનુષ્ય સેવા તેજ ઇશ્વર સેવા. તેમ સમજતા થાય એટલે જે આ જમાત વ્હેંચાઇ ગઇ છે તે એક થશે. જે કંકાસ દેખાય છે તે મુદલજ દેખાશે નહિ. જ્યારે કોમનું નાણું કોમમાંજ વપરાશે ત્યારે આપણી કોમ એક આદર્શ કોમ તરીકે લેખાશે.

માટે ભાઇઓ, સમજો; અને આપણી મહા મહેનતે મેળવેલી લક્ષ્મિ દરીયાપાર જાય છે તેને બચાવો અને તેજ લક્ષ્મિનો કોમના હિતાર્થે ઉપયોગ કરો. ભાડુતી મીશનરીઓ વાયેઝ કરી કાનમાં હળાહળ ઝેર રેડે છે તેનાથી બચો અને એક પાઇ પણ પત્થર બેન્કમાં ન નાખો.

---

## મી. ચુનારા સામેનો કેસ.

મુંબઇના " ઇસ્માઇલી " અઠવાડિકના અધીપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર રાજકોટના શ્રી. કાનજી ગુલાભાઇએ હિન્દી ફોઝદારી કાયદા કલમ ૫૦૦ મુજબ માંડેલ બદનક્ષીની ફરીયાદની સુનાવણી આવતી તા. ૨૦-૧૨-૩૩ ના રોજ આંહીની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં નીકળશે.

---

## બોટાદ બોર્ડીંગ.

બોટાદ બોર્ડીંગના ત્રીશેક વિદ્યાર્થીઓને લઇ મીશનરી અલાદીના મામુ અમદાવાદની મીજલસમાં ગયાના સમાચાર મળે છે. ત્યાંથી એ રાજ સીતાપુર જશે. આમ વિદ્યાર્થીઓનું માનસ ધર્મઘેલડું બનાવવાની ક્રિયા સતત ચાલુજ છે.

# કોના માટે ?

"જો કે આપ નામદારે આપની કોમ માટે કેળવણી સંબંધી, વૈદકીય કે બીજા કોઇ કલ્યાણકારી ખતાંઓ સ્થાપ્યાં નથી, છતાં આપ નામદારે તેઓના વ્યવહારમ આપ રસ લો છો એ દર્શાવનારૂં એક પગલું ભર્યું-છે અને એ પગલું કાઉન્સીલોની સ્થાપના છે કે જે જાહેર રીતે આપના અનુયાયીઓના કોમી કારભારની વ્યવસ્થા રાખવા માટે કરવામાં આવી છે; એ છતાં જેઓ આ કારભારની આંતરિક સ્થિતિ જાણે છે તેઓથી કહ્યા વિના રહેવાશે નહિ કે આ કાઉન્સીલોનો ખરો હેતુ કોમ પરનો આપ નામદારનો પજો મજબુત કરવાનો છે........

"સૌથી પ્રથમ આપણે એ જોઇએ કે કાઉન્સીલના ધારા ધોરણો કોના લાભ ને સગવડ માટે ઘડવામાં આવ્યા છે? આ પ્રશ્ન પર વિચાર કરતી વખતે એટલુંજ જરૂરી છે કે આ નિયમો કોમનો લાભ વધારનારા છે એવી શબ્દજાળ એ પરથી ઉપાડી લેવામાં આવે. શરૂઆતમાં અમે પુછીશું કે એ નિયમો કોણે ઘડયા છે? એનો ઉત્તર સહેલાઇથી મળી શકે છે × × × × કે એ નિયમો આપ નામદારના હેતુ સિદ્ધ કરવા સારૂ રચાયેલા છે. કેમકે કાયદા અથવા ન્યાયના કયા સિદ્ધાંત પ્રમાણે આપને આપવામાં આવેલી સત્તા એ નિયમના પાળનારાઓ માટે લાભદાયી છે એની કલ્પના થઇ શકતી નથી.

× × × ×

"આવા સંજોગોમાં કાઉન્સીલ કે તેના સભાસદો જરા પણ સ્વતંત્રતાથી કાર્ય કરી શકે એવી આશા નજ રાખી શકાય. દરેક સભાસદ આપ નામદારની ઇચ્છાઓ રજુ કરવાને આપના પક્ષકાર તરીકે કર્તવ્યથી બંધાયેલો હેવો જોઇએ. એથી કુદરતી છે કે આવી કાઉન્સીલોનો દરેક સભાસદ ગ્રામોફોનની પેઠે માત્ર પોતાના માલિકના અવાજનોજ પડ્ઘો પાડી શકે. ખરેખર શરૂઆતમાં તેઓ માટે બનાવવામાં આવેલી વાજાંની આ બંગડીમાં તેઓના માલિકના આજ્ઞા અને પ્રસંશા દર્શાવતા આ શબ્દો હતા: "પિતા તરીકેના આશીર્વાદ સાથે હું કરાંચી માટેના આ સુધારા વધારા સાથેના નિયમો પસાર કરૂં છું. સહી આગાખાન." જો કે આ આજ્ઞા અને આશીષના શબ્દો હવે કાઢી નાખવામાં આવ્યા હોવાથી આંખને તો તે દેખાતા નથી; પરંતુ હજી સુધી તે પોતાનું કાર્ય તે કર્યેજ જાય છે. જ્યારે જ્યારે ગ્રામોફોન વાગે છે, ત્યારે તેગંનો દરેક શબ્દ સાંભળનારાઓને અંધ અનુગમન અને આજ્ઞાધીનતામાં ફસાવવા સારૂ શ્રદ્ધાપૂર્વક અમુક રીતે પોતાના માલિકના અવાજનોજ પડઘો પાડેછે.

"આ સત્તાદર્શક શબ્દોનું નાટકી રીતે અદ્રષ્ય થવું એ પણ વિચિત્ર છે. એ નિયમોની ઉપર જણવેલ માલિકના આજ્ઞા અને આશીષ દર્શક શબ્દો સાથેની અમુક સો પ્રતો ૧૯૨૦ની તારીખ સાથે છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવં હતી. કેટલાક વખત પછી નિયમોની એ પ્રતો ચુપકીદીથી દબાવી દેવામાં આવી અને ૧૯૨૦ નીજ તારીખ ધરાવતી પરંતુ માલિકના આશીષદર્શક શબ્દો વિનાની બીજી નકલો છપાવવમાં આવી. એકાએક થયેલી આ અદ્રષ્યતા પરથી સ્વાભાવિક અનુમાન એ થાય છે કે આપ નામદારે પડદા પાછળ કોઇક વધુ સલામત જગ્યાએ છુપાઇ રહેવામાં મસ્લેહત માની.

"એ છતાં આ નવીન કાયદાઓનો ખરો હેતુ પણ સાવ સ્પષ્ટ છે. કહેવામાં તો એ નિયમો કોમના લાભ માટે ઘડવામાં આવ્યા છે; પરંતુ ખરૂં જોતાં તો એ આપ નામદારને પૈસા આપવાની વેતરણ કરનારા છે. એનાં પાને પાને આપ નામદારની આવક વસુલ કરનારા, આપ નામદાર માટે ગુન્હેગારી નાખનારા અને એ ચાલબાજી અને ધનતીચોડનું અવલોકન કરે એવા લોકોને નાત બહાર કરનારા વાકયરૂપી ડંડા છે.

"આ નિયમો અને એને અમલમાં મુકનારી કાઉન્સીલોનો મુખ્ય હેતુ આપ નામદાર માટે પૈસા પેદા કરવાનો છે એ વાત કાયદા બુકમાં વારંવાર ગવાયેલાં ગીત પરથી અને પોતાના કામોમાં અચુક એવા કાઉન્સીલરોને જોવાથી સ્પષ્ટ થાય છે × × × તેઓ જડતાપૂર્વક એવું માને છે કે સરકાર સાહેબના માટે કોમ પાસેથી પૈસા ઓકાવવા એજ તેઓનું ઇશ્વરપ્રેરીત કાર્ય છે. આ પવિત્ર કર્તવ્ય તેઓ બહુજ ઇમાનદારીપૂર્વક બજાવે છે; કેમકે તેઓના માલિક ( એટલે આપ નામદાર ) અને પુરૂષ ખજાનચીઓ, હીસાબીઓ અને નાણા ઉઘરાવનારાઓ જેઓ વારસ, મુખી, મુખીઆણી, કામડીયા અને કામડીયાણીઓના નામે ઓળખાય છે તેઓ અને આપ નામદારનો પગાર ખાતા મીશનરીઓનું એક મંડળ આપની મદદ માટે હસ્તી ધરાવે છે. તેઓ બધા સાથે મળીને કોમના વ્હેમ અને અંધશ્રદ્ધાનો લાભ લે છે; અને એ રીતે આપ નામદારને માસ પ્રતિ માસ મોકલવામાં આવતી લાખો રૂપીયાની રકમો જમા કરી શકે છે.

× × × ×

"હવે જમાતખાનું જે પ્રાર્થના મંદિર ગણાવું જોઇએ એમાં બેન્કના ખાતાઓની પેઠે પરદેશમાં મોકલવા સારૂ પૈસાની લેવડ દેવડ અને લીલાંઉની દુકાનો માફક વસ્તુઓના સોદા સાટાં નજ થવા જોઇએ. પરંતુ એ આશ્ચર્યની વાત છે કે આજ વસ્તુઓ જે સારસંભાર, ધરમ, થાળ, સુફરો, નાંદી, દસોંદ, છઠ્ઠી, ચડત, ચંદ્રાકી, કંગન, વિગેરેજ ત્યાં કરવામાં આવતી કહેવાતી ધાર્મિક ક્રિયારૂપ છે. ખરૂં જોતાં જેની સાથે અનુયાયીઓને ભરવાની આજ્ઞા થયેલ પૈસાનો સંબંધ ન હોય એવી કોઇપણ ધાર્મિક ક્રિયા જમાતખાનામાં થતીજ નથી. પંજેભાઇ, ચાંદરાત મંડળ, મોટા કામનું મંડળ, જાગરણો અને મીજલસો, વિગેરે સ્ત્રી અને પુરૂષના બનેલા મંડળો ધર્મને નામે આપ નામદારના ખીસાં ભરવા માટે પૈસા ઉઘરાવવાના આડતીયા માત્ર છે. પરિણામે એ તો કુદરતી છે કે પૈસા ભરનાર આપલેના પરિણામે બધા પ્રયત્નોમાંથી પોતાને મુક્ત માની બેસે અને એથી સુધારા, ચારિત્ર્ય, સંસ્કૃતિ અને પવિત્રતાની આવશ્યક્તા ઓછી થઇ જાય.

× × × ×

અંતમાં એ તો સાવ સ્પષ્ટ છે કે કાઉન્સીલોની અને તેના કાયદાઓની મુખ્ય નેમ આપ નામદાર ઇશ્વર અવતાર છો એવી માન્યતા ચાલુ રાખવાની અને આપ નામદારના ભોગ થઇ પડેલાઓના ગળાનો ફાંસો વધારે મજબુત કરવાની અને એને પરિણામે આપ નામદારને થતી જબરજસ્ત આવક ચાલુ રાખવાની છે."

[ના. આગાખાનને ખુલ્લો પત્ર ( પ્રકાશક : શ્રી. કરીમ ગુલામઅલી, કરાંચી. )-એમાંથી કેટલાક ફકરાઓ ].

# સપ્તાહનો સાર.

**દેશની રાજકીય સ્થિતિ :** દેશની પ્રમુખ રાષ્ટ્રિય સંસ્થા મહાસભાએ સામુદાયીક સત્યાગ્રહની લડત પાછી ખેંચી લઇ વ્યક્તિગત સત્યાગ્રહનો કાર્યક્રમ જાહેર કર્યો ત્યારથી વ્યવહારમાં તો રાજકીય પ્રવૃત્તિ થંભીજ ગઇ છે. વ્યક્તિગત સત્યાગ્રહનો કાર્યક્રમ સંપૂર્ણ નિષ્ફળ નીવડયો છે અને દેશ આગળ એ શિવાય બીજો કોઇ કાર્યક્રમ તૈયાર નથી. આ માટે અખીલ હિંદ મહાસભા સમિતિની બેઠક ભરી બધા મહાસભાવાદીઓએ ભેગા મળી કાંઇ તોડ કાઢવો જોઇએ એમ દેશના લગભગ બધા પ્રાન્તોમાંથી અવાજ ઉઠવા માંડયો છે. મહાસભાના જનરલ મંત્રી પં. જવાહરલાલ નહેરૂએ એવી જાહેરાત કરી છે કે મહાસભાની કાર્યવાહક સમિતિના કોઇ એક સભ્યની માગણીથી, અગર તો મહાસભા સમિતિના સભાસદોના રેકવીઝીશન (માગણી) થી તેઓ મહાસભા સમિતિની બેઠક તાત્કાલીક બોલાવશે. પણ આવી કોઇ રીતસર માગણી હજી કરવામાં આવી નથી. છતાં પ્રાન્તવાર આગેવાનો મસલત ચલાવી રહ્યા છે અને પ્રાથમિક ચર્ચા ચાલી રહી છે. મહાત્મા ગાંધીજી હરિજન કાર્ય અંગે પ્રવાસ ખેડી રહ્યા છે, અને રાજકારણમાંથી કામચલાઉ નિવૃત્તિ મેળવી છે. બીજી તરફ મહાસભા સમિતિની બેઠક બોલાવવાનું જાહેર થાય તો તેને સરકાર તરફથી ગેરકાયદેસર ઠરાવવામાં આવશે તેવા ભણકારા પણ વાગી રહ્યા છે.

**શ્રી. કસ્તુરબાઇની ધરપકડ :** શ્રીમતિ કસ્તુરબાઇ ગાંધી તથા સરદાર વલ્લભભાઇના પુત્રી મણીબેન પટેલની ધરપકડ કરવામાં આવી છે. તેમની સામે ખેડા જીલ્લામાં પ્રવેશવાની મનાઇ છતાં દાખલ થવાના આરોપસર કામ ચલાવવામાં આવશે.

**મૌ. શૌકતઅલીનો બહિષ્કાર :** અલ્હાબાદની મુસ્લીમ એસોસીએશને મૌલાના શૌકતઅલીની અલ્હાબાદની આગામી મુલાકાત વખતે તેમનો બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો છે. આમ કરવાનું કારણ એવું જણાવવામાં આવે છે કે મૌલાના મુસ્લીમોનો વિશ્વાસ હવે ધરાવતા નથી.

**હાથે આગ લગાડનારને સજા :** મુંબઇમાં કાસમભાઇ મહમદઅલી રાજકોટવાળા નામના એક ૩૮ વરસના વહોરા વેપારી ઉપર પોતાના વિમો ઉતરાવેલા ઘરને પોતાના હાથે જાણી બુઝીને આગ લગાવવાના આરોપસર કેસ ચાલતો હતો તેમાં આરોપીને ૧॥ વરસની સખત કેદ અને રૂા ૫૦૦૦) દંડ, દંડ ન ભરે તો બે વરસ વધુ, એ મુજબ સજા કરવામાં આવી છે.

**સુભાષબાબુની બીમારી :** નાદુરસ્ત તબીયતને કારણે પરદેશ વેઠતા હિન્દના જાણીતા યુવાન નેતા શ્રીયુત સુભાષચંદ્ર બોઝને પેટનો દુઃખાવો ફરી ઉપડયો છે અને જો સંપૂર્ણ આરામ નહિ થાય તો ઓપરેશન કરવું પડશે તેવો ભય ઉભો થયો છે. નાદુરસ્ત તબીયતને કારણે હાલમાં તેઓ હિન્દ આવી શકશે નહિ.

**ડૉ. આલમનો દાવો :** પંજાબના જાણીતા રષ્ટ્રિય આગેવાન ડૉ. આલમે હિંદી વજીર અને બીજા બે જેલ ડૉકટરો ઉપર એવી મતલબે રૂા. ૨૫૦૦૦) નો દાવો લાહોરની કોર્ટમાં નોંધાવ્યો છે કે તેઓના જેલનિવાસ દરમ્યાન જાણી બુઝીને તેમની તબીયતની યોગ્ય સંભાળ સત્તાવાળાઓએ નહિ રાખવાથી તેઓ બીમાર પડી ગયા હતા અને તેથી તેમને શારીરિક, આર્થિક અને માનસિક ઇજા પહોંચી.

**૮૦૦૦ ઘરબાર વિનાના :** મદ્રાસ શહેરમાં ગઇ તા. ૨૬ ની મધરાતથી સવારના બે વાગનાં સુધી મદ્રાસની મ્યુનીસીપેલીટી તરફથી કરવામાં આવેલી ગણતરી મુજબ મદ્રાસ શહેરમાં ૮૦૦૦ માણસો ઘરબાર વિનાના હોવાનું જણાયું છે. આમાં ભીખારીઓ ઉપરાંત મજુરોનો પણ સમાવેશ થાય છે.

**કમળાદેવીના છુટાછેડા :** જાણીતા રાષ્ટ્રસેવીકા શ્રીમતિ કમળાદેવી ચટોપાધ્યાયે મુંબઇની હાઇકોર્ટમાં પોતાના ધણી હરીન્દ્ર ચટોપાધ્યાય સામે વ્યભિચાર અને જુલમ ગુજારવાના આરોપ મુકી છુટાછેડા મેળવવાની અરજી કરી હતી તે કોર્ટે મંજુર કરી છે. જવાબદાર હાજર રહયો હતો નહિ.

**જામનગર પ્રજા પરિષદ :** ગઇ તા. ૨૪ ના રોજ મુંબઇમાં વસતા જામનગરીઓની જામનગર પ્રજા પરિષદની બીજી બેઠક શ્રી. જમનાદાસ મહેતાના પ્રમુખપદે મળી હતી. તેમાં પ્રજાના પ્રાથમિક અધિકારોની જાહેરાત કરવા જામ સાહેબને વિનંતી કરતો તેમજ બીજા સંખ્યાબંધ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે.

**મુંબઇના નવા ગવર્નર :** મુંબઇના અત્યારના ગવર્નર સર ફ્રેડરીક સાઇકસના હોદાની મુદત પુરી થતાં તેમની જગ્યાએ લોર્ડ બ્રેબોર્નની નીમણુંક કરવામાં આવી છે. નવા ગવર્નર તા. ૮ ના મુંબઇ ઉતરશે અને જુના તા. ૯ ના વિલાયત જશે.

**કાઠીયાવાડમાં એમ. સી. સી. :** વિશ્વવિખ્યાત બનેલી મેર્લબોર્ન ક્રીકેટ કલબ (એમ. સી. સી.) કાઠીયાવાડના ક્રીકેટ રમનારાઓ સાથે રમવા પહેલીજ વખત ગઇ તા. ૨૮ના રોજ રાજકોટ આવી હતી. ધારણા મુજબ કાઠીયાવાડ હારી ગયું. એમ. સી. સી. જામનગર ગઇ છે, ત્યાં પણ જામનગર ટીમ સાથે રમશે.

**સોનાની નીકાસ :** બ્રીટને સોનાનું ધોરણ છોડયું ત્યારથી ગઇ તા. ૨૫ સુધીમાં હિંદમાંથી ૧,૫૦,૩૩,૮૮,૮૩૩ રૂપીયાની કિંમતનું સોનું પરદેશ ચડાવવામાં આવ્યું છે.

**કમીટી પછી કમીટી :** હિન્દને કઇ જાતના સુધારા આપવા એ માટે તપાસ કરવા ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે એક સંયુક્ત સમિતિ નીમી હતી. આ સમિતિએ વીશ હજાર સવાલોના જવાબ મેળવી પોતાનું કામ પુરૂં કર્યું છે. હવે ફરીથી પાછી એજ કમીટી એજ કામ માટે નીમવાની દરખાસ્ત પાર્લામેન્ટમાં રજુ કરવામાં આવી છે. બ્રીટીશ સરકાર હિન્દુસ્થાનને આમ સાંસ્થાનિક સ્વરાજ આપવા માગે છે.

**શસ્ત્રબંધી પરિષદ :** યુરોપના રાજ્યોનો લડાયક અસબાબ ઘટાડવા મહેનત કરતી શસ્ત્રબંધી પરિષદની બેઠક જાન્યુઆરીની અધવચ ઉપર મુલતવી રાખવામાં આવી છે.

**પતિ મરતાં પત્નિનું સાહસ :** પોતાના વિમાની પતિનું મોટર અકસ્માતથી મૃત્યુ નીપજતાં ફ્લોરીડાની તેની પત્નિ ચાર કલાક ચાલે તેટલું પેટ્રોલ લઇ એટલાંટીક મહાસાગર ઉપર વિમાનમાં ઉડી છે અને તે પાછી નહિ ફરે એવી ચીઠી મુકતી ગઇ છે. તેનો પત્તો મેળવવા ૩ વિમાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા છે.

# બાબરાના સમાચાર.

બાબરાથી એક ભાઇ લખી જણાવે છે કે :—

" ૧. આંહીના ભાઇ છગન કાળાએ હમણાં તેમના માતા પિતાનું કારજ કર્યું, અને તેમની પાછળ ખાનામાં ઠામ, કપડાં, લત્તાં, વિગેરે આપ્યું. આશરે રૂા. ૨૫૦) નો ધુમાડો થયો હશે. ભાઇ છગન બધી વસ્તુઓ લાવેલા, પણ પથારીનો સામાન રહી ગયેલો પણ અમારા મુખી સાહેબનું એ તરફ ધ્યાન જતાં મરનારને પથારી વગર નડનારી અડચણ તરફ તેમણે ભાઇ છગનનું ધ્યાન ખેંચ્યું. ભાઇ છગનને પણ મુખી સાહેબની વાત ગળે ઉતરી અને તેમની સૂચના મુજબ પોતાના માતા પિતાની અગવડ ટાળવા રૂા. ૫) માં બન્નેને પથારીનું બક્ષામણ કરાવ્યું. ભાઈ છગનના એક બ્હેન અને ભાઇ પણ અગાઉ ગુજરી ગયેલા; તેમને પણ તેમના માતા પિતાને જે સગવડ મળે તેટલી બધી પાંચ પાંચ રૂપીયા લઇ મુખી સાહેબે બક્ષી દીધી. દેખાદેખીમાં ઢસડાવાનું આપણે ક્યારે છોડશું ?

" ૨. અમારા મુખી સાહેબ કાઉન્સીલની વફાદારી બીજા કરતાં ઘણી સરસ બજાવે છે. આંહી ભાઇ નજરાલી કાસમ કરીને આપણા એક ભાઇ પોતાના પેટની ખાતર સુધારક પ્રવૃતિ માટે આઝાદ થયેલા ભાઇ હરખજી વાલજીને ત્યાં મજુરી કરવા જતા. મુખી સાહેબને આમ ચલાવી લેવામાં વફાદારીનું ખુન થતું લાગ્યું અને ભાઇ નજરાલીને હુકમ થયો કે ત્યાં મજુરી કરવા જવું નહિ; નહિતર તેને પણ નાત બહાર કરવામાં આવશે. આમ ગરીબ માણસની રોજી ટાળવા જેટલી હદ સુધી જવામાં પણ અમારા મુખી સાહેબ અચકાતા નથી. પેટની ખાતર પણ સુધારકો સાથે કોઇને વાત ન કરવા દેવી હોય તો પછી મુખી સાહેબ એક ફંડ શા માટે ખોલતા નથી ? તો આવા ગરીબ માણસોને તો કમાઇ મળી રહે! આંધળુકીયાં કરવામાં પણ હદ હોવી જોઇએ.

" ૩. આઝાદ થયેલાઓને ત્યાં બહાર ગામથી રોઝગાર અર્થે આવેલા આપણા કોઇ ભાઇઓ જમવા જાય તો અમારા મુખી સાહેબ તેને ઠબકો આપતાં કહે છે કે 'ત્યાં જાય છે તેના કરતાં ઢેઢને ત્યાં શું કરવા નથી જતો'? આને બદલે 'ત્યાં જાય છે તેના કરતા મારે ત્યાં જમવા આવજે' એમ મુખીશ્રી કહેતા હોય તો વધારે દીપે નહિ? કે એકજ ધારૂં જ્ઞાન ? "

## વેપાર સમાચાર

( તા. ૨-૧૨-૩૩ )

**ઊન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ગાં. ૨૦૪ વેચાણી છે અને બજાર મજબુત અને સંજોગો સારા હોવાના ખબર આવ્યા છે. જામનગર પંથકની ઉન જોડીયા મણ ૧૭૫ દર રૂા. ૧૨ાા લેખે વેચાણી છે. આથી બજારનું વલણ કાંઇક આશા ભરેલું દેખાય છે. આવતા સેલમાં લગભગ ૨૩૦૦૦ ગાંસડી મુકાવાની ધારણા છે.

**ૂત :** ભરૂચ ૧૭૮. **બકરાના વાળ :** ૬)

**અનાજ, વિ. :** ૨)≈ ૨ા≈ ઘઉં દેશી. ૧ાાા≈ ૨ા ઘઉં પરદેશી. ૨)≈ ૨ા બાજરો જુનો. ૧ાા≈ ૨ા બાજરો નવો. ૧≈ ૧ાા≈ જુવાર. ૧ાા≋ ૧ાા ચણા દેશી. ૧ાા− ૧ા−ાા ચણા પરદેશી. ૦ાાા≋ ૧)− કમોદ જાડી. ૧ા ૧ા− કમોદ જીણી. ૧ાા ૧ાા− મેથી. ૨ા≋ ૨ાા− તલ. ૧ાા≈ એરંડા. ૧ાા≈ એરંડી. ૧)≈ ૧ા≈ મગ દેશી. ૨ાા≈ મગ ચીનાઇ. ૧ાા≈ ૧ાા≋ અડદ. ૧ા−ાા ૧ા≈ મગફળી જીણી નવી. ૧ા ૧ા− મગફળી જાડી નવી. ૧ાાા− રાઇ. ૨)≋ શીંગદાણા હાથફોલ નવા.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી નવો. ૧ાા ૨) ગોળ દેશી જુનો. ૬ા કપાશીયા વારાડી નવા. ૫ાા કપાશીયા વારાડી જુના. ૪)≋ ખાંડ પરદેશની, ૪ાા≈ ખાંડ રાજકોટ શહેર, ૪) ખાંડ સદર. ૯) ૧૧) સોપારી જુની. ૧૦) ૧૧) ગદબનું બી. ૭ાા ૮) વેસણ.

**ઘી :** ૨૨) ૨૩) મુંબઇ પરખ, ૧૮) ૧૮ાા તાજો રસ.

**તેલ :** ૫ા≈ ૫ાા તલનું, ૩ાા− શીંગનું. ૫ા ખોપરેલ પીપનું, ૫ાા ડબાનું. ૩)≈ ગ્યાસલેટ સફેદ હાથી, ૨ાા≈ સફેદ રશીયન પીપનું.

**સાબુ :** હૈદરી નાની સાઇઝ ૪ા મોટી સાઇઝ ૫ા.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

( અનુસંધાન પાના ૩૧૫ થી )

આવશે નહિ. એજ રીતે તેની સાથે કાંઇ પણ નાત વહેવાર અગર ખાવા ખવરાવવાનો બ્યવહાર રાખવામાં આવશે નહિં. આ ધારાથી વિરૂદ્ધ વર્તનારને કાઉન્સીલ તરફથી શિક્ષા થશે. પરંતુ જો બાઇ બાઇ ઇસ્માઇલી ધર્મ પાળનારી હોય અને તે સદરહુ ધર્મ બદલનારના ઘરમાં હશે તો આપણો કોઇપણ ઇસ્માઇલી અલબત્ત તેને પરણી શકશે."

મારા આ હકનો હું ભોગવટો કરવા માગું છું, અને હું તેની ઓરતને અલબત્ત પરણી શકું છું અને મારે તેણી સાથે અલબત્ત પરણવું છે. મારા આ કાયદેસર હકના ઉપભોગ માટે મેં શાંતિ ભરેલાં પગલાં લઇ જોયાં પણ મજકુર ખોજો મામદ મારી વાત માનતો નથી. માટે હું આપ નામદારોને અરજ ગુજારૂં છું કે મારા હકનું ખંડન ન થાય અને પવિત્ર કાયદાનો ભંગ ન થાય તે માટે મારા નીકાહ મજકુર મામદની ઘરવાળી સાથે કરાવી દેવા મહેરબાની કરશો."

કાઉન્સીલે અસાધારણ મીટીંગ બોલાવી ઠરાવ કર્યો કે "મામદે વગર આનાકાનીએ પોતાની ઓરત મોહનને સોંપી દેવી."

પણ આ ઠરાવ મામદને પહોંચાડવા જેટલી હિંમત કોઇનામાં હતી નહિ.

## સસ્તું અને સારૂં વાંચન

વાંચવું હોય તો બે રૂપીયા

મોકલાવી "ખોજા જાગૃતિ" ના ગ્રાહક બનો.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૪૮.**

"સરકાર મૌલાના હાજર ઇમામ હીઝ હાયનેસ સર આગા સુલતાન મહમદશાહ આગાખાન જી. સી. એસ. આઇ. ઈત્યાદિના શીયા ઇમામી ઇસ્માઇલી અનુયાયીઓમાં પ્રથમથીજ એવો રીવાજ ચાલતો આવેલ છે કે પોતે જે દેશમાં વસતા હોય તે દેશના રાજ્યકર્તા તરફ હિતેચ્છુ અને વફાદાર રહેવું, તે રાજ્યનો ઉપકાર માનવો, દુઆ માંગવી, તેમના કાયદા અનુસાર વર્તવું, સુખમાં આનંદ દર્શાવવો, દુઃખમાં દીલસોજી વાપરવી અને જરૂરી પ્રસંગોએ માનપત્રો પણ આપવાં અને તમામ કોમો તરફથી એકજ માન-પત્ર આપવાની જરૂરીઆત હોય તો તે માનપત્ર ઉપર સહીઓ કરવી."

કોમના બંધારણ સાથે નીસ્બત ધરાવતો આ કોઇ ધારો નથી. કાયદામાં સામેલ કરી શકાય તેવી આ કોઇ કાયદાની કલમ નથી. આ કલમ કાં તો મૂર્ખાઇભરેલી ખુશામતખોરી છે, નહિ તો કોમની બુદ્ધિ અને સમજશક્તિને ગુંગળાવનારો નાપાક પ્રયત્ન છે. એક સામાજિક બંધારણના નામે કાઉન્સીલના આ કાયદાએ આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય ગુલામીના થર ઉપર થર કોમ ઉપર લાદયા છે. રાજ્યકર્તા સાથે કેવો સંબંધ રાખવો એની મર્યાદા બાંધવી એ કોઈપણ સામાજિક સંસ્થાના અધિકાર બહારની વાત છે. એ મર્યાદા તો રાજ્ય તરફથી બંધાઇ ગયેલીજ હોય છે. એ મર્યાદાનું કેટલે અંશે પાલન કરવું કે ભંગ કરવો એ દરેક માણસના વ્યક્તિગત અધિકારની વસ્તુ છે. કોમના સામાજિક બંધારણમાં આવી કોઈ વસ્તુ કદી પણ દાખલ કરીજ શકાય નહિ.

**કલમ ૧૪૯.**

"હીઝ હાયનેસ સર સુલતાન મહમદશાહ આગાખાન, જી. સી. આઇ. ઇ. ઇત્યાદી પોતાના શીયા ઇમામી ઇસ્માઇલી મુરીદોમાં નીચેનાં નામોથી ઓળખાય છે:—

હઝરત મૌલાના ધણી સલામત દાતાર, પીર સલામત, સર-કાર સાહેબી, પીર સરકાર, સરકાર સાહેબ, સરકાર મૌલાના, હઝુર, હઝુર પુર નુર, હાઝર જોમુ, ધણી, ધણી માબાપ, ધણી સલામત, હાઝર ઇમામ, માબાપ, ધણી પીર, આગાખાન, આગા સાહેબ, ઓનરેબલ આગાખાન, ખુદાવંદ શાહ પીર, પીર શાહ, ગુર પીર, ગુર પીર સલામત દાતાર, મૌલા, મૌલા અલી, ઇમામ હુસેન, નકલંક, વિગેરે.

ઉપરના નામોનો અર્થ ઇસ્માઇલી ઇમામ હીઝ હાયનેસ આગા સુલતાન મહમદશાહ આગાખાન, જી. સી. એસ. આઇ. છે એમ સમજવું."

ના. આગાખાનના બહુનામીપણાનું પ્રદર્શન કરવા આ ૨૬ નામોની લાંબી નામાવલીને કોમના બંધારણમાં સ્થાન આપવાની કશી જરૂર નથી. જેમ હવેલીના મહારાજ કે મોટા પંથના સાધુ પોતાના અનુયાયીઓમાં કયા કયા નામથી ઓળખાય છે એનો ઉલ્લેખ ખોજા કોમના સામાજિક બંધારણમાં કાયદાની કલમ રચીને કરી શકાય નહિ, તેમ ના. આગાખાન તેમના મુરીદોમાં કેટલાં નામોથી ઓળખાય છે તેનો ઉલ્લેખ પણ કોમના ધારા-ધોરણમાં ધારો ઘડીને કરી શકાય નહિ, એ સહુ ધર્મગુરૂઓને પોતાના બહુનામીપણાનું પ્રદર્શન કરવાની હોંશ સમાતી ન હોય તો તેઓએ પોતાના ધર્મના બંધારણમાં એ વસ્તુને ગમે તેટલું સ્થાન આપવું જોઇએ; પણ આ કાંઇ ધર્મનું બંધારણ નથી, આ તો ખોજા કોમનું સામાજિક બંધારણ છે. અને તેમાં આવા વેવલાપણાંને રજ માત્ર પણ સ્થાન હોઇ શકે નહિ.

ના. આગાખાન પોતાને મૌલા અલી, ઇમામ હુસેન, નકલંક, વિગેરે વિરૂદ્ધ મતના તરેહ તરેહના નામોથી ઓળખાવવામાં ઇસ્લામ ધર્મનું સમર્થન કરે છે કે હિંદુ ધર્મનું એ ચર્ચા આંહી અસ્થાને છે.

**કલમ ૧૫૦.**

"હીઝ હાયનેસ મૌલાના હાજર ઇમામ કાઠીયાવાડની પવિત્ર મુલાકાત લીએ તે વખતે તે માંગલિક પ્રસંગને લગતું પ્રોગ્રામ સુપ્રીમ કાઉન્સીલ બહાર પાડે તે અનુસાર દરેક મુરીદે વર્તવું. જો કોઇ તે હુકમનો અનાદર કરશે તો તેને કાઉન્સીલ તરફથી શિક્ષા થશે."

આ કોઇ કલમ નથી કે બંધારણનો તેમાં કોઇ મુદ્દો નથી; પણ એ સીધેસીધો બકવાદ છે. ના. આગાખાન કાઠીયાવાડની મુલાકાત લ્યે એ પ્રસંગને માંગલિક ગણવો કે અમાંગલિક એ કોમના દરેક સભ્યની મરજીની વાત છે અને એ પ્રસંગે શું કરવું અને શું ન કરવું એ દરેક વ્યકિતનો અંગત પ્રશ્ન છે. કોમના સામાજિક બંધારણને તેની સાથે કશી નીસ્બત નથી. સુપ્રીમ કાઉન્સીલના પ્રોગ્રામ પ્રમાણે વર્તવાની કોમને ફરજ પાડવી એ જુલ્મ જહાંગીરાની પરાકાષ્ટા છે. એનો એટલો તો વિશાળ અર્થ થાય છે કે સુ. કાઉન્સીલ પ્રોગ્રામ જાહેર કરે કે રાજકોટ મેળો ભરવો અને એ મેળામાં બહાર ગામના કે ગામના કોઇ ભાઇઓ હાજર ન થાય તો એ આ કલમનો ભંગ કરવાના ગુન્હા નીચે આવી જાય છે અને એ મુજબ કાઉન્સીલ તેને શિક્ષા કરી શકે. આથી વધુ કઠોરતા અને સીતમગીરી બીજી કાંઇ પણ ન હોઇ શકે. કાયદેસરની ચુંટાયેલી કાઉન્સીલને પણ આવો અ-ધિકાર કદી પણ ન આપી શકાય. આમાં કોમના તન મન ધન, સર્વ ઉપરના તેના પ્રાથમિક અને સ્થાપિત અધિકારો ઉપર ત્રાપ મારવામાં આવે છે. આવી કલમોથી એ વધુને વધુ સ્પષ્ટ થાય છે કે આ કાયદા રચનારનો ઉદ્દેશ કોમને મુસ્કેટાટ બાંધી, તેના હાથ પગ જકડી, તેના મોઢામાં ડુચો મારી તેનું ધન રૂધીર ધરાઇ ધરાઇને પીવાનો છે.

**કલમ ૧૫૧.**

"સરકાર મૌલાના હાજર ઇમામનો પવિત્ર જન્મ દિવસ આપણા ડીસ્ટ્રીકટમાં એક મહોત્સવ તરીકે ઉજવવો અને તે શુભ પ્રસંગના માનમાં આપણા સ્વધર્મી ભાઇઓમાંથી ઉઘરાણું કરીને તેમાંથી જનરલ ખાણું કરવામાં આવશે. તે પ્રસંગે આપણા સ્વ-ધર્મી ભાઇઓમાંથી, નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને સુપ્રીમ કાઉન્સીલ મારફત "ખીલાત" (એટલે માનનો ઝબ્બો) ઇનાયત કરવા માટે પણ ફાળો કરવામાં આવશે."

આ પહેલાંની કલમની ટીકા અનુસાર આ કલમ પણ બંધા-રણનો કોઇ પ્રશ્ન નથી કે સામાજિક વ્યવહારના નિયમન માટે તેની કશી જરૂર નથી. પોતાના જન્મ દિવસ કરતાં ના. આગા-ખાનના જન્મ દિવસને વધારે મહત્વનો ગણવો કે ઓછા મહત્વનો એ નક્કી કરવાનું કામ દરેક વ્યકિતનું પોતાનું છે અને તે મુજબ છુટથી વર્તવાનો તેને અબાધિત અધિકાર છે. કોમના સામાજિક બંધારણમાં આવા અર્થહીન તત્વોને દાખલ કરી શકાય નહિ.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સાવધાન. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૨ દેશાવર રૂ. ૪-૦-૦ : છુટક ૦-૧-૯

પુસ્તક ૧, અંક ૪૧ : ડીસેમ્બર ૧૨ : ૧૯૩૩ સંવત ૧૯૯૦ ના માગશર વદ ૧૧ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક : ઇસ્માઇલ કાનજી હીરાણી.

**આપખુદીનો મૃત્યુ ઘંટ વાગી રહ્યો છે. કાળ ઘડીયાળની સામે આંગળી ચીંધી રહ્યો છે. ફક્ત બારમાં પાંચજ મીનીટ બાકી છે.**



## "ખોજા જાગૃતિ" ના તંત્રી ઉપર ખુની હુમલો.

અઢી અઢી વર્ષથી જેની રાહ જોવાતી હતી તે અવસર આજે સાંપડયો છે.

ગઇ તા. ૯-૧૨-૩૩ ના રાતના નવ વાગ્યાના સુમારે "ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રીયુત ઇસમાઇલ હીરાણી ઉપર પોતાની દુકાનમાં બે આગાખાની ફીદાઇઓએ આવી ખુની હલ્લો કર્યો હતો, અને છાતીમાં છરી મારી ઘાયલ કર્યા હતા, બન્ને તહોમતદારોની પોલીસે ધરપકડ કરી છે, દર્દીને વેસ્ટ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે, બનાવની હકીકત ટુંકમાં નીચે મુજબ છે.

તહોમતદાર અબ્દુલઅલી પુંજા આગ્રાનો રહીશ છે. બીજો નજરઅલી મામદ પ્રધાન બાબરાના પણ હાલમાં આગ્રા નોકરી કરે છે. આ બન્ને તહોમતદારો આગ્રાથી રાજકોટ આવેલા. તા. ૯ ના રોજ દિવસના તેઓ ઇસમાઇલભાઇની દુકાને શ્રી. હુશેનભાઇને મળવાને બાને ચાર વખત આવી ગયેલ. રાત્રે ઇસમાઇલભાઇ તથા શ્રી. હાશમ વાલજીની બેનીજ હાજરીમાં લગભગ દોઢ કલાક વાતચીત કરી. વાતચીતમાં ઝગડા જેવું કાંઇ થયું હતું નહિ. લગભગ નવના સુમારે બધા ઘેર જવા ઉઠયા. શ્રી. હાશમભાઇ દુકાન બ્હાર નીકળ્યા. દુકાનમાં ઇસમાઇલભાઇને એકલા જોઇ તહોમતદાર અબ્દુલઅલીભાઇએ હલ્લો કર્યો. અને છાતીમાં છરો ભોંકી દીધો. તરત ઇસમાઇલભાઇએ બુમ મારી. હાશમભાઇ અંદર આવ્યા. બીજા તહોમતદાર નજરઅલીએ હાશમભાઇને આવતા રોકયા. પેલાએ ઇસમાઇલભાઇને છાતીમાં બીજો ઘા કર્યો. હાશમભાઇ તે બાજુ દોડી ગયા. પેલા તહોમતદારે તેમને ધક્કો મારી પછાડી દીધા અને ફરી વખત ઇસમાઇલભાઇ ઉપર ધસ્યો. દરમ્યાન બીજો તહોમતદાર નાશી છુટયો. પેલા તહોમતદારનું ઇસમાઇલભાઇએ કાંડુ પકડી પાડી સખ્ત જાલી રાખ્યો. તરતજ માણસો ભેગા થઇ ગયા. પોલીસે આવી તહોમતદારની ધરપકડ કરી. તેમજ બીજાની પટેલ હાઉસમાંથી ધરપકડ કરી છે.

જેતલસર જંકશન ઉપર ઇસમાઇલભાઇ ઉપરનો નિષ્ફળ ગયેલો હલ્લો આમ આજે ફરી વખત અજમાવાયો.

અમારૂં જરૂર માનવું છે કે દુર દુરના રહીશો અને સાવ અજાણ્યા માણસોથી કરેલા આ હુમલાની પાછળ પ્રચંડ કાવતરૂં રચાયેલું હોવું જોઇએ. પોલીસ તેની ચાંપતી તપાસ ચલાવી રહી છે.

ખોજા કોમની આઝાદી આવા હુમલા થઇ લોહી રેડાશે ત્યારેજ પ્રાપ્ત થશે અને આપખુદોની આપખુદી પણ આવા હુમલાથીજ વહેલી અસ્ત પામશે.

**રૂપજી નજરઅલી પ્રેમાણી,**
**સહતંત્રી.**

દર મંગળવારે પ્રગટ થતું ખોજા કોમનું મુખપત્ર.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૨-૧૨-૩૩.

## સાવધાન !

ના. આગાખાન હિન્દ આવવા વિલાયતથી રવાના થઇ ગયા છે, અને જોતજોતામાં તેઓ મુંબઇ આવી પહોંચશે. ખોજા કોમની આજની કફોડી હાલત વખતે તેમનું આગમન કોમની ગરિબીમાં પુષ્કળ વધારો કરનારૂં હોઇને તેની સામેનો અમારો મજબુત વિરોધ આ પહેલાં અમે સ્પષ્ટ કરી ગયા છીએ.

ના. આગાખાન વિલાયત બેઠાં દુઆ આશીશના સંદેશાઓ મોકલાવ્યા કરે એમાં કોમની સાચી પરિસ્થિતિનો ખ્યાલ તેમને કયાંથી હોય ? અને એ દુઆ આશીષથી કોમને ફાયદો પણ શું ? જગત વ્યાપી મંદીના સપાટામાંથી ખોજા કોમ બચવા પામી નથી. કચ્છ, કાઠીયાવાડ, કરાંચી, મુંબઇ કે આફ્રીકા બધે સ્થળે કોમના સંતાનો ભીડમાં આવીને ઉભા છે. વેપાર રોજગાર ભાંગી ગયા છે અને બેકારોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. આ બધા ઉપરાંત નામદારની ગેરહાજરી છતાં તેમના આડતીયાઓ કોમ પાસેથી બળજબરીથી અને નાત બ્હારીનો ડર બતાવી હરહંમેશ કરવેરા ઉઘરાવ્યેજ રાખે છે. આ કરવેરા સામાન્ય હોતા નથી પણ માણસનો બરડો ફાડી નાખે તેવા તે આકરા હોય છે અને એવીજ આકરી રીતથી તે વસુલ કરવામાં આવે છે. આમ ખોજા કોમની હાલત આજે કરૂણાજનક થઇ પડી છે.

કોમની આવી બીસ્માર અને દુઃખી હાલત વખતે ના. આગાખાનં હિન્દ આવે છે છતાં કોઇથી પણ એવી આશા રાખી શકાય તેમ નથી કે એ નામદાર કોમના દુઃખ દર્દો મીટાવવા કાંઇપણ પ્રયત્ન કરશે. ઉલટું ખોજા સુધારક સંઘના તાર છતાં નામદારે ભેટ સોગાદો કે દાન નહિ સ્વીકારવાની જાહેરાત કરી નથી, એટલે આપણે એમજ માનવાનું રહે છે કે ના. આગાખાન આ વખતની મુસાફરીમાં પણ આગળને લીટે લીટે ચાલી પુષ્કળ ધન એકઠું કરશે.

ના. આગાખાન એક રાજ્યદ્વારી પુરૂષ છે અને પ્રચાર-કાર્યની બધી વર્તમાન કળાઓ તેઓ જાણે છે. એ નામદારે પોતાની એ કળાઓનો ઉપયોગ આજદિન સુધી આપણને અંધારામાં રાખી ઉંધે માર્ગે ચડાવવા અને તેમ છતાં પોતાની જાતને સીફતથી અલગ રાખવા કર્યો છે. તાજેતરમાં એ નામદારે પેરીસથી કરેલો તાર પ્રગટ થયો છે તેમાં ‘ ભલા રૂહાની બચ્ચાંઓ ’ ને તેમણે કરકસર કરવા ભલામણ કરી છે અને પોતાનું સ્વાગત બંદર ઉપર ખુલ્લી જગ્યામાંજ થાય એ જોવા ઇચ્છા બતાવી છે. આવી જાતનો તાર કરવો એ કોમના અજ્ઞાન વર્ગની અંધ ભકિતને વધુ ઉશ્કેરવાની ગરજ સારવા બરાબર છે, અને તેની પાછળ કોમના હિતની કોઇ ભાવના હોતી નથી. ના. આગાખાન જો સાચેજ કોમ કરકસર કરે એ જોવા ચાહતા હોય તો ખોજા સુધારક સંઘની વિનવણી છતાં શા માટે તેઓ જાહેર નથી કરતા કે તેઓ એક પાઇ પણ કોમ પાસેથી સ્વીકારશે નહિ ?

ના. આગાખાનની સીધી કે આડકતરી સહાય અને સહાનુભૂતિ નીચે ચાલતા એમના વાજીંત્રો પણ પોતાના માલિકનો અવાજનો આબાદ પડઘો પાડવા બસુરા સુર કાઢી કોમને ખુલ્લી રીતે છેતરી રહ્યા છે. એ બધા વાજીંત્રોમાંનું મુખ્ય અઠવાડિક “ ઇસ્માઇલી ” તેના ૩ જી ડીસેમ્બરના અંકમાં વ્યર્થ વાણિવિલાસ આચરી કોમની આંખે પાટા બાંધવા પ્રયત્ન કરે છે. એ અંકના તંત્રલેખમાં હર્ષાવેશના આ શબ્દો છે કે :—

“ અમો જોઇએ છીએ કે મૌલાના હાજર ઇમામની પધરામણીનો સંદેશો મળતાંને વાર મુંબઇ શહેરમાં તેઓ નામદારના દીદાર માટે દેશ દેશાવરના છેક આફ્રિકા જેવા દુર દરાજના મુલ્કોથી પણ ઇસ્માઇલી ભાઇઓ આવવા લાગ્યા છે અને પધરામણી થયા પછી તો ઇસ્માઇલી જનતાની કેવી મોટી મેદની આ અલબેલા શહેરમાં ભેગી મળશે તે અમો સહેલાઇથી કલ્પી શકીએ છીએ.”

એજ લેખમાં આગળ ચાલતાં અર્થભરી સુચના કરવામાં આવે છે કે:—

“ મૌલાના હાજર ઇમામ પાંચ વર્ષના લાંબા ગાળા પછી હિંદ ખાતે પધારતા હોવાથી અમોને લાગે છે કે લગ્ન તથા બીજાં કારજો મોટી સંખ્યામાં તેઓશ્રીની હજુરમાં ઉકેલવામાં આવશે તેમાં કશો શક નથી.”

વળતીજ લીટીમાં પાછી પ્રીલસુરી નીતરે છે કે:—

“ પણ આવા અવસરો ઉજવવામાં આપણા બંધુઓ તથા

બ્હેનો કરકસરનો નિયમ ધ્યાનમાં રાખશે એવી અમારી તેઓને વિનંતિ છે. × × × વળી વ્યાપાર ધંધાની હાલની મંદીના તથા આર્થિક તંગીના તથા બેકારીના સમયમાં ખોટા તથા ઉડાઉ ખર્ચોને તિલાંજલી આપવી ઘટે છે.''

આ આખો લેખ ભરમાવનારો છે. આજનો વખત મંદી, તંગી અને બેકારીનો છે એ વસ્તુ એમાં સ્વીકારવામાં આવી છે અને તેથી કરકસર કરવાની સુરીયાણી સલાહ તે આપે છે. સાથોસાથ તે એમ પણ કહે છે કે આફ્રીકા જેટલા દુરના દેશથી ના. આગાખાનને જોવા કોમના માણસો આવે એ બરાબર છે; ના. આગાખાનના આવ્યા પછી બહુ મોટી માનવ મેદની મુંબઇમાં મળવાની મીઠી કલ્પના તેને ઘણીજ સહેલાઇથી આવે છે; અને લગ્ન તેમજ બીજાં કાર્યો (જેવાંકે મોટું કામ, નામ પડાવવું, મ્હેમાની કરવી, વિગેરે, વિગેરે) બહુ મોટી સંખ્યામાં ન.મદારની હાજરીમાં મુંબઇમાં થાય એ માટે એ છુપી સુચના પણ આપે છે. આ બન્ને વાતો પરસ્પર વિરૂદ્ધ છે. આફ્રીકાથી એક માત્ર ના. આગાખાનને જોવા માટે હિંદ આવવું એમાં કરકસર નહિ પણ ખુલ્લી ઉડાઉગીરી છે. એજ રીતે દેશના બીજા માણસો મોટી સંખ્યામાં મુંબઇમાં ભેગા થાય એ ક્રિયા પણ આજના તંગીના જમાનાને જરાપણ અનુરૂપ નથી. આ બધા ઉપરાંત લગ્ન, વિગેરે કાર્યો ના. આગાખાનને હાથ નીચે ઉજવવાની જે સુચના કરવામાં આવી છે તે તો કોમને બહુ મોટા ઉંડા ખાડામાં ઉતારનારીછે. ઘરબેઠાં સામાન્ય ખર્ચથી પતી જતાં લગ્નો આમ મુંબઇ જઇ ના. આગાખાનની હાજરીમાં પતાવવાની અત્યંત ખર્ચાળુ અને ખોટી લાલસા લોકોમાં ઉત્પન્ન કરવી એમાં કરકસરનું પોષણ નહિ પણ ખુન કરવામાં આવે છે. આમ છતાં કેમ જાણે કોમના હિત માટે હૈયું સળગ્યા કરતું હોય તેમ કરકસરની શિખામણ આપવા બહાર પડવું એ વધુ પડતી ધૃષ્ટતા છે, કોમને બનાવવાની એમાં ઇરાદાપૂર્વકની બાજી છે.

આવા છળકપટ ખેલાતા સમયમાં કોમને સાવચેતીનો સુર સંભળાવ્યા શિવાય અમારાથી રહી શકાતું નથી. ના. આગાખાન સાથે અમારે કોઇ અંગત વેર નથી. પણ જ્યારે એ નામદારને નામે કોમના ખીસાં ખાલી કરવાની ક્રિયા જોરશોરથી ચલાવવામાં આવતી હોય અને એ નામદાર પોતે પણ એ ખુલ્લું કરવાને બદલે ગોળગોળ કે ભેદભરી ભાષામાં એ ક્રિયાને ટેકો આપતા હોય ત્યારે કોમના હિતની ખાતર અમારાથી કદી પણ ચુપકીદી અખત્યાર કરી શકાય નહિ, અને તેથી અમારી કોમને એ ખુલ્લી સલાહ છે કે તમારા ખીસાં પાકીટ સંભાળવ એ તમારા કબજાની વાત છે. તમે જાતેજ સમજો તે તમારી પાસેથી જબરજસ્તી કરી કોઇથી એક પાઇ પણ લઇ જઇ શકાય તેમ નથી. ના. આગાખાનની પાછળ ફના થઇ જઇ ભૂખ ભેગા થનારા બધાઓની આશા નિષ્ફળ ગઇ છે અને એ નામદારે કોઇને એક દોઢીયું પણ નથી પરખાવ્યું. આજના મંદીના વખતમાં જેટલું તમે બચાવી શકશો તેટલું તમારા અને તમારા બાળ બચ્ચાંના પોષણ અર્થે ઉપયોગમાં આવશે. ના. આગાખાનને આપેલી એક પાઇ પણ તમારા બચ્ચાંઓને પાછી મળનાર નથી. માટે સાવધાન! ઉંઠા ભણાવનારાઓથી છેતરાશો નહિ અને હાથે કરીને હેરાન થશો નહિ.

---

## હિન્દ આવતા ના. આગાખાન.

એમ ચોક્કસ જણાય છે કે ના. આગાખાન તેમના બે પુત્રો અને તેમના ફ્રેન્ચ મ્હોરદાર સાથે ગઇ તા. ૧ ના રોજ માર્સેલ્સથી હિન્દ આવવા રવાના થયા છે અને આવતી તા. ૧૪ ના રોજ મુંબઇ ઉતરશે.

---

( અનુસંધાન પાના ૩૨૮ થી )

'સરકાર સાહેબી' ગુન્હેગારી આપી નાતમાં ન આવે ત્યાં સુધી બીજી કોમોમાં અમુક વખત માટે નાતબહાર મુકવામાં આવે છે જેમકે ૩ માસ માટે કે ૬ માસ માટે કે બે વરસ માટે જે માણસને નાત બહાર મુકવામાં આવે તે દેશાવર જવાનો હોય કે ન હોય તો પણ આ કાઉન્સીલની સાથે સંકળાયેલી અન્ય કાઉન્સીલો ઉપરાંત બીજે કોઇ સ્થળે તે મુજબના સમાચાર મોકલાવી શકાય નહિ. કારણ કે જે ગુન્હા માટે એને નાત બહાર કરવામાં આવ્યો હોય તે ગુન્હો નાત બહાર મુકનાર કાઉન્સીલના બંધારણ મુજબ ગણવામાં આવ્યો હોય, નહિ કે બીજી કોઈ કાઉન્સીલ કે જમાતના બંધારણ મુજબ. એટલે ન્યાય અને કાયદાની દ્રષ્ટિએ આ બરાબર નથી; વેર લેવાની કે કનડગત કરવાની વૃત્તિ તો નજ હોવી જોઇએ.

---

**સસ્તું અને સારૂં વાંચન**

**વાંચવું હોય તો બે રૂપીયા મોકલાવી "ખોજા જાગૃતિ" ના ગ્રાહક બનો.**

# હવે એને છોડો !

' એ, ગાંડો આવ્યો, એ, ગાંડો આવ્યો !'

ફક્ત એકજ પોતડી પહેરી છે. માથું ઉઘાડું છે. શરીરે બીજું વસ્ત્ર નથી. ઉઘાડા પગ ધુળ ધુળ ભરેલા છે. દાઢીએ મહીનાક દિવસની હજામત ચડી છે. આવો એક નાગો પુગો અને ભાન વિનાનો દેખાતો આદમી નીચું ઘાલી ઉતાવળો ઉતાવળો ચાલ્યો જાય છે. એના મોમાં એકજ સુત્ર છે અને લાંબે સાદે એ લલકાર્યે જાય છે.

ધરમ ધરમ કરવું નહિ,
(ને) ધરમના દીકરા થાવું નહિ;

ગાંડા જેવા દિસતા આ માણસની પાછળ છોકરાં હુડીયો કરે છે. કોઇ ચાળા કરે છે તો કોઇક તોફાની કાંકરા મારે છે; કોઇ ધુળ ઉડાડે છે. જેમ જેમ એ આગળ જાય છે તેમ તેમ લાંબા રાગે ગવાતું સુત્ર અને છોકરાંઓની હુડીયો શેરીઓમાંથી અને રસ્તાઓમાંથી બીજાં છોકરાંને આકર્ષી લાવે છે. આમ છોકરાંઓનું ટોળું વધતું ચાલે છે કીકીયારી અને કલબલાટ પણ વધ્યે જાય છે.

એ ગાયા કરે છે અને ચાલ્યા કરે છે. કોલાહલ વધતો જાય છે. છોકરાંઓમાંથી જુવાનીયા અને જુવાનીયામાંથી મોટેરાં એમાં જોડાય છે. ટોળાનું સ્વરૂપ મોટું થતું જાય છે. રાહદારીઓ અને દુકાનદારો પોતાનું કામ ઘડીભર છોડી એમાં સામેલ થાય છે. એ ચાલ્યા કરે છે ને ગાયા કરે છે. ' તું કયાંથી આવ્યો ? કોણ છો ? ' એ બધા સવાલોનો એકજ જવાબ—

ધરમ ધરમ કરવું નહિ,
(ને) ધરમના દીકરા થાવું નહિ.

આમ વિસંવાદી સંગિતથી શોભતું એ ટોળું રસ્તાના એક મોટા ચોકમાં આવી પુગે છે. ગાંડો દેખાતો આદમી ચારે બાજુ એક ચકોર દ્રષ્ટિ ફેરવે છે અને એક દુકાનના ઓટલા ઉપર એ ચડી જાય છે. તમાસો જોવા જમા થયેલા લોકો પુરા વિસ્મય પામે તે પહેલાં એનો વાણિ-પ્રવાહ ઉછળે છે.

" ગાંડા માણસનો તમાસો જોવા એકઠા થયેલા મારા બાંધવો, સીધી રીતે મારી વાત સાંભળવાની આનાકાની કરે એવા તમારા હૃદયની કુતુહલ વૃત્તિએ તમને આંહી ઠીક દોરવ્યા છે. જેણે આપણને અંદર અંદર લડાવી માર્યા, જેણે આપણા અસંખ્ય બીરાદરોની કત્લ ચલાવી અને જેણે આપણને પરલોકની મોહીની બતાવી આ લોકના આપણાં સુખ સગવડ ઝુંટવી લઇ આપણને કંગાલ, નિર્વીર્ય, નમાલા, કજીઆખોર અને પરાશ્રયી બનાવ્યા એ ' ધર્મ ' ની જાળમાંથી બંધનમુકત થવા હું તમને કહેવા માગું છું. "

ઘડી પહેલાંનો જબ્બર કોલાહલ નિરવ શાંતિમાં ફેરવાઇ ગયો. પ્રત્યેક માણસ આ ગાંડામાંથી ડાહ્યા થઇ ગયેલા માણસને એક ધ્યાનથી સાંભળવા લાગ્યો અને એ ગાંડાનું ડહાપણ આગળ ચાલ્યું.

" ધર્મ એટલે નીતિ, કર્તવ્ય, ફરજ: એવા ભ્રમમાં પડશો નહિ. એ તો આખી દુનિયા સ્વીકારે છે. એનો નાશ આખી દુનિયામાં કોઇ નથી ઇચ્છતું. અને આજે ધર્મ શબ્દનો એ અર્થ પણ નથી રહ્યો. આજે તો એ શબ્દે અળખામણામાં અળખામણું સ્વરૂપ પકડયું છે શબ્દકોષમાં પણ સ્થાન ન આપી શકાય એવો આજે એ શબ્દ કાળો બન્યો છે.

" વામ માર્ગીઓથી લઇને ગમે તે ધરમ તમે લ્યો. સૌ એમ કહે છે કે અમે સાચા છીએ. સૌનો એ દાવો છે કે અમારા ધરમથી સ્વર્ગ મળે છે, મોક્ષ પમાય છે. હું તમને કહું છું કે એ બધા ખોટા છે.

" આટલા બધા માણસોમાંથી એક તો મને બતાવો કે જે સ્વર્ગની મ્હેલાતો જોઇ આવ્યો હોય ! આટલા બધા ધરમોમાંથી એક તો મને બતાવો કે જેની સ્થાપના કરવા અને હસ્તી જાળવવા નીતિ અને ન્યાયના કાનુનોનું ખુન કરવામાં ન આવ્યું હોય ! ઠેકઠેકાણે ફુટી નીકળેલા અનેક ધરમોમાંથી તમે કોઇ મને એકનું નામ પણ આપી શકો તેમ છો કે જેના ધર્માચાર્યે પોતાના અનુયાયીઓની સંપત્તિની બેજવાબદાર ઉડાઉગીરી ન આચરી હોય ?

" પ્રત્યેક ધર્મ એ શેષ જગત સામે સીધેસીધી પડકાર છે. ' હું સાચો ને તું ખોટો ' એ હરએક ધર્મનો હુંકાર છે. અને આ હુંકાર અને પડકારે આજ દિન સુધી જગતને શાંતિ લેવા દીધી નથી, અને પરસ્પર વિગ્રહ કરાવી ધરતીને મોંમાં શોણિત પાયાં છે.

" મને બતાવો કે, કયા ધર્મે આજદિન સુધીમાં સાચી વાત કરી છે? કયા ધર્મે આજદિન સુધીમાં તેના અનુયાયીઓને પોતાની બુદ્ધિ સ્વતંત્ર રીતે વાપરવાની સલાહ આપી છે ? પ્રત્યેક ધર્મ તેના અનુયાયી પાસેથી આંધળું અનુગમન માગે છે. આમ ધર્મ માત્ર લોકોનો બુદ્ધિ-વિકાસ રૂંધે છે.

" જુવાનો અને વૃદ્ધો ! બાળકો અને બૈરાંઓ ! આપણી પ્રગતિને રોકનાર, આપણને સદા પરાવલંબી અને પરાશ્રયી બનાવનાર, આપણી પાયમાલી અને કલેશનું આદ્યકારણ અને આપણને માણસ મટાડી પશુ બનાવનાર આ ' ધર્મ ' નો તમે ત્યાગ કરજો. બોલો છોકરાંઓ—

ધરમ ધરમ કરવું નહિ,
(ને) ધરમના દીકરા થાવું નહિ. "

અને પડઘો ઉઠયો કે ' ધરમના દીકરા થાવું નહિ. '


"ખોજા જાગૃતિ" કેટલું સસ્તું છે ?

બાર મહીનાના ૨ રૂપીયા.
છ મહીનાનો ૧ રૂપીયો.
ત્રણ મહીનાનો ૦ાા રૂપીયો.
૯૦ દિવસની ૯૬ પાઇ.

દરરોજ એક પાઇના જેટલો ખર્ચ પણ તમે કોમની ઉન્નતિના માર્ગમાં નહિ કરી શકો !

# " His Master's Voice. "

## ગ્રામોફોન વાગે છે.

ભૂખે મરતી કોમ હવે વધુ માર સહી શકે તેમ નથી માટે ભેટ સોગાદો લેવાનું માંડી વાળવાની વિનંવણી કરતો એક તાર ખોજા સુધારક સંઘે ના. આગાખાનને લંડન કર્યો ત્યાર પછી આગાખાની નોકરશાહીએ કૃત્રિમ વિરોધનો વંટોળ ઉભો કરવા ખુબ ઝહેમત ઉઠાવી. પોણો ડઝન સ્થળોએ આવી બનાવટી વિરોધ સભાઓ ભરાવવામાં ફતેહ મેળવી છે, અને હવે તો એ વિરોધ સમી જતો દેખાય છે.

આ નવ સભાઓમાંની ત્રણ તો મુંબઇ ખાતે ભરવામાં આવી છે; જ્યારે બાકીની છમાં અમદાવાદ, જુનાગઢ, વેરાવળ, માણાવદર, ઉના અને રાજકોટ આવે છે.

વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા સમાચાર મુજબ રાજકોટની સભામાં ૪૦૦ સ્ત્રી પુરૂષોએ હાજરી આપ્યાની વાત છે. પણ હકીકતે રાજકોટમાં પુરા ૪૦૦ માણુસની વસ્તીજ નથી. ઉપરાંત રાજકોટના રહીશોને તો છાપાઓ વાંચ્યા પછીજ આ સભાની ખબર પડે છે. આ દાખલો બનવા જોગ છે કે બીજા સ્થળોના અહેવાલોને પણ લાગુ પાડી શકાય.

મુંબઇની સભામાં ઠરાવ થયો કે " કરોડો ઇસ્માઇલીઓના દીલ દુભાયા છે." વાજીંત્રો આ બન્નેના સુર કાઢે તો પણ એને કોણ રોકે એમ છે? એક એક ઇસ્માઇલીને સો સો હૃદયો હોય તોજ માંડ એક લાખ જેટલા ઇસ્માઇલીઓના કરોડો હૃદયો દુભાઇ શકે. હકીકતે તો આ દીલ દુભાયેલાની સંખ્યા કોમના દસ ટકા જેટલી પણ ભાગ્યેજ હશે.

નવ સ્થળોએ ભરાયેલી વિરોધ સભાઓમાંથી ત્રણ સ્થળો (જુનાગઢ, વેરાવળ અને માણાવદર) ની સભાના પ્રમુખ કે ઠરાવ મુકનારના નામ વર્તમાનપત્રોમાં કે ખુદ "ઇસ્માઇલી"માં પ્રગટ કરવામાં આવ્યા નથી. એમ કેમ ન બને કે આ ત્રણે સભાઓની વાત ઉપજાવી કાઢવામાં આવી હોય?

આ બધી સભાઓએ એકજ વાત ઉચ્ચારી છે અને એકજ ગીત ગાયું છે. ના. આગાખાનના આગમનના સમાચાર સાંભળી આઘાત થયાનો તાર કરવામાં આવ્યો છે તે ઉદ્ધતાઇ ભરેલું છે. પણ એ તારના પાછલા ભાગનો જવાબ કોઇએ આપ્યો નથી કે એ સામે કોઇએ વાંધો ઉઠાવ્યો નથી. એ સંબંધે સંપૂર્ણ ચુપકીદી જાળવવામાં આવી છે. ખોજા સુધારક સંઘે ના. આગાખાનને કરેલ તારમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે કોમની ગરીબી ભૂખમરા સુધી પહોંચી છે અને હવે કોઇ પણ જાતનો વધુ બોજો કે ઉડાવગીરી કોમ સહન કરી શકે તેમ નથી; માટે ના. આગાખાને મહેરબાની કરીને કોઇપણ જાતની ભેટ સોગાદો કે દાન સ્વીકારવું નહિ. શું આ વાત ખોટી છે? શું ખોજા કોમ આજે બેહાલી અને બેકારીને કાંઠે આવીને નથી ઉભી? શું કોમનો બહુ મોટો ભાગ અંતિમ કંગાલીઅત નથી સહી રહ્યો? ના. આગાખાનની દરેક પધરામણી શું કોમની પાસે આંધળુકીયાં કરાવી ગરીબીમાં મોટો ઉમેરો નથી કરાવતી? કોમનો સભ્ય કહેવરાવતો કોઇ પણ માણસ આ હૃદયદ્રાવક પરિસ્થિતિ તરફ આંખ મીંચામણાં નજ કરી શકે. કોમની આવી કફોડી હાલતમાં ના. આગાખાનને આગ્રહપૂર્વક વિનંતિ કરવી કે કૃપા કરીને આપ કાંઇપણ પૈસા લેવાનું માંડી વાળજો એમાં વાંધાભરેલું શું છે? ના. આગાખાનને પોતાનો પ્રવાસ રદ કરવા વિનવવામાં આવ્યા છે. પણ જો એ નામદાર પૈસા સ્વીકારવાનું ન માંડી વાળે તો—નહિતર નહિ.

આમ છતાં આ તારનો વિરોધ કરવામાં આવે છે એનો અર્થ તો એટલોજ ને કે ના. આગાખાન ભલે કોમ પાસેથી ખુબ પૈસા પડાવે? સમજશકિતવાળા કોઇ માણસથી આ વસ્તુ સ્વીકારી શકાય તેમ નથી; અને તેથી સ્વાભાવિક અનુમાન એ થાય છે કે આ વિરોધ કોમ કરતી નથી પણ ના. આગાખાનના વાજીંત્રોજ આ વ્યર્થ પોકાર પાડી રહ્યા છે. જે જે સ્થળોએ વિરોધ સભાઓ ભરાણી છે તે તે સ્થળોએ ઠરાવ મુકનાર અને ટેકો આપનાર કોઇ નહિ ને કોઇ કામડીયો કે મુખી કે કાઉન્સીલનો મેમ્બર હોય છે અને મીશનરી કે વારસ કે આલીજાહાં પ્રમુખપદે કે વ્યાખ્યાતા હોય છે એ સળંગ હકીકત આ અનુમાનને મજબુત ટેકો આપે છે. ના. આગાખાનના મુરબ્બીપણા નીચે ચાલતી કાઉન્સીલ કે સ્કાઉટ સંસ્થાઓ અને એ સંસ્થાઓના હાથે નીમાયેલા મુખી અને કામડીઆ આ આખું નાટક પહેલેથી છેલ્લે સુધી ભજવે છે. નીચેની તારીજ આ વસ્તુને સત્ય નગ્ન સ્વરૂપમાં રજુ કરે છેઃ—

### મુંબઇ.

#### ૧. કાંડી મહોલ્લો.

પ્રમુખ—આલીજાહાં.

૧ લો ઠરાવ મુકનાર—માહીમના મુખી.
,, ટેકો—જુનાગઢ પંજે ભાઇઓના કામડીયા, મોટા જમાતખાનાના સમી સાંજ તથા સવારના કામડીયા.

૨ જો ઠરાવ મુકનાર—કાં. મ. એ. ખ્યા. પંજેભાઇઓના મુખી.
,, ટેકો—ચામડા કું. ના પંજેભાઇઓના મુખી, હા. મુમન જમાતના મુખી.

૩ જો ઠરાવ મુકનાર—મો. ખા, મંગળવારના પંજેભાઇઓના મુખી.
,, ટેકો—કાં. મ. બુધવારના પંજેભાઇઓના મુખી.

#### ૨. મઝગામ.

૧ લો ઠરાવ મુકનાર—દાદરના મુખી.
,, ટેકો—હશનાબાગના માજી મુખી, હ. બં. માજી મુખી.

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૨૭ )

# સપ્તાહનો સાર.

**સાધુના મઠ જેવાં :** કાનપુર ખાતે ગઇ તા. ૩૦ ના રોજ વિદ્યાર્થીઓની સભા સમક્ષ ભાષણ આપતાં પં. જવાહરલાલ નહેરૂએ દેશ પ્રત્યે બેદરકાર રહેવાનો વિદ્યાર્થીઓ ઉપર આક્ષેપ મુકતાં જણાવ્યું હતું કે “ હિંદની કોલેજો અને શાળાઓ સાધુના મઠ જેવાં છે. ” તેમણે જુવાનોને આંતરરાષ્ટ્રિય રાજકારણ તરફ લક્ષ રાખવા સૂચવ્યું હતું.

**છ માસથી અપવાસ :** અમૃતસરની રાજકીય કેદીઓને મદદ કરનારી શીખ સોસાયટીના મંત્રી તરફથી પ્રગટ થયેલા સમાચાર મુજબ લાહોર કાવત્રાં કેસનો એક કેદી બાબુ નંદસીંહ મુલતાનની સેન્ટ્રલ જેઇલમાં છેલ્લા ૫ માસ ને ૨૦ દિવસથી અપવાસની હડતાળ ઉપર છે અને તેમનું વજન ૪૨ રતલ ઘટી ગયું છે. થુંકમાં લોહી પડે છે. અપવાસનું કારણ જણાયું નથી.

**વરાડ નહિ સોંપાય :** હૈદ્રાબાદ ખાતે ના. નીઝામનું બાદશાહી માન સ્વીકારતાં હિંદના વાયસરોય લોર્ડ વીલીંગ્ડને એવી જાહેરાત કરી હતી કે “ વરાડનો અત્યારનો વહીવટ કાયમ રાખવાની બ્રીટીશ સરકારની ઇચ્છાને ના. નીઝામ સરકારે માન આપ્યું છે. ” ના. નીઝામે વરાડને પાછો પોતાના હાથમાં લેવા અથાક પ્રયત્નો કર્યા હતા, પણ તે બધા નિષ્ફળ ગયા છે.

**શ્રી. શેઠનો છુટકારો :** “ સૌરાષ્ટ્ર ” ના તંત્રી અને કાઠીયાવાડના જાણીતા આગેવાન શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠનો ગઇ તા. ૨ જીના રોજ નાસીક જેલમાંથી સજાની મુદ્દત પુરી થતાં છુટકારો થયો છે.

**પં. જવાહરલાલ પર ટાંચ :** રાષ્ટ્રિય લડત ખતમ થયા બાદ આવક વેરો આપવાના પોતાના નિશ્ચયને વળગી રહેવાથી સરકારે પંડીત જવાહરલાલ નહેરૂના ઇમ્પીરીયલ બેન્કમાં જમા મુકાયેલા રૂા. ૬૦૦) ઉપર ટાંચ લગાવી છે.

**વડોદરાની બે મીલો બંધ :** વડોદરાની બે મોટી મીલો, મહારાણી વુલન મીલ્સ અને મહારાજા કોટન મીલ્સ બંધ પડી છે. લગભગ રૂા. ૨૫ લાખનું કરજ અડસટવામાં આવે છે.

**વડોદરામાં હિન્દી ભાષા :** વડોદરાના ના. ગાયકવાડે એક હુકમ બહાર પાડી વડોદરા રાજ્યના બધા વકીલોને બે વરસની અંદર હિન્દી ભાષા શીખી લેવાનું ફરમાવ્યું છે.

**પેટા જાતીઓ રદ કરો:** લાહોરની જાત–પાત તોડક પરિષદે સઘળી પેટા જાતિઓ રદ કરવાનો ઠરાવ પસાર કર્યો છે.

**મણી બેન પટેલને સજા:** સરદાર વલભભાઇ પટેલના પુત્રી કુ. મણીબેન પટેલને ઓર્ડીનાન્સ કાયદાની કલમ ૧૪ પ્રમાણે અમદાવાદના ફ. ક. મેજીસ્ટ્રેટે ૧૫ માસની સખ્ત કેદની સજા કરી છે. તેમને બ વર્ગમાં મુકવામાં આવશે.

**કમળાદેવીને સજા :** શ્રીમતિ કમળાદેવી ( ચટોપાધ્યાય ) ને મદ્રાસ નજીક આવેલા નાઝવીરના મેજીસ્ટ્રેટે એક વરસની આસાન કેદની સજા કરી છે.

**લાંબી મુછોવાળાનું ગાંડપણ :** ૯૬ ઇંચ લાંબી મુછ-વાળા લાઠીના આહીર દેસુરભાઇ અમેરીકાના ચીકાગો પ્રદર્શનમાં પ્રદર્શન તરફથી ગયા હતા, ત્યાં અમેરીકાની સમૃદ્ધિ અને લોકોની રહેણી કરણી જોઇ તેમનું મગજ ચસકી ગયું અને હિન્દ પાછા ફરતાં સ્ટીમર પરથી ભર દરીયે કુદકો મારી તેણે આપઘાત કર્યો. તેમને અઠવાડીયાના ૬૦ ડોલર અને જવા આવવાનો ખર્ચ પ્રદર્શન તરફથી આપવામાં આવતો હતો.

**સ્ત્રી પુરૂષોની ક્રીકેટ:** અમદાવાદમાં ગુજરાત કોલેજના મેદાન ઉપર સ્ત્રી અને પુરૂષો વચ્ચે એક ક્રીકેટ મેચ રમાઇ હતી. સ્ત્રીઓએ ફલેનલના પાટલુન અને ખમીશ પહેર્યાં હતા. બેટને બદલે લાકડાના ગોળ સળીયાથી રમત રમવામાં આવી હતી. સ્ત્રીઓએ પુરૂષોને ૪૭ રને હરાવ્યા.

**દશ લાખ પાઉન્ડનું નુકશાન:** ઇસ્તંબોલ શહેરમાં તાજે-તરમાં એક જબ્બર આગ લાગવાથી દશ લાખ પાઉન્ડનું નુકશાન થયું છે અને અદાલતના ૫ લાખ દફતરો બળીને ભસ્મ થઇ જવાથી અદાલતોનું કામકાજ અટકી પડવાનો ભય ઉભો થયો છે.

---

## વેપાર સમાચાર

( તા. ૯-૧૨-૩૩ )

**ઊન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૧૩૬ ગાંસડી વેચાણી છે અને બજાર મજબુત રહ્યો છે. આવતો સેલ તા. ૧૨ થી શરૂ થશે તેમાં ગાં. ૨૧૮૦૦ મુકાશે. લંડનનો ઓસ્ટ્રેલીયાનો સેલ ૧૫ ટકા તેજ જઇ પુરો થયો છે અને ગાં. ૧૩૦,૦૦૦માંથી ગાં. ૩૭૦૦ વેચાણ વગરની પડતર રહી છે. સ્થાનીક બજારમાં કાંઇ સોદા થયા નથી, અને ભાવમાં કાંઇ ફેરફાર નથી.

**રૂ :** ભરૂચ ૧૭૮. **બકરાના વાળ :** ૬) ૬I.

**અનાજ, વિ. :** ૨) ૨I ઘઉં દેશી. ૧II! ૨I~ ઘઉં પરદેશી. ૨)= બાજરો જુનો. ૧II ૨I બાજરો નવો. ૧I= ૧I॥ જુવાર. ૧II≋ ચણા દેશી. ૧II~ ચણા પરદેશી. ૦III≋ ૧)~ કમોદ જાડી. ૧I ૬I~ કમોદ ઝીણી. ૧II મેથી. ૨I ૨I= તલ. ૧II~ એરડા. ૧II~ એરડી. ૧)~ ૧I= મગ દેશી. ૨II= મગ ચીનાઇ. ૧II= અડદ. ૧I~II મગફળી ઝીણી. ૧I મગફળી જાડી. ૧III~ રાઇ. ૨)= ૨)≋ શીંગદાણા હાથફોલ.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી નવો. ૧II ૨) ગોળ દેશી જુનો. ૬II= કપાશીયા વારાડી નવા. ૫II કપાશીયા વારાડી જુના. ૪)≋ ખાંડ પરહદનાને, ૪II= ખાંડ રાજકોટ શહેર, ૪) ખાંડ સદર. ૯) ૧૧) સોપારી જુની. ૧૦) ૧૧) ગદબનું બી. ૭II ૮) વેસણ.

**ઘી :** ૨૨II ૨૩) મુંબઇ પરખ, ૧૮) ૧૮II તાજો રસ.

**તેલ :** ૫I ૫I= તલનું, ૩II શીંગનું. ૫) ૫)= ઓપરેલ પીપનું, ૫I= ડબાનું. ૩)= ગ્યાસલેટ સફેદ હાથી, ૨II= સફેદ રશીયન પીપનું.

**સાબુ :** હૈદરી નાની સાઇઝ ૪I મોટી સાઇઝ ૫I.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

# ૧૧ મો નકલંકી ?

'હઝરત મૌલાના ધણી સલામત દાતાર, દશમો નકલંકી અવતાર, હાજર જોમેજો ધણી' આગા સુલતાન મહમદશાહ હાજર ઇમામ આવતી તા. ૧૪ ના રોજ મુંબઈ પધારશે. સાથે આ વખતે માબાપનું આખું કુટુંબ છે. મૌલાના દીદાર સાથે વ્હાલા શાહઝાદા વલી અહદ અલી સલમાનખાનને ભેટવાનો લાભ પણ મળશે '

કેટલાય વેવલા ભકતો અને ભકતાણીઓ આજે આમ વાતો કરી રહ્યા હશે! પણ તેઓમાંના કોઇને ખબર છે કે આ આખી મંડળી આ વખતે સાથે શા માટે હિન્દ આવે છે ?

મને તો લાગે છે કે ના. આગાખાનનું આ વખતનું આગમન ઘણાં કારણોસર હોવું જોઇએ. ખાસ કરીને તેમના મોટા દીકરા અલી સલમાનખાનને તેમની પોતાનીજ જગ્યાએ ગોઠવી દેવાની તેમની કોઇ યોજના હોય તો બનવા જોગ છે.

ના. અગાખાન અત્યારે હાજર ઇમામ છે. દશમો નકલંકી અવતાર છે, ખુદ ખુદા છે. તેઓ એમ કેમ ન ઇચ્છતા હોય કે પોતાની હયાતી દરમ્યાનજ એ બધા લકબ પોતાના મોટા પુત્રને મળી જાય ? અત્યાર સુધીમાં એ નામદારના વાજીંત્રોએ અલી સલમાનખાન માટે જે જોરદાર પ્રચાર કાર્ય કર્યું છે એ જોતાં તો નામદારનો આવો મનસુબો આપણે અનુમાની શકીએ.

પણ નામદારની અને નામદારના દીકરાની અને તેમના ઇલ્કાબની અને દાવાની વાત આપણે બાજુ ઉપર રાખી આપણે આપણો પોતાનો વિચાર જરા કરી જોઇએ.

આપણે તે શું કોઇ મેંઢાનું ટોળું છીએ કે એક રખેવાળ બીજા રખેવાળને આપણને સોંપતો જાય અને આપણે સોંપાઇ જઇએ ? અપણે મન મૌલાના ધણી સલામત દાતાર દશમો નકલંકી અવતાર છે અને ખુદા છે. આપણે હવે ૧૧ મો નકલંકી કે ખુદાનો ખુદા શું કરવા જોઇએ ? જો અલી સલમાનખાનને આપણે દશમો નકલંકી સ્વીકારીએ તો શું તેમના પિતા ના. આગાખાનને દશમો નકલંકી કહેવામાં આપણે અત્યાર સુધી થાપજ ખાધી છે. અને આપણે બનીજ ગયા છીએ ?

થોડો ઘણો પણ બુદ્ધિનો પાસ આપણા મગજમાં રહ્યો હોય તો ગમે તેટલી ફોસલામણ અને ભૂલભૂલામણીમાં આપણને નાખવામાં આવે તો પણ અલી સલમાનખાનને તો આપણે કદી પણ સ્વીકારવા નજ જોઇએ, કે તેમને ચરણે પૈસા ધરવાની કે તેમની દુઆ આશીષ સાંભળવાની ભૂલ નજ કરવી જોઇએ. આપણે તો મામદ સુલતાન સાચા ને બાકી બધા ખોટા. અલી સલમાન ભલે બીજા યુરોપીઅનોની પેઠે પોતાનું સ્થાન યુરોપીય સમાજમાં લઇ લ્યે; આપણી વાટ તેમણે ન રાખવી.

---

( અનુસંધાન પાના ૩૨૫ થી )

૨ જો ઠરાવ મુકનાર—બીલ્લાના મુખી.

### ૩. અંધેરી.

૧ લો ઠરાવ મુકનાર—સ્કાઉટ ટ્રુપ લીડર.

" ટેકો—કામડીયાના ચીરંજીવી.

૨ જો ઠરાવ મુકનાર—માજી મુખી.

" ટેકો—માજી કામડીયા.

૩ જો ઠરાવ મુકનાર—પાણી કંપની પંજભાઇના મુખી.

" ટેકો—વગર હોદાના.

### અમદાવાદ.

પ્રમુખ—વારસ.

વ્યાખ્યાતા—મીશનરી.

ઠરાવ મુકનાર—કામડીયા.

ટેકો આપનાર—વગર હોદાના.

### રાજકોટ.

પ્રમુખ—માજી કામડીયા.

૧ લો ઠરાવ મુકનાર—અજાણ્યા.

" ટેકો—વોલંટીયર.

૨ જો ઠરાવ મુકનાર—સુ. કાઉન્સીલના મેમ્બર.

" ટેકો—અજાણ્યા.

### ઉના.

પ્રમુખ—મુખી.

વ્યાખ્યાતા—મીશનરી.

૧ લો ઠરાવ મુકનાર—વગર હોદાના.

" ટેકો—મીશનરી.

૨ જો ઠરાવ મુકનાર—વગર હોદાના.

" ટેકો—પ્રગણા કામડીયા.

આ સળંગ વસ્તુ એકજ વાત સાબીત કરે છે કે કોમ નહિ પણ આગાખાની નોકરશાહી ખોજા સુધારક સંઘના તારનો વિરોધ કરે છે અને બધા ગ્રામોફોન પોતાના માલીકના અવાજનો પડઘો પાડે છે.

ખોજા સુધારક સંઘને ખોજા કોમ વતી બોલવાનો હક નથી એવા વ્યર્થ બરાડા પાડવાનો કશો અર્થ નથી. ખોજા કોમમાં એ એકજ એવી કાયદેસર સંસ્થા છે કે જે કોમ વતી બોલી શકે. એના કાયદેસરપણા વિષે કોઇથી વાંધો ઉઠાવી શકાય તેમ નથી. પોલ ઉઘાડનારને બધા પોલપંથો આમજ અવગણવાના પ્રયત્ન કરે છે.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૫૨.**

"કોઇ પ્રસંગે કામ ધંધા બંધ રાખવા કાઉન્સીલ અગર જમાત તરફથી સાદ ફેરવવામાં આવે ત્યારે તે મુજબ વર્તવું."

કોમના સામાજીક બંધારણ સાથે આ વસ્તુને કશી નીસ્બત નથી; એટલે એને કાયદામાં સ્થાન આપી શકાય નહિ. આખી કોમને પોતાનો કામધંધો બંધ કરવાનું ફરમાવવાનો કાઉન્સીલને કે જમાતને કશો હક નથી. વધુમાં વધુ એવી કોઈ જરૂરીઆત ઉભી થાય ત્યારે આવી સામાજીક સંસ્થાઓ પોતાનું કામકાજ બંધ રાખી શકે; એથી વધુ નહિ.

**કલમ ૧૫૩.**

"આ કાયદાઓ ઘડવામાં આવેલ છે તેની ચોપડીઓ છપાવવામાં આવશે અને તે બાબતના સઘળા હકો રજીસ્ટર કરવામાં આવશે અને તે કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલને સ્વાધીન રહેશે."

ખોજા કોમના સામાજિક વહીવટ સાથે જેને લવલેશ સબંધ ન હોય એવી કલમોથી આ કાયદાનો પોથો દળદાર કરવાની કશી જરૂર નથી. આ એક અતિ સામાન્ય વસ્તુ છે, અને જેમ આ ચોપડી છપાવતી વખતે તેના પ્રુફ વાંચવામાં આવશે એમ એમાં લખવું એ નિરર્થક છે તેમ આ ચોપડી છપાવવામાં આવશે એ કહેવા માટે એક કલમ ઘડવી એ પણ એટલુંજ અનાવશ્યક છે.

આમ છતાં આ વસ્તુને કાયદાની ચોપડીમાં સ્થાન આપવામાં આવ્યું છે એટલે એની પાછળ કોઇ ઉંડો છુપો હેતુ હોય એ બનવા જોગ છે. જેને પુછ્યા શિવાય આ કાયદા અને ધારાધોરણ ઘડવામાં આવ્યા છે, છતાં તેનાજ માથે જેનો અમલ કરવાનો છે એ કોમના ભોળા વિભાગ ઉપર આથી એવી છાપ પાડવાનો આમાં આશય છે કે આ રજીસ્ટર કરાવવાનો અર્થ એવો થાય છે કે સરકાર દરબારે આ કાયદા સાચા અને જરૂરના તથા બંધનકારક ગણ્યા છે. હકીકતે એવું કશું નથી. જેમ કોઇ માણસ ગજરામારૂની વાર્તા લખે અને એને રજીસ્ટર કરાવી એવી ખાત્રી કાયદાથી મેળવે કે બીજો કોઇ માણસ એજ જાતની એજ ચોપડી નકલોનકલ છપાવી શકશે નહિ, તેમ આ કાયદાની ચોપડી રજીસ્ટર કરાવવાનો અર્થ પણ એટલોજ છે કે આ ચોપડી અક્ષરે અક્ષર નકલોનકલ કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલ શિવાય બીજા કોઇથી છપાવી શકાય નહિ.

**કલમ ૧૫૪.**

"અસલ કાગળો તપાસવા માટે કોઇને બતાવવામાં આવશે નહિ. આ કાગળો નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર રજુ કરવાના હોય તે વખતે અગર જરૂરીઆતના પ્રસંગે કાઢવામાં આવશે તે શિવાય હંમેશાં સુપ્રીમ કાઉન્સીલ મારફત સરકાર સાહેબી તેજુરીમાં રાખવામાં આવશે."

આ અસલ કાગળો કયા અને શેના તેનો કોઇ ઉલ્લેખ ક્યાંય કરવામાં નથી આવ્યો. છતાં એનું જે પુરૂં જતન કરવાનું આ કલમથી સુચવવામાં આવે છે તે ઉપરથી તેમજ આ પહેલાંનીજ કલમ તરફ જોતાં એમ અનુમાની શકાય છે કે આ અસલ કાગળો એટલે આ કાયદાના અસલ કાગળો કોઇ કેસના અસલ કાગળોની આ વાત થતી નથી; એટલે સ્હેજેજ ઉપરનું અનુમાન કરવું રહે છે.

કોમના વ્યવહાર નિયમન સાથે નિસ્બત ન હોય એવી કલમ રચીને પણ આ કાયદાઓના અસલ કાગળો કોઇને પણ તપાસવા માટે નહિ બતાવવા જે પાકી સુચના આપવામાં આવી છે એ ઉપરથી આ આખું કાવતરૂં લગભગ ઉઘાડું પડી જાય છે. કોમે જો આ કાયદાઓ ઘડયા હત તો તે કાયદાઓના અસલ કાગળો તેનીજ સામે બંધ કરવાનું કશું કારણ ન્હોતું. આમ છતાં કોઇને (એટલે કોમના કોઇ સભ્યને) પણ આ કાગળો બતાવવા નહિ એમ ઠરાવવાનો અર્થ એટલોજ છે કે કોમે આ કાયદાઓ ઘડયા નથી એટલુંજ નહિ પણ આ બધી જાળ ગુંથતી વખતે તેને પુછવામાં પણ નથી આવ્યું–તેની સંપૂર્ણ અવગણના કરવામાં આવી છે. અને માટેજ આ વસ્તુને છુપાવવામાં આવે છે.

કોઇને પણ નહિ બતાવવાના કાગળો ના. આગાખાનની હજુરમાં રજુ કરવામાં આ કાયદાને કશી હરકત નથી; આ અને આવી બીજી અનેક વસ્તુઓ એવી છે કે જે એવો મજબુત ખ્યાલ પેદા કરે છે કે આ આખું ષડયંત્ર રચી ખોજા કોમને જકડી પકડી તેની માલ મિલ્કત અને ધન દૌલતને બેફામ ઉડાવી દેવાની બધી જવાબદારી એ નામદારનીજ છે.

**કલમ ૧૫૫.**

"કોઇ વખતે કોઇ કારણસર અસલ કાગળીયાઓ અગર કાઉન્સીલના કાયદાની છાપેલી ચોપડીઓ સરકારી અમલદારો પાસે રજુ કરવાની જરૂર પડે ત્યારે કાંઇપણ અડચણ વગર તે રજુ કરવામાં આવશે."

કોમના સામાજિક બંધારણ સાથે આ કલમને કશી લેવાદેવી નથી. ગમે તેવા ઉદ્ધતો પણ રાજસત્તા આગળ શાણપણ ધારણ કરવુંજ પડે છે.

**કલમ ૧૫૬.**

"કોઇ શખ્સને જમાતખાનામાં આવવાની મનાઇ કરવામાં આવે ત્યારે તે વિષેનો સાદ ફકત જમાતખાનામાંજ ફેરવવામાં આવશે."

બદનક્ષીના કાયદાના સકંજામાંથી બચવાની આ ઠીક બારી છે.

**કલમ ૧૫૭.**

"કોઇ શખ્સને કાઉન્સીલ તરફથી નાત બ્હાર મુકવામાં આવેલ હોય તો તે વિષેનો સાદ જમાતખાનામાં ફેરવવામાં આવશે અને ડીસ્ટ્રીકટની બીજી કાઉન્સીલોને તેના ખબર આપવામાં આવશે. અને તે દરેક કાઉન્સીલોએ પોતપોતાના તાબાના જુદા જુદા સ્થળોની જમાતોને તે ખબર મોકલવી; પરંતુ તે શખ્સનો બ્હાર દેશાવર જવાનું હોય તો તે સ્થળની જમાત અગર કાઉન્સીલને પણ સદરહુ શખ્સને નાત બ્હાર કરવામાં આવ્યાના ખબર મોકલવા."

બીજી કોમોના નાત બ્હાર મુકવાના ધોરણ અને આ કાઉન્સીલના ધોરણ વચ્ચે બહુ તફાવત છે. આંહી તો કન્યાવિક્રય કરનારથી માંડી ના. આગાખાનનો "સાર સંભાર" નહિ આપનાર તમામને માટે એક સરખી સજા નાત બહારીની છે અને તે નાતબહારી પણ અમુક વખત માટે નહિ પણ જીંદગી પર્યંત અથવા તો નાત બહાર મુકાયેલો માણસ માફી માગી,

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૨૩ )

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

હુમલા પાછળ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી ( હોસ્પીટલમાં ). સહતંત્રી : રૂપજી નજરઅલી પ્રેમાણી.

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨ દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૪૨ : ડીસેમ્બર ૧૯ : ૧૯૩૩ સંવત ૧૯૯૦ ના પોષ શુદ ૩ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક : ઇસ્માઇલ કાનજી હીરાણી.

## અઢી વરસની સતત સેવાનો બદલો ?

જેઓ ગઇ તા. ૯-૧૨-૩૩ના રોજ આગાખાની ફીદાઇની છુરીનો ભોગ થઇ પડી હોસ્પીટલમાં સારવાર ભોગવી રહ્યા છે. છાતીમાં ડાબી બાજુએ જખમ ઉપર પાટો બાંધેલો નજરે પડે છે.



શ્રીયુત ઇસમાઇલ કાનજી હીરાણી.

**ના. આગાખાનના આગમન સામે અમે અમારો વિરોધ જાહેર કરીયે છીએ.**

દર મંગળવારે પ્રગટ થતું ખોજા કોમનું મુખપત્ર.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૯-૧૨-૩૩.

## હુમલા પાછળ.

કોમ સેવાનાં કોડ સેવતો એ છવીશ વર્ષનો નૌજવાન આગાખાની ફીદાઇની છુરીનો ભોગ થઇ પડી હોસ્પીટલમાં સારવાર ભોગવી રહ્યો છે. કહેવાતા પાક ઇસ્માઇલી ધર્મનું રક્ષણ કરવા ફીદાઇ તરફથી રચવામાં આવેલા વ્યવસ્થિત કાવત્રાના એ ભોગ થઇ પડયા છે. લોહીના તરસ્યા ભટકતા વરૂઓનાં પંજામાં તેઓ આજે સપડાઇ ગયા છે.

અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મામદ નામના એ માણસોની લાગણી દુખાવાથી આ હુમલો કરવામાં આવ્યો છે તેમ કહેવાય છે. આ બે માણસોની આટલી હિંમત ચાલી શકે તે અમે કોઇપણ રીતે માની શકતા નથી આપણી કોમમાં કોઇપણ સુધારક પ્રવૃત્તિ ઉપાડે છે ત્યારે તેની સામે આવા હુમલા થાય છે. અંગત લાગણી દુખાવાથી અસંખ્ય સુધારકોનાં ખુનો થાય તે બની શકેજ નહિ. તેની પાછળ લાંબા સમયથી વ્યવસ્થિત કાવત્રું રચાયેલું હોવું જોઇએ.

આ પોલપંથ ટકાવી રાખવા એક ખાનગી સંસ્થા ચલાવવામાં આવે છે, જે સુધારકોની સામે આવા વ્યવસ્થિત કાવત્રાં રચે છે. એટલે આ બે માણસોનો હુમલો તે આ વ્યવસ્થિત કાવત્રાનુંજ પરીણામ છે.

હાલની સુધારક પ્રવૃત્તિ કાઠીયાવાડમાંથી ઉત્પન્ન થઇ છે અને તેને દાબી દેવાનું બીડું કાઠીયાવાડનાજ ફીદાઇઓએ જડપ્યું હોય તેમ લાગે છે, અને તેમાં ખાસ કરીને રાજકોટ અને ધોરાજી અગ્રપદે આવી ઉભાં છે.

આ ફીદાઇ ટુકડીનો એકનેજ મારી નાખવાનો ઇરાદો હોય તેમ લાગતું નથી. તેને તો "ખોજા જાગૃતિ" અને સુધારક સંઘના મુખ્ય કાર્યકર્તાઓને વીણી વીણીને મારી નાખી બન્ને સંસ્થાઓને બારણે તાળાં મરાવવાનો નિશ્ચય કર્યો હોય તેમ લાગે છે. અત્યારના થતા હુમલા ઉપરથી સમજી શકાય છે કે આ કામ બેજ માણસોનું નથી.

નીચેની હકીકતો ફીદાઇ ટુકડીની વ્યવસ્થિત સંસ્થા હોવાની તેમજ તેનાં કાવત્રાની સાબીતી આપે છે.

૧. શ્રી રાજકોટ ખોજા યુવક મંડળના પ્રમુખ અને "ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રીયુત ઇસમાઇલ હીરાણી ઉપર જેતલસર જંકશનમાં ચાર ફીદાઇઓનો હલ્લો.

૨. જાસા ચીઠીના સંખ્યાબંધ પત્રો.

૩. યુવક સંમેલન પછી ખોજા સુધારક સંઘના પ્રમુખ શ્રીયુત કાનજી ગુલાભાઇની દુકાને પાંચ ફીદાઇઓ ખુન કરવાના ઇરાદાથી આવેલા પણ કાનજીભાઇ ચેતી ગયા, અને એ ગુંડાઓને સાફ સાફ શબ્દોમાં જણાવી દીધું કે "તમે મારૂં ખુન કરવા આવ્યા છો તે હું જાણું છું, પણ મારો કાંઇપણ વાળ વાંકો થયો છે તો યાદ રાખજો કે તેના જવાબદાર તમે છો. જો તમે તમારૂં ભલું ઇચ્છતા હો તો ચાલ્યા જાવ નહિંતર હમણાં પોલીસને બોલાવી સ્વાધીન કરી આપીશ." આ શબ્દો સાંભળી ગુંડાઓએ વાંસો દેખાડયો.

૪. શ્રીયુત ઇસમાઇલ હીરાણી ઉપરના હુમલા પછી રાજકોટના એક બડા ફીદાઇને મોઢેથી શબ્દો નીકળ્યા છે કે "હજી તો બે પકડાણા છે. બાકી આઠ છીએ" એમ લાગે છે કે આ ભાઇનો પણ વારો કદાચ આવવાનો હોય, અને કાવત્રાખોરોના મેમ્બરમાંના તેઓ એક છે એમ જરૂર ધારી શકાય છે.

૫. વ્યવસ્થિત કાવત્રા માટે પાસ થયેલા ફીદાઇઓ સુધારકોનું ખુન કરવા લીધેલ પ્રતિજ્ઞા પાળવા રાતના વેસ્ટ હોસ્પીટલમાં ચડી આવે છે.

૬. ધોરાજીના એક પ્રખ્યાત અને ખટપટી ફીદાઇની સ્વારી કાવત્રા માટે એક એક માસ સુધી આગ્રામાં બીરાજેલી રહેતી હતી એમ કહેવાય છે.

૭. આગાખાનના એક ચુસ્ત અનુયાયીને સુપ્રિમ કાઉન્સીલના એક મેમ્બરે કહયું કે "તમે રાજકોટ શહેરની હદમાં જશો નહિ જાવ તો રાત્રે જજો નહિંતર પકડાઇ જશો." તે ભાઇ મુછપર તાલ દેતાં કટાક્ષમાં ડોકી હલાવતાં હલાવતાં જવાબ આપે છે કે "મને પકડાવનાર જેલમાં મોકલશે તે પહેલાં તો તે હોસ્પીટલમાં

હશે" આ ભાઇનો જવાબ ખરેજ રાજા હરિશ્ચંદ્રના જેવોજ નીકળ્યો, અને આપણને તેના જવાબથી વધારે સાબીતી મળે છે કે આ ખુની હુમલો કરવામાં માત્ર એજ નથી, પણ તેની પાછળ વ્યવસ્થિત કાવત્રું ગોઠવવામાં આવ્યું છે.

૮. ગઇ તા. ૯ મીનો શ્રીયુત હીરાણી ઉપરનો ફરી ખુની હુમલો.

કેટલાક સુધરેલા કહેવાતા માણસો પણ પોતાના સ્વાર્થની ખાતર આ ધર્મ ટકાવી રાખેછે. અને પોતાનો સ્વાર્થ માર્યો જતો અટકાવવા આવા ઝનુની ફીદાઇયો પેદા કરવામાં પુરેપુરી સહાય આપે છે, અને સુધારકોના ખુન કરવા માટે અજ્ઞાન અને ઝનુની ફીદાઇયોને વધેરે છે. અમે જરૂર માનીએ છીએ કે શ્રીયુત હીરાણી ઉપરના હુમલામાં પણ ઘણે ખરે ભાગે આમજ બનવા પામ્યું છે.

ભાઇ ઇસમાઇલ પરના હુમલાથી અમને કે તેમના માતપીતાને જરાપણ શોક કે દીલગીરી થતી નથી. તેમના માતપીતાએ પોતાના વ્હાલા પુત્રને કોમ સેવા કરવા અર્પણ કર્યો ત્યારથીજ પુત્ર તરીકેનો હકક ઉઠાવી લીધો હતો, અને અગ્ન પરીક્ષામાંથી પસાર થઇ ફરી વખત પાછા આવવાની પુત્રની વાટ તેઓએ રાખી ન હતી. ઇસમાઇલ-ભાઇ પણ ફીદાઇયોને હાથે પોતાના છેલ્લા દિવસો પુરા થવાની વાટ જોઇનેજ બેઠા હતા.

લોહીના તરસ્યા ઇસ્માઇલી ધર્મથી જકડાયેલી ખોજા કોમની ગુલામીની બેડીઓ છીણી કે હથોડાથી તુટે તેમ નથી, તેને તો સુધારકોના લોહી પીવા છે, અધુરૂં રહેલું ખપ્પર સુધારકોના લોહીથી તેને પુરૂં ભરવુંછે, અને આપણે કોમને આઝાદ બનાવવા તે ખપ્પર ભરવા બત્રીસાઓના ભોગ આપવા પડશે. સાચા સુધારકનો ભોગ કદી ખાલી જતો નથી, ભાઇ ઇસ્માઇલના લોહીનાં એક એક ટીપે કોમની ગુલામીની એક એક બેડી તુટી પડશે, અને કોમની આઝાદી વધારેને વધારે નજદીક દેખાશે. ઇસ્માઇલી ધર્મ જે ભોગ માગી રહ્યો છે તે ભોગ આપતા ભાઇ ઇસ્માઇલનું મૃત્યુ નીપજ્યું હોત તોપણ અમને કે તેમના માતપીતાને જરા પણ શોક કે દીલગીરી ન થાત.

ઇસ્માઇલી ધર્મની તરસ એકલા ઇસ્માઇલભાઇના લોહીથી છીપાઇ નથી. 'ખોજા જાગૃતિ' માં તેના ફીદાઇઓ ધર્મનો નાશ જોઇ રહ્યા છે. તેઓની ધારણા હશે કે ઇસ્માઇલભાઇ એકને ઉકેલી મુકવાથી 'જાગૃતિ' બંધ થઇ જશે. આવી ધારણા રાખવામાં એ બિચારા ભીંત ભુલે છે. ઓ જાલીમો, સાંભળી લ્યો ! 'જાગૃતિ' ચલાવી શકે તેવા અમારી પાસે હજુ વીશ નવજવાનો છે, તેને બંધ કરાવવા પહેલાં તમારે તેના ભોગ લેવા માટે તૈયાર થવું પડશે.

ઇસ્માઇલભાઇના કામની કદર કરવી તે કોમનું કામ છે. આ કામ કરવામાં ઇસ્માઇલભાઇને કાંઇ અંગત સ્વાર્થ ન હતો, આ કામમાં તેમને પાંચ પચીશ કે લાખ મેળવવાનો મોહ ન હતો. તેને તો પાખંડીયોના પંજામાંથી પોતાના જ્ઞાતિ બન્ધુને છોડાવવાની ઉમેદ હતી, હજી પણ છે અને જીવશે ત્યાં સુધી કાયમ રહેશે.

ઇસ્માઇલભાઇના તેમજ બીજા સુધારકના આટલા આટલા ભોગ છતાં કોમે અત્યાર સુધી ચુપકીદીજ જાળવી છે. આવા હીચકારા હુમલા થવાનું કારણ પણ આજ ચુપકીદી છે. કોમનું મોટું સંઘબળ જામ્યું હોત તો આ હુમલાને બદલે કોમની આઝાદીનો વાવટો ફરકતો હોત, પણ કોમજ સુધારકોના લોહી રેડાતા જોવા ઇચ્છતી હતી. હવે જોઇએ છીએ કે કોમ વધારે લોહી રેડાતા જોવા ઇચ્છે કે પોતાની ફરજ બજાવવા બ્હાર પડે છે?

**સહતંત્રી.**

---

## વેપાર સમાચાર

( તા. ૧૬-૧૨-૩૩ )

ઊનઃ લીવરપુલનો સેલ તા. ૧૧ થી ૧૫ સુધી દિવસ પાંચનો હતો. ગાંસડી, ૨૧૮૪૧ મુકાણી હતી. તેમાંથી ગાંસડી ૨૯૨૫ વેચાણાં વગરની બાકી રહી છે. એકંદર સેલ ૧૦ ટકા તેજી ગણાય. સ્થાનીક કોઈ સોદા થયા નથી પરંતુ ઉંચા જોડીયાનાં ભાવ આશરે રૂા. ૧૪ ગણાય.

**બકરાંના વાળ.** ૬-૬ા.

રૂ. **ભરૂચ** ૧૮૩ા.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

---

અમારા એજન્ટો.

**નામદાર એન્ડ સન્સ.**
પાણીની ટાંકી સામે, ડુંગરી, મુંબઇ-૯.

**તન્ના ન્યુસ પેપર એજન્સી.**
નાનકવાડા, કરાંચી.

**કેશવલાલ શામળજી લોઢવીયા.**
જેતલસર જંકશન.

# આપણા સરદાર.

ગઇ તા. ૯–૧૨–૩૩ ના રોજ "ખોજા જાગૃતિ" ના તંત્રી શ્રીયુત ઇસમાઇલ હીરાણી ઉપર એ આગાખાની ફીદાઇઓએ ખુની હુમલો કરી તેઓને ઘાયલ કર્યા.

આપણી કોમમાં કોઈ પણ સુધારક પ્રવૃતિ કરે તે પહેલાં તેને ઓછામાં ઓછી નાતબ્હારી અને વધારેમાં વધારે જાન કુરબાન કરવાની તૈયારી કરવી પડે છે, એટલે અત્યારની સુધારક પ્રવૃતિના ઉત્પાદક શ્રીયુત ઇસમાઇલ હીરાણીએ પણ આ બન્નેની તેયારી કરીનેજ યાહોમ કર્યું છે.

ધન લોલુપ હૃદયવાળા ખોજા કોમના ધર્મ ગુરૂ ના. આગાખાન અને તેની કાઉન્સીલના વર્ષો થયાં વરસતા જુલ્મ અને ત્રાસ જોઇ તેમનું હૃદય કકળી ઉઠયું. એવા જુલ્મો નજરો નજર જોઇ શકાય એવું તેમનું નિષ્ઠુર હૃદય નથી. તેઓ એ જુલ્મ ન જોઇ શકયા અને તેમણે ગમે તે ભોગે પણ કોમને આ પાખંડમાંથી બચાવવા નિશ્ચય કર્યો. આ નિશ્ચય કર્યા પહેલા તેઓ ધારતા હતા કે આ અગ્ની પરિક્ષા છે. જેની સેવા કરવાની છે તેઓજ લાત મારશે. ઘણા વખત સુધી સાવ એકલા મોટી સત્તાની સામે ઝઝુમવું પડશે. સત્તાવાળાઓ ધાકા, ધમકી અને લાલચ વિગેરે હથીયારો અજમાવશે, તેમ છતાં નહિ ફાવે તો ઇસ્માઇલી ધર્મના ઉત્પાદકોનો જુનો ચીલો–છુરી–પણ અજમાવશે. કોમ આઝાદ ન થાય ત્યાં સુધી જંપીને ન બેસવાના નિર્ણય આગળ સત્તાવાળાઓના જુલ્મી હથીયાર તેનો નિર્ણય ફેરવી શકતા નથી.

૧૯૩૧ ના મે માસમાં તેઓએ ભીષ્મ પ્રતિજ્ઞા લીધી. કેટલાક ઉત્સાહી યુવાનોને એકઠા કર્યા. નાની સુની એ સભાએ અખીલ કાઠીયાવાડ ખોજા યુવક સંમેલન બોલાવવાનો નિર્ણય કર્યો.

હંમેશા બને છે તેમ આ ગણ્યાં ગાંઠયા યુવાનોના નિશ્ચયે કબુતરખાનું ખખડાવી મુકયું. ધાક ધમકીથી સત્તા બેસાડેલા જુલ્મગારોના એશીઆરામમાં આવી રીતે જ્યારે વિઘ્ન નાખનારા જાગે છે ત્યારે તે કાળા નાગની માફક ફુંફાડા મારે છે. કાઠીયાવાડના ખોજાઓને ફેરવી નાખી આગાખાની સત્તા ફેંકી દેવાનો જ્યારે નિર્ણય જાહેર કર્યો કે તુરત તેઓની સામે નાતબ્હારનું હથીયાર ઉગામવું શરૂ કર્યું. તેઓને કાઉન્સીલે નાત બ્હાર કર્યા. આમ તેમની ધારણા પ્રમાણે નાતબ્હારીનો પ્રથમ ફટકો તેમના ઉપર પડયો. તેમનું સંઘબળ ન વધે તેટલા માટે કોમને ઓર્ડિનન્સથી જકડી લીધી, તેનામાં ભળનારને વ્હેલી તકે નાતબ્હાર મુકવાનું ફરમાન સંભળાવી દીધું.

મોખરે ઉભા રહી આગાખાનની સત્તાને પડકાર ફેંકનાર ઇસમાઇલભાઇએ પોતાનું કાર્ય વીજળી વેગે આગળને આગળ ધપાવ્યે રાખ્યું. સંમેલનમાં હાજરી આપવા યુવાનોને હાકલ કરી, તથા ગામડે ગામડે અને શહેરે શહેર ફરી યુવાનોને તેમની ફરજનું ભાન કરાવ્યું.

તેમનાં કાર્યની શરૂઆત કરતા પહેલાં ધારેલ વિઘ્ન એક પછી એક આવવા લાગ્યા. છેલ્લામાં છેલ્લી તેયારી ફીદાઇની છુરીથી આ દુનિયા છોડી જવાની કરવી પડે છે તેનો એક વખત વારો શરૂઆતમાંજ આવી પહોંચ્યો.

શ્રી રાજકોટ ખોજા યુવક મંડળની સ્થાપનાને હજી એકાદ માસ થયો હશે. પોરબંદરના કેટલાક યુવાનોનો ઉત્સાહ જોઇ તેમને પોરબંદર જવું પડેલું, ત્યાંથી વીસાવદર ગયા અને વીસાવદરથી પાછા ફરતા ધોળે દિવસે જેતલસર જંકશન ઉપર ચાર ફીદાઇઓને ઠોંસે ચડયા. તેએ ચેતી ગયા અને તુરતજ ગાર્ડનું રક્ષણ માગ્યું. આમ તેઓ પહેલી ઘાતમાંથી બચવા પામ્યા.

જબરજસ્ત સત્તાની સામે એકલા ઝઝુમવું પડશે એ તેમની પહેલાની તૈયારીથી સંમેલનમાં ઓછી હાજરીને અંગે તેઓને જરાપણ પાછું હઠવાનું કારણ ન હતું. તેઓએ પોતાનું કામ નિયમિત આગળને આગળ ધપાવ્યે રાખ્યું

પોતાની ફરજ ચુકતા કોમના યુવાનોને ફરજ બરાબર અદા કરવા અને આગાખાની સત્તાથી પોતે કઇ સ્થિતિમાં છે, અને પોતાની ઉપર કેટલું શોષણયંત્ર ચાલી રહ્યું છે તેનું ભાન કોમને કરાવવા એક નિયમિત સાપ્તાહિક કાઢવાની શરૂઆત કરી. જે પત્રની ખ્યાતિ કોમનો કોઇ પણ માણસ જાણે છે. ના. આગાખાનના પોલપંથના કાવાદાવા બ્હાર પાડી નગ્ન સ્વરૂપમાં ખડા કરવાનું આ પત્રદ્વારા શરૂ કર્યું.

આ પોલપંથ આબાદ રીતે ચલાવી શકાય તેટલા માટે ના. આગાખાને આપણી કોમની સમાજ વ્યવસ્થા પણ હાથમાં રાખી છે. અને સત્તાની જરાપણ સામે થનારને પ્રથમ હથીયાર તરીકે નાતબ્હાર મુકે છે, નાતબ્હારથી ન ડરે તો બીજા સાધારણ અનેક હથીયાર વાપરે છે જો સુધારક પોતાનું કાર્ય કોઇ પણ ઉપાયે નથી છોડતો તો ફીદાઇયો છુરી ચલાવવામાં પણ પાછા નથી હઠતા. ભુતકાળનો ઇસ્માઇલીનો ઇતિહાસ જોતાં આ પોલ પંથ તેની ઉપરજ નભી રહ્યો છે. અને એ છુરીની બીકે આખી ઇસ્માઇલી સમાજને ડરાવી મુકી છે. પણ ભાઇ ઇસમાઇલની તો આ પ્રથમથીજ તૈયારી હતી. શરૂઆતથીજ ખુનની ધમકીના પુષ્કળ કાગળો આવતા હતા.

કોમ સેવા કરતાં અનેક વિઘ્નોમાંથી પસાર થઇ આખરે ગઇ તા. ૯ ના રોજ ફીદાઇની છુરીના સપાટામાં સપડાયા.

કુમળા મગજના બાળકોને સારી કેળવણીને બદલે ઉંચી કેળવણી અપાય છે તે માટે તેમનું હૃદય સદાને માટે ડંખતું રહે છે. ખોજા કોમનું સ્થાન બીજી ભાઇબંધ કોમોમાં ઘણું હલકું છે, તેનું સરખું સ્થાન મેળવવાની તેમની ઉમેદ છે.

હલકી કેળવણી પ્રમાણે ચાલનારા ફીદાઇયો તરફ તેમનો માયાળુ સ્વભાવ સદાને માટે લાગણીથીજ જુએ છે.

ઇસમાઈલભાઇ ઉપરના આ હીચકારા હુમલા તરફ ઘણા ભાઇયોના દીલગીરી ભર્યા તથા તેમનું દીર્ઘાયુ ઇચ્છતા પત્રો આવે છે. જે ભાવનાથી પોતે પોતાનો જાન જોખમમાં લાવી મુકયો છે એ ભાવના કોમના દરેક માણસમાં પ્રગટે એજ તેમની પ્રત્યેની ખરી લાગણી છે.

ઇસમાઇલભાઇનું અમે દીર્ઘાયુ ઇચ્છીએ છીએ. અને ઇચ્છીએ છીએ કે તેઓ જલ્દી સાજા થઇ ફરી કોમ સેવાનું પોતાનું અધૂરૂં રહેલું કાર્ય પરિપુર્ણ કરે.

# ફીદાઈ ટુકડી.

સોના રૂપાથી જડીત અમરાપુરીની અને હુરીયોની વતો કરતો, પૈસા કમાવાના એકજ ઉદ્દેશથી ઉભો કરવામાં આવેલો અને હળાહળ જુઠાણાથી ભરપુર ઇસમાઇલી ધર્મ કેમ ટકી રહે છે અને કોના આધારે ટકી રહે છે તે એક વિચારણીય પ્રશ્ન છે. આ ધર્મ મોટી લાલચને લઇનેજ ઉભો કરવામાં આવ્યો છે અને એ લાલચ બરાબર ફળે તેટલા માટે અને દિનપ્રતિદિન વધરેને વધારે ટકાવી રાખવા મજબુત બે સંસ્થા ઉભી કરવામાં આવી છે. એક તો આપણી નામદાર કાઉન્સીલ અને બીજી ફીદાઈ ટુકડી.

તરવારથી સજ્જ થયેલો જે ફોટો "ઇસ્માઇલી" ના મુખપૃષ્ટ ઉપર મુકવામાં આવતો હતો તે હશન બીન સબ્બા જે જગતના મહાન ખુનીયો તથા કાવત્રાંખોરમાંનો એક ગણાય છે. તેનું શિક્ષણ કુમળા મગજના બાળકોને આપણી ધાર્મીક નાઇટ સ્કુલોમાં આપવામાં આવે છે. કોમનો કોઇ નાનો બાળક આ શિક્ષણ વગરનો ન રહી જાય તેટલા માટે બોર્ડિંગો, અનાથાશ્રમો વિગેરે પણ પોતાને કબજે રાખ્યા છે, અને જે બાળકના ભવિષ્યને માટે પોતાનો જીવન નિર્વાહ ચલાવવાને અને તેની ઉન્નતિ થવામાં ઉપયોગી થવાનું છે તે શિક્ષણ આપવાની જરા પણ દરકાર ત્યાં રાખવામાં આવતી નથી, બલ્કે તે શિક્ષણથી ફીદાઇ બનતો અટકી જવાના ભયથી તેને તે શિક્ષણથી બહુજ અલગ રાખવામાં આવે છે, અને જે શિક્ષણમાં પોતાનો સ્વાર્થ રહેલો છે તે શિક્ષણ એ બાળકોના મગજમાં દિવસ અને રાત ખૂબ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે.

ગામડાના અભણ માણસો પણ આ શિક્ષણથી અલગ રહી જાય તે તેમને પોસાતું નથી. પ્રાથમિક કેળવણી નહિ પમેલા ગામડાના ખોજા છોકરાઓને આ શિક્ષણ આપી પાકો ફીદાઇ બનાવવાનું બહુ સ્હેલું લાગ્યું. દુનિયાના બીજા વાતાવરણથી અલગ રહેલા આ ગામડીયાઓને પાકા ફીદાઈ બનાવવાની ઉમેદ ફળવા લાગી. તેથીજ આજે કોઇ પણ શહેર કરતાં ગામડાના ખોજા વધારે ઇમાની હોય છે. ગામડામાં ધાર્મિક શિક્ષણ આપવા માટે પગારદાર માણસોને રાખવામાં આવ્યા. ફીદાઇ બનવવાનું યંત્ર ઝડપભેર આગળ વધવા માંડયું.

નાનાં બાળકોના મગજને એક હકીકત ઠસાવી દેવી એ કોઇ મોટી વાત નથી. જ્યારે તે પાકો ઇસ્માઇલી બની જાય છે ત્યારે આરંભ કાળના ઇસમાઇલીયોએ ધર્મની ખાતર આપેલા બલીદાનોના ઇતિહાસ તેમને શીખવવામાં આવે છે, અને અભ્યાસ દરમ્યાન તે ધર્મની ખાતર મરી ફીટવાથી સ્વર્ગ, હુરીયો, અમરાપુરી વિગેરે મળે છે એવી લાલચે તે પ્રતિજ્ઞા લઇ ચુકેલો હોય છે. પરિણામે જ્યારે તે મોટો થાય છે ત્યારે તે સંપુર્ણ ફીદાઇ બની ગયેલો હોય છે, અને આરંભ કાળના ઇસ્માઇલીને પગલે ચાલી ધર્મનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લે છે. આમ ફીદાઇ ટુકડીની ઉત્પત્તિ થાય છે.

જ્યારે જ્યારે ઇસ્માઈલી ધર્મની સામે કોઇ માથું ઉંચકે છે, અથવા તેની કોઇ અવગણના કરે છે ત્યારે ત્યારે આ બે હથીઆરોનો ઉપયોગ કરવામાં આવે છે. કાઉન્સીલ તેને નાત બ્હાર સુધીની સજા ફટકારી બેસારી દેવાનું માથે લીધું છે, પણ જ્યારે આટલાથીયે કાઉન્સીલની સત્તાની અવગણના થાય છે તો ધર્મનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લઇ બેઠેલી ફીદાઇ ટુકડી પોતાનું કામ સંભાળી લે છે. આમ ફીદાઇ ટુકડીનું આ કામ છે.

બાલ્યાવસ્થામાંથી શિક્ષણ પામતા જતા ફીદાઇની સંખ્યામાં વધારો થવા લાગ્યો. આ ફીદાઇયોના અણુંએ અણુંમાં ઝનુન ભર્યું હોય છે. અને આજે તેની પાસે સંખ્યા અને ઝનુન એટલા બધા છે કે એક નાનું સુનું શહેર ભાંગવા અથવા નાના એવા રજવાડાનું રાજ્ય પડાવી લેવા ઇચ્છે તો ઘડીના છઠ્ઠા ભાગમાં પોતાની ધારણા પાર પાડી શકે.

ઇસ્માઇલી ધર્મનો ભુતકાળનો ઇતિહાસ તપાસો, એ લોહીથી ખરડાએલા ઇતિહાસ ઉપર જરા નજર નાખો. આ આખો ધર્મ આવી રીતે છુરીથીજ ચલાવવામાં આવ્યો છે. પોતાના દુઃખ ન વર્ણવી શકે તેટલા માટે ખોજા કોમને મોઢે તાળું માર્યું, અને તેનાથી આગળ ટપનારને છુરીની સાથે મેળાપ કરાવ્યો. ભુતકાળના સુધારકો ઉપર આવી રીતે છુરી ચલાવ્યાના અનેક દાખલાઓ છે, અને શ્રીયુત ઇસ્માઇલ હીરાણી ઉપરનો હલ્લો પણ એજ કારણ છે.

આવી રીતે ઇસ્માઇલી ધર્મ બે જાતના ભોગ લે છે. એક મારનારનો અને બીજો મરનારનો. ઈંદ્રજાળમાં ફસાયેલા બીચારા અજ્ઞાન ફીદાઇને સ્વર્ગને બદલે જેલ અને ઘંટી ઇસ્માઇલી ધર્મ અપાવે છે. હુરીઓને બદલે પોલીસના ફટકાના ભોગ થઇ પડે છે. અનેક અભિલાષાઓ સેવતા ખોજા કોમના યુવાનોની શકિત આડે રસ્તે દોરવી જઇ તેની જીંદગી બરબાદ કરાવે છે, તેના આત્માની ઉન્નતિને બારણે તાળા લગાવી તેને અધોગતિની ખાડમાં ઉતારે છે.

લોહી તરસ્યા એ ધર્મનો અંતીમ કાળ હવે નજદીક દેખાય છે. કુદરતનાં કાનુન મુજબ ઇસમાઇલી ધર્મ ટકાવી રાખનારા એજ ફીદાઇયોને હાથે ઇસમાઈલી ધર્મનો નાશ થશે.

---

# હુમલો કરનારા ઉપર ફરીયાદ.

"ખોજા જાગૃતિ" ના તંત્રી શ્રીયુત ઇસમાઇલ હીરાણી ઉપર ખુની હુમલો કરનાર અબ્દુલઅલી પુંજા ઉપર હિંદી ફોજદારી કાયદાની કલમ ૩૦૭ તથા બીજા આરોપી નજરઅલી મામદ ઉપર કલમ ૧૧૪ મુજબ સ્વસ્થાન રાજકોટના મે. ફર્સ્ટ કલાસ ન્યાયાધીશની કોર્ટમાં પોલીસે ફરીયાદ નોંધાવી છે.

કલમ ૩૦૭ ખૂન કરવાની કોશીષની તથા ૧૧૪ તેને મદદગારની છે.

ગુન્હેગારોને રાજકોટ સ્ટેટ જેલમાં ખસેડવામાં આવ્યા છે.

# વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવતી ખુન બાજી.

## એ અટકાવવા ના. આગાખાનનો ઉપયોગ કરો.

### એક મહત્વની સુચના.

[ આગાખાની પોલ પંથ ટકાવી રાખવા ભુતકાળના થયેલા સુધારકોના ખુનની હકીકત કરાંચી કોર્ટમાં જાફર રફુ બદનક્ષી કેસ વખતે જે પુરાવા તરીકે રજુ કરવામાં આવી હતી, તે અમે અંગ્રેજીનું ભાષાંતર ગુજરાતીમાં નીચે આપીએ છીએ. ]

સદરહુ પુસ્તક પ્રગટ થયા પછી પણ આવા બનાવો બનવા પામ્યા છે. જેના દાખલાઓ મોજુદ છે. **સહતંત્રી.** ]

( લાહોરના 'સીવીલ એન્ડ મીલીટરી ગેઝેટ' ના ૧૯૦૧ ના માર્ચ ૨૭ બુધવારના અંકમાં પાને ૫ મે પ્રગટ થયેલો પત્ર. )

તંત્રી સાહેબ,

નામદાર આગાખાનના ત્રણ અનુયાયીઓએ ધર્મઝનુનને વશ થઇને મુંબઇમાં જે ખૂનો કર્યા તે સંબંધી જાહેર જનતા સમક્ષ મારે જે કહેવાનું છે તેને આપ સ્થાન આપશો.

ઉપરનો બનાવ એ સામાન્ય પ્રકારની હત્યા નથી; પણ એ ગુન્હો કરનાર આગાખાની જમાતનાજ ત્રણ માણસો હતા. અને એમનો ભોગ થનાર માણસોનો ગુન્હો એ હતો કે તેઓ આગાખાની જમાતમાંથી નીકળી ગયેલા. વળી એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે ખૂન આગાખાનની પધરામણી વખતેજ થયેલા હતા. ખૂનનું અંદરનું રહસ્ય સમજવા માટે એ જાણવું જરૂરનું છે કે ખોજાઓમાં નામદાર આગાખાન સર્વ શકિતવાન ઇશ્વર તરીકેજ મનાય છે. જરાય વધુ નહિ કે જરાય ઓછું નહિ. તેમજ અવતાર તરીકે, કે ખુદાના મહાન પયગમ્બર તરીકે કે બંદા તરીકે નહિ પણ સર્વશકિતમાન સર્વવ્યાપક અને દુનિયાના માલિક ખુદ ઇશ્વર તરીકેજ મનાય છે; કે જેને ચરણે ખુદાને લાયક માન અને ભકિતભાવ ધરવા જોઇએ. આવી અંધશ્રદ્ધા આપણાથી મનાય તેવી નથી. વિચિત્ર લાગે છે, છતાં તે આજે તદ્દન સત્ય વસ્તુ છે. આટલું સમજ્યા પછી ખૂનમાં આપણને બહુ નવાઇ જેવું નહિ લાગે.

હું એમ કહેવા નથી ઇચ્છતો કે નામદાર આગાખાને આ ખૂનો કરાવેલાં છે. પણ જ્યારે કેટલાક ધર્મઝનુની માણસોને એમ લાગે કે ખુદાના માર્ગમાં આડે આવતા આ માણસોને નાબુદ કરવાથી માલિકની સેવા થાય છે, અને સીધી બેહસ્તની ટીકીટ મળી જાય છે, ત્યારે પોલીસ કે કાયદાનો ભય તેમને તે કરતાં રોકી શકતો નથી. એ હત્યા સંબંધીનો હેવાલ 'બોમ્બે ગેઝેટ' માં પ્રસિદ્ધ થયેલો છે તેમાંથી નીચેની લીટી ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

"ત્રણે ગુન્હેગારોએ પોતાના આંધળીયા ઝનુનથી પ્રેરાઇને આ ખૂનો કરેલા. તેઓએ પોતાના ગુન્હાનો એકરાર કર્યો છે, એટલુંજ નહિ પણ પોતાના ઘાતકી કૃત્યમાં શહીદની મગરૂરી બતાવી છે, અને બીજી દુનિયાના સ્વર્ગના હકદાર થઇ ગયા છે એમ માને છે."

આ ઉપરથી સત્તાવાળાઓનું ધ્યાન ખેંચવામાં આવે છે કે તેમને માત્ર સામાન્ય પ્રકારના ગુન્હેગારોની સાથે કામ લેવાનું નથી; પણ એવી જાતનો ગુન્હો છે કે જેમ પઠાણોના ગાઝીપણાને અટકાવવા માટે ખાસ પ્રકારના કડક ઉપાયો લેવા જોઇએ, તેવાજ કડક ઉપાયો આવા ગુન્હામાં પણ લેવાય તોજ એ નાબુદ થાય. વળી આવા સંજોગોમાં બનેલો આ ગુન્હો કંઇ પહેલ વહેલોજ નથી, પણ આસરે ૬૦ વર્ષ પહેલાં ઇરાનથી આગાખાન જ્યારે હિંદમાં આવ્યા ત્યારથી અમુક અમુક મુદતને અંતરે ધાર્મિક મતભેદી અને માન્યતાને કારણે આવા કતલના કિસ્સાઓ બન્યાજ કર્યા છે.

પહેલો બનાવ પહેલા આગાખાન આવ્યા પછી માહિમમાં ચાર માણસોને છરા ખોસવામાં આવ્યા ત્યારે બન્યો હતો. પરિણામે ચાર ગુન્હેગારોને ફાંસી મળી હતી. ત્યારપછી ૨૫ વર્ષ પહેલાં કરાંચીમાંજ ખોજાઓએ ખૂની હુમલો કર્યો હતો; જેને પરિણામે બેને દેશનિકાલ અને ત્રણને કેદની સજા થઇ હતી. ત્યારપછી બે વર્ષે મુંબઇમાં આજ લત્તામાં એક માણસની છાતીમાં છરો હુલાવી દેવામાં આવ્યો હતો, અને ગુન્હેગારને મોતની સજા થઈ હતી. ત્યારપછી વળી કરાંચીમાં ત્રણ વર્ષ પહેલાં જે માણસ છરીના હુમલાથી બચી ગયો હતો તેને ગોળીથી મારી નાખવામાં આવ્યો હતો. ( લગભગ ૧૮૭૯ માં ) ગુન્હેગારને ફાંસીની સજા થઈ હતી. આ પછીનો બનાવ મહુંમ આગાખાનના મૃત્યુ પછી બીજે દિવસેજ બન્યો હતો. આગાખાનના વડા કામડીયાનું ખૂન થયું હતું અને ગુન્હેગાર જાતે પોલીસને શરણે થયો હતો અને ફાંસીને લાકડે ચડયો હતો. પાંચ વર્ષ પહેલાં જેડાહમાં આગાખાનના કાકા અને પિતરાઇને ગોળીથી ઠાર કરવામાં આવ્યા હતા; અને ખુનીઓએ જેલમાંજ જાતે ઝેર પી પોતાની જીંદગીનો અંત આણ્યો હતો. ત્યારબાદ લગભગ અઢાર મહિના પહેલાં આગાખાનના ભત્રિજાનું પુનામાં ખૂન કરવામાં આવ્યું હતું, અને ખૂનીને આન્દામાન ટાપુમાં મોકલવામાં આવ્યો હતો, એવી આશાએ કે ખૂનની પાછળ કોનો હાથ છે તે ખબર પડે; પણ હજી સુધી તે આશા સફળ થઇ નથી અને છેલ્લો બનાવ આ મુંબઇનો બન્યો.

બ્રિટીશ રાજ્યના ઓઠા હેઠળ આવા ગુંડાઓને ખોજા કોમ કે બીજી કોમમાં છુટથી ભય અને ત્રાસનું રાજ કરવા દેવાયજ નહિ. પણ કાયદાના સામાન્ય રીત-ધોરણ બાજુએ મૂકયા સિવાય આવા ગુન્હાઓને અટકાવવા એ બહુ મુશ્કેલ છે. ફાંસી કે મોતની સજાથી આવા ગુન્હા અટકતા નથી એ આપણે

જોયું. પહેલાં તો આવા કામની પાછળ રહેલા ખરેખરા ગુન્હેગારોને શોધી બરાબર સજા કરવી જોઇએ; તેમજ ત્યારપછી તેમના માની લીધેલા સ્વર્ગ સુખની લાલચે હાથા બનેલા ઝનુની માણસોને આવા કૃત્ય કરતાં અટકાવવાને પુરતાં પગલાં લેવાવા જોઇએ. ઉપરના ઘણા ખરા કિસ્સામાં ખુનના ભોગ થયેલા માણસો સારી સ્થિતિના તેમજ ખોજા કોમમાં લાગવગ ધરાવનાર માણસો હતા, જ્યારે ખુન કરનાર માણસો સામાન્ય રીતે ગરીબ તેમજ સમાજમાં દરજ્જા વગરના માણસો હતા. અને આમ ખુન કરવાથી સીધા સ્વર્ગની સીડીએ જવાય છે એમ માની આવા માણસો રાજી ખુશીથી ફાંસીને માંચડે ચડે છે. એટલે આવા કિસ્સામાં ફાંસી કરતાં સજા બીજી રીતેજ થવી જોઇએ. ઇટલીની માફક કાયમી જેલવાસ પણ કારગત નીવડે. તેમજ આવા કૃત્યોના ખરા ગુન્હેગારોને એમનાં ગુન્હાનો યોગ્ય બદલો મળવોજ જોઇએ. કે જેઓ અજ્ઞાન ખોજાઓની નામદાર આગાખાનની દૈવી શકિતમાં રહેલી અંધ શ્રદ્ધાનો અવળો ઉપયોગ કરે છે અને જે લોકો એમાં શ્રદ્ધા ન રાખતા હોય કે તેમના ધર્મ ઝનુનની આડે આવતા હોય તેમને આ દુનિયામાંથી નાબુદ કરવાનો પ્રયત્ન કરે છે. તેમને પહોંચી વળવાનો એક રસ્તો છે, તે નામદાર આગાખાન મારફતજ.

નામદાર આગાખાન આવા ગુન્હાઓ પ્રત્યે સખ્ત અણગમો દર્શાવે છે. તેમજ તેનો કોઇ રીતે બચાવ કરતા નથી એ સંતોષની વાત છે. આ કિસ્સામાં તેમણે ગુન્હેગારોને જ્ઞાતિબહાર કર્યા છે, તેમની ઉપર 'જમાતની લાઇ' વર્ષાવી છે, તેમજ તેમની દફન ક્રિયામાં ભાગ લેવાનો પ્રતિબંધ કર્યો છે. આટલું જો કે ઠીક છે, પણ નામદાર આગાખાનની લાગવગનો વધુ સારો ઉપયોગ થઇ શકે તેમ છે. મારી સુચના છે કે ખુનીઓને અગાઉથી કાંઇ પણ ખબર આપ્યા વગર એક એકાંતની કોટડીમાં મેજીસ્ટ્રેટની સન્મુખ આગાખાનનો ભેટો કરાવી દેવો જોઇએ; અને સત્ય એકરાર કરાવવો જોઇએ, અને આ રીતેજ ગુન્હા કરાવનારા (પડદા પાછળ રહેલા માણસોનો) પત્તો મળવા સંભવ છે. અને નામદાર આગાખાન પણ આવા કૃત્યોનો અંત લાવવા ખુબ ઉત્સુક છે, તેમને સત્તાવાળાઓને આવી મદદ કરવામાં ખાસ વાંધો ન હોવો જોઇએ. પણ ખુનીઓને તેમના માલિકની મુલાકાત પહેલાં કાંઇ પણ ખબર કે સંદેશ મળી ગયો તો મુલાકાતનો હેતુ બર આવશે નહિ. કારણ કે તેમના ખુદા આગાખાનના ધાર્મિક પ્રભાવની જે અસર પડવી જોઇએ તે અગાઉની શિખવણી કે તૈયારીથી નહિ પડે. અઢાર મહિના પહેલાં પુનામાં જે કરૂપીણ બનાવ બન્યો છે તેમાં પણ આજ રીતની અજમાયશ થઇ શકે. ખુની પોતાની કાળાપાણીની સજા ભોગવી રહ્યો છે. જો ફકત મેજીસ્ટ્રેટની હાજરીમાં આગાખાન તેને સત્ય એકરાર કરવાનું ફરમાવે તો સત્ય બહાર આવ્યા વગર રહેજ નહિ, કારણકે આગાખાનમાં તેમને ખૂબ પૂજયભાવ હોય છે. પણ આ યોજનાના સીધા અમલમાં બીજી કંઇ અડચણ કે સંદેશ ખૂનીને મળવો જોઇએ નહિ એ મુદ્દાની વાત છે.

અને જો આમ ખરા ગુન્હેગારો (પડદા પાછળ રહેનારા) હાથ લાગે તો આવા ગુન્હા થતા એકદમ અટકશે. બાકી તેમના હાથાઓને–હથિયાર બનેલાઓને–બેહસ્તમાં ન મોકલતાં આજ જહાનમાં તેમના કુકર્મોની સજા પુરી ભોગવે તેવી વ્યવસ્થા થવી જોઇએ.

'હયુમેનીટી' (માણસાઇ)
**Humanity.**

# આભાર.

---

**શ્રીયુત ઇસ્માઇલ હીરાણી** ઉપર ખુની હુમલો થયાનાં ખબર "ખોજા જાગૃતિ" માં પ્રગટ થયા પછી તેઓશ્રીની તબીયતના ખબર પુછાવવા ઉપરાંત તેઓનું દીર્ઘાયુ ઇચ્છતાં થોકબંધ પત્રો મળ્યા છે. કામકાજ તથા તેઓશ્રીની સારવારમાં રોકાવાના કારણે અમે બધા ભાઇઓને જુદા જુદા જવાબ લખી શકયા નથી. તે માટે તેવા સર્વે ભાઇઓની અમે માફી ચાહીએ છીએ અને તેઓશ્રી પ્રત્યે હમદર્દી બતાવનારા સર્વે ભાઇઓનો ઉપકાર માનીએ છીએ.

ભાઇ ઇસ્માઇલની તબીયત સુધારા પર છે, પરંતુ હોસ્પીટલમાં કેટલો વખત રહેવું પડશે તે અત્યારે ચોકકસ કહી શકાય નહિ.

હુમલાના ખબર સાંભળી ઇસ્માઇલભાઇના ઘણાં મિત્રો તરફથી હમદર્દી બતાવનારા પત્રો મળ્યા છે તેમાંનો એક હિંદુ મિત્રનો પત્ર પ્રગટ કરતાં અમને ઘણો આનંદ થાય છે.

**સહતંત્રી.**

**પરમ સ્નેહી ભાઇ હીરાણી,**

કાલ રોજ બપોરે તમારા ઉપર થયેલ હુમલાના ખબર સાંભળી બહુજ દીલગીર થયો. સાંજે સમાચાર મળ્યા કે આરામ છે. એમ જાણી જરા શાન્તિ થઇ. × × × × × સાથે મારે આવવું હતું પરંતુ નોકરીવશ હોઈ આવી શકયો નથી તો માફી માગું છું, અને આ સાથે એટલું જણાવું છું કે તમોએ ઉપાડેલ કાર્ય ડરી જઈ ધીમું પડવા દેશો નહિ, પરંતુ બમણા જોર અને ઉત્સાહથી આગળ ધપાવજો. હંમેશાં આવા કાર્યમાં જે જે મુશ્કેલીઓ તથા અંતરાયો ઉપસ્થિત થાય તે શાન્તિથી સહી લેવા. આ તો પાશેરામાં પેલી પુણી છે! આવા તો કેટલાંએ બલીદાનો જ્ઞાતિને ચરણે તમારે ધરવાં પડશે, ત્યારેજ તમોએ હાથમાં લીધેલ સુધારાનું કાર્ય પુર્ણ કરી શકશો. તમારા જેવા એક નિર્દોષ મનુષ્યનું રકત ધરતી ઉપર પડે છે તેજ તમારા માર્ગ સુચકનું શુભ ચિન્હ છે એમ માનજો. છેવટમાં પરમકૃપાળુ પરમાત્મા સુધારા અને સત્યનો ડંકો નિડરપણે વગાડવા ખોજા જનતાને કુંભકર્ણની નિદ્રામાંથી જગાડવા અને ધર્મ ગુરૂઓના પાખંડ ઉઘાડા પાડી લોકોને અજ્ઞાન તથા વહેમની બેડીમાંથી મુકત કરવા જલ્દી આરામ કરો. એજ અભ્યર્થના.

તા. ૧૧–૧૨–૩૩.

તમારો:

**પ્રેમજી મલુભાઈ મકવાણા**

નું વંદન.

**તા. ક**:–દુશ્મનોને શિક્ષાએ પહોંચડાવામાં પાછી પાની ધરશો નહિ. એ લોકોમાં સજ્જડ દાખલો બેસે કે સુધારાવાળા નિડર છે તથા કફન સાથે લઇ ફરે છે.

**પ્રેમજી મલુભાઇ.**

---

**સસ્તું અને સારૂં વાંચન**
**વાંચવું હોય તો બે રૂપીયા**
**મોકલાવી "ખોજા જાગૃતિ" ના ગ્રાહક બનો.**

# નામદાર પધાર્યા

" મારા રૂહાંની બચ્ચાં મારા દીદારની વાટ જોઇ રહ્યા છે. મારા રૂહાંની બચ્ચાંની સ્થિતિ મારે જોવી છે. તમને મળવા માટે આતુર છું. " આવા કારણો બતાવતા નામદાર આગાખાન ગઇ તા. ૧૪ મીએ મુંબઇને કીનારે ઉતર્યા છે.

જાણે રાજા ધર્મનો અવતાર, જાણે દયાનો મહાસાગર. ના. આગાખાનની આવી ઝબાનેજ ભોળા અને અંધશ્રધ્ધાળુ લોકોને ફસાવી ધનહીન બનાવ્યા છે. હિંદમાં ઉતરતાં તેમના મુરીદો દર્શન કરશે, પગે લાગશે, દીદાર કરશે અને ચરણે પૈસા ધરશે. તેના બદલામાં નામદાર દુઆ આશીષ ફરમાવશે અને ખીસામાં ભરી લાવેલી ભુખ કોમને અર્પણ કરશે.

પાંચ પાંચ વરસના પોતાના મુરીદોનો વિયોગ તેઓ નામદારને બહુ સાલે છે. શા માટે ન સાલે? પાંચ પાંચ વર્ષની કાળી મજુરી કરી કોમે એકઠા કરેલા પૈસા ઉપર એ નામદારની નજર બગડી છે. એ પૈસાથી કોમ સુખી થાય તે આ નામદારથી જોયું જાતું નથી.

નામદાર વિલાયમાં બેઠા બેઠા તાર કરતા હતા કે "ચોવીશે કલાક તમારાજ વિચાર કરૂં છું." નામદાર વિચાર કરે છે એટલા પુરતા તો તેઓ જરૂર સાચા છે, કયે રસ્તે કોમનું ભલું થઇ શકે એનો એ નામદાર વિચાર કરતા નથી, પણ ખોજા કોમની અજ્ઞાનતા અને મુર્ખાઇનો લાભ કઇ રીતે વધારે લઇ શકાય તેનો વિચાર એ નામદાર ચોવીશે કલાક કરે છે. ખોજા કોમના ખીસા ઉપર લુંટ ચલાવવા સિવાય નામદારે કોમનું બીજું કાંઇ પણ અત્યાર સુધીમાં ભલું કર્યું હોય, કોમ કેવી મુશ્કેલી વચ્ચે પોતાના દહાડા વિતાવે છે એ માટે જરા પણ વિચાર કર્યો હોય તેમ યાદ નથી.

નામદાર આગાખાનના ગુરૂપદ નીચે ખોજા કોમ વધારેને વધારે અધોગતિની ખાડમાં ગબડતી જાય છે. સાચા ગુરૂનું તો તે કામ હોય છે કે તેને સારી કેળવણી આપી ઉન્નતિને રસ્તે દોરી જવું. પણ આ ગુરૂએ તો ગજબ કરી નાખ્યો છે. નિસ્વાર્થી ગુરૂને બદલે પૈસાની ભુખવાળા ગુરૂ ખોજા કોમને ભેટયા છે. સાચે અથવા ખોટે રસ્તે પણ કોમ પાસેથી પૈસા પડાવવા તે આ ગુરૂનો મુદ્રાલેખ છે પછી ભલે કોમ જહાનની ખાડમાં પડતી હોય તેની તેને કશી પરવા નથી.

કોમની આજે કંગાલ અને બેહાલ સ્થિતિ હોય તો તેનું કારણ પણ ના. આગાખાનજ છે. ઘડીભર માની લઇએ કે ખોજા કોમને માથે આવો ચુસણનીતિવાળો ધર્મગુરૂ ન હોત તો કોમ આજે કેટલી વ્દ્રયવાન હોત! નામદારની ચુસણ નીતિના આરંભથી તે આજ સુધીનો હીસાબ ગણો તો અબજોના અબજો રૂપીયા એ નામદાર કોમની પાસેથી પડાવી ગયા જણાશે.

નામદારે હિંદમાં આવતા પહેલા કરકસરનો બોધ આપ્યો છે. નામદાર બરાબર સમજે છે કે કોમ બીજે કોઇ પણ રસ્તે પૈસા વેડફી નાખશે તો પોતાને આપવા કાંઇ નહી રહે. નામદારને બીજી બાબતોમાં કરકસર કરવાનું કહેવાનું યાદ આવી ગયું પણ પોતે અહિંયા પધારે ત્યારે પૈસા આપવાની મર્યાદા કાં ન બાંધી? અથવા તેમાં કરકસર કરવાનું કહેવાનું કાં ન સુજયું?

એક જીવતા જાગતા મનુષ્ય પ્રાણી છતાં તેઓ કોમ આગળ ખુદાઇ અવતાર તરીકે મનાવે છે, દશમો અવતાર, નકલંકી અવતાર, કૃષ્ણાવતાર કહેવરાવે છે, અને તેની સાથે ભોળી કોમને ફસાવવાનું કાવત્રું આબાદ પુરૂં પાડી શકે છે. આ કૃષ્ણાવતારે તો કોમને વિરાટ સ્વરૂપ બરાબર બતાવી દીધું છે. કોમ વધારેને વધારે નાશને રસ્તે આ વિરાટ સ્વરૂપથી જતી જાય છે.

નામદારના આગમનથી કોમના કેટલા માણસો ભુખ ભડાકા સેવી રહેશે તેનું માપ તો નામદારના ગયા પછીજ નીકળી રહેશે, પણ એટલું તો ચોકકસ છે કે તેઓના આગમનથી કોમને ધનની પ્રાપ્તીને બદલે ઘટાડો તો જરૂર થશે.

ચેતેલાઓ ચેતાવજો, જાગેલા જગાડજો, આ જાળમાં ફસાતા તમારા બાંધવોને બચાવજો.

---

## ૧૦૦ નવજવાનો જોઇએ છે.

જેલમાં એક કેદીની જેવી સ્થિતિ હોય છે તેના કરતાં બેહદ ખરાબ સ્થિતિ આજે આપણે ભોગવી રહ્યા છે. અવર કોમનાં માણસો આપણી આવી સ્થિતિ જોઈ ક્રુર મશ્કરી કરે છે અને આપણી નામર્દાઇ ઉપર તેને તિરસ્કાર છુટે છે. જગતની કોઇપણ કોમ કરતાં બેહાલ સ્થિતિ ભોગવતા હોઇએ તો તે આપણેજ છીએ.

આ ગુલામીમાંથી છુટી શકવાનો કોઇ ઉપાય નથી એવું કાંઈ નથી. આપણી કોમમાં યુવાનોનો તુટો પડયો છે તેવું કાંઇ નથી. સ્વતંત્ર થયેલી કોમ ઉપર નજર નાખશો તો જણાશે કે આ કામ યુવાનોએજ કરી બતાવેલ છે. એટલે આપણી કોમની સ્વતંત્રતા મેળવવાનો બોજો યુવાનો પર છે. જ્યાંસુધી યુવાનો તૈયાર નહિ થાય ત્યાંસુધી કોમના ગળા ઉપર બેઠેલી જુલ્મગાર સત્તા કાયમ ચુસણનીતિ ચલાવવાની.

યુવાન મિત્રો, તમે તમારી ફરજ બજાવવા બ્હાર પડવા ચાહો છો કે નહિ? તમે ગુલામી પસંદ કરો છો કે સ્વતંત્રતા? ગુલામી પસંદ કરતા હો તો એ આજના જમાનામાં નહિ પાલવી શકે. તમારી હસ્તી નહિ ટકી શકે. વીશમી સદીમાં ગુલામને કયાંય સ્થાન નહિ મળી શકે.

તમારા એકનાથી અનેકનું ભલું થતું હોય તો તે ફરજ બજાવતાં માતપીતાની લાગણી દુખાતી હોય તો દુખાવા દ્યો. માતપીતા હંમેશાં સ્વાર્થીજ હોય છે, એમની હયાતી દરમ્યાન એ તમને રજા આપશે એમ તમે ધારતા હો તો એ આશા છોડી દેજો.

આ જાલીમ સત્તા ફેંકી દેવા માટે ઘરના તમામ માણસોનો ભોગ દેવો નથી પડતો. ઘરની માલમીલ્કત તેમાં ફના નથી કરી દેવી પડતી. ફકત ફના કરી દેવી પડે છે પોતાની જાતને.

અમે અત્યારે આ કામ માટે કોમની પાસે માત્ર ૧૦૦ નવજવાનોની માંગણી કરીએ છીએ. આ યુવાનોનું સંઘ બળ થતાં એ સત્તાને ગાંસડા પોટલા બાંધી વિદાય લેવી પડશે. જોઇએ છે માત્ર સો યુવાનો. સ્વતંત્રતા લેવા તલ્પી રહેલા આવા યુવાનો કોમને સદાને માટે આઝીદ બનાવી દેશે.

યુવાનો તૈયાર થાવ; તમારા ઉપર લાગતી લાંછન દુર કરો. જુલમી સત્તાથી કચડાતા તમારા ભાઇઓને બચાવવા બહાર પડો.

જે જે યુવાનો અમારી આ અપીલનો સત્કાર કરવા માગતા હોય તેઓએ પોતાના નામ અમારી ઉપર મોકલી આપવા. અમે તેઓને ખાત્રી આપીએ છીએ કે જયાં સુધી ૧૦૦ નામ નહિ થાય ત્યાં સુધી અમે કોઇનાં નામ પ્રસિધ્ધ કરશું નહિ.

**સહતંત્રી.**

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

છુરીની બીકે ?     છુટક નકલ ત્રણ પૈસા.     Regd. No. B. 3114.

# જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી.     સહતંત્રી : રૂપજી નજરઅલી પ્રેમાણી.

વાર્ષિક લવાજમ : દેશમા રૂ. ૨     પુસ્તક ૧, અંક ૪૩ : ડીસેમ્બર ૨૬ : ૧૯૩૩     મુદ્રક અને પ્રકાશક :
દેશાવર રૂ. ૪-૦-૦ : છુટક ૦-૦-૯     સંવત ૧૯૯૦ ના પોષ શુદ ૧૦ મંગળવાર     ઇસ્માઇલ કાનજી હીરાણી.

## ‘આવ બલા ને પકડ ગલા.’

‘આવ બલા ને પકડ ગલા.’ આમ સામે ચાલીને આફતને નોતરનાર માનવીમાં અક્કલનો છાંટો પણ હોઇ શકે ખરો ? અને આમ સહર્ષ આમંત્રાયેલો અતિથિ યજમાનને ગળેથી પકડે તો એમાં આશ્ચર્ય પામવા જેવું શું ?

કોઇ કહેશે કે આવા અક્કલહીન આપણે શા માટે થવું ? કોઇને સમજાય છે આપણા પગ ઉપર આપણેજ શા માટે કુહાડો મારવો ?

ના. આગાખાન આવ્યા છે. એમ તો વિલાયતી આગબોટો એવા કેટલાય નામદારોને મુંબઇના બારામાં હરહંમેશ ઠલવે છે.

એ આપણા ગુરૂ છે માટે ? કરેલાં પાપ પૈસા લઇ માફ કરી નવાં પાપ કરવાનું શિખવવા શિવાય આપણા એ ગુરૂએ આપણને શું બોધ્યું છે ?

આપણા એ ધણી છે માટે ? આપણા ખીસાના પૈસાનું ધણીપણું કબજે કર્યા શિવાય આપણા ભૂખે મરતા ભાઇઓના મોઢામાં રોટલો મૂકવાનું એ ધણીએ કે દિ' સ્વીકાર્યું છે ?

આપણા એ ખુદા છે ? ખુદાઇ દાવો કરતી આપણ મેષ સમુહના એ બનાવટી ઇશ્વરે આપણને અજ્ઞાન અને કચડાયેલા રાખ્યા શિવાય બીજું શું ખુદાપણું દેખાડયું છે ?

આમ આપણે એને કયે મોઢે સત્કારીયે ?

અન્ય સામાન્ય માનવીઓની પેઠે આગબોટમાં બેસી દરિયો કાપતા આપણા એ ખુદાની બધી ખુદાઇગીરી આપણને વધુને વધુ અંધશ્રદ્ધાળુ બનાવવામાં સમાઇ જાય છે; એનું ધણીપણું આપણને જેવી ને તેવી રઝળતી અને બેકાર હાલતમાં છોડી દેવામાં સમાપ્ત થાય છે; અને એનું ગુરૂપદ આપણને ત્રણ ને બે સાત ગણાવવામાંજ પર્યાપ્તિ પામે છે.

આવા એક માનવીના આગમન પાછળ હર્ષોન્મત્ત થવું એ એક પ્રકારની ઘેલછા છે. એને નામે કે એને પગે પૈસા ધરવા એ પોતાનાજ પગ ઉપર કુહાડો મારવા બરાબર છે.

કોમના યુવાનો અને વૃધ્ધો, ચેતજો ! રખે તમે ‘આવ બલા ને પકડ ગલા’ કરી ન બેસો ! !

દર મંગળવારે પ્રગટ થતું ખોજા કોમનું મુખપત્ર.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૬-૧૨-૩૩.

## છુરીની બીકે ?

આ ઇસ્માઇલી ધર્મને આજ સુધી ટકાવી રાખવાનું કોઇને પણ માન ઘટતું હોય તો ફીદાઇની છુરીનેજ ઘટે છે. આ છુરીયે આખી ઇસ્માઇલી સમાજને ડરાવી મુકી છે. ઇસ્માઇલી ધર્મની આગળ પગે પાડતા કરી મુકયા છે. આ છુરીયે આપણને અનિચ્છાએ આ પોકળપંથ પાળવાનું કબુલાવ્યું છે.

આજના આ આગળ વધતા જમાનામાં આપણી કોમ પાછળ હઠતી જાય છે એમ તો નજ કહી શકાય. આપણી પ્રગતિ થાય એવા સાધનો બીજાના કરતાં આપણને ઓછાં મળે છે, એટલે આપણી પ્રગતિ બીજાના કરતાં ધીમી થાય છે. આપણે પહેલાના કરતાં વધારે અજ્જડ તો નથીજ બની ગયા. જ્યારે આપણે કંઇક આગળ વધ્યા છીએ ત્યારે આપણે આ તત્વજ્ઞાન વગરના અને સ્વાર્થથી ઉભો કરવામાં આવેલા આ ઇસ્માઇલી ધર્મનું પોકળ નથી સમજી શકયા ? હિમાલયના પર્વતમાંથી કોઇ જગાએથી અજ્જડ મુર્ખ એવા જંગલીને પકડી લાવી આ ધર્મનું રહસ્ય સમજાવશો તો એ પણ આ ધર્મને ધુતકારી કાઢશે.

આજના આ જમાનામાં કોઇને પણ આ સત્ય ન જડી આવ્યું હોય તે માની શકાય નહિ; પણ જાણવા છતાં તેને વળગી રહેવામાં આવે છે. અને આ વળગી રહેવામાં ઇચ્છા કામ નથી કરતી પણ આ પંથના ફીદાઇની કેડમાં ડોકીયું કરી રહેલી છુરી પરાણે ઇચ્છા કરાવે છે.

આ ધર્મની સામે થનારા ઉપર આ છુરી વપરાય છે તેવું નથી પણ આ છુરીયે તો લોકોની પાસે પરાણે ઇસ્માઇલી ધર્મ પળાવ્યો છે, અને આજસુધી આ ધર્મ ટકી રહ્યો હોય તો એ કોમની માથે ઝઝુમી રહેલી ફીદાઇની છુરીનેજ આભારી છે. આજે કોમનો કોઇપણ માણસ આ ધર્મને વળગી રહ્યો હોય, તો એ આ ફીદાઇની છુરીની આરાપાર ગરી ગયેલી બીકજ છે.

આ છુરીની બીકે આપણા વડવાઓ આપણને ગુલામીમાં રાખી જવા માટે જેટલા જવાબદાર છે, તેટલાજ જવાબદાર આપણે આપણી જાતને અને ભવિષ્યની પ્રજાને ગુલામીમાં રાખવા માટે છીએ. શું આ છુરીની બીકેજ તમે આ ધર્મને વળગી રહેવા માગો છો ? શું આ છુરીની બીકેજ તમે તમારી આખી જીંદગી ગુલામી અને નામોશી ભરી કાઢવાનું પસંદ કરો છો ? શું આ છુરીની બીકે તમે આખી જીંદગી રીબાઇ રીબાઇને મરવાનું પસંદ કરો છો ? જો આ પસંદ કરતા હો તો તમારી નામર્દાઇ છે.

આજે આ છુરીનું જોર વધવા પામ્યું હોય તો એ આપણી નામર્દાઇને લીધેજ છે. નમતું આપનારને વધારે દબાવે એ પ્રમાણે ઇસ્માઇલી ધર્મના ફીદાઇની છુરીયે આપણી નામર્દાઇનો વધારે ને વધારે લાભ લીધો છે અને આજે એ છુરીયે આપણને વધારે ને વધારે કંગાલ અને બાયલા બનાવી દીધા છે.

આ ધર્મના ફીદાઇની છુરીયે આપણને સતપંથ કહેવરાવ્યો. આ છુરીયે આપણને તેના ધારાધોરણો પરાણે પળાવ્યા. આ છુરીની બીકે આપણને આપણા બાળકોને આ પોકળપંથનું રહસ્ય સમજાવતા અટકાવ્યા. આ છુરીયે આપણને આપણા બાળકોને તેનું શિક્ષણ અપાવવાનું કબુલાવ્યું. પરિણામે બાળકોના મનપર સાચો ધર્મ હોવાનું ઠસાઇ જવા પામ્યું. આપણી આ નામર્દાઇએ ભવિષ્યની પ્રજાનું પણ બુરૂં કરી નાખ્યું.

હવે જેટલો વધારે વખત આ ધર્મ ટકી રહેશે તેટલો આપણને વધારે ને વધારે નુકશાનકારક છે. નામર્દાઇ ખુબ બતાવી; છુરીનો ભય ખુબ રાખ્યો. ભવિષ્યની પ્રજાનું અને તમારી જાતનું ખુબ બુરૂં કરી નાખ્યું. હવે એટલેથી નામર્દાઇ છોડો. બીજી પ્રજા સ્વતંત્ર થવા ગોળીયો ખાય છે ત્યારે તમે એક વખત સ્વતંત્ર થતાં છુરીથી જીંદગીનો અંત આવતો હોય તો તે હસ્તે મુખે કબુલ કરો.

જીંદગી આખી ગુલામી પસંદ કરવા કરતાં એક વખત આખી કોમ આ ધર્મની સામે જંગ માંડે તો શું આ પોકળપંથનો અંત ન આવી જાય ? આખી કોમને સ્વતંત્ર બનાવતા હજારોના બળીદાન આ ધર્મ માગે તો એ લોહી તરસ્યા ધર્મને આપો, પણ આ ગુલામીનો અંત લાવી તમારી જાતને અને ભવિષ્યની પ્રજાને સુખમા મુકો.

# છપન વર્ષનો વૈભવ.

ના. આગાખાનને માલમ થાય જે આપ અમારા ખુદા છો. અમને અને આખી સૃષ્ટિને આપે પેદા કરી છે. એમ આપ મનાવો છો. તો પછી આપને કોણે પેદા કર્યા ? અને આપની સ્ત્રીને કોણે ખેંચી લીધી ?

હું માનું છું ત્યાં સુધી આપ ખુદા નથી. પણ એક મહાન વિલાસી માણસ છો, અજબ ખર્ચાળ પુરૂષ છો. પાણીની માફક પૈસા વાપરી દેવામાં જો ખુદાઇ હોય તો તે ખુદા તમે છો.

તમો પણ અમો માનવીની પેઠે સ્ટીમરમાં બેસી દેશમાં આવો છો. અમો સંસારીની પેઠે તમારે પણ પરણવું પડે છે અને છોકરાં થાય છે, સ્ત્રી મરી જાય છે અને વળી ફરી પરણવું પડે છે.

તમોને ખુદા તરીકે માનતા હશે ખરા, પણ એ જુના ખગ, બુઢાં ડગરાં અને કાં કુમળાં મગજ ઉપર ઉંધી અસર પાડી હોય એવા બાળકો અને થોડીક કમ અક્કલ, અજ્જડ સ્ત્રીઓ. બાકીના સ્વાર્થીઓ છે.

તમે હિંદુસ્તાન અને આફ્રીકાના ગરિબ ખોજાઓ પાસેથી બાર મહીને પચાસ લાખ રૂપિયા જેવડી રકમ વિલાયતમાં ઉપાડી જાવ છો. અને તેમાંથી લગભગ બધી આવક તમે એ વિલાસી મુલકમાં રહી વિલાસ પાછળ ખર્ચી નાખો છો. આ રકમ કુલ તમારા છપન વર્ષમાં ૨૮ કરોડ થાય છે. આ રકમ કોમની કેવી સ્થિતિ વચ્ચે થઇ છે તેનો ખ્યાલ આપને આવ્યો હોત તો કદી પણ આવી ફોસલામણી મુત્સદીગીરી અને ત્રાસ અમારી છલોછલ દયાથી ભરી સ્થિતિમાં વાપરત નહિ.

અમારામાં કેટલાક એવા માણસો છે કે જે ચાર પૈસામાં –એક પેનીમાં આખો દિવસ કાઢે છે અને કેટલાક બીલકુલ ગરિબ છે કે જે કાંઇ પણ ખર્ચ કરવા અશકત છે.

આપ આપના મુરીદોની આવી દશા આણવામાં મોટી અનીતિ કરો છો. આ ઉપરાંત ખોજા કોમમાં ત્રણ ચાર તડ પાડી દેવાયાં છે અને કુસંપ તો જાણે બાપે માર્યા વેર. આપના જેવા મહાન મુત્સદી મનુષ્ય આવી સ્થિતિ ઉત્પન્ન કરાવનાર બને એ ઓછું શોચનીય નથી.

અત્યારે નથી કોમમાં સંપ કે નથી કોઇને નર્વાહ કરવા ધન. એ આપના અને આપના નોકરોના પ્રતાપે નહિ તો બીજું શું ?

મુરશીદને પોતાનું સાદું જીવન જીવવા, મુરીદ લોટ દાળ વગેરે આપે. પણ આપે તો સ્વર્ગની હુરીયોની અને સવા લાખ ગણાની લાલચોમાં ફસાવ્યા, અને ઘણું ધન હાથ કરી લીધું. અને એ ધનનો પ્રવાહ ચાલુ રહે તેટલા માટે કલમો સ્થાપી અને મીશનરીયોને મોટા મોટા પગારો આપી કોમ ઉપર છોડી મુકયા.

અઠાવીશ કરોડ રૂપિયા એટલે જેનું વ્યાજ આઠ આનાની તેરીખે દર મહિને ચૌદ લાખ રૂપિયા થાય. આટલી ગંજાવર રકમ અમો ખોજા કોમમાં વપરાય તો અત્યારે જે કોમ ભુખી, દુઃખી, બાળહત્યારી, સ્વમાન વગરની અને દરજ્જા વગરની ગણાય છે તે કેવી સુખી સ્થિતિ ભોગવતી હોત એનો ખ્યાલ બહુ સ્હેલો છે.

જમાનો જોશભેર આગળ વધે છે તે કોઇથી અજાણ્યું નથી. આપે સ્વાર્થી ધર્મને લંબાવવા કેવા કેવા કીમિયા દાખલ કર્યા છે 'મારી વિરૂદ્ધ કાલીંગા અવતરશે, સાચા હશે તેજ મને ભજશે અને ટકી રહેશે, બાકી નીકળી જશે' વગેરે. પણ એ બંધુકો ફુસ થઇ જશે. કારણ જ્યાં કોઈ પણ સ્વાર્થી ધર્મના નામ રહેવાના નથી ત્યાં જેમાં કાંઇ તત્વ નથી અને ફકત પૈસા એકઠા કરવાની કિમિયાગીરીજ છે તેની શું તાકાત ?

એ બધાના પ્રાયશ્ચિત તરીકે જાહેર કરો કે હું ખુદા નથી. દુઃખી ખોજાઓ, તમારી પાછળ ખુવાર થયા હોય તેવાઓને અને બેકારોને પુરી રીતે મદદ કરો, તથા પૈસા લેવાનું સદંતર બંધ કરો. અને તદન સાદું જીવન પસાર કરો. બહુજ વૈભવ કરે તેને પણ મરવાનું છે અને સાધુને પણ મરવાનું છે. ધર્મગુરૂ તરીકે સાચા માર્ગ બતાવી ખરૂં જ્ઞાન દો અને ઇશ્વરના અવતારનો કે ખુદ ખુદા હોવાનો મોહ છોડી દો. સાચી શીખામણ દેતાં તમારૂં હૃદય બહુ હળવું થઇ જશે. મોટીમોટી ચીન્તાઓનો નાશ થશે.

આપને વળી આપના વાજીંત્રો–છાપાં શાં ? કે જેમાં મીશનરી અહિં પધાર્યા, તહીં માયના કરી, ફલાણે મીજલસ કરી, ફલાણા પંજેભાઇ થયા, સાહેબ ખુદાવીંદની દુઆ આશીષ આવી વગેરે નમાલી અને નકામી વેવલાઇ છે. આ નાત બ્હારી શું અને કાઉન્સીલ શું ?

શા માટે વધુ વૈભવને પોશવા ખોજા ઉપર વધુ બોજાઓ લાદવામાં આવે છે ?

ખોજા ભલે ન સમજે પણ આપ ખુદા નથી તે આપ પોતે તો સમજો છો. આજ નહિ તો કાલ બધા જાણતા શીખી જશે, હવે વાર નહિ લાગે. જમાનોજ શીખવે છે. તે પહેલાં ઉપાય છે.

આપને ફરીથી અહિં આવવાની તકલીફ લેવી નહિ પડે. કારણ કે જગત જાણે છે કે આપે ખોજાઓમાં ચાર તડ કરી પાડયાં છે, ત્યારે હિંદુ મુસ્લીમ એક શું કરી શકવાના હતા ? સરકાર સાથે વળી જુદી વાતો કરો છો, બધા સાથે ગોળ ગોળ વાતો કરી જાણો છો. બધાની દ્રષ્ટિએ આપ કોઇ બેરજ વ્યકિત લાગો છો.

અઠાવીશ કરોડ રૂપીયા એટલે ગરીબોનાં લોહીનાં ટીપાં છે. પાઇ પાઇ ભેળી કરીને ભેળા કરેલા એ પૈસા છે. અજ્ઞાનતાનો એ લીધેલો લાભ છે.

લોકો બધું જાણવા પામી ગયા છે એટલે એમ લાગે છે કે આપનું આ ધતીંગ સમજવામાં પુરા પાંચ વર્ષ નહિ લાગે અને તેથી આપને ફરી અહિં આવવાની તકલીફ નહિ લેવી પડે તેમ લાગે છે.

# દીલસોજી ભર્યા પત્રો.

શ્રીયુત ઇસ્માઇલ હીરાણી ઉપર ખુની હુમલો થયાના ખબર "ખોજા જાગૃતિ" અને બીજા દૈનિક પત્રોમાં પ્રગટ થયા પછી તેઓશ્રીની તબીયતના ખબર પુછાવવા ઉપરાંત તેઓનું દીર્ઘાયુ ઇચ્છતા થોકબંધ પત્રો ચાલ્યા આવે છે. જેમાંથી કેટલાક ચુંટી કાઢેલા પત્રો અમે નીચે આપીએ છીએ. આ સહુ ભાઇનો અમે આભાર માનીયે છીએ.

**સહતંત્રી.**

**અમરેલી,** તા. ૧૪–૧૨–૩૩.

ભાઇ ઇસ્માઇલ ઉપર ઘા થયો એ જાણી મને તાજુબી નથી થઇ પણ દુઃખ તો થયું છે. ભાઇ ઇસ્માઇલની તબીયત કેમ છે તે લખશો, અને હોસ્પીટલમાં તમે જાઓ ત્યારે મારા તરફથી તેમને ખબર પુછજો.

**હ. મ. પંડયા. ("સૌરાષ્ટ્ર"ના માજી તંત્રી.)**

---

કાલે × × × અહીં આવેલા તેમણે ખબર આપ્યા કે ઇસ્માઇલભાઇને કોઇ ધર્માંધ અને મુર્ખ માણસે સખ્ત ઇજા પહોંચાડી છે અને છરીવતી તેમની દુકાનમાં હુમલો કર્યો છે. આમ બન્યું હોય તો શંકા નથી એમ માનીને આ પત્ર લખું છું.

ઇસ્માઇલભાઇને મારાવતી હાર્દીક આરામ પુછજો, તેના જેવા નિર્દોષ, કર્તવ્યનિષ્ઠ અને ઉદ્દામ વિચારના જુવાનનું લોહી રેડાયું હોય તો જરૂર તેમના લોહીનું એક એક બીન્દુ ખોજા કોમની ધર્માંધતા ઉપર વજ્રપાત સમાન છે, એટલુંજ નહિ પણ તે કુરબાની એકલી ખોજા કોમ માટેની પણ નથી.

એ ચેતનવંતા નિર્દોષ બિરાદરનાં કુરબાની ખાતે ચડેલા લોહીના બીન્દુએ બીન્દુમાંથી આજ સુધી તેમની કર્તવ્યનિષ્ઠામાંથી પ્રેરણા મેળવતાં અમારા જેવા જુદા જુદા ક્ષેત્રોમાં ક્રાન્તિ લાવવા મથતાં અનેક મિત્રોમાં ધ્યેય પ્રાપ્તિ માટેની તમન્ના ચેતશે.

આજનું પરિણામ, તેમનો અથાગ પરિશ્રમ, અડગ તપશ્ચર્યા, અને ધ્યેય પ્રાપ્તિ માટેની આજ સુધીની સાચી કામગીરીનું માત્ર પ્રસિદ્ધ પ્રમાણપત્ર છે, જેમણે તેમની મુશીબતો અને કનડગતો જાણી છે.

તેમને આમાં અતિશોકિત નહિ લાગે. આ ભોગથી "ખોજા જાગૃતિ" પણ ઉજ્જવલ અને શકિતશાળી સિદ્ધ થઇ ચુકી છે.

તેમના વિષેના તમામ ખબર વિગતવાર લખશો. ફરીથી ઇસ્માઇલભાઇને અનેકવાર ધન્યવાદ આપીને તથા માનપૂર્વક વંદન કરીને આ પત્ર પુરો કરૂં છું.

**ચંપકલાલના** વંદન.
**(ભાવનગર.)**

---

**કરાંચી,** તા. ૧૪ ડીસેમ્બર.

આજે "ખોજા જાગૃતિ" તા. ૧૨–૧૨–૩૩ ના અંકમાં ઇસ્માઇલભાઇના ઉપર ઘાતકી હુમલા વિષે વાંચીને મને બહુ દુઃખ કે નવાઇ જેવું કાંઇ લાગ્યું નથી. × × × ભાઇ ભાઇનું અને દીકરા બાપનું ખુન કરે એવા છે. × × × આપણે આ કામ ઉપાડયું છે તેમાં જાન ને માલનો ભોગ આપવો પડશે. જાન પહેલા પછી માલ. અને બીજા બધા સંકટ ખમવા પડશે. × × × એ લોકો ખુન કરાવીને માણસોને ભગાવે છે અને પોતાના તાબામાં રાખે છે. એ લોકોનો આખો ધર્મ ખુન પર સ્થાપેલ છે. × × × ઇસ્માઇલીનો અર્થ ખુન છે. × × × ઇસ્માઇલભાઇને મારા ઘણા ઘણા સલામ કહેજો એના જખમની અને તબીયતની હકીકત મોકલજો.

**ફકીરમહમદ** બગીચાવાલા.

---

**વડવાળા,** તા. ૧૫–૧૨–૩૩.

તા. ૯ ડીસેમ્બરના રોજ આપના ઉપર થયેલા આતતાયીઓના ખુની હીચકારા હુમલાના ખબર "ખોજા જાગૃતિ"માં ગઇ કાલેજ ગુંરૂવારે વાંચી પારાવાર દુઃખને આઘાત અનુભવી રહ્યો છું. કોમની આઝાદીને આબાદી ખાતર એકલે હાથે મથી રહેલ આપના જેવા એકાકી જુવાનોની આવી શહીદીને માત્ર હમદર્દીની ઉકળતી ઉર્મિઓમાંથીજ અભિષેક કર્યા સિવાય કે વંદના કર્યા સિવાય અમો કશું કરી શકતા નથી, કશો ફાળો આપી શકતા નથો, એ નિર્બળતાને નાઇલાજી માટે ખૂબ શરમીંદા બનીયે છીએ. ચગદાયેલીને ભાન ભુલેલી એકામ કોમના સાચા હીર સરખા અમારા હીરાણી બિરાદરને પરવરદિગાર દિર્ઘાયુષ્ય સાથે અધિક નુર અને હીર બક્ષો એવી અંતરની પ્રાર્થના કરી રહ્યો છું. ને કુશલક્ષેમના સમાચારની રાહ જોઉં છું.

ખોજા કોમ માટે આ તો અતિ દીલગીરીની ને શરમની વાત છે કે આજના વિસમી સદીના ઉજલા યુગમાં અને તે પણ ના. આગાખાન પધરામણીને ટાંકણેજ ખાસ ઉંધે રસ્તે દોરવાયેલા ઝનુની ભાઇઓ એવણ નામદારના પંથ ઉપર અને મજહબ ઉપર ઇતિહાસની કેવળ કાળી સ્મૃતિઓ ખડી કરી દે છે, અને લોહી તરસ્યા મજહબનું ચારે તરફ આંગળાં ચીંધણું ઉભું કરે છે. માતપિતાના વિશાલ માર્ગને સાધનો છોડી અસુરોના આતતાયી માર્ગે આપણા ભાન ભુલ્યા ભાઇઓ પોતાના મજહબ ખરડી રહ્યા છે, એટલેજ સમસ્ત ખોજા કોમ ઉપર બાળ અપહરણને બાલ હત્યાનાં કાળાં કલંકોના થરો દ્રઢ બનતા રહ્યા છે.

જો કે આવા શહીદોનાં પાક શોણિત ગુલામોની મુકિત નજદીક આણે છે. પાખંડને જગ છતું કરે છે, જાગૃતિનાને હમદર્દીનાં જબ્બર આંદોલનો જગાવે છે તોયે અંતરમાંથી પોકાર ઉઠે છે કે આવા લોહી તરસ્યાને હત્યારા કલંકોની વિશુદ્ધિ માટે કોમના આગેવાનો અને પત્રકારો આવા હિચકારા જે હત્યારા ફીદાઇપણા સાથે વિરોદ્ધ તથા તિરસ્કારનો સુર ઉઠાવી ઘટતો પ્રયાસ શું નહિજ કરે? જગતના આંતર રાષ્ટ્રિય જુવાળને ઓળખનારા ના. આગાખાન અમારા મજહબની આ શરમ કથા

# હુરો અને હુર્મ્યોની હાયમાં.

લેખક : **શ્રી " ભગત "**

અપ્સરા અને અમરાપુરીના મોહક સ્વપ્ના સેવન સેવીને આપણી જાતને આજ દિવસ સુધી આપણે ઠગાવા દીધી છે. એ ઠગબાજી ચાલવા દેવાની પાછળ આપણી અત્યંત વિષય લોલુપતા સિદ્ધ થાય છે. અને તે એક માનવી તરીકે કોઇને પણ માટે અતિશય ઐબ લગાડનારૂં છે, શરમજનક છે. આપણે એ બધું ચલાવી લઇએ છીએ, ચાલવા દઇએ છીએ અને એમાં રાચીએ છીએ. આપણી મા બ્હેનોની હાજરીમાં આપણે એ અમરાપુરીની હુરીયોના મોહક ગીતો ગાઈએ છીએ. વ્યવહારમાં આપણી પોતાની પત્નિ વિષે પણ વડીલોની હાજરીમાં વાત ન કરનારા આપણે ધર્મના ઓઠા હેઠળ અપ્સરાઓની આરાધના કરવામાં જરાએ ક્ષોભ કે શરમ અનુભવતા નથી.

એ દિવ્ય લોકની લલનાઓની લિપ્સાએ આપણને ગાંડા બનાવી દઇ, આપણી પાસે ન કરવાનાં કામો કરાવ્યાં છે. આપણી જાતે આપણાંજ પગપર કુહાડા મરાવ્યા છે વરસો થયાં આપણે એ અપકૃત્યો કરતા આવ્યા છીએ અને હજુએ પણ પાછું વાળીને જોવાની આપણે જરૂરત જોઇ કે સ્વીકારી નથી. આપણને એની સામે ચેતવણીનો શંખનાદ સંભળાવનારાઓનેજ આપણે વિષયાન્ધતાની ગાંડાઇમાંથી ઉત્પન્ન થયેલા ઝનુન સહીત આપણેજ હાથેથી હણી નાખવાની ધૃષ્ટતા કરી રહ્યા છીએ.

અને પછી એમાંથી શું નીપજે છે? રસ સુંદરીની રસ ભુજાઓ રૂપી ફુલમાળને બદલે આપણા ગળાની આસપાસ ફાંસીની રસી રૂપી રેલ ફરી વળે છે. અપ્સરા નૃત્યની જગાએ ભૈરવીનું તાંડવ આપણી દ્રષ્ટિ સમક્ષ ઉપસ્થીત થાય છે, અને તેવે સઘળું ઝનુન ઓસરી જઇ તેની જગ્યા ભ્રાતૃ-હત્યાના પાપનો પશ્ચાતાપ લે છે. પણ એ તો રાંડયા પછીનું ડહાપણ. આપણા જેવા એક મગતરાંના જરાક જેટલા ધર્મ ઝનુને આપણી આખી કોમની ગુલામીની જંજીરોને એકાદ બે દાયકાનું અદકેરૂં આયુષ્ય અર્પી દીધું હોય છે, તેટલા વખતમાંની આપણી ઉગતી પ્રજાને ધર્મરૂપી ઝેરનું પાન કરવા કરાવવાની સુગમતા કરી આપી હોય છે, અને એટલે વધુ વખત આપણી બ્હેન દીકરીઓની અજ્ઞાનતાનો લાભ ઉઠાવી, આપણા પરના આ શોષણ યંત્રને સ્થાયિ થઇ પડવા જેટલી સગવડતા કરી આપવામાં ગજબનાક ભાગ ભજવ્યો હોય છે.

સ્વર્ગના વૈભવોની વિવશતાથી દાખવેલા ધર્મ-ઝનુનને એ વખતે આપણે શુરવીરાઇ માની હોય છે, પણ અત્યંત હળવા શબ્દોમાં કહીએ તો પણ એને "ઘેલછા" થી ઓછું કાંઇ કહી શકાય એમ નથી. આપણામાં જાન ન્યોછાવર કરવાની કે એ જાતની બીજી ખરેખર હીંમત હોય ને એનો કોઇક સારે માર્ગે ઉપયોગ કર્યો હોય તો ખરેખર બહુજ સુંદર પરિણામો એ નીપજાવી શકે. એજ પરાકાષ્ટાએ પહોંચેલી મુર્ખાઇને જો કોમની ગુલામી વિદારવા પ્રતિ યોજવામાં આવે તો ભાર નથી કોઇનો પણ કે આપણી કોમને એક ઘડીને માટે પણ ચુસવાની લાલસા રાખી શકે.

એટલોજ અગત્યનો પ્રશ્ન છે એ સત્તાશોખી આડતીયાઓના આપણા પ્રત્યેના દ્રોહ કાર્યનો આજના આ શાશન-પ્રબંધમાંથી જો તેઓ પોતાનો હાથ ઉઠાવી લીએ એટલે એ સદાના સ્વજન દ્રોહથી નિવૃત થાય તો આજની આપણી આ આધીનતાનો આપમેળે અંત આવી જાય. પરતુ એ આશા વધુ પડતી છે. એ વર્ગ એમ સ્હેજમાં સમજી જાય એવો અત્યારે કાંઇ સંભવ નથી. એમનો સત્તાનો શોખ એમને સુજનતા દાખવવા દે એમ પણ નથી. ઉલ્ટો એ વર્ગ તો આમ વર્ગને કચડાતો ઉગારવાનીજ કોઇ પણ પ્રકૃતિને છુંદી નાંખવાને તળે ઉપર થઇ રહ્યો હોય છે. એ આપ મેળે કે આપણે કહે અટકી જાય એવા નથી. એ તો કાળ કાળનું કામ કરશે અને એ ભાઇ સાહેબોના હાથ હેઠા પડશે ત્યારેજ જંપીને બેસશે.

---

શું મુંગે મોઢે ખીજશે? કે જે એમનાં રૂહાની બચ્ચાંઓને પશુતાના માર્ગ છોડાવી સ્વતંત્ર જગતના સ્વતંત્ર માનવી તરીકે જીવવાના હકકથી નવાજશે?

લી. **દેવાણી.**

---

**મુંબઇ.** તા. ૧૩-૧૨-૩૩.

હીચકારા આગાખાનીઓના નીચ, નિંદ્ય અને નિર્લેજપણા માટે હૃદયના ઉંડાણમાંથી જે ધિકકાર છુટવો જોઇએ તે સ્વાભાવિકપણે છુટયો. × × × આ અણુજ છોકરાઓને છુરી પકડાવનારને ખોળી કાઢી તેની ખબર લેવરાવવામાં તમે તમારાથી બનતું કરજો. × × × હું માનું છું કે હવે તેના દહાડા ભરાઈ ચુકયા છે. × × × હિંદુ જાતી પણ આપણા પરત્વે તિરસ્કાર તો બતાવે છે અને આ બનાવ તેમને પણ ત્રાસની કંપારી છુટવા માટે પુરતો ગણાશે. હૃદય ઠેકાણે રાખજો. યાદ રાખજો કે લોહીનાં બલીદાન નિરર્થક નહિ નીવડે. × × × ઇસ્માઇલભાઈની બહાદુરી માટે આપોઆપ ધન્યવાદ સરી પડે છે.

**કાસમ જમાલ.**

---


## અમારા એજન્ટો.

**નામદાર એન્ડ સન્સ.**
પાણીની ટાંકી સામે, ડુંગરી, મુંબઇ-૯.

**તન્ના ન્યુસ પેપર એજન્સી.**
નાનકવાડા, કરાંચી.

**કેશવલાલ શામળજી લોઢવીયા.**
જેતલસર જંકશન.

**ખલીફા ઇસ્માઇલ હાજીમોહમદ**
ઢાલરોડ, જુનાગઢ.

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસિક ખૂની.

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલી"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો તેને મહાન વિજેતા અને ફીદાઇ તરીકે ઇસ્માઇલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે, તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખુની અને જગપ્રસિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આજથી આપવાનું શરૂ કરીએ છીએ.

એન્સાઇકલોપીડીયા બ્રીટાનીકા એ જગતમાં મહાનમાં મહાન ઐતિહાસિક અંગ્રેજી ગ્રંથ છે કે જેની સત્યતા વિષે કોઇથી સવાલ ઉઠાવી શકાતો નથી. એ સંગ્રહ ગ્રંથમાંથી પહેલો ઉતારો અમે નીચે ગુજરાતીમાં રજુ કરીએ છીએ. **સહતંત્રી.**

એન્સાઇકલોપીડીયા બ્રટાનીકા વો. ૨ જું પાને ૭૨૨ માં શું લખે છે ?

**(Assassins) એશેસીન્સ** (હત્યારા)—ઇ. સન ૧૧ માં સૈકામાં ઇર્શીયા અને શીરીયામાં એ નામની એક ધાર્મિક અને લડાયક જાતની એક કોમ ઉભી કરવામાં આવી અને અબ્દુલ્લા, જે તેના દેશવાસીઓની માફક કોઇ જાતના બંધનમાં માનતો ન હોવાથી તેણે ઇસ્માઇલીઓમાં ઇસ્લામની વિરૂદ્ધનો મત અગર સંપ્રદાય ઉભો કર્યો. અને એ સંપ્રદાયની મુખ્ય ખાસીયતો એ હતી કે :—(૧) ધર્મ કે નીતિના બધા નિયમો કે સિદ્ધાંતો નેવે ચડાવવા; ગમે તે કાર્ય કરવાની છુટ. ફક્ત માનસિક વલણ ઉપરજ ભાર મુકવામાં આવતો. (૨) ઇસ્માઇલ વંશના ઇમામો આ કાળમાં અદ્રશ્ય રહે એવી માન્યતા; અને તેથી એ છુપી સત્તાના આ પૃથ્વી ઉપરના પ્રતિનિધિ પ્રત્યે સંપૂર્ણ વફાદારી અને તાબેદારી દર્શાવવી જોઇએ. (૩) કુરાનનો ભાવાર્થ એવી અલંકારિક રીતે કરવો કે જેથી મરજી પડે તે સિદ્ધાંતને સ્વીકારી શકાય, અગર નકારી શકાય.

તેણે એ સંપ્રદાયમાં ઉંચનીચ દરજ્જાની ધાર્મિક પ્રથા દાખલ કરી. અને ફક્ત ગણ્યા ગાંઠયા માણસોનેજ તેમની ગૂઢ ફીલ્સુફીનું રહસ્ય સમજાવવામાં આવતું; અને બાકીનાઓને તો તદ્દન અજ્ઞાનમાંજ રાખવામાં આવતા. કારણકે શાસકો જાણતા કે તેમને સંપૂર્ણ તાબેદારીમાં રાખવાનું તેમના અજ્ઞાનથીજ શકય બનતું. કૈરોમાં એક મોટી મંડળી ઉભી કરવામાં આવી કે જ્યાં તેમના તાત્વિક સિદ્ધાંતો ઘડાતા અને જુદા જુદા ક્રમ પ્રમાણે એ સંપ્રદાયમાં દાખલ કરવાનો વિધિ પણ થતો. અને જ્યારે એ મંડળ પૂર બહારમાં હતું ત્યારે પૂર્વના ઇસ્માઇલીઓનો એક વિદ્વાન પ્રતિનિધિ હસન બીન સબ્બાહ ઇજીપ્તમાં આવ્યો. આનો બાપ ખોરાસાનનો વતની હતો. અને શીયા પંથનો હોવા છતાં જૂનો રૂઢચુસ્ત શીયા પંથ કબુલ કરવાની તેને ફરજ પડી હતી. અને વ્યવહાર કારણોને લઇને તેણે પોતાના દીકરાને નિશાપુરમાં એક રૂઢીચુસ્ત વિદ્વાનને ત્યાં ભણવા મોકલ્યો હતો. અહિં હસન નિઝામ-મલ-મુલ્કના પરિચયમાં આવ્યો કે જે પાછળથી સુલ્તાન મલેકશાહનો વઝીર થયો. આલ્યા આર્સલનના રાજ્ય વહીવટ દરમ્યાન હસન જાહેરમાં આવ્યો નહતો, પણ પાછળથી મલેકશાહના દરબારમાં આવ્યો, જ્યાં તેના જૂનામિત્ર વઝીરે સારો સત્કાર કર્યો. હસને સુલતાનના પક્ષમાં રહી વઝીરનેજ દબાવી દેવાનો પ્રયત્ન કર્યો. પણ જેમાં તે ફાવ્યો નહિ અને તેને ઇરાન છોડવાની ફરજ પડી. તે ઇજીપ્ત ગયો અને તેની ભારે કીર્તિને લઇને કૈરોના મંડળે તેને ખૂબ માન આપ્યું...........

અને ૧૦૯૦ માં તેણે કાવાદાવાથી ઇરાનમાં આલામતના પહાડી કિલ્લાઓ કબજે કર્યા અને એસેસીન્સ (હત્યારા) નામે ઓળખાતા સંપ્રદાયના વડા તરીકે ત્યાંજ પોતાના અનુયાયીઓ સાથે રહેવા લાગ્યો.

આ સંપ્રદાયના તાર્કિક સિદ્ધાંતો તો ઇસ્માઇલીઓ જેવાજ હતા. પણ એમની બહારની પદ્ધતિમાં એક જણાઇ આવે તેવો ખાસ ફેરફાર હતો, અને તે એ કે બધા દુશ્મનોની છૂપી હત્યા કરવાની રીત. આ રીત હસને દાખલ કરી હતી અને એ પંથની ખાસ વિવિધતા હતી. અને તેનું બંધારણ પશ્ચિમની કૈરોની મંડળી જેવુંજ હતું. સૌથી વડો કુલ સત્તાધીશ શેખ જેબલઇલ અથવા તો પર્વતોનો વૃદ્ધ પિતામ્હ (વૃદ્ધ માણસ) તેની નીચે ત્રણ દાયલ કીરબલ અથવા તો મુખ્ય બંદાઓ જે શેખની સત્તા નીચેના ત્રણ પ્રાન્તો ઉપર રાજ્ય ચલાવતા. તેની પછી ડાઇઓ અથવા તો બંદાઓ કે જે એ પંથના બધા ભેદોથી વાકેફ હતા અને એ સંપ્રદાયના મીશનરી હતા. ચોથા નંબરે રફીક એટલે મદદગાર કે જેઓ હજી એમાં દાખલ થયા હતા અને છેવટે તેમને ડાઇનું પદ મળે. અને પાંચમા નંબરે ખાસ ફીદવીઓ ગણાતા કે જેઓ ધર્મના રક્ષક ગણાતા અને ખૂન કરનારા પણ એજ હતા. એ બધા જુવાન માણસો હતા, અને ખૂન કરવાના કે એવા ઘાતકી કામ કરવા માટે એમાંથીજ પસંદગી થતી. તેમને ધર્મનું બીલ્કુલ જ્ઞાન આપવામાં આવતું નહિ. ફક્ત આંધળી શ્રદ્ધા અને તાબેદારી તેમની પાસેથી લેવામાં આવતી અને જ્યારે તેમની કોઇની સેવાની શેખને જરૂર પડતી ત્યારે એ કામ માટે ચૂંટાએલા ફીદાઇઓને એક જાતના પાંદડાના રસમાંથી બનેલું કેફી પીણું હશીશ પાવામાં આવતું અને હશીશ ઉપરથી હેશેશાન—એસેસીન ( assassin ) હત્યારા નામ પડયું છે અને આવી કેફી સ્થિતિમાં તેમને શેખના બગીચામાં લાવવામાં આવતા. જ્યાં તેમને ઇન્દ્રિયોના દરેક જાતના ભોગ આપવામાં આવતા. આવા તેમના સર્વ સત્તાધીશ તરફથી જે સ્વર્ગસુખના લ્હાવા અગાઉથી મળતા તેથી તેઓ તેની નાનામાં નાની ઇચ્છાને પણ તાબે થવા ખુબ આતુર રહેતા. અને જીંદગીની પરવા કર્યા વગર શેખના એક શબ્દ ઉપર પોતાના જાન આપી દેતા. ત્યારપછી છઠે અને સાતમે નંબરે લાસીકો ( નવા દાખલ થયેલા ). અને સામાન્ય લોકો આવતા. હસન લોકોની તાબેદારી મેળવવામાં સ્થાપિત કાયદા

અને રૂઢીનો કેટલો ઉપયોગ છે તે બરાબર જાણતો તેથી ખાસ અંતઃરંગ સિવાયના બીજા બધા ઉપર ઇસ્લામના કાનુનોનો કડક અમલ થતો. આ લોકોએ ( એસેસીનોએ ) પોતાનો પરચો તુરત બતાવ્યો. આનો પહેલો ભોગ હસનનો આગલો મિત્ર નિઝામ બન્યો, અને એનો પુત્ર પણ છુપા ખુનીના ખંજરથી માર્યો ગયો. અને સુલ્તાન મલિકનું ઝેરથી મૃત્યુ થયું તેનું કારણ પણ આજ મંડળી ગણાય છે. અને એની ધાક બેસાડવામાં કામ લાગ્યું.

( અંગ્રેજીમાં અને યુરોપની ભાષામાં *Assassin* શબ્દનો અર્થ હત્યારો, છુપી રીતે ખુન કરનારો એવો થાય છે. એ શબ્દનું મુળ હસનની મંડળીના માણસો જેમને હશીશ પાવામાં આવતું, અને હેશેશીન કહેવામાં આવતા અને ખુન કે બીજા ઘાતકી કૃત્યો કરવા મોકલવામાં આવતા તે ઉપરથી છે, એટલે યુરોપના શબ્દ કોષમાં *Assassin* ( એસેસીન ) શબ્દ દાખલ કરવાનું માન હસન અને તેના ખુની અનુયાયીઓને છે, કે જેઓ હશીશ નામના કેફી પીણાંથી પોતાના આત્માના અવાજને દબાવી અને ફીદવીઓની લાગણીઓને ઉશ્કેરતા અને તેમનો મોતના આંધળા અને અવિચારી હથિયાર તરીકે ઉપયોગ કરતા.)

## વેપાર સમાચાર

( તા. ૨૩-૧૨-૩૩ )

**ઊન:** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ગાંસડી ૪૮૯ વેચાણી છે અને બજાર ટકેલો રહ્યાના ખબર આવ્યા છે. સ્થાનીક કોઈ સોદા પડયા નથી પણ ભાવ રૂા. ૧૪) ની આસપાસ ગણાય.

**રૂત :** ભરૂચ ૧૭૮.  **બકરાના વાળ :** ૬) ૬ા.

**અનાજ, વિ. :** ૨) ૨)= ઘઉં દેશી. ૧ા૮ ૧ાા ઘઉં પરદેશી. ૧ાા= ૨) બાજરો જુનો. ૧ા≡ ૧ા૮ બાજરો નવો. ૧ા ૧ાા જુવાર. ૧ા≡ ૧ાા ચણા દેશી. ૧ાા ૧ા૮ ચણા પરદેશી. ૦ાા≡ ૧) કમોદ જાડી. ૧)= ૧ા કમોદ જીણી. ૧ાા ૧ા= મેથી. ૨ા= ૨ાા તલ. ૧ાા એરડા. ૧ાા૦ા એરડી. ૧)= ૧ાા મગ દેશી. ૨ાા ૨ા૮ મગ ચીનાઇ. ૧ા= ૧ાા અડદ. ૧ા૮ ૧ા= મગફળી જીણી નવી. ૧ા= ૧ા મગફળી જાડી નવી. ૧ાા૮ ૨ાઇ. ૨) ૨ા શીંગદાણા હાથફોલ નવા.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી નવો. ૨ાા= ૨ા ગોળ દેશી જુનો. ૬) કપાશીયા વારાડી નવા. ૪)≡ ખાંડ પરહદનાને. ૪ા= ખાંડ રાજકોટ શહેર. ૩ાા૦ાા ખાંડ સદર. ૯) થી ૧૦) સોપારી જુની. ૧૦) ૧૧) ગદબનું બી. ૭ાા ૮) વેસણ.

**ઘી :** ૨૨) ૨૨ાા મુંબઇ પરખ, ૧૮) ૧૯) તાજો રસ.
**તેલ :** પા તલનું, ૩ાા શીંગનું. ૫)= ખોપરેલ પીપનું.
**સાબુ :** હૈદરી નાની સાઇઝ ૪ા મોટી સાઇઝ પા.
( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

**સસ્તું અને સારૂં વાંચન**
**વાંચવું હોય તો બે રૂપીયા**
**મોકલાવી " ખોજા જાગૃતિ " ના ગ્રાહક બનો.**

## મી. ચુનારા સામેનો કેસ.

અહિંના રહીશ શ્રીયુત કાનજી ગુલાભાઇએ મુંબઇથી પ્રગટ થતા " ઇસમાઇલી " ના અધિપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર હિંદી ફોજદારી કાયદાની કલમ ૫૦૦ મુજબ મે. ફર્સ્ટ કલાસ ન્યાયાધીશની કોર્ટમાં જે ફરીયાદ નોંધાવી છે તેની સુનાવણી ગઇ તા. ૨૦ મીના રોજ નીકળી નથી.

## જામીન ઉપર છોડવાની અરજ.

" ખોજા જાગૃતિ " ના તંત્રી શ્રીયુત ઇસ્માઇલ હીરાણી ઉપર ખુની હુમલો કરનાર અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મામદે મે. ફર્સ્ટ કલાસ ન્યાયાધીશની કોર્ટમાં જામીન ઉપર છોડવાની અરજ કરી છે, જેની આવતી તા. ૨ જી જાન્યુઆરી ૧૯૩૪ ના રોજ બન્ને પક્ષના વકીલોની દલીલ થશે.

## મગાવશો નહિ.

**૪૨ મા અંકની તમામ નકલો ખલાસ થઇ છે તો એજન્ટોએ અને મિત્રોએ મગાવવા તકલીફ લેવી નહિ.**

## ભ ણે લા ઓ ને

તમે ભણેલા છો? પુસ્તક કે પત્ર વાંચી શકો છો ? તમારી હાલત, તમારી કોમની હાલત, એ સંબંધે તમે કાંઇ જાણો છો ? એ જાણવાની તમને ઇચ્છા છે? એ માટે તમારે સાચું માર્ગ-દર્શન જોઇએ છે? તો " ખોજા જાગૃતિ " વાંચો. તેના ગ્રાહક થાવ, સગાં સ્નેહી અને મિત્રોને ગ્રાહક બનાવો.

કાગળની કિંમત, તેની છપાઇ, ટપાલ અને બીજું ખર્ચ-આ બધું તમે ગણી જોજો. તમને લાગશે કે એટી કિંમત કરતાં પણ 'જાગૃતિ' તમને સસ્તું આપવામાં આવે છે અને તેથીજ આજે એ તમારી પાસેથી ૧૦૦૦ ગ્રાહકો માગે છે. આ વર્ષની આખર સુધીમાં તમે એ પુરા કરી આપજો 'જાગૃતિ' ને તમે ચાહતા હો તો આટલું કરવા તમે બંધાયા છો

**દેશમાં રૂા. ૨ ]**  **[ પરદેશમાં રૂા. ૬**

વ્યવસ્થાપક,
**" ખોજા જાગૃતિ "**

# ખુનીને ઉત્તેજન આપવું બંધ કરો.

## ના. આગાખાનને કરાંચીના સુધારકનો તાર.

નીચેનો તાર ગઇ તા. ૨૧-૧૨-૩૩ ના રોજ કરાંચીથી જાણીતા સુધારક શ્રી. ફકીરમહુમદ નાનજીએ ના. આગાખાનને મુંબઇ કર્યો છે, જેની નકલો મુંબઇના ના. ગવરનર તથા એસોસીએટેડ પ્રેસને મોકલવામાં આવી છે. શ્રી. ફકીરમહમદની વિનંતીથી અમે એ આ નીચે પ્રગટ કરીએ છીએ.

H. H. Agakhan,
Malbar Hill, Bombay.

Desist encouraging murderous followers who suppress reforms with daggers Innumerable instances since your grandfather's coming India Latest occurred Rajkot nineth instant Stop Your false religion ruined Khoja Community All wealth you enjoy is from our sweat You will have to account all harm done.

Fakirmahomed.

એચ. એચ. આગાખાન
મલબાર હીલ મુંબઇ.

ખંજર વડે સુધારાની પ્રવૃત્તિને દાબી દેતા (તમારા) ખુની અનુયાયીઓને ઉત્તેજન આપવાનું બંધ કરો. તમારા પિતામહના હિન્દ આવ્યા પછી (આવા) અસંખ્ય બનાવો બન્યા છે. છેલ્લો ગઇ તા. ૯ મીએ રાજકોટમાં બનવા પામ્યો છે. તમારા જુઠા મઝહબને બંધ કરો ખોજા કોમને પાયમાલ કરવામાં આવી છે. તમે જે બધી દોલતનો ઉપભોગ કરો છો તે અમારા પરસેવાનો પૈસો છે. થયેલ ચુકતે નુકશાનીનો હીસાબ તમારે આપવો પડશે.

ફકીર મહુમદ ( નાનજી. )

## આત્મદ્રોહ.

આપણે આપણા સામાજીક અને નૈતીક વ્યવહારોમાં જ્યાંસુધી સંપૂર્ણ સ્વતંત્ર નથી, ત્યાંસુધી આપણે સાચું માનવ જીવન જીવવાની વાતો કરવી કે ડંફાસ મારવી તે આપણે આપણીજ જાતને છેતરવા બરાબર છે ડગલે અને પગલે ગુલામી બંધનોના બંધનથી બંધાએલા આપણે આપણી જાત્તને સ્વતંત્ર કહેવી કે કહેવરાવવી એ આપણે આપણાજ આત્માને છેતરી રહ્યા નથી શું ? આજે ચોકસ રીતે ગુલામીની અસહ્યતા અનુભવવા છતાં અને તેને પહેલીજ તકે દફનાવી દેવાની અનીવાર્ય આવશ્યકતા સ્વીકારવા છતાં આંખે પાટા બાંધીને પણ જોઇ શકાય તેવી જુલ્મી નીતિને પવિત્ર કહેનારાઓની પંગતે બેસી તેવાજ ગુણ-ગાન ગાવા મંડી પડવું એથી અધમતા વધુ બીજી કઇ હોય શકે ? દવીમુખી આચરણ એજ આત્મદ્રોહ છે. દહીંમાં અને દુધમાં પગ રાખી બન્ને બાજુની ઢોલકી વગાડવા કરતાં સાચો લાગતો એકજ રાહ સ્વીકારવામાં શ્રેય સમાએલ છે. સદા અવસરે હૃદયની સાચી વાત ( માર્ગ )ના અસ્વીકારમાં શ્રેયતા નથીજ. હૃદયની સાચી વાત છુપાવી આજે આપણે આપણી જાત ( આત્મા ) સાથે રમત રમી રહ્યા છીએ. આત્માની સાથે રમત રમી આપણે આપણું અને આપણાઓનું કલ્યાણ કરવાને બદલે ઉલ્ટું વધુ કષ્ટ વધારી રહ્યા છીએ. આત્માને છેતરીને કોઇપણ પ્રજા કે સમુહ ઉન્નતી સાધી શકી હોય એવો એક પણ દાખલો ઇતિહાસને ચોપડે નોંધાએલો મળી શકશે નહીં, પરંતુ પાને ચોખો અને સ્પષ્ટ ઉલટો દીવા જેવો ઇતિહાસ જોઇ શકાશે કે આત્માને છેતરનારાઓ હમેશાં અધોગતીનાજ ખાડામાં પડયા છે. અણીને સમયે હૃદયની સાચી વાત કહેવામાં દુઃખ, ભય, કે સંકોચ શાનાં હોય ? અંતરના અવાજને ગુંગળાવી કે હૃદયની જાગૃતિ જવાળાને દબાવી આપણે આઝાદીની આશ રાખતા હોઇએ તો તે ભયંકર ભુલ છે. એના જેવી બીજી મૂર્ખતા શી હોય કે જાણતાં છતાં દીવો લઇ કુવે પડવા જવું ? પણ ખરેજ આપણું અત્યારનું વર્તન અને વાતો એવીજ અતિ શરમ જનક છે આજે આપણે બે મોઢે બોલતા અને એવુંજ વર્તન રાખતાં જરા પણ લજવાતા નથી પરંતુ ફરૂ ફરી યાદ રાખવું જોઇએ કે આપણે આપણા આત્માનો દ્રોહ ફરી આગળ વધવાની આશા રાખનારાઓ આપણે આપણું અને આપણાઓનું અતિ અહીત કરી રહ્યા છીએ.

---

## શ્રી. હીરાણીની તબીયત.

તા, ૨૪-૧૨-૧૯૩૩.

“ ખોજા જાગૃતિં ” ના તંત્રી શ્રીયુત ઇસ્માઇલ હીરાણીની તબીયત સુધારાપર છે. ઘા રૂજાઇ જવા આવ્યા છે. અશકતીને લઇ જાજો વખત બેસી શકત નથી તથા ચાલી શકતા નથી. આજે હોસ્પીટલથી ઘેર જશે. ડોકટરોના અભિપ્રાય મુજબ તેઓ થોડો વખત શારિરીક શ્રમ લેશે નહિ.

આ અઠવાડીક રાજકોટમાં “લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ” માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આપણે ક્યાં છીએ? છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114.

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી. સહતંત્રી : રૂપજી નજરઅલી પ્રેમાણી.

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૪૪ : જાન્યુઆરી ૨ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ ના પોષ વદ ૨ મંગળવાર

મુદ્રક અને પ્રકાશક :
ઇસ્માઇલ કાનજી હીરાણી.

## અમારી મુશ્કેલી.

અમને અમારા ગ્રાહકો તથા વાંચકોને જણાવતાં ઘણી દીલગીરી થાય છે કે 'ખોજા જાગૃતિ' કે જે લીબરલ લક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસમાં છપાતું હતું તે પ્રેસ 'જાગૃતિ' છાપવાની ના પાડે છે; તેથી બીજા કોઇ છાપખાનામાં 'જાગૃતિ' છપાવવા અમારો પ્રયત્ન ચાલુ છે, પણ જ્યાં સુધી એ બધી વ્યવસ્થા થઇ ન જાય ત્યાંસુધી 'જાગૃતિ' નું પ્રકાશન મુલતવી રહેશે. જે ઘડીએ અમને અમારા પ્રયત્નોમાં સફળતા મળશે તેજ ઘડીએ અમે "જાગૃતિ" નો હવે પછીનો અંક પ્રગટ કરશું. દરમ્યાન સૌ ગ્રાહકો અને વાંચકોને વિનંતી કરીએ છીએ કે તેઓએ કૃપા કરી ધીરજ ધરવી.

**સહતંત્રી.**

## રે, ગુલામી ?

રે, ગુલામી દર્દ દવા મુક્તિ વિના બીજી નથી;
આધીન આઝારી તણી સ્વાધીન વિણ સિદ્ધી નથી.
—રે, ગુલામી.

અર્જ ધરો કે કરગરો, અગણિત ઉપાયો આદરો,
સ્વાધીન વિણ સ્વમાનનો ના માર્ગ બીજો છે રહ્યો;
ધન ધાન દોલત માલ સુખ સ્વમાન જીવનથી જતાં,
બેહાલ જીવન કાજ અન્ય રસપાન છે સઘળાં વૃથા.
—રે, ગુલામી.

બેહાલ જીવન જીંદગી આજે રહી જ્ઞાતિ તણી,
સ્વમાન હિણ હાલત ગુલામીની બીમારીથી ભરી;
છે ખાખ ઔષધ લાખની બુરાઇથી સવ બંદગી,
રે, રે, સીતમ દર્દો થકી ના દાદ ભક્તિથી રહી.
—રે, ગુલામી.

અફસોસ, આજે કોમને નવજીવન એ નયને નથી,
રે, રે, ગુલામી જીંદગી, એ જીંદગાની કંઇ નથી;
રે, આત્મઘાતી આ બીમારી પર બીજી કારી નથી,
આઝાદી વિણ આધીનની બીજી ઉગારી અહીં નથી.
—રે, ગુલામી.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨-૧-૩૪.

## આપણે કયાં છીએ ?

આજે જગત આપણને ખુની તરીકે ઓળખે છે. સભ્ય પુરૂષને છાજે તેવી રીતે આપણી સાથે વાતચીત કરતો ખોજા તરીકેની જાણ થયા પછી તિરસ્કાર વર્તાવી ચાલતો થાય છે. કાંઇ કારણસર કોઇને ઘેર જવાનું થયું હોય તો ખોજા હોવાની જાણ થયા પછી પોતાના છોકરાની ઉપર ચોકી પહેરો ગોઠવી દે છે, અને આપણી વિદાયની જટ રાહ જુએ છે. આપણા ગયા પછી આપણી બેઠેલ જમીન લીપી નાખે છે. કોઇ હિંદુ કે મુસલમાન આપણને રહેવાને મકાન પણ આપતા નથી.

આપણને જગત આવી રીતે ઓળખે છે તેના જવાબદાર કોણ ? આપણે સાચા છીએ કે જગત સાચું છે ? આપણી ઉપરના આ આક્ષેપને માટે આપણેજ જવાબદાર છીએ. આપણેજ આ લોકોને આવા આક્ષેપ મુકવાનું કારણ આપ્યું છે, અને આ કારણ આપવામાં આપણા સતપંથનું રક્ષણ કરવા જતાં સપડાય ગયા છીએ.

આપણે બાળ હત્યારા નથી પણ આપણામાંના ઘણાંએ ખુન તો કર્યાં છે. ખુન કરવાના શોખથી નહિ પણ આપણી અંધશ્રધ્ધાએ આપણને એ કાર્ય કરાવ્યું છે.

ઇસ્માઇલી ધર્મના ઉત્પાદકોએ કાળો કેર વર્તાવી અસંખ્ય ખુનો કરીને આ ધર્મ સ્થાપ્યોછે, એ ઇતિહાસ જગતના સારા કેળવાએલા માણસો જાણે છે, અને એજ કેળવણી પામેલા ફીદાઇયોને હાથે અત્યારે ધર્મનું રક્ષણ કરવાના બાના હેઠળ થતા ખુનો અને ખુની હુમલાઓ જગતના નાનાંથી મોટા માણસો જોઇ શકે છે, અને આને લીધેજ ખોજા કોમનો એક એક માણસ ખુનીમાં ખપી જવા પામ્યો છે.

આપણને આવી કફોડી સ્થિતિમાં લાવી મુકનાર આપણો આ સતપંથ છે. ખુનથી સ્થપાયેલા અને આજ-સુધી ચલાવાયેલા ઇસ્માઇલી ધર્મના ઉત્પાદકોએ આ પ્રમાણે કેળવણી આપી ફીદાઇ બનાવી તેને પણ ખુની બનાવ્યા છે. આજે આ ધર્મનું કોઇપણ જરા વાંકુ બોલનારને કે અન્ય નહિ પાળનારને છુરીની સાથે મેળાપ કરાવ્યો છે, અને આ કારણે આખી કોમને પછી ભલે તે મોટા ગૃહસ્થ હોય છતાં તેને એક ખુની તરીકે અવર કોમે આળખ્યો છે. હિંદુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી તપાસ કરશો તો જણાશે કે એક એક માણસ ખોજાને ખુની તરીકે ઓળખતો હશે.

આજે આપણી કોમની આ દશા છે. આપણી દુનિયામાં આજે આવી આબરૂ છે. ઉંધે રસ્તે દોરવાય ગયેલા આપણાજ ભાઇયોએ આમ જગત સમક્ષ આપણી આવી આબરૂ જમાવી છે. ધર્મનું રક્ષણ કરવા માટે થતા ખુનોથી બાળ હત્યારાનો જુઠો ઇલકાબ પણ આપણને મળી ચુકયો છે.

આપણી આવી સ્થિતિ જો વધારે વખત ટકી રહેશે તો આપણી આગળ જતાં શું સ્થિતિ થશે તે કલ્પી શકાતું નથી. કોઇપણ માણસ આપણી તરફ લાગણીથી કે માનથી જોતો નથી. આપણે સાવ સ્વમાન વગરના થઇ ગયા છીએ. આપણા આ સતપંથે આપણું સત્યાનાશ કાઢી નાખ્યું છે.

ઉંધે રસ્તે દોરવાઇ ગયેલા અજ્ઞાન અને અંધશ્રધ્ધાળુ ફીદાઇયોની આવી વર્તણુંકને નીભાવી રાખનાર આપણો કેળવાયેલો વર્ગ વધારે જવાબદાર છે. પોતે કોમથી ખસી જઇ અળગા રહેવામાં પોતે પોતાનું ભલું માન્યું, અને બીજાની કશી પરવા કરી નહિ; પણ ખરીરીતે તો તેઓ કાંઇ આ આક્ષેપમાંથી બચવા પામ્યા નથી. આખી કોમ ઉપર આ અળખામણો આક્ષેપ આવ્યો છે એટલે તેમાં તેમની પણ ગણતરી થઇ જાય છે.

આપણી કોમની આવી સ્થિતિ હવે વધારે વખત જરાપણ નીભાવી શકાયજ નહિ, અને તેથી ચુપકીદી જાળવી બેઠેલા સુધરેલા વર્ગે આ ચુપકીદી છોડવાની ઘણી જરૂર છે, ફીદાઇની વર્તણુંક જેટલીજ કોમને નુકશાન કરનાર કેળવાયેલા વર્ગે પોતાની ચુપકીદીનો અંત લાવી આગળ આવવું ઘટે. પહેલેથી આ વર્ગે આવા કૃત્યને વખોડી કાઢી તેનો સામનો કર્યો હોત તો આજે આપણે જે અધોગતિની સ્થિતિએ પહોંચ્યા છીએ તેટલે દરજ્જે પહોંચવા ન પામત.

( અનુસંધાન માટે જુઓ પાનું ૩૫૧. )

લેખક :— "જયજાગૃતિ."

# લોહી તરસ્યો મજહબ?

## ( એક ફીદાઇના ફફડાટ.)

### મજહબનો ફાલ!

વીસમી સદીના આ સભ્યને ઉજ્જળા યુગમાં, અમારા મજહબને નાદારીના માર્ગે ચડવાના સંયોગો આવે, અને તે પણ એ મજહબના પિતા 'રૂહાની પિતા !' ના. આગાખાન પોતાના અનુયાયીઓને આશિર્વાદ આપવા, એમનો ભાર ઉતારવા, આ હતભાગી હિન્દની ભુમિ ઉપર પગ મુકે એ વખતેજ એમના માર્ગને અને મજહબને લોહીથી ખરડવાની એના અનુયાયીને કુબુદ્ધિ સુજે ત્યાં એ શરમી ને પામરતાની પરિસીમા આવી જાય છે. અમારી સામે આજ અમો અમારી પામરતાને, પશુતાને, અરે શયતાનીયતને નાચ કરતી નિહાળીયે છીએ, કે જેને પરિણામે અમો એક ધર્મગુરૂને ચરણે ખુન અને હત્યા આ સિવાય બીજી કશી ઉજ્જલી ભેટ ધરી શકતા નથી; અને એથીએ કમનશીબ નાદારીની નામોશી ભરી વાત તો એ છે કે એ હત્યારા ફીદાઇપણાને અમો પુણ્યની, ગૌરવની ને ઇમાનદારીની નિશાની રૂપ ગણીએ છીએ. અમારા મજહબના પરિપાક રૂપ, અમારા પત્રકારો અને મિશનરીઓના પ્રવચનના પરિણામ રૂપ એ ગોઝારી ભેટ, એ કુત્સિત કમાણી અમો જગત આગળ ધરીયે છીએ. કારણ કે એ કર્તુકોથી વારવા અમોને અમારા રાહબરોનું, સરમુખત્યારોનું, મિશનરીઓનું કે પત્રકારોનું ફરમાન નથી. એની વિરૂદ્ધ એમાંના કોઇનો પણ અંતરનો નાદ અમે સાંભળતા નથી, બલ્કે સ્વર્ગના સુવાબ માટે અમારા મજહબી શિરસ્તાને ફિરસ્તાઓનું એ ફિદાઇ ફરમાન છે.

### પાપનો પરિતાપ.

એટલેજ અમારા હતભાગી અભોળ ભાઇઓ એમાં ફસાઇ મરે છે. એટલેજ અમો કળિયુગના કલંકી અવતારને ખુનથી ખરડાએલી કાળી પતાકાઓ વડે વધાવીએ છીએ. એટલેજ અમો 'માણસ માર ખોજા'ના દુનિયા દુર્લભ બિરદથી સમાજમાં અનોખી ભાત પાડી રહ્યા છીએ. એટલેજ અમને એ અળખામણા આક્ષેપથી શરમ થતી નથી, અને એ કલંકને નિર્મૂળ કરવાની સાધનાને બદલે એક પછી એક ઘોર હત્યા કાંડોથી એને દ્રઢ કરી રહ્યા છીએ. અમારા મજહબની હૈયાતી ટકાવવા, અમારે અવળા, અમાનુષિ ને ઘાતકી રાહ અખત્યાર કરવા પડે છે. અમારા મજહબને સજીવન રાખવા, ટકાવવા અમારે અમારા સેવાભાવીને, ભાવનાશાળી યુવાન બિરાદરોના અશરાફ સીના ઉપર ખુની ખંજરોના પ્રહાર કરવા પડે છે. કોમના એકે એક આદમીને ગુલામીના નાપાક બંધનોથી જકડી અઘોર અંધારામાં કેદ રાખવા પડે છે. અમારી ઇમાનદારીની આસપાસ બેવકુફી ને અંધાપાના કોટ ચણવા પડે છે. જન્મથી મરણ પર્યંતના જાત જાતના, ડગલેને પગલે, મૈયતનાં કફન રગળાવીને પણ વસુલ કરવામાં આવતા ઘાતકી લાગાઓ ને કાયદાઓનાં કારસ્થાનો અમારા શ્વાસ લેતા મજહબને ટકાવી રાખવા અમારે યોજવા પડયાં છે.

### નાગાઇ!

એ પાખંડ લીલાની સામે સુધારકોનો વિરોધ કે આજીજીનો એક પણ સુર સાંભળવા અમો તૈયાર નથી. એના સમાધાન કે સમર્થન માટે અમારે કોઇ સર્વ પક્ષી સંમેલનં કે પરિષદ પણ બોલાવવી નથી. કોઇ કાયદાના, કોઇ માણસાઇના, કોઇ બુદ્ધિના, કોઇ દલીલના કે સમજાવટના સીધા, સરલ, શાંત રસ્તા પણ અમારે લેવા નથી. એ રીતે તો અમારી બધી આંધળી લીલાઓ, મજહબી વેપારો, અપંગ ને ભસ્મીભુત થઇ જાય છે, અમારો આહાર ને પેદાશ સાવ અટકીને પડી ભાંગે છે. અમારા અમિતોદર પ્રભુજીના બાદશાહી વૈભવ, વિલાસ ને ફનાગીરી આકાશમાં ઉડી જાય છે. એ બધું અટકાવવા ને ટકાવવા અમારે લોહી તરસ્યા ફિદાઇઓનાં ટોળાં ઉભાં કરવાં પડે છે. સુધારકોના સીના વીંધવા ઘાતકી હૃદયોને કાતીલ છુરાંયો સજવી પડે છે. અમારો મજહબ રક્ષવા ને વધારવા અમને કમનશીબે આ માર્ગ જડયા છે.

### ખુદાદ ખિદમતગાર.

દેશ દેશના, પ્રજા પ્રજાના, પંથ પંથના ફિદાઇઓના માર્ગો અમારથી કયાંઇ જુદા છે, ઉજળા છે, દૈવી છે, આપભોગના છે, પ્રેમના છે, ત્યાગના છે, સેવાભાવના છે, મારીને મરવાના નથી, પણ મરીને જીવાડવાના છે. ભગવાન બુદ્ધ અને ઇસુએ વિરોધીઓના હૃદય પલટા કરવા, પોતાના સિદ્ધાંતના પાયા ચણવા પોતાના શરીર વીંધી નાખ્યાં છે. આજેયે. અમારા ક્રિશ્ચિયન ફિદાઇ બિરાદરો ફિરસ્તાની મિશાલે પોતાના મજહબનો પ્રકાશ ફેલાવવા, સમજુતિ ને સમાધાન આપવા, પ્રભુ ઇસુની આણ વર્તાવવા જંગલે જંગલે અને ઝુંપડીયે ઝુંપડીયે ભેખ ધારીને આથડે છે. ગરીબો ને કંગાલોની, તજાએલાં ને તિરસ્કૃતોની, અનાથો ને અપંગોની અનેક પ્રકારે સેવા કરે છે, અપનાવે છે ને ભગવાન ઇસુના અનુયાયી બનાવે છે. ખંજરો ભોંકીને નહિ, એક ખુદાના બનાવેલાં, એક દેશમાં, એક જાતિમાં જન્મેલાં ને એકજ લોહીના પોતાના માનવ બિરાદરોનાં ખુન કરીને, લોહી ચુસીને નહિં, પરંતુ બુદ્ધિથી, દલીલથી, દયાથી, માણસાઇથી, પ્રેમથી, આપભોગથી, જ્ઞાનથી, વિજ્ઞાનથી સમજાવીને. દવાથી, શિક્ષણથી, અન્નવસ્ત્રથી અનેકની સેવા કરીને એ ફિદાઇઓ, મજહબ પ્રચાર કરે છે. વિના પગારે, વિના સ્વાર્થે, માનવ બન્ધુઓની સેવા ચાકરીને એ ખુદાઇ ખિદમતગારો પોતાનાં મજહબને માણસાઇને રાજમાર્ગે આગળ ધપાવી રહ્યા છે.

ત્યારે અમારા મજહબમાં આટલો ત્રાસ, આટલી ધન લુંટ, આટલું લોહી શોષણ, આટલી ગુલામી, આટલી પજવણી, આટલે જાપ્તો, આટલું દમન કાં વર્તી રહ્યાં છે? યુરોપના ઉજળા ઉદાર વાતાવરણને જોઇ પચાવી આવતા-શોર બકોર કરતા ના. આગાખાન અમારી કોમનાં દુઃખો ને દોઝખ દૂર કરવા, આટલા કોલાહલ, આટલા પોકારો ને આટલી હત્યાઓ પછી કાંઇક ધ્યાન આપી દ્રષ્ટિ ખોલશે?

# "ફીદાઇયોના ભયમાંથી બચાવો."

## ના. ઠાકોર સાહેબને કરવામાં આવેલ અરજ.

**નીચેની અરજી ખોજા સુધારક સંઘના પ્રમુખ શ્રીયુત કાનજી ગુલાભાઇ તરફથી રાજકોટના ના. ઠાકોર સાહેબને તા. ૧૯-૧૨-૩૧ ના રોજ કરવામાં આવી હતી તે અમે આ નીચે પ્રગટ કરીએ છીએ.**

નેક નામદાર ખુદાવીંદ મહારાજા ધીરાજ ઠાકોર સાહેબ શ્રી ૭ ધર્મેન્દ્રસિંહજી સાહેબ બહાદુરની હજુરમાં અરજદાર રાજકોટના ખોજા કાનજી ગુલાભાઇની માન સાથે આજીજી ભરી અરજ એ છે જે,

તા. ૨૦-૧૨-૩૧ ના રોજ નામદાર આગાખાન સાહેબના પુત્ર અલીસલમાનખાનસાહેબ રાજકોટમાં આવવાના છે. આ પ્રસંગે નામદાર આગાખાન સાહેબના અનુયાયીઓ મોટી સંખ્યામાં રાજકોટ આવશે.

અમારી ખોજા જ્ઞાતિ ઉપર ૧૮ લોકલ કાઉન્સીલો અને તેના ઉપર એક સુપ્રીમ કાઉન્સીલ છે, તે અત્યારે આખા કાઠીઆવાડના ખોજાઓ ઉપર પોતાની સત્તા ચલાવે છે. સદરહુ કાઉન્સીલોના મેમ્બરો કોમે ચુંટયા નથી તથા સત્તા ચલાવવા માટે જે કાયદા તેણે અમલમાં મુકયા છે તે અમારી ખોજા કોમે ઘડયા નથી. લાગવગે સૌ કોઇ ધરાર ધણી થઇ પડયા છે.

આ સામે તા. ૨-૬-૩૧ ના રોજ રાજકોટમાં એક યુવક મંડળની સ્થાપના થઇ અને તેણે તા. ૨૯-૩૦ ઓગષ્ટ ના રોજ એક સંમેલન બોલાવવાનું જાહેર કર્યું. આ પ્રવૃત્તિ ધરાર પટેલોને ગમી નહિ. એટલે તેણે સદરહુ મંડળને ગેરકાયદે ઠરાવી 'તેમાં કોઇએ ભાગ લેવો નહિ! તેમજ મદદ પણ કરવી નહિ આથી વિરૂદ્ધ વર્તનારને નાતબ્હાર કરવામાં આવશે.' આવી જાહેરાત આખા કાઠીઆવાડમાં અને હિંદુસ્તાન કે દુનિયાના કોઇ પણ ભાગમાં વસ્તા ખોજાઓને આપી અને આ મંડળના મુખ્ય કાર્યકર્તાઓને નાતબ્હાર મુકી તેની જાહેરાત આખી દુનિયામાં જ્યાં જ્યાં ખોજાઓ વસે છે ત્યાં કરી.

અમારી આ પ્રવૃત્તિને અમારા ભાઇઓમાંથી ૯૦) ટકા જેટલો ભાગ હૃદયનો આવકાર આપે છે. પરંતુ સત્તાના દોરે તેને રોકી રાખેલ છે. તોપણ તા. ૨૯-૩૦ ઓગષ્ટના રોજ નક્કી થયા મુજબ રાજકોટમાં સંમેલન મળ્યું, પણ તેમાં હાજરી ઘણી ઓછી હતી તોપણ કોમમાં જે સુધારાની જરૂર જણાઇ તે મુજબના ઠરાવો પાસ થયા. અને સંમેલને હવેથી પોતાનું નામ ખોજા સુધારક સંઘ એવું રાખવા નકકી કર્યું.

આ પ્રવૃત્તિમાં એક વિષય એવો છે કે ધર્મને નામે નકકી કરેલા ફરજીયાત લાગા લગ્ન અને મરણના પ્રસંગે અટકાવીને વસુલ કરવામાં આવે છે તે તથા બીજો ધર્મ પાળનાર ખોજો પછી ભલે તે પોતાનો ભાઇ કે દીકરો અગર બાપ હોય તોપણ તેની સાથે કોઇ જાતનો વહેવાર કરવો નહિ, તે એટલે સુધી કે ઉપર લખ્યા તેવા નજીકના સગાંનું મૃત્યુ થાય તો તેની છેલ્લી ક્રીયામાં ભાગ લેવો નહિ અરે! એટલુંજ નહિ પણ તેવો નજીકનો સગો બ્હારગામ ગુજરી ગયાના ખબર મળે તો રોવું પણ નહિ, એ અટકવું જોઇએ.

થોડી સંખ્યાએ પણ આવા આપખુદી ઉપર પ્રહાર કરે તેવા અને ધર્મને નામે આશરે ૬૦૦૦૦૦) સાઠ લાખ રૂપીઆ દર વરસે ગરીબ ભોળી અને અજ્ઞાન ખોજા કોમ પાસેથી કઢાવી ન શકાય તેવા ઠરાવો પાસ કર્યા. આ આપખુદીના અમરપટા લઇ બેઠેલાઓથી સહન ન થયું. સંમેલનમાં ભાગ લેનારાઓથી કેટલાકને નાતબ્હાર મુકયા. કેટલાક ઉપર કેસ કરી અત્યાર સુધી લટકતા રાખ્યા છે, અને કેટલાક દબાવી શરમાવી અને લાગવગ લગાડી માફી પત્ર લખાવી લીધા છે. તોપણ આ પ્રવૃત્તિ દબાવાને બદલે વધુ જોર પકડતી જાય છે. આવું કાઠીયાવાડમાંજ છે એમ નથી પણ આની અસર આફ્રીકામાં પણ થઇ છે અને ત્યાં તો જે કાઉન્સીલો છે તે પણ અમારા મતમાં આવવા લાગી છે.

આ બધી હકીકતથી ધરાર પટેલો તથા કોમનું સત્યાનાશ કાઢનારા કહેવાતા કોમી વર્તમાનપત્રો × × × ગભરાણા અને અમે માનીએ છીએ કે આ બધા ખબર તેઓએ નામદાર આગાખાન સાહેબને (કે જેને દર વરસે સાઠ લાખ જેટલી ગંજાવર રકમ આ કાઉન્સીલો મારફત મળે છે) મોકલ્યા છે ને તે ઉપરથી તેઓ સાહેબે મુંબઇની કાઉન્સીલ ઉપર આ સાથે રજુ રાખેલ "ધી ઇસ્માઇલી" તા. ૨૯-૧૧-૩૧ ના પાના બે ઉપર પ્રસિદ્ધ થયેલ તાર કર્યો જે આ સાથે રજુ રાખેલ છે.

આટલી હકીકત આપ નામદારના ધ્યાન પર મુકયા પછી હું નીચે લખ્યા અમારા કુટુંબીઓ તથા આ સંઘના સભ્યોના વાસ્તે રક્ષણ માગું છું.

(અહિં કેટલાંક નામો રજુ કરેલાં છે.)

ઉપરના માણસોની જીંદગી ભયમાં છે એમ માનવાના કારણો નીચે મુજબ છે.

૧. શ્રી. રાજકોટ સ્ટેટ કાઉન્સીલના મે. ફર્સ્ટ મેમ્બર સાહેબને તા. ૨૯-૮-૩૧ ના રોજ અમોએ કરેલ અરજીની સાથે અમોને ધમકીના મળેલ કાગળો અમોએ રજુ કર્યા છે તે.

૨. નામદાર આગાખાન સાહેબના તારનો ઉદ્દેશ શુભજ હોય પણ તેઓના અનુયાયીઓમાં એક ફીદાઇ નામ ધરાવતી ટોળી છે, તે 'આરંભીક કાળના ઇસ્માઇલીઓનો રૂડો દાખલો' એ શબ્દના એવા અર્થ કરશે કે ઇસ્માઇલી ધર્મની શરૂઆત હસન બીન સબ્બાહે ખુનો કરીને કરી હતી, એવી રીતે કામ લેવાનું આમાં સુચન છે એવો અર્થ કરવા સંભવ છે. નામદાર આગાખાન સાહેબને તેઓ ખુદા કહે છે એટલે આવો અર્થ કરે તો ખુદાનું ફરમાન પાળે તેવો ઘણે અંશે સંભવ છે.

૩. હશન બીન સબ્બાહ કોણ હતો અને તેણે શું શું કર્યું છે તે આ સાથે રજુ રાખેલ ખોજા કોમી અથવા આગાખાની કેસમાં, સર જોસેફ આરનોલ્ડે આપેલ ચુકાદામાંથી આપ નામદારને ખાત્રી થશે. (પાના ૧૦) તથા હશન બીન સબ્બાહને કેવા માનથી અત્યારના ઇસ્માઇલીઓ જોવે છે તે ધી "ઇસ્માઇલી"ના તા. ૨૫ ઓકટોબરના આ સાથે રજુ રાખેલના મુખ પૃષ્ઠ ઉપરની તેની છબી તથા તેને આપેલ લકબથી ખુલ્લું દેખાઇ આવશે.

(અનુસંધાન માટે જુઓ પાનું ૩૫૧.)

# સાસુની જેલ

લેખક : શ્રી. હાસમ વાલજી સવાણી.

રસીદા જો જેલમાં હોત તો તેની મજુરીની ફરધી છોડી દેવાનું ડાકટરનું સરટીફીકેટ કયારનું મળી ગયું હોત. પણ બીચારીને આ તો સાસુની જેલ હતી. તેને તાવ આવતો હતો અને ઉધરસ રહેતી હતી છતાં સવારના ત્રણ વાગ્યાથી ફેડી રાતના અગીયાર સુધી એક પછી એક એમ સખત રીતે કામ કરવું પડતું હતું. તેની સાસુ અમીના, વહુ ઉપર પોતાની સંપૂર્ણ ધાક અને ધમકી બેસારી રહી હતી. તે ઉપરાંત વારંવાર ગુસ્સો કરતી હતી. ન બોલવાના શબ્દો સંભળાવી પોતાની મોજ પુરી માણતી હતી. વળી છાનો છાનો માર પણ મારી લેતાં અચકાતી નહતી. આવી ઘાતકી અમીના સાથે સંસ્કારી ભણેલી અને લાગણીવાળી રસીદાનો કુદરતે યોગ કરી દીધો હતો. રસીદા આ બધું સહન કરી ક્ષયની ભોગ થઇ પડી હતી. છતાં તેને દરણું, પાણી, રસોઇ, છાશ, છાણ, શીવવું, ખાંડવું વગેરે અનેક શ્રમના ઢગથી દબાવી દીધી હતી અને જરાપણ રાહત મળતી નહિ એટલુંજ નહિ પણ અપમાન પણ ઓછું થતું નહિ.

રસીદા પોતાના માબાપને જે જીગર કે કાળજાં સમાન હતી તેને કુદરતે કોણ જાણે શાથી આ દશામાં પાડી લગ્ન કરતાં પહેલાં પોતાના વેવાઇનો મીઠો સ્વભાવ જોયો હતો, જમાઇ ભણેલો જોયો હતો, અને કુટુંબ ખાનદાન જોયું હતું; છતાં તેનો બાપ થાપ ખાઇ ગયો હતો.

રસીદાનો વર ફીદાહુસેન મેટ્રીક ભણેલો, પણ માબાપથી દબાયેલો, માવડીયો અને નમાલો હતો.

ફીદાહુસેનનો બાપ શેખમહમદ ઘણોજ માયાળુ અને પૈસાવાળો હતો. તેને દીકરાપર અને વહુ રસીદા પર બહુજ પ્યાર હતો. પણ તેને રસીદાની સ્થીતીની ખબર નહતી કે પોતાની વ્હાલી પુત્રવધુ ચકીની અંદર પીસાઇ રહી છે. કયાંથી જાણવા પામે? ઘુંઘટ આ જાણને સખત અંતરાય પાડતો હતો અને ઘુંઘટ તો છોકરાની હાજરીમાં પણ ન ખુલે એવો સખત આ ખાનદાન કુટુંબનો કાયદો હતો. અમાના જેવી કાયદાનો ફીરસ્તો હતી.

× × × ×

"સાસુજી મારાથી હવે આટલું બધું કામ બનતું નથી, મારા પર દયા કરો તો સારૂં." રસીદાની આંખમાં આંસુની ધાર ચાલતી હતી. એક બાજુ તેની નાની બેબી ઘોડીયામાં રોતી હતી. તેને લઇ સાસુની આજ્ઞા વગર ધવરાવવાનો કાયદો આ ખાનદાન કુટુંબમાં ન હતો. "તમારા કાકા કે બાપાને તેડતાં આવ્યાં હોત તો તમારે કામ કરવું પડત નહિ.' અમીનાએ રાક્ષસી પેઠે સંભળાવી દીધું. બેબી હજી રોતીજ હતી. કામ માંજી છાણુ પણ થપાઇ ગયું ત્યારે હુકમ મળ્યો 'આ બેબીને ઘુંટડો ભરાવી લ્યો" બેબીને હીંચકાવવામાં અને ધમકાવવામાં નિષ્ફળ ગયા પછી અમીનાએ રેમ કરી. 'ઘુંટડો ભરાવી લ્યો' એટલે આરામ લેવો નહિ એવી ધમકી હતી.

× × × ×

ફીદાહુસેન એક ઉંઘ લઇને ઉઠયો ત્યારે રસીદ સુવા માટે ગઇ. સાસુના પગ દાબી લીધા હતા અને બેબીને રોતી કરી પતિદેવના પગ દાબવા લાગી. રસીદાને શારીરીક અને માનસીક દુઃખોએ અતિ વ્યગ્ર બનાવી દીધી હતી.

"આજે તો તારા હાથ બહુજ ગરમ છે" પતિદેવ બોગળ્યા.

"મને બહુજ તાવ આવે છે અને હવે હું મરી જઇશ. મારા પર દયા કરો તો સારૂં."

"હું શું કરી શકું? હું જાણું છું પણ બાને કાંઇ પણ કહી શકતો નથી." ફીદાહુસેન બોલ્યો.

રસીદાથી એકદમ રોવાઇ જવાયું. તેનું હૈયું જાણે ફાટી જશે.

"મારાથી હવે સહન થતું નથી. તમે મારા પતિ છો. તમને હું ન કહું તો કોને કહું." આટલા શબ્દો બોલતાં ધ્રુસ્કો મુકાઇ ગયો. ફીદાહુસેનના બાપને પોતાની લાડકી પુત્ર વધુના રૂદનનો અવાજ કાને પડી ગયો. તેને કંઇ કંઇ વિચાર થવા લાગ્યા. તેને આખી રાત ઉંઘ આવી નહિ. "રસીદા કદી રડે નહી ને આ શું? તેને જરૂર કાંઇક દુઃખ હોવું જોઇએ. મારા વેવાઇ ને મારા પ્રત્યે કેટલો પ્રેમ અને વિશ્વાસ છે! તેની સાથે મેં રસીદાની કાળજી રાખવાનાં કેટલાં વચન આપ્યાં છે. પણ હાય! આ ઘુંઘટાના રીવાજથી તેની સ્થિતિ કદી તપાસી શકયો નહિ. દેવી જેવી રસીદા રડે ત્યારે તે જરૂર મારા ઘરમાં રીબાઇ રહી હશે. મેં દુષ્ટે મારી કુમળી કળીને અમીના જેવી ડાકણને સોંપી દીધી. અને પછી પરવા પણ કરી નથી. આ દુષ્ટ ઘુંઘટ નહિ જોઇએ."

× × × ×

રસીદાથી જરા મોડું ઉઠાયું અને બધા કામને પ્હોંચી વળે તે પહેલાં રસોઇનું કામ અમીનાને શરૂ કરવું પડયું. કરે તો નહિ પણ શેખમહમદને બહાર જવાનું હતું એટલે તેણે પોતાની સ્ત્રી અમીનાને માથે ફરજ પાડી હતી. અમીનાને રસોડામાં ઘરતાં જાણે આસમાન તુટી પડયું હતું. એણે તો વહુ લાવી બધા કોડ માણવાના વિચારો કેળવી રાખ્યા હતા.

ફીદાહુશેન ઘરમાં ચોપડીઓ આઘી પાછી કરતો હતો. રસીદા ઘરમાં ગઇ અને સાસુજીને કામ પરથી મુક્ત થવા વિનંતિ કરી. દુષ્ટ અમીનાએ ચુલામાંથી બળતું લઇને રસીદાને ચાંપી દીધું. રસીદાથી રાડ નખાઇ ગઇ. મોટેથી રડવાનો અમીનાના રાજ્યનો કાયદો નહતો. પણ થઇ ગયું! ને શેખમહમદને અચાનક ઘરમાં દાખલ થવું થયું. રસીદા એકદમ ચુપ થઇ ગઇ. ફીદાહુસેન તો આવું જોવામાં ટેવાઇ ગયો હતો.

શેખમહમદનું મગજ ફરવા લાગ્યું. તેણે અમીનાને અનેક રીતે ધમકાવી. વહુને લાજ છોડી દઇ તેની હકીકત જાણવા ઘણું ઘણું સમજાવ્યું. પણ કાંઇ અંજામ આવ્યો નહિ. રાક્ષસીની બીક હતી. અમીનાએ વાત ઉડાવી. શેખમહમદની આંખમાં ગુસ્સો અને આંસુ હતાં. છોકરાને ધમકાવ્યો. પણ ખરી હકીકત દબાઇ ગઇ. શેખ મહમદ ગુસ્સામાં બહાર ચાલ્યો ગયો.

× × × ×

રસીદા મૃત્યુ પથારીમાં સુતી છે. હવે તેને ઘુંઘટાની શુદ્ધ નથી. ક્ષય હવે જીવ લેવા પર છે. રસીદાનાં મા અને બાપ પણ

( અનુસંધાન માટે જુઓ પાના ૩૫૧ ).

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસીક ખૂની.

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલી" ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો તેને મહાન વિજેતા અને ફીદાઇ તરીકે ઇસ્માઇલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે. તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખુની અને જગપ્રસિધ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો બીજો હપ્તો અમે આ નીચે આપીયે છીએ. **સહતંત્રી.**

"મહમદનું જીવન અને ઉપદેશ" નામક અમીરઅલી કૃત પુસ્તકના પાના ૫૦૦ ઉપર નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

"પશ્ચિમના ઇતિહાસમાં જે એસેસીન્સ (હત્યારા) નો પંથ ઉભો કરવા માટે નામીચો છે અને જે સામાન્ય રીતે હસન સબ્બાહના નામે ઓળખાય છે એ હસન બીન મહમદ સબ્બાહ હમીરીના અનુયાયીઓથી ઇજીપ્તના ફાતીમાઇડઝ પશ્ચિમના ઇસ્માઇલીઓ તરીકે જુદા ઓળખાય છે. (નોંધઃ એના અનુયાયીઓ સામાન્ય રીતે હસ્ની કહેવાયા, જેના ઉપરથી એસેસીન એટલે ખુની શબ્દ નીકળ્યો છે. મોહસીન ફની આ માણસના વિષે કહે છે કે ઇસ્માઇલીઓની દ્રષ્ટિએ તેનું જીવન અને સિદ્ધાંતો દ્વેષપૂર્વક ચીતરાયાં છે પણ તેના અનુયાયીઓ તો તેને "સૈયદના" એટલે 'ધણી" તરીકે ઓળખે છે. આ અનુયાયીઓ પૂર્વના ઇસ્માઇલી અથવા "આલમુતીઆ" અથવા કુહીસ્તાનના "મુલહીદ" (નાપાક નાસ્તીકો) તરીકે ઓળખાયા.)

"હસન, એના નામ ઉપરથી જણાય છે તેમ, અરબકુળના એક વિદ્વાન શીયા ડોકટરનો દીકરો હતો. અને ઈરાનના કોહી શહેરમાં રહેતો હતો. તેને તે જમાનાની બધી વિદ્યા ભણાવવામાં આવી હતી. નિઝામ ઉલ મુલ્ક (કે જે પાછળથી પૂર્વના સેલ્જુકીઅન વંશના બે મહાન બાદશાહ અલ્ફ અર્સલન અને મલેકશાહનો સુપ્રસિદ્ધ વઝીર બન્યો હતો) અને પ્રખ્યાત ફીલસુફ અને કવિ ઉમર ખમામ તેના સહાધ્યાયીઓ હતા. મલેકશાહના દરબારમાં તેની મહત્વાકાંક્ષાઓ તોડી પાડવામાં આવવાથી તે કૈરોના ધાર્મિક દરબારમાં ગયો; ત્યાં તેને કૈરીન લૉજ (મંડળ) ના ખાનગી ભેદભરમોથી જાણીતો કરવામાં આવ્યો. એ વખતે ઇરાન સુન્ની ધર્માધતાના વધુમાં વધુ મજબુત બંધનોથી જકડાયેલું હતું, અને સેલ્જુકીઅન વંશના સુલતાનો ઇસ્લામની સીધેસીધી શરીઅતના ચૂસ્ત વફાદાર હતા. હસન ઇજીપ્તથી એશીયા પાછો ફર્યો, અને કાંઇક જોરથી અને કાંઇક દગો રમીને તુર્ક ભાષામાં અલમોત (ગરૂડનો માળો) નામથી ઓળખાતા અભેદ્ય કીલ્લાનો ધણી થઇ બેઠો; આ કીલ્લો ઇરાનના ઉપરના ભાગમાં અતિશય મુસ્કેલીથી ઉપર ચડી શકાય એવા એક પહાડ ઉપર આવેલો હતો. ત્યાં બેઠાં બેઠાં એ કિલ્લો એને કબજે રહ્યો. તે પાંત્રીશ વર્ષ સુધી તેણે એશીયા, આફ્રીકા અને પૂર્વ યુરોપમાં ત્રાસનું સામ્રાજ્ય ફેલાવ્યું અને તલવારની સામે તે ખંજરથી લડ્યો, તથા જુલ્મનો બદલો તેણે ખુનથી લીધો. ધર્મના બધા હુકમોનું તે પોતે પાલન કરતો. અને પોતાની હદમાં તેણે નાચ, ગાન કે શરાબીની બંધી કરી હતી. તેના પંથની ગુપ્ત નીતિ પશ્ચિમના ઇસ્માઇલીઓથી જુદી દેખાય છે. અને શ્રહરીસ્તાની અને મોહસીન ફનીએ તેનું વિગતવાર વર્ણન કર્યું છે. આ બન્ને લેખકોના લખાણમાં તેનો (હસનનો) પ્રભાવ દેખાઇ આવે છે, જે એમ માનવાને લલચાવે છે કે એ બન્ને ફીદાઇઓના ખંજરના ભયથી તદ્દન અપરિચિત ન હતા. તેના પંથનો ગુપ્ત નીતિ જેટલો ભાગ બાજુ ઉપર રાખતાં એમ કહી શકાય કે તેણે પોતાના પંથમાં માત્ર ચાર દરજ્જા રાખ્યા હતા. જેમાંના ત્રણ અનુક્રમે ફીદાઇ, રફીક અને દાઇ હતા. × × × × આ પંથનો હસન સૌથી પહેલો ગ્રાન્ડ માસ્ટર (સર્વોપરિ ધર્માધ્યક્ષ) હતો, (કે જે ચોથો દરજ્જો ગણવામાં આવતો સ. તં.) જો કે ઇજીપ્તના ખલીફાઓને તે ઉપરથી માન આપતો. અલમોતીઆ પંથનો ચોથો ગ્રાન્ડ માસ્ટર થયો તેણે કૈરોના ખલીફ મુસ્તનસીરના પોતે વંશજ હોવાનો ખોટો દાવો કર્યો. અને પોતાની મુરાદો બર લાવવા તેણે ધર્મના બધા હુકમો રદ કર્યા. રોઝે કયામતનો વખત આવી લાગ્યો અને તેના પોતામાં ઇમામત જાહેર કરવામાં આવી. નીતિના સામાન્ય કાનુનોના બંધનમાંથી લોકોને છુટા કરી તેણે 'જમાતનું રાજ્ય' અગ્રપદે સ્થાપ્યું. આ ગાંડો બંડખોર અલમોતના ઇતિહાસમાં અલ્લા–ઝકરીઆ–સલામ–'જેના નામ માથે આશીર્વાદ હોજો'ના નામે ઓળખાય છે. જે અપભ્રંશ પામીને ઝીકરીઆ સલામ થઇ ગયું છે."

× × × ×

"આ વખતથી તે અલમોતનો નાશ થયો ત્યાં સુધી હસનના અનુયાયીઓએ શાંત સમાજ સામે ઘાતકી લડત લડવાનું ચાલુ રાખ્યુ. × × × હકીકતે તેઓ ઇસ્લામના નાસ્તીકો હતા. તેમના ખંજરો ખ્રીસ્તી અને મુસલમાન બન્નેનો ભોગ લેતા. હલાકુએ તેઓના ઉપર હુમલો કર્યો, તેમના પહાડી કિલ્લાઓ તોડી પાડવામાં આવ્યા અને ઝેરી જાનવરોની માફક તેઓનો પીછો પકડી તેમને મારી નાખ્યા."

× × × ×

"હિન્દુસ્તાનના પશ્ચિમ કિનારા ઉપર ખોજા નામની મોટી કોમ રહે છે; તેઓ પૂર્વના અસલ ઇસ્માઇલીઓ ઉપરથી સીધા ઉતરી આવેલા છે. મૂળે હિન્દુ, ઇસુના અગીઆરમા કે બારમા સૈકામાં પીર સદરૂદીન નામના એક ઇસ્માઇલી દાઈ (મીશનરી)ના હાથે તેઓને ઈસ્માઇલી ધર્મમાં વટલાવવામાં આવ્યા હતા. તેમની અસલ માન્યતાઓ એક ભાગ તરીકે તેમની કેટલીક ધાર્મિક માન્યતાઓ સાથે આ પીરે પોતાનો ઉપદેશ બંધબેસતો કર્યો, અને ઇસ્માઇલીઆ સિદ્ધાંતો સાથે તેનો મેળ બેસાર્યો. અત્યારે હસન (અલા–ઝીકરીઆ-સલામ) નો બનાવટી અથવા ખરો વંશજ આ હિન્દુસ્તાનના ઇસ્માઇલીઓના હૃદય ઉપર રાજ ચલાવે છે; અને એમની બુદ્ધિએ બાંધેલી અને પોતાને કબજે રાખવા યુકિતપૂર્વક કામ કરતાં ભેજાંઓએ કરેલી શોધખોળોથી અંધશ્રદ્ધા અને વ્હેમ પથરાવા પામ્યાં છે. અલમોતના ગ્રાન્ડ માસ્ટરના પ્રતિનિધિની હાજરી જો ન હત તો ઇસ્માઇલીઓ, હિન્દુસ્તાનમાં તો અવશ્ય, ઘણા લાંબા વખત પહેલાં શીયાપંથના સામાન્ય ટોળાં સાથે મળી ગયા હત."

( અનુસંધાન પાના ૩૪૯ થી )

આવેલાં છે. જીવ જાણે ઘડી બે ઘડી છે. એવામાં રસીદા પથારીમાં બેઠી થઇ; જેમતેમ લવવા લાગી. "સાસુજી દયા કરો...લાવોને મારી બેબીને ધવરાવું, અરેરે શા માટે ના કહો છો....મારાથી બનતું નથી...ઓયમાં, ડામ કાં દ્યો. ભુલી ગઇ રે...ચીલ્ટા શું કામ ભરો છો. પીતાજી દયા...કરો...પતિ દેવ...તમે દેવ...કોઇ મારી વ્હાર કરશો રે...ઓય માડી...એટલું બોલી ધબ દઇને પાછી પડી અને તેનો જીવ ઉડી ગયો...

× × × ×

રસીદાના માબાપ પોતાને ગામ પાછાં જવા, રજા લેવા, શેખ મહમદ પાસે આવ્યાં. શેખ મહમદ પોક મુકીને રોઇ પડયો. રસીદાના માતા પિતાના રૂદનમાં ગુપ્ત ઠબકો હતો. અને સુખી કરવાના વચનની યાદી હતી. શેખ મહમદ બધું સમજી ગયો હતો. "મારે એક કામ છે આજે રોકાઓ, કાલે જજો." એટલું બોલી શકયો.

× × × ×

બીજે દીવસે શેખ મહમદે ફીદાહુસેન તથા અમીનાને પોતાની પાસે બોલાવ્યાં.

ઓ દુષ્ટ રંડા! તેં મારી સાથે રહી—મારાથી પ્રતિકુળ રહી મારી જીંદગી બગાડી છે. કુલરૂપી રસીદાનું તેં ખુન કર્યું છે. અરે ખુન કર્યું હત તો બીચારી આટલી દુઃખી થાત નહિ. તેં તેને રીબાવીને મારી નાખીછે. ફીદાહુસેનને તેં નમાલો ને બાયલો બનાવી તેની જીંદગી પણ બરબાદ કીધી છે.

"અરે ઓ નાપાક છોકરા! તેં બાયલાપણાની પણ હદ વટાવી દીધી છે. તને એક રત્ન સોંપ્યું તો તેં આ ડાકણને સોંપી દીધું. અને તેના સુખદુખનો ખ્યાલ જરાપણ કર્યો નહિ. તારી ફરજ તું બજાવી શકયો નહિ. જા, મારા ઘરમાંથી તું બહાર ચાલ્યો જા. આજથી તું મારો પુત્ર નથી, અને આ તારી મા એ આજથી મારી મા સમાન છે, નીકળ તું પણ ઘર બહાર. હાય ઘુંઘટના ઘાતકી રીવાજે તો હિંદુસ્થાનનું નખોદ વાળી દીધું છે."

આટલું બોલી શેખ મહમદ પોકે પોક મુકી રડવા લાગ્યો—"ઓ મારી રસીદા રે".........

× × × ×

બેબીને ધાય રખાવી મોટી કરી અને બધી મીલ્કત તેના નામપર કરી દીધી. અને જુદા જુદા બાંધકામ. મહીલા વિદ્યાલય અને મુસાફરખાનાં પ્રીય રસીદાની પ્રીય પુત્રીનાં નામે કરાવી દીધાં. અને પાછલી જીંદગી ધર્માદામાં પસાર કરી.

---

( અનુસંધાન પાના ૩૪૬ થી. )

પોતાની ચુપકીદીથી આવું નુકશાન થવા પામ્યું છે, એમ જ્યારે કેળવાયેલા વર્ગને ખાત્રી થઇ છે ત્યારે હવે તેણે મૌન છોડી ઉંધે રસ્તે દોરવાઇ ગયેલાઓને સાચે રસ્તે દોરવી જઇ ભાઇબંધ કોમમાં પોતાની કોમનું સ્થાન મેળવવા પ્રયત્નો કરવા જોઇએ.

આમ કરવા જતાં ઘણાં ભોગ આપવા પડશે. એજ ફીદાઇઓ તમારા ખુનો કરવા દોડી આવશે. અનેકના જીવો લેવાશે. જે ભોગ આપવા પડે તે આપવા કબુલ કરો. પણ આ સ્વમાન વગરના જીવનનો કોઇ પણ રીતે જલદી અંત લાવો.

# વેપાર સમાચાર

( તા. ૩૦-૧૨-૩૩ )

**ઊનઃ** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ગાંસડી ૫૨૬ વેચાણી છે. બજાર મજબુત હોવાના ખબર મળ્યા છે. સ્થાનીક બજારમાં ઉંચા જોડીયાના સોદા ૧૩ા નાં પડયા છે. બજારનું વલણ તેજી તરફ છે.

**બકરાના વાળ :** ૬ા.

---

( અનુસંધાન પાના ૩૪૮ થી. )

૪. માહીમના મુખીને એજ સંદેશો મોકલો એવા શબ્દો તારમાં છે. વેમાં પણ તેઓ નામદારનો ઉચ્ચ હેતુજ હશે, તોપણ ઉપર કહેલી ફીદાઇ ટોળી તેનો અર્થ કરે કે સને ૧૮૫૦ માં ધોળે દિવસે ખોજા ખાનામાં ચાર ખુન કરવામાં આવ્યાનું આમાં સુચન છે. અને જો આ મુજબનો મુર્ખાઇ ભરેલો અર્થ કરે તો તેને અમલમાં મુકતાં આંચકો ન ખાય. ઉપરની હકીકત બનો છે તેના આધારમાં આ સાથે રજુ રાખેલ 'વોઇસ ફ્રોમ ઇન્ડીયા' નામના પુસ્તકના પાના ૧૨-૧૩-૧૪ જોવાથી આપ નામદારને ખાત્રી થશે.

ઉપરની સઘળી હકીકત ધ્યાનમાં લઇ બહારગામથી આવતા ખોજા ફીદાઇઓ (ગઇ કાલથી આવવાની શરૂઆત થઇ ગઇ છે) તથા રાજકોટમાંથી પણ અમારા જાનમાલને નુકશાન પહોંચાડશે. એવો પુરેપુરો મને ભય છે. તો તેવું બનવા ન પામે તેવો બંદોબસ્ત કરાવવા હું આપ દયાળુ નામદારને કાકલુદી ભરી અરજ ગુજારૂં છું. એજ અરજ—

કાનજી ગુલાભાઇ.
તા. ૧૯-૧૨-૩૧.　　પ્રમુખ.
ખોજા સુધારક સંઘ.

**નોટ :—**નાઃ. આગાખાનનો તાર નીચે મુજબ છે.

## પ્રેસીડેન્ટ, ખોજા ઇસ્માઇલીયા કાઉન્સીલ—મુંબઇ.

સર્વ રૂહાંની બચ્ચાંઓને પિતા તરીકે પ્યાર ભરેલી દુઆ આશીષ ફરમાવું છું. મારો પુત્ર આવનાર છે. હું આ વખતે સર્વ ઇસ્લામની જીંદગી અને મોતના પ્રયત્નની વચમાં રોકાઉં છું, અને હું ઇચ્છું છું કે મારા સારા રૂહાંની બચ્ચાંઓ હમણાં મને કંટાળો આપે નહિ, પણ આરંભીક કાળના ઇસ્માઇલીયોનો રૂડો દાખલો બેસારે. વધારે સબુરી રાખવાથી ખાત્રીપુર્વક મારી હંમેશાં દુઆ આશીષ મળશે, નહિ તો વખતે સર્વ ઇસ્લામ ઉપર આફત આવી પડે. જેની અંદર ઇસ્માઇલી ધર્મનો પણ સમાવેશ થાય છે. માહીમના મુખીને એજ સંદેશો મોકલો.—　　આગાખાન.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૫૮.**

કોઈ સખ્સ જમાત, સરકાર સાહેબી વિગેરે કાર્ય સંબંધે જમાત અગર કાઉન્સીલ અગર કાઉન્સીલના કોઇ મેમ્બરના નામથી ખોટી સહી કરીને ખોટા તાર કરે તેમજ ખોટા ખબર મોકલાવે તો તેનો બચાવ સાંભળ્યા વગર તેને એકદમ જમાતખાનામાં આવતો અટકાવવામાં આવશે અગર નાત બ્હાર મુકવામાં આવશે.

આ કલમ આપ ખુદીનો આબાદ નમુનો છે. કોઇપણ ન્યાયની અદાલતમાં ગમે તેવા ભયંકર ગુન્હેગારોને પણ પોતાનો બચાવ કરવાની તક આપવામાં આવે છે. જ્યારે આ કલમ તેમ કરવાની પણ તક આપતી નથી. અને એકદમ એટલે જરાપણ વિલંબ કર્યા વગર છેલ્લામાં છેલ્લી સજા નાતબ્હાર કરવા આપખુદોને છુટ આપે છે. કોઇપણ માણસ કહે કે ફલાણે શખ્સે જમાત અગર સરકાર સાહેબી, અગર કાઉન્સીલના મેમ્બરના નામથી ખોટી સહી કરી છે અગર ખોટા તાર કર્યો છે અગર ખોટા ખબર મોકલાવ્યા છે તો શું તરત તેવા શખ્સનો કાંઇપણ બચાવ સાંભળ્યા વગર સજાજ ફટકારી દેવી ? ઇન્સાફનું આ સીધેસીધું ખુન છે.

આ કલમ એક બીજો ભય ઉભો કરે છે. કોઇપણ માણસને સાંભળ્યા વગર તેં ફલાણા માણસને નામે ખોટા તાર વિગેરે કર્યું છે એ બાના નીચે કાઉન્સીલની કારોબારીનો કોઇપણ ભાગીદાર મરજીમાં આવે ત્યારે ફસાવી શકે છે. પરિણામે કોમમાં એવી ધાક બેસી જાય કે સીધી કે આડકતરી રીતે કાઉન્સીલ અથવા તો તેના કોઇ મેમ્બરને જરા જેટલું પણ વ્યાજબી કે ગેરવ્યાજબી રોષનું કારણ આપવા એ ગુન્હો ભયંકર મારશલોનો ભોગ થઈ પડવા જેવું છે. ન્યાયના નામને લજવતી ને કાયદાની ચોપડીને કાળું કલંક લગાવતી આ કલમ એકજ ઝપાટે રદ થવી જોઇએ.

**કલમ ૧૫૯.**

કોઇ શખ્સ ઉપર કાઉન્સીલે ગુન્હેગારી મુકી હોય તો તે ગુન્હેગારીની રકમ એક માસની અંદર વસુલ કરવામાં આવશે. તે રકમ અપીલ કરવા ઇચ્છતો હોય તોપણ તે રકમ તેણે તે મુદતની અંદર રજુ કરી દેવી જોઇશે. અને અપીલનો ઠરાવ થતાં સુધી તે રકમ અનામત રાખવામાં આવશે.

આ કલમ માટે ખાસ કહેવા જેવું નથી.

**કલમ ૧૬૦.**

આખા કાઠીયાવાડના જુદા જુદા સ્થળો પૈકી કોઇ સ્થળે નવું જમાતખાનું બંધાવવાની અગર જુના જમાતખાનામાં રીપેર કરવાની જરૂરીયાત જણાય તો તે સ્થળના મુખી તથા કામડીયાએ તે બાબતના લેખીત ખબર નિસ્બતવાળી લોકલ કાઉન્સીલને મોકલવા. સદરહુ લોકલ કાઉન્સીલ તે બાબતમાં પોતાનો અભિપ્રાય દર્શાવી તે કાગળો સુપ્રીમ કાઉન્સીલ તરફ મંજુરી માટે મોકલશે. તે કાગળો પાસેથી સુપ્રીમ કાઉન્સીલ તે બાબતમાં સંપૂર્ણ તપાસ કરશે અને પોતાને યોગ્ય લાગે તેટલી રકમ આપવા માટે નિસ્બતવાળી લોકલ કાઉન્સીલ મારફત પરગણા કામડીયાને હુકમ મોકલશે. એ હુકમ મળ્યેથી પરગણા કામડીયા તે સ્થળના મુખી તથા કામડીયાને તે રકમ આપશે. સુપ્રીમ કાઉન્સીલ તે રકમો લોકલ કાઉન્સીલને અપાવવા ગોઠવણ કરશે. અને લોકલ કાઉન્સીલને રકમો મળ્યેથી તે રકમો સંબંધમાં સુપ્રીમ કાઉન્સીલ પ્રત્યે સીધી રીતે જવાબદાર રહેશે, અને સદરહુ લોકલ કાઉન્સીલ સદરહુ બાંધકામ અને રીપેર કામ રીતસર કરાવી તેના ઉપર સારી રીતે સુપરવીઝન રાખી તેનો રેગ્યુલર હીસાબ સદરહુ મુખી તથા કામડીયા અગર તે સ્થળના કોઇ બીજા સ્થાનિક માણસો પાસે રખાવી એ ખરચનો હીસાબ પણ નામદાર સરકાર સાહેબના ફરમાન અનુસાર જેમ બને તેમ જલ્દી સુપ્રીમ કાઉન્સીલ પાસે રજુ કરશે.

સત્તાનો દોર પોતાના હાથમાં રાખવાના એકજ ઉદ્દેશથી આ કલમની રચના કરવામાં આવી છે. તાત્કાલીક સમાર કામ હોય કે જમાતને કાંઇપણ જરૂરત પુરી પાડવી હોય ત્યાં જમાત પોતેજ બધું કરી શકે છે. તેમાં લોકલ કાઉન્સીલને અરજી કરવી, લોકલ કાઉન્સીલ વળી સુપ્રીમને મોકલે એ બધું સ્થાનીક જમાતનું અપમાન કરનારૂં છે. એક જમાતને પોતાનું ફોડી લેવા દેવું જોઇએ, તેમાં લોકલે કે સુપ્રીમે પોતાની સત્તા જાહેર કરવા ડખલ કરવી જોઇએ નહિ. આવી પદ્ધતિ વ્યવહારમાં ઘણી અડચણ કરતા ને કેટલીક વખતે ગંભીર નુકશાન કર્તા છે.

જમાતખાનાઓ સાથે નામદાર આગાખાનને કાંઇ સંબંધ નથી એટલે તેની ડખલની કાંઇ જરૂર નથી. જમાતખાનું જમાતનું પોતાનું છે એટલે બીજી સત્તા ત્યાં બીનજરૂરી છે.

---

## મક્કમ રહે.

રિપુના શર કોટી ભલે પડતા,
ધરી ઉગ્ર સ્વરૂપ ભલે ધસતા;
તુજ એક વિલક્ષણ સહાયકથી,
સહુ શસ્ત્ર જશે બલહીન બની.
શર ફેંકય હવે સહુ તર્ક ત્યજી,
પરિણામ અનુપમ દેખ્ય પછી;
પળમાં જય આવી તને વરશે,
રિપુ મ્હાત થઇ ચરણે નમશે.

—સ્વ. કવિ બોટાદકર.

---

## શ્રી. હીરાણીની તબીયત.

શ્રીયુત ઇસ્માઇલ હીરાણી ગઇ તા. ૨૪ ના રોજ હોસ્પીટલથી ઘેર આવ્યા છે. તબીયત સુધારાપર છે. જખમ રૂઝાવા પર છે. ડાબો હાથ સીધો કે ઉંચો થઇ શકતો નથી. વધુ વખત બેસી શકતા નથી. સ્હેજ ચાલી શકે છે. ખોરાક સાધારણ લેવાય છે. હજી થોડો વખત શારિરીક કે માનસિક શ્રમ લઇ શકશે નહિ.

આ અઠવાડીક રાજકોટમાં "લિબરલ લક્ષ્મિ પ્રી. પ્રેસ" માં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સ્વાર્થલીલા. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114

# ખોજા જાગૃતિ

તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી.

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨. દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯
પુસ્તક ૧, અંક ૪૫: માર્ચ ૨૦: ૧૯૩૪ સંવત ૧૯૯૦ના ચૈત્ર શુદ ૫ મંગળવાર.
મુદ્રક અને પ્રકાશક: ઇસ્માઇલ કાનજી હીરાણી

## અમે ધર્મગુરૂઓ!

અમે પ્રેમીકો હાડપિંજર તણા,
પુજારી સડેલા કલેવર તણા.
અમે માનવીને પશુ સમ નચવીએ,
'પ્રભુ' શબ્દ બોલીને પંખી પઢવીએ;
પુરા અંધને સ્વર્ગ ચાવી અપવીએ.
અમે ગારૂડી ધર્મ-તર્કટ તણા,
મદારી ખરા લોક-મર્કટ તણા.
અમે દેવમૂર્તિની માંડી દુકાનો,
કિફાયત દરે વેચીએ બ્રહ્મજ્ઞાનો,
પ્રભુ ધામ કેરાં ઉડવીએ વિમાનો.
અમે પાવકો પાપગામિ તણા,
પ્રવાહો રૂડા પૃણ્ય ગંગા તણા.
અમે ભોગનાં પુતળાં તોય ત્યાગી,
છયે રાગમાં રક્ત તોયે વિરાગી,
સદા જળ-કમળવત્ અદોષી અદાગી.
અમે દિવડા દિવ્ય જ્યોતિ તણા,
શરણ ધામ માનવ-કુદાંઓ તણા.
અમારી બધી લાલસાઓની તૃપ્તિ
થકી પામરો મેળવો સદ્ય મુક્તિ;
સમર્પણ મંહી માનજો સાચી ભક્તિ.
અમે તો ખપ્પર વાસનાઓ તણા,
ભ્રમર અંધશ્રદ્ધાની બાગો તણા.
શ્રીમંતો, સ્રીઓ ને પાપિયોના બનેલા
ઉભા, જો! અમારા અડગ કોટ કિલ્લા;
વૃથા છે સુધારા તણા સર્વ હલ્લા.
અમે સૈનિકો પાક સૈતાનના
પુરોહિત પાખંડ અજ્ઞાનના.

("સૌરાષ્ટ્ર" તા. ૧૭-૮-૨૯.)

## "આગે કૂચ કરો."

જેના નામથી સૌરાષ્ટ્રનો કોઇ ખુણો અજાણ્યો નથી અને જેઓ રાજસ્થાની પ્રજાના પ્રથમ પંક્તિના સેવક છે એ "સૌરાષ્ટ્ર"ના તંત્રી અને સૌરાષ્ટ્રના સિંહ શ્રી. અમૃતલાલ શેઠનો પ્રેરક સંદેશો મેળવવા "ખોજા જાગૃતિ" ભાગ્યશાળી થયું છે:-

ભાઇ રૂપજી,

તમારા ભાઇઓની સેવા કરવા અર્થે તમે સ્વીકારેલા રાહ ઉપર પથરાયેલી શૂળોની બધીએ હકીકત મેં સાંભળી: અને તમે નાનકડી મંડળી બહાદુરીપૂર્વક એ શૂળો-છવાયા માર્ગ ઉપર અણુઅટકયા ચાલ્યા જાઓ છો એ પણ જાણ્યું.

એ શૂળો ભલે આજે પગને વીંધે; આવતી કાલે એ શૂળો તમારા પગ સાથે ભટકાઇ ભૂકકો થઇ જશે-પગ એટલા લોખંડી બની જશે; અને પરમ દિવસે તમારી નજર સામે શૂળોને બદલે ફુલોથી છવાયેલો માર્ગ દેખાશે-એટલી આ આખી સૃષ્ટિ બદલી ગઇ હશે.

એ પરમ દિવસના પ્રેરક સ્વપ્નની ઝાંખી કરતા કરતા આગે ચાલ્યા જજો. એ આગે કૂચ કરનારાઓના ભેરૂ તરીકે અમે સદા સાથેજ છીએ.

મુંબઇ, **અમૃતલાલ શેઠ.**
૪-૩-'૩૪

શ્રી. શેઠના જમણા હાથ સમા અને 'ફુલછાબ' તથા 'રોશની'ના નિયામક શ્રી. કકલભાઇ કોઠારી "ખોજા જાગૃતિ" ઉપર નીચેનો સંદેશો પાઠવે છે:—

ભાઇ રૂપજી,

'રોશની'ના આ અઠવાડિયાના અંકમાં અમે તમારા જેવા લડવૈયાઓને અમારા હ્યુથરો કહ્યા છે. એ એક શબ્દમાં અમારા બધા મનોભાવ સમાય જાય છે...... ...બાકી તો શ્રી. અમૃતલાલ શેઠના સંદેશમાં મારો સમાવેશ થઇ જાય છે.

સોનગઢ, **કકલભાઇ કોઠારી.**
૬-૩-'૩૪

'રોશની'ની નોંધ સ્થળ સંકોચને કારણે આંહી પ્રસિદ્ધ કરી શકાણી નથી. આવતા અંકે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૦-૪-૩૪.

## સ્વાર્થલીલા.

ખોજા કોમને ગુલામીની મજબુત શૃંખલાઓ વડે જકડી રાખવા સ્થપાયેલી કઉન્સીલના મેમ્બરોની એક વધુ ફેરબદલી એ સંસ્થાના ઉત્પાદક અને માલેક ના. આગાખાનને હાથે હમણાં થઇ ગઇ. બધા જુના મેમ્બરોનાં રાજીનામાં લેવામાં આવ્યાં અને ગઇ તા. ૧૯-૨-૩૪ના રોજ નવી નિમણુક જાહેર થઇ.

કાઉન્સીલના મેમ્બરોની નિમણુક અને તેના કાયદા કાનુનોની રચનાની આજની પદ્ધતિ સામે આ પહેલાં અનેક વખત અમારો ઉગ્ર વિરોધ અમે જાહેર કરી ચુકયા છીએ. કાઉન્સીલને અને ના. આગાખાનને કશો સંબંધ નથી એવો દંભ કરનારાઓ સામે અમારો એ વાંધો છે કે કાઉન્સીલના મેમ્બરોની ચુંટણી રીતસરની ચુંટણીની પદ્ધતિથી થવી જોઇએ અને ખોજા કોમના એકે એક સભ્યને તે રીતે પોતાનો અવાજ રજુ કરવાનો હક્ક હોવો જોઇએ. જેઓ ના. આગાખાન અને કાઉન્સીલ વચ્ચે આવો દંભનો પડદો રાખવા નથી માગતા તેમની સામે અમારો એ ચોકખો વિરોધ છે કે ના. આગાખાનને ખોજા કોમના સામાજિક વહીવટમાં ડખલગીરી કરવાનો કશો હક્ક નથી. પોતાનો વહીવટ ચલાવવાનો અને પોતાને મનગમતા ધારા ધોરણો ઘડવાનો કોમને અબાધિત અધિકાર છે, અને તેના એ હક્કનું ખંડન કરવાનો હક્ક ના. આગાખાન કે કોઇને પણ નથી.

આમ છતાં કોમની આજની નિર્બળતાનો લાભ ના. આગાખાન ઉઠાવી રહ્યા છે અને જ્યાંસુધી કોમ તેમને એ સ્વાર્થના માર્ગેથી પાછા ન વાળે ત્યાંસુધી એ લાભ લેવાનું ચાલુ રાખવાનો તેમનો ઇરાદો જણાય છે.

સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરોની મુદત તેનાજ કાયદા મુજબ ચાર વરસની ઠરાવવામાં આવી છે. ૧૯૩૧ના ડીસેમ્બરમાં ના. આગાખાને કાઉન્સીલના મેમ્બરોની નિમણુક કરી હતી તેને આજે લગભગ બે વરસ થયાં છે. ત્યાં મુદત પુરી થતાં પહેલાં, બરાબર અધવચમાં, એ નામદારે બધા મેમ્બરોનાં રાજીનામાં લઇ, ગયા ફેબ્રુઆરીમાં ફરીથી નવી નિમણુક કરી છે. આ ઘટના પાછળ ઉંડો ભેદ સમાયેલો છે.

અમારા આજના અંકમાં "ઇમામકા હક્ક" એ મથાળા નીચે પ્રગટ થતા વર્તમાન તરફ અમે વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ. સુપ્રીમ કાઉન્સીલના બે મેમ્બરોએ ખોજા કોમને ચુસી લેનારા ભારે કરવેરામાં ઘટાડો કરવાની ના. આગાખાન પાસે માગણી કરી. એ પ્રસંગ પછી તુરતજ બધા મેમ્બરોને પોતાનાં રાજીનામાં રજુ કરવાનો ના. આગાખાને ફરમાનજ હુકમ કર્યો; અને તે પછી રાજકોટમાં કાઠીઆવાડ સુપ્રીમ કાઉન્સીલની બેઠક મળી તેમાં એ વીધી કરવામાં આવ્યો. અને છેલ્લે ગઇ તા. ૧૯-૨-૩૪ના રોજ ના. આગાખાને નવા મેમ્બરોની નિમણુકની જાહેરાત કરી.

ચાર વરસને બદલે બેજ વરસમાં શા માટે આવી નવી નિમણુક કરવામાં આવે છે? એ પ્રશ્નનો ઉત્તર એજ છે કે કરવેરામાં ઘટાડો કરવાની માગણી કરનારા બે મેમ્બરોને કાઉન્સીલમાંથી રૂખસદ આપવાની એક માત્ર નેમથીજ આ પગલું ભરવામાં આવ્યું છે. અમારા આ કથનને જુની અને નવી નિમણુકની નામાવલીઓ પુષ્ટિ આપે છે. નવી નિમણુકમાં ૨૭માંથી ૧૮ મેમ્બરો તો એના એજ છે. એટલે કે જુના મેમ્બરોમાંથી લગભગ ૭૦ ટકા ભાગ કાયમ રાખવામાં આવ્યો છે. ના. આગાખાનથી એ કોઇ રીતે જોયું જતું નહિ હોય કે થોડા ઘણા પણ કરવેરા ઘટાડવાની તરફદારી કરતા મેમ્બરો કાઉન્સીલમાં હોય. કદાચ એ લોકો કોઇનો ઓઠો હડ કરે, કદાચ એ કોઇને જતા કરે, કદાચ એ થોડી ઓછી ક્રૂરતાથી કાયદાનો અમલ કરે—આવી જાતના કોઇ ખ્યાલે નામદારને જરૂર મુંઝવ્યા હોવા જોઇએ. એ મુંઝવણ ટાળવા માટેજ આજે આ નવી નિમણુકની સ્વાર્થલીલા ખેલાઇ રહી છે એવી અમારી મજબુત માન્યતા છે.

ના. આગાખાનની આ રમત અમારા ભાઇઓનો ભ્રમ ટાળનાર નીવડો! અમે એવા કેટલાયે ભાઇઓ જોયા છે કે જેઓ ના. આગાખાનને અરજી કરી, વિનવી કરભાર ઓછો કરવાની આશા રાખી રહ્યા હોય કે કોમની મુક્તિ એ માર્ગે હાંસલ કરી શકવામાં માનતા હોય. આજે એમનો એ ભ્રમ નાબુદ થશે. તેઓ હવે નરી આંખે અને સામાન્ય બુદ્ધિને ટેકે જોઇ જાણી શકશે કે એ રસ્તો ખોટો છે, એ આશા વ્યર્થ જવાજ નિર્માયેલી છે. ગરીબી ગાઇ, હાથે પગે લાગી કોઇએ આજદીન સુધીમાં કશુંજ નથી મેળવ્યું અને આપણે પણ તેમ નહિ મેળવી શકીએ. એ મેળવવા આપણા પોતામાં શકિત જોઇશે, સ્વાર્થભોગ જોઇશે. એ માટે કર દેવાનો ઇન્કાર અને કાઉન્સીલનો બહિષ્કાર—એ ધોરી માર્ગજ આપણે અખત્યાર કરવાનો રહે છે.

# કોમને ચરણે.

કોને ખબર છે 'જાગૃતિ'ને કેટલી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડશે! પહેલેજ અંકે પહેલી મુશ્કેલી નડી રાણપુરમાં અને એકજ અંક પ્રગટ થયો ત્યાં કાર્યાલય બદલી રાજકોટ લાવવું પડ્યું; બીજી મુશ્કેલી ઉભી કરી ઇસ્માઇલી પંથના આબાદ નમુના સમા ફીદાઇઓએ–ખુની ખંજર વડે વાટ રોકવાનો પ્રયત્ન કરીને; અને 'જાગૃતિ' એક વરસ પણ પુરૂં કરી શકે તે પહેલાં તો એને ફરીથી છાપખાનાનો જાકારો મળ્યો, અને 'જાગૃતિ' બંધ થયું.

પણ અમે ઉપાડેલા કાર્યની પવિત્રતાના કારણે કહો કે જગતભરમાં રેલાતા જતા ક્રાન્તિના પૂરના મહા પ્રવાહ–બળે કહો, આજ સુધીની વીટંબણાઓ 'જાગૃતિ'ને મારી શકી નથી કે તેને દબાવી શકી નથી. ઉલટું, એ ખરેજ સંતોષની વાત છે કે, 'જાગૃતિ'ની મશાલનો પ્રકાશ વધારે ને વધારે તેજસ્વી અને વધારે ને વધારે વિસ્તીર્ણ થતો ગયો છે.

અને આજે અમે ફરીથી તમારી સમક્ષ ખડા થઇએ છીએ, એક માત્ર સેવા કરવાની નેમથી–એટલી ને એટલી નિડરતાથી, એટલી ને એટલી મક્કમતાથી. ફીદાઇઓનાં ખંજર આજના રાક્ષસી કરભારના અત્યાચારી કારોબાર કે પાખંડ તંત્ર સામેનો અમારો રોષ જરાએ ઓછો નહિ કરી શકે કે અમારી વાણીને જરાએ ગુંગળાવી નહિ શકે, એની ખાત્રી રાખજો.

પ્રેસની મુશ્કેલી આજે અમે ટાળી છે, અને તે અત્યારે તો સદાને માટે ટળેલી દેખાય છે. ખંજર અને છુરીની આફત વિષે તો શું કહેવું? જે ખંજરોએ આજ દીન સુધી અનેકોનાં લોહી પીધાં છે અને જે ખંજરને જોરે આ પંથ સ્થાપવામાં અને ટકાવવામાં આવ્યો છે એ ઇતિહાસ પ્રસિદ્ધ અને કુશળ ખુનીઓના ખંજરના સપાટામાંથી નાનકડા એવા સાપ્તાહિકનો દુબળો પાતળો તંત્રી કે કાર્યવાહક કેમ છટકી શકવાનો? પણ જો ભોગ આપ્યા શિવય આજની અસહ્ય થઇ પડેલી ગુલામીના મજબુત બંધનો તોડી શકાય તેમ ન હોય તો એ ભોગ ભલે અપાય. જેટલો એ વહેલો અપાશે તેટલો એ વધુ કાર્યસાધક નિવડશે. એ ભોગ કોનો લેવાય છે એની સાથે કશી નિસ્બત નથી. આઝાદીના મોક્ષને તો લોહીનાં પાણી અને હાડમાંસના ખાતરજ જોઇએ.

છેલ્લે આવા ખુન કરનાર અને કરાવનારને : ખંજર કે ખુનથી સુધારાની પ્રવૃત્તિઓ નથી અટકી અને નથી અટકવાની. ઇસ્માઇલી પંથની આયાત હિંદુસ્તાનમાં થઇ ત્યાર પછી પહેલી ખુનરેજી ૧૮૫૦માં માહીમમાં ચલાવવામાં આવ્યાનું દુનિયા જાણે છે. ત્યારથી તે આજદીન સુધીમાં થોડા થોડા વરસોને આંતરે ખુનો થતાં આવ્યાં છે કે તેવા પ્રયત્ન થતા રહ્યા છે. છતાં આજે સ્થિતિ શું છે? ૧૮૫૦માં જે સ્થિતિ હતી તેના કરતાં આજે તે કેટલી સુધરી છે? ઇસ્માઇલી પંથની મજબુતી વધી છે કે પોકળતા? ખોજા કોમના વધુ જુવાનોની જીંદગી બરબાદ કરવાનું છોડી દઇ હવે એ પરદા પાછળના માનવીઓએ સમજવું જોઇએ કે સુધારાના રાહની રૂકાવટ કરવા કોઇજ સમર્થ નથી.

આ તકે મિત્રો અને સ્નેહિઓનો આભાર માન્યા શિવાય હું રહી શકતો નથી. મારી નાદુરસ્તી દરમ્યાન મારા અંગત મિત્રો, અમારી આ પ્રવૃત્તિમાં રસ લેતા અન્ય સુધારકો, 'જાગૃતિ'ના વાંચકો અને શુભેચ્છકો, સેવાભાવી મંડળો અને સંસ્થાઓ, વર્તમાનપત્રો–એ સૌએ મારા તરફ જે મમતા, સહૃદય લાગણી અને સહાયભુત થવાની તત્પરતા બતાવી છે એ હું કદી ભુલી શકીશ નહી. એ સૌ તરફ મારૂં હૃદય ઉપકારથી નમે છે.

ઇસ્માઇલ હીરાણી.

# જુવાની

**"ખોજા જાગૃતિ" ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર આગાખાની ફીદાઇઓને હાથે થયેલા ખુની હુમલાને કારણે કાઠીયાવાડના યુવાનોએ જુદેજુદે સ્થળે એ હીચકારા કૃત્ય સામે પોતાનો રોષ ઠાલવ્યો છે. "ખોજા જાગૃતિ" પુનઃ પ્રકાશિત થતાં આંહી એ ઠરાવો ઉતારવામાં આવે છે. "ખોજા જાગૃતિ" એ સર્વનો આભાર માને છે.**

શામળદાસ કોલેજ [ભાવનગર]ના વિદ્યાર્થીઓનો રોષ :–

"અમે શામળદાસ કોલેજના વિદ્યાર્થીઓને ખોજા જ્ઞાતિના ફીદાયુસ્તોએ એ જ્ઞાતિના સુધારક શ્રીયુત ઇસ્માઇલ હીરાણી ઉપર જે ઘાતકી હુમલો કર્યો છે તે સાંભળીને પારાવાર દીલગીરી થઈ છે. અમે એ ભાઇ તરફ હાર્દિક સહાનુભૂતિ દર્શાવીએ છીએ.

અમે માનીએ છીએ કે આ કાર્ય અત્યંત ઘૃણાપાત્ર છે અને ખોજા સુધારક સંઘની સુધારક પ્રવૃત્તિમાં વિઘ્ન નાખવાનોજ એનો હેતુ હતો.

અમે એમ પણ માનીએ છીએ કે એકે એક જ્ઞાતિના જુવાનોએ આવા અધમ હુમલા સામે બળવો ઉઠાવવો જોઇએ.

આવા કોઇ પણ પ્રત્યાઘાતી બળો સામે વિરોધનો સુર વ્યક્ત કરવાની આ સમયે અમે તક લઇએ છીએ. અમે માનીએ છીએ કે આપણે આપણી જ્ઞાતિ કે કોમને બાજુએ રાખીને દરેક ખોજા જુવાનોને પ્રગતિ કરવામાં જેટલી બને તેટલી સહાય કરી છુટવું જોઇએ."

(સહીઓ)

શ્રી વઢવાણ શહેર યુવક સંઘે શ્રી. ગીરધરલાલ શાહના પ્રમુખપણા નીચે સર્વાનુમતે પસાર કરેલ ઠરાવ :–

"ખોજા કોમમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરનાર ભાઇ ઇસ્માઇલ હીરાણી ઉપર કેટલાક ફીદાયુસ્ત ધર્માંધ ખોજા ભાઇઓએ હુમલો કર્યો અને ભાઇ ઇસ્માઇલને ઇજા થઇ તેથી શ્રી વઢવાણ શહેર યુવક સંઘની આ સભાને ભારે દીલગીરી થાય છે. ભાઇ ઇસ્માઇલ અને એમના મિત્રોને અમે અભિનંદન આપી એમને તથા એમના મિત્રોને પોતાનું સમાજ સુધારાનું કાર્ય અહિંસાને માર્ગે ખુબ જોશથી આગળ ધપાવવા વિનવીએ છીએ. સુધારકો ઉપર હુમલા કરવાથી સુધારા અટકશે નહિ એ વાત ફીદાયુસ્તોને નમ્ર ભાવે આ સભા જણાવી ફીદાયુસ્તોએ કરેલ કૃત્યોને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે."

(અનુસંધાન પાના ૩૫૯.)

# નિષ્ફળ નિવડેલ કોમવાદી.

## ના. આગાખાનનું અરણ્ય-રૂદન.

હિંદુસ્થાન આજે પરદેશીઓના હાથમાં છે, એનો રાજવહીવટ આજે પરદેશીઓ ચલાવે છે, અને તેથી પોતાના દેશને હિંદપુત્રો પરધાઓના અમલથી મુક્ત અને સ્વતંત્ર કરવા માગે છે, એ માટે તેઓ સહકાર, અસહકાર, સત્યાગ્રહ, કુરબાની એમ અનેક રીતે પ્રયત્નો કરે છે–આ આજની વસ્તુસ્થિતિનો અંગત લાભ કેટલાક ઉઠાવી રહ્યા છે, કોઇ ધનભૂખ્યા તો કોઇ કીર્તિભૂખ્યા.

હિંદી રાજકારણથી જે થોડો ઘણો પણ પરિચિત હશે તે આજે બરાબર જાણે છે કે હિંદુસ્તાન ઉપરનું પોતાનું આધિપત્ય દ્રઢતાથી જાળવી રાખવા અને વધારવા તેના પરદેશી રાજ્યકર્તાઓએ ભેદનીતિનો આશ્રય લીધો છે. હિંદ જેવડા વિશાળ દેશમાં અનેક જાતો અને કોમો વસે છે. એ બધી એકત્ર થઇ પરદેશી અમલની ધુંસરી ફગાવી દેવા એક પ્રજા તરીકે સાથે મળીને કામ ન કરે એ જોવા અને એમ કરવા તેના બધા પ્રયત્નો છે. આ બધી કોમોમાં હિંદુ અને મુસલમાન એ બે મુખ્ય છે, અને તેથીજ એ બન્ને કોમો કદી પણ એકત્ર ન થાય અને પરસ્પર ઝગડ્યા કરે એ સ્થિતિ તેઓ ખાસ ઉભી કરવા માગે છે. પરદેશીઓની આવી હુંફ અને પ્રેરણા નીચે હિંદમાં અળખામણો કોમવાદ ઉભો થયો છે.

હિંદુ અને મુસલમાન બન્ને કોમોમાં કોમવાદીઓ છે. આર્ય સંસ્કૃતિને નામે કોઇ બુમરાણ મચાવી મુકે છેઃ "હિંદુસ્થાન એટલે હિંદુઓનો દેશ; અમે મુખ્ય છીએ, અમને વધુ મળવું જોઇએ." તો કોઇ વળી "ઇસ્લામ ભયમાં છે, અમે સૈકાઓ સુધી આ દેશ ઉપર રાજ્ય કર્યું છે; અમને વધુ મળવું જોઇએ" એવી જેહાદ પોકારે છે. આપણે સૌ ભારતમૈયાના પુત્રો છીએ અને રાષ્ટ્રના એક અંગ તરીકે રાષ્ટ્રિય દ્રષ્ટિથીજ રાષ્ટ્રના હિતાહિતનો વિચાર કરવો જોઇએ એવું આ કોમવાદીઓને સુજતું નથી.

× × × × ×

ના. આગાખાન એક કોમવાદી તો છે. 'ઇસ્લામ ભયમાં છે' એવી બાંગ તો તેમણે અનેક વખત પોકારી છે; 'ઇસ્લામના જીવન–મરણના સવાલમાં હું રોકાયેલો છું' એવા તો કેટલાય સંદેશા આજદીન સુધીમાં તેમણે યુરોપથી હિંદ મોકલાવ્યા છે. પણ એ કરતાંય તેઓ કાંઇ વિશેષ છે એવી ખાત્રી તેમની આ વખતની હિંદની મુલાકાતથી થતી જાય છે.

દિવસે દિવસે વધુ ને વધુ અસંતોષી થતા હિંદને રાજકીય સુધારાના થોડા ટુકડા ફેંકવાની હવે જરૂર છે એમ દરિયાપારથી રાજ્ય ચલાવતા બ્રીટીશરોને લાગ્યું અને ગોળમેજી પરિષદનો ત્રીઅંકી નાટક લંડનમાં ભજવાયો. એ પછી બ્રીટીશ સરકાર તરફથી white paper–શ્વેત પત્ર નામનો એક દસ્તાવેજ, ગરજવાન ખેડુત પાસેથી નફાખોર વાણીઓ કરાવી લ્યે તેવો, પ્રગટ થયો. તેના પ્રકાશન સાથેજ હિંદભરની એકે એક રાજકીય સંસ્થાએ એને વખોડી કાઢ્યો. હિંદુસ્તાને તેને કચરાની ટોપલીમાં ફેંકી દીધા જેવું કર્યું.

હવે આજે ના. આગાખાન વિલાયતથી આવી હિંદવાસીઓને સમજાવવા નીકળ્યા છે, કે શ્વેત પત્રની દરખાસ્તોને વધાવી લ્યો. રાષ્ટ્રિય મતના હિંદીઓ તો તેમની આ વાત નજ સાંભળે; એટલે એમણે પોતાની આ સફરમાં મુખ્યત્વે મુસલમાનો પાસે એ યોજનાનો સ્વીકાર કરાવવાનો પ્રયત્ન કરી જોયો.

હિંદી રાજકારણ વિષે જેને કશો સ્પષ્ટ મત નથી, પણ જેની બધી નાચકુદ ના. આગાખાનની બંસરી ઉપરજ થયા કરે છે એવા નામદાર આગાખાનના કોમી વાજીંત્રોએ તો તેઓના હિંદ આવતાંની સાથેજ શોરબકોર મચાવેલોઃ "હાજર ઇમામને હાથેજ હિંદનો ઉદ્ધાર થવાનો છે. મુસ્લીમોને તેઓ એક કરશે. હિંદુ મુસ્લીમ એકતા સાધશે. ૧૪મી ડીસેમ્બરે કલકતા જઇ મુસ્લીમ પક્ષોને એકત્ર કરશે. ડીસેમ્બરની અધવચમાં લખનૌ પરિષદમાં પ્રમુખ થશે. ઓલ ઇન્ડિઆ કોનફરન્સનું પ્રમુખસ્થાન લેશે. કરોડોના એ સરદાર છે. મુસલમાનોના એ સર્વમાન્ય આગેવાન છે. વિગેરે વિગેરે." પણ ના. આગાખાનને આટલી સહેલાઇથી સફળતા નથી મળી, પણ મહેનત ભરેલા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. મુસલમાનો ના. આગાખાનને બદલે શ્રી. જીણાની આગેવાની નીચે એકત્ર થયા છે, અને શ્રી. જીણાની છેલ્લી જાહેરાત મુજબ તેઓ કોમ કરતાં રાષ્ટ્રના હિતને વધુ પવિત્ર લેખે છે અને શ્વેત પત્રને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

આ ઉપરાંત ના. આગાખાન તરફની આંધળી ભક્તિને વધુ દ્રઢ કરવા તેમને તેમના વાજીંત્રો 'કરોડાના સરદાર' તરીકે ચીતરે છે. જેને લઇને હિંદી રાજકારણમાં ના. આગાખાનનું કંઇક સ્થાન છે અને સરકાર આગળ કંઇક કિંમત છે એ મુસલમાનોનું નેત્તાપદ ના. આગાખાન ગુમાવતા જાય છે. હિંદભરના બધા મુસલમાનોના પ્રતિનિધિ રૂપે દીલ્હીમાં જમીઅત–ઉલ–ઉલમાએ હિંદ નામની એક સંસ્થા છે. આ સંસ્થાએ ના. આગાખાનના આ નેતૃત્વ ઉપર સીધો પ્રહાર કરે એવી જાહેરાત કરી છે કે ના. આગાખાન મુસલમાન નથી અને હિંદના મુસલમાનો વતી બોલવાનો તેમને કશો અધિકાર નથી. મુસલમાનોમાંથી પોતાનું સ્થાન નાબુદ થતું અટકાવવા ના. આગાખાને પ્રયત્નો કર્યા છે. કપુરથલાની તેમની મુલાકાતના જે અહેવાલો પ્રસિદ્ધ થયા છે તે એમ બતાવે છે કે ના. આગાખાને મુસલમાનમાં ખપવા માટે ઠીક ઝહેમત ઉઠાવી છે.

પોતાને મુસલમાન ગણાવવા માટે ના. આગાખાનના પ્રયાસો નિષ્ફળ ગયા કે સફળ થયા તે નથી જણાયું, પણ શ્વેત પત્રની યોજના હિંદના મુસલમાનો પાસે સ્વીકારાવવામાં તેઓ સંપૂર્ણ નિષ્ફળ નિવડયા છે. "શ્વેત પત્ર સ્વીકારી લ્યો, અત્યારે એ સારૂં છે" એવી તેમની બધી બૂમો અરણ્ય–રૂદન સમી થઇ પડી છે. આજે કોઇ તેમનો અવાજ કાન ધરવા તૈયાર નથી.

આમ ખોજા કોમને ભભકાથી અને દમામથી આંજી દેવાની ના. આગાખાનની એક ચાવી ખોટી પડતી જાય છે એ ખરેજ આનંદની વાત છે.

## આવતો અંક.

ધારેલી મુદતે આ અંક અમે વાંચકોને નથી પહોંચાડી શક્યા, અને અમને ભય છે કે આવતો અંક પણ કદાચ થોડો મોડો થશે. આ માટે વાંચકો ક્ષમા કરે.

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસિક ખૂની.

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલીના"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો અને જેને મહાન વિજેતા અને ફીદાઇ તરીકે ઇસ્માઈલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખૂની અને જગપ્રસિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો ત્રીજો હપ્તો અમે આ નીચે આપીએ છીએ.

સને ૧૮૬૪માં પહેલા આગાખાન હસનઅલીશાહ અને બીજાઓ વિરૂદ્ધ મુંબઇમાં એક કેસ થયો હતો જે બારભાયા કેસને નામે મશહુર થયો છે. એ વખતના મુંબઈ હાઇ કોર્ટના ચીફ જસ્ટીસ સર જોસેફ આર્નોલ્ડના જજમેન્ટમાંથી નીચેનો ભાગ ઉતારવામાં આવે છેઃ—

"ઇરાન એ વખતે સુન્ની ધર્માંધતાના અતિ મજબુત બંધનોમાં જકડાયેલો હતો. કારણ કે મધ્ય એશીયાના સેલજુકીઅન રાજાઓ ઇસ્લામના સીધેસીધા હુકમોનું ઘણીજ ચીવટાઇથી પાલન કરનારા હતા.

હસન બીન સબ્બાહને તુરત માલમ પડ્યું કે જીંદગીના જોખમ વિના તે પોતાના નવા પંથનો પ્રચાર કરી શકશે નહિ. તેણે પોતાની યોજના ઘડી કાઢી. કાંઇક બળજબરીથી અને કાંઇક દગા ફટકાથી એલબુર્ઝ પર્વતના શીખર ઉપર આવેલા અલમોત (ગીધનો માળો) નામના અભેદ્ય કિલ્લાનો તેણે કબજો મેળવ્યો; આ પર્વતમાળા કાસ્પીયનની દક્ષિણે આવેલા પ્રાંતોને ઇરાનથી છુટા પાડે છે.

સને ૧૦૯૦ માં તે આંહી સ્થાયી થયો.

આંહી એણે પોતાની જીંદગી ( કે જે ૯૦ વરસની ઉમ્મર સુધી લંબાણી હતી ) ના બાકીના ૩૫ વરસ સુધી પોતાના ભેજાની ઉંચામાં ઉંચી બધી શકિતઓનો ઉપયોગ ત્રાસનું સામ્રાજ્ય ફેલાવવામાં કર્યો, અને જેના વડે તે તલવારની સામે ખંજરથી લડ્યો અને જુલ્મનો બદલો ખૂનથી લીધો. યુરોપની ભાષાઓમાં 'એસેસીન' શબ્દ દાખલ કરવાનો અપજશ તેને અને તેના વંશજોને ઘટે છે. એ પણ બનવાજોગ છે કે આ શબ્દની વ્યુતપતિ કરવામાં સીલવેસ્ટ્ર –ડી–સેસી સાચો હોય અને જે શબ્દ વડે અલમોત અને મસીઅતના ઇસ્માઇલીઓને પૂર્વની ભાષાઓમાં ઓળખાવવામાં આવે છે એ શબ્દ 'હશીશન' હોય. આ શબ્દ 'હશીશ' એટલે ભાંગમાંથી નીકળ્યો હોય. હસન બીન સબ્બાહ અને તેના વંશજો 'ફીદાઇઓ'ના આત્માને આ હશીશના ઉપયોગથી પોતાને કબજે કરતા અને તે પછી તેઓની કાર્યશકિતને ઉશ્કેરતા. આ 'ફીદાઇ' શબ્દનો અર્થ 'સમર્પણ કરનારા' એવો થાય છે. હસન અને તેના વંશજો ડ્રાઇડનના શબ્દોમાં કહીએ તો 'મોતના આંધળા અને અવિચારી હથીઆર' તરીકે આ ફીદાઇઓનો ઉપયોગ કરતા. આ સંબંધે જે હો તે હો, લાંબા વખતથી યુરોપની ભાષાઓમાં 'એસેસીનેશન' શબ્દનો અર્થ ભયંકરમાં ભયંકર રીતે જાણી બુઝીને ખૂન કરવાનો થઇ ગયો છે.

× × × × ×

"સને ૧૮૫૦માં માહીમના જમાતખાનામાં આ તકરારોને કારણે એક કરૂણાજનક બનાવ બની ગયો. બારભાયા પક્ષના ચાર ખોજાઓને સામા પક્ષના કેટલાક ખોજાઓએ ત્યાં કતલ કરી નાખ્યા, જેમાંના ૧૯ ઉપર ૧૮૫૦ના ડીસેમ્બરની સુપ્રીમ કોર્ટની સેશન્સમાં કામ ચલાવવામાં આવ્યું અને ચારને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવી અને તેમને ફાંસી મળી.

ના. ૨૦નો સાક્ષી (કે જે પોતે તહોમતદારો માંહેનો એક હતો અને જેને છોડી મુકવામાં આવ્યો હતો) આનાકાની સાથે જે હકીકત રજુ કરે છે તે ઉપરથી એ પુરતી રીતે દેખાઇ આવે છે કે મુંબઇની ખોજા કોમને જ્યારે આ ચાર ખૂનીઓના મૃતદેહ સોંપવામાં આવ્યા ત્યારે એ શબોને આગાખાનની દોરવણીથી નહિ તો આંખમીંચામણાંથી, નહિ આપવું જોઇતું એવું માન આપવામાં આવ્યું હતું. આ ઘટના ધાર્મિક ઝનુનની નીતિ–વિરૂદ્ધતા બતાવી આપે છે અને પહેલા પ્રતિવાદી (આગાખાન) ઉપર ઉંડામાં ઉંડી નામોશીની છાપ પાડે છે."

માલ્કમના "હીસ્ટરી ઓફ પર્શીયા" નામક પુસ્તકના પહેલા ભાગના પાના ૩૯૪ ઉપર નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

"લશ્કરી સરદારોના એક કુટુંબે વ્હેમ પાથરીને પોતાના અનુયાયીઓની બુદ્ધિનો કબજો લીધો હતો કે જેને લઇને મહાન સત્તાધીશ સુલ્તનોના હૃદયમાં તેઓ પોતાનો પ્રભાવ પાડી શકત. આમ બે સૈકાઓ સુધી તેમણે મહારાજ્યોમાં ત્રાસ અને ભય ફેલાવ્યો હતો. એ લોકોનો રાજા, કે જેને ખરી રીતે 'એસેસીન' એટલે હત્યારાઓનો રાજા કહી શકાય, તે એક મોટા પહાડ ઉપર રહેતો અને માણસોનાં ભાગ્ય એના હાથમાં રહેતાં. કારણ કે એવું કોઇ રૂપ નહોતું કે જે તેના અનુયાયીઓ ધારણ ન કરી શકે એવું કોઇ જોખમ નહોતું કે જે તેઓ તેના હુકમનું પાલન કરવા ન ખેડે. પચાસ હજારથી વધુ ભકતો આ ભેદી પંથના શિષ્યો હતા; અને તેઓમાંનો દરેક પોતાનો જાન આપવામાં કે બીજાનો લેવામાં એક સરખી ત્વરાથી તેના હુકમનું પાલન કરતો. આવી જાતીનો ઇતિહાસ ખાસ રસપ્રદ છે, કારણ કે આથી માણસ જાતના સ્વભાવ ઉપર એક નવો અને અસાધારણ પ્રકાશ પડે છે.........આ સરદારોમાં સૌથી પહેલો હસન સબ્બાહ હતો; અને તેના ઉપરથીજ આ લોકો હસની કહેવાય છે."

# નિષ્ફળ નિવડેલ કોમવાદી.

## ના. આગાખાનનું અરણ્ય-રૂદન.

હિંદુસ્થાન આજે પરદેશીઓના હાથમાં છે, એનો રાજવહીવટ આજે પરદેશીઓ ચલાવે છે, અને તેથી પોતાના દેશને હિંદપુત્રો પરાયાઓના અમલથી મુક્ત અને સ્વતંત્ર કરવા માગે છે, એ માટે તેઓ સહકાર, અસહકાર, સત્યાગ્રહ, કુરબાની એમ અનેક રીતે પ્રયત્નો કરે છે–આ આજની વસ્તુસ્થિતિનો અંગત લાભ કેટલાક ઉઠાવી રહ્યા છે, કોઇ ધનભૂખ્યા તો કોઇ કીર્તિભૂખ્યા.

હિંદી રાજકારણથી જે થોડો ઘણો પણ પરિચિત હશે તે આજે બરાબર જાણે છે કે હિંદુસ્તાન ઉપરનું પોતાનું આધિપત્ય દ્રઢતાથી જાળવી રાખવા અને વધારવા તેના પરદેશી રાજ્યકર્તાઓએ ભેદનીતિનો આશ્રય લીધો છે. હિંદ જેવડા વિશાળ દેશમાં અનેક જાતો અને કોમો વસે છે. એ બધી એકત્ર થઇ પરદેશી અમલની ધુંસરી ફગાવી દેવા એક પ્રજા તરીકે સાથે મળીને કામ ન કરે એ જોવા અને એમ કરવા તેના બધા પ્રયત્નો છે. આ બધી કોમોમાં હિંદુ અને મુસલમાન એ બે મુખ્ય છે, અને તેથીજ એ બન્ને કોમો કદી પણ એકત્ર ન થાય અને પરસ્પર ઝગડ્યા કરે એ સ્થિતિ તેઓ ખાસ ઉભી કરવા માગે છે. પરદેશીઓની આવી હુંફ અને પ્રેરણા નીચે હિંદમાં અળખામણો કોમવાદ ઉભો થયો છે.

હિંદુ અને મુસલમાન બન્ને કોમોમાં કોમવાદીઓ છે. આર્ય સંસ્કૃતિને નામે કોઇ ધુમરાણ મચાવી મુકે છેઃ "હિંદુસ્થાન એટલે હિંદુઓનો દેશ; અમે મુખ્ય છીએ, અમને વધુ મળવું જોઇએ." તો કોઇ વળી "ઇસ્લામ ભયમાં છે, અમે સૈકાઓ સુધી આ દેશ ઉપર રાજ્ય કર્યું છે; અમને વધુ મળવું જોઇએ" એવી જેહાદ પોકારે છે. આપણે સૌ ભારતમૈયાના પુત્રો છીએ અને રાષ્ટ્રના એક અંગ તરીકે રાષ્ટ્રિય દ્રષ્ટિથીજ રાષ્ટ્રના હિતાહિતનો વિચાર કરવો જોઇએ એવું આ કોમવાદીઓને સુજતું નથી.

× × × × ×

ના. આગાખાન એક કોમવાદી તો છે. 'ઇસ્લામ ભયમાં છે' એવી બાંગ તો તેમણે અનેક વખત પોકારી છે; 'ઇસ્લામના જીવન–મરણના સવાલમાં હું રોકાયેલો છું" એવા તો કેટલાય સંદેશા આજદીન સુધીમાં તેમણે યુરોપથી હિંદ મોકલાવ્યા છે. પણ એ કરતાંય તેઓ કાંઇ વિશેષ છે એવી ખાત્રી તેમની આ વખતની હિંદની મુલાકાતથી થતી જાય છે.

દિવસે દિવસે વધુ ને વધુ અસંતોષી થતા હિંદને રાજકીય સુધારાના થોડા ટુકડા ફેંકવાની હવે જરૂર છે એમ દરિયાપારથી રાજ્ય ચલાવતા બ્રીટીશરોને લાગ્યું અને ગોળમેજી પરિષદનો ત્રીઅંકી નાટક લંડનમાં ભજવાયો. એ પછી બ્રીટીશ સરકાર તરફથી white paper–શ્વેત પત્ર નામનો એક દસ્તાવેજ, ગરજવાન ખેડુત પાસેથી નફાખોર વાણીઓ કરાવી લ્યે તેવો, પ્રગટ થયો. તેના પ્રકાશન સાથેજ હિંદભરની એકે એક રાજકીય સંસ્થાએ એને વખોડી કાઢયો. હિંદુસ્તાને તેને કચરાની ટોપલીમાં ફેંકી દીધા જેવું કર્યું.

હવે આજે ના. આગાખાન વિલાયતથી આવી હિંદવાસીઓને સમજાવવા નીકળ્યા છે, કે શ્વેત પત્રની દરખાસ્તોને વધાવી લ્યો. રાષ્ટ્રિય મતના હિંદીઓ તો એમની આ વાત નજ સાંભળે; એટલે એમણે પોતાની આ સફરમાં મુખ્યત્વે મુસલમાનો પાસે એ યોજનાનો સ્વીકાર કરાવવાનો પ્રયત્ન કરી જોયો.

હિંદી રાજકારણ વિષે જેને કશો સ્પષ્ટ મત નથી, પણ જેની બધી નાચકુદ ના. આગાખાનની બંસરી ઉપરજ થયા કરે છે એવા નામદાર આગાખાનના કોમી વાજીંત્રોએ તો તેઓના હિંદ આવતાંની સાથેજ શોરબકોર મચાવેલોઃ "હાજર ઇમામને હાથેજ હિંદનો ઉદ્ધાર થવાનો છે. મુસ્લીમોને તેઓ એક કરશે. હિંદુ મુસ્લીમ એકતા સાધશે. ૧૪મી ડીસેમ્બરે કલકતા જઇ મુસ્લીમ પક્ષોને એકત્ર કરશે. ડીસેમ્બરની અધવચમાં લખનૌ પરિષદમાં પ્રમુખ થશે. એ.લ ઇન્ડિઆ કોનફરન્સનું પ્રમુખસ્થાન લેશે. કરોડોના એ સરદાર છે. મુસલમાનોના એ સર્વમાન્ય આગેવાન છે. વિગેરે વિગેરે." પણ ના. આગાખાનને આટલી સહેલાઇથી સફળતા નથી મળી, પણ મહેનત ભરેલા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. મુસલમાનો ના. આગાખાનને બદલે શ્રી. જીણાની આગેવાની નીચે એકત્ર થયા છે, અને શ્રી. જીણાની છેલ્લી જાહેરાત મુજબ તેઓ કોમ કરતાં રાષ્ટ્રના હિતને વધુ પવિત્ર લેખે છે અને શ્વેત પત્રને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

આ ઉપરાંત ના. આગાખાન તરફની આંધળી ભકિતને વધુ દ્રઢ કરવા તેમને તેમના વાજીંત્રો 'કરોડાના સરદાર' તરીકે ચીતરે છે. જેને લઇને હિંદી રાજકારણમાં ના. આગાખાનનું કંઇક સ્થાન છે અને સરકાર આગળ કંઇક કિંમત છે એ મુસલમાનોનું નેત્તાપદ ના. આગાખાન ગુમાવતા જાય છે. હિંદભરના બધા મુસલમાનોના પ્રતિનિધિ રૂપે દીલ્હીમાં જમીઅત–ઉલ–ઉલમાએ હિંદ નામની એક સંસ્થા છે. આ સંસ્થાએ ના. આગાખાનના આ નેતૃત્વ ઉપર સીધો પ્રહાર કરે એવી જાહેરાત કરી છે કે ના. આગાખાન મુસલમાન નથી અને હિંદના મુસલમાનો વતી બોલવાનો તેમને કશો અધિકાર નથી. મુસલમાનોમાંથી પોતાનું સ્થાન નાબુદ થતું અટકાવવા ના. આગાખાને પ્રયત્નો કર્યા છે. કપુરથલાની તેમની મુલાકાતના જે અહેવાલો પ્રસિદ્ધ થયા છે તે એમ બતાવે છે કે ના. આગાખાને મુસલમાનમાં ખપવા માટે ઠીક ઝહેમત ઉઠાવી છે.

પોતાને મુસલમાન ગણાવવા માટે ના. આગાખાનના પ્રયાસો નિષ્ફળ ગયા કે સફળ થયા તે નથી જણાયું, પણ શ્વેત પત્રની યોજના હિંદના મુસલમાનો પાસે સ્વીકારાવવામાં તેઓ સંપૂર્ણ નિષ્ફળ નિવડયા છે. "શ્વેત પત્ર સ્વીકારી લ્યો, અત્યારે એ સારૂં છે" એવી તેમની બધી બૂમો અરણ્ય–રૂદન સમી થઇ પડી છે. આજે કોઇ તેમનો અવાજ કાન ધરવા તૈયાર નથી.

આમ ખોજા કોમને ભભકાથી અને દમામથી આંજી દેવાની ના. આગાખાનની એક ચાવી ખોટી પડતી જાય છે એ ખરેજ આનંદની વાત છે.

## આવતો અંક.

ધારેલી મુદતે આ અંક અમો વાંચકોને નથી પહોંચાડી શક્યા, અને અમને ભય છે કે આવતો અંક પણ કદાચ થોડો મોડો થશે. આ માટે વાંચકો ક્ષમા કરશે.

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસિક ખૂની.

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલીના"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો અને જેને મહાન વિજેતા અને ફીદાઇ તરીકે ઇસ્માઈલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખૂની અને જગપ્રસિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો ત્રીજો હપ્તો અમે આ નીચે આપીએ છીએ.

સને ૧૮૬૪માં પહેલા આગાખાન હસનઅલીશાહ અને બીજાઓ વિરૂદ્ધ મુંબઇમાં એક કેસ થયો હતો જે બારભાયા કેસને નામે મશહુર થયો છે. એ વખતના મુંબઈ હાઇ કોર્ટના ચીફ જસ્ટીસ સર જોસેફ આર્નોલ્ડના જજમેન્ટમાંથી નીચેનો ભાગ ઉતારવામાં આવે છેઃ—

"ઇરાન એ વખતે સુન્ની ધર્માંધતાના અતિ મજબુત બંધનોમાં જકડાયેલો હતો. કારણ કે મધ્ય એશીયાના સેલજુકીઅન રાજાઓ ઇસ્લામના સીધેસીધા હુકમોનું ઘણીજ ચીવટાઇથી પાલન કરનારા હતા.

હસન બીન સબ્બાહને તુરત માલમ પડ્યું કે જીંદગીના જોખમ વિના તે પોતાના નવા પંથનો પ્રચાર કરી શકશે નહિ. તેણે પોતાની યોજના ઘડી કાઢી. કાંઇક બળજબરીથી અને કાંઇક દગા ફટકાથી એલબુર્ઝ પર્વતના શીખર ઉપર આવેલા અલમોત (ગીધનો માળો) નામના અભેદ્ય કિલ્લાનો તેણે કબજો મેળવ્યો; આ પર્વતમાળા કાસ્પીયનની દક્ષિણે આવેલા પ્રાંતોને ઇરાનથી છુટા પાડે છે.

સને ૧૦૯૦ માં તે આંહી સ્થાયી થયો.

આંહી એણે પોતાની જીંદગી ( કે જે ૯૦ વરસની ઉમ્મર સુધી લંબાણી હતી ) ના બાકીના ૩૫ વરસ સુધી પોતાના ભેજાની ઉંચામાં ઉંચી બધી શક્તિઓનો ઉપયોગ ત્રાસનું સામ્રાજ્ય ફેલાવવામાં કર્યો, અને જેના વડે તે તલવારની સામે ખંજરથી લડ્યો અને જુલ્મનો બદલો ખૂનથી લીધો. યુરોપની ભાષાઓમાં 'એસેસીન' શબ્દ દાખલ કરવાનો અપજશ તેને અને તેના વંશજોને ઘટે છે. એ પણ બનવાજોગ છે કે આ શબ્દની વ્યુતપતિ કરવામાં સીલવેસ્ટ્ર –ડી–સેસી સાચો હોય અને જે શબ્દ વડે અલમોત અને મસીઅતના ઇસ્માઇલીઓને પૂર્વની ભાષાઓમાં ઓળખાવવામાં આવે છે એ શબ્દ 'હશીશન' હોય. આ શબ્દ 'હશીશ' એટલે ભાંગમાંથી નીકળ્યો હોય. હસન બીન સબ્બાહ અને તેના વંશજો 'ફીદાઇઓ'ના આત્માને આ હશીશના ઉપયોગથી પોતાને કબજે કરતા અને તે પછી તેઓની કાર્યશક્તિને ઉશ્કેરતા. આ 'ફીદાઇ' શબ્દનો અર્થ 'સમર્પણ કરનારા' એવો થાય છે. હસન અને તેના વંશજો ફ્રાઇકનના શબ્દોમાં કહીએ તો 'મોતના આંધળા અને અવિચારી હથીઆર' તરીકે આ ફીદાઇઓનો ઉપયોગ કરતા. આ સંબંધે જે હો તે હો, લાંબા વખતથી યુરોપની ભાષાઓમાં 'એસેસીનેશન' શબ્દનો અર્થ ભયંકરમાં ભયંકર રીતે જાણી બુઝીને ખૂન કરવાનો થઇ ગયો છે.

× × × × ×

"સને ૧૮૫૦માં માહીમના જમાતખાનામાં આ તકરારોને કારણે એક કરૂણાજનક બનાવ બની ગયો. બારભાયા પક્ષના ચાર ખોજાઓને સામા પક્ષના કેટલાક ખોજાઓએ ત્યાં કતલ કરી નાખ્યા, જેમાંના ૧૯ ઉપર ૧૮૫૦ના ડીસેમ્બરની સુપ્રીમ કોર્ટની સેશન્સમાં કામ ચલાવવામાં આવ્યું અને ચારને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવી અને તેમને ફાંસી મળી.

ના. ૨૦નો સાક્ષી (કે જે પોતે તહોમતદારો માંહેનો એક હતો અને જેને છોડી મુકવામાં આવ્યો હતો) આનાકાની સાથે જે હકીકત રજુ કરે છે તે ઉપરથી એ પુરતી રીતે દેખાઇ આવે છે કે મુંબઇની ખોજા કોમને જ્યારે આ ચાર ખૂનીઓના મૃતદેહ સોંપવામાં આવ્યા ત્યારે એ શબોને આગાખાનની દોરવણીથી નહિ તો આંખમીંચામણાંથી, નહિ આપવું જોઇતું એવું માન આપવામાં આવ્યું હતું. આ ઘટના ધાર્મિક ઝનુનની નીતિ–વિરૂદ્ધતા બતાવી આપે છે અને પહેલા પ્રતિવાદી (આગાખાન) ઉપર ઉંડામાં ઉંડી નામોશીની છાપ પાડે છે."

માલ્કમના "હીસ્ટરી ઓફ પર્શીયા" નામક પુસ્તકના પહેલા ભાગના પાના ૩૯૪ ઉપર નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

"લશ્કરી સરદારોના એક કુટુંબે વ્હેમ પાથરીને પોતાના અનુયાયીઓની બુદ્ધિનો કબજો લીધો હતો કે જેને લઇને મહાન સત્તાધીશ સુલ્તાનોના હૃદયમાં તેઓ પોતાનો પ્રભાવ પાડી શકતા. આમ એ સૈકાઓ સુધી તેમણે મહારાજાઓમાં ત્રાસ અને ભય ફેલાવ્યો હતો. એ લોકોનો રાજા, કે જેને ખરી રીતે 'એસેસીન' એટલે હત્યારાઓનો રાજા કહી શકાય, તે એક મોટા પહાડ ઉપર રહેતો અને માણસોનાં ભાગ્ય એના હાથમાં રહેતાં. કારણ કે એવું કોઇ રૂપ નહોતું કે જે તેના અનુયાયીઓ ધારણ ન કરી શકે. એવું કોઇ જોખમ નહોતું કે જે તેઓ તેના હુકમનું પાલન કરવા ન ખેડે. પચાસ હજારથી વધુ ભક્તો આ ભેદી પંથના શિષ્યો હતા; અને તેઓમાંનો દરેક પોતાનો જાન આપવામાં કે બીજાનો લેવામાં એક સરખી ત્વરાથી તેના હુકમનું પાલન કરતો. આવી જાતીનો ઇતિહાસ ખાસ રસપ્રદ છે, કારણ કે આથી માણસજાતના સ્વભાવ ઉપર એક નવો અને અસાધારણ પ્રકાશ પડે છે........આ સરદારોમાં સૌથી પહેલો હસન સબ્બાહ હતો; અને તેના ઉપરથીજ આ લોકો હસની કહેવાય છે."

# "ઇમામકા હક્ક!"

નામદાર આગાખાન હિંદ આવ્યા અને તુરતમાંજ કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલની મુંબઇમાં અસાધારણ બેઠક મળી. ત્રણ ખરા મેમ્બરો મુંબઈ અગાઉથીજ પહોંચી ગયેલા; બાકીનાને તાર થયા અને સૌ મુંબઇ ભેગા થયા. કાઉન્સીલનો ઇરાદો નામદારને કાઠીયાવાડ પધારવાની વિનંતિ કરવાનો હતો. પણ એ માટેની મુલાકાત મુંબઇમાં તેમને ન મળી; અને ના. આગાખાન પુના ચાલ્યા ગયા. પાછળથી કાઉન્સીલને પુના આવવાનો હુકમ થયો અને બધો વરઘોડો પુના પહોંચ્યો. તા. ૨૩ ડીસેમ્બર આસપાસની આ વાત છે.

કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલની ગયા વખતની નિમણુંકમાં નામદાર એક થાપ ખાઇ ગયેલા. દંભ કરી શકે છતાં ફીદાઇ ન બની શકે, મોઢું બંધ રાખી શકે છતાં દીલમાં આજના જુલ્મી કરવેરા સામે ભભુકતો રોષ ન બુઝાવી શકે એવા બે ત્રણ મેમ્બરોની નિમણુક થઇ ગયેલી; કે પછી એ પણ એક જાતનો અખતરોજ હોય! ગમે તેમ, પણ સુપ્રીમ કાઉન્સીલમાં આવા મેમ્બરો દાખલ થઇ ગયેલા અને પોતાનો અખતરો નિષ્ફળ ગયો છે કે પોતે થાપ ખાધી છે એની પ્રતીતિ નામદારને પુના ખાતે થઇ.

સુપ્રીમ કાઉન્સીલને ના. આગાખાન મુલાકાત આપે તે પહેલાં પોતાને આપવા આમાંના બે મેમ્બરોએ તેમને તાર કરેલ અને ના. આગાખાને તેમને તે મુજબ મુલાકાત માટે બોલાવ્યા.

થોડી મીનીટોની આ મુલાકાતમાં મુખ્ય વિષય કોમને કચરી મારતા આજના ભારે કરવેરામાં થોડો ઘટાડો કરવાનો હતો. ના. આગાખાન ગુજરાતી સમજી કે બોલી શકતા નથી, એટલે થોડું અંગ્રેજી અને થોડું ઉર્દુમાં વાત થઇ. કહેવાય છે કે આ મુલાકાત લેનારાઓએ કાઉન્સીલના મેમ્બરોની નિમણુક નામદાર કરે છે તે રીત બદલી કોમને પોતાનેજ ચુંટણીનો અધિકાર પાછો સોંપવાની વિનવણી કરી જોઇ. પણ ના. આગાખાને આનો સીધો વિરોધ કર્યો અને ચુંટણીની વાતને ઉડાડી દીધી. પછી આવનારાઓએ કરવેરા ઘટાડવાની આજીજી કરી કહ્યું કે આજના જમાનામાં આ બધું ચાલે તેવું નથી માટે તેમાં ફેરફાર થવો જોઇએ; દુનિયા દરરોજ પલટાતી જાય છે. પણ નામદારને આ વાતમાં પણ કાંઇ વજુદ દેખાણું નહિ. છેવટે દીકરીને અપાતા દેજ ઉપર સેંકડે ૧૨॥ ટકાનો જે લાગો લેવાય છે તે રદ કરવાની માગણી ઉપર આ ગૃહસ્થો આવ્યા, અને નામદારને પ્રાર્થના કરી કે અમારી દીકરી એ તમારી દીકરી છે અને તેને અપાતી વસ્તુઓ ઉપર કર લેવો એ વ્યાજબી નથી, કન્યાવિક્રયનું એ બીજું સ્વરૂપ છે. નામદારે આ કર પણ કાઢી નાખવાના ના સુણાવી. "વ્હો તો ઇમામકા હક્ક હય; વ્હો અમ કદી નહિ છોડેંગે."

આમ "ઇમામકા હક્ક" નું પુરૂં ભાન પામી આ મેમ્બરો પાછા પધાર્યા.

આ મુલાકાત પુરી થઇ અને થોડી વારે કાઉન્સીલને મુલાકાત મળી. નામદારે આજના કરવેરા કોમને ભારે પડે છે એમ પુછતાં આખી કાઉન્સીલે કાળો કકળાટ આદર્યો: "ના, અન્નદાતા; ના, માબાપ. અમને એ જરાએ ભારે નથી પડતા. અમે આપના નામે ધન, માલ, જાન કુરબાન કરવા તૈયાર છીએ. અમે મરી જાશું હોય તમને દેશું."

આમ "ઇમામકા હક્ક" કાયમ રહ્યા. જેને ખોજા કોમની પ્રતિનિધિ કહેવામાં આવે છે એ કાઉન્સીલના મેમ્બરોની નિમણુક ના. આગાખાને હેતુપૂર્વકજ પોતાના હાથમાં રાખી છે. કાઉન્સીલમાં એવાજ મેમ્બરો ભેગા કરવામાં આવે છે કે જે કોમના નહિ પણ ના. આગાખાનના હિત ખાતર મરી ફીટનારા હોય. આ "ઇમામકા હક્ક" નો દાવો જડમૂળથી ઉખેડી નાખવા કોઇ વિનવણીઓ, અરજીઓ કે આજીજીઓ કશાજ ઉપયોગમાં નહિ આવે. એ માટે કોમે પોતેજ સ્વાવલંબી થવું પડશે, અને વિનવવા છતાં નહિ છોડનાર આવતી કાલે સામે ચાલીને એ જતો કરશે.

આ બનાવ પછી ના. આગાખાને કાઉન્સીલના બધા મેમ્બરોના રાજીનામાં લઇ નવી નિમણુક કરી છે.

## વેપાર સમાચાર.

( તા. ૧૯-૩-૩૪. )

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુરમાં ૩૧૦ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનિક બજારમાં જામનગર પંથકની નવી ચૈત્રી મણ ૧૦૦)નો સોદો દર રૂા. ૧૨)ાા લેખે પડયો છે. બજારનું વલણ શાંત છે. આવતો સેલ તા. ૨૪-૪-૩૪નો છે તેમાં ગાં. ૨૭૨૦૦ મુકાવા ધારણા છે.

**રૂત :** ભરૂચ ૨૦૨. **બકરાના વાળ :** ૫)

**અનાજ, વિ.**

| | |
|---|---|
| ૧॥~ ૧॥। ઘઉં | ૧॥ મેથી જુની |
| ૧॥≈ ૨) બાજરો | ૧॥≈ મેથી નવી |
| ૧॥ જુવાર | ૨॥ ૨॥≈ તલ |
| ૧॥ ૧॥~ ચણા દેશી | ૧॥૦॥ એરડા એરડી |
| ૦॥≈ ૧) કમોદ જાડી | ૦॥≈ ૧) મગ દેશી |
| ૧॥ ૧॥≈ કમોદ જીણી | ૨॥ મગ ચીનાઈ |
| ૧)≈ મગફળી જીણી | ૧॥ અડદ |
| ૧)૦॥ મગફળી જાડી | ૧॥॥≈ રાઈ |
| ૧॥॥~ શીંગદાણા હાથફોલ | |

**ઘી :** ૨૨) ૨૨॥ મુંબઇ પરખ, ૧૯) તાજો રસ

**તેલ :** ૫) તલનું, ૩॥ શીંગનું, ૪॥≈ ખોખરેલ પીપનું. ૨॥॥≈ ગ્યાસલેટ સફેદ હાથી, ૩)૦॥ વાંદરી

**સાબુ :** ૪॥ હૈદરી નાની સાઇઝ, ૫॥ મોટી સાઇઝ

**પરચુરણ :** ૨) ૪) ગોળ દેશી. ૬॥। કપાશીયા વારાડી, ૪॥≈ ખાંડ રાજકોટ શહેર, ૩॥≈ સદર. ૯) સોપારી જુની. ૯) ૧૦) ગદબનું બી. ૭॥ વેસણ જીણો, ૭) વેસણ જાડો. ૭॥ ઘઉંનો લોટ, ૯॥ મેંદો, ૯॥। સોજી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

# "પાયમાલ કરનારો સંબંધ"

## ના. આગાખાનને કરાંચીથી તાર.

કરાંચીના જાણીતા સુધારક શ્રી. કરીમ ગુલામઅલીએ ના. આગાખાનના આગમન સામે વિરોધ બતાવવા ગઇ તા. ૧૩-૧૨-૩૩ના રોજ એક તાર તેમને મુંબઇ કર્યો હતો; તે ગુજરાતીમાં અમે આંહી પ્રગટ કરીએ છીએ.

H. H. Aga Khan,

Malbar Hill,

Bombay.

You claim before ignorent public 20 million followers. Those who know take this as fib. You or your son every year feed upon Indian followers, who hardly number onelac, India, Africa all told, you never known to visit remaining 19 million 9 lacs followers. Why don't you visit these imaginary followers? your proportionate visit Indian followers due atfer 199 years. As it is, your association has proved ruinous to Khoja Community. Considering the circumstances, your present visit unwanted. you can well realise welcomes from various places stage-managed.

Go Back.

GOOLAMALI

એચ. એચ. આગાખાન

મલબાર હીલ, મુંબઇ.

અજ્ઞાન લોકો આગળ તમે બે કરોડ અનુયાયીઓ ધરાવવાનો દાવો હાંકો છો. જેઓ જાણે છે તેઓ આને જુઠાણું ગણે છે. તમારો પુત્ર અગર તમે દર સાલ હિંદી અનુયાયીઓને પૈસે નભો છો, કે જેઓની સંખ્યા હિંદ, આફ્રિકા બધી મળી ભાગ્યેજ એક લાખ છે. બાકીના એક કરોડ નવ્વાણુ લાખ અનુયાયીઓને તમે કયારેય મળ્યા જાણ્યા નથી. આ કલ્પનાના અનુયાયીઓની મુલાકાત તમે શા માટે લેતા નથી? હિંદુસ્તાનને ભાગે તમારી મુલાકાત ૧૯૯ વરસ પછી આવે છે. તમારી સાથેનો સંબંધ ખોજા કોમને પાયમાલ કરનારો સાબીત થયો છે, અને તે છે પણ તેમજ. સંજોગો જોતાં, તમારી અત્યારની મુલાકાત વણમાગી છે. જુદા જુદા સ્થળેથી તમે નાટકી ઢબે તૈયાર કરેલો સત્કાર ખુશીથી મેળવી શકશો.

પાછા જાવ.

(કરીમ) ગુલામઅલી.

---

(અનુસંધાન પાના ૩૫૫થી)

### ભાવનગર યુવક મંડળનો ઠરાવ :-

"ખોજા જ્ઞાતિમાં જાગૃતિ લાવવા ખોજા સુધારક સંઘ ઘણા સ્તુત્ય પ્રયત્નો કરે છે તેવી અમોને માહીતી મળી છે. અને તે મંડળના સભ્યોના સમાજ સુધારાના કામમાં વિઘ્ન નાખવા માટે તે મંડળના આગેવાન સભ્ય ભાઇ ઇસ્માઇલ હીરાણી ઉપર ખોજા કોમના ધર્માંધ માણસોએ ખોટી ધાર્મિક શ્રદ્ધાને વશ થઇ જે ખુની હુમલો કરેલ છે તેને અમે વખોડી કાઢીએ છીએ, અને તેમના આ ધર્માંધ પગલાં સામે દરેક જ્ઞાતિ અને શહેરના યુવાનોએ પોતાનો પોકાર ઉઠાવવો જોઇએ તેમ અમે માનીએ છીએ.

### જૈન બોર્ડીંગ, ભાવનગરનો ઠરાવ :-

"અમે જૈન કોમના જુવાનો "ખોજા જાગૃતિ"ના તંત્રી ઉપર જે ખુની હુમલો કેટલાક ધર્માન્ધ બંધુઓએ કર્યો છે તેને રોષની નજરે જોઇએ છીએ.

જ્ઞાતિ સુધારણાની દિશામાં પગલાં માંડનાર શ્રી. ઇસ્માઇલ હીરાણી સામે જે હીચકારો હુમલો થયો છે તેને આજનો કોઇ જુવાન સાંખી શકે નહિ.

આજનું જુવાન માનસ કોમી તત્વ સ્વીકારતું નથી, અને જુવાનો એક છે તે બતાવી આપવાની આ તકને જુવાનોએ ઉલટ ભેર વધાવી લેવી જોઇએ; તેમજ આવા ધર્માન્ધ હુમલાઓ અટકાવવા માટે ના. આગાખાન પોતાની બધીજ લાગવગ અને શક્તિનો ઉપયોગ કરે એમ અમે આગ્રહપૂર્વક તેઓ નામદારને વિનવીએ છીએ" (સહીઓ)

(અનુસંધાન પાના ૩૬૦થી)

નામદારને કોઇ હકીકત જણાવવા માટે આટલી બધી વીધીઓની જરૂર નથી. સુપ્રીમ કાઉન્સીલને તેની એક નકલ રીપોર્ટ કરનાર મોકલાવવા ઇચ્છે તો મોકલાવી શકે; પણ સુપ્રીમ કાઉન્સીલની આવી નકલ મળ્યાની પહોંચ શિવાય 'સરકાર સાહેબ' એ વિગતો કે હકીકતો ઉપર ધ્યાન ન આપે એ ધોરણ અણઘટતું છે. ઘણી વખત કેટલીક હકીકતો સુપ્રીમ કાઉન્સીલની વિરૂદ્ધની હોય, અને તેવે વખતે સ્વાભાવિક રીતે સુપ્રીમ કાઉન્સીલ આવી પહોંચ કાઢી આપવામાં આડકતરી ડખલગીરી, કનડગત અને ઢીલ કરે; એટલે જેની વિરૂદ્ધ કહેવાનું હોય તેની જ મહેતાજી કરવી પડે તેવું ધોરણ રાખવું એનો સીધો અર્થ એટલોજ થાય કે સુપ્રીમ કાઉન્સીલ વિરૂદ્ધની કશી હકીકત કોઇ નામદારને ન જણાવે. અને આ ચોકી પહેરો વટાવીને પણ જો કોઇ હકીકત નામદાર પાસે પહોંચે અને તે સાચી હોવાની તેમને ખાત્રી થાય તો પછી શું કરવું જોઇએ તેનો કશો ઉલ્લેખ આ કલમમાં કરવામાં આવ્યો નથી, કે આ પછીની કલમોમાં પણ તે વિષે કાંઇ નથી. એટલે સહેજે એવું અનમાન કરી શકાય કે આગળ આવી ગયેલી કલમ ૧૦૩માં સ્વીકારેલું ધોરણ આંહી પણ લાગુ પડે છે અને છ માસ સુધીમાં નામદારનો કાંઇ જવાબ ન ફરી વળે તો આવી હકીકતો મોકલનારનો પ્રયત્ન નિષ્ફળ ગયો છે એમજ ગણવાનું રહે.

ખરી રીતે કોમના આંતરીક વહીવટમાં આટલી અંધાધુંધી અને નિરંકુશતા કદી પણ ન પેસી શકે તે માટે ના. આગાખાનની બધી દરમ્યાનગીરી રદ કરવી જોઇએ અને કોમનાજ હાથમાં સર્વોપરી સત્તા સોંપવી જોઇએ.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૬૧.**

"આખા કાઠીયાવાડના જુદા જુદા સ્થળોમાં નવા જમાતખાનાં બાંધવા માટે તથા જુના જમાતખાનાંમાં જરૂરીયાતનાં રીપેર કરવાં માટે વાર્ષીક રૂા. ૨૫૦૦૦ પચીસ હજારથી વધુ નહિ તેટલું કુલ ખરચ કરવાની નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાઝર ઈમામે કૃપા કરીને સુપ્રીમ કાઉન્સીલને પરવાનગી આપેલ છે. કોઈ સ્થળે નવું જમાતખાનું બંધાવવાનું હોય ત્યારે તેનું કુલ ખરચ રૂા. ૫૦૦૦ કરતાં વધુ ન થવું જોઈએ. તે ખર્ચ કરવા નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબે સખાવત, મહેરબાની તથા અનુગ્રહથી મંજુરી આપેલ છે; પરંતુ તેમાં અલબત્ત એવી શરત છે કે તે સ્થળની નિસ્બત ધરાવતી જમાતે સરકાર સાહેબની સુવાંગ માલેકીના સદરહુ જમાતખાનાનાં બાંધકામ માટે એવા કિસ્સામાં વ્યવહાર તરીકે નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાઝર ઈમામને સદરહુ રૂા. ૫૦૦૦ ની રકમના જેટલીજ બીજી રકમનો ભેટ તરીકે ફાળો આપવો પડશે."

કોમ તદ્દન અક્કલહીન છે એમ ગણીનેજ આ કલમ રચવામાં આવી લાગે છે. કાઠીયાવાડ ખાતે જમાતખાનાંઓ ઉભાં કરવા પાછળ વાર્ષિક રૂા. ૨૫૦૦૦) ખર્ચવાની 'સરકાર સાહેબ' પરવાનગી આપે એ સમજી શકાય તેવું છે. જે વ્યાપારી નફાખોર બુદ્ધિથી આપણી કોમનું ધન રૂધીર ચૂસવામાં આવે છે એ દ્રષ્ટિને આવી યોજના બરાબર બંધબેસતી છે. કારણ કે જમાતખાનાં ઉભાં કરવાં એ ધનપ્રાપ્તિના સબળ સાધનરૂપ અંધશ્રદ્ધા અને અંધભક્તિને મોટામાં મોટો ટેકો આપવા બરાબર છે. એટલે દીર્ઘદ્રષ્ટિવાળો કોઈ વેપરી કાયમનો મોટો નફો કરવા કોઈ સ્થળે કાંઈ રકમ રોકે તેમ આવાં જમાતખાનાં પાછળ આટલી રકમ પોતાની માલેકી નક્કી કરીને 'સરકાર સાહેબ' રોકવા ઇચ્છે એ સમજાય તેવું છે. પણ આ કલમનો પાછલો ભાગ આપણી બુદ્ધિની પુરેપુરી અવગણના કરનારો છે. એનો અર્થ સમજવા જેવો છે. એક સ્થળે જમાતખાનું બાંધવા માટે 'સરકાર સાહેબ' એટલે ના. આગાખાન રૂા. ૫૦૦૦) આપે પણ એમાં શરત એ કે તે સ્થળની જમાતે રૂા. ૫૦૦૦) ના. આગાખાનને આપવા. એટલે કે જમાતે રૂા. ૫૦૦૦) મેળવવા માટે રૂા. ૫૦૦૦) આપવા પડે, જેનો સીધો અર્થ એટલોજ કે જમાતને પોતાના પૈસા શિવાય બહારથી એક પાઈ પણ મળવાની નહિ. અને આ પ્રમાણે પાંચ પાંચ હજાર રૂપીયાની પરસ્પર અદલાબદલી કર્યા પછી જે જમાતખાનું ઉભું થાય તેની સુવાંગ માલેકી ના. આગાખાનની. અને આવી રીત એક પાઈ પણ આપ્યા શિવાય આખું મકાન પોતાની માલેકીનું બનાવી લેવાની ના. આગાખાનની સ્વાર્થલીલાને સખાવત, મહેરબાની તથા અનુગ્રહ કહેવાની આ કલમમાં નફટાઈ કરવામાં આવી છે. જો પારકું પોતાનું કરી લેવું, જો બીજાઓની અજ્ઞાનતામાંથી પોતાનો સ્વાર્થ સારી લેવો અને જો ભોળી શ્રદ્ધાળુ કોમનાં વ્હેમ, નીર્બળતા, અને ધર્મભાવનાને ઉશ્કેરી તેના ધર્મગુરૂનું પદ હાથ કરી તેનો યચ્છેચ્છ દુરૂપયોગ કરવો એનું નામ 'સખાવત, મહેરબાની અને અનુગ્રહ હોય તો જરૂર 'સરકાર સાહેબ'ના આ કૃત્યને તેવું કહી શકાય. પણ દુનિયાની વ્યાખ્યા આથી જુદી છે. આ સખાવત નથી પણ સીધેસીધી લુંટ છે.

**કલમ ૧૬૨.**

"આખા કાઠીયાવાડના જુદા જુદા સ્થળો પૈકી કોઈ સ્થળે નવું જમાતખાનું કરવા માટે જોઇતા ખરચને પહોંચી વળવા માટે નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામે જરૂરીઆતના ખરચોમાંથી અરધ રકમ સખાવત; મહેરબાની તથા અનુગ્રહ તરીકે આપવા મહેરબાની રાહે કૃપા કરેલી છે અને સદરહુ ખરચની બાકીની અરધ રકમ તે સ્થળની નિસ્બત ધરાવતી જમાતે સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામની સુવાંગ માલેકીના સદરહુ જમાતખાનાના બાંધકામ માટે નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને એવા કિસ્સામાં વ્યવહાર તરીકે ભેટ તરીકે આપવી પડશે."

ઉપરની કલમ ૧૬૧થી આ કલમ એટલાજ પુરતી જુદી પડે છે કે તેમાં કાંઇ પણ આપ્યા શિવાય 'સરકાર સાહેબ'ને આખી મિલ્કતની માલેકી સોંપાય છે, જ્યારે આ કલમથી એવી મિલ્કતની અર્ધી કિંમત આપીને આખી મિલ્કતનો માલેકી–હક્ક 'સરકાર સાહેબ'ને કબજે આપવામાં આવે છે. આગલી કલમ મુજબ આંહી પણ 'સખાવત, મહેરબાની અને અનુગ્રહ'ની વાતો કરવાની ધૃષ્ટતા કરવામાં આવી છે.

આ બન્ને કલમો એક બીજા મહત્વના અનુમાન તરફ આપણને દોરે છે. જમાતખાનાની મિલ્કતની માલેકી જમાતનીજ રહે એમાં ના. આગાખાનને શું વાંધો છે? જે જમાતના પરસેવાથી નામદારની તેજુરીઓ ભરાય છે અને જેમના પૈસાના બળે નામદાર પોતાનું ઉચ્ચ સ્થાન જાળવી રાખી શકે છે એ જમાત ઉપર આટલા અવિશ્વાસનું શું કારણ છે? એ જમાતખાનાઓમાં આવીને નામદાર કદી પણ ગોઠણભર થઇ ધુવા પડવાના નથી; એનો ઉપયોગ તો ત્યાંની જમાતજ કરવાની છે. તો પછી એ માલેકી–હક્કની મમત શા માટે? આ પ્રશ્નોના ઉત્તર તો એકજ અનુમાનથી મળે છે કે વ્હેલે મોડે પણ નામદાર આ મિલ્કતો વેચી મારી તેના પૈસા ઉપજાવી પોતાના ઉપયોગમાં લેવાની ધારણા રાખે છે, અને તેથીજ આજે આવી અગમચેતી વાપરવામાં આવે છે.

**કલમ ૧૬૩.**

"કાઉન્સીલ અગર જમાત તથા સરકાર સાહેબી બાબત સંબંધે કોઇ શખ્સ નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર લેખીત રીપોર્ટ કરવા માંગતો હોય તો તે તેમ કરી શકશે, તેમાં શરત એ કે સદરહુ રીપોર્ટની નકલ તેણે સુપ્રીમ કાઉન્સીલમાં રજુ કરવી પડશે. સદરહુ નકલ અસલ સાથે મુકાબલ કરવામાં આવશે, અને તે નીચે સુપ્રીમ કાઉન્સીલના ઓનરરી સેક્રેટરી કાઉન્ટર સાઇન (રજુઆતની સહી) કરશે અને સદરહુ ઓનરરી સેક્રેટરીની રીતસર પહોંચ લેવામાં આવશે. તે પછી તે અસલ રીપોર્ટ તે પહોંચ સાથે તે નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર મોકલી શકશે. કાઉન્સીલ પણ તે સંબંધે વિગતવાર હકીકત નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને તે પછીની તરતની મેઇલમાં મોકલશે. જો અરજદાર રીપોર્ટની નકલ કાઉન્સીલ તરફ મોકલવામાં કસુર કરશે તો તેની અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહી. જો કાઉન્સીલ અરજીની પહોંચ આપ્યા છતાં એક માસની અંદર નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને તે સંબંધે વિગતવાર હકીકત મોકલવામાં કસુર કરશે તો અરજદારની ફરીયાદ ખરી છે એમ નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાઝર ઇમામ ગણશે."

(અનુસંધાન પાના ૩૫૯.)

આ અઠવાડિક રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

કચ્છનો વારો. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114

# જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી.

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૬

પુસ્તક ૧, અંક ૪૬ : માર્ચ ૨૭ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના ચૈત્ર શુદ ૧૨ મંગળવાર.

મુદ્રણસ્થાન :
જાગૃત મુદ્રણાલય.

## જુના દોસ્તો.



("રોશની"ના બંધુકૃત્યથી)

[દીલ્હીની જમીઅત-ઉલ-ઉલમા-એ હિન્દે ના. આગાખાનને ગેરમુસ્લીમ જાહેર કર્યા પછી તેઓ ના. કપુરથલા જઇ પોતાને મુસલમાન કહેવરાવવા શહેરની મસ્જીદમાં નીમાઝ પડયા અને એક વ્યાખ્યાન આપ્યું. ધર્મગુરૂઓ રાજસત્તાના સદાને માટે ખુશામતખોર હોય છે. એ મુજબ ના. આગાખાને પણ કપુરથલાના મહારાજાના ભારોભાર વખાણ કર્યાં અને ઇરાની બાદશાહ નૌશીરવાન સાથે સરખાવી તેમને 'આદીલ'નો ખિતાબ આપ્યો. ના. આગાખાને વિશેષમાં સભાજનોને ફરમાવ્યું કે બોલો : 'ઝીન્દાબાદ બાદશાહે આદીલે કપુરથલા!' ના. આગાખાનને હાથે થયેલી ખિતાબની આ નવાજેશ પછી તુરતજ તેઓના જુના મિત્ર કપુરથલાના મહારાજાએ નિઃશસ્ત્ર સ્ત્રી-બાળકો-પુરૂષોના સરઘસ ઉપર લાઠી ચલાવવાનું 'અદલ' કાર્ય શરૂ કર્યું છે.]

દર મંગળવારે પ્રગટ થતું ખોજા કોમનું મુખપત્ર.

# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૭-૩-૩૪.


## કચ્છનો વારો.

કોમી વર્તમાનપત્રો ખબર આપે છે કે કચ્છ ઉપર ના. આગાખાનની રહેમ ઉતરી છે અને કચ્છની જમાત માટે તેઓ નામદારે કાયદા કાનુનોની અને તેનો અમલ કરવા માટે એક કમીટીની નવાજેશ કરી છે. મળેલા સમાચાર મુજબ આ પ્રસંગે ના. આગાખાને કહ્યું કે, "આ કાયદા અમે મંજુર કીધા છે." અને તે પછી એ કાયદા કાનુનોનો અમલ કરવા તેઓએ ૧૮ સભ્યોની એક કમીટીની નિમણુક કરી.

કચ્છ માટેના આ નવા કાયદાનું પુસ્તક હજી અમારા હાથમાં આવ્યું નથી. અને તેથી તેના ગુણદોષ ઉપરનું અમારૂં વિવેચન અત્યારે અમે મુલતવી રાખીએ છીએ; જો કે એમાં પ્રશંસા કરવા જેવી કોઇ વસ્તુ હશે એવી આશા અમને બહુ ઓછી છે.

પણ ના. આગાખાનના આ સરમુખત્યારને છાજે તેવા વર્તન સામેનો અમારો રોષ અમે રોકી શકતા નથી. કઇ સત્તાને આધારે ના. આગાખાન આવી નિમણુકો અને રચના કરી રહ્યા છે? ખોજા કોમના આંતરિક વહીવટમાં ડખલગીરી કરવાનો તેમને શો અધિકાર છે? શા માટે તેઓ આપમેળે ખોજા કોમના સરમુખત્યાર બની બેસે છે? શા માટે આપણે તેમનું આવું વર્તન નીભાવી લેવું જોઇએ?

કચ્છ કે બીજા કોઇ સ્થળની ખોજા જમાતોએ પાળવાના કાયદા કાનુન રચવાનું કામ ના. આગાખાનનું નથી, અને તેમ કરવાનો તેમને કશો અધિકાર પણ નથી. એ કામ તે તે સ્થળની જમાતોનું છે અને તેજ રીતે કચ્છની જમાતોએ પાળવાના કાયદા કાનુન કચ્છની જમાતોજ રચી શકે. એ કાયદા કાનુનોનો યોગ્ય અમલ થાય તે જોવા માટે કોઇ સમિતિની જરૂર હોય તો તેના સભ્યોની નિમણુક કરવાનું કામ પણ કચ્છની જમાતોનુંજ છે. ના. આગાખાન વધુમાં વધુ દાવો કરવા માગતા હોય તો પણ તેઓ પોતાને ધર્મગુરૂ કરતાં વિશેષ ઓળખાવી શકે નહિ. એ દરજ્જે તેઓ વધુમાં વધુ પોતાને જે ધર્મના વડા તરીકે ઓળખાવે છે તે ધર્મને લગતી બાબતોમાં સલાહ સૂચના આપી શકે. તેઓ ખોજા કોમના સભ્ય નથી અને તેની ખોજા કોમના સામાજિક વહીવટ, તેની રચના કે ફેરફારમાં તેઓ મત પણ આપી શકે નહિ, તો દરમ્યાનગીરી તો કયાંથી કરીજ શકે? કોઇ પણ ધર્મગુરૂને કોઇ પણ કોમના સામાજિક બંધારણ કે વહીવટ સાથે કશી લેવા દેવા નથી. જ્યારે જ્યારે આ નિયમનું ઉલંઘન કરવામાં આવે છે અને ધર્મગુરૂ જ્ઞાતિના વહીવટમાં ડખલગીરી કરે છે ત્યારે ત્યારે જ્ઞાતિના ઉત્તમ હિતો જોખમાય છે, અને જ્ઞાતિ કે સમાજ એક વ્યક્તિના ગુલામ બની જાય છે; આખું તંત્ર સમાજન હિતની દ્રષ્ટિએ નહિ પણ ધર્મગુરૂના અંગત સ્વાર્થનેજ નજર સમક્ષ રાખી ચલાવવામાં આવે છે. ભૂતકાળનો ઇતિહાસ અમને માનવાને પુષ્કળ કારણો આપે છે કે ના. આગાખાને કરેલી કચ્છ કમીટીની નિમણુક પાછળનો ઉદ્દેશ કચ્છની જમાતોના હિતનો નહિ પણ પોતાનાજ અંગત લાભનો છે. જેમ કાઠીયાવાડ અને બીજાં સ્થળોને તેમણે પોતાના લોખંડી ચોગઠામાં જકડી લીધાં છે તેમ કચ્છ ઉપર પણ તેઓ પોતાનું એ સર્વસત્તાધીશપણું સ્થાપવા માગે છે. અને તેથીજ ના. આગાખાનની આ રચના અને નિમણુકને અમે વખોડી કાઢીએ છીએ. એ રચના અને નિમણુક કરી ના. આગાખાન પોતાની હદ વળોટી ગયા છે. ના. આગાખાનની આ સરમુખત્યારી અને બીનજવાબદાર શાસન પદ્ધતિ સામે અમારો મજબુત વાંધો છે.

અમે કચ્છના અમારા ભાઇઓને કહીએ છીએ કે તમે ના. આગાખાનની આવી દરમ્યાનગીરી હરગીઝ નહિ ચલાવી લેજો. જમાતમાં ધારા ધોરણ હોવા જોઇએ એ અમે સ્વીકારીએ છીએ. એ ધારા ધોરણનો બરાબર અમલ થાય એ માટે વ્યવસ્થા કરનારી સમિતિ જોઇએ એ પણ અમે કબુલ કરીએ છીએ. પણ એ ધારા ધોરણની રચના અને સમિતિની સ્થાપના અને ચુંટણી કરવાનું કામ તમારૂં છે. જે કાયદા તમારે પાળવાના છે તે ઘડવાનો તમને એકનેજ અધિકાર છે. તમારા એ જન્મસિદ્ધ હક્ક ઉપર કોઇથી ત્રાપ મારી શકાય નહિ. શા માટે તમારે તમારા સામાજિક વહીવટમાં બીજાઓની દરમ્યાનગીરી સહેવી જોઇએ? શું તમને ફાવે તેવા કાયદા કાનુન ઘડતાં આવડતું નથી? શું કચ્છીઓ આજે એટલા બધા નિર્બળ થઇ ગયા છે કે પોતાનો વહીવટ પોતાને હાથે ન ચલાવી શકે? શું આજે પોતાનું હિતાહિત સમજી શકે એવું કચ્છમાં એક પણ ભેજું નથી કે બહારનાઓની તેને મદદ લેવી પડે? કચ્છના ભાઇઓ, ચેતજો! તમારા ઉપર ગુલામગીરીનું બંધન નાખવામાં આવે છે, તેનાથી સંભાળજો. તમારા કાયદા તમે જાતે ઘડજો; તમારી કમીટી તમે હાથે સ્થાપજો અને તેના મેમ્બરો તમારી પોતાની ઇચ્છા મુજબ ચુંટજો. કચ્છના જુવાનો, આ બહુ અગત્યનો પ્રશ્ન છે; તેના તરફ બેદરકાર રહેવું તમને બહુ ભારે પડશે. આજે કટોકટીના વખતે તમે ચુપ રહેશો તો સદાને માટે તમે બહારની ડખલગીરીના ભોગ થઇ પડશો. ના. આગાખાને ઘડેલા ધારા ધોરણ સારા છે કે નરસા તેની સાથે અત્યારે નિસ્બત નથી; તેમણે નીમેલી કમીટીના સભ્યો તમને પ્રિય છે કે અપ્રિય તેની સાથે કશો સંબંધ નથી. આજે એકજ પ્રશ્ન છે: તમારા જન્મસિદ્ધ અધિકારો હણાય છે, તમારૂં સ્વમાન જોખમાય છે, તમારી સંપૂર્ણ અવગણના કરવામાં આવે છે. આ સામે તમે તમારા બધા જોશથી ઝઝુમજો. કચ્છીઓને સ્વમાન છે, કચ્છીઓમાં શક્તિ છે, એ, પોતાનું ફોડી લઇ શકે તેમ છે—એ ખોજા આલમને બતાવી આપજો.

# નામદાર આગાખાન.
## મુસલમાનો તેમને સાંભળતા નથી.

સારાએ હિંદુસ્તાને ધુતકારી કાઢેલા શ્વેત પત્રને સ્વીકારવાનો હિંદના મુસલમાનોને આગ્રહ કરવા વિલાયતથી આવેલા ના. આગાખાનને હિંદના મુસલમાનો કઇ દ્રષ્ટિથી જુએ છે એ સંબંધે વર્તમાનપત્રોમાં અવાર-નવાર હકીકતો પ્રગટ થાય છે; તેમાંની કેટલીક આ નીચે ઉતારવામાં આવે છે.

હિંદના જાણીતા રાષ્ટ્રિય મુસ્લીમ નેત્તા **ડૉ. અન્સારીનો** અભિપ્રાયઃ—

"કોમવાદીઓ હિંદ માટે શાપ સમાન છે. જ્યાંસુધી તેઓ અસ્તીત્વ ધરાવે છે ત્યાંસુધી હિંદમાં સાચી શાંતિ પ્રસરી શકે નહિ." ગઇ કાલે ડૉ. એમ. એ. અન્સારીએ મુંબઇ અવ્યા બાદ અત્રેના એક અખબારનવેશની મુલાકાત દરમ્યાન ઉપરોક્ત શબ્દમાં ઝાટકણી કાઢી હતી.

વધુમાં ડૉ. અન્સારીએ કોમી ચુકાદાનો સત્કાર કરવા માટે ચાલતા પ્રયાસોને વખોડી કાઢયા હતા અને ચુકાદાને કુસંપ જગાવી શાસન ચલાવવાની દુષ્ટ નીતિ પર રચાયેલા દસ્તાવેજ તરીકે તેમણે ઓળખાવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે "ગોળમેજી પરિષદના પ્રતિનિધિઓ તરીકે અમુક માણસોની એવી રીતે પસંદગી કરવામાં આવી હતી કે જેથી કોઇ પણ પ્રકારનું સમાધાન અસંભવિત બને, અને તેથી બ્હારના ત્રીજા પક્ષનો ચુકાદો ઠોકી બેસાડાય. કોમી ચુકાદો આનુંજ પરિણામ છે. આ ચુકાદો વ્હાઇટ પેપર (શ્વેત પત્ર) યોજ-નાનું કેન્દ્રબીન્દુ છે અને યોજનાની ભલામણોને યોગ્ય ઠરાવવા માટે તે આપવામાં આવ્યો છે.

"આથી કોમી ચુકાદાનો સ્વીકાર એ ખાસ સત્તાઓ અને સલામતીઓ તેમજ હિંદમાં પરદેશી સત્તા ચાલુ રાખવાના ઇરાદાથી ઘડાએલી વ્હાઇટ પેપરની બીજી યોજનાઓના સ્વીકાર સમાન છે.

"આગાખાન દીલ્હી આવ્યા હતા, પણ રાષ્ટ્રવાદી મુસલમાનો અને જમીયત-ઉલ-ઉલ્રમાના સભ્યો તેમની આ મુલાકાતમાં રસ લેતા ન્હોતા અને તેમની મુલાકાતનો ઉદ્દેશ-કે જે વ્હાઇટ પેપર યોજનાનો સ્વીકાર કરવાનો આગ્રહ કરવાનો હતો તે-જોતાં તેમાં રસ લેવાનું પણ નીરર્થક હતું. અમારી વચ્ચે કંઇજ સામ્ય નથી."

આગળ બોલતાં ડૉ. અન્સારીએ જણાવ્યું હતું કે "હું કોંગ્રેસવાદી છું અને જો કે રાજકારણમાંથી નિવૃત થયો છું તો પણ કોંગ્રેસવાદી તરીકેજ મરીશ."

રાષ્ટ્રમાં ઐકયતા માટે શ્રી. જીણાએ રાષ્ટ્રના નેત્તાઓને કરેલી અપીલ વિષે તેમના વિચારો પુછતાં ડૉ. અન્સારીએ જણાવ્યું હતું કે "મારી જીંદગીમાં અત્યાર સુધી મેં એકતા માટેજ પ્રયાસો કર્યા હતા. આપણી માતૃભૂમિમાં જે જે એકતાના પ્રયાસો કરે છે તેમના પ્રત્યે મારી સહાનુભૂતિ અને શુભેચ્છાઓ હંમેશાં હોય છે. અને તેથી શ્રી. જીણાની આ માટેની અપીલને હું આવકાર આપું છું. હું હંમેશાં માનતો આવ્યો છું કે રાષ્ટ્રની સ્વતંત્રતા માટે માત્ર કોમી એકતાનો એકજ ઉપાય છે, અને જે જે આ મેળવવામાં મદદ કરે છે તે ખરેખર રાષ્ટ્રની મહાન સેવા બજાવે છે."

("હિંદુસ્થાન-પ્રજામિત્ર," તા. ૧૨-૩-૩૪.)

**જમીઅત-ઉલ-ઉલમા-એ-હિન્દની જાહેરાતઃ—**

"દીલ્હીની જમીઅત-ઉલ-ઉલમા-એ-હિન્દે ઘોષણા કરી છે કે 'ના. આગાખાન મુસલમાન નથી, અને મુસલમાનોના નેત્તા થઇ શકે નહિ.' આ સામે ખ્વાજા હસન નિઝામી અને કાનપુરની વફાદાર જમીઅતે ના. આગાખાનના બચાવમાં કહ્યું છે કે 'તેઓ મુસલમાનોના ધાર્મિક નહિ, પણ રાજ્યદ્વારી આગેવાન છે, અને તે મટે ફકત પોતાને મુસલમાન કહેવરાવે તે બસ છે.' ઉર્દુ પત્રોમાં આ વિષે ગરમ ચર્ચા ચાલે છે, પણ તેમાંનાં ઘણાં દાલ્હી જમીઅતને ટેકો આપે છે અને કહે છે કે 'ના. આગાખાન કુરાનમાં ન માનતા હોવાથી તેઓ મુસલમાન કહેવાય નહિ અને તેઓ પોતાને મુસલમાનોના આગેવાન કહી શકે નહી."

[ દૈનિક "હિલાલ" ]

("પોલ પત્રિકા," તા. ૪-૧-૩૪.)

**શ્રી. જીણા માટે અમુલ્ય તકઃ—**

"અખીલ ભારત મુસ્લીમ લીગના બે પક્ષો વચ્ચેનો મતભેદ દુર થયો છે અને બન્ને પક્ષોએ એકત્ર થઇને શ્રી. જીણાની સરદારી સ્વીકારવાની ઇચ્છા બતાવી છે એ ઘટના કોઇ મુસદ્દી-ગીરીના દાવનું પરિણામ ન હોય, મુસલમાનોનો ઘણોજ મોટો વર્ગ પોતાને માનતો નથી એ પારખી જઇ ના. આગાખાને પોતાના પક્ષને જુદો રાખી મુસ્લીમ લીગને જુદી સંસ્થા તરીકે રહેવા દઈ તેના બે પક્ષોને એક કરી તે દ્વારા નિર્બળ રાષ્ટ્રમત-વાદી મુસ્લીમોનું બળ ઘટાડી પરોક્ષ રીતે પોતાની પ્રતિષ્ઠા અને પક્ષ મજબુત કરવા માટે ખેલેલી રાજરમતનો એક ભાગ ન હોય, પરંતુ કેવળ એકતાની નિખાલસ વૃત્તિનું પરિણામ હોય તો અમે એ ઘટનાને લાભદાયી માનીએ છીએ. દેખીતી રીતેજ ના. આગાખાન અને શ્રી. જીણા સમવાય તંત્રના અને શ્વેત પત્રના બંધારણની રચનાના સિદ્ધાંતમાંજ પરસ્પર ધરમૂળથી જુદા પડે છે. એટલે શ્રી. જીણાએ મુંબઇના વિદ્યાર્થી મંડળ સમક્ષ પોતાના જે વિચારો જાહેર કર્યા હતા તેને વ્યવહારમાં મુકવા માટે આથી તેમને અમુલ્ય તક સાંપડે છે. શ્રી. જીણા સ્વીકારે છે કે શ્વેત પત્રના પ્રત્યાઘાતી બંધારણથી હિંદીઓની ગુલામીના પાયા વિશેષ ઉંડા ઉતરે છે. તે એ પણ સ્વીકારે છે કે, જો હિંદીઓ સામાન્ય મતભેદને બાજુએ મુકીને એક નહિ થાય તો એ બંધારણ હિંદને માથે મારવામાં આવશેજ. બીજી તરફ ના. આગાખાન અને મી. શ્રીનિવાસ શાસ્ત્રીએ વડી ધારાસભા મારફત તેમજ મુંબઇમાં મળનારી કહેવાતી સર્વપક્ષીય પરિષદ મારફત સંયુકત સમિતિના બાર એસેસરોએ કરેલી સુધારાની માગણીને ટેકો આપવાની કરેલી ખટપટો નિષ્ફળ નિવડી છે, તે લોકમાનસનું વહેણ કઇ દીશાએ વહે છે તેનો પુરાવો આપે છે. એટલે અળખામણા કોમવાદને જતો કરી શ્રી. જીણા જો રાષ્ટ્રિય દ્રષ્ટિએ કામ લેવા તૈયાર થાય તો હજુ બગડેલી બાજીને સુધારી શકાય તેમ છે. એટલે પોતાને મળેલી આવી સરસ તકનો હવે શ્રી. જીણા કેવો ઉપયોગ કરે છે તે પર ઘણો આધાર રહેલો છે. જો તે રાષ્ટ્રિય દ્રષ્ટિએ કામ લેવા તત્પર બનશે તો કોંગ્રેસવાદીઓ જરૂર તેમના કાર્યમાં સરળતાભર્યો સહકાર કરવા તૈયાર થશે. અત્યારેજ શ્રી. જીણાની ખરેખરી કસોટી છે. એ કસોટીમાંથી તે પાર ઉતરે એવું અમે ઇચ્છીએ છીએ."

('હિંદુસ્તાન-પ્રજામિત્ર,' તા. ૭-૩-૩૪. તંત્રીનોંધ.)

# અત્યાચાર—કે—ધર્મ ?

ઇસુની અગીઆરમી સદીમાં અલમોતના નામીચા ખૂની હસન બીન સબ્બાહે છુપાં ખૂન અને હત્યાઓનો આશ્રય લઇ ઇસ્માઇલી ('એસેસીન') પંથની સ્થાપના કરી. તેરમી સદીમાં અલમોત અને તેના બાદશાહોનું નામોનિશાન તાતારીઓએ રદ કર્યું. સોળમી સદીમાં પીર સદરદીન નામના એક ઇસ્માઇલી મીશનરી મારફત ઇસ્માઇલી પંથ જુદાજ સ્વરૂપમાં હિંદુસ્તાનમાં આયાત થયો, અને ખોજા નામની નવી કોમ ઉત્પન્ન થઇ. તે પછી ઓગણીશમી સદીમાં ઇરાનના શાહ સામે ખેડેલું બહારવટું નિષ્ફળ જતાં પહેલા આગાખાન હસનઅલીશાહ હિંદ આવ્યા અને હિંદુસ્તાનના ખોજાઓને પોતાને કબજે કર્યા. એ સમય પછી ધર્મને નામે જે ધર્માંધતા ફેલાણી એનો ઇતિહાસ દીલ કંપાવનારો છે. તલવાર, ખંજર અને પીસ્તોલ કે ફાંસીનો માંચડો અને કાળાપાણીની સજાઓ-એ વચ્ચે ખોજા કોમના કેટલાય પુત્રોની જીંદગી બરબાદ થઇ. આ નીચે પહેલા આગાખાન હિંદ આવ્યા પછી મચેલી ખૂનરેજીનો પ્રસિદ્ધિમાં આવેલો ઇતિહાસ અતિ ટુંકાણમાં આપવામાં આવ્યો છે.

**૧ લા આગાખાન શાહ હસનઅલી, ઇ.સ. ૧૮૪૫થી ઇ.સ. ૧૮૮૧.**

### ખૂન.

૧-૪ ૧૮૫૦માં માહીમના જમાતખાનામાં બારભાયા પક્ષના ૪ ખોજા ભાઇઓને કતલ કરવામાં આવ્યા. ૧૯ આરોપીઓમાંથી ૪ને ફાંસી મળી.

૫ ૧૮૭૮માં ફીલુ ખાતુ નામના એક ખોજાએ આગાખાનના મુખી હસન ગુલામહુસનને મુંબઇમાં ધોળે દિવસે મારી નાખ્યો. ફીલુને ફાંસી મળી.

૬ ૧૮૭૯માં કરાંચીમાં શેઠ લાલન અલીદીનાનું પીસ્તોલથી ખૂન કરવામાં આવ્યું. ખૂનીને ફાંસી મળી.

### ખૂની હુમલા.

૭ ૧૮૭૬માં કરાંચીમાં શેઠ લાલન અલીદીના ઉપર ખંજર વડે હુમલો કરવામાં આવ્યો. હુમલો કરનારાઓમાંના ૨ માણસને ૭ વરસની કાળાપાણીની સજા થઇ, ૩ને જેલ મળી.

૮ ૧૮૭૭ આસપાસમાં મુંબઇમાં ખલફાન રતનશી નામના ખોજા ઉપર સખત માર પડયો.

૯ ૧૮૭૭ આસપાસમાં મુંબઇમાં ખાકી હેમા નામના ખોજા ઉપર સખત માર પડયો.

**૨જા આગાખાન શાહ અલીશાહ, ઇ.સ. ૧૮૮૧થી ઇ.સ. ૧૮૮૫.**

---

**૩જા આગાખાન સુલતાન મહમદશાહ, ઇ.સ.૧૮૮૫થી— (હયાત)**

### ખૂન.

૧૦ ૧૮૮૫માં બીજા આગાખાનના કામડીયા બંદાઅલી પીરાણીનું મુંબઇમાં ધોળે દિવસે ખૂન થયું. ફીદાઇને ફાંસી મળી.

૧૧ ૧૮૯૬માં આગાખાનના કાકા જંગીશાહ હજ પડવા જતાં જેડાહમાં પીસ્તોલથી તેમનું ખૂન થયું. ૩ ખૂનીઓએ ઝેર ખાઇ આપઘાત કર્યો.

૧૨ ૧૮૯૬માં આગાખાનના કાકા જંગીશાહના દીકરા શાહ અબ્બાસ હજ પડવા જતાં જેડાહમાં પીસ્તોલથી તેમનું ખૂન થયું. ૩ ખૂનીઓએ ઝેર ખાઇ આપઘાત કર્યો.

૧૩ ૧૮૯૬માં કરાંચીમાં શેઠ લાલન અલીદીનાના પુત્રોને કુરાન શીખવનાર સૈયદ નસરતઅલીશાહનું ખૂન થયું. ખૂનીઓનો પત્તો લાગ્યો નહિ.

૧૪ ૧૮૯૮માં આગાખાનના ભત્રીજા હાશમશાહનું પુનામાં પીસ્તોલથી ખૂન થયું. ખૂની ખોજા જીવા જુમાને જીંદગીભરની દેશનિકાલીની સજા થઇ.

૧૫-૧૬ ૧૯૦૧માં મુંબઇમાં બે ખોજા ગૃહસ્થોનાં ખૂન થયાં. ૩ ખૂનીઓને ફાંસી મળી.

### ખૂની હુમલા.

૧૭ ૧૯૦૧માં મુંબઇમાં બે ખોજા ગૃહસ્થો ઉપર ખૂની હુમલો થયો. ૩ ખૂનીઓને ફાંસી મળી.

# શયતાનીયત–તારૂં બીજુ નામ ધર્મ !

આ પત્રના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર આગાખાની ફીદાઇને હાથે ખૂની હુમલો થયા પછી પણ એ ફીદાઇઓ હેઠા
બેઠા નથી, અને શ્રી. હીરાણી અને ખો. સુ. સંઘના પ્રમુખ શ્રી. કાનજી ગુલાભાઇના જાન લેવાનાં કાવતરાં હજી પણ રચાઇ રહ્યાં
છે એ તેમને મળેલા નીચેના ધમકીના કાગળ ઉપરથી જણાઇ આવે છે. સદરહુ પત્રના કવર ઉપર જામ કંડોરણા પોસ્ટ ઓફીસની
તા. ૨૫–૧૨–૩૩ની છાપ છે અને તા. ૨૬–૧૨–૩૩ની રાજકોટની છે. આ પત્ર તેમને મળ્યો ત્યારે હુમલો કરનાર કાચી જેલમાં
હતા, જે અત્યારે જામીન ઉપર છુટ્ટા છે. પત્ર તેના અસલ સ્વરૂપમાંજ આંહી મુકવામાં આવે છે. આજના પ્રગતિ અને પ્રકાશના
જમાનામાં પણ જે ધર્મના અનુયાયીઓ ખૂન અને અત્યાચારનો માર્ગ અખત્યાર કરવાની હિંમત કરે છે એ ધર્મની ઇમારત કેટલી
કેટલી હત્યાઓ અને ખુનરેજીના પાયા ઉપર ઉભી કરવામાં આવી હશે એ સહેજે સમજાય તેવું છે. શ્રી. હીરાણી ઉપરના હુમલા
પાછળ કોઇ જબરજસ્ત કાવતરૂં હોવાની મન્યતા આ પત્રથી વધુ ને વધુ દ્રઢ થતી જાય છે. સૌ કોઇ આશા રાખે કે એ કાવતરૂં
રાજકોટ રાજ્યની પોલીસ પકડી પાડશે–જરૂર પડયે બીજી હકુમતોની મદદ લઇને પણ.

તા.

મી. કાનજી ગુલા તથા ઇસ્માલ કાનજી ગુલા,

જત હું તમોને લખનાર લેદી છું. માટે હું લખી જણાવું કે તમો કોઇ બી રીતે ઇસમાઇલીયોની વાંકું બોલતા
બંધ થાઓ. કારણ કે હવે હદ વરી છે. અમારા ઇસમાઇલી ભાઇ બે કેદ છે, કારણ તારે લીધે. માટે અમારા ધરમનું
વાંકુ બોલતો બંધ. અને નહિ કરીશ તો પંદર દિવસ પછી તારૂં મોત કમોત કરવામાં આવશે. માટે ચેતવણી આપું.
મારૂં નામ સાંભરતા માણસોને કંપારી ઉઠે છે. હું દેવ કે દાનવ નથી પણ એક બહારવટીયો છું. મારૂં નામ ઇસ્માલ
છે. નાગમામદનો ભાઇ હું હાલ ઇસમાઇલી ધરમ પારૂં છે. મારા માણસો તારા પાછળ ફરે છે. યાદ રાખજે તને
છરીથી કે પીસ્તોલથી નહિ મારે પણ રીબાવી રીબાવીને મારવા આવશે અને અમારા કારાવાહમાં ઉપાડી જાશું.
પતો પણ નહિ લાગવા પામે. એજ.

તારા છાપામાં છાપ નીચે પ્રમાણે, તો કોઇ પણ કનડગત કરવામાં આવશે નહિઃ—

હું આજથી ઇસમાઇલી ધરમનું વાંકું બોલીશ નહિ, કારણ કે મને ઘણી સીક્ષા મળી.

સરી વળે હુમલો મારા કેવાથી આવેલ છે. માટે ઓ લાનતના કુતરા, ચેત. ચાર વરસ થીયાં મારૂં નામ જાહેર
કરવા આવેલ નથી. માટે હવે તારે લીધે કરવામાં આવે સે.

બીજું તારે પછવાડે મારા આઠ માણસ ફરે છે તે ધીયાનમાં રાખજે. માટે ચેત.

અમારા ધરમનું વાંકુ બોલતો બંધ થાઇસ કે તરત મારા માણસો બેંસી લઇશ. અને હવે પંદર દિવસ પછી
તારા છાપાની વાટ જોઇસ. કાંઇ પણ છાપું હસે તો તરત પકાળવા આવસે.

તું એમ ન સમજીસ કે હું પોલીસ વાત કરશ અને મારા સામે પોલીસ રાખીસ. પણ અમો પોલીસથી કોઇથી
બીતા નથી. મારી હાજરીમાં ઘણાં માણસો છે. મારા માણસો કુરબાન થાસે. પણ હું તને નહિ મેલું. એજ.

લી० **શાહબુદીન નીજામ** દા. **અલાઉદીન મરચંટ બંદર.**

માટે જલદી તારા છાપા છાપ.

ઇસમાલી નીચે પ્રમાણેઃ—

તમારી પાસે માફી માગું છે. તમારા ધરમનું વાંકુ નહિ બોલું. તમારા ધરમમાં આવવા ચાહું.

---

૧૮ ૧૯૨૮માં "કચ્છ સુદર્શન"ના તંત્રી શ્રી. નાનજી લાલજી પરમાર ઉપર મુંબઇમાં ધોળે દિવસે છરી વતી ખૂની હુમલો થયો. ૨ ગુન્હેગારોને ૭ અને ૫ વરસની સખત મજુરીની સજા પડી.

૧૯ ૧૯૨૯માં કરાંચીમાં શેઠ ફકીરમામદ નાનજી ઉપર કુહાડીઓ વડે ખૂની હુમલો થયો.

૨૦ ૧૯૨૯ આસપાસમાં નાઇરોબી (આફ્રિકા)માં કરાંચીના એક ખોજા જુવાન ઉપર છરી વતી હુમલો થયો.

૨૧ ૧૯૩૩માં રાજકોટમાં "ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર છરી વતી ખૂની હુમલો થયો.

# "ધર્મગુરૂની એ સત્તા તોડવી જોઇએ."

રાણપુરથી "સૌરાષ્ટ્ર"ના બીજા સ્વરૂપે પ્રસિદ્ધ થતું "રોશની" પોતાના ત્રીજા અંકની તંત્રનોંધમાં 'અમારા લ્યુથરો' એ મથાળા નીચે, નીચેના શબ્દોમાં આપણી સુધારક પ્રવૃત્તિને અપનાવે છેઃ–

"'સુધારકોનો રાહ' એ શિર્ષક નીચે આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ થતા લેખ તરફ અમે અમારા વાંચનારાઓનું લક્ષ ખેંચીએ છીએ. માર્ગભૂલ્યા અણસમજ ભર્યા, પરંતુ ધર્માન્ધતા અને ધર્મ-ઝનુનથી ઉભરાતા માણસોની લટકતી તલવાર નીચે તેમના સુધારણાના રાહની અસિધારા ઉપર નૃત્ય કરતા એ સુધારકોની અમે પ્રશંસા કરીએ છીએ. એમને અમે અમારા નવા લ્યુથરો કહીએ છીએ. કોઇ કોમી પ્રવૃત્તિના અમે ચાહનારા નથી. અમે તો એક હિંદી કોમનેજ ઓળખીએ છીએ. એટલે આગાખાની ખોજા કોમના આ સુધારકોના કાર્યના કોમી સ્વરૂપ સાથે અમને નિસ્બત નથી. પરંતુ માનવીને બાંધતી ધર્મની કે કોઇપણ પ્રકારની બેડીઓ તોડવામાં જે કોઇ કાર્ય સહાયક બનતું હોય તેની પ્રશંસા કર્યા વિના અમારાથી રહી શકાતું નથી. ના. આગાખાન તરફથી ધર્મને નામે ખોજા કોમ પાસેથી દર વર્ષે લાખો રૂપિયા મેળવવામાં આવે છે, અને એ રૂપિયાનો ના. આગાખાન તરફથી અંગત ઉપયોગ થાય છે, એ વસ્તુ કોઇ રીતે યોગ્ય નથી–જેમ બીજા કોઇ ધર્મગુરૂ તરફથી તેના અનુયાયીઓ પાસેથી લાખો રૂપિયા લેવાઇ તેમાંથી અંગત ભોગવિલાસ સેવાય તે યોગ્ય નથી તેમ. કોઇ પણ ધર્મગુરૂની એ સત્તા તોડવી જોઇએ. એ થશે ત્યારેજ આ દેશના અનેક કોમો અને ધર્મો અને ફીરકાઓમાં વહેંચાયેલા ધર્મપ્રિય મનાતા માનવીની ધર્માન્ધતા નાબુદ થશે, અને તેની બુદ્ધિ મુક્ત બની સાચું મનુષ્યત્વ પીછાનતી થશે."

## સ્વીકાર.

**"સીંધી જાગૃતિ"** (માસીક) પુ. ૧, અંક ૧. તંત્રી, **મોહમદ ગગુભાઇ સીંધી,** રાજકોટ.

પ્રગતિના જમાનાનો પવન સીંધી કોમના યુવાનોને પણ લાગતો જાય છે. કોમને આડે રસ્તે દોરનાર અણકેળવાયેલા પટેલોના હાથમાંથી કોમનો દોર યુવાનોના હાથમાં સોંપવો, કોમમાં અને ખાસ કરીને સ્ત્રીઓમાં કેળવણીનો પ્રચાર કરવો અને કોમની દરેક દિશાએ ઉન્નતિ કરવી–એ આ યુવાનોનો ધ્યેય છે. અમે તેમના આ પ્રયત્નને વધાવીએ છીએ. કોમવાદના સંકૂચિત વાડામાં નહિ પુરાઇ રહેતાં તેઓ પોતાના દરેક કાર્યને રાષ્ટ્રિય દ્રષ્ટિથી જોશે એવી અમે આશા રાખીએ છીએ. રાજકોટના ડૉ. મેરૂ અભરામ અને બીજા ગૃહસ્થોનો આ પત્રને સાથ છે.

## મી. ચુનારા સામેનો કેસ.

રાજકોટના શ્રી. કાનજી ગુલાભાઇએ મુંબઇથી પ્રગટ થતા "ઇસ્માઇલી"ના અધિપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર હિંદી ફોઝદારી કાયદાની કલમ ૫૦૦ મુજબ રાજકોટની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં માંડેલ બદનક્ષીની ફરીયાદની સુનાવણી ગઇ તા. ૨૦–૨૧–૨૨ માર્ચના રોજ નીકળી હતી.

## કચ્છમાં કમીટી.

ગઇ તા. ૧૯–૨–૩૪ના રોજ કચ્છમાં વસતા ખોજા ભાઇઓના 'જમાતી બંધારણ'ના નામે ના. આગાખાને એક કમીટીની નિમણુક કરી છે, અને કચ્છમાં 'કાયદારાજ'ની સ્થાપના કરી છે. એ કમીટીના મેમ્બરો પૈકી ૧૫ કચ્છના અને ૩ મુંબઇના છે. આ કાયદા અને આ કમીટીની નિમણુકનું ના. આગાખાનનું ફરમાન ગઇ તા. ૨–૩–૩૪ના રોજ નિગાર ખાતે મળનારી વાર્ષિક મીજલસમાં વાંચી સંભળાવવાનું હતું; પણ આજદીન સુધી આવી કોઇ મીજલસના સમાચાર પ્રગટ થયા નથી.

## હુમલા કેસ.

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર ખુની હુમલો કરનાર અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મામદે જામીન ઉપર છોડવા અરજ કરતાં આંહીની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટ બન્નેને એક એક હજાર રૂપીયાના જામીન ઉપર છોડયા છે. આ ઠરાવ સામે ફરીયાદ પક્ષે ઉપલી કોર્ટમાં અપીલ કરી હતી, પણ નીચલી કોર્ટનો ઠરાવ બહાલ રાખવામાં આવ્યો છે. હવે મુળ કેસ ચાલશે. તારીખ નક્કી થઇ નથી.

## વર્ષ પુરૂં થાય છે.

ગ્રાહકો નીચેની વિનંતિ ધ્યાનમાં લેશેઃ—

૧ "ખોજા જાગૃતિ"ના પહેલા વર્ષનો છેલ્લો અંક તા. ૨૪–૪–૩૪ના રોજ નીકળશે.

૨ તા. ૧–૫–૩૪થી બીજું વર્ષ ચાલુ થશે.

૩ જે ગ્રાહકોનું પહેલા વર્ષનું લવાજમ પુરૂં થતું હોય તેઓએ તા. ૨૪–૪–૩૪ સુધીમાં બીજા વર્ષનું લવાજમ અમને મનીઓર્ડરથી કે પોસ્ટ સ્ટેમ્પથી મોકલી આપવું, જેથી વી. પી. ખર્ચના ત્રણ આનાનો તેમને બચાવ થશે.

૪ ઉપર જણાવી મુદ્દત દરમ્યાન જે ગ્રાહકોનું લવાજમ નહિ મળ્યું હોય તેમને બીજા વર્ષનો પહેલો અંક વી. પી.થી મોકલવામાં આવશે.

૫ **જે ભાઇઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગતા ન હોય તેઓએ કૃપા કરી અમને તત્કાલ જણાવવું, જેથી વી.પી. કરવાની મહેનત અને ખર્ચમાંથી અમે બચી શકીએ.**

૬ પરદેશમાં વી. પી. થતું નહિ હોવાથી પરદેશના ગ્રાહકોનું લવાજમ આવ્યા પછીજ તેઓને અંક મોકલવામાં આવશે.

૭ પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વ્યવસ્થાપક, **"ખોજા જાગૃતિ."**

# સમર્થ સુધારક—કરસનદાસ મુળજી.

તાજેતરમાં મુંબઇ ખાતે સમર્થ સુધારક કરસનદાસ મુળજીની શતાબ્દિ ઉજવાણી. સ્વ. કરસનદાસને કોઇ હિંદુ સુધારક તરીકે ઓળખાવવા માગે તે ભલે તેમ કહે; પણ અમે તો તેમને ધર્મના નામ નીચે ચાલતા પાખંડનું ખંડન કરનાર ગુજરાતના પહેલા યોદ્ધા તરીકેજ ઓળખીએ છીએ. જેમ ક્રાન્તિના ઉપાસકોમાં નાત, જાત, ધર્મ કે દેશનો ભેદ નથી, તેમ સર્વ કાળે સર્વ સુધારકો એકજ છે–કશાએ ભેદભાવને તેમાં સ્થાન નથી.

આપણા ઘરના અંધાર ખૂણામાં આછો પણ વધારે કીંમતી પ્રકાશ રેલાવનાર એક ઘર દીવો આપણા ગુજરાતમાંજ થઇ ગયો છે. ગુજરાતી અખબારી આલમમાં જેને આપણે આપણા ગેરીસન તરીકે સગર્વ ઓળખાવી શકીએ એવો.—ગેરીસન જેટલોજ આગ્રહી ને ગેરીસન જેટલોજ અણનમ. કરસનદાસ મૂળજી એનું નામ. 'સત્યપ્રકાશ' નામના અખબારનો એ અધિપતિ. ગુજરાતમાં અખબારી સ્વાતંત્ર્યનો એ આદ્ય પૂજારી. ધાર્મિક દાસત્વ સામે એણે પહેલો પોકાર અને પડકાર કર્યો. ગુજરાતના આજના ધ્યેય-લક્ષી પત્રકારિત્વનો એ સ્થાપક.

કરસનદાસ મૂળજીનો જન્મ થયો ઇ. સ. ૧૮૩૨માં. એનું અવસાન થયું ઈ. સ. ૧૮૭૦માં. કેવળ આડત્રીસ વર્ષની વયમાં એણે જીવનની અનેક લીલીસૂકી જોઇ. એ ત્રણ વર્ષની બાળ ઉંમરમાંજ માતા પિતાથી વંચિત બની એક શ્રીમંત સગાના આશ્રિત તરીકે એને રહેવું પડયું. ત્યાં એનું બાળપણ વીત્યું. કુમાર અવસ્થા વીતી. કોલેજ જીવનનો પણ ત્યાંથીજ આરંભ થયો. એક ઘડીએ એ સગાને માહીતી મળી કે કરસનદાસ પુનર્લગ્નની હિમાયત કરે છે. થઇ રહ્યું. સગાએ એને ઘરનું બારણું બતાવ્યું. કરસનદાસે કયાંકથી શિષ્યવૃત્તિ મેળવીને અભ્યાસ પૂરો કર્યો ન કર્યો અને એણે 'સત્ય પ્રકાશ' નામના સાપ્તાહિકનું સંચાલન શરૂ કર્યું.

વૈષ્ણવ સંપ્રદાયના મહારાજો અનેક અનીતિઓ આચરી રહ્યા છે એ જ્યારે કરસનદાસે જોયું ત્યારે એનો અભય આત્મા અનીતિના એ અખાડાને જમીનદોસ્ત કરવાને તૈયાર થયો. એના સૌથી પહેલા લેખે ખૂબ ચકચાર જમાવી. 'સત્યપ્રકાશ'ને લલચાવવા, ડગાવવા અને ફોસલાવવાના અનેક પ્રયાસો નિષ્ફળ ગયા. એટલે મહારાજના પક્ષકારો—ધર્માન્ધતાના રખવાળોએ 'ચાબુક' નામના એક છાપામાં કરસનદાસને પેટ ભરીને ગાળો દેવરાવી. મહારાજોએ માન્યું કે કરસનદાસને ગાળો આપીને અપમાનીત કરવાથી, અને સુધારક શયતાન તરીકે ઓળખાવવાથી 'સત્ય પ્રકાશે' જગવેલો વંટોળ શમી જશે. પરંતુ મહારાજો એમના હરીફને બરાબર નહોતા ઓળખતા. કરસનદાસે 'ચાબુક' સામે બદનક્ષીનો દાવો નોંધાવ્યો. અને સનાતની સાધનોથી, ધર્માન્ધતાના વંટોળથી પ્રમાણિક અભિપ્રાયોની જાહેરાતને દાબી દેવાના 'મહારાજ લાઇ-બલ કેસ'ના જંગની આંહિથી શરૂઆત થઇ.

'ચાબુક' પત્રે પોતાના બચાવમાં મહારાજોને સાક્ષી તરિકે બોલાવવાના સમન્સ કઢાવ્યા. પરંતુ એ સમન્સની બજવણી થઇ શકી નહી. મહારાજોએ હવેલીના દરવાજા બંધ કરી દીધા. કોઇ અજાણ્યો માણસ હવેલીમાં ઘૂસી ન જાય એની તકેદારી રાખી, અને જેને હવેલીમાં દાખલ થવું હોય એમની પાસેથી એમણે લખત કરાવવા માંડયું. આ લખતમાં શરતો એ હતી કે સહી કરનારે સરકાર દરબારમાં મહારાજોને હાજરી આપવી ન પડે એ માટે તજવીજ કરવી. બીજી શરત એ હતી કે મહારાજો સામે જે કોઇ માણસ લખાણ કરે કે ટીકા કરે એને નાત તરફથી નાત બહાર મૂકવો. ત્રીજી શરત એ હતી કે કોઇએ મહારાજ સામે સમન્સ ન કઢાવવા. આ શરતોની નેમ પ્રગટ હતી. મહારાજો નાતનો ભય ઉભો કરીને કરસનદાસને દબાવી દેવા માગતા હતા. સનાતની પ્રબંધો દ્વારા એઓ ધર્માન્ધતાને નિભાવી રાખવા માગતા હતા. પરંતુ કરસનદાસે જરાયે નમ્યા વગર પોતાના અખબારમાં ટીકાઓ ચાલુ રાખી. આખરે જ્યારે કરસનદાસને ગભરાવવાના ઉપાયો નિષ્ફળ ગયા ત્યારે સુરતના યદુનાથજી મહારાજે કરસનદાસ ઉપર આબરૂનો પચાસ હજારની નુકશાનીનો દાવો નોંધાવ્યો.

આ દાવો નોંધાવ્યા પછી મહારાજોએ પોતાની સત્તા અને પોતાના અનુયાયીઓ ઉપરની પ્રભુતા ટકાવી રાખવાને ખાતર નાતના તંત્રનો એક વધુ ઉપયોગ કર્યો અને એમાંથી 'ભાટિયા કાવતરાં કેસ' નામે મશહૂર બનેલા મુકર્દમાનો ઉદ્ભવ થયો. ભાટિયાની નાત એકઠી થઇ. નાતે ઠરાવ કર્યો કે કોઇએ મહારાજ વિરૂદ્ધ અદાલતમાં જુબાની આપવી નહિ, જે કોઇ એવી જુબાની આપે એને નાત બહાર મૂકવો. આ નામે આગેવાન ભાટિયાઓ ઉપર 'કાવતરૂં' કરવાનો કરસનદાસે મુકર્દમો માંડયો. અદાલતે ન્યાયના રાહમાં દખલગીરી કરનારો આવો ઠરાવ કરવા માટે તમામ આરોપીઓને દોષિત માન્યા અને તમામને હજાર હજાર રૂપિયા દંડ ફરમાવ્યો. અદાલતના આ ચૂકાદાનો અર્થ એ હતો કે પ્રમાણિક વિચારભેદની જાહેરાત મટે કોઇ નાતથી કોઇને નાત-બહાર મૂકી શકાય નહિ.

'મહારાજ લાયબલ કેસ'માં ધર્મને નામે અનીતિ ભર્યા રિત-રિવાજો આચરવાનો કરસનદાસે મહારજો ઉપર કરેલો આક્ષેપ અદાલતે પૂરવાર થયો માન્યો. અદાલતે એમ ઠરાવ્યું કે આક્ષેપો સાચા છે. એટલે મહારાજની આબરૂ પચાસ હજારની નહિ પણ ફકત પાંચજ રૂપિયાની છે. યદુનાથ મહારાજને હાઇકોર્ટે રૂા. પાંચની નુકશાની અપાવી અને આખા મુકર્દમાનું ખર્ચ એમને માથે નાખ્યું. ચૂકાદામાં મુખ્ય ન્યાયાધીશે લખ્યું કે બચાવપક્ષ અને એમના સાક્ષીઓ એ સિદ્ધાન્ત રજુ કરે છે કે જે વસ્તુ નીતિ અને સદાચારના નિયમોથી વિરૂદ્ધ હોય તે ધર્મને નામે વાજબી હોય શકે નહિ. મુખ્ય ન્યાયાધીશે બચાવપક્ષનો આ સિદ્ધાંત પુરેપુરો સ્વીકાર્યો. કરસનદાસ અને એના બહાદર સાક્ષીઓ ને સાથીઓને એમણે અભિનંદન આપ્યું, ને કવિ નર્મદે ગાયું કેઃ 'જય જય થયો સુધારા તણો રે, ભાંગી કટકા થઇ વલ્લભ મતનારે !'

'મહારાજ લાયબલ કેસ' ખતમ થયો. ત્યાર પછી કરસનદાસનું જીવન ખાનગી વ્યવસાય ને સરકારી નોકરીમાંજ ગયું. એ બે વાર યુરોપ ગયા. ત્યાંથી પાછા આવ્યા ને રાજકોટ ને લીંબડી સંસ્થાનોના વહીવટદાર નીમાયા. લીંબડી સ્ટેટમાં નોકરી કરતાં એ ઈ. સ. ૧૮૭૦માં અવસાન પામ્યા. આ રીતે ગુજરાતના આ સમર્થ પત્રકાર અને સાહસિક અખબારનવેશની જીંદગીનો ભર યુવાનીમાં અંત આવ્યો. ગુજરાતી પત્રકાર આલમ કરસનદાસને અને એની ટુંકી, પરંતુ સ્વમાની, આગ્રહી અને સ્વાતંત્ર્ય ભકત અખબારનવેશ તરિકેની કારકિર્દિને ભૂલી નહિ શકે. દીવો નાનો હતો. તેલ પણ એમ થોડું હતું. પરંતુ જેટલું હતું તેટલાએ પણ ગુજરાતની પ્રગતિ-કૂચમાં એક તેજઃસ્થંભ રોપ્યો છે એ વાત કોઇથીયે નહિ ભૂલાય. [“ફુલછાબ”માંથી]

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**કલમ ૧૬૪.**

"કોઇ ઇસ્માઇલી મુરીદને નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાનાં હાજર ઇમામ તરફથી કોઇ મકાન વપરાશ માટે મળેલ હોય અગર મળે અગર કાંઇ માસિક અગર વાર્ષિક રોકડ એલાઉન્સ મદદ તરીકે મળતું હોય અગર મળે તો, તે જે વખતે બંધ કરવામાં આવે ત્યારે તે મકાન અગર તેવી બક્ષીસનો કાંઇ પણ હક ધરાવી શકે નહિ."

કાયદાની ચોપડીમાં મુકી શકાય તેવો આ કોઇ ધારો નથી, અને તેથી કોમના સામાજીક બંધારણમાં તેને સ્થાન આપી શકાય નહિ. આમ છતાં ના. આગાખાનના માલેકી-હકને વધુ મજબુત બનાવવા એ આંહી મુકવામાં આવ્યો લાગે છે.

**કલમ ૧૬૫.**

"સરકાર સાહેબી એસ્ટેટ જેવા કે જમાતખાના, દરગાહ, કબ્રસ્થાન અને ધાર્મિક ક્રિયાઓ માટે ઉપયોગમાં લેવાતાં સ્થળોને લગતા દસ્તાવેજો નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામના નામ ઉપર રહેશે. એવા દસ્તાવેજો તેમજ બીજા દસ્તાવેજો જેવા કે નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ તરફથી મળેલ "તાલિકાઓ" સુપ્રીમ કાઉન્સીલની ઓફીસમાં સરકાર સાહેબી તેજુરીમાં રાખવામાં આવશે."

જમાતખાનાં, દરગાહ, કબ્રસ્થાન, વિગેરે મિલ્કતની માલેકી ના. આગાખાનની નહિ પણ જમાતનીજ છે. કોમના ઉપયોગ માટે ઉભી કરવામાં આવેલી મિલ્કતના દસ્તાવેજો ના. આગાખાનના નામ ઉપર રાખવાની કશી જરૂર નથી, અને એવા માલેકી-હકનો દાવો કરવાનો નામદારને અધિકાર પણ નથી. કોમના હિત માટે ના. આગાખાનનો માલેકી-હક આ કલમમાંથી ઉડાડી દઇ તેની જગ્યાએ ખોજા કોમના હકની સ્થાપના કરવી જોઇએ.

મિલ્કતની માલેકીના હકની વાત બાજુએ રાખીએ તો પણ, ના. આગાખાનના હાથમાં આટલી વિશાળ સત્તા સોંપવામાં એ સત્તાનો ઉપયોગ આપણીજ સામે થવાનો પુરો સંભવ રહે છે. આ કાયદાની કલમો એટલી સ્પષ્ટ છે કે સામાન્ય માણસ પણ એ સહેજે સમજી શકે તેમ છે કે આ બધી રચના આપણને નામદારની દયા ઉપર છોડી દીધા જેવી સ્થિતિ પેદા કરવા માટેજ કરવામાં આવી છે. આપણી કોમના માણસોના મૈયતને કબ્રસ્થાનમાં દફન થવાં દેવાં કે નહિ એ પણ ના. આગાખાનની ઇચ્છા ઉપર આથી છોડવામાં આવે છે અને આજદીન સુધીમાં નામદારના હિત માટે જે તીવ્ર સામાજિક બહિષ્કાર અને કનડગતની યોજનાઓ કરવામાં આવી છે તેમાં આનો પણ ઘણી વખત ઉપયોગ કરવામાં આવ્યો છે. આપણા માટે આ કલમ શ્રાપ સમાન થઇ પડી છે અને એ દરજ્જે પણ એને એકજ ઝટકે રદ કરવી જોઇએ.

**કલમ ૧૬૬.**

"આપણા ઇસ્માઇલી ધાર્મિક રિવાજ મુજબ દીકરીના પૈસા લેવા અગર આપવા અગર કોઇ શખ્સને તેવા પાપી કાર્યમાં મદદ કરવી એ એક અઘોર પાપ છે. એવું કૃત્ય કદી પણ કરવું નહિ. જો કોઇ માણસ તેવું કૃત્ય કરશે તો કાઉન્સીલને તે તેણી તકસીરવાન માલુમ પડતાં તેને તેણીને નાત બ્હાર સુધીની શિક્ષા ફરમાવશે."

આ કલમ સામે ખાસ કહેવાપણું નથી.

**કલમ ૧૬૭.**

"લોકલ કાઉન્સીલે આપેલા ઠરાવ સામે સુપ્રીમ કાઉન્સીલમાં અપીલ દાખલ થયેલી હોય તો અપીલવાળા કેસને લગતા તમામ જરૂરી કાગળો, દસ્તાવેજો, વિગેરે લોકલ કાઉન્સીલ પાસેથી મંગાવવા સુપ્રીમ કાઉન્સીલને અધિકાર છે."

આ કલમ વિરૂદ્ધ કાંઇ કહેવાપણું નથી.

**કલમ ૧૬૮.**

"કાઉન્સીલે કોઇ શખ્સને શિક્ષા ફરમાવી હોય અગર તેના પાસેથી ડીપોઝીટ (અનામત રકમ) માંગવામાં આવેલ હોય તેના માટે કાઉન્સીલનો કોઇ મેમ્બર હામી પડી શકશે નહિ."

આ મુદ્દો ચર્ચાસ્પદ છે. કોઇ માણસ કાઉન્સીલનો મેમ્બર થાય એટલે તેણે પોતાના વ્યકિત તરીકેના અધિકારો જતા કરવા? કાઉન્સીલના મેમ્બર તરીકે કોઇ આવું કાર્ય ન કરી શકે તે સમજી શકાય તેવું છે; પણ વ્યકિતના અંગત અધિકારો ઉપર કાપ મુકી શકાય નહિ.

**કલમ ૧૬૯.**

"પરગણા કામડીઆએ દરેક મહીને પોતે કરેલ કામકાજનો સંપૂર્ણ અહેવાલ દર્શાવનારી માસિક ડાયરીની નકલ સુપ્રીમ કાઉન્સીલને મોકલવી."

જ્યાંસુધી પરગણા કામડીઆ કોમને જવાબદાર ન હોય ત્યાં સુધી આવી ડાયરી તે કાઉન્સીલને કે બીજા ગમે તેને મોકલાવે તેમાં કોમને કશો રસ લેવાનું કારણ નથી.

**કલમ ૧૭૦.**

"પરગણા કામડીયાને સુપ્રીમ કાઉન્સીલ સરકાર સાહેબી કામ માટે જ્યાં જ્યાં જવા ફરમાવે ત્યાં ત્યાં જવા માટે તે બંધાયેલા ગણાશે."

ઉપર મુજબ.

**કલમ ૧૭૧.**

"કાયદાની આ ચોપડીના પ્રકરણ પહેલાની કલમ ૨માં જણાવેલ જુદા જુદા સ્થળોના તમામ જમાતખાનામાં હઝરત મૌલાના હાઝર ઇમામનાં વખતો વખતનાં ફરમાનો તથા પીર સદ્રદીનના જ્ઞાન તથા પીર હસન કબીરૂદીન વિગેરેનાં જ્ઞાન હંમેશાં પડવાં અને હંમેશાં ત્રણ વખત દુવા પડવી."

કોમના સામાજિક બંધારણમાં ધાર્મિક ચર્ચાને ઉમેરી શકાય નહિ, એ દરજ્જે આ કલમ રદ થવી જોઇએ. ધર્મ અને સમાજ એ બે જુદીજ સંસ્થાઓ છે અને એક સમાજમાં રહેનાર માથે કોઇ એક ધર્મ બળજબરીથી બેસારી દઇ શકાય નહિ.

**કલમ ૧૭૨.**

"કાઉન્સીલના ધારાધોરણ મુજબ કોઈ શખ્સને કોઇ ગંભીર ગુન્હા બદલ નાત બહાર મુકવામાં આવેલ હોય તો તેવા ગુન્હાની માફી આપવા બદલ કાંઇ સરકાર સાહેબી ગુનેગારી લેવાની હોય તો તે રકમ કાંઇ પણ સંજોગે વધુમાં વધુ ફકત રૂા. ૧૦૦ (એક સો)ની રકમથી વધારે હોવી જોઇએ નહિ."

આ કલમ સામે કાંઇ ખાસ કહેવા જેવું નથી.

આ અઠવાડિક રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

છેલ્લી સલામ!

છુટક નકલ ત્રણ પૈસા.

Regd. No. B. 3114

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી.

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૪૭ : અપ્રીલ ૩ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના ચૈત્ર વદ ૪ મંગળવાર.

મુદ્રણસ્થાન :
જાગૃત મુદ્રણાલય.

# 'સંઘર્યો સાપ'.

"ગરીબ લોકો પોતાના ઘરમાંથી નકામું રાચરચીલું ફેંકી દેવાની જેમ હિંમત નથી કરતા અને એને લીધે અનેક જાતની અગવડો વેઠે છે, તેમ ધર્મમાં રૂઢીઓ અને વહેમોનું છે. બીકણ અને લાલચુ લોકો દાંડ કે જબરદસ્ત માણુસ આગળ જેમ વર્તે તેમજ પ્રાકૃત માણુસ દેવદેવીઓ ને ધાર્મિક રિવાજો વિષે વર્તે છે. કશું તોડવાના કે કાઢી નાખવાની હિંમત થાયજ નહિ.

કાંઇ કરતાં કાંઇક થઇ જાય એ આંધળી બીક દરેકના મનમાં. એટલે જૂનું તો બધું રહેવાનું અને એમાં જો કોઇને બીક ને લાલચ ઉપરજ રચાયેલું કોઇ નવું તૂત ઉમેરવાનું સુઝે તો એની સામે થવાની પણ સમાજમાં હિંમત નહિ. 'સંઘર્યો સાપ પણ કામનો' એમ કહીને દરેક વસ્તુને આવકાર આપ્યેજ છુટકો.

......જેમ દેવતા ઉપરની રાખ ખંખેરવાની જરૂર હોય છે અથવા ઘરમાંથી નકામું રાચરચીલું અને 'લંબર' કાઢી નાખવાની જરૂર હોય છે તેમજ ધર્મવૃક્ષને પણ વખતો વખત ખંખેરવાની જરૂર હોય છે. આપણા સંઘરેલા સાપમાંથી કેટલાક જીવતા અને ઝેરીલા છે અને કેટલાક કહોવાઇને મરકી ફેલાવે છે."

—કાકા કાલેલકર.

## આજના અંકની સામગ્રી.

છેલ્લી સલામ!
દરવાજા બંધ.
સ્વમાન અને સ્ત્રી.
હસન બીન સબ્બાહ—એ ઐતિસીહાક ખૂની.
સપ્તાહનો સાર.
જુનાગઢમાં જોહુકમી.
વેપાર સમાચાર.
કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક?

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**


# ખોજા જાગૃતિ

મંગળવાર: તા. ૩-૪-૩૪.


## છેલ્લી સલામ!

ખોજા કોમ પાસેથી ત્રણ માસમાં ઢસડી શકાય તેટલું ધન ઢસડી, મનસ્વીપણે કારભાર ચલાવતા દેશી રાજાઓના ત્રણ માસમાં ગાઇ શકાય તેટલાં ગુણગાન ગાઇ, શ્વેત પત્ર સમા પ્રત્યાઘાતી બંધારણની ત્રણ માસમાં થઇ શકે તેટલી વકીલાત કરી અને ત્રણ માસમાં માણી શકાય તેટલી સરકારી દરબારી મહેફીલ માણી હીઝ હાયનેસ રાઇટ ઓનરેબલ નામદાર આગાખાન સાહેબ જેવા ભપકાદાર નામવાળી વ્યકિત પોતાના કાયમના રહેઠાણ યુરોપ જવા હિંદનો કિનારો છોડી ઇજીપ્ત તરફ રવાના થઇ ગઇ છે. ના. આગાખાનને કોલંબોથી લઇ સ્ટીમર "ગ્લોસેસ્ટરશાયર" ઇજીપ્ત તરફ ઉપડી ગઇ છે. હિંદુસ્તાનની ગરમીથી હાય પોકારતા ના. આગાખાન ઇંગ્લેન્ડ ફ્રાન્સના શીતળ પ્રદેશની સહેલગાહે રવાના થયા છે.

રાજકીય દ્રષ્ટીએ જોઇએ તો ના. આગાખાનનો પ્રવાસ નિષ્ફળ ગયો છે. તેઓ આવ્યા હતા હિંદુસ્તાન પાસે શ્વેત પત્રનો સ્વીકાર કરાવવા; પણ કોઇએ તેમને દાદ આપી નહિ. તેઓની ઇચ્છા હતી મુસ્લીમોના આગેવાન બની મ્હાલવાની; પણ મુસલમાનોએ તેમને સાંભળ્યા નહિ. ગોળમેજી પરિષદ અને સંયુકત સમિતિમાં પોતે હિંદની બજાવેલી મહાન સેવાઓનો ઉલ્લેખ કરવાની એક પણ તક તેમણે જતી કરી નહિ, છતાં કોઇને તેમાં રસ પડયો નહિ. આમ આ પ્રવાસમાં તેમણે કશુંજ મેળવ્યું નહિ, કદાચ થોડું ગુમાવ્યું.

પણ આર્થિક દ્રષ્ટિએ જોતાં નામદારને બહુ મોટો લાભ થયો છે. ખોજા કોમને અને રાજકારણને સંબંધ નથી; અથવા છે તો નામદારે સ્થાપેલી કાઉન્સીલના કાયદા મુજબ રાજસત્તા તરફ ભકિતભાવ પ્રદર્શીત કરવામાં અને 'રાજ્યકર્તાના સુખે સુખી અને દુઃખે દુઃખી' થવામાં સમાપ્તી પામે છે. એટલે રાજકીય ક્ષેત્રમાં નામદારને નિષ્ફળતા મળે તેથી કરીને ભાવિક ભકતો તરફની પેદાશ થોડી ઓછી થઇ જાય? તેમાંએ આ વખતે તો પાંચ પાંચ વરસના વિયોગ પછી દર્શનપીપાસુઓને દીદારનો લાભ મળ્યો. એટલે અંધભકિતના પુરમાં ઘણાંની માયા મુડી ઉપડી જાય એ સમજાય તેવું છે. કોઇની ગણતરી પાંચ તો કોઇની પંદર તો કોઇના માનવા મુજબ પચીશ લાખ રૂપીઆ નામદાર તેમના આ પ્રવાસમાં પોતાના મુરીદો પાસેથી ઉપાડી ગયા. એ રકમનો આંકડો ગમે તે હો, પણ એટલું તો ચોકસ છે કે આજની કારમી આર્થિક અવદશાના વખતમાં ખોજા કોમને નામદાર આગાખાનની આ મુલાકાત બહુ ભારે પડી જશે.

છેટેથી દુઆ આશીશોનો વરસાદ વરસાવતો ના. આગાખાને હિંદ આવી પોતાનાં 'વ્હાલાં રૂહાની બચ્ચાં' માટે શું કર્યું? યુરોપમાં જેની તેમને રાત દિવસ ચિંતા થતી હતી એ પોતાના મુરીદો માટે તેમણે હિંદમાં આવી શું વ્યવસ્થા કરી? કેટલા બેકાર ફંડ ખોલ્યાં? કેટલા હુન્નર ઉદ્યોગો સ્થાપવા તેમણે મહેનત કરી? કેળવણીને આગળ વધારવા કેટલી શિષ્યવૃત્તિઓ ઉભી કરી? આ સર્વનો એકજ જવાબ છે, અને તે 'કંઇ નહિ.' ના. આગાખાને હિંદ આવ્યા પછી પોતાને જેના વડા લેખાવે છે તેમને રોજી, રોટી કે કેળવણી આપવા કશુંજ કર્યું નથી. કોમના બેકાર માણસોને મદદ કરવા તેઓ સહેજે લાખ બે લાખ ખર્ચી શકત. હુન્નર ઉદ્યોગો સ્થાપવા તેઓ સારી એવી રકમ આપી શકત. પરદેશોમાં જઇ ઉંચી કેળવણી લેવા માટે તેઓ ખુશીથી પચીશ પચાસ હજાર જુદા કાઢી શકત.

ના. આગાખાને એક વાત કહી છે અને તે જ્યાં વેપાર રોજગાર સારા ન હોય એ પ્રાંત છોડી બીજા પ્રાંતમાં જવાની. અત્યારે હિંદુસ્તાનના તો ચારે ખુણા સરખા છે. એક પ્રાંતની મંદી બીજા પ્રાંતને ન અડી હોય તેવું નથી. છતાં આ ફેરબદલી ફાયદાકારક હોય એમ માની લઇએ તો પણ ના. આગાખાને આટલી સૂચના કરવાથી આગળ વધી કોમને સક્રીય મદદ શું કરી? નક્કર જમીન ઉપર ઉભેલો માણસ પાણીના પૂરમાં તણાતા માણસ તરફ પગ પહોળા કરી 'એસા રખો" કહે તેનો કંઇજ અર્થ નથી. ના. આગાખાને આવી ફેરબદલી કરનારાએને આર્થિક સહાય આપવાનું કેમ ન સ્વીકાર્યું? જો તેઓ માટે તેમને ખરી લાગણી હતી, તેઓની ગરીબી અને કફોડી હાલત તેમનું હ્રદય વીદારતી હતી તો તેઓએ સારામાં સારી રકમ આમ પ્રાંત બદલનારાઓને મદદ તરીકે આપવી જોઇતી હતી.

ના. આગાખાનને નાણાંની ભૂખ નથી. તેઓ ધારે તો ખોજા કોમને સોનાના શિખર ઉપર બેસારી શકે. પણ નામદારની એવી કોઇ ધારણા નથી, તેમનો એવો કોઇ ઉદ્દેશ નથી. ખોજા કોમને સોનાના શિખર ઉપર બેસારવા કરતાં તેઓ એ કોમના સોનાના શિખર ઉપર જાતે બેસવા માગે છે. તેમને ખોજા કોમના હિતની કશીજ પડી નથી. તેઓ પોતાનું ધન-ચૂસણ જરા પણ મોળું પડવા દેવા માગતા નથી; અને તેથીજ એ આજે કોમને જુદા જુદા રસ્તા બતાવી રહ્યા છે.

આમ કયાં સુધી ચાલશે? હજી કેટલો વખત ખોજા કોમને આ ચક્રો નીચે આમ ચગદાતા કચડાતા રહેવું પડશે?

આપણે આશા રાખીએ. કાળ પોતાનું કામ કરી રહ્યો છે. આપણે ઇચ્છીએ કે ના. આગાખાનની આ મુલાકાત છેલ્લી હો! અમારી તેમને છેલ્લી સલામ છે!

# દરવાજા બંધ.

આને તે શું કહેવું? કોમનું એ શું ભલું કરે છે કે એને કોમી વર્તમાનપત્રો કહેવાં? પત્રકારને શોભે એવું કયાં એનું વર્તન છે કે એને વર્તમાનપત્રો કહેવાં? ખરેખર આજે કોમી વર્તમાનપત્રોના નામથી ઓળખાતાં આપણાં છાપાં એ માત્ર ધાર્મિક અંધશ્રદ્ધા અને ગુલામગીરીને પોષનારા સાંપ્રદાયિક વાજીંત્રોજ છે. કાં તો ધર્મના સોદાગરો તેઓનો પોતાના સબળ સાધન તરીકે ઉપયોગ કરે છે અથવા તો તેઓ પોતાનો તેવો ઉપયોગ જાણી બુઝીને ઇરાદાપૂર્વક થવા દયે છે.

ના. આગાખાનનું હિત એ કોમનું હિત નથી, અને કોમના હિતમાં ના. આગાખાનનું હિત નથી. શોષક અને શોષિતનાં હિત કદી એક હોય શકે નહિ. અત્યારે કોમી છાપાંઓ ના. આગાખાનના હિતનેજ અગ્રપદે મુકે છે. ના. આગાખાનનું હિત સંભાળવું એ એમનું ધ્યેય છે. ના. આગાખાનના કોઇ પણ કાર્યને ગુણદોષ જોયા વગર વધાવી લેવું અને એમનાં ગુણગાન ગાવાં એ એમનું પ્રથમ કર્તવ્ય છે. એક મ્યાનમાં બે તલવાર સમાઇ શકે નહિ. ના. આગાખાનના હિતની રક્ષા કરનારને હાથે કોમના હિતનું રક્ષણ કદી પણ થઇ શકે નહિ; એ અશકય છે, અમલમાં ન મુકી શકાય તેવું છે.

અને ના. આગાખાનના હિતનું રક્ષણ કરવા આજે તેઓ આંધળુકીયાં કરી રહ્યાં છે. ચોકખી પરિસ્થિતિ, નક્કર સત્યો અને સીધી વાતો એ બધાની આજે અવગણના થઇ રહી છે. આંખ કાન, ભેજું–સમજદારીના એ બધા દરવાજા આજે તેમણે બંધ કર્યા છે. આજે તેઓ એકજ કામ કરી રહ્યા છે–ના. આગાખાનનાં યશોગાનનું જોરશોરથી બ્યુગલ ફુંકવાનું

આ વસ્તુ સ્પષ્ટ છે. એ સાબીત કરવા કોઇ પુરાવા જોઇતા નથી. છતાં થોડાક દાખલાઓ લઇએ.

(૧) "ઇસ્માઇલી આફતાબ" કે જે 'ઇમામને રાજી કરવા માટે' હસ્તી ધરાવે છે એવો એકરાર તેણે આ પહેલાં કરી વાળ્યો છે તે તેના ૨૮–૨–૩૪ના અંકમાં બીહારના ધરતીકંપ વિષે આપણને બહુ જાણવાજોગ માહીતી આપે છે. 'ગોંડીયો ગુજરાતી'ના કોલમમાં એમ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે બીહારમાં ધરતીકંપ થવાનો હતો તે ના. આગાખાન જાણતા હતા, અને તેથીજ મુસ્લીમ અગ્રેસરોની સભા પટણા ખાતે ભરવાની તેમણે ના પાડી હતી. અજ્ઞાન ભોળા ભાવિકો ના. આગાખાન સાક્ષાત ઇશ્વરનો અવતાર છે એ ભ્રમને વધુ જોરથી વળગી રહે એ હેતુથીજ નામદારને આવા ભવિષ્યવેત્તા ચીતરવામાં આવ્યા છે. 'આફતાબ'ની દ્રષ્ટિએ તો ના. આગાખાન આવો ધરતીકંપ થવાનો જાણતા હોવા છતાં તેમણે એનાથી કોઇને ચેતાવ્યા નહિ અને સેંકડો હજારો જાનોની ખુવારી થવા દીધી અને લાખો કરોડોની મિલ્કત ફના થવા દીધી એ માટે બીહારના બહુ મોટા ગુન્હેગાર ઠરે છે.

(૨) 'જાગૃતિ'ના ૪૫માં અંકમાં પ્રગટ થયેલા સમાચાર મુજબ ના. આગાખાને કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલની મુદત અધુરી હોવા છતાં ચાલુ મેમ્બરોને રૂખસત આપી અને નવી નિમણુક કરી. ૧૯૩૧ના ડીસેમ્બરમાં ના. આગાખાને સુપ્રીમ કાઉન્સીલની નિમણુક કરી હતી એ વાત નિર્વીવાદ છે; અને સુપ્રીમ કાઉન્સીલની મુદત તેનાજ કાયદા પ્રમાણે ચાર વરસની છે એ સામે પણ કોઇથી વાંધો ઉઠાવી શકાય તેમ નથી. છતાં "ઇસ્માઇલી"-ના તા. ૩૧–૧૨–૩૩ના અંકમાં લખવામાં આવે છે કે "કાઠીયાવાડ સુપ્રીમ કાઉન્સીલની મુલાકાત દરમ્યાન મૌલાના હાજર ઇમામની આજ્ઞા અનુસાર મેજર અલીમહમદ મકલાઇ જે. પી. પણ હાજર રહ્યા હતા. મજકુર કાઉન્સીલની મુદત પુરી થવાથી નવી ચુંટણીના સંબંધમાં કેટલાક અગત્યના ખુલાસા થયા હતા." આમાં દરવાજા બંધ નથી કરવામાં આવતા તો શું છે?

(૩) ગઇ સાલ ના. આગાખાનની સાલગ્રેહ જે દિવસે ઉજવવામાં આવી હતી તેથી જુદા દિવસે આ સાલ ઉજવવામાં આવી, અને સાથેસાથે ના. આગાખાનના બે પુત્રોના જન્મ દિવસ પણ ઉજવાયા. આ પ્રસંગને સંયુક્ત સાલગ્રેહનું નામ આપવામાં આવ્યું. હકીકતે ના. આગાખાનનો કે તેમના બેમાંથી એક પણ પુત્રનો જન્મ દિવસ એ દિવસે ન્હોતો. ભાવિક ભકતો કેટલી હદ સુધી પોતાનો પડ્યો બોલ વગર વિચાર્યે ઝીલે છે એ તપાસવા પુરતીજ ના. આગાખાનની આ યુકતી હતી. છતાં આ વસ્તુસ્થિતિની સંપૂર્ણ અવગણના કરી "ઇસ્માઇલી" એ પોતાનું વાજું વગાડયું કે "ધન્ય ઘડી છે આજ, અહો ઇસ્માઇલીઓ!"

(૪) પોતાને કશો હકક નહિ હોવા છતાં ના. આગાખાને મુંબઇની જમાતના મુખી કામડીયાની અને બીજી કેટલીક નવી નીમણુકો કરી. પોતાનો વહીવટ ચલાવનારાઓને પોતે ચુંટવાનો કોમને જન્મસિધ્ધ હકક છે એ સ્થાપિત સિધ્ધાંતની જરાએ પરવા કર્યા વિના ના. આગાખાને ભરેલા આ પગલાંને "ઇસ્માઇલી"એ અપનાવી લીધું; એટલુંજ નહિ પણ એ નવી નિમણુકોથી 'કોમમાં ઘણો આનંદ વ્યાપ્યાની સાથે સાથે સંતોષ પણ ઉપજ્યો છે.' એવી તાત્કાલિક જાહેરાત પણ કરી દીધી. ના. આગાખાને કર્યું એટલે સારૂં!

(૫) ના. આગાખાને કચ્છમાં પોતાનો પગદંડો વધુ મજબુત બનાવવા એક કમિટી નીમી અને કાયદા ઘડયા. પાંચમે દિવસે "ઇસ્માઇલી"એ જાહેર કર્યું કે "એ મહાન નવાજેશની કદર જે જણ જાણે છે તેના માટે તો આ દિન એક ઇદથી પણ અધિક અને આલા છે." કચ્છની જમાતે પાળવાના એ કાયદા કાનુન જમાતના હિતનું રક્ષણ કરે એવા છે કે ભક્ષણ એ જોવા શા માટે થોભવું જોઇએ?

## ના. આગાખાનની રવાનગી.

ના. આગાખાન કલકત્તાથી રંગુન અને ત્યાંથી કોલંબો (સીલોન) ગયા હતા તે ગઈ તા. ૨૦–૩–૩૪ ના રોજ ઇજીપ્ત તરફ રવાના થયા છે, જ્યાં ત્રણેક અઠવાડીયાં તેઓ રોકાઈ ઈંગ્લેન્ડ જશે તેવા ખબર બહાર આવ્યા છે.

**સસ્તું અને સારૂં વાંચન**

વાંચવું હોય તો બે રૂપીઆ

મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

# સ્વમાન અને સ્ત્રી.

નવાં શીવડાવેલાં સુશોભિત કપડાંથી સજ્જ થયેલો અનવર શણગારેલા ઘોડા ઉપર ચડયો અને કોઇએ આવી તેના માથા સાથે ફુલનો ઘુંઘટ પટ બાંધ્યો અને હાથમાં એક નાળીએર આપ્યું.

અનવર એકવીશેક વર્ષનો નવયુવાન છે. હજી બે માસ પહેલાંજ તેણે મેટ્રીકની પરિક્ષા પાસ કરી છે. આગળ વધતા જમાનાનો પવન તેના ઉપર સારી રીતે અસર કરી શકયો છે. તે યુવાન છે, જુનવાણી સ્વરૂપનો તે નાશ ઇચ્છનારો છે. 'ચહેરો' ચડાવવામાં તે માનતો નથી. બેન્ડ, વાજાં, વરઘોડો, વિગેરે ખોટા ડોળ દમામમાં તેને શ્રદ્ધા નથી. પીઠી ચોળવી તેને મન એક ઉપાધી સમાન હતી. તે ભણતો હતો ત્યારે સ્ત્રી કેળવણી અને સામાજિક સુધારાની જરૂરત વિષે અઠવાડિકો અને માસિકોમાં તેણે ઘણા લેખ લખ્યા હતા અને બીજાઓના એવા કેટલાય લેખ તેણે વાંચી હ્રદયમાં ઉતાર્યા હતા. સામાજિક સુધારાના અનેક સ્વપ્નાં પણ તે સેવતો હતો. પણ જ્યારે જ્યારે રૂઢીપૂજકોનું બળ અત્યંત વધી જતું ત્યારે ત્યારે તે લાચાર બની જતો. આજે ઘોડો, બેન્ડ, ચહેરો-એ બધું તેને લાચારીથી કબુલ કરવું પડયું હતું.

× × × × ×

અનવરનું સગપણ કરવા તેના વડિલો જ્યારે તેને કહેતા ત્યારે તે નાજ કહી દેતો. અત્યારના લાકડે માંકડુ વળગાડેલા દંપતિનું જીવન તેને જીવવા જેવું ન્હોતું લાગતું. અભણ, જુના વિચારની રૂઢીપૂજક સ્ત્રી સાથે લગ્ન કરી જીવન વેડફી નાખવા તે ન્હોતો માગતો. તેને તો સારી કેળવાયેલી, એક પણ જુની રૂઢીને પસંદ નહિ કરનારી એવી સ્ત્રી સાથે પોતાની જાતે જીવન જોડવાની ઉમેદ હતી. વડિલો તેની ઇચ્છાઓ કદી પરીપૂર્ણ નહિ કરે એવી તેને ખાત્રી હતી, એટલે તે ચોકખી નાજ સુણાવી દેતો.

આમ છતાં તેના વડિલોએ અનવર માટે કન્યા ગોતવાનું ચાલુજ રાખ્યું હતું. એક પછી એક કન્યાનાં નામ તેને સૂચવવામાં અવતાં, પણ તે બધાનો જવાબ તે નકારમાંજ આપતો. તો પણ છેવટે એક કન્યાને જાતે જોઇ સગપણ કરવા તે કબુલ થયો.

× × × × ×

આગળ બેન્ડ, ભપકાદાર ફુલવાડી અને ફીટસન લાઇટ; પાછળ હીરજીભાઇની કુમકુમ પત્રિકાને માન આપી આવેલા મોટી મોટી પાઘડી અને મુછોવાળા આગેવાનો; તેની પાછળ તેના ટુંકા પુંછડા જેવા થોડા યુવાનો; તે પછી ઘોડા ઉપર સ્વાર થયેલો અનવર; અને બધાની પાછળ લગ્નની જાહેરાત કરી જોરશોરથી ગીતો ગાતી હર્ષઘેલી સ્ત્રીઓની ગાડીઓ. આમ વરઘોડો આગળ ધપ્યે જતો હતો.

× × × × ×

"લ્યો, કરો સહી" એક બાજુ નિકાહની તૈયારી થઇ અને બીજી તરફ ગામના મુખીએ કાઉન્સીલનું શાદીના એગ્રીમેન્ટનું ફોર્મ વરરાજા સામે ધર્યું.

પણ આ વરરાજો બીજાથી જરા જુદો હતો. તેણે આંખો મીંચીને સહી ન કરી. તેણે તો ફોર્મ વાંચવા માંડયું. જુના રૂઢીપૂજકોને અનવરનું આ વાંચન ગમ્યું નહિ અને અંદરોઅંદર તેઓ ટીકા કરે છે ત્યાં અનવરનો અવાજ આવ્યો:

"આમાં જે કલમો લખી છે તે મને બતાવો, પછી હું સહી કરૂં." ધીરો એવો અવાજ ચહેરાની સોંસરો નીકળ્યો અને સભાજનોએ ઝીલ્યો.

સૌની નજર અનવર ભણી ગઇ. બધા તેને તાકીને જોઇ રહ્યા. આવી માગણી અત્યાર સુધીમાં કોઈએ કરી ન્હોતી, છતાં અનવર શા માટે કરતો હતો તેની કોઇને સુઝ પડી નહિ. બધાને એમ લાગ્યું કે અનવરે ચુપચાપ સહી કરી દેવી જોઈતી હતી.

"આંહી આવો રીવાજ નથી. તમારે એમ ને એમ સહી કરી દેવી જોઇએ. આમ ન હોય. આમાં તો તમે પવિત્ર કાયદાનું અપમાન કરો છો." ધીમે ધીમે ડોક હલાવતા, ધીમો એવો રોફ છાંટતા કાઉન્સીલના કલાર્ક સમા મુખી ખેસનો છેડો ખભા ઉપર નાખતાં બોલ્યા.

અનવરને મુખીના શબ્દોમાં પોતાનું અપમાન અને અવગણના થતાં લગ્યાં. આમ છતાં તે વિવેક જાળવી બોલ્યો; "કદાચ હું તમારા પવિત્ર કાયદાનું અપમાન કરતો હઈશ, પણ જે કાયદા હું જાણતો નથી તેનાથી હું જીંદગી પર્યંત કેમ બંધાઈ શકું? હું આપની પાસે માગણી કરૂં છું કે મહેરબાની કરીને એ કાયદો મને બતાવો."

અનવરના આ ધીરા અને સભ્ય મીઠા શબ્દોની કાંઈક અસર આ પટેલો ઉપર થઈ અને કાયદો મંગાવ્યો.

ફોર્મમાં લખેલ કલમ ૧૧૯ તેણે વાંચી. વાંચી રહ્યો કે તેણે ઉંડો નિઃસાસો નાખ્યો. તેને તમ્મર આવવા લગ્યાં. ઘડીક તો પોતે કયાં છે તેનું પણ તેને ભાન રહ્યું નાહિ. કાયદાની ચોપડી એમ ને એમ હાથમાં પડી રહી. ઘણી વાર સુધી તે કાંઈ બોલ્યો નહિ. સૌ તેના તરફ જોઈ રહ્યા હતા, અને હમણાં અનવર સહી કરી દેવાની હા પાડશે એમ માની રહ્યા હતા.

અનવર યુવાન હતો. કોઇની પણ ગુલામી સહન કરવા તે તૈયાર ન્હોતો. તે ભણતો ત્યારે સત્યાગ્રહની લડતમાં ભાગ લેતો. પીકેટીંગ કરવા જતો અને ભાનભૂલ્યા કાપડીઆઓના રોષનો ભોગ થતો. નેતાઓની ધરપકડ વખતે શાળામાં તે હડતાળ પડાવતો ને અમલદારોનો દંડ સહન કરતો. વલ્લભભાઈનાં ભાષણો તેણે વાંચ્યા હતાં અને વીઠલભાઈની રણગર્જનાઓએ તેનામાં પ્રેરણા પુરી હતી. સ્વાધીનતાની ખાતર જેલ અને લાઠીનો ભોગ થઈ પડતા યુવક યુવતિને તેણે જોયા હતા. ફ્રાન્સના સ્વાતંત્ર્ય યુધ્ધનો ઇતિહાસ તેણે વાંચ્યો હતો. રશીયન ક્રાંતિવીરો ક્રોપટકીન, લેનીન અને ટ્રોટસ્કીનાં જીવન વૃતાંતોએ તેના ઉપર બહુ ઉંડી છાપ પાડી હતી. બેરીસ્ટર સાવરકરની જન્મટીપ અને અંદામાનના જુલ્મો સહન કરનારા યુવકોની આત્મકથાએ તેનામાં ખપી જવાની ધગશ પેદા કરી હતી. કરસનદાસ અને નર્મદ જેવા સામાજીક બંડખોરો માટે તેને ઘણું માન હતું. અનવર એક ઉદ્દામ વિચારનો ભાવનાશાળી બળવાખોર બની રહ્યો હતો. તેનાથી આ ધાર્મિક ગુલામગીરી સહન થઈ શકી નહિ.

"આખી જીંદગી ગુલામીમાં જકડી રાખનાર, એટલુંજ નહિ પણ મારા જન્મસિધ્ધ હકક અને વિચાર સ્વાતંત્ર્ય ઉપર ત્રાપ મારનારી આ કલમને હું કોઈ પણ રીતે માન્ય રાખી શકતો નથી. મને આવા કોઇ પણ બંધનથી બાંધવાનો તમને કોઇને કશો હકક નથી. હું આ ખૂની દસ્તાવેજ ઉપર સહી કરવાની સાફ સાફ ના પાડું છું"

(અપૂર્ણ.)

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસિક ખૂની.

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલી"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો અને જેને મહાન વિજેતા અને ફીદાઇ તરીકે ઇસ્માઇલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખૂની અને જગપ્રસિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો ચોથો હપ્તો અમે આ નીચે આપીએ છીએ.

મૌલવી મોહમદ અબ્દ –ઉર–રઝાક કાનપુરી કૃત "નિઝામ–ઉલ-મુલ્ક તુસી" નામક ઉર્દુ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર "અલમૌતના રાજ્યનો ઇતિહાસ" નામના ગુજરાતી પુસ્તકમાં પ્રગટ થયું છે; તેમાંથી નીચેનો ભાગ તારવવામાં આવ્યો છેઃ—

"કેળવણીની પ્રાપ્તિથી ફારેગ થઇ, તે ત્રણે વિદ્યાર્થીઓ (ખ્વાજા નિઝામ–ઉલ–મુલ્ક, ઉમર ખૈયામ અને હસન સબ્બાહ) સ્કુલ છોડી ગયા; અને દરેક પોતાની કીસ્મત અજમાવવા લાગી ગયો. ખ્વાજા હસન તો ચુગરીબેગ સલજુકીના દરબારમાં પહોંચ્યો અને ધીમે ધીમે તરક્કી કરી અલપ અર્સલાનના સમયમાં વજીરે આજમ (વડો વજીર) થઇ ગયો. આ સમયમાં હસન બીન સબ્બાહ ખ્વાજાની સેવામાં હાજર થયો. આ સંબંધમાં ખુદ ખ્વાજાનું બ્યાન છે કે, "અલપ અર્સલાનના સમયમાં હસન સબ્બાહને કોઈ પણ માણસ ખુરાસાનમાં જાણતો પણ નહિ હતો. પરંતુ સુલતાન મલેકશાહના સમયમાં નેશાપુર ખાતે મારી પાસે આવ્યો. મારથી જેટલી થઇ શકી તેટલી તેની બરદાસ કીધી અને તેની ઇઝત વધારવા તથા ખાતરદારી કરવાના કોઇ પણ પ્રસંગને અમલમાં મુકવા બાકી રાખ્યો નહિ."

દોલતશાહ સમરકંદી પોતાના તઝેકરામાં લખે છે કે "હસન બીન સબ્બાહની મરજીથી ખ્વાજાએ તેને હમદાન તથા દીનુરની ગવરનરી અપાવી હતી; પરંતુ હસનની ઇચ્છા એ હતી કે ખ્વાજા તેને પોતાની વજીરાતમાં શરીક કરે, કે જેથી તે પ્રસંગો મેળવી કોઇની પણ દખલગીરી વગરનો પોતેજ વડો વજીર થઇ જાય. તેટલા માટે હમદાનની હકુમતનો તેણે સ્વીકાર કીધો નહિ; અને એવી ધુનમાં લાગી ગયો કે ખ્વાજાને સુલતાનની નજરમાં હલકો પાડી તેને તેના વડા દરજ્જાથી ગબડાવી દે.

હસન સબ્બાહે દરબારીઓ મારફત સુલતાનના કાન સુધી એ વાત પહોંચાડી કે સુલતાન વીશ વર્ષથી રાજ્ય કરે છે; તેને પોતાના રાજ્યના જમા ખર્ચથી પણ જાણીતું થવું જોઇએ. આ બાબત માટે મલેકશાહે નિઝામ-ઉલ-મુલ્કને પુછ્યું કે, "તમો તેવો એક સંપૂર્ણ રીપોર્ટ કેટલા દહાડામાં તૈયાર કરી શકો છો કે જેનાથી રાજયના જમા ખર્ચની સઘળી વિગત જાણી શકાય?" ખ્વાજાએ અરજ કરી કે, "ખુદાવીંદ નેઅમત! આપનું રાજ્ય કાશગરથી રૂમ અને અન્તાકીયા સુધી પ્રસરેલું છે. જો હું પુરેપુરી કોશીશ કરૂં તો બે વર્ષની મુદતમાં તે તૈયાર કરી શકું છું." પણ હસન સબ્બાહે આગળ વધી અરજ કીધી કે હું તેવો રીપોર્ટ ૪૦ દહાડાની અંદર રજુ કરી શકું છું. શરત માત્ર એટલી કે વજીરાતની ઓફીસ સ્ટાફ સાથે મને સુપ્રત કરી આપવામાં આવે" આ ઉપરથી પરિક્ષા કરવાને હસન સબ્બાહની દરખાસ્ત સુલતાને કબુલ રાખી અને હસને જણાવેલી મુદતમાં જમા ખર્ચનો રીપોર્ટ તૈયાર કીધો અને મલેકશાહના રૂબરૂ દરબારમાં તે રજુ કીધો. પરંતુ જ્યારે સુલતાને તે રીપોર્ટને લગતા પ્રશ્નો પુછવા માંડયા ત્યારે હસન જવાબજ આપી શકયો નહિ અને ગભરાટમાં પડી ગયો. ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કે લાગ જોઇ હાથ જોડીને અરજ કીધી કે "ખુદાવીંદ નેઅમત! આવીજ મુશ્કેલીઓના વિચારથી મેં બે વર્ષની મોહલત માગી હતી. આવડા મોટાં રાજ્યનો જમા ખર્ચનો રીપોર્ટ ચાલીશ દહાડામાં તે કેમ થઇ શકે?" મલેકશાહ હસન સબ્બાહથી સખત નારાજ થયો અને તેણે ઇચ્છયું કે તેને સજા કરે; પણ ખ્વાજાની સીફારસથી તેને દરવાજામાંથી હાંકી કાઢવા પર સંતોષ પકડયો"

હસન બીન સબ્બાહનું દરબારમાંથી અપમાન સાથે હાંકી કાઢવું એક સાધારણ બાબત હતી. પરંતુ હસનને માટે તે એક કારી જખમ હતો અને તે બનાવે તેને નિઝામ-ઉલ-મુલ્ક અને સલ્જુકી રાજ્યનો દુશ્મન બનાવી આપ્યો હતો.

તે મલેકશાહના દરબારમાંથી નીકળી ઇસ્ફહાન પહોંચ્યો. રઝળપાટમાં તેની મુલાકાત ઇસ્માઇલી ફીરકાના રફીકો સાથે થઇ. અબ્દુલ મલક બીન અતાશ એરાક ઇલાકાનો ઇસ્માઇલીઓનો દાઇ-ઉલ-કબીર (વડો દાઇ) હતો, અને તે પોતા તરફથી ઇસ્માઇલી મઝહબના પ્રચાર માટે મીશનરીઓ તૈયાર કરીને મોકલતો હતો. હસન સબ્બાહ તેના શિષ્યોમાં દાખલ થઇ ગયો. અબ્દુલ મલેકે તેને ધર્મના પ્રચારની પરવાનગી આપી દીધી, અને સઘળા ઇલાકામાં ઇસ્માઇલી મઝહબનો પ્રચાર કરવા લાગ્યો. રૂદબાર, કોહીસ્તાન, વિગેરેમાં પોતાના નાયબો મોકલવા લાગ્યો. એટલે કે ત્રણ વર્ષની મુદતમાં જ્યારે હસન પાસે મુરીદોની ભરતી થઇ ગઇ, ત્યારે અલમોત પાસેના એક કસબામાં જઇ તે બેસી ગયો અને અતિ સાધના તથા પરહેઝગારીથી રહેવા લાગ્યો. થોડા વર્ષમાં કસબાના ઘણા લોકોએ હસનના હાથ પર બેઅત કીધી અને કીલ્લાના કેટલાક લશ્કરી સીપાઇઓ પણ હસનના મુરીદ થઇ ચુકયા હયા, તેથી તેઓએ હી. સ. ૪૮૩ મુતાબક ઈ. સ. ૧૦૯૧ માહે રજબની રાત્રીએ હસન સબ્બાહને કિલ્લામાં (અલમોત) પહોંચાડી આપ્યો. આવા ઉપલક કબજા પછી હસને કીલ્લા પર સંપૂર્ણ કબજો કરી લીધો.

જ્યારે હસનને બેસવા માટે અલમૌત જેવો મજબુત અને સંરક્ષિત કીલ્લો મળી ગયો ત્યારે તેણે ઘણીજ દ્રઢતા તથા બહાદુરીથી પોતાના મઝહબના વિચારો ફેલાવવા શરૂ કર્યા; જો કે પોતે મીસરના ફાતમી ખલીફાઓનો નાયબ હતો, પરંતુ ખરી રીતે તે ખલીફાની તાબેદારી માત્ર નામનીજ હતી અને તે પણ મતલબને લઇનેજ. મતલબ કે હસન સબ્બાહે રૂદબાર ઇલાકા તથા કઝવીનમાં ખાસ લક્ષપૂર્વક પોતાનો મઝહબ ફેલાવવા માંડયો અને આ ઇલાકાના ઘણા લોકોને રાજીખુશીથી અને ઘણાને બળાત્કારે પોતાના ધર્મમાં દાખલ કરવામાં આવ્યા અને મઝહબની આડમાં રૂદબાર ઇલાકા તથા કોહીસ્તાનમાં હસન સબ્બાહની સત્તા કાયમ થઇ ગઈ. તેણે જુદે જુદે સ્થળે આવેલા કીલ્લાઓની મરામત કીધી અને કેટલીક જગોએ નવા કીલ્લાઓ બંધાવ્યા અને કીલ્લે અલમૌતને મુખ્ય મથક તથા રાજધાની બનાવી ખુબ મજબુત બનાવ્યો, અને તેની આસપાસ આલીશાન મહેલો ચણાવ્યા, તથા બગીચાઓ બનાવ્યા. જ્યારે ખ્વાજા નિઝામ-ઉલ-

(અનુસંધાન પા. ૩૭૫)

# સપ્તાહનો સાર.

**મેનીન્જાઇટીસ :** મેનીન્જાઇટીસ (મગજનો તાવ)નો રોગ દિવસે દિવસે વધારે ફેલાવો પામતો જાય છે. અમદાવાદમાં એની શરૂઆત થયા પછી સુરત, પાલણપુર, પાટણ, મહેસાણા અને નડીઆદમાં પણ તેના કેસો નોંધાણા છે. કાઠીયાવાડમાં પણ ભાવનગર, બોટાદ, રાણપુર, એ તરફ તેણે દેખાવ દીધો છે. આ દરદ ચેપી છે અને થોડાજ કલાકોમાં મૃત્યુ નીપજાવે છે.

**શૌકતઅલી બદનક્ષી કેસ :** મૌ. શૌકતઅલીએ મુંબઇના અંગ્રેજી દૈનિક 'ફ્રી પ્રેસ જર્નલ'ના તંત્રી અને પ્રકાશક સામે માંડેલી બદનક્ષીની ફરીયાદનો ફેંસલો આવી ગયો છે. આરોપીઓ ઉપર મેજીસ્ટ્રેટે ત્રણ આરોપ મુકયા હતાઃ (૧) ખીલાફત કારમાંથી લોહીથી ખરડાયેલી છુરીઓ નીકળવા સંબંધેનું પ્રકાશન, (૨) શ્રી. અબ્દુલ રહેમાન મીઠાનો પત્ર, અને (૩) મુંબઇ શહેરની સુલેહ સમિતિમાં મૌલાનાનું ભાષણ. આ ત્રણમાંથી બીજા આરોપ સર બન્ને આરોપીઓને બસો રૂપીયાના દંડની સજા થઇ છે. નાં. ૧ની વાત મૌલાના સાથે નિસ્બત ધરાવતી નથી ગણી કાઢી નાખવામાં આવી અને નાં. ૩ વાળું પ્રકાશન સાચું અને શુભ ઇરાદાથી લખાયેલું ઠરાવી તેમાં આરોપીઓને નિર્દોષ ગણવામાં આવ્યા.

**ખાન ઓબેદુલ્લાના ઉપવાસ:** સરહદ પ્રાન્તના લાલ ખમીસવાળાઓના આગેવાન અને સરહદના ગાંધીના ભત્રીજા ખાન ઓબેદુલ્લા ખાને જેલ સત્તાવાળાઓના ગેરવર્તન સામે મુલતાન જેલમાં પચાસ દિવસથી ઉપવાસ શરૂ કર્યાં છે. તેમના વજનમાં ઘણો મોટો ઘટાડો થયો છે. તેઓ બોલી શકતા નથી અને ઘાંટા પાડીને કોઇ બોલે ત્યારે સાંભળી શકે છે. તેમની જીંદગી ભયમાં છે. વડી ધારાસભા મારફત અને બીજી રીતે પ્રજાકીય આગેવાનોએ ખાનને છોડી મુકવા સરકારને આગ્રહ કર્યો છે; પણ સરકાર તેમને છોડવા માગતી નથી.

**બેકારોની કૂચ:** મુંબઇ શહેરમાં બેકારોની સંખ્યા વધતી જતી હોવાથી ગંભીર ચિંતા પેદા થઇ છે. આ માટે મ્યુનીસીપલ કોરપોરેશનની એક ખાસ સભા સમક્ષ કુમારી મણીબેન કારાએ બેકારોને મદદ કરવાના જુદા જુદા ચાર ઠરાવો રજુ કર્યા જે સઘળા પસાર થયા હતા. કોરપોરેશનમાં આ ઠરાવો ઉપર ચર્ચા ચાલતી હતી ત્યારે કોરપોરેશનના મકાન તરફ સેંકડો બેકારો કૂચ કરી ગયા હતા. મુંબઇના બેકારોની સંખ્યાનો આંકડો ગણતરીની ગેરહાજરીમાં બહાર આવ્યો નથી; પણ મીલ કામદારોમાં ૭૫૦૦૦, ગોદીમાં ૨૮૦૦૦, મ્યુનીસીપેલીટીમાં ૫૦૦૦ અને બીજા હજારો કામદારો અને કારકુનો રોજી વિનાના બેકાર છે.

**દીલ્હી પરિષદો:** તા. ૩૧ માર્ચના રોજ દીલ્હી ખાતે મહાસભાના આગેવાનોની એક અગત્યની સભા મળનારી છે. આ સભા અત્યારની રાજકીય ગુંચવણમાંથી કાંઇ ઉકેલ કાઢવા પ્રયત્ન કરશે. બીજી પરિષદ અખીલ હિન્દ મુસ્લીમ લીગની તેજ દિવસે મી. જીણાના પ્રમુખપદે મળશે. એ સભામાં મુસ્લીમ લીગના બંધારણમાં મહત્વના ફેરફાર થવાની વકી રહે છે. તેજ દિવસે ત્રીજી પરિષદ અખીલ હિન્દ વેપારી મહા મંડળની શ્રી. સરકારના પ્રમુખપદે મળશે. આ ત્રણે પરિષદો અતિ મહત્વની છે.

**"રોશની" હદપાર:** ગોંડલ રાજ્યે એક ખાસ ફરમાનથી રાણપુરથી પ્રગટ થતું "ફુલછાબ" અને "સૌરાષ્ટ્ર"ના બીજા સ્વરૂપે પ્રગટ થતું "રોશની" ગોંડલ રાજ્યમાં આયાત કરવાની મનાઇ કરી છે. આ સામે ભાવનગરના યુવાનોની એક જાહેરસભાએ પોતાનો વિરોધ જાહેર કર્યો છે.

**પંડીત જવાહરલાલ:** પંડીત જવાહરલાલ ન્હેરૂની અલીપુર જેલમાં મુલાકાત લેતાં તેમનું વજન ૫ રતલ ઘટયાના સમાચાર બહાર આવ્યા છે.

**કપુરથલાનો મામલો:** સભાબંધી અને સરઘસ કાઢવાના મનાઇ હુકમ સામે કપુરથલામાં સત્યાગ્રહ અને હડતાળ ચાલે છે તેને ૧૮ દિવસ થયા છે અને કુલ્લે ૨૧૪ માણસોની ધરપકડ થઇ છે.

**જ્ઞાતિમાંથી રાજીનામું :** ભાવનગરના એક જૈન વણિક શ્રી પરમાણંદ કુંવરજી કે જેઓ હાલ મુંબઇ રહે છે તેમણે પોતાની જ્ઞાતિના પટેલો ઉપર એક પત્ર લખી જ્ઞાતિના એક સભ્ય તરીકે પોતાનું રાજીનામું મોકલાવી દીધું છે. એ પત્રમાં તેઓએ જ્ઞાતિ સંસ્થાને એક 'નિરૂપયોગી અને નિષ્પ્રાણ સંસ્થા' તરીકે ઓળખાવી છે. તેમના આ પગલાંથી ઠીક ચકચાર પેદા થઇ છે.

**આયર્લેન્ડમાં આંતરવિગ્રહ?** યુરોપના ઘણા રાજ્યોમાં અત્યારે 'ફેસીઝમ' જોર પકડતો જાય છે તે મુજબ આયર્લેન્ડમાં પણ એવા એક પક્ષની સ્થાપના કરવામાં આવી છે. 'ફેસીઝમ' પ્રજાતંત્રવાદથી વિરૂદ્ધ અને સરમુખત્યારીમાં માનનારો હોવાથી આયર્લેન્ડમાં પ્રજાતંત્ર સ્થાપવા મહેનત કરી રહેલા તેના પ્રમુખ ડી' વેલેરા સાથે તેને અથડામણ થઇ રહી છે. ડી' વેલેરાનો આ ચળવળ સામેનો ઠરાવ આયર્લેન્ડની ઉપલી સભા સેનેટે રદ કરવાથી ડી' વેલેરા હવે આખી સેનેટને ઉડાડી દેવાના મત ઉપર આવ્યો છે. આ સંજોગોમાં આયર્લેન્ડમાં ફરીથી આંતરવિગ્રહ ફાટી નીકળવાનો ભય ઉભો થયો છે.

**લડાઇના ભણકારા:** જોતજોતામાં આખી દુનિયાને સંડોવે એવી લડાઈ તુરતમાં સળગી ઉઠવાના ભણકારા વાગી રહ્યા છે. જાપાન અને રશીયા વચ્ચેની કડવાશ દરરોજ વધતી જાય છે. રશીયન સરહદ ઉપર ગંજાવર લશ્કર અને ૬૦૦ લડાયક વિમાનોનો કાફલો તૈયાર રાખવામાં આવ્યો છે; જ્યારે જાપાનમાં પણ લડાઇની મોટી તૈયારીઓ ચાલી રહી છે. લડાઇના સાધનો અને દારૂગોળો બનાવવાના કારખાના કામ કરવાના કલાકથી વધુ વખત ચાલે છે અને તેને લઇને જાપાનની બેકારી પણ ઘટતી જાય છે. જો આ બે દેશો વચ્ચે લડાઇ જાગશે તો આખી દુનિયાના બધા દેશો વહેલા મોડા જરૂર તેમાં સંડોવાશે તેવું આજનું વાતાવરણ છે.

**ડૉ. કીચલુનો છુટકારો :** પંજાબના જાણીતા પ્રજાનેતા અને એક વખતના મહાસભાના કામચલાઉ પ્રમુખ ડૉ. સૈફુદીન કિચલુની બે વર્ષની સજા પુરી થતાં તેઓનો છુટકારો થયો છે. તેઓએ દેશની સ્થિતિ સંબંધમાં એક નિવેદન પ્રગટ કર્યું છે.

## વર્ષ પુરૂં થાય છે.

ગ્રાહકો નીચેની વિનંતિ ધ્યાનમાં લેશેઃ—

૧ "ખોજા જાગૃતિ"ના પહેલા વર્ષનો છેલ્લો અંક તા. ૨૪-૪-૩૪ના રોજ નીકળશે.

૨ તા. ૧-૫-૩૪થી બીજું વર્ષ ચાલુ થશે.

૩ જે ગ્રાહકોનું પહેલા વર્ષનું લવાજમ પુરૂં થતું હોય તેઓએ તા. ૨૪-૪-૩૪ સુધીમાં બીજા વર્ષનું લવાજમ અમને મનીઓર્ડરથી કે. પોસ્ટ સ્ટેમ્પથી મોકલી આપવું, જેથી વી. પી. ખર્ચના ત્રણ આનાનો તમને બચાવ થશે.

૪ ઉપર જણાવી મુદ્દત દરમ્યાન જે ગ્રાહકોનું લવાજમ નહિ મળ્યું હોય તેમને બીજા વર્ષનો પહેલો અંક વી. પી.થી મોકલવામાં આવશે.

**૫ જે ભાઇઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગતા ન હોય તેઓએ કૃપા કરી અમને તત્કાલ જણાવવું, જેથી વી.પી. કરવાની મહેનત અને ખર્ચમાંથી અમે બચી શકીએ.**

૬ પરદેશમાં વી. પી. થતું નહિ હોવાથી પરદેશના ગ્રાહકોનું લવાજમ આવ્યા પછીજ તેઓને અંક મોકલવામાં આવશે.

૭ પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વ્યવસ્થાપક, "ખોજા જાગૃતિ."

---

[અનુસંધાન પા. ૩૭૩ થી]

મુલ્ક તથા મલેકશાહને આ બાબતની ખબર પડી ત્યારે પ્રથમ ખ્વાજાએ સમયસૂચકતાથી કામ કાઢી લેવા ધાર્યું અને તે માટે એમ તદબીર કીધી કે હી. સ. ૪૮૩ મુતાબક ઇ. સ. ૧૦૯૧-માં સુલતાન તરફથી એક એલચીઓનું ડેપ્યુટેશન મોકલવામાં આવ્યું અને હસન સબ્બાહને બાદશાહી જાહોજલાલીથી બીહવડાવી તાબેદારીમાં લેવા માગ્યો. હસન સબ્બાહે બાદશાહી એલચીખાતાની કાંઇ પણ પરવા કીધી નહિ અને તેની રવાનગી વખતે એલચીઓને કહ્યું કે મારા તરફથી મલેકશાહને કહી દેજો કે તે અમોને સતાવે નહિ; નહિતર લાચારીથી મુકાબલો કરવો પડશે. મલેકશાહે જ્યારે હસન સબ્બાહ વિષે એલચીઓના મુખે સાંભળ્યું ત્યારે તેણે બે વર્ષ માટે ચડાઇ મુલતવી રાખી, અને હી. સ. ૪૮૫ મુતાબક ઇ. સ. ૧૦૯૨માં અલમૌતના કીલ્લા પર લશ્કર મોકલ્યું. સીપેસાલાર અમીર અર્સલાને કીલ્લાને ઘેરી લીધો અને લુંટફાટથી કીલ્લાવાળાને ઘણું નુકશાન પહોંચાડયું. આ વખતે કીલ્લામાં હસન-ની પાસે માત્ર સીતેર માણસો હતાં અને બનવાજોગ હતું કે હસન પકડાઇ જાય; પરંતુ તે અરસામાં કઝવીનથી ત્રણસો સીપાઇઓ મદદે આવી લાગ્યા. તેને અબુ અલીએ મોકલ્યા હતા. આ ત્રણસો સીપાઇઓએ અમીર અર્સલાનના લશ્કર પર રાત્રે છાપો માર્યો અને ઘણોજ લુંટનો માલ હાંસલ કીધો. જ્યારે આ હારના સુલતાનને સમાચાર મળ્યા ત્યારે સુલતાને કઝલસારૂકને એક મોટી ફોજ સાથે રવાના કીધો. કીલ્લાની બહાર લડાઇ થઇ અને નજીક હતું કે કીલ્લાવાળા હસનને તજી નાસી જાય. મુરીદોને નાસીપાસ થયેલા જોઇ હસન સબ્બાહે કહ્યું કે "ઇમામ બરહકનો હુકમ છે કે કોઇ પણ માણસ કીલ્લાની બહાર ન જાય. કેમકે અમારી ફત્તેહ તથા ઉદય આ કીલ્લા પર આધાર રાખે છે" અને બીજી તદબીર એ કીધી કે એક ફીદાઇને ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કને કતલ કરવાનો હુકમ કીધો, જેણે ખ્વાજાનું ટુંકું પતાવી નાખ્યું. આ બનાવથી પાંત્રીશ દિવસ પછી બગદાદમાં સુલતાન મલેકશાહ પણ મરણ પામ્યો. એક રીવાયત એ છે કે હસન સબ્બાહે ઝેર ખવડાવીને તેને મારી નાખ્યો. આવી સ્થિતિ વચ્ચે લડાઇ ચાલુ રહી શકે તેમ ન હતી. અલમૌત પર ઘેરો ઘાલી પડેલી ફોજે પાછી બોલાવી લેવામાં આવી.

હસન સબ્બાહ એક એવો શેખ છે કે તેના દરબારમાંથી મુરીદોને ફક્ત કતલ તથા ખુનરેજી કરવા શિવાયના બીજા હુકમો મળતાજ નથી."

## જુનાગઢમાં જોહુકમી.

જુનાગઢથી નીચેના સમાચાર મળે છેઃ—

"ઘણા વરસ સુધી અમારા ગામે કાઠીયાવાડના બીજા ગામો ઉપર રૂઢીચૂસ્તતા અને અંધશ્રદ્ધામાં સરસાઇ ભોગવી છે. આજે પણ અમે મોળા પડયા નથી. બે ચાર ભણેલા ગણેલા છુટા વિચારના માણસો આંહી છે, પણ અમારા રૂઢીચૂસ્ત બીરાદરોની ધાક એટલી છે કે મોઢામાંથી તેઓ એક હરફ પણ કાઢી શકતા નથી. આમ છતાં એક ભાઇ નીકળ્યા છે કે જે 'જાગૃતિ'ના ગ્રાહક થયા છે. 'જાગૃતિ'ના ગ્રાહક થવું એ આંહી નાનોસુનો ગુન્હો ગણાતો નથી. આ ભાઇ ઉપર જમાત અને કાઉન્સીલનો ખોફ ઉતર્યો છે થોડા વખત પહેલાં 'જાગૃતિ' શા માટે મંગાવો છો એવી પુછપરછ સહીત તેમને જમાતખાને રાત્રે હાજર થવાનું ફરમાન મળ્યું હતું, પણ આ ભાઇ ગયેલા નહિ; એટલે તો તેમના ઉપરનો ખોફ વધ્યો. થોડા દિવસો પહેલાં આ ભાઇનાં બાલબચ્ચાં તેમના એક બ્હેન કે જેઓ નાત બહાર થયેલા છે અને જુનાગઢમાંજ રહે છે તેમને ત્યાં લગ્ન પ્રસંગે ગએલા; આ ભાઇ પોતે ગયેલા નહિ. છતાં કાઉન્સીલ તરફથી તેમને આનો જવાબ દેવાનો સમન્સ પહોંચાડવામાં આવ્યો. આવા રૂઢીચૂસ્ત ગામમાં 'જાગૃતિ' મંગાવી વાંચનાર બીકણ કે નાહિંમત તો શાનોજ હોય! એ ભાઇએ સમન્સ પહોંચાડવા આવેલ માણસની હાજરીમાંજ એ સમન્સના કાગળના કટકે કટકા કરી નાખ્યા. આથી રૂઢીચૂસ્તોમાં ખુબ ઉશ્કેરાટ ફેલાણો છે અને આ ભાઇ ઉપરનો કોપ વધતો જાય છે."

---

[અનુસંધાન પાના ૩૭૬થી]

જોઇએ એ ખુલ્લું છે. જ્યારે આવાં ફંડ એકઠાં કરતાં પહેલાં સુપ્રીમ કાઉન્સીલની પરવાનગી માગવામાં આવે ત્યારે જે સંસ્થા માટેનું એ ફંડ હોય તે સંસ્થા કાઉન્સીલને પ્રિય હોય તોજ કાઉન્સીલ તેવી પરવાનગી આપે. એટલે કોઇ પણ સંસ્થાના જીવન કે મરણની બધી સત્તા કાઉન્સીલના હાથમાં જાય છે. આવી પરવાનગી આપ્યા પછી પણ એ સંસ્થા તેના સંચાલકોના હાથમાંથી કાઉન્સીલ ખુંચવી લ્યે અને તેણે એકઠું કરેલું તમામ ફંડ અને તેની જરૂરજોગી વ્યવસ્થા પોતાના હાથમાં રાખે. કોમના માણસોએ કેટલાયે ભોગ અને શ્રમ પછી ઉભી કરેલી કોમોપયોગી આવી સંસ્થાઓ કાઉન્સીલના હાથમાં જાય એટલે જે ધર્મના રક્ષણ માટે કાઉન્સીલની રચના અને હસ્તી છે એ ધર્મની મજબુતી વધારવા તેનો ઉપયોગ કરવામાં આવે. આમ કોમ દિવસે દિવસે નિષ્પ્રાણ અને નિરાધાર થતી જાય અને ધર્મ કોમના જીવનના ભોગે ફાલે ફુલે. આવી ભયંકર રચના કરનારી આ કલમને કોમના બંધારણમાં કદી પણ સ્થાન આપી શકાય નહિ; આમ છતાં આ કલમ કાઉન્સીલોની ચુંટણી કોમના હાથમાં નથી અને તેના કાયદા કાનુન કોમ રચી શકતી નથી એ એકજ કારણે તેમાં સ્થાન પામી શકી છે.

---

## વેપાર સમાચાર.

**ઉન** : ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૭૦૬ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનીક બજારમાં શુદ્ધ જોડીઓ મણ ૧૮૦નો સોદો દર રૂા. ૧૩ાા ના ભાવથી પડયો છે. આવતો સેલ તા. ૨૪-૪-૩૪નો છે, તેમાં ગાં. ૨૭૨૦૦ મુકાવા ધારણા છે. વિલાયતનો બજાર અત્યારે સ્થિર છે.

**બકરાના વાળ : પુ**

# કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક?

### કલમ ૧૭૩.

"જુદાં જુદાં સ્થળોની ઇસ્માઇલીયા કાઉન્સીલો તરફથી અગર જુદાં જુદા સ્થળોના વારસ અગર મુખી તથા કામડીયા તરફથી કાંઇ પત્રવ્યવહાર આવે તે ઉપર કાઉન્સીલે ધ્યાન આપવું."

આ કલમ હાસ્યાસ્પદ છે. ચુકતે પત્રવ્યવહાર ઉપર ધ્યાન આપવું એ કાઉન્સીલની સીધી ફરજ અને જરૂરીયાત છે; એમાં ફલાણાના પત્રો ઉપર ધ્યાન આપવું અને ફલાણાના પત્રો ઉપર નહિ એવો ભેદ હોઇ શકે નહિ. બંધારણનો આ કોઇ વિભાગ નથી, એટલે આ કલમને કાયદાના પુસ્તકમાં સ્થાન આપી શકાય નહિ.

### કલમ ૧૭૪.

જુદાં જુદાં સ્થળો પૈકી કોઇ સ્થળેથી કોઇ બાબતો સંબંધે કાઉન્સીલ તરફથી કાંઇ લખાણો આવે તેના જવાબો તે લખાણ મળ્યાની તારીખથી એક માસની અંદર અવશ્ય આપવા."

બહારની કાઉન્સીલોનેજ લાગુ પડતો આ નિયમ ચુકતે પત્રવ્યવહારને લાગુ કરવો જોઇએ, અને કાઉન્સીલ શિવાય બીજા કોઇના પત્રો આવે તેના જવાબ પણ બાંધી મુદત દરમ્યાન આપી દેવાનું નિશ્ચીત ધોરણ હોવું જોઇએ.

### કલમ ૧૭૫.

"એજ્યુકેશનલ સેન્ટ્રલ બોર્ડના મેમ્બરો દર બે વર્ષે ચુંટવાનો સુપ્રીમ કાઉન્સીલને અધિકાર છે. તે મેમ્બરો સુપ્રીમ કાઉન્સીલે ફરમાવેલા કાયદા અનુસાર આખા કાઠીયાવાડની જુદી જુદી ધાર્મિક સ્કુલોના જરૂરીઆતના કાર્યોનો વહીવટ કરશે. કોઇ રીટાયર થયેલા મેમ્બરની સેવા સ્કુલના હિતને ઘણી ફાયદાકારક માલુમ પડે તો તેવો રીટાયર થયેલો મેમ્બર ફરી ચુંટણી થવાને લાયક ગણાશે; મેમ્બરોની ૨|૩ સંખ્યા આપણી સમગ્ર કોમના અનુભવી બુદ્ધિમાન ગૃહસ્થોમાંથી ચુંટવામાં આવશે અને ૧|૩ સંખ્યા સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરોમાંથી પસંદ કરવામાં આવશે. કોઇ મેમ્બરની જગ્યા ખાલી પડે તો તે સુપ્રીમ કાઉન્સીલ ભરશે."

એજ્યુકેશનલ સેન્ટ્રલ બોર્ડ એટલે મધ્યસ્થ કેળવણી સમિતિ, એ કઇ સંસ્થા છે એનો ખુલાસો આ પહેલાં કે આ પછી કોઇ સ્થળે આવતો નથી. તેનું બંધારણ શું છે તેનો કોઇ સ્થળે ઉલ્લેખ નથી. તેનો ધ્યેય શું છે તેનો કાંઇ પત્તો લાગતો નથી. આ સંબંધે આખા કાયદામાં આ એકજ કલમ છે અને તે પણ અધુરી, અસ્પષ્ટ અને જુલ્મી છે.

આખા કાઠીયાવાડની બધી ધાર્મિક શાળાઓનો વહીવટ આ સંસ્થા સુપ્રીમ કાઉન્સીલના હુકમ મુજબ કરશે એવું આમાં ફરમાન છે. જેમ આજની કાઉન્સીલ, તેનું બંધારણ અને કાયદા કાનુન એ કોમની સંસ્થા નથી અને કોમના હિત માટે નહિ પણ ઇસ્માઇલી ધર્મના પાલણ પોષણ માટે તે ઉભી કરી ચલાવવામાં આવે છે તેમ આ ધાર્મિક શાળા પણ ઇસ્માઇલી ધર્મ માટે જોઇતી અંધશ્રદ્ધા પેદા કરવા માટેજ ઉભી કરી ચલાવવામાં આવે છે. એ અલ્પાંશે પણ કોમી સંસ્થા નથી અને તેથી કોમના બંધારણ સાથે તેને જરાએ લેવાદેવા મથી. ના. આગાખાનના દોરીસંચાલન ઉપર નાચતાં પુતળાં જેવી આજની આ કાઉન્સીલોને બદલે કોમના પોતાનાજ હાથે ચુંટાયેલી કાઉન્સીલ અસ્તીત્વમાં હોત તો કોમના બાળકોનાં કુમળાં મગજ અને હૃદયને ખાઇ જતી આ ધાર્મિક શાળાઓને પોષવાનું તે કદી પણ કબુલ કરત નહિ; એ ઝેરના ઝરાના મુખમાં ડુચો મારી દીધો હત. ખોજા કોમના સામાજિક વહીવટનો બધો કાબુ ઇસ્માઇલી ધર્મના વડાએ પોતાને કબજે કરી લીધો ન હત તો કોમના તાજા જીવનને કોહાવતી આ સંસ્થાઓ કદી પણ હસ્તીમાં આવી ન હત. આ ધાર્મિક શાળાઓ ધર્માંધતાની ઉત્પાદક હોવા ઉપરાંત તેણે બીજું પણ એક મહત્વનું નુકશાન એ કર્યું છે કે તેણે કોમને કેળવણીથી વંચીત રાખી છે. સામાન્ય રીતે માણસો પોતાનાં બાળકોને આ શાળામાં ભણાવી પોતે તેમને કેળવણી આપ્યાનો સંતોષ માને છે, અને પરિણામે તેઓનો એ ભ્રમ તેમના બાળકોને ખરી વ્યવહારિક કેળવણી આપવા દેતો નથી. એટલે આ ધાર્મિક શાળાઓ ધર્માન્ધતાનું શિક્ષણ આપે છે, તેનું નામ 'કેળવણી' પાડે છે અને એમ કરી સામાન્ય સંજોગોમાં અપાવી જોઇતી કેળવણી કોઇને આપવા દેતી નથી.

અને સુપ્રીમ કાઉન્સીલ કોમ સાથેના કે પોતાના હાથ નીચેની સંસ્થાઓ સાથેના વર્તનમાં કયાં ઓછી આપખુદ થવા માગે છે! આ સમિતિએ સુપ્રીમ કાઉન્સીલે નકી કરેલા કાયદા પ્રમાણે પોતાનું કામ કરવાનું છે. એ કાયદા ઘડાએલા સ્થાપિત છે કે અણલખ્યા ગમે તે ઘડીએ ફરી શકે તેવા છે? કાયદાની ચોપડીમાં આવી જાતના કોઇ ધારા નથી; એટલે એમજ માનવાનું રહે છે કે સમિતિએ સુપ્રીમ કાઉન્સીલના મનસ્વી હુકમો મુજબજ ચાલવાનું છે.

### કલમ ૧૭૬.

"આખા કાઠીયાવાડમાં જુદાં જુદાં સ્થળોએ અનાથાશ્રમો, બોર્ડીંગ હાઉસ, નિશાળો, લાઇબ્રેરીઓ, સાહિત્યના મંડળો વિગેરે સંબંધે ફંડ ખોલવા માટે સુપ્રીમ કાઉન્સીલની રીતસર મંજુરી લેવાની જરૂર છે. આવાં ફંડ તેમજ બીજાં જે ફંડો હસ્તી ધરાવે છે તે તમામની રોકડ રકમો સુપ્રીમ કાઉન્સીલને સોંપવી અને તે ફંડોના નાણાં તે તે વખતના પ્રેસીડેન્ટ, સેક્રેટરી તથા ખજાનચીએ કોઇ સારી બેંકમાં રાખવાં અગર સ્થાવર મીલકતના ગીરો અગર એવી બીજી સહીસલામત બાબતોમાં રોકવાં. ઉપર જણાવેલી સંસ્થાઓનું જરૂરીયાતનું મેનેજમેન્ટ સુપ્રીમ કાઉન્સીલની સીધી દેખરેખ નીચે રહેશે."

ખોજા કોમના હાથ પગને મજબુત રસી વડે જકડી લઇ તેને નિરાધાર બનાવી મૂકવા માટે આ કલમની રચના કરવામાં આવી છે. અનાથાશ્રમો, બોર્ડીંગો, નીશાળો, લાયબ્રેરીઓ અને સાહિત્યના મંડળો—આ બધી સંસ્થાઓ કોમના હિતની, ઉપકરી અને અત્યંત જરૂરની છે. આ કલમ એ બધી સંસ્થાઓને કાઉન્સીલના હાથમાં સોંપી દે છે કે જે કાઉન્સીલ કોમની ચુંટેલી નથી. એટલે કે કોમની જરૂરીઆતની બધી સંસ્થાઓનું આધિપત્ય કોમ ઉપર બળજબરીથી પોતાનો અમલ ચલાવનારને હસ્તગત થાય છે. આનો સીધો અર્થ એટલોજ કે કોમના વિકાસ અને પ્રગતિના ચુકતે રસ્તાઓ રોકી લઇ તેને સદાને માટે અંધકાર અને અજ્ઞાનમાં સબડતી રાખવી. કોઇ પણ સંસ્થાને મજબુત અને કાયમ બનાવવી હોય તો તેને માટે જરૂરી ફંડો હોવાં

[અનુસંધાન પાના ૩૭૫]

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

ખીતાબોની નવાજેશ. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114

# ખોજા જાગૃતિ

તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી.

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૨. દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯
પુસ્તક ૧, અંક ૪૮: એપ્રીલ ૧૦: ૧૯૩૪ સંવત ૧૯૯૦ના ચૈત્ર વદ ૧૧ મંગળવાર.
મુદ્રણસ્થાન: જાગૃત મુદ્રણાલય.

## બીન સલામત!

જાણીતા જૈન સ્વામી શ્રી. જેઠમલજીનો સંદેશો આ નીચે પ્રગટ કરતાં અમારૂં હૃદય તેમના તરફ માનથી નમે છે. શ્રી. જેઠમલજીનું નામ કાઠિયાવાડમાં અજાણ્યું નથી. કાઠિયાવાડના જૈનેતર સંસ્કારી ગૃહસ્થોની સારી એવી સંખ્યાને પણ તેઓ આકર્ષી શકયા છે. કોઈ પણ ધર્મ કે મતમતાંતર સાથે અમારે જરાએ લેવા દેવા નથી. શ્રી. જેઠમલજીની માનવ જાતની સેવા અને સુધારણાની પ્રબળ મહેચ્છાઓજ વંદનીય છે.

વીંછીયા,
તા. ૬-૪-૩૪

**ઇસ્માઇલ કાનજીભાઇ હીરાણી,**
અધિપતિ, "ખોજા જાગૃતિ,"
રાજકોટ.

તમારા સમાચાર આજરોજ અહીંના ઠા. ધર્મશી ભાણજી તરફથી મળ્યા. તમારા ઉપર થયેલ હુમલા માટે દીલગીરી અને દીલાસો મોકલાવવા સાથે વાસ્તવિક ખુલાસો કરવા ફરજ પડે છે કે..........આટલું અંગત. હવે તમારા રાહ માટે.

આજના અને ભૂતપૂર્વના ઇતિહાસના પૃષ્ટ ઉપર દ્રષ્ટિપાત કરતાં જોઇ શકાય છે કે જેણે જેણે સત્યના પંથ ઉપર પગ ધર્યો છે અને જુલ્મો સામે માથાં ઉચકયાં છે તેને જીવનનાં બલિદાન અર્પવાં પડેલ છે.

ધર્મ એ સત્ય છે અને તેના માટે જીવન અને સર્વસ્વ સમર્પણ કરવા માટે કોઇ બે મત ધરાવી શકેજ નહિ. પરંતુ એના બ્હાને થતી લુંટ અને અંધાર પછેડા સામેજ હંમેશાં ચર્ચા અને ટીકા થઇ કે હોઇ શકે. બધા ઝેર કરતાં ધર્મનું ઝનુન કે ઝેર વિશેષ દેખાય છે. ઇતિહાસમાં બધી લડાઇઓ કરતાં ધર્મની લડાઇમાં રૂધિર રેડાવાના એક કરતાં અનેક દાખલા મોજુદ છે. ધર્મગુરૂઓ જો વિરૂદ્ધ મતવાળા ઉપર વૈમનસ્ય રાખી પોતાની સલામતી અર્થે હિંસાના માર્ગો લે તો તે ધર્મગુરૂઓજ ન ગણાય. કોઇને દુઃખ દેવું એ શેતાનનું કામ છે. દયા કરવી અને ભુલો સુધારવી એ ધર્મગુરૂઓનું કર્તવ્ય છે. જો ધર્માચાર્યો આથી વિરૂદ્ધ વર્તન કરશે તો તેની કદી પણ સલામતી નથી. અમારો પણ આમાં સમાવેશ થઇ જાય છે, જેથી અમને પણ સુધરવા ઘણો અવકાશ છે. અસ્તુ.

જેઠમલજી.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૦–૪–૩૪.

# ખીતાબોની નવાજેશ.

કહેવાય છે કે ના. આગાખાન એક બહુ મોટા રાજ્યદ્વારી પુરૂષ છે. એમનું રાજ્યદ્વારીપણું જો હિંદને હાનીકારક નિવડતું હોય તો એ ખોજા કોમને તો પાયમાલ કરનારૂંજ નિવડે એમાં સંદેહ નથી.

પણ ના. આગાખાનને અત્યાર સુધીમાં કદાચ કોઇએ નહિ આપ્યું હોય એવું માન અમે આપવા માગીએ છીએ. ના. આગાખાન ખરેજ એક કુશળ લડવૈયા છે. લડાઇના મેદાનનું એ ઉંડું નિરિક્ષણ કરે છે; દુશ્મનના લશ્કરનું એ બરાબર માપ કાઢે છે અને તેની નબળી બાજુઓને યથાસ્થિત ઓળખી લ્યે છે. પછી એ વ્યુહ રચે છે. નબળી બાજુ ઉપર એ જોરદાર હલ્લો લઇ જાય છે અને એમ દુશ્મનને પરાસ્ત કરવા તે આબાદ ખેલ ખેલે છે.

ખોજા કોમ સાથે આગાખાન કુટુંબનો સંબંધ લગભગ એક સૈકાથી થયો છે. ત્યારથી અમુક અમુક વરસોને અંતરે, જરૂરીયાત ઉભી થતી ગઇ તેમ, એ સંબંધે અવનવા પલટા લીધા. પહેલાં આપણે આશ્રયદાતા હતા. પછી આપણે ભક્ત થયા. તે પછી આપણે તેના હથીઆર બન્યા અને છેવટે આજે આપણે તેના ગુલામ, તેનાજ માટે વૈતરૂં કરતા ચાકરો બની રહ્યા છીએ. આટલા વરસોનાં સહવાસને અંતે એણે આપણી ખામીઓ જોઇ, આપણી નબળી બાજુઓ ધ્યાનમાં રાખી લીધી; અને પછી આપણુને સદાને માટે આધીન રાખવા તેણે પોતાની બધી શકિતઓ વાપરી, બધી યુકિત પ્રયુકિતઓ અજમાવી. આપણાં ખીસાં અને લેજાં ઉપર જાણે જળો મુકાણી; અને એ જળો આપણું ધન ચૂસી પોતે ધનિક બની, આપણી બુધ્ધિને બારણે તાળાં વાસી પોતાની અકકલના દરવાજા તેણે ખુલ્લા મુકયા. આમ આપણે પૈસે અને બુદ્ધિએ કંગાલ બન્યા.

ના. આગાખાન આપણા ઉપર જે સત્તા ચલાવે છે, આપણા સામાજિક વ્યવહારિક કાર્યોમાં તેમણે જે સરમુખત્યારપદ ધારણ કર્યું છે તેને નિભાવવા તેમણે અનેક રસ્તાઓ શોધી કાઢયા છે અને યુકિત પ્રયુકિતઓ લડાવી છે. તેમણે જોયું કે આપણે એક નથી, આપણામાં સંપ નથી; અને તેમણે આપણા ભાગલા પાડી નાખ્યા. અમુકને મોટા બનાવી તેના હાથ નીચે બીજાને મુકી દીધા અને આપણામાં વિગ્રહ ચાલુ થયો. એણે જોયું કે આપણા સ્વભાવમાં લોભનું તત્વ પણ છે; અને તેમણે કેટલાયને પગારદાર બનાવી દીધા. મોટાઇની લાલસા આપણામાં વધતી ગઇ તેમ તેમ તેમણે એ સંતોષવા ભાતભાતના રસ્તા ખોળી કાઢયા. આજ રીતે આપણા ઉપર ખીતાબોની નવાજેશ થવા લાગી.

ના. આગાખાને પોતાના આ પ્રવાસ દરમ્યાન ખિતાબોની લ્હાણી ખુબ છુટથી કરી છે. લગભગ એકાદ ડઝન આદમીઓને તેમણે 'આલીજહાં'નો લકબ આપ્યો. 'આલીજહાં' શબ્દનો અર્થ 'દુનિયામાં સૌથી મોટામાં મોટો' તેવો થાય છે. આ પહેલાં આપણે ત્યાં કેટલાય માણસને આવા 'દુનિયામાં સૌથી મોટામાં મોટા' બનાવવામાં આવ્યા છે. તેમાં આ એક ડઝનનો વધારો થયો. એ બધા 'દુનિયામાં મોટામાં મોટા.' એકજ મોટામાં મોટો, એમ નહિ; સૌ મોટામાં મોટા. 'આલીજહાં' ઉપરાંત કોઇને તેમણે 'વઝીર' કે 'વારસ' બનાવ્યા, તો કોઇને 'હુઝુર મુખી' કે 'હુઝુર કામડીયા'નો ખિતાબ આપ્યો. કોઇને 'શાલ' ઓઢાડી તો કોઇને 'જબ્બા' પહેરાવ્યા. સ્ત્રીઓ તો દરેક ધર્મને ટકાવી રાખનારૂં અતિ મજબુત અંગ છે; તેને વિસરી જવું પાલવે નહિ. એટલે કેટલીય બ્હેનોને 'પછેડી' ઓઢાડવામાં આવી. આમ મોટાઇ એટલે ઘેનની દવાનો ઉપયોગ છુટથી કરવામાં આવ્યો. આગાખાન કુટુંબે ખોળી કાઢેલી આપણી ખોડ સુધારવાને બદલે તેણે વધારી છે અને ના. આગાખાનને હાથે આપણી આ લાલસાને બની શકે તેટલી પ્રબળ અને પ્રબળ બનાવવાના આમ પ્રયત્નો થઇ રહ્યા છે.

ના. આગાખાનનો તો તેમાં સ્વાર્થ છે. એ મોટાઇની લાલસા તો તેના કિલ્લા સુરક્ષિત રાખે છે, એટલે તેઓ તો તેને વધાર્યેજ જશે. પણ આપણે આજે કઇ દ્રષ્ટિથી આ ઘેનની દવાના ડોઝ ઉપર ડોઝ પી રહ્યા છીએ? જે ખીતાબોનો કશોજ અર્થ નથી, જેની કોડી જેટલી કિંમત નથી એ સ્વીકારી આપણે આપણી ચુસાવાની ક્રિયાને શા માટે ટકાવી રાખવી જોઇએ? આવા ખીતાબો મેળવનારાઓમાં ઘણી વખત કેળવાયેલા અને સંસ્કારી માણસો પણ દેખાયા છે. શું એ લોકોને પોતાની કોમ તરફ કશીજ ફરજ નથી? ધર્મના ઇજારદારોના હાથનું હથીયાર બની જતાં તેમને શા માટે સંકોચ થતો નથી? એક વ્યકિતની મોટાઇની લાલસા આખા સમુહના હિત અને હકકને ચગદીને સંતોષાય એ ઇષ્ટ નથી.

ના. આગાખાને આપણી ખોડ શોધી કાઢી છે એ બદલ આપણે તેમનો ઉપકાર માનીએ. પણ એ ખોડ આપણે સુધારીએ, નહિ કે એમાં વધુ ને વધુ ઉંડા ઉતરતા જઇએ.

# પ.ર દા પા.છ ળ.

ધર્મ માત્ર પોતાના પ્રત્યેક અનુયાયીને આ લોકના ઝુંપડા સળગાવી દઈ પરલોકની મ્હેલાતો મેળવવાનો ઉપદેશ કરે છે. પ્રત્યેક ધર્મનો ધર્મગુરૂ સીધી કે આડકતરી રીતે તેના અનુયાયીઓની લક્ષ્મિ અને શકિતનો ઉપયોગ પોતાના અંગત મોજશોખ અને સત્તા-લોભ સંતોષવા કરે છે. એકે એક ધર્મગુરૂના કિલ્લા અજ્ઞાન અને અંધશ્રદ્ધાથીજ સુરક્ષિત છે; અને કેળવણીમાં અતિશય પછાત એવા આજના આપણા હિંદુસ્તાનમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ વધુ અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ છે. આ વસ્તુસ્થિતિનો ધર્મગુરૂનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને આજે એમની જાહોજલાલી અને એશઆરામ સ્ત્રીઓથીજ પોષાઇ રહ્યો છે. સ્ત્રીઓ અને ધર્મગુરૂઓ વચ્ચે આમ એક વખત સંબંધ બંધાયો તેણે ધર્મગુરૂઓને પાપાચારી રાક્ષસ અને સ્ત્રીઓને સાનભાન વગરની મૂર્ખતમ પશુડીઓ બનાવી છે. ધર્મને નામે, પ્રેમ-ભકિતને નામે ધર્મસ્થળોમાં વ્યભિચારના અડ્ડા જામેલા આપણે જોયા છે.

વિષ્ણુઓના મહારાજોની લીલા વિષે અમે સાંભળ્યું છે. વામ–માર્ગીઓના વ્યભિચાર–પંથથી તો કોઇ અજાણ્યું નહિ હોય. પણ અમે સ્વપ્ને પણ આશા ન્હોતી રાખી કે આગાખાની પંથમાં પણ ધર્મગુરૂને વ્હાલા, અલબેલા અને છોગાળા કહી કહીને, ગાઇ ગાઇને સ્ત્રીઓ તેની સાલગ્રેહ ઉજવતિ હશે અને એ ભકત સ્ત્રીઓનાં **તનમન** વિરહે ઘેલાં થતાં હશે કે એની સેજલડી સુની રહેતી હશે કે 'કબ ઘરં આવે રાખું મોરે છતીઆ'નાં અભિલાષ એને જાગતા હશે.

"સાલગ્રેહ સંગ્રહ, ભાગ ૧લો" નામક એક નાનકડા પુસ્તકમાંથી અમે આ નીચે કેટલાક રાસડા ઉતારીએ છીએ, એ અમારા કથનને ટેકો આપશે. આ પુસ્તકમાં આવાં અને આને લગતાં ૧૨૭ ગીતો છે. તેની પહેલી આવૃતિની ૫૦૦૦ નકલો કાઢવામાં આવી છે. અમે આ જાતનાં પ્રકાશનને ધુતકારી કાઢીએ છીએ. ખોજા કોમની અજ્ઞાન સ્ત્રીઓમાં ધર્મને નામે પરપુરૂષની પ્રીતિ સેવવાના દુર્ગુણને દાખલ કરવાના આ હલકટ પ્રયત્ન ઉપર અમે લઆનત વરસાવીએ છીએ. ખોજા કોમમાં મહારાજ–લીલાની સ્થાપના થાય એ જોવા કે સાંખવા અમે તૈયાર નથી. સ્ત્રીઓ પાસે આવા નફટ રાસડા અને ગીત ગવરાવી દામ્પત્ય જીવનમાં પુળો મુકવાના કોઇ કાર્યને કદી પણ સાંખી લઇ શકાય નહિ.

લગની લાગીરે અલબેલા! તારો વિરહ નહિ સહેવાય!
તારો વિરહ નહિ સહેવાય, તુજ વીણ તનમન ઘેલું થાય–લગની.
તરસી રહ્યાં છે નયન ચકોરા! પ્રગટ દર્શ દ્યો ચંદ્ર કિશોરા!
સુલતાન મહમદ રાય– ( બે વાર ) –લગની.
અમે અધીરા, અમે નગુણા! તાર મહીં દયો ધીરજ સલુણા!
દીલ દરશન વીણ ન ધરાય– ( ૨ ) –લગની.
આતુરતાથી કરીએ વંદન! હિન્દ પધારો મુકી લંડન!
મન "મુરાદ" પુરી થાય– ( ૨ ) –લગની.

* * *

આવો સુલતાં પ્યારે મોરે મંદરીયા,
તુમ બીન રહી મોરી સુની સેંજરીયા–આવો.
તુમ બીન મોહે કલ ન પડત હએ,
તાક તાક રહી હું મય તોરીરે ડગરીયા–આવો.
ઇતની અરજ મીમ માનો સજનવા,
પ્યારે સુલતાં ફેરો નહિ પ્યારકી નજરીયાં–આવો.

* * *

આજ લીખો શાહ સુલતાંકો પતીયા,
કટત નહિ ઉન બીન મોહે રતીયા.
ઘડી પલ છીન જીયા માનત નાહી,
કબ ઘર આવે રાખું મોરે છતીયા.
છોડશો તન ઘર આવો મંદરવા,
કઇ દીન બીતે કરે દો દો બતીયા.
આશા લગી હય તુમરે મીલનકી,
બેગે મીલો મીમ નીર બહે અખીયા.

* * *

સુલતાન શાહ કેવી તારી રીત,
સાંમી તારે નખરે લોભાણાં રે –સુલતાન.
મોહન મલવાને મારે, મન દોડી ચાલ્યું ત્યારે,
છોગાળે છેતર્યાં મુને છેક, છોડી ચાલ્યાં છરરરરરરે–સુલતાન.
અંલબેલા આગળ જઇ, વીનતીથી વીનવ્યું રે,
દરશનનું દીઓ મુને દાન, ચાલી ગયા ચરરરરરરે–સુલતાન.
દુઃખના દરીયા માંહે મારૂં, મનડું દોહલે છેરે,
અવીને તારો ભર પાર, આવી ચાલ્યાં અરરરરરરે–સુલતાન.
શરણે રાખોને સ્વામી, અરજ સુણો અંતરજામી,
દાસ 'અલી'ની અરજ ઉર ધાર, ફરો નાહે ફરરરરરરે–સુલતાન.

* * *

શાહ સુલતાંકે દ્વાર રે, મોરી અરજી સુનાવો,
જાઓ સખીરી પીયાકો મનાવો, પૈંયા મે લાગુ તેહારે.
આવન કહે ગયે હજુ નહિ આયે, કહીયો કે અબ ઘર આવે,
બસંતકી બહારજ જાવે –શાહ.
અપને પીયાસે રૂમકત જુમકત "બીલાત" ભઈ મતવાલી,
ધનધન ભાગ સોહાગન ભઇ વો, મય બયરન દુઃખીયારી;
અબ શુધ લો શાહ નીજારી –શાહ.
સબ સખીયાં મીલ મંગલ ગાવો, મોતીય ચોક પુરાવો,
હાથ જોડ કર અરજ કરત હું, મીમકો દરશ દીખાવો;
આવનકી ખબર સુનાવો –શાહ.

* * *

સુલતાંકો મોરે મોહે લીયા,
એરી, એરી, લંડન તુને કયારે કીયા–સુલ.
એરી કોયલીયાં કુદ કરત હયે, આગ લગે મોરે તનમેં,
જીનકે પીયા પરદેશ બસત હયે, ઉનકો ચેન નહિ મનંમેં.–સુલ.
એરી પપઇયા પીયુ પીયુ બોલે, મોરા પીયા ઘર નાહી,
આવે પીયા તો પે તનમન વારૂ, ચેહી આસ મન માંહી.–સુલ.
જો બીતી તું જાને મુજ પર, ચેન પડે નાહી મોએ,
મુજ બીતી સો તુજ પર બીતે, તો શુદ્ધ આયે તોહે.–સુલ.
દીનકો રે મોહે ચએન નહિ હયે, તડપત મીન સમાન,
રહેન બીનત જવું ગીનત તારે, મીમ દરશન બીન હયરાન.–સુલ.

# સ્વમાન અને સ્ત્રી.

[ગતાંકથી ચાલુ.]

અનવરના મોઢા ઉપર ક્રોધ દેખાઇ આવતો હતો. તેના જેવા સ્વમાની યુવકથી આવું અપમાન કોઇ રીતે સહન થઇ શકે તેમ હતું નહિ. બીજા વરરાજાઓ આ ગુલામીખત ઉપર આંખો મીંચીને કેમ સહી કરી દેત હશે તેની તેને ગમ પડતી ન્હોતી.

અનવરનો દૃઢ નકારાત્મક જવાબ સાંભળી સૌ થીજી ગયા. મુખીને પોતાની સત્તા નાશ પામતી દેખાણી; હીરજીભાઇને પોતાને આંગણે આવેલી જાન પાછી જવાનો ભય લાગ્યો; અને અનવરના પિતાને, અને પિતાથી સવાઇ સત્તા ચલાવતા વૃદ્ધ વડીલોને પોતાનું નાક કપાઇ જતું દેખાયું. કોઇએ અંગ્રેજી ભણતરનો વાંક કાઢ્યો; કોઇએ હડાહડ કલીયુગ આવી ગયાની જાહેરાત કરી; તો કોઇએ છોકરો વંઠી ગયો હોવાનો ફેંસલો આપ્યો.

મુખી લાલચોળ થઇ ગયો. અનવરને કંઇ ને કંઇ કરી નાખવા તે તલપાપડ થઇ રહ્યો અને તેણે ઉભા થઇ ક્રોધમાં ને ક્રોધમાં ચલતી પકડી.

હીરજીભાઇ દોડયા. માથા ઉપરથી પાઘડી ઉતારી મુખીના પગમાં નાખી: "મુખીબાપા! મુજ ગરીબનો અવસર ન બગાડો. વરરાજાને હું સમજાવું છું. થોડીવાર બેસો." ત્યાં તો બીજી બે ચાર પાઘડી પણ હીરજીભાઇની મદદે આવી પહોંચી. મુખીબાપાને તેમને સોંપી હીરજીભાઇ વરરાજા પાસે પહોંચ્યાં.

આ તરફ અનવરનો બાપ જીણાભાઇ દીકરાને પોતાની ભાષામાં સમજાવી રહ્યો હતો. ત્યાં હીરજીભાઇ ધા નાખતા આવ્યા.

"બાપા, કહેતા હો તો પાઘડી ઉતારૂં; પણ સહી કરી આપો."

કન્યાના બાપનો અધિકાર પાઘડી ઉતારવાથી આગળ કદી પણ ગયો નથી.

"લે હવે સહી કરી દે; એ માણસ કહે તેનું માન." જીણાભાઇની સમજાવટ ચાલુજ હતી.

પણ અનવર ડગ્યો નહિ. તેણે આ બાબતમાં નમતું આપવાની સાફ ના લાડી. અનવરની મક્કમતા વધતી હતી તેમ તેના બાપનો મીજાજ હાથમાંથી છટકતો હતો.

"સહી કરે છે કે નથી કરતો? મેં તને અંગ્રેજી ભણાવ્યો એજ ભુંડું કર્યું. મને ખબર હોત તો તને એક આંકડો પણ ન ભણાવત. સહી કરી દેવામાં તારૂં શું જાય છે? તું કાંઇ આ પહેલો વહેલો નથી પરણતો. નાત આખીના છોકરા પરણે છે અને બધા સહી કરી દયે છે. શું અમે ગાંડા ને તું ડાહ્યો એમ ને? તારા ભણતરમાં ધૂળ પડી. બાપદાદાનું તેં નામ બોળ્યું; નહિતર તું મારૂં કહ્યું ન કર એમ? મેં તને પેદા કર્યો છે, તેં મને નહિ. તારે મારૂં માનવું પડશે. સહી કરી દેવી પડશે. બોલ, શું કહે છે?" જીણાભાઇ બાપ તરીકેના પોતાના બધા હક્કોનો ઉપયોગ કરવા લાગ્યા અને અનવરની તેણે ખુબ ઝાટકણી કાઢી નાખી.

ચારે બાજુ ગડબડ અને કોલાહલ મચ્યો હતો. મુખીને અને અનવરને સમજાવવા સહુએ પોતાની બુદ્ધિ અને વાણીને છુટી મુકી હતી. ત્યાં એ સહુને ભેદતો એક અવાજ નીકળ્યો. તેણે બધાને ચુપ કરી દીધા.

"માબાપો અને મુરબ્બીઓ! પટેલો અને પાઘડીવાળાઓ! તમારી કોઇની ગુલામી હું હરગીઝ નહિ કરૂં."

અનવર સફાળો ઉભો થઇ ગયો. ચહેરો તેણે તોડી ફોડી ફેંકી દીધો અને ઝપાટાભેર તે શ્વસુરગૃહની બહાર નીકળી ગયો. કોઇ તેને રોકી શક્યું નહિ.

× × × × ×

પરણવા આવેલો અનવર માતાપિતા, સગાં સ્નેહિ અને ગામ છોડી લગ્નમાંથી નાઠો તેને બે માસ થવા આવ્યા હતા.

હીરજીભાઇના ઉદ્વેગ અને ચિંતાનો પાર હતો નહી. ભણેલો ગણેલો જમાઇ આવી એક નમાલી બાબતમાં હઠ પકડી નિકાહ છોડી ચાલ્યો જાય એમાં તેને પોતાની મોટી કમનશીબી લાગતી. શીરીં માટે બીજો મુરતીયો ગોતવાનું તેમણે ચાલુ કર્યું.

શીરીનને કોઇ વાતની સુઝ પડતી ન્હોતી. બાપ પૈસાદાર હતો એટલે તે થોડું ઘણું ભણવા પામી હતી. બાળા મટીને તે કન્યા થવા લાગી ત્યાં સુધીમાં ચાર અંગ્રેજી સુધીનો અભ્યાસ તે કરી શકી અને પછી તો પિતાએ તેને નિશાળેથી ઉઠાડી લીધી.

માંડવા નીચે જ્યારે અનવરે વિરોધ પોકાર્યો ત્યારે તે સામેના ઓરડામાં બેઠી હતી. અનવરના શબ્દોમાં તેને કશું અણછાજતું અને અયોગ્ય ન્હોતું લાગતું. બીજી તરફ તેનો પિતા, ગામનો મુખી અને બીજા કેટલાય માણસો કે જે બધાને તે ડાહ્યા અને સમજદાર માનતી હતી તે સહી કરવાની વાત ઉપર મક્કમ હતા. આ વિરોધ શું કરવા હતો, સહી શેના ઉપર કરવાની હતી, અનવર સાચો હતો કે ખોટો—આ બધું તેને સમજાતું ન્હોતું. પણ હીરજીભાઇ જ્યારે તેના માટે બીજા મુરતીયાની શોધ કરી રહ્યા છે એ વાતની તેને ખબર પડી ત્યારે શીરીનને કાંઇક ગંભીર વિચાર કરવાની જરૂર દેખાણી. તેણે બાપની પાસેથી કાયદાની ચોપડી મેળવી વાંચી જોઇ. તેમાંથી કલમ ૧૧૯ તેણે જોઈ લીધી. અને તેને બધી વાતની સમજણ પડી ગઈ. અનવરની વાત તેને બરાબર સાચી લાગી. આગાખાની ધર્મ પોતે બદલાવે તો અનવરના તેનાથી છુટાછેડા થાય અને અનવર બદલાવે તો પોતાના તેનાથી થાય એ વસ્તુ તેને હદ બહારની ખરાબ લાગી; એટલુંજ નહિ પણ આવી શરત કરાવી લેવાનું કોઇ વ્યાજબી કારણ પણ તેને દેખાણું નહિ. આ ગેરવ્યાજબી દબાણને તાબે ન થવા અનવરની હિંમત અને મક્કમતા તેને ગમી ગઇ. અનવર જો સાચો હતો તો પોતે શા માટે તેને સામે ચાલીને ન પરણે! પણ અનવરનો પત્તો ક્યાંથી મેળવવો?

શીરીનની એક બ્હેનપણી અમદાવાદ પરણી હતી. શાળામાં તે બેઉ વચ્ચે સહીપણું જામ્યું હતું. શીરીને પોતાની અને અનવરની બધી હકીકત તેને લખી જણાવી અને પોતાની ઇચ્છા અને અનવરનો પત્તો મેળવવાના રસ્તા વિષે તેણે સલાહ માગી. શીરીનની બ્હેનપણીએ પોતાના સ્વામીને બધી વાતથી માહીતગાર કર્યો અને અનવરની તપાસ રાખવાનું કહ્યું. અનવર અમદાવાદ આવી એક વેપારીની પેઢીમાં અંગ્રેજી પત્ર વ્યવહાર કરવાની નોકરી

[અનુસંધાન પાના ૩૮૩.]

# ધર્મનાં ઝેર : દામ્પત્ય જીવનના મૂળમાં.

લેખક : "ભગત"

### અનિષ્ટ તત્વ.

આપણો આ ભારતવર્ષ મતમતાંતરિઓનો દેશ છે. મતમતાંતરોએ ભારતવર્ષિઓને અનેક નાની મોટી કોમોમાં વિભકત કરી નાખ્યા છે. જેને પરિણામે, આપણો દેશ આજે પરાધીનતાના પાશથી પીડાય છે. દેખીતી રીતેજ ભારતવાસીઓની પ્રવૃત્તિ માત્ર પરલોકકામિ હોય છે. તેઓ પરલોકને માટે ધર્મો ઉભા કરે છે, ને ધર્મને માટે પ્રજોત્પાદન કરે છે. એ પરલોક અને ધર્મરૂપી રાક્ષસોએ આપણી કોમની પણ જીવન–ફુલવાડીને વેરાન બનાવી દઈ આપણા સુખ–સમ્પતિનું સત્યાનાશ વાળ્યું છે. પરલોકની મોહીની અને અપ્સરાની આરાધના અર્થે, એ બધું જાણે એના વડેજ શકય હોય એમ માની, પરાકાષ્ટાએ પહોંચેલા અંધવિશ્વાસ સહિત આરાધાતા આપણા આ પાખંડ–પંથે આપણી કોમનાં કુંટુમ્બ–પ્રેમ, બંધુ–સ્નેહ અને સ્વજ્ઞાતિહિતની ભાવનાની ધર્મરૂપી હુતાશનમાં હોળી કરી છે; એટલુંજ નહિ પણ આપણા દામ્પત્ય જીવનની ભવ્ય ઇમારત પણ ધર્મરૂપી રેતી પરજ ઉભી કરવામાં આવે છે, અને જોતજોતામાં દામ્પત્ય–કલહ રૂપી ઝંઝાવાતના એકજ સપાટે એ ઇમારતનો પત્થરે પત્થર ધરાશાયિ થઈ પડે છે.

### વિષ–પાન.

આપણી વયે પહોંચેલી પુત્રીને માટે આપણે યોગ્ય (!) વરની શોધમાં હોઇએ છીએ. સર્વથી પ્રથમ આપણું ગોરપદું કરવામાં જેમના સન્માનની શ્રેષ્ટતાનો આધાર છે એવા મીશનરી અને કામડીયાઓને એ કામ સોંપવામાં આવે છે કે જેઓ વરકન્યાના ભાવિ કરતાં પોતાની રોટીની કિંમત જરાએ ઓછી આંકવાના સ્વભાવવાળા હોતાજ નથી. તેઓ હંમેશાં ધર્મની એકે એક બાબતમાં પારાંગત હોય એવાજ મુરતીયાની શોધ કરે છે, અને તેઓ પોતાના પ્રવાસમાં પણ સર્વદા ધર્મ–રત્ત અને દશોંદ શુકરીતે પુરા હોય એવા મુરતીયાનેજ કન્યાના સુખના શ્રેષ્ટ સાધન તરીકે ઓળખાવવાનો પ્રયાસ અને પ્રચાર ડગલે ને પગલે કરતા હોય છે.

અને આપણે જાતે પણ વરની વિદ્યા, બુધ્ધિ કે કમાવાની શકિત અને સાધનનો વિચાર નહિ કરતાં વર પોતે અને તેના નજિક કે દુરના કુટુમ્બીઓ 'ઇમાનદાર' કેવાક છે, દશોંદ કેટલી આપે છે, કામડીયાને અને મીશનરીઓને જમવા બોલાવી જાય છે કે નહિ, અને જો 'હા'માં જવાબ હોય તો જમવા શું આપે છે? વિગેર જોવામાં આપણી બધી શકિત ખર્ચીએ છીએ. અને મુરતીયો ધર્મની બાબતમાં આપણે ત્રાજવે તોળી લઇએ એવો ખરેખર પ્રવિણ હોય કે પછી લગ્ન પુરતો દેખાવ ધારણ કર્યો હોય, પણ એટલું જોઇને આપણી ગભરૂ પુત્રીને પરણાવી દેવામાં આપણી ઇતિ–કર્તવ્યતા થઇ માનીએ છીએ; પછી ભલે તે અસાધ્ય એવા કોઇ રોગનો ભોગ બન્યો હોય, કમાવાની શકિતથી હીન હોય. અભણ, મૂર્ખ, ક્રોધી કે અવિચારી હોય તેની દરકાર કરવા એ લાડઘેલી પુત્રીનો પિતા ભાગ્યેજ રોકાય છે, અથવા નથી રોકાતા એમ કહેવામાંએ અતિશયોકિત થતી હોવાનો અસંભવ મોટો છે.

### ભૂલ.

અને આપણી પુત્રીનો એ ભાગ્યશાળી ભરથાર પણ જ્યારથી સમજતો થવા માંડે ત્યારથીજ તેના કાન પર એક વાત તો અવિરતપણે અથડાયાજ કરે છે કે ખાને જઇને ધુવા પડવી. જ્ઞાન બોલવાં, નાંદી લેવી અને શાહપીરનો માલ કરવો–એવું એવું કરનારનેજ કન્યા મળે છે; અન્યથા પારકી દીકરીને વહુ કરવાનો કોઇ અવકાશ નથી. અને કુમાર, આપણા ભાવિ સમાજનો સ્થંભ, નાની વયથીજ એની આરાધનાનો આરંભ કરી દીએ છે.

એટલું એ આચરવા માંડે ત્યાર પછી તેને પોતાને તો જીવનમાં બીજી અનેક વ્યવહારિક વિટમ્બણાઓ આવવાની હોય છે તેનું ભાન ઓછું હોય છે, અથવા નથીજ હોતું. પરંતુ એ પુત્રના પિતાને પણ એ બાબતમાં કોઇજ ફરજ દેખાતી નથી. બહુ બહુ તો એ ત્રણ ગુજરાતી ભણાવીને પછી સીંધી સ્કુલમાં એનો અભ્યાસ ચાલુ રહે એટલું અવલોકવા એ અટકે છે.

કોઇ પુત્રના પિતાએ અગાઉથી આટલી અગમચેતી ન લીધી હોય તો પુત્ર ઉમરે પુગતાં એને એ વસ્તુનું ભાન થાય છે, અને એને લાગે છે કે ધર્મ-જ્ઞાન-રહિત આ કંચન--કુમાર માટીના માનવીમાંએ ખપશે નહિ; અને સત્વર એ જાતનો દંભ શરૂ કરી દેવામાં આવે છે. મૂળ તો આપણો ધર્મજ, અતિ વિનયીપણે કહીએ તો પણ જેને પાખંડ–તંત્રથી જરાએ ઓછું નામ આપી શકાય એમ નથી, તે આચરવાનું પાખંડ કરવામાં આવે છે. એ ઉમેદવાર ભાઇને પણ તે વખતે ભાન થાય છે કે અન્યથા આ લોકની પણ અપ્સરા મળવાની અસંભવિતા અનિવાર્ય છે, ને તુરતજ ખાને જવાનું, રાગડા તાણવાનું અને નાંદી લેવાનું અને એવું એવું બધું જે વડે માખીઓ મેળવવાનું શકય બને છે તે તે શરૂ કરી દેવામાં આવે છે, તે પરણીને ઘેરે આવતાં સુધી કે ત્યાર પછી એકાદ માસ બીજો પણ પહોંચે છે. કેટલાક સંજોગોમાં એ અનિષ્ટ મૂર્ખાઇમાંથી ઉપજેલી કૃતઘ્ન બુદ્ધિથી કે ભવિષ્યમાં પોતાની પ્રતિકૃતિઓને પોતાના જેવી પીડા ન પડે એ માટે એ પ્રપંચ–જાળ એ પરહરી શકતો નથી.

### ફંદચામાં.

અને એ યુગલની જીવન–નૌકા સફર શરૂ કરે છે નથી કરતી ત્યાં તો હોવા જોઇતા વ્યવહારિક જ્ઞાનના અભાવે પોતાનો રોટલો રળી ખાવાની એ મુશ્કેલી અને એમાંથી નિષ્પન્ન થતી કઠોરતા તેમના પ્રણય–વૃક્ષનું છેદન કરવા માંડે છે, અને આખરે દામ્પત્ય–કલહ ઉગ્ર સ્વરૂપ પકડતાં પત્ની પિયરના પંથે પરવરે છે. અને એ બધાનાં અનિવાર્ય પરિણામ રૂપ વધતા જતા છુટાછેડાના મુકર્દમાઓનાં ફેંસલા કરવા કાઠીયાવાડ જેવડા નાનકડા પ્રદેશમાં વસતી આપણી નાનકડી કોમની વરિષ્ટ અદાલતમાં બત્રીશ જેટલા ન્યાયાધિશો રોકવામાં આવ્યા છે.

# સમાહનો સાર.

**મહાસભાના આગેવાનોની પરિષદ :** ગઈ તા. ૩૧ના રોજ હિંદી રાષ્ટ્રિય મહાસભાના કેટલાક જાણીતા આગેવાનોની એક ખાનગી પરિષદ શ્રી. ભુલાભાઈ દેસાઈના પ્રમુખપદે દીલ્હીમાં મળી હતી. સામુદાયિક સત્યાગ્રહની ચળવળથી અને ત્યાર પછી વ્યક્તીગત સત્યાગ્રહથી પણ હિંદની મુરાદ બર આવી નહિ અને અત્યારે દેશમાં ઉદાસીનતા અને નિષ્ક્રીયતા વધતી જતી હોવાથી આ પરિષદે ફરીથી ધારાસભાઓની ચુંટણીમાં ઉભા રહી ધારાસભાઓનો કબજો મેળવવાનો ઠરાવ કર્યો છે. મ. ગાંધીજીએ તેમને આશીર્વાદ આપ્યા છે. આ નવો સ્વરાજ પક્ષ કોમી એકતા સાધવા અને શ્વેત પત્ર સામે દેશભરમાં વિરોધનો મજબુત વંટોળ ઉભો કરવાના એ મુખ્ય કાર્યો ખાસ કરીને કરશે. આ માસની આખરમાં કલકત્તામાં આ નવા પક્ષની બેઠક મળશે તે વખતે વિગતવાર કાર્યક્રમ ઘડી કાઢવામાં આવશે ડૉ. અનસારી, પં. માલવીયા અને બીજા આગેવાનો આ નવા પક્ષમાં જોડાયા છે.

**મુસ્લીમ લીગની બેઠક :** દીલ્હી ખાતે ગઈ તા. ૩૧ના રોજ મી. જીણાના પ્રમુખપણા નીચે મુસ્લીમ લીગની એક બેઠક મળી હતી; તેમાં બ્રીટનના વડા પ્રધાને આપેલા કોમી ચુકાદાને અન્ય કોમો સ્વીકારે એ શરતે મુસ્લીમોએ શ્વેત પત્રનો વિરોધ કરવાનો ઠરાવ કર્યો છે. મી. ચાગલા અને બીજા કેટલાક આગેવાનોએ આ શરતી ઠરાવને વખોડી કાઢ્યો છે. કોમી એકતા સાધવા પં. માલવીઆ અને મી. જીણાએ મસલત કરી હતી, પણ મી. જીણા કોમી ચુકાદો સ્વીકારવા અને પં. માલવીયા નહિ સ્વીકારવા માગતા હોવાથી વાટાઘાટ પડી ભાંગી છે.

**વેપારી પરીષદ :** અખીલ હિંદ વેપારી મહા મંડળની એક બેઠક દીલ્હી ખાતે ગઈ તા. ૩૧ના રોજ શ્રી. સરકારના પ્રમુખપણા નીચે મળી હતી. ભાવી સુધારાઓનો સ્વીકાર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો નથી. પરિષદે ખાંડ ઉપર જગાત નાખવાની સરકારી નીતિનો વિરોધ કરી કેટલાક ઠરાવો પસાર કર્યા છે.

**શ્રમજીવી પરિષદ :** ગયા અઠવાડીયામાં જબલપોર ખાતે સમસ્ત હિંદ શ્રમજીવી વર્ગ રાજ્યદ્વારી પરિષદની એક બેઠક ડૉ. બેનરજીના પ્રમુખપદે મળી હતી. આ પરિષદે મજુરો અને ખેડુતોના હાથમાં સત્તાના બધાં સુત્રો આપવાના પોતાના ધ્યેયને પહોંચી વળવા માટે ધારાસભાઓમાં બહુમતી મેળવી પ્રચાર કામ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો અને શ્વેત પત્રની યોજના વખોડી કાઢી હતી.

**નરેન્દ્ર સંરક્ષણ બીલ :** દેશી રાજ્યના રાજાઓને સંરક્ષણ આપવાનો ખરડો સરકાર તરફથી વડી ધારાસભામાં રજુ કરવામાં આવ્યો હતો તે ૫૫ વિ. ૨૮ મતે પસાર થયો છે. આ નવા ધારાથી બ્રીટીશ હિંદના વર્તમાનપત્રો રાજાઓ સામે કે તેમના કારભાર સામે ટીકા કરી શકશે નહિ અને તેવો ગુન્હો રાજદ્રોહ ગણાશે. દેશી રાજ્યોની પ્રજાની પરિષદે આ સામે પુષ્કળ વિરોધ ઉઠાવ્યો હતો. છતાં ખરડો પસાર થયો છે.

**હડતાળની તૈયારી :** મુંબઈ ઈલાકાના મીલ ઉદ્યોગમાં મીલ માલેકો અને કામદારોનો પ્રશ્ન દરરોજ ગંભીર થતો જાય છે. શોલાપુરમાં દોઢ માસથી કામદારોની હડતાળ ચાલુ છે અને નેતાઓની અને હડતાળીયાઓની વારંવાર ધરપકડ થાય છે અને લાઠીમાર પણ ચાલે છે. અમદાવાદના મીલ માલેકો પણ મજુરોના પગારમાં કાપ મુકવાનું વિચારી રહ્યા છે, અને ત્યાંની સ્થિતિ પણ કથળતી જાય છે. મીલ માલેકોની ચૂસણ નીતિ સામે વિરોધ દર્શાવવા મુંબઈની બધી મીલોમાં આવતી તા. ૨૩મીએ એક સાર્વત્રિક હડતાળ પાડવાની તૈયારીઓ મુંબઈના મજુર નેતાએ કરી રહ્યા છે.

**કોડીનારના ખેડુતો :** અમરેલી તાબે કોડીનાર મહાલના ખેડુતો ઉપર મહેસુલની ઉઘરાત વખતે મહેસુલી અમલદારોએ કરેલા જુલ્મ સંબંધમાં ઈન્સાફ મેળવવા અને ખેડુતોને રાહત અપાવવા પ્રજાકીય આગેવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને વડોદરા રાજ્યના દિવાન સુધી એ વાત પહોંચાડવામાં આવી છે.

**ખાન એબેદુલ્લાના ઉપવાસ :** સરહદના ગાંધી ખાન અબદુલ ગફુર ખાનના ભત્રીજા અને લાલ ખમીસવાળાઓના જાણીતા આગેવાન ખાન એબેદુલ્લા ખાનના ઉપવાસ મુલતાનની જેલમાં હજી ચાલુ છે અને તેઓના જીવનની આશા હવે લગભગ છોડવામાં આવી છે.

**સંતતિ નિયમનની જરૂર :** પંજાબ તબીબી કોન્ફરન્સની લાહોર ખાતેની ૩૭મી બેઠકે સંતતિ નિયમન ઉપર ખાસ ભાર મુકી એ સંબંધે ગંભીરપણે વિચાર ચલાવવાનો ઠરાવ કર્યો છે.

**સસરાએ પુત્રવધુનું ખૂન કર્યું :** કરાંચી નજીક આવેલા કાંદીઆર નામના એક ગામમાં રહેતા એક મુસ્લીમે પોતાની પુત્રવધુ પોતાની સામે બોલવાથી તેણીના મોઢામાં સળગતું લાકડું ખોસી વહુનું મૃત્યુ નીપજાવ્યું છે. ગુન્હેગારને પોલીસે પકડયો છે.

**પ્લેગ અને મેનીન્જાઈટીસ :** મુંબઈ સરકારના પ્રકાશન ખાતાએ ઈલાકામાં ચાલતા પ્લેગ, મેનીન્જાઈટીસ અને શીતળા સંબંધે એક જાહેરાત બહાર પાડી છે. તા. ૨૪મી માર્ચે પુરા થતા અઠવાડીયા દરમ્યાન સીંધ શિવાય આખા ઈલાકામાં કુલ્લે પ્લેગના હુમલા ૪૧૦ થયા હતા અને ૨૫૨ મરણ નીપજ્યા હતા. બેલગામ, બીજાપુર, ધારવાર અને સતારા તરફ પ્લેગનું જોર વધારે છે. શીતળાના ૭૧૮ હુમલા અને ૧૫૭ મરણ થયાં હતાં. મેનીન્જાઈટીસના ૬૮ હુમલા અને ૩૧ મરણ થયાં હતાં. શીતળા નાશીક, સતારા અને પુના તરફ વધુ છે. મેનીન્જાઈટીસ અમદાવાદમાં ખાસ છે. ભરૂચ, નડીઆદ, સુરત, પુના અને મુંબઈમાં પણ મેનીન્જાઈટીસના કેસો નોંધાણા છે.

**બાહારમાં દુષ્કાળનો ભય :** ધરતીકંપમાં પાયમાલ થયેલાઓને રાહત આપવાનું કામ રાજેન્દ્ર બાબુ બીહારમાં ખુબ જોશથી આગળ ધપાવ્યે જાય છે. મહાત્માજીએ પોતાનો બીહારનો પ્રવાસ પુરો કર્યો છે અને તેઓ આસામના પ્રવાસે ઉપડી ગયા છે. પાણીની ખેંચ બીહારમાં અત્યારે ખુબજ છે અને દુષ્કાળનો ભય પણ ઉભો થયો છે; કારણ કે ખેતરો રેતીથી ભરાઈ ગયા છે.

**ભાઈની પાછળ બ્હેન મરી :** રેવાથી એવા સમાચાર બહાર આવ્યા છે કે હરી નામના એક ગામડામાં પોતાનો એકનો એક ભાઈ મરણ પામતાં તેનો વિયોગ અને દુઃખ નહિ સહન થવાથી તેની બળતી ચિતામાં પડતું મુકી એક બ્હેન મૃત્યુ પામી છે.

## ના. આગાખાન અને મુસ્લીમો.

દીલ્હીથી પ્રગટ થતું 'અલ–જમીઅત' નામનું એક મુસ્લીમ પત્ર પોતાના તા. ૨૦–૧૨–૩૩ના અંકમાં નીચે પ્રમાણે લખે છેઃ–

"જેવટે એચ. એચ. સર આગાખાન હિંદુસ્તાન આવી પહોંચ્યા છે. જ્યારે બ્રીટીશરોને તેની હાજરીની વધુમાં વધુ જરૂર છે ત્યારે તે હિંદુસ્તાન આવે છે. એ માટે કોઇ ખુલાસાની જરૂર નથી. હિંદુસ્તાનના કિનારા ઉપર ઉતરતાં વર્તમાનપત્રના ખબરપત્રીને તેણે એક નિવેદન આપ્યું છે, કે જેમાં તેણે કોમી ચુકાદાનો ઉલ્લેખ કર્યો છે અને તે હિંદી વઝીરના વખાણ કરે છે. નામદાર પોતાના જુના સ્વભાવ માટે પ્રશંસાને પાત્ર છે, કારણ કે જે માણસ સ્પષ્ટપણે અંગ્રેજ છે અને જે અંગ્રેજોના હાથમાં પુતળાં સમાન છે તેના તરફથી આથી વધુ આશા રાખી શકાય નહી.મુસ્લીમ કોન્ફરન્સના કાર્યકર્તાએ'એ આથી શરમાવું જોઇએ; તેઓ પોતાને મુસલમાન કહેવરાવે છે. શું આ રીતે તેઓ પોતાને મુસ્લીમોના આગેવાન કહેવરાવવા માગે છે?

ના. આગાખાન જેવા પરદેશી અને ગેરમુસ્લીમને પોતાના નેતા તરીકે તેઓ શા માટે સ્વીકારે છે તે સમજી શકાતું નથી. દુનિયા જાણે છે કે સર આગાખાન કુરાન, કરીમ અને ઇસ્લામના સિધ્ધાંતોમાં માનતા નથી. તે એક જુદાજ ધર્મના પેગમ્બર છે. ઈસ્લામ કે મુસ્લીમો સાથે તેને કશો સંબંધ નથી, અને તેથી સ્વાભાવિક રીતેજ મુસ્લીમો માટે તેને કશી લાગણી નથી. શું મુસ્લીમ કોન્ફરન્સના કાર્યકર્તાઓને એવો માણસ નથી મળતો કે જે વિચાર અને કાર્યમાં મુસલમાન હોય અને જેને મુસલમાનો માટે લાગણી હોય? જો આઠ કરોડ મુસલમાનોના નેત્તા તરીકે એક ગેરમુસ્લીમને બેસારવાનો હોય તો એ બહેતર છે કે મુસ્લીમોના આગેવાન તરીકે સર સેમ્યુઅલ હોરને સ્વીકારવામાં આવે."

### છુટક સમાચાર.

—વીંછીયાના ભાઇ મગન ભાણજી સુધારક પ્રવૃત્તિ માટે નાત બહાર હોવા છતાં તેની સાથે પોતાની પુત્રીનું લગ્ન કરી આપવા માટે અશલાલીના ભાઇ મોહનલાલ કાસમ પરબતાણી ઉપર સુપ્રીમ કાઉન્સીલમાં ચાલતા કેસનો નિવેડો હજી આવ્યો નથી. મે માસની કાઉન્સીલની બેઠકમાં એ હાથ ધરવામાં આવનાર છે.

—રાજકોટના ભાઇ કરમાલી દેવજીની આગેવાની નીચે એક જુદા પક્ષની સ્થાપના થઇ હતી અને જેઓનું અપ્રગટ નિવેદન 'જાગૃતિ'માં પ્રગટ થયું હતું તે સંબંધે રાજકોટ લોકલ કાઉન્સીલે એક વખત જવાબ લીધા છતાં તેમને ગઇ તા. ૧ના રોજ ફરીથી બોલાવવામાં આવતાં ભાઇ કરમાલી દેવજીએ 'હાલ એ મંડળ હસ્તીમાં નથી' એવો જવાબ આપવાથી એ કેસની માંડવાળ કરવામાં આવી છે.

### વેપાર સમાચાર.

**ઉન**: ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૨૭૬ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનીક બજારમાં કાંઇ નવા સોદા થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૩) આસપાસ ગણાય. આવતો સેલ તા. ૨૪–૪–૩૪નો છે, તેમાં ગાં. ૨૭૨૦૦ મુકાશે તેવી ધારણા છે.

**બકરાના વાળ**: પુ

## વર્ષ પુરૂં થાય છે.

ગ્રાહકો નીચેની વિનંતિ ધ્યાનમાં લેશેઃ—

૧ "ખોજા જાગૃતિ"ના પહેલા વર્ષનો છેલ્લો અંક તા. ૨૪–૪–૩૪ના રોજ નીકળશે.

૨ તા. ૧–૫–૩૪થી બીજું વર્ષ ચાલુ થશે.

૩ જે ગ્રાહકોનું પહેલા વર્ષનું લવાજમ પુરૂં થતું હોય તેઓએ તા. ૨૪–૪–૩૪ સુધીમાં બીજા વર્ષનું લવાજમ અમને મનીઓર્ડરથી કે પોસ્ટ સ્ટેમ્પથી મોકલી આપવું, જેથી વી. પી. ખર્ચના ત્રણ આનાનો તેમને બચાવ થશે.

૪ ઉપર જણાવી મુદત દરમ્યાન જે ગ્રાહકોનું લવાજમ નહિ મળ્યું હોય તેમને બીજા વર્ષનો પહેલો અંક વી. પી.થી મોકલવામાં આવશે.

**૫ જે ભાઇઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગતા ન હોય તેઓએ કૃપા કરી અમને તત્કાલ જણાવવું, જેથી વી.પી. કરવાની મહેનત અને ખર્ચમાંથી અમે બચી શકીએ.**

૬ પરદેશમાં વી. પી. થતું નહિ હોવાથી પરદેશના ગ્રાહકોનું લવાજમ આવ્યા પછીજ તેઓને અંક મોકલવામાં આવશે.

૭ પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વ્યવસ્થાપક, **"ખોજા જાગૃતિ."**

[અનુસંધાન પાના ૩૮૦થી]

કરી રહ્યો હતો. તેજ પેઢીમાં આ માણસ પણ નોકર હતો. દોસ્તીને દાવે તે અનવરને પોતાને ઘેર તેડી ગયો અને શીરીનનો પત્ર બતાવ્યો. અનવરે બધી વાત કબુલ કરી. રાત્રે ત્રણ જણની સમિતિ બેઠી અને અનવરે પોતાના સસરાને ગામ જઈ શીરીનમાં હિંમત હોય તો ન્યાયાધિશ સમક્ષ બન્નેએ લગ્ન કરી લેવાં એમ નક્કી થયું.

અનવર શ્વસુરગ્રામે આવ્યો. ગામમાં તેણે જુદું મકાન ભાડે લીધું. શીરીનને તેણે પત્ર લખી તેણીની ઈચ્છા હોય તો પોતાને રહેઠાણે આવી મળી જવા સૂચવ્યું.

અનવરનો પત્ર આવ્યો કે શીરીને નિશ્ચય કરી લીધો. અનવરને તે મળી અને વળતે દિવસે ન્યાય કચેરીના પટાવાળાએ કરેલી જાહેરાતે આખા ગામમાં હોહાકાર મચાવી મુકયો.

અદાલતમાં કાયદેસર ઠરાવવામાં આવેલા લગ્નને ગેરકાયદેસર ઠરાવવાની કાઉન્સીલમાં હિંમત નહોતી.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૭૭.**

"આખા કાઠીયાવાડમાં નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામની માલીકીના તમામ જમાતખાનાના આગલા દરવાજા ઉપર નીચેની વિગતવાળાં પાટીયાં રાખવાની જરૂર છેઃ—

આ જમાતખાનું એચ. એચ. સર સુલતાન મહમદશાહ આગાખાન જી.સી.આઇ.ઇ;જી.સી.એસ.આઇ;જી.સી.વી.ઓ; એલ.એલ.ડી.ની માલીકીનું છે. તે એચ. એચ. ધી આગાખાનના શીયા ઇમામી ઇસ્માઇલી મુરીદોની જમાત માટે છે."

જમાતખાનાં અથવા જમાતના ઉપયોગમાં આવતી કોઇ પણ મિલ્કતની માલેકીનો હકક ના. આગાખાનને નથી અને એ મિલ્કતો સાથે નામદારને કશી લેવા દેવા નથી એ સંબંધેનો ઉલ્લેખ કલમ ૧૬૨ અને ૧૬૫ની ટીકાઓમાં આવી જાય છે; એટલે આંહી તે સંબંધે વિશેષ લખવાનું રહેતું નથી. જ્યાં ના. આગાખાનને આવો માલેકી–હકક નથી ત્યાં તેમના નામનાં પાટીયાં લગાવવાની કશી જરૂર નથી.

**કલમ ૧૭૮.**

"આખા ડીસ્ટ્રીકટની આપણી તમામ ઇસ્માઇલી જમાતોમાં અસલના કલમા (એટલે, ઇસ્લામની મુખ્ય માન્યતા) "લા ઇલ્લા-ઇલ–અલ્લાહ–મહમદ રસૂલ ઇલ્લાહ" જાહેર રીતે પડવામાં આવશે."

ધર્મની સાથે આ કલમ નિસ્બત ધરાવતી હોવાથી તેને કોમના સામાજિક બંધારણમાં સ્થાન આપી શકાય નહિ. ધર્મ અને કોમ એ જુદી જુદી સંસ્થાઓ છે અને તેના ધારા ધોરણ અને બંધારણ પણ જુદાંજ રાખવાં જોઇએ. આગળ આવી ગયેલી કલમ ૧૪૯માં નકલંક અવતાર તરીકે ચીતરાયેલા ના. આગાખાનનો પંથ માત્ર જાહેરમાં (પણ ખાનગીમાં નહિ) ઇસ્લામની (પોતાની નહિ) માન્યતા પ્રમાણેનો કલમો પડવાનું સૂચવી ઇસ્લામના એક અંગ તરીકે રહી શકે કે કેમ એ ચર્ચા આંહી અસ્થાને છે.

**કલમ ૧૭૯.**

"આખા કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલના તાબાની લોકલ કાઉન્સીલોએ તથા બીજી દરેક સંસ્થાઓએ પોતાના રોકડ હિસાબની નકલો દર મહીને સુપ્રીમ કાઉન્સીલને નિયમિત રીતે મોકલવી."

લોકલ કાઉન્સીલોને સુપ્રીમ કાઉન્સીલે માત્ર પુતળાં સમાન બનાવી મુકી છે, એટલે તેને ગમે તેવા નિયમો તે લાગુ પાડે તે સમજી શકાય. પણ બીજી કોઇ સંસ્થાઓને આવો હુકમ કરવાનો સુપ્રીમ કાઉન્સીલને કશોજ અધિકાર નથી અને બીજી કોઇ સંસ્થા પોતાનો એવો હિસાબ સુપ્રીમ કાઉન્સીલને મોકલવા બંધાયેલી નથી.

**કલમ ૧૮૦.**

"જુદી જુદી બાબતોમાં વધુ મતે કાઉન્સીલમાં જે ઠરાવો આપવામાં આવે તેને અનુસરવા કાઉન્સીલના તમામ મેમ્બરો બંધાયેલ રહેશે. કાઉન્સીલ તરફથી કાયદાની કોર્ટમાં કોઇ કેસ દાખલ કરવામાં આવે અગર કાઉન્સીલની સામે કરવામાં આવેલ કોઇ દાવા અગર ફરીયાદનો બચાવ કરવાનો હોય ત્યારે સદરહુ દાવા અગર ફરીયાદને લગતા પાવર અગર એવા બીજા દસ્તાવેજ ઉપર કાઉન્સીલના બધા મેમ્બરો પોતાની સહીઓ કરવા તેમજ બનતી તમામ મદદ કરવા બંધાયેલ રહેશે. તેમ છતાં કોઇ મેમ્બર પોતાની તેવી ફરજ અદા કરવામાં કસુર કરે અગર સામાવાળા યા સામાવાળાઓને મદદ કરે અગર સરકાર સાહેબ, કાઉન્સીલ તથા જમાતના હીતને નુકશાન થાય તેવા પ્રકારનું વર્તન ચલાવશે તો કાઉન્સીલ તેવા મેમ્બરને કાઉન્સીલની મીટીંગોમાં હાજરી આપતાં અટકાવશે અને તે પછી તેવા મેમ્બરને ડીસમીસ કરવાનો હુકમ મેળવવા નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુર તે બાબતનો રીપોર્ટ કરશે અને તે સંબંધમાં નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ હજુરથી જે કાંઇ ફરમાન મળે તે અનુસાર અમલ કરશે. જો એવો મેમ્બર કોઇ લોકલ કાઉન્સીલનો મેમ્બર હોય તો તેનો રીપોર્ટ સુપ્રીમ કાઉન્સીલ તરફ કરવો અને તે બાબતનો નિર્ણય કરવા નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ તરફથી સુપ્રીમ કાઉન્સીલને અખત્યાર આપવામાં આવે છે. પરંતુ જો તેવો મેમ્બર સુપ્રીમ કાઉન્સીલનો મેમ્બર હોય તો તેનો રીપોર્ટ નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ હજુર મોકલવામાં આવશે અને તેઓ નામદારનું ફરમાન થાય તેનો અમલ કરવામાં આવશે."

કાઉન્સીલના મેમ્બરો બહુમતીથી પસાર થયેલા ઠરાવોને અનુસરે એ યોગ્ય છે; પણ તેથી કરીને કાયદાની કોર્ટમાં જે કાંઇ ફરીયાદ કે બચાવ રજુ કરવાના હોય તેના ઉપર દરેક મેમ્બરે સહી કરવાની જરૂર નથી. 'બનતી તમામ મદદ કરવા બંધાયેલ રહેશે.' એ આજ્ઞા અસ્પષ્ટ છે અને તેથી તેનો કશોજ અર્થ નથી. સામાવાળાને મદદ કરે અગર કાઉન્સીલ, જમાત કે ના. આગાખાનના હિતને નુકશાન થાય તેવું વર્તન કરે તેને શિક્ષા કરવાનું ધોરણ અતિશય જુલ્મી અને અન્યાયી છે; એટલુંજ નહિ પણ ન્યાયની સામે એક કાવતરૂં રચવા બરાબર છે. કાઉન્સીલ, જમાત કે ના. આગાખાનને પક્ષે અન્યાય હોય અને સામાવાળાને પક્ષે ન્યાય હોય તો પણ સામાવાળાને એટલે કે ન્યાયને મદદ કરવાનો આથી મજબુત પ્રતિબંધ મુકવામાં આવે છે; કારણ કે એમ સ્વીકારી લેવાનું કાંઇ પણ કારણ નથી કે કાઉન્સીલ, જમાત કે ના. આગાખાનને પક્ષે કદી પણ અન્યાય નજ હોય. આ કલમ એવી છે કે તે જો ન્યાય સત્તાના હાથમાં આવે તો કદાચ કાઉન્સીલને બહુ ભારે થઇ પડે.

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

તાકાત છે ?　　　છુટક નકલ ત્રણ પૈસા.　　　Regd. No. B. 3114



તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી.

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૪૯ : એપ્રીલ ૧૭ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના વૈશાખ શુદ ૪ મંગળવાર.

મુદ્રણસ્થાન :
જાગૃત મુદ્રણાલય.

# ઝંઝાવાત.

"ભાંગો ભોગળ ! ભાંગો ભોગળ !
　　ખોલો બારી બારણાં !
સૃષ્ટિના તાંડવ મહીં તમ તાલ પૂરો!"
　　સાદ દે મ્હેરામણા.

આભ ચંદરવો,
　　ઝણે સંગીત સાગરતાર:
પાનખરનાં ઓઢણાં !
　　ઝંઝાનિલે નિજ નૃત્ય માંડ્યું
　　પૃથ્વિને પગથાર.

વનચમન ગાય હુલામણા !
"સૃષ્ટિના તાંડવ મહીં તમ તાલ પૂરો !"
　　સાદ દે મ્હેરામણા !

મયૂર નાચે મત્ત હૈયે,
　　આભ પંખે પાથરી:

કપોત કૂજે કુંજ કુંજે,
　　પાંખમાં પાંખો વણી:
આમલીની ડાળ વિંઝે વિંઝણાં !
"સૃષ્ટિના તાંડવ મહીં તમ તાલ પૂરો !"
　　સાદ દે મ્હેરામણા !

શિરિષ તરૂના શુષ્ક ઘુઘરે,
　　અનિલ બાજે ખંજરી:
સહકાર સુંદરીઓ હસી હસી,
　　દાંત વેરે મંજરી:
શાલવનનાં પર્ણ ગાય વધામણાં !
"સૃષ્ટિના તાંડવ મહીં તમ તાલ પૂરો !"
　　સાદ દે મ્હેરામણા !

શુષ્ક, ક્ષીણ, વીદીર્ણ,
　　જીર્ણ નીચે ખરે:—

વિશ્વ સંગીતમાં બસુર જે,
　સૃષ્ટિનૃત્યે તાલ જેના ના પડે !

નવવિભવ ને નવસૃજનમાં અળખામણા !—
"સૃષ્ટિના તાંડવ મહીં તમ તાલ પૂરો !"
　　સાદ દે મ્હેરામણા !

નિસર્ગ નાચી,
　　સુકલ પર્ણ સરી પડ્યાં:

પૃથ્વી નાચી,
　　માટીના થર ઉતર્યાં:
　વ્યોમ નાચ્યું,
　　હૃદય-ફૂમા આંસુડાં થઇ ઓગળ્યાં:

એક માનવ ના ઊઠયાં, એને મીઠી આત્મપ્રતારણા !
"સૃષ્ટિના તાંડવ મહીં તમ તાલ પૂરો !"
　　સાદ દે મ્હેરામણા !

"ભાંગો ભોગળ, ખોલો બારી બારણા !"
　　સાગર પુકારે સાદ:
સાંકળ સહુ ખખડાવી જાય સમિરણા:
ઝાડ જાગે, શુષ્ક ત્યાગે,
　　પંખી પ્રાણી નાચતાં:

પણ માનવિ ધડ ધડ કરી,
　　નિજ દ્વાર બારી વાસતાં:
એને રૂઢ વ્હાલું: મૃત્યુ-નૃત્ય બિહામણાં !
"સૃષ્ટિના તાંડવ મહીં તમ તાલ પૂરો !"
　　સાદ દે મ્હેરામણા

**શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણી**

(પ્રસ્થાન માંથી)

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૭–૪–૩૪.


## તાકાત છે ?

આજના અંકમાં અન્યત્ર પ્રગટ થતા સમાચાર કચ્છમાં સ્થપાઇ રહેલા ‘કાયદારાજ’ની ગંભીરતા તરફ સૌ કોઇનું ધ્યાન ખેંચે તેમ છે. ના. આગાખાન દુઆ–આશીષ સહીત જે કાયદાની કચ્છને ભેટ કરતા ગયા છે એ કાયદા કચ્છની જમાતોને ગુલામીની મજબુત શૃંખલાઓ વડે જકડી રહ્યાની પ્રતીતિ દરરોજ થતી જાય છે.

ના. આગાખાનને ખોજા કોમના સામાજિક વહીવટ સાથે કશી નિસ્બત નથી અને તેઓને કચ્છની કે કોઈ પણ સ્થળની જમાતોનો વહીવટ ચલાવવા કમીટી કે કાઉન્સીલ નીમવાનો અગર કાયદા કાનુન ઘડવાનો કશો અધિકાર નથી એ અમે આ પહેલાં કહી ગયા છીએ. એ અધિકાર જમાતોનો પોતાનોજ છે. ના. આગાખાન તેમાં જરા પણ દરમ્યાનગીરી કરી શકે નહિ. તેમની એવી દરમ્યાનગીરી કદી પણ સાંખી લઇ શકાય નહિ.

કોમના હકકને રૂંગળાવી પોતે સત્તા હાથમાં લઇ ના. આગાખાન કોમના વહીવટ સંબંધે જે કાયદા કાનુનો રચે તે સારા હોય તો પણ એ આપણા જન્મસિદ્ધ અધિકારોને છીનવી લેતા હોવાથી આપણે કબુલ કરી શકીએ નહિ એમ અમે માનીએ છીએ. પણ એ કાયદાઓ જ્યારે સારા નહિ પણ ખરાબ હોય અને આપણું રક્ષણ નહિ પણ ભક્ષણ કરનારા હોય ત્યારે તો આપણે આપણા બધા જોરથી એ કાયદા કાનુનોને કચરાની ટોપલીને હવાલે કરી આપણા ઉપર એ લાદવાના પ્રયત્નોનો મજબુત સામનો કરવો જોઇએ. કચ્છની આજે એ સ્થિતિ છે. ના. આગાખાનને કશો અધિકાર નહિ હોવા છતાં તેમણે કચ્છની જમાતોના વહીવટમાં દખલગીરી કરી કચ્છ કમીટીની સ્થાપના અને નિમણુક કરી. નામદારનું આ પગલુંજ આપણો વિરોધ માગી લ્યે છે. કચ્છની જમાતોના હિતનું બ્હાનું આગળ ધરી ના. આગાખાને જમાતોએ પાળવાના કાયદા કાનુન રચ્યા. કચ્છની જમાતોએ પાળવાના કાયદા કાનુન કચ્છની જમાતોજ ઘડી શકે; છતાં નામદાર સરમુખત્યારી ભોગવવાથી પાછા હઠયા નહિ. અને છેવટે એ કાયદા કાનુનોને કચ્છની જમાતોના બધા પ્રાથમિક અધિકારો છીનવી લેનારા, તેની માલ મત્તા જપ્ત કરનારા અને કોમને ચૂસીને ખોખું બનાવી મુકનારા બનાવી ના. આગાખાને પોતાની લાગવગ અને સત્તાનો થઇ શકે તેટલો વધુમાં વધુ દુરૂપયોગ કર્યો છે.

કચ્છની જમાતો વિચારે કે તેમણે અત્યારે શું કરવું જોઇએ. કચ્છની જમાતોના જન્મસિધ્ધ હકક ખુંચવી લઇ તેના ઉપર બળજબરીથી કોમને ભારે મારે એવા કાયદા કાનુન બેસારી દેવામાં આવે છે એવી આજની પરિસ્થિતિમાં તેમની ફરજ શું છે એનો એ નિર્ણય કરે. આજે જે મિલ્કતો કચ્છની જમાતોની છે એ આવતી કાલે ના. આગાખાનની થશે. આજે કચ્છની જમાતો પોતાનો વહીવટ પોતાને હાથે કરે છે, આવતી કાલે એને પારકી દયા ઉપર જીવવું પડશે. આજે કચ્છ સ્વતંત્ર છે, આવતી કાલે એ પરાધીન થશે. ગઇ કાલ સુધી જે કર વેરા કચ્છ પાસેથી ફોસલાવીને લેવામાં આવતા તે આવતી કાલે ‘હકક’ તરીકે જબરદસ્તીથી વસુલ કરવામાં આવશે. ગઇ કાલ સુધી જે પ્રેમ અને મહોબ્બતનો દાવો આગળ ધરતા તે આવતી કાલે માલીક બની ગુલામી માગશે. આ બધું સ્પષ્ટ છે, અતિશયોકિત વગરનું નિર્ભેળ સત્ય છે. કાયદા અને કાઉન્સીલ કેવો દાટ વાળે છે એની કલ્પના કચ્છની જમાતોને ન આવતી હોય તો કાઠીયાવાડની સ્થિતિ જુએ; બીજા સ્થળોની હકીકતો તપાસે. કાઉન્સીલ કે કમીટી અને કાયદા–એ આ બધા ઉપરાંત આપણામાં ભેદભાવ અને ઇર્ષા જગાડી પોષનાર સબળ સાધન છે. કચ્છ એના પણ શ્રાપમાંથી મુકત રહી શકશે નહિ.

અમે કચ્છના અમારા ભાઇઓને એકજ પ્રશ્ન પુછીએ છીએ: તમારામાં તાકાત છે? ભોગ આપવાની તમારામાં શકિત છે? તમને ગુલામ બનાવનારનો સામનો કરવા જેટલું તમારામાં નૈતિક બળ છે? હોય તો આજે વાપરવાનો અવસર આવ્યો છે. બેસી રહેવાનો કાંઇ અર્થ નથી. ટગર ટગર જોઇ રહેવાથી કાંઇ વળવાનું નથી. હાથ જોડીને છાનામાના બેસી રહેશો તો સદાને માટે તમારી ગરદન ઉપર ધોંસરૂં નાખી દેવામાં આવશે. હજી વખત છે. મોડું થયું નથી. ઠેકઠેકાણે સભાઓ ભરીને તમે ના. આગાખાનના પગલાંને વખોડી કાઢી શકો. નામદારે નીમેલી કમીટી અને ઘડેલા કાયદાઓનો તમારા ઉપર કશો અમલ નહિ ચાલે તેવી જાહેરાત તમે કરી શકો અને તે રાજ્યની અદાલતોમાં પણ નોંધાવી શકો. તમારા એ અધિકારનો કોઇથી ઇન્કાર નહિ થઇ શકે.

એકજ વાત છે; એકજ પ્રશ્ન છે: તાકાત છે? હોય તો અજમાવો. નહિ તો? નહિ તો તમારે કપાળે સદાની ગુલામગીરી જડાઇ જવાની.

# કચ્છ જકડાય છે.

ના. આગાખાન પોતાની આ મુસાફરી દરમ્યાન કચ્છ ઉપર કાયદા અને કમીટીની નવાજેશ કરતા ગયા છે. નામદારે કરેલી આ રચના અને નિમણુકનું પગલું કેટલું બેજવાબદાર અને આપખુદ છે તે અમે આ પહેલાં બતાવી ગયા છીએ. એ વખતે અમે કચ્છના કાયદા ઉપરની અમારી ટીકા મુલતવી રાખી હતી, કારણ કે અમારા હાથમાં એ વખતે કાયદા ન્હોતા આવ્યા; હવે કચ્છથી એક ભાઇ આ નવી કમીટીના સેક્રેટરી તરફથી બહાર પાડવામાં આવેલ સરકયુલર નાં. ૧ તથા કાયદાની કલમ ૭૧ થી ૯૨ અમને મોકલાવે છે એટલે એ ઉપર અમારો અભિપ્રાય આપવા અમે શકિતમાન થયા છીએ. અમારી ધારણા બરાબર સાચી પડતી લાગે છે. ના. આગાખાને કચ્છની જમાતો ઉપર કાયદાની જે નવાજેશ કરી છે તે કચ્છની જમાતોને બીજા સ્થળોની આપણી જમાતોની માફક પુરેપુરી જકડી લેનારી અને નીચોવનારી છે.

કચ્છ કમીટીના સેક્રેટરીના એ સરકયુલરમાંનો કેટલોક ભાગ જાણવા જેવો છે:

"૫ દરેક મેમ્બરે પોતાના હોદ્દાનો અખત્યાર સંભાળતાં વફાદારીના સોગન લેવા કાયદામાં ફરમાન છે. તે શરૂઆતની પહેલી મીટીંગમાં સોગન લેવા, જે નીચે પ્રમાણે છેઃ–

હું......મારી રાજીખુશીથી ખુદાને હાજર નાજર જાણી પ્રતિજ્ઞા લઉં છું કે હીઝ હાયનેસ ધી રાઇટ ઓનરેબલ મૌલાના હાજર ઇમામના ઘરની સેવા સંપૂર્ણ વફાદારીથી કરીશ. સત્ય ઇમાનદારીથી અને વફાદારીથી મારા ધર્મની સેવા બજાવીશ. મારી કોમ સંબંધી દરેક કાર્યમાં નિષ્પક્ષપાતપણે કાયદા કાનુનો અનુસાર મારી ફરજો બજાવીશ.

૮ તમારી ડીસ્ટ્રીકટોમાં અને તેની આસપાસ સરકાર સાહેબની સ્થાવર મિલ્કતો, જગ્યાઓ, વાડી ખેતરો, વિગેરે શું છે અને ધાર્મિક સંસ્થાઓ જેવી કે લાયબ્રેરીઓ, ઓર્ફનેજો, વોલન્ટીયર મંડળો, બેન્ડો, વિગેરે હોય તેની હકીકત લખવી. તેની શું વ્યવસ્થા છે, યા ફંડ ફાળો હોય તે સવિસ્તર લખવું.

૯ કાયદાની બુકો છપાઇ આવ્યાથી ડીસ્ટ્રીકટ કમીટીઓ મારફત બધા કાર્યવાહકોને મોકલી આપવામાં આવશે. દરમ્યાન ચાલુ સાર સરકાર વિગેરે વસુલાત માટે કાયદા પ્રકરણ ૨ જાની કલમ ૭૧ થી ૯૧ સુધીની નકલ આ સાથે છે તે પ્રમાણે નજરાણાં સાર લેવી."

આ ત્રણ મુદ્દાઓ સ્પષ્ટ રીતે જરાએ ભુલવણી કે ગેરસમજુત વગર એમ ચોકખે ચોકખું જણાવે છે કે આ કાયદા અને કમીટી કચ્છની જમાતોના હીત માટે નથી, પણ ના. આગાખાનનાજ સ્વાર્થ માટે રચવામાં આવ્યાં છે. કોમને નહિ પણ ના. આગાખાનને વફાદર રહેવાના સોગન લેવરાવવામાં આવે છે. આ ઉપરાંત, અત્યાર સુધીની કચ્છ જમાતોની બધી મિલ્કત ના. આગાખાનને કબજે સોંપી દેવાની વેતરણ ચાલી રહી લાગે છે. અને કોઇ પણ રજવાડી વસુલાતી અધિકારી કરતાં આગાખાની વસુલાતી અધિકારી કયાં ઓછો ઉતરે તેમ છે? હજી કાયદાની ચોપડી છપાઇને તૈયાર નથી થઇ એટલે વસુલાતને લગતી કલમો હાથે લખીને એ જરૂરજોગા સ્થળે મોકલાવી આપે છે કે જેથી વ્હેલામાં વ્હેલી તકે વસુલાતનું કામ હાથ ધરી શકાય.

જે કાયદાઓ અત્યારે બહાર આવ્યા છે તે ઉપરથી એમ માનવાને સબળ કારણો મળે છે કે કચ્છની કમીટીના કાયદા બીજી કોઇ કાઉન્સીલના કાયદા કરતાં જરા પણ ઉતરે તેવા નહિ હોય. બલ્કે કેટલીક બાબતોમાં એ સવાયા છે. કેટલાક કરો કાઠીયાવાડની જમાતોને માથે લદાયેલા કરથી વધારે ભારે છે, તો કેટલાક ધારા વધારે આપખુદ પણ છે. ફરવેરાને લગતી જે કલમો અત્યારે બહાર આવી છે તેમાંની થોડીક આંહી લઈએ.

**કલમ ૭૩.** "ઇસ્માઇલી મઝહબના મહાન પવિત્ર બોધગુરૂ પીર સદરદીન સાહેબે પવિત્ર જ્ઞાને શરીફમાં પોતાની કમાણીનો આઠમો હીસ્સો–દશોંદ–જમાનાના હાજર ઇમામને ધાર્મિક ઇન્તેકાદ પ્રેમભાવથી આપવા ફરમાવેલ છે; તે પ્રમાણે દરેક ઇસ્માઇલી મુરીદે આપવાની ફરજ છે."

**કલમ ૭૪.** "જેઓ ઉપર જણાવ્યા મુજબ દશોંદ આપી શકે તેમ ન હોય તેઓએ માથાદીઠ દર વરસે કોરી* સાડી આઠ ઇમામે ઝમાનનાં નઝરાણાં તરીકે સરકાર સાહેબીમાં આપવી પડશે."

**કલમ ૭૬.** "કોઇ કુટુંબમાં બચ્ચાનો જન્મ થાય તો તેવા દરેક જન્મની નોંધ સ્થાનિક જમાતમાં જન્મની તારીખથી છઠે કે દશમે દિવસે જમાતના દફતરમાં કરાવવી; એ પ્રસંગે બચ્ચાના માબાપે હીઝ હાયનેસ હાજર ઇમામનાં નઝરાણાં તરીકે છોકરાની છઠીની કોરી અઢી અને છોકરીની કોરી સવા આપવી."

**કલમ ૭૮.** "દરેક સગપણ થયા પછી ચખાણાં વખતે જે ઘરેણાં અને કપડાં વર તરફથી કન્યાને અપાય છે તેની નોંધ સ્થાનિક જમાતના દફતરમાં કરાવવી. તે પ્રસંગે હાજર ઇમામનાં નઝરાણાં તરીકે વર પાસેથી કોરી સવા એકાવન લેવામાંઆવશે."

**કલમ ૮૦.** "લગ્ન કે પુનર્લગ્ન પ્રસંગે કન્યાના માવિત્રો તરફથી કન્યાને કે વર પક્ષવાળાને જે કાંઈ દેજ [પેરામણી] આપવામાં આવે તેની નોંધ સ્થાનિક જમાતનાં દફતરમાં કરવી. અને તેની સાર દેજની રકમ કરતાં બરાબર દશ ટકાના હિસાબે વર પક્ષ પાસેથી લેવી. કન્યા પક્ષ પાસેથી કાંઇપણ સાર લેવામાં આવશે નહિ."

**કલમ ૮૨.** "લગ્ન કે મરણ પ્રસંગે કોઇ પક્ષકાર તરફથી સગાં વ્હાલાંને જમાડવામાં આવે કે સગરી ધામનું જમણ કરવામાં આવે તો તેના ઉપર તથા ખરચની રકમ ઉપર સેકડે અઢી ટકા સાર તરીકે સ્થાનિક કમીટી લેશે."

આ ઉપર લખ્યા બધા કાયદાઓ કચ્છની જમાતોને કચડી નાખનારા છે એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. લાગા ટકાનું ધોરણ કેટલીક બાબતોમાં કાઠીયાવાડ (કે જે બીજા સ્થળો કરતાં વધુ ભાર સહેનાર કમનસીબ પ્રદેશ છે) તેથી પણ ચડી જાય છે. કલમ ૭૪, ૭૬, અને ૮૨ અતિશય જુલ્મી છે.

કચ્છની જમાતો આ જુલ્મ સહી લેશે? કે તાકાત અને મર્દાનગી બતાવી આ નવી જન્જીરને ફગાવી દેશે? કચ્છીઓ, તમારી જાતનેજ આ જવાબ આપજો.

* ૪ કોરી = ૧ રૂપીઆ (આશરે)

# મારી નવી શોધ.

એ ખોટું છે. અશક્ય છે. અમલમાં ન મૂકી શકાય તેવું છે.

આપણે આજે પરસ્પર વિરૂદ્ધ વાતો કરીએ છીએ. આપણું વર્તન પણ એવુંજ વિરૂદ્ધ છે. નહિ તો આપણે સ્ત્રી–સ્વાતંત્ર્ય અને સ્ત્રી–સમાનતાની વાતો કરીએ?

આજનો જમાનો મંદીનો છે. આપણે કરકસર કરવાની અને ખર્ચ ઘટાડવાની વાતો કરીએ છીએ અને એ અમલમાં ઉતારવા માગીએ છીએ. બીજી બાજુ આપણે સ્ત્રીને સમાન દરજ્જે મુકવાની ઇચ્છા રાખી આપણીજ વાતને તોડીએ છીએ અને આપણાજ પગમાં કુહાડો મારીએ છીએ.

મેં આ સંબંધે ઉંડો અભ્યાસ અને ખૂબ વિચારણા કરી જોયાં છે. તમે પણ કરી જોજો. અરે! મેં તો અખતરા પણ કર્યા છે; અને તેથીજ હું આજે આ નવું સત્ય શોધી શકયો છું અને આપણી ભૂલ પકડી શકયો છું.

મને લાગ્યું કે મારી સ્ત્રીને હું રસોડામાં પુરી રાખું એ તો ઠીક નહિ. મારા સિદ્ધાંતોથી એ વિરૂદ્ધ. મારા સ્ત્રી–સમાનતાના આદર્શોને એથી ઝાંખપ લાગે. અને મેં નિશ્ચય કર્યો કે મારે મારી સ્ત્રીની કુમકે દોડી જવું, અને રસોઇનો ભાર તેના માથા ઉપરથી ઉતારવો. એ કાંઇ ભઠીઆરણ થોડી હતી કે સવાર, બપોર, સાંજ, એ આખો દિવસ રાંધ્યા રાંધ્ય કરે! અને મેં ઘરમાં એક રસોયો વસાવ્યો. પછી તો અમે વહેલી સવારે અને આથમતી સંધ્યાએ ખુલ્લી હવામાં ફરવા જવા લાગ્યા. મારો આત્મા સંતોષાયો. હું મારા આદર્શને અમલમાં ઉતારી શકયો. મારી સ્ત્રીને મેં સમાન દરજ્જે મૂકી. પણ એક મહિનો થયો ત્યાં મને મારી ભૂલ દેખાણી. રસોયાને પગાર ચૂકવતી વખતે અર્થશાસ્ત્રના અફર સિદ્ધાંતો મને સ્ફૂરી આવ્યા અને કોઇ પણ શાસ્ત્ર કરતાં અર્થશાસ્ત્ર મને વધુ ચડીઆતું અને અનુકરણીય ભાસ્યું. મેં રસોયાને રજા આપી. તે પછી રસોઇના પ્રશ્નનો ઉકેલ કરવા મેં એક વીશીવાળા સાથે નક્કી કર્યું. તે મુજબ તે અમારા માટે ભોજનની થાળીઓ અમારે ઘરે આવી પીરસી જતો. પણ મારો આ પ્રયત્ન પણ અર્થશાસ્ત્રથી અવળો સાબીત થવાથી મારે એ પડતો મૂકવો પડેલો.

"ફુલ નહિ તો ફુલની પાંખડી." મારાથી જેટલો બને તેટલો ભાર તો મારે મારી હૃદયેશ્વરીના માથા ઉપરથી ઉતારવા પ્રયત્ન કરવો જોઇએ. એટલે મેં તેને ઘંટીના કામ ઉપરથી છૂટી કરવાનો નિશ્ચય કર્યો. સત્યાગ્રહની લડતમાં રાજદ્વારી કેદીઓને જ્યારે ઘંટી આપવામાં આવતી ત્યારે મોટો શોરબકોર મચાવી મુકાતો. અને મારી પણ ત્યારથી ખાત્રી થઇ ચૂકેલી કે દેશના કાયદાનો જાણી બુઝીને ભંગ કરનાર ગુન્હેગાર કેદીને પણ જો ઘંટીની સજા કરવી યોગ્ય નથી તો સ્ત્રી કે જે આપણું અર્ધાન્ગ અને કોઇના કહેવા મુજબ પૂર્ણાન્ગ છે તેને વગર ગુન્હે આવી આકરી સજા કરવી એ તો ખુલ્લે ખુલ્લી નિર્દયતાજ ગણાય. મેં ઘંટીનું કામ ઘરમાંથી બંધ કરવાનું જાહેર કર્યું. લોટની મીલોમાં અનાજનું 'વીટામીન' (પ્રાણ તત્વ) ઉડી જાય છે અને તેથી મશીનમાં પીસેલો આટો આપણા પ્રજા–શરીરને નાકૌવત અને રોગી બનાવી રહ્યો છે એવી મારી મજબુત માન્યતા હોવાના કારણે મેં અમારી એક ગરીબ પાડોશી બાઇ પાસે મોંઘું પડવા છતાં પણ અમારે જોઇતું અનાજ દળાવી લેવાનું ચાલુ કર્યું. આ કાર્યથી મને જરૂર થોડો આત્મ–સંતોષ થયેલો. પણ એકાદ માસમાં મેં મારી એ ભૂલો એકી સાથે પારખી લીધી. એક તો મારો ઘર ખર્ચ વધતો હતો; અને બીજું હું મારી પ્રાણેશ્વરીની તંદુરસ્તીના દરવાજા બંધ કરી રહ્યો હતો. ઘંટી ફેરવવાથી કસરત મળે છે અને શરીર સુદ્રઢ, સુંદર અને તંદુરસ્ત બને છે એવી દલીલો આગળ જ્યારે મારા કુટુંબના કોઇ ડોસાં ડોશીઓ કરતાં ત્યારે હું તેમની દલીલને એવા મજબુત જવાબથી તોડી નાખતો કે શરીર સુદ્રઢ, સુંદર અને તંદુરસ્ત બનાવવાની પુરૂષોને પણ તક આપવી જોઇએ અને પત્નિની સામે પતિએ પણ દળવા બેસવું જોઇએ. હવે મને લાગ્યું કે જેને હું વૃદ્ધ, જૂના જમાનાનાં ડોસાં ડોશીઓ કહેતો એ મારા પરમ પૂજ્ય વડિલોએ સ્ત્રીઓએ ઘંટી દળવાની જે રૂઢી દાખલ કરી હતી તે ઘણીજ હેતુપૂર્વકની અને દીર્ઘદ્રષ્ટિથી ભરેલી હતી. મને હવે પ્રતીતિ થઇ છે કે આપણા બાપદાદાઓ બીજા શાસ્ત્રમાં ભલે કાંઇ ન જાણતા હોય તો પણ અર્થશાસ્ત્રમાં તેઓ પારંગત હતા; અને તેમની એ દીર્ઘદ્રષ્ટિને પ્રતાપેજ તેઓના વખતમાં આપણા જેવી મંદી કદી ન્હોતી આવી.

આમ બન્ને પ્રયત્નોમાં નિષ્ફળ નિવડવા છતાં હું હિંમત હારી ગયો નહિ અને સ્ત્રી–સમાનતાના મારા આદર્શને હું વળગી રહ્યો. મારા આખા ઘરનો ભાર હું વહી રહ્યો હોઉં ત્યારે મારી માનસિક શકિતઓને કામ કરતી ટકાવી રાખવા માટે મારે થોડી ઘણી બજારૂ વસ્તુઓનો ઉપયોગ કરવો પડે એ અતિ સ્વાભાવિક છે. એ મુજબ હું દરરોજ થોડી ચા, શરબત, આઇસક્રીમ કે કયારેક થોડા ગુલાબજાંબુ કે ફરસાણ લેતો. જ્યારથી સ્ત્રી–સમાનતાની ભાવના મારામાં પ્રબળ થવા માંડી ત્યારથી મને એમ લાગ્યા કરતું કે હું આમ એકલપેટો થઇ બધી વસ્તુઓ ખાધા કરૂં એ તો અયોગ્ય ગણાય. એટલે મેં એ માટે એક રસ્તો શોધી કાઢયો. જેટલા પૈસા હું બજારમાં આમ આવી રીતે ખરચું તેની મારે નોંધ રાખવી અને દરરોજ તેટલી રકમ મારે મારી પત્નીને તેની ઇચ્છા મુજબ ઉપયોગ કરવા માટે રોકડી આપી દેવી. મેં આ પ્રમાણે વર્તવા પ્રયત્ન કર્યો, પણ તે લાંબું ચાલ્યું નહિ. ખીસા ખર્ચનો આંકડો બરાબર બેવડાયો. આવી મંદીના વખતમાં આવું બેવડું ખર્ચ પાલવે નહિ એટલે મારી પત્નીને કાંઇ આપવાનું મેં માંડી વાળ્યું. તે તો આખા ઘરની માલીક હતી. ઘી, દુધ, બધા પુષ્ટીકારક ખોરાકો તો તેના પોતાના જ કબજામાં હતા. એ દ્રષ્ટિએ તો એ મારાથી વધુ સારી સ્થિતિમાં હતી. મારૂં અંગત ખર્ચ તો બંધ કરી શકાય તેમ હતુંજ નહિ. કારણ કે આખા ઘરનો ભાર ઉપાડનાર હું જો માનસિક શકિતઓ ટકાવી રાખવા થોડી રાહત આપનારી વસ્તુઓ ન લઉં તો પછી હું કેવી રીતે કમાઇ ઘરનો ખર્ચ કાઢી શકું?

આ તો મેં થોડાજ દાખલા આપ્યા છે. બહોળા વાંચનથી, બહોળા વિચારથી અને બહોળા અવલોકનથી મારી ખાત્રી થઇ છે કે સ્ત્રી–સમાનતા એ ભ્રમ છે. એ કદી પણ અમલમાં ન મુકી શકાય તેવી વસ્તુ છે. આખી દુનિયાના સમાજ અને રાજકારણને દોરવનાર અર્થશાસ્ત્રના સિદ્ધાંતોથી એ વિરૂદ્ધ છે. અને આજ કારણથી પ્રાચીન શાસ્ત્રકારો અને સમાજશાસ્ત્રીઓ, રાજાઓ અને ધર્મગુરૂઓ, વૃદ્ધો અને વડિલો એ બધાએ એકમતીથી સ્ત્રીનું સ્થાન કાળજીપૂર્વક પુરૂષથી નીચું નક્કી કર્યું છે. એ સામે આપણે પ્રયત્ન કરી શકીએ નહિ, અને કરીએ તો નિષ્ફળજ જવા સર્જાયેલા છે.

# "ઈમામકા હક્ક!"

નીચેનો પત્ર* પ્રકાશન અર્થે મળ્યો છેઃ–

કરાંચી, ૨૮ માર્ચ, ૧૯૩૪.

"ખોજા જાગૃતિ"ના તંત્રીશ્રી,
રાજકોટ.

સાહેબ,

આપના તા. ૨૦ માર્ચના અંકમાં પ્રગટ થયેલ "ઇમામકા હકક" નામનો લેખ વાંચતાં મેં ધીક્કાર અને કંટાળાની લાગણી અનુભવી છે. ગરીબ બીચારી કન્યાને અપાતા દેજ ઉપર લાગા ટકા માગવાનો ઇમામને શું હકક છે એ સંબંધે કાંઇ લખતા પહેલાં મને એ પુછવાનું મન થાય છે કે ના. આગાખાન શું અલ્પાંશે પણ સાચા ઇમામ છે? આ મુદ્દા સંબંધે ઇતિહાસ ઘણો સ્પષ્ટ છે, અને એ સાબીત કરે છે કે વધારેમાં વધારે અત્યારના ના. આગાખાન અલમોતના ગ્રાન્ડ માસ્ટરના વંશમાંથી ઉતરી આવેલા છે, જેની પ્રવૃત્તિઓ એટલી બધી નામીચી છે કે તેને માટે વધુ ઉલ્લેખની જરૂર રહેતી નથી. સાહેબ, નિસ્બત પણ નહિ ધરાવતા વર્તમાનપત્રો આ મહત્વના દાવાનો નિર્ણય કર્યા શિવાય અમુક માણસ ઇમામ છે એમ કેમ સ્વીકારી લ્યે છે એ ખરેજ નવાઇ ઉપજાવનારૂં છે; આમ કરીને તેઓ દંભીઓને ખોટું મહત્વ આપે છે, કે જેઓ ધર્મના આગેવાનો શિવાય બીજા કોઇ નામને લાયક છે × × × તમને આ સમજાય છે? જો એમજ છે તો પછી, ના. આગાખાનને જાપાનના રાજા મીકાડોના કુટુંબમાંથી પોતે ઉતરી આવ્યા છે એવો દાવો કરતાં કોણ અટકાવી શકે!

"ઇમામકા હકક" સંબંધે, શું એક પણ સાચો મુસ્લીમ એવી કલ્પના કરી શકશે કે હઝરત અલી અથવા ઇમામ હુસેન, કે જેઓ સાચા ઇમામો હતા, તેમણે કન્યાને અપાતા દેજ ઉપર લાગા ટકા લેવાનો દાવો કર્યો હોય, અને તે પણ એક હકક તરીકે? સાહેબ, આપ ખાત્રીથી માનજો કે અલમોતના એસેસીનનો નબીરોજ વિવેક બુદ્ધિના એક પણ છાંટા વિના ગરીબ બીચારી કન્યાને અપાતા દેજ ઉપર પોતાના લાગા ટકાની માગણી જબરદસ્તીથી કરી શકે. આથી વિશેષ ટીકાની જરૂર નથી.

સાહેબ, આપને અને "જાગૃતિ"ને સારામાં સારૂં કીસ્મત અને લાંબું આયુષ્ય વાંચ્છી આ પત્ર પુરો કરવાની હું રજા માગું છું, કે જેથી આપ ગરીબ કમનસીબ ખોજા કોમની સેવા કરી શકો.

અગાઉથી આપનો ઉપકાર માનતો,

સેવક,
**કરીમ ગુલામઅલી.**

* અસલ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર.

---

# વર્ષ પુરૂં થાય છે.

ગ્રાહકો નીચેની વિનંતિ ધ્યાનમાં લેશેઃ—

૧ "ખોજા જાગૃતિ"નું પહેલું વર્ષ એક અંક પછી પુરૂં થશે.

૨ એક અંક પછી તા. ૧–૫–૩૪ થી બીજું વર્ષ ચાલુ થશે.

૩ જે ગ્રાહકોનું પહેલા વર્ષનું લવાજમ પુરૂં થતું હોય તેઓએ તા. ૨૪–૪–૩૪ સુધીમાં બીજા વર્ષનું લવાજમ અમને મનીઑર્ડરથી કે પોસ્ટ સ્ટેમ્પથી મોકલી આપવું, જેથી વી. પી. ખર્ચના ત્રણ આનાનો તેમને બચાવ થશે.

૪ ઉપર જણાવી મુદ્દત દરમ્યાન જે ગ્રાહકોનુ લવાજમ નહિ મળ્યું હોય તેમને બીજા વર્ષનો પહેલો અંક વી. પી.થી મોકલવામાં આવશે.

**૫ જે ભાઇઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગતા ન હોય તેઓએ કૃપા કરી અમને તત્કાલ જણાવવું, જેથી વી.પી. કરવાની મહેનત અને ખર્ચમાંથી અમે બચી શકીએ.**

૬ પરદેશમાં વી. પી. થતું નહિ હોવાથી પરદેશના ગ્રાહકોનું લવાજમ આવ્યા પછીજ તેઓને અંક મોકલવામાં આવશે.

૭ પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વ્યવસ્થાપક, "ખોજા જાગૃતિ."

# સમાહનો સાર.

**મ. ગાંધીજીનો ધડાકો :** મહાત્મા ગાંધીજીએ વર્તમાનપત્રો જોગું એક નિવેદન પ્રગટ કરી કોઈને પણ વ્યક્તિગત સત્યાગ્રહ નહિ કરવાનું ફરમાન કર્યું છે. પોતાના નિવેદનમાં મહાત્માજી જણાવે છે કે 'સત્યાગ્રહ એક એવું આધ્યાત્મિક શસ્ત્ર છે કે જેને હિંસાને બદલે સંપૂર્ણ સફળતાપૂર્વક વાપરી શકાય. પણ જેટલી અણીશુદ્ધ અહિંસાથી તે વાપરવું જોઈએ તેટલી અહિંસા તે વાપરતાં લોકો જાળવી નહિ શકવાથી સત્યાગ્રહ સરકાર કે ત્રાસવાદીઓનો હૃદય–પલટો કરી શક્યો નથી.' એકજ વ્યક્તિ સંપૂર્ણ અહિંસક રહીને સત્યાગ્રહ કરે તો હિંદુસ્તાન માટે સંપૂર્ણ સ્વરાજ્ય મેળવી શકાય કે નહિ એ અખતરો કરવા માટે મ. ગાંધીજીએ સત્યાગ્રહની બધી જવાબદારી પોતાની જાત ઉપર ઓરી લીધી છે. હવે તેઓ એકલા સત્યાગ્રહ કરશે. ક્યારે અને કેવી રીતે તેની વિગતો બહાર આવી નથી.

મહાત્માજીના આ અણધાર્યા ધડાકાએ હિંદના રાજકારણને હચમચાવી મુક્યું છે. ગાંધીજીનો આ નિર્ણય કોંગ્રેસ સ્વીકારે ત્યારેજ તે દેશને બંધનકારક અને અસરકારક ગણી શકાય. નવો સ્વરાજ્ય પક્ષ પણ જો કોંગ્રેસને નામે ચુંટણીમાં ઉભો રહેવા માગતો હોય તો તેને પણ કોંગ્રેસની મંજુરી મળવી જોઈએ. એટલે અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક થોડા વખતમાં ભરવામાં આવે તો બનવા જોગ છે. બીજી તરફ સરકાર પણ ગાંધીજીના આ નિર્ણયથી વિમાસણમાં પડી છે, અને ઓકટોબરમાં ધારાસભા બરખાસ્ત કરવાનો વિચાર તે કદાચ માંડી વાળશે; કારણ કે સત્યાગ્રહ પાછો ખેંચી લેવાથી સ્વરાજ્ય પક્ષને મજબુત ટેકો મળવાનો સંભવ છે, અને તેમ થાય તો મહાસભા ધારાસભા સર કરી લ્યે.

**ઉપવાસ છુટ્યા ? :** મુલતાન જેલમાં ઉપવાસ કરતા ખાન અબ્દુલ્લાખાનની માગણી મુજબ તેમને મુલતાન જેલમાંથી ખસેડી શીયાલકોટ જેલમાં લાવવામાં આવ્યાના અને ૭૦ દિવસ પછી તેમણે ઉપવાસ છોડયાના સમાચાર વર્તમાનપત્રોમાં પ્રગટ થયા છે.

**૧૧ સ્ત્રીઓનો ખુની :** હૈદ્રાબાદ નજીક ઓસમાનાબાદ જીલ્લાના પોલીસે ગુલામહુસેન નામના એક શખ્સની ધરપકડ કરી છે; તેની સામે ૧૧ સ્ત્રીઓનાં ખૂન કરી ઘરેણાં ઉઠાવી જવાનો આરોપ છે.

**લવણપ્રસાદની ધરપકડ :** જામનગર રાજ્યના પ્રજાસેવક શ્રી. લવણપ્રસાદને ગયા ડીસેમ્બરમાં ગીરફતાર કરી કેટલાય દિવસો સુધી અજાણી જગામાં રાખી મુકાયા એ બનાવનો ઘા હજી પ્રજા–હૃદયમાં રૂઝાયો નથી ત્યાં ગઈ તા. ૧૨ના રોજ તેમની ફરી ધરપકડ થયાના સમાચાર બહાર આવ્યા છે. તેમના ઉપર હિં. ફો. કા. ક. ૧૦૭ મુજબ આરોપ મુકવામાં આવ્યો છે. તેમનાં પત્નીને પણ ગીરફતાર કરવામાં આવ્યા છે.

**મૂર્તીઓ પ્રતિવાદી :** વૈષ્ણવોના મહારાજ દામોદરલાલજીને ઉદેપુર રાજ્યે નાથદ્વારાની ગાદી ઉપરથી પદભ્રષ્ટ કર્યા પછી મુંબઈ ખાતેના વૈષ્ણવ ધર્મ–સ્થળોની મિલ્કત પોતાને હસ્તક કરવા દામોદરલાલે મુંબઈ હાઈકોર્ટમાં એક દાવો નોંધાવ્યો છે તેમાં વૈષ્ણવોની બે મૂર્તીઓને પ્રતિવાદી તરીકે દાખલ કરવામાં આવી છે. આ કેસનો ફેંસલો ન આવે ત્યાં સુધી દામોદરલાલજીને માસીક બે હજાર રૂપીઆ આપવાનો કોર્ટે હુકમ કર્યો છે.

**મેનીન્જાઈટીસ :** મેનીન્જાઈટીસનો ઉપદ્રવ ધીરે ધીરે પણ મક્કમતાથી ફેલાવો પામતો જાય છે. મુંબઈ ઈલાકાની બહાર હિંદુસ્તાનમાં પણ તે દાખલ થયો છે. દીલ્હી, કોલંબો, બેંગલોર, હુબલી અને રાજપીપલામાં કેસો નોંધાયા છે. અમદાવાદમાં મેનીન્જાઈટીસ ઉપરાંત શીતળાનો રોગ પણ ફેલાતો જાય છે.

**ભાવનગરમાં આગથી નુકશાન :** ગઈ તા. ૧૩ના રોજ ભાવનગરના એક તેલના ગોડાઉનમાં આગ લાગવાથી લગભગ રૂા. એક લાખનું નુકશાન થયું છે.

**"નહિ મળું" :** એવા સમાચાર બહાર આવ્યા છે કે હિંદના વાયસરૉય લૉર્ડ વિલીંગ્ડને એક જાણીતા અંગ્રેજ બાનુને ખાણું આપ્યું હતું, તે વખતે એ બાનુએ સત્યાગ્રહની લડત મરી ગઈ હોવાથી કોંગ્રેસનો સહકાર સાધવા અને મ. ગાંધીજીને મળવા વાયસરૉયને સમજાવ્યા હતા; પણ ગાંધીજી મુલાકાત દરમ્યાન પોતાને છેતરી જાય અને પોતાનું ધાર્યું કરાવી જાય એવી ધાસ્તી આગળ ધરીને લૉર્ડ વિલીંગ્ડને ગાંધીજીને મળવાની નાખુશી બતાવી હતી.

**ભયંકર તાવ :** નાગપુર નજીક રાયગઢ રેલ્વે સ્ટેશન પાસે પુરી નામના એક ગામડામાં ૨૦૦ માણસોને એક ભયંકર જાતનો તાવ લાગુ પડયો જેમાંથી ૧૦૦ થોડા કલાકોમાં મરણ પામ્યા છે. વૈદકીય મદદ પહોંચાડવામાં આવી છે.

**નવા રાજાજી :** વર્તમાનપત્રને મુલાકાત આપતાં નવ મુસ્લીમ ડૉ. ખાલીદ શેલ્ડ્રેકે એક અજાયબી ભરેલી કહાણી કહી સંભળાવી હતી. દૂરના પૂર્વના મુલકમાં પોતાના પ્રવાસ દરમ્યાન તેમને ચીનના એક પ્રાન્ત સીક્યાંગના અમુક ભાગના દેઢ કરોડ મુસ્લીમોએ ડૉ. ખાલીદને પોતાના રાજા થવા વિનંતિ કરી હતી. તેમની આગ્રહભરી વિનવણીને માન આપીને ડૉ. ખલીદ એ પ્રદેશના રાજા થવા કબુલ થયા છે, અને એનું નવું નામ ઇસ્લામીસ્તાન રાખવામાં આવ્યું છે.

**જર્મનીની મોટી હીલચાલ :** બે જર્મન લશ્કરી આગબોટો હથીઆરથી ચીકાર ભરાઈને જર્મનીનો કાંઠો છોડી ન જણાયેલા સ્થળે ઉપડી ગયાના સમાચાર બહાર આવ્યા છે. આ સંબંધમાં ફ્રાન્સ ખાસ ચીંતાતુર છે. મોરોક્કોના રીફોને મદદ કરવા આ હથીયારો મોકલવામાં આવ્યાનું અનુમાન કરાય છે. બ્રીટનનો પરદેશ ખાતાનો પ્રધાન જર્મની પોતાની લશ્કરી સામગ્રીઓ ઝડપથી વધારી રહ્યું હોવાનું માને છે.

**ડૉ. ચોઇથારામની માંદગી:** સિંધના જાણીતા મહાસભાવાદી ડૉ. ચોઇથારામ ગીડવાણી હૈદ્રાબાદ સેન્ટ્રલ જેઇલમાં ગંભીર માંદગી ભોગવી રહ્યા છે. તેમને મસાનું દરદ છે અને તેથી લોહી વહી જવાથી અતિશય નબળાઈ આવી ગઈ છે. તેમની કોટડીમાં મચ્છરોનો ત્રાસ પણ ખુબ હોવાથી તેમના ઉપર વારંવાર મેલેરીયાના હુમલા પણ થતા હોવાનું કહેવામાં આવે છે.

## બેસતા યુગનું સ્ત્રીત્વ.

"જો આપણે આગળ વધવા માગતા હોઇશું તો સૌથી પહેલાં આપણે તમામ જૂનવાણી બંધનોનો નાશ કરવો પડશે. આપણી શાળાઓમાં અને આપણાં ઘરોમાં આપણી બાળાઓની આંખ સામે આજ દિન તક આપણે સતિઓનો જ આદર્શ રજુ કર્યો છે, એટલે કે આપણે એમને નમ્ર અને પરવશ થતાં શીખવ્યું છે. આપણે એને ફરિયાદ વગર સહન કરતાં અને સવાલ વગર આજ્ઞા બજાવતાં શીખવ્યું છે.

*

પરંતુ એ રાહ સાચો નથી. આપણે આપણી એ કેળવણીની પદ્ધતિ પલાટવવી જ જોઇશે. આપણે એમને સ્વાશ્રયનો બોધપાઠ આપવો જોઇશે. આપણે એમનામાં નવો જુસ્સો સીંચવો પડશે. હું પુરૂષ સામે જેહાદ ખેલવાનો ઉપદેશ આપું છું એમ ન માનશો. પરંતુ આપણે જાતે તો એ બરાબર સમજવું જોઇશે, અને આપણી બહેનોને એ બરાબર સમજાવવું જોઇશે કે આપણે કેવળ પુરૂષોના ઉપજીવીઓ તરીકે હવેથી જીવવા માગતા નથી. આપણે સ્વતંત્ર વ્યકિતઓ છીએ અને વ્યકિત તરીકેની તમામ આઝાદી આપણે માગીએ છીએ.

*

હું જે આદર્શ સ્ત્રી કલ્પું છું તે સ્વતંત્ર બુદ્ધિથી પોતાના નિર્ણયો કરશે, અને તેમ છતાં પુરૂષો સાથે નિર્ભય સહકાર કરશે. સહકારમાં મને ઇતબાર છે અને સ્ત્રીઓ અને પુરૂષો સમાન દરજ્જે, જીવન ક્ષેત્રમાં સ્વાયત્ત સહકાર સાધશે ત્યારે જ ઉભય પક્ષની સુખસમૃદ્ધિ વધશે અને માનવસમાજમાં પણ ત્યારે જ નવી તાજગી આવશે."

**—વડોદરાના મહારાણીશ્રી**

(હિન્દની રાષ્ટ્રીય સ્ત્રી સભાના પ્રમુખપદેથી.)

## સ્વીકાર.

**"મેમણ બુલેટીન"** ( અઠવાડિક ), પુ. ૨, અં. ૭. તંત્રી, **શ્રીયુત ઉસ્માનગની હાજીતૈયબ 'શબનમ',** ગોંડળ.

ઑલ ઇન્ડીઆ મેમણ કૉન્ફરન્સનું આ મુખપત્ર મેમણ કોમની સારી સેવા બજાવી રહ્યું છે. કોમમાં સામાજિક સુધારાઓ દાખલ કરવા, કેળવણીનો પ્રચાર કરવો, મેમણ ભાઇઓના વેપાર રોજગાર અને હુન્નર ઉદ્યોગને આગળ ધપાવવા અને કોમમાંથી બેકારી નાબુદ કરવી—આ તેનો ઉદ્દેશ છે. વાર્ષિક દોઢ રૂપીયા જેટલા નામનાજ લવાજમથી ૪ ફોર્મનું અઠવાડિક આપવાનો પ્રયત્ન "બુલેટીન"નો ખુબજ પ્રચાર કરવાના સાધનરૂપ છે. અમે "બુલેટીન" અને "કૉન્ફરન્સ"ને ફત્તેહ ઇચ્છીએ છીએ. ભાઇ "શબનમ"ની રાહબરી નીચે ચાલતું આ પત્ર કોમીવાદથી દૂર રહેવા પ્રયત્ન કરે છે એ આનંદનો વિષય છે.

## વેપાર સમાચાર.

( તા. ૧૪-૪-૩૪. )

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૧૮૮ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનીક બજારમાં તેજીની ચમક દેખાય છે. શુદ્ધ જોડીયો ચૈત્રી મણ ૧૫૦)નો સોદો દર રૂા. ૧૪) લેખે થયો છે. બીજો સોદો વાંકાનેરનો મણ ૪૫૦) (ચૈત્રી ને શ્રાવણી)નો દર રૂા. ૧૪)≡। લેખે થયો છે. આવતો સેલ તા. ૨૩ થી ૨૭-૪-૩૪ સુધી દિવસ ૫ નો છે, તેમાં ગાં. ૨૪૦૦૦ મુકાશે. સેલ કદાચ ૫ ટકા નરમ જાય તો બનવા જોગ છે.

**રૂ :** ભરૂચ ૨૦૩.　**બકરાના વાળ :** ૫। પા.

**અનાજ, વિ.**

| | |
|---|---|
| ૧।= ૨) ઘઉં | ૧।= મેથી જુની |
| ૧॥ ૨) બાજરો | ૧॥ ૧॥= મેથી નવી |
| ૧)≡ ૧)≡। જુવાર | ૨)= ૨। તલ |
| ૧)≡। ૧। ચણા દેશી | ૧॥ ૧॥૦॥ એરડા એરડી |
| ૦॥= ૧) કમોદ જાડી | ૧) ૧। મગ દેશી |
| ૧)= ૧। કમોદ જીણી | ૧॥ અડદ |
| ૧)- મગફળી જીણી | ૧॥= રાઈ |
| ૧) મગફળી જાડી | |
| ૧॥= શીંગદાણા હાથફોલ | |

**ઘી :** ૨૨) મુંબઇ પરખ, ૧૮) ૧૮॥ તાજો રસ

**તેલ :** ૫) પા તલનું, ૩। શીંગનું.　૪। ખોપરેલ પીપનું. ૨॥- ગ્યાસલેટ સફેદ હાથી.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી. ૬॥ કપાશીયા વારાડી. ૪। ખાંડ રાજકોટ શહેર, ૩॥ સદર. ૯) સોપારી જુની. ૮) ૯) ગદબનું બી. ૯। વેસણ જીણો, ૮। વેસણ જાડો. ૭॥ ૮। ઘઉંનો લોટ, ૯। મેંદો, ૯॥ સોજી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

## હુમલા કેસ

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલ ખુની હુમલાના કેસની મુદ્દત આવતી તા. ૨૫—૪—૩૪ નક્કી થઇ છે.

## લખનારાઓને જવાબ.

**"શુભેચ્છક કોમી" :** લખાણ મળ્યું. નામઠામ વગર નકામું. પરદામાં ભરાઇ રહેલી લાગણી પ્રકાશમાં ન આવે ત્યાં સુધી કોમને કશો લાભ નથી થવાનો.

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

## કલમ ૧૮૧.

"કોઇ ઇસ્માઇલી મુરીદને નાતબહાર કરવામાં આવેલ હોય તો તે। તેણી જમાતખાના અને કબ્રસ્તાન, વિગેરે પવિત્ર જગ્યાઓ અને નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામની માલીકીની બીજી ઇસ્માઇલી યા સામાજિક તેમજ ધાર્મિક સંસ્થાઓમાં કાંઇ પણ ભાગ લેવાના પોતાના તમામ હકક ગુમાવશે."

ખોજા કોમને ઇસ્માઇલી ધર્મને વેચી દેવામાં નથી આવી અને તેથી કોમના સભ્યને ઇસ્માઇલી મુરીદ કહી શકાય નહિ. આ કાયદામાં વારંવાર આવો શબ્દ-પ્રયોગ કરવામાં આવે છે તે રદ કરવો જોઇએ.

નાતબહારીને વધારેમાં વધારે આકરી બનાવવા આ કલમની રચના કરવામાં આવી છે. આજની કાઉન્સીલ અને તેનું બંધારણ ના. આગાખાનના હિતનું રક્ષણ કરવાજ ઉભાં કરવામાં આવ્યાં છે અને તેથીજ જમાતખાનું, કબ્રસ્તાન વિગેરે જમાતી મિલ્કતોને ના. આગાખાનની માલીકીની કરાવવામાં આવી છે. સામાન્ય રીતે બીજી જ્ઞાતિઓમાં નાતબહારીનો અર્થ જ્ઞાતિ-ભોજનમાં આવવાની મનાઇ એટલેજ થાય છે. રોટી કે બેટી વ્યવહાર અટકાવવામાં આવતો નથી કે મરણ વખતે કબ્રસ્થાન કે સ્મશાન ભૂમિનો ઉપયોગ કરવાથી કોઇને રોકવામાં આવતા નથી. ધાર્મિક સંસ્થાઓમાં ભાગ લેવાની મનાઇનો પ્રશ્ન તો આંહી ઉદ્‌ભવતોજ નથી, એ અસ્થાને છે. કારણ કે ધર્મ અને કોમને કશી નીસ્બત નથી. સામાજિક સંસ્થાઓમાં ભાગ લેવાની પણ કોઇથી મનાઇ થઇ શકતી નથી. આમ છતાં આપણે ત્યાં કોમી, સામાજિક અને ધાર્મિક બધી સંસ્થાઓની માલીકી ના. આગાખાન તરફથી તેમની નિમેલી કાઉન્સીલ પોતાને હસ્તક રાખે છે અને નાતબહારીને ખુબ કડક બનાવવા તેનો ઉપયોગ કરે છે; કે જેથી કરી કોઇ એનો એટલે ના. આગાખાનનો અંશ માત્ર પણ વિરોધ કરી શકે નહિ. કબ્રસ્તાનનો કબજો પણ પોતાને હસ્તક રાખી નાતબહાર થયેલાઓને એ કબ્રસ્તાનનો ઉપયોગ નહિ કરવા દઇને કાઉન્સીલે સુધારણાના ભાવિ માર્ગને બરાબર રૂંધી રાખ્યો છે. આપણી કોમમાં પોતાના પ્રામાણિક વિચારો પણ કોઇ સ્પષ્ટ રીતે ઉચ્ચારી શકતું નથી તેનું મુખ્ય કારણ આ કલમજ છે; અને તેથી પહેલીજ તકે આ કલમ બંધારણમાંથી રદ કરવી જોઇએ. કોમનું બંધારણ અને તંત્ર કોમના હાથમાં આવે અને રીતસરની ચુંટણીથી ચુંટાએલી કોમની કાર્યવાહી કોમના ગંભીર હિતો જોખમાતા હોય ત્યારે નિરૂપાયે નાતબહારીનો ઉપયોગ કરવા માગે ત્યારે પણ નાતબહારીને આટલી સખત અને દ્વેષીલી બનાવી શકાય નહિ.

## કલમ ૧૮૨.

"કોઇ નાતબહાર મુકાયેલ શખ્સ તેની। તેણીની નાતબહારની મુદ્દત દરમ્યાન ગુજરી જાય અને જો તેણે તેણીએ કોઈ અન્ય ધર્મ સ્વીકારેલ ન હોય અને તેના તેણીના કોઇ નજીકનાં સગાં તરફથી તેની લાસની દફન ક્રિયા માટે કાઉન્સીલ પાસે આજીજી ભરેલી અરજ થાય, તો કાઉન્સીલની મુનસફી પ્રમાણે કાંઇ સરકાર સાહેબી ગુન્હેગારી મુકીને અગર મુકયા વગર સદરહુ ગુજરનાર શખ્સની દફન ક્રિયા ઇસ્માઈલીયા કબ્રસ્તાનમાં કરવા દેવા મંજુરી આપશે."

સારામાં સારા કલમબાજની પણ તાકાત નથી, કે આ કલમમાં શબ્દે શબ્દે નીતરતી ભયાનકતા, વૈર અને હલકાઇને યથાર્થ સ્વરૂપમાં રજુ કરી શકે. એને વાકયે વાકયે, શબ્દે શબ્દે વૈર, વૈર અને વૈરજ ટપકે છે. કાઉન્સીલના કાયદાનો એક માણસે ભંગ કર્યો. કાઉન્સીલે તેને આકરામાં આકરી સજા નાતબહારીની કરી. છતાં એ જીવ્યો ત્યાંસુધી એ માફી માગીને કે દંડ ભરીને નાતમાં પાછો ન આવ્યો. એજ નાતબહાર સ્થિતિમાં એનું મૃત્યુ થયું. એ મૃત્યુથી કાઉન્સીલના હાથ હેઠા પડયા, કાઉન્સીલ તેને નમાવી શકી નહિ. આ સ્થિતિ તેનામાં વિક્રાળ વૈરભાવ પેદા કરે છે અને પોતાની બધી સત્તા એ મરનારની લાશ ઉપર અજમાવે છે. એ એને પોતાના કરી મુકેલા કબ્રસ્તાનમાં દફન કરવા દેવાની ના પાડે છે અને એ રીતે એ મૈયત ઉપર પોતાનું વૈર લ્યે છે. એ વૈર લેવા જતાં એ જેણે કાઉન્સીલનો કશો પણ ગુન્હો નથી કર્યો તેને દંડે છે અને પોતાની મુનસફી મુજબ તેની પાસેથી 'સરકાર સાહેબી ગુન્હેગારી' પડાવે છે, તેની પાસે આજીજી ભરેલી અરજો કરાવે છે; અને આ રીતે જે કાંઇ થોડું-ઘણું વળતર મેળવી શકાય તેટલું એ મેળવે છે. અને આ બધું શા માટે? નાતબહારીને વધુમાં વધુ ઉગ્ર બનાવી ખોજા કોમના મોઢામાં ડુચો મારવા માટે. આ કલમને માનવતાની ખાતર પણ એકજ ઝપાટે બંધારણમાંથી ઉડાવી દેવી જોઇએ.

## કલમ ૧૮૩.

"નામદાર હીઝ હાયનેસ આગાખાન શીયા ઇમામી ઇસ્માઇલીયા કોમના હાજર ઇમામ છે તેથી તેઓ નામદાર હાલ હસ્તી ધરાવતી અને હવે પછી હસ્તીમાં આવતી તમામ ઇસ્માઇલીયા સામાજિક સંસ્થાઓના માલીક છે એમ બધા ઇસ્માઇલીઓ ગણે છે; એ દરજ્જે સદરહુ સંસ્થાઓ સંબંધમાં નામદાર હીઝ હાયનેસ તરફથી જે કાંઇ ફરમાન કરવામાં આવે તેનો ઘણોજ કાળજીપૂર્વક ત્વરાથી અમલ કરવામાં આવશે."

ધર્મ સાથે નિસ્બત ધરાવતી આ કલમને કોમના બંધારણ સાથે કશી લેવાદેવા નથી. ખોજા એ કોમ છે અને ઇસ્માઇલી એ ધર્મ છે. આખી ખોજા કોમ ઉપર ઇસ્માઇલી ધર્મ મારી ઠોકીને બેસારી દઇ શકાય નહિ. તેથી ના. આગાખાન ઇસ્માઈલી ધર્મના અનુયાયીઓના હાજર ઇમામ હોય કે બાતુન ઇમામ હોય કે નકલંક અવતાર હોય તેની સાથે ખોજા કોમને કાંઇ સંબંધ નથી.

પણ ખોજા કોમને 'ઇસ્માઇલી' ગણી કાઢી તે નામે તેની બધી સામાજિક સંસ્થાઓની માલીકી ના. આગાખાનને સોંપી દેવાની રમત ના. આગાખાનથી નિમાયેલી કાઉન્સીલો રમે ત્યારે એ ચલાવી લઇ શકાય નહિ. ના. આગાખાનને ખોજા કોમની કોઇ પણ સામાજિક સંસ્થા ઉપર રજ માત્ર અધિકાર ભોગવવાનો હકક નથી.

લોખંડી મુક્કો. છુટક નકલ ત્રણ પૈસા. Regd. No. B. 3114

# ખોજા જાગૃતિ

તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી.

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

પુસ્તક ૧, અંક ૫૦ : એપ્રીલ ૨૪ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના વૈશાખ શુદ ૧૦ મંગળવાર.

મુદ્રણસ્થાન :
જાગૃત મુદ્રણાલય.

## વર્ષ પુરૂં થાય છે.

ગ્રાહકો નીચેની વિનંતિ ધ્યાનમાં લેશેઃ—

૧. કોમના હિતને દ્રષ્ટિ સમક્ષ રાખી તમામ કોમી પ્રશ્નોની નિર્ભયપણે ચર્ચા કરતું કોમનું આ એકનું એક સ્વતંત્ર અઠવાડિક તમારી સેવા કરવાની તક માગે છે.

૨. "ખોજા જાગૃતિ"ના પહેલા વર્ષનો આ છેલ્લો અંક છે.

૩. આવતા અંકથી નવું વર્ષ શરૂ થશે.

૪. પહેલા વર્ષ કરતાં બીજું વર્ષ નીડરતા, ઉપયોગીતા અને આકર્ષણમાં ઘટશે નાહે, સવાયું થશે.

૫. જે ગ્રાહકોનું પહેલા વર્ષનું લવાજમ પુરૂં થયું હોય તેઓએ બીજા વર્ષનું લવાજમ તુરત મોકલી આપવું.

૬. આવતો અંક પ્રગટ થતાં સુધીમાં જેઓનું લવાજમ અમને નહિ મળી ગયું હોય અથવા બીજા વર્ષના ગ્રાહક નાહે રહેવા જેમણે અમને નહિ લખ્યું હોય તે સર્વને બીજા વર્ષનો પહેલો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે.

૭. વી. પી. ખર્ચના ત્રણ આનાનો બચાવ કરવો હોય તો લવાજમ તુરત મોકલી આપો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

## વાયુદેવને!

આહ! કોઇ વાદળી, પર્ણ કે જલતરંગની પેઠે તું મને ઉંચકી જા! જીવનના કાંટાઓ મને ભોંકાય છે! લોહી ઝરે છે! કાળની ભારે જન્જીરોએ તારા જ જેવા અતડા, વેગવંત અને મગરૂર એવા મને જકડી લીધો છે, પરાસ્ત કીધો છે.

જંગલ છે તેમ મને પણ તું તારી વીણા બનાવ. તેની માફક મારા જીવનનાં પણ પાંદડાઓ ખરી પડતાં હોય તો તેથી શું? તારા પ્રતાપી સ્વર-સંમિલનની ધૂન એ બન્નેમાંથી કોઇ ગહન શરદ્દ-સૂર પકડી લેશે - ગંભીર છતાં મધૂર. ઓ તોફાની શકિત! તું મારી શકિત થા! ઓ પ્રબલતાની મૂર્તિ! તું હું થા!

નવસૃજનને વેગવતું બનાવવા, તું મારા મૃત્યુવશ થયેલા વિચારોને સુકાઇ ગએલાં પાંદડાઓ માફક આલમ ભરમાં ઉપાડી જા; અને આ કડીઓની મોહીની વડે, જલતી સગડીમાંથી જેમ તણખા અને ભસ્મ છાંટી દે તેમ મારા શબ્દોને તું માનવ જાતમાં વેરી દે! અજાગૃતિ આ સૃષ્ટિ સમક્ષ તું મારા ઓષ્ટ બની ભવિષ્યકથનની નોબત બજાવ! ઓ વાયુ, જો શીયાળો આવે છે, તો શું વસંત બહુ દૂર હશે?

[ અંગ્રેજ કવિ શૅલી કૃત એક કાવ્યમાંથી અનુવાદ. ]

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૪-૪-૩૪.

## લોખંડી મુક્કો.

રાજા-સંસ્થા નાબુદ કરવાની પ્રજામાં વધતી જતી મહત્વાકાંક્ષા જેમ આપખુદ રાજાઓનો બે જવાબદાર રાજવહીવટ અને અંગત ભોગ-વિલાસ પાછળ નિરંકુશપણે વેડફાતું પ્રજા-ધન-એ બે વસ્તુથી પોષાય છે તેમ ધર્મને પોતાના અંગત મોજ-શોખ પુરા કરવા જોઇતી કમાણીનું સાધન બનાવીને ધર્મગુરૂઓએ ખુદ ધર્મને નાબુદ કરવાની જરૂરીઆત તરફ લોકોને દોર્યા છે. ગમે તેવા સારા 'આદમી'ને પણ જેમ રાજા-સંસ્થા એક ખરાબ 'રાજા' બનાવી મુકે છે તેમ આજ દીન સુધીનો આપણો અનુભવ આપણને કહી રહ્યો છે કે ધર્મેજ તેના નામે ચરી ખાનારા ધર્મગુરૂ રૂપી જાનવરો ઉત્પન્ન થવાનું કારણ આપ્યું છે. ધર્મગુરૂઓને ધર્મેજ પાળી પોષી મોટા કર્યા છે, અને અજ્ઞાન અને શ્રદ્ધાળુ લોક-સમુહને ભોગે તેમને એશી અને કાવત્રાંબાજ બનવા દીધા છે.

પણ જ્યારે રાજા ધર્મગુરૂ બને છે, ત્યારે સતાની આંધીમાં માનવતાના બધાં બંધનો તુટે છે. હકક અને અધિકર આગળ આવે છે, ફરજ અને કર્તવ્ય શુન્યમાં મળી જાય છે. ના. આગાખાન એક ધર્મગુરૂ ઉપરાંત કોઇ પ્રથમ પંકિતના રાજાને પણ અદેખાઇ ઉપજાવે તેવા સરકારી ખીતાબો અને મોટી લાગવગ ધરાવે છે. તેઓની પાસે આજે કોઇ રાજ્ય નથી કે જમીનનો એક ટુકડો નથી. છતાં બ્રીટીશરોના પાકા દોસ્ત તરીકેનું તેમનું સ્થાન અને લાગવગ તેમને એક રાજા કરતાં ઉંચે દરજ્જે બેસારે છે. આવા રાજા-ધર્મગુરૂ ના. આગાખાન આજે ખોજા કોમને ધમકી અને દમદાટીથી પોતાના પંજા નીચે પકડી રાખી રહ્યા છે. કલકત્તાની ખોજા જમાતને તેમણે આપેલી દમદાટી આ કથનનો મજબુત પુરાવો આપે છે.

'જાગૃતિ'માં અન્યત્ર પ્રસિદ્ધ થતા સમાચાર ખોજા કોમની દીન, હીન અવસ્થાનું કરૂણાજનક દ્રષ્ય રજુ કરે છે. અડગ્રણકર્તા અમુક છ કાયદાઓમાં ફેરફાર કરવાની એ વાત હતી; અને ના. આગાખાને સાફ સાફ શબ્દોમાં સુણાવી દીધું કે, 'કાયદા કાયમ રહેશે, તેને તોડી શકાય નહિ.' મોહરમ માસમાં કલકત્તાના કેટલાક ભાઇઓ મિજલસ કરતા હશે, તે સંબંધે વાત નીકળી અને ના. આગાખાને ઘટતો જવાબ આપ્યા પછી ઉમેર્યું કે, 'સમજો કે મારા વિરૂદ્ધ થવું તેમાં ફાયદો નથી.' ના. આગાખાન આ દમદાટી એક કલકત્તા જમાતનેજ આપે છે એમ સમજવાનું નથી. કલકત્તાનો પ્રસંગ તો એક માત્ર સૂચક ચિન્હ છે. એ દમદાટી આખી ખોજા આલમને આપવામાં આવી છે.

'મારા વિરૂદ્ધ થવું તેમાં ફાયદો નથી' એ શબ્દો ઉચ્ચારી ના. આગાખાન શું કહેવા માગે છે? તેમની વિરૂદ્ધ થનારને એ કયો ગેરફાયદો પહોંચાડવા માગે છે? એ ગેરફાયદો આર્થિક છે? શારિરિક છે? માનસિક છે? તેમની સામે થનારને ના. આગાખાન જીન્નતમાંથી ભ્રષ્ટ કરી જહાન્નમમાં નાખશે કે સરકારી દરબારી રાહે નશીયત કરાવશે કે બીજી કોઇ રીતે ગેરફાયદો પહોંચાડશે? પોતાની સામે થનારને ના. આગાખાન શું કરશે? 'મારા વિરૂદ્ધ થવું તેમાં ફાયદો નથી' એમ કહીને એ શું કહેવા માગે છે?

અને બીજી વાત: આમ લોખંડી મુક્કો ઉગામીનેજ ના. આગાખાન ખોજા કોમ ઉપર પોતાની સત્તા ટકાવી રાખવા માગે છે? શું દમદાટી અને ધમકી આપીનેજ ના. આગાખાન ખોજા કોમને પોતાની ગુલામ રાખવા ઇચ્છે છે? પોતાને દશમો નકલંકી અવતાર કહેવરાવવા માટે શું તેમની પાસે ધાક ધમકી શિવાય બીજું કોઇ સાધન નથી?

કલકત્તા ખાતેની પોતાની મુલાકાત દરમ્યાન ના. આગાખાને એક બીજો ફતવો પણ આપ્યો છે. એ તો જાણીતી વાત છે કે ધર્મમાં કરવામાં આવતી જબરદસ્તીના કારણે ખોજા કોમના ભાગલા પડી ગયા છે. બારભાયા પક્ષ અને ઇશનાઅશરી ભાઇઓ જુદા પડયા તે આજ કારણે. આ જુદા પડનારાઓને થકવી પોતાને શરણે લાવવા આગાખાની પંથના વડાએ તેમની સામે અને ખાસ કરીને ઇશનાઅશરી ભાઇઓ સામે કડક બહિષ્કાર યોજ્યો. એટલુંજ નહિ પણ ધર્મની મતફેરીની એ બાબતને કોમના સામાજિક બંધારણમાં દાખલ કરી એ બહિષ્કારને ફરજીયાત કાયદાનું સ્વરૂપ આપ્યું. ઇશનાઅશરી અને ઇસ્માઇલી મુળે એક બાપના બે દીકરા; અને આજે પણ આ બન્ને લગ્ન અને સગપણના બંધને પરસ્પર સંકળાયેલા છે. આમ છતાં કલકત્તા ખાતેની પોતાની મુલાકાતમાં ના. આગાખાન સાફ સાફ શબ્દોમાં આવો બહિષ્કાર રાખવાનો હુકમ કરે છે. સીસીડર (એટલે ઇશનાઅશરી) ઇસ્માઇલી એકલાને તેડાવે તો તેવા પ્રસં-

ગમાં ભાગ લેવો નહિ એવો હુકમ ના. આગાખાન આપતા હતા ત્યારે એક માણસે સવાલ કર્યો કે, 'બે ભાઇ શ્રીસીડર હોય તો તેના ત્રીજા ભાઇએ શું કરવું ?' અને ના. આગાખાન જવાબ આપે છે કે, 'બહેતર છે કે તેણે ફાવે ત્યાં ચાલ્યા જવું.' આમ ના. આગાખાન પોતાના લાભની ખાતર ભાઇ ભાઇ વચ્ચે ભેદ પડાવી રહ્યા છે.

ખોજા કોમના પુરૂષો અને સ્ત્રીઓ! સાંભળજો આ કળિયુગના દશમા નકલંકીની બાંગ અને વિચારજો તમારી સ્થિતિ અને કર્તવ્ય ઉપર. આજે ના. આગાખાન તમને સાફ શબ્દોમાં સમજાવે છે કે "મારી ખાતર તમારે જીવવાનું છે, તમારી ખાતર હું કશું કરવાનો નથી. તમને કાયદા અડચણકર્તા હોય તો ભલે હોય, હું તેમાં કાંઇ ફેરફાર નહિ કરવા દઉં. મારી ખાતર, મારો ધર્મનો ધંધો બરાબર નફાકારક રહે એ ખાતર, તમારે બે સગા ભાઇઓએ પણ જુદા રહેવું. અને ખબરદાર! સંભાળજો. મારા વિરૂદ્ધ થવું તેમાં ફાયદો નથી!" ખોજા કોમને ના. આગાખાનની આજે આ હાકલ છે. ના. આગાખાન કોઇ પણ જાતનો પરદો રાખ્યા શિવાય, અંશ માત્ર પણ ગોળગોળ કે અસ્પષ્ટ વાણી વાપર્યા વિના આપણને ખુલ્લેખુલ્લું સમજાવે છે કે પોતાના સ્વાર્થની ખાતર એ આપણને દબાવી રાખવા માગે છે. એ પોતાનો લોખંડી મુક્કો ઉગામીને કહે છે કે, "મારા કાંડા બાવડાં સાબુત છે. હું તમને મારા પંજામાંથી છટકવા નહિ દઉં."

ના. આગાખાને ભલે ચોખવટ કરી. એ ચોખવટની જરૂર હતી. ખોજા કોમને જાગૃત થવામાં એ સહાયભૂત થશે. ખોજા કોમને પોતાની સાચી સ્થિતિનું ભાન થશે.

બાકી કાંડા બાવડાંની સાબુતી ઉપર નિર્ભર રહેનારા દુનિયાએ અત્યાર સુધીમાં ઘણા જોયા છે અને એ બધા કાળની કૂચ આગળ ભાંગીને ભૂક્કો થઇ ગયા છે. યુરોપ, એશીઆ અને આફ્રીકા સુધી ભય અને ત્રાસનું સામ્રાજ્ય ફેલાવનાર અલમોત પડયું છે. નવા શોધાયેલા અમેરીકાને પોતાની ખાનગી મિલ્કત ગણી સ્પેનને સોંપી દેનાર, એક વખત આખા યુરોપ ઉપર રાજ્ય ચલાવનાર પોપની સત્તાનું નામોનિશાન આજે જડતું નથી. સર્વ કાળે, સર્વ દેશે આપખુદ શાસન ચલાવનારનું આ ભાગ્યજ નિર્માણ થયેલું છે. ના. આગાખાન અપવાદ નહિ રહી શકે.

---


## સસ્તું અને સારૂં વાંચન

વાંચવું હોય તો જરૂર

મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહકનો.


# જબરદસ્તી.

"ઇસ્લાઇલી"ના ગઇ તા. ૧૫-૪-૩૪ના અંકમાં "કલકત્તાના મુખી સાહેબનો ઇન્ટરવ્યુ" એ મથાળા હેઠે નીચેની હકીકત પ્રગટ થઇ છે. અમે ઇચ્છીએ છીએ કે ના. આગાખાનની આ શીરજોરી નાબુદ કરવા જેટલી સમજ અને નૈતિક હિંમત આપણામાં જલદી આવો!

"સવાલ—મૌલાના હાઝર ઇમામની હજુરમાં કાયદા સબંધી શું વાતચીત થઇ?

જવાબ—મૌલાના હાઝર ઇમામ કલકત્તાનાં જમાતખાનામાં પધારીને જમાત વચ્ચે બીરાજ્યા હતા તે વખતે બાવા અલીમામદ બાવા સફદરે અરજ કરી કે અમુક ૭ કાયદા માટે અમારે વાત કરવી છે, જે માટે અમોને બહુ અડચણો નડે છે. મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું : કાયદા તો કાયમ રહેશે; તેને તોડી શકાય નહિ.

સવાલ— મોહરમની બાબતમાં મૌલાના હાઝર ઇમામ સાથે વાતચીત થઇ તે બાબત પર અજવાળું પાડવા મહેરબાની કરશો?

જવાબ—હા. મોહરમ માસમાં મીજલસ જમાતખાનામાં થાય છે, તે બાબતમાં જમાત વચ્ચે કેટલીક મતફેરી હતી તેની ચોખવટ કરવા માટે બાવા અલીમામદભાઇએ મૌલાના હાઝર ઇમામની હુજુરમાં અરજ ગુજારી કે, ઉમેદવાર તરફથી મોહરમ માસમાં જમાતખાનાની અંદર ઉમેદવારના નામે મીજલસ થાય છે. મજકુર મીજલસમાં દુઆ સફા, થાળ સુફરો, જ્ઞાન વાએઝ અને હાઝર ઇમામના ફરમાન વંચાય છે, અને જમણ પણ થાય છે. તેના જવાબમાં મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું કે એ બરોબર છે. ઉમેદવાર મીજલસ કરે તો ભલે કરે; તેમાં હાજરી આપવી જોઇએ. દુવા સફા, જ્ઞાન, ફરમાન એ તો નુરન અલ્લા નુર છે. એના જેવી બીજી સારી ચીજ કઇ છે? વચ્ચે એક શખ્સે કહ્યું: "સાહેબ, જમાત કરતી નથી." મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું: ઉમેદવાર કરે એટલુંજ બસ છે, વધારે જરૂરત નથી.

સવાલ— તમો કહેશો કે, સીસીડરોના વિષયમાં જે વાતચીત થઇ હતી તેનો મૌલાના હાઝર ઇમામે કેવા પ્રકારનો ખુલાસો કરવા મહેરબાની કરી.

જવાબ—કોઇ "સીસીડર"ને ત્યાં કોઇ જાતનું કારજ હોય તેમાં સર્વે કોમોને બોલાવવામાં આવી હોય એટલે **"કોસમોપોલીટન"** હોય, તો જવું; **બાકી સીસીડર ઇસ્માઇલી એકલાને તેડાવે તો તેના પ્રસંગમાં ભાગ લેવો નહિ. વચ્ચે એક શખ્સ બોલ્યો કે, 'બે ભાઇ સીસીડર હોય તો તેના ત્રીજા ભાઇએ શું કરવું?' મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું : "બહેતર છે કે તેણે ફાવે ત્યાં ચાલ્યા જવું; બે તરફ રહેવું એ સારૂં નથી.** નહિ તો "કોસમોપોલીટન" રીતે કારજ ઉકલાવે પછી વાંધો નથી; એ બાબત તો ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે."

ઉપર પ્રમાણે જમાત વચ્ચે મૌલાના હાઝર ઇમામે [illegible] પણ આજે પણ કરી આપ્યો જેથી [illegible] જમાતે [illegible] પહોરમાં હતી [illegible] ફેંસલો [illegible] ઘણા સંતોષ થયો હતો અને મતફેરી દૂર થઇ હતી."

# મા. શૉ. લ. લૉ.

વશરામ મુખીનો માન મરતબો જમાતમાં સારો હતો. છેલ્લા પાંચ વરસથી તે મુખીની ગાદી પોતાના હાથમાં સલામત જાળવી રહ્યા હતા. જુના અનુભવી, પાંચ માણસોમાં પુછાય એવા અને વળી કુટુંબ કબીલાનું જુથ સારૂં, એટલે લોકલ કાઉન્સીલના મેમ્બર બનવાનું માન પણ તેમને મળેલું. આખી નાત તેમને નમતી ભજતી ચાલતી. મુખીની વિરૂદ્ધ કોઇ થઈ શકતું નહિ. એવો તેમનો છાકો હતો. મુખી મારકીટમાં દુકાન રાખી બકાલાનો વેપાર કરતા.

કાસમ એક સામાન્ય ખોજો હતો અને બે ચાર ધંધામાં નિષ્ફળતા મળવાથી તે છેવટે મારકીટમાં બકાલાનો ધંધો કરી રોજી મેળવવા પ્રયત્ન કરી રહ્યો હતો. દુકાનનું ભાડું અને પાઘડી ભરી શકે તેવી તેની સ્થિતિ ન હતી એટલે તે નીચે જમીન ઉપરજ બેસતો અને સવારે લીધેલો માલ આંધે પાછે પણ સાંજ સુધીમાં વેચી નાખતો. ઘરમાં માણસ થોડાં અને દુકાનના ભાડાનું કે નોકરના પગારનું ખર્ચ નહિ એટલે કાસમ ઓછે નફે વધુ વેપાર કરતો.

એક વખત સવારમાં ટમેટાંની એક ભારીની હરરાજી થતી હતી. કાસમથી કાંઇક મેહું ઉઠાયેલું એટલે એ જરા મોડા પડેલો. વશરામ મુખીના નામ ઉપર એ ત્રણ વખત થતી હતી ત્યાં કાસમ આવ્યો અને બે આના વધારી તેણે ભારી લઇ લીધી. આવા પ્રસંગો એક બે વખત બનેલા અને તેથી વશરામના મનમાં એવી ગાંઠ પડી ગયેલી કે કાસમ જાણી જોઇનેજ તેના ઘરમાં નુકશાની કરવા આમ કરતો હતો. વધારામાં વશરામની દુકાન સામેજ જમીન ઉપર કાસમ બેસતો. જે માલ મુખીને ત્યાં બે આને શેર મળે તે કાસમને ત્યાં દોઢ આને મળે, એટલે મુખીનો માલ ઉંચે ભાવે ખપતો નહિ અને ઘણી વખત વશરામને બકાલું ફેંકી દેવું પડતું.

આ માટે મુખીએ કાસમને દબડાવી જોયો. પણ કાસમને પોતાની વર્તણુક કાંઇ ગેરવ્યાજબી લાગી નહિ અને સોંએ પોસાતું વેચવાનો હકક તેણે મુખીને સમજાવ્યો.

મુખાની પાસે એવી કોઇ સત્તા તો હતી નહિ કે એ કાસમને ત્યાંથી કાઢી મુકી શકે. એટલે એણે કાસમ ઉપર વૈર લેવાની બીજી યુક્તિ લડાવી.

કાઉન્સીલની બેઠક હતી. પાંચ દશ માણસો મેટા ભા થઇને ખુરશીઓ ભારે મારી રહ્યા હતા. નાતબહારી, દંડ, છુટાછેડા, વિગેરેને લગતા કેસો રજુ થતા હતા. ત્યાં તારનો પટાવાળો આવી કાઉન્સીલના પ્રમુખના નામનો એક તાર આપી ગયો. પ્રમુખે તે તાર ફોડયો અને પોતે અંગ્રેજી ભણેલા નહિ એટલે તેનું ગુજરાતી કરાવવા કારકુનને બજારમાં મોકલ્યો. થોડી વારે તારનું ગુજરાતી થઇ આવ્યું અને વાંચતાં વાંચતાં તે વશરામ મુખીની સામે ડોળા ધુરકાવવા લાગ્યો.

"કાઉન્સીલના મેમ્બર થઇને તમે કાઉન્સીલને આવો તાર કરો છો? મોહનના કેસમાં કોર્ટે મનાઇ હુકમ કરેલ હોવાથી અમારે છુટાછેડા ન આપવા એમ કહેવાની તમને શું સત્તા છે?"

"મેં આવો કોઇ તાર કર્યો નથી. હું તેમાં કાંઇ જાણતો નથી. મારા નામે કોઇએ ખોટો તાર કર્યો લાગે છે"

વશરામ મુખીના આ ખુલાસાથી કાઉન્સીલના બધા મેમ્બરો વિચારમાં પડી ગયા. જરૂર કોઇએ મુખીના નામથી ખોટો તાર કર્યો હોવો જોઇએ.

આમ ખોટા નામથી તાર કરનાર ત્યારે કોણ? સહુ અનુમાન કરવા લાગ્યા. મુખીએ કહ્યું કે, "મને કાસમ ઉપર શક જાય છે."

પછી મુખીએ પ્રતિજ્ઞા ઉપર જાહેર કર્યું, "કે મેં આવો તાર કર્યો નથી."

મુખીના શકને કારકુને ટેકો આપ્યો અને તેણે પ્રતિજ્ઞા ઉપર જાહેર કર્યું કે, "કાસમને તાર ઓફીસે જતો મેં જોયો હતો."

અને કાઉન્સીલે ઠરાવ કર્યો કે, "કાસમે મુખીના નામે કાઉન્સીલને ખોટો તાર કર્યો છે."

કાયદાની ચોપડી ઉઘડી. કઇ કલમ મુજબ ગુન્હો બને છે એની તપાસ ચાલી. કલમ ૧૫૮ બરાબર બંધબેસ્તી હતી.

"કોઇ શખ્સ જમાત, સરકાર સાહેબી, વિગેરે કાર્ય સંબંધે જમાત અગર કાઉન્સીલ અગર કાઉન્સીલના કોઇ મેમ્બરના નામથી ખોટી સહી કરીને ખોટા તાર કરે તેમજ ખોટા ખબર મોકલાવે તો તેનો બચાવ સાંભળ્યા વગર તેને એકદમ જમાતખાનામાં આવતો અટકાવવામાં આવશે અગર નાતબ્હાર મુકવામાં આવશે."

કાસમને સાંભળવાની જરૂર ન્હોતી. તેના બચાવ માટે કલમમાં કાંઇ જોગવાઇ ન્હોતી. એટલે કાઉન્સીલે સર્વાનુમતે કાસમને ગુન્હેગાર ઠરાવી નાતબ્હારીની સજા ફરમાવી. અને તેજ દિવસે રાત્રે જમાતખાને કાસમને નાતબ્હાર મુકવાનો ઠરાવ વાંચી સંભળાવવામાં આવ્યો.

વશરામ મુખી ખુશ થયા. પોતે તાર કરવાનું સોંપેલું કામ છોકરે વગર હરકતે પાર ઉતાર્યું એથી છોકરો પણ કમાઉ થશે એવી તેમને ખાત્રી થઇ.

કાસમને કોઇ વાતની સમજણ ન પડી કે આ શું થયું અને કેમ થયું. "બેટમજી હવે સીધો ચાલશે" એમ વશરામ મુખી મુછે તા દેતા દેતા બોલતા હતા.

કાસમે નાતમાં આવવા અરજી કરી અને કઉન્સીલે તેને એક સો રૂપીયા દંડ લઈ તેને નાતમાં લીધો. આ દંડ ભરવા કાસમે પોતાનું રાચરચીલું વેચ્યું અને થોડું દેણું પણ કર્યું. મારકીટમાં બેસવું હવે પોસાય તેમ ન્હોતું. ખભે ખડીયો નાખીને ગામડાઓમાં ફરવા લાગ્યો.

---

ના. આગાખાને કલકત્તાની મુલાકાત લીધી એ વખતના અહેવાલો પણ જાણવા જેવા છે. "ઇસ્માઇલી"ના તા. ૧૧-૩-૩૪-ના અંકમાં નીચે મુજબ ખબર પ્રગટ થયા છેઃ—

"તે પછી મહોરમની બીનાનો ઉલ્લેખ કરી તેઓશ્રીએ ફરમાવ્યું કે, "અગર કોઇ ઉમેદવાર મીજલસ કરવા ઉમેદ રાખે તો તેમાં દરેક જણે ભાગ લેવો જોઇએ; કારણ કે એ બધું 'નુર અલા નુર' છે. વળી ફરી ફરીને ત્રણ વાર ફરમાવ્યું કે, જમાતખાનામાં કોઇ ઉમેદવાર મીજલસ કરે તેમાં શું હરકત છે? અહીંઆ મીજલસ થતાં થાળ, સુફરો, દુઆ, સફા થાય છે અને તેના વિરૂદ્ધ અગર કંઇ થાય તો **સમજો કે મારા વિરૂદ્ધ થવું** છે. ... નથી"

એ ... હતી; અને ના. ... સાફ શ...

**તેમાં ફાયદા ...**

નોટઃ—મોટા અક્ષરો અમારા મુકેલા છે.

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસિક ખૂની.

*સો સુધી જેનો ફોટો "ઇસ્માઇલી"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો અને જેને મહાન વિજેતા અને તરીકે ઇસ્માઇલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખૂની અને સિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો પાંચમો હપ્તો અમે આ નીચે આપીએ છીએ.*

ઇસ્માઇલી ("એસેસીન") પંથનો સ્થાપક હસન બીન સબ્બાહ ઇતિહસમાં 'શેખ–ઉલ–જબલ'–'પહાડી ઘરડા પુરૂષ'–તરીકે પ્રસિદ્ધ થયો છે. જગવિખ્યાત વેનીશીયન મુસાફર સર માર્કો પોલો પોતાન વૃતાંતમાં એ 'પહાડી ઘરડા પુરૂષ' સંબંધે નીચે પ્રમાણે લખે છેઃ—

'તે ઘરડો પુરૂષ અલ્લાઉદ્દીનના નામે કહેવાતો હતો. બે પહાડો વચ્ચેની એક ચોક્કસ ખીણ તેણે પુરાવી નાંખી હતી અને ત્યાં સૌથી મોટો, સૌથી ખુબસુરત બગીચો જે કદી દીઠામાં ન આવ્યો હોય, એવો દરેક જાતના મેવાના ઝાડોથી ભરપુર બનાવ્યો. તેના અંદર ઘણાજ ખુબસુરત તંબુઓ અને મહેલો જેનો આપણને ખ્યાલ પણ ન આવી શકે એવા ગીલીટ ચડાવેલા અને સરસ રંગના બનાવ્યા હતા. તેમાં નહેરો હતી જેમાં દારૂ, દુધ, મધ અને પણી ખુલ્લાં વહેતાં હતાં. અને તેમાં ઘણીએક બાનુઓ અને ઘણીજ ખુબસુરત છોકરીઓ જે દુનીયામાં મુશ્કેલીથી મળી શકે તે હતી. તેઓ દરેક જાતના વાજીંત્રો વગાડી જાણતી અને ઘણુંજ મધુર ગાયન ગાતી તથા એવી રીતે નાચતી કે જોનારનું મન હરણ કરી લેતી; કારણ કે તે ઘરડા પુરૂષની મતલબ એ હતી કે લોકો એમ માને કે, ખરેખર જીન્નત તે એજ છે. તેણે તે બાગ જે પ્રમાણે મહમદ નબીએ જીન્નતનું બ્યાન આપ્યું હતું કે, તે ખુબસુરત બગીચો છે, જેમાં દારૂ, મધ, દુધ અને પાણીની નહેરો તથા જીન્નતમાં રહેનારાઓની ઘણીજ ખુશાલી માટે ખુબસુરત સ્ત્રીઓ છે તે પ્રમાણેનો બનાવ્યો હતો. જે કોઇ તેનો એસેસીન (ખુની) નહિ થાય, તેને તે બગીચામાં દાખલ થવા આપવામ નહિ આવતું. તે બગીચામાં દાખલ થવાના દરવાજા પાસે ગઢ હતો તે એવો મજબુત કે, આખી દુનીયાને અંદર પેસતાં અટકાવે અને તે શિવાય અંદર આવવાનો બીજો રસ્તો નહિ હતો તેણે પોતાની દરબારમાં બારથી વીશ વર્ષ સુધીના ઉમ્મરના કટલાક છોકરાઓ, કે જેઓને સિપાહ બનવાનો શોક હતો, તેમને રાખ્યા હતા. તેઓ જેમ મહમદ નબીને માનતા તેમ તે છોકરાઓ તે ઘરડા પુરૂષને માનતા હતા. પછી તેઓને ચાર, છ કે દસ દસને એકી વખતે એવી ચીજ પીવાની આપતા કે, જેથી મર ઉંઘમાં તેઓ પડી જતા; પછી તેમને ઉંચકાવીને તે જિન્નતમાં દાખલ કરાવતો. જ્યારે તેઓ જાગતા ત્યારે પોતાને જિન્નતમાં જોતા.

"આ ઘરડો પોતાના ચેલાઓને એમ કેળવતો. જ્યારે તેઓ જાગતા ત્યારે તેઓ પોતાને એવી ખુશનુમા જગ્યામાં જોતા કે, તેઓ ધારત કે, ખરેખર તેઓ જિન્નતમાં છે. અને પછી તે બાનુઓ અને છોકરીઓ તેઓનો જીવ ભરાય એવી રીતનો તેઓ સાથ પ્યાર કરતી. જુવાન પુરૂષ જે કાંઇ માગે તે તેઓના માટે ત્યાં હતું. તેઓ પોતાની મરજીથી તે જગ્યા કદી પણ છોડતે નહિ એવી હતી. હવે આ શેહેનશાહ જેને આપણે ઘરડો પુરૂષ કહીએ છીએ તે પોતાનો દરબાર દબદબા ભરેલી અને ઉંચી રીતે રાખતો હતો અને ભોળા લોકો જેઓ તેની આસપાસ રહેતા તેઓને એમ મનાવતો કે, હું મોટો નબી છું. જ્યારે પોતાના એસેસીનમાંથી કોઇને કંઈ કામે મોકલવા ચાહતો ત્યારે ઉપર કહ્યા પ્રમાણે તેને પીવાનું આપતો. પછી તેને પોતાના મહેલમાં લઇ જવા હુકમ કરતો અને પછી જ્યારે તે જુવાન પુરૂષ ઉઠતો ત્યારે તે બગીચામાં નહિ પણ તે કિલ્લામાં પોતાને જોતો. જે જોઇ તે નાખુશ થતો. પછી તેને તે ઘરડા પુરૂષની હજુરમાં લઇ જતા અને પોતે જાણે એક ખરા નબીની હજુરમાં હોય તેમ ઘણાજ માન સાથે ઝુકીને સલામ કરતો. પછી તે ઘરડો પુરૂષ તેને પુછતો કે તું કયાંથી આવ્યો, તે કહેતો કે, હું જિન્નતમાંથી આવ્યો; તે જિન્નત જેવી મહમદ નબીએ પોતાના કાયદાની બુકમાં લખી તેવીજ હતી. જેથી જે લોકો તે વખત આસપાસ ઉભેલા હોય ને જેમને દાખલ કરવામાં નહિ આવ્યા હોય તે ... ને તેમાં દાખલ થવાની ઘણીજ ખાહેશ થતી.

"પછી તે ઘરડા પુરૂષને જ્યારે કોઇને મરાવી નાખવો હોય ત્યારે તેવા એક જુવાનને કહેતો કે, ફલાણા ફલાણાને જઇ મારી નાંખ, ને જ્યારે તું પાછો આવશે ત્યારે મારા ફિરસ્તા તને જિન્નતમાં લઇ જશે ને તું જો મરી જશે તો પણ મારા ફિરસ્તાને હું કહીશ તો તુંને જિન્નતમાં લઇ જશે. આ પ્રમાણે તેમને મનાવતો અને તેઓને પાછા તે જિન્નતમાં જવાની એવી મોટી ખાહેશ રહેતી કે ગમે તેવો હુકમ હોય, તે કરવા સારૂ પોતાની જાન જોખમમાં નાંખવા અચકાતા નહિ. એ પ્રમાણે જેને ચાહતો તેને તે ઘરડો પુરૂષ મારી નંખાવતો અને રાજાઓના પેટમાં બીક ઉપજાવતો, જેથી તેઓ તેના ખંડણી આપનાર બની જતા અને પછી સલાહ અને દોસ્તી સાથ તેઓ ઘરડા પુરૂષ સાથ વર્તતા."

મૌલાના મૌલવી મોહમદ નજમુલગનીખાન બિન મૌલાના અબ્દુલગનીખાન કૃત "મઝાહેબ–ઉલ–ઇસ્લામ" નામક ગ્રંથમાં નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છેઃ—

"આ મોટા ટોળાએ ઘણી ઘણી સખ્તાઇઓ કીધી હતી. બે સૈકા સુધી આસપાસ ધ્રુજાટ નાંખી આપ્યો હતો. મોટા મોટા માણસો જે શેખ સાથે શત્રુતા રાખતા હતા, તેમને તેઓએ મારી નાંખ્યા. સૌથી પ્રથમ નિઝામ–ઉલ–મુલ્કને મારી નાંખ્યો પછી તેના પુત્રને ખંજરથી માર્યો. સુલતાન સંજરનું ઝેરથી માર્યા જવું પણ તે તેમના કાવત્રાથી સમજાય છે. ત્યારે ફીદાઇઓ જુદા જુદા મુલ્કોમાં ફેલાઇ ગયા હતા. હજુ આજે પણ તેમના નાના ટોળાઓ શામના પહાડોમાં હસ્તી ધરાવે છે. હામર

[અનુસંધાન પાના ૩૯૯.]

# સ. મા. ચા. ર નો સા ર.

**ઓબેદુલ્લાખાન:** સરહદના ગાંધી ખાન અબ્દુલગફુર-ખાનના ભત્રીજા અને જાણીતા આગેવાન ખાન ઓબેદુલ્લા-ખાનને મુલતાન જેલમાંથી શીયાલકોટ જેલમાં બદલવામાં આવ્યા છે. ૭૪ દિવસે તેમણે ઉપવાસ છોડયા છે. તેમનું વજન ૧૮૫ રતલથી ઘટીને ૭૮ રતલ રહ્યું છે. દેશનું ધ્યાન અત્યારે મહત્વના રાજકીય મુદ્દાઓ ઉપરથી ખેંચાઇ પોતાના તરફ ન વળે એ માટે તેમણે ઉપવાસ છોડયાનું કહેવામાં આવે છે. તેમની તબીયત સુધરતી જાય છે.

**રાજસ્થાન પ્રજા પરિષદનું નિવેદન:** રાજસ્થાન પ્રજા પરિષદના સામાન્ય મંત્રી શ્રી. મણિશંકર ત્રિવેદીએ રાજસ્થાન રક્ષણનો ખરડો વડી ધારાસભામાં પસાર થઇ ગયા પછી એક નિવેદન પ્રગટ કર્યું છે; તેમાં તેઓ જણાવે છે કે 'સત્ય અને ન્યાયને ભોગે દેશી રાજાઓને રક્ષણ આપવામાં આવ્યું છે. જો જરૂર હોય તો એ રાજ્યોની રક્ષણની કાદને પણ સાચેજ પ્રજાનેજ છે'

**જલીઆનવાલા બાગ દીન:** ગઇ તા. ૧૩-ના રોજ લાહોરમાં જલીઆન-વાલા બાગ દીન ઉજવવામાં આવ્યો હ[illegible] સભામાં માર્શલ લા દરમ્યાન જેઓને જીંદગી-ભરની દેશ નીકાલની સજા થઇ છે અને જેઓ હજી જેલ ભોગવી રહ્યા છે તેમને છોડી મુકવાનો સરકારને આગ્રહ કરતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

**મહાસભા સમિતિ-ની બેઠક?** વડી ધારાસભામાં પ્રશ્નોના જવાબ આપતાં સરકા-રના ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે 'મં. ગાંધીજીની નવી નીતિ મંજુર કરવાના અને સવિનય કાનુન-ભંગ ખેંચી લેવાના હેતુ સર અખીલ હિંદ મહાસભા સમિતિ કે મહાસભાની બેઠક મળે તો તે સામે સરકાર કાંઇ વાંધો લેશે નહિ.' મહાસભાની કાર્યવાહક સમિતિ ગેરકાયદેસર ઠરાવવામાં આવેલી હોવાથી તેને સરકાર ખુલ્લી રીતે મળવા દેશે નહિ. આથી મહા-સભા સમિતિની બેઠક આવતા મે માસની તા. ૨–૩ના રોજ બિહારમાં રાંચી ખાતે બોલાવવાનું લગભગ નકકી થયું છે. નવા સ્વરાજ્ય પક્ષના આગેવાન ડૉ. અનસારીએ પણ પોતાના મિત્રોને તે તારીખે રાંચી ખાતે એકઠા થવાનું જણાવ્યું છે. મહાસભા સમિતિની બેઠક મળ્યા પછી નવો સ્વરાજ્ય પક્ષ પોતાનું કામ અગર [illegible]. મહાસભા સમાજવાદ પક્ષના આગેવાન શ્રી. પરશોતમદાસ ત્રીકમદાસનું વળી એવું કહેવું છે કે મહાસભા સમિતિ ત્રણ વર્ષ પહેલાં ચુંટાયેલી છે અને ત્યાર પછી દેશમાં અનેક ફેરફારો થયા છે. માટે મહાસભાની અસાધારણ બેઠક બોલાવી તે મારફત પ્રજાના વિચારો જાણવા જોઇએ. બિહારની સરકારે કયારેય મહાસભા[...] કાર્યવાહક સમિતિને ગેરકાયદેસર નથી ઠરાવી એ તકનો [...] લઇને બિહારમાં કાર્યવાહક સમિતિની ખુલ્લી બેઠક ભર[...]ા. [...]એટલે [...]ારે પણ વિચારાઇ રહ્યો છે.

**જગત વિપ્લવનો આશાવાદી:** ૧૯૧૭ના ર[...] બળવાનો મુખ્ય મહારથી લીઓ ટ્રોટસ્કી કે જે સમાજવાદ[...] રશીયામાં અખતરા કરવાને બદલે આખી દુનિયામાં પ્રથમ બળવો જગાવી રાજસત્તા શ્રમજીવીઓના હાથમાં સોંપવાની જરૂરતમાં માનતો હોવાથી રશીયામાંથી હદપારી ભોગવે છે તે આજ દીન સુધી છુપી રીતે ફ્રાન્સમાં રહેતો હોવાની વાત બહાર આવવાથી ફ્રાન્સમાં ખળભળાટ મચ્યો છે. ફ્રેન્ચ વર્તમાન પત્રો તેને તુરતજ હદપાર કરવાની માગણી કરી રહ્યા છે. દુનિયા આજ સુધી એમ માનતી કે ટ્રોટસ્કી ટર્કીના હાથ નીચેના કોઇ ટાપુમાં રહે છે. આ નવી જાહેરાતથી યુરોપ આખો અજાયબ થયો છે.


## ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

## —: ખોજા જાગૃતિ :—

જવલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આવતા અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"


**લવણપ્રસાદ:** જા[...]નગરમાં શ્રી. લવણપ્રસાદની હીંદી ફોઝદારી કાયદા કલમ ૧૦૭ મુજબ ધરપકડ થયા પછી શ્રી. મણીલાલ કોઠારીએ તેમની મુલાકાતની માગણી કરી હતી; પણ રાજ્ય તરફથી તેમને એવો જવાબ આપવામાં આવ્યો છે કે શ્રી. કોઠારી સામે સ્વ. સર રણજીતનો મનાઇ હુકમ હજી ઉભો હોવાથી તેમને જામનગર રાજ્યની હદમાં દાખલ થવા દેવામાં આવશે નહિ. શ્રી. લવણપ્રસાદનાં પત્નીને પોલીસે જડતીનું કામ પુરૂં કર્યા પછી મુકત કર્યા છે. તેમની સાથે અસભ્ય વર્તન ચલાવાયાનું કહેવાય છે. શ્રી. લવણપ્રસાદને જીવા સેતાના ડેલામાં રાખવામાં આવ્યા નથી અને સેન્ટ્રલ જેલમાં તેઓ છે એવા ખબર બહાર આવ્યા છે.

**બે. સાવરકરનું પુસ્તક જપ્ત:** બળવાખોર પ્રવૃત્તિમાં ભાગ લેવાના આરોપ સર ૧૪ વર્ષ સુધી કાળાપાણીની સજા પામેલા બેરીસ્ટર સાવરકરના મરાઠી પુસ્તક "માંઝી જન્મઠેપ"નું ગુજરાતી ભાષાંતર "મારી જન્મટીપ" મુંબઇ સરકારે જપ્ત કર્યું છે. ગઇ તા. ૧૯ના રોજ અમદાવાદના પ્રસ્થાન કાર્યાલય ઉપર પોલીસે દરોડો પાડી "મારી જન્મટીપ"ની કેટલીક નકલો કબજે કરી છે. "પ્રજાબન્ધુ" સાપ્તાહિક પાસે આ પુસ્તકમાંથી ફકરાઓ ઉતારવા માટે રૂા. ૨૦૦૦)ની જામીનગીરી માગવામાં આવી છે.

# આગાખાન અને જાસુસ સ્ત્રી.

## "ઉદાર પ્રેમી."

### ૧૬ કેરેટનો હીરો.

"ડેઇલી હેરલ્ડ" ઉપરનો પેરીસનો સંદેશો જણાવે છે કે જર્મેન ડી એન્ગ્લેમન્ટ નામની ખુબસુરત સ્ત્રી કે જે એક વખત જાસુસ તરીકે કામ કરતી હતી એમ કહેવામાં આવે છે તેના ઉપર એક વર્ષ પહેલાં પ્રીફેકટ કોઝરેટનું ખૂન કરવાના આરોપ ની પેરીસની ખાસ જ્યુરીવાળી અદાલત સમક્ષ ચાલતી તપાસ દરમ્યાન તેણીના અતિ ઉદાર પ્રેમીઓમાં આગાખાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

કેદીની ધોરણસર તપાસ દરમ્યાન અદાલતના સરનશીને જણાવ્યું કે આગાખાને બીજી ઘણી ખર્ચાળ અને ઉડાઉ ભેટો ઉપરાંત તેણીને બહુ મોટી કિંમતનો એક ૧૬ કેરેટનો હીરો આપ્યો હતો.

જ્યારે આ સંબંધે તેણીને પુછવામાં આવ્યું ત્યારે મેડમ ડી એન્ગ્લેમન્ટે હકારમાં પોતાનું માથું હલાવ્યું.

મુખ્ય ન્યાયાધીશે ટીકા કરી કે "તેણીએ પોતાની પ્રેમ-જાળ ઉચ્ચ વર્ગોમાં પ્રસારી હતી." અને તેણે પ્રખ્યાત બેરીસ્ટરો, ડેપ્યુટીઓ, રાજ્યદ્વારી પુરૂષો કે જેની અંદર એક શાહી ડયુકનો સમાવેશ થાય છે, ઇરાનના અને હિન્દના રાજાઓ અને ચીલી અને આર્જેન્ટાઇનના લક્ષાધિપતિઓનું બનેલું એક નવાઇ પમાડતું લીસ્ટ વાંચી સંભળાવ્યું હતું કે જેઓએ ઝવેરાત, ફરનાં કપડાં, મોટરો, ગાડીઓ, ઘોડાઓ, મકાનો અને વિલાસ-ગૃહોનો તેણીના ઉપર વરસાદ વરસાવ્યો હતો. જ્યારે ન્યાયાધીશ બોલતા હતા ત્યારે તેણી રડતી હતી.

["સન" તા. ૧૯-૪-૩૪]

[અનુસંધાન પાના ૪૦૦થી]

કલમ રચે છે. આ કલમથી કાઉન્સીલના હાથમાં અમર્યાદ સત્તા આપવામાં આવે છે અને તેથી તેને ફાવે તેવી શિક્ષા તે ગમે તે માણસને કરી શકે છે. દાખલા તરીકે ઉપર જ આવી ગયેલી કલમ ૧૮૬ અને ૧૮૭ મુજબ જો કોઇ પુરૂષ કે સ્ત્રી તે તે કલમમાં બતાવ્યા પ્રમાણે ભાષણો ન કરે તો આ કલમના ગુન્હા નીચે આવી જાય અને કાઉન્સીલ પોતાને ઠીક લાગે તેવી શિક્ષા તેને કરી શકે. આ ઉઘાડો અન્યાય છે. જ્યારે દરેક કલમ માટે જરૂર મુજબ શિક્ષા નક્કી કરવામાં આવી છે ત્યારે આ કલમની રજ માત્ર પણ જરૂર રહેતી નથી.

**કલમ ૧૮૯.**

"કાયદાની ચોપડીઓ દર કોપીના અરધા રૂપીઆના ભાવે જુદી જુદી કાઉન્સીલોની ઓફીસોએ જાહેર રીતે વેચવામાં આવશે."

ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં કાયદા છાપી તેની એકજ ચોપડી બનાવવાને બદલે જો ગુજરાતી અને અંગ્રેજીની જુદી જુદી ચોપડીઓ રાખવામાં આવે તો કિંમતમાં લગભગ સરખો અરધ ઘટાડો થઇ શકે. કોમે પાળવાના કાયદાની ચોપડી બની શકે તેટલી સસ્તી કિંમતે વેચવામાં આવે તો તેનો ઘણો ફેલાવો થાય અને કોમના સભ્યોનો બહુ મોટો ભાગ પોતે પાળવાના કાયદાથી વાકેફગાર રહે. આ દ્રષ્ટિએ પણ કાયદા જુદા ...

## વેપાર સમાચાર.

(તા. ૨૧-૪-૩૪.)

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુલમાં ૧૨૦ ગાંસડીની વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૨૩ થી ૨૭ દિવસ ૫ નો છે, તેમાં ગાં. ૨૪૦૧૦ મુકાશે. સફેદ શિવાય બીજી જાતોમાં કદાચ બજાર ઘટશે તેવી ધારણા છે. સ્થાનીક બજારમાં કાંઇ ફેરફાર નથી. નવા સોદા કોઇ થયા નથી.

**રૂત :** ભરૂચ ૧૯૬.　　**બકરાના વાળ :** ૫) પા.

**અનાજ, વિ.**

| | |
|---|---|
| ૧)= ૧॥ ઘઉં | |
| ૧= ૧॥= બાજરો | ૧॥- ૧॥= મેથી નવી |
| ૧) ૧॥- જુવાર | ૨)≡॥ ૨॥- તલ |
| ૧)≡ ૧≡॥ ચણા દેશી | ૧॥- એરંડા એરંડી |
| ०॥≡ ૧) કમોદ જાડી | ०॥ ૧) મગ દેશી |
| ૧॥= ૧॥ કમોદ જીણી | ૧)= ૧॥ અડદ |
| ૧)- ૧-॥ મગફળી જીણી | ૧॥ રાઈ |
| ૧)- મગફળી જાડી | |
| ૧॥= શીંગદાણા હાથફોલ | |

**ઘી :** ૨૨) ૨૨॥ મુંબઇ પરખ, ૧૮॥ તાજે રસ

**તેલ :** ૫) તલનું, ૩)= શીંગનું. ૪॥ ઓપરેલ પીળું. ૩॥- ગ્યાસલેટ સફેદ હાથી, ૨॥= સફેદ રશીયન પીપનું.

**પરચુરણ :** ૨॥ ૩॥ ગોળ દેશી. ०॥=॥ ૧-॥ કપાશીયા દુમર. ૪॥ ખાંડ રાજકોટ શહેર, ૩॥ સકર. ૧૦) સોપારી જુની. ૮) ૯) ગદબનું બી. ૨)= વેસણ જીણો, ૧॥॥= વેસણ જાડો. ૨) ઘઉંનો લોટ, ૨) મેંદો, ૨॥ સોજી.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

[અનસંધાન પાના ૩૯૭થી]

પોર્ટગાલે આફ્રીકાના ઇતિહાસમાં એક ગ્રંથ લખ્યો છે. જે જે ઉલ્માઓ ઇસમાઇલીઓથી વિરૂદ્ધમાં હતા તેમને વીણી વીણીને આ ફીદાઇઓએ અનેક પ્રકારનાં કાવત્રાંઓ સાંધી કતલ કરી નાંખ્યા. કોઇને શિષ્ય થઇને મારી નાંખ્યો. કોઇને ચાકર થઇ કતલ કરી નાંખ્યો. તેટલા ઉપરથી પ્રત્યેક ધર્મના ઉલ્માઓ ડરવા લાગ્યા અને હસનની વિરૂદ્ધમાં એક શબ્દ વટિક નહિ ઉચ્ચારતા હતા. આ ફીદાઇઓની એ હાલત હતી કે જ્યારે સુલતાન સંજરે અલમોતને બરબાદ કરવાને અનેકવાર લશ્કર મોકલ્યું ત્યારે હસને તેનો એક ચાકર, જે ઘણોજ વિશ્વાસુ હતો અને હસનનો મુરીદ હતો, તેને હુકમ આપ્યો કે, જ્યારે સુલતાન ઉંઘમાં હોય ત્યારે તેના ઉશીકા નીચે એક છરી ભોંય પર ઘોંચી આપવી. તે ચાકરે તેમજ કર્યું. સુલતાન જાગૃત થયો, ત્યારે તે બનાવથી તેના દીલમાં ભારે ધાસ્તી ઉત્પન્ન થઇ. થોડા દહાડા પછી હસને કહેવડાવી મુક્યું કે "જો મને આપ સાથે મહોબત ન હતે તો આ છરી, જે સખ્ત ભોંયમાં ઘોંચવામાં આવી હતી, તે આપની નરમ છાતીમાં ઘોંચાઇ જાત ... થી."

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૯૪.**

"કહેવાતા સુધારાનો ડોળ ધારણ કરીને, જમાતની સુલેહમાં ડખલગીરી ઉત્પન્ન કરવાના હેતુથી કોઇ શખ્સો પોતાની એક જુદી પાર્ટી (પક્ષ) બનાવી મીટીંગો ભરે, (અને) તે બાબતનો કેસ કાઉન્સીલ પાસે આવે તો કાઉન્સીલ તેમાં નિસ્બત ધરાવતા શખ્સોને નોટીસ કરીને તેઓની એવી વાંધો ઉઠાવી શકાય તેવી વર્તણુકનો ખુલાસો આપવા માટે બોલાવશે. જો તેઓ કાઉન્સીલ સમક્ષ હાજર થવામાં અગર સંતોષકારક ખુલાસો આપવામાં કસુર કરે તો કાઉન્સીલ તેઓને નાતબ્હાર સુધીની શિક્ષા ફરમાવી શકશે."

સુધારાની કોઈ પ્રવૃત્તિને ઉગતાં જ કચડી નાખવા આ કલમની રચના કરવામાં આવી છે. સાચો સુધારો કોને કહેવો, કહેવાતો સુધારો કોને કહેવો, સુધારાનો ડોળ કોને કહેવો, સંતોષકારક ખુલાસો કોને કહેવો—આ બધી અસ્પષ્ટતાઓ રાખી તેનો પોતાની મરજીમાં આવે તેવો અર્થ કરવાની કાઉન્સીલને આથી છુટ આપવામાં આવે છે. કોમ માથે જે કાયદા કાનુન જબરદસ્તીથી બેસારી દેવામાં આવ્યા છે તેની સામે કોઈ એક હરફ પણ ન ઉચ્ચારી શકે, તેમાં જરાએ સુધારો કરવાની પ્રવૃત્તિ ન કરી શકે એ ઉદ્દેશથી આ તલવાર લટકાવવામાં આવી છે. આ કલમ બંધારણમાંથી પહેલી તકે રદ કરવી જોઇએ. કોઇ પણ જાતની પ્રવૃત્તિ કરવાનો કે સભાઓ ભરવાનો કોમના પ્રત્યેક સભ્યને હક્ક છે. આવી સભાઓ ભરનારાઓની વાત સાચી હશે તો કોમ તેને સાંભળશે, ખોટી હશે તો એ વગર કહ્યે ફગાવી દેશે. એ માટે આટલા જાપ્તાની જરૂર નથી.

**કલમ ૧૯૫.**

"કાઠીયાવાડની તમામ જમાતો સ્થાનિક બોધ આપવાનું કાર્ય કરવા માટે જમાતોમાંથી કોઇ લાયક માણસો હોય તેઓને ઉત્તેજન આપશે."

બંધારણની આ કોઇ કલમ નથી, એટલે તે રદ કરવી જોઇએ. વળી કયા વિષય ઉપર બોધ આપશે તેનો પણ આમાં કશો ઉલ્લેખ નથી.

**કલમ ૧૯૬.**

"આપણા સ્વધર્મી ભાઇઓ ભેળા થવાના પ્રસંગોએ નીચેના વિષયો ઉપર પોતાનાં ભાષણો કરવાં:—

( એ ) ધંધા રોજગારના કાર્ય માટે બહાર દેશાવર જવું.

( બી ) દીવાની દાવાના ખાનગી રીતે સ્નેહભાવથી નીવેડા કરવા.

( સી ) કરકસરવાળા લગ્ન.

( ડી ) સ્ત્રી તથા પુરૂષ બન્ને વર્ગના ગરીબ ઇસ્માઇલીઓ તરફથી થતી કપડાની વપરાશ.

( ઇ ) વિધવા થયેલ અને છુટાછેડા મળેલ બાઇઓના લગ્નને

( એફ ) કાચી વયમાં થતાં લગ્ન અટકાવવાં.

( જી ) દીકરીઓના પૈસા લેવા (કન્યા વિક્રય)નો ચાલ અટકાવવો.

( એચ ) ( લગ્ન પછી તરતજ અસાધારણ લાંબા સમય સુધી દીકરીને તેના માવતર પોતાને ત્યાં રોકી રાખવાના ) "આણા"ના રીવાજના ગેરફાયદા.

( આઇ ) ઘુમટાનો ચાલ અટકાવવો.

બંધારણ સાથે કશી નિસ્બત નહિ ધરાવતી આ કલમને કાયદાના પુસ્તકમાં સ્થાન આપી શકાય નહિ. ઉપરાંત, વિષયોની યાદી આપીને તો એ શિવાય બીજા વિષયો ઉપર કોઇ ભાષણ ન કરી શકે એવો આડકતરો પ્રતિબંધ મૂકવામાં આવે છે. અને એવી કોઇ મનાઇ કોમના વિચાર અને વાણી સ્વાતંત્ર્ય ઉપર ત્રાપ મારતી હોવાથી તે ચલાવી લઇ શકાય નહિ; આ દ્રષ્ટિએ પણ આ કલમ કાયદામાંથી રદ થવી જોઇએ, અને પોતાના વિચારો સ્વતંત્ર રીતે વ્યકત કરવાનો દરેકનો અધિકાર સ્વીકારવો જોઇએ.

અાંહી પણ "સ્વધર્મી" શબ્દ વાપરી ઇસ્માઇલી ધર્મને આગળ ધરવામાં આવ્યો છે.

**કલમ ૧૯૭.**

"સ્ત્રીઓએ પોતાને ભેળા મળવાના પ્રસંગોએ નીચેના વિષય ઉપર પોતાની અંદર ભાષણો કરવાં:—

( એ ) બચ્ચાંની આબાદીને ઉત્તેજન આપવું.

( બી ) શાદી તથા ગમીના પ્રસંગોમાં પોતાની હાજરી આપી મદદ કરવી.

( સી ) ગૃહસંસારી કરકસર તથા આરોગ્યતાને સામાન્ય ઉત્તેજન આપવું.

( ડી ) બૈરાંઓમાં પરોપકારી કાર્યોને ઉત્તેજન આપવું.

( ઇ ) કાચી વયમાં થતાં લગ્ન અટકાવવાં.

( એફ ) દીકરીઓના પૈસા લેવા (કન્યા વિક્રય)નો ચાલ અટકાવવો.

( જી ) ઘુમટાના ચાલના ગેરફાયદા.

( એચ ) (લગ્ન પછી તરતજ અસાધારણ લાંબા વખત સુધી દીકરીને તેના માવતરે પોતાને ત્યાં રોકી રાખવાનો) આણાંનો રીવાજ અટકાવવો."

ટીકા ઉપર મુજબ.

**કલમ ૧૯૮.**

"આએ કાયદાના પુસ્તકમાં ફરમાવેલ જુદા જુદા ધારામાં દોરેલી આજ્ઞાઓથી કોઇ શખ્સ ઉલટું વર્તન કરશે તો કાઉન્સીલને યોગ્ય લાગે તેવી શિક્ષાને પાત્ર થશે."

એકે એક કલમે એક અથવા બીજી સજા નકકી કર્યાં છતાં પણ આ કાયદાના રચનારને સંતોષ નથી થતો; એટલેજ તે આવી

[અનુસંધાન પાના ૩૯૯.]

શકે એ માટે 'જાગૃતિ'માં એ સંબંધેના લેખો અને માહીતીઓ આ વર્ષથી આપવાનું અમે નક્કી કર્યું છે.

'જાગૃતિ'ને મિત્રો છે; છુપા અને ઉઘાડા. એ સર્વના પ્રયત્નથી 'જાગૃતિ' એક વરસ પસાર કરી ગયું. આજે એજ મિત્રો ઉપર વિશ્વાસ રાખીને, કોમની સહાય અને સહાનુભૂતિ ઉપર મદાર બાંધીને અમે બીજા વર્ષમાં ઝંપલાવીએ છીએ. "ખોજા જાગૃતિ"ને જીવાડવું કે મારવું એ કોમના હાથમાં છે.

# વિચાર—કલિકાઓ

**સેવા કે સ્વાર્થ?** કહે છે કે ના. આગાખાને હિન્દી વઝીર સર સેમ્યુઅલ હોર પાસે માગણી કરી છે કે મને હિન્દુસ્તાનની ભૂમિનો એક ટુકડો કાઢી આપો એટલે હું ત્યાં સર્વ સત્તાધિશ રાજા તરીકે રાજ કરી શકું. પોતાની આ માગણીના ટેકામાં કહેવાય છે કે નામદારે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને સંયુક્ત સમિતિમાં પોતે બ્રીટીશ મહારાજ્યની બજાવેલી કિંમતી સેવાઓનો હવાલો આપ્યો છે. ના. આગાખાને હિન્દુસ્તાનની તો કશીજ સેવા બજાવી નથી એ સૌ કોઇ જાણે છે; પણ શું બ્રીટીશ મહારાજ્યની તેમની સેવા પણ આવી પોકળ છે? હિન્દુસ્તાનની પ્રજા ઉપર પ્રત્યાઘાતી બંધારણની ઝુંસરી બેસારી દેવા મહેનતભર્યા પ્રયાસોના બદલા તરીકે ના. આગાખાન કોઇ રાજ્યની માગણી કરે તો એમાં સેવા નહિ પણ સ્વાર્થ છે એમજ સમજવું જોઇએ. એ તો એક સીધો વ્યાપારી કરાર થયો. અને ખુબી તો એ છે કે એ કરારમાં ન તો બ્રીટનને નાવા જવાપણું છે કે ન તો ના. આગાખાનને. બન્નેને લાભદાયી એવા આ કરારથી હિન્દુસ્તાનને માથે અળખામણા કોમવાદનો બોજો વધ્યો છે અને હવે એક વધુ નવો આપખુદ રાજા આપીને દેશના પ્રજા-જીવન ઉપર એક વધુ પત્થર મુકવાની પેરવી થઇ રહી છે. હિન્દુસ્તાનમાં ગણ્યા ગણાય નહિ એટલા રાજાઓ છે, તેને હવે એકેય નવો જોઇતો નથી.

## ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

## —: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

**એકજ વાત.** "ઇસ્માઇલી"માં મુંબઇના કામડીયાને નામે એક ખાસ સૂચના પ્રગટ થઈ છે. ના. આગાખાનને આંબાના કરંડીયાઓ લંડન નહિ મોકલતાં તેમના માર્સેલ્સના સરનામે સૌએ મોકલવાનું તેમાં જણાવવામાં આવ્યું છે. કારણ કે લંડનથી માર્સેલ્સ એ આંબા પહોંચે તેમાં થતી ઢીલથી આંબા બગડી જાય છે અને તેનો ઉપયોગ થઈ શકતો નથી. કોમી વર્તમાનપત્રોને નામે ઓળખાતાં આ છાપાઓમાં જ્યાં જુઓ ત્યાં એકજ વાત જોવામાં આવે: સૌએ પોતાથી બનતું બધું ના. આગાખાનને આપી દેવું. ના. આગાખાનનાં ગુણગાનજ ગાવાના મુખ્ય હેતુવાળાં આ જોડતી સાંકળના સાચા સ્વરૂપને ખીસાં ખાલી કરવાના રસ્તાજ બતાવ્યા કરે એ માટે શોક કરવો નકામો છે. પણ દશમા નકલંકી અવતારનો ના. આગાખાનનો દાવો સાબીત કરવા મથતા આ છાપાંએ આમ આવી જાહેરાત કરીને પોતાની વાતને તોડે છે તેનો ખ્યાલ તેને રહેતો લાગતો નથી. સાક્ષાત, હાજરાહજુર, ઇશ્વરના અવતારમાં એટલી પણ દિવ્ય શકિત નથી કે એ લંડનને સરનામે રવાના થયેલા આંબાને સીધા માર્સેલ્સ ખેંચી જઇ શકે કે લંડનથી માર્સેલ્સ પહોંચતાં ઢીલ થાય તેટલા વખતમાં તમારે બગડવું નહિ એવો આંબાને હુકમ કરી શકે? નામદારમાં આવી કોઈ શક્તિ નથી એટલેજ આટલી ચિંતા રાખવી પડે છે ને!

**કામદારોનો યજ્ઞ** દેશની કામદાર પ્રવૃત્તિ ફરી જોર ઉપર આવી છે. મુડીવાદીઓના દરરોજ વધતા જતા હલ્લા સામે છેવટને માટે લડી લેવાનો આખા હિન્દુસ્તાનના કામદાર આગેવાનોએ નિર્ણય કરી લીધો છે. એ લડત ગઇ તા. ર૩થી શરૂ થઈ ચુકી છે. એ દિવસથી કાપડ ઉદ્યોગમાં કામ કરતા હિન્દના બધા કામદારોએ હડતાળ ઉપર જવાનું ઠરાવવામાં આવ્યુ છે. એ મુજબ મુંબઈમાં સામાન્ય હડતાળ ચાલુ થઈ ગઈ છે. મુંબઈમાં કુલ્લે ૫ર મીલો છે, તેમાંથી શુક્રવાર સુધીમાં ૪૧ મીલો કામ કરતી બંધ થઈ છે અને ૭૦,૦૦૦ કામદારો હડતાળ ઉપર ગયા છે. મજુરોના પગારમાં દિવસે દિવસે વધુ ને વધુ મુકાતા જતા કાપ સામે પોકાર ઉઠાવવા આ હડતાળ છે. મુંબઇ સરકારના ગૃહમંત્રીએ મુડી-મજુરીના પ્રશ્નમાં તટસ્થ રહેવાનું જાહેર કર્યા છતાં કેટલાયે મજુર આગેવાનોની ધરપકડ કરવામાં આવી છે અને લાઠીમાર પણ ચાલેલ. ગોળીબાર પણ કરવામાં આવ્યો છે. હડતાળ ક્રમે ક્રમે સામાન્ય હડતાળ ચાલુ રાખવાના નિર્ણય ઉપર મક્કમ છે. હડતાળ ઉપર ગયેલા કામદારોએ તોફાનના પ્રસંગ સિવાય હજી તોફાન કર્યું નથી. આમ હજારો બેકારોમાં આજે હજારો હડતાલીયાઓના ઉમેરો થાય છે. મુંબઈના કામદારોનાં જીવન આજે ભયમાં આવી પડ્યાં છે. કામ કરવાથી ઉતરતા ધોરણે મળતા પગાર પણ બંધ થાય, પછી જો કામદારોને યોગ્ય સહાય કરવામાં નહિ આવે તો હજારો માણસો ભુખે મરી જશે. કે તોફાને ચડશે. આજદીન સુધીમાં મીલ માલેકોએ કામદારો તરફ જે વર્તન રાખ્યુ છે એ જોતાં આવી સામાન્ય હડતાળ પાડવાનો એકજ રસ્તો તેમને માટે બાકી હતો. એટલે ઉદ્યોગના મુખ્ય અંગ કામદારોને બચાવી લેવા માટે જો કોઇના ઉપર વધુ જવાબદારી પડતી હોય તો તે મીલ માલેકો અગર સરકાર ઉપરજ પડે છે. આ હડતાળનાં જે કાંઇ પરિણામો આવશે તેની બધી જવાબદારી સરકાર અને મીલ માલેકો ઉપરજ રહેશે.

### ટુંકા સમાચાર

—મહાસભાની વર્કીંગ કમીટીની બેઠક પટણા ખાતે આવતી તા. ૧૮ – ૧૯ મેના દિવસોમાં ભરવાનું સત્તાવાર રીતે જાહેર થયું છે.

—મુંબઇ ખાતે એક લશ્કરી અમલદાર ઉપર કોઇ અજાણ્યા માણસે છુરીના છુટા ઘા કરી અને ચાર વખત રીવોલ્વરમાંથી ગોળીઓ છોડી તેનું ખૂન કરવાનો પ્રયત્ન કર્યો હતો, પણ અમલદાર બચી ગયા છે. આ સંબંધે બે માણસોને પકડવામાં આવ્યા છે.

—જગવિખ્યાત ક્રાન્તિકાર લીઓ ટ્રોટસ્કીએ ફ્રાન્સની હદ છોડી દીધી છે. ટર્કીએ પોતાના પ્રીન્કીપો ટાપુમાં રહેવાની તેને પરવાનગી આપી છે.

—પં. જવાહરલાલ નેહરૂને મેના પહેલા અઠવાડીયામાં અલીપુર જેલમાંથી બદલી દહેરાદુન જેલમાં ખસેડવામાં આવશે, તેવા ખબર છે.

# નુતન યુગનાં પ્રવાહ-બળો.

[જગત આજે પ્રસવ-વેદના સહી રહ્યું છે. જુના વિચારો, જુના સંસ્કારો, જુની રસમો, જુની રાજ-પ્રથા, જુની સમાજ-રચના—એ બધું આજે ભાંગીને ભુક્કો થઇ રહ્યું છે. તેમની જગ્યાએ નવા વિચારો નવી શાસન પ્રણાલિકાઓ અને નવી સમાજ-રચના પોતાનું સ્થાન લેતી થઇ રહી છે. મુડીવાદે ઉભી કરેલી ગંભીર પરિસ્થિતિએ આજે નવી દ્રષ્ટિ અને નવા રસ્તાઓ તરફ દુનિયાને દોરી છે. એક બાજુ સમાજવાદ અને સામ્યવાદ પોતાનું જોર દરરોજ વધારતો જાય છે, બીજી બાજુ મુડીવાદના આખરી પછાડાએ 'ફેસીઝમ'ના લીબાસમાં ગાંડપણ આદર્યું છે. નુતન યુગનાં આ આંદોલનો અને તેને અવરોધવા પ્રયાસ કરતા પ્રત્યાઘાતી બળોનો આછો ટુંકો પરિચય અમારા વાંચકોને આપવાનું અમે શરૂ કરીએ છીએ. સમાજવાદ, સામ્યવાદ, ફેસીઝમ—એ બધાનો પરિચય રફતે રફતે આ કોલમ નીચે આપવામાં આવશે.]

## ૧. સમાજવાદ

### એ શું છે?

સમાજવાદ એ શું છે એ પ્રથમ જાણી લઇએ. એનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે દરેક માણસને પેટ પુરતું અન્ન, પહેરવા જોઇતાં કપડા અને રહેવા જોઇતી મકાનની સગવડ એટલું મેળવવાનો જન્મથીજ અધિકાર છે. કોઇ રાજસત્તાથી, કોઇ સમાજ રચનાથી માનવી માત્રની આ પ્રાથમિક જરૂરીઆતની અવગણના થઈ શકે નહિ. બીજી કોઇ પણ લાયકાત વિના, એ જીવતું માણસ છે એટલા ઉપરથીજ તેને આટલી વસ્તુઓ મળવીજ જોઇએ.

સમાજવાદનો ધ્યેય છે આંતરરાષ્ટ્રિય બંધુભાવ અને સમાનતાનો. કોઇ કોમથી જન્મેજ ઉંચો હોવાનો દાવો કરી શકે નહિ. ~~જબરદસ્તીવા આગળ ધરીને કોઇથી વધુ અધિકારીની માગણી થઇ~~ શકે નહિ.

એની માગણી છે પ્રત્યેક પ્રજાજનને રાષ્ટ્રની તમામ મિલ્કતનો સમાન ભાગીદાર ગણવાની, અને એ મિલ્કતના ભોગવટામાં સર્વને સમાન હક્ક હોવો જોઇએ એમ તે માને છે. પ્રત્યેક માનવીને પોતાની શકિતઓ ખીલવવાની સરખી તક મળવી જોઇએ એમ તેનું કહેવું છે.

સમાજવાદની મહત્વાકાંક્ષા છે પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારવાની. એની દુનિયામાં કોઇ ભૂખ્યો નહિ હોય, કોઈ બેકાર નહિ હોય, હદ ઉપરવટનું કામ કરીને કોઇ થાકી જતો નહિ હોય, કોઇ આળસુ નહિ હોય. પ્રત્યેકના જીવનમાં ઉલ્લાસ હશે, રસ હશે, કળા હશે. જીંદગી સૌને જીવવા જેવી લાગશે. પરસ્પર પ્રેમ અને માયાથી દરેક જણ દેશની, માનવ જાતની આબાદી અને સુખ માટે હાથમાં હાથ મીલાવી પ્રયત્ન કરશે.

સમાજવાદમાં સ્ત્રી પુરૂષના ભેદને કાંઇજ સ્થાન નથી. સ્ત્રી પુરૂષ કરતાં નીચી નથી, પુરૂષ સ્ત્રી કરતાં ઉંચો નથી; બન્ને સમાન છે, એક શરિરના બે જુદા જુદા અંગો છે. પરસ્પર સહકારથી તેઓ જીવવા માગે છે. પોતાની ઇચ્છાથી તેઓ જોડાઇ શકે અને પોતાની ઇચ્છાથી તેઓ જુદા પડી શકે. લગ્ન અને સમાજ-રચના આ સિદ્ધાંત ઉપરજ સમાજવાદ રચવા માગે છે.

સમાજવાદ અને ધર્મને સિદ્ધાંતની દ્રષ્ટિએ વૈર નથી. પણ જ્યાં જ્યાં સમાજવાદની સિધ્ધીમાં ધર્મ વિઘ્નકર્તા થાય ત્યાં ત્યાં એ ધર્મને પોતાના રસ્તામાંથી દૂર કરવા માગે છે. સમાજવાદની દુનિયામાં ધર્મ એ દરેક વ્યકિતનો અંગત વિષય છે. જ્યાંસુધી વ્યકિતની ધાર્મિક માન્યતા સમાજના હિતને નુકશાન ન કરે કે તેના સિદ્ધાંતથી વિરૂધ્ધ ન જાય ત્યાંસુધી ધર્મને સમાજવાદ અડકે નહિ. ધર્મ જ્યારે એ હદ છોડે ત્યારે સમાજવાદ ધર્મને આડખીલી ગણી રૂખસત આપે.

અને સમાજવાદની આ સિદ્ધી અર્થે, એને વ્યવહારમાં ઉતારવા માટે એ પ્રથમ રાજસત્તાની કબજાગીરી માગે છે. રાજસત્તા અત્યારે મુડીવાદીઓના હાથમાં છે. મુડીવાદ આખા સમાજ કે સમૂહના હિત કરતાં વ્યકિતના હિતને વધારે ઉંચે પદે રાખવા માગે છે. એમાંથી નફાખોરી જન્મે છે. એ નફાખોરીથી એક માણસ સમૃદ્ધ થાય છે અને બીજો ચૂસાય છે. આમ સમાજમાં ભાગલા થતા જાય છે. એક વર્ગ ખુબ સમૃદ્ધિશાળી અને સત્તાધારી છે અને તેમાં થોડા માણસો છે. બીજો વર્ગ અતિશય કંગાલ અને કચડાતો છે તેમાં જાજા માણસો છે. સમાજવાદ આ અસમાનતાનું અંતર તોડવા માગે છે અને એ માટે તે મુડીવાદીઓને રાજસત્તાથી દૂર કરવા માગે છે. એ કરવા કચડાયેલા લોક સમૂહને જાગૃત કરે છે, એને એની સ્થિતિનું ભાન કરાવે છે અને એ માટે મજુરો અને ખેડુતોનાં મંડળો રચી તેને કેળવી સુવ્યવસ્થિત કરે છે. એ વાટે, ધારાસભાઓની ચુંટણી વાટે એ રાજસત્તાને કબજે કરી સમાજવાદને ધોરણે નવી રચના કરવા માગે છે.

સમાજવાદમાં વિગ્રહને સ્થાન નથી. ગમે તેવી મતફેરીનો નિવેડો એ લવાદ દ્વારા લાવે. વિગ્રહને સ્થાન ન રહે એટલે ખુશ્કી, તરી અને હવાઈ લશ્કરની જરૂરજ નહિ. સમાજવાદના હાથમાં સત્તા આવે એટલે આ નિરૂદ્યમી રહેતા માણસોને કામે લગાડે. દલાલો બેન્કરો, ધીરધાર કરનારાઓ એ બધા બીજાઓ ઉપર નભતા માણસોની સમાજવાદમાં જરૂર નથી એટલે એ બધા પણ દેશને જોઇતી વસ્તુઓ ઉત્પન્ન કરવામાં કામે લાગે. આમ કામ કરનારાઓની સંખ્યા વધે એટલે દરેક માણસને ભાગે ઓછા કલાક કામ કરવાનું રહે. લડાયક સામાન અને એવીજ બીજી નિરૂપયોગી વસ્તુઓ બનાવવાના ઉદ્યોગો બંધ પડે એટલે કામ કરવાના કલાક એથી પણ ઘટે. આ ધોરણે સમાજવાદીઓ માણસ દીઠ માત્ર ત્રણ કલાકનું કામ આપી શકે. એટલા કામથી તેના જીવનની બધી જરૂરીઆતો પુરી પડી રહે અને કળા અને સંસ્કૃતિમાં આગળ વધવા તેને પુષ્કળ સમય બચે. નીચું ગણાતું કામ કે આકરૂં કામ કરનારાઓના કામના કલાક બીજાઓના કરતાં પ્રમાણમાં ઓછા રહે. એજ ધોરણે જેઓ પરદેશની મુસાફરીઓ ખેડવા માગતા હોય તેમને ફાળે પ્રમાણમાં કામના કલાક વધે. સમાજવાદ રાજસત્તા પોતાના હાથમાં આવતાં આ પ્રમાણે કામના કલાક ઘટાડી જીવનનું ધોરણ ઉચું બનાવે.

( દુનિયાના કયા કયા દેશોમાં સમાજવાદના અખતરા થઇ રહ્યા છે એ વિષે હવે પછીના અંકો જોતા રહેવું. )

# ૧૧ મા  ન ક લં કી ને !

૧૯૩૨માં નામદાર આગાખાનના જ્યેષ્ટ પુત્ર અલી સલમાન ખાન હિંદ આવ્યા ત્યારે કરાંચીના જાણીતા સુધારક શ્રી. કરીમ ગુલામઅલીએ "મી. અલી સલમાન ખાનને એક વિનંતિ" એ નામની એક નાનકડી પુસ્તીકા અંગ્રેજીમાં છપાવી તેમને પહોંચાડી હતી. આ પુસ્તીકામાં તેમણે 'એ વૉઇસ ફ્રોમ ઇન્ડીઆ' (હિન્દુસ્થાનમાંથી અવાજ), મુંબઇના કેટલાક આગેવાન ખોજા ગૃહસ્થોએ ૧૯૦૧માં મુંબઇના ગવર્નરને કરેલી અરજી 'નોર્થકોટ મેમોરીઅલ' અને કરાંચીના સુધારક મંડળ તરફથી લખવામાં આવેલો 'ના. આગાખાનને ખુલ્લો પત્ર'નો સમાવેશ કરેલ છે. એ બધાં ગુજરાતીમાં પ્રગટ થઇ ગયાં છે. આંહી શ્રી. કરીમ ગુલામઅલીએ અલી સલમાન ખાનને સંબોધેલા ભાગનુંજ ગુજરાતી ભાષાંતર અમે રજુ કરીએ છીએ.

## મી. અલી સલમાન ખાનને એક વિનંતિ.

વ્હાલા સાહેબ,

હિન્દુસ્તાનની આપની આગામી મુલાકાતથી મળતી તક લઇને એક ખોજા તરીકે હું આપને આગાખાનના વડિલોપાર્જીત ઇલ્કાબના વારસ તરીકે નીચેની વિનંતિ કરૂં છું.

જો કે મને ખાત્રી છે કે આપના પિતાએ જીવનમાં આપના દરજ્જાને લાયક થઇ પડે તેવી કેળવણી આપને આપવામાં કાંઇજ બાકી રાખ્યું નથી, છતાં મને એ પણ એટલીજ ખાત્રી છે કે ખોજા કોમ અને આગાખાન વચ્ચે જે સંબંધ છે તેના ખરા સ્વરૂપથી આપને દૂર રાખવા પણ તેમણે કાંઇજ બાકી રાખ્યું નથી. આ એ જ્ઞાન છે કે જે આપની આખી જીંદગી અને કારકિર્દી ઉપર અસર કરશે; જે આપના સાચા ચારિત્ર્યને ઘડશે અને પ્રકાશમાં લાવશે; અને જે આપની માનવતાની આકરી કસોટી રૂપ થઇ પડશે. આપ એનાથી ગંભીર ગુંચવણના શીખરો ઉપર મુકાશો કારણ કે એક તરફ પુત્રધર્મ અને વડિલો તરફની વફાદારી અને બીજી તરફ જબરજસ્ત દગલબાજીનું ખંડન—એ બે વચ્ચે ખુલ્લી પસંદગી કરવાની માગણી એ જરૂર આપના અંતરાત્મા પાસે કરશે; કારણ કે આપે એ ચોક્કસ જાતે નક્કી કરવું પડશે કે આપ આપના અનુયાયીઓ સમક્ષ માનવી સ્વરૂપમાં ઉભા રહેવા માગો છો કે દૈવી સ્વરૂપમાં; ઇન્સાન તરીકે કે અલ્લાહ તરીકે.

હું તેથીજ આપને વિનંતિ કરૂં છું કે ઘણું મોડું થાય તે પહેલાં આપ આ જ્ઞાન મેળવી લ્યો. હું ખરેજ સંદેહમાં છું કે અત્યારના ના. આગાખાન આપના પિતા જે શેતરંજ ખેલી રહ્યા છે તેમાં આપનો ઉપયોગ કયારનોય એક પ્યાદા તરીકે કરવો શરૂ થઇ ગયો છે તેનાથી આપ વાકેફ છો કે નહિ. તો પણ, ગમે તેમ હોય, જ્યાંસુધી આપ પોતે આગાખાન તરીકે એ રમત રમવાનું શરૂ ન કરો ત્યાંસુધી આપ જુદા પડતા રસ્તાઓના સંગમ-સ્થળે છો તેમ ગણી શકાય. કારણ, દરેક આગાખાન સમક્ષ જીંદગીના બે શકય રસ્તાઓ રહ્યા છે: એક, અનીતિભરી રીતે અલ્લાહનો પાઠ ભજવવાનું સ્વીકારી ધર્મને નામે પોતાના અનુયાયીઓનાં જીવન અને ભાગ્યનો પોતાની અંગત વૃદ્ધિ અને સ્વાર્થી ઉદ્દેશો માટે ઉપયોગ કરવાનો, કે જે વિના અપવાદે અગાઉ થઇ ગયેલા એ ઇલ્કાબના બધા ધારણ કરનારાઓએ લીધો છે; અને બીજો, પોતાની તથા અનુયાયીઓની પરસ્પર ઉન્નતિ માટે પ્રયત્ન કરીને વધુ નમ્ર છતાં પ્રામાણિક રીતે માનુષી આગેવાન બનવાનો: એ રાહ કે જે આપના વડવાઓ માંહેના કોઇને પહેલા બતાવેલા જીવનના રાહના પ્રબળ પ્રલોભનોએ અત્યાર સુધી અખત્યાર કરવા નથી દીધો.

મારી વિનંતિના ટેકામાં, નીચેનાં પાનાંઓ આપ વાંચી જશો એવી હું માગણી કરૂં છું, કે જે ખોજા કોમને આગાખાન સાથે જોડતી સાંકળના સાચા સ્વરૂપનો અને તેથી ખોજા કોમને સહેવી પડતી રીબામણી અને આપવા પડતા ભોગનો અમુક અંશે આપને ખ્યાલ આપશે. કારણ કે જો ચોકકસપણે આપ આપના વડવાઓના પગલે ચાલવાનો નિરધાર કરો તો તેટલીજ ચોકસાઇથી ખુદાઇ દાવો જાળવી રાખવાની આપને માથે ફરજ પડશે, અને તે માટે ભોળવાયેલાઓને ભવિષ્યના સુખનાં મિથ્યા વચનો અને સામે થનારાઓને છુરીની ધમકી આપી **ભ**યનું **રા**જ્ય સ્થાપવાના અને નિભાવવાના તેઓએ સ્વીકારેલા રાહ આપે અખત્યાર કરવા પડશે. બીજા હાથ તરફ, આપના અનુયાયીઓ સમક્ષ કોઇ જાતનો ખુદાઇ દાવો આપ કરતા નથી એવી જાહેરાત કરવાનો મર્દાનગી-ભર્યો રાહ સ્વીકારવાથી આપ આપના વડવાઓને બેવફા થતા નથી, પણ ઉલટું ભૂતકાળમાં ખોજા કોમના જે અપરાધો કરવામાં આવ્યા છે તેનો બદલો વાળવા અને ભરપાઇ કરવા આપનાથી જે કાંઇ બને તેટલું કરીને આપ આપના વડવાઓની બની શકતી ઉંચી સેવા બજાવો છો.

એ બનવાજોગ છે કે આ પાનાંઓ વાંચી ગયા પછી સ્વાભાવિક રીતેજ આપનું મન એમાં લખી હકીકતો ન[illegible]તવા તરફ વળશે; અને જ્યારે આપને ખાત્રી થાય કે જે ઘટનાઓ એમાં આલેખવામાં આવી છે તેના ખરાપણા માટે સવાલ ઉઠાવી શકાય તેમ નથી ત્યારે આપ એ વિચારથી આપના મનને આશ્વાસન આપવા તરફ વળશો કે ખરેજ ત્રાસનીતિ, જુલ્માટ અને ખૂનથી ભરેલું આ ભયાનક દફતર એ ભૂતકાળમાં બનેલા ગુન્હાઓ છે; દુનિયાના અતિ અંધકારભર્યા કાળમાં એ બની શકે, આપણા યુગમાં એ અશકય છે. મને આપને જણાવવા દયો કે વસ્તુસ્થિતિ આવી નથી: આવું કોઈ મીઠું આશ્વાસન આપના અંતરાત્માને સ્વસ્થ કરી શકશે નહિ. વખત જતાં ભિન્ન ભિન્ન સંજોગોને પહોંચી વળવા કેટલાંક ખરાબ આચરણોની પદ્ધતિ બદલાવવામાં આવી છે, પણ તેથી પરિણામક અસરમાં જો કાંઇ ફરક પડયો હોય તો તે એટલોજ કે જુના વખતથી તે વધુ ખરાબ થઇ છે, અને અત્યારે કોમમાં પ્રવર્તી રહેલી સ્થિતિ કોઇ પણ રીતે એક સો વરસ પહેલાંની સ્થિતિ કરતાં સારી નથી. લગભગ છ સો વરસ પહેલાં અલમોત (ઇરાક)ના "ઘરડા પહાડી પુરૂષ"-ના રાજ્ય નીચે છુરીનો જે અમલ ચલાવવામાં આવતો હતો અને જે લગભગ એંશી વરસ પહેલાં હિન્દુસ્તાનમાં પણ ચાલુ થયેલો જોવામાં આવતો હતો તે મહત્વના બધા મુદ્દાઓમાં હજી પણ આપના પિતાના ભંડાર ભરપૂર કરવાના અને આપના કુટુંબનો ખુદાઇ દાવો નિભાવી રાખવાના પ્રધાન સાધન તરીકે વાપરવામાં આવે છે. કોમનો કોઈ કેળવાયેલો સભ્ય આ **ભ**યના **સા**મ્રાજ્ય સામે વાંધો ઉઠાવવા કાંઇ પણ પ્રયત્ન કરે તો તેના એ પ્રયત્નને ઘણી વખત તેની તથા તેની સાથે સહાનુભૂતિ ધરાવનારાઓની જાતને ગંભીર નુકશાન પહોંચાડી જોરશોરથી દાબી દેવામાં આવે છે.

(અપૂર્ણ)

# પ્રાયશ્ચિત.

લેખકઃ **શ્રી. હાશમ વાલજી સવાણી.**

"રડી રડીને પરવાર્યો. મારા માટે હવે શું બાકી છે? હા, પ્રાયશ્ચિત! દુષ્ટ માતાપિતા હજી બીજી સ્ત્રી આ લોહી તરસ્યા ઘરમાં મારે નામે ઢસડી લાવવા માગે છે. આ તે પ્રાયશ્ચિત કે પાપની પરંપરા?"

હીરાલાલનો જીવ અકળાવા લાગ્યો. તે એકદમ ઉભો થઇ ગયો, ખીંટી ઉપરથી કોટ ઉતારી પ્હેરી લીધો અને ટોપી હાથમાં લઇ દાદરનાં પગથીયાં ઉતરવા માંડયો. ગાંડાની માફક તે ચાલવા લાગ્યો અને પગે ચાલીને વિચાર કરતો કરતો ઠેઠ હેન્ગીંગ ગાર્ડન પહોંચ્યો. એકાંતે એક બાંક ઉપર એક બાજુ જઇ બેઠો. માણસો પાસેથી પસાર થતાં હતાં પણ તેનું તેને ધ્યાન ન હતું. તે તો ફક્ત ચંદ્રિકાની છબી અંતરમાં ધરી તેનુંજ રટણ કરતો હતો.

એક મહિના પહેલાં તેની પરણેતર ચંદ્રિકા અવસાન પામી હતી. ચંદ્રિકાની સાથે હીરાલાલનાં લગ્ન તેના બાપે બાંધી દીધાં હતાં, છતાં ચંદ્રિકાના ગુણે હીરાલાલની સાથે ખુબ પ્રેમ જામી શકયો હતો.

એક મહીનો હજુ થયો નથી ત્યાં તેના માબાપ બીજી પરણાવવા કન્યાઓ શોધતાં હતાં. હીરાલાલ ચંદ્રિકાનો પ્રેમ, તેનું ધૈર્ય અને ઉદારતા ઉપર મુગ્ધ હતો. તેના મરણથી હીરાલાલ ઉપર સખ્ત આઘાત પડયો હતો. તે વારંવાર રડી લેતો હતો, અને માબાપ ને ભાઇ બ્હેનોએ કરેલ ઝુલ્મ યાદ કરી કરી તેનું હૃદય આંચકા લેતું હતું. તે ઘરનાને કાંઇ પણ જવાબ આપતા નહિ અને ગાંડાની માફક મરજીમાં આવે ત્યાં ફરતો હતો.

હીરાલાલ શોકના વિચારમાં ઉંડો ઉતરી ગયો. તેના સામું ત્રણ ચાર માસ પહેલાંનું ચંદ્રિકાનું સંસાર-સ્વપ્ન ખડું થયું.

પોતે જાણે ઓરડામાં બેસી ચંદ્રિકાની રાહ જોતો પુસ્તક વાંચી રહ્યો છે. રાતના દશ વાગ્યાનો સુમાર છે. તેના કાનમાં અવાજો આવે છે તેથી તેની દષ્ટિ પુસ્તકમાંથી જરા થંભી જાય છે.

"ભાભી, આ ઓછાડ આટલો મેલો છે તોય આંખ નથી ઉઘડતી? હરામનું ડીલ થઇ ગયું છે તે!" નણંદબા આખા દિવસના ઉજાગરાથી એક ઉંઘ લઇને ભાભીને દબડાવતાં હતાં.

"ચંદ્રિકા, મારી પથારી અહીં ન કરવી તેમ તને નથી કહ્યું? ચાલ ફેરવી નાખ." દીયરજીએ બજારમાં એક રોન ફરી આવી ભાભી ઉપર હુકમ છોડયો.

"વહુ, મારા પગ દાબી જા, પછી વાસણ માંજજે. મને ઉંઘ નહિ આવતી હોય?" બીચારાં સાસુજીના બીજાના ઓટલા ભાંગી ભાંગીને પગ દુખતા હતા.

"વહુને કોઇ લાજ કાઢતાં શીખવાડો તો ઠીક." સસરાએ હોં હોં કરતાં પાસું ફેરવ્યું.

દાદીમાનો પણ અવાજ આવ્યા વગર રહ્યો નહિ. "વહુ તો બહુ તાઢી, કામનો ઉકેલ નહિ."

એટલામાં જેઠજી બોલ્યાઃ "આજે વાળુમાં મઝા પડી નહિ. ચંદ્રિકા રસોઇમાં બરાબર ધ્યાન દેતાં નથી."

બધાના હુકમ પુરા કરી, બધાને શાંત કરી, બધાના બોલ સહન કરતી કરતી સુશીલ ચંદ્રિકા અંતરમાં રોતી બહારથી હસતી પતિગૃહમાં પ્રવેશ કરે છે. પુસ્તક નીચે પડે છે.

"વ્હાલી ચંદ્રિકા, આ ઘરમાં તું એકજ એવી વ્યક્તિ છે કે જેના ઉપર આખા ઘરનો એકે એક સભ્ય મરજી પડે તેવા હુકમ છોડયા કરે, અપમાન કરે મને ફાવે તેમ વર્તે ને સ્વચ્છંદે પડયા પડયા જોહુકમી ચલાવે. મારું હૃદય ભરાય આવે છે."

"ના, તમે દુઃખી થાવ મા. બધું સારૂં થઇ રહેશે. તમે શા માટે કચવાઓ છો?"

"કોણ કહે છે કે ગુલામીનો રીવાજ નાશ પામ્યો છે? કન્યાને આમંત્રણ કરી તેને ગુલામ બનાવી દે છે. હું તારા માટે કાંઇક રસ્તો કાઢવા વિચારી રહ્યો છું. તારી સ્થિતિ ગુલામ કરતાં વધુ ખરાબ છે, ઓછી નહિ. ઘરનાં એક વેંતનાં છોકરાંને પણ ખબર કે તારી સાથે દેડકાની રમત રમાયજ."

"મારા ઉપર તમારો એકનો પ્યાર છે, એટલે બસ છે. મારૂં હૈયું ફુલે છે. તમે નાહક દુઃખી ન થાવ."

"ધીક્કાર છે એ મારા ખોટા પ્યારને. હું અધમ છું. છરીઓ વચ્ચે પુષ્પ કયાં રહે?"

દૃશ્ય અદૃશ્ય થયું. તે લવવા લાગ્યોઃ "હું નિર્માલ્ય છું, બાયલો છું. બીચારી મરી ગઇ. હું વિચાર કરતો રહ્યો." તેણે બાંક ઉપર હાથ પછાડયો અને ઉભો થઇ ગયો. શહેર તરફ દૃષ્ટિ ફેરવી. પાછો બેસી ગયો. કાંઇ વિચાર કરી વળી મોટેથી બોલ્યો. "હા, હું પરણું એજ પ્રાયશ્ચિત! હું કમાઉં છું. વહુ લાવી સત્તા ભોગવવાના નથ શોખવાળાં ડગરાંઓની સત્તાનું ઘેન ઉતારનારી સ્ત્રી પરણું એજ પ્રાયશ્ચિત!"

× × × × ×

નવી વહુ મૃદુલાએ ઘુમટો સદંતર બંધ કર્યો છે. તે કહે છે કે, "તમે જેમ માણસ છે તેમ હું પણ માણસ છું, સરખાં માણસ. હું હીરાલાલને પરણી છું, બીજાને નહિ. હું ભાગે આવશે તેટલું કામ કરીશ. તમો આઠ વાગે ઉંઘી જશો તો હું પણ આઠ વાગે સુઇ જવતી."

સાસુએ પહેલાં તો પગે લાગવાની શીખામણ આપી પણ વહુએ કહેલું કે, "આપની શીખામણ નહિ જોઇએ, આપની આશિષ બસ છે." આ વખતે હીરાલાલે મૃદુલાનો કબજો સોંપી નહોતો દીધો

પછી હીરાલાલે પોતાના બાપની ઓળખાણ કરાવી. પછી બેનની, અને છેવટ ભાઇ અને બીજાં ટાબરીયાંની ઓળખાણ કરાવી. મૃદુલા જરા પણ ગભરાયા વગર જાણે કાંઇ નવીન બનતું નથી તેમ નિડરપણે વિનયથી સહુની સાથે યોગ્ય વાતચીત કરતી ગઇ.

પહેલાં સસરાને કહ્યું: "આપ મારા પિતા અને હું તમારી પુત્રી ગણાઉં. તમે મને પુત્રી ગણશો તો હું તમને પિતા ગણીશ."

પછી સાસુને કહ્યુંઃ "તમે મારાં માતા છો. વહુ એટલે દુશ્મન નહિ પણ પુત્રની મિત્ર. ગુલામીનો રીવાજ નાશ પામ્યો છે હં!"

# આગાખાનને રાજ્ય જોઇએ છે

## મહારાજ્યની બજાવેલી સેવાના બદલા તરીકે.

### વાઇસરૅાય વાંધો ઉઠાવે છે.

ન્યુ દીલ્હી, એપ્રીલ ૧૯.

દીલ્હીના "રીયાસત"ના કહેવા મુજબ આંહી એવી ખુબ વાતો થઇ રહી છે કે ના. આગાખાને હિન્દી વઝીર પાસે મહારાજ્યની પોતે બજાવેલી સેવાઓને આગળ કરીને હિન્દુસ્તાનના એક પ્રદેશની માગણી કરી છે કે જેના ઉપર સંપૂર્ણ સત્તાવાળા હિન્દી રાજવી તરીકે પોતે અમલ ચલાવી શકે.

સર સેમ્યુઅલ હોરે આ અરજી ના. વાઇસરૅાય ઉપર મોકલાવી છે કે જેઓ, એમ જણાય છે, તેમની આ માગણીની તરફેણમાં નથી, કારણ કે તેથી ખરાબ દાખલો બેસી જવાનો ભય રહે છે, જેમ થતાં દરભંગા અને મુરશીદાબાદના રાજાઓને અને તેમની માફક બીજાઓને પણ આવો દાવો આગળ કરવા ઉત્તેજન મળે.

હવે સરકાર સમક્ષ એ સવાલ રહે છે કે નામદારને કઇ રીતે સમજાવી લેવા અને સંતોષાય કોઇ દાખલો કે જે ભવિષ્યમાં સરકારને મુંઝવે તે બેસાર્યા વિના.

("સન", તા. ૨૪-૪-૩૪)

---

નણદી તરફ ફરી: "આપ મારા પતિના બ્હેન; આપ જોહુકમીનો નમુનો. માવતરે જોર કરવું અને સાસરે સહેવું એવા માનસને તજી, દબાવવું નહિ અને દબવું નહિ એ ખ્યાલ રાખશો તો પછી મારે મન તમે સખ અને મારાથી તમને આનંદ મળે એ જોવું એ મારી ફરજ"

દીયર અને જેઠજીને પણ સમજાવ દીધું કે, "આપ વહુને પણ માણસ ગણતાં શીખી જાવ તો લહને બદલે સુખી સંસાર થઇ જશે. ઘરમાં સ્વચ્છંદતાં અને બહર મંદતા, એણે આપણું બહુજ અહિત કર્યું છે."

આખું ઘર હેબતાઇ ગયું અને કોઇ કાંઇ ચું કે ચાં કરી શકયું નહિ.

× × × × ×

હીરાલાલ અને મૃદુલા હેન્ગીંગ ગર્ડનના એક બાંક ઉપર બેઠા છે. હીરાલાલ ચંદ્રિકાની વાતો મૃદુલાને કહે છે. બન્ને રોમાંચિત થાય છે.

મૃદુલા હીરાલાલનો હાથ પોતાના હથમાં લઇ પ્રેમથી કહે છે: "વ્હાલા હીરાલાલ, તમે મારે ખાતર ઘરાનું બહુજ સહો છો હો! કદાચ કાંઇ નવીન થવા પામશે, એવું ઘરનાનું વાતાવરણ છે."

હીરાલાલ: "થાય તે થવા દો. તું પણ ચંદ્રિકા પેઠે મરી ન જા એ ખાતર તારા જીવનનો ધોરણસર સ્વતંત્ર રાખવા હક છે. જેમાં હું માનું છું એ હકનો કચડાતો જોવા હું તૈયાર નથી. ખોટી રીતે વડીલો દબાવશે કે બળશે તેની મને હં પરવા નથી."

10595

# વેપાર સમાચાર.

(તા. ૨૮-૪-૩૪.)

**ઉન :** વિલાયતનો સેલ તા. ૨૩ થી ૨૭ સુધીનો હતો તેમાં ગાં. ૨૩૭૫૦ મુકાણી અને ગાં. ૧૧૫૦૦ વેચાવી બાકી રહી છે. એકંદરે બજાર ફેરફાર વગરના રહ્યો છે અને વેચાણ ગયા સેલના ભાવે થયાં છે. સ્થાનીક બજારમાં કાંઇ નવા સોદા થયા નથી; પણ શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨ાા ૧૩) આસપાસનો ગણાય.

**રૂતઃ** ભરૂચ ૧૯૧.　　**બકરાના વાળ :** ૫)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ા ૨) ઘઉં | |
| ૧ા ૨) બાજરો | ૧ાા~ મેથી નવી |
| ૧ા ૧ા= જુવાર | ૨) ૨ા તલ |
| ૧ા ૧ા~ ચણા દેશી | ૧ાા~ એરંડા એરંડી |
| ૦ાાા≈ ૧)= કમોદ જાડી | ૦ાાા=૧) મગ દેશી |
| ૧ા= ૧ાા કમોદ જીણી | ૧ાા અડદ |
| ૧ા~ મગફળી જીણી | ૧ાાા રાઇ |
| ૧) ૧)૦ાા મગફળી જાડી | ૧ાાા શીંગદાણા હાથફોલ |

**ઘી :** ૨૨) ૨૩) મુંબઇ પરખ, ૧૮ાા ૧૯) તાજું રસ

**તેલ :** ૫) તલનું, ૩ા શીંગનું. ૪ા ખોપરેલ પીપનું. ૩ાાા~ ગ્યાસલેટ સફેદ હાથી.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી. ૫)= ૬ા= કપાશીયા ડુમર. ૪ા ખાંડ રાજકોટ શહેર, ૩ા= સદર. ૯) સોપારી જુની. ૯) ગદબનું બી. ૯ા= વેસણ જીણું, ૮ા= વેસણ જાડું. ૭ા ઘઉંનો લોટ, ૮ાા મેંદો, ૯) સોજી.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

## મી. ચુનારા સામેનો કેસ.

મુંબઇના "ઇસ્માઇલી" અઠવાડિકના અધિપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર રાજકોટના શ્રી. કાનજી ગુલાબભાઇએ હિં. ફો. કા. ક. ૫૦૦ મુજબ માંડેલ બદનક્ષીની ફરીયાદમાં જવાબદાર સામે આરોપ ઘડવો કે નહિ તેનો નિર્ણય આપવાની મુદત ગઇ તા. ૨૩-૪-૩૪ની હતી, પણ મી. ચુનારા તરફથી માંદગીનું સર્ટીફીકેટ રજુ થવાથી તા. ૩૦-૪-૩૪ના રોજ તે નિર્ણય આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

## હુમલા કેસ.

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલાના કેસની મુદત તા. ૨૫-૪-૩૪ની હતી. પણ કોર્ટમાં રજા હોવાથી કેસ ચાલ્યો નથી.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

આંહી પ્રકરણ પહેલાનો વિષય પાંચમો પુરો થાય છે. "પરચુરણ બાબતોને લગતા કાયદા"ની આ કલમોમાં કોમના વહીવટ સાથે નિસ્બત નહિ ધરાવતી એવી ધર્મને લગતી કેટલીય કલમો અને બીજા અર્થહીન ધારાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને 'સીસીડર'ને લગતા ધારાઓ તથા સુધારાની પ્રવૃત્તિને દાબી દેનારી કલમ ૧૮૪થી આ પ્રકરણ ખુબ કાળું બન્યું છે.

**કલમ ૧૯૦.**

"તેજુરીઓને સરકાર સાહેબી તેજુરીઓ તરીકે ઓળખવી. તે દરેક તેજુરી ઉપર "સરકાર સાહેબી તેજુરી" એ અક્ષરો તેના ઉપર કોતરાવવા. ના. હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાઝર ઇમામની કારસાજી રાખવા માટે, કાઠીયાવાડના તમામ શહેરો તથા ગામોના જમાતખાને તેજુરીઓ રાખવી. તેના મથાળા ઉપર જે છેદ હોય તે વાટે સદરહુ સરકાર સાહેબી કારસાજીની હંમેશાં જે રકમ એકઠી થાય તે મુખી અગર કામડીયા અગર બન્નેએ તે તેજુરીમાં નાખવી, અને જમાતખાનામાં તે કાર્યને માટે રહેતા સરકાર સાહેબી દફતરમાં તે રકમની નોંધ કરવી. તેજુરીની એક કુંચી મુખીએ રાખવી અને બીજી કામડીયાએ રાખવી અને દર મહીને એક વાર પરગણા કામડીયાની હાજરીમાં મુખી તથા કામડીયાએ તે ખોલવી, અને માસિક એકઠી થયેલી રકમ તેઓએ પરગણા કામડીયાને સોંપી દેવી અને તે માટે સરકાર સાહેબી દફતરમાં તેની પાસેથી પહોંચ લેવી. સરકાર સાહેબી કારસાજી એકઠી કરવા માટે આખા ડીવીઝનમાં દરેક જગ્યાએ પરગણા કામડીયાએ જવું. આ પ્રમાણે જે કારસાજી એકઠી થાય તે તેણે તરતજ કુલ કામડીયા ઇત્માદી ગુલામહુસેન વારસ કાસમને જુનાગઢ આપવી અને તે પોતાને એ પ્રમાણે મળતી કારસાજી નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ પોતા તરફથી જેને અખત્યાર આપે તેના તરફ દર અંગ્રેજી મહીનાની ૧૫ તથા ૨૭ તારીખે મુંબઇની તેઓ નામદારની હજુર ઓફીસે મોકલી આપશે. પરગણા કામડીયા સદરહુ કારસાજી વખતસર એકઠી કરી ન શકે તો એ જગ્યાના મુખી તથા કામડીયાએ સદરહુ કારસાજી કુલ કામડીયા ઇત્માદી મોસુફને ઉપરના ધોરણ પ્રમાણે નામદાર સરકાર સાહેબ હજુર મોકલી આપવા માટે, તુરતજ મોકલી દેવા ગોઠવણ કરવી. આ ધોરણ સંવત ૧૯૭૦ના કારતક શુદ ૧ એટલે તારીખ ૩૦ ઓકટોબર ૧૯૧૩થી અમલમાં મુકવામાં આવેલ છે."

આ કાઉન્સીલો શા માટે, આ કાયદાઓ શા માટે અને ખોજા કોમ ઉપર આ અનેકવિધ બંધનો શા માટે એ આ કલમ બરાબર સમજાવે છે. આ આખું જાંતા-તંત્ર વ્યાપારી બુદ્ધિથીજ ચલાવવામાં આવે છે. એ ચલાવવાનો એકજ સ્પષ્ટ હેતુ છે અને તે પૈસા મેળવવાનો. આ માટેજ તેજુરીઓ રાખવામાં આવે છે, નાખવાનું ખુલ્લું અને કાઢવાનું બંધ એવું તેના ઉપર છેદ પણ આ માટેજ રાખવામાં આવે છે. કામડીયા, પરગણા કામડીયા અને કુલ કામડીયાની સાંકળ પણ એ માટેજ રચવામાં આવે છે. એ બધું પૈસા માટે છે; એ પૈસો વચમાંથી કયાંય ખવાઇ ન જાય એ માટે છે; એ પૈસો વળતાં જરાએ ઢીલ ન થાય એ માટે છે. એમાં કોમના હિતની કોઇ દ્રષ્ટિ નથી. એકજ દ્રષ્ટિ છે અને તે ના. આગાખાનનું હિત સંભાળવાની. તેજુરી 'સરકાર સાહેબી,' કારસાજી 'સરકાર સાહેબી' દફતર સરકાર સાહેબી, કામડીયા 'સરકારી' પગારદાર. ખોજા કોમ આખી આ 'સરકાર સાહેબ'ના ભરણ પોષણ, મોજ શોખ અને વૈભવ વિલાસ માટે જોઇતી સામગ્રી પુરી પાડનાર વાડી. એ વાડીના છોડ ઘરડા થઇને સુકાઇ જાય ત્યાં સુધી ફળફુલ આપ્યા કરે. ત્યાં નવા છોડ તૈયાર થઇ જાય. 'સરકાર સાહેબ' એટલે ના. આગાખાન, ના. આગાખાન ઇસ્માઇલી ધર્મના વડા: ઇસ્માઇલી ધર્મના વડાને પોષવા ખોજા કોમ બંધાયેલી નથી. તેની આવકના રસ્તાઓ ખોજા કોમને ભોગે મુકરર કરવાનો કોઇને અધિકાર નથી. ખોજા કોમને પોતાના વહીવટ માટે કાંઇ નાણાં જોઇતાં હોય અને તે કોમના સભ્યો પાસેથી મેળવે એ જુદી વસ્તુ છે. એમ મેળવેલી રકમ પણ ખોજા કોમની હદ છોડીને પરકોમમાં ન વપરી શકાય તો પરદેશ તો તે કદી પણ વેડફી શકાય નહિ. ના. આગાખાનના વ્યાપાર-તંત્રના નિયમો અને કાનુનોને ખોજા કોમના સામાજિક બંધારણ સાથે કશી લેવાદેવા નથી. કોમના સામાજિક બંધારણને એથી અપવિત્ર થતું અટકાવવું જોઇએ.

**કલમ ૧૯૧.**

"પરગણા કામડીયાએ સરકાર સાહેબી કારસાજીની માસિક એકઠી થયેલી રકમ લેતી વખતે, જમાતખાનામાં તે કાર્ય માટે રાખવામાં આવતા સરકાર સાહેબી દફતરમાં નોંધાયેલ આંકડા સાથે તેજુરીમાંથી કઢેલી રકમ મેળવી જવી, તેમજ મજકુર દફતરમાં તેવી મતલબની નોટ કરીને તે રકમની પહોંચ પણ આપવી"

'સરકાર સાહેબ' કારસાજીમાંથી કોઇ એક પૈસો ખાઇ ન જાય એ માટે દાખવવામાં આવતી આ તકેદારીને ખોજા કોમના બંધારણ સાથે કાંઇ નીસ્બત નથી. એ રદ થવાને પાત્ર છે:

**કલમ ૧૯૨.**

"જે જગ્યાએ તેજુરી રાખવાની જરૂર હોય તો ત્યાંના મુખી અને કામડીયાએ નિસ્બતવાળી લોકલ કાઉન્સીલ તરફ તે બાબતની લેખીત અરજી કરવી. લોકલ કાઉન્સીલ તે બાબતમાં જરૂર જોઇતી તપાસ કરી એવી તેજુરી રાખવાની પોતાને જરૂરીઆત માલુમ પડે તો તે બાબત કુલ કામડીયા વખતસર તેવી તેજુરી પુરી પાડવની ગોઠવણ કરશે અને કુલ કામડીયાએ તેવા પત્રવ્યવહારનો વખતસર જવાબ વાળવો."

કોમના બંધારણ સાથે નિસ્બત નહિ ધરાવતી આ કલમ બીનજરૂરી છે.

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સરમુખત્યાર ન જોઇએ

Regd. No. B. 3114

# ક્રાન્તિ

પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી. [ અંક: ૨

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા ૨. દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

મે ૮ : ૧૯૩૪. સંવત ૧૯૯૦ના વૈશાખ વદ ૧૦ મંગળવાર.

મુદ્રણસ્થાન: જાગૃત મુદ્રણાલય.

## "વીર બનશો કે ગોલા ?"

"એક ગ્રીક ફિલસુફે માણસને રાજકીય તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ ચાર વિભાગમાં વહેંચી નાખ્યા છે. તે કહે છે: ધારો કે રસ્તામાં એક મોટો પત્થર પડ્યો છે. માણસો ત્યાંથી પસાર થાય છે. એક માણસ નીકળ્યો. એ આંખો ઉઘાડયા વિના ચાલતો હતો. પત્થર તેને વાગ્યો, 'બાપ રે,' કરતો આગળ ચાલ્યો. તેનું નામ ગોલો. બીજો નીકળ્યો. તેણે પત્થરને ભાળ્યો એટલે પત્થરથી તરીને ચાલ્યો. તેનું નામ બંધારણવાદી. ત્રીજો નીકળ્યો. તે ઉપર થઇને ચાલ્યો ગયો. તે સુધારક. ચોથો નીકળ્યો તેણે પત્થરને ઉંચકી ફેંકી દીધો. તે ક્રાન્તિકારી, તેજ વીર.

મુશ્કેલીઓ સહનાર ગુલામ છે, તેનાથી તરીને જનાર ભીરૂ છે, તેના ઉપરથી ચાલ્યા જનાર સાવધ છે; પણ તેને ઉચ્છેદી ફેંકી દેનાર વીર છે.

પ્રત્યેક યુવાન સમક્ષ આ ચારમાંથી પસંદગી કરવાનો પ્રશ્ન ખડો થાય છે. અને તે કાંઇ રાજકીય ક્ષેત્રમાંજ નહિ, પણ સામાજિક, ધાર્મિક, આર્થિક એમ જીવનના હરકોઇ ક્ષેત્રમાં એ પ્રશ્ન તો ખડોજ થાય છે. તમામ ક્ષેત્રમાં સાચા ક્રાન્તિકારી બની પોતાના તો શું, પણ સારાયે સંસારના હિતાર્થે મુશ્કેલીઓ ને આપદાઓને ખાળી, ટાળી, બાળી, ઉચ્છેદી નાખનાર વીરોની જરૂર છે.

આવા વીર બનવાનાં વીર્ય, એમની તાલીમ, એમની હીંમત અને એમની હિકમતમાંથી એમને સાંપડે છે. સુધારક નહિ પણ ક્રાન્તિકારી બનો. સુધારકેય હજી સહેજ મોળો છે, લગીર બોદો છે એ ન ભુલતા. જે સમાજની આદ્યપરંપરાએ ચાલી આવતી રૂઢિયો અને રસમને માને છે તે રૂઢિપરસ્ત ગોલો છે. રૂઢિથી તરીને તે તેમનાથી તે સમાજભીરૂ છે. જે રૂઢિને-બાહ્યચિહ્નને દૂર કરે છે તે સુધારક છે. પણ એ રૂઢિઓના [illegible] રૂપ નિર્બળતાને-મૂળ રોગનેજ નાબુદ કરે છે તેજ સાચો ક્રાન્તિકારી છે.

આવા સાચા ક્રાન્તિકારીથીજ દેશ જીતે છે અને જીવે છે. તમારો ગમે તે હોદ્દો કે દરજ્જો હો. તેની કશી પરવા નથી. તમે ચાહે તો મજુર હો, કારકૂન હો, શિક્ષક હો, સેવક હો કે સરદાર હો, ગમે તે હો. પણ તમારે સ્થળે સ્થળે અને ક્ષણે ક્ષણે પસંદગી કરવાની રહેશે કે તમે વીર બનશો કે ગોલા ?"

("રોશની"માંથી)

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૮–૫–૩૪.


## સરમુખત્યાર ન જોઇએ

ના. આગાખાને ખોજા કોમના ધાર્મિક અને સામાજિક જીવનની કબજાગીરી મેળવી તેના બધા સુત્રો પોતાને હસ્તક રાખ્યા છે એ સમજાવવા માટે આજે કોઈ દલીલોની જરૂર નથી રહી. ખોજા કોમનો પ્રત્યેક માણસ આજે એ બરાબર જાણે છે કે પોતે પોતાના સામાજિક અને ધાર્મિક જીવનમાં ના. આગાખાનના દોરી સંચાલનથી ચાલતું એક પુતળું જ છે.

કોમના સામાજિક જીવનને રૂંધવા અને કોઇ પણ જાતનો પ્રકાશ કોમમાં દાખલ ન થઇ જાય એ માટે ના. આગાખાને કાઉન્સીલો રચી ખોજા કોમની આસપાસ મજબુત દિવાલો ઉભી કરી છે એ કાઉન્સીલના મેમ્બરોની નિમણુક ના. આગાખાન પોતાની મુનસફી પ્રમાણે કરે છે અને એ વાટે તેમણે કોમને કાળા કાયદાથી જકડી લીધી છે. કોમના બંધારણ સાથે ધર્મને સેળભેળ કરી, પોતે હાજર ઇમામ, દશમો અવતાર કે ખુદ ખુદા બની, ના. આગાખાને ધાર્મિક ક્ષેત્રમાં પણ પોતાની સર્વોપરિ સત્તા સ્થાપી છે.

ના. આગાખાન પોતાને ખુદા કહેવરાવે કે અવતાર કહેવરાવે તેની સાથે અમારે નિસ્બત નથી. એમનું એમ કહેવરાવવું માત્ર કોમને કશું નુકશાન કરી શકે તેમ નથી. એમ તો અલવરના મહારાજા પોતાને શ્રી કૃષ્ણનો અવતાર કહેવરાવતા અને પોતાના રાજ્યમાં તે 'પ્રભુજી' તરીકે ઓળખાતા. આવતી કાલે કોઇ માણસ પોતે સાક્ષાત ઇશ્વરનો અવતાર છે તેમ કહે તો તેને કોઇ રોકી શકે નહિ. બધો વાંધો અને વિરોધ ત્યાં આવીને ઉભો રહે છે કે તેનાથી પોતાને પોતાની માન્યતા મુજબનો અવતાર કે ખુદા ગણાવવા સીધી કે આડકતરી રીતે કોઇના ઉપર કાંઇ પણ ફરજ પાડી શકાય નહિ કે દબાણ લાવી શકાય નહિ. ના. આગાખાન આવી રીતે કોઇના ઉપર દબાણ લાવ્યા શિવાય પોતાને અવતાર કે ખુદા ગણાવીને અટકયા હત તો ખોજા કોમના સભ્ય તરીકે અમારે તેમના એ ખુદાપણા માટે વાંધો ઉઠાવવાપણું હત નહિ. પણ ના. આગાખાન પોતાનો એ દાવો સાબીત કરવા અને એ માર્ગે ધન-પ્રાપ્તિ કરવા ખોજા કોમને ફરજ પાડે છે, અને તેથીજ ખોજા કોમના સામાજિક બંધારણમાં ધર્મને સૌથી અગત્યનું સ્થાન આપી, ધર્મને સમાજ સાથે સેળભેળ કરી, એ મિશ્રણની સરમુખત્યારી પોતાને હસ્તક રાખે છે. અને અમારો બધો વાંધો, અમારો બધો વિરોધ આ અનિષ્ટ વસ્તુ સામે છે. ના. આગાખાનની અને તેમના ધર્મ કે પંથની નીચેજ ખોજા કોમનું સામાજિક બંધારણ ગૌણ સ્વરૂપમાં રહે કે તેના પગ ચુંબે એ આજની પરીસ્થિતિ કોઇથી સહન થઇ શકે તેમ નથી. ના. આગાખાન પોતનિ ઇમામ, અવતાર કે ખુદા કહેવરાવે કે આગળ વધીને આવતી કાલે એમ જાહેર કરે કે હું આસ્માનમાં જઈ ત્યાંનું તંત્ર નિયમિત કરી આવ્યો છું કે તમારે માટે સ્વર્ગને અલાયદું રાખી આવ્યો છું તો પણ ખોજા કોમના સભ્ય તરીકે અમને કશો વાંધો નથી. પણ પોતાના આવા ખ્યાલી દાવાઓ અને વાર્તાઓને સાચાં ઠરાવવા એ ખોજા કોમને પોતાની આંગળીના ઇશારા ઉપર જીવતી કે મરતી બનાવી મૂકે કે એના સામાજિક જીવનને છુંદી નાખે એ હરગીઝ નહિ ચલાવી શકાય.

અને જ્યારે જ્યારે ખોજા કોમમાં સુધારકો નીકળે છે અને તેઓ આ અસહ્ય સ્થિતિ મીટાવી દઇ ખોજા કોમના સામાજિક જીવનને ના. આગાખાનના પગ તળે કચડાતું અટકાવવા પ્રયત્નો કરે છે ત્યારે તેઓને બધા જોર શોરથી દાબી દેવાના પ્રયત્નો કરવા ઉપરાંત ખુદ ના. આગાખાન છડે ચોક એવી અવળી વાણી ઉચ્ચારે છે કે, " ન પોસાતું હોય તે ચાલ્યા જાય, દરવાજા ખુલ્લા છે. આંહી કાંઇ પોલીસ નથી. " અને હંમેશના નિયમ મુજબ ના. આગાખાનના ભાડુતીઓ કે સીધી અથવા આડકતરી રીતે તેમના પૈસા કે લાગવગથી નભતા માણસો કે છાપાંઓ નામદારના આ સૂરનો પડઘો પાડે છે કે, " ન પોસાતું હોય એ ચાલ્યા જાવ. " સુધારકોને ચાલ્યા જવાનું કહી પોતાનો માર્ગ નિષ્કંટક બનાવવાનો આમાં સ્વાર્થ છે એટલુંજ નહિ પણ આવી વાણી એ અર્થહીન પ્રલાપ છે. શું આજે ખોજા કોમનો દરેક માણસ સમજી, જાણી, જોઇ, પોતાની ઇચ્છાથી ખોજા કોમના સભ્ય બન્યો છે? કોઇ પણ જાતની સરખામણી કોઇ મંડળ, સંસ્થા, સોસાયટી કે કલબ સાથે કરી શકાય નહિ. આવી સંસ્થાઓમાં માણસ પોતાની ઇચ્છા થાય ત્યારે તેમાં જોડાઇ શકે છે, અને એ સંસ્થાના નિયમો કે કાનુન તેને વાંધાભરેલા લાગે ત્યારે એ તેમાંથી છુટો થઇ શકે છે. કોમ માટે આમ નથી. કોઇ માણસ પોતાની ઇચ્છાથી નહિ પણ જન્મથી જ કોઇ કોમનો

સભ્ય બને છે. એના પોતાના હાથની એ વાત નથી. એટલે કોઇ એમ કહેવા નીકળી શકે નહિ કે 'ન પોસાતું હોય તે ચાલ્યા જાય.' આમ કહેનારાએ પહેલાં જ્ઞાતિ-સંસ્થાને નાબુદ કરી દરેક માણસને પોતાને ઠીક લાગે તે સંસ્થામાં જોડાવાનો અધિકાર આપવો જોઇએ અને ત્યાર પછી 'ન પોસાય તો ચાલ્યા જાવ' તેમ કહેવા બહાર પડવું જોઇએ. કોઇ પણ નાત કે જ્ઞાતિ એ મંડળ કે સંસ્થા નથી જ અને તેથી હકીકતે કોઇ પણ નાત પોતાના ટોળાના કોઇ પણ માણસને નાત બહાર કરી શકે નહિ, કે તેને ચાલ્યા જવાનું સુણાવી શકે નહિ. આ દ્રષ્ટિએ ખોજા કોમના સુધારકોને કહેવું કે, "તમને ફાવે ત્યાં ચાલ્યા જાવ" એ અંશ માત્ર અર્થ વગરનો બકવાદ છે.

અમે એમ પુછીએ છીએ કે ના. આગાખાનને જો પોતાનો સારો કે નઠારો પંથ ચલાવવાની સ્વતંત્રતા હોય તો ખોજા કોમને પોતાનો સામાજિક વહીવટ પોતાને ધોરણે સ્વતંત્ર ચલાવવાનો વાજબી અધિકાર શા માટે ન હોય? શા માટે આખી ખોજા કોમ ના. આગાખાન એટલે એક વ્યકિતની ગુલામ રહે? જો ના. આગાખાનના પંથમાં પોતાની મેળે, કોઇનો પણ ભોગ લીધા શિવાય નભી રહેવાની તાકાત ન હોય તો એ પંથ કાલનો બદલે ભલે આજ નાબુદ થઇ જાય. એવા નિરાધાર પંથને નિભાવી રાખવા ખાતર ખોજા કોમ પોતાના સામાજિક જીવનનું બલિદાન આપવા માગતી નથી.

## વિચાર - કલિકાઓ

### રાંચીનો નિર્ણય

નવા સ્વરાજ્ય પક્ષે રાંચી ખાતે કરેલા ઠરાવો પ્રજામાં એ પક્ષ માટે માન અને વિશ્વાસ ઉપજાવે તેવા છે. મહાસભાના ધ્યેયને સ્વીકારી, મહાસભા સમિતિની સંમતિથી, મહાસભાની કાર્યવાહક સમિતિની દેખરેખ નીચે આ નવો સ્વરાજ્ય પક્ષ ધારાસભામાં પ્રવેશ કરશે. રાંચીની આ યોજનાને પટણા ખાતે ટુંકમાં મળનારી મહાસભા સમિતિની બેઠક બહાલી આપે ત્યાર પછીજ સ્વરાજવાદીઓ સત્તાવાર રીતે પોતાનો કાર્યક્રમ જાહેર કરશે અને પોતાનું કાર્ય આરંભશે. મહાસભા સમિતિ આ યોજનાને વધાવી લેશે એમાં સંશય નથી, [illegible] સલાહ સૂચના નીચેજ રાંચી આ નિર્ણય ઉપર આવ્યું છે. સ્વરાજ્ય પક્ષના કાર્યક્રમના જે બીનસત્તાવાર સમાચારો પ્રગટ થયા છે એ જોતાં આ પક્ષે પૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિ માટે મહાસભાનાં બધાં રચનાત્મક કાર્યો સહિત પરદેશનું પ્રચાર-કાર્ય અને કરાંચી મહાસભાના ઠરાવને ધોરણે આર્થિક કાર્યક્રમને પણ પોતાના કાર્યપ્રદેશમાં સમાવ્યાં છે. અને એ ઠીકજ થયું છે. હિન્દની મુકિત માટે ચારે દિશાએથી થઇ શકે તેટલા બધા પ્રયત્નો મહાસભાની છાયા નીચે કરવામાં આવે તો દેશમાં એક ઉંચા પ્રકારની એકતા આપોઆપ સધાઇ જાય. અને આખો દેશ કામ કરતો થઇ જાય. રાંચીના ઠરાવો ખરેજ અભિનંદનીય છે. મહાસભા સમિતિ આ ઠરાવોને બહાલ રાખી કોંગ્રેસ ઓફીસમાં એક નવી શાખા ખોલશે એવી સૌ કોઇ આશા રાખશે.

### કામદારોનો યજ્ઞ

મુંબઇના કાપડ ઉદ્યોગના કામદારોએ આરંભેલો યજ્ઞ દરરોજ વધુ ને વધુ ગંભીર અને ઉગ્ર સ્વરૂપ લેતો જાય છે. સરકારે તટસ્થ રહેવાની નીતિ છોડી છે અને મજુર પ્રવૃતિ સામે દરરોજ નવા નવા અંકુશો મુકાતા જાય છે. મહાસભાના સવિનય કાનુનભંગના લડાયક કાર્યક્રમને દાબી દેવા માટે ઘડાયેલો ખાસ સત્તા આપનારો ઓર્ડીનાન્સ કામદાર ચળવળને લાગુ પાડવામાં આવ્યો છે. પોલીસ પણ ઝીણી ઝીણી બાબતોમાં અત્યંત ભયભર્યા માનસથી વર્તે છે. મુંબઇના લગભગ બધા કામદાર આગેવાનો પકડાઇ જેલમાં ગયા છે. હડતાળ ઉપરના આ બધાં આક્રમણો છતાં હડતાળ તુટી નથી એટલુંજ નહિ, તે દરરોજ વધુ ને વધુ મજબુત બનતી જાય છે. આ સ્થિતિ એમ સ્પષ્ટ સુચવે છે કે કામદારોની હડતાળ એ કાંઇ માત્ર આગેવાનોની ઉશ્કેરણીનું પરિણામ નથી, પણ કામદારો પોતેજ પોતાની લડત લડી લેવા કટીબદ્ધ થયા છે. આગેવાનો જતાં હડતાળ કમીટી ઉપર વ્યવસ્થિત રીતે કામદારોની ચુંટણી થાય છે અને હડતાળને હડતાળ ઉપર ગયેલા કામદારો પોતેજ દોરવી રહ્યા છે. પંદર દિવસ થયા છતાં હડતાળ તુટી નથી અને તુટવાનો સંભવ દેખાતો નથી એ સંજોગોમાં સરકારે વચ્ચે આવી માલેકો સાથે કામદારોને માનભર્યું સમાધાન કરાવી આપવું જોઇએ. હડતાળની ગંભીરતાથી કામદારો મુંબઇના પ્રશ્નને આખા હિન્દુસ્તાનનો પ્રશ્ન બનાવી રહ્યા છે. મુંબઇ અને દીલ્હીમાં ભરાયેલી જાહેર પ્રજાની સભાઓ ખુબજ અર્થભરી છે. આજે લોકોનું માનસ કેવું છે અને તેની સહાનુભૂતિ મુડીવાદીઓ તરફ છે કે કામદારો તરફ એ સૌ કોઇ એ સભાઓથી જાણી શકશે. હડતાળ કમીટી હજી બહારની સહાય વિના એક મહીનો કામદારોને નિભાવી શકશે. ત્યાર પછી લોકોએ તેમને ભુખે મરતા અટકાવવા પોતાના રોટલામાંથી એક કટકો હડતાલીઆઓને આપવોજ જોઇશે.

### હુમલા કેસ

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલ ખુની હુમલાના કેસની મુદત તા. ૧૧-૫-૩૪ની મુકરર થઇ છે.

### મી. ચુનારા સામેનો કેસ

મુંબઇથી પ્રગટ થતા "ઇસ્માઇલી"ના અધીપતિ મી. અલીમામદ જાનમામદ ચુનારા ઉપર આંહીના શ્રી. કાનજી ગુલાભાઇએ હિં. ફો. કા. ક. ૫૦૦ મુજબ માંડેલ બદનક્ષીની ફરીયાદમાં ફ. ક. મેજીસ્ટ્રેટે મી. ચુનારા સામે આરોપ ઘડવા ના કહી તેમને મુકત કર્યા છે. મી. ચુનારા ગેરહાજર હતા અને તેમના વતી મી. ચીનાઇ બેરીસ્ટરને હાજર રહેવાની પરવાનગી આપવામાં આવી હતી.

### ખબરપત્રીઓ જોઇએ છે

કાઠીયાવાડના મુખ્ય મુખ્ય શહેરો અને મુંબઇ તેમજ કચ્છ, સિંધ ખાતે, કોમના જાણવાજોગ સાચા સમાચારો પુરતી માહીતી અને પુરાવા સાથે પુરા પાડી શકે તેવા ખબરપત્રીઓ "ખોજા જાગૃતિ" માટે જોઇએ છે. યોગ્યતા મુજબ વેતન આપવામાં આવશે. લખો:—

સહતંત્રી,
"ખોજા જાગૃતિ"
રાજકોટ.

## "ઇમામકા હક્ક !"

નીચેનો પત્ર* પ્રકાશન અર્થે મળ્યો છેઃ—

કરાંચી, ૨૫ એપ્રીલ, ૧૯૩૪.

"ખોજા જાગૃતિ"ના તંત્રીશ્રી,
રાજકોટ.

સાહેબ,

હું જાણીને ઘણો ખુશી થયો છું કે 'ઇમામકા હકક' (ઇમામના લાગાટકા) ઉપરની મારી ટીકાએ ના. આગાખાનના એક પગારદાર મીશનરી હમીરભાઇ લાખાનું ધ્યાન ખેંચ્યું છે, કે જેણે તા. ૨૨ના "ઇરમાઇલી"માં મને જાહેરમાં આવી આગાખાની ધર્મની ચર્ચા કરવાનું આહ્‌વાહન કર્યું છે.

સાહેબ, દરેક જણ જાણતો હોવો જોઇએ કે મારા મિત્ર હમીર ના. આગાખાનના એક ભાડુતી માણસ છે, જેના જીવનનો ધંધો માત્ર આગાખાની ધર્મ કે જેને ઇસ્લામ સાથે કાંઇ લેવા દેવા નથી તેની વાહવાહ ગાવાનો છે. હવે તો એ રહસ્ય જાહેર થયું છે કે આગાખાનીઓ મુસલમાન નથી. દીલ્હીની જમીઅત-ઉલ-ઉલમાએ તાજેતરમાં ખુદ ના. આગાખાનને પણ ગેરમુસ્લીમ તરીકે જાહેર કર્યા છે. ના. આગાખાન અગર તેમના ભાડુતીઓ અજ્ઞાન લોક સમૂહની આંખોમાં સફળતાથી ધુળ નાખી શકે, પણ તેઓ પોતાનીજ કોમના માણસો સાથે આમ ભાગ્યેજ વર્તી શકશે. ના. આગાખાન સામાન્ય રીતે જાહેર લોકો સાથે અને ખાસ કરીને મુસલમાનો સાથે જે રમત રમી રહ્યા છે તેનાથી મોટી દગલબાજીની કલ્પના ભાગ્યેજ થઇ શકે. એક હાથ ઉપર એ છાપરે ચઢીને પોકાર કરે છે કે તેઓ પોતે ઇસ્લામના અનુયાયી છે અને તેમની જીંદગીની મહાનમાં મહાન ઘડી શુક્રવાર બપોરે આવે છે કે જ્યારે તેઓ પોતાની ઘડીઆળ સાથેના સદા સાવધ હોકાયંત્રની મદદથી પોતાના કર્તાની બંદગી કરે છે. બીજા હાથ તરફ, તેઓ પોતાના અજ્ઞાન અને અંધ અનુયાયીઓના સર્વ શકિતમાન ખુદા છે કે જેમને કુરાનમાં નહિ માનવાનું કહેવામાં આવે છે; અને એ સારી રીતે જાણીતું છે કે આગાખાની ખોજાઓ રોઝા રાખતા નથી કે હજ પડવા જતા નથી.

ના. આગાખાનના ઇમામતના દાવા સંબંધે, બીજાઓની સાથે મર્હુમ સર સૈયદ અમીર અલીનું ખંડન કરવાનું તેમના માટે બહેતર થઇ પડશે, કે જેમણે પોતાના 'સ્પીરીટ ઑફ ઇસ્લામ' નામક પુસ્તકમાં ચોકખી રીતે સાબીત કર્યું છે કે ના. આગાખાન અલમોતના એસેસીનમાંથી ઉતરી આવેલા છે.

સાહેબ, ઉપરના સંજોગો વચ્ચે ના. આગાખાનના એક ભાડુતી સાથે મારો વખત બરબાદ કરવાથી શું અર્થ સરે એ માટે મને સંદેહ છે. ઉલટું ના. આગાખાનને પોતાને આહ્‌વાહન કરવાનું હું પસંદ કરું છું કે તેમના જુદા જુદા દાવા અને બીજા [illegible] ઉપરના મા[illegible] કથનનું જાહેરમાં તેઓ ખંડન કરે

પ્રસંગવશાત્, આપના [illegible] વાંચકોની જાણ માટે હું આંઇ ઉલ્લેખ કરીશ કે, ઘણા વખત પહેલાં કરાંચીમાં ખાડાના મોલવીઓની હાજરીમાં હમીરભાઇ સચવે છે એજ ધોરણ ઉપર કેટલાક સ્થાનિક આગાખાનીઓ સાથે મારે ચર્ચા થઇ હતી, જેમાં દીલ્હીની જમીઅત-ઉલ-ઉલમાના જેવોજ ફેંસલો આપવામાં આવ્યો હતો. વધુ કહેવાની જરૂર નથી.

સેવક,
**કરીમ ગુલામઅલી**

* અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર.

## ધીરજની હદ

વાત સાચી છે, પરંતુ કાર્ય વિકટ છે એમ બોલી બેસી રહેવાથી આપણી મુશ્કેલી કદી ટળી જવાની નથીજ. પરંતુ એ મુશ્કેલી કે વિકટતા ઉલટી વધવાની છે એ ભુલી જવું જોઇતું નથી. આપણે જ્યાંસુધી આગળ વધ્યા નથી ત્યાંસુધી આપણે ત્યાંના ત્યાંજ છીએ એમ માનવાને બદલે આપણે ઉલટા પાછા પડ્યા છીએ એમ કહેવું એ વધારે યોગ્ય અને બંધબેસતું લાગે છે. કારણ, આપણા તરફથી સામનો કરવાને અભાવે અને યુપકીદીને કારણે આપણી મૂઢતાનાં માપ કાઢી ગુલામી પોતાનાં બળ અને જોરથી આપણા ઉપર મક્કમતાથી અને ઝડપથી આગળ અને આગળ વધી રહે છે તેમ કહેવામાં જરાએ અતિશયોકિત નથી; પરંતુ કચ્છ ઉપર લાદવામાં આવતા કાયદા અને કમીટી એ આજનું એવું પ્રત્યક્ષ પ્રમાણ અને ઉદાહરણ છે. એટલે એ હીસાબે આપણું સ્થાન નીચું અને નીચુંજ ઉતરતું જાય છે, એમાં શંકા નથીજ. આજે આપણે ઘર ગુમાવીને ઓસરીમાં ઉભા છીએ અને કાલે ત્યાંથી પાછા ફળીમાં ઉતરવાનો વારો પણ આવશે; અને પરમ દીવસે કદાચ બહાર જવાનો વખત આવે તો તેમાં નવાઇ પામવા જેવું કંઇ નથીજ. આપણા પુરૂષાર્થ વગર આપણો ઉદ્ધાર કે આપણી આ વિકટતા બહારના બીજા કોઇ આવીને કરી દેવાના કે ટાળી શકવાના નથી એ ચોક્કસ છે. તો પછી જે કાલે આપણેજ કરવાનું છે તે આજે આપણે કાં ન કરવું ઘટે? વ્હેલે મોડે તેમ કરવા વગર છુટકો તો નથીજ; અને ત્યારે જાગીને ખુમરાણ મચાવવા કરતાં આજે અને અત્યારે સંવેળાએ સાવ ઉંઘીજ રહીશું? આપણી એ ઉંઘને આપણે કદાચ ધીરજ કહેતા હોઇએ તો ધીરજને પણ કંઇક હદ તો હોવી જોઇએ ને? આપણો ધર્મ અને જ્ઞાતિ બંધારણ જેમ જગતથી અનેરા છે તેમ આપણી આ ધીરજ અને ડહાપણ પણ જગતની ધીરજ અને ડહાપણથી કદાચ સાવ જુદીજ જાતનાં અને અનેરા હોય તો વળી નવાઇ નહિ! શરમ છે એ આપણી અત્યારની સમજણને કે આપણે આપણી પોતાની જાતના આજે દ્રોહી બની રહ્યા છીએ. અને જેઓ પોતાની જાતના દ્રોહી છે તેઓનું સ્થાન આ લોકમાં નથી તો પછી પરલોકમાં તો ક્યાંયીજ હોય! અણીને સમયે શીથિલતા એ ધીરજ નથી પરંતુ કર્તવ્યભ્રષ્ટતા છે એ આપણે ક્યારે સમજીશું?

ધ.

## ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

—: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

# એક અપ્રસિદ્ધ વસીઅતનામું

ગુજરીની જુની ચોપડીઓ અને થોથારીયાં વીંખતાં વીંખતાં આ વસીઅતનામું મને મળી આવેલું. મહીનાઓ સુધી મેં એને મહત્વનો ઐતિહાસિક દસ્તાવેજ ગણી સાંચવ્યું છે અને દિવસો સુધી મેં એનો ભકિતભાવથી અભ્યાસ કર્યો છે. મને અફસોસ માત્ર એટલો છે કે મારી કોમના આ મહાન સખી દિલાવર ગૃહસ્થનું નામ આજે કોઈ જાણતું નથી. મર્હુમના વંશ-વારસો આવા અજોડ વસીઅતનામાને પ્રકાશમાં લાવી કોમ સમક્ષ એક જ્વલંત આદર્શ ધરવાની પોતાની ફરજ ગરીબીના બ્હાના નીચે ચુકયા છે. કેટલાકનું એમ કહેવું છે કે આ વસીઅતનામું છપાવી પ્રસિદ્ધ નહિ કરવાનું એક ખાસ કારણ એ પણ છે કે મર્હુમના કુટુંબીઓને આ વસીઅતનામામાં બહુ નજીવું સ્થાન મળવાથી તેઓ એથી નારાજ થયેલા. ગમે તેમ, પણ આ મોંઘા દસ્તાવેજને મારી પોતાની પાસે નહિ રાખી મુકતાં પ્રજા તેનો લાભ ઉઠાવી શકે એ માટે તેને પ્રકાશમાં મુકવાની મને મારી ફરજ દેખાય છે.

## વસીઅતનામું

હું, ઝુલ્ફીકારઅલી મદતઅલી (જીવા મોહન), ઉ. વ. ૬૭ આશરે, જ્ઞાતે ખોજા, ધર્મે શીયા ઇમામી ઇસ્માઇલી આગાખાની, ખુદા ન ખાસ્ત ને ગુજરી જાઉં તો મારી મિલ્કતની વ્યવસ્થા આ વસીઅતનામામાં નીચે જણાવ્યા મુજબ કરવી:—

૧ શહેરમાં બહાર ગામડાંમાંથી ધંધા માટે આવતા મારી કોમના ગરીબ માણસોને ઉતરવા અને રહેવા માટે એક પણ મુસાફરખાનું કે ધર્મશાળા નથી. મને આ માટે વારંવાર બહુજ લાગી આવે છે અને એ ચિંતાથી રાત દિવસ મારૂં ચિત્ ગ્રસ્ત રહે છે. મારી હયાતી દરમ્યાન હું આવું મુસાફરખાનું ન બંધાવી શકું અને ખુદા ન ખાસ્ત ને હું ગુજરી જાઉં, તો મુસાફરખાનાના ફાળામાં મારી મિલ્કતમાંથી રૂા. ૨૫) અંકે પચીશ પુરા રોકડા આપવા.

૨ કાઠીયાવાડમાં ઘણી જગ્યાઓએ જમાતખાનામાં મોટા કામની બંગલીઓ નથી. આ માટે હું મારા હૃદયમાં મોટી દાઝ ધરાવું છું. મારી હયાતી દરમ્યાન આખા કાઠીયાવાડના બધા ગામોમાં મોટા કામની બંગલીઓ ન બંધાઈ ગઈ હોય અને ખુદા ન ખાસ્ત ને હું ગુજરી જાઉં, તો હઝરત મૌલાના ધણી સલામત દાતાર હાઝર ઇમામની માલીકીની બંગલીઓ બંધાવવા માટે રૂા. ૭૫,૦૦૦ અંકે પીંચોતેર હજાર નામદાર કાઉન્સીલને આપવા.

૩ હું આતિશય ઉદ્વેગથી જોઇ રહ્યો છું કે દુનિયાની હાલત દરરોજ બગડતી જાય છે અને લોકો કામધંધા વગરના બેકાર બની રહ્યા છે. ખાસ કરીને મધ્યમ વર્ગના લોકોનો મરો છે. આ માટે ઘટતી રાહત આપવા હું મારાથી બનતું બધું કરી રહ્યો છું. ખુદા ન ખાસ્ત ને હું ગુજરી જાઉં, તો મારા મરણ પછી પણ આવા દુઃખી, બેકાર, બેહાલ માણસોને મદદ કરવા પાંચ વરસ સુધી વાર્ષિક રૂા. ૫) અંકે પાંચ સુધીની રાહત મારા ટ્રસ્ટીઓએ ગરીબોને આપ્યા કરવી.

૪ હઝરત મૌલાના ધણી સલામત દાતાર હાઝર ઇમામના દીદાર માટે મારી આંખો તલસે છે. એ દશમા નકલંકીના દર્શન કરી ભવ તરી જવાની તક મને મારી જીંદગી દરમ્યાન ન મળે અને ખુદા ન ખાસ્ત ને હું ગુજરી જાઉં ત્યાર પછી માબાપ પધારે, તો તે વખતે તેમને ચરણે રૂા. ૨૫,૦૦૦) અંકે પચીશ હજાર પુરા રોકડા મારા ટ્રસ્ટીઓએ તુરતજ ધરવા.

૫ દીને ઇસ્માઇલીઆ ખાતર જીંદગી પર્યંત જુજ પગારે એક ગામથી બીજે ગામ ભમતા મીશનરીઓ અને પરગણા કામડીયાઓ માટે વૃદ્ધાવસ્થામાં સંકટ સમયે સહાય કરે એવી કોઇ સંસ્થા અત્યારે હયાત નથી. કોમની આ અતિ જરૂરી હાજત પુરવા હું મારી હયાતી દરમ્યાન શકિતમાન ન થાઉં અને ખુદા ન ખાસ્ત ને હું તે પહેલાં મરી જાઉં, તો મારા ટ્રસ્ટીઓને મારી ખાસ તાકીદ છે કે તેમણે આવી સંસ્થા ઉભી કરવા માટે રૂા. ૧૦,૦૦) જુદા રોકવા.

૬ ઉંચી કેળવણીથી આજે આપણે પછાત છીએ, અને તેથી આપણી કોમની ઉન્નતિ થતી નથી. આ માટે જુવાન માણસોને પરદેશ મોકલી વિજ્ઞાન અને હુન્નર ઉદ્યોગમાં તેમને પારંગત બનાવવા જોઇએ. એ તરફ પગલું માંડવાની મારી તીવ્ર અભિલાષા છતાં ખુદા ન ખાસ્ત ને હું તેવું કાંઇ કરી બતાવવા પહેલાં મરી જાઉં, તો મારા ટ્રસ્ટીઓએ વિના વિલંબે વાર્ષિક રૂા. ૨૫) પચીશ પુરાની સ્કોલરશીપ ખોલવી.

૭ ખુદા ન ખાસ્ત ને હું ગુજરી જાઉં અને મારી સ્ત્રી વિધવા થાય, તો તેણીની જીંદગી પર્યંત તેણીને માસિક રૂા. ૫) પાંચનો દરમાયો આપવો. પણ જો તેણીનું આયુષ્ય અસાધારણ રીતે લંબાય તો દશ વર્ષ પછી તેણીનો દરમાયો બંધ કરવો.

૮ મારો પુત્ર સગીર મટી ઉમરલાયક થાય તે પહેલાં ખુદા ન ખાસ્ત ને હું મરણ પામું, તો તે ૨૧ વર્ષનો થાય ત્યાંસુધી તેની કેળવણીના અને ભરણ પોષણના ખર્ચ માટે દર મહિને રૂા. ૮) અંકે આઠ તેને આપવામાં મારા ટ્રસ્ટીઓએ ભુલ કરવી નહિ.

૯ ખુદા ન ખાસ્ત ને હું ગુજરી જાઉં, તો મારી બીજી મરણ તીથીએ મારી બન્ને પુત્રીઓને પાંચ પાંચ શેર ખીચડી મારા ટ્રસ્ટીઓએ પહોંચાડવી.

૧૦ હઝરત મૌલાના ધણી સલામત દાતાર હાઝર ઇમામ દેશમાં પધારે તે પહેલાં ખુદા ન ખાસ્ત ને હું મૃત્યુ પામું, તો મારી રૂહાનીને રૂા. ૫૦૦૦) અંકે પાંચ હજારનું મોટું કામ મારા ટ્રસ્ટીઓએ તેઓ નામદારની ત્યાર પછીની પહેલી પધરામણી વખતે તુરત કરાવી લેવું.

આ વસીઅતનામું મેં બીનકેફે અક્કલ હુશીયારી ઠેકાણે રાખીને મારી રાજીખુશીથી કર્યું છે, અને તેનો અમલ મારા વારસોએ અને ટ્રસ્ટીઓએ કાંઇ પણ ભુલ ચુક વિના ચીવટાઇથી કરવાનો છે.

સહી ઝુલ્ફીકારઅલી મદતઅલી<br>
તે જીવા મોહન.

# સ. મા. હ નો સા ર.

**"ચરબી ફેંકી દીધી":** પં. જવાહરલાલ નહેરૂએ એક મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે, "મારા શરીર ઉપર વધી ગયેલી પાંચ રતલ ચરબી મેં ફેંકી દીધી છે." પંડીતજીનું વજન ૫ રતલ ઘટયું છે.

**મે દિનની ઉજવણી :** જગતના કામદારોનું મહા પર્વ મે દિન, પહેલી મે, સારાયે હિંદુસ્તાનમાં મજુરોએ સારા ઉત્સાહથી ઉજવ્યું. મુંબઇમાં પેલીસને ખુબ ભય હોવા છતાં ખુબ શાંતિથી કામદારોએ ઠેક ઠેકાણે મે દિનની ઉજવણી કરી. કરાંચીમાં કામ-દારોએ અરધો દિવસ કામ બંધ કરી મે દિન ઉજવ્યો. દીલ્હી, કલકત્તા, નાગપુર અને બીજા સ્થળોએ પણ મે દિન ઉજવવામાં આવ્યો હતો.

**વડી ધારાસભા બરખાસ્ત થશે :** એમ સત્તાવાર જાહેર કરવામાં આવ્યું છે કે વડી ધારાસભાની મુદત લંબાવવામાં આવશે નહિ અને સીમલા ખાતે જુલાઇમાં મળનારી તેની બેઠક છેલ્લી બેઠક બનશે. નવો સ્વરાજ્ય પક્ષ ધારાસભાની ચુંટણીમાં ઉભો રહેવાનો હોવાથી હિન્દી વઝીરની ઇચ્છા ધારાસભા શ્વેત પત્ર પસાર કરી શકે ત્યાંસુધી લંબાવવાની હતી; પણ આમ કરવાથી સરકારને નવા સ્વરાજ્ય પક્ષનો ભય લાગે છે એવી લાગણી લોકોમાં ફેલાય અને તેથી પ્રતિષ્ઠા ઘટે એ દલીલ વાયસરોયે કરતાં છેવટે બરખાસ્ત કરવાનું નક્કી થયું.

**મુબઇની મીલ હડતાળ :** મુંબઇના કાપડ ઉદ્યોગના કામદારો ગઇ તા. ૨૩થી હડતાળ ઉપર ગયા છે. મુંબઇમાં ૫૧ મીલો છે તેમાં માત્ર ૪ મીલો થોડા ઘણા કામદારો સાથે કામ કરે છે, બાકીની બંધ છે. લગભગ ૮૦,૦૦૦ કામદારો હડતાળ ઉપર છે. સવિનય ભંગની લડતને દાબી દેવા ઘડાયેલા સ્પેશીયલ પાવર ઓર્ડીનાન્સને મજુર ચળવળ સામે સરકારે લાગુ કર્યો છે. કામદારોના લગભગ બધા નેતાઓ પકડાઇ ગયા છે છતાં હડતાળ દિવસે દિવસે વધુ મજબુત બનતી જાય છે. પકડાઇ ગયેલા આ-ગેવાનોની જગ્યા લેવા પુનાના સમાજવાદી પક્ષના સભ્યો મુંબઇ જશે તેમ સંભળાય છે. હિંદુસ્તાનના બીજાં શહેરોએ પણ મુંબઇના કામદારો તરફ પોતાની સહાનુભૂતિ બતાવી છે. દીલ્હી અને મુંબઇમાં લોકોએ જાહેર સભા ભરી મજુરો તરફ પોતાની સહા-નુભૂતિ અને સહાય પાઠવ્યાં છે. હડતાળ ગંભીર સ્વરૂપ પકડતી જાય છે એ જોઇને મીલ માલેકોમાં પણ સમાધાન કરવું અને ન કરવું એવા બે ભાગલા પડી ગયા છે. દીલ્હીમાં ૬૫૦૦ કામદારો મુંબઇ તરફ સહાનુભૂતિ બતાવવા હડતાળ ઉપર ગયા છે.

**કચ્છ પ્રજા પરિષદ :** ગઇ તા. ૨૮–૨૯ના રોજ કચ્છ પ્રજા પરિષદનું ચોથું અધિવેશન શ્રી. મુળરાજ કરસનદાસના પ્રમુખપદે ભુજમાં મળ્યું હતું. પરિષદે કચ્છમાં પ્રજાતંત્ર દાખલ કરવા મહારાવને વિનંતિ કરી છે.

**લવણપ્રસાદ ઉપવાસ ઉપર ?** વર્તમાનપત્રોમાં એવા ખબર પ્રગટ થયા છે કે જામનગર સેન્ટ્રલ જેઇલમાં શ્રી. લવણ-પ્રસાદ ઉપવાસ કરે છે. આ સંબંધે શ્રી. મણીલાલ કોઠારીએ રાજ્યના અધિકારીઓને તાર કરી ખુલાસો પુછાવ્યો હતો, પણ તેમને કશો જવાબ મળ્યો નથી.

**કપુરથલામાં ગોળીબાર :** મહોરમના દિવસોમાં મનાઇ કરેલા વિસ્તારમાં સરઘસ કાઢવાનો પોતાનો હકક સાબીત કરવા માગતા મુસ્લીમોના ટોળાં ઉપર કપુરથલાના લશ્કરે ગોળીબાર કરવાથી ૨૨ માણસો મરણ પામ્યા છે અને ૩૦ને ઇજા થઇ છે એમ રાજ્યના આંકડાઓ બતાવે છે. જ્યારે પ્રજાપક્ષનું એવું માનવું છે કે લગભગ ૭૦ મુસ્લીમો મરણ પામ્યા છે અને ૨૫૦ ઘાયલ થયા છે. ગોળીબાર સાથે સંગીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સ્વરાજ્ય પક્ષની બેઠક :** ગઇ તા. ૨–૩–૪ના રોજ રાંચી ખાતે નવા સ્વરાજ્ય પક્ષની નીતિ અને કાર્યક્રમ નક્કી કરવા માટે સ્વરાજવાદીઓની એક બેઠક મળી હતી. તેમાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે સ્વરાજ્ય પક્ષ પોતાની આંતરિક બાબતોમાં સ્વતંત્ર રહે અને પોતાને ઢબે પોતાના ધ્યેયને પહોંચી વળવા પોતાના પૈસે એ લડે. આમ છતાં મહાસભા સાથેનો તેનો સંબંધ તુટી જાય નહિ કે કડવો બને નહિ એ માટે પક્ષે મહા-સભાના પૂર્ણ સ્વરાજ્યના ધ્યેયને સ્વીકારવો અને પક્ષની કાર્યવાહી ઉપર મહાસભાની કાર્યવાહક સમિતિની દેખરેખ રહે. અને આમ છતાં પણ મહાસભા સમિતિની પોતાની યોજના તરફ બહાલી મેળવ્યા પછીજ સ્વરાજ્ય પક્ષ મહસભાને નામે ચુંટણીમાં ઉભો રહે. વાઇસરોયે વડી ધારાસભા વરખાસ્ત કરવાની કરેલી જાહે-રાતથી નવા સ્વરાજ્ય પક્ષને ખુબ હર્ષ થયો છે અને પોતે ચુંટ-ણીમાં ઉભશે અને ધારાસભાની બેઠકો કબજે કરશે એ માટે એને પુરો વિશ્વાસ છે. ડો. અન્સારીને પ્રમુખ અને શ્રી. ભુલાભાઇ દેસાઇને ઉપપ્રમુખ ચુંટવામાં આવ્યા છે. નવા પક્ષના કાર્યક્રમમાં ધારાસભા–પ્રવેશ ઉપરાંત પરદેશન પ્રચાર કાર્ય, રાષ્ટ્રિય દેવાંની સ્વતંત્ર તપાસ, હુંડીઆમણ અને બીજા આર્થિક પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ધારાસભાનો કબજો મેળવ્યા પછી સ્વરાજ્ય પક્ષનું મુખ્ય કાર્ય દમનના બધા કાયદાઓ અને હુકમો રદ કરવા, તમામ રાજ્યદ્વારી કેદીઓ અને નજરકેદીઓને મુકત કરવા અને શ્વેત પત્રને ઉડાડી મુકી રાષ્ટ્રની માગણી મુજબના નવા બંધારણની માગણી કરવી એ રહેશે. મહાત્માજીએ રાંચી આવી આ પક્ષને પોતાની સલાહ સૂચનાનો લાભ આપ્યો હતો.

**કસ્તુરબા છુટશે :** પુ. કસ્તુરબાઇ ગાંધી યરોડા જેલ-માંથી આવતી તા. ૧૭મી મેના રોજ છુટશે તેવા ખબર બહાર આવ્યા છે.

**જાપાનનું જોર :** જાપાનની સરકારે એક યાદી પ્રગટ કરી જાહેર કર્યું છે કે એશીયામાં શાંતિ જાળવવાનું કામ જાપા-નનું છે અને યુરોપની કોઇ સત્ત ચીનને લશ્કરી કે બીજી મદદ કરે તે જાપાન ચલાવી લેશે નહિ. આથી યુરોપમાં ખુબ ઉશ્કેરાટ ફેલાણો છે. અમેરીકાએ એક યાદી પ્રગટ કરી આ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

**લડાઇ થશે ?** શાંધાઇ (ચીનનું બ્રીટીશ બંદર)ના લશ્કરી સેનાપતિએ મુલાકાત આપતાં જણાવ્યું હતું કે જાપાન અને રશીયા વચ્ચેની કડવાશ વધતી જાય છે અને જાપાન રાષ્ટ્ર સંઘમાંથી ખસી જતું હોવાથી તેને સોંપવામાં આવેલા કેટલાક મુલ્કોનો પ્રશ્ન ઉભો થાય છે એ જોતાં કદાચ ટુંક વખતમાં લડાઇ સળગી ઉઠે તો બનવાજોગ છે.

# રમુજી નહિ, રડાવનારૂં

**"મારી આગળ આગાખાની સાહિત્યનો ઢગલો પડયો છે જે કાળજીપૂર્વક વાંચવાનો મને હજુ સમય નથી મળી શકયો. પણ મને ખાત્રી આપવામાં આવી છે કે એમાં હિન્દુ ધર્મની મારી મચરડેલી અને કાપકૂપ કરી મૂકેલી બાબતો ભરી છે. મેં જેટલું કંઇ વાંચ્યું છે તેમાંથી એટલું તો હું જોઇ શકયો છું કે તેમાં નામદાર આગાખાનને હિન્દુ અવતાર તરીકે ઓળખાવવામાં આવેલ છે. ના. આગાખાન પોતે આ બધા સાહિત્યને વિષે શું ધારતા હશે એ જાણવું રમુજી થઇ પડે ખરૂં. ઘણા ખોજા ગૃહસ્થો મારા મિત્ર છે જેમને આ સાહિત્ય વાંચી જવા ભલામણ કરૂં છું."**

**—મ. ગાંધીજી.**

હિન્દની મહાન વિભૂતિ મહાત્મા ગાંધીજી પોતાના "હિન્દુ-મુસલમાન" નામક પુસ્તકમાં આ ઉદ્દગારો કાઢે છે. સાંભળવા મુજબ ત્યાર પછી મહાત્માજીએ ના. આગાખાનને એક પત્ર લખી આ સંબંધે ખુલાસો પુછાવ્યો હતો પણ મહાત્માજીને કશો જવાબ આપવામાં આવ્યો ન્હોતો. ના. આગાખાનને હિન્દુ અવતાર તરીકે ઓળખાવવામાં આવે છે એ વાત સાચી છે. ખુદ ના. આગાખાન પોતે એ જાણે છે, ચલવે છે અને નિભાવે છે. ના. આગાખાન મહાત્માજી જેવા પુરૂષ પાસે આ વસ્તુનો કદિ પણ એકરાર કરે એ બનવાજોગ નથી, પણ ના. આગાખાન પોતાના અનુયાયીઓ સમક્ષ આવો દાવો કરતાં અચકાયા નથી. મહાત્માજીને જે જાણવું રમુજી થઇ પડવાનો સંભવ દેખાય છે તે જાણીને ખોજા કોમને ભાગે તો રોવાનુંજ રહ્યું છે, એવી એ વસ્તુ છે. મહાત્માજીના મનમાં જો ના. આગાખાન પોતાને દશમો નકલંકી અવતાર કહેવરાવે છે એ વસ્તુ માટે થોડી ઘણી પણ શંકા રહી હોય તો નીચેની સર્વાંગ સત્ય નક્કર માહિતીઓથી એ શંકા ઉડી જશે.

૧ ૧૯૩૧માં ના. આગાખાનના ધર્મનો વગર પગારે સેવા ભાવથી ઉપદેશ કરનાર રાજકોટના શ્રી. કાળા રૂડા નામના એક ખોજા ભાઇ મૃત્યુ પામ્યા. તેમના મરણના સમાચાર ના. આગાખાનને પહોંચ્યા અને ના. આગાખાને માર્સેલ્સથી તા. ૧૫-૬-૩૧ના રોજ રાજકોટના એક ખોજા વેપારી ભાઇ અબદલા હીરજી ઉપર નીચે મુજબનો તાર* કર્યો:—

**"અબદલા હીરજી—રાજકોટ.**

**સોનબાઇ (મહુંમની વિધવા)ને મારા પિતા તરીકેના ઉત્તમ દુઆ આશિષ પહોંચાડો, કાળા રૂડા મારી પાસે છે.**

**આગાખાન."**

'કાળા રૂડા મારી પાસે છે' એમ કહીને ના. આગાખાન સાફ શબ્દોમાં ઇશ્વરી દાવો કરે છે.

૨ "કમાલે સુલતાન મહમદ" (સુલતાન મહમદના વચનો) નામનું એક પુસ્તક લાધાભાઇ રતનશી માસ્તર નામના એક ભાઇએ છપાવી પ્રગટ કર્યું છે જેના ઉપર ના. આગાખાનના હાથ દસ્તકના શેરાનો ફોટો અંગ્રેજીમાં છે કે, "આ ચોપડી ખાનગી રીતે વાંચવા માટે છે," તેના પાના ૮ ઉપર ના. આગાખાનના નીચેના વચનો ટાંકવામાં આવ્યા છે+:—

**"તમે હવે નવ અવતારની બાબતો છોડી દઇને માત્ર દસમા અવતારની એટલે અમારી તારીફ વાંચો. હવે હિંદુનો વખત નથી. પણ પ્હેલે તમો હિંદુ હતા તેથીજ પીર સદરદીને તમોને તેમ બતાવ્યું હતું."**

ના. આગાખાનના પોતાનાજ આ શબ્દો છે. એમાં તેઓ પોતાને દશમા અવતાર તરીકે ઓળખાવે છે.

---

* "ઇસ્માઇલી આફતાબ," પુ. ૧૩, અં. ૮.
+ "અલ-ઇસ્લામ," પાના ૬.

## વેપાર સમાચાર.

(તા. ૫-૫-૩૪.)

**ઉન:** ગયા અઠવાડીયામાં લીવરપુરમાં ૩૦૫ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સેલ પછી સ્થાનીક બજારમાં કાંઇ સોદા પડયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂ. ૧૨ા થી ૧૩) આસપાસનો ગણાય. બજાર શાંત છે.

**રૂત:** ભરૂચ ૧૯૫ **બકરાના વાળ:** ૫)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ા ૧ાા ૨) ઘઉં | |
| ૧ા ૧ા- બાજરો | ૧ા ૧ા= મેથી નવી |
| ૧ા જુવાર | ૨)≡ ૨ા- તલ |
| ૧ા= ચણા દેશી | ૧ા એરડા એરંડી |
| ૦ાા= ૦ાા≡ કમોદ જાડી | ૦ાા= ૧ા મગ દેશી |
| ૧)= ૧ા કમોદ જીણી | ૧ા≡ અડદ |
| ૧)- ૧)= મગફળી જીણી | ૧ાા= રાઇ |
| ૧) ૧)૦ાા મગફળી જાડી | ૧ાા ૧ાા= શીંગદાણા હાથફોલ |

**ઘી:** ૨૨ા ૨૩) મુંબઇ પરખ, ૧૯) તાજો રસ

**તેલ:** ૪ાા= તલનું, ૩)= શીંગનું. ૪) ખોપરેલ પીપનું. ૨ાા- ગ્યાસલેટ સફેદ હાથી.

**પરચુરણ:** ૩ા ૪ા ગોળ દેશી. ૫) ૬) કપાશીયા ઢુમર. ૪ા ખાંડ રાજકોટ શહેર. ૩ા= સદર. ૯) સોપારી જુની. ૯) ગદબનું બી. ૯ા= વેસણ જીણું. ૮ા= વેસણ જાડું. ૭ ૭ાા ઘઉંનો લોટ, ૮ાા મેંદો. ૯) સોજી.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૧૯૩.**

"જે જગ્યામાં જમાતખાનું ન હોય તે જગ્યાનું મુખી તથા કામડીયાએ ત્યાં એકઠી થયેલી સરકાર સાહેબી કારસાજીની રકમ દર માસે સૌથી નજીકની જગ્યા જ્યાં સરકાર સાહેબી તેજુરી હોય ત્યાંના મુખી તથા કામડીયાને મોકલી આપવી, અને તેઓ પાસેથી તેની પહોંચ તે કાર્ય માટે રખાતા સરકાર સાહેબી દફતરમાં લેવી."

ના. આગાખાનના વેપાર – તંત્રને લગતી આ કલમને કોમના બંધારણ સાથે કાંઇ લેવાદેવા નથી, તેથી તે રદ થવા પાત્ર છે.

**કલમ ૧૯૪.**

"સુપ્રીમ કાઉન્સીલને જ્યારે યોગ્ય લાગે ત્યારે પરગણા (ડીવીઝન) કામડીયાના હવાલાના સરકાર સાહેબી કારસાજીના હીસાબના ચોપડા તપાસવા તેમને નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબનું ફરમાન છે."

ટીકા ઉપર મુજબ.

**કલમ ૧૯૫.**

"નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબના ફરમાનથી આખા કાઠીયાવાડના સમગ્ર ડીસ્ટ્રીકટની સરકાર સાહેબી કારસાજીના તમામ રેકર્ડ તથા તમામ હીસાબ ઇત્માદી કુલ કામડીયા ગુલામહુસેન વારસ કાસમ રાખશે."

ટીકા ઉપર મુજબ.

**કલમ ૧૯૬.**

"સુપ્રીમ કાઉન્સીલને ડીવીઝન (પરગણા) કામડીયાના કામથી અસંતોષ થાય તો તે બાબતનો રીપોર્ટ તે વખતના કુલ કામડીયા તરફ કરવાની તેની ફરજ છે. કુલ કામડીયાએ તેની બદલી કરવી અગર તેને ડીસ્મીસ કરવો. જો ડીસ્મીસ કરે તો તેની જગ્યાએ બનતી ઉતાવળથી બીજા કામડીયાની ગોઠવણ કરવી"

ટીકા ઉપર મુજબ.

**કલમ ૧૯૭.**

"સરકાર સાહેબી કારસાજીને લગતા ડીસ્પેચો (એટલે ખાસ લખાણો) તે વખતના કુલ કામડીયા મારફત મળશે. કુલ કામડીયા તરફથી તે સુપ્રીમ કાઉન્સીલ તરફ મોકલવામાં આવશે. સુપ્રીમ કાઉન્સીલ તેની નકલ રાખી લઇ અસલ કુલ કામડીયાને પાછા મોકલી દેશે."

ટીકા ઉપર મુજબ.

**કલમ ૧૯૮.**

"પરગણા કામડીયાને જો કે કાઉન્સીલમાં બેસવાનો અધિકાર છે, તો પણ તે પોતે તેજ વખતે સરકાર સાહેબી કામમાં રોકાયેલ હોય તો તેણે કાઉન્સીલમાં હાજર થવું નહિ. પણ જો કાઉન્સીલની બેઠક ચાલતી હોય તે સમયમાં તેની હાજરી હોય તો તેણે તેમાં ભાગ લેવો."

પરગણા કામડીયાઓ ખુલ્લી રીતે ના. આગાખાનના પગારદાર વસુલાતી અધિકારીઓ છે. તેમને કોમના બંધારણમાં કાંઇ પણ ભાગ લેવાની, મત આપવાની કે દરમ્યાનગીરી કરવાની છુટ આપી શકાય નહિ. અત્યારે કોમના વહીવટના બધા સુત્રો ના. આગાખાને પોતાના હસ્તક રાખ્યા છે એટલેજ તેઓ પોતાના પગારદારોને ડખલગીરી કરવાનો અધિકાર આપી શકે છે.

**કલમ ૧૯૯.**

"હઝરત મૌલાના સરકાર સાહેબને સર્વ મુરીદો હાઝર ઇમામ તરીકે લેખે છે, તેઓશ્રીના પ્રત્યે ઉંડી પુજ્યભાવના અને માનની લાગણી ધરાવે છે. અને તેથી દરેક શખ્સ, ચાહે તો ગરીબ હોય યા તવંગર હોય, તો પણ તેણે પોતાના આત્માની ઉન્નતિ માટે હંમેશાં અગર તો દર ચાંદ રાતે સરકાર સાહેબી "સાર સંભાર" અને એવી બીજી ભેટો અવશ્ય આપવી."

પ્રથમ તો, આ કલમ ધર્મ સાથે નિસ્બત ધરાવતી હોવાથી કોમના સામાજિક બંધારણમાં તેને દાખલ કરી શકાય નહિ. ના. આગાખાનને તેમના ભક્તો 'હાઝર ઇમામ' લેખતા હોય તો ભલે; ખોજા કોમ તેમને તેમ ગણતી નથી. અને તેથી ખોજા કોમના બંધારણ સાથે તેમની સાચી કે ખોટી 'ઇમામત'ને કાંઇ લાગતું વળગતું નથી.

આમ છતાં ઇરાદાપૂર્વકની લુચ્ચાઇથી આ કલમ રચવામાં આવી છે. વગર પુછ્યે ના. આગાખાનને ઇમામપદે બેસારી દીધા પછી પણ આ કલમમાં માનવતા વીસારે મુકવામાં આવી છે. ચાહે તો ગરીબ હો, ચાહે તો તવંગર હો, પણ ના. આગાખાનને તો આપો, આપો ને આપો. 'વર મરો કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો.' પોતાના આત્માની ઉન્નતિ કરવી કે નહિ, અને કરવી તો કયે રસ્તે એ નક્કી કરવાનું કામ દરેક વ્યક્તિનું પોતાનું છે; તેમાં સમાજ કે ધર્મ કોઇ જબરદસ્તી ન કરી શકે. ત્યારે આથી તો મારી પકડીને આત્માની ઉન્નતિ કરવાનો યત્ન થાય છે. આ કલમ આત્માની ઉન્નતિના બ્હાના નીચે ના. આગાખાનની તેજુરી તર કરવાનો પ્રયત્ન કરે છે, અને તે એકજ ઝટકે રદ કરવા જેવી છે.

'ભેટો અવશ્ય આપવી' એ પરસ્પર વિરૂધ્ધ છે. ભેટ આપવાનું ફરજીઆત હોય નહિ, અને ફરજીઆત આપવામાં આવે એ ભેટ નહિ. આવા શબ્દ–પ્રયોગથી કોમને મૂર્ખ બનાવવા પ્રયત્નો કરવામાં આવે છે. ના. આગાખાન પ્રત્યે ખોજા કોમનો દરેક જણ 'ઉંડી પુજ્યભાવના અને માનની લાગણી' ધરાવે છે એમ સ્વયં સ્વીકારી લેવું એ પણ એક જાતની રમત જ છે.

---

**સસ્તું અને સારૂં વાંચન**

વાંચવું હોય તો બે રૂપીઆ

મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શ્રીમંતો વિચારશે?

Regd. No. B. 3114



પુસ્તક: ૨ ] તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી. [ અંક : ૩

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨. દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

મે ૧૫ : ૧૯૩૪. સંવત ૧૯૯૦ના બી. વૈશાખ શુદ ૨ મંગળવાર.

મુદ્રણસ્થાન : જાગૃત મુદ્રણાલય

# જુવાન છો ?

"જુવાન કોઇ કોમનો નથી. જુવાનીના આદર્શમાં કોમને સ્થાન નથી. કોમી સંસ્થાઓ વિકસાવવા જતા માણસ કોમી બની જાય છે. એ કોમી તત્વ નહિ જોઇએ.

તમારા દીલમાં શું છે અને તમે શું કરવા માગો છો, તેની તમે ચોખવટ ન કરો, ત્યાં સુધી તમે સાચા માર્ગે નથી જવાના, નથી જઇ શકવાના.

અમુક માણસે કે મુનિએ શું કહ્યું છે તે સમજી લ્યો; શા માટે કહ્યું છે તે તપાસી લ્યો; આજના જમાનામાં એ ઉપયોગી છે કે નહિ તે નક્કી કરી લ્યો. અને પછી તમે તમારૂં કાર્ય કરો.

૨૫૦૦ વર્ષ પહેલાં કહેલી વાત આજે સ્વીકારવા યોગ્ય નથી. એ મહાવીર પ્રભુએ કહી હોય તોય સ્વીકારવા યોગ્ય નથી, અને કોઇ અદના આદમીએ કહી હોય તોયે સ્વીકારવા યોગ્ય નથી.

મહાવીર આજે જીવતા હોત તો તેમણે શું કર્યું હોત એ તપાસીને, સમજીને, નક્કી કરીને, એ દ્રષ્ટિએ આપણે આગળ ચાલવું જોઇએ.

જુવાન આંખો મીંચીને ચાલે નહિ. ઉઘાડી આંખ, ઉઘાડું મન, અને ઉઘાડું હૃદય એ જુવાનીનાં લક્ષણો છે. એ લક્ષણો ધરાવનારો માણસ ૧૦૦ વરસનો હોય તોયે જુવાન છે. અને એ લક્ષણ નહિ ધરાવનારો માણસ ૨૫ વરસનો હોય તોયે જુવાન નથી.

તમે જુવાન છો? જ્ઞાન શોધો છો? તમે શોધો છો એ જ્ઞાન ઉપાશ્રયોમાં કે દેરાસરોમાંથી નથી મળવાનું. એ તો ખાબોચિયાં છે. એ પાણી ગંધાઇ ઉઠયાં છે. એ નીર ઉપર નવા પ્રકાશનું એક પણ કિરણ નથી પથરાતું.

તમારે તમારી જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા વિશાળ સરોવર જોઇએ-ખાબોચિયાં નહિ, વિશાળ વારિધીઓ જોઇએ. એ જળનું તમે પાન કરો અને કોમની ગલ્લીઓ છોડી જગતના ચોકમાં આવો.

જુવાન દંભનો દુશ્મન હોય છે. જ્યાં દંભ જુઓ ત્યાં એને ખુલ્લો કરો; અને પાપને ઢાંકણ આપતા પડદાઓ તોડી નાંખો; જુવાનનો આ રાહ છે. તમે જુવાન હો તો આ રાહે ચાલો."

—અમૃતલાલ શેઠ

[મુંબઇમાં મળેલી જૈન યુવક પરિષદમાં આપેલા ભાષણમાંથી]

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૫-૫-૩૪.


## શ્રીમંતો વિચારશે ?

આપણી કોમના શ્રીમંત અને કેળવાયેલા વર્ગે કોમની આઝાદીની લડતમાં કે તેના રચનાત્મક સુધારાના કાર્યમાં શું કરવું જોઇએ, તેઓ શું કરવા માગે છે અને કોમ તેમની પાસેથી વધારેમાં વધારે કેટલી મદદની આશા રાખી શકે તેમ છે એ પ્રશ્ન ખરેજ વિચારણીય છે.

વાંચકો જોઇ શકશે કે આપણા જાણીતા સુધારક શ્રી. કરીમ ગુલામઅલીએ કોમના આગેવાન સભ્યોને ઉદ્દેશીને એક ખુલ્લો પત્ર લખ્યો છે જે આ અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. ભાઇ કરીમ એ પત્રમાં ના. આગાખાને કલકત્તા ખાતે આપણા બે સગા ભાઇઓએ પણ એકબીજાથી વહેવાર રાખવો નહિ એ જાતના કરેલા હુકમ સામે પોતાનો વિરોધ ઉઠાવે છે અને કોમના આગેવાન સભ્યોને ના. આગાખાનના આ 'ફરમાન'નો વિરોધ કરવાનો આગ્રહ કરે છે.

એ તો ખુલ્લી વાત છે કે ના. આગાખાને આ જાતનો હુકમ પોતાનાજ હિત માટે કર્યો છે. ખોજા કોમના ભાગલા પડી જાય તોજ તેનું બળ છીન્નભીન્ન થાય અને તોજ ના. આગાખાન આપણું અર્થ-શોષણ નિરાંતે કરી શકે. ના. આગાખાન અને તેમના પંથમાં કોઇ તત્વજ્ઞાન કે ફીલસુફી નથી, અને તેથીજ તેઓ પરાવલંબી છે અને બીજાને ભોગે નભવા પ્રયત્ન કરે છે. આવી રીતે ખોજા કોમનાજ બે ભાઇઓને પરસ્પર વહેવાર કરવાથી અલગ રાખી એકબીજાનાં જ્ઞાન, બુદ્ધિ અને બળને ભેગાં ન થવા દઇને એ પોતાના અનુયાયીઓને સદા નિર્બળ રાખવા મથે છે. ખોજા કોમનું તેમાં કાંઇ હિત નથી. ઇસ્માઇલી પંથ એટલો નબળો અને પાયા વગરનો છે કે જો તેને પોતાનાજ પગ ઉપર સ્વતંત્ર ઉભો રહેવા દેવામાં આવે તો એ ઘડીના છઠ્ઠા ભાગમાં પડી જાય. અને એ પડી જાય એટલે એમાંથી જેને વગર પરસેવે અને ઉજાગરે નિયમિત ધન મળ્યા કરે છે એ ના. આગાખાનની તેજુરી ખાલી પડી રહે. ના. આગાખાન આ સ્થિતિ લાવવા ઇચ્છતા નથી અને તેથીજ પાયા વગરની એ કાચી ઇમારતને ટેકો આપવા તેઓ ખોજા કોમનો ઉપયોગ કરે છે. એ ટેકો સદાને માટે જડ જ રહે અને તે ચેતનવંતો થઇ કદિ ગોઠવેલી જગ્યાથી ખસી ન જાય એ માટે ના. આગાખાન તેની આગળથી ચેતનવંત થવાના બધા ઓજારો પડાવી લ્યે છે અને જ્ઞાન અને પ્રકાશના દરવાજા તેની સામે બંધ કરે છે.

ના. આગાખાને જુની નીતિરીતિને કલકત્તા ખાતે ફરી તાજી કરી દેખાડી છે. 'ભાગલા પાડીને રાજ કરો' એ પદ્ધતિ તો જ્યારથી ખોજા કોમને આગાખાન કુટુંબનો ભેટો થયો ત્યારથીજ ચાલુ થઇ ગઇ છે; ના. આગાખાનનું કલકત્તાનું 'ફરમાન' એ તો માત્ર તેનું ફરી વાંચન છે. આપણે જો જાગૃત હોઇએ તો આજે આપણે આપણી પ્રગતિ કે અવનતિનાં માપ કાઢવાં જોઇએ. એક સો વરસમાં થોડા ઘણા પણ આપણે આગળ વધ્યા છીએ એ બતાવવા માટે આજે ના. આગાખાનના આ ફતવાનો આપણે જોરશોરથી વિરોધ કરવો જાઇએ

આપણને થતા અન્યાયો સામે લડવામાં, આપણી પાસે જબરદસ્તીથી પળાવવામાં આવતા આ બહિષ્કાર સામે ઉભવામાં કોમનો શ્રીમંત અને કેળવાયેલો વર્ગ કાંઇ ઉપયોગી થશે ખરો ? ભાઇ કરીમને આશા હોય તો ભલે, અમને નથી. એ ખરૂં છે કે જો આ વર્ગ ધારે તો ઘણા ઓછા ભોગે અને ઘણી ઝડપથી કોમની આઝાદી તરફ ડગલાં માંડી શકે. પણ આજે એ એવું કરવા ધારે એ આશા અમને વધુ પડતી લાગે છે. ધર્મ, સામ્રાજ્યવાદ, શાહીવાદ એ બધાનું મૂળ મુડીવાદ છે. મુડીવાદ ઉપરથી ભલે શાહીવાદથી નીચા દરજ્જાનો લાગે, પણ હકીકતે શાહીવાદ મુડીવાદમાંથીજ ઉદ્ભવેલો છે અને એ માટેજ એ જીવે છે. ધર્મ એ પણ મુડીવાદનું એક જરા જુદું સ્વરૂપ છે. એ બધામાં એકજ ભાવના મુખ્ય છે: ઓછામાં ઓછી મહેનતે વધુમાં વધુ દૌલત એકઠી કરવી. આમ એકજ સિદ્ધાંતવાળી કોઇ બે સંસ્થાઓ કદિ પણ એકબીજાથી વિરૂદ્ધ ન પડે. શ્રીમંતો કદિ પણ કોમનું ભારણ ઓછું કરવા આગળ નહિ આવે, કારણ કે તેમને પોતાને કશું સહેવું પડતું નથી. અને એટલેજ તેઓ પોતાનું ખેતર સંભાળીને બેઠા છે. કેળવણી આજે નપુંસક બની છે; આજે તે સ્વતંત્ર નથી, પરાવલંબી છે. શ્રીમંતો ઉપર તે આજે નભે છે અને તેથી તેની સાથેની છેડાછેડી આજે છુટે તેમ નથી.

શ્રીમંતો કે તેના સાથીદારો કોમને તેની આઝાદીની લડતમાં કશીજ મદદ કરી શકે તેમ નથી. આજે એ આશા આપણાથી રાખી શકાય તેમ નથી. પણ અમે

[ અનુસંધાન પાના ૨૩ ]

# ખૂની હુમલા કેસની પ્રથમ સુનાવણી

## શ્રી. હીરાણીની મુખ્ય તપાસ

[અમારા પ્રતિનિધિ તરફથી]

રાજકોટ, તા. ૧૧મી મે.

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલા સંબંધેના કેસની પ્રથમ સુનાવણી આજે આંહીની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં સવારના સાડા આઠ વાગે નીકળી ત્યારે કોર્ટનો હૉલ પ્રેક્ષકોથી ચીકાર ભરાઈ ગયો હતો.

મુકદમાની વિગત ટુંકમાં એવી છે કે ગઇ તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ શ્રી. હીરાણી રાત્રે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ખોજા જુવાનો તેમની પાસે આવ્યા હતા અને એક કલાક વાતચીત કર્યા પછી દુકાન બંધ કરતી વખતે તેમાંના એકે શ્રી. હીરાણી ઉપર છરી વતી હુમલો કરી ઘાયલ કર્યા હતા. તેજ રાત્રે બન્ને તોહમતદારોની ધરપકડ કરવામાં આવી હતી અને શ્રી. હીરાણીને હોસ્પીટલમાં સારવાર નીચે રાખવામાં આવ્યા હતા. તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદ આગ્રાના રહીશો છે, અને એક એક હજારના જામીન ઉપર છુટા છે. તેમના તરફથી મી. મણીઆર વકીલ અને પોલીસ તરફથી પબ્લીક પ્રોસીક્યુટર મી. એલ. કે. મહેતા એડવોકેટ સાથે મી. ચીમનલાલ નાગરદાસ શાહ હાજર રહ્યા હતા.

શ્રી. હીરાણીએ મી. એલ. કે. મહેતાની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "હું "ખોજા જાગૃતિ" છાપું લગભગ સવા વરસથી કાઢું છું. એ છાપાનો હેતુ ખોજા કોમમાં સુધારા દાખલ કરવાનો છે. હું "ખોજા જાગૃતિ"નો તંત્રી છું. મને અને મારા પિતાને ખોજા કાઉન્સીલે લગભગ અઢી ત્રણ વરસથી નાતબહાર કરેલા છે. "ખોજા જાગૃતિ"માં કાઉન્સીલના ધારાધોરણથી જબરદસ્તીથી લાગાઓ લેવામાં આવે છે તેને અટકાવવા લખાણો આવે છે. ના. આગાખાને સુપ્રીમ કાઉન્સીલ સ્થાપી છે. અને સુપ્રીમ કાઉન્સીલે લોકલ કાઉન્સીલ સ્થાપી છે. કાઉન્સીલના ધારા ધોરણ કોમે ઘડયા નથી. કોણે ઘડયા છે તે તેમાં લખવામાં આવેલ નથી. કાઉન્સીલના કાયદાની વિરૂદ્ધ હું "ખોજા જાગૃતિ"માં લેખ લખું છું. લાગા-ટકાના પૈસા ના. આગાખાનને જાય છે. ઉઘરાવવામાં આવતા પૈસાનો હિસાબ બહાર પાડવામાં આવતો નથી. સુપ્રીમ કાઉન્સીલના કાયદાને માન ન આપનારને નાત બહાર કરવામાં આવે છે. ખુલ્લી રીતે ખોજા કોમમાં સુધારકો થોડા છે. સુધારક પક્ષને દાબી દેવા ના. આગાખાનના આંધળા અનુયાયીઓ નાત બહારીથી ન માનનારાઓને છુરી, પીસ્તોલ કે બીજી રીતે મારી નાખી દબાવી દયે છે તેવું મારા જાણવામાં છે. ગયા ડીસેમ્બરની ૭-૮-૯ તારીખોએ સદરમાં સુપ્રીમ કાઉન્સીલની બેઠક હતી. તેમાં મુંબઇ તથા કાઠીઆવાડના બીજા ભાગોમાંથી ના. આગાખાનના અનુયાયીઓ આવ્યા હતા. મારા ઉપર હુમલો થયા પહેલાં હું તહોમદારોને ઓળખતો હતો નહિ. મારા ઉપર તા. ૯-૧૨-૩૩ના રોજ હુમલો થયો હતો. હુમલા વખતે હું બાદરખાંની હોટલ પાસે આવેલી મારી દુકાને હતો. મારી દુકાને તોહમતદારો રાત્રીના સાડા સાત આઠ વાગ્યાના સુમારે આવ્યા હતા. હું તે વખતે મારી દુકાને એકલો હતો. તેઓએ આવી મને પુછ્યું કે 'ઇસ્માઇલ કાનજી તમે?' એટલે મેં હા કહી. પછી મને તેઓએ પુછ્યું કે "ખોજા જાગૃતિ" તમે કાઢો છો? તેના જવાબમાં પણ મેં હા કહી. વાતચીત દરમ્યાન તેઓએ મારી પાસે "ખોજા જાગૃતિ"નો છેલ્લો અંક માગ્યો. મેં કહ્યું કે હું સવરે લાવી આપીશ. આ શિવાય કાઉન્સીલના કાયદા સંબંધે વાતચીત થઇ હતી. તેઓએ કહ્યું કે કાયદા સારા છે, મેં કહ્યું કે ખરાબ છે. લગભગ એક કલાક વાતચીત થઇ હતી અને તે દરમ્યાન હાશમ વાલજી આવી પહોંચ્યા હતા. લગભગ નવ વાગ્યે હું દુકાન બંધ કરવા ઉઠ્યો ત્યારે તેઓએ કહ્યું કે 'અમારે ઉતાવળ નથી, અમે બાર વાગ્યા સુધી વાતચીત કરવા માગીએ છીએ.' મેં કહ્યું કે 'મને નવરાશ નથી, મારે જવું જોઇએ.' એટલે હાસમ વાલજી ઓફીસના બારણામાંથી બહાર નીકળ્યા. પછી મેં બારણું બંધ કર્યું. હું ઓફીસની બતી બંધ કરવા સ્વીચ દબાવવા ગયો અને બતી બંધ કરી. તે પછી મારી દુકાનની ચાલીમાંથી હું દરવાજા બહાર નીકળવા જતો હતો ત્યાં અબ્દુલઅલીએ મારા ઉપર છરીથી હુમલો કર્યો. આંહી રજુ કરવામાં આવે છે તે છરી વતી તેણે મારા ઉપર હુમલો કર્યો હતો. છરીનો ઘા તેણે મારી છાતી ઉપર કર્યો હતો. 'લેતો જા, નાપાકનો બદલો' એમ બોલી તેણે મારા ઉપર ઘા કર્યો હતો. એ ઉપરથી મને બીક લાગી કે મને મારી નાખવા માગે છે. જે ઉપરથી મેં 'ખુન, ખૂન, દોડો, દોડો' તેવી બુમો મારી. મારા ઉપર તેણે એક ઘા કર્યો એટલે હું નીચે પડી ગયો. પછી તે મારી છાતી ઉપર ચડી બેઠો અને છરીથી બીજો ઘા કર્યો. આ દરમ્યાન કોઇ આવી પહોંચ્યું હતું. મારી બુમો ચાલુ હતી એટલે હાસમ વાલજી આવી પહોંચ્યા. તેણે અબ્દુલઅલીને મારી છાતી ઉપરથી ખેંચી મને છુટો કર્યો. એટલે અબ્દુલઅલી હાસમ વાલજી ઉપર ચડી બેઠો. મને લાગ્યું કે તેને પણ એ મારશે એટલે મેં તેને પાછળથી બથ ભરી હાસમ વાલજી ઉપરથી તેને ખેંચી હાશમ વાલજીને છુટા કર્યા. આ વખતે નજરઅલી બારણે રોકી ઉભો હતો. તે વખતે તેના હાથમાં છરી હતી. હાશમ વાલજીને મેં છુટા કર્યા ત્યાર પછી અબ્દુલઅલી ફરી પાછો મારા ઉપર ધસી આવ્યો અને મારી ઉપર ચડી બેઠો. હાશમ વાલજી અને હું બન્ને રાડો પાડતા હતા એટલે ગામના માણસો આવી પહોંચ્યા. મને કપાળમાં પણ ઉઝરડો થયો હતો અને પગ પણ છોલાઇ ગયો હતો. એ વખતે મેં કોટ, ખમીશ અને ધોતીયું પહેર્યું હતું. આહીં જે કોટ અને ખમીશ બતાવવામાં આવે છે તે મેં તે વખતે પહેરેલ હતાં. લોકો આવ્યા ત્યારે મેં અબ્દુલઅલીને પકડી રાખ્યો હતો. નજરઅલી ભાગી ગયો હતો. રાત હતી એટલે જીવા લસ્કરનેજ હું ઓળખી શક્યો હતો. તહોમતદારો સાથે મારે વાતચીત થઇ. તે દરમ્યાન મારા પુછવાથી તેમણે એમ કહેલું કે તેઓ કાઠીઆવાડ લૉજમાં ઉતર્યા હતા. હું તહોમતદારોને ઓળખતો ન હતો છતાં તેઓએ મારા ઉપર હુમલો કર્યો તેનું કારણ હું એવું માનું છું કે હું કાઉન્સીલ વિરૂદ્ધ હતો અને તેઓ ચુસ્ત કાઉન્સીલવાદી હતા. એટલે સ્વા-

[અનુસંધાન પા. ૨૨.]

# જનસમાજમાં આપણું સ્થાન

લેખક : "ભગત"

એ તો તદ્દન ખરૂં છે કે મનુષ્ય સમાજમાં એક કોમ તરીકે આપણું સ્થાન અત્યંત નિષ્કૃષ્ટ પ્રતિનું છે, અને આપણે તે જાણીએ, અનુભવીએ છીએ. સામાન્ય રીતે અન્ત્યજ કહેવાતી કોમોનું સ્થાન આપણા દેશમાં હલકું ગણાય છે–ગણવામાં આવે છે; તથાપિ, તેમના તરફ કોઇને ઘૃણા કે તિરસ્કારની વૃત્તિ હોતી નથી. ત્યારે આપણે જો કે અસ્પૃશ્ય નથી ગણાતા તોપણ સમાજમાં આપણું સ્થાન અત્યંત અનાદરણીય છે. કોઇ પણ માણસને આપણો, આપણા વિષે વાતો કરવા પુરતોએ પ્રસંગ પડે છે ત્યારે તે એક જાતનો ક્ષોભ અનુભવી રહે છે. તે માણસને ન જણાય એવો કાંઇક અનિર્વચનીય ભાવ તેના હૃદયમાં ઉદ્ભવ પામે છે; આછા ઘેરા વિષાદની રેખાનો તેના મુખ પર આવિર્ભાવ થાય છે.

*

એ બધું આપણે જાણીએ છીએ. પરંતુ એ સ્થિતિની નિવારણા માટે કદી કોઇએ કાંઇ પણ પ્રયાસ તો શું પણ વિચાર સરખોએ કર્યો કે કરતા નથી. આપણને એ સ્થિતિ સાલે છે. પણ 'એ નિવાર્ય છે કે કેમ?', 'એની નિષ્પતી શામાંથી થઇ છે?' એ જાતનો વિચાર આપણને કદી આવતો નથી, અને આવે છે તો એને અનિવાર્ય માની લઇએ છીએ.

*

આપણા આપમેળે બની બેઠેલા આગેવાનો એ જાણે છે. પણ એ લોકો તો નામદાર આગાખાન સાથેનો આપણો આજનો સંબંધ ચિરઃસ્થાયી બની રહે એટલા માટે એ વસ્તુને અત્યંત આવશ્યક માની એની સામે ઇરાદાપૂર્વક આંખમીંચામણાં કરે છે. કારણ કે એમનો પણ એક યા બીજી રીતે સ્વાર્થ સમાયેલો છે. વળી તેમનું સ્થાન પણ એવા પ્રકારનું હોય છે કે તેમને આ સ્થિતિ અસહ્ય નથી લાગતી.

*

આપણા દેશના તમામ ધંધાના ક્ષેત્રોમાં આપણી કોમનો નાનો મોટો ફાળો અવસ્ય હોય છે. મોટા ધંધાદારીઓને બાદ કરતાં બાકી રહ્યા આપણા ગરીબ ભાઇઓને આ સ્થિતિને કારણે ઘણુંજ સહન કરવું પડે છે. તેમની સાથે કોઇ મન મુકીને વેપાર કરતું નથી. ગરીબ ફેરીઆઓ જેઓ ગામડામાં ફરીને બકાલું કે હળદર મરચાં વેચી પોતાનો જીવન-નિર્વાહ કરે છે, અને તેઓનો આપણી કોમમાં મોટો ભાગ છે, તેમને એ કારણે જ્યાં જાય ત્યાં ઘણીજ અગવડ વેઠવી પડે છે. બીજા કોઇને જ્યારે ગામડામાં કોઇ વસ્તુ સહજ સુલભ હોય છે ત્યારે આપણા ગરીબ બન્ધુને તે મુશ્કેલીએ મળે છે એટલુંજ નહિ પણ કેટલીક વખત તો લોકોના અજ્ઞાનજન્ય વ્હેમોનો ભોગ બની ડફણાં પણ ખાવાં પડે છે. અને આપણે અસહાય બની આપણા ધર્મને સઘળો યશ આરોપી, સ્વર્ગમાં સુખ મેળવવાની આશાએ સઘળું સહી લઇએ છીએ.

*

બધી કક્ષાના માણસોની સાથે આપણને પ્રસંગ પડે છે; પણ તેમાંના દરેકની વેળાએ (કાં તો) એ આપણને ખોજા તરીકે ઓળખે નહિ ત્યાં સુધીજ (અથવા અંગત ઓળખાણ હોય તો) આપણી સાથે સમાન ભાવથી વર્તે છે. પણ જ્યારે તે આપણને ખોજા તરીકે ઓળખે છે કે તેમનાં સહૃદય ભાવોની જગ્યા ઘૃણા અને અપ્રગટ તિરસ્કાર લે છે.

*

આ બધાના મૂળમાં આપણા ધર્મનું આપણને અકારણ આશ્વાસન લેવાની ટેવ પડી છે. આપણે માનીએ છીએ કે, 'હાજર જેને ઇમામ છે અને બીજાઓને ખોળવા જતાં ભાળ નથી મળતી એવા નકલંક અવતારે આપોઆપ ભગવાન જેના ધર્માધ્યક્ષ છે એવા આપણા ધાર્મિક ઉત્કર્ષ, ને સ્વર્ગ અને અપ્સરાઓના અટળ સુખોપભોગના સદર પરવાના મેળવી લીધેલા છે જેણે એવી અમારી કોમની આ સર્વને અદેખાઇ થતી હોવાથી તેઓ અમારા પ્રત્યે આવો અનિર્વચનીય વર્તાવ રાખે છે.'

*

આમ જગતની સાથેના વહેંવારમાં આપણે અતડા પડી રહીએ એમાં આપણી કોમના શોષક અને તેમના સંગાથીઓને સારૂં છે. તેઓ એ સ્થિતિ ઇચ્છે છે. આપણે સૌની સાથે હળી મળી રહી શકતા હોઇએ તો આજે નહિ તો કાલે, કોઇક કાળે પણ આ બધા અર્થશોષણનો અનર્થ બીજાઓના સહવાસથી સમજી જઇએ અને તે ઘડીએ આજનું આ ચાલી રહેલું પાખંડ પા ઘડી પણ નભી શકે નહિ. જો કે આપણને ઉંધુંચીતું સમજાવવામાં આવે છે, તો પણ આપણા આ ધર્મ નામને પણ યોગ્ય નથી એવા એક પ્રકારના ધતીંગને સતપંથ એવું સુંદર નામ આપી ગુપ્ત ધર્મ ચલાવવામાં પણ એજ હેતુને દ્રષ્ટિ સમક્ષ રાખી કામ લેવામાં આવ્યું છે ને આવે છે, કે આપણી એ અણછાજતી, જેના આગળ 'ધર્મ' શબ્દ વિશેષણ તરીકે લગાડી શકાય એમજ નથી એવી, બધી ક્રિયાઓને જો જગત જાણી જાય તો એ રેતી પર ચણેલી ઇમારતને કડડભૂસ થતાં વાર લાગે નહિ.

*

અત્યંત ગુપ્તપણે કરાતી એ બધી ક્રિયાઓની પાછળ આપણો હેતુ શુભ હોવા વિષે જગતને શંકા થાય છે અને તેમાંથી આપણે માથે માનવહત્યા કરવાનું કલંક આરોપાય છે. આપણા ઉપરના આ અપમાનકારક કલંક વિષે પણ આપણે (એટલે આપણો સામાન્ય વર્ગ) એટલાજ બેદરકાર છીએ. બેદરકાર છીએ એટલે આપણને એ સાલતું નથી એમ તો નહિ; પણ આ કુડાં કલંકની પાછળ રહેલા તથ્યનું જ્ઞાન બહુજ ઓછાને છે. ખરી વાત એ છે કે આપણી કોમને ધર્માધ્યક્ષોની નાગચૂડમાંથી ઉગારવાને જેણે જેણે પણ જ્યારે જ્યારે યથાશક્ય પ્રયત્ન કર્યા છે તેના તેના ત્યારે આપણાજ ભ્રમિત ભાઇઓને રસ્તે છુપી રીતે ખૂનો થયાં છે. જગત તો તેને અંગે ઉપસ્થીત થતા તર્ક વિતર્કનીજ માહિતી ઉપર મદાર બાંધે છે, અને એ સઘળા સ્વર્ગના શોખીનોને બધી વખતે ફાંસીને લાકડે લટકતાં કે કાળે પાણીએ જતાં જુએ છે. અને પછી ધર્મને નામે ચાલતા યાહોમ પાપાચારને પોતાની સામે પણ ભયરૂપ ગણે છે. [અનુસંધાન પા. ૨૩]

*

# સર ઇબ્રાહીમ રહેમતુલાહ,

## મી. એમ. એ. જીણા અને ખોજા કોમના બીજા આગેવાન સભ્યોને ખુલ્લો પત્ર*

વ્હાલા સાહેબો,

આપણી ખોજા કોમના એક સભ્ય તરીકે, આ તબકકે "રણસંગ્રામની હાકલ"નો અવાજ ઉઠાવવાની મને મારી ફરજ લાગે છે અને હું અંતઃકરણપૂર્વક માનું છું કે આપણી કોમને લાંબી ઉંઘમાંથી જગાડવા માટે કાંઇક કરવાનો સુયોગ્ય અવસર આવી લાગ્યો છે.

આપના જેવી વ્યકિતઓને પોતાના સભ્ય તરીકે ધરાવવા માટે ખોજા કોમ વ્યાજબી રીતે મગરૂરી લઇ શકે; પણ તેના હિત માટે કાંઇ રસ લેવાનું આપ બંધ કરો એ શું દયાજનક નથી? એમ દેખાય છે કે જાણે આપ આપને તેના સભ્યો તરીકે ગણવાનું ભુલી ગયા હો! તો પણ, આપને સંબોધવાની મેં છુટ લીધી છે કે જે માટે આપ મને માફ કરશો તેવી આશા છે. મારે આપનું ધ્યાન નીચેની વસ્તુ તરફ ખેંચવાનું છે કે જે પોતાની મેળે આપની આગળ બોલશે.

ના. આગાખાને તાજેતરમાં કલકત્તા ખાતે આપેલી મુલાકાત વખતે પોતાના અનુયાયીઓને એક 'ફરમાન'માં એમ કહ્યાના અહેવાલો પ્રગટ થયા છે કે તેઓએ ખુદ તેઓના પોતાના ભાઇ-ઓના શાદી તથા ગમીના પ્રસંગોમાં ભાગ લેવો નહિ અને કોમના બીજા સભ્યોને અલગ રાખી દેવા. "ઇસ્માઇલી" કે જે ના. આગાખાનનું પોતાનું પત્ર છે તેના તા. ૧૫–૪–૩૪ના અંકમાં આ ખબર પ્રગટ થયા છે એ ઉપરથી એ અહેવાલો સત્તાવાર છે એમ જાણી શકાય છે. એટલુંજ નહિ, પણ ઇસ્માઇલીઆ કાઉન્સીલોના કાયદા કે જે ના. આગાખાને જાતે પસાર કર્યા છે તેમાં પણ આવુંજ ઠરાવવામાં આવ્યું છે. હકીકતે, આપણા આગાખાની ભાઇઓને પોતાના વ્હાલામાં વ્હાલા અને નજીકમાં નજીક સગાઓના શાદી કે ગમીના કોઇ પ્રસંગોમાં કાંઇ ભાગ લેવાની નાતબહારીનો ભય બતાવી મનાઇ કરવામાં આવી છે. આપની જાણ માટે આ કાયદાઓમાંના કેટલાક હું નીચે ઉતારૂં છું:-

"શાદી અથવા ગમીને લગતી બાબતોમાં સીસીડરો સાથે ભાગ લેવાની ઇસ્માઇલીઓને છુટ આપવામાં આવશે નહિ, તેમજ તેઓ શાદી કે ગમીના પ્રસંગે સીસીડરોને પોતાને ઘેર આમંત્રી શકશે નહિ. આમ છતાં જો કોઇ માણસ આવો ભાગ લે કે તેઓને આમંત્રણ કરે તો તેને બહુમતીથી નાત બ્હાર સુધીની શિક્ષા કરવાનો કાઉન્સીલને અખત્યાર આપવામાં આવે છે." કલમ ૧૨૯, પાનું ૪૫.

"જો ઇસ્માઇલીઓ અને સીસીડરો સગાં હોય અને સાથે રહેતા હોય, અને જો તેઓમાં કોઇ ઇસ્માઇલી મરણ પામે તો તેના જનાજા (મૃત્યુ સરઘસ)માં એકલા ઇસ્માઇલીઓએજ હાજર થવું, અને સીસીડરોએ તેમાં કાંઇ ભાગ લેવો નહિ; તેમજ તેઓએ બીજા (જુદા) ઘરમાં રહેવું. અને "સાદરી" નાખવા સંબંધે, જો સીસીડરો ઝીઆરતની ક્રિયા સુધી ઘર છોડીને ચાલ્યા જાય તો ત્યાં "સાદરી" નાખવી, નહિતર કાઉન્સીલની મુનસફી પ્રમાણે એ ક્રિયા બીજે સ્થળે કરવી. દફન કફનના ખર્ચ માટે, જો કોઇ તે આપવા ખુશી બતાવે તો જરૂર જણાયે તેનો સ્વીકાર કરવામાં આવશે. નહિતો સરકાર સાહેબ (ના. આગાખાન)ના હુકમથી હીઝ હાયનેસ સરકાર સાહેબની આવકમાંથી તે ખર્ચ આપવામાં આવશે." કલમ ૧૩૧, પાનું ૪૬.

કલમ ૧૩૩, પાનું ૪૭: "લગ્ન પ્રસંગે ઇસ્માઇલીઓએ સીસીડરોને કાંઇ ભેટો આપવી નહી કે સ્વીકારવી નહિ; જો કોઇ માણસ કાંઇ (ભેટ) આપશે કે સ્વીકારશે તો તે ગુન્હેગાર થશે અને બહુમતીથી તેને નાત બ્હાર સુધીની શિક્ષા કરવાનો કાઉન્સીલને અખત્યાર આપવામાં આવે છે."

સીસીડરો સાથે લગ્ન અને મરણના બનાવો વખતે, શાદી અને ગમીના પ્રસંગોએ પણ ભળવાની મનાઇ અને શિક્ષા ફરમાવનારા કાયદાઓમાંથી આ થોડાક છે. 'સીસીડર' એ શબ્દ ભુલવણીમાં નાખનારો છે, પણ ખરી રીતે તે એ લોકો છે કે જેમણે નામદાર આગાખાનને ખુદા તરીકે સ્વીકારવાની ના પાડી.

વ્હાલા સાહેબો, આગાખાન કુટુંબ હિંદમાં આવ્યું તે પહેલાંના આપણી ખોજા કોમના ઇતિહાસથી આપ અજાણ નહિ હો. એ ઉલ્લેખ કરવાની મારે ભાગ્યેજ જરૂર હોય કે આપણી નાનકડી ખોજા કોમના ૩ ભાગલા આગાખાનોની કારવાઇથી પડી ગયા છે અને તેથી, જે માટે તેઓ જવાબદાર છે.

હાલના ના. આગાખાને અત્યાર સુધી રમતો રમીને અને આપણી સ્થિતિનો ગેરવ્યાજબી લાભ ઉઠાવીને આપણને વહેંચાઇ ગયેલા રાખવામાં સફળતા મેળવી છે. મેં તેમને લખેલા ખુલ્લા પત્રમાં આપણી કોમમાં પ્રવર્તી રહેલી સ્થિતિની વિગતો આપી છે. પણ અત્યારની ઘડીએ પણ જો તેઓ એમ માનવાની હદ સુધી જાય કે આપણને આપણા પરસ્પર સુખદુઃખમાં એક-બીજાથી છેટા રાખવાની તેમની અમાનુષિ યુકિત પ્રયુકિતઓ તરફ આપણું ધ્યાન નહિ ખેંચાય તો ત્યાં ચોકકસ હદ આવી જાય છે.

હવે હું આપ સૌ પાસેથી એ જાણવા ઇચ્છું છું કે જેમ પડયું છે તેમ સ્વીકારી લઇને આપ આ અનિષ્ટને ચાલવા દેવા માગો છો કે કેમ. ના. આગાખાનની આવી અમાનુષિ વર્તણુક સામે વિરોધ ઉઠાવવાની આપને આપની ફરજ નથી લાગતી? તે એક મોટા માણસ છે એ હકીકત શું આપને આપની કોમ પ્રત્યેની ફરજમાંથી ચ્યુત કરે છે? આપના પોતાના કાર્યોથી આપનું તોલન કરવાની હું કોમ અને જાહેર લોકોને વિનંતિ કરૂં છું.

આપનો સંબંધી,

**કરીમ ગુલામઅલી**

* અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર.

# સ મા ચા ર ના સા ર.

**એ. સાવરકરની ધરપકડ :** મહારાષ્ટ્રના ક્રાંતિકારી આગેવાન બેરીસ્ટર સાવરકરની રત્નાગીરીમાંથી સ્પે. પાવર્સ ઓર્ડીનન્સ નીચે ધરપકડ કરવામાં આવી છે.

ક્રાંતિકારી ચળવળને અંગે ચૌદ વરસની સજા ભોગવી આવ્યા પછી 'મારી જન્મ ટીપ' નામનું પુસ્તક બ્હાર પાડી પોતાનો કાળા-પાણીનો અનુભવ કહ્યો છે. આ પુસ્તક મુંબઇ સરકારે જપ્ત કર્યું છે.

**મ. ગાંધીજી કાઠીઆવાડમાં :** પુજ્ય મહાત્માજીએ જેલમાંથી બ્હાર આવ્યા પછી હરિજન પ્રવૃત્તિને અંગે આખા હિંદુસ્તાનમાં ફરવાનો એક વરસનો પ્રોગ્રામ ગોઠવ્યો છે. આવતા જુન માસના છેલ્લા અઠવાડીયામાં કાઠીયાવાડ ખાતે આવનાર છે.

**પં. જવાહરની ફેરબદલી :** પંડીત જવાહરલાલ નહેરૂને કલકત્તાથી દહેરાદુન જેલમાં ખસેડવામાં આવ્યા છે. એમ જણાય છે કે પંડીતજી માટે આ વખતે જેલમાં સારી વ્યવસ્થા કરવામાં આવી છે. ઇલેકટ્રીક, રસોડું તેમજ બાથ રૂમની સગવડ કરવામાં આવી છે.

**કામદારોનો યજ્ઞ :** મુંબઇના કામદારોની હડતાળ દીન-પ્રતિદિન વધારે મજબુત બનતી જાય છે. ૧૬ કે ૧૭ મીલમાં થોડા થોડા કામદારો કામ ઉપર જાય છે. અને ફકત ચારજ મીલો પુરતા માણસો સાથે કામ કરી રહી છે. મીલ માલેકો કામદારોને લલચાવવા બનતું કરી રહ્યા છે. એરોપ્લેનમાંથી લાલચ આપનારી પત્રિકાઓ ઉરાડે છે. કામદારો ખૂબ મક્કમ છે.

**બુદ્ધને પગલે મહાત્માજી :** હરિજન પ્રવૃત્તિને અંગે ઓરીસામાં મહાત્મા ગાંધીજી વાહન હોવા છતાં ભગવાન બુદ્ધની માફક પગપાળે મુસાફરી કરનાર છે.

**ચંપારણ જીલ્લામાં આફત :** ચંપારણ જીલ્લામાં નારકાટીઆગંજ ખાતે ગઇ તા. ૬ઠીએ વરસાદ તથા તોફાન થવા પામ્યું હતુ. કેટલાક ઘરો તુટી પડયાં છે અને માણસો તથા ઢોરો માર્યાં ગયા છે. આકાશમાંથી પડેલા કેટલાક પત્થરા બશેર સુધીના હતા. જમીનમાંથી ધુમાડો નીકળ્યાનો વિચિત્ર બનાવ બન્યો હતો.

**પૃથ્વી ગોળ નથી :** અલીગઢ મુસ્લીમ યુનીવરસીટીના ભુગોળ ખાતાને શ્રી. અલ્લારએ જે યુકત પ્રાંત્તના મેકેનીકલ છે તેમણે લખી જણાવ્યું છે કે પૃથ્વી ગોળ નથી અને સ્થીર છે એમ પુ-રવાર કરી શકે એમ છે. તેણે યુનીવરસીટીને એક યંત્ર મોકલ્યું છે જેના-વડે પૃથ્વી ગોળ છે અને સૂર્ય પછવાડે ફરે છે એ જુની માન્યતાને તોડી શકે એમ છે.

**ફીલ્મ સ્ટુડીયોમાં આગ :** અંધેરીથી ચાર માઇલ દુર આવેલા ગારેગામ ખાતેના મુંબઇની મશહુર શ્રી શારદા ફીલ્મ કું.ના સ્ટુડીયોના વિશાળ કમ્પાઉન્ડમાં આવેલા સ્ટોર રૂમમાં આગ લાગવાથી ચારેક લાખ રૂપિયાનું નુકશાન થયું. છે.

**મહાત્માજીની મોટરને અકસ્માત :** ગઇ તા.૪થીએ મહાત્માજી, બાબુ રાજેન્દ્રપ્રસાદ, ઠક્કર બાપા વગેરે રાંચીથી મોટ-રમાં જમશેદપુર જવા નીકળ્યા ત્યારે રસ્તામાં મોટર એક નાના થાંભલા સાથે ભટકાઇ હતી. કોઇને ઇજા થવા પામી નથી.

**નવું દૈનિક પત્ર :** મુંબઇથી પ્રસિદ્ધ થતા શ્રી 'સન'ના તંત્રી અને રાજસ્થાની નેતા શ્રી. અમૃતલાલ શેઠના તંત્રીપણા નીચે ચાલુ માસના ત્રીજા અઠવાડીયામાં એક ગુજરાતિ દૈનિકપત્ર "જન્મ ભૂમી" મુંબઇથી પ્રગટ થનાર છે.

**ડો. અન્સારી યુરોપ જશે :** જાણીતા કોંગ્રેસ નેતા અને તાજેતરમાં સ્થપાયેલ સ્વરાજીષ્ટ પક્ષના આગેવાન ડો. અન્સારી પોતાની નાદુરસ્ત તબીયતને કારણે ટુંક મુદતમાં વિએના ઉપડી જનાર છે.

**બંગાળાના ગવર્નર ઉપર ખુની હુમલો :** લેબોંગ રેસકોર્સ ઉપર બંગાળાના ના. ગવર્નર ઉપર ગઇ તા. ૮મીએ બે બંગાલી યુવાનોએ ગોલીબ્હાર કર્યા હતા. કાંઇ પણ ઇજા થવા પામી નથી. બન્ને યુવાનોની ધરપકડ કરવામાં આવી છે. રેઇસ પુરી થતાં સુધી ગવર્નર ત્યાંજ રહ્યા હતા. આ બનાવને અંગે ધરપકડ અને જડતીઓ ખૂબ લેવાય છે.

## વેપાર સમાચાર.

( તા. ૧૩–૫–૩૪. )

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુરમાં ૪૮૯ ગાંસડી વેચાણી છે અને બજાર શાંત છે. સ્થાનીક બજારમાં કાંઇ સોદા પડયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨ાા થી ૧૩) આસપાસનો ગણાય.

[ અનુસંધાન પાના ૧૯થી ]

ભાવિક રીતે તેઓ મારા ઉપર ગુસ્સો રાખતા હોય. અને તેથી મને મારી નાખવાનોજ તેઓનો ઇરાદો હતો. મારા ઉપર હુમલો થયા પછી હું ટાંગો કરી વેસ્ટ હોસ્પીટલમાં ગયો હતો. અબ્દુલ-અલીને મેં જીવા લસ્કરને સોંપ્યો હતો. મને હોસ્પીટલમાં ટાંકા લઇ, પાટાપીંડી કરી સારવાર નીચે રાખવામાં આવ્યો હતો. રાતનો વખત હોવાથી કોણ ડોકટર હતા તે હું ઓળખી શકયો ન્હોતો. પણ મારી સારવારમાં ડો. અંતાણી હતા. હોસ્પીટલમાં રાતના પંચ તથા પોલીસ આવેલ હતા. મારા મારનું પંચનામું કર્યું હતું. તે વખતે સદરના ફોઝદાર પણ હાજર હતા. લગભગ ૧૬ દિવસ હું હોસ્પીટલમાં રહ્યો હતો. હોસ્પીટલમાંથી ઘરે આવ્યો ત્યારે હું ચાલી પણ શકતો ન્હોતો, અને કામ કરવાની શકિત-વાળો હતો નહિ. ઘરે આવ્યા પછી હું ડોકટર મદનજીની સારવાર-માં હતો ઘરે આવ્યા પછી હું લગભગ ૨૫–૩૦ દિવસે કામ કરવાની શકિતવાળો થયો હતો. છાતીએ સોજો હતો અને દવા ચોપડાવતો. (આંહી શ્રી. હીરાણીની છાતી ઉપરના જખમના નીશાન કોર્ટને દેખાડવામાં આવ્યા હતા.) બીજા તહોમતદાર નજરઅલીને તેજ રાત્રે હોસ્પીટલમાં મારી આગળ રજુ કરવામાં આવ્યો હતો અને મેં તેને ઓળખ્યો હતો. પહેલા તહોમત-દારને પણ મેં ઓળખ્યો હતો."

આંહી મુખ્ય તપાસ પુરી થઇ હતી, અને કેસ આવતી કાલ ઉપર મુલ્તવી રહ્યો હતો.

( અનુસંધાન પાના ૨૦થી )

સ્વાર્થલોલુપો આપણને આપણા આ અનન્ય એવા ધર્મ કારણે આપણી નીંદા થવાથી આપણા પાપો ધોવાતાં હોવાનું સમજાવે છે, અને તે માટે પાંડવો અને બીજા પીરો પોતાની નીંદા કરાવી પાપ–મુક્ત થયા હતા એવાં ઉદાહરણો આપી આપણને અનિચ્છાએ એ પ્રતિ ઉપેક્ષા કરાવે છે. અને આપણે તે સાચું માની લઇએ પણ છીએ. જ્યારે ખરૂં તો એ છે કે ધર્મના કારણે આપણી નીંદા થાય છે એ તો બરાબર, પણ એ ધર્મ અનન્ય હોઇને લોકો અદેખાઇ નથી કરતા પણ આપણો ધર્મ 'ધર્મ' નામની ક્રુર મશ્કરી હોઇને તેને ટકાવી રાખવાને તેમાંથી કમાણી કરનારાઓને અવનિ આકાશ એક કરવાં પડે છે એને અન્વયે લોકોમાં એ જાતનો પડઘો પડે છે એ છે.

*

આ બધાં કારણોએ ખોજા તરીકે આપણે સમાજમાં ક્યાંય સ્થાન લઇ શકીએ એ સ્થિતિ નથી રહેવા દીધી, અને હજીએ જો સમાજમાં આપણી નિર્દોષતા સાબીત કરવાને કશાએ પ્રયાસ કર્યા વિના આપણા આ ગતાનુગતિક સંપ્રદાયનીજ સોડમાં લપાઇ રહીશું તો નજીકનાજ ભવિષ્યમાં આપણે આપણો રહ્યો સહ્યો સામાજિક દરજ્જો છેકજ ગુમાવી બેસીશું. બીજી તરફથી ના. આગાખાનનું અવિરત ચાલુ રહેલું અર્થ-શોષણ આપણી કોમનો અનેકવિધ હ્રાસ કરી રહેલ છે. એ બધાંના યોગે આ અવનિ ઉપર માનવંત જીવન જીવવાને તદ્દન નાલાયક બની જઇશું એ નિર્વિવાદ છે.

*

જગત આપણા તરફ સમાન ભાવે જોતું થાય એ અત્યંત આવશ્યક છે. અને ગમે તે ભોગે એ સ્થિતિ ઉત્પન્ન કરવાયોગ્ય છે. એ માટેના પ્રથમ પ્રયાસ તરીકે આપણે પહેલી તકે એ પાખંડ ધર્મ અને તેની ગુપ્તપણે કરાતી એવી સઘળી ધર્મ ક્રિયાઓને તિલાંજલી આપી દેવી જોઇએ, અને તે વિના આપણો ઉદ્ધાર નથી એ નિઃસંશય છે. એટલું કર્યા પછી આપણે બીજી કોમોના આંતરજાતીય વહેવારોમાં ભાગ લેતા થવું જોઇએ. અને જો આપણે એટલું કરી શકીએ તો જગતને પણ લાંબો વખત આપણી સાથે આજનો વર્તાવ ચાલુ રાખવાનું પાલવશે નહિ, અને પછી એ ચાલુ રાખવાનું કોઇ કારણ પણ નથી.

## "પાણી પણ નહિ મળે"

### અમદાવાદમાં જોહુકમી

વરજાંગ જાળીયાવાળા ભાઇ ઇબ્રાહીમ જીવા આ નીચે પોતાની આપવીતી લખી મોકલાવે છે. કોમને આજે કેટલી હદ સુધી બેહાલ અને પરવશ બનાવી દેવામાં આવી છે તેનું આ એક ઉદાહરણ છેઃ–

મુંબઇ, તા. ૪–૫–૩૪

" ખોજા જાગૃતિ "ના તંત્રીની સેવામાં – મુ. રાજકોટ.

નીચેની હકીકતને આપના પેપરમાં સ્થાન આપવા મહેરબાની કરશોઃ—

હું અમદાવાદ તા. ૨૩–૪–૩૪ના રોજ ગયેલ. તદન અજાણ્યો માણસ હતો અને ગામમાં એક મારા મિત્રની તપાસ કરતો ફરતો હતો. રસ્તામાં જમાતખાનાનું મકાન છે ત્યાં હું ગયો, અને બાંક ઉપર બેઠો. મારી સામે એક ભાઇ બેઠા હતા તેણે મને પુછ્યું કે, "કેવા છો ?" મેં કહ્યું : "હું ખોજો છું." "ક્યાંથી આવો છો ?" "કાઠીયાવાડથી." તો તેણે કહ્યું કે, "જમાતની ચીઠી લાવ્યા છો ?" મેં ના કહી. "ચીઠી વગર આવવું નહિ, ચાલ્યા જાવ. તમો કાઠીયાવાડી કાનજી ગુલાના પક્ષના છો, ચીઠી હોય તો બેસો." મેં કહ્યું : "મને પાણી પીવું છે; પાણી પીને હું ચાલ્યો જઇશ." તો તે ભાઇએ કહ્યું જે ચીઠી વગર જમાતખાનામાં આવવાનો હુકમ નથી તો પાણી તો ક્યાંથી પી શકશો ? પાણી પણ નહિ મળે. જલ્દી બહાર નીકળો." મેં કહ્યું : "તમારૂં નામ શું ?" તો તેણે કહ્યુંઃ "અમો અત્રે નામ આપવા નથી બેઠા. નામનું શું કામ છે ? જાવ. જલ્દી જાવ." મેં કહ્યુંઃ "તમોને દયા પણ નથી આવતી કે પાણીની ના પાડો છો ! ધિક્કાર છે તમોને અને તમારા ધરાર પટેલોને કે આવા હુકમનું પાલન કરાવે છે. તેને અને તમારી આપખુદ સત્તાને પણ લાખવાર ધિક્કાર છે. ગમે તેવો નિર્દય માણસ પણ પાણી પીવાની ના પાડતો નથી અને તમો ના પાડો છો." તો તેણે કહ્યું; "લવાન કરવાની જરૂર નથી."

આ ભાઇ શરીરે અલમસ્ત જેવા છે. કાળી ટોપી અને સફેદ લોંગ કોટ અને સફેદ પાટલુન પહેરેલાં હતાં. આ ભાઇનો રૂઆબ જોઇ મને માર પડશે તો આહીં કોઇ છોડાવા નહિ આવે તેમ સમજી મારો રસ્તો કાપવા માંડયો અને જલ્દી સ્ટેશને ગયો.

લી૰ **ઇ.જે. વીરાણી.**

[ અનુસંધાન પાના ૧૮થી ]

તેમની પાસેથી એક આશા હજી રાખીએ છીએ. ખોજા કોમને આજે તેની પરાધીન હાલતમાંથી એ ન છોડાવે તો કાંઇ નહિ; પણ તેના બંધનો વધુ મજબુત બનાવવામાં તો તેઓ મદદગાર ન થાય એટલું તો કોમ જરૂર માગે છે. એ ખરેજ દુઃખનો વિષય છે કે આપણી કોમના કેટલાક આગેવાન સભ્યો, કોમની સાથેનો પોતાનો સંબંધ ઘણે અંશે તોડી નાખ્યા છતાં પણ, ના. આગાખાનના હથીયાર તરીકે પોતાનો ઉપયોગ થવા દયે છે. અમે એમને કહીએ છીએ કે કોમના હિતમાં જો તમે ઉદાસીનતા સેવો છો, તો ના. આગાખાનના હિતમાં પણ એટલીજ તટસ્થતા બતાવો. ખોજા કોમને તમારા જેવા કેળવાયેલા અને ધનવાન ગૃહસ્થોના નામે આંજી નાખવાના જે પ્રયત્નો ના. આગાખાન અને તેમના વાજીંત્રો અને બાડુલાઓ તરફથી થાયછે તેમાં તમારા નામનો દુરૂપયોગ થતો અટકાવો. ના. આગાખાન તરફથી કોઇ અર્થ વગરના ઇલ્કાબ કે નકામા હોદ્દા ન સ્વીકારો, કે જ્યારે તેઓને જરૂર પડે ત્યારે માનપત્ર આપવા કે આમંત્રણના તાર કરવા ન દોડી જાવ. તમે જો તટસ્થ રહેવા માગતા હો તો પ્રામાણિકપણે તટસ્થ રહો. તમારા તરફની આટલી આશામાં પણ જો નિરાશા મળે તો પછી કોમે એમજ લેખવાનું રહ્યું ને કે જો કોમને સ્વતંત્રતા જોઇતી હશે તો તેણે ના. આગાખાનની સાથોસાથ તમારો પણ સામનોજ કરવો પડશે ?

સસ્તું અને સારૂં વાંચન
વાંચવું હોય તો બે રૂપીઆ
મોકલાવી " ખોજા જાગૃતિ "ના ગ્રાહક બનો.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૨૦૦.**

"કોઈ શખ્સ પાસે 'ચંદ્રાકી,' 'ચડત,' 'ફાળા' અને એવી એવી સરકાર સાહેબી રકમ લેણી રહેલી હોય તો કાઉન્સીલે અગર તે વખતના ત્યાંના મુખી અગર કામડીયાએ તે તેની પાસેથી શાદી અગર એવા બીજા કોઇ ખુશાલીના પ્રસંગે કાઉન્સીલને યોગ્ય લાગે તેવા વ્યાજબી અને યોગ્ય ઉપાયોથી વસુલ કરવી."

આ પ્રકરણને મથાળે "આપખુશીથી આપવામાં આવતા નઝરાણાં, બક્ષિસો, વિગેરેને લગતા કાયદાઓ" એમ લખવામાં આવ્યું છે, જ્યારે આ કલમથી કાઉન્સીલને યોગ્ય લાગે તેવા ઉપાયોથી ચંદ્રાકી, વિગેરે વસુલ કરવાની સત્તા આપવામાં આવે છે. આ પરસ્પર વિરૂદ્ધ છે, અને શબ્દોની આ રમત–બાઝી કોમને મૂર્ખ બનાવવા જાણી બુઝીને ખેલવામાં આવે છે. જે વસ્તુ રાજી ખુશીથી આપવાની હોય તેની વસુલાત ન હોય કે તે માટે યોગ્ય લાગે તેવા ઉપાયો લેવાના ન હોય અને જો તે ફરજીઆત વસુલ કરવામાં આવતી હોય તો તે રાજી ખુશીથી આપવામાં આવે છે એમ કહી શકાય નહિ.

શાદી અગર એવા ખુશાલીના પ્રસંગે યોગ્ય ઉપાયોથી વસુલ કરવાનો અર્થ લગ્ન કે એવા પ્રસંગો અટકાવીને પૈસા વસુલ કરવા શિવાય બીજો થતો નથી. અત્યારે કોમ પાસેથી જે ભારે કર-વેરાઓ લેવાય છે એ કોમની ખાતર લેવાતા નથી, પણ ઇસ-માઈલી ધર્મ અને એના વડા ના. આગાખાનના નામ નીચે અને કામ માટે લેવામાં આવે છે, અને તેની એક પાઇ પણ કોમના હિત માટે કોમ પાસે રહેવા દેવામાં આવતી નથી. એટલે જે કરવેરાની આવક કોમને ન મળે તે કરવેરા દેવા કોમ બંધાયેલી નથી. આ હિસાબે અત્યારના બંધારણ નીચે કરવેરાને નામે એક પાઈ પણ દેવાનું કોમને માથે નૈતિક બંધન નથી; તો પછી એ કરવેરા લગ્ન કે તેવા બીજા પ્રસંગો અટકાવીને વસુલ કરવાની સત્તા તો કોઇને કયાંથીજ હોય!

જો આજે કોમે ન ચુંટેલી કાઉન્સીલ કોમે ન ઘડેલ ધારાઓના નામ નીચે કોમ પાસે નથી રહેતા એવા પૈસા આવી રીતે વસુલ કરવા હકદાર નથી, તો કોમે ચુંટેલી કાઉન્સીલ કોમે ઘડેલા ધારાઓથી કોમ પાસે રહે એવા પૈસા વસુલ કરવા માટે આવો રસ્તો લઇ શકે ખરી? હરગીઝ નહિ. જે સંસ્થા સાણસામાં પકડયા શીવાય, સહકાર અને શુભ નિષ્ઠાથી પોતાના નિયમોનું પાલન નથી કરાવી શકતી એ જીવવા માટે લાયકજ નથી, અને વ્હેલે મોડે તેને નાબુદ થવુંજ પડે છે. લગ્ન કે એવા પ્રસંગો પૈસા વસુલ કરવા માટે અટકાવવા એમાં માણસાઇ નથીજ.

**કલમ ૨૦૧.**

"જો કોઇ શખ્સ નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામને 'ધર્મ' (મરજીઆત ભેટ), 'થાળ,' 'સુફરો' અગર બીજા ધર્મ તરીકે કરવા ઇચ્છા ધરાવે તો તેણે તે વખતે રોકડા પૈસા આપવા."

ધર્મ સાથે નિસ્બત ધરાવતી આ કલમને કોમના સામાજિક બંધારણમાં દાખલ કરી શકાય નહિ. ઇસ્માઇલી ધર્મને પૈસા સાથે અને તે પણ રોકડા પૈસા સાથે બધો સંબંધ છે એ આ કલમથી વધુ સ્પષ્ટ થાય છે.

**કલમ ૨૦૨.**

"જમાતખાનામાં અગર બીજા કોઇ સ્થળે કોઇ શખ્સ સર-કાર સાહેબી નાંદી (એટલે હઝરત મૌલાના હાજર ઇમામ માટે ધાર્મિક ક્રિયામાં ધરાતી વસ્તુ) ખરીદ કરે તો તેણે તે રકમ રોકડી આપવી; અને તેમ ન કરે તો તે વસ્તુ ફરીને બીજા ધણીને વેચી નાખવામાં આવશે."

ના. આગાખાનની આ દુકાનદારીમાં "રોકડા પૈસા"નું પાટીયું લગાવવામાં આવે કે ઉધાર ધીરધાર કરવામાં આવે તેની સાથે કોમને કશી નિસ્બત નથી; એટલે આ કલમ દૂર કરવી જોઇએ.

**કલમ ૨૦૩.**

"કોઇ પણ માણસ સરકાર સાહેબી લેણામાં જમે કરવા વાસ્તે "નાંદી" કરવા અમુક વસ્તુ જમાતખાનામાં આપે તો તે સ્વીકારવામાં આવશે અને "નાંદી" ફેરવામાં આવશે અને તેનું વેચાણ કરતાં જે કિંમત ઉપજે તે સરકાર સાહેબી હિસાબમાં તેની જમે કરવામાં આવશે. પણ તેને કાંઇ રોકડ રકમ આપવામાં આવશે નહિ."

ધંધાદારીઓના ધંધાના નિયમો સાથે ખોજા કોમને કાંઇ નિસ્બત નથી; તેથી આ કલમ રદ કરવી જોઇએ.

**કલમ ૨૦૪.**

"જો કોઇ ગુજરનારે પોતાના વીલમાં અમુક નાણાંની રકમ અગર મીલ્કત સરકાર સાહેબને અર્પણ કરી હોય તો તે રકમ અથવા મીલ્કત મર્હુમના વારસો અથવા વીલનો અમલ કરનાર પાસેથી જેમ બને તેમ જલદી કાઉન્સીલે વસુલ કરવી."

ટીકા ઉપર મુજબ.

**કલમ ૨૦૫.**

"જો કોઇ પણ શખ્સે પોતાને અથવા બીજા કોઇને હીઝ હાયનેસ સરકાર સાહેબને ભેટ આપવાની માનતા કીધી હોય તો હીઝ હાયનેસ સરકાર સાહેબની વતી મુખી અને કામડીયાને યોગ્ય લાગતા મુજબ રૂા. ૧૦ થી ૨૦ સુધીની રકમ આપી તે માનતા પુરી કરી શકશે."

ટીકા ઉપર મુજબ.

**કલમ ૨૦૬.**

"જો કોઇ પણ માણસ જમાતના અમલદારીનું અપમાન કરે તો તેના ઉપર કાઉન્સીલમાં કામ ચલાવવામાં આવશે, અને જો તે ગુનેગાર ઠરશે તો કાઉન્સીલ તેને સજા કરશે."

આ કલમ અતિશય અસ્પષ્ટ છે. અમલદારી કોને કહેવો? અપમાન વ્યકિતગત હોય તો કે હોદ્દેદાર તરીકેનું હોય તો કામ ચલાવવું? અને ગુન્હેગાર ઠર્યા પછી કઇ જાતની કેટલી સજા કરવી? આ બધું સ્પષ્ટ થવું જોઇએ. આવી અસ્પષ્ટતાથી તો કાઉન્સીલ પોતાને ફાવે તે માણસને ફાવે તેવી રીતે હેરાન કરી શકે

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.


મૌન શા માટે?

Regd. No. B. 3114


પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી. [ અંક: ૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨. મે ૨૨ : ૧૯૩૪.
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૬ સંવત ૧૯૯૦ના બી. વૈશાખ શુદ ૮ મંગળવાર. મુદ્રણસ્થાન : જાગૃત મુદ્રણાલય


# "મૌલા"ની "મહેર"!



કચ્છની જમાતોના ગળામાં પોતાનું હીત રક્ષતા કાયદાઓરૂપી ઘંટીનું પડ વળગાડીને ના. આગાખાને પોતાના હાથ નીચે દબાતા ગુલામોમાં એકનો વધારો કર્યો છે. આ સામે કચ્છના કેટલાક ભાઇઓએ ના. આગાખાન પાસે લેખિત પોકાર રજુ કર્યો છે; પણ 'દુઆ આશીષ' સહીત આફતો મોકલાવવાની હિંમતવાળા ના. આગાખાનને તેનો જવાબ આપવાની ફુરસત નથી.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૨-૫-૩૪.


## મૌન શા માટે ?

જ્યારથી ખોજા કોમને આગાખાન કુટુંબનો ભેટો થયો અને પહેલા આગાખાને બ્રીટીશ કોર્ટનો આશ્રય લઇ ખોજા કોમ પાસેનું પોતાની મેળે માની લીધેલું 'લેણું' વસુલ કરવા કાયદેસર પગલાં ભરી કરવેરા ફરજીઆત ઉઘરાવવાનો પ્રયત્ન કર્યો ત્યારથી ખોજા કોમમાં સુધારાની પ્રવૃત્તિ શરૂ થઈ અને ત્યારથી અલમોતના નામીચા ખૂની હસન બીન સબ્બાહે ધર્મને નામે આચરેલી ખૂનરેઝી આપણે ત્યાં પણ શરૂ થઇ. જુના વખતમાં ચાલેલી સુધારાની પ્રવૃત્તિએ જુના રાહ લીધા અને બન્યા તેટલા બલિદાન આપ્યા છતાં પણ સુધારકોને હાથે નવા વાડા અને નવાં ટોળાં રચાણાં. પણ જુના વખતમાં શરૂ થયેલી આ ખૂનરેઝીએ આજદિન પર્યંત પોતાનું સ્વરૂપ બદલ્યું નથી. આજના સુધારકોને માથે પણ એજ છુરી લટકે છે કે જે પોણી સદી પહેલાં લટકતી હતી.

સૈકાઓ પહેલાનો ઇતિહાસ આંહી ઉખેળવા આજે અમે માગતા નથી. આજે તો છેલ્લા થોડા બનાવો ઉપર અમે ચર્ચા કરવા માગીએ છીએ. આપણી આગળ ૧૯૨૮,૧૯૨૯ અને ૧૯૩૩ના કરૂણ પ્રસંગો હજી તાજા છે. "કચ્છ સુદર્શન"ના તંત્રી ભાઇ નાનજી લાલજી પરમાર ઉપર મુંબઇમાં ધોળે દિવસે ભર બજારમાં છુરીઓ ચાલી; કરાંચીના એક જાણીતા સુધારક ઉપર ત્યાર પછી કુહાડીઓ વડે હુમલો થયો; અને છેલ્લે ના. આખાન હિંદની ભુમિ ઉપર પગ મુકે તે પહેલાં ચાર દિવસે રાજકોટમાં એક સુધારક [illegible]ને છરીથી ઘાયલ કરવામાં આવ્યો. આજે કોઇ વ્ય-[illegible] જાતને લેશ માત્ર મહત્વ [illegible] કિતની દ્રષ્ટિએ નહિ, [illegible] તે સંબંધેની આપવાની ઇચ્છા વિના, આ બનાવો અને [illegible] ના. આગાખાન અને તેમના વાજીંત્રોની વર્તણુંક ઉપર અમે ચર્ચા કરવા માગીએ છીએ.

કોઇજ એમ કહી શકશે નહિ કે ના. આગાખાન આ હુમલાઓથી માહિતગાર નથી. નાનું બચ્ચું પણ એ સમજે છે કે આ ખુની હુમલાઓ ના. આગાખાનનું હિત સલામત બનાવવા કરવામાં આવે છે. વ્યાપારી દ્રષ્ટિથી આખો પંથ ચલાવનાર ના. આગાખાન પોતાનાજ લાભમાં બનતા આ બનાવોથી કદી પણ અજ્ઞાત હોયજ નહિ. ઘડીભર એમ માની લઇએ કે ના. આગાખાનને આ ખુની હુમલાઓના ખબર સીધા ન મળતા હોય, તો પણ લગભગ આવા દરેક હુમલા વખતે તેઓ નામદારને હુમલાનો ભોગ બનનારાઓએ અથવા બીજાઓએ ખબર મોકલાવ્યા છે. આમ છતાં ના. આગાખાન આ સંબંધે એક શબ્દ પણ બોલ્યા શિવાય સંપૂર્ણ મૌન સેવી રહ્યા છે. અમે પુછીએ છીએ કે આ મૌન શા માટે?

ભાઇ પરમાર ઉપર હુમલો થયો ત્યારે કોમના એક ભાઇએ ના. આગાખાન પાસે જઇ હુમલો કરનારાઓને ઓછામાં ઓછું નાતબ્હાર કરવાની માગણી કરી હતી. ના. આગાખાને એ વાત ઉપર સંપૂર્ણ દુર્લક્ષ કર્યું. અમે કહીએ છીએ કે આમ શા માટે?

આ પત્રના તંત્રી ઉપર હુમલો થયો ત્યારે પણ કરાંચીથી ભાઈ ફકીરમહમદ નાનજીએ ના. આગાખાનને તાર કર્યો હતો. એ ઉપરાંત જાહેર વર્તમાનપત્રોમાં પણ આ હુમલાને વખોડી કાઢવા માટે ના. આગાખાનને આગ્રહ કરતા અહેવાલો પ્રગટ થયા હતા. તો પણ ના. આગાખાને તે પછી ત્રણ ત્રણ માસ હિંદમાં રહેવા છતાં પોતાની ઝબાન ન ખોલી. અમારો એ પ્રશ્ન છે કે આ ચુપકીદી શા માટે?

ના. આગાખાન આ ખુની હુમલાઓની તરફદારી કરે છે? તેઓને એમાં કાંઇ અજુગતું નથી ભાસતું? તો તેઓએ સ્પષ્ટ શબ્દોમાં ખુલ્લી રીતે તેમ જાહેર કરવું જોઇએ તેઓએ તેમ કહી દેવું જોઇએ કે 'જે બને છે તે બરાબર છે.' પણ જો તેમ ન હોય, જો ના. આગાખાન આવા હુમલાઓની તરફદારી કરતા ન હોય, જો તેઓને એમાં કાંઇ અજુગતું લાગતું હોય, તો તેમની એ તાત્કાલિક ફરજ છે કે તેમણે આવા ખૂની હુમલાઓને ખુલ્લી રીતે જાહેરમાં વખોડી કાઢવા જોઇએ, એવા હુમલા કરનારાઓ ઉપર તેમણે લ્યાનત વરસાવવી જોઇએ અને ભવિષ્યમાં આવા બનાવો કદી પણ ન બનવા પામે એ માટે પોતાની બધી સત્તા, શકિત અને લાગવગનો ઉપયોગ કરવો જોઇએ. ગમે તેમ, આ તરફ કે તે તરફ તેમણે પોતાની ઝબાન ખોલવી જોઇએ.

અને 'ફેંઝે પહોંચાડો, ફેંઝે પહોંચાડો'ના બુમ બરાડા પાડી ઉશ્કેરણી ફેલાવનારા ના. આગાખાનના એ વાજીંત્રો શા માટે આ હુમલાઓ સંબંધે મૌન સેવી રહ્યા છે? શા માટે એક શબ્દ સરખો પણ તેઓ પોતાના પત્રમાં લખતા નથી? કાં તો તેઓએ સાફ શબ્દોમાં જણાવી દેવું જોઇએ કે 'આ હુમલાઓ થાય છે તે ઠીક થાય છે' અથવા તો તેમણે વિરોદ્ધ કરવો જોઇએ. ખોજા કોમમાં બનતા મહત્વના બનાવોની તેઓ શા માટે નોંધ લેતા નથી?

અમે ના. આગાખાન અને તેમના વાજીંત્રોને ફરી ફરીને એજ પુછીએ છીએ કે : આ મૌન શા માટે?

# ખૂની હુમલા કેસની વધુ સુનાવણી

## છ સાહેદોની મુખ્ય તપાસ

[અમારા પ્રતિનિધિ તરફથી]

રાજકોટ, તા. ૧૨મી મે.

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલા સંબંધેના કેસની વધુ સુનાવણી આજે આંહીની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં સવારના સાડા નવ વાગે નીકળી ત્યારે કોર્ટનો હૉલ પ્રેક્ષકોથી ચીકાર ભરાઈ ગયો હતો.

મુકદમાની વિગત ટુંકમાં એવી છે કે ગઇ તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ શ્રી. હીરાણી રાત્રે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ખોજા જુવાનો તેમની પાસે આવ્યા હતા અને એક કલાક વાતચીત કર્યા પછી દુકાન બંધ કરતી વખતે તેમાંના એકે શ્રી. હીરાણી ઉપર છરી વતી હુમલો કરી ઘાયલ કર્યા હતા. તેજ રાત્રે બન્ને તહોમતદારોની ધરપકડ કરવામાં આવી હતી અને શ્રી. હીરાણીને હોસ્પીટલમાં સારવાર નીચે રાખવામાં આવ્યા હતા. તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદ આગ્રાના રહીશો છે, અને એક એક હજારના જામીન ઉપર છુટા છે. તેમના તરફથી મી. મણીઆર વકીલ અને પોલીસ તરફથી પબ્લીક પ્રોસીક્યુટર મી. એલ. કે. મહેતા એડવોકેટ સાથે મી. ચીમનલાલ નાગરદાસ શાહ એડવોકેટ અને શ્રી. અણુભાઈ પોલીસ પ્રોસીક્યુટર હાજર રહ્યા હતા.

### ભાઇ હાશમ વાલજીની જુબાની

પહેલા સાહેદ ભાઇ હાશમ વાલજીએ મી. મહેતાની તપાસમાં જણાવ્યું કે "હું વેપાર કરૂં છું. તા. ૯મી ડીસેમ્બર ૧૯૩૩ના રોજ હું કરમાલી દેવજીમાં નોકર હતો. ક્યારેક ક્યારેક કાનજી ગુલાભાઇની દુકાને જાઉં છું. તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ રાત્રીના આઠ વાગ્યે કાનજી ગુલાભાઇની દુકાને ગયો હતો. દુકાને હું ગયો ત્યારે ઇસ્માઇલ કાનજી અને આ બે તહોમતદારો બેઠા હતા. તહોમતદાર નજરઅલી બાબરાનો રહીશ હોવાથી હું તેને ઓળખતો હતો. હું ત્યાં ગયો ત્યારે કાઉન્સીલ બાબત વાતચીત થતી હતી. બીજા તહોમતદારને હું ઓળખતો ન હતો. તેથી નજરઅલીને તેનું નામ પુછતાં તેણે નામ નહિ આપ્યું અને કહ્યું કે તે મારા મિત્ર છે. ક્યાં ઉતર્યા છો તેમ પુછતાં, કાઠિયાવાડ લૉજમાં ઉતર્યા છીએ તેમ કહ્યું. ત્યારપછી વાતચીત કાઉન્સીલના કાયદા ઉપર ચાલી. મેં કહ્યું કે કાયદા ખરાબ છે, ત્યારે તેઓ સારા હોવાનું કહેતા. "ખોજા જાગૃતિની" એક કોપી ઇસ્માઇલ પાસે માગી ત્યારે ઇસ્માઇલે કહ્યું કે કાલે લાવી આપીશ. લગભગ એક કલાક વાતચીત ચાલી હતી. પછી ઇસ્માઇલે કહ્યું કે મારે જવું જાઇએ, ત્યારે બન્ને તહોમતદારોએ કહ્યું કે અમે બાર વાગ્યા સુધી વાતચીત કરવા માગીએ છીએ. ઇસ્માઇલે કહ્યું કે હું બેસી શકું તેમ નથી. અને ઉભા થયા. હું ઓફીસના ઉગમણા બારણા બ્હાર નીકળી ગયો. ત્યાં મારી સાઇકલ બ્હાર પડી હતી. પછી ઇસ્માઇલે અંદરથી બારણું બંધ કર્યું. પછી તરત મારે કાને 'ખૂન કરે છે, દોડો' એવા અવાજ આવવા લાગ્યા. હું સાઇકલ પડતી મુકી અંદર ગયો ત્યાં નજરઅલી બારણું રોકી ઉભો હતો. તેણે મને અટકાવવા મારી તરફ હાથ ધર્યો તો પણ હું તો અંદર ઘુસ્યો. હું ગયો ત્યાં ઇસ્માઇલ કાનજીની છાતી ઉપર અબ્દુલઅલી ચડી બેઠો હતો. તેની પાસે જાઉં ત્યાં અબ્દુલઅલીએ ઇસ્માઇલની છાતી ઉપર ડાબી બાજુએ, રજુ કરવામાં આવી છે તે છરી વતી ઘા કર્યો. ઇસ્માઇલ બુમો મારતો હતો એટલે તેના ઉપરથી મેં અબ્દુલઅલીને ખેંચી લીધો. પછી અબ્દુલઅલી મારી ઉપર ધસ્યો. ઇસ્માઇલ છુટો થતાં તેણે અબ્દુલઅલીને મારી ઉપરથી ખેંચી લીધો. પછી મને પડતો મુકી ફરી વખત અબ્દુલઅલી ઇસ્માઇલ ઉપર ધસ્યો. ઇસ્માઇલ વધારે બુમો પાડવા માંડ્યો. પછી ત્યાં જીવા લસ્કર અને બીજા આવી પહોંચ્યા. વધારે માણસો આવવાથી અબ્દુલઅલીએ ડેલામાં છરી ફેંકી દીધી. અબ્દુલઅલીને જીવા લસ્કરે છરી પાછી લેવરાવી. માણસો આવ્યા એટલે નજરઅલી નાસી છુટયો હતો. અબ્દુલઅલીને જીવા લસ્કર તથા બીજાઓ ગેટે લઇ ગયા. ઇસ્માઇલને ગાડીમાં બેસારી હોસ્પીટલે લઇ ગયા. લોહી ખુબ વહી જતું હતું. પછી હું કાનજી ગુલાભાઇને ખબર આપવા ઘેર ગયો. ઇસ્માઇલ કાનજી "ખોજા જાગૃતિ" કાઢે છે તે હું વાંચું છું. તેમાં કાઉન્સીલની જોહુકમી વિરૂદ્ધ લેખ આવે છે. આગાખાનને નહિ માનનારો પક્ષ ઘણો નાનો છે. આગાખાનને નહિ માનનારાને નાતબ્હારીથી કે છુરીથી મારી નાખી દાબી દેવામાં આવે છે. એવાં ખૂન અને ખૂની હુમલા મારા જાણવામાં છે. જે માણસે ઇસ્માઇલને છરી મારી તેને હું ઓળખી શકું છું. તેમજ તે વખતે ઇસ્માઇલે જે કપડાં પહેર્યાં હતાં તે પણ ઓળખી શકું છું."

### પંચ કાળીદાસભાઇની જુબાની

"હું હોસ્પીટલમાંજ હતો. મને પંચ વાસ્તે બોલાવવામાં આવ્યો હતો. પોલીસમાં મી. પોબારૂ અને સદરના ફોજદાર હતા. ઇસ્માઇલ કાનજીના શરીર તપાસનું પંચનામું કરવાનું હતું. એ વખતે તેમના શરીર પર ડાબી બાજુ બે ઘા હતા તથા કપાળમાં છરકો હતો અને પગે પણ ઉઝરડા હતા. અહીં બતાવવામાં આવે છે તે કોટ અને ખમીસ તે વખતે ઇસ્માઇલે પહેરેલાં હતાં. આ છરી ઇસ્માઇલને બતાવતાં તેણે ઓળખી હતી. છરી ઉપર લોહીના ડાઘા હતા. આ વખતે બન્ને તહોમતદારો હાજર હતા. ઇસ્માઇલે કાનજીએ તે વખતે બન્નેને ઓળખ્યા હતા."

કેસ સોમવાર ઉપર મુલ્તવી રહેલ હતો.

### મીંયાં અબ્દુલ કાદરની જુબાની

તા. ૧૪મી મે.

"પાંચ મહિના પહેલાં હું જીવા લસ્કરની સાથે બાદરખાંની હોટલમાં ચા પીવા ગયો હતો. ચા પી લીધા પછી હોટલના પાટીયા ઉપર બેઠા હતા. ત્યાં કાનજી ગુલાભાઇની દુકાનમાંથી 'દોડો ખૂન, દોડો ખૂન' એવો અવાજ આવવા લાગ્યો. પછી હું અને જીવા લસ્કર બન્ને કાનજી ગુલાભાઇના ડેલામાં ગયા. તો ઇસ્માઇલ કાનજી, હાશમ વાલજી અને અબ્દુલઅલી પુંજા ત્રણે બાજતા હતા. ઇસ્માઇલે કહ્યું કે આને પકડો મને મારી નાખશે. હાશમે

[અનુસંધાન પાના ૩૧]

# બોટાદ બોર્ડીંગમાં ઉશ્કેરાટ

## હેડ બોર્ડરને રજા : વિદ્યાર્થીઓને માર

### કાર્યવાહકોનું રૂઢીચૂસ્ત માનસ

[અમારા પ્રતિનિધિ તરફથી]

બોટાદ, ૧૪ મે.

જ્યારથી બોટાદ બોર્ડીંગમાં ના. આગાખાનના એક મીશનરીની બોર્ડીંગના પ્રીન્સીપાલ તરીકે ગેરકાયદેસર નિમણુક કરવામાં આવી ત્યારથી બોર્ડીંગ આગળ વધવાને બદલે દરરોજ પાછળ હઠતી જાય છે. એના પ્રથમ નતીજા તરીકે લોકપ્રિય હાઉસ માસ્તરને જમાત અને બોર્ડરોની અનિચ્છા છતાં રજા આપવામાં આવી, બોર્ડરોમાં અંદર અંદર કાટફુટ પડાવવામાં આવે છે અને જમાતનો સંપ પણ દિવસે દિવસે અદ્રષ્ય થતો જાય છે. હમણાં બે ત્રણ બોર્ડરો ઉપરાંત હેડ બોર્ડર ભાઈ સુભાનને બોર્ડીંગમાંથી રજા આપવામાં આવતાં બોટાદની સ્થાનિક જમાતમાં તેમજ બોર્ડરોમાં રોષની લાગણી પ્રજ્વળી રહી છે.

હેડ બોર્ડર ભાઈ સુભાનને શા માટે રજા આપવામાં આવી એ સંબંધે સાચા સમાચાર મેળવવા મેં બોર્ડીંગના એક સેક્રેટરીની મુલાકાત લીધી. એ મુલાકાતમાં ભાઈ સુભાનને રજા આપવાનાં કારણો નીચે મુજબ જણાવવામાં આવ્યાં :—

(૧) સુભાનની ચાલચલગત સારી ન હતી.

(૨) આખી બોર્ડીંગના બધા બોર્ડરો ઉપર તેણે કાબુ મેળવ્યો હતો અને હાઉસ માસ્તરનું કોઈ માનતું ન હતું.

(૩) એક બોર્ડરને હાઉસ માસ્તરે મારેલો તેને સુભાન ડોકટર પાસે હાઉસ માસ્તરને કહ્યા શિવાય તેડી જતો હતો; એ નિયમ વિરૂદ્ધ હતું.

(૪) બોર્ડીંગમાં "સાવધાન" કરીને એક હસ્તલેખિત પત્રિકા નીકળતી તેમાં હાઉસ માસ્તરની વિરૂદ્ધ લખાણ કરવામાં આવતું અને સેક્રેટરીઓને બોર્ડીંગના રીપોર્ટ જાહેર વર્તમાનપત્રોમાં આપવાની ધમકી આપવામાં આવતી. આ પત્રિકા સુભાનની મદદ શિવાય નીકળી શકે નહિ. એ માટે સુભાનજ જવાબદાર હતો.

સુભાનની ચાલચલગત [illegible] કે ખરાબ એ સુ[illegible] [illegible]ન છેરથી ધા[illegible] સારા હતા [illegible] જમાતના પાંચ સાત ભાઈઓ સાથે વાતચીત કરી; પણ કોઈએ સુભાનની ચાલચલગત ખરાબ હતી તેમ કહ્યું નહિ. ઉલટું સહુ તેના વખાણ કરતા. સ્થાનિક બોટાદના ન્યાયાધિશ અને મામલતદારે પણ તેને રજા મળ્યા પછી સારી ચાલચલગતના પ્રમાણપત્રો આપ્યાનું મારા સાંભળવામાં આવ્યું છે. આમ સેક્રેટરી, હાઉસ માસ્તર કે મીશનરી શિવાય ગામમાં બીજું કોઈ સુભાનની ચાલચલગત ખરાબ હોવાનું માનતું નથી.

સુભાનને બોર્ડીંગમાંથી રજા આપવામાં સુભાનની ચાલચલગતજ મુખ્ય કારણ ન હતું એમ તો સેક્રેટરી મહાશયેજ બતાવેલાં બીજાં કારણોથી સ્પષ્ટ થાય છે. ખાસ કરીને સુભાનની બોર્ડરોમાં લોકપ્રિયતા અને હાઉસ માસ્તરે મારેલા બોર્ડરને દવાખાને લઈ જવાનો તેનો પ્રયત્ન—આ બેજ કારણો તેને રજા આપવાનાં ગણાવાં જોઈએ. અને આ બેમાંનું એકપણ કારણ નિષ્પક્ષ દ્રષ્ટિએ તપાસતાં વાજબી ઠરતું નથી.

સુભાન બોર્ડીંગમાં લોકપ્રિય હોય અને બધા બોર્ડરો તેનું માનતા હોય તેમાં ખોટું શું છે? બોર્ડરોની એ એકસંપી હાઉસ માસ્તરને કે સેક્રેટરીને શા માટે ખુંચવી જોઈએ? આજનો જમાનો સંગઠનનો છે. દરેક વર્ગ પોતાનું સંગઠન કરે છે તેમ બોર્ડરો પણ પોતાનું સંગઠન કરે એમાં કશુંએ ગેરવ્યાજબી નથી. આવું સંગઠન તેઓને સાલે છે કે જેઓ બોર્ડરો ઉપર ગેરવ્યાજબી દબાણ લાવવા માગતા હોય કે તેઓના અધિકારોને ગુંગળાવવા માગતા હોય. બોટાદ બોર્ડીંગના સેક્રેટરી કે હાઉસ માસ્તર આવા સંગઠનથી શા માટે ડરે છે? અને જો બધાજ બોર્ડરો હાઉસ માસ્તરનું માનતા ન હતા તો બધાનેજ બોર્ડીંગમાંથી રજા દેવી હતી. સુભાન એક ઉપરજ શા માટે આવા ખોફ ઉતરે છે?

મને એવા ખબર મળેલા કે જે બોર્ડરને હાઉસ માસ્તરે મારેલો અને જેને સુભાન દવાખાને લઈ જતો હતો તેને કાનમાંથી લોહી નીકળ્યું હતું. સેક્રેટરી સાહેબે મારી પાસે આ સંબંધે એવો ખુલાસો કર્યો કે લોહી નીકળ્યું હતું એ વાત ખોટી હતી પણ તે છોકરાને કાનની સર વહેતી હતી અને તેથી તેને કાન પાસે સોજો હતો તે હાઉસ માસ્તરે લપડાક લગાવવાથી થોડો વધ્યો હતો. આવા બોર્ડરને સુભાન હેડ બોર્ડર તરીકે દવાખાને લઈ જાય એ તેનું પગલું ગેરવ્યાજબી ન હતું એટલુંજ નહિ પણ તે અતિ આવશ્યક હતું. કોઈ પણ વિદ્યાર્થીને મારવાનો હાઉસ માસ્તરને અધિકાર નથી. આમ છતાં એક બોર્ડર કે જેને કાનમાંથી સર વહેતી હોવાને કારણે કાન આગળ સોજો હતો તેને તેજ બાજુ હાઉસ માસ્તર મારે તો હાઉસ માસ્તરના એ પગલાંને 'જંગલી' શિવાય બીજું કોઈ વિશેષણ લગાવી શકાય નહિ. હાઉ[illegible] માસ્તર સેક્રેટરીનો સગો થતો હોય કે ગમે [illegible] થતા હોય તો પણ સેક્રેટરીએ તેના આવા અવિચારી કૃત્યને ધિક્કારી કાઢવું જોઈએ. એ ખરેજ અફસોસની વાત છે કે તેમ કરવાને બદલે સેક્રેટરી હાઉસ માસ્તરનો બચાવ કરે છે. મારી સાથેની વાતચીત દરમ્યાન હું એ સ્પષ્ટ જોઈ શક્યો છું કે સેક્રેટરી બોર્ડરોને મારવાના મતના છે. તેઓએ મને એમ ચોકખું કહેલું કે, 'માર્યા શિવાય કોઈ સરખું ચાલે નહિ.' આજના પ્રગતિ અને વિકાસના યુગમાં બોર્ડીંગનો એક જવાબદાર સેક્રેટરી આવું સત્તરમી સદીનું માનસ ધરાવે એ બોર્ડીંગનું કમભાગ્ય છે.

બોર્ડીંગમાં "સાવધાન" નામની કોઈ હસ્તલેખિત પત્રિકા નીકળતી હોય તેના ગુણદોષમાં ન ઉતરીએ તો પણ એ સુભાન પોતેજ કાઢતો હતો એવું સાબીત ન થાય ત્યાંસુધી માત્ર શક

[અનુસંધાન પા. ૩૦]

# ૧૧મા નકલંકીને!

[ ના. આગાખાનના જ્યેષ્ટ પુત્ર અલી સલમાન ખાનને કરાંચીના જાણીતા સુધારક શ્રી. કરીમ ગુલામઅલીએ અંગ્રેજીમાં છપાવીને પહોંચાડેલ ' એક વિનંતિ 'ના ગુજરાતી ભાષાંતરનો પહેલો ભાગ ' જાગૃતિ 'ના પહેલા અંકમાં પ્રગટ થયો છે; બાકીનો ભાગ આ નીચે આપવામાં આવે છે. ]

" ખૂનીઓનો આ ઇતિહાસ એ કેઇ અપ્સરાઓની વાર્તા નથી કે ભૂલાઇ ગયેલા ભૂતકાળની એ કોઇ વસ્તુ નથી એ સાબીત કરવા હું આ નીચે તાજેતરમાં બનેલા ત્રણ બનાવો ટાંકું છું:-

(૧) ૧૯૨૮ના નવેમ્બરની ૨૩મી તારીખે, એક ગુજરાતી અઠ-વાડિકના હિંદુ તંત્રી મી. એન. એલ. પરમાર કે જેઓ ખોજા કોમનાં દુઃખદર્દોને પોતાના પત્રમાં પ્રગટ કરતા હતા, તેમના ઉપર મુંબઇમાં જાહેર રસ્તા ઉપર ધોળે દિવસે છરીઓ વતી હુમલો કરવામાં આવ્યો હતો. એ કમનસીબ માણસને ગંભીર હાલતમાં હોસ્પીટલમાં રહેવું પડયું અને તેનું મૃત્યુ-નિવેદન લેવાની પોલીસને ફરજ પડી હતી. ત્યાર પછી ૧૯૨૯ના એપ્રીલમાં ખૂનીઓને દોષિત ઠરાવવામાં આવ્યા અને તેમને ૭ અને ૫ વરસની સખત મજુરીની સજા કરવામાં આવી. તેઓ શ્રીમંત માણસો નહોતા, છતાં મુંબઇના આગેવાન વકીલો મારફત તેમનો બચાવ કરવામાં આવ્યો હતો. (મુંબઇ હાઇ કોર્ટના એક માજી જજ, નિવૃત થયેલા એક વડા ઇલાકેદાર મેજીસ્ટ્રેટ અને એક ફોઝદારી કામમાં પ્રખ્યાત વકીલ.) આવા સુપ્રસિદ્ધ વકીલો રોકવા જોઇતું ફંડ કયાંથી આવ્યું એ શોધી કાઢવા **શર**લોક **હો**મ્સના ભેજાની જરૂર નથી.

(૨) આંહી કરાંચીમાં ૧૯૨૯ના ઓકટોબરની ૨૫ તારીખે, એક આગેવાન સુધારક પોતાના બે પુત્રો સાથે ફરીને ઘેર પાછા આવતા હતા ત્યારે ત્રણ માણસોએ તેમનો રસ્તો રોકી તેમના ઉપર કુહાડીઓ વડે હુમલો કર્યો. કુદરતની કૃપાથી એમને થયેલી ઇજા પ્રાણઘાતક ન નિવડી, પણ તેમણે પોતાની જમણી આંખનો ઉપયોગ સદાને માટે ગુમાવ્યો છે. જેઓએ આવો ઘા સહ્યો હોય તેઓજ આની કિંમત પીછાની શકે.

(૩) એજ અરસામાં, ધંધા અર્થે કરાંચીથી નાઇરોબી (આફ્રીકા) ગયેલા કોમના એક જુવાન માણસ ઉપર સુધારક વિચારો ધરાવવા માટે ત્યાં છુરી વડે હુમલો કરવામાં આવ્યો હતો.

કદાચ સ્વાભાવિક રીતે આપ એવો બીજો વિચાર કરવા તરફ વળશો કે: ખોજા કોમમાં જુદા જુદા દેશોમાં જે આ બધા ભયંકર બનાવો બને છે તેનાથી મારા પિતા જરૂર અજાણ્યા હોવા જોઇએ. પણ એક વધુ વખત મને આપને જણાવવા દયો કે આ બધા હુમલાઓ અને હત્યાઓ માંહેનો એક પણ બનાવ એવો બનતો નથી કે જેનાથી તેઓ માહિતગાર ન હોય; અને આજની પરિસ્થિતિ કે જે આવા બનાવોને ઉભા કરે છે અને તેને ઉત્તેજન આપે છે તેનો અંત લાવવા માટે કાંઇ પણ અસરકારક પગલાં કે જે લેવાનું તેમના, અને તેમના એકનાજ, હાથમાં છે તે કદી પણ લેવામાં નહિ આવ્યા હોવાથી, આ બનાવોને પોતાની મુંગી અથવા ગર્ભિત પરવાનગી કે સંમતિ આપવાની જવાબદારીમાંથી તેઓ છટકી શકતા નથી. બલ્કે, એથી પણ વધુ; તેઓ પોતેજ એ માણસ છે કે જેની સામે તહોમતનામું ઘડવામાં આવે છે, કારણ કે ખોજા કોમના સભ્યોની આજની કરૂણાજનક હાલત માટે તેઓ એકલાજ સંપૂર્ણપણે જવાબદાર છે. **અ**લમોતન **એ**સેરીન, કે જેના વંશમાંથી તેઓ ઉતરી આવ્યા છે, તેના વડાની કાર્યનીતિને તેઓ કેટલી ચાતુરીપૂર્વક અનુસરવાનું ચાલુ રાખી રહ્યા છે તે તેઓએ ગઇ સાલજ, છેલ્લે ૧૯૩૧ના સપ્ટેમ્બરમાં પોતાના એક આગેવાન મીશનરી મારફત કરાંચીની ખોજા જમાતને મોકલાવેલા અંગત સંદેશા ઉપરથી જણાઇ આવે છે. આ મીશનરી આપના પિતાને મળવા યુરોપ ગયો અને તે વખતે તેણે કરાંચીની ખોજા જમાત વતી આપના પિતાને પોતાની પ્રતાપવંતી હાજરીથી શહેરને ઉજળું બનાવવાની આજીજી કીધી. તેના જવાબમાં જે કૃપાળુ સંદેશો મોકલાવતાં આપના પિતાને આનંદ થયો અને જે સંદેશો કરાંચીની ખોજા જમાત સમક્ષ તે માટે ખાસ યોજાયેલી સભામાં પ્રગટરીતે વાંચી સંભળાવવામાં આવ્યો તે સંદેશો આ હતો કે: કરાંચીમાં થોડાં મચ્છરો છે, અને જ્યાંસુધી એ હયાત છે ત્યાંસુધી તેઓ પોતાના કરાંચીના અનુયાયીઓને ' દીદાર ' આપવા માગતા નથી. હું આપને ખાત્રી આપું છું કે મચ્છરોને લગતા આ ઉલ્લેખનો અર્થ ખુલ્લી રીતે અનુયાયીઓનું એક નાનકડું મંડળ એ કરવામાં આવ્યો હતો કે જેમાં મારો પણ સમાવેશ થાય છે, કે જેઓ આપના પિતા જે રમત રમી રહ્યા છે તે સોંસરવું જોઇ શકયા છે, અને જેઓ કોમ સાથે કરવામાં આવતી દગલબાજી ઉઘાડી પાડીને કોમને તેની લાંબી ઉંઘમાંથી જગાડવાના પ્રયત્નો અમુક અંશે સફળતાથી કરી રહ્યા છે. જે ઝનુની ધર્માન્ધો પોતાના ખુદાના ' દીદાર ' અને દુઆ માટે ઘણા આતુર છે તેઓને અલબત્ત આપમેળે બીજુ એ પગલું ભરવાનું મન થાય કે તેઓ નામદારે ચાતુરીપૂર્વક કરેલી દોરવણીને અનુસરીને તેઓએ ચાલવું અને તેમને કરાંચીની મુલાકાત લેવામાં આડે આવતા મચ્છરોના રોગને જડમૂળથી નાબુદ કરવો. આથી એ ખુલ્લું થાય છે કે આપના પિતા એચ. એચ. ધી આગાખાન, જી. સી. એસ. આઇ. વિગેરે પોતાને દુનિયા પાસે સ્વીકારાવવા ઉચ્છે છે એવી કોઇ સુશીલ વ્યકિત નથી-સર્વશકિતમાન ખુદા તરીકેના તેમના દંભ છતાં એક સત્પુરૂષથી પણ તેમનામાં ઘણું ઓછું છે.

મારૂં પોતાનુંજ વાજું વગાડવાની મારી ઇચ્છા બીલકુલ નહિ હોવા છતાં, મારા પોતા ઉપર બે વખત હુમલો કરવામાં આવ્યો છે એ હકીકતથી મારે આપને વાકેફ કરવાજ જોઇએ એમ મને લાગે છે; અને આપને આવી સ્પષ્ટ વિનંતિ કરવાને પરિણામે, ખોજા કોમ ઉપર આ **ભ**યનું **સા**મ્રાજ્ય કાયમ કરવા જેઓ રોકાયેલા છે તેમના કાવતરાંનો હું ભોગ થઈ પડું તો મને નવાઇ લાગશે નહિ. જો મારૂં કીસ્મત આમજ લખાયેલું હશે તો બ્રીટીશ રાજ્યની પાસેથી તેના પોતાના પુતળાંઓ સામે ઇન્સાફની આશા

[અનુસંધાન પા. ૩૧]

# સ. પ્તા હ નો સા ર.

**સોવિયેટની લોન:** કામદારો અને ખેડુતોને સામાજિક અને સાંસ્કારિક રાહતો આપવા માટે અને એમના નિત્યના જીવનને વધુ આશા ભર્યું બનાવવા માટે રશીયાએ સાડા ત્રણ અબજ રૂબલની ખાસ લોન કાઢી છે.

**મગરમચ્છ સાથે કુસ્તી:** મદ્રાસ પાસેના ત્રાંકવીબાર નજીક અનાસ્વામિ નામનો એક જુવાન નદીમાં પોતાના બળદને નવરાવતો હતો. ત્યાં પંદરથી સોળફુટના એક મગરમચ્છે એક બળદને પકડયો. આનાસ્વામિએ મગરમચ્છને જડબામાંથી પકડયો. અને દોઢેક કલાક સુધી એની સાથે લડાઇ એલી. આખરે મગરમચ્છને એ કાંઠે ખેંચી લાવી શકયો. આનાસ્વામિના શરીરે જખમો થયા છે. પરંતુ શરીર સ્વસ્થ થઇ જશે એમ આશા રાખવામાં આવે છે.

**લવણપ્રસાદનો ચુકાદો:** જામનગરી પ્રજાના સેવક શ્રી. લવણપ્રસાદને હી. ફો. કા. કલમ ૧૨૪અ લગાડી રાજદ્રોહના આરોપસર પકડવામાં આવ્યા હતા. તેનો ચુકાદો નવાનગર સ્ટેટની સેશન્સ કોર્ટે ગઇ તા. ૧૪મીએ આપતાં અઢી વર્ષની સખ્ત સજા અને રૂપિયા પાંચશો દંડ, દંડ ન ભરે તો છ માસની વધુ સજા ફરમાવી છે.

**ના. વાયસરૉય ઈંગ્લેન્ડ તરફ:** હિંદના વાયસરોય લોર્ડ વિલીંગ્ડન અને લેડી વિલીંગ્ડન મંડળી સાથે ગઇ તા. ૧૬ મીએ સવારે ઇમ્પીરીયલ એર વર્ઝનાં વીમાન મારફત લંડન જવા ઉપડી ગયા છે. કામચલાઉ વાયસરોય તરીકે મદ્રાસના ગવરનર સર જ્યોર્જ સ્ટેનલી આવ્યા છે.

**જાણીતા વેપારીનું અવસાન:** મુંબઇના જાણીતા વેપારી અને શેહેરી શેઠ લાલજી નારણજીનું ગઇ તા. ૧૬મીના સવારના સવા સાત વાગે હૃદય બંધ પડી જવાથી અવશાન થયું છે. મર્હુમ છેલ્લા બે માસથી પતરીના રોગથી પીડાતા હતા. તેઓને બે વખત ઓપરેશન કરવામાં આવ્યું હતું. મર્હુમે જામનગર રાજ્યના એજન્ટ તરીકે સારી પ્રતિષ્ઠા મેળવી હતી.

**રાજકીય કેદીઓ આંદામાન તરફ:** અલીપુર સેન્ટ્રલ જેલમાંથી બંગાળી રાજકીય કેદીઓની નવી હુકડી આંદામાન મોકલવામાં આવી છે.

---

[અનુસંધાન પાના ૨૮થી]

ઉપરથી સુભાનને તે માટે જવાબદાર ગણી શકાય નહિ. એ પત્રિકામાં હાઉસ માસ્તર વિરૂદ્ધ લખાણ આવતું એથી તો ઉલટું એમ સાબીત થાય છે કે બોર્ડરોમાં હાઉસ માસ્તર માટે અસંતોષ છે. અને જેમાં બોર્ડીંગના ખબરો જાહેર વર્તમાનપત્રોમાં પ્રગટ કરવાની 'ધમકી' આપવામાં આવે તો તેથી પણ શું? બોર્ડીંગમાં એવું શુ બને છે કે જે પ્રગટ થવા સામે કાર્યવાહકોને વાંધો હોય?

આમ ભાઇ સુભાનને બોર્ડીંગમાંથી રજા આપવાનું પગલું કોઇ રીતે વ્યાજબી નથી. એ ભરવામાં બોર્ડીંના કાર્યવાહકોએ ખુલ્લી આપખુદી વાપરી છે. પરિણામે એક આશાભર્યા નવજુવાનની જીંદગી વેડફાઇ જવાની. સુભાનને રજા આપવાનું પગલું વ્યકિતની દ્રષ્ટિએ નહિ જોવું જોઇએ. એ કૃત્યને તો તેની પાછળ રહેલી ભાવના અને માનસનું ઉદાહરણ ગણવું જોઇએ.

**સોવિએટ કિલ્લા પરથી તોપનો મારો:** એમ જણાય છે કે તોહોરો ખાતે જતી માનચુકુઓ સ્ટીમર પર સોવિએટ કિલ્લા પરથી તોપોનો મારો ચલાવવામાં આવ્યો હતો. ઉતારૂઓની ખુવારી થઈ છે. જાપાનીઝ કરનલને પણ ઇજા થઇ છે.

**શ્રી અબ્બાસ તૈયબજીનો પ્રવાસ:** ગુજરાતના આગેવાન શ્રી અબ્બાસ તૈયબજી ગુજરાતના ગામડાઓની સ્થિતિ જાણવા માટે ગુજરાતનો પ્રવાસ ખેડી રહ્યા છે.

**શ્રી મહેરઅલીની ગંભીર હાલત:** મુંબઇના જાણીતા યુવક આગેવાન અને મહાસભાના કાર્યકર્તા શ્રી યુસફ મહેરઅલી જેમની તબીયત જેલમાંથી છુટયા પછી સતત રીતે અસ્વસ્થ રહ્યા કરતી હતી. તેઓ હાલ ગંભીર સ્થિતિમાં હોવાના સમાચારો પ્રગટ થયા છે. છેલ્લાં કેટલાક વખતથી તેઓ સિંહગઢમાં કુદરતી સાધનોની સારવાર નીચે હતા પરંતુ તેમની તબીયત સંબંધના છેલ્લા સમાચાર ચીંતા જનક છે.

શ્રી મુળરાજ કરસનદાસ, શ્રી ઉમાશંકર દીક્ષિત અને મુંબઇના એક તબીબ સોમવારે રાત્રે તેમને જોવા માટે વિદાય થયા છે.

**બંગાળામાં જડતી અને ધરપકડ:** દાર્જીલીંગમાં બંગાળના ગવર્નર પર થયેલ ગોળીબારના અંગે બંગાળામાં જડતીઓ અને ધરપકડો ચાલુ છે. કોંગ્રેસ કાર્યકર્તાઓ અને વકીલોનાં ઘરોની જડતીઓ લેવાય હતી. પકડાયેલાઓમાં ઘણા વિદ્યાર્થીઓ છે.

**ઇન્સલનો જામીન ઉપર છુટકારો:** અમેરીકાની મોરગન કંપનીનો માલીક સેમ્યુઅલ ઇન્સલ જે નાદાર થઇ અમેરીકાથી નાઠયો હતો તેને ગ્રીકમાંથી પકડી અમેરીકાની કોર્ટમાં રજુ કરવામાં આવ્યો છે. તેણે પોતાના જામીન માટે બે લાખ ડોલર ઉભા કર્યા હતા અને તેને છોડવામાં આવ્યો હતો, તો પણ ગોટાળો કરવાના આરોપસર ફરી તેની ધરપકડ કરવામાં આવી છે. ફરી વખત તેને જામીન ઉપર છોડવાનું નકકી કરવામાં આવ્યું છે.

સેમ્યુઅલ ઇન્સલ એક વખત ચીકાગોનો બેતાજ બાદશાહ ગણાતો હતો અને તે બે અબજ ડોલરનો સ્વામિ હતો.

---

આ અઠવાડીયાનાં મુંબઇનાં અને ઇલાકાનાં જુદાં અખબારો ઉપરથી નીચેના આંકડા તારવવામાં આવ્યા છે. એ મુજબ આ અઠવાડીયામાં.

૧ કંકાસને કારણે સ્ત્રીઓના આપઘાત! ૨૭

૨ બેકારીને કારણે જુવાનોના આપઘાત! ૪

૩ કંકાસથી વાલીઓનું ઘર છોડીને નાશી જવાના કિસ્સાઓ! ૭

૪ ગર્ભપાતના નોંધાયેલા કેસો. ૧૬

૫ જન્હીને તરતજ ત્યજાયેલાં બાળકો! ૬

૬ પતિ પત્નિના લગ્ન સંબંધમાંથી અદાલતે ચડેલા ઝઘડાઓ! ૬

("ફુલછાબ" તા. ૫-૫-૩૪)

[અનુસંધાન પાના ૨૭થી]

અબ્દુલઅલીને પકડયો હતો.હું તહોમતદારને પકડવા ગયો ત્યારે તેના હાથમાં છરી હતી. તેને તહોમતદારે ઘા કરી ડેલામાં નાખી દીધી. પછી ઇસ્માઇલે કહ્યું કે આની સાથે બીજો માણસ છે તેને પકડો. ઇસ્માઇલની છાતીમાંથી લોહી નીકળતું હતું. હું તહોમતદારને પકડવા જતો હતો ત્યાં જીવા લસ્કરે કહ્યું કે આણે છરી ફેંકી દીધી છે તે જુઓ. મેં જોયું તો છરી પડી હતી. આ વખતે લગભગ રાતના નવનો સુમાર હશે. પછી ઇસ્માઇલને ગાડીમાં નાખી ઇસ્પીતાલે લઇ ગયા. જીવા લસ્કરે છરી અબ્દુલઅલીને હાથે પકડાવી અને તેને મોચી બજારમાં પોલીસ ગેટે લઇ ગયા. તે વખતે આહમદ નાયક હતા. ઇસ્માઇલને લોહી નીકળતું ત્યારે આ ઇજા કોણે કરી છે એમ તેણે કહ્યું ન હતું. ઇસ્માઇલે તે વખતે જે કપડાં પહેરેલાં હતાં તે હું ઓળખી શકું છું"

### આહમદ નાયકની જુબાની

"તા. ૯-૧૨-૩૩ના રોજ હુમલા વખતે મારી ડયુટી મોચી બજારની ગેટે હતી. આશરે રાતના નવ વાગે અબ્દુલકાદર અને જીવા લસ્કર અબ્દુલઅલીને લઇને આવેલા તે વખતે અબ્દુલઅલીના હાથમાં છરી હતી.

અબ્દુલઅલીને લઇને આવ્યા ત્યારે મને કહ્યું કે કાનજી ગુલાભાઇની દુકાને ધીંગાણું થયું છે. અહિં રજુ કરવામાં આવે છે તે છરી હતી અને તેની ઉપર લોહીના ડાઘા હતા. કાનજીભાઇના દીકરા અને તહોમતદાર બન્ને બાઝ્યા એમ જીવા લસ્કરે મને કહ્યું. પકડવાનું કારણ કાનજી ગુલાભાઇની દુકાને કજીયો થયો છે એમ કહ્યું. પછી મેં તહોમતદારને ગેટે બાંધી રાખ્યો અને પછી પોલીસ ઇન્સપેકટર શીવુભા સાહેબ આગળ રજુ કર્યો"

### પંચ વીઠલદાસની જુબાની

શ્રી. વીઠલદાસ સમક્ષ તે વખતનું પંચનામું વાંચી સંભળાવતાં તેણે શુદ્ધ બુદ્ધિથી સહી કરવાનું તથા તે વખતે તહોમતદારના શરીર, કપડાં અને છરી ઉપર લોહી હોવાનું પણ કબુલ્યું હતું.

### જમાદાર શીવુભાની જુબાની

"હું મારી જમાદારની ડયુટી ઉપર મોચી બજારની ગેટ ઉપર જતો હતો. દાણાપીઠના ચોકમાં પહોંચ્યો ત્યાં લોકોએ કહ્યું કે બે ખોજાએ ઇસ્માઇલ કાનજી ઉપર છરીના ઘા કરેલ છે અને એક ખોજાને પકડીને ગેટે લઇ ગયા છે. પછી હું ગેટે ગયો ત્યાં તહોમતદાર અબ્દુલઅલી બેઠો હતો. તે વખતે આહમદ નાયક ડયુટી ઉપર હતા. અહિં રજુ કરવામાં આવે છે તે છરી તહોમતદાર પાસે હતી. તહોમતદાર કયાં ઉતર્યો છે તેમ પુછતાં કાઠીયાવાડ લોજમાં ઉતર્યો હોવાનું કહ્યું હતું: આ વખતે અકબરમીયાં મને કહી ગયેલા કે આ ખોજો પટેલ હાઉસમાં ઉતર્યો છે. પછી હું ત્યાં ગયો તો બન્નેનાં કપડાં પડયાં હતાં. મેં જમાદારના કહેવા પ્રમાણે અકબરમીયાંને કહ્યું કે બીજો ખોજો સામાન લેવા આવે ત્યારે તેને અટકાવજો. રાતના અગીઆર વાગ્યે બીજો ખોજો સામાન લેવા આવ્યો છે એમ તે કહેવા આવ્યો. પછી હું ત્યાં ગયો અને નામ પુછયું તો તેણે નાનજી ભાણા નામ આપ્યું. મેં તેને પકડીને ગેટે લાવી પહેરાવાળાને સોંપ્યો. હું વેસ્ટ હોસ્પીટલમાં સાહેબને ખબર આપવા ગયો."

કેસની સુનાવણી તા. ૧૨મી જુન ઉપર મુલ્તવી રહી છે. સાક્ષીઓમાંના કોઇની ઉલટ તપાસ કરવામાં આવી હતી નહિ.

# વેપાર સમાચાર.

( તા. ૧૮-૫-૩૪. )

**ઉન :** ગયા અઠવાડીયામાં લીવરપુરમાં ૪૨૧ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનીક બજારમાં કાંઇ સોદા પડયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨) થી ૧૨ાા આસપાસનો ગણાય.

**રૂત :** ભરૂચ ૧૯૭ાા **બકરાના વાળ :** ૫)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ાા ૨) ઘઉં | |
| ૧ા ૧ાાા બાજરો | ૧ાા≈ મેથી નવી |
| ૧ા ૧ા≈ જુવાર | ૨ા⌐ ૨ા≈ તલ |
| ૧ા ૧ાoાા ચણા દેશી | ૧ાા⌐ાા એરડા એરડી |
| oાાા≈ ૧) કમોદ જાડી | oાાા≈ ૧) મગ દેશી |
| ૧ા ૧ાા કમોદ જીણી | ૧ા≈ ૧ાા અડદ |
| ૧)⌐ મગફળી જીણી | ૨)⌐ રાઈ |
| ૧)oાા મગફળી જાડી ૧ાાા≈ ૨) શીંગદાણા હાથફોલ | |

**ઘી :** ૨૫) ૨૬) મુંબઇ પરખ, ૨૧) ૨૨) તાજો રસ

**તેલ :** ૫≈ તલનું, ૩ા⌐ શીંગનું. ૪) ખોપરેલ પીપનું. ૨ાાા⌐ા ગ્યાસલેટ સફેદ હાથી.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી. ૪ાાા≈ ૪ાાા≈ કપાશીયા ક્રુમર. ૬ાા કપાશીયા કરાંચી ૪ા ખાંડ રાજકોટ શહેર. ૩ા સદર. ૯) સોપારી જુની. ૧૦) ૧૧) ગદબનું બી. ૯ાા≈ વેસણ જીણું. ૮ા≈ વેસણ જાડો. ૭) ૭ાા ઘઉંનો લોટ, ૮ાાા મેંદો. ૯ા સોજી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

[અનુસંધાન પા. ૨૯ થી]

રાખવી એમાં મૂર્ખાઇ છે તેમ હું માનું છું—પુતળાંઓ કે જેની પહેલી હરોળમાં, હું કોઇ ગુપ્ત રહસ્ય જાહેર નથી કરતો, આપના પિતા ઉભેલા છે. પણ અલ્લાહના અનંત ઇન્સાફની ખાત્રી મને આશ્વાસનરૂપ છે. "ખુદાઇ ચક્રો ધીમે પણ મક્કમતાથી ફરે છે."

મને લાગે છે કે હું સ્પષ્ટપણે બોલ્યો છું. અને મેં ઘણી અરૂચીકર હકીકતો આપને જણાવી છે; પણ હું માનું છું કે સત્ય કેટલાકને બેસ્વાદ લાગે તો પણ મારે મારી ફરજ બજાવવી જોઇએ. આમ છતાં મારી એ આતુર આશા છે કે આપ આ વિનંતિ ઉપર કશાએ પૂર્વગ્રહભર્યા માનસ વગર વિચાર કરશો. અને ખોજા કોમના પ્રશ્નને ઇન્સાફ આપશો કે જેનો પક્ષ લેવા હું મારા પોતાના નમ્ર રસ્તે પ્રયત્નો કરી રહ્યો છું, અને જ્યારે આપના હાથમાં આગાખાનની સત્તા અને ઇલ્કાબ આવે ત્યારે આપ આપના અનુયાયીઓને ભયના સામ્રાજ્યમાંથી મુકત કરશો કે જેણે જમાનાઓ સુધી તેમને બંદીવાન રાખ્યા છે.

સાચો સર્વશકિતમાન ખુદા આપને સાચા રસ્તા ઉપર દોરો! એઓનો રસ્તો કે જેમના ઉપર તે કૃપાળુ થયો છે, અને તેઓનો નહિ કે જેમની સામે તે કોપાયમાન થયો છે, તેમજ જેઓ ઉંધે રસ્તે ગયેલા છે તેઓનો પણ નહિ. 'આમીન' એ મારી નમ્ર પ્રાર્થના છે.

ખારાધર, **કરીમ ગુલામઅલી.**

કરાંચી, ૨૭ નવેમ્બર ૧૯૩૨.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

**કલમ ૨૦૭.**

"હાજર ઇમામના મુરીદો તરફથી જે કાંઇ સરકાર સાહેબી ઉપજ આવે તેના કુલ ધણી, માલીક અથવા ઉપરી નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ હાજર ઇમામ પોતે છે. તે ઉપજમાં તેઓ નામદાર એકના શિવાય બીજા કોઇનો હક નથી. તે ઉપજ નામદાર હાજર ઇમામનેજ મોકલવામાં આવશે. પરંતુ જો નામદાર હીઝ હાયનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામ (જેવી રીતે હાલ બને છે તેમ કાઠિયાવાડના સમગ્ર ડીસ્ટ્રીકટનાં ભરણાં ઇત્માદી કુલ કામડીયા ગુલામહુસેન વારસ કાસમ તરફ મોકલવા ફરમાન કરેલ છે તે મુજબ) કોઇ શખ્સને અગર કોઇ સ્થળે તે ઉપજ મોકલવા ફરમાન કરે તો તે મુજબ મોકલી આપવી."

પ્રથમ તો આ કલમ ધર્મને લગતી હોવાથી કોમના સામાજિક બંધારણમાં તેને સ્થાન આપી શકાય નહિ.

કોમ પાસેથી ઉઘરાવવામાં આવતા લાગાટકાની ઉપજ જો ના. આગાખાનને જાય તો કોમ એ લાગાટકા આપવા બંધાયેલી રહેતી નથી. ખોજા કોમ શિવાય બીજી કોઇ કોમ એવી નહિ હોય કે જેના લાગાટકાની ઉપજ એ કોમ પાસે ન રહેતી હોય અને ત્રીજો ધણી આવી તે ઉપાડી જતો હોય.

**કલમ ૨૦૮.**

"જો કોઇ માણસને શાદીના કામ સારૂ કાઠિયાવાડમાં એક જગ્યેએથી બીજી જગ્યેએ જવાનું હોય તો આ કાયદાની બુકના પ્રકરણ ત્રીજાની કલમ ૨૧૦માં કહેવામાં આવે છે તે પ્રમાણે એવા શાદીના પ્રસંગે લેવાતા સરકાર સાહેબી લેણાં તેણે આપવા અને તે મતલબની ચીઠી પોતે જે જગ્યાએ જવાના હોય ત્યાંની જમાત પાસે રજુ કરવા માટે મુખી અને કામડીયા પાસેથી મેળવવી. જો એવી ચીઠી મેળવવામાં તે કસુર કરશે તો તેના 'નિકા' અટકાવવામાં આવશે; પરંતુ પંદર દિવસની અંદર મજકુર ચીઠી રજુ કરવાના તે જામીન આપે તો નિકાની છુટ આપવી."

ના. આગાખાનની આવક માટે ખોજા કોમના સભ્યોના લગ્ન કે નિકાહ અટકાવવા એથી વધુ અમાનુષીપણું બીજું શું હશે! ખોજા કોમે કયારે ના. આગાખાનનું દેણું કર્યું હતું કે જ્યાં ને ત્યાં તેમનું 'લેણુ' આડે આવે? દેણું કર્યું હોય તો તે ખુદ ના. આગાખાને ખોજા કોમનું કર્યું છે અને તેથી કોમનું તેમની પાસે 'લેણુ' નીકળે છે. જે ખોજા કોમે એક વખત આગાખાન કુટુંબને આશ્રય આપ્યો તેજ ખોજા કોમ ઉપર તેજ આગાખાન કુટુંબનો વંશજ જબરદસ્તીથી પોતાના લાગાટકા બેસારી દયે અને તે પણ પોતાનું 'લેણુ' કહીને, એથી વધુ અપકારીપણું અને જુલ્મ બીજે મળવાં મુશ્કેલ છે; અને એ બીજે પાલવવાં એથી પણ વધુ મુશ્કેલ છે. કાઉન્સીલની ચીઠી વગર નિકાહ ન કરી આપવામાં કોમનું મોટામાં મોટું અપમાન સમાયેલું છે; અને આવી રીતે લગ્ન અટકાવીને પૈસા વસુલ કરવાનું ધોરણ કેટલું અન્યાયી અને જુલ્મી છે તે આગળ આવી ગયેલી કલમ ૨૦૦ની ટીકામાં કહેવાઇ ગયું છે.

**કલમ ૨૦૯.**

"સરકાર સાહેબી "સાર" વર, કન્યા તથા વરના પક્ષ પાસેથી નીચેની બાબતો ઉપર લેવામાં આવશેઃ—

(એ) વરને તથા તેના પક્ષને તેના 'નિકા' વખતે આપવામાં આવતા પોશાક, ઘરેણાં, વિગેરે ઉપર.

(બી) "આણાં" અથવા "દેજ" વખતે કન્યાને પોશાક, ઘરેણાં વિગેરે આપવામાં આવે તે ઉપર.

(સી) પુનર્લગ્ન પ્રસંગે વર તથા કન્યાને પોશાક, ઘરેણાં વિગેરે આપવામાં આવે તે ઉપર.

ઉપર કહેલી ચીજોની નોંધ સરકાર સાહેબી રજીસ્ટરમાં કરવામાં આવશે અને તે ઉપર સરકાર સાહેબી "સાર"ના લેવાતાં લેણાં વર પાસેથી તે વસ્તુની કિંમત ઉપર દર રૂપીએ બે આના મુજબ વસુલ કરવામાં આવશે."

ના. આગાખાનનું ખોજા કોમ પાસે કશુંજ લેણું નથી, બલ્કે ખોજા કોમનું તેમની પાસે લેણુ છે એ હકીકત આ પહેલાંનીજ કલમમાં સ્પષ્ટ કરવામાં આવી છે.

આ કલમમાં બતાવવામાં આવેલા લાગાટકાનું ધોરણ અતિશય વિશાળ અને અત્યંત આકરૂં છે. પહેલેથી છેલ્લે સુધી સેંકડે સાડા બાર ટકાનો ભારે કર આ કલમથી વસુલ કરવામાં આવે છે. એ કર વર પાસેથી લેવામાં આવે છે તેમજ કન્યા પાસેથી પણ લેવામાં આવે છે; કોઇજ તેમાંથી છટકી શકતું નથી. આજની અસમાન સમાજ–રચનામાં દીકરીને દાનપૂન્ય કરવાનું યોગ્ય પાત્ર ગણવામાં આવ્યું છે. દીકરીને તો બની શકે તેટલું આપવાનું, લેવાનું નહિ એવી સર્વસામાન્ય માન્યતા છે. આમ છતાં ઇસ્માઇલી ધર્મના વડા ના. આગાખાન દીકરીને પણ કરમુકત કરવા માગતા નથી. દીકરીને દેજમાં અપાતી વસ્તુઓ ઉપર સેંકડે સાડા બાર ટકાનો કર વસુલ કરવો એ કન્યાવિક્રયનું જરા જુદું સ્વરૂપજ છે. જો કોમના હાથમાં પોતાનો વહીવટ હોય અને પોતાની કાર્યવાહીની એ પોતે ચુંટણી કરતી હોય અને પોતાના કાયદા પોતે ઘડતી હોય તો આવા આકરા અને વિશાળ લાગાઓ કોમના પુત્રપુત્રીઓને કદી પણ સહન કરવા પડે નહિ. રીતસરની ચુંટણીથી ચુંટાયેલી કાર્યવાહી તંત્રના ખર્ચને પહોંચી વળવા માટે જો થોડા ઘણા લાગાઓની જરૂરત માને તો ત્યારે પણ આવી રીતે સેંકડે અમુક ટકાઓ લેવાની પદ્ધતિ રાખી શકાય નહિ; તે માટે અમુક નિયત કરેલી રકમજ હોવી જોઇએ કે જે કોમના ગરીબ માણસોને પણ ભારે પડે નહિ. જ્યાંસુધી આવા લાગાટકાની ઉપજ ના. આગાખાનને જતી હોય અને કોમ પાસે તેનો એક પૈસો પણ ન રહેતો હોય ત્યાંસુધી તે આપવા કોમ બંધાયેલી નથી. એટલે આ કલમ રદ થવાને પાત્ર છે.

આંહી પ્રકરણ બીજાનો વિષય પહેલો પુરો થાય છે. આ પ્રકરણને મથાળે "આપખુશીથી આપવામાં આવતા નજરાણા બક્ષિસો, વિગેરેને લગતા કાયદા" એમ લખવામાં આવ્યું છે. છતાં જબરદસ્તીથી વસુલ કરવાનું કહેતી કલમ ૧૯૯, ૨૦૦, ૨૦૮ અને ૨૦૯ તેમાં ઘુસાડી દેવામાં આવી છે. આ શિવાયની બાકીની લગભગ બધી કલમો ઇસ્માઇલી ધર્મ સાથે એક યા બીજી રીતે લાગતી વળગતી હોવાથી બીનજરૂરી હોવા છતાં કોમના સામાજિક બંધારણમાં જડી દેવામાં આવી છે. એટલે આ આખું પ્રકરણજ નિરૂપયોગી અને જુલ્મી હોવાથી કાયદાની ચોપડીમાંથી રદ કરવા જેવું છે.

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

"પાણી પણ નહિ મળે"

Regd. No. B. 3114




પુસ્તક: ૨ ]

તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી.

[ અંક: ૫

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

મે ૨૯ : ૧૯૩૪.
સંવત ૧૯૯૦ના બી. વૈશાખ વદ ૧ મંગળવાર.

મુદ્રણસ્થાન :
જાગૃત મુદ્રણાલય

## "ખાટો મારા બાપા!"



એક બાજુ રાંધેલ ધાનનાં લીલામ અને બીજી બાજુ મહેફીલો અને મિજલસો. એક પક્ષે
વટમાં નપાવટ કંગાલીઅત અને એકારી અને બીજે પક્ષે દુનિયાને આંજી દેતી જાહોજલાલી
ને રંગરાગ.

"ખાટો મારા બાપા!" આ ખીચડી કઢીની સાથે આપણી બુદ્ધિનું પણ લીલામ પોકારાઇ રહ્યું
દરરોજનો આ ઘસારો આપણને ઓછું નુકશાન નથી કરતો.
અને જગત આજે આપણા તરફ હસી રહ્યું છે.

## જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર: તા. ૨૯-૫-૩૪.


## "પાણી પણ નહિ મળે"

"જમાતની ચીઠ્ઠી શિવાય પાણી પણ પીવા નહિ મળે." એવા હડધુત શબ્દોથી તીરસ્કારી ભાઇ ઇબ્રાહીમને અમદાવાદના જમાતખાનામાંથી બ્હાર કાઢવામાં આવ્યા.

આ બનાવથી કોઇએ અજાયબ થવાનું નથી. આ બનાવ કાંઇ પહેલો વહેલો બન્યો હોય એવું નથી. આવી રીતે તો સત્તાધીશો તરફથી કોમને અનેક વાર અપમાને ખમવા પડયાં છે, અને કોઇ ઇલાજ નહિ મળવાથી છેવટે તે ન છુટકે ગળી જવાં પડયાં છે. કોમ ઉપર સત્તાધીશોએ એવી ધાક બેસાડી દીધી છે કે એ દુઃખ વર્ણવતાં, એ દુઃખ બીજાની પાસે ઠાલવતાં પણ તે થરથરે છે, કંપે છે. ભાઇ ઇબ્રાહીમ આ અપમાન સામે બેધડકપણે વર્ત્યા છે એથી અમે એમને અભિનંદીયે છીએ.

તરસ્યા લોકોને પાણી પાવા માટે લોકો પાણીનાં પરબ બંધાવે છે. દૂર દૂર જંગલોમાં જ્યાં લોકોનો હાલો ચાલો હોય છે ત્યાં મુસાફરોને પાણીની સગવડતા કરી આપવામાં આવે છે. કોઇ અત્યંજ ભાઇ ચૂસ્ત સનાતનીને ત્યાં જઇ પાણી માગે છે છતાં તે પાણીની ના પાડતો નથી. ભાઇ ઇબ્રાહીમ ખોજા છે; તેમને કાઢી મુકનાર પણ ખોજા ભાઇ છે. એકજ જ્ઞાતીના, નજીક નજીકના, સગા ભાઇ જેવો લગભગ સંબંધ છે. તો પછી ભાઇ ઇબ્રાહીમને કાં પાણી ન પાયું ?

વળી દરેક ખોજા ભાઇને જ્યાં આવવાનો અને ઉતરવાનો હક્ક છે તે જમાતખાનામાંજ ભાઇ ઇબ્રાહીમ ઉતર્યા હતા. તો પછી પ્રશ્ન એ થાય છે કે તેમને શા માટે કાઢી મુકવામાં આવ્યા ? ભાઇ ઇબ્રાહીમ મજકુર માણસને ત્યાં ઉતર્યા હોત અને પછી જો તેમને કાઢી મુકયા હોત તો સમજી શકાય તેવી વાત હતી. પણ ભાઇ ઇબ્રાહીમ તો જમાતખાનામાં ઉતર્યા હતા, કે જ્યાં દરેક ખોજા ભાઇને ઉતરવાની છુટ છે, બલ્કે પોતાનો હકક છે. એટલે જમાતખાનાની બ્હાર કાઢી મુકવાનો કોઇને કશો હકક હોઇ શકેજ નહિ. તો પછી ભાઇ ઇબ્રાહીમને જોર જુલ્મથી શા માટે બ્હાર કાઢવામાં આવ્યા ?

આ બધાનો જવાબ એકજ હોઇ શકે, એકજ છે, કે આપણે ગુલામ છીએ. કોમને ચુસી સત્તા ભોગવવાના એકજ નિશ્ચય-વાળા સત્તાધીશોએ આપણને જકડીને કોમની તમામ મીલ્કતનો કબજો લીધો છે. અમે અનેક વખત કહી ગયા છીએ કે સત્તા-ધીશોને જે રસ્તે પોતાની સત્તા સહીસલામત દેખાશે તે રસ્તે જતાં તેઓ કદી પણ પાછા નહિ પડે. એટલા માટેજ પરવાનો લાવવાનો કાયદો ઘુસાડવામાં આવ્યો છે. ભાઇ ઇબ્રાહીમને જમાત-ખાનામાંથી કાઢી મુકવાનું કામ એ નિર્દય કાયદાનો આધાર લઇનેજ કરવામાં આવ્યું છે.

કોઇ એમ દલીલ કરે કે તેને કોઇ જવાબદાર માણસ તરફથી તેમ કરવામાં આવ્યું નથી. અમે આ દલીલ કોઇ રીતે માન્ય રાખી શકતા નથી. ભાઇ ઇબ્રાહીમને જમાતભાઇ તરફથી, કાં તો મુખી, કામડીયા અગર તો કાઉન્સીલના કોઈ મેમ્બર તર-ફથીજ કહેવામાં આવ્યું હોવું જોઇએ. તો પણ ઘડીભર માની લઇએ કે કોઇ જવાબદારી શિવાયના માણસે એ કહ્યું છે, તો એના ઉપરથી એમ સિધ્ધ થાય છે, કે કોમને ધર્મનાં ઝેર હદ ઉપરાંત પાવામાં આવ્યા છે. નાનપણથીજ દીવસ અને રાત મગજમાં ઠાંસી ઠાંસીને ઝેર ભરવામાં આવેલા માણસ વિના બીજાથી આવું વર્તન ન થાય.

ઘડીભર એમ પણ માની લઇએ કે કાઢી મુકનારને લાગતું હોય કે ભાઇ ઇબ્રાહીમ ખોજા નથી, અગર ખોજા હોય તો પણ તેઓ કાયદા પ્રમાણે વર્તી ચીઠ્ઠી લાવ્યા નથી એટલે તેને જમાતખાનામાં ઉતરવા ન દેવા. પણ ભાઇ ઇબ્રાહીમે બ્હાર જવા કબુલ્યું અને પોતે તરસ્યા હોવાથી પાણી માગ્યું ત્યારે પાણીની ના પાડતાં એની જીભ કાં ન કપાઇ ગઇ ?

પણ એ બિચારાને આપણે શું દોષ દઇએ ! તે અંધશ્રધ્ધાળુ છે. ફકત કાઉન્સીલ અને ના. આગાખાન કહે એજ બરાબર છે. એમાંજ મોક્ષ છે એમ માનનારા અંધશ્રધ્ધાળુ માનવી પાસેથી આપણે બીજી કઇ આશા રાખી શકીએ ? આવા બનાવો તો ફકત આપણી કોમમાંજ બને. કારણ કે આપણે એક પશુ કરતાં પણ બેહદ ખરાબ હાલત ભોગવી રહ્યા છીએ. આપણે દુનીયાનો પ્રકાશ નથી જોઇ શકતા. આપણા મોઢા ઉપર કાળો બુરખો ઓઢાડી દેવામાં આવ્યો છે એને લઇને આપણે આંધળાભીંત જેવા થઇ ગયા છીએ. અને એટલેજ સગા ભાઇઓનાં ગળાં રેંસવામાં પાછું વાળી જોતા નથી.

આ બધો દોષ અમે કાઉન્સીલની ઉપર ઢોળીએ છીએ. અમે અનેકવાર કહી ગયા છીએ કે કાઉન્સીલેજ આપણી અંદર વેરઝેર દાખલ કર્યાં છે અને વધાર્યાં છે. પોતાના ભાઇને પણ પાણી નહિ પાવા જેટલા દુષ્ટ આપણને એ કાઉન્સીલેજ કરી દીધા છે.

અમે આ ગુન્હો એક કાઢી મુકનાર ભાઇએજ કર્યો છે એમ નથી માનતા. એ ગુન્હો કાઉન્સીલે કર્યો છે, કાઉન્સીલના જુલ્મી કાયદાએ કર્યો છે. એ ગુન્હો ભાઇ ઇબ્રાહીમનો એકનો કર્યોછે એમ પણ અમે નથી માનતા, પણ સમસ્ત ખોજા જ્ઞાતીનો કર્યો છે એમ અમે માનીએ છીએ. આજ ભાઇ ઇબ્રાહીમ છે તો કાલે કોઇ બીજા હોય.

ત્યારે શું આ સ્થિતિ એમને એમ ચલાવી લેવી? શું આ માટે કાંઇ કરવાની જરૂરત નથી દેખાતી ?

નહિ, અમે એમ નથી માનતા. દરેક ગામની જમાતે આ સામે વિરોધ ઉઠાવવો જોઇએ. દરેક ખોજા ભાઇએ અમદાવાદમાં બનેલા આ બેશરમ બનાવ સામે પોતાનો તીરસ્કાર જાહેર કરવો જોઇએ અને ફરી વખત એવું બનવા ન પામે તે માટે ચોકસ જવાબ મેળવવા કાઉન્સીલના કાયદામાંથી ચીઠ્ઠી માગનારી કલમ તાત્કાલિક રદ કરવાની જોરશોરથી માગણી કરવી જોઇએ. જો આમ પોકાર પાડવામાં આવશે તોજ આવા બનાવો થતા અટકશે; તોજ દેશ પરદેશ રખડતા, હેરાન થતા ભાઇઓની હેરાનગતી ઓછી થશે. નહિતર આપણી ગુલામી, અને લુંટારાના જેવા ખમવા પડતા અપમાનો વધારે ખમવાની અને ઝડપભેર વધારો થશે એ વાત ચોકસ છે.

# "અમને અવરોધશો મા!"

## (એક ફીદાઇનું સ્વપ્ન-ચિત્ર)

લેખક: "ભગત"

અમે હુરો અને હર્મ્યોની પાછળ ગાંડા બન્યા છીએ. એની મોહિનીએ અમને સારાસારના વિવેક શૂન્ય બનાવી દીધા છે, અમારા વ્હાલામાં વિરોધ પડાવ્યો છે; છતાં એનો મોહ હવે અમારાથી છોડયો છુટે એવો નથી રહ્યો; કારણ કે ઘણું મોડું થઇ ગયું છે, રગે રગે વ્યાપી ગયા પછી ઝેરનું નિવારણ અતિ દુર્ઘટ થઇ પડે છે એમ. પછી ભલેને એ બધી વસ્તુઓનું અસ્તિત્વ અમને લોભાવવા પુરતુંજ કેમ ન હોય? છતાં બુદ્ધિથી પર, તો પણ મેળવવા યોગ્ય એવી એ એકજ વસ્તુ છે એમ અમને મનાવવામાં આવ્યું છે. ગમે તેટલી મોંઘી કિંમત ખર્ચીને પણ તે મેળવવા અમે એ મિથ્યાભાસની પાછળ, ઝાંઝવાના જળની પાછળ જેમ તરસ્યા હરણ ભટકયા કરે છે એમ, ભટકયા કરીએ છીએ. તેમ છતાં અમને કોઇ મૂર્ખ કહેશો મા! એવું કહીને તમે અમને ગાળો ભાંડો છો.

અમારૂં સમાજ-જીવન ગુંગળાઇને મૃતપ્રાયઃ થઇ ગયું છે, તેને રૂંધી નાખવામાં આવ્યું છે. ભલે અમે અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઇ રહ્યા. અમારી જ્ઞાતિરૂપી ગંગાનો અધઃપાત થઇ રહ્યો છે. અમારો હ્રાસ થતો અમે નજરે નીરખી રહ્યા છીએ. પણ એ દ્રશ્ય સત્યું હોવાની અમે ના પાડીએ છીએ; કારણ કે અમને કહેવામાં આવ્યું છે કે અન્ય લોકમાં અમારો અપ્રતિમ અભ્યુદય થવાનો છે. અમે વરસો થયાં એ કિચડમાં ઉંડા ને ઉંડા ખુંચી રહ્યા છીએ. પણ અમને ભરમાવવામાં આવ્યા છે એવું કહીને કોઇ અમારી રૂકાવટ કરશો મા! એવું કહીને તમે અમારા ભવિષ્યનું મધુર સ્વપ્ન છિન્ન ભિન્ન કરી નાખો છો.

અહીં અમે કારમી કંગાલીઅત વેઠીને પણ રળીએ છીએ એટલું અમારા આરાધ્ય દેવતાને અર્પણ કરી દઇએ છીએ. આ લોકમાં અમને એના બદલામાં બદનામી વિના બીજું વળતર મળતું નથી એ અમે જાણીએ છીએ. પણ અમને વિશ્વાસ છે કે અમને પરલોકમાં પરીઓ સામે પરહેઝગારી નહિ હોય. અમરધામની એ અપ્સરા! અહા, કેવું આલ્હાદક નામ છે! શું એ બધું ખોટું છે? ના, ના, હોય નહિ. કહો, કહો, સૌ કહો, અરે, એકજ વખત બસ કહો કે, "તમને એ બધું અવસ્ય મળશે." કોઇ માથું હલાવશો મા! એમ કરવાથી અમારૂં જીગર તુટી જશે.

સદોદિત પાસે ને પાસે ધસ્યો આવતો એ સુખનો સમય! માત્ર મૃત્યુદેવનો ઘંટનાદ થાય એટલીજ બાકી! અરે, પણ એટલીએ ઢીલ શા માટે? આ ને આ દેહે જઇ શકાતું હોય તો કેવું સારૂં! અને પછી? પછી તો: "અય કામણગારી! મારૂં સમસ્ત જીવન, મન, વચન અને નયનો જાણે કેવળ વાસનામય બનીને ત્હારી પાછળ પાછળ ધસે છે. જાણે આ દેહ તુટીને ત્હારા દેહમાં લય બની જશે! આ બે નયનોની અંદર જાણે મીઠી નિદ્રા બનીને પ્રસરી જઇશ; હાસ્ય બનીને જાણે આ અધરમાં પેસી જઇશ; લાવણ્ય બનીને જાણે બે બાહુઓમાં વ્યાપી જઇશ; મીલન-સુખ રૂપે જાણે આ કોમળ હૃદયની સાથે મળી જઇશ."*

આવું આવું બોલીને પ્રેમ-ગોષ્ટિ કરવાની ને સંતાકુકડી રમવાનું. 'અમરાપુરીના એ આલ્હાદક એશ આરામો સ્વપ્ન-જાળ છે' એવું કોઇ કહેશો મા! એવું કહેનાર અમારો મિત્ર નથી, ધર્મવિરોધી છે.

હા, આશા! અમર આશા! એને 'ઠગારી' કહેનારા કવિઓ જુઠા છે. અને તેમ હોય તો પણ શું? આશા તો અતૃપ્તજ ભલી. આશા તૃપ્ત થયે જીવનમાં સ્વાદ શું રહે? આશા વગરનું જીવન શું? કાંઇ નહિ. અફળ હોય તો પણ એ આશાનું મધુર ગુંજન અમારા કર્ણોમાં અહર્નીશ થવા દેજો. એમાં ને એમાં અમારી કોમને નામશેષ થઇ રહી જાણ્યા છતાં પણ અમને એમાં મઝા છે. કોઇ અમને એ મોહ-પાશથી મુકત કરવા આવશો મા! એમ કરીને તમે અમારા રોષને પાત્ર બનો છો.

અમને પાશ-બદ્ધ કરનાર અને એના સહાયકો તમને ન સાંભળવા અમને કહે છે એમાં કાંઇ ખોટું નથી. ભલે એમાં એમનો સ્વાર્થ હોય, તો પણ તેઓજ એક માત્ર સાંભળવા યોગ્ય છે. અમારા બાપદાદાઓએ એમ માન્યું છે, અમે પણ એમજ માનીએ છીએ. અમને નાચિઝ ખુદાંઓને એમના સ્વાર્થની ભઠ્ઠીમાં સળગી મરતાં કોઇ બચાવશો મા! એમ કરીને તમે અમારો સોદો છટકાવો છો.

મનુષ્ય જાતિને પ્રસંગમાં આવતી સઘળી વસ્તુઓ ભલે પોકાર કરીને કહેતી હોય કે, 'તમારાં આંખ અને કાન ઉઘાડાં રાખી અમારામાંથી જ્ઞાન ગ્રહણ કરો.' પણ અમે તો એ બંધ રાખવાનો નિરધારજ કર્યો છે. અમારૂં એ ભવ્ય સ્વપ્નું છિન્ન ભિન્ન થઇ જાય એવી કોઇ વાત અમે સાંભળવાના નથી. અમે અજ્ઞાનજ સારા છીએ. અરે, એ જ્ઞાનથી તો અજ્ઞાનજ ભલું. હૃદયના દ્વાર ખોલવા અમને કોઇ કહેશો મા! એવું કહેનાર તમે બેઇમાની છો.

આજ સુધીમાં અનેક જણા એવું કહી ગયા છે. જ્યારે જ્યારે અમને એવું કહેનાર મળ્યા છે ત્યારે ત્યારે અમે એવા કોઇને સાંભળ્યા તો નથીજ. તેમ છતાં અમારી ધિરજનો અંત આવતાં સુધી અમારા કાનોમાં શંખનાદ સંભળાવનારાઓને અમે ભાળ્યા છે. પણ અમે એ બધા 'ગુમરાહો'ને એક હાથે 'યા અલી' કરવાને મસે બીજા હાથમાં છુપાવેલી છુરી વડે 'રાહે-રાસ્ત' બતાવ્યો છે. તેમ છતાં અમને કોઇ હત્યારા કહેશો મા! એવું કહીને તમે તમારા જાતભાઇઓનીજ નિંદા કરો છો.

---

**જામનગર** હદની ઉન મણ ૧૩૦ થી ૧૩૫નો દર રૂ. ૧૩)૦। લેખે ઘેર બેઠાં બાજેટી મણ ૪) તથા પુંભડા મણ ૨) ઉપરના ભાવે તોળી લેવાની શરતે સોદો થયો છે.

---

**સસ્તું અને સારૂં વાંચન**

વાંચવું હોય તો બે રૂપીઆ

મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

---

*અવતરણવાળો ભાગ 'રાજા-રાણી'માંથી છે.

# નુતન યુગનાં પ્રવાહ-બળો

## ૧. સમાજવાદ.

સમાજવાદ એ શું છે એનો આછો ખ્યાલ 'જાગૃતિ'ના પહેલા અંકમાં આપવામાં આવ્યો છે. દુનિયાના કયા કયા દેશોમાં આજે તેના અખતરા થઇ રહ્યા છે તેનો ટુંકો ખ્યાલ આ નીચેના લેખથી વાંચકો મેળવી શકશે.

સમાજવાદનો પહેલો પડઘો રળીઆમણા યુરોપના સોહામણા ફ્રાન્સ દેશમાં પડયો એમ કહી શકાય. ઇ. સ. ૧૭૯૨ માં ફ્રાન્સમાં જબ્બર રાજ્યક્રાન્તિ થઇ. લોકોએ રાજાને ફાંસી ઉપર ચડાવી દીધો અને પ્રજાસત્તાવાદીઓના હાથમાં રાજસત્તા આવી. આજના સમાજવાદ પાછળના અતિ ઉંડા ઇતિહાસમાં ઉતરીએ તો એનું પ્રથમ પ્રકાશન આમ એ દેશમાં થયું લાગે.

૧૭૯૨–૯૩ની રાજ્યક્રાન્તિ વધુ વખત ટકી નહિ અને ફ્રાન્સમાં ફરી રાજા–સંસ્થાની સ્થાપના થઇ. પણ ઓગણીશમી સદીના મધ્યકાળે જર્મનીમાં એક પુરૂષ જાગ્યો અને આખા યુરોપની બધી રાજસત્તાઓ એની આગ વરસાવતી કલમ અને ઉદ્દામ વિચારશ્રેણીથી કંપી ઉઠી. કાર્લ માર્કસે ક્રાન્તિનું તત્વજ્ઞાન રચ્યું. ક્રાન્તિ એ કોઇ ભાવનાની કે સ્વપ્નાની વાત નથી, પણ એને આ ધરતી ઉપર પ્રત્યક્ષ કરી આચરણમાં મૂકી શકાય છે એમ એણે સાબીત કરી દેખાડ્યું. જર્મનીનો એ બાળક છતાં જર્મનીએ તેને હદપાર કર્યો અને યુરોપની કેટલીય રાજસત્તાઓ તરફથી તેને જાકારો મળ્યો.

૧૮૭૦માં હેગમાં આખા યુરોપનાં શ્રમજીવીઓની એક આંતરરાષ્ટ્રીય પરિષદ મળી ત્યાંસુધી માર્કસ અને તેના સમાજવાદના અનુયાયીઓમાં મતભેદ નહોતા. પણ એ પરિષદમાં બે પક્ષ પડી ગયા: એક માર્કસના સમાજવાદનો અને બીજો ફ્રેન્ચ સભાસદોના સમૂહવાદનો. સમાજવાદે પોતાના ધ્યેયની સિદ્ધિ અર્થે રાજસત્તા કબજે કરવાનું યોગ્ય માન્યું; સમૂહવાદને એવી કોઇ જરૂર ન દેખાઇ, અને તેને સીધું લોકોમાં કામ કરવાનું વ્યાજબી લાગ્યું.

૧૯૧૭માં, જ્યારે મહાન યુરોપીય યુદ્ધ રંગે ચડયું હતું ત્યારે, રશીયામાં રાજ્યક્રાન્તિ થઇ અને સમાજવાદથીએ એક કદમ આગળ એવા સામ્યવાદની સ્થાપના થઇ. ઝારનો વંશ સદાને માટે રશીયાની રાજગાદી ઉપરથી ઉખડી ગયો અને શ્રમજીવીઓની સરમુખત્યારીનું શાસન શરૂ થયું.

અને એ પછી તો યુરોપમાં ઝપાટાભેર સમાજવાદી રાજતંત્રની સ્થાપના થતી જાય છે. આજે સ્વીડન, નોર્વે, ડેન્માર્ક, સ્પેન અને ટર્કી સમાજવાદી છે. અમેરીકામાં મેકસીકો સમાજવાદી છે. અલબત્ત, આ બધા દેશોના રાજબંધારણોમાં સંપૂર્ણ સામ્ય નથી. તે તે દેશોની ભિન્ન ભિન્ન સંસ્કૃતિ અને સંજોગોએ સમાજવાદને ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં ઘટાવ્યો છે; છતાં એ બધા વચ્ચે પ્રાણ એકજ છે અને તે સમાજવાદના મૂળભૂત સિદ્ધાંતોનો. એ નોંધવા જેવું છે કે જ્યાં જ્યાં સમાજવાદી તંત્ર હસ્તીમાં આવ્યું છે ત્યાં ત્યાં ધર્મના ઇજારદારોને રૂખસત આપવામાં આવી છે અને ધર્મસ્થાનોની મિલ્કત કબજે કરવામાં આવી છે. ત્રણજ વર્ષ પહેલાં, ૧૯૩૧માં સ્પેનની સરહદ છોડી નાસી જતા પાદરીઓનું ચિત્ર હજી પણ આપણી દ્રષ્ટિ સમક્ષ તરે છે.

સમાજવાદી રાજતંત્ર વિગ્રહથી કેટલું વિરૂદ્ધ હોય છે એ સ્વીડન નોર્વેનો એક કિસ્સો જગતને સ્પષ્ટપણે સમજાવે છે. થોડુંક પહેલાં આ બે દેશો વચ્ચે સરહદ ઉપરના એક કિલ્લા સંબંધ વાંધો ઉભો થયો. બન્નેનો એવો દાવો હતો કે એ કિલ્લો પોતાનો છે. સમાજવાદમાં જ્યાં મતભેદ ઉભો થાય ત્યાં લવાદથીજ કામ લેવાનું હોય; એટલે કોઇ પક્ષે ઉતાવળથી વિગ્રહ જાહેર ન કર્યો કે ન લડવાની તૈયારી કરવા માંડી. સ્વીડનનો વડો પ્રધાન જાતે એકલો એક મોટરમાં બેસી નોર્વેની રાજધાનીમાં ગયો. ત્યાં નોર્વેની આમ–સભાએ તેનો સહર્ષ સત્કાર કર્યો. બન્ને પક્ષે ભેગા મળી વાંધાનો નિકાલ લવાદથી લાવવાનું નકકી કર્યું. લવાદ નીમાણા અને ફેંસલો સ્વીડનની તરફેણમાં આવ્યો. જે ઘડીએ સ્વીડનની મુલ્કિ એ કિલ્લા ઉપર સાબીત થઇ તેજ ઘડીએ પોતાની શુભ નિષ્ટાની સાબીતી આપવા સ્વીડને આપખુશીથી એ કિલ્લાને જમીનદોસ્ત કર્યો.

છેલ્લે છેલ્લે માત્ર ત્રણ મહીના પહેલાં, ગયા ફેબ્રુઆરીમા ઓસ્ટ્રીઆમાં સમાજવાદની સ્થાપના કરવા માટે એક મહાજંગ ખેલાઇ ગયો. ઇટાલીમાં જેમ ફેસીઝમ અને જર્મનીમાં જેમ નાઝીઝમ તેમ ઓસ્ટ્રીઆમાં હેમવર નામક એક પક્ષ છે. એ પક્ષનો વડો ડોલ્ફસ ઓસ્ટ્રીઆની અત્યારની સરકારનો સરમુખત્યાર છે. એને પોતાની સરમુખત્યારીની આણ ફેરવવામાં ઓસ્ટ્રીઆનો સમાજવાદી પક્ષ આડે આવતો હતો. આંખમાં કણા માફક ખુંચતા એ પક્ષને નાબુદ કરવા તેણે ગુંડાગીરીનો આશ્રય લીધો. ઓસ્ટ્રીઆની રાજધાની વીએનાની મ્યુનીસીપેલીટીમાં સમાજવાદીઓની મોટી બહુમતી હતી. પોલીસ ફોઝ પણ એ મ્યુનીસીપેલીટી નીચે રહેતી. ડોલ્ફસે વીએનાના મેયરના હાથમાંથી પોલીસની સત્તા ખુંચવી લઇ પોતાના એક માણસના હાથમાં આપી. પછી તુરતજ સમાજવાદીઓના મુખ્ય મથક ઉપર ડોલ્ફસની લશ્કરી ટુકડીઓએ હુમલો કર્યો અને સમાજવાદીઓ ઉપર ગોળીઓ છોડવાનું ચાલુ કર્યું. લોકોએ હડતાળ પાડી. બધાં કારખાનાંઓ બંધ થયાં. શહેરમાં લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો. સમાજવાદીઓએ મર્દને છાજે તેવો સામનો કર્યો. ગોળીઓનો જવાબ તેમણે ગોળીઓથી વાળ્યો. સમાજવાદીઓએ ઘરને કિલ્લા બનાવી બચાવ કર્યો. લોકબળ વધતું ગયું અને વીએના બાજુના એક મજબુત કિલ્લાને સમાજવાદીઓએ કબજે કરી બે દિવસ સુધી હેમવરની તોપોના મારા સામે તેને ટકાવી રાખ્યો. છેવટે એ પડયા. સમાજવાદીઓને ચુંટી ચુંટીને મારી નાખવામાં આવ્યા કે કેદમાં નાખવામાં આવ્યા. આમ હાલ તુરતને માટે તો સમાજવાદને ઓસ્ટ્રીઆમાં કચડી નાખવામાં આવ્યા.

સમાજવાદના આંદોલનો હિંદને ન સ્પર્શી શકે એ બનવા જોગ નથી. હિંદ આજે પરાધીન છે. પરદેશીઓ આજે તેના ઉપર રાજ કરે છે. અને તેથી જેટલી ઝડપે બીજા સ્વતંત્ર દેશોમાં સમાજવાદી માનસ અને તંત્રની સ્થાપના થઇ રહી છે તેટલી ઝડપ હિંદમાં નથી. આધીનતાના શ્રાપે તેને દેશી અને પરદેશી બન્ને મુડીવાદ સામે ઝઝુમવાનું છે. તો પણ એટલું તો ચોકકસ કહી શકાય કે હિંદવાસીઓનાં માનસ સમાજવાદ તરફ દરરોજ વધુ ને વધુ ઢળતા જાય છે. રાષ્ટ્રીય મહાસભામાં પણ હવે લઘુમતી તરીકે સમાજવાદીઓની ગણતરી થવા માંડી છે. દેશના કેટલાક પ્રાન્તોમાં સમાજવાદી મંડળો સ્થપાયાં છે. પં. જવાહરલાલની આગેવાની નીચે આ પક્ષ જોતજોતામાં આગળ વધે અને મહાસભામાં બહુમતી મેળવે તો કાંઇજ નવાઇની વાત નહિ ગણાય.

# મસ્કતથી ચોંકાવનારા ખબરો

## સ્ત્રીઓની લાજ લુંટાય છે?

### ના. આગાખાન અને શ્રી. અલી સલમાન ખાનને કરવામાં આવેલી અરજો.

### કોઇ કાંઇજ દાદ આપતું નથી.

[ અમારા મસ્કતના ખબરપત્રી તરફથી ]

મસ્કત જમાત શિવાય બીજા કોઈને ભાગ્યેજ એ વાતની ખબર હશે કે અગીઆર અગીઆર વરસ થવા છતાં મસ્કત જમાતનું મુખીપણું એકજ માણસે પોતાને કબજે રાખ્યું છે. સને ૧૯૨૩ આસપાસમાં વઝીર મહમદ રેમુ અવસાન પામ્યા ત્યાર પછી ભાઇ ખલફાન મુરાદઅલી મુખી થયા, તે આજે પણ છે. આટલો લાંબો ગાળો જવા છતાં, અને મસ્કત જમાતના કેટલાક ભાઇઓની મુખી બદલાવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં કાંઇ કરવામાં આવતું નથી અને મુખી ખલફાન અત્યારે જમાતના સરમુખત્યાર થઇ પડયા છે. આમ એકહથ્થુ સત્તાના કેવાં માઠાં પરિણામો આવે અને જમાતને કેટલું શોષવું પડે એ સમજાય તેવું છે.

પણ મુખી ખલફાનની સર મુખત્યારીથી અને તેને અંગે ઉપજતી જોહુકમીથી કયાંય આગળ વધી જાય તેવો એક રોમાંચક બનાવ બે વરસ પહેલાં આંહી બની ગયો છે, કે જેના વિષે એક અક્ષર પણ જગત જાણતું નથી. આંહી ભાઇ કરીમબક્ષ ગુલામહુસેન નામના એક ગરીબ જ્ઞાતિભાઇ રહે છે. તેમણે બૈતુલખ્યાલના મુખી મહમદ અબ્દુલકરીમ (કે જેની નિમણુક મુખી ખલફાન તરફથી કરવામાં આવી છે) ને હાથે પોતાની સ્ત્રીની લાજ લુંટાતી પોતાની નજરે જોઇ અને એ માટે દાદ મેળવવા અને મહમદ અબ્દુલકરીમને બૈતુલખ્યાલના મુખીપદેથી દૂર કરવા જે પ્રયત્નો, આજીજીઓ અને વિનંતિઓ કરી એ આખી કથની મુડદાંને પણ બેઠાં કરે એવી રોમાંચક છે.

પોતાની કરવામાં આવેલી બેઇજ્જતનો અદાલતી રાહે ઇન્સાફ મેળવવાનું ભાઇ કરીમબક્ષથી આંહીના અટપટા ન્યાય ધોરણ અને ગરીબીને કારણે બની શકયું નહિ, એટલે તેમણે પોતાની આખી કથની રીક્રીએશન કલબ પાસે રજુ કરી અને દાદ માગ્યો. પણ રીક્રીએશન કલબે તેમને કરાંચી કાઉન્સીલ પાસે પોતાની વાત રજુ કરવાનું સૂચવ્યું. આથી ભાઇ કરીમબક્ષે કરાંચી કાઉન્સીલને પોતાની આખી કથનીથી માહિતગાર કરી ઇન્સાફ માગ્યો; પણ કરાંચીથી પણ તેમને એવોજ જવાબ આવ્યો કે, "ગુવાદર કાઉન્સીલને મળો; મસ્કત જમાત કરાંચી કાઉન્સીલ નીચે નથી." એટલે વળી ભાઇ કરીમબક્ષે પોતાનો આખો કેસ ગુવાદર કાઉન્સીલ પાસે રજુ કર્યો. ગુવાદર કાઉન્સીલે પણ મુંબઇ અને કરાંચીએ લીધેલો રસ્તો ગ્રહણ કર્યો અને તેમને જણાવી દીધું કે, "મસ્કત જમાત ગુવાદર કાઉન્સીલ નીચે નથી." આ ઉપરથી છેવટે ભાઇ કરીમબક્ષે ના. આગાખાનના જ્યેષ્ટ પુત્ર શ્રી. અલી સલમાન ખાનને તા. ૨૪--૩-૩૨ ના રોજ રજીષ્ટરથી એક વિનંતિ પત્ર મોકલાવી ઇન્સાફની યાચના કરી. તેમના તરફથી કશોજ જવાબ કે પહોંચ નહિ મળવાથી છેલ્લે ભાઇ કરીમબક્ષે ગઇ તા. ૭-૧૨-૩૩ ના રોજ ના. આગાખાનને એક અરજી મુંબઇ કરી. આ અરજીનો પણ આજ દિન સુધી કશોજ જવાબ આપવામાં આવ્યો નથી.

મુખી મહમદ અબ્દુલકરીમ જમાતખાનાની બાજુના એક જમાતી મકાનમાં રહે છે. મોટા કામની મિજલસે જનારા પુરૂષો અને સ્ત્રીઓ એકજ દાદરથી ઉપર જતા એ અયોગ્ય લાગવાથી સ્ત્રીઓને ચાલવા માટે એક જુદો દાદર બાંધવાનું નકકી કરવામાં આવ્યું, અને એ માટે મહમદ અબ્દુલકરીમ જે મકાનમાં રહે છે તેનો એક ભાગ વાળી લઇ ત્યાં દાદર માટે એક જુદોજ ઓરડો કરી તેની આડે પત્થરની દિવાલો ચણી લેવામાં આવી. આ દાદર ઉપરથીજ અત્યારે સ્ત્રીઓ મોટા કામની મિજલસોમાં રાત્રે જાય છે. મહમદ અબ્દુલકરીમની લાગવગથી કે પછી બીજા ગમે તે કારણે, પણ આ જુદાજ ચણવામાં આવેલા ઓરડામાં એક બારણું મુકવામાં આવ્યું છે કે જે મહમદ અબ્દુલકરીમ રહે છે એ ઘરમાં પડે છે. ભાઇ કરીમબક્ષે ના. આગાખાનને કરેલ અરજીમાં એમ સ્પષ્ટ જણાવ્યું છે કે આ દરવાજાનો દુરૂપયોગ થઇ રહ્યો છે અને એ દરવાજા વાટેજ મહમદ અબ્દુલકરીમે તેમની સ્ત્રીની લાજ લુંટી હતી.

મહમદ અબ્દુલકરીમ જે જમાતી મકાનમાં રહે છે તેનું ભાડું તે માસિક રીઆલ ૪ આપે છે. આજ મકાન માટે આંહીના એક ભાઇએ માસિક રીઆલ ૧૦ ના ભાડાથી પાંચ વરસ સુધી બંધીએ અગાઉથી ભાડું આપતા રહેવાની શરતે મુખી ખલફાન પાસે માગણી કરી છે, પણ તે મકાન વધુ ભાડું આવવા છતાં બીજા કોઇને ભાડે આપવામાં આવતું નથી.

ભાઇ કરીમબક્ષે રીક્રીએશન કલબ અને જુદી જુદી કાઉન્સીલો સાથે કરેલા તાર અને પત્ર વ્યવહારના થોકબંધ કાગળો મારી પાસે પડયા છે; પણ આંહી હું રીક્રીએશન કલબ ઉપરનો તેમનો પહેલો કાગળ આપું છું:—

મસ્કત, તા. ૫-૨-૩૨.

નેકનામ ચીફ સેક્રેટરી,

રીક્રીએશન કલબ. જોગ શ્રી મુંબઇ.

મસ્કતથી લી. ખોજા કરીમબક્ષ ગુલામહુસેનના યા અલી મદદ વાંચજો.

જત ઘણી આનાકાની સાથે મને આપ નામદારને મારા કુટુંબ પ્રત્યે થયેલ વર્તાવ સામેનું નમ્ર નિવેદન જાહેર કરવાની રજા લેવી પડે છે, અને અરજ ગુજારૂં છું જે અમારી ઇજ્જતની રક્ષા માટે તાત્કાલિક ઉપાયો લઇ આભારી કરજો.

મહમદ અબ્દુલકરીમને મુખી ખલફાને પોતાનો પક્ષ મજબુત કરવાના કારણે આખી મસ્કત :જમાતની સંમતિ લીધા વગર બૈતુલખ્યાલના મુખી તરીકે નીમેલ છે અને તેવીજ રીતે તેના છોકરા અબ્દલ્લાને જમાતના કામડીયા તરીકે નીમેલ છે. મજકુર મહમદ અબ્દુલકરીમ જ્યારે બાઇડીઓ બૈતુલખ્યાલમાંથી નીચે ઉતરે છે ત્યારે માણસોની ગેરહાજરીનો લાભ લઇ સ્ત્રીઓ સાથે ગેરવર્તન અવાર નવાર ચલાવે છે; જેનો એક દાખલો મારી સ્ત્રી સાથે તાજેતરમાં થયેલ છે, જે બાબતો ખુલાસાવાર લખતાં મને શરમ આવે છે. તેવીજ રીતે તેના છોકરા પ્રત્યે પણ એવી શીકાયતો થાય છે. હવે મજકુર બાબતોનો તપાસ કરનાર અને સાંભળનાર મુખી ખલફાન મુરાદઅલી શિવાય કોઇ નહિ હોવાથી આપ નામદારના ડીપાર્ટમેન્ટની રક્ષા લેવી પડે છે; માટે આપ મજકુર બાબતો અટકાવવા સારૂ બનતું કરી આભારી કરશો.

આપના તરફથી જવાબની રાહ ઘણી ઇન્તેજારી સાથે જોઇએ છીએ.

લી. કરીમબક્ષ ગુલામહુસેનના
યા અલી મદદ વાંચજો.

# એક વિચાર

લેખકઃ **શ્રી. ધરમશી ભાણજી**

બાળક બાળક મટી જ્યારે પ્રૌઢતાને પામે છે ત્યારે તે પોતાના પૂર્વ જીવનનાં સંબંધમાં બાળપણનાં ઢીંગલી પોતીઆં વિગેરે નાના પ્રકારના ખેલો રમતોને છોડી દઇ બુદ્ધિના પ્રયોગથી પોતાની વ્યહવારિક ઉન્નતિ કે આત્મિક પ્રવૃત્તિમાં પ્રવેશે છે અને પોતાની જુની પ્રણાલીકા બાલજીવન પર પડદો પાડી નવજીવનમાં પ્રવેશી પ્રૌઢતાને શોભાવે છે. આપણે સહુ પણ એજ પંકિતના માણસો છીએ કે જેવા સમાજમાં અન્ય સહુ માણસો છે. તેવાજ જીવતા અને જાગતા, હાલતા અને ચાલતા, ખાતા અને પીતા, વિગેરે વિગેરે સરખામણીમાં સંપૂર્ણ. છતાં ધાર્મિકતાની બાબતોમાં આપણી હાલત કોઇ વિચિત્ર પ્રકારની જણાઇ આવે છે. પછી તે આપણી અક્ષરજ્ઞાનની ઉણપને આભારી હોય કે આપણા પૂર્વજોનો બુધ્ધિબળનો આપણને મળેલો વારસોજ એવો હોય. ગમે તેમ હો, પણ આપણી હાલત કોઇ જુદાજ પ્રકારની છે તેમ કબુલ કર્યા વગર કોઇથી ચાલે તેમ નથીજ.

અલબત્ત વકીલ બેરીસ્ટરો અને બીજી સર્વ બાબતોમાં અન્ય સમાજની સરખામણી કરી શકે તેવો નાનકડો જનસમૂહ આપણી જ્ઞાતિમાં પણ છેજ. છતાં આપણી હાલતમાં તેથી કાંઇ ફરક પડતોજ નથી. કારણ ઉપરની વિચિત્રતાથી અને વિષમતાથી એ વર્ગ પણ આપણી સાથે વણાએલોજ છે. એટલે એકંદરે આપણે સર્વ સરખાજ છીએ એમ માનવામાં કે કહેવામાં કાંઇ ભુલજ નથી. નહી તો એ મુછાળા મર્દો અને આપણે સર્વ વીશ, ત્રીશ, ચાલીશ, પચાસ, સાઠ, સીતેર કે એંશી વર્ષના આદમીઓ બાળક સમાન માંડેલા કે ગોઠવેલા એ ખેલો ને રમતોમાં રમીએ કે રાચીએજ કેમ? પત્થરનો ટુકડો કે ઠીકરાનું બટકું લઇ ટોપરૂં માની ગળે રાખી ટક ટક કરતા બાળક સમાન આપણી હાલત નથી શું? પૈસાથી પરમ અર્થો અને પૂણ્ય બક્ષીસો, દર્શનથી પાવનતા અને પાપ નાશ, પ્રસન્નતાથી મોક્ષ અને સ્વર્ગ, મોટાકામ, નાનાકામ, મરણ પામેલાને સ્વર્ગ, ભાતાં, છાંટા, સમર, વિગેરે વિગેરે અને એવીજ આપણી હંમેશની જીવતા અને જાગતાની પણ હાલત—ભ્રમિતતા, ભદ્રિકતા અને ભાવિકતા, એકના સવાલાખગણા—આ બધી બુધ્ધિ આગળ હસવા જેવી વાતો નથી લાગતી શું? આપણે બધા ભલે એમાં આંખો મીંચીને રમીએ, પણ બહારનું જગત આપણી એ હાલત ઉપર આજે હવે હસે છે. જેમ બાળકના એ ટોપરાં ભૂખ ભાંગે નહિ કે મદારીની ઇન્દ્રજાળનો આંબો કેરી આપે નહિ, તેમજ અને તેવાં આ બધા સ્વર્ગ કે મોક્ષ, ભાતાં કે પોતાં, વિગેરે માત્ર દેખાવના બાળકના ટોપરાં જેવા કે મદારીના આંબા જેવાજ સમજવા જોઇએ.

અને વધુમાં જુઠી આશા કે ઇચ્છા ઉલટી સાચા ફળથી વધુ વંચિત રાખનારી હોય છે એમ ચોકસ રીતે ધારી રાખવું જોઇએ. કોઇ પણ બાબતમાં પોતાના પુરૂષાર્થ વગર સચી ફળપ્રાપ્તિ શકય નથીજ. હજારો કે લાખો રૂપીયા ખર્ચતાં કોઇ દાઇએ પોતાના પેટે દીકરો જણી આપવાનો દાખલો મળી શકશે ખરો? પ્રસુતીની પીડા પામ્યા વગર જેમ પુત્રની પ્રાપ્તિ શકય નથી, તેમજ આત્મઉન્નતિ કે જગત સંપતિ વિગેરે અન્ય બાબતોમાં સમજવું જોઇએ. ગુણસંપન્ન સુયાણી જણતર સુલભતા કે સુગમતા સમજાવી શકે ખરી, પરંતુ પ્રસુતીની પીડા, યત્ન—આવશ્યકતા કે ઘટતો પ્રસુતી—પુરૂષાર્થ થોડોજ દુર કરી શકે છે? જન્મ તો જનેતાએજ આપવો જોઇએ. એ વગર કન્યા માતા થઇ શકેજ નહિ

પૈસાથી ધર્મ, મોક્ષ કે સ્વર્ગપ્રાપ્તિ સમજનારા ધર્મ, મોક્ષ કે સ્વર્ગને સમજ્યાજ નથી એમ કહેવું ખોટું ગણાશે નહિ. અને કદાચ એમજ હોય તો કુદરત અન્યાયીજ ઠરે. મુડીવાદીઓને ભારે જેમ ગરીબો અહિં કચડાય છે તેમજ ત્યાં પણ પૈસાથી ધર્મપ્રાપ્તિ કરી તેના ફળ રૂપે મોક્ષ કે સ્વર્ગનાં રાજ પણ મુડીવાદીઓનાંજ હાથમાં હોય અને તેઓ તેનો એકલાજ ઉપભોગ કરે. પણ કુદરત કદી અન્યાય કરેજ નહિ. કુદરતી હકો અને હાજતો સર્વને સરખાંજ હોય છે. પછી માનવ સમાજમાં ભલે તે રાજા હોય કે અદના રંક હોય, પણ કુદરત આગળ સર્વ સમાનજ છે તે ભુલવું જોઇએ નહિ. એટલે હવે આપણું એ બાળપણું કે વેવલાપણું અત્યારસુધી ચાલ્યું તે ચાલ્યું; પરંતુ હવે તે ઘડીભર પણ ચલાવી લેવું જોઇએ નહિ.

આજના આ નવયુગમાં કે જાગૃતિના જમાનામાં તે ચાલે તેમ અને તેવું નથીજ. બહારના જગતથી કે સમાજથી હવે આપણે વધુ વખત અળગા રહી શકીએ તેમ નથી. માટેજ આપણે આપણું એ બાળપણું કે વેવલાપણું છોડીને બુધ્ધિ વગરનાં બાલજીવન પર કે વેવલાપણાં પર પડદો પાડી પ્રૌઢતા પ્રાપ્ત કરીને નવજીવનમાં પ્રવેશવું જોઇએ. આપણા નયનોમાં અને હ્રદયમાં આપણો આજે હવે નવા જમાનાનું નુર ભરવું જોઇએ. એ વગર આપણો ઉધ્ધાર નથીજ.

ધર્મને નામે ધર્માંધતાએ અને શ્રધ્ધાને નામે અંધશ્રધ્ધાએ આપણો તો દાટજ વાળ્યો છે. ધર્મના સ્થાન આજે કર્મસ્થાનથી વધુ કારસ્થાની બન્યા છે. એ સંસ્કૃતિને નામે રૂઢીઓ કે બંધારણને નામે બંધનોને આજે ને આજેજ ફગાવી દેવા જોઇએ. ડગલે ને પગલે પૈસો અને પૈસો એ શ્વાસોશ્વાસ સમ બની રહેલા આપણા આજના અઘટિત ધન બ્યવસાય કે વ્યાપારને જુદેજ માર્ગે વાળવો જોઇએ.

( અપૂર્ણ )

## વેપાર સમાચાર.

( તા. ૨૬–૫–૩૪. )

ઉન : ગયા અઠવાડીયામાં લીવરપુરમાં ૩૨૮ ગાંસડી વેચાણી છે અને બજાર શાંત છે. આવતો સેલ તા. ૧૨-૬-૩૪નો છે તેમાં આશરે ગાં ૨૩૦૦૦ મુકાશે તેવી ધારણા છે. એમ માનવામાં આવે છે કે સેલમાં ઉંચા માલના ભાવ ગયા સેલના રહેશે' જ્યારે હલકો માલ ખપવો મુશ્કેલ થઇ પડશે. સ્થાનિક બજારમાં કાંઇ ફેરફાર થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨) થી ૧૨ાા આસપાસનો ગણાય.

**રૂત :** ભરૂચ ૧૯૭ા **બકરાના વાળ : ૪)**

# કચ્છી જમાત અને જનરલ કમીટી

## "ખોજા જાગૃતિ"

**મુંબઇથી પ્રગટ થતા અઠવાડીક "પ્રજામિત્ર કેસરી"ના ગઇ તા. ૨૦—૫—૩૪ના અંકમાં "ખોજા જાગૃતિ" માટે નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ-**

"ઇસ્માઇલી ખોજા કોમના અમલ સંબંધમાં પોતાનો વીરોધ જાહેર કરતા, ઇસ્માઇલી જમાતના બંધારણ અને ધારા ધોરણો ગેરવ્યાજબી, અન્યાયી છે એવું જાહેર કરનારા લેખો પ્રગટ કરતા, અને નામદાર આગાખાનની સરદારી સામે બંડ જગાડનારા વીવીધ વર્તમાનો–લેખો વગેરે પ્રગટ કરનારા 'ખોજા જાગૃતિ'ના અંકો એક પછી એક વધુ ને વધુ જોરદાર રીતે પ્રગટ થતા જાય છે. એમાં પ્રગટ થતી વાતો–હકીકતો અને લેખોની સત્યાસત્યતાના ઉત્તરો હજી સુધી બીજા પક્ષે આપ્યા હોવાનું જણાયું નથી, એટલુંજ નહિ પણ ખોજા ઇસ્માઇલી કોમનું બીજું એક વાજીંત્ર ધી 'ઇસ્માઇલી'માં પણ આવા લેખોના રદીઆ કે ટીકાઓ વીશેષ પ્રગટ થતા નહિ હોવાથી 'ખોજા જાગૃતિ'નો અવાજ વધુને વધુ બળવત્તર થતો જાય છે......તો ઇસ્માઇલી કોમના સમજુ વર્ગે રજુ કરવામાં આવતી ફરીયાદો ઉપર આધુનીક વીચારશ્રેણીએ વીચાર કરવો ઘટે એટલુંજ નહિ પણ બધી કુપ્રથાઓ, કુરીવાજો, અને અનર્થકારી નીયમો–કાયદા કાનુનો બદલી નાખવા જોઇએ. જો એમ કરવામાં નહિ આવે તો 'ખોજા જાગૃતિ'નો વિજય બહુ દુર નથી. 'ખોજા જાગૃતિ' ઉપર તેના એવા પ્રચારકાર્ય બદલ રોષે ભરાવા કરતાં, કે તેનો તીરસ્કાર કરવા કરતાં એ જે કંઇ લખે છે તે ન્યાય-પુર્ણ છે કે નહિ? એ સત્ય છે કે નહિ? એનો વીચાર કરવો વિશેષ ફળદાયી છે. ગુસ્સો, તીરસ્કાર કે રોષ એ આધુનીક યુગની સભ્યતાનો વીરોધ કરવા બરોબર છે. અને જેઓ યુગની સભ્યતાની અવહેલના કરે છે, તેઓ હંમેશા એ યુગના પછાત માણસો તરીકેનું અસ્તીત્વ ભોગવે છે. ખોજા કોમને કઇ સ્થીની ગમે? એનો વીચાર એ કોમના સમજુ માણસોએ કરવાનો છે."

---

(અનુસંધાન પાના ૪૦ થી)

પ્રસંગનું કામકાજ ખલાસ થાય કે તરતજ તે વાસણો પાછાં પહોંચાડવા અને જો કાંઇ ઠામ વાસણ ઓછું થાય તો તેની કીંમત તેના પાસેથી વસુલ કરવી અને સરકાર સાહેબી તેજુરીમાં નાખવી. સદરહુ રાંધવાના ઠામ વાસણો પર નામદાર હીઝ હાઇનેસ સરકાર સાહેબ મૌલાના હાજર ઇમામનાં નામ તેના કુલ માલીક તથા ધણી તરીકે કોતરાવવામાં આવશે."

"ઇસ્માઇલી મુરીદ"નો શબ્દ–પ્રયોગ અને વાસણો માથે ના. આગાખાનનું નામ લખાવવું–આ બે વસ્તુઓ આ કલમમાં વાંધા ભરેલી છે. જમાતી મીલ્કતોનો હકક ના. આગાખાનનો નથી અને તેથી વાસણોની માલીકી તેમની ગણવી કે તે ઉપર તેમનું નામ લખાવવું કે ઘટતા વાસણોની કિંમત તેમની તેજુરીમાં નાખવી એ કોમના અધિકારોનો દ્રોહ કરવા બરાબર છે. (અપૂર્ણ.)

કચ્છની જમાતો ના. આગાખાનની છેલ્લી મુસાફરી પહેલાં થોડી ઘણી પણ સ્વતંત્ર હતી. કેટલાક સ્વાર્થીઓને એ પણ ન ગમ્યું. ગરીબ બિચારી કચ્છી જમાત શા માટે સ્વતંત્રતા ભોગવે? જેથી મુંબઇમાં અમુક સ્થળે કેટલાક મતલબીઆઓ અને અંધશ્રધ્ધાળુઓએ એકઠા થઇ કોમને કચડી નાખવા અને હંમેશના માટે કોમ પરતંત્ર રહે એવા હેતુથી બંધ બારણે સંકુચિત ધારા ધોરણો પોતાની આપખુદીથી કોમની સંમતિ લીધા વિના રચ્યા અંધશ્રધ્ધાથી સર્વસ્વ ના. આગાખાનને અર્પણ કરી પોતાપણું ગુમાવી મંજુરી મેળવી. કચ્છ માટે કાયદા ઘડયા એ જાણે શુરવીરતાથી અમુક દેશ જીત્યો હોય એમ માની પોતાની નામના ફેલાવવા અર્થે કચ્છ નીગાર ખાતે કોમનો એક મેલાવડો ભરવામાં આવ્યો હતો.

આ મેલાવડામાં માત્ર કાયદા પોપટની જેમ વાંચીજ સંભળાવવામાં આવ્યા. આ મેલાવડામાં ગયેલા કેટલાક ભોળા ભાઇયોને પુછતાં કહે છે કે અમોને ખબર પડી નહિ કે શી બાબતના ધારા છે.

પોતાની મેળે બની બેઠેલા સતાધીશો તરફથી સરક્યુલર કે જેમાં કાયદા ૭૧ થી ૯૧ સુધીની નકલો અમલદારીઓ ઉપર આવી ત્યારેજ બરાબર ખબર પડી કે આ તો ગરીબ કોમની ઉન્નતિ કરનારા ધારા નહિ પણ ગરીબ કોમનાં ખીસાં ખાલી કરી ના. આગાખાનની તેજુરી ભરનારા છે. બાકી રહેલા ૧ થી ૭૦ સુધીના ધારાઓ જ્યારે બહાર પડશે ત્યારે વિશેષ માહિતિ મળશે, કે આ ધારાઓ કોમની ઉન્નતિના છેજ નહિ પણ અધોગતિનાં છે. એ તો આગળ જતાં દેખાઇ આવશે.

હવે જનરલ કમિટિ, પ્રગણા કમિટિઓ અને સ્કુલ કમિટિઓ નીમાઇ છે, કે જેના નામો સરક્યુલર નાં. ૧માં બહાર પડેલાં છે

શું આ કમિટિના મેમ્બરો કોમની સંમતિથી ચુંટાયા છે? કદાપી નહિ. ત્યારે શું એ કમીટીઓ કાયદેસર ગણાય? કદી નહિ. જ્યારે જનરલ કમીટી પોતેજ કાયદેસર નથી ત્યારે તેની નીમેલી પ્રગણા કમીટીઓ અને સ્કુલ કમીટીઓ કેવી રીતે કાયદેસર ગણાઇ શકે? એક અજ્ઞાન માણસ પણ આ કમીટીઓને કાયદેસર કબુલ કદી રાખેજ નહિ.

કચ્છ,　　　　**"કોમીહિતચિંતક."**

---

## ખબરપત્રીઓ જોઇએ છે

કાઠીયાવાડના મુખ્ય મુખ્ય શહેરો અને મુંબઇ તેમજ કચ્છ, સિંધ ખાતે, કોમના જાણવાજોગ સાચા સમાચારો પુરતી માહીતી અને પુરાવા સાથે પુરા પાડી શકે તેવા ખબરપત્રીઓ "ખોજા જાગૃતિ" માટે જોઇએ છે. યોગ્યતા મુજબ વેતન આપવામાં આવશે. લખોઃ—

સહતંત્રી,
**"ખોજા જાગૃતિ"**
રાજકોટ.

# કાઉન્સીલના કાયદા : રક્ષક કે ભક્ષક ?

### કલમ ૨૧૦.

"વર પાસેથી જુદા જુદા પ્રસંગો ઉપર સરકાર સાહેબી લેણાં નીચે મુજબ લેવામાં આવશેઃ-

(એ) સગાઇની નિશાની તરીકે સરકાર સાહેબી રજીસ્ટરમાં સરકાર સાહેબી કોરીની નોંધ કરાવતી વખતે રૂા. ૯.

(બી) (સગપણ કરવામાં આવેલ કન્યાને તેના ભાવિ પતિ તરફથી લુગડાં ઘરેણાં ચડાવવાના ) "સમુરતા" અગર "ચખાણા" ના પ્રસંગે રૂા. ૧-૪-૦.

(સી) "લગ્ન" ( એટલે લગ્ન કરવાની તારીખની નીમણુક ) લખવા પ્રસંગે રૂા. ૦-૮-૦.

(ડી) "નીકાહ" ( એટલે લગ્ન ) પ્રસંગે રૂા. ૧૦-૦-૦.

( ઇ) પુનર્લગ્ન પ્રસંગે રૂા. ૧૨-૦-૦"

### કલમ ૨૧૧.

"કન્યા તથા વર અગર તેમના માબાપ અથવા વાલીઓ એ બન્ને પાસેથી એકથી ત્રણ "માંડવા" ના સરકાર સાહેબી લેણાના રૂા. ૧-૪-૦ સુધી લેવામાં આવશે."

સગપણથી માંડીને લગ્ન સુધીના જુદા જુદા પ્રસંગોએ જુદા જુદા કરવેરા માગનારી આ બન્ને કલમો અતિશય આકરી અને ભારે મારનારી છે. આજના મંદીના જમાનામાં લગ્નના માત્ર એકજ પ્રસંગે રૂા. ૨૨) જેવડી રકમ માત્ર કરવેરા ભરવાજ આપવી પડે એ સ્થિતિ અસહ્ય છે. ઘણા દાખલાઓમાં એવું પણ બને છે કે આખા લગ્ન પ્રસંગ ઉકેલવામાં જે ખર્ચ થાય છે તેટલીજ રકમ કે તેથી અર્ધી રકમ આ કરવેરાનું 'લેણું' ચુકવતાં થાય છે. કોમે ચુંટેલી કાર્યવાહી તંત્રના નિભાવ પુરતો કોઇ લાગો લેવાનું વ્યાજબી માને ત્યારે પણ એ લાગાની રકમ આટલી ભારે હોઇ શકે નહિ. આ લાગાઓને 'લેણું' ગણાવવામાં આવે છે એ તો ખુલ્લી ધૃષ્ટતાજ છે. કોમે કદી કોઇનું 'દેણું' કર્યુંજ નથી કે તેની પાસેથી આમ જબરદસ્તીથી 'લેણું' વસુલ કરવા કોઇ બહાર પડી શકે. કોમે ન ચુંટેલી આ કાઉન્સીલના કોમે ન ઘડેલા આ ધારાઓ મારફત કોમની પાસે નથી રહેતા એવા આ લાગા ટકાઓ આપવા કોમ બંધાયેલી નથી, અને તેથી આ કલમો રદ થવા પાત્ર છે.'

### કલમ ૨૧૨.

"શાદી તથા ગમીના પ્રસંગોએ આપણી નાતમાં જનરલ ખાણું અપાય ત્યારે સરકાર સાહેબી "સાર" ના રૂા. ૨-૦-૦ લેવામાં આવશે."

"ગમીના પ્રસંગોએ ખાણું અપાય" એ સ્થિતિજ ન રહેવા દેવી જોઇએ. એ લોહીના લાડુ કે મરણ પાછળ થતા ખોટા ખરચાઓને તિલાંજલી આપવી જોઇએ. લગ્ન વખતે કરવામાં આવતા ઉડાઉ વરાઓને કાઉન્સીલ બંધ ન કરે તો પણ મરણ પાછળના આ ભોજન તો તાત્કાલિક અટકવાં જોઇએ.

જમાતી ખાણા વખતે તેવું ખાણું આપનાર પાસેથી રૂા. ૨) લેવાય અને જો તે રકમ જમાત પોતાની પાસે રહેતી હોય તો એ સમજી શકાય તેવું છે. પણ તેમ નહિ બનતાં આ રકમ ના. આગાખાનને મોકલી દેવામાં આવતી હોય ત્યારે એ ચિત્ર ભયંકર બને છે, કે શું કોમે પોતાના એકેએક પ્રસંગ વખતે ના. આગાખાનનો કર આપવાનો ? આ રકમના પૈસા કોમ પાસે નહિ રહેતા હોવાથી આ કલમ રદ કરવી જોઇએ.

### કલમ ૨૧૩.

"સરકાર સાહેબી "ચંદ્રાકી" ના દર પાઘડી દીઠ દર ચાંદ રાતે ઓછામાં ઓછા આઠ આના લેવામાં આવશે."

આ કાયદાની આખી ચોપડીમાં વધારેમાં વધારે અપમાન કરનારો અને સૌથી વધુ આકરો ધારો કોઇ હોય તો તે આ છે. જીંદગી પર્યંત, માણસ જીવે ત્યાંસુધી તેણે દર મહીને આ લાગો સતત આપ્યાજ કરવાનો. તેમાંથી તે કદી છટકી શકે નહિ. ગરીબી કે પલટાયેલા સંજોગો એ ધારાના ભરણાની આડે આવી શકે નહિ. એ માટે કોઇ બચાવ નથી, કોઇ દલીલ નથી. ફક્ત એ જીવે છે એટલી વાતજ આ લાગો ઉઘરાવવા માટે બસ છે. આમ જીંદગીના છેલ્લા શ્વાસ સુધી ગરીબી કે અશક્તિના જરાએ ભેદભાવ વિના આપવો પડતો આ લાગો અતિશય આકરો અને ભારે મારનારો છે. લગ્ન કે બીજા પ્રસંગો અટકાવીને પૈસા વસુલ કરવાની કલમો ખાસ કરીને આ કલમમાંથીજ ઉદ્ભવવા પામી છે. લોકો એ ભરી શકતા નથી; એટલે એની ચડત થાય છે અને એ ચોપડામાં ચીતરાય છે. પછી જ્યારે એવા ન ભરી શકનારને ત્યાં કાંઇ પ્રસંગ આવે છે ત્યારે એ અટકાવીને આમ એકઠી થયેલી રકમ વસુલ કરવામાં આવે છે. આમ આ માથાવેરો ઘણા અનિષ્ટોનું મૂળ કારણ છે. ઉપરાંત, કોમનું આ મોટામાં મોટું અપમાન છે, કે તેના ઉપર આવા અમાનુષી કરવેરાઓ લાદવામાં આવે છે. અને આ પછી પણ આ જુલ્મી કરની બધી આવક ના. આગાખાનને પહોંચાડવામાં આવે છે અને તેની એક પાઇ પણ ખોજા કોમ પાસે રહેતી નથી. એટલે એનો સીધો અર્થ એટલોજ થાય છે કે ના. આગાખાનની તેજુરી ભરવા માટે કોમનું આવું હડહડતું અપમાન કરીને તેની પાસેથી આવો આકરો લાગો ઉઘરાવવામાં આવે છે. આ કલમ એકજ ઝટકે રદ થવી જોઇએ.

### કલમ ૨૧૪.

"સરકાર સાહેબી લેખાના દર ઘર દીઠ દર સાલ રૂા. ૧-૪-૦ લેવામાં આવશે. કોઇ બાબતમાં કોઇ પાસેથી એથી પણ ઓછી રકમ લેવાનું વ્યાજબી લાગે તો તે લેવી."

આ "લેખાં"નો અર્થ શું થાય છે એ કોને ખબર છે? શા માટે કોમને આવા ઝીણા મોટા કરોથી ડાંભવામાં આવે છે? જેનો કાંઇ અર્થ નથી એવાં જુદાં જુદાં નામ નીચે પૈસા મેળવવાનું આ એક બહાનું નથી તો બીજું શું છે? આ બધું દૂર થવું જોઇએ.

### કલમ ૨૧૫.

"કાઠીયાવાડમાં કોઇ સ્થળના રહીશ કોઇ ઇસ્માઇલી મુરીદને જો રાંધવાના વાસણની જરૂર પડે તો તે વાસણોની તેની-તેણીની પાસેથી લેખીત પહોંચ લઇ તેને તે આપવામાં આવશે. તે

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

બીનજવાબદાર સત્તા

Regd. No. B. 3114



પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી. [ અંક: ૬

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨. દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

જુન ૫ : ૧૯૩૪. સંવત ૧૯૯૦ના બી. વૈશાખ વદ ૮ મંગળવાર.

મુદ્રણસ્થાન : જાગૃત મુદ્રણાલય

# પરાણે પુન્ય



ધર્મને નામે આજે આપણી ભયંકર લુંટ થઇ રહી છે. કાઉન્સીલનો કારોબાર આપણને એક અથવા બીજા હથીઆર વડે ગરદનથી પકડી પરાણે પુન્ય કરાવી રહ્યો છે. લાલચ, ભય કે દંડ વડે એ ધન-શોષણનો રાક્ષસ આપણા સ્વમાન અને ખીસા ઉપર આજે કાતર ચલાવી રહ્યો છે.

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૫–૬–૩૪.


## બીનજવાબદાર સત્તા

**આ** એ અંકોથી 'જાગૃતિ'માં પ્રગટ થતા મસ્કતના સમાચાર તરફ વાંચકોનું ધ્યાન ખેંચાણું હશે. મવાળમાં મવાળ માણસ પણ ચોંકી ઉઠે એવી આ ઘટના હૈયા સોંસરવી નીકળી જાય છે.

કોઇ પણ ધર્મમાં નહિ એવી ઇસ્માઇલી ધર્મની રાત્રે, મધ-રાત્રે અને વહેલી સવારે ભેગાં મળી બંદગી કરવાની રીતિનીતિએ ઘણાં અનિષ્ટોને જન્મ આપ્યો છે અને આજે એ પુરાણી પ્રથા નીચે આ અનિષ્ટો ફાલી ફુલીને મોટાં થયાં છે. મોટા કામની મિજલસો કેટલીએ સ્ત્રીઓને શીયળભ્રષ્ટ થવામાં કારણભૂત બની છે અને પીર તરીકે પુજાતા કેટલાએ મીશનરીઓ અને બોધ કામ-ડીઆઓની વ્યભિચાર લીલા અમારા જાણવામાં આવી છે. કેટ-લાએ કિસ્સાઓની સત્યતાની અમને સોએસો ટકા ખાત્રી થવા છતાં પણ પુરાવાના અભાવે અમારે મોઢે તાળું મારીનેજ ફરવું પડે છે. અમે માનીએ છીએ ત્યાંસુધી આ વસ્તુથી કોઇ અજાણ્યું નથી, અને સૌ મનમાં સમજી મુંગો ત્રાસ અનુભવી રહ્યા છે.

મસ્કતનો કિસ્સો તો સવિશેષ કરૂણાજનક છે. એ ભાઇ પોતાની સ્ત્રીની લાજ લુંટાતી પોતાની નજરે જુએ છે. એનો આત્મા કકળી ઉઠે છે. એ પોતાની ઉપર વરસતા જુલ્મની સામે દાદ મેળવવા દોડે છે. એ ટપાલ લખે છે, તાર કરે છે. મુંબઇ, કરાંચી, ગુવાદર–સર્વ સ્થળે એ ફરી વળે છે, પણ બધેથી એને ઇન્સા-ફને બદલે ધક્કો મળે છે. ઉંડા ભક્તિભાવ અને પૂર્ણ શ્રધ્ધા સાથે એ પહોંચે છે આગાખાન પિતા પુત્ર પાસે. તેમની આગળ એ પોતાનું દુઃખ રડે છે. વ્યભિચાર ખેલતા એ આદમીને મધરા-તની એ મિજલસના મુખીપદેથી દૂર કરવા એ પ્રાર્થના કરે છે. ઓછામાં ઓછું તેની હવસખોરીનું સાધન બનતા એ મકાનમાંથી તેને રજા આપવા એ કરગરે છે. પણ તેની આ બધી આજીજીઓ અને કાકલુદીઓ અરણ્ય-રૂદન સમી થઇ પડે છે. ઇન્સાફ આપવો તો બાજુએ રહ્યો, એને મુખીપદેથી દૂર કરવો કે મકાનમાંથી કાઢી મુકવો તો કોરે રહ્યો, પણ તેની આ અરજીઓનો જવાબ પણ તેઓ આપતા નથી; અરે, જવાબ તો શું પણ પહોંચ પણ કોઇ લખતું નથી.

ઇસ્માઇલી ધર્મની ચુકતે ક્રિયાઓ ઉપર ના. આગાખાનનો અત્યારે કાબુ છે. તેઓ ચાહે તે માણસને ચાહે તે સ્થાનેથી ચાહે ત્યારે વિના વિલંબે ફેરવી નાખી શકે છે કે રૂખસત આપી શકે છે. ઇસ્માઇલી ધર્મના તેઓ અત્યારે એકલા સરમુખત્યાર છે. તેઓ ધારે તો ઘણાં અનિષ્ટોના એકજ કારણ સમી આ મધરા-તની મિજલસો બંધ કરાવી શકે. ખોજા કોમ અત્યારે બાળહત્યાનાં કુડાં કેલંકે કલંકિત છે તેની પાછળ પણ આ અન્ય ધર્મોથી અનોખી એવી રાત્રે બંદગી કરવાની વિચિત્ર રીતિનીતિ રહેલી છે, અને એ વિચિત્રતાએજ અજ્ઞાન લોક-સમૂહમાં ખોટા વ્હેમ દાખલ કરાવ્યો છે. જો ના. આગાખાન સાચેસાચ ખોજા કોમના હિત માટે રાત્રિ દિવસ ચિંતા કર્યા કરતા હોય તો પોતાની જાતને વફાદાર બનવા માટે પણ તેઓએ આ ખરાબ પ્રથાને તાત્કાલિક નાબુદ કરવી જોઇએ.

મસ્કતના કિસ્સા પરત્વેનુ તેમનું વર્તન તો ખરેજ અક્ષમ્ય ગણાવું જોઇએ. ભાઇ કરીમબક્ષની અરજી પછી તેમની એ પ્રાથ-મિક ગંભીર ફરજ હતી કે તેમણે મોટા કામની મિજલસના મુખી મહમદ અબ્દુલકરીમને તુરતાતુરત મુખીપદેથી દૂર કરવો અને આ કિસ્સા સંબંધમાં ઘટતી તપાસ કરી કરાવી જો મહમદ અબ્દુલ-કરીમનો ગુન્હો સાબીત થાય તો તેને ઘટતી નશીઅતે પહોં-ચાડવો. આ અરજી તેમને હિંદમાંજ પહોંચાડવામાં આવી હતી એથી તેમની એ ફરજ વધુ ગંભીર બને છે. આમ છતાં, એ ભારે અફસોસની વાત ગણાવી જોઇએ કે સ્ત્રીઓની લાજ લુંટા-વાના આવા ગંભીર કિસ્સાઓમાં પણ તેઓ નામદારે કશુંજ લક્ષ આપ્યું નથી. તેમની આગળ રજુ થતા લેખિત પુરાવાઓ સંબંધે તેમણે પુરતી તપાસ કરવી જોઇતી હતી. ભાઇ કરીમ-બક્ષની અરજીને ૭ ૭ મસ થવા છતાં તેમને એ અરજીનો કાંઇજ ઉત્તર મળ્યો નર્થ એથી એ નક્કી થાય છે કે ના. આગાખાને આ સંબંધમાં કશીજ તપાસ કરી નથી અને કરવા માગતા પણ નથી. ખોજા કોમ ઉપરના ભારે કરવેરામાં ઘટાડો કરવાની આજીજી કરનારા કાઉન્સીલના બે સભ્યોને રૂખસત આપવા માટે તેઓ મુદત પહેલાં, આખી કાઉન્સીલને બરખાસ્ત કરી નવી નિમણુકો કરી શકે છે, એ કરવા માટે તેમની પાસે વખત છે. પણ જેના ઉપર તેઓ નામદારની પુરતી સત્તા છે અને જે તેમની ધાર્મિક સાંકળની એક કડી સમાન છે એ મસ્કતના મોટા કામની મિજલસના એક મુખી સામે એક સ્ત્રીનું શીયળ લુંટવાનો ગંભીર આરોપ મુકવામાં આવે ત્યારે એ સ્ત્રીના પતિએ કરેલી આજીજી ભરેલી અરજી ઉપર ધ્યાન આપવા જેટલો પણ તેઓની પાસે વખત નથી, એ અરજીનો જવાબ આપવા જેટલી તેમને ફુરસત નથી.

આ શું બતાવે છે? કોમના ગંભીર અને નાજુક પ્રશ્નો પરત્વેની ના. આગાખાનની ઉદાસીનતા અને બેકાળજી શું સૂચવે છે? 'ધણી માબાપ' તરીકે ઓળખાતા અને પુજાતા એ ના. આગાખાન શું ધણીપણું કરે છે? આ બધું એકજ વાત કહે છે કે ના. આગાખાનને આપણા હિતની કશીજ પડી નથી. આપણે જીવીએ કે મરીએ તેની સાથે તેમને લાગતું વળગતું નથી. આપણી સ્ત્રીઓની લાજ લુંટાય કે ન લુંટાય તેની સાથે તેમને નિસ્બત નથી. તેમને નિસ્બત છે એકજ વસ્તુ સાથે–આપણા પૈસા સાથે. તેમનું હિત અંશઃ પણ જોખમાશે ત્યાં તેઓ જરાએ આનાકાની વિના, જરાએ ઢીલ વિના તાત્કાલિક પ્રબંધ કરશે; આપણું બધું ઉંધું વળી જતું હોય તો પણ તેની તેમને કાંઇ ચિંતા નથી. ના. આગાખાન આજે બીનજવાબદાર છે. ખોજા કોમ પાસેથી પૈસા કઢાવવા છતાં એ કોમના હિત પરત્વે તેઓ ઉદાસીન છે. તેમનો આપણી સાથેનો સંબંધ એકપક્ષી છે. આપણે તેમના માટે સર્વસ્વનો ભોગ આપવો, તેમણે આપણા માટે કાંઇજ ન કરવું. આ વસ્તુ આપણે જેટલી વ્હેલી સમજીએ અને જેટલી વ્હેલી આચરણમાં ઉતારીએ તેટલું આપણું અર્થ શોષણ ઓછું થવાનું.

# એ ક વિ ચા ર

લેખકઃ **શ્રી. ધરમશી ભાણજી**

(ગતાંકથી ચાલુ)

આજે આપણી જ્ઞાતિમાં કેળવણીનો અભાવ, નિરક્ષરતા અને બેકારી છે. આંધળાં, પાંગળાં, વિગેરે કુદરાતાધીન પડેલાં છે. તે સર્વને રસ્તા પર લાવવાની અને જરૂર હોય તો તેવાઓને ઘેર ધન ધાન પહોંચાડવાની આપણી પહેલી ફરજ છે. આપણી આજે ઘણી ઘણી પ્રાથમિક અને જરૂરીઆતવાળી ફરજોને વીસરી જઇને આપણે આપણી એ સ્થિતિમાં વધુ ઉમેરો કરી રહ્યા છીએ. તે વિષે આપણે ગંભીરતાથી વિચાર કરવો જોઇએ અને તેમાં તાત્કાલિક ઘટતો સુધારો કરવો જોઇએ. એ વગર આપણે કદી પણ આપણા ભાઇબંધ સમાજ સાથે કે જગત સાથે આગળ વધી શકીશું નહિ.

માનવતાને વિસારી આપણે માનવ ધર્મને કે તેના પરિણામ રૂપે પ્રાપ્ત થતાં સ્વર્ગ કે મોક્ષ પમવાની આશા રાખીએ તો તે આકાશકુસુમવત્ જેવું કે મૃગજળને મહાસાગર માનવા જેવું છે. આપણામાં સંસ્કૃતિ, શ્રધ્ધા, પુણ્ય કે ધર્મ પ્રેમ હોય તો સાથે સાથે તેની સીમા અને સમજણ પણ અવસ્ય હોવાં જોઇએ. જીવતાંઓની દોઝખ સમાન સ્થિતિ કરી મુકી મુએલાંની સ્વર્ગ વંચ્છના રાખવી એમાં નથી સંસ્કૃતિ, શ્રધ્ધા, પુણ્ય કે ધર્મ પ્રેમ. પણ ઉલટો પ્રેમ ધર્મનો અભાવ જ જણાઇ આવે છે. સર્વ બાબતોમાં આવડક અને સદોપયોગ પણ અવસ્ય હોવાંજ જોઇએ. એ વગરના ધર્મો અને કર્મો જીવનમાં ઉલટા વિનાશક અને બંધનોજ બની રહે છે. કારણ સંસ્કૃતિ રૂઢીનું રૂપ ધારણ કરે છે; શ્રધ્ધા અંધશ્રધ્ધા બને છે; પુણ્ય પાપમાં પરિણમે છે; અને ધર્મ ધર્માંધતામાં સમાય છે. અને એમાં કલ્યાણને બદલે આપણું અને અન્યનું સદા અકલ્યાણજ થાય છે.

અન્ન વસ્ત્ર વિનાના અનેક ભૂખ્યાં અને દુખ્યાં તાઢથી થરથરતાં હોય અને તેના તરફ દુર્લક્ષ કરી પચાસ, સો કે પાનસો માણસો એકી સાથે મળી એકજ ટંકમાં એર્ઓઓનાં અંતર ઠારવાને બદલે મિષ્ટાનો રાંધી ઉદરમાં આરોગી જાય એ કાંઇ ઓછી શરમની વાત છે? કે જે ભૂખ્યા દસ કુટુંબોને માસ, બે માસ કે છ માસ ઉદર-નિર્વાહનું અને અંગ ઢાંકવાનું સાધન બની રહેત; એવોજ અન્ય રીતે થતો ધનનો દુરવ્યય અને દુરૂપયોગ કે જેનો સદોપયોગ કરતાં અનેક સુખ અને સગવડો મેળવી શકાય તેમ છે.

વળી આવા ધર્મો અને મનાતા પુણ્યો ઘણીવાર પોતાનાંજ બાલ બચ્ચાંને ભિક્ષુકની સ્થિતિમાં લાવી મુકે છે એ કાંઇ ઓછા દુઃખની વાત નથી. આ કાંઇ અતિશયોકિત નથી, પણ આપણા જીવન વ્યવહારમાં નિત્યની આપણા સર્વની અનુભવની વાત છે, કે જેની સામે કોઇથી ના પાડી શકય તેમ નથી. એટલે આપણે જો મૃત્યુ પછીની ચિન્તા રાખવી આવશ્યક હોય તો જીવતા જીવન વ્યવહારની સ્થિતિની ચિન્તા રાખવી વધુ આવશ્યક છે. એટલે કે મુવા પછીની સ્થિતિને અનુલક્ષીને અત્યારના જીવન વ્યવહારમાં સંસ્કૃતિ, શ્રધ્ધા, પુણ્ય કે ધર્મ, વિગેરે પ્રત્યે દુર્લક્ષ કરવું ઘટે નહિ, પરંતુ તે સર્વને સાચી રીતે સમજવું અને સંઘરવું જોઇએ.

જેનું વર્તમાન અને પ્રાથમિક લક્ષણ ભૂલભરેલું હોય તેનું પરિણામ શુભ કે સાચું આવી શકેજ નહિ– જેવી રીતે આહાર તેવો ઓડકાર એવીજ રીતે. લક્ષ અને લક્ષણ, બીજ અને ફળ પરિણામે વિપરિત હોઇ શકેજ નહિ. જીવવાની રીતે જીવવામાંજ ઘણી ખરી મૃત્યુની અને મૃત્યુ પછીની ચિન્તા નાશ પામે છે. મરવું સ્હેલું છે; પરંતુ મૃત્યુ પરનો વિજય સ્હેલો નથી. મૃત્યુ પરના વિજયમાંજ અનંત શ્રેષ્ટ અને સાચું જીવન રહેલું છે. એટલે જીવવાની રીતે જીવવું અને મરણને શોભતું મરવું એમાંજ સાચી જીવન-કળા અને જન્મ-સંપૂર્ણતા છે; અને જન્મ -સંપૂર્ણતા એટલેજ મૃત્યુનો નાશ અને મોક્ષ.

આટલી વાત સમજ્યા પછી આપણે પૈસાથી ખરીદેલાં ધર્મ કે મોક્ષની સ્થિતિ અને કિંમત કેટલી હોય તે સ્હેજે સમજી શકીશું. પરંતુ એ પહેલાંએ સમજવાનો આપણે યત્ન કરવો જોઇએ. એ વગર કોઇ વસ્તુ પોતાની મેળે આપણી પાસે આવવાની નથી. અંધકારને દૂર કરો એટલે પ્રકાશ પોતાની મેળે આવવાનો જ. તેમ આપણે આપણા દોષો દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એજ ઉત્તમ અને પરમ પુરૂષાર્થ છે. અને પરમ પુરૂષાર્થનું ફળ પરમ આવવાનું જ એ નિઃસંશય છે.

આટલા વિચાર પછી પણ આપણે આપણી સ્થિતિને નહિ સમજી શકીએ કે આપણા દોષો દૂર કરવાનું નહિ સમજીએ તો આપણો નાશજ નિર્માયેલો છે. નાશ એટલે પ્રલય કે આપણે સર્વ ફના થઇ જવાના છીએ તેમ રખે કોઇ સમજે કે માને; તેવી આ વાત નથી. પણ માનવતા કે માનવીપણા વગર પશુની હાલતમાં કે અન્ય પ્રાણીઓ સમાન આપણા જીવતરની સ્થિતિ રહે તેમાં અને તેમ જીવવામાં કાંઇ કિંમત જ નથી. માનવતા કે મનુષ્યત્વનો અભાવ એટલે આપણા સાચા જીવનનો નાશ. અને જ્યાં સાચા જીવનો નાશ છે ત્યાં સર્વથા અને સર્વદા નાશ જ રહેલો છે. આપણે એ નાશના કારણથી સવેળા ચેતવું જોઇએ.

---


**—: જોઇએ છે :—**

**ખ પ**

**બ ત્રી**

**ર ઓ**

**કાઠીયાવાડના મુખ્ય મુખ્ય શહેરો અને મુંબઇ તેમજ કચ્છ, સિંધ ખાતે, કોમના જાણવાજોગ સાચા સમાચારો પુરતી માહીતી અને પુરાવા સાથે પુરા પાડી શકે તેવા ખબરપત્રીઓ "ખોજા જાગૃતિ" માટે જોઇએ છે. યોગ્યતા મુજબ વેતન આપવામાં આવશે.**

### ના. આગાખાનના જયેષ્ટ પુત્ર

# શ્રી. અલી સલમાન ખાનને અરજી

## ઇન્સાફ તો નહિ, પણ પહોંચ પણ નહિ.

[ અમારા મસ્કતના ખબરપત્રી તરફથી ]

મસ્કત જમાતના એક ભાઇ શ્રી. કરીમબક્ષ ગુલામહુસેને મોટા કામની મિજલસના મુખી મહમદ અબ્દુલકરીમને હાથે પોતાની સ્ત્રીની લાજ લુંટાતી પોતાની નજરે જોઇ અને એથી પોતાની ઉપર ગુજરેલ જુલ્મ અને અન્યાયની દાદ મેળવવા તેમણે મુંબઇ, કરાંચી, ગુવાદર અને વિલાયત સુધી જે આજીજીઓ કરી તેના ખબર હું અગાઉ આપી ગયો છું. આ સંબંધમાં ના. આગાખાનના જ્યેષ્ટ પુત્ર શ્રી. અલી સલમાન ખાનને તેમણે કરેલી અરજી આ નીચે આપું છું. ભાઇ કરીમબક્ષને થયેલા ગેરઇન્સાફની દાદ મળવી તો બાજુ ઉપર રહી, પણ તેમની આ રજીસ્ટરથી મોકલવામાં આવેલી અરજીનો જવાબ કે પહોંચ પણ તેને મળેલ નથીઃ—

**મસ્કત,** તા. ૨૪ માર્ચ, ૧૯૩૨.

**હીઝ હાયનેસ પ્રીન્સ અલી એસ. ખાન, લંડન.**

ખુશ રહો આપ નામવર!

હું મસ્કતનો ખોજા કરીમબક્ષ ગુલામહુસેન અત્યંત માન સહિત આપ નામદારની માયાળુ વિચારણા માટે નીચેની થોડી લીટીઓ આપ સમક્ષ રજુ કરવાની આજીજીપૂર્વક પરવાનગી માગું છું અને આપના પવિત્ર પિતા આગળ તે રજુ કરવાની વિનંતિ કરૂં છું.

આપના પિતા પાસે મારી અરજ લઇને સીધું જવાની મારામાં હિંમત નથી, કારણ કે આજકાલ તેઓ ઇસ્લામના હિતમાં રોકાયેલા હોવાથી તેમને તકલીફ નહિ આપવાનું ગઇ સાલ મુંબઇ જમાતને આપના પિતાએ કરેલું ફરમાન મને બરાબર યાદ છે.

આપ સમક્ષ રજુ કરતાં પહેલાં, એક લાંબી અરજી સહિત આપની સમક્ષ હાજર થવા માટે મારે આપ નામદારની માફી માગવી જોઇએ. આપ નામદારને પણ તકલીફ આપવા માટે હું હિંમતવાન થયો ન હત, પણ મુશ્કેલીમાંથી મુક્ત થવાનો બીજો કોઇ રસ્તો નહિ દેખાવાથી દુઃખદાયક જરૂરતે મને તેમ કરવાની ફરજ પાડી છે.

નામદાર, મસ્કત જમાત ૧૧–૧૨ કુટુંબો અથવા ૧૨૦ માણસોની બનેલી છે. મસ્કત જમાતની હકીકતો અને કામકાજ ઉપર દેખરેખ રાખવા આપના પિતાએ વઝીર મહમદ રેમુને સત્તા આપી હતી. ૧૯૨૩ કે તે આસપાસમાં તેમનું ખેદજનક અવસાન થયા પછી, જમાતના કામકાજ ઉપર દેખરેખ રાખનાર કોઇ નથી, તેમજ મસ્કત જમાતના હાલના મુખી ખલફાન મુરાદઅલી તરફથી નવી નિમણુક કરવા માટે આપના પિતા સમક્ષ કોઇ અરજ રજુ કરવામાં આવી નથી.

મુખી ખલફાન કે જે છેલ્લાં ઘણાં વરસોથી મસ્કત જમાતના ચાલુ મુખી છે તેમને નવી નિમણુક કરવાની અરજ આપના પિતા સમક્ષ રજુ કરવા માટે ઘણી વખત વિનવવામાં આવ્યા છે, પણ જમાતને પોતાની ગુલામ રાખવાના ઇરાદાથી તે તેમ કરવાની દરકાર કરતા નથી. છેલ્લાં ઘણાં વરસોથી જમાતમાં અસંતોષ અને અંધાધુંધી પ્રવર્તે છે, અને આ બધું તેની વાંધાભરેલી વર્તણુકને લઇને થાય છે, અને એને લઇને દિનપ્રતિદિન ગંભીર તડાંઓ થવાનો સંભવ છે. જો કોઇ તેની વર્તણુક સંબંધે એક અક્ષર પણ ઉચ્ચારવાની હિંમત કરે તો તે માણસને તેના અને તેના પક્ષના હાથે તુરતજ મુશ્કેલીઓમાં મુકાવું પડે છે.

મહમદ અબ્દુલકરીમ અને તેનો દીકરો અબ્દુલ્લાહ મહમદ-આ બે માણસો તેના બે હાથ છે. પહેલાની નિમણુક બૈતુલખ્યાલના મુખી તરીકે અને બીજાની જમાતના કામડીયા તરીકે કરવામાં આવી છે. આ નિમણુંકો મુખી ખલફાને કરી છે..............ઇસ્માઇલી સ્ત્રીઓની લાજ લુંટવામાં અચકાતા નથી. બે ત્રણ માસ પહેલાં આવીજ વર્તણુક મારી સ્ત્રી સાથે કરવામાં આવી છે કે જે મેં મારી નજરે જોયું છે. આ સંબંધે ખાનગી તપાસ કરવા મેં મુખી ખલફાનને કહ્યું, પણ તેણે હું જુઠો છું એમ કહી તેના તરફ કાંઇ લક્ષ આપ્યું નહિ.

વઝીર મહમદ રેમુના ખેદજનક અવસાન પછી તેમની જગ્યાએ કોઇ નહિ હોવાથી, અમારા હિતનું રક્ષણ કરવા પોતાનો પ્રતિનિધિ મોકલાવવા રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટ–મુંબઇને તાર કરવાની મને ફરજ પડી, પણ તેમણે આ સંબંધે કરાંચી કાઉન્સીલને જણાવવા લખ્યું. તેઓની ઇચ્છા મુજબ, મેં આ હકીકત કરાંચી કાઉન્સીલને જણાવી. તેઓએ આ હકીકત મસ્કત ગુવાદર કાઉન્સીલ નીચે હોવાથી તે કાઉન્સીલને જણાવવા લખ્યું. તેમની સલાહ અનુસાર, મેં આ હકીકત ગુવાદર કાઉન્સીલ પાસે રજુ કરી. તેઓએ એવો જવાબ આપ્યો કે મસ્કત ગુવાદર નીચે નથી. મહમદ અબ્દુલકરીમની અનિતિ ભરેલી ચાલ ચલગતને કારણે, ઘણી આનાકાની સાથે મારી સ્ત્રીને મારે સદાને માટે રજા દેવાની ફરજ પડી, કારણ કે મેં જે નજરે જોયું હતું તે પણ છુપાવવાને તેણી પ્રયત્ન કરતી હતી.

મહમદ અબ્દુલકરીમ જમાતખાનાની નીચેના એક ઘરમાં રહે છે કે જેની માલીકી આપના પિતાની છે. જમાતખાનામાં દાખલ થવાનો રસ્તો આંહીથી જુદો પડે છે. એમ માનવાને મારી પાસે મજબુત કારણો છે કે બૈતુલખ્યાલ માટે ત્યાંથી મધરાતે પસાર થતી સ્ત્રીઓને પકડવા માટે પોતાના ઘરમાંથી તે પ્રયત્ન કરે છે.

આ સંજોગો નીચે, હું અત્યંત માનપૂર્વક વિનંતિ કરૂં છું કે–

(અ) એ ઘરમાંથી કૃપા કરીને તેને સદાને માટે દૂર કરવામાં આવે.

(બ) વઝીર મહમદ રેમુ કરતા તેમ મસ્કત જમાતની બાબતો અને કામકાજ ઉપર દેખરેખ રાખવા માટે એક સ્વતંત્ર માણસની નિમણુક કરવામાં આવે.

હું છું, નામદાર,<br>
આપનો નમ્ર સેવક,<br>
(સહી) **કરીમબક્ષ ગુલામહુસેન**

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસિક ખૂની.

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલી"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો અને જેને મહાન વિજેતા અને શીદાઇ તરીકે ઇસ્માઇલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખૂની અને જગપ્રસિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો છઠ્ઠો હપ્તો અમે આ નીચે આપીએ છીએ.

યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરીકામાંથી **ધી નેશનલ જોગ્રોફીકલ મેગેઝીન** નામક એક માસિક પત્ર **નેશનલ જોગ્રોફીકલ સોસાઇટી**ના આશ્રય તળે પ્રગટ થાય છે. તેના ડીસેમ્બર ૧૯૩૩ના અંકમાં **હેરોલ્ડ લેમ્બ** નામના ગૃહસ્થે લખેલા એક લેખમાંથી નીચેનો ભાગ આપવામાં આવે છે:—

### "પહાડી ઘરડા પુરૂષનું રહેઠાણ

નીચેની ટેકરીઓમાં અમે એક કિલ્લો જોવા ગયા કે જે ખ્રીસ્તીઓનો પણ ન્હોતો અને મુસ્લીમોનો પણ ન્હોતો, પણ તે દુનિયામાં નામચીનમાં નામચીન થઇ ગયેલા કિલ્લાઓ માંહેનો એક **મ**સીઅત (અથવા ઉમરાની)નો કિલ્લો હતો, કે જે એક વખતનું પહાડી ઘરડા પુરૂષનું રહેઠાણ હતું.

તે ખરેખર શેખ-ઉલ-જબલ અર્થાત પહાડોનો રાજા હતો કે જેને મુસલમાનો મોતના દરવાજાનો માલીક કહેતા. હકીકતે એ ગેરવહીવટનો સાચો ધણી હતો, કારણ કે એ ઇસ્માઇલીઓ અથવા 'એસેસીન્સ' નામના વિચિત્ર પંથના વડાઓ માંહેનો એક હતો.

એક આરબ ઇતિહાસવેત્તા કહે છે કે, "આ 'એસેસીન્સ'-ની વાતો કહેવામાં આવે તો તુરતના જન્મેલા બાળકના બાલ પણ ધોળા થઇ જાય."

કૈરોની ગલીઓમાંથી ઉત્પન્ન થયેલું અને પૂર્વમાં ઠેઠ ઇરાન સુધી ઝડપથી પથરાતું 'એસેસીન્સ'નું આ ગુપ્ત મિત્રમંડળ અગીઆરમી સદીમાં હસ્તીમાં આવ્યું. દવાથી ઉશ્કેરાયેલા 'એસેસીન્સ'ના ખંજરો વડે આ પંથના વડાના દુશ્મનોને તેના રસ્તામાંથી દૂર કરવામાં આવતા, અને તેના અનુયાયીઓને ઉત્તર ઇરાનમાં કુઝવીનની પાછળ આવેલા પહાડના એક શિખર ઉપર ઉભા કરવામાં આવેલા દારૂ, સ્ત્રીઓ અને સંગિતના એક બનાવટી સ્વર્ગની મુલાકાતનો બદલો આપવામાં આવતો.

દંતકથા એવી છે કે પહાડી ઘરડો પુરૂષ કદી ખાતો નહિ કે ઉંઘતો નહિ, અને કોઇથી દેખાયા વિના એ પોતાના પહાડી કિલ્લાઓની અંદર કે બહાર આવી જઇ શકતો. છુપી રીતે ઉભી કરેલી કે ખરીદેલી કોઇ ખોમાં ઘણા થોડા માણસો રાખીને પણ એ કોઇ શહેરને પોતાના બંધનમાં લઇ શકતો કે તેને ભયમાં મુકી દઇ શકતો. એ વખતના ઘણા ધનવાન વેપારીઓ સવારમાં જાગતા ત્યારે રોટલીના બે ભુંગળાં (પોતાને ત્યાં પડેલા) જોતા, કે જે 'એસેસીન'ના વડાની અગામી મુલાકાતનું વીઝીટીંગ કાર્ડ ગણવામાં આવતું. અને સામાન્ય રીતે એ (વેપારી) વધુ મુલાકાતની રાહ જોયા શિવાય ખંડણી મોકલાવી દેવાનું નક્કી કરી નાખતો.

એ ઘરડા પહાડી પુરૂષે ખૂનની પદ્ધતિને પણ સંપૂર્ણતાએ પહોંચાડી હતી. તેના સેવકોમાંથી ત્રણ જણાને પોતાના પહેરવેશ નીચે લાંબી છુરીઓ છુપાવીને શીકાર થનારા પાસે મોકલાવવામાં આવે. તેઓને ભીખારી, વૈદ્ય, ઉંટવાળા કે બીજા ગમે તેનો પહેરવેશ પહેરાવવામાં આવતો. પહેલો કાંઇ બ્હાનું કરીને ખુલ્લી રીતે તેની પાસે જાય અને તેના ઉપર ઘા કરે. જો તે નિષ્ફળ જાય તો બીજો મચેલા કોલાહલમાં તેના તરફ દોડી જાય અને શીકાર ઉપર હુમલો કરે. જો તે પણ નિષ્ફળ જાય તો છુપાઇ રહેલા સ્થળેથી ત્રીજો બહાર નીકળે અને તેને મારે.

મહાન **સ**લાદીનની જીંદગી ઉપર આવો હુમલો કરવામાં આવ્યો હતો. પણ પહેલો અને ત્રીજો બન્ને ખૂનીઓને સુલતાનના રક્ષકોએ અટકાવ્યા અને બીજા સાથે **સ**લાદીને પોતે ઘવાયા છતાં ઝપાઝપી કરી અને તેને પકડી રાખ્યો કે જે પછી તેને શિક્ષા કરવા ઉપાડી જવામાં આવ્યો.

'એસેસીન્સ'ના પંથનું મુખ્ય મથક ઉત્તર ઇરાનમાં **કુ**ઝવીનથી **કા**સ્પીઅન જવાના માર્ગ ઉપર નજર રાખતા **અ**લમોત (ગીધનો માળો)માં હતું. સીરીયામાં એ પંથનો વડો ધર્માધિકારી **મ**સીઅતના કિલ્લામાં રહેતો કે જે કિલ્લો પૂર્વ **જે**બલ **અ**નસારીયાના હળવા ઢોળાણ ઉપર આવેલો છે અને સામાન્ય રીતે કહેવાય છે એમ એ કોઇ લગભગ ન ચડી શકાય એવા ચડાવ ઉપર નથી.

**મ**સીઅતના ગામડાથી એ કિલ્લો જુદો એક પહાડની ઉંચી સપાટી ઉપર આવેલો છે. એ ચોકખી આરબ બનાવટનો છે કે જેમાં સીમેન્ટ વાપરવામાં આવ્યો નથી અને તેની સીધી પીળા-ભુરા સોનાના રંગની દિવાલો પહાડથી ૪૦ ફીટથી પણ વધુ ઉંચી જાય છે. વાંક ખાતો રસ્તો દાખલ થવાના બુરજની અંદર એ વખત વળે છે કે જે અત્યારે અર્ધો નાશ પામવાથી અંધકાર ભર્યો અને મનાઇ કરતો દરવાજો થઇ રહ્યો છે.

### 'એસેસીન્સ'ના વંશજો ત્રાસને ઉત્તેજતા નથી

અંદરનો ભાગ ગાબડાં અને જમીનદોસ્ત થયેલી ઓસરીઓનો ઢગલો થઇ પડયો છે, પણ દિવાલો તેના જાત જાતના કોતરકામથી ઘણી ગુપ્ત કથાઓ જાળવી રહી છે, કારણ કે ગ્રીક, રોમન અને બીઝેન્ટાઇન વખતના અજાણ્યા મકાનોમાંથી ઉપાડી લેવામાં આવેલા થાંભલા અને કુંભીઓ વડે તેને મજબુત કરવામાં આવી છે.

ઘાસ ઉગેલા એ શિખર ઉપર, 'એસેસીન્સ'ના વડાનો મને વિચાર આવ્યો કે જેણે કેટલાક મુલાકાત લેવા આવેલા ક્રુઝેડરોની હાજરીમાં તેના સફેદ પહેરવેશ પહેરેલા બે પહેરેગીરોને કિલ્લા ઉપરથી નીચે કુદી પડવાનો હુકમ કરીને પોતાના સેવકોની આજ્ઞાધીનતાની સાબીતી આપી હતી. એ માણસોએ પોતાના હથીઆર નીચે મુકી દીધા હતા અને ૮૦ ફીટ નીચે પત્થરો સાથે અથડાઇને મરી જવા માટે નીચે કુદી પડયા હતા. પણ હું કિલ્લો જોઇ રહ્યો હતો ત્યારે મારી સાથેના મારી પાછળ પાછળ આવતા બે રક્ષકો

(અનુસંધાન પાના ૪૭)

# સપ્તાહનો સાર.

**મહાસભા સમિતિના ઠરાવો :** ગઇ તા. ૧૮–૧૯ના રોજ પટણા ખાતે મળેલી અખિલ હિન્દ રાષ્ટ્રિય મહાસભા સમિતિએ સ્વરાજ્યવાદીઓની ધારાસભા–પ્રવેશની માગણીને બહાલી આપી છે. ધારાસભા–પ્રવેશને લગતો કાર્યક્રમ અને ધારાસભાઓમાં કોણે કેવી રીતે ચુંટાવું એ સંબંધેના નિર્ણયો કરવાની સત્તા સહીત સમિતિએ એક કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડની નિમણુક કરી છે. આ બોર્ડ ઉપર કોંગ્રેસની સીધી દેખરેખ રહેશે. વધુમાં સમિતિએ આવતા ઓક્ટોબરમાં મુંબઇ ખાતે મહાસભાની ખુલ્લી બેઠક ભરવાનો ઠરાવ કર્યો છે. મહાસભા સમિતિનું કાર્યાલય ફરી ચાલુ કરવામાં આવ્યું છે અને પ્રાન્તિક સમિતિઓનાં કાર્યાલયો પણ ખોલવામાં આવશે. મહાસભાની ખુલ્લી બેઠક ન મળે ત્યાંસુધી સરકાર કાંઇ પગલાં લેશે નહિ તેમ ગણવામાં આવે છે.

**મુંબઇની કામદાર હડતાળ :** મુંબઇની કામદાર હળતાળને લગભગ દોઢ માસ થવા આવ્યો છે છતાં સમાધાનીનાં કોઇ ચીન્હ દેખાતાં નથી. મીલ માલેકો મજબુત છે અને સરકારે તટસ્થ રહેવાની નીતિ છોડવાથી તેઓને બહુ ફાવી ગયું છે. માત્ર ચાર શિવાય બીજી કોઇ પણ મીલો પુરા કામદારો સાથે કામ કરતી નથી. ત્રણ મીલે 'લોક આઉટ' જાહેર કરીને મીલો બંધ કરી છે. બહારના મજુરો અને બેકારો અને ભીખારીઓને કામે લગાડી મીલો ચલાવવાના માલેકોના બધા યત્નો નિષ્ફળ ગયા છે. મજુરો લગભગ બધા આગેવાનો પકડાઇ જવા છતાં જેવા ને તેવા મક્કમ છે અને હિંદના બીજા શહેરોની સહાનુભૂતિ મેળવતા જાય છે. કેટલાયે મજુર–નેત્તાઓને ગીરફતાર કરવા અને લાઠી માર ચલાવવા ઉપરાંત પોલીસે આ દોઢ માસમાં ચાર પાંચ વખત મજુરો ઉપર ગોળીઓ પણ છોડી છે.

**બીકાનેરનો નવો કાયદો:** બીકાનેર રાજ્યે હમણાં એક નવો કાયદો પ્રગટ કરી બીકાનેરના રહીશ નહિ એવા બધા માણસોને અમુક તપાસ પછીજ અને અમુક શરતેજ પોતાની હદમાં દાખલ કરવાનું ધોરણ દાખલ કર્યું છે. આ કાયદામાં સ્થાનિક અમલદારોને એટલી વિશાળ સત્તા આપવામાં આવી છે કે આવા પરહદના કોઇ પણ માણસને કાંઇ પણ કારણ બતાવ્યા શિવાય હદપાર કરી શકાશે.

**ગાંધીજી કાઠિયાવાડમાં :** મહાત્મા ગાંધીજી પોતાની હરિજન યાત્રા દરમ્યાન તા. ૪–૫ જુલાઇના દિવસો કાઠિયાવાડ ખાતે આપવાના છે. આ બે દિવસો તેઓ ભાવનગરમાં ગાળશે, જ્યાં આખા કાઠિયાવાડના બધા હરિજન કાર્યકર્તાઓ સાથે મળશે.

**જવાહર એકાંતવાસમાં :** પંડીત જવાહરલાલ નહેરૂની દેહેરાદુન જેલમાં તાજેતરમાં મુલાકાત લઇ આવેલા શ્રી. રણજીત પંડીત છાપાજોગા નિવેદનમાં જણાવે છે કે, 'જવાહરલાલજીનું વજન ૮ રતલ ઘટયું છે અને તેઓને લગભગ એકાંતવાસમાં રાખવામાં આવે છે.'

**યુરોપને રસ્તે :** નવા સ્વરાજ્ય પક્ષના આગેવાન ડો. અનસારી અને શ્રી. મહમદઅલી જીણા તબીયત સુધારવા યુરોપ ઉપડી ગયા છે. ડો. અનસારી મહાસભાની મુંબઇની બેઠક પહેલાં પાછા ફરશે, જ્યારે શ્રી. જીણા ડીસેમ્બરની આખરમાં પાછા ફરવાની વકી છે.

**શસ્ત્રબંધી પરિષદ :** યુરોપની શસ્ત્રબંધી પરિષદ મી. આર્થર હેન્ડરસનના પ્રમુખપણા નીચે જીનીવામાં ફરી શરૂ થઇ છે. આ પરિષદમાં અમેરીકા અને રશીયાના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા છે. કોઇ પણ જાતના કરાર ઉપર આવી શકવાનું લગભગ અસંભવિત માનવામાં આવે છે.

**ડી' વેલેરાની મક્કમતા :** આયરીશ ફ્રી સ્ટેટનો પ્રમુખ ડી' વેલેરા મક્કમ હાથે કામ લઇ રહ્યો છે. પોતાના કામમાં ઉપલી સભા સેનેટ આડે આવતી હોવાથી તેણે થોડુંક પહેલાં નીચલી સભા ડેઇલમાં સેનેટને રદ કરવાનો ઠરાવ રજુ કર્યો હતો. હવે એ ઠરાવ છેલ્લા તબક્કામાંથી પસાર થઇ ગયો છે અને સેનેટને રદ કરવામાં આવી છે. ઇંગ્લેન્ડનું અટકાવેલું ભરણું પણ તે ભરતો નથી, કે જે પ્રશ્ન ઇંગ્લેન્ડને ખુબ મુંજવી રહ્યો છે.

**બૅ. સાવરકરની મુક્તિ :** ખાસ સત્તા આપનારા ઓર્ડીનાન્સની રૂએ થોડુંક પહેલાં પકડાયેલા જાણીતા ક્રાન્તિકારી બૅરીસ્ટર સાવરકરને બંધનમુકત કરવામાં આવ્યા છે.

**મેટ્રીકની પરિક્ષાનું પરિણામ :** મુંબઇ યુનીવર્સીટીની મેટ્રીકની પરિક્ષાનું પરિણામ બહાર પડી ગયું છે. કુલ્લે ૧૮૪૩૭ વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેઠા હતા તેમાંથી ૮૭૪૩ વિદ્યાર્થીઓ ફત્તેહમંદ થયા છે; એટલે કે ૪૭ ટકા જેટલું પરિણામ આવ્યું છે.

**ગુજરાતના ખેડુતોને રાહત :** સત્યાગ્રહની લડાઇ દરમ્યાન પાયમાલ થયેલા ગુજરાતના ખેડુતોને રાહત આપવા માટે મ. ગાંધીજીની સૂચના અનુસાર અમદાવાદના ડો. ચંદુલાલ દેસાઇના પ્રમુખપણા હેઠળ રાહત સમિતિ ખોલવામાં આવી છે. ખેડુતોને મદદ કરવા માટે એક લાખ રૂપિયાનું ફંડ એકઠું કરવા અપીલ પ્રગટ કરવામાં આવી છે.

**ધ્રાંગધ્રા પરિષદ :** તા. ૩૦-૬-૩૪ અને ૧-૭-૩૪ ના દિવસોમાં અમદાવાદ ખાતે ધ્રાંગધ્રા રાજ્ય પ્રજા પરિષદ શ્રી. અમૃતલાલ શેઠના પ્રમુખપણા નીચે મળશે.

**સ્વરાજ્યવાદીઓ સામે પ્રચારકાર્ય :** વર્તમાનપત્રોમાં એવા ખબર પ્રગટ થયા છે કે સરકારે ખાનગી રીતે સ્વરાજવાદીઓ સામે પ્રચારકાર્ય કરવાની શરૂઆત કરી દીધી છે અને જવાબદાર અમલદારો ગામડાઓમાં ફરી ધારાસભાની આગામી ચુંટણીમાં સ્વરાજ્યવાદીઓને ન ચુંટવા લોકોને સમજાવી રહ્યા છે. એમ પણ કહેવામાં આવે છે કે આ કામ રાવ સાહેબો અને રાવ બહાદુરો મારફત કરવામાં આવશે કે જેઓ પોતાની લાગવગવાળા ઉમેદવારોને સ્વરાજ્યવાદીઓ સામે ઉભા કરશે.

**પરિક્ષામાં નાપાસ થવાથી આપઘાત:** મેટ્રીકની પરિક્ષામાં નાપાસ થવાથી મુંબઇમાં ૨૦ વરસના એક વિદ્યાર્થીએ ચોથે મજલેથી પડતું મુકી આપઘાત કર્યો છે.

**રશીયા જાપાન વિગ્રહ?** મંચુરીઅન સ્ટીમર ઉપર સોવીઅટ રશીયાના એક કિલ્લામાંથી કરવામાં આવેલા ગોળીબારથી રશીયા જાપાન વચ્ચેની કડવાશ વધી છે, અને આ પ્રસંગને વિગ્રહના પ્રયાણમાં એક વધુ ડગલું ગણવામાં આવે છે.

# આફ્રીકાનો પત્ર

## પૂર્વ આફ્રીકાથી વિલાયત જનારૂં પ્રતિનિધિ મંડળ

(અમારા ખબરપત્રી તરફથી)

ના. આગાખાને કેળવણી બાબતમાં પૂર્વ આફ્રીકાથી ખોજાઓનું એક પ્રતિનિધિ મંડળ ઈંગ્લેન્ડ બોલાવ્યું છે. પૂર્વ આફ્રીકાનો ખોજા કેળવણીનો સવાલ ત્યાં ચર્ચાશે. પ્રતિનિધિ મંડળમાં નીચેના ત્રણ માણસો જાય છેઃ—

૧. મુખી રજબઅલી કાસમ સુલેમાન વીરજી—મોમ્બાસા.

૨. વારસ જીન્દાણી—ઝંગબાર.

૩. મુખી કાસમ સુંદરજી શામજી—દારેસસલામ.

ઉપરના ત્રણ માણસો પૈસેટકે સારા છે, ને ના. આગાખાનને મોટી મોટી મહેમાનીઓ તરફથી મોકલાવવામાં શુરા છે. કેળવણી બાબતમાં આ તેમની લાયકાત છે. કેળવાયેલા વર્ગને કેળવણી બાબતમાં કોઈ પુછતું પણ નથી.

ત્યાં શું ઉકળવાનું છે તે આપણે આંહી બેઠાં બેઠાં પણ ધારી લઈ શકીએ છીએ. પહેલી વાત તો એ થવાની છે કે ના. આગાખાનની આવડી મોટી ગ્રન્ટ ખાઈ જવામાં આવે છે, ને પરિણામ સંતોષકારક નથી. માટે ગ્રાન્ટ હવે ઓછી કરવી ને ઓછા ખર્ચમાં નિભાવવું. ધાર્મિક કેળવણી ઉપર જોર આપવું ને ધાર્મિક કેળવણીને પુરતું ઉત્તેજન આપવું.

બીજી વાત એ થવાની છે કે ઉંચી કેળવણી કરતાં પ્રાથમિક કેળવણી તરફજ ધ્યાન આપવું. જેટલા ખર્ચમાં બે ચાર બેરીસ્ટર બને તેટલા ખર્ચમાં બસો ચારસો એકડીઆ ભણી શકે. માટે ઉંચી કેળવણી દેવાનું માંડી વાળવું. આમ ના. આગાખાન આડકતરી રીતે આપણે કોઈ મૂર્ખાઓના કુંડાળામાંથી નીકળવાનો પ્રયાસ તો નથી કરતાને તેનો બંદોબસ્ત કરવા માગે છે. આ બધી ચળવળ પાછળનું સ્વાર્થી માનસ સમજી શકાય એમ છે.

(અનુસંધાન પાના ૪૮થી)

કાઠીયાવાડની બધી જમાતોનું એકજ બંધારણ ઘડવામાં આવે તો આવી સ્થાનિક સમિતિઓ મધ્યસ્થ સમિતિ માટે પોતાના પ્રતિનિધિઓ ચુંટી કાઢે. નવું બંધારણ ગમે તે પ્રકારનું હોય, પણ તેમાં આ બે મુદ્દાઓ તો બરાબર જળવાઈ રહે કે કોમનો વહીવટ કરનારાઓની ચુંટણી કોમ પોતેજ કરે અને જે કાયદા કાનુનો કોમને પાળવાના હોય તે કાયદા કાનુનો કોમ પોતેજ રચે અને પોતેજ તેમાં ફેરફાર કે સુધારા વધારા કરી શકે.

(અનુસંધાન પાના ૪૫થી)

સીરીયાની પોલીસના તુર્કોમાન હતા અને તેઓની પાસે હથીયારમાં માત્ર એક અવાજની બંદુકો હતી કે જે વડે તેઓ બુરજોમાં વારંવાર આવતા કબુતરોનો શીકાર કરતા.

આ ગામડામાં આજે 'એસેસીન્સ'ના વંશજોની સંખ્યા ૨૦,૦૦૦ અલમોતીઆમાં ૧૭૦૦ ઇસ્માઇલીઓ (ઇસ્માઇલી અથવા હશીશીન)ની છે. બગીચાઓમાં અને ઘઉંના ખેતરોમાં કામ કરતા એ લોકો મને પુરતા આનંદી અને શાંત જણાયા. તેઓ હજી પણ પોતાના ધર્મના નામના વડા આગાખાનને દશોંદ મોકલાવે છે કે જે ફ્રાન્સની ઘોડાની શરતોના મુરબ્બી છે."

# આફ્રીકાના ગ્રાહકોને

આફ્રીકાથી ઘણા ભાઈઓ લખે છે કે 'ગ્રાહક તરીકે મારૂં નામ નોંધી મને 'જાગૃતિ' મોકલાવજો; લવાજમ આવતી મેઇલમાં મોકલાવીશ.' આવા સહુ ગ્રાહકોને અમારે જણાવવાનું છે કે આફ્રીકામાં વી. પી. થવું નથી એ અમે જાણીએ છીએ, તેમજ આપણી કોમના વર્તમાનપત્રોમાંના કોઈ કોઈને તો બબે ને ત્રણ ત્રણ ડઝન વરસો સુધી આફ્રીકાના ગ્રાહકોએ લવાજમ મોકલ્યાં નથી એ પણ અમે જાણીએ છીએ. એટલે અમારે ન છુટકે એવીજ વિનંતિ કરવાની રહે છે કે કૃપા કરીને આવતી મેઇલમાં નહિ પણ કાગળની સાથેજ લવાજમ મોકલાવો. તે શિવાય કોઈને પણ 'જાગૃતિ' મોકલાવવાનું અમારાથી બની શકશે નહિ.

વ્યવસ્થાપક,

"ખોજા જાગૃતિ"

# વેપાર સમાચાર.

(તા. ૧-૬-૩૪.)

**ઉન**: ગયા અઠવાડીયામાં લીવરપુરમાં ૨૭૩ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો છે આવતો સેલ તા. ૧૨-૬-૩૪નો છે તેમાં આશરે ગાં ૨૩૯૦૦ મુકાશે તેવી ધારણા છે. એમ માનવામાં આવે છે કે સેલમાં ઉંચા માલના ભાવ ગયા સેલના રહેશે, જ્યારે હલકો માલ ખપવો મુશ્કેલ થઇ પડશે. સ્થાનિક બજારમાં કાંઇ ફેરફાર થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂ. ૧૨) થી ૧૨॥ આસપાસનો ગણાય.

**રૂત**: ભરૂચ ૨૦૦ **બકરાના વાળ**: ૪)

# ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,

સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

## —: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય

વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં

માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,

"ખોજા જાગૃતિ"

# કાઉન્સીલના કાયદા: રક્ષક કે ભક્ષક?

## ઉપસંહાર

ઠીક લાંબી ચાલેલી આ લેખમાળા પુરી થાય છે. કાઠીયાવાડની કાઉન્સીલોના કાયદાની એક એક કલમ લઇ તેના ઉપર વિગતવાર ચર્ચા કરી તેના ગુણદોષ પ્રકાશમાં લાવવામાં આવ્યા છે. તેની પૂર્ણાહુતિ વખતે એ આખા કાયદા ઉપર એક સળંગ દ્રષ્ટિ, એક વિહંગાવલોકન કરી લઇએ.

કાઉન્સીલ અને કાયદાને ત્રણ વિભાગોમાં વ્હેંચી નાખી શકાય:—

(૧) કાઉન્સીલની સ્થાપના કોમે કરી નથી અને તેના મેમ્બરો પણ કોમ ચુંટી શકતી નથી.

(૨) કોમે પાળવાના કાયદા કોમે ઘડયા નથી અને તેમાં સુધારા વધારા કરવા જેટલી સત્તા પણ કોમ પાસે રહેવા દેવામાં આવી નથી.

(૩) કાયદાઓ કોમના પ્રાથમિક અધિકારો છીનવી લેનારા, વાણી અને મિલન સ્વાતંત્ર્ય ઉપર કાપ મુકનારા અને કોમ પાસેથી ભારે લાગાઓ ફરજીઆત વસુલ કરનારા તેમજ તેની ઉપજની એક પાઇ પણ કોમ પાસે નહિ રહેવા દેનારા છે.

આ ત્રણે વસ્તુઓ કલમ દીઠ વિગતવાર ટીકા વખતે બતાવાઇ ગઇ છે. આ સાબીત કરવા હવે કોઇ લાંબી ચર્ચાની જરૂર રહી નથી.

આ આખી લેખમાળા કાઉન્સીલના કાયદાઓને તેના સાચા સ્વરૂપમાં કોમ સમક્ષ રજુ કરવાની એક પ્રધાન દ્રષ્ટિથીજ લખવામાં આવી છે. વસ્તુસ્થિતિનો સાચો ખ્યાલ, અનિષ્ટ વસ્તુને દૂર કરવાના રસ્તા અને નવસર્જન—દરેક પ્રવૃત્તિને આ ત્રણ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે; આ લેખમાળા આ ત્રણમાંના પહેલા તબક્કા માટે લખાઇ છે. આમ છતાં બીજા બે તબક્કાઓ માટે વિગતમાં ઉતાર્યા વિના ઇસારો કરી લેવાની તક જતી કરવી જોઇએ નહિ.

આજની કાઉન્સીલ અને કાયદા આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ કોમ માટે અત્યંત અનિષ્ટકારક સાબીત થયા પછી એ કાઉન્સીલ અને એના કાયદાના સકંજામાંથી છુટવા કોમે શું કરવું જોઇએ? આ એક પ્રશ્ન ઉપર ઘણા મતભેદો ઉભા થાય છે. કોમના એક વર્ગનું એવું માનવું છે કે આ આખા તંત્રના વડા ના. આગાખાન એટલા શકિતશાળી, ધનવાન અને લાગવગ ધરાવનારા છે કે તેમની સામે કોમ ટકી શકશે નહિ; માટે તેમને હાથેપગે લાગી, વિનવી, અરજીઓ કરી આ બંધનોમાંથી મુકત થવું. આ દલીલની પાછળ ગમે તેવી શુદ્ધ બુદ્ધિ અને કોમદાઝ હોય તો પણ ખુદ એ દલીલોથીજ એ ફલિત થાય છે કે આ રસ્તો નિર્બળોનો છે, ભયભિત થયેલાઓનો છે. આજની વસ્તુસ્થિતિથી પર રહીને જો વિચાર કરવામાં આવે તો અરજીઓ અને વિનવણીઓને રસ્તે કોમને આઝાદ કરવાનો ખ્યાલ અર્થહિન લાગ્યા વગર રહે નહિ. માનસશાસ્ત્રનો થોડો ઘણો પણ જેને પરિચય હોય તે આ વસ્તુ સહેલાઇથી સમજી શકે કે જે પગ આપણને ચગદી નાખતા હોય એ પગ નીચે પડયા પડયા આપણે આપણને છોડી મુકવાની આજીજીઓ કરીએ તો એ બધી આજીજીઓ નિરર્થકજ જાય. આપણે જો આપણી ગુમાવેલી સ્વાધીનતા પાછી મેળવવી હોય તો એ માટે આજીજીઓ નહિ પણ તે પગ નીચેથી છુટવા સબળ પ્રયત્નો કરવા જોઇએ, આપણા બધા જોરથી આપણે તરફડીયાં મારવાં જોઇએ. એમ કરવાની આજે આપણામાં અશકિત હોય તો એ અશકિતને દૂર કરી શકિત મેળવવાનો આપણે પુરૂષાર્થ કરવો જોઇએ. પણ તેથી કરીને ખોટા લલચાવનારા રસ્તા ઉપર ચડી જવું જોઇએ નહિ. વળી આપણી અશકિત મોટી દેખાતી હોય તો પણ વસ્તુતઃ તે અતિશય નજીવી છે. કાઉન્સીલનો બહિષ્કાર કરવો કે તેની સત્તાની અને તેના કાયદાઓની સંપૂર્ણ અવગણના કરવી એ આપણા પોતાના હાથનીજ વાત છે. આપણા પૈસા આપણા ખીસામાં છે ત્યાંસુધી તેનો ઉપયોગ કેવી રીતે કયાં કરવો એની સંપૂર્ણ સત્તા અને અવકાશ આપણા કાબુમાં છે, અને આપણને તેનો ઉપયોગ કરવામાંથી કોઇ રોકી શકે તેમ નથી. જ્યાંસુધી આખી કોમ આ ધોરી માર્ગે વળે નહિ ત્યાંસુધી એ રસ્તે જનારા અમુક માણસોને સ્થાપિત થયેલી સત્તાને હાથે પજવણી અને નુકશાન સહન કરવાં પડે. પણ એ સહ્યા શિવાય આપણો છુટકો નથી. લાંબી લાંબી અરજીઓ નહિ પણ આવો ભોગજ કોમને ઝડપથી જાગૃત કરી શકે.

આજની કાઉન્સીલ અને તેના કાયદાઓને રદ કર્યાં પછી શું? કોમનો વહીવટ અને નિયમન કેવી રીતે કરવાં? આ પ્રશ્નો પણ અતિ સ્વાભાવિક છે. અત્યારની કાઉન્સીલો અને તેના કાયદા રદ કર્યા પછી જે બંધારણ હસ્તીમાં આવે તેની વિગતોમાં ઉતરવાનું આંહી શકય નથી; તો પણ તેની રૂપરેખાનો ખ્યાલ આપી શકાય. કાયદા અને કાઉન્સીલ રદ થયા પછી પ્રથમ તો જે જમાતો માટે કાયદા ઘડવાના હોય—ને આખા કાઠીયાવાડની બધી જમાતો એકજ બંધારણ નીચે રહેવા ઇચ્છે તો તેમ, અથવા જુદી જુદી જમાતો પોતાનું બંધારણ સ્વતંત્ર રાખવા ઇચ્છે તો તેમ—જમાતોનું એક પ્રાથમિક સંમેલન મળવું જોઇએ. આ સંમેલનને કોમના એકે એક તત્વને પોતાનો અવાજ રજુ કરવાની તક મળે તેવું બનાવવું જોઇએ. આમ એકઠું મળેલું સંમેલન કોમનું પ્રાથમિક બંધારણ અને ધારા ધોરણ ઘડી કાઢે. બંધારણ અને ધારા ધોરણના આમ તૈયાર થયેલા મુસદ્દાનો બહોળામાં બહોળા પ્રમાણમાં, કોમના એકે એક સભ્યના હાથમાં પહોંચી જાય તેવી રીતે ફેલાવો કરવો જોઇએ. એ પછી, સૌને પોતાની સૂચના, ફેરફાર કે વિરોધ બતાવવાની તક મળે તે પછી પ્રાથમિક સંમેલન અથવા તેણે ચુંટી કાઢેલી સમિતિ એ બધા ઉપર ફરી વિચારણા કરે. એ વિચારણાને અંતે જો કાંઇ ફેરફાર કરવાનું યોગ્ય લાગે તો તે કરીને બીજો મુસદ્દો કોમ સમક્ષ રજુ કરવો અને પછી એ મુસદ્દા ઉપર બહુમતી મળે ત્યારે તેને પાકા બંધારણમાં ફેરવી નાખવો. આમ નકકી થયેલા બંધારણનો અમલ કરવા દરેક ગામની સ્થાનિક જમાત ચુંટણી કરીને સ્થાનિક સમિતિના સભાસદો ચુંટી કાઢે અને આ સભાસદો બંધારણસર, બહુમતીથી કામ કરે. જો

[ અનુસંધાન પાના ૪૭ ]

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આજીજીઓ છોડો

Regd. No. B. 3114

# જાગૃતિ

પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૭

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨. દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૬

જુન ૧૨ : ૧૯૩૪ સંવત ૧૯૯૦ના બી. વૈશાખ વદ ૦)) મંગળવાર.

મુદ્રણસ્થાન : જાગૃત મુદ્રણાલય

## "ઇમામકા હક્ક!"




દીકરીને અપાતા કરીઆવર ઉપર સેંકડે સાડા બાર ટકાનો લેવાતો લાગો બંધ કરાવવા ના. આગાખાન પાસે ગયેલા કાઠિયાવાડ સુપ્રીમ કાઉન્સીલના બે સભ્યોને "વો તો ઇમામકા હકક હે" નો જવાબ મળ્યાની વાત "જાગૃતિ" માં પ્રગટ થયા પછી આ વિષય ઠેકઠેકાણે ખુબ ચર્ચાઇ રહ્યો છે. "ઇમામકા હકક"ના બ્હાના નીચે દીકરી ઉપર નાખવામાં આવતો આ ભારે કર કન્યાવિક્રયનું જરા જુદું સ્વરૂપજ ગણાવો જોઇએ.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૨-૬-૩૪.

## આજીજીઓ છોડો

'જાગૃતિ'ના છેલ્લા બે અંકોમાં પ્રગટ થયેલો મફતનો કિસ્સો જુદા જુદા અનેક દ્રષ્ટિબિંદુથી આપણી ગંભીર વિચારણા માગી રહ્યો છે. કોમમાં બનતા દરેક બનાવ સામે આપણે આંખ, કાન અને મન ઉઘાડાં રાખવાં જોઇએ.

પોતાને થયેલા અન્યાય સામે ભાઇ કરીમબક્ષ પોકાર ઉઠાવે એ બરાબર છે. ભાઇ કરીમબક્ષે એ સામે પોતાના બધા જોરથી પોકાર ઉઠાવ્યો છે એ વસ્તુ ખરેજ પ્રસંશનીય છે અમે તેમને એ માટે અભિનંદીએ છીએ. પણ એ માટે તેમણે કરેલી અરજીઓ, એ અરજીઓમાં વાપરવામાં આવેલી ભાષા અને એની પાછળ રહેલું માનસ—આ બધું બરાબર છે? એ બધુ પ્રસંશનિય છે?

અમને એ બધું બરાબર નથી લાગતું; પ્રસંશીય તો જરાએ નથી લાગતું. ભાઇ કરીમબક્ષે ના. આગાખાનના મોટા પુત્ર શ્રી. અલી સલમાન ખાનને અરજી કરી એ અમને અયોગ્ય લાગે છે. શ્રી. અલી સલમાન ખાનને અને ખોજા કોમને શું નિસ્બત? આપણે ને તેમને શું? કાંઈજ નહિ. સીધી કે આડકતરી રીતે આપણે તેમની સાથે કાંઇ લાગતું વળગતું નથી. ખોજા કોમને તેમનો સાથે કશીજ નિસ્બત નથી. ના. આગાખાનને ખુદા કે દશમો નકલંકી અવતાર ગણનારાઓને પણ તેમની સાથે કાંઇ લેવાદેવા હોય શકે નહિ; જો તેઓ શ્રી. અલી સલમાન ખાનને અવતાર કે ખુદા ગણે તો ના. આગાખાનને તેઓ કાંઇજ નહોતા ગણતા આ એ બધો દંભ હતો એમ સાબીત થાય. ના. આગાખાનને ખુદા કે અવતાર નહિ પણ એથી નીચેના દરજ્જાના તેમને જેઓ માન્તા હોય તેઓને પણ તેમની સાથે કાંઇ લાગતું વળગતું હોય શો નહિ; કારણ કે અત્યારે શ્રી. અલી સલમાન ખાન ના. આગાખનના મોટા પુત્ર [illegible]તાં કાંઇ વિશેષ નથી. અને આવતી કાલની કોને ખબર છે? જ્યાં દુનિયા ઉપર[illegible] તમામ સંપ્રદાયોનો નાશ થવા બેઠો છે ત્યાં આ પોલપંથ હજી પોતાનું આયુષ્ય [illegible] વધુ લંબાવી શકવાનો [illegible] શ્રી. અલી સલમાન ખાનને ભાઇ કરીમબક્ષે અરજી કરી એ બીનજરૂરી હોવા ઉપરાંત અયોગ્ય પણ છે.

અને એટલોજ વાંધો અમને ભાઇ કરીમબક્ષે કરેલી અરજીઓની ભાષા સામે લાગે છે, કારણ કે એ ભાષા તેની પાછળ રહેલું આપણું માનસ બરાબર વ્યક્ત કરે છે. પગથી તે માથા સુધી આજીજી, ગરીબી અને કાકલુદી ભરેલી ભાષા આપણે શા માટે વાપરવી જોઇએ? આપણે જે કહેવાનું હોય તે સ્પષ્ટપણે, સીધી રીતે, કોઇ જાતની ગરીબી ગાયા શિવાય કે કાકલુદીઓ કર્યા વિના શા માટે ન કહીએ? અલબત્ત, ભાષામાં વિવેક જોઇએ; એટલુંજ નહિ પણ વિવેકની મર્યાદામાં રહેલી ભાષા ખુબ જોરદાર પણ બને છે. પણ આજીજીઓ અને ખુશામત એ વિવેક નથી. આજીજી કે વિનવણી નહિ, પણ વસ્તુજ મુખ્ય છે. આપણા ઉપર એક જાતની એવી છાપજ બેસી ગઇ છે કે ના. આગાખાનને કે તેમના હાથ નીચે ચાલતા તંત્રના કોઇ તંત્રીને આપણે કાંઇ કહેવું હોય તો આપણે તેમાં ખુબજ કાકલુદીઓ કરવી જોઇએ. આ વસ્તુ બરાબર નથી. તેમાં આપણે સ્વમાન-ભંગ થઇએ છીએ. આવી આજીજીઓથી તેઓની આગળ આપણી કિંમત ઘટે છે; આપણે તેમના હાથ નીચેના, તાબાના કોઇ સેવકો દેખાઇએ છીએ; અને પરિણામે આપણે તેમને કહેવાની વસ્તુ મારી જાય છે. આવી ભાષા આપણને બેવડી નુકશાનકર્તા છે. આપણું સ્વમાન ઘટાડવા ઉપરાંત જેને એ સંબોધવામાં આવતી હોય તેઓને એ આપખુદ અને બીનજવાબદાર બનાવે છે. ખુબ ઉંડા ઉતરીને વિચારી જોઇએ તો એમ પણ લાગે કે આપણી આવી ખુશામતી ભાષાજ આપણા ઉપર જુલ્મ ગુજારવાનું તેઓને કારણ આપે છે. આપણે તેઓના હાથ નીચેના કોઇ સેવકો નથી, અને તેઓ કોઇ આસમાનમાંથી ઉતરી આવેલા ફીરસ્તા નથી એ વસ્તુ આપણે બરાબર સમજી લેવી જોઇએ.

ભાઇ કરીમબક્ષે ના. આગાખાનને અત્યંત આજીજીભરી અરજી કરી. પરિણામ શું આવ્યું? ના. આગાખાને જવાબ આપવા જેટલો વિનય પણ ન બતાવ્યો. ભાઇ કરીમબક્ષની આજીજીઓ સાથે તેમની ગંભીર અને તાત્કાલિક ધ્યાન આપવા જેવી વસ્તુ પણ ચાલી ગઇ. ઠાંસોઠાંસ ભરેલી આજીજી, વિનવણી અને કાકલુદી તેમને કશુંજ ફળ ન લાવી આપી. એટલી એટલી આજીજીઓ છતાં તેમને આશ્વાસનનો એક શબ્દ પણ ન મળ્યો. પણ જો ભાઇ કરીમબક્ષે સાફ સાફ શબ્દોમાં, છતાં વિનય જાળવીને, ના. આગાખાનને જણાવ્યું હોત કે, 'આપના હાથ નીચે ચાલતા તંત્રના એક આદમી સામેના મારા આ ગંભીર આરોપોની તાત્કાલિક તપાસ કરો, એ તપાસનું પરિણામ ન આવે ત્યાંસુધી એ માણસને તેના પદેથી દૂર કરો, અને મને ઇન્સાફ આપો. આપના હાથ નીચે ચાલતા તંત્રમાં બનતા બધા બનાવોની નૈતિક જવાબદારી આપની છે'. તો તેમને છ છ માસ થવા છતાં જે જવાબ નથી મળતો તે આજે કે'દિનો મળી ગયો હત. જેટલા જોરથી અવાજ કરો એટલાજ જોરથી પડઘો પડે. આપણામાં જેટલી તાકાત હોય તેટલોજ આપણને સામો જવાબ મળવાનો.

માટેજ અમે કહીએ [illegible] છે. આજીજીઓ અને વિનવણીઓ આપણને કાંઇ ફળદાયી થાય તેમ નથી. એથી આપણું કાંઇજ વળવાનું નથી. ઉલટું એ આપણું નૈતિક પતન કરનારી છે. એ આપણી કિંમત ઘટાડે છે અને સરવાળે આપણે ભાગે વધુ આપખુદી, વધુ જુલ્મ અને વધુ બેજવાબદારી ભોગવવાનું રહે છે.

# ચૂસણ નીતિનું ચક્ર

## દ્રશ્ય તેરમું

“આમાં કપ રકાબી નથી.”

જુદી જુદી અનેક ચીજોનો ઢગલો છતાં પ્રગણા કામડીયા જમાલની વેધક દ્રષ્ટિથી આ વાત અછતી ન રહી.

બદરૂદીનના બાપ વલીમામદનું આજે કારજ હતું; કારજ પણ નહિ, મિજલસ હતી. બદરૂદીન આ જાતના ઢોંગ ધતુરામાં મુદ્દલ માનતો નહિ. તેને તો આ બધું ધર્મને નામે માલદાર બનવા માગતા ધર્મગુરૂઓની અનેક હિકમતોમાંની એક હિકમત જેવું લાગતું. પણ તેની માતા ફાતમાબાઇના મન ઉપરથી જુના સંસ્કારો નાશ થયા ન્હોતા. તેને હજી પણ ઉંડું ઉંડું એમ લાગ્યા કરતું કે કદાચ આ બધી વસ્તુઓ વલીમામદને મળે. ફાતમાબાઇની આ ઢચુપચુ મનોદશાથી માહિતગાર એવી કેટલીક નજીક અને દૂર સગી થતી સ્ત્રીઓ આ શિથિલતાની જગ્યાએ ધર્મચૂસ્તતા અને પાકી ઇમાનદારી લાવવા સતત પ્રયત્નો કરતી. એકાદી હોશીઆર ગણાતી સ્ત્રીએ તો એક દિવસ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને ફાતમાબાઇને એમ પણ કહેલું કે, ‘તમારા ઘરમાં મને ઘણી વાર કોઇ રૂહાની આંટા મારતી દેખાય છે. હું આવું જાણું છું. તમને ક્યારેય લોબાનની વાશ નથી આવતી ?’ અને પછી સ્ત્રી મંડળમાં પેલી હોશીઆર ગણાતી બાઇના આ પાકા પુરાવા ઉપર ખુબ ઉહાપોહ થતો અને સહુ એકમતે એ કબુલ કરતા કે એ રૂહાની વલીમામદની હતી, અને બદરૂદીને તેની પાછળ લુગડાં વિગેરે નહિ આપેલું હોવાથી તે અવગતે જઇ ઘરમાં આંટા મારતી હતી. આ બધાની અસર એ થઇ કે ફાતમાબાઇને પણ ઘરમાં લોબાનની વાશ આવવા લાગી, અને એ હકીકત ઉપર થોડો વધારે વિશ્વાસ રાખીને તેણે પણ એમ માની લીધું કે, ‘મને ખબર નથી પડતી એટલે હું જોઇ શકતી નથી, પણ જરૂર ઘરમાં રૂહાની આંટા મારે છે.’ આ વ્હેમમાં લોકલાજ અને આગળથી આમ ચાલ્યું આવે છે એ બે દલીલો પણ ઉમેરાઇ અને વલીમામદની રૂહાનીનું તર્પણ કરવા ફાતમાબાઇ તૈયાર થઇ. બદરૂદીન આમાં માનતો ન હતો એટલુંજ નહિ પણ અત્યારે એ સો, બસો કે પાનસો ખરચી શકે તેવી તેની સ્થિતિ પણ ન હતી. આમ છતાં માતાના આગ્રહને વશ થયા વિના તેનાથી ચાલ્યું નહિ. બે બુઢ્ઢાઓને બોલાવી તેણે વલીમામદની મિજલસના કાગળ આજુબાજુ અને લાગતા વળગતામાં લખી નાખ્યા.

એ તો અતિ સામાન્ય છે કે કોઇ પણ ઠેકાણે આવી મિજલસો કે મેલાવડા થવાના હોય તેની ગંધ કામડીયા અને મીશનરીઓ નામના પ્રાણીઓને સૌથી પહેલાં આવી જાય છે. એજ ગંધની પાછળ પાછળ ચાલીને પ્રગણા કામડીયા જમાલભાઇ બદરૂદીનને ઘેર આવી પંહોંચ્યા હતા. આ પ્રાણીઓની એક ખાસીઅત એ હોય છે કે તેઓ એક વખત કોઇ જગ્યાએ પંહોંચ્યા એટલે પ્રસંગનો કબજો પોતાના હાથમાં લઇ લે. એ મુજબ જમાલ કામડીયાએ પણ બદરૂદીનને ઘરે ચાલતા મેલાવડાનું પ્રમુખપદ આપ મેળે સ્વીકારી લીધું હતું.

વલીમામદ પાછળ શું શું ચીજો આપવી જોઇએ અને કઇ કઇ વસ્તુઓ વિના તેને ખાસ અગવડતા આવે એમ છે એની એક લંબાણ યાદી ગામની સ્ત્રીઓની મદદથી ફાતમાબાઇ તૈયાર કરી શકી હતી અને એ યાદીમાંની કોઇ વસ્તુ રહી ન જાય એ જોવાનું બદરૂદીનને માથે હતું. વલીમામદ માટે કપડાં જોઇએ; એટલે ઘરે દરજી બેસારીને ત્રણ ચાર જોડી નવા કપડાં શીવડાવી લેવામાં આવ્યા. એને ખાવા વાસણ જોઇએ; બદરૂદીન બજારમાં જઇ થાળી, વાટકા, લોટા, વિગેરે લઇ આવ્યો. બે ચાર જુદી જુદી વાનીઓ બનાવી તેના મોટા થાળા ભરી જમાતની આગળ ધરવામાં આવ્યા. આ ઉપરાંત ઝીણી મોટી વસ્તુઓ, રૂમાલ, બુટ, મોજાં, પથારી, ખુરશી, તેલ, દાંતીઓ, આરસો, એવી એવી અનેક વસ્તુઓના પણ થાળા ભરી ભરીને રાખવામાં આવ્યા હતા.

જમાલ કમડીયો આ બધું બારીકીથી નિરખી ગયો. એકે એક ચીજ એણે ઉથલાવી ઉથલાવીને જોઇ. અને પછી એ તપાસનું પરિણમ તેણે જાહેર કર્યું:

“આમાં કપ રકાબી નથી.”

બદરૂદીન વિચારમગ્ન અવસ્થામાં આ બધું જોઇ રહ્યો હતો. જેમ જેમ થાળા ભરાઇને આવતા જતા તેમ તેમ તેના મનમાં એક પ્રશ્ન વધું વધુ ઉગ્ર બનતો જતો હતોઃ “આમાંથી મને કાંઇ પાછું મળવાનું ખરૂં ?”

કામડીયાના શબ્દોથી એની વિચારમાળા તુટી. કપ રકાબી પોતે લાવતાં ચુકી ગયેલો. પણ અત્યારે હવે બજારમાં દોડવાની તેનામાં હિંમત ન્હોતી.

“મારા બાપા ચા ન્હોતા પીતા.” તેણે ટુંકું પતાવવા કહ્યું.

પણ આ જવાબથી કામડીયો ચમકી ઉઠયો. બ્હાર ગામથી આવેલા મહેમાનો અને જમાતના આગેવાનો પણ ગાભરા થઇ ગયા. એકે હિંમત કરીઃ

“ભાઇ, પીતા હોય કે ન પીતા હોય; પણ નાતના નોરમાં ચાલવું જોઇએ. એમાં કયું ખર્ચ છે ? અને નોતા પીતા પણ હવે નહિ પીતા હોય તેની શું ખાત્રી ?”

બદરૂદીનને થયું કે ત્યારે આ બધી વસ્તુઓ તેના પિતાને મળશે એની પણ શું ખાત્રી એમ પુછી જુવે; પણ વળી દંગો થશે માની એ ગમ ખાઇ ગયો. ત્યાં તો ઘરમાંથી ફાતમાબાઇનું બદરૂદીનને તેડું આવ્યું. બદરૂદીન આટલું ખર્ચ કર્યા પછી એક નજીવી વસ્તુ માટે માતાને નારાજ કરવા તૈયાર ન થયો.

“જમાત કહે એટલા પૈસા કપ રકાબીના રોકડા આપી દઉં.” બદરૂદીને નમતું તોળ્યું.

બધું આવ ગયું. એટલે કામડીયાએ એ બધા ઉપર દુવા કરી વલી મહાદને તેનું બક્ષાપણ કરાવ્યું. ફાતમાબાઇને સંતોષ થયો. તેને લાગ્યું કે હવે તો આ બધું આસ્માન તરફ કુચ કરી જશે અને વલીમામદની મુસ્કેલીઓ ટળવાથી તેનો જીવ ગતે જશે અને તેની રૂહની હવે ઘરમાં ફરશે નહિ.

પછી આ બધા મેલાવડાના મુખ્ય અંગ સમી નાંદીનું કામ ચાલું થયું. એક એક ચીજ લઇ જમાલ કામડીયો હરરાજી કરવા માંડયો અને કોઇ સસ્તી તો કોઇ મોંઘી સર્વ વસ્તુઓ વેચાઇ ગઇ. એની આવક સરકાર સાહેબી દફતરમાં જમે થઇ અને કામડીયાએ એ બધી મુખ્ય મથક પહોંચાડવા પોતાની ગાંઠે બાંધી લીધી.

પૈસા બંધાતા હતા ત્યારે બદરૂદીન પાસે ઉભો હતો.

“આ બધા રૂપીઆ મહીનો પંદર દિવસમાં પરદેશ ચડી જશે, અને છતાં માઃ એમ માનવું કે આ બધું મારા મૃત્યુ પામેલા બાપના ભલા માટે થાય છે! પૈસા તો લઇ જતા, પણ સાથે સાથે બેવકુફ પણ બનાવતા જવું. આ ધન-હરણુ-ધર્મથી તો ખુદા બચાવે!”

# મુંઝવણ

લેખકઃ " ભગત "

"પ્રેસીડેન્ડ સાહેબ !"

ઝાલર વાગવાની વેળા હતી. હું દરીઆ કિનારે, મારી ગાડીથી થોડે દૂર, એક એકાંત જગ્યાએ બેસી મૌલાના હાજર ઇમામની ઉપજમાં કાંઇક નવીન વધારો કરી દઇ કાંઇ ખીતાબ મેળવવાના વિચાર કરતો બેઠો હતો ત્યાં અવાજ આવ્યો. મેં ઉંચે જોયું તો વીશેક વર્ષનો એક બટકો છોકરો મારી સામે વેધક દ્રષ્ટિએ જોઇ રહ્યો હતો.

મેં પુછ્યું: " કેમ ?"

" બીજું તો કાંઇ નહિ," તે બોલ્યો, "પણ મને થયું કે પ્રેસીડેન્ટ સાહેબ એકલા છે તે ચાલને બે ઘડી વાત કરૂં. ભલા, પ્રેસીડેન્ટ સાહેબ ! આપને અમારો આ લોહીને ટીપે રળેલો પૈસો પરદેશ ચડાવતાં ક્યારેય કંપારી કેમ નથી આવતી ?"

આવા સીધા સવાલની મેં આશા ન્હોતી રાખી.

" અરે, ભલા માણસ ! એમાં કંપારી શેની આવે ? એ તો આપણા આકા છે. આપણે માટે એવણ સાહેબે અવતાર ધર્યો છે. એનો ગુણ આપણે કેમ ભુલીએ ? આપવું તો જોઇએજને ! અને એ પણ આપણા પર દયા અને રહેમ કરી સ્વીકારે છે ત્યાંસુધી સારૂં છે. નહિ તો એને ઘેર ક્યાં કમીનો છે ?" મેં છાતી પરાણે મજબુત રાખીને જવાબ આપ્યો.

" હા, હા, હા ! આપણે માટેજ અવતાર ધર્યો છે ?" છોકરાને નવાઇ લાગી. 'અને નહિ તો શું આપણે જીવી ન શકત ? કે ચંદ્ર સૂર્ય આપણને અજવાળું ન આપત ? એમ તો નહિને કે એમના વિના મેઘ પણ આપણા ખેતરો પર વૃષ્ટિ ન કરત ? શું થાત ? પ્રેસીડેન્ટ સાહેબ !"

છોકરાના મોઢા પર ધિક્કાર તરી આવતો હતો. તે વળી બોલ્યોઃ "ખરૂં છે. એમના વિના અત્યારની આપણી આ કંગાલીઅત, દુઃખ અને વિટમ્બણા ન હોત. વેર ઝેર ન હોત. કોમના ભાગલા પડ્યા ન હોત. અને સગા ભાઇની છાતીમાં છુરી ભોંકનારો ફીદાઇ હત્યારો ન હોત.

" અને એ પૈસા ન સ્વીકારત તો તો આપણે એ લખો રૂપીઆની વ્યવસ્થા કરવાની કડવી ફરજ, ગરીબ વિધવાઓને અનાજ કપડાં, આપણા જ્ઞાતિ ભાઇઓની ગામેગામ ઉતારની સગવડ ને એવાં એવાં ઉપયોગી કામો દ્વારાજ કરવી પડતને!"

છોકરો મારી સામે તહોમત મુકતો હોય એમ ગર્વથી છતાં હસીને વાત કર્યે જતો હતો. હું હૃદયમાં શરમાતો હતો. પણ એને મોઢે એ વાત કબુલ કરવાની મારામાં હિંમત ન્હોતી. મેં ખોંખારો ખાઇ જરા ગળું ઠીક કરી લીધું અને બની શકે તો છોકરાને ડારવાના ઇરાદાથી ભારેખમ બની બોલવા માંડ્યું:

" છોકરા ! તારી વાત તદ્દન ધર્મવિરોધી અને મૌલાના હાજર ઇમામનો દ્રોહ કરનારી છે, તેમજ આપણા અત્યારના આખી આલમમાં અદ્વિત્ય એવા ધર્મ અને સમાજના સેળભેળ બંધારણને છીન્નભીન્ન કરી નાખનારી છે. ટુંકામાં તારી વાત કોઇએ સાંભળવા જેવી નથી. માટે ભાઇ, મારે તારી વાત સાંભળવી નથી. દોઝખમાંજ પડીએને આવી વાત સાંભળીએ તો !"

" પ્રેસીડેન્ટ સાહેબ ! " છોકરાને મોઢે લાલી ચડી આવી, પણ પાછો સ્વસ્થ થઇને બોલવા માંડ્યો. "મારી વાત આપણી કોમના સુખની સાધના અર્થેની છે-એવી વાત જેનાથી આપણા બાળકોના મોંમાંથી રોટીનો ટુકડો ઝંટવાઇ જતો મટવાનો છે. તેથી જો આપણો ધર્મ રસાતાળ જાતો હોય તો ભલે કાલે જાતો આજે જાય. અને આપણું બંધારણ એ તો બેડીજ છે ને ! એને તો વ્હેલામાં વ્હેલી તકે છીન્નભીન્ન જ કરી નાખવું જોઇએ. એ બંધારણ જ આપણા આજના દુઃખનું મૂળ છે. એ બંધારણ વડે આપણી કોમ પર રાજ કરવામાં આપ લોકોને પણ કાળપ છે. એમાં બંધુ-દ્રોહ છે. આપના જેવા બધાએ આ ભાંડુઓના લોહીમાં હાથ ખરડવાથી બચવું જોઇએ. "

મને તેની વાત ગળે તો ઉતરતી હતી, પણ એને કાંઇએમ કહેવાય ? મેં કહ્યું:

" ભાઇ ! તમે આજકાલના જુવાનીયા ધર્મની વાતમાં શું સમજો ? તમે બધા લઇ ભાગ્યા છો. ધર્મ વિના કાંઇ ચાલે ? ને આપણો ધર્મ તો બહુ સારો છે. બીજાના ધર્મ જુઓને ! જ્યાં જુવો ત્યાં એમજ હોય ! આપણે માથે તો મૌલાના હાજર ઇમામનું છત્ર છે. એ ધર્મ છે તો આવું મજાનું આપણું બંધારણ છે, અને આ બંધારણ છે તો આપણો ધર્મ છે. બેઉ અન્યોન્યાશ્રયી છે. એ બેના એક સામટા બળથી જ આપણે હુરીઓની હારે હીંચોળા ખાશું. અને સત્ય આપણે સમજીએ છીએ છતાં કેમ છોડી દેવાય ? અને એટલા માટેજ તો અમે આ સુધારાવાળાઓનો વિરોધ કરીએ છીએ ને ! ધર્મ તો એવી ચીજ છે કે એને ખાતર વ્હાલામાં વ્હાલી વસ્તુનો ભોગ આપવો જોઇએ. અને અમે એ વેદી પર અમારા સ્વજનોના ધન-રકતનું બલિદાન આપી રહ્યા છીએ. "

મેં મારી વાણીને બની શકે એટલી ગંભીર બનાવીને છોકરાને ગળે ઉતારવા મથામણ કરી જોઇ; પણ છોકરો તો મારા માથાનો હતો. તે બોલ્યો :

" અમે ધર્મની વાતમાં નથી સમજતા એજ સારૂં છે. તમો વૃદ્ધોએ બહુ સમજીનેજ આ બધું અનિષ્ટ ઉત્પન્ન કર્યું છે. આપણે માથે મૌલાનું છત્ર છે એટલેજ આપણે બીજી કોમોને મુકાબલે વધારે દુઃખી અને કંગાલ છીએ અને સગા ભાઇનો પણ પ્રાણ હરતાં પાછું વાળીને નથી જોતા. અને ત્યારેજ મૌલાના હાજર ઇમામ આપણા મરણ પરણ અટકાવીને લીધેલા પૈસા જર્મન ડી એન્ગ્લમેન્ટને હીરા આપવામાં વેડફી નાખે છે."

છોકરો ખાધો જાય એમ ન્હોતું. મારી એની સામે દલીલ ન્હોતી. દલીલ ન હોય ત્યાં કાં તો વાદ કબુલ કરવોજ જોઇએ; નહિ તો ગુસ્સો કરવો, એ પુરાણો પંથ છે. મેં પણ એજ ન્યાયનું અનુપાલન કર્યું:

"જા, જા, સેતાન! તમે બધા તો હરામખોર છો. અમારી ને તમારા બાપદાદાની આબરૂ ઉપર પાણી ફેરવવા બેઠા છો. ખબર છે કાંઇ ? "

એમ કહી મેં ગાડી તરફ ચાલવા માડયું, ને મેં પાછળથી છોકરાને ઉદ્દગાર કાઢતો સાંભળ્યો:

" આને સન્મતિ ક્યારે સુઝે ! "

# "ઇમામકા હક્ક!"

નીચેનો પત્ર પ્રકાશન અર્થે મળ્યો છે :–

**સાહેબ,**

ના. આગાખાને દીકરીને અપાતા કરીઆવર ઉપર સેંકડે સાડા બાર ટકાનો લેવાતો લાગો બંધ કરવાની સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરોને ના સુણાવી દીધાના સમાચાર 'જાગૃતિ'માં પ્રગટ થયા પછી 'ઇમામકા હક્ક'નો પ્રશ્ન ખુબ ચર્ચાઇ રહ્યો છે. આ સંબંધમાં 'જાગૃતિ'માં પ્રગટ થતા ભાઇ કરીમ ગુલામઅલીના ચર્ચાપત્રો અને 'ઇસ્માઇલી'માં પ્રગટ થતા ભાઇ હમીર લાખાના જવાબો હું બરાબર વાંચું છું; અને એ માટેના મારા થોડા વિચારોને આપ 'જાગૃતિ'માં સ્થાન આપશો તેવી આશા રાખું છું.

કાંઇક અંશે ભાઇ કરીમ ગુલામઅલીએ, અને ભાઇ હમીર લાખાએ તો સર્વાંશે આ આખી ચર્ચાને ના. આગાખાન સાચા ઇમામ છે કે નહિ એ પ્રશ્ન તરફ દોરી છે. દીકરી ઉપરનો ભારે કર 'ઇમામકા હક્ક'ના દાવા નીચે લેવામાં આવે છે એ વસ્તુ ઉપર આપે જ્યારે 'જાગૃતિ'માં પ્રથમ પ્રકાશ નાખ્યો ત્યારે ના. આગાખાન સાચા ઇમામ છે કે ખોટા એ સવાલજ તેમાં નહોતો. પણ ત્યાર પછી એ સંબંધે ભાઇ કરીમ ગુલામઅલીનું ચર્ચાપત્ર પ્રગટ થયું ત્યારે 'ઇમામકા હક્ક' નીચે લેવાતા આ ભારે લાગાના આકરાપણાની ઝાટકણી કાઢવા સાથે તેમણે ના. આગાખાન સાચા ઇમામ નથી એ વસ્તુ પણ ઉમેરી. અને પછી તો ભાઇ હમીર લાખાએ મૂળ વસ્તુને પડતી મુકીને ના. આગાખાન સાવ સાચા ઇમામ છે એવું પ્રતિપાદન કરવાનું ચલુ કર્યું. ભાઇ હમીરના પહેલા લેખનો જવાબ ભાઇ કરીમ ગુલામઅલીએ વાળ્યો તેમાં–એ આ મૂળ વસ્તુ તો પડીજ રહી અને ના. આગાખાનના સાચાપણા કે ખોટાપણા ઉપર ચર્ચા થવા માંડી. ભાઇ હમીરે એ જવાબનો પણ જવાબ આપ્યો અને હજી 'ઇમામકા હક્ક'ના હેડીંગ નીચે 'ઇસ્માઇલી'માં એ લખાણ ક્યાંસુધી પ્રગટ થયા કરશે તે તો ભાઇ હમીર જાણે કે 'ઇસ્માઇલી' જાણે!

ભાઇ હમીરના કહેવા મુજબ ભાઇ કરીમ ગુલામઅલીને લખતાં પણ ન આવડતું હોય અને ભાઇ હમીર પોતે બહુ ભણેલા ગણેલા હોય–એ બધું સાચું હોય કે ખોટું; મારે તેની સાથે નિસ્બત નથી. હું પણ ભાઇ હમીરની પરિક્ષામાં પાસ થાઉં એટલો ભણેલો ગણેલો તો નથીજ. પણ મને એક બીજી ખબર છે. ના. આગાખાન સાચા ઇમામ હોય કે ખોટા અને ભાઇ હમીર ગરીબ થઇ જવાથી પગાર લે છે કે પગાર લેવા ખાતર ના. આગાખાનનું મીશનરીપદ સ્વીકારે છે–એ ગમે તેમ હો. એટલું તો સાચું છે કે અમારી દીકરીઓને કરીઆવર ઉપર સેંકડે સાડા બાર ટકાનો તે વેરો ફરજીઆત આપવો પડે છે. એ વેરો લેનાર આદમી સાચો ઇમામ હો કે બનાવટી હો; તેથી કરીને સાડા બાર ટકાના સવા બાર ટકા નથી થતા, કે ફરજીઆત ઉઘરાતનો લોખંડી પંજો અમારી દીકરીઓની ગરદન ઉપરથી નથી છુટતો.

સેવકોની એ ફરજ છે કે માલિકને વફાદાર રહેવું, તેનું ભલું બોલવું અને જ્યારે જ્યારે તક મળે ત્યારે માલિકનાં ગુણગાન કરવાં. ભાઇ હમીરે ગમે તેવી સ્થિતિમાં મીશનરી તરીકેની નોકરી સ્વીકારી હોય; પણ અત્યારે એટલું તો ચોક્કસ છે. કે તેઓ ના. આગાખાનના પગારદાર નોકર છે. એટલે તેમની એ સ્થિતિ દરમ્યાન તેઓ ના. આગાખાનના યશોગાન ગાવા નીકળી પડે એ તેમને માટે ભલે શોભાભર્યું હોય. પણ અમને તો આ બધી તારીફ અને ગુણગાન અમારી ક્રુર મશ્કરી સમાન લાગે છે. જ્યારે અમારી પાસેથી, અમારી દીકરીઓ પાસેથી ના. આગાખાન સેંકડે સાડા બાર ટકાનો ભારે લાગો ફરજીઆત ઉઘરાવતા હોય ત્યારે ના. આગાખાન સાચા ઇમામ છે કે ખોટા એ ચર્ચાને સ્થાનજ ક્યાં છે? અમારી દીકરીઓ ઉપર સાડા બાર ટકાનો કોરડો ફરી રહ્યો હોય ત્યાં ના. આગાખાનની ઇમામતની સુરીઆણી ચર્ચા કોઇથી થઇજ કેમ શકે? ઘરમાં આગ લાગી હોય ત્યારે એ સૌથી પહેલાં ઠારવાની હોય કે આગ લાગવી જોઇતી હતી કે નહોતી લાગવી જોઇતી એની ચર્ચા હોય? અમારી બહેનો દીકરીઓને આ સાડા બાર ટકાના સકંજામાંથી પહેલાં છોડાવવાના પ્રયત્નો કરવા જોઇએ, નહિ કે ના. આગાખાનની ઇમામતની ચર્ચા. અમને એમાં કાંઇજ રસ નથી. ના. આગાખાન સાચા ઇમામ હો કે ખોટા હો–તેઓ ગમે તે હો; તેથી અમારી દીકરીઓ પાસેથી સેંકડે સાડા બાર ટકાનો કર અને એ પણ ફરજીઆત, મારી મનાવીને લેવાનું જરાએ વાજબી ઠરતું નથી.

હું કોમના દરેક સમજદાર અને ભણેલા ગણેલા આદમીને વિનંતિ કરૂં છું કે તમારામાં જેટલી શક્તિ અને આવડત હોય એ બધી અત્યારે કોમ ઉપર લાદવામાં આવેલા ભારે ફરજીઆત વેરાને નાબુદ કરવા વાપરો. કોમના એકેએક સભ્યની ચુક્તે તાકાત અત્યારે આ એકજ કાર્યની પાછળ ખર્ચાવી જોઇએ. એનો નનો એવો અંશ પણ ઇમામની સાચાઇ કે ખોટાઇની ચર્ચાવતો પાછળ નહિ ગુમાવવો જોઇએ.

"તટસ્થ"


## ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

## —: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

# સ. પ્તા. હ નો. સા. ર

**પરદેશ ચડેલું સોનું :** મુંબઇથી આજદીન સુધીમાં ૧,૩૧,૨૫,૮૩૩ રૂપીઆની કિંમતના સોનાના લાટા યુરોપ તથા અમેરીકા ચડાવવામાં આવ્યા છે.

ગ્રેટ બ્રીટનનું સોનાનું ધોરણ ઉતરી પડયું ત્યારપછી મુંબઇથી નીકાસ થયેલા સોનાની એકંદર કિંમત રૂા. ૧, ૮૬, ૯૨, ૧૨,૧૧૯ રૂપીઆ જેટલી થવા જાય છે.

**કોંગ્રેસ કમીટીની બેઠક :** હીંદી રાષ્ટ્રીય મહાસભાના કામચલાઉ પ્રમુખ શેઠ જમનાલાલ બજાજની જાહેરાત મુજબ કોંગ્રેસની કારોબારી કમીટીની બેઠક આવતી તા. ૨૦મી એ વર્ધા ખાતે મળશે.

**ઘરેણાં માટે બાળકનું ખૂન :** સોનાનાં ઘરેણાં પહેરેલા એક છોકરાનું ખૂન કરવાના આરોપસર પોરબંદર સ્ટેટના જીલ્લા મેજીસ્ટ્રેટે બે જણને ફાંસીની સજા કરી છે.

**જર્મનીમાં નાઝી અમલ:** નાઝી અમલની શરૂઆતમાં નાઝીવાદ સામે હથીઆર બંધ વિરોધ કરવા માટે પકડાયેલા ૧૧૧ સામ્યવાદીઓ સામે જંગી તપાસ શરૂ થઇ છે. જો તેઓ ગુન્હેગાર ઠરશે તો તેઓને મત્યુની સજા થશે. અંગ્રેજ પત્રકાર મી. પ્રેમ્બ્રોક સ્ટીફન્સને જર્મનીના બનાવો વિષે ચાલુ બીનજવાબદાર રીતે ખોટા રિપોર્ટ કરવાના આરોપસર પકડવામાં આવેલ છે. નાઝી અમલની શરૂઆતમાં તેમને આજ ગુન્હાસર પકડવામાં આવ્યા હતા. મી. સ્ટીફન્સને જર્મન પોલીસ બરलीનમાંથી ખસેડીને બેલ્જીઅમ સરહદ પર છોડી આવી છે.

**લવણપ્રસાદે ઉપવાસ છોડયા :** જામનગરી પ્રજાના સેવક શ્રી લવણપ્રસાદ ફુલચંદ શાહને રાજદ્રોહના ગુન્હા માટે અઢી વરસની સખ્ત કેદની સજા થયા પછી તેમણે પોતાના તરફ અમલદારોની ગેરવર્તણુક માટે ઉપવાસ જેલમાં શરૂ કર્યા હતા, જો તેમની માંગણી સંતોષવાથી શ્રી લવણપ્રસાદે ઉપવાસ છોડયાની વાત બહાર આવી છે.

**૨૯ મે વર્ષે દાદીમા થયા:** કાન્બેરામાં (ઓસ્ટ્રેલીઆ) રહેતી એક બાઇએ ચૌદ વર્ષની ઉમરે એક પુત્રીને જન્મ આપ્યો હતો. અને આજે એજ પુત્રીએ એક પુત્રને જન્મ આપ્યો છે. દુનિયામાં સૌથી નાનામાં નાની દાદી આ ૨૯ વર્ષની ઓસ્ટ્રેલીઅન બાઇ છે.

**કાઠિયાવાડમાં ભોંયરાની શોધ:** નવાનગર સ્ટેટ તાબેના ગામ જામકંડોરણામાં એક પુરાતન ભોંયરૂં જડી આવ્યું છે. એક માણસે મકાન બાંધવા જમીન રાખી હતી અને પાયો ખોદતાં એક મોટી પત્થરની શીલા જોઇ. મહા મુશ્કેલીથી તેને ઉઠાવતાં પગથીયાવાળું ભોંયરૂં જોવામાં આવ્યું હતું. લાંબો વખત થઇ જવા છતાં તેની દીવાલો અને ઓરડાઓ જેવાને તેવાજ છે.

**૧૦૮ બાળકોની માતા :** મીરતમાં માસ્તર જગન્નાથ પ્રસાદના માતાજી શ્રીમતિ વીન્દાદેવી ૮૦ વર્ષની વયે સ્વર્ગે સીધાવ્યા છે. તેમના પુત્રો, પઉત્રો, અને સંતતી જે જીવતાં છે તેમની સંખ્યા ૧૦૮ની છે.

દેવીજી મહાસભાના મોટા ભક્ત હતા અને તેમણે પોતાના ૭ બાળકોને તુરંગમાં મોકલ્યા હતા.

**કપુરથલાના મહારાજા :** કપુરથલાના મહારાજાએ ઇટાલીની મુસાફરી દરમ્યાન ત્યાંના બેકારોને રૂા. ૧૦૦૦)ની મદદ કરી છે. ઇટાલીના રાજાએ કપુરથલાના મહારાજાને એક ચાંદ અર્પણ કર્યો છે.

**કપુરથલાનો મામલો :** સત્તાવાળાના હુકમને અવગણી કપુરથલાના મુસ્લીમોએ જલ્લોખાના પાછળથી સરઘસ કહાડયું હતું. ધાર્મિક શિવાયના ગીતો નહિ ગાવાથી પોલીસ વચ્ચે પડી હતી નહી. સુલતાનપુરમાં છેલ્લી મહોરમ વખતે થયેલ ગોળીબારના વિરોધ તરીકે કપુરથલાના મુસલમાન દુકાનદારોએ હડતાલ પાડી હતી.

**પ્રાંતીક સમિતિઓ કાયદેસર :** હિંદી સરકારે ગયા મંગળવારે જાહેરાત કરી મહાસભાની પ્રાંતિક સમિતિઓને કાયદેસર ઠરાવી છે. સરહદની લાલ ખમીસ ચળવળ ઉપરનો પ્રતિબંધ દૂર કરવામાં આવશે નહિ.

**શસ્ત્રબંધી પરિષદ:** મી. આર્થર હેન્ડરસનના પ્રમુખપદે જીનીવામાં મળેલી શસ્ત્રબંધી પરિષદ નિષ્ફળતાના કાંઠા ઉપર આવીને ઉભી છે. મી. હેન્ડરસન રાજીનામું દેવાની તૈયારીમાં છે.

**અમેરીકામાં કામદારો સાથે સમજુતી:** અમેરીકાની સુતર અને કાપડની મીલોમાં જે ત્રણ લાખ કામદારો હડતાળ ઉપર જવાના હતા તે સરકારે મીલોની પેદાશમાં ઘટાડો નહિ કરવાનું કબુલવાથી કામદારો હડતાળ ઉપર જશે નહિ.

**ચિત્તા સામે સામનો :** અમરાવતી નજીક આવેલા એક ગામડા તરફ બે ગામડીઆ રસ્તામાં બળદ લઇને જતા હતા. એક બળદ ભડકતાં તેણે જાણ્યું કે તેની નજીક ચીત્તો આવીને ઉભો છે. એક જણે ચાલાકીથી ઝાડ પાછળ સંતાઇ રહી ચીત્તાની પુંછડી પકડી લીધી, અને બીજાએ સામેથી કુહાડીના ઘા કર્યા. ઘણી ઝપાઝપી થયા પછી ચીત્તાનું મૃત્યુ થયું.

**કોંગ્રેસ નેતાના નિવેદનો :** સીમલાની જાહેરાત મુજબ લલ બમીસવાળા કે જેઓ ૧૯૩૧ માં કોંગ્રેસ સાથે જોડાયા હતા કે તેઓની પ્રવૃતિને સરકારે કાયદેસર ઠરાવી નથી તેમ સમિતિ સત્યાગ્રહને અંગે પકડાયેલા રાજદ્વારી કેદીઓને સત્યાગ્રહની મોકુફી છતાં છોડવામાં નથી આવ્યા તેની સામે કોંગ્રેસ નેતા શ્રી. નરીમાન શ્રી. મુન્શી, શ્રી. રાજગોપાલાચારી તથા બેરીસ્ટર અસફઅલીએ નિવેદનો મારફત સરકારની નીતિને વખોડી કાઢી છે.

સત્યાગ્રહને અંગે હદપાર થયેલા રાજસ્થાનીઓ ઉપરના હુકમો ઉભા રાખવાની સરકારી નીતિને રાજસ્થાની નેતા શ્રી. મણીશંકર ત્રીવેદીએ નીવેદન મારફત વખોડી કાઢી છે.

# તેજુરીનું કાણું

મારી ઓળખાણ આપવાની શી જરૂર છે? એવો કોઇ હશે કે જે મારા નામથી અપરિચિત હોય? તોય વિવેકની ખાતર મારી થોડી પીછાન આપું છું. હું છું તેજુરીનું કાણું.

સરકાર સાહેબનું નામ તો તમે સાંભળ્યુંજ હશે. સરકાર એટલે ગાયકવાડ સરકાર કે અંગ્રેજ સરકાર નહિ હો; એ તો આજ છે ને કાલ નથી. એને રાજ કરતાં આવડતું નથી; કાયદા કાનુન ઘડવામાં એ હોશીઆર નથી. આ તો સરકાર સાહેબ એટલે મૌલાના હાજર ઇમામ ના. આગાખાન સાહેબ. તમારો એ અંગ્રેજ સરકાર પણ આ સરકાર સાહેબની આગળ કુછ બીસાતમાં નહિ. અંગ્રેજો તો ખાલી વેપારી. એને રાજ કરતાં આવડે! એને કાયદા ઘડતાં આવડે! આ સરકાર સાહેબ તો વેપારીના વેપારી ને રાજાના રાજા. તેણે એવો તો સરસ ધંધો ગોતી કાઢ્યો છે કે તેમાં મહેનત નહિ, મુડીની જરૂર નહિ, ખોટની બીક નહિ; છતાં બાર મહીને લાખો રૂપીયા પગમાં આવીને પડે. અને એના કાયદા કાનુન એવા તો સજ્જડ, દીર્ઘ દ્રષ્ટિવાળા અને વિશાળ કે અંગ્રેજ સરકારના સુબા ઓર્ડીનન્સ કાઢે છે એ ઓર્ડીનન્સ પણ આ કાયદા આગળ એક નરમ કાનુનજ લાગે. લૉર્ડ ઇરવીને ડઝનબંધ ઓર્ડીનન્સ કાઢ્યા તોય એ નાગા શીતુરી ફકીરની જમાતના બાવાઓ કબજે ન થયા. પણ એ ભાઇ સાહેબે જો મૌલાના હાજર ઇમામની સલાહ માગી હોત તો એને એવો સરસ રસ્તો જડી જાત કે બીચારાને ઘરે જઈ ડબ્બા ખાવો ન પડત. આવા આ સરકાર સાહેબની સાથે હું અતિ નિકટનો સંબંધ ધરાવું છું. ગામે ગામ મારી શાખાઓ છે, અને હું સૌથી ઉંચે આસને બેસું છું. મારૂં મહત્વ તમે ન સમજતા હો તો તમને એ સમજાવવાની મારી ફરજ સમજી કહું છું કે મને ખુદ કાયદામાં સ્થાન આપવામાં આવ્યું છે. મારા માટે તેમાં એક ખાસ કલમ રોકવામાં આવી છે.

દુનિયા ભલે ઉંઘે, મને કદી ઉંઘ આવતી નથી. મારી પેઢી ચોવીશ કલાક ઉઘાડી છે; મારૂં કામકાજ અટક્યા વિના દિવસ રાત ચાલ્યા કરે છે. હું સદા-જાગૃત છું.

બાળક, જુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરૂષ-તમામ મારી પાસે દિવસમાં એક વખત તો આવેજ. એ બધા મારી સામે ઉભા રહે. મારી બેઠક તો ઉંચી. એ ઉંચે આસને બેઠાં બેઠાં હું તેમની સામે જોઇ રહું. અહા! કેવી મઝા! હું ઉંચે અને એ નીચે! પછી એ બીચારા ભકિતભાવથી મારા મુખમાં લક્ષ્મી-ભોજન પધરાવે, અને હું ગળક લઇને એ બધું ગળી જાઉં. ખલાસ! એક વખત કોઇ ચીજ મારા મોંમાં આવી એટલે પછી ખુદ એના નાખનારની તાકાત નથી કે એ મારી પાસેથી પાછી કઢાવી શકે.

મારૂં પેટ સમદર જેવું છે. તમે ગમે તેટલું તેમાં નાખો તોય તે કદી છલકાઇને માઝા નહિ મુકે. કેટલા વરસોથી હું આ લક્ષ્મી-ભોજન કરૂં છું તે મને યાદ નથી. પણ કેટલાએ વરસથી મારો આ ભોજન આહાર ચાલ્યા કરે છે છતાં મારૂં પેટ ભરાતું નથી અને હજી કેટલાએ વરસો સુધી એ ચાલ્યા કરશે તો પણ એ નથી ભરાવાનું એની મને ખાત્રી છે.

મને જાત જાતના અનુભવો થાય છે. ગરીબથી માંડી ધનવાન સૌના પરિચયમાં હું આવું છું. મારો પ્રતાપ એટલો આકરો છે કે ઘણી વખત એ જીરવવાનું એકલાથી નથી બનતું. મુખી કામડીયા નામના જીવો મારી પાસે એકલા આવતાં ડરે છે. મુખીને આવવું હોય તો કામડીયો સાથે આવે ને કામડીયાને આવવું હોય તો મુખી સાથે આવે. આ બીકણ જીવોમાં કોઇ કોઇ હિંમતવાળા પણ નીકળે છે. પણ એ તો માળા ભારે લુચ્ચા હોય છે. પેલો કામડીયો, હું તેનું નામ નહિ દઉં, ભારે હરામખોર માણસ છે. મુખી ભેગો ન હોય તો એ મારા લક્ષ્મી-ભોજનમાંથી થોડાં ઘણાં પતીકાં આજુબાજુ જરા જોઇ લઇ સબ લઇને પોતાના ખીસામાં મુકી દયે. મારૂં એ તરફ ધ્યાન હોય, પણ મને થોડી ઝીભ છે તે હું બોલું! ઠીક ભલા! એ બીચારો મારા સહવાસમાં આવે તો એને થોડો ઘણો લાભ તો થવોજ જોઇએને!

સ્ત્રીઓ માટે મને ભારે માન છે. એ આખો વર્ગ મારા તરફ બહુ મમતા ધરાવે છે. એમની સેવા હું કદી ભુલીશ નહિ. ઘરમાં હોય ન હોય, ધણી ભલે કાળી મજુરી કરી માંડ પેટ ભરતો હોય કે છોકરાંના અંગ પર સારૂં લુગડુંએ ન હોય, તો પણ એની ભકિત ચળતી નથી. એ બીચારીઓ પોતાનું ભોજન જતું કરીને પણ મારા ભોજનની ચિંતા રાખે છે. કેટલીએ બાપડીઓ મારી પાસે રાતે આવતાં ડરે. તમને ખબર છે ને મારો મુખ્ય ધંધો તો રાતેજ ચાલે છે! એટલે પછી એક અથવા બીજું બ્હાનું કાઢીને એ દિવસે મારી પાસે આવે. ઘણી વખત એના હાથમાં લોટો હોય; કયારેક ઘઉં બાજરાની ટોપલી પણ હોય. ઝાડે ફરવાના નામે કે દરણું દળવા જવાનું કહી એ સીધી મારી પાસે આવે. મારૂં કામ-કાજ તો ચોવીશ કલાક ચાલે. એટલે છાનામાની બીચારી મારા મોંમાં જે કાંઇ હાથમાં આવ્યું હોય એ નાખી જાય.

એક દિવસ................પણ સબુર. આ ભોજન થાળ આરોગી લઉં. પછી વળી આપણે વાતો કરીશું.

## વેપાર સમાચાર.

( તા. ૯-૬-૩૪. )

**ઉન** : ગયા અઠવાડીયામાં લીવરપુરમાં ૧૦૫ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૧૨-૬-૩૪નો છે તેમાં ગાં. ૧૯૪૫૦ મુકાશે. સ્થાનિક બજારમાં કાંઇ ફેરફાર થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨) થી ૧૨ાા આસપાસનો ગણાય.

**રૂત** : ભરૂચ ૨૧૨ **બકરાના વાળ**: ૪)


## —: જોઇએ છે :—

ખ પ
બ ત્રી
ર ઓ

કાઠીયાવાડના મુખ્ય મુખ્ય શહેરો અને મુંબઇ તેમજ કચ્છ, સિંધ ખાતે, કોમના જાણવાજોગ સાચા સમાચારો પુરતી માહીતી અને પુરાવા સાથે પુરા પાડી શકે તેવા ખબરપત્રીઓ “ખોજા જાગૃતિ” માટે જોઇએ છે. યોગ્યતા મુજબ વેતન આપવામાં આવશે.

# કાળામાં કાળી ચોપડી!

## સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરે શું કહ્યું હતું?

### બહાર આવેલી વધુ વિગતો.

ધીરે ધીરે પણ ના. આગાખાન અને કાઠિયાવાડ સુપ્રીમ કાઉન્સીલ વચ્ચેની વાતચીતો બહાર આવતી જાય છે. સુપ્રીમ કાઉન્સીલના બે સભ્યોએ આજના ભારે ફરજીઆત કરવેરા નાબુદ કરાવવા પુના ખાતે ના. આગાખાનની લીધેલી ખાસ મુલાકાતના ખબર 'જાગ્રતિ' માં અગાઉ પ્રગટ થઇ ગયા છે. એ મુલાકાતના સમાચાર જાહેરમાં આવવાથી કોમ અને ના. આગાખાન વચ્ચે અત્યારે કઇ જાતનો સંબંધ પ્રવર્તી રહ્યો છે એની ખાત્રી કોમને 'ઇમામકા હકક' ના દાવાથી થઇ ગઇ હશે.

તાજેતરમાં એવા ખબર બહાર આવ્યા છે કે સુપ્રીમ કાઉન્સીલના એ બે મેમ્બરોએ ના. આગાખાન સાથેની ખાનગી મુલાકાત દરમ્યાન કરવેરાની નાબુદીની માગણી કરી હતી તે ઉપરાંત એક બીજા સભ્યે પણ કાઉન્સીલની ખુલ્લી બેઠકમાં કાઉન્સીલના કાયદા કાનુનોની ખુબ ઝાટકણી કાઢી હતી. એમ કહેવાય છે કે ના. આગાખાનની હાજરીમાં મળેલી સુપ્રીમ કાઉન્સીલની એ ખુલ્લી બેઠકમાં એ સભ્યે કાયદાની ચોપડી બતાવી કહેલું કે, 'દુનિયામાં કાળામાં કાળી જો કોઇ ચોપડી હોય તો તે આ છે; કાળામાં કાળા જો કોઇ કાયદા હોય તો તે આ છે. આજના સુધારાના જમાનામાં આ કદી પણ ચાલે તેમ નથી. એ રદ થવાંજ જોઇએ' એ કહેવું ભાગ્યેજ જરૂરનું છે કે તેમના આ એક અવાજની કાંઇજ ગણના થઇ નહિ અને જુના પુરાણા સ્થિતિચૂસ્ત સભ્યોએ મચાવેલા કકળાટમાં તેમનો એ સૂર દબાઇ ગયો; અને નવી નિમણુંકો વખતે તેમનું નામ અભેરાઇએ ચડાવી દેવામાં આવ્યું.

જ્યાંસુધી કાઉન્સીલોની ચુંટણી કોમના હાથમાં નથી ત્યાંસુધી ના. આગાખાનના હાથે નિમાયેલા અંધશ્રદ્ધાળુ બદલો ના. આગાખાનના હિત ખાતર કોમના હિતનો ભોગ આપે એ સ્થિતિ મીટાવી શકાશે નહિ.

# દિશા બદલાય છે, સુકાન ફેરવો.

"શઢ બદલો

વહાણ કોણે નથી જોયું? હલેસાં ને પવનથી દરિયો ખેડતા વહાણ પાસેથી આપણા સ્થિતિચૂસ્તો પાઠ લે તો? દરિયામાં પવનનો વેગ અને પવનની દિશા બદલાય છે તેમ તેમ માલમને વહાણના શઢ બદલતા જ રહેવા પડે છે ને? જો એ આળસ, ગફલત કે હુંજ્જતાઇથી શઢમાં ફેરફાર ન કરતાં, હોય તેમને તેમ શઢ રહેવા દે અને ફેરવે નહિ, તેમ ફેરવવા પણ દે નહિ તો શું બને? બળ વધારે પડે એટલું જ નહિ; પણ વહાણ જ આખું ખરાબે ચડી, તેના ભુકકા ઉડી જાય કે જળસમાધિ લઇ લે.

અર્ધો કલાક, પા કલાક, કે પાંચ મીનીટ કે ક્ષણ પહેલાં જ જે જાતનો, જે દિશાનો પવન વાતો હતો તેને અનુકૂળ શઢ ગોઠવ્યો હતો અને તેનો લાભ પણ બેલાશક મળતો હતો. પણ એ પાંચ મીનીટ કે ઘડી બઘડીમાં પવન બદલાયો તોય શઢમાં ફેર ન કરવો એ તે કોઇ દલીલ છે? એમાં કશું ડહાપણ ખરૂં?

ફેરવવાની જરૂર પડ્ય છતાં ન ફેરવે એને કોણ બેવકૂફ ન કહે? છતાં આપણા બાપદાદાઓ અને પરદાદાઓના વખતમાં, એમના દેશકાળ ને સંયોગોમાં જે આચારો, વિદ્યાઓ, રિવાજો અને જીવનપ્રણાલીઓ અનુકૂળ હતી, તે આજે એ જ દેશકાળ ને સંયોગો પલટાતાં છતાં, તેને અનુકૂળ ફેરફાર ન કરવા તેને આપણે ડહાપણ કહીશું અને શઢ નહિ ફેરવનારને મૂર્ખ કહીશું! આ જ આપણી વિચિત્રતા છે.

ખરી રીતે તો શઢ ફેરવવાની જરૂર હતી, ને ફેરવ્યું; તે ડહાપણ કર્યું કહેવાય. ન હોય છતાં ફેરવે તો, અથવા હોય છતાં ન ફેરવે તો, ડહાપણ નહિ પણ મૂર્ખાઇ કરી કહેવાય. તેમ યુગ પલટ્યો હોય, ઘડી પલટી ગઇ હોય, છતાં જૂનાને વળગી રહીએ, નવાને ન ગ્રહીએ તો આપણે આખા બેવકૂફ ન કહેવાઇએ તો શું કહેવાઇએ!

છતાં, આપણા રૂઢિચૂસ્તોને એમના શઢ બદલવા નથી, અને બુડવું છે. અરે પોતે જ બુડતા હોય તો તે જુદી વાત [illegible] આ તો પોતાના જ સંતાનને, સંબંધીઓને ને પોતાના [illegible] વાસીઓને એ બેવકૂફોને બુડાડવા છે. આવી વિચિત્ર ને બેહુદી નીતિ કોણ સહે?

હજીયે આપણે તો આપણા શઢ, પવનને વિચારી શકે તેવા વિવેકી કર્ણધારને નહિ સોંપતા, શઢનો દાંડો ઝાલી વળગી રહેનાર ન ફેરફાર કરનાર કે કરવા દેનાર ઠેકેદારોને સોંપી રાખવા છે. આથી બેવકૂફી બીજી કઇ હોઇ શકે? પવન ફરે છે, શઢ ફેરવો. દિશા બદલાય છે, સુકાન પણ ફેરવો." ('રોશની'માંથી)

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

‘આફતાબ’ સંભાળે!

Regd. No. B. 3114




પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૮

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૬

જુન ૧૯ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના જેઠ શુદ ૭ મંગળવાર.

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય


## આજના અંકની સામગ્રી


‘આફતાબ’ સંભાળે!

ખૂની હુમલા કેસની વધુ સુનાવણી

દરવાજા બંધ

ચૂસણ નીતિનું ચક્ર

સપ્તાહનો સાર

સૃષ્ટિમાં સૌથી મહાન

વેપાર સમાચાર

હસન બીન સબ્બાહ—

એ ઐતિહાસિક ખૂની


# “ઘરનો સાચો ધણી”

“તમે પુછો છો હું કોણ છું? હું નારકી છું. ઠાકોરો, તમે સાંભળો.

“તમે અટારીના વસનારા છો. ભલે રહ્યા. ભગવાનને ય એવું કરવાનાં કંઇક કારણો હશે. તમારી પાસે અસીમ સત્તા છે. અખંડિત મઝા છે. અન્યની દશાની મીઠી વિસ્મૃતિ છે. ભલે રહ્યાં.

“પણ તમારી અટારીને નીચલે મજલે—અથવા તમારા માથા ઉપર—પણ કોઇક છે. એટલું હું તમને યાદ આપવા આવ્યો છું. તમારી નીચે એક આખી દુનિયા જીવતી પડેલી છે.

“હું એક કીડો છું, કે જે નરકમાંથી નીકળી આવે છે. ઠાકોર-બાંધવો! તમે સમર્થો ને ધનિકો છો. એ સામર્થ્ય અને સંપત્તિ જ તમારા નાશની સુરંગો છે. તમે અંધારી રાતનો લાભ ઉઠાવો છો. પણ સાવધાન! પ્રભાત સર્વ શકિતવંતું છે. એ આવે છે; નહિ, એ આવી ચુકયું છે. એનો સુરજ ઉગે છે. એને ગગનમાં ચડતો કોણ રોકશે?

“એ છે માનવ-અધિકારનો સૂર્ય. તમે છો સત્તાના નિશાચર. હવે કંપજો. ઘરનો સાચો ધણી બારણાં ઠોકે છે. હું તમને ચેતવવા આવ્યો છું. તમારાં સુખ સામે તોહમત પુકારવા ઉભો છું. એ સુખ તમે તમારા પાડોશીના દુ:ખમાંથી વણી લીધું છે.”

(“જન્મભૂમિ”માંથી)

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૯–૬–૩૪.

# 'આફતાબ' સંભાળે!

જેણે ધર્મને નામે છુપી હત્યાઓ આચરવાનો ભયંકર માર્ગ અખત્યાર કર્યો, જેના ફીદાઇઓએ મુસલમાનો અને ખ્રીસ્તીઓને વગર ભેદભાવે કતલ કર્યા, જેના ખંજરની અણી યુરોપ, એશીયા અને આફ્રીકા સુધી પહોંચતી હતી, જેણે હિંદથી ઇરાન અફઘાનીસ્તાન જવાનો ધોરી માર્ગ ભયમાં મુકી દીધો, જેણે કૃત્રિમ સ્વર્ગ ઉભું કર્યું અને જેના પ્રતાપે યુરોપની ભાષામાં 'એસેસીન'–હત્યારા–શબ્દ દાખલ થયો એ જગતના મહાનમાં મહાન ખૂની હસન બીન સબ્બાહની ઓળખાણ અમે છેલ્લા કેટલાક મહીનાઓથી 'જાગૃતિ'ના વાંચકોને આપી રહ્યા છીએ.

ઇસ્માઇલી–'એસેસીન'–પંથ હસન બીન સબ્બાહ સાથે અચુક રીતે સંકળાયેલો છે. તેરમી સદીમાં અલમોતના એ ચીતસગારોની તાતારીઓએ જડ ઉખેડી નાખી ત્યાંસુધી, દોઢેક સદી સુધી ઇસ્માઇલી પંથના પાયા ખૂન અને હત્યાઓથી ઘરબાયા કર્યા હતા. ત્યાર પછી એ પંથ જાહેરમાં નાબુદ થયો તો પણ અપ્રગટ રીતે તેના અનુયાયીઓ ઇરાનના જુદા જુદા પ્રદેશોમાં રહ્યા. પરિણામે, સોળમી સદીમાં એ હત્યા–પંથનો અવશેષ બની રહેલો ઇસ્માઇલી પંથ ઇરાન છોડી હિંદમાં આવ્યો. ના. આગાખાન આજે જેના વડા છે એ પંથનો પાછળનો ઇતિહાસ આવો છે.

આજના ઇસ્માઇલી પંથનું આદિ કારણ હસન બીન સબ્બાહ જેવો અજોડ ખૂની હોય તો પણ મધ્ય યુગમાં કાળાં કૃત્યો કરનાર એ ભયંકર આદમીની પ્રસંશા આજના પ્રગતિ અને વિકાસના યુગમાં કોઇથી પણ કરી શકાય નહિ. આમ છતાં ભારે ભય અને આશ્ચર્યની દ્રષ્ટિથી અમે જોઇ રહ્યા છીએ કે કોઇ કોઇ ધર્માન્ધ માણસો એ ઐતિહાસિક ખૂનીની ખુલ્લી તરફદારી કરી રહ્યા છે.

ધોરાજીથી નીકળતું "ઇસ્માઇલી આફતાબ" નામનું પાક્ષિક પત્ર આવી આત્મહત્યા કરી રહ્યું લાગે છે. 'આફતાબ'ના ૧૬મી મેના અંકમાં કોમના સુધારકો તરફ પુષ્કળ કાદવ ઉડાડવા ઉપરાંત હસન બીન સબ્બાહનાં કાળાં કૃત્યો ઉપર 'જાગૃતિ'માં ફેંકાતા પ્રકાશનો વિરોધ કરવામાં આવ્યો છે. 'આફતાબ' લખે છે કે, "ખોજા જાગૃતિ"ના દરેક અંકોમાં આપણા ઇસ્માઇલી થઇ ગયેલા ફીદાઇઓ હસન બીન સબ્બાહ વિગેરેની હડહડતી બદનક્ષી કરવામાં આવે છે."

અમે પુછીએ છીએ કે આનો અર્થ શું? જેના નામ સાથે અનેક છુપી હત્યાઓ અને ખૂન જોડાયેલાં છે, જેને જગતના એકેએક ઇતિહાસકારે કાળામાં કાળા કૃત્યો કરનાર ભયંકરમાં ભયંકર આદમી તરીકે ચીતર્યો છે, જેને એનસાઇકલોપીડીઆ બ્રીટાનીકા જેવા સત્તાવાર સંગ્રહ–ગ્રંથે ખૂની તરીકે ઓળખાવ્યો છે, જેને બ્રીટીશ અદાલતોના વડા ન્યાયાધીશોએ હત્યારો હોવાનું સાબીત માન્યું છે અને જેની સામે જગતના ઇતિહાસમાં એક અતિશય કાળું પ્રકરણ ઉમેરવાનું તહોમત ખડું છે એ હસન બીન સબ્બાહની તરફદારી શા માટે? શા માટે એ જુના ખૂનીને 'આફતાબ' આજે આગળ ધરી રહ્યું છે? 'આફતાબ'ના સંચાલકોને ભાન છે આથી શું અસર થાય? 'આફતાબ' પોતાની જવાબદારી બરાબર સમજે છે? જગત ભરમાં જેનો જોટો નથી એવા ખૂનીને આજે કઇ દ્રષ્ટિએ 'આફતાબ' મહા પુરૂષ તરીકે ચીતરી રહ્યું છે? આજના સંસ્કૃતિના યુગમાં જીવતો કોઇ પણ માણસ મધ્ય યુગના એ કાળા આદમીને ઉજળો ઓળખાવી શકે તેમ નથી. 'આફતાબ' કયે મોઢે આજે એની પ્રશસ્તિ કરી રહ્યું છે?

'આફતાબની' ઇચ્છા શું છે? હસન બીન સબ્બાહને મહાપદે સ્થાપી એ શું પરિણામ લાવવા માગે છે?

સુધારકો સામેના કાદવમાં હસન બીન સબ્બાહની કીર્તિ ગાવાનું 'આફતાબ'નું એ અવળું કૃત્ય દબાઇ કે ભુલાઇ જાય તેમ નથી. ખોજા કોમના અનેક સુધારકોના ખૂન થયાં છે અને થાય છે. એજ સુધારકો સામે કાદવ ઉડાડવામાં 'આફતાબે' કાંઇ બાકી રાખ્યું નથી અને હજી પણ તેઓની સામે તે કાદવ ઉડાડી રહ્યું છે. આવા સંજોગોમાં 'આફતાબ' હસન બીન સબ્બાહ જેવા સાબીત થયેલા ખૂનીની તરફદારી કરે એ વસ્તુ ગંભીર છે. અમે કહીએ છીએ કે એ અનર્થકારી છે. એમ કરીને 'આફતાબ' પોતાને માથે ગંભીર જવાબદારી વ્હોરી લ્યે છે. એ જવાબદારીના બોજામાંથી 'આફતાબ'ની પીઠ થાબડનારાઓ પણ છટકી શકશે નહિ.

અમે આ વસ્તુ તરફ સત્તાવાળાઓનું અને જાહેર જનતાનું ધ્યાન ખેંચીએ છીએ. આજે એ વખત નથી કે જેને જેમ ફાવે તેમ બેજવાબદાર રીતે તે બારડયા કરે. 'આફતાબ'ને તેની જવાબદારીનું ભાન ન હોય તો સત્તાવાળાઓએ તેને તે કરાવવું જોઇએ. 'આફતાબ' બેજવાબદાર રહીને મનગમતું લખી શકશે નહિ. તેણે પોતાની ઝીબાન ઉપર લગામ રાખવી જોઇશે. તેની કલમ ઉપર તેણે કાબુ રાખવો જોઇશે. કોઇ પણ જાતની ઉશ્કેરણી કે ખૂનામરકીને તે કારણ ન આપે તેનાથી તેણે ચેતવું જોઇશે. અમે ફરી ફરીને કહીએ છીએ કે: 'આફતાબ' સંભાળે!

# ખૂની હુમલા કેસની વધુ સુનાવણી

## વધુ સાહેદોની મુખ્ય તપાસ

[અમારા પ્રતિનિધિ તરફથી]

રાજકોટ, તા. ૧૨મી

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઈલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલા સંબંધેના કેસની વધુ સુનાવણી આજે અહીંની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં સવારના નવ વાગે નીકળી ત્યારે કોર્ટનો હૉલ પ્રેક્ષકોથી ચીકાર ભરાઇ ગયો હતો.

મુકદમાની વિગત ટુંકમાં એવી છે કે ગઇ તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ શ્રી. હીરાણી રાત્રે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ખોજા જુવાનો તેમની પાસે આવ્યા હતા અને એક કલાક વાતચીત કર્યા પછી દુકાન બંધ કરતી વખતે તેમાંના એકે શ્રી. હીરાણી ઉપર છરી.વતી હુમલો કરી ઘાયલ કર્યા હતા. તેજ રાત્રે બન્ને તહોમતદારોની ધડપકડ કરવામાં આવી હતી અને શ્રી. હીરાણીને હૉસ્પીટલમાં સારવાર નીચે રાખવામાં આવ્યા હતા. તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદ આગ્રાના રહીશો છે, અને એક એક હજારના જામીન ઉપર છુટા છે. તેમના તરફથી મી. મણીઆર વકીલ અને પોલીસ તરફથી પબ્લીક પ્રોસીક્યુટર મી. એલ. કે. મહેતા એડવોકેટ સાથે મી. ચીમનલાલ નાગરદાસ શાહ એડવોકેટ અને શ્રી. અણુભાઇ પોલીસ પ્રોસીક્યુટર હાજર રહ્યા હતા.

### સીપાઇ જીવા લશ્કરની જુબાની.

સાહેદ સીપાઇ જીવા લશ્કરે મી. મહેતાની તપાસમાં જણાવ્યું કે, "આશરે છ મહીના પહેલાં તા. ૯–૧૨–૩૩ ના રોજ રાતના ૮–૮ાા ને સુમારે હું બાદરખાંની હોટલે બેઠો હતો. ત્યાં બુમો આવવા લાગી કે, 'પોલીસ, દોડો, પકડો, ખૂન.' એટલે હું અને મીંયા અબ્દુલકાદર દોડીને કાનજી ગુલાભાઇના ડેલામાં મીલ છે ત્યાં ગયા. અહીં બતાવવામાં આવતા તહોમતદાર અબ્દુલઅલી પુંજાને ફરીયાદી ઇસ્માઇલે પકડી રાખ્યો હતો. ઇસ્માઇલની સાથે બીજું કોણ હતું તેની મને ખબર નથી. અંધારૂં હતું. માણસો ઘણા ભેગા થઇ ગયા હતા. ઇસ્માઇલે કહ્યું કે આને પકડી રાખો. અબ્દુલઅલીના હાથમાં કાંઇ ન હતું. ઇસ્માઇલ ઇસ્પીતાલે ગાડીમાં જતાં જતાં બોલતો ગયો કે, 'એણે છરી ડેલામાં ફેંકી દીધી છે, તપાસ કરો.' ઇસ્માઇલના કહેવાથી મેં અબ્દુલકાદરને કહ્યું કે બેટરી હોય તો જુઓ, છરી પડી હોય તો. બતીથી જોયું તો છરી પડી હતી. અહીં મને બતાવવામાં આવે છે તે છરી હતી. અબ્દુલઅલીને હું ડેલામાં લઇ ગયો અને તેને કહ્યું કે લઇ લે તારી છરી. અબ્દુલકાદર અને હું બન્ને એને છરી સાથે પકડી મોચી બજાર પોલીસ ગેટ ઉપર લઇ ગયા. એ વખતે વાતો થતી હતી કે એક બીજો તહોમતદાર પણ છે અને તે ભાગી ગયો છે, તેની તપાસ કરો. તે પછી હું અને અબ્દુલકાદર અમારા ઘેર ચાલ્યા ગયા. મને અબ્દુલકાદરે આ સંબંધમાં કાંઇ કહ્યું નહોતું. ઇસ્માઇલને મેં જોયો ત્યારે તેની છાતીમાંથી લોહી ચાલ્યું જતું હતું."

### ટીકીટ કલેકટર હરી કાશીનાથની જુબાની

સાહેદ હરી કાશીનાથે મી. મહેતાની તપાસમાં જણાવ્યું કે, "રાજકોટ જંકશન ઉપર હું ટીકીટ કલેકટર તરીકે કામ કરૂં છું. તા. ૯–૧૨–૩૩ના રોજ થર્ડ કલાસ ગેઇટ ઉપર મેં ટીકીટ એકઠી કરી હતી; તેમાં દીલ્હીથી રાજકોટની થર્ડ કલાસની બે ટીકીટો આવી હતી. એ ટીકીટોના નં. મેં રજીસ્ટરમાં નોંધ્યા હતા. ટીકીટોનું રજીસ્ટર રાખવામાં આવે છે અને તેની એક નકલ અને ટીકીટો મોરબી રેલ્વે ઑડીટરને મોકલાવવામાં આવે છે. આ ટીકીટો સવારની ૭ાા ની ટ્રેઇનમાં આવી હતી. એ દિવસે દીલ્હીની થર્ડ કલાસની કે બીજા કોઇ કલાસની ટીકીટો આવી ન હતી."

### પંચ મનસુખલાલ ઉમેદચંદની જુબાની.

સાહેદ મનસુખલાલ ઉમેદચંદે મી. મહેતાની તપાસમાં જણાવ્યું કે, "તા. ૧૦–૧૨–૩૩ના રોજ કાનજી ગુલાભાઇની મીલમાં બપોરે મને પંચમાં બોલાવ્યો હતો. એ વખતે ટોપીઓની બાબતમાં તપાસ કરી હતી. એ ટોપી અને સ્થાનિક જગ્યા તપાસી હતી. એ બાબતનું પંચનામું કર્યું હતું." અહીં સાક્ષીએ કરેલ પંચનામું તેને વાંચી સંભળાવવામાં આવ્યું હતું, જેમાં બન્ને તહોમતદારે પોતાની ટોપીઓ ઓળખી કબુલ્યાનું અને ચાલીમાનું પાણીનું ઠામ ઢોળાઇ ગયાનું લખવામાં આવ્યું હતું. આ પંચનામું સાંભળ્યા બાદ સાક્ષીએ જણાવ્યું કે, "આમાં લખી હકીકત સાચી છે. મેં તેના ઉપર સહી કરી છે. બન્ને ટોપીઓ પોલીસે કબજે કરી હતી."

### અકબરમીંયા હમીરમીંયાની જુબાની

સાહેદ અકબરમીંયા હમીરમીંયાએ મી. મહેતાની તપાસમાં જણાવ્યું કે, "તા. ૯–૧૨–૩૩ના રોજ હું પટેલ હાઉસ ઇજારદારમાં નોકર હતો. મારી નોકરી દરમ્યાન હું રાત દિવસ પટેલ હાઉસમાંજ બેસું છું. તે દિવસે અહીં બતાવવામાં આવે છે તે બન્ને તહોમતદારો સવારે આઠેક વાગ્યાના સુમારે મારી પાસે આવ્યા હતા. તેમને માથે તુર્કી ટોપીઓ હતી. તેમણે એક ઓરડી મારી પાસે માગવાથી મેં તેમને એક કોટડી કાઢી આપી હતી. તેમની પાસે એક બેગ હતી. તેઓએ સામાન રાખ્યો, કલાક દોઢ કલાક બેઠા અને કોટડીને તાળું દઇને ચાલ્યા ગયા. હું રાતે વાળુ કરવા ગયો અને વાળુ કરીને પાછો આવ્યો ત્યાં મેં વાત સાંભળી કે કોઇને છરીકે મારવામાં આવી છે. હું પોલીસ ગેટે ગયો તો અહીં બેઠો છે તે પહેલો તહોમતદાર ગેટે બેઠો હતો. એ પછી અરધી પોણી કલાકે શીવુભા જમાદાર મારી પાસે આવ્યા. તેણે મને કહ્યું કે, "તમારે ત્યાં આવેલા બે માણસોમાંથી એક પકડાઇ ગયો છે, બીજો અહીં આવે તો મને ખબર આપજો અને સામાન દેશો નહિ." કોટડી બંધ હતી. રાતના અગીઆરેક વાગ્યે અહીં બેઠો છે તે બીજો તહોમતદાર નજરઅલી ઘોડાગાડી લઇને આવ્યો તેણે દરવાજો ઉઘાડવાનું કહેવાથી મેં તે ઉઘાડયો અને તે અંદર આવ્યો. તે કહેતો કે મારે સામાન લેવો છે. એટલે મારી પાસે એક માણસ હતો તેને મેં જમાદારને ખબર આપવા મોકલ્યો. નજરઅલી સામાન કાઢીને બહાર દરવાજામાં આવતો હતો ત્યાં નાયક આવ્યા અને તેને પકડીને લઇ ગયા. તેના માથે તુર્કી જેવી ટોપી હતી."

કોઇ સાહેદની ઉલટ તપાસ લેવામાં આવી હતી નહિ. કેસ આવતી તા. ૨૬–૬–૩૪ ઉપર મુલતવી રહ્યો છે.

# દરવાજા બંધ

સુધારકો કહે છે કે, "કાઉન્સીલ કોમે ચુંટી નથી; કાયદા કોમે ઘડયા નથી; ભારે લાગાઓ ફરજીઆત વસુલ કરવામાં આવે છે."

આ સામે 'ઇસ્માઈલી'ના તા. ૧૩–૫–૩૪ના અંકમાં 'ચીલે ચાલનાર'ને નામે નીચે મુજબ દલીલ કરવામાં આવી છેઃ

"સુધારક નહોતા ત્યારે કઇ શ્રીમંતાઇથી ગરીબ બની ગયા હતા અને જ્યારે હવે સુધારકનો દમ ભરો છો અને પાઇ પૈસો ધર્મ કરનારને અટકાવીને પોતે પણ એ રસ્તો જેના માટે સઘળા ધર્મો કરે છે તે મુકી દીધો છે; છતાં કયાં હજારપતી કે લક્ષાધીપતી થયા છો?"

શાબાશ! સુધારકો કહે કે કાયદા ખરાબ છે તો એને એવોજ જવાબ દેવો કે તમે ગરીબ છો! આથી ફક્કડ દલીલ બીજી શું હોઇ શકે? આંખ, કાન, સમજણ–બધા દરવાજા બરાબર બંધ રાખવા. પ્રકાશ, અવાજ કે બુદ્ધિ જરાએ પેસવાં નહિ જોઇએ. અને આજે જે મોટા ધર્મી બની બેઠા છે એ પણ પૈસાદાર થવા માટેજ છે ને! સુધારક થવાથી જો પૈસાદાર ન થવાતું હોય તો પછી સુધારક થવું શું કામનું? એકજ સીધી, ચોકખી ગણતરીઃ પૈસાદાર થવાતું હોય તો ગમે તે કરવું. 'ચીલે ચાલનાર' બરાબર ચીલે ચાલે છે. એમજ હોવું જોઇએ! અમથો ગાડરીયો પ્રવાહ કેમ જળવાઇ રહે!

***

"ઇમામકા હક્ક!"ની ચર્ચા ખુબ ચાલી. કરાંચીથી ભાઇ કરીમ ગુલામઅલીએ એ સંબંધે 'જાગૃતિ'માં એક ચર્ચાપત્ર લખ્યું. એ બધાનો મુખ્ય મુદ્દો એકજ હતો કે દીકરીને અપાતા કરીઆવર ઉપર સેંકડે સાડા બાર ટકાનો કર અન્યાયી અને જુલ્મી છે.

આ સામે મીશનરી હમીર લાખાએ 'ઇસ્માઇલી'માં જવાબ આપવા શરૂ કર્યા.

તા. ૧૩–૫–૩૪ના અંકમાં: "તમો હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, યાહુદી, દહેરી, નેચરી–કયા ફીરકામાં માનનાર છો?"

હમીરભાઇની વાત બરાબર છે. જો કરીમભાઇ હિંદુ હોય તો તેમને જુદો જવાબ આપવાનો હોય અને મુસલમાન હોય તો તેથી જુદો જવાબ આપવાનો. જો તેઓ ખ્રિસ્તી હોય તો તેથી પણ જુદો, અને બીજો કોઇ ધર્મ પાળતા હોય તો વળી તેથી પણ જુદો જવાબ આપવાનો રહે. આમ હમીરભાઇ પાસે એકજ સવાલનો એકજ જવાબ નથી, પણ ભાત ભાતના અને જાત જાતના જવાબ તેઓ પોતાના ખીસામાં રાખી ફરે છે. હિંદુને હિંદુની રીતે, મુસલમાનને મુસલમાનની રીતે અને ખ્રિસ્તીને ખ્રિસ્તીની રીતે ઉંઠા કેમ ભણાવવાં એ તો મીશનરીની નિશાળમાં એકડીઆમાં આવે છે એકડીઆમાં! કોઇને સીધી વાત કહેવી નહિ, કોઇને સીધો જવાબ દેવો નહિ, આ તો મીશનરીઓનો મુદ્રાલેખ છે. અને આમથી તેમ આવી આડી તેડી વાતો ન કરે તો બીજું કરે શું? દીકરી ઉપર સાડા બાર ટકાનો કર વ્યાજબી છે એમ કહેવા જેટલી હિંમત જોઇએ ને!

***

તા. ૨૦–૫–૩૪ના અંકમાં: "તમારી ઇલ્મી યોગ્યતા શું છે? અરબી, ફારસી, સીંધી, ગુજરાતી કે અંગ્રેજી ભાષાનું તમને સંપૂર્ણ જ્ઞાન છે કે આવી આવી મ્હોટી વાતો કરો છો?"

હમીરભાઇ મીશનરી ખરા ને! એટલે નવો નુસ્ખો ગોતી કાઢયો. જે કોઇને અરબી, ફારસી, સીંધી, ગુજરાતી કે અંગ્રેજી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન ન હોય તેણે હવે પછી એવી વાત ન કરવી કે દીકરી ઉપર સાડા બાર ટકાનો કર વ્યાજબી નથી! ખબરદાર! આટલી ભાષાઓનું સંપૂર્ણ જ્ઞાન ન હોય તેણે એક અક્ષર પણ બોલવાનો નથી.

***

"તેઓ (ઇસ્માઇલીઓ) સાચા ઇસ્લામી છે અને કીયામત સુધી રહેશે. તેઓ કદી ઇન્સાનને ખુદા કહેતા નથી."

આફરીન! આફરીન! હમીરભાઇ પાસે ગુજરાતી ભાષાનો મોટો ભંડોળ લાગે છે. કાયદાની ચોપડીમાં ના. આગાખાનને 'નકલંક' કહેવામાં આવ્યા છે એટલે એમ તો કેમ કહેવાય કે ના. આગાખાનને તેમના અનુયાયીઓ દશમો નકલંક અવતાર નથી કહેતા! એટલે ખુદાના અવતારને બદલે ખુદા નથી કહેતા એમ જરા ચાલાકી રાખીને કહી દેવું એજ ઠીક ગણાય! કાયદાની ચોપડીમાં ભલે ના. આગાખાન નકલંક હોય અને ઇસ્માઇલીઓ તેમને અવતાર ગણી પુજતા હોય; પણ એ વાત જાહેર દુનિયા સમક્ષ રજુ કરવાથી શું ફાયદો? ત્યાં તો છાતીએ જોર રાખીને એમજ કહેવું જોઇએ ને કે "ઇસ્માઇલીઓ સાચા ઇસ્લામી છે, તેઓ કદી ઇન્સાનને ખુદા કહેતા નથી!" જગત કયાં કાયદાની ચોપડી જોવા જવાનું છે!

***

"ઇસ્માઇલી આફતાબ" તા. ૧૬–૫–૩૪ના અગ્રલેખમાં ઉવાચે છેઃ

"આ બાપ બેટાની હાલત શું છે? કેવા હઠવાદી છે? તેનો વહેવાર કેવો છે? ગામમાં તેના માટે શું બોલાય છે? એ તો જ્યારે એક માણસ રાજકોટમાં જાય અને જુએ સાંભળે ત્યારેજ ખબર પડે. હંમેશાં કુદરતને ત્યાં ઇન્સાફ છે. એક વખતની તેની જાહોજલાલી અને ઇમાનદારીનો નાશ તેણે પોતાની હઠીલાઇમાંજ કર્યો હોય એમ કહેવાય છે."

આ માપ સૌથી સરસ! જો કોઇ માણસ કાંઇ સુધારા દાખલ કરવાની વાત કરે તો તેની એ વાત સાચી છે કે ખોટી એ નક્કી કરવા માટે હવે ભેજું હોય તો પણ કોઇએ દોડાવવાની જરૂર રહેશે નહિ. 'આફતાબ' એ માટે જ્યારે આવી સરસ યુક્તિ બતાવે ત્યારે કટાઇ ગયેલા ભેજાંને ઘસીને સાફ કરવાની તકલીફ શા માટે લેવી? બસ એટલુંજ જોવું: જે માણસ સુધારાની વાત કરતો હોય તેને ઘરે જાહોજલાલી હોય કે તે વ્યવહારવાળો માણસ હોય તો તેની વાત સાચી, નહિ તો ખોટી. 'આફતાબ' ઘણા વરસથી કોમની 'સેવા' કરે છે અને હર હંમેશ તે કોમ આગળ એકથી બીજો ચડે તેવા નુસ્ખા બતાવી રહ્યું છે. છતાં અફસોસ! 'આફતાબ'ની જોઇએ તેવી કદર કોમ કરતી નથી!

# ચૂસણ નીતિનું ચક્ર

## દ્રશ્ય ચૌદમું.

મૃત્યુ જેમ પોતાની પાછળ શોકનો કાળો લીસોટો મુકતું જાય છે તેમ કારજ, મીજલસ કે લગ્નના ખર્ચાળ મેળાવડાઓ પણ પોતાની પાછળ ઉડાવગીરીની ઉંડી ગમગીની મુકતા જાય છે. બદરૂદીને માતાના આગ્રહને વશ થઇ વલીમામદના કારજની મિજલસ કરી ખરી; પણ એ મિજલસને કારણે તેની સલામત થતી જતી જીવન નૌકા કંગાલીઅતને ખરાબે ચડી જવાનો ભય તેને મુંઝવવા લાગ્યો. આકોલાથી આવ્યા પછી બદરૂદીન પોતાની દુકાન ઠીક ઠીક જમાવી રહ્યો હતો. કાઉન્સીલના કાસદની ઉઘરાણી પણ ભરણું થઇ જવાથી બંધ પડી હતી. અને પોતે વધુ કાંઇ નહિ તો પણ પોતાની માતા સાથે પેટ પુરતું રળી શાંતિથી જીવન ગુજારી શકશે તેવી તેને આશા બંધાણી હતી. પણ ત્યાં તો પ્રત્યક્ષ કે પરોક્ષ ફરી રહેલાં ચૂસણ નીતિનાં ચક્રો નીચે ચગદાવાનું તેને કપાળે ફરીથી આવ્યું. બહાર ગામથી મિજલસ-શોખીનો આવ્યા તે બન્યું તેટલું ખાઇ ગયા. બહાર ગામથી કામડીયો આવ્યો તે બન્યું તેટલું લઇ ગયો. એ બધા ભેગા મળીને પગભર થવા જતા બદરૂદીનને જોરથી ધક્કો મારતા ગયા. વલીમામદનુ કારજ બદરૂદીનને માથે કરજ કરતું ગયું.

મિજલસો ને મેળાવડાઓ એક રીતે લગ્નના બજારજ છે. ઘણી વખત માણસો આવા મેળાવડામાં દીકરો દીકરી ખપાવવાજ આવે છે. વલીમામદની મિજલસમાં બહાર ગામથી ઘણા માણસો આવ્યા હતા તેમાં હીરબાઇ નામની એક રાંડીરાંડ બાઇ પણ આવી હતી. પાંચેક વરસથી તે વિધવા થઇ હતી. પતિ પાછળ મુકી ગયેલ એક દીકરી અને દીકરાને પારકાં કામ કરી કરીને તેણે ઉછેરી મોટા કર્યા હતા. દીકરો હજી નાનો હતો, પણ દીકરી શેરબાનુ મોટી થઇ રહી હતી અને તેના માટે યોગ્ય વરની તપાસ ચલાવવાની ચિંતા કરવાનું હીરબાઇએ ક્યારથી શરૂ કરી દીધું હતું. વલીમામદની મિજલસમાં આવવાનો તેનો મુખ્ય હેતુ સારો જમાઇ શોધી કાઢવાનો હતો, અને ખાસ સરખાઇ આવે તો દીકરા માટે કન્યા પણ ગોતી લેવાનો હતો; અને તેથીજ તે દીકરી દીકરો સાથે લઇનેજ મિજલસમાં આવી હતી.

બે ત્રણ દિવસના સહવાસથી હીરબાઇ અને ફાતમાબાઇ એક બીજાને ગમી ગયાં. હીરબાઇને લાગ્યું કે ફાતમાબાઇ જેવી વેવાણ હોય તો કાંઇ ખોટું નહિ. બદરૂદીન પણ તેને ગમી ગયો. છોકરો સારો હતો, જુવાન હતો, રળાઉ હતો અને માના કહ્યામાં રહેનારો હતો. અને ગમે તેમ કરીને પણ તેણે બાપની પાછળ કારજ કર્યું હતું એટલે તે ઇમાનદાર પણ હોવો જોઇએ તેવી હીરબાઇને મન ખાત્રી થઇ હતી. બદરૂદીનનો વિચાર હમણાં કોઇ લફરૂં વળગાડવાનો ન્હોતો. તેને હજી રળવું હતું, બાવડાનું બળ તેને હજી અજમાવવું હતું. ઉંચે ચડવાના તેના મનોરથ હતા. અને તેથીજ તે પોતાની જાતને કોઇ બંધને બાંધવા ન્હોતો ઇચ્છતો. આમ છતાં ફાતમાબાઇને આ સંબંધ જતો કરવાનું યોગ્ય લાગ્યું નહિ. છોકરી ફુટડી હતી અને હીરબાઇ સારા સ્વભાવની હતી. અને જ્યારે સામે ચાલીને કોઇ દીકરી દેવા આવે ત્યારે તે ન લેવી એમાં માઠા ભવિષ્યનું એંધાણ હતું. મિજલસના મેહમાનો ગયા પછી એક દિવસ હીરબાઇ રોકાણી. બદરૂદીન અને શેરબાનુનું સગપણ થઇ ગયું.

× × × × ×

ફાતમાબાઇના હરખનો પાર નથી. બદરૂદીન પરણે—એથી વિશેષ ખુશાલીનો પ્રસંગ તેને બીજો કયો હોય! ફાતમાબાઇનું નાનકડું મગજ અનેક આલ્હાદક વિચારોથી ઉભરાતું હતું.

લગ્ન આડા આઠજ દિવસ રહ્યા હતા.પણ ફાતમાબાઇની અધીરાઇ આગળ એ આઠ દિવસે આઠ મહીનાનું રૂપ લીધું હતું. પણ, હા; આઠ દિવસ પછી ? આઠ દિવસ પછી બદરૂદીન ધણીઆણી વાળો થયો હશે; પોતે વહુની સાસુ થઇ હશે. વરઘોડીયાંને જોઇને પોતાનું હૈયું ઠરશે. ભવિષ્યની ચિંતા તેને નાબુદ થતી દેખાઇ. વૃદ્ધાવસ્થા કે બીમારીનો ભય તેની નજર આગળથી અદ્રષ્ય થતો હતો. વહુ હોય, દીકરો હોય; પોતે માંદી પડે તો એ બન્ને ચાકરી કરે. ઘરના કામકાજનો બોજો નહિ. સુખી અને મીઠી જીન્દગી. ફાતમાબાઇની વિચાર સૃષ્ટિમાં જબરી ઉથલપાથલ થઇ રહી.

બદરૂદીન પણ લગ્નના વિચારોની વેતરણમાંજ હતો. કારજમાં ખર્ચ ઘણું થયું હતું અને તેને લઇને તેને કરજ પણ થયું હતું. આવે વખતે લગ્ન કરી કોઇ વધુ ખર્ચ કે કરજમાં ઉતરવાનું તેને ગમતું ન્હોતું. પણ હીરબાઇ લગ્નની ઉતાવળ કરતી હતી અને ફાતમાબાઇની ઇચ્છા પણ જેમ બને તેમ જલદી માથા ઉપરનો ભાર ઉતારવાની હોવાથી તેણે સંમતિ આપી હતી. તેમજ બદરૂદીનની ગણતરી મુજબ લગ્નમાં કાંઇ ખાસ ખર્ચ થાય તેમ હતું નહિ. લાંબી જાન જોડવાની તેને મુદ્દલ ઇચ્છા ન્હોતી અને પોતે, ફાતમાબાઇ અને ગામના બીજા બે દોસ્તો સાથે જઇ પરણી આવવાનું તેણે નક્કી કર્યું હતું.

સાંજે દુકાન બંધ કરીને બદરૂદીન ઘરે ગયો તે પહેલાં ટપાલનો પટાવાળો એક બંધ પરબીડીયું ખડકીમાં નાખી ગયો હતો. બદરૂદીન આવ્યો એટલે ફાતમાબાઇએ તેને તે આપ્યું. બદરૂદીન તે ફોડી વાંચવા લાગ્યો. વાંચી રહ્યો કે તેના મોઢા ઉપરનું નુર ઉતરી ગયું અને હતાશા અને ચિંતા તેના ચહેરા ઉપર છવાઇ ગયાં.

"કેમ બેટા, કોનો કાગળ છે ?" ફાતમાબાઇએ પુછ્યું.

"તમારી વેવાણનો"

"શું લખે છે ?"

"લગ્ન નહિ કરી દયે"

"પણ શા માટે ?"

"શેરબાનુને મોટું કામ ન કરાવીએ ત્યાંસુધી !"

"હેં !" ફાતમાબાઇથી મોટો ધ્રાસ્કો પાડી દેવાયો.

"હા."

બન્ને મા દીકરો વિચારમાં પડી ગયા. લગ્નની તારીખ તો નિમાઇ ગઇ હતી. હવે કરવું શું ? મોટા કામના રૂપીઆ ક્યાંથી કાઢવા ?

# સમાહનો સાર

**મુંબઇ કોંગ્રેસ સમિતિઓ ખુલ્લી :** લગભગ અઢી વર્ષના ગાળા બાદ મુંબઇ પ્રાંતિક મહાસભા સમિતિની બેઠક પહેલીજ વાર ગઇ તા. ૧૦મીએ કાલબાદેવી રોડ ઉપર છોટાલાલ ભુવનમાં શ્રી. નરીમાનના પ્રમુખપદ નીચે મળી હતી. તેમાં આવતા ઓગસ્ટ માસની આખર સુધીમાં મુંબઇમાં યોગ્ય સ્વરૂપની કોંગ્રેસ સંસ્થાઓ ઉભી કરવાની યોજના થઇ હતી. તથા આવતા ઓક્ટોબરમાં મુંબઇ ખાતે મળનારી હિંદી રાષ્ટ્રીય મહાસભાની ૪૯મી બેઠક માટે સ્વાગત સમિતિ પણ સ્થાપવામાં આવી હતી. સ્વાગત સભ્યની ફી રૂા. ૨૫) રાખવામાં આવી છે. સ્વાગત સમિતિની પહેલી બેઠક આવતી તા. ૧૫મીએ મળશે. આ ઉપરાંત મુંબઇના મીલ કામદારોને રાહત આપવાનો પણ ઠરાવ થયો હતો.

**ઓરત અટકાયતમાં:** ધ્રાંગધ્રાના રહીશ અને હાલમાં વણા રહેતા જીવા નામના ખેડુતે પોતાની ધ્રાંગધ્રાની વિતક કથા બ્હાર પાડી છે, તેમાં જણાવે છે કે "મારા ભાણેજ પાસે રાજ્યનું રૂા. ૨૪૮૦ નું લ્હેણું હતું. તેના હું અને મારો ભાઇ જામીન પડયા હતા. મારા ભાઇએ રૂા. ૧૨૦૦) ભર્યા અને મેં રૂા. ૭૦૦) ભર્યા. પછી મારાથી બાકીના રૂપીઆ ભરાણા નહિ અને હું વણા નાસી આવ્યો. ત્યાર પછી છ વર્ષે ગયા વૈશાખ માસમાં મારી ઓરત મેથાણ તેના બાપને ઘેર ગયેલ. ત્યાં દરબારે મારા જામીન પેટે તેણીને અટકાવેલ છે. કામદાર કહે છે કે રૂપિયા ભરી જા અને તારી ઓરતને લઇ જા."

**પતિયાળાની જેલમાં ઉપવાસ:** પંજાબના દેશી રાજ્યના આગેવાન અને પતિયાળાના જુલ્મ સામે બાથ ભીડનાર સરદાર સેવાસિંહજી રાજદ્રોહના ગુન્હા માટે પતિયાળાની જેલમાં કારાવાસ ભોગવી રહ્યા છે. તેમના તરફ અમલદારોનું કીન્નાખોર વલણ હોવા માટે તેમણે ઉપવાસ શરૂ કર્યાની વાત બ્હાર આવી છે. તેઓનું એકાએક મૃત્યુ થયાના સમાચાર ખોટા છે એમ જેલ ખાતાના પ્રધાન સરદારના જમાઇને તારથી જણાવે છે.

**બિકાનેર સામે વિરોધ :** બિકાનેર રાજ્ય તરફથી થોડા સમય પર પ્રગટ કરવામાં આવેલા પરદેશીઓને લગતા કાયદા સામે વિરોધ દર્શાવવા મુંબઇમાં રાજસ્થાની પ્રજા પરિષદના આશ્રયે એક સભા શનિવારે સાંજે ફ્રેંચ બ્રીજ ઉપર બ્લેવેટસ્કી હોલમાં જાણીતા આગેવાન શ્રી. નરીમાનના પ્રમુખપણા નીચે મળી હતી. તેમાં શ્રી. નરીમાને, શ્રી. પોપટલાલ ચુડગરે તથા શ્રી. અમૃતલાલ શેઠે બિકાનેર નરેશની નીતિની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

**કામદારોનો યજ્ઞ :** મુંબઇમાં લગભગ પોણા બે માસ થયાં મીલ માલેકોના અન્યાય સામે મીલ કામદારોએ હડતાળ આદરી છે. કામદારો સંપૂર્ણ મક્કમ છે. હડતાળ દીનપ્રતિદિન વધારે મજબુત બનતી જાય છે. પોતાની માગણીઓ ન સ્વીકારાય ત્યાંસુધી તેઓ હડતાળ ચાલુ રાખવાને મક્કમ બન્યા છે. હડતાલને કચરી નાખવાની મીલમાલેકો પેરવી કરી રહ્યા છે. પણ નજદીકના ભવિષ્યમાં તેમની ઉમેદ બર આવે એવા ચીન્હો જણાતા નથી. નાગપુરમાં પણ હડતાળ ચાલુ છે.

**ધ્રાંગધ્રાના દિવાન નિવૃત-થયા :** ધ્રાંગધ્રાના દિવાન માનસિંહજી પચ્ચીશ વર્ષ પછી એકાએક નિવૃત થાય છે. હિંદી સરકારના દબાણને કારણે નિવૃત થયાનું કહેવાય છે.

ધ્રાંગધ્રા રાજ્યના નોકરોને દશ માસના ચડી ગયેલા પગાર હમણાં ચુકવવામાં આવ્યા છે.

**મુસ્લીમ સ્ત્રીની બહાદુરી:** દેરા ઇસ્માઇલ ખાન (પેશાવર) તરફ એક હિંદુ અને એક મુસ્લીમ સ્ત્રી એક ગામથી બીજે ગામ જતી હતી, તે વખતે રસ્તામાં બે ધાડપાડુઓએ તેમનાં સઘળાં ઘરેણાં ઉતારી લીધાં. પરંતુ મુસ્લીમ સ્ત્રીએ બહાદુરીથી એકને ચોટીથી પકડયો અને ધુમરાણ કરી મુકી. આજુ બાજુમાંથી લોકો દોડી આવ્યા ને પેલા બદમાસને પકડયો. ઝપાઝપીમાં મુસ્લીમ સ્ત્રીનો દાંત પડી ગયો હતો.

**સરદારની મુક્તિ થશે: ?** મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ મોકુફ રાખ્યા પછી અને મહાસમિતિએ તેને કબુલ રાખ્યા પછી મહાસભાના પ્રમુખ સરદાર વલ્લભભાઇ પટેલના છુટકારાનો પ્રશ્ન અતિ તીવ્ર બનતો જાય છે. સરદારની મુક્તિ માટે મુંબઇ સરકારે ખેડા અને અમદાવાદના સત્તાવાળાઓના અભિપ્રાયો પુછાવ્યા હતા. પણ તેઓ સરદારની મુક્તિની વિરૂધ્ધ છે એવી વાત બ્હાર આવી છે. તેથી સરદારની ટુંક સમયમાં મુક્તિ થાય તેવા ચિન્હો જણાતા નથી. સરદાર અને સરકાર વચ્ચે પત્રવ્યવહાર થયાની વાત બ્હાર આવી છે.

**જાપાનીસ એલચી ગુમ :** ચીન ખાતેના જાપાનીસ વાઇસ કોનસલ કુરામોટો અચાનક ગુમ થઇ જવાથી ભારે ખળભળાટ મચી ગયો છે. ચીનની સરકારે નાનકીંગ શહેરનું એકેએક ઘર તપાસી વાઇસ કોનસલને શોધી કાઢવાનું કામ ચાલુ કરી દીધું છે, તેમજ તેમનો પત્તો આપનારને ૧૦,૦૦૦ ડોલરનું ઇનામ પણ જાહેર કરવામાં આવ્યું છે. જાપાનના બે લડાયક વહાણો ચીનના દરીયામાં તૈયાર ઉભા છે. છેલ્લું મહાયુદ્ધ પણ આવાજ પ્રસંગમાંથી ઉભું થયું હતું એ જોતાં આ બનાવ ઘણોજ મહત્વનો ગણવામાં આવે છે.

**કપુરથલામાં અશાંતિ :** કપુરથલાનો મામલો થાળે પડતો નથી. સુલતાનપુરમાં પોલીસે મુસ્લીમો ઉપર કરેલા ગોળીબાર સંબંધમા નિમાયેલી તપાસ સમિતિનો અહેવાલ બહાર આવ્યો છે; તેમાં કેટલાક અમલદારોને નીચે ઉતારવાની ભલામણ ઉપરાંત વિશેષ કાંઇ નથી. આથી સર્વત્ર અસંતોષની લાગણી ફેલાણી છે. સભાબંધીનો હુકમ હોવા છતાં મુસ્લીમોએ ગઇ તા. ૧૨ના રોજ મસ્જીદમાં એક સભા ભરી હતી અને હિંદુઓ અને શીખોનો બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો હતો. પરિસ્થિતિને કાબુમાંથી છટકતી અટકાવવા લશ્કરી ટુકડીઓ તૈયાર રાખવામાં આવી છે.

**સસ્તું અને સારૂં વાંચન**

**વાંચવું હોય તો બે રૂપીઆ મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.**

## સૃષ્ટિમાં સૌથી મહાન

જગતના સૌથી બે મોટા ધનિકોઃ જે. ડી. રોકફેલર અને હેન્રી ફોર્ડ—બન્ને અમેરીકન.

જગતનું સૌથી મહાન શહેરઃ લંડન, વસ્તી ૮,૭૪૭,૧૪૩.

જગતની મોટામાં મોટી લાઇબ્રેરીઃ બીબ્લીઓથેક નેશનલ, પેરીસ. તેમાં ૧,૦૦૦.૦૦૦,૦૦૦ કરતાંય વધુ પુસ્તકો છે.

જગતની સૌથી મોટી ખોદીને તૈયાર કરેલી ન્હેરઃ સુએજ કેનલ. લંબાઇ સો માઇલ. તેને બાંધતાં ૨૯,૭૨૫,૦૦૦ પાઉંડ ખર્ચ થયું હતું.

જગતનું મોટામાં મોટું ભોંયરૂં યુરોપના પીરીનીઝ પર્વતો નીચે છે. લંબાઇ ૨૫ માઇલ.

જગતનું મોટામાં મોટું મકાનઃ એમ્પાયર સ્ટેટ બીલ્ડીંગ, ન્યુયોર્ક. ઉંચાઇ ૧૨૫૦ ફીટ.

જગતથી સૌથી મહાન કબરઃ આગ્રાનો તાજ મહાલ, જેને ખડો કરતાં વીશ લાખ પાઉંડ ખર્ચ્યા હતા.

જગતનું સૌથી મહાન શીખરઃ ગૌરીશંકર, હીમાલયમાં. ઉંચાઇ ૨૯૧૪૧ ફીટ. ("જન્મભૂમી"માંથી)

## ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

## —: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

## વેપાર સમાચાર.

(તા. ૧૬-૬-૩૪.)

**ઉન :** લીવરપુરમાં ઉનનો સેલ ગઇ તા. ૧૨ થી ૧૫ દિવસ ૪નો હતો, જેમાં કુલ્લે ગાં ૧૯૪૫૦ મુકાણી હતી તેમાંથી ગાંસડી ૧૧૦૦૦ વેચાયા વગરની પડતર રહી છે. સેલમાં વેચાણ ગયા સેલના ભાવે થયા છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. સ્થાનિક બજારમાં કાંઇ ફેરફાર થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨) થી ૧૨ાા આસપાસનો ગણાય. કાંઇ નવા સોદા થયા નથી.

**રૂત :** ભરૂચ ૨૦૭ **બકરાના વાળ:** ૪)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ાા ૨) ઘઉં | ૨ા~ ૨ા≡ તલ |
| ૧ા ૧ાા બાજરો | ૧ાા ૧ાા~ મેથી નવી |
| ૧ા ૧ા= જુવાર | ૧ા~ એરડા એરડી |
| ૧ા~ ચણા દેશી | ૧)= ૧)≡ મગ દેશી |
| ૧) કમોદ જાડી | ૧ા≡ ૧ા અડદ |
| ૧ા ૧ાા કમોદ જુણી | ૨)= રાઈ |
| ૧)= ૧)=ા મગફળી જુણી | ૨) શીંગદાણા હાથફોલ |
| ૧)~ા ૧)= મગફળી જાડી | |

**ઘી :** ૨૯) ૨૯ાા મુંબઇ પરખ, ૨૩) ૨૪) તાજો રસ

**તેલ :** ૫) ૫)= તલનું, ૩ા શીંગનું.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી.

૧)~ કપાશીયા ડુમર. ૧)~ા કપાશીયા કરાંચી
૪ા ખાંડ રાજકોટ શહેર, ૩ા સદર.
૯) ૯ાા સોપારી જુની. ૧૨) ૧૨ાા ગદબનું બી. ૧૦ વેસણ જીણું
૮ાા વેસણ જાડો. ૭) ૭ા ઘઉંનો લોટ, ૮ાા મેંદો, ૯ાા સોજી.
(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

(અનુસંધાન પાના ૬૪થી)

| | | | |
|---|---|---|---|
| ૨૭ | ,, | ,, | કરીમ-ઉદ-દૌલા આક સંકર. |
| ૨૮ | ,, | ૧૧૨૭ | મોઇન-ઉલ-મુલ્ક અબુનસર એહમદ બીન ફઝલ, સુલતાન સંજરનો વઝીર. |
| ૨૯ | ,, | ૧૧૨૯ | અબ્દુલ લતીફ બીન લખાહબંદી, શાફીઆનો રહીશ, ઇસ્ફહાની. |
| ૩૦ | ,, | ૧૧૩૦ | આમર બે એહકામલ્લા અબુ અલી બીન મુસ્તેઅલી, મીસરનો ખલીફ. |
| ૩૧ | ,, | ૧૧૩૧ | ઇમામ અબુ હાશમ ફાતમી. |
| ૩૨ | ,, | ,, | કાઝી અબુ સઇદ હરવી. |
| ૩૩ | ,, | ૧૧૩૨ | હસન ગુરગાની. |
| ૩૪ | ,, | ૧૧૩૩ | સૈયદ દૌલતશાહ અલવી હાકીમ ઇસ્ફહાની. |
| ૩૫ | ,, | ,, | આક સંકર, મરાગાનો હાકેમ. |
| ૩૬ | ,, | ,, | જનાબ શમ્સ તબ્રેઝી. |

# હસન બીન સબ્બાહ—

## એ ઐતિહાસિક ખૂની.

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલી"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો અને જેને મહાન વિજેતા અને ફીદાઇ તરીકે ઇસ્માઇલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખૂની અને જગપ્રસિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો સાતમો હપ્તો અમે આ નીચે આપીએ છીએ.

'અલમૌતના રાજ્યનો ઇતિહાસ' નામક ગ્રંથમાં હસન બીન સબ્બાહ અને તેના વંશજોના વખતમાં તેમના ફીદાઇઓના હાથે માર્યા ગયેલા મોટા મોટા માણસોની એક યાદી આપવામાં આવી છે. આ નીચે આપવામાં આવતી ટીપ એકલા હસન બીન સબ્બાહનાં જ વખતમાં તેના ફીદાઇઓને હાથે કતલ થયેલામાંના જાણીતા અને પ્રખ્યાત પુરૂષોની જ છે. એ શિવાય બીજા કેટલા માણસો ઉપર તેના ફીદાઇઓની છુરી ચાલી હશે તે કોને ખબર ?

| નાં. | કતલ કર્યાનો સન | | કતલ થનારનું નામ |
|---|---|---|---|
| ૧ | ઇ.સ. | ૧૦૯૨ | ખ્વાજા હસન નિઝામ-ઉલ-મુલ્ક, મલકશાહ સલજુકીનો વઝીર. |
| ૨ | ,, | ૧૦૯૫ | અબુ મુસ્લીમ, રેયનો હાકેમ. |
| ૩ | ,, | ,, | અમીર સીયાપોશ. |
| ૪ | ,, | ,, | અમીર અશર મલકશાહી. |
| ૫ | ,, | ,, | અમીર કજશ. |
| ૬ | ,, | ૧૦૯૬ | મલકશાહનો ગુલામ. |
| ૭ | ,, | ,, | હાવી અલ્વી ગીલાની. |
| ૮ | ,, | ,, | અબુલ ફતાહ દેહસ્તાની, બરકયારૂક સુલતાનનો વઝીર. |
| ૯ | ,, | ,, | અમીર સરઝીન મલકશાહી. |
| ૧૦ | ,, | ,, | અબ્દ-ઉર-રહીમાન સમીરમી ઉમ્મુસ, સુલતાન બરકયારૂકનો વઝીર. |
| ૧૧ | ,, | ,, | અમીરે બરસક તે દીગરલ બેગનો નદીમ. |
| ૧૨ | ,, | ૧૦૯૭ | સીકંદર સુફી કઝવીની. |
| ૧૩ | ,, | ,, | અબુલ મુઝફ્ર મજીદ ફાઝીલ ઇસ્ફહાની. |
| ૧૪ | ,, | ,, | સનકર્ચા, તે રેહીસ્તાનનો ગવર્નર. |
| ૧૫ | ,, | ૧૦૯૮ | અબુલ કાસમ કરખી. |
| ૧૬ | ,, | ,, | અબુલ ફર્જ કરાતગીન. |
| ૧૭ | ,, | ,, | અબુ ઉબેદ મસ્તુની. |
| ૧૮ | ,, | ,, | અતાબેક મોદુદ, દીયારે બકરનો હાકેમ. |
| ૧૯ | ,, | ,, | અબુ જાફર શાતેબી રાઝી. |
| ૨૦ | ,, | ૧૦૯૯ | અમીર બલકા બેક સરમર ઇસ્ફહાની. |
| ૨૧ | ,, | ,, | કાઝી અબ્દુલા ઇસ્ફહાની. |
| ૨૨ | ,, | ,, | કીરમાનનો કાઝી. |
| ૨૩ | ,, | ૧૧૦૫ | સાએદ બીન અબુ મહમદ નેશાપુરી. |
| ૨૪ | ,, | ૧૧૦૬ | અબુલ મુઝફ્ર બીન ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્ક. |
| ૨૫ | ,, | ૧૧૨૨ | કમાલ અબુ તાલેબ સમીરમી, સુલતાન મહમુદનો વઝીર. |
| ૨૬ | ,, | ૧૧૨૬ | કાઝી અબુ સાદ મોહમદ બીન નસીર બીન મનસુર હરવી. |

(અનુસંધાન પાના ૬૩)

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

પાયમાલીના પંથે

Regd. No. B. 3114




પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૯

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

જુન ૨૬ : ૧૯૩૪ સંવત ૧૯૯૦ના જેઠ શુદ ૧૪ મંગળવાર.

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

# "હું નાશ માગું છું"

"હું આજની આપણી એ સમાજ-રચનાનો નાશ માગું છું કે જે સમાજ-રચના બાંધવતાને માટે સરજાયેલી માનવજાતની અંદર પરસ્પર વિરોધી વર્ગો ઉભા કરે છે; જે સબળ અને નિર્બળના વાડા પેદા કરે છે, શ્રીમંત અને મુફલીસના ભેદભાવોને જન્મ આપે છે, અને જે માનવીઓને વિશિષ્ટ અને અશિષ્ટ બનાવે છે. કેમકે આ જાતનાં વર્ગીકરણ આપણને સહુને સાચેસાચ અભાગી બનાવે છે.

આજના સમાજ તંત્રમાં કરોડો માનવીઓ મુઠ્ઠીભર માનવીઓની ગુલામી બરદાસ કરે છે, અને એ મુઠ્ઠીભર માનવીઓ પોતાની દોલતની ગુલામી ઉઠાવે છે. હું આજના આવા સમાજ-તંત્રનો નાશ માગું છું.

હું એ તંત્રનો નાશ માગું છું કે જે તંત્ર મજૂરીમાંથી મોજ હરી લ્યે છે, જે તંત્ર મજૂરીને ગુલામી સમી બનાવે છે અને મોજને દુર્ગુણ સમી બનાવે છે. આજના એ તંત્રનો નાશ માગું છું કે જે એક માનવીને જરૂરત કરતાં ખૂબ ઓછું આપીને કંગાલ રાખે છે અને બીજા માનવીને જરૂરત કરતાં ઘણું વધારે આપી ચિન્તાતુર બનાવી દે છે.

હું આજના એ સમાજ તંત્રની ઇમારતને જમીનદોસ્ત કરવા માગું છું કે જે તંત્ર અર્થહીન ચીજોની પાછળ, મરેલા માણસોની પૂજા પાછળ, માનવ જાતની સર્વોત્તમ રચનાશક્તિ વેડફી નાખે છે.

જે તંત્ર માનવજાતના એક ભાગને અર્થહીન ધંધાઓમાં પરોવી રાખે છે, જે તંત્ર લશ્કરી, કારકુની, સટ્ટાખોરી, વ્યાજખોરી અને એવાં બીજાં અનેક સુસ્ત કામકાજોની પાછળ, હજારો માનવીઓ પાસે એમની જુવાનીના જોમનું બલિદાન અપાવે છે, અને આ તિરસ્કાર યોગ્ય ધંધાઓમાં સામેલ નહિ એવી શેષ માનવજાત પાસે અસહ્ય મજૂરી કરાવી એમની જીંદગીનો તમામ રસ લૂંટી લ્યે છે-હું એ તંત્રનો નાશ માગું છું

બલાત્કાર, જુઠ્ઠાણું, આંસુ, ગમગીની, ત્રાસ, દુઃખ, કંગાલિયત, દગાખોરી અને ગુન્હેગારીની ઇંટોથી ચણાયેલી, સન્નિપાતના ઓથાર સમી આજના. સમાજ-તંત્રની ઇમારતનું નામોનિશાન રદ કરવાની મને તમન્ના છે. એ સમાજતંત્રની એકેએક યાદગીરીનો હું નાશ ચાહું છું."

-રિચર્ડ વાગ્નર
("પુલછાબ"માંથી)

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૬-૬-૩૪.

# પાયમાલીના પંથે

આજે એ કોણ નથી જાણતું કે આપણે પાયમાલીના પંથે આગે કૂચ કરી રહ્યા છીએ?

સંવત ૧૪૭૯ આસપાસમાં પીર સદરદીનને હાથે આપણે જન્મસંસ્કાર પામ્યા. એ વાતને આજે ૫૦૦ વરસ થયાં. સદરદીન ગયા અને આગાખાન આવ્યા. આપણે આજે એમ કહી શકીએ તેમ છીએ કે આ ૫૦૦ વરસમાં આપણી મૂર્ખાઇ ઘટી છે?

આપણે પહેલેથી તે આજદિન સુધી એકજ સરખી અક્કલહીનતા અને એકજ સરખી તાબેદારી બતાવતા આવ્યા છીએ. પીર સદરદીનને થોડું જોઇતું હશે; એશઆરામ ઓછો કરવો હશે; કે એ કરવાનાં સાધનો ઓછાં હશે; અને તેમણે આપણા વચ્ચે ઝોળી ફેરવી. આપણે એ ઝોળી ભરી દીધી. આજે ના. આગાખાનને લાખો કરોડો જોઇએ છે; આજે તેમને કોઇના પણ કરતા વિશેષ એશઆરામ કરવો છે; એ એશઆરામનાં આજે અનેકવિધ સાધનો પણ મળી શકે છે; અને તેમણે એ બધા માટે ઝોળીને બદલે તેજુરી રાખી; એક ઠેકાણે નહિ, અનેક ઠેકાણે રાખી. આપણે એ તેજુરીને આજે પણ તરબતર કરી રહ્યા છીએ. ૫૦૦ વરસમાં આપણે શું પ્રગતિ કરી?

૫૦૦ વરસ પહેલાં પીર સદરદીને માતા પંથના ભજનો ગાઇ આપણને સમજાવ્યું કે દશમો નકલંકી અવતાર પ્રગટ થઇ ચુકયો છે. આપણે કહ્યું કે સાવ સાચી વાત. આજે ૫૦૦ વરસ પછી ના. આગાખાન કહે છે કે દશમો નકલંકી અવતાર હું છું. અને આજે પણ આપણે કહીએ છીએ કે સાવ સાચી વાત. ૫૦૦ વરસ પહેલાં પીર સદરદીનને પુછવા જેટલી આપણામાં બુદ્ધિ ન્હોતી કે, “ભાઇ કયાં છે એ અવતાર? એને બતાવો. આપણે એ મહામૂલી વસ્તુને જગતના ઉદ્ધાર માટે જાહેર કરીએ.” અને આજે પણ ના. આગાખાનને પુછવા જેટલી આપણામાં કયાં અક્કલ છે કે, “ભાઇ, તમે ઇસ્લામના આગેવાન છો. બીજા કોઇને નહિ તો ઇસ્લામીઓને તો તમારા અવતારીપણાની ખાત્રી આપી તેમનો ઉદ્ધાર કાં નથી કરી લેતા?”

૫૦૦ વરસ થયાં આપણી પ્રગતિનો માર્ગ રોકીને કોણ ઉભું છે? પાનસો પાનસો વરસથી દરરોજ આપણને પાયમાલીના પંથે વધુને વધુ કોણ ઢસડતું જાય છે? આ ધર્મ, ધર્મના ઉપદેશકો અને ધર્મના આચાર્યો.

ધર્મના આચાર્યોના વધતા જતા મોજશોખે જેમ ઝોળી ટાળી તેજુરી વસાવી છે તેમ સમજાવી, ફોસલાવી કે ભુરકી નાખી લેવાતું ધન આજે ફરજીઆત કાયદા કાનુન, દંડ, સજા અને નાતબહારીથી ચૂસી લેવામાં આવે છે. પહેલાં ઉંદર માફક ફુંકીને ખવાતું, આજે છડેચોક શીકાર કરવામાં આવે છે. આજની કાઉન્સીલ અને કાયદા આપણા શરીરમાંથી રકતનું છેલ્લું ટીપું નીચોવી લેનારૂં આબાદ યંત્ર છે.

નિત્યની આ ચૂસણ ક્રિયાને પ્રતાપે આપણે દરરોજ વધુ ને વધુ કંગાલ બનતા જઇએ છીએ. એ ચૂસણ નીતિના ચાલકોએ પોતાની રક્ષા અર્થે રચેલી બાજીથી આપણી સામે જ્ઞાન અને પ્રકાશના દરવાજા બંધ કરવામાં આવ્યા છે. આપણે કેળવણી લઇએ ને કદાચ આ આખી ઇન્દ્રજાળ સોંસરવું સત્ય જોઇ શકીએ તો! એટલા માટે ધર્મજ્ઞાનના નામે આપણને અજ્ઞાન પાઇ આપણી દ્રષ્ટિ ટુંકી કરી નાખવામાં આવે છે. અને વધુમાં એ અજ્ઞાન જ્ઞાન છે એમ ગણી આપણે અંધારામાં રહીએ છીએ અને સાચી કેળવણી પામી શકતા નથી. કેળવણીમાં પછાત એવી કોઇ કોમ કે માણસ કદી આગળ વધી શકે નહિ. એટલુંજ નહિ પણ જ્યારે મંદીનો દૈત્ય ઉભો થાય ત્યારે સાચી ઉંચી ઉપયોગી કેળવણીના અભાવે એ કોમ કે માણસ એની સામે પળ વાર પણ ટકકર ઝીલી શકે નહિ. આપણી હાલત આજે આવી છે. સાચી કેળવણીથી વિમુખ આપણે આજે મંદી આવતાં બેકારીનો ભોગ થઇ રહ્યા છીએ. ગમે એટલાં ભજન, ગીનાન કે આરતી આપણી જીભને ટેરવે હોવા છતાં આપણા જીવનની જરૂરીઆતો આપણને મળતી નથી; કારણ કે આપણી પાસે ઉપયોગી એવી કશી કેળવણી નથી. પ્રતિ વર્ષ ના. આગાખાનને જતું અઢકળ ધન આપણું છે એમ માનવું એ પારકી બેન્કની ચાલીમાં ફરતાં ફરતાં માનવું કે આ બેન્ક મારી છે એના જેટલુંજ મૂર્ખાઇ ભરેલું છે. આ જાતનો ભ્રમ હવે તો કોઇ નહિજ રાખી રહ્યું હોય.

ધર્મને નામે આપણે ખૂબ કર્યું. જીવન ટકાવવા જેટલું માંડ રાખીને આપણે જેટલું હતું તેટલું એ ઝોળીમાં ને હોળીમાં અર્પી દીધું. આજે આપણે બેકાર છીએ. આજે આપણા જીવનની પ્રાથમિક જરૂરીઆતો પણ આપણે પુરી પાડી શકતા નથી. આજે આ ધરતી ઉપર કઇ રીતે પગ ટકાવી રાખવો એ આપણને દિવસરાત મુંઝવતો પ્રશ્ન છે. આજે આપણે મરીએ તો આવતી કાલે આપણા બાળકોને ભીખ માગવા શિવાય બીજો કોઇ રસ્તો ન રહે એ દશાએ આપણે પહોંચ્યા છીએ.

કોઇ રીતે હજીએ આપણે આ પાયમાલીના પંથેથી પાછા ફરશું? કોઇ દિવસ આપણામાં એટલું કહેવાની હિંમત નહિ આવે કે, “આગા સાહેબ, હવે માફ કરો!”

## વિચાર-કલિકાઓ

### ભાગો નહિ

કચ્છની જમાતોમાં ના. આગાખાને રચેલી કચ્છ કમીટી અને કાયદાઓ સામે જે મજબુત વિરોધ પ્રસરી રહ્યો છે એ આવકારદાયક છે. આજના સ્વતંત્રતાના જમાનામાં ના. આગાખાન કચ્છની જમાતોના પ્રાથમિક અધિકારોને પગ તળે છુદીને કચ્છે પાળવાના કાયદા કાનુન પોતાની મુનસફી પ્રમાણે રચે અને એનો અમલ કરવા પોતાની મરજી મુજબ પોતાના માણસો એના માથે બેસારે એ કદી પણ ન ચલાવી શકાય એવી વસ્તુ છે. અને કચ્છ એ ન ચલાવી લેવા નિર્ધાર કરે છે એ યોગ્યજ છે. કચ્છીઓ જો પોતાના વિરોધમાં મજબુત રહેશે, અને સગાં વ્હાલાંઓની શેહમાં દબાયા વિના કે જુઠા માન અને મોટપની લાલસા ત્યાગીને પોતાની લડત ચલાવ્યે જશે તો જરૂર ના. આગાખાને રચેલા કાયદા અને નીમેલી કમીટીને તેઓ ફગાવી દઇ શકશે, બેજવાબદાર સરમુખત્યારીને નમાવી શકશે.

કચ્છની વિરોધ-પ્રવૃતિમાં અમને એક વસ્તુ નથી ગમી. કચ્છના કેટલાક ભાઇઓ ઇશનાઅશરી થઇ જવા વિચારી રહ્યા છે અને એક ભાઈ તો થઈ ગયાના પણ સમાચાર મળે છે. આમ શા માટે? ના. આગાખાનની આક્રમણક નીતિનો વિરોધ કરવો એ બરાબર છે. નવા કાયદા અને કમીટી સામે જોરશોરથી લડવું એ બરાબર છે. પણ તેથી કરીને એક ટોળું તજી બીજા ટોળામાં દાખલ થવાની કશી જરૂર નથી. જે સ્થાને આપણે ઉભા હોઈએ એજ સ્થાને ઉભા રહીને જે વસ્તુ આપણને અન્યાયી અને જુલ્મી લાગે તેનો આપણે સામનો કરવો જોઇએ. આમ ભાગી જવાનો કશો અર્થ નથી. એ આપણી મર્દાનગીને શોભતું પણ નથી. અમે કચ્છીઓને કહીએ છીએ કે : શુરા કચ્છીઓ, ભાગો નહિ. તમારા ઘર ઉપર હુમલો થાય તો એ ઘર છોડી ચાલ્યા ન જાવ, પણ એ ઘરમાં રહીનેજ હુમલાનો વળતો જવાબ આપો.

### કરૂણ અંત

મુંબઇના મીલ કામદારોની હડતાળ દરરોજ વધુને વધુ કરૂણ અંત તરફ ઢસડાતી જાય છે. મુંબઇના એ બહાદુર કામદારોએ બબ્બે મહીના સુધી જીવ સટોસટની લડાઈ ખેલી. પોતાના કેટલાય આગેવાનોને અને દોસ્તોને કારાવાસના સળીઆ પાછળ મોકલી દીધા. કેટલીય વાર લાઠીઓ ખાધી, કેટલીય વાર ગોળીઓ ઝીલી. પોતાનાં સ્ત્રી બાળકોને ભૂખે મરતાં જોયાં. છતાં આજે તેઓ પરાજયને કાંઠે આવીને ઉભા છે. કામદાર આગેવાનોના મતભેદને કારણે હડતાળમાં આજે ભંગાણ પડયું છે. દરરોજ એક પછી એક મીલ વધુ ઉઘડતી જાય છે અને નિરાશ થયેલા લડવૈયા કામે લાગે છે. હડતાળ કોના દોષે પડી ભાંગે છે એ પ્રશ્ન મુખ્ય નથી. એકજ વસ્તુ મુખ્ય છે કે લોહી માંસનો ભોગ ધરવા છતાં આજનો મુડીવાદ સંતોષાતો નથી, અને એંશી એંશી હજાર માનવીઓના હિતનો પચાસ સો માણસોના સ્વાર્થ ખાતર ભોગ લેવામાં આવે છે. અને છતાં મુડીવાદી સમાજ-રચનામાં એ બધું યોગ્ય છે, જરૂરનું છે!


**સસ્તું અને સારૂં વાંચન**

વાંચવું હોય તો બે રૂપીઆ

મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.


## ટુંકા સમાચાર

—હિંદી રાષ્ટ્રિય મહાસભાની મુંબઇ ખાતેની આગામી બેઠકની સ્વાગત સમિતિ ચુંટાઇ ગઇ છે. શ્રી. નરીમાનની સ્વાગત પ્રમુખ તરીકે વરણી થઇ છે.

—મહાસભાની કાર્યવાહક સમિતિએ મહાસભા સમાજવાદી પક્ષના વર્ગ-વિગ્રહના કાર્યક્રમને અહિંસાથી વિરૂદ્ધનો જાહેર કરવાથી સમાજવાદી પક્ષમાં જબ્બર ખળભળાટ મચ્યો છે. પંડીત જવાહરલાલ નહેરૂના આશીર્વાદ લઇ ઉભો થયેલો આ પક્ષ મહાસભાની ખુલ્લી બેઠકમાં સમાજવાદી કાર્યક્રમ પસાર કરાવવા જોરદાર પ્રયત્નો કરશે તેમ જણાય છે.

—રામપુર રાજ્યની પોલીસે બેકારોના ટોળાં ઉપર ગોળીબાર કરવાથી ૧૦ માણસો માર્યા ગયા છે અને કેટલાક ઘાયલ થયા છે. ગોળીબાર કરવાનું કારણ એવું જણાવવામાં આવે છે કે ટોળું તોફાને ચડયું હતું.

—જાણીતા કોમ્યુનીસ્ટ એમ. એન. રૉયને જેલમાં ક્ષયરોગ લાગુ થયાના સમાચાર વર્તમાનપત્રોમાં પ્રગટ થયા છે. શ્રી. રૉયની મુક્તિ માટે ઇંગ્લેન્ડનો સ્વતંત્ર મજુર પક્ષ પ્રયત્નો કરશે.

—કપુરથલા રાજ્યમાં મુસ્લીમોના સરઘસને બળ વાપરી વીખેરી નાખવામાં આવ્યું છે, અને ૬ માણસોની ધરપકડ કરવામાં આવી છે.

—સીંધમાં દાદુ ખાતે લુંટારાઓની એક ટોળીએ મધરાતે એક મુસલમાન કુટુમ્બના ઘરમાં પ્રવેશ કરતાં એક મુસ્લીમ સ્ત્રીએ તેમાંના એકનું કુહાડીનો ઘા કરી માથું કાપી નાખવાથી બાકીના હરામખોરો ભાગી ગયા હતા.

—પંડીત જવાહરલાલ નહેરૂની તબીયતમાં સુધારો થયાની વાત ખોટી છે એવા ખબર પંડીતજીના પત્નીએ તેમની મુલાકાત લેવાથી બહાર આવ્યા છે.

—કુરલા મ્યુનીસીપેલીટીએ બેકાર મીલ કામદારોને મદદ કરવા રૂ. ૧૬૦૦૦) મંજુર કર્યા છે.

—૭ વરસ સુધી કાંઇ કામધંધો નહિ મળવાથી કાનપુરના એક ગ્રેજ્યુએટે ઝેર લઇ આપઘાત કર્યો છે.

—મુંબઇ સરકારે કાપડ ઉદ્યોગના મજુરીના દરો સંબંધમાં તપાસ કરવા નીમેલી સમિતિએ બહાર પાડેલા હેવાલમાં મુંબઇના કામદારોના પગારમાં સૌથી વધુ મોટો કાપ પડેલો હોવાનું જાહેર કર્યું છે. ૧૯૨૬થી ૧૯૩૩ સુધીમાં મુંબઇના કામદારોના પગાર ૨૧ ટકા અને શોલાપુરમાં ૧૭ ટકા કપાયા છે, જ્યારે અમદાવાદના કામદારોના પગાર ૫ ટકા વધ્યા છે.

—ગાંધીજીના અંગ્રેજ શીષ્યા મીરાંબેન વિલાયત તરફ રવાના થયા છે. એમ કહેવાય છે કે ત્યાં તેઓ હિંદ વિરૂદ્ધના પ્રચાર કાર્યનો જવાબ વાળશે.

—સાત અને પાંચ વરસની સજા પામેલા બે રાજ્યદ્વારી કેદીઓ મીદનાપુર જેલમાંથી નાસી છુટયા છે.

# નુતન યુગનાં પ્રવાહ-બળો

સમાજવાદ એ શું છે અને આજે ધરતીના પડ ઉપર ક્યા ક્યા દેશોમાં તેના અખતરા થઇ રહ્યા છે એનો આછો ખ્યાલ 'જાગૃતિ'ના વાંચકોને આપ્યા પછી સામ્યવાદનો પરિચય આ નીચે આપવામાં આવે છે.

## ૨. સામ્યવાદ

સમાજવાદ અને સામ્યવાદ એ પરસ્પર વિરોધી નથી; બલ્કે ઘણે અંશે એમાં સરખાપણું છે. સામ્યવાદ એ સમાજવાદનું વધારે ઉગ્ર સ્વરૂપ છે, અથવા તે સમાજવાદ પાછળની ભાવનાઓની એ અંતિમ સ્થિતિ છે. એમ કહી શકાય કે સામ્યવાદમાં સમાજવાદ સમાઇ જાય–પણ સમાજવાદમાં સામ્યવાદ નહિ.

સામ્યવાદ અને સમાજવાદ એટલા બધા મુદ્દાઓમાં મળતા છે કે તેને સ્પષ્ટપણે અલગ પાડી બતાવવાનું કપરૂં છે. બન્ને મુડીવાદના કટ્ટર દુશ્મન છે. બન્ને નફાખોરીને દફનાવવા માગે છે. બન્ને સામ્રાજ્યવાદને ઉખેડી નાખવા માગે છે. બન્નેનું લક્ષ આમ વર્ગનું હિત છે. છતાં સામ્યવાદ અને સમાજવાદ કેટલે અંશે એક બીજાથી જુદા પડે છે એ જોઇએ.

(૧) સમાજવાદની સ્થાપના અર્થે સમાજવાદીઓ રાજસત્તા કબજે કરવા માગે છે, પણ એ ધારાસભાઓમાં બહુમતી મેળવીને, બળ વાપરીને કે હથીયારબંધ બળવો કરીને નહિ. સામ્યવાદના આરાધકો એમ નથી માનતા. એ એમ કહે છે કે મુખ્ય વસ્તુ રાજસત્તા કબજે કરવી એ છે; પછી એ કબજાગીરી ધારાસભાની બહુમતીથી મળતી હોય ત્હોય ભલે અને હથીયારબંધ બળવાથી મળતી હોય ત્હોય ભલે. સમાજવાદીઓ આત્મ–રક્ષા સિવાય બીજા કોઇ ઉદ્દેશથી બળ નહિ વાપરે, સામ્યવાદીએ આત્મ–રક્ષા અર્થે બળ વાપરવામાં માને છે તેટલુંજ આક્રમણ કરવામાં પણ માને છે.

(૨) સમાજવાદની ઓછામાં ઓછી માગણી માનવી માત્રને પેટ પુરતું અન્ન, પહેરવા પુરતાં કપડાં અને રહેવા પુરતી મકાનની સગવડ છે. સામ્યવાદ આટલાથીજ સંતોષાતો નથી. એ માગે છે શ્રમજીવીઓની સંપૂર્ણ સરમુખત્યારી. કોઇ બીજું ઓછામાં ઓછું આટલું આપે એમ નહિ, આપવાની ચુકતે વસ્તુજ શ્રમજીવીઓના હાથમાં આવવી જોઇએ. સમાજવાદીઓ ભાગ માગે છે, સામ્યવાદીઓને માલિકી જોઇએ છે.

(૩) જેટલા જોરથી સમાજવાદ દરેક માણસ પાસેથી ફરજીઆત કામગીરી માગે છે એથી અનેકગણા વધુ જોરથી સામ્યવાદ માનવી માત્ર પાસે ફરજીઆત કામ કરાવવા માગે છે. સમાજવાદી તંત્ર નીચે જીવતો માણસ પોતાની કામગીરી બજાવ્યા પછી બચતા વખતમાં વધુ કામ મેળવી તે કરી શકે તો તે વધારાની કામગીરીના ફળરૂપ જે પેદાશ તેને થાય તે તેનો સમાજવાદની મર્યાદામાં રહીને પોતાની મરજી પ્રમાણે ઉપયોગ કરી શકે; પણ સામ્યવાદી સમાજ–રચનામાં ખાનગી મિલ્કત રાખવાનો કોઇને પણ અધિકાર નથી. વ્યકિત વ્યકિતની ખાતર નહિ પણ આખા સમાજની ખાતર જીવે છે; એટલે કોઇ પણ માણસથી પોતાનું અંગત એવું કાંઇ પણ રાખી શકાય નહિ. એ જેટલી મહેનત કરે તે બધીનું જે ફળ આવે તેની સંપૂર્ણ માલિકી આખા સમાજની અને તેનો ઉપયોગ કરવાના સર્વ અધિકાર પણ એ સમાજનાજ.

(૪) સમાજવાદને ધર્મ કે ઇશ્વર સાથે વૈર નથી. જ્યાંસુધી ધર્મ અને ઇશ્વર સમાજવાદની સિદ્ધીની આડે ન આવે ત્યાંસુધી સમાજવાદી તંત્રમાં તે બન્ને ખુશીથી જીવી શકે. સામ્યવાદમાં ધર્મ અને ઇશ્વરને જરા જેટલું પણ સ્થાન નથી. સામ્યવાદીઓ એ બન્નેને પ્રગતિ–વિરોધક અને પરાવલંબીતું ઉદ્‌ભવ–સ્થાન માને છે. સામ્યવાદમાં જેમ પ્રત્યક્ષ ખાનગી મિલ્કતને સ્થાન નથી તેમ પરોક્ષ મતદારીને પણ નથી.

સામ્યવાદ અને સમાજવાદની મતફેરીમાં આટલા મુદ્દાઓ મુખ્ય છે.

સામ્યવાદ સમાનતાનો પૂજક છે. એ પ્રત્યેક માનવીને સમાન દરજ્જે ઉભેલો જોવા ઇચ્છે છે. સામ્યવાદમાં સૌનું સ્થાન સરખું છે. એક ગરીબ અને બીજો તવંગર, એક ભુખે મરતો અને બીજો અકરાંતીઓ, એક કચડાયેલો અને બીજો સત્તાધારી–આવા કોઇ ભેદભાવ સામ્યવાદમાં નભી શકે નહિ. સામ્યવાદ દરેકને સરખા ગણે છે. એ દરજ્જે એ સર્વને પોતાના વિકાસ માટે સમાન તક અને સંજોગો આપવા માગે છે. સમાજના દરેકે દરેક માણસને એ સમાન અધિકારો આપવા માગે છે. સામ્યવાદમાં બધું સમાન ભાગે છે–શ્રમ, ઉપભોગ, અવસર અને અધિકાર.

સામ્યવાદીઓ સામ્યવાદની સિદ્ધી અર્થે વર્ગ–વિગ્રહને અતિ આવશ્યક ગણે છે. વર્ગ–વિગ્રહ એટલે ઉપર કહ્યા તેવા ઉંચ નીચનો વિગ્રહ; બલ્કે ઉંચ સામે નીચનો વિગ્રહ. ઉંચ નીચનું ઉદ્‌ભવ–સ્થાન મુડીવાદ. મુડીવાદ એટલે અમુક ગણ્યા ગાંઠ્યા માણસો આખા સમાજનું નીરાંતે શોષણ કરી શકે એવી વ્યવસ્થા. આમ વર્ગ–વિગ્રહ એટલે ગણ્યા ગાંઠ્યા માણસોના આખા સમાજના શોષણ સામેનો વિગ્રહ. સામ્યવાદીઓ માને છે કે વર્ગ-વિગ્રહજ ઉંચ નીચના વર્ગો નાબુદ કરી સર્વને સમાન દરજ્જે મૂકી શકે. આથી સામ્યવાદના કાર્યક્રમમાં વર્ગ–વિગ્રહ એક મુખ્ય વસ્તુ બની રહે છે, અને તેથીજ સામ્યવાદીઓ કચડાતા ખેડુતો કે મજુરોને વર્ગ–વિગ્રહ તરફ વાળવા તેમનામાં આત્મ–ભાન પ્રગટાવવા મથે છે. સામ્યવાદીઓ મુડીવાદી સમાજ–રચના અને શાહીવાદી રાજસત્તાને સ્થાને શ્રમજીવીઓની સરમુખત્યારી અને સમાન અવસર,

# "આ કાઠિયાવાડ નથી, કચ્છ છે"

## નવા કાયદા સામે કચ્છીઓની પ્રચંડ ઝુંબેશ

### રૂઢીચૂસ્તો નિષ્ફળ નિવડતા જાય છે

[અમારા કચ્છના ખબરપત્રી તરફથી]

ના. આગાખાને કચ્છ માટે મંજુર કરેલા કાયદા નિગારમાં વંચાયા ત્યારથી કચ્છની જમાતમાં એક જબરજસ્ત સનસનાટી ફેલાઇ ગઇ છે.

કચ્છમાં તે આ કાયદા કયાં ચાલવાના? જ્યાં સરકારના કાયદાઓનો ભંગ થઇ રહ્યો છે ત્યાં વળી ના. આગાખાનના કાયદા કોણ માનવાનું? આવી આવી વાતોથી એ કાયદા અમલમાં આવ્યા પહેલાં જ તિરસ્કાર વ્યાપી રહ્યો છે.

કચ્છમાં મોટે ભાગે મૂળથીજ ના. આગાખાન પ્રત્યે શ્રદ્ધા તો નથી જ. કચ્છની ખોજા જનતા કેવળ સામાજિક રીતેજ આગાખાની છે; એને ધર્મથી કાંઇ લેવાદેવા નથી. એની એ પ્રકૃતિ આજની નથી, એ પ્રકૃતિ જુગજુની છે. કચ્છની જમાતે બીજા આગાખાન ના. અલીશાહ સામે એક વાર બંડ પોકાર્યું હતું. એજ કચ્છની જમાતે પીર ઉમેદઅલી સામે પણ બંડ ઉઠાવી રા' દેશલના વખતમાં સત્યાગ્રહ કર્યો હતો. સેંકડો કચ્છીઓએ જેલ વધાવી લઇને પીર ઉમેદઅલી કે જે ના. આગાખાનના કચ્છના એજન્ટ હતા તેમનાથી સંબંધ કાપી નાખ્યો હતો. કચ્છની જમાતે રા' પાસે પોતાની સામાજિક સ્વતંત્રતાનો સ્વીકાર કરાવ્યો હતો.

એવા શુરા કચ્છની જમત સાથે ફરીથી ના. આગાખાન કામ પાડે છે એમાં એઓની દુરંદેશીની કસોટી છે.

કચ્છની જમાતોમાં કેરાએ હંમેશાં અગ્રસ્થાન શોભાવ્યું છે. મુંબઇના ત્રણે આગાખાનોને કેરા પ્રત્યે ખુબ ચાહ હતો. કેરાના પ્રાકૃતિક દ્રષ્યો અને ગુલામ ચલીશાહ પીરની દરગાહ પર રહેવાની સગવડોએ આગાખાનોને પોતા પ્રત્યે ખેંચી રાખ્યા છે.

નવા કાયદાઓથી કેરા ખળભળી ઉઠ્યું છે, અને તેનું અનુકરણ આખા કચ્છમાં થઇ રહ્યું છે. કાયદાઓને મંજુરી આપવા, બહાલ રાખવા માટે જેઓ મુમ્બઇથી એ કાયદા કરાવી લાવ્યા છે તેઓના જમાતની એક બેઠક ભરવાના ભારાપુર અને બળદીઆના બધા પ્રયત્નો સાવ નિષ્ફળ ગયા છે. આખો કચ્છ એ કાયદાઓથી અસહકાર કરી બેઠો છે. હવે કાયદા લાવનારાઓ ભુજમાં જમાત સમસ્તની બેઠક ભરવા માટે ને એ બેઠકને સફળ બનાવવા માટે મુંબઇથી આગેવાનો બોલાવીને તેમની શેહથી કામ કાઢવા માગે છે. પણ આ કાઠિયાવાડ નથી, કચ્છ છે. કચ્છીઓ ૫૦૦ વરસથી દરિયો ખેડતા આવ્યા છે. કચ્છ અંધીયાર નથી. એમાં અરબસ્તાન, આફ્રિકા, ચીન અને હિંદુસ્તાનની હવા અને સંસ્કારો આવજાવ કરી રહ્યા છે. અને તેથીજ એ સ્વતંત્રતા–પ્રિય છે. કચ્છની જમાત નવા કાયદાઓને નફરતની નજરથી જુવે છે.

કેરાનું મુખી કુટુંબ આખા કચ્છમાં વધારેમાં વધારે બળવાન અને પ્રતિષ્ઠિત ગણાય છે. નવ કાયદાથી આ આખું મુખી કુટુંબ ખળભળી ઉઠ્યું છે અને ગંભીર વિચારણા ચલાવી રહ્યું છે.

કાયદા સાંભળીને કેટલાક ભાઇઓ જમાતમાંથી જુદા થવાનો વિચાર કરી રહ્યા છે અને તેની શરૂઆત પણ થઇ ગઇ છે. કેરાના ભાઇ પીરમામદ અલીદીના તેમના બે પરણાવેલા છોકરા અને વિશાળ કુટુંબ સાથે ઇશનાઅશરી જમાતમાં ભળી ગયા છે, અને બીજા નીકળવાની તૈયારીમાં છે.

કચ્છનું અત્યારનું વાતાવરણ જોતાં મને લાગે છે કે ના. આગાખાને કચ્છ ઉપર આ ગુલામીની બેડીઓ ભલે નાખી! એ પરાધીનતાની લોહ શૃંખલાઓ જોતજોતામાં સ્વાધીનતાની ફુલમાળ કચ્છીઓના કંઠમાં પહેરાવશે. ના. આગાખાનને આપણે મુબારકી આપીએ!

---

સમાન સાધન અને સમાન અધિકારો ઉપર રચાયેલું સમાજ તંત્ર સ્થાપવા માગે છે.

સામ્યવાદ યુદ્ધનો વિરોધી છે. કોઇ મુલક કબજે કરવા કે બીજા કોઇ પણ કારણે સામ્યવાદીઓ યુદ્ધ આરંભે નહિ. બને ત્યાંસુધી સમજણ અને સમાધાનથી ગમે તેવી મતફેરીને પતાવવામાં તે માને છે. તો પણ આત્મ–રક્ષા અર્થે, પરરાજ્ય કે બીજા કોઇના આક્રમણ સામે ટકવા અર્થે એ જરૂર હથીયાર ઉપાડે.

સામ્યવાદમાં સ્ત્રી પુરૂષના ભેદભાવને સ્થાન નથી. સ્ત્રી પુરૂષની ગુલામ નથી, પુરૂષ સ્ત્રીનો માલિક નથી. બન્ને મિત્રો છે. આજ ભાવના ઉપર સામ્યવાદીઓ આખી લગ્ન–પ્રથા રચે છે.

સામ્યવાદને કાળો ચીતરવામાં જેમ મુડીવાદે અને શાહીવાદે કાંઇ બાકી રાખ્યું નથી તેમ ધર્મ અને ધર્માચાર્યોએ પણ સામ્યવાદને દયાહીન, ઘાતકી, અનિતીમાન અને દુરાચારી માણસોના સંપ્રદાય તરીકે વગોવ્યો છે. હકીકતે આ બધાં જાણી જુઝીને ઉભાં કરેલાં જુઠાણાં છે. સામ્યવાદ ધર્મ કે ઇશ્વરમાં માનતો નથી તેથી કરીને એ નીતિ અને સદ્‌વર્તનના બંધનો ફેંકી દયે છે એવું કાંઇ નથી. સામ્યવાદમાં ચોરી, ખૂન, બળાત્કાર, જુઠાણાં કે દુરાચારને રસ્તે ચાલવાનો કોઇને અધિકાર નથી. ઉલટું ધર્મ અને ઇશ્વરમાં માનતા આજના મુડીવાદી સમાજમાં અમુક અંશે અમુક માણસોને આવા દુરાચાર કરવાના તો પરવાના હોય છે. ધર્મ અને ઇશ્વરનો ઇનકાર એટલે સદ્‌વર્તનનો ઇનકાર એમ માનવાને કશુંજ કારણ નથી.

---

**—: જોઇએ છે :—**

**ખ પ**

**બ ત્રી**

**ર ઓ**

# ચૂસણ નીતિનું ચક્ર

## દ્રશ્ય પંદરમું

બદરૂદીનનું સગપણ થઇ ગયું અને તેના લગ્ન થાય છે એ ખબર નુરમામદ કામડીઆને પહોંચ્યા કે એ ભારે વિચારમાં ગરકાવ થઇ ગયો.

એ પ્રસંગ! ફાતમાબાઇની બીમારી, પોતાની ઉઘરાણી અને અચાનક બદરૂદીનનું આગમન; એ બે તમાચા, જમીન ઉપર ગબડી પડવું, છતાં ચુપચાપ ચાલ્યા જવું. આ આખો પ્રસંગ તેની આગળ તાજો થવા લાગ્યો. નુરમામદ જેમ જેમ એ પ્રસંગ યાદ કરતો ગયો તેમ તેમ તેના હ્રદયમાં વૈરની જબરી આગ સળગવા લાગી. એ આગની ભઠ્ઠીમાં બદરૂદીનને, તેની સુખસામગ્રી અને તેના ભાવિ જીવનને ખાક કરવા તે તલપાપડ થઇ રહ્યો.

ઘણા વરસની કામડીઆગીરીથી નુરમામદ બરાબર જાણી શક્યો હતો કે 'સરકાર સાહેબી' લેણાં કે લાગાને નામે ગમે તેને ગમે તેટલો ખુવાર કરવો હોય તો આજના કાઉન્સીલ વહીવટમાં કરી શકાય તેમ છે. નુરમામદને ખાત્રી થઇ હતી કે આ એકજ શબ્દની જાદુગરીથી કોમને આંધળી બનાવી શકાશે, ન્યાય અને નીતિના કાનુનોને અભરાઇએ ચડાવી દઇ શકાશે, અને એ બધા પછી, ગમે તેટલા અન્યાય અને જુલ્મ કર્યા પછી પણ, ઇમાનદારી, ભલમનસાઇ અને મોટપનો સિક્કો છાતીએ લટકાવીને ખુલ્લી રીતે જાહેરમાં હરી ફરી શકાશે. પોતાના વૈરની તૃપ્તિ અર્થે પણ તેણે આજ જાદુગરીનો ઉપયોય કરવાનો નિશ્ચય કર્યો. નુરમામદ બદરૂદીનના નિકાહની વાટ જોતો બેઠો.

પણ સરકાર સાહેબી લેણાંને નામે બદરૂદીનને ખંખેરવાનો નિરધાર કરવાથીજ નુરમામદ સંતોષાયો નહિ, તેની વૈરની તરસ એટલેથી છીપી નહિ. તેને હજી બીજા રસ્તા જોઇતા હતા. અચાનક તેને યાદ આવ્યું કે બદરૂદીનની સાસુ હીરબાઇ એક રાંડીરાંડ વિધવા બાઇ છે. એક ઘડી તેણે પોતાની શકિતનું માપ કાઢી જોયું. નુરમામદમાં આત્મ–વિશ્વાસ પ્રગટ્યો અને હીરબાઇનો ઉપયોગ કરવા તે તૈયાર થયો.

સરકાર સાહેબી ઘોડો તેના હાથમાં હતો. ઉઘરાણીને નામે ગમે તે ગામ જવાની તેને છુટ હતી. અને સરકાર સાહેબી વસુલાતી અધિકારીની નીશાની તરીકે ઘોડા ભેગો ચાલનારો ચાકર પણ તેને મળેલોજ હતો. નુરમામદ ઘોડે ચડી, માણસ સાથે લઇ હીરબાઇને ગામ ગયો.

હીરબાઇએ નુરમામદનો સત્કાર કર્યો. કામડીઆ તરીકે જેટલું માન પોતાને મળવું જોઇએ એમ નુરમામદનો ખ્યાલ હતો તેટલા માનનો તે અધિકારી છે એવી હીરબાઇની પણ માન્યતા હતી. હીરબાઇએ ઘોડા માટે રજકો અને જોગાણ મંગાવ્યાં અને નુરમામદ માટે ચા પાન મંગાવી દુધપાક કરવા તે દુધની વરધી આપી આવી.

નુરમામદે પણ પોતાની જાળ પાથરવી શરૂ કરી દીધી. હીરબાઇની ઇમાનદારીના તેણે ભારોભાર વખાણ કર્યા. તેના મૃત પતિ સાથે તેને કેવો ઘાટો સંબંધ હતો એ બતાવવા તે એક બે સાચા ખોટા જુના પ્રસંગો તાજા કરી ગયો. હીરબાઇની આજની વિધવા અવસ્થા ઉપર તેણે દીલસોજીનાં થોડાં આંસુ સાર્યાં; અને પોતે તેના પુત્ર માટે એક ખાનદાન કુટુંબની સારી ભણેલી ગણેલી સ્વરૂપવાન કન્યા જોઇ આવ્યો છે એ વાત પણ કરી દેખાડી.

હીરબાઇ રાજી થઇ. નુરમામદનો તેણે ઉપકાર માન્યો. કામડીઆમાં તેને નવા દોસ્તનાં દર્શન થયાં. હીરબાઇને નુરમામદ એક ભલો સહાનુભૂત વિશ્વાસપાત્ર સદ્‌ગૃહસ્થ દેખાયો.

નુરમામદ હીરબાઇ ઉપર થતી અસર જોઇ રહ્યો હતો. પોતાના શબ્દ–છલથી હીરબાઇ છેતરાઇ રહી છે એવી તેને ખાત્રી થઇ. નુરમામદનો પાસો સવળો પડતો હતો. તેણે પોતાનું કામ શરૂ કર્યું.

"પણ બ્હેન હીરબાઇ, દીકરી શેરબાનુના સગપણનું કાંઇ કર્યું કે નહિ? ભાઇના કરતાં બ્હેનના વિવાહ વ્હેલા કરવાની મને તો જરૂર દેખાય છે."

"ખરૂં છે, ભાઇ. શેરબાનુનું સગપણ કરી વાળ્યું છે. આ બાર દિ' પછી જાન આવશે. પીળા હાથ કરાવી દઉં એટલે એ એક ઉપાધિમાંથી તો છુટું."

"કોણ સગો ધાર્યો?"

"સગો તો શું? બાઇ બીચારી મારી જેમ રંડવાળ છે. પણ છોકરો સારો છે. રળે કમાયે પણ ઠીક. પરદેશ જઇ આવ્યો છે. દેખાવડો પણ છે. જુગતે જોડ છે. આ બદરૂદીન વલીમામદ આપણો જમાઇ થાય."

"ઠીક, તમે કર્યું એ સારૂંજ કર્યું હશે. પણ એ માણસને પુછીને કર્યું હોત તો કો'ક તમને સાચી સલાહ દેનારો નીકળત." નુરમામદ ધીરે ધીરે મીઠું ઝેર ટપકાવ્યે જતો હતો.

"કેમ? કાંઇ કહેવાપણું છે? છોકરો સારો નથી? મા હલકટ છે?"

"ના, ના. મારાથી એવું તો કેમ કહેવાય! પણ એવા બયમાનને દીકરી દેવાનું હું હરગીઝ પસંદ ન કરૂં. મને પુછ્યું હોત તો હું તો તમને ખોટી સલાહ ન આપત."

"પણ હમણાંજ તેણે તેના બાપના કારજની મિજલસ કરી. તે ઇમાન વગર? ઇમાન વગર માણસ એવું ખર્ચ કરે?"

"તમને બાઇ માણસને શું ખબર પડે? સરકાર સાહેબી લેણાં માટે તો એના ઉપર કેસ થયા છે કેસ. અને એ છોકરો એટલો તો બયમાન છે કે નામદાર કાઉન્સીલ એને નાતબહાર મુકવાનો વિચાર કરી રહી છે. હાજર ઇમામની ખફામરજી અને નાતનો તિરસ્કાર જેને માથે હોય એના ઘરમાં ખાવા ધાન ક્યાંથી રહેશે? તમે જોયા જાણ્યા વગર દીકરીનો ભવ બગાડો છો."

"પણ મને કાંઇ એવું નથી લાગ્યું. મને તો એ મા દીકરો બયમાન નથી દેખાતા."

"તો તો માબાપ દેશમાં પધાર્યાં છે તે એ છોકરો તમારી દીકરીને મોટું કામ કરાવવાનો હશે." નુરમામદ એક પછી એક ચાવી ફેરવતો જતો હતો.

## સૃષ્ટિમાં સૌથી મહાન

જગતની સૌથી મોટી નદી : એમેઝોન, દક્ષિણ અમેરીકા. લંબાઇ ૪૦૦૦ માઇલ.

જગતનું મોટામાં મોટું જહાજ : 'ધી મેજેસ્ટીક.' વજન ૫૬૬૨૦ ટન.

જગતનો મોટામાં મોટો પુલ : ટે બ્રીજ, સ્કોટલેન્ડ. લંબાઇ બે માઇલ.

જગતનું મોટામાં મોટું રણ : સહરા. ૩,૫૦૦,૦૦૦ ચોરસ માઇલ.

જગતનો મોટામાં મોટો સમુદ્ર : પેસીફીક. ૬૩,૯૮૬,૦૦૦ ચોરસ માઇલ.

જગતની મોટામાં મોટી દીવાલ : ચીનની 'મહાન દીવાલ.' એક હજાર માઇલ કરતાં તે વધુ લાંબી છે, અને ઇ. સ. પૂર્વે ૨૧૪માં બાંધવામાં આવી છે.

જગતનો મોટામાં મોટો ટાપુ : ગ્રીનલેન્ડ. ૮૨૭,૩૦૦ ચોરસ માઇલ.

("જન્મભૂમિ"માંથી)

---

"તે હા, કરાવશેજ. માબાપ કયાં વારે વારે દેશમાં આવે છે!" હીરબાઇ નુરમામદની જાળમાં ફસાતી જતી હતી.

"વાટ જોઇ રહેજો. લગ્ન થઇ ગયા એટલે મોટું કામ તો એ શેનો કરાવશે, પણ દીકરીનું મોં જોવાય તમે નથી પામવાના. સ્વાર્થ સર્યો એટલે વૈદ્ય વેરી. લગ્ન પહેલાં કરાવે તો સાચું. પછી એને શું ગરજ ?"

"તમે ભલે ગમે તેમ કહો. પણ છોકરો બયમાન તો નથીજ. અને હું કહું તો લગ્ન પહેલાંય શેરબાનુને મોટું કામ કરાવે."

"બાઇ, તમે જાણો ને તમારૂં કામ જાણે. મારે તો એમ કે તમને હું સાચી વાત કહી દઉં."

નુરમામદ રાત રોકાઇ સવારે જવા તૈયાર થયો. હીરબાઇએ તેના હાથમાં એક કવર મુકયું.

"આ જરા ટપાલમાં નાખી દેજો ને."

"ભલે, બ્હેન."

થોડે દુર જઇને નુરમામદે કવર ફોડી કાગળ વાંચ્યો. તેનો પ્રયત્ન સફળ થયો હતો. હીરબાઇએ લગ્ન પહેલાં શેરબાનુને મોટું કામ કરાવવાની બદરૂદીન પાસે માગણી કરી હતી. નુરમામદે બીજું કવર લઇ કાગળ ટપાલમાં નાખી દીધો.

## વેપાર સમાચાર

(તા. ૨૨-૬-૩૪.)

**ઉન :** ગયા અઠવાડીઆમાં લીવરપુલમાં ૫૫૪ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૨૪-૭-૩૪નો છે તેમાં આશરે ગાં. ૨૧૦૦૦ મુકાશે તેવી ધારણા છે. વિલાયતના દલાલોની માન્યતા એવી છે કે હિંદુસ્તાનની ઉન હવે બીજા દેશોની ઉનની સરખામણીમાં આવીને ઉભી છે તેથી બજાર ઘટવા સંભવ નથી. આવતા સેલમાં ભાવો ટકી રહેશે તેમ માનવામાં આવે છે. સ્થાનિક બજારમાં કાંઇ ફેરફાર થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨ાા થી ૧૩) આસપાસનો ગણાય.

**રૂત :** ભરૂચ ૨૦૬ાા **બકરાના વાળ:** ૩ાા ૪)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ાાા ૨) ઘઉં | ૨ા~ ૨ા≈ તલ |
| ૧ાા ૧ાાા બાજરો | ૧ાાા મેથી નવી |
| ૧ા ૧ા≈ જુવાર | ૧ાા~ાા એરડા એરંડી |
| ૧ા≈ ચણા દેશી | ૧) ૧)≈ મગ દેશી |
| ૦ાાા≈ ૧) કમોદ જાડી | ૧ા≋ ૧ાા અડદ |
| ૧ા≈ ૧ાા કમોદ જીણી | ૨)~ાા ૨)≈ રાઇ |
| ૧)≈ મગફળી જીણી | ૨) ૨)~શીંગદાણા હાથફોલ |
| ૧)≈ ૧)≋ મગફળી જાડી | |

**ઘી :** ૨૮ાા ૨૯) મુંબઇ પરખ, ૨૨) તાજો રસ

**તેલ :** ૫)≈ તલનું, ૩)≋ શીંગનું.

**પરચુરણ :** ૩ાા ૩ાાા ગોળ દેશી.

૬ાા કપાશીયા કરાંચી

૪ા ખાંડ રાજકોટ શહેર, ૩ા~ સદર. ૮) ૮ાા સોપારી જુની. ૧૦)૧૦ાા ગદબનું બી. ૯ાાા≈ વેસણ જીણો. ૮ાાા≈ વેસણ જાડો. ૭) ૭ાા ઘઉંનો લોટ. ૮ાાા મેંદો. ૧૦) સોજી.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

---

(અનુસંધાન પાના ૭૨થી)

### કાવત્રામાં કોણ કોણ ?

શ્રી. હીરાણીનો જાન લેવાના આ બીજા કાવતરામાં કોણ કોણ છે ? હું જાણી શકયો છું ત્યાંસુધી જુનાગઢ પંથકના આગાખાની ફીદાઇઓ આમાં મુખ્ય ભાગ ભજવી રહ્યા છે. તળ જુનાગઢના એક બે જણાઓ, વણાકબારાનો એક ખોજો, ધોરાજીના કાવત્રાબાજો અને બીજા કેટલાક આગાખાની ફીદાઇઓ આ કાવત્રામાં સંડોવાયેલા હોવાની મને બાતમી મળી છે. જ્યારે રાજકોટના કેટલાક ઝનુનીઓ તેમને આશરો આપવાના છે. હથીઆર છુપાવવા માટે ફીદાઇઓની બાપુકી થઇ પડેલી જગ્યાનો ઉપયોગ થશે તેમ લાગે છે.

### છુરીથી ન મરનારને પીસ્તોલથી ?

છુરી કે ખંજરથી ન મરનાર સુધારકને આગાખાની ફીદાઇઓ પીસ્તોલથી મારે છે. આગળ કરાંચીમાં શેઠ લાલન અલીદીનાનું આવીજ રીતે ખૂન કરવામાં આવ્યું હતું, અને પ્રથમ છુરી વડે કરેલો હુમલો નિષ્ફળ જવાથી ગોળીથી તેમનો જાન લેવામાં આવ્યો હતો. આજે શ્રી. હીરાણી ઉપર એવીજ રીતે ફરીથી પીસ્તોલ વડે હુમલો થાય એવા સંજોગો ઉભા થયા છે.

શ્રી. હીરાણીનો જાન આજે જોખમમાં છે.

# ‘જાગૃતિ’ના તંત્રી ઉપર ફરી હુમલાની તૈયારી

## પીસ્તોલ ખરીદાણી : કાવતરૂં રચાય છે

### ભર કોર્ટમાં ગોળીબાર થશે ? !

[ અમારા બાતમીદાર તરફથી ]

**‘જાગૃતિ’ના ખાસ બાતમીદાર ભરોસાપાત્ર સ્થળોએથી એકઠી કરેલી માહિતીના આધારે ખબર લાવે છે કે, “ખોજા જાગૃતિ”ના તંત્રી ભાઈ ઇસ્માઇલ હીરાણીનો અચુક જાન લેવાનું કાવતરૂં આગાખાની ફીદાઈઓને હાથે રચાઈ રહ્યું છે.**

ગયા ડીસેમ્બરમાં ભાઈ હીરાણી ઉપર દસ ઈંચ લાંબી છુરી વડે ખૂની હુમલો કરવામાં આવ્યો હતો. હૃદય અને છાતી ઉપર બે ઘા કરી તેમને જખમી કરવામાં આવ્યા હતા; પણ આકસ્મિક રીતે તેઓ બચી ગયા. શ્રી. હીરાણીનો જાન લેવાનું પ્રથમ કાવતરૂં આમ નિષ્ફળ ગયું એટલે હવે આગાખાની ફીદાઈઓ બીજું વધુ મજબુત કાવતરૂં રચી રહ્યા છે.

### પીસ્તોલ ખરીદાણી

હસન બીન સબ્બાહ જેવા ઐતિહાસિક ખૂનીના એ આંધળા અનુયાયીઓ ઘાતકીમાં ઘાતકી કામ કરવાથી પણ પાછા હઠે તેવા નથી. મને વિશ્વાસપાત્ર સ્થળોએથી ચોકકસ માહિતી મળી છે કે શ્રી. હીરાણીનું ખૂન કરવા આગાખાની ફીદાઈઓની એક કાવત્રાબાજ ટોળીએ છુપી રીતે એક પીસ્તોલ પણ ખરીદી છે. આ પીસ્તોલની ખરીદી પોર્ટુગીઝ સંસ્થાન દીવમાંથી કરવામાં આવી છે, અને કારસ્થાની ટોળીના એક ફીદાઈએ તેને સલામત સ્થળે છુપાવી રાખવાનું પોતાને માથે લીધું છે.

### કોનો ભોગ લેવાશે ?

આ પીસ્તોલ વડે કોના કોના ભોગ લેવાશે એ હજી હું મેળવી શકયો નથી. ભાઈ હીરાણી ઉપર તો એ વડે જરૂર હુમલો થશે; પણ એમના શિવાય બીજાઓનો પણ ભોગ લેવાની વેતરણ થઈ રહી છે. કદાચ ખોજા સુધારક સંઘના પ્રમુખ શ્રી. કાનજી ગુલાભાઈ ઉપર પણ હુમલો કરવામાં આવે તો બનવાજોગ છે.

### કોર્ટમાંજ ગોળીબાર ?

ભાઈ હીરાણી ઉપરના પહેલા હુમલાનો કેસ રાજકોટની મેજીસ્ટ્રેટ કોર્ટમાં અત્યારે ચાલે છે. કાવત્રાબાજોની નેમ એવી છે કે આ કેસનો જે દિવસે ફેંસલો આવવાનો હોય તેજ દિવસે તેજ વખતે ભર કોર્ટમાં ગોળીબાર કરવો.

### મેજીસ્ટ્રેટ ઉપર પણ ?

“ગોળીબારનો આધાર સજાના પ્રકાર ઉપર રહે છે.” મને મળેલી બાતમીમાં બીજા મુદ્દાઓ જેટલોજ આ મુદ્દો પણ ચોકકસ છે. શું મેજીસ્ટ્રેટ ઉપર પણ ગોળી છોડવામાં આવશે. ?

(અનુસંધાન પાના ૭૧)

### હસન બીન સબ્બાહ-

૮

“તેવીજ રીતે શિયા સુન્ની મુસલમાનોએ પણ એકબીજાનું લોહી રેડવામાં બાકી નથી રાખ્યું. ઇરાનમાં અગીઆરમા સેકામાં હસન બીન સબ્બાહ નામના શિયા મુસલમાને તો સુન્નીઓનું નિકંદન કાઢવા ગુપ્ત મંડળ સ્થાપેલું. એ ગુપ્ત મંડળમાં જુવાન બાળકોને પાળવામાં આવતા. કુરાનમાંના વર્ણનને અનુસરીને હસને એક સ્વર્ગ બનાવ્યું. પાળેલા એક યુવકને હશીશ ( ભાંગ ) પાઇ તેને બેભાન કરી પોતાના મહેલ-માંથી ઉપાડી પેલા સ્વર્ગમાં મોકલી દે. ત્યાં થોડા દિવસ રાખી પાછો તેને હશીશથી બેભાન કરી પોતાના મહેલમાં મંગાવી લે. સ્વર્ગમાં બાગ, અત્તર ને પરીઓ વિગેરે સુખસામગ્રીથી ખૂબ આનંદ કરેલો, એટલે પેલો યુવક પાછો એ સ્વર્ગમાં જવાને તલપાપડ બની જાય. હસન

### એ ઐતિહાસિન ખૂની

તેને આજ્ઞા કરે કે, “જા, અમુક માણસનું ખૂન કરી આવ; આવીશ તો તને સ્વર્ગમાં મોકલીશ, પણ જો તું મરાયો તો ત્યાંથી સીધોજ સ્વર્ગે ચાલ્યો જશે.” આથી એ શ્રદ્ધાજડ યુવક હસને બતાવેલા સુન્નીનું આબાદ ખૂન કરી આવે. હશીશ પીને ખૂન કરવા જાય, એટલે એને હશીશી કહેતા. મધ્ય યુગમાં એ હશીશીઓએ એટલો ત્રાસ વર્તાવી મૂકયો કે ગુપ્ત રીતે ખૂન કરનાર માટે અનેક યુરોપીયન ભાષાઓમાં હશીશી શબ્દ ઉપરથી અપભ્રંશ યોજાયા. અંગ્રેજીમાં એજ ઉપરથી ‘એસેસીન’ (ગુપ્ત ખૂન કરનાર) શબ્દ આવ્યો છે.”

[ શ્રી. નરસિંહભાઈ ઇશ્વરભાઈ પટેલ કૃત ‘ઇશ્વરનો ઇનકાર’ નામક તાજેતરમાં પ્રગટ થયેલા પુસ્તકમાંથી. ]

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Khōja jagṛiti.
1933-34
v. 1-2

Regd. No. B. 3114

# ખોજા જાગૃતિ

પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૧૦-૧૧

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨. દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૬

જુલાઇ ૫ : ૧૯૩૪ સંવત ૧૯૯૦ના જેઠ વદ ૯ ગુરૂવાર.

મુદ્રણસ્થાન: જાગૃત મુદ્રણાલય

## આજના અંકની સામગ્રી

ઉંધાં ઉંહાં.
ખૂની હુમલા કેસની વધુ સુનાવણી.
મ. ગાંધીજી ઉપર બોમ્બ ફેંકવાનો પ્રયત્ન.
"એક દિવસ તમારો અવશ્ય વિજય થશે."
સપ્તાનો સાર.
"કૃપા કરી એ બંધ કરાવો."
મહાત્માજી કાઠિયાવાડમાં.
વેપાર સમાચાર.
ટુંકા સમાચાર.
"અમારી આંખોમાંથી લોહીનાં આંસુ સરે છે."

## ધૂળમાં રગદોળાશે

ખાનદાન અને પદવીની ઉજ્વળતા એ તો પડછાયો છે, કોઇ નક્કર વસ્તુ નથી. એવું કોઇ બખ્તર નથી જે કાળથી બચાવી શકે. મૃત્યુનો શીતળ પંજો મહારાજાઓ ઉપર પણ પડે છે. રાજદંડ અને રાજતાજ નીચે ગબડી પડવાંજ જોઇશે, નાચીઝ વાંકી દાતરડી અને કોદાળી સાથે ધૂળમાં રગદોળાવાંજ જોઇશે.

ભલે કોઇ તલવાર વડે ખેતર લણી, જ્યાં પોતે હત્યા કરે છે ત્યાં તાજા ફુલછોડ રોપે. પણ છેવટે તેમનો બળવાન બાહુ ભાંગી જવોજ જોઇશે. તેઓ એક બીજાને પંપાળી દીધા કરે છે. વ્હેલે કે મોડે તેઓ કાળને ચરણે જાય છે. મોતના એ સુડદાલ બંદીવાનોએ મરણને શરણ થતાં બબડતો જીવ તજી દેવોજ જોઇશે.

ભ્રમરની પુષ્પમાળા કરમાશે. તો મહાન કાર્યો કર્યાનું અભિમાન છોડો! જુઓ, મૃત્યુદેવની લોહીવર્ણી વેદી ઉપર વિજેતા-પરાજિતનાં લોહી વહે છે. તમારાં મસ્તકો ઠંડી કબરમાં ઢળવાંજ જોઇશે. માત્ર ઇન્સાફને માર્ગે ચાલનારાઓનાજ સુકૃત્યો એ ધૂળમાં મીઠી સુવાસ પમરાવશે અને મ્હેકશે.

[અંગ્રેજ કવિ જેમ્સ શર્લેના એક કાવ્યનો અનુવાદ.]

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૫-૭-૩૪.


## ઉંધાં ઉંઠાં

"હું અત્રે ફરી પાછું જાહેર કરૂં છું કે હું કાંઇ તમારો ખાલી 'સ્પીરીચ્યુઅલ લીડર,' રૂહાની રાહબર નથી."

ના. આગાખાન પોતે કબુલ કરે છે કે ખોજા કોમની ધાર્મિક સરમુખત્યારી કબજે કરવાથીજ તેઓ અટકી ગયા નથી. અને એ વાત સાવ સાચી છે. ના. આગાખાન આજે ખોજા કોમના સામાજિક, આર્થિક, વ્યવહારિક અને કેળવણી વિષયક બધા તંત્રના પણ વડા થઇ બેઠા છે. કોમની ચારે દિશાએ ચોકી પહેરો બેસારી તેઓએ કોમનું સંપૂર્ણ આધિપત્ય પોતાના હાથમાં રાખ્યું છે.

કોમના સામાજિક તંત્રમાં દરમ્યાનગીરી કરી, કોમનાં વહિવટ અને નિયમન પોતાના હાથમાં રાખવાની ના. આગાખાનની નીતિ જેટલી અનિષ્ટકારક છે તેટલીજ તેઓ નામદારની કોમની કેળવણીની નીતિ ભેદભરેલી અને હાનીકારક છે.

એ તો અતિ જાણીતી વાત છે કે કોઇ પણ વ્યકિત, સમાજ કે દેશના ઉધ્ધાર અને પ્રગતિનો સર્વ આધાર કેળવણી ઉપર રહેલો છે. કેળવણી જીવનનું મુખ્ય તત્વ છે કે જેના ઉપર બધાં મંડાણ મંડાય છે. અજ્ઞાન માણસ કેળવણી ન લે તો તેનું અજ્ઞાન કદી દૂર થાય નહિ; નવા જ્ઞાનની તે પ્રાપ્તિ કરી શકે નહિ એટલુંજ નહિ, પણ તેના અજ્ઞાનમાં દરરોજ ઉમેરો થતો જાય. એજ રીતે અજ્ઞાનતાના પંજામાંથી છુટીને સજ્ઞાન થયેલો વર્ગ પણ જો કેળવણી લેવાનું પડતું મૂકે કે એ તરફ દુર્લક્ષ કરે તો તેના જ્ઞાનની પુંજી વધતી અટકી જાય અને ધીરે ધીરે એ પુંજી ચવાતી જાય અને અજ્ઞાનનો પગપેસારો થતો જાય. મતલબ કે કેળવણી એ જીવનનો સાચો પાયો છે. એ પાયો જો પાકો હોય તો જીવન સુખી અને સુંદર બને, કાચો હોય તો એના ઉપર ઉભું થયેલું જીવન જોતજોતામાં જમીનદોસ્ત થઇ નાબુદ થઇ જાય.

આપણાં બાળકોને નાનપણથીજ જમાતખાનામાં ચાલતી રાત્રિશાળાઓમાં મોકલવાનું કહેવામાં આવે છે. આ રાત્રીશાળાઓ બચપણથીજ આપણામાં ધાર્મિક શ્રદ્ધાઓનું બીજારોપણ કરવા ચલાવવામાં આવે છે અને તેમાં મુખ્યત્વે ધાર્મિક શિક્ષણજ આપવામાં આવે છે. અને આ ધાર્મિક શિક્ષણ એટલે ના. આગાખાનને સર્વ શકિતમાન ખુદા ગણી તેના નામ ઉપર તન, મન, ધનથી કુરબાન થવાનું શિક્ષણ. આવી જાતનું શિક્ષણ આપી આપણાં બાળકો ઉપર બચપણથીજ ઉંધા સંસ્કાર પાડવામાં આવે છે અને આમ તેમની બાળકેળવણી કે જે ભવિષ્યના તેમના શહેરી જીવનને અનુરૂપ થાય તેવી હોવી જોઇએ તે માટે આપણા હાથમાં જરાએ વખત રહેવા દેવામાં આવતો નથી. આપણી બાળકેળવણીનો આમ ધાર્મિક અંધશ્રદ્ધા અને ફીદાગીરી કેળવવા માટે ભોગ લેવાય છે.

આવી ધાર્મિક રાત્રિશાળામાં ઉછરીને મોટો થયેલો કીશોર જ્યારે વ્યવહારિક કેળવણી લેવા બહાર નીકળે છે ત્યારે ના. આગાખાને બહુજ ચીવટાઇથી ઉભી કરેલી બોર્ડીંગોમાં તે જાય છે. આ બોર્ડીંગો પણ તેની પુરોગામી રાત્રિશાળાઓથી ઉતરે તેવી હોતી નથી અને તેમાં ધાર્મિક શિક્ષણનો બોજો એટલો બધો મૂકવામાં આવેલો હોય છે કે તેમાં ભણનાર વિદ્યાર્થીને પોતાની જાહેર શાળા માટે વાંચવા, લખવાનો કે તૈયાર થવાનો વખત કે ઉત્સાહ રહેવા દેવામાં આવતો નથી. અને બોર્ડીંગની નીતિ પણ એવીજ હોય છે કે વ્યવહારિક કેળવણીમાં કોઇ વિદ્યાર્થી નિષ્ફળ નિવડે તેનો વાંધો નહિ, પણ ધાર્મિક શિક્ષણમાં તો તેણે બરાબર પસાર થવું જોઇએ.

અને આ બધી ક્રિયાઓની ટોચે બેસે એવી વાત તો એ છે કે આવી રીતે ઉભી થયેલી લગભગ બધી બોર્ડીંગો છાત્રાલયને બદલે અનાથાશ્રમજ બની રહે છે. ના. આગાખાનનું એ ફરમાન છે કે "એક મોટા બચ્ચાની જગ્યાએ આવા ( નાના ) દશ બચ્ચાંઓને પોષણ મળી શકે છે."

ના. આગાખાનની સૌથી વધુ નુકશાનકારક નીતિ એક બેરીસ્ટર બનાવવાના કરતાં એકસો એકડીઆ બનાવવામાં સમાઇ જાય છે. ના. આગાખાન બહુજ સીફતથી આપણી કોમની ઉંચી કેળવણીની આડે આવીને ઉભા છે. જેટલા ખર્ચમાં એક બેરીસ્ટર બને તેટલા ખર્ચમાં એકસો બાળકોને એકડાનું શિક્ષણ આપવું એ વધારે સારૂં છે એમ કહેવામાં આંકડાની જાદુગરી શિવાય બીજું કાંઇ નથી. કેળવણી માણસને દિવ્ય ચક્ષુ આપે છે. કેળવાયેલો માણસ કદી કોઇ વસ્તુ અંધશ્રદ્ધાથી સ્વીકારતો નથી. બુદ્ધિની કસોટીએ એ દરેક વસ્તુને ચડાવે છે. અને જો કોમના યુવાનો આવી ઉંચી કેળવણી તરફ દોરવાય તો કેળવણીના પ્રતાપે પામેલા દિવ્ય ચક્ષુ વડે તે આજના ના. આગાખાનને અને વ્યાપારી ધર્મને તપાસે અને આવી દ્રષ્ટિથી જોનારને તેનું સત્ય સ્વરૂપ બરાબર સમજાઇ જાય. અને તેમ થાય તો અર્થશોષણનું આ આખું તંત્ર પડી ભાંગે; માટેજ ના. આગાખાન પાણી પહેલાં પાળ બાંધી આપણને ઉંધાં ઉંઠાં ભણાવે છે કે આપણે બધા એકડીઆથી જરાએ આગળ વધી શકીએ નહિ.

આપણે આ બરાબર સમજીએ અને ના. આગાખાનના દરેક શબ્દ અને ફરમાનનું બારીક પૃથકરણ કરીએ; તોજ ભવિષ્ય કાંઇક ઉજળું થશે.

# ખૂની હુમલા કેસની વધુ સુનાવણી

## ૨ ડૉકટર અને પોલીસ ઇન્સ્પેકટરની જુબાની

[અમારા પ્રતિનિધિ તરફથી]

રાજકોટ, તા. ૨૬મી જુન

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલા સંબંધેના કેસની વધુ સુનાવણી આજે આંહીની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં બપોરના એક વાગ્યે નીકળી ત્યારે કોર્ટનો હૅાલ પ્રેક્ષકોથી ચીકાર ભરાઇ ગયો હતો.

મુકદમાની વિગત ટુંકમાં એવી છે કે ગઇ તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ શ્રી. હીરાણી રાત્રે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ખોજા જુવાનો તેમની પાસે આવ્યા હતા અને એક કલાક વાતચીત કર્યા પછી દુકાન બંધ કરતી વખતે તેમાંના એકે શ્રી. હીરાણી ઉપર છરી વતી હુમલો કરી તેમને ઘાયલ કર્યા હતા. તેજ રાત્રે બન્ને તહોમતદારોની ધડપકડ કરવામાં આવી હતી અને શ્રી. હીરાણીને હોસ્પીટલમાં સારવાર નીચે રાખવામાં આવ્યા હતા. તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદ આગ્રાના રહીશો છે, અને એક એક હજારના જામીન ઉપર છુટા છે. તેમના તરફથી મી. મણીઆર વકીલ અને પોલીસ તરફથી પબ્લીક પ્રોસીક્યુટર મી. એલ. કે. મહેતા એડવોકેટ સાથે મી. ચીમનલાલ નાગરદાસ શાહ એડવોકેટ અને શ્રી. અણુભાઇ પોલીસ પ્રોસીક્યુટર હાજર રહ્યા હતા.

### ડૉ. ઘાટેની જુબાની

વેસ્ટ હોસ્પીટલ વાળા ડૉ. ઘાટેએ મી. મહેતાની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "હું વેસ્ટ હોસ્પીટલમાં ઓફીસર ઇન ચાર્જ છું. તા. ૯-૧૨-૩૩ના રોજ રાત્રે લગભગ સવા નવ વાગ્યે ફરીયાદી ઇસ્માઇલ કાનજી હોસ્પીટલમાં આવ્યો હતો. પ્રથમ તે હોસ્પીટલમાં રહેતા ડૉ. છાયાને ઘરે ગયેલ અને ત્યાર પછી તેને હોસ્પીટલમાં લઇ જવામાં આવ્યો હતો. મેં ફરીયાદીને તપાસ્યો હતો. તે ગભરાયેલો હતો. તેને જે જખમો થયા હતા તે ગંભીર ગણાય નહિ. બન્ને જખમ છાતીમાં ડાબી બાજુ હતા. એક ઉપર અને બીજો નીચેના ભાગમાં હતો. હૃદયના પ્રદેશમાં તે ન્હોતા, કેમકે જે જગ્યાએ જખમ થયા હતા તેથી હૃદયનો પ્રદેશ ઘણો ઉંડો હોય છે. ઉંડાઇમાં તે જખમ હૃદયના પ્રદેશ સુધી ન્હોતા. જો બીજો એટલે નીચેનો ઘા ઉંડો જાત તો તે હૃદયમાં જાત. ઇસ્માઇલને તા. ૯ થી તા. ૨૩-૧૨-૩૩ સુધી હોસ્પીટલમાં રાખવામાં આવ્યો હતો. આંહી મને જે છુરી બતાવવામાં આવે છે તે વડે ~~જે સુરતા બ્લેડથી ઘા કરવામાં આવે તો તેથી માણસનું મૃત્યુ નીપજાવી શકાય~~. ઇસ્માઇલનાં કપડાં ઉપર લોહી હતું તે મને યાદ છે. જો તાત્કાલિક તબીબી સારવાર ન મળી હત તો પણ લોહી વહી જવાથી તેનું મૃત્યુ થાત નહિ. હૃદય એ શરીરનો નાજુક ભાગ છે. ઇસ્માઇલને થયેલી ઇજા ના થી ના ઇંચ ઉંડી હતી."

બચાવ પક્ષના વકીલ મી. મણીઆરની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "જખમની વાત નિસ્બત ધરાવે છે ત્યાંસુધી, ઇસ્માઇલને તદ્દન સાજો થઇ જવાથી હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી હતી. સામાન્ય રીતે હોસ્પીટલમાંથી દરદીને સરજન તપાસીને રજા આપે. ફરીયાદીના જખમના ટાંકા ઘા રૂઝાઇ જવાથી તા. ૧૮મીએ છોડવામાં આવ્યા હતા. ત્યારે સરજને તેને તપાસ્યો હતો. સરજને તેને કયે દિવસે તપાસ્યો હતો એ હું ચોકકસપણે કહી શકતો નથી. બનતા સુધી તે દિવસ ગુરૂવાર હતો. સરજનની સંપૂર્ણ અનુમતિથીજ ફરીયાદીને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી હતી. સરજને ઇસ્માઇલને ૪ થી ૫ વખત બધું થઇને તપાસ્યો હતો. જખમની વાત નિસ્બત ધરાવે છે ત્યાંસુધી, મેં તેને તા. ૨૩મીએ તપાસ્યો હતો. ૨૩મી તારીખે ઘાની આસપાસ સોજો ન હતો. તેને કોઇ પણ જાતનો દુખાવો હતો કે નહિ તે હું ન કહી શકું. કોઇ માણસ માટે દુખાવો હતો કે નહિ તેમ હું ન કહી શકું, કારણ કે માણસ ઢોંગ પણ કરે. ફરીયાદીના હાથ સ્વેચ્છાએ ફરી શકે તેમ હતા. તેને હોસ્પીટલમાંથી રજા આપી એ વખતે તેને ચકકર આવે તેવી તેની હાલત ન હતી. થયેલી ઇજા સામાન્ય હતી કે નહિ તે હું જાણતો નથી. હૃદય અને છાતી વચ્ચે પાંસળીઓ હોય છે. કોઇ ઘા પાંસળી ચીરીને સોંસરવો નિકળી શકે નહિ."

ફરીથી મી. મહેતાની સર તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "હોસ્પીટલમાંથી ફરીયાદીને રજા આપવામાં આવી ત્યારે તેની તબીયત એવી હતી કે તે તંત્રી તરીકેનું કામ કરી શકે. તેની સામાન્ય સ્થિતિ ખાસ ખરાબ ન હતી."

### ડૉ. નગીનદાસની જુબાની.

સ્ટેટ હોસ્પીટલ વાળા ડૉ. નગીનદાસે મી. મહેતાની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "હું એક વરસથી સ્ટેટમાં નોકરી કરૂં છું. ડીસેમ્બર મહીનામાં ડૉ. મદનજી સાથે હું ફરીયાદીને તપાસવા તેને ઘેર ગયો હતો. ડૉ. મદનજી સાથે મેં એને તપાસ્યો હતો. તેને બે ઠેકાણે ઇજા હતી. એક હૃદયના પ્રદેશમાં અને બીજી તેથી સેજ ઉંચે હતી. બન્ને ઇજાઓ રૂઝ ઉપર હતી, અને નીચેના જખમના પ્રદેશમાં સોજો હતો. તે કામ તો બીલકુલ કરી શકે એવી સ્થિતિમાં ન્હોતો. મેં તેને તપાસ્યો તે દિવસથી ઓછામાં ઓછા પંદરથી વીશ દિવસ સુધી તે કામ કરી શકે તેમ હતું નહિ. ડૉ. મદનજી મારા સસરા થાય. તેઓ ગુજરી ગયા છે. તેમણે ફરીયાદીને મારા દેખતાં તપાસ્યો હતો. ડૉ. મદનજીએ ફરીયાદીને રાજ્યના નોકર તરીકે નહિ પણ ખાનગી ડૉકટર તરીકે તપાસ્યો હતો. તેમના હસ્તાક્ષર હું ઓળખું છું." આંહી મી. મહેતાએ ડૉ. મદનજીએ ફરીયાદીને તપાસી આપેલું સર્ટીફીકેટ સાક્ષીને બતાવવા આપતાં મી. મણીઆરે તે સામે વાંધો લીધો હતો કે તે રજુ કરી શકાય નહિ. બન્ને પક્ષના વકીલોની દલીલ અને કાયદાનો આધાર સાંભળ્યા પછી ના. કોર્ટે તે રજુ કરવાની પરવાનગી આપવાથી મી. મહેતાની તપાસમાં સાક્ષીએ આગળ જણાવ્યું કે, "આ સર્ટીફીકેટના હસ્તાક્ષર ડૉ. મદનજીના છે અને ફરીયાદીને તે ડૉ. મદનજીએ આપ્યું હતું." સદરહુ સર્ટીફીકેટમાં એવું જણાવવામાં આવ્યું હતું કે જખમની આજુબાજુ સોજો હતો અને ફરીયાદી હજુ ૨૫ દિવસ સુધી કામકાજ કરી શકે તેવી હાલતમાં હતો નહિ.

સાક્ષીએ વધુ તપાસમાં જણાવ્યું હતું કે, "હૃદય છાતીની સપાટીથી આશરે ઈંચ દોઢ ઈંચ ઉંડું હોય છે. પાંસળીને ઇજા થયા વિના બે પાંસળી વચ્ચેની જગ્યામાં થઈને ગયેલો ઘા હૃદયને ઇજા કરી શકે."

બચાવ પક્ષના વકીલ મી. મણીઆરની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "હું સ્ટેટમાં નોકરી કરૂં છું. ભથ્થાં સહિત રૂ. ૭૦) અને ભથ્થાં વિના રૂ. ૫૦) મને માસિક પગાર મળે છે." આંહી મી. મહેતાએ વાંધો લીધો હતો કે આવો સવાલ પુછવા દઈ શકાય નહિ, એ અસંબદ્ધ છે; કારણ કે સાક્ષીનો દરજ્જો ઉંચો હોય કે નીચો તેની સાથે કાંઇ નિસ્બત નથી. ના. કોર્ટે મી. મહેતાના વાંધાની નોંધ કરી હતી. આગળ ચાલતાં સાક્ષીએ જણાવ્યું કે, "ડૉ. મદનજીને સ્ટેટ હોસ્પીટલમાં એક માણસ બોલાવવા આવ્યો હતો. એ માણસને હું ઓળખી શકું તેમ નથી. ફરીયાદીને તપાસ્યો તેને આગલે દિવસે સાંજે ચાર પાંચ વાગ્યે માણસ બોલાવવા આવ્યો હતો. અમે બીજે દિવસે બપોરે ગયા હતા. હું ડૉ. મદનજીની સાથે ગયો હતો. આશરે ૧૦–૧૧ વાગ્યે અમે ગયા હતા. અમે કયાંથી ઉપડયા હતા તે મને યાદ નથી. તે વખતે તેમને કામ હતું એટલે તેજ દિવસે સાંજે ડૉ. મદનજી ન્હોતા ગયા. સ્ટેટના કામમાં તેઓ રોકાયેલા હતા. ડૉ. બામ પાસેથી ચાર્જ લેવામાં મદદ કરવાના કામમાં તેઓ રોકાયેલા હતા. ફરીયાદીને તપાસ્યો તે દિવસે ડૉ. મદનજી રજા ઉપર હતા. પોતે બીમાર રહેતા એટલે રજા ઉપર હતા. તેમને મુખ્ય બીમારી લીવર અને હૃદયની હતી. એ વખતે તેઓ બે મહીનાથી રજા ભોગવતા હતા. પછી ઘણે વખતે તેઓ ગુજરી ગયા. ફરીયાદીને તપાસ્યો તે પછી તેઓ નોકરી ઉપર ચડયા ન્હોતા એ વાત બરાબર છે. આજથી ૧૫–૧૫। મહીના પહેલાં તેઓ ગુજરી ગયા છે; માર્ચ, એપ્રીલ કે મેમાં તે હું કહી શકું નહિ. હું એલ. સી. પી. છું. ફરીયાદીને તપાસવા સંબંધમાં મેં કાંઇ નોંધ મારે હાથે લખી નથી. જખમ બરાબર રૂઝાઇ ગયા ન હતા. મહીનાક દિવસ પછી બરાબર રૂઝાઇ જાય તેવા લાગતા હતા. તે વખતે ફરીયાદીની સ્થિતિ એવી હતી કે તેને ૧૫ થી ૨૦ દિવસ ખાટલામાં રહેવું પડે. લખી કરી શકે તેવી સ્થિતિ પંદરથી વીશ દિવસ પછી આવે તેવી હાલત હતી. એ વખતે લખી શકે તેવી સ્થિતિ ન્હોતી. ત્યાંથી પછી અમે ડૉ. મદનજીને ઘરે ગયા. સર્ટીફીકેટ ફરીયાદીને ઘરે લખ્યું હતું. તે દિવસ પછી મેં ફરીયાદીને જોયો નથી. તે ખરેખર કેટલા દિવસે સાજો થઇ ગયો તે હું કહી શકું નહિ. હૃદયના આખા પ્રદેશમાં સોજો હતો. કેટલા ઇંચ તે હું કહી શકતો નથી, મને યાદ નથી. ડૉ. મદનજીએ તે માપ્યો હતો. સોજા શિવાય બીજી કોઇ ઇજા નથી જોઇ. મને પાસ થયે પાંચ વરસ થયાં. આંહી આવ્યા પહેલાં હું જામનગર રાજ્યમાં નોકરી કરતો. ફરીયાદીને અમે તપાસ્યો તે દિવસે ડૉ. બાલાશંકર ઓફીસર ઇન ચાર્જ હતા, અને હાલ પણ તેઓ જ છે."

મી. મહેતાએ સરતપાસ લેવાની ના કહી હતી.

### પોલીસ ઇન્સ્પેકટરની જુબાની.

પોલીસ ઇન્સ્પેકટર મી. પોબારૂએ મી. મહેતાની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "રાજકોટ શહેર બી. ડીવીઝનનો હું પોલીસ ઇન્સ્પેકટર છું. જુનાગઢના ઉતારાવાળો લત્તો એ. ડીવીઝનનો છે. તા. ૯–૧૨–૩૩ના રોજ એ. ડીવીઝનનો ચાર્જ મારી પાસે હતો. તે દિવસે આ ગુન્હાના ખબર મોચી બજાર ગેટના નાયક શીવુભાએ મને રાતના દસ વાગ્યે આપ્યા હતા. ફરીયાદી વેસ્ટ હોસ્પીટલે હતો એટલે હું ત્યાં ગયો. સીવીલ સ્ટેશનના ચીફ કોન્સ્ટેબલને બોલાવી મેં ફરીયાદીની જુબાની લીધી. મારની ઇજા, તહોમતદારની ઓળખ, ફરીયાદીનાં કપડાં, મુદ્દા માલની છરી મ્યાન સહિત–આટલાનું મેં એક પંચનામું કર્યું. તે પછી મેં જાહેર રીપોર્ટ કરી કોર્ટને મોકલાવ્યો. આ રીપોર્ટ તા. ૯–૧૨–૩૩નો હતો. તહોમતદારોને રાતના બાર વાગ્યે પકડયા હતા. તહોમતદાર અબ્દુલઅલીની સ્થિતિનું પંચનામું એજ રાતે કર્યું હતું. તા. ૧૦ના રોજ સવારે ખોજા હાશમ વાલજી, સીપાઇ જીવા લશ્કર, સૈયદ અબ્દુલકાદર, મોચી બજાર ગેટ નાયક અહમદ અલી, નાયક શીવુભા, સાહેદ અકબરમીંયાં, વિગેરેની જુબાની લેવામાં આવી. સ્થાનિક જગ્યાનું પંચનામું કરવા માટે જમાદાર રતનશીને હુકમ કરવામાં આવ્યો હતો. તેણે સ્થાનિક જગ્યાનું પંચનામું કરીને રજુ કર્યું. ફરીયાદીનાં લોહીવાળાં કપડાં તથા તહોમતદારની છરી તપાસ માટે ડૉકટરને મોકલવામાં આવ્યાં હતાં. ડૉકટરનો અભિપ્રાય પણ મંગાવ્યો હતો. તેજ દિવસે બપોરના ત્રણ વાગ્યે તહોમતદારોને કોર્ટ આગળ મોકલ્યા હતા. તા. ૧૦ પછી એ. ડીવીઝનના પોલીસ ઇન્સ્પેકટર આવી જતાં મેં કેસના કાગળો તેમને સોંપી દીધા હતા."

સાહેદની ઉલટ તપાસ લેવામાં આવી હતી નહિ.

ફરીયાદ પક્ષના સાક્ષીઓ હજી અધુરા છે. કેસ આવતી તા. ૧૪–૭–૩૪ ઉપર મુલતવી રહ્યો છે.

# મ. ગાંધીજી ઉપર બોમ્બ ફેંકવાનો પ્રયત્ન

## ગાંધીજી બચ્યા —— બીજા સાત ઘવાયા

હરિજન કાર્ય અંગેના મહાત્મા ગાંધીજીના પુનાના પ્રવાસ દરમ્યાન તેમના ઉપર બોમ્બ ફેંકી તેમનો જાન લેવાનું કાવતરૂં નિષ્ફળ ગયું છે અને મહાત્માજી અજબ રીતે બચી ગયા છે.

મહાત્માજીના આગમન વખતે તેમને માનપત્ર આપવાનો પુનાની મ્યુનીસીપેલીટીએ ઠરાવ કર્યો હતો. એ ગોઠવણ અનુસાર તા. ૨૫ સોમવાર સાંજે ગાંધીજી મ્યુનીસીપલ હૉલમાં માનપત્ર લેવા જવાના હતા. તેમનો આવવાનો વખત ૭–૩૦ નો હતો. પણ તે પહેલાં ૭ મીનીટે, ૭–૨૩ વાગતાં એક મોટર મ્યુનીસીપલ બીલ્ડીંગ આગળ આવીને ઉભી રહી. મોટરનો રંગ અને જાત મહાત્માજીના મોટરના જેવાંજ હતાં. લોકોને લાગ્યું કે મહાત્માજી આવ્યા. બૉય સ્કાઉટોએ બેન્ડ વગાડયું. અને તતક્ષણ પ્રવેશદ્વાર ઉપરની અટારીમાંથી બોમ્બ નીચે ફેંકાયો.

પણ એ મોટર મહાત્માજીની ન્હોતી. મ્યુનીસીપેલીટીના વડા અમલદાર મી. ભાગવત, સભ્ય શ્રી. ભોપટકર અને બીજા ૫ સ્વયંસેવકો એ મોટરમાં આવતા હતા. સૌને વધતી ઓછી ઇજા થઇ.

સાત મીનીટ પછી, બરાબર ૭–૩૦ વાગતાં મહાત્માજી આવ્યા. તેમને બની ગયેલા બનાવના ખબર આપવામાં આવ્યા. અને એ સંતે કહ્યું કે, "મારો દેહ એટલો બધો પાપી હોય તો તેઓએ મને જુદો કરવો જોઇતો હતો. નિર્દોષ માણસોને ઇજા ન્હોતી કરવી જોઇતી."

પોલીસે પાંચ માણસોને ગીરફતાર કર્યા છે. અંધ સનાતનીઓના આ હીચકારા કૃત્યને આખા દેશે વખોડી કાઢયું છે.

# "એક દિવસ તમારો અવશ્ય વિજય થશે."

"આજે મારે આરામ ન હોય. મારાથી મૌન ન સેવાય. મારે તો સુખ અને સગવડને દૂર ફેંકી દેવાં જ જોઇએ. જીવન નીચોવીને, આબરૂ બરબાદ કરીને, આલમના ચોગાનમાં ઉભા રહીને, મારી અંતરની વેદનાનાં ગીતો મારે ગાવાંજ જોઇએ. ગરીબી અને માંદગી, તિરસ્કાર અને અપમાન, ધમકી અને મશ્કરી, બેડીનાં બંધનો અને રીબામણીઓ, એમાંથી કોઇ પણ વસ્તુ મારી ઝબાનને રોકવા સમર્થ નથી.

"હું આજે નિષ્ફળ થઇશ તો કાલે ફરી પ્રયત્ન કરીશ. હું સમજીશ કે કદાચ મારામાં જ રહેલી ખામીને લીધે હું ફત્તેહ પામતો નથી. પણ મને શ્રદ્ધા છે કે મારા આત્મામાં જે નૂર ભરેલું છે તે જો એકવાર માનવજાતિની નજરે પડે, મારી હારજીતની અંતર–પીડાઓ શબ્દો મારફત માનવીઓ સાંભળે, તો એનામાં મતમતાંતરોની મજબૂત દિવાલો તોડી નાંખવાની અને નિર્બળમાં નિર્બળ માનવીમાં કાર્યપ્રેરણા કરવાની તાકાત છે. વધારેમાં વધારે અશ્રદ્ધાવાનને પણ એ શરમાવશે. સ્વાર્થની દીવલોને એ ધ્રુજાવશે. હાંસી કરવાની તાકાત એ હરી લેશે. દંભ અને જુઠ્ઠાણું ઘડીભર ટકી શકશે નહિ. ફક્ત એક સત્ય–સનાતન અને નિર્મળ સત્ય–પ્રકાશી રહેશે.

* * *

"કાપડ વણવાની મીલમાં કોઇ નાનો બાળ અત્યારે મજુરી કરી રહેલ હશે, થાકથી એનું મગજ ભમતું હશે, વેદનાથી એના અંગેઅંગ તુટી જતાં હશે, અને કબરની ખાક સિવાય બીજો કશો આઝાદીનો માર્ગ જેને સુઝતો નહિ હોયઃ એવા બાળ વતી હું બોલું છું.

"કોઇ અંધારા કાતરીયામાં, ન્હાનકડી મીણબત્તીના પ્રકાશમાં થાકેલી અને આંસુ સારતી, કોઇ માતા પોતાના બાળકોની ભૂખ ભાંગવાની ફરજનો ચાબુક પીઠ પર સતત પડી રહેલો હોવાથી પારકાં કપડાં સીવી રહી હશેઃ એવી માતા વતી હું બોલું છું. ચીંથરેહાલ બીછાના પર છેલ્લાં માંદગીના તરફડીયાં મારતા, અને પોતાના વ્હાલુડાંઓને નિરાધાર છોડી જતા કોઇ માનવીની વેદના હું દર્શાવું છું. આ ભયંકર નગરમાં તરછોડાયેલી અને ભૂખી, કુટણખાનું અને આપઘાત વચ્ચે પસંદગી કરવા ધકેલાયેલી કોઇ જુવાન બહેનના અંતરની વાણી હું વ્યક્ત કરૂં છું.

* * *

"નિરાધાર અને નોકરીમાંથી રદ થયેલા એવા હજારો માણસો આજે મોતને સાદ કરતા થાકી જાય છે. આજે લાખો પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો રોજીદાર ગુલામના જેવું જીવન જીવે છે. શરીરથી કામ થઇ શકે અને આંખ દેખી શકે એટલા કલાક ફક્ત પેટ ભરવાની ખાતર તેઓ મહેનત કરે છે. એમને જીવનની પૂર્ણાહુતિ સુધી આ એકધારા અને ત્રાસદાયક નિત્યક્રમને તાબે થવું પડે છે. અને ભુખ અને કંગાલીયત, તાપ અને ટાઢ, ગંદકી અને રોગ, અજ્ઞાન, શરાબખોરી અને અનીતિ : એ બધાં તેમનાં જીવનસંગાથી બની રહે છે.

* * *

"હવે બીજું ચિત્ર નિહાળો : ઢાલની બીજી બાજુની જરા ઝાંખી કરો. અંહી સેંકડો અને હજારો માનવીઓ એવા વસે છે કે જેઓ આ ગુલામોના સ્વામી છે. એમને જે નફો મળે છે એ એમને કમાવા જવું પડતું નથી, એ માંગવાની પણ એમને જરૂર નથી. એ નફો એમની પાસે ચાલ્યો આવે છે, એ નાણાં કેમ ઉડાવવાં એજ એમની ચિન્તાનો વિષય છે.

"આલીશાન મહેલાતોમાં તેમનો નિવાસ હોય છે, ઉડાનબાઝી, શરાબી, ઇશ્કમાં એમનો સમય રોકાઇ જાય છે. એમના નિત્યજીવનનો ખ્યાલ આપવા માટે મારી પાસે શબ્દો નથી. એની કલ્પના કરતાં મગજ ભમી જાય છે. એકાદ જોડી જોડા માટે, એકાદ રૂમાલ માટે, એકાદ મોજાબંદ માટે, તેઓ સેંકડો રૂપીઆ વેડફી નાંખે છે.

"ઘોડાઓ અને મોટરો પાછળ, સહેલહોડીઓ, મહેલો અને મહેફિલો પાછળ, શરીરની શોભાના કિંમતી હીરાઓ પાછળ તેઓ લાખો અને કરોડો ઉડાવે છે. અયશઆરામ અને ઉડાઉગીરી, ઉપયોગી અને જરૂરી વસ્તુઓનો વિનાશ, પોતાના માનવબંધુઓની મજૂરી અને લોહીમાંસના જુગાર, આ બધાં કાર્યો માટે તેઓ અંદર અંદર હરીફાઇ ચલાવે છે.

"તેઓ બરાબર સમજે છે કે આ બધું નાણું એમનું છે અને એમની પાસે આવવા સરજાયેલું છે. ઝરણાનો પ્રવાહ નદીમાં જાય, નદી સાગરમાં ઠલવાય, એવીજ રીતે સમાજનો બધો પૈસો એમના ચરણે ઠલવાય છે; અને એજ સ્વાભાવિક યોજના છે એમ એ વર્ગના માણસો બરાબર માની બેઠા છે.

"ખેડૂત જમીન ખેડે, ખાણીયો ધરતીના પેટાળ ખોદી કાઢે, વણકર શાળ ચલાવે, કડીઓ પત્થર ઘડે, શોધક માનવી શોધ કરે, કુતેહબાજ મનુષ્ય માર્ગ શોધી કાઢે, પ્રેરણા પામેલો કોઇ આદમી ગીત ગાય; અને પરિણામે આ સૌનાં હૈયાં, મગજ અને શરીરના ઘસારાની પેદાશ એક જ પ્રવાહમાં વળે અને એમના ચરણ પાસે ઠલવાય એજ સ્વાભાવિક ક્રમ છે એમ તેઓ માને છે.

* * *

"હું કહું છું કે આ સ્થિતિ લાંબો વખત નભી શકે જ નહિ. આ સ્થિતિમાં પલટો આવવોજ જ જોઇએ. એ પલટો લાવવાની શક્તિ કોનામાં છે ? તમે એમ માનો છો કે તમારી પાસે ગુલામીખત લખાવી લેનારા તમારા માલિકો કદી તમારી આઝાદીનો દસ્તાવેજ ઘડવાના છે ? તમારી બેડીઓ કાપી નાંખવાનાં ઓજારો એ બેડીઓ ઘડનારાઓ કદી તૈયાર કરશે ?

"તમારે સમજવું જોઇએ કે એ કાર્ય તમારૂં છે. એ આખી નૂતન ભાવનાની સૃષ્ટિને મૂર્ત સ્વરૂપ આપવાનું, એની યોજના ઘડવાનું, એને સાંગોપાંગ પાર ઉતારવાનું તમારે માથે જ હોય. અને આ કાર્ય સરળ અને સાદું નથી. ધન અને સત્તાની ખુમારી એને ડગલે ડગલે તોડી પાડવા પ્રયત્ન કરશે; અનેક પ્રકારની હાંસી અને મશ્કરી સહન કરવી પડશે; તિરસ્કાર અને ત્રાસ, કોરડા અને કેદખાનું એ બધાં માટે તૈયાર રહેવું જોઇશે; હૈયા વિહોણા માનવીના હાથે ન સહી શકાય એવા ત્રાસ વેઠવાનો સમય આવશે. અંધકારમાં પડતાં આખડતાં ગોથાં ખાતાં ડગલાં માંડવાનો તમારે નિશ્ચય કરવો જોઇશે.

* * *

"ફાંસીના માંચડાની છાયા નીચે તમારે વિચારોની આપલે કરવી પડશે, સર્વસ્વનો ભોગ આપવો પડશે. અને એવી પ્રવૃત્તિ માટે પ્રોત્સાહનનો એક શબ્દ કોઇ નહિ બોલે, ઇન્તેકામ અને તિરસ્કાર ફેલાવનારાઓ તરીકે લોકો તમને ફજેત કરશે; પણ એક દિવસ તમારો અવશ્ય વિજય થશે."

( —અપ્ટન સિંકલેર. "કુલછાબ નવી દુનિયા" અંકમાંથી.)

# સમાહનો સાર

**વાળ ન મુંડાવવા માટે સજા:** સીમલા નજીક આવેલા હીલ સ્ટેટસના સુપ્રીન્ટેન્ડન્ટની કોર્ટમાં એક વિચિત્ર અપીલ દાખલ થઇ છે. કહે છે કે ગયા માર્ચ માસમાં બાઘીલ રાજ્યના સત્તાવાળાઓ તરફથી અરજદારનો અને તેના ભાઇનો બાર વર્ષ પહેલાં મરણ પામેલા બાઘીલ રાજ્યના રાજાના મરણને અંગે વાળ ન મુંડાવવા માટે રૂા. ૬૦૦ દંડ કરવામાં આવ્યો છે. બન્ને ભાઇઓ તરફથી જણાવવામાં આવે છે કે "રાજાના મરણ પહેલાં અમે બાઘીલ રાજ્યની હદ છોડીને ચાલ્યા ગયા હતા, એટલે વાળ મુંડાવવાની જરૂર ન હતી."

**માતાએ બાળકોને ફેંકી દીધાં:** મુંબઇમાં બીજી સુથાર ગલ્લીમાં આવેલા જયા બીલ્ડીંગમાં રહેતી પ્રભાવતી નામની બાઇની પોતાના બે કુમળી વયના બાળકોને ચોથે માળેથી ફેંકી દેવાના આરોપસર મારબાવડી પોલીસે ધરપકડ કરી છે. બાળકોને ફેંકી દેવાનું કારણ ઘર કંકાસનું જણાયું છે.

**પદભ્રષ્ટ કરો:** ઝાબુઆના શહેરીઓએ જાહેર સભામાં સર્વોપરી સત્તાને ગેરવહીવટ, ખોટી રીતે પૈસા કઢાવવા, ગેર કાયદેસર ગિરફતારીઓ કરવી તેમજ મિલ્કત જપ્ત કરવાનાં કારણોસર ઝાબુઆના રાજકર્તાને પદભ્રષ્ટ કરવાની વિનંતિ કરતો ઠરાવ પસાર કર્યો છે. વધારામાં એવી પણ વિનંતિ કરવામાં આવી છે કે આવા ગેરવહીવટ માટે રાજકર્તાને અત્યાર પહેલાં ત્રણ વાર સજા કરવામાં આવી છે. આ ઠરાવો મધ્ય હિન્દ રાજસ્થાની પ્રજા પરિષદના મંત્રીએ ના. વાયસરોય, ગવર્નર જનરલ એજન્ટ અને ઇંદોરના પોલીટીકલ એજન્ટને તારથી મોકલાવી દીધા છે.

**મનાઇ હુકમ ખેંચી લેવાયા:** મહાસભાની પ્રાંતિક સમિતિઓને સરકારે કાયદેસર ઠરાવ્યા પછી વર્તમાનપત્રો અને કાર્યકર્તાઓ ઉપર મુકેલા અંકુશો પણ રદ થતા જાય છે. ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી શ્રી. મણીલાલ કોઠારી ઉપરાંત બીજા બાર કાર્યકર્તાઓ સામેના હુકમો પણ રદ કરવામાં આવ્યા છે.

**મુસ્લીમ બાળાની બહાદુરી:** લાહોરના એક મૌલવી પાસે એક મુસ્લીમ બાળા ભણવા જતી. એમ કહેવાય છે કે, એ છોકરી સાથે વધુ પડતી છુટ લેવાનો મૌલવીએ પ્રયાસ કર્યો હતો, એટલે એ છોકરીએ એક તીક્ષણ હથીયારથી મૌલવીનું નાક કાપી નાખ્યું છે. એ માટે છોકરી સામે કેસ મંડાયો છે.

**કપુરથલાનો સામલો:** કપુરથલાનો સામલો દિન પ્રતિ-દિન વધારે અશાન્ત બનતો જાય છે. પગવારામાં બે હિન્દુની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત વધારે ધરપકડો થવાની વકી છે. પગવારાના હિન્દુ અને શીખોની માંગણીઓ રજુ કરતાં કેટલાક પોસ્ટરો વહેંચવામાં આવ્યા હતા.

**ઇબ્ન સાઉદ અને ઇમામ:** ઇબ્ન સાઉદ અને યેમેનના ઇમામ વચ્ચે થોડો વખત લડાઇ ચાલ્યાં પછી "મુસ્લીમ મિત્રાચારી અને અરબી ભ્રાતૃભાવનો" ૨૦ વર્ષનો કરાર થયો છે. વિદેશ તરફથી ચઢાઇના સંજોગોમાં બન્ને પક્ષે તટસ્થ રહેવા અને બનો નૈતિક ટેકો આપવા તેમજ ઝઘડાના પ્રસંગોમાં લવાદને કેસ સોંપવા કબુલ કર્યું છે.

**રામપુરના રાણી નવી દુન્યામાં:** રામપુરના નવાબ અને બેગમ થોડો વખત થયાં ઇંગ્લાંડની સફરે ગયા છે. જીવનમાં પહેલીજવાર બેગમને પડદો છોડવાની પરવાનગી નવાબ તરફથી આપવામાં આવી છે. પડદો છોડતાં પશ્ચીમની સ્ત્રીઓની સ્વતંત્રતા અને યુરોપનાં બીજાં કેટલાંક દ્રસ્યો જોઇ બેગમ ખુબ અજાયબી પામ્યાં છે.

**રામપુરમાં તપાસ પંચ:** ગઇ તા. ૧૯મી જુને રામપુરમા થયેલાં હુલ્લડ અને ગોળીબાર સંબંધે અને સંજોગોની તપાસ કરવા માટે રામપુરની એડમીનીસ્ટ્રેશન કાઉન્સીલની વિનંતિ ધ્યાનમાં લઇ સંયુક્ત પ્રાંતની સરકારે લખનૌ ડેપ્યુટી કમીશનર મી. મનરો અને રામપુર હાઇ કોર્ટના જજ મી. મુઆઝીમ અલીખાનનું તપાસ પંચ નીમ્યું છે. તા. ૨૮મી જુનથી તપાસ શરૂ થશે એમ ધારવામાં આવે છે.

**પયગમ્બર દીન:** ઇસ્લામના પયગમ્બર સાહેબ હઝરત મહમદના જન્મ દીવસનો મહોત્સવ ઠેકઠેકાણે ઉજવાયો છે.

**વરસાદની શરૂઆત:** ખુબ ઉકળાટ પછી આખા હિંદુસ્તાનમાં વરસાદની શરૂઆત થઇ ગઇ છે. મુંબઇ, ગુજરાત, કાઠિયાવાડમાં પુષ્કળ વરસાદ થયો છે.

**હરિજન સ્ત્રીની બહાદુરી:** ધોળકા નજીક આવેલા વઉઠા ગામથી એક હરિજન સ્ત્રી ઝાણુંદ જતી હતી ત્યારે રસ્તામાં ત્રણ બદમાસોએ તેની છેડતી કરવાનો પ્રયત્ન કર્યો હતો. બાઇએ પોતાને છોડી દેવા ખુબ કાલાવાલા કર્યા પણ બદમાસો સમજ્યા નહિ. છેલ્લી હદે સામલો આવી પહોંચ્યો જાણી તે બાઇએ બદમાસોને પડકાર્યા અને ઝપાઝપીમાં ઉતરી. એકલે હાથે બેને નસાડયા અને એકને સખ્ત રીતે પકડી રાખ્યો. ત્રણે બદમાસોની પોલીસે ધરપકડ કરી છે.

**એક અઠવાડીયામાં ચાર સંતાનોનો જન્મ:** પેશાવરમાં શેર અહમદ ખાનને ત્યાં એક અઠવાડીયામાં એક દીકરો અને ત્રણ દીકરી એમ ચાર સંતાનો બાર બાર કલાકને અંતરે જન્મ્યા છે. માતા અને બાળકોની હાલત સારી છે.

**એક સાથે આઠ બાળકો જન્મ્યા:** દક્ષિણ ચીનમાં ટામસીંગ નામની એક સ્ત્રીએ એક સાથે આઠ બાળકોને જન્મ આપ્યો છે. માતા અને બાળકો તંદુરસ્ત છે.

**મુંબઇની હડતાળ બંધ:** મુંબઇના મીલ મજુરોની હડતાળ બરાબર બે માસ ચાલીને ગઇ તા. ૨૩ના રોજ બંધ પડી છે. સંયુક્ત હડતાળ સમિતિએ એક જાહેર નિવેદનથી હડતાળ પાછી ખેંચી લીધી છે.

**સનાતનીઓએ લાઠી વાપરી:** અમદાવાદ ખાતે મહાત્મા ગાંધીજીના આગમન વખતે સનાતનીઓએ ધાંધલ કર્યું હતું અને કોર્ડન કરી રહેલા મહાસભાના સ્વયંસેવકો ઉપર લાઠી ચલાવી હતી.

# "કૃપા કરી એ બંધ કરાવો"

## કબુતરખાનામાં ફફડાટ

### રાજકોટ નરેશને લંબાણ અરજ

"ખોજા જાગૃતિ"નો પ્રકાશ આગાખાની નોકરશાહીથી હવે સહ્યો જતો નથી. ગમે તે રીતે તેઓ "ખોજા જાગૃતિ" બંધ કરાવવા પ્રયત્નો કરી રહ્યા છે. એમાંના એક તરીકે રાજકોટના ના. ઠાકોર સાહેબને એક અતિ લંબાણ અરજી કરવામાં આવી છે. આ નીચે અમે તેનું ગુજરાતી ભાષાંતર રજુ કરીએ છીએ. આ સંબંધમાં "ખોજા જાગૃતિ" ને શું કહેવાનું છે એ જાણવા માટે રાજ્યના જડ્યુશીઅલ સેક્રેટરીએ "જાગૃતિ" ના તંત્રી શ્રી. ઇસ્માઈલ હીરાણીને તા. ૫–૭–૩૪ના રોજ પોતાની રૂબરૂ બોલાવ્યા છે.

સ્વસ્થાન રાજકોટના ઠાકોર સાહેબ હીઝ હાઈનેસ
શ્રી ધર્મેન્દ્રસિંહજી બહાદુરની
હજુરમાં.　　　રાજકોટ.

ખુશ રહો આપ નામદાર.

અમે નીચે સહી કરનારા, રાજકોટ, કાઠિયાવાડ અને બીજા સ્થળોની ઇસ્માઈલી ખોજા કોમના પ્રતિનિધિઓ અને સભ્યો અત્યંત માનપૂર્વક આપ નામદાર સમક્ષ આ અરજી આપની બ્યાજબી અને ભલી વિચારણા અર્થે રજુ કરવાની રજા લઈએ છીએ.

૨. ખોજા ઇસ્માઈલી કોમ એ જગતની ધાર્મિક જાતો અથવા વિભાગો માંહેની એક છે, કે જે પોતાના ધાર્મિક વડા તરીકે ના. આગાખાનની અનુયાયી છે, અને જે તેમને પોતાના ઇમામ અથવા 'લૉર્ડ' (માલીક) તરીકે ગણે છે અને માન આપે છે. આ અરજી ઇસ્માઈલી કોમની ફરીયાદોને લગતી છે, અને એક કાઠિયાવાડમાંજ તેની સંખ્યા પચાસ હજારથી વધુ છે.

૩. ધર્મ એ સ્વેચ્છાની વસ્તુ છે. દરેક વ્યકિતને પોતાને ગમે તે ધર્મ પાળવાનો હકક છે, અને એ સામાન્ય રીતે જાણીતું છે કે આ દુનિયાના ગમે તે ધર્મ પાળતા એકેએક માણસને એમ માનવાનો હકક છે, અને તે જરૂર એમ માને છે, કે તેનો ધર્મ અને ધાર્મિક માન્યતાઓ જગતના બીજા કોઇ પણ ધર્મ કરતાં સારાં છે અને ચડીઆતાં છે. થોડાક અપવાદો શિવાય, લગભગ બધા માણસો એમ માનતા હોય છે કે તેઓ ઇશ્વરની પસંદગીના માણસો છે, અને બીજા બધા કે જે તેઓની ધાર્મિક માન્યતાઓ સાથે મળતા થતા નથી તે અકકલમંદ છે અને સત્યને સમજતા નથી. દરેક ધાર્મિક જ્ઞાતિ એમ માનતી હોય છે કે માત્ર તેના પસંદ કરાયેલા સભ્યો માટેજ સ્વર્ગ અનામત રાખવામાં આવ્યું છે, અને બાકીના બધા માટે કાંઇક બીજું છે. વિચાર અને ધર્મની સ્વતંત્રતા માનવ સમાજના પ્રત્યેક સભ્ય માટે હકકની વાત છે. પણ વિચાર અને ધર્મમાં સ્વતંત્રતા ભોગવવાના આ વ્યકિતગત અધિકારની સાથે સમાજના દરેક સભ્ય ઉપર એ પણ એક ફરજ સાથોસાથ ઉભી છે કે બીજાઓને પણ પોતે તેજ હકક અને સ્વતંત્રતા ભોગવવા આપે. આ હેતુ અને ઉદ્દેશને કારણે દરેક રાજ્ય અથવા સરકાર, ધર્મ અને ધાર્મિક માન્યતાઓની સ્વતંત્રતા અને છુટાપણાની ખાત્રી આપવા અને તેનું રક્ષણ કરવા સાથે, એ જોવાની પણ કાળજી રાખે છે કે અમુક વિચારો ધરાવતી કોઇ વ્યકિત કે વ્યકિત–સમૂહ બીજાઓને પોતાથી જુદા વિચારો ધરાવવા માટે ઇજા કરે નહિ કે તેને અટકાવે નહિ. નામદાર મહારાણી વીકટોરીઆના વિખ્યાત ઢંઢેરામાં અને વખતોવખતના બીજા જુદા જુદા કાયદાઓમાં પણ, હિંદુસ્તાનમાં ધર્મ અને ધાર્મિક માન્યતાઓમાં પજવણી કરવા સામે રક્ષણ આપવાનું વચન આપીને બ્રીટીશ સરકાર આ સિદ્ધાંતોનો સ્વીકાર કરવાની જરૂરત અને ડહાપણ જોઇ શકી છે. તાજેતરમાં પણ બીજાઓના ધર્મ કે ધાર્મિક માન્યતાઓનું અપમાન કરનારાઓને કે તે માટે જબરદસ્તી કરનારાઓને અટકાવવા માટે ફોઝદારી કાયદામાં એક ખાસ (કલમ ૨૯૫–એ) ઉમેરવામાં આવી છે.

રાજકોટ રાજ્યે પણ રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે ૧ લી માર્ચ ૧૯૩૨ ના રાજકોટ દરબારી ગેઝેટને પાને ૫૮ મે હજુર હુકમ નાં. ૭૦, તા. ૫–૨–૧૯૩૨ નો પ્રગટ કરીને બીજાઓની ધાર્મિક લાગણીને ઇજા કરવાની કે ઉશ્કેરવાની બધા પ્રજાજનોને ખાસ મનાઈ કરી છે.

૪. આટલા પ્રાથમિક અવલોકન પછી, અમારી ફરીયાદો અને તેનું આપ નામદાર પાસે અમે કરાવવાની આશા રાખીએ છીએ તે નિવારણ રજુ કરવા ઇચ્છીએ છીએ.

૫. "ખોજા જાગૃતિ" નામનું એક વર્તમાનપત્ર અમારા ધર્મનું અપમાન કરવાના અને અમારી ધાર્મિક લાગણીઓ ઉપર જબરદસ્તી કરવાના પાકા અને દ્વેષી ઇરાદાથી રાજકોટ શહેરમાંથી છાપી પ્રગટ કરવામાં આવે છે. સહતંત્ર ખોજા રૂપજી નજરઅલીની મદદ લઇને ખોજા ઇસ્માઇલ કાનજી તરફથી એ પ્રગટ કરવામાં અને ચલાવવામાં આવે છે. આ બન્ને માણસો અમારી કોમના નાતબહાર કરાયેલા સભ્યો છે, અને તેઓએ આમ નાતબહાર કરાયા પછી આ પત્ર ચાલુ કર્યું છે. આ પત્ર લગભગ બે વરસથી ચાલુ કરવામાં આવ્યું છે, અને એ પત્રના જુદા જુદા કેટલાક અંકો તપાસી જોતાં એમ ચોખ્ખું જણાઇ આવે છે કે અમારી કોમને અને અમારા ધાર્મિક વડા હીઝ હાઇનેસ આગાખાનને ગંદામાં ગંદી અને નિંદકમાં નિંદક ભાષામાં ગાળો દેવાનું કામ એ પત્રે પોતાના ધંધા તરીકે ઉપાડી લીધું છે. એ પત્ર તરફથી ઇસ્માઇલી ધર્મના અનુયાયીઓને નિયમિત રીતે અને સતતપણે મૂર્ખાઓ અને ઉલ્લુઓના એક વર્ગ તરીકે વર્ણવવામાં આવે છે, કે જેઓ હીઝ હાઇનેસ આગાખાન રૂપી લુચ્ચા હરામખોર અને ધુતારાને હાથે ઉંધે રસ્તે દોરવાય છે અને ભૂલથાપ ખાય છે. મજકુર પત્ર હલકી, નિંદાત્મક અને નિર્લજ ભાષા વાપરીને અમારા ધર્મ સામે, અમારી આખી કોમ સામે અને અમારા ધાર્મિક વડા સામે તિરસ્કાર અને ધિકકાર ફેલાવવાનું શોધ્યા કરે છે. અમારો ધર્મ, અમારા ધાર્મિક વિચારો, અમારી રીતભાત, અમારી રસમ, અને અમારી દોરવણી માટે અમે પાળતા નિયમો—આ બધું કોઇ ધાર્મિક કે દુન્યવી ભલા માટે પણ તૈયાર કરવામાં કે પાળવામાં નથી આવતું, પણ અમારા ધાર્મિક વડાની પૈસા મેળવવાની સ્વાર્થી લાલસા સંતોષવાના એકજ ઉદ્દેશથી

કરવામાં આવે છે, કે જે ઠગવિદ્યા અને દગલબાજીના સંપૂર્ણ માલિક હોઇને અમને મેંઢાં અને મૂર્ખાઓ તરીકે પોતાના વાડામાં રાખવા શકિતમાન થયેલ છે, એમ એ પત્ર પદ્ધતિસર ચાલુપણે કહે છે.

૬. હકીકતે એ પત્રનો દરેક અંક અમારી કોમના ધર્મ અને ધાર્મિક માન્યતાઓ સામે એટલી હદ સુધી બુરી લાગણી અને તિરસ્કાર પ્રગટાવવાના ઉદ્દેશવાળો હોય છે, અને એમ કરીને અમારી ધાર્મિક લાગણીઓને એટલી જબરી ઇજા પહોંચાડે છે અને અમારૂં અપમાન કરે છે કે સુલેહ અને ન્યાયની ખાતર અને અમારી પોતાની ધાર્મિક માન્યતાઓની સ્વતંત્રતા અને છુટા-પણામાં અમારૂં રક્ષણ કરવા ખાતર આપ નામદાર આ પત્ર બંધ કરાવવાનું જરૂરી માનશો એવી અમે આશા રાખીએ છીએ.

૭. અમે ઉપર કહી હકીકતોની સત્યતા સાબીત કરવા અને આપને સંતોષ થાય તે માટે તે પત્રના જુદા જુદા અંકોના થોડા ફકરાઓ આ સાથે રજુ રાખીએ છીએ. વધારે સંપૂર્ણ વિગતો માટે આપ તે પત્રના અંકો કૃપા કરી તપસી જશો.

૮. અમે વિનંતિ કરીએ છીએ કે આપ નામદાર કૃપા કરીને એવો હુકમ કરો કે મજકુર પત્ર "ખોજા જાગૃતિ" એ માત્ર એક કોમી પત્ર છે અને તેણે ઇસ્માઇલી ખોજા કોમ અને તેના ધાર્મિક વડા સામે ધિક્કાર અને બુરી લાગણી પ્રગટાવવાનો પ્રયત્ન કર્યો છે તેથી, અને છેલ્લાં બે વરસ દરમ્યાનનાં એ પત્રનાં જુદાં જુદાં પ્રકાશનો એમ સ્પષ્ટ બતાવે છે કે પ્રકાશનો ઇસ્માઇલી કોમની ધાર્મિક લાગણીઓનું અપમાન કરવા અને તેને ઇજા કરવા માટે છે તેથી, અને આ પત્ર રાજકોટ રાજ્યમાં વર્ગીય અને જાતીય ધિક્કાર અને દુશ્મનાવટ પેદા કરે છે અને એમ કરીને રાજ્યની સુલેહ અને ભલી વ્યવસ્થામાં ખલલ પહોંચાડે છે તેથી આ પત્રને વધુ વખત પ્રગટ થવા દેવું એ જાહેર હિતનો નાશ કરનારૂં છે, અને તેથી એનું પ્રકાશન બંધ કરવું જોઇએ.

અને ઇન્સાફ અને દયાના આ કાર્ય માટે અમે સદા પ્રાર્થના કરીશું, વિગેરે વિગેરે.

અમે છીએ,

જુન, ૧૯૩૪.

આપ નામદારના
અતિ આજ્ઞાધીન સેવકો,

---

તા. ૨ મે ૧૯૩૩. ખોજા જાગૃતિ પાનું ૮૫.

એ પ્રભુને નામે માનવીએ માનવીનાં ગળાં રેસ્યાં, એજ પ્રભુને નામે અનેક પાપાત્માઓની પાપલીલા પર પડદો પડતો ચાલ્યો. એજ પ્રભુની એક માનવમૂર્તિ રૂપે અવતરેલા, દશમા નકલંકી અવતાર ના. આગાખાને આપણી ભોળી કોમને અવળે રસ્તે ચડાવી આપણી ભાઈબંધ કોમોથી આપણને અતડા રાખી, સમાજમાં આપણને નિંદનિય, તિરસ્કારણિય દશામાં રાખી, ભવિષ્યમાં કોઈ પણ જાતના અંતરાય વગર સ્વર્ગના સોદા ચાલુ રહે તે માટે અનેક પ્રપંચી પોથાં દ્વારા એ સંખ્યાબંધ ગાષ્ટકો ચાલી રહ્યાં છે. તેમાંના એકનો આંહી નીચે વિચાર કરવમાં આવે છે.

આપણા ના. નકલંક ભગવાને, કાળીંગા દૈત્ય કે જેણે આજ સુધીમાં આપણને કદાચે કાંઇ દુઃખ દીધું નથી, તેના કરતાં આપણું ઘણુંજ વધારે ખરાબ કર્યું છે. અને આપણે સ્વર્ગના શોખીનોએ, દૈત્ય અને દોઝખના દુઃખોથી બચવા ગતાનુગતિક મેષ વૃત્તિથી–પાર ભરવામાં પાછું વાળીને ન જોયું તે નજ જોયું.

*

તા. ૯ મે ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૯૫.

લોકોમાં લુંટ ચલાવી કોમમાં અંધશ્રદ્ધા ફેલાવી કોમને અવળે રસ્તે ચડાવી નાશની સાથે ભેટો કરાવનાર એ પ્રગણા કામડીયો ના. આગાખાનનો વફાદાર દલાલ.

*

તા. ૧૬ મે ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૧૦૩

ઇ. સ. ૧૮૪૫માં હાલના ના. આગાખાનના પિતામહ આ દેશમાં પહેલ વહેલા આવ્યા. આપણે તેમને આપણું ધાર્મિક વડપણ આપ્યું. રફતે રફતે તેમણે આપણી સામાજિક બાબતોમાંએ માથું મારવા માંડયું. તે આપણા ઘરના, આપણા સુખના સ્વામિ થઇ બેઠા અને આપણામાં કલહની શરૂઆત થઇ. આપણે એના હાથમાં રમવા માંડયા. પછી તો આપણામાં 'બારભાયા' થયા ને 'ઇશનાઅશરી' થયા. ખૂનો થયા અને કેસો થયા. અને **આપણે એની કુટ નીતિના છેવટ સુધી ભોગ થઇ પડયા.** એના કહેવાથી આપણે ભાઇ ભાઇની સાથેના વહેવાર બંધ કર્યો.

ધન શોષણજ જેનો એક માત્ર ઉદ્દેશ છે એવો આપણો આ 'સતપંથ' છતાં 'ગુપ્ત' ધર્મ આપણા અધઃપાતનું કારણ છે (અને તે પહેલાનાથી જુદું નથી એવું) કારણ કે આપણા ધર્મને પોતાના મૂળ સિદ્ધાંતોનો સર્વથા અભાવ હોઇને હિન્દુ તથા મુસલમાન ધર્મના સિદ્ધાંતોનો સેળભેળ ખીચડો કરી 'સતપંથ' **નામનું આ ષડયંત્ર ઉભું કરવામાં આવ્યું છે.** એ કારણે આપણી ધર્મ ક્રિયાઓ છાને ખુણે કરવામાં આવે છે. નહીં તો આ પાયાવગરના ધર્મનું રહસ્ય જગત જાણી જાય અને ધતીંગ લાંબો વખત નભે નહીં.

*

તા. ૩૦ મે ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૧૧૬.

( વર્ષો થયાં આપણી કોમની ખાંધ પર નાગચુડ ભેરવીને સ્વાર થઇ પડેલ ધર્મરૂપી રાક્ષસ જેણે આપણી કોમને છીન્નભીન્ન અને બેહાલ બનાવી દીધી છે તેને વિષે તમે આગળ વાંચો અને તેની પોકળતા આપોઆપ જણાઇ રહેશે.)

આગાખાની ઉલેમાઓએ ઉપજાવી કહાડેલું આ 'અર્થ-શોષણ યંત્ર' 'સતપંથ ધર્મ' એવું સુંદર નામ આપવામાં આવ્યું છે કે જે વસ્તુતઃ એક ધતિંગ માત્ર હોઇને જેમાં બુદ્ધિવાદની કેવળ અવજ્ઞાજ કરવામાં આવી છે–તેની ફીલસુફી તો આપણને જુદી જુદી અનેક ભ્રમણાઓમાં નાખી છેવટે સંસારી જીવન ગાળતા થકા નિગ્રંથ શ્રમણ ( સરબંધી ) થવા પ્રબોધે છે. ના. આગાખાનની આપપતમાં ઉમેરો કરવા આ જીવન કાળ માથે પેટે પાટા બાંધી રળતા રહીએ અને તેમાં કદીયે વિઘ્ન ન આવે તે માટે આપણી સામે ભયની અનેક ભુતાવળો ઉભી કરવામાં આવી છે.

સામાન્યતઃ હિન્દુ ધર્માવલંબીઓ પુનર્જન્મમાં અને ઇસ્લામી કયામતમાં માને છે. ત્યારે આપણા આ આગાખાની અવમાર્ગમાં ઉભયનો ભય બતાવી પરદેશી પરોણાની પરિતૃપ્તિ માટે આપણને જકડી પકડી લેવામાં આવ્યા છે.

અર્થપ્રાપ્તિ એક માત્ર નેમ છે જેની એવા આ 'સંભાર ધર્મ' માં ઉપર કહી તેવી ( ભળતી ને વગર ભળતી ) અનેક વાતો ઘુસાડી દેવામાં આવી છે.

*

તા. ૬ જુન ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૧૨૩

"આપણા સ્ત્રી બાળકો ખાને જાય તેમાં લાભથી નુકસાન વધારે છે."

*

તા. ૬ જુન ૧૯૩૩. ખોજે જાગૃતિ. પાનું ૧૨૮

ના. આગાખાનના હાથમાં સોંપવામાં આવતી આ સરમુખત્યારી અતિ ભયંકર અને સર્વ અનર્થોનું મૂળ છે.

*

તા. ૧૩મી જુન ૧૯૩૩. ખોજા જાગૃતિ પાનું ૧૩૧

આપણા ના. આગાખાન જેને ૫૦ હજારનો "મેષ-સમૂહ" ગતાનુગતિક અનુસરવાને આમરણાંત આજ્ઞાધિન થઇ રહ્યો છે તે પોતાના વિલાસવૈભવો સદોદિત ટકાવી રાખવા માટે આપણામાં લોહીનું છેલ્લું ટીપુંયે હોય ત્યાંસુધી આપણને પારાબદ્ધ કરી રાખે તો તેમાં નવાઇ શું?...... દાનનું પવિત્ર નામ આપી એ ભાડુતી ગળકટ્ટાઓ આપણા એ જખમ ઉપર મીઠું ભભરાવે છે.

*

તા. ૨૦ જુન ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૧૩૮.

આપણી કોમના ભાગલા પડી ગયા હોય તો તે પણ ધર્મને નામે. આપણી કોમના માણસોનાં ખૂનો થયાં હોય તો તે પણ એ ધર્મની ખાતર. આપણે દિવસ રાત ચૂસાતા હોઇએ તો એ પણ એ ધર્મના ઓઠા હેઠળજ.

ધર્મ એ એક એવી વસ્તુ છે કે તેનો સ્વપ્નમાં સંસર્ગ પણ આપણને નુકસાનકારક છે. તેની સાથેનો સહજ સહવાસ પણ આપણી પાયમાલી માટે પુરતો છે.

*

તા. ૨૯ ઓગષ્ટ ૧૯૩૩., ખોજા જાગૃતિ. પાનું ૨૧૩.

આપણને જીન્નતની જાળમાં ફસાવનાર ના. આગાખાનના પિતામહ જેની સલામતી અને સુખ વૈભવો માદર વતન ઇરાનમાં અશકય થઇ પડવાથી આ દેશમાં આવ્યા. આપણે તેમને પોતાના કરી માન્યા અને ત્યારથી આપણો અધઃપાત શરૂ થયો.

*

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૨૨૦.

પીર સદરદીન સાહેબે તેને ગુપ્ત પંથ કે સત્પંથ નામ આપેલું એ પોલ પંથ કોઇ ઓળખી ન જાય એ માટે જમાત પણ કોઇ ગુપ્ત સ્થળે મળતી હશે. ઘણા એ આપણા પંથની પોકળતા પુરેપુરી જાણે છે.

*

તા. ૨૬ સપ્ટેમ્બર ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૨૪૮.

એક વાર નહીં લાખ લાખ વાર ધિક્કાર અને ફીટકાર હજો આ ઇસ્માઇલી ધર્મ ઉપર...આ દાનવી ધર્મ...એ ઇસ્માઇલી ધર્મ ન ટકી રહી શકયો હોય તો ભલે તે ઉંડા ખાડામાં પડે.

*

તા. ૩ અકટોબર ૧૯૩૩. ખોજા જાગૃતિ. પાનું ૨૫૩.

આજે આપણી કોમ એવી સત્તાથી પીડાઇ રહી છે કે જે માત્ર પોતાના સ્વાર્થની ખાતર, પોતાની વાસના તૃપ્ત કરવાની ખાતર ત્રાસ વર્તાવવામાં પાછું વાળીને જોતી નથી. આપણા ખીસા ઉપર ચલતી ભયંકર લુંટ દિન પ્રતિદીન આપણને વધુને વધુ બેહાલ અને કંગાલ બનાવે છે...ઉપરાંત એ નિર્દય સત્તાએ પ્રવર્તાવેલા ધાતકી જુલ્મે કોમને બાયલી, નિર્વીર્ય, કંગાલ અને નમાલી બનાવી છે.

આ આગાખાની સત્તા વર્ષો થયાં આપણી ઉપર સતત ત્રાસ અને લૂંટ ચલાવી રહી છે......'વ્હાલાં રૂહાની બચ્ચાં' કહી કહી એણે મીઠી ઝબાનથી કડવાં ઝેર પાયાં છે. એના ધનલોલુપ હૃદયે કોમની હાલત માટે જરા પણ દરકાર રાખ્યા વગર આપણા જન્મસિદ્ધ હકકોને કચડવા સીવાય કાંઇ કર્યું નથી. પરિણામે કોમની આજે બેહાલ સ્થિતિ થઇ ગઇ છે. આ બધા માટે ના. આગાખાન જવાબદાર છે.

*

તા. ૧૦-૧૦-૩૩. ખોજા જાગૃતિ. પાનું ૨૫૮.

ના. આગાખાન હિંદ આવે છે. શા માટે? કયું મહત્વનું કાર્ય આજે તેમના વિના પડયું રહ્યું છે? કે તેમને એ ખુબસુરત પ્રદેશનો ત્યાગ કરવો પડે છે?...હિન્દની ધાર્મિક કે સામાજીક કોઇ સંસ્થાએ એમને નોતર્યા નથી...આંહી આવી તે આપણું શું ભલું કરવાના છે? પોતાના લોખંડી પકડમાંથી આપણને શું તે મુકત કરવના છે?

ના. ના. એ તો કાંઇ કરવા એ નામદારની ઇચ્છા નથી. આપણા એ શરતાજ છે. આપણા રાહબર છે. આપણા એ ઉદ્ધારક ભગવાન છે. એ બધું ખરૂં; છતાં એ નામદાર જે સરના તાજ થવા માગે છે એ સરમાં જરા જેટલીએ બુદ્ધિ મુકવા નથી માગતા; જે કોમના એ રહબર છે એ કોમને કોઇ ઉન્નતિના રાહ તરફ દોરવવાની તેમની ઇચ્છા નથી. અને જેના એ ઉદ્ધારક છે, જેના એ ખુદા છે, દશમો નકલંકી અવતાર છે એ માનવ સમૂહનો જરા જેટલો એ ઉદ્ધાર કરવાની... એ નામદારને જરૂર જણાતી નથી.

ના. આગાખાનની પધરામણીની આંહી કાંઇ જરૂર નથી. એ પધરામણી કોમને વધુ કંગાલ બનાવ્યા સીવાય કાંઇ સારૂં કરવાની નથી.

*

તા. ૧૪-૧૧-૩૩. ખોજા જાગૃતિ. પાનું ૨૯૦.

કોમની દુઃખદયક હાલતમાં ના. આગાખાન હિન્દ પધારે છે. એ વધુ કમનશીબી ભરેલું છે. ના. આગાખાનનું અત્યાર સુધીનું જીવન અને વર્તન જાણનાર કોઇથી આજે એવી આશા રાખી શકાય તેમ નથી કે એ નામદાર કોમને આ દુઃખના દરિયામાંથી ઉગારી લેવા કાંઇ પ્રયત્ન કરશે. ઉલટું વર્ષોનો આપણો અનુભવ આપણને કહે છે કે ના. આગાખાનની પધરામણી એ આપણા કંગાલીયતમાં વધારો થવાનું એક મજબુત કારણ છે. પાર્થિવ ઝેર ઉતારવાના રસ્તા કદાચ વિજ્ઞાન શાસ્ત્રીઓ ગોતી શકયા હશે પણ ધર્મનાં ઝેર એ પીનારનો ભોગ લીધા સીવાય કદી પણ ઉતર્યાં સાંભળ્યાં નથી. ના. આગાખાનની પાછળ ઘેલા બનવાના, તેમને ચરણે વધુમાં વધુ પૈસા ધરવાના અને એ કૃપાથી સ્વર્ગની મહેલાતો મેળવવાના જે અનિષ્ટ સંસ્કારો પદ્ધતિસર આપણી કોમની રગે રગે ઉતારવામાં આવ્યા છે તેના સીધા પરિણામ રૂપે ગમે તેટલી કંગાલીયત છતાં એ નામદારની સમક્ષ ખીસાં ખાલી કર્યા સીવાય કોમનો ધર્માંધ વર્ગ રહી શકતો નથી અને એથીજ નામદારની પધરામણીને અમે એક અતિ કમનસીબ આફત લેખીયે છીયે.

તા. ૨૧ નવેમ્બર '૩૩ ખોજા જાગૃતિ પાનું ૩૦૦

આપણો ધર્મ ધતીંગના ધીંગાણા ધરી બેઠેલ છે.

*

તા. ૫ ડીસેમ્બર ૧૯૩૩ ખોજા જાગૃતિ પાનું ૩૧૪

ના. આગાખાન હિન્દ આવે છે. એમનું આગમન આપણને કેટલું નીચોવનારૂં થઇ પડે છે તેનો અચ્છો ખ્યાલ આપણે બરાબર ધરાવીએ છીએ. આપણે જો ભાવિ ભુખમરામાંથી બચવું હોય તો આપણી એ સ્પષ્ટ ફરજ છે કે આપણી મેષ-વૃતિની હદ બાંધી આપણે સાફ સાફ શબ્દોમાં નામદારના આગમન સામે જોરશોરથી મજબુત વિરોધ પોકારવો જોઇએ.

*

તા. ૫ ડીસેમ્બર '૩૩ ખોજા જાગૃતિ પાનું ૩૨૦

આ કાયદા રચવાનો ઉદ્દેશ કોમને મુસ્કેટાટ બાંધી તેના હાથ પગ જકડી તેના મોઢામાં ડુચો મારી તેનું ધન રૂધીર ધરાઈ ધરાઇને પીવાનો છે.

*

તા. ૫ ડીસેમ્બર '૩૩ ખોજા જાગૃતિ પાનું ૩૧૬

આગાખાન કુટુમ્બે આપણી કોમનું ધાર્મીક વડપણ લીધું ત્યારથી આપણી કોમમાં કંકાસ પેદા થયો.

*

તા. ૨૬ ડીસેમ્બર ૧૯૩૩ ખોજા જાગૃતિ પાનું ૩૩૯

ના. આગાખાનને માલમ થાય જે આપ અમારા ખુદા છો. અમને અને આખી સૃષ્ટિને આપે પેદા કરી છે એમ આપ મનાવો છો તો પછી આપને કોણે પેદા કર્યા?

હું માનું છું ત્યાંસુધી આપ ખુદા નથી પણ એક મહાન વિલાસી માણસ છો. અજબ ખર્ચાળ પુરૂષ છો.

*

તા. ૨૬ ડીસેમ્બર '૩૩ ખોજા જાગૃતિ પાનું ૩૩૮

હવે જેટલો વધારે વખત આ ધર્મ ટકી રહેશે તેટલો આપણને વધારે ને વધારે નુકસાનકારક છે.

( સહીઓ )

ઇસ્માઈલ વીરજી માધાણી
કાસમ ઝીણા
હબીબ લાધા પીરાણી
ગુલામહુસેન કચરા
કાસમ મીઠા
કાનજી નાનજી
કાસમ દેવજી-રાજકોટ
એચ. એમ. પટેલ
કાશમ વાલજી દ. કાસમભાઇ
હાસમ કાસમ-રાજકોટ
ઇસ્માઇલ નાનજી
મુખી ઇસ્માઇલ જાનમહમદ-રાજકોટ
ભાઇ અમરસી જીવણ સઇ દ. પોતે-રાજકોટ
જાદવજી ગુલામહુસેન સઇ દ. પોતે-રાજકોટ
પોપટ ઝીણાભાઇ દ. પોતે-રાજકોટ
અકબરભાઇ વીસરામ સહી દ. પોતે
પીરભાઇ જીવા સહી દ. પોતે
કાનજી સામજીની સહી દ. પોતે
અબ્દલા હીરજીની સહી દ. પોતે-રાજકોટ
ગુલામહુસેન અમરસી દ. પોતે-રાજકોટ
રહેમતલાભાઇ માવજી દ. પોતે
એન. એમ. બુધવાણી દ. પોતે
ગુલામહુસેન વારસ દેવશીભાઇ-રાજકોટ
નુરમામદ જીવા સહી-રાજકોટ
મુખી હબીબ લધાની સહી દં. પોતે-સુપેડી
કામાણી સુંદરજી અબદલાભાઇ સહી-રાવણા
મેરાલી જમાલની સહી દ. પોતે-સુપેડી
ગુલામહુસેન જીવા મામદની સહી દ. પોતે-સુપેડી
મેરાલી વાલજી સહી દ. પોતે
ગુલામહુસેન અલીભાઇની સહી દ. પોતે-સુપેડી
હબીબ સુંદરજીની સહી-સુપેડી
વલી ભાણજીની સહી-સુપેડી
જેસા જમાલની સહી-સુપેડી
જુમા સરીફ
ભાઇ જીવા કુરજીની સહી દ. પોતે
ભાઇ મહમદઅલી મેરાલીની સહી
હાસમ જુમાની સહી દ. પોતે-સુપેડી
ગુલામ હુસેન ભાણજીની સહી દ. પોતે-સુપેડી
ગુલામહુસેન સીવુભાઇની સહી-ધોરાજી
મુખી ઇભરામ વાલજીની સહી-ધોરાજી
કુરજી જાદવજી
ખોજા કરમાલી મીઠાની સહી દ. પોતે-ધોરાજી
અલીભાઇ મીઠાની સહી-ધોરાજી
જમાલ આમદની સહી દ. પોતે-ધોરાજી
હાસમ નથુની સહી-ધોરાજી
ઇભરામ પુંજાની સહી દ. પોતે-ધોરાજી
જીવા ડોસાની સહી દ. પોતે-ધોરાજી
નજરાલીભાઇ વલીની સહી દ. પોતે-ધોરાજી
મુસા ઇસમાઈલની સહી-ધોરાજી
નુરમાહમદ મીઠા દ. પોતે-ધોરાજી
રેમતલાભાઇ દેવજી સહી દ. પોતે-ધોરાજી
ભાઇ હબીબ નજરાલીની સહી દ. પોતે-કોટડા સાંગાણી
હુસેન નથુની સહી દ. પોતે-ધોરાજી
ભાઇ ગુલામહુસેન રેમતુલા સહી દ. પોતે ધોરાજી
ભાઇ બદરૂદીન રેમતુલાની સહી-ધોરાજી
ભાઇ સકુર આમદ સહી-ધોરાજી
કરમાલી નુરમોહમદની સહી-ધોરાજી
હાસમ સકુરની સહી દ. પોતે
હુસેન હાસમની સહી દ. પોતે-ધોરાજી
ધનજી રવજી સહી દ. પોતે-ધોરાજી
ભાઇ વલી આમદની સહી-ધોરાજી
ઇસમાલ મુસુરી સઇ દ. પોતે-ધોરાજી
ખોજા જુમા દાદાની સઇ દ. પોતે-મુ. મુંબઇ
અબદુલા સાકુ બુધવાણી-ધોરાજી
બદરૂદીન પી. હેમાણી-ધોરાજી
વલી રહીમની સઇ-ધોરાજી

ખોજા હાસમ હરજીની સહી–ધોરાજી
હબીબ હારૂનની સહી–ધોરાજી
કરમાલી ધનજીની સહી–ધોરાજી
ખોજા નુરદીન સુંદરજીની સહી દ. પોતે–ગોંડલ
ખોજા ગુલામહુસેન અલીમામદની સહી–ધોરાજી
કાનજી નાનજી મોટી મારડવાળાની સહી દ. પોતે
ખોજા હીરજી ફીફાભાઈની સહી દ. પોતે
ખોજા અઝીઝ ઇબરામની સહી દ. પોતે
ખોજા રવજી મામદની સહી દ. પોતે
ખોજા ગુલામઅલી ઇબરામની સહી દ. પોતે
ખોજા હાજીભાઇ મીઠાની સહી દ. પોતે–ખેળા
હાજીભાઇ જીવરાજ બુધવાણી–જેતલસર
ખોજા શાહબુદીન મનજી મોટી મારડવાળાની સહી દ. પોતે
ખોજા હબીબ મીઠાની સહી દ. પોતે છાડવા વદરવાળા
ખોજા હાસમ કાસમની સહી દ. પોતે શ્રીજામજોરીઆ
ખોજા દામજી વેલજીની સહી દ. પોતે–મુ. મીંમાસ
ખોજા હુસેન મનજીની સહી દ. પોતે–જેતલસર
વેલજી વાલજીની સહી દ. પોતે–વડોદરા
શાહબુદીન જમાલની સહી દ. પોતે–ધોરાજી
ખોજા હાસમ ઇસમાલની સહી દ. પોતે
ખોજા પીરભાઇ મામદ દ. પોતે–ધોરાજી
ખોજા કાસમભાઇ પુંજાની સહી દ. પોતે
જમાલ નુરમામદ હારૂનની સહી દ. પોતે
રેમતુલ્લા અલીભાઈની સહી દ. પોતે
ઇબરામ સીદીની સહી દ. પોતે
હબીબ જમાલની સહી દ. પોતે
જમાલભાઇ હીરજીની સહી દ. પોતે
ઇસમાલ ખોજાની સહી–નવાગામ
મનજી માવજીની સહી દ. પોતે
માસ્તર કાસમ કાનજી આરનીઆ–નવાગઢવાળા
મહમદઅલી ઇસમાલની સહી–નવાગઢ
હાસમ જમાલની સહી દ. પોતે–જેતપુર
એચ. સી. માવાણી–રંગુનવાળા હાલ જેતપુર
હાદી કાસમ–જામનગર
મામદ સામજીની સહી દ. પોતે માણાવદરવાળા
જાફર મામદ સામજી–માણાવદર
જુસબ વીરજીની સહી દ. પોતે
હીરજી ઇસમાઇલની સહી દ. પોતે–જામનગર
કાસમ હાસમની સહી દ. પોતે–ઉપલેટા
હાસમ દેવજીની સહી–રાજકોટ
હુસેન હાસમની સહી દ. પોતે–ઉપલેટા
મુખી હાસમ ઇસમાલની સહી–જેતલસર જમાત
કામડીઆ કાસમભાઇ મામદની સહી જેતલસર જમાત
ચકુભાઇ માધવજીની સહી–જેતલસર જમાત
જમાલ વાલજી મીઠાની સહી દ. પોતે–જેતપુરવાળા જમાત
કાનજી વીરજીની સહી દ. પોતે–જેતપુરવાળા જમાત
હાસમ જીણાની સહી દ. પોતે–જેતપુરવાળા જમાત
કાસમભાઇ મનજીની સહી દ. પોતે
કાસમભાઇ કાનજીની સહી દ. પોતે

આમદ સોમજીની સહી દ. પોતે

જેતલસર જંકશન.

એચ. જે. બુધવાણી મુખી
જીવરાજ પરપતીની સહી
કામડીઆ અલી અમરસીની સહી દ. પોતે
અકબરઅલી નુરમામદની સહી દ. પોતે
હબીબ ડાયાની સહી દ. પોતે
વલી કાળાની સહી દ. પોતે
ગુલામહુસેન કાસમભાઇની સહી દ. પોતે
બચુ ચકુની સહી દ. પોતે
વાલજીભાઇ તેજાની સહી દ. પોતે
ભાઇ કરીમ હેમરાજ બુધવાણીની સહી દ. પોતે
હુસેન મનજી જીવાણીની સહી દ. પોતે
ભાઇ નુરમામદ સુંદરજીની સહી દ. પોતે

**મજેવડી જમાત તરફથી**

મુખી કાસમ કુરજીની સઇ દ. પોતે
કામડીયા રાજમલની સઇ દ. પોતે
અલીભાઇ રહેમતુલ્લાની સહી દ. પીરભાઇ
હબીબ હેમરાજની સઇ દ. પોતે
હેમરાજભાઇ ખીમજી સહી દ. પોતાના
મનજીભાઈ સામજીની સહી દ. પોતે
હબીબ માવજીની સહી દ. પોતે
હાસમ રામજી દામત
ભા. દેવરાજ જીઆની સહી દ. પોતે
ભાઇ હેમરાજ કુરજીની સઇ દ. પોતે
ભાઈ અબદલ મામદ અલીભાઈ કુરજીની સહી દ. પોતે
ભાઇ હાસમ ગાંગજીની સઇ દ. પોતે
ભાઈ હબીબ ભાઇ કરીમની સહી દ. પોતે
ઝીણાભાઇ કાનજીની સહી દ. પોતે
સુંદરજી જસરાજની સહી દ. પોતે
ભાઇ ગુલામહુસેન કાસમ ડોસાની સહી દ. પોતે
ભાઇ ઇસ્માલ લધાની સહી દ. ગુલામહુસેન તે ઇસ્માલભાઇના કહેવાથી
મામદભાઇ કુરજીની સહી દ. પીરભાઇ. મોંઘીબાઇના કહેવાથી
જીવાભાઇ નાનજી મેઘજીની સહી દ. અબ્દલ અઝીઝ. મીઠીબાઇના કહેવાથી
રાજનભાઇ મનજીની સહી દ. કાસમ હાસમ. તે પુરીબાઇના કહેવાથી
ભાઈ જીવા નાનજી દેવજીની સહી દ. ઇબરામ. તે પ્રેમબાઇના કહેવાથી
ઝીણાભાઇ કાનજી દેવજીની સહી દ. અબ્દલ મામદ. તે કમરબાઇના કહેવાથી
વશરામભાઈ લધાની સહી દ. માવજીભાઇ. તે રતનબાઇના કહેવાથી
અલીભાઇ જીવણની સહી દ. ઇબરામ સુંદરજી. તે મોતીબાઇના કહેવાથી
ભાઈ ઇબરામ સુંદરજીની સહી દ. પોતે

ઉપલેટા જમાત.

તા. ૨૨–૫–૧૯૩૪.

મુખી હબીબ ગોવાની સહી દ. પોતાના
કામડીઆ પ્રેમજીભાઇ જુમા
ભાઈ હાસમ માવજીની સહી દ. પોતે
ભાઇ કાસમ હાસમ દ. હાસમ માવજી

ભાઇ હુસન હાસમની સહી દ. પોતે
ભાઇ અલીભાઇ રહીમની સહી દ. પોતે
ભાઇ રવજી દમાણુની સહી દ. પોતે
ખોજા હાસમ મેરા દ. પોતે
ખોજા અકબરઅલી કલાણાવાળાની સહી દ. રહીમ અલીભાઇ
ભાઇ કાસમ રહીમની સહી
ભાઇ લાલજી મુરજીની સહી
ભાઇ કરમાલી હબીબની સહી
કાસમ વલીની સહી દ. હબીબ
ઇબ્રામ જુમાની સહી દ. હબીબ. તેના કહેવાથી
અબાભાઇ ઇબ્રામની સહી દ. પોતે
ખોજા જમાલભાઇની સહી દ. હબીબ. તેના કહેવાથી
રાજન ડોસાની સહી
ખોજા નાનજી લાધા પાનેલીવાળાની સહી દ. પોતાના
ખોજા ઝવેરભાઇ વીરજી દ. પોતે

### જામનગર જમાત.

તા. ૪-૬-૧૯૩૪.

મુખી કારા રવજીની સહી દ. પોતે
કાસમ ઇસમાલની સહી દ. પોતે-જામનગર
શેરમામદ કારાની સહી દ. પોતે-જામનગર
ખોજા નુરમામદ શામજીની સહી દ. પોતે
હરજી ધનજીની સહી દ. પોતે
હબીબ વશરામની સહી દ. પોતે
હુસેન જેસા કામડીઆ દ. પોતે
કામડીઆ અહમદઅલી વશરામની સહી દ. પોતે

### પાનેલી મોટી જમાત

તા. ૨૨-૫-૩૪

મુખી પોપટભાઇ મીઠાની સહી દ. પોતે
પ્રેમજી ... જુમાના સહી દ. પોતે
જીવા રવજીની સહી દ. પોતે
ભાઇ પોપટ જીવાની સહી દ. પોતે
ભાઇ રેમતુલા ભાણજીની સહી દ. પોતે
ભાઇ ઓીણા પુંજાની સહી દ. પોતે
ભાઇ કાસમ પ્રેમજીની સહી દ. પોતે
ભાઇ દેવશી નાનજીની સહી દ. પોતે
ઓીણા જીવરાજની સહી દ. પોતે
ભાઇ જીવરાજ રહીમ
ભાઇ પેલાભાઇ વાલજીની સહી
ભાઇ જીવાભાઇ નાનજીની સહી
ભાઇ વેરશી નાનજીની સહી
પોપટ કાળાની સહી દ. પોતે
ભાઇ હબીબ ભાઇ નાનજીની સહી દ. પોતે
રેમતુલા પ્રેમજીની સહી દ. ગુલામહુસેન
વલીભાઇ જીવા ખોજા દ. પોતાના
હબીબ ઇસમાલ પુંજાની સહી દ. પોતે
જીવા પ્રેમજીની સહી દ. ગુલામહુસેન
નુરમામદ સુંદરજીની સહી દ. પોતે
સોમજી કાસમની સહી દ. પોતે-જામનગર
નજરઅલી હીરજી દ. પોતે-જામનગર

હાજી ગાંગજીની સહી દ. પોતે-જામનગર
કરમાલી મેઘજી દ. સાલેમામદ કરમાલી
લાલજી કાળાની સહી દ. પોતે-જામનગર
હુસેન નથુની સહી દ. પોતે-જામનગર
ગુલામહુસેન વશનજીની સહી પોતે-જામનગર
મુખી કાસમ ભીમજીની સહી દ. પોતાના-જુનાગઢ
કામડીઆ મામદ ઇસમાલની સહી દ. પોતે
કાસમ વલદ કાસમભાઇ-જુનાગઢ
અલીજાહાં જમાલ તેજાની સહી-જુનાગઢ
શકુર રહેમતલાની સહી-જુનાગઢ
કાળુ ગુલમામદની સહી દ. પોતે
મી. હાસમ દીનાની સહી દ. પોતે-જુનાગઢ
ભાણજી ભીમજીની સહી-જુનાગઢ
કાસમ પીરૂ-જુનાગઢ
જમાલ નુરમામદ-જુનાગઢ
હાસમ જમાલ જીવાણી
અલીમામદની સહી દ. પોતે
યુસુફઅલીભાઇ જાદવજીભાઇ કરમસી
અબ્દલ મહમદ ગુલામહુસેન-જુનાગઢ
નુરમામદ મામદ ઇસમાલની સહી
જુમા મામદ વીરાણી-જુનાગઢ
સમસુદીન જીવરાજની સહી
ગુલામહુસેન આમદની સહી દ. પોતે
કાસમ અલી જુમાની સહી
અલી કાસમની સહી દ. પોતે
ગુલામહુસેન જમાલ થારાણી
જુમાભાઇ પમાની સહી-જુનાગઢ
કાનજી ... ની સહી
મુખી હસન ધનજીની સહી-જુનાગઢવાળા
અજીજ કુરજીની સહી દ. પોતે-જુનાગઢ
અલીભાઇ વીરજીની સહી દ. નુરૂદીન-જુનાગઢ
પીરભાઇ સવજીની સહી-જુનાગઢ
સફરઅલી મુસાની સહી-જુનાગઢ
કારા મનજીની સહી-જુનાગઢ
જુમાભાઇ હાસમની સહી-જુનાગઢ
મુસાભાઇ ગાંગજીની સહી-જુનાગઢ
જાફર ઇસમાઇલ કડવાની સહી-જુનાગઢ દ. જીવા જાફરે
રેમતઅલી જાફરની સહી-જુનાગઢ
રેમતલા રેમુની સહી-જુનાગઢ
નાથાભાઇ ઇસમાલની સહી દ. પોતે-જુનાગઢ
આહમદ કચરાની સહી-જુનાગઢ
અબ્દલા વલીની સહી-જુનાગઢ
અલીભાઇ કાનજીની સહી-જુનાગઢ
મામદ ફતુની સહી-જુનાગઢ
હબીબભાઇ હસનની સહી-જુનાગઢ
કરીમ રવજીની સહી-જુનાગઢ
કારાભાઇ અલી-જુનાગઢ
કરીમ ગીગાની સહી દ. યુસુફઅલી-જુનાગઢ
અલી ઇબ્રામની સહી-જુનાગઢ

માસ્તર અલી હસનની સહી દ. પોતે–જુનાગઢ
માસ્તર હસનની સહી દ. પોતે
ઇભરામ ડોસાની સહી દ. પોતે–જુનાગઢ
જાફર હીરજીની સહી–જુનાગઢ
રહીમ હાસમની સહી દ. જીવા જાફર–જુનાગઢ
હબીબ કારાની સહી દ. પોતે
દોસ્તમહમદની સહી–જુનાગઢ
કાનજી ધનજીની સહી–જુનાગઢ
આમદ રહેમુની સહી દ. પોતે
અલી ફતુની સહી–જુનાગઢ
ઇસા અભરામની સહી
વલીભાઇ લાલજીની સહી–જુનાગઢ
નથુભાઇ તેજાની સહી–જુનાગઢ
મીઠા વલીની સહી દ. પોતે
અજીજ હાસમની સહી–ધોરાજી
નુરદીન કાસમની સહી–ધોરાજી
મહમદ જમાલની સહી–ધોરાજી
અબ્દલા શામજીની સહી–ધોરાજી
જમાલ નુરમામદની સહી–ધોરાજી
મામદ વલીની સહી–ધોરાજી
વારસ પીરભાઇ તેજાની સહી દ. પોતે
મુખી જીવા રતનશીની સહી દ. પોતે–ગોંડલ
હાસમ જીવાની સહી દ. પોતે–ગોંડલ
મુખી ટપુભાઇ કેશવજીની સહી દ. કાસમ કારાભાઇ–ગોંડલ
બદરૂદીન ટપુભાઇની સહી દ. પોતે–ગોંડલ
નુરમામદ કાનજીની સહી–ગોંડલ
ઇભરામભાઇ કરીમની સહી દ. પોતે–ગોંડલ
ઇભરામભાઇ જમાલની સહી દ. અકબરઅલી ટપુભાઇ–ગોંડલ
કાનજી લાધાની સહી દ. પોતે–ગોંડલ
કેશવજી કારાની સહી દ. બદરૂદીન કેશવજી–ગોંડલ
કામડીઆ મેરાલી જીવરાજની સહી દ. હાસમ મેરાલી–ગોંડલ
ખોજા હાસમ કારાભાઇની સહી–ગોંડલ દ. હાસમ કારા
ખોજા હબીબ મેરાલીની સહી દ. પોતે–ગોંડલ
ખોજા હબીબ કાળાની સહી દ. પોતે–ગોંડલ
ખોજા અભરામ ઓદાની સહી દ. પોતે–ગોંડલ
હુસેનભાઇ ઇભરામની સહી દ. પોતે–ગોંડલ
અલીભાઇ ભાણજીની સહી દ. પોતે
મુખી કોળીથડ મહમદ અલી લાલજીની સહી દ. પોતે
ખોજા હીરજી ઇસમાલની સહી મુ. મોવૈયા
કારા કાનજીની સહી દ. પોતે
અબ્દલા ગુલામહુસેનની સહી દ. પોતે
મુખી ઇસમાઇલભાઇ આમદની સહી દ. પોતાના
કામડીઆ મામદ સરીફ
મુખી હાજીભાઇ નુરમામદ
ઇસમાઇલભાઇ સોમજી
નુરમામદ આમદની સહી દ. કરીમ
કાસમભાઈ મોટણની સહી
કાસમ જુમાની સહી દ. પોતે
જાદવજી કાળા લાલાણી દ. પોતે

ઇભરામ આમદની સહી દ. પોતે
મુખી જુમાભાઇ ગીગાની સહી દ. પોતે
વેલશી હાશમ પંજવાણી દ. પોતે
મુસા હબીબની સહી દ. પોતે
ખોજા વશરામ મુળજીની સહી
હાસમભાઇ પુંજા પંજવાણી
ઇસમાલ ડોસાની સહી દ. પોતે
ગુલામઅલી ઇસમાલની સહી દ. પોતે
અલીદીના ઇસમાલની સહી દ. ગુ. ઇ.
કરીમ નુરમામદની સહી દ. પોતે
ઇભરામ દાદાની સહી દ. પોતે
ગુલામઅલી જાદવજીની સહી દ. પોતે
સરીફ કાનજીની સહી દ. પોતે
કાસમભાઇ વલીમામદની સહી દ. પોતે
ઇસમાલ કાસમની સહી દ. પોતે
કાનજી કરીમની સહી દ. સરીફ કાનજી
મુરાદઅલી કાસમની સહી દ. ઇસમાલ
ગુલામહુસેન હાસમની સઇ દ. પોતે
હબીબ હાસમની સઇ દ. ગુલામહુસેન
જુસબ મોટણની સઇ દ. પોતે
કાસમ જુસબની સઈ દ. પોતે
ખોજા અલી નુરમામદ સઇ દ. પોતે
હબીબ અલીની સઇ દ. પોતે
હાસમ અલીની સઇ દ. પોતે
કાસમ અલીની સઇ દ. પોતે
બાબુ અલીની સઇ દ. પોતે
ઇભરામ શરીફ દ. પોતે
મહેરઅલી કરમાલીની સઇ દ. પોતે
અકબર અલીભાઇની સઇ દ. પોતે
ગુલામહુસેન વલીમામદની સઇ દ. પોતે
હસનઅલી ગુલામહુસેનની સઇ દ. પોતે
વીરજીભાઇ દામજીની સઇ દ. અમીરઅલી
માવજીભાઇ પુંજાની સઇ
હસનઅલી રેમતલાની સઇ
અમીરઅલી વીરજીની સઇ દ. પોતે

ભાયાવદર શીયા ઇમામી ઇસમાઇલી જમાત

તા. ૨૩–૫–૩૪

મુખી હુસેન ફુરજીની સઇ દ. પોતે
કામડીયા હુસેન હીરજીની સઇ દ. પોતે
ફુરજી વેલજીની સઇ દ. પોતે
પોપટ મનજીની સઇ દ. પોતે
રાજન જુઠાની સઇ દ. પોતે
જમાલ હરજીની સઇ દ. પોતે
જુમા મેઘજીની સઇ દ. પોતે
દેવશીભાઇ મેઘજીની સઇ દ. ગુલામઅલી
ભાઇ આહમદ હબીબની સઇ દ. પોતે
સીદુ વેલજીની સઇ દ. પોતે
ઇસા રહીમની સઈ દ. પોતે
ધ્રાફાવાળા ઇસમાલભાઇ નથુની સઇ દ. હાસમ

કરમાલી ગુલામહુસેનની સઇ દ. પોતે
જાદવજી રવજીની સઇ દ. પોતે
હસનઅલી કાનજીની સઇ દ. પાતે
ગુલામહુસેન હીરજી વાલજી સઇ દ. પોતે

સ્વસ્થાન શ્રી રાજકોટ સ્ટેટના મહેરબાન દીવાન સાહેબની હજુરમાં *

અરજદાર કોટડા સાંગાણી શીયા ઇમામી ઇસમાઇલી ખોજા જમાતના નીચે સહીઓ કરનારાઓની સવિનય અરજ એ છે જે આપ સાહેબના તાબાના ગામ રાજકોટ શહેરની અંદરથી પ્રગટ થતા ખોજા જાગૃતિ નામના અઠવાડીક પત્રમાં અમારા પવિત્ર ધર્મ અને પુજ્ય હજુર ઇમામ તરફ અણછાજતા હુમલાવાળા લખાણો પ્રગટ થાય છે અને એથી અમારી અને આખી ઇસ્માઇલી આલમની લાગણી અત્યંત દુખાઇ છે અને આવી ન ઇચ્છવા યોગ્ય પ્રવૃત્તિ ચાલુ રહેશે તો અનેક વિક્ષેપો ઉત્પન્ન થવા સંભવ છે. માટે આ બાબત તાત્કાલિક તપાસ થઇ યોગ્ય બંદોબસ્ત થવા અમારી આ નમ્ર વિનંતિ ઉપર તાકીદે લક્ષ આપવા મહેરબાની કરશો એજ અરજ. તા. ૨૩-૫-૧૯૩૪.

લી. અમો છીએ આપ સાહેબના નમ્ર સેવકો,
હજુર મુખી હાસમભાઇ સાલેમામદ
મામદ કેશવજીની સહી દ. પોતે
કાળા રવજીની સહી દ. પોતે
પીરભાઇ જીવાની સહી દ. પોતે
નાનજી રતનશીની સહી
મામદભાઇ સવજીની સહી દ. ગુલામહુસેન નાનજી, તેના કહેવાથી
વેલજી માવજીની સહી દ. પોતે
નુરમામદ સરીફની સહી દ. પોતાના
માવજી હાસમની સહી દ. પોતે
નુરમામદ ગાંગજીની સઇ દ. પોતે
ગુલામહુસેન નુરમામદ જસાની સઇ
સુંદરજી નાનજી
જમાલ શરીફની સઈ દ. ઇસમાલ જમાલ
ગુલામઅલી બંદાલી જાનમામદ
જીવરાજ રૂડાની સઇ દ. પોતે
અલીભાઇ હાસમની સઇ
કુરજી ઇસમાલની સઇ દ. પોતે
અબ્દુલ નજરઅલીની સઇ દ. પોતે
કાનજીભાઇ વસ્તા દ. પોતે
કરમાલી કાળાની સઇ દ. પોતે

## છેલ્લી ઘડીએ

"ખોજા જાગૃતિ" બંધ કરાવવા રાજકોટ નરેશને કરવામાં આવેલી અરજીનો 'જાગૃતિ'ના તંત્રીએ આપવાનો લેખિત ખુલાસો રજુ કરવાની મુદ્દત ત. ૫ ની હતી તે તા. ૯-૭-૩૪ ઉપર ગઇ છે. તા. ૫ સુધીમાં પહોંચી નહિ શકવાથી 'જાગૃતિ'એ વધુ વખતની માગણી કરવાથી આમ કરવામાં આવ્યું છે.

* આ અરજી ઉપરની અરજીની સહીઓમાંજ સમાવી દેવામાં આવેલી હોવાથી તે રીતેજ આંહી મુકી છે.

## મહાત્માજી કાઠિયાવાડમાં

વ્યક્તિગત સત્યાગ્રહ કરી સરકારને હાથે એક વરસની સજા પામેલા મહાત્મા ગાંધીજીને ઉપવાસને કારણે સરકારે બંધનમુક્ત કર્યા એ વાતને આવતા ઓગસ્ટની ત્રીજી તારીખે એક વરસ પુરૂં થશે. પોતાની મુક્તિ દરમ્યાનના આ એક વરસ સુધી મહાત્માજીએ રાજકારણમાં કાંઇ ભાગ નહિ લેવાનું જાહેર કરેલું અને ત્યારથીજ તેઓ હરિજન ઉદ્ધારના કાર્યમાં આખો વખત ગાળવા લાગ્યા, અને તેમની ઐતિહાસિક હરિજન યાત્રા શરૂ થઇ. હિંદુસ્થાનના એક પછી એક પ્રાંતની મુલાકાત લેતા ગાંધીજી ગઇ તા. ૧-૨-૩ જુલાઇના દિવસો કાઠિયાવાડમાં વિતાવી ગયા.

હરિજન કાર્યકર્તાઓની ગોઠવણ અનુસાર મહાત્માજીએ કાઠિયાવાડમાં એકજ સ્થળે, ભાવનગરમાં આ ત્રણ દિવસો ગાળ્યા. એ ત્રણ દિવસોમાં કાઠિયાવાડમાં ચેતનાનું એક જબ્બર મોજું ફરી વળ્યું.

કાઠિયાવાડને ખુણે ખુણેથી લગભગ બધા જાહેર કાર્યકર્તાઓ ભાવનગર એકઠા થયેલા. કાઠિયાવાડના જુવાન વર્ગ અને ધોલેરા તથા વિરમગામ સત્યાગ્રહ છાવણીના સૈનિકો પણ મહાત્માજી સાથે ગોષ્ટિ કરવા આવેલા.

મહાત્માજીને હરિજન ઉધ્ધારના કાર્યમાં વાપરવા માટે રૂા. ૨૫૦૦૦) ની થેલી આપવાનું કાઠિયાવાડની પ્રજા વતી કાઠિયાવાડના જાહેર કાર્યકર્તાઓએ જાહેર કરેલું. પહેલેજ દિવસે ૨૫ ને બદલે ૨૬ હજારની થેલી મહાત્માજીને અર્પણ કરવામાં આવી. અને ત્યાર પછી મહાત્માજીએ કાઠિયાવાડ છોડયું ત્યાં સુધીમાં બીજા બેએક હજાર તેમને મળ્યા. પોરબંદરવાળા શેઠ નાનાલાલ કાલિદાસે આફ્રીકાથી તારનો સંદેશો મોકલાવી પોરબંદરના છાયા હરિજન આશ્રમને રૂા. ૫૦૦૦) ની ભેટ જાહેર કરી. મહાત્માજીને અપાયેલી થેલીના ત્રણ ભાગ નિયમ મુજબ કાઠિયાવાડમાં વાપરવામાં આવશે અને બાકીનો એક ભાગ અખિલ હિંદની હરિજન ઉધ્ધારની ચળવળમાં વપરાશે.

મહાત્માજીના નિવાસના ૩ દિવસમાં ૧ દિવસ મૌનનો હતો. બાકીના બે દિવસનો કાર્યક્રમ ભરચકક રહ્યો હતો. મહાત્માજીએ યુવાનોને એ વખત મુલાકાત આપી, જાહેર સભામાં ભાષણ આપ્યું, સ્ત્રીઓની સભા ભરી, આશ્રમ અને ભંડારની મુલાકાતો લીધી, કાઠિયાવાડની બે હરિફ હરિજન સંસ્થાનું સમાધાન કરાવ્યું, કાઠિયાવાડ સેવા દળની સભામાં દોરવણી કરી દળને વીખેરી નાખવાનું ઠરાવ્યું અને બીજા કેટલાય માણસોને પોતાના વ્યકિતગત સવાલોમાં સલાહ સૂચના આપી.

મહાત્માજીની મુલાકાતની સાથોસાથ કાઠિયાવાડને હિંદના અગ્રણીઓના સહવાસમાં આવવાની પણ તક મળી. મહાત્માજીની સાથે શ્રી. અબ્બાસ તૈયબજી, સ્વામી આનંદ, શ્રી. ઠકકર બાપા, શ્રી. વાલજીભાઇ, વિગેરે હતા. સ્વામીજીએ તો કાઠિયાવાડના જુવાનોની સભામાં પણ બે કલાક હાજર રહી હાજર રહેલા બધા યુવાનોનો પરિચય કર્યો.

આમ મહાત્માજીના કાઠિયાવાડના પ્રવાસથી અનેકવિધ લાભ કાઠિયાવાડને મળી ગયા.

## વેપાર સમાચાર

( તા. ૫-૭-૩૪. )

**ઉન :** છેલ્લાં બે અડવાડિયામાં લીવરપુલમાં અનુક્રમે ગાંસડી ૬૦૦ ) તથા ગાંસડી ૫૯૭) વેચાણી છે. બજાર ફેરફાર વગરનો રહ્યો છે. લંડનનો સેલ શરૂ થતાં અધએ-હરામાં પંદર ટકા મંદો ગયો છે. આવતા સેલમાં ગાંસડી વીશથી એકવીશ હજાર મુકાવા સંભવ છે. બજાર ભાવના ભાવ રહે તેમ લાગે છે. સ્થાનિક બજારમાં કાંઇ ફેરફાર થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨ાા-૧૩) આસપાસનો ગણાય.

**રૂત :** ભરૂચ ૨૦૯　　　**બકરાના વાળ:** ૩) ૩ાા

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ાા≈ ૧ાાા ૨) ઘઉં | ૨ા~ ૨ા≈ તલ |
| ૧ા~ ૧ાાા બાજરો | ૧ાા≈ ૧ાાા મેથી નવી |
| ૧)≈ ૧ા≈ જુવાર | ૧ાા~ એરંડા એરંડી |
| ૧ા ૧ા≈ ચણા દેશી | ૧) ૧)≈ ૧ા~ મગ દેશી |
| ૧) ૧)~ કમોદ જાડી | ૧ા≈ ૧ાા અડદ |
| ૧ા≈ ૧ાા કમોદ જુણી | ૨) ૨)≈ રાઈ |
| ૧)~ મગફળી જુણી | ૧ાાા~ શીંગદાણા હાથફોલ |
| ૧)~ ૧)~ાા મગફળી જાડી | |

**ઘી :** ૨૮ાા ૨૯) મુંબઇ પરખ, ૨૧) તાજો રસ

**તેલ :** ૪ાા તલનું, ૩)~ શીંગનું.

**પરચુરણ :** ૩) ૩ાા ગોળ દેશી.
૬) ૬ા કપાશીયા કરાંચી
૪ા ખાંડ રાજકોટ શહેર, ૩ા~ સદર. ૮) ૮ાા સોપારી જુની.
૧૨) ગદબનું બી. ૯ાા-૧૦) વેસણ જીણું. ૮ાા વેસણ જાડો.
૭) ૭ાા ઘઉંનો લોટ. ૧૦) મેંદો. ૧૦)≈ ૧૦ા સોજી.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )

[અનુસંધાન પાના ૮૮થી]

પાડવી પડશે, પતિએ પોતાની પત્નિની અવગણના કરવી પડશે અને ભાઇને પોતાની બ્હેન તજી દેવી પડશે. જો સારા કાયદાઓનું આજ પરિણામ આવવાનું છે તો અમે માત્ર એટલુંજ કહીએ છીએ કે, "ધીટકાર હજો આ કાયદાઓને !"

અંતમાં આપ નામદાર અમારા દરમાઇલી ભાઇઓના દુનિયાભરમાં વડામાં વડા ધર્માધિકારી છો એ અમે જાણીએ છીએ તેથી, અને આપ અંતઃકરણપૂર્વક મોટું મન ધરાવો છો એ અમે જાણીએ છીએ તેથી, અમે ખોજાઓની બહુમતી વતી આપને માનપૂર્વક વિનંતિ કરીએ છીએ કે આપ સાફ સાફ શબ્દોમાં આવા અમાનુષી બંધારણને રદ કરશો, કે જે દયાળુ કૃત્ય આપના અસંખ્ય પરમ ભક્તો પાસે અંતઃકરણપૂર્વકના આશીર્વાદ ઉચ્ચારાવશે.

આપના અતિ આજ્ઞાધીન સેવકો,
(સહીઓ)

## ટુંકા સમાચાર

—પંડિત જવાહરલાલ ન્હેરૂ ભયંકર આફતમાંથી બચવા પામ્યા છે. જેલની કાટડીમાં તેઓ સુતા હતા તે વખતે તેમના પગ પાસે એક નાગ આવી ચડયો હતો. એ જોઇ જવાહરલાલજી ત્યાંથી ઉભા થઇ દુર ખસી ગયા. દરમ્યાન નાગને વોર્ડરે મારી નાખ્યો.

—વ્યક્તિગત સત્યાગ્રહમાં પકડાયેલા વીલેરા છાવણીના ૧૮ સૈનિકોને સાબરમતી જેલમાંથી મુદત પુરી થતાં પહેલાં છોડી મુકવામાં આવ્યા છે.

—શ્રી. અમૃતલાલ શેઠના પ્રમુખપણા નીચે અમદાવાદમાં મળેલી ધ્રાંગધ્રા રાજ્ય પ્રજા પરિષદે ધ્રાંગધ્રાના રાજસાહેબને હદપારી અને બીજા અન્યાયી ફરમાનો ખેંચી લેવાની વિનવણી કરવા સાથે બાર ઠરાવો પસાર કર્યા છે.

—રાજ્ય સામે બળવો કરવાની તેઓ તૈયારી કરતા હતા એમ કહી હીલટરે જર્મનીમાં પોતાના સેંકડો જુના સાથીઓને કતલ કર્યા છે, જેમાં હીલટર પહેલાંના ચેન્સેલર સ્લેશરને પણ ગોળીથી ઠાર કરવામાં આવ્યો છે. આ ભયંકર હત્યાકાંડથી યુરોપ આખો ખળભળી ઉઠયો છે.

—"સૌરાષ્ટ્ર" અને શ્રી. અમૃતલાલ શેઠ દમદમાટીથી પૈસા કઢાવે છે એવો સ્વ. જામ રણજીતસિંહનો આડકતરો આક્ષેપ "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ"એ છાપી પ્રગટ કરવાથી શ્રી. શેઠે "ટાઇમ્સ" ઉપર માંડેલ બદનક્ષીના દાવાઓની "ટાઇમ્સે" શ્રી. શેઠને રૂા. ૧૦,૦૦૦) નુકશાનીના આપી અને તેમની જાહેર માફી માગી પતાવટ કરી છે.

—ફરીથી વિરમગામની જગાતી લાઇનદોરી ચાલુ થઇ છે. દેશી રાજ્યની હદમાંથી બ્રીટીશ હિન્દમાં દાખલ થતા દરેક માણસની જડતી લેવામાં આવે છે. વિરમગામ જતી બધી ટ્રેનોના ચુકતે ડબાઓને આગલે સ્ટેશનથી ચાવી મારી બંધ કરી દેવામાં આવે છે અને જગાતી અમલદારો ઉતારૂઓના સામાન ચુંથે છે. કાઠિયાવાડના બંદરો અપ્રામાણિક હરીફાઇ કરી પરદેશથી મુંબઇ પોસાતો માલ પોતાના બંદરોએ ખેંચી જઇ કાઠિયાવાડ મારફત બ્રીટીશ હદમાં એ માલ પહોંચાડે છે એનો બદલો વાળવા કે ઉપાય કરવા આ જગાતી લાઇનદોરી ફરી ચાલુ કરવામાં આવી છે.

—"રોશની"માં એવા ખબર પ્રગટ થયા છે કે ભાવનગર રાજ્યના સુત્રધાર સર પ્રભાશંકર પટણીએ શ્રી. મણીલાલ કોઠારીને ખાનગી મનાઇ હુકમ પહોંચાડયો છે કે ભાવનગરની હદમા તેમણે કોઇ પણ જાતનું રાજકીય ભાષણ આપવું નહિ.

—ગુજરાત હરિજન સેવા સંઘના મંત્રી શ્રી. પરિક્ષિતલાલ મજમુદાર ઉપર જંગલમાં ભીલો પાસે માર મરાવનાર વડોદરા રાજ્યના નામોલી ગામના ફોજદારને ખાતાવાર તપાસ કરી રાજ્યે બરતરફ કર્યો છે.

—મુંબઇની મીલ હડતાળ દરમ્યાન ખાસ સત્તાના વટહુકમ નીચે પકડાયેલા ૧૪ કામદાર આગેવાનોમાંથી સરકારે ૭ ને છોડી મુકયા છે.

# "અમારી આંખોમાંથી લોહીના આંસુ સરે છે"

## "અમાનુષી બંધારણ રદ કરો"

### કચ્છીઓએ ના. આગાખાનને કરેલી હૃદયદ્રાવક અરજી

[ ના. આગાખાને દુવા આર્શીષ સહીત કચ્છની જમાતો માટે જે કાયદા કાનુન મંજુર કર્યાં છે તે કચ્છીઓના પ્રાથમિક અધિકારોનો કચ્ચરઘાણ વાળનારા હોવા ઉપરાંત કેટલા ભારે છે તે અમે આ અગાઉ બતાવી ગયા છીએ. ના. આગાખાનના આ આપખુદ શાસન સામે કચ્છની જમાતોએ પ્રબળ વિરોધ ઉઠાવવા માંડયો છે એ જાણી ખોજા આલમ ખુશ થશે. આ નીચે ના. આગાખાનના એ પગલાનો વિરોધ કરતી એક અરજી તેમને મોકલાવવામાં આવી છે તેનું ગુજરાતી ભાષાંતર અમે રજુ કરીએ છીએ. એ કહેવાની જરૂર નથી કે નામદારે પોતાનો જુનો શિરસ્તો જાળવી રાખ્યો છે અને આ અરજીનો કાંઇ પણ જવાબ તેમણે આપ્યો નથી.]

કચ્છ... તા. ૧૫-૪-૧૯૩૪.

હીઝ હાઇનેસ રાઇટ ઓનરેબલ સર આગાખાન
મહમદ શાહ સુલતાન, પી. સી., જી. સી. એસ. આઇ., કે. સી. આઇ. ઇ., એલ. એલ. ડી. ઇત્યાદિ.

ખુશ રહો આપ નામદાર.

આપ નામદાર જેવા વિશ્વ વિખ્યાત રાજપુરૂષ અને ધર્મના યોદ્ધા, સ્થંભ અને તારણહારને નમ્ર સલાહનો એક શબ્દ પણ કહેવો એ કેટલું સાહસ ભરેલું છે તે અમે જાણીએ છીએ અને તેથી પુરા વાકેફગાર છીએ. છતાં અમે એ ખુલ્લી રીતે કબુલ કરીએ છીએ કે આપના અતિ કિંમતી વખતમાં હાથ નાખવાની કટોકટીના સંજોગો અમને ફરજ પાડે છે, કે જે માટે આપ અમને ક્ષમા કરજો.

નામદાર! અમારા ખોજા ભાઇઓ વચ્ચે દરરોજ વધતું જતું અંતર અને હંમેશાં વધતી જતી કડવાશ અમે જોઇએ છીએ ત્યારે, અને વધારામાં જ્યારે અમને નિર્દયતાથી એમ કહેવામાં આવે છે કે આ બધાનું કારણ આપે બનાવેલ કાયદા છે, ત્યારે અમે કંપી ઉઠીએ છીએ અને અમારી આંખોમાંથી લોહીનાં આંસુ સર્યાં વિના રહેતાં નથી.

આપે છેલ્લે જ્યારે કચ્છની મુલાકાત લીધી ત્યારે ભુજ ખાતેના આપના ભાષણની અમે આપ નામદારને યાદ આપીએ! કેટલાક સ્વાર્થી અને હિત ધરાવતા માણસોએ કચ્છ માટે કેટલાક કાયદા ઘડવાની આપને કરેલી અરજીનો જવાબ આપતાં આપ નામદારે ઉદાર ભાવે સંજોગોની અતિ બારીક તપાસ કર્યા પછી કાંઇ પણ અસ્પષ્ટતા વિના સાફ સાફ શબ્દોમાં જાહેર કર્યું હતું કે, "કચ્છ ગરીબ પ્રદેશ હોવાથી તેને કાયદાની જરૂર નથી. મારી રૈયતે અત્યારે છે તેમ એક બીજાનો સહકાર સાધી ચલાવ્યે જવું."

કમનસીબે આપ નામદારની હિંદ ખાતેની આ સફર દરમ્યાન આવા સ્વાર્થી અને હિત ધરાવતા માણસોમાંના કેટલાકે પોતાના નજીવા હેતુ પાર પાડવા સમસ્ત કોમ તરફની પોતાની ફરજ તજી દીધી છે અને તેઓ કાયદાઓ ઉપર આપની મંજુરી મેળવવામાં બાધક રીતો વાપરીને ફત્તેહમંદ થયા છે, કે જે કાયદાઓ કોમની સેવા કરવાને બદલે તેઓના પોતાના હલકટ ઉદ્દેશો બર લાવનારા છે. અને આવી રીતે કોમના હકક ઉપર પગ મુકીને, તેઓએ તેને અમલમાં મુકવાનું શરૂ કર્યું છે, કે જેના દુઃખદ પરિણામે કોમમાં અણબનાવ, ભાગલા અને કુસંપ ઉત્પન્ન થયાં છે અને આંહીની અમારી જમાત વિનાશ અને શરણાગતને કાંઠે આવીને ઉભી છે. આપ નામદારને સારી રીતે માલુમ હશે તેમ, કોઇ કોઇ માણસો કોમ ઉપર રાજ ચલાવવા આપની પાસેથી કેટલીક સત્તાઓ મેળવવા પ્રયત્નો કરે છે, કારણ કે જે લોકોને આવી સત્તાઓ આપવામાં આવી હોય છે તેઓ તરફ અમારા આંહીના ભાઇઓ પ્રતાપ અને માનની લાગણીથી જુએ છે, કેમકે તેઓ એમ માને છે કે માત્ર સદ્‌ગુણી, પ્રમાણિક અને ખાનદાન માણસોજ આપની પાસેથી આવી સતાઓ મેળવી શકે છે. આવી માન્યતામાં પ્રદિપ્ત થઇને, અમારા ઘણા ગરીબ ભાઇઓ અને બ્હેનો આવા લોકોને ત્યાં પોતાની જુજ અને મહેનતથી રળેલી બચત અનામત મુકે છે કે જેથી કરીને તેમની છેલ્લી મરણ ક્રિયાનું ખર્ચ કાઢી શકાય. નામદાર! આંહી પરાકાષ્ટા આવે છે! અમે પ્રામાણિકપણે માનીએ છીએ કે આપ આવાં નાણાંના દુર્વ્યય અને આવા લોકોના હાથમાં અપાયેલી આવી સત્તાના દુરૂપયોગ માટે નિર્દોષ છો. આ હરામખોરો આવાં નાણાં વડે ખૂબ સટ્ટો ખેલે છે કે જેથી નાણાં વિષયક મુશ્કેલીઓ ઉભી થાય છે અને અંતે તેઓ દીવાળું કાઢે છે. આમ અસંખ્ય ગરીબ જીવોનો પૈસો લુંટાઇ જાય છે, બલ્કે ઘણી વખત તેઓની છેલ્લી મરણ ક્રિયાઓ પણ થઇ શકતી નથી. આ કથનને સાબીત કરવા જો કોઇ દાખલો જોઇતો હોય તો મેઘજી વલીની પેઢીની ચોકખી કફણંત નાદારી અને તે પછી વારસ ગુલામહુસેનના ભેદી કૃત્યો, કે જો પરિણામે કેટલીયે ગરીબ આશાભંગ વિધવાઓને ડબકાનાં આંસુ સારવાં પડયાં, તે હૃદય વિદારનારા છે. કેમ જાણે આ બધી પીડાને બાંટી જવા માટે, જે માણસોને સત્તાઓ આપવામાં આવી છે અને જેઓને કાયદાનો અમલ કરવાનું કહેવામાં આવ્યું છે તે માણસો કમનસીબે એવા માણસો છે કે જેમણે પોતાની કેળવણી અને જ્ઞાન ઉપર કહ્યા ગૃહસ્થો અને તેમના વંશજો પાસેથી લીધાં છે. ભવિષ્ય કેવું થશે એ વગર કહ્યું સારૂં છે.

જબરદસ્તીથી તેઓના ઉપર કાયદા લાદવા—કાયદા, કે જે અમે બતાવ્યું છે તેમ અમારી કોમમાં અણબનાવ, ભાગલા અને કુસંપ કરનારા છે અને જેનો અમલ સ્વયંસ્થાપિત, લોભી અને સ્વાર્થી માણસોને હાથે થવાનો છે, અને એ બધાંથી ચડી જાય તેમ આ બધું આપની મંજુરીની મ્હોર નીચે કરવામાં આવે—એ અમને ખોજાઓને માટે ચોકખા અન્યાય અને નસીબના ઉપહાસ સિવાય બીજું કાંઇ નથી.

અમારે એમ માનવું પડે છે કે ઇશનાઅશરીઓ અને ઇસ્માઇલીઓ વચ્ચે પ્રવતી રહેલ ભારે સહકારના ખબર બનતાં સુધી આપને મુદ્દલ આપવામાં આવ્યા નથી. અમારો એ દાવો છે, બલ્કે અમે એ જાહેર કરીએ છીએ કે ઇશનાઅશરીઓ સાથેના સહકારનો દરવાજો બંધ કરાવનારા આ કાયદાઓનું પરિણામ વધારેમાં વધારે ભયાનક આવશે—પિતાએ પોતાનીજ પુત્રીને મળવાની ના

[ અનુસંધાન પાના ૮૭ ]

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શાબાશ કચ્છી

Regd. No. B. 3114

# ખોજા જાગૃતિ

પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૧૨

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨.
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૬

જુલાઇ ૧૭ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના અષાડ શુદ ૫ મંગળવાર.

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

# ત્રણ વરસ પહેલાં મરણ પામેલા મુખી સાહેબ

## સહી કરવા સ્વર્ગમાંથી પાછા પધાર્યા ?

### અરજી ઉપર સહીઓ કેવી રીતે થઇ ?

( ‘ જાગૃતિના ’ના ખાસ પ્રતિનિધિ દ્વારા )

‘ જાગૃતિ ’ કાર્યાલયમાં સમાચાર આવ્યા કે “ ખોજા જાગૃતિ ” બંધ કરાવવા રાજકોટ નરેશને કરવામાં આવેલી અરજીમાં કેટલાક મરી ગયેલા માણસોની પણ સહીઓ છે. ખબર લાવનાર ભાઇઓ વિશ્વાસપાત્ર હતા, સારી માહીતી પણ ધરાવનારા હતા. છતાં જરાએ શક ન રહે, જરાએ અચોકકસતા ન રહે એવી તપાસ કરવાનો ‘જાગૃતિ’એ નિર્ણય કર્યો.

એક કિસ્સો પસંદ કરવામાં આવ્યો. મુખી ટપુભાઇ કેશવજી-ગોંડલ, એ નામના એક ભાઇની અરજી નીચે સહી છે. આ ભાઇ મરણ પામ્યા છે એવા ખબર હતા. એટલે પાકી તપાસ કરવા ‘ જાગૃતિ ’નો ખાસ પ્રતિનિધિ જાત માહીતી મેળવવા ગોંડલ ઉપડયો.

ગોંડલના આ ભાઇ વતી એક કાસમ કાળા નામના ભાઇએ સહી કરી છે. ‘ જાગૃતિ ’ના પ્રતિનિધિએ આ ભાઇને શોધી કાઢયા; તેમની મુલાકાત લીધી.

ભાઇ કાસમને પુછતાં તેમણે કબુલ કર્યું કે, “ મુખી ટપુભાઇ કેશવજી ગુજરી ગયા છે એ વાત સાચી છે. ૨ા થી ૩ વરસ પહેલાં તેઓ મરણ પામ્યા છે.”

‘જાગૃતિ’ના પ્રતિનિધિનું મુખ્ય કામ પતી ગયું. મુખી ટપુભાઇ કેશવજી ગુજરી ગયેલા હોવાની સંપૂર્ણ ખાત્રી થઇ ચુકી.

પછી તો એણે ભાઇ કાસમ સાથે બીજી કેટલીયે વાતો કરી. આ ભાઇ કાસમ મર્હુમ મુખી ટપુભાઇ કેશવજીના ભત્રીજા થાય છે. તેમણે વગર સમજ્યે કેમ જાણે આ કોઇ વેપારનું કામકાજ હોય એમ મરી ગયેલા કાકાની સહી અરજી ઉપર કરી દીધેલી. અરજી અંગ્રેજીમાં છે, અને આ ભાઇ મુદ્દલ અંગ્રેજી જાણતા નથી. પણ જેતલસરથી કંટ્રાકટનો ધંધો કરતા કોઈ ભાઈ સહીઓ લેવા ગોંડલ આવેલા. તેમણે સમજાવ્યું કે અંગ્રેજીમાં લખેલી અરજીનો અર્થ “ ખોજા જાગૃતિ ” બંધ કરાવવાનો થાય છે. એટલે આ ભાઇએ અરજી ઉપર સહી કરી દીધી.

આમ રાજકોટ નરેશને “ ખોજા જાગૃતિ ” બંધ કરાવવા થયેલ અરજીમાં અમુક અજાણી સ્ત્રીઓના કહેવાથી અજાણ્યા માણસોએ ત્રીજા ધણી વતી સહીઓ કરેલી હોવા ઉપરાંત સ્વર્ગે સીધાવેલા ગૃહસ્થોની સહીઓ પણ છે. રાજકોટ નરેશ બધા અરજદારોને પોતાની રૂબરૂ બોલાવે તો આ મરી ગયેલા માણસો દેવલોક તજી મૃત્યુલોકમાં હાજર થઇ સ્વર્ગમાં બેઠાં બેઠાં પોતાની લાગણી દુખાણી છે એવી જુબાની આપે ખરા કે ?

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૭-૭-૩૪.

## શાબાશ કચ્છ

"દુઆ આશિષ સાથે આ કાયદા અને કમીટી હું મંજુર કરૂં છું." નામદાર આગાખાને ફરમાવ્યું.

કારણ કે ના. આગાખાન એ બરાબર જોઇ શક્યા હશે કે આ નવા કાયદા અને નવી કમીટી પછી કચ્છનો રાહ વધુ વિકટ બનવાનો, કારણ કે નામદારને એ પુરેપુરી ખાત્રી હશે કે આ નવા કાયદા કચ્છની જમાતોને ચૂસી લેનારા અને ભાઇ ભાઇમાં ભેદ પડાવનારા નિવડશે, આ નવી કમીટી કચ્છની જમાતોના જન્મસિધ્ધ પ્રાથમિક અધિકારો ખુંચવી લેનારી થઇ પડશે. અને તેથીજ ભયભરેલા નવા રાહે પ્રયાણ કરતા કચ્છ તરફ પોતાની ભલી લાગણીના સૂચન રૂપે તેઓ નામદારે ફરમાવ્યું હશે કે 'આ આફત તમે વટાવી જજો, મારી તમને આશિષ છે.' જો કે કચ્છીઓનું માનવું એવું છે કે નામદારે આ આફત વટાવી જવા આશિષ ન્હોતી આપી,પણ એ આફત મુંગે મોઢે બરદાસ્ત કરી લેવા આપી હતી; કડવી કવીનાઇન ઉપર એ મીઠી સાકર હતી.

પણ હવે તો એ આશિષનો પ્રશ્ન નથી રહ્યો, તેનો અર્થ પણ નથી રહ્યો. ના. આગાખાને આપેલી આશિષને જરા દૂર, સલામત સ્થળે રાખીને કચ્છીઓ મેદાને જંગમાં કુદી પડ્યા છે. ના. આગાખાનની આશિષની કિંમત આંકવા આજે કચ્છીઓને ફુરસત નથી. આજે તો પ્રત્યેક સમજદાર કચ્છી એકજ વાત કરી રહ્યો છે, એકજ સૂર કાઢી રહ્યો છે : આ કાયદા નહિ જોઇએ, આ કમીટી નહિ જોઇએ.

કમીટી અને કાયદા આવ્યા. કચ્છીઓએ એ માગ્યા ન્હોતા, કચ્છીઓને એ જોઇતા ન્હોતા. છતાં એ વણનોતર્યા અતિથિ પેઠે કચ્છીઓને આંગણે આવીને પડ્યા. યજમાનના અતિથિભાવ ઉપર મદાર બાંધીને કેટલાયે નફટ સદ્‌ગૃહસ્થો પારકા મ્હેમાન થવામાં પાછા નથી પડતા. આ કમીટી અને કાયદાએ પણ એમજ કર્યું. કચ્છ ભલે ઇચ્છતો હોય કે ન ઇચ્છતો હોય, પણ ત્યાં જઇને ધામા નાખશું તો ન છુટકે, શરમાશરમીથી પણ એ આપણું આતિથ્ય કરશે એવો એણે ખ્યાલ સેવ્યો હશે. અને પાછલો ઇતિહાસ આવો ખ્યાલ સેવવામાં કારણભૂત પણ હતો. કાઠિયાવાડમાં કાઉન્સીલ અને કાયદા આવ્યા. સૌરાષ્ટ્રનું આતિથ્ય સારી ખ્યાતિ પામ્યું છે. તેણે આ જીવલેણ મ્હેમાનનું પણ મુંગે મોઢે આતિથ્ય કર્યું. એક વર્દીખર્ચા શ્રી. અલીભાઇ દેવરાજ શિવાય એક પણ કાઠિયાવાડીએ એ સામે એક હરફ પણ ન ઉચાર્યો. પણ કચ્છનો અતિથિભાવ અંધ ન્હોતો. તેણે જોયું કે આ અઆમંત્રિત અતિથિ એક ટંક ખાઇ જવા નથી આવ્યો, પણ આપણ ઘરનો કબજો લેવા આવ્યો છે; આપણને મીટાવી પોતે માલિક બનવા આવ્યો છે. અને એટલેજ આજે કચ્છ ગર્જે છે કે, "આ કાઠિયાવાડ નથી."

કચ્છ કમીટીની જાહેરાત થઇ અને કાયદાઓ પ્રકાશમાં આવ્યા; એસાથેજ કચ્છ ધુંધવાવા લાગ્યો. કાયદાની જાહેરાત પછી પહેલેજ મહીને પ્રતિષ્ઠીત કચ્છીઓની સહીઓથી ના. આગાખાનને વિનંતિ કરવામાં આવી કે, "આ કાયદા અને કમીટી રદ કરો. એ કોમના અધિકારો ઉપર પગ મૂકે છે. અમારામાં એ ભેદ અને કંકાસ ઉભો કરે છે." પણ નામદારે કંઇ દાદ દીધી નહિ. પરિણામે કચ્છનો ઉકળાટ વધતો ગયો આ ઉકળાટ અને વિરોધને શમાવવા કાયદા અને કમીટિના કેટલાક પ્રસંશકોએ કચ્છ સમસ્તની જમાતોને ભુજમાં એકઠી કરી મુંબઇથી મ્હેમાનો તેડાવી સ્થિતિને કાબુમાં લેવાનો નિરધાર કર્યો. પણ તળપદ ભુજમાંજ કાયદા અનેકમીટી સામે પુષ્કળ વિરોધ હતો; એટલે ભુજને પડતું મુકી નિગાર પકડવામાં આવ્યું. પણ છેલ્લા સમાચાર મુજબ નિગારની આ બેઠક પણ નિષ્ફળ નિવડી છે; કચ્છની જમાતોએ એનો અસહકાર કરવાથી કચ્છની સમસ્ત જમાતોને સમજાવી લેવાની એ બાજી ફોગટ ગઇ છે; અને હવે છેલ્લો પાસે આસો માસમાં ભારાપુરમાં ભરાતા મેળા વખતે નાખી લેવનું એ પ્રસંશકો અને સંચાલકોએ નકકી કર્યું છે.

આમ હાલ તુરત તો આવતી આફતોના પૂરને કચ્છીઓએ પોતાના આત્મબળ વડે અટકાવ્યું છે. કચ્છીઓ એ માટે જરૂર અભિનંદનને પાત્ર છે. અમે એમને શાબાશી આપીએ છીએ. કચ્છની આ મકકમતા અને જાગૃતિનો પડઘો સારીએ ખોજા આલમમાં પડશે.

પણ આ તાત્કાલિક વિજયથી કચ્છીઓએ સંતોષ પકડવો નહિ પાલવે. એણે સદા જાગૃત રહેવું જોઇશે. ભારાપુરના મેળાને હજી વાર છે. એ વચગાળાના સમયનો ઉપયોગ કચ્છીઓ આબાદ રીતે કરે. એ સમય દરમ્યાન એ નવા કાયદ અને કમીટી સામે વિરોધનો જબ્બર વંટોળ ઉભો કરે. કચ્છને ગામડે ગામડે એ પોતાનો સંદેશ પહોંચાડી દયે. એકેએક કચ્છીને આ નવી આફતની ગંભીરતા સમજાવી દયે. આ વિરોધ પ્રવૃત્તિ એટલા જોરશોરથી ચલાવવામાં અવે કે ભારાપુરના મેળા વખતે બધેથી એકજ અવાજ ઉઠતો હોય, એકજ સૂર નીકળતો હોય કે, "એ કાયદા નહિ જોઇએ; એ કમીટી નહિ જોઇએ."

કચ્છીઓ, કામે લાગી જજો. જરા જેટલીએ ગફલત તમને નહિ પાલવે. શ્રધ્ધા રાખો: તમારો અવશ્ય વિજય થશે.

કેમ-પ્રતિનિધિત્વ ન હોય તો ખોજા કોમને માથે લદાતા કાયદાઓ અને કરવેરાઓ માટે કોમ ફરજીઆત રીતે કાઉન્સીલને જવાબદાર છે કે કેમ-તેવા કાયદા અને કરવેરાઓ સામે ઝુંબેશ કરી શકાય કે કેમ-તે ઝુંબેશ કરનારની સામે કાઉન્સીલ બીનકાયદેસરનાં પગલાંઓ લઇ શકે કે કેમ-તે પગલાંઓના વ્યાજબીપણા માટે કોમ વિચારણા કરી શકે કે કેમ-કાઉન્સીલ મનસ્વીપણે ખોટા અને જુલ્મી કરવેરાઓ નાખી શકે કે કેમ-તે કરવેરાઓ જે પધ્ધતિથી વસુલ કરવામાં આવે છે તે પધ્ધતિઓ ઘણીજ અન્યાયી હોઇ તે રદ કરવા કોમ લડી શકે કે કેમ-આ કરવેરાથી પ્રાપ્ત થયેલ લક્ષ્મી અત્યાર સુધીમાં કોમના લાભાર્થે વપરવામાં આવેલ નથી, માટે તે આવવી જોઇએ તેવો પ્રબંધ થવોજોઇએ કે કેમ-કરવેરાથી કોમનેજ ફાયદો થવો જોઇએ અને જો ન થયો હોય તો કાં તો કરવેરા બંધ કરવા અગર કરવેરાની નવેસરથી કોમના હિતાર્થે પુનર્રચના થવી જોઇએ કે કેમ—

આવા અને આવી જાતના અનેક પ્રશ્નો ચર્ચવા, તે બાબતમાં જાહેરમત કેળવવા, પ્રજામત જાગૃત કરવા, બને શકે અને શક્ય હોય ત્યાં સુધારા કરાવવા, કોમના સભ્યોને પોતના હકક અને હિતનું ભાન કરાવવા અને કોમને ઉંચી પાયરીએ ચડાવવા અને કેળવવા આ પત્રનું પ્રકાશન યોજાયેલું છે.

૭. અમારૂં પત્ર દિનપ્રતિદિન બ્હોળો ફેલાવો પામતું જાય છે અને ખોજા કોમના સભ્યો આ પત્ર રસપૂર્વક અને ઇન્તેજારીથી વાંચે છે. આ ફેલાવાથી અમે કબુલ કરીએ છીએ કે ખોટા અને જુલ્મી કરવેરાઓ જેના ખીસામાં અહર્નિશ ઠલવયે જાય છે તેવી વ્યકિતઓ અને સંસ્થાઓ અમારી સામે રોષથે જુવે-આપખુદ અને એકહથ્થુ સત્તા જમાવી બેઠેલાઓ અમારી પ્રવૃત્તિને દબાવી દેવાં પ્રયત્ન કરે-સ્વાર્થબદ્ધ મનુષ્યો પ્રજામત કેળવવાની સાથે અને પ્રજામત જાગૃત થવાની સાથે પોતાના સ્વાર્થનો નાશ થતો જુવે અને તેથી અમારા જેવાની કાયદેસર, પદ્ધતિસર તમામ હિલચાલો કચરી નાખવાને પોતાથી બધું બનતું કરે-પોતાની સત્તાના અમરપટા લખાવી લેવા અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુઓમાં ખોટી માન્યતાઓ પેદા કરે. આવા પ્રકારના શખ્સોનુંજ આ અમારૂં પત્ર બંધ કરાવવાનું આ પગલું છે તેમ અમે ચોકકસપણે માનીએ છીએ.

૮. અમારા ૪૦૦ પાનાનાં પ્રકાશનમાંથી ફકત ૨ પાનામાં સમાઇ જાય તેટલા ફકરાઓ જ્યાં ત્યાંથી ઉંચકી પૂર્વાપર સંબંધ વગરના મુકવામાં આવેલ છે, તે સંબંધમાં અમો એમ કહેવા માગીએ છીએ કે સદરહુ ફકરાઓ જે જે લેખોમાંથી લેવામાં આવેલ છે તે લેખો તેના આગળ પાછળના સંબંધોથી વાંચી જોતાં તે સહી કરનારાઓના ધર્મ કે ધાર્મિક લાગણી સાથે કોઇ પણ જાતનો સંબંધ ધરાવતા નથી. ખોજા કોમમાંથી કેવી રીતે જુલ્મી કાયદાઓથી કરવેરાની ચૂસણ ક્રિયા થઇ રહી છે તેનોજ તે ખ્યાલ આપે છે; તેમજ અમુક ફકરાઓ ઐતિહસિક સત્ય અને નકકર હકીકતો છે અને અમુક કાયદા અને કરવેરાની સામે અમારી વ્યાજબી ટીકાઓ છે. ના. આગાખાનના માવવાથી કોમને શોષાવું પડતું હોય તો તેની સામે રોષ જાહેર કરવાનો ખોજા કોમના પ્રત્યેક સભ્યને હકક છે અને ના. આગાખાના આગમનથી ગરીબ અને કંગાલ પ્રજાને કેવા અને કેટલા કરવેરા અને આર્થિક હેરાનગતીઓ સહન કરવી પડે છે તેનો ફકત તેરાં ઉલ્લેખજ છે.

૯. બ્રીટીશ હિન્દમાં કેવી રીતે વ્યકિતઓ પોતાની માન્યતાઓનો પ્રચાર કરી શકે છે તે બાબતમાં જો અાજદારોએ કાંઇ ઉલ્લેખ કર્યો ન હત તો અમો પણ તે બાબતમ કાંઇ કહેવાને અગર લખવાને પ્રેરાત નહિ; પરંતુ જ્યારે તે બાબતનો તેઓએ ભાર દઇને ઉલ્લેખ કરેલ છે ત્યારે તે બાબતમાં ખરી હકીકતો સ્પષ્ટપણે રજુ કરવાની અમે અમારી ફરજ માનીએ છીએ.

(અ) હાલમાં બ્રીટીશ હિન્દમાં અંત્યજ ઉધ્ધારક હિલચાલ મોટા પાયા ઉપર ચાલી રહી છે. અસ્પૃષ્યતા નિવારણની આ હિલચાલો સામે સનાતની હિન્દુઓ પોતાની ધાર્મિક લાગણીઓ દુખાય છે, હિન્દુ ધર્મનું અપમાન થાય છે તેવો સતત પોકાર પાડે છે અને સુધારકો ઉપર લાઠીઓ, પાણાંઓ અને છેવટ બોમ્બ સુધીના પણ હલાજો લે છે. સુધારકોની આ પ્રવૃત્તિને ધર્મને નામે કે જાહેર શાન્તિ અને સુલેહને નામે બ્રીટીશ સરકાર અટકાવતી નથી.

(બ) બ્રીટીશ હિન્દમાં બાળ લગ્ન સામે સુધારક હિન્દુઓએ પોકાર પાડયો અને તે અટકાવવા હિલચાલ શરૂ કરી. રૂઢીચૂસ્ત હિન્દુઓએ ધર્મ અને ધર્મની લાગણીઓને નામે તે સામે વિરોધ ઉઠાવ્યો; છતાંએ બ્રીટીશ સરકારે તે હિલચાલને અટકાવી નહિ એટલુંજ નહિ પણ કાઉન્સીલમાં શારદા એકટ પસાર કર્યો.

(ક) અનેક રૂઢીચૂસ્ત હિન્દુઓ ધર્મને નામે નિર્દોષ પશુઓનો વધ કરે છે, સ્ત્રીઓને દેવદાસી તરીકે સમર્પણ કરે છે. આ તમામની સામે હિન્દુ સુધારક સખ્ત વિરોધ બતાવી તે અટકાવવા હિલચાલો ચલાવે છે. આવા પ્રકારની હિલચાલોને રાજ્ય સત્તા ધર્મને નામે કે જાહેર શાન્તિ અને સુલેહને નામે દરમ્યાનગીરી કરી અટકાવતી નથી.

(ડ) વકફ એકટ-એટલે કે જાહેર ધાર્મિક સંસ્થાઓને લગતી મિલ્કતનો વહીવટ કરવા સંબંધેનો કાયદો-ની સામે ધર્મચૂસ્ત ઇસ્લામીઓએ ધર્મને નામે પોતાનો અવાજ કાઢયો, પરંતુ તે એકટ બ્રીટીશ સરકારે પસાર કરેલ છે.

આ ઉપરથી આપ નામદારને ખાત્રી થશે કે ધર્મ અને ધર્મને નામે ચાલતી અમુક ક્રિયાઓ એ અનોખી વસ્તુ છે. સામાન્ય ન્યાય અને નીતિની વિરૂદ્ધ કોઇ પણ જાતની ધાર્મિક ક્રિયાઓ હોઇ શકેજ નહિ; અને જો તેવી ક્રિયાઓ ધર્મને નામે ચાલતી હોય તો તેનો વિરોધ બતાવવો તે પ્રત્યેકની ફરજ છે. આવી વિરોધી હિલચાલોને કોઇ પણ પ્રસંગે કોઇ પણ બ્હાના હેઠળ બ્રીટીશ સરકારે દરમ્યાનગીરી કરી અટકાવ્યાનો હજી સુધી અમારા જાણવામાં કોઇ દાખલો નથી. અમારા પત્રનું પ્રકાશન ઉપર જણાવ્યા મુજબ ધર્મને નામે ચાલતા અન્યાયી અને જુલ્મી કાયદા અને કરવેરાઓ સામે છે.

૧૦. અમારી આ પદ્ધતિસર, કાયદેસર, વ્યાજબી અને શાન્તિમય પ્રવૃત્તિને રાજ્યસત્તાની મદદથી, દરમ્યાનગીરીથી કચરી નખાવવાનું પગલું અરજદારોએ લીધું છે તે કોઇ પણ પ્રકારે પ્રસંશનીય અને બંધારણપૂર્વકનું નથી. અને આવી અરજી ઉપરથી રાજ્યસત્તા અમારી પ્રવૃત્તિને દાબી દેશે તેમ માનવાને અમે ઘડીભર તૈયાર નથી. પણ સહી કરનારાઓ તરફની અમારી ન્યાય બુદ્ધિથી અમે માગીએ છીએ કે—

(૧) અમારૂં કોઇ પણ પ્રકાશન ફોજદારી કાયદાની કોઇ પણ કલમમાં આવતું હોય તો અમારી સામે ખુશીથી પગલાં લેવાની અરજદારોને ફરજ પાડો.

(૨) અમારૂં કોઇ પણ પ્રકાશન રાજ્યના કાયદા કે ગેઝેટથી વિરૂધ્ધ હોય તો સદરહુ કાયદાઓમાં બતાવેલ પદ્ધતિઓથી અમારી સામે કાયદેસર પગલાં લેવાની અરજદારોને ફરજ પાડો. એજ. તા. ૯-૭-૧૯૩૪.

ઇસ્માઇલ કાનજી હીરાણી

# ખૂની હુમલા કેસની વધુ સુનાવણી

## સાક્ષીઓની જુબાની: તહોમતદારોનાં સ્ટેટમેન્ટ

[અમારા પ્રતિનિધિ તરફથી]

રાજકોટ, તા. ૨૬મી જુન

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલા સંબંધેના કેસની વધુ સુનાવણી આજે અહીંની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં સાંજના ચાર વાગે નીકળી ત્યારે કોર્ટનો હૉલ પ્રેક્ષકોથી ચીકાર ભરાઇ ગયો હતો.

મુકદ્દમાની વિગત ટુંકમાં એવી છે કે ગઇ તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ શ્રી. હીરાણી રાત્રે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ખોજા જુવાનો તેમની પાસે આવ્યા હતા અને એક કલાક વાતચીત કર્યા પછી દુકાન બંધ કરતી વખતે તેમાંના એકે શ્રી. હીરાણી ઉપર છરી વતી હુમલો કરી તેમને ઘાયલ કર્યા હતા. તેજ રાત્રે બન્ને તહોમતદારોની ધડપકડ કરવામાં આવી હતી અને શ્રી. હીરાણીને હોસ્પીટલમાં સારવાર નીચે રાખવામાં આવ્યા હતા. તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદ આગ્રાના રહીશો છે, અને એક એક હજારના જામીન ઉપર છુટા છે. તેમના તરફથી મી. મણીઆર વકીલ અને પોલીસ તરફથી પબ્લીક પ્રોસીક્યુટર મી. એલ. કે. મહેતા એડવોકેટ સાથે મી. ચીમનલાલ નાગરદાસ શાહ એડવોકેટ હાજર રહ્યા હતા.

### ડૉ. બામની જુબાની

ડૉ. કૃષ્ણરાવ ના. બામે મી. મહેતાની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "તા. ૯–૧૨–૩૩ના રોજ હું રાજકોટ સ્ટેટનો ચીફ મેડીકલ ઑફીસર હતો. અહીં બતાવવામાં આવે છે તે છરી અને ફરીયાદીનાં કપડાં તપાસવા માટે મને પોલીસ ખાતાએ મોકલ્યાં હતાં. તા. ૧૦–૧૨–૩૩ના રોજ મને તે મોકલવામાં આવેલાં અને મેં તે માટે મારો અભિપ્રાય તા. ૧૧–૧૨–૩૩ના રોજ મોકલાવી આપેલો. તે તારીખે હું ચીફ મેડીકલ ઑફીસર હતો. હાલ ખાનગી ધંધો કરૂં છું. પોલીસને મેં જે રીપોર્ટ કર્યો હતો તે ખરો છે. તે નીચે મેં મારી સહી કરી છે. હું તે રજુ કરૂં છું." સદરહુ રીપોર્ટમાં એવી મતલબે વિગત હતી કે કપડાં અને છરી ઉપર જે ડાઘ છે તે લોહીના છે અને આ છરી વડે જો ઘા કરવામાં આવે તો મૃત્યુ નીપજાવી શકાય.

બચાવ પક્ષના વકીલ મી. મણીઆરની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "કપડાં કેમીકલ એનેલાઇઝરને મોકલવામાં આવ્યાં હતાં કે નહિ તેની મને ખબર નથી. કેમીકલ એનેલીસીઝ વગર લોહીના ડાઘ હતા એમ ચોકકસ કહી શકાય. માણસનું લોહી છે કે કેમ તે નકકી ન કહી શકાય, પણ લોહીના ડાઘ છે એ ચોકકસ કહી શકાય. તા. ૨૨ કે ૨૩–૧૨–૩૩ સુધી હું ચીફ મેડીકલ ઑફીસર હતો. ત્યાંસુધી મારી મારફત કેમીકલ એનેલાઇઝરને કપડાં મોકલવામાં આવ્યાં ન હતાં. છાતીની અંદર ફેફસાં, હૃદય અથવા બીજા નાજુક અવયવોમાં છરી લાગે તો મૃત્યુ થવા સંભવ છે તેવો મારો અભિપ્રાય છે. હૃદય, ફેફસાં અને નાજુક અવયવો પાંસળીના નીચેના ભાગમાં હોય છે. છરી કેટલા જોરથી વાપરવામાં આવી છે અને તે કેટલી ઉંડી ગઇ છે તેના ઉપર મૃત્યુ થવાનો આધાર રહે છે."

મી. મહેતાએ સરતપાસ લેવાની ના કહી હતી.

### પોલીસ ઇન્સ્પેકટરની જુબાની

પોલીસ ઇન્સ્પેકટર મી. શીવુભાએ મી. મહેતાની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "રાજકોટ શહેર એ. ડીવીઝનનો હું પોલીસ ઇન્સ્પેકટર છું. તા. ૧૧–૧૨–૩૩ના રોજ આ કેસની પોલીસ તપાસ મી. પોબારૂ પાસેથી મેં લીધી. ડૉ. બામનો અભિપ્રાય તા. ૧૧–૧૨–૩૩ના રોજ મારી પાસે આવ્યો હતો. ત્યારપછી વિશેષ હકીકતમાં ફરીયાદીના પિતા કાનજી ગુલાભાઇનું સ્ટેટમેન્ટ, સાહેદ હાશમ વાલજી અને અકબરમીંયાની જુબાની અને વેસ્ટ હોસ્પીટલમાં સારવાર ભોગવતા અલી નામના એક માણસની જુબાની મેં લીધી હતી. કલમ ૩૦૭ મુજબ ગુન્હો બનતાં મેં આ કેસ કોર્ટ આગળ તા.૨–૧–૩૪ના રોજ કમીટ કર્યો હતો."

સાક્ષીની ઉલટ તપાસ લેવામાં આવી હતી નહિ.

ફરીયાદ પક્ષના બધા સાક્ષીઓ લેવાઇ જતાં ના. કોર્ટે એક પછી એક બન્ને તહોમતદારોને પોતાની સમક્ષ બોલાવી સવાલો પુછ્યા હતા.

### ૧ લા તહોમતદાર અબ્દુલઅલીનું સ્ટેટમેન્ટ

સ. ધર્મ ? જ. મુસલમાન.

સ. નાત ? જ. ખોજા.

સ. ઉમ્મર ? જ. આશરે ૧૯.

સ. ધંધો ? જ. નોકરી.

સ. રહેવાશી ? જ. આગ્રા.

સ. મુદ્દા માલની ટોપી, છરી મ્યાન સહીત, ડાયરી, પાકીટ તમારાં છે ?

જ. હાલ હું કાંઇ ખુલાસો કરવા માગતો નથી.

સ. તા. ૯–૧૨–૩૩ના રોજ રાતના વખતે તમે ફરીયાદીની દુકાને ગયા હતા ?

જ. હાલ હું કાંઇ ખુલાસો કરવા માગતો નથી.

સ. ત્યાં તમે તેને દુકાન બંધ કરી ઘેર જતાં આડા ફરી અટકાયત કરી હતી ?

જ. હાલ હું કાંઇ ખુલાલો કરવા માગતો નથી.

સ. તે વખતે ત્યાં તમે મુદ્દાની છરી ફરીયાદીને છાતીમાં મારી તેને જખમી કરી લોહીલોહાણ કર્યો હતો ? અને તે છરી ત્યાં મારી ફેંકી દીધી હતી ?

જ. હાલ હું કાંઇ ખુલાસો કરવા માગતો નથી.

સ. તમારી સામે પડેલા પુરાવા સંબંધે તેમજ બીજું કાંઇ તમારે કહેવું છે ?

જ. લેખીત જવાબ આપું છું. હાલ કાંઇ કહેવું નથી.

### લેખીત સ્ટેટમેન્ટ

"મેં કાંઇ ગુન્હો કર્યો નથી અને હું નિર્દોષ છું. હાલ હું બીજા ખુલાસા કરવા ઇચ્છતો નથી, અને હવે પછી યોગ્ય વખતે મારા ખુલાસા રજુ કરીશ."

# "ધર્મ શબ્દમાં બધું સમાઇ જતું નથી"

## "છતાં અરજદારો કાયદેસર કરી શકે છે"

### "ખોજા જાગૃતિ"નો જવાબ

સંસ્થાન રાજકોટના ના. ઠાકોર સાહેબની
હજુર કોર્ટમાં.

રાજકોટ, કાઠિયાવાડ અને અન્ય સ્થળોના ખોજા કોમના કહેવાતા પ્રતિનિધિઓ અને સભ્યોએ નામદાર ઠાકોર સાહેબ બહાદુરને આપેલ અરજીનો ખુલાસો આપ સાહેબની કોર્ટમાં કરવા અમોને ખબર અપાતાં અમો "ખોજા જાગૃતિ"ના તંત્રી ઇસ્માઇલ કાનજી હીરાણી નીચે મુજબ ખુલાસા રૂપે જવાબ રજુ કરીએ છીએ.

સારાએ સૌરાષ્ટ્રની પચાસ હજારની ખોજા કોમની વસ્તીમાંથી ફકત ચારસો અને તે પણ અમુક સ્ત્રીઓના કહેવાથી અજાણ્યા શખ્સોએ કરેલ સહીઓવાળી આ અરજીમાં અમારા ઉપર "ઇસ્માઇલી ધર્મનું અને ઇસ્માઇલી ખોજા કોમની ધાર્મિક લાગણીઓનું ઇરાદાપૂર્વક અને દ્વેશ બુદ્ધિથી અપમાન કરવાના હેતુથી "ખોજા જાગૃતિ" રાજકોટ શહેરમાંથી છાપી પ્રસિદ્ધ કરવાનો" આક્ષેપ કરેલ છે તે સંબંધમાં અમો એટલુંજ કહેવા માગીએ છીએ કે તે આક્ષેપ જેટલો ભયંકર તેટલોજ અસત્ય છે. ઇસ્માઇલી ધર્મ, ના. આગાખાન કે ખોજા કોમ પ્રત્યે અમોને કોઇ પણ જાતનો દ્વેષ, તિરસ્કાર કે રોષ નથી. બલ્કે ખોજા કોમનું હિત, તેની આર્થિક ઉન્નતિ, સામાજિક સ્વતંત્રતા, પ્રગતિ અને વિકાસ—એ અમારા હરહંમેશનાં ચિન્તાના વિષયો થઇ પડયા છે. "ખોજા જાગૃતિ" વર્ગ વર્ગ વચ્ચે, જાત જાત વચ્ચે તિરસ્કાર અને દુશ્મનાવટ ફેલાવી રહ્યું છે તેવું તહોમતનામું અમારા હેતુ અને ધ્યેયથી ઉલટું, હકીકતોથી વિરૂધ્ધ, સત્યથી વેગળું અને જુઠાણાથી ભરપુર છે.

૨. અમારી કોમની આજની સ્થિતિ દયાજનક છે. અમારા માંહેનો મોટો ભાગ બીનકેળવાયેલ અને પછાત છે. અમારી કોમની આર્થિક સ્થિતિ પણ એકંદરે સારી કહી શકાય તેવી નથી. કાઠિયાવાડમાં અમારી કોમના કેટલાક સભ્યો તો માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવી શકે છે. અમારી આ કોમનો તમામ વહીવટ, ધાર્મિક, સામાજિક, આર્થિક, કાઉન્સીલ નામની એક સંસ્થા કરી રહી છે. આ સંસ્થામાં સભ્યો પસંદ કરવાનો, નિમવાનો, ચાલુ રાખવાનો, બરતરફ કરવાનો કે કોઇ પણ જાતનો કાંઇ હકક કોમને નથી. કોમનું તેમાં પ્રતિનિધિત્વ નથી, કોમને તે જવાબદાર નથી. આ કાઉન્સીલ કારોબારનો કોરડો આજે અમારી કોમ ઉપર સખ્ત રીતે ફરી રહ્યો છે. કાઉન્સીલના કાયદા કાનુનો અન્યાયી અને જોહુકમી ભરેલા છે અને તેમના અમારા ઉપર અમલ કરવાના ઉપાયો ઘણાજ ત્રાસદાયક છે. કલ્પના શકિતમાં ન આવી શકે તેવા, બુધ્ધિ જે માનવાની સાફ ના પાડે તેવા કરવેરાઓ કાયદાને નામે આજે અમારી પાસેથી લેવાય છે. આપ નામદાર આ વસ્તુસ્થિતિથી અપરિચિત હોઇ નીચેના દાખલાઓ આપ નામદારની જાણ માટે ટાંકીએ છીએ.

૧. અમારી કોમમાં પ્રત્યેક સભ્ય પાસેથી માથાદીઠ માસિક આઠ આના જીવે ત્યાં સુધી ફરજીઆત કર તરીકે લેવામાં આવે છે.

૨. અમારી દીકરીઓને અપાતા કરીઆવરની કિંમત ઉપર સેંકડે સાડા બાર ટકાનો કર ફરજીઆત લેવામાં આવે છે.

૩. અમારી કોમના પુત્ર પુત્રીઓનાં લગ્ન પહેલાં વર વધુ પાસેથી એવો દસ્તાવેજ લખાવી લેવામાં આવે છે કે પરણનારમાંથી કોઇ પણ આગાખાની ઇસ્માઇલી ધર્મ બદલાવે તો તેઓની ઇચ્છા હોય કે ન હોય તો પણ તેઓના ફરજીઆત છુટાછેડા થયેલા ગણવામાં આવે છે.

૪. અમારી કોમના કોઇ પણ સભ્યને કાઉન્સીલની પરવાનગી શિવાય કોઇ પણ મીટીંગ ભરવા દેવામાં આવતી નથી કે બોર્ડીંગ, અનાથાશ્રમ, લાયબ્રેરી કે તેવી બીજી કોઇ સંસ્થા ઉભી કરવા દેવામાં આવતી નથી.

કાઉન્સીલના કાયદા કે તેના કોઇ પણ હુકમની વિરૂદ્ધ જનારને તુરતજ નાતબહાર કરવામાં આવે છે. આ નાતબહારી અન્ય કોમની માફક અમુક સમય માટેની હોતી નથી; તેમજ ફકત જ્ઞાતિના જાહેર મેલાવડા વખતે ભાગ ન લેવા દેવામાં આવે એટલેથીજ અટકતી નથી. આ કાઉન્સીલની નાતબહારી એટલે કડકમાં કડક સામાજિક, વ્યવહારિક, ધાર્મિક અને આર્થિક બહિષ્કાર અને તે પણ જ્યાંસુધી નાતબહાર કરવામા આવેલ માણસ પાસેથી સારી રકમનો દંડ કે આજીજીપૂર્વકની માફી લેવામાં ન આવે ત્યાંસુધી સતત ચાલુજ.

અમારી કોમ માથે જે ભારે કરવેરાઓ આ કાઉન્સીલે નાખ્યા છે તે વસુલ કરવાની રીતો પણ ઘણીજ આકરી છે. કરવેરા ઉઘરાવવા માટે પગારદાર માણસો રોકવામાં આવે છે કે જે ઘોડે ચડી ગામડે ગામડે ફરે છે અને એકેએક ખોજા બચ્ચા પાસેથી કર વસુલ કરે છે. જો કોઇ સભ્ય આ કરવેરા ચુકવવામાં સખ્તમાં સખ્ત ગરીબાઇ કે બીજા ગમે તે કારણે નિષ્ફળ નિવડે તો તેને ત્યાં આવતા સગપણ, લગ્ન, વિગેરે વ્યવહારિક પ્રસંગો વખતે અનેક પ્રકારની મુંઝવણો ઉભી કરી છેવટે એ પ્રસંગો અટકાવી તે વસુલ કરવામાં આવે છે.

૩. આ વસ્તુસ્થિતિથી ત્રાસી તે સામે અમે અમારો અવાજ રજુ કરવાની શરૂઆત પ્રથમ સને ૧૯૩૧માં કરી. પરિણામે અમોને તથા અમારા કેટલાક સાથીદારોને કાઉન્સીલે નાતબહાર મુકયા. નાતબહારીના આ શસ્ત્રથી નહિ દબાતાં કોમની સેવા કરવાના અને કોમના વ્યાજબી હકકો માટે લડત ચાલુ રાખવાના ઇરાદાથી અમોએ "ખોજા જાગૃતિ"ની સને ૧૯૩૩ના ફેબ્રુઆરી માસથી શરૂઆત કરી. નાતબહારીના પરિણામે દ્વેષથી પ્રેરાઇ નાતને અપમાન કરવાના અથવા નાતની ધાર્મિક લાગણી દુખાવવાના ઇરાદાથી આ પત્ર કાઢવામાં આવેલ છે તે હકીકત ખરી નથી. પરંતુ નાતબહારીની શિક્ષા અમારા માથે અમારા સુધારક વિચારોને અંગેજ આવી પડી હતી અને એજ વિચારોને અંગે અમોએ આ પત્રની શરૂઆત કરેલ છે. અમારી નાતબહારી એટલે અમારી ખોજા કોમની સંમતિથી અથવા તો ખોજા કોમના સંમેલનથી થયેલી ક્રિયા નહી, પરંતુ જે કાઉન્સીલના આપખુદ

કારોબાર સામે અમે સુધરા માગતા હતા તે કાઉન્સીલે મનસ્વીપણે છોડેલો વટહુકમ.

૪. "ખોજા જાગૃતિ'નો ધ્યેય અનેક વખત અમોએ અમારા પત્રમાં જણાવેલ છે, પરંતુ આપ નામદારની જાણ ખાતર અમો અમારા અંકોમાંથી નીચેના ફકરાઓ ટાંકીએ છીએ.

ફકરો ૧ લો

પુ. ૧ અં. ૧ ફેબ્રુઆરી ૭: ૧૯૩૩ પા. ૨

"હિંદુસ્થાનમાં રહેતા અને પરદેશ વસતા બધા ખોજા ભાઈઓની સંખ્યાનો આંકડો અંદાજે એક લાખ કરતાં વધુ જાય તેમ નથી. આવી નાની સંખ્યા પણ દર વરસે સાડ લાખ રૂપીઆ જેવડી ગંજાવર રકમ એક માત્ર કોમી લાગાઓના નામ ઉપર વગર વિચાર્યે વેડફી નાંખે છે એ કાંઈ ઓછા દુઃખની વાત નથી. અને સૌથી વધુ નફ્સોસકારક તો એ છે કે આ સાડ લાખ રૂપીઆ તો શું પણ તેમાંથી સાડ પાઈ પણ ખોજા કોમના ઉપયોગ માટે કે તેના ઉદ્ધાર માટે વપરાતી નથી. × × × કાઉન્સીલ નામની સંસ્થા જેના સભ્યો કોમ કદી પણ ચુંટતી નથી તે અત્યારે કોમની ધણીરણી થઈ બેઠી છે. × × × નથી કોમે તે સંસ્થાની ક્યારેય સ્થાપના કરી કે નથી ક્યારેય કોમે તેના સભ્યોની ચુંટણી કરી. છતાં કોમ આખીની અત્યારે તે સરમુખત્યાર થઈ બેઠેલ છે. ધાડપાડુઓના જેવા કાયદા ઘડી તેણે કોમના ખીસા ઉપર ભયંકર ત્રાપ મારી છે. જન્મથી તે મરણ સુધી તેણે એવા તો ભારે લાગાઓ કોમ ઉપર લાદી દીધા છે કે તેનો ખ્યાલ સરખો પણ અન્ય કોમને આવી શકે તેમ નથી.

મુકરર કરેલા લાગઓ ઉઘરાવવા માટે તેણે અમાનુષી ઉપાયો યોજ્યા છે. લક્ષ્મનો લોભ એ સૌથી બુરો છે. અઢળક ધન ભેગું કરવાની બુદ્ધિએ એવા એવા રસ્તા સુઝાડયા કે કોમને ગરીબાઈની છેલ્લી કોટી સુધી નિચોવી નાખવા ઉપરાંત તેને માથે કાયમની માનસિક ગુલાીની જડ બેસારી દીધી. આજે કોઈપણ ખોજો સ્વતંત્ર નથી. કોઈપણ જાતની સંસ્થા સ્થાપવાની આજે તેને છુટ નથી. [illegible] કે લાયબ્રેરી જેવી નિર્દોષ સંસ્થા સ્થાપ-[illegible] પહેલેથી કાઉન્સીલની પરવાનગી મેળવવી જોઈએ. કોઈપણ પરિષદ કે કોન્ફરન્સ બોલાવતાં પહેલાં કાઉન્સીલના ચરણો ચુંબાવાજ જોઈએ. × × × ડાળીઆ શેકવા ચણા લાવી કે બકાલું ખરીદી નજીકના ગામડામાંથી થાકયા પાકયા ઘરે આવેલા કોઈ ખોજા ભાઈએ હજી પુરો થાક પણ ન ખાધો હોય કે લાવેલ માલ વેચી તેમાંથી પોતાનું ગુજરાન પુરતું નીકળશે કે કેમ તેની ચિન્તામાંજ હોય ત્યાં કાઉન્સીલના પગારદાર કામડીઆને ઘોડા ઉપર સ્વાર થઈ પોતાના આંગણામાં પ્રવેશ કરતો જોતાં તે કેટલા ઉન્હા નિશ્વાસ મુકતો હશે કે ઉંડી ચિન્તાઓથી ઘેરાઈ જતો હશે તેની કલ્પના સરખી પણ બીજાઓને આવવી અતિ મુશ્કેલ છે. ઘરમાં હોય કે ન હોય, છતાં આ કામડીઆનાં ભાણાં ઘીથી ભરવાં અને ઉપર જતાં કાઉન્સીલની ધનની ભૂખ સંતોષવા કામડીઓ જે કાંઈ લેણું કાઢે તે કાંતો મુંગે મોઢે ભરી દેવું કે કાં તો ખુશામત કરી, ગરીબી ગાઈ, કે કામડીઆનાં ભાણાંમાં થોડું વધુ ઘી પીરસી કે તેના ઘોડાની વધુ ચાકરી કરી બીજા વખત ઉપર મુલતવી રખાવવું. આ ઘટના જેટલી ત્રાસદાયક છે તેટલીજ સાચી છે અને નિત્યની છે. કાઉન્સીલના પગારદારો આવી રીતે હરહંમેશ ગામડાંઓમાં ફર્યા કર છે અને ગરીબ ખોજાઓ તેનો ભોગ થતા રહે છે. પોતાના વ્હાલાં બચ્ચાંઓનાં ભરણ પોષણ માટેની ચિન્તા જેટલી તેને નથી સતાવતી તેટલી આ ચિન્તા તેને બાળે છે.

આ પત્રના પ્રકાશનનું કારણ ઉપરની અસહ્ય સ્થિતિથી થતું દુઃખ છે. દિન પર દિન પાયમાલ થતા અમારા ભાઈઓની કરૂણ સ્થિતિ અમારાથી જોઈ જતી નથી. અમારા ગરીબ ભાઈના મુખમાંથી રોટલાનો છેલ્લો ટુકડો ઝુંટવાઈ જતો જોતાં અમારા રોમેરોમ આગ લાગે છે. ગુલામીની લોખંડી જંજીરોથી જકડાઈ ગયેલ અમારી કોમની બુરી દશા જોતાં આંખમાં આંસુ આવે છે. એ દશાને મીટાવવાનો અમારો ધર્મજ અમારી પાસે આ કામ કરાવે છે. એ બજાવવા જતાં ગમે તેટલા સંકટો આવે તેની અમને પરવા નથી. આ કાર્ય માટે ગમે તેવડો મોટો ભોગ પણ ઓછો છે. અમારી એકજ વાંચ્છના છે: અમે ભલે ખપી જઈએ, નાબુદ થઈ જઈએ; અમારી કોમ સ્વતંત્ર થાવ."

ફકરો ૨ જો

પુ. ૨ અં. ૧ મે ૧ : ૧૯૩૪ પા. ૨

'ખોજા જાગૃતિ"ની નીતિ અતિ સ્પષ્ટ છે અને ફરીથી તે પોતાની નીતિની જાહેરાત કરે છે: ના. આગાખાન સાથે એને કશું વૈર નથી. ઈસ્માઈલી ધર્મની પોકલતા ખુલ્લી પાડવા તે જન્મ્યું નથી. તેનો જન્મ થયો છે એક માત્ર કોમની પરાધીનતા અને કંગાલીઅત તોડવા. એ માટે એ કોમ માથે લાદવામાં આવેલા ભારે ફરજીઆત કરવેરાને નાબુદ કરવા માગે છે. કોમનો વહીવટ કોમ ચલાવે અને કોમની કાર્યવાહી કોમ ચુંટે એ બેઉ એ આભ ઝમીન એક કરવા માગે છે. સભાબંધી અને ઝબાનબંધીના બધા કાયદા એ રદ કરવા ચાહે છે. ધર્મ અને સમાજને એ છુટા પાડવા ઈચ્છે છે. પોતાના આ ધ્યેયની સિદ્ધીની આડે ના. આગાખાન આવે કે ઈસ્માઈલી ધર્મ આવે કે ગમે તે આવે તેની તે રજ માત્ર પણ પરવા કર્યા વિના તેનો સામનો કરશે. ખોજા કોમને ગુલામીની બેડીઓમાંથી મુકત કરવા આડે ના. આગાખાનની આક્રમણક દરમ્યાનગીરી કે ઇસ્માઇલી ધર્મની જોરતલબી વચ્ચે આવશે તો તેના ઉપરથી એ બેધડક રહીને પડદો ઉપાડશે, અને કોમ આગળ તેને તેના સત્ય સ્વરૂપમાં ખડા કરશે. તેમ કરતાં ચાહે તેટલી મુશ્કેલીઓ આવે તેનો એ સામનો કરશે. સામનો કરતાં કરતાં એ થાકશે ત્યારે સામી છાતીએ એ બધા જુલ્મો બરદાસ્ત કરશે. પણ જ્યાંસુધી એ જીવશે ત્યાંસુધી એ પોતાના ધ્યેયને વફાદાર રહેશે, કોમ હિતનું નિશાન પોતાની દ્રષ્ટિની સમીપ ને સમીપજ રાખશે."

૫. આ ફકરા તેમજ અમારા અંકોની આખી ફાઈલ ઉપરથી આપ નામદારને ખાત્રી થશે કે અમારો ઉદ્દેશ કોઈની ધાર્મિક લાગણી દુભવવાનો છેજ નહિ, હોઈ શકે નહિ. પરંતુ ધાર્મિક, સામાજિક, આર્થિક અને વ્યવહારિક એમ અનેક બાબતો ફકત ધર્મ શબ્દમાં સમાઈ નથી જતી, પરંતુ તેઓનાં જુદાં જુદાં સ્વરૂપો છે અને જ્યાં જ્યાં ધર્મને નામે અમારી સામાજિક, આર્થિક અને વ્યવહારિક બાબતો ઉપર આક્રમણ કરવામાં આવે છે ત્યાં ત્યાં એ આક્રમણોનો પદ્ધતિસર સામનો કરવો એ અમે અમારી ફરજ માની છે અને તેજ ધ્યેયથી અમે અમારૂં પત્ર ચલાવીએ છીએ.

૬. કાઉન્સીલના સભ્યોનું જીવન એકહથ્થુ સત્તામાં હોવું ન જોઈએ—કાઉન્સીલમાં કોમનું હાલ બીલકુલ પ્રતિનિધિત્વ નથી તેને બદલે તે હોવું જોઈએ— પ્રતિનિધિત્વ દાખલ કરવું શકય છે કે

# ''જાગૃતિ' આપના રક્ષણને પાત્ર છે'

## રાજકોટ નરેશને કરાંચીથી તાર

કરાંચીના **ખોજા સુધારક મંડળના** મંત્રી શ્રી. કરીમ ગુલામઅલીએ ગઇ તા. ૧૦-૭-૩૪ ના રોજ રાજકોટના ના. ઠાકોર સાહેબને નીચે મુજબ તાર કરેલ છે:—

**H. H. THAKORE SAHEB,**
**RAJKOT.**

"**KHOJA JAGRITI**" doing humanitarian work for exploited Khoja community. Interested parties and paid servants of the Aga Khan throwing dust in public eyes. They want to justify exploitation of community under guise of religion. Those protesting are excommunicated, assaulted or even murdered as hostory has proved. Pray appoint committee investigate frauds practised on poor community. Millions Rupees drained to Europe by Aga Khan. "JAGRITI" simply doing its duty. It deserves your protection.

**Karim Goolamali,**
Secretary, Khoja Reformers' Society.

"શોષાતી ખોજા કોમ માટે "ખોજા જાગૃતિ" લોકસેવાનું કામ કરે છે. હિત ધરાવત પક્ષો અને ના. આગાખાનના પગારદાર નોકરો જાહેરની આંખમાં ધૂળ નાખે છે. ધર્મના સાહ્યા નીચે કોમનું શોષણ કરવાના કાર્યને તેઓ વ્યાજબી ઠરાવવા માગે છે. જેઓ વિરોધ ઉઠાવે છે તેમને નાતબહાર કરવામાં આવે છે, તેઓના ઉપર હુમલા થાય છે અથવા ઇતિહાસથી સાબીત થયું છે તેમ તેઓનાં ખૂન પણ થાય છે. ગરીબ કોમ સાથે રમતી દગલબાઝીની તપાસ કરવા કૃપા કરીને સમિતિ નીમો. ના. આગાખાનને હાથે લાખો રૂપીઆ યુરોપ ખેંચાઇ જાય છે. 'જાગૃતિ' માત્ર પોતાની ફરજ બજાવે છે. એ આપના રક્ષણને પાત્ર છે."

**કરીમ ગુલામઅલી,**
મંત્રી,
**ખોજા સુધારક મંડળ.**

---

૨ જા તહોમતદાર નજરઅલીનું સ્ટેટમેન્ટ.

સ. ધર્મ ? જ. મુસલમાન.

સ. નાત ? જ. ઇસ્માઇલી ખોજા.

સ. ઉમ્મર ? જ. ૧૯.

સ. ધંધો ? જ. નોકરી.

સ. રહેવાશી ? જ. બાબરા.

સ. મુદ્દા માલની ટોપી, છરી મ્યાન સહિત, ડાયરી, પાકીટ તમારાં છે ?

જ. હાલમાં હું કહેવા માગતો નથી.

સ. તા. ૯-૧૨-૩૩ની રાત વખતે તમે ફરીયાદીની દુકાને ગયા હતા ?

જ. હાલમાં હું કહેવા માગતો નથી. યોગ્ય વખતે કહીશ.

સ. ત્યાં તે વખતે તમે ફરીયાદીને દુકાન બંધ કરી ઘેર જતાં આડા ફરીને ઉભી અટકાયત કરી હતી?

જ. હાલ કાંઇ કહેવા માગતો નથી. મેં કાંઇ કરેલ નથી.

સ. ત્યાં તે વખતે ફરીયાદીને તહોમતદાર અબ્દુલઅલીએ છરીના ઘા માર્યા ત્યારે તમે તેની મદદમાં ઉભા હતા ?

જ. મેં કાંઇ મદદ અબ્દુલઅલીને કરી નથી.

સ. તમારી સામે પડેલ પુરાવા સંબંધે તેમજ બીજું કાંઇ તમારે કહેવું છે ?

જ. લેખીત જવાબ આપું છું.

### લેખીત સ્ટેટમેન્ટ

"મેં કાંઇ ગુન્હો કર્યો નથી, તેમજ કહેવાતા ગુન્હામાં મેં કોઇપણ જાતની મદદગારી કરી નથી. અને હું તદન નિર્દોષ છું.

મારા વિરૂધ્ધ રજુ થયેલી હકીકત ખરી નથી અને તેથી મને છોડી મુકવા મહેરબાની કરશો."

હવે પડેલ પુરાવાઓ સંબંધમાં બન્ને પક્ષના વકીલો આવતી તા. ૨૪-૭-૩૪ના રોજ દલીલો કરશે.

## વેપાર સમાચાર

(તા. ૧૫-૭-૩૪.)

**ઉન** : ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ૧૭૦ ગાંસડી વેચાણી છે અને બજાર શાંત રહ્યો છે. આવતો સેલ તા. ૨૪થી ૨૭ દિવસ ૪નો છે તેમાં ગાં. ૧૯,૩૦૦ મુકાશે. અમેરીકા અને યુરોપની ઘરાકીની આશા નથી, જ્યારે સ્થાનિક ખરીદનારાઓ તરફથી સારો ઉઠાવ રહેશે તેમ ધારવામાં આવે છે. સ્થાનિક બજારમાં કાંઇ ફેરફાર નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૨ાા થી ૧૩) આસપાસનો ગણાય.

## છેલ્લી ઘડીએ

કચ્છથી સમાચાર આવે છે કે નિગાર ખાતે મળેલી કચ્છ કમીટીની બેઠક નિષ્ફળ નિવડી છે. કચ્છે એ કમીટીનો બહિષ્કાર કર્યો છે. કમીટીના પ્રેસીડેન્ટ સાહેબનો કચ્છમાં પ્રવાસ કરવાનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે અને વિરોધના વંટોળમાં ઝડપાવાનું મડીવાળી પ્રમુખશ્રી નિગારથીજ સીધા મુંબઇ સીધાવી ગયા છે. હવે છેલ્લો પ્રયત્ન આસો માસમાં ભારાપુરમાં ભરતા મેળા વખતે કરવામાં આવશે.

કચ્છનો પત્ર

# “એ કાયદા નહિ જોઇએ, એ કમીટી નહિ જોઇએ”

## વિરોધ શમતો નથી: કાર્યવાહકો મુંઝાય છે

( અમારા કચ્છના ખબરપત્રી તરફથી )

કચ્છના ઇસ્માઇલી આકાશમાં કાળી ઘટાઓ છવાઇ ગઇ છે. સાથે સાથે નવા કાયદા વિરૂધ્ધની ગર્જનાઓ થયા કરે છે અને તેની વચ્ચે ‘જાગૃતિ’ની વીજળી ચમકે છે; તો વળી કયાં કયાં અંધકારની આંધીઓ ઉડે છે. એ અજ્ઞાનતાનો અંધકાર બળદીયા અને ભારાપુરને અત્યારે આવરી રહ્યો છે.

કાયદા આવનાર છે એમ સંભળાણું ત્યારથી કચ્છમાં તેની વિરૂધ્ધ જબરદસ્ત આંદોલન થઇ રહ્યું છે. કાયદા લાવનાર એ ભાઇઓ જમાતો પાસે ધક્કા ખાઇ એ કાયદાઓને બહાલ રખાવવા માટે વિનવણીઓ કરી રહ્યા છે. પણ કોઇ જમાત મચક આપતી નથી.

### ભુજને બદલે નિગાર

તા. ૧ લી જુલાઇના ઇસ્માઇલી જનરલ કમીટીના પ્રતિનિધિઓ ભુજમાં મળનાર હતા; તેને બદલે હવે નિગારના નિર્જન વનમાં મળશે. આ સ્થળફેર જાણી બુઝીને કરવામાં આવ્યો છે. ભુજમાં મળે તો પ્રતિનિધિઓને શહેરનું વાતાવરણ જે વિરૂધ્ધતામાં છે તેની અસર થાય. એટલેજ નિગારના નિર્જન વનમાં બેઠક યોજાઇ છે. પણ એ નિષ્ફળતા અને વિરૂધ્ધતાના સુર તો એ વનરાજીઓનાં પાંદડાંએ સંભળાવશે તેનું કેમ ?

કેરાની જમાતને નિગાર આવવાનું આમંત્રણ મળ્યું, પણ કેરાએ તો સંપૂર્ણ અસહકાર કર્યો છે. કેરામાંથી કોઇ નહિ જાય અને કેરાનું અનુકરણ બીજે થશે.

“ ભાઇ ભાઇને પાણુ ન પાઇ શકે, કાંધ ન આપી શકે એવા કાયદા નહિ જોઇએ, નહિ જાઇએ.” આવી ગર્જનાઓ જ્યાં ત્યાં સંભળાય છે.

### કાઉન્સીલને બદલે કમીટી

કાઉન્સીલના નામથીજ કચ્છ ભડકી ઉઠશે એ તો મુંબઇવાળાઓ જાણતાજ હતા; તેથી કમીટીને નામે પોતાની સત્તા જામશે એમ માનીને કમીટી આપવા તૈયાર થયા. પણ કચ્છ તો ત્મારે પકેંા. એ બધી ચાલબાજી સમજી ગયો અને એણે નિરધાર કર્યો કે કાયદા કે કમીટી નહિ જોઇએ. કાયદા પરાણે લાદવામાં આવશે તો સમુળગો કચ્છ ઇસ્માઇલી મટી જશે.

### “ વૈર તાજું છે ”

કાયદા લાવનાર એક ભાઇને મેં કહ્યું : “તમે [illegible] સંસ્કારી લાગો છો. શા માટે આમ તોડફોડમાં [illegible] પડ્યા છો ? જેમ ચાલતું આવ્યું છે તેમ [illegible] તેમ ચાલવા દ્યો. આ નવા કાયદા પ્રમાણે તો તમે આવી [illegible] ઇશનાશરીને પાણી પણ ન પાઇ શકો ! એ શું વાજબી લાગે છે ?”

એ ભાઇ કહે : “ હું તો પાણી પાઇશ.”

ત્યારે મેં કહ્યું : “ આ નવા કાયદાથી વૈર નહિ વધે ?”

“ અલબત્ત વધશે.”

“ ત્યારે આમ કાં કરો છો ? સુન્ની ખોજાઓ સાહેબને નથી માનતા તેઓથી તો વૈર નથી રાખતા; ત્યારે તમારા ભાઇઓથીજ વૈર શા માટે ?”

“ સુન્નીઓ સાહેબથી છુટા પડ્યાને સૈકો થઇ ગયો; તેથી તેઓ પ્રત્યેનું વૈર ભૂલાઇ ગયું. ઇશનાશરીઓ પ્રત્યે પણ સૈકા પછી વૈર ભૂલાઇ જશે.” તેમણે જવાબ આપ્યો.

“ વૈર જલદી ભૂલાય તેમ સારૂં ને ?”

“ હા. ”

“ત્યારે વૈર અત્યારથીજ ભૂલાવી દ્યો ને! વધારો છો શા માટે ?”

### માથાકલું કેરા

કચ્છમાં માથાદીઠ મહોરમમાં ૮ાા કોરી લેવામાં આવે છે. તેમાંથી રાા કોરી ના. આગાખાનના કચ્છના એજન્ટ પીર શ્રી ઉમેદઅલીશાહને કમીશન તરીકે મળતી. તે બાદ જતાં બાકી ના. આગાખાનને તો કોરી ૬) સાફી મળતી. પણ ઉમેદઅલીશાહ પાસેથી એજન્સી ગઇ તેને તો જમાનો થયો. છતાંએ ૮ાા કોરી ચડત લેવામાં આવે છે. કેરાએ ૪ વરસથી અસલી સાફી ચડત કોરી ૬) આપવાની ચાલુ કરી છે. નવા કાયદા મુજબ સઘળે ચડત ૮ાા કોરી વસુલ લેવાની છે. મહોરમમાં કેરાને નોટીસ આવી કે ચડત ૮ાા કોરી લેજો. પણ કેરાએ તો કોરી ૬) લીધી.

---

## ચીઠ્ઠીની મ્હોકાણ

( અમારા જામનગરના ખબરપત્રી તરફથી )

ઇસ્માઇલી હોવાનું પ્રમાણપત્ર, પરવાનો સાથે લઇને ફરવાનો કાયદો કેટલો ત્રાસજનક છે તેની ખરી ખબર તો જેને વેઠવું પડતું હોય તેનેજ પડે.

મેની તા. ૧૪ હતી. જામનગરના રોઝી બંદરે કચ્છી ઉતારૂઓ ઉતરી ટ્રામમાં બેસતા હતા. ટ્રામમાં ગીરદી હતી. એક ૧૪ વરસની ખોજા બાળા લકવાથી ધ્રુજતે શરીરે ટ્રામમાં ચડી. તેની સાથે તેનો બાપ હતો. લકવાથી પીડાતી બાળા પ્રત્યે દયા ખાઇને લોકોએ તેને મોકળાશ કરી આપી. બાળાના બાપને પુછતાં ખબર પડી કે એ ભદ્રેશ્વરનો છે. ૧ાા વરસથી એની દીકરીને લકવો થયો છે. તેના ઉપાય માટે એ જામનગર આવ્યો છે. એટલામાં ટ્રામમાંથી અવાજ આવ્યો : “ ઇસ્માઇલી કે ઇશનાશરી ?” જવાબમાં “ ઇસ્માઇલી ” કહેવામાં આવ્યું.

“ જમાતની ચીઠ્ઠી લાવ્યા છો ?”

“ અરે ! એ તો લાવતાં હું ભૂલી ગયો.”

“ ત્યારે તમને ઇસ્માઇલી મુસાફરખાનામાં ઉતરવા નહિ દે, ને જમાત તમને કશોએ સહકાર નહિ આપે. તમે ગરીબ ખેડુત અને અજાણ્યા માણસ છો. તમે ચીઠ્ઠી મંગાવી લેશો તોજ જમાતના આગેવાનો તમારી દીકરીને ડૉકટર પાસે લઇ જવામાં પણ મદદ કરશે.”

કન્યા બેઠી બેઠી એ વાતો સાંભળતી. એક તો એને જુવાનીને ઉંબરે ઉભતાંજ લકવાનો ઘા થયો હતો તેથી તેનું વદન એ નિરાશાથી સાવ ઝાંખું પડી ગયું હતું. ત્યા કયાં ઉતરવું તેની ચિન્તાથી તેને ધ્રાસંકો પડયો. મેં કહ્યું કે, “ફીકર મા કરો. મેમણ સાર્વજનિક મુસાફરખાનામાં ઉતરજો, ને તાર કરી ચીઠ્ઠી મંગાવી લેજો.”

આમ ચીઠ્ઠી વિના બીમારો પણ રખડી પડે છે. એ બધા પ્રતાપ કાયદાનાજ છે.

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

"અમે ગુલામ નથી"

Regd. No. B. 3114



પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૧૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

જુલાઇ ૨૪ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના અષાડ શુદ ૧૩ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

## મુકિત

હું તારા માટે મુકિતની માગણી કરી રહ્યો છું, ઓ માતા! ભયમાંથી મુક્તિની, ત્હારા પોતાનાંજ વિકૃત સ્વપ્નોએ ઉભી કરેલી ભયની ભૂતાવળોમાંથી મુક્તિની!

સૈકાઓનો ભાર ત્હારી ગરદન મરડી રહ્યો છે, ત્હારો બરડો ભાંગી રહ્યો છે; ઉજમાળી આવતી કાલ તને સાદ કરી કરીને બોલાવે છે, પણ એ સામે એણે ત્હારાં ચક્ષુઓને બંધ કરી દીધાં છે. હું એ ભારમાંથી તારી મુક્તિ ચાહું છું.

પ્રમાદની શૃંખલાઓ વડે તું તારી જાતને રાત્રિની નિઃશબ્દતા સાથે સાંકળી લે છે, અને સત્યના મર્દાનગી-ભર્યા રાહનો સાદ કરતા આકાશી તારાઓ તરફ તું અવિશ્વાસથી જુવે છે. હું એ પ્રમાદ-શૃંખલાઓમાંથી ત્હારી મુક્તિ માગું છું

મૃત્યુ શા સખ્ત અને ઠંડા હાથમાં જેનું સુકાન ગયું છે અને જેના સઢ અંધ, અચોક્કસ પવનના વાયરાઓથી ધકેલાય છે એ પ્રારબ્ધના અંધકારમાંથી હું ત્હને મુક્ત કરવા ઇચ્છું છું.

જગત આજે ઢીંગલા ઢીંગલીની રમત સમું બન્યું છે, જ્યાં બુદ્ધિહીન દોરી સંચાલનથી પ્રવૃત્તિઓ ચલાવાય છે અને વિચારહીન રૂઢીઓ મારફત એ નિભાવાય છે, જ્યાં જીવનનું ક્રૂર અટ્ટહાસ્ય એક ક્ષણ માણવા માટે ગુલામ સમા કરોડો માનવ આકારો માલિકના હુકમની આજ્ઞાધિનતાથી રાહ જોતા ઉભા છે. આવા બેવકુફ જગતમાં વસવાના અપમાનમાંથી હું તને મુકત કરવા તલસું છું, ઓ માતા! મારી માતૃભૂમિ!

[ કવિવર ટાગોરના એક કાવ્યનો અનુવાદ. )

### આજના અંકની સામગ્રી

"અમે ગુલામ નથી"

દરવાજા બંધ

નૂતન યુગનાં પ્રવાહ-બળો

જીન્નતના દલાલો

વેપાર સમાચાર

ના. આગાખાન, બ્રીટનવાસીઓની દ્રષ્ટિએ

ના. આગાખાન, હિન્દવાસીઓની દ્રષ્ટિએ

લડો કાં ભાગો

મુંબઇગરાઓ, કયે મોઢે મ્હાલો છો?

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૪-૭-૩૪.


## "અમે ગુલામ નથી"

ના. આગાખાનની વાહવાહ કરનારા કોમી વર્તમાનપત્રોને નામે ઓળખાતાં વાજીંત્રો જ્યારે માલિકના ગુણગાન ગાવા મંડી પડે છે ત્યારે તેમને સારાસારનું ભાન નથી રહેતું. વિવેકશૂન્ય બની એ ગમે તેવા સૂર કાઢ્યા કરે છે. અને આજદિન સુધી પોતાના પત્રની ગેરહાજરીને કારણે માલિકની એ મોરલીના કાણાં આડે કોમ ડુચા મારી શકી નથી કે એ કર્કશ સૂરને અવરોધી શકી નથી.

તાજેતરમાં મુંબઇથી નીકળતું "ઇસ્માઇલી" તેના ૧૫ જુલાઇના અગ્રલેખમાં આવી અવળી વાણી ઉચ્ચારે છે. એ વાણીના સૂર કર્કશ છે એટલીજ એ ભયંકર છે. 'જાગૃતિ'માં પ્રગટ થયેલ કચ્છીઓની ના. આગાખાન ઉપરની અરજી સંબંધે સાચા સમાચારને અભાવે ગમે તેવા અનુમાન કરવા સાથે એ એક તોફાની સિદ્ધાંત રજુ કરે છે કે ના. આગાખાન માલિક છે અને આખી ખોજા કોમ તેની ગુલામ છે. "ઇસ્માઇલી" લખે છે કે, "ગુલામો પોતાના આકાને વિનંતિ કરે એમાં બીજાનું કામ ન હોય."

આ સામે અમારો જબ્બરમાં જબ્બર વિરોધ છે. અમને આ વિચારસરણી મંજુર નથી, ખોજા કોમના કોઇ પણ બચ્ચાને એ મંજુર હોઇ શકે નથી. અમે ગુલામો નથી, ના. આગાખાન અમારા માલિક નથી. ના. આગાખાન ગમે તેવા મહાપુરૂષ હોય, દુનિયામાં સૌથી ધનિક કે સૌથી વિશેષ લાગવગ ધરાવનારા હોય. પણ ખોજા કોમ પાસેથી એ ધર્મને નામે પૈસા લ્યે છે; ખોજા કોમ ધર્માદા કરે છે અને ના. આગાખાન એ ધર્માદા સ્વીકારે છે. એટલે ખોજા કોમથી ના. આગાખાનનું સ્થાન કદી પણ ઉંચું હોઇ શકે નહિ. અત્યારે વસ્તુસ્થિતિ એ છે કે ના. આગાખાન ખોજા કોમના ધર્માદાનું પાત્ર છે. અલબત્ત ખોજા કોમે આ પાત્ર પસંદ કરવામાં કે સ્વીકારી લેવામાં જબરી થાપ ખાધી છે, ભયંકર આફત વ્હોરી લીધી છે. પણ તેથી કરીને નકકર વસ્તુસ્થિતિ બદલી જતી નથી. ના. આગાખાન ખોજા કોમને પૈસે નભે છે એમ કહેવું એ જો વધારે પડતું હોય તો એટલું તો ચોકકસ કહી શકાય તેમ છે કે ના. આગાખાનને પોતાના વૈભવ વિલાસો જાળવી રાખવામાં તો ખોજા કોમ ખૂબજ મદદ રૂપ બની છે. ના. આગાખાન માલિક નથી, ખોજા કોમ તેની ગુલામ નથી. ના. આગાખાન ગમે તેવડા મોટા હોય તો પણ અત્યારે તે ખોજા કોમનો ધર્માદો ખાનારા છે, ખોજા કોમના ફકીર છે. ખોજા કોમ તેની ગુલામ નથી. એ વિચારસરણી અમને નામંજુર છે.

આગાખાની વાજીંત્રો કાંઇ વગર સમજ્યે આવા ગુલામ-માલિકના સંબંધની વાતો નથી કરતા. એ વાતોની પાછળ ખૂબ રહસ્ય રહેલું છે, ઉંડો હેતુ રહેલો છે. ના. આગાખાન અત્યારે ખોજા કોમની સામાજિક વ્યવહારિક બધી બાબતોમાં ડખલગીરી કરે છે. ખોજા કોમે પાળવાના કાયદા તેઓ પોતે ખોજા કોમના એક સભ્ય પણ નહિ હોવા છતાં પોતે ઘડે છે, અને પોતાની મુનસફી મુજબ એ કાયદાનું પાલન કરાવનારા કોમ માથે બેસારે છે. આ અકુદરતી અને અન્યાયી કબજો તેઓ કદી છોડવા માગતા નથી અને તેથી એ છોડવાનો પ્રસંગ કદી પણ ન આવે એની સાવચેતી રૂપે એ કોમમાં એવી સ્થિતિ પેદા કરવા માગે છે કે કોમ કદી પણ માથું ઉંચકી શકેજ નહિ, કોમને પોતાને પણ એમજ ઠસી જાય કે ના. આગાખાનના કુદરીતે રીતેજ આપણે ગુલામ છીએ. અને આ દુરંદેશીનો, આ ઉંડા હેતુનો જ્યારે જ્યારે એ વાજીંત્રો વાગે છે ત્યારે ત્યારે પડઘો પાડે છે. એક વખત ના. આગાખાનને જો માલિક-પદે બેસારી દેવામાં આવે, એક વખત જો ખોજા કોમ ઉપર એવી છાપ પાડી દેવામાં આવે કે ખોજા કોમનું ગૌરવ ના. આગાખાનના ગુલામ બની રહેવામાં છે તો ના. આગાખાનનો એ કબજો ચિરંજીવ બની જાય, ખોજા કોમ કદી પણ એ બેડીઓ તોડીને સ્વતંત્ર થઇ શકે નહિ. અને માટેજ ના. આગાખાનને 'આકા' અને ખોજા કોમને 'ગુલામ' કહીને, સ્વીકારીને આ વાજીંત્રો બધી વાતો કરે છે.

ખોજા કોમને સ્વતંત્ર થવું છે. પોતાના સામાજિક વહીવટમાંથી ના. આગાખાનની દરમ્યાનગીરી અને ડખલગીરી તેને દૂર કરવી છે. ફરજીઆત કરવેરાના ભારમાંથી મુકત થઇ તેને નિરાંતે પોતાનો રોટલો રળી ખાવો છે. એને કોઇને આધીન બનીને રહેવું નથી, એને કોઇના ઓશીઆળા બનવું નથી, એને કોઇની ખુશામત કરવી નથી. ના, ના. અમે ગુલામો નથી, અમે કોઇની ગુલામી કરવા માગતા નથી.

# દરવાજા બંધ

શ્રી. બુધવાણી ઉવાચ :

"ખોજા સુધારકોનો જાન લેવાનું કાવતરૂં એ મથાળા હેઠળ જે હકીકત પ્રગટ થઇ છે તે સત્યથી વેગળી છે. ...(પીસ્તોલ) દીવમાંથી ખરીદી છે, આ બધું ધતીંગ છે." (ઇ. આ. ૧–૭–૩૪)

કેમ ભાઇ બુધવાણી, દુનિયા ઉપરનાં બધાં કાવતરાંઓનો આપ હિસાબ રાખો છો? ક્યાં ક્યાં કાવતરાં થાય છે એની આપને અગાઉથી માહિતી મળે છે કે આપ એની સત્યાસત્યતા માટે છાતી ઠોકીને કાંઇ કહી શકો? આપને દુનિયાભરના તો શું પણ કાઠિયાવાડના પણ સી. આઇ. ડી. ઇન્સ્પેક્ટર જનરલનો હોદ્દો મળ્યો ક્યારેય સાંભળ્યો નથી!

"છતાં તે પોલીસને ચેતવણી ન આપતાં છાપામાં દોડી જાય છે."

ભાઇ બુધવાણી, આપ પોલીસના પ્રતિનિધિ ક્યારે થયા? આપને કેમ ખબર પડી કે આ કાવતરાથી પોલીસને માહીતગાર કરવામાં નથી આવી?

*

"ઇસ્માઇલી" ઉવાચ:

"પ્રથમ કહેવાતી ઇચ્છીઓના નામની અરજીમાં ન તો કોઇનું નામ છે, ન તો તેમાં ગામ કે ઠામ છે." (૧૫–૭–૩૪)

"ઇસ્માઇલી"ના તંત્રીજીને કચ્છમાંથી ના. આગાખાનને અરજી કરનારાઓનાં નામ ઠામ જોઇએ છે. કેમ, નાતબહાર કરવાનું બહુ મન થઇ ગયું છે? ભાઇ, જરા ધીરા! મકલાઇ સાહેબ હજી પરદેશમાં છે. એમને આવવા દયો, જરા તેમની સલાહ લ્યો. એમના વિના આપનાથી કાંઇ થોડું બનવાનું! ઉતાવળા સો બ્હાવરા. જરા શાંત થાવ!

"આ ઉપજાવી કહાડેલી બંધએસ્તી અરજીની એક ઉપાધી ઉભી કરી તેના વડે નિંદા કરી એટલે સરવાળો તેનો તેજ આવ્યો............ફુલની સાથે ઝાંખરા હોય છે, તેમ કદાચ કચ્છમાંના ઇસ્માલીઓમાં મહાશય તંત્રીજીના એકાદ બે મળતીયા પણ હોય, અને તેઓના હાથે આ કામ કરાવવામાં આવ્યું હોય તો અમે તાજુબ થઇશું નહિ."

"ઇસ્માઇલી"ના તંત્રીજી એટલું તો કબુલ કરે છે કે આ અરજી 'બંધએસતી' છે. બંધએસતી એટલે બરાબર કચ્છના ભાઇઓ કરે એવી. એટલે કે કચ્છના ભાઇઓ આવી અરજી કરે એ સ્વાભાવિક છે, બનવા જોગ છે; એવી અરજી કરવાને માટે પુરતાં કારણો છે. હવે જ્યારે આવી અરજી કરવા માટે પુરતાં કારણો છે, કચ્છમાં તેવી સ્થિતિ પ્રવર્તે છે ત્યારે કચ્છીઓ આવી અરજી ન કરે એમ શા માટે માનવું? શું એમને સોએસો ટકા ખાત્રી છે કે કચ્છની તાકાત માથું ઉંચકવાની નથીજ? તો તો એમણે કચ્છમાં ચાલતી વિરોધ પ્રવૃત્તિ નજરે જોવા કચ્છ તરફ સવેળા પ્રયાણ કરવું જોઇએ.

"ઇસ્માઇલી"ની દલીલ પણ બહુ ફાંકડી છે. પ્રથમ તો આ અરજી કચ્છે કરી નથી, અને કરી હોય તો ફુલની સાથે ઝાંખરા પણ હોય છે. તંત્રીઓએ હંમેશાં આવીજ સગવડભરી દલીલો કરવી જોઇએ. પહેલી ખોટી પડે તો બીજી સાચી, અને બીજી ખોટી પડે તો પહેલી સાચી. પાકા સમાચાર મેળવવા માટે શું કરવા મહેનત કરવી? આવી એક દલીલ ગોતી કાઢો એટલે એ બધી માથાકુટ મટી ગઇ! અને "ઇસ્માઇલી" આવી કુનેહભરી દલીલો કરવાનું તો ઘણા વખતથી જાણે છે. 'આ માહીતીની ગેરહાજરીમાં સ્વમેળે શંકા જન્મે છે કે લવણપ્રસાદ, પંડયા કે જસાણી નામના ખરા ગૃહસ્થો પણ છે કે નહિ? અને જો હોય તો ખાત્રીથી કહી શકાય છે કે તેમને શબ્દજાળથી છેતરવામાં આવ્યા છે.' (૨–૮–૩૧)

*

'આફતાબ' હમણાં દોસ્ત બીરાદરો સહીત હસન બીન સબ્બાહની વારે ચડયું છે. ભલે ચડયું. એ નહિ ચડે તો બીજું કોણ ચડશે! પણ 'આફતાબ' 'મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો' ના જેવું કરી બેસે છે તેનાથી જરાક સંભાળી લ્યે તો સારૂં. હસન બીન સબ્બાહને 'સુલેહ પસંદ' ચીતરવો છે અને જાણ્યે અજાણ્યે તેનાથી એમ કહેવાઇ જાય છે કે હસન બીન સબ્બાહે ખૂનો કર્યાં કરાવ્યાં એ વાત તો સાચી. "આવો મરણીઓ ઇલાજ પણ તે વખતના બુદ્ધિવાન ઇસ્માઇલીઓએ ઘણીજ કરકસર રીતે અને બુદ્ધિપૂર્વક લીધો હતો કે જેથી હ. રસુલીલ્લાહ (સ.)ની મહાન વાડી ઇસ્લામના બગીચાના નિર્દોષ રોપાઓ ન કરમાય, પણ 'એકાદ ઝાડના નાશથી' એ કાર્ય સરે." આનો અર્થ બીજો કાંઇ નથી થતો.

હસન બીન સબ્બાહની તરફેણમાં ૪ વખત જોન માલ્કમ, ૩ વખત 'રોઝતુલસફા,' ૨ વખત 'ખોજા તવારીખ,' ૨ વખત વૉન હેમર, ૨ વખત હાવર્ડ, ૧ વખત ગીબન, ૧ વખત સર જસ્ટીસ સીલે અને ૧ વખત સૈયદ મુનીરને ટાંકવામાં આવ્યા છે. આમ છતાં 'રોઝતુલસફા' કે 'ખોજા તવારીખ'નાં કોઇ પાનાં ટાંકવાની 'આફતાબ'ને જરૂર નથી દેખાણી, તેમજ બાકીના ગૃહસ્થોએ કયા પુસ્તકના કયે પાને આ બધું લખ્યું છે એ માટે એક પણ પુસ્તક કે એક પણ પાનું ટાંકવામાં નથી આવ્યું. એ બધા ગૃહસ્થો મરી ગયા છે, એટલે 'જાગૃતિ'માં હસન બીન સબ્બાહના ઇતિહાસ ઉપરથી પરદો ઉંચકવામાં આવ્યો ત્યાર પછી તેઓ 'આફતાબ'ની રૂબરૂ આવીને મોઢેથી પોતાનો અનુભવ કહી ગયા હોવાનો સંભવ તો નથી. પણ હકીકતે એવું પુસ્તક કે પાનું ટાંકવાની જરૂર ક્યાં છે? બે ચાર અંગ્રેજી નામ અને એકાદ બે ઉર્દુ નામ આમથી તેમ ટાંકી દીધાં એટલે ખોજા કોમ માથે તેની બરાબર અસર થઇ જવાની 'આફતાબ'ને ખાત્રી હોય ત્યાં એવી કડાકુટમાં ઉતરવાનું કાંઇ કારણ? અને 'આફતાબ'ની આવી માન્યતા છે એના પુરાવામાં મી. હાવર્ડ. આ મી. હાવર્ડે આમ કહ્યું છે ને તેમ કહ્યું છે એમ 'આફતાબ' લખે છે. પણ 'આફતાબ' એમ કહેવાની જરૂર નથી જોતું કે આ મી. હાવર્ડ તો ના. આગાખાન ઉપર થયેલ કેસમાં તેમના પોતાનાજ વકીલ હતા, કે જે કેસમાં ફેંસલો આપનાર જસ્ટીસ આર્નોલ્ડે હસન બીન સબ્બાહને ખૂની તરીકે સાબીત માન્યો હતો. આનું નામ આવડક અને આનું નામ 'બ્હોત અચ્છા ખીજમત'!

# નૂતન યુગનાં પ્રવાહ-બળો

સામ્યવાદ એ શું છે તેનો આછો ખ્યાલ 'જાગૃતિ' ના વાંચકોને આપ્યા પછી જે દેશમાં એનો અખતરો થઇ રહ્યો છે તે દેશનું પરિચય ચિત્ર આ નીચે આપવામાં આવે છે.

## ૨. સામ્યવાદ

સામ્યવાદી રાજતંત્રનો અખતરો કરનાર આજે દુનિયાભરમાં એકજ દેશ છે અને તે રશિયા.

સૈકાઓ થયાં રશિયામાં રોમેનોરૂ વંશના રાજા ઝાર રાજ્ય કરતા હતા. ઝારની રાજ્યપદ્ધતિ પ્રજાને સંપૂર્ણ બેજવાબદાર અને આપખુદ રહેવાની હતી, અને પરિણામે પ્રજા ઉપર જુલ્મોની જડી વરસતી. પણ ઓગણીશમી સદીના અંત ભાગમાં એક પુરૂષ જાગ્યો, કે જેણે પાનસો પાનસો વરસથી ચાલ્યા આવતા રોમેનોરૂ વંશની જડ ઉખેડી નાખી, જેણે રશિયામાંથી ઝારશાહીને સદાને માટે નાબુદ કરી અને રશિયામાં કામદારો અને ખેડુતોનું રાજ્ય સ્થાપ્યું. એ પુરૂષ તે લેનીન.

લેનીને કચડાતા કૃષિકારો અને કામદારોને આત્મભાન કરાવ્યું, રાજાશાહી અને અમીરશાહી તેમનું કેવી રીતે લોહી ચૂસે છે એ તેમને પ્રત્યક્ષ કરાવ્યું. અને આટલું થયા પછી તેણે રાજસત્તા સામે બળવો પોકારવાનો આદેશ આપ્યો. ૨૮ વરસની લેનીનની અથાક મહેનત અને અણનમ ધ્યેયભકિત પછી ૧૯૧૭ના માર્ચની ૧૫મી તારીખે રશિયાના ઝાર નિકોલસે પોતાનાજ હાથે રશિયાની રાજગાદી ત્યજવાનું જાહેરનામું બહાર પાડયું અને પોતાના ભાઇ માઇકલને પોતાનો વારસો સોંપી એણે રૂખસત પકડી. ત્રણ દિવસ પછી, ૧૮મી તારીખે માઇકલને પણ રાજત્યાગનું જાહેરનામું બહાર પાડવું પડયું અને તેણે મોટા ભાઇનો રસ્તો લીધો. પછી રાજસત્તા ગઇ જમીનદારો અને મુડીદારોના હાથમાં. લેનીનને એ મંજુર ન્હોતું, કીસાનો અને કામદારો એ માટે લડયા ન્હોતા. ૭ મહીના પછી, ઓકટોબરની ૨૩મી તારીખે લેનીનના પક્ષે આ નવા રાજતંત્ર સામે હથીઆરબંધ બળવો કરવાનો ઠરાવ પસાર કર્યો. સત્તર દિવસ પછી, નવેમ્બરની ૯મી તારીખે રશિયામાં સામ્યવાદી કામદારો અને કીસાનોનું રાજ્ય સ્થપાઇ ગયું.

લેનીનનું એ સુત્ર છે: "કામ કરશે નહિ તે રોટી ખાઇ શકશે નહિ." આજે રશિયામાં વસતા પ્રત્યેક નરનારીએ ફરજીઆત શારીરિક શ્રમ લેવોજ જોઇએ છે. [illegible]ઓ રળે અને પોતે ખાય એ વાત આજે સ્વપ્નવત્ થઇ ગઇ છે.

૧૬ કરોડની વસ્તી વાળો રશિયા ખેતીપ્રધાન દેશ છે. ઝારના વખતમાં જે જમીન ઉપર ખેડુતો તાઢ તડકા વેઠતા હોય એ જમીન ખેડુતોની ન્હોતી. ખેડુતો માત્ર મજુરો હતા અને તેમની મજુરીની પેદાશ જમીનદારો ખાતા. સામ્યવાદની સ્થાપના થયા પછી ખેડુતો મજુર મટી જમીનના માલિક બન્યા છે. રશિયામાં આજે સંયુકત ખેતીની નવી પ્રથા દાખલ થઇ છે. એ મુજબ ખેતરની સરહદો તોડી નાખી ચુકતે ખેડાણ જમીનને જોડી દેવામાં આવી છે. ખેડુતો એ જમીન ટ્રેકટરોથી-ખેતી માટેના ખાસ યંત્રોથી-ખેડે છે. એમાંથી આવતી તમામ પેદાશ રાજના ભંડારમાં જાય છે, અને રાજ તો ખેડુતોનું અને કામદારોનું છે, ગરીબમાં ગરીબ આદમીઓનું છે. આજે રશિયાનો ખેડુત એમ કહે છે કે, "રાજ મારૂં છે, જમીન મારી છે, સર્વ પેદાશ મારી છે, હુંજ માલિક છું." એજ પ્રમાણે કામદાર કહે છે, એજ પ્રમાણે એકે-એક શ્રમજીવી કહે છે.

સામ્યવાદી રશિયામાં ખાનગી વેપાર થઇ શકતો નથી, ખાનગી પેઢીઓને ત્યાં કાંઇજ સ્થાન નથી. બધા વ્યાપારો રાજ્ય તરફથીજ ચલાવવામાં આવે છે. એટલે ધંધાની દ્રષ્ટિથી કોઇ ધંધો નથી ચલાવતો, દેશની જરૂરીઆતની દ્રષ્ટિએ બધો વ્યાપાર ખેડાય છે.

કેળવણી ફરજીઆત કરવામાં આવી છે. ૮ થી ૧૫ વરસના બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવાનું ફરજીઆત કરવામાં આવ્યું છે.

નૂતન રશિયામાં સ્ત્રીને પુરૂષને સમાન દરજ્જે મૂકવામાં આવી છે. કાયદાપોથીમાં એક એવી કલમ ઉમેરવામાં આવી છે કે પત્ની પતિનું ઘર સાંચવે અને ચલાવે એ પણ એક જાતની 'મજુરી'જ છે. અને એ મજુરીનું વળતર રાજ્યે નકકી કરેલા દર મુજબ પતિએ પત્નીને આપવુંજ જોઇએ. આ કાયદાથી સ્ત્રી આર્થિક પરાધીનતામાંથી મુકત થઇ સ્વતંત્ર થઇ છે. કયા પ્રકારની મજુરી કરવી એ દરેકની સ્વેચ્છાની વાત છે. લગ્ન-જીવન કે ગૃહ-જીવનમાં સ્ત્રીને આપવા પડતા ભોગને 'મજુરી' ઠરાવવામાં આવે એટલે સ્ત્રીએ પતિનું ગૃહ સાચવવુંજ જોઇએ અને એ માટે તેને આધીન બનીનેજ રહેવું જોઇએ એ આખી વાત ઉડી જાય. નૂતન રશિયામાં સ્ત્રી પુરૂષ સ્વેચ્છાથી જોડાઇ શકે છે અને સ્વેચ્છાથી જુદા થઇ શકે છે. ત્યાં સ્ત્રી-હરણ અને બળાત્કારના ગુન્હાઓ મૃત્યુની સજાને પાત્ર છે અને સ્ત્રીને ફોસલાવવા અને દબાવવાનો ગુન્હો કરનારને આજન્મ દેશનિકાલ કરવામાં આવે છે.

સામ્યવાદની સ્થાપના પછી રશિયામાંથી ધર્મ અને ધર્મ-ગુરૂને હાંકી કાઢવામાં આવ્યા છે.

રશિયામાં સામ્યવાદના મનોરથો સિદ્ધ કરવા માટે બધું કામ યોજનાપૂર્વક હાથ ધરવામાં આવે છે. આ માટે પાંચ પાંચ વરસની યોજનાઓ રચાય છે. પહેલી પંચવર્ષીય યોજના ૧૯૨૮થી ૧૯૩૩ની હતી. એ ૫ વરસમાં રશિયાએ ૧,૭૦,૦૦,૦૦૦ ટન લોખંડ પેદા કર્યું, ૪૨ મોટાં ઇલેકટ્રીક પાવર હાઉસ બાંધ્યા, ૧૨,૦૦,૦૦,૦૦૦ ટન કોલસો ખોદી કાઢયો, ૮,૦૦,૦૦૦ ટ્રેકટરો બનાવ્યા અને ૧૫૬૨૫ માઇલ લાંબી રેલ્વે બાંધી. આ ૫ વર-

[ અનુસંધાન પાના ૧૦૩. ]

# જન્નતના દલાલો

લેખક: શ્રી. દામજી પદમશી પરબતાણી, મ્વાન્ઝા. ( આફ્રીકા )

મીશનરીઓનો ધંધો સ્વર્ગની લાલચનું એક જાતનું કલોરો-ફોર્મ દેવાનો હોય છે. નર્કનો ભય દેખાડવાનોજ તેઓ ઇજારો લઇ બેઠેલા જણાય છે, કેમ જાણ્યે પોતે નર્કાગારમાં પણ સહેલ કરી આવ્યા હોય. તેઓ આવાનેઆવા એકજ જાતના આખ્યાનો રાત દિવસ આપી રહ્યા છે. તેઓને આજના વીજળી વેગે પલટાતા સમયની કદરજ હોતી નથી. તેઓના મોટા મોટા આખ્યાનોથી આપણો ઇસ્માઇલી સમૂહ તણાતો નથી; પણ આપણામાં મીશનરી અને કાઉન્સીલના ધરાર પટેલોના ખુશામતીયા માણસો ઘણા હોય છે. તે લોકો થોડા ઘણા માલદારને સ્વર્ગમાં ઉંચા નંબરની ખુરશીના હકદાર બનાવવાને અનેક રીતથી લલચાવે છે, અને આખરે તેવા માણસો પોતાની નેમમાં ફાવે છે. આવા માણસો ફકત પુરૂષ જાતિના હોય છે તેવું કંઇએ સમજવાનું નથી; સ્ત્રીઓ પણ મોટી સંખ્યામાં નજરે જોવામાં આવે છે.

હવે તો ઠેકઠેકાણે આજના જમાનાને સમજીને અનુસરનારા ઘણા યુવકો પાકયા છે, અને મીશનરી જમાતખાનામાં વાએઝ કરવાનો છે તેવું જાણતા છતાં પણ તેવા ઓધડભાઇની વાએઝ સાંભળવાને બીલકુલ જતાજ નથી. કારણ કે યુવક વર્ગ સમજી ગયો છે કે એની વાએઝમાં કાંઈ નહિ હોય. પૈસા ઓકાવવાનો ધંધો લઇ બેઠા છે, તે પૈસાજ ઓકાવવા આવ્યા છે. દેવા આવ્યા નથી, લેવા આવ્યા છે. એક તો આવી બેકારીના સમયમાં પેટ-પુરતું દુરદરાઝ આફ્રીકા જેવા દેશમાં પણ મળી શકતું નથી, ત્યાં ઘરમાંથી પૈસા કાઢી આપી બાયડી બચ્ચાંને ભૂખે મારવા જેવું છે. ઉપરાંત મીશનરીના રાફડામાંથી મીશનરીનાં ઘણના ઘણ ફાટી નીકળ્યા છે. આજે આપણે વરસો થયાં એકજ જાતની વાએઝ સાંભળી રહ્યા છીએ તેવુંજ સંભળાવવાનો તેઓનો ધંધો છે. તેમાં આપણું કંઇએ વળે તેમ નથી, બલ્કે ખોવાનું છે. મીશનરીને તો પોતાનો પગાર મનમાનતો પાડવાનો હોય છે; એટલે તેણે તો ઉંચે સાદે લલકારીને માણસને બેવકુફ બનાવવાનું રહ્યું. પણ હવે માણસો ચેતી ગયા છે કે બેવકુફ બનવાથી બાયડી બચ્ચાંને કયાંક મારવાડીને ત્યાં મૂકવાં પડશે!

મીશનરીઓનું માન થોડાક વરસો પહેલાં તો એવા પ્રકારનું હતું કે જાણે આસમાનમાંથી કોઇક મોટો દેવ ઉતરી આવ્યો કેમ ન હોય! અને મીશનરી સાહેબ પણ તેવા દબદબાથીજ રહેતા. જ્યારે કોઇક ગામમાં મીશનરી સાહેબની પધરામણી થવાની હોય ત્યારે તે ગામના મુખી કામડીઆને આઠ દિવસ પહેલાં તાર મળી ગયો હોય. આવવાને દિવસે જમાતના નાના મોટા (સ્ત્રીઓ શિવાય) બધા સામે લેવાને જાય અને વાજતે ગાજતે મુખી સાહેબના ઘરે ઉતારો મળે. મુખી સાહેબ પણ પોતાનાં બાયડી બચ્ચાંને હુકમ કરી દયે કે, "મીશનરી બાપાની સેવા બરાબર કરજો." સાથે-સાથે મીશનરી બાપાને પણ કહે કે, "આ બચ્ચાં તમારાંજ છે અને ઘર પણ તમારૂંજ છે. જે કંઇ જોઇએ તે ખુશીથી તમારૂં પોતાનું જાણીને મંગાવવાનો હુકમ કરજો. બીલકુલ જુદાઇ જાણજો નહિ. હું દુકાને વેપાર સંબંધી કામને માટે જાઉં છું." મીશનરી સાહેબ તો એક નાનકડું રાજ મળી ગયું હોય તેવી રીતભાતથી ઘરના નાના મોટા બધા ઉપર હુકમ ચલાવવા મંડી પડે છે, અને મનભાવતા માલમલીદા પણ ઉડાવે છે. તેવો લાભ કોણ મૂકે? પછી પોતાની જાળમાં લેવાના ધંધા આદરે છે.

આવું જ્યારે જોવામાં આવ્યું ત્યારથી મીશનરી બાપાને મુખી સાહેબ કે કામડીઆ કે કાઉન્સીલના પ્રેસીડેન્ટને ત્યાં જે ઉતારા મળતા તે બંધ કરવામાં આવ્યા, અને ગામમાં એક ભાડાની કોટડી મીશનરીના આવ્યા પહેલાં મુખીએ લઇ રાખેલ હોય તેમાં મીશનરી સાહેબના પુતળાની પધરામણી કરાવવામાં આવે છે. એવી જગ્યાએ મીશનરી સાહેબને રહેવાનું પસંદ પણ પડતું નથી; કારણ કે ભૂતકાળમાં ઘણા માલમલીદા ખાધા હોય અને એશઆરામ મનગમતો કર્યો હોય અને કાચાપાકા ફળફળાદિ પણ ચાખ્યા હોય તે આ જગ્યાએ ન મળવાથી મન મુંઝાય છે. અને આવા કારણથી જ્યારે જમાતનો કોઇ પણ ભાઇ આવે અને મીશનરી સાહેબને પુછે કે, "મીશનરી સાહેબ, કેમ છે તબીયત?" ત્યારે જવાબમાં ફકત "તબીયત ઠીક રહેતી નથી" નો ઉંડા નિઃસાસા સાથેનો જવાબ મળે છે, અને ખોટો ડોળ કરીને પોતાના શ્વાસને ભારે ખમ કરી નાખે છે.

મીશનરીઓ વાએઝ કરવાને અને વાએઝ કરી માણસોને મેંઢા બનાવવાને દુનિયામાં જ્યાં જ્યાં ઇસ્માઇલીઓ વસી રહ્યા છે ત્યાં ત્યાં પહોંચી જાય છે અને જમાતખાનામાં વાએઝ કરે છે. પણ પોતાના માટે મળેલા ઓરડાની અંદર તે જ્યારે એકલો બેઠો મુંઝાય છે ત્યારે "કોકશાસ્ત્ર" જેવા પુસ્તકો વાંચે છે. અને મેં એવા પણ મીશનરી જોયા છે કે શકિત, ધાતુવર્ધક, વિ.ની ગોળીઓ પણ સારા પ્રમાણમાં રાખીને તેનો ઉપયોગ પણ કરે છે.


—: જોઇએ છે :—

ખ પ

બ ત્રી

ર ઓ

કાઠિયાવાડના મુખ્ય મુખ્ય શહેરો અને મુંબઇ તેમજ કચ્છ, સિંધ ખાતે, કોમના જાણવાજોગ સાચા સમાચારો પુરતી માહીતી અને પુરાવા સાથે પુરા પાડી શકે તેવા ખબરપત્રીઓ "ખોજા જાગૃતિ" માટે જોઇએ છે. યોગ્યતા મુજબ વેતન આપવામાં આવશે.

## ટુંકા સમાચાર

—મહાસભાના ચુંટાયેલા પ્રમુખ સરદાર વલ્લભભાઇ પટેલને માંદગીને કારણે સરકારે બંધનમુકત કર્યા છે. સરદારને નાકનું દરદ થયું છે. જેલમાંથી છુટયા પછી તુરત તેમના ઉપર એક નાનકડું ઓપરેશન કરવામાં આવ્યું છે જે સફળ થયું છે. સરદારની સામાન્ય તબીયત સારી છે. મુકિતની સાથેજ તેમણે મહાસભાના પ્રમુખનો હોદ્દો સંભાળી લીધો છે, અને દેશને ફરી પ્રેરણા પાવાનું કામ શરૂ કરી દીધું છે.

—વિલાયતની પાર્લામેન્ટમાં જવાબ આપતાં હિન્દી વઝીર સર સેમ્યુલ હોરે જણાવ્યું છે કે પંડિત જવાહરલાલ નહેરૂ સત્યાગ્રહના કેદી નથી, પણ રાજદ્રોહના ભાષણો કરવા માટે તેમને સજા થઇ છે. એટલે તેમની સજાની મુદત ખલાસ થયાં પહેલાં સરકાર તેમને છોડશે નહિ.

—અજમેરમાં એક સનાતની પંડિત ઉપર હિન્દુ સુધારકોને હાથે થયેલા હુમલાના પ્રાયશ્ચિત રૂપે મ. ગાંધીજી ઓગસ્ટની ૭મી તારીખથી સાત દિવસના ઉપવાસ કરવાના છે. પંડિત જવાહરલાલ નહેરૂ અને સરહદના ગાંધી ખાન અબ્દુલગફુરખાનને સરકાર ન છોડે તો મહાત્માજી ઉપવાસ પછી સત્યાગ્રહ કરશે તેવું અનુમાન કરવામાં આવે છે.

—વડી ધારાસભાની ચુંટણીમાં ફત્તેહમંદ થવા માટે મહાસભા સ્વરાજ્ય પક્ષ તરફથી જોરદાર પ્રચાર કાર્ય શરૂ થઇ ગયું છે. શ્રી. ભુલાભાઇ દેસાઇ મદ્રાસ તરફ પ્રવાસ કરી આવ્યા.

—મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૨૭-૭-૩૪ ના રોજ બનારસ ખાતે મળશે.

—પંડિત માલવીયા અને શ્રી. આણે મુંબઇ ખાતેની મહાસભાની કાર્યવાહક સમિતિના કોમી ચુકાદા તરફ દુર્લક્ષ કરવાના ઠરાવથી નારાજ થયેલા હોઇને બનારસ ખાતેની બેઠકમાં રાજીનામાં આપશે તેમ જણાય છે.

—ડૉ. આલમે અંગત અગવડોને કારણે મહાસભાની કાર્યવાહક સમિતિમાંથી રાજીનામું આપ્યું છે.

—રાજસ્થાન પ્રજા પરિષદના પ્રમુખ શ્રી. કેલકરને મહાત્માજીએ રાજસ્થાની પ્રજા સાથે બ્રીટીશ હિન્દ અફઘાનીસ્તાન, સીલોન, ફ્રેન્ચ કે પોર્ટુગીઝ હિન્દ સાથે જેવો સંબંધ રાખે એથી વિશેષ ન રાખી શકે એવો જવાબ આપવાથી રાજસ્થાની પ્રજાના આગેવાનોને અસંતોષ થયો છે. મુંબઇ ખાતે મળનારી આગામી મહાસભા વખતે ખૂબ જોરથી આ પ્રશ્ન છણવામાં આવશે.

—કચ્છમાં આસંબીયાના ઠાકોરે ગામના જૈનોને પોતાના માણસો પાસે મરણતોલ માર મરાવ્યો એ સામે મુંબઇના કચ્છીઓએ પ્રચંડ જુંબેશ ઉપાડી છે.

—ના. આગાખાને સરકાર પાસે રાજ્યની માગણી કરી છે કે કેમ એવો સવાલ વડી ધારાસભામાં પુછાતાં સરકારના ગૃહમંત્રીએ જવાબ આપ્યો છે કે ના. આગાખાને સરકારને પત્ર લખ્યો છે, પણ તેની વિગત સરકાર ખાનગી રાખવા માગે છે.

## વેપાર સમાચાર

(તા. ૨૧-૭-૩૪.)

**ઉન :** ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ૨૫૨ ગાંસડી વેચાણી છે. બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૨૪થી ૨૭ દિવસ ૪નો છે. તેમાં ગાંસડી ૧૯,૩૦૦ મુકાશે. સફેદમાં ભાવના ભાવ જવા અને બાકીનામાં ઘટવા સંભવ છે. જર્મનીને ખરીદવાની છુટ મળશે તો બજારને ટેકો મળવા સંભવ છે. સ્થાનિક બજારમાં શુદ્ધ જોડીયાનો ભાવ ૧૨થી ૧૩ આસપાસનો ગણાય. ભરવાડમાં રૂા. ૧૩) લેખે બાનાં અપાય છે.

**રૂત :** ભરૂચ ૨૨૬ **બકરાના વાળ:** ૩)

**અનાજ, વિ.:**

૧ાા ૨) ઘઉં — ૨ા૮ ૨ા= તલ
૧ાા ૧ાા બાજરો — ૧ાા મેથી નવી
૧ા ૧ા= જુવાર — ૧ા૮ાા એરંડા એરંડી
૧ા= ચણા દેશી — ૧)= ૧ાા મગ દેશી
૭ાા= ૧) કમોદ જાડી — ૧ા≡ ૧ાા અડદ
૧ા= ૧ાા કમોદ ઝીણી — ૨)૮ાા ૨)= રાઇ
૧)= મગફળી ઝીણી — ૧ા≡ ૧ાા= શીંગદાણા હાથફોલ
૧)= મગફળી જાડી

**ઘી :** ૨૮ાા ૨૯) મુંબઇ પરખ. ૨૧) તાજો રસ

**તેલ :** ૫)= તલનું. ૩)≡ શીંગનું.

**પરચુરણ :** ૩) ૩ાા ગોળ દેશી.
૫ાા કપાશીયા કરાંચી
૪ા ખાંડ રાજકોટ શહેર, ૩ા૮ સહર. ૮) ૮ાા સોપારી જુની.
૧૦)૧૦ાા ગહબનું બી. ૯ા= વેસણ ઝીણો. ૮ા૦ વેસણ જાડો.
૮ાા કરાંચી ઘઉંનો લોટ.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)


### ભણ્યા હો તો વાંચજો.

જુલમગારોના જુલમ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

### —: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક ગનજો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

[ અનુસંધાન પાના ૧૦૦થી ]

–સમાં ઉદ્યોગની સાથે કેળવણીમાં પણ રશિયા ખૂબ આગળ વધ્યો છે. ઝારના વખતમાં કુલ વસ્તીનો ૩૩ ટકા ભાગ લખી વાંચી શકતો, આજે એ સંખ્યા બરાબર બેવડાઇ છે; ૬૬ ટકા લોકો લખી વાંચી શકે છે. આજે ૧,૭૦,૦૦,૦૦૦ બાળકો પ્રાથમિક શાળાઓમાં ભણે છે. પહેલી પંચવર્ષીય યોજના સફળ થયા પછી રશિયાએ હવે બીજી પંચવર્ષીય યોજના હાથમાં લીધી છે. એ યોજનાને અંતે સામ્યવાદી રશિયાને કોઇ પણ વસ્તુ પરદેશથી આયત કરવાની જરૂર પડશે નહિ. ૧૦,૦૦૦ માઇલ નવી રેલ્વે બાંધવામાં આવશે, જેમાંની ૫૦૦૦ માઇલ રેલ્વે વિજળીથી ચલાવવામાં આવશે. ખેતી માટેના ટ્રેકટરોની સંખ્યા ચારગણી કરવામાં આવશે. જુદી જુદી જાતનો નવો માલ ઉત્પન્ન કરવા માટે ૨,૦૦,૦૦૦ મોટાં ને ૨૦,૦૦,૦૦૦ નાનાં કારખાનાંઓ ઉભાં કરવામાં આવશે. ૮૦૦૦ માઇલ લાંબી નદી અને ન્હેરો ખોદવામાં આવશે. રશિયાનું પાયતખ્ત મોસ્કો દરિયાથી ૪૦૦૦ માઇલ દૂર છે તેને પાદર દરિયો લાવવામાં આવશે. ૨,૦૦,૦૦૦ મોટર ડ્રાઇવરો, ૪,૦૦,૦૦૦ ઇલેકટ્રીશીયનો અને ૨,૪૦,૦૦૦ યંત્ર વિશારદો તૈયાર કરવામાં આવશે. કામદારોના પગારમાં ૬૩ ટકાનો વધારો થશે, અને કામના કલાકો ઘટાડવામાં આવશે. ૩ નવી વિદ્યાપીઠો અને ૨૦૦૦ નવી શાળાઓ ઉભી થશે. આ બીજી પંચવર્ષીય યોજનાને અંતે રશિયામાં કોઇજ માણસ અભણ રહેશે નહિ.

ઈંગ્લેન્ડમાં આજે ૩૦,૦૦,૦૦૦, જર્મનીમાં ૫૦,૦૦,૦૦૦ અને યુનાઇટેડ સ્ટેટસ ( અમેરીકા )માં ૧૦૦,૦૦,૦૦૦ બેકારો છે. આવી સર્વવ્યાપી મંદી વખતે પણ રશિયામાં એક પણ માણસ બેકાર નથી. ઉલટું બીજી પંચવર્ષીય યોજનાને અંતે રશિયા પરદેશના પાંચ દશ લાખ કામદારોને રોજી આપવાની આશા રાખે છે.

રશિયાનું રાજતંત્ર આજે સોવીએટ સરકાર ચલાવે છે. આ સોવીએટ એટલે ખેડુતો, કામદારો અને સૈનિકોના પ્રતિનિધિઓની સભા. આ બધા પ્રતિનિધિઓમાંથી રાજકારોબાર ચલાવવા માટે બહુ નાનકડી નહિ એવી સંખ્યા ચુંટી કાઢવામાં આવે છે. આમ ચુંટાયેલા સભાસદો બહુમતીના ધોરણે રાજકારોબાર ચલાવે છે.

સામ્યવાદ રાષ્ટ્રવાદના સંકૂચિત ખાડામાં નહિ માનતાં આંતરરાષ્ટિયતામાં માને છે. એટલે કે સામ્યવાદનો આખરી ધ્યેય છે જગત–વિપ્લવનો. લેનીનનું એ સ્વપ્ન હતું અને આજે ટ્રોટસ્કીનું એ છે. આમ છતાં રશિયામાં સામ્યવાદની સ્થાપના પછી બીજા રાષ્ટ્રોમાં વિપ્લવ જગાવવામાં તેનો ઉપયોગ કરતાં પહેલાં આજે રશિયા સામ્યવાદને મૂર્ત સ્વરૂપ આપી સામ્યવાદી સમાજ રચના કેવી હોઇ શકે તેનો દાખલો બેસારવા તરફ વળ્યો છે. પરિણામે જગત–વિપ્લવનો હિમાયતી ટ્રોટસ્કી રશિયામાંથી આજે હદપારી ભોગવે છે.

હિન્દુસ્તાનમાં સામ્યવાદની ચીનગારીઓ ઉડી છે, પણ તે બહુજ જુજ. ૧૯૧૦થી ૧૯૧૮ના ગાળામાં હિન્દુસ્તાનમાં સશસ્ત્ર ક્રાન્તિ કરવાના પ્રયાસો થયા હતા, પણ તે બધા નિષ્ફળ ગયા. અને આ મુઠ્ઠીભર સામ્યવાદીઓ પણ લોક સમૂહ પાસે, આમ વર્ગ પાસે તો કદી પહોંચી શકયાજ ન્હોતા. અત્યારે તો હિન્દુસ્તાનમાં સામ્યવાદની નહિ પણ સમાજવાદની ભરતી તો આવતી દેખાય છે.

## નામદાર આગાખાન
### બ્રીટનવાસીઓની દ્રષ્ટિએ

ધરતીકંપના ભોગ થયેલાઓને આર્થિક મદદ આપવાનો આગ્રહ કરવા માટે લંડનના કનવે હૉલમાં મળેલી સભા સમક્ષ બોલતાં મી. સ્વાફરે કહ્યું કે, "હિંદવાસીઓની હાલની મુશ્કેલીએ વખતેજ નહિ પણ તેમની બીજી બધી રીબામણીઓ દરમ્યાન તેમને આવી ભયંકર કફોડી હાલતમાં જોવાનો પ્રસંગ જગતને આવ્યો છે એથી મને ઘણી શરમ ઉપજે છે. એક અંગ્રેજ તરીકે મને લાગે છે કે હિન્દમાં બ્રીટનનું કર્તવ્ય હિન્દવાસીઓને મુક્ત કરવાનું છે, નહિ કે તેમના ઉપર સત્તા ચલાવવાનું. હું જાણું છું કે હિન્દ આગાખાન રજુ કરે છે તેથી જુદું છે. જે વખતે પોતાના દેશબાંધવો કંગાલીઅત, રોગચાળો અને ભુખમરાનો શિકાર બનેલા હોય ત્યારે આગાખાન પરદેશની ભૂમિમાં નાણાં વેડફી નાખે એ સાચેજ કિસ્મતની ક્રૂર મશ્કરી છે."

("વૉઇસ ઑફ ઇન્ડીઆ," ૪–૬–૩૪)

## નામદાર આગાખાન
### હિન્દવાસીઓની દ્રષ્ટિએ

અંતમાં વકતાએ જણાવ્યું કે જંગબારની હિન્દી વસાહતમાં ખોજા મુસ્લીમોની બહુમતી છે કે જેઓ આગાખાનના અનુયાયી છે, અને તેથી તેણી ( શ્રીમતિ સરોજીની નાયડુ ) એવી આશા રાખે છે કે પોતાના ત્યાંના અનુયાયીઓ માટે આગાખાન પોતાથી બનતું બધું કરશે.

*　　*　　*　　*

મી. એલ. આર. તેરશીએ જંગબારના ખોજાઓના ભલા માટે આગાખાનના વચમાં પડવા સંબંધે શંકા બતાવી, કારણ કે આગાખાન સામાન્ય રીતે હિન્દવાસીઓની વિરૂદ્ધ જઇ બ્રીટીશરોનો પક્ષ લેનારા છે.

( "ફ્રી પ્રેસ જર્નલ," ૧૨–૭–૩૪ )

## ચર્ચાપત્ર

### લડો કાં ભાગો

'જાગૃતિ'ના તંત્રીશ્રી,

વિચાર કલિકાઓ 'જાગૃતિ'ની બોધે છે : ભાગો નહિ પણ લડો. અલબત્ત લડવામાં બહાદુરી છે, પણ આમ ભાગવામાંયે ઝાંખપ તો નથી. ધર્મ એ તો ભૂતકાળની વસ્તુ થઇ ગઇ છે. આજે તો આર્થિક ધર્મમાં સૌ કોઈ માને છે. અર્થશાસ્ત્રની નજરે ધર્મ જ્યાં જોવાતો હોય ત્યાં પછી ભાગવામાં કઇ હાની ? ઇશનાઅશરી થઇ જાય તેમાં ખરી રીતે તો લાભજ છે. ત્યાં કંઇ નાણાં દેવાં પડતાં નથી. ને નૈત્તિક રીતે તો બધા ધર્મ એકજ છે. ત્યારે જે ધર્મ આર્થિક શોષણ કરે છે તેનાથી લડી ન શકાય તો ભાગો. બેમાંથી એક તો થવુંજ જોઇએ : લડો કાં ભાગો.

કચ્છ, તા. ૨૭–૬ ૩૪.　　　**ચ. મ. ન.**

# મુંબઇગરાઓ, કયે મોઢે મ્હાલો છો ?

## સંસ્કૃતિના ધામમાં વસનારાઓની પરાધીનતા

### લેખન સ્વાતંત્ર્ય ક્યાં? આત્મનિર્ણયનો અધિકાર ક્યાં?

"ઇસ્માઇલી" અને "આફતાબ" જેવાં કોમી છાપાંઓ ઢોલ પીટીને જાહેરાત કરે છે કે ખોજા કોમમાં કેળવણીનું પ્રમાણ ઘણું મોટું છે; ખોજા કોમમાં વકીલો છે, ડૉકટરો છે, બેરીસ્ટરો છે, અને એવું બીજું ઘણું ઘણું છે; દિન.ઉગ્યે.તે સુધારા કરતી આગળ વધતી જાય છે. અને આને માટે વારંવાર મુંબઇ તરફ આંગળી ચીંધવામાં આવે છે. સેંકડો હજારો ગરીબ અને કેળવણીહીન ખોજા ભાઇઓની વચ્ચે મુઠ્ઠીભર માણસો કેળવાયેલા હોય એ વસ્તુસ્થિતિ જો અભિમાનનો વિષય હોય તો ખોજા કોમ તે માટે જરૂર અભિમાન લઇ શકે. અને અનેક અજ્ઞાન માણસોમાં મુઠ્ઠીભર કેળવાયેલા માણસો ધરાવવાનું આ માન પણ મુંબઇ શિવાય બીજા કોઇ સ્થળથી ખાટી જઇ શકાય તેમ નથી. આવા સુધરેલા મુંબઇ શહેરની ખોજા કાઉન્સીલના કાયદા પણ બીજા કોઇ સ્થળથી પાછા પડે તેવા નથી.

"મુંબઇ ખોજા શીઆ ઇમામી ઇસ્માઇલી કૌનશીલના કાયદાઓ" નામક પુસ્તક કે જેના મુખપૃષ્ટ ઉપર "મૌલાના સરકાર, હીઝ હાઇનેસ આગા સર સુલતાન મહમદ શાહ આગાખાન, જી. સી. આઇ. ઇ., વિગેરેની પરવાનગી અને સત્તાથી પ્રગટ કરેલ છે." એવું લખાણ છે, તેની કલમ ૩૭ નીચે મુજબ ફરમાવે છે:—

"મુંબઇની ઇસ્માઇલી લાયબ્રેરી અથવા મુંબઈ અને ઉપરનાં લખેલાં ગામડાંનો કોઇ બી ઇસ્માઇલી, ઇસ્માઇલી ધર્મની બાબદ ઉપર જો કાંઇ પણ લખાણ પ્રગટ કરાવવા ઇચ્છતો હશે તો તેવી ઇચ્છા ધરાવતા પ્રગટ કરનાર ઉપર, ફરજીઆત છે કે તેણે તે લેખ કૌંનસીલ પાસે રજુ કરવો અને કૌનસીલ દર માસ માટે પોતામાંથી વારા ફરતી જે બે સભાસદોની નેમણુક કરે, જેઓએ આવા લખાણો પાસ કરવા પછીજ છપાવવા માટે મોકલવા."

કોમના લેખન સ્વાતંત્ર્ય ઉપર આથી જબરી ત્રાપ બીજી કઇ હોઇ શકે? કોમના દરેક સભાસદને પોતાને ઠીક લાગે તેવો લેખ લખવાનો અધિકાર છે. એ લેખ પ્રગટ કરવો કે ન કરવો એનો આધાર તો જે વર્તમાનપત્ર ઉપર એ લેખ મોકલવામાં આવ્યો હોય તેના સંચાલકો ઉપર રહે છે. લખનાર અને પ્રગટ કરનાર [illegible] વચ્ચેજ સંબંધ ધરાવતી [illegible] વાત છે. મુંબઇની કાઉન્સીલને કે બીજી કોઇ પણ સંસ્થાને તેમાં દરમ્યાનગીરી કરવાની કાંઇજ સત્તા નથી. આવી રીતે લેખન ઉપર અંકુશ મૂકીને કાઉન્સીલ કોમમાં સ્વતંત્ર વિચારણા થતી અટકાવે છે. પરિણામે કોમમાં ગુલામી માનસ અને પ્રગતિ–સ્તંભક જીવન વધે એ દેખીતું છે.

એજ કાયદાની કલમ ૩૮મી નીચે મુજબ છે:—

"ઉપરના કાયદાઓમાં કાંઇ પણ ફેરફાર કરવાનો તથા વધગટ કરવાનો કૌનસીલના વધુ મતને અખત્યાર છે, પણ તે અગાઉ નામદાર આગાખાન સાહેબની તે ઉપર બહાલી મેળવવી જોઇશે."

ભાષા ભરમાવનારી છતાં અર્થ તો એજ નીકળે છે કે મુંબઇની આ કાઉન્સીલ આ કાયદાઓમાં કાંઇ પણ ફેરફાર કરવા સ્વતંત્ર નથી. કોઇ પણ જાતના સુધારા વધારા કરવાનો બધો આધાર ના. આગાખાનની બહાલી મળવા ઉપરજ રહે છે. એટલે કે મુંબઇની ખોજા કોમે પાળવાના કાયદા સંબંધેની સંપૂર્ણ સત્તા ના. આગખાનના હાથમાં સોંપી દેવામાં આવે છે. અને ના. આગાખાનનું હિત ખોજા કોમને જરાએ છુટછાટ આપવાથી ભયમાં મુકાય છે એ વાત આજે કોણ નથી જાણતું!

કલમ ૨૯મી નીચે પ્રમાણે છે:—

"કોઇ પણ ઇસ્માઇલી નામદાર આગાખાન ઉપર અરજી કરવાની ઇચ્છા ધરાવે તો તેણે તે અરજીની અક્ષરે અક્ષર નકલ કૌનસીલના દસ્તાવેજોમાં રાખવા માટે સેક્રેટરીઓ ઉપર મોકલવી; આવી રીતે જો અરજી કરવામાં આવશે અને અરજી અગત્યની હશે, તો નામદાર આગાખાન જવાબ વાળશે. નામદાર આગાખાન મુંબઈમાં હશે તો પણ ઉપરની ફરીયાદો લેખીત કરવી પડશે."

અરજી અગત્યની હશે તો ના. આગાખાન જવાબ વાળશે, નહિતર નહિ. પ્રથમ તો લખનારને અગત્યની લાગી હોય ત્યારેજ તેણે લખી હોય, અને ના. આગાખાનની દ્રષ્ટિએ એ અગત્યની લાગે કે ન પણ લાગે. આમ આ અગત્યતાનો પ્રશ્ન વચમાં મુકવાથી તો ના. આગાખાનને કોઇ પણ અરજીનો જવાબ દેવામાંથી મુકિત મળી જાય છે. અને બીજું એ કે, નામદારને અરજીની વાત મહત્વની ન લાગે તો પણ તેમણે અરજદારને ઓછામાં ઓછું એટલું તો લખવુંજ જોઇએ કે મને આ વાત અગત્યની નથી લાગી. આમ સાવ બેજવાબદાર રીતે તેઓ મૌન સેવે અને તેમના એ મૌન ઉપરથી અરજી કરનારે માની લેવું કે તેઓ નામદારને અરજીની વાત અગત્યની નથી લાગી એ કોમનું ભારે અપમાન કરવા બરાબર છે.

આ બધું મુંબઇગરાઓ માટે છે. વકીલો, બેરીસ્ટરો અને ડૉકટરોનો ઢોલ પીટનારાઓ કોઇ કહેશે કે 'કેળવાયેલી' કોમ ઉપર આ જાપ્તો શા માટે રાખવામાં આવ્યો છે?

અને મુંબઇગરાઓ આજે કયે મોઢે મ્હાલે છે? મુંબઇના ખોજા બીરાદરોના હાથમાં કાઉન્સીલના મેમ્બરો ચુંટવાનો અધિકાર નથી. કાયદા કાનુનમા સુધારા વધારા કરવાનો અધિકાર નથી. તેમના કાંડામાંથી કલમ પડાવી લેવામાં આવી છે. મુંબઇગરાઓ, આવી પરાધીન હાલત તમે શા માટે ભોગવી રહ્યા છો?

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

બેકારીનું વિજ્ઞાન
Regd. No. B. 3114

# જાગૃતિ

પુસ્તક: ૨ ]
તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી
[ અંક: ૧૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

જુલાઇ ૩૧ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના અષાડ વદ ૫ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

## હુમલા કેસના તહોમતદારો સેશન્સ કમીટ થયા

### ખૂનની કોશીષનો આરોપ ઘડાયો

#### જુના જામીન રદ, નવા લેવાયા.

( અમારા પ્રતિનિધિ તરફથી )

રાજકોટ, ૨૮ જુલાઇ

'જાગૃતિ'ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર ગયા ડીસેમ્બરમાં થયેલ ખૂની હુમલા સંબંધે ચાલતા કેસમાં આજે આંહીના મે. ફ. ક. મેજીસ્ટ્રેટે એ કેસના બન્ને તહોમતદારોને સેશન્સ કમીટ કર્યા છે.

બરાબર એક વાગ્યે ના. કોર્ટે બન્ને તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદને પોતાની સમક્ષ બોલાવ્યા અને જણાવ્યું કે:—

**"તમારા બન્ને ઉપર હીં. ફો. કા. કલમ ૩૦૭ મુજબ ખૂનની કોશીષ કરવાનો આરોપ ઘડવામાં આવે છે, અને તમને બન્નેને સેશન્સ કમીટ કરવામાં આવે છે. તમારો કેસ હવે સેશન્સ કોર્ટમાં ચાલશે. તમારા જામીન રદ કરવામાં આવે છે. પણ તમને અત્યારે જેલ મોકલાવવાનો હુકમ કરવામાં આવતો નથી. તમે સેશન્સ કોર્ટમાં જઇ ફરીથી નવા જામીન લઇ આવો ત્યાંસુધી આ કોર્ટમાં બેસી રહેવાનો તમને હુકમ કરવામાં આવે છે."**

તહોમદારોને આ હુકમ સંભળાવ્યા પછી ના કોર્ટે કોર્ટના પટાવાળાને હુકમ કર્યો કે તહોમતદારોને કબજામાં રાખવા અને તેઓના ઉપર ધ્યાન રાખવું.

આ પછી તહોમતદારોને કોર્ટની બહાર બેસારવામાં આવ્યા હતા.

તહોમતદારોના દોસ્તો એ પછી સેશન્સ કોર્ટમાં જઇ જામીન મેળવવાના કામમાં રોકાયા. બન્ને તહોમતદારોને દોઢ દોઢ હજારના જામીન લઇ છોડવામાં આવ્યા છે.

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૩૧-૭-૩૪.


## બેકારીનું વિજ્ઞાન

હમણાં હમણાં ભાઇબંધ " ઇસ્માઇલી " ખોજા કોમમાં પ્રવર્તી રહેલી બેકારી ટાળવા ખૂબ ચિંતાતુર બન્યું છે. "ઇસ્માઇલી "નો ભાગ્યેજ કોઇ અંક ખાલી જતો હશે કે જેમાં આ બેકારી ટાળવા હૃદયદ્રાવક અરજ કરતું એકાદ ચર્ચાપત્ર ન પ્રગટ થતું હોય. " ઇસ્માઇલી " આજે તેના લેખકો સાથે બેકાર માણસોની વ્હારે ચડયું છે! એ કહે છે કે, "આપણી ખોજા કોમના બેકારો આજની આર્થિક મંદીમાં ખૂબ પીસાઇ રહ્યા છે. કેટલાકની એવી દશા થઇ પડી છે કે માથે આભ અને નીચે ધરતી વિના કોઇ પનાહ મેળવવાનું સ્થાન નથી.", "હાલમાં હાડમાર થતા બેકાર ખોજા ભાઇઓને રાહતની ઘણી જરૂર છે." વિગેરે. આ બેકારી અને ભૂખમરો જોઇ "ઇસ્માઇલી"નું હૃદય ઝાર ઝાર રડી રહ્યું છે!

આ આક્રંદ અને રૂદનની પાછળ ઘણાંએ કારણો હોવા છતાં અમે " ઇસ્માઇલી "ની શુભ નિષ્ટા ઉપર આક્ષેપ મૂકવા નથી માગતા. અમે આજે એમ સ્વીકારીજ લઇએ છીએ કે "ઇસ્માઇલી"-નું હૃદય સાચેજ બેકારોનાં દુ:ખદર્દો માટે બળે છે. અને એમ ગણીનેજ અમારે જે કાંઇ કહેવું છે તે કહેવા માગીએ છીએ.

ખોજા કોમમાં બેકારી વધતી જાય છે એ સર્વાંગ સાચી હકીકત છે. ખાસ કરીને મુંબઇના ભાઇઓ દરરોજ વધુને વધુ પાયમાલ થતા જાય છે. મુંબઇ શહેર જેટલું મોટું છે તેટલીજ મોટી ત્યાં આજે બેકારી પ્રવર્તી રહી છે. ખોજા કોમની આર્થિક અવદશાનું ચિત્ર સંપૂર્ણ કરવા એ વસ્તુ આમાં જરૂર ઉમેરવી જોઇએ કે શહેર બહાર ગામડાઓમાં વસતી ખોજા કોમ આજે આકરામાં આકરી કંગાલીઅત વેઠી રહી છે. આ ધરતી ઉપર પોતાના પગ ટકાવી રાખવા માટે માણસ આખો દિવસ કાળી મજુરી કરે ત્યાર પછી પણ એને આજે એ વિશ્વાસ નથી કે આવતી કાલે પોતાને ભૂખે મરવું નહિ પડે.

મુંબઇમાં આજે " કેસર બાગ " ઉભો કરવા માટે જબ્બર પ્રયત્નો થઇ રહ્યા છે. એ માટે એક મોટું ફંડ ઉભું કરવામાં આવે છે. ખોજા કોમમાં બેકારી અને ભૂખમરો પ્રવર્તે છે એનો ખ્યાલ "ઇસ્માઇલી"ને ભલે "કેસર બાગ"ની વાત હાથ ધરવામાં આવી ત્યાર પછી આવ્યો હોય, પણ એ બે દૈત્યોએ તો તે પહેલાં, ઘણા લાંબા વખતથી, કોમમાં પોતાના અડ્ડા જમાવ્યા છે. "ઇસ્માઇલી"નું કહેવું એવું છે કે "હમણાંની બેકારી અને ભૂખમરાના સમયમાં માણસોનો બચાવ કરવાની જરૂર જ્યાં ઉભી થઇ છે, ત્યાં પત્થરનાં મકાનો બાંધી શું કરવું છે?" આ વિચારણા સાવ સાચી છે અને જો તેની અંદર રહેલા તત્વને પ્રામાણિપણે વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવે તો ખોજા કોમનાં કેટલાંયે દુ:ખદર્દો ઓછાં કરી શકાય તેમ છે. આજની જગદવ્યાપી આર્થિક અવદશાના સમયમાં જાહેરમાં કામ કરતા એકેએક કાર્યકર્તાની એ ચોખ્ખી ફરજ હોવી જોઇએ કે કોઇ પણ ધર્મ, ધાર્મિક માન્યતા કે તેને અંગેની કોઇ પણ ઇમારતની જરૂરત કરતાં સૌથી વધુ જરૂર આજે ભૂખે મરતાને રોટી આપવાની છે, બેકાર રખડતાને કામ આપવાની છે. જગતમાં કેટલીયે વસ્તુઓ કરવાની જરૂર છે, અને સંપત્તિકાળે એ બધી ભલે ખુશીથી કરવામાં આવે; પણ જ્યાં આપણા માનવ બંધુઓ દેહ નીચોવી નાખવા છતાં પેટપુર અન્ન ન મેળવી શકતા હોય કે માથું પછાડીને લોહી કાઢવા માગતા લોકો રોજગારી ન મેળવી શકતા હોય ત્યાં, આ વિપત્તિકાળે, સૌથી પ્રથમ સ્થાન એવા લોકોને રોજી અને રોટી આપવાનું છે. એ કામ કરતાં બીજું કોઇ કામ મહત્વનું નથી, બીજું કોઇ વધારે ત્વરાથી કરવા જેવું નથી.

આમ છતાં સખાવત ઘર આંગણેથીજ શરૂ થાય છે. "ઇસ્માઇલી" "કેસર બાગ" માટે એકઠી થતી રકમ બેકારોને મદદ કરવા પાછળ ખર્ચવા સૂચવે તે પહેલાં તેણે પોતે પોતાનેજ આંગણે તેવી કાંઇક શરૂઆત કરવી જોઇએ. ખોજા કોમના બેકારોને જેટલી ખબર છે તેટલીજ "ઇસ્માઇલી" કે બીજા કોઇ કોમી પત્રને છે, હોવી જોઇએ કે ના. આગાખાને એક પ્રાંત છોડી બીજા પ્રાંતમાં જવાનું સૂચવવાથી કોમમાં પ્રવર્તી રહેલી બેકારી, તંગી અને ભૂખમરો દૂર કરવા તરફ ન્હાનામાં ન્હાનું પગલું પણ ભરાયેલું નથી. ખોજા કોમ આજે બેકારીનો ભોગ બનતી જાય છે એ સૌ સ્વીકારે છે. ના. આગાખાન આ કોમના વડા હોવાનો દાવો કરે છે એ વાત જગજાહેર છે. ના. આગાખાનને કોમના બેકારો માટે ચિંતા છે તેમ તેઓ કહે છે. દુનિયાની લક્ષ્મીનો સારો એવો ભાગ ના. આગાખાન આજે એકલા ધરાવે છે એ આપણે સૌ જાણીએ છીએ. આમ ચારે બાજુથી પુષ્કળ વ્યાજબી કારણો હોવા છતાં ના. આગાખાન તેમના પોતાનાજ અનુયાયીઓનું દુ:ખ દૂર કરવા આંગળી ચીંધવા શિવાય બીજું કાંઇ વધુ ન કરે એ શું ઓછા અફસોસની વાત છે? જો "કેસર બાગ" માટેની "ઇસ્માઇલી"ની સૂચના ખરા હૃદયની અને પ્રામાણિક હોય તો તેની એ સીધી અને સ્પષ્ટ ફરજ છે કે તેણે આ સવાલ ઉઠાવી લઇ કાંઇક કરી દેખાડવું જોઇએ.

અને બેકારી ટાળવા, ખોજા કોમને આર્થિક રાહત આપવા "ઇસ્માઇલી" સાચેજ તલસતું હોય તો તેને માટે તેના પગમાંજ સેવાનું વિશાળ ક્ષેત્ર પડેલું છે. ધર્મને નામે ખોજા કોમના લાખો રૂપીઆ ના. આગાખાનને જાય છે. આ બધી રકમ સ્વેચ્છાએ નથી જતી પણ ફરજીઆત કાયદા કાનુન અને આકરાં ઉઘરાણાં એ વસુલ કરે છે. ખોજા કોમને જો આ ભારે કરવેરામાંથી મુકત કરવામાં આવે તો પણ તે ખૂબ રાહત અનુભવી શકે તેમ છે. તવંગરો જેટલું આપવું હોય તેટલું ભલે આપે; ભલે તેઓ ફના થઇ જવા કુદી પડે. પણ ગરીબો પાસેથી મારી ઠોકીને આ રકમ શા માટે વસુલ કરવી જોઇએ? શા માટે તેમના માથે આ વેરા ફરજીઆત હોવા જોઇએ? ગરીબોનાં દુ:ખ દૂર કરવા માટે જે કોઇને અંશ માત્ર પણ સાચી સહાનુભૂતિ હોય તેણે આ વસ્તુ તાત્કાલિક ઉપાડી લેવી જોઇએ.

# ખૂની હુમલા કેસની વધુ સુનાવણી

# ફરીયાદ પક્ષ તરફથી બેરીસ્ટર ચુડગરનો ધ્રુજારો

## ધા રા શા સ્ત્રી ઓ નાં ભા ષ ણ

[અમારા પ્રતિનિધિ તરફથી]

રાજકોટ, તા. ૨૪મી જુલાઈ

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઈલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલા સંબંધેના કેસની વધુ સુનાવણી આજે આંહીની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટમાં બપોરના એક વાગ્યે નીકળી હતી. ફરીયાદ પક્ષ તરફથી કાઠિયાવાડના સુવિખ્યાત ધારાશાસ્ત્રી શ્રી. પોપટલાલ ચુડગર, બાર-એટ-લૉ દલીલ કરવાના હોઇને કોર્ટનો હૉલ પ્રેક્ષકોએ અગાઉથીજ ચીકાર ભરી દીધો હતો.

બરાબર એકને ટકોરે શ્રી. ચુડગર આવ્યા અને કોટનું કામકાજ શરૂ થયું. ધીરેથી શરૂઆત કરી મોટી મોટી પરીષદો ગજવનાર શ્રી. ચુડગર જેમ જેમ વખત ગયો તેમ તેમ જોર પકડતા ગયા. બરાબર પોણા બે કલાક, એક મીનીટ પણ વ્યર્થ જવા દીધા વિના એમણે ફરીયાદ પક્ષનો કેસ કોર્ટ આગળ ચોકકસ અને જોરદાર ભાષામાં રજુ કર્યો. જેમ જેમ શ્રી. ચુડગર દલીલમાં આગળ વધતા ગયા તેમ તેમ પ્રેક્ષકોની અને વકીલોની સંખ્યા વધતી ગઇ, કોર્ટનો હૉલ બહુ સાંકડો અને નાનકડો લાગવા મંડયો.

મુકદમાની વિગત ટુંકમાં એવી છે કે ગઇ તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ શ્રી. હીરાણી રાત્રે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ખોજા જુવાનો તેમની પાસે આવ્યા હતા અને એક કલાક વાતચીત કર્યા પછી દુકાન બંધ કરતી વખતે તેમાંના એકે શ્રી. હીરાણી ઉપર છરી વતી હુમલો કરી તેમને ઘાયલ કર્યા હતા. તેજ રાત્રે બન્ને તહોમતદારોની ધડપકડ કરવામાં આવી હતી અને શ્રી. હીરાણીને હોસ્પીટલમાં સારવાર નીચે રાખવામાં આવ્યા હતા. તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદ આગ્રાના રહીશો છે, અને એક એક હજારના જામીન ઉપર છુટા છે. તેમના તરફથી મી. મણીઆર વકીલ અને પોલીસ તરફથી પબ્લીક પ્રોસીક્યુટર મી. એલ. કે. મહેતા એડવોકેટ સાથે મી. ચીમનલાલ નાગરદાસ શાહ એડવોકેટ હાજર રહ્યા હતા.

### શ્રી. ચુડગરની દલીલ

ફરીયાદ પક્ષનો કેસ સમજાવતાં શ્રી. ચુડગરે જણાવ્યું કે, "આ કેસમાં તહોમતદારોને ઇ. પી. કો. કલમ ૩૦૭ મુજબ પોલીસે કમીટ કરેલ છે. પ્રથમ આપણે આ બાબતમાં પુરાવો તપાસીએ. ફરીયાદ પક્ષના પ્રથમ સાહેદ મી. ઇસ્માઇલ કાનજી હીરાણી છે. તે "ખોજા જાગૃતિ"ના તંત્રી છે અને તે પત્રનો હેતુ ખોજા કોમનું હિત સાધવાનો છે. આ હેતુ બર લાવવા ખાતર તેને પ્રસંગોપાત કાઉન્સીલ અને ના. આગાખાનના કારોબારને બહાર લાવવો પડે છે.

"મી. ઇસ્માઇલ કહે છે કે ના. આગાખાનના આંધળા અનુયાયીઓ સુધારકોનો બહિષ્કાર કરે છે અને ખૂન પણ કરે છે; આમ બનેલું છે અને ઘણા વરસથી આમ બનતું આવ્યું છે.

"તા. ૭-૮-૯ ડીસેમ્બર, ૧૯૩૩ના દિવસોમાં રાજકોટ સદરમાં કાઉન્સીલની બેઠક હતી. એ વખતે ના. આગાખાનના કેટલાક અનુયાયીઓ હાજર હતા.

"તહોમતદારો અજાણ્યા માણસો છે. આ ફરીયાદ પહેલાં મી. ઇસ્માઇલ તેમને ઓળખતા ન હતા. પોતે આગ્રાના રહીશો છે તેમ તેઓ કહે છે.

### દીલ્હીથી રાજકોટ

"સાહેદ હરી કાશીનાથ ગુન્હાના દિવસે સવારે દીલ્હીથી રાજકોટની બે ટીકીટો કલેકશનમાં મળેલી હોવાનું જણાવે છે. આ લોકો દીલ્હીથી આવતા હતા. તેઓએ ૭ ડીસેમ્બરના રોજ દીલ્હી છોડયું; ત્યાંથી ૯મી સવારે તેઓ રાજકોટ આવ્યા. રાજકોટ આવીને પટેલ હાઉસમાં તેઓ ઉતર્યા એમ સાહેદ અકબરમીયાંની જુબાની ઉપરથી સાબીત થયું છે. ત્યાં તેઓએ પોતાનો સામાન રાખ્યો અને બહાર ગયા. તે પછી ગુન્હો બન્યા પછી રાત્રે ૧૧ વાગ્યે બીજો તહોમતદાર નજરઅલી પટેલ હાઉસમાં ગયો. એ નાસી જવા માગતો હતો. પણ જમાદાર શીવુભાએ તેને અટકાવ્યો અને પકડયો.

"બન્ને તહોમતદારોએ લેખીત સ્ટેટમેન્ટ રજુ કર્યા છે. પણ કાંઇ ખુલાસો કરવા તેઓ માગતા નથી. બીજો તહોમતદાર કહે છે કે તેને છોડી મુકવો જોઇએ. ખુલાસાના અભાવે એમ માનવાને કારણ છે કે રાજકોટ આવવાને તેઓને કાંઇ કારણ ન હતું. તેઓની આખા દિવસની હીલચાલ જાણવામાં આવી નથી. રાતના ગુન્હા સુધી તેઓ કયાંક સંતાઇ રહ્યા હતા અગર તપાસ કરતા હતા કે આ કાળું અને હીચકારૂં કૃત્ય કરવા માટે કયો વખત અનુકુળ હતો.

### છરી નહિ પણ ખંજર

"મી. ઇસ્માઇલની દુકાને જવામાં રાતનો વખત પસંદ કરવામાં આવ્યો હતો એ અગત્યનો મુદ્દો છે. રાત્રે ૭-૩૦ વાગ્યે તેઓ આ ખંજર કે જેને ખોટી રીતે છરી કહેવામાં આવે છે તે સાથે રાખીને તેઓ મી. ઇસ્માઇલની દુકાને જાય છે. આ ખંજર તદ્દન નવુંજ છે અને એમ અનુમાની શકાય કે ફરીયાદીનું તે વડે ખૂન કરવાના ઇરાદાથીજ એ ખરીદાયેલું હોવું જોઇએ. આ કોઇ ઓજાર નથી. તેમજ સામાન્ય રીતે ખોજાઓ સાથે રાખીને ફરે એવું એ હથીયાર નથી. આરબ લોકો પોતાની સાથે જમૈયો રાખીને ફરે છે એ આપણે જાણીએ છીએ, પણ વેપારી કે નોકરી કરતા ખોજાઓ પોતાની સાથે આ જાતનું ખંજર રાખીને ફરતા હોવાનું આપણી જાણમાં નથી. તહોમતદારોનો ઇરાદો નકકી કરવા સંબંધમાં આ વાત ખૂબ મદદ રૂપ થાય તેમ છે.

"રાત્રે ૭-૩૦ વાગ્યે તેઓ દુકાને જાય છે. મી. ઇસ્માઇલને એ વાતોમાં રોકે છે. તેમની સાથે એ કાઉન્સીલ અને ના. આગાખાન સંબંધે વાતો કરે છે અને મી. ઇસ્માઇલના વિચારોની

એ ચર્ચા કરે છે અને તેથી વિરૂદ્ધ પડે છે. જાણીબુઝીને તહોમતદારો મી. ઇસ્માઇલને વખત વીતાવવા વાતોએ ચડાવે છે અને તક ગોતે છે. દીલ્હીથી રાજકોટ આવવામાં તેમનો બીજો કોઇ હેતુ હતોજ નહિ. મી. ઇસ્માઇલ એમની વાતોથી થાકી જાય છે અને ઉઠે છે, ત્યારે તહોમતદારો તેમને બાર વાગ્યા સુધી બેસવાનો આગ્રહ કરે છે, કે જેથી મધરાતને અનુકુળ સમય ગણી મી. ઇસ્માઇલ ઉપર હુમલો કરી તેઓ હીચકારાઓ પેઠે નાસી જઇ શકે. પણ મી. ઇસ્માઇલ તેઓની ઇચ્છા બેસવા છતાં ઉઠે છે. મી. ઇસ્માઇલ ઉઠ્યા અને પહેલા તહોમતદારે આ ખંજર વડે તેમના ઉપર હુમલો કર્યો. "લેતો જા નાપાકનો બદલો"—હુમલા વખતે વપરાયેલા આ શબ્દો અર્થસૂચક છે. તે મી. ઇસ્માઇલને મારી નાખવાનો મક્કમ નિશ્ચય કરીનેજ આવ્યા હતા. મી. ઇસ્માઇલ બચી ગયા એ તો એક કુદરતની કૃપાજ હતી. મી. ઇસ્માઇલને પોતાની ફરજ બજાવવા હજી આયુષ્યની જરૂર હતી, અને તેથી કૃપાળુ કુદરતેજ તેમને બચાવી લીધા છે, જેમ મુસોલીની અને બીજાઓ ઉપર થયેલા હુમલામાં બન્યું છે તેમ.

### ચોકખો ઇરાદો

"મી. ઇસ્માઇલની મદદે હાશમ વાલજી દોડી આવે છે, છતાં તેને વચમાં અટકાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આનો અર્થ એટલોજ થાય છે કે એ લોકો મી. ઇસ્માઇલને મારી નાખવાજ માગતા હતા.

"આ બધો વખત દરમ્યાન બીજો તહોમતદાર દરવાજા ઉપર ચોકી રાખતો હતો.

"તહોમતદારો મી. ઇસ્માઇલથી અજાણ્યા હતા. એ લોકો ના. આગાખાન અને કાઉન્સીલના ચૂસ્તમાં ચૂસ્ત અનુયાયીઓ છે. એ લોકો આગ્રાથી સીધા આંહી આવે છે. પોતાની સાથે જે વડે માણસનું મૃત્યુ નિપજાવી શકાય એવું ખંજર લઇને તેઓ આવે છે. પટેલ હાઉસમાં ઉતરે છે. આખા દિવસ દરમ્યાન તેઓ દેખાતા નથી. રાત્રે મી. ઇસ્માઇલની દુકાને જાય છે. વખત વીતાવવા મી. ઇસ્માઇલને તેઓ વાતોએ વળગાડે છે. છતાં મી. ઇસ્માઇલ ઉઠે છે, તહોમતદારો તક સાધે છે અને મી. ઇસ્માઇલ ઉપર ઘા કરે છે. આ બધું તહોમતદારોનો ઇરાદો શું હતો એ બતાવે છે. એ લોકો મી. ઇસ્માઇલને મારી નાખવાનાજ ઇરાદાથી આવ્યા હતા.

"વિશેષમાં તહોમતદારોએ પોતાનાં ઠેકાણાં ખોટાં આપ્યાં છે. પટેલ હાઉસમાં ઉતરવા છતાં તેઓ કાઠિયાવાડ લોજમાં ઉતર્યા હોવાનું કહે છે, કે જેથી કરીને આવી ખોટી માહિતીને કારણે તેઓને પકડવાનું કામ મુસ્કેલ થઇ પડે.

"આ છરી સામાન્ય રીતે વપરાય છે તેવી નથી. એ નવી છે, અને એમ માનવુ જોઇએ કે આ હેતુ માટેજ એ ખાસ કરાવેલી હોવી જોઇએ. આવી છરી સાથે રાખવા માટે કાંઇ કારણ નથી. આ પણ એક મહત્વનો મુદ્દો છે.

"મી. ઇસ્માઇલ મક્કમ સુધારક છે અને જાનને જોખમે તેઓ ના. આગાખાન અને તેમના અનુયાયીઓને હાથે થતા અન્યાયો ઉઘાડા પાડે છે. જ્યારે તહોમતદારો કાઉન્સીલ અને ના. આગાખાનના ચૂસ્ત અનુયાયીઓ છે.

### નજરે જોનાર સાહેદ

"બીજો સાહેદ હાશમ વાલજી નજરે જોનાર સાહેદ છે. એને પણ આ લોકોએ ખોટું ઠેકાણું આપ્યું હતું. પટેલ હાઉસમાં ઉતરવા છતાં કાઠિયાવાડ લોજમાં ઉતર્યા હોવાનું તેઓએ જણાવ્યું હતું. આ સાહેદ પણ કહે છે કે ખોજા કાઉન્સીલ સામે થનારને મારી નાખવામાં આવે છે તે તે જાણે છે. આ સાહેદ બીજો તહોમતદાર નજરઅલી બાબરાનો રહીશ હોવાથી તેને ઓળખતો હતો. એટલે નજરઅલીથી પોતાનું નામ છુપાવી શકાય તેમ હતું નહિ. પણ જ્યારે પહેલા તહોમતદારનું નામ તેને પુછવામાં આવ્યું ત્યારે બીજા તહોમતદારે તે આપ્યું નહિ અને મારો મિત્ર છે એમ કહી જવાબ ઉડાવ્યો. આ એમ બતાવે છે કે બન્ને તહોમતદારો સાથેજ હતા અને મી. ઇસ્માઇલને મારી નાખવા માટેજ તે બન્ને સાથે આવ્યા હતા. તહોમતદારો "ખોજા જાગૃતિ"ની નકલ માગે છે અને બીજી વાતો કરે છે. એ એમ બતાવે છે કે તેઓ વખત ગુમાવવા માગતા હતા. આ સાહેદ એમ પણ કહે છે કે બીજો તહોમતદાર નજરઅલી બારણું રોકીને ઉભો હતો.

"પહેલા તહોમતદાર અબ્દુલઅલીએ છરી ડેલામાં ફેંકી દાધી. તે છરી છુપાવવા માગતો હતો, પણ સાહેદ જીવા લસ્કરે એ એની પાસે પકડાવી."

### ટોપીઓનો સ્વીકાર

આ પછી શ્રી. ચુડગરે જુદા જુદા પંચો અને સાહેદોની જુબાનીઓ ના. કોર્ટને સમજાવી હતી. તેમણે જણાવ્યું કે, "જમાદાર શીવુભાની જુબાની એમ કહે છે કે તહોમતદારોએ તેની આગળ પણ ખોટું ઠેકાણું આપ્યું હતું. પટેલ હાઉસને બદલે કાઠિયાવાડ લોજનું નામ તેમણે આપ્યું હતું. બીજા તહોમતદારનું નામ નજરઅલી મામદ હોવા છતાં જમાદાર આગળ તેણે પોતાનું નામ નાનજી ભાણા જણાવ્યું હતું. પંચ મનસુખલાલની જુબાની કહે છે કે ગુન્હાવાળી જગ્યાએથી બે ટર્કી ટોપીઓ મળી આવી હતી અને બન્ને તહોમતદારોએ એ ટોપીઓ પોતાની હોવનું પંચ રૂબરૂ સ્વીકાર્યું હતું. તહોમતદારો એ ટોપીઓ પોતાની હોવાની ના પાડતા નથી. સાહેદ અકબરમીંયાની જુબાની કહે છે કે આ બન્ને સાથે ઉતર્યા હતા અને બીજો તહોમતદાર ભાગી જવા માગતો હતો."

### ડૉકટરોના અભિપ્રાય

બાદ શ્રી. ચુડગર ડૉકટરોની જુબાનીઓ અને તેના અભિપ્રાયો તરફ વળ્યા. આંહી તેમણે વેસ્ટ હોસ્પીટલવાળા ડૉ. ઘાટેની જુબાની ઉપર કડક ટીકા કરતાં જણાવ્યું કે, "ડૉકટર નગીનદાસની જુબાની અને ડૉ. મદનજીના સર્ટીફીકેટ સાથે ડૉ. ઘાટેની જુબાની વાંચતા મને અત્યંત ખેદ થયો છે. મારે ભારે દીલગીરી સાથે કહેવું જોઇએ કે ડૉ. ઘાટે આખું સત્ય કહેતા નથી. જો કે એમની જેવી છે તેવી જુબાનીથી પણ કાંઇ ફરક પડતો નથી. ડૉ. ઘાટેની જુબાની અટકાતી અટકાતી, અંચકાતી અંચકાતી અને ટુંકાવાયેલી છે. જખમ ગંભીર ન્હોતા એમ કહેવું એ બેવકુફી ભરેલું છે. હું 'બેવકુફી ભરેલુ' કહું છું એનું કારણ એટલુંજ છે કે એથી આકરો શબ્દ મને જડતો નથી.

"તહોમતદારોનો ઇરાદો તો મી. ઇસ્માઇલને મારી નાખવાનોજ હતો. પણ તેઓ નિશાન ચુકયા હતા. આવા લોકોના હૃદય ગુન્હાહિત હોય છે ત્યારે નિશાન ચુકાય છે. કારણ કે હૃદય થરથરતું હોય છે. મી. ઇસ્માઇલ બચી ગયા, કારણ કે માણસ જાતની સેવા કરવા માટે તેમની જરૂર છે.

"ડૉ. ઘાટે કહે છે કે જખમ હૃદયના પ્રદેશમાં ન્હોતા. પાછા એ એમ પણ કહે છે કે ઘા ઉંડો ગયો હત તો તે હૃદયમાં જાત. હું સમજી શકતો નથી કે એ શું કહેવા માગે છે. ઉંડા ન્હોતા

એટલે હૃદયના પ્રદેશમાં ન્હોતા એમ કહીજ કેમ શકાય? મારે એમ કહેવું જોઇએ કે ડૉ. ઘાટેએ ખુલ્લો પક્ષપાત બતાવ્યો છે. તેમની જુબાનીનો આ ભાગ વાંચતાં મને ત્રાસ છુટે છે. તેઓ જાણીબુઝીને કોર્ટને ઉંધે રસ્તે દોરવવા પ્રયત્ન કરે છે. જો તેમણે એમ કહ્યું હત કે થયેલા જખમ હૃદયના પ્રદેશથી દૂર હતા તો એ સમજી શકાય તેવી વાત હતી. ફકત પા ઇંચ ઘા ઉંડો ગયો હત તો મી. ઇસ્માઇલનું મૃત્યુ થયું હત. તહોમતદારો મી. ઇસ્માઇલને માત્ર સામાન્ય ઇજા કરવા માટે ન્હોતા આવ્યા. મી. ઇસ્માઇલને મારી નાખવા માટે તેઓએ ઘાતકી યોજના રચી હતી.

"અર્ધાથી પોણો ઇંચ ઉંડી ઇજા એ ખરેખર ઘણી ઉંડી અને ગંભીર છે.

કઇ જાતના ડૉકટર!

"મારા મિત્ર મી. મણીઆર ડૉ. ઘાટેને પુછે છે કે થયેલી ઇજા ગંભીર ગણાય કે સાદી. કાયદા સાથે નિસ્બત ધરાવતો આ પ્રશ્ન પણ સાક્ષી પાસે નક્કી કરાવવા પુછાયેલો જોઇ હું અજબ થાઉં છું. જવાબમાં ડૉ. ઘાટે કહે છે કે એ જખમ ગંભીર હતો કે સાધારણ તે પોતે કહી શકે નહિ. આનો અર્થ મારી દ્રષ્ટિએ તો એટલોજ થાય છે કે ડૉ. ઘાટે મી. મણીઆરને કહે છે કે, "મેં તમારી તરફેણમાં એટલું બધું કહ્યું છે કે હવે એથી વધુ મારાથી કહી શકાય તેમ નથી." ડૉ. ઘાટે કે જેઓ વેસ્ટ હોસ્પીટલના ઑફિસર ઇન સબચાર્જ છે તેને મારે કઇ જાતના ડૉકટર કહેવા કે તેમને ગંભીર અને સામાન્ય ઇજાની પણ ખબર પડતી નથી!

પગાર એ લાયકાત નથી

"ડૉ. નગીનદાસને મારા મિત્ર મી. મણીઆર સવાલ પુછે છે કે તેમને પગાર કેટલો મળે છે. કેમ જાણે એ ઉપરથી નક્કી કરવાનું હોય! પગારની રકમ એ કોઇ લાયકાત નથી. મેં કેટલાક રાજ્યોમાં એવા દિવાન જોયા છે કે જે માસિક રૂ. ૨૦૦૦ નો પગાર પડાવતા હોય, છતાં મી. મણીઆરના કારકુન તરીકે પણ કામ કરવા નાલાયક હોય. રશિયામાં એવો કાયદો છે કે ગમે તેવો મોટો વકીલ પણ ૩ રૂબલથી વધુ ફી લઇ શકે નહિ, કે જેવો કાયદો આપણે ત્યાં પણ થવાનું હું ઇચ્છું.

"ડૉ. મદનજી રાજ્યના નોકર હતા કે ન્હોતા એ વસ્તુ જરાએ મહત્વની નથી. તેમણે ઘણા વરસ સુધી રાજ્યની નોકરી કરી હતી અને પછી રીટાયર થયા હતા. તેઓ એક ખાનગી ધંધાદાર તરીકે પણ આવું સર્ટીફીકેટ આપી શકે છે.

"મી. ઇસ્માઇલ હુમલા પછી અમુક વખત સુધી કામ કરી શકે તેવી હાલતમાં હતા કે ન્હોતા એ વસ્તુ પણ મહત્વની નથી. ઇજા મુખ્ય નથી, ઇરાદો મુખ્ય છે.

આ પછી શ્રી. ચુડગરે પોલીસ ઇન્સ્પેકટર મી. શીવુભા અને મી. પોબારૂની જુબાનીઓ ઉપર ઉડતો ઉલ્લેખ કર્યો હતો અને ડૉ. બામની જુબાની પણ ના. કોર્ટને સમજાવી હતી.

તહોમતદારોનાં સ્ટેટમેન્ટ

તહોમતદારોના સ્ટેટમેન્ટ ઉપર બોલતાં શ્રી. ચુડગરે જણાવ્યું કે, "પહેલો તહોમતદાર કાંઇ ખુલાસો કરવા ના પાડે છે અને બીજો કહે છે કે તે નિર્દોષ છે અને તેને છોડી મુકવો. ખુલાસાના અભાવમાં માત્ર બેજ અનુમાન થઇ શકે કે કાં તો તેમની પાસે કાંઇ ખુલાસો કરવા જેવું છેજ નહિ, અને કાં તો તેઓ પાછળથી નવા ખુલાસા ઉભા કરવા માગે છે. આ શિવાય કોઇ ત્રીજું અનુમાન નીકળી શકતું નથી.

"કેટલા દિવસ સારવારમાં રહેવું પડયું એ વસ્તુ મહત્વની નથી. માણસની જીંદગી જોખમમાં મુકાય તેવી કોઇ ઇજા એ ગંભીર ઇજાજ છે.

સેશન્સ કમીટ કરો

"તહોમતદારોને પોલીસે ઇ. પી. કો. ક. ૩૦૭ અને ક. ૧૧૪ મુજબ આ કોર્ટમાં કમીટ કરેલા છે. તેમના ઉપર પાછળથી ક. ૪૪૯ વધારવામાં આવી છે. ક. ૩૦૭ અને ક. ૪૪૯ નીચે બનતા ગુન્હા તપાસવાની સત્તા ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની નથી, એ કામ સેશન્સ કોર્ટનું છે. એટલે આ બન્ને તહોમતદારોને આપ નામદારે સેશન્સ કમીટ કરવા જોઇએ. આ ગુન્હો કોઇ સામાન્ય ગુન્હો નથી. આ એક રાક્ષસી, ઘાતકી અને ઇરાદાપૂર્વક કરવામાં આવેલો ગુન્હો છે અને તે પણ સમાજના એક સેવક સામે કરવામાં આવ્યો છે. સુધારકોને પોતાના કાર્યમાંથી પાછા વાળવાનો આ રસ્તો નથી. આવી જાતના ઘાતકી ગુન્હા કરનારાઓને એવી સખ્ત શિક્ષા કરવી જોઇએ કે બીજાઓ તેવું કૃત્ય કરવાની હિંમત કરી શકે નહિ. આ એક અત્યાચારી ગુન્હો છે. સુધારકોના હૃદયમાં ત્રાસ પેદા કરવા એ કરવામાં આવ્યો છે. જો કોઇ પણ ગુન્હામાં કાયદો છુટ આપતો હોય ત્યાંસુધીની વધારેમાં વધારે સજા કરવી યોગ્ય હોય તો તે આ ગુન્હામાં છે, અને એવી સજા આ ગુન્હા શિવાય બીજા કોઇ ગુન્હામાં થઇ શકે તેમ નથી.

ફરીયાદી ઉપર ચાહ ન હતો

"ગુન્હો ક. ૩૦૭ નીચે આવે છે કે નહિ એ જોવા માટે થયેલી ઇજા જોવાની નથી પણ ગુન્હા પાછળનો ઇરાદો જોવાનો છે. છરી ઉગામવામાં આવે અને બીજું કોઇ વચમાં આવી જવાથી કે બીજા ગમે તે કારણે કાંઇ પણ ઇજા ન થઇ હોય તો પણ એ ક. ૩૦૭ મુજબ ગુન્હો બને છે. આ ગુન્હામાં તહોમતદારોની વર્તણુક, થયેલી ઇજા, આજુબાજુના સંજોગો, ફરીયાદીથી તહોમતદારો અજાણ્યા હોવા, ફરીયાદીની જ્ઞાતિનાજ એટલે ખોજા હોવા, રાતનો વખત, આ ખંજર–આ બધું તેઓનો ઇરાદો નક્કી કરવા માટે પુરતા છે. મી. ઇસ્માઇલનું ખૂન કરવા શિવાય બીજો કોઇ ઇરાદો હોઇ શકેજ નહિ. તહોમતદારોનો એવો ઇરાદો હતો એમ માનીજ લેવું જોઇએ. શું એ લોકોનો ઇરાદો મી. ઇસ્માઇલને મારી નાખવા શિવાય બીજો કાંઇ હતો? શું મી. ઇસ્માઇલ માટે તેમને ચાહ હતો એટલે થોડી ઇજાજ કરે? એમ માનવાને કાંઇ કારણ છે? મારતી વખતે શું તહોમતદારોને ખબર ન્હોતી કે તેઓ ફરીયાદીનો જીવ લેવા આ હુમલો કરી રહ્યા છે?

"એક માણસ બીજા માણસ સામે બંદુક તાકી ગોળી છોડે. પહેલો માણસ નીચે નમી જાઇ એ ગોળી ચુકાવે અને બચી જાય. તો પણ એ બંદુક છોડનાર ક. ૩૦૭ મુજબ ગુન્હો કરે છે.

"તહોમતદારોએ ફરીયાદીના હૃદયનો નકશો અગાઉથી તૈયાર કર્યો ન હતો કે જેથી તેઓ એવી રીતે એવી જગ્યાએ ઘા કરે કે ક. ૩૦૭ નીચે આવી જવાય નહિ.

"સ્વામી શ્રદ્ધાનંદના ખૂન જેવોજ આ કેસ છે. તહોમતદારો તકની રાહ જોતા હતા. તક મળી અને ઘા કર્યો.

ઘર–પ્રવેશ

"તહોમતદારો ઉપર બીજો આરોપ ક. ૪૪૯ મુજબ ફરીયાદ પક્ષે મુકયો છે. આ કલમ ઘર–પ્રવેશ માટેની છે. તહોમતદારો ગુન્હો કરવાના ઇરાદાથીજ મી. ઇસ્માઇલની દુકાનમાં દાખલ થયા હતા. આ ગુન્હો પણ એવો છે કે જે સ્વતંત્ર રીતે શિક્ષાને પાત્ર છે. ગુન્હો કરવાના ઇરાદાથી ઘરમાં દાખલ થાય અને કોઇને કાંઇ ઇજા ન પહોંચાડી શકે તો પણ ઘરમાં દાખલ થનાર ક. ૪૪૯ મુજબ ગુન્હેગાર ઠરે છે અને તેને સખ્ત સજા કરવી જોઇએ.

આ ગુન્હો પણ સેશન્સ કોર્ટમાં તપાસાવો જોઈએ. ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ તે તપાસી શકે નહિ."

ક. ૩૦૭ અને ક. ૪૪૯ નીચે બનતા ગુન્હાઓ સેશન્સ કોર્ટમાંજ તપાસવા જોઈએ એ બતાવવા શ્રી. ચુડગરે થોકબંધ કાયદાના આધારો ટાંકયા હતા.

### જામીન રદ કરો

એ પછી તહોમતદારોના જામીન રદ કરી તેમને જેલમાં મોકલાવવા સંબંધે બોલતાં શ્રી. ચુડગરે જણાવ્યું કે, "ગુન્હો બન્યો તે વખતે પ્રથમ દ્રષ્ટિએ આપને તે ગમે તે કલમ નીચે આવતો હોવાનું કે ન આવતો હોવાનું દેખાયું હોય; પણ હવે બધા સંજોગો તપાસી શકાય તેમ છે, અને તેથી તહોમતદારોના જામીન રદ કરવા જોઈએ. એક ક્ષણ પણ તેઓને છુટા રાખવા એ ડહાપણ-ભરેલું નથી, એ જોખમકારક છે. હું આપને વિનંતિ કરૂં છું— નહિ, હું આપને ભારપૂર્વક આગ્રહ કરૂં છું કે તહોમતદારોના જામીન તાત્કાલિક રદ કરવાનો આપ હુકમ ફરમાવશો. આવા સાહસિક અને અવિચારી માણસો છુટા ફરે એ ખોજા સુધારકોના જાન જોખમમાં મુકવા ઉપરાંત સમાજને ભયરૂપ છે. એક પળવાર પણ તેમને છુટા રાખવાની જવાબદારી લઇ શકાય તેમ નથી. ઉપરાંત ક. ૩૦૭ મુજબ ગુન્હો કરનાર જામીન ઉપર છુટી શકતા નથી. મને આશા છે કે આપ તહોમતદારોના જામીન રદ કરી તેમને જેલે મોકલાવશો."

### મી. મણીઆરની દલીલ

શ્રી. ચુડગરનું ભાષણ ખતમ થયું અને બચાવ પક્ષ તરફથી દલીલ કરવા મી. મણીઆર ઉઠયા. તેમણે જણાવ્યું, "મારા મિત્ર મી. ચુડગરે પોતાનો કેસ બહુ વિદ્વતાપૂર્વક રજુ કર્યો છે.

"હું પ્રથમ નાં. ૨ના તહોમતદાર નજરઅલીને છોડી મુકવો જોઇએ કે નહિ તે સંબંધમાં આપને જણાવીશ. નજરઅલીએ કાંઇ સક્રીય ભાગ ભજવ્યો નથી, છતાં એમ માની લેવામાં આવે છે કે એ ભાગી ગયો હતો.

"નાં. ૧ના તહોમતદાર અબ્દુલઅલીએ ફરીયાદી ઉપર હુમલો કરતી વખતે "લેતો જા, નાપાકનો બદલો" એવા શબ્દો ઉચ્ચાર્યા હતા એમ કહેવામાં આવે છે; પણ આ પાછળથી ઉભું કરવામાં આવ્યું છે. નાં. ૨ના તહોમતદારના હાથમાં છરી હતી એ વાત પણ પાછળથી દાખલ કરવામાં આવી છે. ફરીયાદીએ પોલીસ સમક્ષ આપેલ સ્ટેટમેન્ટમાં આવી કાંઇ વાત નથી."

આંહી ફરીયાદ પક્ષ તરફથી મી. ચીમનલાલ શાહે વાંધો ઉઠાવ્યો કે, "પોલીસે ફરીયાદીનું લીધેલું સ્ટેટમેન્ટ કેસમાં કયારેય રજુ થયું નથી. એ સ્ટેટમેન્ટમાં લખેલી હકીકત સંબંધે ફરીયાદીને કાંઇજ ખુલાસો કરવાની તક મળી નથી. માટે આ સ્ટેટમેન્ટ સંબંધે મી. મણીઆર કાંઇ બોલી શકે નહિ."

## આભાર

દલીલો થઇ ગઈ. શ્રી. ચુડગર કોર્ટ ગજવીને પાછા ફરતા હતા. ધારાશાસ્ત્રીઓ અને પ્રેક્ષકો વિખરાતા હતા.

દરબારગઢને દરવાજે સૌ આવ્યા. શ્રી. હીરાણી શ્રી. ચુડગરનો આભાર માનતા હતા.

એ વાતની કોઇને ખબર નહોતી. શ્રી. ચુડગરને સાંભળવા એકત્ર થયેલા ધારાશાસ્ત્રીઓ કે પ્રેક્ષકો એ જાણતા નહોતા કે આવી જવલંત અને જોરદાર દલીલ શ્રી. ચુડગરે "ખોજા જાગૃતિ" પાસેથી એક પાઇ પણ લીધા વિના કરી હતી.

પણ શ્રી. ચુડગરે એ આભાર સ્વીકારવાની ના કહી.

"મેં શું કર્યું છે કે તમે મારો આભાર માનો? તમારી સેવા ઉપર હું મુગ્ધ છું. જરૂર પડશે અને તક મળશે તો હું સેશન્સમાં પણ આવીશ."

શ્રી. ચુડગર આભાર સ્વીકારવાની ના પાડે છે. પણ 'જાગૃતિ' એ કેમ ચલાવી લઈ શકે! "ખોજા જાગૃતિ" જાહેરમાં શ્રી. ચુડગરનો ઉપકાર માને છે. તેમની કિંમતી સેવાઓ બદલ "ખોજા જાગૃતિ" અને ખોજા કોમ તેમના આભારી રહેશે.

નાં. કોર્ટે મી. ચીમનલાલનો વાંધો માન્ય રાખ્યો અને મી. મણીઆરે પોતાની દલીલ જતી કરી.

મી. મણીઆરે આગળ ચાલતાં જણાવ્યું કે, "ફરીયાદી એમ કહે છે કે નાં. ૨ના તહોમતદારના હાથમાં છરી હતી; પણ સાહેદ હાશમ વાલજીની જુબાનીથી આ વાતને ટેકો મળતો નથી. એટલે એમ માનવું જોઇએ કે આ છરીની વાત નાં. ૨ના તહોમતદારને સંડોવવા ઉભી કરવામાં આવી છે.

### નાં. ૨ નિર્દોષ છે

"સાહેદ હાશમ વાલજીના કહેવા મુજબ નાં. ૨નો તહોમતદાર દરવાજા પાસે હતો અને હાશમ એમ કહે છે કે તેણે તેને રોકવા પ્રયત્ન કર્યો હતો. જો નાં. ૨ના તહોમતદારે હાશમને અટકાવવા પ્રયત્ન કર્યો હત તો તેને તેની સાથે કાંઇ અથડામણ થઇ હોત. હાશમના પગ લુલા છે અને નજરઅલી તેને અટકાવી શકયો હત.

"નાં. ૨ના તહોમતદારે ફરીયાદીના શરીરને સ્પર્ષ પણ કર્યો નથી. કોઇ સાહેદ એમ કહેતો નથી.

"નાં. ૨ના તહોમતદારે જો કાંઇ ભાગ ભજવ્યો હત તો તેને કોઇ નહિ ને કોઇએ જોયો હત. સાહેદ અબ્દુલકાદર અને જીવા લશ્કર વહેલામાં વહેલા આવી પહોંચ્યા હતા. તેમણે પણ નજરઅલીને ભાગતો જોયો નથી.

"નાં. ૨ ની આખા દિવસની હીલચાલ સાબીત થઇ શકી નથી એટલે એમ કહેવામાં આવે છે કે એ કાવતરૂં કરતો હતો.

"રાતે ૭–૩૦ વાગ્યે તહોમતદારો ફરીયાદીની દુકાને ગયા હતા એ સમયને બહુ મહત્વનો ગણાવવામાં આવ્યો છે. પણ એમ નથી. એ વખતે લોકો જાગતા હોય છે. એટલે ગુન્હો કરવા માગનારાઓ એ વખત કદી પસંદ કરે નહિ.

"ફરીયાદી સાથે થયેલ વાતચીતને વખત વીતાવવા કરવામાં આવેલી ગણાવવામાં આવે છે, પણ એ વાતચીત કુદરતી રીતે થાય તેવી હતી. તંત્રી સાથે તેના પત્ર સંબંધેજ વાતચીત થાય.

"તહોમતદારોના ગયા પછી પાછળથી કાંઇ બનાવ બન્યો એટલે દાખલ થતી વખતે તેમનો બદઇરાદો હતો એમ કહી શકાય નહિ.

"તહોમતદારો ટોપી કે ડાયરી સંબંધે કાંઇ ખુલાસો ન કરે એથી કાંઇ ગુન્હો સાબીત થતો નથી. એથી કાંઇ અર્થ સરતો નથી.

"નાં. ૧ નો તહોમતદાર અબ્દુલઅલી પણ વધારેમાં વધારે ક. ૩૨૪ નીચે આવી શકે તેમ છે.

### બચ્ચાંને રમવાની છરી

"આ છરીને ખંજર કહેવામાં આવે છે. પણ તેવું કાંઇ નથી. બચ્ચાંઓ રમે એવી એ સામાન્ય છરી છે. નાટકમાં વાપરવામાં આવે તેવી છે. તે અણીદાર પણ નથી. તેના વડે મૃત્યુ નીપજાવી શકાય નહિ."

### "લાવો અખતરો કરૂં"

આંહી શ્રી. ચુડગરે મી. મણીઆરને જણાવ્યું હતું કે એ છરી વડે મૃત્યુ નીપજાવી શકાય તેમ છે કે નહિ એનો અખતરો કરવો હોય તો પોતે મી. મણીઆર ઉપર તે કરવા તૈયાર છે. આથી કોર્ટમાં હસાહસ થઇ હતી.

મી. મણીઆરે આગળ ચાલતાં જણાવ્યું કે, "ફરીયાદીને કેટલી ઇજા થઇ છે તે જોવાનું છે. ડૉ. ઘાટેએ પ્રામાણિકપણે જુબાની આપી છે. ડૉ. કહ્યું છે કે ઇજા ગંભીર નથી, ફરીયાદીને સાજા થઇ જવાથીજ રજા આપવામાં આવી હતી, કોઇ જગ્યાએ કાંઇ સોજો હતો નહિ અને હાથ પણ સ્વેચ્છાથી ફરી શકે તેમ હતા. ડૉ. મદનજીના સર્ટીફીકેટને ડૉ. ઘાટેની જુબાની ખોટું પાડે છે. ફરીયાદીને હોસ્પીટલમાંથી રજા આપતી વખતે ડૉ. ઘાટેએ તેમને તપાસ્યા હતા. ડૉ. નગીનદાસની જુબાની અતિશયોક્તિ ભરેલી છે. તેઓ પોતે કાંઇ નોંધ રાખતા નથી, સોજો કેટલો હતો તેનું માપ પણ તેઓ કહી શકયા નથી. હોસ્પીટલનો એ નિયમ છે કે દરદી સાજો ન થાય ત્યાંસુધી રજા આપવામાં આવેજ નહિ.

"ફરીયાદીને હોસ્પીટલમાંથી રજા મળ્યા પછી બે દિવસે ડૉ. મદનજી તેમને તપાસે છે. આ બે દિવસ શા માટે રાહ જોવામાં આવી? રાજકોટમાં બીજો કોઇ ડૉકટર ન હતો કે બે દિવસ રાહ જોવી પડે? અને તે પણ માંદા ડૉકટરની? કારણ કે ડૉ. મદનજી માંદગીની રજા ઉપર હતા. ડૉ. મદનજીના સર્ટીફીકેટમાં લખી હકીકત સાબીત થઇ શકી નથી. એમ અનુમાની શકાય છે કે આ બન્ને ડૉકટરોના કથન પાછળ દોરી સચલન હતું. એના ઉપર વજન મૂકી શકાય તેમ નથી.

"ફરીયાદીને માત્ર ૧૪ દિવસ હોસ્પીટલમાં રાખવામાં આવેલ છે. ગંભીર ઇજાની હદ સુધી પણ આ ગુન્હો ગયો નથી. એટલે પ્રથમ દ્રષ્ટિએ ક. ૩૨૪થી વધુ ભારે કલમ લગાવી શકાય તેમ નથી. માટે જો ના. કોર્ટ આરોપ ઘડવા માગતી હોય તો ક. ૩૨૪ મુજબ નાં. ૧ માટેજ ઘડવો.

### કલમ ૩૦૭ લાગુ નથી

"ક. ૩૦૭ લાગુ થઇ શકતી નથી, જો માણસ ખુન કરવા આવે તો આવીજ છરી હશે? મારા ફરીયાદી સાથે ચર્ચા થઇ એ સ્વાભાવિક છે. જો તહોમતદાર ખૂન કે લાગ માગતા હોય તો બીજો માણસ દુકાને આવે ત્યાંસુધી એ વાટ શા માટે જુવે?

"નાં. ૨નો પણ તેવો ઇરાદો હત તો તેણે પણ કાંઇક ભાગ લીધો હત. પણ તેણે ફરીયાદીને પકડેલ નથી.

"વધારે સજા કરવા માટે કાંઇજ ખાસ સંજોગો નથી. ફરીયાદ પક્ષ કાયમ એમજ કહે કે પોતાનો કેસ ખાસ સંજોગો વાળો છે.

"જો આપ નામદાર ગુન્હો ક. ૩૨૪ નીચે બને છે તેમ માનો તો તહોમતદારને કમીટ કરવાનું કાંઇ કારણ નથી; આપ આ કેસ ચલાવી શકો છો.

### જામીન ચાલુ રાખો

"આમ છતાં આપ જો સેશન્સ કમીટ કરો તો પણ તહોમતદારોને જામીન ઉપર જેમ છુટા છે તેમજ ચાલુ રાખશો. તેમ રાખવા આપને સત્તા છે. ૨ા મહીના પહેલાં આ કેસમાં જુબાનીઓ લેવાઇ છે. ત્યાર પછી કાંઇ નાપસંદ બનાવ બન્યો નથી. આપના મનમાં તહોમતદારો સામે પૂર્વગ્રહ બંધાવવા

## વેપાર સમાચાર

(તા. ૨૮-૭-૩૪.)

**ઉન :** લીવરપુલનો સેલ તા. ૨૪થી ૨૭નો હતો. કુલ્લે ગાં. ૧૯૦૭૫ મુકાણી તેમાંથી ગાં. ૯૦૦૦ વેચાયા વગરની પડતર રહી છે. વેચાણ ગયા સેલના કરતાં ૦ા પેની વધારે આવ્યાં છે. પડતર વધુ રહેવાનું કારણ મોટા ભાગના માલ ઉપર લીમીટ મુકાયેલી હોવાનું છે. લીમીટ વગરનો ચુકતે માલ વેચાઇ ગયો છે. સ્થાનિક બજારમાં કાંઈ સોદા થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૩) આકરો ગણાય.

**રૂત :** ભરૂચ ૨૨૫  **બકરાના વાળ:** ૩)થી ૩ા

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ાા ૨) ઘઉં | ૨ા- ૨ા= તલ |
| ૧ા ૧ાા બાજરો | ૧ાા મેથી નવી |
| ૧ા ૧ા= જુવાર | ૧ાા-ા એરડા એરડી |
| ૧ા= ચણા દેશી | ૧)= ૧ા મગ દેશી |
| ૦ાા= ૧) કમોદ જાડી | ૧ા≡ ૧ા અડદ |
| ૧ા= ૧ા કમોદ જીણી | ૩ા= રાઈ |
| ૧)= મગફળી જીણી | ૧ા≡ ૧ાા= શીંગદાણા હાથફોલ |
| ૧)= મગફળી જાડી | |

**ઘી :** ૨૮) મુંબઇ પરખ, ૨૨) તાજો રસ

**તેલ :** ૫) તલનું, ૩)- શીંગનું.

**પરચુરણ :** ૩) ૩ા ગોળ દેશી.

૬)- કપાશીયા કરાંચી

૪ા ખાંડ રાજકોટ શહેર, ૩)≡ સદર. ૮) ૮ા સોપારી જુની. ૧૦)૧૦ાા ગદબનું બી. ૯ાા= વેસણ જીણા. ૮ા૦ વેસણ જાડો. ૮ાા કરાંચી ઘઉંનો લોટ.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

---

જામીન રદ કરવાનું કહેવામાં આવે છે. તહોમતદારોને જામીન ઉપર છોડવામાં આવ્યા ત્યારથી તેમની વર્તણુક સુલેહભરી રહી છે. જો તેમને આપ કમીટ કરો તો પણ જામીન તો ચાલુ રાખવાનો હુકમ ફરમાવશો."

બન્ને પક્ષના ધારાશાસ્ત્રીઓની દલીલો થઇ ગઇ. આરોપ ઘડવો કે નહિ અને ઘડવો તો કઇ કલમ મુજબ એ સબંધનું જજમેન્ટ તા. ૨૮-૭-૩૪ શનિવારે આપવામાં આવશે.

### ઉમેરો

આ અંકના પાના ૧૦૯ ઉપર 'કઇ જાતના ડોકટર!' એ મથાળા નીચેના પેરેગ્રાફમાં આટલું ઉમેરવાનું રહે છે:—

"આ પ્રશ્ન વખતે મી. મણીયારે વાંધો ઉઠાવ્યો હતો કે આ પ્રશ્ન જુબાનીમાં નોંધાયો નથી, એ તો માત્ર ખાલી વાતચીતજ હતી; એટલે તેના ઉપર દલીલ થઇ શકે નહિ. મી. મણીયારે ધ્યાન ખેંચવાથી શ્રી. ચુડગરે આ દલીલ જતી કરી હતી.

કચ્છનો પત્ર

# કમીટી કહે છે: "એને ઇસ્માઇલી ગણશો નહિ" જમાતો કહે છે: "અમે ગણશું"

## કચ્છમાં કમીટીની અવગણના ॥ મસ્જીદમાં જવાની મનાઇ

(અમારા કચ્છના ખબરપત્રી તરફથી)

કાયદા હજી તો ગર્ભમાં છે; પ્રસવ વેદના તો હજી પાછળથી આવવાની છે. તેટલામાં તો ગર્ભમાંજ એ કાયદા ઉલ્કાપાત મચાવી રહ્યા છે.

કાયદા કેટલા ભયંકર નિવડશે તેનો ખ્યાલ આંહી તાજેતરમાં બનેલો એક દાખલો આપે છે. કેરાના એક ભાઇ અબ્દુલા અલારખીઆને ઇશનાઅશરીમાંથી ઇસ્માઇલી થવું હતું. તે માટે તેણે કેરાની જમાતને અરજી કરી. આ ખબર ભારાપુર ડીસ્ટ્રીક્ટ કમીટીને નામે ઓળખાતા મંડળને પડી એટલે તુરતજ તે કમીટીએ પોતાની મંજુરી શિવાય આ ભાઇને જમાતમાં દાખલ નહિ કરવાનો હુકમ કેરા જમાત ઉપર મોકલાવ્યો. ભારાપુરવાળાનો આ હુકમ ઘણી રીતે જાણવા જેવો હોઇને તેની નકલ આંહી આપું છું.

ભારાપુર, તા. ૧૮મી જુલાઇ

ભારાપુર કમીટી તરફથી

નેકનામ શીઆ ઇમામી ઇસ્માઇલી જમાત, મુખી ઇસ્માઇલભાઇ મુળજી, કામડીઆ પીરમામદભાઇ કાનજી તથા સરવે અમલદારી સમસ્તને મૌલા સલામત રાખે.

શ્રી. કેરા.

જત લખવાનું કે તમો જમાત ત્યાંના ખોજા અબ્દુલા અલારખીઆ જે ઇશનાઅશરી છે અને તેનો દીકરો નામે ફકીરમામદ પણ ઇશનાઅશરી છે તેઓને તમો જમાત તરફથી ઇસ્માઇલી બનાવવામાં આવ્યા છે. તેઓને ઇસ્માઇલી થવાનું કારણ કે તેને સગપણ કરવું છે માટે.

તેઓને કાયદેસર ઇસ્માઇલી કરવામાં આવ્યા નથી. કોઇને ઇસ્માઇલી જમાતમાં દાખલ કરવો હોય તો ડીસ્ટ્રીક્ટ કમીટી કરી શકે. જ્યાંસુધી તેમ કરવામાં નથી આવ્યું ત્યાંસુધી તમો જમાતને આ કાગળથી સૂચના કરવામાં આવે છે કે મજકુર શખ્સને જ્યાંસુધી ડીસ્ટ્રીક્ટ કમીટી મારફત તેઓ ઇસ્માઇલી જમાતમાં દાખલ ન થાય ત્યાંસુધી તેઓને ઇસ્માઇલી જમાતમાંથી હાલ બાદ કરવા. માટે પાસ કે ચીઠ્ઠી આપશો નહિ. જો તેવણને ઇસ્માઇલી જમાતમાં દાખલ થવું હોય તો ડીસ્ટ્રીક્ટ કમીટી મારફતે દાખલ થાય તેવી તેને ખબર આપશો. હાલ એજ. તારીખ સદર.

ફાઝલ સોલેદીના,

ભારાપુર ડીસ્ટ્રીક્ટ કમીટીના સેક્રેટરી.

ડીસ્ટ્રીક્ટ કમીટી ભારાપુરમાં રાખવામાં પણ ખુબી વાપરવામાં આવી છે. ભારાપુરમાં ૨૦–૩૦ ઘર માંડ છે જ્યારે તેની નીચે મુકવામાં આવેલા કેરાની જમાતમાં ૭૫ કરતાં વધુ ઘર છે. ભારાપુર હાએહા કરશે અને કેરા નહિ કરે એવી ખાત્રી હોવાથીજ કમીટીના ઉત્પાદકોએ આવી અવળી રચના કરી છે. કેરાની જમાત કહે છે કે અમારી મોટી જમાત ભારાપુરની નાનકડી જમાતને તાબે શા માટે રહે? કેરાને આંગણે એ શા માટે નોટીસ પત્રી કરે છે? ડીસ્ટ્રીક્ટ જેવો શબ્દ તો આજે કચ્છમાં ફોઝદાર વિગેરે માટે વપરાય છે. ત્યારે આ ભારાપુર ડીસ્ટ્રીક્ટ કમીટીને કેરા પર ફોઝદારું કરવા કોણે સત્તા આપી છે?

ઉપરના હુકમને કેરા જમાતે માલ વગરનો ગણીને કચરાની ટોપલીને હવાલે કર્યો ત્યારે ભારાપુર ડીસ્ટ્રીક્ટ કમીટીએ મુંદ્રાની જમાત પર નોટીસ મોકલી જણાવ્યું કે "ખોજા અબ્દુલા અલારખીઆ જે હમણાં કેરામાં ઇસ્માઇલી થયા છે તે ફક્ત મુંદ્રામાંથી તેને છોકરાનું સગપણ ઇસ્માઇલી જમાતમાંથી કરવું છે તે માટે થયા છે. માટે તે છોકરાનું સગપણ કરવા આવે તો તેને કામ પતાવી દેશો નહિ."

મુંદ્રાએ પણ આ નોટીસની કાંઇ ગણના કરી નહિ અને ભાઇ અબ્દુલા અલારખીઆ મુંદ્રાથી છોકરાનું સગપણ કરીને આવી ગયા. મુંદ્રાની જમાતે મજકુર સગપણનું કામ કાંઈ વાંધો લીધા વિના પતાવી દીધું.

આમ ભારાપુર કમીટીના સત્તા કબજે કરવાના બધા પછાડા નિષ્ફળ નિવડયા. કેરા અને મુંદ્રાની જમાતોએ તેની કાંઇજ ગણના કરી નહિ.

કચ્છે કાયદાની માગણી કરી છે એ વાત "ઇસ્માઇલી"માં આવતાં મને એ કથનની વિરૂદ્ધની પુરી માહીતી મળી છે. કચ્છે કોઇવાર કાયદા માંગ્યા નથી. બાકી કેટલાક સત્તાના શોખીનોએ મુંબઇમાં ભેળા થઈ કાયદા ઘડયા; એ કાયદાઓથી કચ્છની ઇસ્માઇલી આલમને કંઇ લેવા દેવા નથી. કચ્છના પાંચ હજાર ઇસ્માઇલીઓ[illegible] પુરવાર કરવાની "ઇસ્મા[illegible]" અરજી કરી ને કાયદા માંગ્યા [illegible] તે [illegible] છે. પણ [illegible]ને ચેલેન્જ કરવામાં આવે છે. [illegible] એટલે ગ[illegible]

કાયદાઓની એક કલમ એવી છે કે ઇસ્માઇલીઓએ મસ્જીદમાં ન જવું. ના. આગાખાન જ્યારે વિલાયતમાં મસ્જીદ બંધાવે છે, મસ્જીદના ફાળા માટે ખોજાઓને અરજ કરે છે, કપુરથલાની મસ્જીદમાં પોતે નીમાઝ પડે છે ત્યારે કચ્છના પોતાનાજ અનુયાયીઓને એ નામદાર ફરમાન કરે છે કે તમારે મસ્જીદમાં ન જવું. ના. આગાખાનની આ બેધારી નીતિ કચ્છમાં ચાલે તેમ નથી.

કચ્છના ઇસ્માઇલીઓ કહે: "ના. આગાખાન સાથે અમારે શું સગપણ? ન નાતના, ન અમારી જાતના. ત્યારે એ નામદાર માટે અમે સગાં સંબંધીઓ, કુટુંબ કબીલો શા માટે તજીએ!

આફ્રીકામાં કાયદાઓએ માથાં ફોડયાં. ખોજાઓથી જેલ ભરાઇ. મૈયતને ઠેકાણે પાડવા માટે મારામારીઓ થઇ. કોર્ટે લડવામાં ખુવાર થયા. અને આજે આફ્રીકાના ખોજાઓની આબાદી આથમી ગઇ. એવું કચ્છમાં ન થાય એમ ઇચ્છીએ!

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

મીશનરીઓ નહિ જોઇએ

Regd. No. B. 3114





પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૧૫

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

ઑગસ્ટ ૭: ૧૯૩૪
સંવત ૧૯૯૦ના અષાડ વદ ૧૨ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય


# શ હા દ ત!

'**દોસ્તો! જે અવસરમાંથી** આપણે અત્યારે પસાર થઇએ છીએ એ ઘણો ગંભીર છે, ઘણો ગમગીન છે. :ભવિષ્યકાળનું સર્જન એવાં જ મૂલ્ય સદા કાળ માગે છે. મારા દોસ્તો, તમે પૂરો ઇતબાર રાખજો કે આપણે તો આપણા લોહીથી ભાવીને સાટવી જ લઇએ છીએ. ખરે, માનવજાત બંધનમુક્ત બનશે, માનવજાત આઝાદ બનશે, માનવજાત રાહત પામશે. આ બલિદાનની ભૂમિ ઉપર માનવ જાતના આ ભાવીમાં આપણી અવિચળ શ્રદ્ધા આપણે જાહેર કરીએ છીએ.

* * * *

'**શહાદતના આ શિખર ઉપરથી** જો પ્રેમ અને માનવતાની અહાલેક નહિ પોકારવામાં આવે તો એ અહાલેક બીજે કયે સ્થળેથી ઉઠશે? મારા બંધુઓ, જેઓ સ્વપ્નો સેવે છે અને જેઓ દુ:ખો સહે છે એમનું અહીં સંગમસ્થાન છે. આપણો આ નાનકડો દુર્ગ પત્થર કે લાકડાનો નથી બન્યો. ભાવીના આદર્શ અને વર્તમાનની વેદના એમાં મૂર્ત થાય છે. વેદના અહીં આદર્શને ભેટે છે, દિવસ અહીં રાત્રિને ભેટે છે, અને કોલ આપે છે: કે તું મારી સાથે આવતી કાલે જન્મ ધરે એ ખાતર હું આજે તારી સાથે મૃત્યુ પામવા માગું છું.

* * * *

'સર્વ પ્રકારની વેદનાઓના સંભારમાંથી અહીં શ્રદ્ધા પ્રગટે છે. અહીં દુ:ખ પોતાની વેદના લાવે છે. આદર્શ પોતાનું અમરત્વ લાવે છે. આ દુ:ખ અને આ આદર્શ આજે અહીં એકાકાર બનશે અને એ આપણું મૃત્યુ સર્જશે. આપણું મૃત્યુ ભલે આવ્યું. આજે આ સ્થાને જે મૃત્યુ પામશે એના ઉપર ભાવીનો પ્રકાશ રેલાશે. આપણને દફનાવવામાં આવશે; પરન્તુ આપણી કબરો આવતી કાલનાં પ્રભાતના સૌમ્ય સોનેરી તેજથી પ્રકાશવંતી બનશે.'

—વીકટર હ્યુગો

( "ફુલછાબ" નવી દુનિયા અંકમાંથી )

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૭-૮-૩૪.


## મીશનરીઓ નહિ જોઇએ

ખોજા કોમ આસપાસ ઇસ્માઇલી ધર્મ આજે નાગચુડ ભેરવીને પડયો છે. એ નાગચુડે કોમની પ્રગતિ રોકી છે, વિકાસ રૂંધ્યો છે, અવાજ અને અજવાસ સામે એ લોખંડી દિવાલ થઇને ઉભો છે. ઇસ્માઇલી ધર્મે આજે ખોજા કોમને પરાધીન હાલતમાં મૂકી છે. કોમનું આજે સ્વતંત્ર અસ્તિત્વ નથી. ઇસ્માઇલી ધર્મના એક અંગ તરીકે, એના પગ નીચે કચડાતા એક ગુલામ તરીકે જીવવાની આજે કોમને ફરજ પાડવામાં આવે છે.

ઇસ્માઇલી ધર્મની ચાર દીવાલો વચ્ચે કેદ કરાયેલી ખોજા કોમ કદી એ સકંજામાંથી છટકી જઇ શકે નહિ એ માટે એ દિવાલની અંદર અને બહાર પહેરેગીરો ગોઠવવામાં આવ્યા છે. નાતબહારી, લગ્નના કરાર અને કબ્રસ્થાનની કબજાગીરી કોમના સભ્યોને ડર બતાવી, ત્રાસ વર્તાવી તાબે રાખે છે, તો ધાર્મિક રાત્રિશાળા અને મીશનરીઓનું મંડળ આબાલવૃદ્ધમાં ધર્મનાં ઝેર પદ્ધતિસર રેડી, એ ઝેરના નિશામાં કોમને ગુલામીનું ભાન ભુલાવે છે.

ઇસ્માઇલી ધર્મની પકડમાંથી ખોજા કોમ કદી પણ ન છટકી જવા પામે, અને એ ધર્મને નામે અઢળક આવક મેળવતા ધર્માચાર્યોના વૈભવ વિલાસો સદા કાળ ફાલતા ફુલતા રહે એવી સ્થિતિ ટકાવી રાખવામાં આ મીશનરીઓ બહુ મોટો ભાગ ભજવે છે. અને આ આખું ખાતું પણ ખૂબ કાળજીપૂર્વક ચલાવવામાં આવે છે. ના. આગાખાનની ખુદાગીરીની વકીલાત કરવા ઠામ ઠામ ભમતા આ મીશનરીઓની પાછળ કોમ પાસેથી મારી પછાડી વસુલ કરેલો પૈસો સારી એવી રકમમાં ખર્ચવામાં આવે છે. આ મીશનરીઓને માસિક પાનસો પાનસો સુધીના પગાર આપવામાં આવે છે. આવા મોટા પગાર ખાનારામાં કેટલાક તો જીવનનાં બીજા ક્ષેત્રોમાં જાય તો પેટ પુરતું પણ ભાગ્યેજ રળી શકે તેવા હોય છે. આમ છતાં ધર્મનો વેપાર માંડી બેઠેલા જાણી બુઝીને આવા માણસોને લાયકાત કરતાં બહુ મોટો પગાર આપીને કોમને મૂર્ખ બનાવવાના આ ધંધા સાથે જકડી લ્યે છે કે જેથી કરીને તેઓ કદી પણ આ વિષપાન કરાવવાની ક્રીયામાંથી પાછા હઠે નહિ. આ ઉપરાંત મીશનરી બનાવવાનું એક કારખાનું પણ ઉભું કરવામાં આવ્યું છે. કેવી રીતે વાએઝ કરવી, લોકોને કેવી રીતે રહેલાઇથી ભોળવી વધારેમાં વધારે પૈસા કઢાવી શકયા, કયા મુદ્દા ઉપર ખાસ વધુ ભાર આપવાનો અને જો કોઇ ખુલાસો માગવા પ્રશ્ન કરે તો હાજર ઇમામને નામે તેને કેવી રીતે ચુપ કરી દેવો–આ જાતની કળવણી આપવા એક ખાસ નિશાળ પણ ચલાવવામાં આવે છે. અને મીશનરી બનવાની સૌને સદા તીવ્ર લાલચ રહ્યા કરે એ માટે આ નિશાળમાં ભણવા જનાર વિદ્યાર્થીને ભવિષ્યમાં મીશનરી થયા પછી સારો પગાર આપવાની ખાત્રી આપવા ઉપરાંત એના અભ્યાસ કાળ દરમ્યાન પણ એને માસિક ૨૫–૩૦ કે તેથી વધુ ઓછો પગાર પણ આપવામાં આવે છે. આમ ઇરાદાપૂર્વક અને પદ્ધતિસર આ મીશન ખાતું ચલાવવામાં આવે છે અને એમ કહેવું એ અયોગ્ય નહિ થાય કે અંધશ્રદ્ધાળુ, અજડ, અભણ ઘરડાં ડોસાં મરણને શરણ થવા છતાં પણ ઇસ્માઇલી ધર્મનો વેપાર ટકાવી રાખવા માટે આ ખાતુંજ, આ મીશનરીઓજ જવાબદાર છે.

આ મીશનરીઓ અથવા ના. આગાખાનના પગારદાર માણસો કે જેમની વચ્ચે એવો ચોકખો કરાર થયેલો છે કે નામદારે તેમને તેમની લાયકાત કરતાં બહુ મોટો પગાર આપવો અને આ લોકોએ નામદારને તેમની લાયકાત કરતાં બહુ મોટે આસને બેસારી દેવા અને તેમની વાહવાહ ગાવી કે તેમની ખુદાગીરીની વકીલાત કરવી તેઓ આજે આપણી કોમમાં મોટા ભા થઇને મ્હાલે છે. આપણી કોમના તેઓ આજે સ્વયંસ્થાપિત આગેવાન બનીને આપણી કોમના વહીવટમાં અને વ્યવહારમાં ડખલગીરી અને દરમ્યાનગીરી કરે છે. કેટલાક સ્થળોમાં તો તેઓએ પોતાનો પગદંડો એટલો બધો મજબુત કરી દીધો હોય છે કે આપણા પુત્ર પુત્રીના વેવીશાળ કે લગ્નની બાબતોમાં પણ તેઓ માથું મારવામાં શરમાતા નથી, જ્યારે કેટલાક મીશનરીઓ તો સભ્ય સમાજમાં વસવા દેવા માટે પણ નાલાયક હોય છે.

ના. આગાખાન આપણી કોમમાંથી ધર્મને નામે ધન એકઠું કરવામાં તેઓનો ઓજાર તરીકે ઉપયોગ કરતા હોઇને તેઓ કદી પણ આ મીશન ખાતું બંધ કરવાના નથીજ. જે માણસો લાયકાત કરતાં વધુ બદલો મેળવીને આપણને વગર બદલે કામ કરવાની સલાહ આપે છે, જેઓ પોતે મોજ શોખ અને ખાણી પીણીમાં મશગુલ રહેવા છતાં આપણને ત્યાગનો ઉપદેશ કરે છે અને જે માણસો આપણાં મૂળમાં ઝેર રેડી આપણને વધવા દેતાજ નથી એને દૂર કરવાનું કામ આપણું પોતાનું છે. આપણે એ બરાબર સમજી લેવું જોઇએ કે એ માણસો આપણા નથી; એ પીડિતો નથી, પીડકના દલાલો છે. અને આ દ્રષ્ટિએજ આપણે તેમની સાથે આપણું વર્તન રાખવું જોઇએ. મીશનરી તરીકે આજે તેઓ જે માન અને દરજ્જો ધરાવે છે ત્યાંથી તેમને પદભ્રષ્ટ કરવા જોઇએ. ના. આગાખાને સ્થાપેલા આ આખા ખાતાને જો આપણે નિરૂપયોગી અને અર્થહીન બનાવી દેવું હોય તો આપણે એવી સ્થિતિ ખડી કરવી જોઇએ કે મીશનરીને કોઇ બેઠો પણ ન બોલાવે.


**સસ્તું અને સારૂં વાંચન**

વાંચવું હોય તો બે રૂપીઆ

મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

## ખૂની હુમલા કેસમાં

# સેશન્સ કમીટનો ઓર્ડર

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઈસ્માઈલ હીરાણી ઉપર થયેલ ખૂની હુમલા સંબંધેના કેસના તહોમતદારોને રાજકોટની ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટે સેશન્સ કમીટ કર્યાના સમાચાર ગયા અંકમાં પ્રગટ થઇ ગયા છે. સેશન્સ કમીટ કરતી વખતનું આખું જજમેન્ટ આ નીચે આપવામાં આવે છે.

ક્રી. કેસ નાં. ૫ સને ૧૯૩૩–૩૪

સ્વ. રાજકોટ ફર્સ્ટ ન્યાયાધીશની ક્રી. કોર્ટમાં

રાજકોટ સ્ટેટ પોલીસ, હા. ખોજા ઇસ્માઇલ કાનજી રહેવાશી રાજકોટ... ... ... ... } ફરીયાદી

વિ.

૧ ખોજા અબ્દુલઅલી પુંજા રેઃ આગ્રા.
૨ ખોજા નજરઅલી મામદ રે. બાબરા } તહોમતદારો

ગુન્હો ઇ. પી. કો. ક. ૩૦૭–૧૧૪ પ્રમાણે

આ તહોમતદારોને આ. રાજકોટ સીટી પોલીસ ઇન્સ્પેકટરે આ કોર્ટમાં એવું કહીને ઇન્સાફ માટે કમીટ કરેલા છે કે તેઓ ગઇ તા. ૯–૧૨–૩૩ના રોજ રાતના સાત સાડાસાતને વખતે ફરીયાદીની દુકાને ગયા; ત્યાં ફરીયાદીને તેના છાપા 'ખોજા જાગૃતિ' વિષે તથા ખોજા જ્ઞાતિની આંહીની કાઉન્સીલો સંબંધે વાતે ચડાવી લાંબો વખત રહ્યા અને રાતના બાર સુધી રોકાવાની ઇચ્છા દર્શાવી; પણ ફરીયાદીએ રાતના નવક બજે દુકાન બંધ કરવાનું કરતાં તહોમતદાર નજરઅલી ફરીયાદી આડા ઉભો રહ્યો અને તહોમતદાર અબ્દુલે મુદ્દાની છરી કાઢી ફરીયાદીની છાતી ઉપર ડાબે પડખે હૃદયના ભાગમાં બે જખમ કર્યા અને ફરીયાદીને લોહીલોહાણ કર્યો; તહોમતદારોનો ઇરાદો ધર્મના મતમાં તફાવતને અંગે ફરીયાદીને મારી નાખવાનો હતો પણ તે સુભાગ્યે બચી ગયો અને તેથી તેમણે ઇ. પી. કો. ક. ૩૦૭–૧૧૪ પ્રમાણેનો ગુન્હો કર્યો છે. વિગેરે.

આ કેસમાં આ સ્ટેઇજે જે પ્રાઇમાફેસીએ નિર્ણય કરવાનો છે તે એ છે કેઃ—

૧ તહોમતદારો ગઇ તા. ૯–૧૨–૩૩ની રાત્રે મુદ્દા માલની છરી સાથે ફરીયાદીની દુકાને તેને મારી નાંખવાનો ગુન્હો કરવાનો સંકેત કરી ગયા હોવાનું સાબીત છે?

૨ તહોમતદાર અબ્દુલે ત્યાં ફરીયાદીનું મુદ્દાની છરી વતી છાતીમાં જખમો કરી તેને લોહીલોહાણ કર્યાનું અને તહોમતદાર નજર ત્યાં ફરીયાદી ન જઇ શકે તેમ આડો ઉભો રહ્યાનું સાબીત છે?

૩ તહોમતદારોએ કંઇ ગુન્હો કર્યાનું, કર્યો હોય તો કોણે શું ગુન્હો કર્યાનું સાબીત છે?

મેડીકલ એવીડન્સ તથા પંચનો પુરાવો ફરીયાદીની છાતીને ડાબે પડખે હૃદયના ભાગ આસપાસ બે જખમ ધારવાળા પદાર્થ વતી થાય તેવા ઉંડા અને પહોળા હોવાનું કહે છે. ફરીયાદીનાં કપડાં કોર્ટમાં છે તે લોહીવાળાં હોવાનું કહે છે. મુદ્દા માલની છરી ઉપર લોહી હોવાનું કહે છે. તે છરી તહોમતદાર અબ્દુલે તેને મારી. તા. ૯–૧૨–૩૩ની રાત્રે તેની દુકાનમાં મારી એમ ફરીયાદી તથા હાશમ કહે છે. તેમને ઉપરનો પુરાવો ટેકો આપી સાચા ઠરાવે છે. પંચ કહે છે તહોમતદારના શરીરે ડ્રેસે લોહીના ડાઘ હતા. એટલે ફરીયાદીને તેથી તહોમતદાર અબ્દુલે મુદ્દાની છરી વતી તા. ૯–૧૨–૩૩ની રાતે ફરીયાદીની દુકાનના ભાગ ડેલામાં મારી ઇજા કરી તે પ્રા. ફે. રીતે નિઃશંક સાબીત થાય છે. ફરીયાદી તેની જુબાનીમાં લખાવે છે અને હાશમ કહે છે કે બન્ને તહોમતદારો ફરીયાદીની દુકાને આવ્યા અને ત્યાં બેઠા હતા. ફરીયાદી 'ખોજા જાગૃતિ' પેપરના અધિપતિ હોવાથી તેઓ ખોજાની આંહીની કાઉન્સીલોના સંબંધના લેખો બાબત વાત કરતા હતા. એટલે બન્ને તહોમતદારો ફરીયાદીની દુકાનમાં રાતને વખતે ગયા હતા તે પ્રાઇમાફેસીએ સાબીત છે. આ બન્ને તહોમતદારો સાથે તેજ તારીખે દીલ્હી તરફથી આવેલા આંહી ઉતર્યા હતા. પટેલ હાઉસમાં ઉતર્યા હતા. અને કંઇ પણ ઓળખાણ વિના ફરીયાદીની દુકાને રાતને વખતે ગયા હતા. અને ધર્મની ચર્ચા, 'ખોજા જાગૃતિ' અને કાઉન્સીલોના મત વિષે હુંસાતુંસી કરતા હતા, અને રાતના બાર સુધી રોકાવાની ઇચ્છા બતાવી હતી, તેઓ કાઠિયાવાડ લોજમાં ઉતર્યા છે. તહોમતદાર નજરઅલીએ પટેલવાળાને ખોટું નામ કહ્યું. તે સામાન લઇ જતો રહેવાનો હતો. અબ્દુલને જીવા લસ્કરે પકડતાં ફરીયાદીને ડેલેથી તે ભાગી ગયા પછી ઉપર પ્રમાણે તેણે પ્રયાસ કર્યો હતો એવો પ્રોસીકયુશનનો પુરાવો છે. તે બાબત તહોમતદારોએ કંઇ ખુલાસો કર્યો નથી. એટલે પ્રોસીકયુશનના પુરાવાને માનવો જોઇએ તે હું માનું છું. પ્રોસીકયુશનના સાહેદો ખોટું કહે છે એમ માનવા મને કંઇ કારણ નથી. તે પુરાવામાંથી એવી હકીકત નીકળે છે કે તહોમતદારો બન્ને ધર્મની લાગણીથી ફરીયાદીને મારી નાખવાને માટે સંતલસ કરી ફરીયાદીની સાથે કોઇ પણ સંબંધ યા ઓળખાણ વીના મોડી રાતે ગયેલા અને ત્યાં મોડી રાત સુધી રોકાઇ તે માટે લાગ જોતા હતા; પણ ફરીયાદીએ દુકાન બંધ કરવાનું કરતાં કંઇ પણ તરતનું કારણ દીધા વીના છરી મુદ્દાનીથી ઓચીંતો હુમલો કર્યો અને છાતીનો અને હૃદયનો ભાગ પસંદ તે માટે કર્યો. આ છરી મોટી અને તદ્દન નવી છે. આવી ખોજા રાખતા નથી. તે એમ બતાવે છે કે તે આ કામ માટે નવી ખરીદેલી હોવી જોઇએ. આ બધું તહોમતદારો બન્નેની સંતલસ સૂચવે છે અને ધર્મના મતભેદને લઇ ફરીયાદીનું ખૂન કરવાનો ઇરાદો સૂચવે છે. ઇશ્વર કૃપાએ ઘા ઉંડો જવા ન પામ્યો. લોકો ભેળા થઇ જતાં વધારે તહોમતદારો મારી ન શકયા. નહીંતર તહોમતદારના કૃત્યનું પરીણામ ફરીયાદીનું મોત હતું તેમ માનવાને દરેક અને કુદરતી સંજોગો હતા એમ હું ધારૂં છું. હાશમ છે, બીજા સાહેદો કહે છે, ફરીયાદીએ ખૂન, ખુનની રાડો પાડી હતી, મારી નાંખે છે એમ રાડો પાડી હતી. ફરીયાદીએ તેમજ લખાવ્યું છે. હાશમને આવતો રોકયો, ફરીયાદીના રસ્તા આડો રહ્યો એમ હાશમ અને ફરીયાદી તહોમતદાર નજરઅલીના સંબંધમાં લખાવે છે. તેઓ બન્ને વળી કહે છે કે ધર્મના મત-

# ચર્ચાપત્ર

## કચ્છમાં નવા કાયદાનો અમલ

‘જાગૃતિ’ના તંત્રીશ્રી,

તા. ૨૨ જુલાઇના “ઇસ્માઇલી”માં ‘કચ્છી’ના ઉપનામથી કેટલીક ખોટી વાતો લખવામાં આવી છે. એ વાતોને “ઇસ્માઇલી”એ ખરી માનીને તેને પહેલા પાના પર સ્થાન આપ્યું છે.

‘કચ્છી’ લખે છે કે નવા કાયદાઓનો અમલ કચ્છમાં થઇ રહ્યો છે. જ્યારે કાયદા હજી પ્રેસમાંજ છે. જમાતોને પુછ્યા ગાછ્યા વિના કાયદાનો અમલ થઇ શકતો નથી. અને કચ્છની જમાતો પાસે હજી કાયદાની બુકો પણ આવી નથી. ત્યારે એ કાયદાનો અમલ કેમ થઇ શકે?

ખુમ્સ, ઝકાત, મજલીસોના ફાળા., વિગેરે ઇશનાઅશરી જમાતમાં દાખલ થનાર માટે કંઇ **ફરજીઆત** નથી. એ તો મરજીઆત છે. જેમ ઇસ્માઇલી જમાતમાં જન્મથી મુઆ સુધીના લાગા ફરજીઆત આપવાજ જોઇએ; તે વિના મૈયત અટકે, સગપણ ન થાય, લગ્ન અટકે, મુસાફર અટકે, એની સામાજિક પ્રવૃત્તિનો શ્વાસેશ્વાસ અટકે, એવો અટકાવ ઇશનાઅશરી જમાતમાં ક્યાંએ નથી. ‘કચ્છી’ને એટલીએ ખબર ન હોય ત્યારે એ છાપામાં લખવા શા માટે દોડે છે?

ભાઇ પીરમામદ ઇશનાઅશરી થઇને આર્થિક શોષણમાંથી મુક્ત થયા છે. એને એ જમાતમાં એક દોકડો પણ આપવાનો નથી. રોઝા, નમાઝ, વિગેરે ક્રીયાઓ કરે તેની ખુશી. ન કરે તો ઇશનાઅશરી જમાત ભાઇ પીરમામદ પર કે બીજા કોઇ પર ફરજ નાખનાર નથી.

આજે જ્યાં ત્યાં જગતભરમાં રોટીનો સવાલ એ વિકટ પ્રશ્ન બન્યો છે. બેકારીનો પાર નથી. ધંધા ધાપા મરી ગયા છે. એ વખતમાં ઇસ્માઇલી જમાતના લાગા ભરવા ક્યાંથી? આ સવાલ દરેક ઇસ્માઇલી ખોજાને મુંઝવી રહ્યો છે. આજે જો ઇસ્માઇલી નહિ એવી ઇશનાઅશરી જમાતનું અસ્તિત્વ ન હોત તો એવા મુંઝાએલ ખોજાઓને ભૂખે મરી પણ લાગા ભરવા પડત. પણ આજે તે ખોજા બીલ્ડીંગને બે બારણાં છે. એકમાંથી આવીને બીજામાંથી નીકળી જાવ. ચાર દિવાલો વચ્ચે આજે કોઇ ઇસ્માઇલી જમાત પુરી શકતી નથી.

ઇશનાઅશરીમાં ક્યાંએ દોકડો દેવો પડતો નથી. ધર્મની ફરજીઆત ક્રીયાઓથી જમાતને કંઇ લેવા દેવા નથી. દરેક પોતાની કબરમાં પડશે ને કરશે તેવું ભરશે એ સુત્રે જમાત ચાલ્યા કરે છે.

**ચ. મ. ન.**

---

## લડવું એ બહાદુરી છે

‘જાગૃતિ’ના તંત્રીશ્રી,

‘જાગૃતિ’ના તા. ૨૪–૭–૩૪ના અંકમાં ચર્ચાપત્રી મી. ચ.મ.ન. લખે છે કે લડો કાં ભાગો; લડી ન શકો તો ભાગો. આવી રીતે લખવું તે હાંસીને પાત્ર છે. આ તો અજ્ઞાનતાને પોષણ આપવા જેવું છે. મી. ચ. મ. ન. એ લખતાં પહેલાં ઇતિહાસની પોથી ખોલવી જોઇતી હતી. લેનીને રશિયાની પ્રજાને કહ્યું હોત કે ઝાર સાથે લડ ન શકાય તો ભાગો, તો આજે રશિયા આઝાદ ન હોત.

અનાયી આકરા કાયદા નાશ કરવા લડત ચાલુ હોય ત્યાં ભાગવું ન શોભે. ખૂબ જોરથી લડો. ઇશનાઅશરી કે સુન્ની થઇ જવામાં કંઇ હાની તે ચર્ચા કરવા અત્યારે જરૂર નથી.

ચચપત્રી બોધે છે કે જે ધર્મ આર્થિક શોષણ કરે છે તેનાથી લડી ન શકાય તો ભાગો. જે ધર્મ આર્થિક શોષણ કરે છે, જ્યાં અર્થ વિનાના પૈસા નીચોવાય છે, જ્યાં આકરા અન્યાયી કાયદાની ધોંસરી આપણી ગરદન ઉપર પડી હોય તે પ્રસંગે લડશો કે ભાગશો? યથાશકિત ફાળો આપી લડતને મજબુત બનાવવી જોઇએ.

માન્વી જીવનના સ્વતંત્ર હકક ઉપર ત્રાપ મારતા કાયદા નાશ કરવા લડવું એ બહાદુરી છે; ભાગવું એ ઝાંખપ છે. બહાદુરીથી લડશો તો અવસ્ય તમારો વિજય છે.

**પ્રભાસ પાટણ,** **વેપારી**

---

## ૧૪મીએ આવજો

“ખોજા જાગૃતિ” ધાર્મિક લાગણી દુભવે છે એમ કહી કેટલાક ખોજા ભાઇઓએ રાજકોટના ના. ઠાકોર સાહેબને કરેલ અરજીનો જવાબ ‘જાગૃતિ’ તરફથી ગઇ તા. ૯–૭–૩૪ના રોજ અપાઇ ગયા પછી રાજ્યના જ્યુડીશીયલ સેક્રેટરીએ અરજદારોને અને ‘જાગૃતિ’ને તા. ૧૪–૮–૩૪ના રોજ વકીલો સહીત પોતાની સમક્ષ બોલાવ્યા છે.

---

ભેદને અંગે ઝનુનને લઇ લોકો આવી રીતે છરીથી, બંદુકથી મોત નીપજાવે છે. તેવું બનેલ છે. ફરીયાદીને છરી માર્યાના સંબંધમાં પણ તેને મારી નાખવાનો તહોમતદારોનો ઇરાદો હતો એમ ફરીયાદી એટલા ઉપરથી કહે છે કે નાપાકનો બદલો લેતો જા એમ તહોમતદારે છરીનો ઘા તેની છાતી ઉપર કરતાંજ કહ્યું હતું. આ બધી હકીકત ધ્યાનમાં લેતાં પહેલા બન્ને પોઇન્ટસ હું હકારમાં ચુકવી ઠરાવું છું કે બન્ને તહોમતદારો ગઇ તા. ૯–૧૨–૩૩ની રાતે મુદ્દા માલની છરી સાથે ફરીયાદીની દુકાને તેને મારી નાખવાનો ગુન્હો કરવાનો સંકેત કરી ગયા હતા. તહોમતદાર અબ્દુલે ત્યાં ફરીયાદીને મુદ્દાની છરી વતી તેની છાતીમાં જખમો કરી તેને લોહીલોહાણ કરી વ્યથા કર્યાનું અને તહોમતદાર નજર ફરીયાદી ભાગી ન જાય અને અબ્દુલ તેનું કામ કરી શકે તેમ આડો રસ્તે ઉભો રહ્યાનું પ્રાઇમાફેસીએ સાબીત છે.

ઉપરના બન્ને તહોમતદારોનાં કૃત્ય ઇ. પી. કો. ક. ૩૦૭, ૪૪૯ અને ૩૪ના શબ્દોમાં પ્રાઇમાફેસીએ સ્પષ્ટ રીતે આવે છે. તેમાં લખ્યાં તત્વો પ્રાઇમાફેસીએ સાબીત છે એમ હું માનું છું અને તેથી આ ત્રીજું પોઇન્ટ પણ હું હકારમાં ચુકવી ઠરાવું છું કે નજર તહોમતદાર ઉપરની હકીકતે અબ્દુલના કૃત્ય માટે સંકેતને અંગે જવાબદાર હોઇ બન્ને તહોમતદારોએ ઉપરની કલમના ગુન્હા કર્યાનું પ્રાઇમાફેસીએ સાબીત છે. અને આ ગુન્હા ના. સેશન્સ કોર્ટના અધિકારના હોઇ બન્ને તહોમતદારોને હું તે ના. કોર્ટ તરફ કમીટ કરી મોકલું છું.

તા. ૨૮–૭–૩૪. (સહી) **તારાચંદ બી.**
ન્યાયાધીશ

# ચૂસણ નીતિનું ચક્ર

## દ્રશ્ય સોળમું

લગ્ન પહેલાં શેરબાનુને મોટું કામ કરાવી દેવાની હીરબાઇની માગણીથી બદરૂદીન અને ફાતમાબાઇ બન્ને ડઘાઇ ગયા. હીરબાઇ તરફથી આવી માગણી થશે એવી કલ્પના પણ ફાતમાબાઇને કદી ન્હોતી આવી. બદરૂદીન તો શ્વાસ ખાઇ ગયો કે આ અણધારી મુસ્કેલીને કઇ રીતે પહોંચી વળવું.

મોટું કામ એટલે ઓછામાં ઓછા રૂા. ૭૫). સાહેબ દેશમાં પધાર્યા છતાં કાઠિયાવાડમાં ન્હોતા આવવાના. એટલે મોટું કામ કરાવવા મુંબઇ જાવું પડે. મુંબઇ જવામાં જાત વળતની ટીકીટના રૂા. ૨૦) અને રૂા. ૫) ઓછામાં ઓછું બીજું ખર્ચ, એમ માણસ દીઠ ન થાય ત્હોય રૂા. ૨૫)નું ખર્ચ થાયજ. શેરબાનુ અને ફાતમાબાઇ એકલાં જઇ શકે નહિ, પોતે શેરબાનુને તેડીને જાય એમાં ડોશી શાસ્ત્ર આડું આવે. શેરબાનુને મોટું કામ કરવવું હોય તો ત્રણેએ જવું જોઇએ. પીંચોતેર પાછળ બીજા પીંચોતેરનું ખર્ચ. બદરૂદીનના ધણ મરી ગયા. અને આ પછી પણ સગપણ અને લગ્નના મોટા લાગાઓ અને ચંદ્રાકીની ચડત તો લર્યા પછીજ નિકાહ થવાના. ફાતમાબાઇ પણ આ ગણતરી કર્યા પછી થીજી ગઇ.

કરવું શું ? આ નવી મુસ્કેલીને કઇ રીતે પહોંચી વળવું ?

બદરૂદીન તો આ દરરોજ આગળ આવતી નવીનવી ચૂસણ ક્રીયાથી કંટાળી ગયો હતો. ધર્મને નામે ચલાવવામાં આવતા નોખા નોખા ધતીંગ અને સતત આર્થિક શોષણ શા માટે સહી લેવાં જોઇએ એ તેને ન્હોતું સમજાતું. આ ઉપરાંત તે આર્થિક વિટમ્બણાઓમાં પણ સપડાયેલો હતો. વલીમામદના કરજનું દેણું તે હજી પતાવી શકયો ન્હોતો. આવા સંજોગોમાં હીરબાઇની એક ધૂનની ખાતર બીજા દોઢસો બસોના ખાડામાં ઉતરવાનું તેને ગમ્યું નહિ. બદરૂદીન એવા નિર્ણય ઉપર આવ્યો કે મોટું કામ કરાવ્યા વિના લગ્ન થતાં હોય તો કરવાં.

પણ ફાતમાબાઇને આ વાત ગમી નહિ. કોઇ પણ હિસાબે કન્યા જતી કરાયજ નહિ એવી તેની દ્રઢ માન્યતા હતી. વળી ધર્મની બાબતમાં જો વાંધો પડે અને મોટું કામ ન કરાવવા માટે કન્યા ગઇ એવી વાત બહાર જાય તો લોકો તેમને બેઇમાન ગણી કાઢે અને ભવિષ્યમાં પણ બદરૂદીનને કન્યા મળવામાં મુસ્કેલી આવે. એટલે ગમે તેમ કરીને, કરજ કાઢીને કે દુઃખ વેઠીને પણ, શેરબાનુને મોટું કામ કરાવવુંજ અને પછી નિકાહ પઢાવી લેવા એવી ફાતમાબાઇની તીવ્ર ઇચ્છા હતી.

છેવટે મા દીકરાએ સાથે મળીને એવો નિર્ણય કર્યો કે હીરબાઇને મોટું કામ કેટલું ખર્ચાળ છે એ લખવું અને હમણાં એ જીદ પડતી મુકવાનું સમજાવવું. સાહેબ ફરી વખત દેશમાં પધારે ત્યારે શેરબાનુને જરૂર મોટું કામ કરાવવાનું વચન આપવું.

એ મુજબ બદરૂદીને હીરબાઇને એક પત્ર લખ્યો, અને તેમાં જણાવ્યું કે, "હમણાં કારજને કારણે ખૂબ ખર્ચ થઇ ગયું છે. વળી મોટું કામ કરાવવા મુંબઇ જવું પડે, અને એમાં પણ મોટું ખર્ચ થાય. માટે સાહેબ બીજી વખત દેશમાં પધારશે ત્યારે જરૂર મોટું કામ કરાવશું. ઉપરાંત હવે તો વખત પણ નથી રહ્યો. લગ્ન આડા આઠજ દિવસ છે, અને એટલા વખતમાં બધું પતી જઇ શકશે નહિ. માટે મોટું કામ કરાવવાનું બીજા વખત ઉપર રાખશો."

હીરબાઇને જ્યારે આ કાગળ મળ્યો ત્યારે નુરમામદે રેડેલું ઝેર સજીવ થઇને તેની નસે નસમાં દોડવા લાગ્યું. તેને નુરમામદે બદરૂદીન વિરૂદ્ધ કરેલી વાતો યાદ આવી અને સંદેહ પેઠે. છોકરો બેઇમાન તો નહિ હોય ને! માબાપ ફરીથી દેશમાં ક્યારે પધારશે એ કોને ખબર ? બીજી વખત પધારે ત્યારેય શેરબાનુને તે મોટું કરાવશે તેની શું ખાત્રી ? અને લગ્ન થઇ ગયા પછી દબાવીને કહેવાય પણ કેમ! હીરબાઇની આશંકા દ્રઢ થતી ગઇ. બદરૂદીનની વાત તેને સાચી લાગી નહિ. વળી બદરૂદીન બેઇમાન ન્હોતો એ નક્કી કરવા માટે તેણે રચેલી આ એકની એક યોજના પણ જો અધવચજ રહે તો તેની ઇમાનદારી માટે ખાત્રી શું ? અને જો બદરૂદીન ઇમાનદાર ન હોય તો ? તો તો શેરબાનુનો ભવજ બગડી જાય ને! હીરબાઇને લાગ્યું કે જમાઇની ઇમાનદારીની પાકી ખાત્રી કર્યા પછીજ દીકરી દેવાની તેની ફરજ હતી, શેરબાનુનો ભવ બગાડવાનો તેને કાંઇ અધિકાર ન્હોતો. આમ વિચારને અંતે તે એવા નિર્ણય ઉપર આવી કે લગ્ન પહેલાં બદરૂદીને શેરબાનુને મોટું કામ કરાવવુજ જોઇએ. એ મુજબ એણે બદરૂદીન ઉપર કાગળ લખાવ્યો કે, "માબાપ કાંઇ વારે ઘડીએ દેશમાં પધારતા નથી. આવો અમુલખ અવસર તો ક્યારેકજ આવે છે. માટે ધરમના કામમાં ઢીલ નહિ. ધરમના કામમાં તમે આવું મોળું મન રાખો એ ઠીક કહેવાય નહિ. આ જન્મારો તો ગમે તેમ કાઢીએ, પણ પરભવનું કાંઇક કરી લેવું જોઇએ. આ તક જતી કરવાનું અમને ગમતું નથી. તમે લખો છો કે લગ્ન આડા હવે આઠજ દિવસ રહ્યા છે, એ બરાબર છે. પણ આઠ દિવસમાં તો જેટલું કરવું હોય તેટલું થાય. મેં એમ નક્કી કર્યું છે કે નિકાહ પણ માબાપને હાથેજ પઢાવવા. એટલે નિકાહને આગલે દિવસે અમે મા દીકરી બેઉ મુંબઇ પહોંચી ગયા હઇશું. તમે પણ નિકાહની તારીખ સુધીમાં મુંબઇ પુગી જજો."

હીરબાઇના આ ઉત્તર અને વગર પુછ્યે મુંબઇ નિકાહ કરવાનું નક્કી કરવાથી બદરૂદીનનું દીલ અતિશય દુભાયું. હીરબાઇની વલણથી પોતાનું અપમાન થતું તેને ભાસ્યું. લગ્નની કિંમત તરીકે આટલી પરાધીનતા સહેવી તેને મોંઘી લાગી. પણ ફાતમાબાઇ એક ટળીને બે થઇ નહિ. ગમે તે ભોગે પણ તેને કન્યા જવા દેવી ન્હોતી. અને મા દીકરો બન્ને મુંબઇ તરફ રવાના થયા.

—: જોઇએ છે :—

ખ પ

બ ત્રી

ર ઓ

# સમાહનો સાર

**પં. માલવીયા જુદા થયા** : ગઇ તા. ૨૭-૨૮ના દિવસોમાં મહાસભાની કાર્યવાહક સમિતિ અને કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો બનારસ ખાતે મળી હતી. બોર્ડની મુંબઇની બેઠકે શ્વેત પત્રને રદ્દ કરાવવાનો અને કોમી ચુકાદાની તરફેણમાં કે વિરૂધ્ધમાં કાંઇ નહિ બોલવાનો ઠરાવ કરેલો. બોર્ડના આ વલણથી પં. માલવીયા અને શ્રી. અણે નારાજ થયેલા અને તેઓએ સાફ શબ્દોમાં કોમી ચુકાદાનો વિરોધ કરવાની બોર્ડ પાસે માગણી કરેલી. બનારસની બેઠકમાં બોર્ડે પોતાના મુંબઇના ઠરાવને વળગી રહેવાનો નિશ્ચય કરવાથી પં. માલવીયા અને શ્રી. અણેએ રાજી-નામાં આપ્યાં છે. શ્રી. અણેએ મહાસભાની કાર્યવાહક સમિતિ-માંથી પણ રાજીનામું દીધું છે. આ બન્ને નેત્તાઓના આ પગલાંથી કોંગ્રેસની વડી ધારાસભાની ચુંટણી ખૂબ મુસ્કેલીભરી બનવાનો ભય ઉભો થયો છે. પં. માલવીયા વડી ધારાસભાની ચુંટણી માટે એક નવો પક્ષ ઉભો કરશે તેમ લાગે છે. હિન્દુ મહાસભા તેઓનાં રાજીનામાંથી ખુશ થઇ છે.

**ચુંટણીની તૈયારી** : મહાસભાએ વડી ધારાસભા પ્રવેશને મંજુરી આપ્યા પછી કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડ તરફથી ચુંટણીની જોરદાર તૈયારીઓ થઇ રહી છે. બનારસ ખાતે તાજેતરમાં મળેલી બેઠકે એક જાહેર યાદી બહાર પાડી છે. એ યાદી મુજબ શ્વેત પત્રના બંધારણનો ઇનકાર કરવા, લોક પ્રતિનિધિ સભા દ્વારા દેશનું ભાવિ રાજબંધારણ નક્કી કરાવવા તથા દમના બધા કાયદાઓ રદ્દ કરાવવા માટે વડી ધારાસભામાં જતા કોંગ્રેસના ઉમેદવારોને મત આપવાની વિનંતિ કરવામાં આવી છે. કોમી ચુકાદા પરત્વે કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડ મૌન સેવવા માગે છે તેનું કારણ એવું જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસ એ દેશના બધા વર્ગોની પ્રતિનિધિ છે અને આમાંના કેટલાક વર્ગો કોમી ચુકાદાની તરફેણમાં અને કેટલાક વિરૂધ્ધમાં હોઇને કોંગ્રેસ કોઇની તરફેણમાં પોતાનો મત આપી શકે નહિ; ઉપરાંત લોક પ્રતિનિધિ સભાએજ આ પ્રશ્ન હાથ ધરવો જોઇએ, બહારનાની સૂચના કે દોરવણી કોંગ્રેસને મન નકામી છે. આ યાદીમાં જુદા જુદા પ્રાન્તો તરફથી ઉભા રહેતા જુદા જુદા કોંગ્રેસ ઉમેદવારોનાં નામો પણ પ્રગટ કરવામાં આવ્યા છે. મુંબઇ તરફથી શ્રી. નરીમાન અને ડૉ. દેશમુખ ઉભશે, જ્યારે ગુજરાત તરફથી શ્રી. ભુલાભાઇ દેશાઇ ઉમેદવારી કરશે.

**હરિજન યાત્રાની પૂર્ણાહૂતિ** : મહાત્મા ગાંધીજીએ પોતાની એક વરસની હરિજન યાત્રા પુરી કરી છે. તેઓએ જાહેર કર્યા મુજબ તા. ૭-૮-૩૪થી તેઓ વર્ધામાં એક અઠ-વાડિયાના ઉપવાસ કરશે.

**કપુરથલા પદભ્રષ્ટ** : વર્તમાનપત્રોમાં એવા સમાચાર પ્રગટ થયા છે કે કપુરથલાના મહારાજાને અંધેર ચલાવવા માટે હિન્દી સરકારે પદભ્રષ્ટ કર્યા છે.

**રાજકોટમાં કોમરેડઝ કલબ** : રાજકોટના નવ જુવાનોએ સ્થાપેલી કોમરેડઝ કલબની ઉદ્‌ઘાટન ક્રીયા કરતી વખતે સૌરાષ્ટ્રના સંત શ્રી. ફુલચંદ કસ્તુરચંદ શાહે આજની અસમાન સમાજ રચનાને સ્થાને સમાનતાના પાયા ઉપર રચાયેલી નવી સમાજ રચના કરવા યુવાનોને આદેશ આપ્યો હતો.

**કામદાર નેત્તાને કેદ** : અમદાવાદના મજુર આગેવાન શ્રી. ભારદ્વાજ ઉપર ચાલતા ચકચારભર્યા કેસમાં કલેકટરના પર્સનલ એસીસ્ટંટે શ્રી. ભારદ્વાજને બે વરસની સખ્ત કેદ અને રૂા. ૧૦૦) ના દંડની સજા કરી છે.

**વઢવાણ નરેશનું અવસાન** : વઢવાણના ઠાકોર સાહેબ શ્રી. જોરાવરસિંહજી ગઇ તા. ૨૬ના રોજ અવસાન પામ્યા છે. તેમની પાછળના વારસદાર સગીર અવસ્થામાં હોવાથી એજન્સી રાજવહીવટ ચલાવશે.

**સામ્યવાદીઓ ગેરકાયદેસર** : હિન્દી સરકારે એક જાહેરાત પ્રગટ કરીને હિન્દના તમામ સામ્યવાદી મંડળો અને પક્ષોને ગેરકાયદેસર જાહેર કર્યા છે.

**ઑસ્ટ્રીઆમાં રમખાણ** : ઑસ્ટ્રીઆના ચેન્સેલર ડૉ. ડૉલ્ફસની કચેરી ઉપર ૧૫૦ નાઝીઓએ પોલીસના પોશાકમાં સજ્જ થઇ દરોડો પાડી ડૉ. ડૉલ્ફસનું ખૂન કર્યું છે. નાઝીઓના આ અત્યાચારથી આખો યુરોપ ખળભળી ઉઠયો છે. ઇટાલી અને જર્મનીએ પોતાની સરહદો ઉપર લશ્કર તૈયાર રાખ્યા છે. બળ-વાખોરોને દાબી દેવામાં આવ્યા છે. આ અત્યાચાર પાછળ જર્મ-નીના ચેન્સેલર હીલટર અને તેના સાથીઓની ઉશ્કેરણી હતી એમ સામાન્ય રીતે માનવામાં આવે છે. હીલટરે જો સમયસૂચકતા વાપરી આ અત્યાચારને તાત્કાલીક વખોડી કાઢયો ન હત તો આ બનાવમાંથી વિશ્વયુદ્ધ સળગી ઉઠત. ડૉ. ડૉલ્ફસના ખૂન પછી પણ તેનીજ નીતિ મુજબ ઑસ્ટ્રીઆનું નવું પ્રધાન મંડળ કામકાજ કરશે.

**૧૪૫૦ પુસ્તકો સામે મનાઇ** : જયપુર રાજ્યે એક યાદી પ્રગટ કરીને ૧૪૫૦ પુસ્તકો આયાત કરવાની કે કબજે રાખવાની મનાઇ ફરમાવી છે.

**હીન્ડનબર્ગનું અવસાન** : જર્મનીના પ્રેસીડેન્ટ હીન્ડન-બર્ગનું અવસાન થયું છે. જર્મનીમાં આ એકજ માણસ એવો હતો કે જે વખતના ગમે તેવા વારાફેરામાં પણ પ્રજાપ્રિય રહી શકયો હતો. મહાયુધ્ધમાં પણ જર્મન સરદાર તરીકે તેણે મોટો ફાળો આપ્યો હતો. હીટલર ચેન્સેલર છે ત્યારે હીન્ડનબર્ગ મરણ પામવાથી જર્મનીમાં નાઝીઓનું જોર ખૂબ વધી જાય અને હીટલર પ્રેસીડેન્ટ બની જાય તો પણ બનવા જોગ છે.

**જર્મન પ્રતિનિધિ પર દરોડો** : ઑસ્ટ્રીઆમાં ચેન્સેલર ડૉ. ડૉલ્ફસના ખૂન પછી ગરમ વાતાવરણ પ્રસરેલું છે. ગઇ તા. ૧ના રોજ ડૉલ્ફસ પક્ષના ૯ માણસો જર્મન પ્રતિ-નિધિની ઑફીસમાં ધસી ગયા હતા અને જર્મન પ્રતિનિધિ સામા રીવોલ્વર ધરી ડૉ. ડૉલ્ફસના ખૂન માટે મ્યુનીચ (જર્મની) સાથે શું વાટાઘાટ થઇ હતી તેનો ખુલાસો માગ્યો હતો. પ્રતિ-નિધિને કાંઇ ખુલાસો કરવાનો હતો નહિ. જર્મનીએ આ પગલા સામે વાંધો ઉઠાવ્યો છે.

# ધર્મગુરૂ અને કાયદો

ધર્મગુરૂઓને કાયદાના જાણકારો, હીમાયતીઓ અને દલાલો સાથે હમણાં હમણાં સંબંધ વધતો જાય છે અને પોતાના અનુયાયીઓ સાથે ઘટતો જાય છે. એવો કોઇ ધર્મગુરૂ ભાગ્યેજ હશે કે જેને પોતાનો ધર્મ ટકાવી રાખવા માટે વારે વારે ધારાશાસ્ત્રીઓની સલાહ ન લેવી પડતી હોય. ધર્મગુરૂઓએ હવે અનુયાયીઓની સંમતિ અને રાજીખુશી ઉપર નહિ, પણ વકીલોની સલાહને આધારે પોતાનો પંથ ટકાવી રાખવાનો નિર્ણય કર્યો લાગે છે.

તાજેતરમાં વહોરા કોમની સબળ થતી જતી સુધારક પ્રવૃતિને અંકુશમાં લેવા એ કોમના વડા મુલ્લાંએ નીમચના એક ઉમર લાયક બ્હેનને પોતાની પસંદગીના એ કોમના એક યુવાન સાથે નિકાહ કરવાના 'ગુન્હા' સર મુંબઇના સોલીસીટરો મેસર્સ લીટલ એન્ડ કુો. મારફત એક નોટીસ પહોંચાડી છે. આ નોટીસ ધર્મગુરૂઓના માનસનું આબાદ પ્રતિબીમ્બ પાડતી હોઇને 'જાગૃતિ'ના વાંચકો માટે આ નીચે આપવામાં આવે છેઃ—

ખતનબાઇ ગુલામઅલી,

વહોરા વાડ, નીમચ.

બાઇ સાહેબ,

નામદાર સરદાર સૈયદના તાહેર સૈફુદીન સાહેબ, કે જે દાઉદી વહોરા કોમના વડા મુલ્લાંજી છે, તેઓએ ઘણી દીલગીરીથી પરંતુ મજબુત નિર્ણયને અંતે તેઓ નામદારે અમોને તમને નીચે પ્રમાણે જણાવવા ફરમાવ્યું છેઃ—

તેઓ નામદારની એમ જાણમાં આવ્યું છે કે તમોએ હમણાં અમુક વ્યકિત કે જેને દાઉદી વહોરા કોમમાંથી બાતલ કરવામાં આવ્યા છે અને જેનો વ્યવહાર તેઓ નામદારથી તુટી ગયેલો છે અને જે દાઉદી વહોરા જ્ઞાતિનો માણસ અથવા તો તે નામદારનો માનનાર અથવા તો તે જ્ઞાતિના મુખ્ય સિદ્ધાંતોને અનુસરનાર નથી તેવા માણસની સાથે તમોએ લગ્નથી સંબંધ બાંધવાની તજવીજ કરી છે.

વધારામાં તમોએ જાણવા છતાં પણ તમોએ તમારી લગ્ન ક્રિયાને બીજા ઇસમ કે જેનો સંબંધ તેઓ નામદારથી તોડવામાં આવેલો છે તેને તમોએ તેના હાથે ગોઠવવાની છુટ આપી અને તેજ શખ્સ દાઉદી વહોરા જ્ઞાતિનો ન હતો.

આ તમારા આ જ્ઞાતિ સામેના ગુન્હાઓ છે કે જે જ્ઞાતિના તેઓ નામદાર વડા મુલ્લાંજી સાહેબ છેં. અને તેથી કરીને તેઓ નામદાર નિરૂપાયે અમારા મારફત તમોને જણાવે છે કે તેઓ નામદારને તમારો સંબંધ તેઓની સાથે નાખુશીથી તોડવો પડે છે અને જાહેર કરે છે કે તમો હવેથી દાઉદી વહોરા કોમના સભ્ય અથવા તો તેઓ નામદારના અનુસરનાર નથી.

("બાગે મોમીન," પુ. ૨૮, અં. ૫)

# વેપાર સમાચાર

(તા. ૪-૮-૩૪.)

**ઉન :** ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ગાંસડી ૨૩૬ વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. ચાલુ સંજોગો સુધરે અથવા તેમાં ફેરફાર ન થાય તો મધ્યમ માલનું ભવિષ્ય ઉજળું દેખાય છે, જ્યારે ઉંચા માલમાં અનિશ્ચિતતા છે. સ્થાનિક બજારમાં સેલ પછી ઉંચો જોડીયો દર રૂ. ૧૪)ના ભાવે વેચાણો છે.

**રૂત :** ભરૂચ ૨૨૭    **બકરાના વાળ :** ૩)

**અનાજ, વિ. :**

| | |
|---|---|
| ૧ાા ૨) ઘઉં | ૨ા- ૨ા= તલ |
| ૧ા ૧ાા બાજરો | ૧ાા ૧ાા= મેથી નવી |
| ૧ા ૧ા= જુવાર | ૧ા-ા એરડા એરડી |
| ૧ા= ચણા દેશી | ૧ા ૧ાા મગ દેશી |
| ૦ાા= ૧) કમોદ જાડી | ૧ા≡ ૧ાા અડદ |
| ૧ા= ૧ાા કમોદ જીણી | ૨ા= રાઈ |
| ૧)≡ મગફળી જીણી | ૧ાા≡ ૧ાાા= શીંગદાણા હાથફોલ |
| ૧)= મગફળી જાડી | |

**ઘી :** ૨૭) ૨૮) મુંબઇ પરખ, ૨૨ા તાજો રસ

**તેલ :** ૫) તલનું, ૩)= શીંગનું.

**પરચુરણ :** ૩) ૩ા ગોળ દેશી.
૬) કપાશીયા કરાંચી
૪ા ખાંડ રાજકોટ શહેર, ૩)≡ સદર. ૮) ૮ા સોપારી જુની.
૧૦)૧૦ા ગદબનું બી. ૯ા= વેસણ જીણો. ૮ા૦ વેસણ જાડો.
૮ાા કરાંચી ઘઉંનો લોટ.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)


## ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

## —: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,
"ખોજા જાગૃતિ"

# પાપી પેટની ખાતર

લેખક : "કચ્છી કોમી સેવક"

'જાગૃતિ'ના અંક ૧૦–૧૧માં ના. આગાખાન પ્રત્યે કેટલાક સ્વમાનપ્રિય કચ્છી ખોજાઓ તરફથી અત્યારના નવા કાયદાઓ ખોજા કોમને છિન્નભિન્ન કરી પાયમાલીને પંથે ચડાવનારા હોવાથી તે રદ બાતલ કરાવવા સંબંધી એક અરજી પ્રગટ થઇ હતી. આ અરજીએ અંધશ્રદ્ધાળુઓ અને સ્વાર્થસાધુઓનાં અંતરમાં ભયંકર ઉલ્કાપાત અને ખળભળાટ મચાવી મુકયો છે. એથી એમની જીહ્વા તો કયારનીએ બેલગામ બની ગઇ છે, પરન્તુ મને લાગે છે કે હવે તેઓ પોતાના મગજ પરનો કાબુ પણ ગુમાવી દે તો નવાઇ નહિ.

કોઇ કોઇ આ અરજી કરનારને ઓળખવા મનધારી કલ્પનાઓ કરી રહ્યા છે. કોઇ કહે છે એ કચ્છીની ભાષાજ નથી, અને કોઇ તો બેલના પુંછડા મરડતા ઇન્સાનના આકારમાં ફરતા પશુઓને અષ્ટંપષ્ટં સમજાવીએ કાયદાઓ વધાવી લેવાના લેખો પ્રગટ કરાવી સંતોષ માની રહ્યા છે.

અજાયબીની બીના તો એ છે કે આ લેકો પોતાની આંખો પર ચડાવેલા અંધશ્રદ્ધાના દાબડા ફેંકી દેવાને તૈયાર નથી. સ્વજ્ઞાતિને "વાહવાહ"ના શબ્દો સંભળાવી, "તમેજ ઇમાનદાર છો, તમેજ સાચા મુરીદ છો અને તમેજ ડાહ્યા છો" એવી પ્રસંશાની શબ્દ રચનાથી ઘડીવાર મસ્કા પાલીસ કરી જ્ઞાતિના ગળામાં પહેલી જન્મથી મરણ સુધીની તકોમાં બીજા ખોજાનો ઉમેરો કરી પોતાના ભાઇઓનેજ ભૂખ ભેળા કરવામાં પોતાના કર્તવ્યની ઇતીશ્રી માની રહ્યા છે. આવા સ્વાર્થસાધુઓને જ્યાં લગણ માલ મલીદા ઉડાવવા મળતા હશે અને માસિક પગારોથી ખીસ્સાં તરબોળ રહેતાં હશે ત્યાં લગણ તે. તેઓ અંધશ્રદ્ધાન સ્વાંગ આ જીવનમાં તો ઉતારવાના નથીજ. આવા સ્વાર્થીઓને હું પણ એમજ કહેતો રહું છું કે 'તમે તમારા આ ઢોંગ અને પાખંડ ચાલુજ રાખશો; નહિ તો આવી બેકારીના સમયમાં તમારા માટે અવસ્ય ભૂખે મરવાનો વખત આવી લાગશે.' કારણ કે જો તેમનામાં કમાઇ ખાવાની બીજી કાંઇ પણ લાયકાત હોત તો તેઓ પોતાના આત્માના સત્ય અવાજને દાબી દઇને પોતાના ભાઇઓને છેતરવાનું પગલું ભરવાને કદાપિ તૈયાર થાત નહિ.

વળી ખુશી થવાની વાત તો એ છે કે હવે થોડાજ વખતમાં ના. આગાખાન એકાદ સંસ્થાનના પાદશાહ બની બેસવાના છે. આમ થાતાં આવા જાતિદ્રોહીઓની જમાતને તે નામદાર જરૂર કોઇને જજ, કોઇને મેજીસ્ટ્રેટ, કોઇને પોલીસ કમીશ્નર અને કોઇને દિવાનના હુદ્દાઓની નવાજેશ કરશે.

ઉપરોકત અરજી મોકલનાર કોણ છે તે વિષે નિરર્થક ધમપછાડા કરવા કરતાં ના. આગાખાનને સીધું પુછાવી જોશો તો પણ તમોને સત્ય હકીકત સ્હેજે મળી જશે. પણ અરે ભુલ્યો! આમ પુછાવવની ભાંજગડમાંજ શા માટે ઉતરવું જોઇએ? તેઓ તો સાક્ષાત ઇશ્વરી અવતારજ છે એમ તમે માનો છો અથવા મનાવો છો. તમારી ભકિત સાચી હોય તો જરાં એકચિત થઇ આંખો બંધ કરી દ્યો, તો તેજ ક્ષણે અંતરજામી એ ઇશ્વરી અવતાર તમારા અંતરમાં પ્રગટ થઇ તમને સઘળી વસ્તુસ્થિતિથી વાકેફ કરી દેશે.

કોઇ પગારદાર ભાડુતી વ્યકિત પોતાના માલિકનું લુણ હલાલ કરવા લોભે લાલચે ગમે તેમ બોલે તેથી શું! કોઇ પણ સ્વમાનશીલ અને કોમીદાઝ ધરાવતો કચ્છી ભાઇ આવા નિર્લજ અને સીતમગાર કાયદાઓને જરૂર ધિકકારશેજ.

એ અંધશ્રદ્ધાળુઓને હજી એક વાત જણાવવાની આવશ્યકતા છે કે આવા દુષ્ટ કાયદાઓ લોકો અપ્રિય થઇ પડવાથીજ લગભગ અર્ધી કોમ આજે ના. આગાખાનને તજી ગઇ છે. આપણી દ્રષ્ટિએ તેઓ ફરી ગયા છે, પણ તેમની દ્રષ્ટિએ તેમણે તિલાંજલીઆપી છે. માટે વર્તમાન સ્થિતિને વિચાર કર્યા વિના આવા સંતાપિત કાયદાઓ કોમ ઉપર પરાણે ઠોકી બેસાડશો તો તે કોઇ પણ સ્વમાનશીલ વ્યકિત કબુલ કરશે નહિ. જ્ઞાતિનો ઉદ્ધાર કરવા નીકળી પડેલા ઓ ઢોંગીઓ, જો તમે તમારા હ્રદયમાં તમારી જ્ઞાતિ માટે લેશ પણ દાઝ ધરાવતા હો તો તમારા ઉદર નિર્વાહ માટે આવી અયોગ્ય પદ્ધતિનો ત્યાગ કરી ઉદર પોષણ માટે કોઇ અન્ય ઉદ્યમ શોધી લ્યો. જ્ઞાતિનો ઉદ્ધાર ન કરી શકો તો છેવટ આટલું કરશો તો પણ ગનીમત.

## ખુલ્લો પત્ર

**ભાઇશ્રી**

**શેઠ કરમાલીભાઇ મેરાલી કાનજી,**

**કચ્છ–મસ્દીઆ.**

આપ ભાઇશ્રીજી તરફથી તા. ૨૯–૭-૩૪ વાળા "ઇસ્માઇલી"માં પ્રગટ થયેલ હકીકતમાં શ. ૧૯૮૦ની સાલમાં કમીટી બારામાં જે આપે લખ્યું છે તે હકીકત એવી છે કે મર્હુમ વારસ મોલેદીના મેઘજી આપણા મોખરાની જમાતોમાં દરમ્યાનગીરી ન કરે અને આપણો મોખરો પોતાનું કામ આપ અણત્યારે ઉકેલાવે, તે ઠરાવમાં સહીઓ થઇ હશે. તે શિવાય આપણા વચ્ચેના ઠરાવનો બીજો કાંઇ પણ હેતુ નથી. વળી તે ઠરાવ પણ આપણા મોખરામાં પસાર થયો ન હતો, એટલે તેને પણ આપણે રદ કી ૧ છે.

**કચ્છ કેરા,** <br>
તા. ૩–૮–૩૪.

લી. દુઆગો સેવક,<br>
**રશીદ અબ્દલા.**

××× "'જાગૃતિ'ના ખબરપત્રી સાથે વાતચીત" એ મથાળા નીચે ભાઇ કરમાલી મેરાલીના નામથી એક લેખ "ઇસ્માઇલી"ના તા. ૨૯–૭–૩૪ના અંકમાં પ્રગટ થયો છે. આ લેખમાં જુદી જુદી અનેક વાતો લખવામાં આવી છે. જેમાની એકની અસત્યતા બતાવવા ભાઈ રાશીદ અબ્દલાએ ઉપરનો પત્ર પ્રસિદ્ધી અર્થે અમને મોકલાવ્યો છે. કચ્છ એ તો એક શાણો, શાન્ત, ભલો, કચાગરો છોકરો છે એ બતાવવા "ઇસ્માઈલી"ના અનેક મિથ્યા પ્રયત્નો માંહેના આ એક પ્રયત્નમાં કેટલી સચ્ચાઇ ભરેલી છે તે આવતા અંકમાં.

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

મોટપની ભૂખ

Regd. No. B. 3114



પુસ્તક: ૨ | તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૧૬

વાર્ષિક લાજમ: દેશમાં રૂ. ૨
દેશાવર રૂ. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

ઑગસ્ટ ૧૪: ૧૯૩૪
સંવત ૧૯૯૦ના શ્રાવણ શુદ ૪ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

# અદનો સિપાહી

**સમાજવાદ** એ મારે મન તો મારૂં જીવન સર્વસ્વ છે. મારી જીંદગીનો એ આદર્શ છે. ને મારો ધર્મ પણ એ જ છે. સમાજવાદ સિવાય અન્ય કોઇમાં મને જરા યે શ્રધ્ધા ઉપજે એવું મને નથી લાગતું.

*

**હું સમાજવાદની** વાતો કર્યા સિવાય રહી શકતો નથી. સમાજવાદ સંબંધે પુસ્તકો લખ્યા સિવાય પણ જીવી શકું નહિ. મારામાં જ્યાં સુધી તાકાત રહેશે, ત્યાં સુધી હું સમાજવાદ સંબંધે જ લખીશ, સમાજવાદનો જ વિચાર કરીશ, સમાજવાદને જ આગળ ધપાવવામાં મારી ફરજ સમજીશ.

*

**જે અનેક** લેખકો આજે સમાજવાદ-આવતી કાલની જનતા—ને ખાતર પોતાની કલમો ચલાવે છે એમાં હું તો એક અંશ માત્ર છું. મારા પહેલાં અનેકોએ સમાજવાદ ઉપર લખ્યું છે. મારા પછી અનેકો લખશે. હું તો એ અભંગ સાંકળની એક કડી છું. મારા હાથમાં તાકાત રહે, મારી બુધ્ધિમાં સ્વાસ્થ્ય રહે ત્યાં સુધી હું એ કડી તરીકે કાયમ રહું. મારી એ એક વાંછના છે.

*

**અમારે કેટલા યુગો** સુધી લખ્યા જ કરવું પડશે એ હું નથી જાણતો ને નથી જાણવા માગતો. વ્યક્તિગત અમે ફત્તેહમંદ નીવડીએ કે ન નીવડીએ; અમે ભૂલો કરીએ; અમે ક્ષુબ્ધ બનીએ કે અંતરાયો અનુભવીએ; અમારી મૂર્ખાઇઓ અમારી છૂપી મહત્ત્વાકાંક્ષાઓને આવરી નાંખે; અમારી અપૂર્ણતા અમારી કલ્પનાને ધૂળમાં મિલાવી દે.

*

આ બધું થાય કે ન થાય મને એની ચિન્તા નથી. મેં પ્રકાશની ઝાંખી કરી છે. એ પ્રકાશનાં કિરણો અત્યારના અંધકારમાં ફેલાવવાં એ મારી ફરજ છે. આ દુનિયામાં મારૂં એ કર્તવ્ય છે. કેમકે આજે જે પ્રકાશ ઝાંખો દેખાય છે તે આવતી કાલે દુનિયાને તારી દેવાનો છે એની મને અચળ શ્રદ્ધા છે.

*

બીજાઓ માનવ જીંદગીને નાના અર્થો આપવા માગશે ત્યારે હું એમાં પરમાર્થ આરોપીશ. બીજાઓ જ્યારે દ્વેષની વાત કરશે, ત્યારે હું પ્રેમની વાત કરીશ. બીજાઓ જ્યારે એક માનવીની વાત કરશે, ત્યારે હું સમસ્ત માનવજાતની વાત કરીશ. બીજાઓ વર્તમાન જગતની હળવી કસોટી કરશે, ત્યારે હું એની આકરી કસોટી કરીશ.

*

**અને જ્યારે** મારૂં અવસાન થાય, ત્યારે મારી કબર ઉપર ફૂલો ચડાવશો ના. મારી કબર ઉપર હું લેખક હોવા છતાં કોઇ કલમ પણ આંકશો ના. મારી કબર ઉપર 'તલવાર' મૂકજો. કેમકે હું માનવ જાતનો એક અદનો પણ સિપાહી જ છું.

**—એચ. જી. વેલ્સ**

("ફુલછાબ" નવી દુનિયા અંકમાંથી)

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૪-૮-૩૪.


## મોટપની ભૂખ

**ના.** આગાખાનની સરનશીની નીચે ચાલતા આજના ઇસ્માઇલી ધર્મે ખોજા કોમની સ્વતંત્રતા ઝુંટવી લીધી છે, કોમને સામાજિક દ્રષ્ટિએ ગુલામ બનાવી છે અને એના વડે કોમનું સતત અર્થશોષણ થઇ રહ્યું છે—આ વસ્તુ અનેક વખત કહેવાઇ ગઇ છે, અને જ્યાંસુધી ખોજા કોમનાં બેડીબંધન તુટશે નહિ ત્યાંસુધી એ ફરી ફરીને કહેવાની રહેશેજ.

ધર્મના ઇજારદારોની ભકિતની દુકાનદારી ઉપર જ્યારે પ્રકાશ ફેંકવામાં આવે છે ત્યારે એ લોકોને જબરો આઘાત થાય છે. જેનો ધંધો ઉંધો હોય છે, જેનો ધંધો પ્રામાણિક શ્રમથી રોટલો રળી ખાવાનો નહિ પણ બીજાઓનું શોષણ કરી પોતે માલદાર બનવાનો હોય છે અને જેઓ પોતાના આ રોજગારની કનિષ્ટતાથી અપરિચિત નહિ પણ પુરા માહીતગાર હોય છે એ સર્વથી આ પ્રકાશ સહ્યો જતો નથી. સદા કાળ અંધકારની ગહનતામાં રહેવા માગતા એ લોકો પ્રકાશથી અકળાય છે. પરિણામે એ પ્રકાશને બુઝવી નાખવા, તેના ઉપર કાળો પડદો પાથરવા કે છેવટે બાંધેલા ગ્રાહકોને 'એ પ્રકાશ નથી અંધકાર છે' કહી ભોળવવા એ બાજબી અને ગેરબ્યાજબી, પ્રામાણિક અને અપ્રામાણિક સર્વ પ્રયત્નો કરે છે.

દુકાન જ્યારે નાનકડી હોય છે ત્યારે તેનો માલિક ધંધો ચલાવવા પોતેજ થડા ઉપર બેસે છે. પણ જ્યારે નાનકડી દુકાનમાંથી મોટી પેઢી બની જાય છે ત્યારે માલિક થડા ઉપર બેસવાની જરૂરત જોતો નથી. એ નોકરો રાખે છે, વ્યવસ્થાપકો રોકે છે અને આડતીઆઓને આડત આપી પોતાનો ધંધો ચલાવે છે. આવી પેઢીના માલિક શેઠનું કામ વધારેમાં વધારે ધંધાની નીતિ નકકી કરવા કે આવકના આંકડા તપાસવાથી વધુ હોતું નથી.

ના. આગાખાન પણ ઇસ્માઇલી ધર્મને નામે ખોજા કોમ ઉપર આજે આવીજ પેઢી ચલાવી રહ્યા છે. ખોજા કોમના એ ગુરૂજી પોતાના શિષ્યોથી સદા કાળ હજારો માઇલ દૂર વસે છે. એમને પોતાને થડા ઉપર બેસવાની જરૂર નથી રહેતી. વ્યવસ્થા જાળવવા તેમણે કાઉન્સીલો સ્થાપી છે. પૈસા ઉઘરાવવા એમણે પગારદાર કામડીઆ રાખ્યા છે. અંધકારને પ્રકાશ અને પ્રકાશને અંધકાર તરીકે વર્ણવવા અને એમ કરી લોકોને સાચી વસ્તુસ્થિતિથી સદા અપરિચિત રાખવા તેમણે પગારદાર મીશનરીઓ રોકયા છે. પોતાની સદા વાહવાહ બોલાઇ રહે, અને એ બોલવા શિવાય જેઓ બીજી કશી વાત ઉપર ધ્યાનજ અપે નહિ એવા વર્તમાનપત્રો તેઓ તેમની છત્રછાયા અને મુરબ્બીવટ નીચે ચલાવે છે. અને હિન્દુસ્તાનમાં એવા પણ માણસો પડયા છે કે જેઓ પોતાને ના. આગાખાનના એજન્ટ તરીકે, તેમના આડતીઆ તરીકે ખુલ્લેખુલ્લા ઓળખાવે છે, 'એજન્ટ આગાખાન' કરીને સહીઓ કરે છે. અને આ બધું ઘણીજ સ્હેલાઇથી થાય છે. નામદારને તે માટે ઉપાધિ કરવી પડતી નથી. તેઓ તો માત્ર આ દુકાનદારીની નીતિ નકકી કરે છે અને આવકનો હિસાબ તપાસી જાય છે.

જેનામાં એવું કાંઇક છે કે જે પ્રકાશમાં આવવાથી પોતાને નુકશાન થાય, આબરૂ અને ઉપજ ઘટે કે ગંજીફાના પાનાથી ઉભી કરેલી ઇમારત તુટી પડવાનો ભય ઉભો થાય એ સર્વ આવા પ્રકાશથી ડરે, તેનાથી બચવા કે તેને હોલવી નાખવા પ્રયત્નો કરે એ સમજી શકાય તેવી વાત છે. ધર્મનો ધંધો લઇ બેઠેલા ધર્માચાર્યોની સોડમાં ગરી કે તેનો સહકાર સાધી સીધી કે આડકતરી રીતે અંગત લાભ ઉઠાવનારા આડતીઆઓ અને પગારદારો માલિક કે શેઠના હિત સાથે પોતાનું હિત સંકળાયેલું જોઇ ધર્મની કિલ્લેદારી કરવા દોડી જાય એ પણ સમજી શકાય તેવી વાત છે. પણ જે લોકોને આવો સીધો કે આડકતરો લાભ મળતો નથી તેઓ 'દયો દયો' કરતા કેમ દોડાદોડી કરી મૂકતા હશે ? પોતાના જાતભાઇઓની સામે, પોતાનાં સગાં સ્નેહિઓ અને દોસ્ત બીરાદરોની સામે તેઓ શા માટે પોતાની જાતનો કુહાડીના હાથા તરીકે ઉપયોગ થવા દેતા હશે ? મોટાઇ કે પટલાઇના રૂપમાં ના. આગાખાન અને તેમના સાગરીતો ઉંઘની દવા પાવા પ્રયત્ન કરે, પણ આ લોકો શા માટે એ દવા પી જતા હશે ? ખોજા કોમની હાલત આજે કઠોરમાં કઠોર હૃદયને પીગળાવે તેવી કરૂણ છે. ધર્મને નામે કોમ ઉપર ભારે લાગાઓ ફરજીઆત ઠોકી બેસારવામાં આવ્યા છે. એ લાગાઓની આકરી વસુલાત કરતા આરબ સમ કામડીઆઓ ગામડે ગામડે ત્રાસ વર્તાવે છે. અને આમ એકઠી થતી લાખોની રકમ તેમાંથી એક પાઇ પણ ખોજા કોમના હિતાર્થે વપરાવા કોમ પાસે રહેવા દેવાયા વિના પરદેશ ચાલી જાય છે. પોતાનો વહીવટ કોમને ચલાવવા દેવામાં આવતો નથી; કોમની કાર્યવાહી કોમ ચુંટતી નથી, પણ ના. આગાખાન તેની નિમણુક કરે છે. કોમે પાળવાના કાયદા કોમ ઘડી શકતી નથી, પણ ના. આગાખાન પોતાની નિરંકુશ મુનસફી પ્રમાણે તે ઘડે છે. કોમનું વાણી સ્વાતંત્ર્ય અને મીલન સ્વાતંત્ર્ય ઝુંટવી લેવામાં આવ્યું છે. કોમને તેની ગુલામીનું પળે પળે ભાન કરાવતા લગ્ન, મરણ અને પરવાનાના નિષ્ઠુર કાયદાઓ ઘડવામાં આવ્યા છે. દિનપ્રતિદિન સીધી અને આડકતરી રીતે ચૂસાતી કોમ આજે પાયમાલીને કાંઠે આવીને ઉભી છે. ગરીબી અને બેકારી દરરોજ વધતી જાય છે, છતાં તેની આજે કોઇ ભાળ લેનાર નથી. કોમની આવી કરૂણાજનક હાલત તરફ એ લોકો શા માટે દુર્લક્ષ સેવતા હશે ? સાચી વસ્તુસ્થિતિની શા માટે અવગણના કરતા હશે ? કોમ આજે દુ:ખી છે, કંગાલ અને બેહાલ છે. એનાં દુ:ખ દૂર કરવાને બદલે એમાં ઉમેરો કરવા એ ભાઇઓ શા માટે કારણભૂત બનતા હશે ? શું પોતાના જાતભાઇઓ અને સગાં વ્હાલાંઓની પરેશાની અને કનડગત કરતાં પણ મોટાઇ કોઇ વધુ કિંમતી વસ્તુ છે ? શું મોટાઇનો ભ્રમ એટલો બધો બળવાન છે કે સારાસારનો વિવેક પણ ભૂલાવે ?

આવા સર્વ ભાઇઓને અમારી વિનંતિ છે કે તમારા હૃદય ઉપર હાથ રાખી સત્ય વસ્તુની અવગણના ન કરો. જુઓ. કોમ બેહાલ છે. એ તમારા તરફથી દુ:ખની નહિ પણ રાહતની આશા રાખે છે.

# અર્થદેવના આરાધક

ઇસ્માઇલી આગાખાની પંથ ખરેખરો સગવડીઓ છે. એ પંથના ધર્માચાર્ય ના. આગાખાન અર્થશાસ્ત્રના પુરા અભ્યાસી છે. અર્થશાસ્ત્રની દ્રષ્ટિએજ, ધનપ્રાપ્તિની દ્રષ્ટિએજ એઓ બધું જુએ છે, અને જરૂર પડયે જીંદગી-ભરના શું, પેઢી દર પેઢીના જેની સાથે અબોલા લીધા હોય તેવાઓની સાથે જરૂર પુરતો સહકાર સાધી લ્યે છે અને એટલીજ આસાનીથી પોતે છોડેલા હુકમોની અવગણના પણ કરી કરાવી શકે છે.

ભડલી (ભાણુ)થી એક ભાઈ લખે છે કેઃ—

"આગાખાનીઓમાં હઝરત અલીને પહેલો દરજ્જો આપવામાં આવે છે અને હઝરત અલીથી પેઢી દર પેઢી ચાલતાં ચાલતાં ના. આગાખાન પોતે હઝરત અલીના વંશજ હોવાનો દાવો ધરાવે છે અને આજના પોતાના કહેવાતા સતપંથમાં પોતે નકલંકી અવતાર અને સહી ખુદા કહેવરાવી પોતાના ગુણગાન ગવરાવી રહ્યા છે.

હઝરત અલી બાદ ઇમામત હઝરત ઇમામ હુસેનના હાથમાં આવી. થોડા વખત પછી ઇમામત માટે કુટુંબમાં ઝગડો જાગ્યો. પરિણામે જંગ થયો અને તે જંગમાં હઝરત ઇમામ હુસેન અને તેમના કુટુંબીઓ કરબલાના મેદાનમાં શહીદ થયા.

થોડાજ વખત પહેલાં હઝરત ઇમામ હુસેનની મિજલસો જમાતખાનામાં બેસતી, જુરાઓ વ્હેંચાતા અને શરબત પવાતાં. આવી મિજલસોમાં જે કાંઇ ન્યાઝ આવતું તે બચ્ચાંઓને વ્હેંચી દેવાતું. ઇમામ હુસેનના નામે મેંજલના ભાણાં આવતાં તે બચ્ચાંઓને ખવડાવી દેવાતાં.

ચાલુ કાળમાં જ્યારથી ના. આગાખાનની સત્તા જામી ત્યારથી જમાતખાનામાંથી મિજલસો, શરબત, જુરા, વિગેરે બંધ કરાવ્યાં, કારણ કે આમાં નામદારને પાઇની પેદાશ નહિ. અને કમાણી વિનાનો ધંધો તેઓ નામદાર કરતા નથી. એટલે આપણને ઉંધાં ભણાવ્યાં કે, હું જીવતો જાગતો ઇમામ અને ખુદા છું, તો મારા નામની મિજલસો પડો, મને પૈસાની ભેટ ધરો એટલે પૈસા બદલ હું તમને બેહસ્ત અને હુરાં આપીશ. આવી રીતનાં ઉંધાં ભણાવીને નામદારે કમાણી વિનાની મિજલસોથી આપણને અભડાતા શીખવ્યા.

હવે હઝરત ઇમામ હુસેનના નામની મિજલસો ખાનામાં પડવાથી જમાતખાનું અભડાઇ જાય એવી આગાખાનીઓની માન્યતા હોય તો આગાખાનીઓને પુછી શકાય કે હઝરત ઇમામ હુસેનના નામથી અભડાઇ જતા હો તો તેઓ તો હઝરત અલીના નુરે ચશ્મ હતા, ગાદી વારસ હતા. જો તમે હઝરત ઇમામ હુસેનના નામથી અભડાતા હો તો તમારે તેની પરંપરાથી ચાલી આવતી પેઢીથી પણ અભડાઇને દૂર રહેવું જોઇએ અને સરવાળે તમારે ના. આગાખાનથી પણ અભડાઈને દૂર રહેવું જોઇએ, કારણ કે તેઓ પોતે હઝરત અલીથી માંડીને પેઢી દર પેઢી ઉતરતા આવતા ઇમામના વંશના હોવાનો દાવો ધરાવે છે.

પણ નામદારને તો કમાણીવાળો ધંધો હોય ત્યાં આભડછેટ મટીજ જાય છે. એક બે દાખલા લઇએઃ—

(૧) મોહરમના દિવસોમાં તાજીઆ ઠંડા થાય છે તે દિવસે હઝરત ઇમામ હુસેનના નામનું મેંજલનું ભાણું ખાને લઇ જવાય છે અને ભાણું લાવનાર પાસેથી પાઇ પૈસો મૂકાવી ધુઆ કરી દેવામાં આવે છે. આ વખતે આભડછેટ કયાં જાય છે તે ખબર પડતી નથી, કારણ કે ધંધો કમાણીવાળો છે.

(૨) તાજીઆ ઠંડા થાય છે તે દિવસે બપોર પછી જમાતખાનું ખોલવામાં આવે છે અને આંહી તો ઘરોઘર જમાતભાઇને ઉઘરાણીએ મોકલાવવામાં આવે છે કે નાળીએર લઇને ખાને ચાલો. સૌ કોઇ ( કોઇ શરમે તો કોઈ ભરમે ) નાળીએર લઇ ખાને આવ્યા બાદ, આવેલ નાળીએરોમાંથી ચોથ ભાગ નાળીએર લઇને આવનારને પાછો મળે છે, અમુક ભાગની શેશો કરી વ્હેંચાય છે અને બાકીના નાળીએરનું લીલાંઉ થાય છે. આ ધંધો પણ કમાણીવાળો હોવાથી આભડછેટને રસ્તો આપવામાં આવે છે.

ઉપરના બે દાખલાથી સમજી શકાશે કે નામદારને કમાણીવાળોજ ધંધો પસંદ છે."

કચ્છ-મુંદ્રાથી એક ભાઇ લખે છે કેઃ—

"આંહી તા. ૨૯-૭-૩૪ ને રવિવારની રાત્રે ભાઇ મહમદ સજણની વિધવા રહેમતબાઇ સ્વર્ગવાસી થયા. આ બાઇના સ્વર્ગસ્થ પતિ મરણ પર્યંત ઇશનાઅશરી હતા અને તેમના પુત્રો, પુત્રીઓ, વિગેરે પણ ઇશનાઅશરીજ છે; જ્યારે મરનાર બાઇ આગાખાની હતા, અને મોટા કામમાં દાખલ થયેલા હતા. તેઓ મોટા કામમાં હોવાથી દર વરસે તેઓ દશોંદ તરીકે કોરી ૫૦) જમાતખાનામાં ભરતા. આમ છતાં મરનારના વારસોએ તેમને ઇશનાઅશરી કબ્રસ્થાનમાં ઇશનાઅશરી ક્રિયાઓ કરી દફન કર્યાં. રહેમતબાઇ ગુજરી ગયા બાદ તેઓના વારસો કે જેઓ ઇશનાઅશરીઓ છે તેમણે તેમની પાછળ મહુમની વસીઅતથી કે બીજા ગમે તે કારણે જમાતખાનામાં કપડા, દાગીના, વિગેરે આપ્યું અને તે આગાખાની જમાતે સ્વીકાર્યું.

ઇશનાઅશરીઓ જે કાંઇ મોકલે તે તો જમાત સ્વીકારી લ્યે છે, તો પછી કાયદાના હીમાયતીઓ ઇશનાઅશરીઓ સાથે શા માટે સંબંધ બંધ કરાવે છે? આ ઉપરથી તો એમ જણાઇ આવે છે કે ગમે તે રીતે 'સરકાર સાહેબી' તેજુરી તર કરવી. ઇશનાઅશરીઓની જાતથી વ્યવહાર રાખવો નહિ, તેમન પૈસાથી રાખવો. ઇશનાઅશરીઓના પૈસાથી 'સરકાર સાહેબી તેજુરી અભડાઈ જાય છે તેવું ભાન તેઓને કયાં છે!"

## નામદાર આગાખાનનો રોષ

### તેમના તરફથી સરકારી માનચાંદનો ત્યાગ?

જાગીરની તેમની માંગણીના અસ્વીકાર માટે ગુસ્સો

( અમારા ખબરપત્રી તરફથી )

કરાંચી, તા. ૩૧મી જુલાઇ

અત્રે એવી અફવા સંભળાઇ રહી છે કે નામદાર આગાખાને પોતાને કોઇ જાગીર આપવાની કરેલી માગણીનો સરકારે અસ્વિકાર કરવાથી તેમને બહુ ખોટું લાગ્યું છે અને વિરોધ રૂપે તેઓ પોતાને મળેલ 'સર'નો ઇલ્કાબ પાછો આપી દેશે તેમજ હવે પછી હિન્દુસ્તાનની રાજનીતિ સંબંધમાં ભાગ લેવાની ના પાડી દેશે.

("મુંબઇ સમાચાર," તા. ૪-૮-૩૪)

# આપણી દુર્દશા

થોડું હિન્દુ અને થોડું ઇસ્લામ ધર્મમાંથી ચોરી ચોરીને ઉભા કરેલા આપણા સત્વ વગરના સતપંથે આપણી કેવી દુર્દશા કરી છે તેનો એક નમુનો અમને એક ભાઇએ મોકલાવ્યો છે તે અમે આ નીચે પ્રગટ કરીએ છીએ.

હું જુનાગઢ પહોંચ્યો. અહિં મેં પહેલ વહેલો વિષાદ અનુભવ્યો. મારા આ આખા એ પ્રવાસ દરમ્યાન મેં મારી જાતને તટસ્થજ રહેવા દીધી છે. ગમે ત્યાંના ગમે તેવા કપરા સંજોગોની કથની સાંભળી કશોએ ભાવ નહિ થયેલો એવા મને આંહીની આપણી કોમની—આંતરિક નહિ, પણ બાહ્ય—સ્થિતિ જાણીને અત્યંત દારૂણ વેદના થઇ. વેદના તે અહિંના આપણા ભાઇઓએ અનુભવ્યાં દુઃખ માત્રથીજ નહી પણ આખીએ આલમમાં વસતી ખોજા કોમની સર્વત્ર એજ દશા છે એનો પ્રત્યક્ષ બોધ થવાથી થઇ.

આંહીના અનુભવે આપણી આખીએ કોમની દુઃખદ દશાનું ચિત્ર મારી સામે નગ્નપણે મુર્તિમાન કર્યું છે, જેને લીધે થયેલા ઉંડા દુઃખની ઘેરી છાયાં આંહીથી મારા મન સાથે લઇ જાઉં છું. મને લાગે છે કે હું તે કદી પણ ભુલી શકીશ નહી, ભુલવાની ઇચ્છાએ નથી.

થોડા વખતની વાત પર અહિં હિન્દુ—મુસ્લીમ વૈમનસ્ય ચાલતું હતું ત્યારે આપણી કોમની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી થઇ પડી હતી.

જ્યારે ઝગડો રંગે ચડયો હતો, મારફાડ અને ખુનરેજીની હદે પહોંચ્યો હતો, જરાજરામાં હડતાલો પડતી, કયારેક હિન્દુઓ કયારેક મુસલમાનો અને કોઇ વખત બન્ને સાથે હડતાળ પાડતા ત્યારે એવું બનતું કે જો મુસલમાનોએ હડતાળ પાડી હોય અને ખોજાઓ હડતાળ પાડે તો તેઓ હિન્દુઓના રોષનો ભોગ બનતા, અને જો ન પાડે તો મુસલમાનોની ખફગી વહોરવાનું જોખમ હતું. બીજી રીતે જ્યારે હિન્દુઓની હડતાળ હોય ત્યારે તો બન્ને રીતે ઉપરના જેવીજ અસર નીપજે એમાં તો નવાઇ નહી, પણ જ્યારે બન્ને પક્ષની એક સામટી હડતાળ પડી હોય ત્યારે પણ જો આપણા ભાઇઓ હડતાળ ન નાખે તો બન્ને પક્ષવાળા સમજે કે આપણે પડખે તેઓ નથી માટે તે સામા પક્ષમાં છે, અને જો હડતાળ નાખે તો બન્ને પક્ષવાળાઓ એમ સમજે કે સામા પક્ષના લાભમાં ખોજાઓએ હડતાળ પાડી છે.

આનુ પરિણામ એ આવ્યું કે હિન્દુ કે મુસલમાન બન્ને પોતપોતાના લત્તાઓમાં નિર્ભયપણે વિચરી શકતા ત્યારે આપણા ભાઇઓને ઉભા સ્થળે જવામાં ભીતિ રહેતી અને તેથી તેઓ હિન્દુ કે મુસ્લીમ લત્તામાં કામેકાજે પણ પોતે છેકજ નિર્દોષ હોવા છતાં જઇ શકતા નહિ.

આપણી વર્તમાન દુર્દશાનું કારણ એજ આ બધી ગેરસમજુત છેવટ સુધી ઉભી રહેવાનું કારણ છે. જેને માટે હાલની આપણી ધર્મ—સંબંધી ચૌર્યવૃત્તિ અને તેને પરિણામે આપણી રહેણીકરણીમાં આવી ભળેલું વૈચિત્ર્ય, આપણા સામાજિક રીતરીવાજો પર જામી ગયેલી—ધર્મને નામે ચાલતી—ધરાર—પટલાઇની અસર સર્વાંશે જવાબદાર છે. અને તેના સિધા પરિણામે આપણે અત્યારે સમાજમાં હીનદીન દશાને પ્રાપ્ત થયા છીએ. પ્રસંગ આવ્યેજ માત્ર નહી પણ સામાન્ય સંજોગોમાંયે આપણે કોના માના એક છીએ તે કહી શકવા અસમર્થ છીએ અને તેથી કરીને આવા કપરા સંજોગોમાંયે આપણે કશો ખુલાસો કરી કોઇની ગેરસમજુત દુર કરી શકીએ એવી આપણી સ્થીતિ રહી નથી.

પ્રસંગ આવ્યે આવો કોઇ ખુલાસો—આપણે કોની સાથે છીએ તે—કરવો પડે એજ મુખ્યત્વે દુઃખની વાત છે, કે જે જ્યાં જ્યાં ખોજાઓ વસે છે ત્યાં ત્યાં આપમેળે આવી મળે છે. અને તે સઘળું હાલની આપણી નીતિરીતિ વિના બીજા કશાને આભારી નથી.

અહિં એક બીજો બનાવ એવો બન્યો કે એ હુલ્લડ પહેલાં થોડા માસની વાત પર એક ઇસ્માઇલી મીશનરી આવેલા. તેણે જે ભાંગરો વાટયો તે સાંભળીને મને દુઃખ થયું કે રમુજ ઉપજી તે હજુ સુધી હું નકકી કરી શકયો નથી. વાંચનારને જે ભાવ થવો હોય તે થવા દઇ, ટપાલના મોંઘા દરોના કારણે તે જાણવાની ઇચ્છા વગરનો હું તેની વાત આંગળ ચલાવું છું.

એક દિવસે એવું બન્યું કે એક મુસલમાન ગૃહસ્થને ત્યાં આપણા મીશનરી સાહેબની જેમ બહાર ગામથી પધારેલ એક ઉલેમાની વાયેજ હતી. જેને અંગત આમંત્રણ મળેલું એવા એક આપણી જમાતના અગ્રગણ્ય ગૃહસ્થની સાથે તેમના મીજમાન તરીકે મીશનરી સાહેબ પણ મીજલસમાં ગયા.

મૌલવી સાહેબની વાયેઝ પુરી થઇ રહી. આપણી કોમના ઘણાખરા માણસોને સર્વ—ધર્મની બાબતમાં પોતે બીજાના કરતાં વધારે જાણુતા હોવાનો ફાંકો હોય છે, તેમ આપણા મીશનરી સાહેબનો તો એ બ્યવસાય હોઇને તે તેમાં અપવાદ રૂપ નહોતા. તેમને પણ કાંઇક બોલવા—ગાવા—ની ઇચ્છા થઇ આવી. અને તેણે પોતાની સાથેનાઓને આ વાત કરી. સાથેનાઓને મીશનરી સાહેબની શકિતમાં, આ બધા મુસલમાનો 'ઇસ્માઇલી' ધર્મનો અંગિકાર તો કદાચ નહી કરે તો પણ પોતાને તેમના હમદીનો તરીકે ગણાવવાનું શરૂ કરાવી દે એટલો વિશ્વાસ તો જરૂર હતોજ. તેમણે મીજલસના પ્રણેતાઓની રજા લીધી. મીશનરી સાહેબે એ ચાર નબીઓના નામ, એ ચાર ફારસી બેત ને એવું જે કાંઇ ગોખી રાખેલું તે બધું આંકી કહ્યું. કહ્યું તો ખરૂં પણ તેથી મુસલમાન શ્રોતાઓને પણ મીશનરી સાહેબ અને તેના સાથીઓના જેવીજ લીપ્સા થઇ આવી કે પછી મીશનરી સાહેબને તેઓએ જે છુટ લેવા દીધી તેનો તુરતા તુરત બ્યાજ સાથે બદલો લેવા ધાર્યું હોય એ તો જે હો તે હો! ગમે તે હો! પણ તેઓએ મૌલવી સાહેબ બીજે દીવસે ખાને આવી વાયેઝ કરવા દેવાની માગણી કરી, જે ગમે તે કારણે પણ મંજુર રાખીને તેઓ ઘેર આવ્યા.

બીજા દિવસનું સવાર પડયું "આજ ખોજા—ખાનેમે સામકું ચાર બજે...મૌલવી સાહેબકી વાયેઝ હૈ તો સબ મુસલમીનભાઇ ઉધર સુનનેકું આના." એવો બાંગીનો સાદ આખા શહેરમાં સંભળાયો. બપોરના એક વાગ્યાથી "ચલો આજ ખોજે સબ મુસલમીન હોતે હૈ." કરતાં કરતાં મુસલમાનોના ટોળાં ખાના

(અનુસંધાન પાના ૧૨૭)

# પ્રશ્નોત્તર

'જાગૃતિ'ના વાંચકોને નીચેના પ્રશ્નોત્તર ઉપયોગી થશે ધારી આંહી પીરસવામાં આવે છે.

સ. શું આપણા ધર્મ ખોટા છે?

જ. અમે કોઇ પણ ધર્મને ખોટો કહેતાજ નથી.

સ. ત્યારે તમે ધર્મની વિરૂદ્ધ કેમ લખો છો? એ ધર્મ-નિંદા ન કહેવાય?

જ. ખરેખર તમે ધર્મને સમજતાજ નથી એમ કહીએ તો કશું ખોટું નહિજ ગણાય. અમે જે કહીએ છીએ અને લખીએ છીએ તે ધર્મ વિરૂધ કે ધર્મ-નિંદા નથી, પરંતુ એમાં ઉલટો ધર્મ પ્રત્યે અમારો સાચો પ્રેમ સમાયેલો છે. હા, અમે કબુલ કરીએ છીએ કે એ અધર્મ વિરૂદ્ધ અને અધર્મ-નિંદા તો જરૂર છેજ અને એ અધર્મને તમે જો ધર્મ માનતા હો અગર કહેતા હો તો બરાબર છે કે અમે એ તમારા ધર્મ વિરૂધ્ધ લખી અને બોલી રહ્યા છીએ. પરંતુ ધર્માન્ધતાને લઇ તમારી આંખે દેખીતી ઉલટી બાજી આજે અમે જોવા કે કબુલ કરવા તૈયાર નથીજ. અમે તો ધર્મને સાચા સ્વરૂપમાં જોવા અને અભિનંદવા માગીએ છીએ.

સ. ત્યારે તમે એ સાચા સ્વરૂપવાળો ધર્મ કોને કહો છો?

જ. ધર્મ શબ્દ આજે એટલા બધા વ્યાપક અર્થમાં વપરાયેલો છે કે તેને તેના સાચા સ્વરૂપમાં સમજવો સમજાવવો એ આજે અતિ કઠીન છે. વાડાઓ અને સંપ્રદાયો, આચાર્ય-આગ્રહો અને વિધવિધ મતમતાંતરો એ સર્વ કોઇનો આજે ધર્મ શબ્દમાં સમાવેશ થાય છે; અને તેથી એ રૂઢપણામાંથી પ્રાપ્ત થતા અનર્થમાંથી આજે ધર્મનો સાચા સ્વરૂપે વિસ્તારથી અર્થ સમજાવવામાં અને ખ્યાલ આપવામાં અતિ મુશ્કેલી રહેલી છે. તો પણ એક સાદી અને સરળ, વધુ ઉપયોગી અને મહત્વની યુક્તિ મુંઝવણ વેળાએ સર્વ કોઇને સમજવામાં સ્હેલી થઇ પડે તેવી છેજ, અને તે એ કે અધર્મ નહિ તે ધર્મ.

સ. ધર્મ અધર્મ કેમ ઓળખાય એવું એકાદ આચરણમાંથી ઉદાહરણ આપશો?

જ. ડગલે અને પગલે આપણી સમક્ષ એવા અસંખ્ય ઉદાહરણો પડેલા છે; પણ એટલું સમજવાની જેની શક્તિ નથી તે પોતે સ્વતંત્ર રીતે કદી આત્મવિકાસ સાધી શકવાના નથીજ. એ તો કોઇના અભિપ્રાયથી માત્ર દોર્યા દોરાવાનાજ, ધર્મ અધર્મ આત્માથી જુદી વસ્તુમાની સમજી ચાલવાના. તેથી સમજણ વગરનો એ પંથ કે કોઇની દોરવણીથી કે દેખાદેખીથી અચરાયેલો આચાર અર્થહીણ ગાડરીઆ પ્રવાહ જેવોજ છે.

સ. તમે કહો છો તેવું બધું આજે બધા ધર્મોમાં નથી શું?

જ. હજુ પણ તમે તેવુંજ કહો છો ત્યાં તમારૂં ધર્મ વિષેનું વધુ અજ્ઞાનપણું જણાઇ આવે છે. પાખંડ જ્યાં પુણ્ય ઠરે ત્યાં અધર્મ ધર્મમાં ખપે તેમાં નવાઇ પામવા જેવું કંઇ નથીજ. આટલું પણ ન સમજાય તેને ધર્મ અધર્મ અને અધર્મ ધર્મ રૂપે સદાય ભાસવાનાજ, અને તેઓ ત્યાંસુધી કદી પણ સત્યનું સાચું સ્વરૂપ જોઇ શકવાના નથી, જ્યાંસુધી ધર્મના ગુણ કરતાં ધર્મની સંખ્યામાં દ્રષ્ટિ જેની વધુ સમાયેલી છે. સંખ્યા-બળને છાબડે સત્યને તોળનાર સત્યાગ્રહી સત્યને સમજતોજ નથી એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથીજ.

સ. બધા ધર્મો ખોટા હોય તો પછી ધર્મ રહ્યોજ ક્યાં?

જ. કહેવાતા બધા ધર્મો ખોટા ઠરે તેથી સાચા ધર્મને કંઇ બાધ આવવાનો નથીજ; પરંતુ ઉલટો એ વાદળાં દૂર થતાં સાચો ધર્મ સૂર્યની માફક પુરેપુરો પ્રકાશિત બનશે. ધર્મનો હેતુ માનવ જાતના વિકાસનો છે, જ્યારે આ કહેવાતા બધા ધર્મો માનવ જાતના વિકાસના ઉલટા વિરોધક અને ઘાતક છે. અંધ-શ્રધ્ધાથી મનાતા અને પુજાતા ધર્મને નામે રચાયેલા આ કહેવાતા ધર્મોના ઇન્કારમાંજ સાચા ધર્મનો સત્કાર રહેલો છે. એટલે આજના આ માત્ર કહેવાતા બધા ધર્મો ખોટા ઠરે એથી કંઇ મૂળ ધર્મ ખોટો ઠરતો નથી. જે સત્ છે તે કદી અસત્ બનતું નથી અને જે અસત્ છે તે કદી સત્ થઇ જવાનું નથી.

સ. એ સાચો ધર્મ ક્યાં?

જ. સાચો ધર્મ સર્વ વ્યાપક સર્વ સ્થળે રહેલોજ છે. એને મૂર્ત સ્વરૂપે જો જોવા ઇચ્છતા હો તો વિકસિત થયેલા સમત્વ જ્ઞાન આત્માઓના આચરણમાં એ પ્રત્યક્ષ રહેલો છે.

સ. તમે કહો છો એ ખરૂં; પણ આ બધું આજનું ક્યાં છે? એ તો આગળથી કરી મૂકેલું છે ને?

જ. રસ્તે અંધારામાં પડેલો સાપ પગ નીચે દબાય ત્યારેજ આપણને ખબર પડે જે આ ઝેરી પ્રાણીને દૂર કરવું જોઇએ, નહિ તો આપણને કરડવાથી આપણી જીવહાનિ કરશે. તે પૂર્વે આપણી આસપાસ અનેક વાર એ સાપ અથડાયા વગર ચાલ્યો ગયો હોય અને આપણે અંધકારમાં તેને જોઇ શક્યા ન હોઇએ, તો પછી શું આજે તેને જોયા પછી પણ જતો કરવો જોઇએ કે તેને સાણસામાં પકડી દૂર મૂકીને સુરક્ષિત બનવું જોઇએ? ગઇ કાલનું ઉત્તમ ભોજન વિષ્ટા રૂપે પરિણમ્યા પછી આજના સાદા અને તાજા ભોજન આગળ તેને આરોગવાની કયો મૂર્ખ ઇચ્છા કરશે?

સ. તો પછી ભૂતકાળનું એટલે તમામ નકામું અને દૂર કરવા લાયક ગણાવું જોઇએ ને?

જ. કોઇ પણ વસ્તુ ભૂતકાળની છે માટે તેને દૂર કરવી જોઇએ એમ નથી; પરંતુ ભાવિને બાધક હોય તેટલી અને તેને તો અવશ્ય દૂર કરવીજ જોઇએ. ગઇ કાલના ખોરાકથી પરિણમતું રક્ત શરીરમાં સાચવવા યોગ્ય અને જીવન છે; પરંતુ તે ખોરાકમાંથી ઉત્પન્ન થતો મળ દૂર કરવામાં ન આવે તો ઉલટી જીવનહાની રહેલી છે.

સ. ત્યારે તો તમારા એ માર્ગને અમારે સહાય કરવી જોઇએ; એને બદલે અમે તો ઉલટો એનો વિરોધ કરી રહ્યા છીએ.

જ. ઇતિહાસમાં આજે એ નવું નથી. દરેક કાળે અને દરેક ક્ષેત્રે રૂઢીવાદીઓની એ શરમ-કથા ઇતિહાસને ચોપડે ચોંટેલીજ છે. એકજ હાકલે સર્વ એકમત થાય તો પછી સુધારકોને સંકટજ શાનું હોય? વળી સુધારકોના નસીબમાં હંમેશાં કાંટાળો તાજ જ લખાયેલો હોય છે, અને એ માર્ગ પણ પ્રથમ કાંટાથી પથરાયેલોજ હોય છે.

સ. ખરે આ નવજીવન મેળવવા બદલ આપના ઋણી છીએ; તેનો બદલો અમે કઇ રીતે આપી શકીએ?

જ. એ નવજીવનનો વધારે ફેલાવો કરીનેજ.

ધ.

# સપ્તાહનો સાર

**કચ્છમાં ગોળીબાર:** કચ્છ રાજ્ય અને તેની એક ભાયાતી જાગીર રોહાની સરહદ ઉપરની થોડીક જમીનના વાવેતર સંબંધે રાજ્ય અને જાગીર વચ્ચે ચાલતી તકરારને કારણે રોહાના જાગીરદારને માત્ર બીવડાવવા કચ્છના રેવન્યુ ખાતાએ મોકલેલી હથીયારબંધ પોલીસે કાંઇ પણ કારણ ન હોવા છતાં અને કોઇ પણ જવાબદાર અમલદારની પરવાનગી વિના રોહા જાગીરના માણસો ઉપર ગોળીબાર કર્યો છે, અને જાગીરદારના સેક્રેટરી સહીત કેટલાક માણસો ઠાર થયા છે અને કેટલાક ઘવાયા છે. રોહાના જાગીરદાર ઠાકોર હમીરસિંહજીએ જ્યાંસુધી પોતાને ઇન્સાફ ન મળે ત્યાંસુધી મરણ પામેલા માણસોના શબ ઉપાડવાની ના કહી છે, અને અત્યારે એ શબો કચ્છની પોલીસના કબજામાં છે. આ હત્યાકાંડથી ખૂબ ઉશ્કેરાટ ફેલાણો છે.

**મહાત્માજીના ઉપવાસ:** ગાંધીજીએ આગળથી જાહેર કર્યા મુજબ ગઇ તા. ૭થી એક અઠવાડિયાના ઉપવાસ ચાલુ કરી દીધા છે. તેમની તબીયત ત્રીજા દિવસ સુધી ચિંતાજનક નથી.

**નવી જાતના લગ્ન:** ગુજરાતના જાણીતા સાહિત્યકાર સ્વ. સર રમણભાઇ નિલકંઠના પુત્રી શ્રી. વિનોદીની નિલકંઠે એક પત્ની અને બે બાળકો ધરાવતા એક પરીણિત ગૃહસ્થ શ્રી. મનુભાઇ લાલભાઇ પરીખ સાથે લગ્ન કરવાથી અમદાવાદમાં જબરી ચકચાર પેદા થઇ છે. શ્રી. પરીખના પત્ની શ્રી. શારદાબાઇના સંબંધીઓ આ લગ્નને રદ કરાવવા અદાલતનો આશ્રય લેશે એમ સંભળાય છે.

**પતીઆળા નરેશ સામે ફરીયાદ:** પતીઆળા નરેશ સર ભુપેન્દ્રની બે રાણીઓ કીરપાલ કુંવર અને નેહાલ કુંવરે સીમલાના ડેપ્યુટી કમીશનરને એવી અરજી કર્યાનું કહેવાય છે કે કીરપાલ કુંવરે મહારાજાથી ઉત્પન્ન થયેલો કુંવર મહારાજાથી ઉત્પન્ન થયેલો નથી એવું મહારાજાને ન લખી દેવાના કારણે મહારાજાએ એ બન્ને ઉપર જુલમ વરસાવ્યો છે અને તેમને ૩૫ અઠવાડીયા સુધી ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખી સીમલાની બજારમાં રખડતી મુકી દેવામાં આવી છે. રાણીઓએ એવી માગણી કર્યાનું કહેવાય છે કે સર ભુપેન્દ્ર અને તેના સાગરીતોના આ કૃત્ય માટે તેમના ઉપર ફોજદારી રાહે કામ ચલાવવું.

**સરદાર વલ્લભભાઇ બીમાર:** ફરવા જતાં શરદી લાગી જવાથી સરદાર વલ્લભભાઇ પટેલ મુંબઇમાં બીમાર પડી ગયા છે.

**સત્તાવન કલાક તર્યો:** શ્રી. પ્રફુલ્લ ઘોષ જે ચેમ્પીયન તરવૈયા તરીકે ખ્યાતી પામેલા છે. તેઓ ગઇ તા. ૬ઠ્ઠી સાંજે પાંચને સોળ મીનીટે પાણીમાંથી સફળતાપૂર્વક બહાર આવ્યા છે. હાથકડી પહેરીને સત્તાવન કલાક ને ત્રણ મીનીટ સતત તરવાનો તેમણે જગતનો રેકોર્ડ તોડયો છે.

**માતા નિર્દોષ છુટી:** મુંબઇમાં સુતાર ગલ્લીમાં આવેલા જયા બીલ્ડીંગમાં રહેતી પ્રભાવતી નામની બાઇએ પોતાના કિશોર વયના બે બાળકોને ચોથે માળેથી ફેંકી દઇ ખૂન કરવાના આરોપસર મારબાવડી પોલીસે ધરપકડ કરી હતી. તેની તપાસ ગીરગામ પોલીસ કોર્ટમાં પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ મી. ઇંદ્રવદન એન. મહેતા સમક્ષ નીકળતાં બાઇને નિર્દોષ છોડી મુકી છે.

**પં. માલવીયાની હીલચાલ:** પંડીત મદન મોહન માલવીયા અને શ્રી. માધવરાવ અણેએ કોંગ્રેસ કમીટીના કોમી ચુકાદા માટેની વલણથી નારાજ થઇ કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડમાંથી રાજીનામું આપ્યું છે. પંડીતજી ધારાસભામાં પોતાના પક્ષના સભ્યો મોકલવા માટે હીલચાલ કરી રહ્યા છે. દરમ્યાન જો કોંગ્રેસની સામાન્ય બેઠકમાં પંડીતજી સાથે સમાધાન થશે તો બધા ઉમેદવારો પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેશે નહિંતર પંડીતજી કોંગ્રેસની હરિફાઇમાં ઉતરશે.

**રાજકોટ પ્ર. પ્ર. સભાની ચુંટણી:** રાજકોટના મરહુમ ઠાકોર સાહેબે સ્થાપેલી રાજકોટ પ્રજા પ્રતિનિધિ સભાની ચોથી સભાની સામાન્ય ચુંટણી ગઇ તા. ૧૦મીએ થઇ છે.

**શ્રી. ભુલાભાઇ સામે હરિફાઇ:** કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડે વડી ધારાસભાની આગામી ચુંટણી માટે શ્રી. ભુલાભાઇ દેશાઇને ગુજરાત તરફથી નકકી કર્યા છે. શ્રી. ભુલાભાઇ સામે વડી ધારાસભાના સભ્ય શ્રી. અંકલેશ્વરીયા હરિફાઇ કરનાર છે.

**બાળકને બે શીંગડાં:** જયપુર નજીક આવેલા મોહનપુર ગામમાં એક સ્ત્રીએ કાળાં મુખવાળાં, માથા પર કાળાં વાળવાળાં અને દરેક કાનપર અઢી ઇંચ લાંબા એવા બે શીંગડાંવાળા બાળકને જન્મ આપ્યો હતો, જનમ્યા પછી તરતજ બાળક તેના પગપર ઉભું થયું અને અંગુઠો ચુસતાં ચુસતાં થોડી વાર એમ ઉભું રહ્યું. બાળક ૧૯ કલાક જીવ્યું અને મૃત્યુ પહેલાં તે ફરીથી ઉભું થયું. આંખો ઉઘાડીને એક મોટી ચીસ પાડી તે બાળક મરી ગયું.

**પતિ બ્રહ્મચારી હોવાથી છુટા છેડા જોઇએ છે:** સાંગલીના રાજા સાહેબના ભાઇ બેરીસ્ટર પટવર્ધન મદ્રાસના જાણીતા થીઓસોફીસ્ટ છે. તેઓ હાલમાં બ્રહ્મચર્ય વ્રત પાળે છે. તેમનાં પત્ની શ્રીમતી માલતીબાઇ બી. એ. છે, અને તેઓ પણ થીઓસોફીસ્ટ છે. અને તેઓ જગત ગુરૂ કૃષ્ણ મૂર્તિના મંત્રી પણ છે. તેમણે પતિ બ્રહ્મચારી છે એવું કારણ રજુ કરી બેરીસ્ટર પટવર્ધન પાસેથી છુટા છેડાની માગણી કરી છે.

---

## ત્રણ હજાર વર્ષની જુની ફાઉન્ટન પેન

અમેરીકા અને મેક્સીકોને જોડનારી રીઓગ્રાન્ડ નામની નદીના કાંઠામાં ખોદકામ ચાલતું હતું, તે દરમ્યાન હરણના પોલા હાડકામાંથી બનાવેલી એક ફાઉન્ટન પેન મળી આવી હતી. આ પેન ત્રણ હજાર વર્ષ ઉપર બનેલી હોવાનું જણાવવામાં આવે છે; પેન તદ્દન સાદી છે. પ્યાલા જેવા પોતાના ભાગમાં તેલ રાખવામાં આવ્યું હતું અને તેના પોલા ભાગમાં મેંગેનીઝની કાચી ધાતુ પુરવામાં આવી છે. સૂક્ષ્મ બાકાંઓમાંથી તેલ બહાર આવે છે અને પેલી ધાતુ સાથે મળીને તે કાળા અક્ષર પાડે છે. પેનને બીજે છેડે બ્રશ જેવું રાખવામાં આવેલું છે ત્યાં આગળ પેલું તેલ ધીમે ધીમે આવે છે અને પરિણામે બ્રશથી કાળી લીટીઓ પણ પાડી શકાય છે. ('જન્મભૂમિ'માંથી)

## આચાર જડતા

મુંબઇમાં એક ઝવેરી હતા. તેમણે જુવાનીઆઓને વાત ઓઠે વાત નીકળતાં કહ્યું: 'ભાઇ, ધર્મ તો પાળ્યો પળાય છે. જુઓ છેલ્લાં પાંત્રીસ વર્ષમાં હું એક વાર પણ ન્હાયો નથી!' જુવાનોએ ચકિત થઇ પૂછેલું: 'ત્યારે બાપા, કોઇ મરી જાય ત્યારે તેના સ્નાનનું શું કરો?' વૃદ્ધ જૈને કહ્યું: 'ત્યારે ભીનો ટુવાલ ડીલ પર ફેરવી લઇએ એટલે એ બસ.' હવે એક આથી અવળો દાખલો લઇએ. કર્માચાર્ય નરસિંહાચાર્ય ગલગલિ નામે મધ્વપંથનાં સાધુ છે. તેમણે બાવીસ વર્ષ સુધી દરરોજ ત્રણસેં સાઠ એડાં ઠંડા પાણીથી ન્હાવાની ટેક જાળવી છે! ("રોશની"માંથી)

## મુદ્દત પડી

"ખોજા જાગૃતિ" ધાર્મિક લાગણી દુભવે છે એમ કહી કેટલાક ખોજા ભાઇઓએ રાજકોટના નામદાર ઠાકોર સાહેબને કરેલ અરજીનો જવાબ 'જાગૃતિ' તરફથી ગઇ તા. ૯-૭-૩૪ના રોજ અપાઇ ગયા પછી રાજ્યના જ્યુડીશીઅલ સેક્રેટરીએ અરજદારોને અને 'જાગૃતિ'ને વકીલો સહિત પોતાની સમક્ષ બોલાવવાની તારીખ ૧૪-૮-૩૪ની નીમી હતી; પણ અરજદારોના વકીલ મી. ચીનાઇ બાર-ઍટ-લૉ બહાર ગામ ગયેલ હોવાથી આ સુનાવણીની મુદ્દત તા. ૧૭-૯-૩૪ની રાખવામાં આવી છે.

* * *

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલા ખૂની હુમલા સંબંધેના કેસના આરોપીઓ સેશન્સ કમીટ થયા પછી આવતી તા. ૧૭, ૧૮, ૧૯-૯-૩૪ના દિવસોમાં સેશન્સ કોર્ટમાં આ કેસ ચાલશે.

—: જોઇએ છે :—

ખ પ

બ ત્રી

ર ઓ

કાઠિયાવાડના મુખ્ય મુખ્ય શહેરો અને મુંબઇ તેમજ કચ્છ, સિંધ ખાતે, કોમના જાણવાજોગ સાચા સમાચારો પુરતી માહીતી અને પુરાવા સાથે પુરા પાડી શકે તેવા ખબરપત્રીઓ "ખોજા જાગૃતિ" માટે જોઇએ છે. યોગ્યતા મુજબ વેતન આપવામાં આવશે.

## વેપાર સમાચાર

(તા. ૧૪-૮-૩૪.)

**ઉન:** ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ગાંસડી ૪૮૯ વેચાણી છે અને બજાર ટકેલો રહ્યો છે. આવતા સેલમાં ગાંસડી ૧૯૫૦૦ મુકાશે. સ્થાનિક બજારમાં ઉંચા જોડીયાના ભાવ રૂા. ૧૪)ની આસપાસ ગણાય.

**રૂત:** ભરૂચ ૨૩૩    **બકરાના વાળ:** ૩)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ાા ૨) ઘઉં | ૨ા≈ તલ |
| ૧ા ૧ાા બાજરો | ૧ાા ૧ાા~ મેથી નવી |
| ૧ ૧ા≈ જુવાર | ૧ા~ા એરંડા એરંડી |
| ૧ા≈ ચણા દેશી | ૧)≈ ૧ા≈ મગ દેશી |
| ૦ાા≈ ૧) કમોદ જાડી | ૧ા≈ ૧ા અડદ |
| ૧ા≈ ૧ા કમોદ જીણી | ૨ા≈ રાઇ |
| ૧ા~ મગફળી જીણી | ૨)~ શીંગદાણા હાથફોલ |
| ૧ મગફળી જાડી | |

**ઘી:** ૨૭ા મુંબઇ પરખ, ૨૨ા તાજો રસ

**તેલ:** ૫) તલનું, ૩ા શીંગનું.

**પરચુરણ:** ૩) ૩ા ૪) ગોળ દેશી.

૬) કપાશીયા કરાંચી

૪ા ખાંડ રાજકોટ શહેર, ૩) સદર. ૮) ૮ા સોપારી જુની. ૧૦ા ૧૧) ગદબનું બી. ૯ા≈ વેસણ જીણો. ૮ા વેસણ જાડો. ૮ાા કરાંચી ઘઉંનો લોટ.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

(અનુસંધાન પાના ૧૨૪થી)

તરફ ધસવા માંડયા. વ્યવસ્થા જાળવવા પોલીસ ટુકડી પણ આવી. સમય થયો ને મૌલવી સાહેબની વાયેઝ શરૂ થઇ, ને વાયેઝમાં ઉપરના ભાવનો કાંઇક પડઘો પણ પડયો. છેવટે વાયેઝ ખલાસ થઇ ને સહુ વિખરાયા. પણ આ બધી ધાંધલના ઉત્પાદક મીશનરી અને તેની સાથે તે મુસલમાનને ત્યાં ગયેલા તેના પર સૌને રોષ ચડયો. એ વાતની મીશનરી સાહેબને જાણ થઇ ગઇ. બીજે દિવસે "સાંજીજી ધુવા" વખતે જમાતે જાણ્યું કે:—

'રાતના દશની રાજકોટ તરફ જતી ગાડીમાં લાંબા ડગલા અને તુરકી ટોપીમાં પોતાનું મુખ છુપાવી બેગ અને બીસ્તરા સાથે કોઇએ વંઝો માર્યો હતો.'

### સુધારો

ગયા અંકના પાના ૧૨૦ ઉપર પ્રગટ થયેલા 'ખુલ્લા પત્ર'માં 'મોખરો' શબ્દને બદલે 'ચોખરો' વાંચવું.    તંત્રી.

### સસ્તું અને સારૂં વાંચન

વાંચવું હોય તો બે રૂપીઆ મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

# કચ્છ, કાયદા અને 'જાગૃતિ'

તા. ૨૯–૭–૩૪ના "ઇસ્માઈલી"માં પ્રગટ થયેલી હકીકતોમાંની કેટલીક સત્યથી વેગળી છે એ બતાવતો ભાઇ રાશીદ અબ્દલાનો પત્ર 'જાગૃતિ'ના ગયા અંકમાં પ્રગટ થયા પછી આંહી એ વસ્તુ ઉપર વધુ પ્રકાશ નાખવામાં આવે છે.

'જાગૃતિ'ના ખબરપત્રી સાથે વાતચીત એ મથાળા હેઠળ "ઇસ્માઇલી"માં આવેલ લખાણ વિષે ખુલાસો :—

ભાઇ કરમાલી મેરાલી અને રાશીદભાઇ કાનજી એ કચ્છ બળદીઆના ૧૨ ઘરની જમાતના આગેવાનો નવા કાયદાઓ આવનાર છે તેનો અમલ થવા માટે નિષ્ફળ ફીફાંઓ સેવી રહ્યા છે. કરમાલીભાઇ અને મારા વચ્ચે વાત થઇ તેનું રૂપાંતર "ઇસ્માઇલી"એ છાપી માર્યું છે. વાંચનાર જાણશે કે મજકુર લખાણથી કાયદાઓને તો કંઇ પ્રોત્સાહન નથી મળતું. ત્યારે એ લખાણે બીજે પાને ફોગટની જગ્યા રોકી છે ને?

હવે વધુ ખુલાસો.

૧. 'જાગૃતિ'ના ધીર અને ગંભીર પત્રકારિત્વ વિષે ચર્ચા થઇ. ક્યાં "નૂરે હિદાયત" અને "સતપંથ પ્રકાશ"ની ગંદી ભાષા, ને ક્યાં 'જાગૃતિ'ની સભ્ય શૈલી! મેં કહ્યું, એ ખોજા કલમ માટે આપણે મગરૂર થવું જોઇએ. હું કવિ છું, પણ મને મથાળાં ગોઠવતાં નથી આવડતાં તેવાં મથાળાં મારાં લખાણોમાંથી ફકરા ચુંટીને 'જાગૃતિ'વાળા મૂકે છે. છેલ્લા દાયકામાં આપણા ખોજા પત્રકારિત્વે આ સુંદર પ્રગતિ કરી છે.

૨. નામદાર આગાખાન મહાપુરૂષ છે. એની બુધ્ધિના ચમકારા જગતમાં થયા કરે છે એ સૌ કોઇ જાણે છે. એવા મહાપ્રતાપી બુધ્ધિશાળી પુરૂષ કચ્છમાં આવનાર અમાનુષી કાયદાઓને સંમતિ આપે એ કોઇ ન માને; અને આપે તો એ કેટલું કમનસીબ!

૩. કચ્છમાં આવનાર કાયદા હજી કચ્છ બહાર પ્રેસમાં છે અને એની હસ્તલેખિત નકલ કોઇ પાસે હોય તો તે કોઇએ મને દેખાડી નથી. ત્યારે એ કાયદામાંથી એકજ કાયદા માટે હું નાપસંદગી દેખાડું ને બાકીનાને પસંદગી આપું એ કેમ બને?

૪. કરમાલીભાઇને મેં કહ્યું, તમારા વિચારો તમે 'જાગૃતિ'માં મોકલશો તો તે છાપશે. કારણ, ઇસ્માઇલ બહાદુર માણસ છે, એ તલવારોના સાયા નીચે કામ કરે છે. કરમાલીભાઇ કહે, વખતે નહિ છાપે, તે માટે હું મારા વિચારો "ઇસ્માઇલી"માં મોકલીશ.

૫. 'જાગૃતિ' વાળા સાથે મારે અંગત પીછાન નથી.

૬. કેરાના ૯ જણાએ કાયદાની માગણી કરી હોય તો તેનો ખુલાસો આ રહ્યો.

૧. મુખી કાસમ લાલજી–ગુજરી ગયા છે.
૨. કામડીઆ પીરમામદ કાનજી–કાયદાના વિરોધી છે.
૩. મુખી અબ્દલા લાલજી-ગુજરી ગયા છે.
૪. ખોજા શીવજી પીરાણી-કહે છે સહી નથી કરી.
૫. ખોજા જાફર નાનજી–કાયદાના વિરોધી.
૬. ખોજા મામદ મેઘજી–ગુજરી ગયા છે.
૭. ખોજા અલીદીના નથુ.
૮. ખોજા રાશીદ અબ્દલા.
૯. ખોજા જાનમામદ કરીમ.

ઉપરના ૯ જણામાંથી ૩ને ગુજરી ગયે દસ વરસ થઇ ગયા, એક તો સહી કરવાનો ઇનકાર કરે છે, બે જણ કાયદાઓના વિરોધી છે, અને બાકીના ૩ જણનું કેરાની જમાતમાં કશુંએ વ્યકિતત્વ નથી.

છેલ્લે મુંબઇમાં જ્યારે કાયદાની કરવત તૈયાર થવા લાગી ત્યારે કેરાએ મેમ્બર મોકલ્યો હતો એ કરમાલીભાઇનું કથન સત્યથી વેગળું છે.

'જાગૃતિ'માં જે ખબરો તેના કચ્છના ખબરપત્રી તરફથી પ્રગટ થઇ છે તેમાં 'જાગૃતિ'ના તંત્રીએ જરા પણ ફેરફાર કર્યો નથી. આમ 'જાગૃતિ'ના તંત્રીએ પત્રકારિત્વની પ્રામાણિકતા બરાબર જાળવી છે.

૭. સતવેણી માટે એ મત હોય નહિ.

૮. નાંદીનું લીલામ એ ઇસ્માઇલી ધર્મનું લીલામ થતું હોય એમ મને લાગે છે. તેમાં પણ ખાસ કરીને આલીજાંહ પીરમામદ કાનજી જ્યારે નાંદીનું લીલાઉં બુલંદ અવાજે પુકારે છે, 'ત્રાંબીઓ, દોકડો, બે દોકડા, માલ ઘણું આહે, અઢી દોકડા, ખટેતાં ઓ ખટેતાં, ખટેતાં' ત્યારે મને મુંબઇના એનેટ અને કાઉફર્ડ કંપનીના લીલાઉંવાળા યાદ આવે છે.

નાંદીની પ્રથા ઇસ્માઇલી જમાતે રદ કરવી જોઇએ. એ રીત તરફ આજનો યુવક નફરત ધરાવે છે. તેથીજ સાંજની બંદગી વખતે જમાતખાનામાં બે ચાર ડોસા ડોસીઓ શિવાય હાજરી સુનસાન છે. નાંદીની રીત જશે તો દુવા વખતે જમાતખાના આબાદ થશે.

બળદીઆ જેવી નાનકડી જમાતના ભાઇ કરમાલી ભુજની તે વકીલાત શા માટે કરતા હશે? શું ભુજને વાચા નથી?

ફક્ત કેરાનું નહિ પણ લગભગ સમસ્ત કચ્છનું વાતાવરણ કાયદાઓની વિરૂદ્ધમાં છે. હું કચ્છના શહેરી ઇસ્માઇલીઓને મળ્યો છું. તેઓ પણ કાયદા વિરૂદ્ધ પોકાર ઉઠાવે છે, ને મને એ બારામાં મુંબઇના ઇસ્માઇલી આગેવાનો ભારાપુર મેળાવડા વખતે આવશે તો કાયદા સંબંધી કાંઇ વાત ઉચ્ચારશે તો તેઓ નિષ્ફળ જશે, માટે તેઓ આ કામ માટે નહિ આવે, એવી તકલીફ નહિ લે એમ 'જાગૃતિ' મારફતે જણાવવાનું કહે છે.

કરમલીભાઇ અને મારી ૧૨ વરસથી મિત્રતા છે. એ દોસ્તીને નાતે અમે કોઇ વાર દીલ ખોલી વાતો કરીએ. કચ્છમાં બે ત્રણ ફીદાઇ છે તેમાં એક કરમાલીભાઇ પણ છે. તેથી કાયદા વિરૂધ્ધ લખાય તે તેમને વસમું લાગે એ સ્વાભાવિક છે. પણ જ્યાં આખી નાત પર કાયદાની કરવત ચાલવાની હોય ત્યાં આડા હાથ દેવા એ ફરજ વિચારીને 'જાગૃતિ'માં લખું છું.

બાકી રહ્યા કાયદાના હિમાયતી બળદીઆના મુખી રાશીદ કાનજી. એ તો રહ્યા મારા વેહેવાઇ. એઓની ગણના ફીદાઇઓમાં ન કરૂં; પણ એમને સત્તા ચલાવવાનો શોખ ખરો. એ શોખ પુરો ત્યારે થાય જ્યારે કચ્છમાં કાયદાનો કોરડો ચાલે.

મજકુર બે ભાઇઓ શિવાય કચ્છમાં કાયદા લાવવા વિષે કોઇને કશીએ પડી નથી.

કેરા, ૧–૮–૩૨. **મહમદ હાશમ ચમન**

આ અઠવાડિક ઇસ્માઇલ કાનજી હીરાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સત્તાના સુત્રધાર

Regd. No. B. 3114

પુસ્તક: ૨ ]

તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી

[ અંક: ૧૭

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૬

ઑગસ્ટ ૨૧: ૧૯૩૪
સંવત ૧૯૯૦ના શ્રાવણ શુદ ૧૧ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય


## અર્થશોષણ યંત્ર



**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૧-૮-૩૪.

# સત્તાના સુત્રધાર

**ના.** આગાખાન જેને વાંસો થાબડી આગળ ધરે છે અને જેઓનું જીવન-કાર્ય એ નામદારની હર હંમેશ પ્રશસ્તિ ગાવાનું છે એ કોમી વર્તમાનપત્રોને નામે ઓળખાતા આગાખાની વાજીંત્રો જ્યારે ને ત્યારે એવા ફગારા સૂર કાઢે છે કે ખોજા કોમ સ્વતંત્ર છે, ના. આગાખાને તો કોમને કયારનુંએ સ્વરાજ્ય બક્ષી દીધું છે. અને પોતાના આ કથનના અનુમોદનમાં તેઓ કાઉન્સીલ પધ્ધતિ સામે આંગળી ચીંધે છે.

આ કાઉન્સીલ એ ખોજા કોમનું સ્વરાજ્ય નથી પણ પર-રાજ્ય છે એ સાબીત કરવા એ કાઉન્સીલના પોતાનાજ કાયદા કાનુનથી વિશેષ પુરાવાની જરૂર પડે તેમ નથી. આ કાઉન્સીલના મેમ્બરોની ચુંટણી ખોજા કોમ કરી શકતી નથી, એ ના. આગાખાનની મુનસફી ઉપર અવલંબે છે. કાઉન્સીલના બંધારણ કે કાયદા કાનુનમાં એક શબ્દ જેટલો પણ ફેરફાર કરવાનો કોમને અધિકાર નથી, એ સત્તા ના. આગાખાને પોતાની પાસે રાખી છે. આ ઉપરાંત ગમે તે સભ્યને ગમે ત્યારે કાઢી મૂકવાનો કે ગમે તે કાયદો ગમે ત્યારે રદ કરવાનો કે નવો ઉમેરવાનો બધો હક્ક નામદારે પોતાને હસ્તક રાખ્યો છે. આ બધી વસ્તુઓ જોઇએ તેટલા પ્રમાણમાં ખુદ કાઉન્સીલના કાયદામાંથીજ મળી આવે છે. કાઉન્સીલો એ ખોજા કોમનું સ્વરાજ્ય નથી, પણ પરરાજ્ય છે. એ ખોજા કોમનું પ્રતિનિધિ મંડળ નથી, પણ ના. આગાખાને કોમને ઠગવા ઉભું કરેલું પુતળું છે.

કોમે ચુંટેલ નહિ પણ ના. આગાખાને નિમેલ, કોમને નહિ પણ ના. આગાખાનને જવાબદાર અને કોમહિત તો બાજુએ રહ્યું પણ કોમનું અહિત કરીને પણ ના. આગાખાંનનું હિત સાધનાર આ પુતળાંઓની પંગતને પણ કાંઇ સત્તા આપવામાં આવી છે એવો ભ્રમ કોઇ રખે સેવે. કાઉન્સીલોના બે વિભાગ પાડી નાખવામાં આવ્યા છે—લોકલ અથવા ડીસ્ટ્રીકટ એટલે પેટા કાઉન્સીલ અને સુપ્રીમ અથવા જનરલ એટલે વડી કાઉન્સીલ. કાઠિયાવાડની લોકલ કાઉન્સીલોના હાથમાં તો કાંઇજ સત્તા નથી અને જીણી મોટી લગભગ બધી બાબતોમાં તેને સુપ્રીમ કાઉન્સીલની ડખલ-ગીરીને તાબે થવાનું હોય છે. એકજ વખત કાઉન્સીલના કાયદા વાંચી જનારને આ વસ્તુ પહેલીજ નજરે જણાઇ આવે તેમ છે. બાકી રહી સુપ્રીમ કાઉન્સીલ. ના. આગાખાનની મરજીથી ખુર-શીએ બેસતા અને ના. આગાખાનની મહેરબાનીથી ખુરશી ઉપર નભી રહેતા એના સભાસદોને પણ કાંઇજ જવાબદારી કે સત્તા સોંપવામાં આવી નથી. તેઓને કાઉન્સીલોના કાયદામાં એક અક્ષર જેટલો પણ ફેરફાર કે વધારો ઘટાડો કરવાનો અધિકાર નથી. ધર્મને નામે કોમ પાસેથી વસુલ કરવામાં આવતા ભારે કરવેરાઓની એક પાઇ પણ ઓછી કરવાની તેમને સત્તા નથી. આ કરવેરાઓની ઉપજમાંથી એક પાઇ પણ પરદેશ ચડતી અટકાવવાનો તેમને અખત્યાર નથી. અને ના. આગાખાનનું વસુલાતી ખાતું તો આ કાઉન્સીલથી સંપૂર્ણ સ્વતંત્ર છે. હકીકતે જવાબ-દારી કે સત્તાનું કશુંજ તત્ત્વ તેમના હાથમાં મૂકવામાં આવ્યું નથી.

અને આ પછી પણ સુપ્રીમ કાઉન્સીલના વહીવટમાં બહારની ડખલગીરી ખૂબજ થયા કરે છે. પ્રથમ તો જે પંથકની એ કાઉન્સીલ હોય એ પંથકના નહિ એવા સભાસદો તેમાં ઘુસાડવામાં આવે છે. કાઠિયાવાડની અત્યારની સુપ્રીમ કાઉન્સીલના ૨૭ સભાસદોમાં કાઠિયાવાડના નહિ એવા ૫ સભાસદો જેઓ મુંબઇમાં વસે છે તેમને બેસારવામાં આવ્યા છે. એજ રીતે કચ્છની જનરલ કમીટીની જે જાહેરાત થઇ છે તેમાં પણ ૧૮ સભ્યોમાંથી ૩ સભ્યો કચ્છના નહિ એવા છે કે જેઓ પણ મુંબઇમાંજ વસે છે. ઉપરાંત કચ્છની જનરલ કમીટીના અને કાઠિયાવાડની સુપ્રીમ કાઉન્સીલના પ્રમુખો તરીકે પણ આ મુંબઇના માણસોનેજ બેસારવામાં આવ્યા છે. અને આ બધાથી પણ વધુ ગંભિર વસ્તુ એ છે કે આજે જેવી છે તેવી, ના. આગાખાનની મુનસફી ઉપર જેનું જીવન મરણ અવલંબે છે તેવી કાઉન્સીલને પણ તેના માટે ના. આગાખાનેજ મુકરર કરેલા કાયદા કાનુનની મર્યાદામાં આવતાં કાર્યો પણ સ્વતંત્ર રીતે કરવા દેવામાં આવતાં નથી. લગભગ બધાજ અગત્યના મુદ્દાઓના નિર્ણયમાં મુંબઇની ડખલગીરી હોય અને હોયજ.

કાઠિયાવાડ કે કચ્છના કામમાં મુંબઇના ભાઇઓએ શાં માટે ડખલગીરી કરવી જોઇએ? કાઠિયાવાડ કે કચ્છ એ કાંઇ મુંબઇ નથી કે મુંબઇગરાઓ તેમાં માથું મારી શકે! કાઠિયાવાડની પરિસ્થિતિ, કાઠિયાવાડની કાર્યપ્રણાલીઓ અને કાઠિયાવાડનું માનસ મુંબઇમાં વસનારાઓ શું સમજવાના હતા? અને તેમાંએ જ્યારે કાઠિયાવાડને નામે આખી કાઉન્સીલ ઉભી કરવામાં આવેલ હોય ત્યારે તો કાઠિયાવાડના માણસોનેજ એ કામ સંભાળી લેવા દેવું જોઇએ. અને એજ વાત કચ્છને લાગુ પડે છે. મુંબઇગરાઓ શા માટે પોતાની મર્યાદા વટાવી કચ્છ કાઠિયાવાડના કાર્યમાં માથું મારવા દોડી જાય છે? મુંબઇની આ ડખલગીરી અને દરમ્યાનગીરી ન ચાલવા દઇ શકાય તેવી છે.

જો આ ડખલગીરી મુંબઇના ભાઇઓ પોતાની મેળે ન કરતા હોય અને એ બધું પરદા પાછળનું દોરીસંચાલન હોય તો તો એ વસ્તુ સૌથી વધુ નિંદનીય છે. ના. આગાખાન જાહેરમાં કાઠિયાવાડની કાઉન્સીલ નીમે અને અંદરખાનેથી એ આખી કાઉન્સીલને મુંબઇની ડખલગીરીને તાબે થવા જેવી સ્થિતિ ઉભી કરે એ વસ્તુ ભયંકર છે. એમ કરવામાં કાઉન્સીલ સાથે દગલબાઝી છે.

આમ જેને ખોજા કોમનું સ્વરાજ્ય કહેવામાં આવે છે એ કોમના પ્રતિનિધિત્વ વગરની કાઉન્સીલો પણ માત્ર પુતળાં સમાન છે, અને સત્તાના બધા સુત્રો ના. આગાખાને પોતાને કે પોતાના આડતીઆઓને હસ્તક રાખ્યા છે. આવી રીતે કોમને છેતરવી કે તમારો વહીવટ તમે કરો છો કે જે હકીકતથી સાવ વિરૂધ્ધ છે અને કાઉન્સીલને એમ કહેવું કે તમે કોમના વહીવટકર્તા છો કે જે પણ એટલુંજ ખોટું છે તેના કરતાં તો એ અનેકગણું બહેતર છે કે નામદાર આ દંભનો પડદો ચીરી નાખી કાઉન્સીલોને રદ કરે અને પોતાની આજ્ઞા બરાબર અમલમાં લાવવા પોતાના આડતીઆને જાહેરમાં બેસારે. આ બેવડી છેતરપીંડી કરતાં એ સીધી જહાંગીરી કોમને વધુ ઉપયોગી થઇ પડશે.

# શ્વા પ દો ની સ ભા

## (અમારા પશુ વિભાગના પ્રતિનિધિ તરફથી)

પશુપુરઃ શનિવાર

અત્રે શ્વાનરાજોની એક સભા શ્રી. ટીપુશ્વાના પ્રમુખપદ નીચે ના. આગાખાનના હિન્દ ખાતેના આગમનને આવકારદાયક લેખવા માટે, પશુપુરના પાદરમાં રાત્રિના પાછલા પહોરે મળી હતી. મુખ્ય વકતા શ્રી. પ્રવજ્યશ્વા જેમણે સાત વખત સારાએ ભારતવર્ષનો પગપાળા પ્રવાસ કર્યો છે, હાલ પણ જેઓશ્રી પ્રવાસમાંજ છે અને હિન્દુસ્થાનના જુદી જુદી જાતિના લોકો વિષે અગાધ જ્ઞાન ધરાવે છે, તેમણે પોતાની સુલલિત વાણીમાં ખોજા લોકોની રહેણી કરણીનું અને દસ વર્ષ પર થયેલા ના. આગાખાનના મેળાનું સ્વાનુભવાખ્યાન કર્યું હતું, જે આ નીચે આપવામાં આવે છે. અને ત્યાર પછી નીચે મુજબ ઠરાવ પસાર કરી સભા વિસર્જન થઇ હતી.

### ઠરાવ ૧ લો

"પશુપુરના શ્વાનરાજો આ સભા નામદાર આગાખનના હિન્દ ખાતેના આગમનને ખોજાઓના નહિ તો શ્વાપદ સમાજના લાભાર્થે પણ આવકારવા યોગ્ય લેખે છે. અને ખોજા સુધારક સંઘ જે એ નામદારના આગમન સામે વિરોધ ઉઠાવે છે તેના એ કૃત્યને આ સભા શ્વાપદ સમાજના હિતની દ્રષ્ટિએ ધૃણાપાત્ર ગણે છે. અને વધુમાં ઠરાવે છે કે ખોજા સુધારક સંઘને ખોજાઓના અહિતને ભોગે પણ શ્વાપદ સમાજના હિતની આડે આવવાનો કશોએ હકક અધિકાર નથી."

### ઠરાવ ૨ જો

"નામદાર આગાખાન કાઠિયાવાડમાં આવે અને મેળો કરે તો આપણા સમાજના આબાલવૃધ્ધ સૌ સભ્યોએ એ મેળાની અપૂર્ણતા અવધારવાને વ્હેલામાં વ્હેલી તકે પહોંચી જવું, અને ત્યાં ભાતભાતની ભોજન સામગ્રીથી ભુકત થવાની એકેય તક જવા દેવી નહિ." (આ ઠરાવને આનંદદર્શક ચિચીઆરીઓથી આખી સભાએ વધાવી લીધો હતો.)

### ઠરાવ ૩ જો

"આપણામાં પણ સ્વજાતિ હિતની ઉત્કૃષ્ટ ભાવના છે એ શ્વાનેત્તર પ્રાણીઓને બતાવી આપવાને અને "ન્યાતને પરતાપે કુતરો ગંગાજી જઇ આવ્યો" એ કલંક-કહેવત ભુંસી નાખવાને માટે આ ઠરાવો અને ભાષણની પચાસ હજાર નકલો ગામે ગામના શ્વાન સમાજમાં વહેંચાવવી અને સૌને મેળામાં આવવા આગ્રહ કરવો. પ્રમુખશ્રીને બીજા લાગતા વળગતાઓને આ ઠરાવની નકલો મોકલી આપવાની સત્તા આપવામાં આવે છે."

### શ્રી. પ્રવજ્યશ્વાનું ભાષણ

"મ્હારા શ્વાપદ મિત્રો અને શ્વાપદી બ્હેનો !

આજે શ્રીમાન સભાપતિ મહાશય અને આપ સૌ મને સાંભળવાને એકત્ર થયા છો તે બદલ આપ સર્વનો આભાર એટલા માટે માનું છું કે એમ કરીને આપ સર્વેએ મને આપણા સમાજની એક મોટામાં મોટી સેવા કરવાની તક આપી છે. હવે મ્હારે કહેવું છે તે કહેવા ઉદ્યુકત થાઉં છું. આપ સૌ મને ઠીક કાન આપજો. (સભામાં વિરોધદર્શક અવાજો.)

મિત્રો, દસ વર્ષની વાત પર મને મારા એક વખતના પરિભ્રમણ દરમ્યાન એક સુખાનુભવ થયેલો, અને તેનો આપ સર્વેને પણ સાક્ષાત્કાર થવાનો શુભ અવસર પાસે આવ્યો છે. આનંદો, મારા મિત્રો ! આનંદો !

અને આ શુભ સમાચાર આપ સર્વને પહોંચાડવાને ભાગ્યશાળી અને શકિતમાન થવા માટે હું મારી જાતને ધન્ય માનું છું.

એકદા, સધનગ્રામના સ્મશાનમાં હું રાતવાસો રહેલો. ત્યાંથી નીકળી હું દિવસ ઉગતામાં મ્હારા પ્રવાસમાં આગળ વધતો હતો. માર્ગમાં માણસોનાં કેટલાંક ટોળાં સખ્ત ઠંડીની પણ પરવાહ કર્યા વિના સપરિવાર કોઇ ગામ જઇ રહ્યાં હતાં. બબ્બે ત્રણ ત્રણ મળીને ઘોડા પર બેઠેલાં બાળકોના હાથ પગ ઠુંઠવાઇ ગયા હતા. ગાડામાં નાડેથી બાંધ્યા વિના માણસોને ખડકયાં હતાં. મોટો ભાગ ચાલીને પડતો આખડતો ધસ્યે જતો હતો. કેટલીક સ્ત્રીઓના વસ્ત્રાચ્છાદિત મુખમાંથી તાઢના સુસવાટા સ્પષ્ટ સંભળાતા હતા. ખોળામાં નગ્ન બાળકો ધ્રાવ્યે જતાં હતાં. એવા એ સંઘની હું સાથે થયો.

તેઓની વાતચીતો પરથી મને સમજાયું કે એ સૌ ખોજા લોકો હતા. ના. આગાખાન રાજકોટ આવતા હોઇને તેઓ સૌ તેમના દર્શન કરી પાવન થવા જતા હતા. નામદાર આગાખાનને એ લોકો ગુરૂ, પીર, ઇમામ, ઇશ્વર કરીને માને છે. તેઓ જન્મે છે, જીવે છે ને કમાય છે એ સઘળું, એમની પ્રવૃત્તિ માત્ર, એ નામદારના લાભાર્થેજ હોય છે. ("એવું તે એનામાં તેઓ શું જોઇ ગયા છે?", એક સામટા અવાજો.) જો એ નામદાર તેઓના સેવા સ્વીકારવાનું બંધ કરે તો તેઓનું શું થાય, એ સવાલ, જે કદી બનવાજોગ નથી, તેઓને એટલો બધો મુંઝવે છે કે એટલું બીજા કશાથી તેઓ મુંઝાતા નથી. ("બીચારા સતજુગના માનવી," એક અવાજ)

અમે સૌ મેળામાં પહોંચ્યા. એ લોકોએ આગાખાની સત્તાવાળાઓને પોતાને રહેવા માટે ઝુંપડા બાંધવાની જમીન બતાવવા વિનંતી કરી.

'અરે, હમણાં માબાપની સ્પેશીઅલ આવે છે ને અમારે સામે લેવા જવું છે. તમે અત્યાર સુધી કયાં ઉંઘતા હતા ? તમારે દીદાર કરવા છે કે નહિ ?' તેઓ બરાડયા. આખરે સરસામાન મેદાનમાં રઝળતો હોવાનો ખ્યાલ આપ્યા પછી કેટલીક માથાકીંકને અંતે તેઓએ જગ્યા બતાવી.

ત્યાર પછી તેઓ ઝુંપડા માટે વળીઓ લેવા ગયા. મેળાના એક ભાગમાં એક વ્હોરો વળીઓનો મોટો ઢગલો કરી બેઠો હતો. તેના પાસેથી તેઓ વળીઓની મૂળ કિંમત જેટલું ભાડું આપી વળીઓ લાવ્યા ને ઝુંપડા બાંધવાનું શરૂ કર્યું.

અમારા ટોળામાં કેટલાક લોકો બકાલું અને એવું બીજું વેચવાને લાવેલા; તેમને પણ જગ્યા જોઇતી હતી. મેળાના સત્તાવાળાઓએ એક ભાગમાં બજાર બનાવવા જગ્યા નિયત કરી હતી અને તેની વ્યવસ્થા કરવા ખાસ માણસો રોકેલા; તેમણે ઓનં વેપારીઓને જોઇ, "તમે લોકો વેપાર કરવા આવ્યા છો કે

દીદાર કરવા? માબાપ દસ દસ વરસે દેશમાં આવી માંડ એક વખત દીદારનો લાભ આપે તો પણ તમારા 'હાય, મુંઝા લક્કડા' છૂટે નહિ; તે પછી તમે કયે ભવ છુટશો?" કહી જગ્યા બતાવી.

એવામાં લોકો દોડાદોડી કરવા લાગ્યા. હું ગભરાણો. મને થયું કે માર્યા, વળી આ શું થયું? અને હું પણ એમનીજ દિશામાં દોડવા માંડયો. સર્વની દોડાદોડીનો મુખ્ય રસ્તા પર અંત આવતો લાગ્યો. થોડીજ પળોમાં તો એક ભભકાદાર મોટરકાર આવી. તેમાં નામદાર આગાખાનજ આરૂઢ થયેલા હતા. સૌ તેમને જોઇને કૃતકૃત્ય થતા લાગ્યા. મોટરકાર પરબારી એ સઘળાં ઝુંપડાંની મધ્યમાં ઉભા કરેલા વિશાળ સભા-સદનમાં ચાલી ગઇ. સૌ માણસો ત્યાં જવા લાગ્યાં. કેટલાંક તો અગાઉથીજ જઇને બેસી રહ્યાં હતાં. હું પણ ત્યાં શું છે એ જાણવાનું મારૂં કુતુહલ રોકી શકયો નહિ, ને ત્યાં જવા ઉપડયો. પરંતુ સભાગ્રહને દરવાજે ઉભેલા વોલન્ટીઅરે મને અંદર પ્રવેશવા દીધો નહિ. (શ્રોતા-ઓમાં રોષદર્શક ડાચીઆં સાંભળી વકતાએ આગળ ચલાવ્યું) સભ્ય શ્વાનો! ક્રુધ્ધ મા બનો. મને પાછળથી ખબર પડી છે કે ત્યાં તો ખોજા શિવાય બીજા મનુષ્યોને પણ પ્રવેશવા દેવામાં આવતા નથી.

અને વળી બન્ધુઓ! મને ત્યાં વોલન્ટીઅરે પ્રવેશવા ન દીધો એજ મારૂં અને આપણા શ્વાપદ સમાજનું મોટામાં મોટું સદ્ભાગ્ય છે, જે તમે થોડી વારમાં જાણી શકશો.

હું એ ઝુંપડાઓની હારો વચ્ચે ફરીને તેની રચના જોવાના ઉદ્દેશથી આગળ ચાલ્યો ત્યાં તો મારી અત્યંત અજાયબી વચ્ચે જે જોવાની મેં આટલા વિપુલ પ્રમાણમાં કદી આશા રાખેલી નહિ એ તમામ ઝુંપડાંઓમાં અનેક જાતના પકવ અને અપકવ ખાદ્ય પદાર્થો આપણા—એ વખતે તો મારા અને મારા જેવા થોડા બીજા શ્વાન સન્મિત્રોના—યથેચ્છ ઉપભોગ માટે જેમના તેમ પડેલા મેં જોયા. (શ્રોતાઓ એમની રસ વૃત્તિ એકદમ ઉશ્કે-રાઇ જવાથી જીભ વડે ડાચાં ચાટવા માંડે છે.)

એકાએક એ નામદારની પધરામણી સભાગૃહમાં થવાથી કોઇએ કાંઇ ઠેકાણે મૂકવાની દરકાર કરેલી નહિ, અને દરકાર કરે તો પણ તેમની પાસે આપણને અવરોધવાનું કાંઇ સાધન હતું નહિ. ( સૌ પુંછડીઓ પટપટાવે છે.) એ નામદારનો મુકામ ત્યાં પંદર દિવસ રહ્યો. તે સઘળા દિવસોમાં સૌ ઝુંપડાવાસીઓ દિવ-સમાં એક વખત એ નામદારના દર્શન કરવા બે કલાક, અને બે વખત એ નામદારની બંદગી કરવા બબ્બે કલાક બહાર રહેતા. રડતાં બાળકો શિવાય ઝુંપડામાં મોટે ભાગે કોઇ રહેતું નહિ. બાકીનો સમય તેઓ રાંધી ખાવામાં અને એકબીજાને ત્યાં બેસવા જવામાં ને બજારમાં ગુજારતા. એવું હોય ત્યાં મ્હારા જેવાને આહારનો અભાવ કયાંથીજ સંભવે?

સામાન્ય રીતે ચોર જાતિના લોકોને અને આપણા સમાજને ભડતું હોતું નથી. જ્યાં આપણી હાજરી હોય ત્યાં આપણે તેઓની હાજરી કદી સાંખી શકતા નથી, અને તે સામે આપણે મજબુત પોકાર ઉઠાવીએ છીએ. પણ જગતના ઇતર સમાજની પેઠે આપણા સમાજમાં પણ સહકારથી કામ લેવાની ભાવના વધતી જાય છે એની પ્રતીતિ કરાવવા એકથી વધુ વખત એ ઝુંપડાઓમાં એ જાતિના લોકોનો અમને ભેટો થઇ જવા છતાં અમે તેમની સાથે સહકારથીજ કામ લીધું હતું.

આપણે સૌ સામાન્ય રીતે લોકોના એઠવાડ ઉપરજ નભીએ છીએ. મનુષ્ય સમાજમાં આતુરતાનું પ્રમાણ બતાવવા માટે "ઉચ્છિષ્ટ ફેંકવા જનારની પાછળ ભૂખ્યો કુતરો જાય તેમ" એ ઉદાહરણનો ઉપયોગ થાય છે. આ મેળામાં એ કલંક-કહેતી ભુંસી નાખવાની અને ઉચ્છિષ્ટ પ્રતિનો આપણો અનાદર વ્યકત કરવાની આપણને પુરેપુરી તક સાંપડશે એની હું આપ સર્વને ખાત્રી આપું છું, અને આ મેળાનો આપણે એ અનુપમ લાભ ઉઠાવવાની આપ સૌને અભ્યર્થના કરૂં છું. (સૌ તળે ઉપર થાય છે) હવે એ ખોજા લોકો વિષે હું થોડું વધુ વિવેચન કરી આપ સૌને આહારાન્વેષણ કરવા જવાનો સમય થયો હોઇ, હું મારૂં ભાષણ સમાપ્ત કરીશ.

નામદાર આગાખાન અને ખોજા લોકોનો સંબંધ આબેહુબ કોના જેવો છે તે હજુ સુધી કોઇ નકકી કરી શકયું નથી. એને પતંગ અને દીપકના જેવો કહી શકાય; તેમ છતાં તેમાં ફરક છે. પતંગીઆની બાબતમાં દીપક જ્યારે તદ્દન નિરપેક્ષ છે, ત્યારે નામ-દાર આગાખાને ખોજા લોકોને પોતાના સ્વાર્થની ભઠ્ઠીમાં સદાને માટે જલતા રાખવાને અદ્વિત્ય એવો શોષણપ્રબંધ રચેલો છે.

ખોજાઓ ઘણું ખરૂં કાંઇ પણ દાનપુણ્ય કરવાની વૃત્તિ વાળા હોતાજ નથી. તેઓ પોતાની જ્ઞાતિના ગરીબ માણસોને કદી મદદ કરતા નથી. તેઓની ગરીબ વિધવાઓને ડાળીઆ શેકીને કે બકાલું વેચીને ઉદર નિર્વાહ કરવો પડે છે; તેમ છતાં તેની ન્યાતના તવંગરો કદી તેમને કશીએ સહાય કરતા નથી. તેઓના ધનનો ધુમાડો સર્વદા એકજ, નામદાર આગાખાનની સ્વાર્થની ભઠ્ઠીની દિશામાંજ થાય છે.

તેઓ કદી ભૂખ્યાંને અન્ન આપતા નથી કે આપણા શ્વાપદ સમાજના કોઇ પણ સભ્યનું રોટલાના ટુકડા વડે પણ સન્માન કરતા નથી. (સભાશ્વાનો ઘુરકવા માંડે છે.) તેઓ એમ સમજે છે, તેઓને નામદાર આગાખાનના આડતીઆ ઓએ એમ સમજાવ્યું છે કે, 'જેમની પાસે અત્યારેજ કાંઇ નથી એવાં ભૂખ્યાં દુખીઆં-ઓને આપવાથી શું ફળ?' તેઓ ઇશ્વરાર્પણ કરવામાં સમજતાજ નથી; પરંતુ દરરોજ ખાનું જેમાં ખરી રીતે પ્રાર્થનાજ માત્ર થવી જોઇએ ત્યાં મેવા, મીઠાઇ અને રાંધેલ અનાજનાં ભાણાં લઇ જાય છે. ત્યાં એ ભાણાં અંદરોઅંદર લીલામ કરી બજાર ભાવ-થીએ અનેકગણા વધારે પૈસા આપી તેઓ પાછાં લાવે છે, તે એવું માનીને કે એ આપેલા પૈસામાંથી નામદાર આગાખાન ખાશું ખાશે અને પરલોકમાં એકના સહસ્ત્રગણા પરત આપશે. ('ભોળા બીચારા,' સભામાંથી એક અવાજ )

અને એવી બીજી ઘણી ઘણી બાબતોમાં તેઓ એવા વિચિત્ર હોય છે તે સર્વ અત્યારેજ સાંભળવા આપને રોકી રાખીને આપ સર્વની ખફગી વ્હોરી લેવા હું તૈયાર ન હોવાથી આ સંબંધે ઘટતા ઠરાવો કરી, સભા વિસર્જન કરવાને પ્રમુખ સાહેબને ભલા-મણ કરી બેસી જવાની રજા લઉં ત્યાર પહેલાં, કદીએ આપણને કાંઇ ન ખવરાવવાની વૃત્તિ વાળા ખોજાઓ સ્હેજે પંદર દિવસ સુધી આપણા સામે પોતાનાં બારણાં બંધ કરવા અશકત થતા હોય તો એવો લાભ આપણે જવા દેવો જોઇએ નહિ. અને તે માટે આપણે સૌએ એક સામટા ત્યાં પહોંચી જઇ તે સઘળી સંપ્રાપ્ય સગવડોનો યથેચ્છ ઉપભોગ લેવા આપ સૌને વિનંતિ કરૂં છું. અને અંતમાં આ સઘળી જોગવાઇ કરી આપવા માટે એ નામદારનો આપણે આભાર માનવો જોઇએ અને એ નામ-દારના આગમનને અંતઃકરણપૂર્વક વધાવી લેવું જોઇએ."

# ચૂસણ નીતિનું ચક્ર

## દ્રવ્ય સતરસુ.

હીરબાઇની આજ્ઞા અનુસાર ધર્મના કામમાં મોળું મન ન રાખવા અને આવતા ભવનું ભાતું બાંધવા બદરૂદીન અને ફાતમાબાઇ મુંબઇ જવા ઉપડયા.

અલબેલી મુંબઇ નગરીએ કોને નહિ આકર્ષ્યા હોય! મુંબઇ જઇ હેરાન થઇ આવેલા કે સુખ પામેલા બધાજ માણસો મુંબઇથી પાછા ફરી પોતાને ગામ આવે છે ત્યારે તેમની વાતોનો વિષય સદા સર્વદા મુંબઇની મોટાઇ ગાવાનોજ હોય છે. બદરૂદીને પણ મુંબઇનાં અવનવાં વર્ણન સાંભળ્યાં હતાં અને ફાતમાબાઇ ઘણા વખતથી મુંબઇને સ્વર્ગપુરી માની બેઠી હતી. મુંબઇ માટેની ભવ્ય અને ભરચક કલ્પનાઓ મગજમાં લઇ આ મા દીકરો રસ્તામાં કાંઇ ખાસ હાડમારી ભોગવ્યા વિના મુંબઇ ઉતર્યાં બદરૂદીને ટ્રંક હાથમાં ઉપાડી લીધી અને ફાતમાબાઇએ બીસ્તરો માથે લીધો. આમ મજુરીના પૈસા બચાવી લઇ બન્ને સ્ટેશન બહાર નિકળ્યા.

સ્ટેશન બહાર નિકળ્યા કે પહેલોજ પ્રશ્ન એ બન્નેને ઉભો રહ્યો કે જવું ક્યાં અને ઉતરવું ક્યાં? બન્ને મુંબઇથી અજાણ્યા હતા, તેમજ શહેરમાં કોઇ સગું કે ઓળખીતું નહતું. હીરબાઇએ પણ કોઇ ઠેકાણું લખ્યું નહોતું. બદરૂદીનને મુસાફરખાનું સાંભર્યું; પણ મુંબઇમાં મુસાફરખાનું હતું કે નહિ તેની તેને ખબર નહોતી, અને મુસાફરખાનું હોય તો પણ તે ક્યાં આવેલું છે તેથી તે અજાણ હતો. છતાં બદરૂદીને ગાડી ભાડે કરી, સામાન મૂકયો, ફાતમાબાઇને ગાડીમાં બેસારી, પોતે બેઠો અને ખોજા મુસાફરખાના તરફ ગાડી હંકારવાનો હુકમ કર્યો. ગાડીવાળાએ એટલોજ પ્રશ્ન કર્યો, 'આગાખાની કે મસ્જીદીઆનું?' અને બદરૂદીને 'આગાખાની' કહેતાંજ ગાડીવાળાએ ચાબુક વીંઝી ઘોડો વેતો કર્યો.

અર્ધોક કલાક ગાડી ચાલ્યા પછી એક બેઠા ઘાટના એક માળવાળા મકાન પાસે ઘોડો ઉભો રહ્યો. 'ઉતરો શેઠ' કહી ગાડીવાળાએ મુસાફરખાનું આવી ગયાની જાણ કરી. મા દીકરો સામાન લઇ નીચે ઉતર્યાં અને બદરૂદીને ભાડાનો એક રૂપીઓ આપી ગાડીવાળાને વળાવ્યો.

સામાન અંદર ચાલીમાં મૂકી બદરૂદીન કોટડીની તપાસ કરતો હતો ત્યાં મુસાફરખાનાનો રખેવાળ આવી પહોંચ્યો અને 'એ કોણ છો? ક્યાંથી આવો છો? કોનું કામ છે? શું આંટા મારો છો?' એમ થોકબંધ પ્રશ્નો તે પુછવા લાગ્યો. બદરૂદીને કહ્યું, "અમે ઇસ્માઇલી છીએ અને કાઠિયાવાડથી સાહેબનાં દર્શન કરવા આંહી આવ્યા છીએ. બે ચાર દિવસ રહેવું છે. કેમ, સગવડ ઠીક છે?"

"સગવડ? સગવડ તો ઠીક, પણ તમે ઇસ્માઇલી છો તેની શું ખાત્રી? નામદાર કાઉન્સીલનો પાસ લાવ્યા છો?" રખેવાળે પરવાનો માગ્યો.

પાસની વાત સાંભળતાં બદરૂદીનને જુનાં સ્મરણો તાજાં થયાં. જ્યાં જાય ત્યાં એકજ વાતઃ નામદાર કાઉન્સીલ, પવિત્ર કાયદો અને પાસ. બદરૂદીન વિચારમાં પડી ગયો: કેવું મજબુત તંત્ર ગોઠવ્યું છે! નાના અને મોટા સહુને કેવા ભોળવી લેવામાં આવ્યા છે! મુસાફરખાનાનો રખેવાળ પણ એક ખોજોજ છે, છતાં તેને આમ જડતાપૂર્વક કોમનું અપમાન કરનારા આ પરવાનાના કાયદાને આગળ ધરવાનું કેમ ગમતું હશે!

બદરૂદીન આમ વિમાસણમાંજ હતો ત્યાં ફાતમાબાઇએ રખેવાળને જવાબ આપવા માંડ્યો.

"ભાઇ, અમે પાસ તો નથી લાવ્યા: કારણ કે અમારા ગામથી કાઉન્સીલનું ગામ બહુ છેટું છે. વળી પાસ લેવા જેટલો વખત પણ હતો નહિ. આ દીકરાના નિકાહ માબાપને હાથે પડાવવા છે અને વહુને મોટું કામ કરાવવું છે એટલે આટલું ખર્ચ કરીને દેશમાંથી આંહી મુંબઇ આવ્યા છીએ. ગામમાં કોઇ ઓળખીતું પાળખીતું નથી, એટલે આંહી ઉતરવું પડે છે."

રખેવાળને ફાતમાબાઇના શબ્દો ઉપર વિશ્વાસ બેઠો. વળી પહેરવેશ ઉપરથી પણ તેને ખાત્રી થઇ. એટલે બદરૂદીનને સાથે લઇ એ મુસાફરખાનાની કોટડીઓ તપાસવા લાગ્યો.

"આ કોટડી રોકાઇ ગઇ છે. આલીજાહ......સાહેબનાં સગાં છે. હું તો ચીઠીનો ચાકર. આ કોટડી બે મહીનાથી ખાલી પડીજ નથી. વારસ......સાહેબનો ભત્રીજો ધંધો ગોતવા આવ્યો છે અને ઉતરવાની ક્યાંય સગવડ નથી એટલે આંહી રહે છે. આ કોટડીમાં મીશનરી સાહેબ ઉતર્યા છે. આ કોટડી ખાલી છે, પણ કોઇને નહિ આપવાનો પ્રેસીડેન્ટ......સાહેબનો હુકમ છે. એમની દીકરીના સાસરીયાં આવવાનાં છે."

રખેવાળ આમ એક પછી એક કોટડીમાં કોણ રહે છે તેની ઓળખાણ આપતો ગયો, અને ખાલી નથી, ખાલી નથી એમ કહેતો ગયો. આખું મુસાફરખાનું એ ફરી વળ્યા, પણ બદરૂદીનને ભાગ એક પણ કોટડી ન આવી. છેવટે રખેવાળે લાચાર થઇને જણાવી દીધું કે 'જગ્યા નથી.'

ફરીથી બદરૂદીને હાથમાં ટ્રંક લીધી. ફરીથી ફાતમાબાઇએ માથે બીસ્તરો ઉપાડ્યો. અને કાંઇક નિરાશ થઇ, કાંઇક નારાજ થઇ ગરીબીના ગુન્હેગાર એ બે માનવીઓ સ્વર્ગપુરી સમા મુંબઇ શહેરના વિશાળ અને ભવ્ય રાજમાર્ગો ઉપર રાતવાસો રહેવા જેટલી જગ્યાની શોધમાં નીકળી પડયા.

---

## "યે નહિ હય કાયદે"

યે નહિ હય કાયદે અય કોમ યે જન્ઝીર હય,
હય ખબર ઇતની તુજે અચ્છી તેરી તકદીર હય.
હર હરફ ઇસકા મીટા દેગા તુજે હસ્તીસે યે,
હર કલમ ઇસ્કી યે તેરે વાસ્તે એક તીર હય.
કયા ઉદાસી છાઇ હય કચ્છ પર યે સુનકે કાયદે,
દેખતે હય જો કે ખોજા બાદીલે દીલગીર હય.
અયસે ઇમાંસે પનાહ ઔર અયસે મુરશીદસે અમાં,
પીરવાલો સે તો બેહતર જો કોઇ બેપીર હય.

**ચમન**

# સમાહનો સાર

**જવાહરનો છુટકારો:** પંડીત જવાહરલાલ નહેરૂના પત્ની શ્રીમતી કમળા નહેરૂની ગંભીર માંદગીને કારણે સરકારે જવાહરલાલજીનો કામચલાઉ છુટકારો કર્યો છે. શ્રીમતી કમળા ભયમુકત થશે કે તુરતજ પંડીતજીને જેલે લઇ જવામાં આવશે તેવું વલણ અત્યારે સરકારે ધારણ કર્યું છે. છતાં ફરીથી પંડીત જવાહરલાલને કેદી બનવું નહિ પડે એમ માનવામાં આવે છે.

**ઉપવાસની પૂર્ણાહુતિ:** મ. ગાંધીજીએ પોતાના સાત ઉપવાસ પુરા કર્યા છે. તેમનુ વજન સાત રતલ ઘટયું છે. ઉપ-વાસને અંગે મહાત્માજી એટલા નબળા પડી ગયા છે કે તેમનાથી બોલી શકાતું નથી. છતાં ડૉકટરો એમ માને છે કે મ. ગાંધીજી પાછા જલદી સશકત થઇ જશે.

**ચીનમાં દુષ્કાળ:** શેંઘાઇ (ચીન)થી એવા ખબર બહાર આવ્યા છે કે દેશના ઘણા ભાગોમાં રેલ આવવાથી તથા કેટલાક ભાગોમાં પાણીનો દુકાળ પડવાથી પચાસ લાખ માણસો ભૂખે મરવાની અણી પર છે. ઘણાં કુટુમ્બો આપઘાત કરે છે. ઘણાં ગામડાં તણાઇ ગયાં છે.

**વડોદરામાં મજુર પ્રવૃત્તિ સામે અંકુશ:** વડો-દરા રાજ્યે કામદારોની પ્રવૃત્તિ લાલ વાવટા હીલચાલને ગેરકાયદેસર જાહેર કરી છે, અને તેમાં ભાગ લેનાર માણસોને ૬ માસની કેદ અને રૂા. ૧૦૦૦)ના દંડની સજા કરવાનો હુકમ કર્યો છે.

**મુંબઇમાં કોંગ્રેસ ચુંટણી:** મુંબઇ પ્રાન્તિક મહાસભા સમિતિની ચુંટણી ગઇ તા. ૧૨ના રોજ મુંબઇમાં ખૂબ રસાકસીથી થઇ ગઇ. કોંગ્રેસના ચાલુ મંત્રી શ્રી. આબાદઅલી, ક્રોનીકલના તંત્રી શ્રી. બ્રેલ્વી અને શ્રી. જીણાભાઇ જોશી જેવા કોંગ્રેસના જુના આગેવાનો અને કાર્યકર્તાઓ નહિ ચુંટાવાથી ભારે અજાયબી ફેલાણી છે. શ્રી. આબાદઅલી વિગેરેને લાવવા ચુંટા-એલા સભ્યો રાજીનામાં આપશે તેમ જણાય છે.

**ગાંધીજીએ વખોડી કાઢયું:** વિનોદીની–પરીખ લગ્નના મ. ગાંધીજીને ખબર મળતાં તેઓને આઘાત થયો છે. ગાંધીજીએ આ લગ્ન તરફ પોતાની નાપસંદગી બતાવી છે. સર-દાર વલ્લભભાઇ પણ આ સંબંધ બંધાવાથી નારાજ થયા છે.

**આવતી મહાસભા:** મુંબઇમાં મળનારૂં મહાસભાનું આગામી અધિવેશન સફળ બનાવવા જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. મહાસભા નગર વસાવવા માટે મુંબઇ પ્રાન્તિક કોંગ્રેસ કમીટીએ સરકાર પાસે એકએના મેદાનની માગણી કરી હતી, પણ બે મહીના લબડાવ્યા પછી સરકારે એ મેદાન આપવાની ના પાડી છે. એટલે હવે મહાસભાનો મંડપ વરલીના મેદાનમાં ઉભો કરવામાં આવશે. સ્વયંસેવકોની કવાયત ચાલુ કરી દેવામાં આવી છે.

**વડોદરામાં મીલ હડતાલ:** વડોદરાની સયાજી મીલના કામદારો ગઇ પહેલી તારીખથી હડતાલ ઉપર છે. પીકેટીંગ કરવા માટે ૬૦ કામદારોની ધરપકડ કરવામાં આવી હતી, પણ પાછ-ળથી બધાને બીનશરતે છોડી મૂકવામાં આવ્યા છે.

**અબ્દુલરહેમાનના ઉપવાસ:** મુંબઇ પ્રાન્તિક કોંગ્રેસ કમીટીના ચુંટણીમાં આપખુદી અને અપ્રામાણિકતાના કિસ્સાઓ બન્યા છે એમ જણાવી તેનું પ્રાયશ્ચિત કરવા મુંબઇના જાણીતા કોંગ્રેસ આગેવાન શ્રી. અબ્દુલ રહેમાન મીડાએ ૧૧ દિવસના ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો છે.

**અમને જેલમાં લઇ જાવ:** પંજાબ સરકારના હુકમ મુજબ હોશીઆરપુર ડીસ્ટ્રીકટમાં પોતાના ગામડામાં રહેતા અમે-રીકાવાળા સરદાર દાસુન્ધાસિંહે સરકારને એવી અરજ કરી છે કે કાં તો અમને હવે ખોરાકી પુરી પાડો અથવા તો મને અને મારી પત્નીને જેલમાં લઇ જાવ.

**અન્દામાનમાં:** વડી ધારાસભામાં પુછાયેલા પ્રશ્નો ઉપ-રથી એવી વાત બહાર આવી છે કે ક્રાન્તિકારી ચળવળ માટે સજા પામેલા ૧૯૦ કેદીઓ અત્યારે અન્દામાનમાં સજા ભોગવે છે. ૧૯૩૨થી ૩ કેદીઓને ક્ષયનાં ચિન્હ જણાતાં તેમને બંગાળની જેલમાં બદલવામાં આવ્યા છે, અને બીજા બે કેદીઓને ભૂખમરાની હડતાળને કારણે ક્ષયનાં ચિન્હો દેખાવા લાગ્યાં છે.

**ઑસ્ટ્રીઆમાં રાજાશાહી?:** ઑસ્ટ્રીઆના ચેન્સેલર ડૉ. ડૉલ્ફસનું ખૂન થયા પછી બળવાખોરોને દાબી દેવામાં આવ્યા છે અને રાજતંત્ર બરાબર ચાલે છે. પણ ઑસ્ટ્રીઆના પદભ્રષ્ટ થયેલા રાજવંશનો એક વારસદાર પ્રીન્સ ઓટો ઑસ્ટ્રીઆની ગાદી ઉપર આવવા પ્રયત્નો કરે છે એવા ખબર બહાર આવ્યા છે. ઇટાલીના સરમુખત્યાર મુસોલીનીને તે મળી આવ્યો છે.

**સંયુકત સમિતિ:** હિન્દનું ભાવી રાજબંધારણ કેવું હોવું જોઇએ એ સંબંધે તપાસ કરી અહેવાલ કરવા બ્રીટનની પાર્લામેન્ટે નીમેલી સંયુકત સમિતિનો અહેવાલ ટુંક વખતમાં બહાર પડશે તેમ જણાય છે. ઇંગ્લેન્ડના મજુર પક્ષે આ અહે-વાલમાં રાજસ્થાની પ્રજાને કાંઇ પ્રતિનિધિત્વ નહિ આપવા સામે મજબુત વિરોધ નોંધાવ્યો છે એવા સમાચાર બહાર આવ્યા છે.

**ડૉ. અનસારી વિલાયતમાં:** તબીયત સુધારવા યુરોપ ગયેલા કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખ ડૉ. અનસારીએ લન્ડ-નમાં હિન્દી વઝીર સર સેમ્યુઅલ હોરની મુલાકાત લેતાં તેમને જણાવ્યું હતું કે, "ખાન અબ્દુલગફુર ખાન અને પં. જવાહર-લાલ નહેરૂ જ્યાંસુધી કારાવાસી હશે ત્યાંસુધી હિન્દ કદી શાન્ત થવાનું નથી. કોંગ્રેસે સત્યાગ્રહની લડત મુલતવી રાખી છે તેનું કારણ એવું નથી કે કોંગ્રેસ એ શસ્ત્રને ગેરકાયદેસરનું માને છે; પણ હિન્દમાં ફરીથી શાન્તિ સ્થાપવા સત્યાગ્રહ મુલતવી રાખ-વામાં આવ્યો છે."

**માલવીયાજીની પ્રવૃત્તિ:** પં. માલવીયાજી મહાસભાથી છુટા પડયા પછી વડી ધારાસભાની ચુંટણીમાં કોંગ્રેસ સામે સખ્ત હરિફાઇ કરવા પ્રયત્નો કરી રહ્યા છે. અત્યારના સંજોગો મુજબ તેઓ એક નવો રાષ્ટ્રિય પક્ષ ઉભો કરશે તેમ જણાય છે. આ પક્ષમાં બીનમહાસભાવાદીઓ પણ સામેલ થશે. પક્ષની સ્થાપના અર્થે માલવીયાજીએ તા. ૧૮ના રોજ કલકત્તા ખાતે એક પરિષદ બોલાવી છે.

# જીવન સંગ્રામ

મંથન કર્યા વગર મહીમાંથી માખણ મેળવ્યું છે કોઇએ ?

વલોવવાની વિધી વગર સત્વની સિધ્ધી નથીજ.

હાથ હલાવ્યા વગર કોણ તરી શકયું છે ?

બેસી રહે તે બુડેજ.

એમજ સર્વ કાર્યોમાં નિયમોથી નકકી થયેલું છે કે—

માત્ર વાતો કર્યે દહાડા વળવાના નથીજ.

બેઠા બેઠા માત્ર મનથી ગણગણ્યે થોડીજ સિધ્ધી મળી જવાની હતી ?

શ્રમ વગર સિધ્ધી નથીજ.

પુરૂષાર્થ વગર પ્રાપ્તિ નથીજ.

પ્રસ્થાન વગર પ્રગતિ નથીજ.

વાવ્યા વગર લણવાની આશા રાખવી તે મૂર્ખાઇ નથી શું ?

વાવશે તેજ લણશે.

કરશે તેજ પામશે.

જેવું કર્મ તેવું ફળ.

આપણેજ આપણા ભાગ્યના વિધાતાઓ છીએ.

આપણેજ આપણા મિત્ર અને આપણેજ આપણા વૈરી છીએ.

આપણી આજની ગુલામીના કલંકી તો આપણેજ છીએ અને આવતી કાલની સ્વતંત્રતાના સર્જકો પણ આપણેજ છીએ.

આપણેજ આપણા ભાગ્યના ભોકતા અને કર્તા છીએ.

આપણી ભૂલ એજ આપણું દુઃખ અને આપણું ડહાપણ એજ આપણું સુખ નથી શું ?

સ્વતંત્રતા, સ્વતંત્રતા બોલી બેસી રહેવાથી થોડીજ સ્વતંત્રતા આવી જવાની હતી ?

મુકિત, મુકિત મનથી ગણગણ્યે થોડીજ મુકિત મળી જવાની હતી?

ઝાડ ઉપર ચોંટેલું ફળ કે ગુલઝારમાં ખીલેલું ગુલાબ પોતે પોતાની મેળે કોઇની પાસે આવે છે ખરૂં ?

એમજ આપણી મુકિત આપણી મહેનત વગર આપણી પાસે પોતાની મેળે આવવાની નથીજ.

પ્રસુતીની પીડા પામ્યા વગર પુત્રની પ્રાપ્તિ પામી છે કોઇ જનેતા જગતમાં ?

સુનમુન બેઠેલા જ્ઞાતિજનો આટલો વિચાર કરશે ? અને પોતાનું સ્થાન સમજશે ?

ધ.

# અરજીનો જવાબ આપો

એમ જણાય છે કે કચ્છના કેટલાક ભાઇઓએ કચ્છમાં આવનારા નવા કાયદા સામે વિરોધ બતાવતી એક અરજી ના. આગાખાનને તા. ૧૫–૪–૩૪ના રોજ કરી હતી તેનો કાંઇજ જવાબ નામદારે નહિ આપવાથી એ ભાઇઓ એ અરજીનો જવાબ આપવા નામદારને ફરીથી એક પત્ર લખશે.

# વેપાર સમાચાર

(તા. ૧૮–૮–૩૪.)

**ઉન :** ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ગાંસડી ૩૭૯ વેચાણી છે અને બજાર ટકેલો રહ્યો છે. આવતા સેલમાં ગાંસડી ૧૯૫૦૦ મુકાશે. સ્થાનિક બજારમાં ઉંચા જોડીયાના ભાવ રૂા. ૧૪)ની આસપાસ ગણાય.

**રૂત :** ભરૂચ ૨૨૮ **બકરાના વાળ:** ૩)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧।।। ૨) ઘઉં | ૨।= ૨।≡ તલ |
| ૧।। ૧।।। બાજરો | ૧।।। મેથી નવી |
| ૧। ૧।= જુવાર | ૧।।–।। એરડા એરડી |
| ૧।= ચણા દેશી | ૧)= ૧।= મગ દેશી |
| ०।।।= ૧) કમોદ જાડી | ૧।≡ ૧।।= અડદ |
| ૧।= ૧।। કમોદ જીણી | ૨।– રાઇ |
| ૧।०।। મગફળી જીણી | ૨)≡ શીંગદાણા હાથફોલ |
| ૧)≡ મગફળી જાડી | |

**ઘી :** ૨૮) મુંબઇ પરખ, ૨૨) ૨૨।। તાજો રસ

**તેલ :** ૫।= તલનું, ૩। શીંગનું.

**પરચુરણ :** ૩) ૪) ગોળ દેશી.

૬)– કપાશીયા કરાંચી

૪। ખાંડ રાજકોટ શહેર, ૩) સદર. ૮) ૮।। સોપારી જુની.

૧०।।૧૧) ગદબનું બી. ૯।=। વેસણ જીણો. ૮।०। વેસણ જાડો.

૮।।। કરાંચી ઘઉંનો લોટ.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

# લખનારાઓને જવાબ

**શ્રી. મહમદ હાશમ ચમન, કેરા :** બળદીઆવાળા ભાઇ કરમાલી મેરાલીએ જાહેર ખબર તરીકે 'વતન'માં પ્રગટ કરાવેલ લેખ સંબંધેનો આપનો અભિપ્રાય બતાવતો પત્ર મળ્યો. કોમ સેવા કરનારાઓ ઉપર ગંદામાં ગંદી ભાષામાં વ્યકિતગત હુમલાઓ થાય એ નવું નથી. એવા હુમલા કરનારા પામર પ્રાણીઓ દયાને પાત્ર છે. એના જવાબ, ચર્ચા કે ઉહાપોહ ન હોય; એ ઉપેક્ષનીય છે.

**"કચ્છી કોમી સેવક," મુન્દ્રા :** બળદીઆવાળા ભાઇ કરમાલીના ગંદા લખાણથી આપ પણ ઉકળી ઉઠયા છો એ બતાવતો આપનો પત્ર મળ્યો. આપને પણ ઉપરનોજ જવાબ આપવાનો રહે છે.

# કચ્છ—મુંદ્રામાં પરવાનાનું તુત

## આફ્રીકાનો પત્ર

(અમારા ખબરપત્રી તરફથી)

નાઇરોબી, ૩૦–૬–૩૪.

ના. આગાખાન પાસે કેળવણીના બારામાં જે પ્રતિનિધિ મંડળ ગયું છે તે પહોંચ્યું ત્યારે નામદાર તરફથી તાર હતો કે "પ્રતિનિધિઓ પહોંચી ગયા છે." વધારે રસ તો ત્યારે પડશે કે જ્યારે તેઓ ત્યાંથી પાછા આવશે. આ બાબત એક રસિક બીના તમને જણાવવાની રહી ગઇ છે. જે દિવસે પ્રતિનિધિ મંડળ રવાના થવાનું હતું તેની ચાર દિવસ અગાઉ કેનીઆ તથા યુગન્ડાના ઇસ્માઇલી કેળવણી પ્રતિનિધિ મંડળના એક સભ્ય ભાઇ રજબઅલી રે. સુ. વિરજીના માનમાં આંહી કલબમાં કાઉન્સીલ તરફથી એક ખાણું આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોલવાની તક લઇ એક જુવાન ભાઇએ હાજર રહેલાઓનું પ્રતિનિધિ બાબતની બેદરકારી પ્રત્યે સખ્ત શબ્દોમાં ધ્યાન ખેંચ્યું હતું. એ ભાઇનો કહેવાનો અર્થ એ હતો કે જે કોમનો કેસ રજુ કરવા પ્રતિનિધિઓ જાય છે તે કોમને તો કેસ ઘડવાનો કે પ્રતિનિધિ ચુંટવાનો હકક અપાયો નથી. કોઇ પણ માણસને કોમ વતી કોમનો કેસ ઉંધી ચતી રીત કે તેને જેમ ફાવે તેમ રજુ કરવાની છુટ આપવી અને પછી 'કોમ તરફથી જતા પ્રતિનિધિ' એવું નામ આપવું તે તદ્દન ગેરવ્યાજબી અને ન ચલાવી શકાય તેવુ હતું.

એ ભાઇના આ ભાષણથી આ વાત ત્યારે તો વધારે ચોળાણી નહિ. પરંતુ થોડા દહાડા પહેલાં એક માણસે મને કહ્યું કે ભાઇ મહંતઅલી સુલેમાન વિરજી તરફથી એ ભાઇ પર તે બાબત કાઉન્સીલમાં કેસ કરવાની દરખાસ્ત રજુ થઇ હતી. પણ કાયદાની કોઇ કલમ તેઓને હાથ ન લાગવાથી એ વિચાર માંડી વાળવામાં આવ્યો હતો.

## નવું યાત્રા—સ્થળ!

### ભકતો, આનંદો!

તા. ૧૮–૮–૩૪ના "જન્મભૂમિ"માં નીચેના સમાચાર પ્રગટ થયા છે:—

"નામદાર આગાખાનના એજન્ટો ઇંગ્લેન્ડમાં બર્કશાયર કે કેમ્બ્રીજશાયરમાં તેમને માટે એક મિલ્કતની તપાસ કરી રહ્યા છે.

તેમને જે પ્રકારનું મકાન જોઇએ છે તે નહિ મળે તો તેઓ એક મહેલ બાંધશે, જે ભવિષ્યમાં આગાખાન પંથનું મુખ્ય મથક બનશે.

તેમનાં ૧૯૨૯માં થયેલાં બીજાં લગ્ન પછી તુરતજ તેમને આ વિચાર સુઝ્યો હતો."

## સાકર ખાધા પછી સગપણ અટકાવ્યું

( અમારા ખબરપત્રી તરફથી )

**કચ્છ—મુંદ્રા,** તા. ૧૬ જુલાઇ

કચ્છ-મુંદ્રાના એક ગરીબ ખોજા ભાઇ નામે ઇસ્માઇલ હરજીના દીકરા ભાઇ મામદનું સગપણ અત્રેના ભાઇ હસનઅલી મેરાલીની દીકરી વેરે તા. ૧૨–૮–૩૪ના રોજ જમાતના ધોરણ અનુસાર થયું. સગપણનો મુડો લેવા જમાતના અગ્રેસરોમાંના એક પ્રતિષ્ઠિત ભાઇ શાહબુદ્દીન કે જેઓ મુંદ્રા જમાતના કામડીઆ હોવા ઉપરાંત કચ્છની હમણાં ગોઠવાતી જનરલ કમીટીના અને મુંદ્રાની ડીસ્ટ્રીકટ કમીટીના સભાસદ પણ છે તેઓ પણ ગયેલા અને મુડો લઇ આવેલા.

બીજે દિવસે જ્યારે સગપણના નોંધ જમાતના ચોપડે કરાવવા દીકરા દીકરીના વાલીઓ જમાતખાને ગયા ત્યારે એ રૂઢીચૂસ્ત ભાઇઓએ આ નોંધ થતી અટકાવી અને વાંધો ઉઠાવ્યો કે, 'મજકુર છોકરો આફ્રીકાથી પાસ કેમ નથી લાવ્યો? આ સગપણ મંજુર રાખી શકાય નહિ.' અને આમ વિરોધ કરી સગપણની નોંધ થવા દીધી નહિ.

ભાઇ ઇસ્માઇલના દીકરા ભાઇ મામદ નિર્વાહ અર્થે આફ્રીકા ગયેલ, અને ત્યાં એવા સ્થળે રહેલ કે ગામમાં ન ખાનું કે ન મસ્જીદ. આવા સ્થળે ૪–૫ વરસ રહી હાલ તેઓ મુંદ્રા આવેલ છે. એટલે જ્યાં ઇસ્માઇલી જમાત કે કાઉન્સીલ ન હોય ત્યાં પોતે ઇસ્માઇલી હોવાનો પાસ તેઓ કયાંથી લાવી શકે?

બીજી અગત્યની વાત એ છે કે ભાઇ મામદના માબાપ કે જેઓ મુંદ્રામાંજ રહે છે તેઓ ઇસ્માઇલી છે, અને જમાતખાનામાં હંમેશાં કર લાગા આપ્યા કરે છે. ભાઇ મામદને આફ્રીકાથી કચ્છ આવ્યે આઠ દસ મહીના થયા છે. આ આઠ દસ મહીનાના ગાળામાં પણ તેઓ ઇસ્માઇલી તરીકે રહ્યા છે. ખાનામાં દરેક ક્રિયામાં ભાગ લે છે, ધુઆ સફા કરાવે છે. આટલા મહીના સુધી તેમને ઇસ્માઇલી ગણવામાં વાંધો ન આવ્યો, અને હવે સગપણ વખતે પાસનું તુત ઉભું કરવામાં આવ્યું છે.

—: જોઇએ છે :—

ખ પ
બ ત્રી
ર ઓ

આ અઠવાડિક રૂપજી નજરઅલી પ્રેમાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

મિજલસોનો વ્યર્થ મોહ

Regd. No. B. 3114

# જાગૃતિ

પુસ્તક : ૨ ] તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક : ૧૮

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

ઑગસ્ટ ૨૮ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના શ્રાવણ વદ ૪ મંગળવાર

મુદ્રણસ્થાન :
જાગૃત મુદ્રણાલય

## એ પાપ છે

હજારો માણસોને ભૂખમરા, ઠંડી ને હીણી હાલતમાં આ રીતે હેરાન થતાં દેખીને મને સમજ પડી-કેવળ ચિત્તમાં કે હૃદયમાં જ નહિ, પણ મારા સકળ અંતરમાં સર્વાત્મના મને સમજ પડી-કે મોસ્કોમાં લાખો માણસો આવી હાલતમાં પડયાં હોય ને હું ને મારા જેવા હજારો માણસો બેઠાં બેઠાં માંસ મચ્છીનાં બનાવેલાં મિષ્ઠાન્નો અકરાંતિયાં થઇને ઉડાવીએ અને અમારાં ઘોડાંને કપડાં ઓઢાડીએ તથા અમારાં મકાનોનાં ભોંયતળિયાં પર જાજમો બિછાવીએ એ તો પાપ છે-આવી વસ્તુસ્થિતિની આવશ્યકતા કે અનિવાર્યતા વિષે જગતના તમામ વિદ્વાન લોકો ભલેને ગમે તેમ કહે તો પણ એ પાપ છે-અને તે એક વાર કરીને ખતમ થયું એવું નહિ પણ ચોવીશે કલાક સતત રીતે આચરાઇ રહેલું પાપ છે; અને મને થયું કે વિલાસવૈભવમાં પડયો રહીને હું એ પાપીને કેવળ સાંખીજ રહું છું એમ નહિ પણ વિશેષમાં એ વિલાસવૈભવ દ્વારા તો એ પાપમાં હું ભાગીદાર બની રહ્યો છું......અને તેથી એ વખતે મને લાગ્યું, અત્યારે લાગે છે, અને કદી પણ લાગ્યા વિના રહેવાનું નહિ કે દુનિયામાં એક પણ માણસ ભૂખ્યો હોય ને હું જો મારે જોઇએ તેથી જરા પણ વધારે ખોરાક રાખી રહ્યો હોઉં અને દુનિયામાં એક પણ માણસ ડગલા વિનાનો હોય અને હું જો બે ડગલા રાખી રહ્યો હોઉં તો, જ્યાંસુધી આવી સ્થિતિ ટકે ત્યાંસુધી આ સતત રીતે આચરાઇ રહેલા પાપમાં હું ભાગીદાર બની રહ્યો છું.

—મહાત્મા ટૉલ્સ્ટૉય.

**આવતો અંક બંધ**

જન્માષ્ટમીના તહેવારોને કારણે 'જાગૃતિ'નો આવતો અંક નિયમ મુજબ બંધ રહેશે.

વ્યવસ્થાપક

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૮-૮-૩૪.

# મિજલસોનો વ્યર્થ મોહ

ના. આગાખાનનો ધર્મ-વ્યાપાર ઉંડી વ્યાપારી કુનેહ અને દીર્ઘ દ્રષ્ટિથી ચલાવવામાં આવે છે એ સૌ કોઇ જાણે છે, અને ખાસ કરીને ખોજા કોમને તો એનો પૂરો પરિચય થઇ ચુકયો છે. ના. આગાખાને આ ધર્મ-વ્યાપારને ધીકતો બનાવવા પાછળ એટલી તાકાત ખર્ચી છે અને એટલી બધી બુધ્ધિ લડાવી છે કે એટલી તાકાત અને બુધ્ધિ તેમણે પોતાના અન્ય વ્યાપારો પાછળ નહિ ખર્ચી હોય. પરિણામે આજે આ ધર્મ-વ્યાપારની તેમને તેમના બીજા કોઇ ધંધા કરતાં વધુ આવક હોવા છતાં એની પાછળ તેમને અત્યારે બીજા ધંધાની સરખામણીમાં સૌથી ઓછું રોકાઇ રહેવું પડે છે. અત્યારે વધારેમાં વધારે આવક વાળા ધંધા પાછળ તેઓ ઓછામાં ઓછી મહેનત લ્યે છે. વ્યાપારી કુનેહનો આથી સરસ દાખલો બીજો શું હોય!

આ ધર્મ-વ્યાપાર અનેક સાધનો અને શાખાઓ વાટે ચાલે છે. ખાનું, ધાર્મિક રાત્રિશાળા, મીશનરીઓ, નાંદી, મોટાં કામ, મિજલસો, ખિતાબો, કાઉન્સીલો, કામડીઆઓ, યુરોપવાસ, દુવા-આશિષ, મ્હેમાનીઓ અને એવી કેટલીય વિધીઓ અને રીતીઓ- આ બધાં ધર્મ-વ્યાપારનાં સાધનો અને શાખાઓ છે. એ બધાં કાંઇને કાંઇ નામદારને કમાવી આપે છે, અને આમ જુદાં જુદાં ઝરણાંમાં વહેતું ધનવારી છેવટે એક મહા પ્રવાહ રૂપે ના. આગાખાનને મળે છે.

જેટલું મીશનરીઓ સામે કે ઉપર દર્શાવ્યા અન્ય કોઇ સાધન સામે કહેવાનું છે એટલુંજ મિજલસો સામે કહેવાનું છે, અને એટલુંજ બાકીના સાધનો માટે કહી શકાય તેમ છે.

મિજલસોનું આદી કારણ પડતા ધર્મને બચાવવાનું હતું. એક અથવા બીજા કારણે અત્યારના ઇશ્નાઅશરી ભાઇઓ ના. આગાખાનથી જુદા થયા ત્યારે એ જુદા થવાની પ્રવૃત્તિ વધુ જોર ન પકડે અને ઇસ્માઇલી ધર્મ-વ્યાપારના ગ્રાહકો ઘટી ન જાય એ માટે ઠેરઠેર આવી મિજલસો ભરી મતપ્રચાર કરવામાં આવતો. અમુક સમય સુધી આ સરંક્ષક નીતિ અનુસાર મિજલસો ચાલી. પછી બીજું પગથીયું આવ્યું ઇશ્નાઅશરી ધર્મ ઉપર આક્રમણ કરવાનું. એ વખતે જ્યાં જ્યાં મિજલસો ભરાતી ત્યાં મુખ્યત્વે ઇશ્નાઅશરી ધર્મની વિરૂધ્ધજ ખુલ્લી વાએઝો થતી, અને હજી પણ કેટલીક મિજલસોમાં આમ ચાલે છે. જ્યારે ઇશ્નાઅશરીઓની વિરૂધ્ધ આ મિજલસોનો પુરતો ઉપયોગ થઇ રહ્યો ત્યારે હવે ધન-પ્રાપ્તિના એકજ ઉદ્દેશથી આ મિજલસો ચલાવવામાં આવે છે. પગારદાર મીશનરીઓને આ મિજલસોમાં ખડા કરવામાં આવે છે, અને લાયકાત કરતાં અતિ જબરો પગાર ખાનારા એ વફાદાર ચાકરો પોતાના બધા જોર શોરથી પોતાના શેઠ ના. આગાખાનનાં યશોગાન ગાવામાં પાછું વાળી જોતા નથી. મિજલસોમાં થતી બધી વાએઝોમાં એકજ સૂર સંભળાય છે: "ના. આગાખાન દશમો નકલંકી અવતાર છે, હાજર ઇમામ છે, ખુદ ખુદા છે. એની જે કોઇ સેવા કરશે એ આ ભવસાગર તરી જશે. અને આજે કળીયુગમાં પૈસો એ સૌથી કિંમતી વસ્તુ છે, માટે જેને ભવસાગર તરવું હોય તેણે પૈસો આપી ના.આગાખાનની સેવા કરવી."

આ મિજલસોના ઉત્પાદકોએ ભોળી કોમના મનમાં બીજું એક ભુંસું એ ભરાવી દીધું છે કે કરકસરની ખાતર મિજલસોમાં લગ્ન કરવાં. મિજલસોમાં લગ્ન કરવાથી જરાએ કરકસર થઇ શકતી નથી કે ખર્ચ ઘટતું નથી. જેટલા માણસો લઇ વર પક્ષ કન્યાને લેવા મિજલસમાં જઇ શકે છે એટલાંજ માણસોને લઇ એ કન્યાના બાપને ઘેર જઇ શકે છે. એ બન્ને સરખુંજ છે, એમાં કાંઇ તફાવત નથી. કપડાં દાગીના જેટલા કન્યાને ઘેર વર પક્ષ લઇ જાય છે એટલાંજ મિજલસમાં પણ લઇ જાય છે. એમાં પણ કાંઇ કરકસર થતી નથી. બાકી એકજ વાત રહે છે ખાધા ખર્ચની. કન્યાને ઘરે ગયેલા વર પક્ષને કન્યા પક્ષ તરફથી સામાન્ય રીતે બે ત્રણ ટંક મીઠું જમણ આપવામાં આવે છે, જ્યારે મિજલસમાં જો લગ્ન થતાં હોય તો ત્યાં કન્યા પક્ષને આ ખવરાવવાનું ખર્ચ થતું નથી, કારણ કે ત્યાં સૌને મફત ખાવાનું હોય છે. પણ એકંદરે તો મિજલસમાં લગ્ન કરવાથી ખર્ચમાં કાંઇ બચાવ થઇ શકતો નથી, કેમ કે ઘરે કરવામાં આવતા લગ્નમાં કન્યા પક્ષને બહાર ગામ જવાનું મુસાફરી ખર્ચ લાગતું નથી, જ્યારે મિજલમાં થતા લગ્નમાં વર પક્ષની પેઠે કન્યા પક્ષને પણ વર પક્ષના જેટલોજ મુસાફરી ખર્ચ વેઠવો પડે છે. વર પક્ષને ખવરાવવાના ખર્ચ સામે આ મુસાફરી ખર્ચને મૂકવામાં આવે તો મુસાફરી ખર્ચ વધી ન જાય તો પણ એ ખવરાવવાના ખર્ચ જેટલો તો અવશ્ય થાયજ. વળી મિજલસમાં જઇને કરકસર કરવા માગનારાઓ ત્રણ ટંક મીઠું જમણ આપવાની રૂઢીને કાપી બે ટંક સાદું ભોજન આપીને પણ ઘર બેઠાં સાચી કરકસર કરી શકે. આમ બધી દ્રષ્ટિએ જોતાં લગ્ન ઘરે કરવાને બદલે મિજલસમાં કરવાથી કાંઇ પણ કરકસર કરી શકાતી નથી કે ખર્ચ ઘટતો નથી.

લગ્ન ખર્ચમાં કરકસરની સુફીઆણી દલીલ શિવાય મિજલસની બીજી કોઇ ઉપયોગીતા એના ઉત્પાદકો બતાવી શકે તેમ નથી, શિવાય કે ના. આગાખાનનો વ્યાપાર વધારવાની. પણ કેટલાક ભોળા ભાઇઓ ઉંડે ઉંડે મનમાં એવું માની રહ્યા હોય છે કે આવી મિજલસો એ કોમના મેળા છે અને અમુક અમુક વખતે કોમના આવા મેળા થાય એ કોમને લાભદાયક છે. કોમના આ મેળા છે એ વાતને સ્વીકારી લઇએ તો પણ એ મેળાઓ કોમનું કશુંજ હિત કરનારા નથી. વર્ષોથી આવી મિજલસો ચાલે છે અને આવા મેળાઓ ભરાય છે. અત્યાર સુધીમાં એથી કોમને શું ફાયદો થયો? કોમના સળગતા પ્રશ્નો ઉપર ચર્ચા કરી નિર્ણય બાંધવાની એ મેળાના નિયામકોએ અત્યાર સુધીમાં કયારે છુટ આપી છે? કે આ મેળાના મહાજનોએ એવી ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો છે? એક વરસમાં આવા અનેક મેળાઓ ભરાય છે. કેટલા મેળામાં કોમને ભારે મારતા ફરજીઆત કરવેરાઓ સામે પોકાર ઉઠાવવામાં આવ્યો? કેટલા મહાજનો કોમના કચડાતા જન્મસિધ્ધ અધિકારોની વ્હારે ધાયા? અને આવા અસંખ્ય મેળાઓ ભરાઇ જવા છતાં એક પણ મેળામાં કોમમાં પ્રવર્તી રહેલા વ્હેમ, રૂઢીપૂજન અને ધર્માંધતાને દૂર કરવા કાંઇ પ્રયત્ન થયો? આ મેળાઓએ કોઇ દિવસ કોમની બેકારી કે ગરીબી નિવારવાના પ્રશ્નો હાથમાં લીધા? મિજલસો એ મેળા છે, પણ એ કાંઇ ઉપયોગી કાર્ય કરનારા નહિ પણ ખાલી ખર્ચાળ છે.

એકાદ માસમાં ગણોદ ખાતે આવી એક મિજલસ થવાની છે. ઉપર બતાવ્યા બધા કારણોને ધ્યાનમાં લઇને અમારે એમજ કહેવાનું રહે છે કે એ મિજલસને ના. આગાખાનના એક વ્યાપાર વિકાસના સાધન કરતાં વધુ કોઇ ન ગણે.

# દરવાજા બંધ

"ઇસ્માઇલી"ના તા. ૧૯–૮–૩૪ના અંકમાંઃ

પાના ૧૧ ઉપર :—

"પહેલાં તો એવણ સાહેબ કેરાની જમાતને મોખરાની જમાત માનતા લાગે છે. જ્યારે તમામ કચ્છના ઇસ્માઇલીઓ એ જમાતને પછાત જમાત માને છે."

પાના ૧૬ ઉપર :—

"બધી જમાત કેરા ગામમાં ભેગી થઇ.........જમાતનું કામ કરવું હોય ત્યારે સઘળા કેરામાં ભેગા થતા."

એકજ અંકમાં એ પરસ્પર વિરૂદ્ધ વાત પ્રગટ થાય તેથી કરીને "ઇસ્માઇલી"ને કાંઇ ખબર નથી પડતી એવું કોઇ માનશો નહિ. મોટા માણસોની એ ખાસીઅત છે. "ઇસ્માઇલી"ની માફકજ એક વખત વિલાયતના એક પ્રધાનના મંત્રીએ પ્રધાનને કહેલું કે, 'કહો તો હિન્દુસ્તાન બહુ ગરીબ છે એવા આંકડા રજુ કરૂં, અને કહો તો હિન્દુસ્તાન બહુ ધનિક છે એવા રજુ કરૂં.' આમ આ બધું સગવડ ઉપર આધાર રાખે છે. સગવડ પડતી હોય તો કેરાની જમાતને કોઇ કાંઇ ગણતું નથી એમ કહી શકાય, અને સગવડ પડતી હોય તો કેરાની જમાતને મધ્યસ્થ પણ કહી શકાય!

*

"કચ્છ–ભુજવાળા"ના ઉપનામથી "ઇસ્માઇલી"માં એક ખુલ્લો પત્ર પ્રગટ થયો છે. ખુલ્લા નામથી ખુલ્લો પત્ર લખનારા ઘણા નીકળ્યા છે, પણ બંધ નામથી ખુલ્લો પત્ર લખનારા આ ભાઇ પહેલા નીકળ્યા. લેખનકળા અને પત્રકારિત્વ તો મહાસાગર છે. એને બંધન કેવા? જેને જેમ ફાવે તેમ તે લખી શકે છે. "કચ્છ–ભુજવાળા"ના જેવા કેટલાય નરમદીલ લેખકોએ આ નવા નુસખા માટે "ઇસ્માઇલી"નો આભાર માનવો જોઇએ!

*

"આફતાબના તારના સસ્તા દર"

"ઇસ્માઇલી આફતાબ"ના અંકોમાં ઉપર મુજબના મથાળા નીચે એક જાહેર ખબર પ્રગટ થાય છે. આવું લખતી વખતે 'આફતાબે' પોતાના વાંચકોને ખરેજ મૂર્ખ માન્યા હોવા જોઇએ; કારણ કે આ જાહેર ખબર એવી રીતે મૂકવામાં આવી છે કે કેમ જાણે 'આફતાબ'ને તાર ખાતા તરફથી ખાસ સસ્તાઇ કરી દેવામાં આવી હોય. જો એમ ન હોત તો તો 'આફતાબ' એમ જરૂર લખત કે બધા વર્તમાનપત્રો માટે તાર ખાતાએ તારના ખાસ સસ્તા ભાવ રાખ્યા છે. પણ પોતે કોઇ મહાન અસાધારણ વસ્તુ છે એમ બતાવવાનો બીજો શો ઉપાય! એટલે "આફતાબના તારના સસ્તા દર"!

*

"એક ચીંથરીયું વર્તમાનપત્ર......રાજકોટથી પ્રગટ થઇ રહ્યું છે." એમ "ઇસ્માઇલી આફતાબ" પોતાના ૧૬મી મેના અંકમાં ભાખે છે. આ 'ચીંથરીઆ'ને પહોંચી વળવા માટે એજ અંકમાં એક અગ્રલેખ અને બે બીજા લેખો લખવામાં આવ્યા છે, અને 'આફતાબ'નો એવો કોઇ અંક ભાગ્યેજ ખાલી જતો હશે કે જેમાં એ 'ચીંથરીઆ' સામે એક બે પાનાં ન બગાડવામાં આવ્યાં હોય. ઉપરાંત 'આફતાબ'ના ભાઇબંધ "ઇસ્માઇલી"ને પણ આ 'ચીંથરીઆ' વિરૂદ્ધ કામે લાગી જવું પડયું છે. 'આફતાબ'નો આ બધો લખાણોનો મારો જોતાં 'ચીંથરીયુ' વિશેષણ બંધબેસતું નથી દેખાતું. પછી તો કોને ખબર છે 'ચીંથરીયુ' શબ્દની વ્યાખ્યા કાંઇ બદલી હોય અને એમ 'આફતાબ'ના લખાણમાં સુમેળ આવતો હોય! એક 'ચીંથરીઆ' સામે આટલી બધી ધમાલ સ્હેજે આવી શંકા ઉપજાવે છે!

*

"ઇસ્માઇલી," તા. ૧–૭–૩૪ :—

"કેટલાક વેષધારીઓ પૈસાના ઘમંડમાં આંધળા બની આલે અલી ઔલાદે રસુલ સામે ધુળ ઉડાડવાના ફાંફાં મારે છે."

"ઇસ્માઇલી આફતાબ," તા. ૧૬–૭–૩૪ :—

"ગામમાં ઘર નહિ અને સીમમાં ખેતર નહિ એવા લેભાગુ સુધારકો ધર્મમાં સુધારો કરાવવાની ડંફાસો શરૂ કરી આપી."

લડાઇના મેદાનમાં બેધારી તલવાર બહુ ઉપયોગી થઇ પડે છે, અને એના વાપરનારને બહુ મઝા આવે છે. "ઇસ્માઇલી" અને એનું ભાઇબંધ "આફતાબ" સુધારકોની સામે મેદાને પડયાં છે અને સુધારકોની સામે બેધારૂં પ્રચાર કાર્ય આંખો મીંચીને ફેંકયે રાખે છે. એક કહે છે, સુધારકો પાસે ખૂબ પૈસા છે એટલે પૈસાના ઘમંડમાં એ આમ કરે છે, જ્યારે બીજું કહે છે કે એની પાસે રાતી પાઇ નથી. વિજય મેળવવો હોય તો આવા શમશેર-બહાદુર બનવું જોઇએ! જે વાત પહેલી હાથમાં આવી તે હાંકવી. સુધારકો પૈસાદાર છે એમ પણ કહી શકાય અને ભીખારી છે એમ પણ કહી શકાય. ફક્ત એકજ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે સુધારકો ખોટા છે અને ખરાબ છે એ મૂળ ઉદ્દેશ જાળવી રાખવો, અને સારૂં નરસું, ધડાવાળું કે ધડા વગરનું ગમે તેમ કહેવા છતાં પણ એ વાતને વળગી રહેવાનું ચુકવું નહિ!

## ચર્ચાપત્ર

### કોને વખાણવા?

મે. "ખોજા જાગૃતિ"ના અધિપતિ સાહેબ,

આપના તા. ૧૪–૮–૩૪ના પેપરમાં કચ્છ–મુંદ્રાની ખબર વાંચીને હું તો અજાયબીથી દીંગજ થઇ ગયો છું. મારે કોને વખાણવા એ સમજાતું નથી!

શું સ્વર્ગવાસી રહેમતબાઇના કુટુંબીઓ કે જેઓ ઇસ્ના-અશરીઓ છે, બલ્કે સર્વે મરણ ક્રીયા પણ ઇસ્નાઅશરીઓ પ્રમાણેજ ઉકલાવેલ, છતાં 'સરકાર સાહેબી' તીજોરીની કમી પુરી કરવા કમર કસી બહાર પડયા તેઓને વખાણવા? યા ઇસ્માઇલી અમલદાર સાહેબો કે જેઓ ઇસ્નાઅશરીઓથી અભડાય છે, છતાં 'સરકાર સાહેબી' તીજોરી તર કરવા ઇસ્નાઅશરીઓના પૈસા પવિત્ર ગણી તીજોરીમાં પધરાવ્યા તેઓને?

મુંદ્રા, તા. ૨૨–૮–૩૪.  "આશ્ચર્યચકિત"

# બુદ્ધિને!

લેખક : **"ભગત"**

હજુએ ક્યાં સુધી? અંધશ્રદ્ધા, વ્હેમ અને આ જડતા ક્યાં સુધી? આ આખાએ જગતના તંત્ર–ચાલનમાં જેની મુખ્યત્વે જરૂર છે, અને છતાં જેની તદ્દન અવજ્ઞા થતી રહી છે, એવી તું એકજ છો. ઓ, અવમાનિતા! જરીક તો કહી દે, ત્હારા દેશવટાના દાગને આ અંધાધુંધી ક્યાં સુધી દેખાવા નહિ દે!

શિયાળનું પુંછડું પકડીને પાર થવાની તમન્ના વાળા અમોને ત્હારો જરીક પાલવ તો પકડવા દે. હે, નિરપેક્ષ! અમે આમ ઘસડાયા કરીશું ક્યાં સુધી?

અમને જોઇએ છે અમરાપુરીના આનંદો, લલિત લલનાઓનું લાવણ્ય પિયુષ અને તે અમારાં ક્ષુધા પીડિત બાલુડાંઓની ચીચિઆરીઓ અમારા કાનમાં ન પેસી જાય એ માટે પુંભડા ભરાવી રાખીને પણ અમને એવું જોઇએ છે. આવી ભૂલભૂલામણીમાંથી અમને માર્ગ ક્યારે બતાવીશ? હે, દર્શિકા! આ મતિભ્રમ ક્યાં સુધી? શું એનો કાંઇ આરો નથી?

અમે એક લાખ માનવીઓએ ત્હને પરલોકના પરિણામો મેળવવા ગીરો મૂકી છે. એ પરદેશીના પટારામાં પુરાઇ રહેવું ત્હને કેમ ગમે છે? હે, ગુણશેષ! ત્હારી જાતને આવો અન્યાય થતો ક્યાં સુધી સાંખી લઇશ?

ત્હારા વિના ખાલી પડેલા અમારા ભેજામાં ત્હને આવરી રાખનારા ભાડુતીઓ અહરનીશ ભૂંસું ભર્યા કરે છે. હે, જ્યોત્સના! એક નાનું કાણું, જરીક તીરાડ, એમાંથી ત્હારો સ્હેજ ચમકારોએ અમને બસ થશે. એટલું તો બતાવી દે!

અને એ ભાડુતીઓ, એ પણ અમારામાંનાજ છે ને! એમણે તો ત્હારૂં લીલામજ પોકાર્યું છે! આટલી બધી અવહેલના? હે, ધરિત્રી! ત્હારૂં સ્વમાન તો યાદ કર!

અલીબાબાના "સમસમ"ની માફક "નાગચુડ છુટી જા" એટલું કહેતામાં તો અમારા સર્વ સંતાપો શાન્ત થઇ જાય એમ છે. છતાં 'બુધ્ધિ એ બળ છે' એ સુત્ર અમારો માર્ગદર્શક કેમ થતું નથી? હે, સુત્રધારિણી! જગત આખામાં એક સામટી ત્હારીજ આણ ન પ્રવર્તે ત્યાં સુધી અમારે ત્હારો વિયોગ સહવો પડવાનો છે?

અમને ગુલામી કોઠે ભલે પડી ગઇ હોય, તેમ છતાં તે સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી અમારે લલાટે લખાયેલીજ રહેવાની છે એવું હોય નહિ. હે, સન્મતી! તું અમારા આનનારૂઢ થા, અને તે જશે,

જરાક માથું હલાવતામાં ત્હારૂં ગીરોખત રદ બાતલ થઇ જાય એમ છે; છતાં અમે બેઇમાની કહેવાશું એ બીકે ત્હારી જાંખી માત્રથીએ અભડાતા ચાલીએ છીએ. પણ અભડાઇએજ ને! હે, અદ્વૈત્યા! ત્હારા વિના તો ત્હારી ઉપયોગિતા સમજવાનું બીજું એવું કયું સાધન હસ્તિમાં છે?

અમે નામશેષ થઇ જઇએ ત્યાર પહેલાં, પરલોકની પ્રેમદાઓ પામવાની પાગલતામાં ભાઇ ભાઇઓનો ભોગ લેવામાં રહેલી નરાધમતા અમને સમજવા દે હે, દીલદરાઝ! એકલો અમારોજ વાંક નહિ નીકળે. તુંએ થોડી ઘણી વગોવાઇશ તો ખરીજ ને!

ત્હારો જરાક અંશ પણ ધરાવતા હોય એવા કોઇ માણસોએ પણ બાંય ગ્રહ્યા પછી છોડી દેતા નથી, તો તું તો ત્હુંજ છે; એને અમારી દોરવણી કરવાથી નિવૃત્ત થઇ જવું શોભાસ્પદ થોડુંજ ગણાય! હે, ચંદ્રિકા! "તેથી માની લઉં ન મનથી 'ના' રૂપે મૌન ત્હારૂં."

## આગે કદમ

આગે કદમ આગે કદમ આગે કદમ અય, નવ જવાં!
જ્ઞાતિ તણાં સંકટ સમે શોભે ના આ શિથીલતા.

ભયભિતતા, વિધવિધતા, સૌ સ્વાર્થ ને આ અંધતા,
તું ધર્મ માનીને ધ્રુજે, પણ ધર્મ કે વ્યાપાર આ?
કાયદે કાઉન્સીલ તણે બંધુ બન્યા બેકાર જ્યાં,
આગે કદમ આગે કદમ આગે કદમ અય, નવ જવાં.

જ્ઞાતિ તણાં આંસુ ઢળે સિંધુ સમા જો રકતમાં,
બેહાલ થઇ ધરતી ઢળે મૃત્યુ તણા એ પંથમાં.
ચીરા પડેલા જીગરમાં જીવન જરી જણાય ના,
આગે કદમ આગે કદમ આગે કદમ અય, નવા જવાં.

ના જીવશે મોડું થતાં ને જો એ ડટાશે કબ્રમાં,
વૈદાં બધાં વેળા વિનાનાં આખરે શા કામનાં?
ઇતિહાસ ભૂલીને રડયાં બહુ માનવી રૂઢી તણાં,
સમજ્યો ન તું એ કાં હજુ અંહી એમ આદમ જાતમાં?

આગે કદમ આગે કદમ આગે કદમ અય, નવ જવાં,
આઝાદી પંથે યજ્ઞમાં, સૈનિક બની સંગ્રામમાં,
મયદાનમાં, મહેફિલમાં, મુકિત તણા નવ રાહમાં,
પાવક પ્રેમ પંથમાં, જ્ઞાતિ સપુત સૌરાષ્ટ્રના!
આગે કદમ આગે કદમ આગે કદમ અય, નવ જવાં!

ધ.

# "ખીસો પુંજો" અને "બે બાકી"

## "અર્થની ખબર નથી, પૈસા લાવો"

### મુખી કામડીઆ આ બધું શું હાંકયે રાખે છે?

(અમારા ખબરપત્રી તરફથી)

ભડલી, ૨૧ ઑગસ્ટ

"ખીસા પુંજાનો હક આપો."

"કાયદા બુકમાં નથી, વળી તમને આપ્યું તે બધું ખીસામાંથી આપ્યું છે."

"કાયદા બુકમાં નહિ હોય, પણ અમે બધા પાસેથી લઇએ છીએ."

"કામડીઆ સા'બ, હવે માફ કરો! હવે ખીસામાં પુંજો નથી રહ્યો."

"બીજી વાતનું અમારે કામ નથી. અમારો હક અમે જતો નહિ કરીએ. કેમ મુખી સા'બ!"

"ખીસા પુંજાના હકનો અર્થ તો સમજાવો."

"ઉમેદનો કાયદો છે. તમારી ખુશી હોય તે આપો."

"ઉમેદ હોય તો તમારે ઉઘરાણી કરવી ન પડે. અટકાવીને શા માટે લ્યો છો?"

"આપવું હોય તો આપો, નહિતર જમાત રજા લે છે."

"લ્યો ત્યારે આ ચાર આના."

ભાણખાચરની ભડલી ભાણ ખાચરના જેટલીજ બહાદુર છે, અને અમારા મુખી કામડીઆ પણ એટલાજ બહાદુર છે. ઉપરની વાતચીત આંબરડીના ભાઇ સુંદરજી રાજન આંહીના ભાઇ અલીભાઇ મનજીને ત્યાં પોતાના દીકરાનું સગપણ કરવા આવ્યા ત્યારે તેમને અમારા કામડીઆ ભાઇ રાજન ઉકા સાથે થઇ હતી.

આંહી દરેક પ્રસંગે 'સરકારી દાદ' લેતી વખતે "ખીસો પુંજો" એ નામનો એક લાગો ફરજીઆત લેવામાં આવે છે. આવા કોઇ લાગાનું નામ તમે કદાચ સાંભળ્યું પણ નહિ હોય. કાઉન્સીલના કાયદાની ચોપડીમાં એ નથી. આ લાગાની રકમ મુકરર નથી એટલે એને ઉમેદનો દાદ કહેવામાં આવે છે; પણ એ બધા પાસેથી અમારા મુખી કામડીઆ ફરજીઆત વસુલ કરે છે. "ખીસો પુંજો" શું કહેવાય તે કોઇને ખબર નથી. ખુદ મુખી કામડીઆ પણ તેનો અર્થ જાણતા નથી. આમ છતાં તે આંહી ઘણા વખતથી લેવાય છે.

આંબરડીથી ભાઇ સુંદરજી રાજન આંહી ભાઇ અલીભાઇ મનજીની દીકરીને ચુંદડી ઓઢાડવા આવ્યા ત્યારે ચોપડામાં નામું નાંખવા જમાતને બોલાવવામાં આવી હતી. તે વખતે બીજા લાગાઓની સાથે મુખી કામડીઆએ આ "ખીસા પુંજા"નો દાદ પણ લીધો છે.

ત્યાર પછી ભાઇ નીમજી ચતુરને ત્યાં રોહીશાળાવાળા ભાઇઓ અને ભાઇ અલીભાઇ ચતુરને ત્યાં ચોટીલાવાળા ભાઇ લવજી માવજી સમુરતાં લઇને આવ્યા હતા. જમાતને બોલાવવામાં આવી. કાયદા પ્રમાણે લાગા લીધા પછી મુખી કામડીઆએ આ "ખીસો પુંજો" માંગ્યો. રોહીશાળાવાળા કાને જરા ઓછું સાંભળતા એટલે વગર સમજ્યે રૂા. ૧) આપ્યો અને ચોટીલાવાળા ભાઇએ રૂા. ૦ા આપ્યો. આમ આ "ખીસો પુંજો" લઇને મુખી કામડીઆએ ચાલતી પકડી. પણ પાછળથી રોહીશાળાવાળા ભાઇને ખબર પડી એટલે તેઓ કામડીઆ ભાઇ રાજન પાસે ગયા અને કહ્યું કે, "ચોટીલાવાળાનો રૂા. ૦ા લીધો અને મારો રૂા. ૧) લીધો. મને ખબર ન હતી કે આ "ખીસો પુંજો" શું કહેવાય. જો ઉમેદ પ્રમાણે તમે લેતા હો તો મારે રૂપીઓ કાંઇ વધારાનો નથી. મારે તો ચાર આનાજ દેવા છે. માટે રૂા. ૦ાા મને પાછા આપો." એટલે તેમને બીજે દિવસે રૂા. ૦ાા પાછો આપવામાં આવ્યો.

અમારા કામડીઆના ભત્રીજા ભાઇ હસન કાળા ઉકાના ભાણેજનું સગપણ આંહીના ભાઇ મોનજી જીવણને ઘરે કર્યું છે. થોડાજ દિવસ પહેલાં ભાઇ હસન સમુરતું લઇને ગયા હતા અને સામે ચાલીને "ખીસા પુંજા"ના લાગા તરીકે રૂા. ૦ા આપી આવ્યા છે.

આ જેનો અર્થ કોઇને આવડતો નથી એ "ખીસા પુંજા"ના લાગા ઉપરાંત એના જેવોજ એક બીજો વિચિત્ર લાગો "બે બાકી"ને નામે અમારા મુખી કામડીઆ લે છે. આ "બે બાકી"ના રૂા. ૨) લેવાય છે, જેનો વૃતાંત હું પછીથી લખીશ.

છેલ્લા એક દાયકા કરતાં વધારે વરસથી અમારા મુખી કામડીઆ બદલાણા નથી, અને એમને બદલાવવાનાં કોઇ ચિન્હો પણ જણાતાં નથી. જ્યાં વરસો સુધી આમ એકહથ્થુ સત્તા ચાલ્યા કરે ત્યાં "ખીસો પુંજો" અને "બે બાકી" જેવા અર્થહીન નવા લાગાઓથી જમાતને ભારે મરવું પડે એમાં શી નવાઇ!

# કચ્છ–સુંદ્રામાં કાયદાની ઉવેખના

(અમારા ખબરપત્રી તરફથી)

કચ્છ–સુંદ્રા, ૧૯ જુલાઇ.

અમારી આંહીની જમાતના કામડીઆ ભાઇ શાહબુદીન લધુભાઇના એક મારીઆઇ ભાઇનું હમણાં સગપણ થયું. એ સગપણની ખુશાલીમાં ભાઇ શાહબુદીન તરફથી એક મેળાવડો થયો હતો. આ મેળાવડામાં ઇસ્નાઅશરી ભાઇઓને પણ મોટી સંખ્યામાં નોતરવામાં આવ્યા હતા. ઇસ્નાઅશરી કે ઇસ્માઇલીના કાંઇ પણ ભેદભાવ વિના સૌએ મેળાવડામાં ભાગ લીધો.

નવા કાયદાઓનો અમલ હજી કચ્છમાં થતો નથી. એ કાયદાઓ ઇસ્માઇલીઓને ઇસ્નાઅશરીઓ સાથે હળવા મળવાની મનાઇ કરે છે; છતાં હજી અમારે ત્યાં આવો ભેદભાવ પડયો નથી. આવી સુંદર ભાઇચારા અને સદ્ભાવની લાગણીને છુંદી નાખી ભાઇ ભાઇ વચ્ચે કુસંપ અને કડવાશની તીખાશ પેદા કરનારા કાયદાઓનો અમલ ન થાય એમાંજ કચ્છનું હિત સમાયેલું છે.

# સ. મા હ નો સા ર

**જવાહર હજી છુટા છે** : શ્રીમતી કમળા નહેરૂની ગંભીર માંદગીને કારણે સરકારે પં. જવાહરલાલ નહેરૂનો કામચલાઉ છુટકારો કર્યો છે, અને શ્રીમતી કમળા ભયમુકત થાય કે તુરતંજ પંડીતજીને પાછા જેલમાં લઇ જવાનો સરકારનો ઇરાદો છે. પણ શ્રીમતી કમળાની માંદગીમાં જરાએ સુધારો થયો નથી. તેમને હૃદયના હુમલા વારંવાર થયા કરે છે. જવાહરલાલ આખો દિવસ પત્નીની સારવારમાં રોકાએલા રહેતા હોવાથી ચાલુ રાજકારણ ઉપર તેઓએ હજી સુધી કાંઇ પણ અભિપ્રાય ઉચ્ચાર્યો નથી.

**સરદારની માંદગી** : સરદાર વલ્લભભાઇ પટેલની તબીયત હજી સુધરી નથી. તેમને પેટ સાફ આવતું નથી, ખાધું બરાબર પચતું નથી અને ખૂબ અશકિત જણાય છે. આરામની અત્યંત જરૂર હોવાથી આંગામી મહાસભાની બેઠક સુધી તેઓ રાજકારણમાં કાંઇ સક્રીય ભાગ લઇ શકે તેમ લાગતું નથી. સરદાર હાલ મુંબઇ છે. ગુજરાતનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે.

**"ન્યાયનું અપમાન"**: બંગાળના જાણીતા આગેવાન અને શ્રી. સુભાષચંદ્ર બોઝના ભાઇ શ્રી. શરત બોઝને બંગાળ સરકારે બે વરસ ને સાત મહીના થયાં તેમની સામે કાંઇ પણ આરોપ મૂકયા કે કામ ચલાવ્યા શિવાય બંદીવાન બનાવવા સામે વિરોધ બતાવવા માટે કલકત્તાના શહેરીઓની એક જાહેર સભા ગઇ તા. ૨૦ના રોજ મળી હતી, જે વખતે પંડીત માલવીયાએ સરકારના આ પગલાંને ન્યાયનું ખુલ્લું અપમાન કરનાર તરીકે વર્ણવ્યું હતું. સભાએ કાં તો શ્રી. બોઝને છોડી મુકવા અથવા તેમના સામે ન્યાયની કોર્ટમાં કામ ચલાવવાની માગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો. સભામાં ઘણા જાણીતા પુરૂષોમાં "મોડર્ન રીવ્યુ"ના તંત્રી શ્રી. રામાનંદ ચેટરજી પણ હતા કે જેમણે ઉપરનો ઠરાવ મૂકયો હતો.

**નવો રાજ્યદ્વારી પક્ષ** : કોંગ્રેસની વર્કીંગ કમીટીના શ્વેત પત્ર અને કોમી ચુકાદા સંબંધના ઠરાવથી નારાજ થઇ કોંગ્રેસ છોડી ગયેલા પં. મદનમોહન માલવીયા અને શ્રી. અણેએ કલકત્તા ખાતે એક પરિષદ બોલાવી રાષ્ટ્રિય પક્ષ નામે એક નવા રાજ્યદ્વારી પક્ષની સ્થાપના કરી છે. આ પક્ષ તરફથી વડી ધારાસભાની ચુંટણી માટે ઉમેદવારો ઉભા કરવામાં આવશે, અને એની નીતિ કોંગ્રેસથી એટલા પુરતીજ જુદી રહેશે કે એ શ્વેત પત્ર અને કોમી ચુકાદો બન્નેને રદ કરવાની સાફ માગણી કરશે, જ્યારે કોંગ્રેસના ઉમેદવારો શ્વેત પત્રને રદ કરવાની માગણી કરીને કોમી ચુકાદા પ્રત્યે ઉદાસીનતા સેવશે. ફકત મહાસભાવાદીઓજ આ પક્ષના સભાસદ બની શકશે.

**હરિજનો ઉપર કાળો કેર** : ભાવનગર રાજ્યના તળાજા મહાલના ગામડાઓમાં 'સાકરડી' નામની ઢોરોની ચેપી મરકીથી ઘણી ભેંસો મરી જવાથી ગામ લોકોએ આ રોગ હરિજનો પોતાની મેલી વિદ્યાથી ફેલાવે છે એવી મૂર્ખ માન્યતાને વશ થઇ હરિજનો ઉપર કાળો કેર વર્તાવ્યો છે. કેટલાયને મરણતોલ માર મારવામાં આવ્યો છે. એક ગામમાં તો મધરાતે લોકોએ લાઠીઓ વતી એક હરિજનના ઘર ઉપર હુમલો કરી તેનું ઘર તોડી નાંખ્યું છે. એક ઠેકાણે ઢોરને બાંધવાની સાંકળ વડે એક હરિજનને બાંધવામાં આવ્યો હતો. કેટલાય હરિજનો પોતાનાં ગામ મૂકી જીવ લઇ નાસી છુટયા છે. એકંદરે ૫૦ કરતાં વધુ હરિજનો ગંભીર રીતે ઘવાયા છે અને એકનું મૃત્યુ થયું છે.

**અબ્દુલરહેમાને ઉપવાસ છોડયા** : મુંબઇના જાણીતા મહાસભાવાદી શ્રી. અબ્દુલરહેમાન મીઠાએ મુંબઇ પ્રાન્તિક મહાસભા સમિતિના મંત્રીઓની સમજાવટથી પોતે શરૂ કરેલા ૧૧ દિવસના ઉપવાસ છોડયા છે.

**કરોડાધિપતિનું અપહરણ** : અમેરીકામાં મનુષ્ય અપહરણના બનાવો વારંવાર બને છે. હમણાં કેનેડાના એક કરોડાધિપતિ જોન લેબટને આવા બદમાસો ઉપાડી ગયા હતા અને દોઢ લાખ ડોલર લીધા પછી તેને છુટો કર્યો હતો.

**૧૭૦ માણસો તણાઇ ગયાં** : મુઝફરપુરથી હોડીમાં પટણા આવતા ૨૦૦ માણસોમાંથી હોડી ઉંધી વળી જવાથી ૧૭૦ માણસો તણાઇ ગયાં છે, જેમના શબનો પણ પત્તો લાગ્યો નથી.

**સ્રીએ જોડો માર્યો** : મથુરામાં એક યાત્રાળુ સ્ત્રીએ પોતાની મશ્કરી કરવા બદલ નીચ વર્ણના એક ગુંડાને પગમાંથી જોડો કાઢી માર્યો હતો અને પછી તેને પોલીસ સ્ટેશને ઘસડી જઇ તેણીએ તેના સામે ફરીયાદ નોંધાવી હતી.

**હીટલરને સર્વ સત્તા** : જર્મનીના પ્રેસીડેન્ટ વૉન હીન્ડનબર્ગનું મૃત્યુ થયા પછી ચેન્સેલર હીટલરે પ્રેસીડેન્ટ અને ચેન્સેલરના હોદ્દાઓને જોડી દેવાનો ઠરાવ કરી પોતાને મત આપવાની જર્મન પ્રજા પાસે માગણી કરી હતી. તે મુજબ ૯૦ ટકા જર્મન મતદારોએ હીટલરને સર્વ સત્તા સોંપવાની 'હા' કહી છે.

**૭૮ ફીટ લાંબી અરજી** : પશ્ચિમ ઑસ્ટ્રેલીઆએ ઑસ્ટ્રેલીઅન ફેડરેશનથી પોતાને મુકત કરવા એક ૭૮ ફીટ લાંબી અને ૧૩ ઇન્ચ પહોળી હસ્તલેખિત અરજી ના. શહેનશાહને કરવાનો નિશ્ચય કર્યો છે.

**અમેરીકાની અવદશા** : અમેરીકામાં દુષ્કાળને લઇને અનાજના ભાવ વધતા જાય છે. ખોરાકીની ચીજોના ભાવ જો હવે વધારે વધે તો ભયંકર આર્થિક બેહાલી, ભૂખમરો અને પરિણામે બળવો થવાનો ભય ઉભો થયો છે. આથી પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટ અત્યારે પોતાનું બધું ધ્યાન અનાજના મુલ્યમાં વેપારીઓ નફો ન ખાય એ તરફ દોડાવી રહ્યા છે. આ માટે તુરતમાંજ એક કાયદો કરવામાં આવશે તેમ જણાય છે.

**દેવદાસી સામે મનાઇ** : મુંબઇની ધારાસભાએ એવો ખરડો પસાર કર્યો છે કે કેટલાક હિન્દુઓમાં સ્ત્રીઓને દેવદાસી તરીકે મંદીરોમાં અર્પણ કરી દે છે તે રીવાજ અટકાવવો અને દેવદાસીની પ્રથાને ગેરકાયદેસર ઠરાવવી.

# ના. આગાખાન અને રાજ્ય

સૌથી પહેલાં દીલ્હીના "રીયાસત" પત્રે એવી વાત પ્રગટ કરી કે ના. આગાખાને પોતે બ્રીટીશ સામ્રાજ્યની બજાવેલી સેવાના બદલા તરીકે હિન્દી વઝીર અને હિન્દી સરકાર પાસે એક રાજ્યની માગણી કરી છે, પણ સરકાર આવો કોઇ મુલક તેમને આપવાનો ઇરાદો રાખતી નથી. તે પછી હિન્દની વડી ધારાસભામાં એ મતલબનો પ્રશ્ન પુછવામાં આવ્યો કે ના. આગાખાને કોઇ મુલકની માગણી કરી છે કે નહિ; પણ ગૃહમંત્રીએ આ પ્રશ્નનો એટલોજ ઉત્તર આપ્યો કે ના. આગાખાને સરકારને એક પત્ર લખ્યો છે એ વાત સાચી છે, પણ તે પત્રની મતલબ સરકાર બહાર પાડવા માગતી નથી. આ ચર્ચા પછી ના. આગાખાને જરૂર કોઇ રાજ્યની માગણી કરી હોવી જોઇએ એવાં અનુમાનો થતાં રહ્યાં. એવી હકીકત પણ બહાર આવી કે ના. આગાખાને સરકાર પાસે સિંધ અથવા સરહદ પ્રાંતની માંગણી કરી છે. છેલ્લે છેલ્લે લંડનના "ડેઈલી મેલ" પત્રને તેનો પારીસનો ખબરપત્રી એમ જણાવે છે કે, 'હિન્દમાં ના. આગાખાનને એક રાજ્ય આપવાની વાત ઠીક ઠીક આગળ વધી રહી છે, અને બાતમી ધરાવનારાં વર્તુલોમાં એમ સૂચવાય છે કે ના. આગાખાનને કાશ્મીરનું રાજ આપવામાં આવે અને ત્યાંના દેશી રાજવી સર હરીસિંહ માટે વળી બીજો કોઇ મુલક ગોતી કાઢવો."

"જીવનનો સ્વભાવ સતત પરિવર્તન અથવા વિકાસનો છે. બુદ્ધિની કે જીવનની જડતાને લીધે જ્યારે એ વિકાસ અટકે છે અથવા બાહ્ય મર્યાદા સ્વાભાવિક વિકાસને નિરોધક નિવડે છે. ત્યારે જે એકાએક ઉત્પાત જેવું પરિવર્તન થાય છે તેને ક્રાન્તિ કહે છે. લાંબા વખત સુધી ગુલામીની દશામાં રહેલી પ્રજા જ્યારે વીફરે છે ત્યારે પોતાનો નાશ વ્હોરી લઇને પણ સામા પક્ષનો નાશ કરવા પ્રવૃત્ત થાય છે. એ ક્રાન્તિનું સામાન્ય ઉદાહરણ થયું. ઇંડામાં બચ્ચું તૈયાર થાય નહિ ત્યાં સુધી એનું કવચ એને પોષક છે. જે ક્ષણે કવચ વિકાસને બાધક નિવડે છે તે ક્ષણે કવચ તોડીને બચ્ચું બહાર આવે છે. બાળક ઉપર માબાપનો જે કાબુ હોય છે તે તેઓ બાળકના વિકાસ સાથે ઢીલો ન કરે, તો બાળકો પણ માતાપિતાની જોહૂકમી ફગાવી દે છે અને કૌટુંબિક જીવનમાં ક્રાન્તિ કરે છે. આપણી ચામડી અને ઝાડની છાલ શરીરના વિકાસ સાથે માર્ગ આપે છે તેથી તેનો નાશ નથી થતો.'

—દ. બા. કાલેલકર


—: જોઈએ છે :—

ખ પ

બ ત્રી

ર ઓ


# વેપાર સમાચાર

(તા. ૨૪–૮–૩૪.)

**ઉન :** ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ૧૧૩ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૧૮–૯–૩૪નો છે. તેમાં ગાંસડી ૧૯૫૦૦ મુકાવાની ધારણા છે. સ્થાનિક બજારમાં શુદ્ધ જોડીયાના સોદા રૂા. ૧૪) લેખે થયા છે.

**રૂત :** ભરૂચ ૨૨૬॥ **બકરાના વાળ:** ૩)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧॥= ૧॥≡ ઘઉં | ૨॥= ૨॥≡ તલ |
| ૧॥≡ ૧॥ બાજરો | ૧॥ મેથી નવી |
| ૧। ૧।≡ જુવાર | ૧॥–॥ એરંડા એરંડી |
| ૧।= ચણા દેશી | ૧)= ૧।= મગ દેશી |
| ૦॥= ૧) કમોદ જાડી | ૧।≡ ૧॥= અડદ |
| ૧।= ૧॥ કમોદ જીણી | ૨।– રાઈ |
| ૧૦॥ મગફળી જીણી | ૨।= શીંગદાણા હાથફોલ |
| ૧)≡॥ મગફળી જાડી | |

**ઘી :** ૨૬॥ ૨૭) મુંબઇ પરખ, ૨૨) ૨૨॥ તાજો રસ

**તેલ :** ૫।= તલનું, ૩।– શીંગનું.

**પરચુરણ :** ૩) ૪॥ ગોળ દેશી.

૬)= ૬)≡ કપાશીયા કરાંચી

૪। ખાંડ રાજકોટ શહેર, ૨॥= સદર. ૮) ૮॥ સોપારી જુની. ૧૧) ગદબનું બી. ૯।=। વેસણ જીણો. ૮।૦। વેસણ જાડો. ૮॥ કરાંચી ઘઉંનો લોટ.

( ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે. )


## ભણ્યા હો તો વાંચજો.

જુલ્મગારોના જુલ્મ ઉઘાડા પાડતું,
સ્વાધીનતા માટે જાન માલ કુરબાન કરતું,

## —: ખોજા જાગૃતિ :—

જ્વલંત ભાષામાં ઉપયોગી અને રસમય
વાંચનનાં ૪૦૦ પાનાં તમને ઘર બેઠાં
માત્ર બે રૂપીયામાં પહોંચાડે છે.

ભણ્યા હો તો વાંચજો. આ અંકથીજ ગ્રાહક બનજો.

વ્યવસ્થાપક,
" ખોજા જાગૃતિ "

કચ્છનો પત્ર

# "કાયદાઓની કબર થવાનીજ"

## છાપેલી કાયદા બુકો વિરોધને કારણે દાબી દેવાય છે

તમને છેલ્લા સમાચારો આપ્યા પછી પણ કચ્છમાં કાયદાઓના વિરૂધ્ધમાં મામલો વિફરતો જાય છે. કચ્છમાં કાયદાઓની કોઇને નથી પડી, શિવાય બળદીઆ જેવી ૧૨ ઘરની જમાતનાં ભાઇ રાશીદ કાનજી અને ભાઇ કરમાલી મેરાલી કાયદાઓની તરફેણમાં ઉંચા નીચા થઇ રહ્યા છે. પણ નગારખાનામાં તુતીનો અવાજ કોણ સાંભળે!

ઉપરના બે ભાઇઓમાંથી ભાઇ રાશીદ કાનજીને જરાએ શ્રદ્ધા નથી, પણ સત્તાનો શોખ છે; ત્યારે ભાઇ કરમાલીને અપાર શ્રદ્ધા છે, બલ્કે શ્રદ્ધાનું ઝનુન ચડયું છે, તેથીજ તેણે અમદાવાદથી પ્રગટ થતા "વતન" પત્રમાં 'જાગૃતિ'ના અધિપતિ માટે ગંદી ભાષામાં જાહેરખબર રૂપે એક લાંબો લેખ છપાવ્યો છે. એ જાહેરખબર વાંચતાજ લોકોને ભાઇ કરમાલીના એ લખાણ પ્રત્યે જબરદસ્ત ક્રોધ વ્યાપ્યો છે, એક જાતની નફરત પેદા થઇ ગઈ છે. આમ ભાઇ કરમાલીને હાથેજ કાયદાઓને કાતીલ કટાર ભોંકાણી છે. માઠું થાય તે સારા કાજે.

કાયદાના પ્રચારકોને કડવા અનુભવ થયા કરે છે. જ્યાં જ્યાં તેઓ જાય છે ત્યાં તેમનું કોઇ સાંભળતું નથી; બલ્કે લોકો તેમને વ્હેમની નજરથી જુએ છે. થોડા દિવસો પર કાયદાની તરફદારી કરતા એક જાણીતા ભાઇ નાગલપુરની જમાત પાસે કાયદાના પ્રચાર માટે ગયા હતા. એક ભાઇને ઘરે વણનોતર્યા પરોણાની જેમ જઇ બેઠા અને ન્હાવા માટે ગરમ પાણી માગ્યું. યજમાને કહ્યું, "પેલું સામે તળાવ દેખાય છે ને? જુવો, ત્યાં સેંકડો જણ ન્હાય છે તેમ તમે પણ ન્હાઇ લ્યો." કચ્છ અતિથિ-પ્રિય છે. આંગણે આવેલ મ્હેમાનને ગરમ પાણી તો શું પણ ઉત્તમ ભોજન પીરસીને સંતોષ આપી શકે; પણ લોકોને કાયદાઓ પ્રત્યે એટલી નફરત છે કે તેના પ્રચારકને તેઓ સાંખી શકતા નથી.

કચ્છમાં આવનાર મીશનરીઓમાંથી કોઇ ભાગ્યેજ કેરા આવી શકે છે. કેરાવાસી ભાઇઓનું માનસ મૂળથીજ મીશનરીઓની વિરૂદ્ધ છે. મીશનરીઓની લીલાનું માપ કેરાએ પહેલેથીજ કાઢી લીધું છે. ભૂલે ચુકે એક મીશનરી આવી ગયો હતો. તેણે જમાતખાનામાં વાએઝની શરૂઆત કરતાં ના. આગાખાનની સરખામણી ખુદા અને રસુલીલ્લાહ અને હઝરત અલીથી કરી. તેટલામાં શ્રોતાઓમાંથી અવાજ આવ્યો, "બેસી જાવ. અમને ગુમરાહ ન બનાવો." બસ, તે દિવસથી કેરામાં કોઇ મીશનરી પગ મૂકવાતની હિંમત કરતો નથી.

આખા કચ્છની ઇસ્માઇલી વસ્તીનો ત્રીજો ભાગ મુદ્રામાં, જ્યાં ૩૫૦ ઘર છે. એ મુંદ્રા તો નવા કાયદાઓની વિરૂદ્ધ છે. કેરાના ૭૫ ઘર પણ વિરૂદ્ધ, અને છુટા છુટા નાનકડા ગામો પણ એજ સૂર સંભળાવી રહ્યા છે. ત્યારે કાયદાઓની કબર થવાનીજ.

કચ્છમાં કાયદા વિરૂદ્ધ એટલો ઉહાપોહ થઇ રહ્યો છે કે કાયદા કચ્છમાં નહિ ચાલે એવી ખાત્રી કાયદાઓની તરફદારી કરનારાઓને પણ થવા લાગી છે. કાયદા બુકો છપાઇને આવી ગઇ છે, પણ એ બુકો જમાતો પર મોકલાવવાની જનરલ કમીટીના સેક્રેટરીની હિંમત ચાલતી નથી.

પંજાબના હત્યાકાંડે જેમ હિન્દને જાગૃત કર્યો તેમ કાયદાઓએ ઇસ્માઇલી કચ્છને જાગૃત કરીને એક કર્યો છે. એ માટે કાયદા ઘડનારાઓનો આભાર માનીએ.

**મહમદ હાશમ ચમન.**

### એક પત્ર

મહેરબાન અધિપતિ,
"ખોજા જાગૃતિ"

જત સવિનય લખવાનું જે તા. ૨૯ જુલાઇના "ઇસ્માઇલી"ના અંકમાં 'જાગૃતિ'ના ખબરપત્રી સાથે વાતચીત એ મથાળા હેઠે કરમાલીભાઇ મેરાલીએ એક લેખ લખ્યો છે. તેમાં કચ્છે કાયદા માંગ્યા હતા એ માટે કેરાના નવ જણાની સહી સાથેનો કરમાલીએ લેખ આપ્યો છે. એ નવ જણની સહીઓમાં મારૂં નામ પણ આપ્યું છે.

મજકુર લેખમાં જણાવ્યા મુજબ મેં કયાંએ પણ સહી કરી નથી. આટલો ખુલાસો મારા તરફથી પ્રગટ કરવાની કૃપા કરશોજી.

કેરા,
તા. ૧૯-૮-૩૪

**શીવજી પીરેદીનાની સહી**
દ. પોતાના

× × × કચ્છે કાયદા માંગ્યા હતા અને તેમાં કેરાની જમાતની પણ સામેલગીરી હતી એવી હકીકત "ઇસ્માઇલી"માં પ્રગટ થયા પછી એ હકીકતની સત્યતા સામે પુષ્કળ પુરાવાંઓ મળતા રહે છે. કાયદા માંગનારા તરીકે જે ૯ ભાઈઓનાં નામ તેમાં આપવામાં આવ્યાં છે તેમાંના એક ભાઇ રાશીદ અબ્દલાનો વિરોધ 'જાગૃતિ'ના ૧૫મા અંકમાં, અને એમાંના અમુક ભાઇઓ દસ વરસ પહેલાં ગુજરી ગયાના ભાઇ મહમદ હાશમ ચમન તરફના સમાચાર 'જાગૃતિ'ના ૧૬મા અંકમાં પ્રગટ થયા પછી એક વધુ ભાઇ શ્રી. શીવજી પીરેદીના (પીરાણી)નો ખુલાસો ઉપર પ્રગટ થાય છે. આમ જે ભાઇઓનાં નામ આગળ ધરવામાં આવ્યાં છે એજ ભાઇઓ આજે સાફ સાફ શબ્દોમાં એવી કોઈ માંગણી કર્યાનો ઇન્કાર કરે છે. કાયદાની તરફેણના પ્રચાર કાર્યમાં સત્યની સરહદ ઓળંગી "ઇસ્માઇલી" જુઠાણાના પ્રદેશમાં પ્રવેશ કરે છે. પણ જુઠાણાંઓ ફેલાવવાથી કાંઈ સાચી વસ્તુસ્થિતિ થોડી બદલી જવાની હતી! કેરાના ભાઇઓ કોમના પ્રાથમિક અધિકારો છુંદી નાંખનારા કાયદાની પ્રથમથીજ માગણી ન કરવા બદલ અને તે પછી પોતાના નામના દૂરૂપયોગ સામે મજબુત જાહેર વિરોધ ઉઠાવવાની હિંમત બદલ જરૂર ધન્યવાદને પાત્ર છે.

**સસ્તું અને સારૂં વાંચન**
વાંચવું હોય તો બે રૂપીઆ
મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

આ અઠવાડિક રૂપજી નજરઅલી પ્રેમાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

કચ્છનું કર્તવ્ય

Regd. No. B. 3114

પુસ્તક: ૨ ]

તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી

[ અંક: ૧૯

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦ : છુટક નકલ ૦-૦-૯

સપ્ટેમ્બર ૧૧ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના ભાદરવા શુદ ૨ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

# યુગ-પલટો

યુગ-પલટો આ ભારી
રે! પલટે અવનિ સારી!

મૂગું હળ ખેડુતનું બોલે,
એરણ જાગી આંખો ચોળે,
પીડિત ધરણી અન્તર ખોલે-

પ્રગટે નવી ચિનગારી!
રે! પલટે અવનિ સારી!

જાગો દીન દલિત સહુ જાગો,
કાળ કરાળ સુતેલા જાગો,
જૂના સર્વે ચીલા ત્યાગો-

ક્રાન્તિ રહી પોકારી!
રે! પલટે અવનિ સારી!

દેહ વેચતી અબળા જાગે,
હાટે હાટે ભીખારી જાગે,
જંજીર જકડયા બન્દી જાગે,

જાગે નભ નવ-લાલી!
રે! પલટે અવનિ સારી!

આવો જગના પીડિત આવો,
રંક અનાથ અપંગો આવો,
વિજય-નિનાદે વિશ્વ ગજાવો,

ધરતી હવે તમારી!
રે! પલટે અવનિ સારી!

તૂટે નિર્લજ્જ મહેલ મિનારા,
ઊઠે ગાજી વિજય—કિનારા,
શ્રમજીવી બન્ધુ ઓ મારા!-

ગાજે તવ જય—તાલી!
રે! પલટે અવનિ સારી!

—સ્નેહરશ્મિ
("પ્રસ્થાન"માંથી)

# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૧-૯-૩૪.

## કચ્છનું કર્તવ્ય

**ના.** આગાખાને જે કાયદા દુઆ આશીષ સાથે મંજુર રાખ્યા એ કાયદા કે દુઆ આશીષ કચ્છને નામંજુર છે, અને કાઠિયાવાડે તો શું પણ મુંબઇના મહાશયોએ પણ કદી આશા નહિ રાખી હોય એવા સ્વરૂપમાં કચ્છીઓનો કાયદાનો વિરોધ દરરોજ પ્રબળ બનતો જાય છે. ખોજા આલમ આજે કચ્છ તરફ મીટ માંડીને ઉભી છે. કચ્છીઓને ભરમાવવા બનાવટી બેઠકોના જુઠા અહેવાલો ખોટી સહીઓ સાથે પ્રગટ થાય છે, અને કચ્છીઓ એ યુકિત-પ્રયુકિતઓને તેના નગ્ન સ્વરૂપમાં ખડી કરી તોડી નાખે છે. જેનું ચોકખું ધ્યેય કોઇ પણ લોગે નિર્લેપ કોમસેવા કરવાનું છે અને જેનું નિશાન કોમને ગુલામીના બંધનોમાંથી મુકતી અપાવવાનું છે એ પત્રમાં સત્યં ઉપર પ્રકાશ ફેંકનારને કોમી કહેવરાવવા છતાં કોમના હિતમાં પૂળો મૂકી ના. આગાખાનનીજ સદા તરફદારી કરતું વાજીંત્ર નિરોશ્રીઓના હાથમાં રમી જનારા કહે છે અને એટલીજ ચોખવટથી એને જવાબ મળે છે કે, “ના, એવું કાંઇ નથી.” ફેબ્રુઆરીમાં ના. આગાખાને મંજુર કરેલા આ કાયદાનો અમલ આજે એ વાત ઉપર સાત સાત મહીના વીતી જવા છતાં કચ્છમાં થતો નથી, થઇ શકતો નથી. આજદિન સુધીનું કચ્છીઓનું વલણ મર્દને છાજે તેવું છે, અને જો એ અણનમ રહે તો કોની તાકાત છે કે કચ્છીઓ ઉપર તેમની ઇચ્છા વિરૂધ્ધ કાયદા લાદી શકે?

કચ્છીઓ પોતાના વિરોધમાં મકકમ બનતા જાય છે તેમ તેમ પ્રસંગ પુરતો તેમને વિજય મળતો જાય છે. પ્રથમ નિગાર ખાતે કાયદાની જાહેરાત થઇ ત્યારથીજ કાયદા સામે વિરોધ ઉઠયો, અને કચ્છે કાયદા સ્વીકારવાની ના કહી. કચ્છની આ ‘ના’ ને ‘હા’માં ફેરવવા નિગાર ખાતે જનરલ કમીટીની બેઠક મળી, પણ કચ્છીઓના વિરોધને કારણે એ વાત આસો માસમાં ભારાપુરમાં ભરાનારા મેળા ઉપર મુલતવી રાખવી પડી. આ કચ્છીઓનો પહેલો વિજય. ત્યાર પછી આજના અંકમાં અન્યત્ર પ્રગટ થતા સમાચારમાં કેરાવાસી ભાઇ ચમન નવા કાયદાઓની ઇશ્નાઅશરીઓનો બહિષ્કાર કરનારી કલમ કાઢી નાખવામાં આવશે તેમ જણાવે છે. કચ્છીઓના વિરોધને કારણે ના. આગાખાને દુઆ આશીષ સાથે મંજુર કરેલા કાયદામાં ફેરફાર કરવાની હદ સુધી આગાખાની સત્તાધીશોને વિચારવું પડે એ કચ્છીઓનો બીજો વિજય ગણાવો જોઇએ.

પણ આ પછી કચ્છીઓને માથે એક બીજો ભય ઉભો થાય છે. કચ્છનું અત્યારનું વાતાવરણ જોતાં જો ઉપર કહી ઇશ્નાઅશરીઓના બહિષ્કારની કલમ કાયદામાંથી કાઢી નાખવામાં આવે તો એ બનવાજોગ છે. પણ એ એક કલમ કાઢી નાખવી પડે એ કચ્છીઓનો વિજય હોવા છતાં તેનો સત્તાધીશો જુદીજ રીતે ઉપયોગ કરે અને એ રીતે કચ્છીઓને થાબડી, તેઓના વિરોધને શાન્ત બનાવી બાકીના કાયદા કચ્છીઓ ઉપર ધરબી દેવાનો પ્રયત્ન કરે તો એ સાવ સંભવિત છે. આ ભય સાચો ન પડે એ માટે કચ્છીઓએ સદાજાગૃત રહેવું જોઇએ. કચ્છીઓનો કાયદાનો વિરોધ અત્યારે દ્વીગુણિત છે. સૌથી મહત્વનો મુદ્દો અત્યારે એમાં એ છે કે કચ્છે પાળવાના કાયદા કચ્છજ ઘડી શકે. ના. આગાખાન કે બીજા કોઇને એ કાયદા ઘડવાનો અંશ માત્ર અધિકાર નથી. આમ છતાં એ કાયદા ના. આગાખાને ઘડયા છે અને તેથી કચ્છીઓનું અપમાન કરવા ઉપરાંત તેમના જન્મસિધ્ધ અધિકારોને કચડી નાખવામાં આવ્યા છે. અને આજ હકીકત એ કાયદાનો અમલ કરવા નિમાયેલી કમીટી સંબંધમાં છે. અને ત્યાર પછી વિરોધનો બીજો મુદ્દો એ છે કે એ કાયદા ભાઇ ભાઇ વચ્ચે ભેદ પડાવનારા અને કોમ ઉપર આકરા ફરજીઆત લાગાઓ ઠોકી બેસાડનારા છે. ઇશ્નાઅશરીઓ સાથેના બહિષ્કારની કલમ કાયદામાંથી કાઢી નાખવામાં આવે તો પણ ના. આગાખાને રચેલા કાયદા અને ના. આગાખાને નિમેલી કમીટી કચ્છને કદી પણ સ્વીકાર્ય ન હોઇ શકે. આજે કાયદા ખરાબ છે એટલે બેવડા બળથી તેનો વિરોધ કરવામાં આવે છે; પણ ધારો કે કાયદા સારા હોત પણ તે ના. આગાખાને રચેલા હોત તો શું? તો પણ એ એટલાજ મજબુત વિરોધને પાત્ર હોત. જે અધિકાર કોમનો પોતાનો છે તે બીજા કોઇને ભોગવવા દઇ શકાય નહિ. આજે કાયદા ખરાબ છે અને ના. આગાખાન તે સારા કરે; પણ આવતી કાલે એ સારા કાયદા પાછા ખરાબ નહિ કરવામાં આવે તેની શું ખાત્રી? અથવા તો તેમને ઠીક લાગે ત્યારે કાયદામાં મરજી મુજબ ફેરફાર કરવાની લટકતી તલવાર શા માટે તેમના હાથમાં રહેવા દેવી? કોમના જન્મસિધ્ધ અધિકારોનું સદા રક્ષણ થઇ રહે એ માટે એની વ્યવસ્થાજ એવી કરવી જોઇએ કે તેમાં આવી લટકતી તલવારને માટે કાંઇજ સ્થાન ન રહે. કચ્છીઓએ આ મહત્વનો મુદ્દો બરાબર સમજી લેવો જોઇએ, અને ના. આગાખાને રચેલા કોઇ પણ કાયદા સારા કે નરસા સ્વીકારવા તરફ લલચાઇ જવાથી બચવું જોઇએ.

આ સંબંધમાં ભાઇ ચમનની સૂચના મુજબ જો કચ્છની જમાતો એકત્ર થઇ પોતાને મનગમતા કાયદાઓ ઘડી કાઢે તો એ ઘણુંજ આવકારદાયક પગલું લેખાશે.

# એ હાસ્યની પાછળ—

લેખક : "ભગત"

'જે સમે પતિ પ્રેમથી શિશુને રમાડે
તે સમે મનની મલિન વ્યભિચારિણી ગૃહિણી હસે છે.'
( એક કવિયોક્તિ )

રાજમાર્ગ પર જમા-થયેલાં દર્શનઘેલાં મનવીઓની એ હારને ભેદીને એક પ્રથમ કોટીની મોટર કાર એ વસ્ત્રનગરની મધ્યમાં ઉભા કરેલા સભા–મંડપના સિંહ–દ્વારમાં પ્રવેશ કરે છે, ને માંહેથી બેન્ડની સલામી ઝીલતા બહાર પડી એ નામદાર વસ્ત્રાચ્છાદિત માર્ગ પર થઇને ખાસ તૈયાર કરેલા ઉચ્ચાસન પ્રતિ ગમન કરે છે. અને તેના પર ચડી, આસન લેતાં પહેલાં, એક વખત ચારે બાજુ નિહાળે છે. એ સભા–ગૃહના ચારે સિમાડાને ભેદતો સમૂહ કુતુહલ ભરી નજરે એ પરલોકના તારણહારને અનિમેષ નિરખી રહેલો ભાળી, 'મારામાં એવું કયું નિરાળું તત્વ છે કે આ બધાં મારી પાછળ આમ ગાંડાઇ આચરી રહ્યાં છે? આ બેવકુફી કયાં સુધી?' એ વિચારે એ નામદારનું મૂંછ વગરનું મ્હોં ગાલમાં હસે છે. ને આપણે તેને તાલીઓના ગડગડાટથી વધાવી લઇએ છીએ.

× × × ×

દશ વર્ષ પહેલાં પોતે આવેલા તે વખતથીએ સવિશેષ હાજરી જોઇ, પોતાના પાખંડ તંત્રની સંગીનતાને વિષે મનમાં મગરૂર થઇ, આપણી બુધ્ધિહિનતાએ કરીને એ લોખંડી ચોગઠું આપણાથીજ મજબુત બનીને નભી રહ્યું છે એ વિચારે એ નામદારનું વદન પુનઃ પુલકિત થાય છે. અને આપણે તે માયાવી સ્મિત નિરખી આપણી જાતને કૃતકૃત્ય થઇ માનીએ છીએ.

× × × ×

તે તારણહારનું નિસ્પૃહિ લાગતું ગૌરવાન્વિત મુખ—જેના દર્શનનું આપણે અનિમેષ પાન કરી રહ્યા હોઇએ છીએ—જરા ગ્રિવાથી ઉંચું થઇ, આપણા સ્ત્રી સમુદાય તરફ ફરે છે. એ સમુદાયમાં દશથી એંશી સુધીની સર્વ વયના આપણી કોમના નારી–જગતનો જમેલો થયો હોય છે, અને તે સર્વની ભક્તિભીની આંખો એ નામદારના દર્શનામૃતનું પાન કરી કરી તૃપ્તિ અનુભવી રહી હોય છે જાણે. ત્યાં તો એ સઘળાં ચક્ષુઓની આતુરતાનું મધ્ય બિંદુ તેમના પોતાના તરફ ફરેલું ભાળી એ સર્વ મુખ 'મારા માબાપ,' 'મારો બાપલીઓ,' 'એ સુલતાન ધણી' એમ કહેવા મંડી જાય છે. અને તે ગણગણાટ સાંભળી

'શ્રીમંતો, સ્ત્રીઓ ને પાપીઓના બનેલા,
ઉભા જો અમારા અડગ કોટ–કિલ્લા;
વૃથા છે સુધારા તણા સર્વ હલ્લા.'

મનમાં બોલાયેલી એ શ્રી. મેઘાણીની કડીના અભિમાને ઉપજાવેલો હૃદયનો આનંદ એ શ્રીમાનના મુખ પર દેખા દે છે. અને તે જોઇ આપણે એ બાપલીઆની એ નિઃસીમ કૃપાના ગુણગાન કરવા મંડી જઇએ છીએ.

× × × ×

અત્યાર સુધીમાં આપણો એક ગૃહ–રિપુ ઉભો થઇ આમ શરૂ કરે છે: "અલામેરીઆ! ધણી સલામત દાતાર ફરમાવે છે." કહી ખોંખારો ખાય છે. પ્રલાપ આગળ વધે છે. "ધણી સલામત દાતાર ફરમાવે છે, અલામેરીઆ! કે અવ્વલ તો હું તમો સઘળાંને આંહી મારી હજુરમાં આવેલાં જોઇ ઘણો ખુશી થયો છું અને તમો સઘળાં મારાં રૂહાની બચ્ચાંઓને અંતરની દુઆ આશીષ ફરમાવું છું. ખાનાવાદન! ધણી સલામત દાતાર ફરમાવે છે, અલામેરીઆ! કે મારા હવાલામાં સઘળું છે, નથી એવું કશું નથી. જેમ હું સઘળું, ગુરૂ, પીર, ઇમામ, અલ્લાહ છું એમ હું નથી એવું કશું નથી. તમે સર્વ મારા નૂરમાંથી પેદા થયેલા છો; આપણો સંબંધ ન તુટે એવો છે. તમે સર્વ આખર તો મારા નૂરમાં નૂર મળી જવાના છો. પણ આ દુનિયાની સર્વથી પાપરૂપ વસ્તુ જે પૈસો તે તમારા આગળ જરા તરાએ હોય એ તમને મારા નૂરમાં મળી જવામાં મોટામાં મોટો અંતરાય છે. એ તમારી પાસે હશે ત્યાંસુધી તમે એ અલભ્ય લાભ કોઇ કાળે પણ મેળવી શકવાના નથી. માટે તે પાપપુંજ મને અર્પણ કરી દયો ને મનવાંચ્છિત મેળવો. એ મારૂં કાંઇ પણ અનિષ્ટ કરી શકે એમ નથી, જેમ હરે હળાહળ પીધું એમ. અલામેરીઆ! સાહેબે મહેરબાની ફરમાવી છે કે તેવણ નામદારના આપણા પરના અતિ પ્યારને લીધે તેઓ સાહેબ આજે......વાગે મુમૂક્ષુઓને 'નાટું કામ' કરાવશે. તો તે માટેની ચીઠીઓ તે દરમ્યાન જામદારખાનેથી કઢાવી લેવી."

કલાકેકના આ પ્રલાપ દરમ્યાન અનેક વખત એ નામદારને ખડખડાટ હસવાનું મન થાય છે, પણ તેમના મોભાને એ છાજતું નથી એટલે નીચું જોઇ મનમાં મરકયા કરે છે. અને આપણે એ કૃપાસિંધુ બહુજ ખુશીમાં હોવાનું માની કિલકિલાટ કરી રહીએ છીએ.

× × × ×

ઉપરોક્ત છદ્મ વેષ ભજવાતો હોય છે, દરમ્યાન વચ્ચે વચ્ચે 'ખામોશ' શબ્દ સંભળાય છે. અને એ નામદારને કોમ સેવાના ભ્રમ નીચે પોતાની (નામદારની) શાન્તિમાં ક્ષતિ ન થવા દેવાની પાકી તકેદારી રાખી પોતાની જાતને ધન્ય માનતા એ 'સ્વયંસેવક દળ'ના અસ્તિત્વની યાદ આવે છે. આપણા અજ્ઞાન અને સ્વજાતિ–દ્રોહ કરવામાં પાછું વાળીને ન જોવાની આપણી નીતિ ઉપર એ નામદાર ફરી ફરીને મુદિત થાય છે અને આપણે એ સ્મિતના વારંવાર વખાણ કરીએ છીએ.

× × × ×

અને એમાંથી સ્મરણ થાય છે એ નામદારને પોતાનાજ જ્ઞાતિ રૂપી દેહવૃક્ષનું સ્વહસ્તે છેદન કરી રહેલા એ કર્મચારિ મંડળનું. તેમના દુષ્કૃત્યો એ નામદારની માનવતાને ઘડીભર જગવી રહે છે, અને એ નામદાર સ્હેજ કંટાળેલા દેખાય છે. મુખ પર સ્વેદ આવી રહે છે. ઉપર ચાલી રહેલો પંખો એમની અશાન્તિ ઓછી કરવા અસમર્થ નિવડે છે; પાસે ઉભેલો પરિચારક થોડું પાણી આપે છે. જરા શાન્તિ થાય છે ને એ નામદાર પાછા સ્વાર્થવિવશ થઇ જાય છે. 'એ બીચારા મારાજ સુખને માટે આ સઘળાં અપકૃત્યો આચરી રહ્યા છે.' એ વિચારે મુખ કમળ પાછું પ્રસન્નતા ધારણ કરે છે. ને આપણે તંબુમાં બાંધેલી ઝોળીમાં મૂકી આવેલા આપણાં રડતાં બાળકોની પણ ચિન્તા વિસરી જઇએ છીએ.

# હ સ ન બી ન સ બ્બા હ—

## એ ઐતિહાસિક ખૂની

વરસો સુધી જેનો ફોટો "ઇસ્માઇલી"ના મુખપૃષ્ટ ઉપર ખંજર સહીત મુકવામાં આવતો હતો અને જેને મહાન વિજેતા અને શીદાઇ તરીકે ઇસ્માઇલી ધર્મના ઉપદેશકો તરફથી ઓળખાવવામાં આવે છે તે હસન બીન સબ્બાહ કેવો મોટો ઐતિહાસિક ખૂની અને જગપ્રસિદ્ધ હરામખોર હતો તેની ઓળખાણ અમે આપવાનું શરૂ કર્યું છે, તેનો નવમો હપ્તો અમે આ નીચે આપીએ છીએ.

**લં**ડનથી પ્રગટ થતા **"ધી ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ"** નામક પત્રના પુ. ૧૮૩, અં. ૪૯૨૫, તા. ૯ સપ્ટેમ્બર ૧૯૩૩, પાના ૩૮૨–૩૮૩ ઉપર "જેણે જગતને '**એ**સેસીન' (હત્યારો) શબ્દ આપ્યો તે **હ**શીશીન નામક જાતિની ભૂમિમાં" એ મથાળા હેઠળ **મીસ ફ્રીયા સ્ટાર્કના** નામથી એક લેખ પ્રગટ થયો છે, જે આ નીચે આપવામાં આવે છે:—

"આ મોટા આંતરરાષ્ટ્રીય વ્યાપાર માર્ગો માંહેના એક ઉપર આવેલા કાં તો **નિ**શાપુરમાં કે જ્યાં એણે કેળવણી લીધી હતી અથવા તો **કૈ**રોમાં કે જ્યાં એણે પોતાની જુવાનીનાં કેટલાંક વરસો ગાળ્યાં હતાં ત્યાં, એમ માનવામાં આવે છે કે **હ**સન–ઇ–**સ**બાહ નામક એક જુવાન **ઇ**રાની, હશીશ કે જે દવા એ વખતે પશ્ચિમમાં અજાણી હતી તેનો ઉપયોગ કરતાં પ્રથમ શીખ્યો. તેણે પોતાના '**એ**સેસીન' અથવા **હ**શીશીન પંથની સ્થાપના અર્થે તેનો ઉપયોગ કર્યો, કે જેઓનું નામ વર્તમાનકાળના વપરાશમાં ત્રાસ અને ધિક્કારનો પડઘો પાડે છે કે જે ત્રાસ અને ધિક્કાર તેઓએ તેમના વખતમાં એક માત્ર **ઇ**સ્લામી જગતમાંજ નહિ પણ ક્રુઝેડ આલમમાં પણ ઉત્પન્ન કર્યો હતો.

આ અસામાન્ય પંથની સ્થાપના સામાન્ય રીતે અંગત વૈરના ઉદ્દેશોથી થયેલી કહેવાય છે; તેમ છતાં એ બનવાજોગ છે કે એ પંથની મજબુતી રાષ્ટ્રીયતાની લાગણીથી થઇ હોય—**મોં**ગોલીઅન **સે**લ્જુક રાજાઓ કે જેઓ એ વખતે **ઇ**રાન, **એ**શીઆ **માઇ**નોર અને **ઇ**રાક ઉપર રાજ્ય કરતા હતા અને જેઓએ **ઇ**જીપ્ત અને **સી**રીઆના ખલીફોને લડી લડીને છેવટે પરાસ્ત કીધા, તેમની સામે સ્થાનિક **ઇ**રાનના વાંધા તરીકે. '**એ**સેસીન' પ્રદેશનું કેન્દ્ર, અને તેઓના **અલ**મોત અને **લે**મ્એસરના મજબુત કિલ્લાઓ, ગમે તેમ પણ, **બુ**વાઇહીદ નામના પદચ્યુત થયેલા દેશી વંશના પ્રદેશમાં હતા, કે જ્યાં **શી**યાઓ અને ટેકરીઓના કઢંગ નાસ્તિકવાદી ધર્માનુયાયીઓ **સુન્ની સે**લ્જુક રાજાઓને ધિક્કરતા હતા. ગમે તે ઉદ્દેશથી એ ઉત્તેજાયા હોય, પણ ખૂન ઉપર રચાયેલી રાજ્યદ્વારી સત્તાનો ખ્યાલ **હ**સનનો પોતાનોજ હતો, અને એને અમલમાં મૂકતાં પહેલાં ઘણાં વરસો સુધી એણે પોતાના મગજમાં એ ખ્યાલનું સેવન કર્યું હોવું જોઇએ. એને માટે એવું નોંધાયું છે કે જ્યારે તે તદ્દન જુવાન હતો ત્યારે **ઇ**સ્ફહાનમાં એક મિત્રને ઘરે સંતાતી વખતે તેણે એક વખત એમ કહેલું કે જો તેને માત્ર બે માણસો એવા મળે કે જેઓ તેને સંપૂર્ણ વફાદર હોય તો તે આખા મહારાજ્યને ઉથલાવી નાખી શકે; અને તેના આ કથનથી ઘરધણી એટલો બધો વ્યગ્ર થયો કે આ જુવાન માણસ પોતાની બડાઇ સાબીત કરવા સુધી જીવશે એવા જરાએ ખ્યાલ વિના, તેના ખુલ્લા ગાંડપણને દૂર કરવા **હ**સનના ખોરાક સાથે તેણે શાન્તિકારક દવાઓ ભેળવી.

**હ**સને **નિ**શાપુરની વિદ્યાપાઠમાં કેળવણી લીધી હતી, કે બનતાં સુધી જ્યાં તેને **હ**શીશ નામક દવાનો ઉપયોગ અને ભવિષ્યના પયગમ્બરને ઉપયોગી થાય તેવા બીજા ઘણા ભેદભરમો શીખડાવનાર **ઇ**ન્ડીઆનાનો ભેટો થયો. તે એક **ઇ**સ્માઇલી પંથના મીશનરીને પણ મળ્યો કે જે પંથ એ વખતનો મોટો નાસ્તિકવાદી સંપ્રદાય હતો અને જે પંથ **ઇ**જીપ્તના ખલીફો પાળતા; અને આ પંથમાં એ સામેલ થયો તથા તેની બાકીની જીંદગી સુધી એ નામધારી રીતે **ઇ**જીપ્તને આજ્ઞાધીન રહ્યો.

ઉમર ખય્યામ તથા મહાન **સે**લ્જુકી વઝીર **નિ**ઝામ–ઉલ–મુલ્ક અને તેની વચ્ચે થયેલા કરારની કથા તપાસ સામે ટકી શકશે નહિ; પણ એટલું ચોકકસ છે કે જ્યારે તેણે **નિ**શાપુર છોડયું અને **સે**લ્જુકી દરબારમાં તેને કામગીરી મળી ત્યારે તેને આંખો મીંચીને નાસી જવું પડ્યું હતું, અને ત્યાર પછી એ સદાને માટે **નિ**ઝામ અને તેના પુત્રો ઉપર કિનો રાખતો. એ **ઇ**જીપ્ત નાસી ગયો અને **કૈ**રો કે જે એ વખતે જગતભરનું સૌથી વધુ સંસ્કારી શહેર હતું ત્યાં તેને વધુ પડતું મહત્વ આપી દેવામાં આવ્યું. આંહી એને એ સમયમાં પ્રાપ્ય એવી બધી કીર્તિ સાંપડી; પણ આંહીં પણ દરબારી ખટપટમાં તેણે પોતાની જાતને સંડોવી, અને તેને દેશનીકાલીની સજા થઇ તથા **મો**રોકો તરફ તેને વહાણમાં બેસારી મોકલી દેવામાં આવ્યો; પણ પ્રતિકૂળ પવનને કારણે એને પાછું ફરવાનું થયું અને એ **સી**રીઆના કિનાર ઉપર ફેંકાયો.

૩૯ કે ૪૦ વરસની ઉમરે એ વખતે એ ઘરબાર વિનાનો દેશનીકાલ થયેલો માણુસ હતો; અને દરબારી ખટપટોનો અનુભવ મેળવ્યા પછી કોઇની પણ સહાય શિવાય તેણે પોતાનો રસ્તો કાપવાનો નિરધાર કર્યો. ઉત્તર **ઇ**રાન અને પૂર્વના મેદાનોમાં તેણે અન્યધર્મીઓને પોતાના સંપ્રદાયમાં દાખલ કરવા પાછળ નવ વરસ ગાળ્યાં—તેનું આ મતપ્રચારનું કાર્ય કયાં સુધી પહોંચ્યું હતું તે કોઇ જાણતું નથી પણ એમ કહેવાય છે કે એ **ચિ**નની સરહદ સુધી પહોંચ્યો હતો. એણે એવા અનુયાયીઓ મેળવ્યા કે જેઓ તેને દૈવ તરીકે માનતા. **ઇ**રાનની પ્રજાએ સદા કાળ આવો દૈવી દાવો કરનારા ઘણા ઉત્પન્ન કર્યા છે, અને ગયા વરસેજ **કુ**ર્દીસ્તાનમાં નીકળેલો બરઝનનો **શે**ખ છેલ્લો હતો. પણ **હ**સન–ઇ–**સ**બાહ જેટલા ગણનાયોગ્ય ઓછા હતા.

**ઇ**રાનની ટેકરીઓમાં એણે ઘણા કિલ્લાઓ મેળવ્યા, અને ઇ. સ. ૧૦૭૧માં **અલ**મોત નામના પહાડી કિલ્લાનો તેણે કબજો મેળવ્યો, કે જે એજ નામની ખીણમાં આવેલો છે કે જે ખીણ **ઇ**રાનના મેદાનોને **કા**સ્પીઅન સમુદ્રથી છુટા પાડનારા પર્વતોના દક્ષિણ તરફના ઢોળાવ ઉપર આવેલી છે. કિલ્લાના ખંડીએરો હજી પણ પર્વતથી બહાર નીકળી આવતી એક ઉંચી ટેકરી ઉપર જોઇ શકાય છે. ઉભી હારમાળાઓ ખીણને એક શિવાય બીજી બધી બાજુથી સમાવી લે છે, જ્યાંથી નીકળતા રસ્તાઓ **કા**સ્પીઅનના અભેદ્ય જંગલમાં દોરી જાય છે; **એ**લ્બુર્ઝની હારમાળાઓ

દક્ષિણમાં બંધ થઇ જાય છે; અને ખીણુના બે છેડાના બે દરવાજાઓ માફક માત્ર બે સાંકડી નેળો વાટે **અલ**મોતના પ્રવાહમાં અને ઉંચી પર્વતમાળાઓ ઉપર થઇ **કઝ**વીનના મેદાનમાં પહોંચાડતી પગદંડીઓમાં દાખલ થઇ શકાય છે અને ત્યાંથી નીકળી શકાય છે. **હ**સને પોતાના રહેઠાણુ તરીકે આ અગમ્ય જગ્યા પસંદ કરી અને ૧૮૫ વરસ સુધી એ '**એ**સેસીન'ની રાજધાની બની રહી. એ લોકોએ બન્ને નેળોને કબજે રાખવા ખીણુને બન્ને છેડે અકેક કિલ્લો બાંધ્યો અગર કબજે કરી લીધો. **દુ**રૂયન અથવા **શીર**કોહ નામના પશ્ચિમના કિલ્લાની મુલાકાત **ક**ર્નલ **મો**ન્ટીથે થોડા વખત પહેલાં અને **ઇ**વેનૉફે મારી પોતાની **અલ**મોતની મુલાકાત પહેલાં એક વરસે લીધી હતી; પૂર્વના કિલ્લાની મુલાકાત, હું જાણું છું ત્યાંસુધી, હું એ કિલ્લા સુધી પહોંચી ત્યાંસુધીમાં યુરોપીઅનોએ લીધી ન્હોતી. પણ ખુદ **અલ**મોતના પહાડી કિલ્લાની મુલાકાતો યુરોપીઅનોએ ઘણી વખત વારંવાર લીધી છે.

**હ**સન-ઇ-**સ**બાહે પોતાની જીંદગીના બાકીના ૩૪ વરસ દરમ્યાન કદી પણ **અલ**મોતની ખીણુ છોડી ન હતી. આંહી તેણે પોતાની **હ**શીશીન ટુકડી ઉભી કરી. ભોળા પહાડી લોકોમાંથી તે ૧૨ કે ૧૪ વરસના છોકરા પસંદ કરતો અને પોતાની સમક્ષ તે તેઓને ખડા કરાવતો અને કહેતો કે જે કોઇ તેની આજ્ઞા ઉઠાવશે તે બધાને માટે તે સ્વર્ગના દરવાજા ખુલ્લા મૂકી શકશે. તે પછી તે તેઓને અજાણી **હ**શીશ (ભાંગ) પીવરાવતો અને બેભાન અવસ્થામાં તેઓને એક છુપા બગીચામાં ઉપડાવી જતો, કે જ્યાં તેઓ જ્યારે સભાન થતા ત્યારે તેઓ પોતાને પોતે કલ્પેલા સ્વર્ગમાં જોતા. થોડા દિવસો બાદ તેમને **હ**શીશ પીવરાવવામાં આવતી અને તેઓને તેની સમક્ષ પાછા હાજર કરવામાં આવતા; તે વખતે તેઓ બધા હુકમોનું પાલન કરવા તૈયાર રહેતા.

આ બગીચાના કારભારની વ્યવસ્થા કેવી રીતે કરવામાં આવતી, તેમજ જ્યારે લોકોને ત્યાં લઇ જવામાં આવતા અને પાછા લાવવામાં આવતા ત્યારે એ રહસ્ય કેમ જળવાઇ રહ્યું તે જણાતું નથી, તેમજ **અલ**મોતની ખીણમાં તેનું યથાર્થ સ્થાન પણ કદી શોધી શકાયું નથી. પણ તેનાં પરિણામો શંકા વગરનાં છે, અને '**એ**સેસીનો' તેની આજ્ઞાધીનતામાં સંપૂર્ણ અને મોત માટે બેદરકાર હતા.

હત્યાઓની યાદી લગભગ ન માની શકાય તેવડી છે. સૌથી પહેલાં મહાન વઝીર **નિ**ઝામ-ઉલ-**મુ**લ્કનું ખૂન થયું. નવા પ્રદેશો અને કિલ્લાઓ મેળવવાનું '**એ**સેસીનો'એ ચાલુ રાખ્યું. ઇ. સ. ૧૦૭૮માં તેઓએ **ક**ઝવીન લીધું; તેઓ દક્ષિણમાં **ઇ**સ્ફહાન સુધી અને પશ્ચિમમાં **સીરી**અન **લે**બાનોન સુધી પથરાયા; તેઓએ **દ**માસ્કસ અને **મો**સુલની મસ્જીદોમાં રાજાઓનાં ખૂન કર્યાં; તેમણે **સ**લાદીન અને **યં**ગ **પ્રી**ન્સ ઑફ **વે**લ્સ, કે જે પાછળથી ૧લો **એ**ડવર્ડ થયો, તે બન્ને ઉપર હુમલા કર્યા; અને તેઓનું નામોચ્ચારણ બધા નજીકના પૂર્વમાં ભય ઉપજાવનાર થઇ પડ્યું. **હ**સનના વંશજોના હાથ નીચે, અગવડભર્યા માણસોથી મુક્ત થવા માટે ધીરેધીરે તેઓ નિષ્ણાત ગણાવા લાગ્યા, અને ઘણી વખત સ્થાનિક રાજવીઓને હાથે તેઓનો આ કારણસર ઉપયોગ થતો. તેઓ ઘણા મહીનાઓ સુધી દુશ્મનની પાછળ પડે અને સામાન્ય રીતે એને જાહેર સ્થળમાં મારી નાખે, કારણ કે ખૂનીઓને તપાસમાંથી છટકવાની ઇચ્છાજ ન હોય. જુના ક્રુઝેડના વખતના ઇતિહાસમાં અતિ વારંવાર તેઓનો ઉલ્લેખ કરવામાં આવ્યે છે. **ખ્રી**સ્તી રાજાઓ માંહેના એક, **શે**મ્પેનના **કા**ઉન્ટ **હે**ન્રીએ પોતે કેવી રીતે '**એ**સેસીનો'ની **સીરી**અન શાખાના વડાને મળવા **લે**બાનોનની ટેકરીઓમાં ગયો હતો, અને કિલ્લાની દિવાલો ઉપર તે જ્યારે આંટા મારતો હતો ત્યારે તેના યજમાને તેને કેવી રીતે આ માણસોની આજ્ઞાધીનતાનું ઉદાહરણ જોવાની ઇચ્છા માટે પુછ્યું હતું, તે કહેલું છે. '**એ**સેસીન' સરદારે તે પછી એક પહેરેગીરને બોલાવ્યો અને કિલ્લાની દિવાલ ઉપરથી પોતાની જાતને નીચે ફેંકી દેવાનો તેને હુકમ કર્યો; અને તે માણસે તેમ કર્યું અને મરણુ પામ્યો.

લગભગ બે સૈકાઓ પછી **અલ**મોતના '**એ**સેસીનો'નો અંત આવી લાગ્યો. મોંગોલ ચડાઇના સામાન્ય નાશમાં તેઓ ગરક થઇ ગયા. તેરમી સદીના મધ્યકાળે **કા**રાકોરમથી ધીમા મોજા પેઠે આગળ ધસતો અને ખાસ કરીને **ઈ**રાનના પૂર્વ પ્રદેશોને એવા ઉજ્જડ બનાવતો કે 'જગતની સપાટીના કોઇ પણ ભાગ ઉપર એટલા બધા માણસો એ પહેલાં કે એ પછી એક વખતે મર્યા નથી,' એ અભૂતપૂર્વ વિનાશ અરબ મહારાજ્યો ઉપર ચડી આવ્યો. **મોં**ગોલોની પશ્ચિમ તરફની ચડાઇ માટે અમુક અંશે '**એ**સેસીનો' જવાબદાર હતા. તેઓ એટલી હદ સુધી અસહ્ય ધાસ્તી રૂપ બના હતા કે ઉત્તર **ઇ**રાનના લોકોએ **મોં**ગોલ સરદાર પાસે સંદેશવાહકો મોકલી તેઓની સામે તેની મદદ માગી, અને જબરૂં લશ્કર અને **અલ**મોતના '**એ**સેસીનો'નું નામેનિશાન નાબુદ કરવાના તકીદના હુકમો સાથે **હ**લાગુને **ચા**ઇનીઝ તુર્કસ્તાનમાંથી રવાના કરવામાં આવ્યો. આ હુકમનું તેણે પાલન કર્યું, અને સાથોસાથ તેઓના મિત્રો અને દુશ્મનોને પણ ડરાવી મૂક્યા; અને તેઓનો રહ્યો સહ્યો અવશેષ ધીમે ધીમે **ઇ**રાનથી નીકળી ***હિ**ન્દ અને **જં**ગબારમાં અંત પામ્યો, કે જ્યાં તેઓ હજી હસ્તી ધરાવે છે અને **ના. આ**ગાખાન તેઓના વડા છે અને તેમને **પ**હાડી **ઘ**રડા **પુ**રૂષના વંશજ તરીકે ગણવામાં આવે છે. તેમની આવકનો મોટો ભાગ ધાર્મિક કરમાંથી મેળવાયેલો હોય છે કે જે પહેલ વહેલો ૮૦૦ વરસ પહેલાં **હ**સન-ઇ-**સ**બાહે **અલ**મોતમાં નાખ્યો હતો; અને એ જાણવું રસપ્રદ થઇ પડે તેમ છે કે થોડાં વરસો પહેલાં **ડ**ર્બીની ઘોડાની શરતમાં જીત મેળવવામાં '**એ**સેસીનો'ની આ દશાંશ તેમને સહાયભૂત થઇ હતી.

ઇ. સ. ૧૨૫૬ના ડીસેમ્બરની ૨૦મી તારીખે **હ**લાગુખાને **અલ**મોતનો પહાડી કિલ્લો કબજે કર્યો, અને એ વખતે આખા **ઇ**રાનમાં આવેલા '**એ**સેસીનો'ના ૧૦૦ કરતાં વધુ કિલ્લાઓ એક પછી એક પડયા. પણ **લે**મ્બેસર અને **ગી**ર્દકુહ, સૌથી મોટા આ બે કિલ્લાઓ ૧૨ અને ૧૪ મહીના સુધી ટકી રહ્યા, અને છેવટે જ્યારે તેઓની આજુબાજુના બધા તાબે થયા અને કાંઇજ મદદ મળવાની આશા ન રહી ત્યારે તે બન્ને શરણે થયા."

*લેખિકનો અભિપ્રાય ભલે આવો હોય, તેમ છતાં હિન્દ અને જંગબારમાં જે લોકો ના. આગાખાનને પોતાના વડા તરીકે માને છે તેઓ ઇરાનથી ઉતરી આવ્યાના કરતાં ઇરાનના ઇસ્માઈલી ઉપદેશકોને હાથે તેઓના અંગત હિતની ખાતર હિન્દમાંજ ઇસ્માઇલી પંથમાં વટલાયા હતા એમ માનવા તરફ વધુ સબળ પુરાવાઓ છે. કે જે પંથનું નેતૃત્વ આ ઉપદેશકોના અંદર અંદરના કંકાસને કારણે આગાખાન કુટુમ્બમાં ચલી ગયું હોય.

—તંત્રી.

# સપ્તાહનો સાર

**જવાહરને ઉપાડી ગયા :** શ્રીમતી કમળા નહેરૂની ગંભીર માંદગીને કારણે સરકારે પંડીત જવાહરલાલ નહેરૂનો કામચલાઉ છુટકારો કર્યો હતો તે ખરેજ કામચલાઉ નિવડયો છે અને શ્રીમતી કમળાની હાલત હજી પણ એટલીજ ગંભીર હોવા છતાં સરકાર પંડીતજીને પાછા જેલમાં ઉપાડી ગઇ છે. સરકારના આ પગલાથી આખા દેશમાં ખેદ અને રોષની લાગણી ફેલાણી છે.

**સરહદના ગાંધીનો છુટકારો :** 'સરહદના ગાંધી'ના બીરૂદથી ખ્યાતી પામેલા સરહદ પ્રાન્તના જાણીતા આગેવાન ખાન અબ્દુલગફુર ખાન અને તેમના ભાઇને હઝારીબાગ જેલમાંથી સરકારે છોડી મૂકયા છે. બન્ને ભાઇઓને સરહદ પ્રાન્ત અને પંજાબમાં પ્રવેશવા સામેના મનાઇ હુકમ જેલમાંથી મુકત કરવાની સાથેજ પહોંચાડવામાં આવ્યા છે. બહાર નીકળીને તુરતજ સરહદના ગાંધીએ સરકારના ગૃહમંત્રીએ વડી ધારાસભામાં તેમના ઉપર હિંસામાં સંડોવાયેલા હોવાના મૂકેલા આક્ષેપોનો જવાબ આપી ખુદાઇ ખીદમતગારો અથવા પોતે હિંસામાં સંડોવાયેલા હોય તો તે પુરવાર કરવાનો પડકાર કર્યો છે. તેમણે મહાસભામાં અને મહાત્માજીમાં પોતાનો સંપૂર્ણ ઇતબાર જાહેર કર્યો છે.

**શ્રી. શરત બોઝનો પડકાર :** ૧૮૧૮ના ત્રીજા રેગ્યુલેશન નીચે અનિશ્ચિત સમય માટે વગર તપાસે નજર કેદ ભોગવતા બંગાળના જાણીતા આગેવાન અને શ્રી. સુભાષચંદ્ર બોઝના ભાઇ શ્રી. શરત બોઝે હિન્દી સરકાર ઉપર એક પત્ર લખી ગૃહમંત્રીએ તેમના ઉપર હિંસામાં સંડોવાયા હોવાના મૂકેલા આક્ષેપનો વિરોધ કરી એવી માગણી કરી છે કે સરકારે તેમને આમ વગર તપાસે નજર કેદ નહિ રાખતાં ખાસ અદાલત સમક્ષ તેમની સામે કેસ ચલાવવો અને તેમની સામે જે આક્ષેપો મૂકવામાં આવે છે તે પુરવાર કરી દેવા. સભ્યોની માગણી છતાં સરકારે શ્રી. બોઝનો આ પત્ર વડી ધારાસભા સમક્ષ ખુલ્લો મૂકયો નથી.

**બિહારમાં રેલ સંકટ :** ધરતીકંપના મરણતોલ ફટકાથી હજી બિહાર જ્યાં ઉભો થઇ શકયો નથી અને રાહતનું કામ ચાલુજ છે ત્યાં ફરીથી તેના ઉપર બીજો ફટકો રેલનો પડયો છે. ગંગા, પદમા અને બીજી નદીઓમાં જબ્બર રેલ આવવાથી ગામડાંના ગામડાં તારાજ થયાં છે. ૧૯૨૩ના જળપ્રલય કરતાં પણ આ વખતે વધુ ઉંચાઇએ પાણી ચડી ગયાં છે. લોકોને ઝાડ ઉપર રક્ષણ લેવું પડયું છે. રાહત માટે હોડીઓ અને આગબોટો મોકલાવવામાં આવી છે. કેટલાંએ મકાનો જમીનદોસ્ત થયાં છે. પાકનો બહુ મોટા ભાગમાં નાશ થયો છે. અનાજ અને દવાની ઠેક ઠેકાણે મદદ આપવામાં આવે છે. મહાસભાના જાણીતા આગેવાન ડૉ. સૈયદ મહમદ લોકોને રેલ વિભાગમાં મદદ કરવા જતાં તેઓ પણ પાણીમાં ઢસડાણા હતા, પણ તેમને બચાવી લેવામાં આવ્યા છે.

**પ્રે. રૂઝવેલ્ટને ધમકી :** અમેરીકાના પ્રેસીડેન્ટ મી. રૂઝવેલ્ટને અમેરીકન ઉઠાવગીરો તરફથી એવી ધમકી આપવામાં આવી છે કે જો તેઓને નિયત કરેલા સ્થળ સમયે એક લાખ અડસઠ હજાર ડૉલર આપવામાં નહિ આવે તો તેમના બે પૌત્રોને ઉઠાવી જવામાં આવશે અને પ્રેસીડેન્ટને પોતાને શારીરિક ઇજા પહોંચાડવામાં આવશે. આ સંબંધમાં એક માણસની ધરપકડ કરવામાં આવી છે.

**અમેરીકામાં કામદાર હડતાળ :** રેશમ, ઉન અને સુતરની મીલોમાં કામ કરતા અમેરીકાના કામદારો ગઇ તા. ૧ થી સામાન્ય હડતાળ ઉપર ગયા છે. આ હડતાળમાં દસ લાખ મજુરો જોડાયા છે. હુલ્લડ ન થાય તે માટે ઠેકઠેકાણે પોલીસ અને લશ્કર ગોઠવવામાં આવ્યું છે. આ હડતાળનું જો તુરત સમાધાન નહિ થાય તો તેની ગંભીર અસર આખા અમેરીકા ઉપર થશે અને યુરોપમાં પણ તેના પડઘા પડશે. પ્રે. રૂઝવેલ્ટ હજી વચ્ચે પડયા નથી પણ મામલો બારીકીથી તપાસી રહ્યા છે.

**ઝાબુઆ પદભ્રષ્ટ :** ઝાબુઆના રાજાને હિન્દી સરકારે પદભ્રષ્ટ કર્યા છે. આ રાજા સામે જબરો પ્રજા પોકાર હતો, અને તેની રાણીઓ ઉપર પણ એ એટલો જુલમ ગુજારતો કે એક રાણીએ તેથી એ. જી. જી. ને અરજી કરી રક્ષણની માગણી કરી હતી.

**ઝારને ઠેકાણે ખેડુત :** રશીઆના પાયતખ્ત મોસ્કોમાં હમણાં "રંગભૂમિ ઉત્સવ" ના દસ દિવસો ઉજવવામાં આવ્યા હતા. તેમાં પહેલા દિવસની ઉદ્‌ઘાટન ક્રીયા વખતે જે બેઠક ઉપર એક વખત રશીઆનો ઝાર બેસતો હતો તેના ઉપર એક સાદો ખેડુત બેઠેલો હતો. આ ઉત્સવ જોવા ૨૦૦ પરદેશીઓ પણ આવ્યા હતા.

**અમદાવાદમાં જબરી આગ :** અમદાવાદમાં એક જાપાનીસ રમકડાવાળાની દુકાનમાં આગ લાગતાં તે અને તેની બાજુની બીજી સાત દુકાનો આગમાં તારાજ થઇ છે. એક લાખ રૂપીઆનું નુકશાન થયું અંદાજાય છે.

**વાયસરૉયનું ભાષણ :** વડી ધારાસભાની છેલ્લી બેઠકમાં ના. વાયસરૉય લૉર્ડ વિલીંગ્ડને કરેલા ભાષણમાં જુના બનાવોની નોંધ ઉપરાંત સત્યાગ્રહની લડત સદાને માટે દબાઇ ગયાનો સરકારી અભિપ્રાય જાહેર કરવામાં આવ્યો છે. વાયસરૉયના ભાષણે રાષ્ટ્રિય વર્ગમાં રોષ પ્રગટાવ્યો છે જ્યારે જેઓ એ ભાષણમાં હિન્દના ભાવી સુધારાઓ વિષે કાંઇ વધુ પ્રકાશ મેળવવાની આશા રાખતા હતા તેઓ નિરાશ થયા છે.

**વડોદરાનો રેલ્વે અમલદાર ગીરફતાર :** ગાયકવાડી રેલ્વેના ચીફ ઑડીટરના સીનીઅર એસીસ્ટંટ મી. જમશેદજી દાદાભાઇ મીસ્ત્રીને રૂા. ૩૫,૦૦૦ની ઉચાપત કરવા માટે ગીરફતાર કરવામાં આવ્યા છે. તેમને રૂા. ૬૦૦૦ના જામીન ઉપર છોડવામાં આવશે.

**રશીઆ પ્રજા સંઘમાં ?** બ્રીટન, ઇટાલી અને ફ્રાન્સના પ્રયત્નોને પરિણામે રશીઆ પ્રજા સંઘમાં દાખલ થશે તેમ ચોક્કસ માનવામાં આવે છે. જો આમ થશે તો યુરોપની શાંતિ થોડી વધુ સલામત બનશે.

# શ્રીકૃષ્ણના ૮૪મા વંશજ આગાખાન?

## ના. આગાખાનની 'છઠ્ઠી'ની ક્રીયા !

જન્માષ્ટમી જેમ શ્રી કૃષ્ણના ભકતોની છે તેજ પ્રમાણે ખોજાઓના શાસ્ત્ર મુજબ શ્રી કૃષ્ણના ૮૪મા વંશજ અને વિષ્ણુના દશમા અવતાર ના. આગાખાનને માનનારાઓની પણ છે. ના. આગાખાનના જન્મ દિવસે પણ જમાતખાનાઓનાં એવી 'છઠ્ઠી'ની ક્રીયા કરવામાં આવે છે અને ખોજા સ્ત્રીઓ મોટી કીંમત આપીને જમાતખાનામાંથી ખરીદેલું 'કોટલુ' હોંશે હોંશે ખાવામાં ગૌરવ લે છે. ના. આગાખાનની માને ફાળો કરી પહેરામણી કરવામાં આવે. જન્મ દિવસને દિવસે અને તેના ૧૫ દિવસ અગાઉથી ખોજા સ્ત્રીઓ રાસડામાં 'કૃષ્ણ-ગોપી લીલા'ના ગીતો ગાય છે. ખોજાઓ આને પોતાનો મોટામાં મોટો તહેવાર માને છે.

ખોજાઓની ધર્મક્રીયામાં બ્રહ્માની પણ પહેલાં અહુણાદથી માંડી મચ્છ, કોરભ (કાચબો), નરસીંહ; વામન, પરશુરામ, રામ અને કૃષ્ણ વગેરે અવતારોને એકજ વંશાવળીમાં બીજા સેંકડો નામો ઉમેરી 'ઇશ્વરી અવતારો'ની એક સાંકળ બનાવવામાં આવી છે. શ્રી કૃષ્ણ પછી કેટલીક પેઢીએ 'બુધ્ધ'નો અવતાર અને તેની ૩૬ મી પેઢીએ હઝરત અલી, અને હઝરત અલીથી ૪૮ મી પેઢીએ ના. આગાખાનઃ એમ શ્રી કૃષ્ણની ૮૪ મી પેઢીએ ના. આગાખાનને 'ઇશ્વરી અવતાર' માનવામાં આવે છે. આ પ્રમાણે 'ઇશ્વરનું કુટુંબ' લાંબા સમયથી—અહુણાદ સમયથી ચાલ્યું આવે છે. નાસ્તીકો ઈશ્વરનો ઇન્કાર કરે છે, પણ અત્યારે પણ ઇશ્વરની હસ્તી છે; અને તે લંડનમાં ના. આગાખાન છે. એની કોઇ ના પાડી શકે તેમ છે?

ખોજાઓ મરણ પહેલાં પણ ગુનાહ માફ કરાવવા 'દશ અવતારો,' જે ભજનના રૂપમાં છે તે મરતા માણસને બોલી સંભળાવે છે. એક ખોજા ભજન જેને 'જ્ઞાન' એવાં નામથી સંબોધવામાં આવે છે, તેમાં શ્રી કૃષ્ણ અને ના. આગાખાનની નીચે મુજબ સરખામણી કરવામાં આવી છે.

"કૃષ્ણ પહેરતા પીતાંબર ધોતી રે !
"હવે પહેરે છે ડગલો ને ટોપી રે !
"કૃષ્ણ બોલતા તે અમૃત વાણી રે !
"હવે બોલે છે ફારસી વાણી રે !"

એક આગાખાની.
("પોલ પત્રિકા"માંથી)

## "પોલ પત્રિકા"ના તંત્રીને પણ ધમકી

મુંબઇથી પ્રગટ થતા "પોલ પત્રિકા" અઠવાડિકના તંત્રી ભાઇ નાગરદાસ ગઢીઆએ "પોલ પત્રિકા"ના જન્માષ્ટમી ખાસ અંકમાં લખેલા અગ્રલેખ ઉપરથી જણાય છે કે ના. આગાખાનના હિન્દ ખાતેના આગમન વખતે "પોલ પત્રિકા"માં ઇસ્માઇલી ધર્મગુરૂ તરીકે તેઓ નામદારના ફોટાઓ પ્રગટ થવાથી તેમને પણ ધમકીઓ આપવામાં આવી હતી.

# વેપાર સમાચાર

(તા. ૮-૯-૩૪.)

**ઉન:** ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ૨૫૧ ગાંસડી વેચાણી છે અને બજાર ટકેલો રહ્યો છે. આવતો સેલ તા. ૧૮-૯-૩૪નો છે, તેમાં ગાંસડી ૧૭૫૦૦ મુકાશે. સ્થાનિક બજારમાં કાંઇ સોદા થયા નથી. અમેરીકાની મીલના કામદારોની હડતાળની અસર ન થાય તો આવતો સેલ ટકી રહેવા સંભવ છે.

**રૂત:** ભરૂચ ૨૨૮　　**બકરાના વાળ:** ૩)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧ાા= ૧ાાાꠋ ઘઉં | ૨ા= ૨ાꠋ તલ |
| ૧ꠋ ૧ાા બાજરો | ૧ાાꠋ ૧ાા મેથી નવી |
| ૧ા ૧ꠋ જુવાર | ૧ાા- ૧ાા-ાા એરડા એરડી |
| ૧ા= ચણા દેશી | ૧)= ૧ા= મગ દેશી |
| ૦ાાા= ૧) કમોદ જાડી | ૧ꠋ ૧ાા= અડદ |
| ૧ા= ૧ાા કમોદ ઝીણી | ૨)= રાઈ |
| ૧ા= મગફળી ઝીણી | ૨ા= શીંગદાણા હાથફોલ |
| ૧ા ૧ા૦ાા મગફળી જાડી | |

**ઘી:** ૨૬ાા ૨૭) મુંબઇ પરખ, ૨૨) ૨૨ાા તાજો રસ

**તેલ:** ૫ા= તલનું,　૩ાꠋ શીંગનું.

**પરચુરણ:** ૩) ૪ાા ગોળ દેશી.

૬ા= કપાશીયા કરાંચી
૪ા ખાંડ રાજકોટ શહેર, ૨ાાા= સદર. ૮) ૮ાા સોપારી જુની.
૧૧) ગદબનું બી. ૯ા= વેસણ ઝીણો. ૮ા૦ વેસણ જાડો.
૮ાાા કરાંચી ઘઉંનો લોટ.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

(અનુસંધાન પાના ૧૫૨થી)

—ભાર ઉન્નત દશાએ પહોંચાડી શકે અને કચ્છને ફાવે એવા કાયદાઓ પણ ઘડી શકે. માત્ર તેઓને આ સુઝવું જોઇએ.

કચ્છમાં સાહસ છે, ખમીર છે. ફકત એ બારામાં એકઠા થવાની જરૂરત છે. મુંદ્રા અગર કેરામાં આ માટે બેઠક સત્વર મળે તો આસોમાં જે ઇસ્માઇલી આગેવાનો મુંબઇથી આવનાર છે તેઓને કચ્છની આરસી બતાવી શકાય અને તેઓને "પાછા જાવ" કહી શકાય.

**મહમદ હાશમ ચમન**

**સસ્તું અને સારૂં વાંચન**
વાંચવું હોય તો બે રૂપીઆ
મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

કચ્છનો પત્ર

# કચ્છની જમાતોએ એકત્ર થવાની જરૂરત

## અનુકૂળ કાયદાઓ જાતે ઘડી કાઢો!

### ના. આગાખાન રચિત કાયદાઓમાં ફેરફાર થશે?

કાયદાઓ વિષે ઉહાપોહ જ્યાં ત્યાં થયા કરે છે. એની વિરૂધ્ધ લોક લાગણી ઉગ્ર સ્વરૂપ પકડતી જાય છે.

મને જવાબદાર સ્થળેથી એ કાયદાઓમાં ચોક્કસ સુધારો થવાની માહીતી મળી છે. કાયદો ઇસ્નાઅશરીઓ સાથે તદ્દન સબંધ કાપી નાખવાનું કહે છે. આ એકજ કલમથી કચ્છના ઇસ્માઇલીઓ ભારે ખળભળી ઉઠયા છે; તેથી આ કલમ કાઢી નાખવામાં આવશે એ ચોકકસ લાગે છે. પણ બાકીની કલમોનું શું?

કાયદા તો દરેક ધરમાં, સમાજમાં, રાજમાં સઘળે હોય છે. કાયદા વિના આજનો માનવ સમાજ જીવીજ ન શકે. પણ કાયદા સારા હોવા જોઇએ. સારા કાયદા એટલે સમાજના આર્થિક અને નૈતિક વિકાસમાં સહાયભૂત હોવા જોઇએ. એવા કાયદાઓને સૌ કોઇ વધાવી લેશે. એવા કાયદા તો કચ્છના ઇસ્માઇલીઓ પોતાના દેશની પ્રથા અને ગજવાને અનુકૂળ આવે તે ઉપર વિચારીને ઘડી શકે. મુંબઇની હવા જેમ કચ્છીઓને માફક ન આવે તેમ ત્યાંના ઘડાએલા કાયદા, જેમાં ઇસ્માઇલી કચ્છની અવગણના કરવામાં આવી છે એ કાયદા, ઇસ્માઇલી કચ્છ નહિજ સ્વીકારી શકે.

કચ્છની ઇસ્માઇલી જમાતો વ્હેલાસર ચેતીને એકત્ર થાય, એક સ્થળ પસંદ કરીને કચ્છના આગેવાનો મળે; ને ઉપર કહ્યા મુજબ સારા અને કચ્છને અનુકૂળ કાયદા ઘડી કાઢે તો તેથી બહારની ડખલગીરીથી તેને રક્ષણ મળશે ને જમાતોનો કારભાર વ્યવસ્થિત ચાલશે.

મુંદ્રાના કચ્છ વારસ ભાઇ ગુલામહુસેન અને કેરાનાં મુખી ભાઇ ઇસ્માઇલ મુળજી—આ બે ગૃહસ્થો જો મન પર લે તો કચ્છનો ઇસ્માઇલી કાર-

(અનુસંધાન પાના ૧૫૧)

### એક વધુ ઇન્કાર

મહેરબાન અધિપતિ,

"ખોજા જાગૃતિ"

જત સવિનય લખવાનું જે કેરાએ સંવત ૧૯૮૦માં કાયદા માંગ્યા હતા એવી બીના બળદીઆવાળા કરમાલીભાઇ મેરાલીએ "ઇસ્માઇલી" પત્રમાં છપાવી છે; તે વિષે જાણવું જે કરમાલીભાઇનું મજકુર લખાણ તદન ખોટું છે. સંવત ૧૯૪૬થી હું નિગાર ગયો નથી. એ સાલ પછી મેં નિગારમાં પગ મૂકયો નથી. નિગાર દીઠે મને ૪૪ વરસ થયાં. ત્યારે તો કરમાલીનો જન્મ પણ થયો ન હતો. કેરાના નવ જણાની સહીઓમાં મારી સહી પણ કરમાલીએ છપાવી છે. એ સહી મેં કરી નથી. એ વિષે હું કશુંએ જાણતો નથી. આટલી નોંધ આપના પત્રમાં લેવાની મહેરબાની કરશોજી.

કેરા, તા. ૨૭–૮–૩૪ લી૦

જાફર નાનજીની સહી

દઃ પોતાના.

### એક વધુ ખુલાસો

"ખોજા જાગૃતિ"ના તંત્રીશ્રી,

નીચેનો ખુલાસો પ્રગટ કરી ઉપકારી કરશો :—

'જાગૃતિ'ના અંક ૧૫, પાના ૧૨૦ ઉપરના મારા ખુલ્લા પત્ર વિષે "ઇસ્માલી"એ અંક ૪૬, પાના ૧૧ ઉપર લખેલ હકીકત ઉપરથી જણાય છે કે સાચી હકીકત લખનારના હાથમાંથી કલમ છીનવી લેવા ત્રાપ મારવા પ્રયાસ કીધાનું જોવામાં આવે છે. તેવી સાચી હકીકત લખવાથી પર હાથમાં જઈ રમવા જેવું કશુંએ થયું નથી.

કેરાની જમાતને ઓખરાની જમાત લખવામાં આવી નથી. કેરાની જમાતના સ્વતંત્ર મુખીપદનું અભિમાન લેવા જેવું કાંઇ થયું નથી; તેમ અભિમાન કરવાનું કારણ પણ ન હોય. વળી સંવત ૧૯૮૦ની સાલમાં તો મુખી પણ કાસમભાઇ લાલજી હતા.

લખનારે પત્ર વાંચ્યા સમજ્યા શિવાય જેમ ફાવ્યું તેમ લખી નાંખ્યું છે. આવા નિર્માલ્ય લખાણોનો ઉત્તર આપવાની કોને નવરાંત છે? વ્યર્થ માથાકુટ કરવા શી જરૂર?

કેરા, તા. ૨૪–૮–૩૪ રાશીદ અબ્દલા

× × × કોઇ કમનશીબ ઘડીએ "ઇસ્માઇલી"માં એક લેખ પ્રગટ થયો કે 'કચ્છે ના. આગાખાન પાસે કાયદા માંગ્યા હતા,' અને કેરાના ૯ ભાઇઓએ આવી માગણીમાં સહી કરી હતી એમ બતાવવા ૯ ભાઇઓનાં નામ સહી કરનારાઓ તરીકે પ્રગટ કરવામાં આવ્યા. ત્યારથી "ઇસ્માઇલી"નું આ પ્રકાશન જુઠાણાંથી ભરપુર હોવાની પ્રતીતિ થતી જાય છે. આ ૯ માંથી ૩ ભાઇઓ તો દસ વરસ પહેલાં સ્વર્ગે સીધાવ્યા છે. ભાઇ રાશીદ અબ્દલા અને ભાઇ શીવજી પીનાણી એમ ૨ ભાઇઓએ આવી કોઇ માગણીમાં સહી કર્યાનો જાહેર ઇન્કાર 'જાગૃતિ'માં કર્યા પછી એક વધુ ભાઇ શ્રી. જાફર નાનજી પણ આવી કોઇ સહી કર્યાની સાફ સાફ ના પાડે છે. જે ભાઇએ ૪૪ વરસથી તો નિગારમાં પગ પણ મૂકયો નથી એ ભાઇએ નિગાર ખાતે મળેલી બેઠકમાં સહી કરી હોવાનું જ્યારે કહેવામાં આવે ત્યારે એનો એટલોજ અર્થ થાય છે કે આ આખી બેઠકની વાતજ કપોળકલ્પિત અને ઉપજાવી કાઢેલી છે. શું "ઇસ્માઇલી"ને એ ખબર નહિ હોય કે ૯ માંથી ૩ ભાઇઓ ગુજરી ગયા છે પણ બાકીના તો જીવતા જાગતા છે કે જેઓ સાચી હકીકતને પ્રકાશમાં લાવી શકે? સર્વને સદા કાળ બેવકુફ બનાવવાનું કોઇથીજ બની શકતું નથી. કચ્છમાં આવનારા કાયદાઓનું જ્યાં આ રીતેજ સમર્થન કરાય છે ત્યાં એ કાયદા કેટલા અસ્થાને અને પ્રતિકૂળ છે એ સ્પષ્ટ જણાઇ આવે છે.

આ અઠવાડિક રૂપજી નજરઅલી પ્રેમાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

નવો દાવ

Regd. No. B. 3114




પુસ્તક: ૨ ]

તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી


[ અંક: ૨૦

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

સપ્ટેમ્બર ૧૮: ૧૯૩૪
સંવત ૧૯૯૦ના ભાદરવા શુદ ૧૦ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય


# અણઉકેલ કોયડો




ભારે લદાયેલી ગાડી તુટું તુટું થાય છે, વહનાર આગળ વધી શકે તેમ નથી. છતાં રથપતિનો ચાબુક વીંઝાતો અટકતો નથી. બેસારૂઓ મુંઝાય છે.

**પુરૂષ:** ના, ના. તારો વિયોગ હું ક્ષણ વાર પણ સહી શકું તેમ નથી. તું જા તો પછી મારૂં કોણ?

**સ્ત્રી:** પણ તમારૂં ઉતરવું કેમ પોસાશે? તમે જાવ તો પછી મારી ઉપયોગીતા ક્યાં રહે છે? હું કોના માટે જીવું?

**બન્ને:** અને તિજોરી ઉતારી મૂકીએ તો આપણા અસ્તિત્વનો પછી શો અર્થ છે?

પરસ્પર આશ્રયે જીવતા ધર્મ, કાઉન્સીલ અને તિજોરીનો આ કોયડો કોઇ ઉકેલશે?

**જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું મૃત્યુ અનિવાર્ય છે.**


# ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૧૮-૯-૩૪.


## નવો દાવ

"અમારે તમારી ઉપર સત્તા ભોગવવી છે. અમારે તમારે ભોગે વૈભવ અને વિલાસ માણવા છે. તમારે અમારી સત્તા સ્વીકારવીજ પડશે. જો તેમ નહિ કરો તો અમે તમારા ઉપર જોહુકમી કરી પરાણે સત્તા ભોગવીશું.

"અમારો ભોગ-વિલાસ પુરો કરવા અમે તમો ભાઇ ભાઇ વચ્ચે કજીઆ કંકાસ કરાવીશું. અમારી લાલસાઓ તૃપ્ત કરવા તમારાં છોકરાંના મોઢાંમાંથી રોટલીનો છેલ્લો ટુકડો પણ ઝુંટવી લેશું. અમે તમને નહિજ છોડીએ."

આગાખાની સત્તા આજે સુખથી, સુલેહસંપથી જીવતા કચ્છને દમ ભરાવે છે.

પણ કચ્છ જડબાંતોડ જવાબ વાળે છે:

"અમારી ઉપર હજી કોઇએ સત્તા ચલાવી નથી. અમે કોઇની ગુલામી કરી નથી, અને કરવા ઇચ્છતા પણ નથી. માટે આપ જે મોઢે આવ્યા છો તે મોઢે પાછા જાવ."

આજે કચ્છ અને આગાખાની સત્તા વચ્ચે પ્રચંડ યુદ્ધ ખેલાઇ રહ્યું છે. આગાખાની સત્તાનો નિશ્ચય છે કે કચ્છ ઉપર કાયદા લાદવા. કચ્છનો નિર્ણય છે કે એ કાયદાઓને ફેંકી દેવા.

કચ્છનો આ નિર્ણય આગાખાની સત્તાને ભડકાવી રહ્યો છે. ગાંસડા પોટલાં ઉપાડી ચાલતા થવું પડશે? એવો ભય આજે આગાખાની સત્તાને લાગી રહ્યો છે.

પારકે પૈસે વૈભવ માણનારી કોઇ પણ આપખુદ સત્તા પોતાનું બળ જમાવવા કે ટકાવવા અવનવા રાહો લે છે; પછી તે સાચા હો કે ખોટા, તે જોવાની તેને કશી જરૂર લાગતી નથી. અને એ ધૂનમાં ને ધૂનમાં એ કેટલાંએ કાળાં કૃત્યો પણ કરી બેસે છે; પણ તેને તે જરાએ કાળાં દેખાતાં હોતાં નથી.

આવીજ સ્થિતિ અત્યારે આગાખાની સત્તાની છે. આગાખાની સત્તાએ કચ્છમાં પોતાની સત્તા લાદવા માટે અવનવા માર્ગો ગ્રહણ કર્યા છે. તે આજે એક નવો રાહ અખત્યાર કરે છે.

કચ્છના ભોળા ભાઇઓને આડું અવળું સમજાવી 'આ કાયદા અમારે મંજુર છે' એવી સહીઓ લેવાની આગાખાની ભાડુતીઓની ખટપટને ખુલ્લી પાડતા જે ચોંકાવનારા સમાચાર કચ્છ-મુંદ્રાનો અમારો ખબરપત્રી આપે છે તે અમે અન્યત્ર પ્રગટ કરીએ છીએ.

ઇતિહાસ સાબીતી આપે છે, અનુભવ એ કહે છે કે કોઇ પણ આપખુદ સત્તાધીશોએ સત્તા સાબુત રાખવા આવા અને આવાજ ભયંકર માર્ગો ગ્રહણ કર્યા છે; એટલેજ અમને આમાં જરાએ નવાઇ નથી લાગતી. પણ આ હલકટ કૃત્ય પ્રત્યે રોષ અને ધિક્કાર પ્રદર્શીત કર્યા વગર અમારાથી રહી શકાતું નથી.

આજે કોઇથી એમ તો નહિજ કહી શકાય કે કચ્છ ખોટું છે, કચ્છે અખત્યાર કરેલો માર્ગ ખોટો છે. કચ્છને પુછયા વિના કચ્છ કમીટીની સ્થાપના થઇ અને કચ્છની અનુમતિ વગર કચ્છના કાયદાઓ ઘડાણા. જ્યારથી આ કમીટી અને આ કાયદાની જાહેરાત થઇ ત્યારથી ખુલ્લી અગર છુપી રીતે સૌ કોઇ કચ્છના જન્મસિદ્ધ અધિકારોનું ખૂન કરતા આ કૃત્ય તરફ ધિક્કાર વર્ષાવી રહ્યું છે. એ નિ:શંક છે કે કચ્છની લડતનો પાયો સત્ય ઉપર છે. એમાં દોષ છે એમ કોઇથી કહી શકાય તેમ નથી.

આગાખાની સત્તાનો આ સહીઓ લેવાનો રાહ પહેલ વહેલો નથી. ઘણા વર્ષો પહેલાં, સને ૧૮૬૧માં, જ્યારે ગુલામીની બેડીઓ એક પછી એક આપણા દેહ ઉપર જડાઇ રહી હતી ત્યારે પહેલા આગાખાન હસનઅલી શાહે 'અમે શીઆ ઇમામી ઇસ્માઇલી છીએ' એવી સહીઓ લેવા માંડેલી, જેને પરિણામે બારભાયા પક્ષ જુદો થઇ ગયો. ત્યાર પછી છેલ્લે છેલ્લે સને ૧૯૨૯માં 'હાલના ના. આગાખાનના પુત્ર શ્રી. અલી સલમાન ખાનને અમે ગાદી વારસ અને અમારા ભવિષ્યના માલિક ગણી સ્વીકારીએ છીએ' એ મતલબની સહીઓ લેવાની એક છુપી હીલચાલ આ સત્તાના ભાડુતીઓ તરફથી શરૂ થયેલી; પણ વર્તમાનપત્રોમાં આ વાત ઉપર પ્રકાશ ફેંકાવાથી એ પડતી મુકાએલી. અને આજે ફરીથી કચ્છમાં આજ અખતરો અજમાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે.

આ સામે કચ્છે સદાજાગૃત રહેવું પડશે. કચ્છના આગેવાનોએ ચોવીશે કલાક ચોકી પહેરો ભરવો પડશે અને પોતાના ભોળા ભાઇઓ એ ફાંસલામાં ફસાઇ ન જાય તેની ચીવટ રાખવી પડશે. કચ્છીઓ આ વસ્તુની ગંભીરતા સમજે, અને આ ખટપટને બરાબર સમજી જઇ તેને છિન્નભિન્ન કરી નાખે.

જો આગાખાની સત્તા તેના આ રાહમાં પણ નિષ્ફળ નિવડશે તો તે બીજો કોઇ પણ અવળો માર્ગ લેવામાં પાછી નહિ પડે. કચ્છે હજી આવી અનેક કસોટીઓમાંથી પસાર થવું પડશે. કચ્છ પોતાની સ્વતંત્રતા અગ્નિ પરિક્ષામાંથી પસાર થયા શિવાય નહિ જાળવી શકે.

કુદરતના કાનુન મુજબ, ઇતિહાસના ક્રમને અનુસરી, સત્તાધીશોના આ ધમપછાડા કચ્છમાં વહેલી જાગૃતિ લાવશે અને એનેજ હાથે તેનું મૃત્યુ થશે. કચ્છને અમે અંત:કરણપૂર્વક ફતેહ ઇચ્છીએ છીએ.

# કચ્છના સમાચાર

## ધાર્મિક શાળા નહિ જોઇએ

### કેરાને ફોસલાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો

કેરામાં ઇસ્માઇલી ધાર્મિક સ્કુલ શરૂ કરવા માટે કેરાની ઇસ્માઇલી જમાતને ભાઇ રાશીદ કાનજી વિનવી રહ્યા છે: "એ સ્કુલ મુંબઇની જમાતની મદદથી ચલાવવામાં આવશે; એમાં કેરાને એક દોકડો પણ આપવો પડશે નહિ." છતાં કેરાની ઇસ્માઇલી જમાતે ભાઇ રાશીદને સાફ ના સુણાવી દીધી છે. એવી ધાર્મિક નિશાળમાં છોકરાંઓ દાખલ થાય, તેમના હૃદયમાં ઇસ્નાઅશરી ભાઇઓ પ્રત્યે વેરઝેર રાખવાના બીજ વાવવામાં આવે, અને કાળે કરી એ વિષવૃક્ષ ફુલી ફાલી ખોજા કોમને હાનીકારક થઇ પડે. કેરામાં ધાર્મિક ઇસ્માઇલી સ્કુલ સ્થાપવામાં ભાઇ રાશીદ કાનજી નિષ્ફળ ગયા છે એ ઠીક થયું છે.

ભાઇ રાશીદ કાનજીને કચ્છ કામડીઆ ભાઇ રતનશીની કામ-ચલાઉ જગ્યા મળી છે. મજકુર કામડીઆ ઝૈફીને કારણે નિવૃત થયા છે. એ કામડીઆને માસિક રૂા. ૨૦૦)નું વેતન મળતું હતું; હમણાં તેમને રૂા. ૧૨૫) પેનશન તરીકે મળે છે. કચ્છમાં કોરી-ઓનું ચલણ છે. ૪ાા કોરીનો એક રૂપીઓ. જ્યાં કાળી મજુરી કરીને ખડતલમાં ખડતલ ખેડુત રોજની કોરી કમાતો હોય, જ્યાં વેપારીને કેમ કરીને બે પાસાં સરખાં રાખવાં તેની ફીકર થતી હોય ત્યાં માસિક રૂા. ૨૦૦) એટલે ૯૦૦ કોરી, રોજની ૩૦ કોરી જેવી બાદશાહી રકમ કોમ ઉપર ચૂસણ નીતિનાં ચક્રો સદા ફરતાંજ રહે એ માટે વેડફી નાખવામાં આવે છે. એવી રકમ સ્વીકારવા કોણ ન લલચાય?

ભાઇ અબ્દલા અલારખીઆના દીકરાનું સગપણ થઇ ગયું તે પછી દાગીના ચડાવવા વિષે તેને મુંદ્રાની જમાત પર ચીઠ્ઠી નહિ આપવાની મુંબઇની જમાતના મુખી ભાઇ હસનઅલી લાલજી દેવરાજના હુકમથી ભાઇ રાશીદ કાનજીએ કેરાની જમા-તને નોટીસ આપી. પણ કેરાની જમાતે અને મુંદ્રાની જમાતે તેની કાંઇજ ગણના કરી નથી. ભાઇ અબ્દલા અલારખીઆને કેરાની ઇસ્માઇલી જમાતે ચખાણું ચડાવવાની ચીઠ્ઠી કરી આપી અને મુંદ્રાની જમાતે તેની વિધી કરી આપી. **કચ્છમાં આમ કાયદાનો અમલ થાય છે.**

કચ્છની જમાતો કહે છે કે સેંકડો વરસ થયાં કચ્છમાં ઇસ્માઇલી જમાતોનું અસ્તિત્વ છે. પણ કોઇ વખતે અમારૂં વડપણ મુંબઇની જમાત પાસે હતું નહિ ને હશે પણ નહિ. મુંબઇની જમાત સાથે અમારે ફકત સાહેબને એ જમાત મારફત કારસાજી મોકલાવવા જેટલોજ સંબંધ છે. બાકી કાંઇ લેવાદેવા નથી. મુંબઇની જમાતની ડખલગીરી અમે કચ્છમાં કોઇ કાળે સ્વીકારીશું નહિ.

કેરા. **મહમદ હાશમ ચમન.**

## કાયદાઓ સ્વીકારાવવા નવું કાવત્રું રચાય છે?

(અમારા ખબરપત્રી તરફથી)

મુંદ્રા, તા. ૮–૯–૩૪.

લગભગ સત્તાવારજ સંભળાય છે કે કચ્છ–માંડવીના એક ભાડુતી ભાઇ ભાદરવા મહીનામાં પીર શ્રી હસનશાહ પીરના ઉરસ પ્રસંગે મુંદ્રામાં આવવા માટે ગાંસડા પોટલા બાંધી રહ્યા છે. એ પ્રસંગે આંહીના કેટલાક સ્વાર્થી આગેવાનોનો સાથ સાધી આંહીના કેટલાક ખોજા ભાઇઓ કે જેઓને આજકાલનું વાતા-વરણ કેમ ચાલે છે તેની લેશ માત્ર પણ ખબર નથી તેવા અજ્ઞાન જીવો કનેથી નવા કાયદા કે જેનો હજી પ્રસવજ થયો નથી તે કાયદાઓ અમારે મંજુર છે એમ લખાવી તે નીચે સહીઓ મેળવવાનો આ ભાડુતી ભાઇ પ્રયત્ન કરનારા છે. આમ કરવા સંબંધેના લખાણો પણ આંહીના કેટલાક સ્વાર્થી સંતો સાથે થઇ ચુકયાં છે.

આ પ્રપંચ–જાળ પાથરી તેમાં કોમને ફસાવવાનો દગો રમતાં પહેલાં આ ભાઇએ જ્યાં લગી ના. આગાખાન કચ્છ પધારે ત્યાં લગી થોભી જવું જોઇએ. કારણ કે કાયદા અમાનુષી છે. એ સંબંધી તે નામદારને એકથી વધુ અરજીઓ થઇ ચુકી છે. ડીસેમ્બર માસ દૂર નથી. તેઓ નામદાર કચ્છ પધારે ત્યારે સર્વ ચોખવટ થઇ જશે. ત્યાંસુધી ભાડુતી બીરાદરોએ ગોદડું ઓઢીને સુઇ જવામાંજ લાભ છે.

### અમર રહો આ ભ્રાતૃભાવ!

આંહી તા. ૭–૯–૩૪ ને શુક્રવારના દિવસે આંહીના મુખી ભાઇ અલી કાસમ આડત, કે જેઓ કહેવાતી જનરલ કમીટીના એક મેમ્બર પણ છે, તેઓના માતુશ્રીનો પરોજણ હતો. તેમાં ઇસ્માઇલીઓ તેમજ ઇસ્નાઅશરીઓ બન્ને જમાતોને એક સરખી રીતે જમણ આપવામાં આવેલ હતું. ઇસ્માઇલીઓ ખાનામાં અને ઇસ્નાઅશરીઓ મસ્જીદમાં જમ્યા હતા. તા. ૬–૯–૩૪ની સાંજે એજ મુખીના ઘરે ઘણા ઇસ્નાઅશરી ભાઇઓને આમંત્રણ કરી જમાડેલ હતા. તે પ્રસંગે જમવાની સગવડ મુસાફરખાનામાં રાખવામાં આવી હતી. એવીજ રીતે ભ્રાતૃભાવથી શુભાશુભ પ્રસંગે બન્ને જમાતો વચ્ચે પરસ્પર અવરજવર ચાલુજ રહે એજ કચ્છ ઇચ્છે છે. તેના માટે આ દ્રષ્ટાંત મુખીએ સમગ્ર કચ્છને આપ્યું છે તે ખરેજ સ્તુતિપાત્ર ગણાય.

### ૮૬ા કોરી પડાવી

જ્યાં ઇસ્માઇલી કાઉન્સીલ કે જમાત પણ નથી એવી જગ્યાએ આફ્રીકામાં રહીને પાછા દેશ આવેલા ભાઇ મહમદ ઇસ્માઇલનું સગપણ સાકર ખાધા પછી ઇસ્માઇલી હોવાના પરવાનાનું તુત ઉભું કરી અટકાવાયા પછી એવો પરવાનો નહિ રાખવાના તે ભાઇના 'ગુન્હા' બદલ ૮૬ા કોરી તેમની પાસેથી ગુન્હેગારી લઇને જમાતના ચોપડામાં સગપણની નોંધ કરવામાં આવી છે.

# "ખોજા જાગૃતિ" સામે પ્રતિબંધ મૂકવાની માગણી

## રાજકોટ હઝુર કોર્ટમાં નીકળેલી સુનાવણી

### ચાલુ દલીલે સુનાવણી મુલતવી રહી

(અમારા ખબરપત્રી તરફથી)

રાજકોટ, તા. ૧૪-૯-૩૪.

"ખોજા જાગૃતિ" ધાર્મિક લાગણી દુભવે છે એમ કહી કેટલાક ખોજા ભાઈઓએ આ પત્ર બંધ કરાવવા રાજકોટના ના. ઠાકોર સાહેબને કરેલી અરજીની મુદતની તારીખ ૧૭ સપ્ટેમ્બરને બદલે ૧૪ સપ્ટેમ્બરની બદલાવવામાં આવેલી હોઈ તેની પ્રથમ સુનાવણી રાજ્યની હઝુર કોર્ટમાં આજે બપોરે ૨ાા વાગ્યે નીકળી હતી. અરજદારો પૈકી ૮ ભાઈઓ અને તેમના વકીલ મી. ચીનાઇ, બાર-ઍટ-લૉ તથા 'જાગૃતિ' તરફથી તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી અને સહતંત્રી શ્રી. રૂપજી નજરઅલી પ્રેમાણી તેમના વકીલ મી. ચીમનલાલ નાગરદાસ શાહ, બી. એ; એલ. એલ. બી., એડવોકેટ સાથે હાજર રહ્યા હતા. સામાન્ય રીતે આ કોર્ટમાં જ્યુડીશ્યલ સેક્રેટરી શ્રી. અભેચંદ ગોવિંદજી દેસાઇ મુકદમા સાંભળે છે, પણ આ કેસમાં તેમની સાથે સ્ટેટ મીલ મેનેજર શ્રી. તલકશીભાઇ પણ મુકદમા ઉપર ધ્યાન રાખવા ખાસ હાજર રહ્યા હતા.

શરૂઆત કરતાં મી. ચીનાઇએ જણાવ્યું કે, "મારે જે કહેવું છે તે ના. ઠાકોર સાહેબને કરેલી અરજીમાં લખ્યું છે. એ અરજીમાં અમારા કથનના સમર્થનમાં "ખોજા જાગૃતિ"ના કેટલાક ફકરાઓ ટાંકી બતાવ્યા છે. પુરી માહેતી માટે આખી ફાઇલ તપાસી જવાની પણ તેમાં વિનંતિ કરવામાં આવી છે.

આ જગતમાં ધર્મ એ કોઇ સત્તાથી સાબીત થઇ શકે તેવી વસ્તુ નથી. દરેક માણસ અમુક રીતે ઇશ્વરની કલ્પના કરે છે. ધર્મ એ શ્રધ્ધાનો વિષય છે. કોઇએ ઇશ્વરને જોયો નથી; તે બતાવી શકાય તેમ નથી. એટલે દરેક માણસને પોતાને ઠીક લાગે તેવી કલ્પના કરવાની છુટ છે. ઇસ્લામના પયગમ્બર મહમદ સાહેબે કહ્યું કે હું ખુદાનો પયગમ્બર છું, જીસસ ક્રાઇસ્ટે કહ્યું કે હું પ્રભુનો પુત્ર છું, વલ્લભાચાર્યે કહ્યું કે હું ઇશ્વરનું સ્વરૂપ છું. જૈનીઝમ, બુદ્ધિઝમ-દરેકને પોતપોતાની માન્યતા છે. તે સૌને પોતાના ધાર્મિક વડાને ઠીક લાગે તેમ ગણવાનો હક્ક છે. તેથી કોઇ તેઓને મૂર્ખ કહી શકે નહિ. વિચારની સૌને સ્વતંત્રતા છે. દરેક મતના માણસો એમ માને છે કે તેઓ ઇશ્વરના પસંદ કરાયેલા માણસો છે અને સ્વર્ગ તેઓ એકના માટેજ છે. મત કે માન્યતા એ શ્રદ્ધાની વાત છે. કાંઇથી એ નક્કી કરી શકાય તેમ નથી કે સાચો ઇશ્વર કયો. થીઓસોફી, મહોમેડનીઝમ, હિંદુઇઝમ-સૌ ધર્મના લોકો પોતાના ધર્મના નહિ એવા સૌ માણસોને મૂર્ખ અને ઉંધે રસ્તે દોરવાઇ ગયેલા ગણે છે. સુધરેલા સમાજમાં માણસ ધાર્મિક બાબતોમાં સ્વતંત્ર છે. જુના જમાનામાં જ્યારે ધાર્મિક સ્વતંત્રતા ન્હોતી ત્યારે મોટા ઝગડાઓ થતા. આપણે એ જાણીએ છીએ કે ઇંગ્લેન્ડમાં એક વખત એવો હતો કે જો રાજા કેથેલીક ધર્મમાં માનતો હોય તો પ્રોટેસ્ટંટ ધર્મમાં માનનારા લોકોની કતલ ચાલતી, અને તે જો પ્રોટેસ્ટંટ ધર્મનો અનુયાયી હોય તો કેથોલીક ધર્માનુયાયીઓની કતલ થતી. પણ જમાનો આગળ વધતાં લોકોમાં સંસ્કૃતિ આવતી ગઇ અને સૌને ધાર્મિક બાબતોમાં સ્વતંત્રતા આપવાની જરૂર સ્વીકારાઇ. સમાજની હસ્તી માટે સહિષ્ણુતાની જરૂર છે. જો પોતાથી અન્ય ધર્મ કે મતના માણસોને મૂર્ખ કહેવાનો હક્ક આપવામાં આવે તો સમાજમાં શાંતિ જળવાય નહિ અને લોકોની ધાર્મિક લાગણીઓ વારંવાર દુભાયા કરે. "ખોજા જાગૃતિ"નું પ્રકાશન ખોજા કોમને ઉતારી પાડવા માટે અને તેની ધાર્મિક લાગણી દુભવવા માટે યોજાયેલું છે. એમ કરવાનો તેને કાંઇજ હક્ક નથી. ઇસ્માઇલી ધર્મ જેને ન ગમતો હોય તે તેમાંથી ચાલ્યા જઇ શકે છે. પણ ઇસ્માઇલી ધર્મનો નાશ ન થાય ત્યાંસુધી ખોજા કોમ સુખી નહિ થાય તેમ કહેવાનો તેને અધિકાર નથી"

આંહી મી. ચીનાઇએ અરજીમાં ટાંકેલા "ખોજા જાગૃતિ"ના કેટલાક ફકરાઓ એક પછી એક લઇ ના. કોર્ટને સમજાવ્યા હતા અને તે પોતાના કથનને કઇ રીતે ટેકો આપે છે તે બતાવ્યું હતું.

આગળ ચાલતાં મી. ચીનાઇએ જણાવ્યું કે, "જેમ મુસ્લીમો મહમદ પયગમ્બરને ગણે છે અને વલ્લભાનુયાયીઓ વલ્લભાચાર્યને ગણે છે તેમ ખોજાઓ ના. આગાખાનને ગણે છે."

"ખોજા જાગૃતિ" પુ. ૧, અં. ૩૭, પા. ૨૯૦ ઉપર અગ્રલેખના ફકરા ઉપર બોલતાં મી. ચીનાઇએ જણાવ્યું કે, "ના. આગાખાનના આગમનને ખોજા કોમ તેમને ચરણે પોતાનો પૈસો ધરી દેશે એમ કહી એક 'અતિ કમનશીબ આફત' લેખવામાં આવ્યું છે. ના. આગાખાન માટે આમ લખવું એ ખોજા કોમની ધાર્મિક લાગણી દુખવવા બરાબર છે. એવો ભાગ્યેજ કોઇ ધર્મ હશે કે જેમાં પૈસા આપવા પડતા ન હોય. આવું તો બધા ધર્મગુરૂઓ માટે કહી શકાય.

નમ્ર ભાષામાં કરાએલી પ્રામાણિક ટીકા એ જુદી વસ્તુ છે અને બીજાઓને મૂર્ખ અને અજ્ઞાન કહેવા અને બદનક્ષી કરવી એ જુદી વસ્તુ છે. આ ફકરાઓની દરેક લીંટી ખોજા કોમના ધર્મગુરૂને અપશબ્દો કહેવાના ઇરાદાથી લખાએલી છે અને સાથોસાથ ઇસ્માઇલી ધર્મના અનુયાયીઓને મૂર્ખ કહેનારી છે.

સમાજ સહિષ્ણુતા ઉપર નભે છે અને શાન્તિનો ભંગ થતો અટકાવવા હંમેશાં કાયદા કાનુનની જરૂર હોય છે.

"ખોજા જાગૃતિ"ના જવાબમાં એમ કહેવામાં આવ્યું છે કે તેને ના. આગાખાન, ઇસ્માઇલી ધર્મ કે ખોજા કોમ સાથે વેર નથી. જ્યારે આ ફકરાઓ સ્પષ્ટ ભાષામાં ઇસ્માઇલી ધર્મ અને ના. આગાખાન ઉપર હુમલો કરનારા છે. હકીકતે તે જે કરે છે તેજ તેણે સાફ કહી દઇ સ્વીકારી લેવું જોઇએ. "ખોજા જાગૃતિ"ના મુદ્રક અને પ્રકાશકનો ધ્યેય અને હેતુ ઇસ્માઇલી ધર્મ અને તેના ધાર્મિક વડાનો નાશ કરવાનો અને ખોજા કોમને મૂર્ખ ઠરાવવાનો છે.

સામાન્ય રીતે બધા રૂઢીચૂસ્ત માણસો ઝનુની હોય છે. તેઓના ધર્મ કે ધર્મગુરૂ માટે આવી ભાષા વાપરવી એ તેમને પડકાર કરવા બરાબર છે, અને એમ કરીને શાન્તિનો ભંગ કરવાનું આમંત્રણ આપવા બરાબર છે. હું એમ કહું છું કે આ જાતનું લખાણ ગમે તે ધર્મના ગમે તે પ્રામાણિક અનુયાયીને પણ ઉશ્કેરે તેવું છે. ઉલટું આવું લખીને તો તે ખોજાઓને ઇસ્માઇલી ધર્મમાં વધુ ચૂસ્ત બનાવે છે.

ઇસ્માઇલી ધર્મને નીચે ઉતારી પાડવાનો "ખોજા જાગૃતિ" નો પધ્ધતિસરનો ધંધો છે.

આપની સમક્ષ બે મુદ્દાઓ છેઃ જે લખાણ આંહી રજુ કરવામાં આવ્યું છે તે બદઇરાદાથી ખોજા કોમના ઇસ્માઇલી ધર્મ અને તેના વડા ના. આગાખાનની બદનક્ષી કરનારૂં છે કે નહિ, અને રાજકોટ રાજ્યના રક્ષણ નીચે આવું પ્રકાશન કોઇને કરવા દઇ શકાય કે કેમ."

આંહી શ્રી. તલકશીભાઇએ મી. ચીનાઇનું ધ્યાન ખેંચ્યું કે, "આ માટે કાયદાની અદાલતમાં પગલાં ભરી શકાય કે નહિ ? શા માટે "ખોજા જાગૃતિ" બંધ કરાવવા કાયદાની અદાલતમાં તમે નથી જતા ? અને બ્રીટીશ હિન્દમાં આવો કોઇ કિસ્સો ઉભો થયો હોય તો તમે માગો છો એવું કામ, પત્ર બંધ કરાવવાનું કામ કોણ કરે ? આ મુદ્દાઓ જરા સમજાવો."

જવાબમાં મી. ચીનાઇએ જણાવ્યું કે, "સામાન્ય ગુન્હાઓનો ન્યાય સામાન્ય રીતે કાયદાની અદાલતમાં મેળવવો જોઇએ. પણ આ કોઇ સામાન્ય વસ્તુ નથી. આ એક અસાધારણ ગુન્હો છે, અને તે એક, બે કે ત્રણ વખત કરવામાં આવેલો નથી પણ સતત રીતે, પધ્ધતિસર આજદિન સુધી કાયમ કરવામાં આવે છે, અને એ માટે અસાધારણ ઉપાયોજ લેવા જોઇએ. બ્રીટીશ હિન્દમાં પણ અસાધારણ સંજોગોમાં અસાધારણ હુકમો–ઓર્ડીનન્સીઝ–થી કામ લેવાય છે. ના. આગાખાન એક રાજ્યકર્તા છે અને બીજા એક રાજ્યકર્તાની કોર્ટમાં તેમને ફરીયાદી તરીકે હાજર થવું એ શોભાસ્પદ નથી. માટેજ અમે આ રસ્તો ગ્રહણ કર્યો છે. એક દેશી રાજ્યનો રાજા એક પત્ર લખીને પણ બીજા રાજ્યના રાજાને આવાં પત્ર અટકાવવા કહી શકે છે. બ્રીટીશ રાજ્યમાં આવા દાખલાઓ હોય કે ન હોય, પરંતુ દેશી રાજ્યોમાં આવા દાખલાઓ ઘણા છે."

શ્રી. તલકશીભાઇ : દેશી રાજ્યની અંદર શું બને છે અથવા રાજા શું કરી શકે છે તે વસ્તુથી અમે બરાબર પરિચિત છીએ. એટલે તે વસ્તુ અમે તમારી પાસેથી જાણવા માગતા નથી. અમે તો એટલુંજ જાણવા માગીએ છીએ કે બ્રીટીશ હિન્દમાં આમ સીધી રીતે પગલાં લેવાની સત્તા આપનો કોઇ કાયદો છે ? ધારો કે આજની વસ્તુસ્થિતિ આંહીને બદલે બ્રીટીશ હદમાં હોત, તો શું થાત ? તમારી માંગણી સજા કરાવવાની નથી, પણ પત્ર બંધ કરાવવાની છે. બ્રીટીશ હિન્દના કોઇ કાયદા નીચે આમ થઇ શકે કે નહિ ?

મી. ચીનાઇ : આંહી બ્રીટીશ રાજ્યને બદલે દેશી રાજ્ય હોવાનો ખાસ લાભ છે. આ એક અર્ધ–રાજ્યદ્વારી વસ્તુ છે. શા માટે "ખોજા જાગૃતિ" છાપવાને અને પ્રગટ કરવાને આ રાજ્યનો આશ્રય લેવામાં આવે છે ? તેઓ ભલે બ્રીટીશ હદમાં જાય. બ્રીટીશ હિન્દના કાયદા આંહી લાગુ નથી. ત્યાં તો ધારાસભામાં ન પસાર થયો હોય તેવો કોઇ ધારો હોતો નથી. આંહી તો રાજાનો શબ્દ એ કાયદો છે.

શ્રી. તલકશીભાઇ : ધારો કે એજન્સીમાં હોત, તો શું થાત ?

મી. ચીનાઇ : એજન્સી તો ન ઇચ્છવાયોગ્ય માણસ ગણીને હદપાર પણ કરે અને એમ કરીને પત્ર બંધ કરાવે.

શ્રી. તલકશીભાઇ : પણ તે માટે એજન્સીમાં કંઇ કાયદો છે ? અમે બની શકે ત્યાંસુધી બંધારણપૂર્વકનું પગલું ભરવા માગીએ છીએ.

મી. ચીનાઇ : એજન્સી ધારે તો આડકતરા રસ્તા લઇને બંધ કરાવી શકે. શ્રી. મણીલાલ કોઠારીને એવીજ રીતે હદપારીનો હુકમ આપવામાં આવ્યો હતો.

શ્રી. તલકશીભાઇ : ના. ઠાકોર સાહેબને અમારો અભિપ્રાય જણાવતાં પહેલાં અમારે તેમની સમક્ષ એ વાત બરાબર મૂકવી જોઇએ કે બ્રીટીશ હિન્દમાં કે એજન્સીમાં આવો કિસ્સો બન્યો હોય તો શું થાય.

મી. ચીનાઇ : રાજકોટ સ્ટેટે પણ ગેઝેટમાં એક હુકમ પ્રગટ કરીને શાંતિનો ભંગ થતો અટકાવવા કાયદો ઘડેલો છે.

શ્રી. તલકશીભાઇ : એ બધું બરાબર છે. પણ ધારો કે અમે તમારી માગણી કબુલ રાખી અને આ પત્ર આંહી બંધ કરાવ્યું; પણ આવતી કાલે "ખોજા જાગૃતિ"-ના સંચાલકો એજન્સીમાં ઑફીસ ખોલે તો ત્યાં તેને પહોંચી વળવા તમે શું કરો ?

મી. ચીનાઇ : રાજ્ય સર્વસત્તાધીશ છે. બ્રીટીશ હિન્દમાં રાજા નથી, પણ વાઇસરૉય અને એ. જી. જી. એ તો ના. શહેનશાહના નોકરો છે તે બ્રીટીશ હિન્દના નોકરો સાથે દેશી રાજ્યના રાજાને સરખાવી શકાય નહિ. અમારી પત્ર બંધ કરાવવાની માગણી તો નરમમાં નરમ છે.

શ્રી. તલકશીભાઇ : સામો પક્ષ કદાચ એમ કહેશે કે પત્ર બંધ કરાવવાની માગણી એ સખ્તમાં સખ્ત માગણી છે, કારણ કે તેમાં હંમેશના માટે વાણી અને વિચારની સ્વતંત્રતા છીનવી લેવામાં આવે છે.

આટલા સવાલ જવાબ થયા પછી ના. કોર્ટે મી. ચીનાઇને જણાવ્યું કે, "તમે બ્રીટીશ હિંદ કે એજન્સી–ગમે ત્યાંનો કાંઇક આધાર બતાવો. એ માટે તમારે મુદત જોઇતી હોય તો બીજી મુદત ઉપર સુનાવણી મુલતવી રાખીએ."

છેવટે મી. ચીનાઇ બીજી મુદત ઉપર સુનાવણી મુલતવી રાખવા કબુલ થયા હતા. ફરી મુદત તા. ૨૮–૯–૩૪ની નક્કી થઇ છે જે વખતે મી. ચીનાઇ પોતાની અધુરી દલીલ પુરી કરશે અને તે પછી "ખોજા જાગૃતિ" તરફથી મી. ચીમનલાલ એ દલીલોનો જવાબ આપશે.

**સસ્તું અને સારૂં વાંચન**

વાંચવું હોય તો બે રૂપીઆ મોકલાવી "ખોજા જાગૃતિ"ના ગ્રાહક બનો.

# સપ્તાહનો સાર

**સમાધાન ન થયું :** કોંગ્રેસની વર્કીંગ કમીટી અને કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો ગઇ તા. ૮ના રોજ વર્ધા ખાતે મળી હતી. કોંગ્રેસના કોમી ચુકાદા સંબંધે મૌન સેવવાના ઠરાવથી નારાજ થઈ નવો રાષ્ટ્રિય પક્ષ ઉભો કરનારા પં. માલવીઆ અને શ્રી. અણે સાથે વડી ધારાસભાની ચુંટણી સંબંધમાં સમજુતી ઉપર આવવાના વર્કીંગ કમીટીના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. પંડી-તજીને દસ બેઠકો આપવાની સમિતિએ તૈયારી બતાવી હતી, પણ પંડીતજીએ એથી પણ વધુ બેઠકોની માગણી કરી. મહાસભા સમિતિની બેઠક બોલાવી કાર્યવાહક સમિતિના ઠરાવ ઉપર નિર્ણય માગવાની પંડીતજીએ માગણી કરી, પણ પ્રમુખ શ્રી. સરદારે સામેથી એવી માગણી કરી કે જો મહાસમિતિ કાર્યવાહક સમિતિના ઠરાવને કબુલ રાખે તો પંડીતજીએ પોતાનો નવો પક્ષ વિખેરી નાખવો. પણ આ માગણીનો પંડીતજીએ કાંઇજ જવાબ નહિ આપવાથી મહાસમિતિની બેઠક બોલાવવાનો પ્રશ્ન પડતો મૂકવામાં આવ્યો છે. હવે બન્ને પક્ષો વડી ધારાસભાની ચુંટણીમાં લડી લેવાનું નકકી કર્યું છે. કોંગ્રેસ પં. માલવીઆ, શ્રી. અણે અને શ્રી. સરત બોઝ સામે પોતાના ઉમેદવારો મૂકશે નહિ.

**મહાત્માજી નિવૃત્ત થશે ? :** મદ્રાસના "હિન્દુ" પત્રે એવા સમાચાર પ્રગટ કર્યા હતા કે મ. ગાંધીજીએ રાજકારણમાંથી નિવૃત થવાનો નિર્ણય કર્યો છે. આ સામે મહાત્માજીએ એક નિવે-દન પ્રગટ કરી જણાવ્યું છે કે નિવૃત થવાનો પ્રશ્ન ખાનગી રીતે મિત્રોમાં ચર્ચાયો છે ખરો, પણ કોઇ જાતનો નિર્ણય થયો નથી. આથી "હિન્દુ" પત્રે નિર્ણય થયાના સમાચાર પ્રગટ કરવા માટે દીલગીરી દર્શાવી છે. મહાત્માજી રાજકારણમાંથી નિવૃત થવાના પ્રશ્ન ઉપર ગંભીર વિચારણા કરે છે; તેઓ કોંગ્રેસની વર્કીંગ કમી-ટીને પોતાની સ્થિતિથી બરાબર વાકેફ કરશે અને છેવટે કમીટીનો નિર્ણય પોતે સ્વીકારશે. મહાત્માજીની નિવૃતિની ઇચ્છાના મૂળ કારણો હજી જણાયા નથી.

**કાકા કાલેલકરનું રાજીનામું :** ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય અને છેલ્લા ૨૦ વરસથી ગુજરાતની અનુપમ સેવા બજાવી રહેલા કાકા કાલેલકરે વિદ્યાપીઠના હોદ્દા ઉપરથી રાજીનામું આપ્યું છે અને તેઓ હવે ગુજરાતમાંથી છુટા થવા અતિ આતુર બન્યા છે. કાકા કાલેલકરે લડત ચાલતી હતી ત્યારે વિદ્યાપીઠની ટ્રસ્ટ કમીટીને પુછયા વિના પણ મહાત્મા ગાંધીજીની સલાહ મુજબ વિદ્યાપીઠની લાયબ્રેરી અમદાવાદ મ્યુનીસીપેલીટીને સોંપી દીધી હતી. તેમના આ પગલાને સરદાર વલ્લભભાઇએ જેલમાંથી છુટયા પછી અતિશય વખોડી કાઢયું હતું. આ મતભેદને કારણે કાકા કાલેલકર છુટા થાય છે.

**મહાસભાનો તાજ કોને સોંપાશે ? :** મુંબઇ ખાતે આવતા ઑકટોબરની આખરમાં અખીલ હિન્દ રાષ્ટ્રિય મહાસભાનું ૪૮મું અધિવેશન ભરાવાનું છે. તે માટે સ્વાગત સમિતિ અને સ્વયંસેવક દળની તડામાર તૈયારીઓ ચાલે છે. મહાસભાના પ્રમુખ તરીકે સામાન્ય રીતે બધા સંજોગો બાબુ રાજેન્દ્રપ્રસાદને ચુંટ-વાની તરફેણમાં છે. પણ સરકારે સરહદ પ્રાન્ત મહાસભા સાથે જોડાયેલો નથી તથા ખાન અબ્દુલ ગફુર ખાન અને લાલ ખમીસ-વાળા હિંસામાં સંડોવાએલા છે તેવા આક્ષેપો કરેલા હોવાથી સરહદના ગાંધીને મહાસભાનો તાજ પહેરાવવાની પ્રવૃત્તિ મુંબઇમાં શરૂ કરવામાં આવી છે. ખાન સાહેબને આ વાતની ખબર પડતાં તેમણે વર્તમાનપત્રો જોગું નિવેદન પ્રગટ કરી પોતાની જાતને સૈનિક તરીકે ઓળખાવી સરદારનું સ્થાન લેવાની અનિચ્છા બતાવી છે. આમ છતાં તેમને ચુંટવામાં આવે તો બનવાજોગ છે.

**અમેરીકાની મીલ હડતાળ :** અમેરીકાના રેશમ, ઉન અને સુતરના કારખાનાઓમાં કામ કરતા કામદારો હડતાળ ઉપર ગયા છે. પ્રમુખ રૂઝવેલ્ટે આ સંબંધમાં તપાસ કરવા એક સમિતિ નીમી છે. મજુર આગેવાનોએ આ સમિતિને વચમાં પડવાનું આમંત્રણ કર્યું છે, અને માલેકોની પણ તેવીજ માગણી છે. કદાચ સમાધાન થઇ જાય. આ હડતાળ લંબાય તો તેનાં આંતરરાષ્ટ્રિય પરિણામો નિપજે તેમ છે. મુંબઇના કામદારોએ જાહેર સભા ભરી અમેરીકન કામદારો તરફ સહાનુભૂતિ પાઠવી છે.

**સ્ટીમર ઉપર વીજળી પડી :** અમેરીકન સ્ટીમર "મોરો કેસલ" ઉપર વિજળી પડવાથી તેને આગ લાગી હતી અને આખી સ્ટીમર ડુબી ગઇ છે. સ્ટીમર આનંદ પર્યટન ઉપર નીકળી હતી. તેમાં ૫૫૮ માણસો હતાં. તેમાંના ૪૩૦ને બચાવી લેવામાં આવ્યાં છે, ૧૧૪નાં શબ હાથ લાગ્યાં છે અને ૧૪ માણસોનો કાંઇજ પત્તો લાગ્યો નથી. સ્ટીમરનો સાત લાખ પાઉન્ડનો વિમો ઉતારવામાં આવ્યો હતો.

**શાન્તિ જાળવવા ૬૦૦૦ પોલીસ :** ઇંગ્લેન્ડમાં ગઇ તા. ૯ના રોજ લંડનના હાઇડ પાર્ક ખાતે સર ઑસ્વાલ્ડ મોસ્લેની આગેવાની નીચે ફેસીસ્ટ પક્ષના માણસોની એક સભા મળી હતી અને તેજ વખતે તેજ જગ્યાએ તેના વિરોધીઓની પણ સભા ભરાણી હતી. બન્ને પક્ષો વચ્ચે અથડામણ ન થાય અને શાન્તિ જળવાઇ રહે એ માટે પોલીસના ૬૦૦૦ માણસોને પોતાની ફરજ ઉપરથી ખસેડી હાઇડ પાર્કમાં ખડા કરવામાં આવ્યા હતા. પરિ-ણામે કાંઇ નોંધવાયોગ્ય તોફાન થયું હતું નહિ.

**સમ્રાટનો રૂપક મહોત્સવ :** આવતા વરસે ના. શહેન-શાહ પાંચમા જ્યોર્જને ગાદીનશીન થયે ૨૫ વરસ પુરાં થતાં હોવાથી સમ્રાટનો રૂપક મહોત્સવ લંડનમાં ઉજવવામાં આવશે. આ પ્રસંગે ઐતિહાસિક દેખાવો અને જાહેરાત થવાની વાતો સંભળાય છે.

**અલ્વર સામે વધુ મનાઈ :** અલ્વર રાજ્યના ગેરકારો-બાર અને અવ્યવસ્થાને કારણે અલ્વર નરેશને બે વરસ માટે ગાદી છોડી અલ્વર રાજ્યની હદ બહાર રહેવાનું સરકારે ફરમાન કરેલું તેના અનુસંધાનમાં હિન્દી સરકારના રાજપ્રકરણી ખાતાએ એક ખરીતો પ્રગટ કરી અલ્વર નરેશને અચોકકસ મુદત સુધી અલ્વરમાં પાછા ફરવાની મનાઇ કરી છે.

**મૌ. શૌકતઅલી બ્રીટીશ રૈયત નથી :** સર મહમદ યાકુબની અરજીના પરિણામે લખનૌ મેજીસ્ટ્રેટે મૌ. શૌકતઅલી બ્રીટીશ હિંદની રૈયત નથી એવો ઠરાવ આપ્યો છે. મૌલાના સર મહમદની સામે વડી ધારાસભાની ચુંટણીમાં ઉભવાના હતા; પણ તેમનું નામ હવે મતપત્રકમાંથી કાઢી નાખવામાં આવ્યાથી તેઓ કોઇ પણ જગ્યાએ ઉમેદવારી કરી શકશે નહિ.

## આપણું ભાવિ

આપણે એ સમજી જવું અને ચેતી જવું જોઇએ કે કોઇના દર્શન માત્ર કે પ્રસન્નતામાં આપણો દિવસ વળવાનો નથીજ. પરંતુ આપણો ઉદ્ધાર આપણાજ પુરૂષાર્થમાં સમાયેલો છે. આપણું ભાવિ એ આપણાજ પુરૂષાર્થનું પરિણામ છે. આપણેજ આપણા ભાગ્યના સૃષ્ટાઓ છીએ. આત્મ ઉન્નતિ કે જગત સંપત્તિમાં કારણ રૂપે રહેલા દોષોને નિવારવા એજ પુરૂષાર્થ છે. દોષો દૂર થતાં શાન્તિ કે સંપત્તિ પોતે પોતાના પરિણામ રૂપે આવવાનાંજ અને તેથીજ ભાવિ ભાગ્યાધીન કહેવાય છે.

ભુતકાળની ભુલોનો ભોગ થયેલા આપણે એ કરેલી ભુલોનો ભોગવટો ભોગવ્યેજ છુટકો છે, છતાં ભાવિ નવ સર્જનના સૃષ્ટાઓ આપણેજ છીએ એ કદી ભુલવું જોઇએ નહિ. આપણીજ રચેલી વાડો કે કેદખાનાને આપણેજ તોડવા જોઇએ; એ વિના આપણી મુકતિ થઇ શકે નહિ. આપણી શાન્તિ (મોક્ષ) કે સંપત્તિ (પદાર્થ સુખો) કોઇ બીજાજ આવી આપણને અપાવી દેનારા કે પમાડનારા છે એમ માનવું એ મિથ્યા ભ્રમ છે, એ કેવળ અજ્ઞાનતાજ છે. જેમ ચાવીને ખાવામાં સુખ સ્વાદ કે અન્નરસ પચાવી લોહીનાં પરિણામને પમાડવું તે જેમ કોઈના ખાવાથી કે ચાવવાથી થતું નથી એમજ કોઇ શાન્તિ કે સ્વર્ગ પોતાના પુરૂષાર્થ વગર પામી શકતું નથીજ. છતાં કોઇ મહાસાગરમાં ડુબકી મારી સ્વર્ગને સીમાડે નીકળવાની આશા રાખે અગર કોઇ આકડાની ડાળે બેસી કેરી ખાવાની વાતો કરે તો તેમ કરવાનો તેને હકક છે, પરંતુ તેમ થવુંજ જોઇએ એ તેના હકકની વાત નથીજ. કારણ કે ન્યાયથી નક્કી થયેલા સિધ્ધાંતો ત્રીકાળમાં કોઇ ફેરવવા સમર્થ નથી. અને છતાં કોઈ તેમ કહેતું હોય તો તે પાખંડ અને દંભ છે.

ધ.

## બેકારી

[બેકારીના આંકડાઓની સત્તાવાર પ્રસિદ્ધિ દરેકે દરેક રાજ્યમાં છેલ્લા બે ત્રણ માસથી બંધ કરવામાં આવી છે. નીચે આપેલા આંકડાઓ તે તે દેશની મજૂર-સંસ્થાઓએ એકત્ર કરેલા હોઇ એમાં ઓછામાં ઓછી ભૂલ હોવાનો સંભવ છે.]

| | વસ્તી | બેકારો | ટકા |
|---|---|---|---|
| ઈંગ્લાંડ : | ૩૬૨૮૫૪૦૦ : | ૨૮૦૦૦૦૦ : | ૮। |
| ફ્રાન્સ : | ૩૯૩૨૦૦૦૦ : | ૩૧૦૦૦૦૦ : | ૮। |
| જર્મની : | ૬૫૦૦૦૦૦૦ : | ૧૪૪૦૦૦૦૦ : | ૨૨ |
| ઇટાલી : | ૩૪૭૨૦૦૦૦ : | ૩૬૦૦૦૦૦ : | ૧૦ |
| જાપાન : | ૫૨૦૦૦૦૦૦ : | ૩૨૦૦૦૦૦ : | ૬। |
| અમેરિકા : | ૫૬૦૦૦૦૦૦ : | ૫૪૦૦૦૦૦ : | ૧૯।૨ |

("રોશની"માંથી)

## વેપાર સમાચાર

(તા. ૧૪-૯-૩૪.)

**ઉન :** ગયા અઠવાડિયામાં લીવરપુલમાં ૧૪૯ ગાંસડી વેચાણી છે અને બજાર ફેરફાર વગરનો રહ્યો છે. આવતો સેલ તા. ૧૮-૯-૩૪નો છે, તેમાં ગાંસડી ૧૭૫૦૦ મૂકાશે. અમેરીકાની મીલના કામદારોની હડતાળનું સમાધાન નહિ થઇ જાય તો તેની અસર બજાર ઉપર થશે અને તો આ સેલમાં બજાર કદાચ ઘટશે. સ્થાનિક બજારમાં કાંઇ સોદા થયા નથી. શુદ્ધ જોડીયાનો ભાવ રૂા. ૧૪) ગણાય.

**રૂત :** ભરૂચ ૨૧૯॥ **બકરાના વાળ:** ૩)

**અનાજ, વિ.:**

| | |
|---|---|
| ૧॥।~ ૧॥।= ઘઉં | ૨॥ તલ |
| ૧॥ ૧॥~ બાજરો | ૧॥≡ ૧॥ મેથી નવી |
| ૧। ૧।≡ જુવાર | ૧॥~ ૧॥~॥ એરંડા એરંડી |
| ૧।= ૧।≡ ચણા દેશી | ૧)= ૧।= મગ દેશી |
| ०॥।= ૧) કમોદ જાડી | ૧।≡ ૧॥= અડદ |
| ૧।= ૧॥ કમોદ જીણી | ૨)= રાઈ |
| ૧।= મગફળી જીણી | ૨।≡ શીંગદાણા હાથફોલ |
| ૧। ૧।०॥ મગફળી જાડી | |

**ઘી :** ૨૬) ૨૬॥ મુંબઇ પરખ, ૨૨) ૨૨॥ તાજો રસ

**તેલ :** ૫। તલનું, ૩॥ શીંગનું.

**પરચુરણ :** ૩) ૪॥ ગોળ દેશી.

૬॥ ૬॥।= કપાશીયા કરાંચી

૪। ખાંડ રાજકોટ શહેર, ૨॥।= સદર. ૮) ૮॥ સોપારી જુની. ૧૨) ૧૨॥ ગદબનું બી. ૯॥० વેસણ જીણો. ૮।० વેસણ જાડો. ૮॥। કરાંચી ઘઉંનો લોટ.

(ઉપરના ખબર જેમ મળ્યા તેમ આપ્યા છે.)

## લશ્કરી ખર્ચ

| | સેના | હવાઇ જહાજ | ખર્ચ |
|---|---|---|---|
| બ્રિટન : | ૧૧૮૧૯૬૭ : | ૧૪૩૪ : | ૨૭ કરોડ |
| ફ્રાંસ : | ૬૯૫૨૨૧૩ : | ૩૦૦૦ : | ૫૫ કરોડ |
| ઇટાલી : | ૬૪૯૫૫૩૫ : | ૧૫૦૭ : | ૨૧ કરોડ |
| અમેરિકા : | ૪૪૪૬૬૧ : | ૨૩૫૧ : | ૨૧ કરોડ |
| જર્મની ; | ૧૧૦૦૫૦૦ : | [ખાનગી] : | ૧૯ કરોડ |
| જાપાન : | ૨૧૧૭૦૦૦ : | ૧૯૩૯ : | ૩૦ કરોડ |

**તા. ક.** ઉપરના આંકડાઓમાં ખડી સેના, રિઝર્વ વગેરે તમામનો સમાવેશ થાય છે.

ઉપરના આંકડાઓ વિના અપવાદે ૧૯૧૪ના સમય કરતાં ઓછામાં ઓછા દોઢા છે.

("રોશની"માંથી)

આફ્રીકાનો પત્ર

# ખાલી હાથે પાછા ફરેલા 'પ્રતિનિધિઓ'

## કોમની કેળવણીમાં શું પ્રગતિ થઇ ?

( અમારા ખબરપત્રી તરફથી )

**નાઇરોબી,** તા. ૨૫-૮-૩૪

ના. આગાખાન પાસે ગયેલ પ્રતિનિધિ મંડળ કાંઇ પણ લીલું કર્યા વગરજ પાછું ફર્યું છે. પ્રતિનિધિ મંડળનો હેવાલ મોટે સાદે જમાતખાનામાં ખૂબ વાંચવામાં આવ્યો હતો.

પ્રતિનિધિ મંડળે કેળવણીના બારામાં કોઇ પણ જાતનું કામ કર્યું નથી. એકજ બાબત તેઓએ ત્યાં જઇ નામદાર સમક્ષ રજુ કરી કે ઇસ્ટ આફ્રીકાની સરકાર પાસેથી ઇસ્માઇલીઆ કેળવણીને પૂરી ગ્રાન્ટ નથી મળતી, ને પરિણામે તુટતો ખર્ચ નામદારની તીજોરીમાંથી માગવો પડે છે. ના. આગાખાને તેઓને એક મેમોરન્ડમ ( યાદી ) બનાવીને બ્રીટનના સંસ્થાના ખાતાના પ્રધાનની કચેરીમાં મોકલાવ્યા. મેમોરન્ડમનો ખાસ મુદ્દો એ હતો કે ઇસ્ટ આફ્રીકામાં યુરોપીઅન અને હિન્દી શાળાઓ વચ્ચે સરકારી ગ્રાન્ટ સરખે ભાગે ન મળતી હોવાથી, એટલે કે હિન્દી શાળાઓને સરકાર તરફથી ગ્રાન્ટ ઓછી મળતી હોવાથી, ઉપરાંત હિન્દી બાળકોની સંખ્યા વધારે હોવાથી, સરકારે મહેરબાની કરી હિન્દીઓને મળતી ગ્રાન્ટમાં વધારો કરવો; અને એ વધારો ઇસ્માઇલી શાળાઓને આપવો, કારણ કે ઇસ્માઇલી શાળાઓનાં મકાનો ઘણાં ખરાં સરકારી નહિ પણ ઇસ્માઇલી ફાળાથી બંધાએલાં છે, એટલે એ બાબતમાં સરકારને ફાયદો થયો છે. આવી મતલબનું મેમોરન્ડમ સંસ્થાન ખાતાને મોકલ્યા શિવાય બીજું એક પણ કામ કેળવણી પ્રતિનિધિ મંડળે કર્યું નથી. જવાબમાં બ્રીટીશ પદ્ધતિ મુજબ સંસ્થાન ખાતાએ 'અમે ઇસ્ટ આફ્રીકાની સરકારને પુછાવી જોઇશું' એવો ઉત્તર આપ્યો છે.

**પ્રતિનિધિ મંડળે ઉંચી કેળવણી માટે, કે કેળવણીની પધ્ધતિમાં ફેરફારો કરવા માટે, અથવા કેળવણીનો વધારે ફેલાવો થાય તે માટે નથી પોતે કોઇ યોજના હાથ ધરી, કે નથી ના. આગાખાને કોઇ યોજના સૂચવી. હાલ જેટલી કેળવણી ઇસ્માઇલી ખોજાઓને મળે છે તે જેમ પૂરતી ને બરાબર હોય તેમ અસંતોષનો એક શબ્દ પણ તેઓએ કાઢયો નથી, અને ના. આગાખાને તે પુછવાની દરકાર પણ કરી નથી.**

સરકારી ગ્રાન્ટની જે બાબત છે તે આંહી ઘણી ગુંચવાયેલી છે. બીજી બાબતો સાથે વધુ સંબંધ નથી, પણ એક વાત એ પણ છે કે સરકારની એવી ઇચ્છા છે કે ખોજાની, શીખની, સનાતનીની અને આર્ય સમાજની—એવી જુદી જુદી કોમોની શાળાઓને નિભાવવા કરતાં દરેક ગામમાં એક સાર્વજનિક હિન્દી શાળા નિભાવવાથી ઓછા ખર્ચે વાત પતી જશે. ખુબી તો એ છે કે સંસ્થાન ખાતાને આપેલા મેમોરન્ડમમાં આ વાતને ઉડાડી દેવામાં આવી છે, જ્યારે બીજી બાજુ હિન્દી કેળવણી અને તેના હકકો ઇસ્માઇલી શાળાને સોંપી દેવાની માગણી કરવામાં આવી છે. આંહીનું સ્થાનિક સરકારી વાતાવરણ જોતાં એવા મેમોરન્ડમનો કાંઇ અર્થ સરે તેમ લાગતું નથી.

આમ પ્રતિનિધિ મંડળ નિષ્ફળ હાથે પાછું ફર્યું છે અને કરાએલો ખર્ચ નકામો નિવડયો છે. કેળવણી સંબંધે પ્રતિનિધિ મંડળ જાય અને એનાં પ્રતિનિધિઓ લેખાતા ગૃહસ્થો કેળવણીકાર ન હોય કે જેઓને કેળવણી સાથે નિત્યનો સંબંધ છે એવા માણસોને તેમાં સ્થાન મળતું ન હોય ત્યાં આવાં કેળવણી પ્રતિનિધિ મંડળો નિષ્ફળજ નિવડે. આમ કેળવણીને નામે એક જબરી હોહા અને ધમાલ મચાવ્યા પછી પણ ઇસ્ટ આફ્રીકાના આપણા બાળકો અને યુવાનોની કેળવણી એક ડગલું પણ આગળ વધી નથી.

---

# ભડલી જમાતનો કારભાર

## વિચિત્ર લાગાઓની ઉપજ ચોપડામાં જમે થતી નથી?

( અમારા ખબરપત્રી તરફથી )

**ભડલી** ( ભાણ ), તા. ૬-૯-૩૪

જમાતખાનાના ચોપડામાં "ખીસો પુંજો" અને "એ બાકી"ની વિગત કાંઇ પણ લખવામાં આવતી નથી.

"એ બાકી" વિષે ચોપડામાંથી કાંઇ હકીકત મળી નથી. પરંતુ ગામમાંથી હકીકત મેળવતાં નીચે પ્રમાણે સાંભળ્યું છે:—

અગાઉ કોઇ ખોજા ભાઇ પાસે 'સરકાર સાહેબી' દાદ પૈકી રૂા. ૨) લેણા રહેલા. બીજી વખતે તેની પાસેથી બીજા કોઇ દાદ લેતી વખતે બાકીના રૂા. ૨) વસુલ કર્યા. ત્યારથી એ લાગો "એ બાકી"ના નામે ચાલુ થયેલો. આ લાગાની વસુલાત કે આવક વિષે તારીખ કે નામું કાંઇ પણ ચોપડામાં મળતું નથી.

ભડલી જમાતના કારભાર માટે આ એક ઘણીજ ગંભીર વસ્તુ ગણાવી જોઇએ. ગમે તેવા વિચિત્ર લાગાઓ કે જેનું નામનિશાન કાયદામાં ન હોય તે મુખી કામડીઆ જમાત પાસેથી વસુલ કરે અને તેનું નામું પણ ચોપડામાં ન પડે એનો અર્થ શું ? એક દાયકા કરતાં વધુ વરસથી ખુરશી ઉપર ચીટકી ગયેલા મુખી કામડીઆના વહીવટમાં આવી કેટલી ગંભીર ક્ષતિઓ છે તેનો અહેવાલ હવે પછી મોકલીશ.

આ અઠવાડિક રૂપજી નજરઅલી પ્રેમાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સેશન્સ ખાસ અંક

Regd. No. B. 3114




પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૨૧

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪-૦-૦: છુટક નકલ ૦-૦-૯

સપ્ટેમ્બર ૨૫ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના ભાદરવા વદ ૨ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

# "હું છરી લઈ મારવા ગયો એ હડાહડ જુઠું છે"

## શ્રી. હીરાણીની જુબાની

# સેશન્સ કોર્ટમાં હુમલા કેસની તપાસ

[અમારા પ્રતિનિધિ તરફથી]

રાજકોટ, તા. ૧૭ સપ્ટેમ્બર.

"ખોજા જાગૃતિ"ના તંત્રી શ્રી. ઇસ્માઇલ હીરાણી ઉપર થયેલા ખૂની હુમલા સબંધેનો કેસ સેશન્સ કમીટ થયા પછી આજે તેની પ્રથમ સુનાવણી અત્રેની સેશન્સ કોર્ટમાં બપોરે એક વાગ્યે નીકળી ત્યારે કોર્ટનો હૉલ પ્રેક્ષકોથી ઉભરાઇ ગયો હતો. બચાવ પક્ષ તરફથી મી. ચીનાઇ બાર-ઍટ-લૉ અને મી. મણીઆર હાજર હતા, જ્યારે શ્રી. પોપટલાલ ચુડગર, બાર-ઍટ-લૉ, મી. એલ. કે. મહેતા અને મી. ચીમનલાલ શાહને, કેસ ચલાવવા દેવા માટે શ્રી. હીરાણીએ કરેલી અરજી કોર્ટે નામંજુર કરવાથી ફરીઆદ પક્ષ તરફથી પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસ કેસ ચલાવતા હતા.

મુકદમાની વિગત ટુંકમાં એવી છે કે ગઇ તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ શ્રી. હીરાણી રાત્રે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ખોજા જુવાનો તેમની પાસે આવ્યા હતા અને એક કલાક વાતચીત કર્યા પછી દુકાન બંધ કરતી વખતે તેમાંના એકે શ્રી. હીરાણી ઉપર છરી વતી હુમલો કરી તેમને ઘાયલ કર્યા હતા. તેજ રાત્રે બન્ને તહોમતદારોની ધરપકડ કરવામાં આવી હતી અને શ્રી. હીરાણીને હોસ્પીટલમાં સારવાર નીચે રાખવામાં આવ્યા હતા. તહોમતદારો અબ્દુલઅલી પુંજા અને નજરઅલી મહમદ આગ્રાના રહીશો છે. નીચેની કોર્ટે તે બન્નેને ઇ. પી. કો. ક. ૩૦૭, ૪૪૯ અને ૩૪ નીચે પ્રથમ દ્રષ્ટિએ ગુન્હેગાર ગણી આ કોર્ટમાં ગઇ તા. ૨૮-૭-૩૪ના રોજ કમીટ કર્યા છે અને તેઓ દોઢ દોઢ હજારના જામીન ઉપર છુટા છે.

શરૂઆતમાં ના. કોર્ટે બન્ને તહોમતદારોને પોતાની સમક્ષ બોલાવી નીચેની કોર્ટે તેમના ઉપર મૂકેલું તહોમતનામું તેઓને વાંચી સંભળાવ્યું હતું. "તમે આ પ્રમાણે ગુન્હો કર્યો છે?" એમ પુછતાં બન્નેએ ગુન્હાનો ઇનકાર કર્યો હતો.

ત્યાર બાદ પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસે ના. કોર્ટ અને એસેસરોને મુકદમાની ટુંક વિગત સમજાવી હતી. તેઓએ તહોમતમાં ક. ૧૧૪ ઉમેરવાની ના. કોર્ટને અરજ કરી હતી, પણ ક. ૩૪માં તેનો સમાવેશ થઇ જતો હોવાથી ના. કોર્ટને એવી કોઇ જરૂર દેખાણી હતી નહિ.

### શ્રી. હીરાણીની મુખ્ય તપાસ

પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં શ્રી. હીરાણીએ જણાવ્યું કે, "લગભગ દોઢ વર્ષથી હું "ખોજા જાગૃતિ" પત્ર કાઢું છું. એ પત્રનો ઉદ્દેશ ખોજા કોમમાં સુધારા દાખલ કરવાનો અને ખોજા કોમની આર્થિક, સામાજિક અને નૈતિક ઉન્નતિ સાધવાનો છે. હું એ પત્રનો તંત્રી છું. ખોજા કોમમાં કાઉન્સીલો છે અને હું તેને માનતો નથી એટલે મને કાઉન્સીલે લગભગ ત્રણ વરસથી નાતબહાર કર્યો છે. કાઉન્સીલના ધારા ધોરણ પ્રમાણે ઘણા આકરા લાગાઓ કોમ પાસેથી લેવામાં આવે છે. હું એની વિરૂદ્ધ લખું છું. સુપ્રીમ કાઉન્સીલ ના. આગાખાને સ્થાપી છે અને સુપ્રીમ કાઉન્સીલે લોકલ કાઉન્સીલ સ્થાપી છે. કાઉન્સીલના કાયદા કોમે કદી ઘડ્યા નથી. કોણે ઘડ્યા છે તે તેમાં લખ્યું નથી, પણ બનવાજોગ છે કે ના. આગાખાને તે ઘડ્યા હોય. કાઉન્સીલના કાયદાની હું વિરૂધ્ધ છું અને તેથી તેની વિરૂધ્ધ હું લેખો લખું છું. લાગાટકાના પૈસા ના. આગાખાનને જાય છે, અને તેનો હિસાબ કદી પણ બહાર પાડવામાં

આવતો નથી. કાયદા નહિ માનનારાઓને નાતબહાર કરવામાં આવે છે. ખોજા કોમમાં સુધારકો છે. ખુલ્લી રીતે બહાર આવેલા ઓછા છે, અંદરખાને સુધારામાં માનનારા ઘણા છે. સુધારકોને દાબી દેવા ના. આગાખાનના કેટલાક આંધળા અનુયાયીઓ છુરી, પીસ્તોલ, બંદુક કે તેવા બીજા સાધન વડે તેઓને મારી નાખે છે તે હું જાણું છું. ગયા ડીસેમ્બરમાં સુપ્રીમ કાઉન્સીલની બેઠક સદરમાં તા. ૭–૮–૯ના દિવસોમાં હતી. તેમાં મુંબઇ, કાઠિયાવાડ અને બીજાં સ્થળોએથી ના. આગાખાનના અનુયાયીઓ આવ્યા હતા. મારા ઉપર હુમલો થયો તે પહેલાં હું તહોમતદારોને ઓળખતો હતો નહિ. મારા ઉપર ૯મી ડીસેમ્બરે હુમલો થયો ત્યારે હું દાણાપીઠમાં બાદરખાંની હોટલ પાસે આવેલી મારી દુકાને હતો. તહોમતદારો રાત્રે ૭ાા–૮ વાગ્યે મારી દુકાને આવ્યા અને મને પુછ્યું કે 'ઇસ્માઇલ કાનજી હીરાણી તમે?' એટલે મેં હા કહી. "ખોજા જાગૃતિ" તમે કાઢો છો એમ પુછતાં પણ મેં હા કહી. તેઓએ મારી પાસે "ખોજા જાગૃતિ"ના અંકની માગણી કરી, એટલે મેં કહ્યું કે હું આવતી કાલે સવારે લાવી આપીશ. એ શિવાય કાઉન્સીલના કાયદા સંબંધે વાતચીત ચાલી. તેઓ કાયદા સારા હોવાનું કહેતા અને હું ખરાબ હોવાનું કહેતો. વાતચીત લગભગ એક કલાક ચાલી હતી. વાતચીત દરમ્યાન હાશમ વાલજી આવી પહોંચ્યા હતા. ૯નો સમય થયો ત્યારે મેં કહ્યું કે મારે ઉઠવું છે. તેઓએ કહ્યું કે અમે રાતના બાર સુધી બેસવા ઇચ્છીએ છીએ અને તૈયાર છીએ. પણ મેં કહ્યું કે મારે જવું જોઇએ. એમ કહી હું ઉઠયો. હાશમ વાલજી ઉગમણા બારણામાંથી બહાર નીકળ્યા અને મેં તે બારણું બંધ કર્યું. ત્યાર પછી ઉત્તરાદા બારની ચાલી છે ત્યાં મેં બેઠકની બત્તીની સ્વીચ દબાવી તે બત્તી બંધ કરી. તે પછી ચાલીની બત્તી બંધ કરવા જતો હતો ત્યાં અબ્દુલઅલીએ છરી વતી મારા ઉપર ઘા કર્યો. અબ્દુલઅલીને અને છરીને હું ઓળખી બતાવું છું. મારી ડાબી બાજુની છાતીમાં તેણે ઘા કર્યો. ઘા કરતી વખતે "લેતો જા નાપાકનો બદલો" એમ બોલી ઘા કર્યો હતો. હું રાડો પાડતો હતો કે "દોડો, ખૂન!" મને એ જાનથી મારી નાખશે તેવો મને ભય લાગવાથી હું 'ખૂન ખૂન' એમ રાડો પાડતો હતો. મારા ઉપર ઘા કર્યો એટલે હું નીચે પડી ગયો અને અબ્દુલઅલી મારી છાતી ઉપર ચડી બેઠો અને છાતીમાં બીજો ઘા કર્યો. હું રાડો પાડતો હતો ત્યાં લોકો આવી પહોંચ્યા. સૌથી પ્રથમ હાશમ વાલજી મારી મદદે આવી પહોંચ્યા. તેણે આવી અબ્દુલઅલીને મારા ઉપરથી ખેંચી લીધો. એટલે અબ્દુલઅલી તેને પછાડી તેની છાતી ઉપર ચડી બેઠો. મને લાગ્યું કે તે હાશમ વાલજીને પણ મારી નાખશે, એટલે મેં તેના ઉપરથી અબ્દુલઅલીને ખેંચી લીધો. એટલે હાશમ વાલજીને પડતા મૂકી તે ફરીથી મારા ઉપર ધસ્યો અને મારા ઉપર ચડી બેઠો. દરમ્યાન લોકો આવી પહોંચ્યા. હાશમ વાલજી ઉપર તે ચડી બેઠો ત્યારે તે પણ રાડો નાખતા કે, 'દોડો, મારી નાખે છે.' જ્યારે અબ્દુલઅલી મારા ઉપર ધસ્યો અને મારા ઉપર હુમલો કર્યો ત્યારે બીજો તહોમતદાર નજરઅલી બારણું રોકીને ઉભો હતો. તેની પાસે પણ છરી હતી. છાતીના ઘા શિવાય મને કપાળમાં ઉઝરડો થયો હતો અને પગ છોલાયા હતા. તે વખતે મેં ડગલો, ખમીસ અને ધોતીયું પહેર્યાં હતાં. આંહી જે બતાવવામાં આવે છે તે કપડાં મારાં છે. તેના ઉપર જે ડાઘ છે તે લોહીના છે. જે લોકો આવી પહોંચ્યા તેમાં હું જીવા લસ્કરને ઓળખી શકયો હતો. જીવો આવ્યો ત્યારે અબ્દુલઅલીને મેં પકડી રાખ્યો હતો અને નજરઅલી નાસી ગયો હતો. વાતચીત દરમ્યાન તહોમતદારોએ મને એમ કહેલું કે તેઓ કાઠિયાવાડ લૉજમાં ઉતર્યા હતા. મારા ઉપર તેઓએ હુમલો કર્યો તેનું કારણ હું એવું કહું છું કે હું કાઉન્સીલનો વિરોધી હતો અને તેઓ ચૂસ્ત કાઉન્સીલવાદી હતા, એટલે સ્વાભાવિક રીતે તેઓ મને મારી નાખવા માગતા હતા. હુમલો થયા પછી હું ગાડી કરી વેસ્ટ હૉસ્પીટલે ગયો અને અબ્દુલઅલીને મેં જીવા લસ્કરને સોંપી દીધો. હૉસ્પીટલમાં મને ટાંકા લીધા અને પાટા પીંડી કરી. તે વખતે ઘણા ડૉકટરો હતા અને ત્યારે હું કોઇને ઓળખી શકયો ન્હોતો. તે પછી મારી સારવાર ડૉ. અંતાણી કરતા. રાત્રે હૉસ્પીટલમાં પોલીસ આવી હતી અને મને થયેલ ઇજાનું પંચનામું કર્યું હતું. હૉસ્પીટલમાં હું લગભગ ૧૬ દિવસ રહ્યો હતો. ઘેર આવ્યો ત્યારે હું ચાલી શકતો નહિ અને મારૂં કામકાજ હું કરી શકતો નહિ. ઘેર આવ્યા પછી હું ડૉ. મદનજીની સારવારમાં હતો. ઘેર આવ્યા પછી ૨૦થી ૨૫ દિવસે હું કામ કરવાની શક્તિવાળો થયો હતો. ડૉ. મદનજી સાથે ડૉ. નગીનદાસ પણ મને તપાસતી વખતે હતા. ડૉ. મદનજી ગુજરી ગયા છે. ઘેર આવ્યા પછી પણ મને છાતીમાં સોજો હતો અને કયારેક દુખાવો થતો, તેમજ મારો ડાબો હાથ હું ઉંચો કરી શકતો નહિ. (આંહી શ્રી. હીરાણીએ પોતાને થયેલા જખમોનાં નીશાન ના. કોર્ટ અને એસેસરોને બતાવ્યાં હતાં.) બન્ને તહોમતદારોને તેજ રાત્રે મેં હૉસ્પીટલમાં ઓળખ્યા હતા. બીજા તહોમતદારોને હું આંહી ઓળખાવું છું."

### ઉલટ તપાસ

મુખ્ય તપાસ પુરી થતાં મી. ચીનાઈની ઉલટ તપાસમાં શ્રી. હીરાણીએ જણાવ્યું કે, "ના. આગાખાનના આંધળા અનુયાયીઓ સુધારકોને મારી નાખે છે તે મેં મારી જાતે નજરે જોયું નથી, તેમજ તેવા કોઇ સુધારકે પોતાના ઉપર હુમલો થયાની વાત મને કરી નથી. મારા પિતા સુધારક છે. મારા કરતાં વધારે છે કે ઓછા તેનું પ્રમાણ હું કહી શકું નહિ. મેં અને મારા પિતાએ એ ત્રણ વરસથી ખુલ્લી રીતે સુધારકનું કામ સાથે શરૂ કર્યું છે. હું માનતો હતો કે મારા ઉપર હુમલો થાય. સાવચેતી માટે કોઇ સાધન હું મારી સાથે રાખતો નહિ. તા. ૯–૧૨–૩૩ના રોજ હું સાંજે સાત વાગ્યે મારી દુકાને આવ્યો અને ત્યારપછી થોડી વારે તહોમતદારો આવ્યા. ઇસ્માઇલ કાનજી તમે અને "ખોજા જાગૃતિ" તમે કાઢો છો એટલી વાતચીત થઇ ત્યાંસુધી હું એકલો હતો. તહોમતદારોના આવ્યા પછી હાશમ વાલજી પંદરેક મીનીટ પછી આવ્યા હતા. હાશમ વાલજી આવ્યા ત્યારે તહોમતદારો અંદર બેઠા હતા. હાશમ વાલજી મારી સગી ફૂઇના દીકરા થાય. હાશમ વાલજી અને બીજો તહોમતદાર નજરઅલી મહમદ કાકા દાદાના ભાઇ થાય એ વાત મેં પછી જાણી. મેં તહોમતદારોને આ પાઇ ત્યાંસુધીમાં થયેલ વાતચીતથી મને કાંઇ મનદુઃખ થયું હતું નહિ, તેઓને થયું હોય તો તેઓ જાણે. કાઉન્સીલ સંબંધે વાતચીત થઇ હતી. હું ખરાબ કહેતો ત્યારે તેઓ સારૂં કહેતા. સુપ્રીમ કાઉન્સીલની બેઠક દર બે મહીને થાય છે. આવી બેઠકો ઘણા વખતથી ભરાય છે. રાત્રે દુકાન બંધ કરીને હું ઘણી વખત એકલો ઘરે જતો. મારૂં ઘર જીનપરામાં છે અને દુકાન દાણાપીઠમાં હતી. ચાલીની સ્વીચ દબાવ્યા પહેલાં અબઅબ્દુલઅલીએ મારા ઉપર ઘા કર્યો હતો. ઘા કર્યો તે વખતે ચાલીમાં બતીનું

અજવાળું હતું. મારા ઉપર ઘા પડયા પછી મેં સ્વીચ બંધ કરી નથી. હોસ્પીટલમાં હું ટાંગો કરીને એકલો ગયો હતો. દવાખાને ગયો ત્યાંસુધીમાં ચાલીની બત્તી મેં બંધ કરી હતી નહિ. ચાલી એટલે ડેલો જ્યાં ઘા પડયા તે. ઘા પડયા પહેલાં મારી નજર સ્વીચ તરફ તેમજ એ બાજુના બીજા ભાગ ઉપર હતી. મારી જુબાની હોસ્પીટલમાં પોલીસ ઇન્સ્પેકટર પાસે થઇ છે. તેના અસલની ત્રણ બાજુ જેટલી છે. "લેતો જા નાપાકનો બદલો" એમ કહી મારા ઉપર ઘા કર્યો એમ મેં નીચેની કોર્ટમાં લખાવ્યું છે, તે પહેલાં બીજે લખાણું નથી. નીચેની કોર્ટમાં મારી જુબાની તા. ૨૮–૫–૩૪ના રોજ થઇ છે. નજરઅલીના હાથમાં છરી હતી એ વાત પણ મેં પહેલ વહેલી નીચેની કોર્ટમાં કહી છે. તે પહેલાં તે કયાંય લખાણી નથી. પંચનામામાં એમ લખ્યું છે કે મેં મદદ માગતી વખતે નજરઅલી નાસી ગયો છે એવી બુમો પાડી હતી, તેવું હું બોલ્યો નથી. મારી છાતીમાં બે જગ્યાએ જખમો થયા છે. હું રાડો પાડવા મંડયો એ ઉપરથી હાશમ વાલજી આવ્યા. પ્રથમ મારા ઉપર ઘા કરી અબ્દુલઅલી ચડી બેઠો એટલે હાશમે તેને ખેંચ્યો. એટલે હાસમને પછાડી તે તેના ઉપર ચડી બેઠો. હાશમને છરી મારશે એવી મને બીક લાગવાથી મેં તેને હાશમ ઉપરથી ખેંચ્યો એટલે તે હાશમને પડતા મુકી મારા ઉપર ચડી બેઠો. હાશમ વાલજી ઉપર તે ચડી બેઠો ત્યારે તેના હાથમાં છરી હોવી જોઇએ. મેં જોઇ ન હતી. પાછો મારા ઉપર તે ચડી બેઠો ત્યારે મેં છરી તેના હાથમાં જોઇ ન હતી. ત્રીજી વખતે મારી ઉપર તે ધસ્યો ત્યારે હું મારી જાતે તેનાથી છુટો થયો હતો, એ વખતે હાશમ વાલજીએ રાડો પાડવા પુરતી મદદ કરી હતી. જે વખતે એ હાશમ ઉપર ધસ્યો ત્યારે મારી છાતીમાંથી લોહી ચાલ્યું જતું હતું. અબ્દુલઅલી મારી છાતી ઉપર ચડી બેઠો ત્યારે પાછળથી તેને બથ ભરીને હાશમે ખેંચીને મને છોડાવ્યો. હાશમ વાલજીને કોઇ જખમ થયો નથી. જીવા લસ્કર આવ્યા ત્યારે અબ્દુલઅલીના હાથમાં છરી હતી. જીવા લસ્કર આવ્યા ત્યારે ચાલીની બતી બળતી હોવી જોઇએ. જીવા લસ્કર ગાડીવાળો છે. જીવા લસ્કરને મેં ડેલાની બહાર જોયો. રસ્તા ઉપરનું અજવાળું પણ ડેલામાં પડતું હતું. જીવા લસ્કરને ચાલીમાં આવતાં મેં જોયો નથી. અબ્દુલઅલી ભાગી જવા માગતો હતો એટલે મેં તેને પકડી રાખ્યો હતો. ડેલી બહાર જાહેર રસ્તો છે. માણસો આવ્યા ત્યારે મેં ૧લા તહોમતદારને પકડી રાખ્યો હતો. તેને પકડવામાં હું એકલો હતો, હાશમ વાલજી ન હતા. જખમો છતાં તહોમતદારને મેં એકલાં પકડી રાખ્યો હતો. પાછળથી બથ ભરીને ઉભાં ઉભાં પકડી રાખ્યો હતો. મારા ઉપર એ ચડી બેઠો ત્યારે મેં તેને પકડી રાખ્યો હતો એ પણ બરાબર છે. પોલીસ સમક્ષ આમ લખાવ્યું છે તે બરાબર છે. પોલીસ સમક્ષ મારી પ્રથમ જુબાનીના અસલમાં 'બે' છેકીને 'ત્રણ' જખમ લખાયું છે, તેનો 'ત્ર' પણ છેકાયેલો છે. એટલે એ 'બે' લખાણું છે કે 'ત્રણ' તે કહી શકાય તેમ નથી. મેં ત્રણ જખમ લખાવ્યા નથી. હું પથારીવશ હતો. પોલીસના કહેવાથી મારી જુબાની વાંચ્યા વગર મેં તેના ઉપર સહી કરી દીધી હતી."

ઉલટ તપાસ ચાલુ. વધુ આવતી કાલ ઉપર મુલતવી.

તા. ૧૮ સપ્ટેમ્બર.

શ્રી. હીરાણીની ગઇ કાલે અધુરી રહેલી ઉલટ તપાસ આજે આગળ ચાલતાં મી. ચીનાઇના તપાસમાં તેમણે જણાવ્યું કે, "હું "ખોજા જાગૃતિ"માં નોકર છું. "ખોજા જાગૃતિ" એ એક સંસ્થા છે, એટલે તેમાંથી હું પગાર માંડીને ઉપાડું છું. બાકી તેની માલીકી મારી છે. નીચેની કોર્ટમાં મેં ધંધો વેપાર કહ્યો હતો ત્યાર પછી મારી સ્થિતિમાં એટલો ફરક પડયો છે કે અત્યારે હું વેપાર કરતો નથી."

મી. ચીનાઇ: લોકોને ભરમાવવા ખોટાં લખાણો છાપવાની તમને ટેવ છે?

શ્રી. હીરાણી: કદી નહિ. આવો આક્ષેપ કરતાં પહેલાં આપ પુરવાર કરો.

આંહી મી. ચીનાઇએ "ખોજા જાગૃતિ"ના ૯મા અંકના છેલ્લા પાના ઉપર "'જાગૃતિ'ના તંત્રી ઉપર ફરી હુમલાની તૈયારી" એ મથાળે પ્રગટ થયેલો લેખ બતાવી કોર્ટમાં તે દાખલ કરવાની માગણી કરી હતી, પણ પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસે તે સામે વાંધો લેવાથી એ લખાણ કોર્ટે દફતર ઉપર લેવાની ના પાડી હતી. શ્રી. હીરાણીએ વધુ તપાસમાં જણાવ્યું કે, "નીચેની કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે ડો. મદનજી ગુજરી ગયા હતા. ડો. મદનજી સાથે ડો. નગીનદાસ આવ્યા હતા તે મેં આંહીજ પહેલ વહેલું કહ્યું છે. જખમ થતી વખતે ખમીસ અને કોટ પહેર્યા હતા. પોલીસ સમક્ષ જખમ અબ્દુલઅલીએ કર્યા છે તેમ મેં કહ્યું છે, નજરઅલીએ કર્યા છે તેમ મેં કહ્યું નથી. આંહી પોલીસ સમક્ષ થયેલી મારી જુબાનીનું અસલ બતાવવામાં છે તેમાં 'નજર' છેકીને 'અબ્દુલ' લખાયેલું છે. પણ મેં નજરઅલીએ મને ઘા કર્યા તેમ કહ્યું નથી." આંહી મી. ચીનાઇએ "ખોજા જાગૃતિ"ના તા. ૧૨–૧૨–૩૩ના ૪૧મા અંકનું મુખપૃષ્ટ રજુ કર્યું હતું, જેમાં એવા સમાચાર પ્રગટ થયા હતા કે, "તહોમતદારો તા. ૯ના રોજ દિવસના ઇસ્માઇલ ભાઈની દુકાને શ્રી. હુસેનભાઇને મળવાને બાને ચાર વખત આવી ગયેલ." આ સંબંધમાં પુછતાં શ્રી. હીરાણીએ જણાવ્યું કે, "એ અંકના મુદ્રક અને પ્રકાશક તરીકે મારૂં નામ છે. તે લખાણ મારી સૂચનાથી પ્રગટ થયું નથી. તે નીચે સહતંત્રી શ્રી. રૂપજી નજરઅલી પ્રેમાણીની સહી છે. હું તે વખતે હોસ્પીટલમાં હતો. તહોમતદારો ચાર વખત આવી ગયેલા એ વાત સાચી હતી કે ખોટી તે હું કહી શકું નહિ, કારણ કે હું તે વખતે હાજર હતો નહિ. આ હકીકત "ખોજા જાગૃતિ"માં પ્રગટ થઇ છે એ પછી મારા જાણવામાં આવ્યું. આ વાત સાચી કે ખોટી તેની તપાસ કઇ રીતે થઇ શકે? સહતંત્રીએ આ સમાચાર કેવી રીતે જાણ્યા તેની મેં તપાસ કરી નથી."

**મી. ચીનાઇ: દુકાનમાં વાતચીત ચાલતી તે દરમ્યાન તમારે અને તહોમતદારોને તકરાર થયેલી તે વાત સાચી?**

**શ્રી. હીરાણી: બીલકુલ ખોટી.**

**મી. ચીનાઇ: પહેલા તહોમતદાર અબ્દુલઅલીનું જે સગપણ થયું છે તે ઘણું ખરાબ છે એમ તમે કહેલું?**

**શ્રી. હીરાણી: આવી કોઇ વાતચીત થઇજ નથી. એ સાવ ખોટું છે.**

**મી. ચીનાઇ: એ તકરારને પરિણામે...**

**મી. હીરાણી: પણ એવી કોઇ તકરાર થઇજ નથી તેનું કેમ?**

**મી. ચીનાઇ: એ તકરારને પરિણામે તમે અબ્દુલઅલીને આ છરી લઇ મારવા દોડયા એ વાત સાચી?**

**શ્રી. હીરાણી: હડાહડ ખોટી. આવું કાંઇજ બન્યું નથી.**

**મી. ચીનાઇ: ઇસ્માઇલી ધર્મ, ના. આગાખાન કે ખોજા કોમ પ્રત્યે તમને દ્વેષ છે એ વાત સાચી?**

**શ્રી. હીરાણી: ખોટી. મને જરા પણ દ્વેષ નથી.**

ફરી તપાસ

આંહી મી. ચીનાઇની ઉલટ તપાસ પુરી થતાં પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસની ફરી તપાસમાં શ્રી. હીરાણીએ જણાવ્યું કે, "ઘણા સુધારકો ઉપર હુમલા થયા છે એ ઉપરથી હું માનતો હતો કે મારા ઉપર પણ હુમલો થાય. હુમલા થયા તે વખતે હું હાજર નહોતો, પણ મેં તે સંબંધમાં વાંચ્યું છે. છાપાઓમાં આવતું તેમજ તે સંબંધે પુસ્તકો પણ પ્રગટ થયા છે. મારા ઉપર હુમલો થયો તે રાત્રે હોસ્પીટલમાં લગભગ રાતના ૧૧–૧૨ વાગ્યે પોલીસે મારૂં સ્ટેટમેન્ટ લીધું હતું. પોલીસ સ્ટેટમેન્ટમાં એમ છે કે મેં અબ્દુલઅલીને નીચે પડયાં પડયાં પકડી રાખ્યો હતો, એ વાત ખરી છે. અને ત્યાર પછી લોકો આવ્યા ત્યારે મેં તેને ઉભા ઉભા બથ ભરીને પકડી રાખ્યો અને લોકોને સોંપી દીધો એ વાત પણ ખરી છે. ડૉ. નગીનદાસ ડૉ. મદનજી સાથે મને તપાસવા મારે ઘરે આવ્યા હતા કે નહિ તેવું મને નીચેની કોર્ટમાં પુછવામાં આવ્યું હતું નહિ. બીજા તહોમતદાર નજરઅલીએ મને ઇજા કરી છે તેવું મેં પોલીસ સમક્ષ, નીચેની કોર્ટમાં કે આંહી કયાંય લખાવ્યું નથી."

ભાઇ હાશમ વાલજીની જુબાની

બીજા નજરે જોનાર સાહેદ ભાઇ હાશમ વાલજીએ પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "હું વેપાર કરૂં છું. ગઇ તા. ૯–૧૨–૩૩ના રોજ હું કરમાલી દેવજીની નોકરીમાં હતો. કાનજી ગુલાભાઇની દુકાને હું વખતો વખત જાઉં છું. ગઇ તા. ૯–૧૨–૩૩ના રોજ સુમારે રાતના આઠ વાગ્યે હું ત્યાં ગયો હતો. હું ત્યાં ગયો ત્યારે ઇસ્માઇલ કાનજી અને આ બે તહોમતદારો ત્યાં હાજર હતા. આ બેમાંનો એક નજરઅલી મહમદ બાબરાનો રહીશ હોવાથી હું તેને ઓળખતો હતો. તે જરા દૂર મારા કાકાનો દીકરો થાય. હું ત્યાં ગયો ત્યારે કાઉન્સીલ સંબંધે વાતચીત થતી હતી. પહેલા તહોમતદારની ઓળખાણ માટે નજરઅલીને પુછતાં તેણે કહ્યું કે તે મારો મિત્ર છે, પણ નામ આપ્યું નહિ. કયાં ઉતર્યા છો એમ પુછતાં કાઠિયાવાડ લોજમાં ઉતર્યા છીએ એમ કહ્યું. પછી કાઉન્સીલ સંબંધે વાતચીત ચાલી. ઇસ્માઇલ તેની વિરૂધ્ધ કહેતો ત્યારે તેઓ તેનો પક્ષ ખેંચતા. મેં પણ કાઉન્સીલની જોહુકમી વિષે મારો મત દર્શાવ્યો હતો. તહોમતદારોએ ઇસ્માઇલની પાસે "ખોજા જાગૃતિ"ની છેલ્લી નકલ માગી, ત્યારે ઇસ્માઇલે કહ્યું કે કાલે લાવી આપીશ. વાતચીત લગભગ કલાકેક ચાલી હશે. ત્યાર પછી ઇસ્માઇલે કહ્યું કે મારે જવું જોઇએ. ત્યારે તહોમતદારોએ કહ્યું કે અમે બાર વાગ્યા સુધી બેસવા માગીએ છીએ. પણ ઇસ્માઇલે કહ્યું હું વધારે બેસી શકું તેમ નથી. પછી ઉઠયા, અને હું ઓફીસને ઉગમણે બારથી જ્યાં મારી સાઇકલ પડી હતી ત્યાંથી નીકળી ગયો, અને ઇસ્માઇલે ઓફીસનું બારણું બંધ કર્યું. પછી હું જ્યાં સાઇકલની બત્તી કરતો ત્યાં 'દોડો, ખૂન' એવા ઇસ્માઇલના અવાજ આવવા લાગ્યા. પછી હું સમજ્યો કે આ તો દગો હતો. એટલે હું દોડીને ચાલીના દરવાજામાં થઇને અંદર ઘુસ્યો. દરવાજે નજરઅલી આડો ઉભો હતો. તેણે આડો હાથ કર્યો હતો પણ હું તો અંદર ઘુસીજ ગયો. હું અંદર ગયો ત્યાં પહેલો તહોમતદાર અબ્દુલઅલી ઇસ્માઇલની છાતી ઉપર ચડી બેઠેલો. ઇસ્માઇલની છાતીમાંથી લોહી ચાલ્યું જતું હતું. હું પહોંચું ત્યાં તેણે ઇસ્માઇલની છાતીમાં છરીનો ઘા કર્યો. ઇસ્માઇલની છાતી ઉપરથી અબ્દુલઅલીને મેં ખેંચ્યો. ઇસ્માઇલ રાડો પાડતો હતો. અબ્દુલઅલીને મેં ખેંચ્યો એટલે તે મારી ઉપર ધસ્યો. મને પછાડીને મારી ઉપર ચડી બેઠો. ઇસ્માઇલ છુટો થયો હતો એટલે તુરત તેણે અબ્દુલઅલીને મારી ઉપરથી ખેંચી લીધો. હું મદદ માટે અવાજ કરતો હતો કે 'દોડો, દોડો' જીવા લશ્કર અને બીજા માણસો હાજર થયા. ઇસ્માઇલે અબ્દુલઅલીને દબાવી રાખ્યો હતો અને જીવા લશ્કર આવતાં તેને સોંપી દીધો. અબ્દુલઅલીએ સોંપાતી વખતે છરી ફેંકી દીધી. જીવા લશ્કરે અંદર લઇ જઇ પાછી ઉપડાવી. અબ્દુલઅલીને મોચીવાડની ગેટે લઇ ગયા. ઇસ્માઇલ હોસ્પીટલમાં ગયો. તેની છાતીમાંથી લોહી નીકળતું હતું. હું કાનજી ગુલાભાઇને ઘેર ખબર આપવા ગયો. "ખોજા જાગૃતિ" ઇસ્માઇલ કાનજી કાઢે છે તે હું વાંચું છું. કાઉન્સીલની જોહુકમી બાબતનો તેમાં ઉલ્લેખ કરવામાં આવે છે. ના. આગાખાનને નહિ માનનારો પક્ષ થોડો છે. ના. આગાખાનને નહિ માનનારાઓને નાતબહારી કે છુરીથી દબાવી દેવામાં આવે છે. ઇસ્માઇલે તે વખતે પહેરેલાં કપડાં હું ઓળખાવું છું. તેના ઉપર ડાઘ છે તે લોહીના છે. તહોમતદારોએ ટર્કીશ ટોપીઓ ઓઢી હતી. એ આ ટોપીઓ છે."

ઉલટ તપાસ

મી. ચીનાઇની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "નજરઅલી મહમદ મારા કાકાનો દીકરો થાય. તે બાબરાનો રહેવાશી છે અને આગ્રામાં નોકર છે. આગ્રા તરફ ગુજરાનવાલા હું ઉન લેવા ગયો હતો નહિ. હું આગ્રા એક વખત ગયો હતો. એમડન બ્રેન્ચ એલેકઝાન્ડ્રા ફેકટરીમાં હું ઉતર્યો હતો નહિ. સીદી કાળાને ત્યાં ઉતર્યો હતો. સીદી કાળા એમાં નોકર છે કે નહિ તે હું જાણતો નથી. હું ઉતર્યો હતો તે જગ્યા ફેકટરીમાં હતી. સીદી કાળા નજરઅલીનો મામો થાય. ફેકટરીનો માલીક આહમદ પુંજા છે એ હું જાણતો નથી. એ અને પહેલો તહોમતદાર અબ્દુલભાઇઓ છે કે કેમ તેની મને ખબર નથી. આગ્રાથી ફત્તેહપુર સીક્રી જોવા હું નહોતો ગયો. હું, અબ્દુલ અને સીદી કાળા ટાંગામાં બેસી ફત્તેહપુર સીક્રી જોવા ગયા હતા એ વાત ખોટી છે. ફત્તેહપુર સીક્રી મેં જોયુંજ નથી. ફેકટરીમાં અબ્દુલ મારી સરભરામાં હતો એ વાત ખોટી છે. તેની સાથે હું જમવામાં

ન્હોતો. મેં તેને કોઇ દિવસ જોયો નથી. એ વખતે નજરઅલી આગ્રામાં હતો. તેને મેં એક વખત દેખેલ હતો. સીદી કાળા સ્વતંત્ર ધંધો કરે છે. આગ્રામાં તાજમહાલ બતાવવામાં અબ્દુલ ભેગો હતો એ વાત ખોટી છે. સીદી કાળા એકલોજ બતાવવામાં ભેગો હતો. હું ડેલામાં જતો હતો ત્યારે નજરઅલીએ મને રોકવા પ્રયત્ન કર્યો હતો. નજરઅલી આડો ઉભો હતો અને મને રોકવા પ્રયત્ન કર્યો હતો એ વાત મેં પહેલ વહેલી નીચેની કોર્ટમાં કરી અને તે પહેલાં કયાંય ન્હોતી કરી એવું મને યાદ આવતું નથી. નજરઅલી બારણામાં ઉભો હતો એમ મેં ફોઝદાર પાસે લખાવ્યું છે. આડો ઉભો હતો કે હાથ ધર્યો હતો તેમ કહ્યું હતું કે નહિ તે યાદ આવતું નથી. આંહી મને અસલ બતાવવામાં આવે છે. તેમાં એ નથી, પણ તે શરતચૂકથી રહી ગયું હશે. મારા ઉપરથી ઉઠી અબ્દુલ ઇસ્માઇલ ઉપર ચડી બેઠો એ ડેલાની બહાર બન્યું હતું. બહાર એટલે રસ્તા ઉપર બારણું પડે છે એ જગ્યાએ, જે બારણામાંથી હું ઇસ્માઇલને છોડાવવા ગયો એ બારણાની બહાર. જીવા લશ્કર આવ્યા ત્યારે ઇસ્માઇલે એકલે અબ્દુલને પકડી રાખ્યો હતો. એ વખતે મેં અબ્દુલને પકડી રાખ્યો હતો નહિ, પોલીસ સ્ટેટમેન્ટમાં એમ લખાવ્યું છે કે ઇસ્માઇલે નીચે પડ્યાં પડ્યાં બથ ભરી હતી અને મેં તેને ઉપરથી બથ ભરી હતી. હું ડેલામાં ગયો તે વખતે અજવાળું હતું. જીવા લશ્કરે અબ્દુલને પકડયા પહેલાં તેણે ડેલામાં છરી ફેંકી દીધી હતી. ડેલામાં બત્તી બળતી હતી. ત્યાર પછીની હકીકત હું નથી જાણતો કે કયા અજવાળાથી છરી ગોતી. એ છરી કોણે કેવી રીતે ગોતી એ મને ખબર નથી. બેટરી લઇને ગોતી હતી. કોણે બેટરી સળગાવી તે ખબર નથી, અબ્દુલકાદર અથવા જીવા લશ્કર, એમાંથી એક સળગાવી હશે. બેટરી સળગાવી ત્યારે અને તે પહેલાં ડેલામાં અજવાળું હતું. મીંયા સાહેબ એટલે અબ્દુલકાદર. પોલીસ સમક્ષ મેં એમ કહ્યું છે કે એ છરી મીંયા સાહેબે ગોતી કાઢી હતી. મીંયા સાહેબ અથવા જીવા લશ્કર એમાંથી એકે તેને છરી પકડાવી અને તેને પોલીસ ગેટે લઇ ગયા. ઇસ્માઇલ ટાંગામાં બેસી દવાખાને પોતે એકલો ગયો હતો. તેની છાતીમાંથી લોહી ચાલ્યું જતું હતું, અને કપડાં લોહીથી ભરાઇ ગયાં હતાં. અબ્દુલઅલીને હાથે કાંઇ જખમ થયો હતો કે નહિ તેની મને ખબર નથી. મારા કપડાં ઉપર લોહીના ડાઘ હતા કે નહિ તે મને ખબર નથી કયાંય ડાઘ ન્હોતો પડયો એમ બનવાજોગ છે. હું પગે લુલો છું. આવા બુટ પહેરૂં છું અને આમ હાલું છું. (આંહી સાક્ષીએ પોતાના બુટ ના. કોર્ટને બતાવ્યા હતા અને કોર્ટના હોલમાં ચાલી બતાવ્યું હતું.) જે વખતે જીવા લશ્કર આવી પહોંચ્યા ત્યારે બજારના બીજા ઘણા માણસો આવી પહોંચ્યા હતા. બન્ને તહોમતદારો તે દિવસે મને બપોરે મળ્યા હતા એ વાત ખોટી છે. હુસેન વાલજી મારા મોટા ભાઇ થાય છે. આ તહોમતદારોને મેં ચા પીવા નોતર્યાં ન્હોતા. હું એને ચા પીવા તેડી ગયો હતો એ વાત ખોટી છે. મેં તેમને મારે ઘરે ઉતરવા આગ્રહ કર્યો નથી. તે દિવસે આખો દિવસ તેઓ મને મળ્યાજ નથી, કારણ કે હું આખો દિવસ કંદોરીમાંજ હોઉં. "ખોજા જાગૃતિ"ના અંકની માગણી તહોમતદારોએ ઇસ્માઇલ પાસે કરી ત્યારે હું હતો."

### ફરી તપાસ

પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસની ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "હું આગ્રા ગયો તેને ૪-૫ વરસ થયાં હશે. હું ત્યાં એકજ દિવસ રોકાણો હતો. તાજમહાલ જોવા ગયો હતો, તાજમહાલ જોવાજ રોકાણો હતો. બીજું કાંઇ કામ હતું નહિ. નજરઅલીને મેં સીદી કાળાને ઘરે જોયો હતો. બે પાંચ મીનીટ ત્યાં કામે આવ્યો ત્યારે જોયો હતો. મારૂં પોલીસ સ્ટેટમેન્ટ પોલીસ ઓફીસે લીધું હતું. ડેલાની બહાર એટલે ડેલાની તદન નજીક."

### સીપાઇ જીવા લશ્કરની જુબાની

ત્રીજા સાહેદ સીપાઇ જીવા લશ્કરે પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "તા. ૯-૧૨-૩૩ના રોજ બાદરખાંની હોટલે હું બેઠો હતો. ત્યાં અવાજ સાંભળ્યો, 'પોલીસ પોલીસ, દોડો દોડો.' એ વખતે રાતના ૮॥-૯નો સુમાર હતો. હું અને સૈયદ અબદુલ કાદર કાનજીભાઇના ડેલામાં ગયા. ઇસ્માઇલે પહેલા તહોમતદારને ઝાલી રાખ્યો હતો. ઇસ્માઇલે કહ્યું કે આને પકડી રાખો એટલે મેં એને પકડી રાખ્યો. પછી ઇસ્માઇલ ઘોડાગાડીમાં ઇસ્પીતાલે ગયો. ઇસ્માઇલ બોલ્યો કે છરી ડેલામાં પડી છે, તપાસ કરજો. અંધારૂં હતું એટલે સૈયદને કહ્યું કે બતી કરો અને જુવો. જોયું તો છરી પડી હતી. તહોમતદાર પાસે છરી ઉપડાવી એટલે તેણે લઇ લીધી. પછી એને પકડીને મોચી બજાર પોલીસ ગેટે લઇ ગયા. ત્યાં આદમ નાયકને સોંપી દીધો. તેણે કબજે લીધો એટલે અમે ચાલ્યા ગયા. છાતીના ડાબા પડખે ઇસ્માઇલને એ વખતે લોહી જાતું હતું. આંહી બતાવવામાં આવે છે તેવી છરી એ વખતે હતી. રાતનો વખત હતો. નીચેની કોર્ટમાં જે છરી જોઇ હતી તે આજ હતી. ઇસ્માઇલ એમ કહેતો ગયો હતો કે આની સાથે એક બીજો માણસ છે તે ભાગી ગયો છે. બીજી કાંઇ વાતચીત થઇ હતી નહિ.'

### ઉલટ તપાસ

મી. ચીનાઇની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "ઇસ્માઇલે ડેલાની બહાર રસ્તા ઉપર અબ્દુલઅલીને પકડી રાખ્યો હતો. ઘણા માણસો ભેગા થઇ ગયા હતા. ઇસ્માઇલે તહોમતદારને મને સોંપ્યો ત્યારે તેના હાથમાં છરી હતી નહિ. ડેલામાં અંધારૂં હતું, અજવાળું ન્હોતું. અબ્દુલકાદરે બેટરી બત્તીથી છરી ગોતી. ડેલાની વચમાં છરી પડી હતી. શેમાંથી મારામારી થઇ એ મેં કાંઇ પુછ્યું ન્હોતું. છરી ફેકતાં મેં તહોમતદારને જોયો નથી."

પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસે સાક્ષીની ફરી તપાસ લીધી હતી નહિ.

### સૈયદ અબ્દુલકાદરની જુબાની

પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં ચોથા સાહેદ સૈયદ અબ્દુલકાદરે જણાવ્યું કે, "જીવા લશ્કરને હું ઓળખું છું. એની સાથે બાદરખાંની હોટલે તા. ૯-૧૨-૩૩ના રોજ હું ચા પીવા ગયો હતો. રાતના નવેક બજવાનો સુમાર હશે. ચા પીધા પછી બહાર પાટીઆ ઉપર આવીને બેઠા હતા. ત્યાં કાનજી ગુલાબભાઇના ડેલામાંથી એવી બુમો આવી કે, 'દોડો ખૂન, દોડો ખૂન.' એટલે હું જીવા લશ્કર સાથે ત્યાં ગયો. બીજા ઘણા માણસો ત્યાં હતા. ત્યાં ઇસ્માઇલ કાનજી, હાશમ વાલજી અને અબ્દુલઅલી બાઝતા હતા. એટલે જીવા લશ્કરે અબ્દુલઅલીને પકડી લીધો. ઇસ્માઇલે કહ્યું કે મને ખૂન નીકળે છે એટલે પહેલા તહોમતદારને પકડો તે ઉપરથી હું પકડવા ગયો. જીવા લશ્કરે મને કહ્યું કે તમે પકડો નહિ, આ માણસે અબ્દુલ-

અલીએ-ડેલામાં છરી ફેંકી દીધી છે. એટલે મારી પાસે બેટરી હતી તે કરી હું ડેલામાં જોવા ગયો. છરી ત્યાં પડી હતી. મેં જીવાને કહ્યું કે આ છરી પડી છે. એટલે જીવો અબ્દુલઅલીને ત્યાં લઇ આવ્યો. જીવા લસ્કરે એને કહ્યું કે આ તારી છરી ઉપાડ. પછી એણે છરી ઉપાડી. અમે તેને લઇને મોચી બજાર પોલીસ ગેટ ઉપર ગયા. ત્યાં આમદ નાયક હાજર હતા એને સોંપી દીધો. ઇસ્માઇલને ઇસ્પીતાલમાં ગાડીમાં નાખીને લઇ ગયા. એના ખમીસ ઉપર લોહીના ડાઘ હતા. તેણે મને આંહી બતાવવામાં આવે છે તે કોટ ને ખમીસ પહેર્યાં હતાં. આ ડાઘા લોહીના છે. એ ડાઘા એ વખતે હતા. છરી આંહી મને બતાવવામાં આવે છે તે હતી. એ વખતે મેં તે છરી જોઇ હતી. અબ્દુલને પકડવા ગયો ત્યારે તેના હાથમાં છરી ન હતી." આંહી મી. કાલીદાસે ના. કોર્ટનું ધ્યાન ખેંચ્યું હતું કે આ સાક્ષી ફરી ગયો લાગે છે માટે ક્રી.પ્રો.કો.કલમ ૨૮૮ મુજબ નીચેની કોર્ટમાં તેણે આપેલી જુબાની રજુ કરી તેને પુછવાની પરવાનગી આપો. આ ઉપરથી ના.કોર્ટે તેવી પરવાનગી આપતાં મી. કાલીદાસના સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે, "નીચેની કોર્ટમાં મારી જુબાનીમાં મેં લખાવ્યું છે કે, જીવા લસ્કરે અબ્દુલઅલીને બથમાં લઇ લીધો તે વખતે તેના હાથમાં છરી હતી અને તે તેણે પછી ડેલામાં ઘા કરીને નાખી દીધી-આ હકીકત મેં ખરી લખાવી છે. એ વખતે એમ સંભળાતું હતું કે તેની સાથે બીજો માણસ હતો તે ભાગી ગયો છે."

### ઉલટ તપાસ

મી. ચીનાઇની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "ઇસ્માઇલ પોતાની મેળે એકલો ઇસ્પીતાલમાં ગયો ન્હોતો. એ ત્રણ માણસ તેની ભેગા હતા. જે ડેલામાંથી છરી જડી તેમાં અંધારૂં હતું. તેમાં દીવો હતો નહિ. અજવાળું હત તો બેટરી કરવી પડત નહિ. ડેલામાં અંધારૂં હતું. તેમાં બેટરી કર્યા વગર એક બીજા માણસો ઉભા હોય તો દેખી શકાય તેમ હતું નહિ. ડેલાનું બારણું રસ્તા ઉપર છે. ડેલાને બહુ મોટો દરવાજો છે. ઘોડાગાડી ચાલી જાય તેટલું પગથું બારણું છે. હું ગયો ત્યારે ડેલાનું બારણું ખુલ્લું હતું. આ છરીનું મ્યાન અબ્દુલઅલીના ખીસામાં હતું. છરી ડેલામાંથી મળી આવી હતી. નાયકે જડતી લીધી તે વખતે મ્યાન નીકળ્યું હતું. એ વખતે ત્યાં પંચ ન્હોતા. શું કરવા મારામારી થઇ એવું તહોમતદાર કે ફરીયાદીને મેં પુછ્યું ન હતું. હું ગયો ત્યારે હાશમ વાલજી ત્યાં હતો. એણે અબ્દુલઅલી પુંજાને દબાવ્યો હતો. અબ્દુલઅલી હાશમ વાલજી માથે બેઠો હતો. ઇસ્માઇલ દસેક કદમ છેટો ઉભો હતો. તેને લોહી વધારે નીકળતું હતું. હું અને જીવા લસ્કર સાથેજ ગયા હતા. હાશમ વાલજી ઉપર અબ્દુલ ચડી બેઠો હતો તે ડેલાની બહાર ચડી બેઠો હતો. ઇસ્માઇલ કાનજીએ અને હાશમ વાલજીએ અબ્દુલઅલીને પકડી રાખ્યો હતો તે સાચું છે. હાશમ વાલજીએ નીચેથી અબ્દુલને બથ ભરી દબાવી રાખ્યો હતો. ત્રણે બાઝતા હતા. અમે ગયા એટલે ઇસ્માઇલને છોડી દીધો અને હાશમ વાલજીને અબ્દુલઅલીએ દબાવી રાખ્યો હતો એટલે હાશમ વાલજીએ અબ્દુલને બથ ભરી હતી. અમે ગયા ત્યારે જીવા લસ્કરે તેને પકડી લીધો. હું એને પકડવા ગયો ત્યારે જીવા લસ્કરે કહ્યુ કે, તમે એને પકડો નહિ, એણે છરી ફેંકી દીધી છે. હું અને જીવા લસ્કર હોટલમાંથી સાથે ગયા હતા. ગેટ ઉપર ગયા ત્યારે આ મ્યાન અબ્દુલઅલીના ખીસામાંથી નીકળ્યું તે મને પુછવામાં નથી આવ્યું એટલે મેં અત્યાર સુધીમાં કયાંય કહ્યું નથી. ઇસ્માઇલે મને કહ્યું ન્હોતું કે તહોમતદારે છરી ડેલામાં ફેંકી દીધી છે. ઇસ્માઇલે મને કાંઇ કહ્યું ન્હોતું કે આ ઇજા તેને કોણે કરી." મી. કાલીદાસે ફરી તપાસ લેવાની ના કહી હતી.

તા. ૧૯, સપ્ટેમ્બર

### હરી કાશીનાથની જુબાની

પાંચમા સાહેદ હરી કાશીનાથે પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "હું રાજકોટ જંકશનમાં ટીકીટ કલેકટરનું કામ કરૂં છું. ગઇ તા. તા. ૯-૧૨-૩૩ના રોજ થર્ડ કલાસ ગેઇટ ઉપર હું ટીકીટ કલેકટ કરતો હતો. દીલ્હીથી રાજકોટની થર્ડ કલાસની બે ટીકીટો કલેકશનમાં આવી હતી. તેના નંબર મેં રજીસ્ટરમાં નોંધ્યા હતા. તે રજીસ્ટર હું આંહી બતાવું છું. તેની નકલ મોરબી રેલ્વેના ઓડીટ ખાતાને મોકલી છે. ટીકીટો તેની સાથે મોકલી છે. સવારે સાડા સાતની ટ્રેઇનમાં ટીકીટો અને પેસેન્જરો આવ્યાં હતાં. તે દિવસે દીલ્હીથી રાજકોટની બીજી કોઇ ટીકીટો આવી હતી નહિ."

ઉલટ તપાસ લેવાની મી. ચીનાઇએ ના કહી હતી.

### પંચ મનસુખલાલ ઉમેદચંદની જુબાની

છઠ્ઠા સાહેદ મનસુખલાલ ઉમેદચંદે પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "તા. ૧૦-૧૨-૩૩ના રોજ કાનજી ગુલાભાઇની મીલમાં પંચમાં મને બોલાવ્યો હતો. ત્યાંથી ટોપીઓ બે મળી હતી અને સ્થાનિક જગ્યાની તપાસ કરી હતી. એ પંચનામામાં મેં સહી કરી છે." (આંહી સાક્ષીને પંચાતનામું વાંચી સંભળાવ્યું હતું. તેમાં બે તુર્કી ટોપીઓ તહોમતદારોને બતાવતાં તેઓએ પોતાની હોવાની કબુલ્યા ઉપરાંત સ્થાનિક જગ્યાનું વર્ણન હતું. તહોમતદારોએ આ બે ટોપીઓ પોતાની હોવાની હા કહી હતી એ ભાગ કોર્ટના દફતર ઉપર લેવા સામે મી. ચીનાઇએ કાયદાનો વાંધો ઉઠાવ્યો હતો. એ ભાગ લઇ શકાય કે નહિ તે ઉપર દલીલ કરવાનું તપાસને અંતે રાખવામાં આવ્યું હતું.) વધુ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "આ પ્રમાણે પંચાતનામું થયું છે. તેમાં આ મારી સહી છે. તેમાં લખ્યા મુજબ બન્યું હતું."

મી. ચીનાઇએ ઉલટ તપાસ લેવાની ના કહી હતી.

### જમાદાર શીવુભાની જુબાની

સાતમા સાહેદ જમાદાર શીવુભાએ પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "તા. ૯-૧૨-૩૩ના રોજ મારી ડયુટી મોચી બજાર ગેટ ઉપર હતી. રાત્રે નવ વાગ્યાના સુમારે દાણા મારકીટના ચોકમાં હું ઉભો હતો, ત્યાં લોકોએ વાત કરી કે બે ખોજાએ ઇસ્માઇલ કાનજી ઉપર હુમલો કરેલ છે. એ વખતે એમ પણ ખબર મળ્યા હતા કે એકને પકડીને ગેટે લઇ ગયા છે. તુરતજ હું ગેટ ઉપર ગયો. ત્યાં આંહી બેઠો છે તે પહેલો તહોમતદાર ગેટે બેઠો હતો. એ વખતે ગેટની ડયુટી ઉપર આમદ નાયક હતો. તહોમતદારને મેં બેઠેલો જોયો ત્યારે તેની પાસે છરી હતી. તે છરી મને આંહી બતાવવામાં આવે છે તે હતી. આ તહોમતદારો કયાં ઉતર્યા છે તે બાબતમાં મેં પહેલા તહોમતદારને પુછપરછ કરી હતી." (આંહી 'તેઓએ કયાં ઉતર્યા હોવાનું કહ્યું હતું?' એવા મી. કાલીદાસના સવાલ સામે મી. ચીનાઇએ કાય-

-દાનો વાંધો ઉઠાવ્યો હતો કે આ વાત કોર્ટના દફતર ઉપર લઇ શકાય નહિ. આ તબકકે મી. ચીમનલાલને કાયદાના મુદ્દા ઉપર દલીલ કરવાની ના. કોર્ટે પરવાનગી આપવાથી મી. ચીમનલાલે મી. ચીનાઇનો વાંધો એમ કહીને ગેરવ્યાજબી છે એમ કહ્યું કે તહોમતદારની આ કોઇ કબુલત ન હતી, પણ તેને જ્યારે પુછવામાં આવ્યું કે તમે કયાં ઉતર્યા છો ત્યારે તેણે પટેલ હાઉસમાં ઉતર્યા હોવા છતાં પોલીસને ખોટી માહીતી આપવા કાઠિયાવાડ લોજમાં ઉતર્યા હોવાનું ખોટું ઠેકાણું આપ્યું હતું. આ કબુલત કે કેફીઅત નથી, પણ તહોમતદારની વર્તણુક છે. માટે એ કોર્ટના દફતર ઉપર લેવાની છુટ મળવી જોઇએ. બન્ને પક્ષને સાંભળ્યા પછી ના. કોર્ટે આ સવાલ પુછવા દેવાની ના કહી હતી.) વધુ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "પટેલ હાઉસના નોકરે મને કહ્યું એ ઉપરથી મને ખરા ખબર મળ્યા કે તહોમતદારો પટેલ હાઉસમાં ઉતર્યા છે. તે પછી હું પટેલ હાઉસમાં ગયો. ત્યાં તેઓની ઓરડી જોઇ તો તેમાં સામાન હતો. પછી મેં અકબરમીંયાને કહ્યું કે આની સાથે બીજો ખોજો છે તે જો સામાન લેવા આવે તો તેને રોકજો. છરી મારવામાં બે ખોજા હતા એમ મેં સાંભળ્યું હતું અને એક પકડાઇ ગયો હતો એટલે બીજો આવે તો તેને રોકવા મેં કહ્યું હતું. લગભગ રાતના ૧૧ વાગ્યે અકબરમીંયા ગેટે ખબર આપવા આવ્યો કે તમે જે ખોજાને રોકવાનું કહી ગયા છો તે સામાન લેવા આવ્યો છે. પછી હું પટેલ હાઉસમાં ગયો. ત્યાં જઇને તેનું નામ પુછ્યું. તેણે મને નામ આપ્યું. (આંહી પણ 'શું નામ આપ્યું' એમ મી. કાલીદાસે પુછતાં મી. ચીનાઇએ વાંધો ઉઠાવ્યો હતો, જેનો જવાબ મી. કાલીદાસે એવો આપ્યો હતો કે બીજા તહોમતદારે પણ પોતાનું નામ નજરઅલી હોવા છતાં નાનજી ભાણા આપ્યું હતું એ તેની વર્તણુક બતાવે છે. પણ ના. કોર્ટે તે સવાલ પુછવા દીધો હતો નહિ.) તેને પકડીને હું ગેટે લઇ ગયો અને તેને પહેરાવાળાને સોંપ્યો. ત્યાર પછી હું વેસ્ટ હોસ્પીટલમાં ઇન્સ્પેકટર પોબારૂ સાહેબને ખબર આપવા ગયો. બીજો તહોમતદાર પકડાણો તેનું નામ પકડયા પહેલાં શું હતું તે મને યાદ નથી. તે વખતે યાદ હતું, અત્યારે નથી. હું વેસ્ટ હોસ્પીટલે ગયો તે પહેલાં એનું નામ મને મળી ગયું હતું પણ અત્યારે યાદ નથી. મેં તેને પણ પકડયો તેનું કારણ એ હતું કે તેઓ સાથે ઉતર્યા હતા અને તેઓનો સામાન સાથે હતો. મને એ વખતે જે નામ મળ્યું હતું તે નામવાળો એ છે એમ ધારીને મેં તેને પકડયો હતો. કદાચ કોઇ બચાવ કરવા ખોટું નામ આપતો હોય એમ ધારીને સાબીત કરવા પકડયો હતો."

મી. ચીનાઇએ ઉલટ તપાસ લેવાની ના કહી હતી.

### પંચ વીઠલદાસ વશરામની જુબાની

આઠમા સાહેદ પંચ વીઠલદાસ વશરામે પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "તા. ૯-૧૨-૩૩ના રોજ રાતના ૧૧ા વાગ્યે મોચી બજાર પોલીસ ગેટે હું પંચમાં ગયો હતો. મી. પોબારૂ અને આહમદ નાયક ત્યાં હતા. બન્ને તહોમતદારો ત્યાં હતા. આંહી મને બતાવવામાં આવે છે તે તહોમતદારો હતા. તહોમતદાર અબ્દુલઅલીના શરીરની જડતી લીધી હતી. તેના ખીસામાંથી ચોપડી જેવું કાંઇક નીકળ્યું હતું, તેમાં કાંઇક લખ્યું હતું. પાકીટનો ખ્યાલ નથી. મને આંહી બતાવવામાં આવે છે તે ડાયરીનું આ પાનું મેં વાંચ્યું હતું. તેમાં મેં મારી આ ટુંકી સહી કરી હતી. એ પાનામાં રેલ્વે ટીકીટ દીલ્હીથી રાજકોટના બે નંબર નોંધેલા છે. એ વખતે પંચાતનામું લખ્યું હતું. એ પંચાતનામું મને વાંચી સંભળાવ્યું હતું અને તેમાં મેં મારી સહી કરી હતી."

આંહી સાક્ષીને એ વખતે કરાએલું પંચનામું વાંચી સંભળાવવામાં આવ્યું હતું, જેમાં તહોમતદારના હાથ ઉપર તથા કપડાં ઉપર લોહીના ડાઘ હોવાની બીના હોવા ઉપરાંત ડાયરી અને પાકીટની નોંધ પણ કરવામાં આવી હતી. એ પછી આગળ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "આ બરાબર છે, એ પ્રમાણે બન્યું હતું."

મી. ચીનાઇએ ઉલટ તપાસ લીધી હતી નહિ.

### આહમદ નાયકની જુબાની

નવમા સાહેદ આહમદ નાયકે પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "તા. ૯-૧૨-૩૩ના રોજ મોચી બજાર ગેટ ઉપર મારી ડયુટી હતી. આશરે નવક વાગ્યાના સુમારે જીવા લશ્કર આવ્યા. આ માણસ-પહેલો તહોમતદાર-અને મુદ્દા માલની છરી આપી કહ્યું કે ઇસ્માઇલ કાનજીને ત્યાં ધીંગાણું કર્યું છે. આ છરી હતી. મને મ્યાન સહીત છરી સોંપી હતી. મ્યાન અને છરી બધું જીવાના હાથમાં હતું. તહોમતદારને મેં ગેટે બેસાર્યો. છરી પહેરાવાળાને સોંપી, અને એક માણસને પોબારૂ સાહેબ પાસે જાહેર કરવા મોકલ્યો. પોબારૂ સાહેબને ખબર પડયા એટલે એ આવ્યા. તેઓ તરતજ ૯ા-૧૦ વાગ્યે ત્યાં આવ્યા હતા. મીંયા સાહેબ અબ્દુલ કાદર જીવા લશ્કર સાથે હતા. છરી જીવા લશ્કરના હાથમાં હતી. એક હાથમાં છરી અને મ્યાન જુદાં જુદાં સાથે હતાં અને બીજા હાથમાં તહોમતદારનું બાવડું હતું. છરી ધોળે ધોળી કોરે કોરી હતી."

### આ સાક્ષી પણ ફરી ગયો?

આંહી પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસે ના. કોર્ટનું અંગ્રેજીમાં ધ્યાન ખેંચ્યું હતું કે આ સાક્ષી પણ ફરી ગયેલો દેખાય છે, કારણ કે નીચેની કોર્ટમાં તેણે કહ્યું છે કે છરી તહોમતદારના હાથમાં હતી. એટલે ક્રી. પ્રો. કો. કલમ ૨૮૮ મુજબ તેને નીચેની કોર્ટની જુબાની વાંચી સંભળાવી સવાલ પુછવાની પરવાનગી આપશો. આ સામે મી. ચીનાઇએ અંગ્રેજીમાં વાંધો ઉઠાવ્યો હતો કે "એની જુબાનીમાં કાંઇ ખાસ ફેરફાર થયો નથી, એટલે નજીવા કારણ સર એ કલમનો આશ્રય લેવા દઇ શકાય નહિ." વધુમાં મી. ચીનાઇએ અંગ્રેજીમાં જણાવ્યું કે "તહોમતદારના હાથમાં છરી રહેવા દેવામાં કયાંથીજ આવી હોય? એટલે એની વાત ખોટી અથવા પરસ્પર વિરૂધ્ધ નથી." પણ ના. કોર્ટે પરવાનગી આપવાથી મી. કાલીદાસના સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે, "નીચેની કોર્ટમાં મેં જુબાની આપી છે તે ખરી છે." આંહી મી. કાલીદાસે તેને નીચેની કોર્ટની તેની જુબાની વાંચી સંભળાવી હતી; તેમાં સાક્ષીએ એમ કહ્યું હતું કે, 'તહોમતદારના હાથમાં છરી હતી અને છરી ઉપર લોહીના ડાઘા હતા.' આ પછી મી. કાલીદાસના સવાલના જવાબમાં સાક્ષીએ કહ્યું કે, "તહોમતદારના હાથમાં છરી રહેવા દેવામાં કયાંથીજ આવી હોય?" તેના આ જવાબ વખતે "આ શું સૂચવે છે?" એવી મી. કાલીદાસે ટીકા કરી હતી. સાક્ષીએ વધુમાં જણાવ્યું કે, "તહોમતદારના હાથમાં છરી હતી એમ મેં નીચેની કોર્ટમાં લખાવ્યું છે તે ખોટું છે. તે છરી મને જીવાએ આપી હતી. છરીની અણી ઉપર લોહીના ડાઘા જરા હતા. નીચેની કોર્ટમાં એમ લખાવ્યું છે કે છરી ઉપર લોહીના ડાઘ હતા."

### ઉલટ તપાસ

મી. ચીનાઇની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "જીવે મને એમ કહ્યું કે કાનજી ગુલાભાઇના દીકરા ઇસ્માઇલ અને તહોમતદારને ધીંગાણું થયું હતું. ગેટની પછવાડે પટેલ હાઉસ છે. સાંજના ૫ થી રાતના ૧૨ સુધી મારો પહેરો હતો. નાં. ૧ અને નાં. ૨ ના તહોમતદાર અને હાશમ વાલજી સાંજે સાત વાગ્યે પટેલ હાઉસમાંથી વળતાં સાથે બહાર નીકળ્યા મેં જોયા હતા. સાંજે તરતજ મેં એને ઓળખી કાઢયા હતા અને પહેલા તહોમતદારને પકડયા પછી કહ્યું હતું કે સાંજે તમે નીકળ્યા હતા તેજને ?"

### ફરી તપાસ

મી. કાલીદાસની ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "નીચેની કોર્ટમાં મેં લખાવ્યું છે કે આઠથી બાર બજ્યાની મારી નોકરી હતી. તે દરમ્યાન તે ગેટે હું હાજર હતો. અંધારૂં થયું ત્યારે દી આથમ્યા ટાણે હું નોકરી ઉપર ગયો હતો."

### અકબરમીંયાની જુબાની

દસમા સાહેદ અકબરમીંયાએ પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું હતું કે, "હું પટેલ હાઉસ ઇજારદારમાં ગઇ સાલ નોકર હતો. નવક મહીનાથી મેં તે નોકરી મુકી દીધી છે. નોકરી દરમ્યાન હું રાત દિવસ પટેલ હાઉમમાં રહેતો. નવક મહીના ઉપર બે ખોજાઓ ત્યાં સવારના આશરે આઠક વાગ્યે આવ્યા હતા. તેઓ બે જણુ હતા. તેમણે તુર્કી ટોપીઓ ઓઢી હતી. મારી પાસે તેમણે કોટડીની માગણી કરી. મેં કહ્યું કે ગાર કરેલી છે, બાકી અપાઇ ગઇ છે. એણે કહ્યું કે એ આપો. એટલે મેં તેને એ કોટડી ખોલી આપી. સામાનમાં તેમને એક બેગ હતી. ત્યાં તેમણે એ કોટડી ઉઘાડી ઉતારો કર્યો અને બેગ અંદર મૂકી. કલાક પોણી કલાક રોકાઇને તેઓ ઓરડીને તાળું દઇ બહાર ગયા. એ કોટડીને બે કમાડનો એક દરવાજો છે. એને બારી નથી. સાંજ ટાણે તેઓ આવ્યા અને આવીને ચા પીવા પાછા ગયા, અને કહેતા ગયા કે આ માણસ સાથે અમે ચા પીવા જાઇએ છીએ, તમે સામનના ખબર રાખજો. પછી હું વાળુ કરવા ગયો. પાછો આવ્યો ત્યારે ખબર પડી કે ધીંગાણું થયું છે, અને એમ ખબર પડી કે મારે ત્યાં આવ્યા હતા તે માણસોએ કજીઓ કર્યો છે. ગેટે ગયો તો એક માણસ ત્યાં બેઠો હતો, કે જે મારે ત્યાં ઉતર્યા હતા તેમાંનો એક હતો. આંહી પહેલો બેઠો છે તે માણસ હતો. પછી અરધી કલાકે જમાદાર શીવુભા આવ્યા અને મને કહ્યું કે તમારે ત્યાં ઉતર્યા છે તે માણસોમાંનો એક પકાઇ ગયો છે, બીજો આવે તો ખબર કરજો. સામાન લઇ જવા દેશો નહિ. લગભગ ૧૧ વાગ્યે બીજો માણસ ટાંગો લઇને આવ્યો–આંહી બીજો બેઠો છે તે. તેણે આવીને મને અવાજ દીધો. મેં ઉભા થઇને ઉઘાડયું. મેં પુછ્યું કે કેમ ? તો કહે કે અમે દીલ્હીવાળા આંહી ઉતર્યા છીએ તે સામાન લેવા આવ્યો છું. મેં કહ્યું કે ભલે. એ અંદર ગયો અને મેં મારા માણસને નાયકને ખબર દેવા મોકલ્યો કે એ માણસ આવ્યો છે. પછી શીવુભા નાયક આવ્યા. પેલો તહોમતદાર સામાન લઇને દરવાજામાં આવ્યો, અને નાયક આવ્યા એટલે મેં તેને સુપ્રત કરી દીધો."

### આ સાક્ષીનું પણ એમજ ?

"ચા પીવા ગયા ત્યારે તેની સાથે ત્રીજો માણસ હતો તેને પગે ખોડ જેવું હતું. હું તેને ઓળખી શકયો નથી." આંહી સાક્ષીએ નીચલી કોર્ટથી પોતાની જુબાની ફેરવ્યાનું મી. કાલીદાસનું ધ્યાન ખેંચાતાં ક્રી. પ્રો. કો. કલમ ૨૮૮નો તેમને એક વધુ વખત આશ્રય લેવો પડયો હતો. તેમણે આ સાક્ષીનું નીચલી કોર્ટનું આખું સ્ટેટમેન્ટ આ કોર્ટમાં રજુ કર્યું હતું, જેમાં ત્રીજા માણસ સંબંધે કાંઇ ઉલ્લેખ ન હતો.

### ઉલટ તપાસ

મી. ચીનાઇની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "હું તે ત્રીજા માણસને ઓળખતો નથી. મને આંહી કોર્ટમાં બતાવવામાં આવે છે તે (શ્રી. હાશમ વાલજી) હતો."

મી. કાલીદાસે ફરી તપાસ લીધી હતી નહિ.

### મી. પોબારૂની જુબાની.

અગીઆરમા સાહેદ મી. પોબારૂએ પબ્લીક પ્રોસીકયુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "રાજકોટ શહેર બી ડીવીઝનનો હું પોલીસ ઇન્સ્પેકટર છું. જુનાગઢના ઉતારાવાળો લત્તો એ ડીવીઝનમાં છે. તા. ૯–૧૨–૩૩ના રોજ એ ડીવીઝનનો ચાર્જ મારી પાસે હતો. આ ગુન્હાના ખબર રાતના ૧૦ બજ્યે મોચી બજાર ગેટ નાયક શીવુભાએ મારે ઘેર મને આપ્યા હતા. ફરીઆદી વેસ્ટ હૉસ્પીટલે હતો. ત્યાં સીવીલ સ્ટેશનના ચીફ કોન્સ્ટેબલને બોલાવી વેસ્ટ હૉસ્પીટલમાં ફરીઆદીની જુબાની લીધી. ફરીઆદીની સ્થિતિનું પંચનામું, તહોમતદારોની ઓળખ, ફરીઆદીનાં લોહીવાળાં કપડાં અને મુદ્દા માલની છરી મ્યાન સહીત–એટલાનું પંચનામું કરવામાં આવ્યું, પછી મેં જાહેર રીપોર્ટ કર્યો. રાતના બાર વાગ્યે તહોમતદારોની પકડ કરી અને પકડ રીપોર્ટ કર્યો. મને ખબર મળી ત્યારે હું મોચી બજાર ગેટે થઇને હૉસ્પીટલે ગયો હતો. ત્યાં મેં બીજા તહોમતદારને પકડવાની સૂચના કરી હતી અને તહોમતદાર અબ્દુલઅલીની સ્થિતિનું પંચનામું કર્યું હતું. તા. ૧૦ના રોજ સીપાઇ જીવા લસ્કર, અબ્દુલકાદર, મોચી બજાર ગેટ નાયક શીવુભા તથા આમદ અલી, હાશમ વાલજી અને સાહેદ અકબરમીંયાની જુબાની લીધી. સ્થાનિક જગ્યાનું પંચનામું કરવા જમાદાર રતનસીંગને હુકમ કર્યો હતો, તેમણે જે કરી રજુ કર્યું હતું. મુદ્દા માલની છરી અને ફરીઆદીનાં લોહીવાળાં કપડાં ડૉકટરને તપાસવા મોકલવામાં આવ્યાં. તહોમતદારોને કોર્ટ પાસે રજુ કરવામાં આવ્યા. તા. ૧૦ પછી એ ડીવીઝનના પોલીસ ઇન્સ્પેકટર સાહેબ આવી જતાં કેસના કાગળ તેમને સોંપવામાં આવ્યા. આંહી મને બતાવવામાં આવે છે તે જાહેર રીપોર્ટ મેં મોકલ્યો છે. રાતના ૧૧ વાગ્યા પછી મેં ફરીઆદીની જુબાની હૉસ્પીટલમાં લીધી હતી તે વખતે તેની સ્થિતિ ખરાબ હતી અને તે પથારીમાં સુતો હતો."

## આવતા બે અંક સાથે

'જાગૃતિ'ના આવતા બે અંક નાં. ૨૨ અને ૨૩ સાથે નિકળશે, જેમાં સેશન્સની અધુરી રહેલી માહેતી, ના. કોર્ટનું જજમેન્ટ તેમજ 'જાગૃતિ'ના કેસની સુનાવણીના સમાચાર આપવામાં આવશે. સ્થળસંકોચ નહિ હોય તો કેરાવાસી એક ભાઇનો 'એક વધુ ઇનકાર' પણ પ્રગટ કરવામાં આવશે. જજમેન્ટ આજે આવશે.

આ અઠવાડિક રૂપજી નજરઅલી પ્રેમાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

સેશન્સ ખાસ અંક—૨

Regd. No. B. 3114




પુસ્તક: ૨ ] તંત્રી: ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક: ૨૨–૨૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૨
દેશાવર રૂા. ૪–૦–૦: છુટક નકલ ૦–૧–૬

ઓકટોબર ૨: ૧૯૩૪
સંવત ૧૯૯૦ના ભાદરવા વદ ૯ મંગળવાર

મુદ્રણસ્થાન:
જાગૃત મુદ્રણાલય

## ખૂની હુમલા કેસમાં સેશન્સ કોર્ટનો ચુકાદો

# એકને બે વરસ, બીજાને છોડી મૂકયો!

## ફરીઆદ પક્ષ તરફથી દાખલ થયેલી તાત્કાલિક અપીલ

# નાં. ૨ના લેવાયેલા જામીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

**રાજકોટ,** તા. ૨૮ સપ્ટેમ્બર

ગામના અને બહારગામના સંખ્યાબંધ ખોજા ભાઇઓથી ચીકાર ભરાઇ ગયેલા હૉલમાં આજે બપોરે દોઢ વાગ્યે ના. કોર્ટે શ્રી. હીરાણી ઉપર થયેલા ખૂની હુમલા સંબંધેના કેસનું જજમેન્ટ વાંચ્યું ત્યારે જોવા લાયક દ્રષ્ય ખડું થયું હતું. ૨૫ પાનાના એ ચુકાદામાંથી 'ઓર્ડર' જેટલો ભાગ આ નીચે આપવામાં આવે છે:—

**'ઓર્ડર'**

"તહોમતદાર નાં. ૧કે ઇ. પી. કો. ક. ૩૨૪ ને ૪૪૮ મુજબ કરેલ ગુન્હા માટે દોષિત ઠરે છે, જેથી ઇ. પી. કો. ક. ૩૨૪ મુજબ તેને બે વર્ષની સખત મજુરી સાથ કેદની સજા, ને ક. ૪૪૮ મુજબ એક વર્ષની સખત મજુરી સાથ કેદની સજા હું ફરમાવું છું. બન્ને સજાનો અમલ એકી સાથે કરવા હું ફરમાવું છું. અને તહોમતદાર નાં. ૨એ કાંઇ ગુન્હો કર્યો નથી એમ ઠરતાં ક્રી. પ્રો. કો. ક. ૨૫૮ મુજબ તેને નિર્દોષ ગણી છોડી મૂકવા હું હુકમ ફરમાવું છું. મુદ્દા માલની વ્યવસ્થા સાથેના પરિશિષ્ટ મુજબ કરવા ફરમાવું છું."

(સહી) **એચ. આર. બુચ,**
સર ન્યા. સ્વ. રા.

તા. ૨૮–૯–૩૪

ઉપરના ઠરાવથી નારાજ થઇ તેની યોગ્યાયોગ્યતાના કારણો રજુ કરી તહોમતદાર નાં. ૧ નો ગુન્હો ખૂનની કોશીષનોજ હોઇને તેને ક. ૩૦૭ મુજબ ગુન્હેગાર ઠરાવી વધુ શિક્ષા કરવા અને તહોમતદાર નાં. ૨ ને પણ સરખો ગુન્હેગાર ગણી સજા કરવાની માગણી કરતી રીવીઝન અરજી ફરીઆદ પક્ષ તરફથી ના. હજુર કોર્ટમાં તુરતજ દાખલ થતાં તહોમતદાર નાં. ૨ ના રૂા. ૧૫૦૦)ના જામીન લેવામાં આવ્યા છે.

# તહોમતદાર નાં. ૧ અબ્દુલઅલીનું સ્ટેટમેન્ટ

## મી. પોબારૂની ઉલટ તપાસ

મી. ચીનાઈની ઉલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "જાહેર રીપોર્ટ મેં રજુ કર્યો તે ફરીઆદીના જુબાની લીધા પછી મોકલાવ્યો હતો. ગુન્હાની ખબર મને મળી કે તરતજ મેં કાંઇ નોંધ કરી હતી નહિ. તા. ૯-૧૨-૩૩નું પંચનામું મારી અને સીવીલ સ્ટેશનના ચીફ કોન્સ્ટેબલની રૂબરૂમાં થયું છે. એમ લખી હકીકત બરાબર છે. પોતે મદદ માટે બુમો મારતાં નજરઅલી ભાગી ગયો હતો એમ ઇસ્માઇલ જાહેર કરે છે-એમ જે લખ્યું છે તે તેણે કહ્યું હશે તોજ લખ્યું હશે. ઇસ્માઇલની જુબાની લીધી છે તે જેમ કહેતો ગયો તેમ લખી છે. મને આંહી બતાવવામાં આવે છે તે અસલ જુબાનીજ નથી. અસલ સીવીલ સ્ટેશનમાં જાય છે. આ ખરી નકલ હતી કે કેમ તે સદરવાળા મી. પંથકી કહી શકે. અમને તો એ ખરી કહીને આપે એટલે માનીએ કે ખરી. આ ખરી નકલના અક્ષર મારા નથી, મારા સ્ટાફના કોઇ માણસના છે. 'નજર' છેકીને 'અબ્દુલ' લખ્યું છે તેવીજ નકલ મને મળી છે. 'અબ્દુલ'ની શાહી 'નજર'થી જુદી છે. તરત બ્લોટીંગ માર્યું હોય તો શાહીમાં ફેર પડે. આ જાહેર રીપોર્ટના અક્ષર મારા ખાતાના માણસના છે. એ નકલ મેં મોકલાવી નથી. સીવીલ સ્ટેશનમાંથી ખરી નકલ આવે તેના ઉપરથી ખરી નકલ કરવનો રીવાજ છે. કોર્ટમાં મોકલાવેલી આ ખરી નકલમાં એકલું 'નજર' છે તેનો ખુલાસો હું કરી શકું તેમ નથી, કારણ કે આ કેસ મેં કોર્ટમાં કમીટ કર્યો નથી."

## ફરી તપાસ

મી. કાલીદાસની ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "સીવીલ સ્ટેશન તરફથી જે ખરી નકલ આવી તે મેં ડાયરીમાં દાખલ કરી છે. ૯મી તારીખની ડાયરી હું રજુ કરૂં છું તેમાં અબ્દુલઅલીજ લખ્યું છે."

## ઇન્સ્પેકટર શીવુભાની જુબાની

બારમા સાહેદ ઇન્સ્પેકટર શીવુભાએ પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસની મુખ્ય તપાસમાં જણાવ્યું કે, "રાજકોટ શહેર એ ડીવીઝનનો હું પોલીસ ઇન્સ્પેકટર છું. તા. ૧૧-૧૨-૩૩ના રોજ મી. પોબારૂ પાસેથી આ કેસની તપાસ મેં સંભાળી લીધી હતી. તા. ૧૧ના રોજ ચીફ મેડીકલ ઑફીસરનો અભિપ્રાય આવ્યો તે મેં કેસ ડાયરીમાં સામેલ રાખ્યો હતો. હાશમ વાલજી અને અકબરમીયાની વિશેષ હકીકતો લીધી હતી. તે પછી મેં હિં. ફો. કા. ક. ૩૦૭ મુજબ કેસ કમીટ કરીને મોકલી દીધો હતો."

મી. ચીનાઇએ ઉલટ તપાસ લીધી હતી નહિ.

## એક પંચ મરી ગયો.

આંહી ફરીઆદ પક્ષના બધા સાહેદો પુરા થયા હતા. એક સાહેદ પંચ કાલીદાસ તાજેતરમાં મૃત્યુ પામવાથી નીચેની કોર્ટની તેની જુબાની આ કોર્ટમાં વાંચી સંભળાવી દાખલ કરવામાં આવી હતી, તેમજ તેણે કરેલું પંચનામું પણ વાંચી દાખલ કરવામાં આવ્યું હતું. ડૉકટરોની જુબાનીઓ અને સર્ટીફીકેટો આવતી કાલે રજા હોઇને પરમ દિવસ કોર્ટમાં વાંચી દાખલ કરવામાં આવશે અને તે પછી બચાવ પક્ષના પુરાવાઓ લેવાવા શરૂ થશે.

તા. ૨૧, સપ્ટેમ્બર.

આજે કોર્ટનું કામકાજ શરૂ થતાં નીચેની કોર્ટની ડૉ. ઘાટે, ડૉ. નગીનદાસ અને ડૉ. બામની જુબાનીઓ તથા સ્વ. ડૉ. મદનજીનું સર્ટીફીકેટ કોર્ટમાં વાંચી સંભળાવી દાખલ કરવામાં આવ્યાં હતાં.

આંહી ફરીઆદ પક્ષના સઘળા પુરાવાઓ પુરા થતાં ના. કોર્ટે બન્ને તહોમતદારોને એક પછી એક પોતાની સમક્ષ બોલાવી સવાલો પુછ્યા હતા અને બન્નેએ પોતાના લેખિત સ્ટેટમેન્ટ રજુ કર્યાં હતાં.

### તહોમતદાર નાં. ૧ અબ્દુલઅલી.

સ. ધર્મ ? જ. મુસલમાન.
સ. નાત ? જ. ખોજા.
સ. ઉમ્મર ? જ. આશરે ૧૯.
સ. ધંધો ? જ. નોકરી.
સ. રહેવાશી ? જ. આગ્રા.

સ. તમોએ નીચેની કોર્ટમાં જે સ્ટેટમેન્ટ કર્યું છે તે તથા નીચેની કોર્ટમાં તમે લેખિત સ્ટેટમેન્ટ રજુ કર્યું છે તે હું તમને વાંચી સંભળાવું છું. (વાંચ્યું) તે પ્રમાણે તમે લખાવ્યું છે તે બરાબર છે?

જ. મેં નીચેની કોર્ટના સવાલના જવાબ રૂપે સ્ટેટમેન્ટ કર્યું છે તે બરાબર છે. લેખિત સ્ટેટમેન્ટ મેં રજુ કર્યું છે તે પણ બરાબર છે.

સ. તમારે વિશેષ આંહી કાંઇ લખાવવું છે?

જ. હું મારૂં લેખિત સ્ટેટમેન્ટ રજુ કરૂં છું.

સ. બીજું કાંઇ તમારે કહેવું છે?

જ. જી, ના.

### લેખિત સ્ટેટમેન્ટ

હું આ કામનો તહોમતદાર નાં. ૧ અબ્દુલઅલી પુંજાભાઇ મારૂં સ્ટેટમેન્ટ નીચે મુજબ રજુ કરૂં છું :—

૧. હું મૂળ જેતપુરનો રહીશ છું. મારા ભાઇ આહમદભાઇ પુંજાભાઇ આગ્રામાં આવેલ એમડન ફુટવેર કુ.ના માલિક છે અને હું તેમાં ઘણા વખતથી કામકાજ કરૂં છું.

૨. આ કામના તહોમતદાર નાં. ૨ નજરઅલી સદરહુ કંપનીમાં આશરે છ વરસથી નોકરી કરે છે.

૩. ગયા ડીસેમ્બર માસમાં નજરઅલીના લગ્ન સબબ તે આગ્રાથી બાબરા જવાનો હતો. તેણે મને તેના લગ્નમાં આવવા આગ્રહ કરેલ હોઇ તેમજ હું ઘણા વરસથી જેતપુર ગયેલ ન હોઇ તે અને હું દીલ્હી થઇને આંહી સાથે આવેલ અને નજરઅલીના લગ્ન માટેનાં લુગડાં માટે અત્રે તા. ૯-૧૨-૩૩ના રોજ આંહી સવારની રેલમાં ઉતર્યા હતા અને પટેલ હાઉસમાં અમારો સામાન મૂકી બજારમાં જઇ બપોરે કાઠિયાવાડ લોજમાં જમીને સુઇ રહ્યા હતા, કારણ કે પટેલ હાઉસમાં સુવા માટે સગવડ ન્હોતી.

૪. આશરે રોંઢા વખતે અમોને હાશમ વાલજી ભેગા થયા હતા, જેમણે અમોને જમવા માટે આવવા કહ્યું હતું. પરંતુ અમે ના પાડતાં તેણે ચા માટે આગ્રહ કર્યો હતો અને તેના અતિ આગ્રહને અંગે ચા પીવા જવાની હા પાડી હતી, અને

# તહોમતદાર નાં. ૨ નજરઅલીનું સ્ટેટમેન્ટ

તેણે પુછ્યું હતું કે નોકરીમાંથી છુટો થયા બાદ સાંજે હું કયાં તેડવા આવું. તેના જવાબમાં અમે પટેલ હાઉસે તેડવા આવવા કહેલું હતું. અને તે મુજબ તે અમને તેની સાથે તેડી ગયો હતો.

૫. ફરીઆદીને ડેલે પહોંચતાં હાશમે કહ્યું કે તમે અંદર જાવ, ઈસ્માઇલભાઈ અંદર છે તેને મળો; ત્યાં હું પાન લઇને આવું છું. અને અમે અંદર ગયા અને ફરીઆદીને મળ્યા. તેવામાં હાશમ પણ અંદર આવ્યા અને મારી ઓળખાણ ઇસ્માઇલ સાથે કરાવી, કારણ કે તે મને પણ સારી રીતે ઓળખતો હતો અને જ્યારે હાશમ આગ્રા મુકામે આવેલ ત્યારે તે અમારે ત્યાંજ ઉતર્યો હતો, અને હુંજ તેની આગતા સ્વાગતામાં રહેતો અને તેને તાજમહાલ તથા ફત્તેહપુર સીક્રી બતાવવા પણ હું તેની સાથે ગયો હતો. નજરઅલી પણ તે વખતે આગ્રામાંજ હતો.

૬. ફરીઆદી સાથે હાશમે મારી ઓળખાણ કરાવેલ અને ઘણી વાતચીતો દરમ્યાન અમે ચા પાણી પીધા બાદ ઇસ્માઇલે નજરઅલીને પુછ્યું કે કેમ દેશમાં આવ્યા છો, જેના જવાબમાં તેણે પોતાના લગ્ન માટે આવવાનું કહ્યું હતું. અને નજરઅલીના લગ્ન વિગેરેની વાતચીત ચાલતાં ફરીઆદીએ મને પુછ્યું કે તમે કયાં પરણવા છો? તો મેં કહ્યું કે હું પરણ્યો નથી, પણ મારૂં સગપણ થયેલ છે. કયાં સગપણ થયેલ છે? તેમ તેણે પુછતાં મેં કહ્યું કે મારૂં સગપણ મોટી મારડના રહીશ મનજી રાજનની દીકરી સાથે થયેલ છે. તે ઉપરથી તેણે કહ્યું કે ઇન્છ્વાયોગ સંબંધ થયેલ નથી અને તમારે ત્યાં પરણવું નહિ. મેં કારણ પુછતાં તેણે કહ્યું કે મનજી રાજનની દીકરી સારી ચાલની નહિ હોવાનું મારા ખબરપત્રી જણાવે છે, અને તેવી હકીકત છાપવા માટે આવેલ છે. મેં તે હકીકત ખોટી છે તેમ કહ્યું, જ્યારે ફરીઆદીએ તે હકીકત ખરીજ હોવી જોઇએ તેમ કહ્યું, જેને પરિણામે મારે અને ફરીઆદીને બોલાચાલી થતાં કજીઓ વધી ગયો, અને નજરઅલી ત્યાંથી જતો રહ્યો. અને ફરીઆદીએ મુદ્દા માલની છરી કાઢી મારા ઉપર હુમલો કર્યો. એટલે મેં આડો હાથ દઈ છરી ઉંચકાવતાં મારા જમણા હાથના અંગુઠા ઉપર નખ પાસે મને છરી લાગી અને મેં છરી ઉંચકાવી લીધી. છતાં ઇસ્માઇલે મારી ઉપર હુમલો ચાલુ રાખતાં અમારો કજીઓ ચાલુ રહ્યો હતો.

૭. ત્યાર પછી જીવા લસ્કર, હાશમ વાલજી, વિગેરે આવતાં ઇસ્માઇલે મુદ્દા માલની છરીનું મ્યાન પોતાના ખીસામાંથી કાઢીને જીવાને સોંપ્યું હતું. અને છરી અબ્દુલકાદરે જીવાને સોંપેલ. તે છરી તથા મ્યાન જીવા લસ્કરે આમદ નાયકને ગેટે સોંપ્યાં હતાં.

૮. છરી મારી નથી. તેનું મ્યાન મારી પાસે હતું નહિ અને મારી પાસેથી તે કબજે લેવામાં આવેલ નથી.

૯. હું તદ્દન નિર્દોષ છું, અને મેં કાંઇ ગુન્હો કરેલ નથી. તેથી મને છોડી મૂકવા મહેરબાની કરશો.

રાજકોટ, તા. ૨૧–૯–૩૪. અબ્દુલઅલી પુંજાભાઇ.

### તહોમતદાર નાં. ૨ નજરઅલી.

| | |
|---|---|
| સ. ધર્મ? | જ. મુસલમાન. |
| સ. નાત? | જ. ખોજા. |
| સ. ઉમ્મર? | જ. આશરે ૧૭. |
| સ. ધંધો? | જ. નોકરી. |
| સ. રહેવાશી? | જ. આગ્રા, મૂળ બાબરા. |

સ. તમે નીચેની કોર્ટમાં કોર્ટના સવાલના જવાબમાં જે સ્ટેટમેન્ટ કર્યું છે તે તથા લેખિત સ્ટેટમેન્ટ રજુ કર્યું છે તે તમને વાંચ સંભળાવું છું. (વાંચ્યું) તે પ્રમાણે તમે સ્ટેટમેન્ટ લખાવ્યું છે તે બરાબર છે?

જ. હા. તે પ્રમાણે સ્ટેટમેન્ટ મેં કર્યું છે તથા લેખિત સ્ટેટમેન્ટ પણ રજુ કર્યું છે તે બરાબર છે.

સ. તમારે વિશેષ કાંઇ લખાવવું છે?

જ. હું મારૂં લેખિત સ્ટેટમેન્ટ રજુ કરૂં છું.

સ. બીજું કાંઇ તમારે કહેવું છે?

જ. જી, ના.

### લેખિત સ્ટેટમેન્ટ.

હું આ કામનો તહોમતદાર નાં. ૨ નજરઅલી મામદભાઇ મારૂં સ્ટેટમેન્ટ નીચે મુજબ રજુ કરૂં છું:—

૧. હું મૂળ રહીશ બાબરાનો છું અને આગ્રા મુકામે એમડન ફુટવેર કું. માં આશરે ૭ વરસથી નોકરી કરૂં છું.

૨. સદરહુ કંપનીના માલિક મી. આહમદભાઈ પુંજાભાઇ છે અને તે મૂળ જેતપુરના રહીશ છે.

૩. તે અહમદભાઇ આ કામના તહોમતદાર નાં. ૧ અબ્દુલઅલીના મોટા ભાઇ થાય છે, અને અબ્દુલઅલી પણ તેજ કંપનીમાં કામકાજ કરે છે.

૪. ગયા ડીસેમ્બર માસમાં મારા લગ્ન સબબ હું આગ્રેથી બાબરે આવવાનો હતો અને અબ્દુલઅલીને મેં મારા લગ્નમાં આવવા માટે આગ્રહ કરેલ હોઇ તેમજ તે ઘણા વખતથી પોતાના દેશમાં જેતપુર ગામે આવેલ ન હોઇ તે અને હું આંહી દીલ્હી થઇને સાથે આવ્યા અને મારા લગ્નને માટેનાં લુગડાં માટે અત્રે તા. ૯–૧૨–૩૩ના રોજ આંહી સવારની રેલમાં ઉતર્યા હતા. અને પટેલ હાઉસમાં અમારો સામાન મૂકી બજારમાં જઇ બપોરે કાઠિયાવાડ લૉજમાં જમીને અમે સુઇ રહ્યા હતા, કારણ કે પટેલ હાઉસમાં સુવા માટે સગવડ ન હતી.

૫. આશરે રેંઢા વખતે અમોને હાશમ વાલજી ભેગા થયા હતા, જેમણે અમેને જમવા માટે આવવા કહ્યું હતું. પરંતુ અમે ના પાડતાં તેમણે ચા માટે આગ્રહ કર્યો હતો અને તેના અતિ આગ્રહને અંગે ચ પીવા જવાની હા પાડી હતી. અને તેણે પુછ્યું કે નોકરીમાંથી છુટો થયા બાદ સાંજે હું કયાં તેડવા આવું, જેના જવાબમાં અમે પટેલ હાઉસે તેડવા આવવા કહેલ હતું, અને તે મુજબ તે અમને તેની સાથે તેડી ગયો હતો.

૬. ફરીઆદીને ડેલે પહોંચતાં હાશમે કહ્યું કે તમે અંદર જાવ, ઇસ્માઇલભાઇ અંદર છે તેને મળો; ત્યાં હું પાન લઇને આવું છું. અને અમે અંદર ગયા અને ફરીઆદી જેને હું ઓળખતો હતો તો મળ્યા. તેવામાં હાશમ પણ અંદર આવ્યા અને અબ્દુલઅલીની ઓળખાણ ઇસ્માઇલ સાથે કરાવી. કારણ કે તે તેને સારી રીતે ઓળખતો હતો અને જ્યારે હાશમ આગ્રા મુકામે આવેલ ત્યારે આહમદભાઇ પુંજાભાઇને ત્યાંજ ઉતરેલ હતો અને અબ્દુલઅલી તેની આગતા સ્વાગતામાં રહેતો હતો, અને તેને તાજમહાલ અને ફત્તેહપુર સીક્રી બતાવવા પણ તે તેની સાથે ગયેલ હતો, જે હકીકત હું જાતે જાણું છું.

# પબ્લીક પ્રોસીક્યુટરની દલીલ

૭. ત્યાર બાદ ઘણી વાતચીતો દરમ્યાન અમે ચા પાણી પીધા બાદ ઇસ્માઇલે મને પુછ્યું કે કેમ દેશમાં આવ્યા છો, જેના જવાબમાં મારા લગ્ન માટે આવ્યો છું તેમ મેં તેને કહેલ હતું. અને મારા લગ્ન વિગેરેની વાત ચાલતાં અબ્દુલઅલીને ફરીઆદીએ પુછેલ કે તમે કયાં પરણ્યા છો? તો તેણે કહ્યું કે હું પરણ્યો નથી, પણ મારૂં સગપણ થયેલ છે. કયાં થયેલ છે? તેમ તેણે પુછતાં કહ્યું કે મારૂં સગપણ મોટી મારડના રહીશ મનજી રાજનની દીકરી સાથે થયેલ છે. તે ઉપરથી તેણે કહ્યું કે ઇચ્છવાજોગ સંબંધ થયેલ નથી, અને તમારે ત્યાં પરણવું નહિ. અબ્દુલઅલીએ કારણ પુછતાં તેણે કહ્યું કે મનજી રાજનની દીકરી સારી ચાલની નહિ હોવાનું મારા ખબરપત્રી જણાવે છે અને તેવી હકીકત છપાવવા માટે આવેલ છે. અબ્દુલઅલીએ તે હકીકત ખોટી છે તેમ કહ્યું, જ્યારે તેણે તે હકીકત સાચીજ હોવી જોઇએ તેમ કહ્યું. જેના પરિણામે અબ્દુલઅલી અને ફરીઆદી વચ્ચે બોલાચાલી થતાં કજીઓ વધવા માંડયો તેથી હું ત્યાંથી જતો રહ્યો.

૮. મેં કાંઇ ગુન્હો કરેલ નથી. હું તદ્દન નિર્દોષ છું. મારી પાસે છરી હતીજ નહિ. હું દરવાજામાં આડો ઉભો રહેલ નથી અને હાશમ વાલજીને રોકવા કાંઇ પણ પ્રયત્ન મેં કરેલ નથી. મેં કાંઇ પણ ગુન્હાહિત ભાગ લીધેલ નથી અગર તો કોઇ પણ પ્રકારની મદદગારી કરી નથી. અને તેથી મને છોડી મૂકવા મહેરબાની કરશો.

૯. મારા લગ્ન માટે હું દેશમાં આવેલ તે બતાડવા માટે મારા બાપ મામદ પ્રધાને મારા ભાઇ હસનઅલીને તા. ૨-૧૧-૩૩ના રોજ લખેલ અસલ પોસ્ટ કાર્ડ તથા મારે બાપે તા. ૨૭-૧૧-૩૩ના રજીસ્ટર દસ્તાવેજથી બાબરાના શા. ગીરધરલાલ માવજી પાસેથી મારા લગ્નના ખર્ચ માટે રૂા. ૩૦૧) વ્યાજુ લઇને દસ્તાવેજ કરી આપેલ તેની ખરી નકલ આંક એ તથા બી આ સાથે રજુ છે.

રાજકોટ, તા. ૨૧-૯-૩૪.

નજરઅલી મામદભાઇની સહી,

દા: પોતે.

તહોમતદાર નાં. ૨ના આ સ્ટેટમેન્ટમાં બતાવેલ પોસ્ટ કાર્ડ તથા દસ્તાવેજની ખરી નકલ દાખલ કરવા સામે મી. મહેતાએ એમાં લખી હકીકત સાચી હોવાનું સાબીત કરવા માટે એના લખનાર અને લખાવનારને સાક્ષી તરીકે કોર્ટમાં હાજર કરી ફરીઆદ પક્ષને એ સાક્ષીઓની ઉલટ તપાસ લેવાની તક ન આપવામાં આવે ત્યાં સુધી તે કોર્ટના દફતર ઉપર લઇ શકાય નહિ એવું બતાવી મજબુત વાંધો ઉઠાવ્યો હતો. જેને પરિણામે ના. કોર્ટે એ કાગળોને કેસમાં સામેલ કરવાની ના કહી પાછા આપ્યા હતા.

### બચાવના પુરાવા નથી.

બન્ને તહોમતદારોનાં સ્ટેટમેન્ટ લેવાઇ ગયા પછી ના. કોર્ટે બચાવ પક્ષને પોતાના પુરાવાઓ રજુ કરવાનું કહેતાં બચાવ પક્ષના ધારા શાસ્ત્રી મી. ચીનાઇએ એક પણ સાહેદ રજુ કરવાની ના કહી હતી.

### પબ્લીક પ્રોસીક્યુટરની દલીલ.

બાદ પબ્લીક પ્રોસીક્યુટર મી. કાલીદાસે પોતાની દલીલ શરૂ કરતાં જણાવ્યું કે, "નીચેની કોર્ટે હાલના તહોમતદારોને હિં. ફો. કા. કલમ ૩૦૭, ૪૪૯ અને ૩૪ પ્રમાણે આ કોર્ટમાં કમીટ કરેલ છે. આ કેસ અમુક દરજ્જે ઘણો મહત્વનો છે.

### હુમલાનો હેતુ

આ કામના ફરીઆદી મી. ઇસ્માઇલ "ખોજા જાગૃતિ"ના તંત્રી છે. તેઓ સુધારક પત્રકાર છે. કાઉન્સીલ અને તેના કાયદાના વિરોધી છે, ના. આગાખાનના આંધળા અનુયાયીઓનાં ભૂતકાળનાં કૃત્યો ઉપરથી પોતાના ઉપર હુમલો થશે તેમ તેમને પણ બીક રહેતી હતી, એમ ઉલટ તપાસમાં ફરીઆદી જણાવે છે. આવાં અનેક કૃત્યો થયાં છે તેમ છાપાં અને પુસ્તકો દ્વારા જાણ્યાનું પણ તેઓ કહે છે. આ બધા ઐતિહાસિક બનાવો છે. તેમાં જાતમાહેતી ન હોય. હુમાયુન ફ-તેહપુર સીક્રીની લડાઇ લડયો અને હાર્યો તે આપણી જાતમાહેતી નથી; પણ તેમ બન્યું છે તેમ આપણે ઇતિહાસ ઉપરથી જાણીએ છીએ. મુંબઇના ના. ગવર્નર ઉપર પુના કોલેજમાં ગોળીબાર થયો તે હકીકત પણ આપણી જાતમાહેતીની નથી; પણ તે આપણે છાપાંઓ ઉપરથી અને કેસ ઉપરથી જાણીએ છીએ. તેવીજ રીતે આવા હુમલાઓ થયા છે અને થાય છે તેમ મી. ઇસ્માઇલ તથા હાશમ વાલજી કહે છે. કયારે અને કોના દાખલાઓ બન્યા તે કહેવા જતાં મી. ઇસ્માઇલને અટકાવવામાં આવ્યા હતા, તેમજ તે બાબત કાંઇ ક્રોસ કરવામાં આવેલ નથી. એટલે ફરીઆદી પોતાના ઉપર હુમલો થવાનો જે હેતુ આપે છે તે બરાબર અને માનવાજોગ છે.

### તહોમતદારોના ખુલાસાઓ

તહોમતદારો તા. ૯-૧૨-૩૩ના રોજ રાત્રીના સમયે મી. ઇસ્માઇલની દુકાને ગયાનું કબુલ કરે છે; એટલે હવે કેસમાં ચર્ચવાનું બહુજ થોડું રહે છે. આ ખુલાસાઓ પહેલીજ વાર આ કોર્ટમાં કરવામાં આવે છે અને તે માનવાજોગ છે કે કેમ તે આપણે આ સ્થળે તપાસીએ. તહોમતદારો કહે છે કે અમો દેશમાં તહોમતદાર નાં. ૨ના લગ્ન પ્રસંગે આવ્યા હતા. આ બાબતમાં કાંઇ પણ પુરાવો નથી. લગ્ન કયાં, કયારે અને કઇ તારીખના હતા તે પણ કહેતા નથી. જો ખરેખર લગ્નના માટેજ આવ્યા હોત તો તે હકીકત પુરાવાથી સાબીત કરી શકાત. તેવો કાંઇ પુરાવો લાવવામાં આવ્યો નથી. ઘડીભર દલીલની ખાતર માનીએ કે દેશમાં લગ્ન ખાતર આવ્યા હતા; તો રાજકોટમાં શા માટે? તહોમતદારો કહે છે કે અમે કાપડ લેવા માટે રાજકોટ ઉતર્યા હતા. આ કારણુ ઘણુંજ વિચિત્ર લાગે છે. તહોમતદારનો બાપ હયાત છે. તે લગ્નની તૈયારી કરતો હોય તો તહોમતદાર કપડાં ખરીદવા શા માટે રાજકોટ આવે? તહોમતદાર નાં. ૨ નાં. ૧નો દોસ્ત છે, અને નાં. ૧ જેતપુરનો મૂળ રહીશ છે. જેતપુરમાં કાપડ રાજકોટ કરતાં ઘણુંજ સસ્તું મળે છે. જેતપુર તો કાપડની ખાણ છે. ખરી:રીતે કાપડ લેવા આવ્યા હોય, તો આખા દિવસમાં તે માટે કાંઇએ પ્રયાસ કર્યો? પોતે કાપડ ખરીદવા માટે કોઇ પણ દુકાનદારને ત્યાં ગયાનું પોતાના સ્ટેટમેન્ટમાં કહેતા નથી, તેમજ તેવો કોઇ પણ પુરાવો રજુ થયો નથી. આ હકીકત તો એવી સાદી અને સીધી છે કે સહેલાઇથી સાબીત થઇ શકે. વળી નવાઇની વાત તો એ છે કે કાપડ ખરીદવાના પૈસા પણ કયાં છે? તહોમતદારની જડતી લેતી વખતે ફકત રૂા. ૯) તેમની પાસેથી નીકળે છે. વિવાહ જેવા પ્રસંગને માટે કાપડ ખરીદવા નીકળેલા શખ્સો પાસે આવી મામુલી રકમ ન હોય. કાં તો તેઓ ઘાતકી કામ કરવા આવ્યા હતા, અને કાં તો

# છરી કોની? : વિચિત્ર કારણ!

વ્યાજબી કામ માટે આવ્યા હતા. આમાંથી વ્યાજબી કામ પુરા ૧૨ કલાકમાં તેઓએ શું કર્યું તે જરા પણ સાબીત કરવામાં આવ્યું નથી. આ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે જે કારણો તહોમતદારો આપે છે તે ઘડીભર પણ માની શકાય તેવા નથી. જ્યારે ફરીઆદી કહે છે કે ના. આગાખાન, તેમના અનુયાયીઓ અને કાઉન્સીલ સંબંધે વાતચીત થયેલી. આ વાતનો તહોમતદારો ઇનકાર કરતા નથી. એટલા માટેજ હું કહું છું કે તહોમતદારો ફરીઆદી જણાવે છે તેમ આગ્રથી સંકેત કરીને તેના ઉપર હુમલો કરવા આવ્યા હતા તે હકીકત વધારે બનવાજોગ અને માનવા લાયક છે.

## વિચિત્ર કારણ

ખુલાસામાં કજીઆનું કારણ પણ તેવુંજ વિચિત્ર અને અસંભવિત તેઓ જણાવે છે. મી. ઇસ્માઇલ તહોમતદારોને બીલકુલ ઓળખતા ન હતા. તહોમતદારોના કહેવા મુજબ ઘડીભર માની લઇએ કે હાશમ તેને ચા પીવા કહેવા આવ્યો હતો, તો પણ તે તેઓને ફરીઆદીને ત્યાં ચા પીવા શા માટે તેડી જાય? હાશમ સ્વાભાવિક રીતેજ તેઓને પોતાને ઘરે તેડી જાય. તહોમતદારોના કહેવા મુજબ લગ્ન તો તહોમતદાર નં. ૨ના હતા. તે બાબતમાં તહોમતદાર નં. ૧નું સગપણ ક્યાં થયું છે તેમ મી. ઇસ્માઇલ તેને શા માટે પુછે? ઘડીભર માનો કે તેમણે તે પ્રમાણે પુછ્યું તો નામ ઠામ જાણ્યા પછી બાઇ ખરાબ ચાલની છે તેમ મી. ઇસ્માઇલ શા માટે કહે? અને તે પણ એવા સંજોગોમાં કે તેથી મી. ઇસ્માઇલને પોતાને છરી કાઢવી પડે? બાઇ ખરાબ ચાલની છે તેવા પ્રકારના મી. ઇસ્માઇલના કથનથી મી. ઇસ્માઇલ પોતેજ છરી કાઢે તે હકીકત ઘણીજ બેહુદી છે! અને તે પણ એવી રીતે કે તેનાથી એક પણ ઘા મી. ઇસ્માઇલ કરી શકે નહિ!! છરી મી. ઇસ્માઇલના હાથમાંથી પોતે પડાવી લીધાનું તહોમતદાર કહે છે, પણ મી.ઇસ્માઇલ ઉપર તેમની છાતીમાં ઘા કોણે અને કયારે કર્યાં તે બાબત મૌન સેવે છે. આ તમામ ખુલાસા એવા પ્રકારના છે કે કોઇ પણ વ્યવહારિક માણસ એક ઘડીને માટે પણ તે માની શકે નહિ. ખુલાસાઓ અકુદરતી, અસંભવિત અને દેખીતી રીતેજ ખોટા છે. તહોમતદારોનું એમ કહેવું નથી કે ફરીઆદીનું આ કાવત્રું હતું, જ્યારે ફરીઆદી એમ કહે છે કે તેઓ આગ્રાથી કાવત્રું કરીનેજ આવ્યા હતા. એટલે જે સંજોગોમાં પોતાના ઉપર હુમલો થયાનું ફરીઆદી જણાવે છે તેજ સંજોગોમાં આ હુમલો થયો છે એમ માનવુંજ ડહાપણ ભરેલું અને સલામત છે.

## છરી કોની?

મુદ્દા માલની છરી નીચેની કોર્ટના વિદ્વાન બેરીસ્ટર શ્રી. ચુડગરની ભાષામાં ખંજર છે. સીનેમાની ભાષામાં તે ખૂની ખંજર છે. જે કહો તે આપ નજરે જુવો છો. આ છરી કોની છે તે પણ મહત્વનો પ્રશ્ન છે. ફરીઆદી મી. ઇસ્માઇલ અને સાક્ષી હાશમ વાલજી કહે છે કે આ છરી તહોમતદાર નાં. ૧ની છે. તહોમતદાર કહે છે કે આ છરી ફરીઆદીની છે. હવે આ બાબતમાં બધા સંજોગો વિચારીએ. મી. ઇસ્માઇલ સુધારક છે અને પોતાના ઉપર હુમલો થશે તેવી તેમને બીક હતી એટલે પોતે પોતાના રક્ષણ માટે કાંઇ હથીઆર રાખતા હતા કે કેમ તેમ બચાવ પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીએ ઉલટ તપાસમાં પુછતાં તેઓ કહે છે કે પોતે કાંઇ રાખતા નહિ. ફરીઆદીને પોતાને "ખોજા જાગૃતિ"ની ઑફિસ, દુકાન અને ઘર છે. સ્થાનિક જગ્યા પોતાના પિતાની દુકાન હતી. આ સ્થળે પોતાની પાસે હથીઆર ક્યાંથી હોય? વળી "ખોજા જાગૃતિ" તેઓ છેલ્લા દોઢ વરસથી ચલાવે છે. જો તેમણે આ છરી ખરીદેલ હોત તો આવી નવી અને તદ્દન તાજીજ ખરીદાએલ સ્થિતિમાં આપ જુવો છો તેવી તે હોતજ નહિ. આ છરી શાક પાન કે પેન્સીલ માટેની નથી. એ કાયદામાં કહેવા મુજબનું ખંજર છે અને ગુન્હાહિત કૃત્ય કરવા શિવાય બીજા કોઇ પણ કામમાં આવે તેવી તે છેજ નહિ. રાડો પડતાં જીવા લશ્કર અને અબ્દુલકાદર આવી પહોંચે છે. તે વખતે આ છરી તહોમતદારના હાથમાં હતી તેમ અબ્દુલકાદર કહે છે. તહોમતદાર પોતાના સ્ટેટમેન્ટમાં કહે છે કે તે વખતે છરી તેના હાથમાં હતી. તે લોકો આવ્યા તે વખતે તહોમતદાર છરી ફેંકી દે છે. અબ્દુલકાદર કહે છે કે જીવા લશ્કરે તહોમતદારને કહ્યું કે તારી છરી તું ઉપાડી લે. તહોમતદાર કોઇ પણ જાતની આનાકાની શિવાય તે લઇ લ્યે છે. જો છરી પોતાની ન હત તો જરૂર તે વખતે તે વાંધો ઉઠાવત. છરીનું મ્યાન ક્યાંથી જડયું તે બાબત મને કાંઇ ખબર ન્હોતી. અબ્દુલકાદરની જુબાની વખતે મેં તે સવાલ તેને પુછવો કે કેમ તે બાબતમાં મી. ચીમનલાલને પુછ્યું. તેમણે કહ્યું કે અબ્દુલકાદરને ખબર છે કે કેમ તે બાબતમાં તેમને કાંઇ માહેતી હતી નહિ. એટલે મેં તે સવાલ તેને પુછ્યો નહિ. પરંતુ ઉલટ તપાસમાં વિદ્વાન ધારાશાસ્ત્રીએ પુછ્યું કે મ્યાન બાબત શું હતું? સાક્ષીએ જવાબ આપ્યો કે તહોમતદાર નાં. ૧ને જ્યારે ગેટે લઇ ગયા ત્યારે તરતજ તેનાં ખીસાં જોયાં હતાં અને તેમાંથી આ મ્યાન નીકળ્યું હતું. સામાન્ય રીતે પોલીસના માણસો તેને જે માણસ સુપ્રત થાય તેનું શરીર તુરતજ તપાસી લ્યે છે. જો કે પંચ વગર તેમ તપાસવાની સત્તા નથી, પણ પ્રથમ દ્રષ્ટિએ તો તે આમ કરેજ. એટલે અબ્દુલકાદરની વાત સાચી માનવા જેવી છે. અબ્દુલકાદર કેવી ગંભીરતાપૂર્વક અને સચ્ચાઇથી જુબાની આપતા હતા તે આપે આપની નજરે જોયું છે. ઉલટ તપાસમાં આપેલી આ હકીકત ઘણીજ અગત્યની છે. ત્યાર બાદ ફરીઆદી પણ આ છરી હોસ્પીટલમાં તહોમતદારોની રૂબરૂ તહોમતદારની હોવાની ઓળખી બતાવે છે. પંચોની રૂબરૂ તહોમતદારોએ જે કહ્યું તે કાયદા પ્રમાણે અગ્રાહ્ય છે; પરંતુ નીચેની કોર્ટમાં જ્યારે તેઓની જુબાની થઇ ત્યારે પણ આ હકીકત તેઓ શા માટે નથી કહેતા? પોતાનો બચાવ શું છે તે ભલે તહોમતદારો બહાર ન પાડે; પરંતુ પોતાની આ છરી અને મ્યાન નથી એવી હકીકત તો એકદમ કહી શકે. નીચેની કોર્ટે પુછ્યું કે મુદ્દા માલની ટોપી, છરી, મ્યાન, પાકીટ અને ડાયરી તમારાં છે? તહોમતદાર કહે છે કે ખુલાસો કરવા માગતો નથી. ટોપી, પાકીટ અને ડાયરી તહોમતદારના છે તેમ તેઓ કબુલ કરે છે, અને હવે ફક્ત છરી અને મ્યાન અમારા નથી એમ કહેવા નીકળે છે. આ સ્ટેજે તે ખુલાસો માની શકાય તેમ નથી. એટલે એકંદરે મી. ઇસ્માઇલ, હાશમ, જીવા અને અબ્દુલકાદરની જુબાનીઓ અને તહોમતદારની તાત્કાલિક વર્તણુક તથા નીચેની કોર્ટમાં ખુલાસાના અભાવ ઉપરથી મુદ્દા માલની છરી તહોમતદાર અબ્દુલઅલીની છે તેમ સ્પષ્ટ સાબીત થાય છે.

# ગુન્હેગારો કોણ ?

## ઈજાઓ કોણે કરી ?

મી. ઇસ્માઇલના શરીર ઉપર ડાબી બાજુ છાતીના ભાગમાં છરીના બે જખમો છે. અબ્દુલકાદર અને જીવા લસ્કર કહે છે કે તેઓ દોડીને આવ્યા ત્યારે ફરીઆદીની છાતીમાંથી લોહી ચાલ્યું જતું હતું, અને તે વખતે મી. ઇસ્માઇલે તહોમતદારને પકડવાનું કહ્યું તે ઉપરથી અમોએ તેને પકડયો. ડૉ. ઘાટે કહે છે કે મી. ઇસ્માઇલ હોસ્પીટલમાં આવ્યા ત્યારે લોહી ચાલ્યું જતું હતું, અને તેઓ ગભરાયેલી સ્થિતિમાં હતા. હાશમ વાલજીએ મારતાં નજરે જોયેલ છે. નાં. ૨ ના તહોમતદારે ઘા કર્યાં નથી તેમ મી. ઇસ્માઇલ તથા હાશમ કહે છે. તહોમતદાર નાં. ૨ તો પ્રથમથીજ ભાગી ગયાનું અબ્દુલઅલી પોતાના ખુલાસામાં લખે છે. મી. ઇસ્માઇલને પોતે ઇજા કર્યાનું સ્પષ્ટ ભાષામાં તે કબુલ કરતો નથી, છતાં પોતે છરીના ઘા નથી કર્યાં તેમ પણ તે કહેતો નથી. જે વખતે તેના હાથમાં છરી હતી તેજ વખતે મી. ઇસ્માઇલ લોહી-લોહાણ માલમ પડે છે. આવા ઘા પોતાના હાથે કોઇ કરેજ નહિ. એટલે તમામ પુરાવા ઉપરથી મી. ઇસ્માઇલની છાતી ઉપર છરીના બે ઘા તહોમતદાર અબ્દુલઅલીએ કર્યાનું નિર્વિવાદ રીતે સાબીત છે.

## ગુન્હેગારો કોણ ?

આ કૃત્યને માટે હવે ગુન્હેગાર નાં. ૧ કે બન્ને થાય છે તે જોવાનું રહે છે. નજરઅલીએ મી. ઇસ્માઇલ ઉપર ઘા નથી કર્યો તે બરાબર છે. પણ તેને ગુન્હેગાર ઠરાવવા માટે તેણે ઘા કરેલા હોવાજ જોઇએ તેવો કાયદાનો સિધ્ધાંત નથી. જો બન્ને જણાએ સંકેત કર્યો હોય અને તેને પરિણામે આ હુમલો થયો હોય તો બન્ને સરખી રીતે જવાબદાર છે." આંહી મી. કાલીદાસે પર-કલકત્તાનો પ્રીવી કાઉન્સીલનો કેસ તથા ૩૪-ક્રીમીનલ લૉ જર્નલના કેસો વાંચ્યા હતા. આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે, "માર ન મારે છતાં સાથે ઉભો રહે તેથી પણ પહેલાને ઘણીજ હિંમત અને હુંફ રહે છે. પુરાવા ઉપરથી સ્પષ્ટ જણાય છે કે બન્ને જણા ઠેઠ આગ્રાથી ગુન્હાના દિવસેજ રાજકોટ આવેલ છે. બન્ને જણા પટેલ હાઉસમાં ઉતરે છે. જો તેઓને મી. ઇસ્માઇલને મળવું હતું તો દિવસે શા માટે ન મળ્યા ? રાત્રે વાતચીત દરમ્યાન કાઠિયાવાડ લૉજમાં ઉતર્યાનું કહી બન્ને જણા ખોટું સીરનામું આપે છે. બીજા તહોમતદારને પુછતાં પોતાની સાથે બીજો કોણ છે તેનું નામ આપતો નથી પણ મિત્ર છે તેમ કહી વાત ઉડાવે છે. બન્ને જણા રાત્રેના બાર વાગ્યા સુધી બેસવાની ઇચ્છા જણાવે છે. છરી સહીત આવે છે. બન્ને જણા કાઉન્સીલના ચૂસ્ત હીમાયતીઓ છે. મી. ઇસ્માઇલ ઉપર જેવે અબ્દુલઅલી ઘા કરે છે તેવે નજર-અલી ડેલામાં વચ્ચે ઉભો રહે છે. આ વસ્તુ પણ સંકેત સૂચવે છે. બુમ પડતાં તે ભાગી જાય છે અને ગુન્હો બન્યો તે પછી બે કલાક સુધી બહાર રહે છે. જો તહોમતદારોના કહેવા મુજબ ફરીઆદીએ નાં. ૧ ઉપર હુમલો કર્યો હોય તો નાં. ૨ બે કલાક સંતાઇ રહેવાને બદલે પોલીસ આગળ કેમ ફરીઆદ કરતો નથી કે મારા ભાઇબંધ ઉપર ફરીઆદીએ હુમલો કર્યો છે ? નાં. ૨ રાત્રિના ૧૧ વાગ્યે પોતાનો સામાન લેવા જાય છે. તેને તે વખતે પકડવામાં આવે છે. શા ઉપરથી અને કેવી રીતે પકડયો તે બાબતમાં જમાદાર શીવુભાની જુબાની મહત્વની છે. તે કહે છે કે તહોમતદાર સાચું ખોટું નામ આપે પણ મારે તેની સાબીતી માટે તો પકડવોજ જોઇએને ! પહેલેથી છેલ્લે સુધીના તમામ સંજોગોનો વિચાર કરતાં બન્ને તહોમતદારો સંકેત કરીને ફરી-આદીને મારવા માટે આવેલા હોય તેમ સ્પષ્ટ જણાય છે અને તેથી તહોમતદાર નજરઅલી પણ સરખી રીતેજ ગુન્હેગાર છે. તહોમતદાર નાં. ૧ના કપડાં ઉપર લોહીના ડાઘ હતા એમ પંચ-નામામાં લખેલું છે. જો બચાવ પક્ષ એમ કહેવા માગે કે એ કપડાં પોલીસે શા માટે કબજે ન કર્યાં તો એનો જવાબ એટલોજ છે કે તહોમતદારને નાગો કરીને કાઢી મૂકી શકાય નહિ. તેમજ આ કપડાં કેમ કબજે ન કર્યાં તે સંબંધમાં કોઇ સાક્ષીને કોઇ સવાલ પુછવામાં આવ્યો નથી.

## ગુન્હો કયો બને છે ?

આ બધી હકીકતો બરાબર સમજ્યા પછી હવે કયો ગુન્હો બને છે તે જોવાનું રહે છે. ખૂનની કોશીષમાં ઇજા થવીજ જોઇએ તેવો કાયદાનો સિધ્ધાંત નથી. સાધારણમાં સાધરણ ઇજા હોય તો પણ ખૂનની કોશીષનો ગુન્હો બને છે. એક માણસ બીજા માણસ ઉપર પીસ્તોલની ગોળી છોડે પણ તેથી તે માણસને કાંઇ ઇજા ન થાય અને તે બચી જાય તો પણ એ ખૂનની કોશીષજ છે." આંહી મી. કાલીદાસે ઇ. પી. કો. કલમ ૩૦૭ વાંચી હતી. આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે, "કાંઇ પણ ઉશ્કેરણી હતી તેવું સાબીત થયું નથી. એટલે આ ગુન્હો ગંભીર ઇજામાં નહિ, પણ કલમ ૩૦૭માંજ આવે છે. જે સંજોગોમાં હુમલો થયો તે સંજોગોમાં જો તેમનું મૃત્યું નીપજ્યું હોત અને તહોમતદાર ખૂનના ગુન્હા માટે ગુન્હાહિત થાત તો તે કૃત્યથી મૃત્યુ ન નીપજે તો ખૂનની કોશીષ માટે તે ગુન્હેગાર બને છે, જે માટે જીંદગી-ભરની દેશનીકાલી સુધી સજા છે. આ કીસ્સામાં ફરીઆદીના ઉપર આ છરી કે જે રાજકોટ સ્ટેટના ચીફ મેડીકલ ઑફીસર મી. બામના જણાવ્યા પ્રમાણે મરણ નીપજાવવા પુરતી છે તે વતી એક નહિ પણ બે ઘા કરવામાં આવેલ છે, અને તે પણ શરીરના નાજુકમાં નાજુક ભાગ ઉપર, ડાબી બાજુ હૃદયના પ્રદેશમાં. ડૉ. ઘાટે કે જેની બાબતમાં નીચેની કોર્ટમાં વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી. ચુડગરે સખ્ત શબ્દોમાં ટીકા કરી છે અને કહ્યું છે કે તેઓ સ્પષ્ટ રીતે તહોમતદાર તરફ વલણ બતાવે છે તે ડૉ. ઘાટે પણ કહે છે કે બીજો ઘા જરા ઉંડો જાત તો તે હૃદયને ઇજા કરત. તહોમતદારનો ઇરાદો શરીરનો કયો ભાગ હુમલા માટે પસંદ કરવામાં આવ્યો છે તેના ઉપર આધાર રાખે છે. વળી આ કાંઇ આકસ્મિક પ્રસંગ ન હતો. ઇરાદાપૂર્વક ગોઠ-વેલ પ્રસંગ હતો. આ પ્રસંગમાં જો મી. ઇસ્માઇલનું મૃત્યુ થયું હોત તો જરૂર તહોમતદારો ખૂનના ગુન્હા માટે ગુન્હેગાર ઠરત. મી. ઇસ્માઇલ બચી ગયેલ છે તેથી તેઓ ઇ. પી. કો. કલમ ૩૦૭ મુજબ ગુન્હેગાર ઠરે છે." આંહી મી. કાલીદાસે મુંબઇના ના. ગવર્નર ઉપર થયેલ ગોળીબારનો કેસ ૧૯૩૨માંથી વાંચ્યો હતો તેમજ આવાજ સંજોગોવાળો લાહોરનો કેસ ટાંકયો હતો. આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે, "સાબીત હકીકતોથી જે ગુન્હાઓ માટે ચાર્જ મૂકવામાં આવ્યો છે તે ગુન્હાઓ બને છે.

## ડેલામાં અંધારૂં કે અજવાળું ?

બચાવ પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીએ ડેલામાં અજવાળું હતું કે અંધારૂં તેના ઉપર ખૂબ ભારપૂર્વક ઉલટ તપાસ લીધી

# બચાવ પક્ષ તરફથી મી. ચીનાઇની દલીલ

છે. બનાવ પછી તુરતજ ઘણા માણસો ભેગા થઇ ગયા હતા એમ સૌ કહે છે. એમાંના કોઈએ બત્તી સાથે અટકચાળું કરીને બળતી બત્તી ઓલવી નાખી હોય તો તે તદ્દન બનવાજોગ છે. એથી કરીને ફરીઆદીની જુબાની ખોટી ઠરતી નથી. ફરીઆદીની જુબાનીમાં "લેતો જા નાપાકનો બદલો" એ શબ્દો માટે બચાવ પક્ષ ટીકા કરે કે પોલીસ સ્ટેટમેન્ટમાં એ શબ્દો ન્હોતા, તો તેનો જવાબ એ છે કે એ કાંઇ 'કોન્ટ્રેડીકશન'–પરસ્પર વિરૂધ્ધ–નથી, પણ 'ઓમીશન'–રહી ગયેલું–છે. શા માટે લખાવ્યું નથી તેનો ખુલાસો કરવાની તક પણ તેમને આપવામાં આવી નથી. આપણે જાણીએ છીએ કે સામાન્ય રીતે પોલીસ સ્ટેટમેન્ટ જેમ આવે તેમ લઇ લેવામાં આવે છે.

## ખોટા પુરાવા

અબ્દુલકાદર અને જીવાની જુબાનીઓ થઇ ગયા પછી બીજે દિવસે આમદ નાયક અને અકબરમીંયાની જુબાનીઓ થાય છે. આપ જોશો કે આમદને મુખ્ય તપાસમાં પુછવામાં આવ્યું તો તે કહે છે કે છરી અને મ્યાન સાથે જીવાએ તહોમતદારને તેને સોંપ્યો. પણ નીચેની કોર્ટની જુબાની તેને બતાવતાં તેને કબુલ કરવું પડે છે કે તે વખતે તેણે મ્યાનનું તો કાંઇજ કહ્યું ન હતું અને છરી તહોમતદારના હાથમાં હતી તેમ કહ્યું હતું. એની વર્તણુક આપે જોઇ હશે કે હું શું પુછતો હતો અને એ શું જવાબ આપતો હતો. અબ્દુલકાદરને એ ખોટો પાડી શકે તેમ નથી. ૫ વાગ્યાની વાત એ શું કરવા દાખલ કરે છે એ તો હું સમજ્યોજ ન્હોતો. પણ ક્રોસમાં તેને હાશમનું નામ ઉમેરવું હતું એટલે તેણે આ વાત દાખલ કરી હતી. ૭ વાગ્યે તે ડયુટી ઉપર ન્હોતો એમ તે કહે છે. વળી થોડી વારમાં એ ત્રણે માણસો કે જેઓ અજાણ્યા હતા તેને યાદ રાખી લ્યે છે. આ ઉપરથી શું અનુમાન કરવું તે હું આપના ઉપર છોડું છું. જેની ડયુટી ૮થી ૧૨ હતી તે હવે એમ કહે છે કે હું ૫ વાગ્યે ત્યાં ગયો હતો. પોલીસના માણસો ડયુટીથી ત્રણ ત્રણ કલાક અગાઉ પહેરા ઉપર જતા સાંભળ્યા નથી.

આ પછી અકબરમીંયા જુઓ; એ વાત કરે છે એ જુઓ. એ કહે છે કે આ માણસ સાથે અમે ચા પીવા જાઇએ છીએ અને તમે સામાનની નજર રાખજો એમ તહોમતદારોએ તેને કહ્યું. આ બધો ખોટો પુરાવો ઉભો કરવામાં આવ્યો છે. જે માણસો સવારે આવી આખો દિવસ બહાર રખડે છે તે ત્યારે કહી જતા નથી કે સામાનની ખબર રાખજો, અને બા કલાક માટે ચા પીવા જાય છે ત્યારે કહેતા જાય છે કે ખબર રાખજો. આ માની શકાય તેમ નથી.

## શિક્ષા કેટલી?

હરકોઇ કેસમાં સાબીતીઓ માટે પુરાવાઓ આપવાજ જોઇએ એમ નથી. હકીકત, સંજોગો, હથીઆર, સ્ટેટમેન્ટ, વિગેરે જોઇ શકાય. આ કેસની તમામ હકીકતો ધ્યાનમાં લેતાં પુરતી સજા આપવા હું આપને વિનવું છું."

મી. ચીનાઇની દલીલ

પબ્લીક પ્રોસીકયુટરની દલીલો પુરી થતાં બચાવ પક્ષના ધારાશાસ્ત્રી મી. ચીનાઇએ પોતાનો કેસ રજુ કરતાં જણાવ્યું કે, "આ કેસની હકીકત આપે બરાબર સાંભળી છે. પ્રોસીકયુશનનું શું કહેવું છે અને તે કેટલું સાબીત થાય છે તે જોવાનું છે; તહોમતદારો માથે એ બોજો નથી.

## દરેક કોમમાં સુધારકો છે!

ફરીઆદી એમ કહેવા માગે છે તે પોતે એક મોટો સુધારક છે પણ આ કાંઇ નવીન વાત નથી. દરેક કોમમાં અને દરેક ધર્મમાં સુધારક અને જુના વિચારના એમ બે પક્ષ હોય છે. ફરીઆદી કહે છે કે ના. આગાખાન, ઇસ્માઇલી ધર્મ કે ખોજા કોમ પ્રત્યે તેને દ્વેષ ભાવ નથી; એટલે પોતે સુધારક હોવાથી જુના વિચારના માણસોએ તેના ઉપર આ હુમલો કર્યો છે તે વાત ટકતી નથી. એમ તો ઘણા સુધારકો હોય. ફરીઆદીના પિતા પણ સુધારક છે.

## માન મેળવવા

ઇસ્માઇલ કાનજી કોણ છે તેની તપાસ તહોમતદારોએ આખો દિવસ કરી નથી. માત્ર સાંજે એવી પુછપરછ કરે છે. ચર્ચા થઇ ત્યારે દેખાયું કે તેઓ વિરૂધ્ધ મતના છે. કાં તો તહોમતદારોનો ઇરાદો એવો હોઇ શકે કે ફરીઆદીને જાહેરમાં મારી પકડાવા તૈયાર થવું અથવા તો ખાનગીમાં મારી ચાલ્યા જવું. આવી રીતે બે અજાણ્યા માણસો આગ્રાથી આવ્યા હોય તો એને કોઇ ચા પાય નહિ. એટલે ઇરાદો કરીને આવ્યા હતા એ વાત ખોટી ઉભી કરી લાગે છે. એમ કહીને ફરીઆદી એમ બતાવવા માગે છે કે હું કોઇ મોટો માણસ છું. જેમ કેટલાક ખાદીવાળા માન મેળવવા નીકળે છે તેમ ફરીઆદીને પણ પ્રખ્યાત થવું છે અને માન મેળવવું છે એટલે એ આવી વાત કરે છે.

## ૫ મીનીટ બસ છે

ફરીઆદી પાસે જ્યારે તહોમતદારો ગયા ત્યારે તે એકલો હતો. હાશમ વાલજી બા કલાક પછી આવે છે. જો તેઓને તેને છરી મારવી હોય તો બા કલાકની જરૂર ન હતી, ૫ મીનીટ બસ છે. તહોમતદારો દોઢ કલાક બેસે છે. આટલો વખત વાટ જોવાનું કાંઇ કારણ ન હતું. વળી દુકાનમાંજ મારવાની શું ઉતાવળ હતી? ફરીઆદી જીનપરામાં રહે છે. તે ઘરે જાય ત્યારે રસ્તામાં ઘણાં ખુણા આવે, ત્યાં તેઓ મારી શકે. એટલે આ વાત માનવામાં આવતી નથી.

## હાશમ વાલજી જાણતો હતો

હાશમ વાલજી કહે છે કે હું આગ્રા ગયો ત્યારે ફેકટરીમાં ઉતર્યો હતો નહિ, અને કહે છે કે હું સીદી કાળાને ત્યાં ઉતર્યો હતો. હવે સીદી કાળા ફેકટરીમાં રહેતો હતો એમ પણ તે કહે છે. એટલે તહોમતદારો તેનાથી અજાણ્યા ન હતા.

ફરીઆદી તહોમતદારોને કયાં રહેવું એમ પુછે પણ નહિ એ સંભવિત છે? નજરઅલી હાશમ વાલજીનો સગો થાય છે એ સાબીત થયું છે, અને હાશમ ફરીઆદીનો સગો છે એ સાબીત છે.

## સંકેત ન્હોતો

ફરીઆદી જે કારણે જે રીતે હુમલો થયાનું કહે છે એને લગતું બન્યું છે કે, આ બનાવ કોઇ સાધારણ રીતે બનેલો છે, એ જોવાનું છે. હું એક વાત ભાર દઇને આપને કહું છું: આ બનાવ ગમે તેમ બન્યો હોય, પણ એટલું તો ચોકકસ છે કે તહોમતદારો સંકેત કરીને મારવા આવ્યા હતા એવો કાંઇજ

# છોકરાઓની તકરાર : નાટકી છરી

પુરાવો પડયો નથી. એમ માની લ્યો કે એમાંથી એકે ફરીઆદીને માર્યો. તો પણ તેમાં સંકેત કયાં છે? નજરઅલીના હાથમાં છરી હતી તેવી વાત પ્રથમ નીચેની કોર્ટમાં આવે છે. એ વાત ઉપજાવી કાઢેલી છે. ફરીઆદીએ વિચાર કર્યો હશે કે નજરઅલી છટકી જાય છે, માટે તેને સંડોવવા કાંઇક કરવું જોઇએ. એટલે છ મહીના પછી એ નીચેની કોર્ટમાં એમ કહે છે કે નજરઅલીના હાથમાં છરી હતી.

## નાં. ૨ને સંડોવવા

બનાવ પછી તુરતજ ઘણા માણસો ભેગા થઇ ગયા હતા. હાશમ પણ એમ નથી કહેતો કે નજરઅલીના હાથમાં છરી હતી. ફરીઆદી ખોટું બોલે છે. "લેતો જા નાપાકનો બદલો" એ શબ્દો પણ છ મહીના પછી નીચેની કોર્ટમાં પહેલ વહેલા કહેવામાં આવે છે. આ પણ ઉપજાવી કાઢેલું છે. ફરીઆદીએ હોસ્પીટલમાં ત્રણ પાનાં ભરાય એટલી જુબાની આપી છે તેમાં એ વાત લખાણી નથી. એ ભાષા ઉપરથી એમ લાગે છે કે કોઇએ તે શીખવી હોવી જોઇએ. હાશમ વાલજી પાસે એમ કહેવરાવવામાં આવે છે કે નજરઅલીએ આડો હાથ ધર્યો હતો. જો તે આડો હાથ ધરે તો છરી માર્યા વગર રહે?

હાશમ વાલજીને આં તકરારમાં કયાંય લોહીનો ડાઘ પડયો નથી. છરીવાળા માણસ સાથે બાથંબાથી થતી હોય ત્યારે લોહીનો ડાઘ પડયા વગર રહે? આ પણ એક મુદ્દો છે.

## ડેલામાં અંધારૂં હતું

ફરીઆદી અને હાશમ જોડીના સાક્ષીઓ છે. પહેલો ફેરવે છે એમ બીજો ફેરવે છે. ડેલામાં અંધારૂં હતું એમ જીવા, વિગેરે કહે છે; જ્યારે આ બન્ને અજવાળું હોવાનું કહે છે. ફરીઆદી કહે છે કે પહેલા તહોમતદારને તેણે ડેલાની બહાર રસ્તા ઉપર પકડી રાખ્યો હતો. છાતીમાંથી લોહી ચાલ્યું જતું હોય તે વખતે પાછળથી બથ ભરે તો તહોમતદારનો વાંસામાં લોહીના ખૂબ ડાઘ પડેલા હોવા જોઇએ. જ્યારે પંચાતનામામાં માત્ર ટાઇ અને કફ ઉપર ડાઘ હોવાનું લખ્યું છે.

શું હકીકત બની હતી તેના ઉપર ફરીઆદી કે હાશમ કાંઇ અજવાળું નાખતા નથી. બલકે ખોટી વાત ઉભી કરે છે. પંચનામામાં લખેલી વાત કે જે પોલીસ ઇન્સ્પેક્ટર સાચી હોવાનું કહે છે તેને પણ ખોટી કહેવાની ફરીઆદી હિંમત કરે છે.

## સામાનમાં છરી નથી

નજરઅલીનો સામાન હાથ આવે છે, તેમાં છરી હાથ આવી નથી. પોલીસ પાસે કેસ હતો ત્યાં સુધી નજરઅલી સામે કાંઇ પુરાવો હતો નહિ. છ મહીના પછી આ વાત લાવવામાં આવે છે તેનો અર્થ શું? (આંહી મી. ચીમનલાલે મી. ચીનાઇનું ધ્યાન ખેંચ્યું હતું કે પહેલી સુનાવણીજ છ મહીના પછી થઇ હતી; એટલે પહેલી તકે એ વાત રજુ કરવામાં આવી છે.) કાં તો એ વાત એ વખતે હતી નહિ અથવા તો તે ઉભી કરવામાં આવી છે."

મી. ચીનાઇની દલીલ અધુરી રહી હતી.

તા. ૨૨, સપ્ટેમ્બર

## સંકેત નહિ પણ તકરાર

ગઇ કાલે અધુરી રહેલી દલીલ આગળ ચલાવતાં મી. ચીનાઇએ જણાવ્યું કે "આપે એ જોવાનું છે કે બન્ને તહોમતદારો આંગ્રાથી સંકેત કરીને ફરીઆદીને મારવા આવ્યા હતા કે રાજકોટમાં તેની દુકાને કાંઇ પણ થયું જેને પરિણામે આ તકરાર થઇ. ફરીઆદ પક્ષનું કહેવું એવું છે કે ફરીઆદી સુધારક હોવાથી બન્ને તહોમતદારો સંકેત કરીને આવ્યા હતા. આ સામેના કારણો તપાસીએ. આગ્રાથી જો તે સંકેત કરીને આવ્યા હોય તો તે બન્ને મજબુત મનના બહાદુર માણસો હોવા જોઇએ. જ્યારે ફરીઆદીના કહેવા મુજબ તેણે બુમો પાડી એટલે બીજો તહોમતદામ નજરઅલી તુરત ભાગી જાય છે. **શું કાઠિયાવાડમાંથી કોઇ એવા ન જડયા કે ઠેઠ આગ્રાથી લઇ આવે?**

## નાની ઉમરના છોકરાઓ

ફરીઆદી અને બન્ને તહોમતદારો નાની ઉમરના છોકરાઓ છે. એટલે ધર્મને માટે પાકી ઉમરના માણસોને લાગે તેટલું તેઓને ન લાગે, ધર્મનો વિચાર કરી શકે તેવા ન હોય.

જો આગ્રાથી ખાસ આ કામ માટે તેઓ આવ્યા હોય તો તેઓની પાસે જડતી લેતી વખતે માત્ર રૂા. ૯) હતા, એટલે કે પાછા જવાની ફી પણ તેમની પાસે ન હતી. એ એમ બતાવે છે કે કાઠિયાવાડમાં રહેવાનો તેઓનો ઇરાદો હતો.

હાશમ ફરીઆદીનો સગો છે, એટલે જો તેઓ મારીને ભાગી જાત તો પણ તેને ગોતી કાઢવા સહેલા થઇ પડે તેમ હતું. હાશમ વળી બન્ને તહોમતદારોને ઓળખતો હતો. જો તેઓ સંકેત કરીને મારવાના ઇરાદાથી આવ્યા હોય તો હાશમ હોય અને તેઓને જાણતો હોય ત્યારે મારે ખરા?

જો આગ્રાથી સંકેત કરીને આવ્યા હોય તો એવી શું ઉતાવળ હતી કે આવ્યા તે દિવસેજ મારે? અને દુકાનમાં શું કરવા મારે? વિચાર કરીને આવ્યા હોય તો તેનું ઘર તે ગોતી કાઢે, અને ફરીઆદી ઘરે જાય ત્યારે પાછળ પાછળ જઇ મારે. એટલે અગાઉ વિચાર કરીને આવ્યા હતા તેના કરતાં તકરારને પરિણામે મારામારી થઇ હતી તેમ માનવા વધુ કારણો છે.

## નાં. ૨ એ કાંઇ ભાગ લીધો નથી.

નજરઅલીએ કજીઆમાં મુદલ ભાગ લીધો નથી તેમ ફરીઆદી કહે છે. જો નજરઅલી દરવાજે હોય તો તેની ટોપી ડેલાની અંદર શું કરવા રહી જાય? ફરીઆદીની વાત તદ્દન ખોટી છે. નજરઅલીની વાત સાચી છે.

## હાશમ ગેરહાજર?

હાશમ પોતે પણ નજરઅલી ચાલી ગયો ત્યારે ચાલ્યો ગયો હોવો જોઇએ અને પાછળથી આવ્યો હોવો જોઇએ; નહિ તો એને કાંઇ ડાઘ કેમ ન પડે? ફરીઆદી કહે છે કે મેં મારા જોરથી અબ્દુલઅલીને પકડી રાખ્યો હતો. જો હાશમ હાજર હોય તો એ શા માટે ન પકડે? હાશમ એને અડયોજ નથી.

## નાટકી છરી

આ છરી છે એ નાટકી છરી છે. તે તદ્દન પાણી વગરની છે. પેન્સીલ પણ છોલી શકે તેમ નથી (આંહી મી. મહેતાએ કહ્યું કે, "એનો અખતરો કરવો મોંઘો થઇ પડે; નહિ તો હમણાં અખતરો કરૂં કે એનાથી માણસનું મૃત્યુ નીપજે કે નહિ.") મને

# પાછળથી મરી જનારો ડૉક્ટર !

લાગે છે કે આ છરી નીકલ પ્લેટેડ છે અને તેથી ચળકાટ મારે છે. આગ્રાથી સુધારકને મારવા આવે તે આવી છરી લેતા આવે? એવા કામ માટે જે કોઇ આવે તે છરી પાણીદાર અને બેઉ કોર ધારવાળી લેતા આવે. આ ઉપરથી પણ ઇરાદો હતો એમ જણાતું નથી.

ફરીઆદીની દુકાને અગાઉથી સંકેત કરીને આવ્યા જણાતા નથી. હાશમ સાથે તેઓ ચા પીવા આવ્યા હતા. હાશમ પોતાને ગમે ત્યાં તેને ચા પીવા તેડી જઇ શકે છે; હોટલમાં પણ લઇ જાય. હાશમ પાછળથી અકસ્માત આવે એ બનવાજોગ છે? ફરીઆદી વિરૂધ્ધ મતના માણસોને ચા પાય એ બનવાજોગ નથી. જો નજરઅલી હાશમનો સગો થાય છે તેવી તેને ખબર ન હોય તો ફરીઆદી તેને ચા પાય નહિ.

## ઓચીંતી તકરાર

આમદ નાયક કહે છે કે ફરીઆદીને અને તહોમતદારોને ધીંગાણું થયું હતું એમ તેને જીવાએ કહ્યું હતું. તહોમતદારે ફરીઆદીને માર્યું હતું તેમ તે કહેતો નથી. અબ્દુલકાદર પણ એમ કહે છે કે એ ગયો ત્યારે ફરીઆદી, હાશમ અને પહેલો તહોમતદાર બાઝતા હતા. અબ્દુલકાદરનું અને જીવાનું કહેવું મળતું આવે છે. આ ઉપરથી કાંઇ ઓચીંતી તકરાર થઈ હતી અને ઇરાદો ન હતો એવું જણાઇ આવે છે.

જે પ્રમાણે ફરીઆદી કહેવા માગે છે તે પ્રમાણે હોય તો તેની અને હાશમની વાતમાં ફેર આવે નહિ. હાશમ ઉપર તહોમતદાર ચડી બેઠો હતો અને છેવટ સુધી તેના હાથમાં છરી હતી; તો તે હાશમને શા માટે ન મારે? શું તેને મારવાને ટાઇમ ન મળ્યો?

બનાવવાળી જગ્યા ઉપર ડેલામાં લોહીનું એક ટીપું પણ નથી.

## પ્રોસીક્યુશનની વલણ

પ્રોસીક્યુશનમાં છરીની બાબતમાં જે જે સાક્ષી પોતાના લાભની વિરૂધ્ધ બોલતા તેને ફરી ગયો છે એમ કહેવાની વલણ જોવામાં આવી છે. જીવો કહે છે કે તહોમતદારના હાથમાં છરી ન હતી. અબ્દુલકાદર પણ તેમ કહે છે, એટલે તેને ક્રોસ કરવામાં આવે છે. જીવો અને તે જોડીના સાહેદો છે. જીણી બાબતમાં કદાચ ફરક પડે એમ માની લઇએ, પણ છરી કોના હાથમાં હતી એ મુદ્દાની વાતમાં પણ ફરક પડે છે. આવો મુદ્દો કોઇ ભૂલે નહિ. "આંહી મી. ચીમનલાલે ધ્યાન ખેંચ્યું હતું કે તહોમતદાર નાં. ૧ પોતાના સ્ટેટમેન્ટમાં પણ કહે છે કે મેં છરી ઉંચકાવી લીધી અને જીવા લસ્કર આવી પહોંચ્યો, જેના જવાબમાં મી. ચીનાઇએ જણાવ્યું કે, "તો તે બેઉ જીવો અને અબ્દુલકાદર સાથે ગયા હોવા જોઇએ નહિ. એટલે એ માણસ ચોક્ખું ખોટું બોલે છે.

બન્ને તહોમતદારો ભેગા હતા એટલે સંકેત કરીને ભેગા આવ્યા હતા એમ સાબીત થતું નથી.

નજરઅલીની સામે હાથમાં છરી હતી એવો પુરાવો ઉભો કરવામાં આવે છે. એ એક વાત ઉપર શંકા જાય એટલે આખી વાત ઉપર જાય. નજરઅલી સંકેત કરીને સાથે આવ્યો ન હતો. સાથે છે એમ અનુમાન કરવું હોય તો સંકેતનો પુરાવો જોઇએ. જો એવો પુરાવો ન હોય તો તેણે બનાવમાં કાંઇ ભાગ લીધો હોવો જોઇએ. આ પાછલી વાત નજરઅલીના લાભમાં જાય છે.

## આમદ સાચો છે

હાશમ અકસ્માત ફરીઆદીની દુકાને જઇ ચડયો કે તહોમતદાર સાથે ગયો એ બાબતમાં આમદ નાયક કહે છે કે મેં એને ભેગા જોયા હતા; એ બનવાજોગ છે. એને ખોટું બોલવાનું કાંઇ કારણ નથી.

## ડૉ. ઘાટે સાચા છે

ડૉ. ઘાટેએ ખોટી જુબાની આપી છે એવો આક્ષેપ કરવામાં આવતો હોય તેમ મને લાગ્યું છે. તેણે સરજનને બતાવી તેની સંમતિથી રજા આપી હતી. જો ફરીઆદી ખરેખર બીમાર હોય તો એ સરજન પાસે જઇને એમ શા માટે ન કહે કે હું માંદો છતાં ડૉ. ઘાટે મને કાઢી મૂકે છે?

## પાછળથી મરી જનારો ડૉક્ટર!

ફરીઆદી હૉસ્પીટલમાંથી છુટયા પછી એવા ડૉક્ટરની સારવાર લ્યે છે કે જે માંદો હતો અને જે પાછળથી મરી જાય છે. ફરીઆદીને તે પછી ડૉ. નગીનદાસને ખૂણેખાંચેથી ગોતી કાઢવાનું કેમ મન થયું?

ખોટા પુરાવાઓ ઉભા કરવાની કયાં સુધી તજવીજ થાય છે એ જુવો! સંબંધને કારણે કે તે પોચા મનનો માણસ હોય એટલે તે સર્ટીફીકેટ લખી આપશે એમ ધારી ડૉ. મદનજીને ગોતવામાં આવે છે. સામાન્ય રીતે બે ડૉક્ટરો કોઇ ઠેકાણે તપાસવા ભેગા ન જાય. છતાં ડૉ. મદનજીના જમાઇ ડૉ. નગીનદાસ તેમની સાથે જાય છે. ડૉ. નગીનદાસે પોતે કાંઇ નોંધ રાખી નથી. આ બધું પાછળથી કરવામાં આવ્યું હોવું જોઇએ.

## છોકરાઓ શું સમજે?

ગુન્હાને મોટું સ્વરૂપ આપવા અને પોતે મોટા સુધારકમાં ખપવા આ બધું કહેવામાં આવે છે. જો એમ હોત તો ફરીઆદીના પિતાને ઘા પડત, તેની ઉમર મોટી છે. હકીકતે ત્રણે છોકરાને કજીઓ થયાનું બન્યું છે. આ બે છોકરા શું સમજે કે ધર્મ ખાતર મારવા જઇએ?

## ખોટા સામે ખોટા!

તહોમતદારોનાં સ્ટેટમેન્ટમાં બધી વાત ખરી ન માનીએ તો પણ તેમાં અમુક વાત ખરી નથી તેમ કહી શકાય નહિ. ખોટા સામે ખોટી વાત કહેવામાં આવે.

## નાં. ૨ને છોડી મૂકો

એટલે ના. ૨ના તહોમતદાર નજરઅલીને આપ છોડી મૂકશો. તે તદ્દન નિર્દોષ છે. તેણે કાંઇ ભાગ લીધો નથી.

## નાં. ૧ને ક. ૩૨૪ મુજબ

નાં. ૧ માટે: વધુમાં વધુ જો આ તકરાર ચર્ચાને પરિણામે થઇ હોય તો અગાઉથી કોઇ પણ જાતનો ઇરાદો માની શકાય નહિ." આંહી મી. ચીનાઇએ કાયદાના કેટલાક આધાર ટાંકી કહ્યું કે, "કાં તો પુરાવા ઉપરથી આગલો ઇરાદો હોવાનું જણાય, નહિ તો શું ઇજા થઇ છે તેના ઉપરથી અનુમાન કરી શકાય.

## વાજબી સજા કરજો

પીસ્તોલ અને છરીમાં ફેર છે. પીસ્તોલ તો મારીજ નાખે. છરીથી સંભવ ખરો, પણ તે મૃત્યુ નીપજાવેજ તેવું કાંઇ નથી.

સજા શું કરવી એ ના. કોર્ટની મરજીની વાત છે. ૧૬ દિવસ ફરીઆદીને હોસ્પીટલમાં રહેવું પડયું છે. એટલે આ ગુન્હો વ્યથાથી કાંઇ વધુ નહિ તેવાં છે. એટલે વધારેમાં વધારે ક. ૩૨૪થી વધુ કાંઇ નથી. આ છરીને ભયંકર શસ્ત્ર માનો તો પણ ક. ૩૨૪થી વધુ જાય તેમ નથી. ફરીઆદીનું મૃત્યુ નીપજ્યું હોત તો પણ ઓચીંતો કજીઓ થયો હત તો એ ગુન્હો ક. ૩૦૨ મુજબ ખૂન નીચે ન આવત." આંહી કેટલાક આધાર બતાવીને મી. ચીનાઇએ જણાવ્યું કે, "એટલે આ ગુન્હો ખૂનની કોશીષમાં જઇ શકે તેમ નથી.

જો કાંઇ પુરાવો ન હોય કે તકરાર કયાંથી થઇ તો ઓચીંતી થઇ છે તેમ અનુમાન કરવું જોઇએ. જો મારવાજ આવેલ હોય તો ન પકડાઇ જાય એવી રીતે મારે. આવે વખતે જ્યાં બધા બેઠા હતા અને જોતા હતા ત્યાં આ બને છે; એટલે ઓચીંતી તકરાર થઇ હતી તેમ માનવું જોઇએ.

### શંકા એ પુરાવો નથી

શંકા એ પુરાવો નથી. ગમે તેવડો મોટો શક હોય તો પણ એ સાબીતી નથી.

અબ્દુલકાદર કહે છે કે મ્યાન તહોમતદારના ખીસામાંથી નીકળ્યું. તેના ખીસામાંથી ડાયરી, વિગેરે નીકળે છે તેનું પંચનામું થાય છે, તો આ વાત પંચનામામાં કેમ ન લખાણી ? શું તે દિવસ પણ પોલીસની એવી વલણ હતી કે તહોમતદાર તરફ બોલવું ?

આમદ નાયક કહે છે કે છરી તહોમતદારના હાથમાં ન હતી. એની વાત માનવા જેવી છે. જે માણસ આવો ગુન્હો કરનારને પકડી લ્યે તે છરી તેના હાથમાં રહેવા દયેજ નહિ. અને જો એમ માનો કે છરી તેના હાથમાં રહેવા દીધી તો એમ માનવું જોઇએ કે તે ભાગી જવા પ્રયત્ન કરતો હતો નહિ; એટલે ખૂન કરવાનો તેનો ઇરાદો હતો નહિ, અને તેથીજ તે એમ કહે કે ચાલો હું આવું છું.

### વાજબી સજા કરજો

આપને જે વાજબી લાગે તે સજા કરજો. સુધારક હોવા ખાતર માર્યો હતો એ વાત ખોટી છે. સાંસારિક બાબતો ઉપરથી આ તકરાર થઇ છે. આપ નાં. ૧ના તહોમતદારને પણ ઓછામાં ઓછી સજા કરશો."

'સમીંગ અપ'

બન્ને પક્ષની દલીલો થઇ રહ્યા બાદ ના. કોર્ટે એસેસરોને આખો કેસ સમજાવતાં એક કલાક સુધી વિદ્વતાપૂર્ણ, નિષ્પક્ષ અને સમતોલ પ્રવચન કર્યું હતું, જે બાદ એસેસરો પોતાનો અભિપ્રાય નકકી કરવા ચેમ્બરમાં ગયા હતા.

એસેસરોનો અભિપ્રાય ?

એસેસરોએ પોતાનો અભિપ્રાય આપી દીધો છે, પણ તે આ તબક્કે પ્રગટ કરવાનું ના. કોર્ટને મુનાસબ નહિ લાગવાથી ના. કોર્ટના જજમેન્ટ સાથે એ જાહેર કરવામાં આવશે.

## એક વધુ ઇન્કાર

**મહેરબાન**
**અધિપતિ,**
**"ખોજા જાગૃતિ" જોગ**
**રાજકોટ.**

**જત સવિનય લખવાનું જે બળદીઆવાળા ભાઇ કરમાલી મેરાલીએ આગળ "ઇસ્માઇલી"માં કેરાએ કાયદા માંગ્યા હતા એમ છપાવ્યું હતું. તેમાં નવ જણાની સહીઓ કરમાલીએ છપાવી હતી. તેમાં મારી સહી પણ છપાવી છે. એ સહી વિષે હું કશુંએ જાણતો નથી. કરમાલીનું એ લખાણ તદન ખોટું છે. મેં એવી કોઇ પણ સહી કરી નથી. મારી વય ૮૯ વરસની છે તે દરમ્યાન મેં કોઇ વાર નિગારમાં પગ મૂકયો નથી. આ હકીકત આપના પત્રમાં પ્રગટ કરવાની મહેરબાની કરશોજી.**

**હું નિરક્ષર છું, જેથી મારો દીકરો મુળજી જે મારી સાથે રહે છે ને મારો ધર્મ ઇસ્માઇલી પાળે છે તેણે મારા વતી સહી મારા કહેવાથી આ પત્રમાં કરી છે.**

**કેરા,** તા. ૧૩-૯-૩૪.

**ખોજા જાનમામદ કરીમાણીની સહી**
**દા. ખોજા મુળજી જાનમામદ.**

## પિતાને બદલે પુત્ર શા માટે?

શ્રી. પીરમામદ કાનજી ઉઘાડે છોગે વખતો વખત જાહેરમાં કહી રહ્યા છે કે, "મુંબઇમાં જ્યારે કાયદાઓ ઘડાતા હતાં ત્યારેજ મેં કહ્યું હતું કે આ કાયદા કચ્છમાં નહિ ચાલે." શ્રી. પીરમામદ કેરા તરફથી કાયદાના કામ માટે મુંબઇ ગયા ન હતા, પણ પોતાના દીકરાને પરણાવવા ગયા હતા. છતાં જ્યારે તેમને મુંબઇમાં ઘડાતા કાયદા વિષે પુછવામાં આવ્યું ત્યારે તેમણે સાફ ના સુણાવી હતી. એટલે કેરાના પ્રનિનિધિનો સવાલ રહેતોજ નથી.

શ્રી. પીરમામદના દીકરાએ "ઇસ્માઇલી" પર લખી મોકલ્યું કે, "મારા પિતાજી કાયદાની વિરૂધ્ધ નથી." એ બાપને બદલે દીકરાનો ઇકરાર "ઇસ્માઇલી"એ છાપી માર્યો. મજકુર ભાઇ શ્રી. પીરમામદ જીવતા જાગતા લખી વાંચી જાણતા હોવાં છતાં બાપને બદલે દીકરાનો ઇકરાર છાપીને "ઇસ્માઇલી"એ એ વસ્તુની પોકળતાનું પ્રદર્શન કર્યું છે.

મેં શ્રી. પીરમામદ કાનજીની મુલાકાત શ્રી. હાશમભાઇ ઇસ્માઇલ મુળજીની હાજરીમાં લઇને "ઇસ્માઇલી"માં તેમના દીકરાએ છપાવ્યું છે તે વિષે ખુલાસો માગ્યો ત્યારે તેમણે કહ્યું કે, "મજકુર લખાણ "ઇસ્માઇલી"માં મોકલવા માટે મેં મારા છોકરાને સાફ ના પાડી હતી. એ લખાણ મારી સંમતિ વિના "ઇસ્માઇલી" પર મોકલવામાં આવ્યું છે."

કેરા **મહમદ હાશમ ચમન**

## "ખોજા જાગૃતિ" સામે પ્રતિબંધ મૂકવાની માગણી

# 'જાગૃતિ' તરફથી શ્રી. ચુડગરનું મનનીય પ્રવચન

## રાજકોટ હજુર કોર્ટમાં નીકળેલી સુનાવણી

( અમારા પ્રતિનિધિ તરફથી )

**રાજકોટ,** તા. ૨૮ સપ્ટેમ્બર.

"ખોજા જાગૃતિ" ધાર્મિક લાગણી દુભવે છે એમ કહી કેટલાક ખોજા ભાઇઓએ આ પત્ર બંધ કરાવવા રાજકોટના ના. ઠાકોર સાહેબને કરેલી અરજીની એક વધુ સુનાવણી આજે બપોર પછી રાજ્યની હજુર કોર્ટમાં જ્યુડીશીઅલ સેક્રેટરી શ્રી. અભેચંદ ગોવિંદજી દેસાઇ અને મીલ મેનેજર શ્રી.તલકશીભાઇની બનેલી બેન્ચ સમક્ષ નીકળી હતી. 'જાગૃતિ' તરફથી શ્રી. પોપટલાલ લવજીભાઇ ચુડગર, બૅરિ-ઍટ-લૉ બોલવાના છે એ ખબર જ્યારે બહાર આવ્યા ત્યારે ધારાશાસ્ત્રીઓ અને પ્રેક્ષકોની એક સારી એવી મેદની કોર્ટના હૉલમાં જગ્યા નહિ હોવાથી બહાર ઓસરીમાં તેમને સાંભળવા જમા થઇ હતી. શ્રી. ચુડગરની સાથે શ્રી. ચીમનલાલ નાગરદાસ શાહ, બી. એ; એલ. એલ. બી; એડવોકેટ પણ 'જાગૃતિ' તરફથી હાજર રહ્યા હતા, જ્યારે અરજદારો તરફથી મી. ચીનાઇ, બાર-ઍટ-લૉ હતા.

છેલ્લી સુનાવણી ના. કોર્ટની બ્રીટીશ હિન્દમાં આવો કિસ્સો બન્યો હોય તો શું થઇ શકે એ મી. ચીનાઇ પાસેથી જાણવાની ઇચ્છાથી મુલતવી રહી હતી અને આ વખતે મી. ચીનાઇએ તેવા આધારો બતાવવાના હતા. મી. ચીનાઇએ જણાવ્યું કે, "ગયે વખતે હકીકતો ઉપરની મારી દલીલ મેં પુરી કરી હતી. આપે મારી પાસેથી બ્રીટીશ હિન્દમાં આવો કોઇ કીસ્સો ઉભો થયો હોત તો શું થાત એ જાણવા માગ્યું છે, પણ તેવા કોઇ આધાર હું બતાવી શકું તેમ નથી. મેં આ અરજી ના. ઠાકોર સાહેબ સમક્ષ રજુ કરી છે અને તેઓ નામદારે તે આપની પાસે મોકલાવી છે. હવે તેનો નિકાલ કેમ કરવો એ બતાવવાનું કામ મારૂં નથી, પણ આપે તે નકકી કરવાનું છે. અમારૂં કહેવું એમ છે કે આ પત્ર અમારી ધાર્મિક લાગણી દુભવે છે. અને રાજકોટ રાજ્યમાં ચાલવા દઇ શકાય નહિ. એ પત્ર ખોજા કોમના ધર્મગુરૂ ના. આગાખાનના 'કાર્ટુન' (કટાક્ષ ચિત્ર) પણ ચીત્રે છે" આટલું કહી 'જાગૃતિ'ના ૨૦મા અંકનું 'અણઉકેલ કોયડો'વાળું 'કાર્ટુન' મી. ચીનાઇએ ના. કોર્ટને બતાવી પોતાની દલીલ પુરી કરી હતી.

પછી શ્રી. ચુડગર ઉઠયા, અને પોતાની અજબ વકતૃત્વભરી સહેજ શૈલીમાં તેમણે પોતાનું પ્રવચન શરૂ કર્યું. તેમણે જણાવ્યું કે, "શરૂઆત કરતાંજ મારે એ જણાવવું જોઇએ કે આ એક વિચિત્ર અરજી મને લાગે છે. ખુશામતના જરાએ ભાવ વિના હું એમ કહી શકું છું કે આ એક એવું રાજ્ય છે કે જે પોતે બંધારણપૂર્વક ચાલતું સુધરેલું રાજ્ય હોવાનો દાવો કરી શકે તેમ છે. છેલ્લાં કેટલાંક વરસથી આંહી એક પ્રજા પ્રતિનિધિ સભા હસ્તી ધરાવે છે અને આંહી એક ધારાસભા પણ છે. આ રાજ્યની અંદર કાયદાની અદાલતો કામ કરી રહી છે અને ઇન્સાફ આપવા કાયદાઓનો અમલ ખુલ્લી રીતે જાહેરમાં કરવામાં આવે છે. એક પળ માટે પણ ના. ઠાકોર સાહેબની સર્વસત્તાધીશતા માટે હું સવાલ ઉઠાવવા માગતો નથી. હું એ જાણું છું કે તેઓ નામદારને પોતાની ઇચ્છા મુજબ ગમે તેવા કાયદા ઘડવાનો અધિકાર છે, અને તેઓ પોતાની આ સત્તાની રૂએ જાહેરાતના રૂપમાં કાયદાઓ ઘડે પણ છે, કે જેનો આ રાજ્યમાં અમલ કરવામાં આવે છે.

### વિચિત્ર અરજી

પણ આંહી તો ગમે તેવા ૪૦૦–૪૫૦ માણસો કે જેઓમાંના ઘણા ના. ઠાકોર સાહેબના રાજ્ય અમલ નીચે રહેતા નથી કે તેમની સત્તા સ્વીકારતા નથી તેઓ એક પરચુરણ અરજી લઇને આગળ આવે છે. વિચિત્ર માગણી અને વિચિત્ર અરજી! આ પધ્ધતિને જરા આગળ લંબાવો. એક બીજું ટોળું કાલે આવીને એમ કહેશે કે મી. ચુડગર આવો અળખામણો ઝભ્ભો પહેરીને ફરે છે તેની સામે પ્રતિબંધ મૂકવાની જરૂર છે, અમને તે નથી ગમતું. એજ રીતે હિંદુઓ આવીને કહેશે કે જાહેર રસ્તા ઉપર આ મસ્જીદો છે તે અમને નથી ગમતું, અમારી ધર્મની લાગણી દુઃખાય છે, તેનો નાશ કરો, કે મુસલમાનો આવીને કહેશે કે જાહેર રસ્તા ઉપર આ મંદિરો શું? અમારી ધર્મની લાગણી દુભાય છે; તેનો નાશ કરો. જો અરજદારોની માગણી કબુલ કરવામાં આવે તો આનો અંત કયાં?

નામદારો, યાદ રાખજો કે આંહી એ પ્રશ્ન ઉભો છે કે, આ બધું છતાં કોઇ પણ શહેરીને એવો હકક છે અથવા તે વ્યાજબી છે કે તે ના. ઠાકોર સાહેબ પાસે હાજર થઇ તેઓ નામદારને એવી અરજ કરી શકે કે બંધારણ, કાયદો અને ધોરણ એ સર્વ ઉપર પગ મૂકી તેઓ નામદારે પોતાની સ્વેચ્છાથી વહીવટી હુકમ કાઢી આવું પગલું ભરવું? આ સુનાવણીમાં જે મુખ્ય પ્રશ્ન છે તે આજ છે અને એ સંબંધમાંજ આપને આપનો અભિપ્રાય ના. ઠાકોર સાહેબ સમક્ષ રજુ કરવાનો છે.

### કાયદાની રચના

કાયદો શા માટે ઘડવામાં આવ્યો છે? કોઇ પણ વ્યકિતની પ્રેસ અને મીટીંગની સ્વતંત્રતા ઝુંટવી લેવામાં આવે તે પહેલાં તેને એ બરાબર જણાવવું જોઇએ કે તે કાંઇ પણ કરે તે પહેલાં તેની પાસેથી કેવા વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે. કાયદાની રચનાનો ઉદ્દેશ આ છે. કાયદા અને કાનુનથી શહેરીઓને ખબર આપવામાં આવે છે કે જો તેઓએ રાજસત્તાના રક્ષણ નીચે રહેવું હોય તો તેઓએ પોતાનું વર્તન કેવું રાખવાનું છે. આજ કારણે ફોઝદારી, દીવાની, સુધરાઇના અને બીજા કાયદાઓ પ્રગટ કરવામાં આવે છે. આ બધા ખબર શહેરીઓને આપવામાં આવે છે અને તે વડે તેઓનું ધ્યાન ખેંચવામાં આવે છે કે તેઓએ કઇ રીતે રહેવાનું છે; અને તે પછી પણ તેથી વિરૂધ્ધ વર્તનારને ઇન્સાફના નિયત કરેલા રાજમાર્ગો વાટે શિક્ષા એવી રીતે કરવામાં

આવે કે જેથી કરી સ્થાપિત ધોરણ બરાબર જળવાઇ રહે અને એ શિક્ષા ઉપર અપીલ કરવાનો તેને અધિકાર રહે. કાયદાના ઘડતરનો સાચો હેતુ આ છે; અને ત્યારેજ કોઇ રાજ્યને કાયદાનું રાજ્ય કહી શકાય.

## ચાહો તો કેસ કરો

આ રાજ્ય કોઈ ઘણું આગળ વધી ગયેલું રાજ્ય છે એમ ન કહું તો પણ મારે એમ તો કહેવું જોઇએ કે આ એક સુવ્યવસ્થિત-રેલું રાજ્ય છે, બલ્કે સુધારા તરફ એ પ્રગતિ કરી રહ્યું છે. શું આવું રાજ્ય અરજદારોના કહેવા મુજબ કાયદો અને નિયત ધોરણ ઉપર પગ મૂકીને વહીવટી ફરમાન છોડશે?

ના. ઠાકોર સાહેબને હું વિનંતિ કરૂં છું કે મારા અસીલ જેને પોતાની કોમના અભણ,અજ્ઞાન અને ગરીબ આમ વર્ગ કે જેઓ તેઓ નામદારના દરેક રક્ષણના અધિકારી છે તેઓની સાથે ચલાવવામાં આવતી યોજનાપૂર્વકની દગલબાજી કહે છે એ વસ્તુ સ્વીકારે.

મુસ્કેલીઓની સામે થઇને અને જાનના જોખમે મારા અસીલ પોતાની જે નમ્ર ફરજ બજાવે છે તે બદલ દરેક પ્રામાણિક માણસના વખાણ અને ધન્યવાદના તેઓ અધિકારી છે. જો મારા અસીલનાં પ્રકાશન કહેવામાં આવે છે તેમ ગુન્હાહિત હોય તો શા માટે અરજદારોમાં ખુલ્લી રીતે કેસ ચલાવવાની હિંમત નથી? તેઓ પરિણામ જાણે છે. અરજદારો પૈકી માત્ર ૧૦-૧૨ માણસોજ રાજકોટના છે, બીજા બહારગામના છે. આવી અરજી કરી રાજકોટ રાજ્ય પાસે શા માટે પત્ર બંધ કરાવવાની માગણી કરવામાં આવે છે? બીજાં રાજ્યો કે બ્રીટીશ હિન્દ જ્યાં આ પત્ર ફેલાવો પામે છે ત્યાં તેઓના રાજ્યકર્તાઓ પાસે આવી અરજી શા માટે નથી કરવામાં આવતી? મારા અસીલ ઇચ્છે છે, તેઓની એ તીવ્ર ઉત્કંઠા છે કે કાયદાની ખુલ્લી અદાલતમાં એ બતાવવાની તેમને તક મળે કે પોતે કેવી રીતે પોતાની કોમની મહાન સેવા બજાવે છે, પોતાનું દરેક પ્રકાશન કેટલું સાચું અને પ્રામાણિક છે અને પોતે કેવી રીતે જુલ્મની સામે સુધારાઓ માગે છે! ના. ઠાકોર સાહેબે શા માટે મારા અસીલને પોતાનો દાવો સાબીત કરી દેવાની વ્યાજબી તક આપ્યા શિવાય તેઓની પ્રામાણિક અને પ્રસંશનિય પ્રવૃત્તિઓ કચડી નાખવી જોઈએ? આ બધી વસ્તુઓ ખુલ્લી અદાલતમાં આવી શકે તેવી છે, અને તે પછી આપ સાહેબો ના. ઠાકોર સાહેબના ન્યાયમંત્રીઓ તરીકે પુરો ઇન્સાફ આપી શકો તેમ છો. હું એ સમજી શકતો નથી કે આ ગૃહસ્થો શા માટે ન્યાયના ધોરણથી વિરૂધ્ધ રસ્તો ગ્રહણ કરે છે! અરજદારોએ લીધેલ છે તેવા આપખુદ રસ્તે જાહેરની મહાન સેવા બજાવતું પત્ર બંધ કરાવવાનું પગલું ભરવાની શરૂઆત બધાં રાજ્યોમાંથી, મને વિશ્વાસ છે, આ રાજ્ય તો નહિજ કરે.

## ના. આગાખાન રાજ્યકર્તા નથી

ના. આગાખાનને એક રાજ્યકર્તા કહેવામાં આવ્યા છે. કોઇ પણ જાગીર કે પ્રજા ઉપર રાજ્ય કરવા વિના તેઓ કઇ રીતે એક રાજ્યકર્તા થઇ શકે તે હું સમજી શકતો નથી. રાજ્યકર્તા એ છે કે જે રાજ્ય કરે છે અને જેને કાયદાઓ ઘડવાની, અદાલતો ચલાવવાની અને જેલ રાખવાની સત્તા છે. ના. આગાખાન તો માત્ર એક ધાર્મિક વડા છે. ના. ઠાકોર સાહેબના કોઇ પણ પ્રજાજન કરતાં તેઓનું સ્થાન કે મોભો જરાએ ચડીઆતાં નથી. બીજા કોઇ પણ શહેરીની માફક તેઓને પણ તેઓના કોઇ પણ કૃત્ય માટે રાજકોટની ન્યાયની અદાલતોમાં ખડા કરી શકાય. આમ છતાં, જો તેઓને રાજ્યકર્તા તરીકનો પોતાનો હકક અને અધિકાર સાબીત કરવો હોય તો આ અરજદારોને અને તેઓ મારફત ના. આગાખાનને હું આહ્‌વાહન કરૂં છું કે સાક્ષીના પીંજરામાં તેઓ આવે અને મારી ઉલટ તપાસ સામે ઉભા રહે! હીઝ હાઇનેસનો ઇલ્કાબ બ્રીટીશ ગવર્નમેન્ટ તરફથી તેઓને માત્ર એનાયત કરવામાં આવ્યો છે, પણ તેથી કરીને કાયદામાં કહ્યા મુજબના કે તેની વ્યાખ્યા મુજબના રાજ્યકર્તા તરીકેનું સ્થાન તેમને પ્રાપ્ત થતું નથી. અરજદારોએ ના. આગાખાનનું નામ અરજીમાં સંડોવ્યું છે એટલે મારે તેઓના સંબંધમાં આટલો ઉલ્લેખ કરવો પડયો છે. જો વિદ્વાન ધારાશાસ્ત્રીએ તેઓનું નામ વચમાં સંડોવ્યું ન હત તો તેઓ ના. આગાખાનને મારી ટીકામાંથી બાકાત રાખી શકત. ના. આગાખાનને ના. ઠાકોર સાહેબ સાથે સરખાવી તેમના નામે રક્ષણ મેળવવાનું કરીને અરજદારોએ ના. ઠાકોર સાહેબનું અપમાન કર્યું છે.

## ધર્મ નહિ, જુલ્મ

મારા અસીલ ધર્મ સામે નહિ પણ કોમ પાસેથી પૈસા કઢાવવાની હેતુપૂર્વકની, સુયોજિત અને ચાલુ નીતિરીતિઓ સામે બળવો ઉઠાવે છે. મારા અસીલ મને જણાવે છે કે એક લાખ જેટલી ખોજા કોમ પાસેથી લગભગ સાઠ લાખ રૂપીઆ ચંદા અથવા બીજી રીતે ધર્મને નામે અને વ્હેમને લઇને કઢાવવામાં આવે છે. પગારદાર માણસો મારફત આ પૈસા કઢાવવાની પધ્ધતિઓ પણ ઘણા કિસ્સાઓમાં આકરી અને અસહ્ય છે; અને અજબ થવા જેવું તો એ છે કે આ વસુલાતમાંથી એક-ટકો પણ ખોજા કોમની ઉન્નતિ અને ભલા માટે વપરાતો નથી. ગરીબ અજ્ઞાન આમ વર્ગ પાસેથી ધર્મને નામે મેળવેલી આ લક્ષ્મીમાંથી એક નાનકડો ભાગ પણ ના. આગાખાને તેઓની કેળવણી વિષયક, આર્થિક અને સામાજિક ઉન્નતિ અર્થે વાપર્યો નથી; પણ અતિશય અજાયબી વચ્ચે, યુરોપની ભૂમિ ઉપર એક રાજ્યદ્વારી પુરૂષ તરીકે ફરતા ના. આગાખાન પોતાના આનંદ અને એશઆરામ પાછળ લગભગ બધો પૈસો વાપરી નાખે છે. આ પૈસાની વસુલાત એકેએક ખોજા ઉપર ફરજીઆત કરવેરા નાખીને મેળવવામાં આવે છે, દાખલા તરીકે માથા દીઠ દર માસે રૂા. ૦-૮-૦, દીકરીઓને અપાતા કરીઆવર ઉપર સેંકડે ૧૨॥ ટકા કમીશન, વિગેરે. મારા અસીલ લેખો ઉપર લેખો કાયમ પ્રગટ કર્યા કરે છે તે આ વસ્તુસ્થિતિની સામે છે કે જેથી કરી તેઓની પોતાની કોમનું આ વસ્તુ તરફ ધ્યાન ખેંચાય અને એના ઉપર પ્રકાશ પડવાથી કોમ જાણી શકે કે તેનું સાચું સ્થાન કેવું છે. જો આ ધર્મ છે તો હું આપને એવી વિનંતિ કરૂં છું કે આપ ના. ઠાકોર સાહેબને એવી સલાહ આપો કે એ ધર્મ ઉપર પગ મૂકી તેઓ એને બંધ કરી દે.

## અનિષ્ટકારક પરિણામો

આંહી મારે આપને યાદ આપવું જોઇએ કે આ બધું સ્નેહને કારણે બનતું નથી; પણ એ અનિષ્ટકારક પરિણામોના ફળરૂપ છે કે જે જે કોઇ ખોજો કાયદેસર સુધારાઓ મેળવવાની દ્રષ્ટિથી પણ જરાએ ઉંચું માથું કરે તેને ભોગવવાનું હોય છે. રાજ્યદ્વારી અને દીવાની સજાઓ જે સજાની આ સદ્‌ગૃહસ્થ ધમકી આપે છે તેના કરતાં ઘણી સારી છે; એ સજા તે નાતબહારી કે જે માણસને સામાજિક બહિષ્કાર વડે પાયમાલ કરી નાખે છે. ઉપરત સુધારકોએ પોતાનો જાન પણ હાથમાં લઇને ફરવું પડે છે.

## દ્વેષ નહિ, સુધારો

સત્યની શોધ એ માણસ જાતનો ઉમદામાં ઉમદા વ્યાપાર છે અને માનવ જાતની સેવા એ ઉંચામાં ઉંચો ધંધો છે. હું આપને કહું છું કે ધર્મમાં સાચું તત્વ શું છે એ શોધી કાઢવાના ઉચ્ચ ઉદ્દેશથી અને પોતાથી બને તેટલી ઉંચામાં ઉંચી રીતે પોતાની કોમની સેવા કરવાના ઇરાદાથી મારા અસીલ આ પત્ર "ખોજા જાગૃતિ" ચલાવે છે. એક રીતે તેઓ પોતાની ઉમદા ફરજ બજાવે છે અને તે માટે તેઓને નાતબહાર કરવામાં આવ્યા છે અને તેમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો છે. તેમના ઉપર છુરી વતી હુમલો પણ થયો હતો અને આજે એ હુમલો કરનારને સજા કરવામાં આવી છે. જ્યાં જ્યાં દગલબાજી, જુલ્મ અને અત્યાચાર થતો હોય ત્યાં ત્યાં તેને ઉઘાડો પાડી તેના ઉપર પ્રકાશ ફેંકવો એ એમનો કાયદેસર હકક અને કર્તવ્ય છે. જો ધર્મના નામે અને સ્વરૂપે ચાલતી દગલબાજીને અબાધિત રીતે ઉઘાડી પાડવા દેવામાં ન આવત તો બુધ્ધ અને જીસસનું શું થયું હત ? જ્યારે મારી કોમનું ખુદ જીવન રૂધીર ચૂસાતું હોય અને કોમને ચાલુ અને કાયમના જુલ્મને તાબે રહી જીવવાની ફરજ પાડવામાં આવતી હોય ત્યારે એકેએક પ્રામાણિક માણસનું એ કર્તવ્ય છે કે તેણે એ સામે પોતાનો રોષ કાયદેસર રીતે પ્રદર્શિત કરવો. કોઇ પણ કોમ કે કોઇ ધર્મના અનુયાયીઓ સામે સંસ્કૃતિનાં દ્વાર બંધ કરી શકાય નહિ. જે કોઇના જીવનમાં આદર્શને સ્થાન છે તે સૌની એ ફરજ છે કે તેણે પોતાની નમ્ર રીતે પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરવો. કાયદાની રચનાનો ઉદ્દેશ દ્વેષભર્યાં પ્રચાર કાર્યને અટકાવવાનો છે, નહિ કે સુધારણા માટેના પ્રામાણિક પ્રયત્નને. મારા અસીલના લેખો, દ્વેષભર્યાં હોવા તો કયાંએ રહ્યા, પણ પોતાની કોમની ઉન્નતિ અને ભલા માટેની તેમની લાગણી અને ચાહનાથી ભરપુર છે. 'દ્વેષ' શબ્દની વ્યાખ્યા કાયદાની અદાલતોમાં અત્યંત દુષ્ટ, દુરાગ્રહી અને ન બચાવ કરી શકાય એવા કથન તરીકે કરવામાં આવી છે. મારા અસીલ પોતાની લાગણીઓને અત્યંત માનભરી રીતે અને અતિશય શિષ્ટ અને સભ્ય ભાષામાં પોતાના પત્રમાં વ્યકત કરે છે. મારો એ દાવો છે કે મારા અસીલે વાપરેલી ભાષા કરતાં વધુ માનભરી અને વધુ સચ્ચાઇભરી ભાષા બીજી કોઇ હોઇ શકે નહિ. બ્રીટીશ હિન્દના પત્રકારોના લખાણ સાથે સરખાવી જોતાં આપને દેખાશે કે આ ભાષા અત્યંત માનભરી અને અતિશય નમ્ર છે. ન્યાયની કોઇ પણ નિષ્પક્ષ અદાલત સમક્ષ હું મારો આ દાવો સાબીત કરવા તૈયાર છું: તેમની કોમમાં જે અનિષ્ટોએ ઉંડા મૂળ ઘાલ્યાં છે તેની ગંભીરતા જોતાં તો મારા અસીલે આથી પણ વધુ આકરી ભાષા વાપરી હોત તો પણ તેઓ વ્યાજબીજ ઠરત. ગમે તેમ પણ છેવટે ભાષા તો ઉપયોગ માટેજ છે, અને એ વાપરવામાં નહિ પણ એ જેના માટે વાપરવામાં આવી છે તે તેના માટે લાયક છે કે નહિ તેના ઉપરજ ગુન્હાનો આધાર રહે છે. જો ભાષામાં 'હરામખોર' અને 'દુરાચારી' જેવા શબ્દો છે તો પ્રસંગ આવ્યે જરૂરત મુજબ તે વાપરવા જોઇએ."

**શ્રી. દેસાઇ :** દરેક માણસ પોતાની જવાબદારી ઉપર એમ કરે છે.

**શ્રી. ચુડગર :** હા. પણ જો કાયદાની અદાલત સમક્ષ એમ પુરવાર થાય કે એ શબ્દો વાપરીને તેણે એક સેવા બજાવી છે તો પછી તેને માથે કઇ જવાબદારી રહે?

**શ્રી. ચીનાઇ :** તેની યાદગીરીમાં એક બાવલું ઉભું કરવું જોઇએ.

**શ્રી. ચુડગર :** હા. કેટલાએ દેશોમાં બરાબર આમજ કરવામાં આવ્યું છે, અને જર્મનીમાં તમને લ્યુથરનું બાવલું જરૂર દેખાશે.

આંહી શ્રી. ચુડગરે લૉ કમીશ્નરના અહેવાલના કેટલાક ફકરા વાંચ્યા હતા કે હિન્દુસ્તાનનો કાયદો અને ધારા ધોરણ કોઇ પણ ધર્મની સત્યતા સ્વીકારતા નથી અને સ્વીકારી શકે તેમ નથી. વટલાવવાનો ખુલ્લો પ્રયત્ન પણ કોઇ ગુન્હો નથી. ઠંડે પેટે, ગણતરી કરીને દ્વેષબુધ્ધિથી કોઇના ધર્મ માટે કરાએલી નીંદાજ કાયદાની શિક્ષાને પાત્ર બને છે. કોઇ એક વર્ગના અમુક સભાસદોની ધાર્મિક લાગણીઓ દુભાવી એટલું પણ ગુન્હો થવા માટે પુરતું નથી કારણ કે કાયદામાં ગુન્હો થવા માટે એવી શરત મૂકવામાં આવી છે કે આખા 'વર્ગ'ની સમૂહગત રીતે ધાર્મિક લાગણી દુભાવી જોઇએ. આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે,

## અરજી સાચી હોવાની ખાત્રી શું ?

"અરજદારોએ કાયદેસર કામ ચલાવવાને બદલે આ રસ્તો ગ્રહણ કર્યો છે એથી એમ માનવા કારણ છે કે આવી અરજી કરવાનું કારણ કાંઇક જુદુંજ છે. તેઓ ખુલ્લી તપાસ સામે ઉભવાની હિંમત કરી શકતા નથી અને તેથીજ આ સસ્તામાં સસ્તો માર્ગ તેમણે અખત્યાર કર્યો છે. મારા અસીલ સામે કોઇ પણ કોર્ટમાં, રાજકોટમાં કે રાજકોટ બહાર, કાંઇ પણ કામ ચલાવી કોઇ પણ ઠરાવ તેમની વિરૂધ્ધ મેળવવામાં આવ્યો નથી. મને લાગે છે કે અરજદારોએ એવું માની લઇને આ અરજી કરી છે કે બીજા કોઇ પણ રાજ્ય કરતાં રાજકોટ રાજ્યને વધુ સહેલાઇથી આ રસ્તે વહીવટી ફરમાન છોડી પત્ર બંધ કરાવવાનું સમજાવી શકાશે. હું કહું છું કે તેવું અનુમાન કરવું તે આ રાજ્યનું અપમાન છે.

જે અરજી ના. ઠાકોર સાહેબને આપવામાં આવી છે તેની સત્યતાની ખાત્રી શું ? સહીઓમાં એક એવા માણસની સહી છે કે જે અરજી થયા પહેલાં ત્રણ વરસે મરણ પામ્યો છે. શું મારા વિદ્વાન મિત્ર એક મરણ પામેલા માણસના પ્રતિનિધિ થઇને આંહી આવ્યા છે ? શું તેઓ એમ કહી શકે એમ છે કે બધા અરજદારોએ તેમની પાસે આવી તેમને પોતાના પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યા છે ? (આંહી મી. ચીનાઇએ જણાવ્યું હતું કે તેઓ માત્ર ૮ અરજદારોનાજ પ્રતિનિધિ તરીકે આવ્યા છે.) વળી આ અરજીમાં કેટલીક સહીઓ અમુક સ્ત્રીઓના કહેવાથી ત્રીજા આસામીઓએ કરેલી છે. અરજીની તારીખમાં પણ ધડો નથી. સહીઓમાં પહેલાં ૨૨-૫-૩૪ આવે છે, પછી ૪-૬-૩૪ આવે છે અને ફરી પાછી ૨૨-૫-૩૪ આવે છે. આ ઉપરથી એમ માનવાને કારણ મળે છે કે આ **સહીઓ બધી કોરા કાગળ ઉપર લેવામાં આવી હોય** અને આવી રીતે સહી કરી આપનારને ખબર પણ ન હોય કે આ અરજી શાની છે. એમ કેમ ન બને કે સહી કરનારાઓ એમ સમજ્યા હોય કે આ અરજી રાજકોટના ના. ઠાકોર સાહેબને ના. આગાખાનના ફરજીઆત કરવેરા નાબુદ કરાવવા કરવામાં આવે છે !

## પ્રેસની સ્વતંત્રતા

સુધરેલા રાજ્યમાં પ્રેસની સ્વતંત્રતા સૌથી કિંમતિ છે. અમેરીકામાં એવો કાયદો છે કે પ્રજાના પ્રતિનિધિઓની ૩/૪ બહુમતી વિના શહેરીઓની પ્રેસની સ્વતંત્રતા ઝુંટવી લઇ શકાય નહિ. મારા વિદ્વાન મિત્ર આપણને મધ્યયુગની આપખુદી તરફ આંગળી ચીંધે છે, પણ ૧૯૩૪ની સાલમાં એટલું પાછળ હઠવું ડહાપણ

ભરેલું નથી. તેઓ એજન્સીના આડકતરા રસ્તાઓના દાખલા આપે છે પરંતુ એજન્સીમાં પણ મી. ચીનાઇ માગે છે તેવો પત્ર બંધ કરાવવાનો એકેય દાખલો નથી. આપની ઇચ્છા મુજબ તેઓ આટલા દિવસો પછી પણ બ્રીટીશ હિન્દનો એક પણ આધાર બતાવી શકયા નથી.

**આહ્‌વાહન**

મેં આપને કહ્યું કે કેદની સજાથી આકરી નાતબહારીની સજાની ધમકી આપીને ના. આગાખાન આ ધર્મ ટકાવી રાખે છે. હું ઇચ્છું છું, મારા અસીલ માગે છે કે કોઇ પણ રાજ્ય એવી તૈયારી બતાવે અને અમારા કથનને પુરવાર કરવાની તક આપે કે ૬–૧૨ મહીના સુધી એવો કાયદો અમલમાં મૂકે કે કોઇને નાતબહાર કરવો એ ફોઝદારી ગુન્હો છે તે: એટલા વખતમાં અમે એ ખાત્રી કરાવી શકીશું કે એકેએક ખોજો મારા અસીલની પડખે આવીને ઉભે છે કે નહિ, અને ના. આગાખાન પછી એક પણ અનુયાયી વિનાના બની રહે છે કે નહિ! ના. આગાખાન પણ જો "ખોજા જાગૃતિ" વાંચે તો તેઓ પણ સુધારક બની જાય.

ઉપરાંત મારૂં અને મારા અસીલનું આપને એ વચન છે કે જો ના. આગાખાન રાજકોટના ના. ઠાકોર સાહેબને એવો પત્ર લખે કે "ખોજા જાગૃતિ"ના પ્રકાશનથી તેમની ધર્મની લાગણી દુઃખાય છે અને તેમના ધર્મની હસ્તી ભયમાં આવી પડી છે

## આ ભા ર

એક વખત ફરીથી "ખોજા જાગૃતિ"ને વિના મુલ્યે પોતાની અમુલ્ય સહાય આપવા બદલ અમે શ્રી. ચુડગરનો આભાર માનતાં આનંદ અનુભવીએ છીએ. —તંત્રી.

અને તેથી ના. ઠાકોર સાહેબે પોતાની વહીવટી સત્તા વાપરી આ પત્ર બંધ કરાવવું તો અમે વગર કેસે અને વગર હુકમે "ખોજા જાગૃતિ" બંધ કરીશું.

વિશેષમાં જો આ અરજદારો અથવા બીજા ગમે તે બ્રીટીશ હિન્દની કોઇ પણ હાઇ કોર્ટમાંથી એવો ઠરાવ મેળવે કે "ખોજા જાગૃતિ"ના આંહી જે લખાણો રજુ કરવામાં આવ્યા છે તે ગુન્હાહિત છે તો રાજકોટમાં અમે "ખોજા જાગૃતિ" બંધ કરી દેશું. રાજકોટની કોર્ટમાં તો અમારી સામે કામ ચલાવવામાં આવતું નથી એટલે એ સંબંધે કાંઇ કહેવાપણું રહેતું નથી.

અંતમાં હું આપને વિનંતિ કરૂં છું કે જો આપને એમ લાગતું હોય કે "ખોજા જાગૃતિ"ના પ્રકાશનથી રાજકોટ રાજ્યની વિરૂધ્ધ બળવો ફાટી નીકળવાનો ભય છે તોજ આપ ના. ઠાકોર સાહેબને એવી ભલામણ કરજો કે ખાસ કાયદો ઘડીને એ પત્ર બંધ કરાવવા જેવું છે."

## મી. ચીનાઇની દલીલ

શ્રી. ચુડગરનું ભાષણ સંપૂર્ણ થયા પછી મી. ચીનાઇએ ફરી દલીલમાં જણાવ્યું કે, "મારા વિદ્વાન મિત્ર એમ કહે છે કે "ખોજા જાગૃતિ"નાં લખાણ સાચાં છે. પણ આથી કાંઇ અર્થ સરતો નથી. સાચું હોય તો પણ તે કોઇને સંભળાવી તેની ધાર્મિક લાગણી દુઃખવવાનો કોઇને અધિકાર નથી. મારો પ્રશ્ન એ છે કે શા માટે

# માડાગાસ્કર કાઉન્સીલ બરખાસ્ત

## ૭૦ ટકા આવક ઘટી ગઇ?

(અમારા ખબરપત્રી તરફથી)

તા. ૧૧–૮–૩૪

જંગબારથી સુપ્રીમ કાઉન્સીલના પ્રતિનિધિ તરીકે વારસ અબ્દલા શરીફ તથા ઇતમાદી જીવણભાઇ લાલજી માજુંગા આવેલ. સાથે ના. આગાખાનના સ્પેશીઅલ કમીશ્નર મીશનરી સબજાઅલી રમજાનઅલી પણ હતા. માજુંગા કાઉન્સીલના ચોપડા તપાસ્યા અને માડાગાસ્કરમાં હવે આવક થોડી છે અને ખરચો વધારે છે જેથી ખરચ ઓછું કરવા ભલામણ કરી અને તે માટે ભારે પગારના એક માણસને રજા આપી તેની જગ્યાએ સસ્તા પગારવાળો એક માણસ ગોઠવ્યો.

માજુંગા કાઉન્સીલમાં અર્ધા મેમ્બરો મારૂવાય ગામના છે અને અર્ધા માંજુંગાના છે. હવે આવેલ પ્રતિનિધિઓ પાસે મારૂવાયના મેમ્બરોએ માગણી કરી કે કાઉન્સીલ મારૂવાયમાં રાખો, નહિ તો આ રાજીનામા તૈયાર છે. માજુંગાવાળા કહે કે આંહીથી કાઉન્સીલ નીકળે તો અમારા આ રાજીનામા. વાત ચકડોળે ચડી. બેઉ પક્ષોને રાત દિવસ સમજાવ્યા, પણ કોઇ માન્યું નહિ. આખરે કાઉન્સીલ બરખાસ્ત કરી બધા મેમ્બરોના રાજીનામા લીધા. હવે માડાગાસ્કરમાં કાઉન્સીલ જેવું કોઇ જાનવર નથી.

માજુંગા કાઉન્સીલ બરખાસ્ત કરવાનું એક બીજું કારણ પણ જંગબાર સુપ્રીમ કાઉન્સીલના હુકમોનો જરા પણ અમલ થતો ન હતો અને માજુંગા કાઉન્સીલ પોતાનું મનધાર્યું કરતી. મારૂવાય જમાતના મુખીએ નાણાં સંબંધી કરેલ ભૂલ માટે માજુંગા કાઉન્સીલે તેને જમાતખાના બંધની સજા કરી અને તે માટે મારૂવાયના મુખીએ તારથી જંગબાર જાણ કરી અને જંગબાર સુપ્રીમ કાઉન્સીલે મજકુર કેસ મુલતવી રાખો અથવા તમો તેવો કેસ કરી શકતા નથી એવો સખત ઓર્ડર આપેલ. તે ઓર્ડરને ફાઇલમાં ચડાવી આપી માજુંગા કાઉન્સીલે સજા કરી.

કાઉન્સીલ બરખાસ્ત થતાં એમ ઠર્યું છે કે માજુંગા જમાતના મુખી કામડીઆ આખા માડાગાસ્કરનાં નાણાં મંગાવી ભેગા કરે અને જંગબાર મોકલી આપે; કાઉન્સીલને લગતું કામકાજ હોય તો જંગબાર લખાણ કરવું; કારણ કે માડાગાસ્કરની ચુકતે જમાતો જંગબારના તાબામાં હવેથી ગણાશે.

લંકાની લાડી ને ઘોઘાનો વર! માડાગાસ્કરવાળાને કામકાજ હોય તો જંગબાર દોડે! જંગબાર જવું હોય તો આવવા જવાના નુરના ચોથા ક્લાસના ફકત ૧૬૦૦) ફ્રાન્ક ખર્ચ આવે.

આ માટે માડાગાસ્કરવાસીઓએ પોતામાં ચુંટણી કરી, જમાતોના મત મેળવી નવી કાઉન્સીલ ઉભી કરવી જોઇએ. કોમને પડનારી હાલાકીમાંથી આ સારામાં સારો ઉપાય છે.

માડાગાસ્કરમાંથી જતા નાણાંના આંકડા મળશે તો મોકલીશ. પણ એટલું ખરૂં છે કે ૧૯૩૦માં જે નાણું જતું હતું તેના કરતાં આજે ૭૦ ટકા ઓછું જાય છે.

રાજકોટ રાજ્યે પોતાની હદમાંથી આવું પત્ર પ્રગટ થવા દેવું જોઇએ? હું કહું છું કે બધા ધર્મ ખોટા હોઇ શકે, પણ તેથી કરી તેમ કહી શકાય નહિ. મુખ્ય પ્રશ્ન એ છે કે એથી કોઇ ધર્મના અનુયાયીઓની લાગણી દુઃખાય છે કે નહિ?"

ફેંસલો આવવો બાકી છે.

**ખૂની હુમલા કેસમાં**

# સેશન્સ કોર્ટનો ચુકાદો

સ્વસ્થાન રાજકોટ સર ન્યાયાધીશ કોર્ટમાં સેશન્સ કેસ
નાં. ૨ સં. ૧૯૯૦

ધી રાજકોટ સ્ટેટ પોલીસ———————ફરીઆદી

ખોજા અબ્દુલઅલી પુંજાભાઇ રે. આગ્રા }
ખોજા નજરઅલી મામદભાઇ રે. આગ્રા } તહોમતદાર

ઇ. પી. કો. ક. ૩૦૭, ૪૪૯, ૩૪.

## ઠરાવ

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે ગઇ તા. ૯–૧૨–૩૩ના રોજ ફરીઆદી ઇસ્માઇલ કાનજી હીરાણી પોતાની દુકાને હતા. જ્યારે ઉપર જણાવેલ તહોમતદારો તેની દુકાને આવ્યા હતા અને અમુક વાતચીત તેઓ વચ્ચે ચાલી હતી. બાદ દુકાન બંધ કરતી વખતે નાં. ૧ના તહોમતદારે ફરીઆદી ઉપર હુમલો કરી તેને ઇજા કરી હતી. પ્રો.નું એવું કહેવું છે કે ફરીઆદી 'ખોજા જાગૃતિ' પેપરનો તંત્રી, મુદ્રક અને પ્રકાશક હોવાથી અને તે પેપર ખોજા કોમના હાલના ચાલતા ધર્મ તથા તેના રિવાજો વિરૂધ્ધ તેમજ ખોજા કાઉન્સીલ વિરૂધ્ધ હોઇ અને ફરીઆદી તે વિષે હકીકત પોતાના પેપરમાં છાપતો હોઇ ખોજા કાઉન્સીલ તરફથી તેની આ જાગૃતિ દબાવી દેવાના પ્રયત્નો હાલ સુધીમાં થયા છે તે મુજબ તા. ૯–૧૨–૩૩ના રોજ રાતના ૭॥–૮ બજ્યા વખતે આ કામના તહોમતદારો ફરીઆદીની દુકાને આવ્યા હતા, અને ફરીઆદીનું નામ ઠામ તથા ધંધો બાબત પુછપરછ કરી ખોજા જાગૃતિમાં આવતા લેખો માટે ટીકા કરી હતી. એટલે કે તહોમતદારો કાઉન્સીલના કાયદાની તરફેણમાં બોલતા હતા ને ફરીઆદી તેની વિરૂધ્ધ મત દર્શાવતો હતો તે મતલબે ટીકા થઇ હતી. બાદ રાતનાં આશરે નવ વાગ્યા ટાંણે ફરીઆદીએ દુકાન બંધ કરી ઘરે જવા જણાવ્યું ત્યારે તહોમતદારોએ રાતના બાર વાગ્યા સુધી બેસવા ઇચ્છા ને તૈયારી બતાવી. પણ ફરીઆદી વધુ વખત નહિ રોકાતાં પોતાની ઓફીસનું બારણું અંદરથી બંધ કરી બત્તીની સ્વીચ બંધ કરી. ચાલીમાં બત્તીની સ્વીચ બંધ કરવા જતો હતો તેવામાં નાં. ૧ના તહોમતદારે ફરીઆદીનું મોત આણવાના ઇરાદાથી તેની પાસેની છરી વતી છાતીમાં જખમ કરી ફરીઆદીને જમીન ઉપર પછાડી માથે ચડી બેઠો ને બીજો ઘા કર્યો અને ફરીઆદી મદદ માટે બુમ પાડતાં હાશમ વાલજી આવી પહોંચ્યો અને બીજાં લોકો આવી પહોંચ્યા, ને ફરીઆદીને છોડાવ્યો, તેમજ તહોમતદારને પકડી લીધો. તે કારણે તહોમતદાર નાં. ૧. ઇ. પી. કો. કલમ ૩૦૭ અને ૪૪૯ મુજબ ગુન્હો કર્યાનું અને નાં. ૨નો તહોમતદાર ઉપર પ્રમાણે બન્યું ત્યારે ચાલી રોકી ઉભો હતો અને હાશમ વાલજી આવતાં તેને આડે હાથ કર્યો હતો તે હકીકતે ઇ. પી. કો. ક. ૩૪ પ્રમાણે તે પણ નાં. ૧ની સાથે ગુન્હો કરવામાં મદદગાર બન્યો હતો માટે ઇ. પી. કો. ક. ૩૦૭, ૪૪૯, ૩૪ મુજબ નાં. ૨ના તહોમતદારે ગુન્હો કર્યાનું કહી આ. ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ કોર્ટમાં તેનો ઇન્સાફ કરવા કમીટ કરવામાં આવ્યા હતા. અને પ્રો. કે. નીચલી કોર્ટે તહોમતદારો સામે મુકવામાં આવેલ કલમ મુજબ ગુન્હો કર્યાનું સાબીત માની આંહી ઇન્સાફ થવા માટે સેશન્સ કમીટ કરેલ છે. જેથી તેમને કાયદેસર નસીયત કરવા અરજ છે.

નીચેની કોર્ટે તહોમતદારો ઉપર આ પ્રમાણે ચાર્જ મુકેલ છે.

"ખોજા અબ્દુલઅલી પુંજાભાઇ તથા નજરઅલી મામદભાઇ, તમે તા. ૯ ડીસેમ્બર ૧૯૩૩ના રોજ રાતે યા તે અરસામાં ફરીઆદીનું ખૂન કરવાનો સંકેત કરી મુદ્દાની છરી લઇ તેની દુકાનમાં ગયા અને લાંબો વખત રહ્યા. અને ત્યાં તે છરી વતી તેની છાતીની ડાબી બાજુએ હૃદય પાસે તેનું મોત નીપજાવવાના ઇરાદે યા મોત તેથી થશે એમ જાણી એ ઘા કરી એને વ્યથા કરી. પણ તે ખસી ગયો ન હોત તો તમે ખૂનના ગુન્હેગાર થાત. જેથી તમે સાપરાધ પ્રવેશ કર્યો અને ફરીઆદીના ખૂનની કોશીષ કરી." અને તે ઉપરથી હિં. ફો. કા. ક. ૩૦૭, ૪૪૯, ૩૪ પ્રમાણે શિક્ષા થઇ શકે અને ના. સેશન્સ કોર્ટ સાંભળી શકે તેવો ગુન્હો કર્યો.

ઉપરની હકીકતે ખૂનની કોશીષ કરવા માટે જે ચાર્જ મુકવામાં આવેલ છે તેમાંથી ફલીત એ થાય છે કે (૧) તહોમતદારો તા. ૯–૧૨–૩૩ની રાતે ફરીઆદીનું ખૂન કરવાનો સંકેત કરી મુદ્દાની છરી લઇ ફરીઆદીની દુકાનમાં ગયા, અને લાંબો વખત રહ્યા અને (૨) મુદ્દાની છરી વતી ફરીઆદીની ડાબી બાજુની છાતી ઉપર હૃદય પાસે તેનું મોત નીપજાવવાના ઇરાદે યા મોત થશે એમ જાણી એ ઘા કર્યા અને વ્યથા કરી.

ત્યારે તહોમતનામામાં ઉપર જણાવ્યા મુજબ પ્રથમ ભાગમાં નિર્દોષ કરેલ હકીકત સાબીત છે કે કેમ એ વાત પહેલાં હાથમાં લેતાં નાં. ૨ના તહોમતદારની કાંઇ જવાબદારી થાય છે કે નહિ એનું વિવેચન કરી નિર્ણય કરવાનું રહે છે. આ બાબત નિર્ણય કરવામાં ઇ. પી. કો. ક. ૩૪ મુજબ દોષિત ઠરાવવા માટે તહોમતદાર નાં. ૨ નજરઅલીએ શું ભાગ લીધો છે તે વિચારવું આવશ્યક છે. તે કલમ નીચે રતનલાલ "લૉ ઑફ ક્રાઇમ્સ"ની ૧૩મી આવૃતિના ૭૪મા પાના ઉપર જણાવે છે:—

"કોઇ પણ તહોમતદારને આ કલમ સાથે રાખીને કોઇ ગુન્હા માટે દોષિત ઠરાવતાં પહેલાં કોર્ટને ખાત્રી થવી જોઇએ કે સામાન્ય ઇરાદાને આગળ ધપાવવા કયા તહોમતદારે શું ભાગ, જો કાંઇ પણ હોય તો, લીધો. આવી ખાત્રી વગર કોઇને ગુન્હેગાર ઠરાવવો એ ગેરકાયદેસર છે."*

હવે તહોમતદાર નાં. ૨ નજરઅલી સામે ઇ. પી. કો. ક. ૩૦૭–૪૪૯–૩૪ સામે શું પુરાવો છે તે તપાસીએ. ગુન્હો બન્યાની તારીખે તહોમતદાર નાં. ૧–૨ સવારની ટ્રેઇનમાં રાજકોટ આવ્યા હતા, રાજકોટમાં પટેલ હાઉસમાં તેઓ ઉતર્યા હતા અને તે રાત્રે ફરીઆદીની દુકાને તેઓ ગયા હતા એ વાત નિઃશંક રીતે ફરીઆદી ઇસ્માઇલ, હાશમ વાલજી, પટેલ હાઉસના ઇન્તરદારના નોકર અકબરમીંયા, વિગેરે પ્રો.ના સાહેદની જુબાનીથી સાબીત થઇ છે અને તેટલી હકીકત તહોમતદારોએ પોતાના સ્ટેટમેન્ટમાં પણ કબુલ રાખી છે. એટલે તે વિષે વધારે વિવેચન કરવાપણું રહેતું નથી. મુખ્ય મુદ્દાની વાત તો એ છે કે નાં. ૨ના તહોમતદારે ફરીઆદીને ત્યાં આવ્યા પહેલાં કે તે પછી એવું

---

* અંગ્રેજીનું ભાષાંતર

કાંઇ કૃત્ય કર્યું હતું કે તેનો ઇરાદો કંઇ પણ ગુન્હો કરવાનો અને તે પણ અગાઉથી નાં. ૧ના તહોમતદાર સાથે સંકેત કર્યા મુજબ ગુન્હો કરવાનો હતો કે કેમ? આ બાબતમાં ફરીઆદી ઇસ્માઇલ ને તેના સાહેદ હાશમ વાલજીની જુબાની અગત્યની છે. શિવાય બીજા કોઇની જાતમાહીતી હોય એમ જણાતું નથી.

ત્યારે ઇસ્માઇલનું શું કહેવું છે તે જોઇએ. મારા ઉપર હુમલો થયો તે પહેલાં હું તહોમતદારને ઓળખતો નહિ. તહોમતદારો રાત્રે ૭ા-૮ વાગે મારી દુકાને આવ્યા અને મને પુછ્યું કે ઇસ્માઇલ કાનજી હીરાણી તમે? મેં હા કહી. તેઓએ મારી પાસે ખોજા જાગૃતિના અંકની માગણી કરી એટલે મેં કહ્યું કે હું આવતી કાલે સવારે લાવી આપીશ. એ શિવાય કાઉન્સીલના કાયદા સંબંધે વાતચીત ચાલી. તેઓ કાયદા સારા હોવાનું કહેતા, હું ખરાબ હોવાનું કહેતો. વાતચીત લગભગ એક કલાક ચાલી. પછી તહોમતદારો બેસવા માગતા હતા ને મેં કહ્યું મારે જવું જોઇએ એમ કહી હું ઉઠ્યો. અને વાતચીત દરમ્યાન હાશમ વાલજી આવ્યો હતો તે પ્રથમ ઉગમણા બારથી બહાર નીકળ્યો ને તે બારણું મેં બંધ કર્યું. તે પછી ઉતરાદાબારની ચાલી તરફ બેઠકની બત્તી બંધ કરી અને પછી ચાલીની બત્તી બંધ કરવા તે જતો હતો ત્યાં તહોમતદાર નાં. ૧ અબ્દુલઅલીએ છરી વતી મારા ઉપર ઘા કર્યો. ફરીઆદી કહે છે કે ઘા કરતી વખતે લેતો જા નાપાકનો બચ્ચો એમ બોલી મારી ડાબી બાજુની છાતીમાં ઘા કર્યો. × × × આગળ ચાલતાં તે કહે છે કે જ્યારે અબ્દુલઅલીએ મારા ઉપર હુમલો કર્યો ત્યારે બીજો તહોમતદાર નજરઅલી બારણું રોકીને ઉભો હતો તેની પાસે પણ છરી હતી. આ શિવાય ફરીઆદીનું એવું પણ કહેવું છે કે વાતચીત દરમ્યાન તહોમતદારોએ મને એમ કહેલું કે તેઓ કાઠિયાવાડ લૉજમાં ઉતર્યા હતા અને હુમલો કરવાના કારણ સંબંધે તે જણાવે છે કે મારા ઉપર તેઓએ હુમલો કર્યો તેનું કારણ હું એવું કહું છું કે હું કાઉન્સીલનો વિરોધી હતો, તેઓ ચૂસ્ત કાઉન્સીલવાદી હતા; એટલે સ્વાભાવિક રીતે તેઓ મને મારી નાખવા માગતા હતા. અને તે એમ પણ કહે છે કે સુધારકોને દાબી દેવા ના. આગાખાનના કેટલાક આંધળા અનુયાયીઓ છુરી, પીસ્તોલ, બંદુક કે તેવા બીજા સાધન વડે મારી નાખે છે તે હું જાણું છું. જો કે તે વાત તેની જાતમાહેતી કે નજરે જોવાની નથી પણ પુસ્તકો ને છાપાંથી તેની જાણમાં હોવાનું તે કહે છે.

ઉપરની હકીકતે ફરીઆદી ઉપર હુમલો કરનાર ફક્ત અબ્દુલઅલીનુંજ નામ ખુલે છે. નજરઅલીએ હુમલો કર્યાનું બન્યુંજ નથી; છતાં તેને સામેલ રાખી સંડોવવા ફરીઆદીનું કહેવું થયું છે કે અબ્દુલઅલીએ મારા ઉપર ઘા કર્યો ત્યારે બીજો તહોમતદાર નજરઅલી બારણું રોકીને ઉભો હતો તેની પાસે પણ છરી હતી. તે સત્ય છે ને માનવા જેવું છે કે કેમ તે પ્રશ્ન થાય છે. ફરીઆદીને એટલું તો કબુલ કરવું પડયું છે કે બીજા તહોમતદાર નજરઅલીએ મને ઇજા કરી છે તેવું મેં પોલીસ સમક્ષ, નીચેની કોર્ટમાં કે આંહી ક્યાંઇ લખાવ્યું નથી. આ હકીકતે તહોમતદાર નજરઅલી સંકેત કરીને આવ્યો હતો, તેના હાથમાં છરી હતી અને તે બારણું રોકીને ઉભો હતો તો પછી કોઇ વખત ફરીઆદીને ઝપાટામાં લઇને ઇજા ન કરે એ અસંભવિત જણાય છે. અને એ અસંભવિત હોય તો અબ્દુલઅલીએ ઘા કર્યો ત્યારે નજરઅલીની ત્યાં હાજરી હોવાનું પણ અસંભવિત બને છે. તે અસંભવિત છે એમ સ્પષ્ટ ફરીઆદીના કથનથીજ દેખાઇ આવે છે. ફરીઆદીને કહેવું પડયું છે કે નજરઅલી પાસે છરી હતી એ વાત પહેલીજ વખત મેં નીચેની કોર્ટમાં કહી છે, તે પહેલાં બીજે ક્યાંય લખાણી નથી. પી. ૩૧ના પંચનામામાં લખ્યું છે કે, "અને પોતે મદદ માટે બુમ મારતાં નજરઅલી ભાગી ગયો છે એમ ઇસ્માઇલ જાહેર કરે છે." છતાં તે પ્રમાણે બોલ્યાનું તે જુબાનીમાં ઇનકાર કરે છે અને ફરીઆદીનું તહોમતદાર નાં. ૨ નજરઅલી વિષેનું કથન વિશ્વાસપાત્ર કરી શકતું નથી. એમ ખુદ નજરે જોનાર પ્રો. ના સાક્ષી હાશમ વાલજી જે ફરીઆદી ઇસ્માઇલની સગી ફઇના દીકરા થાય છે તેથી જાણી શકાય છે.

નજરઅલી ને હાશમ વાલજી દૂર મોટા બાપા કાકોના દીકરા થાય છે તેથી તેને ઓળખતો હતો અને એમડન એલેકઝાન્ડ્રા ફેક્ટરી અગ્રામાં આવેલ છે ને જેમાં નજરઅલીનો મામો સીદી કાળા નોકર છે ત્યાં હાશમ અગાઉ ઉતર્યો હતો ને નજરઅલીને ત્યાં જોયો પણ હતો. છતાં હાશમ ઓળખતો તે પહેલાં નજરઅલીને પોતે ઓળખતો ન હતો. નજરઅલી ને હાશમ સગા થાય છે એ વાત મેં પછી જાણી એમ ફરીઆદીનું કથન વિશ્વાસનીય નથી એટલુંજ નહિ પણ એમડન એલેકઝાન્ડ્રા કું. ના માલેક આહમદ પુંજા જે તહોમતદાર નાં. ૧નો ભાઇ થાય છે તેને પણ હાશમ વાલજી ઓળખતો હોવો જોઇએ એમ હું માનું છું. અને તેથી તહોમતદારની ઓળખાણ માટે કંઇ જરૂર રહી ન હોતી. એટલે તેઓએ ખોટાં નામ આપ્યાં અગર તેઓ કે ઠેકાણે ઉતર્યાનું કહ્યાં બાબત કંઇ સવાલજ રહેતો નથી. અને તહોમતદારોને ચા પાઇ ત્યાં સુધીમાં થએલ વાતચીતથી મને મનદુઃખ થયું હતું નહિ એમ ફરીઆદીનું કહેવું ઉપર મુજબની ઓળખાણનેજ આભારી છે એમ માની શકાય તેવું છે. આમ હોઇને દોડો ખૂન એવો ઇસ્માઇલનો અવાજ આવ્યો તે ઉપરથી હાશમ દોડીને ચાલીના દરવાજામાં થઇને અંદર ઘુસ્યો. ત્યાં નજરઅલી આડો ઉભો હતો તેણે આડો હાથ કર્યો હતો છતાં હું તો અંદર ઘુસીજ ગયો એમ હાશમ કહે છે તે કેવળ ઇસ્માઇલને મદદ રૂપ થવાના હેતુથીજ કહે છે. કેમકે ઇસ્માઇલે બુમ મારતાં નજરઅલી ભાગી ગયો હતો તેની હાજરી અસંભવિત હતી તો પછી આડો હાથ કરવાનું ક્યાંથી બને? અને બન્યું હોય તો ઇસ્માઇલના કહેવા પ્રમાણે નજરઅલીના હાથમાં છરી હતી તેનો ઉપયોગ હાશમ ઉપર નહિ કરતાં આડો હાથ ધરી ફક્ત ઉભો રહે અને તેને જવા દે એમ પણ શી રીતે બને? એ કલ્પનાનો ઉકેલ થઇ શકે તેમ નથી. અને હાશમ નજરઅલીના હાથમાં છરી હતી એમ તો કંઇ કહેતોજ નથી. છરી હોય તો જરૂર પડાવી લ્યે, એટલુંજ નહિ પણ હાશમ નજરઅલીનેજ પકડવાનુંજ કરે અને તેમ છતાં ઝપાઝપી થતાં કંઇક થાય. વળી હાશમને અબ્દુલઅલી સાથે ઝપાઝપી થઇ છે. ઇસ્માઇલને પણ થઇ છે. એક બીજા ઉપરથી અબ્દુલઅલીને ખેંચી લેવામાં આવેલ છે. એમ કરતાં ઇસ્માઇલે અબ્દુલઅલીને બથ ભરી પકડી રાખ્યો છે છતાં અબ્દુલઅલીના કપડાંમાં તેઇએ તે પ્રમાણે લોહીવાળાં થયા નથી. હાશમને તો બીલકુલ ડાઘ લાગ્યો નથી. તે શું બતાવે છે? તે ઉપરથી એમ જણાય છે કે હાશમ પહોંચ્યા પહેલાં અબ્દુલઅલીએ ઇસ્માઇલને ઇજા કરી હતી.

(અપૂર્ણ)

આ અઠવાડેક રૂપજી નજરઅલી પ્રેમાણીએ રાજકોટમાં જાગૃતિ મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

હવે છોડો !

Regd. No. B. 3114

પુસ્તક : ૨ ] તંત્રી : ઇસ્માઇલ કાનજી હીરાણી [ અંક : ૨૪

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૨
દેશાવરે રૂા. ૪–૦–૦ : છુટક નકલ ૦–૦–૯

ઓકટોબર ૨૩ : ૧૯૩૪
સંવત ૧૯૯૦ના આસો વદ ૧ મંગળવાર

મુદ્રણસ્થાન :
જાગૃત મુદ્રણાલય

# પીડિતનું આંસુ

સંસારના ઓ પથિક, જો, પ્રત્યેક પ્રભાતે સૂર્યના પ્રકાશનું પાન કરવાને કમળ તેની પાંખડી યે પાંખડી કેવી આતુરતાથી પાથરી દે છે ! એવી જ રીતે આ દુનિયાનાં દુઃખિતના દુઃખની ચીસો ઝીલવાને તું તારા આત્માના કાનને સદા માંડી રાખજે.

* * *

ઓ પ્રવાસી, જોજે, પીડિતની આંખોમાંથી એનાં દર્દનાં આંસુ તું લુછી નાંખે તે પહેલાં સૂર્યનો સખ્તમાં સખ્ત તાપ એ દર્દનું એક આંસુ પણ સુકવી ન જાય.

* * *

ઓ કલ્યાણકામી, એ પ્રત્યેક ધગધગતા માનવ–અશ્રુને તારા હૃદય ઉપર તું ઝીલી લે અને એ સુભગ સ્થાન ઉપર તેને જડી રાખ; જે દુઃખમાંથી એ અશ્રુનો જન્મ થાય છે તે દુઃખ જ્યાં સુધી દૂર ન થાય, ત્યાં સુધી તું તે અશ્રુને એ સ્થાનેથી કદિ સરવા દઇશ નહિ.

* * *

ઓ પ્રેમમૂર્તિ, આજ અશ્રુઓનો પ્રવાહ અમર એવી માનવસેવાનાં ક્ષેત્રોને પલ્લવિત કરે છે. અને આર્યાવર્ત જન્મભૂમિ ઉપર એ જગદુદ્ધારક બુદ્ધનાં સર્વ તિમિરને ટાળનારાં અજવાળાં પથરાય છે.

—'મૌન સૂર'માંથી

( ફુલ છાબમાંથી )

---

ના. આગાખાન આવતા ડીસેમ્બર માસમાં હિંદ ખાતે પધારનાર છે, એવા સમાચારો તેમના વાજીંત્રો આપે છે.

જાગૃતિના જમાનામાં ઉંઘતા માણસનું
મૃત્યુ અનિવાર્ય છે.

ખોજા જાગૃતિ

મંગળવાર : તા. ૨૩-૧૦-૩૪.

## હવે છોડો!

ખોજા કોમની માથે ઝઝુમી રહેલી એ આફત મુંબઇને કિનારે ઉતરે છે. ભોળા ફસાય છે, ગરિબનાં ગળાં રેંસાય છે, ભયંકર લુંટ ચલાવાય છે, જોહુકમી વપરાય છે, ધાન અને દાંત વચ્ચે વેર કરાવીને એ આફત વિદાય થાય છે.

અને હજી તો એના ઘા કોમને રૂઝાયા નથી, એ કારમી પીડા હજી તો કોમને રીબાવી રહી છે, ત્યાં ફરી એજ આફતના આગમનના પડઘા પડતા સંભળાય છે.

ના. આગાખાન ફરી પાછા હિંદમાં પધરામણી કરે છે એવા વર્તમાન તેમના વાજીંત્રો આપે છે.

શા માટે પધારે છે? આજે તેમના વગર હિંદમાં કયું કામ ખોટી થઇ રહ્યું છે કે તેમની પધરામણીની જરૂર છે?

ખોજા કોમને ભૂખની બક્ષીસ આપી પોતાના ખીસાં તર કરીને તો તેઓ હજી હમણાંજ ચાલ્યા જાય છે ત્યાં ફરી વખત આમ તાત્કાલિક તેઓ નામદારને અહિ પધારવાની શી જરૂર પડી છે?

નામદારની હિંદની આજ સુધીની તમામ પધરામણીઓનો હીસાબ કાઢતાં એક વસ્તુ સાબીત થઇ ચુકી છે કે હિંદમાં પધારી એ નામદારે હિંદનું કે ખોજા કોમનું કશુંય ભલું કર્યું નથી. "મારા રૂહાંની બચ્ચાંને મળવા આતુર છું. ચોવીશે કલાક તમારા વિચાર કરૂં છું." નામદારની આ ઠગાઇ છે. કોમને ફસાવવાની એ સોનેરી જાળ છે. નામદારને પોતાના વિલાસ અને વૈભવ અખંડ રાખવા છે. ઘોડાની રેઇસો તેમને દોડાવવી છે. અને તેના માટેજ તેઓ નામદાર ખોજા કોમનાં ખીસાં ઉપર કાતર મુકવા માટે હિંદમાં પધરામણી કરે છે.

ભાઇ ભાઇ વચ્ચે કુસંપ કરાવ્યાં છે, કચ્છને લોખંડી બેડીની બક્ષીશ આપી છે, કોમમાં કારમી બેકારી વ્યાપી છે. ધાન અને દાંતને વેર થયાં છે. નામદારની ગત પધરામણીનું આ સરવૈયું છે.

આજના આવા આર્થિક મંદીના જમાનામાં ખોજા કોમ બચવા પામી નથી. કોમની આજની સ્થિતિ જેટલી કહીએ તેટલી ખરાબ છે. દિવસ અને રાત કાળી મજુરી કરી તુટી મરવા છતાં પુરૂં ખાવા અન્ન કે પહેરવાને વસ્ત્ર મળતા નથી. આવી સ્થિતિ વચ્ચે કોમના દુઃખમાં નામદારની પધરામણી કેટલો વધારો કરશે એ કલ્પના પણ આજે થઇ શકતી નથી.

નામદાર એક કાબેલ રાજદ્વારી પુરૂષ છે. દુનિયાની આર્થિક મંદીનો તેમને પુરો અભ્યાસ છે. હિંદમાં તો દુનિયાના કોઇ પણ ભાગ કરતાં વધારે બેકારી છે એ તેઓ જાણે છે. ત્યારે ખોજા કોમ તેમાંથી બચવા નથી પામી એ તેઓ શું નથી જાણતા? કોમની આર્થિક સ્થિતિ છેલ્લે પાટલે જઇ બેઠી છે એ તેઓ નામદાર બરાબર જાણે છે.

ખોજા કોમની આવી દયાજનક સ્થિતિનો નામદારને પુરો ખ્યાલ હોવા છતાં તેઓ કોમ પાસેથી પૈસા કઢાવવાના હેતુથી આવે છે. સાધારણમાં સાધારણ માણસને પણ દયા આવે એવી કોમની દશા છે તે નામદાર જાણે છે, જુએ છે છતાં કાદવની ખાડમાં ખૂંચેલી કોમને કાઢવાના બદલે વધારે અંદર ડુબાવવાના પ્રયત્નો કરી રહ્યા છે.

અમે એમ પુછીએ છીએ કે નામદાર હૃદય કે લાગણી જેવી વસ્તુ ધરાવે છે કે નહિ? જો તેમને લાગણી હોત તો આ સ્થિતિએ ખોજા કોમને પહોંચાડવાની હિંમત તેઓ નામદાર કદી ન કરત! દયા જેવી વસ્તુનો તો તેઓ નામદારે બહિષ્કાર કર્યો લાગે છે!

ખોજા કોમની કમનશીબીએ આવા પૈસાની ભુખવાળા, દયાહિન અને લાગણી વગરના ધર્મગુરૂ ખોજા કોમને મળ્યા, અને નામદારની એ વૃતિએ ખોજા કોમનાં ભવિષ્યનો કશો પણ વિચાર કર્યા વગર અધોગતિની ગર્તામાં ગબડાવવામાં જરા પણ પાછું વાળી ન જોયું.

નામદારની આ પધરામણી સામે અમે અમારો વિરોધ જાહેર કર્યા વગર નથી રહી શકતા. અમે નામદારની આવી વર્તણુક અને વૃતિ માટે રોષ અને ધિક્કાર વરસાવી છીએ.

નામદાર, આજે અમારી કોમનાં હાડ અને માંસ ચુસાઇ ગયાં છે. અમારી કોમનાં બાળ બચ્ચાંને ખાવા અન્ન કે પહેરવાને વસ્ત્રે પણ નથી રહ્યાં. આ ભયંકર ગરિબિ અમારી કોમના લોહીને ખાઇ ગઇ છે, શરીરને નીચોવી નાખ્યાં છે. આજે અમારી કોમ દયાને પાત્ર છે. અને એટલેજ નામદાર, અમે આપને વીનવીએ છીએ, આજીજી કરીને કહીએ છીએ કે હવે અમારી કોમને છોડો!

ખૂની હુમલા કેસમાં

# સેશન્સ કોર્ટનો ચુકાદો

(ગતાંકથી ચાલુ)

નજરઅલી ઇસ્માઇલે બુમ પાડતાંજ ભાગી ગયો હતો અને હાશમ, ઇસ્માઇલ ને અબ્દુલઅલી વચ્ચે ઝપાઝપી થઇજ નથી. અને અબ્દુલઅલીના હાથમાં જીવા લશ્કર આવ્યો ત્યારે છરી હતી એમ ફરીઓદીનું કહેવું છે. અને હાશમ વાલજી કહે છે કે અબ્દુલઅલીને સોંપતી વખતે છરી તેને ફેંકી દીધી. તે જીવા લશ્કરે અંદર જઇ ઉપડાવી તે હકીકત પણ બન્યાનું જીવા લશ્કર કહેતો નથી તેથી હાશમ વાલજી ફરીઆદીનું કહેલું કહેવા આવે છે એમ જણાય છે. પણ મહત્વની બાબતમાં બન્ને ખોટા પડી જાય છે. એ સમગ્ર હકીકતે નજરઅલી દરવાજે રોકીને ઉભો હતો અને તેના હાથમાં છરી હતી કે હાશમ વાલજી દોડીને જતાં નજરઅલીએ આડો હાથ કર્યો એ હકીકત માનવા લાયક ઠરી શકતી નથી.

નજરઅલીએ કાંઇ પણ હદબહારનું કૃત્ય કર્યાનું પુરવાર ન થઇ શકે ત્યાંસુધી આગ્રાથી રાજકોટ આવવામાં, ઉતરવામાં ને ફરીઆદીને ત્યાં ઓળખીતા તરીકે જવામાં ને ચા પીવામાં કંઇ ગુન્હો બની શકે એમ નથી. એટલુંજ નહિ પણ વાતચીતના પ્રસંગમાં ફરીઆદીને દુઃખ થાય એવું કૃત્ય પણ બન્યું નથી ત્યારેજ નજરઅલી સામે કાંઇ પુરાવો રજુ થવો જોઇએ. નહિ તો તે ગુન્હેગાર છે એમ સંભવી શકે નહિ. તેટલા ખાતર હાશમ વાલજીને નજરઅલી વિરૂધ્ધ કહેવા તમન્ના થઇ છે, પણ તેમ કરતાં ફરીઆદી ને હાશમની જુબાની વિરૂધ્ધ પડી જતાં વિશ્વાસપાત્ર ઠરી શકતી નથી. બલ્કે તેઓ બન્ને ખોટા પડી જાય છે એમ હું માનું છું. એટલે નજરઅલીએ ગુન્હાહિત કૃત્ય કરવામાં કંઇ ભાગ લીધો નથી બલ્કે તે અબ્દુલઅલીની મદદમાં પણ ઉભો રહ્યો હોય એમ સાબીત થયું નથી. તો પછી ઇ. પી. કો. ક. ૩૪ પ્રમાણે તે દોષિત ઠરી શકતો નથી એમ હું માનું છું. અને ફરીઆદી પ્રખર સુધારક હોય ને તહોમતદારો રૂઢીચૂસ્ત જુનામતવાદી હોય તેથી કરીને તહોમતદાર નજરઅલી ગુન્હેગાર છે એમ ઠરી શકે નહિ. આ વસ્તુસ્થિતિ ઠરાવવા માટે તહોમતદારો ગુન્હાહિત કૃત્ય કરવાના ઇરાદાથી આવ્યાનું કહેવામાં આવે છે તે આશય માત્ર પોતે માની લીધેલ કલ્પનાથી સિધ્ધ થઇ શકે નહિ. પરંતુ તહોમતદારો કાઉન્સીલની કોઇ પ્રેરણાથી આંહી આવ્યા હતા અથવા તો કાઉન્સીલના તે મેમ્બરો છે અને તેમ હોઇ સ્વતઃ મરણીઆ થઇને ફરીઆદીને દબાવી દેવા બહાર નીકળી ચુકયા હતા એવું કંઇક સાબીત થવું જોઇએ, તેમ ન થાય ત્યાંસુધી ફરીઆદી કાઉન્સીલનો વિરોધી છે તહોમતદાર કાઉન્સીલની તરફેણમાં છે માટે તેઓનું કૃત્ય સંકેતવાળું હતું એમ માનવા લેશ માત્ર કારણ નથી. એ એક જાતનું અનુમાન છે અને અનુમાન એ છેવટની સાબીતી લેખી શકાય નહિ. અને હું માનું છું તેમ તહોમતદારો સંકેત કરી ફરીઆદીને મારી નાખવા આવ્યા હતા તે કરતાં ફરીઆદી સાથે ખોજા જાગૃતિના વલણ સંબંધે વાતચીત કરવા ઓળખાણ દાવે આવ્યા હતા પણ તેમાં વિરૂધ્ધ પડતાં અને મનદુઃખ થતાં હાલનો કિસ્સો ઉત્પન્ન થયો હશે તો તે બનવાજોગ છે. પરંતુ તેમાં તહોમતદાર નાં. ૧ પાસે છરી હતી એવું તહોમતદાર નાં. ૨ને જ્ઞાન હતું અથવા તો તેનો ઉપયોગ કરવામાં તેની સંમતિ કે સંકેત હતો તેનો શું પુરાવો છે? કંઇ નહિ. આગ્રામાંથી કે આંહીથી છરી લેવામાં આવી છે તે લેવામાં તહોમતદાર નાં. ૨ ભેગો હતો અને તહોમતદાર પોતાની સાથે લઇને ગયો તે તહોમતદાર નાં. ૨ જાણતો હતો. તે વાત સાબીત થયા શિવાય તહોમતદાર નાં. ૧ તેનો ઉપયોગ કર્યો તે શું માની લેવું કે તહોમતદાર નાં. ૨ તે જાણતો હતો ને સામેલ હતો? તેમ માની શકાયજ નહિ. અને જ્યાં વાણીમાં તહોમતદાર નાં. ૨નું વર્તન ફરીઆદીને દુઃખ થાય તેવું બન્યું નથી અને તહોમતદાર નાં. ૧ને ફરીઆદી તરફથી દુઃખ થયું તો તે જાણે, પણ મને દુઃખ થયું નથી એમ ફરીઆદી કહે છે ત્યાં વાણીથી તહોમતદાર નાં. ૨ની વર્તણુક ગુન્હાહિત છે એમ જાણવામાં આવ્યું નથી તો પછી તેના વર્તન (એક્ટ)થી તે ગુન્હેગાર છે એમ મનાવવા ફરીઆદી ને તેના સાહેદ હાશમ વાલજી તરફથી જે પ્રયાસ થાય છે તે ક્ષણભર ટકી શકે તેવો નથી એમ હું માનું છું. સમગ્ર રીતે તહોમતદાર નાં. ૧ના કૃત્યમાં તહોમતદાર નાં. ૨નો સામાન્ય ઇરાદો હતો અને તે કારણે તહોમતદાર નાં. ૧કે કૃત્ય કર્યું છે એમ સાબીત થયું નથી. અને તે અનુમાનો તહોમતદાર નાં. ૨ સામે કરવાનું કહેવામાં આવે છે તે થઇ શકેજ નહિ. કેમકે રતનલાલ ૭૦મા પાના ઉપર લખે છે કેઃ—

"રચનાત્મક હેતુની પૂર્વ માન્યતા એટલી જલદી ન લગાડી દેવી જોઇએ, અથવા તેને ખૂબ ખેંચવી ન જોઇએ. આમ વસ્તુ બનવાનો સંભવ છે એમ ધારવામાં, અને આમ વસ્તુ બને તેમ ઇચ્છવામાં ઘણો તફાવત રહેલો છે. આ કલમના હેતુ માટે છેલ્લું તત્ત્વ—ઇરાદાનું તત્ત્વ જરૂરી છે. જ્યારે માત્ર સંભવની ધારણા સાથે આ કલમને કશો સંભવ નથી."*

માટે તહોમતદાર નાં. ૨ ઉપર ઇ. પી. કો. ક. ૩૦૭–૪૪૯-૩૪ મુજબ ચાર્જ મુકવામાં આવેલ છે તે ટકી શકતો નથી. તે બાબતમાં પ્રો. તરફથી પર કલકત્તા ૧૯૭ અને ક્રી. લૉ જનરલ ૧૯૩૩ વોલ્યુમ ૨૪ ૧૨૩૪નો જે કેસના આધાર બતાવ્યા છે તે લાગુ પડતા થથી. સમાન ઇરાદાને લગતા તે આધારો છે પણ તે તત્વજ આંહી સાબીત થયું નથી ત્યાં એક વ્યક્તિની જવાબદારીનો સવાલ રહેતો નથી. પરીણામે તહોમતદાર નાં. ૨ નજરઅલી મામદભાઇ નિર્દોષ ઠરાવી તેને છોડી મુકવો જોઇએ એમ હું માનું છું.

ઉપરની હકીકતે પ્રો. નો પુરાવો નબળો છે ત્યારે તહોમતદારનાં સ્ટેટમેન્ટ ઉપરથી પ્રો. નો કેસ સાબીત માનવા દલીલ કરવામાં આવી છે તે દલીલમાં કાંઇ વજુદ રાખવું એ કાયદેસર મુનાસબ નથી. કેમ કે એટલું તો ચોકકસ છે કે નાં. ૧ નો તહોમતદાર જેતપુરનો રહીશ છે, નાં. બાબરાનો રહીશ છે. તો બન્ને એકજ ફેક્ટરીમાં કામ કરતા હોઇને કાઠિયાવાડમાં પોતાના વતન તરફ સાથે આવવા નીકળે અને દરમ્યાન રાજકોટમાં પણ ઉતરે. રાજકોટમાં ઉતરવામાં અને રહે તે વખતમાં તેઓનો આશય તહોમતદારના કહેવા પ્રમાણે શુભ હતો તેમ સાબીત ન થાય તેથી

* અંગ્રેજીનું ભાષાંતર.

કરીને તે અશુભ હતો અને અવલથી અશુભ હતો એમ માનવા શું કારણ છે? કંઇ નહિ. બલ્કે તહોમતદાર પાસે ખર્ચીના રૂ. ૯) બાકી રહ્યા તે જેતપુર ને બાબરા પહોંચવા પુરતાજ હતા. રાજકોટથી આગ્રા પાછા ફરવા પુરતા હતા નહિ એમ માનીએ તો ખુન કરવાના ઇરાદાથી અજાણ્યા રહીને પાછા ભાગી જવાનું ને ન પકડાઇ જાય તેમ કરે, કે પકડાવા માટે કાઠિયાવાડમાં જાણીતા તરીકે છતા રહે એમાં કયું સંભવિત છે તે વિચારવાથી કુદરતી રીતે દેખાઇ આવશે કે અવલથી અશુભ ઇરાદો કે સંકેત કરીને આવ્યાનું સંભવિતજ નથી. પણ મનુંષ્ય સ્વભાવની તરંગી વૃત્તિ કયારે બદલાય છે તેનું માપ કોઇ કાઢી શકયું નથી તે અનુભવથી જોઇએ તો કોઇના સંકેત કંઇ હોય, કોઇનો કંઇ હોય. કોઇનો અવલથી શુભ હોય તે સંજોગવશાત અશુભ બની જાય, જેનો અવલથી અશુભ હોય તે સંજોગ શુભ પણ બની જાય. તેની પરિક્ષા કાર્ય કારણથી થઇ શકે તેમ છે. એટલે કે તહોમતદાર નાં. ૧ નો સંકેત શુભ હતો તો પણ તેણે વાતચીતના પ્રસંગના કારણના બ્હાને જે અશુભ કાર્ય કર્યું તેથી અવલથી તેનો ઇરાદો કે સંકેત શુભ હતો એમ માનવા કારણ રહ્યું નથી અને કોઇ સામાન્ય બુધ્ધિનો માણસ તેમ માની શકેજ નહિ. પરંતુ તહોમતદાર નાં. ૨ નું સ્ટેટમેન્ટમાં જે કહેવું થયું છે તે પ્રમાણે તેનો શુભ હેતુ ન્હોતો એમ માની શકાય તેમ નથી. વળી અશુભ કાર્યના બીકે કહો કે ભાગી ગયો કે ગમે તેમ તે ભાગ્યો તો પણ ન પકડાવાના ઇરાદાથી તે ભાગી ગયો હોત તો ફરી પટેલ હાઉસમાં બે કલાક પછી પોતાનો સામાન લેવા આવવાની મુર્ખાઇ કરતજ નહિ છતાં તે આવ્યો છે તે ધ્યાનમાં લેતાં તહોમતદારના સ્ટેટમેન્ટ ઉપરથી તેના વિરૂધ્ધ અનુમાન કરવું તે કરતાં તેના લાભમાં અનુમાન કરવા જેવું મને લાગે છે. એટલે પ્રોસીકયુશનનો જે પુરાવા છે ને જે દલીલ થઇ છે તે તહોમતદાર નાં. ૨ ને ગુન્હેગાર ઠરાવવામાં તદન નિષ્ફળ જાય છે. પરિણામે તહોમતદાર નાં. ૨ ને નિર્દોષ ગણી છોડી મુકવો જોઇએ. તેથી ક્રી. પ્રો. કો. ક. ૨૫૮ મુજબ પુરાવાના અભાવે તહોમતદાર નાં. ૨ ને છોડી મુકવા હું હુકમ ફરમાવું છું.

તહોમતદાર નાં. ૧ કે શું ગુન્હો કર્યાનું સાબીત છે તે વિષે હવે વધુ કહેવાનું રહેતું નથી. જો મુદ્દા માલની છરી તહોમતદાર નાં. ૧ ના પાસે હતી, તે વતી તેણે ફરીઆદીને ઇજા કરી હતી એમ સાબીત થાય તો તેનો સંકેત ઉપર જણાવ્યા પ્રમાણે હુમલો કર્યો ત્યારે અશુભ હતો એ વિષે કાંઇ શંકાજ નથી. છરી તહોમતદારની છે એમ ખાત્રી થવા પ્રો. નો પુરાવો ઘણો સબળ છે. ફરીઆદીએ તહોમતદારના હાથમાં હુમલો થતી વખતે છરી જોઇ છે તેના કહેવા મુજબ જીવા લશ્કરે અબ્દુલઅલીને પકડ્યા પહેલાં છરી ડેલામાં ફેંકી દીધાનું સાબીત થાય છે એટલુંજ નહિ પણ તેને પ્રો. ના સાક્ષીથી સંપૂર્ણ રીતે પુષ્ટી મળે છે. જીવા લશ્કર કહે છે કે ઇસ્માઇલ ઘોડાગાડીમાં ઇસ્પીતાલે ગયો તે વખતે છરી ડેલામાં પડી છે તપાસ કરજો એમ તેણે કહ્યું હતું. અને તે છરી અબ્દુલકાદર મીયા સાહેબે બેટરી કરી ડેલામાં ગોતી કાઢી હતી. અબ્દુલકાદર તે પ્રમાણે બેટરી કરી ડેલામાંથી છરી ગોતી કાઢયાનું કહે છે અને નીચેની કોર્ટમાં અબ્દુલકાદરે લખાવ્યું છે કે જીવા લશ્કરે અબ્દુલઅલીને બાથમાં લઇ લીધો તે વખતે તેનાં હાથમાં છરી હતી અને તે પછી ડેલામાં તેણે ઘા કરીને નાખી દીધી તે વાત ખરી છે. એ હકીકતે ફરીઆદીએ છરી જોઇ હતી. જીવા લશ્કર આવ્યો ત્યારે અબ્દુલઅલીના હાથમાં છરી હતી તેમ તેનું કહેવું થયું છે, અને જીવા લશ્કરે અબ્દુલઅલીને પકડયા પહેલાં તેણે ડેલામાં છરી ફેંકી દીધી હતી એમ હાશમ વાલજીનું કહેવું છે તે પુરેપુરી રીતે સાબીત થાય છે. જમાદાર શીવુભા પણ કહે છે કે ગેટે તો તહોમતદારને મેં જોયો ત્યારે તેની પાસે છરી હતી અને આહમદ નાયક મ્યાન સહીત છરી સોંપી હતી એમ કહે છે. ઉપર પ્રમાણે છરી અબ્દુલઅલી પાસે હોવાનું અને તેનો ઉપયોગ તેણે કર્યાનું ચોકકસ થતાં તે સાબીત માનવામાં આવે છે. આમ હોઇને ડેલામાં અજવાળું હતું કે અંધારૂં હતું તે વિષે અનુમાન કરવા અથવા તો છરી કયારે નાખી દીધી તે બાબતમાં જીવા ને અબ્દુલકાદરની જુબાનીમાં પડતો ફેરફાર કે છરી ગેટે સોંપાણી ત્યારે કોના હાથમાં હતી તેમ તે મ્યાન સહીત સોંપાણી હતી કે નહિ તે વિષેનાં ફેરફાર અને જીવા લશ્કર આવ્યો તે વખતે છરી તહોમતદારના હાથમાં હતી કે તેણે ફેંકી દીધી હતી તેવા ફેરફારથી અનુમાન કરવા અને તે તહોમતદારના લાભમાં કરી છરી તેની પાસે ન્હોતી ને તે સોંપાણી ન્હોતી એવી રીતે અનુમાન કરવા દલીલ થતી હોય તો તેમાં કાંઇ વજુદ નથી એમ હું માનું છું. કેમકે તેવા ફેરફાર મહત્વવાળા નથી એટલુંજ નહિ પણ તેવા કુદરતી ને સંભવિતજ છે. કેમ કે જ્યાં ધીંગાણું થયું હોય ત્યાં દરેક વાતની ચોકસી બારીકીથી કરી નજરમાં રાખી શકાય અને યાદ રાખી શકાય તેમ બનેજ નહિ. અને જીવા લશ્કર, અબ્દુલકાદર તટસ્થ સાક્ષીઓ છે. તેને કંઇ ખોટું કહેવા કારણ નથી. એટલે ફરીઆદી ને હાશમ વાલજી તથા જમાદાર શીવુભા ને આમદ નાયકની જુબાનીમાં કંઇ ફેર પડતો નથી. છતાં ફેર પડે છે એમ કહેવામાં આવે તો પણ જીવા લશ્કર ને અબ્દુલકાદરની જુબાનીથી છરી ડેલામાં મળ્યાનું અને તે ગેટે સોંપ્યાનું કહેવામાં આવે છે તે વાત સાબીત માનવામાં આવે છે. તેમાં બીજી રીતે કંઇ અસરકર્તા થઇ પડે તેવી ઉપરના ફેરફારથી મુદ્દલ જણાતું નથી. ટુંકામાં મહત્વની બાબત છરી તહોમતદારની પાસે હતી એમ સાબીત થવામાં લેશ માત્ર શંકા રહેતી નથી, બલ્કે છરી બાબતમાં તહોમતદાર નાં. ૧ કે જે સ્ટેટમેન્ટ કર્યું છે તે એટલું બધું અકુદરતી, અસંભવિત ને માની ન શકાય તેવું છે કે તહોમતદારના કથનથીજ તે છરી તેની હોય અને બીજા કોઇની નજ હોય એમ જણાય છે. અને નીચેની કોર્ટના સ્ટેટમેન્ટમાં તહોમતદારે કોઇ પણ બાબતમાં કાંઇ ખુલાસો કર્યો નથી ત્યારે આંહી તે પ્રમાણે તે ખુલાસો કરે છે. તેવી તક તેને પહેલાં હતી છતાં તેનો લાભ નહિ લેતાં આંહી તે સ્ટેટમેન્ટ કરે છે તે વિચિત્ર છે એમ માની શકાય અને વધુ કહું તો ખોટે રસ્તે દોરવનારૂં છે એમ કહી શકાય.

ત્યારે છરી તહોમતદારની હતી એમ સાબીત માન્યા પછી તે વતી ફરીઆદી ઉપર હુમલો પણ તેણે કર્યો હતો એ સ્વતઃ સિદ્ધ થઇ જાય છે. અને ફરીઆદીને છાતી ઉપર ડાબી બાજુમાં આંક પી. ૧૪૧૧માં જણાવ્યા પ્રમાણે ઇજા થઇ હતી તે આ પ્રમાણે છે.

(૧) "એક કપાયેલો ઘા એક ઇંચ લાંબો હાડકા સુધી ઉંડો, ડાબી બાજુ ઉપર, છાતીના ભાગમાં.*

(૨) એક સીધો કપાયેલો જખમ ૩/૪ ઇંચ લાંબો, મસલ્સ સુધી ઉંડો, હાડકીથી અર્ધો ઇંચ ઉપર."*

* અંગ્રેજીનું ભાષાંતર.

આ ઈજાઓ હાર્ટ રીજીઅનમાં ન્હોતી કેમકે હાર્ટ રીજીઅન (પ્રદેશ) ઘણું ઉંડુ હોય છે અને આ જખમ જેટલા ઉંડા હતા તે ઉંડાઇ હાર્ટ રીજીઅન સુધી પહોંચી ન્હોતી. નાં. ૨ની ઈજા ઉંડી જાય તો હાર્ટને પહોંચી જાય એમ ડૉ. ઘાટે વેસ્ટ હોસ્પીટલ ઇનચાર્જ મેડીકલ ઓફીસરનું જુબાનીમાં કહેવું થયું છે. ફરીઆદી તા. ૯મીએ હોસ્પીટલમાં આવ્યો હતો અને તા. ૨૩મીએ તેને હોસ્પીટલમાંથી ડીસચાર્જ કરવામાં આવ્યો છે. જખમ તદ્દન રૂઝાંતાં તેને રૂઝ આવતાં છુટકારો કર્યો હતો અને તે પ્રમાણે "છુટકારો સરજ્યન સાહેબ તપાસીને કહે છે એમ ડૉ. ઘાટેનું કહેવું થયું છે. ડૉ. ઘાટેનું આ પ્રમાણેનું કથન સત્ય છે. તે સત્ય નહિ માનવા કંઇ કારણ નથી, અને કાઇ પણ રીતે તે આક્ષેપને પોત્રે હરી શકતું હોય એમ પણ માનવા કારણ નથી.

ફરીઆદી તા. ૨૩મીએ છુટો થઇ ગયો તે પછી એ દિવસમાં તેણે કાંઇ સારવાર કોઇની લીધી હોય એમ જણાતું નથી. પણ તા. ૨૫મીએ સ્ટેટના ડૉકટર મદનજીને જોવા બોલાવ્યા હતા અને તેની પાસેથી સર્ટીફીકેટ લીધું છે. તેમાં ડૉ. મદનજીએ એવો અભિપ્રાય આપ્યો છે કે તેનું કામ કરવાની શકિત મેળવતાં તેને હજી ઓછામાં ઓછા પચીસ દિવસ લાગશે. તે અભિપ્રાયને ડૉ. મદનજીની જુબાનીથી પુષ્ટી મળી નથી કેમકે તેઓ ગુજરી ગયા છે અને ડૉ. નગીનદાસ જે ડૉકટર મદનજીના જમાઇ થાય છે તે તેની સાથે ફરીઆદીને ત્યાં જોવા ગયા હોય એમ માની લઇએ તો પણ ફરીઆદીની સારવાર કરવા સતત તે ગયેલ નથી. ફકત એકજ વખત ઉપર પ્રમાણે તેને જવાનું થયું હતું તે ઉપરથી ડૉ. મદનજીના અભિપ્રાયને પુષ્ટી આપવા કંઇ પણ હકીકત કહે તેની કિંમત અભિપ્રાય કરતાં ચઢી જતી નથી. એટલુજ નહિ પણ ડૉ. નગીનદાસે પોતે કાંઇ નોંધ કરી નથી. ફકત સોજો તેણે જોયો હતો તે પણ માપ્યો નથી. ઇજા તો કંઇ જોઇ નથી. એટલે આ બન્નેની હકીકતે ડૉ. ઘાટેની જુબાની આક્ષેપને પાત્ર હોય એમ હું માની શકતો નથી. પરંતુ ફરીઆદીને ૨૦ દિવસથી વધારે પોતાનો ધંધો કરી ન શકે તે સ્થિતિમાં રહેવું પડયું છે એમ પ્રો. નું કહેવું હતું હોય તો તે વાત ફરીઆદીના કથન શિવાય કોઇ પણ હકીકતે સાબીત થઇ શકી નથી, એટલે તે વિષે વિશેષ વિવેચન કરવું જરૂરનું નથી. અને ખાસ કરીને ઇ. પી. કો. ક. ૩૦૭ના પહેલા ભાગમાં બનતા ગુન્હા માટે ઇજા થઇ હોય કે ન થઇ હોય તે અગત્યનું નથી. તે માટે તે કલમનો બીજો ભાગ સ્પષ્ટ છે. ઇ. પી. કો. ક. ૩૦૭ પ્રમાણે ગુન્હો થવા માટે આવશ્યક સાબીત થવાનું એટલુંજ રહે છે કે:—

જે કોઇ આવા ઇરાદાપૂર્વક કે જ્ઞાનપૂર્વક આવા સંજોગોમાં કોઈ પણ કૃત્ય કરે કે તેના તે કૃત્યથી મોત નીપજે તો તે ખૂનને માટે ગુન્હેગાર ગણાશે.*

તે તત્વો આ કેસમાં સાબીત થયાં છે કે કેમ?

છરીથી હુમલો કર્યો તે કૃત્ય એવા ઇરાદાથી કે જ્ઞાનથી અને એવા સંજોગોમાં કરવામાં આવ્યું હતું કે જો તે કૃત્યથી મોત થાય તોજ તહોમતદાર ખૂનની કોશીષ કરી કહેવાય એ તાત્પર્ય છે ને તે ખસુસ કરીને સાબીત થવું જોઇએ. ટુંકામાં કહીએ તો ઇરાદા ઉપરથી કૃત્ય અથવા કૃત્ય ઉપરથી ઇરાદો સાબીત માનો અને સંજોગો ઉપરથી ઇરાદો ને કૃત્ય બન્નેમાનો જેથી અવસ્ય મોત નીપજાવવાનું થાય અથવા જેથી પરિણામે મોત થાય તોજ ઇ. પી. કો. ક. ૩૦૭નો ગુન્હો ગાબીત છે એમ માની શકાય. આ કીસ્સામાં જે ઇજા થઇ છે તેથી મોત થયું નથી. તેમ તેનું પરિણામ પણ મોતમાં નીપજ્યું નથી એ નિઃશંક છે. ત્યારે મોત થવાનો સંભવ છે એમ પણ કહી શકય તેમ નથી. મોત થવાનો સંભવ ઇજાનાપ્રકાર ઉપર અવલંબે છે. ડૉ. બામ પોતાની જુબાનીમાં પી. ૧૬|૧ ના રીપોર્ટના અભિપ્રાય વિષે કહે છે કે તેમાં છરીથી મૃત્યુ થવાનો સંભવ હોવાનું લખ્યું છે તે છરી જોરથી વપરાય છે કે નહિ તેમજ જે ઉંડો જાય છે કે નહિ તે ઉપર આધાર રાખે છે. તેમ તેનું કહેવું વ્યાજબી છે એમ હું માનું છું, એટલે સમગ્ર હકીકતે ડૉકટરોની જુબાની ને મેડીકલ ઓપીનીઅન ધ્યાનમાં લેતાં ફરીઆદીને જે ઇજા થઇ છે તે મૃત્યુજનક મૃત્યુ નીપજાવે તેવી નથી એમ કહેવુંજ યોગ્ય છે. છરી જોતાં પણ તે ખૂની ખંજર ગણી શકાય તેવું નથી, તે એક તરફ ધારવાળી છે. ધાર પણ મારતાંજ હુલાવી નાખે તેવી તિક્ષણ નથી. જોરથી અજમાવે તો ઉંડી જાય તેવી છે. ફકત તેનું પોઇન્ટ તિક્ષણ છે તે ડો. ઘાટેએ સર્ટીફીકેટમાં જણાવ્યું તેવી ઇજા કરી શકે તેવીજ છે. ત્યારે જે સાધનથી કૃત્ય થયું છે તેથી ખૂન કે મોત નીપજાવવાનો ઇરાદો સાબીત માની શકાય તેવું નથી.

એટલે હવે કૃત્ય ને જે સાધનથી કૃત્ય થયું છે તે ઉપરથી ખુન કરવાનો ઇરાદો કે જ્ઞાનનું તહોમતદાર ઉપર આરોપણ થઇ શકે તેમ નથી, તો સંજોગો ઉપરથી તે મતલબે આરોપ ટકી શકે છે કે કેમ તે જોવાનું છેવટમાં રહે છે. સંકેત બાબત હું આગળ કહી ચુકયો છું તેમ સંકેત શુભ અશુભ કયારે બની જાય તે આસપાસના સંજોગો ઉપરથી માણસની વૃત્તિમાં થતા ફેરફાર ઉપર આધાર રાખે છે. અને આ કેસમાં તહોમતદાર નાં. ૧ ફરીઆદીની દુકાને ગયો અને તે છરી પોતાની પાસે રાખીને ગયો હતો તે ઉપરથી તેનો ઇરાદો ખુન કરવાનો હતો કે છરીનો ઉપયોગ કરવા સંજોગો ઉપસ્થીત થતાં તેણે ઉપયોગ કર્યો તેથી ખુન કરવાનો ઇરાદો હતો એ બાબત નિશ્ચયાત્મક ખુલાસો માગે છે.

જો તહોમતદારો આગ્રાથી ખુન કરવાના હેતુ સર આવ્યા હતા એમ માનવામાં આવે તો તેઓ કોઇના હથીઆર રૂપ બનીને આવ્યા હતા તેમ સાબીત થવું જોઇએ. કોઇ પણ સુપ્રીમ કાઉન્સીલ કે લોકલ કાઉન્સીલના હથીઆર રૂપ બનીને તેઓ આવ્યા હતા એવો કાંઇ પુરાવો નથી તેમ તેઓ આગાખાની પંથના શહીદ તરીકે જાહેર થઇ બહાર પડીને કે છુપી રીતે ના. આગાખાન પંથના વિરૂધ્ધ જે કોઇ થાય તેને ગમે તે ભોગે જાહેરમાં કે ખુણેખાંચે મારી નાખવાના ઇરાદાથી અંહી આવ્યા હતા એવો પણ પુરાવો નથી. ફરીઆદીનું એ કથન થયું છે તે એટલું બધું જનરલ છે કે તે ઉપરથી ઉપર પ્રમાણે કલ્પન કરી લેવા આગ્રહ ધરાવવા શિવાય બીજું કાંઇ અનુમાન ન થઇ શકે. તો તે વિષે એટલુંજ કહેવું બસ છે કે કલ્પના ઉપરથી અનુમાન કરવું એ પુરાવાની તુલનાએ સાબીત છે એમ ગણી શકાયજ નહિ માટે તહોમતદારો આગ્રાથી સંકેત કરીને નીકળ્યા હતા એમ માનવા પુરાવો નથી. ત્યારે છરીનો ઉપયોગ જે સંજોગોમાં કરવામાં આવ્યો છે તે ઉપરથીજ તહોમતદારના ઇરાદાનું માપ કાઢી શકાય તેમ છે. અને તહોમતદાર પાસે છરી હતી તેથી ઇરાદો માપી શકાય્ર નહિ એમ હું માનું છું. કેમ કે છરી હોય છતાં તેનો ઉપયોગ ન થાય તો શું ગુન્હો બની શકે છે? તેનો જવાબ નકારમાંજ આવશે.

* અસલનું ભાષાંતર.

હવે છરીનો ઉપયોગ કયા સંજોગોમાં થયો છે તે ધ્યાનમાં લઈએ તો ફરીઆદી તહોમતદારો વચ્ચે વાતચીત થઈ ત્યારે તેનો ઉપયોગ થયો નથી. પરંતુ એટલું તો ચોકકસ માનવા કારણ છે કે વાતચીતના પ્રસંગમાં ફરીઆદી કાઉન્સીલના કાયદા ખરાબ છે તહોમતદારો કહેતા કે સારા છે એ રીતે એક તરફેણમાં તો બીજા વિરૂધ્ધમાં બોલતા હતા, તે સંજોગોમાં છરીનો ઉપયોગ થવાનો પ્રસંગ ઉત્પન્ન થયો છે. ફરીઆદીએ તહોમતદારને કંઇ દુઃખ થાય એવું કહ્યું નથી કે તહોમતદારોએ તેને દુઃખ થાય એવું કહ્યું નથી, છતાં છરીનો ઉપયોગ કરવામાં આવ્યો અને નાં. ૧ના તહોમતદારે ફરીઆદી ઉપર લેતો જા નાપાકનો બદલો એમ કહી ઘા કર્યો એ ખરૂં હોય તો વાતચીતના પ્રસંગોમાંજ સાદા ને સરળ વાતચીત કરતાં કંઈ વિશેષ બન્યું છે એમ માનવા કારણ મળે છે. એટલે કાં તો તહોમતદારોએ ફરીઆદીની નાપાકીનો શીરપાવ આપ્યો હોય અથવા તો તહોમતદારને ફરીઆદી તરફથી તેવા શીરપાવ મળ્યો હોય. પરંતુ વિચિત્રતા એટલીજ છે કે કલાક દોઢ કલાક વાતચીત થઈ તેમાં કોઈએ કોઈને શીરપાવ આપ્યો નથી. તથી એમ માનવા કારણ રહે છે કે ખરેખરી વાત બની છે તે ફરીઆદી છુપાવે છે અને સત્ય છુપાવવાનો દોષ કરે છે. અને તહોમતદારો અસત્ય છુપાવવાનો દોષ કરે છે, અને તેવા દોષ કોઈ નથી થયો એમ માનીએ તો લેતો જા નાપાકનો બદલો એમ કહ્યાનું બન્યું નથી તેમ માનવું જોઈએ, અને તહોમતદારોનો ઇરાદો અવ્વલથી ખરાબ હતો તે દ્રઢ કરવા માટે તે વાકયનો ઉપયોગ થયો છે એમ ગણવું જોઈએ. અને તેમજ બન્યું હોય એમ માનવા કારણ છે કેમકે ફરીઆદીએ પહેલીજ વખત નીચેની કોર્ટમાં એ વાકયનો ઉપયોગ કર્યો છે, તે પહેલાં તે વાત કયાંય તેણે કહી નથી કે કોઈને ત્યાંસુધીમાં જણાવી નથી. આ હકીકતે તહોમતદાર પાસે છરી હોવાથી ખૂનનો ઇરાદો સાબીત માનવા તેમજ છરીનો ઉપયોગ જે સંજોગોમાં કરવામાં આવ્યો છે તે સંજોગો ઉપરથી તેનો ઇરાદો ખૂન કરવાનો હતો એમ માની લેવા સંગીનને સચોટ ખાત્રી થાય તેવા પુરાવા નથી એમ હું ઠરાવું છું.

સમગ્ર હકીકતે ઇરાદા ઉપરથી કૃત્ય થયાનું કે કૃત્ય ઉપરથી ઇરાદો હોવાનું કે ઇરાદો ને કૃત્ય અને સંજોગો ઉપરથી ફરીઆદીનું મોત નીપજાવવા તહોમતદારે છરીનો ઉપયોગ કર્યાનું માની લેવા જે પુરાવા પડયા છે તે ચોકકસ ને ખાત્રી લાયક નથી એમ હું માનું છું. માટે તહોમતદાર નાં. ૧નું કૃત્ય ઇ. પી. કો. ક. ૩૦૭માં આવી શકતું નથી. એટલે પ્રો. તરફથી બતાવેલ આધાર એ. આઈ. આર. ૧૯૩૨ મુંબઈ. ૨૭૯નો કેસ આ કેસને લાગુ થઈ શકતો નથી. આ કેસમાં મુંબઈના ના. ગવર્નર સામે વાસુદેવ બળવંત ગોગટેએ બે બાર કર્યા હતા. તે બાબતનો છે. તેમાં તહોમતદારનો ઇરાદો ને જ્ઞાન તેમજ સંજોગો મોત નીપજાવવા પુરતોજ હતો. અને બનાવોના સ્વાભાવિક પરિણામ મોતજ થાય એમ હતું. તહોમતદારના કાબુ બહારની કોઈ વાત આડી આવવાથી પરિણામ અટકયું. એ હકીકતે ૩૦૭નો ગુન્હો થાય છે એમ ઠરાવ્યું હતું. ત્યારે ૧૯૩૦ લાહોર. ૨૫૩નો કેસ લાગુ થાય છે એમ કહેવામાં આવે તો તેમાં અરજદાર એટલે તહોમતદાર જેનું સગપણ મિસીસ રહેમાન સાથે તુટવાથી તેમજ તેણીનું બીજે ઠેકાણે લગ્ન થવાથી ગુસ્સાથી પ્રેરાયો હતો અને છરીથી સજ્જ થઈને, જ્યારે અંધારૂં હતું ત્યારે ઘરમાં દાખલ થઈને તેની ગરદન ઉપર છરી મારી. એ સંજોગો ઉપરથી તહોમતદારનું મોત નીપજાવવાનું હતું એમ ઠરાવ્યું છે. ઇજા કે પરિણામ ગમે તે આવ્યું તે ધ્યાનમાં લેવા જરૂર નથી એમ જણાવ્યું છે અને તે રીતે ૧૫. ઓમ્બે. લો. રિપોર્ટ ૯૯૧ના કેસથી તે કેસ જુદો પડે છે એમ ઠરાવ્યું છે, જો કે તેમ ઠરાવ્યા છતાં સજા હતી તે ઓછી કરવામાં આવી છે.

૧૫. બોમ્બે. લો. રિપોર્ટ. ૯૯૧ના કેસમાં અરજદાર તહોમતદારે પોતાની સ્ત્રીને ગળા ઉપર કુહાડીથી ઇજા કરી હતી છતાં કોર્ટનો એવો અભિપ્રાય થયો હતો કે ઇ. પી. કો. ક. ૩૦૭ પ્રમાણે ગુન્હો બનતો નથી પણ ક. ૩૨૪ પ્રમાણે ગુન્હો બને છે. કેમકે તેમાં ઠરાવ્યું છે કે ૩૦૭ની કલમ નીચે આવી શકે તેવું કાર્ય તો તેજ છે કે જે કાર્યથી સ્વાભાવિક રીતે સામાન્ય સંજોગોમાં મૃત્યુ નીપજે. એટલે ઇજા ને પરિણામ ઉપર આ કેસમાં આધાર રાખવામાં આવ્યો છે. આ કેસમાં તેમ માનવાનું કારણ એટલુંજ જણાય છે કે ગુન્હો કરાવનારા હેતુ અને સંજોગો કંઈ ન્હોતા અથવા છે એમ સાબીત માનવામાં આવ્યું નથી, જ્યારે ૧૯૩૦ લાહોર ૨૫૩ના કેસમાં ઇરાદો અને ગુન્હો બનવાના સંજોગો છે એમ માનવામાં આવ્યું છે અને તેથી બન્ને હાઈ કોર્ટ જુદી પડી છે તે બરાબર છે પરંતુ તેથી કરીને ૧૫ બોમ્બે લો રિપોર્ટ. ૯૯૧નો કેસ હદ બહારનો થયો છે એમ કહી શકાય તેમ નથી. અને મુંબઈ હાઈ કોર્ટના ઠરાવને સ્થાનિક કોર્ટો બીજી કોર્ટ કરતાં અનુસરે છે.

બચાવ તરફથી ૨૭ ક્રી. લો. રિ. ૧૧૭નો કેસ બતાવવામાં આવેલ છે તેની હકીકત જુદી છે, સંજોગો જુદા છે. તે કેસ ભયંકર ઇજા, અને સામાન્ય દેખીતો છે. એટલે તે વિષે કાંઈ વિવેચન કરવા જરૂર જણાતી નથી. અને તેમાં કોઈ કેસ અનુસરવામાં આવ્યો હોય કે ન આવ્યો હોય તેવું બતાવ્યું નથી. તેથી તે કામ લાગે તેવો નથી એમ હું માનું છું.

રતનલાલ લો. ઓફ ક્રાઇમ્સ ૧૩મી આવૃત્તિ ૧૯૩૩માં પણ ૧૫. બો. લો. રિ. અને ૧૯૩૨ બોમ્બેના કેસનું અવતરણ થયું છે, ૧૯૩૦ લાહોરના કેસનું થયું નથી, એટલે પણ લાહોરનો મુંબઈ ઇલાકામાં અનુસરવામાં આવેલ નથી. વળી આ કેસમાં જે ગુન્હામાં વધારો કરનારા સંજોગો લાહોરના કેસમાં ગણવામાં આવેલ છે કે તેવા સંજોગો નથી. કેમકે ફરીઆદી કહે છે તેમ ઇસ્માઇલી ધર્મ, ના. આગાખાન પ્રત્યે કે ખોજા કોમ પ્રત્યે મને કોઈ જાતનો દ્વેષ નથી તે માની શકાય તેમ નથી. દ્વેષ નથી તો શું તેઓ પ્રત્યે રાગ છે? ખોજા કોમની ઉન્નતિ અર્થે "જાગૃતિ" પ્રસિધ્ધ થાય છે તેમાં કોમની સેવાભાવ કરવાનો અનુરાગ છે એમ ફરીઆદીનું માનવું હોય તો પણ ઇસ્માઇલી ધર્મ પ્રત્યે કે ના. આગાખાન પ્રત્યે તેવા અનુરાગ હોવાનું જે કોઈ ખોજા જાગૃતિ વાંચતો હશે તેને જણાશે નહિ; એમ કહી શકાય તેવું છે. તે પત્ર વિષે એટલો રીમાર્ક થઈ શકે તેમ છે. "બાહ્ય શબ્દોમાં જો કે સુધારક લાગે છે. પણ ખરી રીતે તો તે ક્રાન્તિકારી છે." અને તેમ હોઈને હાલનો કિસ્સો રાગદ્વેષમાંથી ઉત્પન્ન થયો છે એમ ચોકકસ કહી શકાય તેમ છે. તે કારણે પણ લાહોર ૧૯૩૦નો કેસ લાગુ પડી શકે નહિ એમ હું માનું છું.

એકંદર હકીકતે ઇ. પી. કો. ક. ૩૦૭ મુજબ તહોમતદાર નાં. ૧ સામે જે રીતે ચાર્જ મુકવામાં આવેલ છે તે ટકી શકતો

મથી. અનુભવી એસેસરોનો પણ તેવોજ અભિપ્રાય પડ્યો છે, તેમજ ઇ. પી. કો. ક. ૩૨૬ પ્રમાણે પણ મેડીકલ પુરાવાની તુલનાએ ... મદનજીનું સર્ટીફીકેટમાં જણાવેલ હકીકત સાબીત નથી તે વિષે ફરીઆદીનું કથન જે થયું છે તેને પણ પુષ્ટી મળી નથી. એટલે ઇ. પી. કો. ક. ૩૨૪ મુજબ ગુન્હો થયાનું સાબીત માનવામાં આવે છે અને તે ઉપરાંત ઇ. પી. કો. ક. ૪૪૮ પ્રમાણે ગુન્હો કર્યાનું પણ સાબીત માનવામાં આવે છે. આજમ એસેસરોનું ક. ૪૪૮ પ્રમાણે ગુન્હો થયાનું માનવું થયું નથી તે બરોબર નથી. કારણ ફરીઆદીની દુકાને ગયો ત્યારે તહોમતદારે સાપ્રાધ ગૃહપ્રવેશ કર્યો એમ ન માનીએ. જો કે છરી સહીત ગયો હતો એટલે સાપ્રાધપણાનો દોષ આવે છે તો પણ હુમલો કરવા તહોમતદાર ત્યાં રહ્યો અને રહીને તેણે હુમલો કર્યો એ કારણે કોઈ પણ મકાનમાં રહેવું એ સુત્રમાં તહોમતદારનું કૃત્ય આવી જાય છે. માટે તહોમતદાર નાં. ૧ ઇ. પી. કો. ક. ૩૨૪ ને ૪૪૮નો ગુન્હો કરવા માટે તકસીરવાન ઠરે છે.

સજાના વિષય ઉપર આવતાં એક મુસ્લીમ સુફીનું વાક્ય યાદ આવે છે તે એ છે કે "તું સંસારકી વિપત્તીઓકો રો મત. પ્રસન્ન રહ. ક્યોંકી જો તીર તેરી છાતીમેં લગતા હૈ વહ મિત્રકા ચલાયા હુવા હય." તેમજ અંગ્રેજી કહેવત પ્રમાણે "પાપને ધિક્કારો પણ પાપીને ચાહો." ... "હત્યા દેન આતતાયિનઃ" એ સુત્રો કાયદાની દ્રષ્ટિમાં લાગુ થઇ શકે નહિ કેમકે ફીલસુફી ને કાયદાના ક્ષેત્ર જુદાં છે એમ ભાગેજ કહેવું જરૂરનું છે. છતાં કાયદાનો અમલ કરવામાં તે માર્ગદર્શક થઇ પડે તેમ છે કેમકે નીતિ એ કાયદાનું અંગ છે. માટે હું એવા નિર્ણય ઉપર આવું છું કેઃ—

### ઓર્ડર.

તહોમતદાર ૧ને ઇ. પી. કો. ક. ૩૨૪ને ૪૪૮ મુજબ કરેલ ... ગુન્હા માટે દોષિત ઠરે છે. જેથી ઇ. પી. કો. ક. ૩૨૪ મુજબ તેને બે વરસની સખત મજુરી સાથ કેદની સજા અને ક. ૪૪૮ મુજબ એક વરસની સખત મજુરી સાથ કેદની સજા હું ફરમાવું છું. બન્ને સજાનો અમલ એકી સાથે કરવા હું ફરમાવું છું. અને તહોમતદાર નાં. ૨એ કંઇ ગુન્હો કર્યો નથી એમ ઠરતાં કો. પ્રો. કો. ક. ૨૫૮ મુજબ તેને નિર્દોષ ગણી છોડી મુકવા હું હુકમ ફરમાવું છું. મુદ્દા માલની વ્યવસ્થા સાથેના પરિશિષ્ટ મુજબ કરવા ફરમાવું છું.

તા. ૨૮–૯–૩૪ **(સહી) એચ. આર. બુચ,**
સર ન્યા. સ્વ. રા.

### પરિશિષ્ટ અ

૧. ખમીસ લોહીના ડાઘવાળું સ્લેટીઆ રંગનો લોહીના ડાઘવાળો છે તે ફરીઆદીના હોય તેને સોંપી આપવા.

૨. ડાયરી, ચામડાનું પાકીટ તથા લાલ તથા ક્રીમ રંગની તુર્કી ટોપીઓ તહોમતદાર નાં. ૧, ૨ જેનાં હોય તેને સોંપી આપવા.

૩. છરી મુદ્દા માલની મ્યાન સહીત સ્ટેટ ખાલસા કરવી અને તેનો નાશ કરવા પોલીસ ખાતા તરફ સોંપી આપવી. મ્યાનનો નાશ કરવા જેવું ન હોય તો નહિ કરવા સુચના કરવા જરૂર રહેતી નથી.

**(સહી) એચ. આર. બુચ,**
તા. ૨૮–૯–૩૪. સર ન્યા. સ્વ. રા.

(અનુસંધાન પાના ૧૯૨ થી)

ખોજા સુધારક સંઘને હાથે કરાવ્યા પછી તેમને બોટાદ બોર્ડિંગમાંથી કમી કરવામાં આવતાં તેમનો અભ્યાસ ચાલુ રાખવા માટે મદદના

૨૮૮)વા પ્રચાર કાર્ય અર્થે ભાઇઓને બહાર મોકલતાં મુસાફરીના.

૨૬૧॥≈ છપામણીના. નીચે મુજબ
૧૭) પત્રિકા નાં. ૧ નકલ ૨૦૦૦
૧૬)≈ લેટર પેપર ૧૫૦૦, કવર ૧૦૦૦
પોસ્ટકાર્ડ ૧૦૦૦ છપાંઇ તથા માલના
૯) રા. ખો. સુ. મંડળની પત્રિકા નાં. ૧૨ નકલ ૧૦૦૦
૩॥ મેમ્બર શીપ ફોર્મ પાના ૧૦૦૦
૮॥ પત્રિકા નાં. ૨ નકલ ૨૦૦૦
૩॥ પહોંચ બુક પાના ૫૦૦
૧ ... લાડુ નામની પત્રિકા નકલ ૧૦૦૦
૬॥॥≈ પત્રિકા નાં. ૩ નકલ ૧૫૦૦
૮॥ ,, ,, ૪ ,, ૨૦૦૦
૧૧) ,, ,, ૫ ,, ૧૫૦૦
૮॥≈ ,, ,, ૬ ,, ૧૦૦૦
૧૦) પત્રિકા નાં. ૭ નકલ ૧૨૫૦
૧૦॥ ,, ,, ૮ ,, ૧૨૫૦
૫॥– ,, ,, ૯ ,, ૧૨૫૦
૧॥ લેટર છપાઇ નકલ ૨૫૦
૨૧) પત્રિકા નાં. ૧૦ નકલ ૧૨૫૦
૨૧) પત્રિકા નાં. ૧૧ નકલ ૧૨૫૦

૧૬૧॥≈

૧૮ ઓફીસ ભાડું. નીચે મુજબ
૮) ભાદરવા વદ ૯થી આસો વદ ૧૧ સુધી શ. ૧૯૮૭
૫) કારતક માસ શ. ૧૯૮૮
૫) માગશર માસ શ. ૧૯૮૮

૩॥– "ઇસ્માઇલી"નું વર્ષ એકનું લવાજમ તથા વી. પી. ખર્ચ.
૧૬૨૪॥॥–॥ 'ખોજા જાગૃતિ'ને લોનના.
૧૨૧૧)–॥॥ જાગૃત મુદ્રણાલય

૩૪૮૪॥॥–૧

તપાસતાં હિસાબ બરાબર છે.

**(સહી) ગુલાબચંદ તલકચંદ**
તા. ૧૯–૩...

# ખોજા સુધારક સંઘનો હિસાબ

## તા. ૨૩-૯-૩૧ થી તા. ૯-૧૦-૩૪ સુધીનો

### જમે

૪૯।ના। રા. ખો. સુ. મંડળ તરફથી મળેલ.
૯। મેમ્બર શીપ ફીના.
૨૦૩૫)-૧ મદદના. નીચે મુજબ

૨૯૭) શેઠ કરીમ ગુલામઅલી, કરાંચી. પહોંચ નાં. ૧,૫,૧૭,૨૫,૨૨,૪૯
૧૬) એક ગૃહસ્થ, તજાનારીવ. પ.નાં. ૨,૪૧
૭૫) એક ગૃહસ્થ, પ. ના. ૩,૧૧
૧૦૬। શ્રી. કાસમ જમાલ ધનાણી, મુંબઈ. પ. નાં. ૪,૨૪,૫૦
૧૦) એક ગૃહસ્થ, મુંબઇ. પ. નાં. ૬
૨૫) ,, ,, બોટાદ. ,, ,, ૮
૩૮।।ના।૧ ,, ,, માજુંગા.(ફ્રાંક૧૦૦+રૂ.૨૫) પ. નાં. ૧૦,૩૦
૫) એક ગૃહસ્થ, રાજકોટ. પ. નાં. ૧૨
૧૦) ,, ,, મુંબઇ. ,, ,, ૧૩
૧૪) ,, ,, ,, ,, ૧૪.૨૮
૫) ,, ,, ,, ,, ૧૫
૩) ,, ,, ,, ,, ૧૬
૨૫) એક ગ્રહસ્થ, કાસમ જમાલ ધનાણી મારફત મુંબઇ. પહોંચ નાં. ૧૮
૨૮) એક ગ્રહસ્થ, માજુંગા. પહોંચ નાં. ૧૯ (ફ્રાંક ૨૦૦)
૧૧) શ્રી. ધરમશી ભાણજી, વીંછીયા. પહોંચ નાં. ૨૦,૫૬
૫૫।। શ્રી.કાનજી ગુલાભાઈ, રાજકોટ. પહોંચ નાં. ૨૧,૨૬,૩૧
૫) શ્રી.ભગવાનજી લાલજી,ખસ. પ.નાં.૨૨
૫૧। "અલીભાઇ દેવરાજ,અમરેલી.પ.નાં.૨૩
૦। એક ગૃહસ્થ, રાજકોટ. પહોંચ નાં. ૨૭
૫) એક ગ્રહસ્થ, પ. નાં. ૨૯
૫૦) એક ગ્રહસ્થ, તજાનારીવ. પ. નાં. ૩૨
૧૦) ,, ,, પા. નાં. ૩૪
૧૦) શ્રી. મેઘજી ખીમજી, ધ્રોળ. પ.નાં.૩૫
૬૬। શ્રી. દામજી પદમશી મારફત, મ્વાન્ઝા.
 ૩૩)= એક ગ્રહસ્થ, શી. ૫૦) પ. નાં. ૩૬
 ૯।।≡ એક ગ્રહસ્થ, શી. ૧૫) પ. નાં. ૩૭
 ૯।।≡ શ્રી.દામજી પદમશી,શી.૧૫) પ. નાં. ૩૮
 ૬।।= એક ગૃહસ્થ, શી. ૧૦) પ. નાં. ૩૯
 ૬।।= એક ગૃહસ્થ શી.૧૦)પ.નાં.૪૦
 ૬૬।

૨। એક ગૃહસ્થ, મસીન્ડી. પ. નાં. ૪૨
૧૦)= ,, ,, દારેસસલામ શી.૧૫ પ.નાં.૪૩
૬।।। ,, ,, ,, શી.૧૦ પ.નાં.૪૪
૬।।। ,, ,, ,, ,, ,, પ.નાં.૪૫
૬।।। ,, ,, ,, ,, ,, પ.નાં.૪૬
૬।।। ,, ,, ,, ,, ,, પ.નાં.૪૭
૨૭) ,, ,, ,, પ.નાં.૪૮
૨। ,, ,, ,, પ.નાં.૯
૧૩।।। ,, ,, દીલ્હી. પ.નાં.૫૧
૬) ,, ,, ડોડોમા. પ.નાં.૫૨
૩૩।≡ ,, ,, માજુંગા.(ફ્રાંક ૨૦૦)પ.નાં.૫૩
૨) ,, ,, પ.નાં.૫૪
૫) શ્રી. ઇસ્માઇલ વાલજી, બાબરા. પ.નાં.૫૫
૧૪૧૦।।। એક ગૃહસ્થ, માજુંગા. પ. નાં. ૪૦૨
૩૫।।≡ ,, ,, ,, પ. નાં. ૪૦૧
૨૫) ,, ,, જંગબાર. પ. નાં. ૪૦૩
૧૫) ,, ,, ,, પ. નાં. ૪૦૪
૫) ,, ,, ,, પ. નાં. ૪૦૫
૮૮૮।।ના બે ગૃહસ્થો, પ. નાં. ૫

૨૦૩૫)-૧
૫) વાંચનાલય માટે.
 ૫) શ્રી. હુસેન સીદી, લીલીયા. પ. નાં. ૭
૧૩૮૬)ના। લોનના. નીચે મુજબ
 ૭૫) શ્રી. કાનજી ગુલાભાઇ, રાજકોટ.
 ૭૫) શ્રી. ધરમશી ભાણજી,
 ૨૫) એક ગૃહસ્થ, રાજકોટ.
 ૧૨૧૧)ના। બે ગૃહસ્થો તરફથી

૧૩૮૬)ના।

૩૪૮૪।।ના૧

### ઉધાર

૧૫।।૦। સ્ટેશનરી ખર્ચના.
૨૦૧)≡।। તાર ટપાલ ખર્ચના.
૩૧।ના।।૧ પરચુરણ ખર્ચના. નીચે મુજબ
 ૧૬।ના।।૧ આસલેટ, સાયકલ, ટાંગો, ઓરીસ ફેરવતાં હેલ, પાણી ભરામણ, રેલ્વે નુર વિગેરે પરચુરણ ખર્ચના.
 ૧૫) આફ્રીકામાં તાર, ટપાલ તથા પરચુરણ ખર્ચના ભાઇ નૌમુજી નજરઅલી હસ્તુ.

 ૩૧।ના।।૧
૩૦) લીલીઆવાળા ભાઇ હુસેન સીદીએ પોતાના લગ્ન

( અનુસંધાન પાના ૧૯૧ )

રફીક રૂપજી નજરઅલી પ્રેમાણીએ રાજકોટમાં જાગૃત મુદ્રણાલયમાં છાપી રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

AP95
G8
K4

FOLIO

ISLAM

3910329

બીજે ઠેકાણે
સજ્જ થઈને, જ્યારે
ગરદન ઉપર છરી મારી.